Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

॥ ॐ माँ ॥

स्वामी भागवतानंद गिरि
श्री मा आनंदमयी आश्रम — [illegible]
वाराणसी (U.P.)

[illegible]
[illegible]

श्रीमत् भागवत (प्रथम खंड)
(प्रथम अने द्वितीय संघ)

विवेचक
श्री हरिशंकर शास्त्री

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

स्वपुः कर्णयोः कर्णिकारं
कनककपिशं वैजयन्तीं च मालाम् ।
धरसुधया पूरयन् गोपवृन्दैः
दरमणं प्राविशद् गीतकीर्तिः ॥

१०-२१-५

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

॥ ॐ मां ॥

સ્વામી ભાગવતાનંદ ગિરિ
શ્રી મા આનંદમયી આશ્રમ —
ભીરાજ, ભદૈની — વારાણસી

કાશીધામ }

તા-૨૭-૮-૧૮૭૨
ભાદરવાવદ-૫-૫૧૮ }

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સ્વામી ભગવતાનંદ ગિરિ

ૐ

શ્રીહરિ:

શ્રીમદ્ ભાગવત

પ્રથમ અને દ્વિતીય સ્કંધ

શ્લોક, અન્વયાર્થ, અનુવાદ, તત્ત્વસુધા વિવેચન

પ્રથમ વિભાગ

વિવેચક
કૃષ્ણશંકર દલસુખરામ શાસ્ત્રી

પ્રકાશક
સર વિઠ્ઠલદાસ ડી. ઠાકરસી ચેરીટેબલ ટ્રસ્ટ, મુંબઈ:

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વિવેચક—

શ્રી. કૃષ્ણશંકર દલસુખરામ શાસ્ત્રી.

વેદાન્તાચાર્ય–સાહિત્યતીર્થ.

નડિયાદ

પ્રકાશકઃ–

સર વિઠ્ઠલદાસ ડી. ઠાકરસી ચેરીટેબલ ટ્રસ્ટ

ડે. સર વિઠ્ઠલદાસ ચેમ્બર્સ

૧૬, ઍપોલો સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ.

પ્રાપ્તિસ્થાન :

૧. સર શ્રી વિઠ્ઠલદાસ ચેરીટેબલ ટ્રસ્ટ.

૧૬ ઍપોલો સ્ટ્રીટ—મુંબઈ–૧

૨. શ્રી નિરંજનલાલ શેઠ. ટે. નં. ૫૧

નિરંજન મિલ્સ—સુરત.

૩. શેઠ શ્રી ઈશ્વરલાલ ચિમનલાલ.

શ્રી ઝવેરચંદ લક્ષ્મીચંદની પેઢી—વડોદરા.

૪. શ્રી મણિભાઈ બાપુજી ગાંધી.

બારીપોળ રોડ—નડિયાદ.

૫. ધી બોમ્બે મોટર સ્ટોર્સ. ટે. નં. ૨૬૮૭

કપાસીઆ બજાર—અમદાવાદ. ૨

★

પ્રકાશનના સર્વ અધિકાર પ્રકાશકને સ્વાધીન છે.

★

પ્રથમ આવૃત્તિ–પ્રત : ૨૫૦૦

★

ન્યોછાવરઃ–રૂ. ૧૦–૦૦

★

મુદ્રક : અરવિન્દલાલ મોહનલાલ ચોકસી

મુદ્રણસ્થાન : વૈષ્ણવ પ્રિ. પ્રેસ. બળિયાકાકા રોડ, આણંદ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS



CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

त्वदीयं तव चरणो

★

कृष्ण त्वदीयगुणगुम्फित–वेदकुञ्जात्
त्वन्नामरूपरसकीर्तन–तीर्थपुञ्जात् ।
कृष्णात्मजास्यसृतभागवत दुदीता
पादाम्बुजेऽस्तु तव तत्त्वसुधा मदास्ये ॥

આપનું આપને ચરણકમલે

કૃપાનિકેતન શ્રીકૃષ્ણ–

આપના ગુણગણોથી ગુંથેલ વેદકુંજ જેમાં રહેલ છે
અને–આપનાં નામ, સ્વરૂપ, રસ કીર્તનનાં તીર્થપુંજ
જેમાં વસેલ છે એવા શ્રીવ્યાસ મહર્ષિ અને
શ્રી શુકાચાર્યજીના મુખ સરોજમાંથી સરેલ
શ્રીમદ્ ભાગવતની સ્રોતસ્વિની–આ,
'तत्त्वसुधा'

રસેશ!
આપશ્રીના ચરણ સરોજમાં
અને
મારા મુખમાં વસો.

કૃષ્ણશંકર શાસ્ત્રી.
"અતિથિ"

★

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

श्रीहरिः

आस्तां सुधाऽपि सर विट्ठलदास-चित्ते
शीलप्रिये प्रियबुधे विबुधे रसज्ञे
श्रद्धामये विनय-विश्व हितैकनिष्ठे
पातुं सुधां च भुवि पाययितुं सुधीभ्यः ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સર વિઠ્ઠલદાસ દામોદર ઠાકરસી–જીવન પરિચય

અવગાહન—

जीवस्य तत्व जिज्ञासा જીવન તત્વજિજ્ઞાસા માટે; **सर्वप्राण्युपजीवनम्** સર્વ પ્રાણીઓને જીવન દેવા જીવવું;
पराश्रयं जीवनम् કોઈને આશ્રય આપવા જીવવું.
જીવન એટલે 'જીવાડવા જીવવું.'

એક વિવેકશીલ **कर्मण्य** સત્પુરુષનું આ જીવન સરોવર છે. નિત્ય અને પ્રતિક્ષણ નિયમિત કર્તવ્યરત રહેતા સાધુજનને **कर्मण्य** કહે છે. **कर्मणि साधुः कर्मण्यः** એવી એની વ્યાખ્યા છે.

'વ્યક્તિ વિશેષ'નું જીવન સરોવર–ચરિત્ર સરિતા, ગુણ સરિતા અને કાર્ય સરિતાના પાવન ત્રિવેણી સંગમથી બનેલ હોય છે. જીવનનાં વિવિધ પાસાંથી તે તપાસાય છે. કર્મયોગી **શ્રી વિઠ્ઠલદાસ ઠાકરસી** આ જીવન સરોવરના અધિષ્ઠાતા છે. એમના જીવન સરોવરમાં અવતરવું એટલે પ્રેરણાનાં અને ઉત્સાહનાં કૌવતને પામવું. આદરણીય અને આદર્શપૂર્ણ ગુણોથી અને કાર્યશક્તિથી તેમનું ચરિત્ર ખૂબજ પ્રેરક બને છે. માતૃભક્તિ, પિતૃભક્તિ, દેશ ભક્તિ, ઉદ્યોગ ભક્તિ, વિદ્યા ભક્તિ, સ્ત્રી–ઉત્કર્ષ, શિક્ષણ ભક્તિ, જ્ઞાતિ ભક્તિ, અને ઈશ્વર ભક્તિ, વગેરે ભક્તિ–શક્તિઓની સેવા ક્રિયામાં ઓતપ્રોત બનેલ આ પુણ્ય પુરુષે કર્તવ્ય બળે પુષ્કળ ઉત્કર્ષ સાધ્યો છે. સાર્થ જીવન સાધનામય છે. એમના વિપુલ જીવન સરોવરમાંનાં નાનાં ઝરણાંમાંથી થોડું આચમન કરીએ.

मातृ देवो भव

"માનું વચન ભગવદ્ વચન; પિતાનું વચન વેદ વચન"
"ભક્તિ એટલે લાભની લાલસા વિના ભલી નિષ્ઠાથી થતી સેવા."

મુંબઈમાં મહાલક્ષ્મી પરના બંગલામાં એક કુમાર રાતના અગિયાર વાગ્યાના સુમારે પથારીમાંથી ઉઠી, પોતાના સુવાના ખંડની સમીપના ખંડમાં ધીરે પગલે પ્રવેશ કરે છે. ઝાંખા દીવાના પ્રકાશથી કુમારે ઓરડામાં ઢાળેલ ખાટલો જોયો. તેમાં સૂતેલાં જનેતાને જગાડવાનો અપરાધ ન પડે એવી કાળજીથી માતાના ચરણને મસ્તક નમાવી તે કુમાર પાછો ફરે છે. ત્યાં તો પથારીમાંથી વાત્સલ્ય નીતરતો અવાજ આવ્યો, "કોણ ? બેટા વિઠ્ઠલ !"

"જી હા, માતાજી વંદુ છું. કોઈ કામને લીધે સૂતા પહેલાં આપને વંદન કરવા હું આજે આવી શકયો નહોતો. એથી પથારીમાં જતાં જતાં આપને વંદન કરવા આવ્યો; પરંતુ આપને વિક્ષેપ કર્યો અને નિદ્રા-ભંગ કીધો; ક્ષમા માગું છું."

"ના બેટા, નિયમ પાળ્યો. નિત્ય નિયમ પાળજો. સુખી રહો. જાવ, મોડું થયું, નિરાંતે સૂઈ જાવ."
આ વંદન વ્રતી કુમાર તે **સર વિઠ્ઠલદાસ** અને એમનાં પુણ્યમયી માતા તે **શ્રી નાથીબાઈ ઠાકરસી**. ભારતમાં સમ્પત્તિ સમ્પન્ન કુટુંબોમાં ભારતીય સંસ્કૃતિ માતૃભક્તિ સ્વરૂપે વિચરી રહી હતી અને માતાનું પુત્ર પ્રત્યેનું વાત્સલ્ય કેટલું બળવાન અને કલ્યાણકારક હતું–તેનું આ પ્રતીક છે;

એ માતૃભક્તિ પરિપકવ સ્વરૂપે સર શ્રી વિઠ્ઠલદાસ. દા. ઠાકરસીના હૃદયમાં ઈ.સ. ૧૯૧૯ માં પોતાની જાપાનની મુસાફરીમાં ઝબકી આવી. ત્યાં શ્રી વિઠ્ઠલદાસે જાપાનની સ્ત્રીઓ માટેની યુનિવર્સિટી જોઈ અને પોતાનાં માતાજીની પુણ્ય સ્મૃતિ કાયમ રાખવા રૂપિયા પંદર લાખની ઉદાર સખાવત પૂનામાં **પ્રો. ધોંડો કેશવ કર્વે**એ સ્થાપેલી યુનિવર્સિટી માટે જાહેર કરી. આજે ભારતમાં **શ્રી નાથીબાઈ દામોદર ઠાકરસી વીમેન્સ યુનિવર્સિટી** સ્ત્રી શિક્ષણના ક્ષેત્રમાં સહુથી મોખરે રહેતી સંસ્થા બની ગઈ છે,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

રોજ સૂતા પહેલાં વડીલ માતા પિતાને નમસ્કાર કરવાની પ્રણાલિકા ભારતમાં અનેક સ્થળે આવાં ઉજ્જ્વલ કાર્યો ઉપજાવે છે. વેદે એથી જ વિધાન કર્યું. **માતૃ દેવો ભવ।**

ઠાકરસી કુટુંબ

"કુટુંબ એટલે કલ્યાણનો કીલ્લો. સદ્‌ગુણ અને સંસ્કારનો એક શ્રેષ્ઠ નિધિ."

શ્રી વિઠ્ઠલદાસના વડવાઓ શ્રી દ્વારિકા ધામ પાસેના વરવાળા ગામના વતનીઓ હતા. શ્રી વિઠ્ઠલદાસના પ્રપિતામહ વરવાળાથી ઉદ્યોગ અર્થે મુંબઈ આવ્યા. તેઓ એવા કોઈ સારા મૂહૂર્તે આવ્યા કે તેમના વંશજો મહાન ઉદ્યોગપતિઓ થયા.



શ્રી દામોદર ઠાકરસી.

શ્રી વિઠ્ઠલદાસના પિતા શ્રી દામોદર ઠાકરસીનો જન્મ સંવત્ ૧૯૦૩ ના ચૈત્ર કૃષ્ણપક્ષની ચતુર્દશીએ વરવાળા ગામમાં થયો. તેઓ નક્કર શિક્ષણ પામી ૧૩ વરસની નાની વયમાં ઠાકરસી મૂળજીની પેઢીમાં કાર્ય કરવા લાગ્યા. પોતાના ભાઈઓના સથવારે વ્યાપાર ક્ષેત્રને વિકસાવ્યું. મીલ ઉદ્યોગમાં પ્રવેશ કર્યો અને શ્રી 'ઠાકરસી મૂળજી' ના નામને મુંબઈની આલમમાં એમણે નામાંકિત કર્યું. ત્યારથી આ કુટુંબનું 'ઠાકરસી મૂળજી' એવું નામ રૂઢ બની ગયું છે.

શ્રી દામોદર શેઠ પ્રગતિ પરાયણ પુરુષ હતા. તેમના સંકલ્પો ઉત્તમ અને વિશુદ્ધ હતા. લોક કલ્યાણની ભાવના અદમ્ય હતી. ઈન્ડીઅન નેશનલ કોંગ્રેસ સાથે ઘનિષ્ઠ સંપર્કમાં હતા. વળી મુંબઈની કોર્પોરેશનમાં લોક નિયુક્ત સભ્ય હતા. એમણે સન ૧૮૭૩માં હિન્દુસ્તાન સ્પીનીંગ એન્ડ વીવીંગ મીલ્સ અને ૧૮૭૯માં વેસ્ટર્ન ઈન્ડીઆ સ્પીનીંગ એન્ડ મેન્યુફેકચરીંગ કું. લીમીટેડ કાઢી.

શેઠ શ્રી દામોદરનું કુટુંબ પ્રત્યેનું કર્તવ્ય પણ બહુ ઉચ્ચ કક્ષાનું હતું. ધર્મપત્ની પ્રત્યે માનની લાગણી હતી. ભાઇઓ પ્રત્યે ઐકય અને આત્મીયતાની દૃષ્ટિ અપૂર્વ હતી. તેમજ પુત્રો પ્રત્યે વાત્સલ્યભરી દેખરેખની દૃષ્ટિ એમણે રાખી હતી. ઇ-સ. ૧૮૯૧ પછી દામોદર શેઠ પોતાના પુત્ર વિઠ્ઠલદાસને ઓફિસમાં પોતાની બાજુએ બેસાડતા. મિલ્સ ઉપર કે કાપડ માર્કેટમાં જતી વખતે શ્રી દામોદર શેઠ પોતાના પુત્રને સાથેજ ફેરવતા. વેપારીઓ સાથે અરીદનાં અને વેચાણનાં સાટાં થતાં હોય, વિલાયતની ઓફિસના અંગ્રેજ મેનેજરો સાથે વાતચીત કરવાની હોય, કે કોઇ સાર્વજનિક સભામાં જવાનું હોય, ત્યારે પિતા અને પુત્ર બન્ને સાથે જ હોય.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ઈ.સ. ૧૮૯૨માં મહાલક્ષ્મી વિસ્તારમાં સમુદ્ર તટે એમનો બંગલો બાંધવાની પ્રવૃત્તિ ચાલતી હતી. એ બંગલામાં શેઠ દામોદર લાંબો વાસ મ્હાણી શક્યા નહિ. તેમને તાવની બીમારી લાગુ પડી. અનેક ડૉક્ટરો અને વૈદ્યોની સારવાર છતાં એમની એ માંદગી જીવલેણ નીવડી અને સંવત્ ૧૯૪૯ ના આશો સુદ ૧૧ ને વાર શનિ, તા–૩૧–૧૦–૧૮૯૩ ના રોજ ભગવત્ શરણ થયા. શ્રી વિઠ્ઠલદાસે વીસ વર્ષની નાની વયમાં પિતાનું છત્ર ગુમાવ્યું.

પિતા શ્રી દામોદર ઠાકરસીના આત્મકલ્યાણ માટે શ્રી વિઠ્ઠલદાસે અનેક પ્રકારની સખાવતો અને ધાર્મિક કાર્યો, પોતાનાં માતુશ્રી નાથીબાઈની સલાહ પ્રમાણે અને કાકા શ્રી ગોવિંદજીની વ્યાવહારિક દોરવણી પ્રમાણે કર્યાં.— શેઠ દામોદર ઠાકરસીના જીવન ચરિતનાં પુસ્તકનું પ્રકાશન, નર્મદા તટ પર ચાંદોદ તીર્થમાં દામોદર ઠાકરશી સંસ્કૃત પાઠશાળા, શ્રી વાઈક્ષેત્રમાં દામોદર આશ્રમ, મુંબઈમાં પરેલ વિભાગમાં મિલ કામદારોના મથક ઉપર શ્રી દામોદર ઠાકરસી હૉલ વગેરે અનેક તેમનાં સ્મારક છે.

સર વિઠ્ઠલદાસ.

"उत्तमा आत्मनः ख्याताः—જાતની યોગ્યતાએ ઓળખાય, એજ અભિજાત પુરુષ. કસ્તૂરીના પરિચય માટે સોગન લેવા ન પડે."

સંવત્ ૧૯૩૦ ના માર્ગશીર્ષ માસની એકાદશી—ગીતાજયંતિ—તા. ૩૦–૧૧–૧૮૭૩ સર શ્રી વિઠ્ઠલદાસનો જન્મ દિવસ. આ વૈષ્ણવ કુટુંબના સંતાનોનાં નામ લગભગ ભગવાનની સ્મૃતિ રહ્યાં કરે, એવાં ગોવિન્દ, દામોદર, વિઠ્ઠલ, માધવ રાખવામાં આવ્યાં હતાં. જાણે **गोविन्द दामोदर माधवेति** એવી ભાવના લાગતી.

શ્રી વિઠ્ઠલદાસના ઉજ્જ્વલ જીવનથી આકર્ષિત થઈ વિદ્વાન જ્યોતિષ રસિકો તેમની કુંડલી જોવા માગતા. આ છે એમની કુંડલીઃ—

સર વિઠ્ઠલદાસની કુંડલી.

શ્રી ગણેશાય નમઃ ॥ સ જયતિ૦ ॥ અથ શકે ૧૭૯૫ (વિક્રમાર્ક સંવત્ ૧૯૩૦) દક્ષિણાયને હેમન્તર્તૌ માર્ગશીર્ષમાસે શુક્લપક્ષે ૧૧ તિથૌ રવિવાસરે ઘ૦ ૨૩ પ૦ ૪૯ રેવતી નક્ષત્રે ઘ૦ ૧૩ પ૦ ૧૯ તત્સમયે શ્રી ધાર્મિક પ્રવર શ્રેષ્ઠિ શ્રી વિઠ્ઠલદાસ દામોદર ઠાકરસી મહોદયાનાં જનિરભૂત્ ॥ એતેષાં મીન રાશિઃ રેવતી જન્મ નક્ષત્રં શ્રીરસ્તુ



કેન્દ્રમાં રહેલા બૃહસ્પતિએ, સૂર્ય અને બુધે લેઓને વિદ્વાન્, મહાન્ ઉદ્યોગકાર, સમાજપુરૂષ, રાજપુરૂષ અને લોકપુરૂષ બનાવ્યા. કુંડલી અભ્યાસ કરવા જેવી છે. રાહુ કેતુની વચમાં સર્વ ગ્રહો આવી જાય છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સંસ્કારી બાલ્યકાળ

यन्नवे भाजने लग्नः संस्कारो नान्यथा भवेत् ।

"નવા પાત્રમાં પડેલ સંસ્કાર નિત્ય કાયમ રહે છે"

શ્રી વિઠ્ઠલદાસે પિતાથી જીવન વિકાસ, ચાતુર્ય, પાંડિત્ય, ગુણસંપત્તિ, કાર્ય નિપુણતા, વગેરે મેળવ્યાં; માતા તરફથી શીલ, સ્નેહ, સભ્યતા, ભક્તિ વારસામાં મળ્યાં. તેમના કાકા શ્રી ગોવિંદજી શેઠ પણ તેમના જીવન વિકાસમાં સારો રસ લેતા. પ્રાયઃ માવતર બાળકોના શરીર વિકાસમાં અલ્પાંશમાં પણ રસ નથી લેતાં એ માતૃત્વની અને પિતૃત્વની ખામી છે. એવી ખામી શ્રી વિઠ્ઠલદાસનાં માતુશ્રી નાથીબાઇએ એમના જીવનમાં નથી આવવા દીધી.

અધ્યયન કાલ

અધ્યયન એટલે આત્માનું ઘડતર– જીવનનું ભાથું–સ્વાતંત્ર્યનો યજ્ઞ– ઉત્કર્ષની સામગ્રીનું સંપાદન.

दिवा माऽस्वाप्सीः દિવસે સુવાય નહિ.

स्वाध्यायान्मा प्रमदः સ્વાધ્યાયમાં પ્રમાદ ન કરવો.

આ વિદ્યાર્થીના જીવન મંત્રો છે. શ્રી વિઠ્ઠલદાસને એ મંત્રોએ આત્મબળ આપ્યું. તેમનો વિદ્યારંભ મુંબઇમાં થયો, પણ પ્રાથમિક અધ્યયન કાળ ખંભાળીઆમાં વીત્યો. પોતાના સસરા શ્રી ધર્મસિંહ રતનશીને પિતાતુલ્ય આદરણીય ગણુતા શ્રી દામોદર શેઠને થોડો કાલ ધર્મપત્ની શ્રી નાથીબાઇ સાથે ખંભાળીઆમાં વસવાટ કરવો પડ્યો. ત્યાં શ્રી ધર્મસિંહ શેઠ વિદેહ થતાં એમની મિલ્કત શ્રી નાથીબાઇને મળી. શ્રી નાથીબાઇને તો એ મિલ્કતમાથી એક પાઇ પણ જોઇતી નહોતી એટલે તે મિલ્કતમાંથી શ્રી ધર્મસિંહ શેઠના સ્મારકમાં ધર્મવાડો બંધાવવાનું ઠરાવ્યું અને તેના બાંધકામ અંગે એમને ત્યાં રહેવું પડ્યું, એટલે શ્રી વિઠ્ઠલદાસ ત્યાં પ્રાથમિક શિક્ષણ પામ્યા. ખંભાળીઆમાં અભ્યાસ કરવા જતાં શ્રી વિઠ્ઠલદાસને ઘોડે બેસીને જવાનું હતું. બાલ્યકાલથી આ રીતે અશ્વારોહણ તેમને વર્યું. પછી તો તેમનો એ મહત્ત્વનો શોખ બન્યો અને જીવનના અંતકાલ સુધી રહ્યો. તેઓ માનતા કે ઘોડેસ્વાર થવાથી વીર અને શૂર થવાય છે, તેમજ આરોગ્ય જળવાય છે.

પ્રથમનાં બે વર્ષનો અભ્યાસ ખંભાળીઆમાં કરી પછી છઠ્ઠા ધોરણ સુધીનો અભ્યાસ મુંબઇમાં ફૉર્ટ હાઇસ્કુલમાં કર્યો. તેઓ ઇ. સ. ૧૮૯૧માં 'ન્યુ હાઇસ્કૂલ'માં મેટ્રિકનો અભ્યાસ કરવા દાખલ થયા અને મેટ્રિકની પરીક્ષા પાસ કરી. અભ્યાસ સાથે સંસ્કારો મેળવવા એ પણ મહત્વની વસ્તુ છે. શ્રી વિઠ્ઠલદાસને તે પણ સારા પ્રમાણમાં મળ્યા.

સંસ્કારો

"સંસ્કારો એ છે સન્મિત્રો, સાત્વિક સખાઓ, નિત્યના સુહૃદો, જીવન ઇમારતના સ્તંભો..." વડીલવંદન, દેવવંદન, ઇશ્વર સ્તવન, નિત્ય કર્માનુષ્ઠાન, સન્ધ્યાવંદન આ સર્વ સાત્વિક કર્મ સમવાય શ્રી વિઠ્ઠલદાસના જીવન નિર્માણના સાથીદારો હતા. રાત્રીએ સુવા જતાં शुभा रात्रिः અને પ્રાતઃકાળમાં ઉઠતાં सुप्रभातम् બોલવાનો અભ્યાસ માનવને વિનયી અને મહાન બનાવે છે. તેઓ નિત્ય સુઇ જતાં અને ઉઠતાં વડીલોને વંદન કરવાનું ચુકતા નહીં અને પોતાના બંગલાની બાજુમાં આવેલા શિવમંદિરમાં દર્શન કર્યા વિના ભોજન લેતા નહિ. વૈષ્ણવ કુળના સંસ્કારને લીધે તેઓ નિત્ય ઉર્ધ્વ તિલક તેમજ તુલસીજીની કંઠીને ધારણ કરતા અને તે તરફ ખૂબજ આદર રાખતા. કુલધર્મમાંથી મેળવેલી એમની વારસાઈ મીલ્કતમાં સ્વચ્છતા, સભ્યતા, આહાર વિવેક, નિર્વ્યસનિતા, વ્યાયામ, દાનવૃત્તિ, વિદ્યાવ્યાસંગ, વિદ્યોત્તેજનવૃત્તિ, નિયમિતતા, પ્રામાણિકતા–એ ગુણો એમનામાં પ્રધાનપણે તરી આવતા હતા.

એમના પોષાકમાં સ્વચ્છ અને કુમાશદાર બંગાળી ધોતી, પગમાં મોજાં, શરીરે બદન બમીશ અને લાંબો ઘુંટણ સુધીનો કોટ, માથા પર ભાતીગર ચુંદડીઆ ભાટીઆશાહી કચ્છી પાઘડી–આ સર્વ એમની પ્રભાવશાળી કાયાના ઓજસમાં ઉમેરો કરતાં હતાં.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

યૌવન કાળ

"જો યૌવન તપોમણા છે તો જીવન નન્દનવન છે."
"યૌવન એટલે સર્વ સંપાદન અને સર્વ સમર્પણની સોનેરી તક."

અઢાર વર્ષની નાની વયમાં મેટ્રિકની પરીક્ષા પાસ કરી કે તરતજ પિતાજી સાથે ઓફિસમાં જવાનું શરૂ કર્યું. ધંધાની ગુંચવણો અને તેનો ઉકેલ એ સર્વ અનુભવાત્મક જ્ઞાન તેમને મળવા લાગ્યું. તેમની ગ્રહણ શક્તિ અત્યંત ઉત્તમ હતી. પિતાની ઇચ્છા તેઓ ધંધામાં તાલીમ લે તેવી હતી. પોતાની વૃત્તિ વિશિષ્ટ જ્ઞાન સંપાદન કરવાની હતી. ઇશ્વર સંકેતે એક નિર્ણય ઉપર આવ્યા કે ઉદ્યોગને અનુકૂળ જ્ઞાન તો ઉદ્યોગમાં જ ઓતપ્રોત થવાથી મળશે. એવા મતને માન આપી સન ૧૮૯૨ના ફેબ્રુઆરી–માર્ચ માસથી સવારમાં મિલોમાં મુલાકાત અને બપોરના ઓફિસે જવાનો કાર્યક્રમ ગોઠવ્યો. મેટ્રિકમાં સારે નંબરે પાસ થઈ એલફિન્સ્ટન કૉલેજમાં જોડાયા પણ પિતાજીની માંદગીને લીધે એક સત્ર પછીજ કૉલેજ છોડવી પડી.

સાહિત્યના, વાણિજ્યના અને જ્ઞાનના ઉત્તમ ગ્રન્થોનું અધ્યયન, વાંચન અને અનુશીલન એમના મનોવિકાસમાં મુખ્ય ભાગ ભજવતાં. શ્રી. કે. જી. દેશપાંડેનો સહવાસ એમના અભ્યાસ ક્ષેત્રમાં થયો. શ્રી દેશપાંડે જ્યારે વડોદરા રાજ્યના અમલદાર થયા ત્યારે શ્રી. ડી. જી. પાધ્યેના સમ્પર્કમાં આવ્યા. શ્રી પાધ્યે તો એમના સુહૃદ બની ગયા. એમના સ્વાધ્યાયમાં વધુ રસ પેદા કર્યો. અભ્યાસ અને વ્યાપાર બે ક્ષેત્રોમાં એક સરખી દાંડીએ રસતુલા રાખવી એ વાત વિઠ્ઠલદાસને માટે સહજ બની ગઈ હતી. પછી શ્રી જેમ્સ મેકડોનલ્ડ જે તે વખતે શિક્ષણ ક્ષેત્રમાં ખ્યાતનામ પુરુષ હતા તેમના દ્વારા શિક્ષણ મળવા લાગ્યું. પછી શ્રી વિઠ્ઠલદાસને કોઈ વિદ્વાન મિત્ર–સલાહકાર મળ્યા હોય તો Indian Social Reformer ના વિદ્વાન તંત્રી શ્રી કે. નટરાજન્ અને ઍન. શ્રી ગોપાળ કૃષ્ણ ગોખલે હતા. શ્રી વિઠ્ઠલદાસની પરિપક્વ રાજકીય કારકિર્દીના સમયે શ્રી નટરાજન મોટે ભાગે એમની નિકટમાં રહેતા હતા.

જાહેર જીવન

"જાહેરજીવન એટલે સુખડે આવશ્યકતાના ઓરસીએ ઘસાવું;
અગરબતીએ પરાર્થે બળીને પરિમલ પસરાવવો;
જીવન દીપકે સેવાના ખંડે અજવાળાં દેવાં..."

ઉદ્યોગક્ષેત્રમાં નિષ્ણાત બની ચૂકેલ શ્રી વિઠ્ઠલદાસે જાહેર જીવનમાં પ્રવેશ કર્યો. સને ૧૮૯૭, જુલાઈ માસમાં સરકારે એમને જે. પી. બનાવી સન્માનિત કર્યા. ૧૮૯૮માં ભૂલેશ્વર વોર્ડમાંથી સૌથી વધુ મત મેળવી કૉર્પોરેશનમાં ચૂંટાઈ આવ્યા. કૉર્પોરેશનની તેમની કારકીર્દિ ઘણી લાંબી હતી. ૧૯૦૨માં સ્ટેન્ડીંગ કમીટીના સભ્ય થયા અને ૧૯૦૪માં સ્ટેન્ડીંગ કમીટીના પ્રમુખ બન્યા. તેમની તીવ્ર મેધા અને કાર્યનિપુણતાથી તેઓ યશસ્વી નીવડ્યા. ૧૯૦૮માં તેઓ મ્યુનિ. કૉર્પોરેશનના પ્રમુખ બન્યા. શ્રી વિઠ્ઠલદાસ ઉદ્યોગ અને જાહેર જીવનમાં એટલા બધા ગૂંથાયેલા રહેતા હતા કે એમણે એક વખત એમના મિત્ર સર. એસ. એડગરલીને એક પત્રમાં લખ્યું હતું કે "I have few moments to call my own". મારી પાસે મારી પોતાની કહું એવી ઘણી થોડી પળો છે.

વીજળીની ટ્રામ ગાડી કૉર્પોરેશન દ્વારા શરૂ કરાવવાનું ગૌરવ તેમને મળ્યું. ટ્રામ ગાડીનું પ્રથમ સંચાલન પ્રમુખ તરીકે તેમના વરદ હસ્તે થયું.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૧૯૦૪ માં ઈન્ડીઅન નેશનલ કોંગ્રેસ અધિવેશન થયું. સર હેન્રી કૉટન તે અધિવેશનના પ્રમુખ હતા. સર ફિરોજશાહ મહેતા એના નિયોજક હતા. આ અરસામાં શ્રી વિઠ્ઠલદાસ કોર્પોરેશનની સ્ટેન્ડીંગ કમીટીમાં, ઈલાકાની ધારાસભામાં, મીલઓનર્સ એસોસીએશનમાં અને અન્ય ક્ષેત્રોમાં અનેક હોદ્દાઓ ધરાવતા હતા. આ મહાસભાના પ્રદર્શનની કાર્યવાહક સમિતિમાં શ્રી વિઠ્ઠલદાસને પ્રમુખ તરીકે નિયુક્ત કર્યા. સહકાર્યકરો અને સરકાર તરફથી તેમને ઘણો સારો સહકાર મળ્યો. વડોદરા, મ્હેસુર, ભાવનગર, ત્રાવણકોર, કચ્છ, કુચબિહાર, રાજપીપળા, વાંસદા, ખંભાત વગેરે રાજ્યો તરફથી પણ સારો સહકાર મળ્યો. પ્રદર્શનને તેમણે યશસ્વી બનાવ્યું. તેનું ઉત્પાદન રૂા. ૩,૫૫,૦૬૭ અને ખર્ચ રૂા. ૩,૫૧,૦૦૦ થયો. પ્રદર્શને તેમને હિન્દુસ્તાન ભરમાં એક ઔદ્યોગિક નિષ્ણાત તરીકે ઓળખાવ્યાં. વળી મુંબઈના પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝીઅમની રચના કરવામાં આવી, ત્યારે સરકારે એના ટ્રસ્ટી મંડળમાં તેમની ખાસ નિમણૂક કરી.

એક જ્વલંત દશકો

યૌવનનાં પાણી સૌ કોઈને આવે અને સૌ કોઈનાં જાય. પણ કોઈ કર્મવીરનાં કાયમ રહી જાય અને કર્મવીર કાયમ થઈ જાય. જ્ઞાતિ સેવા, ઉદ્યોગ સેવા અને આર્ત સેવાથી સર વિઠ્ઠલદાસનો દશકો દિવ્ય બની ગયો.”

શ્રી વિઠ્ઠલદાસનો યૌવનગાળો– ઈ.સ. ૧૮૯૮ થી ૧૯૦૮ સુધીનો દશકો આખો કર્તવ્યથી ભરપૂર હતો. એમના સમયમાં અનેકવિધ ઉદ્યોગ યોજનાઓ ભારતમાં ઊભી થઇ અને તેમણે સર્વમાં ખૂબ રસ લીધો. રાજકીય ક્ષેત્રમાં અનેક દેશી રાજ્યોના દિવાનોને અને બ્રિટીશ અમલદારોને તેમની સલાહ અમૂલ્ય નીવડતી. ઉદ્યોગ ક્ષેત્રના પ્રત્યેક ઉદ્યોગ પુરુષોને તેમની વાતચીત અત્યંત માર્ગદર્શક બનતી. તેમને ત્યાં ભાવનગરના ચમકતા તારા શ્રી ગૌરીશંકર ઓઝા, શ્રી વિઠ્ઠલદાસ શામળદાસ મહેતા અને શ્રી પ્રભાશંકર પટણી અતિથિ થતા. જામનગરના ખા-બા- મેરવાનજી પેસ્તનજી અને જુનાગઢના શ્રી પુરુષોત્તમદાસ ઝાલા પણ શ્રી વિઠ્ઠલદાસ સાથે ગાઢ સંપર્ક ધરાવતા.

જ્ઞાતિ સેવા

જ્ઞાતિ એટલે “સંસ્કૃતિની વહેતી અખંડ અલકનંદા;
સહકારની અમ્લાન કલ્પવેલી.”

જ્ઞાતિ સેવાની દીક્ષા પિતાજી પાસેથી તેમને મળેલી અને પરિણામે તેમણે જ્ઞાતિ સેવાનાં ઘણાં કાર્યો કર્યાં. મુંબઈમાં ભાટીઆ પ્લેગ હોસ્પીટલ રચવામાં, વિકાસાર્થે વિદેશ ગમનના પ્રશ્નને હળવો કરવામાં, સન્ ૧૮૯૯ માં દુકાળમાં હાલાઈ ભાટીઆ ફંડ ઉભું કરવામાં, સસ્તા ભાવની અનાજની દુકાનો ઉભી કરવામાં, હરદ્વારના ભાટીઆઓની સાથેના સંબંધમાં પડેલી ગુંચને ઉકેલવાના કામમાં— આમ અનેક જ્ઞાતિ સેવાઓ કરી. “स जातो येन जातेन याति वंश : समुन्नतिम् ”–‘ તે સુજાત પુરુષ કે જેના જન્મે વંશ ઉન્નતિને પામે ”–એ સૂત્ર શ્રી વિઠ્ઠલદાસે સાર્થક કર્યું.

સને ૧૮૯૯–૧૯૦૦ માં આખા દેશમાં દુકાળ પડ્યો, ત્યારે મુંબઈના શેરીફે ટાઉન હોલમાં શહેરી જનોની સભા આ દુકાળમાં રાહતનાં પગલાં સંબંધી વિચાર કરવા બોલાવેલી. તે સભામાં શ્રી વિઠ્ઠલદાસનું ભાષણ એટલું સચોટ અને ભાવવાહી થયું હતું કે સભાને બીજે દિવસે મી. ઈબ્રાહીમ રહીમતુલ્લાએ શેઠ વિઠ્ઠલદાસને પત્ર લખ્યો હતો. તેમાં નીચેનાં વાકયો હતાં:—

“It may interest you to know that a Mohomedan friend of mine, who is an M. A. of the Bombay university was telling me after the last famine meeting that he was so favourably impressed with your speech that he had no doubt you would make one of our leading men in a few years' time.”

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

રાજકીય ક્ષેત્રે-ઈલાકાની ધારાસભા.

જલ કમલવત્ નિર્લેપ રહીને કલા, કૃનેહ, બુદ્ધિધ, ચાતુર્યનો વિનિયોગ એજ રાજકીય ક્ષેત્રે પ્રવેશ.
"અભય સાથે સત્યનું અવલંબન એ રાજકીય ક્ષેત્રનો વિજય."

શેઠ વિઠ્ઠલદાસના જાહેર જીવનની પ્રવૃત્તિના પડઘા સરકારી સેક્રેટેરીએટમાં પહોંચ્યા; અને ઇ.સ. ૧૯૦૩, ઑગસ્ટ ૭મીએ શેઠ વિઠ્ઠલદાસને મુંબઈના ગવર્નર લૉર્ડ નૉર્થકોટની સરકારે મુંબઈની ધારાસભાના સભાસદ તરીકે નિયુકત કર્યા. શેઠ વિઠ્ઠલદાસ હવે ઑનરેબલ મી વિઠ્ઠલદાસ થયા. તે વખતે પ્રજાકીય ચૂંટણીને પરિણામે ઑનરેબલ મી. સેતલવાડ, ઑનરેબલ મી. ગોકળદાસ કહાનદાસ પારેખ ધારાસભાના સભ્ય બન્યા હતા. આ ત્રણે ગૃહસ્થોને અભિનંદન આપવા, હિન્દુ યુનીઅન કલબ તરફથી સર ભાલચન્દ્ર ડૉકટરના પ્રમુખપદે ખાસ સભા યોજાઈ હતી. ઑનરેબલ મી વિઠ્ઠલદાસ ધારાસભાના બધા સભ્યોમાં ઉંમરે સૌથી નાના હતા. એમણે ધારા-સભાની પહેલી બેઠકમાં પહેલું ભાષણ કર્યું હતું. તેની છાપ ઉચ્ચ પ્રકારની પડી હતી. Times of India પત્રમાં તંત્રીના અગ્રલેખમાં નીચેનાં વાકયો શ્રી વિઠ્ઠલદાસ માટે પ્રકટ થયાં હતાં.

"In addition to the well-worn administrative topics some of the Commercial needs were vigourously presented by Mr. Vithaldas Damodar Thackersey."

સને ૧૯૦૪ની ધારા સભામાં પણ એમણે બહુ ખંતથી વેપાર ધંધાની અગવડો તરફ સરકારનું ધ્યાન ખેંચ્યું હતું. સને ૧૯૦૫ થી ૧૯૦૮ સુધીમાં મળતી ધારા સભાની બેઠકોમાં બજેટ ઉપરના શેઠ વિઠ્ઠલદાસનાં ભાષણો ઉદ્યોગ વેપારના ક્ષેત્રની હરકતો રજુ કરવા માટે સચોટ રીતે થતાં હતાં. સને ૧૯૦૯ માં મોર્લે–મીન્ટો રાજકીય સુધારાનો કાયદો પસાર થયો. એ સુધારા પ્રમાણે પહેલી ધારાસભાના સભાસદો ૧૯૦૯ માં ચૂંટાઈ ગયા; અને સરકાર તરફથી શેઠ વિઠ્ઠલદાસને ધારાસભાના સભ્ય નીમવામાં આવ્યા.

હવે નવા રાજકીય સુધારાના કાયદા પ્રમાણે મુંબઈ ઈલાકાની ધારાસભામાંથી બે સભ્યોને કલકતાની વડી ધારાસભામાં ચુંટણી કરીને મોકલવાનું ઠર્યું હતું. મિત્રોના આગ્રહથી વડી ધારાસભામાં જવા માટે શ્રી વિઠ્ઠલદાસે ઉમેદવારી કરી. એ બે જગા માટે ત્રણ ઉમેદવાર હતા. (૧) ઑ. મી. ગોપાલ કૃષ્ણ ગોખલે, (૨) ઑ. સર ચીમનલાલ સેતલવડ, અને (૩) ઑ. શ્રી વિઠ્ઠલદાસ ઠાકરસી. આ રસાકસી ભરેલી ચુંટણીમાં શ્રી વિઠ્ઠલદાસ વડી ધારાસભાના સભ્ય બન્યા. એટલે શ્રી વિઠ્ઠલદાસની ઈલાકાની ધારાસભાની કામગીરી પૂરી થઈ.

વડી ધારાસભા.

'વડલા'નાં અને 'વડીલ'નાં બધાં ફલ અને છાંયડા બધાંની ભૂખ પૂરે, તાપ દૂર કરે અને બાધા–પીડા હરે. વરિષ્ઠ ગુણોને જીવનમાં વસાવે એ વડો ગણાય. સભાના ધારા ધોરણને, સિદ્ધાન્તને અને શિસ્તને પળે એ વરિષ્ઠ સભ્ય.

શેઠ વિઠ્ઠલદાસની વડી ધારાસભાની કારકિર્દી સને ૧૯૧૦ થી ૧૯૧૨ સુધીની હતી. ભારતના રાજકીય ઇતિ-હાસમાં એ કાળ અશાન્તિ અને રાજકીય જાગૃતિનો હતો. એ સમયમાં એઓ માનનીય શ્રી ગોપાલ કૃષ્ણ ગોખલે તેમજ મહામના ભારતભૂષણ પંડિત શ્રી મદનમોહન માલવીયાજી સાથે નિકટતા મેળવી શકયા હતા. પંડિત શ્રી માલવીય શ્રી વિઠ્ઠલદાસની કાર્યશક્તિ અને યોજનાશક્તિ માટે આદર ધરાવતા હતા ને એમના વિચારો માટે માન હતું. શ્રી વિઠ્ઠલદાસની પંડિતજીમાં અપૂર્વ શ્રદ્ધા હતી. વડી ધારાસભામાં તેમણે પ્રેસ એકટ, શ્રી ગોખલેના ફરજીયાત શિક્ષણનો કાયદો, હિંદમાં બનતા કાપડ પર નાખવામાં આવતી એકસાઇઝ ડયુટી, દમનનીતિના કાયદા, રેલવે નૂરના દર સાથે વેપારનો સંબંધ, વગેરે વિષયોમાં રસ લઈ નિખાલસ વિચારો અસરકારક રીતે રજુ કર્યા હતા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ઔદ્યોગિક દૃષ્ટિ અને ઔદ્યોગિક પ્રવૃત્તિ

ઉત્કૃષ્ટ વસ્તુઓનો એક સંયોગ એટલે ઉદ્યોગ. "ઈશ્વરની યારી; ભાગ્યની બલિહારી; બુદ્ધિની હુંશીઆરી–સાથેનો માનવનો મહાન પુરુષાર્થ" એજ ઉદ્યોગ.

શ્રી વિઠ્ઠલદાસના જીવન ક્ષેત્રનું અસલી અને સર્વ વ્યાપી અંગ ભારતના ઔદ્યોગિક ક્ષેત્રોને જાગૃત કરવાનું અને વિકાસ સાધવાનું હતું. સને ૧૯૦૪માં ભારતની ખનીજ દોલતની તપાસ કરવા તરફ તેમનું ધ્યાન ગયું. ભારતના જુદા જુદા વિભાગના સર્વે રીપોર્ટ તેમણે મંગાવ્યા. જામનગર, ઓખા, ભાવનગર, બીકાનેર, રાજપીપળા વાંસદા વગેરે દેશી રાજ્યોમાં ભૂસ્તર શાસ્ત્રીઓ મોકલી તે તે દેશની ખનીજ દોલતની શોધ કરાવવા તે ઈચ્છતા હ ા. શેઠ વિઠ્ઠલદાસ એમ માનતા હતા કે આ પ્રદેશમાંથી સોનું, ચાંદી, કોલસા કે ધાસલેટ મળવાનો સંભવ છે. ઈ.સ. ૧૯૬૦ માં ગુજરાતમાં તેલ છતું થયું, તેની આગાહી શેઠ વિઠ્ઠલદાસે સને ૧૯૦૪માં કરી હતી.

સને ૧૯૦૫ માં બનારસમાં અખિલ હિન્દ મહાસભાની બેઠક ભરાઈ હતી. તે વર્ષે એમ ઠરાવવામાં આવેલું કે કોંગ્રેસની બેઠક સાથે અખિલ ભારતવર્ષીય ઔદ્યોગિક પરિષદ પણ ભરવી. આવી પરિષદ ભારતમાં પહેલી હતી, એટલે દેશના નિષ્ણાતો પાસેથી સભામાં મૂકવા યોગ્ય નિબંધો મંગાવવામાં આવ્યા હતા. શેઠ વિઠ્ઠલદાસે "રૂના વણાટના ઉદ્યોગ" ઉપર નિબંધ રજુ કર્યો હતો. "The Past, The Present, The Future of Cotton Industry in India." આ નિબંધનું મથાળું હતું. નિબંધ પરિષદમાં વંચાતા પહેલાં મી. જી. કે. ગોખલેને આપવામાં આવ્યો હતો. તેમને આ ભાષણના વિચારો એટલા બધા પસંદ પડી ગયા કે કાંગ્રેસના પ્રમુખ તરીકેના પોતાના ભાષણમાં શેઠ વિઠ્ઠલદાસના લેખનો મોટો ઉતારો કર્યો હતો. આ ભાષણ પરથી શેઠ વિઠ્ઠલદાસની પ્રતિષ્ઠા ભારતમાં અગ્રગણ્ય ઉદ્યોગ વિધાતા તરીકે સારી રીતે જામી.

બીજી ઔદ્યોગિક પરિષદ કલકતામાં યોજવામાં આવી અને એ પરિષદના પ્રમુખ તરીકે ઑ. મી. વિઠ્ઠલદાસને સર્વાનુમતે પસંદ કરવામાં આવ્યા. આ સિદ્ધિ અસામાન્ય ગણાય. આ પરિષદ ખુલ્લી મૂકવાનું માન તે વખતના વડોદરાના નરેશ શ્રીમાન સયાજીરાવ ગાયકવાડને આપવામાં આવ્યું હતું. પરિષદનું ઉદ્‌ઘાટન કરતાં શ્રીમાન સયાજીરાવે લાક્ષણિક રીતે પોતાનો આનંદ વ્યકત કર્યો હતો કે આખા હિન્દુસ્તાનની ઔદ્યોગિક પ્રગતિની પર્વેષણા જે સભામાં થઈ રહી છે તેના પ્રમુખ સ્થાન પર પોતાના રાજ્યની પ્રજામાંના એક પ્રખ્યાત આગેવાન શેઠ વિઠ્ઠલદાસ બેઠા છે. આ પરિષદમાં પ્રમુખ તરીકેના તેમના ભાષણની કદર આખા ભારતમાં ખૂબ થઈ હતી. આ ભાષણમાં એમણે એક વાત ઘણી હિંમતથી ઉદ્યોગપતિઓ સમક્ષ મૂકી કે, "બ્રહ્મદેશના તેલના કુવાઓ તરફ, મ્હૈસુરની સોનાની ખાણ તરફ, બંગાલાની કોલસાની ખાણો તરફ, ચહા તથા શણના ઉદ્યોગ તરફ, સમુદ્ર માર્ગે માલ લઈ જવાની આગબોટો તરફ, આપણા પરદેશ સાથેના વિશાળ વેપારને લગતું શરાફી કામ પરદેશી બેંકો કરે છે તે તરફ— આપણે જ્યારે નજર નાખીએ, ત્યારે પરદેશી થાપણો આપણા દેશમાં રોકવાની નુકશાનકારક અને પ્રતિકૂળ પદ્ધતિનું આપણને ભાન થાય છે. આ રસ્તે આપણા દેશમાંથી કેટલી મોટી દોલત ચાલી જાય છે તેનો ખરો અડસટ્ટો કાઢવાનું અશકય થઈ પડે છે.....માટે મારે કહ્યા વિના ચાલતું નથી કે જ્યાં સુધી આ દેશની ઔદ્યોગિક પ્રગતિ ન થાય, ત્યાં સુધી તેલ પૃથ્વીના પેટમાં અને સોનું ખાણોના ઉંડાણમાં એમને એમ પડ્યું રહે, તેમાં જ આપણા દેશને લાભ છે." આ ભાષણમાં એમણે ગરીબ મજુરો માટે લાગણી દર્શાવી હતી. તેમજ દેશમાં શિક્ષણ પ્રચારની અગત્ય પણ જણાવી.

એજ વર્ષમાં શ્રી વિઠ્ઠલદાસ મુંબઇ મિલમાલિક મંડળના સરનશીન તરીકે ચુંટાયા હતા. એમની એ વર્ષની કારકીર્દિમાં સ્વદેશી ચળવળના ઉત્સાહના પરિણામે ભારતની મિલોનો ધંધો ધમધોકાર ચાલતો હતો. એ વરસે મુંબઇમાં મિલોને વિજળી મળવાથી મજુરો પાસે રાતપાળી પણ કરાવવામાં આવતી હતી. આ રીતે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ઇન્ગ્લેંડમાં માંચેસ્ટરની મિલોના ધંધાને ધક્કો લાગવાથી અંગ્રેજ વેપારી મંડળે, "ભારતના મજુરો પાસે અનારોગ્ય વાતાવરણમાં ખૂબ કામ લેવાય છે," એવી ફરિયાદો કરી પરિણામે સને ૧૯૦૬માં સરકારે **'ઇન્ડીઅન ફેકટરી લેબર કમિશન'** નીમ્યું. તેમાં મુંબઈ ચેમ્બર ઑફ કોમર્સ અને મિલ માલિક મંડળના પ્રતિનિધિ તરીકે શ્રી વિઠ્ઠલદાસ એક સભ્ય તરીકે નીમાયા હતા. આ કમિશનની પહેલી બેઠક ૧૯૦૭ ના નવેમ્બરમાં મુંબઈમાં મળી; પછી ભારતનાં બધાં ઔદ્યોગિક મથકોએ આ કમિશન ગયું હતું. મે ૧૯૦૮ માં કમિશને પોતાનો રીપોર્ટ સરકારને રજુ કર્યો. શ્રી વિઠ્ઠલદાસે આ કમિશનના બીજા સભ્યો વચ્ચે રહેતા મતભેદને હળવા કરવાનું કામ કુનેહથી કર્યું હતુ. આ કામને અંગે મુંબઈ, અમદાવાદ, ભરૂચ, જળગાંવ, આગ્રા, હાથરસ, કાનપુર, અલ્લાહાબાદ, કલકતા, ઢાકા, નારાયણગંજ, રંગુન, મદ્રાસ, વર્ધા, નાગપુર, લાહોર વગેરે ૨૦૯ કારખાનાની મુલાકાત આ કમિશને લીધી હતી. શ્રી વિઠ્ઠલદાસને આ પ્રમાણે ભારતનાં ઔદ્યોગિક મથકોએ જવાની અને કારખાનાના સંચાલનમાં રસ લેનારી આલમના સંપર્કમાં આવવાની સુંદર તક મળી.

"સર" પદવીથી સન્માન.

"ત્યાગ, સમર્પણ અને સેવાનાં પૂજન આદર પદવીથી થાય."—
સુખડનાં સન્માન કેશરના સંમિશ્રણથી અને ગંગાજલના સિંચનથી.

સને ૧૯૦૮ ના જુન માસની ૨૫મી તારીખે શહેનશાહના જન્મદિવસના માનપાનની નવાજેશની જાહેરાતમાં ઑ. મી. વિઠ્ઠલદાસને અંગ્રેજ સરકાર તરફથી 'નાઈટહુડ' નો ખિતાબ મળ્યાની શુભ હકીકત પ્રકટ થઈ. ઑ. મી. વિઠ્ઠલદાસની વિવિધ પ્રકારની સાર્વક્ષેત્રિક સેવાની અને મુંબઈના તેમજ સમસ્ત હિન્દુસ્તાનના જાહેર પ્રશ્નોમાં ઉલટ લઈ તેમણે અત્યાર સુધી બનાવેલા કાર્યોની કદર કરી સરકારે એમને 'સર' નો ઈલ્કાબ આપ્યો. એ સમાચાર સૌને સંતોષ અને આનંદપ્રદ હતા. અભિનંદનના સંદેશા અનેક દિશાઓમાંથી આવ્યા. સૌથી પ્રથમ સંદેશો વૉઇસરોય લૉર્ડ મિન્ટો તરફથી અને બીજો તાર શ્રી સયાજીરાવ ગાયકવાડ તરફથી આવેલ. મુંબઈના ગવર્નર સર સીડનહામે તો સ્વહસ્તે પત્ર લખી તાકીદી સ્વાર મારફતે મોકલ્યો. કેટલાક મિત્રોએ લખ્યું હતું. "આ માન લૌકિક દૃષ્ટિએ તમને વહેલું એટલે નાની ઉમ્મરે મળ્યું છે, પરંતુ ખરી રીતે તો અમારી ધારણા મુજબ તમારા કામના પ્રતાપે આથી પણ વહેલું મળવું જોઈતું હતું." આટલી નાની ૩૪ વર્ષની ઉમ્મરે નાઈટહુડનો ઇલ્કાબ મેળવનાર સર વિઠ્ઠલદાસ એકલાજ હતા.

કાપડના વેપારી મંડળે ચાઈના બાગમાં સર વિઠ્ઠલદાસને માનપત્ર આપવાને મેળાવડો યોજ્યો હતો. બીજા અનેક સમારંભો અભિનંદન આપવા માટે યોજાયા હતા. તેમાં ભાટીઆ મહાજન વાડીમાં ભાટીઆ મહાજન તરફથી શેઠ વસનજી ખીમજીના પ્રમુખપણે સર વિઠ્ઠલદાસને અપાયેલ માનપત્રની નોંધ લીધા વિના ચાલે તેમ નથી. કચ્છી અને હાલાઈ બન્ને મહાજનનું આ સંયુક્ત માનપત્ર હતું.

૧૯૧૨ ના ડીસેમ્બર તા. ૨૩ મી એ ભારતનું પાટનગર દિલ્હી બન્યું અને તેમાં નામદાર લૉર્ડ હાર્ડિન્જનો પ્રવેશ તે દિવસે દબદબાભરી રીતે થવાનો હતો. તે સમારંભમાં સરકારના આમંત્રિત મહેમાન તરીકે સર વિઠ્ઠલદાસે હાજરી આપી હતી. સર વિઠ્ઠલદાસ વાઇસરૉયની કાઉન્સીલના પ્રજાકીય સભ્યોમાંના એક હતા.

અર્થશાસ્ત્રી શ્રી વિઠ્ઠલદાસ

નીતિને અવલંબી અર્થને મેળવે, મેળવીને કેળવે, કેળવીને અર્થથી અર્થને અને
ઉદ્યોગથી અર્થને વિકસાવે એ અર્થશાસ્ત્રી—

બેન્કિંગ—શરાફીના ભારતના ઈતિહાસમાં સર વિઠ્ઠલદાસે મુખ્ય ભાગ ભજવ્યો હતો. પશ્ચિમના દેશોમાંથી બેંકની સંસ્થાનો ખ્યાલ ભારતમાં આવ્યો, તેની પહેલાં આપણા દેશમાં શરાફીનો ધંધો મોટાં શહેરોમાં ધમધોકાર ચાલતો હતો. હુંડી, પત્રી, આડત વટાવના ધંધા કરનારી મોટી પેઢીઓ ભારતના વેપારને ખૂબ ઉપયોગી બની

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

રહી હતી. આવા ધંધાનું જ્ઞાન સર વિઠ્ઠલદાસને એમના વડવાઓ દ્વારા મળ્યું હતું. હિન્દુસ્તાનમાં આયાત નિકાસનો મોટો વેપાર પરદેશી–યુરોપીઅન પેઢીઓ ખેડતી હતી અને માત્ર સેંકડે બે ટકાના વટાવમાંથી તે પેઢીઓ લાખો ને કરોડોનો લાભ આપણા દેશમાંથી લઈ જતી હતી. તેના તરફ શ્રી વિઠ્ઠલદાસનું ધ્યાન ઈ. સ. ૧૮૯૭–૯૮ થી દોરાયું હતું.

(૧) સને ૧૯૦૫ માં સ્પીશી બેંક ઉભી કરવામાં શ્રી વિઠ્ઠલદાસ ડીરેક્ટરની બોર્ડમાં અગ્રગણ્ય સભ્ય બન્યા હતા. એ બેંક સફળતાથી મુંબઈના બજારમાં કામ કરતી થઈ. ભારતમાં તેની શાખાઓ ઉઘડવા લાગી. આ બેન્કના બોર્ડના પ્રમુખ તરીકે શેઠ વિઠ્ઠલદાસ ચુંટાયા પણ દુર્ભાગ્યે એમનું ધ્યેય સિદ્ધ થયું નહિ.

(૨) સને ૧૯૦૬ માં શ્રીમાન સયાજીરાવ ગાયકવાડે વડોદરામાં બેન્ક કાઢવાની યોજના શેઠ વિઠ્ઠલદાસ પાસેથી મંગાવી. સર લલ્લુભાઈ શામળદાસ મહેતાએ અને શેઠ વિઠ્ઠલદાસે યોજના ઘડીને વડોદરા નરેશને મોકલી આપી અને તે સાથે સ્પષ્ટ ઉલ્લેખ કર્યો કે બેન્કને સફળ કરવી હોય તો રાજ્ય તરફથી એ બેન્કને અમુક સગવડો મળવી જ જોઈએ. અને જો તે સગવડો આપવાની બાંહેધરી રાજ્ય તરફથી મળે તો બરોડા બેન્ક ચાલુ કરવાનું કામ શેઠ વિઠ્ઠલદાસ અને શ્રી લલ્લુભાઈ હાથ પર લઇ શકે, એવું રાજ્યના અમલદાર શ્રી વિલ્હટનેકને જણાવી દીધું હતું. એમની માગણી પ્રમાણે યોજના મંજુર થઈ અને વડોદરા બેંકનાં મંડાણ તા ૨૦–૭–૧૯૦૮ ના રોજ થયાં. એ બેંક ફૂલી, ફળી અને આજે વડોદરા રાજ્ય મટી ગયું, તો પણ પોતાની વિકસિત શક્તિના પ્રભાવથી ભારતમાં જ નહિ પણ ભારતની બહાર પણ વડોદરા બેંકનાં થાણાં ચોતરફ નંખાયેલાં દેખાય છે. આ હતું શ્રી વિઠ્ઠલદાસનું સફળ સર્જન.

(૩) મ્હૈસુર રાજ્યમાં બેન્ક કાઢવાની હતી, ત્યારે રાજ્ય તરફથી સર વિઠ્ઠલદાસને બધો વહિવટ સોંપવાની ઈચ્છા બતાવવામાં આવી હતી. સર વિઠ્ઠલદાસે મ્હૈસુર બેંક માટે મી. રોઝ નામના યુરોપીઅન મેનેજરની પસંદગી કરી આપી.

(૪) સહકારી બેંકો ખેડુત વર્ગના હિત માટે મુંબઈ ઈલાકામાં ઉભી કરવાની યોજના સર વિઠ્ઠલદાસે અને સર લલ્લુભાઈએ મળીને તૈયાર કરી હતી. સરકારે તે માન્ય રાખી હતી. આવી બેંક સરકારે ચાલુ કર્યા પછી મુંબઈના ગવર્નર સર સીડનહામ ક્લાર્ક તરફથી સર વિઠ્ઠલદાસ ઉપર મહાબળેશ્વરથી તા. ૨૭–૧૦–૧૯૧૧ ને રોજ પત્ર આવ્યો હતો તેનો છેલ્લો પરિચ્છેદ અહિં ટાંકયો છે.

"This will be the best reward you could have for all the thought and trouble you are taking for the public welfare."

(૫) તે પછી નીરા નદીના પ્રદેશમાં ખેડુતોની સ્થિતિ સુધારવા સહકારી મંડળીઓ રચવા તરફ સર વિઠ્ઠલદાસે લક્ષ આપ્યું હતું.

નાણાશાસ્ત્રી તરીકે જાણીતા થયા પછી અનેક જાહેર સંસ્થાઓની વ્યવસ્થામાં એમની સલાહ લેવામાં આવતી હતી. એવાં ટ્રસ્ટોનાં અને જાહેર સંસ્થાઓનાં નામો જણાવવામાં આવે તો લગભગ પચાસથી પણ એ નામોની સંખ્યા વધી જાય.

ટાટા મંડળની એક પણ ઉદ્યોગ પ્રવૃત્તિ એવી નહોતી કે જેમાં સર વિઠ્ઠલદાસ ડિરેક્ટર ન હોય. એમની સલાહ વિના ટાટા મંડળની એક પણ ઉદ્યોગ પ્રવૃત્તિનાં મંડાણ તે દિવસોમાં મંડાતાં નહોતાં.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ઈ સ. ૧૯૧૯માં એમણે દ્વારકામાં સીમેન્ટ ફેક્ટરી ઊભી કરવાની યોજના ઘડી અને જૂજ વખતમાં દ્વારકામાં બંદર પર ડૉક બંધાવ્યો. ઓખા બંદર પર સયાજી પીયર બંધાવ્યો. જામનગરથી દ્વારકા સુધીની રેલવે સડક બંધાઈ ગઈ. આ બધું એમની કુનેહને આભારી હતું.

સર વિઠ્ઠલદાસની સલાહથી અનેક વેપારીઓએ પોતાનો ઔદ્યોગિક વિકાસ એ કાળમાં સારા પ્રમાણમાં સાધ્યો હતો. સર વિઠ્ઠલદાસ પોતે પણ એ સમયમાં પ્રખર નાણાંશાસ્ત્રી ગણાતા હોવાથી એમની અંગત સિદ્ધિઓ પણ મહાન્ નીવડી હતી. એ કાળમાં સર વિઠ્ઠલદાસ પોતાના સ્નેહી મિત્રોને વાતચીતમાં કહેતા હતા કે "જ્યારે મારી યુવાવસ્થા હતી ત્યારે મારે કમાવાની પ્રવૃત્તિમાં રોકાવું જોઈતું હતું; તેને બદલે જાહેર સેવાનાં અને જાહેર જીવનનાં કાર્યોમાં એ સમય મેં ગાળ્યો એ જ મારી કમાણી છે. આજે મારી શાંતિ મેળવવાની અને તત્વચિંતનની અવસ્થામાં ધંધામાંથી નિવૃત્ત થઈ જાહેર જીવન ગાળવાને ટાણે મારે ઉદ્યોગ પ્રવૃત્તિમાં જોડાવું પડે છે એ પણ એક ઈશ્વરી સંકેત છે." એ પરથી જોઈ શકાય છે કે એમને નિવૃત્ત જીવનની તીવ્ર ઈચ્છા જાગી હતી, તે છેવટ સુધી લુપ્ત થઈ નહોતી.

આદર્શ મિત્ર

केन रत्नमिदं सृष्टं मित्रमित्यक्षरद्वयम ।

"મિત્ર એટલે મન મણિને મુકવાની શરાફ પેઢી."—

સર વિઠ્ઠલદાસનું મિત્રમંડળ વિશાળ હતું, પરંતુ એ બધામાં ભાઈ ગોવિંદજી માધવજીનું સ્થાન અનેરું હતું. એમની મૈત્રી મુંબઈની નિશાળમાં ભણતા ગોડીઆ તરીકે થઈ હતી. મુંબઈમાં શ્રી કલ્યાણજી પીતાંબરની પેઢી સાથે જોડીઆના શેઠ માધવજી વિશ્રામનો ઉનનો વેપાર ચાલતો હતો. એ રીતે શેઠ માધવજીના પુત્ર ગોવિંદજીને મુંબઈનો ઉછેર મળ્યો હતો. સાંજે હરવા ફરવામાં ભાઈ ગોવિંદજીનો સાથ શેઠ વિઠ્ઠલદાસ લેતા હતા.

શેઠ વિઠ્ઠલદાસે પાછળથી "ઓમ્બે ફાયર ઈન્સ્યુરન્સ" કુંપનીનું વિમાનું કામ તેમને મેળવી આપ્યું હતું. એમની સ્વતંત્ર રીતે ઑફિસ ચાલે એવા કેટલાક ધંધા પણ તેમને અપાવવામાં આવ્યા હતા. અને આવા ધંધાથી શેઠ ગોવિંદજીની પેઢીએ બહુ સારી પ્રતિષ્ઠા વેપારી મંડળમાં જમાવી હતી.

ભાઈ ગોવિંદજીનો બંગલો 'દામોદર ભુવન' પાસે આવેલો છે. તા. ૩૦મી એપ્રિલ, ૧૯૧૪ને રોજ સવારે આઠ વાગે ભાઈ ગોવિંદજીને ત્યાં મહાબળેશ્વર જવા માટે તેડું મોકલવામાં આવ્યું. જવાબ આવ્યો કે "દેવ પૂજા પૂરી થઈ ગઈ છે અને શ્રી શંકરનાં દર્શન કરી ભાઈ ગોવિંદજી શેઠ આવે છે." સર વિઠ્ઠલદાસ તેમની વાટ જોઈ રહ્યા છે.

ત્યાં તો ભય અને આશ્ચર્ય ઉપજાવે તેવા સમાચાર લઈ માણસ આવ્યો. તેણે જણાવ્યું કે ગોવિન્દજી શેઠને કોઈ સાધુએ સખત ફટકા માર્યા છે અને તેઓ બેશુદ્ધ હાલતમાં છે. સર વિઠ્ઠલદાસ બેબાકળા બની ગયા. ત્યાં તેમણે જઈને જોયું તો માથા ઉપરના ઘા બહુ કારી હતા. ડોકટરોને બોલાવી સારવાર ચાલુ કરવામાં આવી. એ ભયંકર જખમો રૂઝાવા લાગ્યા. ભાઈ ગોવિન્દજીની પ્રકૃતિ સુધારા પર છે, તે જોઈ સર વિઠ્ઠલદાસ મહાબળેશ્વર ગયા. ત્યાં થોડા દિવસમાં ખબર આવ્યા કે ભાઈ ગોવિન્દજીની તબીયત ભય ઉપજાવે તેવી છે. સર વિઠ્ઠલદાસ દોડતા ફરી મુંબઈ આવ્યા. ચાંપતી સારવાર છતાં સંવત ૧૯૭૦ના વૈશાખ વદ ૧૩, તા. ૨૫–૫–૧૯૧૪ના રોજ ભાઈ ગોવિંદજીના પ્રાણ પીંજરામાંથી ઉડી ગયા. સર વિઠ્ઠલદાસને આ બનાવથી ઊંડો આઘાત થયો.

વિચક્ષણ અને વિવેકશીલ પુરૂષો જો કે પોતાના જીવનમાં થતાં સુખ–દુઃખ, સંયોગ–વિયોગ, લાભ–હાનિના પ્રસંગોમાં ગાભરા નથી થતા તો પણ મિત્રના વિયોગની વ્યથા તેમને અસ્વસ્થ બનાવ્યા વિના નથી રહી શકતી. ભાઈ ગોવિંદજીને ગુમાવ્યાની અસર શ્રી વિઠ્ઠલદાસ ઉપર દેખાઈ આવતી હતી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ગૃહજીવન ક્ષેત્ર.

પુણ્યનો, પ્રેમનો અને પરોપકાર વ્રતનો અખંડ યાગ એટલે ગૃહજીવન ક્ષેત્ર.

ગૃહજીવન અદ્વૈત સાધનાની પૂર્વ પીઠિકા છે. ગૃહજીવન સેવાનું સદાવ્રત છે અને સ્નેહની પરબ છે.

સંવત ૧૯૪૩, વૈશાખ સુદ ૧૨ ને દિને શ્રી વિઠ્ઠલદાસ વિવાહ સંસ્કાર પામ્યા. શેઠ શ્રી મોરારજી ગોકળદાસનાં સુપુત્રી શ્રી લીલાબાઈ તેમનાં ધર્મપત્ની બન્યાં. માતુશ્રી નાથીબાઈએ પુત્રવધુ શ્રી લીલાબાઇને પુત્રીના વાત્સલ્યથી ઉછેરી અને અનેકવિધ સંસ્કારોની ખાણ એમને વારસામાં આપી. માતાપિતાના સંસ્કારો, ખાનદાની અને સાસુ સસરાની પ્રીતિ, કેળવણી તેમજ ગર્ભશ્રીમંત ઈ આ સર્વ તેમના ગુણોના પોષક તત્ત્વો હતાં. કવિના શબ્દોમાં **कार्येषु मन्त्री** એ વાક્યને ચરિતાર્થ કરનારાં શ્રી લીલાબાઈ શ્રી વિઠ્ઠલદાસના કાર્યક્ષેત્રમાં એક સહાયક અંગ બની ગયાં.

શ્રી વિઠ્ઠલદાસનાં જ્યેષ્ઠ ભગિની શ્રી ગંગાબાઇનાં લગ્ન શેઠ શ્રી કરસનદાસ હરગોવિન્દદાસ ચતુર્ભુજ સાથે થયાં. શ્રી ગંગાબાઇ એક નાની દીકરી મમુબાઇને મૂકી અકાળે ચાલ્યાં ગયાં. શ્રી વિઠ્ઠલદાસે બ્હેનની સ્મૃતિમાં **ગંગા સાગર** નામની એક વાવ ખંભાળીઆ પાસે ભણુગોળ બજણા વચ્ચેના રસ્તામાં બંધાવી. તેમનાથી નાની બ્હેન શ્રી ગોમાબાઇનું લગ્ન શેઠ શ્રી લીલાધર વલ્લભદાસ સાથે થયાં. તેમની શારીરિક સ્થિતિ ઘણી નાજુક હતી, તેમણે એક પુત્ર આપી દેહ છોડી દીધો પણ સદ્‌ગુણ સુવાસ મૂકતાં ગયાં.

શ્રી વિઠ્ઠલદાસનાં પત્ની શ્રા લીલાબાઇ ગૃહક્ષેત્રમાં અને જીવનક્ષેત્રમાં સાથીદાર બની રહ્યાં હતાં, ત્યાં જ કાળને અસૂયા આવી. શરીરમાં રોગે ઘર કર્યું, પરંતુ કુટુંબી જનોને વ્યથા ન થાય સમજી શાણી ગૃહિણીએ શક્ય સંગોપન કર્યું. પણ 'સર'થી આ અજાણ્યું ન રહ્યું. તેમને હવાફેર માટે ચાંદોદ, નર્મદા કિનારે લઈ ગયા. પૂના, લોનાવલા, વાંદરા વગેરે સ્થળોમાં રહી ઘણી ઉત્તમ માવજત કરી, પરંતુ ૧૯૫૫ના જેઠ સુદ ૮, તા. ૧૫-૬-૧૮૯૯ ને રોજ એમનું અવસાન થયું. વિવેકશીલ શ્રી વિઠ્ઠલદાસને હવે આઘાતો વેઠવાની ફરજ પડી બ્હેનોના અને પત્નીના તાજા ઘા સ્થિર મતિથી વેઠવા લાગ્યા. ત્યાં તો અકસ્માત બીજો આઘાત આવ્યો. શેઠ શ્રી ગોવિન્દજી કાકાના સ્વર્ગસ્થ થયાનો તાર દ્વારિકાથી આવ્યો. આ આઘાત કુટુંબને અને વ્યાપારી આલમ સમસ્તને કારી ઘા નીવડ્યો. સ્વજનો તરફનો ભાવ અને આદર કેવળ તેમને યાદ કરી નથી મણાતો પરંતુ તેમને ઉદ્દેશી લોક હિત સંસ્થાઓ રચી તેમનાં મન્તવ્યો મુજબ સત્કાર્યો કરીને સ્નેહની પૂજા થાય છે.

શ્રી વિઠ્ઠલદાસે પોતાનાં સ્વજનોનો સ્નેહ—આવાં સત્કાર્યોથી પૂજ્યો છે. તેમણે શ્રી ગોવિન્દજી કાકાના સ્મરણ માટે સેન્ડહર્સ્ટ રોડ ઉપર ગોવિન્દજી ઠાકરસી મૂળજી ભાટીઆ સ્મારક ગૃહ બાંધવાની વ્યવસ્થા કરી આપવામાં મહત્વનો ફાળો આપ્યો; જેમાં જૂજ ભાડે સામાન્ય સ્થિતિના ભાટીઆ કુટુંબોને રહેવાની સવલત કરી કાકાના આદરને સન્માન્યો.

શ્રી વિઠ્ઠલદાસનાં માતુશ્રી શ્રા નાથીબાઇને પૌત્ર મુખદર્શનની ઉત્કટ લાલસા હતી. હરિકૃપાએ તે પૂર્ણ થઈ. શેઠ શ્રી માધવજીને ત્યાં ૧૯૯૫માં જેઠ સુદ ૨ ને રોજ એક સુપુત્રનો જન્મ થયો, તે શેઠ શ્રી કૃષ્ણરાજ ઠાકરસી. એ ઉત્સવને ઔદાર્યથી શાસ્ત્રવિધિ મુજબ ઉજવ્યો. આજ એ ઉર્જ્જવલ અને વિવેકી સુપુત્ર લોકહિત સેવી વંશને સમુર્જ્જવલ કરી રહેલ છે.

સમય જતાં માતુશ્રીની તબિયત અસાધ્ય બની છે જાણી શેઠ વિઠ્ઠલદાસ એમને પંચગની લઇ ગયા અને ત્યાંથી એમને કૃષ્ણા નદી તટે આવેલા વાઈ ક્ષેત્રમાં લઈ જવામાં આવ્યાં હતાં. ત્યાં સ્વ. શેઠ દામોદરની જીવનસ્મૃતિના

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પૂજન માટે "દામોદર આશ્રમ" બાંધવામાં આવ્યો છે. તેજ રથળે સંવત્ ૧૯૬૫ અષાડ સુદ ૧૫ના પવિત્ર દિવસે માતુશ્રી નાથીબાઈએ પાર્થિવ દેહનો ત્યાગ કર્યો. શ્રી નાથીબાઈ મુંબઈની સૃષ્ટિમાં બહુ જાહેર થયેલી વ્યક્તિઓ પૈકીનાં એક હતાં તેથી એમના અવસાનની નોંધ એમની છબી સાથે ઘણા વર્તમાનપત્રોમાં પ્રકટ થઇ હતી. અને અનેક સભાઓએ એમના આત્માની શાંતિ ઇચ્છતા ઠરાવો કર્યા હતા. શ્રી **નાથીબાઈ દામોદર ઠાકરસી વીમેન્સ યુનિવર્સિટી**" જ્યાં સુધી રહેશે ત્યાં સુધી આવી ગંજાવર માતબર સંભાવત માતૃભક્તિનું દર્શન કરાવશે અને માતૃઋણ અદા કરવાના દૃષ્ટિબિંદુને સંતોષશે. મુંબઇમાં 'વનિતા વિશ્રામ' ને અંગે શ્રી **નાથીબાઈ મહિલા વસતિગૃહ** માટે એક લાખ રૂપિયાનું દાન કરવામાં આવ્યું છે. પૂનામાં સેવાસદનને અંગે સ્ત્રીઓને રહેવા માટે **શ્રી નાથીબાઈ આશ્રમ** કાઢવા રૂા. પાંસઠ હજારનું દાન 'સેવાસદન' સોસાયટીને સને ૧૯૨૧માં અર્પણ કરવામાં આવ્યું.

શ્રી વિઠ્ઠલદાસનું દ્વિતીય લગ્ન કલકત્તાના શ્રીમન્ત કુટુંબની કન્યા પ્રેમકુંવરબેન સાથે થયું હતું. વડીલ આસુજી જતાં કુટુમ્બનો ભાર સૌ. પ્રેમકુંવરબેન પર આવ્યો. તેમણે યથોચિત ગૌરવપૂર્વક માતુશ્રી નાથીબાઈના આત્માની શાંતિ માટે એમના પુત્રો શ્રી વિઠ્ઠલદાસ અને શ્રી માધવજી તરફથી થતાં કાર્યોમાં સહકાર આપી કુટુંબની પ્રતિષ્ઠામાં વધારો કર્યો હતો. ઈ.સ. ૧૯૧૨માં લેડી પ્રેમકુંવરની શારીરિક પ્રકૃતિ વિશેષ માંદગી લાગી. જાહેર કામનાં અનેક દબાણો સર વિઠ્ઠલદાસ ઉપર તે વખતે આવતાં હતાં, છતાં પત્નીની સારવાર કાળજીપૂર્વક થાય તે દૃષ્ટિથી અનેક આમંત્રણોને તે નકારતા હતા. દરદીની સારવાર માટે ચાંપતા ઇલાજ લીધા છતાં સને ૧૯૧૨ના ડિસેમ્બરની ૫'મી તારીખે, કાર્તક વદ ૧૨ના રોજ લેડી પ્રેમકુંવરે આ ફાની દુનિયાનો ત્યાગ કર્યો. સર વિઠ્ઠલદાસને ખૂબ આઘાત થયો.

શ્રી વિઠ્ઠલદાસનાં આદર્યાં અધૂરાં પૂરા કરવા માટે જ જાણે વિધાતાએ તેમના આપ્ત વર્ગ અને મિત્રવર્ગમાં પ્રેરણા મૂકી ન હોય એમ એમના મિત્રવૃન્દે 'સર' ને લગ્નગ્રંથીથી જોડાવા આગ્રહ કર્યો. ૨૫-૧૨-૧૯૧૨ ને દિવસે રાજકોટમાં શેઠ ધારશીભાઈ આશરનાં સુપુત્રી શ્રી બચુબાઈ સાથે વાગ્દાન સંસ્કાર થયો; અને વસંત પંચમી. તા. ૯-૨-૧૯૧૩ના મંગલ દિને મંગલ લગ્નગ્રંથીથી શ્રી બચુબાઈ સાથે સર વિઠ્ઠલદાસ જોડાયા. શ્રી પ્રેમલીલાબહેનની તે વખતે વીસ વર્ષની વય હતી.

સર વિઠ્ઠલદાસ શ્રી પ્રેમલીલાબહેનને પત્રો લખતા. તેમાં એક પત્રમાં નીચે પ્રમાણે લખ્યું હતું.

".....હવે તમને એટલું લખવાનું કે ભવિષ્યમાં આપણા જનબંધુને દુનિયામાં કેમ ઉપયોગી થવું, તેનો વિચાર કર્યા રાખજો અને એમજ સમજજો કે ઈશ્વરે તમારો સંબંધ મારી સાથે દુનિયાના ભલા માટે કર્યો છે....."

આ વાક્ય જાણે કોઈ ઋષિ વાક્ય નીવડ્યું અને શ્રી પ્રેમલીલાબહેન ઠાકરસીના જીવનમાંથી તે સત્ય જોવા મળ્યું. સર વિઠ્ઠલદાસની તમન્ના પોતાની પત્નીની મદદથી દુનિયાનું ભલું કરવાની હતી-લોક સેવા ક્ષેત્રમાં તેમને કોઈ સમકક્ષ, સમદક્ષ, હમદર્દી વાળો લાગણી શીલ સાથીદાર જોઈતો હતો. આ પત્રમાં દર્શાવેલો સર વિઠ્ઠલદાસનો જીવનનો આદર્શ પરિપૂર્ણ કરવા માટે જ લેડી પ્રેમલીલા ઠાકરસી કુટુંબમાં આવ્યાં છે, જે ઈશ્વરનો સંકલ્પ હતો.

સર વિઠ્ઠલદાસે લગ્ન પછી ધર્મપત્ની શ્રી પ્રેમલીલાબહેનને જ્ઞાનસમૃદ્ધ બનાવવા અનેક પ્રકારની યોજના કરી હતી. અંગ્રેજી ભાષાનું જ્ઞાન અને યુરોપીઅન રીતભાતનું જ્ઞાન તેમને મળી રહે, તે માટે શ્રીપ્રેમલીલાબહેનના કમ્પેનીઅન તરીકે મીસ કેવલ નામની યુરોપીઅન બાઈને રોકવામાં આવ્યાં હતાં. સંગીતના શિક્ષણ માટે પારસી બાઈ બાનુબાઇ ભરૂચાને રાખવામાં આવ્યાં હતાં. પછીથી ગાંધર્વ વિદ્યાલયના અંગભૂત શ્રી દાતાર નામના ગૃહસ્થને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સંગીત શિક્ષક તરીકે યોજ્યા. કલબમાં આવવા જવાથી શ્રી પ્રેમલીલાબહેનને ઉચ્ચ વર્ગના સમાજમાં હરવા ફરવાનો લાભ મળતો હતો. શ્રી પ્રેમલીલાબહેનને ઘોડા પર બેસવાની તાલીમ પણ અપાઇ હતી; અને પતિ પત્ની દરરોજ સવારે ઘોડા પર બેસી ફરવાનો અને વ્યાયામનો લાભ લેતાં. સિંહગઢ. માથેરાન, બેંગલોર, મૈસોર, કલકત્તા, જમશેદપુર, મદુરા, રામેશ્વર, બનારસ વગેરે સ્થળે એ દમ્પતીનો ઉલ્લાસ ભર્યો અને ચિંતનમય પ્રવાસ થયો હતો. સને ૧૯૧૭ ના ચોમાસામાં તેઓ બન્ને કાશ્મીરને પ્રવાસે ગયાં હતાં. ત્યાં અમરનાથની કપરી યાત્રાનો લહાવો એમણે લીધેલો. કાશ્મીરના પ્રવાસમાં સર વિઠ્ઠલદાસ સાથે શેઠ મૂળરાજ ખટાઉ હતા. એ બે ગાઢ મિત્રો હતા. પૂનામાં રહી પંડિત આપટ શાસ્ત્રીજીનો પરિચય સર વિઠ્ઠલદાસે સાધ્યો હતો. તે વખતે એમની આધ્યાત્મિક દૃષ્ટિ વિકસી હતી.

પૃથ્વી પરિક્રમા

"**देशाटनं पण्डितमित्रताच**" દેશાટન, પંડિતજન મૈત્રી, વ્યાપાર, રાજસભા સેવન, આ ચાર ચાતુર્યનાં કેન્દ્ર છે. મહાપુરૂષો દેશાટનને પૃથ્વી પરિક્રમા કહે છે. પૃથ્વીના પરાક્રમો અને વિજયના વિવિધ ક્રમો જોવા અને સ્વદેશમાં તે વસાવવા એ મહાપુરુષોનો આદર્શ છે. પૃથ્વી પરિક્રમા સામાન્ય માટે વિલાસ રૂપ છે, મહાનને માટે તે વિકાસ રૂપ છે."

સને ૧૯૧૯માં પૃથ્વી પરિક્રમાની યોજના ઘડવામાં આવી. શેઠ મૂળરાજ ખટાઉ તથા સર વિશ્વેશ્વરૈયા એમની સાથે પ્રવાસમાં જોડાયા. તા. ૧૪મી માર્ચે "**હુનેરા**" આગબોટમાં મંડળીએ પ્રવાસ શરૂ કર્યો. કોલમ્બો, સુમાત્રા, સીંગાપોર, હોંગકોંગ. શાંગહાઇ સુધીની યાત્રા પૂરી કરી, તા. ૫મી એપ્રિલે "**કુમાના મારૂ**" માં જાપાન તરફ પ્રયાણ આદર્યું. કોબે શહેરમાં ઉતરી જાપાનની લાંબી યાત્રા શરૂ કરી. કોબે. કીઆટો, ટોકીઓ. યોકોહોમા, ઓસાકા, મીઆજીમા, નીક્કો વગેરે સ્થળોમાં તેઓ અનેક દૃષ્ટિથી ફર્યાં. આ પ્રવાસની નક્કર માહિતી લેડી પ્રેમલીલાબહેનની ડાયરીની નોંધમાંથી મળે છે. જાપાનની શિક્ષણ–સંસ્થાઓમાંથી સ્ત્રીઓની યુનિવર્સિટી મુંબઇમાં ઊભી કરવાની ઉર્મિ જાગી હતી–જેનું બીજ સર વિઠ્ઠલદાસે રોપ્યું અને લેડી પ્રેમલીલા બહેને એ વૃક્ષને આજે ફુલતું ફાલતું બનાવી એ યુનિવર્સિટીના વાઇસ ચેન્સેલરના પદને અને કાર્યને દક્ષતા પૂર્વકની કાર્ય શક્તિથી એઓ દીપાવે છે. સર વિઠ્ઠલદાસે જાપાનના પ્રવાસમાંથી મેળવેલી પ્રેરણાનું આવું સુંદર ફળ આવશે, તેની કલ્પના પણ કોઇને નહોતી. જાપાન સરકાર તરફથી સર વિઠ્ઠલદાસને બહુ ઉચ્ચ પ્રકારનો સત્કાર મળ્યો હતો.

જાપાનથી ચીન તરફ નાની સરખી સફર કરી હતી. મીન્ટુમ, નેનકો, નાનકીન, શહેરોમાં તેઓ ગયા હતા. તા. ૨૦મી જુને શાંગહાઇ બંદરેથી રવાના થઇ જાપાનમાં યોકોહામા પહોંચ્યાં. ત્યાંથી ૨ જી જુલાઇએ આખી મંડળી "**કોરીઆ મારૂ**" આગબોટમાં બેસી પૂર્વ અમેરિકાના સાનફ્રાન્સિસ્કો બંદરે પહોંચવા રવાના થયાં. રસ્તામાં હોનોલુલુ બેટ જોયો. ૨૪'મી જુલાઇએ સાનફ્રાન્સિસકો બંદરે પહોંચ્યાં. અમેરીકાના લોકોએ દમ્પતીનો જાહેર સત્કાર કર્યો. અમેરિકામાં લુસેન, ડેટલીબેટ, શીકાગો, સૉલ્ટલેઇકસીટી, યલોસ્ટોન પાર્ક, ડેટ્રોઇટ, નાયગરા ધોધ, ન્યુયોર્ક, બોસ્ટન, મોન્ટ્રિઅલ, ઓટાવા અને કિવબેક સ્થળની મુલાકાતે આ મંડળી ગઇ હતી.

ન્યુયોર્કમાં તા. ૨૫મી ઑગસ્ટે સર વિઠ્ઠલદાસની તબીયત બગડી હતી. તા. ૧૪ ઑકટોબરે આ મંડળી આટ્લાંટિક મહાસાગર ઓળંગી તા. ૨૫મી એ લીવરપૂલ બંદરે આવી પહોંચી; સર વિઠ્ઠલદાસની તબીયત બગડેલી હોવાથી તરતજ બધાં લંડન પહોંચી ગયાં. ત્યાં ડૉકટરે તપાસ કરી જણાવ્યું કે આંતરડામાં સર વિઠ્ઠલદાસને રક્તસ્રાવ થયો હતો. ત્યાંથી શેઠ નરોત્તમદાસ મોરારજીની સહાયથી 'લૉયલ્ટી' આગબોટમાં બેસી તા. ૨૩મી નવેમ્બરે મંડળી મુંબઇ આવી પહોંચી.

આ પ્રવાસથી સર વિઠ્ઠલદાસની અને શ્રી પ્રેમલીલાબહેનની દૃષ્ટિમાં દેશની વધુ સેવા માટેની વૃત્તિ ઉત્કટ બની હતી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નિવૃત્તિના પંથે.

इदं हि कुलव्रतम्

अथ स विषय व्यावृत्तात्मा यथा विधिसूनवे

नृपतिकुदं दत्वा यूने सितातपवारणम् – ”

પ્રાચીન નૃપતિઓ પુખ્ત વયના સુપુત્રને યથાવિધિ યુવરાજ પદ આપી એકાન્તજીવી બનતા. આ હતું “કુલવ્રત.” સર વિઠ્ઠલદાસે આ કુલવ્રત પાળવા પર્ણકુટી બાંધી. એમના કર્તવ્ય વારસાનું ઉત્તરદાયિત્વ એમનાં ધર્મ-પત્ની શ્રીમતી પ્રેમલીલાબહેને સંભાળ્યું.

સર વિઠ્ઠલદાસે સને ૧૯૧૫ થી દશ વર્ષને પટ્ટે પૂનામાં એક બંગલો ભાડે રાખ્યો હતો. ત્યાં ઘણી વાર જુન માસથી ઑક્ટોબર સુધીનો સમય ગાળતા. તે વખતે શ્રી પ્રેમલીલા બહેન સાથે પૂનાની નદી પર બન્ડ ગાર્ડન પાસે સમી સાંજે સૃષ્ટિ સૌન્દર્ય નીરખતા નીરખતા સામે ઊભેલી ‘યરવડા હીલ’ ઉપર પોતાનું લક્ષ્ય દર્યું. સાચેજ તે પુણ્ય તીર્થ ધામ સમાન સ્થાન છે. ત્યાં આવેલા શિવજીના મંદિરે કોઇ કોઇ વાર બન્ને જણ દર્શને પણ જતાં હતાં. સર વિઠ્ઠલદાસે પોતાની નિવૃત્તિના નિવાસનું સ્થાન એક પર્ણકુટી હોય, એવી કલ્પના મનમાં ઉભી કરી હતી શ્રી બાપટ શાસ્ત્રીજીના સ્મરણ લેખમાંથી નીચેનો ફકરો આ બાબતની સાક્ષી પૂરે છે. :—... त्यांच दिवसीं ते ‘म्हणाले-‘शास्त्रीजी, मीं येथें एक अगदीं एकान्ताची–विविक्त जागा पाहिली आहे. कोणती तें इतक्यांत सांगत नाहीं. मिळाल्यावर दाखवीन. तेथें आपण पर्णकुटी बांधू. तुम्हीहि तेथें रहावयास या”

‘યરોડા હીલ’ નામની આખી ટેકરી સર વિઠ્ઠલદાસે સરકાર પાસેથી ખરીદ કરી. તે નદીની સપાટીથી ૧૪૦ ફુટ ઊંચી છે. એ ટેકરી ઉપર આશરે ૨૧ એકરમાં વિશાલ ઉદ્યાન, ગોશાળા, કન્યાછાત્રાલય કુમારિકાને રમવાનું મેદાન, અતિથિ નિવાસસ્થાન અને પોતાનો નિવાસ વગેરે સ્થાનોથી રમ્ય અને આદર્શ ધવલધામ જગા આવેલ છે. મુખ્ય વસવાટ આશરે ૧૬૦ ચો. વાર જેટલી જગામાં આવેલ છે. પ્રાસાદની રચનામાં એ ખુબી છે કે ટેકરી ઉપર જે રૂપમાં ખાડા ટેકરા હતા, તેના સ્વરૂપને બદલાવ્યા વિના દરેક ભાગનો ઉપયોગ પર્ણકુટીને સુશોભિત રૂપ આપવાને કામે થયો છે.

સને ૧૯૨૦માં વિજયા દશમીને દિવસે આ ‘પર્ણકુટી’નું ખાતમુહૂર્ત થયું. બંગલાના બાંધકામમાં સર વિઠ્ઠલદાસે ખૂબ રસ લઈ પોતાનાં કલા, ભાવના અને પ્રાણ પૂર્યા છે. સને ૧૯૨૧માં ઉનાળામાં તેમણે સિંહગઢમાં વાસ રાખ્યો હતો. ત્યાંથી મોટા દુરબીનની સહાયથી લેડી પ્રેમલીલા અને સર વિઠ્ઠલદાસ યરોડા હિલ પર ૧૪૦ ફૂટની ઉંચાઇએ ચાલતા બાંધકામનું અવલોકન કરતાં હતાં. યરવડા હિલની સપાટીથી ૪૦ ફૂટ ઊંચો ટાવર બાંધવામાં આવેલ છે. તેથી પૂના શહેરમાં ઉચ્ચતમ સ્થળ એટલે પર્ણકુટી ગણાય છે.

પર્ણકુટી એ શાંત કલાનો નમૂનો છે. બાલકને કે યુવાનને, સંસારીને કે ત્યાગીને, સુજ્ઞને કે અલ્પજ્ઞને એ શાંત પ્રાસાદમાં શાંતિનું અને સુષમાનું વાતાવરણ પૂરું પાડે છે. એના વિશુદ્ધ વિશાળ આરસ ઢાળ્યા વરન્ડા (પરસાળ) સ્થૂલ શરીરને તેમજ સૂક્ષ્મ મનને રૂચિકર મોકળાશ આપે છે. પર્ણકુટી સૌને મનોરમ્ય લાગે છે.

શ્રી. બાપટ શાસ્ત્રી સાથેના આધ્યાત્મિક વાર્તાલાપને પરિણામે સર વિઠ્ઠલદાસે એક સૂત્ર કંઠસ્થ રાખ્યું હતું–“अन्तस्त्यागी बहिः संगी” આ દિવ્ય નિવાસ સ્થાનના ‘પર્ણકુટી’ નામાભિધાનમાં શ્રી વિઠ્ઠલદાસના અંતરના ત્યાગને–નિવૃત્તિની પિપાસાને–કોણ જોઇ ન શકે? અને એ ભવ્ય પ્રાસાદની મનોરમ્ય રચનામાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એમનો સૌન્દર્ય પૂજક આત્મા પણ કેમ છાનો રહી શકે ? સર વિઠ્ઠલદાસનો પૂના શહેર પ્રત્યેનો પ્રેમ, સૃષ્ટિ સૌન્દર્યની ભક્તિ અને શાન્ત જીવન ભોગવવાની અભિલાષા આપણે પર્ણકુટીમાં મૂર્તિમંત જોઇ શકીએ છીએ.

સને ૧૯૨૨ના ૩જી મેના રોજ પર્ણકુટી બંગલાનું વાસ્તુ યોજવામાં આવ્યું હતું. તે પછી આખો મે માસ મહાબળેશ્વરમાં ગાળવાની ઇચ્છાથી તા. પમીએ તેઓ ત્યાં ગયા. પરદેશના પ્રવાસમાંથી એમને આંતરડાનો વ્યાધિ લાગુ થયો હતો. તેમાંથી તે તદ્દન મુક્ત થયા નહોતા. એટલે ગિરિનિવાસની ઠંડી હવા એમના પેટના વ્યાધિને પ્રતિકૂળ નીવડી. તેથી તેમણે પૂના આવી પર્ણકુટીનું બાકી રહેલું કામ જાત દેખરેખ તળે પૂરું કરાવી લીધું. એ દિવસોમાં એકવાર સર વિઠ્ઠલદાસ ઘોડા પરની સ્વારી કરી પાછા આવ્યા પછી એમના આંતરડામાં લોહીનો સ્રાવ થયો. આવી સ્થિતિમાં તેમણે ઝટ મુંબઈ જવાનું યોગ્ય ધાર્યું. ૨૪મી મેની રાત ઘણી વિષમ વીતી. સર વિઠ્ઠલદાસે મન સાથે દૃઢ સંકલ્પ કરી લીધો કે હવેનું જીવન નિવૃત્તિમાં જ ગાળવું. એમની તબીયત માટે વિશાળ મિત્રવર્ગ ચિન્તા સેવતા થઇ ગયા હતા, કારણ કે તેમના શરીરમાં ધીમે ધીમે અશક્તિ આવતી જતી હતી.

તા. ૨જી ઑગસ્ટ. ૧૯૨૨ માં તેમણે મુંબઇમાં પોતાને બંગલે કેટલીક વેપારી પેઢીઓના ડિરેક્ટરોની સભાઓ યોજી હતી અને વેપારની કેટલીક બાબતો સ્પષ્ટ કરી પોતાની જવાબદારીનાં કામ તેમણે બજાવ્યાં હતાં. તેજ દિવસે હવાફેર માટે શ્રી પ્રેમલીલાબહેન અને સર વિઠ્ઠલદાસ પૂના આવ્યાં. ત્યાં બે ચાર દિવસ રહ્યાં ન રહ્યાં, ત્યાં તો મુંબઈ પાછા જઈ તેમણે ૭મી ઑગસ્ટે ડોકટરોની સલાહ લીધી. તા. ૧૦મી ગુરુવારે સાંજે તેઓ ઓફીસમાં કામકાજ માટે ગયા. ત્યાંથી પાછા ફરતાં મિત્રોને મળવા માટે ઓરિએન્ટલ ક્લબમાં ગયા. ત્યાં મિત્રો સાથેની વાતચીતનો આનંદ મેળવવાની ઉમેદ એક બાજુ રહી અને અણચિન્તવ્યો પેટનો દુઃખાવો ઉપડવાથી અકળામણ ઉપજી. અસ્વસ્થ સ્થિતિમાં સર વિઠ્ઠલદાસને દામોદર ભુવનમાં ખસેડવામાં આવ્યા. અનેક ડોકટરોએ ભેગા મળી નિર્ણય કર્યો કે, "સ્થિતિ ભયંકર છે, પણ આંતરડાનું ઓપરેશન કરવાથી જીવન ટકાવવાનો સંભવ છે." આ સલાહને અનુસરી રાતોરાત એ ગંભીર વાઢકાપ કરવાની તૈયારી કરવામાં આવી. દરદીની સંમતિ મેળવી ડૉકટરોએ દક્ષતાથી કામ હાથ પર લીધું. ગળાની કંઠી કાઢી લેવામાં આવી અને જનોઇ કાઢવાની તજવીજ થતી હતી ત્યારે તેમણે તેમ કરવા ઇશારાથી ના દર્શાવી. ઓપરેશન પછી સર વિઠ્ઠલદાસ શુદ્ધિમાં આવ્યા ત્યારે પહેલો ઉચ્ચાર આનન્દ એ શબ્દનો હતો, પણ એમનું શરીર સ્વાસ્થ્ય વિનાનું હતું, તા. ૧૨મી શનિવારની સવારથીજ એમના આપ્તજનો ચિંતામાં ગરકાવ હતાં. બરાબર ૧૧ વાગ્યાના સુમારે સર વિઠ્ઠલદાસના આત્માએ સંસારનો સંબંધ છોડી પરમાત્મા સાથેનો સંબંધ સ્વીકાર્યો. નિવૃત્તિવાંછુએ સંસારની ડગમગતી નિવૃત્તિને બદલે ૪૯ મે વર્ષે શાશ્વત નિવૃત્તિ સ્વીકારી લીધી.

સંવત્ ૧૯૭૮ ના શ્રાવણ વદ ૫ને શનિવારે સર વિઠ્ઠલદાસના સ્વર્ગવાસના સમાચાર વીજળી વેગે મુંબઇમાં અને બહાર હિંદમાં તેમજ પરદેશમાં વર્તમાનપત્રોદ્વારા ફેલાઇ ગયા. દેશપરદેશથી દિલાસાના અનેક સંદેશા શેઠ માધવજીભાઈ ઉપર અને શ્રી પ્રેમલીલાબહેન ઉપર આવવા લાગ્યા. જુદી જુદી સંસ્થાઓએ શોક સભાઓ ભરી પોતાની લાગણીના દુઃખભર્યા આશ્વાસનોના ઠરાવો પસાર કર્યા. મુંબઇ ઇલાકાની સરકાર તરફથી અને સીમલાથી વૉઇસરોય તરફથી આવેલા સંદેશામાં એમના કાર્યોની સારી કદરદાનીનો ઉલ્લેખ થયો હતો.

ભારતની વિભૂતિ શ્રી વિઠ્ઠલદાસ

"यद् यद् विभूतिमत् सत्त्वम्"

પંચ ભૂતની કાયા ભૂતિ–રાખ તો સૌ કોઇની થાય છે પરતુ કોક તપસ્વી કે કોક કર્મવીર મહા વિભૂતિ બની જાય છે અને સૌના લલાટે જાય છે. અને સૌથી પૂજાય છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સર વિઠ્ઠલદાસનું ટૂંકું પણ સાર્થક જીવન અનેક રીતે અનુકરણીય છે. સર વિઠ્ઠલદાસ કેવળ ભાટીઆ જ્ઞાતિનું રત્ન નહોતા; તે કેવળ મુંબઇના શાહ સોદાગર નહોતા; તે માત્ર રાજા મહારાજાઓને ઔદ્યોગિક ઉત્કર્ષ સાધવામાં સાચા સલાહકાર અને માર્ગદર્શક નહોતા; તેમણે તો સમસ્ત ભારતની જનતાના ઉત્થાન માટે અનેક દિશામાં કાર્યો ઉપાડ્યાં હતાં. જનકલ્યાણનો સંદેશો લઇને આ જગત પર ફીરસ્તા રૂપે આવ્યા ન હોય તેમ ટૂંકા જીવનમાં અનેક દિશાની વેગવાળી પ્રવૃત્તિથી પોતાનું તેમજ ભારત જનતાનું શ્રેય સાધ્યું હતું. યુનિવર્સિટીની પદવી મેળવ્યા વગર તેઓ અનેક પ્રકારના ભારે જવાબદારી ભરેલાં કાર્યોના સુકાની બન્યા હતા. એમના સંસ્કારી જીવનની એક વિશિષ્ટતા એ હતી કે એમણે જીવનના કોઇપણ ક્ષેત્રમાં સાંસારિક ક્ષેત્રે કે વ્યાપારિક ક્ષેત્રે કે રાજકીય ક્ષેત્રે– કોઇ સાથે કોઇપણ પ્રકારની અનિચ્છનીય લડત લડવાનો પ્રસંગ ઉભો થવા દીધો નહોતો. એનું કારણ એકજ હતું કે નિર્મળ આત્મોન્નતિની સાધના કરતાં કરતાં એ પરોન્નતિનાં કાર્ય કરતા હતા. સુજ્ઞ બનવું એ એમનું લક્ષ્ય હતું અને તેથીજ શ્રી બાપટ શાસ્ત્રીજી પાસેથી પંચદશીના શ્રવણ પછી વખતોવખત તે ઉચ્ચારતા હતા. ધન્યોઽહં કૃતકૃત્યોઽહં શોચનીયો ન કર્હિચિત્.

સર વિઠ્ઠલદાસનું સ્મારક.

સ્મૃતિસ્તુ મે લોકહિતા કૃતિઃ સ્યાત્

"મારી સર્વ સત્કૃતિઓ એ મારી સ્મૃતિ"

સર વિઠ્ઠલદાસે પોતાની હયાતિમાં વિદ્યાર્થી આલમને મદદભૂત થવા એજ્યુકેશન ટ્રસ્ટ ઊભું કરવાની યોજના કરી હતી. પોતાના સ્વર્ગસ્થ પતિની સ્મૃતિમાં એજ ટ્રસ્ટની ભાવના વિકસાવી શ્રી પ્રેમલીલાબહેને **સર વિઠ્ઠલદાસ ઠી. ઠાકરસી ચેરીટેબલ ટ્રસ્ટ** સ્થાપ્યું છે. આ ટ્રસ્ટ માધ્યમિક શાળાના અને કૉલેજના અનેક વિદ્યાર્થીઓને છાત્રવૃત્તિ આપે છે. ગરીબોને જ્ઞાતિ કે ધર્મના ભેદભાવ વિના આર્થિક સહાય કરે છે. દાકતરી ઉપચારો માટે મદદ આપે છે. કેટલીયે સંસ્થાઓને પોષે છે ને શાન્તાકુઝમાં મધ્યમવર્ગ માટે બાંધેલ સર વિઠ્ઠલદાસ નગર તો મધ્યમવર્ગના લોકોને આશીર્વાદ રૂપ થઇ પડયું છે. આમ સ્વ. સર વિઠ્ઠલદાસનાં અધૂરાં રહેલાં પૂરાં કરવા શ્રી પ્રેમલીલા બહેન યથાશક્તિ પ્રયત્ન કરે છે.

જ્યાં સુધી **શ્રીમતી નાથીબાઈ દામોદર ઠાકરસી** યુનિવર્સિટી કાર્ય કરતી રહેશે, ત્યાં સુધી સર વિઠ્ઠલદાસ સૌની નજરે તર્યા કરશે.

કૉ ઑપરેટિવ સોસાયટીઓના આદ્ય કાર્યકર તરીકે સર વિઠ્ઠલદાસનું નામ મુંબઇના કૉઑપરેટિવ હાઉસ સાથે જોડવામાં આવ્યું છે. એક યોગભ્રષ્ટ યોગીએ આવી, કર્તવ્યયોગી બની, હસતે હૈયે વિદાય લીધી. વંદન એ 'કર્મણ્ય'ની કર્મનિષ્ઠાને.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પ્રકાશકનું નિવેદન

શ્રીમદ્ ભાગવત વૈષ્ણવોનો અતિ પ્રિય ધાર્મિક ગ્રંથ છે. પ્રત્યેક વૈષ્ણવને ત્યાં શ્રીમદ્ ભાગવત હોય છે અને રોજ એમાંથી થોડાં પૃષ્ઠો તો એ વાંચે જ છે; ને અવારનવાર શ્રીમદ્ ભાગવતની સપ્તાહ કરાવી એ કૃતકૃત્ય થાય છે. એના આખા જીવન પર શ્રીમદ્ ભાગવતના સંસ્કારોની અસર છે.

મને પણ શ્રીમદ્ ભાગવત પ્રત્યે અનુરાગ હતો, પણ એની ખરી મીઠાશ પહેલી વખત ઈ. સ. ૧૯૫૪માં શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીએ પર્ણકુટીમાં શ્રીમદ્ ભાગવત પર કથા કરી ત્યારે માણી.

શ્રી. કૃષ્ણશંકર શાસ્ત્રી પાસે ભાગવત સાંભળવું એ જીવનનો એક અનુપમ લ્હાવો છે. એમના કંઠની મીઠાશ, ભાષા પરનું એમનું પ્રભુત્વ, અને સંસ્કૃત ભાષાનું એમનું અગાધ જ્ઞાન માન માગી લે છે. મુંબઈ શહેર, ને ગુજરાત પ્રાંતમાં જ નહિ પણ દેશ પરદેશના ભાવિકો એમના મુખેથી કથાસુધા પી ભક્ત અને સ્નિગ્ધ હૃદય બન્યા છે.

શ્રીમદ્ ભાગવતનું સમશ્લોકી ભાષાન્તર મળતું નહોતું. એ જો અન્વયાર્થ સાથે છપાય તો સામાન્ય જનતાને ઘણો રસ પડે તેમજ ભાગવતના અભ્યાસુને ઉપયોગી થઈ પડે એમ મને લાગતું હતું.

પૂજ્ય શાસ્ત્રીજી આગળ મેં આ વિચાર રજુ કર્યો. એમને એ પસંદ પડ્યો ને પોતે પ્રત્યેક શ્લોક પર વિવેચન લખી આપવા કબૂલ્યું. એટલે એ છપાવવાનો નિર્ણય કર્યો.

મ્હારા સ્વર્ગસ્થ પતિ સર વિઠ્ઠલદાસે અવારનવાર ભાગવત તો સાંભળ્યું હતું પણ ચાંદોદમાં નર્મદા તટે શ્રીમદ્ ભાગવત નિરાંતે સાંભળવાની એમની ખાસ ઇચ્છા હતી. એમના અકાળ અવસાનને લીધે એ ઇચ્છા તો પૂરી પડી ન હતી. એ મને સાલતું હતું. પરંતુ—આજે હરિકૃપાથી એમના સ્મારકમાં રચાયેલા સર વિઠ્ઠલદાસ ડી. ઠાકરસી ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી આ પુસ્તક પ્રસિદ્ધ કરી કંઈક અંશે ઋણમુક્ત થવાનો સંતોષ સેવું છું.

પુસ્તકની આખી રચના—અન્વયાર્થ, અનુવાદ, તત્ત્વસુધા—શ્રી શાસ્ત્રીજીની છે. પોતાના પ્રકાશન કરતાં પણ વધારે રસ એમણે આ પુસ્તક તૈયાર કરવામાં લીધો છે. એ માટે એમનો આભાર માનવા મારી પાસે શબ્દો નથી.

મારા ભત્રીજા અને જાણીતા કલાવિદ્ શ્રી શાંતિકુમાર નરોત્તમ મોરારજીએ અનેક ઉપયોગી સૂચનો કર્યાં છે. પુસ્તકમાંના ચિત્રોની પસંદગી ને છપાઇ એમણે સંભાળી છે.

શ્રી વૈષ્ણવ પ્રીન્ટીંગ પ્રેસે સૌમનસ્યથી આ કાર્ય કર્યું છે તેમનો વધુ ઉત્કર્ષ વાંચ્છુ છું.

શ્રીમદ્ ભાગવતના પ્રેમીઓને શ્રીમદ્ ભાગવતની કથાનું રહસ્ય સરળતાથી સમજવામાં આ પુસ્તક સહાય રૂપ થશે એવી આશા રાખું છું.

પ્રેમલીલા વી. ઠાકરસી
મેનેજીંગ ટ્રસ્ટી
સર વિઠ્ઠલદાસ ડી. ઠાકરસી ચેરીટેબલ ટ્રસ્ટ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

રસરૂપ શ્રીમદ્ ભાગવત

(લેખક : સર્વ વેદશાસ્ત્ર તત્વજ્ઞ, શ્રીમદ્ ભાગવત રહસ્ય રસજ્ઞ, કવિવર, પંડિત પ્રવર, પંડિત પંચાનન, પ. પૂ. શ્રી બદરીનાથ શાસ્ત્રીજીના પરમ સૌહાર્દથી)

આર્યાવર્તની ધર્મપ્રાણ જાવુક જનતાનો અતિ પ્રિય ગ્રન્થ શ્રીમદ્ ભાગવત છે, એ સ્પષ્ટ છે. વિવિધ વિષયોની રસભર ગુંથણી શ્રીમદ્ ભાગવતમાં જેવી છે, તેવી અન્યત્ર નથી જ. તેની પ્રશંસા માટે અનેક લેખો લખાયા છે. "બુદ્ધિપૂર્વા વાક્યકૃતિઃ"–વાકયરચના બુદ્ધિપૂર્વક જ હોય, એ કણાદના મત પ્રમાણે જો બુદ્ધિપૂર્વિકા રચના હોત તો આટલું સરસ લખાયું હોત ? સિદ્ધ હસ્ત લેખકો અમુક વિષયોમાં જ પોતાની લેખન વિષયક સિદ્ધિ દર્શાવી શકે. શ્રીમદ્ ભાગવતકાર કોઇ પણ વિષયને અન્યાય ન થાય તેવી રીતે રસમય શૈલીથી પ્રતિપાદન કરીને તેનો સ્વપ્રતિપાદ્ય ભક્તિ–નિષ્કામ ભક્તિ–સર્વાત્મ ભાવપૂર્વક નિરુપાધિ સ્નેહમાં સમન્વય સાધવાની અનન્ય સાધ્ય કલાને વિકસાવે; છે તે જ તેની સર્વજ્ઞતા અને શ્રીમદ્ ભાગવતનું સમાધિ ભાષાત્વ સિદ્ધ કરે છે. પદ્મ પુરાણોકત માહાત્મ્યને અનુસરીને જો કહીએ તો શ્રીમદ્ ભાગવતનાં ૪ સ્વરૂપો દૃષ્ટિગોચર થાય છે. ૧. ભગવદ્રૂપત્વ, ૨ વેદરૂપત્વ, ૩ પુરાણ રૂપત્વ, ૪ કાવ્યમયત્વ.

૧ શ્રીમદ્ ભાગવત ભગવદ્રૂપ છે. "મેનિરે ભગવદ્રૂપં શાસ્ત્રં ભાગવતં ક્ષિતૌ" ભા. મા. અ. ૧ શ્લોક ૨૦ પ્રભુની વિહિત ભક્તિના નવ પ્રકાર છે. તેમાં આ ભાગવતરૂપ ભગવદ્રૂપની ભક્તિ દ્વિપ્રકારા છે– પઠન, શ્રવણ.

નવધા ભક્તિ સાધનાત્મિકાનું જેમ જ્ઞાનપૂર્વકત્વ આનુષઙ્ગિક છે, તેમ આ દ્વિપ્રકારા ભક્તિનું શ્રદ્ધાપૂર્વકત્વ આનુષઙ્ગિક છે. ભક્તિશાસ્ત્ર ભાગવતનું પ્રતિપાદ્ય વસ્તુ સત્ય છે. सत्यं परं धीमहि ।" श्रद्धया सत्यमाप्यते ।" શુ. ય. અ. ૧૯. મંત્ર ૩૦

શુકલ યજુર્વેદના ૧૯–૨૦ અધ્યાયો સૌત્રામણી યાગના છે. તેમાં ત્રીસમી કંડિકામાં ઉપર જણાવેલું વચન છે એ પણ એ સૂચક છે. અનૌપાધિક સત્ય તેજ રસ છે, શ્રીકૃષ્ણ છે.

૨ વેદરૂપત્વ એ ભાગવતનું બીજું સ્વરૂપ છે. "वेदोपनिषदां साराज्जाता भागवती कथा ।" ભા. મા. અ. ૨ શ્લો ૬૭ એ વેદરૂપ છે, એટલે જ સ્વતઃ પ્રમાણ–પ્રામાણ્ય ગ્રાહક પ્રમાણાન્તરાનપેક્ષ છે. स्वराट् પ્રથમ શ્લોકને ગાયત્રર્થરૂપ જણાવીને શ્રીમદ્ વલ્લભાચાર્ય આજ્ઞા કરે છે કે वेदविरोधो वेदा द्वौर्बल्यंच परिहृतम् ।"

૩ શ્રીમદ્ ભાગવતનું પુરાણરૂપત્વ પ્રસિદ્ધ છે "पुराणार्कोऽधुनोदितः" पुराणं ब्रह्मसम्मितम्"

सर्गश्च प्रतिसर्गश्च वंशो मन्वन्तराणि च ।
वंशानुचरितञ्चेति पुराणं पञ्चलक्षणम् ।।

એ પંચલક્ષણયુકત પુરાણોમાં શ્રીમદ્ ભાગવત દશ લક્ષણલક્ષિત છે, એ વિશેષ છે. ઉપરના શ્લોકમાં જણાવેલાં પાંચમાંનાં ચાર લક્ષણ શ્રીમદ્ ભાગવતના અષ્ટમ સ્કંધ સુધીમાં આવી જાય છે. પછીના ૪ સ્કંધમાં ૪ દેવીઓ દર્શન આપે છે. તેને આપણે ભક્તિ, શક્તિ, મુક્તિ, તૃપ્તિ નામ આપીશું, તો ચાલશે. "अष्टौ देवा वसवः सोम्यासः । चतस्रो देवीरजराःअविष्टाः ते यज्ञं पान्तु रजसः परस्तात् । संवत्सरीणमृत ँ स्वस्ति ।"

દેશ કાલની મર્યાદામાં જ હિતકારક બની શકે તેવાં વચનોનું આયુષ્ય ઘણું જ અલ્પ હોય છે. કોઇ પણ દેશમાં અને કોઈ પણ કાલમાં હિતકાર વચનો ભાખનારા સુકવિઓ પોતાની વાણીને આત્માની અમૃતા કલા તરીકે ઓળખાવે છે. वन्देमहि च तां वाणीममृतामात्मनः कलाम् ।

૪ આ દૃષ્ટિએ શ્રીમદ્ ભાગવતનું ચતુર્થ રૂપ કાવ્યમયત્વ દેખાઇ આવે છે. ઘણા ઘણા વિવેચકોએ કાવ્યોનાં લક્ષણો આપ્યાં છે. તેમાં પુરુષ વાગ્ દેવતા મમ્મટનું લક્ષણ પ્રાયઃ સર્વ માન્ય છે." તદદોષૌ શબ્દાર્થૌ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સગુણાવનલંકૃતી પુનઃ કાપિ । વિશ્વનાથ કવિરાજ કહે છે કે વાક્યં રસાત્મકં કાવ્યમ્ શ્રીમદ્ ભાગવત રસાત્મક મહાવાક્ય છે. રસનું લક્ષણ વિશ્વનાથનું આ પ્રમાણે—

सत्त्वोद्रेकादखण्डस्वप्रकाशानन्दचिन्मयः ।
वेद्यान्तरस्पर्शशून्यो ब्रह्मास्वादसहोदरः ॥
लोकोत्तरचमत्कारप्राणः कैश्चित्प्रमातृभिः ।
स्वाकारवदभिन्नत्वेनायमास्वाद्यते रसः ॥

તે કાવ્યરસ બ્રહ્માસ્વાદસહોદર, બ્રહ્માનંદનો ભાઈ કહેવાય છે; પણ ભાગવતરસ તો સ્વયં બ્રહ્માનન્દ-બ્રહ્માસ્વાદ જ છે, એ સ્પષ્ટ છે. આ રસને-ભગવદ્રૂપ ભક્તિરસને ઓળખવા-અનુભવવા-સત્ત્વોદ્રેક વિશુદ્ધસત્વ અથવા નૈર્ગુણ્ય, એજ અધિકારિતાવચ્છેદક હોઈ શકે, છતાં પ્રયત્ન કરીએ.

विभावेनानुभावेन व्यक्तः सञ्चारिणां तथा ।
रसतामेति रत्यादिः स्थायी भावः सचेतसाम् ॥

પ્રથમ સ્કંધના પ્રથમ અધ્યાયના બીજા શ્લોકમાં બે પદો છે-कृतिभिः शुश्रूषुभिः એમાં પ્રથમ પદ कृतिभिः એ સૂચન કરે છે કે ભાગવત રસનો અધિકારી કૃતિ છે. कृतमनेनेति कृतिः. એટલે ચારેય પુરુષાર્થો પ્રત્યે ઉપેક્ષા સેવે છે, એણે કૃધું જ પ્રાપ્ત કર્યું છે તૃપ્ત છે. બીજું પદ शुश्रूषुभिः બતાવે છે કે તેનું હૃદય ભક્તિ ભાવના ભાવિત હોય છે.

ભક્ત જન ધ્રુવ, પ્રહલાદ, અંબરીષ, ગજેન્દ્ર વગેરે, અન્તે ગોપી જનની કથાઓ શ્રવણ કરે છે. તે સાથે જ તે ભક્ત અને ભગવાન સાથે જ હૃદયમાં પ્રવેશ કરે છે. (આલંબન વિભાવ). તે સાથે સત્સંગ આદિ રસને ઉદ્દીપ્ત કરે છે. (ઉદ્દીપન વિભાવ). તે સાથે સંસાર-વિસ્મરણ, ગદ્ગદ ભાવ એ કાર્ય બને છે. અવિદ્યાનું કાર્ય અહંતા તિરોહિત થાય છે. આત્માના આનંદાંશનું આવરણ દૂર થતાં કૃષ્ણોઽહં-હું જ કૃષ્ણ છું, એવું ઐક્ય-અદ્વૈત-તન્મયતા સ્ફુરે છે. તે જ રસ છે. આ રીતે ભક્તિરસ અને અદ્વૈતનો કોઈ વિરોધ નથી.

कस्याश्चित्स्वभुजं न्यस्य चलन्त्याहापरा ननु ।
कृष्णोऽहं पश्यत गतिं ललितामिति तन्मनाः ॥ भा. १०-३०-१९
मुहुरवलोकितमण्डन—लीला ।
मधुरिपुरहमिति—भावनशीला ॥ गीतगोविन्दम्

આ ભક્તિરસમાં ભક્ત અને ભગવાન આલંબન વિભાવ બને છે. उद्दीपनविभावास्ते रसमुद्दीपयन्ति ये । आलम्बनस्य चेष्टाद्या देशकालादयस्तथा । બીજા રસોમાં અમુક દેશ કાલની મર્યાદા હોય છે, તે જ રસને ઉદ્દીપ્ત કરે છે. ભક્તિ રસમાં કોઈપણ દેશ અને કાલ ચાલી શકે છે.

तस्मात्सर्वात्मना राजन् हरिः सर्वत्र सर्वदा ।
श्रोतव्यः कीर्तितव्यश्च स्मर्तव्यो भगवान्नृणाम् ॥

ભક્તિ રસને ઉદ્દીપ્ત કરનાર સત્સંગ, શ્રવણ, કીર્તન, સ્મરણ છે. તેજ ઉદ્દીપન વિભાવ બને છે.

એ ભક્તિ રસને ઉદ્બુદ્ધ થવામાં જે અંતરાયો આવે છે, તેને દૂર કરવા ત્રીજા શ્લોકમાં મુહુરહો એ પદ સ્પષ્ટ આપ્યું છે. સાહિત્ય વેત્તાઓ ચર્વણા શબ્દથી મુહુરહોનો બોધ કરે છે. શ્રીમદ્ ભાગવત સુંદર શબ્દો,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અગ્રામ્ય, અનર્હલીલ અર્થ દ્વારા ભકત અને ભગવાનને ઉપસ્થિત કરે છે. મમ્મટ અભિનવગુપ્તપાદ સરખા રસવ્યાખ્યાતાઓ રત્યાદિ સ્થાયીભાવ સાથે આનન્દસ્ફૂર્તિને રસ માને છે. પંડિતરાજ કેવલ આનન્દસ્ફૂર્તિને રસ માને છે. અસ્તુ એટલા માટે તત્કાર્યકારિત્વે ભાગવત પણ રસ જ છે.

હવે આપણે ભાગવત પ્રતિપાદિત ભકિત રસનું લક્ષણ જોઈએ.

શ્રીમદ્ ભાગવતેન સુમધુરશબ્દાર્થદ્વારા સમુપસ્થાપિતૈઃ કૃતિશુશ્રૂષુજનહૃદયં પ્રવિષ્ટૈઃ સહૃદયતાસહકૃતેન ભાવના-વિશેષમહિમ્ના તિરોભૂતત્કાર્ય તદ્ધર્મ સમ્બન્ધૈર્ભક્તૈર્ભગવતાચાલમ્બનકારણૈઃ સત્સંગાદિભિરુદ્દીપનકારણૈઃ સ્મરણકીર્તના-દિભિઃ કાર્યૈરેકતાનતાદિભિશ્ચ સહકારિભિઃ પ્રાદુર્ભાવિતેનાલૌકિકવ્યાપારેણ આનન્દાંશાવરણાજ્ઞાનનિવર્તનેન સ્વપ્રકાશ-તયા સ્ફુરિતઃ સમગ્રોપાધિવિરહિતો ભગવદનુગ્રહપ્રાપ્તવાત્સલ્યરત્યાધિલૌકિકવાસનાવાસિતઃ સ્નેહ એવ ભાગવત પ્રતિ-પાદ્યો રસઃ ।

આલંબન-ઉદ્દીપન વિભાવ અલૌકિક હોવાથી ભકિતરસ એ અલૌકિક રસ છે. લૌકિક શૃંગાર વગેરેમાં તેને ગણી લેવાની ભૂલ ન કરવી

ભગવદનુગ્રહપ્રાપ્ત ભકતને જ્ઞાન-વૈરાગ્ય સહજ હોય છે. જ્ઞાન વૈરાગ્યનો શ્રેયઃસાધન તરીકે ભકત સ્વીકાર કરતો નથી.

तस्मान्मद्भक्तियुक्तस्य योगिनो वै मदात्मनः ।
न ज्ञानं न च वैराग्यं प्रायः श्रेयो भवेदिह ॥

આ ઉપરથી "ભકિતમાં જ્ઞાન-વૈરાગ્યની જરૂર નથી", એમ કહેનારા જ્ઞાન-વૈરાગ્યશૂન્ય જનો ભગવદ્ ધર્મરૂપ જ્ઞાન-વૈરાગ્યની પ્રકારાન્તરથી નિંદા કરી રહ્યા છે. સમજાય એવું છે કે તે જ્ઞાન શૂન્ય છે. વાસ્તવમાં ભકિત જ્ઞાનપૂર્વક જ હોય છે. ભકિતનો ઉદય થતાં જ્ઞાન તિરોભાવ પામે છે. "ज्ञानपूर्वकत्वे सति ज्ञानतिरोभाव."

હવે એક પ્રશ્ન રહે છે—હેતુવાદ-'किमर्थम् ?' 'निष्कारणम्' એ શબ્દ શ્રુતિમાં છે, ભાષ્યકારોએ વાપર્યો છે. એ ઘણી પ્રાચીન કથા. એક વાત. ત્યારે હેતુવાદને સ્થાન ન હતું. "अहैतुकी स्वाभाविकी" એ શબ્દો પર્યાપ્ત હતા. गङ्गेवौघमुदन्वति,' પછી નિષ્કારણ એ હેતુકોટિનો શબ્દ ગણાયો બીજી વાત. હેતુવાદને કેંક મહત્વ મળ્યું.

આગળ જતાં 'प्रयोजनमनुद्दिश्य न मन्दोऽपि प्रवर्तते ' मुक्तिमुक्ति प्राप्त्यर्थं ઇત્યાદિ શબ્દોની પ્રવૃત્તિ શરૂ થઈ.

ત્રીજી વાત. તેથી પણ આગળ જતાં दृष्टफले सम्भवति, अदृष्टफलकल्पनाया अन्याय्यत्वात्" આ સૂત્રનું મહત્વ વધ્યું અને દૃષ્ટ ફલ-પ્રત્યક્ષ ફલને ગૌરવ મળ્યું. પ્રાકૃત જનોને ઘણું ગમ્યું અને મહાપુરુષોના ચરિત્રોમાં પણ અથવા ભકતજનોની કથાઓમાં પણ ચમત્કારોને વિશિષ્ટ સ્થાન મળ્યું. પછી તો સ્પષ્ટ છે કે કોઈ પણ વિષયમાં દૃષ્ટ ફલનીજ ગવેષણા થવા લાગી. "એ બધું ખરું, પણ એથી અમને શો લાભ ?" વેદ શું ? કે પુરાણ શું ? કાવ્ય કે રસ કે કાંઈ પણ; તેમાં દૃષ્ટફલ જ વિચારાવવા લાગ્યું.

આગળ જતાં દૃષ્ટફલનો અર્થ પણ 'પૈસા', 'અર્થ' આટલો જ રહ્યો. અધઃપાતની પરિસીમા. આચાર્ય મમ્મટને પણ લખવું પડ્યું. એ વચગાળાનો આચાર્ય હતો. "काव्यं यशसेऽर्थकृते व्यवहारविदे." આ ત્રણ દૃષ્ટ ફલ. 'शिवेतरक्षतये। सद्यः परनिर्वृतये'—આ બે પારલૌકિક ફલ. ભણીને પાંચ સ્વાર્થ—વ્યક્તિગત. હવે એક ફલ પરાર્થ, તે 'कान्तासम्मिततयोपदेश युजे'

આ કવિલીલા સુમધુર છે, સમજાય તેવી છે.

दृष्टश्चैव परोक्षश्च परार्थं स्वार्थमेव च ।
नमोऽस्तु कविलीलायै सृजन्त्यै विविधं फलम् ॥

આ રોગ સુશિક્ષિત ગણાતા સજ્જનોમાં વધારે ફાલેલો જણાયો છે. આ પ્રશ્ને આ બધી જ આધ્યાત્મિક —રસમય ભાવનાઓની વિશુદ્ધિ હરી લીધી છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હવે શ્રીમદ્ ભાગવતનો બીજો શ્લોક ધર્મઃ પ્રોજ્ઝિત૦ જોઈએ. એ શ્લોકમાં આ વિશેષણો જણાય છે.

૧. અત્ર પ્રોજ્ઝિતકૈતવઃ પરમઃ ધર્મઃ
૨. નિર્મત્સરાણાં સતાં વેદ્યમ્
૩. વાસ્તવં વસ્તુ
૪. શિવદમ્
૫. તાપત્રયોન્મૂલનમ્

પ્રથમ વચનને ઉદ્દેશ્ય માનીએ તો બાકીનાં ૪ વિધેય બને છે જ.

શ્રી ભગવદ્ગીતામાં શ્રીમુખ વચન છે કે ચતુર્વિધા ભજન્તે માં જનાઃ સુકૃતિનોઽર્જુન। આર્તો જિજ્ઞાસુરર્થાર્થી જ્ઞાની ચ ભરતર્ષભ ॥ આ ચાર ભજનશીલ ભક્તોનો સંગ્રહ ઉપરનાં વિશેષણોમાં જોઈ શકાય છે. તેમાં આર્ત ભક્તને માટે શ્રીમદ્ ભાગવત તાપત્રયોન્મૂલન બને છે. અર્થાર્થી માટે શિવદમ્ વિશેષણ સાર્થક છે. જિજ્ઞાસુ માટે નિર્મત્સરાણાં સતાં વેદ્યમ્ છે. જ્ઞાની માટે તો વાસ્તવં વસ્તુ છે જ. નિરૂપાધિભક્તજનો માટે તો રસ છે જ.

આ ફલ નિર્દેશ ન હોય ત્યાં, અથવા ફલાપેક્ષા ન હોય ત્યાં આનુષઙ્ગિક ફલ થતાં જ હોય છે.

સાચી માનવતા જાણવા માટે રામાયણ, શ્રેષ્ઠતમ પુરુષ શ્રીરામ; ઇતિહાસ જ્ઞાન માટે મહાભારત ઐતિહાસિક શ્રેષ્ઠપુરુષો તે પાંડવો.

ભાગવત શા માટે ? ભાગવત પુરુષોત્તમને જાણવા માટે, ભક્તિ માટે, એ કારણો હશે; પણ રસજ્ઞ જનને ભાગવત માટે જ ભાગવત, રસ પ્રતિપત્તિ માટે ભાગવત. શ્રી સૂત દ્વારા પ્રગટ થયેલો છેલ્લો શ્લોક ધ્યાન ખેંચે છે.

ભવે ભવે યથા ભક્તિઃ પાદયોસ્તવ જાયતે ।
તથા કુરુષ્વ દેવેશ નાથસ્ત્વં નો યતઃ પ્રભો ॥ ૧૨-૧૩-૨૨

ત્યાગની ભૂમિ ઉપર ભાગવતનો ભક્તિમાર્ગ-રસમાર્ગ ઉભો છે તે ત્યાગ લૌકિક નહિ, પણ સર્વકર્મ ફલ ત્યાગ છે. દશમમાં સ્થલે સ્થલે વર્ણવ્યો છે.

ભાગવતમાં નાયક રૂપે વિરાજતા ભગવાન શ્રીકૃષ્ણનું સ્મરણ કરી લઈએ. એક જ વ્યક્તિમાં સર્વ નિયન્તૃત્વ હોય, તે ઘણાને ખુંચે છે. ખુંચવા જેવું પણ ખરું, પણ તે કોને માટે ખુંચે ? જે કામાદિ દોષથી રહિત છે, જે પૂર્ણ છે, જે સ્વપર ભેદશૂન્ય છે તે જ નિયન્તા થઈ શકે. નહિ તો નિયમનમાં વિષમતા આવી જાય. એક શ્લોક ભાગવતમાં આનુપૂર્વાભેદ હોવા છતાં ઘણી જગાએ દેખાય છે.

ઉદ્દામભાવપિશુનામલવલ્ગુહાસવ્રીડાવલોકનિહતો મદનોઽપિ યાસામ્ ।
સંમુહ્ય ચાપમજહાત્પ્રમદોત્તમાસ્તા યસ્યેન્દ્રિયં વિમથિતું કુહકૈર્ન શેકુઃ ॥ ૧-૧૧-૩૬

"કથાથી પણ દબાઈ શકે નહિ એવા ઉદ્દામ ભાવ, નિર્મલ કાલું સ્મિત, લજ્જાસહિત કટાક્ષોથી મોહ પામીને કામદેવ પણ પોતાનું ચાપ છોડી દે છે. એવી શ્રેષ્ઠ પ્રમદાઓ પણ અનેક ઉપાયોથી પણ જેની ઇન્દ્રિયનું મંથન કરવાને શક્તિમાન થતી ન હતી." કામાદિ દોષ શૂન્ય, સ્વપર ભેદશૂન્ય ભગવાન કૃષ્ણ એક જ છે. સ્વ-પર-ભેદ શૂન્યત્વ એક શ્લોકમાં સુંદર રીતે વર્ણવ્યું છે.

નૈષા પરાવરમતિર્ભવતો નનુ સ્યાજ્જન્તોર્યથાત્મસુહૃદો જગતસ્તથાપિ ।
સંસેવયા સુરતરોરિવ તે પ્રસાદઃ સેવાનુરૂપમુદયો ન પરાવરત્વમ્ ॥

આ નાયકમાં સર્વ નિયન્તૃત્વ રમણીય ભાસે છે. નાયક તરીકે અનુકૂલ છે, ધૃષ્ટ છે, દક્ષિણ છે. તે દાનશૂર, દયાશૂર, યુદ્ધવીર છે. શ્રીમદ્ ભાગવત સર્વ રસમય, એક અદ્ભુત પુરુષને-સાક્ષાત્ બ્રહ્મને યથાર્થ રીતે વર્ણવે છે. પુનઃ પુનઃ પુનરુક્તિ થતી હોય તો તે થવા દઈને એટલું કહેવું પ્રાપ્ત થાય છે, કે અમૂર્ત શબ્દાર્થરૂપ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રીમદ્ ભાગવત અને મૂર્તસ્વરૂપ ભગવાન શ્રીકૃષ્ણ, એ બન્નેનું એવું ઐક્ય છે કે કૃષ્ણ એ જ ભાગવત અને શ્રીમદ્ ભાગવત તે જ શ્રીકૃષ્ણ.

ભાગવતમાં એક ભક્તિ રસ મુખ્ય છે. શૃંગારાદિ લૌકિક રસોને જ મુખ્ય માનીને ચાલતા રસવિવેચકોએ ભક્તિરસને ગણાવ્યો નથી. શૃંગાર વિગેરે ૮ અને કેટલાકને મતે શાન્તરસ પણ જો ગણીએ તો ૯ રસો ગણ્યા છે. ભક્તિને ભાવમાં ગણે છે.

રસ શબ્દની પ્રવૃત્તિ વૈદિકમતે પૂર્ણ બ્રહ્મમાં જ યથાર્થ છે. લૌકિક રસોનું વિવરણ કરવા ઋષિ લોકોની પ્રવૃત્તિ હોય જ નહિ. લૌકિક રસો તેના પરિચાયક હોઈ શકે. ભક્તિરસ મુખ્ય છે. તેના અંગ તરીકે શૃંગાર, વીર, કરુણ વગેરે ભાગવતમાં સુંદર રીતે યોજ્યા છે.

સંસ્કૃત ભાષા અને રસમય દિવ્ય અર્થ, એનો પણ સ્વતંત્ર તાદાત્મ્ય સંબંધ છે. બીજી ભાષામાં એ અર્થો કહેવામાં જરા જરા કંઈક કચાશ લાગે છે. શ્રીમદ્ ભાગવત રસપાન માટે સંસ્કૃત ભાષા જ જાણવી જોઈએ, શીખવી જોઈએ. ભાષાન્તર દ્વારા એ સાંભળીને, જાણીને આપણે આપણને કૃતાર્થ માનીએ છીએ, એ આપણી 'ઉદારતા' છે. 'सुपूरो मूषिकाञ्जलिः' છતાં ગ્રન્થને યથાર્થ સમજવા માટે ભાષાન્તરો એ પ્રથમ ભૂમિકા છે. એ રીતે એ ખૂબ જ ઉપયોગી છે.

શ્લોક, પદચ્છેદ, ભાવાર્થ સાથેનો ફલિતાર્થ જિજ્ઞાસુ જનોને ઘણો જ લાભપ્રદ બની જશે. આ કાર્ય જે શ્રીમદ્ ભાગવત સાથે તલ્લીનતા અનુભવતા હોય, જેણે જીવનનું ધ્યેય જ શ્રીમદ્ ભાગવતને માન્યું હોય, સાથે સાથે દર્શનોમાં વિશિષ્ટ વ્યુત્પત્તિ ધરાવતા હોય, વધારેમાં ભગવદનુગૃહીત હોય તે જ કરી શકે ને ?

બૃહદ્ ગુજરાતમાં શ્રીમદ્ ભાગવતના પ્રતિપદ ચિંતન માટે અદ્વિતીય સ્થાન ધરાવતા **શાસ્ત્રીજી કૃષ્ણશંકરભાઈ** શિવાય બીજું કોણ આ કાર્ય આટલી સરસ રીતે કરી શકે? એમને માટે આ શ્લોકો યાદ આવે છે.

श्रीमद् भागवतेऽथ रामचरिते गीतासु वा षोडश
ग्रन्थेष्वप्रतिमं विभाति वचसां चञ्चद्धियां पाटवम् ।
नृत्यन्तीव सरस्वती रसवती यज्जिह्विकाग्रस्फुर-
च्छब्दैरर्थसमर्थितैश्च लभते काव्यत्वमेव स्वयम् ॥

अर्थान्न लीलापयितुं समर्थाः संहत्य साहित्यविदोऽपि येषाम् ।
पुरः प्रमाणोज्झितसिद्धिमन्तो विभूतिमन्तोऽपि न भूतिमन्तः ॥
काले मधौ सरसकोकिलकूजितानि
नैवास्ति तस्य मधुराणि कुतोऽन्यशब्दाः ।
येन श्रुतानि ललितानि कलामयानि
श्रीकृष्णशंकरवचांसि मनोहराणि ॥

(શ્રી મ. લ. મ.)

શ્રી કૃષ્ણશંકરભાઈ દ્વારા થતું આ ભાગવત પ્રકાશન કાર્ય ભાગવત રસ પિપાસુ ભાવુક સજ્જનોને પૂર્ણ સન્તોષ આપશે એમાં શંકા નથી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રીહરિઃ

વંદન કુસુમાવલિ

"પ્રભુના પૂજ્ય જનના અને પુણ્ય શીલના ઉપકારોનું ઋણ વિમોચન શી રીતે થાય? કેવલ કૃતજ્ઞ હૃદયે તેમના અમિત ઉપકારો સ્મરાય અને તેમના શ્રીચરણે પુષ્પાંજલિ તેમજ પ્રણામાવલિ સેવામાં સમર્પાય." આર્યાવર્તની આ પુણ્ય પ્રણાલી છે.

પુણ્ય જનોની એ પુણ્ય પ્રથાને અવલંબી દયામય **શ્રીહરિને** ચરણે આર્દ્ર હૃદયે સર્વ પ્રથમ પ્રણામ પુષ્પાંજલિ સમર્પણ–કારણકે એ અનન્ત કરૂણાનિધિના અમિત અનુગ્રહ અને મનોરથથી જ આ શ્રીમદ્ ભાગવતજીના સાર્થ અને સવિવેચન પ્રકાશનનું મંગાલાચરણ થયું છે.

પુનઃ **દ્વૈપાયન મહર્ષિના** પાદ કમલે પુનઃ પુનઃ પ્રણામ. વિષાદ, વિલાસ, પ્રમાદ અને વાદવિવાદ સાગરમાં ડૂબતી 'બુધ–અબુધ' જનોની મતિને ઉગારવા અને નિશ્રેયસ્ નિવાસે બેસવા જેમણે શ્રીમદ્ ભાગવત તીર્થ દ્વીપની સમાજને ભેટ ધરી અને તે તીર્થદ્વીપમાં હરિરસ તર્ષ્યાં ચિત્ત ચાતકને તોષવા–પોષવા ભગવદ્ યશઃ પીયૂષ સરિતાને વહેતી કરી.

અને અનેક નમસ્કાર આચાર્યવર **શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુજીને,** કે જેઓએ અગમ અને અગાધ એવા શ્રીમદ્ ભાગવત પીયૂષ સમુદ્રમાં પ્રવેશી સુધારસ પાન કરવા શ્રી સુબોધિનીજીનાં સોપાન રચ્યાં, જે સોપાને ઉતરી જન સમાજે ભક્તિ સુધા પાન કરી શ્રીહરિનાં દર્શન કીધાં અને સર્વ દર્શન શાસ્ત્ર શ્રવણનાં ફલ લીધાં. તત્ત્વસુધા શ્રીસુબોધિનીજીની સંપૂર્ણ ઋણવતી છે.

વળી શ્રીમદ્ ભાગવત ચિંતક શ્રીધર સ્વામીજી વગેરે **સંત વૃન્દને;** ભાગવત ભાષ્યકાર શ્રી રાધવાચાર્ય, શ્રી વિજયધ્વજાચાર્ય, આચાર્ય શ્રી વિશ્વનાથ ચક્રવર્તીજી, આચાર્ય શ્રી જીવ ગોસ્વામીજી આદિ **આચાર્ય વૃન્દને;** ભાગવત વિવેચક શ્રી બંશીધર મહારાજ વગેરે **પંડિત વૃન્દને** મારી વંદન પરંપરા. આ મહાન ચિંતકોની ટીકાઓની તત્ત્વસુધા મધુકરી છે. એ સમર્થ ચિંતકોએ આનંદકન્દ ભાગવતના પ્રત્યેક પદકદમ્બનું વિવેચન કરી મુક્તિ રસ લહરી અને મુકુન્દ રસ માધુરી પીવરાવી છે.

અને એક કુસુમાવલિ **સર વિઠ્ઠલદાસ ઠાકરસીને.** સર વિઠ્ઠલદાસ ઠાકરસી વેઢે ગણાતા વિચક્ષણ પુરુષોમાંના પ્રથમ પંકિતના ખ્યાત નામ પુરુષ હતા. સામાજીક, ઔદ્યોગિક, આર્થિક, ધાર્મિક, શૈક્ષણિક અને રાજકીય ક્ષેત્રો એમની સુઝ, સલાહ અને સેવાનાં ઋણી છે. ગ્રન્થમાં આપેલા એમના જીવન પરિચયમાંથી એમની કર્તવ્ય કીર્તિ પીવા મળશે. આર્ય સંસ્કૃતિ અને સંસ્કારોના તેઓ ઉપાસક હતા. શ્રીમદ્ ભાગવતમાં તેમને પુષ્કળ રસ હતો. એ રસને વારંવાર પીતા, પરંતુ નર્મદા તીર્થતટે શ્રીમદ્ ભાગવત શ્રવણની તેઓની ઉત્કટ ઇચ્છા હતી. અધૂરી રહેલી એમની એ અભિલાષા આ **તત્ત્વસુધા** માધુરીની 'પરબ' મંડાણમાં નિમિત્ત બની છે. એમની અધૂરી આશા અનેકની આશા પૂરી કરશે, એજ એમની તૃપ્તિ છે.

સાથે એક સદ્ભાવ પુષ્પ **મુ. શ્રી પ્રેમલીલા બહેન વિ. ઠાકરસીને.** "પ્રિય અને પૂજ્યનાં આદર્શો પૂર્ણ કરવાં અને એમના આદર્શોને પાળવા" – એવા સજ્જનોના સિદ્ધાન્તને જીવનમાં ઓતપ્રોત કરી શ્રી પ્રેમલીલાબહેને પોતાના જીવનથી સમાજને પ્રેરક જીવન ભાથું આપ્યું છે. નિયમિતતા, કાર્યદક્ષતા, ઉદારતા, આતિથ્ય, સાહિત્ય પ્રીતિ, સમાજ સેવા, વિદ્યાવ્યાસંગ, ભગવત્પ્રેમ વગેરે સુભગ ગુણોથી ઉજ્જવલ એવું એમનું કાર્યજીવન છે. એમની પતિ નિષ્ઠાના પ્રતીક સ્વરૂપે આ તત્ત્વસુધા પુસ્તકાકારને પામી જીજ્ઞાસુના કરકમલમાં જઈ રહી છે. એમને શબ્દ પુષ્પથી સત્કારતાં શ્રીમદ્ ભાગવતનો સત્કાર સમજું છું.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પંડિત પંચાનન પૂ. **શ્રી બદ્રીનાથ શાસ્ત્રીજી** સાથે જ્ઞાન ગોષ્ડી કરવી, કે કોઈ પણ શાસ્ત્રની ચર્ચા સાંભળવી, તેમનું પ્રવચન સાંભળવું, શ્રીમદ્ ભાગવતનું તેઓનું સ્વતંત્ર ચિંતન સાંભળવું એ દુર્લભ લ્હાવો છે. સર્વ શાસ્ત્રો અને વેદોનાં રહસ્ય જ્ઞાન તો તેઓને હસ્તામલક છે. આપે અતિશય અનુગ્રહ કરી. "રસરૂપ શ્રી ભાગવત" એ વિષયનો ચિંતનપૂર્ણ લેખ લખી આપ્યો છે. એમના એ સૌમનસ્યનો હું નિત્ય ઋણી છું. સ્વાભાવિક રીતે મારું મસ્તક તેઓને નમી પડે છે.

મુ. **શ્રી મણિભાઈ બાપુજી ગાંધી** સેવા શીલ સાધુજન છે, પણ મારા સ્વજન છે. તત્વસુધાને ગ્રન્થાકાર આપવામાં તેમનો આદ્યંત સહયોગ છે. તેઓનું દીર્ઘાયુષ્ય ઇચ્છું છું એ જ મારું તેમને પુષ્પ છે.

અનન્ત પ્રણામ અનન્ત **સુજ્ઞજનોને** કે જેઓને સંસ્કૃતિમાં રસ છે અને શ્રીમદ્ ભાગવતમાં જિજ્ઞાસા છે. એવા સુજનોની જિજ્ઞાસા જ તત્વસુધાના નિર્માણમાં આત્મા છે.

ભાઈ **શ્રી શાંતિકુમાર મુરારજી** વિચક્ષણ કલાવિદ છે. એમણે ગ્રન્થની સુષમામાં વધારો કર્યો છે. એમને માનપુષ્પ અર્પણ કરી મન મનાવું છું.

મારા પૂજ્ય પિતાશ્રીની પવિત્ર અભિલાષા હતી કે મારે સંસ્કૃત ભણવું અને સર્વત્ર શ્રીમદ્ ભાગવતનું ગાન કરવું; તો જ વિપ્રના પિતા તરીકે તેમને સંતોષ થાય. એમની અભિલાષા મારે માટે આશીષ બની છે. તેમના ચરણમાં મારું મન–મસ્તક નિત્ય નમે છે.

શ્રી "સત્સંગ મંડળ," નડિયાદ–એક આદર્શપૂર્ણ સંસ્થા છે. એમાં નિત્ય પ્રાતઃકાલ શ્રીમદ્ ભાગવત કથા કીર્તન પ્રવચન થાય છે. મારી શ્રીમદ્ ભાગવતની દૃઢ નિષ્ઠામાં અને દૃઢાશ્રયમાં સત્સંગ મંડળ સંપૂર્ણ નિમિત્ત છે. એના કૃપાબલમાં મને અનન્ય વિશ્વાસ છે. પચીસ વર્ષથી એ મંડળમાં ભગવદ્ યશોગાન પાન મને મળે છે. એનો હું અનન્ય ઋણી છું. મંડળના ભગવદીઓને હું સ્મરું છું અને શ્રી ઠાકોરજીને દંડવત્ કરું છું. અને સત્સંગ મંડળને સુચિર કાલ પર્યંત પ્રવચનામૃતનાં પાન કરાવનાર અને મારા ઉપવીત દીક્ષાચાર્ય અને શિક્ષારંભાચાર્ય પૂ. શ્રી ગોવર્ધન શાસ્ત્રીજીને પણ પ્રણામાંજલિથી પૂજુ છું.

શ્રી વૈષ્ણવ પ્રીન્ટીંગ પ્રેસની પણ કૃતજ્ઞતા વ્યક્ત કરું છું. પ. ભ. શ્રી મોહનલાલ ચોકસી વૈષ્ણવજન છે. એમના પુત્રો સહિત એમનો આ કાર્ય માટેનો સહકાર પ્રશંસનીય છે. તેમનો સહકાર ચાલુ રહે એજ એમને કુસુમાવલિ.

વાચકવૃન્દને એક કરબદ્ધ ક્ષમા સાથે વંદન. મુદ્રણમાં જુદા જુદા, નાના મોટા ટાઈપોને લીધે સ્વચ્છતા અને સૌન્દર્યપૂર્ણ સ્વરૂપ કવચિત્ જોવા ન મળે, ત્યાં કૃપા નજરે નિહાળે, જે ક્ષતિ રહી છે તે મારે ફાળે નોંધે. રસ ન પડે, રહસ્ય ન મળે, તેનો મને જ નિમિત્ત માનજો; સમાધિ ભાષાને નહીં.

શ્રીમદ્ ભાગવત સંબંધી સાહિત્ય અનેક ભાષાઓમાં આપવું એવી પ્રથમ પ્રેરણા અષ્ટોત્તર શત ભાગવત મહોત્સવમાં શ્રી ગિરિરાજ પ્રભુજીના છાયામાં મળી અને ફળી. પુનઃ શ્રીમદ્ ભાગવત તત્વસુધા બિંદુ પ્રકાશનની પુણ્ય તક અષ્ટોત્તર શત પ્રસંગે માધવ બાગમાં મળી. પુનઃ શ્રીમદ્ ભાગવત તત્વસુધાની જન્મ જાણની લ્હાણ પ્રકાશાતીર્થ અષ્ટોત્તર શત ખાનદેશ; અષ્ટોત્તરશત મહોત્સવ પ્રેમ દરવાજા અમદાવાદ; અષ્ટોત્તરશત મનોરથ પેટલાદમાં મળી, અને આજે શ્રી હરિની અનન્ત કૃપાથી તત્વસુધાના પ્રથમ દ્વિતીય સ્કંધના પ્રથમ ભાગનું પ્રકાશન અને ભગવજ્જન કરકમલ સમર્પણ શ્રીમુરલીધરજીના મંદિરમાં શ્રીમુરલીધરજીની કૃપા દૃષ્ટિમાં શ્રીઅષ્ટોત્તર શત કથા પ્રસંગે કોસ મેદાનમાં બને છે. તેથી સંતોષી વિરમું છું અને શ્રીગોવર્ધનજીના ચરણકમલ યુગલે દંડવત્ કરું છું.

શ્રી મુરલીધર પાટોત્સવ
મહા વદ. ૬. સોમવાર, ૨૦૨૦

"અતિથિ"

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રીહરિ:

ટૂંકું ચિંતન

શ્રીમદ્ ભાગવત શાસ્ત્ર ઉપર બોલતાં, લખતાં કે વિચારતાં કવિકુલગુરુ કાલિદાસની "तितीर्षुर्दुस्तरं... उडुपेनास्मि सागरम्" નાનાશા નાવડાથી દુસ્તર સાગર તરવા વાંછું છું"—એ પંક્તિ સ્મૃતિમાં તો છે જ પરંતુ મેં તો શ્રીમદ્ ભાગવત પીયૂષ સમુદ્રને તરવાની નહિ, કિંતુ ભાગવત પીયૂષ પયોધિમાં ડૂબવાની ચાહનાએ તેમજ पुनामीत्यर्थेस्मिन् વાણીને હરિરસથી પાવન કરું એવી લાલસાએ વાકચાપલ્ય આદર્યું છે. સૂરિવૃન્દ સૌમનસ્ય નજરે નિહાળશે એવી સાંજલિ અભ્યર્થના—

શ્રીમદ્ ભાગવત—સમાધિભાષા એ એક રસમયી સદાનંદ સરિતા છે.

ઉદ્ગીથ—ઓંકાર નામના રસઘન નીલાચલમાંથી એનો આવિર્ભાવ છે. પૂર્ણાનન્દ શ્રીકૃષ્ણ મહાસાગરે એનો સમાવેશ છે. જ્ઞાન યોગના ઉભય કિનારે એનાં વહન છે. એનાં અવગાહને ઉતરવા માટે શરણાગતિ એક જ સીડી છે.

એમાં પાન કરનાર પરમહંસો પણ રસેશ શ્રીકૃષ્ણની ચરણસરોજ સેવાનું જીવનવ્રત સ્વીકારે છે અને વદે છે કે "બ્રાહ્મી સ્થિતિ—બ્રાહ્મી દશાનું રહસ્ય લાધ્યું સેવા."

એનાં ગાન સુણી નિગમ-વેદો અને આગમ-શાસ્ત્રો નતમસ્તક અને નર્તન—મસ્ત બન્યા છે. તેઓ પ્રહર્ષ પામ્યા કે "અમારૂં ગેય બ્રહ્મ રસમય રીતે આમ ગવાય અને આમ પવાય એમ આજ સમજાણું."

એનાં કીર્તને શ્રુતિ-સ્મૃતિ શ્રીમતીજીઓ કીર્તિકલશોને વેણીગુંથ્યા ઉત્તમાંગે ધરી ધરણીમાં પરબ્રહ્મ માંડવા વિચરે છે અને ઉચ્ચરે છે કે "બ્રહ્મનાં સંકીર્તન તો આ રીતે કરાય."

એનાં ચિંતન કરતી ઉપનિષદ્ સીમન્તિનીઓ ચિરંતન કાલના ચિંતન શ્રમથી મુકત બની અને મુક્ત કંઠે કહ્યું કે "નિરંજન બ્રહ્મ આજ સાજન બની અમને લાધ્યું."

એનું ધ્યાન કરતો યોગ—અવધૂત નિર્ધૂતવાસન બની ગયો, નાદબ્રહ્મ શ્રવણના નાદથી પર બની ગયો અને આ પરબ્રહ્મનાં પીયૂષ પીવા તત્પર થયો; પ્રસન્ન હૃદયે કહ્યું કે "મારૂં ધ્યેય મને હાથ લાગ્યું."

એની ઉપાસનાએ મીમાંસા ભગવતી પોતાના કોમલ કરસરોજ યુગલની અંજલિ રચી, જાણે કરકંકણની રત્નકિરણાવલી માલા દીપિકાઓથી એનાં નિરાજન આદરે છે. એ વદે છે કે "અમારી સકર્મ ઉપાસના ભાગવત ઉપાસનાથી ભગવત્કામ બની."

એનાં શ્રવણે તો પુરાતન પણ નિત્ય નૂતન એવાં પુરાણ, ઉપપુરાણોનાં પાવન તન મન પુલકિત બને છે. એ કબૂલે છે કે પુરાણનાં મૂલ્ય ભાગવતથી અંકાયાં. એનાં ઊંડાં ઊંડાં નિમજ્જને ન્યાય વૈશેષિક શાસ્ત્રો વિશેષ તૃપ્ત થયાં અને કૃતાર્થ થયાં—ગદ્ગદ સ્વરે એ વદ્યાં કે "અમારી મુખરતા મધુરતામાં ભાગવત કૃપાએ જ પરિણમી.

એનાં પદે પદે અન્વર્થતા નિહાળી પાણિનિ, પતંજલિ, મુનિવરો પ્રફુલ્લિત વદન અને પ્રસન્ન મન બન્યા—વળી વિવેકપૂર્વક વદ્યા કે "શ્રીમદ્ ભાગવતમાં તો પ્રાતિપદિક અર્થ સંગતિ અને રસિકતાથી વ્યાકરણશાસ્ત્રનો અત્યાદર કર્યો છે."

એનાં દર્શન કરી દર્શનશાસ્ત્ર અમીર બન્યાં અને આતુર ચિત્તે તેમજ સાવધ કાને શ્રવણ પરાયણ થયાં—એમણે સ્વીકાર્યું કે "અમે સર્વ દર્શનો સૌહાર્દ ભાવને ભાગવતથી પામ્યાં."

એની ત્રિકાલદર્શિની જ્યોતિષ્મતી દૃષ્ટિની ઝાંખી કરી જ્યોતિષ શાસ્ત્રે સાષ્ટાંગપ્રણતિ કરી અને જય-ગાન શરૂ કર્યું—એણે અત્યંત પ્રસન્ન ચિત્તે કહ્યું, "મારાં નિરૂપણને યશ મળ્યું."

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ઉત્તરમીમાંસા જ્યારે એના ઓવારે ઉતરી ત્યારે તો તન્મય જ બની ગઈ. એને સ્વરૂપ સાક્ષાત્કાર થયો.—એ ગાવા લાગી કે "અનન્તકાળ પર્યન્ત ગાવા છતાં ન જડેલ **रसो वै सः** "रसરૂપ તે આત્મા" મને ભાગવતમાંથી મળ્યો. મારા ઉત્તરદાયિત્વની ભાગવતે રક્ષા કરી."

સાહિત્યશાસ્ત્ર કહે, "શ્રીમદ્ ભાગવતમાં ડૂબકી લગાવતાં મને રસસાર કે રસરાજ જડ્યો. આજ પર્યન્ત અનેક અપૂર્ણ નાયકોને ગાવાનો નાહક કલેશ આદર્યો—આજ રસનાયક શ્યામે સર્વ રસ વરસાવ્યા છે.

એનાં અનુસંધાન કરતાં ધર્મશાસ્ત્રો ધન્ય ધન્ય બને છે અને વદે છે, "અમારી ધર્મનિરૂપણ કરવાના ધ્યેયની સિદ્ધિ શ્રીમદ્ ભાગવતથી સમાપ્ત થઈ, કારણ કે એમાં તો ધર્મ અને ધર્મી ઉભયનાં નિરૂપણ છે.'

ઇતિહાસે ઉચ્ચાર્યું કે "સમાધિ ભાષાના પ્રથમ સોપાને પગ મૂકતાંજ પુલકિત બન્યો છું—મારો વેદ શોધ્યો વૃતાન્ત જે ન મળ્યો, તે આમાંથી મળ્યો. ખરે હું કૃતાર્થ બન્યો."

વ્યવહાર માને છે કે ભાગવતના પ્રસંગે પ્રસંગે કે પદે પદે વ્યવહાર દર્શન નિપુણતાથી કરેલું મળે છે—મારે તો આ પાઠશાળાના પગથિયેથી પાઠ શીખવાના છે."

સંસાર રાજી થઇ બોલી ઉઠ્યો, "સૌ કોઈ, સંસાર અસાર છે, એવો જ અપવાદ દેતા. આજ હું જનાપવાદમાંથી મુક્ત બન્યો. આ હરિરસના પાને મારી મસ્તક-મેધામાં રહેલ મમતાનું બિંદુ રસસિંધુમાં ભળી ગયું. માથેથી બિંદુ સરી ગયું. મારું 'સંસાર' નામ 'સ્રસાર' સંજ્ઞા પામી ગયું."

આ છે આનદમયી સમાધિ ભાષા સરિતા—આપણે એનાં પાન કરવા એનાં સોપાને ઉતરીએ. દેવ દુર્લભ એવાં એનાં પાન કરી સર્વ જ્ઞાનની ખાણ પામીએ અને રસરૂપ બની જઈએ કે રસરાજનાં થઈ જઈએ.

આ શ્રીમદ્ ભાગવત સર્વ શાસ્ત્રનો સાર છે—રસશાસ્ત્ર છે. **रसो वै सः रस ह्येनं लब्ध्वा आनन्दी भवति** શ્રુતિ ભગવતીએ જે ગાયું છે કે "તે આત્મા રસરૂપ છે. રસરૂપ એને પામી આનન્દરૂપ બનાય છે." એ જ શ્રુતિગીત આત્મા ભાગવતમાં વરચો છે. "**पिबत भागवतं रसमालयम्**" શ્રી ભાગવત રસનું પાન કરો. એવું મહર્ષિએ ભાગવતના મંગલાચરણમાં કહ્યું છે,

સમાધિ દશામાં થયેલા બ્રહ્મદર્શનનાં આ મધુરાં ગાન છે. આ બ્રહ્મગાનમાં વેદ, ઉપવેદ, ઉપનિષદ, વેદાન્ત પુરાણ, ન્યાય, વ્યાકરણ, છન્દ, મીમાંસા, ઇતિહાસ, સાહિત્ય, સ્મૃતિ વગેરે સર્વ વાઙમયે પોતાનો સુમેળ સાધ્યો છે.

શ્રીમદ્ ભાગવતની એક વિશેષતા છે કે એમાં દ્વૈત-અદ્વૈત, સાકાર-નિરાકાર, સગુણ-અગુણ એવા વિવાદો સ્વયં શમી જાય છે. જ્યારે ભાગવતના ગુણાનુવાદનો આસ્વાદ થાય છે, ત્યારે સ્વયં વિવાદ વિસારે પડે છે, કારણ કે પાન થાય ત્યારે ગાન શી રીતે થાય? રસના જ રસરૂપ બની જાય, ત્યાં વાદ કયાં થાય?

જાણે કૃપાળુ ધન્વંતરિએ પ્રયોગના અન્તે અનુભવ મેળવી વિવિધ પ્રકારની શક્તિશાળી રસમાત્રાઓનું સંમિશ્રણ સમપ્રમાણમાં કરીને સર્વ રોગને હરનારું કોઈ એક જ રસાયણ બનાવીને ન આપ્યું હોય તેમ ત્રિકાલદર્શી તપસ્વી મહર્ષિએ સર્વ શાસ્ત્રોના સિદ્ધાન્તોના રહસ્યનો અનુભવ પામી સર્વ શાસ્ત્રના સિદ્ધાન્તોની સારગર્ભ માત્રાઓનું સમ પ્રમાણમાં સંમિશ્રણ કરીને આ એક જ '**કૃષ્ણ રસાયણ**'નું પ્રદાન કર્યું છે. કેવલ રસદાન એક જ ભાગવતનો સંપ્રદાય છે.

મતવાદ એ મહાન મદરોગ છે અને વિષયાસ્વાદ એ મહાન મદન રોગ છે. બન્ને માનસ રોગો છે. વ્યાસજી ઉભય રોગોના વિચક્ષણ ચિકિત્સક છે. એમણે બુધ બાલિશના એ બે રોગોને ગુણાનુવાદનો સંયોગ આપ્યો. બન્ને રોગી મટી પ્રેમયોગી બન્યા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આ રસ ગ્રન્થને વ્યાસ મહર્ષિએ શ્રીમદ્ ભાગવત એવું નામ આપ્યું છે. આચાર્યો એને 'શ્રીમદ્ ભાગવત શાસ્ત્ર', 'શ્રીમદ્ ભાગવત પુરાણ', 'શ્રીમદ્ ભાગવત સંહિતા', એવા સંકેતે પણ ઉદ્ઘોષે છે. વસ્તુતઃ ત્રણે નામ એકાર્થ વાચક બની જાય છે. રુચિભેદે નામ ભેદ થાય, એ સ્વાભાવિક છે. વિષયભેદ કે વસ્તુભેદ નથી.

હવે 'શ્રીમદ્ ભાગવત' ના નામમાં રહેલા એ પદોના અર્થનો વિચાર કરીએ.

પ્રથમ 'શ્રીમત' પદનો વિચાર કરીએ. શ્રિયાયુતં શ્રીમત્' શ્રી-લક્ષ્મીયુક્ત, સૌન્દર્યપૂર્ણ કે સુખપૂર્ણ એવા અર્થ થશે. શૃ-વિસ્તારે, શ્રણ-દાને શૃ-હિંસાયાં, શ્રુ-શ્રવણે, શ્રિઞ્ સેવાયાં, ઇત્યાદિ અર્થવાળા પાંચ ધાતુઓથી શ્રી શબ્દ બનશે. જેથી 'શ્રીમત્' પદના અર્થ પાંચ થશે. શ્રીમત્ પદનું ભાગવતને વિશેષણ આપવાથી 'શ્રીમદ્ ભાગવત' એ નામમાં રહેલા 'શ્રીમદ્' વિશેષણના અર્થ પણ પાંચ થશે.

શ્રીમદ્ ભાગવત, રસનો આવિર્ભાવ કરી વૃદ્ધિ કરશે, રસને સ્થિર કરશે, ઉપાસકને રસરૂપ બનાવશે, શ્રવણથી આનંદ આપશે અને ભગવત્સેવામાં પ્રીતિ આપશે.

ભગવત ઇદં ઇતિ ભાગવતમ્ । "ભગવાનનું જે આ તે ભાગવત." એવો ભાગવત શબ્દનો અર્થ થયો. એટલે જે ભગવાનનું સ્વરૂપ તે ભાગવત અને ભગવાનનું ચરિત તે પણ ભાગવત, એટલો સ્વાભાવિક અર્થ થાય. ભાગવત શબ્દનો અર્થને જાણતા પહેલાં 'ભગવાન' શબ્દનો અર્થ પણ કરી લઈએ. ભગમસ્તિ અસ્ય ઇતિ ભગવાન્ । ભગ એટલે ઐશ્વર્ય જેની પાસે છે તે ભગવાન કહેવાય. ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન, વૈરાગ્ય—આ છ વસ્તુને ભગ કહેવાય છે. અને આવા છ ઐશ્વર્યવાળા ભગવાનનું જે સ્વરૂપ અને ચરિત તે ભાગવત, એવો ફલિતાર્થ થયો. આ રીતે ભગવાનનાં બે સ્વરૂપ છે. એક સેવ્ય સ્વરૂપ છે અને બીજું શ્રોતવ્ય સ્વરૂપ છે. જે સેવ્ય સ્વરૂપ છે, તેના નિર્ગુણ-સગુણ કે સાકાર-નિરાકાર એવા બે પ્રકારો છે. જે નિરાકાર સ્વરૂપ છે તેની બ્રહ્મ એવી સંજ્ઞા છે. જે સાકાર સ્વરૂપ છે તેની ભગવાન અથવા કૃષ્ણ એવી સંજ્ઞા છે. શ્રોતવ્ય સ્વરૂપ ભાગવત છે.

બુદ્ધિની પુષ્કળ સમૃદ્ધિ ધરાવનાર ચિંતન પરાયણ તત્ત્વચિંતકો નિરાકાર સ્વરૂપને પોતાનું લક્ષ્ય બનાવી ધ્યાન નિમગ્ન બની બ્રહ્માનંદનો સાક્ષાત્કાર માણે છે. પરંતુ જેઓને ચિંતનથી સંતોષ નથી અને નિત્ય સેવામાં ઉત્કંઠિત છે, તેઓ તો સેવ્ય સ્વરૂપની જ રસાનુભૂતિ કરવાના. એમને રસાનુભૂતિ કરાવવા માટે ભગવાન રસાકાર વિગ્રહનો સ્વીકાર કરે છે. એને "સાકાર" શબ્દથી કહેવામાં આવેલ છે તન, મન, ધન અને આત્મ સમર્પણ કરી પરમ ભગવદિયો આનંદ માણે છે. આ રીતે ભગવાનનાં નિરાકાર, સાકાર એવાં બે સ્વરૂપો થયાં.

આ બન્ને સ્વરૂપોના અનન્ત મહિમાનો, અલૌકિક ગુણોનો અને દિવ્ય સ્વરૂપનો વિવેક ભાગવતમાં વર્ણવ્યો છે. નિરાકાર સ્વરૂપમાં તો કેવલ એક જ બ્રહ્મ છે. એનાં તો અનેક રૂપ અને નામ નથી. તેથી સર્વત્ર એક સરખું જ તેનું નિરૂપણ થાય છે. પરંતુ જે સર્વ શક્તિપૂર્ણ પરબ્રહ્મ નિજાનંદ માટે અને નિજ જનોના આનંદ માટે પૂર્ણ, અંશ અને વિભૂતિ એવા ત્રણ પ્રકારે અનન્ત અવતારો લીધા, તેનું પણ જે નિરૂપણ તેને પણ 'ભાગવત' કહેવાય. તેથી શ્રીમદ્ ભાગવતની भगवांश्च भगवन्तश्च भगव तश्च इति भगवन्तः भगवद्भ्यामिदं भागवतम् એવી વ્યાખ્યા થાય છે; પૂર્ણાવતાર ભગવાનનું, અંશાવતાર કૂર્મ, મત્સ્યાદિ ભગવાનોનું; અને સંત, જ્ઞાની ભક્ત એવી જે મહાન વિભૂતિરૂપ જે ભગવાનો છે એમનું, એમ ત્રણેયનું 'ભગવાન' એવું જ નામ પડે છે.

પૂર્ણાવતારમાં છ ઐશ્વર્યો સંપૂર્ણ હોય છે. અંશાવતારોમાં જ્યારે જ્યારે જેટલા ઐશ્વર્યની આવશ્યકતા લાગે, ત્યારે તે તે ઐશ્વર્યયુક્ત અવતારનો સ્વીકાર કરે છે તે અંશાવતાર. વિભૂતિમાં એકાદ ઐશ્વર્યનો અલ્પઅંશ હોય છે. ભાગવતમાં ત્રણે સ્વરૂપની ચર્ચા છે. ત્રણેનાં ચરિત્રોનું નિરૂપણ છે. તેથી શ્રીમદ્ ભાગવત પણ પૂર્ણ ભગવાનનું પૂર્ણ એવું "નામ સ્વરૂપ" છે. ભગવાનના સેવ્ય સ્વરૂપમાં ભક્તનું હિત કરવાનું જેવું સામર્થ્ય છે તેવું જ સામર્થ્ય ભગવાનના "નામસ્વરૂપ" શ્રીમદ્ ભાગવતમાં છે.

હવે શ્રીમદ્ ભાગવતનો પુરાણ, શાસ્ત્ર અને સંહિતા એવી સંજ્ઞાથી વ્યવહાર થતો જોવામાં આવે છે. એ ત્રણેના નામોનો એકબીજાના વિરોધમાં વ્યવહાર નથી, પરંતુ શાસ્ત્રના લક્ષણો, પુરાણનાં લક્ષણો અને સંહિતાનાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

લક્ષણો એમાં જોવા મળ્યાં; એટલે શ્રીમદ્ ભાગવત પુરાણ, શ્રીમદ્ ભાગવત સંહિતા, શ્રીમદ્ ભાગવત શાસ્ત્ર એવો વ્યવહાર થવા લાગ્યો. એમાં તો ભાગવતની મહત્તા છે.

શ્રીમદ્ ભાગવત શાસ્ત્ર છે, તેથી શાસ્ત્રનું સ્વરૂપ સમજી લઈએ. 'शास्ति इति शास्त्रम्' હિત, અહિત બાબતનું માર્ગદર્શન કરે તેને શાસ્ત્ર કહેવાય.

શ્રીમદ્ ભાગવત શાસ્ત્ર.

प्रवृत्तिश्च निवृत्तिश्च नित्येन कृतकेन वा । येन येनोपदिश्येत शास्त्रं शास्त्रविदो विदुः ॥

નિત્ય અનિત્ય વસ્તુઓનું સ્વરૂપ સમજાવે, નિત્યમાં પ્રવૃત્તિ કરવાનું વિધાન કરે, અનિત્ય સુખોમાંથી આસક્તિ દૂર કરવાનું કહે, અની સમજ માટે પ્રમાણ આપે, યુક્તિઓથી સમાધાન કરે, અનુભવનું કથન કરે—આવા જ્ઞાનને શાસ્ત્ર મનાય. વેદ, વેદાંગ, પુરાણ, સ્મૃતિ વગેરેને તેથી જ શાસ્ત્ર કહ્યાં છે. આ સર્વ શાસ્ત્રો વિધિ-નિષેધથી શાસન-વિધાન કરે છે. આવાં વિધાન ત્રણ પ્રકારનાં હોય છે. (૧) અપૂર્વ વિધિ (૨) નિયમ વિધિ અને (૩) પરિસંખ્યા વિધિ. આવા ત્રણ પ્રકારે શાસ્ત્ર વિધાન કરે છે.

(૧) લોક વ્યવહારથી જેનું જ્ઞાન ન હોય, તેવું જ્ઞાન કરાવનાર વિધિને **અપૂર્વ વિધિ** કહે છે. **व्रीहीन् प्रोक्षति** એવું મીમાંસાનું એક વિધાન છે. દશપૂર્ણમાસમાં પુરોડાશ કરતી વખતે ઉપયોગમાં લેવામાં આવતી ડાંગરનું પ્રોક્ષણ કરવાનું વિધાન લોક જાણીતું નથી, તે શાસ્ત્રે જણાવ્યું એને અપૂર્વવિધિ કહે છે.

(૨) બીજો એક નિયમ વિધિ છે. **व्रीहीनवहन्ति** । ડાંગરમાંથી ચોખા કાઢવાનું એક કાર્ય છે. તે કાર્ય નખથી ફોલીને, નળીઆંથી ઘસીને કે ખાંડીને થાય છે. ત્યાં ખાંડીને ચોખા કાઢવા એવો વિધિ કર્યો. તેને **નિયમવિધિ** કહ્યો છે.

(૩) બે શેષીઓમાં એક શેષની નિત્ય પ્રાપ્તિ થતાં એક શેષીની નિવૃત્તિ કરનાર વિધિને **પરિસંખ્યા વિધિ** કહે છે. તેમજ એક શેષીમાં બે શેષોની નિત્ય પ્રાપ્તિ થતાં એકની નિવૃત્તિ કરનાર વિધિને પણ પરિસંખ્યા વિધિ કહે છે.

શ્રીમદ્ ભાગવત શાસ્ત્ર આ ત્રણે પ્રકારના વિધાનનું યથાવસર રસમય રીતે વિધાન કરે છે. એની રીત અનોખી જ છે. આ શાસનમાં રાજશાસનની કઠોરતા નથી હોતી, કાલશાસનની ક્રૂરતા નથી; પરંતુ માતૃ સુલભ વાત્સલ્ય હોય છે, સુહૃદયસુલભ સૌજન્ય હોય છે, પ્રિયસુલભ-સંત સુલભ સ્નેહ હોય છે, પત્નીસુલભ આર્દ્ર હૃદય હોય છે, કવિસુલભ કલા ચાતુર્ય હોય છે.

ભાગવત શાસ્ત્રના વિધિનું માધુર્ય બીજા સ્કંધના પ્રથમ અધ્યાયના પાંચમા શ્લોકમાં જોવા મળશે.

तस्माद् भारत सर्वात्मा भगवान् हरिरीश्वरः
श्रोतव्यः कीर्तितव्यश्च स्मर्तव्यश्चेच्छताऽभयम् ॥ २-१-५

આ શ્લોકમાં કેટલા બધા માતૃવાત્સલ્યથી ભરેલું પણ વિવેક પ્રચુર વિધાન છે. "રાજન્ ! અભય પદને વાંછનારે સર્વાત્મા એવા ઈશ્વર હરિ ભગવાનનું શ્રવણ, સ્મરણ કીર્તન, મનન આદિ કરવું. આવાં તો અનન્ત મધુર વાક્યો છે. ધર્મ-ન્યાય-વેદાન્ત-જ્યોતિષ-મીમાંસા-નીતિ-અર્થ-સમાજ વગેરે સર્વ શાસ્ત્રોના સારનો સમાવેશ જેમાં છે તે શ્રીમદ્ ભાગવત શાસ્ત્ર. ભગવાન એટલે શું ? બ્રહ્મ એટલે શું ? જગત એટલે શું ? નિત્ય શું ? અનિત્ય શું ? હિત શું ? અહિત શું ? સુખ શું ? દુઃખ શું ? આનંદ શી રીતે મળે ? રસ શી રીતે મળે ? આ સર્વનો ઉકેલ તે શ્રીમદ્ ભાગવત શાસ્ત્ર કરે.

શ્રીમદ્ ભાગવત પુરાણ.

શ્રીમદ્ ભાગવત પુરાણ પણ છે. પુરાણ શબ્દની વ્યુત્પત્તિ જરા જાણી લઈએ. पुराभवं पुराणम्, पुरा अणति इति पुराणम् । સર્વથી પ્રથમ જેનો આવિષ્કાર થયો છે તે પુરાણ. તેમજ પુરાતત્વને કહે તે પુરાણ છે. આ અર્થનું શતપથ બ્રાહ્મણ વિધાન કરે છે.

तानुपदिशति पुराणं वेदः सोऽयंकि ञ्चित्पुराणमाचक्षीत १३ । ४ ३१३ । શતપથ બ્રાહ્મણ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

पुराणं सर्वशास्त्राणां प्रथमं ब्रह्मणा स्मृतम् ।
नित्यं शब्दमयं ब्रह्म शतकोटि-प्रविस्तरम् ॥
अनन्तस्यच वक्त्रेभ्यो वेदास्तस्य विनिर्गताः ।
पुराणमेकमेवासीत् तस्मिन्कल्पान्तरेऽनघ ॥

શત કરોડ શ્લોકના વિસ્તારવાળું, નિત્ય, શબ્દ બ્રહ્મ એવું પુરાણ બ્રહ્માએ સર્વ શાસ્ત્રોથી પ્રથમ સ્મર્યું. ત્યાર બાદ ચાર મુખમાંથી વેદોનો પ્રાદુર્ભાવ થયો.

નિત્ય તત્ત્વ એ જ પુરાતત્વ છે. અનન્ત બ્રહ્માંડની અનન્ત સામગ્રીઓનું દર્શન અને જ્ઞાન પુરાણ પુરું પાડે છે. સાથે સાથે બ્રહ્મતત્વનું દર્શન પણ પુરાણ કરાવે છે. વેદ પુરાણમાં ગૌરવ લાઘવ ભાવથી જોવાનું નથી હોતું. શબ્દ બ્રહ્મ અને પર બ્રહ્મ ઉભયનું જ્ઞાન વેદ અને પુરાણ ઉભય કરાવે છે. જે વિષયોનું, તત્વોનું, પદાર્થોનું લોક સાહિત્યથી દર્શન નથી થતું તે સઘળું શ્રુતિ, સ્મૃતિ, ઉપનિષદ; પુરાણોમાંથી મળે છે.

पुराणं वेदवत्पूर्वसिद्धं सर्वोपयोगि तत् ।
सर्वोपकरणानीव धर्मस्य नरगेहयोः ॥

નિમ્ન વાક્યમાં પુરાણનું ગૌરવ અને સ્વરૂપ શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુ દર્શાવે છે, તેમજ વેદ, પુરાણ, સ્મૃતિનું એકાંગપણું પણ સમજાવ્યું છે.

श्रौतो धर्मो देहस्थानीयः । स्मार्तो धर्मो गेहस्थानीयः । उपकरण स्थानीयः पौराणिको धर्मः

એક સામાન્ય બુદ્ધિને સ્પર્શે એવી સુંદર, વિવેકભરી સંકલના આ વાક્યોમાં વણી છે. એક સર્વ સવલત ભર્યા ગૃહ અને ગૃહીની તુલનાથી નિરૂપણ કરે છે કે મનુષ્યને ધર્માચરણમાં દેહ, ગેહ અને સામગ્રી આ ત્રણની આવશ્યકતા હોય છે. તેમાં પ્રથમ દેહથી કાર્ય શરૂ થાય છે. શ્રૌત ધર્મો દેહને સ્થાને છે. યદિ દેહ ન હોય તો કાર્યનો આરંભ જ ન થાય. વેદ ન હોય તો હિત કાર્યની પ્રવૃત્તિ જ ન થાય. સ્માર્ત ધર્મો ઘરને સ્થાને છે. રહેવા માટે ઘર ન હોય, ગૃહસ્થાશ્રમ ન હોય તો ધર્માચરણ કરવું જ ક્યાં ? સ્મૃતિમાં દર્શાવેલ ધર્મનિરૂપણ ઘર જેટલું જ ઉપકારક અને અનિવાર્ય છે. પૌરાણિક ધર્મો ઘરના રાચરચીલા જેવા, સામગ્રી જેવા છે. ઘર અને ઘરધણી, ઘરની સામગ્રી વિનાના સર્વથા શૂન્ય છે. પ્રત્યેક વ્યવહારમાં સામગ્રીની જરૂર પડવાની. જીવનના પ્રત્યેક વિભાગમાં અનેકવિધ જ્ઞાનની સામગ્રીની આવશ્યકતા રહેવાની. પુરાણ ધર્મો તે સામગ્રીને પુરી પાડશે. આયુર્વેદ, ધનુર્વેદ, ભૂગોળ, ખગોળ, મંત્ર, શસ્ત્ર વગેરે અલૌકિક સામગ્રી પુરાણે પુરી પાડી છે.

એક રીતે જોતાં ધર્મનાં ત્રણ પ્રધાન અંગો છે. એક કલ્પના કરીએ કે એક આખી ધર્મની કાયા છે. શ્રુતિ અને સ્મૃતિ તેનાં બે નેત્રો છે અને પુરાણ તેનું હૃદય છે. ધર્મના સ્વરૂપ નિર્માણ માટે ત્રણેની આવશ્યકતા છે. પુરાણોનો તલસ્પર્શીય અભ્યાસ અને સંશોધન દૃષ્ટિ જાગે તો રત્નો લાધે એમ છે.

પુરાણો અનેક છે. પુરાણ, ઉપપુરાણ એવા એના બે ભેદ પાડ્યા છે. ઉપલબ્ધ પુરાણોની સંખ્યા ૧૮ છે. તેમજ ઉપપુરાણો પણ ૧૮ છે. સર્વ પુરાણોનું સાહિત્ય ચાર લાખ શ્લોક જેટલું આજે મળે છે. અઢાર પુરાણના નામનો એક સંગ્રાહક શ્લોક છે.

मद्वयं भद्वयं चैव ब्रत्रयं व चतुष्टयं ।
अनापलिङ्गकूस्कानि पुराणानि पृथक् पृथक् ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ક્રમ	પુરાણ	શ્લોક સંખ્યા	ક્રમ	પુરાણ	શ્લોક સંખ્યા	ક્રમ	પુરાણ	શ્લોકસંખ્યા
બ્રહ્મ	બ્રહ્મ	૧૦,૦૦૦	માર્કંડેય	માર્કંડેય	૯,૦૦૦	તત્પુરુષ	સ્કન્દ	૮૧,૦૦૦
પાદ્મ	પદ્મ	૫૫,૦૦૦	ઈશાન	અગ્નિ	૧૫,૪૦૦	કૂર્મ	વામન	૧૦,૦૦૦
વારાહ	વિષ્ણુ	૨૩,૦૦૦	અઘોર	ભવિષ્ય	૧૪,૫૦૦	લક્ષ્મી	નૃસિંહ	૧૭,૦૦૦
શ્વેત વારાહ	વાયુ	૨૪,૦૦૦	રથંતર	બ્રહ્મવૈવર્ત	૧૮,૦૦૦	સત્ય	મત્સ્ય	૧૪,૦૦૦
સારસ્વત	ભાગવત	૧૮,૦૦૦	કલ્પાન્ત	લિંગ	૧૧,૦૦૦	ગારુડ	ગરુડ	૧૯,૦૦૦
બૃહત્	નારદ	૨૫,૦૦૦	માનવ	વરાહ	૨૪,૦૦૦	બ્રહ્માંડ	બ્રહ્માંડ	૧૨,૦૦૦

વ્યાસજીને અઢાર (૧૮)ના અંક માટે આદર છે. આદરની પાછળ વિવેક છે. સર્વ સામાન્ય રીતે વિદ્વાઓ અઢાર માની છે વળી ૧૮માં ૧ અને ૮ એમ બે અંક છે. તેમાં ૧ અંક 'एकमेवाऽद्वितीयं ब्रह्म' એક જ બ્રહ્મ છે, એક જ ભગવાન છે. તેનું જ સર્વ વિદ્યાઓમાં, વેદોમાં, દર્શન શાસ્ત્રોમાં અને અઢાર પુરાણોમાં, સ્મૃતિ આદિમાં નિરૂપણ થાય છે—એવો સંકેત કરવાનો સ્પષ્ટ આશય છે. હવે આઠના અંક સંબંધી. આઠના અંકથી પ્રકૃતિનું નિરૂપણ કર્યું છે. ભૂમિ, જલ, અગ્નિ, વાયુ, આકાશ, મન, બુદ્ધિ, અહંકાર આ આઠ ભાગમાં પ્રકૃતિ છવાય છે. તેમાં જ્યારે ચેતનાત્મા રસ લેતો થાય છે ત્યારે જ તે આત્મરસથી વંચિત થાય છે. જો તે અષ્ટાદશ વિદ્યાઓમાંથી એકાદ વિદ્યામાં રસ લેતો થાય તો રસરૂપ બની જાય. આ છે વ્યાસ મહર્ષિનું માર્ગદર્શન. તે માટે જ અઢારના અંક તરફ આદર ધરાવે છે.

પુરાણ, ઉપપુરાણમાં લગભગ સૃષ્ટિ ક્રમ, મન્વન્તર ચરિત્ર, વંશ નિરૂપણ ભગવચ્ચરિત્ર કથન પ્રધાનરૂપે આવે છે. આ ઉપરાંત અઢળક સામગ્રી પણ તેમાં ભરેલી હોય છે; પરંતુ ઉપપુરાણ પંચલક્ષણવાળું મનાય છે. નીચેના શ્લોકમાં ઉપપુરાણનું લક્ષણ આપ્યું છે. એ વચન આદિત્ય પુરાણનું છે.

सर्गश्च प्रतिसर्गश्च वंशो मन्वन्तराणि च ।
वंशानुचरितश्चैव पुराणं पञ्चलक्षणम् ॥

મહાપુરાણમાં ૧૦ વસ્તુઓનો સંગ્રહ આવે છે.

सर्गोऽस्याथ विसर्गश्चवृत्तीरक्षान्तराणि च ।
वंशो वंशानुचरितं संस्था हेतुरपाश्रयः ॥ १२-७-९ ।

"સર્ગ, વિસર્ગ, વૃત્તિ, રક્ષા મન્વન્તર, વંશ, વંશાનુચરિત, સંસ્થા, હેતુ અને આશ્રય"—આ દશ બાબતોની જેમાં ચર્ચા આવે તે મહા પુરાણ કહેવાય. પ્રત્યેક મહાપુરાણમાં આ પદાર્થોનું નિરૂપણ હોય છે. કેવલ શૈલી જુદી જુદી હોય છે.

ઉપરોક્ત લક્ષણ પ્રમાણે શ્રીમદ્ ભાગવત મહા પુરાણ છે. બાર સ્કંધોમાં પ્રથમ દ્વિતીય સ્કંધમાં અધિકાર અને જ્ઞાનનું નિરૂપણ છે, બાકીના દશ સ્કંધોમાં સર્ગ, વિસર્ગ વગેરે દશ પદાર્થોનું નિરૂપણ છે. શાસ્ત્રના લક્ષણ પ્રમાણે શ્રીમદ્ ભાગવતની 'શાસ્ત્ર' એવી સંજ્ઞા થાય છે; તેમજ મહાપુરાણના લક્ષણ મુજબ શ્રીમદ્ ભાગવત "મહાપુરાણ' પણ છે. પુરાણને શાસ્ત્ર કહેવામાં કોઈ હરકત નથી આવતી. હિતાહિતનું કથન કરનાર સિદ્ધાન્તો તો બન્નેમાં મળે છે.

શ્રીમદ્ ભાગવતને મહાપુરાણ તરીકે કહેનારાં વચનોનો ઉલ્લેખ ભાગવતમાં અને અન્યત્ર મળે છે. 'श्रीमद् भागवतं पुराणतिलकं'—શ્રીમદ્ ભાગવત સર્વ પુરાણોમાં તિલકાયત છે. આ વાક્ય પદ્મપુરાણનું છે. આમ અન્ય પુરાણોમાં શ્રીમદ્ ભાગવતનો સારો આદર જોવા મળે છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વ્યાસ મહર્ષિએ પ્રત્યેક અધ્યાયની સમાપ્તિમાં 'શ્રીમદ્ ભાગવતે મહાપુરાણે'—એવો ઉલ્લેખ કરેલ છે. વળી 'પુરાણાર્કોઽધુનોદિતઃ'—'સર્વ પુરાણોમાં સૂર્ય સમાન શ્રીમદ્ ભાગવત છે', એવું પણ કહેલ છે.

શ્રીમદ્ ભાગવત સંહિતા

જેમ શ્રીમદ્ ભાગવતને શાસ્ત્ર અને પુરાણ તરીકે કહ્યું છે, તેમ શ્રીમદ્ ભાગવતને 'સંહિતા'—પરમ સંહિતા પણ કહેવામાં આવી છે. "કુતઃ સંચોદિતઃ કૃષ્ણઃ કૃતવાન્ સંહિતાં મુનિઃ"—કોની પ્રેરણા પામીને શ્રીકૃષ્ણ દ્વૈપાયન મુનિએ શ્રીમદ્ ભાગવત સંહિતા રચી?" આ વાક્ય પ્રથમ સ્કંધના ચોથા અધ્યાયના ત્રીજા શ્લોકમાં છે. તેમાં સંહિતા શબ્દનો ઉલ્લેખ છે. "ઇદં ભાગવતં નામ પુરાણં બ્રહ્મસંમિતમ્"—આ શ્રીમદ્ ભાગવત પુરાણ વેદ તુલ્ય છે—વેદ છે. આ વાક્ય પ્રથમ સ્કંધના ત્રીજા અધ્યાયના ૪૦મા શ્લોકમાં છે. તેમાં વેદ શબ્દનો ઉલ્લેખ છે. જ્ઞાની મહાનુભાવો શ્રીમદ્ ભાગવતને 'પરમહંસ સંહિતા' શબ્દથી વર્ણવે છે.

હવે 'વેદ' સંબંધમાં થોડો વિચાર કરી લેવો ઉચિત છે. વેદ એક જ છે, પરંતુ ઋગ્, યજુઃ, સામ અને અથર્વ એવા વેદના ચાર વિભાગ કર્યા છે. તે ચારે વેદની અનેક શાખાઓ છે. ઋગ્વેદની ૨૧ શાખાઓ, યજુર્વેદની ૧૦૦ શાખાઓ, સામવેદની ૧૦૦૧ શાખાઓ અને અથર્વવેદની ૯ શાખાઓ છે. સર્વ મળીને ૧૧૩૧ શાખાઓ છે. આજે તો આ સર્વ શાખાઓ ઉપલબ્ધ નથી, થોડી ઘણી મળે છે, જે વિપ્રોની યાદશક્તિનું પુણ્ય ઋણ છે.

વેદોની પ્રત્યેક શાખામાં વિજ્ઞાન, ઇતિહાસ, સ્તુતિ, એવા ત્રણ વિષયોની ચર્ચા હોય છે. તેમજ એ ત્રણથી અતિરિક્ત આ શાખાઓમાં સૂત્રરૂપે કર્મ, જ્ઞાન અને ઉપાસના એ ત્રણે કાંડનું નિરૂપણ છે. આ પ્રકારે સ્તુતિ, વિજ્ઞાન, ઇતિહાસ, કર્મ, ઉપાસના, ભક્તિ એ છ વિષયોનું નિરૂપણ કરનારા વેદો છે. આ છ વિષયો કેવલ બ્રહ્મતત્ત્વનું પ્રતિપાદન કરવા માટે છે. વેદોનું પ્રતિપાદ્ય 'પરબ્રહ્મ' છે. સર્વ વેદો બ્રહ્મપરક છે. જે મંત્રો, સૃષ્ટિનું પ્રતિપાદન, દેવોનું પ્રતિપાદન, કર્મનું પ્રતિપાદન કે કર્મવિધિનું પ્રતિપાદન કરતા હશે, તેઓનું પણ પર્યવસાન ભગવત્પ્રતિપાદનમાં રહેલ છે.

સામાન્ય રીતે વેદમાં મંત્ર અને બ્રાહ્મણ એવા બે ભાગ છે. તેમાંનો જે મંત્ર વિભાગ છે તેની ઉપરોક્ત શાખાઓ દર્શાવી છે, જેની 'સંહિતા' એવી સંજ્ઞા છે; ઋક્ સંહિતા, યજુઃ સંહિતા આદિ વ્યવહાર પ્રચલિત છે. હવે બીજો જે બ્રાહ્મણ વિભાગ છે, તેના કર્મ, ઉપાસના અને જ્ઞાનના ભેદથી ક્રમે કરીને વિધિ, આરણ્યક અને ઉપનિષદ એવા ત્રણ વિભાગો છે. કર્મ પ્રતિપાદક બ્રાહ્મણ ભાગને 'વિધિ' કહ્યો છે. ઉપાસનાનું પ્રતિપાદન કરનાર બ્રાહ્મણ ભાગને 'આરણ્યક' કહેવામાં આવે છે. જ્ઞાનનું પ્રતિપાદન કરનાર બ્રાહ્મણ ભાગને 'ઉપનિષદ' કહે છે.

સંહિતા, વિધિ, આરણ્યક, ઉપનિષદ—આ ચાર પર્વોમાં મળી એક શાખાનું સ્વરૂપ નિષ્પન્ન થાય છે. સંહિતા મૂલ વેદ છે; બાકીના ત્રણનો સમુચ્ચય તૂલ વેદ છે. સંહિતા બ્રહ્મ છે. બાકીના ત્રણ બ્રાહ્મણ છે. આ પ્રકારે બ્રહ્મ-બ્રાહ્મણનો સમુચ્ચય વેદ કહેવાય છે.

વિધિ સ્વરૂપ કર્મકાંડનું પ્રતિપાદન કરનાર બ્રાહ્મણ ભાગમાં જે જે વિધિ પ્રકારોનો ઉલ્લેખ કર્યો છે, તેનો સમન્વય કરવાના, એક વાક્યતા કરવાના કઠિનતમ કામને સરલ કરવા પૂર્વ મીમાંસાનો આવિર્ભાવ થયો. "દ્વાદશલક્ષણી" નામથી મીમાંસાદર્શન પ્રસિદ્ધ છે. એ જૈમિનીય દર્શન છે.

આવી જ પરિસ્થિતિ ઉપાસના કાંડ પ્રતિપાદક આરણ્યક બ્રાહ્મણની છે. માટે શાંડિલ્ય દર્શન—મધ્યમીમાંસા પ્રાદુર્ભૂત થઈ. આજ મુસ્કેલી જ્ઞાનકાંડનું પ્રતિપાદન કરતા ઉપનિષદ બ્રાહ્મણ વિભાગના વિષયોના સમન્વયની છે. તેનો ઉકેલ ઉત્તરમીમાંસા—વેદાન્ત દર્શને કર્યો. એ વ્યાસ દર્શન છે.

ભારતનું આ અનુપમ સૌભાગ્ય અને ઐશ્વર્ય છે કે એની પાસે વેદ સાહિત્ય છે. એમાંથી આખા વિશ્વનો તો એ દાતાર છે અને પરમ ગુરુ છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ત્રણે વિભાગ દ્વારા વેદ સચ્ચિદાનંદ ભગવાનનું પ્રતિપાદન કરે છે. એવું કહીએ કે "વેદ સ્વયં સચ્ચિદાનંદ બ્રહ્મ છે" તો પણ એ શાસ્ત્ર સિદ્ધાંત છે. વેદ શબ્દના અર્થમાંથી આ વસ્તુ વધુ સ્પષ્ટ થશે.

વિદ્ ધાતુથી વેદ શબ્દ નિષ્પન્ન થયેલ છે. विद्यते इति वेदः, वेत्ति इति वेदः विन्दति इति वा वेदः— આવા ત્રણ પ્રકારે વેદ શબ્દનું નિર્વચન કરાય છે. 'સત્તાર્થક વિદ્ ધાતુથી विद्यते બને છે. જ્ઞાનાર્થક વિદ્ ધાતુથી वेत्ति બને છે. લાભાર્થક વિદ્ ધાતુથી विन्दति બને છે. विद्यते 'સત્તા' ભાવને જણાવે છે. वेत्ति 'જ્ઞાન' ભાવને જણાવે છે. विन्दति 'રસ' ભાવનું સમર્પણ કરે છે. ત્રણેનો સમુચ્ચય કરતાં સચ્ચિદાનંદ, એવો અર્થ થાય છે. સત્, ચિત્, આનંદ એ ત્રણે ધર્મોનું જેમાં નિરૂપણ છે, તે વેદ છે, બ્રહ્મ અને ભગવાન સત, ચિત, આનંદ સ્વરૂપ છે. તે પ્રમાણે ભાગવત પણ સચ્ચિદાનંદ સ્વરૂપ છે.

વ્યાસ મહર્ષિએ તેથી જ શ્રીમદ્ ભાગવતને 'બ્રહ્મ સંમિત'–વેદ તુલ્ય માન્યું છે. ઉપરની બાબતથી એક વાત નકકી થઇ કે પુરાણ, શાસ્ત્ર કે સંહિતા એવી કોઈ પણ સંજ્ઞાથી ભાગવતનો વ્યવહાર કરીશું, તો પણ તેનો પરસ્પર વિરોધ નહિ આવે. પુરાણો, શાસ્ત્રો અને વેદો સર્વ સચ્ચિદાનંદનું નિરૂપણ કરનારાં છે.

શ્રીમદ્ ભાગવત સચ્ચિદાનંદ 'રસાત્મ' બ્રહ્મનું વધુ રસમય રીતે, અત્યંત મધુરતાથી, તેમજ પુષ્કળ સરળતાથી નિરૂપણ કરે છે. શ્રીમદ્ ભાગવતનો પ્રતિપાદ્ય વિષય 'રસ-બ્રહ્મ' છે. તે રસને ભક્તિ કહો, કૃષ્ણ કહો, આનંદ કહો, ભગવાન કહો તો વાંધો નથી. ભક્તિ એ ઉપાસનાર્થક શબ્દ નથી, પરંતુ 'રસાત્મક' અર્થને કહેનાર શબ્દ છે.

સર્વ દર્શન શાસ્ત્રો, પુરાણો અને વેદોના તાત્પર્યના સારનો સમાવેશ શ્રીમદ્ ભાગવતમાં કરેલ હોવાથી સર્વ શાસ્ત્રોના અવલોકનના શ્રમમાંથી જિજ્ઞાસુને મુકિત મળે છે. વર્તમાન સમયમાં લગભગ પ્રત્યેક મનુષ્યને સમયની મુશ્કેલી હોય છે. તેઓનો વ્યવસાય અને વ્યવહાર તેમને પરમાર્થ ચિંતનમાં પુરતો સમય આપી શકે તેમ નથી. કદાચ જન સમાજ સમય મેળવે તો સમજ શકિત માટે પણ તેટલી જ મુશ્કેલી છે. શાસ્ત્રો, પુરાણો વેદો વગેરેની એકે તો સંખ્યા વિપુલ અને તેના વિષય સમજવા પણ પુષ્કળ કઠિન. તદુપરાંત પરસ્પરના સિદ્ધાન્ત મન્તવ્યોનો સમન્વય કરવો એ પણ કેવલ સર્વજ્ઞ ભગવાન વિના અન્ય સમર્થ મતિમાન માટે પણ મુશ્કેલ છે, તો સર્વ સામાન્ય મતિને માટે તો સુલભ કયાંથી ? વધારે તો વર્તમાન વાતાવરણ જ પ્રતિકૂલ છે કે મનુષ્ય ઇશ્વર સન્મુખ થઇ શકે !

મનુષ્યને આનંદ તો જોઇએ છે જ. તેની પાસે શ્રદ્ધા પણ છે. તેને ઇશ્વર તરફ ઢળવું પણ છે. કેવલ તેની પરિસ્થિતિ અને રૂચિને અનુસરીને કોઈ પણ કાંઈ પણ પીરસે, તો તે ઉત્સાહપૂર્વક તેને પીવા અને ભગવાનને પામવા આતુર અને તત્પર છે.

આવી પરિસ્થિતિમાં શ્રીમદ્ ભાગવત આશીર્વાદ રૂપ છે, તેમાં જ્ઞાન, કર્મ, ભક્તિ, સાંખ્ય, યોગ વગેરે વિવિધ શાસ્ત્રમાં રસ ધરાવતા મતિમાનને પણ તૃપ્તિ દેનારી, પ્રીતિ કરનારી, આદર ઉત્પન્ન કરનારી સામગ્રી વસેલી છે.

ઇશ્વરમાં, ધર્મમાં, નીતિમાં, કે સંસ્કૃતિમાં રસ ધરાવનારને તો શ્રીમદ્ ભાગવત પીયૂષના મહાસાગર સમાન છે જ, પરંતુ તેથી વિપરીત રીતથી જીવનાર કે કેવલ તર્કવાદીને, કે વિજ્ઞાનપ્રિયને કે વિષયલીનને પણ જો એકાદ શ્લોકનો રસાસ્વાદ ચાખવા મળે તો તે પણ ભગવાનનો અને ભાગવતનો અન્યય ઉપાસક બની જાય છે.

આ પ્રકારનો આદર શ્રીમદ્ ભાગવતમાં થવાનાં અનેક કારણો છે. તેમાં સર્વ વેદ, શાસ્ત્ર, પુરાણાદિનો અભેદ ભાવે સમન્વય સધાયો છે. સર્વ શાસ્ત્રોના સિદ્ધાન્તોના તાત્પર્યનો સાર સમાયો છે. ભાષાનું ગૌરવ અને માધુર્ય વસાવ્યું છે. પ્રતિપાદન શૈલી ચમત્કૃતિભરી છે. વિષય પ્રતિપાદનના સળંગ સંકલના સચવાય છે. શાસ્ત્રોના સિદ્ધાન્તના અવલોકનની તટસ્થતા જળવાય છે. વાઙ્મયનો વેદ વેદાંગના તત્વચિંતકનો કે કાવ્ય સાહિત્યના રસ-પિપાસુનો તો તે સંતોષ નિધિ છે. એક અલ્પ સંતોષ માટે જરા વિચાર કરી લઇએ કે કયાં કયાં અને કેવી રીતે વેદ વેદાંગ, પુરાણ, કાવ્ય આદિનું શ્રીમદ્ ભાગવત દર્શનમાંથી દર્શન થાય છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જો કે સર્વ પુષ્પોના મધુના એક મધુરરસ બની ગયેલા મધુપુટમાંથી પૃથક્કરણ કરી પ્રત્યેક પુષ્પના મધુકણને અલગ કરવું, એ વિચક્ષણને માટે પણ કઠિન છે; તેમજ સર્વ શાસ્ત્રોના સર્વ રસમાંથી એક રસરૂપ બની ગયેલા શ્રીમદ્ ભાગવત રસમાંથી તેનું પૃથક્કરણ કરવું શક્ય નથી; તો પણ તેના રસનો આસ્વાદ તો આવ્યા વિના નહિ રહે, તે દૃષ્ટિએ પ્રયત્ન કરીએ.

૨) **શ્રીમદ્ ભાગવત અને વેદ :—**

નારદ પુરાણમાં એક વાક્ય છે કે વેદાः प्रतिष्ठिताः सर्वं पुराणे नात्र संशयः—શ્રીમદ્ ભાગવતમાં સર્વ વેદોની પ્રતિષ્ઠા છે. અર્થથી અને શબ્દથી ઉભય પ્રકારે વેદો શ્રીમદ્ ભાગવતમાં ઓતપ્રોત થયેલ છે.

सत्यं ज्ञानमनन्तं ब्रह्म અને यतो वा इमानि भूतानि—આ બે બ્રહ્મના કે ભગવાનના સ્વરૂપ લક્ષણનું અને તટસ્થ લક્ષણનું પ્રતિપાદન કરનારી શ્રુતિઓ છે. બ્રહ્મના સાક્ષાત સત્ય, જ્ઞાન, આનંદ નામના ધર્મનું વર્ણન કરનારી શ્રુતિઓમાં બ્રહ્મનું સ્વરૂપ લક્ષણ છે. બ્રહ્મમાંથી ઉત્પન્ન થતી સૃષ્ટિ પ્રક્રિયાના અનુવાદને કહેનારી શ્રુતિઓમાં બ્રહ્મનું તટસ્થ લક્ષણ વર્ણવાય છે.

મંગલાચરણના પ્રથમ શ્લોકમાં આ બન્ને શ્રુતિઓનું અંશતઃ શબ્દ અને અર્થથી કથન છે. जन्माद्यस्य यतः એ આરંભના પ્રથમ વાક્યમાં यतो वा इमानि શ્રુતિનો સંકેત છે. 'सत्यं परं धीमहि' એ પદોમાં सत्यं ज्ञानमनन्तं ब्रह्म એ શ્રુતિનો સંગ્રહ છે. अर्थेष्वभिज्ञः એ પ્રથમ ચરણમાં 'अभिज्ञ' પદમાં यः सर्वज्ञः सर्ववित् એ શ્રુતિનું અર્થતઃ ગ્રહણ છે પ્રથમ શ્લોકમાં ગાયત્રી મંત્રનું અર્થતઃ સંપૂર્ણ ગ્રહણ છે. ગાયત્રીના અર્થનો વિચાર પ્રથમ શ્લોકના મંગલાચરણની તત્વસુધામાં કંઈક પ્રમાણમાં મળશે. 'धीमहि' પદ તો ગાયત્રી મંત્રમાંથી વ્યાસજી લીધા વિના ન રહી શક્યા.

પ્રથમ સ્કંધના આઠમા અધ્યાયની કુન્તી માતાજીની સ્તુતિના ૩૧મા શ્લોકમાં 'गोप्याददे' શ્લોકના 'भीरपि यद्विभेति' વાક્યમાં, શ્રુતિ ભગવતીના भीषास्माद्वातः पवते એ શ્રુતિ વાક્યમાં ભયને ડરાવનારરૂપે વર્ણવેલ પર બ્રહ્મની માતૃભીતિને કેવા વાત્સલ્યવશ માધુર્યમાં વર્ણવી છે! કોઈ પણ વ્યક્તિને આવા પ્રકારની ભગવાનની ભક્ત પરવશ ભીતિની પ્રીતિની પ્રાપ્તિ થાય તો જીવનનું પરમ સૌભાગ્ય ગણે, જે પરમ શ્રેષ્ઠ જ્ઞાનીઓને ન મળે. આ પ્રીતિ મધુરિમા તો શ્રીમદ્ ભાગવતના એ પ્રસંગમાંથી જ પી લેવી, કે જ્યાં ભક્તવત્સલ શ્રી યશે મતીલાલ બા: મુકુન્દનું એકાદ બે ક્ષણનું સજલ નયન વદન સરોજ, રોજ પ્રતિક્ષણ ભક્ત હૃદયને અને નયનને સજલ સુકોમલ અને સુનિર્મલ બનાવે. આવી સાધ્વી આહલાદ માધ્વીનું પાન તો શ્રી કુન્તી સ્તુતિ દ્વારા શ્રી કૃષ્ણદ્વૈપાયન જ કરાવી શકે, કે જેમાં સર્વ શ્રુતિમયી, યશોમયી શ્રી યશોમતી સતીને હાથે પરમ સ્વતંત્ર પરબ્રહ્મ સ્વયં પરતંત્ર બની બંધાય છે!

આ વર્ણનને આશ્રયે પરાભક્તિ અને અપરા ભક્તિનું અથવા સવ્યાજ ભક્તિ અને નિર્વ્યાજ ભક્તિનું કે સકામ ભક્તિ અને અકામ ભક્તિનું નિરૂપણ કરનારી ઉભય પ્રકારની શ્રુતિઓની બે પ્રતિમાઓ રૂપે શ્રીયશોદા અને શ્રી કુન્તીજીને રજુ કરે છે. એમાં ઉભય પ્રકારની ભક્તિનું તાત્પર્ય અને તારમ્ય વર્ણવે છે. અન્તમાં પરાભક્તિમાં સકામા ભક્તિ ઢળે છે અને એ પરબ્રહ્મની ઉપાસનામાં-સેવામાં અતિ મુગ્ધ અને સ્નિગ્ધ બને છે અપરાનું પરામાં પરિવર્તન કરી દેવાનો વિજય તો શ્રીમદ્ ભાગવતને જ વર્યો છે,

પ્રત્યેક સ્કંધ અને પ્રત્યેક પ્રકરણમાં આ પ્રકારે વેદોની ઋચાઓ અને ગાથાઓનું જ ગાન છે. જો સ્કંધવાર જોવા જઈએ તો તો એનો થાગ ન પામી શકીએ. દ્વિતીય સ્કંધના પ્રથમ અધ્યાયના ૫'મા શ્લોકમાં "श्रोतव्यः कीर्तितव्यश्च स्मर्तव्यश्चेच्छताऽभयम्"—અભય ચાહતા મનુષ્યે ભગવાનનું શ્રવણ, કીર્તન, સ્મરણ કરવું. એવું જે શુકાચાર્યે પરીક્ષિત રાજાને વિધાન કર્યું તેમાં "आत्मा वा अरे द्रष्टव्यः" એ શ્રુતિનું જ અવતરણ છે ब्रह्मैव सन् ब्रह्माप्येति"—એ શ્રુતિના અર્થનો વિવેક છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

(૧) દ્વિતીય સ્કંધના ૭ મા અધ્યાયના ૧૭ મા શ્લોકના "लोकान् विचक्रम इमान् ભગવાને ત્રણે લોકોનું ચરણથી આક્રમણ કર્યું–એવા વામન અવતારના ચરિત્રના સંગ્રહમાં "स वै विष्णुक्रमं क्रमेत"– શ્રુતિનો અને "इदं विष्णुर्विचक्रमे" એ શ્રુતિનો સમન્વય છે. ઉપરાંત વામન ભગવાન પરબ્રહ્મની મેખલાનો અવતાર છે. એનું તાત્પર્ય જે શ્રુતિએ વર્ણવ્યું છે કે "उर्ध्वं वै पुरुषस्य नाभ्यै मेध्यमवाचीनममेध्यं यन्मध्यतः सन्नह्यति मेध्यं चैवास्यामेध्यं च व्यावर्तयति"– પુરુષની નાભિની ઉપરનો ભાગ પવિત્ર છે, નીચેનો ભાગ અપવિત્ર છે જે મધ્ય-માંથી બાંધે છે, તેથી મેધ્ય અમેધ્યને નિવૃત્ત કરે છે– આ પ્રસંગથી દૈત્યોને સ્વર્ગમાં જતાં અટકાવવાનું આખું તાત્પર્ય છે અને એજ બલિરાજાનું બંધન છે,

(૨) દ્વિતીય સ્કંધના ૯ મા અધ્યાયની ચતુઃશ્લોકીના ૩૨ મા શ્લોકમાં "अहमेवासमेवाग्रे" – હું પૂર્વમાં હતો જ – આ પ્રસંગમાં सदेव सौम्येदमग्र आसीदेकमेवाद्वितीयमिति – આ શ્રુતિ ભગવતીએ દર્શાવેલી સામ-ગ્રીનું જ કથન છે. ઉપરાંત "ना सदासीन्नोसदासीत्" "आपो वा इदमग्रे सलिलं आसीत्" વગેરે શ્રુતિઓનો અવિરોધે સમન્વય અત્યંત સરલતાથી ચતુઃ શ્લોકીના એ શ્લોકોમાં છે.

વેદ રસિકો શ્રીમદ્ ભાગવતમાંથી પ્રત્યેક પ્રસંગને વેદ ભગવાનના મંત્રોના વિશદ તાત્પર્ય અને રહસ્યને શ્રીમદ્ ભાગવતમાંથી રસિકતાથી અને સરલતાથી પામી શકે છે.

૨) શ્રીમદ્ ભાગવત અને દર્શનશાસ્ત્રો—

"તત્વજ્ઞાનથી મોક્ષ પ્રાપ્ત થાય છે,"—લગભગ એવા સિદ્ધાન્ત ઉપર સર્વ શ્રૌત, સ્માર્ત અને તાર્કિક દર્શનકારોની વિચાર ધારાઓ ચાલે છે. જીવ, બ્રહ્મ, જગતનાં સ્વરૂપોની વ્યાખ્યાઓ અને લક્ષણો બાંધે છે. જગત પ્રત્યે બ્રહ્મને ઉપાદાન કારણ અને નિમિત્ત કારણ માને છે. અભિન્ન નિમિત્તોપાદન કારણનો પણ સ્વીકાર કરે છે. કેટલાક માયા અથવા પ્રકૃતિને નિમિત્ત કારણ અને બ્રહ્મને ઉપાદન કારણ સ્વીકારે છે.

'અલૌકિક અર્થનું'–પદાર્થનું જેનાથી જ્ઞાન થાય–જે તેનું જ્ઞાન ભાન કરાવે, તેને **દર્શનશાસ્ત્ર** માન્યું છે. "બ્રહ્મ કે ભગવાન, ઈશ્વર કે પરમેશ્વર, જીવ કે આત્મા, જગત કે વિશ્વ"– આ બધાં તત્વો છે, તેનું સ્વરૂપ શું? સ્વભાવ શો? લક્ષણ શું?–વગેરે બાબતોનું જ્ઞાન કોણ આપે? વળી આ તત્વો નિત્ય છે કે અનિત્ય, સુખ સ્વરૂપ છે કે દુઃખ સ્વરૂપ, આવી પણ એક મીમાંસા મેધાવી જનોની વિચારધારામાં ચાલે છે. આવી બાબતોમાં પણ પ્રમાણિકતાથી શો નિર્ણય લેવો? આ નિર્ણયો જીવનની શાંતિના આધાર સ્તંભો છે, તેથી જાણવા જરૂરી છે.

આવી જાતના નિર્ણયોના જ્ઞાન માટે અવશ્ય અવલંબન લેવું જોઈએ. એ અવલંબન એટલે જ દર્શન-શાસ્ત્ર. એ સર્વ દર્શનશાસ્ત્રો વેદની રાહ લઈને પોતાની સમજમાં એને ઉતારી, તેનો સાક્ષાત્કાર કરી, સર્વના ઉપયોગ માટે સિદ્ધાન્તની ભાષામાં તેને મૂકે છે. સમાજના ઉપર દર્શનશાસ્ત્રોનો મહાન અનુગ્રહ છે. લગભગ આવા તત્વ વિચારકો બે વિભાગમાં વહેંચાય છે–(૧) શ્રૌત અને (૨) યૌક્તિક.

(૧) શ્રૌત દાર્શનિક – જેઓ શ્રૌત છે, તેઓ શ્રુતિ વચનોનું અવલંબન લઈ નિર્ણય કરે છે. તેમજ યુક્તિનો સહારો લે છે. તેમાં પણ બે વિભાગ છે. તેઓમાં શ્રુતિ અને તર્કનું અવલંબન કરનાર અને ઈશ્વરને સગુણ માનનાર એક વિચારક વર્ગ છે. બીજો વિચારક વર્ગ શ્રુતિ અને તર્કના અવલંબન સાથે ઈશ્વરની બાબતમાં નિર્ગુણપણાનો સ્વીકાર કરનાર છે. આ આખો વિચારક વર્ગ શ્રૌત કહેવાય છે.

(૨) યૌક્તિક દર્શનકારો : કેવલ તર્ક અને યુક્તિથી તત્વનો નિર્ણય કરનારા પણ દર્શનકારો ગણાયા છે. તેમને શ્રુતિના અવલંબન સાથે કોઈ મતલબ નથી. છતાં તત્વ વિચાર તો કરવો છે જ. આ સર્વ મળી નીચે દર્શાવેલાં તત્વોનો વિચાર કરે છે. મુખ્ય ત્રણ જ તત્વો છે.— જીવ, જગત, જગદીશ. આ ત્રણ સંબંધી વિચાર ચાલે છે. પરંતુ લગભગ આટલા અવાંતર પ્રશ્નો એમાં આવશે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

(૧) પ્રમાણ કેટલાં ? (૨) તત્ત્વો કેટલાં ? (૩) કયું પ્રમાણ શ્રેષ્ઠ ? (૪) વેદ સ્વતઃ પ્રમાણ કે પરતઃ પ્રમાણ ? (૫) વેદ પૌરૂષેય કે અપૌરૂષેય ? (૬) ઈશ્વર સગુણ કે નિર્ગુણ (૭) જીવ એક કે અનેક (૮) જીવ સગુણ કે અગુણ ? (૯) જીવ નિત્ય કે અનિત્ય ? (૧૦) જીવ અણુ પરિમાણ ? મધ્યમ પરિમાણ ? દેહ પરિમાણ કે વ્યાપક ? (૧૧) જીવ જડ કે બોધ સ્વરૂપ ? કે ઉભય સ્વરૂપ (૧૨) ઈશ્વર કર્તા કે અકર્તા ? (૧૩) ઈશ્વર ભોક્તા કે અભોક્તા ? (૧૪) જગતનું ઉપાદાન કારણ અને નિમિત્ત કારણ કોણ ? શું ઈશ્વર ? આત્મા ? અણુઓ ? પરમાણુઓ ? પ્રકૃતિ ? અવિદ્યા ? માયા ? પરમાત્મા ? કે અન્ય કોઈ ? (૧૫) આ બધાં જ ઉપાદાન અને નિમિત્ત કારણ બન્ને છે કે કોઈ એક ઉપાદાન અને કોઈ એક નિમિત્ત કારણ ? (૧૬) મોક્ષ શું ? જ્ઞાન શું ? કર્મ શું ? આવા પ્રશ્નોને દાર્શનિક પ્રશ્નો માન્યા છે; અને આ પ્રશ્નોના વિચારકોને દર્શનકાર માન્યા છે.

શ્રૌત અને યૌક્તિક દર્શનકારો આ સર્વ પ્રશ્નોનો ઉકેલ કરવા માટે પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન, શબ્દ, અર્થાપત્તિ, અનુપલબ્ધિ, ઈતિહાસ આદિ પ્રમાણોનું અવલંબન લે છે. જો કે દરેક વિચારક સર્વ પ્રમાણોનો સ્વીકાર કરતા નથી. ચાર્વાક કેવલ પ્રત્યક્ષને માને છે. બીજા પ્રત્યક્ષથી આગળ બીજા પણ પ્રમાણોને માને છે.

આ દર્શનોની વિભાગવારી લગભગ બાર દર્શનોમાં થાય છે. છ શ્રૌતદર્શન અને છ યૌક્તિક દર્શન એમ મળીને ૧૨ની સંખ્યા થાય છે. ચાર્વાક, ધર્મકીર્તિ, યોગાચારાદિ બૌદ્ધ; જિનદત્તસૂરિ–આર્હત; નકુલીશ, અક્ષપાદ–ગૌતમ, કણાદ, જૈમિનિ, પાણિનિ, કપિલ, ભગવાન પતંજલિ, આચાર્ય રામાનુજ, આચાર્યમધ્વ–આનંદતીર્થ–પૂર્ણપ્રજ્ઞ, આચાર્ય નિમ્બાર્ક–નિયમાનંદ, શ્રી શંકરાચાર્ય, શ્રીમદ્ વલ્લભાચાર્યજી આદિ સર્વ દર્શનકારો જીવ, ઈશ્વર વગેરે તત્ત્વોની દિશામાં વિચાર કરે છે, તેમજ પરસ્પરથી અંશતઃ જુદા પડે છે.

શ્રીમદ્ ભાગવતે સર્વ દર્શનોની વિસંવાદિતાને દૂર કરવામાં અને સમન્વય સાધવામાં ઉત્તમ પ્રયત્ન આદર્યો છે. 'ભગવત્પ્રેમ'ને જ પ્રધાન રીતે વર્ણવી સર્વને સંતોષ્યા છે. ભક્તિ પ્રચુર સ્તુતિમાં, ભાવભર્યા ઉપદેશોમાં, રસિકતાભર્યાં આખ્યાનોમાં, દાર્શનિક સિદ્ધાન્તોને વ્યાસજીએ વણી લીધા છે. સ્તુતિ ઉપદેશ, આખ્યાન, લીલાવર્ણન–આ ચારે ચાર વિષયોની શબ્દ સંકલના કલામય માલાકારને પણ મુગ્ધ કરી દે છે એટલી બધી મનોહર છે. જ્ઞાન વૈરાગ્યનો એમાં પૂરેપૂરો સુમેળ સાધ્યો છે. વેદ સ્તુતિની ૨૮ શ્રુતિઓમાં–મંત્રોમાં દર્શન શાસ્ત્રોનો નિષ્કર્ષ છે.

સંપૂર્ણ ગ્રન્થમાં લગભગ ૮૪ જેટલી સ્તુતિઓનો સમાવેશ છે. તદુપરાંત તૃતીયમાં કપિલ ભગવાનનો ઉપદેશ, ચતુર્થમાં સનત્કુમારકૃત ઉપદેશ, પંચમમાં જ્ઞાની પરમહંસ શ્રી ઋષભજીનો ઉપદેશ, અને શ્રી ભરત ઉપદેશ, ષષ્ઠ સ્કંધમાં જીવે કરેલો માતાપિતાને ઉપદેશ, સપ્તમમાં હિરણ્યકશિપુએ કરેલો દિતિમાતાને ઉપદેશ અને પ્રહલાદજીએ કરેલ સખાઓને ઉપદેશ; ચતુર્થ સ્કંધનું પુરંજનોપાખ્યાન, પંચમનું ભવાટવી વર્ણન વગેરે પ્રસંગો દાર્શનિક મધુકરો માટે મધુર રસભર્યા મધપુડાઓ છે.

આ વર્ણનોના શ્રવણ, કીર્તન, મનન રસાસ્વાદમાં લીન થઈ ગયેલા દર્શનકારો ભગવત્સાક્ષાત્કારનો અનુભવ કરતાં કરતાં વાદવિવાદને વિસરી જાય છે, હૃદય દીન અને ભાવલીન બની જાય છે. એક વાત સાચી છે કે રસાસ્વાદ ચાલે ત્યાં નાદને અવસર નથી હોતો.

દ્વિતીય સ્કંધના અષ્ટમ અધ્યાયના સાતમા શ્લોકથી પચ્ચીસમા શ્લોક પર્યન્ત કરેલા પરીક્ષિત રાજાના પ્રશ્નોમાં, દર્શન શાસ્ત્રો જેટલા પ્રશ્નો વિચારે છે તે સર્વ આ અધ્યાયના પ્રશ્નોમાં આવી જાય છે. આ પ્રશ્નોના પ્રત્યુત્તર સ્વરૂપે સંપૂર્ણ શ્રીમદ્ ભાગવતના પ્રસંગો છે.

દર્શન શાસ્ત્રોને એક સમાધાન શ્રુતિગીતાએ આપ્યું છે. તેની એક સંગ્રહાત્મક કારિકા છે. :—

गुप्तानंदो यतो जीवः निरानन्दं जगद्यतः
पूर्णानन्दो हरिस्तस्मात्—

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જીવ ગુપ્તાનંદ છે. જગત નિરાનંદ છે અને ભગવાન પૂર્ણાનંદ છે. નિરાનંદ જગતમાંથી રસવૃત્તિને સંકેલી લઈ રસમય ભગવત્સ્વરૂપમાં ઓતપ્રોત કરી દેવી એ એક જ પૂર્ણાનન્દને પામવાનો ક્રમીઓ છે.

૧૦

અસત્ ખ્યાતિવાદીઓનું શૂન્ય ચિન્તન દશમ સ્કંધની બાલલીલાના પાનમાં ધન્ય ધન્ય બની ગયું. નાહં મક્ષિતવાનમ્બ સર્વે મિથ્યાભિશંસિનઃ– મા મેં માટી નથી ખાધી, બધા મૃષાવાદીઓ છે. આ વાક્યમાં સર્વ ખ્યાતિઓ હસી પડી અને આ વ્યાસજીએ કઈ ખ્યાતિ વર્ણવી એની ખોજમાં પડી. આત્મખ્યાતિઓનું વિજ્ઞાન-વાદિત્વ તો પગલે પગલે રસાકાર બનીને વિચરતા વામન, શ્રીરામ અને શ્રીકૃષ્ણમાં ડૂબી ગયું. અન્યથાખ્યાતિ-વાદી તાર્કિકોની તર્કશક્તિ, શ્રી ગિરિરાજ ધરણ લીલામાં સ્વયં તર્કલીન બની ગઈ અને કબૂલ્યું કે અચિન્ત્યાઃ ખલુ યે ભાવા ન તાંસ્તર્કેણ યોજયેત્—જે અચિન્ત્ય ભાવો છે ત્યાં તર્કને કયાં યોજવા? અખ્યાતિમાં આનંદ લેતા પ્રભાકર પ્રભાવિત બન્યા અજિત નિરૂપણમાં. વરાહ વર્ણનમાં ગવાતા જિતં જિતં તેઽજિત યજ્ઞભાવન–આ અજિત કોણ હશે? એક અજિત છઠ્ઠા સ્કંધના ૧૬મા અધ્યાયમાં અજિતઃ જિતઃ વગેરે આર્યામાં વર્ણવાયા છે તે કયા? વેદ સ્તુતિમાં ગવાયા છે જય જય જહ્યજામજિત—તે અજિત કયા? અનિર્વચનીય ખ્યાતિ તો દશમ સ્કંધની સર્વ લીલાઓના આખ્યાનમાં નિર્વચન કરવાનું પંડતું મૂકીને પાન પરાયણ બની જાય છે. જ્યારે રાસલીલાનું વ્યાખ્યાન શરૂ થાય છે ત્યારે તો ભાન જ ભૂલી જાય છે. બ્રહ્માનન્દ અનિર્વચનીય કે નિર્વચનીય એ બેની વચમાં અટવાતાં જે શ્રોતા મળે છે તો નિર્વચન કરવા માંડે છે અને વક્તા મળે છે તો તે ત્યાં નિર્વચન બની શ્રોતા બને છે.

એવી ખૂબીથી વ્યાસ મહર્ષિએ ભાગવતનું પરિવેષણ કર્યું છે કે કોઈ પણ વાદીઓ ભિન્ન ભિન્ન સિદ્ધાન્તોનું અન્વેષણ કે વિશ્લેષણ કરવાને બદલે રસપાનમાં જ તલ્લીન બની જાય છે. પરિણામે સર્વનું ધ્યેય જે નિરૂપમ આનંદ પામવાનું છે તે સ્વયં સિદ્ધ થઈ જાય છે.

દર્શન શાસ્ત્રકારોનો સંતોષ શ્રીમદ્ ભાગવતમાં એટલા માટે છે કે તે સર્વનું અવલંબન, ઉત્થાન અને ચિંતન વેદ-ઉપનિષદ્ અને વ્યાસ સૂત્રો ઉપર છે. આ સર્વ વાઙ્મયની નસેનસનું રહસ્ય વ્યાસજીનું જાણીતું છે.

માતા સર્વ બાળકોની ને કુટુંબના રૂચિને જાણીને જમણની એવી વાનગી રચે છે કે સર્વને તેમાં રસ પડે જ પડે. તેમજ પ્રમાતા વ્યાસજીએ સર્વ દર્શનકાર બાળકો માટે અભિરુચિકર શ્રીમદ્ ભાગવતની એક એવી વાનગી પીરસી કે તે તેની ચારે બાજુથી અવલેહન કરતાં સર્વ દર્શનચિંતન બાળકો, બાલમુકુન્દના સ્નિગ્ધ અને મુગ્ધ વદનસરોજમાં પ્રમુગ્ધ બની ગયા ને વાદ વિસરી ગયા. શ્રીમદ્ ભાગવત સર્વ દર્શનોનું સમન્વય કરતું રસદર્શન હોવાથી દર્શનતોષ પ્રાપ્ત થાય છે.

૩) શ્રીમદ્ ભાગવત અને પુરાણો.

હવે શ્રીમદ્ ભાગવતને પુરાણોની સાથેનો સંબંધ વિચારીએ. ૧૮ પુરાણો અને ૧૮ ઉપપુરાણોની જે જે ગાથાઓ છે, તેમજ સૃષ્ટિ ઉત્પત્તિ-લય વગેરેનો જે પ્રકાર છે તે સર્વનો સાર સંગ્રહ શ્રીમદ્ ભાગવતમાં આવી જાય છે. અલબત્ત, દરેક પુરાણમાં જે જે વિષયો વર્ણવ્યા છે તે સર્વ વિષયો અનેક પ્રકારની જ્ઞાન સામગ્રીથી ભરપૂર છે, તેમજ પુષ્કળ સાહિત્યને પૂરાં પાડનાર છે, તેમાં તલપૂર સંદેહ નથી. સમયનો અને સમજનો ખપનો મનુષ્ય પાસે જો હોય તો પુરાણોના ખપનામાં ખોજ કરવા જવાની જરૂર પણ છે. ભૂગોળ, ખગોળ, ઈતિહાસ, જ્યોતિષ, ધર્મશાસ્ત્ર, વિજ્ઞાન, કલા, નૃત્ય, સંગીત, સાહિત્ય, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, વગેરે અમૂલ્ય સામગ્રીઓ પુરાણોમાં ખીચોખીચ ભરેલી છે, પરંતુ ચિત્તશાંતિના કિનારા તરફ દોડતા માનવને સર્વ સાહિત્ય અવલોકનની ભૂખ ભાગવતમાંથી પૂરાઈ જશે. મહાપુરાણના લક્ષણની દૃષ્ટિએ અને સર્વ પુરાણમાં ચર્ચિત વિષયોના સંક્ષિપ્ત એકત્ર સંગ્રહ દૃષ્ટિએ શ્રીમદ્ ભાગવત અપૂર્વ સામગ્રી છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

'ચાર પુરુષાર્થોની પ્રાપ્તિ' એ લક્ષ્યને પ્રત્યેક પુરાણ સાચવે છે. ભાગવત પણ એ લક્ષ્યને સહજ રીતે પોષે છે; પરંતુ ચાર પુરુષાર્થોના ક્રમમાં વ્યાસજી નવી દૃષ્ટિ સર્વને આપે છે. 'ધર્મથી અર્થ મળે' એમાં રસ પુરાણનો હતો, એટલે વ્યાસજીનો જ હતો. "धर्मादर्थश्च कामश्च स किमर्थं न सेव्यते"—ધર્મથી અર્થ અને કામની પ્રાપ્તિ થાય છે, તો શા માટે ધર્મનું સેવન ન કરવું? એવો એક વાર ભારતસાવિત્રીમાં વ્યાસજીનો ઉદ્ઘોષ છે; પરંતુ હવે શ્રીમદ્ ભાગવત દ્વારા ક્રમમાં જરા ફેરફાર કરે છે અને ધર્મનું વાસ્તવિક ગૌરવ ગાય છે કે "धर्मस्य ह्यापवर्गस्य" ધર્મ મનુષ્યને અર્થ સુધી નથી લઈ જતો, પરંતુ અપવર્ગ એટલે મોક્ષ અથવા ભગવત્પ્રાપ્તિ સુધી તેની ગતિ છે. તેની ગતિને અર્થ સુધી લાવીને કુંઠિત ન કરી દેવી. આ માટે આખો ક્રમ ફેરવીને અર્થ, ધર્મ, કામ અને મોક્ષ એવો ક્રમ દર્શાવે છે.

અર્થ જીવનનું એક ઉપયોગી અંગ છે, પરંતુ ધર્મ જીવનનો મહાપ્રાણ છે કે આત્મા છે. એ એક ઉત્તમ સંકેત કરી મનુષ્યને અર્થ તરફથી ઈશ્વર તરફ દોરી લે છે. એના પરિણામે અર્થથી થનારા પંદર અનર્થોમાંથી માનવને કે જગતને બચાવી લે છે. (૧) "धर्मः प्रोज्झितकैतवोऽत्र परमः"—ફલની અભિલાષા વિનાની સેવા એ જ પરમધર્મ છે. એવા પ્રથમ સ્કંધના પ્રથમ અધ્યયનના બીજા શ્લોકના ધર્મના લક્ષણથી; (૨) પ્રથમ સ્કંધના બીજા અધ્યાયના છઠ્ઠા શ્લોકથી "स वै पुंसां परो धर्मः यतो भक्तिरधोक्षजे"—અખંડિત, અહૈતુક-અકારણ, તન-મન-ધનથી સર્વની અને સર્વેશ્વરની સર્વોત્તમ ભાવથી સેવા એ જ પરમ ધર્મ છે—એવા લક્ષણથી; (૩) एतावानेव लोकेऽस्मिन् पुंसः स्वार्थः परः स्मृतः। एकान्त भक्तिर्गोविन्दे यत्सर्वत्र तदीक्षणम्–૭–૭–૫૫ મનુષ્યનો આ એક જ મહાન પુરુષાર્થ છે કે તે ગોવિંદની અનન્ય સેવા કરે અને સર્વભૂત માત્રમાં ગોવિન્દનું દર્શન કરે આ શ્લોકમાં અર્થ પુરુષાર્થના લક્ષણથી ઉત્તમ હૃદયંગમ અને સર્વમત સંમત ધર્માર્થાદિ પુરુષાર્થનું સ્વરૂપ બતાવ્યું છે. આવો તો એક કરતાં એકથી શ્રેષ્ઠ અનેક ચતુર્વિધ પુરુષાર્થનાં લક્ષણ શ્રીમદ્ ભાગવતમાં આપ્યાં છે. જ્યારે શ્રીમદ્ ભાગવતનો મૂળ સંસ્કૃત ગ્રન્થને લઈને વિચારીએ તો તન્મય થઈ જઈએ, એવી ધર્મની વ્યાખ્યાઓ છે. વૃત્રાસુર ચતુઃશ્લોકીમાં તો સર્વ પુરુષાર્થોના પ્રાણભૂત તત્ત્વનું નિરૂપણ છે.

આ સર્વ વાક્યોનો સાર અથવા ઝોક, ધર્મનો અર્થ 'ભગવત્સેવા' અને સર્વને ભગવત્સ્વરૂપ સમજી સેવા કરવા તરફનો લાગે છે. 'લોકસેવા-ધર્મને' જે લોક સર્વોપરિ ધર્મ માને છે, તેને તો શ્રીમદ્ ભાગવત સેવા ધર્મના ઉપોદ્ઘાત કે આમુખ તરીકે ગણે છે.

અર્થ તરીકેનો પુરુષાર્થ અધોક્ષજ ભક્તિને ગણ્યો છે. એથી પણ આગળ વધીને 'ભગવાન' એ એક જ સાચો અર્થ છે. એટલે સર્વોપરિ અર્થ છે. સ્વર્ગ કે સાર્વભૌમપદ વગેરે સુખો તરફ પણ રુચિ ન કરતાં ભગવાનને જ અર્થ સમજી મેળવવામાં અભિરુચિ કેળવવા પ્રેરે છે.

કામ પણ હરિદર્શન અને સેવનનો જ; નહિ કે અન્ય સુખોનો. કારણ કે લોક સુખો અને વૈભવો તેમજ પરલોક સુખો પણ ક્ષયી નાશવંત અને વિષમતાથી ભરપૂર છે. લોક, પરલોક સંજ્ઞા ભેદ માત્ર છે; પરંતુ વૈષમ્ય તો ઉભય સુખમાં એક સરખું જ છે. તેથી ઐહિક, પારલૌકિક સુખોની વાસનાથી પર થવું અને ભગવત્ સેવા સુખ તરફ તત્પર થવું એ એક જ કામ નામનો ઉત્તમ પુરુષાર્થ છે. એવું ભાગવત શીખે છે.

મોક્ષની બાબતમાં પણ ભગવાનને જ પુરુષાર્થ તરીકે ગણે છે. ઈશ્વરની પરાનુરક્તિમાં અને એની જ પરા સેવામાં જ મોક્ષનું સ્વરૂપ સહજ સિદ્ધ થઈ જાય છે. સેવકસ્વામીમાં દેખીતું દ્વૈત છતાં સ્વતઃસિદ્ધ અદ્વૈત જ આપો આપ બની જાય છે. લગભગ મુક્તિ ભક્તિ બે પર્યાયવાચક શબ્દો જ રહી જાય છે. એવી એક ભૂમિકાનું ભાન ભાગવતમાંથી સમર્પણ કરનારા ભક્તોમાંથી દેખાયા વિના રહેતું નથી.

આ પ્રકારે પુરાણોમાં વર્ણવાતા ચતુર્વિધ પુરુષાર્થોનું વર્ણન શ્રીમદ્ ભાગવતમાં હોવાથી તેનું એક પ્રકારે પુરાણત્વ નક્કી કર્યા બાદ પુરાણોનું જે લક્ષણ છે કે જેમાં—"સર્ગ, વિસર્ગ, સ્થાન, પોષણ, ઊતિ વાસના,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મન્વન્તર-સદ્ધર્મ, ઈશાનુકથા, નિરોધ, મુક્તિ અને આશ્રય''–આ દશ વસ્તુઓનું જેમાં નિરૂપણ હોય તેને મહાપુરાણ ગણાય. એવા લક્ષણ પ્રમાણે થોડો શ્રીમદ્ ભાગવતના સ્કંધોનો વિચાર કરવો રહ્યો.

તે વિચાર કરતા પહેલાં 'શ્રીમદ્ ભાગવત' એવા વ્યાસજીએ સ્વીકારેલા નામથી ભાગવત નિરૂપિત વિષયની તટસ્થતાનો સહજ રીતે ખ્યાલ થયા વિના રહેતો નથી. પ્રત્યેક પુરાણનું વિશેષ નામ હોય છે—શિવ પુરાણ, મત્સ્ય પુરાણ, કૂર્મ પુરાણ, વગેરે; પરંતુ ભાગવતને કોઈ વિશેષ નામ આપી શ્રીકૃષ્ણપુરાણ, શ્રીકૃષ્ણ ચરિત, એવી વિશિષ્ટ સંજ્ઞા ન કરી. એથી એક વસ્તુ સળંગ જોવામાં આવી કે એમાં મહાદેવ ચરિત્ર, બ્રહ્મચરિત્ર, વિષ્ણુ ચરિત્ર, અવતાર ચરિત્ર, ભક્ત ચરિત્રો વગેરે ચરિત્રોની એકાન્વયતા સાધી ભાગવત નામને અન્વર્થ કર્યું છે. એથી એ ફલિત થયું કે સર્વ ઐશ્વર્ય સમ્પન્ન કે ૬ ઐશ્વર્યમાંથી યાવદ્ આવશ્યક ઐશ્વર્ય સમ્પન્ન ભગવત્સ્વરૂપોનું અને લીલા ચરિતોનું નિરૂપણ ભાગવત કરે છે. વિશ્વ હિત માટે જ્યારે અને જે જે ધર્મ પૂર્ણ અવતારોની જરૂર પડી, તે તે ધર્મયુક્ત ભગવાને અવતારો સ્વીકારી સર્વને તારી લીધા છે. તેમની તારણ-લીલાનું કથન શ્રીમદ્ ભાગવત કરે છે. ૬ ઐશ્વર્યોમાંથી પ્રત્યેક ઐશ્વર્ય બધ્ધે સ્કંધમાં વર્ણવ્યું છે; છતાં સંપૂર્ણ ભાગવતમાં પ્રત્યેક સ્કંધે પ્રત્યેક ઐશ્વર્યનું પણ નિરૂપણ આવ્યા વિના રહી શકતું નથી.

હવે શ્રીમદ્ ભાગવતના બાર સ્કંધોની સંખ્યાઓ અને સર્ગાદિ લીલાઓના તરફ જરા વળીએ. તેમજ શ્રીમદ્ ભાગવત ભગવાનનું એક 'નામ સ્વરૂપ' છે. તેના અનુસંધાન સાથે વિચાર કરીએ.

(૧) પ્રથમ સ્કંધ—અધિકાર—ભગવાનનો દક્ષિણ ચરણ.

પ્રથમ સ્કંધની સંજ્ઞા અધિકાર લીલા છે. પ્રથમ સ્કંધ ભગવાનનો દક્ષિણ ચરણ કમલ છે. અધિકાર એટલે પ્રત્યેક કાર્ય કરવા માટે યોગ્ય થવું અધિકારીનો અર્થ થાય છે કાર્યક્ષમ. શ્રીમદ્ ભાગવતમાં કાર્યક્ષમ થવાનું છે શ્રવણ કીર્તન અને મનનથી. કેવા ગુણવાળો શ્રોતા હોઈ શકે અથવા શ્રોતામાં કેવા ગુણો હોવા જોઈએ? વક્તાની કક્ષા કેવી ઘટે? વક્તામાં કયા ગુણો આવશ્યક છે? આ વિષયનો પરિચય પ્રથમ સ્કંધ આપે છે. પ્રથમ સ્કંધના ૧૯ અધ્યાયો છે. તેમાં ત્રણ પ્રકરણો છે. **સાધારણ વિશિષ્ટ અને ગુણાતીત** એવા ત્રણ પ્રકારના વક્તા છે અને ત્રણ પ્રકારના શ્રોતા છે. પ્રત્યેક પ્રકારના વક્તા શ્રોતામાં **'જિજ્ઞાસા, શાસ્ત્રમાં આદર** અને **અમાત્સર્ય** એવા ત્રણ ધર્મો તો અવશ્ય હોય જ. તદુપરાંત જેઓ કર્મપ્રધાન અને સ્વર્ગાદિ સુખપ્રાપ્તિ પ્રધાન વક્તા–શ્રોતા છે તેઓની **સાધારણ** કક્ષા છે. જેઓ જ્ઞાન પ્રધાન વક્તા–શ્રોતા છે, તેઓ વિશિષ્ટ કક્ષાના વક્તા–શ્રોતા છે. જેઓ કેવલ ભગવત્પ્રેમ પ્રધાન વક્તા–શ્રોતા છે, તેઓને **ગુણાતીત** ગણ્યા છે. જો કે એના અવાંતર ઓગણીસ ભેદ છે. પરંતુ તેનો વિચાર કરવો શક્ય નથી. દરેક સ્કંધની અને પ્રકરણની પ્રસ્તાવનામાંથી તે મળી શકશે. માત્ર શ્રવણેચ્છા ધરાવતો કોઈ પણ જિજ્ઞાસુ કે શુશ્રુષુ–સાંભળવા ચાહનાર શ્રોતા ગણાય છે. પ્રથમ સ્કંધમાં ત્રણ વક્તાઓ છે અને ત્રણ શ્રોતાઓ છે. સૂત, નારદ, શુકાચાર્ય ત્રણ વક્તાઓ છે. શૌનક, બાદરાયણ, પરીક્ષિત એ ત્રણ શ્રોતાઓ છે. તેઓ વક્તા શ્રોતા થવા માટે ભગવદ્ચરણ કમલ સ્વરૂપ પ્રથમ સ્કંધની શ્રવણાત્મક અને કીર્તનાત્મક સેવા કરી, અધિકારી સિદ્ધ થાય છે, ત્યારે તેમને જ્ઞાન મળે છે.

પ્રથમ સ્કંધના અધ્યાય ૧૯; પદ્ય શ્લોક સંખ્યા–૮૧૩; અનુષ્ટુપ શ્લોક સંખ્યા–૯૦૩; ઉવાચ સંખ્યા ૬૮.

(૨) દ્વિતીય સ્કંધ-જ્ઞાન-ભગવાનનો વામ ચરણારવિંદ.

શ્રદ્ધા, હરિચરણાનુરાગ અને ભક્તિ યુક્ત એવા વક્તા અને શ્રોતા જ્ઞાનના અધિકારીઓ બને છે. તેઓને જે જ્ઞાન પ્રાપ્ત થાય છે, તે જ્ઞાન તત્ત્વનું નિરૂપણ દ્વિતીય સ્કંધમાં છે. દ્વિતીય સ્કંધમાં ૧૦ અધ્યાય છે. અને ૩ પ્રકરણ છે. પ્રથમ પ્રકરણ ૨ અધ્યાયનું છે. 'તત્ત્વ ક્રમાન' એવી એની સંજ્ઞા છે. વિરાટ્ અને સ્વરાટ્ અથવા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સૂક્ષ્મ એવાં તત્ત્વનાં બે સ્વરૂપો છે. બીજા પ્રકરણમાં ૨ અધ્યાય છે. 'હૃદય પ્રસાદ' એવી એની સંજ્ઞા છે. વક્તા શ્રોતાના ચિત્તની પ્રસન્નતામાં જ ધ્યાન જ્ઞાન કરી શકે છે. પ્રથમ શ્રોતાના હૃદયની પ્રસન્નતા, ત્યાર બાદ વક્તાના હૃદયની પ્રસન્નતા. કથામાં શ્રોતા મુખ્ય છે. લાભ વક્તાને બરણો છે. ત્રીજા પ્રકરણના ૬ અધ્યાય છે. 'વિમર્શ' એવી એની સંજ્ઞા છે. વિમર્શ એટલે વિચારવું, સમજવું એવો અર્થ થાય. 'જગત, જીવ અને ભગવાન' સંબંધી વિચાર એમાં આવેલ છે. દ્વિતીય સ્કંધરૂપ વામચરણ કમલના સ્પર્શથી જ્ઞાન મળે છે.

બીજા સ્કંધના અધ્યાય-૧૦; પદ્ય શ્લોક સંખ્યા-૩૯૬; અનુષ્ટુપ શ્લોક સંખ્યા ૪૭૨।।; ઉવાચ સંખ્યા-૨૪.

(૩) તૃતીય સ્કંધ-સર્ગ લીલા-ભગવાનનો દક્ષિણ કરકમલ.

જ્ઞાનને ક્રિયામાં મૂકવું જોઈએ. ક્રિયા માત્ર જ્ઞાન અને યોગ્યતાપૂર્વક કરવી જોઇએ. તે ક્રિયા કેવી રીતે કરવી તે ભગવાને કરી બતાવી. એને સર્ગ લીલા કહેવામાં આવી છે. સર્ગ એટલે સૃષ્ટિનું સર્જન. સર્જન કરનારનું મુખ્ય અંગ 'કર' છે, તેથી જ તૃતીય સ્કંધને ભગવાનના હસ્ત તરીકે સ્વીકારેલ છે. જે વ્યક્તિને પરમાત્માએ બે હાથ આપ્યા છે, તે નિત્ય સ્વતંત્ર છે. ભગવાન પરમ સ્વતંત્ર છે. તેનું કારણ કે સર્ગ અને વિસર્ગ એ બે ભગવાનના ક્રિયાશીલ કર છે. એવા ભગવાનના ૩૩ અને૩૧ મળીને ૬૪ કલાપૂર્ણ બે કરકમલ છે. તેમાં તૃતીય સ્કંધના ૩૩ અધ્યાયોમાં ૩૩ દેવોની સૃષ્ટિની ગાથા વર્ણવી છે. એ ૩૩ દેવો ભગવાનના હાથ છે. તેઓના દ્વારા સર્વ કાર્ય કરે છે, તેથી પૂર્ણ સ્વતંત્ર છે. ૩૩ અધ્યાયમાં બે પ્રકરણ છે. પ્રથમ પ્રકરણ ૧૯ અધ્યાયનું છે. બીજું પ્રકરણ ૧૪ અધ્યાયનું છે. સર્ગ અથવા સૃષ્ટિ બે પ્રકારની છે-એક અલૌકિક સૃષ્ટિ અને બીજી લૌકિક સૃષ્ટિ. દેવોની સૃષ્ટિ તે અલૌકિક સૃષ્ટિ છે. તે દેવોમાં ૮ વસુઓ, ૧૧ રુદ્ર, ૧૨ આદિત્ય, ૨ ઇન્દ્ર અને પ્રજાપતિ મળીને ૩૩ સંખ્યા થાય છે.

લૌકિક સૃષ્ટિની ૩૩ સંખ્યામાં ૨૮ તત્ત્વો, ૪ પ્રકારના પ્રાણીનાં બીજ, ૧ કાલ એમ મળીને ૩૩ બને છે. આટલાં ૩૩ તત્વોને અને દેવોને રચી આગળની વિધિ બ્રહ્માને સોંપી, તે 'વિસર્ગ સૃષ્ટિ' છે.

તૃતીય સ્કંધના અધ્યાય ૩૩; પદ્ય શ્લોકસંખ્યા ૧૪૧૬।।; અનુષ્ટુપ શ્લોક સંખ્યા ૧૬૦૨।।; ઉવાચ ૧૪૦.

(૪) ચતુર્થ સ્કંધ-વિસર્ગ લીલા-ભગવાનનો વામ કરકમલ.

દેવોની અને તત્વોની રચેલી સૃષ્ટિમાં વર્ણ, આશ્રમ અને ધર્મની એક વ્યવસ્થા પણ હોવી જોઈએ, જેથી પ્રાણીમાત્ર પરમાનંદ પામી શકે. તે કાર્ય બ્રહ્માજી દ્વારા કર્યું. એક રીતે વિધાતા તો ભગવાનનો વામ કરકમલ છે, એમ પણ કહેવાય. બન્ને હાથ મેળવીને કાર્ય કરાય તો કાર્ય યોગ્ય રીતે બને અને સફળ પણ થાય. બ્રહ્માજીએ ભગવાનની રચેલી સૃષ્ટિને સ્ત્રી-પુરુષ, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર, બ્રહ્મચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થ વિરક્ત એવા હિતાવહ વિભાગથી વહેંચી. પ્રત્યેકની સંજ્ઞા, ધર્મ, કાર્ય અને ગુણનું પ્રત્યેકને અનુસંધાન કરાવ્યું. આ ચતુર્થ સ્કંધની વિસર્ગલીલા, એવી સંજ્ઞા છે; ૩૧ અધ્યાય છે અને ૪ પ્રકરણ છે. જેનો ધર્મ અર્થ કામ મોક્ષ એવો સંકેત છે.

ચતુર્થ સ્કંધના અધ્યાય ૩૧; પદ્ય શ્લોક સંખ્યા-૧૪૫૨; અનુષ્ટુપ શ્લોક સંખ્યા ૧૬૧૭।।; ઉવાચ-૧૬૭

(૫) પંચમ સ્કંધ-સ્થિતિલીલા-ભગવાનનો દક્ષિણ સક્થિ.

રચેલાં પ્રાણીઓને રહેઠાણ જોઈએ-આધાર જોઇએ. કાર્ય કરનારને કાર્યક્ષેત્ર જોઇએ. એનો વિચાર પંચમ સ્કંધ છે. ચૌદ લોક અથવા ત્રણ લોક પ્રાણીઓનું રહેઠાણ અને કાર્યક્ષેત્ર બનાવ્યું. એને ભગવાનના ખોળારૂપે-ઉત્સંગરૂપે ગણ્યું છે. પંચમ સ્કંધ એ કૃપાળુ પ્રભુના ઉત્સંગનો એક ભાગ દક્ષિણ સાથળ છે. એ પંચમ સ્કંધની સંજ્ઞા 'સ્થિતિ લીલા' છે. દેશ સ્થિતિ અને ઉદ્દેશ સ્થિતિ એવા તેના બે વિભાગો થઇ શકે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પ્રથમ અધ્યાયથી પંદરમા અધ્યાય સુધીમાં પ્રાણી માત્રના જીવનના ઉત્કર્ષનાં સાધન અને ઉદ્દેશ રૂપે, ભક્તિ યોગ અને જ્ઞાનનું વર્ણન કર્યું છે. આ ઉદ્દેશોને અનુલક્ષી રહેવાનાં સ્થાનોનો પણ નિર્દેશ કર્યો, તે ૧૬ થી ૨૬ અધ્યાયો સુધીમાં છે. પૃથ્વી, પાતાલ કે સ્વર્ગાદિ ક્ષેત્રોમાં રહી પોતાના ઉદ્દેશો પ્રમાણે જીવીને પોતાના અને પરમાત્માના સ્વરૂપને સંપાદન કરી શકે એવી સંકલનાને સૂચવતો પંચમ સ્કંધ છે.

પંચમ સ્કંધના અધ્યાય ૨૫; પદ્ય શ્લોક સંખ્યા ૭૩૬; અનુષ્ટુપ શ્લોક સંખ્યા ૧૨૮૬; ઉવાચ ૫૧

(૬) ષષ્ઠ સ્કંધ--પુષ્ટિ લીલા-ભગવાનનો વામ સાથળ.

કોઇ પણ વ્યક્તિને કાર્ય ક્ષેત્ર આપ્યા પછી તેના ઉપર સ્વામીની અમીદૃષ્ટિ હોવી આવશ્યક છે. કાર્યશીલનો પ્રારંભ કદાચ કોઇ ક્ષતિવાળો હોય, તોપણ તેના દોષ ઉપર દયા દૃષ્ટિ હોય તો તેના બળે તે આગળ વધી શકે છે. અમી દૃષ્ટિ એ પ્રાણીનું પોષણ છે. એને જ અનુગ્રહ કહેવામાં આવે છે. છઠ્ઠો સ્કંધ ભગવાનની કૃપાનું સ્વરૂપ છે. એ વામ સાથળ છે. ત્રણે લોકમાં રહેલા સ્વ સ્વ કર્તવ્ય શીલ પ્રાણી માત્રને પ્રભુ પોષે છે. અજામીલ જેવા કદાચ અપરાધી બને તો પણ તેની અનેક વિધિ અન્ય યોગ્યતાઓને કારણે તેને તારી લે છે, ઉગારી લે છે. તેને તારવાનાં ત્રણ સાધન છે. ભગવન્નામ, ભગવત્સ્વરૂપ ધ્યાન ભગવત્સ્વરૂપ સેવા આ ત્રણ તારણ સાધન છે. તેથી છઠ્ઠા સ્કંધનાં ત્રણ પ્રકરણ છે. એના ૧૯ અધ્યાય છે. ભગવાનના નામનું શ્રવણ, કીર્તન-સ્મરણ કરતાં ચિત્તવૃત્તિ શુદ્ધ થાય. બાદ ભગવત્સ્વરૂપની સેવા કરતાં ચિત્ત તદ્રૂપ થઇ જાય. એ જ ભગવાનનો અનુગ્રહ છે.

ષષ્ઠ સ્કંધના અધ્યાય ૧૯; પદ્ય શ્લોક સંખ્યા-૮૫૮; અનુષ્ટુપ સંખ્યા-૧૪૯૫ ઉવાચ-૧૦૫.

(૭) સપ્તમ સ્કંધ-ઊતિલીલા-વાસના. ભગવાનનો કટિ પ્રદેશે મૂકેલો વામ હસ્ત.

'કર' એટલે કાંડા સુધીનો ભાગ અને 'હસ્ત' એટલે કોણી સુધીનો પ્રદેશ. સપ્તમ સ્કંધની 'વાસના' એવી સંજ્ઞા છે. કોઇ પણ વ્યક્તિ કૃપા સંપાદન કર્યા બાદ જો ક્ષુદ્ર હોય છે તો કુપાત્ર બને છે. ધન, યૌવન, જ્ઞાન ઘણીવાર કુસંગે જતાં કુપાત્ર બનાવનારાં બની જાય છે; પરંતુ સુસંગે રહેતાં સુપાત્ર બનાવે છે. એ વાસના ત્રણ પ્રકારની છે. અસદ્ વાસના, સદ્ વાસના અને સદ્સદ્ વાસના આવા વિભાગે તે ઓળખાય છે. હિરણ્યકશિપુમાં અસદ્ વાસના છે. એનો પ્રસંગ પ્રથમ પાંચ અધ્યાયમાં છે. પ્રહલાદજીમાં સદ્ વાસના છે, જેનો પ્રસંગ બીજા પાંચ અધ્યાયમાં છે. માનવીઓની મિશ્ર વાસના, તેનું નિરૂપણ ત્રીજા પાંચ અધ્યાયોમાં છે. આ સ્કંધના આ પ્રમાણે ત્રણ પ્રકરણ પંદર અધ્યાયોમાં વહેંચાયેલાં છે.

સપ્તમ સ્કંધના અધ્યાય ૧૫; પદ્ય શ્લોક સંખ્યા-૭૬૦૫; અનુષ્ટુપ શ્લોક સંખ્યા ૮૪૭૫; ઉવાચ-૮૪.

અષ્ટમ સ્કંધ :-સદ્ધર્મ-મન્વન્તર લીલા-ભગવાનનો દક્ષિણ સ્તન.

વાસનામાંથી મુક્તિ દેનાર માતાનાં શીલ, ગુરુનું જ્ઞાન, કુલનાં પુણ્ય અને ધર્મમાં અનુષ્ઠાન છે. અષ્ટમ સ્કંધમાં ચાર પ્રકરણમાં સંતોના ધર્મનું નિરૂપણ છે. તે ધર્મને ચાર પ્રકારે સમજાવ્યો છે. આપત્તિમાં શ્રીહરિનું શરણ, સમ્પત્તિમાં સર્વ પ્રકારનાં દાન, વિપત્તિમાં પણ વચનનું—પ્રતિજ્ઞાનું પાલન, ભગવાનની શરણાગતિ. સંતોના આ ચાર આચાર છે. તેથી અષ્ટમ સ્કંધનાં ચાર પ્રકરણ છે. અધ્યાય ચોવીસ છે અને ભગવાનના દક્ષિણ સ્તન સ્વરૂપે તેનો ઉલ્લેખ કર્યો છે. 'ધર્મામૃત' ગીતાજી છે, સ્મૃતિઓ છે. એનું પાન વાસનાને હરનારું છે. એ ધર્મનું સંચાલન મનુઓ-રાજાઓ દ્વારા અને ઋષિઓ દ્વારા થાય છે. તેથી અષ્ટમ સ્કંધમાં મન્વન્તર ચરિત્રો છે.

અષ્ટમ સ્કંધના અધ્યાય-૨૪; પદ્ય શ્લોક સંખ્યા-૯૩૬; અનુષ્ટુપ શ્લોક સંખ્યા-૧૦૫૧; ઉવાચ-૧૦૧

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નવમ સ્કંધ – ઈશાનુકથા-ભગવાનનો વામ સ્તન.

ધર્મથી શુદ્ધ હૃદયવાળા સુજનને સંતજનનાં જીવન ચરિતામૃત પાન કરાવતાં તે પરમ ભગવદીય જન બની જાય છે, જે ભગવાનનો અનન્ય બને છે. તે જ જગતની સેવા કરવા, સમષ્ટિનો અધિકારી થવા અધિકતર યોગ્ય બને છે. તેથી અષ્ટમ સ્કંધના ધર્મોના પાનથી વિશુદ્ધ બનેલ આત્માને નવમસ્કંધે સંતચરિતામૃતનાં પાન કરાવ્યાં, એ છે ભગવાનનો વામ સ્તન. તેના ૨૪ અધ્યાયો છે. તેનાં બે પ્રકરણ છે. ઈશાનુકથા એવી સંજ્ઞા છે. ઈશ શ્રીરામ અને ઈશ શ્રીશ્યામ. ઉભયના સિદ્ધાન્તોને ચીલે ચીલે ચાલનારા સુચેતનોનાં ચેતનામય જીવન ચરિતામૃત–એ છે નવમ સ્કંધ.

નવમ સ્કંધના અધ્યાય–૨૪; પદ્યશ્લોક સંખ્યા–૯૭૪; અનુષ્ટુપ સંખ્યા–૧૦૧૪; ઉવાચ–૫૯.

દશમ સ્કંધ :– નિરોધ લીલા-ભગવાનનું હૃદય.

વિશુદ્ધ હૃદય અને વિશુદ્ધ ચરિતવાળા જ આત્માના હૃદયમાં ભગવત્સ્વરૂપનો અને ભગવત્પ્રેમનો પ્રાદુર્ભાવ થાય છે; તેમજ તેવી જ યોગ્યતાયુક્ત જીવનો ભગવદ્ હૃદયમાં પ્રવેશ સિદ્ધ થાય છે આવી યોગ્યતા ધરાવતા જીવાત્માનો નિત્ય નિરોધ કરનારું હરિચરિતામૃત છે–હરિલીલા પીયૂષ છે. તે દશમ સ્કંધ નિરોધ લીલા છે. તેનું પાન કરતાં અવિદ્યા-પૂતનાનાં વિષ અને અહંકાર-કંસનાં અહં કદી તેને સ્પર્શી શકતાં નથી. તે તો નિત્ય રાસનાં એટલે ભજનાનંદનાં પાન કરનારા અધિકારીઓ બની જાય છે. ભગવાને આવો અનુપમ અનુગ્રહ કરવા અને યોગ, જ્ઞાન, કર્મના કઠિન આચરણ, ધ્યાન, સમજણના શ્રમમાંથી મુક્ત કરવા જ્ઞાન, કર્મ, યોગ પરિપૂર્ણ પૂર્ણ રસ ભર્યાં ચરિત્ર આચર્યાં અને ભક્તને ઉર સરોવરે ભર્યાં–એ નિરોધ લીલા. ભગવાન ભક્તના હૃદયમાં સ્નેહવશ કેદ થયા અને ભક્તને પોતાના હૃદય સરોજમાં વસાવ્યો. એનાં પાંચ પ્રકરણ અને નેવું અધ્યાય છે. ચાર, અઠ્ઠાવીશ, અઠ્ઠાવીશ, એકવીશ, છ અને ત્રણ ક્ષેપક મળી ૯૦ થાય છે.

દશમ સ્કંધના અધ્યાય–૯૦; પદ્ય શ્લોક સંખ્યા–૩૯૭૩; અનુષ્ટુપ સંખ્યા–૪૪૨૫; ઉવાચ–૩૫૩.

એકાદશ સ્કંધ—મુક્તિલીલા ભગવાનનું શ્રીલલાટ.

ભગવત્સ્વરૂપ સેવામાં નિરોધ પામેલા જીવની મુક્તિ સ્વતઃ સિદ્ધ થાય છે એનું નિરૂપણ આ સ્કંધમાં છે. એકાદશ સ્કંધની સંજ્ઞા છે મુક્તિલીલા. પ્રપંચમાંથી રસવૃત્તિ લઈ લેવી. પરમતત્વમાં રસવૃત્તિ સ્થિર કરી દેવી. આ પ્રકારની સ્થિતિ સંપાદન કરવામાં ભગવલ્લીલા અને ભગવત્પ્રેમ સાધન સામગ્રી બન્યાં છે. દશમ સ્કંધે તે ભગવલ્લીલાઓનું ગાન કર્યું અને બુદ્ધિ, ઈન્દ્રિય, પ્રાણ આદિનો નિરોધ કર્યો, નિરૂદ્ધ થયેલ જીવ મુક્ત થયો. એ મુક્તિનાં બે વિભાગ છે. જીવમુક્તિ અને ઈશમુક્તિ. જીવમુક્તિ પ્રકરણ ઓગણત્રીસ અધ્યાયમાં છે. ઇશમુક્તિ પ્રકરણ બે અધ્યાયમાં છે. એકાદશ સ્કંધ આ પ્રમાણે એકત્રીશ અધ્યાયનો બનેલ. મુક્ત થવું એટલે નિષ્પ્રપંચ થવું એવું તેનું તાત્પર્ય છે. નિષ્પ્રપંચ થયેલને જ પોતાના સ્વરૂપનો લાભ થાય છે. જીવને પોતાના સચ્ચિદાનંદ સ્વરૂપનો પૂર્ણ લાભ થયો ત્યારે તે મુક્ત થયો કે કૃતાર્થ થયો ગણાય. અહંતા મમતાની નિવૃત્તિ થતાં જીવ સર્વથા નિરહંકારી બન્યો એ એની કૃતાર્થતા થઈ. કૃતાર્થને આશ્રય લેવાનો રહ્યો. તે છે દ્વાદશ સ્કંધ.

એકાદશ સ્કંધના અધ્યાય–૩૧; પદ્ય શ્લોક સંખ્યા–૧૩૭૭; અનુષ્ટુપ શ્લોક સંખ્યા ૧૪૭૪; ઉવાચ–૧૧૯.

દ્વાદશ સ્કંધ :– આશ્રયલીલા ભગવાનનો વામ હસ્ત

શ્રીમદ્ ભાગવતનો આશ્રય કરવાથી પરીક્ષિત રાજાને પરમપદની પ્રાપ્તિ થઈ. શ્રીમદ્ ભાગવત ભગવાનનું જ નામ સ્વરૂપ છે જેથી ભાગવત અને ભગવાન બન્ને એકજ બને છે. સાકર અને આકારનું પ્રથમ દૃષ્ટિએ જોતાં બે દેખાય છે પરંતુ જીભ ઉપર મુકતાં બંને બન્ને અદૃશ્ય થઈ જાય છે. અને કેવલ 'માધુર્ય' અથવા મધુરરસ એક જ વસ્તુનો અનુભવાય છે. ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ છે. શ્રીમદ્ ભાગવત પણ પૂર્ણાનંદના રસથી ભરપૂર છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જ્યારે એનું અવલંબન લેવાય છે ત્યારે અવલંબન લેનાર પણ ભગવદ્રૂપ નિમગ્ન થઈ જાય છે. એની આશ્રય સિદ્ધિ છે. એ આશ્રયલીલાનાં પાંચ પ્રકરણ છે અને એકત્રીશ અધ્યાયો છે.

દ્વાદશ સ્કંધનો અધ્યાયો–૧૩; પદ્ય શ્લોક સંખ્યા–૫૬૯૫; અનુષ્ટુપ શ્લોક સંખ્યા ૬૧૩; ઉવાચ ૪૯.

ઉપરોકત ચર્ચાથી મહાપુરાણના લક્ષણની દૃષ્ટિએ શ્રીમદ્ ભાગવતનો વિચાર કર્યો. અને બાર સ્કંધનો સમન્વય કર્યો. પ્રથમ બે સ્કંધ ઉપોદ્ઘાત રૂપે અને બાકીના દશ સ્કંધ મહાપુરાણની સર્ગ, વિસર્ગ વગેરે લક્ષણો પ્રમાણે તે તે વિષયોનું નિરૂપણ કરનારા છે. આ એક તત્વવિવેચકની દૃષ્ટિને સંતોષવાની સામગ્રી છે. વાસ્તવિક રૂપે તો શ્રીમદ્ ભાગવત રસરૂપ ભગવાન છે. અત્યાર સુધી શ્રીમદ્ ભાગવતને શાસ્ત્ર, વેદ અને પુરાણ રૂપે વિચાર્યું અને ત્રણે એક જ વસ્તુ છે કે એક જ તત્વનું નિરૂપણ કરનારી વિદ્યા છે. એટલો નિર્ણય કર્યા બાદ શ્રીમદ્ ભાગવતનો આનંદ અનેક પ્રકારે લેવા જેવો છે તે જોઈ એ.

શ્રીમદ્ ભાગવત અને યોગ શાસ્ત્ર.

સંપ્રજ્ઞ યોગ અને નિર્બીજ યોગ એવા બે પ્રકારો યોગના માન્યા છે. સાકાર નિરાકારના ભિન્ન મતોને આધારે તે બે પ્રકારો બન્યા છે. પરંતુ ઉભયતોપ્ત ભાગવતમાંથી થઈ જાય છે. સંપ્રજ્ઞ નિર્બીજની વચમાં પ્રવેશ કરી બિરાજતી ભકિત યોગીને એના ભેદથી દૂર કરી દઈ અને તેના આનંદ સ્વરૂપનો જ આવિર્ભાવ કરાવી દે છે. ભકિત, જ્ઞાન અને કર્મ એ ત્રણે વિષયમાંથી કોઈ પણ વિષયનું નિરૂપણ કરતાં કે અવલંબન લેતાં કોઈ એકજ વિષયનું ત્યાં દર્શન નહી થાય. તે તત્વો ઓતપ્રોત દેખાશે અને આગળ વધતાં તો એક જ લાગશે. આ સર્વ ભેદો વિચાર દશાના છે. અનુભવ દશામાં તો વિચાર ઉચ્ચાર સર્વનો વિરામ છે. ત્યાં ભેદનું નિરૂપણ જ રહેશે નહી. યોગ પણ એ ત્રણેમાં અન્તર્ભૂત થઈ ને રહે છે એટલે "તત્વ દર્શન"ના કોઈ પણ ક્ષેત્રમાં યોગ તો સ્વાભાવિક રીતે આવશે.

શ્રીમદ્ ભાગવતમાં યોગ પ્રક્રિયા ખાસ બે સ્થાનોમાં અવશ્ય આવે છે તપસ્વીઓની તપશ્ચર્યાના નિરૂપણમાં અને 'તનુત્યાગ'ના અવસરમાં. વ્યાસ મહર્ષિજી પણ સમાધિમાં બિરાજીને જ શ્રીમદ્ ભાગવત સમાધિ ભાષાને પામ્યા છે. ભગવાનની સાથે તાદાત્મ્ય પામીને કે એકાગ્રતા પામીને જ રહસ્ય જ્ઞાન મેળવી શકાય છે. તેથી યોગ તો સ્વાભાવિક આવી જાય છે.

પ્રથમ સ્કંધના છઠ્ઠા અધ્યાયના નારદજીના ભગવત્સાક્ષાત્કારના પ્રકરણમાં **તસ્મિન્નિર્મનુજે રણ્યે પિપ્પલોપસ્થ આસ્થિતઃ** વગેરે પ્રસંગથી યમ, નિયમ, આસન વગેરેનું અવલંબન સિદ્ધ થઈ ચુકયું છે જ. ત્યાં સ્પષ્ટ ઉલ્લેખ કરવાની આવશ્યકતા ન હતી. કેવલ ભગવદ્ધ્યાનનો જ પ્રસંગ વર્ણવવો હતો તેથી **ધ્યાયતશ્ચરણામ્બોજં** ૧। ૬। ૧૭। આ શ્લોકમાં ભાવ સમાધિ વર્ણવી છે. ભાવ સમાધિ લાગતાં જ તેના પૂર્વાંગો સ્વતઃ સિદ્ધ થાય છે.

પ્રથમ સ્કંધના સાતમા અધ્યાયમાં વ્યાસ મહર્ષિ શ્રીમદ્ ભાગવતનો સાક્ષાત્કાર કરે છે. તે સમયે પણ ભકિતયોગ શબ્દનો ઉલ્લેખ છે. '**ભક્તિયોગેન મનસિ**।' પદ્યથી સૂચન મળશે.

પ્રથમ સ્કંધના નવમા અધ્યાયમાં ભીષ્મપિતામહના તનુવિસર્જનના પ્રસંગમાં '**કૃષ્ણે એવ ભગવતિ મનોવાગ્ દૃષ્ટિવૃત્તિભિઃ આત્મન્યાત્માનમાવેશ્ય** ૧। ૯। ૪૩ શ્લોકથી પ્રાણાયામ, પ્રત્યાહારાદિ સ્વતઃ સિદ્ધ થઈ જ ગયેલા દેખાય છે.

દ્વિતીય સ્કંધના પ્રથમ અધ્યાયના **શુચૌ વિવિક્ત આસીનોવિધિવત્ કલ્પિતાસને** ૨। ૧। ૧૬ શ્લોકથી ૧૯માં શ્લોક સુધી અને વિરાટ ચિંતન માટેની ભૂમિકાના વર્ણનમાં યોગના અંગોનો ઉલ્લેખ કર્યો છે. પુનઃ દ્વિતીય સ્કંધમાં બીજા અધ્યાયના ઓગણીસમા શ્લોકથી (૨। ૨। ૧૯) સદ્યોમુકિત અને ક્રમ મુકિતના પ્રકરણમાં યોગ પ્રક્રિયાનો સંકેત કર્યો છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તૃતીય સ્કંધના ૨૫મા અને ૨૮મા અધ્યાયમાં સખીજ યોગનો ઉપદેશ શ્રી કપિલ ભગવાને દેવહૂતિ માતાને કર્યો છે. ચતુર્થ સ્કંધમાં ચોથા અધ્યાયમાં સતીજીના દેહ ત્યાગ પ્રકરણમાં ૨૫ અને ૨૬મા શ્લોકમાં યોગ પ્રક્રિયાનો ઉલ્લેખ છે. શ્રી વિજયધ્વજજી અને શ્રી શુકદેવજી પોતાની ટીકાઓમાં યોગની પ્રક્રિયાનું ઉત્તમ પ્રકારે વર્ણન આ બે શ્લોકો ઉપર કરે છે. એકાદશ સ્કંધમાં ૧૩મા અધ્યાયમાં ૧૪મા અધ્યાયમાં હંસાવતાર દ્વારા સનત્કુમાર વગેરે મુનિઓને ઉપદેશ દીધો છે. ત્યાં યોગના અંગોનું અને અણિમાદિ સિદ્ધિઓનું વર્ણન કર્યું છે. અઢાર સિદ્ધિઓનો ઉલ્લેખ કર્યો છે. એક વિશેષતા યોગ વર્ણનના પ્રકરણમાં છે. યમ નિયમ યોગ શાસ્ત્રે પાંચ પ્રકારના વર્ણવ્યા છે, જ્યારે શ્રીમદ્ ભાગવત શાસ્ત્રના એકાદશ સ્કંધમાં અઠ્ઠાણુમા અધ્યાયમાં બાર પ્રકારના નિયમનું નિરૂપણ કર્યું છે.

૧ યમનિયમ નિરૂપણ: ૧૧-૧૯-૩૪માં છે. ઉદ્ધવજીએ પૂછેલા ૩૫ પ્રશ્નોનો શ્રીકૃષ્ણ ભગવાન પ્રત્યુત્તર આપે છે, એ પ્રકરણ છે.

૨) આસન નિરૂપણ:—शुचौ विविक्त आसीन-२।१।१६; शुचौ देशे प्रतिष्ठाप्य ૩-૨૮-૮.

પ્રાણાયામ નિરૂપણ:— प्राणस्य शोधयेन्मार्गं -૩।૨૮।૯ ब्रह्मबीजमविस्मन्-२।१।१७. શ્રીમદ્ ભાગવતમાં સગર્ભ પ્રાણાયામનો સંકેત છે. અગર્ભપ્રાણાયામ કરતાં સગર્ભ પ્રાણાયામથી શતાધિક લાભ થાય છે. પ્રાણાયામ સંબંધી વિચાર અનેક સ્થલે અને સારા પ્રમાણમાં કર્યો છે.

પ્રત્યાહાર નિરૂપણ :— नियच्छेद्विषयेभ्योऽक्षान्- २।१।१८ इन्द्रियाणीन्द्रियार्थेभ्यः ११।११।४२ ભાગવતમાં ધારણાના બે પ્રકાર છે. વૈરાજધારણા અને અન્તર્યામી ધારણા એવા પ્રકાર છે. અન્ય પુરાણો એને મૂર્ત અને અમૂર્ત એવી સંજ્ઞાથી આલેખે છે.

દ્વિતીયસ્કંધમાં બીજા અધ્યાયમાં આઠમા શ્લોકથી ધ્યાન ધારણા નિરૂપણ આવે છે. ધ્યાન નિરૂપણ તૃતીય સ્કંધમાં પણ અત્યંત આનંદપ્રદ અને ચિત્તપ્રસાદ શીઘ્ર થાય એવી રીતે કર્યું છે. "संचिन्तयेद् भगवतश्चरणारविंदे"-૩। ૨૮। ૨૧

સમાધિ નિરૂપણ : આજ પ્રકરણના ૩૪ થી ૩૬ શ્લોકોમાં આવે છે. તાત્પર્ય એટલું જ છે, યોગ ચિંતકોની માર્ગશૈલીને શ્રીમદ્ ભાગવતે એવી સરલ અને રસમયી રીતિમયી બનાવી કે તેઓ ભાગવતમાં નિત્યોપાસક બની જાય છે.

શ્રીમદ્ ભાગવત અને સાંખ્ય શાસ્ત્ર.

સાંખ્ય શાસ્ત્ર તો તૃતીય સ્કંધમાં કપિલ ભગવાનના અને દેવહૂતિ માતાના પ્રસંગના પ્રકરણમાં વિસ્તૃત પ્રમાણમાં વર્ણવાયેલ છે. વળી સાંખ્યયોગમાં બહુ અન્તર પણ નથી. બન્ને એક જ કોલના બે દલ છે.

શ્રીમદ્ ભાગવત અને મીમાંસા :

ભગવતી કર્મ મીમાંસાનો મનસ્તોષ શ્રીમદ્ ભાગવતના અનેક પ્રસંગમાં છે. શ્રી આદિવરાહ અથવા तस्मै नमः कारण सूकराय-૩। ૧૪। ૨૪ શ્લોકમાં કહેલા 'કારણ સૂકર' શબ્દ પ્રત્યે ધ્યાન ગયા વિના રહેશે નહીં. મત્સ્ય, કૂર્મ વગેરે અવતારોની સ્મૃતિમાં પણ કારણ મત્સ્ય અને કારણ કૂર્મ એવા જ ઉલ્લેખ આવે છે. ત્યાં જલમાં થનારાં જલચર પ્રાણીઓનો ઉલ્લેખ નથી કર્યો. અથવા તો ત્યાં ક્રમિક વિકાસ વાદીઓના ક્રમિક વિકાસનો ઉલ્લેખ વ્યાસજી નથી કરતા. એ બાબત તો કૂર્મ, મત્સ્ય વગેરે ભગવાનનો કયારે કયા કલ્પમાં આવિર્ભાવ થાય છે તેને વિચારીએ ત્યારે સમજાય છે. 'ક્રમવિકાસ' પ્રક્રિયા તો ત્યારે ત્યાં સ્વીકારાય કે મત્સ્ય અને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કૂર્મના પૂર્વમાં અન્ય દેવ માનવ ગન્ધર્વ આદિ સૃષ્ટિ ન હતી. કૂર્મ પ્રાદુર્ભાવ સમુદ્રમન્થન સમયનો છે અને મત્સ્ય પ્રાદુર્ભાવ સત્યવ્રતના રક્ષણ કાલનો છે. જેથી ઉપરોક્ત વિચાર શૈલી, યુક્તિ પ્રમાણ અને બુદ્ધિ સંમત નથી લાગતી. ડારવીન (Darwin) ત્યાં ભૂલો પડેલ છે.

કૂર્મ, વરાહ અને મત્સ્યને સમજવા માટે વેદ અને મીમાંસાનો આશ્રય લેવો પડે છે. તૃતીય સ્કંધમાં જિતં જિતં તેઽજિત યજ્ઞભાવન—વગેરે શ્લોકોથી ઋષિ પ્રવરો શ્રી વરાહ ભગવાનના સ્તવન નિમિત્તે યજ્ઞીય સ્વરૂપનું નિરૂપણ કરે છે. ભગવાન વરાહ વેદનું સ્વરૂપ છે. ત્રણ વેદોની આખી એક જ 'શબ્દાર્થ ક્રિયામયી તનુ' વરાહનું સ્વરૂપ છે. મીમાંસાના અધ્યયને તેનું ચિંતન કરી શકાય છે. દશમ સ્કંધમાં ૧૦।૨૩।૮ શ્લોકમાં વર્ણવેલી સૌત્રામણી યાગની ચર્ચા અને ૧૦। ૨૪।૧૩મા શ્લોકથી વર્ણવેલી કર્મફલ મીમાંસા એ વિચક્ષણોના ચિત્તને ચિંતનમય સ્થિતિમાં મુકી દે છે. મીમાંસાને શ્રીમદ્ ભાગવતથી પરિતૃપ્તિ થાય છે. આ વિષયમાં મીમાંસકોને પણ થોડા વિચાર કરતા વ્યાસજીએ કરી મુકયા છે.

શ્રીમદ્ ભાગવત અને ધર્મશાસ્ત્ર :—

સામાન્ય ધર્મ અને વિશેષધર્મ એવા સર્વત્ર ધર્મના બે વિભાગ લોકવ્યવહાર અને સમાજ જીવનમાં વણાયેલા દેખાય છે. એક માનવે માનવ માટે અથવા પ્રાણીમાત્ર માટે કેમ વર્તવું અને પોતાના વિશિષ્ટ કાર્યક્ષેત્ર પ્રમાણે કેમ વર્તવું એનાં બંધારણ (Constitution) ઘડાયાં છે, તે ઘડીએ ઘડીએ બદલાયાં અને બદલાશે. સર્વજ્ઞોના અને સર્વથા પક્ષપાતથી રહિત સહૃદયોના હાથે કે સર્વેશ્વરના સંકેતે જો તે ઘડાય તો તે વિશ્વને માફક આવે છે. ધર્મશાસ્ત્ર વિશ્વમાત્રને માફક આવનારૂં મધુર જીવન બંધારણ છે. જ્યોતિષ, આયુર્વેદ, અધ્યાત્મજ્ઞાન, એ ત્રણેના નિચોડમાંથી નિર્માણ પામેલા "હિતપૂર્ણ" જીવન જીવવાનો ઉપાય અને જીવન નિર્માણનો માર્ગ ધર્મશાસ્ત્ર છે.

શ્રીમદ્ ભાગવતના પ્રથમ સ્કંધમાં, સપ્તમ સ્કંધમાં, એકાદશ સ્કંધમાં તત્ તત્ સ્થલે તેનો સંક્ષિપ્ત અને વિસ્તારથી ઉલ્લેખ કર્યો છે જ.

પ્રથમ સ્કંધના સોળમા અધ્યાયના ધર્મ અને ધરણીમાતાના વાર્તા પ્રસંગમાં શ્લોક ૨૬ થી ૨૯ સુધીમાં સર્વ સામાન્ય ધર્મનું નિરૂપણ કર્યું છે. માનવે કોઈપણ ઉત્તમ કક્ષા મેળવવી હશે તો આ પ્રસંગમાં દર્શાવેલા ધર્મના પ્રથમ આચરણ વિના મહત્ત્વ સિદ્ધિ સફલ નથી. પ્રથમ સ્કંધના સાતમા અધ્યાયમાં અશ્વત્થામાજીના વિમોચન પ્રસંગની દ્રૌપદીજીની ધર્મ, ન્યાય, દયા, નિષ્કપટભાવ, દુઃખસમત્વ, મહત્વની દૃષ્ટિએ જે ચર્ચા કરી છે તે ક્ષમા અને કરૂણાની ચરમ સીમા સમી છે. જીવદયાથી આગળ વધીને ભૂતદયા સુધી દયાના ક્ષેત્રમાં શ્રીમદ્ ભાગવત લઈ જાય છે.

સપ્તમ સ્કંધના ૧૧થી ૧૫ અધ્યાયોની 'ધર્મ પંચાધ્યાયી' એવી સંજ્ઞા છે. ભૂગોલ પંચાધ્યાયી, ખગોલ પંચાધ્યાયી, રાસ પંચાધ્યાયી, પુરંજન પંચાધ્યાયી અને ધર્મ પંચાધ્યાયી શ્રીમદ્ ભાગવતમાં વર્ણવી છે, તે લક્ષ્ય દોર્યા વિના રહેતી નથી. સપ્તમની ધર્મપંચાધ્યાયીએ સામાન્ય, વિશેષ એવા બન્ને પ્રકારના ધર્મોનું નિરૂપણ કર્યું છે.

એકાદશ સ્કંધના ૧૭ અને ૧૮ અધ્યાયોમાં પણ ધર્મની ચર્ચા કરે છે. આ ધર્મોપદેશ ઉદ્ધવજીને ભગવાને કરેલો છે. એના ઉપસંહારમાં કહ્યું કે एतत्तेऽभिहितं साधो भवान्पृच्छति यच्च माम् । यथा स्वधर्मसंयुक्तो भक्तो मां समियात् परम्-૧૧-૧૮-૪૮ કોઈ પણ સ્વધર્માનુસારી જીવનજીવી ભક્ત ભગવાનને પામી શકે છે.

જો એક સૂક્ષ્મ નજરે અવલોકન કરીએ તો શ્રીમદ્ ભાગવતમાં આદ્યંત 'નિષ્કપટ ધર્મનું' જ નિરૂપણ થશે એવી धर्मः प्रोज्झित कैतवः વાક્યમાં મંગલાચરણના બીજા શ્લોકમાં પ્રતિજ્ઞા જ કરી છે. ચતુર્થ સ્કંધના એકત્રીસ અધ્યાયના ચાર પ્રકરણોમાં ધર્મ, અર્થ કામ અને મોક્ષ નામના ચાર પ્રકારના પુરૂષાર્થો કેવી રીતે સિદ્ધ થાય અને જીવી શકાય તેનું ચરિતો સાથે નિરૂપણ કર્યું છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તેવું જ પંચમ સ્કંધમાં છે. જ્ઞાનીપરમહંસ શ્રી ઋષભદેવજી અને ભક્તપરમહંસવર્ય શ્રીભરતલાલજી મહારાજશ્રીનું જીવન અને કવન પ્રત્યેકને હંસ દીક્ષામાં અને સંતધર્મની જીવનચર્યામાં પ્રેરક અને બોધક છે.

અષ્ટમ સ્કંધની તો મન્વન્તર અથવા સદ્ધર્મ એવી સંજ્ઞા છે જ. અષ્ટમસ્કંધના ચાર પ્રકરણોમાં તે સ્પષ્ટ થાય છે. આપત્તિમાં હરિસ્મરણ, સમ્પત્તિમાં સર્વદાન, વિપત્તિમાં વચન પાલન અને અભય પ્રાપ્તિ માટે પ્રપત્તિ– આ પ્રકારના વિભાગથી સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે જ.

સંક્ષેપમાં, લોકધર્મ, વેદધર્મ, અને પરમધર્મ એવા ત્રણ પ્રકારે શ્રીમદ્ ભાગવતમાં ધર્મનું નિરૂપણ છે. પરમ ધર્મ એટલે જેઓ તદીય બની ગયેલ છે, અનન્ય બની ગયેલ છે, તેઓની મંગલમયી ચર્યા.

ભગવદીયના ધર્મનું નિરૂપણ, વર્ણાશ્રમના ધર્મનું નિરૂપણ, વૈદિક ધર્મોનું નિરૂપણ વગેરે તો અન્યત્ર પણ મળશે, જ્યારે શ્રીમદ્ ભાગવતમાં તો ભગવાનના ધર્મોનું નિરૂપણ છે તે તો અપૂર્વ વિષય છે. શ્રી વ્રજવિધુ રસરાકેશ શ્રી કૃષ્ણચંદ્રજી વ્રજવધૂઓને નિજ દૈન્યનાં વિતરણ કરે છે કે હું તમારાં ઋણમાંથી મુકત થવા વિધિનુ– બ્રહ્માનું આયુષ્ય લઈ પ્રયત્ન પાંગરું તોયે પાર ન પામું, આવું કૃપામાધુર્ય કયાં મળશે ?

પરમ ભગવદીયોનો પરોપકાર એ તો પરમ ધર્મ છે. એનો વિવેક શ્રીકૃષ્ણ ભગવાને **पत्रपुष्पफलच्छाया** ૧૦।૨૨।૩૪ મા શ્લોકમાં બતાવ્યો છે. એક વૃક્ષનાં પાન, પુષ્પ, ફલ વગેરે બાર અંગો છે. તે બધાં જ પરાર્થ વપરાય છે. વૃક્ષોનાં પત્રો સંતના મસ્તકના કેશ છે, તે દવા કે દિવ્ય મંગલોમાં તોરણ તરીકે વપરાય છે. ઉચિત છે કે માનવ એવી રીતે બાર અંગોથી પરોપકારપૂર્ણ જીવે.

શ્રીમદ્ ભાગવત અને વ્યાકરણ મીમાંસા :-

રસની વાસ્તવિક અનુભૂતિ વ્યાકરણ શાસ્ત્રથી છે. કાવ્યની રીતિઓને અનુસરીને શ્રીમદ્ ભાગવતમાંથી તો મહાકાવ્ય તરીકેનો ભલે રસ મળે પરંતુ વિના વ્યાકરણના અવલંબને યથાર્થ રસાનુભૂતિ કેમ થઈ શકે ? શ્રીમદ્ ભાગવતમાં અનેક પાઠો જ્યાં મળે ત્યાં નિર્ણાયક વ્યાકરણ શાસ્ત્ર બને છે. કયાં કયા પદનો નિવેશ કરવો ? આત્મનેપદ પરસ્મૈપદ ક્રિયા અને કૃદન્તો કયાં લેવાં ? એની રસાલ્હાદકતા તો ભાગવતમાંથી હરેક પદે મળે છે.

દ્વિતીય સ્કંધમાં **चीराणि किं पथि न सन्ति दिशन्ति भिक्षां "नैवाङ्घ्रिपाः" परभृतः सरितोप्यशुष्यन्**–૨।૨।૫મા શ્લોકમાં વૃક્ષો માટે 'અંઘ્રિપ' શબ્દ વાપર્યો છે. કોઈ કાવ્યકારને 'કટુશ્રવત્વ' લાગે જો વ્યાકરણની ગેડ ન જડે. એ માને તરૂ શબ્દ કેટલો કોમળ છે. વૈયાકરણ કહે 'અંઘ્રિપ' શબ્દ કેટલો રસાળ છે! અંઘ્રિ એટલે પગ અને 'પૃ' એટલે પગથી પીનારાં– મૂલથી જલપાન કરી જીવન નિર્વાહ કરનારાં વૃક્ષો છે. તેથી તેઓને 'અંઘ્રિપ' કહ્યાં. માનવ માત્ર હાથ મુખનો ભોજન સમયે ઉપયોગ કરે છે. જે અંગથી ભોગ કર્યો તે અંગ દાન માટે, સેવા માટે ઉચ્છિષ્ટ થયાં. સેવામાં તે કેમ વપરાય ? વૃક્ષો પોતાની શાખારૂપી કોમલ અંગૂલિઓની અંજલિઓમાં ફલ અને ફૂલોને ભરી ભેટ કરે છે. જો તેઓ શિખાથી જલપાન કરે તો તે ઉચ્છિષ્ટ થયાં. તેનાથી દાન કેમ કરી શકે ? માટે પોતાના પગથી પાન કરી અને અખંડ પોતાની શાખાંજલિઓથી દાન જ કર્યા કરે છે આવી સૂક્ષ્મ રસમીમાંસા વ્યાકરણ દ્વારા મળે છે. તે વ્યાસજીની અપૂર્વ શબ્દ સિદ્ધિ છે.

'પૂતનાનો દેહ જમીન ઉપર પડયો અને છ માઈલના પ્રદેશના વૃક્ષોને ભાંગ્યાં'—એ કથા પ્રસંગમાં **पतमानः** પડતા એવા દેહે વૃક્ષોને ભાંગ્યાં એવો ઉલ્લેખ કર્યો છે. ત્યાં પરસ્મૈપદ **'पतत्'** એવા કૃદન્તનો ઉપયોગ કરી શકાય છે. તો **पतमानः** એવા આત્મનેપદના પ્રયોગમાં બે અક્ષરો વધારે શા માટે વાપરવા ? એ પ્રશ્નના ખુલાસામાં કહ્યું કે ક્રિયાનું ફલ બીજાને મળે ત્યાં 'પરસ્મૈપદ' વપરાય અને ક્રિયાનું ફલ જ્યાં પોતાને મળે ત્યાં 'આત્મને પદ' વપરાય. પૂતનાના દેહના પડવાથી જે વૃક્ષો ભાંગ્યાં છે તે વૃક્ષો પૂતનાના જ દેહના દાહ કરવામાં વપરાશે. એ વૃત્તાંત છે એનો ઉલ્લેખ કરવા બે શ્લોકો વાપરવા તેના કરતાં "બે અક્ષરો" માં કહેવાય તો કેવું સારૂં ? વૈયાકરણ પરિમિત, પરિશુદ્ધ અને પૂર્ણ સંગત ભાષી અને લેખક હોય છે એ બાબત ભાગવતમાંથી શબ્દાર્થ રસિકને જોવા મળશે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વધુ એક પ્રસંગ લઈએ –વિસ્તાર, લખતાં રોકે છે. ૬।૧૧।૨૪ શ્લોકથી વૃત્રાસુર ચતુઃશ્લોકી શરૂ થાય છે. ત્યાં **दासानुदासो भवितास्मि, मनःस्मरेत , गृणीतवाक्, कर्म करोतु** આ પદોમાં હે નાથ, હું દાસાનુદાસ બનું ત્યાં પરસ્મૈપદ છે. કારણ કે, ત્યાં સેવાનું સુખ સ્વામીને આપવાનું છે. સેવકે નથી લેવાનું તે દર્શાવે છે. મનઃ સ્મરણ કરે તેનો આનંદ સ્મરણ કરનારને છે તેથી આત્મનેપદ છે. 'કાયા કર્મ કરે' એ સ્થાને પરસ્મૈપદ છે. ક્રિયાનું ફલ ત્યાં ભગવાનને મળવાનું છે શ્રીમદ્‌ભાગવતની રચનામાં વૈયાકરણો તો અત્યંત મુગ્ધ બને છે.

શ્રીમદ્ ભાગવત અને જ્યોતિષ :—

ગણિત અને ફલિત જ્યોતિષના અન્વેષકોને ભાગવત પુષ્કળ પ્રમાણમાં મનસ્તોષ આપે છે. જ્યાં જ્યાં ભગવાનના અને મહાપુરુષોના અવતારો દર્શાવ્યા છે, ત્યાં ત્યાં તેમની કુંડલીઓ દર્શાવી છે. પરંતુ એવી ચતુરાઈથી દર્શાવી છે કે તેના નિષ્ણાતને જ તે જડે. પરીક્ષિત રાજાના જન્મ સમયે, શ્રી વામન ભગવાનના પ્રાદુર્ભાવ સમયે, ભગવાન શ્રી કૃષ્ણચંદ્રજીના પ્રાદુર્ભાવ સમયે વર્ણવેલા ગ્રહોથી જન્મકુંડલીનું નિર્માણ કરી શકાય છે.

શ્રી કૃષ્ણભગવાનના બાલ ચરિત્રોમાં પૂતનાવધ ક્યારે કર્યો, ભગવાનના ગૃહ્યગ્નિનિષ્ક્રમણ સંસ્કાર ક્યારે થયા તે પણ **कदाचिदौत्थानिककौतुकाख्ये** વગેરે વાક્યોથી જ્યોતિષ ધર્મશાસ્ત્રના સમન્વયથી જાણી શકાય છે. કલિયુગની પ્રવૃત્તિ કયારથી થઈ તેનો તો ખુલાસો "**तद्दिनात्कलिरायातः**" એ નિર્દેશથી નિર્ણય કરવામાં જ્યોતિષ શાસ્ત્રનું ખૂબજ માર્ગદર્શન માગી લે છે.

પંચમ સ્કંધનું ખગોલ નિરૂપણ ફલિત ગણિત ઉભયને વિચાર કરતું કરી મુકે છે. જો એટલું અનુસંધાન રહે કે આ દ્વિતીય સ્કંધમાં વર્ણવેલા ભગવાનના વિરાટ વર્ણનનો વિસ્તાર છે તો વિચાર વમળમાં નહી મૂકે. પંચમ સ્કંધના બાવીસમા અધ્યાયના ૧૧, ૧૨, ૧૩, શ્લોકોમાં વૃષ્ટિને રોકનારા ગ્રહોનું શુક્ર શમન કરે છે. બુધ જ્યારે સૂર્યથી જુદો પડે છે ત્યારે અતિચાર થવાથી ફોગટ વાદળની અને અનાવૃષ્ટિની સૂચના કરે છે. આ એક ફલિત દર્શન વિચાર કરવા જેવું છે.

બારમા સ્કંધમાં ભવિષ્યનો જે ઉલ્લેખ કર્યો છે, એ તો આજે પણ જ્યોતિષોને માટે એક કલિ પ્રારંભ કાલના નિર્ણયની ચાવી સમાન છે.

ભગવાન શ્રી કૃષ્ણચંદ્રની કુંડલી દશમસ્કંધના જન્મ પ્રકરણમાંથી જ બને છે. 'ખે માણિક્યે' આ ઉલ્લેખ કર્યો છે. આ કુંડલીની દૃષ્ટિએ ૫૦૬૪ ના વર્ષનો ખ્યાલ આવે છે. "**निशीथे तम उद्भूते**" આ પ્રાકટ્ય કાલના વાક્ય ઉપરથી કુંડલી બને છે.

શ્રી કૃષ્ણનો પ્રાકટ્ય કાલ નિશીથ. અર્ધરાત્રીનો સમય તે નિશીથ. એક મુહૂર્ત ૨ ઘડીનું, ૪૮ મિનિટનું હોય છે. જન્માષ્ટમીના દિવસમાં તો સિંહના સૂર્ય રહે છે, ત્યારે તો ૪૬, ૪૭, એ બે ઘડીનું નિશીથ કહેવાય છે.

શ્રીમદ્ વલ્લભાચાર્યજી શ્રીકૃષ્ણ જન્મના સમયે ૪૫–૪૬, એ બે ઘડીનું નિશીથ કહે છે, કારણકે દ્વાપરના ૧૨૫ વર્ષ બાકી રહેતાં તે સંધિ કાળમાં ભગવાન પ્રકટયા. ગણિતશાસ્ત્ર પ્રમાણે તે વખતે સૂર્યસ્પષ્ટ ૪–૧૯–૧ ગતિ, ૫૮–૮ અયનાંશ, ૨૪–૩૨– ૨૦ મથુરાના પલભા, તથા ચરખંડ ૬૦–૪૮–૨૦, ચરપલ ૩૨, દિનમાન ૩૧–૪, રાત્રિમાને ૨૮–૬૫, રાત્યર્ધ ૧૪–૨૮, નિશીથ ૪૫–૩૨ છે. સંભવ છે તે વર્ષે અધિક માસ અષાઢ હોવો જોઈએ. શ્રીમદ્ ભાગવતમાં લખ્યું છે કે અંધકાર ઊંચો ગયો. તેનું કારણ અષ્ટમીના અંત ભાગમાં ચંદ્રમાનો પ્રકાશ થયો, તે ૩૨ પળ પહેલાં થયો. ચન્દ્ર પ્રકાશનો ક્ષિતિજ સંયોગ થયો ત્યારે અંધકારની નિવૃત્તિ થઈ.

उच्चस्थाः शशि भौम चान्द्रिशनयो लग्नं वृषो लाभगो
जीवः सिंहतुलास्थितु क्रमवशात् पूषो शनोराहवः ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

नैशीथः समयोऽष्टमी बुधदिनं ब्रह्मर्क्षमत्रक्षणे
श्री कृष्णाऽभिधमम्बुजे क्षणमभूदाविः परं ब्रह्म तत् ॥

શ્રી સૂરદાસજી પણ કીર્તન કરે છે કે :-

नन्दज मेरे मन आनन्द भयो मैं सुनि मथुरा ते आयो ।
संवत्सर ईश्वरको भादो नाम जु कृष्ण धर्यो है ॥
रोहिणी बुध आठैं अंधियारी हर्षन योग पर्यो हे ।
वृष है लग्न उच्चके उडुपति तनके अतिसुखकारी ॥
चोथी राशी सिंहके दिनमणि महिमण्डल को जीतै ।
करी है नाश कंस मातुलको निहचै कछु दीन वितै ॥
पञ्चम बुध कन्या के शोभित पुत्र बढैंगे सोई ।
छट्ठ है शुक्र तुलाके शनियुत शत्रु बचै नहीं कोई ॥
केतु मूरतिमैं श्यामवरन चोरी में चित्त धर्यो हैं ।
भाग्यभवनमें मकर मही सूत अति ऐश्वर्य बढैगो ॥
नवनिधि जाके नाभि वसाहै मीन बृहस्पति केरी ।
तवहि नन्द महर आनन्दे गर्गमुनि पहिरायो ॥



શ્રીમદ્ ભાગવત અને છન્દ : શાસ્ત્ર :—

છન્દ શાસ્ત્રનો સર્વ સાહિત્ય ઉપર સારો ઉપકાર છે. ગદ્ય ગેય ન હોવાથી સ્મૃતિગત થવામાં કઠિનાઈ છે. વેદો અને શાસ્ત્રો સળંગ કંઠસ્થ અનેક તપસ્વી મેધાવી ઋષિઓની પાસેથી મળે છે. એમાં યાદશક્તિને ધન્યવાદ દેવા સાથે છન્દશાસ્ત્રની 'દેન' અવિસ્મરણીય જ રહી છે.

પ્રસંગાનુકૂલ છન્દોનું નિયોજન એ કવિ કૌશલ્ય છે. શ્રી ભાગવતમાં લગભગ ૩૫' થી વધુ છન્દોનો નિવેશ છે. જે રસને અનુકૂલ જે વૃત્ત લખવું જોઇએ તેજ પ્રકારે લીધેલ છે. તે સમાધિ ભાષાની સિદ્ધિ છે કે શ્રી વ્યાસજીની સમૃદ્ધિ છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શાર્દૂલવિક્રીડિત છન્દથી ભાગવતનો ઉપક્રમ થયો છે અને શાર્દૂલ વિક્રીડિત છન્દે શ્રીમદ્ ભાગવતનો ઉપસંહાર થયો છે. મીમાંસકોની નિબંધ રચનાની પ્રક્રિયાને નજરમાં રાખી શ્રીમદ્ ભાગવતને નિહાળતાં ઉપક્રમ-ઉપસંહાર, અભ્યાસ, અપૂર્વતા, ફલ, અર્થવાદ અને યુક્તિ નામનાં છએ મળીને અનતું આખું એક અંગ સળંગ શ્રીમદ્ ભાગવતમાં સચવાય છે.

ઓગણીસ અધ્યાયથી પ્રથમ સ્કંધને લીધો ત્યારે ઉપસંહારમાં ઓગણીસ અધ્યાય કેમ નહી, એવી એક ન જેવી પૃચ્છા થાય. પરંતુ ઉપક્રમ સવિસ્તૃત હોય છે, ઉપસંહાર સંક્ષિપ્ત હોય છે. જીવનના ઉપસંહાર સમયે પણ જો દીર્ઘસૂત્રી બન્યા તો ગૂમાવ્યું. ભીષ્મપિતામહની માફક ઉપસંહાર વિના વિલંબે કરી શકવાનું સામર્થ્ય મેળવવું જોઇએ.

આમ છતાં સમાપ્તિના ૧૨મા સ્કંધમાં ૧૯'મા શ્લોકે ગ્રન્થનો ઉપસંહાર કરીને તો પ્રથમ સ્કંધની ૧૯' સંખ્યાનું સન્માન જળવ્યું છે બારમા સ્કંધના ૨૦।૨૧।૨૨।૨૩। છેલ્લા ચાર શ્લોકો નમઃસ્કાર, ઉપકાર સ્મૃતિ અને ફલશ્રુતિના છે. ઉપસંહાર ૧૯ મા શ્લોકમાં છે. શ્રીમદ્ ભાગવતને पुराणाऽर्कोऽयं युगादितः સૂર્ય સ્વરૂપે આ શ્લોકમાં વ્યાસજી દર્શાવે છે. સૂર્ય કેશરી છે શાર્દૂલ પણ કેશરી છે. એક સૂર્ય તો આભના અંધકારને હરે છે અને આ શ્રીમદ્ભાગવત સૂર્ય અન્તરાકાશના અંહકાર અંધકારને દૂર કરે છે. સૂર્ય તિમિરને હરે છે. શ્રીમદ્ભાગવત તો તમસ્તિમિરને હરે છે. એવા અનેક આશયથી શાર્દૂલવિક્રીડિત છન્દથી ગ્રન્થારંભ કર્યો છે. શાર્દૂલ છન્દનો પ્રથમ ગણ 'મગણ' છે. ત્રણ ગુરૂ જેમાં હોય તે મગણ છે. મગણ મંગલાર્થક છે તેથી શ્રીમદ્ભાગવત વિશ્વના મંગલ માટે છે. એ વ્યાસ મહર્ષિજીનો આશય છે.

यं प्रव्रजन्तमनुपेतमपेतकृत्यं આ શ્લોકનું વૃત્ત વસંતતિલકા છે. વ્યાસજીના રસાત્મા કુંજવિહારીજી સ્તુતિ કુંજગલીઓમાં વિહરતા હોય છે પરંતુ વસંતતિલકા રસલતાકુંજ મંડપમાં તો જાણે શ્રી સ્વામિનીજીની સાથે જ વિહરતા હોય એમ લાગે છે. ભક્તના હૃદયની આર્દ્રાવસ્થા વસંતતિલકા છન્દને ગાતાં જ થઈ જાય છે. જ્યારે જ્યારે વ્યાસજી ભાવોદ્રેકમાં મુકાય છે ત્યારે તેઓ વસંતતિલકાના અવલંબને સ્તુતિ રસમાં ઉતરી પડે છે.

"मैवं विभोऽर्हति" ૧૦।૨૯।૩૧ મા શ્લોકથી અગીઆર શ્લોકોમાં શ્રુતિ સ્મૃતિ સ્વરૂપા શ્રી વ્રજ સુંદરીઓની વિજ્ઞપ્તિ વસંતતિલકામાં છે. ભગવાન એમની સ્તુતિથી સ્વવશ છતાં સ્વજનવશ બને છે.

"संचिन्तयेद् भगवतः चरणारविन्दं" ૩।૨૮।૨૧। મા શ્લોકથી ઓગણીસ શ્લોકોની ભગવત્સ્વરૂપના ધ્યાન ધારણામાં ડૂબી જતા ભક્ત હૃદયને ભગવાનની શોધ કરવા નથી જવું પડતું પરંતુ ભગવાન એના હૃદયમાં બિરાજી પોતે સ્નેહાસ્વાદન કરે છે.

"योन्तः प्रविश्य मम वाचमिमां प्रसुप्तां" ૪।૯। ૬ ઠ્ઠા શ્લોકથી થતી ધ્રુવજીની બાર શ્લોકોની સ્તુતિમાં જાણે બાળક ધ્રુવકુમારના હૃદય મંદિરનું બાલ મુકુન્દ સ્વયં માર્જન કરીને પોતાના મંગલ સ્વરૂપની અચલ પ્રતિષ્ઠા કરતા હોય એમ અનુભવાય છે.

यत्रोद्यतः क्षितितलोद्धरणाय ૨।૭।૧ લા શ્લોકથી ઓગણપચાસ શ્લોકોમાં ભગવદવતારોનું ગાન કરીને ધ્યાનના ફલનું દાન વ્યાસ મહર્ષિજી કરી રહ્યા છે. પ્રત્યેક અવતારના સ્તવનમાં પ્રત્યેક ભગવદ્ વિગ્રહનો સાક્ષાત્કાર થાય છે.

"बर्हापीडं नटवरवपुः" ૧૦।૨૧। ૫૨ મા શ્લોકમાં શ્રી વેણુધરની સ્વરૂપ મધુરિમાનો સાક્ષાત્કાર મન્દાક્રાન્તા છન્દમાં કરાવ્યો છે. પ્રાયઃ ભગવાનના સ્વરૂપનું વર્ણન મન્દાક્રાન્તામાં કરે છે જ્યાં ભક્ત તે સ્વરૂપનું શ્રવણ કરતો ત્યાં જ ધ્યાનસ્થ થઈ જાય.

बिभ्रद्वेणुं जठरपटयोः ૧૦।૧૩। ૧૧ મા શ્લોકમાં સખામંડળમાં બિરાજમાન વ્રજરાજ કિશોરની વર્ણવેલી આંખીમાં આંખલડી અને અન્તઃકરણ ડૂબી જાય છે. પુનઃ પુનઃ એની જ ઝંખના કરે છે. એ છન્દ છે મન્દાક્રાન્તા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

"क्षौमं वासः पृथुकटितटे" ૧૦। ૯। ૩ જા શ્લોકમાં વર્ણવેલી દધિમન્થનલીલામાં મસ્ત બનેલી માતેશ્વરી યશોદાજીની સ્વરૂપ ઝાંખી તો મનોમન્થન કર્યા વિના રહી શકતી જ નથી. વર્ણવાતા એક એક અંગ ઉપર ઠરી ગયેલી આંખને અન્યાન્ય અંગોમાં લઈ જવાનો જાણે વ્યાસજીને ભારે શ્રમ થઈ પડે છે. મનની વૃત્તિ જ્યાં મંદ બની જાય છે ત્યારે જ ત્યાં મન્દાક્રાન્તા છન્દ આવી જાય છે.

"पादन्यासैर्भुजविधुतिभिः" ૧૦। ૩૩। ૮ મા શ્લોકમાં ચિત્તગત કરાતા રસરાજના રાસચિત્રથી ચિત્રવિચિત્ર ચિત્તવાસનાઓ એક ચિત્ત થઈ જાય છે. મન્મથનું સર્વાંગ મન્થન કરી મનોદેશમાંથી એનો દેશનિકાલ કરી દેવાના ઉદ્દેશને સૂચવતો મન્દાક્રાન્તા છન્દ જાણે લીધો છે. ધીરે ધીરે વિજય પામતો વીર જીતેલા દેશ ઉપર પોતાનું જાણે આક્રમણ કરી એક સમયે સારા પ્રદેશને સર કરતો હોય એવી ભૂમિકા આ કામવિજય લીલામાં આપ્તકામ શ્યામસુંદરની લાગ્યા વિના નથી રહેતી.

"जयति तेऽधिकं" ૧૦। ૩૧। માં ગવાતો ગોપીગીતનો રાજહંસી રાજહંસિકા અથવા પ્રચલિત લલિત છન્દ શ્રીમદ્ભાગવતમાં એકજ સ્થાને મુકવામાં આવ્યો છે. એવું અન્ય છન્દો માટે ભાગ્યે જ બન્યું છે. અનેક ખૂબીઓથી ભરેલો આ છન્દ છે. લલિત છન્દના ચારે ચરણોમાં બીજો અક્ષર એક સરખો જ આવે છે. "જય, જય-દયિત-ત્વયિ આ તેના નમૂના છે. પ્રથમ અક્ષર અને સાતમો અક્ષર ચારે પદોમાં એક સરખો આવે છે. જય માં, જન્મ માં જ પ્રથમાક્ષર છે. લલિત છન્દમાં વિરામ છઠ્ઠે અક્ષરે અને અગીઆરમે અક્ષરે આવે છે. પરંતુ સળંગ ગાવામાં આવે તો પણ યતિભંગ જેવું નથી થતું. વિશેષમાં રાજહંસિકા દરેક રાગિણીઓમાં ગવાય છે.

એવોજ આર્યા છન્દ તરીકે ગણાતો નર્કુટક અથવા નર્દટક છન્દ વેદ સ્તુતિમાં લીધેલ છે. જે ભાગવતમાં એક જ ઠેકાણે છે. શ્રુતિગીત અને ગોપીગીત ભાગવતની અનોખી સંપત્તિ છે. એકમાં પ્રેમરસ સભર ભર્યો છે. અન્ય જ્ઞાન રસથી તરબોળ છે, છતાં ઉભય એક જ 'રહસ્ય' ને ગાય છે.

શ્રીમદ્ ભાગવતમાં અનુષ્ટુપ, ઇન્દ્રવજ્રા, ઉપેન્દ્રવજ્રા. વંશસ્થ અને વસંતતિલકા છન્દો વધુ પ્રમાણમાં મળે છે. યુગલ ગીતનો "સ્વાગતા" છન્દ છે. વેણુગીત 'વસંતતિલકા'માં છે.

હરે તવાङ्घ्रिपंकजं ૭। ૮। ૫૧ માં પ્રમાણિકા છંદ.

एवं राजा विदुरेणानुजेन ૧। ૧૩। ૨૮ માં શાલિની

दृष्टः किं नो दृग्भिरस- ૪। ૭। ૩૭ માં વાતોર્મી

स्वागतं ते प्रसीदेश तुभ्यं नमः ૪। ૭। ૩૬ સ્તાવિણી

पिबन्ति ये भागवत आत्मनः सताम् ૨। ૨। ૩૭ ઇંચિરા.

जगदुद्भवस्थितिलयेषु ૪। ૭। ૩૯ મંજુભાષિણી

अंशांशास्ते देव मरीच्यादयः ૪। ૭। ૪૩ મત્તમયૂર

इदमप्यच्युत विश्वभावनं ૪। ૭। ૩૨ ઔપચ્છન્દસિક

આવા ઓછા વપરાતા છન્દો શ્રીમદ્ભાગવતમાં વપરાયા છે. દરેક પ્રસંગે વપરાતા છન્દની સંગતિ વિચારીએ તો એક સ્વતંત્ર ગ્રંથ થઈ શકે એમ છે. એક વાત ધ્યાનમાં આવ્યા વિના નથી રહેતી. આવા છન્દોનો સમૂહ સામૂહિક સ્તુતિમાં મુકીને સ્વભાવના છન્દ જગતમાં જુદા જુદા હોય છે તેનો પણ સંકેત કર્યો છે. ચતુર્થ સ્કંધના સાતમા અધ્યાયમાં, સપ્તમના ૮ મા અધ્યાયમાં, દશમના ૯૦ મા અધ્યાયમાં જુદી જુદી સ્તુતિ કર્તાઓની સ્તુતિનો સમૂહ આવે છે. ત્યાં બધા છંદોનું એક સાથે દર્શન થાય છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રીમદ્ ભાગવત અને ભૌતિક વિજ્ઞાન :—

શસ્ત્ર અને અસ્ત્ર એવા બે પ્રકારની યુદ્ધ સામગ્રીઓ છે. પુરાણો અને વેદોમાંથી ઉભય પ્રકારની સામગ્રીનું વર્ણન મળે છે. દૂરથી જે ફેંકાય અને વિજય પ્રાપ્ત કરાય એને અસ્ત્ર કહ્યાં છે. હાથોહાથ સાધન લઈ યુદ્ધ કરીએ તેને શસ્ત્રમાં ગણ્યાં છે. અર્જુનજીના અને અશ્વત્થામાના યુદ્ધ પ્રસંગમાં આઠ પ્રકારના બ્રહ્માસ્ત્રનો ઉલ્લેખ કર્યો છે. એ સિવાય યુદ્ધ માત્રના નિરૂપણમાં અસ્ત્રશસ્ત્રની પુષ્કળ સામગ્રીનો ઉલ્લેખ આવે છે.

યુદ્ધનાં હથીઆરો અસ્ત્રો પણ પ્રત્યેક યોદ્ધાઓના પૃથક્ પૃથક્ નામવાળાં આવે છે. તેઓનાં વાહનોનો ઉલ્લેખ આવે છે ત્યારે બાજ, મયૂર મૂષક, શરભ, બક વગેરે નામો આવે છે. આ પ્રસંગ સ્કંધ ૮, અધ્યાય ૧૦ ના ૯, ૧૦, ૨૯લોકોમાં વર્ણવેલો છે. આ ઉપરથી લાગે છે કે પોતાના યુદ્ધના વિમાનોના આવા આકારો અથવા નામો આપ્યાં હશે બ્રહ્માસ્ત્ર, જૃમ્ભકાસ્ત્ર, પાશુપત, આગ્નેય વગેરે અસ્ત્રોનું વર્ણન સ્કંધ ૧૦, અધ્યાય ૬૩, શ્લોક ૧૨, ૧૩, ૧૪ માં શ્રીકૃષ્ણ અને શંકરજીના યુદ્ધ પ્રસંગમાં આવે છે. ત્યારે લાગે છે કે આજની આપણી વિજ્ઞાન સિદ્ધિ તો હજી ઉત્કર્ષના પાયાનું ચણતર કરે છે. શ્રી કૃષ્ણભગવાનનું સુદર્શન ચક્ર તો સર્વોપરિ અસ્ત્ર હતું. વિમાનની સિદ્ધિ કર્દમ ઋષિની તપશ્ચર્યાનું સ્વરૂપ હતું. નવ માળના વિમાનના વિધાતા મુનિ કર્દમ હતા.

ભાગવત અને કૃષિ વિજ્ઞાન :—

જ્યારે જ્યારે આશ્રમોનાં અને ભગવદ્ ધામોનાં વર્ણન કરવામાં આવે છે ત્યારે સર્વઋતુઓનાં ફૂલ અને ફૂલ ઉપલબ્ધ થાય છે. એ કોઈ કવિની કલ્પના ન હતી પરંતુ ઋષિઓના શ્રમનો પણ ઉત્કર્ષ હતો.

ભાગવત અને આયુર્વેદ વિજ્ઞાન :—

રસાયણ, કાયૌષધિ અને શસ્ત્રક્રિયા એ ત્રણેમાં ભારત દેશ વિશ્વનો ધન્વંતરિ હતો અને વિદ્યાપીઠ હતો. યુવનાશ્વ રાજામાંથી માંધાતાનો જન્મ થાય એ કોઈ કલ્પના કે રૂપક નથી પરન્તુ શસ્ત્રક્રિયાનો ઇતિહાસ છે. વિશ્વામિત્ર અને વસિષ્ઠજી એ કાલના સમર્થ ધન્વંતરિઓ પણ હતા, મણિ, મંત્ર અને રસાયણથી લોકની મુશ્કેલીઓ ઉકેલતા હતા. "ઉદરમાંથી" "અશ્મક" નામની ધાતુના ઓજારથી શસ્ત્રક્રિયા (Operation) કરી 'અશ્મક' ને જન્મ આપવો અને ઇતિહાસ પણ આ સિદ્ધિને કાયમની બનાવવા માટે 'અશ્મક' એવું રાજાનું નામ રાખે એ સામાન્ય સિદ્ધિ કેમ મનાય! વિશ્વામિત્ર ઋષિ હરિશ્ચન્દ્ર રાજાનો 'જલોદર' રોગ પણ મટાડે, એ વનસ્પતિની સિદ્ધિનું અને મંત્ર સિદ્ધિનું બળ છે.

ભાગવત અને વ્યવહાર નીતિ :—

રાજા યુધિષ્ઠિરજીના રાજસૂય યજ્ઞની સફળતા એ તો શ્રી કૃષ્ણભગવાનની વ્યવહાર નિપુણતા છે. યોગ્યને યોગ્ય કાર્ય સોંપવું અને વિપક્ષી પણ જો યોગ્ય ગુણવાન કે કાર્યદક્ષ હોય તો તેનો પણ લાભ લેવો અથવા તેને પણ આદર દેવો એવી પરમોદાર નીતિ અન્યત્ર અસુલભ છે. કર્ણરાજને દાન વિભાગના અધ્યક્ષ બનાવવા અને દુર્યોધનરાયને કોષાધ્યક્ષ પદે યોજવા એ કોઈ સામાન્ય ઉદારતાનું દૃષ્ટાંત નથી.

શ્રીમદ્ ભાગવત ઉપર અનુરાગ, આદર, ટીકાઓ અને અનુવાદ :—

ભગવાનથી આરંભીને માનવ પર્યન્તનો શ્રીમદ્ ભાગવતમાં અનુરાગ છે. હિંદથી લઈ દેશવિદેશ પર્યન્ત એનું અધ્યયન, ચિંતન, સંશોધન અને આરાધન થાય છે. એની કોઈ મધુરિમા જ અજબ છે કે જે પશુપંખીઓને પણ અનુરાગ કરાવે છે. સૌથી પ્રથમ સ્વયં ભગવાનનો જ એના ઉપર અનુરાગ છે, જેથી બ્રહ્માજીના ચિત્તની શાંતિના રસાયણ તરીકે અને જ્ઞાનના વિધાન તરીકે બ્રહ્માજીને દાન કરે છે. ત્યારબાદ બ્રહ્માજી એનો જ મહિમા અને એજ ભાગવતનું પ્રદાન નારદજીને કરે છે. નારદજી પાસેથી વ્યાસજીને દીક્ષામાં કે ભિક્ષામાં ભાગવતની પ્રાપ્તિ થાય છે. તે જ રસાયણને મહર્ષિ કૃષ્ણ દ્વૈપાયન શિક્ષા અને દીક્ષામાં પરિવ્રાજક પતિ શ્રી શુકાચાર્યને ઉપહાર કરે છે. પૃથ્વીના પ્રત્યેક મનીષી તેનાં આદરપૂર્વક યુક્ત બની તેનાં પાન કરે છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મત્સ્ય પુરાણ – "यत्राधिकृत्य गायत्रीं वर्ण्यते" —આ શ્લોકથી શ્રીમદ્ ભાગવતની વ્યાખ્યા કરતાં કહે છે કે ગાયત્રીના અર્થથી જેનો પ્રારંભ થાય છે તે શ્રીમદ્ ભાગવત છે.

પદ્મપુરાણ – "अम्बरीषमुक्तप्रोक्तं नित्यं भागवतं शृणु" —આ વાક્યથી અંબરીષ રાજાને મુક્તિના સાધનમાં શ્રીમદ્ ભાગવત શ્રવણનું વિધાન કરે છે.

સ્કંદ પુરાણ — "ग्रन्थोऽष्टादश.....द्वादश स्कंध सम्मितः" આ શ્લોકથી શ્રીમદ્ ભાગવતની વ્યાખ્યા કરતાં હયગ્રીવ ચરિત્ર, બ્રહ્મવિદ્યા. અને ગાયત્રી અર્થના વિસ્તાર વાળાને ભાગવત માને છે.

ગરુડ પુરાણ – "अर्थोऽयं ब्रह्मसूत्राणां" – વગેરે શ્લોકોમાં ભાગવતનાં લક્ષણ અને મહિમા દર્શાવે છે.

નારદીય પુરાણ– "विरिञ्चे शृणु वक्ष्यामि वेद व्यासेन यत्कृतम्" વગેરે શ્લોકોથી શ્રીમદ્ ભાગવતની અનુક્રમણિકા દર્શાવી આ પુણ્ય ચરિત્રના શ્રવણથી મોક્ષ પ્રાપ્ત થાય છે, એવી નિષ્ઠાને વર્ણવે છે.

શ્રીમદ્ ભાગવતમાં સજાતીય પુરાણોનો અપૂર્વ અનુરાગ માટે અનન્ત શ્લોકાવલી મળે છે તે જોયું. હવે આચાર્યાનુરાગ જોઈએ. //

આચાર્યાનુરાગ :-

(૧) શ્રી શંકરાચાર્યજી મહારાજ :- ૨૫૦૦ વર્ષ પૂર્વમાં પણ આજથી વધુ અનુરાગ શ્રીમદ્ ભાગવતમાં હતો, એ ચોક્કસ છે. વર્ષોના પૂર્વની ગાથા છે. શ્રી ગૌડપાદાચાર્ય અદ્વૈતના ઉપાસક છે. શ્રી શંકરાચાર્યજીથી પૂર્વની ત્રીજી પેઢીએ હતા. શ્રી ગૌડપ દાચાર્યના શિષ્ય શ્રી ગોવિંદપાદાચાર્ય અને તેમના શિષ્ય શ્રી શંકરાચાર્યજી થયા. ઈ સ. પૂર્વે ૫૦૯ થી ઈ. સ. ૫૦૦ સુધીનો તેમનો સમય મનાય છે. શ્રી ટી. એસ. નારાયણે ઈ. સ. પૂર્વે ૫૦૯ નો સમય શંકરાચાર્યજીનો માન્યો છે. શ્રીયુત કાશીનાથ ત્ર્યંબક છઠ્ઠી શતાબ્દીમાં શંકરાચાર્યજીને સ્વીકારે છે. શ્રી ગૌડપાદાચાર્યજીએ માંડૂક્ય કારિકા, પંચીકરણ વ્યાખ્યા, તેમજ સાંખ્ય કારિકાની માહર વૃત્તિ અને ઉત્તર ગીતા ઉપર વૃત્તિ વગેરે ગ્રન્થો લખ્યા છે. માહર વૃત્તિમાં તેઓએ ભાગવતના "यथा पंकेन पंकाम्भः १-८-५२ અને "एष आतुर चित्तानां" ૧-૬-૩૫ વગેરે શ્લોકોનાં પ્રમાણો લખીને શ્રીમદ્ ભાગવતમાં શ્રદ્ધા વ્યકત કરી છે. વળી પંચીકરણની વ્યાખ્યામાં "जगृहे पौरुषं रूपम्" એવું શ્રીમદ્ ભાગવતના ૧-૩-૧ શ્લોકનું વાક્ય લીધું છે. ઉત્તર ગીતામાં तदुक्तं भागवते એવું વાકય લખીને "श्रेयः सृतिं" ૧૦-૧૪-૪ શ્લોકને પ્રમાણ તરીકે ટાંકયો છે. માંડૂક્ય કારિકામાં તો સંપૂર્ણ શ્રીમદ્ ભાગવતની અસર જણાય છે. શ્રીમદ્ શંકરાચાર્યજી સહસ્રનામાવલિના પ્રથમ શતકના પાંચમા નામની ટીકામાં "स आश्रयः परं ब्रह्म परमात्मा परात्परः" इति भागवते એવા વાકયથી ભાગવતને પ્રમાણમાં ટાંકે છે. વળી પ્રથમ શતકના પંચાવનમા નામ ઉપર પણ "पश्यन्त्यदो रूपमदभ्रचक्षुषा" –શ્લોકનો ઉલ્લેખ કરે છે. આ ઉપરાંત "સર્વ સિદ્ધાન્ત સંગ્રહ અને ચતુર્દશ મત વિવેક" નામના ગ્રન્થોમાં એમ પણ કહ્યું છે કે "परमहंसधर्मो भागवते"–પરમહંસ ધર્મોનો ઉપદેશ ભાગવતમાં શ્રીકૃષ્ણ ભગવાને ઉદ્ધવજીને કર્યો છે. આ વાકયથી પરમહંસ ધર્મનું સ્વરૂપ ભાગવતમાં લખેલ પોતાને અભીષ્ટ છે એમ દર્શાવે છે.

વળી "ગોવિન્દાષ્ટક"માં તો શ્રીકૃષ્ણ પ્રભુની બાલલીલાને ગાતાં ગાતાં પુલકિતકાય ભગવાન શંકરાચાર્ય બને છે.

આ શિવાય "પ્રબોધ સુધાકર"માં તો શ્રી શંકરાચાર્યજી બ્રહ્માજીના મોહનું, મોહનની બાલ લીલાઓનું ભાગવત કથાનુકૂલ ભક્તિભરી ભાષામાં વર્ણન કરી રસાસ્વાદન કરાવે છે.

(૨) શ્રી આનન્દ તીર્થાચાર્ય મહારાજ :—

પૂર્ણપ્રજ્ઞ, મધ્વ અને આનન્દ તીર્થ એવા ત્રણ સંકેતથી જાણીતા શ્રી મધ્વાચાર્ય ઈ.સ. ૧૧૯૯ માં થયા. તેઓએ શ્રીમદ્ ભાગવત ઉપર અનન્ય નિષ્ઠાથી "તાત્પર્ય નિર્ણય" નામની ટીકા લખી છે. વળી શ્રી ગીતાજીની ટીકામાં મહાભારત, પંચરાત્ર, મૂલ રામાયણ. અને શ્રીમદ્ ભાગવતને "પંચમવેદ" તરીકે વર્ણવે છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૩ શ્રી અભિનવ ગુપ્તાચાર્ય :—

કાશ્મીરના પ્રત્યભિજ્ઞા સમ્પ્રદાયના પ્રધાન આચાર્ય અભિનવ ગુપ્તજી દશમી શતાબ્દિમાં થયા છે. પોતાનો સમય તેઓએ **इति नवतितमेऽस्मिन् वत्सरेऽन्त्ये युगांशे। तिथिशशि जलधिस्थे मार्गशीर्षावसाने ॥** "બૃહત્પ્રત્યભિજ્ઞા વિમર્શની" નામના ગ્રન્થમાં દર્શાવ્યો છે. તેમણે ભગવદ્ ગીતા ઉપર એક ટીકા લખી છે. તેમાં ચૌદમા અધ્યાયના આઠમા શ્લોકની વ્યાખ્યામાં દ્વિતીય સ્કંધના કેટલાક અને એકાદશ સ્કંધનો એક શ્લોક પ્રમાણમાં ટાંકયો છે, કટ્ટર શૈવ શ્રી અભિનવ ગુપ્ત પણ ભાગવતમાં આદર ધરાવે છે.

૪ શ્રી ચિત્સુખાચાર્ય મહારાજ :—

ચિત્સુખી અથવા તત્ત્વદીપિકાના લેખક પંડિત શ્રી ચિત્સુખાચાર્યજી, શ્રી શંકરાચાર્યજી પછીથા ત્રીજા આચાર્ય છે. શ્રીમદ્ ભાગવત ઉપર તેઓની સ્વતંત્ર ટીકા છે. શ્રી મધ્વાચાર્ય, શ્રીધર સ્વામીજી અને શ્રી વિજયધ્વજજી વગેરે ચિત્સુખાચાર્યે કરેલી ટીકાના સંબંધમાં ચર્ચા કરે છે. કમભાગ્ય છે કે આજે તે ઉપલબ્ધ નથી.

૫ સ્વામી શ્રી શંકરાનંદજીએ

ગીતાજી ઉપર તાત્પર્ય બોધિની ટીકા લખી છે. તેમાં તેઓ એકાદશ સ્કંધના "**बन्धो मोक्ष इति व्याख्या**" વગેરે શ્લોકોને ટાંકે છે. શંકરાનંદજી મહારાજ શ્રી વિદ્યારણ્ય સ્વામીજીના ગુરુ થાય છે. શ્રી શંકરાનંદજીએ 'આત્મપુરાણ' રચ્યું છે. શંકરાનંદજી લગભગ બારમી શતાબ્દિમાં અને શ્રી વિદ્યારણ્યજી તેરમી શતાબ્દિમાં છે.

૬ પંડિત વર્ય બોપદેવજી

સમર્થ વિદ્વાન અને લેખક થઇ ગયા. ભાગવતના તેઓ સમર્થ ચિંતક હતા, તેમજ ભાગવતના આધારે તેમણે ત્રણ ગ્રન્થો લખ્યા છે. તેમનો સમય તેરમી શતાબ્દિનો છે. ઈ.સ. ૧૨૬૦માં દેવગિરિના યાદવ રાજા મહાદેવ થયા, અને ઈ.સ. ૧૩૯૯માં રાજા રામચન્દ્ર થયા. તેમના સમસ્તકરણાધિપતિ અને મંત્રી તરીકે શ્રી હેમાદ્રિ થયા. હેમાદ્રિએ 'ચતુર્વર્ગ ચિન્તામણિ' નામનો ગ્રન્થ લખ્યો છે. પંડિત શ્રી બોપદેવજીએ હેમાદ્રિજીના સંતોષ માટે પરમહંસ પ્રિયા, હરિલીલા અને મુક્તાફલ' નામના ગ્રન્થો રચ્યા છે, જે ગ્રન્થો ભાગવતના મૂલને લક્ષને રચેલા છે. 'હરિલીલા' ઉપર હેમાદ્રિએ 'વિવેક' નામની ટીકા લખી છે. વળી મુક્તાફલ ઉપર કૈવલ્ય દીપિકા નામની ટીકા લખી છે. હેમાદ્રિ અને બોપદેવ પંડિતના સમયે શ્રીમદ્ ભાગવતની પુષ્કળ પર્યાલોચનાઓ થતી હતી.

૭ ઈ. સ. ૧૧૯૧માં દિલ્હીશ્વર મહારાજા પૃથ્વીરાજ થયા. તેમના મંત્રી અને દરબારી કવિ શ્રી ચંદજીએ પૃથ્વીરાજનો રાસો લખ્યો છે. તેમાં એક કવિત લખ્યું છે કે **भागवत् सुनहि जो इकचित्त, तौ सराप छूट अक्रम ...कीर (शुकदेव) परिषत (परीक्षित) सम.** ભાગવત સાંભળવાથી શાપ છૂટે છે ભાગવતજીની સુરભિ આ રીતે સર્વત્ર પ્રસરી, એ કેવલ ભાગવતની અપૂર્વ રચનાનું ફળ છે.

પારસી, મુસલમાન, યુરોપિયન કે આર્યન—સર્વ કોઈ શ્રીમદ્ ભાગવત માટે રસ ધરાવે છે. જર્મનીમાં તો એનાં મુદ્રણ આપણને મુગ્ધ કરે તેવા કાગળોમાં મળે છે. ઈ. સ. ૯૭૭ના તબક્કામાં એક મુસલમાન વિદ્વાન અલ્બેરૂનીએ ભારતમાં રહી સંસ્કૃતનો અભ્યાસ કર્યો. અરબી ભાષામાં 'ભારતીય ધર્મ અને વિદ્યા" એ નામનો ગ્રન્થ લખ્યો છે. તેનો Alberuni's India નામથી અંગ્રેજીમાં અનુવાદ થયો છે. બાદ તેનું હિન્દી પણ થયું છે. એણે પુરાણ સંબંધી ચર્ચા કરતાં ભાગવત માટે મમત્વ વ્યકત કર્યું છે. આ રીતે ભાગવત સૌનું પ્રેમપાત્ર બની ચૂકેલ છે.

શ્રીમદ્ ભાગવતની એક હસ્તલિખિત પ્રાચીન પ્રત સંસ્કૃત વિશ્વ વિદ્યાલયમાં આ વખતે હિન્દુ વિશ્વ વિદ્યાલયમાં ભગવદ્ ગુણાનુવાદ ગાવા જવાના સુપુણ્યને લીધે જાણવા મળી. આ પ્રત મહામહોપાધ્યાય શ્રીવિન્ધ્યેશ્વરી પ્રસાદજીએ એક બંગાળી વિદ્વાન પાસેથી મેળવી છે. આ પ્રત ઈ. સ. પૂર્વની છે. ખરેખર દક્ષિણથી ઉત્તર અને પૂર્વથી પશ્ચિમ સુધીની ભાગવતની વ્યાપકતા જોતાં આજ કરતાં પણ તે સમયે ભાગવતનો અસાધારણ આદર હતો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રીમદ્ ભાગવત ઉપર હનુમતી, ચિત્સુખી, શ્રીધરી, મધ્વાચાર્યકૃત ભગવત્તાત્પર્યવલ્લભા, શ્રી સુબોધિનીજી, વીર રાઘવીયા, હરિલીલા, મુક્તાફલ, પરમહંસપ્રિયા, નિગૂઢકામધેનુ, સંબંધોક્તિ, તત્ત્વદીપિકા, શુકહૃદયા, સુદર્શિની, મુનિભાવ પ્રકાશિકા, પ્રહર્ષિણી, શ્રીધરી, વિજયધ્વજીયા, યાદુપતી, શ્રી નિવાસી, સત્ય ધર્મતીર્થી બૃહત્તોષિણી, લઘુતોષિણી, સંદર્ભ તોષિણી, સાર માધવી, વામની, એકનાથી, પુરષોત્તમી, બંશીધરી, બાલ પ્રબોધિની, ભક્ત મનોરંજની, અન્વયાર્થ પ્રકાશિકા—આટલી અને બીજી ટીકાઓ મળે છે. આજે લગભગ વીસ જેટલી ઉપલબ્ધ છે.

વિવિધ રીતે વિચાર્યા બાદ ભાગવતના પ્રતિપાદ્ય 'રસ' તત્ત્વનો વિચાર કરીએ. "**रसो वै सः**"—આ તો રસ છે, રસ એટલે ભાગવત.

(૧) કેટલાક માનવ શ્રદ્ધા અને મેધા એ બન્નેના સમન્વય સાથે જીવે છે. બુદ્ધિ જ્યાં સુધી તર્કથી જાય, ત્યાં સુધી તે તર્કથી વિષયને સંપૂર્ણ રીતે તપાસે અને સમજે. મેધા-બુદ્ધિમાં જ્યારે વિરામ આવે અને વધુ ગમ ન પડે ત્યારે શ્રદ્ધાથી તે વસ્તુને સ્વીકારી લે. એક આ પ્રકારનો વર્ગ છે.

(૨) બીજો એક વર્ગ છે, જે શ્રદ્ધાને હસે છે. પરંતુ પોતાની બુદ્ધિને– તર્કશક્તિને તે ઠીક રીતે કસે છે, અચિંત્ય ભાવોને—અચિંત્ય તત્ત્વોને તે જરા પણ શ્રદ્ધાની નજરે સ્વીકારવા તત્પર નથી જેટલું બુદ્ધિમાં આવશે, જેટલું જ તે માનશે. યદ્યપિ તે કપટી કે વિવેકી નથી, પરંતુ તે સર્વથા બુદ્ધિથી જ સર્વ સ્વીકારવાની તરકેણુમાં છે અને સંપૂર્ણ પ્રયત્નશીલ છે.

(૩) એક ત્રીજો વર્ગ છે, જે કાંઈ પણ શ્રદ્ધાથી સ્વીકારવા આતુર છે. એની એક એ દલીલો છે કે કોઈ સર્વજ્ઞ અને સર્વ સમર્થ શક્તિ તો છે જ, જેનો આપણને પરિચય નથી; તેમ જ આપણા કરતાં બુદ્ધિમાન અને ત્રિકાળ દર્શીઓએ તે સંબંધમાં વિચાર કરીને, અનુભવીને આપણને જે માર્ગદર્શન આપ્યું છે તેને શ્રદ્ધાથી સ્વીકારવું, જીવવું તેમજ શંકાથી દૂર રહેવું.

શ્રીમદ્ ભાગવત ઉપરોક્ત ત્રણે વર્ગની તૃપ્તિ કરનાર કલ્પતરૂ છે. અત્યાર સુધી વિવિધ પ્રકારે ભાગવત સંબંધી વિચારણા કરી. જો કે ઉપરોક્ત સર્વ વર્ણન પૂર્ણ છે, વિમલ છે અને નિરવદ્ય-અદોષ છે એવું નથી કહેવું, કારણ કે ભાગવત સંબંધી તો અસંખ્ય વિચારધારાઓ છે. આ તો કેવલ કંઈક પલ્લવન છે.

ખરી રીતે અને સાદામાં સાદી ભાષામાં કહીએ તો શ્રીમદ્ ભાગવત તો કેવલ અલૌકિક રસરૂપ છે. રસનું એ નિરૂપણ કરે છે; રસનું એ વિતરણ કરે છે. રસનું એ પરિવેષણ કરે છે. તે 'રસ' શબ્દનો વિચાર આવતાં કોષકાર 'રસ' વાચક શબ્દોનો એક મોટો સંગ્રહ કરે છે. તેમાંથી રસના ૧૮ અર્થ થાય છે, અથવા રસ શબ્દ ૧૮ અર્થમાં વપરાય છે. એવો એક સંગ્રહ હૈમ કોશમાં મળે છે.

रस—स्वादे, जले, वीर्ये, शृंगारादौ, विषे, द्रवे,
घोले, रागे, गृहे, धातौ, तिक्तादौ, पारदेऽपि च
प्रेम्णि, भावे, ह्यात्मनि, च सुपेये, स्वरसे, सुखे ।

રસશબ્દ :– સ્વાદમાં, જલમાં, વીર્યમાં, શૃંગારાદિ દશ રસમાં, વિષમાં, પ્રવાહી પદાર્થમાં, બોળામાં, (લાલ, ધોળો અને કાળો એવા ત્રણ પ્રકારનો બોળ થાય છે—કાળો અને ધોળો દવામાં વપરાય છે. અને લાલ બોળ ચૂડા, ચીપીઆં મઢતાં સોનીઓ વાપરે છે) રાગમાં, ગૃહમાં, ધાતુમાં, ખારા તીખા વગેરે છ રસમાં, પારામાં, પ્રેમમાં, ભાવમાં, આત્મામાં, મધુર પીણામાં, રસમાં અને સુખમાં આવા ૧૮ અર્થમાં રસ શબ્દ વપરાય છે.

"નિદ્રારસ, નિદ્રારસ, ક્રીડારસ, રણરસ, વિમર્દરસ, હિંસારસ, મદનરસ, પુત્રરસ, સેવારસ, સુખરસ, પ્રેમ-રસ, આત્મરસ, બ્રહ્મરસ, હરિરસ, સાહિત્યરસ, કાવ્યરસ, ભાગવત રસ"—આવા અનેક પ્રકારોમાં રસ શબ્દ વપરાય છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વેદાન્તીઓનો "सर्वं खल्विदं ब्रह्म" એવો જ વિખ્યાત ડિંડિમ ઘોષ છે; એવો જ નહિ પરંતુ એના કરતાં પણ વધુ વ્યાપકતાથી જગતમાં ઓતપ્રોત થઈને વપરાતો આ રસ શબ્દનો પ્રયોગ છે.

લેખન, કથન, ભોજન, મિલન, ગમન, કીર્તન, શ્રવણ, દર્શન, પ્રવચન વગેરે ક્રિયામાં બે જ અભિપ્રાય હોય છે. એક અરસ અને બીજો સરસ. રસની વ્યાખ્યા, મીમાંસા, લક્ષણ, સ્વરૂપ કે પરિણામનો, ભલેને જગતને પરિચય ન હોય, પરંતુ રસ સૌનું જીવન છે, પ્રિય ધન છે, એ તો અનુભવ ઉપરના સરસ અને નીરસ એવા બે વ્યવહારોથી સમજાય છે. કેટલાક ત્યાં આનંદ શબ્દનો પણ ઉપયોગ કરે છે. ખૂબ જ સાંભળવામાં, ગાવામાં, દર્શનમાં, જમણમાં આનંદ આવ્યો એ વ્યવહાર પણ સુવિદિત છે; છતાં સમાજમાં વધુ પ્રચલિત 'રસ' શબ્દ એક 'મધુર પેય' પદાર્થમાં જ સંભળાય છે. એનું એક રહસ્ય છે કે તે અખંડ–અચ્યુત–અવિરત ધાર છે. એની સતત ધારા કદી ખંડિત નથી.

રસ બાલકને, યુવાનને અને વૃદ્ધને સૌને બાકસ છે, પોષક છે, અને સંજીવક છે. બાલકને પાચન શ્રમની જરૂર નથી. યુવાનને અન્ય પાચક, પુષ્ટ રસાયણની જરૂર નથી. પરિપક્વ વય વાળાને પરિશ્રમ વિના પોષણ પ્રદ છે ભાગવત રસ; પણ ભક્ત, યોગી અને જ્ઞાની એ ત્રણે બાલક, યુવાન, વૃદ્ધોને તે સમાન રીતે લાભદાયક છે. એવું દર્શાવવા જ "पिबत भागवतं रसं" એવું મહર્ષિજીનું પ્રાર્થન છે.

આમ 'રસ' શબ્દ જ્યારે અનેક અર્થોમાં પ્રચલિત છે, તો પછી તેનું સંકલનપૂર્વક વર્ગીકરણ કરતાં એના ત્રણ પ્રકાર થઈ શકશે. લૌકિક રસ, કાવ્ય રસ, અને ભક્તિ રસ એવા જો ત્રણ વિભાગોમાં સમાવેશ કરવા વાંછીએ તો વાંધો નહિ આવે.

વ્યવહાર પ્રચલિત સર્વ રસો એક લૌકિક રસમાં જ સમાવેશ પામી જશે કદાચ 'વિષય રસ' એવું લૌકિક રસને સમજીએ તો કોઈ વાંધો તો ન આવે, પરંતુ તે વિષય રસ ભોગાર્થમાં જ પ્રચલિત છે તેથી તેમ કરતાં સંકોચ થાય છે. લૌકિક રસ માટે એટલું તો કહી શકાય કે તે સંપૂર્ણ નથી, વળી તે વાસ્તવિક રસ નથી, અથવા તો રસની છાયા છે અગર રસાભાસ છે, એવું સ્વીકારવું પડે છે. પાન, પાન, દર્શન, રસાયણ વગેરેમાં રસ છે, પરંતુ તે સઘળાં પૂર્ણ હોત તો આજે જે સરસ લાગે છે, તે જ આવતી કાલે નીરસ લાગે છે. આજે આદરથી જેને ભોગવીએ છીએ, તેને આવતી કાલે વિષાદ સાથે મૂકી દઈએ છીએ. તેથી વિષય રસ અથવા લૌકિક રસ પૂર્ણ નથી. તો પૂર્ણ રસ કોણ?

હવે બીજા જે રસો છે—કાવ્ય રસ અને ભક્તિ રસ, તો આ બેમાં કોણ પૂર્ણ? અને આ બેમાં શું અંતર? બેનું શું પરિણામ? આ એક વિચાર આવશે. તેના નિર્ણય માટે 'કાવ્ય' શબ્દની થોડી વિચારણા જરૂરી થઈ પડશે.

કાવ્યનો એક પર્યાય 'વાચક' 'સાહિત્ય' શબ્દ છે. કેટલાક કાવ્ય અને સાહિત્યને વિલગ ગણે છે. "દૃશ્ય અને શ્રાવ્ય" વિષયોનું નિરૂપણ કરનાર વાઙ્મયના ગ્રન્થને કાવ્ય કહે છે અને સર્વવાઙ્મયને સાહિત્ય કહે છે. યદ્યપિ આવો વિવેક કરવામાં ભલે આવે પરંતુ કાવ્ય અને સાહિત્ય બન્ને પર્યાયો છે.

'સાહિત્ય' શબ્દના ૧૪ અર્થ થાય છે. કોશકારે सह અવ્યયના ૭ અર્થ લખ્યા છે. એવા ૭ અર્થ વાળા सह અવ્યયને "इतच्" પ્રત્યય કરતાં 'सहित' શબ્દ બને. સહિત શબ્દને ष्यञ् પ્રત્યય આવતાં સાહિત્ય શબ્દ બને.

"हि गतौ वृद्धौ च"–ગત્યર્થ અને વૃદ્ધ્યર્થ એવો हि ધાતુ છે. ગતિ અર્થ વાળા ધાતુનો 'જ્ઞાન' એવો પણ અર્થ થાય છે. આ हि ધાતુને सम् ઉપસર્ગ લગાવીને सं सम्यक् हिनोति जानाति એવા અર્થમાં क्त પ્રત્યય કર્યો અને समो हितसतयोः વાર્તિકથી सम् ના म નો લોપ થયો એટલે 'सहित' શબ્દ થયો. સહિત શબ્દથી ष्यञ् પ્રત્યય કરતાં साहित्य શબ્દ સિદ્ધ થયો. સાહિત્ય શબ્દનો અર્થ થયો 'જ્ઞાન'.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કાવ્ય શબ્દની પણ 'कवेरिदं काव्यम्' એવી વ્યુત્પત્તિ થાય છે. 'કવિ' શબ્દ આત્મ વાચક, સૂર્યવાચક, બ્રહ્મ વાચક છે. 'कविं पुराणमनुशासितारम्' એ ગીતોપનિષદમાં અધ્યાય ૮, શ્લોક ૯ છે. ત્યાં કવિ શબ્દનો અર્થ ભગવાન કર્યો છે. કાવ્ય શબ્દની આ વ્યુત્પત્તિ પ્રમાણે ભગવાનનું નિરૂપણ કરનાર વાઙ્મયને કાવ્ય કહેવાય. ભગવાન, જ્ઞાન, આનંદ, બ્રહ્મ વગેરે પર્યાયો છે.

હવે કાવ્યનો અર્થ થશે ભગવાનનું નિરૂપણ કરનાર વાઙ્મય અને સાહિત્યનો અર્થ થશે જ્ઞાન વાઙ્મય. પરિણામે જ્ઞાન અને ભગવાન એક જ છે. તેમ સાહિત્ય અને કાવ્ય પણ બન્ને એકાર્થક જ શબ્દો છે. સાહિત્ય રસ અને કાવ્ય રસ બન્ને પણ એક જ રસ થયા. સૂક્ષ્મ રીતે તો રસ અને સાહિત્ય તેમજ સાહિત્ય રસ અને કાવ્ય રસ બન્ને એક જ વસ્તુ થઈ.

આ કાવ્યનું લક્ષણ કરનારા જૂદા જૂદા આચાર્યોએ જુદાં જુદાં લક્ષણો કર્યાં છે, તો પણ એક જ અર્થ આવશે. रसात्मकं वाक्यं काव्यम्–રસાત્ વાક્ય એટલે કાવ્ય; रमणीयार्थ प्रतिपादकः शब्दः काव्यम्– રમણીય અર્થ આનંદનો અભિવ્યંજક શબ્દ એટલે કાવ્ય; इष्टार्थ व्यवच्छिन्न पदावली काव्यम्– ઈષ્ટ અર્થ સુખવાળી પદાવલી એટલે કાવ્ય; कवेर्भगवत इदं काव्यम्- ભગવદ્ રસ એટલે કાવ્ય; આવી કાવ્યની અનેક રીતે વ્યાખ્યાઓ થશે.

કાવ્યનાં લક્ષણ પ્રત્યેક ભલે સ્વાનુકૂલ પદાવલીમાં કરે, પરંતુ 'રસ'ને સર્વ એનો આત્મા માને છે. આ રસ પ્રસ્થાન એક પ્રસ્થાન ચતુષ્ટયી જેવું અલૌકિક પ્રસ્થાન છે. આ કાવ્ય પ્રસ્થાનના આચાર્યો કેટલાંક જુદાં મન્તવ્યો ધરાવે છે.

(૧) રસ પ્રસ્થાનઃ– વેદ, પુરાણ ભરતમુનિ વગેરે 'રસ'ને જ આત્મા તરીકે સ્વીકારે છે.

(૨) અલંકાર પ્રસ્થાનઃ– ભામહ વગેરે સાહિત્યિકો 'રસ' સમ્પ્રદાયના સિદ્ધાન્ત સાથે અસહમત છે. એટલું જ નહિ પરંતુ વિરોધક છે. તેઓ કાવ્યમાં અલંકારને જ પ્રધાન માને છે.

(૩) વૃત્તિ પ્રસ્થાનઃ– જ્યારે દંડી વામન, કુન્તક, ઉદ્ભટ, મમ્મટ વગેરે સમાલોચકો કાવ્યમાં રીતિ અથવા માર્ગ અથવા વૃત્તિ પ્રસ્થાનના પક્ષપાતીઓ છે. દંડીનું તો માનવું છે કે દશ ગુણો જ મળીને રીતિ પ્રણાલિકાને બનાવે છે, વળી રસોનો અલંકારોમાં અન્તર્ભાવ કરે છે, પરંતુ કવિતામાં રસનું અસ્તિત્વ આવશ્યક માન્યું છે. જો કે ઉદ્ભટ કવિના સમયમાં અલંકાર અને રીતિ સમ્પ્રદાયની સર્વ માન્યતા હોવા છતાં 'રસ' સમ્પ્રદાયના તરફ કવિઓ પક્ષપાતી થઈ ચૂક્યા હતા.

(૪) ધ્વનિ પ્રસ્થાનઃ– ધ્વનિકાર આનંદ વર્ધન ધ્વનિને કાવ્યનો આત્મા માને છે. ધ્વનિ સમ્પ્રદાય કોઈ સ્વતંત્ર નથી; પરંતુ વૈયાકરણના સ્ફોટ વાદનું જ અવતરણ છે. સ્ફોટ અથવા ધ્વનિ જ શબ્દનું સ્થાયી સ્વરૂપ છે, એમ માને છે. શબ્દ અને એનો અર્થ પોતાના વ્યંજનાત્મક વ્યાપારથી ભિન્ન ભિન્ન ભાવોનું પ્રકાશન કરે છે; એને 'ધ્વનિ' કહે છે.

(૫) ધ્વનિકર્તૃસંક પ્રસ્થાન :– પ્રતિહારેન્દુરાજ, ભટ્ટનાયક, ધનંજય, કવિ ધનિક વગેરે 'ધ્વનિ'ને કાવ્યનો આત્મા તરીકે નથી માનતા, પરંતુ પ્રતિહારેન્દુ અલંકારના; ભટ્ટનાયક, ધનંજય અને ધનિક 'રસ'ના સમર્થક છે

(૬) ધ્વનિનો અનુમાનમાં અન્તર્ભાવ :– નૈયાયિકોના મતાનુયાયીઓ ધ્વનિનો અનુમાનમાં અન્તર્ભાવ કરી દે છે. શ્રી શંકુક, મહિમ વગેરે આ મતાનુયાયી છે, જ્યારે અભિનવ ગુપ્ત ધ્વનિના અનુયાયી અને રસના સમર્થક છે.

(૭) વક્રોકિત પ્રસ્થાન :– કુન્તક કવિ માને છે કે વક્રોકિત એક સુંદર ભાવોને વ્યતક્ત કરનારો વિચિત્ર પ્રકાર છે, જે સાધારણ પ્રકારોથી જુદો છે અને કવિતાનો સાર છે. કુન્તક રસ અને વ્યંગાર્થને અલંકારોમાં અન્તર્ભૂત ગણે છે. કુન્તકના વિરોધમાં મહિમ અને ભોજ ઊભા થયા. તેઓમાં મહિમે 'રસ'ને કવિતાનો પ્રાણ માન્યો છે. કવિ ભોજ તો કેવલ 'શૃંગાર' એક જ રસ છે, એમ માને છે. શૃંગાર રસ છે અને અન્ય ભાવો છે. તે શૃંગારમાંથી ઉત્પન્ન થાય છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

(૯) ઔચિત્ય પ્રસ્થાન :- ધ્વનિ, અલંકાર વગેરેને કેવલ ન માનતાં ક્ષેમેન્દ્ર કવિ 'ઔચિત્ય'ના સમર્થક થયા. ગુણ, અલંકાર, રસનો સમુચિત પ્રયોગ આ ત્રણ કાવ્યને દિવ્ય બનાવે છે. તેથી 'ઔચિત્ય'ને જ કાવ્યનો આત્મા માનવો જોઇએ, એમ ક્ષેમેન્દ્ર કહે છે. તે કેવલ રસની બાબતમાં જ નહિ, પરંતુ શબ્દ, વાકય, ક્રિયા, વિષય, લિંગ, સંખ્યા, વગેરે જે કાવ્યમાં સામગ્રી હોય છે, તે સર્વનો ઔચિત્યાનુસારી પ્રયોગ થવો જોઇએ.

અસ્તુ। ધ્વનિ, અલંકાર કે રસ આદિના ભલે વિચાર ભેદો હોય, પરંતુ સાહિત્ય અને કાવ્ય એ બે એકાર્થક શબ્દો છે. કાવ્ય દ્વારા રસાનુભૂતિ સૌ કોઇને થાય છે. લૌકિક રસ કરતાં એનું સ્થાન ઘણું ઉચે છે. એની જગદુપકારિતા પણ અસામાન્ય છે. સમાજના પ્રત્યેક પ્રકારના જીવનમાં તેનો ફાળો છે. વ્યકિતના આર્થિક, સામાજિક અને માનસિક જીવનમાં તે સ્ફુર્તિ અને ઉત્કર્ષ સ્થાપી શકે છે; આનંદનું પણ વાતાવરણ લાવી શકે છે; કેવલ તેને સ્થાયી બનાવવામાં તે સંપૂર્ણ સફળતા નથી મેળવતું. કારણ કે તેના અધિનાયકો લૌકિક છે. તેઓ ભલે અસાધારણ હોય પણ 'અદ્વિતીય, અસાધારણ, સર્વ શ્રેષ્ઠ અને પૂર્ણ તો નજ સંભવે. તેથી તેનું નિરૂપણ કરનારાં કાવ્યો પરિપૂર્ણ તો ન જ બને. કારણકે તે કાવ્યોમાં શૃંગાર, વાત્સલ્ય વીર, કરૂણ વગેરે ભાવો અથવા રસો આવશે; પરંતુ તેમની 'ભજનીયતા' તો ન બને.

શ્રીમદ્ ભાગવતમાં તો 'અધિનાયક'નું આલેખન છે. તે તો શ્રુતિગીત તત્ત્વ જે **रसो वै सः** છે તેનું છે. વ્યાસ મહર્ષિજી શ્રીમદ્ ભાગવતમાં જે પ્રતિજ્ઞા વાકયમાં પ્રથમ સ્કંધમાં ભાગવતનું સ્વરૂપ વર્ણવે છે, તે ઉપરથી સમજાશે કે શ્રીમદ્ ભાગવત, રસ અને ભગવાન–એ ત્રણેને સંગત થતું તે લક્ષણ હોવાથી તેમને **મન ભગવાન, ભાગવત અને રસ ભિન્ન વસ્તુઓ નથી, પરતુ એક જ વસ્તુ છે.**

यः स्वानुभावमखिलश्रुतिसारमेकमध्यात्मदीपमति तितिक्षतां तमोऽन्धम् ।
संसारिणां करुणयाऽऽह पुराणगुह्यं तं व्याससूनुमपयामि गुरुं मुनीनाम्

કાવ્યોમાં અને દર્શન શાસ્ત્રોમાં પ્રમેય અને પ્રમાણ ભિન્ન ભિન્ન હોય છે, પરંતુ શ્રીમદ્ ભાગવત તો પ્રમેય રૂપ છે, પ્રમાણ રૂપ છે, ઉત્તમ સાધન રૂપ છે અને અસાધારણ રૂપ છે એનો પ્રમેય અને પ્રમાણનો વિષય કેવલ 'રસ' એકલો જ છે. એજ રસરૂપ ભગવાન સાધન રૂપ પણ બને છે, ફલ રૂપ પણ બને છે એટલે પ્રત્યેક શ્રોતા, વકતા, ચિંતક કે ઉપાસક માટે તેનો અધિનાયક અને ભાગવત સ્વયં ભાકિતનો વિષય થઈ શકશે, કારણ કે તે ભગવાન અને ભાગવત બન્ને પૂર્ણ તત્ત્વ છે, રસાત્મ રૂપ છે.

સાહિત્યમાં વર્ણવાતા નાયકો ભકિતના વિષય નહિ થઈ શકે. તેમનામાં રસ સ્થિર અને પૂર્ણ ન રહી શકે. શ્રીમદ્ ભાગવતના અધિષ્ઠાતા તો ભકિતના વિષય થવાના જ. તેમાં રસ સ્થાયી રૂપે રહેવાનો સ્થાયી ભાવને જ રસ માનવામાં આવ્યો છે તેથી શ્રીમદ્ ભાગવત અલૌકિક સાહિત્ય રસ છે. અલૌકિક સાહિત્ય રસ એટલે ભકિત રસ. માટે શ્રીમદ્ ભાગવતમાં ભકિત રસ છે. હવે તે ભકિત રસનો વિચાર કરીએ—

શ્રીમદ્ ભાગવતમાં પ્રથમ સ્કંધથી બારમા સ્કંધ સુધી સ્થિર ભકિત રસ જ જોવામાં આવે છે. ભીષ્મ પિતામહની સ્તુતિમાંથી કે વૃત્રાસુરની ચતુઃશ્લોકીમાંથી કે વેણુગીતમાંથી કે ગોપીગીતમાંથી કે શ્રુતિગીતામાંથી, ભીષ્મ, વૃત્રાસુર, ગોપીજન, શ્રુતિઓનો કે ધ્રુવ, અંબરીષ, પ્રહ્લાદાદિની ભગવાનમાં સ્થિર ભકિત જ–અકામ ભકિત જ જોવા મળશે. ભલે તેમની ભકિતના અધિકાર ભેદે ભેદો હોય. પરંતુ તે ભકિત "અપરા અને પરા" એવાં બે નામોથી વર્ણવાશે. 'પરા' એટલે ફલાત્મિકા ભકિત એવો અર્થ કરવો. પ્રારંભમાં જે શ્રવણ, કીર્તન અને સેવા સાધન રૂપે હતાં, તે હવે ફલરૂપ બન્યાં છે. એ છે ભકિતનું સ્વરૂપ અને ભકિતનો જ પર્યાય વાચક શબ્દ છે રસ. રસ શાસ્ત્રની પદ્ધતિ પ્રમાણે તેનો વિચાર પણ કરવો જ રહ્યો તે હવે વિચારીએ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વિભાવ, અનુભાવ અને સંચારીભાવ દ્વારા વ્યકત થયેલ સ્થાયી ભાવ 'રસરૂપત્વ'ને પામે છે. કાવ્ય-નાટકમાં સાત્વિકાદિ નાયકોને અનુલક્ષીને તે રસ નિરૂપાય છે. તે રસની વ્યાખ્યા **रस्यते इति आस्वाद्यत इति रसः; रसयति वा इति रसः** આ બે પ્રકારે વ્યુત્પત્તિ થાય છે. જેનો આસ્વાદ પમાય તે રસ. હવે આ રસના આસ્વાદન માટે પ્રથમ 'વિભાવ'નો થોડો ખ્યાલ કરીએ.

રત્યાદિ સ્થાયી ભાવના એટલે ભકિત રસનાં જે ઉદ્બોધક કારણો છે કે જે ભાવો સહૃદયોના હૃદયમાં જ બીજ રૂપે વિદ્યમાન છે, તે જેનાથી આસ્વાદ યોગ્ય થઈ જાય તે વિભાવ છે. આ વિભાવ બે પ્રકારના છે— એક આલંબન વિભાવ અને બીજો ઉદ્દીપન વિભાવ. એમાં જે અધિનાયકને ઉદ્દેશીને રસાનુભૂતિ ઉદ્બોધિત થાય તે આલંબન વિભાવ. જે કારણોને અનુલક્ષીને રસ ઉદ્દીપત-ઉત્તેજન પામે તે ઉદ્દીપન વિભાવ છે.

શ્રીમદ્ ભાગવતના ભકિત રસમાં, અલૌકિક છતાં સુલભ અને સુગમ એવા ભગવદ્ ગુણ ધર્મો, લીલાઓ, સ્વયં ભગવાન અને શ્રેષ્ઠતમ ભકતો આલંબન વિભાવ છે. મધુર વાઙ્મયમાં મૂકેલાં ભગવદીય ચરિત અને આનંદમય કરપાદમુખાદિ વિગ્રહયુકત ભગવાન અને ભગવચ્ચરિત્રો આલંબન વિભાવ છે.

રાસલીલામાં ભગવાને શ્રીમુખે પરમ ભકત વ્રજસીમન્તીઓની સમીપમાં જે દૈન્ય વાકય કહ્યું છે, તે ભકિત રસનું ઉદ્દીપન કરે છે; ભગવદ્રતિની, ભકિત રસની સંવૃદ્ધિ કરે છે. "**न पारयेऽहं निरवद्यसंयुजां**"—હે વ્રજ સુન્દરીઓ, આપે જે, ન ટાળી શકાય તેવી સ્વજનાસકિતને ત્યજીને જે મારું સેવન કરી રહ્યાં છો, તેનું વળતર તો હું બ્રહ્માજીના આયુષ્ય દ્વારા તમારી સેવા કરું તો પણ ન વાળી શકું. સંભવ છે કે એક ભકત કદાચ ભગવદ્ ઉપકારોનું આવી દીનતાભરી મંજુલ વાણીમાં અને મધુર ભાવમાં ગાન કરે તો તે ઘટે; પરંતુ આ તો ભગવન્મુખમાંથી નીકળે છે, તે જ અલૌકિક છે.

વળી સનત્કુમારો અને પૃથુ રાજાના પ્રસંગના સત્સંગમાં "**संगमः खलु साधूनां**", એવું જે સનત્કુમારોનું વચન છે, તેમાં એમ કહે છે કે રાજન, આપના ઉપર અનુગ્રહ માટે અમે નથી આવ્યા; પરંતુ આપની સાથે અમારા આનંદ માટે સત્સંગ કરવા આવ્યા છીએ. આવાં વાકયો પણ ભકિતનું ઉદ્દીપન કરે છે.

तस्मान्मच्छरणं गोष्ठं मन्नाथं मत्परिग्रहम् ।
गोपाये स्वात्मयोगेन सोऽयं मे व्रत आहितः ॥ १०-२५-१८

શ્રી ગિરિરાજ ધરણના પ્રસંગમાં ભગવાને પ્રતિજ્ઞા કરી કે "ગોકુલને-ભકત-વૃન્દને મારું શરણ છે, મારું સ્વામિત્વ છે, મારો પરિગ્રહ છે. હું સર્વમાં આત્મયોગ કરી—એટલે મારા સ્વભાવ, ધર્મ સામર્થ્યો પ્રવેશી સર્વનું રક્ષણ કરીશ; આ મારું વ્રત છે." આવાં અનુગ્રહ વાકયો ભકિતનું ઉદ્બોધન કરે છે.

શ્રીમદ્ ભાગવતમાં ભકિતને ઉદ્દીપન કરનાર તો અનન્ત પ્રસંગો છે. જે પ્રસંગો રસના અધિનાયકની મધુરતમ ચેષ્ટાઓ વગેરે રસનું ઉદ્દીપન કરે છે. ભીષ્મપિતામહની સ્તુતિમાં કહે છે—"**ललितगतिविलास वल्गुहास**" શ્રી કૃષ્ણની લલિત ગતિ, મધુર વિલાસ, મધુર મધુર હાસ્ય, પ્રણય નિરીક્ષણ, રહસ્ય વાર્તાલાપ ભકિતરસનું ઉદ્દીપન કરનાર છે.

રસમુકુન્દની વાત્સલ્ય રસમયી બાલ લીલાઓ, અનન્ત વાત્સલ્ય રસની ઉદ્બોધક, પોષક, સંવર્ધક બની રહે છે. શ્રોતા વૃન્દમાં બેઠેલ એક નાના બાલિશ બાળકથી લઈ એક વિચક્ષણ જ્ઞાનીને પણ ભાવોદ્રેક થયા વિના રહી શકે નહિ. "**कस्त्वं कृष्णमवेहि**" આવાં કાવ્યોમાં તે ભરપૂર મળે છે.

ગોપી પૂછે છે કે "આપ કોણ?", ત્યારે નિધડક ઉત્તર આપે, "અમારું નામ શ્રીકૃષ્ણ." ગોપી બોલે, "ભલે, પણ આપ અહિં કેમ પધાર્યા છો?" ત્યારે ચતુરતમ ઉત્તર આપે, "ભૂલા પડ્યા." વ્રજાંગના હસી પડે. પુનઃ પૂછે, "સ્વાભાવિક છે કે બાળક હોવાથી ભૂલા પડો, પરંતુ માખણની માટલીમાં હાથ નાખ્યો, ત્યાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પણ ભૂલા પડેલા ?" ત્યારે કહે, "ના, રે, ના, ત્યાં તો કીડીઓ ચટકી, તે ઉતારતા હતા." આવાં મધુર ચરિત્રોનું "वत्सान् मुञ्चन् क्वचिदसमये" ૧૦-૮-૨૯, ૩૦, ૩૧ શ્લોકોમાં વર્ણન કર્યું છે. તેમજ બાલ ક્રીડાઓની નિકુંજાવલીઓમાંથી બહાર નીકળી ન શકતી અને ગૃહકાર્ય કરી ન શકતી યશોમતી માતાની વાત્સલ્ય પ્રીતિ સમાધિનું વર્ણન કરતા ૧૦-૮-૨૨, ૨૩, ૨૪, ૨૫ શ્લોકોની રસમાધુરી વાત્સલ્ય રસનું-ભક્તિ રસનું ઉદ્દીપન કર્યા વિના રહેશે નહિ.

આલંબન અને ઉદ્દીપન વિભાવદ્વારા રસ ભાવને પ્રાપ્ત થઇ રહેલા સ્થાયીભાવના કાર્યને અનુભાવ કહેવામાં આવે છે.

रसतां गच्छति स्थायी यत्कार्यमुपलक्ष्यते ।
अनुभावः स विज्ञेयः भाव संस्थान सूचकः॥

મુખ પ્રસન્નતા, હૃદય પ્રસાદ, સ્તંભ, પ્રસ્વેદ, રોમાંચ, સ્વર ભંગ, કમ્પ, અશ્રુ, આ સર્વ અનુભાવની અન્તર્ગત થાય છે. યશોદાજીની પાસે લાલાજીને આરોપી બનાવવામાં આવતાં ગોપીજનોના મુખમાંથી લાલાજીનાં બાલમરતી તોફાનો સાંભળીને प्रहसितमुखी-પ્રસન્ન મુખવાળાં યશોદાજી થઈ જાય છે. એ જે મુખપ્રસાદ તે અનુભાવ છે.

બંશીના નાદની અસરથી 'अस्यन्दनं गतिमतां पुलकस्तरूणां'-જલ પ્રવાહને સ્તંભ થવો અને જડને પુલકાવલી થવી, એ પણ અનુભાવ ધર્મો છે. શ્રી રૂકિમણીજીને ભગવાન પ્રણયાનંદ માધુરી પાવા જ્યારે રૂકિમણી પરિહાસોકિતમાં આવે, ત્યારે ભગવાન શું ત્યજી દેશે ? એવી ભ્રાન્તિ થઈ ત્યારે સ્તંભ, રોમાંચ, પ્રસ્વેદ, વૈવર્ણ્ય, અશ્રુ આદિ સર્વ ભાવો અનુભવાયા છે. આ સર્વ તે તે રસોના પ્રસંગમાં થતા અનુભાવો છે.

(3) **સંચારી ભાવ—**

આલંબન ઉદ્દીપન કરતાં, વિશેષ પ્રમાણમાં રસને અનુકૂલ રીતે જે ભાવો સન્મુખ થાય છે, તેને સંચારી-ભાવ કહેવાય; પરંતુ તે સ્થાયી નથી. ચિંતા વગેરે ભાવો આવિર્ભૂત અને તિરોભૂત થાય-આવે અને ચાલ્યા જાય, તેથી સંચારી ભાવ મનાય છે. ક્ષણ વાર પહેલાં તો યશોદાજીની આંખમાં, લાલાજીને ડરાવે છે ત્યારે લાલાશ દેખાય અને બીજી ક્ષણે જ અશ્રુ દેખાય છે. વ્રજવનિતાઓને સ્વાનુકૂલ ચેષ્ટા કરતા અને આધીન કૃષ્ણને જોઇ, મદયુક્ત જોઈએ, અને પાછાં દીન, મદમુક્ત અને નિર્વેદયુકત જોઈએ.

ઉપરોકત રીતે વિભાવ, અનુભાવ અને સંચારી ભાવના સંયોગથી રસ નિષ્પત્તિ જે થઈ અગર જે વિચારી તે ભકિત રસ છે, સર્વથા નિર્વિકાર અને નિરૂપમ છે. દેશ, કાલ, વસ્તુ નિરપેક્ષ તે ભકિત રસ છે. આ ભકિત રસમા ભગવાન સ્વયં સર્વ સામગ્રી બને છે. ભકતોને અનુકૂલ ચરિત્ર, લીલા, સ્વરૂપ આદિનો સ્વીકાર કરી, સર્વ વિકારોને દૂર કરી ભકિતનો આવિષ્કાર કરે છે, પ્રપંચને વિસરાવે છે; સર્વ પ્રકારનો આનંદ અને ઉત્કર્ષ આપે છે.

પશુ, પક્ષી, મનુષ્ય, દેવ, ગન્ધર્વ, કિન્નર, સુર, અસુર સર્વને સુખમાં અને આનંદનાં દાન કરનાર ભકિત રસથી ભાગવત ભરપૂર છે. ભલે ! એ રસશાસ્ત્રીઓ રસોની સંખ્યાની બાબતમાં મત ભેદ ધરાવે છે. કેટલાક શૃંગાર, હાસ્ય, કરૂણ, રૌદ્ર, વીર ભયાનક, બીભત્સ, અદ્ભુત આવા આઠ ભેદોને માને છે. ઘણા શાન્ત રસને ઉમેરી નવ રસ માને છે. વળી કેટલાક વાત્સલ્યને ઉમેરીને દશ રસ માને છે. કેટલાક રૌદ્ર, અદ્ભુત, ભયાનક, વીર, હાસ્ય, બીભત્સ, કરૂણ, શાંત, સપ્રેમ ભકિત, સખ્યમય, વાત્સલ્ય અને શૃંગાર આવા ૧૨ પ્રકાર માને છે. એ બારે રસના ક્રોધ, વિસ્મય, ભય, ઉત્સાહ, હાસ્ય, જુગુપ્સા, શોક, શાન્તિ, પ્રેમ ભકિત, સખ્ય, વાત્સલ્ય અને રતિ નામના બારે સ્થાયી ભાવો છે.

પરંતુ ભગવાન શ્રીકૃષ્ણ અથવા શ્રીમદ્ ભાગવત તો 'રસ કદમ્બ' અથવા રસમહાર્ણવ છે. સર્વ રસો એક જ તત્ત્વમાં સમાય છે. દશમસ્કંધનો એક શ્લોક એ માટે પૂરતો છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

मल्लानामशनिर्नृणां नरवरः स्त्रीणां स्मरो मूर्तिमान् ।
गोपानां स्वजनोऽसतां क्षितिभुजां शास्ता स्वपित्रोः शिशुः ॥
मृत्यु र्भोजपते र्विराडविदुषां तत्त्वं परं योगिनां ।
वृष्णीनां परदेवतेति विदितो रङ्गं गतः साग्रजः ॥

(૧) मल्लानामशनिः-રૌદ્ર રસ. રૌદ્ર પ્રકૃતિવાળા મલ્લોને રૌદ્ર ભાગ્યા. (૨) नृणां नरवरः અદ્‌ભુત રસ. સાધારણ મનુષ્યોએ ભગવાનને અદ્‌ભુત રીતે-વિલક્ષણ પુરુષ રૂપે જોયા. (૩) स्त्रीणां स्मरः -શૃંગાર રસ. ભગવદ્ દર્શને આવેલી સ્ત્રીઓને મૂર્તિમન્ત શૃંગાર ભાગ્યા. (૪) गोपानां स्वजनः -હાસ્ય રસ વિચિત્ર વેશવાળા ભગવાનને ગોપોએ સ્વજન તરીકે જોયા. સર્વોપરિને સ્વજન સમજવા એ જ હાસ્ય રસ. (૫) असतां शास्ता વીર રસ. ભગવાનને જોઇને રાજાઓને વીર રસ જાગ્યો. (૬) स्वपित्रोः शिशुः--કરુણ (દયા) રસ. માતાપિતાને બાલ સ્વરૂપે ભાગ્યા, દયા ઉત્પન્ન થઇ, જે સ્નેહનું-ભક્તિનું એક ઝરણું છે. (૭) मृत्युर्भोजपतेः-ભયાનક રસ. કંસને ભય ભાગ્યો. (૮) विराडविदुषां-બીભત્સ રસ. અલ્પ જ્ઞાનીઓને વિરાટ્ રૂપે ભાગ્યા. પરબ્રહ્મ રૂપે ન સમજ્યા તેથી બીભત્સ રસ. (૯) तत्त्वं योगिनां-શાન્ત રસ. યોગીઓને ધ્યેય ભાગ્યા. (૧૦) वृष्णीनां परदेवता ભક્તિ રસ. ફલાત્મક રસ છે.

ભગવાન શ્રીકૃષ્ણમાં દશ રસોનું જે રીતે નિરૂપણ થાય છે, તે રીતે બાર સ્કંધના શ્રીમદ્ ભાગવતમાં સર્વ રસોનો સમન્વય થાય છે. સંક્ષેપમાં શ્રીમદ્ ભાગવત રસ શાસ્ત્ર છે-રસ સાર છે.

રસ શાસ્ત્રની દૃષ્ટિએ અનંત કોટિ બ્રહ્માંડ નાયક ત્રિભંગ લલિત શ્રીકૃષ્ણ નિત્ય રસમય વિગ્રહ છે. શ્રીકૃષ્ણની સહચારી શ્રીસ્વામિનીજી-રાધિકાજી નિત્ય આનંદમયી મૂર્તિ છે. એક તુલસીદલના બે દલ સમાન યુગલ મૂર્તિરૂપ ભાસતાં, ઉભય છતાં એક તત્વ છે. તેથી રાધિકાજીનો સ્વતંત્ર ઉલ્લેખ કરવાનો અવશિષ્ટ નથા હેતો.

શ્રીકૃષ્ણ રસેશ્વર છે અને સ્વામિનીજીની રસેશ્વરી છે. રાધિકાજી કોઈ મૃણ્મયી મૂર્તિ નથા, પરંતુ ચિન્મયી વિગ્રહવતી છે. નથી એ પાર્થિવ પ્રતિમા, પંતુ એ તો છે પરાશક્તિનું પ્રાકટય, કાવ્યના અધિષ્ઠાત્રી દેવી, ભક્તિ રસની નિર્ઝરિણી, પ્રેમની પ્રતિમા કલાની સામ્રાજ્ઞી. એમાં છે અચ્યુત તારૂણ્ય, અનુપમ કારૂણ્ય અને લોકોત્તર લાવણ્ય. એ છે ભાવના મૂર્તિ, કલ્પના શક્તિ અને ચિન્તના માધુરી. એ છે પરાશક્તિ અને અનુરક્તિની અભિવ્યક્તિ. એ પરાશક્તિના નિરૂપણને અવલંબતી કવિલેખિની સુધાસ્યંદિની બની. અન્યથા શુષ્ક રહી હોત. દિવ્ય અનુભૂતિને આલેખતી ચિત્રકારની પિચ્છિકા રંગમયી બની. એ રસમાધુરીનું ગાન કરી ગાયકોની સ્વરાવલી પ્રાણવંત બની.

ધાર્મિક વિશ્વમાં શ્રીરાધા રાસેશ્વરી છે, શ્રીકૃષ્ણની આહ્લાદિની શક્તિ છે. આદ્યા પ્રકૃતિ છે. સોળ હજાર સીમન્તીઓની એકમ કરેલી એવી શ્રીકૃષ્ણની અનન્ય ભક્તિ છે.

'रा' शब्दोच्चारणाद् भक्तो याति मुक्तिं सुदुर्लभां ।
'धा' शब्दोच्चारणात् दुर्गे धावत्येव हरेः पदम् ॥ બ્રહ્મ વૈવર્ત કૃષ્ણજન્મ-ખંડઃ ૧૭/૨૧૩.

'રા' શબ્દ બોલતાં જ સુદુર્લભ મુક્તિની પ્રાપ્તિ થાય છે. 'ધા' શબ્દનો ઉચ્ચાર કરવાથી શ્રી હરિપદની પ્રાપ્તિ થાય છે.

રાધ્, ધાતુથી 'રાધા' શબ્દ બને છે. શ્રીમદ્ ભાગવતમાં અનેક સ્થળોએ શ્રી રાધિકાજીનો સંકેત આવે છે. અભિવ્યક્ત તો એટલા માટે નથી કે એ તત્ત્વ ભગવાનથી પૃથક્ નથી, પરંતુ ભગવાનની કોઈ અનિર્વાચ્ય શક્તિ છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શુકાચાર્યના મંગલાચરણમાં निरस्तसाम्यातिशयेन राधसा २-४-१४. શ્લોકમાં પરાશક્તિ સ્વરૂપે શ્રી શુકાચાર્ય મહર્ષિએ વંદન કર્યા છે, કારણ કે તેમની અનુકમ્પા વિના સરસ્વતી રસવતી નથી બનતી, તેમજ રસના ઉપર પણ નથી બિરાજતી. સુબોધિનીજીમાં શ્રી મહાપ્રભુજી લખે છે કે काचिद् भगवतः सिद्धिरस्ति राधस् शब्द वाच्या । न तादृक् सिद्धिः क्वचिदन्यत्र, न वा ततोऽप्यधिका । ભગવાનની કોઈ એક સિદ્ધિ છે, જેનું નામ 'રાધસ' છે. એવી શક્તિ અન્યત્ર છે નહિ, કે ના એથી કયાંય અધિક છે. તંત્ર, મંત્ર અને સ્નેહ એ ત્રણની દૃષ્ટિએ મંત્રનું, પ્રીતિનું એને શક્તિનું સંગોપન આવશ્યક હોય છે. એ રીત ભાગવતમાં સળંગ સચવાયેલ છે.

यथा प्रियर्जुं पत्रेषु गूढमारुण्यमिष्यते
श्रीमद् भागवते शास्त्रे राधिकातत्त्वमीरितम् ।
गोपनादिष्टसम्पत्तिः सर्वथा परिसिध्यति
कुलालपुटके पात्रमन्तर्बाष्पतया तथा ॥

મેંદીની લીલી પાંદડીમાં લાલીમા સભર ભરી છે. શ્રીમદ્ ભાગવત અખંડ રસિકતા, મધુરતા, મંજુલતા રૂપે શ્રી સ્વામિનીજીથી સભર ભરપૂર છે. મંત્ર સંગોપનથી ઇષ્ટ સિદ્ધિ થાય છે અને પ્રીતિ સંગોપનથી રસપુષ્ટિ થાય છે. એ ન્યાયથી જ શ્રીમદ્ ભાગવતમાં શ્રી રાધિકાજી સુગુપ્ત રૂપે વર્ણવાયાં છે.

વળી શ્રીમદ્ ભાગવતના વર્ણયિતા શ્રી શુકાચાર્યજી શ્રી સ્વામિનીજીના અનન્ય ઉપાસક હતા. નિત્ય અને પ્રતિક્ષણ "श्री राधे" નો જપ કરતા હતા. એક વાર શ્રી સ્વામિનીજીએ આદેશ કર્યો કે "राधे राधे मत कहो, रटो निरंतर श्याम." ત્યારથી તે 'कृष्ण राधे' જપવા લાગ્યા. 'કૃષ્ણ' ઉચ્ચ સ્વરે બોલતા અને હૃદયમાં 'રાધે' ઉચ્ચારતા હતા. શ્રી શુકાચાર્યજીનું એ અનુપમ ચરિત્ર પણ પીત્રા જેવું છે. એનું થોડું પાન કરી લઇએ. તે પૂર્વમાં એક વંદના શ્રી સ્વામિનીજીને કરી લઇએ.

अनाराध्य राधापदाम्भोजरेणु-
मनाश्रित्य वृन्दाटवीं तत्पदाङ्काम् ।
असंभाष्य तद्भावगम्भीर चित्तान्
कुतः श्याम सिन्धोः रसस्यावगाहः ॥

ભાગવત રસના અનન્ય પિપાસુ શ્રી શુકાચાર્યજી

लीला शुकोऽसौ वृषभानुजायाः
पवित्र चञ्चुपिय — चुम्बनेन
ऐकान्तिकोऽनन्य रहस्यपाठी
गोलोक प्रासाद सदानिवासी ॥

શ્રી શુકદેવજી શ્રી વૃષભાનુનન્દિની શ્રી રાધિકાજીના વામકરકમલમાં નિત્ય વિરાજમાન લીલાશુક છે. તેઓ રાસેશ્વરીજીના અત્યંત કૃપાપાત્ર અને પ્રેમપાત્ર છે. નામ જપમાં અત્યંત મસ્ત છે. વ્રજેશ્વરીજીના વાત્સલ્યથી વારંવાર તેમની પવિત્ર ચંચુપુટને ચુંબીને પ્રિય નામનો પાઠ ભણાવે છે તેઓ, સદાય ગો લોક પ્રાસાદમાં જ નિવાસ કરે છે. શુકદેવજી એટલા બધા સ્વામિનીજીના અન્તરંગ બની ગયા છે કે ત્યાં સુધી વિશાખા લલિતાજીનો પણ અધિકાર ન હતો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પરમ દયામયી રાસેશ્વરીજીની ઇચ્છા થઈ કે, "મેં જે શ્રીકૃષ્ણ પ્રેમ-ભાગવતનું અત્યંત ગુપ્ત રહસ્ય લીલા શુકને ભણાવ્યું છે, તે રસિક જનોને ભણાવવા ભૂતલ ઉપર મોકલું." એટલે લીલા શુકને શ્રીકૃષ્ણ દ્વૈપાયન વ્યાસજીનાં ધર્મ પત્ની શ્રી વીટિકાજીના ગર્ભમાં બગાસું ખાતાં મુખ પ્રદેશથી પધરાવ્યા. રસ્તામાં આવતાં કૈલાસ નિવાસી સદાશિવ પાસેથી આધ્યાત્મિક જ્ઞાન પણ સાંભળી લાવેલા. નિર સ્થાનાપન્ન અધ્યાત્મ જ્ઞાન અને ક્ષીર સ્થાનાપન્ન ભગવત્પ્રેમનું મધુર મિશ્રણ કરી લાવી શ્રીમદ્ ભાગવતમાં પધરાવી દીધું. તેમની કથા છે કે—

आदौ द्वादश वर्षगर्भशयनं जातस्य यानं वने
ब्रह्मानन्दलयं गतस्य च पुनः श्रीकृष्णलीलारुचिः ।
अग्रे व्यासपराशरादिमहतां सिंहासने संस्थितिः
श्रीमद् व्याससुतस्य तस्य चरितं किं किं न लोकोत्तरम् ॥

શ્રી વીટિકાજીના ઉદરમાં બિરાજ્યા બાદ શ્રી શુકદેવજી બહાર પધારતા જ નથી. બાર બાર વર્ષ ઉદરમાં જ વસ્યા. પ્રાર્થનાના અંતે પ્રકટ્યા તો શીઘ્ર વનમાં જ ચાલ્યા ગયા. ને સમાધિ દશામાં જ સતત વનમાં વસવા લાગ્યા. વળી વ્યાસજીના પરિશ્રમથી શ્રી કૃષ્ણ લીલા ગાનપાનમાં અભિરુચિ કરી. આગળ જતાં વ્યાસ, પરાશર વગેરે મહર્ષિઓના સન્મુખ સિંહાસને બિરાજી શ્રીમદ્ ભાગવત પીયૂષનું પરીક્ષિત રાજાને પાન કરાવ્યું. શ્રી શુકાચાર્યજીના ચરિત્રમાં કઈ કઈ અલૌકિકતા નથી વસી?

વ્યાસજી પુષ્પ સમિધ લેવા વનમાં પધારે ત્યારે માતાજીના ઉદરમાં વસેલા શુકજી આશ્રમમાં વસતા અને અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને આગળના પાઠો શીખવી દે અને શુદ્ધિ અશુદ્ધિઓ સુધારી લે. પિતાજીના હૃદયમાં ઉત્કંઠા જાગી કે આવા પંડિત પુત્રના મુખડાને ક્યારે નિહાળું? પરંતુ ઉદરમાંથી શુકજી બહાર આવે જ નહિ. ત્યારે સ્નેહવશ બની વ્યાસજી બોલ્યા કે—

गर्भाद् विनिःसर विनाशय दुःखजालं
मात्रे सुखं वितर वर्द्धय चानुरागम्

કુમાર! માતાના ગર્ભમાંથી બહાર આવો. મુખદર્શન આપી દુઃખ જાલનો નાશ કરો. માતાને સુખ આપો અને અનુરાગ વધારો. ત્યારે શુકજી બોલ્યા—પિતાજી!

गर्भे निवासमपहाय बहिर्न यामि
यस्मिन् गृहीतुमुपसर्पति विष्णुमाया ।
बध्वा समाधिमधुना हृदयाब्जकोशे
न्यायामि कृष्णचरणाम्बुरुहाविहैव ॥

આવું બહાર નહિ, ગર્ભ નિવાસ છોડી.
ત્યાં આવતાં પકડશે જગદીશ માયા.
બાંધી સમાધિ દૃઢણું હૃદયારવિન્દે
શ્રીકૃષ્ણચન્દ્ર પદ પંકજ ધ્યાન ધારું.

વ્યાસજીએ કહ્યું — गर्भाद्विनिःसर बहिः सुत विष्णुमाया
न त्वां ग्रहिष्यति वचो हृदि मे कुरुष्व
આવો બહાર સુત, ના જગદીશ માયા
ઝાલી ગ્રહે, વચન આટું હૃદે ધરો મે!

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શુક બોલ્યા — मायावशस्य भवतो वचनं न मन्ये
स्नेहेन यत् सुत सुतेति मुहुर्ब्रवीषि !

પિતાજી ! આપ પોતે માયા પરવશ છો. તો વચનમાં વિશ્વાસ કેમ આવે ? વારંવાર સ્નેહવશ બની આપ 'પુત્ર,' 'પુત્ર,' એવો આલાપ તો કરી રહ્યા છો.

શ્રી વ્યાસ — नाङ्गीकरोषि वचनं यदि चेन्मम त्वं !
मन्तासि कस्य वचनं तद् वद त्वम् ॥

પિતાજીએ કહ્યું—હે પુત્ર ! જો મારા વાક્યનો સ્વીકાર કરવા ચિત્ત તૈયાર નથી, તો પછી કોના વાક્યનો સ્વીકાર કરીશ, તે પણ કહે.

શ્રી શુક — मन्ये तदीय वचनं किल जीव लोको ।
यन्मायया भ्रमति संसृतिचक्रमध्ये ॥

(પિતાજી હું તેના વચનનો સ્વીકાર કરીશ,કે જેની માયાથી આ જીવ સમૂહ સંસારના ચક્રમાં વિચર્યા કરે છે.

મહર્ષિ વ્યાસજીએ જાણ્યું કે પૂર્ણ વિરક્ત અને જ્ઞાની પુત્ર છે. એની સાથે વાદ કરવાથી વળે તેમ નથી લાગતું. એમ વિચારી ઋષિ વૃન્દની સાથે શ્રી દ્વારિકાજી પધાર્યા. ભગવાન શ્રી કૃષ્ણ ત્યારે દ્વારિકાજીને શોભાવતા હતા.

દ્વારિકાનાથે મહર્ષિજીનું સન્માન કીધું, સ્વાગત કર્યું, કુશલ પૂછીને જિજ્ઞાસા કરી કે "મહર્ષિજી ! કેમ પધારવું થયું ?"

વ્યાસજીએ કહ્યું, "કૃપાનાથ ! નિવેદન એક જ છે કે માતાના ઉદરમાં પુત્ર છે, વિદ્યાવતાર છે. એને પ્રકટ થવા પ્રાર્થના કરું છું, પણ સંમત નથી થતો. આપની પાસે આવ્યો છું. કોઈપણ માર્ગ દર્શાવો અને કાર્ય પાર પાડો. સાધારણ બાળક તો ગર્ભમાંથી બહાર આવ્યા બાદ શ્વાસ લઈ બચાવે; આ તો ઉદરમાંથી જ વિવાદ કરે છે.

વ્યાસજીની વિનંતિને માન આપી, સર્વત્ર ભગવાન સર્વ જાણે છે, છતાં પણ સ્નેહવશ બની વ્યાસજીને ત્યાં પુનીત આશ્રમમાં વ્યાસજીને ત્યાં પધાર્યા. શ્રી શુકાચાર્યની સાથે પુષ્કળ વાર્તાલાપ કર્યો, અને બહાર પ્રકટ થવા વિધાન કરતાં વ્યાસજીને કહ્યું,'

व्यास त्वदीय तनयः शुकवन्मनोज्ञं ।
ब्रूते वचो भवतु तच्छुक एव नाम्ना ॥

મહર્ષિજી ! આપનો કુમાર શુકના જેવું મનોહર અને મધુર વચન બોલી રહેલ છે; માટે તેના પ્રાકટય પહેલાં જ તેનું નામ શુકદેવ રાખું છું. ભવિષ્યમાં એક મહાન્ વક્તા થશે અને સર્વનાં હૃદય ભક્તિરસથી આપ્લાવિત કરશે. ભગવાને આટલો ખુલાસો કર્યો અને વિદાય લીધી. પછી શુકાચાર્યજી પ્રકટ થયા. જન્મ લેતાં જ બાપ ઉપર ગર્ભનાલ નાખીને ઘર છોડી વનમાં દોડવા લાગ્યા.

जातमात्रः प्रव्रव्राज शुकः सर्वहृदि स्थितः ।
नालं निधाय स्वस्कन्धे सर्वं कृत्यं परित्यजन् ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભગવાનના વચનનું પાલન કરવા શ્રી શુકાચાર્યજી પ્રગટ થયા, પરંતુ સ્વભાવ વિરક્ત શુકજી વનમાં દોડવા જ લાગ્યા. વ્યાસ મહર્ષિ તેમની પાછળ "પુત્ર! પુત્ર!" એવું સંબોધન કરતા દૂર દૂર નીકળી ગયા, પરંતુ ક્યાંય સઘન વન છટામાં તે અન્તર્હિત થઈ ગયા. વ્યાસ મહર્ષિ અવશ બની પરત થયા.

ખૂબજ વિચારને અંતે શ્રીમદ્ ભાગવતમાંથી બે શ્લોક ચૂંટી કાઢયા અને પોતાના બે શિષ્યોને તે શ્લોકો આપીને કહ્યું, "વનમાં આ બે શ્લોકોને ગાતા ગાતા વિચરજો. તમને અવશ્ય શુક મળશે; અવશ્ય આવા અનેક શ્લોકો તમારી પાસે શુક માગશે, પરંતુ શ્રીમદ્ ભાગવતના અન્ય શ્લોકો તેમને ન આપશો." વ્યાસ મહર્ષિએ આપેલા બે શ્લોકોમાંનો

પ્રથમ શ્લોક :- અહો બકી યં સ્તનકાલકૂટં જિઘાંસયાપાયયદપ્યસાધ્વી ।
લેભે ગતિં ધાત્ર્યુચિતાં તતોઽન્યં કં વા દયાલું શરણં વ્રજેમ ॥ ૩-૨-૨૩

બીજો શ્લોક :- બર્હાપીડં નટવરવપુઃ કર્ણયોઃ કર્ણિકારં
બિભ્રદ્ વાસઃ કનકકપિશં વૈજયન્તીં ચ માલામ્ ।
રન્ધ્રાન્ વેણોરધરસુધયા પૂરયન્ ગોપવૃન્દૈ-
ર્વૃન્દારણ્યં સ્વપદરમણં પ્રાવિશદ્ ગીતકીર્તિઃ ॥ ૧૦-૨૧-૫

શ્રી શુકમુનિ સ્વરૂપ મધુર અને ગુણ મધુર એવા બે શ્લોકોના શ્રવણથી મુગ્ધ થયા. સમાધિનો સ્વાદ હવે અધુરો લાગ્યો. પિતાજીના ચરણે શરણ થયા. શ્રીમદ્ ભાગવતનું અધ્યયન કર્યું. જંગલમાં મંગલગાન કરવા લાગ્યા. સ્વયં હરિરસ પીવા લાગ્યા અને સૌને હરિરસ પાવા લાગ્યા.

વંદન હો એ કથાસમ્રાટ શુકાચાર્યના ચરણ સરોજને અને અનંત વંદન હો એ વ્યાસ મહર્ષિને કે જેમણે નન્દનિકેતનમાં નિત્ય નૃત્ય કરતા આનદકંદ મુકુન્દ રસને શ્રીમદ્ ભાગવત દ્વારા સંકુર સપલ્લવ અને પ્રાંજલ કરી દરેકના કર્ણપુટ દ્વારા હૃદયપુટમાં સંપુટિત કરી ચેતન અચેતનને પ્રતિરોમ પ્રહર્ષિત કરી દીધાં.

અન્તમાં સજ્જનવૃન્દને સાંજલિ એક પ્રાર્થના છે કે—આ મારા વાકુ ચાપલ્યને કૃપાનજરે નિહાળે. અને કોઈ પણ સ્થળે કાંઈ પણ સૂચન કરવા જેવું લાગે તે અસંકોચે સૂચિત કરવા કૃપા કરે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

हास्याय वा सुविदुषामविदां द्विषां स्यात्
हर्षाय वा हरिरसाप्लुतमानसानाम् ।
तोषाय वास्तु भगवज्जनचातकानां
संशोधनाय ममचित्तमलावलीनाम् ॥

केवल कृष्णकृपा

अणुकल्प्यां पणु प्रभुनां कल्पेलां कार्यो कल्पतरु समां बने छे. आ न्याये श्रीरणछोड-रायजी भगवानना पाटोत्सव प्रसंगे डाकोरजीमां छप्पनभोग प्रस्तावे श्री नाथजी प्रभुना ज मनोरथथी ,भगवत्सेवारत विद्वद्वर आचार्यवर १०८ गोस्वामी श्री व्रजराजजी महाराजश्रीना करकमले श्री रणछोडरायजीना चरणकमलमां "तत्त्वसुधा"नुं संस्थापन अने निवेदन थाय छे जेनो नित्य कृतज्ञ छुं.

मारा सुहृद संतवर्य श्री रामचंद्र शास्त्रीजीना वरद हस्ते श्री मुरलीधर प्रभुने समर्पण अने प्रकाशन थाय छे तेथी तेमज आ अवसरे प्रथम तेओने अर्पवाथी हर्ष अनुभवुं छुं.

उपरांत मुंबई क्रोस मैदानमां श्री कपोल मंडल नियोजित अष्टोतर शत भागवत सत्र महोत्सवमां आ ग्रन्थनुं प्रकाशन थाय छे ते माटे कपोल मंडळनो उपकृत छुं.

श्री मुरलीधर पाटोत्सव– "अतिथि"
महावद ६ सोमवार २०२०
ता. ३–२–१९६४

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રીમદ્ ભાગવત પુરશ્ચરણ વિધિ

પ્રકાર ૧. સર્વકામના સિદ્ધિ માટે

શ્રાવણ માસ કૃષ્ણપક્ષમાં કોઈપણ શુભ દિવસે કરવું. એક જ દિવસમાં સંપૂર્ણ પારાયણ કરવું.

પ્રકાર ૨. પુત્ર પ્રાપ્તિ માટે

શ્રાવણ માસમાં શુકલ પક્ષમાં–૨ દિવસમાં

દિ.	અધ્યાય	સ્કંધ	અધ્યાય	
૧	૧૯૦	૯	૧૩	પર્યન્ત
૨	૧૪૫	૧૨	૧૩	,,

પ્રકાર ૩. મુક્તિ પ્રાપ્તિ માટે.

આશ્વિન શુકલ પક્ષમાં–૩ દિવસમાં.

દિ.	અધ્યાય	સ્કંધ	અધ્યાય	પર્યન્ત
૧	૧૫૨	૭	૧૪	,,
૨	૧૩૯	૧૦	૬૦	,,
૩	૪૪	૧૨	૧૩	,,

પ્રકાર ૪. સંકલ્પ સિદ્ધિ માટે

ભાદ્રપદ શુકલ પક્ષમાં–૪ દિવસમાં

દિ.	અધ્યાય	સ્કંધ	અધ્યાય	પર્યન્ત
૧	૮૧	૪	૧૯	,,
૨	૮૯		૧૭ ૮	,,
૩	૯૩	૧૦	૫૨	,,
૪	૮૨	૧૨	૧૩	,,

પ્રકાર ૫. ધન પ્રાપ્તિ માટે

ભાદ્રપદ શુકલ પક્ષમાં–૫ દિવસમાં.

દિ.	અધ્યાય	સ્કંધ	અધ્યાય	પર્યન્ત
૧	૬૯	૪	૭	,,
૨	૬૯	૬	૧૯	,,
૩	૬૩	૯	૨૪	,,
૪	૬૯	૧૦	૬૯	,,
૫	૬૫	૧૨	૧૩	,,

પ્રકાર ૬. લક્ષ્મીજીની પ્રસન્નતા માટે.

ભાદ્રપદ કૃષ્ણપક્ષમાં–૬ દિવસમાં.

દિ.	અધ્યાય	સ્કંધ	અધ્યાય	પર્યન્ત
૧	૬૧	૩	૩૨	,,
૨	૪૬	૫	૧૪	,,
૩	૭૦	૮	૨૪	,,
૪	૬૩	૧૦	૩૯	,,
૫	૬૦	૧૧	૯	,,
૬	૩૫	૧૨	૧૩	,,

પ્રકાર ૭. ભક્તિ પ્રાપ્તિ માટે

વૈશાખમાસમાં ૭ દિવસમાં

દિ.	અધ્યાય	સ્કન્ધ	અધ્યાય	પર્યન્ત
૧	૫૩	૩	૨૪	,,
૨	૪૩	૫	૩	,,
૩	૫૧	૭	૯	,,
૪	૫૮	૧૦	૪	,,
૫	૫૧	૧૦	૫૫	,,
૬	૪૧	૧૧	૬	,,
૭	૩૮	૧૨	૧૩	,,

પ્રકાર ૮. રાજ્ય પ્રાપ્તિ માટે

અષાઢ શુકલ પક્ષમાં ૧૦ દિવસમાં.

દિ.	અધ્યાય	સ્કંધ	અધ્યાય	પર્યન્ત
૧	૩૫	૩	૬	,,
૨	૩૪	૪	૭	,,
૩	૩૩	૫	૯	,,
૪	૩૬	૬	૧૯	,,
૫	૩૯	૮	૨૪	,,
૬	૩૫	૧૦	૧૧	,,
૭	૩૪	૧૦	૪૫	,,
૮	૩૪	૧૦	૭૯	,,
૯	૩૪	૧૧	૨૩	,,
૧૦	૨૧	૧૨	૧૩	,,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

सप्ताह क्रम

मनुकर्दम संवाद पर्यन्तं प्रथमेऽहनि ।
भरताख्यानपर्यन्तं द्वितीयेऽहनि वाचयेत् ॥
तृतीये दिवसे कुर्यात् सप्तम स्कंध पूरणम् ।
कृष्णाविर्भावपर्यन्तं चतुर्थेऽहनि शस्यते ॥
रुक्मिण्युद्वाह पर्यन्तं पञ्चमेऽहनि वाचयेत् ।
श्रीहंसाख्यानपर्यन्तं षष्ठेऽह्नि वदेत्सुधीः ॥
सप्तमे तु दिने कुर्यात् पूर्तिं भागवतस्य वै ।
एवं निर्विघ्नतासिद्धि र्विपर्यय इतोऽन्यथा ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રી હરિઃ

શ્રી મુરલીધરમન્દિરસ્ય ખાતમુહૂર્તે વિનયાઞ્જલિઃ

વિશ્વાત્મન્ વિનિવેદયામિ વિનયેનાભ્યર્થનેનાલ્પકં
ખાતં રુગાતિમયસ્ય મન્દિરકૃતૌ મચ્ચાપલં ક્ષમ્યતામ્ ।
કિન્ત્વન્તઃકરણં પુનામિ કરણાદ્ વૃત્તેર્વિભૌ વારણાત્
આનૃણ્યેન ચ વિટ્ઠલસ્ય કરુણા-ભારસ્ય વૈ કેવલમ્ ॥ ૧ ॥

વિશ્વાત્મન્ શ્રી મુરલીધર ! પ્રાર્થના અને વિનયપૂર્વક કંઈક નિવેદન કરું છું. આશા છે, મારા શબ્દોને કર્ણ-પથ કરશો. આપ સ્વયં પ્રખ્યાત છો અને વ્યાપક છો, પછી આપના મંદિરનું નિર્માણ અને 'ખાત વિધિ' વિધાન એ કેવલ મારી ચપલતા છે. આપ એને ક્ષમા નજરે નિહાળશો. કેવલ અન્ત કરણની પવિત્રતા કાજ, મનોવૃત્તિને પ્રભુ ચરણમાં વાળવા માટે, શ્રી વિટ્ઠલ પ્રભુનું અને સર વિટ્ઠલદાસનું શિરે ઋણ હોઈ, તેમજ તેમના કરુણાભારથી પરવશ થઈ આ મન્દિર-નિર્માણ આરંભ્યું છે. ૧.

નિષ્ઠા ભૂમિતલં સ્થલં સુવિમલં શાન્તં મનો નિર્મિતં ।
ખાતં દૈન્યચયો મુહુર્મુહુરતીવાર્તિં મુહૂતં વરમ્ ।
મંત્રાઃ શ્વાસપરંપરોપકરણં કર્ણા-ક્ષિ-ત્વાદાન્તકં
કાયઃ સત્કનકં દૃઢં તુ કુલિશં કર્તવ્યનિષ્ઠા સદા ॥ ૨ ॥
નીલં નીલપયોરુહાદનિરતા નેત્રોલ્લસત્તારકા
હૃત્ પદ્મં કિલ પદ્મરાગમતુલં પ્રાણાશ્ચ સન્મૌક્તિકમ્ ।
દૂર્વા રોમલતિ વૈલિ વૈદુનતિઃ સ્નેહાશ્રવઃ સર્પપાઃ ।
દૃષ્ટિર્દૈવ દધિ ક્ષમાઞ્જલિરયં પુષ્પાઞ્જલિઃ કલ્પિતઃ ॥ ૩ ॥

અખિલ નિધિના સ્વામી ! આપના આ ખાત નિર્માણમાં મારી મામુલી સામગ્રીનું આપને નિવેદન કરતાં ક્ષોભ અનુભવું છું; પરંતુ નિજ જનના અલ્પ ભાવથી રીઝવાના આપના ઉદાર સ્વભાવથી પ્રેરાઈને દર્શાવતાં આનંદ અનુભવું છું:

આપના ચરણ કમલમાં મારી શ્રદ્ધા એજ મન્દિરની 'ભૂમિ' છે; મારું શાંત મન એજ મંદિર માટે અત્યંત સુવિમલ સ્થળ બનાવ્યું છે. સર્વસ્વ આપનું છે એવો મારો 'દૈન્ય ભંડાર' તે ખાત છે; આપને પધરાવ-વાની અતિશય આર્તિ એજ ઉત્તમ 'મુહૂર્ત' છે. મારી શ્વાસ પરંપરા એ વિધિ વિધાનના મંત્રો છે. કાન, આંખ, ત્વગ આદિ મારાં અંગો ઉપકરણ સામગ્રી છે;

ભગવન્ ! ખાત મુહૂર્તમાં પંચ રત્ન જોઈએ. કનકં કુલિશં નીલં પદ્મરાગં ચ મૌક્તિકમ્। કનક, કુલિશ; નીલ, પદ્મરાગ અને મૌક્તિક આવાં પંચરત્નો ક્યાંથી લાવું ? પરંતુ આપે અનુગ્રહ કરી અર્પેલ 'કાયા એજ કનક' છે; દૃઢ કર્તવ્ય નિષ્ઠા એ કુલિશ છે; મેઘ શ્યામ પ્રભુના પાદ કમલમાં નિત્ય નિવાસ કરતી નીલવર્ણી બે કીકી એ નીલ મણિ છે; હૃદયપદ્મ એ પદ્મરાગ મણિ છે; મારા પ્રાણો મુક્તામણિ છે; મારી રોમાવલિ તો દૂર્વા છે; વારંવાર

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નામન એ બલિ પૂજન છે; સ્નેહાશ્રુઓ સર્વસ્વ છે. હે દેવ! મારી સ્નેહાળ દૃષ્ટિ એજ દક્ષીં છે; ક્ષમાંજલિ એજ મરી આપને ચરણે પુષ્પાંજલિ છે. ૩.

विश्वासस्तु ध्रुवः शिरश्च कलशः प्रीतिः परा पेटिका
याचेहं प्रणिपत्य पादकमलं कल्याणसिंधोऽधुना ।
दासे देव दयां विधेहि पदवीं दृष्टिं च खाते हरे
एषा प्रेममयी स्तुतिस्तव विभो कृष्णाङ्घ्रियुग्मेऽर्पिता ॥ ४ ॥

ભગવન્! આપના ચરણ કમલમાં મારો વિશ્વાસ એ 'ધ્રુવ' છે; માઇં શિર એ 'કલશ' છે; પ્રીતિ એ ઉત્તમ પેટી છે. ભગવન્ રસેશ શ્રી કૃષ્ણ! હવે આ ખાત મુહૂર્તમાં દૃષ્ટિ કરો, આપના પાવન પગલાં કરો, અને નિજ જન ઉપર કૃપા કરો એટલી હે કલ્યાણ સિંધુ! આપના ચરણ યુગલમાં પ્રણિપાત કરીને પ્રાર્થના કરું છું—અને આ મારી 'પ્રેમમયી' સ્તુતિ પુષ્પાંજલિ શ્રી કૃષ્ણચન્દ્ર પ્રભુ! આપના ચરણ યુગલમાં સમર્પું છું. ૪.

[3]गुण–सूर्य–ख नेत्रीय मार्गशुक्लीय पुण्यदा ।
एकादशी जयन्तीयं जयताद् भृगुणा युता ॥ ५ ॥

આજના ખાત મુહૂર્તના દિવસની સંવત ૨૦૧૩ ની માર્ગશીર્ષ શુકલ એકાદશી અને શુક્રવાર યુકત ગીતા જયંતિ પુણ્ય પર્વ તિથિ છે. તે સર્વદા વિજયિની બનો. ૫.

માર્ગશીર્ષ શુક્લ ૧૧.
૨૦૧૩ શુક્ર

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રી હરિઃ

શ્રી મુરલીધર ભગવત્પ્રાસાદ વાસ્તુ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસઙ્ગે

— સ્તવન કુસુમાઞ્જલિઃ —

વંશીવાદનશીલ શીલસમતાસ્નેહ સ્વરૂપાત્મનઃ ।
વાસાર્થં વિહિતાં વિલોક્ય વસતિં હાસ્યં ન કિં શ્રીમુખે ॥
આસ્તાં કિંચિદિદં વદામ્યવહિતં ત્વદ્ વાસગાથાગતં ।
ચાપલ્યં ભણ મુગ્ધભાવમથવા સ્વાન્તાર્દ્રભાવોચ્ચયઃ ॥ ૧ ॥

અન્વયાર્થ—વંશી-વાદન-શીલ-વંશી વાદન પરાયણ શ્રીમુરલીધર! શીલ-સમતા-સ્નેહ સ્વરૂપ-આત્મનઃ-શીલ-સમતા-સ્નેહ સ્વરૂપ, તે-આપના, વાસાર્થં-નિવાસ માટે, વિહિતાં-રચેલ, વસતિં પ્રાસાદને, વિલોક્ય-નિહાળીને, તો શ્રીમુખે-આપના મુખારવિંદ ઉપર, હાસ્યં ન કિમ્ હાસ્ય-તો નથી ને! આસ્તામ્-ભલે તેમ હો, ઇદં કિંચિત્-આ કાંઈક, ત્વદ્-વાસ-ગાથા-ગતમ્-આપના નિવાસની ગાથાને લગતું, અવહિતમ્-સાવધાનીથી, વદામિ-કહું છું તેને, ચાપલ્યમ્-મારી ચપલતા તરીકે, ભણ-માનો મુગ્ધભાવમ્-મારો મુગ્ધભાવ ગણો; અથવા-અથવા તો, સ્વાન્ત-આર્દ્ર-ભાવ-ઉચ્ચયઃ-મારા હૃદયને આર્દ્રભાવનો સમૂહ માનો. ૧.

અનુવાદ--મુરલી વાદન પરાયણ શ્રી મુરલીધર ભગવન! આપશ્રી શીલસમતા અને સ્નેહાત્મક સ્વરૂપ છો. આપ સમસ્ત વિશ્વમાં નિવાસ કરીને રહેલા છો. ત્યાં આપને માટે નિર્માણ કરેલા 'મુરલીધર પ્રાસાદને નિહાળીને અમારી બાલિશ ચેષ્ટાને હસતા તો નથી ને! આપને એમ તો નથી લાગતું ને, કે વિશ્વવ્યાપીને આટલો નાનો મંદિર નિવાસ શો! ના, ના, આ તો આપની પ્રતિષ્ઠા સમયની મુખમુદ્રા પ્રસન્ન સ્મિત પૂર્ણ છે. આપ તો દયાળુ છો. આપનું આ મન્દસ્મિત અનુગ્રહને દર્શાવનારૂં છે. રહેવા દો! જે કોઇ કારણથી મન્દ સ્મિત હોય, તે ભલે હો; પરન્તુ આપના આ 'મુરલીધર-પ્રાસાદ' ને લગતી આહુતી સાવધપણે આપું છું, એને મારી ચપલતા માની લો, મુગ્ધ ભાવ ગણી લો, કે મારા હૃદયના આર્દ્રભાવની ઉર્મિઓનો સમુચ્ચય સમજી લો. જે કાંઇ માનો તે માની લો.

તત્ત્વસુધા—વ્યાપક વિભુનું મંદિર ન હોઈ શકે, તો પણ વેદોએ જ્યારે ભગવાનને મેળવવાનો વિધિ બનાવ્યો અને બતાવ્યો છે, તો તેને અનુસરીને મારી ભાવનાને આ સાત્વિક સ્વરૂપ આપ્યું છે. પછી તેમાં ચાપલ્ય લાગે, ભક્તિભાવ લાગે કે અન્તઃકરણની ભગવન્નિષ્ઠાનો પ્રતિધ્વનિ લાગે! જે કાંઈ હોય પરંતુ આપને નિવેદિત કરૂં છું. અને આપના મંદિરની સામગ્રીથી હવે આપને વિદિત કરૂં છું. ૧.

આમ્નાયઃ કમઠસ્ત્વદર્થમહિમા શેષોઽવની-ધારણે ।
વિશ્વાસો નિજવિહ્વલસ્ય ધરણી પ્રેમ પ્રદેશઃ સ્વયમ્ ॥
તારો મૂલમતીવ પક્વમચલા વેદત્રયી વેદિકા ।
પ્રાસાદશ્ચ મનોરથઃ શ્રુતિમતસ્તસ્મિન્ મદન્મન્દિરમ્ ॥ ૨ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

अन्वयार्थ—**आम्नायः**-ભગવાન વેદ, **कमठः**-(મંદિરની ભૂમિના આધાર ભૂત) 'કૂર્મ' છે, **त्वदर्थ-महिमा**-આપના અર્થનો મહિમા, **अवनी-धारणे**-પૃથ્વીને ધારણ કરવા માટે, **शेषः**-શેષ ભગવાન છે, **निज-विठ्ठलस्य**-મારા શ્રીવિઠ્ઠલનાથજીનો, **विश्वासः**-વિશ્વાસ, **धरणी**-પૃથ્વી છે, **प्रेम**-મારો પ્રેમ, **स्वयम्-प्रदेशः**-એ જ પ્રદેશ છે, **तारः**-ઓંકાર-પ્રણવ, **अतीव-पक्वम्**-અત્યંત મજબૂત, **मूलम्**-મંદિરનો પાયો છે, **वेदत्रयी**-ભગવતી વેદત્રયી, **अचला**-અવિચલ, **वेदिका**-વેદી છે, **श्रुतिमतः**-શ્રુતિસંમત, **मनोरथः**-મારો મનોરથ, એજ **प्रासादः**-પ્રાસાદ છે-મંદિર છે, **तस्मिन्**-તેમાં, **भवन्मन्दिरम्**-આપનું મંદિર છે. ૨.

અનુવાદ—**મન્દિર નિર્માણ માટે પૃથ્વી વગેરે સામગ્રી જોઇએ. એ સર્વ સાધન સામગ્રીનું કથન કરી કૃતાર્થ બનું છું. આમ્નાય-વેદ એ પૃથ્વીનો આધારભૂત કમઠ-શ્રીકૂર્મ છે; વેદોના અર્થવિસ્તાર-આપનો યશ મહિમા શ્રી શેષ ભગવાન છે; શ્રી વિઠ્ઠલનાથનો (સર વિઠ્ઠલદાસનો) વિશ્વાસ એ જ 'ધરણી' છે; શ્રી વિઠ્ઠલનાથમાં 'પ્રેમ' એ મંદિર માટેનું સ્થાન-પ્રદેશ છે; 'તાર-ઓંકાર એ મંદિરનું મૂલ-પરિપક્વ પાયો છે; વેદત્રયી એ મંદિરની અવિચલ વેદી છે; શ્રુતિ શાસ્ત્ર સંમત મનોરથ એ પ્રાસાદ છે; એ મનોરથ પ્રાસાદમાં જ આપના મંદિરનું નિર્માણ કર્યું છે. ૨.**

तत्त्वसुधा—મંદિરની રચના માટે શુદ્ધ પૃથ્વી જોઇએ, માટે "શ્રી વિઠ્ઠલનાથ ભગવાનમાં મારો વિશ્વાસ એજ પૃથ્વી છે." આ વાક્યમાં એક લાક્ષણિક અર્થ પણ છે કે સર વિઠ્ઠલદાસજીએ પોતાનું ઉત્તર દાયિત્વ જ્યારે સોંપ્યું, ત્યારે શ્રી પ્રેમલીલાબ્હેનમાં વિશ્વાસ હતો કે એમના જે સિદ્ધાન્ત-આદર્શ અને ઉત્તમ મંગલ સંકલ્પો હતા, તે બધાને શ્રી પ્રેમલીલા બ્હેન અનુસરશે-પૂર્ણ કરશે. એમણે શ્રી વિઠ્ઠલ નગર, મુરલીધર મંદિર, કૉલેજ યુનિવર્સીટી આદિ કાર્યો દ્વારા તે સંકલ્પોને પૂર્ણ કર્યા અને વિશ્વાસને સત્ય કર્યો. તેથી સર વિઠ્ઠલદાસના વિશ્વાસને ધરણીની ઉપમા આપી છે; કારણ કે પૃથ્વી જેમ સર્વનો આધાર છે' તેમ વિશ્વાસ પણ સર્વ કાર્યનો આધાર છે. પૃથ્વીમાં કોઈ ક્ષેત્ર-પ્રદેશ પણ જોઇએ કે જ્યાં મંદિર રચાય તેથી 'પ્રેમ' નામના પ્રદેશમાં પ્રભુના મંદિરની રચના કરી, આ સ્થાને 'પ્રેમ' શબ્દથી સંકેતમાં પ્રેમલીલા હાકરસીનો ઉલ્લેખ છે. 'તાર' શબ્દનો અર્થ ઊંકાર-પ્રણવ થાય છે. સર્વને સંસાર સાગરમાંથી તારી લે છે, તેથી પણ તેને 'તાર' કહે છે. આ મંદિરનો મજબૂત પાયો ઓંકાર-પ્રણવ છે. પાયા ઉપર વેદી રચાય, ત્રણ વેદો અવિચલ વેદી બન્યા છે. 'પ્રભુ' બિરાજે અને સર્વને ભક્તિ આપે, એવો પવિત્ર મનોરથ એજ ભગવાનનો પ્રાસાદ છે. ૨

श्रद्धा-शान्ति-धृति-क्षमार्ति-करुणा-मैत्र्यः शुभा पद्धतिः ।
सेवा-ज्ञान मुपास्तिरत्र सरल द्वारत्रयी वेशने ॥
निष्ठा भित्तिरलं चरित्रचयनं वातायनं वाक्स्तवः ।
शीलं सच्छिखरं यशः सुकलशो धर्मोऽस्ति पुण्यो ध्वजः ॥ ३ ॥

अन्वयार्थ—**श्रद्धा-शान्ति-धृति-क्षमा-आर्ति-करुणा-मैत्र्यः**-શ્રદ્ધા-શાંતિ-ધૃતિ-ક્ષમા-આર્તિ-કરૂણા અને મૈત્રી, આ સાત પગથિયાં, **शुभा पद्धतिः**-એ સુંદર નીસરણી છે, **सेवा**-સેવા, **ज्ञानम्**-જ્ઞાન, **उपास्तिः**-ઉપાસના, **अत्र वेशने**-આ મંદિરમાં પ્રવેશવા માટે, **सरल-द्वारत्रयी**-સરલ એવા ત્રણ દરવાજા છે. **अलं निष्ठा भित्तिः**-પૂર્ણ નિષ્ઠા એ દિવાલ છે. **चरित्र चयनम्**-પવિત્ર ચરિત્ર મંદિરનું ચણતર છે. **वाक्-स्तवः**-વાક્ય સ્તુતિ, **वातायनम्**-બારીઓ છે. **शीलं**-શીલ, **सत्-शिखरम्**-શ્રેષ્ઠ શિખર છે, **यशः**-કીર્તિ-યશ, **सुकलशः**-મંદિરનો કલશ છે.**धर्मः**-ધર્મ એ જ **पुण्यः-ध्वजः**-અત્યંત પવિત્ર ધ્વજ છે. ૩.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ--આ મંદિરમાં પ્રવેશવા માટે એક નિસરણી ચઢવી પડે છે. એ નિસરણીને સાત સોપાન છે. શ્રદ્ધા, શાંતિ, ધૃતિ, ક્ષમા, આર્તિ, કરૂણા અને મૈત્રી એ સોપાનનાં નામ છે. સેવા, જ્ઞાન, ઉપાસના એ ત્રણ દિશાનાં ત્રણ પ્રવેશ દ્વાર છે. 'નિષ્ઠા' એ તો મંદિરની ચાર ભિત્તિ-દિવાલ છે. શુભ ચરિત્ર મંદિરનું ચયન-ચણતર છે. વાણી-મધી સ્તુતિ એ મંદિરનું વાતાયન-બારી છે. શીલ એ મંદિરનું શિખર છે. યશ એ મંદિરના શિખરનો કલશ છે. ધર્મ એ મંદિરનો પવિત્ર ધ્વજ છે. ૩.

તત્ત્વસુધા-- મંદિર એટલે ભગવાનનું પાવનતમ આનંદ ધામ. એ આનંદ ધામમાં પ્રવેશને વાંછતા માનવે જીવનમાં ક્રમશઃ શ્રદ્ધા, શાંતિ, ધૈર્ય, ક્ષમા, આતુરતા, દયા, ભૂતમૈત્રી, એવી સાત કક્ષાઓ સંપાદન કરવી જોઈએ. એ સાત કક્ષાઓ એજ ઉત્કર્ષની નીસરણી છે. વળી મુરલીધર મંદિરમાં પ્રવેશ માટે ત્રણ દ્વાર છે, તે જાણે જ્ઞાન, ભક્તિ અને ઉપાસનાનાંજ પ્રતીક તરીકે યોજેલ લાગે છે. પ્રભુ ચરણમાં નિષ્ઠા એ મંદિરની મજબૂત દિવાલ છે. જીવનમાં સચ્ચરિત્રના ચણતર વિના કદિ આનંદ પમાતોજ નથી. આ મંદિરની દિવાલો સચ્ચરિત્ર સંપાદનનું સૂચન કરે છે. સ્તોત્ર દ્વારા ભગવાન ભક્તના હૃદયમાં પ્રવેશ કરે છે. તેથી સ્તોત્ર જાણે પ્રભુનું પ્રવેશ દ્વાર હોય એમ લાગે છે. મનુષ્યનું ઉત્તમ શીલ એજ આનંદ મંદિરનું ઉન્નત શિખર છે. શીલ સર્વ ગુણોના શિખરે બિરાજે છે. સત્કીર્તિ જાણે શિખરના સુવર્ણ કલશ સમાન શોભે છે. ધર્માચરણ એ તો સર્વોપરિ ધ્વજ છે. ધ્વજનું સ્થાન શિખર ઉપર રહે છે. ૩

आनन्दो निजविग्रहो-जनमनो मोदप्रदो-निग्रहः ।
सत्यं कं च शिवं ललाट-पटलं वक्त्रं सदा सुन्दरम् ॥
कर्णौ जीवगुणश्रवः सुनयने 'साम्यं कृपा' नित्यशः ।
नासा भक्त-वचोऽवनव्रतमहोरात्रं सुधा यन्मुखम् ॥ ४ ॥

અન્વયાર્થ—आनन्दः-આનંદાત્મક, निजविग्रहः-ભગવાનનો શ્રી વિગ્રહ-એજ મૂર્તિ, जन-मनः-माद-प्रदः-ભક્તજનના મનને પ્રમોદ આપનાર, એવો જે निग्रहः-ઈન્દ્રિય અને મનોનિગ્રહ છે; सत्यम्-સત્ય, कम्-શ્રી વિગ્રહનું મસ્તક છે; च-અને, 'शिवम्'-શિવ, એ ललाट-पटलम्-લલાટ-પટલ છે; सुन्दरम्-સુંદર એ શ્રી વિગ્રહનું वक्त्रम्-મુખ છે, जीव-गुण-श्रवः-જીવોના સદ્ગુણોનું શ્રવણ કરવું એ જ कर्णौ-શ્રી વિગ્રહના બે કાન છે; साम्यं-कृपा-સમદૃષ્ટિ અને કૃપા એ બે नित्यशः-નિરંતર, सुनयन-શ્રી વિગ્રહની સુંદર દૃષ્ટિ છે; अहोरात्रम्-રાત્રિદિવસ, भक्त-वचः-अवनव्रतं-ભક્ત વચનનું પરિપાલન એ જ नासा-શ્રી વિગ્રહની નાસિકા છે; सुधा-અમૃત, એ શ્રી વિગ્રહનું यत्-मुखम्-મુખારવિંદ છે. ૪.

અનુવાદ--આનંદમય આપનો શ્રી વિગ્રહ એ તો ભક્તજનોના મનને પ્રમોદ આપનાર નિગ્રહ છે. सत्यम्- આપનું મસ્તક છે. शिवम्- આપનું લલાટ પટલ છે. सुन्दरम्- આપનું શ્રી મુખ છે; જીવોના ગુણોનું શ્રવણ એ આપના કર્ણો છે. 'સમત્વ અને દયા' એ બે આપનાં સુંદર નેત્રો છે. રાત દિવસ ભક્ત જનોના વચનનું પરિપાલન વ્રત એ આપનું નાક છે. અમૃત એ જ આપનું મુખારવિંદ છે. ૪

તત્ત્વસુધા—શ્રી મુરલીધર ભગવાનનાં શ્રી અંગનો અને અવાંતર નાનાં મોટાં અંગોનો પરિચય આ શ્લોકમાં આપ્યો. आनन्दो निज विग्रहः-ચરણથી મસ્તક પર્યન્તનો સંપૂર્ણ શ્રી વિગ્રહ-મૂર્તિ આનંદમય છે. એ પાંચ ભૌતિક તત્ત્વોમાંથી બને નહિ. सत्यं शिवं सुन्दरम्-એ ત્રણે-મસ્તક, લલાટ અને મુખરૂપે છે. સત્ય સર્વોપરિ ધર્મ છે, માટે તે મસ્તક છે, કારણ કે જે સર્વ અંગોના ઉપરના ભાગે રહે છે. લલાટ દર્શન મંગલ માન્યું છે. લલાટમાં નિત્ય તિલક શોભે છે. શિવ એ મંગલાત્મક છે, માટે શિવ એ લલાટ છે. સૌન્દર્ય તો મુખમાં જ નિહાળાય. સૌન્દર્ય સૂર્યને ગમે છે. વિશ્વભરમાં જે સૌન્દર્ય છે, તે આપનું મુખ કમલ છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

कर्णौ–ભગવાન અત્યંત કૃપાળુ છે. કોઈ દિવસ પ્રભુ જીવોના દોષોને જોતા નથી, અને સાંભળતા નથી. કેવલ ગુણોને સાંભળીને દયા કરે છે, એ જ આપના કર્ણ છે. સમદૃષ્ટિ અને દયા એ બે ભગવાનની આંખો છે. नासा–નાક શબ્દનો અર્થ ઈંગિત–ટેક થાય છે. આ માણસ નાકવાળો છે એટલે ઈંગિતવાળો છે, ટેકીલો છે, એવું વ્યવહારમાં કહીએ છીએ. ભક્તોના વચનને સત્ય કરવાનું વ્રત ભગવાને લીધું છે, એજ આપનું નાક–યશઃ છે. ૪

दन्ताः शान्तमखाः स्मित सुमनसः प्राणाश्च भक्ताः प्रियाः ।
कण्ठो व्याकरण कवित्वरसना तर्कस्तु दार्ढ्यं बलम् ॥
वक्षो भक्तिरमश्च नाभिरतुलो योगः पदौ कर्म ते ।
तत्रात्माऽस्ति "रसः" स्वरूपमधुरस्त्वां स्तोतुमर्हामि किम् ॥ ५ ॥

અન્વયાર્થ—शान्तमखाः–સાત્વિક યજ્ઞો, **दन्ताः**–દંત છે; **सुमनसः**–દેવો એ **स्मितम्**–ભગવાનનું સ્મિત હાસ્ય છે; **प्रियाः**–પ્રિય, **भक्ताः**–ભક્તજનો એ **प्राणाः**–પ્રાણો છે; **व्याकरणम्**–વ્યાકરણ શાસ્ત્ર એ **कण्ठः**–કંઠ છે; **कवित्व रसना**–કાવ્ય શાસ્ત્ર આપની રસના છે; **तर्कः**–તર્કશાસ્ત્ર એ **दार्ढ्यं बलम्**–દૃઢ એવું બલ છે; **भक्तिरसः**–ભક્તિ શાસ્ત્ર, **वक्षः**–આપનું વક્ષઃ સ્થળ છે; **योगः**–યોગ શાસ્ત્ર, **अतुलः**–અનુપમ, **नाभिः**–નાભિ છે; **कर्म**–મીમાંસા શાસ્ત્ર તે આપના **पदौ**–ચરણ કમલ છે; **तत्र**–આ શ્રી વિગ્રહમાં, **स्वरूपमधुरः**–સ્વરૂપથી જ મધુર, **रसः**–રસ એ તો **आत्मा**–આત્મા છે: **त्वाम्**–આવા આપને **स्तोतुम्**–સ્તવવા માટે **अर्हामि किम्**–શું હું યોગ્ય હોઈ શકું ? ૫.

અનુવાદ—સાત્વિક યજ્ઞો આપના દાંત છે. દેવો આપનું મંદ સ્મિત છે. પ્રિય ભક્ત જનો આપના સર્વ પ્રાણો છે. વ્યાકરણ શાસ્ત્ર આપનું મુખકમલ છે; કાવ્ય શાસ્ત્ર આપની રસના છે, તર્ક શાસ્ત્ર આપનું દૃઢ બલ છે; ભક્તિ શાસ્ત્ર આપનું હૃદય છે; યોગ શાસ્ત્ર આપનો નાભિ પ્રદેશ છે; મીમાંસા શાસ્ત્ર આપના પદકમલ છે. આ સર્વ અંગોથી બનેલા આપના શ્રી વિગ્રહમાં સ્વરૂપ મધુર એવો રસ એ જ આત્મા છે. આપના આ દિવ્ય સ્વરૂપની સ્તુતિ કરવા સમર્થ હું ક્યાંથી ? ૫.

તત્ત્વસુધા—આ શ્લોકમાં ભગવાનનાં અંગોનો પરિચય આપ્યો છે. મનુષ્યનાં નાક, કાન, હાથ, પગ જેવાં આપનાં શ્રી અંગો ન હોઈ શકે; પરંતુ સર્વ શાસ્ત્રો એજ આપનાં અંગો બન્યાં છે. મનુષ્ય દાંત દ્વારા ચાવે છે, જ્યારે ભગવાન યજ્ઞો દ્વારા ચર્વણ ક્રિયા કરે છે. આ રીતે અન્ય પણ સમજી શકાય છે. ૫

यद् दत्तं दयया शरीरमतुलं क्षेत्र तु तस्मिन् हरे ।
प्रेम्णैका लघुवाटिका विरचिता सेवा लता रोपिता ॥
सिक्ता कर्ममयाम्बुना त्वहरहः त्उसाहतः पालिता ।
तज्जातं कुसुमं त्वदीयचरणे दैन्येन त्वत्साक्तम् ॥ ६ ॥

અન્વયાર્થ—**हरे**–શ્રી હરિ ! **यद्**–જે, **दयया**–દયાથી, **अतुलम्**–શ્રેષ્ઠ એવું, **शरीरम्**–શરીર નામનું, **क्षेत्रम्**–ક્ષેત્ર, **दत्तम्**–આપ્યું, **तस्मिन्**–તે ક્ષેત્રમાં, **प्रेम्णा** અત્યંત પ્રેમથી, **एका**–એક, **लघुवाटिका**–નાની પુષ્પવાટિકા, **विरचिता**–બનાવી, તેમાં **सेवा लता**–સેવા નામની લતા, **रोपिता**–રોપી, **कर्ममय-अम्बुना**–કર્તવ્ય પાલન નામના જલથી, **तु**–સાવધપણે, **अहरहः**–રાત દિવસ, **सिक्ता**–સિંચી, અને **उत्साहतः**–ઉત્સાહથી, **पालिता**–સંભાળી; **तज्जातम्**–તે વાટિકામાં થયેલ, **कुसुमम्**–એક પુષ્પ, **त्वदीय चरणे**–આપના ચરણમાં, **दैन्येन**–દીન ભાવે, **त्वत्–साक्तम्**–આપને સમર્પિત કર્યું. ૬.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—શ્રી હરિએ અમિત અનુગ્રહ કરી શરીર નામનું સુંદર ક્ષેત્ર આપ્યું. તે ક્ષેત્રમાં પ્રેમથી એક પુષ્પવાટિકા રચી. તેમાં સેવા નામની એક વેલી રોપી. કર્તવ્ય પાલનના પાવન જલથી વેલીને નિત્ય સીંચી. રાત દિવસ ઉત્સાહથી તેને ઉછેરી. તે વેલી ઉપર એક પુષ્પ આવ્યું. ભગવન! પુષ્કળ દીનતા પૂર્વક આપના શ્રી ચરણમાં એ પુષ્પ આપને સમર્પ્યું—સ્વાધીન કીધું. ૬.

તત્ત્વસુધા—માનવને વનમાળીએ શરીરરૂપી એક ફલદ્રૂપ ક્ષેત્ર આપ્યું. એ ક્ષેત્રમાં નાનીશી એક સદ્‌ગુણ છોડ રૂપી વાટિકા રચી; પરંતુ લતા વિના તે દિવ્ય ન લાગી, એટલે 'સેવાવેલી' રોપી. તેને કર્મપરાયણતાનાં જલ પાયાં. રાત દિવસ એની સંભાળ લીધી. મારી સેવા નિષ્કામ છે કે કેમ? મારી વેલીને આસક્તિની કોંચ તો નથી વળગીને! આ એની સંભાળ હતી. સંભાળને અંતે વેલીને 'ભાવ' નામનું પુષ્પ અવતર્યું. એ પુષ્પને દૈન્ય ભાવે શ્રી હરિ ચરણે સમર્પ્યું.

આ શ્લોકમાં એક રહસ્ય છે. શ્રી સર વિઠ્ઠલદાસે શ્રી લેડી પ્રેમલીલા ઠાકરસીને પોતાની સમ્પત્તિની અને સંસ્કારની નાની વાડી આપી. શ્રી પ્રેમલીલા બહેને તે વાડીને સેવા ભાવનાથી સિંચવાનો અને અનાસક્તિથી સર શ્રી વિઠ્ઠલદાસના સર્વ સંકલ્પોને સિદ્ધ કરવાનો પ્રયત્ન આદર્યો. ખંત, ઉત્સાહ અને સ્વાશ્રયથી તેમના કાર્યક્ષેત્રને સંભાળ્યું. તે સંસ્કાર સમ્પત્તિ વાટિકામાં આ શ્રી મુરલીધર મંદિર નામનું એક પુષ્પ આવ્યું. તે પુષ્પને શ્રી હરિના ચરણમાં' આ સર્વ સર વિઠ્ઠલદાસનું છે અથવા ભગવાનનું છે, એવા નિષ્કપટ દીન ભાવથી સમર્પી દીધું. ૬

त्वदीय पादाम्बुजगन्धलुब्धः ।
गुणैकरक्तश्च फलेविरक्तः ॥
सत्सङ्गयुक्तः शुभकर्मसक्तः ।
स्यान्नित्यशो भावुकचित्तभृङ्गः ॥ ७ ॥

અન્વયાર્થ—ભાવુક-ચિત્ત-ભૃંગઃ-ભાવુક એવો મારો ચિત્તભૃંગ, હે ભગવન્! નિત્યશઃ-સદા સર્વદા, ત્વદીય-પાદાબુજ-ગન્ધ-લુબ્ધઃ-આપના ચરણકમલના સુગંધમાં આસક્ત, ગુણૈક-રક્તઃ-આપના ગુણમાં અનુરક્ત, ફલે-ફલમાં, વિરક્તઃ-વિરક્ત, સત્સઙ્ગ-યુક્તઃ-સત્સંગ યુક્ત, શુભકર્મ-સક્તઃ-સત્કર્મમાં અનુરાગી, સ્યાત્-બનો, એ જ વિજ્ઞપ્તિ. ૭

અનુવાદ—દયા નિધ શ્રી હાર! આ ભાવુક એવો મારો ચિત્ત ભ્રમર, સદા સર્વદા આપના ચરણ કમલના સુવાસમાં આસક્ત, આપના ગુણોમાં અનુરક્ત, ફળ મેળવવામાં અનાસક્ત, સત્સંગ યુક્ત અને સત્કર્મમાં અનુરાગી બનો, એવી એકજ વિજ્ઞપ્તિ છે. ૭.

તત્વસુધા—મંદિરમાં પ્રવેશીને ભક્ત ભગવાન પાસે ભૌતિક વાંછાઓ નથી કરતો. એ તો ચાહે છે કે ભગવચ્ચરણ કમલના સુગંધમાં પ્રીતિ ધરાવતો ભ્રમર બનું. સર્વ કોઈના ગુણોને તારા જ ગુણો ગણી પ્રીતિ યુકત બનું. પ્રત્યેક કર્મના ફલમાં અનાસકત બનું. નિત્ય સત્સંગ પરાયણ રહું. શુભ કર્મ પરાયણ રહું. આ સર્વ ઉપરાંત મારો ચિત્ત ભ્રમર ભાવમય બને અને હરિરસનો પ્યાસો રહો. ૭.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુક્રમણિકા.

શ્રીમદ્ ભાગવત માહાત્મ્ય–શ્રી પદ્મપુરાણ. ૧ થી ૧૩૦

અધ્યાય	વિષય	પૃષ્ટ.
૧.	ભક્તિ–નારદ સમાગમ.	૩
૨.	સનત્કુમાર–નારદ સંવાદ.	૨૭
૩.	ભક્તિના દુઃખનું નિવારણ.	૪૬
૪.	આત્મદેવ કથા અને મોક્ષકથન.	૬૫
૫.	ગોકર્ણનું વર્ણન; સપ્તાહ શ્રવણ.	૮૫
૬.	ભાગવત શ્રવણ વિધિ કથન; કથામાં પ્રભુ પ્રાકટ્ય; નારદજીને વરદાન પ્રદાન. ...	૧૦૬
	સ્કંદ–પુરાણાન્તર્ગત–માહાત્મ્ય ૧૩૧ થી ૧૭૦	
૧.	શાંડિલ્ય મુનિએ ઉપદેશેલ વ્રજભૂમિ માહાત્મ્ય.	૧૩૧
૨.	શ્રી ગિરિરાજ સાન્નિધ્યમાં ઉદ્ધવ દર્શન.	૧૪૦
૩.	ભક્તિના કષ્ટની નિવૃત્તિ.	૧૪૭
૪.	શ્રીમદ્ ભાગવતના શ્રોતા–વક્તા.	૧૬૧
	સ્કંધ પહેલો. (૧૭૧ થી ૫૩૬)	
૧.	મંગલાચરણ અને મહર્ષિ શૌનકના શ્રીસૂત મુનિને ૭ પ્રશ્નો.	૧૭૧
૨.	મહર્ષિ શૌનકના ચાર પ્રશ્નોના શ્રી સૂતજીએ આપેલા ઉત્તર; ફલ સાધનરૂપ ત્રણ કર્મોનો નિર્ણય.	૧૯૬
૩.	ભગવાનના અવતારોનું સંકલન; જીવ શિવ સ્વરૂપ વિચાર; સૂતજીને શ્રીમદ્ ભાગવત પ્રાપ્તિ.	૨૦૮
૪.	શ્રી મહર્ષિ વ્યાસની લોક હિતાર્થ ચિંતા: શ્રી નારદ સમાગમ અને શુક વૈરાગ્ય નિરૂપણ.	૨૨૬
૫.	વ્યાસજીને કુશલ પ્રશ્ન; વ્યાસજીનો ઉત્તર: નારદજીનું માર્ગદર્શન; ... ... નારદજીનો પૂર્વજન્મ વૃત્તાંત; ભક્તિનું માહાત્મ્ય.	૨૩૭
૬.	નારદજીનો અવશિષ્ટ પૂર્વજન્મ વૃત્તાંત અને ભક્તિના સ્વરૂપનું કથન. ...	૨૫૫
૭.	વ્યાસજીને સમાધિમાં ભગવત દર્શન; દ્રૌપદી વિલાપ; અર્જુન અશ્વત્થામાનો સંગ્રામ; અર્જુનની સ્તુતિ; દ્રૌપદીની ક્ષમા.	૨૬૮
૮.	બ્રહ્માસ્ત્રમાંથી પરીક્ષિતનું રક્ષણ અને કુન્તીજીની સ્તુતિ.	૨૮૬
૯.	શ્રીકૃષ્ણ અને પાંડવોનું કુરુક્ષેત્ર ગમન; ઋષિવૃન્દ સમાગમન અને શ્રી ભીષ્મ સ્તુતિ.	૩૧૧
૧૦.	પાંડવોને રાજ્ય પ્રાપ્તિ: હસ્તિનાપુર પ્રજાની શ્રીકૃષ્ણ સ્તુતિ; ભગવાન શ્રીકૃષ્ણની દ્વારિકા વિજય યાત્રા.	૩૩૮
૧૧.	દ્વારકેશની દ્વારિકામાં પધરામણી: પ્રજામિલન; માતૃપિતૃવંદન; અન્તઃપુર મિલન. ...	૩૫૪
૧૨.	રાજા પરીક્ષિતનો જન્મ; પરીક્ષિતનું જાતક કથન.	૩૬૯
૧૩.	વિદુર અને ધૃતરાષ્ટ્રનું મિલન; ધૃતરાષ્ટ્ર–ગાંધારી–વિદુરજીનું સપ્તગંગાતીર પ્રયાણ.	૩૮૨
૧૪.	ઉત્પાતો જોવાથી યુધિષ્ઠિરને ચિંતા અને અર્જુનનું દ્વારકાથી આગમન. ...	૪૦૬

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અધ્યાય	વિષય	પૃષ્ઠ.
૧૫.	અર્જુનજીએ કરેલ શ્રીકૃષ્ણ ઉપકાર નિરૂપણ; ગીતોપદેશ; કુન્તીજીનો દેહ વિલય; પરીક્ષિતનો પટ્ટાભિષેક.	૪૨૦
૧૬.	ધર્મ–પૃથ્વીનો સંવાદ; પરીક્ષિતનું આગમન.	૪૪૮
૧૭.	રાજા પરીક્ષિત અને કલિયુગ.	૪૬૪
૧૮.	રાજા પરીક્ષિતને બ્રાહ્મણનો શાપ.	૪૮૫
૧૯.	રાજા પરીક્ષિતનું ગંગાજી ઉપર પ્રાયોપવેશન અને શુકાગમન; પરીક્ષિતની પ્રપતિ અને પ્રશ્નાવલી.	૫૧૧
	સ્કંધ બીજો. ૫૩૭ થી ૭૩૬	
૧.	પરીક્ષિતના પ્રશ્નોનું અભિનંદન; મનુષ્ય કર્તવ્ય કથન અને વિરાટ પુરુષ વર્ણન. ...	૫૩૭
૨.	ભગવાનના પ્રાદેશ સ્વરૂપનું નિરૂપણ; સ્થૂલ ધારણાનો ક્રમ પછી સર્વેશ્વરમાં ધારણા.	૫૫૯
૩.	સકામ ઉપાસના, વિષ્ણુ ભક્તિની શ્રેષ્ઠતા અને શૌનકના ભાવભર્યા હૃદયોદ્ગાર. ...	૫૭૯
૪.	શ્રી શુકદેવજીની સ્તુતિ–વક્તાના હૃદયની પ્રસન્નતા.	૫૯૦
૫.	બ્રહ્મા–નારદ મિલન સંવાદ; આદિ સૃષ્ટિનું સ્વરૂપ.	૬૦૫
૬.	વિરાટ ભગવાનની વિભૂતિ; પુરૂષ–સૂક્તનો સંગ્રહ.	૬૧૯
૭.	ભગવાનના ચોવીસ અવતારો; શ્રીકૃષ્ણ ચરિત્ર સંગ્રહ.	૬૩૫
૮.	રાજા પરીક્ષિતના, જીવ અને ઈશ્વરનો દેહ સંબંધ શી રીતે–પ્રશ્નો; ભગવાનના વિભૂતિરૂપ ભક્તોનો ઉલ્લેખ.	૬૭૨
૯.	પરીક્ષિત રાજાના પ્રશ્નોના ઉત્તર; ચતુઃશ્લોકી ભાગવત.	૬૮૫
૧૦.	ભાગવતનાં દશ લક્ષણ અને સૃષ્ટિ વિકાસ ક્રમ કથન.	૭૧૩

શ્લોકાનુક્રમણિકા

પ્રથમ સ્કંધ...	૭૩૭
દ્વિતીય સ્કંધ...	૭૪૯
શ્રીમદ્ ભાગવતની શ્લોકસંખ્યા	૭૫૫

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

॥ श्रीगणेशाय नमः ॥

॥ ॐश्रीकृष्णचन्द्राय नमः ॥

* प्रार्थना *

वन्दे श्रीकृष्णदेवं मुरनरकभिदं वेदवेदान्तवेद्यं
लोके भक्तिप्रसिद्ध्यै यदुकुलजलधौ प्रादुरासीदपारः ।
यस्यासीद्रूपमेवं त्रिभुवनतरणे भक्तिवच्च स्वतन्त्रं
शास्त्रं रूपञ्च लोके प्रकटयति मुदा यः स नो भूतिहेतुः ॥ १ ॥

* ध्यानम् *

मूकं करोति वाचालं पङ्गुं लंघयते गिरिम् ।
यत्कृपा तमहं वन्दे परमानन्दमाधवम् ॥ १ ॥
वसुदेवसुतं देवं कंसचाणूरमर्दनम् ।
देवकीपरमानन्दं कृष्णं वन्दे जगद्गुरुम् ॥ २ ॥
गुरुर्ब्रह्मा गुरुर्विष्णुर्गुरुर्देवो महेश्वरः ।
गुरुः साक्षात्परब्रह्म तस्मै श्रीगुरवे नमः ॥ ३ ॥

चिन्तासन्तानहन्तारो यत्पादाम्बुजरेणवः ।
स्वीयानां तान्निजाचार्यान्प्रणमामि मुहुर्मुहुः ॥ १ ॥
यदनुग्रहतो जन्तुः सर्वदुःखातिगो भवेत् ।
तमहं सर्वदा वन्दे श्रीमद्-वल्लभनन्दनम् ॥ २ ॥
प्रभुर्नन्दकुमारो मे स्वामिनी वृषभानुजा ।
कृतार्थोऽहं कृतार्थोऽहं कृतार्थोऽहं न संशयः ॥ ३ ॥
तस्य सेवां प्रकुर्वीत यावज्जीव स्वधर्मतः ।
न फलार्थं न भोगार्थं न प्रतिष्ठाप्रसिद्धये ॥ ४ ॥
शुद्धभावः प्रभौ स्थाप्यो न चातुर्यं प्रयोजकम् ।
अन्तर्यामी समस्तानां भावं जानाति मानसम् ॥ ५ ॥

य प्रव्रजन्तमनुपेतमपेतकृत्यं द्वैपायनो विरहकातर आजुहाव ।
पुत्रेति तन्मयतया तरवोभिनेदुस्तं सर्वभूतहृदयं मुनिमानतोस्मि ॥
यः स्वानुभावमखिलश्रुतिसारमेकमध्यात्मदीपमतितितीर्षतां तमोन्धम् ।
संसारिणां करुणयाह पुराणगुह्यं तं व्याससूनुमुपयामि गुरुं मुनीनाम् ॥

* श्री *

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નમો ભગવતે વાસુદેવાય ।

શ્રીગણેશાય નમઃ । શ્રીસરસ્વત્યૈ નમઃ । શ્રીસદ્‌ગુરુભ્યો નમઃ ।

અથ શ્રીમદ્-ભાગવત-માહાત્મ્યમ્

અથ પ્રથમોઽધ્યાયઃ

શ્રીમદ્‌-ભાગવત-માહાત્મ્ય

અધ્યાય ૬, શ્લોક સંખ્યા ૫૦૪

શ્લોક અને પુણ્યશ્લોક, ચતુર્દશ લોકની લોકોત્તર લક્ષ્મી છે. લક્ષ્યનિષ્ઠ થવું, લક્ષ્યબિંદુ ન ચૂકવું એ જીવનની લક્ષ્મી. શ્લોકના કીર્તને, શ્રવણે, અને પુણ્યશ્લોકના દર્શને, સ્પર્શને, લક્ષ્યનિષ્ઠ થવાય.

શ્લોક એ દર્શનશાસ્ત્રનું અક્ષર સ્વરૂપ, અને પુણ્યશ્લોક દર્શન શાસ્ત્રનું અનુભવ સ્વરૂપ મૂર્ત-સ્વરૂપ. બન્નેનાં ચરણના એકાદ રજકણની ઉપાસનામાં, કે પ્રાપ્તિમાં, સ્નેહમય માનવ જીવન તેજોમય, શોકમય જીવન અભય અને આનંદમય બની જાય.

બન્ને સ્વરૂપ માનવને દૃષ્ટિ આપે. અતિસંચિત પુણ્યયોગે ક્વચિત્ પુણ્યશ્લોક સાંપડે, ત્યારે સતત સ્વાધ્યાય, પાઠમાં શ્લોકોના રટણથી વિચારશીલ શ્રદ્ધાશીલ બનેલી મતિને, વિવેકશીલ, નિશ્ચલ ને કર્તવ્ય-શીલ બનાવે.

ઉભય ભગવાનનાં જ પ્રતિબિંબ. બિંબની બધી જ ખૂબીઓ પ્રતિબિંબમાં ખૂબ ખૂબ વ્યક્ત દેખાય. ભક્તને, તે અવ્યક્ત બ્રહ્મ કે ઈશ્વરનો સાક્ષાત્કાર એ, બે પ્રતિબિંબોમાં થાય.

કાવ્ય અને કાર્ય નામનાં બે દર્પણોમાં એ એક જ સ્વરૂપ ભગવાનનાં પ્રતિબિંબ પડ્યાં. એકનું નામ શ્લોક અને બીજાનું નામ પુણ્યશ્લોક. અપારદર્શી એ બે દર્પણોમાં પ્રભુની પ્રભુતાનાં, મૃદુતાનાં, સરલતાનાં, રસાલતાનાં, દયાલુતાનાં, વિશાલતાનાં, સર્વજ્ઞતાનાં, સુખરૂપતાનાં ભાન થયાં.

સત્-ચિત્ અને આનન્દની મધુર અને મંગલઝાંખી કરાવી; જીવનને શાંતિ આપી, માર્ગદર્શન આપ્યું.

ક્ષણે ક્ષણે રસનામાં વસીને શ્લોકે, અને હૃદયમાં વસીને પુણ્યશ્લોકે, મનુષ્યને પ્રેરણા આપી, ઉત્સાહ આપી "સ્વરૂપસ્થ" બનાવ્યો. स्वरूपस्थो यदा जीवः कृतार्थः स निगद्यते. જીવ સ્વરૂપસ્થ બને ત્યારે કૃતાર્થ કહેવાય. કાર્યનું કાર્યપણું ન હોય ત્યારે પુણ્યશ્લોક અને શ્લોક એનું ધન, સાધન બની જાય.

એ શ્લોક એટલે શ્રીમદ્ ભાગવત, અને પુણ્યશ્લોક એટલે વ્યાસ, શુક, નારદ વગેરે પુણ્ય પુરુષો. ચતુર્દશલોકમાં બન્નેએ યાત્રા આદરી માનવમાત્રની જીવનયાત્રા રસાલ બનાવી, એવા શ્રીમદ્ ભાગવતના મહિમાને સમજવતા માહાત્મ્યના મંગલનો પ્રથમ શ્લોકઃ-

卐

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અધ્યાય પહેલો

सच्चिदानंदरूपाय विश्वोत्पत्त्यादिहेतवे ।
तापत्रयविनाशाय श्रीकृष्णाय वयं नुमः ॥ १ ॥

અન્વયાર્થ—सच्चिदानन्दरूपाय–સત્સ્વરૂપ, ચિત્સ્વરૂપ, અને આનન્દસ્વરૂપ, विश्वोत्पत्त्यादिहेतवे–વિશ્વને પેદા કરવામાં, પાલન–પોષણ કરવામાં અને સંહાર કરવામાં કારણરૂપ, तापत्रयविनाशाय–ત્રણ પ્રકારના તાપને (આધિદૈવિક–આધિભૌતિક અને આધ્યાત્મિક) દૂર કરવામાં કારણભૂત, श्रीकृष्णाय–શ્રીકૃષ્ણને, वयम्–અમે नुमः–નમસ્કાર કરીએ છીએ. (સ્તવીએ છીએ.)

અનુવાદ—સચ્ચિદાનંદ સ્વરૂપ, જગતની ઉત્પત્તિ, પાલન–પોષણ તથા સંહાર કરનાર, ત્રિવિધ તાપને દૂર કરનાર શ્રીકૃષ્ણચન્દ્રને અમો પ્રણામ કરીએ છીએ અથવા ત્રણ પ્રકારના તાપનો નાશ કરવા શ્રીકૃષ્ણને સ્તવીએ છીએ.

તત્ત્વસુધા—સ્વરૂપ, સ્વભાવ અને કાર્ય, ત્રણ પ્રીતિનાં, અને ભક્તિનાં કારણ બને. એ ત્રણેમાં અલૌકિકતા જોઈએ. સ્વરૂપ નિર્વિકાર, સ્વભાવ પરમ ઉદાર, અને કાર્ય સર્વોપકારક હોય ત્યારે આદર થાય.

ભગવાન શ્રીકૃષ્ણનો પરિચય ત્રણે પ્રકારે મંગલના પ્રથમ શ્લોકમાં આપ્યો. श्रीकृष्णाय वयं नुमः નમસ્કારમાં બહુવચનથી નમસ્કારનું બલ વધાર્યું. અનેક નમસ્કર્તાઓમાં એકેનો પણ આન્તર્ભાવ ભર્યો નમસ્કાર લેવા ભગવાન અવશ્ય આવશે, માટે બહુવચન. संहतिः कार्यसाधिका સમુદાય કાર્ય સાધે.

श्रीकृष्णाय, શ્રીકૃષ્ણને પ્રણામ. કૃષ્ણ એટલે વિપ્રયોગાત્મક સ્વરૂપ અને શ્રીકૃષ્ણ એ છે સંયોગાત્મક સ્વરૂપ.

नुमः અમે નમીએ છીએ. વંદન કરીએ છીએ. વંદન અને ચંદન નંદનંદનને નવાજવાનાં નજરાણાં. વંદનનું વજન વિશ્વના વજનથી વધુ છે. વંદન વિશ્વાસથી વધુ વજનદાર બને છે. नुमः નો અર્થ સ્તવન પણ થાય છે.

વંદન એટલે વિશ્વાસઘાત ન કરવાની અને વફાદાર રહેવાની પ્રતિજ્ઞા. પ્રણામ એટલે પ્રમાણિક રહેવાનું પ્રતિજ્ઞાપત્ર. નમસ્કાર એટલે નીતિમાન ને નિમકહલાલ થવાનો નિશ્ચય.

सच्चिदानन्दरूपाय—

सत् એટલે નિત્ય અને નિયમિત સર્વગત. चित् એટલે સાવધાન, જાગ્રત, ચેતન. आनंद એટલે પ્રસન્નતા, સમત્વ.

ભગવાનનાં ત્રણ સ્વરૂપ—सत्, चित् અને आनंद. ચતુર્ભુજ, દ્વિભુજ, દ્વિગંબર, કે પીતાંબર શ્યામ કે શ્વેત, રૂપ લેવામાં સર્વ સંમત રૂપ ન બને. આકૃતિ કે આયુધની ભિન્નતા મતભેદનું સર્જન કરે, માટે ગુણાત્મક સ્વરૂપે ભગવાનને દર્શાવ્યા. આકાર અલંકાર, સ્વસ્વરુચિને અનુરૂપ લેતાં મતભેદ ન થાય.

ત્રણે કાલમાં બાલ, યૌવન, વાર્ધક્યમાં પણ એક જ સ્વરૂપ सत् છે. સ્વકીય, પરકીય, ઉદાસીનમાં પણ એક જ હિતકર વૃત્તિ चित् સ્વરૂપ. અપમાન, સન્માન, કે અમાન ત્રણે સ્થિતિમાં પણ સમાન સ્થિતિ आनंद.

विश्वोत्पत्त्यादिहेतवे ક્રિયાથી પરિચય–વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ, ઉપસંહાર કરતા ત્રણ ગુણોના પણ પ્રેરક. કર્તા હોત તો લિપ્ત હોત. અલિપ્ત રહી પ્રેરક થનાર, લોકોત્તર સૃષ્ટિ રચે તો અભિમાન નહીં, પાલન કરે તો પક્ષપાત ને આસક્તિ નહીં, ઉપસંહાર કરે તો નઠોરતા ને નિર્દયપણું નહીં.'

तापत्रयविनाशाय સ્વભાવ પરિચય–આધિદૈવિક, આધ્યાત્મિક, આધિભૌતિક તાપ–સંતાપને દૂર કરનાર.

૩૨ લક્ષણે પરિપૂર્ણ પરમાત્માને ૩૨ અક્ષરથી વર્ણવ્યા. વૈદિકછંદના સન્માનને માટે અનુષ્ટુપ છંદ લીધો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

यं प्रव्रजन्तमनुपेतमपेतकृत्यं द्वैपायनो विरहकातर आजुहाव ।
पुत्रेति तन्मयतया तरवोऽभिनेदुस्तं सर्वभूतहृदयं मुनिमानतोऽस्मि ॥ २ ॥

અન્વયાર્થ—**પ્રવ્રજન્તમ્**–સર્વ સંગ છોડીને ચાલી જતા, **અનુપેતમ્**–જેમના ઉપનયન સંસ્કાર (જનોઈ દેવી–ગાયત્રી ઉપદેશ વગેરે) પણ થયા નથી તેવા, **યમ્**–જે શ્રીશુકદેવજીને, **વિરહકાતરઃ**–પુત્રવિયોગથી ગભરાયેલા, **દ્વૈપાયનઃ**–ભગવાન મહર્ષિ શ્રીકૃષ્ણદ્વૈપાયન વ્યાસ, **પુત્ર ઇતિ**–હે પુત્ર, હે પુત્ર, એમ કહીને, **આજુહાવ**–બોલાવવા લાગ્યા, (તે સમયે) **તન્મયતયા**–શ્રીશુકદેવરૂપ બનેલ (તે આશ્રમનાં), **તરવઃ**–વૃક્ષો, **તમ્**–તે વ્યાસજીને, **અભિનેદુઃ**–સામો ઉત્તર આપતાં હતાં, એવા **અપેતકૃત્યમ્**–જેમને કોઈપણ કર્તવ્ય કર્મ કરવું બાકી રહ્યું નથી તેવા, **સર્વભૂતહૃદયમ્**–દરેકના હૃદયમાં અન્તર્યામી રૂપે રહેલા, **મુનિમ્**–શ્રી શુકદેવજીને, **આનતઃ**–નમ્રભાવે પ્રણામ કરતો, **અસ્મિ**–હું છું (અથવા **સર્વભૂતહૃદયં તં મુનિમ્**–સર્વ પ્રાણીઓની અંદર અંતર્યામીરૂપે રહેલા તે શ્રી શુકદેવજી મહારાજને, **આનતઃ અસ્મિ**–પ્રણામ કરું છું.)

અનુવાદ—**સર્વ સંગ છોડીને ચાલ્યા જતા, જેમના ઉપવીત સંસ્કાર કરવામાં આવ્યા નથી, તેવા, શ્રીશુકદેવજીને પુત્રવિરહથી દુઃખી થયેલા મહર્ષિ શ્રી વેદવ્યાસ, 'હે પુત્ર, હે પુત્ર,' એમ કહી મોટે સાદે બોલાવવા લાગ્યા. તે સમયે શ્રી શુકદેવરૂપે તદાકાર બનેલ વૃક્ષો સામો ઉત્તર આપતાં હતાં એવા, જેમને કંઈ પણ કર્તવ્ય કર્મ બાકી રહ્યું નથી તેવા, સર્વભૂતના હૃદયમાં અન્તર્યામીરૂપે રહેલા શ્રીશુકદેવજીને હું સર્વભાવે પ્રણામ કરું છું.**

તત્ત્વસુધા—ચૌદ અક્ષરનાં ચાર ચરણથી શ્રીશુકાચાર્યનાં પુણ્યાચરણને વર્ણવ્યાં. પ્રવ્રજન્તમ્, વ્રજમાં વિહાર કરતા ભગવાન માટે વ્રજન્તમ્, પરંતુ વિશ્વદુઃખ હરવા વિશ્વમાં વિહરતા શ્રીશુકદેવને પ્રવ્રજ્યા કરતા કહ્યા, જે દિશામાં ગયા ત્યાંથી પાછા ન આવનાર, અનુપેતમ્–ઉપનયન સંસ્કાર વિનાના, જો ઉપવીત સંસ્કાર, ગાયત્રી દીક્ષા આપે તો, ગર્ભજ ગણાય ને ગર્ભના દોષ લાગુ પડે તો સંસ્કાર કરવા પડે, પરંતુ ગોકુલમાં જેમ શ્રી ગોકુલાધીશનાં પ્રાગટ્ય વર્ણવ્યાં ત્યાં તેમના સંસ્કાર નથી વર્ણવ્યા કારણ કે તે રસાકાર છે, તેમજ શ્રીકૃષ્ણના ગુણ ગાનાર ભગવાન શુક પણ રસાકાર છે, નિર્વિકાર છે માટે સંસ્કારની આવશ્યકતા નથી. અપેતકૃત્યમ્, અન્તઃકરણની શુદ્ધિ માટે કર્મ કરવાનાં હોય છે. શુકદેવજી શુદ્ધાન્તઃકરણ. દ્વૈપાયન, દ્વીપ એટલે બેટ. બન્ને બાજુ જેને જલ હોય તે દ્વીપ કહેવાય. વ્યાસ મહર્ષિની બન્ને તરફ બે વસ્તુ છે. પૂર્વમીમાંસા એટલે યોગ, અને ઉત્તરમીમાંસા એટલે ત્યાગ એ બેમાંથી એક તરફ ઢળવું અનુકૂળ ન હતું–ધ્યેય સાધક ન હતું, માટે યોગ અને ત્યાગની મધ્યમાં વિનિયોગમાં રહ્યા. વિનિયોગ એટલે સમર્પણ. સર્વ, સમ્પત્તિ, શરીર, આત્મા, પ્રભુને પ્રભુજનને ચરણે સમર્પવાં એ વિનિયોગ માર્ગ છે. તે વિનિયોગ જ બચવા માટે બેટ છે. ભાગવતમાં સમર્પણમાર્ગનું–પ્રપત્તિમાર્ગનું પ્રતિપાદન છે.

હ્રસ્વ દ્વિપ શબ્દનો અર્થ હાથી. બે વખત પાણી પીએ મુખ અને શુંઢથી, પ્રથમ વ્યાસમહર્ષિએ ભાગવત રસ રચતાં સ્વમુખથી પીધા બાદ શ્રીશુકદેવજીના મુખેથી શ્રવણ કર્યું ત્યારે ભાગવતરસ વધુ પ્રિય લાગ્યો. અને સમાજને કલિયુગમાં એ જ રસ આશ્રય છે એમ દર્શાવ્યું.

પુત્ર સંબોધન કર્યું પરંતુ શુક, સુત કે વત્સ ન કહ્યું. એક જ પુત્ર હતા અને પિતાનો ને પિતૃઓનો ઉદ્ધાર કરે ત્યારે પુત્ર કહેવાય. તેથી સંસ્કારો આપવા જ લેવા માટે પાછળ દોડે છે. ત્યારે વૃક્ષોએ ઉત્તર આપ્યો, કે "અમારી માતા ધરણીએ અમને સર્વને માટે જન્મ આપ્યો છે, તેમજ અરણીએ શુકદેવજીને વિશ્વને માટે જન્મ આપ્યો છે. પરોપકારી પુત્ર વિશ્વનો ઉદ્ધાર કરે છે, તો પછી કુલનો ને માતૃકુખનો તો તેમાં સમાવેશ થઈ જાય છે માટે આપ શોક ન કરો, શુક તો સર્વમાં છે ને સર્વના છે. કારણ. શુક એટલે "આત્મજ્ઞાન વિનાના શોક કરનાર જીવોના હૃદયમાં જ્ઞાન રૂપે ને ભગવદ્–ગુણ–ગાન રૂપે પ્રવેશ કરી, શોક વિનાના કરે તે શુક છે માટે સ્વયં અશોક છે, તેનો શોક ન હોય."

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પુત્ર માતા પિતાની ઉત્તરાવસ્થામાં સેવા કરે તો અમે સર્વ વૃક્ષો શુકની માફક આપની સેવા કરશું.

પુત્રેતિ, સંધિ ના થાય પરંતુ ભક્તિમાં-પ્રીતિમાં તો સંધિ હોય વિગ્રહ ન હોય માટે જ પુત્રેતિ સંધિ કરી અને વ્યાકરણ દોષ ન ગણ્યો અથવા પ્રકૃતિભાવ વૈકલ્પિક છે તેથી પણ સંધિ કરી.

વૃક્ષોએ કહ્યું કે, આ શુકદેવ પુત્ર નથી પરંતુ अयं सर्वभूतदयम् આ તો પ્રાણીમાત્રનું હૃદય છે. એટલે પ્રત્યેકમાં આત્મસ્વરૂપે રહેલો છે, "નિર્વિકાર બ્રહ્મ" પ્રભુનાં દાન કરવા માટે આવ્યા છે.

અથવા પ્રાણીમાત્રના હૃદયમાં પ્રભુના ગુણગાન સાથે પ્રવેશ કરતા, અને તેથી જ સર્વને સ્વરૂપાનંદનું દાન કરતા શુકદેવજી છે.

મુનિ:-ભગવદ્ગુણાનુવાદ વિના અન્ય વાર્તાલાપ જેમના મુખ ઉપર નથી તેથી મુનિ છે. "પ્રયોજન પૂરતું વચન" એટલે મૌન.

नैमिषे सूतमासीनमभिवाद्य महामतिम् ।
कथामृतरसास्वादकुशलः शौनकोऽब्रवीत् ॥ ३ ॥

અન્વયાર્થ—नैमिषे-નૈમિષારણ્યમાં, कथाऽमृतरसाऽस्वादकुशलः-શ્રીભગવત્કથામૃતરસનું આસ્વાદન કરવામાં કુશળ, शौनकः-શ્રીશૌનક મુનિ, आसीनम्-ઉત્તમ આસન ઉપર બેઠેલા, महामतिम्-મહાબુદ્ધિશાળી, सूतम्-શ્રીસૂતજીને, अभिवाद्य-અભિવાદન (વંદન) કરીને, अब्रवीत्-બોલ્યા.

અનુવાદ—નૈમિષારણ્યમાં, કથામૃતનું આસ્વાદન કરવામાં કુશળ શ્રીશૌનકજી, ઉત્તમ આસન ઉપર બિરાજતા મહાબુદ્ધિમાન શ્રીસૂતજીને વંદન કરીને બોલ્યા.

તત્ત્વસુધા—ભાગવત માર્ગ પુષ્ટિમાર્ગ છે, મર્યાદામાર્ગમાં શ્રોતા પ્રથમ આવીને બેસે, પુષ્ટિમાર્ગમાં વક્તા શ્રોતાઓની પ્રતીક્ષા કરતા બેસે. સૂતજીને आसीनम् કહ્યું. નૈમિષારણ્યમાં સૂત આવીને બેઠા હતા અને ઋષિઓ તેમની સમીપ આવ્યા. आसीनम् એટલે अव्यग्र, એકાગ્ર ચિત્ત, महामतिम् શાસ્ત્રાલોચન પછી, સારપ્રદર્શન કરતી નિશ્ચયાત્મક બુદ્ધિને ધરાવનાર શ્રોતા રસપાનમાં કુશળ જોઈએ.

शौनक उवाच—अज्ञानध्वान्तविध्वंस कोटिसूर्यसमप्रभ ।
सूताख्याहि कथासारं मम कर्णरसायनम् ॥ ४ ॥

અન્વયાર્થ—शौनकः-શ્રીશૌનકજી, उवाच-બોલ્યા, अज्ञानध्वान्तविध्वंस-અજ્ઞાનરૂપી ગાઢ અંધકારને દૂર કરનાર, कोटिसूर्यसमप्रभ-કરોડો સૂર્ય સમાન તેજસ્વી, सूत-હે સૂતજી, कर्णरसायनम्-કાનને, રસાયણની જેમ આનન્દ ઉપજાવનાર, कथासारम्-શ્રીમદ્-ભગવત્કથાના-ભગવાનના ગુણાનુવાદના સારભાગને, मम-મને, आख्याहि-કહો.

અનુવાદ—શૌનકજી બોલ્યા-અજ્ઞાનરૂપી ગાઢ અન્ધકારને દૂર કરવામાં કરોડો સૂર્ય સમાન તેજસ્વી, હે સૂતજી, કાનને રસાયણરૂપ શ્રીમદ્-ભગવત્કથા સાર (ભગવાનનો ગુણાનુવાદ) મને કહો.

તત્ત્વસુધા—ઋષિઓએ કથા નથી સાંભળી પણ કથાનો સાર સાંભળ્યો છે. કથા એટલે આનુપૂર્વી વસ્તુ-કથન. સાર એટલે કથનનું રહસ્ય. અઠ્ઠાસી હજાર મુનિઓના કાન એક જ "કાન" રૂપે બની ગયેલ હોઈ ને એક-વચન બોલ્યા मम कर्णरसायनम् .

भक्तिज्ञान-विरागाप्तो विवेको वर्धते महान् ।
माया-मोह-निरासश्च वैष्णवैः क्रियते कथम् ॥ ५ ॥

અન્વયાર્થ—भक्तिज्ञानविरागाप्तः-ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યથી પ્રાપ્ત થયેલ, महान्-મોટો, विवेकः-વિવેક, वर्धते-વધે, च-અને, वैष्णवैः-વૈષ્ણવોથી, मायामोहनिरासः-માયા અને મોહનો નાશ, कथम्-કેવી રીતે, क्रियते-કરાય.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યથી પ્રાપ્ત થતો મહાન વિવેક કેવી રીતે વધે, તથા વૈષ્ણવો માયા, મોહને કેવી રીતે દૂર કરી શકે?

તત્ત્વસુધા—એ પ્રશ્નો માહાત્મ્યમાં છે, વિવેક એટલે શું, અને માયા મોહ નિવારણ શું? ભક્તિ એટલે સેવા, જ્ઞાન એટલે સમજ, વિરાગ એટલે સમર્પણ, એ ત્રણેનો સમન્વય પામી, તેમાંથી થતી માનવીની સમગ્ર ક્રિયા, એને વિવેક કહેવાય. કર્મમાં જ્ઞાન ન હોય, તો શ્રમ-કંટાળો આવે, કર્મ અને જ્ઞાન ભેગાં મળે પણ સ્નેહ ન હોય તો કલેશ થાય, તેથી ત્રણેના સહયોગથી થતી ક્રિયા ધ્યેયને સિદ્ધ કરે. માયા સમર્પણમાં પ્રતિબંધ કરનારી. મોહ સત્ક્રિયામાં પ્રવૃત્તિ કરતાં રોકનાર.

इह घोरे कलौ प्रायो जीवश्चासुरतां गतः ।
क्लेशाक्रान्तस्य तस्यैव शोधने किं परायणम् ॥ ६ ॥

અન્વયાર્થ—च-અને, इह-અહીંયાં, घोरे-ભયંકર, कलौ-કળિયુગમાં, जीवः-જીવ, प्रायः-ઘણે ભાગે, असुरताम्-અસુરભાવને (વિષયલંપટ), गतः-પામ્યો છે, क्लेशाक्रान्तस्य-કલેશોથી-દુઃખોથી પીડાતા, तस्य-તે જીવની, एव-ચોક્કસ, शोधने-શુદ્ધ કરવામાં (દુઃખોથી છૂટવામાં), किम्-શું, परायणम्-શ્રેષ્ઠ સાધન છે?

અનુવાદ—અને વળી આ ભયંકર કળિકાળમાં જીવ ઘણે ભાગે અસુરપણાને પામ્યો છે, (તો) અનેક કલેશથી દુઃખી થતા તે જીવને જ દુઃખોમાંથી છૂટવા માટેનું ઉત્તમ સાધન શું છે તે આપ અમને કહો.

તત્ત્વસુધા—અસુર એટલે અસુઓને-પ્રાણોને, ૨ એટલે રક્ષણ કરનાર, કેવલ પોતાના જ વિષયવિલાસમાં તદ્રૂપ રહેનારા. ત્યાગ, સમર્પણ વિનાના.

श्रेयसां यद्भवेच्छ्रेयः पावनानाञ्च पावनम् ।
कृष्णप्राप्तिकरं शश्वत्साधनं तद्वदाधुना ॥ ७ ॥

અન્વયાર્થ—श्रेयसाम्-કલ્યાણો માનું, यत्-જે, श्रेयः-કલ્યાણકારક સાધન હોય, च-અને, पावनानाम्-પવિત્ર કરનારી વસ્તુઓ પૈકીનું, पावनम्-અત્યંત પાવન કરનારું હોય, कृष्णप्राप्तिकरम्-ભગવાન શ્રીકૃષ્ણની પ્રાપ્તિ કરાવનારું, शश्वत्-હરરોજનું, तत्-તે, साधनम्-સાધનને, अधुना-હાલમાં, वद-કહો.

અનુવાદ—વળી જે પરમ કલ્યાણને આપનારું હોય, પાવન કરનારી વસ્તુઓમાં પણ જે અત્યંત પવિત્ર હોય, ભગવાન શ્રીકૃષ્ણની નિત્યપ્રાપ્તિ કરાવનારું એવું જે કોઈ શ્રેષ્ઠ સાધન હોય તે મને હમણાં કહો.

તત્ત્વસુધા—કલિયુગમાં કલ્યાણપ્રાપ્તિનાં સાધનો નિરુપયોગી બન્યાં છે કારણ કે તેઓ સમયને, શરીરને, વ્યવસાયને અનુકૂલ નથી તેથી વર્તમાન દેશ-કાળને અનુરૂપ-સંગત સાધન દર્શાવો કે જેનું પરિણામ સફળતામાં આવે. ત્રણે કાલમાં, અને ચારે યુગમાં, અને ચારે વર્ણમાં ઉપયોગમાં આવે એવું સર્વસામાન્ય સરલ સુલભ સાધન કહો.

चिन्तामणिर्लोकसुखं सुरद्रुः स्वर्गसम्पदम् ।
प्रयच्छति गुरुः प्रीतो वैकुण्ठं योगिदुर्लभम् ॥ ८ ॥

અન્વયાર્થ—चिन्तामणिः-ચિન્તામણિ, लोकसुखम्-આ લોકનાં સુખ, सुरद्रुः-કલ્પવૃક્ષ, स्वर्ग-सम्पदम्-સ્વર્ગલોકનાં સુખ, प्रीतः-પ્રસન્ન થયેલા, गुरुः-શ્રીસદ્ગુરુ, योगिर्लदुभम्-યોગ સાધન કરનારા યોગીઓને ન મળી શકે તેવા, वैकुंठम्-વૈકુંઠને, प्रयच्छति-આપે છે. (પ્રાપ્ત કરાવે છે.)

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—ચિન્તામણિ ઐહલૌકિકસુખ આપે છે, કલ્પવૃક્ષ સ્વર્ગલોકની સંપત્તિ આપે છે, જ્યારે પ્રસન્ન થયેલા શ્રીસદ્ગુરુ યોગીઓને પણ દુર્લભ એવા વૈકુંઠને પ્રાપ્ત કરાવી આપે છે.

तत्त्वसुधा—ચિન્તામણિ ચિંતિત વસ્તુ આપે, કલ્પતરુ કલ્પિત ચીજ આપે, પણ ચિત્તને ચિંતાથી મુક્ત ના કરી આપે. કેવલ ચિંતનથી ચિંતા જાય છે ત્યારે ચિરંતન સુખ થાય છે; માટે ઇચ્છાપૂરક સામગ્રી કરતાં ઇચ્છાનિવારક ઉપાય બતાવો કે ચિંતા જ ન જન્મે.

सूत उवाच । सूत-સૂતજી, उवाच-બોલ્યા.

प्रीतिः शौनक चित्ते ते ह्यतो वच्मि विचार्य च ।
सर्वसिद्धान्तनिष्पन्नं संसारभयनाशनम् ॥ ९ ॥

અનુવાદ—હે शौनक-હે શૌનક, ते-તમારા, चित्ते-ચિત્તમાં, प्रीतिः-પ્રેમ-પ્રસન્નતા, हि-ખરેખર-ખૂબ જ, (अस्ति-છે.) अतः-જેથી, विचार्य-વિચાર કરીને, वच्मि-કહું છું. सर्वसिद्धान्तनिष्पन्नम्-બધા શાસ્ત્ર-સિદ્ધાંતોમાંથી તારવી કાઢેલું, च-અને, संसारभयनाशनम्-સંસાર સંબંધી સમસ્ત ભયને દૂર કરનારું.

तत्त्वसुधा—प्रीतिः-પ્રીતિ પ્રભુ ગુણાનુવાદ શ્રવણની ભેટ છે. ચિત્તમાં પ્રેમનું વિત્ત લઈ આવનાર ઉત્તમ શ્રોતા છે. वच्मि, પરસ્મૈપદનો પ્રયોગ કર્યો છે કારણ કે શ્રીશુકદેવજીએ આ "કથાપ્રપા" (પરમ) સર્વને માટે આપી છે અને તેને પવિત્ર રીતે જાળવી રાખી છે પ્રત્યેકને આપવા માટે, માટે "वच्मि" પરસ્મૈપદ વાપર્યું. विचार्य-પ્રત્યેક અક્ષર વિચારીને બોલીશ, કારણ શ્રોતા વિશેષજ્ઞ છે તેમજ ભગવાન ભાગવતને સ્વયં સાંભળે છે તે સર્વજ્ઞ છે. च-અવ્યય વાપરવાનું પ્રયોજન કે જેટલું કહીશ તેટલું ગુરુકૃપાથી કહીશ.

भक्त्योघवर्धनं यच्च कृष्णसंतोषहेतुकम् ।
तदहं तेऽभिधास्यामि सावधानतया शृणु ॥ १० ॥

અન્વયાર્થ—यत्-જે, च-અને, भक्त्योघवर्धनम्-ભક્તિરસના પ્રવાહને પુષ્ટ કરનારું, कृष्णसंतोषहेतुकम्-શ્રીકૃષ્ણને સંતોષ ઉપજાવવામાં કારણભૂત એવું છે. तत्-તે સાધનને, ते-તમને, अभिधास्यामि-હું કહીશ, सावधानतया-સાવધાન બનીને, शृणु-સાંભળો.

અનુવાદ—અને વળી જે સાધન ભક્તિભાવને વધારનારું તેમજ શ્રીકૃષ્ણને સંતોષ ઉપજાવવામાં કારણભૂત છે, તે હું તમને કહીશ. તમો સાવધ બની સાંભળો.

तत्त्वसुधा—સાવધાનતા શ્રોતા સમાજની ભેટ છે. શ્રવણનું પરિણામ-જીવનમાં અમલ તેનું નામ સાવધાનતા. શ્રવણના વિષયની પોતાનામાં સંગતિ, અને તેથી દેખાતા દોષોનું નિવારણ સાવધાનતા. શ્રવણકાલમાં ચિત્તની એકાગ્રતા.

कालव्याल-मुखग्रासत्रास-निर्णाशहेतवे ।
श्रीमद् भागवतं शास्त्रं कलौ कीरेण भाषितम् ॥ ११ ॥

અન્વયાર્થ—कालव्यालमुखग्रासत्रासनिर्णाशहेतवे-કાળરૂપી સર્પના મુખનો કોળિયો થવા રૂપ ત્રાસમાંથી છૂટવા માટે, श्रीमद्-भागवतम्-શ્રીમદ્ ભાગવત, शास्त्रम्-શાસ્ત્ર, कलौ-કલિયુગમાં, कीरेण-શ્રીશુકદેવજીએ, भाषितम्-કહ્યું છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—શ્રીશુકદેવજીએ કલિયુગમાં સર્વજીવોના કાલરૂપી અજગરના મુખમાં ગળાવાથી થતા ત્રાસ-દુઃખનો નાશ કરવાને માટે શ્રીમદ્ ભાગવત શાસ્ત્ર કહેલું છે.

તત્ત્વસુધા—કાલ વ્યાલ છે, વ્યાલ એટલે અજગર-સર્પ, પરંતુ વ્યાઘ્ર કે સિંહ નહીં. વાઘ કે સિંહ આવે તે દેખાય, અવાજ કરી, સ્પષ્ટ રૂપે આવે. કાલ અણચિતવ્યો, ચુપચુપ અને ઘણો જ શીઘ્રગતિથી આવે. પરીક્ષિત રાજાને સર્પ કરડવાનો હતો. તેમાંથી જ બચાવવા માટે શ્રીમદ્ ભાગવત સંભળાવ્યું. કાલનાં બે સ્વરૂપ મગર અગર સર્પ. સંસાર સાગર છે તો કાળ મગર છે. સંસાર અટવી છે તો કાળ સર્પ છે. વિદ્યાભ્યાસ-જીવનમાં પ્રમાદ, યૌવનમાં ઉન્માદ, વૃદ્ધાવસ્થામાં વિષાદ, એ કાળના મુખના કોળિયા થવા જેવું છે.

एतस्मादपरं किञ्चिन्मनःशुद्धयै न विद्यते ।
जन्मान्तरे भवेत्पुण्यं तदा भागवतं लभेत् ॥ १२ ॥

અન્વયાર્થ—મનઃશુદ્ધયૈ-મનની વિશુદ્ધિ માટે, એતસ્માત્-આ શ્રીમદ્ ભાગવત શાસ્ત્ર કરતાં, અપરમ્-બીજું, કિઞ્ચિત્-કંઈ પણ (સાધન), ન વિદ્યતે-નથી જણાતું, જન્માન્તરે-બીજા જન્મમાં, પુણ્યમ્-પુણ્ય કર્મ, ભવેત્-થયું હોય (કર્યું હોય), તદા-ત્યારે, ભાગવતમ્-શ્રીમદ્ ભાગવ[illegible]ને, લભેત્-મેળવી શકાય છે.

અનુવાદ—અંતઃકરણની વિશુદ્ધિ માટે આ શ્રીમદ્ ભાગવત શાસ્ત્ર કરતાં બીજું કોઇ પણ શ્રેષ્ઠ સાધન છે જ નહીં. જો પૂર્વજન્મમાં પુણ્યકર્મ (સત્કર્મ) કર્યું હોય, (જો પૂર્વજન્મનું પુણ્ય હોય) તો જ શ્રીમદ્ ભાગવત શાસ્ત્ર સાંભળવાનું અથવા પઠન-પાઠન કરવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થાય છે.

તત્ત્વસુધા—નિઃસાધન કાલમાં ભાગવત એક જ સાધન છે અને અનેક જન્મના પુણ્યથી ભાગવત મળે છે. માત્ર પ્રયત્ન ફલ નથી પરંતુ કૃપા-પુણ્યના મિશ્રણનું ફલ છે.

परीक्षिते कथां वक्तुं सभायां संस्थिते शुके ।
सुधाकुम्भं गृहीत्वैव देवास्तत्र समागमन् ॥ १३ ॥

અન્વયાર્થ—પરીક્ષિતે-પરીક્ષિત રાજાને, કથામ્-કથાને, વક્તુમ્-કહેવા માટે, સભાયામ્-સભામાં, શુકે-શ્રીશુકદેવજી, સંસ્થિતે-બેઠા હતા, (ત્યારે) સુધાકુમ્ભમ્-અમૃત ભરેલા કુંભને, ગૃહીત્વા એવ-લઈને જ, દેવાઃ-દેવો, તત્ર-ત્યાં, સમાગમન્-આવી પહોંચ્યા.

અનુવાદ—રાજા પરીક્ષિતને કથા કહેવા માટે શ્રીશુકદેવજી મહારાજ જ્યારે સભામાં બેઠા હતા, ત્યારે અમૃત ભરેલો ઘડો લઈને દેવો તે સ્થાનમાં આવ્યા.

તત્ત્વસુધા—સુધાકુમ્ભં ગૃહીત્વૈવ સુધાના કલશને જ લઈને આવ્યા, પણ શ્રદ્ધાના લેશને ન લાવ્યા માટે અશેષ કલેશને સમાવતા ભાગવતનો એક પણ શેષ ન મળ્યો.

शुकं नत्वावदन् सर्वे स्वकार्यकुशलाः सुराः ।
कथासुधां प्रयच्छस्व गृहीत्वैव सुधामिमाम् ॥ १४ ॥

અન્વયાર્થ—સ્વકાર્યકુશલઃ-પોતાનું કાર્ય સાધવામાં કુશળ, સર્વે-બધા, સુરાઃ-દેવો, શુકમ્-શ્રીશુકદેવજીને, નત્વા-નમસ્કાર કરીને, અવદન્-બોલ્યા, ઇમામ્-આ, સુધામ્-અમૃતને, ગૃહીત્વા એવ-લઈને જ, કથાસુધામ્-કથારૂપી અમૃતને, પ્રયચ્છસ્વ-આપો.

અનુવાદ—પોતાનું કાર્ય સિદ્ધ કરવામાં કુશળ બધા દેવો શ્રીશુકદેવજીને વંદન કરીને બોલ્યા, "હે શુકદેવજી મહારાજ, આ સ્વર્ગીય અમૃત લઈને બદલામાં અમને કથારૂપી અમૃત આપો."

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્ત્વસુધા—સ્વકાર્યકુશલ ને ભાગવતસુધા ન મળે, સર્વકાર્ય સાધનાર કોમલ હૃદયને મળે, પ્રયચ્છસ્વ આજ્ઞા કરી તેથી ન મળી, અનુજ્ઞાનું પાલન કરે ને દૈન્ય વ્યક્ત કરે ત્યારે મળે, શ્રદ્ધાના બદલામાં કથા સુધા મળે.

एवं विनिमये जाते सुधा राज्ञा प्रपीयताम् ।
प्रपास्यामो वयं सर्वे श्रीमद्भागवतामृतम् ॥ १५ ॥

અન્વયાર્થ—**एवम्**–આ પ્રમાણે, **विनिमये**–અદલો બદલો, **जाते**–થતાં, **राज्ञा**–રાજા પરીક્ષિત, **सुधा**–અમૃત, **प्रपीयताम्**–પાન કરે, **वयम्**–અમે બધા, **श्रीमद्–भागवतामृतम्**–શ્રીમદ્–ભાગવતરૂપી અમૃતને, **प्रपास्यामः**–પાન કરીશું.

અનુવાદ—આ પ્રમાણે અદલો બદલો કરવામાં આવતાં રાજા પરીક્ષિત અમૃતપાન કરે, અને અમે બધાં શ્રીમદ્–ભાગવતરૂપી અમૃતનું પાન કરીશું.

તત્ત્વસુધા—રાજાના બદલામાં અમે પીશું એમ કહેવા કરતાં અમે રાજાની સાથે પાન કરીશું, અને આ અમારૂં અકિંચિત્કર એવું, અમૃત કેવલ અનુગ્રહ કરી ભેટમાં સ્વીકારો. રિક્તહાથે, ખાલી હાથે, ગુરૂ રાજા, બાલક, કથાશ્રવણ, સ્ત્રી, પાસે ન જવાય માટે કૃતાર્થ કરવા સ્વીકારો, એ દૈન્ય હોત તો જરૂર મળત.

क्व सुधा क्व कथा लोके क्व काचः क्व मणिर्महान् ।
ब्रह्मरातो विचार्यैवं तदा देवाञ्जहास ह ॥ १६ ॥

અન્વયાર્થ—**लोके**–લોકમાં, **क्व सुधा**–અમૃત ક્યાં, **कथा क्व**–કથા ક્યાં ? **काचः**–કાચ, **क्व**–ક્યાં, **महान्**–દિવ્ય, **मणिः**–મણિ, **क्व**–ક્યાં ? **ब्रह्मरातः**–શ્રીશુકદેવજી, **एवम्**–આમ, **विचार्य**–વિચાર કરીને, **तदा**–ત્યારે, **देवान्**–દેવોને, **जहास ह**–હસી કાઢયા.

અનુવાદ—એ સાંભળીને શુકદેવજીએ વિચાર કર્યો કે અમૃત ક્યાં અને શ્રીમદ્ભાગવતની કથા ક્યાં ? ચિન્તામણિ ક્યાં અને કાચનો ટુકડો ક્યાં ? એવો વિચાર કરીને દેવતાઓને હસી કાઢયા.

તત્ત્વસુધા—સુધા કાચ છે, કથા મણિ છે. કાચ એટલે તુચ્છ ફલ આપનાર અને મણિ એટલે સ્વચ્છ હૃદય બનાવનાર. અમૃત પીતાં સ્વર્ગભોગ તુચ્છ ફલ મળે પરંતુ ભાગવત રસ પીતાં સ્વચ્છ હૃદય બને.

શુક બ્રહ્મરાત હોવાથી બ્રહ્મરસનું દાન કરી પરીક્ષિતનું રક્ષણ કર્યું.

अभक्तांस्तांश्च विज्ञाय न ददौ स कथामृतम् ।
श्रीमद्भागवती वार्ता सुराणामपि दुर्लभा ॥ १७ ॥

અન્વયાર્થ–**सः**–તે શ્રીશુકદેવજી મહારાજ, **तान्**–તે દેવોને, **अभक्तान्**–ભક્તિભાવ વિનાના, **विज्ञाय**–જાણીને, **कथामृतम्**–કથારૂપી અમૃત, **न ददौ**–ન આપ્યું, **श्रीमद्भागवती वार्ता**–શ્રીમદ્ ભાગવત કથા, **सुराणाम् अपि**–દેવોને પણ, **दुर्लभा**–દુર્લભ છે.

અનુવાદ—શ્રી શુકદેવજીએ દેવોને અભક્ત–ભક્તિભાવ વિનાના જાણીને કથારૂપી અમૃત ન આપ્યું. આ ઉપરથી જોઇ શકાશે કે શ્રીમદ્ ભાગવતની કથા દેવોને પણ દુર્લભ છે.

તત્ત્વસુધા—વક્તાનો કથારસપ્રદાનમાં સ્વતંત્ર અધિકાર રાખ્યો. અપાત્રે અર્પેલ કથા સુધાબિંદુ વ્યર્થ જાય. પરંતુ પિપાસુને, જિજ્ઞાસુને, સુપાત્રને, અર્પેલ બિંદુસુખ આનંદ સિંધુ બની જાય એમ સમજીને જ કથામૃત ન આપ્યું.

राज्ञो मोक्षं तथा वीक्ष्य पुरा धातापि विस्मितः ।
सत्यलोके तुलां बद्ध्वातोलयत्साधनान्यजः ॥ १८ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—રાજ્ઞઃ–રાજા પરીક્ષિતનો, **તથા**–તે પ્રકારનો, **મોક્ષમ્**–મુક્તિ થતી; **વીક્ષ્ય**–જોઈને; **પુરા**–પહેલાં, **ધાતા અપિ**–બ્રહ્માજી પણ, **વિસ્મિતઃ**–આશ્ચર્ય પામ્યા હતા, **અજઃ**–બ્રહ્માએ, **સત્યલોકે**–સત્યલોકમાં, **તુલામ્**-તુલાને, **બદ્ધ્વા**–બાંધીને, **સાધનાનિ**–બીજાં સાધનોને, **અતોલયત્**–સરખાવવા માંડ્યાં–તોલવા માંડ્યાં.

અનુવાદ—રાજા પરીક્ષિતનો કેવળ સાતજ દિવસોમાં મોક્ષ થયેલ જોઈને પહેલાં તો બ્રહ્મા પણ વિસ્મય પામ્યા (ત્યારે) સત્યલોકમાં બ્રહ્માજીએ તુલા બાંધી બધાં સાધન તોળી જોયાં.

તત્ત્વસુધા—સત્યલોકમાં તુલા બાંધી. સત્ય અવલોકનની તુલનાત્મકબુદ્ધિ "તુલા" છે, ઉપાસના, સાંખ્ય, મીમાંસા, યોગ, તપ, આદિ સાધનો, અને ગુણાનુવાદ શ્રવણમાં, શીઘ્ર અસરકારક, અને સફલતા અર્પનાર વધુ કોણ છે, તેનો અનુભવાત્મક નિર્ણય, નિષ્પક્ષપાત, અને સર્વજ્ઞ બ્રહ્માજીએ એટલે પૂર્ણ જ્ઞાનીએ કર્યો.

લઘૂન્યન્યાનિ જાતાનિ ગૌરવેણ ઇદં મહત્ ।
તદા ઋષિગણાઃ સર્વે વિસ્મયં પરમં યયુઃ ॥ ૧૯ ॥

અન્વયાર્થ—અન્યાનિ–બીજાં બધાં સાધન, **લઘૂનિ**–હલકાં, **જાતાનિ**–થયાં, **ઇદમ્**–આ શ્રીમદ્ભાગવત શાસ્ત્ર, **ગૌરવેણ**–ગૌરવને લીધે–મહત્તાને લીધે, **મહત્**–ભારે થયું, **તદા**–તે સમયે, **સર્વે**–બધા, **ઋષિગણાઃ**–ઋષિમહર્ષિઓનો સમુદાય, **પરમમ્**–ખૂબ, **વિસ્મયમ્**–આશ્ચર્યને, **યયુઃ**–પામ્યા.

અનુવાદ—એક પલ્લામાં બીજાં બધાં મોક્ષને પ્રાપ્ત કરાવનારાં સાધન તથા બીજા પલ્લામાં શ્રીમદ્ ભાગવત શાસ્ત્ર મૂકવામાં આવ્યું. બીજાં સાધન હલકાં થયાં અને આ શ્રીમદ્ ભાગવત શાસ્ત્ર તેના ગૌરવથી ભારે થયું, ત્યારે બધા ઋષિ ખૂબજ આશ્ચર્ય પામ્યા.

તત્ત્વસુધા—ગુરૂભાવ એટલે શિષ્યનો મોહ દૂર કરી અનાયાસે હૃદયમાં સ્નેહને અને ભગવાનને મુકી આપે એનું નામ ગૌરવ. ભાગવતમાં એ શક્તિ અનુભવી ત્યારે ઋષિઓ–મંત્રદૃષ્ટાઓ પણ વિસ્મય પામ્યા.

મેનિરે ભગવદ્રૂપં શાસ્ત્રં ભાગવતં કલૌ ।
પઠનાચ્છ્રવણાત્સદ્યો વૈકુણ્ઠફલદાયકમ્ ॥ ૨૦ ॥

અન્વયાર્થ—ભાગવતમ્–શ્રીમદ્ભાગવત, **શાસ્ત્રમ્**–શાસ્ત્રને, **કલૌ**–કળીયુગમાં, **ભગવદ્રૂપમ્**–શ્રીભગવાનનુંજ સ્વરૂપ, **મેનિરે**–માનવા લાગ્યા, **પઠનાત્**–પઠન કરવાથી, પાઠ કરવાથી, **શ્રવણાત્**–સાંભળવાથી, **સદ્યઃ**–તાત્કાલિક, **વૈકુણ્ઠફલદાયકમ્**–વિષ્ણુલોકને આપનારું છે એમ માનવા લાગ્યા.

અનુવાદ—શ્રીમદ્ ભાગવત શાસ્ત્રને કળીયુગમાં સાક્ષાત્ ભગવત્સ્વરૂપે માનવા લાગ્યા. પઠન–પાઠન કરવાથી તેમજ સાંભળવાથી ટૂંક સમયમાં વિષ્ણુલોકની પ્રાપ્તિ કરાવનારું છે એમ માનવા લાગ્યા.

તત્ત્વસુધા—શ્રીમદ્ ભાગવત શ્રીકૃષ્ણભગવાનનું પ્રતિબિંબ, અગર દ્વિતીય નામ સ્વરૂપ છે. અર્ચા સ્વરૂપ સેવાથી દીર્ઘકાલે નિરોધ કરે, શ્રોતવ્ય સ્વરૂપ શ્રવણકીર્તન કાલેજ નિરોધ કરી આપે.

સપ્તાહેન શ્રુતં ચૈતત્સર્વથા મુક્તિદાયકમ્ ।
સનકાદ્યૈઃ પુરા પ્રોક્તં નારદાય દયાપરૈઃ ॥ ૨૧ ॥

અન્વયાર્થ—ચ–અને, **સપ્તાહેન**–સાત દિનની સપ્તાહથી, **શ્રુતમ્**–સાંભળવામાં આવતું, **એતત્**–આ શ્રીમદ્ ભાગવત, **સર્વથા**–સર્વ પ્રકારે, **મુક્તિદાયકમ્**–મુક્તિને આપનારું છે, **પુરા**–પહેલાં, **દયાપરૈઃ**–દયાળુ એવા, **સનકાદ્યૈઃ**–સનકાદિકોએ, **નારદાય**–નારદમુનિને, **પ્રોક્તમ્**–કહ્યું હતું.

અનુવાદ—જો આ શ્રીમદ્ ભાગવતને સાત દિવસમાં સાંભળે તો સર્વથા મુક્તિ આપનારું છે. દયાળુ એવા સનકાદિકોએ પહેલાં નારદજીને આ ભાગવત સંભળાવેલું.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્ત્વસુધા—સાત દિવસનું શ્રવણ એક પુણ્ય, અદૃષ્ટ, અને સાત્વિક શ્રદ્ધામય વાતાવરણનું સર્જન કરે છે. ભાવના એ પ્રબલ સમ્પત્તિ છે.

यद्यपि ब्रह्मसंबन्धाच्छ्रुतमेतन्महर्षिणा ।
सप्ताहश्रवणविधिः कुमारैस्तस्य भाषितः ॥ २२ ॥

અન્વયાર્થ—यद्यपि-જો કે, ब्रह्मसंबन्धात्-બ્રહ્મા પાસેથી, एतत्-આ શ્રીમદ્-ભાગવત, महर्षिणा-દેવર્ષિ નારદજીએ, श्रुतम्-સાંભળેલું હતું, कुमारैः-સનકાદિકોએ, तस्य-તે નારદજીને, सप्ताहश्रवणविधिः-સપ્તાહમાં સાંભળવાનો વિધિ, (ભાગવત સપ્તાહવિધિ), भाषितः-કહ્યો.

અનુવાદ—જો કે નારદજીએ આ પહેલાં બ્રહ્મા પાસેથી આ શ્રીમદ્ ભાગવત શાસ્ત્ર સાંભળેલું હતું. પરંતુ સાત દિવસમાં સાંભળવાનો વિધિ બ્રહ્માએ નહિ કહેલો. તે વિધિ સનકાદિકોએ નારદજીને કહી સંભળાવ્યો.

તત્ત્વસુધા—ચતુઃશ્લોકી ભાગવત નારદજીએ બ્રહ્માજીથી મેળવ્યું અને વ્યાસજીને આપ્યું. સમાધિભાષામાં વ્યાસજીએ એનું વિપુલ દર્શન કરાવ્યું. સનત્કુમારોએ સપ્તાહ શ્રવણવિધિ દર્શાવ્યો છે.

शौनक उवाच । शौनकः-શૌનક, उवाच-બોલ્યા.

लोकसंग्रहमुक्तस्य नारदस्यास्थिरस्य च ।
विधिश्रवे कुतः प्रीतिः संयोगः कुत्र तैः सह ॥ २३ ॥

અન્વયાર્થ—लोकसंग्रहमुक्तस्य-લૌકિક સંબન્ધોથી રહિત, च-અને, अस्थिरस्य-કોઈ એક જ સ્થળે સ્થિર ન રહેનાર, नारदस्य-નારદજીને, विधिश्रवे-ભાગવત સપ્તાહ વિધિ સાંભળવામાં, प्रीतिः-પ્રેમ, कुतः-ક્યાંથી થયો ! च-અને, तैः सह-તે સનકાદિક બ્રહ્મકુમારોની સાથે, संयोगः-સમાગમ, कुत्र-ક્યાં થયો.

અનુવાદ—શૌનકજી બોલ્યા-લૌકસમ્બન્ધોથી પર-લોકસંગ્રહથી રહિત અને કોઇ એકજ સ્થળે સ્થિર નિવાસ કરી ન રહેનાર નારદજીને સપ્તાહનો વિધિ સાંભળવામાં શાથી પ્રેમ થયો અને તેઓની સાથે સુભગ મિલન કયાં થયું તે કહો.

તત્ત્વસુધા—लोकविग्रहमुक्तस्य અને लोकसंग्रहमुक्तस्य એવા બે પાઠ છે. લૌકિક ઝઘડાથી રહિત એવો પ્રથમ પાઠનો અર્થ થાય. બીજાનો અર્થ લૌકિક સંગ્રહ વિનાનો એવો અર્થ થાય. अस्थिरस्य એટલે ચંચલ અર્થ નથી થતો. પરંતુ अनिकेतः સ્થાન વિનાના અગર ઘર-આશ્રમની ઉપાધિ વિનાના સાચા વિરક્ત અને જગતહિત માટે સતત વિચરતા અથવા છઠ્ઠા સ્કંધમાં પાંચમા અધ્યાયના ૪૩ મા શ્લોકમાં न सवेद् भ्रमतः पदम् એ દક્ષના વાક્યને આધારે નારદજીને શાપ થયો છે કે પૃથ્વીમાં ફરતા એવા તમારે સ્થાન નહી હોય. તોપણ શ્રી ભાગવત શ્રવણમાં ભગવત્કથા શ્રવણમાં, શાપની અસર થતી નથી. રામાયણમાં પણ નારદજી તપ માટે એક સ્થાનમાં જ રહેલા ત્યાં તેમને શાપની ગતિ ન ચાલી એવું તપોવનના મહિમા માટે કહ્યું છે. सुमिरत हरिहि स्राप गति बाधा હરિને સ્મરતાંજ શાપગતિ અટકી ગઈ.

सूत उवाच—सूतः-સૂતજી, उवाच-બોલ્યા. સૂતજી બોલ્યા.

अत्र ते कीर्तयिष्यामि भक्तियुक्तं कथानकम् ।
शुकेन मम यत्प्रोक्तं रहः शिष्यं विचार्य च ॥ २४ ॥
एकदा हि विशालायां चत्वार ऋषयोऽमलाः ।
सत्संगार्थं समायाता ददृशुस्तत्र नारदम् ॥ २५ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—**અત્ર**-આ વિષયમાં, **શુકેન**-શ્રીશુકદેવજીએ, **શિષ્યં**-પટ્ટ શિષ્ય, **વિચાર્ય**-વિચારીને, **મમ**-મને, **રહઃ**-એકાન્તમાં, **યત્**-જે ગુપ્ત, **ભક્તિયુક્તમ્**-ભક્તિયુક્ત-ભક્તિભાવવાળું, **કથાનકમ્**-કથામૃત, **પ્રોક્તમ્**-કહેલું છે, **તે**-તમને, **કીર્તયિષ્યામિ**-કહીશ. (૨૪)

એકદા-કોઇએક સમયે, **વિશાલાયામ્**-બદરિકાશ્રમમાં, **અમલાઃ**-નિષ્પાપ, **ચત્વારઃ**-ચાર, **ઋષયઃ**-સનકાદિક બ્રહ્મર્ષિ, **સત્સંગાર્થમ્**-સત્સંગ કરવા માટે, **સમાયાતાઃ**-આવી પહોંચ્યા, **તત્ર**-ત્યાં બદરિકાશ્રમમાં, **નારદમ્**-નારદજીને, **દદૃશુઃ**-જોતા હતા. (૨૫)

અનુવાદ—આ બાબતમાં મને પટ્ટ શિષ્ય સમજીને શ્રીશુકદેવજીએ મને ભક્તિયુક્ત જે ગુપ્ત કથાનક કહેલું છે તે ગુપ્ત કથાનક હું તમને કહી સંભળાવીશ. (૨૪)

કોઇ એક સમયે નિર્મળ અન્તઃકરણવાળા ચાર સનકાદિક બ્રહ્મપુત્રો સત્સંગ માટે બદરિકાશ્રમમાં આવ્યા ત્યાં તેમણે નારદજીને જોયા. (૨૫)

તત્ત્વસુધા—સૂતજી રહઃ અને શિષ્યમ્, એ બે પ્રકારનો ઉલ્લેખ કરે છે; તેથી શુકદેવજી પાસેથી શ્રીમદ્ ભાગવત સાંભળવા ઉપરાંત પણ શ્રીમદ્ ભાગવત ભણવાની અગર સાથે વસવાની અને સત્સંગ કરવાની પણ પુણ્ય તક મળી હશે.

વિશાલા ભૂમિ બદરિકાશ્રમ જતાં આવી. પાદયાત્રાએ જ્યારે યાત્રિક જતા ત્યારે શ્રાન્ત થતાં તે યાત્રિકોને "બદરિવિશાલલાલકી જય" બોલતાં ઉમંગ આવતો શ્રમ ચાલ્યો જતો. પૂર્વે વિશાલ નામના રાજાએ તપ કર્યું ભગવાન પ્રસન્ન થયા. વરદાન માગવા કહ્યું અને વરદાન માગ્યો કે આપ મને જેટલા વિલંબે મળ્યા તેટલા વિલંબે અન્યને ન મળતાં શીઘ્ર મળજો. પ્રભુ ખૂબ જ આર્દ્ર થયા અને તે તપોદેશનું નામ વિશાલા રાખ્યું જ્યાં વિના વિલંબે સનત્કુમારોને નારદ મળ્યા. નારદજીને કુમારો મળ્યા. બન્નેનું શીઘ્ર કાર્ય થયું.

કુમારા ઊચુઃ—**કુમારાઃ**-સનકાદિક બ્રહ્મકુમારો, **ઊચુઃ**-કહેવા લાગ્યા. સનકાદિક બ્રહ્મકુમારો કહેવા લાગ્યા.

કથં બ્રહ્મન્ દીનમુખઃ કુતશ્ચિન્તાતુરો ભવાન્ ।
ત્વરિતં ગમ્યતે કુત્ર કુતશ્ચાગમનં તવ ॥ ૨૬ ॥

અન્વયાર્થ—**હે બ્રહ્મન્**-હે નારદજી, **દીનમુખઃ કથમ્**-આપ દીનમુખવાળા કેમ ? **ભવાન્**-આપ, **ચિન્તાતુરઃ**-ચિન્તાતુર, **કુતઃ**-શાથી ? (કયા કારણથી), **ત્વરિતમ્**-ઉતાવળે, **કુત્ર**-ક્યાં, **ગમ્યતે**-જવાય છે, **ચ**-અને, **તવ**-તમારું, **આગમનમ્**-આગમન, **કુતઃ**-ક્યાંથી ?

અનુવાદ—**હે નારદજી, દીન વદનવાળા કેમ છો ? આપ શાથી ભારે ચિન્તાતુર છો ? ઉતાવળા ઉતાવળા ક્યાં જઈ રહ્યા છો અને ક્યાંથી આવી રહ્યા છો ? (૨૬)**

તત્ત્વસુધા—સાધુ વિપ્રને ઉતાવળ-ઉદાસીનતા ન સતાવે. લોભ અને કામ ઉદાસીન અને ઉતાવળા હોય. સાધુ અને વિપ્ર તેથી પર હોય છતાં સાધુ અને વિપ્રને ચિંતાતુર જોવામાં આવે તો તે વિશ્વ પીડાના નિમિત્તનાજ હોય. વ્યાસજીની ચિંતામાંથી વિશ્વને ચિંતનતત્વ શ્રીમદ્ભાગવત મળ્યું. નારદજીની ચિંતામાંથી વિશ્વને બારણે જ્ઞાન વૈરાગ્યને તારૂણ્ય આવ્યું.

ઇદાનીં શૂન્યચિત્તોઽસિ ગતવિત્તો યથા જનઃ ।
તદેવં મુક્તસંગસ્ય નોચિતં વદ કારણમ્ ॥ ૨૭ ॥

અન્વયાર્થ—**ઇદાનીમ્**-હાલમાં, **શૂન્યચિત્તઃ**-શૂન્યચિત્તવાળા-અસ્વસ્થ, **અસિ**-છો, **યથા**-જેમ, **ગતવિત્તઃ**-જેનું ધન ચાલ્યું ગયું છે તેવો, **જનઃ**-મનુષ્ય, **તત્**-તો, **મુક્તસંગસ્ય**-સંગથી રહિત આપને, **એવમ્**-આ પ્રમાણે થવું, **ન ઉચિતમ્**-યોગ્ય નથી, **કારણમ્**-કારણને, **વદ**-કહો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—ધનાઢય મનુષ્યની ધન ચાલ્યા જવાથી જે દશા થાય તેની જેમ હાલમાં તમે અસ્વસ્થ દશામાં છો. તો સર્વસંગથી પર એવા આપની આવી સ્થિતિ બની જવી યોગ્ય નથી. આમ શાથી થયું તેનું કારણ કહો.

નારદ ઉવાચ-નારદઃ-નારદજી, ઉવાચ-બોલ્યા. નારદજી બોલ્યા.

अहं तु पृथिवीं यातो ज्ञात्वा सर्वोत्तमामिति ।
पुष्करं च प्रयागं च काशीं गोदावरीं तथा ॥ २८ ॥
हरिक्षेत्रं कुरुक्षेत्रं श्रीरङ्गं सेतुबन्धनम् ।
एवमादिषु तीर्थेषु भ्रममाण इतस्ततः ॥ २९ ॥
नापश्यं कुत्रचिच्छर्म मनःसंतोषकारकम् ।
कलिनाऽधर्ममित्रेण धरेयं बाधिताधुना ॥ ३० ॥

અન્વયાર્થ-અહમ્-હું, તુ-તો, (सर्वोत्तमाम् पृथिवीम् इति ज्ञात्वा) सर्वोत्तमाम्-સર્વોત્તમ, पृथिवीम्-પૃથિવીને, ज्ञात्वा-જાણીને, (પૃથ્વી લોકમાં), यातः-ગયો, पुष्करम्-પુષ્કરક્ષેત્ર, च-અને, प्रयागम्-પ્રયાગરાજ, काशीम्-કાશી, तथा-તથા, गोदावरीम्-ગોદાવરી. (૨૮)

हरिक्षेत्रम्-હરિદ્વાર, कुरुक्षेत्रम्-કુરુક્ષેત્ર, श्रीरङ्गम्-શ્રીરંગ, सेतुबन्धनम्-સેતુબંધ, एवम् आदिषु-વગેરે વગેરે, तीर्थेषु-તીર્થ ક્ષેત્રોમાં, इतः ततः-આમથી તેમ, भ्रममाणः-ફરતો ફરતો. (૨૯)

कुत्रचित्-ક્યાંયે પણ, मनःसंतोषकारकम्-મનને સંતોષ ઉપજાવે તેવું, शर्म-સુખ, न अपश्यम्-ન જોયું. अधर्ममित्रेण-અધર્મના મિત્ર, कलिना-કળિયુગથી, इयम्-આ, धरा-પૃથ્વી, अधुना-હાલમાં, बाधिता-પીડાઇ છે. (૩૦)

અનુવાદ—નારદજીએ કહ્યું કે હું પૃથ્વીને સર્વોત્તમ જાણી ત્યાં ગયો હતો અને પુષ્કર, પ્રયાગ, કાશી, ગોદાવરી, હરિક્ષેત્ર, કુરુક્ષેત્ર, શ્રીરંગ, તથા સેતુબંધ આદિ તીર્થોમાં ચોતરફ ફર્યો પણ મનને સંતોષકારક સુખ કોઈ સ્થળે મેં જોયું નહીં. હમણાં અધર્મના મિત્ર કલિયુગે પૃથ્વીને દુઃખી કરી છે. (૨૮-૩૦)

તત્ત્વસુધા—શ્રીમદ્ વલ્લભાચાર્યે શ્રીકૃષ્ણાશ્રય ગ્રંથ લખ્યો છે. कलौ च खलधर्मिणि કલિયુગ ખલ ધર્મવાળો છે એવુ વર્ણવી गंगादितीर्थवर्येषु ગંગાદિ તીર્થ અને ક્ષેત્રોના દેવો-તીર્થના અધિષ્ઠાતાઓ તીર્થમાંથી તિરોધાન પામ્યા છે તેથી તીર્થોમાં તીર્થત્વ-આધ્યાત્મિકપણું-રહ્યું અને પાવનપણું રહ્યું પરંતુ જે આધિદૈવિકપણાથી ભક્તિ અને આન્તર શાંતિ તે ન મળી એ ફરિયાદ નારદજીએ પણ કરી.

सत्यं नास्ति तपःशौचं दया दानं न विद्यते ।
उदरम्भरिणो जीवा वराकाः कूटभाषिणः ॥ ३१ ॥
मन्दाः सुमन्दमतयो-मन्दभाग्या ह्युपद्रुताः ।
पाखण्डनिरताः सन्तो विरक्ताः सपरिग्रहाः ॥ ३२ ॥

અન્વયાર્થ—सत्यम्-સત્ય, न अस्ति-નથી, तपः-તપશ્ચર્યા, शौचम्-પવિત્રતા (શરીરની બાહ્ય પવિત્રતા તથા આન્તર શુદ્ધિ), दया-દયા, दानम्-દાન, न विद्यते-જોવામાં આવતાં નથી, जीवाः-જીવો, उदरम्भरिणः-કેવળ પોતાના ઉદરનેજ પોષવામાં કુશળ, वराकाः-રાંક જેવા નિર્માલ્ય, कूटभाषिणः-અસત્ય ભાષણ કરનારા, मन्दाः-આળસુ, सुमन्दमतयः-મંદબુદ્ધિવાળા, मन्दभाग्याः-મંદ ભાગ્યવાળા, उपद्रुताः-અને અનેક પ્રકારનાં દુઃખથી પીડાતા જણાય છે. सन्तः-સત્પુરુષો, पाखण्डनिरताः-પાખંડ રચવામાં તત્પર થયા છે, विरक्ताः-વૈરાગ્યવાળા, सपरिग्रहाः-ઘરબારવાળા બની ગયા છે. ૩૧-૩૨

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—સત્ય રહ્યું નથી. તપ પવિત્રતા, દયા દાન રહ્યાં નથી. જીવો પોતાનાંજ ઉદર પોષણ કરવાવાળા દીન અસત્ય ભાષણ કરનારા આળસુ મંદ બુદ્ધિવાળા નાના પ્રકારના રોગોથી દુઃખોથી પીડાતા જણાય છે. સત્પુરુષો પાખંડમાં જોડાયા છે. વેરાગીઓ ઘરબાર વાળા બની ગયા છે.

तरुणीप्रभुता गेहे श्यालको बुद्धिदायकः ।
कन्याविक्रयिणो लोभाद्दम्पतीनाञ्च कल्कनम् ॥ ३३ ॥

અન્વયાર્થ—गेहे–ઘરમાં, तरुणीप्रभुता–સ્ત્રીઓનું પ્રાધાન્ય, श्यालकः–સાળો, बुद्धिदायकः–સલાહકાર–સલાહ આપનાર (બન્યાં છે), लोभात्–લોભને લીધે, कन्याविक्रयिणः–કન્યાને વેચનારા, च–અને, दम्पतीनाम्–સ્ત્રી–પુરુષોનું (પતિ–પત્નીનું), कल्कनम्–કલહકંકાસ (થતો જોવામાં આવે છે.)

અનુવાદ—પ્રત્યેક ઘરમાં સ્ત્રીઓની પ્રધાનતા અને સાળો સલાહકાર બન્યાં છે. લોભને લીધે કન્યાઓના વિક્રય થાય છે અને પતિ–પત્ની અન્યોન્ય ઝઘડા–કલહ–કંકાસ કર્યા કરે છે.

आश्रमा यवनै रुद्धास्तीर्थानि सरितस्तथा ।
देवतायतनान्यत्र दुष्टैर्नष्टानि भूरिशः ॥ ३४ ॥

અન્વયાર્થ—आश्रमाः–આશ્રમો, तीर्थानि–તીર્થસ્થળો, तथा–તથા, सरितः–નદીઓ, यवनैः–મ્લેચ્છોએ (યવનો), रुद्धाः–રોકી દીધાં છે, अत्र–આ પૃથ્વી ઉપર, देवतायतनानि–દેવ–દેવીઓનાં મંદિરો, दुष्टैः–દુષ્ટ લોકોએ, भूरिशः–ઘણાં, नष्टानि–તોડી નાંખ્યાં છે.

અનુવાદ—આશ્રમો, તીર્થસ્થળો, તથા નદીઓને યવનોએ રોકી દીધાં છે. આ પૃથ્વી ઉપરનાં ઘણાંય દેવ દેવીઓનાં મંદિરોનો દુષ્ટ લોકોએ નાશ કરી દીધો છે.

તત્ત્વસુધા–યવન એટલે વિષયી અથવા વિલાસી માનવોથી આ કામો નિરૂપયોગી થયાં. अर्चकस्य तपो योगात् અર્ચક તપસ્વી થાય તોજ પ્રતિમામાં પ્રભુ બિરાજે.

न योगी नैव सिद्धो वा न ज्ञानी सत्क्रियो नरः ।
कलिदावानलेनाद्य साधनं भस्मतां गतम् ॥ ३५ ॥

અન્વયાર્થ—न योगी–આજે કોઇ યોગી નથી, वा–અથવા, सिद्धः–સિદ્ધપુરુષ, न एव–નથી જ, न ज्ञानी–જ્ઞાની પણ કોઇ નથી, सत्क्रियः–સત્કર્મ કરનાર, नरः–મનુષ્ય (તે પણ કોઇ રહ્યો નથી), कलिदावानलेन–કલિરૂપી દાવાનળને લીધે, अद्य–આજે, साधनम्–સર્વ સાધન, भस्मताम्–ભસ્મપણાને, गतम्–પામ્યું છે.

અનુવાદ—આજે કોઈ યોગી કે સિદ્ધપુરુષ, જ્ઞાની કે ઉત્તમ પ્રકારની સત્ક્રિયા કરનાર કોઈ મનુષ્ય રહ્યો નથી. કલિરૂપી દાવાનળને લીધે આજે બધાંજ સાધન બળીને ભસ્મ થઈ ગયાં છે.

अन्नशूला जनपदाः शिवशूला द्विजातयः ।
कामिन्यः केशशूलिन्यः संभवन्ति कलाविह ॥ ३६ ॥

અન્વયાર્થ—जनपदाः–અનેક દેશો, अन्नशूलाः–રાંધેલાં અન્ન વેચનારા, द्विजातयः–બ્રાહ્મણો, शिवशूलाः–વેદવિદ્યાને વેચનારા, कामिन्यः–સ્ત્રીઓ, केशशूलिन्यः–ધન લઈને પોતાનાં શીયળ વેચનારી, इह–અહિયાં, कलौ–કળિયુગમાં, संभवन्ति–થઈ રહ્યાં છે, (બની રહ્યું છે).

અનુવાદ—આ કળિયુગમાં પ્રત્યેક દેશમાં રાંધેલાં અન્ન વેચાય છે. બ્રાહ્મણો વેદને વેચે છે. સ્ત્રીઓ ધન લઇને ચારિત્ર્યભ્રષ્ટ બની રહી છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

तत्त्वसुधा—अन्नનો અર્થ અન્ન થાય. ખેતરમાં પાકતા અનાજને ધાન્ય કહેવાય. અને અગ્નિ ઉપર સિદ્ધ કરેલને અન્ન કહેવાય अद्यते इति अन्नम् . "शुल" એટલે વિક્રય. વિશ્વવિપત્તિનાં ત્રણ કારણ; અન્નવિક્રય, જ્ઞાનવિક્રય અને શીલનાશ. જે દેશમાં શિક્ષણ મોંઘુ તે દેશની સમ્પત્તિ ને વ્યવસ્થાનું કલંક. દેશનો ઉત્કર્ષ જોવાનાં ત્રણ સાધન. દવાખાનાં, જેલખાનાં, ન્યાયસ્થાનોનો અભાવ અથવા ઓછાં. "शिव" એટલે વેદ. "क्लेश" એટલે સૌભાગ્ય.

एवं पश्यन्कलेर्दोषान् पर्यटन्नवनीमहम् ।
यामुनं देशमापन्नो यत्र लीला हरेरभूत् ॥ ३७ ॥

अन्वयार्थ—एवम्-આ પ્રમાણે, कलेः-કલિયુગના, दोषान्-દોષોને, पश्यन्-જોતો, अवनीम्-પૃથ્વી ઉપર, पर्यटन्-ફરતો ફરતો, अहम्-હું, यामुनं देशम्-યમુના નદીના પ્રદેશ તરફ, आपन्नः-આવી પહોંચ્યો, यत्र-જ્યાં (જે યમુનાના પવિત્ર પ્રદેશોમાં), हरेः-શ્રી હરિની, लीला-લીલા, अभूत्-થઈ હતી.

अनुवाद—આ પ્રમાણે કલિયુગના દોષોને બધેજ જોતો પૃથ્વી ઉપર ફરતો ફરતો હું શ્રીયમુનાજીના પ્રદેશમાં આવી પહોંચ્યો કે જ્યાં શ્રીહરિની લીલા થઈ હતી.

तत्त्वसुधा—यामुनं तटमापन्नः, અને देशमापन्नः, એવા બે અર્થ છે. યમુનાજી ભક્તિ છે. અને યમુનાજીનાજ પ્રભાવથી ભાવશુદ્ધિ થઈ.

तत्राश्चर्यं मया दृष्टं श्रूयतां तन्मुनीश्वराः ।
एका तु तरुणी तत्र निषण्णा खिन्नमानसा ॥ ३८ ॥

अन्वयार्थ—मया-મેં, तु તો, तत्र-ત્યાં, आश्चर्यम्-આશ્ચર્ય, दृष्टम्-જોયું, हे मुनीश्वराः-હે મુનીશ્વરો, तत्-તેને, श्रूयताम्-આપ સાંભળો, एका-એક, तरुणी-યુવતી સ્ત્રી, तत्र-ત્યાં, निषण्णा-બેઠેલી હતી, खिन्नमानसा-દુઃખી માનસવાળી (હતી.)

अनुवाद—મેં તો ત્યાં એક આશ્ચર્ય જોયું, હે મુનીશ્વરો, આપ એ આશ્ચર્યજનક વૃત્તાન્તને સાંભળો. દુઃખી મનવાળી એક યુવતી સ્ત્રી ત્યાં બેઠેલી હતી.

वृद्धौ द्वौ पतितौ पार्श्वे निःश्वसन्तावचेतनौ ।
शुश्रूषन्ती प्रबोधन्ती रुदती च तयोः पुरः ॥ ३९ ॥
दशदिक्षु निरीक्षन्ती रक्षितारं निजं वपुः ।
वीज्यमाना शतस्त्रीभि र्बोध्यमाना मुहुर्मुहुः ॥ ४० ॥

अन्वयार्थ—पार्श्वे-બાજૂમાં, पतितौ-પડેલા, निःश्वसन्तौ-નિઃશ્વાસ નાખતા, अचेतनौ-ચેતનાશક્તિ વિહોણા, द्वौ-બે, वृद्धौ-વૃદ્ધપુરુષોને, शुश्रूषन्ती-શુશ્રૂષા-સેવા કરતી, प्रबोधन्ती-જગાડતી, च-અને, तयोः-તેમની, पुरतः-આગળ, रुदती-રડતી, दश-દસ, दिक्षु-દિશાઓમાં, निजम्-પોતાના, वपुः-શરીરના, रक्षितारम्-રક્ષણ કરનારને, निरीक्षन्ती-જોતી, शतस्त्रीभिः-સેંકડો સ્ત્રીઓથી, वीज्यमाना-વીંઝણાથી વાયુસેવન કરાવાતી, मुहुः मुहुः-વારંવાર, बोध्यमाना-ભાનમાં લાવવા પ્રયત્ન કરાતી-જગાડવામાં આવતી હતી. (૩૯-૪૦)

अनुवाद—બાજૂમાં પડેલા, નિઃશ્વાસ નાખતા અચેતન જેવા બે વૃદ્ધ પુરુષોની શુશ્રૂષા સેવા કરી રહેલી, જગાડવા પ્રયત્ન કરતી અને તેમની આગળ રડતી, પોતાના શરીરની રક્ષા કરનારને દશે દિશાઓમાં જોતી, સેંકડો યુવતી સ્ત્રીઓથી સેવાતી તેમજ વારંવાર સમજાવાતી હતી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

દૃષ્ટ્વા દૂરાદ્ગતઃ સોઽહં કૌતુકેન તદન્તિકમ્ ।
માં દૃષ્ટ્વા ચોત્થિતા બાલા વિહ્વલા ચાબ્રવીદ્વચઃ ॥ ૪૧ ॥

અન્વયાર્થ—**સઃ**–તે યમુના તટપર ફરતો એવો, **અહમ્**–હું, **દૂરાત્**–દૂરથી, **દૃષ્ટ્વા**–જોઈને, **કૌતુકેન**–કુતૂહલથી, **તદન્તિકમ્**–તે યુવતી પાસે, **ગતઃ**–ગયો, **મામ્**–મને, **દૃષ્ટ્વા**–જોઈને, **વિહ્વલા**–ગભરાઈ ગયેલી, **બાલા**–તે યુવતી સ્ત્રી, **ઉત્થિતા**–ઉભી થઇ ગઇ. **ચ**–અને, **વચઃ**–વચનને, **અબ્રવીત્**–કહેવા લાગી.

અનુવાદ—**યમુના કિનારે ફરતો હું, દૂરથી તે સ્ત્રીને જોઇને કુતૂહલવૃત્તિથી પ્રેરાઇને તે સ્ત્રી પાસે ગયો. મને જોઇને તે સ્ત્રી ઉભી થઇ ગઇ, દુઃખથી ગભરાયેલી તે વચન બોલવા લાગી.**

બાલોવાચ—**બાલા**–તે યુવતી, **ઉવાચ**–કહેવા લાગી. તે યુવતી કહેવા લાગી.

ભો ભોઃ સાધો ક્ષણં તિષ્ઠ મચ્ચિન્તામપિ નાશય ।
દર્શનં તવ લોકસ્ય સર્વથાઘહરં પરમ્ ॥ ૪૨ ॥

અન્વયાર્થ—**ભો ભોઃ સાધો**, અરે, હે સાધુ પુરુષ, **ક્ષણમ્**–એક ક્ષણવાર, **તિષ્ઠ**–ઉભા રહો **મચ્ચિન્તામ્**–મારી ચિન્તાને, **અપિ**–પણ, **નાશય**–દૂર કરો, **તવ**–તમારું, **દર્શનમ્**–દર્શન, **લોકસ્ય**–લોકોને, **સર્વથા**–બધીજ રીતે, **પરમ્**–શ્રેષ્ઠ, **અઘહરમ્**–પાપને દૂર કરનારું છે.

અનુવાદ—**હે મહાપુરુષ, આપ એક ક્ષણવાર ઉભા રહો અને મારી ચિન્તાનો પણ નાશ કરો. આપ મહાપુરુષનું દર્શન લોકોના સર્વપ્રકારનાં પાપોને હરનારું ઉત્તમ સાધન માન્યું છે.**

તત્ત્વસુધા—સાધુઃ સ્વપ્રાણવ્યયેનાપિ પરકાર્યં સાધ્નોતીતિ સાધુઃ પારકા અથવા દુશ્મનના પણ દુઃખને પોતાના પ્રાણના ભોગે પણ સાધે તે સાધુ. મચ્ચિન્તામપિ–મારી ચિંતાને પણ દૂર કરો. ચિંતા દૂર કરવી એ સંતનો સહજ ગુણ છે–સ્વભાવ છે, તેથી આપ સ્વાભાવિક કારુણિક છો. ક્ષણંતિષ્ઠ સાધુની ક્ષણ અને સદાવ્રતનો કણ કમતી વાપરવાં; કારણ તે કીમતી છે. સર્વનાં છે.

બહુધા તવ વાક્યેન દુઃખશાન્તિર્ભવિષ્યતિ ।
યદા ભાગ્યં ભવેદ્ભૂરિ ભવતો દર્શનં તદા ॥ ૪૩ ॥

અન્વયાર્થ—**બહુધા**–વિશેષ કરીને, **તવ**–તમારા, **વાક્યેન**–વાક્યથી, **દુઃખશાન્તિઃ**–દુઃખોની શાન્તિ, **ભવિષ્યતિ**–થશે, **યદા**–જ્યારે, **ભૂરિ**–મોટું, **ભાગ્યમ્**–સદ્ભાગ્ય, **ભવેત્**–હોય, **તદા**–ત્યારે, **ભવતઃ**–આપનું, **દર્શનમ્**–દર્શન, **ભવેત્**–થાય.

અનુવાદ—**હું માનું છું કે આપના વાક્યથી અવશ્ય મારાં દુઃખની શાન્તિ થશે. જ્યારે અતિશય પુણ્ય હોય–સદ્ભાગ્ય હોય ત્યારે જ આપનાં દર્શન થાય છે.**

કાસિ ત્વં કાવિમૌ ચેમા નાર્યઃ કાઃ પદ્મલોચનાઃ ।
વદ દેવિ સવિસ્તારં સ્વસ્ય દુઃખસ્ય કારણમ્ ॥ ૪૪ ॥

અન્વયાર્થ—**ત્વમ્**–તું, **કા અસિ**–કોણ છે ? **ઇમૌ**–આ બન્ને, **કૌ**–કોણ છે ? **ચ**–અને, **ઇમાઃ**–આ બધી, **પદ્મલોચનાઃ**–કમળ જેવાં નેત્રોવાળી, **નાર્યઃ**–નારીઓ, **કાઃ**–કોણ છે ? **દેવિ**–હે દેવી, **સ્વસ્ય**–તમારા પોતાના, **દુઃખસ્ય**–દુઃખના, **કારણમ્**–કારણને, **સવિસ્તારમ્**–વિસ્તારપૂર્વક, **વદ**–કહો.

અનુવાદ—**નારદ બોલ્યા–તમે કોણ છો ? આ બન્ને પુરુષો કોણ છે ? અને આ કમળપત્ર-સમાન નેત્રોવાળી સ્ત્રીઓ કોણ છે ? હે દેવિ, તમારા દુઃખનું કારણ વિસ્તારપૂર્વક કહો.**

તત્ત્વસુધા—સવિસ્તારં વદ એ મહાપુરુષની ઉદારતાનું પ્રતીક છે. માનવ સંકોચથી કે આવશ્યકતાથી ઓછું માગે તો ઈશ્વર અધિકં આપે. દુઃખ અને દર્દ સાંભળી લેતાંજ ત્રણ ભાગનું ઓછુ થાય છે, માટેજ વિસ્તારથી કહેવા કહ્યું.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બાલોવાચ—બાલા-તરુણી સ્ત્રી, ઉવાચ-બોલી. તરુણી સ્ત્રી બોલી.

अहं भक्तिरिति ख्याता इमौ मे तनयौ मतौ ।
ज्ञानवैराग्यनामानौ कालयोगेन जर्जरौ ॥ ४५ ॥

અન્વયાર્થ—અહમ્-હું, ભક્તિઃ ઇતિ-ભક્તિ એવા નામે, ખ્યાતા-પ્રસિદ્ધ છું, ઇમૌ-આ બન્ને, મે-મારા, તનયૌ-પુત્રો, મતૌ-માનેલા છે, જ્ઞાનવૈરાગ્યનામાનૌ-જ્ઞાન અને વૈરાગ્ય એ એમનાં નામ છે. કાલયોગેન-કાળના યોગથી, (તેઓ) જર્જરૌ-જર્જરિત થઈ ગયા છે.

અનુવાદ—હું ભક્તિ નામે પ્રસિદ્ધ છું, આ બન્ને જ્ઞાન અને વૈરાગ્ય મારા પુત્ર રૂપે છે. કાળબળથી તેઓ વૃદ્ધ થઈ ગયા છે.

તત્ત્વસુધા—આ નામ ભક્તિ એમ ન કહેતાં લોકો મને ભક્તિ કહે છે, એ રીતે પરિચય આપી દૈન્ય વ્યક્ત કર્યું.

गङ्गाद्याः सरितश्चेमा मत्सेवार्थं समागताः ।
तथापि न च मे श्रेयः सेविताया सुरैरपि ॥ ४६ ॥

અન્વયાર્થ—ચ-અને, મત્સેવાર્થમ્-મારી સેવા માટે, સમાગતાઃ-આવેલી, ઇમાઃ-આ બધી, ગઙ્ગાદ્યાઃ-ગંગા વગેરે, સરિતઃ-નદીઓ (છે.) સુરૈઃ અપિ-દેવોથી પણ, સેવિતાયાઃ-સેવાયેલી છું, તથાપિ-તો પણ, મે-મને, શ્રેયઃ ન-સુખશાન્તિ (કલ્યાણ) નથી.

અનુવાદ—મને મારી સેવા માટે આવેલી આ બધી ગંગા વગેરે નદીઓ છે. દેવોથી સેવાયેલી હોવા છતાં પણ મને સુખ શાન્તિ નથી. (સુખ નથી)

તત્ત્વસુધા—सरिताश्चैताः અને सरितश्चेमाः એવા બે પાઠ છે. एताः એવું સર્વનામ દૂર વર્તી માટે વપરાય इमाः એ સમીપવર્તી માટે વપરાય. ભક્તિની તદ્દન નિકટવર્તિની નદીઓની દેવતાઓ છે, એવું इमाः પાઠથી જણાવાય છે.

इदानीं शृणु मद्वार्तां सचित्तस्त्वं तपोधन ।
वार्ता मे विततापास्ति तां श्रुत्वा सुखमावह ॥ ४७ ॥

અન્વયાર્થ—હે તપોધન-હે તપોધન, સચિત્તઃ-ચિત્ત દઈને, ત્વમ્-તમે, ઇદાનિમ્-હાલમાં મદ્વાર્તામ્-મારી વાતને, શૃણુ-સાંભળો, મે-મારી, વાર્તા-વાર્તા, અપિ-પણ, વિતતા-વિસ્તારવાળી છે, તામ્-તેને, શ્રુત્વા-સાંભળીને, સુખમ્-સુખને, આવહ-ઉપજાવો, (મને સુખી કરો).

અનુવાદ—હે તપોધન, ધ્યાન દઈને તમે હાલમાં મારી વાત સાંભળો, જો કે મારી વાત પણ વિસ્તારવાળી છે તો પણ તેને સાંભળીને મને સુખ ઉપજાવો.

उत्पन्ना द्रविडे देशे वृद्धिं कर्णाटके गता ।
क्वचित्क्वचिन्महाराष्ट्रे गुर्जरे जीर्णतां गता ॥ ४८ ॥

અન્વયાર્થ—સા-તે, અહમ્-હું, દ્રવિડે-દ્રવિડ દેશમાં, ઉત્પન્ના-ઉત્પન્ન થઈ, કર્ણાટકે-કર્ણાટકમાં, વૃદ્ધિમ્-વૃદ્ધિને, ગતા-પામી, ક્વચિત્ ક્વચિત્-ક્યાંય ક્યાંક, મહારાષ્ટ્રે-મહારાષ્ટ્રમાં તથા, ગુર્જરે-ગુજરાતમાં, જીર્ણતામ્-જીર્ણપણાને ગતા-પામી.

અનુવાદ—દ્રવિડ દેશમાં હું પેદા થઈ, કર્ણાટકમાં વૃદ્ધિ પામી, કોઈ કોઈક ઠેકાણે મહારાષ્ટ્રમાં પણ મોટી થઈ તેમજ ગુજરાતમાં હું જીર્ણ દશાને પામી.

તત્ત્વસુધા—उत्पन्ना द्रविडे देशे, અને द्रविडे साहम એવા બન્ને પાઠ છે. કેવલ દેશ વાચકશબ્દો બહુવચનમાં વપરાય જેમ गुर्जरेषु વિગેરે સ્થળોમાં વપરાય છે. પરંતુ જો વિશેષ્ય રૂપે દેશ શબ્દ સાથે હોય તો એક વચનમાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વપરાય એ દૃષ્ટિએ સાહમ્ પાઠ લેવામાં દ્રવિડેષુ અહુવચન વાપરવું પડે. દેશે, શબ્દ કર્ણાટકે, મહારાષ્ટ્રે અને ગુર્જરે એ ત્રણે સ્થળે યોજવો. ભક્તિની ઉત્પત્તિનો ઇતિહાસ વર્ણવ્યો છે. ભક્તિ શાસ્ત્રનો પ્રથમ પ્રાદુર્ભાવ અને પ્રચાર દ્રવિડ દેશમાંથી થયો. ભાગવતમાં દ્રવિડ દેશનું ગૌરવ સ્થલે સ્થલે ગાયું છે. ભક્તિપ્રવર્તક બધા આચાર્યો દક્ષિણમાં થયા. જ્ઞાન પ્રધાન ગણાતા પરંતુ ભક્તિરસરત શ્રીશંકર અને સ્પષ્ટ ભક્તિ સમ્પ્રદાયના અવલંબી શ્રી રામાનુજ, મધ્વ, નિમ્બાર્ક, શ્રીમદ્ વલ્લભ પણ દક્ષિણમાં થયા. સારા પ્રમાણમાં દક્ષિણમાં ભક્તિએ સ્થાન લીધું એના પુરાવાઓમાં વિશાલ દેવસ્થાનો, અને ભક્તિ સાહિત્ય વિદ્યમાન છે. કર્ણાટકમાં ભક્તિના ઉપાસકો ભક્તો અને સંતો વિશેષ પ્રમાણમાં થયા અને ભક્તિ વિસ્તાર પામી. મહારાષ્ટ્રમાં અંશતઃ જોવા મળી અને ગુજરાતમાં હ્રાસ પામી. વિલાસ પ્રધાન અને વ્યાપાર પ્રધાન સમાજ ભક્તિનું પાલન ન કરી શકે, ભક્તિ એટલે સમાજ, દેશ અને ધર્મ માટે સમર્પણ અને ત્યાગ; જે ત્યાગ વિષયી, વિલાસી અને વ્યાપારીમાં જોવા નહીં મળે. ગુજરાત શરીરનો દુર્બળ અને દ્રવ્યનો ઉપાસક-તેનામાં તપ અને ત્યાગ જોવા કયાં મળે ? જેનામાં દેશ માટે ત્યાગ સમર્પણનો અંશ નહી અને જીવનમાં કોઈ ઉદેશ નહીં, દ્રવ્ય વિના કોઈ લેશ પણ પ્રિય નહીં એ દેશ કાયાનો કંગાલ ને માયાનો જંજાલ બને.

तत्र घोरकलेर्योगात्पाखण्डैः खण्डिताङ्गका ।
दुर्बलाहं चिरं जाता पुत्राभ्यां सह मंदताम् ॥ ४९ ॥

અન્વયાર્થ—तत्र-ત્યાં, घोरकलेः-ભયંકર કળિયુગના, योगात्-યોગથી-સમ્બન્ધથી, पाखण्डैः-પાખંડીઓથી, खण्डिताङ्गका-ભાંગી ગયેલાં અંગવાળી, अहम्-હું, चिरम-ઘણા કાળ સુધી, दुर्बला-દુર્બળ (દુબળી) जाता-થઇ ગઇ, पुत्राभ्याम् सह-બન્ને પુત્રો સાથે, मन्दताम्-જીર્ણ દશાને (પામી).

અનુવાદ—ત્યાં ભયંકર કલિયુગ શરુ થઈ જવાથી પાખંડી તેમજ નાસ્તિક લોકોએ મારાં અંગોનાં ટુકડે ટુકડા કરી નાખ્યા. પુત્રો સાથે ઘણા કાળ સુધી દૂબળી બની ગઇ-મારું બળ ક્ષીણ થઇ ગયું.

તત્ત્વસુધા—पाखण्डैः खण्डिताङ्गका ભાવુકતાને બદલે દાંભિકતાએ ભક્તિના નવ અંગોમાં પ્રવેશ કર્યો. શ્રોતાને શ્રવણમાં યશ, ને પુણ્યલિપ્સા, વક્તાને કીર્તનથી કાંચન ને કીર્તિની લિપ્સા, સ્મરણમાં અન્યાસક્તિ, પાદ સેવનમાં પ્રમાદ, અર્ચનમાં તુચ્છ અને અન્યાયાર્જીત સામગ્રી, વંદનમાં કેવલ ઉપચારવૃત્તિ એટલે દેખાવ, દાસ્યમાં ફલની લાલસા, એવા, સાતે પ્રકારની ભક્તિમાં દોષો આવ્યા જેથી સખ્ય અને અને આત્મનિવેદનની અનુમતિ ઈશ્વર તરફથી ન મળી.

वृन्दावनं पुनः प्राप्य नवीनेव सुरूपिणी ।
जाताहं युवती सम्यक्प्रेष्टरूपा तु सांप्रतम् ॥ ५० ॥

અન્વયાર્થ—पुनः ફરીથી, वृन्दावनम्-વૃન્દાવનને, प्राप्य-પ્રાપ્ત કરીને, नवीना इव-નવજીવન પ્રાપ્ત થયું હોય તેવી, सुरूपिणी-સુન્દર રૂપવાળી (બની ગઈ.) सांप्रतम् तु-હાલમાં તો, अहम्-હું, सम्यक्-સારા, प्रेष्टरूपा-મન ઇચ્છિત સૌન્દર્યવાળી, युवती-યુવતી, जाता-થઈ ગઇ છું.

અનુવાદ—ફરીથી પાછી હું વૃન્દાવનમાં ગઈ તો ત્યાં જતાંની સાથે જ નવીન સુન્દર રૂપવાળી હું યુવતી બની ગઇ. મારું ઇચ્છિત રૂપ મને અહિં મળી ગયું (૫૦)

તત્ત્વસુધા—વૃન્દાવનમાં કે વ્રજપ્રદેશમાં ભાવાતિરેક જોવા મળ્યો; પરંતુ જ્ઞાનનો, તત્ત્વવિચારનો, સદાચારનો ને ત્યાગનો વિકાસ જોવા ન મળ્યો.

इमौ तु शयितावत्रा सुतौ मे क्लिश्यतः श्रमात् ।
इदं स्थानं परित्यज्य विदेशं गम्यते मया ॥ ५१ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—અત્ર-અહિંયાં, શયિતૌ-સૂઈ રહેલા, ઇમૌ-આ બે, મે-મારા, સુતૌ-પુત્રો, તુ-તો, અમાત્-આકથી, ક્લિશ્યતઃ-દુઃખ ભોગવી રહેલા છે, ઇદમ્-આ, સ્થાનમ્-સ્થાનને, પરિત્યજ્ય-છોડી દઈને, મયા-મારાથી, વિદેશમ્-વિદેશ, ગમ્યતે-જવાય છે.

અનુવાદ—અહિંયાં સૂઈ રહેલા આ બન્ને મારા પુત્રો છે. શ્રમથી તેઓ બહુ કલેશમાં છે. તેથી હવે હું આ સ્થાન છોડીને બીજે જવાની ઈચ્છા રાખું છું.

जरठत्वं समायातौ तेन दुःखेन दुःखिता ॥
साहं तु तरुणी कस्मात् सुतौ वृद्धाविमौ कुतः ॥ ५२ ॥

અન્વયાર્થ—(અમારા બે પુત્રો) જઠરત્વમ્-ઘડપણને, સમાયાતૌ-પ્રાપ્ત થયેલા છે, તેન દુઃખેન-તે દુઃખને લીધે. દુઃખિતા-હું દુઃખી છું, સા અહમ્-તે હું, તુ-તો, કસ્માત્-શા કારણથી, તરુણી-યુવતી, ઇમૌ સુતૌ-આ બન્ને પુત્રો, વૃદ્ધૌ-ઘરડા, કુતઃ-કયાંથી ? (હું યુવતી શાથી બની ગઈ. તેમજ આ બન્ને પુત્રો વૃદ્ધ શાથી થઈ ગયા ?)

અનુવાદ—આ બન્ને પુત્રો વૃદ્ધ થયા એ દુઃખથી હું ઘણી દુઃખી થઈ ગઇ છું. તો આ બન્ને વૃદ્ધ શાથી થઈ ગયા અને હું તરુણી શાથી બની ગઈ ?

त्रयाणां सहचारित्वाद्वैपरीत्यं कुतः स्थितम् ।
घटते जरठा माता तरुणौ तनयाविति ॥ ५३ ॥

અન્વયાર્થ—ત્રયાણામ્-ત્રણ જણાઓનું, સહચારિત્વાત્-સાથે ફરવું ફરવું હોવા છતાં વૈપરીત્યમ્-આવો ફેરફાર, કુતઃ સ્થિતમ્-શાથી થઈ ગયો ? માતા-માતા, જરઠા-વૃદ્ધા, ઘટતે-હોવી ઘટે, તનયૌ-પુત્રો, તરુણૌ-નવયુવાન હોવા ઘટે, ઇતિ-એ પ્રમાણેનો, (શાસ્ત્રીય સિદ્ધાન્ત છે.)

અનુવાદ—અમો ત્રણ સાથે જ ફરતાં-ફરતાં હોવા છતાં આવો ફેરફાર શાથી થઇ ગયો ? કારણ કે માતા વૃદ્ધ હોય અને પુત્રો યુવાન હોય એજ યોગ્ય છે, તો આ વિપરીત ફેરફાર શાથી થયો ?

તત્ત્વસુધા—માતા વૃદ્ધ હોય પુત્ર યુવાન હોય એ સૂચનથી પૂરવાર થાય છે કે પુત્ર હોય તે માતા સહગત થઈ હોય તો પિતા પુનઃ લગ્ન કોઈ સ્ત્રી સાથે નહીં કરતા હશે ને લગ્ન કરે ને પુત્ર મોટી વયનો હોય ને દ્વિતીય પત્ની નાની વયની હોય તો સંભવે કે માતા તરૂણ છે ને પુત્ર વૃદ્ધ છે પરંતુ તેવુ થવું ન ઘટે.

अतः शोचामि चात्मानं विस्मयाविष्टमानसा ।
वद योगनिधे धीमन् कारणं चात्र किं भवेत् ॥ ५४ ॥

અન્વયાર્થ—અતઃ-એટલા માટે, વિસ્મયાવિષ્ટમાનસા આશ્ચર્યમાં ડૂબી ગયેલા માનવવાળી હું, આત્માનમ્-મારી જાતનો, શોચામિ-શોક કરું છું, હે યોગનિધે-હે મહાયોગી, ધીમન્-મહાબુદ્ધિશાળી, અત્ર-આ બાબતમાં, કિમ્-શુ, કારણમ્-કારણ, ભવેત્-હોઈ શકે તે, વદ-કહો.

અનુવાદ—એટલા માટે હું મારી જાતનો શોક કરું છું. આમાં મારું મન ખૂબ જ આશ્ચર્ય ચકિત થઈ ગયું છે. આપ યોગી છો, જ્ઞાની છો, મહાબુદ્ધિશાળી છો. મને કહો કે આ બાબતમાં શું કારણ હોવું જોઈએ ?

નારદ ઉવાચ—નારદઃ-નારદ, ઉવાચ-બોલ્યા; નારદ બોલ્યા

ज्ञानेनात्मनि वक्ष्यामि सर्वमेतत्त्वानघे ।
न विषादस्त्वया कार्यो हरिः शं ते करिष्यति ॥ ५५ ॥

અન્વયાર્થ—હે અનઘે-હે નિષ્પાપ ભક્તિ, એતત્-આ, તવ-તમારું, સર્વમ્-સર્વ વૃત્તાન્ત, જ્ઞાનેન-જ્ઞાનથી, આત્મનિ-આત્મામાં, વક્ષ્યામિ-જોઉ છું, ત્વયા-તમારે, વિષાદઃ-ખેદ, ન કાર્યઃ-ન કરવો જોઇએ, હરિઃ-શ્રીહરિ, તે-તમારું, શમ્-કલ્યાણને, કરિષ્યતિ-કરશે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—હે નિર્દોષ ભક્તિ, આ તમારી સર્વ બાબતોનો હું મારા દિવ્યજ્ઞાનથી અન્તરાત્મામાં વિચાર કરી જોઉં છું. તમારે ખેદ કરવાની જરૂર નથી. શ્રીહરિ તમારું કલ્યાણ કરશે.

સૂત ઉવાચ-સૂતઃ-સૂત, ઉવાચ-બોલ્યા; સૂત બોલ્યા.

ક્ષણમાત્રેણ તજ્જ્ઞાત્વા વાક્યમૂચે મુનીશ્વરઃ ॥ ૫૬ ॥

અન્વયાર્થ—મુનીશ્વરઃ મુનિશ્રેષ્ઠ નારદ, ક્ષણમાત્રેણ ક્ષણવારમાં તત્-તે (દિવ્યજ્ઞાનથી તેના રહસ્યભેદને) બાબતને, જ્ઞાત્વા-જાણી લઈને, વાક્યમ્-વાક્યને, ઊચે-બોલ્યા.

અનુવાદ—મુનિશ્રેષ્ઠ નારદજી ભક્તિનો શોક કારણને ક્ષણવારમાં જાણી લઈને વચન બોલવા લાગ્યા.

નારદ ઉવાચ—નારદઃ-નારદ, ઉવાચ-બોલ્યા; નારદ બોલ્યા.

શૃણુષ્વાવહિતા બાલે યુગોઽયં દારુણઃ કલિઃ ।
તેન લુપ્તઃ સદાચારો યોગમાર્ગસ્તપાંસિ ચ ॥ ૫૭ ॥

અન્વયાર્થ—હે બાલે-હે બાલા, અવહિતા-સાવધ બનીને, શૃણુષ્વ-સાંભળો, અયમ્-આ, કલિઃ યુગઃ-કલિયુગ દારુણ-ભયંકર છે, તેન-તે કલિયુગે, સદાચારઃ-સદાચાર, લુપ્તઃ-લુપ્ત કર્યો છે, ચ-અને, યોગમાર્ગઃ-યોગમાર્ગ, તપાંસિ-તપશ્ચર્યાઓને, (લુપ્ત કરી દીધી છે.)

અનુવાદ- હે બાલા, તમે સ્વસ્થ ચિત્તે સાંભળો. આ ભયંકર કળિયુગ ચાલી રહ્યો છે. તેણે સદાચારનો લોપ કર્યો છે, યોગના માર્ગ અને તપશ્ચર્યાઓ વગેરેનો નાશ કર્યો છે.

જના અઘાસુરાયન્તે શાઠયદુષ્કર્મકારિણિઃ ।
ઇહ સન્તો વિષીદન્તિ પ્રહૃષ્યન્તિ હ્યસાધવઃ ॥
ધત્તે ધૈર્યં તુ યો ધીમાન્ સ ધીરઃ પણ્ડિતોઽથવા ॥ ૫૮ ॥

અન્વયાર્થ—જનાઃ-મનુષ્યો, અઘાસુરાયન્તે-પાપપ્રચુર કર્મ કરવાવાળા બની ગયા છે, શાઠ્યદુષ્કર્મકારિણઃ-શઠતા ભરેલાં ખરાબ કર્મ કરનારા થઈ ગયા છે, ઇહ-આ કળિયુગમાં, સન્તઃ-સજ્જન પુરુષો, વિષીદન્તિ-દુઃખી થાય છે, હિ-ખરેખર, અસાધવઃ-દુર્જન પુરુષો, પ્રહૃષ્યન્તિ-આનંદ ભોગવી રહ્યા છે, યઃ-જે, ધીમાન્-બુદ્ધિમાન, ધૈર્યમ્-ધીરજને, ધત્તે-ધારણ કરે છે, સઃ-તે, તુ-તો, ધીરઃ-ધીર પુરુષ છે, અથવા-અથવા, પણ્ડિતઃ-પંડિત છે.

અનુવાદ—આ કલિયુગમાં માનવો પાપપ્રિય સ્વભાવના બની ગયા છે અને શઠતા ભરેલાં દુષ્કર્મ કરનારા થઈ ગયા છે. જે સજ્જન પુરુષો છે તે દુઃખ ભોગવી રહ્યા છે, જ્યારે દુષ્ટ પુરુષો આનંદમાં રાચે છે. ખરેખર જે ધૈર્ય ધારણ કરે છે તે ધીરપુરુષ છે અથવા તો તે જ્ઞાની-બુદ્ધિમાન છે.

તત્ત્વસુધા-અઘાસુરાયન્તે-શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધમાં અઘાસુરનો પરિચય આપ્યો છે, કે "તેષાં સુખક્રીડનવીક્ષણાક્ષમઃ" બાલકોના આનંદનો અદેખો, સ્વભાવનો બળેલો અને રોષવાળો અઘાસુર છે. અઘાસુરના પ્રસંગથી માહાત્મ્યમાં એટલે ઉપોદ્ઘાતમાં મૂલગ્રન્થના વિષયનું બીજ રૂપે સૂચન કર્યું છે.

અસ્પૃશ્યાનવલોક્યેયં શેષભારકરી ધરા ।
વર્ષ વર્ષે ક્રમાજ્જાતા મંગલં નૈવ દૃશ્યતે ॥ ૫૯ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—ઇયમ્-આ, ધરા-પૃથ્વી, ક્રમાત્-ક્રમથી, વર્ષે વર્ષે દર વરસે, (પ્રતિ વર્ષે) અસ્પૃશ્યા-અડકવાને પણ અયોગ્ય, અનવલોક્યા-દર્શન કરવાને અયોગ્ય, શેષભારકરી-શેષનારાયણને કેવળ બોજારૂપ, જાતા-થઈ ગઈ છે, મંગલમ્-મંગળ, ન એવ-નથી જ, દૃશ્યતે-જણાતું.

અનુવાદ—આ પૃથ્વી પ્રતિવર્ષ ક્રમશઃ સ્પર્શને અયોગ્ય તેમજ દર્શનને પણ અયોગ્ય કેવળ શેષને ભારરૂપ થઈ ગઈ છે. ક્યાંયે મંગળમય વાતાવરણ જણાતું નથી. ("મંગલ" એવું નામ માત્ર પણ જણાતું નથી.)

न त्वामपि सुतः साकं कोऽपि पश्यति साम्प्रतम् ।
उपेक्षितानुरागान्धैर्जर्जरत्वेन संस्थिता ॥ ६० ॥

અન્વયાર્થ—साम्प्रतम्-હાલમાં, सुतैः साकम्-પુત્રો સાથે, त्वाम् अपि-તમને પણ, कः अपि-કોઈપણ न पश्यति-જોતું નથી, अनुरागान्धैः-રાગવશ અન્ધ બનેલાઓથી उपेक्षिता-અનાદર કરાયેલી, जर्जरत्वेन-જીર્ણ હાલતમાં संस्थिता-રહેલી છે.

અનુવાદ—પુત્રો સાથે તમને હાલમાં કોઈપણ જોતું નથી. લોકો રાગાંધ બની ગયેલા હોઇને તમારી પ્રત્યે દુર્લક્ષ્ય સેવે છે-અનાદર કરે છે અને એને લીધેજ તમારી જીર્ણ દશા થઈ ગઈ છે.

તત્વસુધા—"अनुरागान्ध"-લાગણીને આસક્તિને લોકો પ્રીતિ સ્વરૂપે સમજવા લાગ્યા અને દિલની દુર્બલતાને દૈન્ય રૂપે સમજવા લાગ્યા કે જે દૈન્ય ભક્તિનો ગુણ ગણાતો.

वृन्दावनस्य संयोगात्पुनस्त्वं तरुणी नवा ।
धन्यं वृन्दावनं तेन भक्तिर्नृत्यति यत्र च ॥ ६१ ॥

અન્વયાર્થ—वृन्दावनस्य-વૃન્દાવનના, संयोगात्-સંયોગથી, पुनः-ફરીથી, त्वम्-તમે, नवा तरुणी-નવીન તારુણ્યને પ્રાપ્ત થયેલાં છો, तेन-તે કારણથી, वृंदावनम्-વૃંદાવન, धन्यम्-ધન્ય છે, यत्र च-અને જ્યાં, भक्तिः-ભક્તિ, नृत्यति-નૃત્ય કરે છે.

અનુવાદ—ફરીથી પાછાં વૃન્દાવનના સંયોગથી તમને નવીન તારુણ્ય પ્રાપ્ત થયું છે તે કારણથી ખરેખર વૃંદાવન ધન્ય છે કે જ્યાં ભક્તિ સતત નૃત્ય કરી રહેલ છે.

તત્વસુધા—ભક્તિના તારુણ્યથી વૃન્દાવનનું ગૌરવ છે-ને વૃંદાવનના રચલ માહાત્મ્યથી ભક્તિનો યશ છે.

अत्रेमौ ग्राहकाभावान्न जरामपि मुञ्चतः ।
किञ्चिदात्मसुखेनेह प्रसुप्तिर्मन्यतेऽनयोः ॥ ६२ ॥

અન્વયાર્થ—अत्र-અહિયાં, इमौ-આ બન્ને જ્ઞાન અને વૈરાગ્ય, अपि-પણ, ग्राहकाभावात्-સ્વીકાર કરનારના અભાવથી, जराम्-ઘડપણ, न मुञ्चतः-છોડી શકતા નથી, इह-અહિયાં, अनयोः-આ બન્નેની, आत्मसुखेन-આત્મસુખથી, किञ्चित्-કંઈક, प्रसुप्तिः-સુષુપ્તિ દશા, मन्यते-પ્રાપ્ત થયેલા માનવામાં આવે છે. (મનાય છે.)

અનુવાદ—અહિંયાં આ તમારા બે પુત્રો (જ્ઞાન-વૈરાગ્ય) કોઈ ગ્રાહક ન હોવાથી વૃદ્ધાવસ્થાને છોડતા નથી. તો પણ અહિંયાં એમને કંઈક આત્મસુખ મળવાથી નિદ્રા આવી ગઈ હોય એમ માની શકાય છે.

भक्तिरुवाच—भक्तिः-ભક્તિ, उवाच-બોલી, ભક્તિ બોલી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

कथं परीक्षिता राज्ञा स्थापितो ह्यशुचिः कलिः ।
प्रवृत्ते तु कलौ सर्वसारः कुत्र गतो महान् ॥ ६३ ॥

અન્વયાર્થ—राज्ञा परीक्षिता-રાજા પરીક્ષિતે, अशुचिः-અપવિત્ર-અશુદ્ધ એવો, कलिः-કલિયુગ, कथम्-કેમ, (શા માટે) स्थापितः-સ્થાપ્યો છે, कलौ-કલિયુગ, प्रवृत्ते-શરુ થતાં, तु-તો, महान्-મોટો, सर्वसारः-ધર્મનો સાર, कुत्र-ક્યાં, गतः-ચાલ્યો ગયો.

અનુવાદ—રાજા પરીક્ષિતે આવા અશુદ્ધ કળિયુગને શા માટે સ્થાન આપ્યું? વળી જ્યારે કલિયુગ પ્રવૃત્ત થયો ત્યારે ધર્મનો બધો મહાન સાર કયાં ચાલ્યો ગયો?

करुणापरेण हरिणाप्यधर्मः कथमीक्ष्यते ।
इमं मे संशयं छिन्धि त्वद्वाचा सुखितास्म्यहम् ॥ ६४ ॥

અન્વયાર્થ—ककरुणापरेण-દયા કરવામાં તત્પર, हरिणा अपि-શ્રીહરિથી પણ, अधर्मः-અધર્મ, कथम्-શા માટે, ईक्ष्यते-જોવાય છે? इमम्-આ, मे-મારા, संशयम्-સંદેહને, छिन्धि-છેદી નાખો, (દૂર કરો) त्वद्वाचा-તમારી વાણીથી, अहम्-હું, सुखिता अस्मि-સુખી થઈ છું.

અનુવાદ—દયાળુ શ્રીહરિ પણ આવો અધર્મ શા માટે સાંખી રહ્યા છો? (અધર્મરૂપ કલિયુગનું શા માટે રક્ષણ કરી રહ્યા છે? આ મારા સંદેહને દૂર કરો. આપની વાણીથી હું સુખી બની છું.

नारद उवाच—नारदः-નારદ उवाच-બોલ્યા. નારદ બોલ્યા.

यदि पृष्टस्त्वया बाले प्रेमतः श्रवणं कुरु ।
सर्वं वक्ष्यामि ते भद्रे कश्मलं ते गमिष्यति ॥ ६५ ॥

અન્વયાર્થ—હે બાલે-હે ભક્તિ, यदि-જો, त्वया-તમે, पृष्टः-પૂછ્યું છે તો, प्रेमतः-પ્રેમથી, श्रवणम्-શ્રવણ कुरु-કરો, हे भद्रे-હે કલ્યાણિની, ते-તમને, सर्वम्-બધું, वक्ष्यामि-કહીશ ते-તમારું, कश्मलम्-દુઃખ, गमिष्यति-ચાલ્યું જશે.

અનુવાદ—હે બાલે, જો તમે મને પ્રેમથી પૂછ્યું છે તો તમે પ્રેમથી સાંભળો. હે કલ્યાણિની વિગતથી બધું જ તમને કહીશ. તમારું દુઃખ દૂર થશે-બોધ ચાલ્યો જશે.

यदा मुकुन्दो भगवान् क्ष्मां त्यक्त्वा स्वपदं गतः ।
तद्दिनात्कलिरायातः सर्वसाधनबाधकः ॥ ६६ ॥

અન્વયાર્થ—यदा-જ્યારે, भगवान् मुकुन्दः-મુકુન્દ ભગવાન, क्ष्माम्-પૃથ્વીને, (ભૂલોકને) त्वक्त्वा-છોડી દઈને, स्वपदम्-સ્વધામ, गतः-પધારી ગયા, तद्दिनात्-તેજ દિવસથી, सर्वसाधनबाधकः-બધાં મોક્ષપ્રાપ્તિનાં સાધનનો નાશ કરનાર, कलिः-કળિયુગ, आयातः-પ્રવેશ્યો છે. (આવ્યો છે)

અનુવાદ—ભગવાન શ્રીકૃષ્ણ જ્યારથી આ ભૂલોકને છોડીને નિજધામ પધારી ગયા ત્યારથી આરંભીને (તેજ દિવસથી) મોક્ષપ્રાપ્તિનાં સર્વ સાધનનો નાશ કરનાર કળિયુગનો પ્રવેશ થયો છે.

दृष्टो दिग्विजये राज्ञा दीनवच्छरणं गतः ।
न मया मारणीयोऽयं सारङ्ग इव सारमुक् ॥ ६७ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—રાજ્ઞા-રાજા પરીક્ષિતે, દિગ્વિજયે-દિગ્વિજય કરવા જતાં, (તે પ્રસંગે), દૃષ્ટઃ-જોયો, દીનવત્-દીન-રાંકની જેમ શરણં ગતઃ-શરણે ગયો, સારઙ્ગઃ ઇવ-ભ્રમરની જેમ, (મૃગની જેમ) સારભુક્-તાત્વિક વસ્તુને ભોગવનાર, અયમ-આ કળિયુગ, મયા-મારાથી, ન મારણીયઃ-મારવા યોગ્ય નથી.

અનુવાદ—રાજા પરીક્ષિત જ્યારે દિગ્વિજય કરવા નીકળ્યા ત્યારે તેમણે આ કળિયુગને જોયો. (મારવાની તૈયારી કરતાં) તે કળિયુગ રાંકની જેમ રાજાને શરણે થયો. રાજાએ વિચાર્યું કે આ શરણે આવેલાને મારે મારવો ન જોઇએ. કારણ કે આ ભ્રમર (મૃગ)ની જેમ સારગ્રાહી છે. (અર્થાત જ્યાંથી લાભ મેળવી શકાય તેવો છે.)

તત્ત્વસુધા—સારઙ્ગઃ-સારં ગચ્છતીતિ સારઙ્ગઃ પ્રત્યેક વસ્તુમાંથી તત્ત્વ ગ્રહણ સારસંગ્રહ એ ભગવદ્ આરાધના છે. સાર અને તત્ત્વ પર્યાય છે. તત્ત્વ ભગવાનનું સ્વરૂપ છે. कलि कर यह पुनीत प्रताप मानस पुण्य नहीं पापा કલિનો મહિમા છે-કે માનસ એટલે મનથી કેવલ પુણ્ય કર્મનો સંકલ્પ કરીએ તોપણ ફલ મળે-અને પાપ કર્મનું આચરણ કરવાથી ફળ મળે. कलौ कर्तैव लिप्यते કલિયુગમાં કર્તાજ લિપ્ત થાય છે.

यत्फलं नास्ति तपसा न योगेन समाधिना ।
तत्फलं लभते सम्यक् कलौ केशवकीर्तनात् ॥ ૬૮ ॥

અન્વયાર્થ—યત્-જે, ફલમ્-ફળ, તપસા-તપશ્ચર્યા કરવાથી, ન+અસ્તિ-નથી મળતું, ન યોગેન-નથી યોગ સાધના કરવાથી મળતું, ન સમાધિના-સમાધિ (મનની સ્થિરતા-મનને બીજા વિષયોમાંથી હટાવી કોઈ એક ઈષ્ટ ઉપાસ્ય દેવમાં જોડી દેવું તે સમાધિ દશા) ચઢાવવાથી નથી મળતું, તત્-તે, ફલમ્-ફળ, કલૌ-કળિયુગમાં, સમ્યક્-સારી રીતે, કેશવકીર્તનાત્-શ્રીહરિનું કીર્તન કરવાથી, લભતે-મળી રહે છે.

અનુવાદ—જે ફળ તપ કરવાથી યા યોગસાધનાથી અથવા સમાધીથી નથી મળતું, તે ફળ કલિયુગમાં શ્રી કેશવ ભગવાનના કીર્તન (નામસંકીર્તન) કરવાથી યથાર્થ રીતે મળી રહે છે. (ઉત્તમ રીતે પ્રાપ્ત થાય છે.)

एकाकारं कलिंदृष्ट्वा सारवत् सारनीरसम् ।
विष्णुरातः स्थापितवान् कलिजानां सुखाय च ॥ ૬૯ ॥

અન્વયાર્થ—કલિમ્-કલિયુગને, એકાકારમ્-બધે એકાકાર બનાવી દેનાર છે એવાને, દૃષ્ટ્વા-જોઇને, સારનીરસમ્-સારભૂત પદાર્થોને નીરસ કરી દેનાર, (હોવા છતાં) સારવત્-સાર ગ્રહણ કરાવી આપનાર, (છે એમ માની), વિષ્ણુરાતઃ-પરીક્ષિત રાજાએ, કલિજાનામ્-કળિયુગમાં જન્મેલાઓના, સુખાય-સુખને માટે, સ્થાપિતવાન્-સ્થાપ્યો છે.

અનુવાદ—આ પ્રમાણે કલિયુગ બધે એકાકાર કરનાર છે છતાં તેમાં સાર પણ છે એટલે સારભૂત પદાર્થોને નીરસ બનાવી દેનાર હોવા છતાં બીજી અનેક રીતે વધુ ઉપકાર છે એમ માની કલિયુગના જીવોના સુખ માટે રાજા પરીક્ષિતે તેને સ્થાન આપ્યું છે. (અર્થાત વધ ન કરતાં શરણાગતની રક્ષા કરી ઉપકારક ગણી અભયદાન આપ્યું)

તત્ત્વસુધા—एकाकारं विष्णु स्वरूपम्-એકાકારને શ્રી વિષ્ણુના આકાર એટલે ગુણવાળા એવા કલિને જોયો, વિષ્ણુ સહસ્રમાં એક એ વિષ્ણુ ભગવાનનું નામ છે અને આકાર શબ્દનો અર્થ કોશકારોએ ગુણ લીધો છે.

कुकर्माचरणात्सारः सर्वतो निर्गतोऽधुना ।
पदार्थाः संस्थिता भूमौ बीजहीनास्तुषा यथा ॥ ૭૦ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—અધુના-હાલમાં, કુકર્માચરણાત્-દુષ્કર્મનું આચરણ કરવાથી, સર્વતઃ-સર્વ પદાર્થોમાંથી, સારઃ-તત્ત્વ-સાર, નિર્ગતઃ-ચાલ્યો ગયો છે, યથા-જેમ, બીજહીનાઃ-બીજ વર્ગનાં, તુષાઃ-ડાંગરનાં ફોતરાં તેમ, પદાર્થાઃ-પદાર્થો, ભૂમૌ-પૃથ્વી ઉપર, સંસ્થિતઃ-રહી ગયા છે.

અનુવાદ—હાલમાં કુકર્મનું આચરણ વધી જવાથી વિશ્વમાંની સારભૂત વસ્તુઓમાંથી સાર સાર ચાલ્યો ગયો છે. દાણા સિવાયનાં ફોતરાંની જેમ સકલ પદાર્થ પૃથ્વી ઉપર નિઃસાર રહી ગયા છે. (અર્થાત્ કયાંયે સાર નથી રહ્યો.)

વિપ્રૈર્ભાગવતી વાર્તા ગેહે ગેહે જને જને ।
કારિતા કણલોભેન કથાસારસ્તતો ગત ॥ ૭૧ ॥

અન્વયાર્થ—વિપ્રૈઃ-બ્રાહ્મણોએ, ભાગવતી-ભગવાનના ગુણાનુવાદોવાળી, વાર્તા-કથા, કણલોભેન-અનાજ-કણના લોભથી, ગેહે ગેહે-ઘેરઘેર, જને જને-ગમે તે હરકોઇ માણસને ત્યાં, કારિતા-કરી, તતઃ-તે કારણથી, કથાસાર-કથાસાર-(કથાનાં રહેલ સાર યા કથાથી પ્રાપ્ત થતું ઉત્તમ ફળ), ગતઃ-ચાલ્યો ગયો.

અનુવાદ—(જેમ બીજા પદાર્થોમાંથી કળિયુગના કારણે સાર ચાલ્યો ગયો છે તેમ) બ્રાહ્મણોએ શ્રીમદ્ ભાગવતની કથા અન્નકણના લોભે (અધિકાર છે કે નહીં તે ન જોતાં) જ્યાં ત્યાં ઘેર ઘેર હરકોઇને ત્યાં કરવા માંડી, જેને લીધે કથાસાર ચાલ્યો ગયો. (કથાનું મહત્વ ચાલ્યું ગયું છે.)

અત્યુગ્રભૂરિકર્માણો નાસ્તિકા રૌરવા જનાઃ ।
તેઽપિ તિષ્ઠન્તિ તીર્થેષુ તીર્થસારસ્તતો ગતઃ ॥ ૭૨ ॥

અન્વયાર્થ—અત્યુગ્રભૂરિકર્માણઃ-અતિ ભયંકર, ખૂબ ખરાબ કામ (પાપકર્મ) કરનારા, નાસ્તિકાઃ-ધર્મ-કર્મ, ઈશ્વર, વગેરે ન માનનારા, રૌરવઃ-ઘોર કૃત્ય કરનારા, જનાઃ-મનુષ્યો, તે-તેઓ, અપિ-પણ, તીર્થેષુ તીર્થસ્થાનોમાં, તિષ્ટન્તિ-રહે છે, તતઃ-તે કારણથી તીર્થસાર-તીર્થોનું મહત્ત્વ, ગતઃ-ચાલ્યું ગયું છે.

અનુવાદ—અતિ ક્રૂર કર્મ કરનારા, ધર્મકર્મ કે ઈશ્વરને ન માનનારા ઘોર નાસ્તિક મનુષ્યો પણ તીર્થોમાં રહે છે, જેથી કરીને તીર્થોનું મહાત્મ્ય ચાલ્યું ગયું.

કામક્રોધમહાલોભતૃષ્ણાવ્યાકુલચેતસઃ ।
તેઽપિ તિષ્ઠન્તિ તપસિ તપઃસારસ્તતો ગતઃ ॥ ૭૩ ॥

અન્વયાર્થ—કામક્રોધમહાલોભતૃષ્ણાવ્યાકુલચેતસઃ-કામ, ક્રોધ, મહાલોભ, તૃષ્ણા વગેરેને લીધે વ્યાકુળ ચિત્તવાળાઓ, તે+અપિ-તેઓ પણ, તપસિ-તપશ્ચર્યા કરવામાં, તિષ્ઠન્તિ-રહે છે, તતઃ-તે કારણથી, તપઃસારઃ-તપનોસાર, ગતઃ-નાશ પામ્યો.

અનુવાદ—કામ, ક્રોધ, મહાન્ લોભ, આશા તૃષ્ણા વગેરેથી આકુળ વ્યાકુળ ચિત્તવાળાઓ તે પણ તપશ્ચર્યા કરવા બેસી જાય છે જેને લીધે તપનો સાર નાશ પામ્યો.

મનસશ્ચજયાલ્લોભાદ્ દંભાત્પાખણ્ડસંશ્રયાત્ ।
શાસ્ત્રાનભ્યસનાચ્ચૈવ ધ્યાનયોગફલમ્ ગતમ્ ॥ ૭૪ ॥

અન્વયાર્થ—મનસઃ-મનને, અજયાત્-ન જીતવાથી, ચ-અને, લોભાત્-લોભથી, દંભાત્-દંભ કરવાથી, પાખણ્ડસંશ્રયાત્-પાખંડનો આશ્રય કરવાથી, ચ-અને, શાસ્ત્રાનભ્યસનાત્-શાસ્ત્રોનો અભ્યાસ ન કરવાથી, ધ્યાનયોગફલમ્-ધ્યાનયોગનું ફળ, ગતમ-ચાલ્યું ગયું.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ--મનનો વિજય ન કરવાથી, લોભથી, દંભથી, પાખંડનું આચરણ કરવાથી, શાસ્ત્રનો અભ્યાસ છોડી દેવાથી ધ્યાન તથા યોગનું ફળ નાશ પામ્યું.

તત્વસુધા—લોભ, દંભ, પાખંડનો આશ્રય અને તત્ત્વચિંતનનો અભાવ મનને ચંચલ બનાવે. મનની ચંચલતા ધ્યાનની ને સમાધિની સફળતા ન થવા દે.

પણ્ડિતાસ્તુ કલત્રેણ રણન્તે મહિષા ઇવ ।
પુત્રસ્યોત્પાદને દક્ષા અદક્ષા મુક્તિસાધને ॥ ૭૫ ॥
ન હિ વૈષ્ણવતા કુત્ર સમ્પ્રદાયપુરઃસરા ।
એવં પ્રલયતાં પ્રાપ્તો વસ્તુસારઃ સ્થલે સ્થલે ॥ ૭૬ ॥
અયં તુ યુગધર્મો હિ વર્તતે કસ્ય દૂષણમ્ ।
અતસ્તુ પુણ્ડરીકાક્ષઃ સહતે નિકટે સ્થિતઃ ॥ ૭૭ ॥

અન્વયાર્થ—પણ્ડિતાઃ+તુ-પંડિતો તો, મહિષા ઇવ:-પાડાઓની જેમ, કલત્રેણ-સ્ત્રીઓ સાથે, રમન્તે-આનંદ માણે છે, પુત્રસ્ય-પુત્રને, ઉત્પાદને-ઉત્પન્ન કરવામાં-જન્મ આપવામાં, દક્ષાઃ-કુશળ, મુક્તિસાધને-મોક્ષ સાધવામાં, અદક્ષાઃ-અકુશળ.

સમ્પ્રદાયપુરઃસરા-સંપ્રદાયાનુસાર, વૈષ્ણવતા-વૈષ્ણવ ધર્મ, કુત્ર-ક્યાંયે, ન હિ-નથી જ, એવમ્-આ પ્રમાણે, સ્થલે સ્થલે-સ્થળે સ્થળે, વસ્તુસારઃ-વસ્તુઓનો સાર-મહત્વ, પ્રલયતામ્-નાશપણાને, પ્રાપ્તઃ-પ્રાપ્ત થયો છે.

અયમ્-આ, તુ-તો, યુગધર્મઃ-યુગધર્મ, વર્તતે-પ્રવર્તી રહ્યો છે, કસ્ય-કોનો, દૂષણમ્-દોષ કાઢવો, અતઃ-એટલા માટે, તુ-તો, નિકટે-પાસે, સ્થિતઃ-રહેલા, પુણ્ડરીકાક્ષઃ-ભગવાન શ્રીકૃષ્ણ, સહતે-સહન કરી રહ્યા છે.

અનુવાદ—પંડિતો પુત્ર ઉત્પન્ન કરવામાં કુશળ પરંતુ મુક્તિ મેળવવામાં મૂર્ખા બની ગયા છે. પશુઓની જેમ પોતાની સ્ત્રીઓ સાથે વિહાર કરે છે.

સંપ્રદાય મુજબ વૈષ્ણવ ધર્મ ક્યાંયે જોવામાં આવતો નથી. આ પ્રમાણે સર્વ ઠેકાણેથી વસ્તુઓની મહત્તા મરી પરવારી છે.

આ તો યુગધર્મ છે, તેમાં કોને દોષ દેવાય? એટલા માટે તો શ્રીહરિ પાસે રહેવા છતાં સહન કરી રહ્યા છે.

તત્વસુધા—નારદજી યુગદૃષ્ટા છે. આઠ શ્લોકથી ચિત્તશાંતિના સાધનોની નિરૂપયોગિતા વિચારી છે. પરંતુ યોગાદિ સાધનોને દોષની નજરે નથી વર્ણવ્યાં. સમયની પ્રકૃતિ જ યુગોના ધર્મોમાં નિમિત્ત છે. સમયના શાસનથી જ યુગો ક્રમાનુસાર આવે. યુગો એટલે ભગવચ્ચેષ્ટા કે ઇચ્છાસ્વરૂપે છે, જે પોતાના ધર્મ પ્રમાણે વ્યવહાર કરે છે. પુંડરીકાક્ષ તેથી જ કલિ ધર્મોને સહન કરે છે.

સૂત ઉવાચ । સૂતઃ-સૂત, ઉવાચ-બોલ્યા, સૂત બોલ્યા.

ઇતિ તદ્વચનં શ્રુત્વા વિસ્મયં પરમં ગતા ।
ભક્તિરૂચે વચો ભૂયઃ શ્રૂયતાં તચ્ચ શૌનક ॥ ૭૮ ॥

અન્વયાર્થ—ઇતિ-આ પ્રમાણે, તદ્વચનમ્-તે નારદજીના વચનને, શ્રુત્વા-સાંભળીને, પરમમ્-ખૂબ, વિસ્મયમ્-આશ્ચર્યને, ગતા-પામેલાં, ભક્તિઃ-ભક્તિ, ભૂયઃ-ફરીથી, વચઃ-વચનને, ઊચે-બોલ્યાં, હે શૌનક-હે શૌનક, તત્-તે વચનને, શ્રૂયતામ્-તમે સાંભળો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—આ પ્રમાણેનું નારદજીનું વચન સાંભળી ખૂબ આશ્ચર્યચકિત બનેલાં ભક્તિદેવી ફરીથી જે વચન બોલ્યાં, હે શૌનક, તે તમે સાંભળો.

ભક્તિરુવાચ—ભક્તિઃ-ભક્તિ. ઉવાચ-બોલ્યાં, ભક્તિ બોલ્યાં.

સુરર્ષે ત્વં હિ ધન્યોઽસિ મદ્ભાગ્યેન સમાગતઃ ।
સાધૂનાં દર્શનં લોકે સર્વસિદ્ધિકરં પરમ્ ॥ ૭૯ ॥

અન્વયાર્થ—હે સુરર્ષે-હે દેવર્ષિ નારદ, ત્વમ્-તમે, ધન્યઃ-ધન્યવાદને પાત્ર, અસિ-છો. મદ્ભાગ્યેન-મારા સદ્ભાગ્યથી, સમાગતઃ-આવી પહોંચ્યા, સાધૂનામ્-સત્પુરુષોનું, દર્શનમ્-દર્શન, લોકે-આ લોકમાં, પરમ્-અતિશય, સર્વસિદ્ધિકરમ-સર્વપ્રકારની સિદ્ધિને આપનારું છે.

અનુવાદ—હે દેવર્ષિ નારદ, ખરેખર આપને ધન્યવાદ ઘટે છે. મારા સદ્ભાગ્યે આપનું અહીં આગમન થયું, મહાપુરુષોનું દર્શન જગતમાં અતિશય સર્વ પ્રકારની સિદ્ધિને આપનારું ગણ્યું છે.

જયતિ જગતિ માયાં યસ્ય કાયાધવસ્તે
વચનરચનમેકં કેવલં ચાકલય્ય ।
ધ્રુવપદમપિ યાતો યત્કૃપાતો ધ્રુવોઽયં
સકલકુશલપાત્રં બ્રહ્મપુત્રં નતાઽસ્મિ ॥ ૮૦ ॥

અન્વયાર્થ—યસ્ય-જે, તે-તમારું, કેવલમ્-ફક્ત, એકમ્-એક, વચનરચનમ્-ઉપદેશરૂપી વચનામૃતને, આકલય્ય-સ્વીકાર કરીને-જીવનમાં ઉતારીને, કાયાધવઃ-કયાધૂના પુત્ર પ્રહ્લાદજી, જગતિ-જગતમાં માયામ્-ભગવાનની માયાને, જયતિ-જીતી જાય છે. અયમ્-આ, ધ્રુવઃ અપિ-ધ્રુવજી પણ, યત્કૃપાતઃ-જેમની કૃપાથી, ધ્રુવપદમ્-ધ્રુવ પદવીને, યાતઃ-પામ્યા, (તેવા), સકલ-કુશલપાત્રમ્-સર્વ કૌશલના ભંડાર રૂપ, બ્રહ્મપુત્રમ્-બ્રહ્માના પુત્ર નારદજીને, નતા+અસ્મિ-નમન કરું છું.

અનુવાદ—જે આપના કેવલ એક વચનામૃતને જ જીવનમાં ઉતારીને ભક્તપ્રવર પ્રહ્લાદજી જે ન જીતી શકાય એવી ભગવાનની માયાને જગતમાં જીતી જાય છે, વળી જે આપની કૃપાથી ધ્રુવજી પણ અવિચળ પદવીને પામ્યા; તેવા સર્વ કુશળતાના ભંડારસમા બ્રહ્મદેવના પુત્ર આપને હું નમન કરું છું.

તત્ત્વસુધા—જયતિ જગતિ અને જયતિ જયતિ એવા બે પાઠ છે. હર્ષના અતિરેકમાં એક શબ્દ બે વખત બોલાય છે જયતિ એવો પાઠ સ્વીકારે ત્યાં પૃથ્વીમાંજ રહીને માયા જીતાશે એવો ધ્વની નીકળે છે. કાયાધવ પ્રહ્લાદનું નામ છે. કયાધૂ માતાના પુત્ર કાયાધવ. નારદ સંતનું એક વચન વેદનાં અનેક વચનથી પણ વધુ તજનવાળું બને છે. સંતના વચનમાં અનુભવ, કરૂણા અને આચરણનું અમોઘ બળ છે. સંત સર્વ કુશળતાનું પાત્ર છે

ઇતિ શ્રી પદ્મપુરાણે ઉત્તરખણ્ડે શ્રીમદ્ ભાગવતમાહાત્મ્યે ભક્તિનારદસમાગમો નામ
પ્રથમોઽધ્યાયઃ ॥

શ્રી પદ્મપુરાણના ઉત્તરખંડમાં શ્રીમદ્ ભાગવત માહાત્મ્યમાં "ભક્તિ-નારદના સમાગમ" પ્રકરણમાં તત્ત્વસુધા ટીકાનો પ્રથમ અધ્યાય સંપૂર્ણ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અધ્યાય બીજો

નારદ ઉવાચ--નારદઃ-નારદ, ઉવાચ-બોલ્યા; નારદ બોલ્યા.

वृथा खेदयसे बाले अहो चिन्तातुरा कथम् ।
श्रीकृष्णचरणाम्भोजं स्मर दुःखं गमिष्यति ॥ १ ॥
द्रौपदी च परित्राता येन कौरवकश्मलात् ।
पालिता गोपसुन्दर्यः स कृष्णः क्वापि नो गतः ॥ २ ॥
त्वं तु भक्तिः प्रिया तस्य सततं प्राणतोऽधिका ।
त्वयाऽऽहूतस्तु भगवान्याति नीचगृहेष्वपि ॥ ३ ॥

અન્વયાર્થ--હે બાલે, અરે હે ભક્તિ, વૃથા-ફોગટ, ખેદયસે-ખિન્ન થાઓ છો, અહો!-અહો! ચિન્તાતુરા-ચિન્તાતુર, કથમ્-શા માટે? શ્રીકૃષ્ણચરણામ્ભોજમ્-ભગવાન શ્રીકૃષ્ણચંદ્રના ચરણ કમળને, સ્મર-સ્મરણ કરો, દુઃખમ્-દુઃખ, ગમિષ્યતિ-ચાલ્યું જશે.

યેન-જે શ્રીહરિથી, કૌરવકશ્મલાત્-કૌરવો તરફથી આવી પડેલી આપત્તિમાંથી, દ્રૌપદી-દ્રુપદરાજાની પુત્રી-દ્રૌપદી, પરિત્રાતા-રક્ષણ કરાઈ, ગોપસુન્દર્યઃ-ગોપીઓ, પાલિતાઃ-રક્ષણ કરાઈ, સઃ-તે, કૃષ્ણઃ-કૃષ્ણ, ક્વ-ક્યાંય, અપિ-પણ, નો ગતઃ-ગયા નથી.

ત્વમ્-તમે, તુ-તો, ભક્તિ-ભક્તિ, તસ્ય-તે શ્રીકૃષ્ણને, સતતમ્-હરરોજ, પ્રાણતઃ-પ્રાણોથી, અધિકા-અધિક, પ્રિયા-પ્યારાં છો. ત્વયા-તમારાથી, આહૂતઃ-બોલાવામાં આવેલ, ભગવાન્-ભગવાન, નીચગૃહેષુ-અપિ-નીચ ઘરોમાં પણ, યાતિ-જાય છે.

અનુવાદ—નારદજી બોલ્યા-હે ભક્તિ. તમે વ્યર્થ ખેદ કરો છો, આશ્ચર્ય છે કે આટલાં બધાં ચિન્તાતુર શા માટે? શ્રીકૃષ્ણના ચરણ કમળનું સ્મરણ કરો, દુઃખ અવશ્ય ચાલ્યું જશે. જે પ્રભુએ કૌરવો તરફની વિપત્તિમાંથી દ્રૌપદીનું રક્ષણ કર્યું, જેમણે ગોપાંગનાઓનું રક્ષણ કર્યું તે શ્રીહરિ ક્યાંય દૂર ગયા નથી. દેવી ભક્તિ! તમે તો ભગવાનને પ્રતિદિન પ્રાણથી પણ અધિક પ્યારાં છો; તમે જો બોલાવો તો તમારા બોલાવેલા પ્રભુ ષડૈશ્વર્ય સંપન્ન હોવા છતાં નીચને ઘેર પણ જાય છે.

તત્ત્વસુધા—આશ્રય ચુકવાથી. આત્મ વિશ્વાસ શિથિલ થવાથી ચિંતા થાય. દૃઢ વિશ્વાસ અને અનન્યાશ્રયથી તે ચિંતા જાય. ચિંતા ચિત્તમાં વસે છે. ત્યાં ચિંતન વસે તો ચિંતા મટે.

કશ્મલ એટલે દુઃખ. દ્રૌપદીના સંરક્ષણમાં સંબંધનું નિમિત્ત કદાચ આવી જાય એવું ભક્તિને લાગે તેના સમાધાનમાં ગોપ વનિતાઓનું પણ ગ્રહણ કર્યું કે જ્યાં કેવલ કૃપા કારણ હતી.

सत्यादित्रियुगे बोधवैराग्यौ मुक्तिसाधकौ ।
कलौ तु केवला भक्तिर्ब्रह्मसायुज्यकारिणी ॥ ४ ॥

અન્વયાર્થ—સત્યાદિ ત્રિયુગે સત્યયુગ, ત્રેતાયુગ અને દ્વાપર યુગમાં, બોધવૈરાગ્યૌ-જ્ઞાન અને વૈરાગ્ય, મુક્તિસાધકૌ-મુક્તિ સિદ્ધ કરાવી આપનારા માન્યા છે. કલૌ તુ-કલિયુગમાં તો, કેવલા ફક્ત, ભક્તિઃ-ભક્તિ, બ્રહ્મસાયુજ્યકારિણી-મોક્ષ આપનારી કહી છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—સત્યયુગ વગેરે ત્રણ યુગોમાં જ્ઞાન અને વૈરાગ્ય મુક્તિના સાધક માન્યા છે, જ્યારે કલિયુગમાં તો કેવળ ભક્તિ જ સાક્ષાત્ મુક્તિ આપનારી કહી છે.

इति निश्चित्य चिद्रूपः सद्रूपां त्वां ससर्ज ह ।
परमानन्दचिन्मूर्तिः सुन्दरीं कृष्णवल्लभाम् ॥ ५ ॥

અન્વયાર્થ—इति-આ પ્રમાણે, निश्चित्य-નિશ્ચય કરીને, चिद्रूपः-ચૈતન્યસ્વરૂપ, परमानन्दचिन्मूर्तिः-પરમ આનંદ સ્વરૂપ-પરમ આનંદમૂર્તિ પ્રભુએ, कृष्णवल्लभाम्-કૃષ્ણને પ્રિય, सद्रूपाम्-સત્યસ્વરૂપવાળાં सुन्दरीम्-સુન્દરી રૂપે, त्वाम्-તમને, ससर्ज-હ-સર્જ્યાં.

અનુવાદ—આમ નિર્ણય કરીને પરમ આનંદમૂર્તિ ચૈતન્ય સ્વરૂપ-શ્રીહરિએ, પ્રભુનાં પ્યારાં, સત્સ્વરૂપવાળાં સુન્દરી રૂપે આપને સર્જ્યાં.

તત્ત્વસુધા—ભક્તિ સત્ સ્વરૂપા છે. સત્ ધર્મ જીવનમાં પ્રવેશ પામે એટલે ચિદ્ અને આનંદ સ્વયં આવે. ભક્તિ પ્રિયા છે. ભગવાન્ સ્વામી છે. ભક્તિ આવતાંજ વિના નિમંત્રણે ભગવાન પધારે.

वदूध्वाञ्जलिं त्वया पृष्टं किं करोमीति चैकदा ।
त्वां तदाज्ञापयत् कृष्णो मद्भक्तान् पोषयेति च ॥ ६ ॥

અન્વયાર્થ—एकदा-કોઈ એકવાર, अञ्जलिम्-પ્રણામાંજલિ, बदूध्वा-બાંધીને-પ્રણામ માટે બન્ને હાથ જોડીને, किम्-શું, करोमि-હું કરું, इति-આમ, त्वया-તમે, पृष्टम्-પૂછ્યું હતું, तदा-ત્યારે, कृष्णः-શ્રીકૃષ્ણે, त्वाम्-તમને, मद्भक्तान्-મારા ભક્તોનું, पोषय-પોષણ કરો, इति-એવી आज्ञापयत्-આજ્ઞા કરી.

અનુવાદ—કોઈ એક સમયે પ્રણામાંજલિ કરીને તમે પૂછ્યું કે હું શું કરું? તે સમયે શ્રીકૃષ્ણે તમને આદેશ આપ્યો કે "મારા ભક્તોનું પોષણ કરો. મારા પ્રિય ભક્તોના હૃદયમાં વસીને તેમના આનન્દની અભિવૃદ્ધિ કરો."

अङ्गीकृतं त्वया तद्वै प्रसन्नोऽभूद्धरिस्तदा ।
मुक्तिं दासीं ददौ तुभ्यं ज्ञानवैराग्यकाविमौ ॥ ७ ॥

અન્વયાર્થ—तत्-તે શ્રીકૃષ્ણનું વચન, त्वया अङ्गीकृतम्-તમે સ્વીકાર્યું, तदा-ત્યારે, हरिः-શ્રીહરિ, प्रसन्नः-પ્રસન્ન, अभूत्-થયા, तुभ्यम्-તમને, मुक्तिम् दासीम्-મુક્તિ નામે દાસી, (તથા), इमौ-આ, ज्ञान-वैराग्यकौ-જ્ઞાન અને વૈરાગ્યને, ददौ-આપ્યાં.

અનુવાદ—પ્રભુની તે આજ્ઞાને તમે સ્વીકારી, ત્યારે શ્રીહરિ ખૂબ પ્રસન્ન થયા; તમને મુક્તિ નામની દાસી આપી તથા આ બન્ને જ્ઞાન વૈરાગ્ય પણ પ્રભુએ આપ્યાં.

पोषणं स्वेन रूपेण वैकुण्ठे त्वं करोषि च ।
भूमौ भक्तिविपोषाय छायारूपं त्वया कृतम् ॥ ८ ॥
मुक्तिं ज्ञानं विरक्तिं च सह कृत्वा गता भुवि ।
कृतादिद्वापरस्यान्तं महानन्देन संस्थिता ॥ ९ ॥

અન્વયાર્થ—स्वेन-પોતાના, रूपेण-રૂપથી, त्वम्-તમે, वैकुण्ठे-વૈકુંઠલોકમાં, पोषणम्-પોષણ, करोषि-કરો છો, च-અને, भूमौ-ભૂમિ ઉપર, भक्तिविपोषाय-ભક્તિને પુષ્ટ કરવા માટે, त्वया-તમે, छायारूपम्-છાયારૂપ, कृतम्-કર્યું છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મુક્તિમ્–મુક્તિને, જ્ઞાનમ્–જ્ઞાનને, ચ–અને, વિરક્તિમ્–વૈરાગ્યને, સહ કૃત્વા–સાથે રાખીને, ભુવિ–પૃથ્વી ઉપર, ગતા–તમે ગયાં. કૃતાદિ દ્વાપરસ્ય અન્તમ્–સત્યયુગથી તે દ્વાપરયુગના અન્ત ભાગ સુધી, મહાનન્દેન–અતિ આનંદથી, સંસ્થિતા–પૃથ્વી ઉપર રહ્યાં.

અનુવાદ—તમે સ્વસ્વરૂપથી–ભક્તિરૂપે વૈકુંઠ લોકમાં ભક્તોનું પોષણ કરો છો અને આ લોકમાં તમે ભક્તિને પુષ્ટ કરવા માટે છાયારૂપ ધરીને રહ્યાં છો.

મુક્તિ દાસી તથા જ્ઞાન અને વૈરાગ્યને સાથે રાખી તમે પૃથ્વી ઉપર ગયાં. સત્યયુગથી તે દ્વાપરયુગના અન્તભાગ સુધી ઘણાજ આનંદથી તમે ત્યાં રહ્યાં

તત્ત્વસુધા—ભક્તિનું નૈસર્ગિક સ્વરૂપ વૈકુંઠમાં છે, ભૂતલ ઉપર છાયા સ્વરૂપ છે. भक्तिविपोषाय અને भक्तविपोषाय એવા બે પાઠ છે. ભક્તના પોષણ કરવા માટે આપે છાયા રૂપનો સ્વીકાર કર્યો.

कलौ मुक्तिः क्षयं प्राप्ता पाखंडामयपीडिता ।
त्वदाज्ञया गता शीघ्रं वैकुण्ठं पुनरेव सा ॥ १० ॥
स्मृता त्वयापि चात्रैव मुक्तिरायाति याति च ।
पुत्रीकृत्य त्वयेमौ च पार्श्वे स्वस्यैव रक्षितौ ॥ ११ ॥

અન્વયાર્થ—પાખણ્ડામયપીડિતા–પાખંડ રૂપી રોગથી પીડાયેલી, મુક્તિઃ–મુક્તિ, કલૌ–કલિયુગમાં, ક્ષયમ્–વિનાશને, પ્રાપ્તા–પ્રાપ્ત થઈ, ત્વદાજ્ઞયા–તમારી આજ્ઞાથી, સા–તે મુક્તિ. શીઘ્રમ્–જલદીથી, પુનઃ–ફરીથી, વૈકુણ્ઠમ્–વૈકુંઠલોકમાં, ગતા–ગઈ.

ત્વયા–તમારાથી. સ્મૃતા–સ્મરણ કરતાંની સાથે જ, અપિ–અવશ્ય, અત્ર+એવ–અહીંજ, આયાતિ–આવે છે, ચ–અને, યાતિ–જાય છે. ચ અને, ઇમૌ–આ બન્નેને, પુત્રીકૃત્ય–પુત્ર બનાવીને, ત્વયા–તમે, સ્વસ્ય એવ–પોતાની જ, પાર્શ્વે–પાસે, રક્ષિતૌ–રક્ષણ કરી રાખ્યા છે.

અનુવાદ—કલિયુગમાં મુક્તિ, પાખંડરૂપી વ્યાધિથી પીડાતાં વિનાશના પંથે પરવરી; તમારી આજ્ઞાથી ફરી પાછી શીઘ્ર વૈકુંઠ લોકમાં ચાલી ગઇ.

તમારાથી યાદ કરાતાં જ એ મુક્તિ આવે છે અને જાય છે; આ બન્ને જ્ઞાન વૈરાગ્યને પણ તમે પુત્રરૂપે માની પોતાની પાસે જ સુરક્ષિત સાચવી રાખ્યા છે.

उपेक्षाः कलौ मन्दौ वृद्धौ जातौ सुतौ तव ।
तथापि चिन्तां मुञ्च त्वमुपायं चिन्तयाम्यहम् ॥ १२ ॥

અન્વયાર્થ—તવ–તમારા. સુતૌ–બન્ને પુત્રો–જ્ઞાન, વૈરાગ્ય, કલૌ–કલિયુગમાં, ઉપેક્ષાતઃ–અનાદર થવાથી, મન્દૌ–આળસુ, (તેમજ), વૃદ્ધૌ–વૃદ્ધ, જાતૌ–થઈ ગયા, તથાપિ–તોપણ, ત્વમ્–તમે, ચિન્તામ્–ચિન્તાને, મુઞ્ચ–છોડી દો, અહમ્–હું, ઉપાયમ્–ઉપાયને, ચિન્તયામિ–વિચારું છું.

અનુવાદ—આ કલિયુગમાં તમારા બન્ને પુત્રોનો આદર ન થવાથી આળસુ તેમજ વૃદ્ધ બની ગયા છે; તો પણ તમે ચિન્તા છોડી દો. હું ઉપાય વિચારું છું.

कलिना सदृशः कोऽपि युगो नास्ति वरानने ।
तस्मिंस्त्वां स्थापयिष्यामि गेहे गेहे जने जने ॥ १३ ॥

અન્વયાર્થ—હે વરાનને–હે સુન્દર મુખવાળી બાલા, કલિના સદૃશઃ–કલિયુગના જેવો,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કઃ+અપિ-કોઈપણ, યુગઃ-યુગ, ન+અસ્તિ-નથી, તસ્મિન્-તેમાં, ત્વામ્-તમને, ગેહે તેહે-ઘેર ઘેર, જને જને-પ્રત્યેક વ્યક્તિને ત્યાં, સ્થાપયિષ્યામિ-સ્થાપીશ (પ્રતિષ્ઠા વધારીશ).

અનુવાદ—હે વરાનને, કલિયુગ જેવો કોઇ યુગ નથી, તે કલિયુગમાં ઘેરઘેર તેમજ પ્રત્યેક માનવને ત્યાં તમારી સ્થાપના કરીશ.

અન્યધર્માંસ્તિરસ્કૃત્ય પુરસ્કૃત્ય મહોત્સવાન્ ।
તદા નાહં હરેર્દાસો લોકે ત્વાં ન પ્રવર્તયે ॥ ૧૪ ॥

અન્વયાર્થ—અન્યધર્માન્-બીજા ધર્મોનો, તિરસ્કૃત્ય-તિરસ્કાર કરીને, મહોત્સવાન્-મોટા ઉત્સવોને પુરસ્કૃત્ય-આગળ ધરીને, ત્વામ્-તમને, (યદિ-જો) લોકે-લોકમાં, ન પ્રવર્તયે-ન ફેલાવું, તદા-ત્યારે તો, અહમ્-હું, હરેઃ-શ્રીહરિનો, દાસઃ-દાસ, ન-નહીં,

અનુવાદ—બીજા ધર્મોનો તિરસ્કાર કરીને, મોટા ઉત્સવો દ્વારા વિશ્વમાં જો તમારો પ્રચ.ર-ન કરું તો હું શ્રીહરિનો દાસ નહીં.

તત્ત્વસુધા—તદા નાહં હરેર્દાસઃ એ વાક્યમાં સાત્વિક અહંકાર આવ્યો તેથી જ માર્ગદર્શન સંપૂર્ણ ન મળ્યું અને બદરીકાશ્રમમાં તપ કરવાના સંકલ્પે નારદજીને જવું પડ્યું. પ્રવર્તયે આત્મનેપદનો પ્રયોગ કરી પોતે ઉપકાર નથી કરતા; કર્તવ્ય પાલન કરે છે એમ જણાવ્યું.

ત્વદન્વિતાશ્ચ યે જીવા ભવિષ્યન્તિ કલાવિહ ।
પાપિનોઽપિ ગમિષ્યન્તિ નિર્ભયં કૃષ્ણમંદિરમ્ ॥ ૧૫ ॥

અન્વયાર્થ—ચ-અને, ઇહ-અહીં, કલૌ-આ કલિયુગમાં, ત્વદન્વિતાઃ-તમારાથી યુક્ત એવા, યે-જે, જીવાઃ-જીવો, ભવિષ્યન્તિ-થશે, (તેઓ) પાપિનઃ+અપિ-પાપ કરનારા હશે તો પણ, નિર્ભયમ્-ભય રહિત બનીને, કૃષ્ણમંદિરમ્-કૃષ્ણમંદિરમાં-વૈકુંઠમાં-વિષ્ણુ લોકમાં, ગમિષ્યન્તિ-જશે.

અનુવાદ—અને વળી આ કલિયુગમાં જે જીવો ભક્તિ કરનારા થશે તેઓ ભલેને પાપી હોય તો પણ તેઓ નિર્ભય રીતે વૈકુંઠ લોકને પ્રાપ્ત કરશે.

તત્ત્વસુધાઃ—પાપિનોઽપિ ગમિષ્યન્તિ પાપીઓ પુણ્યશાળી બની જશે. મતિશુદ્ધિ, કૃતિશુદ્ધિ એજ પાપશુદ્ધિ, જે શ્રીભાગવતના સંત્સંગથી તે સહજ રીતે બને છે.

યેષાં ચિત્તે વસેદ્ ભક્તિઃ સર્વદા પ્રેમરૂપિણી ।
ન તે પશ્યન્તિ કીનાશં સ્વપ્નેઽપ્યમલમૂર્તયઃ ॥ ૧૬ ॥

અન્વયાર્થ—યેષામ્-જેમના, ચિત્તે-ચિત્તમાં, પ્રેમરૂપિણી-પ્રેમરૂપા, ભક્તિઃ-ભક્તિ, સર્વદા-સર્વકાળ વસેત્-રહે, તે-તેઓ-પ્રેમલક્ષણાભક્તિને આદરનારા, અમલમૂર્તયઃ-વિશુદ્ધઅન્તઃકરણવાળા, સ્વપ્ને-સ્વપ્નમાં, અપિ-પણ, કીનાશમ્-યમરાજને, ન પશ્યન્તિ-જોતા નથી.

અનુવાદ—જેમના અન્તઃકરણમાં પ્રેમલક્ષણા ભક્તિ સદા વાસ કરી રહેલી હોય છે, નિર્મળ અન્તઃકરણવાળા તેઓ સ્વપ્નને પણ યમને જોતા નથી. અર્થાત્ યમ સંબન્ધી ભય તેમનો નિર્મૂળ બની જાય છે. (કીનાશ યમરાજનું નામ છે.)

ન પ્રેતો ન પિશાચો વા રાક્ષસો વા સુરોઽપિ વા ।
ભક્તિયુક્તમનસ્કાનાં સ્પર્શને ન પ્રભુર્ભવેત્ ॥ ૧૭ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—भक्तियुक्तमनस्कानाम्-ભક્તિયુક્ત મનવાળાઓને, स्पर्शने-અડકવામાં, न प्रेतः-પ્રેત નહીં, न पिशाचः-પિશાચ નહીં, वा-અથવા, राक्षसः-રાક્ષસ, वा-અથવા, सुरः अपि-દેવ પણ, प्रभुः-સમર્થ, न भवेत्-થઈ શકે નહીં,

અનુવાદ—ભક્તિયુક્ત અન્તઃકરણવાળાઓને અડકવામાં-સ્પર્શ કરવામાં પ્રેત પિશાચ રાક્ષસ કે દેવ હોય તો તે પણ સમર્થ થઇ શકતો નથી.

न तपोभिर्न वेदैश्च न ज्ञानेनापि कर्मणा ।
हरिर्हि साध्यते भक्त्या प्रमाणं तत्र गोपिकाः ॥ १८ ॥

અન્વયાર્થ—हरिः-શ્રીહરિ, तपोभिः-તપશ્ચર્યાઓથી, न साध्यते-મેળવી શકાતા નથી, च-અને, न वेदैः-વેદોથી પણ નહીં, न ज्ञानेन-જ્ઞાનથી પણ નહીં, कर्मणा अपि न-કર્મથી પણ નહીં, हि-ચોક્કસ, भक्त्या-ભક્તિથી, (साध्यते-મેળવી શકાય છે), तत्र-તે વિષયમાં, गोपिकाः-ગોપીઓ, प्रमाणम्-દૃષ્ટાન્ત છે.

અનુવાદ—તપશ્ચર્યાઓ કરવાથી, વેદોનું જ્ઞાન સંપાદન કરવાથી કે અધ્યયન કરવાથી, જ્ઞાનથી કે કર્મ કરવાથી પ્રભુ મેળવી શકાતા નથી; તે તો કેવળ ભક્તિથી જ સાધ્ય છે તેમાં ગોપીકાઓ પ્રત્યક્ષ દૃષ્ટાંત છે.

नृणां जन्मसहस्रेण भक्तौ प्रीतिर्हि जायते ।
कलौ भक्तिः कलौ भक्तिर्भक्त्या कृष्णः पुरः स्थितः ॥ १९ ॥

અન્વયાર્થ—नृणाम्-મનુષ્યોને, जन्मसहस्रेण-હજારો જન્મે, भक्तौ-ભક્તિમાં, प्रीतिः-પ્રેમ, जायते-ઉત્પન્ન થાય છે. हि-ખરેખર, कलौ-કલિયુગમાં भक्तिः-ભક્તિ, कलौ-કલિયુગમાં, भक्तिः-ભક્તિ, भक्त्या-ભક્તિથી, कृष्णः-શ્રીકૃષ્ણ, पुरः-આગળ, स्थितः-રહેલા છે.

અનુવાદ—હજારો જન્મે મનુષ્યોનો ભક્તિમાં પ્રેમ પ્રગટે છે; સાચે જ કલિયુગમાં ભક્તિ જ મોક્ષનું શ્રેષ્ઠ સાધન છે. ભક્તિથી શ્રીકૃષ્ણ ભક્તો સમક્ષ સ્વયં પ્રગટ થાય છે.

भक्तिद्रोहकरा ये च ते सीदन्ति जगत् त्रये ।
दुर्वासा दुःखमापन्नः पुरा भक्तिविनिन्दकः ॥ २० ॥

અન્વયાર્થ—च-અને, ये-જેઓ, भक्तिद्रोहकराः-ભક્તિનો દ્રોહ કરનારા છે, ते-તેઓ, जगत् त्रये-ત્રણે ભુવનમાં, सीदन्ति-દુઃખી થાય છે, पुरा-પહેલાં, भक्तिविनिन्दकः-ભક્તિની ખૂબ નિન્દા કરનારા, दुर्वासाः-દુર્વાસા નામના મુનિ, दुःखम्-દુઃખને, आपन्नः-પામ્યા હતા.

અનુવાદ—વળી જેઓ ભક્તિનો દ્રોહ કરે છે તેઓ ત્રણે ભુવનોમાં દુઃખી દુઃખી થઇ જાય છે. પહેલાં ભક્તિને નિન્દનાર દુર્વાસા દુઃખ પામ્યા હતા.

अलं व्रतैरलं तीर्थैरलं योगैरलं मखैः ।
अलं ज्ञानकथाऽऽलापैर्भक्तिरेकैव मुक्तिदा ॥ २१ ॥

અન્વયાર્થ—व्रतैः-વ્રતાચરણથી, अलम्-બસ છે, तीर्थैः-તીર્થાટન કરવાથી. अलम्-પર્યાપ્ત છે. योगैः-યોગાનુષ્ઠાનથી, अलम्-વિરામ લેવો જોઈએ. अलं मखैः-યજ્ઞયાગની ખટપટમાં પડવાની કોઇ જરૂર નથી. ज्ञान-कथाऽऽलापैः अलम्-શાસ્ત્રજ્ઞાનના બડબડાટની પણ જરૂર નથી. एका-એક, भक्तिः एव-ભક્તિ જ, मुक्तिदा-મોક્ષને આપનારી છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—વ્રતાચરણ, તીર્થાટન, યોગસાધના, યજ્ઞ યોગાદિકની પ્રવૃત્તિ, તેમજ શાસ્ત્ર-જ્ઞાનની ચર્ચાઓ વગેરે કરવાની કોઇ જરૂર નથી. (આ બધાં સાધન મોક્ષ અપાવવામાં કામનાં છે પણ સુખસાધ્ય નથી.) કેવળ એક ભક્તિ જ મુક્તિ આપવામાં સમર્થ છે.

તત્ત્વસુધા—સેવા અને પ્રીતિ વિનાનાં કેવલ ઉપાસના, તીર્થાટન, જ્ઞાન, વગેરે શ્રમરૂપ છે. સર્વ સાધનોનું સાધ્ય મનોનિગ્રહ છે. ભક્તિ તે સહેલાઇથી કરી આપે છે.

સૂત ઉવાચ—સૂતઃ-સૂત, ઉવાચ-બોલ્યા; સૂત બોલ્યા.

इति नारदनिर्णीतं स्वमाहात्म्यं निशम्य सा ।
सर्वाङ्गपुष्टिसंयुक्ता नारदं वाक्यमब्रवीत् ॥ २२ ॥

અન્વયાર્થ—इति-આ પ્રમાણે, नारदनिर्णीतम्-નારદજીએ નિશ્ચયપૂર્વક વર્ણવેલું, स्वमाहात्म्यम्-પોતાના મહત્ત્વને, निशम्य-સાંભળીને, सर्वाङ्गपुष्टिसंयुक्ता-પ્રત્યેક અંગે હૃષ્ટ પુષ્ટ બનેલી, सा-તે ભક્તિ, नारदम्-નારદ પ્રત્યે, वाक्यम्-વચનને, अब्रवीत्-બોલી.

અનુવાદ—આ પ્રમાણે નારદ ઋષિએ વર્ણવેલું પોતાનું માહાત્મ્ય સાંભળી અંગેઅંગમાં હૃષ્ટપુષ્ટ બનેલી તે ભક્તિ નારદ પ્રત્યે વચન બોલી.

ભક્તિરુવાચ—भक्तिः ભક્તિ, उवाच-બોલ્યાં, ભક્તિ બોલ્યાં.

अहो नारद धन्योऽसि प्रीतिस्ते मयि निश्चला ।
न कदाचिद्विमुञ्चामि चित्ते स्थास्यामि सर्वदा ॥ २३ ॥

અન્વયાર્થ—હે नारद-અરે હે નારદ, धन्यः असि-આપને ધન્ય છે. ते-તમારી. मयि-મારામાં, निश्चला-સ્થિર, प्रीतिः-પ્રેમ છે. कदाचित्-કોઈ વખત પણ, न विमुञ्चमि-તમને છોડીને જવાની નથી. सर्वदा-સર્વકાળે, चित्ते-ચિત્તમાં-તમારા અંતઃકરણમાં. स्थास्यामि-રહીશ.

અનુવાદ—હે નારદજી, આપને ધન્ય છે. મારામાં આપની અતિશય દૃઢ પ્રીતિ છે; તમને હું કોઈ વખત પણ છોડીશ નહીં; સર્વકાળ આપના ચિત્તમાં વસીશ.

कृपालुना त्वया साधो मद्बाधा ध्वंसिता क्षणात् ।
पुत्रयोश्चेतना नास्ति ततो बोधय बोधय ॥ २४ ॥

અન્વયાર્થ—હે साधो-હે મહાપુરુષ, कृपालुना-દયાળુ એવા, त्वया-તમોએ, मद्बाधा-મારી પીડા, क्षणात्-ક્ષણવારમાં, ध्वंसिता-દૂર કરી દીધી, पुत्रयोः-આ બન્ને પુત્રોને, चेतना-ચૈતન્ય શક્તિ, न+अस्ति-નથી, ततः-તેથી, बोधय बोधय-તેમને જગાડો, જગાડો. (ચેતન શક્તિનો સંચાર કરો).

અનુવાદ—હે સાધુ પુરુષ, દયા કરીને આપે ક્ષણવારમાં મારી પીડા દૂર કરી દીધી છે. પરંતુ આ પુત્રો જાગતા નથી તો તેમને ભાનમાં લાવો, જગાડો.

સૂત ઉવાચ—સૂતઃ-સૂત, ઉવાચ-બોલ્યા; સૂત બોલ્યા

तस्या वचः समाकर्ण्य कारुण्यं नारदो गतः ।
तयोर्बोधनमारेभे कराग्रेण विमर्दयन् ॥ २५ ॥

અન્વયાર્થ—तस्याः-તે ભક્તિનું, वचः-વચન, समाकर्ण्य-સાંભળીને, नारदः-નારદ, कारुण्यम्-કરુણ દશાને, गतः-પામ્યા (દુઃખી થયા). कराग्रेण-હાથના અગ્રભાગથી, विमर्दयन्-મર્દન કરતા, तयोः-તે બન્નેને, बोधनम्-જગાડવાનો, आरेभे-આરંભ કરતા હતા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—ભક્તિનું વચન સાંભળીને નારદને દયા આવી. હાથના અગ્રભાગથી ધીમે ધીમે મર્દન કરતા તેમને ભાનમાં લાવવા પ્રયત્ન આરંભતા હતા.

મુખં સંયોજ્ય કર્ણાન્તે શબ્દમુચ્ચૈઃ સમુચ્ચરન્ ।
જ્ઞાન પ્રબુધ્યતાં શીઘ્રં રે વૈરાગ્ય પ્રબુધ્યતામ ॥ ૨૬ ॥

અન્વયાર્થ—મુખમ્-મુખને, કર્ણાન્તે-કાનની પાસે, સંયોજ્ય-જોડીને, ઉચ્ચૈઃ-ઊંચે સાદે, શબ્દમ્-શબ્દને, સમુચ્ચરન્-ઉચ્ચારણ કરતા-બોલતા, રે જ્ઞાન-અરે હે જ્ઞાન ! રે વૈરાગ્ય-અરે હે વૈરાગ્ય, શીઘ્રમ્-જલદીથી, પ્રબુધ્યતામ્-જાગો.

અનુવાદ—મુખને કાન સમીપ જોડી, મોટે સાદે શબ્દ કરતા "હે જ્ઞાન, હે વૈરાગ્ય, જલદીથી જાગો, ઉઠો." એમ બોલી જગાડતા હતા.

વેદવેદાન્તઘોષૈશ્ચ ગીતાપાઠૈર્મુહુર્મુહુઃ ।
બોધ્યમાનૌ તદા તેન કથઞ્ચિચ્ચોત્થિતૌ બલાત્ ॥ ૨૭ ॥

અન્વયાર્થ—તેન-તે નારદજીએ, વેદવેદાન્તઘોષૈઃ-વેદોના અને વેદાન્તના શબ્દોથી, ચ-તથા, ગીતાપાઠૈઃ-, ગીતાના પાઠોથી, મુહુઃ મુહુઃ-વારંવાર. બોધ્યમાનૌ-જગાડવામાં આવતા, તદા-ત્યારે, કથઞ્ચિત્-મહા મુશીબતે ચ-અને, બલાત્-બળજબરીથી, ઉત્થિતૌ-બેઠા થયા. (કંઈક જાગ્યા)

અનુવાદ—વેદ વેદાન્તના શબ્દો કર્ણમાં પડવાથી તેમજ ગીતાના પાઠોથી વારંવાર ભાનમાં લાવવાનો પ્રયત્ન કરવામાં આવતાં મહામુશીબતે તેઓ કંઈક જાગ્યા.

નેત્રૈરનવલોકન્તૌ જૃમ્ભન્તૌ સાલસાવુભૌ ।
બકવત્પલિતૌ પ્રાયઃ શુષ્કકાષ્ઠસમાઙ્ગકૌ ॥ ૨૮ ॥
ક્ષુત્ક્ષામૌ તૌ નિરીક્ષ્યૈવ પુનઃ સ્વાપપરાયણૌ ।
ઋષિશ્ચિન્તાપરો જાતઃ કિં વિધેયં મયેતિ ચ ॥ ૨૯ ॥

અન્વયાર્થ—ઉભૌ-તે બન્ને, નેત્રૈઃ-નેત્રોથી, અનવલોકન્તૌ-ન દેખતા, જૃમ્ભન્તૌ-બગાસાં ખાતા, સાલસૌ-આળસવાળા, બકવત્-બગલાની જેમ, પલિતૌ-સફેદ કેશવાળા બની ગયેલા, પ્રાયઃ-ઘણું કરીને, શુષ્કકાષ્ઠસમાઙ્ગકૌ-સૂકા કાષ્ઠની જેમ શુષ્ક શરીરવાળા, ક્ષુત્ક્ષામૌ-ભૂખથી કૃશ બની ગયેલા, પુનઃ-ફરીથી, સ્વાપરાયણૌ-સૂઈ જવાને તત્પર બનેલા, તૌ-તે બન્નેને, નિરીક્ષ્ય-જોઈને, એવ-જ, ઋષિઃ-નારદઋષિ, ચિન્તાપરઃ-ચિન્તાતુર, જાતઃ-થયા, મયા-મારે, કિમ્-શું, વિધેયમ્-કરવું જોઈએ, ઇતિ-આમ વિચારવા લાગ્યા.

અનુવાદ—ઉઠતાંની સાથે જ આંખો ચોળતા, બગાસાં ખાતા, આળસ યુક્ત, બગલાની જેમ શુભ્ર કેશવાળા, ઘણો સમય ભૂખે રહેવાને કારણે કૃશ બની ગયેલા, સૂકા કાષ્ઠ જેવા અંગવાળા, ફરીથી સૂવાને ઇચ્છતા બન્નેને જોઈને નારદ ઋષિ ખૂબ ચિન્તાતુર થયા, વિચારવા લાગ્યા કે મારે આ વિષયમાં હવે શું કરવું જોઈએ?

તત્ત્વસુધા—બકવત્ પતિતૌ અને બકવત્પલિતૌ એવા બે પાઠ છે.

અહો નિદ્રા કથં યાતિ વૃદ્ધત્વં ચ મહત્તરમ્ ।
ચિન્તયન્નિતિ ગોવિન્દં સ્મારયામાસ ભાર્ગવ ॥ ૩૦ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—અહોઃ-અરે, નિદ્રા-નિદ્રા, કથમ્-કેવી રીતે, યાતિ-દૂર થાય, ચ-અને, મહત્તરમ્-અતિ મોટું, વૃદ્ધત્વમ્-ઘડપણ (કેવી રીતે દૂર થાય), ઇતિ-એ પ્રમાણે, ચિન્તયન્-ચિન્તવન કરતા, ભાર્ગવઃ-હે શૌનક, ગોવિન્દમ્-ભગવાન ગોવિન્દને, સ્મારયામાસ-યાદ કરવા લાગ્યા. (ભગવાનનું સ્મરણ કરવા લાગ્યા.)

અનુવાદ—અરે, આ બન્નેની નિદ્રા કેવી રીતે દૂર થાય? વળી આ ઘડપણ કેવી રીતે દૂર થાય? આ પ્રમાણેની ચિન્તા કરતા દેવર્ષિ નારદે પ્રભુને યાદ કર્યા. (જ્યારે પોતાનો પુરુષાર્થ ન ચાલ્યો ત્યારે પ્રભુને સંભાર્યા.)

व्योमवाणी तदैवाभून्मा ऋषे खिद्यतामिति ।
उद्यमः सफलस्तेऽयं भविष्यति न संशयः ॥ ३१ ॥

અન્વયાર્થ—તદા એવ-તે સમયે જ, ઋષે-હે નારદ ઋષિ મા ખિદ્યતામ્-ખેદ ન પામો, ઇતિ-એ પ્રકારની, વ્યોમવાણી-આકાશવાણી, અભૂત-થઈ, તે-તમારો, અયમ્-આ, ઉદ્યમઃ-ઉદ્યમ, સફલઃ-સફળ, ભવિષ્યતિ-થશે, સંશયઃ ન-(એમાં) શંકા નથી.

અનુવાદ—તે વખતે જ આકાશવાણી થઈ, "હે ઋષિ, ખેદ ન કરો, તમારો આ પરિશ્રમ સફળ થશે જ એમાં શંકા નથી.

તત્ત્વસુધા—અન્તઃકરણનો અવાજ આકાશવાણી છે. સાધુ હૃદય અકળાય ત્યારે તેના હૃદયમાં વસેલ ભગવાન અન્તઃકરણ શુદ્ધ કરે ને માર્ગદર્શન કરાવે.

एतदर्थं तु सत्कर्म सुर्षे त्वं समाचर ।
तत्ते कर्माभिधास्यन्ति साधवः साधुभूषणाः । ३२ ॥

અન્વયાર્થ—હે સુરર્ષે-હે દેવર્ષિ, એતદર્થમ્-એટલા માટે, તુ-તો, ત્વમ-તમે, સત્કર્મ-સત્કર્મને, સમાચર-આચરણમાં મૂકો. તત-તે, કર્મ-સત્કર્મ, સાધુભૂષણાઃ-સત્પુરુષોમાં પણ આભૂષણરૂપ, સાધવઃ-મહાપુરુષો, તે-તમને, અભિધાસ્યન્તિ-કહેશે.

અનુવાદ—દેવર્ષિ નારદ, આ માટે તમે કોઈ સત્કર્મ આદરો. સત્પુરુષોમાં પણ શિરોમણિ જેવા મહાપુરુષો તે સત્કર્મનું તમને કથન કરશે.

सत्कर्मणि कृते तस्मिन् सनिद्रा वृद्धतानयोः ।
गमिष्यति क्षणाद्भक्तिः सर्वत्र प्रसरिष्यति ॥ ३३ ॥

અન્વયાર્થ—તસ્મિન્-તે, સત્કર્મણિ-સત્કર્મ, કૃતે સતિ-કરવામાં આવતાં, અનયોઃ-આ બન્નેની, સનિદ્રા-નિદ્રા સાથેની, વૃદ્ધતા-વૃદ્ધાવસ્થા, ક્ષણાત્-ક્ષણવારમાં, ગમિષ્યતિ-ચાલી જશે, ભક્તિઃ-ભક્તિ, સર્વત્ર-બધે, પ્રસરિષ્યતિ-ફેલાઈ જશે.

અનુવાદ—તે સત્કર્મ આચરવામાં આવતાં આ બન્નેની નિદ્રા સાથેની વૃદ્ધાવસ્થા ક્ષણવારમાં જ ચાલી જશે, અને ભક્તિનો બધે જ સંચાર થઈ જશે.

इत्याकाशवचः स्पष्टं तत्सर्वैरपि विश्रुतम् ।
नारदो विस्मयं लेभे नेदं ज्ञातमिति ब्रुवन् ॥ ३३ ॥

અન્વયાર્થ—ઇતિ-એ પ્રમાણેનું, તત-તે, આકાશવચઃ-આકાશવાણી, સર્વૈઃ+અપિ-બધાંએ પણ, સ્પષ્ટમ્-સ્પષ્ટરીતે, વિશ્રુતમ્-સાંભળી, ઇદમ્-આ આકાશવાણી, ન જ્ઞાતમ્-સમજાઈ નહીં, ઇતિ-એમ, બ્રુવન્-બોલતા નારદઃ-નારદ, વિસ્મયમ્-વિસ્મયને, લેભે-પ્રાપ્ત કરતા હતા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—આ પ્રમાણે તે આકાશવાણી સ્પષ્ટ રીતે સર્વથી સંભળાઇ, તો પણ "આ આકાશ વચન સમજમાં ન આવ્યું." એમ બોલતા નારદ આશ્ચર્ય પામ્યા. (કયું સત્કર્મ કરવું તેની સ્પષ્ટતા આકાશવાણીએ ન કરી જેથી નારદને વિસ્મય થયો.)
નારદ ઉવાચ-નારદઃ-નારદ. ઉવાચ-બોલ્યા, નારદ બોલ્યા.

अनयाऽऽकाशवाण्यापि गोप्यत्वेन निरूपितम् ।
किं वा तत्साधनं कार्यं येन कार्यं भवेत्तयो ॥ ३५ ॥

અન્વયાર્થ—अनया-આ, आकाशवाण्या-अपि-આકાશવાણીએ પણ, गोप्यत्वेन-ગુપ્ત રીતે, निरूपितम्-જણાવ્યું, किम्-શું, वा-અથવા, तत्-તે, साधनम्-સાધન, कार्यम्-કરવું જોઇએ, येन-જે કરવાથી, तयोः-તે બન્ને જ્ઞાન વૈરાગ્યનું, कार्यम्-કાર્ય, भवेत्-સિદ્ધ થાય.

અનુવાદ—આ આકાશવાણીએ પણ ગુપ્ત રીતેજ જણાવ્યું (સ્પષ્ટતા ન કરી) હવે મારે એવું કયું સાધન અમલમાં મૂકવું જોઇએ કે જેથી આ બન્નેનું કાર્ય સિદ્ધ થાય.

क्व भविष्यन्ति सन्तस्ते कथं दास्यन्ति साधनम् ।
मयात्र किं प्रकर्तव्यं यदुक्तं व्योमभाषया ॥ ३६ ॥

અન્વયાર્થ—ते-તેઓ, सन्तः-સત્પુરુષો, क्व-ક્યાં, भविष्यन्ति-હશે साधनम्-સાધનને, कथम्-કેવી-રીતે, दास्यन्ति-આપશે, अत्र-આ વિષયમાં, मया-મારે, किम्-શું, प्रकर्तव्यम्-કરવું જોઇએ, यद्-જે, व्योमभाषया-આકાશવાણીએ, उक्तम्-કહ્યું.

અનુવાદ—એ સત્પુરુષો ક્યાં હશે! એઓ શું સાધન બતાવશે. મારે આ વિષયમાં શું કરવું જોઇએ કે જે આકાશવાણીએ કહ્યું. (આકાશવાણીએ કહ્યું કે "તમારો ઉદ્યમ સફળ થશે, સાધન કરો." પણ કયું સાધન કરવું, અને સન્તોને ક્યાં શોધવા?)

તત્ત્વસુધા—તપ, યજ્ઞ, અને દાન ત્રણ સત્કર્મ છે. યજ્ઞ અને દાન ગૃહસ્થાશ્રમી અને અર્થવાન માટે, પરંતુ તપ કેવલ બ્રહ્મચારી માટે.

સૂત ઉવાચ । સૂતઃ-સૂત, ઉવાચ-બોલ્યા, સૂત બોલ્યા.

तत्र द्वावपि संस्थाप्य निर्गतो नारदो मुनिः ।
तीर्थं तीर्थं विनिष्क्रम्य पृच्छानमार्गे मुनीश्वरान् ३७ ॥

અન્વયાર્થ—तत्र-ત્યાં, द्वौ+अपि બન્નેને (જ્ઞાન વૈરાગ્યને) પણ, संस्थाप्य-રાખીને, नारदः मुनिः-નારદમુનિ, निर्गतः-ચાલી નીકળ્યા. तीर्थं तीर्थम्-પ્રત્યેક તીર્થમાં, विनिष्क्रम्य-પ્રવેશ કરી નીકળતા, मार्गे-માર્ગમાં, मुनीश्वरान्-શ્રેષ્ઠ મુનિઓને, पृच्छन-પૂછતા (ફરવા લાગ્યા.)

અનુવાદ—જ્ઞાન વૈરાગ્ય બન્નેને ત્યાં રાખીને નારદ મુનિ બહાર ચાલી નીકળ્યા. અનેક તીર્થસ્થાનોમાં ફરવા લાગ્યા. માર્ગમાં મુનીશ્વરોને એ વિષે પ્રશ્નો પૂછતા હતા.

वृत्तान्तः श्रूयते सर्वः किञ्चिन्निश्चित्यनोच्यते ।
असाध्यं केचन प्राचुर्दुर्ज्ञेयमिति चापरे ॥
मूकीभूतास्तथान्ये तु कियन्तस्तु पलायिताः ॥ ३८ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—સર્વૈઃ-સર્વથા, વૃત્તાન્તઃ-વૃત્તાંત, શ્રૂયતે-સંભળાય છે. કિઞ્ચિત-કંઈ પણ, નિશ્ચિત્ય-નિર્ણય કરીને, ન+ઉચ્યતે-કહેવાતું નથી, કેચન-કેટલાકતો, અસાધ્યમ્-આમ થવું અસાધ્ય છે એવું, પ્રોચુઃ-કહેવા લાગ્યા. ચ-અને, અપરે-બીજા કેટલાક, દુર્જ્ઞેયમ્ ઇતિ-જાણવું-સમજવું જ મુશ્કેલ છે એમ, તથા-તથા, અન્યે તુ-બીજા તો, મૂકીભૂતાઃ-મૌન સેવવા લાગ્યા, કિયન્તઃ તુ-કેટલાક તો, પલાયિતાઃ-પલાયન કરી ગયા.

અનુવાદ—વૃત્તાન્ત બધાજ સાંભળે છે, પણ નિશ્ચયપૂર્વક કોઇપણ પ્રત્યુત્તર વાળતું નથી. કેટલાક કહેવા લાગ્યા, આ વાત તો અમને અસાધ્ય લાગે છે, બીજા કેટલાકે કહ્યું આ આકાશવાણી સમજવી જ મુશ્કેલ છે. બીજાએ જવાબ જ ન આપ્યો કેટલાકે સાંભળીને ચાલતી જ પકડી.

હાહાકારો મહાનાસીત્ત્રૈલોક્યે વિસ્મયાવહઃ ।
વેદવેદાન્તઘોષૈશ્ચ ગીતાપાઠૈર્વિબોધિતમ્ ॥ ૩૯ ॥
ભક્તિજ્ઞાનવિરાગાણાં નોદતિષ્ઠત્ ત્રિકં યદા ।
ઉપાયો નાપરોઽસ્તીતિ કર્ણે કર્ણેઽજપન્નનાઃ ॥ ૪૦ ॥

અન્વયાર્થ—ત્રૈલોક્યે-ત્રણે લોકમાં, વિસ્મયાવહઃ-વિસ્મય ઉપજાવનાર, મહાન્-મોટો, હાહાકારઃ-હાહાકાર, આસીત્-થયો, વેદવેદાન્તઘોષૈઃ-વેદ વેદાન્તના નાદથી, ચ-અને, ગીતાપાઠૈઃ-ગીતાના પાઠોથી, વિબોધિતમ્-જગાડવામાં આવતી, ભક્તિજ્ઞાનવિરાગાણામ્-ભક્તિ જ્ઞાન અને વૈરાગ્યની, ત્રિકમ્-ત્રિપુટી, યદા-જ્યારે, -ન-ઉદતિષ્ઠત્-બેઠી ન થઈ, (તદા-ત્યારે,) અપરઃ-બીજો, ઉપાયઃ-ઉપાય, ન અસ્તિ-નથી, ઇતિ-એમ, જનાઃ-મનુષ્યો, કર્ણે કર્ણે-કાનમાં, અજપન્-બોલવા લાગ્યા.

અનુવાદ—આશ્ચર્ય પમાડે તેવો ત્રિભુવનમાં મહાન્ હાહાકાર વર્તાયો. વેદ વેદાન્તના ઘોષથી તેમજ ગીતાના પાઠોથી જગાડવામાં આવતી ભક્તિ જ્ઞાન વૈરાગ્યની ત્રિપુટી જ્યારે ન જ જાગી ત્યારે લોકો એકબીજાના કાનમાં કહેવા લાગ્યા કે હવે આમને જગાડવા માટેનો બીજો કોઇજ ઉપાય બાકી રહ્યો નથી.

યોગિના નારદેનાપિ સ્વયં ન જ્ઞાયતે તુ યત્ ।
તત્કથં શક્યતે વક્તુમિતરૈરિહ માનુષૈઃ ॥ ૪૧ ॥
એવમૃષિગણૈઃ પૃષ્ટૈર્નિર્ણીયોક્તં દુરાસદમ્ ॥ ૪૨ ॥

અન્વયાર્થ—યોગિના-યોગી એવા, નારદેન-નારદથી, અપિ-પણ, સ્વયમ્-પોતે, યત્-જે, ન-જ્ઞાયતે-સમજાતું નથી. તત-તો, ઇહ-આ વિષયમાં, ઇતરૈઃ-બીજા, માનુષૈઃ-મનુષ્યોથી, વક્તુમ-કહેવા માટે કથમ-કેવી રીતે, શક્યતે-શક્તિશાળી થવાય ? એવમ-આ પ્રમાણે, પૃષ્ટૈઃ-પૂછવામાં આવેલા, ઋષિગણૈઃ-ઋષિયોના મંડળે, નિર્ણીય-નિર્ણય કરીને, ઉક્તમ-કહ્યું, દુરાસદમ-જાણવું કઠીન છે.

અનુવાદ—ઋષિ મુનિઓને પૂછતાં તેમણે કહ્યું કે આ સંદિગ્ધ વિષય છે; અમારાથી પણ સમજાતો નથી. અરે ! ખુદ યોગી નારદજી પણ જેને ન જાણી શકયા તેવા વિષયને બીજા મનુષ્યો તો જાણી શકે જ કયાંથી ?

તતશ્ચિન્તાતુરઃ સોઽથ બદરીવનમાગતઃ ।
તપશ્ચરામિ ચાત્રેતિ તદર્થં કૃતનિશ્ચયઃ ॥ ૪૪ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—ततः-ત્યારબાદ, **चिन्तातुरः**-ચિન્તાયુક્ત, **सः**-તે નારદજી, **बदरीवनम्**-બદરિકાશ્રમમા, **आगतः**-આવ્યા. **अथ**-પછી, **च**-અને, **अत्र**-અહીંયાં, **तपः**-તપશ્ચર્યાને, **चरामि**-આચરું, **इति**-આમ, **तदर्थम्**-તપ કરવા માટે, **कृतनिश्चयः**-નિશ્ચય કર્યો.

અનુવાદ—ત્યારબાદ ચિન્તાતુર નારદજી ત્યાંથી બદરિકાશ્રમમાં આવ્યા. અને જવાબદારી ભરેલા કાર્યને પાર પાડવા માટે અહિંયાં તપશ્ચર્યા કરું એવો નિશ્ચય કર્યો.

तावद्ददर्श पुरतः सनकादीन्मुनीश्वरान् ।
कोटिसूर्यसमाभासानुवाच मुनिसत्तमः ॥ ४४ ॥

અન્વયાર્થ—तावत्-તેટલામાં, **कोटिसूर्यसमाभासान्**-કરોડો સૂર્યસમાન તેજસ્વી, **सनकादीन्**-સનક સનન્દન વગેરે **मुनीश्वरान्**-મુનીશ્વરોને, **पुरतः**-પોતાની આગળ, **ददर्श**-જોયા, **मुनिसत्तमः**-મુનિઓમાં શ્રેષ્ઠ નારદ, **उवाच**-તેમને કહેવા લાગ્યા.

અનુવાદ—તેટલામાં કરોડો સૂર્યસમાન તેજસ્વી સનકાદિક મુનીશ્વરોને પોતાની સમક્ષ જોયા એટલે નારદમુનિ એમને પૂછવા લાગ્યા.

તત્ત્વસુધા—નારદજીને વિના તપશ્ચર્યાએ સનતકુમારોનાં દર્શન થયાં તેમાં બે કારણ, એક વિશાલ રાજ્યએ મેળવેલ વરદાનનો પ્રભાવ બીજુ મુનિની પરોપકાર વૃત્તિનો સદ્ભાવ.

इदानीं भूरिभाग्येन भवद्भिः संगमोऽभवत् ।
कुमारा ब्रुवतां शीघ्रं कृपां कृत्वा ममोपरि ॥ ४५ ॥

અન્વયાર્થ—इदानीम्-હાલમાં, **भूरिभाग्येन**-મોટા ભાગ્યથી, **भवद्भिः**-આપની સાથે, **संगमः**-સમાગમ, **अभवत्**-થયો, **हे कुमाराः**-હે કુમારો, **मम**-મારા, **उपरि**-ઉપર, **कृपाम्**-દયાને, **कृत्वा**-કરીને, **शीघ्रम्**-જલદી, **ब्रुवताम्**-બોલો.

અનુવાદ—હાલમાં મોટા સદ્ભાગ્યે આપની સાથે સમાગમ થયો. હે કુમારો મારા ઉપર કૃપા કરીને શીઘ્ર બોલો.

भवन्तो योगिनः सर्वे बुद्धिमन्तो बहुश्रुताः ।
पञ्चहायनसंयुक्ताः पूर्वेषामपि पूर्वजाः ॥ ४६ ॥
सदा वैकुण्ठनिलया हरिकीर्तनतत्पराः ।
लीलामृतरसोन्मत्ताः कथामात्रैकजीविनः ॥ ४७ ॥

અન્વયાર્થ—**भवन्तः**-આપ, **सर्वे**-બધા, **योगिनः**-યોગીઓ, **बुद्धिमन्तः**-બુદ્ધિશાળી, **बहुश्रुताः**-ખૂબ શાસ્ત્રજ્ઞાન ધરાવનારા છો, **पञ्चहायनसंयुक्ता**.-પાંચ વર્ષની વય ધરાવનારા, **पूर्वेषाम् अपि**-પહેલાં જન્મેલાઓના પણ, **पूर्वजाः**-પૂર્વજ, **सदा**-સદા, **वैकुण्ठनिलयाः**-વૈકુંઠમાં રહેવાવાળા, **हरिकीर्तनतत्पराः**-શ્રીહરિનું કીર્તન કરવામાં જ તલ્લીન, **लीलामृतरसोन्मत्ताः**-લીલા-કથારૂપી અમૃતરસથી ઉન્મત્ત, **कथामात्रैकजाविनः**-કેવળ કથામાત્રથી જ જીવન ગાળનારા આપ છો.

અનુવાદ—આપ સર્વે ત્રિકાળજ્ઞાની છો. બુદ્ધિશાળી બહુશ્રુત છો. પાંચ વર્ષની વયવાળા હોવા છતાં પુર્વજોના પણ પૂર્વજ છો. સદૈવ વૈકુંઠમાં વસનારા શ્રીહરિકીર્તન કરવામાં તલ્લીન (પ્રભુના) લીલામૃત કથારસનું પાન કરવાથી મસ્તદશામાં રહેનારા પ્રભુની કથાથી જ જીવન જીવનારા છો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્ત્વસુધા—કથામાત્રૈકજીવિનઃ કથા માત્રથી જીવનાર, કથાસુધાની એક જ માત્રાના અતુલ પ્રતાપથી જીવનાર, કથા માતાના આશ્રયથી જીવનાર છો. કથામાત્રમ્, કથામાત્રા, કથામાતા એવા ત્રણ પદચ્છેદોથી ત્રણ અર્થ થાય.

હરિઃ શરણમેવં હિ નિત્યં યેષાં મુખે વચઃ ।
અતઃ કાલસમાદિષ્ટા જરા યુષ્માન્ન બાધતે ॥ ૪૮ ॥

અન્વયાર્થ—હરિઃ-શ્રીહરિ શરણમ્-શરણ છે. એવમ્-આ પ્રમાણે, હિ-જ, નિત્યમ્-દરરોજ, યેષામ્-જેમની, મુખે-મુખમાં, વચઃ-વચન છે. અતઃ-એટલા માટે. કાલસમાદિષ્ટા-કાલભગવાને આદેશ આપેલી, જરા-વૃદ્ધાવસ્થા, યુષ્માન્-આપને, ન બાધતે-બાધા કરતી નથી.

અનુવાદ—જેમના મુખમાંથી સતત "શ્રીહરિઃ શરણમ્ શ્રીહરિઃ શરણમ્" આવાં વચનો નિકળ્યા કરે છે, જેથી કાળ ભગવાનથી પ્રેરાયેલી વૃદ્ધાવસ્થા આપને બાધા ઉપજાવી શકતી નથી.

તત્ત્વસુધા—સનત્કુમારોનો મહા મંત્ર હરિઃ શરણમ્ છે. અને શ્રીમદ્ ભાગવતના પ્રતિપાદ્ય દેવ પણ શ્રી હરિ છે.

યેષાં ભ્રૂભઙ્ગમાત્રેણ દ્વારપાલૌ હરેઃ પુરા ।
ભૂમૌ નિપતિતૌ સદ્યો યત્કૃપાતઃ પુરં ગતૌ ॥ ૪૯ ॥

અન્વયાર્થ—યેષામ્-જેમના, ભ્રૂભઙ્ગમાત્રેણ-ભ્રૂકુટીના ચઢાવવાથી જ, પુરા-પહેલાં, હરેઃ-શ્રી વિષ્ણુ-ભગવાનના દ્વારપાલૌ-બન્ને દ્વારપાલો, સદ્યઃ-એકદમ, ભૂમૌ-પૃથ્વી ઉપર, નિપતિતા-પડી ગયા, યત્કૃપાતઃ-જેમની કૃપાથી, પુરમ્-વૈકુંઠલોકમાં. ગતૌ-ગયા.

અનુવાદ—પહેલાં આપની ભ્રૂકુટી ભંગમાત્રથી ભગવાનના દ્વારપાલો (જય વિજય) તુરત જ પૃથ્વી ઉપર પડ્યા. પાછા તે તમારી કૃપાથી પોતાનું પૂર્વસ્થાન મેળવી શકયા.

અહો ભાગ્યસ્ય યોગેન દર્શનં ભવતામિહ ।
અનુગ્રહસ્તુ કર્તવ્યો મયિ દીને દયાપરૈઃ ॥ ૫૦ ॥

અન્વયાર્થ—અહો! આશ્ચર્યની વાત છે કે. ભાગ્યસ્ય-ભાગ્યના, યોગેન-યોગથી, ઇહ-અહીં, ભવતામ્-આપનું દર્શનમ્-દર્શન થયું. દીને-દીન એવા, મયિ-મારા ઉપર, દયાપરૈઃ-દયાળુ એવા આપ લોકોએ, અનુગ્રહઃ તુ-કૃપાદૃષ્ટિ તો, કર્તવ્યઃ-કરવી જોઈએ.

અનુવાદ—પરમ આનંદની વાત છે કે સદ્ભાગ્યે અહીં આપ સર્વનાં મને દર્શન થયાં. દયા કરવામાં તત્પર એવા આપે દીન એવા મારા ઉપર અનુગ્રહ કરવો જોઈએ.

અશરીરગિરોક્તં યત્તત્કિં સાધનમુચ્યતામ્ ।
અનુષ્ઠેયં કથં તાવત્પ્રબ્રવન્તુ સવિસ્તરમ્ ॥ ૫૧ ॥

અન્વયાર્થ—અશરીરગિરા-અકાશ વાણીએ, યત્-જે, ઉક્તમ્-કહ્યું, તત્-તે, સાધનમ્-સાધન, કિમ્-કયું છે, ઉચ્યતામ્-તમે કહો, કથમ-કેવી રીતે, અનુષ્ઠેયમ્-કરવું જોઈએ તે, સવિસ્તરમ્-વિસ્તારથી, તાવત્-તેટલામાં, પ્રબ્રુવન્તુ-કહો.

અનુવાદ—આકાશવાણીએ મને સત્કર્મ કરવાનું કહ્યું તે સત્કર્મરૂપી સાધન કયું તે કહો તથા એ કેવી રીતે કરવું તે પણ મને વિસ્તારપૂર્વક કહો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

भक्तिज्ञानविरागाणां सुखमुत्पद्यते कथम् ।
स्थापनं सर्ववर्णेषु प्रेमपूर्वं प्रयत्नतः ॥ ૫૨ ॥

અન્વયાર્થ--भक्तिज्ञानविरागाणाम्-ભક્તિ જ્ઞાન અને વૈરાગ્યને, कथम्-કેવી રીતે, सुखम्-સુખ, उत्पद्यते-ઉત્પન્ન થાય, सर्ववर्णेषु-બધા વર્ણોમાં, प्रयत्नः-પ્રયત્નથી, प्रेमपूर्वम्-પ્રેમપૂર્વક, स्थापनम्-સ્થાપના (પ્રતિષ્ઠા કેવી રીતે થઈ શકે તે કહો).

અનુવાદ--ભક્તિ જ્ઞાન અને વૈરાગ્યને કેવી રીતે સુખ ઉપજે તે કહો, તેમજ સર્વ વર્ણોમાં પ્રયત્નથી પ્રેમપૂર્વક તેમની પ્રતિષ્ઠા કેવી રીતે શક્ય બને તે બધું કહો.

કુમાર ઊચુઃ—કુમારાઃ-કુમારો, ઊચુઃ-બોલ્યા, સનત્કુમારો બોલ્યા.

मा चिन्तां कुरु देवर्षे हर्षं चित्ते समावह ।
उपायः सुखसाध्योऽत्र वर्तते पूर्व एव हि ॥ ૫૩ ॥

અન્વયાર્થ--હે देवर्षे-દેવર્ષિ નારદ, चिन्ताम्-ચિન્તાને, मा कुरु-ન કરો, चित्ते-મનમાં, हर्षम्-હર્ષને समावह-ધારણ કરો, अत्र-આ વિષયમાં, सुखसाध्यः-સુખપૂર્વક સિદ્ધ થઈ શકે તેવો, उपायः-ઉપાય, पूर्वः પહેલાંનો, वर्तते एव-છે જ.

અનુવાદ--દેવર્ષિ નારદ, આપ ચિન્તા ન કરો. ચિત્તને પ્રસન્ન રાખો. આપે જે પૂછયું એનો ઉપાય સરળતાથી અનાયાસે સુખપૂર્વક સાધી શકાય એવો પહેલેથી નિશ્ચિત થઇ ગયેલો છે જ. એમાં ચિન્તા કરવાનું કોઈ જ કારણ નથી.

તત્વસુધા—દેવર્ષે-ઋષિ ત્રિકાલજ્ઞ હોય છે. અને આર્ષદૃષ્ટિ પણ હોય છે તો આપ દેવર્ષિ છો ને આ તો દેવ એટલે વાસુદેવનું કાર્ય કરવાનું છે તે કાર્ય ભગવાન સ્વયં કરશે જ.

જેના ચિત્તમાં હર્ષ સદા તેનો ઉત્કર્ષ.

अहो नारद धन्योऽसि विरक्तानां शिरोमणिः ।
सदा श्रीकृष्णदासानामग्रणीर्योगभास्करः ॥ ૫૪ ॥

અન્વયાર્થ—अहो नारद-અહો નારદ, धन्यः असि-તમને ધન્યવાદ છે, विरक्तानाम्-વૈરાગ્યવાળાઓમાં, शिरोमणिः-શિરોમણિ છો. सदा-અહર્નિશ, श्रीकृष्णदासानाम्-શ્રીકૃષ્ણના દાસોમાં, अग्रणीः-અગ્રગણ્ય, योगभास्करः-યોગના પ્રકાશક સૂર્ય જેવા છો.

અનુવાદ--હે નારદ આપને ધન્યવાદ છે. આપ વિરક્ત પુરુષોનાં શિરોમણિ છો. સદા શ્રીકૃષ્ણના દાસોની મધ્યે આપ અગ્રેસર છો. યોગના પ્રકાશક સૂર્ય જેવા છો.

त्वयि चित्रं न मन्तव्यं भक्त्यर्थमनुवर्तिनि ।
घटते कृष्णदासस्य भक्तेः संस्थापना सदा ॥ ૫૫ ॥

અન્વયાર્થ—भक्त्यर्थम्-ભક્તિ માટે, अनुवर्तिनि-અનુસાર, (શ્રમ લેનાર), त्वयि-તમારા વિષે, चित्रम्-આશ્ચર્ય, न मन्तव्यम्-માનવા જેવું નથી. कृष्णदासस्य-કૃષ્ણના દાસને, सदा-દરરોજ, भक्तेः-ભક્તિની, संस्थापना-સ્થાપના, घटते-ઘટે છે.

અનુવાદ--ભક્તિને માટે તમે આટલો શ્રમ લો છો એમાં કાંઈ આશ્ચર્ય નથી. ભક્તિની સ્થાપના કરવી એ તો શ્રીકૃષ્ણના દાસની નિત્યની ફરજ છે જ. એનું એ મુખ્ય કર્તવ્ય છે; જે એણે કરવું જ જોઈએ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ऋषिभिर्बहवो लोके पन्थानः प्रकटीकृताः ।
श्रमसाध्याश्च ते सर्वे प्रायः स्वर्गफलप्रदाः ॥ ५६ ॥

અન્વયાર્થ—ऋषिभिः-મહર્ષિઓએ, लोके-વિશ્વમાં, बहवः-ઘણા, पन्थानः-કલ્યાણના માર્ગ, प्रकटीकृताः-પ્રકટ કરેલા છે. ते-તે, सर्वे-બધા (માર્ગ), प्रायः-ઘણે ભાગે, श्रमसाध्याः-કષ્ટસાધ્ય છે, च-અને, स्वर्गफलप्रदाः-સ્વર્ગફળને જ માત્ર આપવાવાળા છે.

અનુવાદ—મહર્ષિઓએ ભગવત્પ્રાપ્તિ માટેના વિશ્વમાં અનેક કલ્યાણના માર્ગ પ્રગટ કરીને દર્શાવેલા છે, પરંતુ તે ઘણા જ કષ્ટ સાધ્ય છે, અને કેવલ સ્વર્ગ ફળને આપવાવાળા છે.

वैकुण्ठसाधकः पन्थाः स तु गोप्यो हि वर्तते ।
तस्योपदेष्टा पुरुषः प्रायो भाग्येन लभ्यते ॥ ५७ ॥

અન્વયાર્થ—वैकुण्ठसाधकः-વૈકુંઠલોકને પ્રાપ્ત કરાવનાર, पन्थाः-માર્ગ, सः तु-તે તો. गोप्यः-ગુપ્ત हि-જ, वर्तते-રહ્યો છે. तस्य-તેનો, उपदेष्टा-ઉપદેશ કરનાર, पुरुषः-પુરુષ, प्रायः-ઘણેભાગે, भाग्येन-સદ્ભાગ્યે लभ्यते-મેળાવાય છે.

અનુવાદ—વૈકુંઠલોકની પ્રાપ્તિ કરાવનાર કલ્યાણ માર્ગ તો હજી સુધી ગુપ્તજ રહ્યો છે. તે માર્ગનો ઉપદેશક પુરુષ, સદ્ભાગ્ય હોય તોજ ઘણું કરીને મળી આવે છે.

सत्कर्म तव निर्दिष्टं व्योमवाचा तु यत्पुरा ।
तदुच्यते शृणुष्वाद्य स्थिरचित्तः प्रसन्नधीः ॥ ५८ ॥

અન્વયાર્થ—पुरा-પહેલાં, व्योमवाचा-આકાશવાણીએ, तु-તો, तव-તમને, यत्-જે, सत्कर्म-સત્કર્મ निर्दिष्टम्-જણાવ્યું, तत्-તે, (સત્કર્મ), अद्य-આજે, उच्यते-કહેવાય છે, स्थिरचित्तः-સ્થિરચિત્તવાળા, प्रसन्नधीः-પ્રસન્નબુદ્ધિવાળા, शृणुष्व-તમે સાંભળો.

અનુવાદ—આકાશવાણીએ તમને પહેલાં જે સત્કર્મ જણાવ્યું તે સત્કર્મ આજે હું તમને કહું છું, તમો પ્રસન્ન મનથી સ્થિર ચિત્તે (સાવધ બનીને) સાંભળો.

તત્ત્વસુધા—શ્રોતાનાં બે આવશ્યક લક્ષણ ચિત્તની સ્થિરતા અને પ્રસન્નતા. એકાગ્રતા-સ્થિરતા પ્રસન્નતાથી બને છે. અનેક કાર્યરતની સ્થિરતા જોખમાય છે અને પ્રભુમાં કે આત્મામાં અવિશ્વાસની પ્રસન્નતા જોખમાય છે.

द्रव्ययज्ञास्तपोयज्ञा योगयज्ञास्तथापरे ।
स्वाध्यायज्ञानयज्ञाश्च ते तु कर्मविसूचकाः ॥ ५९ ॥

અન્વયાર્થ—द्रव्ययज्ञाः-દ્રવ્ય સાધ્ય યજ્ઞો, तपोयज्ञाः-તપયજ્ઞ, योगयज्ञाः-યોગયજ્ઞ, तथा-તથા, अपरे-બીજા, स्वाध्यायज्ञानयज्ञाः-સ્વાધ્યાય કરવો, જ્ઞાન સંપાદન કરવું વગેરે યજ્ઞો, ते-તે યજ્ઞો, तु-તો, कर्मविसूचकाः-કર્મના સૂચક છે.

અનુવાદ—દ્રવ્યયજ્ઞો તપયજ્ઞો યોગયજ્ઞો સ્વાધ્યાય અને જ્ઞાન વગેરે અનેક યજ્ઞો ગણાવ્યા છે. પરંતુ તે બધા કર્મનાજ સૂચક છે.

તત્ત્વસુધા—દ્રવ્ય એટલે હુતદ્રવ્યથી થતા યજ્ઞો પદાર્થ શુદ્ધિ અને વૃદ્ધિ કરે, તપશ્ચરણ તનની શુદ્ધિ કરે, યોગ અન્તઃકરણની એકાગ્રતા કરે, સ્વાધ્યાય જ્ઞાનની સમૃદ્ધિ આપે, જ્ઞાન આત્માનુસંધાન કરાવે પરંતુ ભગવચ્ચરણ પ્રેમ અને સેવા કેવલ ભક્તિથી મળે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

सत्कर्मसूचको नूनं ज्ञानयज्ञः स्मृतो बुधैः ।
श्रीमद्भागवतालापः स तु गीतः शुकादिभिः ॥ ६० ॥

અન્વયાર્થ—सत्कर्मसूचकः-સત્કર્મને સૂચવનાર, बुधैः-વિદ્વાનોએ, ज्ञानयज्ञः-જ્ઞાનયજ્ઞ, स्मृतः-માન્યો છે. सः-તે, श्रीमद्भागवतालापः-શ્રીમદ્ ભાગવત કથા રૂપે, शुकादिभिः-શુકદેવ વગેરે જ્ઞાની પુરુષોએ, गीतः-ગાયો છે.

અનુવાદ—સત્કર્મને સૂચવનાર જ્ઞાનયજ્ઞ છે, એમ વિદ્વાનો માને છે અને કહે છે અને તે શ્રીમદ્ ભાગવત કથા રૂપે શ્રીશુકદેવજી વગેરે જ્ઞાની પુરુષોએ પ્રેમથી ગાયો છે.
(અર્થાત્-શ્રીમદ્ ભાગવતની કથા કહેવી યા કરવી એ જ જ્ઞાન યજ્ઞ છે.)

भक्तिज्ञानविरागाणां तद्घोषेण बलं महत् ।
व्रजिष्यति द्वयोः कष्टं सुखं भक्तेर्भविष्यति ॥ ६१ ॥

અન્વયાર્થ—भक्तिज्ञानविरागाणाम्--ભક્તિ જ્ઞાન અને વૈરાગ્યને, तद्घोषेण-તે શ્રીમદ્ ભાગવતના શબ્દથી, महत्-મોટું बलम्-બળ પ્રાપ્ત થશે. द्वयोः-બન્નેનું, कष्टम्-કષ્ટ, व्रजिष्यति-ચાલ્યું જશે. भक्तेः-ભક્તિને, सुखम्-સુખ, भविष्यति-થશે.

અનુવાદ—શ્રીમદ્ ભાગવતનો ઘોષ થતાંની સાથે ભક્તિ જ્ઞાન અને વૈરાગ્યમાં અતિશય બળનો સંચાર થશે. બન્નેનું કષ્ટ દૂર થઈ જશે ભક્તિને સુખ થશે.

प्रलयं हि गमिष्यन्ति श्रीमद् भागवतध्वनेः ।
कलेर्दोषा इमे सर्वे सिंहशब्दाद् वृकाइव ॥ ६२ ॥

અન્વયાર્થ—श्रीमद्भागवतध्वनेः-શ્રીમદ્ ભાગવતનો ધ્વનિ થતાં, इमे-આ, सर्वे-બધા, कलेः-કલિયુગના, दोषाः-દોષો, सिंहशब्दात्-સિંહના શબ્દથી, वृकाः इव-વરુઓની જેમ, प्रलयम्-વિનાશને, गमिष्यन्ति-પ્રાપ્ત થશે.

અનુવાદ—શ્રીમદ્ ભાગવતનો ધ્વનિ થતાં કલિયુગના આ બધા દોષો, સિંહની ગર્જના થતાં રાંક વરુઓ જેમ નાસી જાય તેમ નાશ પામશે.

ज्ञानवैराग्यसंयुक्ता भक्तिः प्रेमरसावहा ।
प्रतिगेहं प्रतिजनं ततः क्रीडां करिष्यति ॥ ६३ ॥

અન્વયાર્થ—ततः-ત્યાર બાદ, ज्ञानवैराग्यसंयुक्ता-જ્ઞાન વૈરાગ્યવાળી, प्रेमरसावहा-પ્રેમરસ વહાવતી, भक्तिः-ભક્તિ, प्रतिगेहम्-ઘેરઘેર, प्रतिजनम्-પ્રત્યેક માનવમાં, क्रीडाम्-આનંદને, करिष्यति-કરશે.

અનુવાદ—ત્યારબાદ જ્ઞાન વૈરાગ્યયુક્ત, પ્રેમરસધારા વહાવતી ભક્તિ ઘેરઘેર ને પ્રત્યેક મનુષ્યની અંદર ક્રીડા કરશે.

નારદ उवाच —નારદ બોલ્યા.

वेदवेदान्तघोषैश्च गीतापाठैः प्रबोधित ।
भक्तिज्ञानविरागाणां नोदतिष्ठन्त्रिकं यदा ॥ ६४ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

श्रीमद्भागवतालापात्तत्कथं बोधमेष्यति ।
तत्कथासु तु वेदार्थः श्लोके श्लोके पदे पदे ॥ ६५ ॥
छिन्दन्तु संशयं ह्येनं भवन्तोऽमोघदर्शनाः ।
विलम्बो नात्र कर्तव्यः शरणागतवत्सलाः ॥ ६६ ॥

અન્વયાર્થ—વેદવેદાન્તઘોષૈઃ-વેદોના અને વેદાન્તના ઘોષથી, ચ-તેમજ, ગીતાપાઠૈઃ-ગીતાના પાઠોથી, પ્રબોધિતમ્-જાગ્રત કરવામાં આવતું, ભક્તિજ્ઞાનવિરાગાણામ્-ભક્તિ જ્ઞાન અને વૈરાગ્યનું, ત્રિકમ્-ત્રણનું જૂથ, યદા-જ્યારે, ન+ઉદતિષ્ઠત્-ન બેહું થયું-ભાનમાં ન આવ્યું. (તો પછી), શ્રીમદ્ભાગવતાલાપાત્-શ્રીમદ્ ભાગવતના આલાપથી, તત્-તે, ત્રીપુટી, કથમ્-કેવી રીતે, બોધમ્-ભાનને, એષ્યતિ-પ્રાપ્ત કરશે? તત્કથાસુ-તે શ્રીમદ્ ભાગવત કથામાં, તુ-તો, શ્લોકે શ્લોકે-પ્રત્યેક શ્લોકમાં, તથા પદે પદે-પ્રત્યેક પદમાં, વેદાર્થઃ-વેદનો અર્થ રહેલો છે. અમોઘદર્શનાઃ-સફળ દર્શનવાળા, શરણાગતવત્સલાઃ-શરણે આવેલાઓની ઉપર સ્નેહ કરનારા, ભવન્તઃ-તમે, એનમ્-આ, સંશયમ્-સંદેહને, છિન્દન્તુ-છેદો, દૂર કરો, અત્ર-આ વિષયમાં, વિલમ્બઃ-વિલમ્બ, ન કર્તવ્યઃ-કરવો ન જોઈએ.

અનુવાદ—વેદ વેદાન્તના ઘોષથી તેમજ ગીતાના પાઠોથી જગાડવામાં આવવા છતાં જ્યારે ભક્તિ જ્ઞાન વૈરાગ્યની ત્રિપુટી ન જાગી તો પછી શ્રીમદ્ ભાગવતના પાઠથી તે ત્રિપુટી કેવી રીતે જાગ્રત થશે? કારણ કે તે શ્રીમદ્ ભાગવતની કથામાં તો શ્લોકે શ્લોકમાં ને પદે પદમાં વેદનો અર્થજ છે. આપ શરણાગતવત્સલ છો, આપનું દર્શન નિષ્ફળ જતું નથી, તો મારી આ શંકાને દૂર કરો આ વિષયમાં વિલમ્બ થવો ન જોઈએ.

તત્ત્વસુધા—વેદાન્તના પ્રવચને ભક્તિ જાગી નહીં જ્યારે ભાગવતમાં તો વેદોનો અર્થ છે તેનાથી ભક્તિ કેમ જાગશે? નારદજીનું આ મંતવ્ય છે, તેઓ સમજે છે કે ભાગવતમાં વેદનો કર્મનો વિષય છે.

કુમારા ઊચુઃ—સનકાદિક કુમારો બોલ્યા.

वेदोपनिषदां साराज्जाता भागवती कथा ।
अत्युत्तमा ततो भाति पृथग्भूता फलाकृतिः ॥ ६७ ॥

અન્વયાર્થ—વેદોપનિષદામ્-વેદો અને ઉપનિષદોના, સારાત્-સારમાંથી, ભાગવતી કથા-શ્રીમદ્ ભાગવતની કથા, જાતા-ઉત્પન્ન થઈ, તતઃ-તે કારણથી, અત્યુત્તમા-અતિ ઉત્તમ, ભાતિ-શોભે છે. પૃથગ્ભૂતા-વેદ ઉપનિષદોથી અલગ (કોઈ અદ્ભુત પ્રકારની), ફલાકૃતિઃ-વિલક્ષણ ફળરૂપે લાગે છે.

અનુવાદ—શ્રીમદ્ ભાગવતની કથા વેદ ઉપનિષદોના ગૂઢસાર રૂપે પ્રગટ થઈ છે એટલે વેદ ઉપનિષદો કરતાં કોઈ વિલક્ષણ પ્રકારના ફલ સ્વરૂપે હોવાથી અદ્ભુત અને અત્યુત્તમ પ્રકાશે છે.

તત્ત્વસુધા—વેદ, વેદાન્તનું પુનરાવર્તન ભાગવત નથી પરંતુ તત્ત્વજ્ઞાનનું રસપૂર્વક નિરૂપણ છે અને સરલતા સાથે રસિકતાથી સિદ્ધાન્તનું કથન છે જે ફલાત્મક વાણી છે. ફલ શ્રીકૃષ્ણ છે ને ભાગવત તેનું સ્વરૂપ છે.

आमूलाग्रं रसस्तिष्ठन्नास्ते न स्वाद्यते यथा ।
स भूयः संपृथग्भूतः फले विश्वमनोहरः ॥ ६८ ॥

અન્વયાર્થ—આમૂલાગ્રમ્-મૂળથી તે ટોચ સુધી, રસઃ-રસ, તિષ્ઠન્-રહેલો, આસ્તે-છે. (છતાં પણ), યથા-જેમ, ન સ્વાદ્યતે-ચાખી શકતો નથી, સઃ-તે, ભૂયઃ-ફરીથી, ફલે-ફળમાં, સંપૃથગ્ભૂતઃ-જૂદો પાડીને રહેલો,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

(વૃક્ષથી અલગ બની માત્ર ફળમાંજ એકઠો થયેલો તેનો તેજ રસ) વિશ્વમનોહરઃ-વિશ્વને આનંદ ઉપજાવનાર બને છે.

અનુવાદ—જેમ કોઈ વૃક્ષમાં મૂળથી તે અગ્રભાગ સુધી રસ રહેલો જ હોય છે છતાં તે જુદો લઈને ચાખી શકાતો નથી, તેજ રસ ફળમાં એકત્રિત થઇને રહેલો ચાખી શકાય છે. અને વિશ્વમનોહર લાગે છે.

યથા દુગ્ધે સ્થિતં સર્પિર્ન સ્વાદાયોપકલ્પતે ।
પૃથગ્ભૂતં હિ તદ્દ્રવ્યં દેવાનાં રસવર્ધનમ્ ॥૬૯॥

અન્વયાર્થ—યથા-જેમ, દુગ્ધે-દૂધમાં, સ્થિતમ્-રહેલું, સર્પિ-ઘી, સ્વાદાય-સ્વાદને માટે, ન ઉપકલ્પતે-ઉપયોગમાં આવતું નથી, તદ્-તે, ગવ્યં-ગાયનું ઘી, પૃથગ્ભૂતમ્-દૂધમાંથી ઉપજાવીને જુદું પાડેલું, દેવાનામ્-દેવોને, રસવર્ધનમ્-રસ વધારનારું બને છે.

અનુવાદ—દૂધમાં ઘી રહેલું છે, છતાં ઘી તરીકેના સ્વાદ માટે તે કામમાં આવતું નથી, પરંતુ તેજ ઘી દૂધમાંથી ઉપાયો દ્વારા જુદું પાડવામાં આવતાં દેવોને તૃપ્તિ ઉપજાવવામાં, રસ વધારવામાં ઉપયોગી થાય છે.

તત્ત્વસુધા—તદ્રવ્યં અને તદ્દ્રવ્યં એવા બે પાઠ છે. દ્રવ્ય પ્રવાહુ સ્વભાવવાળા પદાર્થને કહેવાય, ઘીનો દ્રવીભૂત સ્વભાવ છે. ગવ્યમ્ નો અર્થ તો દૂધ દહીં માખણ ઘી થાય, પ્રાકૃતમાં પ્રસંગ સંગતિથી ઘી અર્થ લેવાય. દૂધ સર્વાંગ પોષક અને વીર્યવર્ધક છે. ઘી ઇન્દ્રિયો અગ્નિ અને દેવતાઓના તેજનું સંવર્ધક છે.

ઇક્ષૂણામપિ મધ્યાન્તં શર્કરા વ્યાપ્ય તિષ્ઠતિ ।
પૃથગ્ભૂતા ચ સા મિષ્ટા તથા ભાગવતી કથા ॥૭૦॥

અન્વયાર્થ—ઇક્ષૂણામ્ અપિ-શેરડીના સાંઠાઓની અંદર, મધ્યાન્તમ્-મધ્યમાં છેડે (અર્થાત્ બધેજ), શર્કરા-સાકર, વ્યાપ્ય-વ્યાપકરૂપે, તિષ્ઠતિ-રહે છે. પૃથગ્ભૂતા-શેરડીમાંથી અલગ બનીને રહેલી, સા-તે શર્કરા, (જેમ) મિષ્ટા-મધુર હોય છે, તથા-તેવી રીતે, ભાગવતી કથા-ભાગવતની કથા.

અનુવાદ—જેમ શેરડીમાં બધેજ સાકર વ્યાપ્ત બનીને રહેલી છે; મૂળથી તે ટોચ સુધી બધેજ રસ છે છતાં એમાંથી એ રસ સાકર કે ગોળરૂપે જ્યારે જુદો પડે છે ત્યારે એ પોતાનું માધુર્ય પ્રકટ કરે છે; તેમ આ શ્રીમદ્ ભાગવતના વિષયમાં પણ તેવું જ છે.

ઇદં ભાગવતં નામ પુરાણં બ્રહ્મસમ્મિતમ્ ।
ભક્તિજ્ઞાનવિરાગાણાં સ્થાપનાય પ્રકાશિતમ્ ॥૭૧॥

અન્વયાર્થ—ઇદમ્-આ, ભાગવતં નામ-શ્રીમદ્ ભાગવત નામે, પુરાણમ્-પુરાણ, બ્રહ્મસમ્મિતમ્-વેદતુલ્ય છે; ભક્તિજ્ઞાનવિરાગાણામ્-ભક્તિ જ્ઞાન અને વૈરાગ્યની, સ્થાપનાય-સ્થાપના માટે, પ્રકાશિતમ્-પ્રકટ કર્યું છે.

અનુવાદ—આ શ્રીમદ્ ભાગવત નામનું પુરાણ વેદ તુલ્ય છે, ભક્તિ જ્ઞાન અને વૈરાગ્યની પૃથ્વી ઉપર સ્થાપના કરવાના ઉદ્દેશ્યથી પ્રકટ કર્યું છે.

તત્ત્વસુધા—બ્રહ્મસંમિતમ્ બ્રહ્મ એટલે વેદો, શ્રીકૃષ્ણ, પરબ્રહ્મ, સંમિતમ્ એટલે તુલ્ય એવો અર્થ થાય, વેદતુલ્ય, કૃષ્ણતુલ્ય, બ્રહ્મતુલ્ય ભાગવત છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

वेदान्तवेदसुस्नाते गीताया अपि कर्तरि ।
परितापवति व्यासे मुह्यत्यज्ञानसागरे ॥७२॥
तदा त्वया पुरा प्रोक्तं चतुःश्लोकसमन्वितम् ।
तदीयश्रवणात्सद्यो निर्बाधो बादरायणः ॥७३॥

અન્વયાર્થ—વેદાન્તવેદસુસ્નાતે-વેદવેદાન્તમાં પારંગત, ગીતાયાઃ અપિ-ગીતાના પણ, કર્તરિ-રચનાર, પરિતાપવતિ-સંતાપ અનુભવતા, વ્યાસે-વ્યાસજી, અજ્ઞાનસાગરે-અજ્ઞાન સાગરમાં, મુહ્યતિ-જ્યારે મુંઝાવા લાગ્યા (કંઈપણ સૂઝ ન પડી,) તદા-ત્યારે, ત્વયા-તમે, પુરા-પહેલાં, ચતુઃશ્લોકસમન્વિતમ્-ચાર શ્લોકવાળું, પ્રોક્તમ્-કહ્યું હતું, તદ્દિયશ્રવણાત્-તેનું તમારી પાસેથી શ્રવણ કરવાથી, બાદરાયણઃ-વ્યાસજી, નિર્બાધઃ-સંતાપ રહિત થયા હતા.

અનુવાદ—વેદ વેદાન્તમાં પારંગત, ગીતાના પણ પ્રણેતા શ્રીવેદવ્યાસજી ચોતરફથી સંતાપ અનુભવતા જ્યારે અજ્ઞાનવશ મૂંઝાયા ત્યારે તમે પહેલાં એમને ચાર શ્લોકવાળું "ચતુઃશ્લોકી ભાગવત" કહ્યું હતું જે સાંભળવાથી વેદવ્યાસનો મોહ તુરત જ દૂર થયો હતો.

तत्र ते विस्मयः केन यतः प्रश्नकरो भवान् ।
श्रीमद् भागवतं श्राव्यं शोकदुःखविनाशनम् ॥७४॥

અન્વયાર્થ—તત્ર-તેમાં, તે-તમને, વિસ્મયઃ-આશ્ચર્ય, કેન-શાથી થાય છે ? યતઃ-જેથી, ભવાન્-તમે, પ્રશ્નકરઃ-પ્રશ્ન પૂછી રહ્યા છો ! શોકદુઃખવિનાશનમ્-સમસ્ત શોક અને દુઃખને દૂર કરનાર, શ્રીમદ્ ભાગવતમ્-શ્રીમદ્ ભાગવત, શ્રાવ્યમ્-શ્રવણ કરવું જોઈએ.

અનુવાદ—આ વિષયમાં તમને આશ્ચર્ય કેમ થાય છે, કે જેથી તમે પ્રશ્ન પૂછી રહ્યા છો ? ખરેખર સમસ્ત શોક દુઃખને દૂર કરનાર હોય તો તે શ્રીમદ્ ભાગવત જ છે માટે તે સાંભળવું જોઈએ.

નારદ ઉવાચ—નારદ બોલ્યા.

यद्दर्शनं च विनिहन्त्यशुभानि सद्यः
श्रेयस्तनोति भवदुःखदवार्दितानाम् ।
निःशेषशेषमुखगीतकथैकपानाः
प्रेमप्रकाशकृतये शरणं गतोऽस्मि ॥७५॥

અન્વયાર્થ—નિઃશેષશેષમુખગીતકથૈકપાનાઃ-હજારો શેષના મુખથી નીકળતી શ્રીમદ્ ભાગવતી કથાનું જ પાન કરવામાં મસ્ત હે બ્રહ્મકુમારો, યદ્દર્શનમ્-જે આપનું દર્શન, સદ્યઃ-તાત્કાલિક, અશુભાનિઃ-અમંગલોને, વિનિહન્તિ-દૂર કરે છે, ભવદુઃખદવાર્દિતાનામ્-સંસારના દુઃખ દાવાનલથી પીડાએલાને, શ્રેયઃ-કલ્યાણને, તનોતિ-વિસ્તારે છે, (એવા આપનો), પ્રેમપ્રકાશકૃતયે-પ્રેમલક્ષણા ભક્તિના પ્રકાશ માટે, શરણમ્-શરણ, ગતઃ અસ્મિઃ-આવ્યો છું.

અનુવાદ—હજારો શેષનાગના મુખથી ગાવામાં આવતી ભાગવતી કથાનું જ માત્ર પાન કરવાવાળા હે બ્રહ્મ કુમારો જે આપનું દર્શન તાત્કાલિક અનેક અમંગલોનો નાશ કરે છે, વળી સંસારના દુઃખ દાવાનળથી પીડાયેલાઓને કલ્યાણ અર્પે છે; એવા હે કુમારો ! પ્રેમલક્ષણા ભક્તિના સર્વત્ર પ્રચાર માટે હું આપને શરણે આવ્યો છું.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્ત્વસુધા—સંત દર્શન, યજ્ઞદર્શન, સર્વ દર્શન, ભગવદ્ દર્શનનું ફલ છે. યજ્ઞ દર્શન પાપનો નાશ કરે તે પ્રથમ ભૂમિકા હન્તિ, સર્વ દર્શન એટલે દર્શન શાસ્ત્ર અજ્ઞાનને હરે માટે તે બીજી ભૂમિકા નિહન્તિ, ભગવદ્ દર્શન ફલાસક્તિને વાસનાને હરે માટે વિનિહન્તિ ત્રીજી ભૂમિકા, પરંતુ ભગવદીય દર્શન તો ત્રણેનું ફલ અવિલંબે આપે, ઉપરાંત ભગવત્પ્રેમ આપે એ તુરીય ચતુર્થ ફલ છે જે દુર્લભ છે માટે **सद्यः विनिहन्ति च श्रेयस्तनोति** એવા બે પ્રયોગો કર્યા. પરીક્ષિત રાજાને શ્રી શુકાચાર્યે, શ્રી ભક્તિ દેવીને નારદજીએ, ધ્રુવજીને નારદજીએ અને નારદજીને સનત્ કુમારોએ શીઘ્ર ફલ આપ્યાં.

भाग्योदयेन बहुजन्मसमार्जितेन सत्संगमं च लभते पुरुषो यदा वै ।
अज्ञानहेतुकृतमोमहदान्धकारनाशं विधाय हि तदोदयते विवेकः ॥ ७६ ॥

અન્વયાર્થ—**बहुजन्मसमार्जितेन**-અનેક જન્મનાં પુણ્યથી ઉપલબ્ધ, **भाग्योदयेन**-ભાગ્યોદયથી, **यदा**-જ્યારે, **पुरुषः**-પુરુષ, **सत्संगम्**-સત્સંગને, **लभते**-મેળવે છે, **तदा**-ત્યારે, **अज्ञानहेतुकृतमोहमदान्धकारनाशम्**-અજ્ઞાનને લીધે થતા મોહ મદ રૂપી અન્ધકારનો નાશ, **विधाय**-કરીને, **विवेकः**-વિવેક, **उदयते**-ઉદય પામે છે. (વિવેક જાગ્રત થાય છે.)

અનુવાદ—અનેક જન્મમાં સંચય કરેલાં પુણ્ય જ્યારે પ્રકટે છે. ભાગ્યોદય થાય છે ત્યારે મનુષ્યને સત્સંગનો લાભ પ્રાપ્ત થાય છે. એજ સત્સમાગમના પ્રભાવથી અજ્ઞાનને લીધે થતો મોહ તેમજ મદરૂપી એ ગાઢ અંધકારનો નાશ થતા વિવેકનો ઉદય થાય છે.

તત્ત્વસુધા—પ્રથમ અધ્યાયના ઉપક્રમમાં કરેલ માયામોહનિરાસ અને વિવેકનો ઉદય ક્રમ સધાય એ બે પ્રશ્નોના ઉત્તર નિરૂપણમાં બે અધ્યાયોથી શ્રીમદ્ ભાગવત સાધનનો ઉલ્લેખ કરતાં ઉપસંહાર નામના અંગમાં, સત્સંગ દ્વારા શ્રીમદ્ ભાગવત પ્રસંગ એ એકજ અજ્ઞાન માયાનો નિરાસ કરશે, મોહનો નિરાસ કરશે ત્યારે વિવેક સ્વયં ઉદય પામશે એવો નિર્દેશ કર્યો અને ગ્રંથનાં ઉપક્રમ ઉપસંહાર અંગ સાચવ્યાં. સંત પ્રસંગ એજ ભાગ્યનો ઉદય. અનાસક્તને પુરૂષ કહેવાય. સત્સંગ કરવા જતાં પહેલાં પોતાની ભૂમિકા જાગ્રત કરવી પડે. આત્મકૃપા એ પ્રથમ પગથીયું, ગુરૂકૃપા સંતકૃપા બીજું પગથીયું, ગ્રન્થકૃપા ત્રીજું પગથીયું ભગવત્કૃપા એ ચતુર્થ ભૂમિકા.

इति श्री पद्मपुराणे उत्तरखण्डे श्रीमद्भागवतमाहात्म्ये सनत्कुमारनारदसंवादो नाम

द्वितीयोऽध्यायः ।

ઇતિ શ્રી પદ્મપુરાણના ઉત્તરખંડમાં કહેલા શ્રીમદ્ ભાગવત માહાત્મ્યમાં સનત્કુમાર અને નારદના સંવાદમાં તત્ત્વસુધા ટીકાનો બીજો અધ્યાય સંપૂર્ણ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અધ્યાય ત્રીજો

—*—

નારદ ઉવાચઃ—નારદ બોલ્યા.

જ્ઞાનયજ્ઞં કરિષ્યામિ શુકશાસ્ત્રકથોજ્જ્વલમ્ ।
ભક્તિજ્ઞાનવિરાગાણાં સ્થાપનાર્થં પ્રયત્નતઃ ॥૧॥
કુત્ર કાર્યો મયા યજ્ઞઃ સ્થલં તદ્વાચ્યતામિહ ।
મહિમા શુકશાસ્ત્રસ્ય વક્તવ્યો વેદપારગૈઃ ॥૨॥
કિયદ્ભિર્દિવસૈઃ શ્રાવ્યા શ્રીમદ્ભાગવતી કથા ।
કો વિધિસ્તત્ર કર્તવ્યો મમેદં વદતામિતઃ । ૩॥

અન્વયાર્થ—ભક્તિ-જ્ઞાન-વિરાગાણા-ભક્તિ-જ્ઞાન-વૈરાગ્યની, સ્થાપનાર્થમ્-સ્થાપના કરવા માટે, પ્રયત્નતઃ-પ્રયત્ન પૂર્વક, શુકશાસ્ત્રકથોજ્જ્વલમ્-શ્રીશુકશાસ્ત્ર (શ્રીમદ્ ભાગવત) કથાથી પ્રકાશિત, જ્ઞાનયજ્ઞં-જ્ઞાનયજ્ઞને, કરિષ્યામિ-કરીશ, ૧; મયા-મારે, ઇહ-પૃથ્વીલોકમાં, યજ્ઞઃ-જ્ઞાનયજ્ઞ, કુત્ર-ક્યાં, કાર્યઃ-કરવો, તત્-તે, સ્થલમ્-સ્થાનને, વાચ્યતામ્-આપ કહો. વેદપારગૈઃ-વેદોમાં પારંગત આપે, શુકશાસ્ત્રસ્ય-શ્રીમદ્-ભાગવતશાસ્ત્રનું, મહિમા-માહાત્મ્ય, વક્તવ્યઃ-કહેવું, ૨; શ્રીમદ્ભાગવતી-શ્રીમદ્ ભાગવતની, કથા-કથા, કિયદ્ભિઃ-કેટલા, દિવસૈઃ-દિવસ શ્રાવ્યા-સાંભળવી, તત્ર-તેમાં, કઃ-કયો, વિધિઃ-વિધિ, કર્તવ્યઃ-કરવો, મમ-મને, ઇતઃ-એ કારણથી (હવે), ઇદં-આ, વદતામ્-કહો. ૩.

અનુવાદ—નારદજીએ કહ્યું; ભક્તિ અને વૈરાગ્યની સ્થાપના માટે હું શુકશાસ્ત્ર—શ્રીમદ્ ભાગવતની કથાવડે ઉજ્જવલ એવો જ્ઞાનયજ્ઞ પ્રયત્નથી કરીશ ૧; પણ જે સ્થળે એ યજ્ઞ મારે કરવો જોઈએ તે સ્થળ અને શ્રીમદ્ ભાગવતનો મહિમા વેદ પારંગત એવા આપે મને કહેવો જોઈએ. ૨; કેટલા દિવસ શ્રીમદ્ ભાગવતની કથા સાંભળવી અને તેમાં કયો વિધિ કરવો, એ હવે આપ મને કહો. ૩.

તત્ત્વસુધા—સત્કર્મનાં, સ્થાન કાલ અને વિધિ ત્રણ પ્રધાન અંગ છે. તીર્થક્ષેત્ર અગર આશ્રમ કે તપોવનમાં જે જ્ઞાન ચર્ચા થાય તો સાત્વિક વાતાવરણ સહજ રીતે અને તેમજ અસર ધાર્યા કરતાં વધુ થાય. સત્કર્મના સંકલ્પના આરંભમાં તેથીજ "देशकालौ संकीर्त्य" એ પ્રમાણે કહ્યું. કાલમાં પણ અનુકૂલ ઋતુ અને ગ્રહો જોવાથી વિક્ષેપ ન આવે. વિધિ સમજ્યા પાળ્યા વિનાની ક્રિયા વિફલ અને અને કર્તાની શ્રદ્ધાનો ક્ષય થાય. ત્રીજા શ્લોકમાં વદતામ્ ને બદલે उच्यताम् કહેવું જોઈએ પરંતુ આર્ષ પ્રયોગ છે.

કુમારા ઉચુઃ—સનત્કુમારો બોલ્યા.

શૃણુ નારદ વક્ષ્યામો વિનમ્રાય વિવેકિને ।
ગંગાદ્વારસમીપે તુ તટમાનન્દનામકમ્ ॥૪॥
નાનાઋષિગણૈર્જુષ્ટં દેવસિદ્ધનિષેવિતમ્ ।
નાનાતરુલતાકીર્ણં નવકોમલવાલુકમ્ ॥૫॥
રમ્યમેકાન્તદેશસ્થં હૈમપદ્મસુશોભિતમ્ ।
યત્સમીપસ્થજીવાનાં વૈરં ચેતસિ ન સ્થિતમ્ ॥૬॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ज्ञानयज्ञस्त्वया तत्र कर्तव्यो ह्यप्रयत्नतः ।
अपूर्वा रसरूपा च कथा तत्र भविष्यति ॥७॥

અન્વયાર્થ—**નારદ**-નારદ, **વિનમ્રાય**-અતિશય નમ્ર, **વિવેકિને**-વિવેકવાળા (તમને), **વક્ષ્યામઃ**-કહીએ છીએ, (તે) **શૃણુ**-સાંભળો, **ગંગાદ્વારસમીપે**-ગંગાદ્વાર (હરિદ્વાર)ની સમીપમાં, **તુ**-તો, **નાનાઋષિગણૈઃ**-અનેક ઋષિગણોથી, **જુષ્ટમ્**-સેવાયેલ, **દેવસિદ્ધનિષેવિતમ્**-દેવો અને સિદ્ધ પુરૂષોથી સેવાયેલ, **નાનાતરુલતાકીર્ણમ્**-અનેક પ્રકારનાં વૃક્ષો લતાઓથી વ્યાપ્ત, **નવકોમલવાલુકમ્**-નવી કોમલ રેતીવાળ, **રમ્યમ્**-રમણીય, **એકાન્તદેશસ્થમ્**-એકાન્ત પ્રદેશમાં આવેલ, **હૈમપદ્મસુશોભિતમ્**-સુવર્ણમય સોનેરી કમલોથી સુશોભિત, **આનન્દનામકમ્**-આનન્દ નામનો, **તટમ્**-કિનારો, આશ્રમ છે ૪-૫-૬; **યત્સમીપસ્થજીવાનામ્**-તેની સમીપમાં વસનારા પ્રાણીઓના, **ચેતસિ**-મનમાં, **વૈરમ્**-દુશ્મનાવટ, **સ્થિતમ્ ન**-રહેલ નથી, **તત્ર**-ત્યાં, **ત્વયા**-તમારે, **અપ્રયત્નતઃ**-વિનાશ્રમે, **જ્ઞાનયજ્ઞઃ**-જ્ઞાનયજ્ઞ, **કર્તવ્યઃ**-કરવો, **તત્ર**-ત્યાં, **હિ**-અવશ્ય, **રસરૂપા**-રસમયી, **ચ**-અને, **અપૂર્વા**-અપૂર્વ, **કથા**-કથા, **ભવિષ્યતિ**-થશે, ૭.

અનુવાદ—સનત્કુમારોએ કહ્યું, હે નારદ અતિશય વિનયી અને વિવેકી એવા તમને અમે કહીએ છીએ તે સાંભળો; હરિદ્વારની સમીપમાં આનંદ નામનો કિનારો-આશ્રમ છે. ૪; તે અનેક ઋષિગણોના નિવાસવાળો, દેવો અને સિદ્ધોથી સેવાયેલ, જાતજાતનાં વૃક્ષો ને લતાઓથી ભરેલો, નવી કોમલ રેતીવાળો, રમણીય એકાંત પ્રદેશમાં આવેલ, સુવર્ણમય કમલોથી શોભાયમાન છે, તેની સમીપમાં વસતાં પ્રાણીઓના હૃદયમાં વૈરભાવ રહેલ નથી. ૫-૬; ત્યાં વિનાશ્રમે તમારે જ્ઞાનયજ્ઞ કરવો જેથી ત્યાં અવશ્ય અપૂર્વ અને રસભરેલી કથા થશે. ૭.

તત્ત્વસુધા—શ્રોતાના બે અનિવાર્ય ગુણો વિનમ્રતા અને વિવેક. નમ્રતા એટલે સરલતા ને વિનયીપણું. વિવેક એટલે સાર અસાર ગ્રહણ કરનારી મતિ, નિત્ય સત્સંગ, તપ, જપ થાય તે પ્રદેશ સિદ્ધ ભૂમિકા બની જાય, હરિદ્વારમાં કુંભમેળો ભરાય અને સંતમહાત્મો આવેલ હોવાથી મંગલ ને નિર્વૈર ભાવ સહજ સિદ્ધ થાય છે. આનન્દ તટ એવી સંજ્ઞા એટલા માટે પડી છે કે ત્યાં પ્રવેશ કરતાંજ મન-ઇન્દ્રિયો શાંત પ્રફુલ્લ બને છે. જ્યાં મયૂર-સર્પ, વાઘ-બકરા, સિંહ-હરણ જેવાં પ્રેમથી એક કિનારે વસે, વિહાર કરે ને જલ પીએ છે; નારદજીને ત્યાં ચિત્ત નિરોધ માટે સાધન, શ્રમ, તપ, જપાદિ નહીં કરવાં પડે કેવલ કથા રસથીજ નિરોધ થશે. "વિરોધનો અભાવ એનુંજ નામ નિરોધ."

पुरस्थं निर्बलं चैव जराजीर्णकलेवरम् ।
तद्द्वयं च पुरस्कृत्य भक्तिस्तत्रागमिष्यति ॥८॥
यत्र भागवती वार्ता तत्र भक्त्यादिकं व्रजेत् ।
कथाशब्दं समाकर्ण्य तत्त्रिकं तरुणायते ॥९॥

અન્વયાર્થ—**ભક્તિઃ**-ભક્તિદેવી, **પુરસ્થમ્**-આગળ રહેલ, **જરાજીર્ણકલેવરમ્**-જરાથી જીર્ણ શરીર, **ચ એવ**-અને વળી, **નિર્બલમ્**-અતિશય નબળા પડી ગયેલ, **તદ્ દ્વયમ્**-તે બન્નેને, **પુરસ્કૃત્ય**-આગળ કરી, **ચ**-અને પોતે, **તત્ર**-ત્યાં, **આગમિષ્યતિ**-આવશે, ૮. **યત્ર**-જ્યાં, **ભાગવતી**-શ્રીમદ્ ભાગવતની, **વાર્તા**-કથા (થાય છે), **તત્ર**-ત્યાં, **ભક્ત્યાદિકમ્**-ભક્તિ વિગેરે, **વ્રજેત્**-જાય છે, **કથાશબ્દમ્**-કથા શબ્દને **સમાકર્ણ્ય**-સાંભળીને, **તત્ત્રિકમ્**-તે ત્રિપુટી, **તરુણાયતે**-યુવાન બની જાય છે. ૯.

અનુવાદ—ભક્તિદેવી જરાથી જીર્ણ શરીરવાળા નિર્બળ અને પોતાની નજર સામે રહેલા તે જ્ઞાન તથા વૈરાગ્યને આગળ કરીને ત્યાં અવશ્ય આવશેજ ૮; કારણ કે જ્યાં ભાગવતની કથા થાય છે, ત્યાં ભક્તિ વગેરે જાય છે અને કથાનો શબ્દ સાંભળીને તરૂણ બની જાય છે. ૯.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્ત્વસુધા—શ્રીરામચરિતોચ્ચારે વાયુસુનોઃ સમાગમઃ । મહાભારતસંશ્રાવે ચાશ્વત્થામાગમસ્તથા ॥ વિરામે નિર્ગમો વિત્તઃ કિંવદન્તીતિ નિશ્ચિતમ્ રઘુનાથજીના ચરિત્રને સાંભળવા મહાવીર હનુમાન, મહાભારત કથા પ્રસંગમાં ચિરંજીવી અશ્વત્થામા, શ્રીમદ્ ભાગવત પ્રસ્તાવમાં શ્રીકૃષ્ણ, ભક્તો ભક્તિ જ્ઞાન વૈરાગ્ય આવે છે અને વિરામ થતાં વિદાય લે છે એવી કિંવદન્તી છે તેથી કહ્યું કે ભક્ત્યાદિ ત્યાં જાય છે.

સૂત ઉવાચ-શ્રી સૂતજી બોલ્યા.

એવમુક્ત્વા કુમારાસ્તે નારદેન સમં ततः ।
गंगातटं समाजग्मुः कथापानाय सत्वराः ॥१०॥
यदायातास्तटं ते तु तदा कोलाहलोऽभूत् ।
भूर्लोके देवलोके च ब्रह्मलोके तथैव च ॥११॥
श्री भागवतपीयूषपानाय रसलम्पटाः ।
धावन्तोऽप्याययुः सर्वे प्रथमं ये च वैष्णवाः ॥१२॥

અન્વયાર્થ—તે-તે, કુમારાઃ-સનકાદિ કુમારો, એવમ્-એ પ્રમાણે, ઉક્ત્વા-કહીને, કથાપાનાય-કથાનું પાન કરાવવા માટે, તતઃ-ત્યાંથી-બદરિકાશ્રમમાંથી, નારદેન-નારદજીની, સમમ્-સાથે, સત્વરાઃ-શીઘ્રતાથી, ગંગાતટં-ગંગાજીને કિનારે, સમાજગ્મુઃ-આવ્યા, ૧૦; યદા-જ્યારે, તે-તેઓ, તટમ્-ગંગા કિનારે, યાતાઃ-આવ્યા, તદા તુ-ત્યારે તો, ભૂર્લોકે-ભૂલોકમાં, દેવલોકે-દેવલોકમાં, ચ-અને, બ્રહ્મલોકે-બ્રહ્મલોકમાં, અપિ તથા, એવ ચ-અને અન્ય સ્થલોમાં પણ, કોલાહલઃ-કોલાહલ, અભૂત્-થયો, ૧૧; ચ-અને, યે-જેઓ, શ્રીભાગવત્પીયૂષપાનાય-શ્રીમદ્ ભાગવત અમૃત પાન કરવાને માટે, રસલમ્પટા-અતિશય રસિક હતા, (તે-તેઓ) સર્વે-સર્વે, વૈષ્ણવઃ-વૈષ્ણવો, અપિ-પણ, ધાવન્તઃ-દોડતા, પ્રથમમ્-પ્રથમજ, આયયુઃ-ત્યાં આવ્યા. ૧૨.

અનુવાદ-સૂતે કહ્યું; એમ કહી તે સનકાદિ કુમારો કથાપાન કરવા-કરાવવા માટે નારદજીની સાથે તે ગંગાના કિનારે ગયા ૧૦; ત્યારે ભૂલોક, ભૂદેવલોક, અને બ્રહ્મલોક તેમજ સર્વ સ્થળે કોલાહલ મચ્યો ૧૧; અને જેઓ શ્રીમદ્ ભાગવત કથામૃતનું પાન કરવા માટે અતિશય રસિક હતા તેઓ સર્વે વૈષ્ણવો પણ દોડતા પ્રથમ જ ત્યાં આવ્યા. ૧૨.

તત્ત્વસુધા—સત્સંગ થતો હોય ત્યાં નિમંત્રણ જરૂરી નથી, માત્ર સત્સંગની જાણ થવી જરૂરી છે કારણ કે દિવાલ બંધી વિનાનું એ વિશ્વશાન્તિ જલપોનનું સરોવર છે. કોલાહલ એટલે કર્ણોપકર્ણ વાર્તા વિશ્વભરમાં વ્યાપી અને સંભ્રમ-આનંદ ઉત્સાહ ત્યાં જવા છવાયો.

भृगुर्वसिष्ठश्चवनश्च गौतमो मेधातिथिर्देवलदेवरातौ ।
रामस्तथागाधिसुतश्च शाकलो मृकण्डपुत्रोऽत्रिजपिप्पलादाः ॥१३॥
योगेश्वरो व्यासपराशरौ च च्छायाशुको जाजलिजह्नुमुख्याः ।
सर्वेऽप्यमी मुनिगणाः सहपुत्रशिष्याः स्वस्त्रीभरायययुरतिप्रणयेन युक्ताः ॥१४॥
वेदान्तानि च वेदाश्च मन्त्रास्तंत्रा समूर्तयः ।
दशसप्तपुराणानि षट्शास्त्राणि तथा ययुः ॥१५॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

गंगाद्याः सरितस्तत्र पुष्करादिसरांसि च ।
क्षेत्राणि च दिशःसर्वा दण्डकादिवनानि च ॥ १६ ॥
नगादयो ययुस्तत्र देवगन्धर्वकिन्नराः ।
गुरुत्वात्तत्र नायातान् भृगुः संबोध्य चानयत् ॥ १७ ॥

અન્વયાર્થ—**भृगुः**-ભૃગુઋષિ, **वशिष्ठः**-વશિષ્ઠ, **च्यवनः**-ચ્યવન મુનિ, **च गौतमः**-અને ગૌતમ, **मेधातिथिः**-મેધાતિથિ, **देवलः**-દેવલ, **देवरातः**-યાજ્ઞવલ્કય, **रामः**-પરશુરામ, **तथा**-અને, **गाधिसुतः**-વિશ્વામિત્ર, **च**-અને, **शाकलः**-શાકલ મુનિ, **मृकण्डपुत्रः**-માર્કંડેયમુનિ, **अत्रिज-पिप्पलादाः**-દત્તાત્રેય પિપ્પલાદ મુનિ, ૧૩; **योगेश्वरः**-વામદેવ, **व्यासपराशरौ**-વ્યાસ પરાશર મુનિ, **च**-અને, **छायाशुकः**-છાયાશુક, **जाजलिजह्नुमुख्याः**-જાજલિ જહ્નુ વગેરે, **अमी**-આ, **सर्वे अपि**-બધા પણ, **मुनिगणाः**-મુનિગણો, **सहपुत्रशिष्याः**-પુત્ર શિષ્યોની સાથે, **स्वस्त्रीभिः**-સ્ત્રીઓની સાથે, **अतिप्रणयेन**-અતિશય પ્રેમ, **युक्ताः**-વાળા, **आययुः**-આવ્યા. ૧૪; **वेदान्तानि**-ઉપનિષદો, **वेदाः**-ચાર વેદો, **च**-અને, **मंत्राः**-મંત્રો, **च**-અને, **तंत्राः**-તંત્રો, **समूर्तयः**-દેહ ધારણ કરીને, **दशसप्त**-સત્તર, **पुराणानि**-પુરાણો, **षट्**-છ, **शास्त्राणि**-શાસ્ત્રો, **तथा**-તથા, **आययुः**-આવ્યા. ૧૫; **गंगाद्याः**-ગંગાજી વગેરે, **सरितः**-નદિઓ, **तत्रः**-ત્યાં, **पुष्करादिसरांसि**-પુષ્કરાદિ સરોવરો, **च**-અને, **क्षेत्राणि**-ક્ષેત્રો, **च**-અને, **दिशः**-દિશાઓ, **सर्वाः**-સર્વ, **च**-અને, **दण्डकादिवनानि**-દંડક વિગેરે વનો, ૧૬; **नगादयः**-પર્વતો વગેરે, **देवगन्धर्वकिन्नराः**-દેવ ગન્ધર્વ કિન્નરો, **तत्र**-ત્યાં, **ययुः**-ગયા, **तत्र**-ત્યાં, **गुरुत्वात्**-મોટાઈથી, **नायातान्**-નહીં આવેલાઓને; **भृगुः**-ભૃગુઋષિ, **संबोध्य**-સમજાવીને, **च**-અને, **अनायत्**-લઈ આવ્યા. ૧૭.

અનુવાદ—શ્રી ભૃગુ, વિસિષ્ઠ, ચ્યવન, ગૌતમ, મેધાતિથિ, દેવલ, દેવરાત, પરશુરામ, વિશ્વામિત્ર, શાકલ, માર્કંડેય, પિપ્પલાદ, યોગેશ્વર, વામદેવ, વ્યાસ, પરાશર, છાયાશુક, જાજલિ જહ્નુ, વગેરે આ મુનિગણો પોતાના પુત્રો, શિષ્યો અને પત્નીઓ સહિત ઘણા પ્રેમથી આવ્યા. ૧૩; ૧૪; તેમજ વેદાંતો, વેદો, મંત્રો, તંત્રો, સત્તર પુરાણો અને છ નદીઓ, પુષ્કર વગેરે સરોવરો, ક્ષેત્રો, સર્વ દિશાઓ, દંડક આદિ વનો, ૧૬; સર્વ પર્વતો, વૃક્ષો, દેવો. ગન્ધર્વો, કિન્નરો, ત્યાં આવ્યા, તેમજ જેઓ મોટાઈને લીધે ત્યાં ન આવ્યા તેઓને સમજાવીને ભૃગુઋષિ તેડી લાવ્યા. ૧૭.

તત્ત્વસુધા—શ્રોતાઓમાં વૃદ્ધ અને મુખ્ય ભૃગુઋષિ હતા તેમને પ્રથમ ગણ્યા, મેધાતિથિ બલિ-વૈશ્વદેવ કર્મના અંતમાં આવનારા અતિથિમાં વિષ્ણુ ભગવાનની બુદ્ધિથી જોતા પછી તે અતિથિ કોઇપણ હોય તેથી લોકોએ મેધાતિથિ નામ પાડયું. દેવરાત-યાજ્ઞવલ્કય ઋષિનું નામ છે, યોગીશ્વરઃ અને યોગીશ્વરૌ એવા બે પાઠ છે. યોગેશ્વર એક વચન હોય તો વામદેવઋષિ લેવા. પરંતુ દ્વિવચન હોય તો જ્ઞાનવલ્કય-જૈગીષવ્ય બે ઋષિ લેવા. વેદાન્તાનિ એટલે દશ ઉપનિષદ અથવા સર્વ ઉપનિષદ. षट् शास्त्राणि છ શાસ્ત્રો, ગૌતમ-કણાદ-કપિલ-પતંજલિ-વ્યાસ-જૈમિનિ ઋષિઓનાં રચેલાં છે. गुरुत्वात् तत्र नायातान्-એ વાક્યનો અર્થ ગૌરવહાનિ થશે એવું સમજી ન આવનારાઓને સમજાવીને લાવ્યા. અથવા गुरुत्वात् સર્વમાં ગુરુ અથવા વૃદ્ધ હોવાથી ભૃગુઋષિ જેઓ સંસારાસક્ત આવવા સમય કાઢતા ન હતા તેમને સમજાવીને લાવ્યા.

दीक्षिता नारदेनाथ दत्तमासनमुत्तमम् ।
कुमारा वन्दिताः सर्वैर्निषेदुः कृष्णतत्पराः ॥ १८ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

वैष्णवाश्च विरक्ताश्च न्यासिनो ब्रह्मचारिणः ।
मुखभागे स्थितास्ते च तदग्रे नारदः स्थितः ॥ १९ ॥

અન્વયાર્થ—અથ-ત્યાર પછી, દીક્ષિતાઃ-દીક્ષાવાળા, કૃષ્ણતત્પરાઃ-શ્રીકૃષ્ણ કથા શ્રવણમાં ખૂબ આદરવાળા, સર્વૈઃ-સર્વથી, વન્દિતાઃ-વન્દન કરાયેલા, કુમારાઃ-સનકાદિક બ્રહ્મકુમારો, નારદેન-નારદજીથી, દત્તમ્-આપવામાં આવેલા, ઉત્તમમ્-ઉત્તમ, આસનમ્-આસન ઉપર, નિષેદુઃ-બેસતા હતા, ૧૮; વૈષ્ણવાઃ-વૈષ્ણવો, ચ-અને, વિરક્તાઃ-વિરક્ત પુરૂષો, ન્યાસિનઃ ત્યાગી સન્યાસી મહાત્માઓ, બ્રહ્મચારિણઃ-બ્રહ્મચારીઓ, તે-તેઓ સર્વે, મુખભાગે-સર્વથી આગળ, સ્થિતાઃ-બેઠા, ચ-અને, તદગ્રે-તેમની આગળ, નારદઃ-નારદ, સ્થિતઃ-બેઠા. ૧૦.

અનુવાદ—ત્યારબાદ સર્વેએ કથાશ્રવણની દીક્ષા લીધી; સર્વને નારદજીએ ઉત્તમ આસન આપ્યાં ને સર્વથી વંદન કરાયેલા સનત્કુમારો ત્યાં બેઠા. ૧૮; વૈષ્ણવો, વિરક્તો, સંન્યાસીઓ, તથા બ્રહ્મચારીઓ કથા સ્થળમાં અગ્રભાગમાં બેઠા અને તેમની આગળ નારદજી બેઠા. ૧૯.

एकभागे ऋषिगणास्तदन्यत्र दिवौकसः ।
वेदोपनिषदोऽन्यत्र तीर्थान्यत्र स्त्रियोऽन्यतः ॥ २० ॥

અન્વયાર્થ—એકભાગે-એક ભાગમાં, ઋષિગણાઃ-ઋષિ મંડળ બેઠું, તદન્યત્ર-તેનાથી બીજા ભાગમાં, દિવૌકસઃ-દેવો બેઠા, અન્યત્ર-બીજી તરફ, વેદોપનિષદઃ-વેદો અને ઉપનિષદો બેઠાં, અત્ર-અહિયાં, તીર્થાનિ-તીર્થો, તથા, સ્ત્રિયઃ-સ્ત્રીઓ, અન્યતઃ-બીજી તરફ, (તે સર્વ બેઠાં.)

અનુવાદ—એક ભાગમાં ઋષિઓ, બીજા ભાગમાં દેવો, ત્રીજા ભાગમાં વેદો તથા ઉપનિષદો, ચોથી બાજુ તીર્થો અને અન્ય બાજુ સ્ત્રીઓ વગેરે બેઠાં.

जयशब्दो नमःशब्दः शंखशब्दस्तथैव च ।
चूर्णलाजाप्रसूनानां निक्षेपः सुमहानभूत् ॥ २१ ॥

અન્વયાર્થ—જયશબ્દઃ-જયજયકારના શબ્દ, તથા-તથા, નમઃશબ્દઃ-નમનના શબ્દ, ચ-અને, શંખશબ્દઃ-શંખધ્વનિ, (આવા પ્રકારના ઉત્તમ શબ્દ થવા લાગ્યા.) ચૂર્ણલાજાપ્રસૂનાનાં-અબીલ, ગુલાલ, ધાણી તેમજ પુષ્પ વગેરેનું, સુમહાન્-ખૂબજ, નિક્ષેપઃ-વર્ષણ, અભૂત-થયું,

અનુવાદ—ત્યાં જય શબ્દ નમઃ શબ્દ તેમજ શંખનાદ થવા લાગ્યા. અબીલ, ગુલાલ, વગેરે ચૂર્ણ પદાર્થ ધાણી તેમજ નવાંકુર-પુષ્પ વગેરેની મોટા પ્રમાણમાં વૃષ્ટિ થવા લાગી.

विमानानि समारुह्य क्रियन्तो देवनायकाः ।
कल्पवृक्षप्रसूनैस्तान् सर्वांस्तत्र समाकिरन् ॥ २२ ॥

અન્વયાર્થ—કિયન્તઃ-કેટલાક, દેવનાયકાઃ-અગ્રગણ્ય, દેવો, વિમાનાનિ-વિમાનોની અંદર, સમારુહ્ય-બેસીને, કલ્પવૃક્ષપ્રસૂનૈઃ-કલ્પવૃક્ષનાં પુષ્પોથી, તત્ર-ત્યાં, તાન્ સર્વાન્ તે બધાઓને, સમાકિરન્-વધાવતા હતા.

અનુવાદ—કેટલાક દેવોના નાયકો વિમાનમાં બેસી કલ્પવૃક્ષનાં પુષ્પોથી ત્યાં બેઠેલા સર્વને પુષ્પવૃષ્ટિથી વધાવવા લાગ્યા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સૂત ઉવાચ—સૂતજી બોલ્યા.

એવં તેષ્વેકચિત્તેષુ શ્રીમદ્ભાગવતસ્ય ચ ।
માહાત્મ્યમૂચિરે સ્પષ્ટં નારદાય મહાત્મને ॥ ૨૩ ॥

અન્વયાર્થ—એવમ્-આ પ્રમાણે, તેષુ-તેઓ, એકચિતેષુ-એક ચિત્ત જ્યારે થયા ત્યારે, મહાત્મને-મહાત્મા, નારદાય-નારદજીને, શ્રીમદ્ભાગવતસ્ય-શ્રીમદ્ભાગવતનું, માહાત્મ્યમ્-માહાત્મ્ય, સ્પષ્ટમ્-સ્પષ્ટ રીતે, ઊચિરે-તેઓએ સંભળાવ્યું.

અનુવાદ—આ પ્રમાણે તેઓ જ્યારે એક ચિત્ત બન્યા ત્યારે સનકાદિક બ્રહ્મકુમારો મહાત્મા નારદજીને શ્રીમદ્ ભાગવતનું માહાત્મ્ય સ્પષ્ટરીતે કહેવા લાગ્યા.

તત્ત્વસુધા—એકત્રિત થયેલા સમાજમાં નારદજી અને સર્વ શ્રોતૃવૃન્દને સનતકુમારોએ શ્રીમદ્ ભાગવતના પ્રસ્તાવમાં શ્રીમદ્ ભાગવતનું ગૌરવ અને સ્વરૂપ સમજાવ્યું છે પછી શુકદેવજીએ શ્રીમદ્ ભાગવત કહ્યું છે.

કુમારા ઊચુઃ-સનકાદિક બ્રહ્મકુમારો બોલ્યા.

અથ તે વર્ણ્યતેઽસ્માભિર્મહિમા શુકશાસ્ત્રજઃ ।
યસ્ય શ્રવણમાત્રેણ મુક્તિઃ કરતલે સ્થિતા ॥ ૨૪ ॥

અન્વયાર્થ—અથ-હવે, તે-તમારી આગળ, શુકશાસ્ત્રજ-શ્રીમદ્ ભાગવતથી ઉત્પન્ન થતો, મહિમા-મહિમા, અસ્માભિઃ-અમારાથી, વર્ણ્યતે-વર્ણન કરાય છે, યસ્ય-જેના, શ્રવણમાત્રેણ-કેવળ શ્રવણ કરવાથી, મુક્તિઃ-મુક્તિ, કરતલે-હાથમાં, સ્થિતા-રહેલી છે.

અનુવાદ—હવે તમને શ્રીમદ્ ભાગવતશાસ્ત્રનો મહિમા વર્ણવીએ છીએ, જેના કેવળ શ્રવણ કરવાથી મુક્તિ હથેળીમાં રહે છે.

સદા સેવ્યા સદા સેવ્યા શ્રીમદ્ ભાગવતી કથા ।
યસ્યાઃ શ્રવણમાત્રેણ હરિશ્ચિત્તં સમાશ્રયેત્ ॥ ૨૫ ॥

અન્વયાર્થ—સદા- અહર્નિશ, સેવ્યા-સેવન કરવી જોઇએ, શ્રીમદ્ ભાગવતી કથા-શ્રીમદ્ ભાગવત કથા, સદા-દરરોજ, સેવ્યા-સેવવી જોઇએ, યસ્યાઃ-જે કથાના, શ્રવણમાત્રેણ-શ્રવણ કરવા માત્રથી, હરિઃ-શ્રી હરિ, ચિત્તમ્-ચિત્તમાં, સમાશ્રયેત્-આશ્રય કરીને રહે છે.

અનુવાદ—શ્રીમદ્ ભાગવતની કથા પ્રતિદિન સેવવી જોઇએ, જેનું કેવળ શ્રવણ કરવાથી શ્રીહરિ ચિત્તમાં સ્થિરરૂપે આશ્રય કરી રહે છે.

ગ્રન્થોઽષ્ટાદશસાહસ્રો દ્વાદશસ્કંધસમ્મિતઃ ।
પરીક્ષિચ્છુકસંવાદઃ શૃણુ ભાગવતઞ્ચ તત્ ॥ ૨૬ ॥

અન્વયાર્થ—ગ્રન્થઃ-શ્રીમદ્ ભાગવત ગ્રન્થ, અષ્ટાદશસાહસ્રઃ-૧૮ હજાર શ્લોકો યુક્ત છે. દ્વાદશસ્કન્ધ સમ્મિતઃ-જેના ૧૨ સ્કંધ છે; પરીક્ષિચ્છુકસંવાદઃ-રાજા પરીક્ષિત્ અને શુકદેવનો જેમાં સંવાદ છે, તત્-તે. ભાગવતમ્-ભાગવતને, શૃણુ-તમે સાંભળો.

અનુવાદ—શ્રીમદ્ ભાગવતની ૧૮૦૦૦ શ્લોક સંખ્યા છે, ૧૨ સ્કંધ છે. પરીક્ષિત રાજા અને શુકદેવજીનો સંવાદ છે તેનું તમે શ્રવણ કરો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

तावत्संसारचक्रेऽस्मिन् भ्रमतेऽज्ञानतः पूमान् ।
यावत्कर्णगता नास्ति शुकशास्त्रकथा क्षणम् ॥ २७ ॥

અન્વયાર્થ—પુમાન્—પુરુષ, તાવત્-ત્યાં સુધી, અજ્ઞાનતઃ-અજ્ઞાનને લીધે, અસ્મિન્-આ, સંસારચક્રે-સંસારના ચક્કરમાં, ભ્રમતે-ભટકે છે, યાવત્-જ્યાં સુધી, ક્ષણમ્-ક્ષણવાર પણ, શુકશાસ્ત્રકથા-શ્રીમદ્ ભાગવતની કથા, કર્ણગતા-કર્ણ ગોચર, ન+અસ્તિ-નથી ગઈ.

અનુવાદ—જ્યાં સુધી શ્રીમદ્ ભાગવતની કથા એક ક્ષણ પણ કર્ણગત નથી થઈ ત્યાં સુધીજ મનુષ્ય આ સંસાર ચક્રમાં અજ્ઞાનથી ભમે છે.

किं श्रुतैर्बहुभिः शास्त्रैः पुराणैश्च भ्रमावहैः ।
एकं भागवतं शास्त्रं मुक्तिदानेन गर्जति ॥ २८ ॥

અન્વયાર્થ—ભ્રમાવહૈઃ-ભ્રાન્તિ પેદા કરનારાં, બહુભિઃ-અનેક, શાસ્ત્રૈઃ-શાસ્ત્રોથી, ચ-અને, પુરાણૈઃ-પુરાણોથી, શ્રુતૈઃ-સાંભળવાથી, કિમ્-શું, એકમ્-એક ભાગવતં શાસ્ત્રમ્-શ્રીમદ્ ભાગવતશાસ્ત્ર, મુક્તિદાનેન-મુક્તિનું દાન કરવા વડે કરીને, ગર્જતિ-સર્વ શ્રેષ્ઠ રૂપે ગર્જના કરી રહ્યું છે.

અનુવાદ—એકલું શ્રીમદ્ ભાગવત શાસ્ત્ર મોક્ષદાન માટે ગર્જના કરી રહ્યું છે, તો ભ્રાંતિ પેદા કરનારાં ઘણાં શાસ્ત્રો કે પુરાણો સાંભળવાની શી જરૂર છે?

कथा भागवतस्यापि नित्यं भवति यद्गृहे ।
तद्गृहं तीर्थरुपं हि वसतां पापनाशनम् ॥ २९ ॥

અન્વયાર્થ—ભાગવતસ્ય-શ્રીમદ્ ભાગવતની, કથા અપિ-કથા પણ, નિત્યમ્-દરરોજ, યદ્ગૃહમ્-જેને ઘેર ભવતિ-થાય છે, તદ્ ગૃહમ્-તે ઘર, તીર્થરૂપમ્-તીર્થ સ્થળ જેવું છે, હિ-નક્કી, વસતામ્-રહેનારાઓના, પાપનાશમ્-પાપને નાશ કરનારું છે.

અનુવાદ—શ્રીમદ્ ભાગવતની કથા પણ જ્યાં પ્રતિદિન થયા કરે છે તે ઘર પણ ખરેખર તીર્થસ્થળ જેવું જ છે. ત્યાં વસનારાઓના પાપને તે દૂર કરે છે.

अश्वमेधसहस्राणि वाजपेयशतानि च ।
शुकशास्त्रकथायाश्च कलां नार्हन्ति षोडशीम् ॥ ३० ॥

અન્વયાર્થ—અશ્વમેધસહસ્રાણિ-હજારો અશ્વમેધ યજ્ઞો, ચ-અને, વાજપેયશતાનિ-સેંકડો વાજપેય યજ્ઞો, શુકશાસ્ત્રકથાયાઃ-શ્રીમદ્ ભાગવત કથાની, ષોડશીમ્-સોળમા ભાગની, કલામ્ કલાને, ન અર્હન્તિ-યોગ્ય નથી.

અનુવાદ—હજારો અશ્વમેધ યજ્ઞ અને સેંકડો વાજપેય યજ્ઞ શ્રીમદ્ ભાગવતની કથાના સોળમા ભાગને પણ યોગ્ય નથી.

तावत्पापानि देहेऽस्मिन्निवसन्ति तपोधनाः ।
यावन्न श्रूयते सम्यक् श्रीमत् भागवतं नरैः ॥ ३१ ॥
न गंगा न गया काशी पुष्करं न प्रयागकम् ।
शुकशास्त्रकथायाश्च फलेन समतां नयेत् ॥ ३२ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

श्लोकार्धं श्लोकपादं वा नित्यं भागवतोद्भवम् ।
पठस्व स्वमुखेनैव यदीच्छसि परां गतिम् ॥ ३३ ॥

અન્વયાર્થ—હે तपोधनाः-હે તપોધનો, अस्मिन्-આ, देहे-શરીરમાં, पापानि-પાપ, तावत्-ત્યાં સુધી, निवसन्ति-નિવાસ કરીને રહે છે, यावत्-જ્યાં સુધી, नरैः-મનુષ્યોથી, श्रीमद् भागवतम्-શ્રીમદ્ ભાગવત, सम्यक्-પદ્ધતિસર-સારી રીતે, न श्रूयते-સાંભળવામાં આવતું નથી, ૩૧; न गंगा-ગંગા પણ નહીં, न गया-ગયાજી નહીં, न काशी-કાશી પણ નહીં, न पुष्करम्, न प्रयागकम्-પુષ્કરરાજ તેમજ પ્રયાગરાજ પણ નહીં, शुकशास्त्रकथायाः-શ્રીમદ્ ભાગવત કથાના, फलेन-ફળની સાથે, समताम्-સરખામણીને, नयेत्-પામે, ૩૨; यदि-જો, पराम्-શ્રેષ્ઠ, गतिम्-ગતિને (પદને), इच्छसि-તું ઇચ્છે છે તો, भागवतोद्भवम्-શ્રીમદ્ ભાગવતમાંનો, श्लोकार्धम्-અર્ધોશ્લોક, वा-અથવા, श्लोकपादम्-શ્લોકનું એક ચરણ, नित्यम्-દરરોજ, स्वमुखेन एव-સ્વમુખથીજ, पठस्व-ભણો (પાઠ કરો). ૩૩.

અનુવાદ—હે તપોધનો, આ શરીરમાં પાપ ત્યાં સુધીજ નિવાસ કરીને રહે છે કે, જ્યાં સુધી તેમણે સારી રીતે શ્રીમદ્ ભાગવત સાંભળ્યું નથી. ૩૧; ગંગા, ગયા, કાશી અથવા તો પ્રયાગરાજ શ્રીમદ્ ભાગવતની કથાના ફળની સાથે સમાનતા ધરાવી શકતાં નથી. ૩૨; માટે જો તમને પરમ પદની ઇચ્છા હોય તો તમે શ્રીમદ્ ભાગવતના અર્ધા શ્લોકનો અથવા તો પા શ્લોકનો પણ પોતાના મુખથીજ પાઠ કરો. ૩૩.

તત્ત્વસુધા—तपोधनाः સંબોધન હેતુ પૂર્વકનું છે. તન શુદ્ધિમાં તપ સાધન છે પરંતુ તપ પણ એક ધૂન રૂપ બની જાય છે તેથી જેમ ધનિકમાં ક્ષણિક આવેશ આવે છે તેમ તપમાં પણ શીઘ્ર આવેશ આવે છે જેને લીધે પ્રેમ-સેવા ટકતાં નથી કથા શ્રવણથી ક્રોધ શમી જાય છે. તપ કર્યા પછીથી પણ વાસના રહી જાય છે તે સત્સંગથી ઉપાસના બની જાય છે.

१ २ ३
वेदादिर्वेदमाता च पौरुषं सूक्तमेव च ।
४ ५ ६
त्रयी भागवतं चैव द्वादशाक्षर एव च ॥ ३४ ॥
७ ८ ९
द्वादशात्मा प्रयागश्च कालः संवत्सरात्मकः ।
१० ११ १२ १३
ब्राह्मणाश्चग्निहोत्रं च सुरभिर्द्वादशी तथा ॥ ३५ ॥
१४ १५ १६
तुलसी च वसन्तश्च पुरुषोत्तम एव च ।
एतेषां तत्त्वतः प्राज्ञैर्न पृथग्भाव इष्यते ॥ ३६ ॥

અન્વયાર્થ—वेदादिः-વેદનો આદિ અક્ષર ॐ કાર, वेदमाता-ગાયત્રી, पौरुष सूक्तम्-પુરુષ સૂક્ત, त्रयी-વેદ ત્રયી (ऋग्वेद, यजुर्वेद, सामवेद.), भागवतम् च-અને શ્રીમદ્ ભાગવત, द्वादशाक्षरः एव च-અને બાર અક્ષરનો દ્વાદશાક્ષરી મંત્ર, ૩૪; द्वादशात्मा-બાર રાશિમાં ફરતા સૂર્ય ભગવાન, प्रयागः च-અને પ્રયાગ, संवत्सरात्मकः कालः-વર્ષ રૂપ કાળ, च-અને, ब्राह्मणाः-બ્રાહ્મણો, च-અને, अग्निहोत्रम्-અગ્નિહોત્ર, सुरभिः-ગાય, तथा-તથા, द्वादशी-બારશ, च-અને, ૩૫; तुलसी-તુલસી, च-અને, वसन्तः-વસન્ત ઋતુ, पुरुषोत्तमः एव च-અને પુરુષોત્તમ માસ (અધિક માસ), एतेषाम्-આ ઉપર ગણાવ્યાં તે બધાંનો, तत्त्वतः વાસ્તવિક રીતે, प्राज्ञैः-વિદ્વાન પુરુષોથી, पृथग्भावः-જુદા પણું, न इष्यते-ઇચ્છવામાં આવતું નથી. ૩૬;

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—વેદનો પ્રથમ અક્ષર પ્રણવ, ગાયત્રી, પુરુષસૂકત, વેદત્રયી, શ્રીમદ્ ભાગવત, દ્વાદશાક્ષરી મંત્ર, સૂર્ય, પ્રયાગ, વર્ષરૂપ કાળ, બ્રાહ્મણો, અગ્નિહોત્ર, ગાય, દ્વાદશી તિથિ, તુલસી, વસન્ત ઋતુ, પુરુષોત્તમ માસ આ ગણાવ્યાં તે બધાંનો વાસ્તવિક રીતે વિદ્વાન લોકો ભેદ માનતા નથી. (બધાંને એક સરખાંજ ગણે છે.) ૩૪-૩૫-૩૬.

તત્ત્વસુધા—ષોડશકલોયં પુરુષઃ પૂર્ણ પુરુષની સોળ કલાઓ વર્ણવી છે. તેવીજ રીતે આ સોળે સોળ વસ્તુઓ સોળ કલાપૂર્ણ પુરુષોત્તમ જેવી છે. ૐ કાર મુકિત પ્રદાન કરે છે. ગાયત્રી સર્વમંત્રોની જનની છે. અનુલોમ વિલોમ ક્રમે જપવાથી સર્વ કામનાઓની પૂર્તિ કરે છે. પુરૂષ સૂક્તને શ્રીમત્ શંકરાચાર્યે સાત્વિક સાધન માન્યું છે અને ભગવત્સાક્ષાત્કારનું સાધન છે. ત્રણ વેદો સર્વજ્ઞાન તત્વનો સાર છે. શ્રીમદ્ ભાગવત કલ્પતરૂ છે. દ્વાદશાક્ષર મંત્ર સિદ્ધ મંત્ર છે. સૂર્ય જગતનો આત્મા અને પ્રાણ તરીકે માન્યો છે. સૂર્યની ઉપાસનાથી ક્ષયાદિ જટીલ રોગો મટે છે. પ્રયાગ તીર્થરાજ છે, વર્ષાત્મક કાલ ભગવદ્ દાસ છે. બ્રાહ્મણ તપ આશીર્વાદ અને જ્ઞાનનું પ્રતિક છે. અગ્નિહોત્ર વિશ્વશાંતિ અને સમૃદ્ધિનું મુખ્ય સાધન છે. ગાય, પરોપકાર, કરૂણા, ત્યાગ અને પ્રેમની સીમા છે. દ્વાદશી વિષ્ણુતિથિ છે અતિથિઓનું પર્વ છે. તુલસી સર્વ ઔષધિઓની રાજા છે અને સંજીવની છે. વસંત ઋતુરાજ છે. પુરૂષોત્તમમાસ ભગવાનનોજ પ્રતિનિધિ છે. સર્વ તીર્થ–વ્રત–તપ–દાનનો મહિમા છે આ સર્વ ભાગવતકાર્યનાજ કર્તાઓ હોવાથી તેનું પ્રભુની સાથે સામ્ય છે.

यश्च भागवतं शास्त्रं वाचयेदर्थतोऽनिशम् ।
जन्मकोटिकृतं पापं नश्यते नात्र संशयः ॥ ३७ ॥

અન્વયાર્થ—યઃ—જે, ચ—અને, અનિશમ્—હરરોજ ભાગવતં શાસ્ત્રમ્—ભાગવત શાસ્ત્રને, અર્થતઃ—અર્થાનુસંધાન સાથે, વાચયેત્—પાઠ કરે છે—વાંચે છે (તો તેનું), જન્મકોટિકૃતમ્ પાપમ્—કરોડો જન્મમાં કરેલું પાપ, નશ્યતે—નાશ પામે છે, અત્ર—આ વિષયમાં, સંશયઃ ન—સંદેહ નથી.

અનુવાદ—જે કોઈ હરરોજ શ્રીમદ્ ભાગવતનો અર્થ સાથે પાઠ કરે છે તો તેનાં કરોડો જન્મનાં પાપ નાશ પામે છે એમાં સંદેહ નથી.

તત્ત્વસુધા—સ્થાણુરયં ભારહારઃ યોઽનર્થજ્ઞઃ વેદે લખ્યું છે કે જે અર્થ નથી જાણતો તે રતંભની માફક મકાનનું વજન ઝીલે છે. તેજ રીતે અર્થના જ્ઞાન વિનાનો વેદનો ગાનાર પણ ભાર ધારણ કરે છે. એટલે ભાગવત જપમાં અર્થાનુસંધાન મુખ્ય છે. પછી પાઠનું સંધાન.

श्लोकार्धं श्लोकपादं वा पठेद्भागवतं च यः ।
नित्यं पुण्यमवाप्नोति राजसूयाश्वमेधयोः ॥ ३८ ॥

અન્વયાર્થ—યઃ—જે કોઇ, શ્લોકાર્ધમ્—અર્ધો શ્લોક, વા—અથવા, શ્લોકપાદમ્—શ્લોકનું એક ચરણ, (પા શ્લોક), ભાગવતમ્—ભાગવતને, પઠેત્—પાઠ કરે છે, નિત્યમ્—નિત્ય પાઠ કરે છે, (તો તે) રાજસૂયાશ્વમેધયોઃ—રાજસૂય તથા અશ્વમેધ યજ્ઞના પુણ્યમ્—પુણ્યને અવાપ્નોતિ—મેળવે છે.

અનુવાદ—જે કોઈ આ શ્રીમદ્ ભાગવતનો અર્ધો શ્લોક કે પા શ્લોકનો પણ નિત્ય પાઠ કરે છે, તો તે હરરોજ રાજસૂય યજ્ઞ કરવાથી અને અશ્વમેધ યજ્ઞ કરવાથી જે પુણ્ય મળે તે પુણ્યફળને પ્રાપ્ત કરે છે.

उक्तं भागवतं नित्यं कृतं च हरिचिन्तनम् ।
तुलसीपोषणं चैव धेनूनां सेवनं समम् ॥ ३९ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—**નિત્યમ્**-હંમેશ, **ભાગવતમ્**-શ્રીમદ્ ભાગવત, **ઉક્તમ્**-કહેવામાં આવતું હોય, **હરિચિન્તનં ચ**-અને શ્રી હરિનું ચિન્તન, **તુલસીપોષણં ચ**-અને તુલસીનું સિંચન, **ધેનૂનામ્**-ગાયોની, **સેવનમ્** સેવા, આ બધાં **સમમ્**-સમાન ફળ આપનારાં કહ્યાં છે.

અનુવાદ—નિત્ય નિયમથી શ્રીમદ્ ભાગવતની કથા નિત્ય કરેલું શ્રીહરિનું ધ્યાન, તુલસી સિંચન-પૂજન (તુલસીજીની સેવા) અને ગોસેવા આ બધાં સમાન ફળવાળાં છે.

તત્ત્વસુધા— નિત્ય ભાગવત શ્રવણ અમૃતની ગરજ સારે છે. નિત્ય હરિચિંતન માતાપિતાની ખોટ પૂરે છે તુલસીનું જલ સિંચન મોક્ષ આપે ને સમગ્ર રોગોને કાપે. ગોસેવા સર્વકામના પૂરક કામધેનું છે.

या दृष्टा निखिलाघसंघरामनी स्पृष्टा वपुः पावनी
रोगाणामभिवन्दिता निरसमी सिक्तान्तकत्रासिनी
प्रत्यासत्तिविधायिनी भगवतः कृष्णस्य संरोपिता
न्यस्ता तच्चरणे विमुक्तिफलदा तस्यै तुलस्यै नमः ॥

अन्तकाले तु येनैव श्रूयते शुकशास्त्रवाक् ।
प्रीत्या तस्यैव वैकुण्ठं गोविन्दोऽपि प्रयच्छति ॥ ४० ॥

અન્વયાર્થ—**અન્તકાલે તુ**-જીવનની અન્તિમ ક્ષણો ગણાઈ રહી હોય ત્યારે, **યેન**-જેનાથી, **શુકશાસ્ત્રવાગ્** શ્રી શુકદેવજીની વાણી (અર્થાત્ શ્રીમદ્ ભાગવત), **શ્રૂયતે**-સંભળાય છે, **તસ્ય એવ**-તેને જ, **ગોવિન્દઃ અપિ**-ગોવિન્દ પ્રભુ પણ, **પ્રીત્યા**-પ્રીતિથી, **વૈકુણ્ઠમ્**-વૈકુંઠ પદવીને, **પ્રયચ્છતિ**-આપે છે.

અનુવાદ—જે મનુષ્ય અન્તકાળ સમયે શ્રીમદ્ ભાગવતની કથા પ્રેમથી સાંભળે છે તેને જ ભગવાન પણ વૈકુંઠની ગતિને આપે છે.

हेमसिंहयुतं चैतत् वैष्णवाय ददाति च ।
कृष्णेन सह सापुज्यं स पुमाँल्लभते ध्रुवम् ॥ ४१ ॥

અન્વયાર્થ—**હેમસિંહયુતમ્**-સુવર્ણના સિંહ સાથે, **ચ**-અને, **એતત્**-આ શ્રીમદ્ ભાગવતને, **વૈષ્ણવાય**-વૈષ્ણવોને, **દદાતિ**-આપે છે, તો **સઃ**-તે આપનાર, **પુમાન્**-પુરુષ, **કૃષ્ણેન સહ**-શ્રીકૃષ્ણની સાથે, **સાયુજ્યમ્**-સાયુજ્ય મુક્તિને, **ધ્રુવમ્**-ચોક્કસ, **લભતે**-મેળવે છે.

અનુવાદ—જે મનુષ્ય સુવર્ણના સિંહ સાથે આ શ્રીમદ્ ભાગવતનું પુસ્તક વિષ્ણુભક્ત બ્રાહ્મણને આપે છે તો તે દાન કરનાર પુરુષ વિષ્ણુ ભગવાનની સાથે સાયુજ્ય મુક્તિને અવશ્ય પામે છે.

आजन्ममात्रमपि येन शठेन किञ्चिच्चित्तं विधाय शुकशास्त्रकथा न पीता ।
चाण्डालवच्च खरवद् बत तेन नीतं मिथ्या स्वजन्म जननीजनिदुःखभाजा ॥ ४२ ॥

અન્વયાર્થ—**આજન્મમાત્રમ્-અપિ**-જન્મથી આરંભીને, **યેન**-જે, **શઠેન**-શઠ પુરુષે, **કિઞ્ચિદ્**-સહેજ પણ, **ચિત્તમ્**-ચિત્તને, **વિધાય**-પરોવીને, **શુકશાસ્ત્રકથા**-શ્રીમદ્ ભાગવત કથા, **ન પીતા**-પાન કરી નથી, **તેન**-તે શઠ પુરુષે, **જનનીજનિદુઃખભાજા**-માતાને પ્રસવનું દુઃખ આપતા (તેણે) **સ્વજન્મ**-પોતાનો જન્મ, **ચાણ્ડાલવત્**-ચાંડાલની જેમ, **ચ**-અને, **ખરવદ્**-ગર્દભની જેમ, **મિથ્યા**-ફોગટ, **નીતમ્**-ગાળ્યો છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—જે શઠ પુરુષે સમગ્ર જીવનમાં ક્ષણવાર પણ શ્રીમદ્ ભાગવતની કથા સાંભળી નથી તેણે પોતાનો જન્મ ગધેડા ને ચાંડાલની જેમ ફોગટ ગાળ્યો છે-તેણે પોતાનું આયુષ્ય વ્યર્થ ગુમાવ્યું છે. તેણે પોતાને જન્મ આપનારી માતાને નિરર્થક દુઃખી કરી છે.

તત્ત્વસુધા—ચિત્તથી એકાગ્રતા પૂર્વક ભાગવત ન સાંભળનારની ત્રણ કોટિ વર્ણવી. પ્રથમ ચાંડાલવત્ કહ્યું પરંતુ તે તો સમાજની ઘણી સેવા કરે છે તેથી તેનું વ્યર્થજીવન ન મનાય એમ માની બીજી દશાંવીકે ખરવત્ ખરના જેવી જીંદગી ગૂમાવી તો તે પણ ઠીક નહિ ખર પણ ભાર વહન કરી લાવવાનો પરોપકાર કરે છે, ત્યારે છેલ્લી વાત કરી જનનીજનિદુઃખભાજા જગતમાં તે બોજો વધારનાર થયો ઘટાડનાર તો નજ થયો.

जीवच्छवो निगदितः स तु पापकर्मा येन श्रुतं शुककथावचनं न किञ्चित् ।
धिक्तं नरं पशुसमं भुवि भाररूपमेवं वदन्ति दिवि देवसमाजमुख्याः ॥ ४३ ॥

અન્વયાર્થ—येन-જેણે, किञ्चिद्-કંઈ પણ, शुककथावचनम्-શ્રીમદ્ ભાગવત કથાવચન, न श्रुतम्-સાંભળ્યું નથી, सः तु-તે તો पापकर्मा-પાપકર્મ કરનાર છે, जीवच्छवः-જીવતા છતાં મુડદા જેવો, निगदितः-કહ્યો છે, भुवि-પૃથ્વી ઉપર, भाररूपम्-ભારરૂપ, पशुसमम्-પશુ જેવા, તે नरम्-તે માનવને, धिक-ધિક્કાર છે, एवम्-આ પ્રમાણે, दिवि-સ્વર્ગ લોકમાં, देवसमाजमुख्याः-દેવોના સમાજમાં મુખ્ય ગણાતા દેવો, वदन्ति કહે છે.

અનુવાદ—જન્મ ધરીને જે મનુષ્યે પોતાના જીવનમાં કંઈપણ શ્રીમદ્ ભાગવત કથાવચન સાંભળ્યું નથી તે પાપી છે. જીવતા છતાં શબ જેવો છે. પશુ જેવા અને પૃથ્વી ઉપર ભારરૂપ એ મનુષ્યને ધિક્કાર છે એમ સ્વર્ગ લોકના દેવસમાજના મુખ્ય દેવો કહે છે. (બ્રહ્માદિદેવોની એવી માન્યતા છે.)

दुर्लभैव कथा लोके श्रीमद्भागवतोद्भवा ।
कोटिजन्मसमुत्थेन पुण्येनैव तु लभ्यते ॥ ४४ ॥

અન્વયાર્થ—लोके-લોકમાં, श्रीमद्भागवतोद्भवा-શ્રીમદ્ ભાગવતમાંથી પ્રાદુર્ભૂત, कथा-કથા, दुर्लभा-દુર્લભ છે, कोटिजन्मसमुत्थेन-કરોડો જન્મથી ઉત્પન્ન થયેલાં, पुण्येन एव-પુણ્યથીજ, लभ्यते-મેળવાય છે,

અનુવાદ—લોકમાં શ્રીમદ્ ભાગવતની કથા અતિ દુર્લભ છે, કરોડો જન્મનાં પુણ્ય હોય તોજ તે સાંભળવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થાય છે.

तेन योगनिधे धीमन् श्रोतव्या सा प्रयत्नतः ।
दिनानां नियमो नास्ति सर्वदा श्रवणं मतम् ॥ ४५ ॥

અન્વયાર્થ—तेन्-તે કારણથી, हे धीमन्-હે બુદ્ધિશાળી, हे योगनिधे-હે યોગના ભંડાર, सा-તે ભાગવતી કથા, प्रयत्नतः-પ્રયત્ન પૂર્વક, श्रोतव्या-સાંભળવી જોઇએ, दिननाम्-દિવસોને, नियमः-નિયમ, न अस्ति-નથી, सर्वदा-સર્વકાળ, श्रवणम्-શ્રવણ, मतम्-માન્યું છે.

અનુવાદ—માટે હે યોગના નિધિ, હે બુદ્ધિમાન એ કથાને પ્રયત્ન પૂર્વક સાંભળવી. અમુક દિવસેજ સાંભળવી અથવા અમુક દિવસોમાં સાંભળવી એવો કોઈ નિયમ નથી. એટલા માટે સદા શ્રીમદ્ ભાગવત કથાનું શ્રવણ કરવું.

તત્ત્વસુધા—દિવસોનો નિયમ નથી એ કથન સપ્તાહ શ્રવણમાં નથી. જ્યાં સપ્તાહ સકામ હોય ત્યાં સાત દિવસનો વિધિ લેવો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

सत्येन ब्रह्मचर्येण सर्वदा श्रवणं मतम् ।
अशक्यत्वात्कलौ बोध्यो विशेषोऽत्र शुकाज्ञया ॥ ४६ ॥

અન્વયાર્થ—सत्येन-સત્યથી, ब्रह्मचर्येण-બ્રહ્મચર્યથી, सर्वदा-સર્વકાળ, श्रवणम्-શ્રવણ, मतम्-માન્યું છે, कलौ-કલિયુગમાં, अशक्यत्वात्-અશક્ય હોવાથી, अत्र-આ શ્રીમદ્ ભાગવત્ સાંભળવાની બાબતમાં, शुकाज्ञया-શ્રી સુકદેવજી મહારાજની આજ્ઞાથી, विशेषः-વિશેષ નિયમ, बोध्यः-જાણવો.

અનુવાદ—સત્ય અને બ્રહ્મચર્યનું પાલન કરીને સર્વકાળ શ્રીમદ્ ભાગવત સાંભળવું, પરંતુ કલિયુગમાં આવો નિયમ પાળવો શક્ય ન હોવાથી શ્રીશુકદેવજીની આજ્ઞાથી વિશેષ નિયમ સમજવો.

मनोवृत्तिजयश्चैव नियमाचरणं तथा ।
दीक्षां कर्तुमशक्यत्वात् सप्ताहश्रवणं मतम् ॥ ४७ ॥

અન્વયાર્થ—मनोवृत्तिजयः-મનની વૃત્તિઓ ઉપર વિજય મેળવવો, च-અને, नियमाचरणम्-નિયમોનું આચરણ કરવું, तथा-તથા, दीक्षाम्-કથા શ્રવણની દીક્ષા લેવી તે, कर्तुम्-કરવા માટે, अशक्यत्वात्-અશક્ય હોવાથી, सप्ताहश्रवणम्-સાત દિવસોમાં શ્રવણ કરવું, मतम्-માન્યું છે.

અનુવાદ—મનની વૃત્તિઓને વશ કરવી, નિયમાચરણ તથા શ્રવણ કરવા માટેની દીક્ષા લેવી તે બધું અશક્ય હોવાથી "સપ્તાહ"માં સાંભળવાનું માન્ય કર્યું છે.

श्रद्धातः श्रवणे नित्यं माघे तावद्धियत्फलम् ।
तत्फलं शुकदेवेन सप्ताहश्रवणे कृतम् ॥ ४८ ॥
मनसश्चाजयाद्रोगात्पुंसां चैवायुषः क्षयात् ।
कलेर्दोषबहुत्वाच्च सप्ताहश्रवणं मतम् ॥ ४९ ॥

અન્વયાર્થ—यत्-જે, फलम्-ફળ, श्रद्धातः-શ્રદ્ધા પૂર્વક, माघे-મહા મહિનામાં, नित्यम्-દરરોજ, श्रवणे-શ્રવણ કરવામાં છે, तत्-તે, फलम्-ફળ, शुकदेवेन-શ્રીશુકદેવજીએ, सप्ताहश्रवणे-સાત દિવસ શ્રીમદ્ ભાગવત સાંભળવામાં, कृतम्-માન્યું છે, ૪૮; मनसः-મનને, अजयात्-જીતી ન શકવાથી, रोगात्-રોગથી, च-અને, पुंसाम्-પુરુષોના, आयुषः-આયુષ્યના, क्षयात्-વિનાશથી, च-અને, कलेः-કલિયુગના, दोषबहुत्वात्-ઘણા દોષોને લીધે, सप्ताहश्रवणम्-સપ્તાહ શ્રવણ, मतम्-માન્ય કર્યું છે. ૪૯.

અનુવાદ—જે ફળ માઘ મહિનામાં નિત્ય શ્રદ્ધાપૂર્વક શ્રવણ કરવાથી થાય છે તે ફળ સાત દિવસ શ્રીમદ્ ભાગવત્ સાંભળવાથી થાય છે એમ શુકદેવજીએ કહ્યું છે. ૪૮; મનને જીતવું અશક્ય હોવાથી, રોગથી તેમજ પુરુષોના આયુષ્યનો નાશ થતો હોવાથી, તથા કલિયુગના બીજા અનેક દોષોને લીધે સાત દિવસનો કથા શ્રવણનો વિધિ નક્કી કર્યો છે. ૪૯.

यत्फलं नास्ति तपसा न योगेन समाधिना ।
अनायासेन तत्सर्वं सप्ताहश्रवणे लभेत् ॥ ५० ॥

અન્વયાર્થ—यत्-જે, फलम्-ફળ, तपसा-તપથી, न+अस्ति-નથી મળતું, योगेन-યોગથી, समाधिना-સમાધિથી, न-નથી મળતું, तत्-તે, सर्वम्-સર્વફળ, अनायासेन-અનાયાસે सप्ताहश्रवणे-સપ્તાહ શ્રવણ કરવાથી, लभेत्-મેળવાય છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—જે ફળ તપ વડે યોગથી કે સમાધિ વડે નથી મળી શકતું તે સર્વ ફળ અનાયાસેજ ફક્ત સાત દિવસ શ્રવણ કરવાથી મળે છે.

યજ્ઞાદ્ ગર્જતિ સપ્તાહઃ સપ્તાહો ગર્જતિ વ્રતાત્ ।
તપસો ગર્જતિ પ્રોચ્ચૈસ્તીર્થાન્નિત્યં હિ ગર્જતિ ॥ ૫૧ ॥

અન્વયાર્થ—સપ્તાહઃ-શ્રીમદ્ ભાગવત સપ્તાહ નામે જ્ઞાનયજ્ઞ, યજ્ઞાત્-યજ્ઞ કરતાં, ગર્જતિ-અધિક ગર્જના કરે છે, સપ્તાહ-સપ્તાહ, વ્રતાત્-વ્રત કરતાં, ગર્જતિ-અધિક ગર્જના કરે છે, તપસઃ-તપ કરતાં, પ્રોચ્ચૈઃ-ઊંચેથી, ગર્જતિ-ગર્જના કરે છે, તીર્થાત્-તીર્થના કરતાં, નિત્યમ્-દરરોજ, ગર્જતિ-અધિક ગર્જના કરે છે.

અનુવાદ—શ્રીમદ્ ભાગવત સપ્તાહ, યજ્ઞ કરતાં અધિક ગર્જના કરે છે, વ્રતના કરતાં અધિક ગર્જના કરે છે, તપના કરતાં અધિક ગર્જના કરે છે, તીર્થના કરતાં અધિક ગર્જના કરે છે.

યોગાદ્ ગર્જતિ સપ્તાહો ધ્યાનાજ્જ્ઞાનાચ્ચ ગર્જતિ ।
કિં બ્રૂમો ગર્જનં તસ્ય રે રે ગર્જતિ ગર્જતિ ॥ ૫૨ ॥

અન્વયાર્થ—યોગાત્-અષ્ટાંગ યોગ કરતાં, સપ્તાહઃ-સપ્તાહ, ગર્જતિ-અધિક ગર્જના કરે છે, જ્ઞાનાત્-જ્ઞાન કરતાં, ચ-અને, ધ્યાનાત્-ધ્યાનથી પણ અધિક, ગર્જતિ-ગર્જના કરે છે, તસ્ય-તે સપ્તાહ જ્ઞાનયજ્ઞની, ગર્જનમ્-ગર્જનાને, કિમ્-શું, બ્રૂમઃ-અમો કહીએ, રે રે ગર્જતિ-અરે એતો સર્વશ્રેષ્ઠ તરીકે ગર્જના કરે છે, ગર્જતિ-ગર્જના કરી રહ્યું છે.

અનુવાદ—અષ્ટાંગયોગ, જ્ઞાન, ધ્યાન, એ બધાં કરતાં પણ વિશેષરૂપે શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ ગર્જના કરે છે. અરે એની ગર્જના વિશે વધુ શું કહીએ. બસ સર્વોત્કૃષ્ટ રીતે સતત ગર્જના કરી રહ્યો છે જ.

શૌનક ઊવાચ—શૌનક બોલ્યા.

સાશ્ચર્યમેતત્કથિતં કથાનકં જ્ઞાનાદિધર્માન્ વિગણય્ય સામ્પ્રતમ્ ।
નિઃશ્રેયસે ભાગવતં પુરાણં જાતં કુતો યોગવિદાદિસૂચકમ્ ॥ ૫૩ ॥

અન્વયાર્થ—હે યોગવિદ્-હે યોગવેત્તા, સાશ્ચર્યમ્-આશ્ચર્ય ઉપજાવે તેવું, એતત્-આ, કથાનકમ્-કથાનક, કથિતમ્-કહ્યું, સામ્પ્રતમ્-હાલમાં, જ્ઞાનાદિધર્માન્-જ્ઞાન વગેરે ધર્મોને, વિગણય્ય-અનાદર કરીને, નિઃશ્રેયસે-કલ્યાણને માટે, ભાગવતં પુરાણમ્-ભાગવત પુરાણ, આદિસૂચકમ્-પરબ્રહ્મ પરમાત્માનું જ્ઞાન કરાવનારું, કુતઃ-કયાંથી, (કેવી રીતે) જાતમ્-થયું ?

અનુવાદ—હે યોગવેત્તા, આપે તો આ આશ્ચર્ય ઉપજાવે તેવું વૃત્તાન્ત જણાવ્યું. જ્ઞાનાદિ ધર્મોનો અનાદર કરીને પરમ કલ્યાણને માટે શ્રીમદ્ ભાગવત શાસ્ત્ર પરબ્રહ્મ-પરમાત્માનું જ્ઞાન કરાવનારનું કેવી રીતે થયું ? તે કહો.

સૂત ઊવાચ—સૂતજી બોલ્યા.

યદા કૃષ્ણો ધરાં ત્યક્ત્વા સ્વપદં ગન્તુમુદ્યતઃ ।
એકાદશં પરિશ્રુત્યોદ્ધવો વાક્યમબ્રવીત્ ॥ ૫૪ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—યદા-જ્યારે, કૃષ્ણઃ-ભગવાન શ્રીકૃષ્ણ, ધરામ-પૃથ્વીને, ત્યક્ત્વા-ત્યજીને, સ્વપદમ્-સ્વધામ, ગન્તુમ્-જવા માટે, ઉદ્યતઃ-તૈયાર થયા ત્યારે, એકાદશમ્-એકાદશ સ્કંધ, પરિશ્રુત્ય+અપિ-શ્રવણ કરવા છતાં પણ, ઉદ્ધવઃ-ઉદ્ધવજી, વાક્યમ્-વાક્યને, અબ્રવીત્-બોલ્યા.

અનુવાદ—જ્યારે શ્રીકૃષ્ણ ભગવાન આ પૃથ્વીને ત્યજીને સ્વધામ પધારવાને તૈયાર થયા ત્યારે એકાદશસ્કંધ સાંભળવા છતાં પણ ઉદ્ધવજી આ પ્રમાણે વાક્ય બોલ્યા.

ઉદ્ધવ ઉવાચ—ઉદ્ધવજી બોલ્યા.

त्वं तु यास्यसि गोविन्द भक्तकार्यं विधाय च ।
मच्चित्ते महती चिन्ता तां श्रुत्वा सुखमावह ॥ ५५ ॥

અન્વયાર્થ—હે ગોવિન્દ-હે ગોવિન્દ, ભક્તકાર્યમ્-ભક્તોના કાર્યને, વિધાય-સંપાદન કરીને, ત્વમ્-તમે, તુ-તો, યાસ્યસિ-જશો, (પરંતુ) મચ્ચિત્તે-મારા ચિત્તમાં, મહતી-મોટી, ચિન્તા-ચિન્તા છે, તામ્-તે ચિન્તાને, શ્રુત્વા-સાંભળીને, સુખમ્-સુખને, આવહ-ઉપજાવો.

અનુવાદ—હે ગોવિંદ ભક્તોના કાર્યને સંપાદન કરીને તમે તો જશો, પરંતુ મારા ચિત્તમાં મોટી ચિંતા છે તે ચિંતાને સાંભળીને સુખને ઉપજાવો.

आगतोऽयं कलिर्घोरो भविष्यन्ति पुनः खलाः ।
तत्सङ्गेनैव सन्तोऽपि गमिष्यन्त्युग्रतां यदा ॥ ५६ ॥
तदा भारवती भूमिर्गोरूपेयं कमाश्रयेत् ।
अन्यो न दृश्यते त्राता त्वत्तः कमललोचन ॥ ५७ ॥

અન્વયાર્થ—અયમ્-આ, ઘોરઃ-ભયંકર, કલિઃ-કલિયુગ, આગતઃ-આવ્યો છે, ખલાઃ-દુષ્ટ પુરુષો, પુનઃ-ફરીથી, ભવિષ્યન્તિ-થશે, તત્સંગેન-તે ખલ પુરુષોના સંગથી, સન્તઃ અપિ-સજ્જન પુરુષો પણ, યદા-જ્યારે, ઉગ્રતામ્-ઉગ્ર સ્વભાવપણાને, ગમિષ્યન્તિ-પ્રાપ્ત થશે, ૫૬; તદા-ત્યારે, ગોરૂપા-ગાયનું રૂપ ધારણ કરતી, ઇયમ્-આ, ભારવતી-ભાર સહન કરનારી, ભૂમિઃ-પૃથ્વી, કમ્-કોને, આશ્રયેત્-આશ્રય કરશે ? હે કમલલોચન-કમળ સમાન નેત્રવાળા હે પ્રભો, ત્વત્તઃ-આપનાથી, અન્યઃ-બીજો, ત્રાતા-રક્ષક, ન દૃશ્યતે-જણાતો નથી. ૫૭.

અનુવાદ—આ ભયંકર કલિયુગ આવ્યો છે. એમાં પુરુષો ખલ થશે. એમના સંગદોષથી સત્પુરુષો પણ જ્યારે ઉગ્ર સ્વભાવના થશે ત્યારે ભારવાળી ગાયનું રૂપ ધારણ કરતી આ પૃથ્વી બીજા કોને શરણે જશે ? હે કમળ નયન, આપના શિવાય આનો રક્ષણ કરનાર બીજો કોઇપણ જણાતો નથી. ૫૬, ૫૭.

अतः सत्सु दयां कृत्वा भक्तवत्सल मा व्रज ।
भक्तार्थं सगुणो जातो निराकारोऽपि चिन्मयः ॥ ५८ ॥

અન્વયાર્થ—અતઃ-એટલા માટે, હે ભક્તવત્સલ-હે ભક્ત વત્સલ પ્રભો, સત્સુ-સત્પુરુષો ઉપર, દયામ્-દયાને, કૃત્વા-કરીને, મા વ્રજ-તમે ન જાઓ, નિરાકારઃ-નિરાકાર, (આકૃતિ વગરના) ચિન્મયઃ-ચૈતન્ય સ્વરૂપ હોવા છતાં, અપિ-પણ, ભક્તાર્થમ્-ભક્તો માટે, સગુણઃ-સાકાર રૂપે, જાતઃ-પ્રગટયા છો.

અનુવાદ—એટલા માટે હે ભક્ત વત્સલ ભગવાન, સત્પુરુષો ઉપર દયા કરીને આપ ન જાઓ. આપ નિર્ગુણ નિરાકાર ચૈતન્યમય હોવા છતાં ભક્તો કાજે સાકાર રૂપે પ્રગટયા છો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

त्वद्वियोगेन ते भक्ताः कथं स्थास्यन्ति भूतले ।
निर्गुणोपासने कष्टमतः किञ्चिद्विचारय ॥ ५९ ॥

અન્વયાર્થ—त्वद्वियोगेन-તમારા વિયોગથી, भूतले-પૃથ્વી ઉપર, ते-તમારા, भक्ताः-ભક્તો, कथम्-કેવી રીતે, स्थास्यन्ति-રહેશે, निर्गुणोपासने-નિર્ગુણ-નિરાકારની ઉપાસનામાં, कष्टम्-કષ્ટ છે, अतः-એટલા માટે, किञ्चिद्-કંઈક, विचारय-વિચાર કરો.

અનુવાદ—હે પ્રભો, આપના વિયોગથી પૃથ્વી ઉપર આપના ભક્તો કેવી રીતે જીવન ટકાવી રાખી શકશે. વળી નિર્ગુણ-નિરાકારની ઉપાસનામાં ઘણું કષ્ટ છે, માટે કંઈક વિચાર કરો.

इत्युद्धववचः त्वा प्रभासेऽचिन्तयद्धरिः ।
भक्तावलम्बनार्थाय किं विधेयं मयेति च ॥ ६० ॥

અન્વયાર્થ—इति-આ પ્રમાણેનું, उद्धववचः-ઉદ્ધવજીના વચનને, श्रुत्वा-સાંભળીને. हरिः-શ્રી હરિ, प्रभासे-પ્રભાસ ક્ષેત્રમાં, अचिन्तयत्-વિચાર કરવા લાગ્યા, भक्तावलम्बनार्थाय-ભક્તોના અવલંબન માટે, मया-મારે, किम-શું, विधेयम्-કરવું જોઇએ, इति-એમ (વિચારવા લાગ્યા.)

અનુવાદ—આ પ્રમાણે જ્ઞાની ભક્ત ઉદ્ધવજીનું વચન સાંભળીને પ્રભાસ ક્ષેત્રમાં શ્રીહરિ વિચારવા લાગ્યા કે મારે ભક્તોના અવલંબન માટે શું કરવું જોઇએ ?

स्वकीयं यद्भवेत्तेजस्तच्च भागवतेऽदधात् ।
तिरोधाय प्रविष्टोऽयं श्रीमद्भागवतार्णवम् ॥ ६१ ॥

અન્વયાર્થ—स्वकीयम्-પોતાનું, यद्-જે, तेजः-તેજ, भवेत्-હતું, तत्-તે તેજને, भागवते-શ્રીમદ્ ભાગવતમાં, अदधात्-સ્થાપ્યું, अयम्-આ શ્રીહરિ, श्रीमद्भागवतार्णवम्-શ્રીમદ્ ભાગવતરૂપી મહાસાગરમાં, तिरोधाय-અન્તર્ધાન થઇને, (ગુપ્ત રીતે સંતાઇને) प्रविष्टः-પ્રવેશ કરીને રહ્યા છે.

અનુવાદ—પોતાનું જે તેજ હતું તેને પ્રભુએ આ શ્રીમદ્ ભાગવતમાં સ્થાપ્યું. તેથી પ્રભુ આ શ્રીમદ્ ભાગવતરૂપી મહાસાગરમાં અદૃશ્યરૂપે પ્રવેશ કરીને રહ્યા છે.

तेनेयं वाङ्मयी मूर्तिः प्रत्यक्षा वर्तते हरेः ।
सेवनाच्छ्रवणात्पाठाद्दर्शनात्पापनाशिनी ॥ ६२ ॥

અન્વયાર્થ—तेन-તે કારણથી, इयम्-આ, (શ્રીમદ્ ભાગવતરૂપી) हरेः-શ્રીહરિનું, प्रत्यक्षा-પ્રત્યક્ષ, वाङ्मयी-વાણીરૂપે, मूर्तिः-સ્વરૂપ, वर्तते-રહ્યું છે, सेवनात्-સેવન કરવાથી, श्रवणात्-શ્રવણ કરવાથી, पाठत्-પાઠ કરવાથી, दर्शनात्-દર્શન કરવાથી, पापनाशिनी-પાપનો નાશ કરનારી છે.

અનુવાદ—તેથી આ શ્રીમદ્ ભાગવત એ સાક્ષાત્ શ્રીહરિનું વાણીરૂપે પ્રત્યક્ષ પ્રગટ સ્વરૂપ છે. જેનું સેવન કરવાથી, શ્રવણ કરવાથી, પાઠ કરવાથી, દર્શન કરવાથી પાપનો નાશ કરનારું છે.

તત્ત્વસુધા—ભગવાનની બે મૂર્તિ, સેવ્ય અને શ્રોતવ્ય, શ્રીમદ્ ભાગવત ઉભયાત્મક મૂર્તિ છે તે સેવ્ય અને શ્રોતવ્ય પણ છે.

सप्ताहश्रवणं तेन सर्वेभ्योऽप्यधिकं कृतम् ।
साधनानि तिरस्कृत्य कलौ धर्मोऽप्यमीरितः ॥ ६३ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—તેન-તે કારણથી, સર્વેભ્યઃ અપિ-બીજાં સર્વ સાધનો કરતાં પણ, સપ્તાહશ્રવણમ્-શ્રીમદ્ ભાગવત સપ્તાહ શ્રવણ, અધિકમ્-સર્વ શ્રેષ્ઠ, કૃતમ્-કર્યું છે, કલૌ-કલિયુગમાં, સાધનાનિ-બીજાં સાધનોને, (પરમપદ પ્રાપ્તિના) તિરસ્કૃત્ય-અનાદર કરીને, અયમ્-આ, ધર્મઃ-ધર્મ ઈરિતઃ-કહ્યો છે.

અનુવાદ—એ કારણથી જ સપ્તાહ શ્રવણ બધાથી શ્રેષ્ઠ માનવામાં આવ્યું છે. કળિયુગમાં સર્વ સાધનોનો તિરસ્કાર કરીને "શ્રીમદ્ ભાગવતનું" સપ્તાહમાં શ્રવણ કરવું એ સર્વ શ્રેષ્ઠ ધર્મ મનાયો છે.

दुःखदारिद्र्यदौर्भाग्य पापप्रक्षालनाय च ।
कामक्रोधजयार्थं हि कलौ धर्मोऽयमीरितः ॥ ६४ ॥

અન્વયાર્થ—દુઃખદારિદ્ર્યદૌર્ભાગ્ય પાપપ્રક્ષાલનાય- દુઃખ, દારિદ્ર્ય, દુર્ભાગ્ય, પાપ વગેરેને દૂર કરવા માટે, ચ-અને, કામક્રોધજયાર્થમ્-કામ, ક્રોધ, વગેરે ઉપર વિજય મેળવવા માટે, કલૌ-કળિયુગમાં, અયમ્-આ, ધર્મઃ-ધર્મ, ઈરિતઃ-કહ્યો છે.

અનુવાદ—દુઃખ દારિદ્ર્ય દુર્ભાગ્ય તેમજ અનેક પ્રકારનાં ઘોર પાપ વગેરેની નિવૃત્તિને માટે તેમજ કામ ક્રોધ વગેરે ઉપર વિજય મેળવવા માટે કળિયુગમાં આ શ્રીમદ્ ભાગવત સપ્તાહ શ્રવણ કરવાનો એક માત્ર ધર્મ કહ્યો છે.

अन्यथा वैष्णवीमाया देवैरपि सुदुस्त्यजा ।
कथं त्याज्या भवेत्पुंभिः सप्ताहोऽतः प्रकीर्तितः ॥ ६५ ॥

અન્વયાર્થ—અન્યથા-નહિ તો, વૈષ્ણવી-વિષ્ણુ ભગવાનની, માયા-માયા, દેવૈઃ અપિ-દેવોથી પણ, સુદુસ્ત્યજા-ત્યજવી મુશ્કેલ છે, (ત્યાગ કરવી દુષ્કર છે તો પછી) પુમ્ભિઃ-પુરુષોથી, ત્યાજ્યા-ત્યાગ કરવા લાયક, કથમ્-કેવી રીતે, ભવેત્-થાય, અતઃ-એટલા માટે, સપ્તાહઃ-સપ્તાહનું વિધાન, પ્રકીર્તિતઃ-કરવામાં આવ્યું છે.

અનુવાદ—જો એમ ન હોત તો શ્રીવિષ્ણુભગવાનની માયા દેવોથી પણ ત્યજી શકાય તેમ નથી તો પુરુષોની તો વાતજ શી! (બીજા પુરુષોથી તો ત્યાગ થઈ શકે જ કેવી રીતે) માટેજ એવી માયાને જીતવા માટેજ સપ્તાહનું વિધાન કરેલું છે.

સૂત ઉવાચ— સૂતજી બોલ્યા.

एवं नगाहश्रवणोरुधर्मे प्रकाश्यमाने ऋषिभिः सभायाम् ।
आश्चर्यमेकं समभूत्तदानीं तदुच्यते संशृणु शौनक त्वम् ॥ ६६ ॥

અન્વયાર્થ—એવમ્-આ પ્રમાણે, ઋષિભિઃ-સનકાદિક ઋષિઓએ, સભાયામ્-સભામાં, નગાહ-શ્રવણોરુધર્મે-સપ્તાહ શ્રવણ કરવાના મોટા ધર્મોને, પ્રકાશ્યમાને-પ્રકાશ કરવા માંડ્યા કે, તદાનીમ્-તે વખતે, એકમ્-એક, આશ્ચર્યમ્-આશ્ચર્ય, સમભૂત્-થયું, હે શૌનક-હે શૌનક, તત્-તે આશ્ચર્યને, ઉચ્યતે-કહેવાય છે, સંશૃણુ-તમે સાંભળો.

અનુવાદ—આ પ્રમાણે સનકાદિક બ્રહ્મર્ષિઓ શ્રીમદ્ભાગવતસપ્તાહ શ્રવણ કરવાના મહાન ધર્મોને સભામાં પ્રકટ કરી રહ્યા હતા તે સમયે એક આશ્ચર્ય થયું. હે શૌનક તે આશ્ચર્યને અમે કહીએ છીએ; તમે સાંભળો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભક્તિઃ સુતૌ તૌ તરુણૌ ગૃહીત્વા પ્રેમૈકરૂપા સહસાઽઽવિરાસીત્ ।
શ્રીકૃષ્ણ ગોવિન્દ હરે મુરારે નાથેતિ નામાનિ મુહુર્વદન્તી ॥ ૬૭ ॥

અન્વયાર્થ—શ્રીકૃષ્ણ ગોવિન્દ હરે મુરારે નાથ ઇતિ-શ્રીકૃષ્ણ, ગોવિન્દ, હરે, મુરારે, નાથ, એ પ્રકારે, નામાનિ-નામોને, મુહુઃ-વારંવાર, વદન્તી-બોલતી, તરુણૌ-નવ જુવાન, તૌ-તે બે, (જ્ઞાન વૈરાગ્ય નામના) સુતૌ-પુત્રોને, ગૃહીત્વા-લઈને, પ્રેમૈકરૂપા-પ્રેમ સ્વરૂપ, (પ્રેમ એજ જેનું એક સ્વરૂપ છે, એવી પ્રેમ લક્ષણા) ભક્તિઃ-ભક્તિ, સહસા-એકદમ, આવીરાસીત્-પ્રગટ થઇ.

અનુવાદ—શ્રીકૃષ્ણ, ગોવિન્દ, હરે, મુરારે, નાથ એવાં ભગવન્નામોનું વારંવાર ઉચ્ચારણ કરતી પ્રેમભક્તિ, પોતાના બન્ને તરૂણ પુત્રોને સાથે લઇને સભામાં એકદમ પ્રકટ થઈ.

તાં ચાગતાં ભાગવતાર્થભૂષાં સુચારુવેષાં દદૃશુઃ સદસ્યાઃ ।
કથં પ્રવિષ્ટા કથમાગતેયં મધ્યે મુનિનામિતિ તર્કયન્તઃ ॥ ૬૮ ॥

અન્વયાર્થ—ભાગવતાર્થભૂષામ્-શ્રીમદ્ ભાગવતના અર્થરૂપી આભરણોથી શણગારેલી, સુચારુવેષામ્-અતિ સુંદર શૃંગારથી વિભૂષિત, આગતામ્-આવેલી, તામ્-તે ભક્તિને, સદસ્યાઃ-સભાસદો, દદૃશુઃ-જોતા હતા, મુનીનામ્-મુનિઓની, મધ્યે-મધ્ય ભાગમાં, ઇયમ્-આ ભક્તિ, કથમ્-શા માટે, પ્રવિષ્ટા-પ્રવેશી, કથમ્-શા માટે, આગતા-આવી, ઇતિ-આ પ્રમાણે, તર્કયન્તઃ-તર્ક કરતા. (બધા સભાજનો જોતા હતા).

અનુવાદ—શ્રીમદ્ ભાગવતના અર્થરૂપી આભરણોથી શણગારેલી, અતિ સુંદર શૃંગારથી શોભતી એકદમ પ્રગટ થયેલી તે ભક્તિને, "મુનીઓની મધ્યમાં આ શા માટે પ્રવેશી હશે ? શા માટે આવી હશે ?" આમ તર્ક કરતા સભાસદો તેને જોતા હતા.

ઊચુઃ કુમારા વચનં તદાનીં કથાર્થતો નિષ્પતિતાધુનેયમ્ ।
એવં ગિરઃ સા સસુતા નિશમ્ય સનત્કુમારં નિજગાદ નમ્રા ॥ ૬૯ ॥

અન્વયાર્થ—તદાનીમ્-તે સમયે, કુમારાઃ-સનકાદિક કુમારો, વચનમ્-વચનને, ઊચુઃ-બોલ્યા, ઇયમ્-આ ભક્તિ, અધુના-હાલમાં, કથાર્થતઃ-શ્રી ભાગવત કથાના અર્થમાંથી, નિષ્પતિતા-પ્રાદુર્ભૂત થઈ છે, એવમ્-આ પ્રમાણેની, ગિરઃ-વાણીને, નિશમ્ય-સાંભળીને, નમ્રા-નમ્ર બેપી, સસુતા-પુત્રો સાથે, સા-તે ભક્તિ, સનત્કુમારમ્-સનતકુમાર પ્રત્યે, નિજગાદ-બોલી.

અનુવાદ—તે સમયે સનકાદિક બ્રહ્મકુમારો વચન બોલ્યા કે આ ભક્તિ હાલમાં અહિયાં શ્રીમદ્ ભાગવત કથાના અર્થમાં પ્રગટ થઇ છે. આ પ્રમાણેની વાણી સાંભળીને વિનમ્ર, પુત્રોથી યુકત તે ભક્તિ સનત્કુમાર પ્રત્યે બોલી.

ભક્તિરુવાચ—ભક્તિ બોલી.

ભવદ્ભિરદ્યૈવ કૃતાસ્મિ પુષ્ટા કલિપ્રણષ્ટાપિ કથારસેન ।
ક્વાહંતુ તિષ્ઠામ્યધુના બ્રુવન્તુ બ્રાહ્મા ઇદં તાં ગિરમૂચિરે તે ॥ ૭૦ ॥

અન્વયાર્થ—કલિપ્રણષ્ટા અપિ-કળિયુગના દોષોને લીધે નાશ પામેલી હોવા છતાં, ભવદ્ભિઃ-આપ લોકોએ, કથારસેન-શ્રીમદ્ ભાગવત કથા રસ વડે, અદ્ય+એવ-આજે જ, પુષ્ટા-પુષ્ટ, કૃતા+અસ્મિ-કરી છે, અધુના-હાલમાં, હે બ્રાહ્મા:-હે બ્રહ્મકુમારો, અહમ્-હું, તુ-તો, ક્વ-ક્યાં, તિષ્ઠામિ-રહું, ઇદમ-આ, બ્રુવન્તુ-કહો, તે-તે બ્રહ્મકુમારો, તામ્-તે ભક્તિને, ગિરમ્-વાણીને, ઊચિરે-કહેવા લાગ્યા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ— જો કે હું કળિકાળના દોષોથી નષ્ટપ્રાય હોવા છતાં શ્રીમદ્ ભાગવતના કથારસ વડે મને આજે જ આપ મહાપુરુષોએ પુષ્ટિ આપી છે. હે બ્રહ્મકુમારો, હવે આપ મને કહો કે હાલમાં હું કયાં વસું ? સનત્કુમારો ભક્તિને નીચે મુજબ વચન કહેવા લાગ્યા—

भक्तेषु गोविन्दसरूपकर्त्री प्रेमैकधर्त्री भवरोगहन्त्री ।
सा त्वं च तिष्ठस्व सुधैर्यसंश्रया निरंतरं वैष्णवमानसानि ॥ ७१ ॥

અન્વયાર્થ—ભક્તેષુ-ભક્તોમાં, ગોવિન્દસરૂપકર્ત્રી-ગોવિન્દનું સારૂપ્ય અર્પણ કરતી, પ્રેમૈકધર્ત્રી-કેવળ એક પ્રેમનાજ સ્વરૂપને ધારણ કરતી, ભવરોગહન્ત્રી-સંસાર રૂપી મહારોગને હણતી, સુધૈર્યસંશ્રયા-ખૂબ ધૈર્યનો આશ્રય કરતી, સા-તે એવી, ત્વમ્-તું, નિરન્તરમ્-નિરંતર, વૈષ્ણવમાનસાનિ-વૈષ્ણવોના મન મંદિરમાં, તિષ્ઠસ્વ-રહે.

અનુવાદ—હે ભક્તિ, તમે ભક્તોને ગોવિન્દ સ્વરૂપ આપનારાં, પ્રેમને ધારણ કરતાં-પ્રેમના સ્વરૂપને વધારતાં, સંસાર રૂપ મહારોગને હણનાર છો. તમે આજથી ખૂબ ધૈર્યનો આશ્રય કરી નિરંતર વૈષ્ણવોના હૃદયમાં વાસ કરીને રહો.

ततोऽपि दोषाः कलिजा इमे त्वां द्रष्टुं न शक्ताः प्रभवोऽपि लोके ।
एवं तदाज्ञावसरेऽपि भक्तिस्तदा निषण्णा हरिदासचित्ते ॥ ७२ ॥

અન્વયાર્થ— ततः-તેથી, इमे-આ બધા, कलिजाः अपि-કળિયુગમાં ઉત્પન્ન થતા એવા પણ, दोषाः-દોષો, लोके-લોકમાં, प्रभवः अपि-સમર્થ હોવા છતાં પણ, त्वाम्-તમને, द्रष्टुम्-જોવા માટે, न शक्ताः-સમર્થ નહીં થાય, एवम्-આ પ્રમાણે, तदाज्ञावसरे-સનકાદિકોની આજ્ઞા થતાં, भक्तिः-ભક્તિ, तदा-ત્યારે, हरिदासचित्ते-શ્રીહરિના દાસોના હૃદયમાં, निषण्णा-બેઠી.

અનુવાદ—એમ કરવાથી આ કળિકાળના, લોકોમાં પોતાનો પ્રભાવ દાખવતા દોષો પણ તમારા સામે દૃષ્ટિપાત કરવા સમર્થ થઈ શકશે નહીં. આવી સનકાદિકોની આજ્ઞા થતાં ભક્તિએ ભક્તોના હૃદયોમાં નિવાસ કર્યો.

सकलभुवनमध्ये निर्धनास्तेऽपि धन्या निवसति हृदि येषां श्रीहरेर्भक्तिरेका ।
हरिरपि निजलोकं सर्वथातो विहाय प्रविशति हृदि तेषां भक्तिसूत्रोपनद्धः ॥ ७३ ॥

અન્વયાર્થ—येषाम्-જેઓના, हृदि-હૃદયમાં, श्रीहरेः-શ્રીહરિની, एका-એક, भक्तिः-ભક્તિ, निवसति-વસે છે, ते-તેઓ, सकलभुवनमध्ये-સકલ ભુવનોની અંદર, निर्धनाः अपि-ભલે નિર્ધન હોય છતાં પણ, धन्याः-ધન્યવાદને યોગ્ય છે, भक्तिसूत्रोपनद्धः-ભક્તિ રૂપી સૂત્રથી બંધાયેલા, हरिः अपि-શ્રીહરિ પણ, निजलोकम्-પોતાના વૈકુંઠ લોકને, सर्वथातः-સર્વ રીતે, विहाय-ત્યજી દઈને, तेषाम्-તે ભક્તોના हृदि-હૃદયમાં, प्रविशति-પ્રવેશ કરીને રહે છે.

અનુવાદ—જેઓનાં ચિત્તમાં શ્રીકૃષ્ણની ભક્તિ નિવાસ કરીને રહી છે તેઓ સકલભુવનમાં નિર્ધન હોવા છતાં ધન્યવાદને પાત્ર છે. શ્રીહરિ પણ પોતાનો લોક છોડીને ભક્તિના પ્રેમબન્ધનથી બંધાઈને ભક્તોના હૃદયમાં નિવાસ કરે છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બ્રૂમોઽદ્ય તે કિમધિકં મહિમાનમેવં બ્રહ્માત્મકસ્ય ભુવિ ભાગવતાભિધસ્ય ।
યત્સંશ્રયાન્નિગદિતે લભતે સુવક્તા શ્રોતાપિ કૃષ્ણસમતામલમન્યધર્મૈઃ ॥ ૭૪ ॥

અન્વયાર્થ—ભુવિ-પૃથ્વી ઉપર, બ્રહ્માત્મકસ્ય-બ્રહ્મસ્વરૂપ, ભાગવતાભિધસ્ય-શ્રીમદ્ ભાગવતના, મહિમાનમ્-મહિમાને, કિમ્-શું, અધિકમ્-વધારે, તે-તમને, અદ્ય-આજે, બ્રૂમઃ-કહીએ, યત્સંશ્રયાત્-જેનો સારી રીતે આશ્રય કરવાથી, (સેવન કરવાથી) નિગદિતે-કથન કરવામાં આવતાં, સુવક્તા-સારી રીતે કથન કરનાર, શ્રોતાઅપિ-તેમજ શ્રવણ કરનાર શ્રોતા પણ, કૃષ્ણસમતામ્-શ્રીકૃષ્ણની સમાનતાને, લભતે-મેળવે છે, અન્યધર્મૈઃ-બીજા ધર્મોથી, અલમ્-બસ.

અનુવાદ—પૃથ્વી ઉપર બ્રહ્મતત્વ પ્રતિપાદક-બ્રહ્મસ્વરૂપ આ શ્રીમદ્ ભાગવતનો આથી વધીને મહિમા અમે બીજો શો કહીએ ! શ્રીમદ્ ભાગવતનો આશ્રય કરવાથી-કથન કરવાથી કે શ્રવણ કરવાથી શ્રોતા તેમજ વક્તા શ્રીકૃષ્ણ ભગવાનના જેવાજ થઈ જાય છે. ત્યાં બીજા ધર્મોનું સેવન કરવાથી શું ? (અર્થાત્-શ્રીમદ્ ભાગવત શિવાય બીજા ધર્મોનું સેવન કરવાની કંઈજ જરૂર નથી.)

ઇતિ શ્રી પદ્મપુરાણે ઉત્તરખણ્ડે શ્રીમદ્ભાગવતમાહાત્મ્યે સનત્કુમારનારદસંવાદો નામ
તૃતીયોઽધ્યાયઃ ।

ઇતિ શ્રી પદ્મપુરાણના ઉત્તરખંડમાં કહેલા શ્રીમદ્ ભાગવત માહાત્મ્યમાં સનત્કુમાર અને નારદના સંવાદમાં તત્ત્વસુધા ટીકાનો ત્રીજો અધ્યાય સંપૂર્ણ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અધ્યાય ચોથો

સૂત ઉવાચ—સૂતજી બોલ્યા.

અથ વૈષ્ણવચિત્તેષુ દૃષ્ટ્વા ભક્તિમલૌકિકીમ્ ।
નિજલોકં પરિત્યજ્ય ભગવાન્ ભક્તવત્સલઃ ॥ ૧ ॥
વનમાલી ઘનશ્યામઃ પીતવાસાઃ મનોહરઃ ।
કાઞ્ચીકલાપરુચિરો લસન્મુકુટકુંડલઃ ॥ ૨ ॥
ત્રિભંગલલિતશ્ચારુકૌસ્તુભેન વિરાજિતઃ ।
કોટિમન્મથલાવણ્યો હરિચન્દનચર્ચિતઃ ॥ ૩ ॥
પરમાનન્દચિન્મૂર્તિર્મધુરો મુરલીધરઃ ॥
આવિવેશ સ્વભક્તાનાં હૃદયાન્યમલાનિ ચ । ૪ ॥

અન્વયાર્થ—અથ-ત્યાર પછી, વૈષ્ણવચિત્તેષુ-વૈષ્ણવોના ચિત્તોમાં, અલૌકિકીમ્-અલૌકિક, ભક્તિમ્-ભક્તિને, દૃષ્ટ્વા-જોઇને, ભક્તવત્સલઃ-ભક્તવત્સલ,[૧] ૧; વનમાલી-વનમાલી,[૨] ઘનશ્યામઃ-મેઘશ્યામ,[૩] પીતવાસાઃ-પીતાંબરધારી,[૪] મનોહરઃ-મનોહર,[૫] કાઞ્ચીકલાપરુચિરઃ-કંદોરાની સેરથી શોભતા,[૬] લસન્મુકુટકુંડલઃ-ઝળકતા મુકુટ કુંડલવાળા,[૭] ૨; ત્રિભંગલલિતઃ-ત્રિભંગ લલિત,[૮] ચારુકૌસ્તુભેન વિરાજિતઃ-સુંદર કૌસ્તુભ મણિથી શોભતા,[૯] કોટિમન્મથલાવણ્યઃ-કરોડ કામદેવ જેવા રૂપાળા,[૧૦] હરિચન્દનચર્ચિતઃ-હરિચન્દનથી અર્ચાયેલા,[૧૧] ૩; પરમાનન્દચિન્મૂર્તિઃ-પરમ આનંદ અને ચૈતન્યમય મૂર્તિવાળા,[૧૨] મધુરઃ-મધુર,[૧૩] મુરલીધરઃ-વેણુધારી,[૧૪] ભગવાન્-ભગવન્,[૧૫] સ્વભક્તાનાં ચ-પોતાના ભક્તોનાં, અમલાનિ-નિર્મલ, હૃદયાનિ-હૃદયોમાં, આવિવેશ-પ્રવેશ્યા. ૪.

અનુવાદ—ત્યારપછી વૈષ્ણવોના મનમાં અલૌકિક પ્રકારની ભક્તિને જોઇને ભક્તવત્સલ, વનમાલાને ધારણ કરનાર, મેઘશ્યામ, પીતાંબરધારી, મનોહર, કંદોરાની સેરથી સુશોભિત, ઝળકતા મુકુટ કુંડલવાળા, ત્રિભંગ લલિત, સુંદર કૌસ્તુભ મણિથી શોભતા, કરોડ કામદેવ જેવા રૂપાળા, હરિચન્દનથી અર્ચાયેલ અંગવાળા, પરમ આનંદ અને ચૈતન્યમય મૂર્તિવાળા, મધુર અને મુરલીને ધારણ કરનારા એવા પંદર વિશેષણવાળા પૂર્ણગુણ ભગવાને પોતાના ભક્તોનાં નિર્મલ હૃદયોમાં પ્રવેશ કર્યો. ૧; ૨; ૩; ૪.

તત્વસુધા—ભક્તોના હૃદયમાં ભગવાન પધારે છે તેનાં પંદર વિશેષણો છે.—ભગવાન્ એક શબ્દ વિશેષ્ય છે બાકીના ચૌદ વિશેષણો છે.—વનમાલા ભગવાનની કીર્તિમાલા છે તેમાંના પુષ્પો ભક્તો છે, ને સૂત્ર ભક્તોનું ચરિત્ર છે, અંદરનું સૂત્ર ભગવાનની ઈચ્છા છે, તેમાં પરોવાયેલ ભક્ત પુષ્પો ભગવાનને પ્રાણથી વધુ પ્રિય છે. માટે કંઠમાં આલિંગન કરવા વનમાલારૂપે ધારણ કર્યો છે.

મેઘશ્યામ શબ્દથી ભક્તોના તાપ-સંતાપ પાપને નિવારણ કરતી કૃપાલુના વર્ણથી છે, પીતાંબર જ્ઞાન આપે છે, મનોહર શબ્દથી પ્રેમ આપે છે. ત્રિભંગ લલિત એટલે ત્રણ ભાગમાં પ્રભુ ટેઢા-વાંકા થઇ ઉભા છે તેથી સૌન્દર્યમાં વધારો કરે છે. જીવ, કામ, ક્રોધ, લોભથી વિપરીત જીવન જીવે છે તેના તે ત્રણે દોષોનો ભંગ કરે છે પરંતુ ઘણાજ પ્રેમથી દોષોનો નાશ કરે છે જેથી ભક્તને ક્લેશ થતો નથી ને કામ થાય છે તે કાર્ય દર્શાવતું ભગવાનનું સ્વરૂપ ત્રિભંગ લલિત છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વૈકુણ્ઠવાસિનો યે ચ વૈષ્ણવા ઉદ્ધવાદયઃ ।
તત્કથાશ્રવણાર્થં તે ગૂઢરૂપેણ સંસ્થિતાઃ ॥ ૫ ॥
તદા જયજયારાવો રસપુષ્ટિરલૌકિકી ।
ચૂર્ણપ્રસૂનવૃષ્ટિશ્ચ મુહુઃ શંખરવોઽપ્યભૂત્ ॥ ૬ ॥

અન્વયાર્થ—વૈકુણ્ઠવાસિનઃ-વૈકુંઠમાં નિવાસ કરતા, યે-જે, ઉદ્ધવાદયઃ-ઉદ્ધવજી વગેરે, વૈષ્ણવાઃ-વૈષ્ણવો, ચ-અને, (અન્ય વૈષ્ણવો) તે-તેઓ, તત્કથાશ્રવણાર્થમ્-તે કથાના શ્રવણ કરવા માટે, ગૂઢરૂપેણ-ગુપ્તરૂપે, સંસ્થિતાઃ-બીરાજ્યા, ૫; તદા-ત્યારે, જયજયારાવઃ-જયજયકાર શબ્દ, ચૂર્ણપ્રસૂનવૃષ્ટિઃ-ચૂર્ણ અને પુષ્પોની વૃષ્ટિ, ચ-અને, મુહુઃ શંખરવઃ-વારંવાર શંખનાદ, અપિ-પણ, અભૂત્-થયો, (જેથી) અલૌકિકી-અલૌકિક, રસપુષ્ટિઃ-રસની પુષ્ટિ થઇ. ૬.

અનુવાદ—વૈકુંઠ નિવાસી ભક્તો અને ઉદ્ધવાદિ જે વૈષ્ણવો હતા તેઓ ગુપ્ત સ્વરૂપે તે કથા સાંભળવાને બેઠા ૫; ત્યારે સભામાં જયજય નાદ-ઘોષ સંભળાવા લાગ્યો, અબીલ, ગુલાલ, પુષ્પ વૃષ્ટિ થવા લાગ્યાં શંખનાદ પણ થયા તેથી અલૌકિક પ્રકારે રસપુષ્ટિ થઈ. ૬;

તત્સભાસંસ્થિતાનાઞ્ચ દેહગેહાત્મવિસ્મૃતિઃ ।
દૃષ્ટ્વા ચ તન્મયાવસ્થાં નારદો વાક્યમબ્રવીત્ ॥ ૭ ॥

અન્વયાર્થ—ચ-અને, તત્સભાસંસ્થિતાનામ્-કથા સભા મંડપમાં બેઠેલાઓની, દેહગેહાત્મવિસ્મૃતિઃ-દેહ ગેહ અને આત્માની વિસ્મૃતિ થઇ, ચ-અને, તન્મયાવસ્થામ્-આવી તન્મયતાને, દૃષ્ટ્વા-જોઇએ, નારદઃ-નારદજી, વાક્યમ્-વાક્યને, અબ્રવીત્-બોલ્યા,

અનુવાદ—તે સભામાં બેઠેલાઓને પોતાના ઘર, શરીર અને સ્વભાવનું અનુસંધાન ન રહ્યું. આવી તન્મય અવસ્થાને જોઈને નારદજી બોલ્યા.

અલૌકિકોઽયં મહિમા મુનીશ્વરાઃ સપ્તાહજન્યોઽદ્ય વિલોકિતો મયા ।
મૂઢાઃ શઠાઃ યે પશુપક્ષિણોઽત્ર સર્વેઽપિ નિષ્પાપતમા ભવન્તિ ॥ ૮ ॥

અન્વયાર્થ—હે મુનીશ્વરાઃ—હે મુનીશ્વરો, અદ્ય-આજે, મયા-મેં, સપ્તાહજન્યઃ-સપ્તાહ સંબંધી, અયમ્-આ, અલૌકિકઃ-અલૌકિક, મહિમા-મહિમા, વિલોકિતઃ-જોયો, અત્ર-આ સભામાં, મૂઢાઃ-મૂઢો, શઠાઃ-શઠો, યે-અને જે, પશુપક્ષિણઃ-પશુપક્ષીઓ છે, અપિ-(તેઓ) પણ, સર્વે-સર્વે, નિષ્પાપતમાઃ-પાપ રહિત, ભવન્તિ-થાય છે.

અનુવાદ—નારદજી બોલ્યા-હે મુનીશ્વરો સપ્તાહ સંબંધી અલૌકિક મહિમા આજે મેં જોયો; આ સભામાં મૂઢ, શઠ, અને જેઓ પશુપક્ષીઓ છે તેઓ પણ અત્યંત નિષ્પાપ બન્યાં છે.

અતો નૃલોકે નનુ નાસ્તિ કિઞ્ચિત્ ચિત્તસ્ય શોધાય કલૌ પવિત્રમ્ ।
અઘૌઘવિધ્વંસકરં તથૈવ કથાસમાનં ભુવિ નાસ્તિ ચાન્યત્ ॥ ૯ ॥
કે કે વિશુધ્યન્તિ વદન્તુ મહ્યં સપ્તાહયજ્ઞેન કથામયેન ।
કૃપાલુભિર્લોકહિતં વિચાર્ય પ્રકાશિતઃ કોઽપિ નવીનમાર્ગઃ ॥ ૧૦ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—**અતः**-આથી અધિક, **નૃલોકે**-પૃથ્વીમાં, **ननु**-ખરેખર, **चित्तस्य**-અન્તઃકરણની, **शोधाय**-શુદ્ધિ માટે, **कलौ**-કલિયુગમાં, **किञ्चित्**-કાંઈ પણ, **पवित्रम्**-પવિત્ર સાધન, **नास्ति**-નથી, **तथैव**-તેમજ, **भुवि**-પૃથ્વી ઉપર, **कथासमानम्**-કથાના જેવું, **अघौघविध्वंसकरं**-પાપના સમૂહનું નાશ કરનાર, **च अन्यत्**-અન્ય કોઇ, **नास्ति**-નથી, ૯; **के के**-કોણ કોણ, **कथामयेन**-કથામય, **सप्ताहयज्ञेन**-સપ્તાહ યજ્ઞથી, **विशुध्यन्ति**-પવિત્ર થાય છે, **मह्यम्**-(તે) મને, **वदन्तु**-આપ કહો, **कृपालुभिः**-દયાળુ આપે, **लोकहितम्**-લોક કલ્યાણને, **विचार्य**-વિચારીને, **को अपि**-કોઈ એક, **नवीनमार्गः**-અલૌકિક માર્ગ, **प्रकाशित**-પ્રકાશિત કર્યો છે. ૧૦.

અનુવાદ—આથી આ અધિક કલિયુગમાં મનુષ્ય લોકમાં ચિત્તની શુદ્ધિ માટે કથા સમાન પવિત્ર અને પાપોના સમુદાયને નાશ કરનાર બીજું કોઈપણ સાધન પૃથ્વી ઉપર નથી. ૯; આપ મને કહો કે કથામય એવા સપ્તાહ યજ્ઞથી કોણ કોણ પવિત્ર થાય છે; ખરેખર આપ કૃપાલુઓએ લોકહિતનો વિચાર કરી આ કોઈ અનુપમ માર્ગ પ્રકટ કર્યો છે. ૧૦.

कुमारा ऊचुः—સનત્કુમારો બોલ્યા.

ये मानवाः पापकृतस्तु सर्वदा सदा दुराचाररता विमार्गगाः ।
क्रोधाग्निदग्धाः कुटिलाश्चकामिनः सप्ताहयज्ञेन कलौ पुनन्ति ते ॥ ११ ॥
सत्येन हीनाः पितृमातृदूषकास्तृष्णाकुलाश्चाश्रमधर्मवर्जिताः ।
ये दाम्भिकाः मत्सरिणोऽपि हिंसका सप्ताहयज्ञेन कलौ पुनन्ति ते ॥ १२ ॥
पञ्चोग्रपापाश्छलछद्मकारिणः कूटाः पिशाचा इव निर्दयाश्च ये ।
ब्रह्मस्वपुष्टाः व्यभिचारकारिणः सप्ताहयज्ञेन कलौ पुनन्ति ते ॥ १३ ॥
कायेन वाचा मनसापि पातकं नित्यं प्रकुर्वन्ति शठा हठेन ये ।
परस्वपुष्टा मलिना दुराशयाः सप्ताहयज्ञेन कलौ पुनंति ते ॥ १४ ॥

અન્વયાર્થ—**ये**-જે, **मानवाः**-માનવો, **सर्वदा**-હમેશાં, **पापकृतः**-પાપાચાર કરનાર, **सदा**-હર હંમેશ, **दुराचाररताः**-દુરાચારમાં રહેલ, **विमार्गगाः**-કુમાર્ગે જનાર, **क्रोधाग्निदग्धाः**-ક્રોધરૂપી અગ્નિથી બળેલા, **कुटिलाः**-કુટિલ, **च कामिनः**-અને કામીઓ છે, **ते**-તેઓ, **कलौ**-કલિયુગમાં, **सप्ताहयज्ञेन**-સપ્તાહ યજ્ઞથી, **पुनन्ति**-પવિત્ર થાય છે, ૧૧; **ये सत्येन**-જેઓ સત્યથી, **हीनाः**-વેગળા **पितृमातृदूषकाः**-માતા પિતાને લાંછન લગાડનાર, **तृष्णाकुलाः**-તૃષ્ણાઓથી આકુલ વ્યાકુલ, **आश्रमधर्मवर्जिताः**-આશ્રમ ધર્મથી ભ્રષ્ટ, **च**-અને, **दाम्भिकाः**-દંભીઓ, **मत्सरिणः**-મત્સરવાળા, **हिंसकाः**-હિંસક છે, **ते अपि** તેઓ પણ, **कलौ**-કલિયુગમાં, **सप्ताहयज्ञेन** સપ્તાહ યજ્ઞથી, **पुनन्ति**-પવિત્ર થાય છે, ૧૨; **ये पञ्चोग्रपापाः**-જેઓ પાંચ પ્રકારનાં ઉગ્ર પાપો કરનાર, **छलछद्मकारिणः**-છલકપટ કરનાર, **क्रूराः**-ક્રૂર, **पिशाचाः इव निर्दयाः**-પિશાચના જેવા નિર્દય છે, **च**-અને, **ब्रह्मस्वपुष्टाः**-બ્રાહ્મણના દ્રવ્યથી જીવતા, **व्यभिचारकारिणः**-વ્યભિચારીઓ છે, **ते अपि**-તેઓ પણ, **सप्ताहयज्ञेन**-સપ્તાહ યજ્ઞથી પવિત્ર થાય છે, ૧૩; **ये**-જે, **शठाः**-શઠો, **हठेन**-હઠ પૂર્વક, **नित्यम्**-નિત્ય, **कायेन**-શરીરથી, **वाचा**-વાણીથી, **मनसा**-મનથી, **अपि**-પણ, **पातकं**-પાપને, **कुर्वन्ति**-કરે છે, **परस्वपुष्टाः**-પારકા ધનથીજ જીવનાર, **मलिनाः**-મલિન, **दुराशयाः**-દુષ્ટ આશયવાળા છે, **ते अपि**-તેઓ પણ, **कलौ**-કલિમાં, **सप्ताहयज्ञेन**-સપ્તાહ યજ્ઞથી, **पुनन्ति**-પવિત્ર થાય છે; ૧૪.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—સનત્કુમારોએ કહ્યું; જે મનુષ્યો સર્વદા પાપ કરનાર, સદા દુરાચારમાં રહેનાર, અવળે માર્ગે જનાર, ક્રોધરૂપી અગ્નિથી બળેલા, કુટિલ અને ક્રૂરી છે, ૧૧; જેઓ સત્યથી વેગળા પિતા-માતાને લાંછન લગાડનાર, તૃષ્ણાઓથી વ્યાકુલ-ભરેલા આશ્રમ, ધર્મથી ભ્રષ્ટ, દંભી, મત્સરવાળા અને હિંસક છે, ૧૨; જે પાંચ પ્રકારનાં ઉગ્ર પાપોને કરનાર, છલ-કૂપટ કરનાર, ક્રૂર, પિશાચ જેવા નિર્દય, બ્રાહ્મણ દ્રવ્યથીજ ઉછરેલા અને વ્યભિચારીઓ છે, ૧૩; જે શઠ લોકો ઈરાદા પૂર્વક મન વાણી શરીરથી નિત્ય પાપ કરે છે, પારકાજ દ્રવ્યથી જીવે છે, મલિન અને દુષ્ટ આશય વાળા છે, તેઓ પણ કલિમાં સપ્તાહ યજ્ઞથી પવિત્ર થાય છે. ૧૪.

તત્ત્વસુધા—ચાર શ્લોકમાં પચીસ પ્રકારના અપરાધીઓ ગણાવ્યા છે, જેઓ સપ્તાહ શ્રવણ-કીર્તનથી પવિત્ર થાય છે. ચોવીસ પ્રકૃતિના દોષો, અને પચીસમો પ્રકૃતિના સંગથી નિર્દોષ પણ આત્માનો સંગ દોષ મળી પચીસ દોષોની શુદ્ધિનું સામર્થ્ય સપ્તાહમાં છે. હિંસકાः હિંસક એટલે જીવઘાતીઓ, પઞ્ચોગ્રપાપાः બ્રહ્મઘાતી, ગોહત્યારો, સુવર્ણચોર, મદિરાપીનાર અને તેઓનો સંગી એ પાંચ ઉગ્ર પાપી ગણાય. ક્રૂરાः સ્વભાવથીજ નિર્દય-નિર્દય સ્વભાવવાળા. પિશાચાः ઇવ નિર્દયાः રાક્ષસની માફક સર્વથા મન વાણી ક્રિયાથી નિર્દય.

अत्र ते कीर्तयिष्याम इतिहासं पुरातनम् ।
यस्य श्रवणमात्रेण पापहानिः प्रजायते ॥ १५ ॥

અન્વયાર્થ—અત્ર-અહીંઆં, તે-તને, પુરાતનમ્-પુરાતન, ઇતિહાસમ્-ઇતિહાસને. કીર્તયિષ્યામઃ-કહીશું, યસ્ય-જેની, શ્રવણમાત્રેણ-સાંભળવાથીજ, પાપહાનિઃ-પાપોનાશ, પ્રજાયતે-થાય છે.

અનુવાદ—આ બાબતમાં તમને પુરાતન ઇતિહાસ વર્ણવીશું કે જેના માત્ર શ્રવણથીજ પાપોનો નાશ થશે.

तुङ्गभद्रातटे पूर्वमभूत्पत्तनमुत्तमम् ।
यत्र वर्णाः स्वधर्मेण सत्यसत्कर्मतत्पराः ॥ १६ ॥
आत्मदेवः पुरे तस्मिन् सर्ववेदविशारदः ।
श्रौतस्मार्तेषु निष्णातो द्वितीय इव भास्करः ॥ १७ ॥
भिक्षुको वित्तवान् लोके—

અન્વયાર્થ—તુઙ્ગભદ્રાતટે-તુંગભદ્રા નદીના કિનારે, પૂર્વમ્-પૂર્વે, ઉત્તમમ્-ઉત્તમ, પત્તનમ્-નગર, અભૂત-હતું, યત્ર-જે નગરમાં, વર્ણાઃ-ચારે વર્ણો, સ્વધર્મેણ-સ્વધર્મથી, સત્યસત્કર્મતત્પરાઃ-સત્ય સત્કર્મમાં તત્પર હતા, ૧૬; તસ્મિન્-તે, પુરે-નગરમાં, સર્વવેદવિશારદઃ-સર્વ વેદોમાં વિશારદ, શ્રૌતસ્માર્તેષુ-શ્રૌતસ્માર્ત કર્મોમાં, નિષ્ણાતઃ-હુંશીઆર, દ્વિતીયઃ-બીજા, ભાસ્કરઃ ઇવ-સૂર્ય જેવો, ભિક્ષુકઃ-વિપ્રની આજીવિકાથી જીવનાર, લોકે-લોકમાં, વિત્તવાન્-વિત્તવાળો, આત્મદેવઃ-આત્મદેવ (વિપ્ર હતો). ૧૭.

અનુવાદ—પૂર્વે તુંગભદ્રા નદીને કિનારે એક ઉત્તમ નગર હતું, જ્યાં સર્વ વર્ણ સ્વધર્મ પરાયણ અને સત્કર્મ તત્પર હતા; ૧૬ તે નગરમાં સર્વ વેદોમાં કુશળ શ્રૌત અને સ્માર્ત કર્મોમાં પ્રવીણ, બીજા સૂર્ય જેવો તેજસ્વી, ભિક્ષુક જીવીકાથી જીવનાર છતાં લોકમાં ધનવાન ગણાતો આત્મદેવ નામે વિપ્ર રહેતો હતો. ૧૭.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

तत्त्वसुधा—આત્મદેવનો પ્રસંગ માહાત્મ્યમાં અને પરીક્ષિત રાજાનો પ્રસંગ ભાગવતમાં પ્રધાન પાત્ર તરીકેનો છે. આત્મતત્ત્વ જિજ્ઞાસુ આત્મદેવ છે. બહિર્મુખ અવસ્થામાંથી અન્તર્મુખ દશામાં આવવા ચાહતો અથવા પ્રત્યેક પદાર્થમાં પરમાત્માનીજ ઝાંખી કેમ થઇ શકે તેની નિષ્ઠા કેળવતો પરીક્ષિત છે. બન્ને પ્રસંગો મનુષ્ય માત્રને સ્પર્શતા છે.

આત્મદેવનો પરિચય-પ્રથમ દેશથી પરિચય આપ્યો. તુંગભદ્રા તુંગભદ્રા નદી છે. દક્ષિણ તરફ આવી છે. તુંગભદ્રાનું જલ પીનાર ભક્ત બને છે તુંગભદ્રા અખંડ રીતે ચાલતા પુણ્યકર્મની પરંપરા છે. બહુ પુણ્ય કર્યા પછીથી મનુષ્યમાં બ્રાહ્મણયોનિ મળે છે. તુંગભદ્રાનો અર્થ થયો પુણ્યશ્રેણી. उत्तम्रं पत्तनम् શ્રેષ્ઠ નગર, નર તનુ શ્રેષ્ઠ નગર છે. दुर्लभो मानुषो देहः नृदेहमाद्यं सुलभं सुदुर्लभम् એ બે વાક્યોમાં મનુષ્ય દેહનું મૂલ્ય આંકયું છે. आत्मदेवः આત્માની સાથે ખેલતો આત्मना दीव्यतीति ચિત્તથી ક્રીડા કરતો એટલે મનોયોગ સાધતો, આત્મયોગ સાધતો અથવા પરમાત્માના સ્વરૂપથી ક્રીડા કરતો द्वितीय इव भास्करः બીજા સૂર્ય જેવો જીવ ભગવાનનું અથવા ચૈતન્યનું કે પ્રકાશનુંજ પ્રતિબિંબ છે.

.....तत्प्रियाधुन्धुली स्मृता
स्ववाक्यस्थापिका नित्यं सुन्दरी सुकुलोद्भवा ॥ १८ ॥
लोकवार्तारता क्रूरा प्रायशो बहुजल्पिका ।
शूरा च गृहकृत्येषु कृपणा कलहप्रिया ॥ १९ ॥

अन्वयार्थ—तत्प्रिया-આત્મદેવની પત્ની, धुन्धुली ધુંધુલી, स्मृता-હતી, स्ववाक्यस्थापिका-પોતાનાજ વાક્યને પકડી રાખનારી, नित्यम्-હરહમેશ, सुन्दरी-રૂપવતી, सुकुलोद्भवा-સારા કુલમાં જન્મેલી, १८; लोकवार्तारता-લોક કથામાં રસવાળી, क्रूरा-ક્રૂર સ્વભાવની, प्रायशः बहु जल्पिका-ઘણું બોલવાની ટેવવાળી, गृहकृत्येषु शूरा-ઘરના કાર્યમાં રચી પચી, कृपणा-કંજુસ, कलहप्रिया-કજીયાળી. १९.

अनुवाद—આત્મદેવની ધુંધુલી નામની સ્ત્રી હતી; જે દરેક બાબતમાં પોતાનાજ વાક્યને પકડી રાખનારી, સુંદર દેખાવવાળી, સારા કુળમાં જન્મેલી, १८; લોકકથામાં રસ લેતી, ક્રૂર સ્વભાવની. ખૂબજ બોલવાની ટેવવાળી, ઘરના કાર્યમાં મશગૂલ, કંજુસ અને કજીયાવાળા સ્વભાવની હતી. १९.

तत्त्वसुधा—આત્મદેવ જીવાત્મા છે. ધુંધુલી બહિર્મુખ કરનારી પ્રકૃતિ છે; જેને આત્મજ્ઞાન કે આત્મભાન મેળવવાનું સાધન શ્રવણાદિ નવધા ભક્તિ કે યોગ ઉપાસના, તપ, અનુષ્ઠાનાદિ ગમતાં નથી, કેવલ સંસારરત છે. પ્રકૃતિના નવ દોષો ગણાવે છે. स्ववाक्यस्थापिका[1] પોતાનો કક્કો ખરો કરનારી જીદ્દી જક્કી, હઠીલી, એવી બુદ્ધિ. રાષ્ટ્ર, ગૃહ, કે સંસ્થાના કોઇપણ વડાની કે વડીલની આવી બુદ્ધિ હોય તો દુઃખના કુવામાં તેવી બુદ્ધિ બધાને ધકેલે, सुन्दरी[2] રૂપવતી એટલે સર્વને આકર્ષનારી તર્કશીલ દલીલોથી સર્વને મૂંગા બનાવતી, सुकुलोद्भवा[3] મોટા હોદ્દા-ઉપર-સ્થાન ઉપર બેઠેલી. लोकवार्तारता[4] તદ્દન બહિર્મુખ-પ્રપંચમાં ઓતપ્રોત. क्रूरा[5] લાગણી શૂન્ય.-बहुजल्पिका[6] મુખર અથવા કોઇનું પણ ન સાંભળનારી-गृहकृत्येषु शूरा[7] સેવા માર્ગથી સર્વથા વિમુખ. कृपणा[8] અજીતેન્દ્રિય આત્મજ્ઞાનવિમુખ कलहप्रिया[9]-કજીયાળી જેની સાથે કોઈ ચર્ચાજ નકરે. નવ પ્રકારની પ્રકૃતિને બદલી નવ પ્રકારની સંસ્કૃતિ અથવા નવ પ્રકારની ભક્તિને બુદ્ધિમાં ઉતારી આત્મદેવ સાચો આત્માભિમુખ થઇ શકે છે એની સ્પષ્ટતા કરતો તેમજ મનુષ્ય માત્રને માર્ગદર્શન દેતો આ દૃષ્ટાન્ત છે જે સિદ્ધાન્તનું વિશાલ સ્વરૂપે વિવેચન છે.

एवं निवसतोः प्रेम्णा दम्पत्योः रममाणयोः ।
अर्थाः कामास्तयोरासन् सुखाय गृहादिकम् ॥ २० ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

पश्चाद्धर्माः समारब्धास्ताभ्यां संतानहेतवे ।
गोभूहिरण्यवासांसि दीनेभ्यो यच्छतः सदा ॥ २१ ॥
धनार्धं धर्ममार्गेण ताभ्यां नीतं तथापि च ।
न पुत्रो नापि वा पुत्री ततश्चिन्तातुरो भृशम् ॥ २२ ॥

अन्वयार्थ—एवम्-એ પ્રકારે, प्रेम्णा-પરસ્પર સ્નેહથી, निवसतोः-નિવાસ કરતાં, रममाणयोः-રમણ કરતાં, तयोः-તે, दम्पत्योः-દમ્પતીને, अर्थाः-પદાર્થો, कामाः-અભિલાષો, गृहादिकम्-ઘર વગેરે, सुखाय-સુખ કરનારાં, न आसन्-ન થયાં, २०; पश्चात्-પછીથી, संतानहेतवे-સંતાન મેળવવા માટે, ताभ्याम्-તે બન્નેએ-તેમણે, धर्माः-ધર્મો, समारब्धाः-શરૂ કર્યા, दीनेभ्यः-દીન જનોને, गो-भू-हिरण्य वासांसि-ગાય, પૃથ્વી, સુવર્ણ અને વસ્ત્રોને, सदा-નિત્ય, यच्छतः-આપતાં હતાં-આપે છે. २१; ताभ्याम्-તેમણે, धर्ममार्गेण-ધાર્મિક માર્ગે, धनार्धम्-ધનનો અડધો ભાગ, नीतम्-વાપર્યો, तथा अपि च-છતાં પણ पुत्रः-न-પુત્ર ન થયો, पुत्री वा अपि न-કે પુત્રી પણ ન થઈ, ततः-તેથી, भृशम्-અતિશય, चिन्तातुरः-ચિંતાતુર બન્યો. २२.

અનુવાદ—એ પ્રમાણે એ દંપતી પ્રેમથી રહેતાં અને આનંદ કરતાં હતાં; તો પણ તેમને ધન, પદાર્થ કે ઘર વગેરે વિષયભોગ સુખ આપતાં ન હતાં. ૨૦; પછી તે બન્નેએ સંતાન મેળવવા ધર્મો શરૂ કર્યા; દીન જનોને ગાય, પૃથ્વી, વસ્ત્રોનાં નિત્ય દાન કરવા લાગ્યાં. ૨૧; આમ તેમણે ધર્મમાર્ગમાંજ ધનનો અડધો ભાગ વાપરી દીધો, તો પણ ન તો પુત્ર થયો કે ન તો પુત્રી થઈ તેથી તે ખૂબજ ચિંતાતુર થયો. ૨૨.

તત્ત્વસુધા—વિવેક નામનો પુત્ર છે, જે જ્ઞાન ભક્તિથી મળે છે અને અન્તઃકરણની શુદ્ધિ તેમાં મુખ્ય સાધન છે. અન્તઃકરણની શુદ્ધિ નિત્ય-નૈમિત્તિક-પ્રાયશ્ચિત કર્મથી થાય છે, તેથીજ તેમણે પ્રારંભમાં દાન કર્મ શરૂ કર્યાં. દ્રવ્યમાંથી, કુટુંબમાંથી આસક્તિ ઓછી થઈ, આત્માભિમુખ વૃત્તિ થઈ સંસારમાં વિરાગ થયો અને યતિ પાસે આત્મા જ્ઞાન-વિવેક રૂપી પુત્રને મેળવવા વનમાં ગયો. चिन्तातुरः, चिन्तातुरौ એવા બે પાઠ છે. એક વચન હોય તે વધુ સ્વાભાવિક છે. વનમાં એકલા આત્મદેવજ ગયા છે સંતની પાસેથી ફલ લાવ્યા છે અને ધુંધલીએ તો ખાધું પણ નથી. સાચી વાત એટલીજ કે પ્રકૃતિને તત્ત્વજ્ઞ ધર્મો રૂચતા નથી. પુણ્યશીલ જીવાત્માનેજ રૂચે છે ને વિવેક પણ આત્મ સ્વભાવજ છે.

एकदा स द्विजो दुःखाद् गृहं त्यक्त्वा वनं गतः ।
मध्याह्ने तृषितो जातस्तडागं समुपेयिवान् ॥ २३ ॥
पीत्वा जलं निषण्णस्तु प्रजादुःखेन कर्षितः ।
मुहूर्तादपि तत्रैव संन्यासी कश्चिदागतः ॥ २४ ॥
दृष्ट्वा पीतजलं तं तु विप्रो यातस्तदन्तिकम् ।
नत्वा च पादयोस्तस्य निःश्वसन् संस्थितः पुरः ॥ २५ ॥

અન્વયાર્થ—एकदा-એક વખત, सः द्विजः-તે બ્રાહ્મણ. दुःखाद्-દુઃખથી. गृहम्-ઘરને, त्यक्त्वा-ત્યજી દઈને, वनम्-વન તરફ, गतः-ચાલી નીકળ્યો, मध्याह्ने-મધ્યાહ્નકાળે, तृषितः-તરસ્યો, जातः-થયો, तडागम्-તળાવે, समुपेयिवान्-પહોંચ્યો, २३; प्रजादुःखेन-પ્રજા ન હોવાના દુઃખને લીધે, कर्षितः-કૃશ થઈ ગયેલ ते-આત્મદેવ, तु-તો, जलम्-જલ पीत्वा-પીને, निषण्णः-બેઠો, मुहूर्तात्-બે ઘડી સમય જતાં, तत्र एव-

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તેજ સ્થાને, કશ્ચિત્-કોઈ એક, સંન્યાસિ અપિ-સંન્યાસી પણ, આગતઃ-આવ્યો, ૨૪; પીતજલમ્-જલપાન કરી લીધેલ, તમ્-તે સંન્યાસીને, તુ-તો, દૃષ્ટ્વા-જોઈને, વિપ્રઃ-બ્રાહ્મણ, તદન્તિકમ્-તે સંન્યાસીની પાસે, યાતઃ-ગયો, ચ-અને, તસ્ય-તે સંન્યાસીના, પાદયોઃ-ચરણોમાં, નત્વાઃ-નમન કરીને, નિઃશ્વસન્-નિશ્વાસ નાખતો, પુરઃ-આગળ, સંસ્થિતઃ-ઉભો રહ્યો. ૨૫.

અનુવાદ—એક દિવસ તે બ્રાહ્મણ દુઃખને લીધે ઘર છોડી વન તરફ ચાલી નીકળ્યો. મધ્યાહ્ન કાળે તે તરસ્યો થયો અને એક તળાવ પાસે ગયો. ૨૩; સંતાન ન હોવાથી દુઃખી આત્મદેવ તો પાણી પીને બેઠો; બે ઘડી સમય જતાં કોઈ એક સંન્યાસી પણ ત્યાંજ આવી પહોંચ્યો. ૨૪; જલપાન કરીને બેઠેલા સંન્યાસીને જોઇને બ્રાહ્મણ તેની પાસે ગયો અને સંન્યાસીના ચરણોમાં પ્રણામ કરીને નિસાસા નાખતો આગળ ઉભો રહ્યો. ૨૫.

તત્ત્વસુધા—એકદા-એક દિવસ ભાગ્યોદયનો દિવસ અથવા ભગવદનુગ્રહનો દિવસ 'એકદા' શબ્દથી લેવાનો છે, भाग्योदयेन बहु जन्मसमार्जितेन એ વાક્યના આધારે. શ્રોત્રિયં બ્રહ્મનિષ્ઠમ્-તત્ત્વ જિજ્ઞાસુએ શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ આચાર્યની પાસે જવું જોઇએ. જનાર આપાततोधिगताखिलवेदार्थः લગભગ વેદવેદાન્તનો જાણકાર હોવો જોઇએ તેથીજ આત્મદેવના પરિચયમાં વેદવિશારદ, અને શ્રૌતસ્માર્ત, કર્મ કુશળ એવાં વિશેષણો યોજ્યાં છે.

યતિરુવાચ— સંન્યાસી બોલ્યા.

कथं रोदिषि विप्र त्वं का ते चिन्ता बलीयसी ।
वद त्वं सत्वरं मह्यं स्वस्य दुःखस्य कारणम् ॥ २६ ॥

અન્વયાર્થ—વિપ્ર-હે વિપ્ર, ત્વમ્-તું, કથમ્-શા માટે, રોદિષિ-રૂદન કરે છે, તે-તારી, કા-કઈ, બલીયસી-વધારે મોટી, ચિન્તા-ચિન્તા છે; સ્વસ્ય-તારા પોતાના, દુઃખસ્ય-દુઃખના, કારણમ્-કારણને, મહ્યમ્-મને, ત્વમ્-તું, સત્વરમ્-જલદી, વદ-કહે.

અનુવાદ—હે વિપ્ર તું શા માટે રડે છે? તને કઈ એવી મોટી ચિન્તા છે? તારા દુઃખનું કારણ તું મને જલદી કહે.

તત્ત્વસુધા—યતિઃ યતિ જેને જોતાં મતિનો પલટો થાય તે યતિ. જેના દર્શને વિષય પ્રીતિ છુટે અને ભગવત્સેવા રતિ ઉલટે તે યતિ. "જેના તે દર્શન માત્રથી ટળે ત્રિવિધ તાપ" તેવો તાદૃશી જાણ.

બ્રાહ્મણ उवाच—બ્રાહ્મણ બોલ્યો.

किं ब्रवीमि ऋषे दुःखं पूर्वपापेन संचितम् ।
मदीयाः पूर्वजास्तोयं कवोष्णमुपभुञ्जते ॥ २७ ॥
मदत्तं नैव गृह्णन्ति प्रीत्या देवा द्विजातयः ।
प्रजादुःखेन शून्योऽहं प्राणांस्त्यक्तुमिहागतः ॥ २८ ॥

અન્વયાર્થ—ઋષે-હે ઋષિ, પૂર્વપાપેન-પહેલાંના પાપને લીધે; સંચિતમ્-સંચિત થયેલા, દુ.ખમ્-દુઃખને, કિં બ્રવીમિ-હું શું કહું? મદીયાઃ-મારા, પૂર્વજાઃ-પૂર્વજો, કવોષ્ણમ્-કંઈક ગરમ એવા, તોયમ્-પાણીને, ઉપભુઞ્જતે-પીએ છે. ૨૭; દેવાઃ-દેવો, દ્વિજાતયઃ-બ્રાહ્મણો, મદ્દત્તમ્-મારાથી આપવામાં આવતું કંઈ પણ, પ્રીત્યા-પ્રેમથી, ન એવ ગૃહ્ણન્તિ-ગ્રહણ કરતા નથી, પ્રજાદુ:ખેન-પ્રજા દુઃખથી, શૂન્યઃ-શૂન્ય ચિત્તવાળો મૂઢ બનેલો, અહમ્-હું, પ્રાણાન્-પ્રાણોને, ત્યક્તુમ્-છોડી દેવા માટે, ઇહ-અહીં, આગતઃ-આવ્યો છું. ૨૮.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—હે ઋષિ, મારા પૂર્વજન્મના પાપને લીધે એકત્રિત થયેલ દુઃખને હું શું કહું? મારા પૂર્વજો શીતોષ્ણ જલ પીએ છે. ૨૭; મારાથી આપવામાં આવતા અન્નાદિકને દેવો તથા બ્રાહ્મણો પ્રેમપૂર્વક સ્વીકારતા નથી. પ્રજાના અભાવે દુઃખી શૂન્ય મનવાળો કિં કર્તવ્ય મૂઢ પ્રાણને ત્યજી દેવા માટે અહીં આવ્યો છું. ૨૮.

તત્ત્વસુધા—અપુત્રસ્ય ગતિર્નાસ્તિ-ઋણત્રયમપાકૃત્ય મનોમોક્ષે નિવેશયેત્ પુત્ર વિનાની ગતિ નથી, ત્રણ ઋણ અદા કરી મોક્ષમાં મન પરોવવું આવાં વાક્યોથી પુત્રની યાચના કરે છે જે શાસ્ત્રીય રીતિ છે. ઋષે એવું સંબોધન-ભૂત-ભવિષ્યને જાણનાર છો એવા ભાવથી કરે છે.

धिग्जीवितं प्रजाहीनं धिग्गृहं च प्रजां विना ।
धिग्धनं चानपत्यस्य धिक्कुलं सन्ततिं विना ॥ २९ ॥

અન્વયાર્થ—પ્રજાહીનમ્-પ્રજા વગરના, જીવિતમ્-જીવનને, ધિક્ ધિક્કાર છે, ચ-અને, પ્રજાં વિના-પ્રજા શિવાયના, ગૃહમ્-ઘરને ધિક્ ધિક્કાર, ચ-અને, અનપત્યસ્ય-ન અપત્યસ્ય-સંતાન રહિત માનવના, ધનમ્-ધનને, ધિક્-ધિક્કાર, સન્તતિં વિના-સન્તતિ વગરના, કુલમ્-કુળને, ધિક્-ધિક્કાર છે.

અનુવાદ—પ્રજા વગરના જીવનને ધિક્કાર છે, વળી પ્રજા વગરના ઘરને ધિક્કાર છે, પ્રજા-વગરના મનુષ્યના ધનને ધિક્કાર છે; અને સંતતિ વગરના કુળને ધિક્કાર છે.

पाल्यते या मया धेनुः सा वन्ध्या सर्वथा भवेत् ।
यो मया रोपितो वृक्षः सोऽपि वन्ध्यत्वमाश्रयेत् ॥ ३० ॥
यत्फलं मद्गृहायातं तच्च शीघ्रं विनश्यति ।
निर्भाग्यस्यानपत्यस्य किमतो जीवितेन मे ॥ ३१ ॥

અન્વયાર્થ—મયા-મારાથી, યા-જે, ધેનુઃ-ગાય, પાલ્યતે-પાલન કરાય છે, સા-તે ગાય, સર્વથા-સદાય, વન્ધ્યા-પ્રસવ વિનાની, ભવેત્-થાય છે, મયા-મારાથી, યઃ-જે, રોપિતઃ-રોપવામાં આવેલ, વૃક્ષઃ-વૃક્ષ, સઃ અપિ-તે પણ, વન્ધ્યત્વમ્-વન્ધ્યપણાને, આશ્રયેત્-આશ્રય કરે છે. ૩૦; ચ-અને, યત્-તે, ફલમ્-ફળ, મદ્ ગૃહાયાતમ્-મારે ઘેર આવે છે, તત્-તે ફળ, શીઘ્રં-તત્કાળ, વિનશ્યતિ-નાશ પામે છે, અતઃ-એટલા માટે, નિર્ભાગ્યસ્ય-સદ્ભાગ્ય વગરના, અનપત્યસ્ય-પ્રજા વગરના, મે-મારા, જીવિતેન-જીવનથી, કિમ-શું ? ૩૧.

અનુવાદ—હું જે ગાય પાળું છું તે ગાય પણ સદાય વાંઝણી રહે છે, હું જે ઝાડ રોપું છું તે ઝાડ પણ ફળ ન આપતાં વાંઝિયું રહે છે. ૩૦; અને જે ફળ મારે ઘેર આવે છે તે પણ તરતજ સુકાઈ જાય છે. આ રીતના ભાગ્યહીન તેમજ પ્રજા રહિત એવા જીવનનું શું કારણ છે. ૩૧.

તત્ત્વસુધા—કમનશીબ યોગને બધાજ વિપરીત અકસ્માતો થાય છે. અસંતાન મનુષ્ય વૃક્ષ રોપે કે ગાય પાળે પણ એકજ વિચાર આવે કોને માટે ? અને આવા વિષાદથી કાંઈપણ પોષણાદિ ન કરે ને સુકાઈ જાય. ફલ લાવે પત્ની કે પતિ ખાય નહીં. પુત્ર હોત તો ખાત એમ જીવ બાળ્યા કરે ને ફલ ખરાબ થઈ જાય. વળી સ્ત્રીને ધુંધલીને કૃપણ કહી હતી. તેથી કોઇને આપી પણ ન દે.

इत्युक्त्वा स रुरोदोच्चैस्तत्पार्श्वे दुःखपीडितः ।
तदा तस्य यतेश्चित्ते करुणाभूद्वरीयसी ॥ ३२ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

तद्भालाक्षरमालां च वाचयामास योगवान् ।
सर्वं ज्ञात्वा यतिः पश्चाद्विप्रमूचे सविस्तरम् ॥ ३३ ॥

અન્વયાર્થ—**इति**-આ પ્રમાણે, **उक्त्वा**-કહીને, **दुःखपीडितः**-દુઃખથી પીડાયેલ, **सः**-તે આત્મદેવ **तत्पार्श्वम्**-તે સંન્યાસી આગળ, **उच्चैः**-મોટેથી, **रुरोद**-રડી પડ્યો, **तदा**-ત્યારે, **तस्य यतेः**-તે યોગીના, **चित्ते**-ચિત્તમાં, **गरीयसी**-અતિશય મોટી, **करुणा**-દયા, **अभूत्**-ઉપજી. ૩૨; **योगवान्**-યોગી-યોગ જેમણે સાધ્ય કર્યો છે એવા એ મહાત્માએ, (**तद्भालाक्षरमालाम्**) **तत्**-તેના, **भाल**-લલાટમાંની, **अक्षरमालाम्**-અક્ષર પંક્તિને-તેના લલાટના લેખને, **वाचयामास**-વાંચી, **च**-અને, **सर्वम्**-બધું **ज्ञात्वा**-જાણીને, **पश्चात्**-પછીથી, **विप्रम्**-બ્રાહ્મણને-આત્મદેવને, **सविस्तरम्**-વિસ્તાર પૂર્વક, **ऊचे**-કહેવા લાગ્યા. ૩૩.

અનુવાદ—દુઃખથી પીડાયેલ તે આત્મદેવ બ્રાહ્મણ આ પ્રમાણે કહીને તે સંન્યાસી મહાત્માની આગળ મોટેથી રૂદન કરવા લાગ્યો; ત્યારે તે યોગીના મનમાં ખૂબ દયા ઉપજી. ૩૨; તે યોગી મહાત્માએ તેના લલાટમાં લખેલ વિધિના લેખ વાંચ્યા અને સર્વ કંઇ જાણ્યા બાદ વિસ્તારપૂર્વક બ્રાહ્મણને કહેવા લાગ્યા. ૩૩.

यतिरुवाच—યોગીપુરૂષ બોલ્યા.

मुञ्चाज्ञानं प्रजारूपं बलिष्ठा कर्मणो गतिः ।
विवेकं तु समासाद्य त्यज संसारवासनाम् ॥ ३४ ॥
शृणु विप्र मया तेऽद्य प्रारब्धं तु विलोकितम् ।
सप्तजन्मावधि तव पुत्रो नैव च नैव च ॥ ३५ ॥
संततेः सगरो दुःखमवापाङ्गः पुरा तथा ।
रे मुञ्चाद्य कुटुम्बाशां संन्यासे सर्वथा सुखम् ॥ ३६ ॥

અન્વયાર્થ— **प्रजारूपम्**-પ્રજારૂપી, **अज्ञानम्**-અજ્ઞાનને, **मुञ्च**-ત્યજી દે, **कर्मणः**-કર્મની, **गतिः**-ગતિ, **बलिष्ठा**-બલવાન છે, **विवेकं तु विवेકને તો, **समासाद्य**-મેળવીને, **संसारवासनाम्**-સંસારની વાસનાને, **त्यज**-છોડી દે. ૩૪; **विप्र**-હે બ્રાહ્મણ. **शृणु**-સાંભળ, **अद्य**-આજે, **मया**-મેં, **ते**-તારું, **प्रारब्धं तु**-(નસીબ) પ્રારબ્ધ તો, **विलोकितम्**-સારી રીતે જોઈ લીધું છે, **च**-અને **तव**-તને, **सप्तजन्मावधि**-સાત જન્મ સુધી, **पुत्रः**-પુત્ર, **न एव**-નથી જ, **च**-અને, **नैव**-નથી જ, ૩૫; **पुरा**-પહેલાં, **संततेः**-સંતતિથી, **सगरः**-સગર નામે રાજાએ, **दुःखम्**-દુઃખને, **अवाप**-પ્રાપ્ત કર્યું હતું, **तथा**-તેમજ, **अङ्गः**-અંગ રાજાએ પણ પ્રજાને લીધે દુઃખ મેળવ્યું હતું, **रे**-અરે હે ભાઈ, **अद्य**-આજે, **कुटुम्बाशाम्**-પ્રજાની ઇચ્છાને, **मुञ्च**-છોડી દે, **संन्यासे**-સંન્યાસમાં, **सर्वथा**-સર્વ પ્રકારે, **सुखम्**-સુખ છે. ૩૬.

અનુવાદ—યોગી મહાત્મા બોલ્યા-પ્રજા પ્રાપ્તિનો વિચાર અજ્ઞાન મૂલક છે માટે તેને તું ત્યજી દે. કર્મની ગતિ અતિશય બલવાન છે. વિવેક ધારણ કરીને સંસાર વાસનાને ત્યજી દે. ૩૪; હે બ્રાહ્મણ, તું સાંભળ, આજે મેં તારું ભાગ્ય જોઈ લીધું છે. સાત જન્મો સુધી તને પુત્ર નથી જ, નથી જ. ૩૫; પહેલાંના સમયમાં સગર રાજાએ તેમજ અંગ રાજાએ પ્રજાને લીધે ઘણું જ કષ્ટ સહન કર્યું હતું. માટે હે વિપ્ર, પ્રજાની આશા છોડી દે. સંન્યાસમાંજ સર્વ રીતે સુખ છે. ૩૬.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્ત્વસુધા—જ્ઞાનભૂમિ પરિપક્વ છે કે કેમ તેની પરીક્ષા માટે કે નિર્ણય માટે યતિએ ત્રણ શ્લોકથી ચકાસણી કરી. લોકાશક્તિવાળી મનોદશામાં જ્ઞાનદાન ઉપર ભૂમિમાં રોપેલા તેજસ્વી બીજ જેવું છે. ગીતાજીએ કહ્યું છે ન બુદ્ધિભેદં જનયેત્—જોષયેત્ સર્વકર્માણિ બુદ્ધિભ્રમ ન કરવો, કર્મથી ક્રમે ક્રમે શુદ્ધ કરી જ્ઞાનમાં ધીરે ધીરે લઈ જવો તો જ સાધક સફળ થઈ શકે.

બ્રાહ્મણ ઉવાચ—બ્રાહ્મણ બોલ્યો.

વિવેકેન ભવેત્કિં મે પુત્રં દેહિ બલાદપિ ।
નો ચેત્ત્યજામ્યહં પ્રાણાંસ્ત્વદગ્રે શોકમૂર્ચ્છિતઃ ॥ ૩૭ ॥
પુત્રાદિસુખહીનોઽયં સંન્યાસઃ શુષ્ક એવહિ ।
ગૃહસ્થઃ સરસો લોકે પુત્રપૌત્રસમન્વિતઃ ॥ ૩૮ ॥

અન્વયાર્થ—વિવેકેન-વિવેકથી-કેવલ વિવેકની વાતોથી, કિમ્-શું, ભવેત્-થાય, બલાત્ અપિ-કોઈપણ ઉપાયે, મે-મને. પુત્રમ્-પુત્ર, દેહિ-આપો, નો ચેત્-નહિ તો, શોકમૂર્ચ્છિતઃ-શોકને લીધે ભાન ભૂલેલો, અહમ્-હું, ત્વદગ્રે-તમારી આગળ, પ્રાણાન્-પ્રાણોને, ત્યજામિ-ત્યજી દઉં છું, ૩૭; પુત્રાદિ સુખહિનઃ-પુત્ર, પૌત્ર વગેરેના સુખ વગરનો, અયમ્-આ, સંન્યાસ-સંન્યાસ, હિ-ખરેખર, શુષ્કઃ એવ-શુષ્કજ છે, લોકે-જગતમાં પુત્રપૌત્રસમન્વિતઃ-પુત્ર પૌત્રથી યુક્ત, ગૃહસ્થઃ-ગૃહસ્થાશ્રમ, સરસઃ-સરસ-રસયુક્ત છે. ૩૮.

અનુવાદ—બ્રાહ્મણ બોલ્યો-વિવેકથી શું ? કોઈપણ પ્રકારે પણ મને પુત્ર આપો. જો મને પુત્ર નહિ આપો તો શોક ને લીધે મૂઢ બનેલ હું આપની સમક્ષ પ્રાણો ત્યજી દઉં. ૩૭; પુત્ર વગરનો આ સંન્યાસ ખરેખર શુષ્કજ છે. પુત્ર પૌત્ર યુક્ત ગૃહસ્થાશ્રમજ લોકમાં રસ યુક્ત ગણાય છે. ૩૮.

તત્ત્વસુધા—ત્યાગ એટલે સંન્યાસ મોક્ષનું સાધન છે કે સેવા એટલે ભક્તિ-વિનિયોગ મોક્ષનું સાધન છે, એવા બે મંતવ્યોમાં કલિયુગમાં ગૃહસ્થાશ્રમમાં જ રહીને નિજ નિજ કર્તવ્ય પરાયણ રહીને જ પ્રત્યેક વ્યક્તિ ઈશ્વરપ્રાપ્તિ અથવા આત્મપ્રાપ્તિ કરી શકે છે અને તેમાં ભાગવત એકજ અલૌકિક સાધન છે એ નિર્ણય માટેજ આ પ્રસંગ છે. પ્રિયવ્રત પણ વનમાંથી રાજ્યમાં આવીને પ્રભુને ભેળવી ગયા છે, માટે ગૃહસ્થાશ્રમ કલ્યાણકારી છે.

ઇતિ વિપ્રાગ્રહં દૃષ્ટ્વા પ્રાબ્રવીત્સ તપોધનઃ ।
ચિત્રકેતુર્ગતઃ કષ્ટં વિધિલેખવિમાર્જનાત્ ॥ ૩૯ ॥
ન યાસ્યસિ સુખં પુત્રાદ્યથા દૈવહતોદ્યમઃ ।
અતો હઠેન યુક્તોઽસિ હ્યર્થિનં કિં વદામ્યહમ્ ॥ ૪૦ ॥

અન્વયાર્થ—ઇતિ-આ પ્રમાણે. વિપ્રાગ્રહમ-બ્રાહ્મણનો આગ્રહને, દૃષ્ટ્વા-જોઇને, સઃ-તે, તપોધનઃ-તપસ્વી-મહાત્મા, પ્રાબ્રવીત્-બોલ્યા, વિધિલેખવિમાર્જનાત્-વિધિના લેખ ભૂંસી નાખવાથી, ચિત્રકેતુઃ-ચિત્રકેતુ રાજા, કષ્ટમ્-દુઃખને, ગતઃ-પામ્યો હતો, ૩૯; પુત્રાત્-પુત્રથી, સુખં-સુખને, ન યાસ્યસિ-તું પ્રાપ્ત કરીશ નહીં, યથા-જેવી રીતે, દૈવહતોદ્યમઃ-(દૈવ-પ્રારબ્ધ, હત-હણી નાખેલ, ઉદ્યમઃ ઉદ્યમ જેનો) પ્રારબ્ધથી હણાયેલ ઉદ્યમવાળો જેમ સુખ મેળવતો નથી તેમ અતઃ-એટલા માટે, હઠેન-હઠાગ્રહથી, યુક્તઃ અસિ-તું યુક્ત થયો છે, હિ-ખરેખર, અર્થિનમ્-માગણી કરનારને, અહમ્-હું, કિમ્-શું, વદામિ-કહું ? ૪૦.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—બ્રાહ્મણના આ પ્રમાણેના આગ્રહને જોઇને તે તપસ્વી યતિ બોલ્યા; વિધિના લેખને મિથ્યા કરવાનો પ્રયત્ન કરનાર રાજા ચિત્રકેતુ કષ્ટ પામ્યો હતો. ૩૯; જેમ દૈવથી હણાયેલ પ્રયત્ન વાળો પુરૂષ સુખ મેળવી શકતો નથી એજ રીતે તું પુત્રથી સુખ મેળવી શકીશ નહીં. છતાં તું હઠાગ્રહી છે, તો ભાગનારને હું વધુ શું કહું ? ૪૦.

તત્ત્વસુધા—જ્યારે વખત અને વિધિ વામ હોય ત્યારે વૃથા ઉદ્યોગ ને ઉદ્વેગ ન કરતાં કેવલ પ્રતીક્ષા અને પ્રભુભક્તિ કરવામાં આવે તો અનુકૂલ અવસર અવિલંબે આવે.

तस्याग्रहं समालोक्य फलमेकं स दत्तवान् ।
इदं भक्षय पत्न्या त्वं ततः पुत्रो भविष्यति ॥ ४१ ॥

અન્વયાર્થ—तस्य-તેના-આત્મદેવના. आग्रहम्-આગ્રહને, समालोक्य-જોઇને, सः-તે મહાત્માએ, एकम्-એક, फलम्-ફળ, दत्तवान्-આપ્યું, इदम्-આ ફળને, त्वम्-તું, पत्न्या-પત્નીને, (शब्दार्थ-પત્ની વડે) भक्षय-ખવડાવ, ततः-તે ફળ ભક્ષણથી, पुत्रः-પુત્ર, भविष्यति-થશે.

અનુવાદ—આત્મદેવના આગ્રહને વશ થઇને તે મહાત્માએ એક ફળ આપ્યું અને કહ્યું-આ ફળ તારી પત્નીને ભક્ષણ કરાવજે, જેથી એક પુત્ર થશે.

તત્ત્વસુધા—ફળ પત્નીને આપવાનું કહેવાને બદલે "भक्षय" ખવડાવવાનું એટલા માટે કહ્યું કે ધુંધુલી લોકાસક્ત મતિ હતી તેને સદુપદેશમાં રસ નજ હોય તેથીજ સમીપમાં રહી ફલ ખવડાવવાનું કહ્યું. જો ધુંધુલીએ ફલ ખાધું હોત-સંતનો ઉપદેશ પાળ્યો હોત અવશ્ય પુત્ર થાત એટલે વિવેક થાત અને ધુંધુલીને કૂવામાં પડવાને બદલે મુક્તિ પ્રાપ્ત થાત.

सत्यं शौचं दया दानमेकभक्तं तु भोजनम् ।
वर्षावधि स्त्रिया कार्यं तेन पुत्रोऽतिनिर्मलः ॥ ४२ ॥
एकमुक्त्वा ययौ योगी विप्रस्तु गृहमागतः ।
पत्न्याः पाणौ फलं दत्त्वा स्वयं यातस्तु कुत्रचित् ॥ ४३ ॥

અન્વયાર્થ—स्त्रिया-પત્નીએ, वर्षावधि-એક વર્ષ સુધી, सत्यम्-સત્ય વચન બોલવું, शौचम्-પવિત્રતા, (બહારની તેમજ અન્તઃકરણની બેમ બન્ને પ્રકારની) दया-દયા રાખવી, दानम्-દાન આપવું, भोजनं तु-ભોજન તો, एक भक्तम्-એક વખત, कार्यम्-કરવું જોઇએ, तेन-તેથી, पुत्रः-પુત્ર, अतिनिर्मलः-અત્યંત પવિત્ર, (જન્મશે) ૪૨; एवम्-એ પ્રમાણે, उक्त्वा-કહીને, योगी-યોગી પુરુષ, ययौ-ચાલ્યા ગયા, विप्रः तु-બ્રાહ્મણ તો, गृहम्-ઘેર, आगतः-આવ્યો, पत्न्याः-પત્નીના, पाणौ-હાથમાં, फलम्-ફળને, दत्त्वा-આપીને, स्वयं तु-પોતે તો, कुत्रचित्-કોઈ એક સ્થાને, यातः-ગયો. ૪૩.

અનુવાદ—(તમારી) સ્ત્રીએ એક વર્ષ સુધી સત્ય બોલવું, પવિત્રતા રાખવી, દયા રાખવી, દાન આપવું, એક વખત ભોજન કરવું જેથી અતિ નિર્મલ પુત્ર થશે. ૪૨; આ પ્રમાણે કહીને એ યોગી ચાલ્યા ગયા. બ્રાહ્મણ ઘેર આવ્યો. પત્નીના હાથમાં ફળ આપીને પોતે કોઈ એક સ્થળે (કારણસર) ચાલ્યો ગયો. ૪૩.

તત્ત્વસુધા—"तु" અવ્યય આ શ્લોકમાં આપ્યું એનું તાત્પર્ય વિપ્ર જલ્દીથી ઘેર આવ્યો. યતિના શબ્દોનું અનુસંધાન રાખ્યું હોત તો અવશ્ય પત્નીને ફલ ખવડાવીને જતે. બ્રાહ્મણની ભિક્ષુક છત્રિકા હતી તેથી ક્યાં દૂર ચાલ્યો ગયો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

तरुणी कुटिला तस्य सख्यग्रे च रुरोद ह ।
अहो चिन्ता ममोत्पन्ना फलं चाहं न भक्षये ॥ ४४ ॥
फलभक्षेण गर्भः स्याद्गर्भेणोदरवृद्धिता ।
स्वल्पभक्षं ततोऽशक्तिर्गृहकार्यं कथं भवेत् ॥ ४५ ॥
दैवाद् धाटी व्रजेद्ग्रामे पलायेद्गर्भिणी कथम् ।
शुकवन्निवसेद्गर्भस्तं कुक्षेः कथमुत्सृजेत् ॥ ४६ ॥

અન્વયાર્થ—तस्य-તે બ્રાહ્મણની, तरुणी-યુવાન સ્ત્રી, कुटिला-કુટિલ સ્વભાવવાળી, सख्यग्रे-સખી આગળ, ह-ખરેખર, रुरोद-રૂદન કરવા લાગી, अहो-અહો! मम-મારે, चिन्ता-ચિન્તા, उत्पन्ना-ઉત્પન્ન થઈ છે, च-અને, अहम्-હું, फलम्-ફળને, न भक्षये-નહિ ખાઉં. ૪૪; फलभक्षेण-ફળ ભક્ષણ કરવાથી, गर्भः-ગર્ભ, स्यात्-રહે, गर्भेण-ગર્ભ રહેવાથી, उदरवृद्धिता ઉદર વૃદ્ધિ થાય, स्वल्पभक्षम्-ખોરાક ઓછો થઈ જાય, ततः-તેથી, अशक्ति-શરીરમાં અશક્તિ આવે, गृहकार्यम्-ઘરકામ, कथम्-કેવી રીતે, भवेत्-થાય, ૪૫; दैवात्-દૈવ સંજોગે, ग्रामे-ગામમાં, धाटी-ધાડ પાડનાર ચોર-ડાકૂ, व्रजेत्-આવી પડે તો, गर्भिणी-સગર્ભા સ્ત્રી, कथम्-કેવી રીતે, पलायेत्-નાસી શકે, गर्भः-ગર્ભ, शुकवत्-પીંજરામાં રહેલ પોપટની જેમ-શ્રી શુકદેવજીની જેમ, निवसेत्-ઘણો સમય રહે તો, तम्-તે ગર્ભને, कुक्षेः-કૂખમાંથી, कथम्-કેવી રીતે, उत्सृजेत्-બહાર કાઢવો. ૪૬.

અનુવાદ—તે બ્રાહ્મણની કુટિલ સ્વભાવની યુવતિ સ્ત્રી, સખી સમક્ષ રૂદન કરવા લાગી અને કહેવા લાગી. અહો! મારે મોટી ચિન્તા ઉભી થઈ છે અને હું ફળ નહિ ખાઉં. ૪૪ વળી ફળ ખાવાથી ગર્ભ રહે અને તેથી ઉદરની વૃદ્ધિ થાય; ખોરાક ઘટી જાય, તેથી અશક્તિ પેદા થાય, તો પછી ઘરકામ કેવી રીતે થઈ શકે? ૪૫; પ્રારબ્ધવશાત ગામમાં ધાડ પડે તો સગર્ભા સ્ત્રી કેવી રીતે ભાગી શકે-નાશી જાય? ગર્ભ જો શુકદેવજીની માફક ઘણો સમય રહે તો તેને પેટમાંથી બહાર કેવી રીતે કાઢી શકાય? ૪૬.

તત્ત્વસુધા—"કુટિલા" ધુંધુલીને વિશેષણ આપ્યું કારણ કે તેની સખીએ તેને કહ્યું કે તારાં જાતિ, ગુણ, રૂપ, ગૃહ, ઐશ્વર્ય વગેરે અમારી સમાન છે તો પુત્ર આપનારા આ ફળને તું ખાઈ લે ને એટલી ખોટ આત્મ-દેવની પૂર્ણ કરી લે એવી હિતકર સલાહ ન માની તેથી કુટિલા માનવામાં આવી. સમજીને પણ હિતની વાત ન માનતાં આગ્રહ પકડી રાખે તે કુટિલ મતિ.

तिर्यक् चेदागतो गर्भस्तदा मे मरणं भवेत् ।
प्रसूतौ दारुणं दुःखं सुकुमारी कथं सहे ॥ ४७ ॥
मन्दायां मयि सर्वस्वं ननान्दा संहरेत्तदा ।
सत्यशौचादिनियमो दुराध्यः स दृश्यते ॥ ४८ ॥
लालने पालने दुःखं प्रसूतायाश्च वर्तते ।
वन्ध्या वा विधवा नारी सुखिनी चेति मे मतिः ॥ ४९ ॥

અન્વયાર્થ—गर्भः-ગર્ભ, तिर्यक्-વાંકો, आगतः चेत्-જો આવ્યો તો, तदा-ત્યારે, मे-મારું, मरणम्-મરણ, भवेत्-થાય, सुकुमारी-સુકોમળ અંગવાળી હું, प्रसूतौ-પ્રસૂતિ કાળમાં, दारुणम्-કઠિન એવા, दुःखम्-

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

દુઃખને, कथम्-કેવી રીતે, सहे-સહન કરું ? ૪૭; मयि-(જ્યારે) હું, मन्दायाम्-હરવા ફરવામાં અશક્ત બની-જાઉં, तदा-ત્યારે, ननान्दा-નણંદ, सर्वस्वम् ઘરમાંનું બધુંજ, संहरेत्-લઈ જાય, सत्यशौचादि नियमः-સત્યવચન પવિત્રતા વગેરે જે નિયમ, सः-તે પણ, दुराराध्यः-આચરવા મુશ્કેલ, दृश्यते-જણાય છે. ૪૮. प्रसूतायाः-બાળકને જન્મ આપનારી માતાને, लालने-સન્તાનના લાલન કરવામાં, च-અને, पालने-પાલન કરવામાં, दुःखम्-દુઃખ, वर्तते-રહેલું છે, वन्ध्या-વન્ધ્યા, वा-અથવા, विधवा-વિધવા, नारी-નારી, सुखिनी-સુખવાળી છે, इति-એ પ્રમાણે, मे-મારી, मतिः-બુદ્ધિ છે. ૪૯.

અનુવાદ—ગર્ભ જો આડો અવળો વાંકો આવ્યો તો મારું મરણ થાય; તેમજ પ્રસૂતિ સમયના કઠિન દુઃખને સુકુમારી હું કેવી રીતે સહન કરી શકું ? ૪૭; અને હું પ્રસવ પરવશ હોઉં ત્યારે ઘરમાંનું સર્વસ્વ નણંદ હરીને લઈ જાય. વળી જે સત્ય, પવિત્રતા, દયા વગેરે નિયમ તે પણ આચરવા કઠિન જણાય છે. ૪૮; વળી બાળકનો જન્મ આપનારી સ્ત્રીને બાળકનાં લાલન-પાલન કરવામાં પણ દુઃખ રહેલું છે; મારું તો એવું માનવું છે કે વંધ્યા કે વિધવા સ્ત્રી જ સુખવાળી છે. ૪૯.

एवं कुतर्कयोगेन तत्फलं नैव भक्षितम् ।
पत्या पृष्टं फलं भुक्तं भुक्तं चेति तयेरितम् ॥ ५० ॥

અન્વયાર્થ—एवम्-આ પ્રમાણેના, कुतर्कयोगेन-કુતર્કોના પરિણામે, तत्फलम्-તે ફળ, नैव-ન જ, भक्षितम्-ખાધું, पत्या-પતિએ-આત્મદેવે पृष्टम्-પૂછ્યું, फलम्-ફળ, भुक्तम्-ખાધું ? च-અને, तया-તે સ્ત્રીએ, ईरितम्-કહ્યું, भुक्तम् इति-ખાધું છે એમ.

અનુવાદ—આવા કુતર્કયોગના પરિણામે તે સ્ત્રીએ ફળ ન ખાધું: પતિએ પૂછ્યું-ફળ ખાધું ? ત્યારે તે સ્ત્રીએ કહ્યું કે હા, ફળ ખાધું છે.

एकदा भगिनी तस्यास्तद्गृहं स्वेच्छयाऽऽगता ।
तदग्रे कथितं सर्वं चिन्तेयं महती हि मे ॥ ५१ ॥
दुर्बला तेन दुःखेन ह्यनुजे करवाणि किम् ।
साब्रवीन्मम गर्भोऽस्ति तं दास्यामि प्रसूतितः ॥ ५२ ॥

અન્વયાર્થ—एकदा-એક દિવસ, तस्याः-તેની-ધુંધુલીની, भगिनी-બહેન, स्वेच्छया-પોતાની ઇચ્છાથી, तद्गृहम्-તેને ઘેર, आगता-આવી, तदग्रे-તે બહેનની આગળ, सर्वम्-બધુંજ, कथितम्-કહી સંભળાવ્યું, इयम्-આ, मे-મારી, हि-ખરેખર महती-મોટી, चिन्ता-ચિન્તા છે. ૫૧. तेन-તે, दुःखेन-દુઃખથી, दुर्बला-હું દુર્બળા-દુઃખી છું, अनुजे-હે નાની બહેન (હું) किम्-શું, करवाणि-કરું ? सा-તે નાની બહેન, अब्रवीत्-બોલી, मम-મારો (મને) गर्भः-ગર્ભ, अस्ति-છે; तम्-તે ગર્ભને, हि-ખરેખર, प्रसूतितः-પ્રસૂતિ થતાં, दास्यामि-આપી દઈશ. ૫૨.

અનુવાદ—એક દિવસ તેની બહેન, પોતાની ઇચ્છાથી તેને ઘેર આવી ચઢી ત્યારે ધુન્ધુલીએ સર્વ હકીકત તેની આગળ કહી સંભળાવી. હે બહેન, આ જ મારી મોટામાં મોટી ચિન્તા છે. ૫૧; હે બહેન, તે દુઃખથીજ હું દુઃખી છું. (તું કહે) હું શું કરું ? તે બોલી-મને ગર્ભ રહેલો છે. પ્રસૂતિ થયા બાદ તે ગર્ભ હું તને આપીશ. ૫૨.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્ત્વસુધા—"महती चिन्ता" મોટી ચિંતા અસત્ય ભાષણથી થાય છે. આત્મદેવને ધુંધુલીએ કહેલ કે ફળ ખાધું છે જ્યારે પોતે ખાધું નથી અને સિદ્ધ યતિનું આપેલ ફલ છે તો હવે શું કરવું અને શી રીતે બચવું એ ચિંતા હતી. तं दास्यामि प्रसूतितः પ્રસૂતિ થયા પછી સાતમા માસે બાળકને તને આપીશ. કારણ કે ફલ ખાધું એવું કહ્યા બાદ તેની બહેન મળી, હવે તે અરસામાં જન્મેલ બાળકને આપે તો ફલ ખાધા પછી કમથી કમ સાત મહિના થયા વિના પ્રસવ શી રીતે થાય ? માટે મારો સાત માસનો બાળક તને આપીશ. आचतुर्थाद् भवेत्स्रावः पातः पञ्चमषष्ठयोः अत उर्ध्वं प्रसूतिः स्याद् दशाहं सूतकी भवेत् આ શ્લોકના આધારે ચાર માસે સ્રાવ ગણાય, પંચમ ષષ્ઠ માસે ગર્ભપાત થયો મનાય.. સાતમા માસે પ્રસૂતિ મનાય તેથી સાત માસનો બાળક આપીશ એમ કહ્યું. સાત માસનો બાળક આપીશ એવી કલ્પના શાથી કરવી ? તેના સમાધાનમાં પછીના શ્લોકમાં કહે છે, મારો પુત્ર કયાં ગયો એવી ચર્ચા થશે ત્યારે કહેશે કે છ માસનો આનો પુત્ર થઇ મરણ પામ્યો તો પછી છ માસનો કેમ ન કહ્યો. સમાધાનમાં કે પ્રસૂતિઃ શબ્દ ત્યારેજ ઘટે કે સાતમો માસ થયો હોય.

तावत्कालं सगर्भेव गुप्ता तिष्ठ गृहे सुखम् ।
वित्तं त्वं मत्पतेर्यच्छ स ते दास्यति बालकम् ॥ ५३ ॥
षाण्मासिको मृतो बाल इति लोके वदिष्यति ।
तं बालं पोषयिष्यामि नित्यमागत्य ते गृहे ॥ ५४ ॥

અન્વયાર્થ—तावत् कालम्-તેટલો સમય, सगर्भा इव-સગર્ભા હોય એવી રીતે तुं, गुप्त-ગુપ્ત રીતે-એકાંતમાં, गृहे-ઘરમાં, सुखम्-સુખપૂર્વક, तिष्ठ-રહે त्वम् તું, मत्पतेः-મારા પતિને, वित्तम्-ધન, यच्छ-આપ, सः-તે-મારો પતિ, ते-તને, बालकम्-બાળકને, दास्यति-આપશે, ૫૩. षाण्मासिकः-જેને ૬ માસ થયા છે એવો, बालः-બાળક, मृतः-મરણ પામ્યો છે, इति-એમ, लोकः-લોક, वदिष्यति-કહેશે, नित्यम्-દરરોજ, ते-તારા, गृहम्-ઘેર, आगत्य-આવીને, तम्-તે એવા, बालम्-બાળકને, पोषयिष्यामि-પાલન કરીશ. ૫૪.

અનુવાદ—તેટલા સમય સુધી ગુપ્ત રીતે સગર્ભાની જેમ તું ઘરમાં સુખેથી રહે. મારા પતિને તું ધન આપજે જેથી તે તને બાળક આપશે. ૫૩; બાળક છ માસનો થઇને મરણ પામ્યો છે એમ લોક કહેશે અને હું દરરોજ તારે ઘેર આવીને તે બાળકનું પોષણ કરીશ. ૫૪.

फलमर्पय धेन्वै त्वं परीक्षार्थं तु सांप्रतम् ।
तत्तदाचरितं सर्वं तथैव स्त्रीस्वभावतः ॥ ५५ ॥

અન્વયાર્થ—त्वम्-તું, साम्प्रतम्-હાલમાં, तु-તો, फलम्-ફળને, (મહાત્માએ આપેલા) परीक्षार्थम्-પરીક્ષા કરવા માટે, धेन्वै-ગાયને, अर्पय-અર્પણ કર. (ખવડાવી દે) स्त्रीस्वभावतः-સ્ત્રી સહજ સ્વભાવ પ્રમાણે, तत् तत्-તે તે, सर्वम्-બધું, तथा एव-તે તે પ્રમાણેજ, आचरितम्-આચરણ કરવામાં આવ્યું.

અનુવાદ—હાલમાં તો તું તે મહાત્માના આપેલ ફળને પરીક્ષા ખાતર ગાયને ખવડાવી દે; સ્ત્રી સ્વભાવ મુજબ ધુંધુલીએ પણ તે તે બધું તે પ્રમાણેજ કર્યું.

अथ कालेन सा नारी प्रसूता बालकं तदा ।
आनीय जनको बालं रहस्ये धुन्धुली ददौ ॥ ५६ ॥
तया च कथितं भर्त्रे प्रसूतः सुखमर्भकः ।
लोकस्य सुखमुत्पन्नमात्मदेवमजोदयात् ॥ ५७ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—અથ-ત્યારબાદ, કાલેન-થોડો સમય જતાં-યોગ્ય સમયે, સા-તે, નારી-સ્ત્રીએ, બાલકમ્-બાળકને, પ્રસૂતા-જન્મ આપ્યો તદા-ત્યારે, જનકઃ તે બાળકના પિતાએ, બાલમ્-બાળકને, રહસ્યે-બાનગીમાં, આનીય-લાવીને ધુન્ધુકીમ્-ધુંધુલીને, દદૌ-આપ્યો, પદ; તયા ચ-ને તે ધુંધલીએ, મર્ત્રે-સ્વામીને, કથિતમ્-કહ્યું અર્ભકઃ-બાળક, સુખમ્-સુખપૂર્વક, પ્રસૂતઃ-જન્મ્યો છે, લોકસ્ય-લોકોને આત્મદેવપ્રજોદયાત્-આત્મદેવ બ્રાહ્મણને ત્યાં પ્રજાનો જન્મ થવા રૂપ ઉદયથી, સુખમ્-સુખ, ઉત્પન્નમ્-થયું. ૫૭.

અનુવાદ—ત્યારબાદ તે સ્ત્રીએ જ્યારે યોગ્ય કાળે બાળકને જન્મ આપ્યો; ત્યારે તે બાળકના પિતાએ તેને ગુપ્ત રીતે લાવીને ધુંધુલીને આપ્યો. ૫૬. ત્યારબાદ તે ધુંધુલીએ પોતાના સ્વામીને જણાવ્યું કે બાળક સુખરૂપ જન્મ્યો છે; આત્મદેવને પ્રજા થવાથી લોકોને પણ સુખ થયું. ૫૭.

दद्यौ दानं द्विजातिभ्यो जातकर्म विधाय च ।
गीतवादित्रघोषोऽभूत्तद्वारे मङ्गलं बहु ॥ ५८ ॥

અન્વયાર્થ—જાતકર્મ-જાતકર્મ સંસ્કાર, વિધાય-કરીને, દ્વિજાતિભ્યઃ બ્રાહ્મણોને, દાનમ્-દાન, દદૌ-આપ્યું, તદ્વારે-તે આત્મદેવના આંગણે, ગીતવાદિત્રઘોષઃ-મંગળગીત તેમજ વાજીંત્રોના નાદ, ચ-અને, બહુ-ખૂબ. મઙ્ગલમ્-મંગલ, અભૂત્-થયું.

અનુવાદ—આત્મદેવ બ્રાહ્મણે બાળકના જાતકર્મ સંસ્કાર કરીને બ્રાહ્મણોને દાન આપ્યાં. તેના આંગણે ગીતોના તેમજ વાજીંત્રોના નાદ થયા. ખૂબ મંગળમય વાતાવરણ થયું.

मर्तुरग्रेऽब्रवीद्वाक्यं स्तन्यं नास्ति कुचे मम ।
अन्यस्तन्येन निर्दुग्धा कथं पुष्णामि बालकम् ॥ ५९ ॥
मत्स्वसायाः प्रसूताया मृतोबाल प्रवर्तते ।
तामाकार्य गृहे रक्ष सा तेऽर्भं पोषयिष्यति ॥ ६० ॥

અન્વયાર્થ—મર્તુઃ-સ્વામીની, અગ્રે-આગળ વાક્યમ્-વાકય, અબ્રવીત્-બોલી, મમ-મારા, કુચે-સ્તનમાં, સ્તન્યમ્-દૂધ, ન+અસ્તિ-નથી, નિર્દુગ્ધા-દૂધ વગરની હું, અન્યસ્તન્યેન-બીજાના દૂધથી, બાલકમ્-બાળકને, કથમ્-કેવી રીતે, પુષ્ણામિ-ઉછેરું, (પોષણ કરું). ૫૯; પ્રસૂતાયાઃ-જેને પ્રસવ થયો છે એવી, મત્સ્વસાયાઃ-(સ્વસા-બહેન) મારી બહેનનો, બાલઃ-બાળક, મૃતઃ-મરણ પામેલ, પ્રવર્તતે-છે, તામ્-તેને-મારી બહેનને, આકાર્ય-બોલાવીને, ગૃહે-ઘેર, રક્ષ થોડા સમય માટે રાખો, સા-તે-મારી બહેન, તે-તમારા, અર્ભમ્-બાળકને, પોષયિષ્યતિ-ઉછેરશે સ્તનપાન કરાવીને મોટો કરશે, ૬૦

અનુવાદ—ધુંધુલી પતિ સમક્ષ કહેવા લાગી; મારા સ્તનમાં દૂધ નથી, તો દૂધ વિનાની હું બીજાના દૂધથી બાળકને કેવી રીતે ઉછેરું ? (પાલન કરું ?) ૫૯; મારી બહેન કે જેનો બાળક જન્મીને મરણ પામેલો છે, તેને બોલાવીને ઘેર રાખો, તે તમારા બાળકને ઉછેરીને મોટો કરશે. ૬૦.

તત્ત્વસુધા—"तामाकार्यम्" એવો પણ પાઠ છે. आकार्यम् જ્યાં સુધી બાળકને ઉછેરવાનું કામ ચાલે ત્યાં સુધી ताम् મારી બહેનને गृहे रक्ष આપણે ઘરે વસાવો

पतिना तत्कृतं सर्वं पुत्ररक्षणहेतवे ।
पुत्रस्य धुन्धुकारीति नाम मात्रा प्रतिष्ठितम् ॥ ६१ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—પુત્રરક્ષણહેતવે-પુત્રના રક્ષણ કાજે, પતિના-પતિએ, તત્-તે, સર્વમ્-બધું, કૃતમ્-કર્યું. માત્રા-માતાએ, પુત્રસ્ય-પુત્રનું, ધુન્ધુકારી ઇતિ-ધુંધુકારી એ પ્રમાણે, નામ-નામ, પ્રતિષ્ઠિતમ્-રાખ્યું.

અનુવાદ—પુત્ર સંરક્ષણ ખાતર આત્મદેવે બધું તે પ્રમાણે કર્યું. માતાએ પુત્રનું નામ 'ધુંધુકારી' એવું નક્કી કર્યું.

તત્ત્વસુધા—"દ્વાદશમેહનિ પિતા નામ કુર્યાત્" બારમે દિવસે પિતા બાળકનું નામ રાખે, એ નિયમ-વિધિને ઉલ્લંઘીને ધુંધુલીએ ધુંધુકારી નામ રાખ્યું. પરધનાનિ દારાંશ્ચ ગૃહીતું ધું ધું શબ્દં કરોતીતિ ધુંધુકારી પરદારા પરધનને માટે ભટકનારો.

त्रिमासे निर्गते चाथ सा धेनुः सुषुवेऽर्भकम् ।
सर्वाङ्गसुन्दरं दिव्यं निर्मलं कनकप्रभम् ॥ ६२ ॥
दृष्ट्वा प्रसन्नो विप्रस्तु संस्कारान्स्वयमादधे ।
मत्वाऽऽश्चर्यं जनाः सर्वे दिदृक्षार्थं समागताः ॥ ६३ ॥

અન્વયાર્થ—અથ-ત્યાર બાદ, ત્રિમાસે-ત્રણ માસ, નિર્ગતે-પસાર થતાં, સા-તે, ધેનુઃ-ધેનુએ, સર્વાઙ્ગસુન્દરમ્-સર્વ અંગોથી સુંદર, દિવ્યમ્-દિવ્ય, નિર્મલમ્-નિર્મળ. ચ-અને, કનકપ્રભમ્-સુવર્ણ સમાન તેજસ્વી અર્ભકમ્-બાળકને, સુષુવે-જન્મ આપ્યો. ૬૨; દૃષ્ટ્વા-દિવ્ય બાળકને જોઇને, પ્રસન્ન-પ્રસન્ન થયેલ, વિપ્રઃ તુ-બ્રાહ્મણ દેવતા તો, સ્વયમ્-પોતે સંસ્કારાન્ સંસ્કારોને, આદધે-કરવા લાગ્યા, સર્વે-બધા, જનાઃ-માણસો, આશ્ચર્યમ્-આશ્ચર્ય, મત્વા-માનીને, દિદૃક્ષાર્થમ્ દર્શન કરવાની ઇચ્છાથી, સમાગતાઃ-આવ્યા. ૬૩.

અનુવાદ—ત્યારબાદ ત્રણ માસ પસાર થતાં તે ધેનુએ સર્વાંગસુન્દર દિવ્ય નિર્મલ તેમજ સુવર્ણ સમાન તેજસ્વી બાળકને જન્મ આપ્યો. ૬૨; દિવ્ય બાળકનો જન્મ થયેલો જોઇને પ્રસન્ન થયેલ આત્મદેવ બ્રાહ્મણે પોતેજ સંસ્કાર કર્યા. સર્વ મનુષ્યો પણ આશ્ચર્ય માનીને જોવા માટે આવી પહોંચ્યા. ૬૩.

भाग्योदयोऽधुना जात आत्मदेवस्य पश्यत ।
धेन्वा बालः प्रसूतस्तु देवरूपीति कौतुकम् ॥ ६४ ॥
न ज्ञातं तद्रहस्यं तु केनापि विधियोगतः ।
गोकर्णं तं सुतं दृष्ट्वा गोकर्ण नाम चाकरोत् ॥ ६५ ॥

અન્વયાર્થ—અધુના-હાલમાં, આત્મદેવસ્ય-આત્મદેવ બ્રાહ્મણનો, ભાગ્યોદયઃ ભાગ્યોદય. જાતઃ-થયો, ધેન્વા-ધેનુએ. તુ-તો, દેવરૂપી-દેવરૂપી, બાલઃ-બાળકને, પ્રસૂતઃ-જન્મ આપ્યો, ઇતિ-એ, કૌતુકમ્-આશ્ચર્યને, પશ્યત્-જુઓ. ૬૪; વિધિયોગતઃ-પ્રારબ્ધના યોગે, તદ્રહસ્યં તુ-તેનું રહસ્ય તો, કેન અપિ-કોઇના પણ, ન જ્ઞાતમ્-જાણવામાં ન આવ્યું, તમ્-તે, સુતમ્-પુત્રને, ગોકર્ણમ્-ગાયના જેવા કાનવાળો, દૃષ્ટ્વા-જોઇને, ચ-અને, ગોકર્ણમ્-ગોકર્ણ એવું, નામ-નામ, અકરોત્-રાખ્યું. ૬૫.

અનુવાદ—હાલમાં આત્મદેવ બ્રાહ્મણનો ભાગ્યોદય થયો. આ કૌતુક તો જુઓ કે ગાયે દેવરૂપી બાળકનો જન્મ આપ્યો. ૬૪; દૈવ સંજોગે તેનું રહસ્ય કોઇના પણ જાણવામાં ન આવ્યું. તે બાળકના ગાયના જેવા કાન હોવાથી તેનું નામ ગોકર્ણ રાખ્યું. ૬૫.

તત્ત્વસુધા—આસુરી પ્રકૃતિનો સંતાન ધુંધુકારી થયો. દૈવી પ્રકૃતિનો સંતાન ગોકર્ણ થયો ધુંધુકારી એટલે યોગભાવના અને ગોકર્ણ એટલે યોગનિષ્ઠા, गोः कर्णौ इव गायના જેવા કર્ણવાળો એટલે ગાયના જેવી ચેતનાવાળો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ગાયના જેવા ટટ્ટાર કાનવાળો એટલે હિતવાતો સાંભળનાર, गौषु उपनिषत्सु कर्णौ यस्य सः ઉપનિષદની વાર્તાઓને સાંભળવામાં રસ લેતો.

कियत्कालेन तौ जातौ तरुणौ तनयावुभौ ।
गोकर्णः पण्डितो ज्ञानी धुन्धुकारी महाखलः ॥ ६६ ॥
स्नानशौचक्रीयाहीनो दुर्भक्षी क्रोधवर्धितः ।
दुष्परिग्रहकर्ता च शवहस्तेन भोजनम् ॥ ६७ ॥
चौरः सर्वजनद्वेषी परवेश्मप्रदीपकः ।
लालनायार्भकान्धृत्वा सद्यः कूपे न्यपातयत् ॥ ६८ ॥
हिंसकः शस्त्रधारी च दीनान्धानां प्रपीडकः ।
चाण्डालाभिरतो नित्यं पाशहस्तः श्वसंगतः ॥ ६९ ॥

अन्वयार्थ—**कियत्कालेन**-કેટલોક સમય જતાં, **तौ**-તે, **उभौ**-બન્ને, **तनयौ**-પુત્રો, **तरुणौ**-યુવાન, **जातौ**-થયા, **गोकर्णः**-ગોકર્ણ, **पण्डितः**-પંડિત, **ज्ञानी**-જ્ઞાની, **धुन्धुकारी**-ધુંધુકારી, **महाखलः**-અત્યંત દુષ્ટ સ્વભાવનો, ६६; **स्नानशौचक्रियाहीनः**-(**स्नान**-સ્નાન, **शौच**-પવિત્રતા, **क्रिया**-સદાચાર, **हीनः**-રહિત.) સ્નાન પવિત્રતા અને સદાચાર રહિત, **दुर्भक्षी**-અભક્ષ્ય પદાર્થોનું ભક્ષણ કરનાર, **क्रोधवर्धितः**-ખૂબ ક્રોધી, **दुष्परिग्रहकर्ता**-નિષિદ્ધ વસ્તુનું દાન લેનાર, **च**-અને, **शवहस्तेन**-શબના હાથથી સ્પર્શ કરાયેલ, **भोजनम्**, ભોજન કરતો હતો, ६७; **चौरः**-ચોરી કરનાર, **सर्वजनद्वेषी**-સર્વ મનુષ્યોનો દ્વેષ કરનાર, **परवेश्मप्रदीपकः**-(**पर**-બીજાનાં, **वेश्म**-ઘર, **प्रदीपकः**-સળગાવનાર.) બીજાનાં ઘરને બાળનાર, **लालनाय**-રમાડવા માટે, **अर्भकान्**-બાળકોને, **धृत्वा**-ધારણ કરીને, **सद्यः**-એકદમ, **कूपे**-કૂવામાં, **न्यपातयत्**-નાખી દેતો હતો ६८; **हिंसकः**-હિંસા કરનાર, **शस्त्रधारी**-શસ્ત્રોને ધારણ કરનાર, **च**-અને **दीनान्धानाम्**-દીન-ગરીબ તેમજ અંધ મનુષ્યોનો, **प्रपीडकः**-પીડા ઉપજાવનાર, **नित्यम्**-હંમેશાં, **चाण्डालाभिरतः**-ચંડાલો સાથે વિશેષ પ્રેમ રાખનાર; **पाशहस्तः**-હાથમાં પાશ રાખનાર, **श्वसंगतः**-કૂતરાઓ સાથે સંગ કરનાર. ६९.

અનુવાદ—થોડા સમયમાં બન્ને પુત્રો યુવાન થઈ ગયા. ગોકર્ણ વિચારશીલ-બુદ્ધિમાન વિદ્વાન થયો. ધુંધુકારી અત્યંત દુષ્ટ સ્વભાવનો થયો. ६६; તે સ્નાન શુદ્ધિ તથા સદાચાર વગરનો, અભક્ષ્ય ભક્ષણ કરતો, ખૂબ ક્રોધી, દુષ્ટ દાનોને ગ્રહણ કરતો, શબના હાથથી સ્પર્શ કરાયેલ પદાર્થોનું ભોજન કરનાર, ६७; ચોરી કરનાર, સર્વ મનુષ્યો સાથે દ્વેષ કરતો, બીજાના મકાનોને સળગાવતો, રમાડવા માટે નાનાં બાળકોને લઈને પછી તુરતજ કૂવામાં નાખી દેતો, ६८; હિંસા કરતો, શસ્ત્ર ધારણ કરતો, દીન તેમજ આંધળાઓને ખૂબ પીડા ઉપજાવતો, હંમેશાં ચંડાલો સાથે દોસ્તી રાખતો, હાથમાં ફાંસો રાખવા માટે પાશ લઈને કૂતરાઓની સાથે જ્યાં ત્યાં ફરતો હતો. ६९.

तत्त्वसुधा—**स्नानशौचक्रियाहीनः** સ્નાન અને પવિત્રતા ન પાળતો એનું તાત્પર્ય. વિશ્વાસી તો સો વાર સ્નાન કરે પરંતુ સ્નાન બે પ્રકારનું એક મંત્ર સ્નાન બીજું મુશળ સ્નાન, સવારમાં તારા નક્ષત્ર દર્શને ભગવન્નામ સ્મરણ સાથે સ્નાન કરે તો મંત્ર સ્નાન અને સ્નાનના પાટલાથી રોટલા પર બેસે તે મુશળ સ્નાન મનાય તેથી સંધ્યાવંદન સેવા નિમિત્તે સ્નાન ન કરનારો માત્ર શરીર વિલાસ માટેજ સ્નાન કરનાર. **दुष्परिग्रहकर्ता**, दुष्प्रतिग्रहकर्ता એવા બે પાઠ છે. પરિગ્રહનો અર્થ ઘરમાં ન રાખવા લાયક દુષ્ટ વસ્તુઓ રાખવી. પ્રતિગ્રહ શબ્દ કહેવામાં तिलधेनुर्गजो काजी प्रेतान्नसाजिनं मणि । सूरभिः सूयमाना च दुष्टाः सप्त प्रतिग्रहाः આ સાત પ્રકારનાં નિષિદ્ધ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

દાન લેનાર. शवहस्तेन भोजनः શબના હાથે ભોજન કરનાર એટલે સ્મશાનમાં ઉપાસના કરનાં શબના હાથમાં મુકીને તે પદાર્થ ખાનાર. અથવા शवहः स्तेनभोजनः શબનો વાહન કરનારો અને ચોરોની સાથે ભોજન કરનાર ત્રીજો પાઠ છે. सव्यहस्तेन भोजनः ડાબા હાથથી ખાનાર. पाशहस्तश्च संगतः અને पाशहस्तः श्वसंगतः એવા બે પાઠ છે.

तेन वेश्याकुसंगेन पित्र्यं वित्तं तु नाशितम् ।
एकदा पितरौ ताड्य पात्राणि स्वयमाहरत् ॥ ७० ॥

અન્વયાર્થ—तेन-તે ધુંધુકારીએ, वेश्याकुसंगेन વેશ્યાઓના કુસંગથી, पित्र्यम्-પિતા સબંધી, वित्तम्-ધનને, तु-તો, नाशितम्-ગુમાવી દીધું एकदा-એક વખત, पितरौ-માતાપિતાને, ताड्य-મારીને, स्वयम्-પોતે, पात्राणि-વાસણો વગેરે आहरत्-ઉઠાવી લઇ ગયો.

અનુવાદ—ધુંધુકારીએ કુસંગે પિતાની સર્વ સમ્પત્તિને ગુમાવી દીધી અને એક દિવસ માતપિતાને મારીને ઘરમાંનાં વાસણા વગેરે પોતે ઉઠાવી લઈ ગયો.

तत्पिता कृपणः प्रोच्चैर्धनहीनो रुरोद ह ।
वन्ध्यत्वं तु समीचीनं कुपुत्रो दुःखदायकः ॥ ७१ ॥
क्व तिष्ठामि क्व गच्छामि को मे दुःखं व्यपोहयेत् ।
प्राणांस्त्यजामि दुःखेन हा कष्टं मम संस्थितम् ॥ ७२ ॥

અન્વયાર્થ—धनहीनः-નિર્ધન થઈ ગયેલ, कृपणः-ગરીબ રાંક, तत्पिता-તે ધુંધુકારીનો પિતા આત્મદેવ, प्रोच्चैः-ખૂબ મોટે સાદે रूरोद-રૂદન કરવા લાગ્યો ह-ખરેખર, वन्ध्यत्वम्-વન્ધ્યપણું समीचीनम्-ઘણું સારું, तु-કિન્તુ, कुपुत्रः-કુલાંગાર કરા दुःखदायकः-દુઃખ ઉપજાવના (હવે હું ૭૧; क्व ક્યાં, तिष्ठामि-રહું, क्व-ક્યાં, गच्छामि-જાઉં, मे-મારા, दुःखम्-દુઃખને, कः કોણ, व्यपोहयेत्-દૂર કરે हा-ખેદની વાત છે કે, मम-મને, कष्टम्-કષ્ટ, संस्थितम्-આવી પડ્યું, दुःखेन-દુઃખને લીધે, प्राणान्-પ્રાણોને त्यजामि-ત્યજી દઉં. ૭૨.

અનુવાદ—નિર્ધન થઈ ગયેલ કંજૂસ એવો તેનો પિતા ઘ્રૂસકે ઘ્રૂસકે મોટથી રડવા લાગ્યો; તેમજ કહેવા લાગ્યો કે આના કરતાં તો પુત્ર ન હોય એજ ઘણું સારું, ખરેખર કુપુત્ર દુઃખ આપનારજ હોય છે. ૭૧; હવે હું ક્યાં જાઉં ? મારા દુઃખને કોણ દૂર કરે ? હા ! મને મહાકષ્ટ આવી પડ્યું. દુખને લીધે હું મારા પ્રાણોને ત્યજી દઈશ. ૭૨.

तदानीं तु समागत्य गोकर्णो ज्ञानसंयुतः ।
बोधयामास जनकं वैराग्यं परिदर्शयन् ॥ ७३ ॥
असारः खलु संसारो दुःखरूपी विमोहकः ।
सुतः कस्य धनं कस्य स्नेहवाञ्ज्वलतेऽनिशम् ॥ ७४ ॥
न चेन्द्रस्य सुखं किंचिन्न सुखं चक्रवर्तिनः ।
सुखमस्ति विरक्तस्य मुनेरेकांतजीविनः ॥ ७५ ॥

અન્વયાર્થ—तदानीं तु-તે સમયે તો, ज्ञानसंयुतः-જ્ઞાનથી યુક્ત પરમ જ્ઞાની, गोकर्णः-ગોકર્ણ, समागत्य-આવીને, जनकम्-પિતાને, वैराग्यम्-વૈરાગ્યને, परिदर्शयन्-બતાવતાં, बोधयामास-બોધ કર્યો, ૭૩;

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સંસારઃ-સંસાર, ખલુ-ખરેખર, અસારઃ-સાર વગરનો છે, દુઃખરૂપી-દુઃખરૂપ છે. વિમોહકઃ-અતિશય મોહ ઉપજાવનાર છે, સુતઃ-પુત્ર, કસ્ય-કોનો, ધનમ્-ધન, કસ્ય-કોનું, સ્નેહવાન્-સ્નેહ કરવાવાળો, અનિશમ્-દિનરાત, જ્વલતે-સંતાપ રૂપી અગ્નિથી બળે છે, ૭૪; ઇન્દ્રસ્ય-દેવરાજ ઇન્દ્રને, કિંચિત્-કંઈપણ, સુખમ્-સુખ, ન-નથી, ચ-અને, ચક્રવર્તિનઃ-સમ્રાટ-ચક્રવર્તી રાજાને પણ, ન સુખમ્-સુખ નથી, એકાન્તજીવિનઃ-એકાંતમાં જીવનાર, વિરક્તસ્ય-વૈરાગ્યવાન, મુનેઃ મનનશીલ (મૌની મહાત્માને, સુખમ્-સુખ, અસ્તિ-છે. ૭૫.

અનુવાદ-એ સમયે જ્ઞાની ગોકર્ણ ત્યાં આવ્યો અને વૈરાગ્ય દર્શાવતો પિતાને બોધ આપવા લાગ્યો. ૭૩; ગોકર્ણ કહ્યું-પિતાજી ખરેખર આ સંસાર અસાર છે. દુઃખરૂપ તેમજ અતિ મોહ ઉપજાવનારો છે. પુત્ર કોનો અને ધન પણ કોનું? સ્નેહવાળો માનવ દિનરાત બળ્યા કરે છે. ૭૪; દેવરાજ ઇન્દ્રને પણ કંઇજ સુખ નથી, તેમજ ચક્રવર્તી રાજાને પણ કંઈજ સુખ નથી. સુખતો છે એકાંતજીવી વિરક્ત મુનિ. (તે સિવાય બધાને દુઃખજ છે.) ૭૫.

મુઞ્ચાજ્ઞાનં પ્રજારૂપં મોહતો નરકે ગતિઃ ।
નિપતિષ્યતિ દેહોઽયં સર્વં ત્યક્ત્વા વનં વ્રજ ॥ ૭૬ ॥

અન્વય અર્થ-પ્રજારૂપમ્-આ મારી પ્રજા-પુત્ર છે એવા અજ્ઞાનમ્-અજ્ઞાનને મુઞ્ચ-ત્યજી દો, મોહતઃ-મોહને લીધે, નરકે ગતિઃ-નરકમાં ગતિ થાય છે અયમ્-આ, દેહઃ દેહ, નિપતિષ્યતિ-નાશ પામશે, સર્વમ્-બધુંજ, ત્યક્ત્વા-ત્યજીને, વનમ્-વનમાં, વ્રજ-જાઓ.

અનુવાદ-પ્રજારૂપ અજ્ઞાનને છોડી દો; મોહથી નરકમાં ગતિ થાય છે. આ શરીર નાશ પામવાનું છે, માટે બધુંજ છોડી દઈને વનમાં ચાલ્યા જાવ.

તદ્વાક્યં તુ સમાકર્ણ્ય ગન્તુકામઃ પિતાઽબ્રવીત્ ।
કિં કર્તવ્યં વને તાત તત્ત્વં વદ સવિસ્તરમ્ ॥ ૭૭ ॥
અન્ધકૂપે સ્નેહપાશે બદ્ધઃ પઙ્ગુરહં શઠઃ ।
કર્મણા પતિતો નૂનં મામુદ્ધર દયાનિધે ॥ ૭૮ ॥

અન્વયાર્થ-તદ્વાક્યં તુ-ગોકર્ણના વાકયને તો સમાકર્ણ્ય-સાંભળીને, ગન્તુકામઃ-(વનમાં) જવાની ઇચ્છાવાળા, પિતા-પિતા આત્મદેવ, અબ્રવીત્-બોલ્યા, તાત-બેટા, વને-વનમાં જઇને, કિમ્-શું, કર્તવ્યમ્-કરવું, તત્-તે, ત્વમ્-તું, સવિસ્તરમ્-વિસ્તાર પૂર્વક, વદ-કહે, ૭૭; કર્મણા-કર્મને લીધે, અન્ધકૂપે-અંધારા કૂવામાં, પતિતઃ-પડેલો, સ્નેહપાશે-સ્નેહપાશમાં બદ્ધઃ-બંધાયેલો, પંગુઃ-પાંગળા જેવો, અહમ્-હું, નૂનમ્-ખરેખર, શઠઃ-શઠ છું, દયાનિધે-હે દયાસાગર, મામ્-મને, ઉદ્ધર-ઉગારો-મારો ઉદ્ધાર કરો. ૭૮.

અનુવાદ-ગોકર્ણનાં વચન સાંભળીને વનમાં જવાની ઇચ્છાવાળા પિતા બોલ્યા; બેટા, વનમાં જઇને મારે શું કરવું? તે તું મને વિસ્તારપૂર્વક કહે. ૭૭; હું શઠ મારા કર્મના સ્નેહપાશ વડે બંધાઇને અંધારા કુવામાં પડયોછું, પાંગળો થયો છું. હે દયાનિધે! તું મારો અવશ્ય ઉદ્ધાર કર.

દેહેઽસ્થિમાંસરુધિરેઽભિમતિં ત્યજ ત્વં
જાયાસુતાદિષુ સદા મમતાં વિમુઞ્ચ ।
પશ્યાનિશં નગદિદં ક્ષણભઙ્ગનિષ્ઠં
વૈરાગ્યરાગરસિકો ભવ ભક્તિનિષ્ઠઃ ॥ ૭૯ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—અસ્થિમાંસરુધિરે-(અસ્થિ-હાડકાં, માંસ-માંસ, રુધિર-લોહી,) હાડકાં, માંસ, તથા રુધિરવાળા, દેહે-શરીરમાં, અભિમતિમ્-આસક્તિને વધુ પડતા પ્રેમને, ત્વમ્-તમે, ત્યજ-છોડી દો, સદ્ય-હરહ મેશ, જાયાસુતાદિષુ-(જાયા-સ્ત્રી, સુત-પુત્ર, આદિષુ-વગેરેમાં,) સ્ત્રી, પુત્ર, પરિવાર વગેરેમાં, મમતામ્-'અમારું મારું' એવા પ્રકારની મમતાને, વિમુઞ્ચ-બાસ કરીને ત્યજી દો, ઇદમ્-આ જગત-જગતને, અનિશમ્-રાત્રિ દિવસ, ક્ષણભઙ્ગનિષ્ઠમ્-ક્ષણ વારમાં નાશ પામે તેવું, પશ્ય-જુઓ, વૈરાગ્યરાગરસિકઃ-વૈરાગ્યરસના રસિક બનીને, ભક્તિનિષ્ઠઃ-ભગવાનની ભક્તિમાં નિષ્ઠાવાળા, ભવ-થાઓ.

અનુવાદ—શ્રોકર્ણ બોલ્યા:-હાડકાં, માંસ અને રુધિરવાળા દેહ ઉપરની આસક્તિ-વધુ પડતા મોહને ત્યજી દો; સ્ત્રી પુત્ર વગેરે ઉપરની મમતાને સદા ત્યજી દો; આ જગત રુદૈવ ક્ષણભંગુર છે એમ જુઓ; વૈરાગ્યમાં પ્રીતિવાળા બની ભગવાનની ભક્તિમાં દૃઢ નિષ્ઠાવાળા થાઓ.

તત્ત્વસુધા—સંસાર અને શરીરનો ત્યાગ ભાગવત શાસ્ત્રમાં નથી. પરંતુ "અભિમતિમ્" આસક્તિનો ત્યાગ સૂચવ્યો છે. શરીર ભગવાનનું મંદિર છે એમ સમજી તેનો ત્યાગ નથી કરવાનો પરંતુ ભગવત્કાર્ય સેવામાં વિનિયોગ કરવાનો છે. મમતા વિમુઞ્ચ સ્ત્રી પુત્રાદિને પોતાનાં માનવાને બદલે પ્રભુને સમર્પવાનાં છે અથવા પ્રભુનાં છે એમ સમજીને સંભાળવાનાં છે. વૈરાગ્યભારસિક: એવો બીજો પાઠ છે.

धर्मं भजस्व सततं त्यज लोकधर्मान्
सेवस्व साधुपुरुषाञ्जहि कामतृष्णाम् ।
अन्यस्य दोषगुणचिन्तनमाशु मुक्त्वा
सेवाकथारसमहो नितरां पिब त्वम् । ૮૦ ॥

અન્વયાર્થ—સતતમ્-સતત, ધર્મમ્-ભગવદ્-ભજનરૂપ ધર્મને, ભજસ્વ-સેવો, લોકધર્માન્-લૌકિક ધર્મોને, ત્યજ-ત્યજી દો, સાધુપુરુષાન્-સત્પુરુષોને, (સતત) સેવસ્વ-સેવો, કામતૃષ્ણામ્-વિષયભોગની ઇચ્છાને, જહિ-હણી નાખો-દૂર કરો, અન્યસ્ય-બીજાના, દોષગુણચિન્તનમ્-દોષો તથા ગુણોના ચિન્તવનને, આશુ-તુરત, મુક્ત્વા-છોડી દઈને, ત્વમ્-તમે, અહો-અહો, સેવાકથારસમ્-(સેવા-ભગવાનની સેવા, કથા-ભાગવત કથા) ભાગવતસેવા કથારસને, નિતરામ્-અતિશય પ્રમાણમાં-યથેચ્છ, પિબ-પાન કરો.

અનુવાદ—ભગવદ્ ભજનરૂપ ધર્મનું સેવન કરો, લૌકિક ધર્મોનો સદા ત્યાગ કરો, સાધુપુરુષોની સેવા કરો, આશા-તૃષ્ણાઓને દૂર કરો અને બીજાના ગુણદોષ જોવાનું શીઘ્ર છોડી દઈને ભગવાનની સેવા તથા ભગવત્કથારૂપ રસનું યથેચ્છ પાન કરો.

તત્ત્વસુધા—जहि कामतृष्णाम् એ પાઠમાં કામ અને તૃષ્ણા બન્ને એકજ અર્થના વાચક બને છે તેથી जहि भूतहिंसाम् એવો પાઠ "યુગ્ન" સંમત છે. બીજો પાઠ जहि कामशत्रुम् એવો પણ છે.

एवं सुतोक्तिवशतोऽपि गृहं विहाय
यातो वनं स्थिरमतिर्गतषष्टिवर्षः ।
युक्तो हरेरनुदिनं परिचर्ययाऽसौ
श्रीकृष्णमाप नियतं दशमस्य पाठात् ॥ ૮૧ ॥

અન્વયાર્થ—एवम्-આ પ્રમાણે, सुतोक्तिवशतः-પુત્રનાં વચનને વશ થવાથી, गृहम्-ઘરને, છોડી દઈને, गतषष्टिवर्षः-જેમનાં સાઈઠ વર્ષ પસાર થઈ ગયાં છે તેવા, स्थिरमतिः-સ્થિરબુદ્ધિવાળા,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વનમ્-વન તરફ, **યાતઃ**-ચાલી નીકળ્યા, **યુક્તઃ**-નિયમ યુક્ત, **અસૌ**-આ આત્મદેવ, **અનુદિનમ્**-દરરોજ, **હરેઃ**-શ્રી હરિની, **પરિચર્યયા**-સેવા-પૂજાથી, **નિયતમ્** નિયમસર. **દશમસ્ય**-શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધના **પાઠાત્**-પાઠથી, **શ્રીકૃષ્ણમ્**-શ્રીકૃષ્ણને, **આપ**-મેળવ્યા.

અનુવાદ—આ પ્રમાણે પુત્રનાં પુત્રને ઘર છોડીને ચાલ્યા ગયા છતાં સ્થિર બુદ્ધિવાળા આત્મદેવ ઘર છોડી દઈને વનમાં ચાલ્યા ગયા; ત્યાં જઈને યુક્તચિત્ત બની દરરોજ શ્રીહરિની સેવા-પૂજાથી તેમજ નિયમપુરઃસર શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધના પાઠથી ભગવાન શ્રીકૃષ્ણને પ્રાપ્ત કર્યા. ૮૧.

તત્ત્વસુધા—**યાતો વનં સ્થિરમતિઃ** સ્થિર મતિ થવા માટે વનમાં જવું પરંતુ જગતથી થાકીને વનમાં ન જવું. અથવા **ગતષષ્ટિવર્ષઃ** સાઠ વર્ષની વયનો મનુષ્ય જો **સ્થિરમતિઃ** સ્થિર મતિવાળો થાય તો **વનં યાતઃ** એનો વનમાંજ વાસ છે. મતિની સત્વિકતા એજ વનવાસ. **નિયતં દશમસ્ય પાઠાત્** નિયમિત રીતે દશમ સ્કંધનો પાઠ કરવામાં આવે તો પણ કૃષ્ણની પ્રાપ્તિ થાય છે. એનો અર્થ શ્રીમદ્ ભાગવતની સંહિતા એટલે બારેબાર સ્કંધની જરૂર નથી એવું પુરવાર કરવા નથી પરંતુ નિત્યના અનુષ્ઠાનમાં અથવા સમયના અભાવે દશમ સ્કંધ રાખનો જે શીઘ્ર નિરોધ કરે છે.

ઇતિ શ્રીપદ્મપુરાણે ઉત્તરખણ્ડે શ્રીમદ્ભાગવતમાહાત્મ્યે આત્મદેવવિપ્રમોક્ષો નામ
ચતુર્થોઽધ્યાયઃ । //

ઇતિ શ્રી પદ્મપુરાણના ઉત્તરખંડમાં કહેલા શ્રીમદ્ ભાગવત માહાત્મ્યમાં આત્મદેવ વિપ્રમોક્ષ પ્રસંગની તત્ત્વસુધા ટીકાનો ચતુર્થ અધ્યાય સંપૂર્ણ.

ઓરોબ-૧- ।। ૐ ।। 23-10-1992

અધ્યાય પાંચમો

પાંચમા અધ્યાયમાં સપ્તાહ શ્રવણનો વિધિ, ધુન્ધુકારીની દુર્જીવન ચેષ્ટા, ગોકર્ણની તીર્થયાત્રા, ધુ ધુલાની અવગતિ વગેરે વર્ણન છે.

સૂત ઉવાચ—સૂતજી બોલ્યા.

પિતર્યુપરતે તેન જનની તાડિતા મુહુમ્ ।
ક્વ વિત્તં તિષ્ઠતિ બ્રૂહિ હનિષ્યે લત્તયા ન ચેત્ ॥ ૧ ॥

અન્વયાર્થ—**પિતરિ**-પિતા, **ઉપરતે**-સંસારમાંથી ઉપરામ થયા અથવા સદ્ગત થયા ત્યારે, **તેન**-તે ધુન્ધુકારીએ, **જનની**-માતાને, **મુહુમ્**-ખૂબજ, **તાડિતા**-મારી. **બ્રૂહિ**-બોલ, **ક્વ**-ક્યાં, **વિત્તમ્**-ધન, **તિષ્ઠતે**-રહ્યું છે, **ન ચેત્**-જો નહીં બતાવે તો, **લત્તયા**-લાતથી, **હનિષ્યે**-મારીશ.

અનુવાદ—પિતા ઘર છોડીને ચાલ્યા ગયા પછી ધુન્ધુકારીએ માતાને ખૂબ માર મારી ને કહેવા લાગ્યો કે;-બોલ પૈસા ક્યાં છે. જો નહીં બોલે તો લાતથી તને મારી નાખીશ.

તત્ત્વસુધા—**ઉપરતે** ઉપરામ વૃત્તિવાળા થઈ સંસાર છોડી ચાલ્યા ગયા. ખરી રીતે તો પ્રકૃતિનાં સુખોમાંથી ને ઇન્દ્રિય સુખોમાંથી વૈરાગ્ય આવ્યું ત્યારેજ ભગવદ્ ધર્મમાં પ્રેમ થયો. સાધન ભક્તિ હોય છે તેમને વૈરાગ્ય આવ્યા બાદ ભગવ-માર્ગમાં પ્રેમ થાય છે. **તિષ્ઠતે** એવો પણ પાઠ છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

इति तद्वाक्यसंत्रासाज्जनन्या पुत्रदुःखतः ।
कूपे पातः कृतो रात्रौ तेन सा निधनं गता ॥ २ ॥

અન્વયાર્થ—इति-આ પ્રમાણે, तद्वाक्यसंत्रासात्-તેના વચનોના ત્રાસથી, पुत्रदुःखतः પુત્રના દુઃખને લીધે, जनन्या-ધુ-ધુકારીની માતા ધુ-ધુલીએ, रात्रौ-રાત્રિને વિષે कूपे-કૂવામાં, पातः-પડતું, कृतः-મૂકયું, तेन-તેથી, सा-તે-ધુ-ધુલી, निधनम्-મરણને, गता-પ્રાપ્ત થઈ

અનુવાદ—એ પ્રમાણે ધુન્ધુકારીનાં વાક્યોથી ત્રાસી જઇને તેમજ તેને દીધેલાં દુઃખથી કંટાળીને ધુન્ધુલીએ રાત્રે કૂવામાં પડતું મૂકયું, પરિણામે તે મરણ પામી.

गोकर्णो तीर्थयात्रायां निर्गतो योगसंस्थितः ।
न दुःखं न सुखं तस्य न वैरी नापि बान्धवः ॥ ३ ॥

અન્વયાર્થ—योगसंस्थितः-સમત્વમાં રહેલ-સમતોલપણામાં રહેલ, गोकर्णः-ગોકર્ણ, तीर्थयात्राम्-તીર્થયાત્રા કરવા, निर्गतः-ચાલી નીકળ્યા, तस्य-તેને ગોકર્ણને, न दुखम्-ન તો દુઃખ, न सुखम न તો સુખ, न वैरी-વૈરી નથી, बान्धवः अपि न-બાન્ધવ પણ નહીં.

અનુવાદ—જેને કોઈ દુઃખ કે સુખ નથી, નથી કોઈ વૈરી કે બાન્ધવ એવા ગોકર્ણ ચિત્તનું સમતોલપણું ધારણ કરી તીર્થયાત્રા કરવા ચાલી નીકળ્યા.

તત્ત્વસુધા—આત્મદેવને વિષાદમાંથી વૈરાગ્ય થયો. જ્યારે ગોકર્ણને સ્વાભાવિકજ વિવેક હતો. વિરકતે ઘરનો ત્યાગ કરી તીર્થયાત્રામાં ને ભગવદ્ ધામોમાં રસ લેતા થયું એજ વિધાને તીર્થયાત્રામાં ચાલતા થયા, "સમત્વ" ગુણ વિનાની તીર્થયાત્રા નકામી.

धुन्धुकारी गृहेऽतिष्ठत्पञ्चपण्यवधूवृतः ।
अत्युग्रकर्मकर्ता च तत्पोषणविमूढधीः ॥ ४ ॥

અન્વયાર્થ—पञ्चपण्यवधूवृतः પાંચ વેશ્યાઓથી વીંટળાયેલો, च-અને, अत्युग्रकर्मकर्ता-અતિ ભયંકર કર્મ કરનાર. तत्पोषणविमूढधीः-તે વેશ્યાઓનું પોષણ કરવામાં મૂઢ બુદ્ધિવાળો, धुन्धुकारी-ધુન્ધુકારી, गृहे-ઘેર, अतिष्ठत्-રહેવા લાગ્યો.

અનુવાદ—પાંચ વેશ્યાઓથી વીંટળાયેલો અને તેઓનું પોષણ કરવામાં મૂઢ બુદ્ધિ વાળો અને એટલાજ માટે અતિ ઉગ્ર કામ કરનાર ધુન્ધુકારી ઘેર રહેવા લાગ્યો.

તત્ત્વસુધા—પઞ્ચપણ્યવધૂવૃતઃ વારાંગનાની પાંચ સંખ્યા બતાવી છે તે કર્મેન્દ્રિયોનું તેમજ જ્ઞાનેન્દ્રિયોનું સર્વથા વિષયાભિમુખપણું દર્શાવવા માટે છે. ધુ-ધુકારી વિષયી ને પાપમય જીવ છે.

एकदा कुलटास्तास्तु भूषणान्यभिलिप्सवः ।
तदर्थं निर्गतो गेहात्कामान्धो मृत्युमस्मरन् ॥ ५ ॥
यतस्ततश्च संहृत्य वित्तं वेश्म पुनर्गतः ।
ताभ्योऽयच्छत्सुवस्त्राणि भूषणानि कियन्ति च ॥ ६ ॥

અન્વયાર્થ—एकदा-કોઈ એક વખત, ताः-તે બધી, कुलटाः-જ્યાં તાં ભટકનારી વેશ્યાઓ, तु-તો, भूषणानि-આભૂષણોને, अभिलिप्सवः-તેની પાસેથી મેળવવાને ઈચ્છતી હતી, तदर्थम्-તે આભૂષણો માટે, कामान्धः-કામદેવના પ્રભાવથી અન્ધ બનેલ, मृत्युम्-મૃત્યુને, अस्मरन्-ન વિચારતો, गेहात्-ઘરમાંથી,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નિર્ગતઃ-નીકળી પડયો. ૫; च-અને, यतः-જ્યાંથી, ततः-ત્યાંથી; (જ્યાં ત્યાંથી) वित्तम्-ધનને. संहृत्य-હરી લાવીને, पुनः-ફરીથી, वेश्म-ઘેર, गतः-ગયો, ताभ्यः-તે કુલટાઓને, सुवस्त्राणि-સારાં સારાં વસ્ત્ર, च-અને, कियन्ति-કેટલાંયે, भूषणानि-ઘરેણાં, अयच्छत्-આપતો હતો. ૫.

અનુવાદ—એક દિવસ એ વેશ્યાઓએ "અલંકારો જોઈએ છે" એવી માગણી કરી, જેથી કામાન્ધ ધુન્ધુકારી પોતાના મૃત્યુને પણ ન ગણકારતો આભૂષણો મેળવવા માટે ઘરમાંથી બહાર નીકળી પડયો. ૫; અને જ્યાંથી મળી આવ્યું ત્યાંથી ધન વગેરે અપહરણ કરીને પાછો ઘેર આવ્યો અને પેલી વેશ્યાઓને સારાં સારાં વસ્ત્રો તેમજ કેટલાંય કીમતી આભૂષણો આપ્યાં. ૬.

बहुवित्तचयं दृष्ट्वा रात्रौ नार्यो व्यचारयन् ।
चौर्यं करोत्यसौ नित्यमतो राजा ग्रहीष्यति ॥ ७ ॥
वित्तं हृत्वा पुनश्चैनं मारयिष्यति निश्चितम् ।
अतोऽर्थगुप्तये गूढमस्माभिः किं न हन्यते ॥ ८ ॥
निहत्यैनं गृहीत्वार्थं यास्यामो यत्र कुत्रचित् ।
इति ता निश्चयं कृत्वा सुप्तं सम्बध्य रश्मिभिः ॥ ९ ॥
पाशं कण्ठे निधायास्य तन्मृत्युमुपचक्रमुः ।
त्वरितं न ममारासौ चिन्तायुक्तास्तदाभवन् ॥ १० ॥

અન્વયાર્થ—बहुवित्तचयम्-ખૂબ ધનના ઢગલાને दृष्ट्वा-જોઈને, रात्रौ-રાત્રીમાં, नार्यः-સ્ત્રીઓ, व्यचारयन्-વિચારવા લાગી, असौ-આ ધુન્ધુકારી, नित्यम्-હરરોજ, चौर्यम्-ચોરી, करोति-કરે છે, अतः-એ કારણથી, राजा-રાજા, ग्रहीष्यति-પકડી લેશે. ૭; वित्तम्-ધનને, हृत्वा-પડાવી લઈને, च-અને, पुनः-ફરીથી, एनम्-એને, निश्चितम्-નક્કી, मारयिष्यति-મારી નાંખશે, अतः-એ કારણથી, अर्थगुप्तये-ધનના રક્ષણ માટે, अस्माभिः-આપણે, गूढम्-ગુપ્ત રીતે, किम्-શા માટે न हन्यते-ન મારી નાખવો જોઈએ, ૮; एनम्-એ ધુન્ધુકારીને, निहत्य-મારી નાખીને, अर्थम् द्रव्यને, गृहीत्वा-લઈને, यत्र कुत्रचित्-ગમે તે કોઈ એક જગ્યાએ, यास्यामः-આપણે ચાલ્યાં જઈશું. इति-આ પ્રમાણે, ताः-તે કુલટા સ્ત્રીઓ, निश्चयम्-નિર્ણયને, कृत्वा-કરીને, सुप्तम्-સૂઈ રહેલા તેને, रश्मिभिः-મજબૂત દોરડા થી, सम्बध्य-બાંધીને, ૯; अस्य-એના, कण्ठे-કંઠમાં, पाशम्-ફાંસાને, निधाय-નાખીને, तत् मृत्युम्-તેના મૃત્યુને, उपचक्रमुः-ઉપજાવતી હતી. (यदा-જ્યારે) असौ-આ ધુન્ધુકારી, त्वरितम्-જલ્દીથી, न ममार-મરણ ન પામ્યો, तदा-ત્યારે, चिन्तायुक्ताः-ચિન્તાયુક્ત, अभवन्-થઈ. ૧૦.

અનુવાદ—ચોરી કરીને મેળવેલા ખૂબ ધનના ઢગલાને જોઈને વેશ્યાઓએ રાત્રે વિચાર કર્યો કે આ ધુન્ધુકારી હરરોજ ચોરી કરે છે, માટે રાજા એને પકડીને અવશ્ય કેદ કરશે. ૭; વળી રાજા એનું સર્વ ધન પડાવી લઈને એને અવશ્ય મારી નાખશે. તો પછી ધનના રક્ષણ માટે આપણેજ એને ગુપ્ત રીતે શા માટે મારી ન નાખીએ? ૮; આ ધુન્ધુકરીને મારી નાખીને સર્વ ધન લઈને આપણે કયાંક ચાલ્યાં જઈશું. આમ નિશ્ચય કરીને સૂઈ રહેલા તેને દોરડાંથી મજબૂત બાંધીને, ગળે ફાંસો નાખીને તેનું મરણ નિપજાવતી હતી, પરંતુ એ જલ્દીથી મરણ ન પામ્યો ત્યારે ચિન્તાવાળી બની. ૯; ૧૦.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

तप्ताङ्गारसमूहांश्च तन्मुखे हि विचिक्षिपुः ।
अग्निज्वालातिदुःखेन व्याकुलो निधनं गतः ॥ ११ ॥
तं देहं गुप्तचुर्गर्ते प्रायः साहसिकाः स्त्रियः ।
न ज्ञातं तद्रहस्यं तु केनापीदं तथैव च ॥ १२ ॥
लोकैः पृष्टा वदन्ति स्म दूरं यातः प्रियो हि नः ।
आगमिष्यति वर्षेऽस्मिन्वित्तलोभविकर्षितः ॥ १३ ॥

અન્વયાર્થ—च-અને, तन्मुखे-તેના મુખમાં, तप्ताङ्गारसमूहान्-ધગધગતા અંગારાઓને, विचिक्षिपुः નાંખી હતી, अग्निज्वालातिदुःखेन-અગ્નિજ્વાળાઓથી થતા અતિ દુઃખને લીધે, व्याकुलः-અતિ દુઃખ પામેલો-વ્યાકુળ બનેલ, निधनम-મરણ દશાને, गतः-પામ્યો, हि-નક્કી, ૧૧; प्रायः-ખાસ કરીને, साहसिकाः-સાહસ ભર્યાં કાર્ય કરનારી, स्त्रियः-સ્ત્રીઓ, तम्-તે, देहम-દેહને, गर्ते-ઊંડા ખાડામાં, क्षिपुः-ત્યજી દેતી હતી, तथा एव च-અને વળી, इदम्-આ, तद्रहस्यम्-તેમનું આ છાનગી ચરિત્ર केन अपि-કોઇએ પણ, न ज्ञातम्-જાણ્યું નહીં, ૧૨; लोकैः-લોકોથી, पृष्टाः-પૂછાયેલી, वदन्ति स्म-કહેતી હતી કે, नः-અમારા, प्रियः-પ્રિય પતિ, वित्तलोभविकर्षितः-ધનના લોભથી આકર્ષાઇને, दूरम् यातः-દૂર દેશ ગયેલ છે अस्मिन वर्षे-આ વરસમાં, आगमिष्यति-આવશે. ૧૩.

અનુવાદ—ત્યારબાદ તે સ્ત્રીઓએ તેના મુખમાં ધગધગતા અંગારા નાંખ્યા; અગ્નિની જ્વાળાઓથી અતિ વેદના ભોગવતો તે મરણ પામ્યો, ૧૧; અતિશય સાહસિક એવી કુલટા સ્ત્રીઓએ તેના શબને એવી રીતે ઊંડા ખાડામાં દાટી દીધું કે એમના એ છાનગી ચરિત્રની કોઇને પણ જાણ ન થઈ. ૧૨; લોકોએ પૂછયું કે ધુન્ધુકારી ક્યાં ગયો છે-કેમ દેખાતો નથી, ત્યારે તે વેશ્યાઓ કહેતી હતી કે અમારો પ્રિતમ ધન કમાવાના લોભથી બે'ત્રાદને દૂર દેશ ગયો છે આ વર્ષની આખરે આવશે. ૧૩.

तत्त्वसुधा—प्रायः साहसिकाः स्त्रियः એ વાક્યમાં પ્રાય અવ્યય સૂચવે છે કે કેવલ કુલ શીલ શૂન્ય અસતી સ્ત્રીઓનું જ અહિંઆ ગ્રહણ કરવું પરંતુ સ્ત્રી સમાજનું નહીં, સ્ત્રી તો કલ્યાણ સરિતા છે.

स्त्रीणां नैव तु विश्वासं दुष्टानां कारयेद् बुधः ।
विश्वासे यः स्थितो मूढः स दुःखैः परिभूयते ॥ १४ ॥
सुधामयं वचो यासां कामिनां रसवर्धनम् ।
हृदयं क्षुरधारासं स्त्रियः को नाम योषिताम् ॥ १५ ॥

અન્વયાર્થ—बुधः-બુદ્ધિ પુરુષે, दुष्टानाम-દુષ્ટ એવી, स्त्रीणाम्-સ્ત્રીઓનો, तु-તો विश्वासम्-વિશ્વાસ, न एव-નહીંજ, कारयेत्-કરવો જોઇએ, यः-જે, मूढः-મૂર્ખ विश्वासे-વિશ્વાસમાં, स्थितः-રહેલો છે, सः-તે મૂઢ, दुःखैः-દુઃખોથી, परिभूयते-પીડાય છે, ૧૪; यासाम्-જેઓનું, वचः-વચન, सुधामयम्-અમૃત જેવું, कामिनाम्-કામી પુરુષોને, रसवर्धनम्-રસવૃત્તિ વધારનારું, हृदयम्-હૃદય, क्षुरधारासम-અસ્ત્રાની અણીદાર ધાર જેવું, योषिताम्-સ્ત્રીઓને, कः नाम-ખરેખર કોણ, प्रियः-પ્રિય હોય છે. ૧૫.

અનુવાદ—માટે સમજદાર પુરુષે દુષ્ટ સ્ત્રીઓનો વિશ્વાસ રાખવો ન જોઇએ, જે માનવ દુષ્ટ સ્ત્રીઓના વિશ્વાસે રહે છે તે મૂર્ખ અનેકવિધ દુઃખોથી પીડાય છે. ૧૪; ખરેખર તેઓનું

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વચન અમૃત જેવું મધુર તથા કામી પુરુષોની રસવૃત્તિને ઉત્તેજીત કરનારું હોય છે. આવી સ્ત્રીઓને કયો પુરુષ પ્રિય હોય ! ૧૫.

તત્ત્વસુધા—આ શ્લોકમાં ત્રણ પાઠ છે. (૧) વિશ્વાસં મૃતાનામ્ (૨) વિશ્વાસં દુષ્ટાનામ્ (૩) વિશ્વાસો નૃતાનાં. મૃત શરીરનો પણ વિશ્વાસ ન કરવો, દુર્માર્ગ ગામિની કુલટાનો વિશ્વાસ ન કરવો, અથવા અસત્ય ભાષીનો ન કરવો. પવિત્ર માતા પત્ની પુત્રી આદિને માટે આ વાક્ય નથી. કારણ કે પુરુષ કરતાં પણ લજ્જા, ધર્મ, સહિષ્ણુતા અને શીલ સ્ત્રીમાં વધારે હોય છે.

संहृत्य वित्तं ता याताः कुलटा बहुभर्तृकाः ।
धुन्धुकारी बभूवाथ महान्प्रेतः कुकर्मतः ॥ १६ ॥

અન્વયાર્થ—**બહુભર્તૃકાઃ**—જેમને અનેક પતિ છે એવી, **તાઃ**—તે બધી, **કુલટાઃ**—વેશ્યાઓ, **વિત્તમ્**—ધનને, **સંહૃત્ય**—લઇને, **યાતાઃ**—ચાલી ગઈ, **અથ**—ત્યાર પછી, **ધુન્ધુકારી**—ધુ-ધુકારી, **કુકર્મતઃ**—કુકર્મના પ્રભાવે, **મહાન્**—મોટો, **પ્રેતઃ**—પ્રેત, **બભૂવ**—થયો.

અનુવાદ—અનેક પતિવાળી એ કુલટા સ્ત્રીઓ તે બધું ધન લઇને ચાલી ગઇ. ત્યારબાદ ધુન્ધુકારી પોતે કરેલાં અનેકવિધ દુષ્ટ કર્મોને લીધે મોટો પ્રેત થયો.

તત્ત્વસુધા—पान्थानामागमं दृष्ट्वा भवेद्रौद्रवपुर्धरः। अस्फुटार्थं वदन् वाचो महाप्रेतः स कथ्यते ॥ માર્ગમાં આવતા મુસાફરોને જોઇને ભયંકર રૂપ લઈ સામે ઉભો રહેતો ને રહતો, ન સમજાય તેવી વાણી બોલતો એવી ચેષ્ટા કરતો જે જોવા મળે તે મહાપ્રેત સમજવો.

वात्यारूपधरो नित्यं धावन् दशदिशोऽन्तरम् ।
शीतातपपरिक्लिष्टो निराहारः पिपासितः ॥ १७ ॥
न लेभे शरणं क्वापि हा दैवेति मुहुर्वदन् ।
कियत्कालेन गोकर्णो मृतं लोकादबुध्यत ॥ १८ ॥
अनाथं तं विदित्वैव गयाश्राद्धमचीकरत् ।
यस्मिंस्तीर्थे तु संयाति तत्र श्राद्धमवर्तयत् ॥ १९ ॥

અન્વયાર્થ—**વાત્યારૂપધરઃ**—વંટોળિયાનું રૂપ ધારણ કરતો, **નિત્યમ્**—દરરોજ, **દશદિશઃ**—દસે દિશાઓની, **અન્તરમ્**—મધ્ય ભાગમાં, **ધાવન્**—દોડતો, **શીતાતપપરિક્લિષ્ટઃ**—ઠંડી ગરમી વગેરેથી ક્લેશ ભોગવતો, **નિરાહારઃ**—ભૂખ્યો, **પિપાસિતઃ**—તરસ્યો—આમતેમ ભટકતો હતો, ૧૭; **હા દૈવ**—હા દૈવ, **ઇતિ**—આમ, **મુહુઃ**—વારંવાર, **વદન્**—બોલતો, **ક્વ અપિ**—કોઈ પણ સ્થળે, **શરણમ્**—આશરાને, **ન લેભે**—મેળવતો ન હતો, **કિયત્કાલેન**—કેટલાએક સમયે, **ગોકર્ણઃ**—ગોકર્ણે, **લોકાત્**—લોકથી, **મૃતમ્**—મરી ગયો છે, **અબુધ્યત**—જાણ્યું, ૧૮; **તમ્**—તેને ધુન્ધુકારીને, **અનાથમ્**—અનાથ છે એમ, **વિદિત્વા એવ**—જાણીનેજ, **ગયાશ્રાદ્ધમ્**—ગયા શ્રાદ્ધને, **અચીકરત્**—કરતા હતા, **યસ્મિન્**—જે, **તીર્થે**—તીર્થમાં, **સંયાતિ**—ગોકર્ણ જાય છે, **તત્ર**—ત્યાં, **તુ**—તો, **શ્રાદ્ધમ્**—શ્રાદ્ધને, **અવર્તયત્**—કરતા હતા. ૧૯.

અનુવાદ—વંટોળિયાનું રૂપ ધરી દરરોજ આમતેમ દસે દિશાઓમાં દોડતો ઠંડી ગરમી તાપ-તડકાને લીધે ચારે બાજુએથી કષ્ટ ભોગવતો ભૂખ્યો તરસ્યો ભટકતો હતો, ૧૭; અને હા દૈવ ! આમ વારંવાર બોલતો કયાંયે પણ તે વિશ્રાન્તિને મેળવતો ન હતો. કેટલોક સમય જતાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

લોકોદ્વારા ગોકર્ણે જાણ્યું કે ધુન્ધુકારી મરણ પામ્યો છે. ૧૮; ધુન્ધુકારી અનાથ છે એમ જાણી-નેજ ગોકર્ણે ગયા શ્રાદ્ધ કર્યું, વળી તે જે જે તીર્થોમાં જાય છે ત્યાં ત્યાં શ્રાદ્ધ સરાવે છે. ૧૯.

તત્ત્વસુધા—અનાથમ્ અનાથને સંસ્કાર કરવાથી અનંત પુણ્ય થાય છે. અનાથપ્રેતસંસ્કારે કોટિયજ્ઞફલં લભેત્. યસ્મિન્ તીર્થે તુ સંયાતિ—જે તીર્થમાં જાય છે ત્યાં શ્રાદ્ધ કરે છે—એવાં વાક્યથી ગયા શ્રાદ્ધ પછીથી પણ જે તીર્થે જઇએ તે તીર્થે સદ્ગત સ્વજનનું શ્રાદ્ધ કરી શકાય છે, ન જ કરાય એવુ નથી.

एवं भ्रमन्स गोकर्णः स्वपुरं समुपेयिवान् ।
रात्रौ गृहाङ्गणे स्वप्तुमागतोऽलक्षितः परैः ॥ २० ॥
तत्र सुप्तं स विज्ञाय धुन्धुकारी स्वबान्धवम् ।
निशीथे दर्शयामास महारौद्रतरं वपुः ॥ २१ ॥

અન્વયાર્થ—एवम्-આ પ્રમાણે, भ्रमन्-ફરતાં, गोकर्णः-ગોકર્ણ, स्वपुरम्-પોતાના નગરમાં, समुपेयिवान्-આવી પહોંચ્યા, रात्रौ-રાત્રિને વિષે, स्वप्तुम्-સૂવા માટે, गृहाङ्गणे-ઘરને આંગણે, आगतः-આવ્યા, परैः-બીજાઓએ, अलक्षितः-જોયા નહીં, ૧૯, धुन्धुकारी-ધુન્ધુકારી, तत्र-ત્યાં, सुप्तम्-સૂઈ રહેલા, स्वबान्धवम्-પોતાના બન્ધુને, विज्ञाय-જાણીને, निशीथे-મધ્ય રાત્રિને વિષે, महारौद्रतरम्-અતિ ભયંકર, वपुः-શરીરને, दर्शयामास-બતાવવા લાગ્યો. ૨૧.

અનુવાદ—આ પ્રમાણે ફરતા ફરતા ગોકર્ણ પોતાના નગરમાં આવ્યા. રાત્રે સૂવા માટે પોતાના ઘરને આંગણે આવ્યા; જે સમયે બીજાઓએ તેને જોયા નહીં. ૨૦; પોતાના ઘરને આંગણે સૂઇ રહેલા પોતાના બન્ધુને જાણીને ધુન્ધુકારીએ મધ્યરાત્રિને વિષે અતિ ભયંકર સ્વરૂપ બતલાવ્યું. ૨૧.

તત્ત્વસુધા—स्वपुरं समुपेयिवान् ગોકર્ણ પોતાના નગરમાં આવ્યા. जन्मभूमिः परं तीर्थमित्यायांति हि साधवः જન્મભૂમિ સર્વ શ્રેષ્ઠ તીર્થ છે માટે જ સાધુજનો જન્મભૂમિમાં આવે છે. જેમ યાત્રામાં અનેક તીર્થોમાં જવું તેજ રીતે સાધુ-ત્યાગી પુરૂષોએ પણ જન્મભૂમિને તીર્થ માનીને જરૂર જવું.

सकृन्मेषः सकृद्धस्ती सकृच्च महिषोऽभवत् ।
सकृदिन्द्रः सकृच्चाग्निः पुनश्च पुरुषोऽभवत् ॥ २२ ॥

અન્વયાર્થ—सकृत्-કોઈ એક ક્ષણમાં, मेषः-ઘેટો, सकृत्-બીજી ક્ષણે, हस्ती-હાથી, सकृत् च-અને વળી એકાદ વખત, महिषः-પાડો, अभवत्-થતો હતો, सकृत्-એક વખત, इन्द्रः-ઇન્દ્ર, च-અને, सकृत् अग्निः-કોઈ ક્ષણે અગ્નિ, पुनः च-અને ફરી પાછો, पुरुषः-પુરુષ, अभवत्-થતો હતો.

અનુવાદ—ધુન્ધુકારીએ એવું ભયાનક સ્વરૂપ દેખાડયું કે-કોઈ એક ક્ષણમાં તે ઘેટો બને, તો બીજી ક્ષણે હાથી, વળી ત્રીજી ક્ષણે પાડો, તો વળી અન્ય ક્ષણે ઇન્દ્ર, અને બીજી જ ક્ષણે અગ્નિ, તો ફરી પાછો પુરુષરૂપે એમ ક્ષણે ક્ષણે વિવિધ રૂપ દેખાડવા લાગ્યો.

તત્ત્વસુધા—ઇન્દ્રઃ-ઇન્દ્રગોપ નામનો કીડો અથવા ઇન્દ્રના જેવી શરીર ઉપર અનેક આંખવાળો. अग्निः અંગારા રૂપે.

वैपरीत्यमिदं दृष्ट्वा गोकर्णो धैर्यसंयुतः ।
अयं दुर्गतिकः कोऽपि निश्चित्याथ तमब्रवीत् ॥ २३ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—ઇદમ્–આવા પ્રકારના, વૈપરીત્યમ્–વિપરીત ફેરફાર, દૃષ્ટ્વા–જોઇને, ધૈર્યસંયુતઃ–ધીરજયુક્ત, ગોકર્ણઃ–ગોકર્ણ, અયમ્–આ, કઃ અપિ–કોઇ પણ, દુર્ગતિકઃ–જેની સદ્ગતિ નથી થઈ એવો કોઇ જીવાત્મા છે એમ, નિશ્ચિત્ય–નિશ્ચય પૂર્વક જાણીને, અથ–ત્યાર બાદ, તમ્–તે જીવાત્માને ઉદ્દેશીને, અબ્રવીત્–બોલ્યા.

અનુવાદ—ક્ષણે ક્ષણે આવાં અનેક ફેરફારવાળાં રૂપ જોઇને ધૈર્યયુક્ત ગોકર્ણે નિશ્ચય પૂર્વક માન્યું કે આ કોઇ દુર્ગતિ પામેલ જીવાત્મા છે. નિર્ણય કર્યા બાદ તેની પ્રત્યે બોલ્યા.

ગોકર્ણ ઉવાચ—ગોકર્ણ બોલ્યા.

કસ્ત્વમુગ્રતરો રાત્રૌ કુતો યાતો દશામિમામ્ ।
કિં વા પ્રેતઃ પિશાચો વા રાક્ષસોઽસીતિ શંસ નઃ ॥ ૨૪ ॥

અન્વયાર્થ—રાત્રૌ–રાત્રિમાં, ઉગ્રતરઃ–અતિ ઉગ્ર સ્વરૂપ ધારણ કરનાર, ત્વમ્–તું, કઃ–કોણ છે? કુતઃ–શાથી–કયા કારણથી, ઇમામ્–આવી, દશામ્–દશાને, યાતઃ–પામ્યો છે, કિમ્–શું, પ્રેતઃ–તું પ્રેત છે, વા–અથવા, પિશાચઃ–પિશાચ છે, વા–વા, રાક્ષસઃ અસિ–રાક્ષસ છે, ઇતિ–આ બધામાંથી તું કોણ છે એ, નઃ–અમોને, શંસ–તું કહે.

અનુવાદ—આ રાત્રિને વિષે આવાં ઉગ્ર સ્વરૂપ ધરનાર તું કોણ છે? આવી દશા શાથી થઇ? શું પ્રેત છે, પિશાચ છે વા રાક્ષસ છે? શું છે? એ મને કહે.

તત્ત્વસુધા—ભૂતઃ ક્રિયાવિહીનઃ સ્યાત્પ્રેતસ્તુ મહતોદ્યઘાત્ પિશાચઃ સૂતિકાસ્પર્શી રાક્ષસો બહુહિંસકઃ સત્ક્રિયા–સંધ્યાવંદનાદિ વિનાનો ભૂત કહેવાય, મોટાં પાપોથી પ્રેત મનાય, સૂતિકાઓનો સ્પર્શ કરે તે પિશાચ અને અનેક હિંસા કરનારો રાક્ષસ ગણાય છે.

સૂત ઉવાચ—સૂતજી બોલ્યા.

એવં પૃષ્ટસ્તદા તેન રુરોદોચ્ચૈઃ પુનઃ પુનઃ ।
અશક્તો વચનોચ્ચારે સંજ્ઞામાત્રં ચકાર હ ॥ ૨૫ ॥

અન્વયાર્થ—એવમ્–આ પ્રમાણે, તદા–તે સમયે, તેન–ગોકર્ણે પૃષ્ટઃ–પૂછાયેલ તે, (ધુન્ધુકારી) પુનઃ પુનઃ–વારંવાર, ઉચ્ચૈઃ–ઊંચે સ્વરે, રુરોદ–રડવા લાગ્યો, વચનોચ્ચારે–વચન બોલવામાં, અશક્તઃ–શક્તિ-સામર્થ્ય વગરનો તે, સંજ્ઞામાત્રમ્–કેવળ સંજ્ઞાજ (સંકેત), ચકાર હ–કરતો હતો.

અનુવાદ—આ પ્રમાણે તે સમયે ગોકર્ણે જ્યારે પૂછ્યું ત્યારે ધુન્ધુકારી ઊંચે સાદે રડવા લાગ્યો. વચન બોલવાનું સામર્થ્ય ન હોવાથી કેવળ સંજ્ઞાજ (ઇશારો) કરતો હતો. (અર્થાત્ કંઇક સંકેતથી જણાવતો હતો.)

ततोઽઞ્જલૌ જલં કૃત્વા ગોકર્ણસ્તમુદૈરયત્ ।
તત્સેકહતપાપોઽસૌ પ્રવક્તુમુપચક્રમે ॥ ૨૬ ॥

અન્વયાર્થ—ततः–ત્યારબાદ, અઞ્જલૌ–અંજલિમાં, જલમ્–જળને, કૃત્વા–લઇને, ગોકર્ણઃ–ગોકર્ણે, તમ્–તેને, ઉદૈરયત્–છાંટ્યું, તત્સેકહતપાપઃ–ગોકર્ણે કરેલા પાણીના છંટકાવથી જેનાં પાપ નાશ પામ્યાં છે એવા એ ધુન્ધુકારીએ, પ્રવક્તુમ્–બોલવાની, ઉપચક્રમે–શરુઆત કરી.

અનુવાદ—ત્યારબાદ ગોકર્ણે અંજલિમાં જલ લઇને એને છાંટ્યું. એટલે એ જલના સ્પર્શ-માત્રથી પાપરહિત બનેલ ધુન્ધુકારીએ બોલવાની શરૂઆત કરી.

પ્રેત ઉવાચ—પ્રેત ધુન્ધુકારી બોલ્યો.

અહં ભ્રાતા ત્વદીયોઽસ્મિ ધુન્ધુકારીતિ નામતઃ ।
સ્વકીયેનૈવ દોષેણ બ્રહ્મત્વં નાશિતં મયા ॥ ૨૭ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

कर्मणो नास्ति संख्या मे महाज्ञाने विवर्तिनः ।
लोकानां हिंसकः सोऽहं स्त्रीभिः दुःखेन मारितः ॥ २८ ॥
अतः प्रेतत्वमापन्नो दुर्दशां च वदाम्यहम् ।
वाताहारेण जीवामि दैवाधिनफलोदयात् ॥ २९ ॥
अहो बन्धो कृपासिन्धो भ्रातर्मामाशु मोचय ।

અન્વયાર્થ—અહમ્-હું, ત્વદીયઃ-તારો, ભ્રાતા-ભાઈ, નામતઃ-નામથી, ધુન્ધુકારી ઇતિ-ધુન્ધુકારી એવો, અસ્મિ-છું, સ્વકીયેન એવ-મારા પોતાનાજ, દોષેણ-દોષથી, મયા-મેં, બ્રહ્મત્વમ્-બ્રાહ્મણત્વ, નાશિતમ્-નષ્ટ કર્યું છે, ૨૭; મહાજ્ઞાને-મોટા અજ્ઞાનમાં, વિવર્તિનઃ-રહેલા, મે-મારા, કર્મણઃ-કર્મની સંખ્યા-ગણત્રી, ન અસ્તિ-નથી, લોકાનામ્-લોકોની, હિંસકઃ-(હિંસા કરનાર) ઘાતકી, સઃ-તે એવો, અહમ્-હું, સ્ત્રીભિઃ-સ્ત્રીઓથી, દુઃખેન-દુખથી, મારિતઃ-મરાયો, ૨૮; અતઃ-એ કારણથી પ્રેતત્વમ્-પ્રેતપણાને, આપન્નઃ-પ્રાપ્ત થયો છું, દુર્દશામ્ ચ-અને મારી દુર્દશાને, અહમ્-હું, વદામિ-કહું છું, દૈવાધીનફલોદયાત્-પુણ્યફળનો ઉદય દૈવને આધીન હોવાથી, વાતાહારેણ-વાયુનો આહાર કરીને, જીવામિ-જીવું છું, ૨૯. અહો બન્ધો-હે બન્ધુ, કૃપાસિન્ધો-હે દયાસાગર, ભ્રાતઃ-હે ભાઈ! મામ્-મને, આશુ-જલદી, મોચય-મુક્ત કરો.

અનુવાદ—હું આપનો ભાઇ છું. નામ મારું ધુન્ધુકારી એવું છે. મેં મારા દોષથીજ બ્રહ્મત્વનો નાશ કર્યો છે, ૨૭; હું મહા અજ્ઞાનમાં રહેલો છું. મારાં કર્મોની કોઇ ગણત્રીજ નથી. લોકોની હિંસા કરતા મને સ્ત્રીઓએ મહા કષ્ટ આપી રિબાવીને મારી નાખ્યો છે, ૨૮; એ કારણે હું પ્રેત થયો છું અને આવી દુર્દશા ભોગવી રહ્યો છું. પુણ્યફળનો ઉદય દૈવને આધીન હોવાથી વાયુ ભક્ષણ કરીને જીવી રહ્યો છું, ૨૯; તો હે બન્ધુ દયાસિન્ધુ ભાઇ મને પ્રેત યોનીમાંથી બચાવો.

ગોકર્ણ ઉવાચ—ગોકર્ણ બોલ્યા.

गोकर्णो वचनं श्रुत्वा तस्मै वाक्यमथाब्रवीत् ॥ ३० ॥
त्वदर्थं तु गयापिण्डो मया दत्तो विधानतः ।
तत्कथं नैव मुक्तोऽसि ममाश्चर्यमिदं महत् ॥ ३१ ॥
गयाश्राद्धान्न मुक्तिश्चेदुपायो नापरस्त्विह ।
किं विधेयं मया प्रेत तत्त्वं वद सविस्तरम् ॥ ३२ ॥

અન્વયાર્થ—ગોકર્ણઃ-ગોકર્ણ, વચનં-વચનને, શ્રુત્વા-સાંભળીને, અથ તસ્મૈ-ત્યારપછી તેને, વાક્યમ્-વાક્ય, અબ્રવીત્-બોલ્યો, ૩૦; ત્વદર્થમ્-તારા માટે, તુ-તો, મયા-મેં, વિધાનતઃ-શાસ્ત્રવિધિ પ્રમાણે, ગયા-પિણ્ડઃ-ગયાજીમાં જઇને પિંડ, દત્તઃ-આપ્યો છે, તત્-તો, કથમ્-કેમ, મુક્તઃ-મુક્ત, નૈવ અસિ-નજ થયો, ઇદમ્-આ, મમ-મને, મહત્-મોટું, આશ્ચર્યમ્-આશ્ચર્ય છે, ૩૧; ગયાશ્રાદ્ધાત્-ગયા ક્ષેત્રમાં શ્રાદ્ધ સરાવવાથી, મુક્તિઃ-મુક્તિ, ન ચેત્-જો ન થાય તો, ઇહ-આ બાબતમાં, અપરઃ-બીજો, ઉપાયઃ-ઉપાય, તુ-તો, ન-નથી, હે પ્રેત-હે પ્રેત, મયા-મારે, કિમ્-શું, વિધેયમ્-કરવું જોઇએ, તત્-તે, ત્વમ્-તું, સવિસ્તરમ્-વિસ્તાર પૂર્વક, વદ-કહે. ૩૨.

અનુવાદ—તે ધુન્ધુકારીનું વચન સાંભળીને ગોકર્ણે કહ્યું કે તારા માટે મેં ગયા ક્ષેત્રમાં જઇ શાસ્ત્રવિધિ મુજબ પિંડ પ્રદાન કર્યું છે, છતાં તું પ્રેતયોનિથી મુક્ત કેમ ન થયો એ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વાતનું મને મોટું આશ્ચર્ય છે, ૩૦, ૩૧; ગયા શ્રાદ્ધ કરવા છતાં પણ જો તારી મુક્તિ ન થાય તો આ વિષયમાં બીજો કોઈજ ઉપાય નથી. હે પ્રેત, મારે શું કરવું જોઇએ તે તુંજ વિસ્તારથી કહે. ૩૨.

પ્રેત ઉવાચ—પ્રેત બોલ્યો.

गयाश्राद्धशतेनापि मुक्तिर्मे न भविष्यति ।
उपायमपरं किञ्चित्तद्विचारय सांप्रतम् ॥ ३३ ॥

અન્વયાર્થ—गयाश्राद्धशतेन-સો ગયા શ્રાદ્ધ કરવાથી, अपि-પણ, मे-મારી, मुक्तिः-મુક્તિ, न भविष्यति-થશે નહીં, तत्-તો, अपरम्-બીજા, किंचित्-કંઈક, उपायम्-ઉપાયને, सांप्रतम्-હાલમાં, विचारय-વિચારો.

અનુવાદ—આવાં સો સંખ્યામાં ગયા શ્રાદ્ધ કરવાથી પણ મુક્તિ થશે નહીં, માટે હવે કોઇ બીજા ઉપાયનો આપ વિચાર કરો.

इति तद्वाक्यमाकर्ण्य गोकर्णो विस्मयं गतः ।
शतश्राद्धैर्न मुक्तिश्चेदसाध्यं मोचनं तव ॥ ३४ ॥
इदानीं तु निजस्थानमातिष्ठ प्रेत निर्भयः ।
त्वन्मुक्तिसाधकं किञ्चिदाचरिष्ये विचार्य च ॥ ३५ ॥

અન્વયાર્થ—इति-આ પ્રમાણેનું, तद्वाक्यम्-તે પ્રેતના વચનને, आकर्ण्य-સાંભળીને, गोकर्णः-ગોકર્ણ વિસ્મયम्-વિસ્મયને, गतः-પામ્યો; આશ્ચર્ય પામ્યો, शतश्राद्धैः-સો શ્રાદ્ધથી, मुक्तिः-મુક્તિ, न चेद्-જો ન થાય તો, तव-તારો, मोचनम्-છુટકારો, असाध्यम्-અસાધ્ય છે, ૩૪; हे प्रेत-હે પ્રેત, इदानीम्-હાલમાં, तु-તો, निर्भयः-ભયરહિત બનીને, निजस्थानम्-તારા પોતાના સ્થાને, आतिष्ठ-રહે. विचार्य च-અને વિચાર કરીને, त्वन्मुक्तिसाधकम्-તારો મોક્ષ કરાવે તેવું, किंचित्-કંઈક, आचरिष्ये-આચરણ કરીશ. ૩૫.

અનુવાદ— આ પ્રમાણે તે પ્રેતનું વચન સાંભળીને ગોકર્ણ આશ્ચર્ય પામ્યો; સો ગયાશ્રાદ્ધ કરવાથી જો મુક્તિ ન થાય તો તારી મુક્તિ અસાધ્ય છે. ૩૪; હે પ્રેત, હાલમાં તો તું નિર્ભય બની તારા સ્થાનમાં રહે. તારો મોક્ષ કરાવે તેવું કંઈક સાધન વિચારી હું તે પ્રમાણે વર્તીશ. ૩૫;

धुन्धुकारी निजस्थानं तेनादिष्टस्ततो गतः ।
गोकर्णश्चिन्तयामास तां रात्रिं न तदध्यगात् ॥ ३६ ॥

અન્વયાર્થ—ततः-ત્યારબાદ, तेन-તે ગોકર્ણથી, आदिष्टः-આદેશ પામેલ, धुन्धुकारी-ધુન્ધુકારી, निजस्थानम्-પોતાના સ્થાને, गतः-ગયો, गोकर्णः-ગોકર્ણ, ताम्-તે, रात्रिम्-રાત્રિમાં, चिन्तयामास-વિચારવા લાગ્યો છતાં, तद्-તેની મુક્તિના સાધનને, न अध्यगात्-મેળવવા સમર્થ ન થઈ શક્યો.

અનુવાદ—ધુન્ધુકારી ગોકર્ણની આજ્ઞા માગી ત્યાંથી પોતાના સ્થાને વિદાય થયો. ગોકર્ણે આખી રાત્રિ વિચારમાં ગાળી છતાં તેની મુક્તિનું સાધન ન જડ્યું. (વિચાર કરવા છતાં તેની મુક્તિનો કોઇપણ ઉપાય તેને ન મળી આવ્યો.)

તત્ત્વસુધા—તાં રાત્રિં ચિન્તયામાસ આ વાક્યમાં સપ્તમી વિભક્તિને બદલે रात्रिम्-દ્વિતીયા વિભક્તિ "कालाध्वनोरत्यन्तसंयोगे" અત્યંત સંયોગમાં વાપરી તેથી લાગે છે કે તે બાબતમાં સતત ચિંતા કરી;

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

प्रातस्तमागतं दृष्ट्वा लोकाः प्रीत्या समागताः ।
तत्सर्वं कथितं तेन यज्जातं च यथा निशि ॥ ३७ ॥

અન્વયાર્થ—प्रातः-પ્રભાતમાં, तम्-તેને ગોકર્ણે, आगतम्-આવેલાને, दृष्ट्वा-જોઈને, लोकाः-લોકો, प्रीत्या-પ્રીતિથી, समागताः-મળવા આવ્યા, तेन-તે ગોકર્ણે, निशि-રાત્રે, यत्-જે બનાવ, यथा-જે રીતે, जातम्-બનવા પામ્યો, तत्-તે, सर्वम्-બધું, कथितम्-કહી સંભળાવ્યું.

અનુવાદ—પ્રાતઃકાળ થતાં ગોકર્ણને આવેલો જોઇ લોકો તેને પ્રેમથી મળવા આવ્યા; અને ગોકર્ણે, રાત્રે પ્રેતની સાથે વાતચીતનો જે પ્રસંગ બન્યો હતો તે લોકોને કહી સંભળાવ્યો.

विद्वांसो योगनिष्ठाश्च ज्ञानिनो ब्रह्मवादिनः ।
तन्मुक्तिं नैव पश्यन्ति पश्यन्तः शास्त्रसंचयान् ॥ ३८ ॥
ततः सर्वैः सूर्यवाक्यं तन्मुक्तौ स्थापितं परम् ।
गोकर्णः स्तंभनं चक्रे सूर्यवेगस्य वै तदा ॥ ३९ ॥

અન્વયાર્થ—शास्त्रसंचयान्-શાસ્ત્રસંગ્રહોને, पश्यन्तः—જોતા, विद्वांसः-વિદ્વાનો, च-અને, योगनिष्ठाः-યોગમાં નિષ્ઠાવાળા યોગીપુરુષો, ज्ञानिनः-જ્ઞાનીજનો, ब्रह्मवादिनः-બ્રહ્મવેત્તાઓ, तन्मुक्तिम्-તેની મુક્તિને, नैव पश्यन्ति-જોતા ન જ હતા, ૩૮; ततः-ત્યાર પછી, सर्वैः-બધાંએ, तन्मुक्तौ-તેની મુક્તિ વિષે, सूर्यवाक्यम्-સૂર્યના વચનને, परम्-શ્રેષ્ઠ સાધન તરીકે, स्थापितम्-સ્થાપ્યું, तदा-ત્યારે, गोकर्णः-ગોકર્ણે, सूर्यवेगस्य-સૂર્યના વેગનું, स्तंभनम्-સ્તંભન, चक्रे-કર્યું, वै-નિશ્ચિત. ૩૯.

અનુવાદ—વિદ્વાનો, યોગીઓ જ્ઞાનીપુરુષો અને બ્રહ્મવેત્તાઓએ અનેક શાસ્ત્રો તપાસી જોયાં, પણ કયાંયે તેની મુક્તિનું સાધન જોવામાં ન જ આવ્યું. ૩૮; પછી બધાએ એની મુક્તિને માટે સૂર્યના વચનને મુખ્ય આધારભૂત ગણ્યું. તે સમયે ગોકર્ણે સૂર્યની ગતિને ખરેખર અટકાવી દીધી. ૩૯.

तुभ्यं नमो जगत्साक्षिन् ब्रूहि मे मुक्तिहेतुकम् ।
तच्छ्रुत्वा दूरतः सूर्यः स्फुटमित्यभ्यभाषत ॥ ४० ॥
श्रीमद्-भागवतान्मुक्तिः सप्ताहे वाचनं कुरु ।
इति सूर्यवचः सर्वैर्धर्मरूपं तु विश्रुतम् ॥ ४१ ॥

અન્વયાર્થ—હે जगत्साक्षिन्-હે વિશ્વના સાક્ષી, तुभ्यम्-તમને, नमः-નમન છે, मे-મને, मुक्तिहेतुकम्-મોક્ષનું કારણ.-મોક્ષ અપાવનારૂં સાધન, ब्रूहि-કહો, तत्-તે, श्रुत्वा-સાંભળીને, दूरतः-દૂરથી, सूर्यः-સૂર્યનારાયણ, स्फुटम्-સ્પષ્ટ રીતે, इति-આ પ્રમાણે, अभ्यभाषत-બોલ્યા, ૪૦; श्रीमद्भागवतात्-શ્રીમદ્ ભાગવતથી, मुक्तिः-મોક્ષ છે, सप्ताहे-સાત દિવસમાં, वाचनम्-વાચન-પાઠ, कुरु-કરો, इति-આ પ્રકારનું, धर्मरूपम्-ધર્મરૂપ, सूर्यवचः-સૂર્યભગવાનનું વચન, सर्वैः-બધાંઓએ, विश्रुतम्-સાંભળ્યું. ૪૧

અનુવાદ—હે જગતના સાક્ષી સૂર્ય ભગવાન્ આપને નમન હો. મને પ્રેતની મુક્તિ માટેનો ઉપાય બતાવો, ગોકર્ણનું તે વચન સાંભળી સૂર્યનારાયણ દૂરથી સ્પષ્ટ રીતે બોલ્યા, ૪૦; "શ્રીમદ્ ભાગવતના સપ્તાહ પારાયણથી પ્રેત યોનિથી મુક્તિ થશે. માટે સપ્તાહ પારાયણ કરો" આ પ્રમાણેનું ધર્મરૂપ સૂર્યવચન બધાંઓએ સાંભળ્યું. ૪૧.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

सर्वेऽब्रुवन्प्रयत्नेन कर्तव्यं सुकरं त्विदम् ।
गोकर्णो निश्चयं कृत्वा वाचनार्थं प्रवर्तितः ॥ ४२ ॥

અન્વયાર્થ—**સર્વે**-બધા, **અબ્રૂવન્**-બોલ્યા, **ઇદમ્**-આ, **તુ**-તો, **સુકરમ્**-સહેલો ઉપાય છે, **પ્રયત્નેન**-પ્રયત્નથી, **કર્તવ્યમ્**-કરવો જોઇએ, **ગોકર્ણઃ**-ગોકર્ણ, **નિશ્ચયમ્**-નિર્ણયને, **કૃત્વા**-કરીને, **વાચનાર્થમ્**-વાંચવા માટે, **પ્રવર્તિતઃ**-પ્રવૃત્ત થયા.

અનુવાદ—બધા બોલ્યા-આ ઉપાય તો સરળ છે, આપણે પ્રયત્નપૂર્વક કરવો જોઇએ, આવો નિર્ણય કરી ગોકર્ણ શ્રીમદ્ ભાગવત સપ્તાહ વાંચવા માટે પ્રવૃત્ત થયા.

तत्र संश्रवणार्थाय देशग्रामाज्जना ययुः ।
पङ्ग्वन्धवृद्धमन्दाश्च तेऽपि पापक्षयाय वै ॥ ४३ ॥

અન્વયાર્થ—**તત્ર**-ત્યાં, **સંશ્રવણાર્થાય**-સારી રીતે કથાશ્રવણ કરવા માટે, **દેશગ્રામાત્**-અનેક દેશો તથા ગામોમાંથી, **જનાઃ**-મનુષ્યો, **યયુઃ**-ગયા, **પઙ્ગ્વન્ધવૃદ્ધમન્દાઃ ચ**-પાંગળા, અન્ધ, વૃદ્ધ, તેમજ મૂર્ખાઓ, **તે અપિ**-તેઓ પણ, **પાપક્ષયાય**-પાપનો નાશ કરવા માટે, **વૈ**-ખરેખર, **યયુઃ**-ગયા.

અનુવાદ—જ્યારે ગોકર્ણે શ્રીમદ્ ભાગવતની કથાનો આરંભ કર્યો તે વખતે કથા સાંભળવા માટે ત્યાં અનેક દેશો-ગામોમાંથી મનુષ્યો આવ્યા; પાંગળા, આંધળા, વૃદ્ધ અને જ્ઞાનશૂન્ય મુર્ખ પણ પોતાનાં પાપ દૂર કરવા માટે ત્યાં આવ્યા.

समाजस्तु महाञ्जातो देवविस्मयकारकः ।
यदैवासनमास्थाय गोकर्णोऽकथयत्कथाम् ॥ ४४ ॥
स प्रेतोऽपि तदाऽऽयातः स्थानं पश्यन्नितस्ततः ।
सप्तग्रन्थियुतं तत्रापश्यत् कीचकमुच्छ्रितम् ॥ ४५ ॥

અન્વયાર્થ—**દેવવિસ્મયકારકઃ**-દેવોને પણ આશ્ચર્ય ઉપજાવે તેવો, **મહાન્**-ઘણો મોટો, **સમાજઃ તુ**-શ્રોતા સમાજ, **જાતઃ**-ભેગો થયો, **યદા એવ**-જ્યારે, **આસનમ્**-આસન ઉપર, **આસ્થાય**-બેસીને, **ગોકર્ણઃ**-ગોકર્ણ, **કથામ્**-કથાને, **અકથયત્**-કહેતા હતા, ૪૪; **તદા**-ત્યારે, **સઃ**-તે, **પ્રેતઃ અપિ**-પ્રેત પણ, **આયાતઃ**-આવ્યો, **ઇતઃ તતઃ**-આમથી તેમ ફરતો, **સ્થાનમ્**-બેસવાના સ્થાને, **પશ્યન્**-જોતો, **તત્ર**-ત્યાં, **ઉચ્છ્રિતમ્**-ઉભા કરેલા, **સપ્તગ્રન્થિયુતમ્**-સાત ગાંઠવાળા, **કીચકમ્**-વાંસને, **અપશ્યત્**-જોતો હતો. ૪૫.

અનુવાદ—આ રીતે દેવોને પણ આશ્ચર્ય કરાવે તેવો ઘણો મોટો શ્રોતૃસમાજ એકઠો થયો. જ્યારે ગોકર્ણે આસન ઉપર બેસીને કથા કરવાનો આરંભ કર્યો; ૪૪: ત્યારે તે પ્રેત પણ કથા શ્રવણ કરવા ત્યાં આવ્યો અને બેસવા માટે આમ તેમ સ્થાન જોવા લાગ્યો, ત્યાં તો સાત ગાંઠ વાળો એક પોલો વાંસ ઉભેલો તેના જોવામાં આવ્યો. ૪૫.

तन्मूलच्छिद्रमाविश्य श्रवणार्थं स्थितो ह्यसौ ।
वातरूपी स्थितिं कर्तुमशक्तो वंशमाविशत् ॥ ४६ ॥
वैष्णवं ब्राह्मणं मुख्यं श्रोतारं परिकल्प्य सः ।
प्रथमस्कन्धतः स्पष्टमाख्यानं धेनुजोऽकरोत् ॥ ४७ ॥

અન્વયાર્થ—**અસૌ**-આ પ્રેત, **તન્મૂલચ્છિદ્રમ્**-તે વાંસના મૂળ ભાગમાં રહેલા છિદ્રમાં, **આવિશ્ય**-પ્રવેશ કરીને, **શ્રવણાર્થમ્**-સાંભળવા માટે, **સ્થિતઃ**-રહ્યો, **વાતરૂપી**-વાયુરૂપી તે પ્રેત, **સ્થિતિમ્**-સ્થાનને,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કર્તુમ્-કરવાને માટે, **અશક્તઃ**-અશક્ત એવો, **વંશમ્**-વાંસમાં, **આવિશત્**-પ્રવેશ કરીને રહ્યો, ૪૬; **સઃ**-તે, **ધેનુજઃ**-ગોકર્ણે, **વૈષ્ણવમ્**-વૈષ્ણવ, **બ્રાહ્મણમ્**-બ્રાહ્મણને, **મુખ્યમ્**-મુખ્ય, **શ્રોતારમ્**-શ્રોતા તરીકે, **પરિકલ્પ્ય**-કલ્પીને, **પ્રથમસ્કંધતઃ**-પહેલા સ્કંધથી આરંભીને, **આખ્યાનમ્**-કથા પ્રસંગને, **સ્પષ્ટમ્**-સ્પષ્ટ રીતે કથન, **અકરોત્**-કર્યું. ૪૭.

અનુવાદ—તે વાંસના મૂળ ભાગમાં રહેલા છિદ્ર દ્વારા પ્રવેશ કરીને તે સાંભળવા માટે રહ્યો, કારણ કે વાયુ રૂપી તે ત્યાં રહેવા માટે અસમર્થ હતો એટલે વાંસમાં પ્રવેશ કરીને રહ્યો. ૪૬; ગોકર્ણે એક વૈષ્ણવ બ્રાહ્મણને મુખ્ય શ્રોતા તરીકે કલ્પીને પ્રથમ સ્કંધથી કથા કહેવાનો આરંભ કર્યો. ૪૭.

તત્ત્વસુધા—શ્રોતાએ આસન સિદ્ધિ કરવી જોઇએ, તેમજ અચલ આસને બેસવું જોઇએ. ગીતાજીએ સ્થિરાસનનું વિધાન કર્યું છે માટે જ વાયવીય દેહ ધરાવતો પ્રેત પેલા વાંસડામાં બેઠો. નદી કિનારે અથવા વનમાં કથાપ્રસંગ થએલો અન્યથા ત્યાં વાંસડો કયાંથી ? પૂર્વં તુ પઠનં કાર્યં વ્યાખ્યાનં તદનન્તરમ્ । કથાયાઃ પરિપાટીતિ નિયમઃ શિથિલીકૃતઃ ॥ પાઠ અને વ્યાખ્યાન માટે સંપૂર્ણ સમય ન મળી શકે, તેથી કથા પ્રસંગ વર્ણવ્યો. અન્ય પાઠ કર્તાને રાખ્યો. શ્રી શુકદેવજીએ જ્યારે કથા આરંભી ત્યારે "પરીક્ષિતે કથાં વક્તુમ્" કથા શબ્દ વાપર્યો અન્યથા પાઠમ્ પાઠ કર્યો એવો શબ્દ યોજત.

દિનાન્તે રક્ષિતા ગાથા તદા ચિત્રં બભૂવ હ ।
વંશૈકગ્રન્થિભેદોઽભૂત્ સશબ્દં પશ્યતાં સતામ્ ॥ ૪૮ ॥
દ્વિતીયેઽહ્નિ તથા સાયં દ્વિતીયગ્રન્થિભેદનમ્ ।
તૃતીયેઽહ્નિ તથા સાયં તૃતીયગ્રન્થિભેદનમ્ ॥ ૪૯ ॥
એવં સપ્તદિનેનૈવ સપ્તગ્રન્થિવિભેદનમ્ ।
કૃત્વાપિ દ્વાદશસ્કન્ધશ્રવણાત્પ્રેતતાં જહૌ ॥ ૫૦ ॥

અન્વયાર્થ—**દિનાન્તે**-સાયંકાળે, **ગાથા**-કથા, **રક્ષિતા**-સુરક્ષિત રાખી-બંધ કરી, **તદા**-ત્યારે, **ચિત્રમ્**-આશ્ચર્ય, **બભૂવ**-થયું, **સતામ્**-સત્પુરુષોના, **પશ્યતામ્**-દેખતાં, **સશબ્દમ્**-શબ્દસાથે, **વંશૈકગ્રન્થિભેદઃ**-વાંસની એક ગાંઠનું ભેદન, **અભૂત્**-થયું, ૪૮; **તથા**-તેવી જ રીતે, **દ્વિતીયે**-બીજા, **અહ્નિ**-દિવસે, **સાયમ્**-સાયંકાળે, **દ્વિતીયગ્રન્થિભેદનમ્**-બીજી ગાંઠ ભેદાઈ, **તથા**-તથા, **તૃતીયે અહ્નિ**-તૃતીય દિવસે, **સાયમ્**-સંધ્યાકાળે, **તૃતીયગ્રન્થિભેદનમ્**-ત્રીજી ગાંઠ તૂટી, ૪૯; **એવમ્**-આ પ્રમાણે, **સપ્તદિનેન એવ**-સાતે દિવસેજ, **સપ્તગ્રન્થિવિભેદનમ્**-સાતે ગાંઠોનું ભેદન, **કૃત્વા અપિ**-કરીને પણ, **દ્વાદશસ્કન્ધશ્રવણાત્**-બાર સ્કંધનું શ્રવણ કરીને, **પ્રેતતામ્**-પ્રેતયોનિને, **જહૌ**-ત્યાગ કરતો હતો. ૫૦.

અનુવાદ—સાયંકાળે જ્યારે કથા પ્રસંગનો વિરામ કર્યો. પોથીને વસ્ત્ર વેષ્ટન કર્યું, ત્યારે એક આશ્ચર્ય થયું; સર્વ શ્રોતા સજ્જન સમાજના જોતાં કડાકા સાથે વાંસની એક ગાંઠ તૂટી ગઇ. ૪૮; તેજ પ્રમાણે બીજે દિવસે સાયંકાળે બીજી ગાંઠ, વાંસની તૂટી, તેમજ ત્રીજા દિવસના સાયંકાળે વાંસની ત્રીજી ગાંઠ તુટી. ૪૯; આ પ્રમાણે સાત દિવસમાં જ શ્રીમદ્ ભાગવતના બારે સ્કંધનું શ્રવણ કરવાથી સાત ગાંઠો તૂટી ગઈ અને ધુન્ધુકારી પ્રેતયોનિમાંથી મુકત થયો. ૫૦.

તત્ત્વસુધા—પ્રથમેહ્નિ વરાહાન્તં દ્વિતીયે ભરતાંતકમ્ । તૃતીયે શ્રીનૃસિંહાન્તં ચતુર્થે વંશવર્ણનમ્ ॥ પઞ્ચમે ગુરુલીલાન્તં ષષ્ઠે લીંલા સમાપનમ્ । સપ્તમે શુકપૂજાન્તં સપ્તાહક્રમ ઈરિતઃ ॥ હિરણ્યાક્ષવધં યાવત્પ્રથમેહ્નિ પ્રકીર્તયેત્ ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

चरितं भरतस्यापि द्वितीयेथ तृतीयके ॥ समुद्रमथनं यावत् यत्र कूर्मः स्वयं हरिः । चतुर्थदिवसे चैव दशमे हरिजन्म च ॥ पञ्चमेह्नि पठेत् विद्वान् रूक्मिण्या हरणावधि । षष्ठे चोद्धवसंवादं सप्तमेह्नि समापयेत् ॥ સપ્તાહના બે પ્રકાર એક પદ્મપુરાણનો બીજો ગુરુમત. પ્રથમ દિવસે વરાહ પ્રસંગ, દ્વિતીય દિવસે ભરતાખ્યાન, તૃતીય દિવસે નૃસિંહજન્મ, ચતુર્થ દિવસે નવમસ્કંધ, પંચમ દિવસે સાંદીપની ગુરુને ત્યાં અધ્યયને જવું, છઠ્ઠે દિવસે દશમ સ્કંધ સમાપ્તિ, સાતમે દિવસે શ્રીશુક પૂજન સુધી આ એક ક્રમ. બીજો ક્રમ–પ્રથમ દિવસે હિરણ્યાક્ષવધ, બીજે દિવસે ભરતચરિત્ર, ત્રીજે દિવસે સમુદ્ર મંથન, ચોથે દિવસે શ્રીનૃસિંહ મહોત્સવ, પાંચમે દિવસે રૂક્ષ્મિણી વિવાહ, છઠે દિવસે ઉદ્ધવ સંવાદ, સાતમે સમાપ્તિ. [1]कृत्वापि એ પાઠની જગ્યાએ प्रेतोपि એવો પણ પાઠ છે.

दिव्यरूपधरो जातस्तुलसीदाममण्डितः ।
पीतवासा घनश्यामो मुकुटी कुण्डलान्वितः ॥ ५१ ॥
ननाम भ्रातरं सद्यो गोकर्णमिति चाब्रवीत् ।
त्वयाहं मोचितो बन्धो कृपया प्रेतकश्मलात् ॥ ५२ ॥

અન્વયાર્થ—दिव्यरूपधरः–દિવ્ય સ્વરૂપ ધારણ કરનાર, **तुलसीदाममण्डितः**–તુલસીની માળાથી શોભતો, **पीतवासाः**–પીળું પીતામ્બર ધારણ કરતો, **घनश्यामः**–મેઘ સમાન શ્યામ, **मुकुटी**–મસ્તકે મુકુટ ધારણ કરતો, **कुण्डलान्वितः**–કાને કુંડળોને ધારણ કરતો, **जातः**–થયેલો (ધુન્ધુકારી), ૫૧; **सद्यः**–એકદમ, **भ्रातरम्**–ભાઇ ગોકર્ણને, **ननाम**–નમન કરતો હતો, **च**–અને, **गोकर्णम्**–ગોકર્ણને, **इति**–આ પ્રમાણે, **अब्रवीत्**–કહેવા લાગ્યો, **हे बन्धो**–હે ભાઈ, **त्वया**–તારાથી, **कृपया**–કૃપા કરીને, **प्रेतकश्मलात्**–પ્રેત યોનિમાંથી, **अहम्**–હું, **मोचितः**–મુક્ત કરાયો છું. ૫૨.

અનુવાદ—દિવ્યરૂપ ધારણ કરતો તુલસીની માળાઓથી શોભતો, પીળાં પીતામ્બર વાળો મેઘ સમાન શ્યામ વર્ણનો મસ્તકે મુકુટ, કર્ણે કુંડળોને ધારણ કરતો; ૫૧: તે એકદમ પોતાના ભાઇ ગોકર્ણને નમન કરતો બોલ્યો–હે બન્ધુ, તેં કૃપા કરી મને આ પ્રેત યોનિમાંથી છોડાવ્યો છે. ૫૨.

धन्या भागवती वार्ता प्रेतपीडाविनाशिनी ।
सप्ताहोऽपि तथा धन्यः कृष्णलोकफलप्रदः ॥ ५३ ॥
कम्पन्ते सर्वपापानि सप्ताहश्रवणे स्थिते ।
अस्माकं प्रलयं सद्यः कथा चेयं करिष्यति ॥ ५४ ॥

અન્વયાર્થ—भागवती–શ્રીમદ્ ભાગવતી, **वार्ता**–કથા, **धन्या**–ધન્ય છે કે જે, **प्रेतपीडाविनाशिनी**–પ્રેતપણાના દુઃખથી મુક્ત કરનારી છે, **तथा**–તેમજ, **कृष्णलोकफलप्रदः**–શ્રી વિષ્ણુ લોકની પ્રાપ્તિ કરાવનાર, **सप्ताहः अपि**–શ્રીમદ્ ભાગવત સપ્તાહ પ્રસંગ પણ, **धन्यः**–ધન્યવાદને પાત્ર છે, ૫૩; **सप्ताहश्रवणे**–શ્રીમદ્ ભાગવત સપ્તાહ શ્રવણ કરવામાં, **स्थिते**–રહેવામાં આવ્યું હોય ત્યારે, **सर्वपापानि**–બધાં પાપ **कम्पन्ते**–ધ્રૂજે છે, **इयम्**–આ, **कथा**–કથા, **सद्यः**–એકદમ, **अस्माकम्**–અમારા, **प्रलयम्**–વિનાશને. **करिष्यति**–કરી દેશે. ૫૪.

અનુવાદ—પ્રેત પીડાનો વિનાશ કરનારી શ્રીમદ્ ભાગવત કથાને ખરેખર ધન્યવાદ છે; તેમજ વિષ્ણુલોકને પ્રાપ્ત કરાવનાર શ્રીમદ્ ભાગવત સપ્તાહને પણ ધન્ય છે. ૫૩; જ્યારે શ્રીમદ્ ભાગવત કથા સાંભળવા કોઇ બેઠું હોય ત્યારે બધાં પાપ કંપી ઉઠે છે કે "આ કથા અમારો વિનાશ તત્કાલ કરી દેશે." ૫૪.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આર્દ્રં શુષ્કં લઘુ સ્થૂલં વાઙ્મનઃકર્મભિઃ કૃતમ્ ।
શ્રવણં વિદહેત્પાપં પાવકઃ સમિધો યથા ॥ ૫૫ ॥

અન્વયાર્થ—યથા-જેમ, પાવકઃ-અગ્નિ, સમિધઃ-સમિધાઓને-કાષ્ઠને, વિદહેત્-બાળે છે તેવી રીતે, શ્રવણમ્-શ્રીમદ્ ભાગવતકથાશ્રવણ, વાઙ્મનઃકર્મભિઃ-વાણી, મન અને કર્મથી, કૃતમ્-કરવામાં આવેલાં, આર્દ્રમ્-લીલાં, શુષ્કમ્-સૂકાં, લઘુ-નાનાં, સ્થૂલમ્-મોટાં, પાપમ્-પાપને, વિદહેત્-બાળી ભસ્મ કરે છે.

અનુવાદ—અગ્નિ જેમ લીલાં સૂકાં કાષ્ટને બાળે છે તેમ શ્રીમદ્ ભાગવત કથાશ્રવણ પણ લીલાં-સૂકાં નાનાં-મોટાં સર્વ પાપોને બાળી નાખે છે.

તત્ત્વસુધા—આર્દ્રં પાપમ્ જ્ઞાન પૂર્વક કરેલું, શુષ્કમ્ અજાણતાં થયેલું, લઘુ નાનું-ક્રીડા પતંગ જીવ જંતુનો નાશ કરવાથી થયેલ, સ્થૂલમ્ પ્રાણીવધાદિ.

અસ્મિન્વૈ ભારતે વર્ષે સૂરિભિર્દેવસંસદિ ।
અકથાશ્રાવિણાં પુંસાં નિષ્ફલં જન્મ કીર્તિતમ્ ॥ ૫૬ ॥

અન્વયાર્થ—અસ્મિન્-આ, ભારતેવર્ષે-ભારતવર્ષમાં, સૂરિભિઃ-વિદ્વાનોએ, દેવસંસદિ-દેવોની સભામાં, અકથાશ્રાવિણામ્-શ્રીમદ્ ભાગવત ન સાંભળનારા, પુંસામ્-પુરુષોનો, જન્મ-જન્મ, નિષ્ફલમ્-નિષ્ફળ છે એમ, કીર્તિતમ્-કહ્યું છે.

અનુવાદ—એક વખત દેવોની સભામાં વિદ્વાનોએ જાહેર કર્યું કે "આ ભરતખંડમાં જન્મ લઇને જેમણે શ્રીમદ્ ભાગવતની કથા સાંભળી નથી ખરેખર તેઓનો જન્મ નિષ્ફળ છે."

કિં મોહતો રક્ષિતેન સુપુષ્ટેન બલીયસા ।
અધ્રુવેણ શરીરેણ શુકશાસ્ત્રકથાં વિના ॥ ૫૭ ॥

અન્વયાર્થ—શુકશાસ્ત્રકથામ્-શ્રીશુકદેવજીએ ગાયેલી શ્રીમદ્ ભાગવતકથા, વિના-વગર, મોહતઃ-મોહથી-અજ્ઞાનથી, રક્ષિતેન-સાચવેલા, સુપુષ્ટેન-અતિપુષ્ટ, બલીયસા-બળવાન એવા, અધ્રુવેણ-વિનાશ શીલ, શરીરેણ-શરીરથી, કિમ્-શું ! શો ફાયદો !

અનુવાદ—શ્રીમદ્ ભાગવતની કથા સાંભળ્યા સિવાય કેવળ અજ્ઞાનથી રક્ષણ કરાયેલા અતિશય પુષ્ટ, બળવાન, વિનાશશીલ એવા શરીરથી શો લાભ !

અસ્થિસ્તમ્ભં સ્નાયુબદ્ધં માંસશોણિતલેપિતમ્ ।
ચર્માવનદ્ધં દુર્ગન્ધપાત્રં મૂત્રપુરીષયોઃ ॥ ૫૮ ॥
જરાશોકવિપાકાર્તં રોગમન્દિરમાતુરમ્ ।
દુષ્પૂરં દુર્ધરં દુષ્ટં સદોષં ક્ષણભઙ્ગુરમ્ ॥ ૫૯ ॥
કૃમિવિડ્ભસ્મસંજ્ઞાન્તં શરીરમિતિ વર્ણિતમ્ ।
અસ્થિરેણ સ્થિરં કર્મ કુતોઽયં સાધયેન્ન હિ ॥ ૬૦ ॥

અન્વયાર્થ—અસ્થિસ્તમ્ભમ્-હાડકાં રૂપી સ્તંભવાળું, સ્નાયુબદ્ધમ્-સ્નાયુથી બંધાયેલું, માંસશોણિત-લેપિતમ્-માંસ તથા રુધિરથી લીંપાયેલું, ચર્માવનદ્ધમ્-ચામડીથી મઢેલું, મૂત્રપુરીષયોઃ-મૂત્ર અને વિષ્ઠાનું, દુર્ગન્ધ પાત્રમ્-દુર્ગન્ધવાળું પાત્ર, ૫૮; જરાશોકવિપાકાર્તમ્-ઘડપણ અને શોકના પરિણામે દુઃખી, રોગમન્દિરમ્-રોગોને રહેવાનું ઘર, આતુરમ્-સંસારનાં દુઃખોથી દુઃખી, દુષ્પૂરમ્-દુઃખથી પણ ન પુરાય તેવું,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

દુર્ધરમ્–મુશ્કેલીથી સાચવી શકાય તેવું, દુષ્ટમ્–દુષ્ટ, સદોષમ્–દોષોથી ભરપૂર, ક્ષણભંગુરમ્–ક્ષણમાં નાશ પામે તેવું, ૫૯; કૃમિવિડ્ભસ્મસંજ્ઞાંતમ્–અન્તકાળે જીવ જંતુ, વિષ્ઠા કે ભસ્મ આ ત્રણ પૈકીની કોઈપણ સંજ્ઞાને પ્રાપ્ત થનારું એવું, શરીરમ્–આ શરીર છે, ઇતિ–એમ, વર્ણિતમ્–વર્ણન કરેલું છે તો, અસ્થિરેણ–અનિત્ય એવા શરીરથી, સ્થિરમ્–સ્થિર, કર્મ–કર્મ, અયમ્–આ પુરુષે, કુતઃ–શા માટે, ન સાધયેત્–ન સિદ્ધ કરવાં. ૬૦.

અનુવાદ—વિદ્વાનોએ આ શરીરને, અસ્થિરૂપી સ્તંભવાળું, સ્નાયુઓથી બંધાયેલું, માંસ તથા લોહીથી લીંપાયેલું, ચામડીથી મઢેલું, મૂત્ર અને વિષ્ઠાનું પાત્ર અને તેથીજ દુર્ગન્ધ મારતું, ૫૮; ઘડપણ અને શોકના પરિપાકથી પીડાતું, રોગોનું ઘર, સાંસારિક દુઃખોથી દુઃખી, દુઃખથી ન પુરાય તેવું, મુશ્કેલીથી સચવાય એવું, દુષ્ટ, દોષોથી ભરપૂર, ક્ષણ ભંગુર, ૫૯; અન્તે કૃમિ વિષ્ઠા કે ભસ્મ સંજ્ઞાને પામનારું એવું વર્ણવ્યું છે, તો અનિત્ય એવા આ શરીરથી સ્થિર કર્મો મનુષ્યે શા માટે સિદ્ધ ન કરવાં? ૬૦.

તત્ત્વસુધા—શરીરને ૧૫ વિશેષણ છે ને શરીર સોળમું છે. પંદર પ્રકારના દુઃખોથી ભરપૂર અને વિનાશશીલ શરીરથી જો પૂર્ણ પુરુષોત્તમ સોળ કલા પૂર્ણ મેળવી લેવાય તો કેવો અપૂર્વ લાભ. દુર્ગન્ધમ્ અને પાત્રમ્ અલગ અલગ પાઠ પણ છે. ત્યારે પસીનો અપાન શ્વાસ આદિથી ગંધાતુ અને પાત્રમ્ નો અન્વય મૂત્રપુરીષયોઃ પદ સાથે કરવો. નશ્વરથી ઈશ્વરને મેળવવો એજ અક્કલ.

यत्प्रातः संस्कृतं चान्नं सायं तच्च विनश्यति ।
तदीयरससंपुष्टे काये का नाम नित्यता ॥ ६१ ॥

અન્વયાર્થ–પ્રાતઃ–પ્રાતઃકાળમાં, યત્–જે, અન્નમ્–અન્ન, સંસ્કૃતમ્–સંસ્કાર આપી રાંધ્યું હોય છે, તત્ ચ–તે અન્ન, સાયમ્–સાયંકાળે, વિનશ્યતિ–ખરાબ થઇ જાય છે, તદીયરસસંપુષ્ટે–તેવા અન્નરસથી પોષાયેલ, કાયે–શરીરમાં, નિત્યતા–નિત્યપણું, કા નામ–ક્યાંથી સંભવે?

અનુવાદ—જે અન્ન પ્રાતઃ કાળમાં રાંધવામાં આવ્યું હોય છે તે અન્ન સાયંકાળે બગડી જતાં નાશ પામે છે; તો તેવા અન્નરસથી પોષાયેલ આ શરીરમાં નિત્યપણું ક્યાંથી?

सप्ताहश्रवणाल्लोके प्राप्यते निकटे हरिः ।
अतो दोषनिवृत्त्यर्थमेतदेव हि साधनम् ॥ ६२ ॥

અન્વયાર્થ—સપ્તાહશ્રવણાત્-શ્રીભાગવત સપ્તાહ શ્રવણ કરવાથી, લોકે–આ લોકમાંજ, હરિઃ–શ્રીહરિ, નિકટે–સમીપમાં, પ્રાપ્યતે–પ્રાપ્ત કરાય છે, અતઃ–એ કારણથી, દોષનિવૃત્ત્યર્થમ્–કળિકાળના સર્વ દોષોની નિવૃત્તિ માટે, એતત્–એવ–આ શ્રીમદ્ ભાગવત શાસ્ત્રજ, સાધનમ્–એક માત્ર શ્રેષ્ઠ સાધન છે.

અનુવાદ—શ્રીમદ્ ભાગવત સપ્તાહ શ્રવણ કરવાથી સમસ્ત પાપ દૂર થઇ જતાં આ લોકમાંજ ભગવત્પ્રાપ્તિ થઇ શકે છે. માટે સર્વ દોષોને દૂર કરવા માટેનું કોઈ ઉત્કૃષ્ટ સાધન હોય તો તે શ્રીમદ્ ભાગવતજ છે.

बुद्बुदा इव तोयेषु मशका इव जन्तुषु ।
जायन्ते मरणायैव कथाश्रवणवर्जिताः ॥ ६३ ॥

અન્વયાર્થ—તોયેષુ–પાણીમાં, બુદ્બુદા ઇવ–પરપોટાની જેમ, જન્તુષુ–નાનાં જંતુઓમાં, મશકા ઇવ–મચ્છરોની જેમ, કથાશ્રવણવર્જિતાઃ–શ્રીમદ્ ભાગવત કથા શ્રવણ કર્યું નથી તેવા જીવો, મરણાય એવ–કેવળ મરણ માટેજ, જાયન્તે–જન્મે છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—જન્મ ધરીને જેમણે શ્રીમદ્ ભાગવત કથાનું એકવાર પણ શ્રવણ કર્યું નથી તેઓ પાણીમાંના પરપોટાની જેમ, અથવા તો નાનાં જંતુઓમાં મચ્છરની જેમ મરવા માટે જ જન્મ ધારણ કરે છે.

जडस्य शुष्कवंशस्य यत्र ग्रन्थिविभेदनम् ।
चित्रं किमु तदा चित्तग्रन्थिभेदः कथाश्रवात् ॥ ६४ ॥

અન્વયાર્થ—યત્ર-જ્યાં, જડસ્ય-જડ એવા, શુષ્કવંશસ્ય-સૂકા વાંસની, ગ્રન્થિવિભેદનમ્-ગાંઠ તૂટી ગઈ, તદા-ત્યારે, કથાશ્રવાત્-કથા શ્રવણ કરવાથી, ચિત્તગ્રન્થિભેદઃ-ચિત્તની ગાંઠનું ભેદન થાય એમાં, કિમુ-શું, ચિત્રમ્-આશ્ચર્ય ?

અનુવાદ—જે શ્રીમદ્ ભાગવત કથા શ્રવણ કરવાથી જડ અને શુષ્ક એવા વાંસની ગાંઠો તડાતડ તૂટી ગઇ તો પછી મનુષ્યના અન્તઃકરણની વાસનારૂપી ગાંઠો તૂટે એમાં શું આશ્ચર્ય ?

भिद्यते हृदयग्रन्थिश्छिद्यन्ते सर्वसंशयाः ।
क्षीयन्ते चास्य कर्माणि सप्ताहश्रवणे कृते ॥ ६५ ॥

અન્વયાર્થ—સપ્તાહશ્રવણે-શ્રીમદ્ ભાગવત સપ્તાહ શ્રવણ, કૃતે-કરવામાં આવતાં, હૃદયગ્રન્થિઃ-હૃદયની ગાંઠ, ભિદ્યતે-ભેદાય છે, સર્વસંશયાઃ-સર્વ પ્રકારની શંકાઓ, છિદ્યન્તે-છેદાઇ જાય છે-દૂર થઇ જાય છે, ચ-અને, અસ્ય-આનાં-શ્રોતાનાં, કર્માણિ-અનેક કર્મ, ક્ષીયન્તે-ક્ષીણ થઇ જાય છે.

અનુવાદ—શ્રીમદ્ ભાગવત કથા શ્રવણ કરવાથી અન્તઃકરણની વાસનારૂપી ગાંઠ તૂટી જાય છે, સર્વ સંશયો છેદાઇ જાય છે અને પાપ કર્મોનો ક્ષય થઇ જાય છે.

संसारकर्दमालेपप्रक्षालनपटीयसि ।
कथातीर्थे स्थिते चित्ते मुक्तिरेव बुधैः स्मृता ॥ ६६ ॥

અન્વયાર્થ—સંસારકર્દમાલેપપ્રક્ષાલનપટીયસિ-સંસારરૂપી કાદવના લેપને પ્રક્ષાલન કરવામાં કુશળ, કથાતીર્થે-કથારૂપી તીર્થ, ચિત્તે-મનમાં, સ્થિતે-રહ્યું હોય ત્યારે, બુધૈઃ-જ્ઞાની પુરુષોએ, મુક્તિઃ એવ-મુક્તિજ છે એમ, સ્મૃતા-કહ્યું છે.

અનુવાદ—સંસારરૂપ કાદવના લેપને પ્રક્ષાલન કરવામાં કુશળ કથારૂપી તીર્થ જો ચિત્તમાં વસ્યું હોય તો મુક્તિ જ છે એમ જ્ઞાની પુરુષો કહે છે.

एवं ब्रुवंति वै तस्मिन् विमानमागमत्तदा ।
वैकुण्ठवासिभिर्युक्तं प्रस्फुरद्दीप्तिमंडलम् ॥ ६७ ॥
सर्वेषां पश्यतां भेजे विमानं धुन्धुलीसुतः ।
विमाने वैष्णवान्वीक्ष्य गोकर्णो वाक्यमब्रवीत् ॥ ६८ ॥

અન્વયાર્થ—એવમ્-આ પ્રમાણે, તસ્મિન બ્રુવતિ-તે ધુન્ધુકારી બોલી રહ્યો હતો, તદા-ત્યારે, વૈકુણ્ઠવાસિભિઃ-વૈકુંઠમાં વસનારાઓથી, યુક્તં-યુક્ત, પ્રસ્ફુરદ્દીપ્તિમંડલમ્-દેદીપ્યમાન કાન્તિથી શોભતું, વિમાનમ્-વિમાન, આગમત્-આવ્યું. ૬૭; ધુન્ધુલીસુતઃ-ધુન્ધુલી પુત્ર ધુન્ધુકારી, સર્વેષામ્-બધાંના, પશ્યતામ્-દેખતાં, વિમાનમ્-વિમાનમાં, ભેજે-બેઠો ને, વિમાને-વિમાનમાં, વૈષ્ણવાન્-વૈષ્ણવોને, વીક્ષ્ય-જોઇને, ગોકર્ણઃ-ગોકર્ણ, વાક્યમ્-વાક્યને, અબ્રવીત્-બોલ્યો. ૬૮.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—આ પ્રમાણે ધુન્ધુકારી જ્યારે બોલી રહ્યો હતો ત્યારે વૈકુંઠમાં વસતા પાર્ષદોથી યુક્ત, દેદીપ્યમાન કાન્તિથી સુંદર શોભતું એક વિમાન આવી પહોચ્યું. ૬૭; ધુન્ધુલીના પુત્ર ધુન્ધુકારી બધાંના દેખતાં વિમાનમાં બેઠો. વિમાનમાં બેઠેલા વૈષ્ણવોને જોઇને ગોકર્ણ વાક્ય બોલ્યા. ૬૮.

अत्रैव बहवः सन्ति श्रोतारो मम निर्मलाः ।
आनीतानि विमानानि न तेषां युगपत्कुतः ॥ ६९ ॥
श्रवणं समभागेन सर्वेषामिह दृश्यते ।
फलभेदः कुतो जातः प्रब्रुवन्तु हरिप्रियाः ॥ ७० ॥

અન્વયાર્થ—અત્રૈવ—અહીં, મમ—મારા, નિર્મલાઃ—નિર્મલ એવા, બહવઃ—અનેક, શ્રોતારઃ—શ્રોતાઓ છે તો, તેષામ્—તેમના માટેનાં, વિમાનાનિ—વિમાનો, યુગપત્—એકી સાથે, કુતઃ—શા માટે, ન આનીતાનિ—લાવવામાં નથી આવ્યાં, ૬૯; ઇહ—આ સ્થળે, સર્વેષામ્—પ્રત્યેકનું, સમભાગેન—સરખી રીતે, શ્રવણમ્—કથા શ્રવણ કરવું તે, દૃશ્યતે—જણાય છે, તો પછી, હે હરિપ્રિયાઃ—હે પ્રભુના પ્યારા વૈષ્ણવો, ફલભેદઃ—ફળમાં ભેદભાવ, કુતઃ—શાથી, જાતઃ—થયો, પ્રબ્રુવન્તુ—કહો. ૭૦.

અનુવાદ—આ સ્થળે મારા નિર્મળ અન્તઃકરણવાળા અનેક શ્રોતાઓ છે તો તેઓને માટે વિમાનો વધારે કેમ લાવવામાં નથી આવ્યાં, ૬૯; અહિંયાં કથા શ્રવણ દરેકે સરખી રીતે કર્યું છે એમ જણાય છે. તો પછી ફળમાં ભેદ શાથી થયો તે હે હરિદાસો, આપ મને એનું કારણ કહો. ૭૦.

हरिदासा ऊचुः—હરિદાસો બોલ્યાઃ—

श्रवणस्य विभेदेन फलभेदोऽपि संस्थितः ।
श्रवणं तु कृतं सर्वैं र्न तथा मननं कृतम् ॥ ७१ ॥
फलभेदतस्तो जातो भजनादपि मानद ।
सप्तरात्रमुपोष्यैव प्रेतेन श्रवणं कृतम् ॥ ७२ ॥
मननादि तथा तेन स्थिरचित्ते कृतं भृशम् ।

અન્વયાર્થ—શ્રવણસ્ય—કથા શ્રવણના, વિભેદેન—વિશેષ ભેદને લીધે, ફલભેદઃ અપિ—ફળમાં ભેદભાવ પણ, સંસ્થિતઃ—રહેવા પામ્યો છે. શ્રવણં તુ—કથા શ્રવણ તો, સર્વૈઃ—સઘળાંએ, કૃતમ્—કર્યું છે, તથા—તે રીતે, મનનમ્—મનન, ન કૃતમ્—કર્યું નથી, ૭૧; હે માનદ—હે માનને આપનાર ગોકર્ણ, ભજનાત્ અપિ—ભજન કરવા છતાં પણ, તતઃ—તે કારણથી (શ્રવણ તથા મનન બન્ને ન કરવાથી), ફલભેદઃ—ફળમાં ભેદ, જાતઃ—થયો છે, પ્રેતેન—પ્રેતે, સપ્તરાત્રમ્—સાત રાત્રિ સુધી, ઉપોષ્ય એવ—ઉપવાસ કરીનેજ, શ્રવણમ્—શ્રવણ, કૃતમ્—કર્યું છે, તથા—અને, તેન—ધુન્ધુકારીએ, સ્થિરચિત્તે—સ્થિરચિત્તમાં, મનનાદિ—મનન વગેરે પણ, ભૃશમ્—સારા પ્રમાણમાં, કૃતમ્—કર્યું છે. ૭૨.

અનુવાદ—હરિદાસો બોલ્યાઃ—કથા શ્રવણના ભેદને લીધે ફળ મળવામાં પણ ભેદ પડ્યો છે. જો કે કથાશ્રવણ તો બધાએ કર્યું છે, પણ મનન કરવું જોઇએ તે બધાંએ કર્યું નથી, ૭૧; હે માનદ ગોકર્ણ, ભજન કરવા છતાં પણ મનન કર્યું ન હોવાથી ફળમાં ભેદ પડ્યો છે. આ પ્રેતે સાત રાત્રિ સુધી ઉપવાસ કરીને શ્રવણ કર્યું છે, તેમજ પ્રેત ધુન્ધુકારીએ સ્થિરચિત્તથી મનન-નિદિધ્યાસન પણ સંપૂર્ણ રીતે કરેલ છે માટે ફલમાં ભેદ થયો. ૭૨.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

अदृढं च हतं ज्ञानं प्रमादेन हतं श्रुतम् ॥ ७३ ॥
संदिग्धो हि हतो मन्त्रो व्यग्रचित्तो हतो जपः ।
अवैष्णवो हतो देशो हतं श्राद्धमपात्रकम् ॥ ७४ ।
हतमश्रोत्रिये दानमनाचारहतं कुलम् ।

અન્વયાર્થ—**અદૃઢમ્**-દૃઢ ન થયેલું એવું, **જ્ઞાનમ્**-જ્ઞાન, **હતમ્**-નાશ પામેલું ગણાય છે, **ચ**-અને, **પ્રમાદેન**-પ્રમાદથી, **શ્રુતમ્**-સાંભળેલું, **હતમ્**-નકામું છે, **સંદિગ્ધઃ**-સંદેહવાળો, **મન્ત્રઃ**-મંત્ર, **હતઃ**-નિરર્થક છે, **વ્યગ્રચિત્તઃ**-અશાન્ત ચિત્તથી કરેલો, **જપઃ**-મન્ત્ર જપ, **હતઃ**-નિષ્ફળ છે, ૭૩; **અવૈષ્ણવઃ**-જ્યાં વિષ્ણુભક્ત ન હોય એવો, **દેશઃ**-દેશ, **હતઃ**-નકામો-વ્યર્થ છે, **અપાત્રકમ્**-સત્પાત્ર સિવાયનું, **શ્રાદ્ધમ્**-શ્રાદ્ધ, **હતમ્**-નિરર્થક છે, ૭૪; **અશ્રોત્રિયે**-જે શ્રોત્રિય-બ્રહ્મનિષ્ઠ જ્ઞાની ન હોય તેને, **દાનમ્**-આપેલ દાન, **હતમ્**-વૃથા છે તેમજ, **કુલમ્**-કુલ, **અનાચારહતમ્**-અનાચારથી ભ્રષ્ટ થયેલું વ્યર્થ છે.

અનુવાદ—અસ્થિર જ્ઞાન નકામું છે, પ્રમાદથી શ્રવણ કરેલું નિષ્ફળ છે, ૭૩; સંદેહવાળો મંત્ર વ્યર્થ છે, વ્યગ્રચિત્તે કરેલ મન્ત્ર જપ તે પણ વૃથા છે. વૈષ્ણવ વિનાનો પ્રદેશ નકામો છે, તેમજ જેમાં કુપાત્રને નોતર્યો હોય તેવું શ્રાદ્ધ વ્યર્થ છે. ૭૪; વેદજ્ઞાન વિનાના શ્રોત્રિયને દાન કરવું તે ફોગટ છે; અનાચારથી ભ્રષ્ટ થયેલ કુળ નષ્ટપ્રાય છે.

તત્ત્વસુધા—આઠ કીંમતી તત્ત્વોનો સંકેત કર્યો. અદૃઢ જ્ઞાન વ્યર્થ. જ્ઞાનની દૃઢતા અનુભવથી અને દૃઢ અભ્યાસથી થાય છે. શ્રુત, એટલે શાસ્ત્ર અને શ્રવણ એ બે અર્થ થાય છે. વક્તાના વડીલના વચનને ઉપલક રીતે કે ઉપેક્ષાથી સાંભળીએ તો લાભને બદલે હાનિ થાય અને ખોટો પૂર્વગ્રહ બંધાય. શાસ્ત્રજ્ઞાન મેળવ્યા પછી સ્વાધ્યાય ચાલુ ન રહે તો વિસરી જવાય. સમ્પ્રદાય પરંપરાના ગુરૂ વિનાનો મંત્ર સંદિગ્ધ કહેવાય, તેના જપનો શ્રમ પડે, તંત્ર મંત્ર ગ્રંન્થોના મંત્ર વાંચી અખતરો ન કરવો, જપ એકાન્ત, એકાગ્રતા, એક સ્થિર આસન, બ્રાહ્મ મુહૂર્ત ને અલ્પ સંખ્યા ને અલ્પ અક્ષરવાળો કરવો તોજ સફલતા. મંત્ર એટલે મંત્રણાના પણ ઉપરનાજ નિયમો યાદ રાખવા. સત્સંગ જીવનનો ખોરાક છે. જે દેશમાં તદીય ન હોય કે સંત ન હોય તે દેશ ન સેવવો. આચાર સંપન્ન બ્રાહ્મણને જ શ્રાદ્ધે નિમંત્રણ કરવું ને શ્રાદ્ધમાં વિસ્તાર ન કરવો. વેદાધ્યયન કર્તા ને બ્રહ્મ ચિંતકને દાન આપવાથી મોક્ષસુખ ને ભગવત્સેવાસુખ મળે છે. કુલલક્ષ્મી આચારનાશથી નાશ પામે છે. લક્ષ્મી લક્ષણોથી આવે.

विश्वासो गुरुवाक्येषु स्वस्मिन् दीनत्वभावना ।। ७५ ॥
मनोदोषजयश्चैव कथायां निश्चला मतिः ।
एवमादि कृतं चेत् स्यात्तदा वै श्रवणे फलम् ।। ७६ ॥

અન્વયાર્થ—**ગુરુવાક્યેષુ**-ગુરુઓ-પૂજ્યો-વડીલોનાં વાક્યોમાં, **વિશ્વાસઃ**-વિશ્વાસ, **સ્વસ્મિન્**-પોતાનામાં, **દીનત્વભાવના**-"હું દીન છું" એવી દીનપણાની ભાવના, ૭૫; **ચ**-અને, **મનોદોષજયઃ**-મનના દોષો ઉપર વિજય અને, **કથાયામ્**-ભગવતત્સંબન્ધી કથામાં, **નિશ્ચલા**-અડગ-સ્થિર, **મતિઃ**-બુદ્ધિ, **એવમ્ આદિ**-આ પ્રમાણેનું સર્વ સાધન, **કૃતમ્**-કરેલું, **સ્યાત્ ચેત્**-જો હોય તો, **તદા**-ત્યારે, **વૈ**-ખરેખર, **શ્રવણે**-શ્રવણ કરવામાં, **ફલમ્**-ફળ મળે છે.

અનુવાદ—ગુરુજનોનાં વાક્યોમાં વિશ્વાસ, પોતાનામાં દીનપણાની ભાવના, મનના દોષો ઉપર કાબૂ અને કથામાં સ્થિર બુદ્ધિ વગેરે સાધન જો સિદ્ધ થયું હોય તોજ શ્રવણ કરવાનું યોગ્ય ફળ તત્કાળ પ્રાપ્ત થાય છે. (અન્યથા વૃથા છે.)

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પુનઃ શ્રવાન્તે સર્વેષાં વૈકુણ્ઠે વસતિર્ધ્રુવમ્ ।
ગોકર્ણ તવ ગોવિન્દો ગોલોકં દાસ્યતિ ધ્રુવમ્ ॥ ૭૭ ॥
એવમુક્ત્વા યયુઃ સર્વે વકુણ્ઠં હરિકીર્તનાઃ ।
શ્રાવણે માસિ ગોકર્ણઃ કથામૂચે તથા પુનઃ ॥ ૭૮ ॥

અન્વયાર્થ—હે ગોકર્ણ-હે ગોકર્ણ, પુનઃ-ફરીથી, શ્રવાન્તે-શ્રવણને અન્તે, સર્વેષામ્-સર્વનો, ધ્રુવમ્-ચોક્કસ, વૈકુણ્ઠે-વૈકુંઠમાં, વસતિઃ-વાસ થશે; ગોવિન્દઃ-ભગવાન ગોવિન્દ, તવ-તમને, ધ્રુવમ્-નિશ્ચિત, ગોલોકમ્-ગોલોક, દાસ્યતિ-આપશે, ૭૭; એવમ્-આ પ્રમાણે, ઉક્ત્વા-કહીને, સર્વે-બધા, હરિકીર્તનાઃ-વિષ્ણુભગવાનના પાર્ષદો, વૈકુણ્ઠમ્-વૈકુંઠ લોકમાં, યયુઃ-ગયા, ગોકર્ણઃ-ગોકર્ણે, તથા-તેવી રીતે, પુનઃ-ફરીથી, શ્રાવણે માસિ-શ્રાવણ માસમાં, કથામ્-કથાને, ઊચે-કહી. ૭૮.

અનુવાદ—હે ગોકર્ણ, તમે ફરીથી ભાગવત સપ્તાહ પારાયણ શ્રવણ કરાવો. જેથી આ સર્વ શ્રોતાઓનો ચોક્કસ વૈકુંઠમાં વાસ થાય. ભગવાન ગોવિન્દ, તમને અવશ્ય ગોલોકમાં સ્થાન આપશે. ૭૭; આ પ્રમાણે કહીને, શ્રીહરિના અનન્ય દાસો વૈકુંઠ ધામમાં ગયા. ગોકર્ણે શ્રાવણ માસમાં ફરીથી તે પ્રકારની (કે જે પ્રકાર વૈષ્ણવોએ દર્શાવ્યો હતો) કથા કહી સંભળાવી. ૭૮.

સપ્તરાત્રવતીં ભૂયઃ શ્રવણં તૈઃ કૃતં પુનઃ ।
કથાસમાપ્તૌ યજ્જાતં શ્રૃયતાં તચ્ચ નારદ ॥ ૭૯ ॥

અન્વયાર્થ—તૈઃ-તે શ્રોતાઓએ, ભૂયઃ-ફરીથી, સપ્તરાત્રવતીમ્-સાત રાત્રિ સુધી ચાલે તેવી શ્રીમદ્ ભાગવત કથાનું, શ્રવણમ્-શ્રવણ, કૃતમ્-કર્યું, હે નારદ-હે નારદ, ચ-અને, કથાસમાપ્તૌ-સપ્તાહ સમાપ્ત થતાં, યત્-જે, જાતમ્-થયું, તત્-તે, શ્રૂયતામ્-તમે સાંભળો. ૭૯.

અનુવાદ—ગોકર્ણે ફરી શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ સાત રાત્રિ સુધી કર્યું અને બધાંએ ફરીથી તે સાંભળ્યું. કથા સમાપ્ત થતાં જે પ્રસંગ બન્યો તે હે નારદ, તમે સાંભળો.

તત્ત્વસુધા—સપ્તરાત્ર શબ્દનું પ્રયોજન દિવસના શ્રવણનું સતત રાત્રિએ અનુસંધાન અને મનન હોય તોજ મનોનિગ્રહ થાય અને આગળનો આનંદ આવે.

વિમાનૈઃ સહ ભક્તૈશ્ચ હરિરાવિર્બભૂવ હ ।
જયશબ્દો નમઃશબ્દસ્તત્રાસન્ બહવસ્તદા ॥ ૮૦ ॥

અન્વયાર્થ—વિમાનૈઃ-વિમાનો, (સહ-સાથે,) ચ-અને, ભક્તૈઃ સહ-ભક્તો સાથે, હરિઃ-ભગવાન, આવિર્બભૂવ-પ્રગટ થયા, હ-ચોક્કસ, તદા-ત્યારે, તત્ર-ત્યાં, જયશબ્દઃ-'જયજય' એવો શબ્દ, નમઃશબ્દઃ-પ્રણામ, નમસ્કાર, વંદન હો આવા પ્રકારના શબ્દો, બહવઃ-ઘણા, આસન્-થયા.

અનુવાદ—વિમાનો અને ભક્તો સાથે ભગવાન શ્રીહરિ ત્યાં પ્રગટ થયા. તે સમયે ત્યાં "જય હો, વંદન હો, પ્રણામ હો," આવા પ્રકારના ઘણાજ શબ્દ થયા. ૮૦.

તત્ત્વસુધા—જયશબ્દ આનંદ ઉત્સાહ ને મંગલ વર્ધક ને વિઘ્ન વિનાશક છે.

પાઞ્ચજન્યધ્વનિં ચક્રે હર્ષાત્તત્ર સ્વયં હરિઃ ।
ગોકર્ણં તુ સમાલિઙ્ગ્યાકરોત્સ્વસદૃશં હરિઃ ॥ ૮૧ ॥
શ્રોતૄનન્યાન્ ઘનશ્યામાન્ પીતકૌશેયવાસસઃ ।
કિરીટિનઃ કુણ્ડલિનસ્તથા ચક્રે હરિઃ ક્ષણાત્ ॥ ૮૨ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—**તત્ર**-ત્યાં, **હરિઃ**-શ્રીહરિએ, **સ્વયમ્**-પોતે, **હર્ષાત્**-હર્ષથી, **પાઞ્ચજન્યધ્વનિમ્**-પાંચજન્ય નામના શંખનો ધ્વનિ, **ચક્રે**-કર્યો, **હરિઃ**-પ્રભુએ, **ગોકર્ણમ્**-ગોકર્ણને, **સમાલિઙ્ગ્ય**-આલિંગન આપીને-ભેટીને, **તુ**-તો, **સ્વસદૃશમ્**-પોતાના જેવોજ, **અકરોત્**-કરી દીધો, ૮૧; **તથા**-તેમજ, **હરિઃ**-શ્રીહરિએ, **અન્યાન્**-બીજા, **શ્રોતૃન્**-શ્રોતાઓને, **ઘનશ્યામાન્**-મેઘશ્યામવર્ણના, **પીતકૌશેયવાસસઃ**-પીળાં પીતામ્બર વાળા, **કિરીટિનઃ**-મુકુટવાળા, **કુણ્ડલિનઃ**-કુંડળોવાળા, **ક્ષણાત્**-ક્ષણવારમાં, **ચક્રે**-કરી દીધા. ૮૨.

અનુવાદ—ત્યાં શ્રીહરિએ અતિ હર્ષથી પોતે પાંચજન્ય શંખનો શબ્દ કર્યો. પ્રભુએ ગોકર્ણને તો આલિંગન આપીને પોતાની સમાન બનાવી દીધો, ૧૮; તેમજ બીજા જે શ્રોતાઓ હતા તેમને શ્રીહરિએ ક્ષણવારમાં પોતાના જેવાજ ઘનશ્યામ, પીળાં પીતામ્બરવાળા, મુગુટ તેમજ કુંડળોવાળા કરી દીધા. ૮૨.

તત્ત્વસુધા—ગોકર્ણ તુ સમાલિઙ્ગ્ય-તુ અવ્યયનો પ્રયોગ અન્ય કરતાં ભગવાન ગોકર્ણને વિશેષ પ્રેમ અને અધિકારનું અર્પણ કરે છે તે સૂચવે છે.

તદ્ગ્રામે યે સ્થિતા જીવા આશ્વચાણ્ડાલજાતયઃ ।
વિમાને સ્થાપિતાસ્તેઽપિ ગોકર્ણકૃપયા તદા ॥ ૮૩ ॥
પ્રેષિતા હરિલોકે તે યત્ર ગચ્છન્તિ યોગિનઃ ।
ગોકર્ણેન સ ગોપાલો ગોલોકં ગોપવલ્લભમ્ ॥ ૮૪ ॥
કથાશ્રવણતઃ પ્રીતો નિર્યયૌ ભક્તવત્સલઃ ।

અન્વયાર્થ—**તદ્ગ્રામે**-તે ગામમાં, **આશ્વચાણ્ડાલજાતયઃ**-શ્વાન, ચાંડાલ વગેરે જાતિથી આરંભીને, **યે**-જે કોઇ, **જીવાઃ**-જીવો, **સ્થિતાઃ**-રહેલા હતા, **તે+અપિ**-તેઓ પણ, **તદા**-ત્યારે, **ગોકર્ણકૃપયા**-ગોકર્ણની કૃપાથી. અથવા-ગોકર્ણ ઉપર કૃપા હોવાને લીધે, **વિમાને**-વિમાનમાં, **સ્થાપિતાઃ**-બેસાડવામાં આવ્યા, (ગોકર્ણની પ્રાર્થનાથી સર્વજીવોને પ્રભુએ મુક્તિ અર્પી.) ૮૩; **યત્ર**-જ્યાં, **યોગિનઃ** યોગીપુરુષો, **ગચ્છન્તિ**-જાય છે ત્યાં, **તે**-તે સર્વે, **હરિલોકે**-વિષ્ણુલોકમાં, **પ્રેષિતાઃ**-મોકલી દીધા, **ગોકર્ણેન**-ગોકર્ણ સાથે, **ભક્તવત્સલઃ**-ભક્તવત્સલ, **સઃ**-તે, **ગોપાલઃ**-ગોપાલ, **કથાશ્રવણતઃ**-કથા શ્રવણ કરવાથી, **પ્રીતઃ**-પ્રસન્ન થયેલા, **ગોપવલ્લભમ્**-ગોપોને અતિપ્રિય, **ગોલોકમ્**-ગોલોકધામ પ્રતિ, **નિર્યયૌ**-ચાલી નીકળ્યા. ૮૪.

અનુવાદ—તે ગામમાં કૂતરાથી આરંભીને ચાંડાલ વગેરે જે કોઇ જીવ હતા તે સર્વને પણ ગોકર્ણની કૃપાથી વિમાનમાં બેસાડવામાં આવ્યા. ૮૩; યોગીપુરુષો જે સ્થાનને પ્રાપ્ત કરે છે તે શ્રીવિષ્ણુલોકમાં તે સર્વ જીવોને મોકલી દીધા. ભકતવત્સલ શ્રીહરિ પણ કથા શ્રવણ કરવાથી પ્રસન્ન થયેલા, ગોપપ્રિય ગોલોકમાં ગોકર્ણની સાથે પધારી ગયા. ૮૪.

અયોધ્યાવાસિનઃ પૂર્વં યથા રામેણ સંગતાઃ ॥ ૮૫ ॥
તથા કૃષ્ણેન તે નીતા ગોલોકં યોગિદુર્લભમ્ ।
યત્ર સૂર્યસ્ય સોમસ્ય સિદ્ધાનાં ન ગતિઃ કદા ।
તં લોકં હિ ગતાસ્તે તુ શ્રીમદ્ભાગવતશ્રવાત્ ॥ ૮૬ ॥

અન્વયાર્થ—**યથા**-જેમ, **પૂર્વમ્**-પહેલાં, **અયોધ્યાવાસિનઃ**-અયોધ્યામાં રહેનારા, **રામેણ**-ભગવાન શ્રીરામચંદ્રજી સાથે, **સંગતાઃ**-ગયા હતા, **તથા**-તે રીતે, **કૃષ્ણેન**-શ્રીકૃષ્ણે, **તે**-તે સર્વે, **યોગિદુર્લભમ્**-યોગીઓને દુર્લભ એવા, **ગોલોકમ્**-ગોલોકધામમાં, **નીતાઃ**-સાથે લીધા, **યત્ર**-જ્યાં, (જે ગોલોકમાં) **સૂર્યસ્ય**-સૂર્યની, **સોમસ્ય**-ચંદ્રની, **સિદ્ધાનામ્**-સિદ્ધપુરુષોની, **કદા**-કોઈ કાળે, **ગતિઃ ન**-ગતિ થતી નથી,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અર્થાત્ ત્યાં સુધી કોઈ પહોંચી શકતું નથી, श्रीमद्भागवतश्रवात्-શ્રીમદ્ભાગવત સાંભળવાથી, ते तु-તે સર્વે, तेऽ, तम्-लोकम्-તે ગોલોકમાં, गताः-ગયા. ૮૫, ૮૬.

અનુવાદ—જેમ પહેલાં અયોધ્યામાં વસનારા સર્વે શ્રીરામચંદ્રજીની સાથે સ્વર્ગ લોકમાં ગયા હતા, તેવીજ રીતે યોગીઓને દુર્લભ એવા એ ગોલોકમાં શ્રીકૃષ્ણ સર્વને સાથે લીધા. જ્યાં સૂર્ય, ચંદ્ર કે સિદ્ધ પુરુષો પણ જઇ શકતા નથી તે લોકમાં, શ્રીમદ્ ભાગવત શ્રવણ કરવાના પુણ્યથી તે સર્વે ગયા.

ब्रूमोऽद्यते किं फलवृन्दमुज्ज्वलं सप्ताहयज्ञेन कथासु संचितम् ।
कर्णेन गोकर्णकथाक्षरो यैः पीतश्चते गर्भगता न भूयः ॥ ८७ ॥

અન્વયાર્થ—सप्ताहयज्ञेन-શ્રીમદ્ભાગવતસપ્તાહયજ્ઞથી, कथासु-ભગવત્કથાઓમાંથી, संचितम्-એકઠું કરેલું, उज्ज्वलम्-પ્રકાશમાન, फलवृन्दम्-અનેક ફળનું, अद्य-આજે, ते-તમને, किम् ब्रूमः-શું વર્ણન કરીએ, यैः-જેમણે, कर्णेन-કાનથી, गोकर्णकथाक्षरः-ગોકર્ણે વર્ણવેલ ભાગવતકથાનો એક પણ અક્ષર, पीतः-પાન કર્યો છે; ते-તેઓ, भूयः-ફરીથી, गर्भगताः न-ગર્ભને પ્રાપ્ત થતા નથી, પુનર્જન્મ નથી.

અનુવાદ—શ્રીમદ્ ભાગવત સપ્તાહ યજ્ઞના પુણ્યફળને અમે વધું શું વર્ણન કરીએ ? કે જે ફળ અનેક ભગવત્કથાઓથી દિવ્ય પ્રકાશમાન છે, સાચેજ જેમણે ગોકર્ણે વર્ણવેલ શ્રીમદ્ ભાગવત કથાના એકપણ અક્ષરનું કર્ણથી પાન કર્યું છે તેઓને પુનઃ માતાના ગર્ભમાં આવવું પડતું નથી.

वाताम्बुपर्णाशनदेहशोषणैस्तपोभिरुग्रैश्चिरकालसंचितैः ।
योगैश्च संयान्ति न तां गतिं वै सप्ताहगाथाश्रवणेन यान्ति ते ॥ ८८ ॥

અન્વયાર્થ—वाताम्बुपर्णाशनदेहशोषणैः-વાયુભક્ષણ, જળપાન, પર્ણભક્ષણ વગેરે કઠિન સાધનાઓથી દેહને સૂકવી નાખવાથી, च-અને चिरकालसंचितैः-ઘણા લાંબા કાળ સુધી એકઠાં કરેલાં, उग्रैः-ઉગ્ર એવાં, तपोभिः-તપથી, च-અને, योगैः-અષ્ટાંગ યોગદ્વારા, याम्-જે, गतिम्-ગતિને, न संयाति-જે ગતિ પ્રાપ્ત નથી થતી, ताम्-તે ગતિને, ते-તેઓ, सप्ताहगाथाश्रवणेन-શ્રીમદ્ભાગવત સપ્તાહ શ્રવણ કરવાથી, यान्ति-પ્રાપ્ત કરે છે.

અનુવાદ—વાયુ ભક્ષણ, જળપાન, પર્ણ ભક્ષણ વગેરેથી દેહ શોષણ કરવાથી, તેમજ ઘણા લાંબા કાળ સુધી સંગ્રહ કરેલા ઉગ્ર તપથી, તેમજ યોગાભ્યાસથી જે ગતિ પ્રાપ્ત થતી નથી, તે ગતિ શ્રીમદ્ ભાગવત કથા શ્રવણ કરવાથી પ્રાપ્ત થાય છે.

इतिहासमिमं पुण्यं शाण्डिल्योऽपि मुनीश्वरः ।
पठते चित्रकूटस्थो ब्रह्मानन्दपरिप्लुतः ॥ ८९ ॥

અન્વયાર્થ—पुण्यम्-પવિત્ર એવા, इमम्-આ, इतिहासम्-ઇતિહાસને, चित्रकूटस्थः-ચિત્રકૂટમાં રહેલા, ब्रह्मानन्दपरिप्लुतः-બ્રહ્માનન્દમાં નિમગ્ન, शाण्डिल्यः-શાણ્ડિલ્ય નામના, मुनीश्वरः अपि-મુનીશ્વર પણ, पठते-સ્વાધ્યાયરૂપે પાઠ કરે છે.

અનુવાદ—આ પવિત્ર ઇતિહાસનો ચિત્રકૂટમાં રહેતા બ્રહ્માનંદનિમગ્ન શાણ્ડિલ્ય મુનીશ્વર પણ પાઠ કરે છે.

आख्यानमेतत् परमं पवित्रं श्रुतं सकृद्वै विदहेदघौघम् ।
श्राद्धे प्रयुक्तं पितृतृप्तिमावहेन्नित्यं सुपाठादपुनर्भवं च ॥ ९० ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—**एतत्**-આ; **आख्यानम्**-આખ્યાન, **परमम्**-ઘણું, **पवित्रम्**-પવિત્ર છે, **सकृत्**-એકવાર, **श्रुतम्**-સાંભળવામાં આવ્યું હોય તો, **अघौघम्**-પાપપુંજને, **विदहेत्**-ભસ્મ કરી દે છે, **श्राद्धे**-શ્રાદ્ધ પ્રસંગે, **प्रयुक्तम्**-પાઠ કરવામાં આવે તો; **पितृतृप्तिम्**-પિતૃઓની તૃપ્તિને, **आवहेत्**-ઉપજાવવામાં કારણભૂત બને છે. **च**-અને, **नित्यम्**-દરરોજ, **सुपाठात्**-સારી રીતે પાઠ કરવાથી, **अपुनर्भवम्**-ફરીથી સંસારમાં જન્મ થતો નથી.

અનુવાદ—પરમ પવિત્ર આ આખ્યાન જો એક વખત પણ શ્રવણ કરવામાં આવે તો અખિલ પાપને બાળી ભસ્મ કરી દે છે, શ્રાદ્ધ સમયે પાઠ કરવામાં આવે તો પિતૃઓને તૃપ્તિ ઉપજાવે છે. દરરોજ જો સારી રીતે પાઠ કરવામાં આવે તો જન્મ મરણનો ફેરો ટળી જઈ મુક્તિનો અધિકારી બને છે.

તત્ત્વસુધા—નિત્યં સુપાઠાત્ ફલ શ્રુતિમાં બે વિધાન કર્યાં. ભાગવતનું નિત્ય શ્રવણ કીર્તન ન થઈ શકે તો પાઠ તો નિત્યજ કરવાનો. "સુપાઠ" એટલે હ્રસ્વ દીર્ઘમાં પણ ફેરફાર થાય તો ફલ ન થાય કારણ કે આ શ્રીમદ્ ભાગવત વેદ સંહિતા છે એટલે એની આનુપૂર્વી સાચવવી જોઈએ. આ ચરિત્ર ચિત્ર સંશોધન ચૂર્ણ છે. પિતૃ તર્પણનું સલિલ છે.

इति श्रीपद्मपुराणे उत्तरखण्डे श्रीमद्भागवतमाहात्म्ये गोलोक वर्णनं नाम

पञ्चमोऽध्यायः ।

શ્રી પદ્મપુરાણના ઉત્તરખંડમાં કહેલા શ્રીમદ્ ભાગવત માહાત્મ્યમાં ગોલોક વર્ણનનો પાંચમો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય છઠ્ઠો.

કુમારા ઊચુઃ-સનકાદિકકુમારો બોલ્યા.

अथ ते संप्रवक्ष्यामः सप्ताहश्रवणे विधिम् ।
सहायैर्वसुभिश्चैव प्रायः साध्यो विधिः स्मृतः ॥ १ ॥

અન્વયાર્થ—**अथ**-હવે, **ते**-તમને, **सप्ताहश्रवणे**-શ્રીમદ્ ભાગવત સપ્તાહ શ્રવણ કરવામાં, **विधिम्**-વિધિ વિધાનને, **संप्रवक्ष्यामः**-કહીશું, **प्रायः**-ઘણે ભાગે, **वसुभिः**-આઠ સંખ્યાના, **सहायैः**-સહાયકોથી, **च**-ઉત્સાહથી, **एव**-અવશ્ય, **विधिः**-સપ્તાહવિધિ, **साध्यः**-સિદ્ધ કરી શકાય તેવો, **स्मृतः**-કહ્યો છે.

અનુવાદ—હવે અમે તમને શ્રીમદ્ભાગવત સપ્તાહ શ્રવણ કરવાનો વિધિ કહીશું. ઘણે ભાગે આ સપ્તાહવિધિ અનેક સહાયકોથી તેમજ દ્રવ્ય વગેરેથી સાધ્ય ગણેલો છે.

તત્ત્વસુધા—अथ-ओंकारश्चाथशब्दश्च द्वावेतौ ब्रह्मणः पुरा । कण्ठं भित्वा विनिर्यातौ तस्मान्मांगलिकावुभौ ॥ ઓંકાર, તેમજ અથ શબ્દ પૂર્વે બ્રહ્માજીના કંઠમાંથી પ્રથમ સ્વયં પ્રકટ થયેલા મંગલ વાચક છે. વિધિ કહેતા પહેલાં મંગલ કહેવાથી વિધિ અને કાર્યની સફલતા થશે.

તત્ત્વસુધા—वसुभिः-બે અર્થ થાય છે આઠ વિપ્રોની સહાયથી કાર્ય કરવું; અથવા અનેક સહાયકો અને દ્રવ્યથી આ કાર્ય સાધ્ય થાય છે.

दैवज्ञं तु समाहूय मुहूर्तं पृच्छय यत्नतः ।
विवाहे यादृशं चित्तं तादृशं परिकल्पयेत् ॥ २ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—**દૈવજ્ઞમ્**-જ્યોતિષ શાસ્ત્રના જાણકારને, **સમાહૂય**-બોલાવીને, **યત્નતઃ**-પ્રયત્નથી, **મુહૂર્તમ્**-સમારંભના મુહૂર્તને, **પૃચ્છય**-પૂછીને, **વિવાહે**-લગ્ન પ્રસંગે, **યાદૃશમ્**-જેવું, **ચિત્તમ્**-ચિત્ત (પ્રસન્ન, ઉદાર, ઉત્સાહી હોય છે, **તાદૃશમ્**-તેવું ચિત્ત, **પરિકલ્પયેત્**-રાખવું જોઈએ.

અનુવાદ—**જ્યોતિષશાસ્ત્રના જાણકારને બોલાવીને પ્રયત્નપૂર્વક મુહૂર્ત પૂછી જોવડાવીને લગ્ન પ્રસંગે મન જેવું ઉદાર, પ્રસન્ન અને ઉત્સાહી હોય છે તેવું આમાં પણ રાખવું.**

તત્ત્વસુધા—**મુહૂર્તમ્**-મુહૂર્ત પૂછવા માટે જ્યોતિર્વિદને બોલાવવાનું કહ્યું-गत्वा स्नानं प्रकर्तव्यं गत्वा पृच्छेत् शुभाशुभम् । समाहूय तु यः पृच्छेत्तदर्द्धफलमेवेत् ॥ તીર્થે જઈ સ્નાન કરવું, મુહૂર્ત જ્યોતિષીજીને ત્યાં જઈને પૂછવું; તીર્થજલ લાવીને કે જ્યોતિષીને બોલાવીને પૂછવામાં અડધુ ફળ મળે. गत्वा नत्वा च दत्त्वा च परिपृच्छेत् सदक्षिणम् । ब्राह्मणं मंगलप्रश्ने तस्य कार्यं सुसिद्धिदम् વિપ્રને ત્યાં જઈ વંદન કરી દક્ષિણા ધરી પ્રશ્ન કરે તેને સિદ્ધિ આપનારું ફલ મળે છે તો પછી શ્રીમદ્ભાગવતજી માટે ઘરે બોલાવવાનો વિધિ રાજાઓને માટે કહ્યો છે. સર્વ જનોએ તો તેઓને ત્યાં જઈને પૂછવું. શ્રીમદ્ ભાગવતનો અલૌકિક વિધિ છે. મુહૂર્ત નિમિત્તે ઘરે પધરાવતાં તેમની ચરણધૂલી મળે, વિઘ્ન ટળે ને કાર્ય ફળે માટે ઘરે બોલાવવાનો વિધિ કહ્યો. વિવાહે યાદૃશં વિત્તમ્ એવો પણ પાઠ છે. વિવાહમાં જેવું ચિત્ત નિરૂદ્ધ અવસ્થામાં હોય છે તેવો આનંદ મનમાં રાખવો અથવા વિવાહમાં જેવું વિત્તનું ઔદાર્ય હોય છે તેવું ઔદાર્ય રાખવું.

नभस्य आश्विनोर्जौ च मार्गशीर्षः शुचिर्नभाः ।
एते मासाः कथारम्भे श्रोतॄणां मोक्षसूचकाः ॥ ३ ॥

અન્વયાર્થ—**નભસ્યઃ**-ભાદરવો, **ચ**-અને, **આશ્વિનોર્જૌ**-આસો અને કાર્તિક, **માર્ગશીર્ષઃ**-માર્ગશીર્ષ, **શુચિઃ**-અષાઢ, **નભાઃ**-શ્રાવણ, **એતે**-આ ગણાવ્યા તે બધા **માસાઃ**-મહિનાઓ, **કથારમ્ભે**-કથા આરંભ કરવામાં, **શ્રોતૃણામ્**-શ્રોતાઓને **મોક્ષસૂચકાઃ**-મોક્ષ સૂચવનારા, મોક્ષ આપનારા કહ્યા છે;

અનુવાદ—**કાર્તિક, માર્ગશીર્ષ, અષાઢ, શ્રાવણ, ભાદરવો અને આસો આ મહિનાઓ, કથાના આરંભમાં શ્રોતાઓને મોક્ષ અપાવનારા ગણ્યા છે.**

તત્ત્વસુધા—અષાઢાદિ ૬ માસ કથા શ્રવણમાં અનુપમ માન્યા. લગભગ દક્ષિણાયન કાલમાં ભગવલ્લીલા, શ્રવણ ધર્મો, આત્મ ચિંતન કાર્યો બતાવીને દક્ષિણાયન કાલને કૃતાર્થ બનાવ્યો છે તેમજ લોકો નિવૃત્તિમાં પણ હોય વળી જેઓએ ભાગવત પૂર્વમાં સાંભળેલુ તે આ માસોમાં સાંભળ્યુ છે તેથી નિર્દેશ કર્યો છે પરંતુ શ્રીમદ્ ભાગવત કથા પ્રસંગ નિત્ય હોઈ બારે બાર માસમાં કરાય છે.

मासानां विग्रहे यानि तानि त्याज्यानि सर्वथा ।
सहायाश्चेतरे तत्र कर्तव्याः सोद्यमाश्च ये ॥ ४ ॥

અન્વયાર્થ—**માસાનામ્**—મહિનાઓના, **વિગ્રહે**-શરીરમાં-ત્રીસ દિવસમાં, **યાનિ**-જે જે વસ્તુઓ, **ત્યાજ્યાનિ**-ત્યાગ કરવાની છે, **તાનિ**-તે સર્વને, **સર્વથા**-સર્વથા છોડી દેવી, **અત્ર ચ**-અને આ કાર્યમાં, **યે ચ**-અને જે **ઇતરે**-બીજાઓ, **સોદ્યમાઃ**-ઉદ્યમશીલ છે, **સહાયાઃ** (તેઓને) સહાયક, **કર્તવ્યાઃ**-બનાવવા.

અનુવાદ—**દરેક મહિનાઓના ત્રીસે ત્રીસ દિવસોમાં, વ્રતને અંગે જે વસ્તુઓનો ભોજન આદિ કાર્યોમાં ત્યાગ કરવાનો બતાવ્યો છે તેનો ત્યાગ કરવો; વળી જે બીજાઓ ઉદ્યમશીલ હોય તેઓની સહાય પણ લેવી.**

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્ત્વસુધા—માસાનાં વિપ્ર હેયાનિ અને વિગ્રહે યાનિ એવા બે પાઠ છે. હે વિપ્ર નારદજીને સંબોધન કર્યું અને સંપૂર્ણ વાક્યનો અર્થ એટલોજ થયો કે જે ત્યાજ્ય વસ્તુ છે તે છોડવી. વધુ પ્રચલિત એવો વિગ્રહે પાઠ લઈએ ત્યારે તેનો અર્થ કોષ પ્રમાણે કરવો. " समासे च विरोधे च वपुषि विग्रहः स्मृतः" આ કોષ વાક્યથી વિગ્રહનો શરીર અર્થ કરતાં માસનું શરીર એટલે માસના ત્રીસ દિવસો એવો અર્થ થયો. જે ત્રીસ દિવસની વર્જ્ય ચીજો દરેક માસમાં દર્શાવી છે તેનો ત્યાગ કરવો. श्रावणे वर्जयेच्छाकं दधि भाद्रपदे तथा । आश्विने वर्जयेद् दुग्धं द्विदलं कार्तिके तथा ॥ मार्गशीर्षे त्यजेत् कंदं पौषे च गृंजनं स्मृतम् । पलांडुमपिकेप्याहुः रक्तं मूलं च माघके ॥ जम्बीरं फाल्गुने मासे चैत्रे चित्रान्नमेव च । कुष्माण्डं नालिकां राघे ज्येष्ठे पानं च मादकम् कुलित्थं तुरमाषाढे वर्जनीयं प्रयत्नतः ॥ શ્રાવણ માસમાં શાક, ભાદ્રપદમાં દહીં, આશ્વિનમાં દુધ, કાર્તિકમાં કઠોળ, માર્ગશીર્ષમાં કંદ, પોષમાં ગાજર, મહામાં પલાંડુ રતાળુ, મૂળા, ફાગણમાં લીંબુ, ચૈત્રમાં ચિત્રાનક્ષત્રમાં થએલ અન્ન, જ્યેષ્ઠમાં કોળુ પંડોળાં, આષાઢમાં કોઠાં ન ખાવાં. સર્વ સામાન્ય આરોગ્યને ચાહનારે તે તે માસમાં ન જ ખાવાં. એ સર્વ જે બારે માસમાં વર્જ્ય છે તે સપ્તાહના દિવસોમાં વ્રતીએ ન ખાવાં.

देशे देशे तथा सेयं वार्ता प्रेष्या प्रयत्नतः ।
भविष्यति कथा चात्र आगन्तव्यं कुटुम्बिभिः ॥ ५ ॥
दूरे हरिकथाः केचिद् दूरे चाच्युतकीर्तनाः
स्त्रियः शूद्रादयो ये च तेषां बोधो यतो भवेत् ॥ ६ ॥

અન્વયાર્થ—तथा-તથા, देशे देशे-દેશે દેશે, सा-તે, इयम्-આ, वार्ता-"શ્રી ભાગવત કથા થશે" એ સમાચાર प्रयत्नतः-યત્નપૂર્વક, प्रेष्या-મોકલાવવા, अत्र-અહિયાં, कथा-કથા, भविष्यति-થશે, कुटुम्बिभिः-કુટુમ્બ સાથે, आगन्तव्यम्-આવવું, ૫; केचित् दूरे हरिकथाः-કેટલાક હરિકથાઓથી દૂર હોય, च-અને, दूरे अच्युतकीर्तनाः-જેઓ હરિકીર્તનથી દૂર હોય, ये च-અને જે, स्त्रियः-સ્ત્રી જનો, शूद्रादयः-શૂદ્ર વિગેરે, तेषाम्-તેઓને, यतः-જેથી, बोधो-બોધ-જ્ઞાન, भवेत्-થાય. ૬.

અનુવાદ—અહીં શ્રીમદ્ભાગવતની કથા થશે માટે કુટુંબીઓ સહિત આવવું. આવી દેશ દેશમાં પ્રયત્નપૂર્વક ખબર આપવી, ૫; જેથી જેઓથી ભગવત્કથા દૂર હોય અને જેઓથી હરિ કીર્તન દૂર હોય તેઓને અને સ્ત્રીઓને તથા શૂદ્રોને પણ જ્ઞાન થાય માટે નિમંત્રણ મોકલવાં.

देशे देशे विरक्ता ये वैष्णवाः कीर्तनोत्सुकाः ।
तेष्वेव पत्रं प्रेष्यं च तल्लेखनमितीरितम् ॥ ७ ॥
सतां समाजो भविता सप्तरात्रं सुदुर्लभः ॥
अपूर्वरसरूपैव कथा चात्र भविष्यति ॥ ८ ॥
श्रीभागवतपीयूषपानाय रसलंपटाः ।
भवन्तश्च तथा शीघ्रमायात प्रेमतत्पराः ॥ ९ ॥
नावकाशः कदाचिच्चेद् दिनमात्रं तथापि तु ।
सर्वथाऽऽगमनं कार्यं क्षणोऽत्रैव सुदुर्लभः ॥ १० ॥

અન્વયાર્થ—देशे देशे-દેશ દેશમાં, ये-જેઓ, विरक्ताः-સંસારથી વિરક્ત રહેતા હોય, कीर्तनोत्सुकाः-પ્રભુનું કીર્તન કરવામાં અતિ ઉત્કંઠાવાળા, वैष्णवाः-જે વિષ્ણુભક્તો હોય, तेषु एव-તેઓને પણ पत्रम्-કુંકુમ પત્રિકા, प्रेष्यम्-મોકલવી જોઈએ, इति-આ પ્રમાણે तल्लेखनम्-પત્રિકામાં લખાણ इरितम्-કહ્યું છે. ૭; अत्र-

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અહીં, सप्तरात्रम्-સાત રાત્રી સુધી, सुदुर्लभः-અતિશય દુર્લભ, सताम्-સત્પુરુષોનો, समाजः-સમાજ, भविता-ભેગો થશે, च-અને, अपूर्वरसरूपा-અભૂતપૂર્વ રસ વાળી, कथा-ભગવત્કથા, भविष्यति-થશે. ૮; श्रीभागवतपीयूषपानाय-શ્રીમદ્ભાગવતરૂપી અમૃતનાં પાન કરવા માટે, रसलंपटाः-રસલુબ્ધ-રસાસ્વાદન કરવામાં અતિ આસક્ત ચિત્તવાળા, भवन्तः-આપ સર્વે, प्रेमतत्पराः-પ્રેમમાં તત્પર બની, तथा-તે રીતે, शीघ्रम्-જલદી, आयात-પધારો. ૯; कदाचित्-કદાચ, अवकाशः-ફુરસદ, न चेत्-જો ન હોય, तु-તો, दिनमात्रम्-એક દિવસ પણ, सर्वथा-કોઈપણ પ્રકારે, आगमनम्-આગમન, कार्यम्-કરવું, अत्र-અહીં, क्षणः-એક ક્ષણ પણ, सुदुर्लभः-અતિ દુર્લભ છે. ૧૦.

અનુવાદ—દરેક દેશમાં જેઓ વિરક્ત હોય પ્રભુ કીર્તનમાં અતિ ઉત્કંઠા ધરાવનારા જે વૈષ્ણવો હોય તેઓને પણ પત્રિકાઓ લખવી અને પત્રિકાઓમાં આ પ્રમાણેનું લખાણ લખવું. સાત રાત્રી સુધી અતિ દુર્લભ એવો સત્પુરુષોનો સમાજ અહીં એકઠો થશે, ૭; અદ્ભુત રસ ઉત્પન્ન કરાવતી શ્રીહરિની કથા સપ્તાહ થશે. આપ શ્રીમદ્ ભાગવતરૂપી અમૃતરસનું પાન કરવા રસિક છો, તો પ્રેમ તત્પર બની સત્વર પધારજો. કદાચ આપને વધુ સમય ન હોય તો કેવળ એક દિવસ પણ અવશ્ય પધારશો; કારણ કે અહીં ક્ષણ પણ અતિ દુર્લભ છે.

तत्त्वसुधा—નિમંત્રણની ભાષા ને ભાવ કોમલ, મધુર, દૈન્ય સહિત હોવાં જોઈએ. अत्र क्षणः-અહીં ક્ષણ પણ દુર્લભ છે એ એક અર્થ છે પરંતુ અત્ર આ સ્થલનો क्षणः ઉત્સવ દુર્લભ છે.

एवमाकारणं तेषां कर्तव्यं विनयेन च ।
आगन्तुकानां सर्वेषां वासस्थानानि कल्पयेत् ॥ ११ ॥

अन्वयार्थ—एवम्-આ પ્રમાણે, तेषाम्-તેઓનું, विनयेन-વિનયપૂર્વક, आकारणम्-આમંત્રણ, कर्तव्यम्-કરવું. च-અને, आगन्तुकानाम्-આવનારા, सर्वेषाम्-સર્વજનોના, वासस्थानानि-નિવાસ સ્થાનોની, कल्पयेत्-વ્યવસ્થા કરવી.

અનુવાદ—એ પ્રમાણે પત્રિકાઓ પાઠવી વિનયપૂર્વક તેઓને બોલાવવા અને આવનાર સર્વના વસવાટ માટેનો પ્રબંધ કરવો.

तीर्थे वापि वने वापि गृहे वा श्रवणं मतम् ।
विशाला वसुधा यत्र कर्तव्यं तत्कथास्थलम् ॥ १२

अन्वयार्थ—तीर्थे-તીર્થ સ્થળમાં, वा-અથવા, वने-વન પ્રદેશમાં, अपि वा-અથવા તો, गृहे वा-ઘરે પણ, श्रवणम्-કથા શ્રવણ, मतम्-માન્યું છે, यत्र-જ્યાં, विशाला-વિશાળ, वसुधा-ભૂમિ હોય, तत्-તેને, कथा स्थलम्-કથા માટેનું સ્થળ, कर्तव्यम्-બનાવવું જોઈએ.

અનુવાદ—તીર્થ પ્રદેશમાં, વન પ્રદેશમાં, ઘર આગળ પણ કથા શ્રવણ કહ્યું છે. જ્યાં વિશાળ ભૂમિ હોય ત્યાં કથા સ્થલ બનાવવું.

तत्त्वसुधा—તીર્થે પુષ્કરરાજ જેવાં તીર્થોમાં ક્ષેત્રે વૃન્દાવન, કુરુક્ષેત્ર, પ્રયાગરાજ જેવાં સ્થલોમાં થતો સત્સંગ મનો નિરોધ શીઘ્ર સાધે; ઋષિવૃન્દનું સાન્નિધ્ય, તપોભૂમિકા, શુદ્ધ વાતાવરણ, એકાન્ત પ્રદેશ, નિસર્ગસૌન્દર્ય, અબાધિત શાન્ત વિપુલ સ્થલ, કથારસ પુષ્ટિમાં વધુ ઉપકારક બને છે.

शोधनं मार्जनं भूमेर्लेपनं धातुमण्डनम् ।
गृहोपस्करमुद्धृत्य गृहकोणे निवेशयेत् ॥ १३ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

अर्वाक्पञ्चाहतो यत्नादास्तीर्णानि प्रमेलयेत् ।
कर्तव्यः मण्डपः प्रोच्चैः कदलीखण्डमण्डितः ॥ १४ ॥

અન્વયાર્થ—**भूमेः**–કથા સ્થલની ભૂમિની, **शोधनम्**–શુદ્ધિ, **मार्जनम्**–સાફસૂફી, **लेपनम्**–છાંણ–માટીથી લીંપણ, **धातुमण्डनम्**–વિવિધ રંગ રાગથી શોભા કરવી, **गृहोपस्करम्**–ઘરનો સરસામાન, **उद्धृत्य**–ઉઠાવી, એકઠો કરીને, **गृहकोणे**–ઘરના એક ભાગમાં, **निवेशयेत्**–મૂકાવવો. ૧૩; **पञ्चाहतः**–પાંચ દિવસથી, **अर्वाक्**–પૂર્વ, **यत्नात्**–યત્નપૂર્વક, **आस्तीर्णानि**–આસનો–પાથરણાં, **प्रमेलयेत्**–મેળવવાં, **प्रोच्चैः**–ઊંચો, **कदली-खण्डमण्डितः**–કેળના સ્તંભોથી સુશોભિત, **मण्डपः**–સભામંડપ, **कर्तव्यः**–રચવો. ૧૪.

અનુવાદ—કથાની ભૂમિને પ્રથમ શુદ્ધ કરી સાફ કરી પાણી વગેરે છાંટી, લીંપી, રંગ રાગથી સુશોભિત કરવી, ઘરનો સરસામાન ઉઠાવી ઘરના કોઇ એક ખૂણામાં મૂકાવવો. પાંચ દિવસ પહેલેથી પ્રયત્ન કરી આસનો પાથરણાં વગેરે મેળવવાં અને કેળના થાંભલાઓથી રમણીય ઊંચો મંડપ તૈયાર કરવો.

તત્ત્વસુધા—अर्वाक्पञ्चाहतः પાંચ દિવસ અગાઉથી મંડપ માટેની તૈયારી કરવી જેથી સપ્તાહ અંગેની સર્વ સામગ્રી અને મંડપ રચના સુવ્યવસ્થિત બને. જ્યારા રોપવા, કેળના સ્તંભો મૂલ સાથે લાવી રોપવા, જે સુકાય નહી, શોભા હાનિ ન થાય.

फलपुष्पदलै र्विष्वग्वितानेन विराजितः ।
चतुर्दिक्षु ध्वजारोपो बहुसम्पद्विराजितः ॥ १५ ॥

અન્વયાર્થ—**विष्वग्**–મંડપની આસપાસ, **फलपुष्पदलैः**–ફલ, પુષ્પ અને પાનથી, **वितानेन**–ચંદરવાથી, **विराजितः**–સુશોભિત, **चतुर्दिक्षु**–ચારે દિશાઓમાં, **ध्वजारोपः**–ધ્વજપતાકાઓનું આરોપણ, **बहुसम्पद्वि-राजितः**–અનેક વિધ સમૃદ્ધિથી શણગારયુક્ત, (**मंडपः कर्तव्यः**–મંડપ કરવો.)

અનુવાદ—મંડપને ફલ, પુષ્પ, પલ્લવ–પાંદડાંઓથી અને ચંદરવાથી શણગારવો; તેમજ ચારે બાજૂઓમાં ધ્વજા પતાકા તોરણો બાંધી અનેક સામગ્રીઓથી સુશોભિત બનાવવો.

ऊर्ध्वं सप्तैव लोकाश्च कल्पनीयाः सविस्तरम् ।
तेषु विप्रा विरक्ताश्च स्थापनीयाः प्रबोध्य च ॥ १६ ॥
पूर्वं तेषामासनानि कर्तव्यानि यथोत्तरम् ।
वक्तुश्चापि तथा दिव्यमासनं परिकल्पयेत् ॥ १७ ॥

અન્વયાર્થ—**च**–અને, **ऊर्ध्वम्**–ઊંચેના ભાગમાં, **सप्त एव**–સાતેય, **लोकाः**–લોકો, **सविस्तरम्**–વિસ્તા-રપૂર્વક, **कल्पनीयाः**–કલ્પવા, **च**–અને, **तेषु**–તે સપ્તલોકમાં, **विरक्ताः**–ત્યાગી પુરુષો, **च**–અને, **विप्राः**–બ્રાહ્મણો, **प्रबोध्य**–ખાસ બોલાવીને, **स्थापनीयाः**–બેસાડવા, ૧૬; **पूर्वम्**–સર્વ પ્રથમ, **तेषाम्**–તેઓનાં, **आसनानि**–આસનો, **यथोत्तरम्**–યોગ્ય રીતે, **कर्तव्यानि**–ગોઠવવાં, **च**–અને, **वक्तुःअपि**–વક્તાનું પણ **तथा**–તેવીજ રીતનું **दिव्यम्**–શ્રેષ્ઠ, **आसनम्**–આસન **परिकल्पयेत्**–ગોઠવવું.

અનુવાદ—ઉપરના ભાગમાં સાત લોક (ભૂર્લોક ભુવર્લોક સ્વર્ગલોક, વગેરે) ની વિસ્તાર પૂર્વક કલ્પના કરવી; અને તેમાં બ્રાહ્મણોને તથા વિરક્તોને ખાસ આગ્રહપૂર્વક સન્માન આપી બોલાવીને બેસાડવા. પ્રથમ તેઓનાં આસનો યોગ્યતા મુજબ ગોઠવવાં અને તે વખતે વક્તાનું પણ દિવ્ય આસન ગોઠવવું.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્ત્વસુધા—ઉર્દ્ધ્વં સપ્તૈવ લોકાઃ મંડપના ઉપરના ભાગમાં સાત લોકોની કલ્પના કરવી. એનો અર્થ થાય કે મંડપમાં મંચ પાસેના ઉંચા ભાગમાં સાત લોકોની કલ્પના કરવી અને તે મંચ ઉપર વિદ્વો અને વિરક્તોને બેસાડવા.

उदङ्मुखो भवेद्वक्ता श्रोता वै प्राङ्मुखस्तदा ।
प्राङ्मुखश्चेद् भवेद्वक्ता श्रोता चोदङ्मुखस्तदा ॥ १८ ॥
अथवा पूर्वदिग्ज्ञेया पूज्यपूजकमध्यतः ।
श्रोतृणामागमे प्रोक्ता देशकालादिकोविदैः ॥ १९ ॥

અન્વયાર્થ—(यदा–જ્યારે) **वक्ता**–વક્તા, **उदङ्मुखः**–ઉત્તરાભિમુખ, **भवेत्**–હોય, **तदा**–ત્યારે, **श्रोता**–કથા સાંભળનાર, **प्राङ्मुखः**–પૂર્વાભિમુખ બેસે, **वक्ता**–વક્તા, **प्राङ्मुखः**–પૂર્વાભિમુખ, **भवेत् चेत्**–જો હોય, **तदा**–ત્યારે, **श्रोता**–શ્રવણ કરનાર, **उदङ्मुखः**–ઉત્તરાભિમુખ રહે, ૧૮; **अथवा**–અથવા, **श्रोतृणाम्**–શ્રોતાઓને માટે, **पूज्यपूजकमध्यतः**–પૂજ્ય અને પૂજા કરનારના મધ્યભાગને, **पूर्वदिग्**–પૂર્વ દિશા, **ज्ञेया**–જાણવી, **देशकालादिकोविदैः**–દેશકાળ વિગેરેને જાણનારા વિદ્વાનોએ, **आगमे**–આગમ શાસ્ત્રમાં, **प्रोक्ता**–કહી છે.

અનુવાદ—જ્યારે વક્તા ઉત્તરાભિમુખ હોય ત્યારે શ્રોતાએ પૂર્વાભિમુખ બેસવું; વક્તા જો પૂર્વાભિમુખ બેસે તો શ્રોતાએ ઉત્તરાભિમુખ બેસી કથા સાંભળવી. અથવા તો શ્રોતાઓને માટે પૂજ્ય તથા પૂજક વચ્ચેની દિશાને દેશકાળ શાસ્ત્રને જાણનારાઓએ પૂર્વ દિશા કહી છે. [શ્રોતા પશ્ચિમ મુખે હોય તો પણ વક્તા પૂર્વ મુખે છે એટલે એ એની સામે બેસીને શ્રવણ કરે તો એનું મુખ પશ્ચિમમાં રહે એનો દોષ નથી. આ પ્રમાણે દેશ તથા કાળઆદિ જાણનારાઓએ શાસ્ત્રમાં કહ્યું છે.]

विरक्तो वैष्णवो विप्रो वेदशास्त्रविशुद्धिकृत्
दृष्टान्तकुशलो धीरो वक्ता कार्योऽतिनिस्पृहः ॥ २० ॥

અન્વયાર્થ—**विरक्तः**–વૈરાગ્યવાળો; **वैष्णवः**–વિષ્ણુભક્ત, **विप्रः**–બ્રાહ્મણ, **वेदशास्त्र–विशुद्धिकृत्**–વેદ અને અન્યશાસ્ત્ર સંબન્ધી શંકાઓને દૂર કરનાર, **दृष्टान्तकुशलः**–દૃષ્ટાન્ત આપવામાં કુશળ, **धीरः**–ધૈર્યયુક્ત, **अतिनिस्पृहः**–અત્યંત નિસ્પૃહ, **वक्ता**–વક્તા, **कार्यः**–કરવો.

અનુવાદ—જે વૈરાગ્યવાળો, વૈષ્ણવ, બ્રાહ્મણ, વેદશાસ્ત્રોના સંદેહ વિરોધ દૂર કરી સમન્વય કરનાર, દૃષ્ટાન્ત કુશળ, ધીર અને નિસ્પૃહ હોય, તેને વક્તા કરવો.

તત્ત્વસુધા—વક્તા ષડ્ગુણ સમ્પન્ન હોય તો ષડ્ ઐશ્વર્ય સમ્પન્ન પ્રભુના ગુણોનો પરિચય આપી શકે માટે વક્તાનાં ૭ વિશેષણ આપ્યાં. વિરક્ત એટલે અસંગ્રહી. વક્તાના ચૌદ ગુણો બતાવ્યા છે.

वक्ता व्याससमासवित् प्रियकथः प्रस्ताववित्सत्यवाक्
संदेहच्छिदशेषशास्त्रकुशलो नाख्यानविच्छेदकृत्
अव्यंगो जनरञ्जको जितसभो नाहंकृतो धार्मिकः
संतोषीति चतुर्दशोत्तमगुणाः वक्तुः प्रणीता इमे

अनेकधर्मविभ्रान्ताः स्त्रैणाः पाखण्डवादिनः ।
शुकशास्त्रकथोच्चारे त्याज्यास्ते यदि पण्डिताः ॥ २१ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—અનેકધર્મવિભ્રાન્તાઃ-જે અનેક પ્રકારના ધર્મોમાં ભટકનારા, સ્ત્રૈણાઃ-સ્ત્રી લંપટ, પાખંડવાદિનઃ પાખંડવાદી, તે-તેઓ, યદિ-જો, પણ્ડિતાઃ-પંડિતો હોય તો પણ, શુકશાસ્ત્રકથોચ્ચારે-શ્રીમદ્ભાગવત કથા કહેવામાં, ત્યાજ્યાઃ- ત્યાગ કરવા.

અનુવાદ—અનેક પ્રકારના ધર્મોમાં અટવાતા, સ્ત્રી લંપટ, પાખંડ તેમજ નાસ્તિક મતને માનનારા જો કે તેઓ પંડિતો હોય તો પણ શ્રીભાગવત શાસ્ત્રના વક્તા તરીકે તેમનો ત્યાગ કરવો.

વક્તુઃ પાર્શ્વે સહાયાર્થમન્યઃ સ્થાપ્યસ્તથાવિધઃ ।
પણ્ડિતઃ સંશયચ્છેત્તા લોકબોધનતત્પરઃ ॥ ૨૨ ॥

અન્વયાર્થ—વક્તુઃ-વક્તાની, પાર્શ્વે-સમીપે, તથાવિધઃ-વક્તાના જેવો, અન્યઃ-બીજો, સહાયાર્થમ્-વક્તાની સહાય માટે, સ્થાપ્યઃ-સ્થાપવો, (કે જે સહાયક), પણ્ડિતઃ-વિદ્વાન, સંશયચ્છેત્તા-શંકાઓને દૂર કરનાર, લોકબોધનતત્પરઃ-લોકોને સમજાવવામાં તત્પર હોય.

અનુવાદ—વક્તાને સહાય કરવા માટે તેવાજ અધિકારવાળા એક વિદ્વાન કે જે સર્વ શંકાઓને દૂર કરનાર તેમજ લોકોને જ્ઞાનનો ઉપદેશ કરવામાં તત્પર હોય તેવાને મુખ્ય વક્તાની બાજૂમાં બેસાડવા.

વક્ત્રા ક્ષૌરં પ્રકર્તવ્યં દિનાદૂર્વાગ્વ્રતાપ્તયે ।
અરૂણોદયેઽસૌ નિર્વર્ત્ય શૌચં સ્નાનં સમાચરેત્ ॥ ૨૩ ॥

અન્વયાર્થ—વક્ત્રા-વક્તાએ, વ્રતાપ્તયે-વ્રતી થવા માટે, દિનાત્-એક દિવસ, અર્વાક્-પહેલાં, ક્ષૌરમ્-ક્ષૌર, પ્રકર્તવ્યમ્-કરાવવું, અસૌ-આ વક્તાએ, અરુણોદયે-અરુણોદય કાળમાં, શૌચમ્-શૌચ વિધિ, નિર્વર્ત્ય-પતાવી લઈને, સ્નાનમ્-સ્નાન, સમાચરેત્-કરવું.

અનુવાદ—વક્તાએ વ્રતી થવા માટે એક દિવસ પહેલાં હજામત કરાવવી અને સૂર્યોદય પહેલાં દિશા-જંગલ આટોપી સ્નાન કરી લેવું.

નિત્યં સંક્ષેપતઃ કૃત્વા સંધ્યાદ્યં સ્વં પ્રયત્નતઃ ।
કથા વિઘ્નવિઘાતાય ગણનાથં પ્રપૂજયેત્ ॥ ૨૪ ॥

અન્વયાર્થ—સ્વમ્-પોતાનું, સંધ્યાદ્યમ્-સંધ્યાવંદનાદિ, નિત્યમ્-નિત્યકર્મ, પ્રયત્નતઃ-પ્રયત્નપૂર્વક, સંક્ષેપતઃ-સંક્ષેપમાં, કૃત્વા-કરીને, કથાવિઘ્નવિઘાતાય-કથામાં વિઘ્ન ન આવે માટે, ગણનાથમ્-શ્રીગણપતિજીનું, પ્રપૂજયેત્-વિધિ પ્રમાણે પૂજન કરવું.

અનુવાદ—સંધ્યા વંદનાદિ પોતાનું નિત્યકર્મ પ્રયત્નપૂર્વક ટુંકમાં કરીને કથામાં વિઘ્નોનો નાશ કરવા શ્રીગણેશજીનું વિધિસર પૂજન કરવું.

પિતૄન્સંતર્પ્ય શુદ્ધ્યર્થં પ્રાયશ્ચિત્તં સમાચરેત્ ।
મણ્ડલં ચ પ્રકર્તવ્યં તત્ર સ્થાપ્યો હરિસ્તથા ॥ ૨૫ ॥

અન્વયાર્થ—પિતૄન્-પિતૃઓને, સંતર્પ્ય-તૃપ્ત કરીને, શુદ્ધ્યર્થમ્-દેહશુદ્ધિને માટે, પ્રાયશ્ચિત્તમ્-પ્રાયશ્ચિત, સમાચરેત્-કરવું જોઈએ, ચ-અને, મણ્ડલમ્-સર્વતોભદ્રમંડળ, કર્તવ્યમ્-રચવું, તથા-તથા, તત્ર-તે ભદ્રમંડળ ઉપર, હરિઃ-શ્રીહરિ, સ્થાપ્યઃ-સ્થાપવા.

અનુવાદ—પિતૃઓનું તર્પણ કરી, દેહ શુદ્ધિ માટે પ્રાયશ્ચિત્ત કરવું, તેમજ બ્રહ્માદિદેવોનું ભદ્રમંડળ રચી તે ઉપર શ્રીહરિની સ્થાપના કરવી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

कृष्णमुद्दिश्य मन्त्रेण चरेत् पूजाविधिं क्रमात् ।
प्रदक्षिणनमस्कारान् पूजान्ते स्तुतिमाचरेत् ॥ २६ ॥
संसारसागरे मग्नं दीनं मां करुणानिधे ।
कर्ममोहगृहीताङ्गं मामुद्धर भवार्णवात् ॥ २७ ॥

अन्वयार्थ—कृष्णम्-श्रीकृष्णने, उद्दिश्य-उद्देशीने, मन्त्रेण-मन्त्रोथी, क्रमात्-क्रम प्रमाणे, पूजाविधिम्-पूजाविधिने, चरेत्-करवो, पूजान्ते-पूजना अन्तमां, प्रदक्षिणनमस्कारान्-प्रदक्षिणा नमस्कारोने, स्तुतिम्-स्तुतिने, आचरेत्-करवी, २६; हे करुणानिधे-हे दयासागर, संसारसागरे-संसार सागरमां, मग्नम्-डूबी गयेला, दीनम्-दीन, कर्ममोहगृहीताङ्गम्-कर्मोना मोहथी घेरायेला, माम्-मने, भवार्णवात्-संसार सागरथी, उद्धर-उद्धारो. २७.

अनुवाद—श्रीकृष्ण परमात्मानुं मन्त्रपूर्वक विधिसर क्रमथी पूजन करी प्रदक्षिणा नमस्कार करी पूजा समाप्ति समये स्तुति करवी, "हे दयासागर श्रीकृष्ण, संसार सागरमां डूबेला दीन कर्मरूपी मगरथी घेरायेला एवा मने संसार सागरमांथी उगारो. २६; २७.

श्रीमद्भागवतस्यापि ततः पूजा प्रयत्नतः ।
कर्तव्या विधिना प्रीत्या धूपदीपसमन्विता ॥ २८ ॥

अन्वयार्थ—ततः-त्यारबाद, श्रीमद्भागवतस्य अपि-श्रीमद् भागवतनी पण, प्रयत्नतः-प्रयत्नपूर्वक, प्रीत्या-प्रेमथी, विधिना-शास्त्र विधि प्रमाणे, धूपदीपसमन्विता-धूप दीप साथेनी, पूजा-पूजा, कर्तव्या-करवी.

अनुवाद—पछी श्रीमद् भागवतनी पण प्रयत्नपूर्वक प्रेमथी विधिपुरःसर धूप दीप साथे पूजा करवी. २८.

ततस्तु श्रीफलं धृत्वा नमस्कारं समाचरेत् ।
स्तुतिः प्रसन्नचित्तेन कर्तव्या केवलं तदा ॥ २९ ॥
श्रीमद्भागवताख्योऽयं प्रत्यक्षः कृष्ण एव हि ।
स्वीकृतोऽसि मया नाथ मुक्त्यर्थं भवसागरे ॥ ३० ॥
मनोरथो मदीयोऽयं सफलः सर्वथा त्वया ।
निर्विघ्नेनैव कर्तव्यो दासोऽहं तव केशव ॥ ३१ ॥
एवं दीनवचः प्रोक्त्वा वक्त्रं चाथ पूजयेत् ।
संभूष्य वस्त्रभूषाभिः पूजान्ते तं च संस्तवेत् ॥ ३२ ॥

अन्वयार्थ—ततः-त्यार पछी, तु-तो, श्रीफलम्-श्रीफळने, धृत्वा-हाथमां धारण करीने, नमस्कारम्-नमस्कारने, समाचरेत्-करवा, तदा-त्यारे, प्रसन्नचित्तेन-प्रसन्न चित्तथी, केवलं-केवळ, स्तुतिः-स्तुति, कर्तव्या-करवी, २९; श्रीमद् भागवताख्यः-श्रीमद् भागवत नामनो ग्रंथ, प्रत्यक्षः-प्रत्यक्ष, कृष्णः एव-श्रीकृष्णज छे, हे नाथ-हे नाथ, मया-में, भवसागरे-भवसागरमां, मुक्त्यर्थम्-मुक्तिने माटे, स्वीकृतः असि-स्वीकार कर्यो छे, ३०; अयम्-आ, मदीयः-मारो, मनोरथः-मनोरथ, त्वया-तमारे, सर्वथा-सर्वथा प्रकारे, निर्विघ्नेन एव-निर्विघ्नतापूर्वकज, सफलः-सफळ, कर्तव्यः-करवो जोईओ, हे केशव-हे केशव, अहम्-हुं, तव-तमारो, दासः-दास छुं, ३१; एवम्-आवुं, दीनवचः-दीनताभर्युं वचन,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પ્રોક્ત્વા–કહીને, અથ ચ–અને પછી, વક્તારમ્–વક્તાને, વસ્ત્રભૂષાભિઃ–વસ્ત્ર આભૂષણ વગેરેથી, સંભૂષ્ય–વિભૂષિત કરીને, પૂજયેત્–પૂજવા, પૂજાન્તે–પૂજનને અંતે, તમ્–તે વક્તાને, સંસ્તવેત્–પ્રાર્થના કરે. ૩૨.

અનુવાદ—ત્યારબાદ હાથમાં શ્રીફળ લઇને નમસ્કાર કરવા. તે સમયે પ્રસન્ન ચિત્તથી ફક્ત સ્તુતિ કરવી. ૨૯; શ્રીમદ્ ભાગવત નામે આપ પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ જ છો. હે નાથ, આ સંસારસાગરમાં મુક્તિને માટે મેં આપનો સ્વીકાર કર્યો છે, ૩૦; હે કેશવ, મારો આ મનોરથ આપ સર્વથા નિર્વિઘ્નતાપૂર્વક સફળ કરજો; હું આપનો દાસ છું, ૩૧; આમ દીન વચન કહી પછી વક્તાને, વસ્ત્ર, આભૂષણ વગેરેથી વિભૂષિત કરી પૂજન કરવું, પૂજનને અંતે તેમની સ્તુતિ-પ્રાર્થના કરવી. ૩૨.

શુકરૂપ પ્રબોધજ્ઞ સર્વશાસ્ત્રવિશારદ ।
એતત્કથાપ્રકાશેન મદજ્ઞાનં વિનાશય ॥ ૩૩ ॥
તદગ્રે નિયમઃ પશ્ચાત્કર્તવ્યઃ શ્રેયસે મુદા ।
સપ્તરાત્રં યથાશક્ત્યા ધારણીયઃ સ એવ હિ ॥ ૩૪ ॥

અન્વયાર્થ—સર્વશાસ્ત્રવિશારદ–સર્વશાસ્ત્ર નિષ્ણાત, પ્રબોધજ્ઞ–ઉપદેશના જાણકાર-બ્રહ્મવેત્તા, શુકરૂપ–હે શુકદેવસ્વરૂપ, એતત્કથાપ્રકાશેન–આ કથા પ્રસંગદ્વારા, મદજ્ઞાનમ્–મારા અજ્ઞાનને, વિનાશય–દૂર કરો. ૩૩; પશ્ચાત્–પછીથી, શ્રેયસે–કલ્યાણ માટે, તદગ્રે–તેમની આગળ, મુદા–હર્ષથી, નિયમઃ–નિયમ, કર્તવ્યઃ–ધારણ કરવો, સઃ એવ–તેજ નિયમ, યથાશક્ત્યા–શક્તિ મુજબ, સપ્તરાત્રમ્–સાત રાત્રી સુધી, ધારણીયઃ–ધારણ કરવો જોઇએ. ૩૪.

અનુવાદ—સર્વ શાસ્ત્ર જ્ઞાન નિપુણ, ઉપદેશનું દાન કરનાર શુકદેવસ્વરૂપ, આપ આ શ્રીમદ્ ભાગવત કથાના પ્રકાશદ્વારા મારા અજ્ઞાનને દૂર કરો. ૩૩; ત્યારબાદ પોતાના કલ્યાણ માટે તેમની આગળ પ્રેમથી નિયમ ધારણ કરવો. એ નિયમને શક્તિ પ્રમાણે સાતરાત્રી સુધી અવશ્ય પાળવો જોઇએ. ૩૪.

વરણં પઞ્ચવિપ્રાણાં કથાભઙ્ગનિવૃત્તયે ।
કર્તવ્યં તૈ હરેર્જાપ્યં દ્વાદશાક્ષરવિદ્યયા ॥ ૩૫ ॥
બ્રાહ્મણાન્વૈષ્ણવાંશ્ચાન્યાંસ્તથા કીર્તનકારિણઃ ।
નત્વા સંપૂજ્ય દત્તાજ્ઞઃ સ્વયમાસનમાવિશેત્ ॥ ૩૬ ॥

અન્વયાર્થ—કથાભઙ્ગનિવૃત્તયે–કથામાં ભંગ ન પડે માટે, પઞ્ચવિપ્રાણામ્–પાંચ વિપ્રોનું, વરણમ્–વરણ, કર્તવ્યમ્–કરવું, તૈઃ–તે વિપ્રોએ, દ્વાદશાક્ષરવિદ્યયા–દ્વાદશાક્ષર, "ૐ નમો ભગવતે વાસુદેવાય"–મન્ત્રથી, હરેઃ–શ્રીહરિનો, જાપ્યમ્–મન્ત્રજાપ, કર્તવ્યમ્–કરવો, બ્રાહ્મણાન્–બ્રાહ્મણોને, ચ–અને, વૈષ્ણવાન્ વૈષ્ણવોને, તથા–તથા, અન્યાન્–બીજા, કીર્તન કારિણઃ–કીર્તન કરનારાઓને, નત્વા–નમન કરીને, સંપૂજ્ય–પૂજન કરીને, દત્તાજ્ઞઃ–તેઓની આજ્ઞા લઇને, સ્વયમ્–પોતે, આસનમ્–આસન ઉપર, આવિશેત્–બેસવું જોઇએ. ૩૫; ૩૬.

અનુવાદ—કથાભંગ ન થાય એ માટે બીજા પાંચ બ્રાહ્મણોનું વરણ કરવું. તે બ્રાહ્મણોએ ૐ નમો ભગવતે વાસુદેવાય–એ મન્ત્રનો જાપ કરવો. પછી બ્રાહ્મણો, વૈષ્ણવો તથા બીજા કીર્તન કરનારાઓને વંદન કરી તે સર્વનાં પૂજન કરી તેમની આજ્ઞા લઇને પોતે આસન ઉપર બેસવું. ૩૫; ૩૬.

લોકવિત્તધનાગારપુત્રચિન્તાં વ્યુદસ્ય ચ ।
કથાચિત્તઃ શુદ્ધમતિઃ સ લભેત્ફલમુત્તમમ્ ॥ ૩૭ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

अन्वयार्थ—लोकवित्तधनागारपुत्रचिन्ताम्-લોક વિત્ત, ધન, ઘર, પુત્ર વગેરેની ચિન્તાને, व्युदस्य-છોડી દઈને, कथाचित्तः-કથામાં ચિત્તવાળા, शुद्धमति -શુદ્ધમતિ, सः-તે, उत्तमम्-ઉત્તમ એવા, फलम्-ફળને, लभेत्-મેળવે છે. ૩૭.

અનુવાદ—જે મનુષ્ય વિત્ત, ધન, ઘર, પુત્ર વગેરેની ચિન્તાને છોડી દઈને કથામાં જ ચિત્ત પરોવીને સાંભળે છે તે શુદ્ધબુદ્ધિવાળો ઉત્તમ ફળ મેળવે છે. ૩૭.

तत्त्वसुधा—लोकाः सुहृज्जनाः, वित्तं-मणिसुवर्णादिकम्, धनं-गजाश्वादिकम्, आगारो गृहम्, पुत्रो-वंशकरः, સુહૃજ્જનો, સમ્પત્તિ, ગાય વિગેરે પશુધન, ઘરવ્યવસ્થા, પુત્રસંભાળ વિગેરે ચિન્તાઓમાં પરોવાયેલા ચિત્તને વ્યગ્રતા રહે છે તેથી કથામાં એક ચિત્ત નથી થવાતું. ૩૭.

आसूर्योदयमारभ्य सार्धत्रिप्रहरान्तकम् ।
वाचनीया कथा सम्यग्धीरकण्ठं सुधीमता ॥ ३८ ॥
कथाविरामः कर्तव्यो मध्याह्ने घटिकाद्वयम् ।
तत्कथामनु कार्यं वै कीर्तनं वैष्णवैस्तदा ॥ ३९ ॥

અન્વયાર્થ—आसूर्योदयम्-સૂર્યોદયથી, आरभ्य-આરંભ કરીને, सार्धत्रिप्रहरान्तकम्-સાડાત્રણ પ્રહર સુધી, धीरकण्ठम्-ધીરકંઠથી, सुधीमता-બુદ્ધિશાળી વક્તાએ, सम्यक्-સારી રીતે, कथा-ભાગવતકથા, वाचनीया-વાંચવી, ૩૮; मध्याह्ने-મધ્યાહ્નકાળે, घटिकाद्वयम्-બે ઘડી, कथाविरामः-કથાનો વિરામ, कर्तव्यः-કરવો, तदा-તે સમયે, वैष्णवैः-વૈષ્ણવોએ, तत्कथाम्-अनु-તે કથાને અનુસરતું, कीर्तनम्-કીર્તન, कार्यम्-કરવું. ૩૯.

અનુવાદ—બુદ્ધિમાન વક્તાએ સૂર્યોદયથી આરંભ કરીને સાડાત્રણ પ્રહર સુધી ધીરે કંઠે સારી રીતે કથા વાંચવી. ૩૮; મધ્યાહ્ને બેઘડી કથા બંધ રાખવી. વૈષ્ણવોએ તે સમયે કથાને અનુસરતું કીર્તન કરવું. ૩૯.

तत्त्वसुधा—सार्धत्रिप्रहरान्तकम्-એટલે લગભગ સાડાદશ કલાક સુધી કથા પ્રસંગ ચાલે.

मलमूत्रजयार्थं हि लघ्वाहारः सुखावहः ।
हविष्यान्नेन कर्तव्यो ह्येकवारं कथार्थिना ॥ ४० ॥

અન્વયાર્થ—मलमूत्रजयार्थम्-મલમૂત્ર ઉપર વિજય મેળવવા માટે, हि-નક્કી, कथार्थिना-સપ્તાહ સાંભળવાની ઇચ્છાવાળાએ, हविष्यान्नेन-હવિષ્યાન્નથી, एकवारम्-એક વખત, सुखावहः-સુખકારક, लघ्वाहारः-હળવો ખોરાક, कर्तव्यः-લેવો.

અનુવાદ—કથા સાંભળવા ઇચ્છનારે મલમૂત્રને જીતી શકાય માટે એકજ વખત હવિષ્યાન્નનો સુખદેનાર અલ્પ આહાર કરવો. ૪૦.

तत्त्वसुधा—હવિષ્યાન્ન એટલે સાત્વિક હળવો અને મીઠું તેમજ સાકર વિનાનો ખોરાક, મૂગ, ઘઉં, ચોખા, નિવાર, દૂધ, ફલ વિગેરે. ૪૦.

उपोष्य सप्तरात्रं वै शक्तिश्चेच्छृणुयात्तदा ।
घृतपानं पयःपानं कृत्वा वै शृणुयात्सुखम् ॥ ४१ ॥
फलाहारेण वा भाव्यमेकभुक्तेन वा पुनः ।
सुखसाध्यं भवेद्यत्तु कर्तव्यं श्रवणाय तत् ॥ ४२ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

भोजनं तु वरं मन्ये कथाश्रवणकारकम् ।
नोपवासो वरः प्रोक्तः कथाविघ्नकरो यदि ॥ ४३ ॥

અન્વયાર્થ—**शक्तिः चेत्**-શારીરિક શક્તિ હોય, **तदा**-ત્યારે, **सप्तरात्रम्**-સાત રાત્રી સુધી, **उपोष्य**-ઉપવાસ કરી, **शृणुयात्**-સાંભળવી, **घृतपानम्**-ઘીનું પાન, **पयःपानम्**-દૂધપાન, **कृत्वा**-કરીને, **सुखम्**-સુખપૂર્વક, **शृणुयात्**-કથા સાંભળવી. ૪૧; **वा**-અથવા, **फलाहारेण**-ફળાહારથી, **वा**-અથવા, **एकभुक्तेन**-એક વખત ભોજનથી, **भाव्यम्**-રહેવું, **यत्**-જે, **सुखसाध्यम्**-સુખકર, **भवेत्**-હોય, **तत्**-તે, **श्रवणाय**-શ્રવણ થાય માટે, **कर्तव्यम्**-કરવું જોઈએ. ૪૨; **यदि**-જો, **उपवासः**-ઉપવાસ, **कथाविघ्नकरः**-કથામાં વિઘ્ન કરે તો, **वरः**-શ્રેષ્ઠ, **न प्रोक्तः**-કહ્યો નથી, **कथाश्रवणकारकम्**-કથા શ્રવણ કરવામાં ઉપકારક, **भोजनम्**-તુ-ભોજનને તો, **वरम्**-શ્રેષ્ઠ, **मन्ये**-હું માનું છું. ૪૩.

અનુવાદ—શરીરસ્વાસ્થ્ય સારું હોય તો ઉપવાસ કરીને સપ્તાહ સાંભળવી. ૪૧; અથવા કેવળ ઘી કે દૂધ પીને સુખપૂર્વક સપ્તાહ સાંભળવી અથવા ફલાહાર કે એક વખત ભોજન કરી શ્રવણ કરવું. કથા શ્રવણ માટે જે સરલતાથી બની શકે એવું હોય તે કરવું. ૪૨; ઉપવાસ, સપ્તાહ શ્રવણમાં જો વિઘ્ન કરનાર થાય તો તેવો ઉપવાસ શ્રેષ્ઠ નથી, પરંતુ કથા શ્રવણ કરવામાં ઉપકારક એવા ભોજનને શ્રેષ્ઠ માનું છું. ૪૩.

सप्ताहव्रतिनां पुंसां नियमाञ्छृणु नारद ।
विष्णुदीक्षाविहीनानां नाधिकारः कथाश्रवे ॥ ४४ ॥

અન્વયાર્થ—હે **नारद**-હે નારદ, **सप्ताहव्रतिनाम्**-સપ્તાહ શ્રવણ વ્રતવાળાઓના, **पुंसाम्**-પુરુષોના, **नियमान्**-નિયમોને, **शृणु**-સાંભળો, **विष्णुदीक्षाविहीनानाम्**-વિષ્ણુ દીક્ષા વિનાઓનો, **कथाश्रवे**-કથા સાંભળવામાં, **न अधिकारः**-અધિકાર નથી. ૪૪.

અનુવાદ—હે નારદ, હવે તમો સપ્તાહ શ્રવણના વ્રતવાળાઓના નિયમો સાંભળો. જેઓ વૈષ્ણવ નથી—વૈષ્ણવવ્રતની જેમને દીક્ષા નથી તેઓને કથાશ્રવણમાં અધિકાર નથી. ૪૪.

તત્ત્વસુધા—વિષ્ણુદીક્ષા એટલે ભૂતદયા, સંતોષ, સેવા, દૈન્ય વિગેરે ધર્મોની ઉપાસના.

ब्रह्मचर्यमधःसुप्तिः पत्रावल्याञ्च भोजनम् ।
कथासमाप्तौ भुक्तिञ्च कुर्यान्नित्यं कथाव्रती ॥ ४५ ॥

અન્વયાર્થ—**कथाव्रती**-કથાશ્રવણના વ્રતવાળાએ, **ब्रह्मचर्यम्**-બ્રહ્મચર્ય, **अधःसुप्तिः**-ભૂમિ ઉપર શયન, **च**-અને, **पत्रावल्याम्**-પત્રાવલીમાં, **भोजनम्**-ભોજન, **च**-અને, **नित्यम्**-દરરોજ, **कथासमाप्तौ**-કથા પૂર્ણ થતાં, **भुक्तिम्**-ભોજન, **कुर्यात्**-કરવું. ૪૫.

અનુવાદ—શ્રીભાગવત સપ્તાહ શ્રવણના વ્રતવાળાએ બ્રહ્મચર્યનું પાલન અને ભૂમિશયન કરવું અને દરરોજ કથા સમાપ્ત થયા બાદ પત્રાવલીમાં ભોજન કરવું. ૪૫.

તત્ત્વસુધા—બ્રહ્મચર્યમ્ અષ્ટાંગ સંયમ, શ્રવણકીર્તનનો અથવા વ્રતનો પ્રધાન નિયમ છે. શરીર સ્વાસ્થ્ય તેમજ બુદ્ધિ વિકાસમાં બ્રહ્મચર્ય આવશ્યક છે. અધઃ શાયી ભૂમિશયન બ્રહ્મચર્ય પાલનનું અંગ છે. પાતરમાં જમવું એ બ્રહ્મચર્યમાં ઉપકારક છે. પાતર પણ ખાખરના પાનની જોઈએ. ૪૫.

द्विदलं मधु तैलं च गरिष्ठान्नं तथैव च ।
भावदुष्टं पर्युषितं जह्यान्नित्यं कथाव्रती ॥ ४६ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

कामं क्रोधं मदं मानं मत्सरं लोभमेव च ।
दम्भं मोहं तथा द्वेषं दूरयेच्च कथाव्रती ॥ ४७ ॥
वेदवैष्णवविप्राणां गुरुगोव्रतिनां तथा ।
स्त्रीराजमहतां निन्दां वर्जयेद्यः कथाव्रती ॥ ४८ ॥
रजस्वलान्त्यजम्लेच्छपतितव्रात्यकैस्तदा ।
द्विजद्विट्वेदबाह्यैश्च न वदेद्यः कथाव्रती ॥ ४९ ॥

અન્વયાર્થ—**કથાવ્રતી**–કથાના વ્રતવાળાએ, **દ્વિદલમ્**–બે દળવાળાં **ધાન્ય**–કઠોળ, **મધુ**–મધ, **ચ**–અને, **તૈલમ્**–તેલ, **તથા એવચ**–તેમજ, **ગરિષ્ઠાન્નમ્**–મિષ્ટાન્ન ભોજન, **ભાવદુષ્ટમ્**–ભાવદુષ્ટ, **પર્યુષિતમ્**–વાસી અન્ન, **નિત્યમ્**–નિત્ય, **જહ્યાત્**–ત્યાગ કરવાં. ૪૬; **કથાવ્રતી**–શ્રીભાગવત સપ્તાહ કથાના વ્રતવાળાએ, **કામમ્**–કામને, **ક્રોધમ્**–ક્રોધને, **મદમ્**–મદ-અભિમાનને, **માનમ્**–મોટાઈને, **મત્સરમ્**–મત્સરને, **ચ**–અને, **લોભમ્**–લોભને, **દમ્ભમ્**–દંભને, **તથા**–તથા, **મોહમ્**–મોહને, **ચ**–અને, **દ્વેષમ્**–દ્વેષને, **દૂરયેત્**–દૂર કરવાં. ૪૭; **યઃ**–જે, **કથાવ્રતી**–કથાના વ્રતવાળાએ, **વેદવૈષ્ણવવિપ્રાણામ્**–વેદો, વૈષ્ણવો, બ્રાહ્મણોની, **તથા**–તથા, **ગુરુગોવ્રાતનામ્**–ગુરુજનો ગાયો તેમજ, વ્રતવાળાઓની, **સ્ત્રીરાજમહતામ્**–સ્ત્રીઓ રાજાઓ તથા મહાપુરુષોની, **નિન્દામ્**–નિન્દાને, **વર્જયેત્**–ત્યાગ કરવી. ૪૮; **રજસ્વલાન્ત્યજમ્લેચ્છપતિતવ્રાત્યકૈઃ**–રજસ્વલા, અંત્યજ, મ્લેચ્છ પતિત વેદના સંસ્કારોથી રહિત, **ચ**–અને, **દ્વિજદ્વિટ્વેદબાહ્યૈઃ**–બ્રાહ્મણોનો દ્વેષ કરનાર, વેદ ધર્મથી વિમુખોની સાથે, **યઃ**–જે, **કથાવ્રતી**–સપ્તાહ શ્રવણના વ્રતવાળાએ, **ન વદેત્**–ન બોલવું જોઈએ. ૪૯.

અનુવાદ—કથાશ્રવણ કરનારાએ બે દળવાળાં ધાન્ય કઠોળ, મધ, તેલ મિષ્ટાન્ન તથા ભાવદુષ્ટ તેમજ વાસી અન્નનો ત્યાગ કરવો. ૪૬; કથાના વ્રતવાળાએ કામ, ક્રોધ, મદ, અભિમાન, મત્સરભાવ, લોભ, દંભ, મોહ તથા દ્વેષભાવને દૂરથીજ ત્યાગ કરવાં. ૪૭; કથા શ્રવણ કરનારા વ્રતીએ વેદો, વૈષ્ણવો, બ્રાહ્મણો, ગુરુજન, પૂજ્ય વડીલ વર્ગ, ગાયો વ્રતવાળાઓ, સ્ત્રીઓ, રાજાઓ તથા મહાપુરુષોની નિન્દાને દૂરથી ત્યજવી. ૪૮; સપ્તાહ શ્રવણવ્રતીએ રજસ્વલા અંત્યજ પતિત વેદના સંસ્કારોથી રહિતોની સાથે તેમજ બ્રાહ્મણોનો દ્વેષ કરનાર, વેદ ધર્મથી વિમુખોની સાથે ન બોલવું. ૪૯.

सत्यं शौचं दयां मौनमार्जवं विनयं तथा ।
उदारमानसं तद्वदेवं कुर्यात्कथाव्रती ॥ ५० ॥

અન્વયાર્થ—**કથાવ્રતી**–કથાના વ્રતવાળાએ, **સત્યમ્**–સત્ય, **શૌચમ્**–આન્તર બાહ્ય પવિત્રતા, **દયામ્**–દયાભાવ, **મૌનમ્**–મૌન, **આર્જવમ્**–સરળતા–નમ્રતા, **તથા**–તથા, **વિનયમ્**–વિનય, **તદ્વત્**–તેજ પ્રમાણે, **ઉદારમાનસમ્**–ઉદાર અન્તઃકરણ, **એવમ્**–આ પ્રમાણે, **કુર્યાત્**–રાખવાં જોઈએ. ૫૦.

અનુવાદ—સત્ય ભાષણ, પવિત્રતા, દયા, મૌન, સરળતા, વિનય-નમ્રતા, મનની ઉદારતા આટલી વસ્તુઓનું કથાના વ્રતવાળાએ અવશ્ય પાલન કરવું. ૫૦.

दरिद्रश्च क्षयी रोगी निर्भाग्यः पापकर्मवान् ।
अनपत्यो मोक्षकामः शृणुयाच्च कथामिमाम् ॥ ५१ ॥
अपुष्पा काकवन्ध्या च वन्ध्या या च मृतार्भका ।
स्रवद्गर्भा च या नारी तया श्राव्या प्रयत्नतः ॥ ५२ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—દરિદ્રઃ-નિર્ધન, ક્ષયી-ક્ષયરોગી, રોગી-રોગવાળો, નિર્ભાગ્યઃ-ભાગ્ય વિનાનો, પાપકર્મવાન્-પાપ કર્મ કરનાર, અનપત્યઃ-પ્રજારહિત, ચ-અને, મોક્ષકામઃ-મોક્ષની ઇચ્છાવાળો, ઇમામ્-આ, કથામ્-કથાને, શ્રૃણુયાત્-સાંભળે. ૫૧; અપુષ્પા-રજોદર્શન વિનાની, કાકવન્ધ્યા-એકજ વખત સંતાન થયા પછી સંતાન વિનાની, ચ-અને, વન્ધ્યા-જેને પ્રજા થઇજ ન હોય, ચ-અને, યા-જે સ્ત્રી, મૃતાર્ભકા-જન્મ આપ્યા બાદ જેનાં બાળક મરી જતાં હોય, ચ-અને, સ્રવદ્ભર્મા-જેને ગર્ભસ્રાવ થઇ જતો હોય, તયા-તે સ્ત્રીએ, પ્રયત્નતઃ-પ્રયત્નપૂર્વક, કથા-ભાગવત કથા, શ્રાવ્યા-સાંભળવી. ૫૨.

અનુવાદ—જે કોઇ મનુષ્ય દરિદ્રી, ક્ષયરોગથી પીડાતો, કોઇ પ્રકારનો રોગી, ભાગ્યહીન, પાપ કર્મનો કરનાર, સંતાન રહિત, તથા મોક્ષની ઇચ્છાવાળો હોય તેણે આ કથા સાંભળવી. ૫૧. જે સ્ત્રીને ઋતુ આવતું ન હોય, મૃતપ્રજાનો જન્મ થતો હોય, જેને પ્રજા થતીજ ન હોય, જન્મ્યા બાદ પ્રજા મરણ પામતી હોય, ગર્ભસ્રાવ થઇ જતો હોય, તે સ્ત્રીઓએ આ શ્રીમદ્ ભાગવત કથા પ્રયત્નપૂર્વક સાંભળવી. ૫૧; ૫૨.

एतेषु विधिना श्रावे तदक्षय्यतरं भवेत् ।
अत्युत्तमा कथा दिव्या कोटियज्ञफलप्रदा ॥ ५३ ॥

અન્વયાર્થ—એતેષુ-ઉપર જણાવ્યા મુજબના કોઇપણ દોષોમાં, વિધિના-શાસ્ત્ર વિધિ મુજબ, શ્રાવે-કથા શ્રવણ કરવામાં આવે, તત્-તે કથાનું, અક્ષય્યતરમ્-અવિનાશી ફળ, ભવેત્-પ્રાપ્ત થાય છે, કથા-શ્રીમદ્ ભાગવત કથા, અત્યુત્તમા-અતિ ઉત્તમ છે, દિવ્યા-દિવ્યફળ અર્પનારી, કોટિયજ્ઞફલપ્રદા-કરોડો યજ્ઞના ફળનું પ્રદાન કરવાવાળી છે. ૫૩.

અનુવાદ—ઉપર જણાવ્યા પૈકીના કોઇપણ સંકટ સમયમાં શાસ્ત્રવિધિ મુજબ, જો આ શ્રીમદ્ ભાગવત કથા શ્રવણ કરવામાં આવે તો અક્ષય્ય ફળ પ્રાપ્ત થાય છે. આ કથા અતિ ઉત્તમ, દિવ્ય તેમજ કરોડો યજ્ઞ જેટલા ફળને આપનારી છે. ૫૩.

તત્ત્વસુધા—એતેષુ વિધિના શ્રાવે એની જગ્યાએ એતેન વિધિના શ્રાવે એવો પણ પાઠ છે.

एवं कृत्वा व्रतविधिमुद्यापनमथाचरेत् ।
जन्माष्टमीव्रतमिव कर्तव्यं फलकाङ्क्षिभिः ॥ ५४ ॥

અન્વયાર્થ—એવમ્-એ પ્રમાણે, વ્રતવિધિમ્-વ્રત વિધિને, કૃત્વા-કરીને, અથ-ત્યાર બાદ, ઉદ્યાપનમ્-ઉદ્યાપન, આચરેત્-કરવું, ફલકાઙ્ક્ષિભિઃ-ફળની ઇચ્છાવાળાઓએ, જન્માષ્ટમીવ્રતમ્ ઇવ-જન્માષ્ટમીના વ્રતની માફક આ વ્રત, કર્તવ્યમ્-કરવું. ૫૪.

અનુવાદ—એ પ્રમાણે વ્રતનો વિધિ કરીને ઉદ્યાપન કરવું. ફળની ઇચ્છાવાળાઓએ જન્માષ્ટમી વ્રતની જેમ આ વ્રત કરવું. ૫૪.

अकिञ्चनेषु भक्तेषु प्रायो नोद्यापनाग्रहः ।
श्रवणेनैव पूतास्ते निष्कामा वैष्णवा यतः ॥ ५५ ॥

અન્વયાર્થ—અકિઞ્ચનેષુ-અકિંચન-નિર્ધન એવા, ભક્તેષુ-ભક્તોને માટે, પ્રાયઃ-ઘણે ભાગે, ન ઉદ્યાપનાગ્રહઃ-ઉદ્યાપન કરવાનો આગ્રહ નથી. યતઃ-કારણ કે, નિષ્કામાઃ-ફળની ઇચ્છા વગરના, વૈષ્ણવાઃ-વૈષ્ણવો, શ્રવણેન એવ-શ્રવણ કરવાથીજ, તે-તેઓ, પૂતાઃ-પવિત્ર છે. ૫૫.

અનુવાદ—અકિંચન ભક્તોને માટે ઉદ્યાપન કરવા માટેનો ખાસ આગ્રહ નથી. જે નિષ્કામ ભક્તો છે તે કેવલ શ્રવણથીજ પવિત્ર થાય છે. ૫૫.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

एवं नगाहयज्ञेऽस्मिन् समाप्ते श्रोतृभिस्तदा ।
पुस्तकस्य च वक्तुश्च पूजाकार्यातिभक्तितः ॥ ५६ ॥

અન્વયાર્થ—**एवम्**-એ પ્રમાણે, **अस्मिन्**-આ, **नगाहयज्ञे**-સપ્તાહયજ્ઞ, **समाप्ते**-સમાપ્ત થતાં, **तदा**-ત્યારે, **पुस्तकस्य**-શ્રીમદ્ ભાગવત પુસ્તકની, **च**-અને, **वक्तुः**-કથા કહેનારની, **अतिभक्तितः**-અત્યંત ભક્તિથી, **पूजा**-પૂજા, **कार्या**-કરવી. ૫૬.

અન્વયાર્થ—એ પ્રમાણે શ્રીમદ્ ભાગવત સપ્તાહ-જ્ઞાનયજ્ઞ સમાપ્ત થતાં શ્રીમદ્ ભાગવતની તથા કથાવાચક વ્યાસની અત્યંત ભક્તિથી પૂજા કરવી. ૫૬.

प्रसादतुलसीमालाः श्रोतृभ्यश्चाथ दीयताम् ।
मृदङ्गतालललितं कर्तव्यं कीर्तनं ततः ॥ ५७ ॥
जयशब्दं नमःशब्दं शंखशब्दं च कारयेत् ।
विप्रेभ्यो याचकेभ्यश्च वित्तमन्नं च दीयताम् ॥ ५८ ॥

અન્વયાર્થ—**अथ**-**च**-અને વળી, **श्रोतृभ्यः**-શ્રોતાઓને, **प्रसादतुलसीमालाः**-પ્રસાદ તુલસીની માલા, **दीयताम्**-આપવી, **ततः**-ત્યારબાદ, **मृदङ्गतालललितम्**-મૃદંગના તાલથી સુંદર, **कीर्तनम्**-કીર્તન, **कर्तव्यम्**-કરવું જોઈએ. ૫૭; **च**-અને, **जयशब्दम्**-જય જય એવા શબ્દ, **नमः शब्दम्**-નમઃ નમઃ એવા શબ્દને, **शंखशब्दम्**-શંખના શબ્દને, **कारयेत्**-કરવા, **च**-અને, **विप्रेभ्यः**-બ્રાહ્મણોને, **याचकेभ्यः**-યાચકોને, **वित्तम्**-ધનને, **च**-અને, **अन्नम्**-અન્નને, **दीयताम्**-આપવું. ૫૮.

અનુવાદ—પછી શ્રોતાઓને ભગવત્પ્રસાદ તેમજ તુલસીની માળાઓ આપવી. મૃદંગ તથા તાલથી સુમધુર ભગવન્નામ સંકીર્તન કરવું. ૫૭; "જય" શબ્દ અને "નમઃ" શબ્દનો ઉચ્ચાર કરવો. શંખનો ધ્વનિ કરવો. બ્રાહ્મણોને તથા યાચકોને ધન તથા અન્નનાં દાન કરવાં. ૫૮.

विरक्तश्चेद्भवेच्छ्रोता गीता वाच्या परेऽहनि ।
गृहस्थश्चेत्तदा होमः कर्तव्यः कर्मशान्तये ॥ ५९ ॥
प्रतिश्लोकं च जुहुयाद्विधिना दशमस्य च ।
पायसं मधु सर्पिश्च तिलान्नादिकसंयुतम् ॥ ६० ॥

અન્વયાર્થ—**श्रोता**-કથા શ્રોતા, **विरक्तः चेत्**-વિરકત હોય તો, **परे**-બીજા, **अहनि**-દિવસે, **गीता**-શ્રીમદ્ ભગવદ્ગીતા, **वाच्या**-વાંચવી જોઈએ. **गृहस्थः चेत्**-શ્રોતા જો ગૃહસ્થ હોય તો, **तदा**-ત્યારે, **कर्मशान्तये**-કર્મની શાન્તિ માટે, **होमः**-હોમ, **कर्तव्यः**-કરવો. ૫૯; **विधिना**-શાસ્ત્ર વિધિ મુજબ, **दशमस्य**-દશમ સ્કંધના, **प्रतिश्लोकम्**-પ્રત્યેક શ્લોકના ઉચ્ચારણપૂર્વક, **पायसम्**-પાયસ, **मधु**-મધ, **सर्पिः**-ઘી, **च**-અને, **तिलान्नादिकसंयुतम्**-તલ જવ વગેરેથી મિશ્રિત હુતદ્રવ્ય, **जुहुयात्**-હોમવું. ૬૦.

અનુવાદ—શ્રોતા જો વિરક્ત હોય તો સપ્તાહ પૂર્ણ થતાં બીજા દિવસે શ્રીમદ્ ભગવદ્ગીતા વાંચવી. શ્રોતા ગૃહસ્થ હોય તો કર્મની શાન્તિ માટે હોમ કરવો જોઈએ. ૫૯; શાસ્ત્ર વિધાન મુજબ દશમ સ્કંધનો પ્રત્યેક શ્લોકનું ઉચ્ચારણ કરી પાયસ, મધ, ઘી, તલ, જવ, વગેરેથી મિશ્રિત હુત દ્રવ્યથી હોમ કરવો. ૬૦.

તત્ત્વસુધા—હોમનો પ્રકારઃ—ब्रह्मस्तुतिं समुच्चार्य पूर्वार्द्धहवनं चरेत् ।
वेदस्तुतिं पठित्वादावुत्तरार्धाहुतिं चरेत् ।
प्रत्याध्यायं समाप्तौ च मंत्राष्टकमुदीरयेत् ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બ્રહ્માજીની સ્તુતિનો પાઠ કરી પૂર્વાર્દ્ધનો હોમ કરવો, વેદસ્તુતિનો પાઠ કરી ઉત્તરાર્દ્ધની આહુતિ આપવી અને પ્રત્યેક અધ્યાયના અંતે અને સમાપ્તિમાં ૐ વિષ્ણવે નમઃ। ૐ નારાયણાય નમઃ। ૐ બ્રહ્મણેનમઃ। ૐ શિવાય નમઃ। ૐ વાસુદેવાય નમઃ। ૐ પ્રદ્યુમ્નાય નમઃ। ૐ અનિરુદ્ધાય નમઃ। ૐ સંકર્ષણાય નમઃ। એ આઠ મંત્રોથી આહુતિ આપવી. ॥

અથવા હવનં કુર્યાત્ ગાયત્ર્યા સુસમાહિતઃ ।
તન્મયત્વાત્પુરાણસ્ય પરમસ્ય ચ તત્ત્વતઃ ॥ ૬૧ ॥

અન્વયાર્થ—અથવા–અથવા, તત્વતઃ–વાસ્તવિક રીતે, પુરાણસ્ય–શ્રીમદ્ ભાગવત પુરાણના, ચ–અને, પરમસ્ય–પરમાત્મ સ્વરૂપ, તન્મયત્વાત્–ગાયત્રી રૂપ હોવાથી, સુસમાહિતઃ–અતિ સાવધ બની, ગાયત્ર્યા–ગાયત્રી મંત્રથી, હવનમ્–હોમ, કુર્યાત્–કરવો. ૬૧.

અનુવાદ—અથવા દશમ સ્કંધના પ્રતિમન્ત્રથી હોમ શકય ન હોય તો એકાગ્રચિત્ત થઇ ગાયત્રી મંત્રથી હોમ કરવો. કારણકે શ્રીમદ્ ભાગવત પુરાણ તેમજ પરમાત્મા તે બન્ને તાત્વિક દૃષ્ટિથી ગાયત્રી સ્વરૂપે એકજ છે. ૬૧.

હોમાશક્તૌ બુધો હૌમ્યં દદ્યાત્ તત્ફલસિદ્ધયે ।
નાનાચ્છિદ્રનિરોધાર્થં ન્યૂનતાધિકતાનયોઃ ॥ ૬૨ ॥

દોષયોઃ પ્રશમાર્થંચ પઠેન્નામસહસ્રકમ્ ।
તેન સ્યાત્સફલં સર્વં નાસ્ત્યસ્માદધિકં યતઃ ॥ ૬૩ ॥

દ્વાદશ બ્રાહ્મણાન્પશ્ચાદ્ભોજયેન્મધુપાયસૈઃ ।
દદ્યાત્સુવર્ણધેનું ચ વ્રતપૂર્ણત્વહેતવે ॥ ૬૪ ॥

શક્તૌ પલત્રયમિતં સ્વર્ણસિંહં વિધાય ચ ।
તત્રાસ્ય પુસ્તકં સ્થાપ્યં લિખિતં લલિતાક્ષરમ્ ॥ ૬૫ ॥

અન્વયાર્થ—હોમાશક્તૌ–હોમ કરવાની શકિત ન હોય તો, બુધઃ–જ્ઞાની પુરુષે, તત્ફલસિદ્ધયે–હોમના ફલની સિદ્ધિ માટે, હૌમ્યમ્–હોમનાં દ્રવ્યો, દદ્યાત્–દાન કરવાં. નાનાછિદ્રનિરોધાર્થમ્–અનેક પ્રકારના દોષોની નિવૃત્તિ માટે, ચ–અને, ન્યૂનતાધિકતાનયોઃ–ન્યૂનતા અને અધિકતા નામના, દોષયોઃ–દોષોને, પ્રશમાર્થમ્–શાન્ત કરવા માટે, નામસહસ્રકમ્–શ્રીવિષ્ણુસહસ્રનામનો, પઠેત્–પાઠ કરવો, તેન–તેમ કરવાથી, સર્વમ્–સર્વ, સફલમ્–સફળ, સ્યાત્–થાય, યતઃ–કારણ કે, અસ્માત્–આથી, અધિકમ્–વધારે, નઅસ્તિ–નથી. ૬૨; ૬૩; પશ્ચાત્–ત્યાર બાદ, વ્રતપૂર્ણત્વહેતવે–વ્રતની સંપૂર્ણતા માટે, દ્વાદશ–બાર, બ્રાહ્મણાન્–બ્રાહ્મણોને, મધુપાયસૈઃ–મધ તથા ખીરથી, ભોજયેત્–જમાડવા, ચ–અને, સુવર્ણધેનુમ્–સુવર્ણની ગાયને, દદ્યાત્–આપવી. ૬૪; શક્તૌ–શકિત હોય તો, પલત્રયમિતમ્–બાર તોલાના પ્રમાણનો, સ્વર્ણસિંહમ્–સોનાના સિંહને, વિધાય–બનાવીને, તત્ર–તે સિંહ ઉપર, લલિતાક્ષરમ્–સુંદર અક્ષરોવાળું, લિખિતમ્–લખેલું, અસ્ય–આ શ્રીમદ્ ભાગવતનું, પુસ્તકમ્–પુસ્તક, સ્થાપ્યમ્–સ્થાપન કરવું (મૂકવું). ૬૫.

અનુવાદ—હોમ કરવાની શક્તિ ન હોય તો જ્ઞાની પુરુષે હોમના સંપૂર્ણ ફળની પ્રાપ્તિ માટે હોમનાં ઉપયોગી દ્રવ્યોનું દાન કરવું; તેમજ અનેક પ્રકારના દોષોની નિવૃત્તિ માટે, ન્યૂનાધિક દોષની નિવૃત્તિ માટે વિષ્ણુસહસ્રનામસ્તોત્રનો પાઠ કરવો, તેથી સર્વ સફળ થાય છે; કારણ કે આથી વધીને કંઈ અધિક શ્રેષ્ઠ વિધિ નથી. ૬૨; ૬૩; પછી શ્રીમદ્ ભાગવત સપ્તાહ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વ્રતની સંપૂર્ણતા માટે બાર બ્રાહ્મણોને મધ, પાયસ વગેરેથી જમાડવા અને સુવર્ણ ધેનુનું દાન કરવું. ૬૪; જો શક્તિ હોય તો બાર તોલાનો સુવર્ણ સિંહ બનાવી તે ઉપર સુંદર અક્ષરોથી લખેલા આ શ્રીમદ્ ભાગવત પુસ્તકને પધરાવવું. ૬૫.

तत्त्वसुधा—होम्यम्-હુત દ્રવ્યો-पयोदधि यवागूश्च सर्पिरोदनतंदुलाः।
तैलमापश्च सोमश्च व्रीहयश्च यवास्तिलाः ॥

હોમના અભાવમાં હુત દ્રવ્યોની સામગ્રીનું દાન તેનું ફલ આપે છે. न्यूनताधिकतानयोः—એવા પાઠને બદલે न्यूनताधिकताख्ययोः—એવો પાઠ છે. અર્થ કરવામાં આ પાઠ વધુ સરલ છે. સુવર્ણ ધેનું च એવો પાઠ છે જે અર્થ માટે સુલભ છે. સુવર્ણ, ગાય અને च-કારથી વાછરડા સાથે દાન કરવું. ૬૫.

संपूज्यावाहनाद्यैस्तदुपचारैः सदक्षिणम् ।
वस्त्रभूषणगन्धाद्यैः पूजिताय यतात्मने ॥ ६६ ॥
आचार्याय सुधी र्दत्वा मुक्तः स्याद् भवबन्धनैः ।
एवं कृते विधाने च सर्वपापनिवारणे ॥ ६७ ॥
फलदं स्यात्पुराणं तु श्रीमद्भागवतं शुभम् ।
धर्मार्थिकाममोक्षाणां साधनं स्यान्न संशयः ॥ ६८ ॥

અન્વયાર્થ—आवाहनाद्यैः-આવાહન વગેરે, उपचारैः-પૂજન સામગ્રીથી, तत्-શ્રીમદ્ ભાગવતને, संपूज्य-પૂજીને, वस्त्रभूषणगन्धाद्यैः-વસ્ત્ર, આભૂષણ, ચંદન વગેરેથી, पूजिताय-પૂજન કરેલ, यतात्मने-જીતેન્દ્રિય એવા, आचार्याय-આચાર્યને, सदक्षिणम्-દક્ષિણા સાથે, दत्वा-અર્પણ કરીને, सुधीः-જ્ઞાનીજન, भवबन्धनैः-સંસાર બંધનોથી, मुक्तः-મુક્ત, स्यात्-થાય, एवम्-આ પ્રમાણે, विधाने कृते-વિધિ કરવાથી, सर्वपापनिवारणे-સર્વપાપ દૂર થતાં, श्रीमद् भागवतं पुराणम्-શ્રીમદ્ ભાગવત પુરાણ, शुभम्-શુભ, फलदम्-ફળ આપનારું, स्यात्-થાય, धर्मार्थिकाममोक्षाणाम्-ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચારે પુરુષાર્થ સિદ્ધ કરવાનું, साधनम्-સાધન, स्यात्-થાય, न संशयः-સંદેહ નથી. ૬૬; ૬૭; ૬૮.

અનુવાદ—શ્રીમદ્ ભાગવતનું આવાહનાદિ ષોડશોપચારથી પૂજન કરી વસ્ત્ર, આભૂષણ, ચંદન વિગેરેથી પૂજેલા જીતેન્દ્રિય આચાર્યને દક્ષિણા સાથે (ભાગવતજીનું) દાન કરવું. એ પ્રમાણે દાન કરવાથી સન્મતિવાળો પુરુષ ભવ બંધનોમાંથી મુક્ત થાય છે. એ રીતે સર્વ પાપો દૂર કરનાર વિધિ કરવાથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષના સાધન રૂપ આ ઉત્તમ શ્રીમદ્ ભાગવત રૂપ પુરાણ અવશ્ય ફલદાયી થાય છે. ૬૬; ૬૭; ૬૮.

કુમારા ઊચુઃ-સનત્ કુમારો બોલ્યા.

इति ते कथितं सर्वं किं भूयः श्रोतुमिच्छसि ।
श्रीमद् भागवतेनैव भुक्तिमुक्ती करे स्थिते ॥ ६९ ॥

અન્વયાર્થ—इति-એ પ્રમાણે, ते-તમને, सर्वम्-બધું, कथितम्-કહ્યું, भूयः-ફરીથી, किम्-શું, श्रोतुम्-સાંભળવા, इच्छसि-ઇચ્છો છો, श्रीमद् भागवतेन एव-શ્રીમદ્ ભાગવત શ્રવણ કરવાથીજ, भुक्ति-मुक्ती-ભોગ અને મોક્ષ, करे-હાથમાં, स्थिते-રહેલા છે. ૬૯.

અનુવાદ—સનકાદિક કુમારો બોલ્યા-હે નારદજી, એ પ્રમાણે તમને સર્વ સંભળાવ્યું. ફરીથી શું શ્રવણ કરવા ઇચ્છો છો? શ્રીમદ્ ભાગવત શાસ્ત્રનું શ્રવણ કરવાથી જ ભોગ-મોક્ષ હાથમાં રહેલા છે. ૬૯.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સૂત ઉવાચ-સૂત મુનિ બોલ્યા :

ઇત્યુક્ત્વા તે મહાત્માનઃ પ્રોચુર્ભાગવતીં કથામ્ ।
સર્વપાપહરાં પુણ્યાં ભુક્તિમુક્તિપ્રદાયિનીમ્ ॥ ૭૦ ॥
શ્રુણ્વતાં સર્વભૂતાનાં સપ્તાહં નિયતાત્મનામ્ ।
યથાવિધિ તતો દેવં તુષ્ટુવુઃ પુરુષોત્તમમ્ ॥ ૭૧ ॥

અન્વયાર્થ—ઇતિ-એ પ્રમાણે, ઉક્ત્વા-કહીને, તે-તેઓ, મહાત્માનઃ-મહાપુરુષો, સર્વપાપહરામ્-સર્વ પાપને દૂર કરનારી, પુણ્યામ્-પવિત્ર, ભુક્તિમુક્તિપ્રદાયિનીમ્-ભોગ તથા મોક્ષને દેનારી, ભાગવતીં-કથામ્-શ્રીમદ્ ભાગવતની કથાને, પ્રોચુઃ-કહેતા હતા. ૭૦; તતઃ-ત્યાર પછી, સપ્તાહમ્-સાત દિવસ સુધી; યથાવિધિ-વિધિ પ્રમાણે, નિયતાત્મનામ્-જીતેન્દ્રિય એવા, સર્વભૂતાનામ્-સર્વ પ્રાણીના, શ્રૃણ્વતામ્-સાંભળતાં, પુરુષોત્તમમ્ દેવમ્-શ્રીપુરૂષોત્તમ ભગવાનને, તુષ્ટુવુઃ-સ્તુતિ કરતા હતા. ૭૧.

અનુવાદ—એ પ્રમાણે કહીને તે સનકાદિક બ્રહ્મકુમારોએ સર્વ પાપને દૂર કરનારી ભોગ-મોક્ષને અર્પનારી પવિત્ર એવી શ્રીમદ્ ભાગવતની કથા કહી સંભળાવી. ૭૦; સંયમ રાખી-જીતેન્દ્રિય બની સાત દિવસ સુધી નિયમોના પાલનપૂર્વક સર્વના સાંભળતાં તે બ્રહ્મપુત્રોએ શ્રીમદ્ ભાગવત કથા કહી સંભળાવી. ત્યાર પછી શ્રીપુરુષોત્તમ ભગવાનની સ્તુતિ કરી. ૭૧.

તદન્તે જ્ઞાનવૈરાગ્યભક્તીનાં પુષ્ટતા પરા ।
તારુણ્યં પરમં ચાભૂત્ સર્વભૂતમનોહરમ્ ॥ ૭૨ ॥
નારદશ્ચ કૃતાર્થોઽભૂત્ સિદ્ધે સ્વીયે મનોરથે ।
પુલકીકૃતસર્વાઙ્ગઃ પરમાનન્દસંભૃતઃ ॥ ૭૩ ॥

અન્વયાર્થ—તદન્તે-સ્તુતિ પાઠને અન્તે, જ્ઞાનવૈરાગ્યભક્તીનામ્-જ્ઞાન વૈરાગ્ય ભક્તિની, પરા-અતિ-ઉત્તમ, પુષ્ટતા-પુષ્ટિ થઇ, ચ-અને, સર્વભૂતમનોહરમ્-સર્વ પ્રાણીઓના મનને હરણ કરતું, પરમમ્-શ્રેષ્ઠ, તારુણ્યમ્-નવયૌવન, અભૂત્-પ્રાપ્ત થયું. ૭૨; ચ-અને, નારદઃ-નારદ, સ્વીયે-પોતાનો, મનોરથે-મનોરથ, સિદ્ધે-સિદ્ધ થતાં, પુલકીકૃતસર્વાઙ્ગઃ-જેમના પ્રત્યેક અંગમાં રોમાંચ થયો છે તેવા, પરમાનન્દ-સંભૃતઃ-પરમ આનંદ પૂર્ણ, કૃતાર્થઃ-કૃતકૃત્ય, અભૂત્-થયા. ૭૩.

અનુવાદ—શ્રીમદ્ ભાગવત સપ્તાહ શ્રવણ કર્યા બાદ જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિને શ્રેષ્ઠ પુષ્ટિ પ્રાપ્ત થઈ અને સર્વ પ્રાણીઓના મનને હરે એવું દિવ્ય નવયૌવન પ્રાપ્ત થયું. ૭૨; અને નારદજી પણ પોતાનો મનોરથ સિદ્ધ થતાં કૃતાર્થ થઈ પરમાનન્દ પરિપૂર્ણ થયા અને સર્વાંગે રોમાંચિત થયા. ૭૩.

એવં કથાં સમાકર્ણ્ય નારદો ભગવત્પ્રિયઃ ।
પ્રેમગદ્ગદયા વાચા તાનુવાચ કૃતાઞ્જલિઃ ॥ ૭૪ ॥

અન્વયાર્થ—એવમ્-એ પ્રમાણે, કથામ્-શ્રીમદ્ ભાગવત કથાને, સમાકર્ણ્ય-સાંભળીને, ભગવત્પ્રિયઃ-ભગવાનના પ્રિય, નારદઃ-નારદ, કૃતાઞ્જલિઃ-પ્રણામ કરીને, પ્રેમગદ્ગદયા-પ્રેમથી ગદ્ગદ, વાચા-વાણીથી, તાન્-શ્રીસનકાદિક બ્રહ્મકુમારોને, ઉવાચ-કહેવા લાગ્યા. ૭૪.

અનુવાદ—એ પ્રમાણે શ્રીમદ્ ભાગવત કથા સાંભળીને પ્રભુના પ્રિય ભક્ત નારદજી પ્રણામ-પૂર્વક, પ્રેમપૂર્ણ ગદ્ગદ વાણીથી સનકાદિ કુમારોને કહેવા લાગ્યા. ૭૪.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નારદ ઉવાચ–નારદજી બોલ્યા.

धन्योऽस्म्यनुगृहीतोऽस्मि भवद्भिः करुणापरैः ।
अद्य मे भगवाँल्लब्धः सर्वपापहरो हरिः ॥ ७५ ॥

श्रवणं सर्वधर्मेभ्यो वरं मन्ये तपोधनाः ।
वैकुण्ठस्थो यतः कृष्णः श्रवणाद्यस्य लभ्यते ॥ ७६ ॥

અન્વયાર્થ—धन्यः–ધન્ય, अस्मि–છું, करुणापरैः–દયા પરાયણ, भवद्भिः–આપ મહાનુભાવોથી, अनुगृहीतः+अस्मि–કૃપાપાત્ર બન્યો છું, अद्य–આજે, मे–મને, सर्वपापहरः–સર્વ પાપને હરનાર, भगवान्–ભગવાન્, हरिः–શ્રીહરિ, लब्धः–પ્રાપ્ત થયા છે. ૭૫; हे तपोधनाः–હે તપોધન-મહર્ષિઓ, सर्वधर्मेभ्यः–સર્વ ધર્મ કરતાં, श्रवणम्–કથા શ્રવણને, वरम्–શ્રેષ્ઠ, मन्ये–માનું છું, यतः–કારણ કે, यस्य–જે શ્રીમદ્ ભાગવતના, श्रवणात्–શ્રવણથી, वैकुण्ठस्थः–વૈકુંઠમાં રહેલા, कृष्णः–શ્રીકૃષ્ણ ભગવાન, लभ्यते–મેળવાય છે. ૭૬.

અનુવાદ—આજે મારો જન્મ સફળ થયો છે. દયાળુ એવા આપ સર્વ મહાનુભાવોએ મારા ઉપર પરમ અનુગ્રહ કર્યો છે; સર્વ પાપને હરનાર ભગવાન શ્રીહરિને મેં આજે મેળવ્યા છે. ૭૫; હે મહર્ષિઓ, સર્વ ધર્મ કરતાં કથા શ્રવણને હું શ્રેષ્ઠ માનું છું; કારણ કે જેથી વૈકુંઠમાં વસનાર ભગવાન્ શ્રીકૃષ્ણની પ્રાપ્તિ થાય છે. ૭૬.

સૂત ઉવાચ–સૂતમુનિ બોલ્યા.

एवं ब्रुवति वै तत्र नारदे वैष्णवोत्तमे ।
परिभ्रमन् समायातः शुको योगेश्वरस्तदा ॥ ७७ ॥

અન્વયાર્થ—एवम्–આ પ્રમાણે, तत्र–ત્યાં, वैष्णवोत्तमे–વૈષ્ણવોમાં ઉત્તમ, नारदे–મહર્ષિ નારદ, ब्रुवति–બોલતા હતા, तदा–ત્યારે, परिभ्रमन्–ફરતા ફરતા, योगेश्वरः–યોગેશ્વર, शुकः–શ્રીશુકદેવજી, समायातः–આવી પહોંચ્યા. ૭૭.

અનુવાદ—એ પ્રમાણે વૈષ્ણવોમાં ઉત્તમ નારદજી જ્યાં બોલી રહ્યા હતા તેવામાં ફરતા ફરતા યોગેશ્વર શ્રીશુકદેવજી મહારાજ ત્યાં આવી પહોંચ્યા. ૭૭.

तत्राययौ षोडशवार्षिकस्तदा व्यासात्मजो ज्ञानमहाब्धिचंद्रमाः ।
कथावसाने निजलाभपूर्णः प्रेम्णा पठन् भागवतं शनैः शनैः ॥ ७८ ॥

અન્વયાર્થ—षोडशवार्षिकः–સોળ વર્ષની વયવાળા, ज्ञानमहाब्धिचंद्रमाः–જ્ઞાન મહાસાગરના ચંદ્રમા, कथावसाने–કથાની સમાપ્તિમાં, निजलाभपूर्णः–આત્માનંદથી પરિપૂર્ણ, प्रेम्णा–પ્રેમથી, शनैः शनैः–ધીરે ધીરે, भागवतम्–શ્રીમદ્ ભાગવતનો, पठन्–પાઠ કરતા, व्यासात्मजः–શ્રીવ્યાસજીના પુત્ર–શ્રીશુકદેવજી, तदा–તે સમયે, तत्र–ત્યાં, आययौ–આવ્યા. ૭૮.

અનુવાદ—કથા સમાપ્તિ સમયે, સોળ વર્ષની વયવાળા જ્ઞાનસમુદ્રમાં ભરતી ઉપજાવનારા આત્મજ્ઞાન લાભથી પરિપૂર્ણ, પ્રેમથી ધીરે ધીરે શ્રીમદ્ ભાગવતનો પાઠ કરતા શ્રીશુકદેવજી મહારાજ ત્યાં આવી પહોંચ્યા. ૭૮.

તત્ત્વસુધા–સોળ વર્ષના શુકદેવ સોળ કલાથી પરિપૂર્ણ છે. વિવેક અને જ્ઞાનનો સ્વભાવ એકજ ધારો હોય છે, તેમાં પરિવર્તન કદી સંભવતું નથી તે દર્શાવવા षोडशवार्षिकः વિશેષણ છે. व्यासात्मज પદથી વિવેકી,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ષોડશ વાર્ષિક પદથી યોગી, જ્ઞાન મહાબ્ધિ ચન્દ્રમા પદથી જ્ઞાની, નિજ લાભ પૂર્ણ પદથી વિરક્ત, પ્રેમ્ણોપદન્ પદથી ભક્ત, શનૈઃ શનૈઃ પદથી ધીર, તત્રાયયૌ પદથી નિર્માની ધર્મોવાળા શુકદેવજીને ઓળખાવ્યા. ૭૮.

દૃષ્ટ્વા સદસ્યાઃ પરમોરુતેજસં સદ્યઃ સમુત્થાય દદુર્મહાસનમ્ ।
પ્રીત્યા સુરર્ષિસ્તમપૂજયત્ સુખં સ્થિતોઽવદત્ સંશ્રુણુતામલાં ગિરમ્ ॥ ૭૯ ॥

અન્વયાર્થ—**પરમોરુતેજસમ્**-અત્યંત શ્રેષ્ઠ તેજસ્વીને, **દૃષ્ટ્વા**-જોઇને, **સદસ્યાઃ**-સભાસદો, **સદ્યઃ**-જલદી, **સમુત્થાય**-ઉભા થઇ, **મહાસનમ્**-શ્રેષ્ઠ આસનને, **દદુઃ**-આપતા હતા. **સુરર્ષિઃ**-દેવર્ષિ નારદ, **પ્રીત્યા**-પ્રેમથી, **તમ્**-તે શુકદેવજીને, **અપૂજયત્**-પૂજન કરતા હતા, **સુખમ્**-સુખપૂર્વક, **સ્થિતઃ**-આસન ઉપર બેઠેલા શ્રીશુકદેવજી, **અમલામ્**-નિર્મલ, **ગિરમ્**-વાણીને, **અવદત્**-બોલ્યા, **સંશ્રુણુત**-તમે સાંભળો. ૭૯.

અનુવાદ—અતિશય મહાન તેજસ્વી શ્રીશુકદેવજીને જોઇ સભાસદોએ શીઘ્ર ઉભા થઇને ઉત્તમ આસન આપ્યું અને દેવર્ષિ નારદે પ્રેમપૂર્વક તેમનું પૂજન કર્યું. આસન ઉપર સુખપૂર્વક બેસી શ્રીશુકદેવજીએ નિર્મળ વાણી કહી તે તમે સાંભળો. ૭૯.

તત્ત્વસુધા—ઉત્કૃષ્ટ તત્ત્વોની ઓળખાણ આપવી નથી પડતી. તેમની મુખાકૃતિ તેમની જીવન સંસ્કૃતિની આરસી છે. શુકદેવજીના આગમન સમયે પરિચય વિનાજ સર્વ સભાસદ ઉભા થયા અને આ શ્રી શુકદેવજી છે એમ સર્વે માન્યુ. ૭૯.

શ્રીશુક ઉવાચ-શ્રીશુકદેવજી બોલ્યા.

નિગમકલ્પતરોર્ગલિતં ફલં શુકમુખાદમૃતદ્રવસંયુતમ્ ।
પિબત ભાગવતં રસમાલયં મુહુરહો રસિકા ભુવિ ભાવુકાઃ ॥ ૮૦ ॥

અન્વયાર્થ—**અહો !**-અરે ! **રસિકાઃ**-હે રસિકજનો, **ભાવુકાઃ**-ભાવુકજનો, **નિગમકલ્પતરોઃ**-વેદરૂપી કલ્પવૃક્ષનું, **અમૃતદ્રવસંયુતમ્**-અમૃત રસવાળું, **શુકમુખાદ્**-શ્રીશુકદેવજીના મુખમાંથી, **ભુવિ**-પૃથ્વી ઉપર, **ગલિતમ્**-ગળેલ, **ફલમ્**-ફલરૂપ, **શ્રીમદ્ભાગવતમ્ રસમ્**-શ્રીમદ્ ભાગવત રસને, **આલયમ્**-મોક્ષ પર્યંત, **મુહુઃ**-વારંવાર, **પિબત**-પીઓ. ૮૦.

અનુવાદ—અહો ! હે ભક્તિરસના રસિક ભાવુક સજ્જનો, વેદરૂપી કલ્પવૃક્ષનું ફળ, શુકના (શ્રીશુકદેવજીના) મુખમાંથી પૃથ્વી ઉપર પડેલ, અમૃતરસથી સંપૂર્ણ ભરેલ, રસરૂપ, શ્રીમદ્ ભાગવતરૂપી ફળને મોક્ષપ્રાપ્તિ પર્યંત તમે વારંવાર પાન કરો. ૮૦.

તત્ત્વસુધા—શુકમુખાત્ પિબત એવો અન્વય કરી શુકદેવજીના મુખારવિંદથી પાન કરો એવું વિધાન કરે છે. ૮૦.

ધર્મઃ પ્રોજ્ઝિતકૈતવોઽત્ર પરમો નિર્મત્સરાણાં સતામ્
વેદ્યં વાસ્તવમત્ર વસ્તુ શિવદં તાપત્રયોન્મૂલનમ્ ॥
શ્રીમદ્ભાગવતે મહામુનિકૃતે કિં વા પરૈરીશ્વરઃ
સદ્યો હૃદ્યવરુધ્યતેઽત્ર કૃતિભિઃ શુશ્રૂષુભિસ્તત્ક્ષણાત્ ॥ ૮૧ ॥

અન્વયાર્થ—**મહામુનિકૃતે**-મહામુનીએ રચેલા, **અત્ર**-આ, **શ્રીમદ્ભાગવતે**-શ્રીમદ્ ભાગવતમાં, **નિર્મત્સરાણામ્**-મત્સર દોષ વિનાના, **સતામ્**-સત્પુરુષોનો, **પ્રોજ્ઝિતકૈતવઃ**-કપટ ભાવ રહિત, **પરમઃ**-પરમશ્રેષ્ઠ એવો, **ધર્મઃ**-ધર્મ, **અત્ર**-આ શ્રીમદ્ ભાગવતમાં છે, **તાપત્રયોન્મૂલનમ્**-ત્રિવિધ તાપને જડમૂળથી ઉખેડી નાખનારું, **શિવદમ્**-પરમ કલ્યાણને આપનાર, **વાસ્તવમ્**-તાત્વિક, **વસ્તુ**-વસ્તુતત્વ, **વેદ્યમ્**-જાણવા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

યોગ્ય છે. પરૈઃ-બીજાં સાધનોથી, વા-અથવા, કિમ્-શું ? કૃતિભિઃ-ક્રિયાશીલ, શુશ્રૂષુભિઃ-શ્રોતાઓ વડે, ઈશ્વરઃ-પરમાત્મા, સદ્યઃ-શીઘ્ર, તત્ક્ષણાત્-શ્રવણ કાળમાંજ, હૃદિ-હૃદયમાં, અવરુધ્યતે-સ્થિર કરાય છે. ૮૧.

અનુવાદ—મહામુનિ શ્રીવેદવ્યાસજીએ રચેલા આ શ્રીમદ્ ભાગવતમાં રાગદ્વેષ વગરના સત્પુરુષોનો કપટભાવ રહિત પરમેશ્વરના આરાધનરૂપ પરમ ધર્મ નિરૂપણ કરેલો છે. વળી ત્રિવિધ તાપને દૂર કરનારું, કલ્યાણ અર્પનારું, જાણવા યોગ્ય, પરમાનંદ આપનાર, પરમેશ્વરના સત્ય સ્વરૂપનું વર્ણન કર્યું છે. બીજાં શાસ્ત્ર અથવા સાધનોથી શું? પુણ્યાત્મા શ્રોતાજનો આ શ્રીમદ્ ભાગવતના શ્રવણ કરવાથી શ્રવણકાળમાંજ પોતાના નિર્મળ હૃદયમાં પરમાત્માને શીઘ્ર સ્થિર કરી શકે છે. ૮૧.

श्रीमद्भागवतं पुराणतिलकं यद्वैष्णवानां धनं
यस्मिन्पारमहंस्यमेवममलं ज्ञानं परं गीयते ॥
यत्र ज्ञानविरागभक्तिसहितं नैष्कर्म्यमाविष्कृतं
तच्छृण्वन्प्रपठन् विचारणपरो भक्त्या विमुच्येन्नरः ॥ ૮૨ ॥

અન્વયાર્થ—પુરાણતિલકમ્-પુરાણોમાં તિલક, શ્રીમદ્ ભાગવતમ્-શ્રીમદ્ ભાગવત, યત્-જે, વૈષ્ણવાનામ્-વૈષ્ણવોનું, ધનમ્-ધન છે, યસ્મિન્-જેની અંદર, પારમહંસ્યમ્ એવ-પરમહંસો સંબન્ધી, અમલમ્-વિશુદ્ધ, પરમ્-દિવ્ય, જ્ઞાનમ્-જ્ઞાન, ગીયતે-ગવાય છે, યત્ર-જે શ્રી ભાગવતમાં, જ્ઞાનવિરાગભક્તિસહિતમ્-જ્ઞાન વૈરાગ્ય ભક્તિ સાથે, નૈષ્કર્મ્યમ્-નિષ્કામ કર્મયોગ-નૈષ્કર્મ્ય, આવિષ્કૃતમ્-પ્રકટ કરેલું છે, તત્-તેને, ભક્ત્યા-ભક્તિથી, શૃણ્વન્-સાંભળતો, પ્રપઠન્-પાઠ કરતો, વિચારણપરઃ-વિચાર કરતો, નરઃ-મનુષ્ય, વિમુચ્યેત્-મુક્ત થાય છે. ૮૨.

અનુવાદ—સર્વ પુરાણોમાં તિલકરૂપ શ્રીમદ્ ભાગવત પુરાણ જે વૈષ્ણવોનું પરમ ધન છે. જેમાં જ્ઞાનીઓના નિર્મળ દિવ્ય પરમ જ્ઞાનનું ગાન કરવામાં આવ્યું છે. જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ સાથે નિષ્કામ કર્મયોગને પ્રકટ કરતા શ્રીમદ્ ભાગવતને ભક્તિપૂર્વક શ્રવણ કરનાર, પાઠ કરનાર, વિચાર પરાયણ માનવ મુક્ત થાય છે. ૮૨.

स्वर्गे सत्ये च कैलासे वैकुण्ठे नास्त्ययं रसः ।
अतः पिबन्तु सद्भाग्या मा मा मुञ्चत कर्हिचित् ॥ ૮૩ ॥

અન્વયાર્થ—સ્વર્ગે-સ્વર્ગલોકમાં, સત્યે-સત્ય લોકમાં, કૈલાસે-કૈલાસમાં, ચ-અને, વૈકુણ્ઠે-વૈકુંઠ લોકમાં, અયમ્-આ, રસઃ-રસ, ન અસ્તિ-નથી, અતઃ-માટે, સદ્ભાગ્યાઃ-હે ભાગ્યશાલીઓ, પિબન્તુ-પાન કરો, કર્હિચિત્-કોઈ કાળે પણ, મા મા મુઞ્ચત-ન છોડશો-ન મૂકશો. ૮૩.

અનુવાદ—સ્વર્ગલોકમાં, સત્યલોકમાં કૈલાસમાં અને વૈકુંઠમાં પણ આ રસ નથી; માટે હે મહાભાગો, આપ એનું પાન કરો. કોઇપણ સમયે તેને છોડશો નહીં. ૮૩.

તત્ત્વસુધા—વૈકુંઠ વિગેરે લોકોમાં સેવારસ અને લીલારસ હોય તેથી કથારસ ન હોઈ શકે પરંતુ પૃથ્વી લોકમાં તો કથારસજ સર્વને સુખ આપે. કથારસ ચિત્તવૃત્તિના નિરોધનું સર્વોત્કૃષ્ટ સાધન છે. ૮૩.

एवं ब्रुवाणे सति बादरायणौ मध्ये सभायां हरिराविरासीत् ।
प्रह्लादबल्युद्धवफाल्गुनादिभिर्वृतः सुरर्षिस्तमपूजयच्च तान् ॥ ૮૪ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ-એવમ્-એ પ્રમાણે, બાદરાયણૌ-શ્રીવેદવ્યાસના પુત્ર શ્રીશુકદેવજી, બ્રુવાણે સતિ-બોલી રહ્યા હતા ત્યારે, પ્રહ્લાદબલ્યુદ્ધવફાલ્ગુનાદિભિઃ-પ્રહ્લાદ, બલિરાજા, ઉદ્ધવ, અર્જુન વગેરેથી, વૃતઃ-વીંટળાયેલા, હરિઃ-શ્રીહરિ, સભાયાં મધ્યે-સભાના મધ્ય ભાગમાં, આવિરાસીત્-પ્રકટ થયા, સુરર્ષિઃ-દેવર્ષિ નારદજી, તમ્-તે શ્રીહરિને, ચ-અને, તાન્-પધારેલા તે વૈષ્ણવોને, અપૂજયત્-પૂજતા હતા. ૮૪.

અનુવાદ—એ પ્રમાણે શ્રીશુકદેવજી બોલતા હતા ત્યારે પ્રહ્લાદ, બલિરાજા, ઉદ્ધવજી, અર્જુન વગેરેની સાથે ભગવાન શ્રીહરિ ત્યાં સભાની મધ્યમાં પ્રકટ થયા. દેવર્ષિ નારદે શ્રીહરિની તેમજ તેમની સાથે પધારેલા તે સર્વ વૈષ્ણવોની પૂજા કરી. ૮૪.

દૃષ્ટ્વા પ્રસન્નં મહદાસને હરિં તે ચક્રિરે કીર્તનમગ્રતસ્તદા ।
ભવો ભવાન્યા કમલાસનસ્તુ તત્રાગમત્કીર્તનદર્શનાય ॥ ૮૫ ॥

અન્વયાર્થ—તદા-ત્યારે, મહદાસને-દિવ્ય આસન ઉપર બેઠેલા, પ્રસન્નમ્-પ્રસન્નમુખમુદ્રાવાળા, હરિમ્-શ્રીહરિને, દૃષ્ટ્વા-જોઈને, તે-તે સર્વ વૈષ્ણવો, અગ્રતઃ-પ્રભુની આગળ, કીર્તનમ્-નામ સંકીર્તન, ચક્રિરે-કરવા લાગ્યા, કીર્તનદર્શનાય-કીર્તનનાં દર્શન કરવા, ભવાન્યા-પાર્વતી સાથે, ભવઃ-મહાદેવ શંકર તથા, કમલાસનઃતુ-કમળના આસનવાળા-બ્રહ્માજી પણ, તત્ર-ત્યાં, આગમત્-આવી પહોંચ્યા. ૮૫.

અનુવાદ—તે સમયે ત્યાં દિવ્ય આસન ઉપર બેઠેલા પ્રસન્ન શ્રીહરિને જોઈને તે સર્વ વૈષ્ણવો પ્રભુની આગળ કીર્તન કરવા લાગ્યા. એ કીર્તનનાં દર્શન કરવા માટે, પાર્વતી સાથે મહાદેવ શ્રીશંકર તથા બ્રહ્માજી પણ ત્યાં આવી પહોંચ્યા. ૮૫.

પ્રહ્લાદસ્તાલધારી તરલગતિતયા ચોદ્ધવઃ કાંસ્યધારી
વીણાધારી સુરર્ષિઃ સ્વરકુશલતયા રાગકર્તાર્જુનોઽભૂત્ ।
ઇન્દ્રોઽવાદીન્મૃદઙ્ગં જયજયસુકરાઃ કીર્તને તે કુમારા
યત્રાગ્રે ભાવવક્તા સરસરચનયા વ્યાસપુત્રો બભૂવ ॥ ૮૬ ॥

અન્વયાર્થ—યત્ર-જે, કીર્તને-કીર્તનમાં, પ્રહ્લાદઃ-ભક્તવર પ્રહ્લાદજી, તાલધારી-તાલ ધારણ કરનારા, ચ-અને, તરલગતિતયા-ચપળ ગતિ હોવાને લીધે, ઉદ્ધવઃ-ઉદ્ધવજી, કાંસ્યધારી-ઝાંઝ બજાવનારા, વીણાધારી-વીણાને ધારણ કરનારા, સુરર્ષિઃ-દેવર્ષિ નારદ, સ્વરકુશલતયા-સ્વર જ્ઞાનમાં પ્રવીણ હોવાથી, રાગકર્તા-રાગોનું ગાન કરનાર, અર્જુનઃ-અર્જુન, અભૂત્-હતા, ઇન્દ્રઃ-દેવરાજ ઇન્દ્ર, મૃદઙ્ગમ્-મૃદંગને, અવાદીત્-વગાડતા હતા, તે-તે, કુમારાઃ-સનકાદિક કુમારો, જયજયસુકરાઃ-'જય હો, જય હો' આવા માંગલિક શબ્દોનું વારંવાર ઉચ્ચારણ કરતા હતા, સરસરચનયા-રસભરી વાક્ય રચનાથી, ભાવવક્તા-ભાવભર્યા વક્તા, વ્યાસપુત્રઃ-શ્રીશુકાચાર્ય, બભૂવ-હતા. ૮૬.

અનુવાદ—તે કીર્તનમાં તાલ બજાવનાર ભક્તપ્રવર પ્રહ્લાદજી હતા, ચપળ ગતિ હોવાથી ઉદ્ધવજીએ ઝાંઝ વગાડવાનું કાર્ય સ્વીકાર્યું હતું, દેવર્ષિ નારદજી વીણા વગાડતા હતા, તો સ્વરજ્ઞાનમાં નિપુણ હોવાને કારણે અર્જુન 'વસંત' વગેરે રાગોનું સુમધુર ગાન કરતા હતા, દેવરાજ ઇન્દ્ર મૃદંગ વગાડતા હતા, સનકાદિક કુમારો 'જય' 'જય' એવા મંગલમય ધ્વનિ કરતા હતા, સુંદર વાક્યરચનામાં કુશળ શ્રીશુકદેવજી પ્રેમનિર્મલભાવે વ્યાખ્યાન કરી રહ્યા હતા. ૮૬.

તત્ત્વસુધા—પ્રત્યેકની યોગ્યતાની કદર કરવી એજ પ્રભુની પ્રકૃતિ. ભક્તિના પ્રતીક સમાં આ સાત તત્ત્વોનો નિર્દેશ પ્રહ્લાદ, ઉદ્ધવ, સુરર્ષિ-નારદ, અર્જુન, ઇન્દ્ર, સનત્કુમાર, શ્રીશુકાચાર્ય વગેરે સાત શબ્દોથી કર્યો છે. ૮૬.

નનર્ત મધ્યે ત્રિકમેવ તત્ર ભક્ત્યાદિકાનાં નટવત્ સુતેજસામ્ ।
અલૌકિકં કીર્તનમેતદીક્ષ્ય હરિઃ પ્રસન્નોઽપિ વચોઽબ્રવીત્તત્ ॥ ૮૭ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—તત્ર-ત્યાં, સુતેજસામ્-દિવ્ય તેજસ્વી, ભક્ત્યાદિકાનામ્-ભક્તિ વગેરેની, ત્રિકમ્-ત્રિપુટી, મધ્યે ૫વ-મધ્ય ભાગમાંજ, નટવત્-નટોની જેમ, ननर्त-નૃત્ય કરતી હતી, अलौकिकम्-અલૌકિક, एतत्-એ, कीर्तनम्-કીર્તનને, ईक्ष्य-જોઈ, प्रसन्नः-પ્રસન્ન થયેલ, हरिः-શ્રીહરિ, अपि-પણ, तत्-તે, वचः-વચનને, अब्रवीत्-બોલ્યા. ૮૭.

અનુવાદ—તે સમયે ત્યાં દિવ્ય તેજસ્વી એવી ભક્તિ જ્ઞાન-વૈરાગ્યની ત્રિપુટી સભાના મધ્ય ભાગમાં જ નટોની જેમ નૃત્ય કરવા લાગી. અલૌકિક એ કીર્તનને જોઇને શ્રીહરિ પ્રસન્ન થયા અને કહેવા લાગ્યા. ૮૭.

मत्तो वरं भाववृताद्वृणुध्वं प्रीतः कथाकीर्तनतोऽस्मि सांप्रतम् ।
श्रुत्वेति तद्वाक्यमतिप्रसन्नाः प्रेमार्द्रचित्ताः हरिमूचिरे ते ॥ ८८ ॥

અન્વયાર્થ—भाववृतात्-ભાવથી પ્રસન્ન થયેલા, मत्तः-મારી પાસેથી, वरम्-વરદાનને, वृणुध्वम्-માગી લો, कथाकीर्तनतः-કથા તેમજ કીર્તનથી, सांप्रतम्-હાલમાં, प्रीतः अस्मि-પ્રસન્ન થયો છું, इति-એ પ્રમાણે, तद्वाक्यम्-તે શ્રીહરિના વચનને, श्रुत्वा-શ્રવણ કરીને, अतिप्रसन्नाः-અતિશય પ્રસન્ન થયેલા, प्रेमार्द्रचित्ताः-પ્રેમભાવથી આર્દ્ર ચિત્તવાળા, તે-તેઓ, हरिम्-શ્રીહરિને, ऊचिरे-કહેવા લાગ્યા. ૮૮.

અનુવાદ—હે વૈષ્ણવો, તમારાં કથા-કીર્તનથી હાલમાં હું ઘણો જ પ્રસન્ન થયો છું. તમારા પ્રેમભાવથી વશ થયેલ મારી પાસેથી કંઇક વરદાન માગો. શ્રીહરિનું એવું વચન સાંભળી અતિ પ્રસન્ન થયેલા પ્રેમાર્દ્ર ચિત્તવાળા તેઓ પ્રભુ પ્રત્યે બોલ્યા. ૮૮.

તત્ત્વસુધા—भागवताः અને भाववृतात् એવા બે પાઠ છે. ૮૮.

नगाहगाथासु च सर्वभक्तैरेभिस्त्वया भाव्यमिति प्रयत्नात् ।
मनोरथोऽयं परिपूरणीयस्तथेति चोक्त्वान्तरधीयताच्युतः ॥ ८९ ॥

અન્વયાર્થ—एभिः-આ અહિં પધારેલા, सर्वभक्तैः-સર્વ ભક્તો સાથે, त्वया-તમારે, प्रयत्नात्-યત્નપૂર્વક, नगाहगाथासु-શ્રીમદ્ ભાગવત સપ્તાહમાં, भाव्यम्-ઉપસ્થિત થવું, इति-એ પ્રકારનો, अयम्-આ, मनोरथः-મનોરથ, परिपूरणीयः-આપે પરિપૂર્ણ કરવો, तथा इति-"ભલે, તેમ હો," એવું, च-અને, उक्त्वा-કહીને, अच्युतः-ભગવાન શ્રીહરિ, अन्तरधीयत-અન્તર્ધાન થઈ ગયા. ૮૯.

અનુવાદ—જ્યાં જ્યાં શ્રીમદ્ ભાગવત સપ્તાહ-પારાયણ થતું હોય ત્યાં આ સર્વ ભક્તમંડળ સાથે આપે પધારવું. આ અમારો મનોરથ છે, જે આપે પરિપૂર્ણ કરવો જોઇએ. "तथास्तु" "ભલે તેમ હો" એમ કહી શ્રીહરિ અન્તર્ધાન થઇ ગયા. ૮૯.

ततोऽनमत्तच्चरणेषु नारदस्तथा शुकादीनपि तापसाँश्च ।
अथ प्रहृष्टाः परिनष्टमोहाः सर्वे ययुः पीतकथामृतास्ते ॥ ९० ॥

અન્વયાર્થ—ततः-ત્યારબાદ, नारदः-નારદજીએ, तच्चरणेषु-તેમના ચરણોમાં, तथा-તથા, शुकादीन्-શ્રીશુકદેવજી વગેરે, तापसान् अपि-તપસ્વીઓને પણ, अनमत्-પ્રણામ કર્યા, अथ-ત્યારબાદ, पीतकथामृताः-જેમણે કથામૃત પાન કર્યું છે એવા, તે-તે સર્વે, परिनष्टमोहाः-મોહ વિનાના, प्रहृष्टाः-અતિ આનંદ યુક્ત ચિત્તવાળા, सर्वे-બધા, ययुः-પોતાને સ્થાને ગયા. ૯૦.

અનુવાદ—ત્યારબાદ નારદજીએ તે બ્રહ્મપુત્રોના ચરણોમાં નમન કર્યું તેમજ શ્રીશુકદેવજી વગેરે અન્ય તપસ્વીઓને પણ વંદન કર્યા. બાદ, કથામૃતપાન કરવાથી જેઓનો મોહ (અજ્ઞાન) નાશ પામ્યો છે એવા તે સર્વે પ્રસન્ન થતા ત્યાંથી વિદાય થયા. ૯૦.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભક્તિઃ સુતાભ્યાં સહ રક્ષિતા સા શાસ્ત્રે સ્વકીયેઽપિ તદા શુકેન ।
અતો હરિ ર્ભાગવતસ્ય સેવનાચ્ચિત્તં સમાયાતિ હિ વૈષ્ણવાનામ્ ॥ ૯૧ ॥

અન્વયાર્થ—તદા-ત્યારે, શુકેન-શ્રીશુકદેવજીએ, સ્વકીયે-પોતાના, શાસ્ત્રે અપિ-શાસ્ત્રમાં પણ, સુતાભ્યાં સહ-પુત્રો સાથે, સા-તે, ભક્તિઃ-ભક્તિ, રક્ષિતા-રક્ષણ કરીને સ્થાપી, અતઃ-એટલા માટે, ભાગવતસ્ય-શ્રીમદ્ ભાગવતના, સેવનાત્-સેવનથી, હરિઃ-શ્રીહરિ, વૈષ્ણવાનામ્-વૈષ્ણવોના, ચિત્તમ્-ચિત્તમાં, સમાયાતિ-આવીને બિરાજે છે. ૯૧.

અનુવાદ—ત્યારથી શ્રીશુકદેવજીએ પોતાના શ્રીમદ્ ભાગવતશાસ્ત્રમાં પણ જ્ઞાન-વૈરાગ્ય સાથે તે ભક્તિને સ્થાન આપી તેની રક્ષા કરી છે. એટલા માટે શ્રીમદ્ ભાગવતનું સેવન કરવાથી શ્રીહરિ વૈષ્ણવોના ચિત્તમાં આવી નિવાસ કરે છે. ૯૧.

દારિદ્ર્યદુઃખજ્વરદાહિતાનાં માયાપિશાચીપરિમર્દિતાનામ્ ।
સંસારસિન્ધૌ પરિપાતિતાનાં ક્ષેમાય વૈ ભાગવતં પ્રગર્જતિ ॥ ૯૨ ॥

અન્વયાર્થ—દારિદ્ર્યદુઃખજ્વરદાહિતાનામ્-દારિદ્ર્ય દુઃખ અને જ્વરથી બળેલા જીવોના, માયાપિશાચીપરિમર્દિતાનામ્-માયારૂપી પિશાચિણીએ કચડી નાખેલાઓના, સંસારસિન્ધૌ-સંસારરૂપી મહાસાગરમાં, પરિપાતિતાનામ્-નાખવામાં આવેલાઓના, ક્ષેમાય-કલ્યાણ માટે, વૈ-નિઃસંદેહ, ભાગવતમ્-શ્રીમદ્ ભાગવત, પ્રગર્જતિ-ગર્જના કરે છે. ૯૨.

અનુવાદ—દારિદ્ર્ય, દારૂણ દુઃખ અને જ્વરથી બળેલા, માયારૂપી પિશાચિણીએ કચડી નાખેલા, સંસારરૂપી અગાધ મહાસાગરમાં નાખવામાં આવેલાઓના કલ્યાણ માટે શ્રીમદ્ ભાગવત-શાસ્ત્ર ખરેખર ઊંચેથી ગર્જના કરે છે. ૯૨.

શૌનક ઉવાચ-શૌનક બોલ્યા.

શુકેનોક્તં કદા રાજ્ઞે ગોકર્ણેન કદા પુનઃ ।
સુરર્ષયે કદા બ્રાહ્મૈ શ્છિન્દ્ધિ મે સંશયં ત્વિમમ્ ॥ ૯૩ ॥

અન્વયાર્થ—શુકેન-શ્રીશુકદેવજીએ, રાજ્ઞે-રાજા પરિક્ષિતને, કદા-ક્યારે, ઉક્તમ્-કહ્યું, પુનઃ-ફરીથી, ગોકર્ણેન-ગોકર્ણે, કદા-ક્યારે, (કહ્યું) બ્રાહ્મૈઃ-બ્રહ્મકુમારોએ, સુરર્ષયે-નારદજીને, કદા-ક્યારે, (કહ્યું) ઇમમ્-આ, તુ-તો, મે-મારા, સંશયમ્-સંદેહને, છિન્દ્ધિ-આપ દૂર કરો. ૯૩.

અનુવાદ—આ શ્રીશુકદેવજીએ રાજા પરીક્ષિતને શ્રીમદ્ ભાગવત ક્યારે સંભળાવ્યું તથા ફરી ગોકર્ણે ક્યારે સંભળાવ્યું, બ્રહ્મકુમારોએ નારદજીને ક્યારે કહ્યું. આ મારી શંકાને આપ દૂર કરો. ૯૩.

સૂત ઉવાચ-સૂતમુનિ બોલ્યા.

આકૃષ્ણનિર્ગમાત્ત્રિંશદ્વર્ષાધિકગતે કલૌ ।
નવમીતો નભસ્યે ચ કથારમ્ભં શુકોઽકરોત્ ॥ ૯૪ ॥
પરીક્ષિચ્છ્રવણાન્તે ચ કલૌ વર્ષશતદ્વયે ।
શુદ્ધે શુચૌ નવમ્યાશ્ચ ધેનુજોઽકથયત્કથામ્ ॥ ૯૫ ॥
તસ્માદપિ કલૌ પ્રાપ્તે ત્રિંશદ્વર્ષગતે સતિ ।
ઊચુરૂર્જે સિતે પક્ષે નવમ્યાં બ્રહ્મણઃ સુતાઃ ॥ ૯૬ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—**आकृष्णनिर्गमात्**–શ્રીકૃષ્ણ સ્વધામ પધારી ગયા બાદ, **कलौ**–કળિયુગમાં, **त्रिंशत् वर्षाधिकगते**–(૩૦) ત્રીસ વર્ષથી અધિક કાળ જતાં, **नभस्ये**–ભાદ્રપદ માસમાં, **नवमीतः**–નવમી તિથિથી, **शुकः**–શ્રીશુકદેવજીએ, **कथारम्भम्**–કથાનો આરંભ, **अकरोत्**–કર્યો, ૯૪; **परीक्षित–श्रवणान्ते–च**–અને પરીક્ષિત રાજાના શ્રવણ કર્યા બાદ, **कलौ**–કળિયુગમાં, **वर्षशतद्वये**–અસો વર્ષ પસાર થતાં, **शुचौ**–અષાઢ માસમાં, **शुक्ले**–શુકલ પક્ષમાં, **च**–અને, **नवम्याम्**–નવમી તિથિમાં, **धेनुजः**–ગોકર્ણે, **कथाम्**–શ્રીમદ્ ભાગવતની કથાને, **अकथयत्**–કહી. ૯૫; **तस्माद् अपि**–તેથી પણ આગળ, **कलौ**–કળિયુગ, **प्राप्ते**–પ્રાપ્ત થતાં, **त्रिंशद्वर्षगते सति**–(૩૦) ત્રીસ વર્ષ જતાં, **ऊर्जे**–કાર્તિક માસમાં, **सिते**–શુકલ, **पक्षे**–પક્ષમાં, **नवम्याम्**–નવમી તિથિમાં, **ब्रह्मणः**–બ્રહ્માના, **सुताः**–પુત્રો, **ऊचुः**–કથા કહેતા હતા. ૯૬.

અનુવાદ—શ્રીકૃષ્ણના સ્વધામ પધારી ગયા બાદ કળિયુગનાં આશરે ત્રીસ વર્ષ પસાર થતાં ભાદ્રપદ માસની શુકલપક્ષની નવમી તિથિથી શ્રીશુકદેવજીએ શ્રીમદ્ ભાગવત કથાનો આરંભ કર્યો હતો. ૯૪; પરીક્ષિત રાજાના શ્રવણ કર્યા બાદ કળિયુગનાં લગભગ ૨૦૦ વર્ષ ગયા બાદ, અષાઢ માસના શુકલપક્ષની નવમી તિથિથી આરંભીને ગોકર્ણે કથા કહી. ૯૫; તેથી પણ વધુ કળિયુગનાં આશરે ત્રીસ વર્ષ પસાર થતાં કાર્તિક માસની શુકલપક્ષની નવમી તિથિથી સનકાદિક બ્રહ્મકુમારોએ શ્રીમદ્ ભાગવતની કથા કહી હતી. ૯૬.

इत्येतत्ते समाख्यातं यत्पृष्टोऽहं त्वयानघ ।
कलौ भागवती वार्ता भवरोगविनाशिनी ।. ૯૭ ॥

અન્વયાર્થ—**हे अनघ**–હે નિષ્પાપ, **यत्**–જે, **त्वया**–તમારાથી, **अहम्**–હું, **पृष्टः**–પૂછાયો હતો, **इति**–એ પ્રમાણે, **एतत्**–એ બધું, **ते**–તમને, **समाख्यातम्**–કહી સંભળાવ્યું, **कलौ**–કળિયુગમાં, **भागवती वार्ता**–શ્રીમદ્ ભાગવત કથા, **भवरोगविनाशिनी**–સંસારના રોગોનો વિનાશ કરનારી છે. ૯૭.

અનુવાદ—હે નિષ્પાપ શૌનક, આ પ્રમાણે તમે જે મને પૂછ્યું તે સર્વ મેં તમને કહી સંભળાવ્યું. કળિયુગમાં શ્રીમદ્ ભાગવતની કથા સંસારનાં સમસ્ત દુઃખોને મિટાવનારી છે. ૯૭.

कृष्णप्रियं सकलकल्मषनाशनं च मुक्त्यैकहेतुमिह भक्तिविलासकारि ।
सन्तः कथानकमिदं पिबतादरेण लोके हि तीर्थपरिशीलनसेवया किम् ॥ ૯૮ ॥

અન્વયાર્થ–**हे सन्तः**–હે સત્પુરુષો, **कृष्णप्रियम्**–શ્રીકૃષ્ણને પ્રિય, **च**–અને, **सकलकल्मषनाशनम्**–સર્વ પાપનો નાશ કરનારું, **इह**–આ જન્મમાં, **मुक्त्यैकहेतुम्**–મોક્ષનું એકજ કારણ, **भक्तिविलासकारि**–ભક્તિના વિલાસને વધારનારું, **इदम्**–આ શ્રીમદ્ ભાગવત, **कथानकम्**–કથાને, **आदरेण**–આદરભાવપૂર્વક, **पिबत**–પાન કરો, **लोके**–લોકમાં, **तीर्थपरिशीलनसेवया**–તીર્થપર્યટન અને સેવનથી, **किम्**–શું ? ૯૮.

અનુવાદ—હે સજ્જનો ! શ્રીકૃષ્ણને પ્રિય, સમસ્ત પાતકોનો નાશ કરનારું, આ ભવમાં મુક્તિને અપાવનારું, ભક્તિભાવને વધારનારું, આ શ્રીમદ્ ભાગવત કથારૂપી આખ્યાનકને આદરથી પાન કરો, બીજાં તીર્થ સેવન કરવાથી શું ? ૯૮.

स्वपुरुषमपि वीक्ष्य पाशहस्तं वदति यमः किल तस्य कर्णमूले ।
परिहर भगवत्कथासु मत्तान् प्रभुरहमन्यनृणां न वैष्णवानाम् ॥ ૯૯ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—**યમઃ**-યમરાજા, **પાશહસ્તમ્**-હાથમાં પાશવાળા, **સ્વપુરુષમ્ અપિ**-પોતાના દૂતને પણ, **વીક્ષ્ય**-જોઇને, **તસ્ય**-તેના, **કર્ણમૂલે**-કાનના મૂળ ભાગમાં, **વદતિ**-કહે છે, **કિલ**-નિશ્ચિત, **ભગવત્કથાસુ**-ભગવાનની કથાઓમાં, **મત્તાન્**-મસ્ત બનેલાઓને, **પરિહર**-છોડી દો, **અહમ્**-હું, **અન્યનૃણામ્**-બીજા મનુષ્યોનો, **પ્રભુઃ**-સ્વામી છું, **વૈષ્ણવાનામ્**-વૈષ્ણવોનો, **ન**-નથી. ૯૯.

અનુવાદ—હાથમાં બાંધવાના પાશને લઇને ઊભેલા પોતાના દૂતને જોઇને, યમરાજા પણ કહે છે કે હે દૂત, તમે ભગવાનની કથામાં મસ્ત રહેનારાઓને છોડી દો; કારણ કે હું બીજા પુરુષોનો સ્વામી છું, વૈષ્ણવોનો નહીં. ૯૯.

असारे संसारे विषयविषसङ्गाकुलधियः क्षणार्धं क्षेमार्थं पिबत शुकगाथातुलसुधाम् ।
किमर्थं व्यर्थं भो व्रजत कुपथे कुत्सितकथे परीक्षित्साक्षी यच्छ्रवणगतमुक्त्युक्तिकथने ॥१००॥

અન્વયાર્થ—**હે વિષયવિષસઙ્ગાકુલધિયઃ**-વિષયોરૂપી વિષના સેવનથી વ્યાકુલ બુદ્ધિવાળા હે સંસારી પુરુષો, **અસારે**-અસાર, **સંસારે**-સંસારમાં, **ક્ષેમાર્થમ્**-કલ્યાણને માટે, **ક્ષણાર્ધમ્**-અર્ધી ક્ષણ, **શુકગાથાતુલ-સુધામ્**-શ્રીશુક કથારૂપ અનુપમ સુધાને, **પિબત**-પીઓ, **ભોઃ**-અરે હે, **વ્યર્થમ્**-નકામા, **કુત્સિતકથે**-વિષય કુથલીની કથાવાળા, **કુપથે**-કુરસ્તે, **કિમર્થમ્**-શા માટે, **વ્રજત**-જઇ રહ્યા છો ?-**યચ્છ્રવણગતમુક્ત્યુક્તિકથને**-શ્રવણથી મુક્તિ મેળવાય એવી ઉક્તિને કહેવામાં, **પરીક્ષિત્**-રાજા પરીક્ષિત, **સાક્ષી**-સાક્ષી રૂપ છે. ૧૦૦.

અનુવાદ—વિષયરૂપી વિષના સેવનથી વ્યાકુળ બુદ્ધિવાળા હે સંસારી પુરુષો, આ અસાર સંસારમાં આત્મકલ્યાણ માટે અર્ધી ક્ષણ પણ શ્રીમદ્ ભાગવત કથારૂપી અનુપમ અમૃતનું પાન કરો. વિષયી પુરુષોના વિષયરસભર્યા નિંદ્ય નિરુપયોગી માર્ગે શા માટે જઇ રહ્યા છો ? શ્રીમદ્ ભાગવત શ્રવણ કરવાથી મુક્તિ મળે છે, એવી સદુક્તિના કથનમાં પરીક્ષિત રાજા સાક્ષી છે. ૧૦૦.

रसप्रवाहसंस्थेन श्रीशुकेनेरिता कथा ।
कण्ठे संबध्यते येन स वैकुण्ठपतिर्भवेत् ॥ १०१ ॥

અન્વયાર્થ—**રસપ્રવાહસંસ્થેન**-ભક્તિરસના પ્રવાહમાં રહેતા, **શ્રીશુકેન**-શ્રીશુકદેવજીએ, **કથા**-શ્રીમદ્ ભાગવત કથા, **ઈરિતા**-કહી છે, **યેન**-જેનાથી, **કણ્ઠે**-કંઠમાં, **સંબધ્યતે**-બંધાય, **સઃ**-તે, **વૈકુણ્ઠપતિઃ**-વૈકુંઠપતિ, **ભવેત્**-થાય. ૧૦૧.

અનુવાદ—ભક્તિ રસપ્રવાહમાં રહેલા શ્રી શુકદેવજીએ કહેલી શ્રીમદ્ ભાગવત કથાને જે કંઠમાં ધારણ કરે છે એ વૈકુંઠપતિ બને છે. ૧૦૧.

इति च परमगुह्यं सर्वसिद्धान्तसिद्धं सपदि निगदितं ते शास्त्रपुञ्जं विलोक्य ।
जगति शुककथातो निर्मलं नास्ति किंचित्-पिब परसुखहेतो द्वादशस्कन्धसारम् ॥१०२॥

અન્વયાર્થ—**ઇતિ**-આ પ્રમાણે, **પરમગુહ્યમ્**-અત્યંત ગુપ્ત, **શાસ્ત્રપુઞ્જમ્**-શાસ્ત્રોના સમૂહને, **વિલોક્ય**-જોઇ, **સર્વસિદ્ધાન્તસિદ્ધમ્**-સર્વ સિદ્ધાંતોથી સિદ્ધ થયેલ, **તે**-તમને, **સપદિ**-એકદમ, **નિગદિતમ્**-કહી સંભળાવ્યું, **જગતિ**-આ વિશ્વમાં, **શુકકથાતઃ**-શુક કથાથી અધિક, **કિંચિત્**-કંઇપણ, **નિર્મલમ્**-નિર્મલ સાધન, **ન અસ્તિ**-નથી, માટે **પરસુખહેતોઃ**-પરમ સુખની પ્રાપ્તિ માટે, **દ્વાદશસ્કન્ધસારમ્**-બાર સ્કંધના સારને, **પિબ**-પાન કરો. ૧૦૨.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—શાસ્ત્રોના સમૂહનું અવલોકન કરી સર્વ સિદ્ધાન્તોથી સિદ્ધ એવું પરમ તત્ત્વ તમને તુરત કહી સંભળાવ્યું. આ જગતમાં શ્રીમદ્ ભાગવત કથાથી વધીને કોઇ ઉત્તમ નિર્મલ સાધન નથી; તો પરમ સુખ સંપાદન કરવા માટે શ્રીમદ્ ભાગવતના બારે સ્કંધના સારનું પાન કરો. ૧૦૨.

एतां यो नियततया शृणोति भक्त्या यश्चैनां कथयति शुद्धवैष्णवाग्रे ।
तौ सम्यग्विधिकरणात् फलं लभेते याथार्थ्यान्नहि भुवने किमप्यसाध्यम् ॥ १०३ ॥

અન્વયાર્થ—एताम्–આ શ્રીમદ્ ભાગવત કથાને, नियततया–નિયમિત રીતે, यः–જે કોઇ, भक्त्या–ભક્તિપૂર્વક, शृणोति–શ્રવણ કરે છે, च–અને, यः–જે, शुद्धवैष्णवाग्रे–વૈષ્ણવની સમક્ષ, कथयति–કથન કરે છે, तौ–તે બન્ને, सम्यक्–સારી રીતે, विधिकरणात्–વિધિ કરવાથી, फलम्–ફલને, लभेते–મેળવે છે, भुवने–વિશ્વમાં, याथार्थ्यात्–યથાર્થ રીતે, किम् अपि–કંઇ પણ, असाध्यम्–અસાધ્ય, न हि–નથીજ. ૧૦૩.

અનુવાદ—જે મનુષ્ય નિયમમાં રહીને ભક્તિપૂર્વક આ કથાનું શ્રવણ કરે છે; તેમજ જે શુદ્ધ વૈષ્ણવ સમક્ષ આ કથા કહે છે તે બન્ને ઉત્તમ વિધિ કરવાથી યથાર્થ રીતે ફળ મેળવે છે, ત્રણલોકમાં એને કાંઇપણ અસાધ્ય હોતું નથી. ૧૦૩.

इति श्रीपद्मपुराणे उत्तरखण्डे श्रीभागवत-माहात्म्ये श्रवणविधिकथनं नाम षष्ठोऽध्यायः ॥

स्कंद-पुराणान्तर्गतम्
श्रीमद्-भागवत-माहात्म्यम्
प्रथमोऽध्यायः

श्रीव्यास उवाच—श्रीसच्चिदानन्दघनस्वरूपिणे कृष्णाय चानन्तसुखाभिवर्षिणे ।
विश्वोद्भवस्थाननिरोधहेतवे नुमो वयं भक्तिरसाप्तयेऽनिशम् ॥ १ ॥

અન્વયાર્થ—वयम्–અમે, भक्तिरसाप्तये–ભક્તિરસની પ્રાપ્તિ માટે, श्रीसत्-चिद्-आनन्दघन स्वरूपिणे–શ્રીસત્ ચિત્ આનન્દઘન સ્વરૂપ, च–અને, अनन्तसुखाभिवर्षिणे–અપરિમિત સુખને વર્ષાવનાર, विश्वोद्भव-स्थान-निरोध-हेतवे–વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ, લયના નિમિત્ત રૂપ, कृष्णाय–શ્રીકૃષ્ણને, अनिशम्–અનેકવાર, नुमः–નમીએ છીએ–સ્તવીએ છીએ. ૧.

અનુવાદ—શ્રીવ્યાસ મહર્ષિ બોલ્યા—વિશ્વની ઉત્પત્તિ સ્થિતિ પ્રલયના નિમિત્તરૂપ અનંત સુખને વર્ષાવનાર શ્રીસચ્ચિદ્ઘનાનંદઘન સ્વરૂપ શ્રીકૃષ્ણચન્દ્રને ભક્તિરસની પ્રાપ્તિ માટે રાત્રિ-દિવસ અમે સ્તવીએ છીએ. ૧.

તત્ત્વસુધા—૧૯૯ શ્લોકોમાં ચાર અધ્યાયથી શ્રીસ્કંદ પુરાણે શ્રીમદ્ ભાગવત માહાત્મ્યનો પ્રસંગ વૈષ્ણવ ખંડમાં વર્ણવ્યો છે. જે સૂત શૌનક ઋષિઓના સંવાદ રૂપે છે. આનન્દઘન શબ્દમાં આનન્દનો મેઘ એવો એક અર્થ અને બીજો આનન્દમય એવો અર્થ થાય છે. કૃપાલુતા અને સમતા દર્શાવવાં હોય ત્યારે ઘન નો મેઘ અર્થ કરવો. જ્યારે સંપૂર્ણ આનન્દનો જ આકાર કહેવો હોય ત્યારે ઘન શબ્દનો સમૂહ એવો અર્થ કરવો. ૧.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

नैमिषे सूतमासीनमभिवाद्य महामतिम् ।
कथामृतरसास्वादकुशला ऋषयोऽब्रुवन् ॥ २ ॥

અન્વયાર્થ—**નૈમિષે**-નૈમિષારણ્યમાં, **આસીનમ્**-બેઠેલા, **મહામતિમ્**-મહા બુદ્ધિશાળી, **સૂતમ્**-સૂતજીને, **અભિવાદ્ય**-અભિવંદન કરીને, **કથામૃતરસાસ્વાદકુશલાઃ**-કથારૂપી અમૃતરસનું આસ્વાદન કરવામાં કુશળ, **ઋષયઃ**-ઋષિઓ, **અબ્રુવન્**-બોલ્યા. ૨.

અનુવાદ—કથારૂપી અમૃતરસનું પાન કરવામાં નિપુણ ઋષિઓ, નૈમિષારણ્યમાં બેઠેલા મહાબુદ્ધિશાળી સૂતજીને વંદન કરીને બોલ્યા. ૨.

તત્ત્વસુધા—અભિવાદ્ય-શ્રોતાઓએ વક્તા સમીપે ઉપહાર કરવો જોઈએ. અસંગ્રહી મુનિઓ અન્ય તો શી ભેટ આપે, તેમ જ સૂતજી દાનસ્વીકાર કે પ્રતિગ્રહ કેમ કરી શકે માટે કેવલ સદ્‌ભાવપૂર્ણ વંદનથી સત્કાર કર્યો. ૨.

ऋषय ऊचुः—वज्रं श्रीमाथुरे देशे स्वपौत्रं हस्तिनापुरे ।
अभिषिच्य गते राज्ञि तौ कथं किं च चक्रतुः ॥ ३ ॥

અન્વયાર્થ—**વજ્રમ્**-વજ્રનાભને, **શ્રીમાથુરે દેશે**-શ્રીમથુરા પ્રદેશમાં, **ચ**-અને, **સ્વપૌત્રમ્**-પોતાના પૌત્રને-પરીક્ષિતને, **હસ્તિનાપુરે**-હસ્તિનાપુરમાં, **અભિષિચ્ય**-રાજ્યાભિષેક કરીને, **રાજ્ઞિ ગતે**-મહારાજ યુધિષ્ઠિર ગયા એટલે, **તૌ**-તે બન્ને, **કથમ્**-કેવી રીતે, **કિમ્**-શું, **ચક્રતુઃ**-કરતા હતા ?

અનુવાદ—ઋષિ બોલ્યા; વજ્રનાભનો મથુરામાં તેમજ પોતાના પૌત્ર પરીક્ષિતનો હસ્તિનાપુરમાં અભિષેક કરીને મહારાજ યુધિષ્ઠિર ગયા, પછી એ બન્નેએ શું કર્યું ? અને કેવી રીતે રાજ્ય કર્યું ?

सूत उवाच—नारायणं नमस्कृत्य नरं चैव नरोत्तमम् ।
देवीं सरस्वतीं व्यासं ततो जयमुदीरयेत् ॥ ४ ॥
महापथं गते राज्ञि परीक्षित् पृथिवीपतिः ।
जगाम मथुरां विप्रा वज्रनाभ-दिदृक्षया ॥ ५ ॥
पितृव्यमागतं ज्ञात्वा वज्रः प्रेमपरिप्लुतः ।
अभिगम्याभिवाद्याथ निनाय निज मन्दिरम् ॥ ६ ॥
परिष्वज्य स तं वीरः कृष्णैकगतमानसः ।
रुक्मिण्याद्या हरेः पत्नी ववन्दाऽऽयतनागतः ॥ ७ ॥
ताभिः सम्मानितोऽत्यर्थं परीक्षित्पृथिवीपतिः ।
विश्रान्तः सुखमासीनो वज्रनाभमुवाच ह ॥ ८ ॥

અન્વયાર્થ—**નારાયણમ્**-ભગવાન નારાયણને, **ચ**-અને, **નરોત્તમમ્**-મનુષ્યોમાં ઉત્તમ એવા, **નરમ્**-નરને, **નમસ્કૃત્ય એવ**-નમસ્કાર કરીનેજ, **ચ**-અને, **દેવીં સરસ્વતીમ્**-ભગવતી સરસ્વતી દેવીને, **વ્યાસમ્**-વ્યાસ મહર્ષિને (વંદન કરીને), **ततः**-ત્યારબાદ, **જયમ્**-જયપ્રદ-ગ્રન્થને, **ઉદીરયેત્**-કથન કરવો. ૪; **વિપ્રાઃ**-હે મહર્ષિઓ, **રાજ્ઞિ**-રાજા યુધિષ્ઠિરે, **મહાપથં**-મહાગતેાપ્રસ્થાન કર્યું એટલે, **પૃથિવીપતિઃ**-પૃથ્વીના પતિ (સમ્રાટ), **પરીક્ષિત્**-રાજા પરીક્ષિત, **વજ્રનાભદિદક્ષ ય**-વજ્રનાભને જોવાની ઈચ્છાથી, **મથુરામ્**-મથુરામાં, **જગામ**-ગયા. ૫; **પિતૃવ્યમ્**-કાકાને-કાકાને, **આગતમ્**-આવેલા, **જ્ઞાત્વા**-જાણીને, **પ્રેમપરિપ્લુતઃ**-પ્રેમમાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તરબોળ, **વજ્રः**–વજ્રનાભ, **અભિગમ્ય**–પાસે જઈને, **અથ**–પછી, **અભિવાદ્ય**–અભિવાદન કરીને, **નિજમન્દિરમ્**–પોતાના ભવનમાં, **નિનાય**–લઈ ગયો. ૬; **કૃષ્ણૈકગતમાનસः**–શ્રીકૃષ્ણમાં જ મનોવૃત્તિવાળા, **આયત-નાગતः**–(વજ્રનાભના) મંદિરે આવેલા, **सः**–તે, **વીરः**–વીર–રાજા પરીક્ષિત, **તમ્**–તેને, **પરિષ્વજ્ય**–ભેટીને, **હરेः**–શ્રીહરિની, **રુક્મિણ્યાદ્याः**–રુક્મિણી વગેરે, **પત્નીः**–પત્નીઓને, **વવન્દ**–વંદન કરતો હતો. ૭; **તાभिः**–તે શ્રીકૃષ્ણની પત્નીઓથી, **અત્યર્થમ્**–ખૂબ સારી રીતે, **સમ્માનિતः**–સન્માન પામેલા, **વિશ્રાન્તः**–શ્રમરહિત બનેલા, **સુખમ્**–સુખપૂર્વક, **આસીનः**–બેઠેલા, **પૃથિવીપતिः**–પૃથ્વીપતિ, **પરીક્ષિત્**–રાજા પરીક્ષિતે, **હ**–ખરેખર, **વજ્રનાભમ્**–વજ્રનાભને, **ઉવાચ**–કહ્યું. ૮.

અનુવાદ—શ્રીસૂતજી બોલ્યા; શ્રીનરનારાયણ ભગવાનને, ભગવતી સરસ્વતી દેવીને તથા વ્યાસ મહર્ષિને વંદન કરીને આદ્ય ગ્રન્થારંભ કરવો. ૪; હે વિપ્રો, મહારાજ યુધિષ્ઠિરે મહાપ્રસ્થાન કર્યું પછીથી સમ્રાટ પરીક્ષિત વજ્રનાભને જોવાની ઇચ્છાથી મથુરા નગરી તરફ ગયા. ૫; પોતાના કાકા પરીક્ષિત આવ્યા છે, એમ જાણીને પ્રેમવિભોર વજ્રનાભ સામે લેવા ગયા અને અભિવંદન કરીને એમને પોતાના મંદિરે લઇ ગયા. ૬; શ્રી વજ્રનાભના રાજ-ભુવનમાં આવેલા શ્રીકૃષ્ણમાંજ ચિત્તવૃત્તિવાળા વીર પરીક્ષિત વજ્રનાભને ભેટ્યા અને શ્રીહરિની રુક્મિણી વગેરે પત્નીઓને વંદન કર્યાં. ૭; શ્રીકૃષ્ણ ભગવાનની પત્નીઓથી ખૂબ સન્માન પામેલા, વિશ્રાન્તિ લીધા પછી સુખપૂર્વક બેઠેલા પરીક્ષિત રાજાએ વજ્રનાભને કહ્યું. ૮.

परीક્ષિદુવાચ–तात त्वत्पितृभिर्नूनमस्मत्पितृ–पितामहाः ।
उद्धृताः भूरिदुःखौघादहं च परिरक्षितः ॥ ९ ॥
न पारयाम्यहं तात साधु कृत्वोपकारतः ।
त्वामतः प्रार्थयाम्यङ्ग सुखं राज्येऽनुयुज्यताम् ॥ १० ॥
कोशसैन्यादिजा चिन्ता तथारिदमनादिजा ।
मनागपि न कार्या ते सुसेव्याः किन्तु मातरः ॥ ११ ॥
निवेद्य मयि कर्तव्यं सर्वाधिपरिवर्जनम् ।
श्रुत्वैतत्परमप्रीतो वज्रस्तं प्रत्युवाच ह ॥ १२ ॥

અન્વયાર્થ—**तात**–હે વડીલ, **त्वत्पितृभिः**–તમારા વડીલોએ, **नूनम्**–ખરેખર, **अस्मत् पितृपिता-महाः**–અમારા પિતા પિતામહોનો, **भूरिदुःखौघात्**–મોટાં દુઃખોના સમુદાયથી, **उद्धृताः**–ઉદ્ધાર કર્યો, **च**–અને, **अहम्**–હું, **परिरक्षितः**–સર્વ રીતે રક્ષાયો. ૯. **तात**–હે વડીલ, **अहम्**–હું, **साधु**–કંઈક સારું કાર્ય, **कृत्वा**–કરીને, **उपकारतः**–ઉપકારમાંથી, **न पारयामि**–છુટી શકતો નથી, **अतः**–એ કારણથી, **अङ्ग**–હે પ્રિય, **त्वाम्**–તમને, **प्रार्थयामि**–પ્રાર્થું છું, **सुखम्**–સુખપૂર્વક, **राज्ये**–રાજ્ય ઉપર, **अनुयुज्यताम्**–બીરાજો. ૧૦. **कोशसैन्यादिजा**–કોશ, સૈન્ય વગેરેની, **तथा**–તેમજ, **अरिदमनादिजा**–શત્રુદમન વગેરેથી પેદા થતી, **चिन्ता**–ચિન્તા, **मनाक् अपि**–અલ્પ પણ, **न कार्या**–કરવી નહીં, **किन्तु**–પરંતુ, **ते**–આપે, **मातरः**–માતાઓ, **सुसेव्याः**–સારી રીતે સેવવી. ૧૧. **मयि**–મને, **निवेद्य**–જણાવીને, **सर्व–आधि–परिवर्जनम्**–સમસ્ત ચિન્તાઓનું નિવારણ, **कर्तव्यम्**–કરવું, **एतत्**–આ, **श्रुत्वा**–શ્રવણ કરીને, **परमप्रीतः**–અત્યંત પ્રસન્ન થયેલા, **वज्रः**–વજ્રનાભ, **तम्**–તેમને, **ह**–ખરેખર, **प्रत्युवाच**–કહેવા લાગ્યા. ૧૨.

અનુવાદ—હે કાકા! આપના વડીલોએ અમારા પિતા-પિતામહોને ખરેખર મોટાં દુઃખો-માંથી ઉગાર્યા છે, તેમ જ મારી પણ સર્વ રીતે રક્ષા કરી. ૯. **સુરુચી!** આપનું કંઈપણ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પ્રેમ કરીને હું ઉપકારનો બદલો વાળવા માટે શક્તિમાન નથી. કેવલ આપને પ્રાર્થના કરું છું કે આપ સુખપૂર્વક રાજ્ય ચલાવો. ૧૦; વળી હે તાત! ધનભંડાર સૈન્ય વગેરેની તેમજ શત્રુ દમન સંરક્ષણની થોડી પણ ચિન્તા તમારે ન કરવી; કેવલ માતાઓની સારી રીતે સંભાળ લેજો. ૧૧. મને કંઇપણ નિવેદન કરીને, સર્વ ચિંતાઓનું નિવારણ કરજો. પરીક્ષિત રાજાનું એવું વચન સાંભળી અત્યંત પ્રસન્ન થયેલા વજ્રનાભ કહેવા લાગ્યા. ૧૨.

વજ્રનાભ ઉવાચ–રાજન્ – ઉચિતમેતત્તે યદસ્માસુ પ્રભાષતે ।
ત્વત્પિત્રોપકૃતશ્ચાહં ધનુર્વિદ્યા – પ્રદાનતઃ ॥ ૧૩ ॥

તસ્માન્નાલ્પાપિ મે ચિન્તા ક્ષાત્રં દૃઢમુપેયુષઃ ।
કિન્ત્વેકા પરમા ચિન્તા, તત્ર કિઞ્ચિદ્વિચાર્યતામ્ ॥ ૧૪ ॥

માથુરે ત્વભિષિક્તોઽપિ સ્થિતોઽહં નિર્જને વને ।
ક્વ ગતા વૈ પ્રજાઽત્રત્યા યત્ર રાજ્યં પ્રરોચતે ॥ ૧૫ ॥

ઇત્યુક્તો વિષ્ણુરાતસ્તુ નન્દાદીનાં પુરોહિતમ્ ।
શાણ્ડિલ્યમાજુહાવાશુ વજ્ર – સન્દેહ – નુત્તયે ॥ ૧૬ ॥

અથોટજં વિહાયાશુ શાણ્ડિલ્યઃ સમુપાગતઃ ।
પૂજિતો વજ્રનાભેન નિષસાદાસનોત્તમે ॥ ૧૭ ॥

ઉપોદ્ઘાતં વિષ્ણુરાતશ્ચકારાશુ તતસ્ત્વસૌ ।
ઉવાચ પરમપ્રીતસ્તાવુભૌ પરિસાન્ત્વયન્ ॥ ૧૮ ॥

અન્વયાર્થ—**રાજન્**–હે પરીક્ષિત રાજા, **તે**–તમારે માટે, **એતત્**–આ, **ઉચિતમ્**–યોગ્ય છે, **યત્**–જે, **અસ્માસુ**–અમારે માટે, **પ્રભાષતે**–આપે કહ્યું છે, **ચ**–અને, **ત્વત્પિત્રા**–આપના પિતાથી, **ધનુર્વિદ્યાપ્રદાનતઃ**–ધનુર્વિદ્યાના દાનથી, **અહમ્**–હું, **ઉપકૃતઃ**–ઉપકૃત થયો છું. ૧૩; **તસ્માત્**–તે કારણથી, **દૃઢમ્**–સુસ્થિર, **ક્ષાત્રમ્**–ક્ષત્રિય ધર્મને, **ઉપેયુષઃ**–પ્રાપ્ત કરનારા, **મે**–મને, **અલ્પા અપિ**–સહેજ પણ, **ચિન્તા ન**–ચિન્તા નથી, **કિન્તુ**–પરંતુ, **એકા**–ફક્ત એક જ, **પરમા ચિન્તા**–મોટી ચિન્તા છે, **તત્ર**–તે બાબતમાં, **કિંચિત્**–કંઈક, **વિચાર્યતામ્**–વિચારો. ૧૪; **માથુરે**–મથુરા મંડળ ઉપર, **અભિષિક્તઃ અપિ**–અભિષેક કરાયેલ છું તો પણ, **અહમ્**–હું, **તુ**–તો, **નિર્જને**–નિર્જન, **વને**–વનમાં, **સ્થિતઃ**–રહેલો છું, **યત્ર**–જે પ્રજાઓમાં, **રાજ્યમ્**–રાજ્ય કરવું, **પ્રરોચતે**–પસંદ પડે (તેવી), **અત્રત્યા**–આ માથુર પ્રદેશની, **પ્રજા**–પ્રજા, **વૈ**–ખરેખર, **ક્વ**–ક્યાં, **ગતા**–ચાલી ગઈ. ૧૫; **ઇતિ ઉક્તઃ**–આમ (વજ્રનાભથી) કહેવાયેલા, **વિષ્ણુરાતઃ તુ**–રાજા પરીક્ષિતે તો, **વજ્ર-સન્દેહનુત્તયે**–વજ્રનાભના સન્દેહને દૂર કરવા માટે, **નન્દાદીનામ્**–નન્દરાય વગેરેના, **પુરોહિતમ્**–કુલાચાર્યને, **શાણ્ડિલ્યમ્**–શાંડિલ્યને, **આશુ**–તુરત જ, **આજુહાવ**–બોલાવ્યા. ૧૬; **અથ**–ત્યારબાદ, **શાણ્ડિલ્યઃ**–શાંડિલ્ય ઋષિ, **આશુ**–જલ્દીથી, **ઉટજમ્**–પર્ણશાલાને, **વિહાય**–છોડી દઈને, **સમુપાગતઃ**–પાસે આવી પહોંચ્યા, **વજ્રનાભેન**–વજ્રનાભથી, **પૂજિતઃ**–આદર સત્કાર પામેલા, **આસનોત્તમે**–ઉત્તમ આસન ઉપર, **નિષસાદ**–બેઠા. ૧૭; **વિષ્ણુરાતઃ**–પરીક્ષિત રાજાએ, **આશુ**–તુરત, **ઉપોદ્ઘાતમ્**–પ્રસ્તાવ, **ચકાર**–કર્યો, **તતઃ**–તેથી, **અસૌ તુ**–આ શાંડિલ્ય તો, **પરમપ્રીતઃ**–ખૂબ પ્રસન્ન થયેલા, **તૌ ઉભૌ**–તે બન્નેને, **પરિસાન્ત્વયન્**–આશ્વાસન આપતા, **ઉવાચ**–બોલ્યા. ૧૮.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—શ્રીવજ્રનાભ બોલ્યા; હે રાજન્, આપશ્રીએ અમારે માટે જે કંઇ કહ્યું, તે બધું આપ જેવા માટે યોગ્ય જ છે. વળી આપના પિતાશ્રીએ ધનુર્વિદ્યાનું દાન કરીને મારા ઉપર ઉપકાર કરેલો છે. ૧૩. તેથી દૃઢ ક્ષત્રિય ધર્મને યોગ્ય વર્તનારા એવા મને બીજી સહેજ પણ ચિન્તા નથી; પરંતુ એક મોટી ચિન્તા છે, તે વિષે કંઇક વિચારો. ૧૪. મથુરામંડળના રાજ્ય ઉપર મારો અભિષેક થયો છે, છતાં હું તો નિર્જન વનમાં રહેલા જેવો છું. જ્યાં રાજ્ય કરવું ગમે એવી અહિયાંની પ્રજા ક્યાં ચાલી ગઇ? ૧૫; જ્યારે વજ્રનાભે ઉપર પ્રમાણે કહ્યું ત્યારે, પરીક્ષિત રાજાએ વજ્રનાભનો સંદેહ દૂર કરવા, નંદરાય વગેરેના પુરોહિત શાંડિલ્યને તુરત જ બોલાવ્યા. ૧૬; શ્રીશાંડિલ્ય મહર્ષિ પોતાની પર્ણશાલામાંથી શીઘ્ર આવી પહોંચ્યા; વજ્રનાભે તેઓનો સત્કાર કર્યો અને મુનિ ઉત્તમ આસને બીરાજ્યા. ૧૭; પરીક્ષિત રાજાએ તુરત જ તેઓની પાસે પ્રસ્તાવ રજુ કર્યો જે સાંભળી શાંડિલ્ય મુનિ ખૂબ પ્રસન્ન થયા અને ઉભયનું સમાધાન કરતા બોલ્યા. ૧૮.

शाण्डिल्य उवाच—शृणुतं दत्तचित्तौ मे रहस्यं व्रज—भूमिजम् ।
व्रजनं व्याप्तिरित्युक्त्या व्यापनाद्व्रज उच्यते ॥ १९ ॥
गुणातीतं परं ब्रह्म व्यापकं व्रज उच्यते ।
सदानन्दं परं ज्योतिर्मुक्तानां पदमव्ययम् ॥ २० ॥

અન્વયાર્થ—**દત્તચિત્તૌ**-ધ્યાન દઇને, **વ્રજભૂમિજમ્**-વ્રજભૂમિનું, **રહસ્યમ્**-ગુપ્ત રહસ્ય, **મે**-મારી પાસેથી, **શૃણુતમ્**-તમે બન્ને સાંભળો, **વ્રજનમ્**-**વ્યાપ્તિઃ**-વ્રજ એટલે વ્યાપ્ત થઇને રહેવું, **ઇતિ ઉક્ત્યા**-આવા કથનથી, **વ્યાપનાત્**-એથેજ વ્યાપ્ત હોવાથી, **વ્રજઃ**-વ્રજ, **ઉચ્યતે**-કહેવામાં આવે છે, **ગુણાતીતમ્**-ત્રણ ગુણોથી પર, **પરમ્**-અતિશ્રેષ્ઠ, **બ્રહ્મ**-જે બ્રહ્મ છે તે, **વ્યાપકમ્**-એથેજ વ્યાપક છે (જેથી), **વ્રજઃ**-વ્રજ, **ઉચ્યતે**-કહેવાય છે, **સદાનન્દમ્**-સદા આનન્દસ્વરૂપ, **પરમ્**-સર્વોત્તમ, **જ્યોતિઃ**-તેજોમય, **મુક્તાનામ્**-મુક્તપુરુષોનું, **અવ્યયમ્**-અવિનાશી, **પદમ્**-સ્થાન છે. ૧૯; ૨૦.

અનુવાદ-ચિત્ત સ્થિર કરીને વ્રજભૂમિનું રહસ્ય મારી પાસેથી સાંભળો. 'વ્રજ એટલે વ્યાપવું' એવા કથનથી વ્યાપક હોવાને લીધે વ્રજ કહેવાય છે. વળી જે ત્રણ ગુણોથી પર જે વ્યાપક પરબ્રહ્મ છે તેજ વ્રજ કહેવાય છે. જે વ્રજ, સદૈવ આનન્દસ્વરૂપ, પરમચૈતન્યમય મુક્તપુરુષોનું અવિનાશી પરમ ધામ છે. ૧૯; ૨૦.

तस्मिन्नन्दात्मजः कृष्णः सदानन्दाङ्गविग्रहः ।
आत्मारामश्चाप्तकामः प्रेमाक्तैरनुभूयते ॥ २१ ॥
आत्मा तु राधिका तस्य तयैव रमणादसौ ।
आत्मारामतया प्राज्ञैः प्रोच्यते गूढवेदिभिः ॥ २२ ॥

અન્વયાર્થઃ—**તસ્મિન્**-તે વ્રજમાં, **નન્દાત્મજઃ**-શ્રીનન્દરાયના પુત્ર, **કૃષ્ણઃ**-શ્રીકૃષ્ણ, **સદાનન્દાઙ્ગવિગ્રહઃ**-સદા આનન્દસ્વરૂપ જેમનું શરીર છે તેવા, **આત્મારામઃ**-આત્મારામ, **ચ**-અને, **આપ્તકામઃ**-પૂર્ણકામ, **પ્રેમાક્તૈઃ**-પ્રેમમય ભક્તોથી, **અનુભૂયતે**-અનુભવાય છે, **રાધિકા**-શ્રી રાધિકા, **તુ**-તો, **તસ્ય**-કૃષ્ણનો, **આત્મા**-આત્મા છે; **તયા એવ**-તેની સાથેજ, **રમણાત્**-રમણ કરવાથી, **અસૌ**-આ શ્રીકૃષ્ણ, **ગૂઢવેદિભિઃ**-ગુપ્ત રહસ્યના જાણકાર, **પ્રાજ્ઞૈઃ**-જ્ઞાની પુરુષોથી, **આત્મારામતયા**-'આત્મારામ' તરીકે, **પ્રોચ્યતે**-કહેવાય છે. ૨૧; ૨૨.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદઃ—તે વ્રજમાં સદૈવ આનન્દસ્વરૂપ શ્રી વિગ્રહવાળા આત્મારામ અને પૂર્ણકામ એવા શ્રી નન્દરાયના પુત્ર શ્રીકૃષ્ણ પ્રેમાર્દ્ર અન્તઃકરણવાળા ભક્તોથી અનુભવ કરાય છે. શ્રી રાધિકા તેમનાં આત્મા છે. તેમની સાથે રમણ કરતા હોવાથી રહસ્યવેત્તા જ્ઞાનીપુરુષો એમને 'આત્મારામ' તરીકે કહે છે. ૨૧; ૨૨.

कामास्तु वाञ्छितास्तस्य गावो गोपाश्च गोपिकाः ।
नित्याः सर्वे विहाराद्या आप्तकामस्ततस्त्वयम् ॥ २३ ॥
रहस्यं त्विदमेतस्य प्रकृतेः परमुच्यते ।
प्राकृत्या खेलतस्तस्य लीलान्यैरनुभूयते ॥ २४ ॥

અન્વયાર્થ—તસ્ય—તે શ્રીકૃષ્ણના, વાઞ્છિતાઃ ઇચ્છિત, કામાઃ—સંકલ્પો, તુ—તો, ગાવઃ—ગાયો, ગોપાઃ—ગોપો, ચ—અને, ગોપિકાઃ—ગોપિકાઓ છે, સર્વે—બધાજ, વિહારાદ્યાઃ—વિહારો વગેરે, નિત્યાઃ—નિત્યસિદ્ધ છે, તતઃ તુ—તેથી તો, અયમ્—આ શ્રીકૃષ્ણ, આપ્તકામઃ—આપ્તકામ કહેવાય છે. ૨૩; એતસ્ય—આ શ્રીકૃષ્ણનું, ઇદમ્—આ, રહસ્યં તુ—ગુપ્ત રહસ્ય તો, પ્રકૃતેઃ—પ્રકૃતિથી—માયાથી, પરમ્—પર, ઉચ્યતે—કહેવાય છે, પ્રાકૃત્યા—માયાના સહકારથી, ખેલતઃ—ક્રીડા કરતા—વિહાર કરતા, તસ્ય—તે શ્રીકૃષ્ણની, લીલા—લીલા, અન્યૈઃ—અનન્ય ભક્તોથી, અનુભૂયતે—અનુભવ કરાય છે. ૨૪.

અનુવાદ—તે શ્રીકૃષ્ણના સંકલ્પો એજ ગાયો, ગોપ અને ગોપિકાઓ છે. શ્રીકૃષ્ણના સર્વ વિહારાદિ નિત્ય છે, જેથી તે આપ્તકામ કહેવાય છે. આ શ્રીકૃષ્ણનું રહસ્ય તો પ્રકૃતિથી પર ગણાય છે. પ્રકૃતિની સાથે રમણ કરનાર શ્રીકૃષ્ણની લીલાઓ અનન્ય ભક્તોથી અનુભવાય છે. ૨૩; ૨૪

सर्गस्थित्यप्ययया यत्र रजःसत्त्वतमोगुणैः ।
लीलैवं द्विविधा तस्य वास्तवी व्यावहारिकी ॥ २५ ॥

અન્વયાર્થ—યત્ર—જ્યાં, રજઃ—સત્ત્વ—તમોગુણૈઃ—રજસ, સત્ત્વ અને તમોગુણને લીધે, સર્ગ—સ્થિતિ—અપ્યયાઃ—સર્જન, પાલન, સંહાર થાય છે. એવમ્—આ પ્રમાણે, તસ્ય—તે શ્રીકૃષ્ણ ભગવાનની, વાસ્તવી—વાસ્તવિક તેમજ, વ્યાવહારિકી—વ્યાવહારિક, દ્વિવિધા—બે પ્રકારની, લીલા—લીલા છે. ૨૫.

અનુવાદ—રજોગુણ, સત્ત્વગુણ અને તમોગુણને લીધે જ્યાં જગતનું સર્જન, પાલન—પોષણ તથા સંહાર થયા કરે છે, આ પ્રમાણે તે શ્રીકૃષ્ણ ભગવાનની વાસ્તવિક તેમજ વ્યાવહારિક એમ બન્ને પ્રકારની લીલા છે. ૨૫.

वास्तवी तत्स्वसंवेद्या जीवानां व्यावहारिकी ।
आद्यां विना द्वितीया न—द्वितीया नाद्यगा क्वचित् ॥ २६ ॥
युवयो र्गोचरेयं तु तल्लीला व्यावहारिकी ।
यत्र भूरादयो लोका भुवि माथुरमण्डलम् ॥ २७ ॥

અન્વયાર્થ—વાસ્તવી—વાસ્તવિક લીલા, તત્—તે, સ્વસંવેદ્યા—પોતાનાથી જ જાણી શકાય તેવી છે, જીવાનામ્—જીવોની, વ્યાવહારિકી—વ્યાવહારિક લીલા છે, આદ્યાં વિના—પ્રથમ નિત્યલીલા વિના, દ્વિતીયા ન—બીજી સંભવી શકે નહીં, ક્વચિત્—કોઇ વખત, દ્વિતીયા—બીજી વ્યાવહારિક લીલા, આદ્યગા ન—પ્રથમ નિત્યલીલાને અનુસરતી ન પણ હોય. ૨૬; યુવયોઃ—તમને બેને, ગોચરા—દૃષ્ટિગોચર થતી, ઇયમ્—આ,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

तल्लीला तु-તે ભગવાનની લીલા તો, व्यावहारिकी-વ્યાવહારિક લીલા છે, यत्र-જે લીલામાં, भूरादयः-પૃથ્વીલોક વગેરે, लोकाः-લોકો છે, भुवि-પૃથ્વી ઉપર, माथुरमण्डलम्-મથુરાની આસપાસના પ્રદેશોનું મંડલ છે. ૨૭.

અનુવાદ—વાસ્તવી એટલે પારમાર્થિક લીલા કેવળ ભગવાનથી સમજાય તેવી છે, વ્યાવહારિક લીલા જીવ વેદ્ય છે. પ્રથમ પારમાર્થિક લીલા વિના બીજી વ્યાવહારિક લીલા સંભવે નહીં, કોઇવાર બીજી વ્યાવહારિક લીલા પ્રથમ પ્રકારની લીલાને ન પણ અનુસરે, તમને દૃષ્ટિગોચર થાય છે તે વ્યાવહારિક લીલા છે, જેમાં પૃથ્વી વિગેરે લોકોનો અને મથુરા મંડલનો સમાવેશ થાય છે. ૨૬; ૨૭.

अत्रैव व्रजभूमिः सा यत्र तत्त्वं सुगोपितम् ।
भासते प्रेमपूर्णानां कदाचिदपि सर्वतः ॥ २८ ॥
कदाचित्-द्वापरस्यान्ते रहोलीलाधिकारिणः ।
समवेता यदात्र स्युर्यथेदानीं तदा हरिः ॥ २९ ॥
स्वैः सहावतरेत्स्वेषु समावेशार्थमीप्सिताः ।
तदा देवादयोऽप्यन्येऽवतरन्ति समन्ततः ॥ ३० ॥

અન્વયાર્થ—सा-તે, व्रजभूमिः-વ્રજભૂમિ, अत्र एव-અહીં જ છે, यत्र-જેમાં, तत्त्वम्-તત્ત્વ, सुगोपितम्-સુગુપ્ત છે, कदाचित्-કોઇક વખત. प्रेमपूर्णानाम्-પ્રેમપૂર્ણ ભક્તોને, सर्वतः-સર્વ પ્રકારે, भासते अपि-સમજાય પણ ખરું, कदाचित्-કોઇ વખત, द्वापरस्य-अन्ते-દ્વાપર યુગના અન્તે, रहोलीलाधिकारिणः-ગુપ્ત લીલાના અધિકારી જીવો, यथा-જેમ, इदानीम्-હાલમાં, अत्र-અહીંયાં, समवेताः-મળેલા છે, (તેમ) यदा-જ્યારે, समवेताः स्युः-એકઠા મળે, तदा-ત્યારે, हरिः-શ્રીહરિ, स्वैः सह-પોતાના-નિજજનો સાથે, स्वेषु-પોતાનાઓમાં, अवतरेत्-અવતાર લે, तदा-ત્યારે, ईप्सिताः-નિત્યલીલામાં ઇચ્છિત સહાયક, अन्ये-બીજા, देवादयः- अपि-દેવો-દેવાંગનાઓ પણ, समावेशार्थम्-નિત્યલીલામાં પ્રવેશ કરવા માટે, समन्ततः-ચોતરફથી, अवतरन्ति-અવતરે છે. ૨૮; ૨૯; ૩૦.

અનુવાદ—તે વ્રજભૂમિ આ સ્થળે જ છે, જ્યાં તત્વ ખૂબજ ગુપ્ત રહેલ છે, જે તત્વ કોઇવાર પ્રેમ પરિપૂર્ણ ભક્તોને સર્વ રીતે સમજાય છે પણ ખરું. હાલ તમે જેમ એકઠા મળ્યા છો તેમ કોઈ વખત દ્વાપર યુગના અન્તે ગુપ્ત લીલાના અધિકારી જીવો મળે છે ત્યારે શ્રીકૃષ્ણ નિજજનો સાથે અવતરે છે, ત્યારે પ્રભુના નિત્ય ભક્તોમાં સમાવેશ મેળવવા માટે નક્કી કરેલાં એવાં દેવ-દેવાંગનાદિ પણ આસપાસ અવતાર લે છે. ૨૮; ૨૯; ૩૦.

सर्वेषां वाञ्छितं कृत्वा हरिरन्तर्हितोऽभवत् ।
तेनात्र त्रिविधा लोकाः स्थिताः पूर्वं न संशयः ॥ ३१ ॥
नित्यास्तल्लिप्सवश्चैव देवाद्याश्चेति भेदतः ।
देवाद्यास्तेषु कृष्णेन द्वारिकां प्रापिताः पुरा ॥ ३२ ॥
पुनर्मौशलमार्गेण स्वाधिकारेषु चापिताः ।
तल्लिप्सूंश्च सदा कृष्णः प्रेमानन्दैकरूपिणः ॥ ३३ ॥
विधाय स्वीय - नित्येषु समावेशितवांस्तदा ।
नित्याः सर्वेऽप्ययोग्येषु दर्शनाभावतां गताः ॥ ३४ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

व्यावहारिकलीलास्थास्तत्र – यन्नाधिकारिणः ।
पश्यन्त्यत्रागता स्तस्मात् – निर्जनत्वं – समन्ततः ॥ ३५ ॥

અન્વયાર્થ—**सर्वेषाम्**–બધાઓનું, **वाञ्छितम्**–ઇચ્છિત, **कृत्वा**–પૂર્ણ કરીને, **हरिः**–શ્રીહરિ, **अन्तर्हितः**–અન્તર્ધાન, **अभवत्**–થઈ ગયા, **तेन**–તેથી, **पूर्वम्**–પહેલાં, **अत्र**–અહીં, **त्रिविधाः**–ત્રણ પ્રકારના, **लोकाः**–લોક, **स्थिताः**–રહેલા હતા, **संशयः न**–એમાં શંકા નથી. ૩૧; **भेदत**–તેમના ભેદથી, **नित्याः**–નિત્ય ભક્તો, **च**–અને, **तल्लिप्सवः**–તે પ્રભુને મેળવવાની ઇચ્છાવાળા, **च**–અને, **देवाद्याः एव**–દેવો વગેરેજ, **इति**–આમ ત્રણ પ્રકારના છે, **तेषु**–તે ત્રણેમાં, **देवाद्याः**–દેવો વગેરે, **पुरा**–પહેલાં, **कृष्णेन**–શ્રીકૃષ્ણે, **द्वारिकाम्**–દ્વારિકા નગરી તરફ, **प्रापिताः**–મોકલાવ્યા. ૩૨; **च**–અને, **पुनः**–ફરીથી તે દેવોને, **मौशलमार्गेण**–મુશળ શાપના માર્ગથી, **स्वाधिकारेषु**–પોતપોતાના અધિકારોમાં, **आपिताः**–પ્રાપ્ત કરાવ્યા, **च**–અને, **तल्लिप्सून्**–ભગવાનને મેળવવાની ઇચ્છા–વાળાઓને, **कृष्णः**–શ્રીકૃષ્ણે, **सदा**–સદૈવ, **प्रेमानन्दैकरूपिणः**–પ્રેમાનન્દ સ્વરૂપવાળા. ૩૩; **विधाय**–બનાવીને, **स्वीयनित्येषु**–પોતાના નિત્યભક્તોમાં, **समावेशितवान्**–સમાવેશ કર્યો, **तदा**–ત્યારે, **सर्वे**–બીજા, **नित्याः अपि**–નિત્યજીવો પણ, **अयोग्येषु**–દર્શન માટેની યોગ્યતા વિનાનાઓમાં, **दर्शनाभावताम्**–અદર્શનપણાને, **गताः**–પામ્યા. ૩૪; **तत्र**–તેમાં, **व्यावहारिकलीलास्थाः**–વ્યાવહારિક લીલામાં રહેલાં, **यत्**–જે, **अधिकारिणः न**–અધિકારી નથી તેઓ. **अत्र**–અહીં, **आगताः**–આવેલા, **पश्यन्ति**–જુએ છે, **तस्मात्**–તે કારણથી, **समन्ततः**–બધી બાજુએથી, **निर्जनत्वम्**–નિર્જનપણું–એકલતા જણાય છે. ૩૫.

અનુવાદ—સર્વનું ઇચ્છિત પરિપૂર્ણ કરીને શ્રીહરિ અન્તર્ધ્યાન પામ્યા જેથી અહીં પૂર્વે નામભેદથી એક નિત્યલીલાના અધિકારી, બીજા પ્રભુપ્રાપ્તિની ઇચ્છાવાળા, ત્રીજા દેવો વગેરે એમ ત્રણ પ્રકારના લોક રહેલા હતા એમાં કંઈજ આશ્ચર્ય જેવું નથી. ૩૧; તેમાં જે દેવો વગેરે હતા તેમને પહેલાં શ્રીકૃષ્ણે દ્વારિકાનગરી પ્રાપ્ત કરાવી આપી હતી. ૩૨; ફરીથી એ દેવો વગેરેને મુશળને નિમિત્ત બનાવી પોતપોતાને ઠેકાણે પાડયા. ભગવાનને મેળવવાની ઇચ્છાવાળાને સદાકાળ પ્રેમાનન્દ સ્વરૂપવાળા બનાવી, શ્રીકૃષ્ણે સ્વ-સ્વરૂપમાં અપનાવી લીધા. ૩૩; જ્યારે નિત્યલીલાના અધિકારી ભક્તો, યોગ્યતા વગરના અનધિકારીઓને દર્શન આપવું ઘટિત નથી, એમ માની અદૃશ્ય બની ગયા, તેમાં જે વ્યાવહારિક લીલામાં રહેલા, જેઓનો નિત્યલીલામાં અધિકાર નથી, એઓ અહીં આવીને જૂએ છે એમને બધેજ શૂન્યતા–નિર્જનપણું દેખાય છે. ૩૪; ૩૫.

तस्माच्चिन्ता न ते कार्या वज्रनाभ मदाज्ञया ।
वासयात्र बहून्ग्रामान् संसिद्धिस्ते भविष्यति ॥ ३६ ॥
कृष्णलीलानुसारेण कृत्वा नामानि सर्वतः ।
त्वया वासयता ग्रामान् संसेव्या भूरियं परा ॥ ३७ ॥
गोवर्द्धने दीर्घपुरे मथुरायां महावने ।
नन्दिग्रामे बृहत्सानौ कार्या राज्यस्थितिस्त्वया ॥ ३८ ॥

અન્વયાર્થ—**तस्मात्**–તે કારણથી, **वज्रनाभ**–હે વજ્રનાભ, **ते**–તમારે, **चिन्ता**–ચિન્તા, **न कार्या**–ન કરવી, **मदाज्ञया**–મારી આજ્ઞાથી, **अत्र**–આ વ્રજભૂમિમાં, **बहून्**–ઘણાં, **ग्रामान्**–ગામોને, **वासय**–વસાવો, **ते**–તમારી, **संसिद्धिः**–કાર્યસિદ્ધિ સારા પ્રકારે, **भविष्यति**–થશે. ૩૬; **कृष्णलीलानुसारेण**–શ્રીકૃષ્ણલીલાને અનુસરતાં, **नामानि**–નામોને, **कृत्वा**–કરીને, **ग्रामान्**–ગામોનો, **वासयता**–વસવાટ કરાવતા, **त्वया**–તમારે, **इयम्**–આ, **परा**–ઉત્તમ, **भूः**–પૃથ્વી, **सर्वतः**–બધી બાજૂએથી, **संसेव्या**–સારી રીતે રક્ષવી. ૩૭; **गोवर्द्धने**–ગોવર્ધન નામે, **दीर्घपुरे**–મોટા નગરમાં, **मथुरायाम्**–મથુરા નગરીમાં, **महावने**–વૃન્દાવનમાં, **नन्दिग्रामे**–નન્દગાંવમાં, **बृहत्सानौ**–શ્રીગિરિરાજમાં, **त्वया**–તમારે, **राज्यस्थितिः**–રાજ્ય વ્યવસ્થા, **कार्या**–કરવી. ૩૮.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—તેથી હે વજ્રનાભ તમારે અલ્પ પણ ચિન્તા ન કરવી. મારી આજ્ઞા છે કે તમે અહીં ઘણાં ગામ વસાવો એથી તમારી ઇચ્છાઓ સારી રીતે સિદ્ધ થશે. શ્રીકૃષ્ણલીલાને અનુસરતાં ગામોનાં નામ રાખી, આ ભૂમિ ઉપર વસાવો, તમારે એ ઉત્તમ ભૂમિને સર્વ પ્રકારે સારી રીતે સેવવી. ગોવર્ધન નામના મોટા નગરમાં, મથુરામાં, વૃન્દાવનમાં, નન્દગાંવ, ગિરિરાજ વગેરે ઉપર તમારે રાજ્ય વ્યવસ્થા કરવી. ૩૬; ૩૭; ૩૮.

नद्यद्रि – द्रोणि–कुण्डादि–कुञ्जान् संसेवतस्तव ।
राज्ये प्रजाः सुसंपन्नास्त्वं च प्रीतो भविष्यसि ॥ ३९ ॥

અન્વયાર્થ—નદી–અદ્રિ–દ્રોણિ–કુણ્ડાદિ–નદી, પર્વત, પર્વતની ખીણ, કુંડ વગેરે, કુંજાન્–કુંજોને, સંસેવતઃ–સારી રીતે સેવતા, તવ–તમારા, રાજ્યે–રાજ્યમાં, પ્રજાઃ–પ્રજાઓ, સુસંપન્નાઃ–સર્વ રીતે સમૃદ્ધ થશે, ત્વં ચ–અને તમે પણ, પ્રીતઃ–પ્રસન્ન, ભવિષ્યસિ–થશો. ૩૯.

અનુવાદ—નદીઓ, પર્વતો નીચાણ પ્રદેશો, કુંડ તેમજ કુંજો વગેરેને યોગ્ય રીતે વ્યવસ્થાપૂર્વક સેવતા તમારા રાજ્યમાં પ્રજાઓ સુખપૂર્વક સમૃદ્ધ રીતે જીવન જીવશે અને તમે પણ પ્રસન્ન થશો. ૩૯.

सच्चिदानन्दभूरेषा त्वया सेव्या प्रयत्नतः ।
तव कृष्णस्थलान्यत्र स्फुरन्तु मदनुग्रहात् ॥ ४० ॥

અન્વયાર્થ—ત્વયા–તમારે, એષા–આ, સચ્ચિદાનન્દભૂઃ–સત્, ચિત્ અને આનન્દ સ્વરૂપ એવી આ પૃથ્વી, પ્રયત્નતઃ–ખૂબ પ્રયત્નપૂર્વક, સેવ્યા–સેવવી, અત્ર–આ વ્રજભૂમિમાં, તવ–તમને, મદનુગ્રહાત્–મારી કૃપાથી, કૃષ્ણસ્થલાનિ–શ્રીકૃષ્ણનાં લીલા સ્થલો, સ્ફુરન્તુ–સ્ફૂરાયમાન થાઓ. ૪૦.

અનુવાદ—હે વજ્રનાભ ! તે સચ્ચિદાનન્દ સ્વરૂપ આ વ્રજભૂમિને તમારે યોગ્ય પ્રયત્નપૂર્વક સંભાળવી, મારા અનુગ્રહથી અહીં તમને શ્રીકૃષ્ણલીલાસ્થળો પ્રકટરીતે સ્ફૂરાયમાન થાઓ. ૪૦.

वज्र संसेवनादस्य उद्धवस्त्वां मिलिष्यति ।
ततो रहस्यमेतस्मात् प्राप्स्यसि त्वं समातृकः ॥ ४१ ॥
एवमुक्त्वा तु शाण्डिल्यो गतः कृष्णमनुस्मरन् ।
विष्णुरातोऽथ वज्रश्च परां प्रीतिमवापतुः ॥ ४२ ॥

અન્વયાર્થ—વજ્ર–હે વજ્રનાભ, અસ્ય–આ વ્રજભૂમિના, સંસેવનાત્–સંસેવનથી, ઉદ્ધવઃ–ઉદ્ધવજી, ત્વામ્–તમને, મિલિષ્યતિ–મળશે, તતઃ–ત્યારબાદ, સમાતૃકઃ–માતાઓ સાથે રહેતા, ત્વમ્–તમે, એતસ્માત્–એ ઉદ્ધવજીથી, રહસ્યમ્–રહસ્યને, પ્રાપ્સ્યસિ–પ્રાપ્ત કરશો. ૪૧; એવમ્–આ પ્રમાણે, ઉક્ત્વા કહીને, શાણ્ડિલ્યઃ–તુ–પુરોહિત શાંડિલ્ય તો, કૃષ્ણમ્–શ્રીકૃષ્ણને, અનુસ્મરન્–વારંવાર યાદ કરતા, ગતઃ–ચાલ્યા ગયા અથ–બાદ, વિષ્ણુરાતઃ–રાજા પરીક્ષિત, ચ–અને, વજ્રઃ–વજ્રનાભ, પરાં પ્રીતિમ્–ઉત્તમ પ્રકારની પ્રસન્નતાને, અવાપતુઃ–મેળવતા હતા. ૪૨.

અનુવાદ—હે વજ્રનાભ ! આ વ્રજભૂમિને યોગ્ય પ્રકારે સેવતાં ઉદ્ધવજી તમને મળશે, ત્યારે એમની પાસેથી માતાઓ સહ તમે આ વ્રજના રહસ્યવૃત્તાન્તને જાણી શકશો. ૪૧ એમ કહીને શ્રીકૃષ્ણને સ્મરણ કરતા શાંડિલ્ય પુરોહિત ચાલ્યા ગયા; રાજા પરીક્ષિત અને વજ્રનાભે આ બધું શ્રવણકરીને પરમ પ્રસન્નતા મેળવી. ૪૨.

શ્રીસ્કંદ પુરાણના દ્વિતીય વૈષ્ણવ ખંડના શ્રીમદ્ ભાગવત-માહાત્મ્યમાં શાંડિલ્ય મુનિએ
ઉપદેશેલા વ્રજભૂમિ માહાત્મ્યનો પ્રથમ અધ્યાય સંપૂર્ણ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અધ્યાય બીજો

ઋષય ઊચુઃ—શાણ્ડિલ્યે તૌ સમાદિશ્ય પરાવૃત્તે સ્વમાશ્રમમ્ ।
કિં કથં ચક્રતુસ્તૌ તુ રાજાનૌ સૂત તદ્ વદ ॥ ૧ ॥

અન્વયાર્થ—**તૌ**-તે, બન્નેને - વજ્રનાભ અને પરીક્ષિતને, **સમાદિશ્ય**-સારી રીતે સમજાવી, **શાણ્ડિલ્યે**-શાંડિલ્ય ઋષિ, **સ્વમ્-આશ્રમમ્**-પોતાના આશ્રમ તરફ, **પરાવૃત્તે**-પાછા વળ્યા એટલે, **તૌ**-તે બન્ને, **રાજાનૌ તુ**-રાજાઓએ તો, **કિમ્**-શું, **કથમ્**-કેવા પ્રકારે, **ચક્રતુઃ**-કર્યું, **સૂત**-હે સૂતજી, **તત્**-તે, **વદ**-કહો. ૧.

અનુવાદ—હે સૂતજી ! રાજા પરીક્ષિત અને વજ્રનાભને ઉપર મુજબનો આદેશ આપીને શાંડિલ્ય જ્યારે પોતાના આશ્રમે પાછા ગયા ત્યારે એ બન્નેએ શું કર્યું ? કેવી રીતે રાજ્ય કર્યું તે બધું અમને કહો. ૧.

સૂત ઉવાચ — ततस्तु विष्णुरातेन श्रेणीमुख्याः सहस्रशः ।
इन्द्रप्रस्थात् समानाय्य मथुरास्थानमापिताः ॥ २ ॥
माथुरान् ब्राह्मणांस्तत्र वानरांश्च पुरातनान् ।
विज्ञाय माननीयत्वं तेषु स्थापितवान् स्वराट् ॥ ३ ॥

અન્વયાર્થ—**ततः**-ત્યારબાદ, **विष्णुरातेन तु**-રાજા પરીક્ષિતે તો, **इन्द्रप्रस्थात्**-ઈન્દ્રપ્રસ્થમાંથી, **सहस्रशः**-હજારોની સંખ્યામાં, **श्रेणीमुख्याः**-દરેક શ્રેણીના શ્રેષ્ઠ વર્ગો, **समानाय्य**-આદરથી તેડાવી, **मथुरास्थानम्**-મથુરા સ્થાનમાં, **आपिताः**-વસાવ્યા, **तत्र**-ત્યાં, **माथुरान् ब्राह्मणान्**-મથુરા પ્રદેશના બ્રાહ્મણોને, **च**-અને, **वानरान्**-વાનરોને, **पुरातनान्**-પ્રાચીન છે એમ, **विज्ञाय**-જાણીને. **स्वराट्**-ચક્રવર્તી રાજા પરીક્ષિતે, **तेषु**-તેઓ ઉપર, **माननीयत्वम्**-માન્યપણું, **स्थापितवान्**-સ્થાપ્યું. ૨; ૩.

અનુવાદ—રાજા પરીક્ષિતે હસ્તિનાપુરમાંથી પ્રત્યેક વિભાગના મુખ્ય મુખ્ય કલા કોવિદોને હજારોની સંખ્યામાં સન્માનપૂર્વક બોલાવી, મથુરા મંડળમાં સ્થાન આપીને વસાવ્યા. તેમાં જેઓ પહેલાંના નિવાસીઓ હતા તે મથુરામંડળના બ્રાહ્મણોને માનનીય જાણીને બધાં સ્થાનોમાં સ્થાપ્યા; તેમજ પહેલાંના વાનરોને પણ તેમના તેમજ રહેવા દીધા. ૨; ૩.

वज्रस्तु तत्सहायेन शाण्डिल्यस्याप्यनुग्रहात् ।
गोविन्दगोपगोपीनां लीलास्थानान्यनुक्रमात् ॥ ४ ॥
विज्ञायाभिधयास्थाप्य ग्रामानावासयद् बहून् ।
कुण्ड-कूपादि-पूर्तेन शिवादि-स्थापनेन च ॥ ५ ॥
गोविन्द हरिदेवादि स्वरूपारोपणेन - च ।
कृष्णैकभक्तिं स्वे राज्ये ततान च मुमोद ह ॥ ६ ॥
प्रजास्तु मुदितास्तस्य कृष्ण-कीर्तन-तत्पराः ।
परमानन्द-सम्पन्नाः राज्यं तस्यैव तुष्टुवुः ॥ ७ ॥

અન્વયાર્થ—**वज्रः** तु-વજ્રનાભે તો, **तत्सहायेन**-તેમની સહાયતાથી-પરીક્ષિતના સહકારથી, **शाण्डिल्यस्य अपि**-શાંડિલ્યના પણ, **अनुग्रहात्**-કૃપા પ્રસાદથી, **गोविन्द-गोप-गोपीनाम्**-ગોવિંદ, ગોપો તેમજ ગોપીઓનાં, **लीलास्थानानि**-લીલા સ્થળોને, **अनुक्रमात्**-ક્રમપ્રમાણે. ૪; **विज्ञाय**-જાણીને, તે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સ્થાનોના માહિતગાર બનીને, **अभिधया आस्थाप्य**–(તે સ્થાનોનાં) નામો આપીને, **बहून्**–ઘણાં, **ग्रामान्**–ગામોને, **आवासयत्**–ચોતરફથી વસાવ્યાં, **कुण्डकूपादि–पूर्तेन**–કુંડો, કૂવા, વાવ, તળાવ વગેરે જલાશયોથી, **च**–અને, **शिवादि–स्थापनेन**–દેવાલયોની સ્થાપનાથી. ૫; **च**–અને, **गोविन्द–हरि–देवादि–स्वरूपा रोपणेन**–ગોવિન્દ, હરિ વગેરે દેવ પ્રતિમાઓની પ્રતિષ્ઠાથી, **स्वे राज्ये**–પોતાના રાજ્ય વિસ્તારમાં, **कृष्णैक–भक्तिम्**–કેવળ શ્રીકૃષ્ણનીજ ભક્તિને, **ततान**–વિસ્તારી, **च**–અને, **ह**–ખરેખર, **मुमोद**–રાજી થયા. ૬; **तस्य**–તે વજ્રનાભની, **प्रजाः तु**–પ્રજાઓ તો, **मुदिताः**–પ્રસન્ન થયેલી, **कृष्णकीर्तनतत्पराः**–શ્રીકૃષ્ણનુંજ કીર્તન કરવામાં તત્પર, **परमानन्द–सम्पन्नाः**–પરમ આનંદયુકત, **तस्य एव**–તે વજ્રનાભનાજ, **राज्यम्**–રાજ્યને, **तुष्टुवुः**–વખાણતી હતી. ૭.

અનુવાદ—શ્રીવજ્રનાભે પરીક્ષિત રાજાની સહાયથી અને મહર્ષિ શાંડિલ્યની કૃપાથી ગોપ ગોપિકાઓનાં લીલાનાં સ્થાનોને ક્રમબદ્ધ ઇતિહાસથી જાણી, તે તે નામને એની સાથે જોડીને અનેક ગામ વસાવીને, કૂંડ, કૂવા, વાવ, તળાવ સરોવર વગેરેને બંધાવી, દેવાલયોની પણ સ્થાપના કરી, ગોવિન્દદેવ હરિદેવ વગેરે દેવોનાં સ્વરૂપોને પધરાવી પોતાના રાજ્યમાં શ્રીકૃષ્ણની અનન્ય ભક્તિનો વિસ્તાર કર્યો, જેથી વજ્રનાભને મોટો આનંદ થયો. શ્રીકૃષ્ણ કીર્તનપરાયણ પ્રસન્ન અને પરમાનંદ સમ્પન્ન એવી તે વજ્રનાભ રાજાની પ્રજાઓ તો તેમનાજ રાજ્યની પ્રશંસા કરતી હતી. ૪; ૫; ૬; ૭.

एकदा कृष्णपत्न्यस्तु श्रीकृष्ण – विरहातुराः ।
कालिन्दीं मुदितां वीक्ष्य पप्रच्छुर्गतमत्सराः ॥ ૮ ॥

श्रीकृष्णपत्न्य ऊचु :—यथा वयं कृष्णपत्न्यस्तथा त्वमपि शोभने ।
वयं विरहदुःखार्तास्त्वं न कालिन्दि तद् वद ॥ ૯ ॥
तच्छ्रुत्वा स्मयमाना सा कालिन्दी वाक्यमब्रवीत् ।
सापत्न्यं वीक्ष्य तत्तासां करुणापरमानसा ॥ ૧૦ ॥

અન્વયાર્થ—**एकदा**–એક વખત, **श्रीकृष्णविरहातुराः**–શ્રીકૃષ્ણના વિરહથી અતિશય દુઃખી, **कृष्णपत्न्यः**–શ્રીકૃષ્ણની પત્નીઓ, **तु**–તો, **कालिन्दीम्**–કાલિન્દીજીને, **मुदिताम्**–પ્રસન્ન ચિત્તવાળાં, **वीक्ष्य**–જોઇને, **गतमत्सराः**–મત્સર રહિત, **पप्रच्छुः**–પૂછવા લાગ્યાં. ૮; **शोभने**–હે શોભને ! **यथा**–જેમ, **वयम्**–અમે, **कृष्णपत्न्यः**–શ્રીકૃષ્ણની પત્નીઓ છીએ, **त्वम् अपि**–તમે પણ, **तथा**–તે રીતેજ છો, **कालिन्दि**–હે કાલિન્દી, **वयम्**–અમે, **विरहदुःखार्ताः**–વિરહ વેદનાથી દુઃખી છીએ, **त्वम्**–તમે, **न**–નથી, **तत्**–તો તેનું કારણ, **वद**–કહો. ૯; **तत्**–તેમનું વચન, **श्रुत्वा**–સાંભળીને, **तासाम्**–તેમનો, **तत्**–તે, **सापत्न्यं**–શોકયભાવ, **वीक्ष्य**–જોઇને, **स्मयमाना**–કંઇક મંદ મંદ હસતાં, **करुणापरमानसा**–દયાર્દ્રચિત્તવાળાં, **सा**–તે, **कालिन्दी**–યમુનાજી, **वाक्यम्**–વચનને, **अब्रवीत्**–બોલ્યાં. ૧૦.

અનુવાદ—એક વખત શ્રીકૃષ્ણના વિરહથી વેદના અનુભવતી શ્રીકૃષ્ણની પત્નીઓ કાલિન્દીને તો પ્રસન્ન ચિત્તવાળાં જોઇને મત્સર રહિત થઇને પૂછવા લાગ્યાં. ૮; હે શોભને ! જેમ અમે શ્રીકૃષ્ણની પત્નીઓ છીએ, તેજ રીતે તમે પણ છો, તો હે કાલિન્દીજી, અમે શ્રીકૃષ્ણના વિરહની વેદના અનુભવીએ છીએ, તમે આનંદ કરો છો તેનું શું કારણ ? ૯; શ્રીકૃષ્ણની પત્નીઓના તે વચનને સાંભળીને, તેમનો તે શોકયભાવ જોઇને મંદ હસતાં, દયાળુ અંતઃકરણ વાળાં કાલિન્દીજી વાકય બોલ્યાં. ૧૦.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

कालिन्द्युवाच —आत्मारामस्य कृष्णस्य ध्रुवमात्मास्ति राधिका ।
तस्या दास्यप्रभावेण विरहोऽस्मान् न संस्पृशेत् ॥ ११ ॥
तस्या एवांशविस्ताराः सर्व्वाः श्रीकृष्णनायिकाः ।
नित्यसम्भोग एवास्ति तस्याः साम्मुख्ययोगतः ॥ १२ ॥
स एव सा स सैवास्ति वंशी तत्प्रेमरूपिका ।
श्रीकृष्ण—नख—चन्द्रालि—सङ्गाच्चन्द्रावली स्मृता ॥ १३ ॥
रूपान्तरमगृह्णाना तयोः सेवातिलालसा ।
रुक्मिण्यादि—समावेशो मयाचैव विलोकितः ॥ १४ ॥

અન્વયાર્થ—**આત્મારામસ્ય**–**શ્રીકૃષ્ણસ્ય**–આત્મારામ –શ્રીકૃષ્ણનો, **આત્મા**–આત્મા, **ધ્રુવમ્**–ચોક્કસ, **રાધિકા**–શ્રીરાધિકાજી, **અસ્તિ**–છે, **તસ્યાઃ**–તે શ્રીરાધિકાજીનું, **દાસ્યપ્રભાવેણ**–દાસ્ય સ્વીકારવાથી, **અસ્માન્**–આપણને, **વિરહઃ**–વિરહ, **ન સંસ્પૃશેત્**–સ્પર્શ ન કરે, **સર્વાઃ**–સમસ્ત, **શ્રીકૃષ્ણનાયિકાઃ**–શ્રીકૃષ્ણ ભગવાનની નાયિકાઓ, **તસ્યાઃ એવ**–તે શ્રીરાધિકાજીનાજ, **અંશવિસ્તારાઃ**–અંશ વિસ્તારો છે, **તસ્યાઃ**–તે શ્રીરાધિકાજીની, **સામ્મુખ્યયોગતઃ**–સન્મુખ થવાથી, **નિત્યસંભોગઃ એવ**–શ્રીકૃષ્ણનો નિત્ય સંભોગજ છે. **સઃ એવ**–તે શ્રીકૃષ્ણજ, **સા**–તે રાધિકા છે, **સા એવ**–તે રાધિકાજ, **સઃ**–તે કૃષ્ણ, **અસ્તિ**–છે, **વંશી**–વંશી, **તત્પ્રેમરૂપિકા**–તેના પ્રેમનું પ્રતીક છે, **શ્રીકૃષ્ણનખચન્દ્રાલિસઙ્ગાત્**–શ્રીકૃષ્ણચન્દ્રના નખરૂપી ચન્દ્રની કિરણાવલીના સંગથી, **ચન્દ્રાવલી**–ચન્દ્રાવલીજીનું, **સ્મૃતા**–સ્મરણ થાય છે. **તયોઃ**–તે બન્નેની, **સેવાતિલાલસા**–સેવા કરવામાં અત્યંત પ્રીતિવાળી, **રૂપાન્તરમ્**–બીજા સ્વરૂપને, **અગૃહ્ણાના**–ધારણ ન કરતી રાધિકાજ ચન્દ્રાવલી રૂપે છે, **મયા**–મેં, **અત્ર એવ**–આ શ્રીરાધિકાજી કિંવા ચન્દ્રાવલીમાં, **રુક્મિણ્યાદિસમાવેશઃ**–શ્રીરુકિમણીજી વગેરે પટરાણીઓનો સમાવેશ, **વિલોકિતઃ**–જોયો છે. ૧૧; ૧૨; ૧૩; ૧૪.

અનુવાદ—આત્માનંદમાં રમણ કરતા શ્રીકૃષ્ણનો આત્મા રાધિકાજી છે અને હું શ્રીસ્વામિનીજીનું દાસ્ય કરું છું, તેથી અમને વિરહ સ્પર્શતો નથી; તે શ્રીરાધિકાજીના જ અંશ વિસ્તારે તે શ્રીકૃષ્ણ ભગવાનની સર્વ સ્ત્રીઓ છે. રાધિકાજીની સન્મુખ થવાથી શ્રીકૃષ્ણનો નિત્ય-સંયોગ રહે છે. શ્રીરાધિકા એ જ શ્રીકૃષ્ણ છે અને શ્રીકૃષ્ણ તે જ રાધિકા છે. વંશી એના પ્રેમની પ્રકાશિકા છે. શ્રીકૃષ્ણના નખચન્દ્રની કિરણાવલીના સંબંધથી ચન્દ્રાવલી રૂપે અન્ય સ્વરૂપ બનાવ્યું છે, જેમની સેવામાં અતિશય લાલસા છે. રુકિમણી વિગેરે પટરાણીઓનો આ બન્નેમાં સમાવેશ થાય છે. ૧૧; ૧૨; ૧૩; ૧૪.

युष्माकमपि कृष्णेन विरहो नैव सर्वतः ।
किन्तु एवं न जानीथ तस्माद् व्याकुलतामिताः ॥ १५ ॥
एवमेवात्र गोपीनामक्रूरावसरे पुरा ।
विरहाभास एवासीदुद्धवेन समाहितः । १६ ॥
तेनैव भवतीनां चेद् भवेदत्र समागमः ।
तर्हि नित्यं स्वकान्तेन विहारमपि लप्स्यथ । १७ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—**યુષ્માકમ અપિ**-તમને પણ, **કૃષ્ણેન**-શ્રીકૃષ્ણ સાથે, **વિરહઃ**-વિયોગ, **સર્વતઃ**-સર્વ પ્રકારે, **ન એવ**-નથીજ, **કિન્તુ**-પરંતુ, **એવમ્**-આ પ્રમાણે, **ન જાનીથ**-તમે જાણતાં નથી, **તસ્માત્**-તેથી, **વ્યાકુલતામ્**-વ્યાકુળતાને, **ઇતાઃ**-પ્રાપ્ત થયાં છો, **અત્ર**-આ વિષયમાં, **પુરા**-પહેલાં, **અક્રૂરાવસરે**-અક્રૂરજીના પ્રસંગમાં, **ગોપીનામ્**-ગોપીઓને, **એવમ્ એવ**- આવા પ્રકારનોજ, **વિરહાભાસઃ એવ**-વિયોગનો આભાસજ-ભ્રાન્તિજ, **આસીત્**-થયેલી હતી, (તેનું) **ઉદ્ધવેન**-ઉદ્ધવજીએ, **સમાહિતઃ**-સમાધાન કર્યું, **તેન એવ**-તે શ્રી ઉદ્ધવજી સાથેજ, **ભવતીનામ્**-તમારો, **અપિ**-પણ, **અત્ર**-આ સ્થળે, **સમાગમઃ**-સમાગમ, **ભવેત્ ચેત્**-જોથાય, **તર્હિ**-તો, **સ્વકાન્તેન**-પોતાના કાન્ત સાથે, **નિત્યમ્**-નિત્ય, **વિહારમ્**-વિહારને, **લપ્સ્યથ**-મેળવશો. ૧૫; ૧૬; ૧૭

અનુવાદ—તમને પણ શ્રીકૃષ્ણ સાથે કોઈપણ પ્રકારે વિયોગ કે વિરહ તો નથી જ; પરંતુ તમે એ લીલાઓ નથી જાણતાં, માટે જ વ્યાકુળ થયાં છો. પહેલાં શ્રીઅક્રૂરજી શ્રીકૃષ્ણને ગોકુલમાંથી મથુરા લઈ ગયા ત્યારે ગોપીઓને આવા પ્રકારનો જ વિરહાભાસ થયેલો, જેનું ઉદ્ધવજીએ સમાધાન કરેલું. તમને પણ અહીં જો ઉદ્ધવજી સાથે જ સમાગમ થાય તો તમે પણ પોતાના પ્રિયતમ સાથે નિત્ય વિહાર મેળવી શકો.

सूत उवाच — एवमुक्तास्तु ताः पत्न्यः प्रसन्नां पुनरब्रुवन् ।
उद्धवालोकनेनात्म-प्रेष्ठ-सङ्गम - लालसाः ॥ १८ ॥

અન્વયાર્થ—**એવમ્**-એ પ્રમાણે, **ઉક્તાઃ**-કહેવામાં આવેલી, **તાઃ પત્ન્યઃ તુ**-તે શ્રીકૃષ્ણની પત્નીઓ તો, **ઉદ્ધવાલોકનેન**-ઉદ્ધવજીના દર્શનથી, **આત્મ-પ્રેષ્ઠ-સંગમ-લાલસાઃ**-પોતાના પ્રિયતમને મળવામાં ઈતિન્નરીવાળાં, **પ્રસન્નામ**-પ્રસન્ન કાલિન્દીજીને, **પુનઃ**-ફરીથી, **અબ્રુવન્**-કહેવા લાગ્યાં.

અનુવાદ—શ્રી સૂતજી બોલ્યા; કે જ્યારે કાલિન્દીજીએ શ્રીકૃષ્ણ પત્નીઓને એ પ્રકારે કહ્યું, ત્યારે તેઓ ખૂબ રાજી થયાં અને ઉદ્ધવજીના મિલનથી પોતાના પ્રિયતમ શ્રીકૃષ્ણના સમાગમની લાલસા સેવતાં, પ્રસન્ન મનવાળાં કાલિન્દીજીને કહેવા લાગ્યાં.

श्रीकृष्णपत्न्य ऊचु :—धन्यासि सखि कान्तेन यस्या नैवास्ति विच्युतिः ।
यतस्ते स्वार्थसंसिद्धिस्तस्या दास्यो बभूविम ॥ १९ ॥

परन्तूद्धव-लाभे - स्यादस्मत्सर्वार्थ-साधनम् ।
तथा वदस्व कालिन्दि तल्लाभोऽपि यथा भवेत् ॥ २० ॥

અન્વયાર્થ—**સખિ**-હે કાલિન્દી, **ધન્યા અસિ**-તમે ધન્ય છો, **યસ્યાઃ**-જેનો, **કાન્તેન**-પ્રિયતમ સાથે, **વિચ્યુતિઃ**-વિયોગ, **ન એવ અસ્તિ**-થતોજ નથી, **યતઃ**-જેનાથી, **તે**-તમારા, **સ્વાર્થસંસિદ્ધિઃ**-અભિલાષની સિદ્ધિ છે, **તસ્યાઃ**-તેની, **દાસ્યઃ**-દાસીઓ, **બભૂવિમ**-અમે થઇએ. **પરંતુ**-પરંતુ, **ઉદ્ધવલાભે**-ઉદ્ધવજીને મેળવવામાં, **અસ્મત્સર્વાર્થસાધનમ્**-અમારી બધીજ ઇચ્છાઓ પરિપૂર્ણ, **સ્યાત્**-થાય, **તથા**-તે રીતે, **કાલિન્દિ**-હે કાલિન્દીજી ! **વદસ્વ**-કહો, **યથા** જે રીતે, **તલ્લાભઃ અપિ**-તે ઉદ્ધવજીનો મેળાપ પણ, **ભવેત્**-થાય. ૧૯; ૨૦.

અનુવાદ—શ્રીકૃષ્ણ પત્નીઓ બોલ્યાં; હે સખી, તમને ધન્યવાદ છે, કારણ કે તમારો શ્રીકૃષ્ણ સાથે કદિ વિયોગ જ થતો નથી. જેનાથી તમારી સર્વ ઇચ્છાઓ ફળીભૂત થઈ છે, તેનાં અમે દાસીઓ થઇએ. ૧૯; પરંતુ ઉદ્ધવજીને મેળવવામાં જ અમારી સર્વ ઇચ્છાઓ પરિપૂર્ણ થાય; માટે હે કાલિન્દીજી ! એવો માર્ગ બતાવો કે જેથી અમને તેમનો લાભ થાય. ૨૦.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

सूत उवाच — एवमुक्ता तु कालिन्दी प्रत्युवाचाथ तास्तथा ।
स्मरन्ती कृष्णचन्द्रस्य कलाः षोडशरूपिणीः ॥ २१ ॥
साधनभूमिर्बदरी व्रजता कृष्णेन मन्त्रिणे प्रोक्ता ।
तत्रास्ते स तु साक्षात्तद्भुयुनं ग्राहयँल्लोकान् ॥ २२ ॥
फलभूमिर्व्रजभूमिर्दत्ता तस्मै पुरैव सरहस्यम् ।
फलमिह तिरोहितं सत्तदिहेदानीं स उद्धवोऽलक्ष्यः ॥ २३ ॥

અન્વયાર્થ—**एवम्**–એ પ્રમાણે, **उक्ता**–કહેવાયેલાં, **कालिन्दी तु**–કાલિન્દી તો, **अथ**–હવે, **कृष्णचन्द्रस्य**–શ્રીકૃષ્ણચન્દ્રની, **षोडशरूपिणीः**–સોળ રૂપવાળી, **कलाः**–કલાઓને, **स्मरन्ती**–સ્મરણ કરતાં, **ताः**– તે શ્રીકૃષ્ણ પત્નીઓને, **तथा**–તે પ્રકારે, **प्रत्युवाच**–પ્રત્યુત્તર આપવા લાગ્યાં. **व्रजता**–સ્વધામ પધારતા, **श्रीकृष्णेन**–શ્રીકૃષ્ણે, **मन्त्रिणे**–ઉદ્ધવજીને, **बदरी**–બદરિકાશ્રમ, **साधनभूमिः** ઉપાસનાની ભૂમિ, **प्रोक्ता**–નિવાસ માટે બતાવી, **सः तु**–તે ઉદ્ધવજી તો, **तद्भुयुनम्**–તેના–ભગવાનના જ્ઞાનને, **लोकान्**–લોકોને, **ग्राहयन्**–સમજાવતા, **साक्षात्**–પ્રત્યક્ષ દેહે, **तत्र**–ત્યાં બદરિકાશ્રમમાં, **आस्ते**–બિરાજે છે. **व्रजभूमि**–વ્રજભૂમિ, **फलभूमिः**– ફળભૂમિ છે, **पुरा**–પહેલાં, **तस्मै**–તે ઉદ્ધવજીને, **सरहस्यम् एव**–રહસ્યજ્ઞાનપૂર્વકજ, **दत्ता**–આપેલી, **इह**–અહીં–વ્રજ ભૂમિમાં, **सत्**–વાસ્તવિક સત્ય, **फलम्**–ફળ, **तिरोहितम्**–તિરોધાન પામ્યું, **तत्**–તેથી, **इह**–આ સ્થલમાં, **इदानीम्**–હાલમાં, **अलक्ष्यः**–દૃષ્ટિગોચર થતા નથી. ૨૧; ૨૨; ૨૩.

અનુવાદ—સૂતજી બોલ્યા; શ્રીકૃષ્ણ પત્નીઓએ કાલિન્દીજીને એ પ્રકારે વિનંતિ કરી, ત્યારે શ્રીકૃષ્ણનું સ્મરણ કરીને કાલિન્દીજી ભગવાનની સોડશ કલાત્મક કૃષ્ણપત્નીઓને કહેવા લાગ્યાં. ૨૧; હે સખી; શ્રીકૃષ્ણે ગોલોકમાં પધારતાં ઉદ્ધવજીને સાધના માટેની બદરિકાશ્રમ ભૂમિ વસવા માટે બતાવી છે. ત્યાં લોકોને ભગવાનને મેળવવાના જ્ઞાનનો ઉપદેશ કરતા ઉદ્ધવજી નિવાસ કરે છે. ૨૨; ફલરૂપ આ વ્રજભૂમિ સર્વ ધન-ધાન્ય સમૃદ્ધિવાળી છે. તે ભગવાને ઉદ્ધવને રહેવાને આપી છે. તેમાં હાલ ફલ પ્રકટ દેખાતું નથી, તે ઉદ્ધવના સમાગમથી તમારા જોવામાં આવશે. ૨૩.

गोवर्द्धनगिरिनिकटे सखीस्थले तद्रजःकामः ।
तत्रत्याङ्कुर – वल्लीरूपेणास्ते स उद्धवो नूनम् ॥ २४ ॥
आत्मोत्सवरूपत्वं हरिणा तस्मै समर्पितं नियतम् ।
तस्मात्तत्र स्थित्वा कुसुमसरः परिसरे सवज्राभिः ॥ २५ ॥
वीणावेणुमृदङ्गैः कीर्तनकाव्यादिसरससङ्गीतैः ।
उत्सव आरब्धव्यो हरिरतलोकान् समानाय्य ॥ २६ ॥
तत्रोद्धवावलोको भविता नियतं महोत्सवे विततते ।
यौष्माकीणामभिमतसिद्धिं सविता स एव सवितानाम् ॥ २७ ॥

અન્વયાર્થ—**गोवर्द्धनगिरिनिकटे**–ગોવર્ધન પર્વતની સમીપે, **सखीस्थले**–સખીસ્થળમાં, **तद्रजः कामः**–વ્રજભક્તોના ચરણરજની ઇચ્છાવાળા, **सः**–તે, **उद्धवः**–ઉદ્ધવજી, **नूनम्**–ચોક્કસ, **तत्रत्याङ्कुरवल्लीरूपेण**–તે વ્રજભૂમિમાં ઉત્પન્ન અંકુરવેલ રૂપે, **आस्ते**–રહેલા છે. ૨૪; **हरिणा**–શ્રી હરિએ, **तस्मै**–તે ઉદ્ધવજીને,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

नियतम्-નિશ્ચિતરૂપે, **आत्मोत्सवरूपत्त्वम्**-પોતાનું ઉત્સવાત્મક સ્વરૂપ, **समर्पितम्**-સમર્પણ કરેલું છે, **तस्मात्**-તે કારણથી, **तत्र**-ત્યાં, **कुसुमसरः परिसरे**-કુસુમ સરોવરની આસપાસમાં, **हरिरतलोकान्**-શ્રીહરિમાં પ્રેમવાળા ભક્તોને, **समानाय्य**-એકઠા કરીને, **सवज्राभिः**-વજ્રનાભ સાથે, **स्थित्वा**-રહીને, **वीणावेणुमृदङ्गैः**-વીણા, વેણુ અને મૃદંગના શબ્દોથી, **कीर्तनकाव्यादिसरससङ्गीतैः**-સંકીર્તન, કાવ્ય વગેરેના સરસ સંગીત દ્વારા, **उत्सवः**-મહોત્સવ, **आरब्धव्यः**-શરૂ કરવો જોઇએ. ૨૫; ૨૬; **तत्र**-ત્યાં, **विततते**-ઉજવાતા, **महोत्सवे**-મહોત્સવમાં, **उद्धवावलोकः**-ઉદ્ધવજીનું દર્શન, **नियतम्**-અવશ્ય, **भविता**-થશે, **सः एव**-તે, **यौष्माकीणाम्**-તમારી, **सविताानाम्**-વિસ્તારવાળી, **अभिमतसिद्धिम्**-ઇષ્ટ સિદ્ધિને, **सविता**-ઉપજાવશે.

અનુવાદ—ગોવર્દ્ધન પર્વતની સમીપે, સખી સ્થળમાં, વ્રજ ભક્તોના ચરણ રજની કામનાને માટે વ્રજભૂમિની નાની વેલીના અંકુર રૂપે ઉદ્ધવજી ત્યાં ચોક્સ રહે છે. ૨૪; શ્રીહરિએ પોતાનું ઉત્સવાત્મક સ્વરૂપ સદાકાળ માટે ઉદ્ધવજીને સમર્પેલું છે, તેથી તે કુસુમ સરોવર ઉપર રહીને વજ્રનાભની પ્રજાઓ સાથે પ્રભુના પ્રેમવાળા ભક્તોને એકઠા કરીને, વીણા, વેણુ-મૃદંગના નાદોવડે તેમજ કીર્તન કાવ્ય વગેરેના સરસ સંગીત સાથે ઉત્સવ આરંભવો. એટલે ઉદ્ધવજી પ્રકટ થશે, ને ઉજવાતા ઉત્સવમાં જોવા પણ મળશે અને તમારો જે અભિલાષ છે, તે પણ એમના પ્રાકટયથી સર્વાવયવ સંપૂર્ણ થશે. ૨૫; ૨૬; ૨૭.

सूत उवाच — इति श्रुत्वा प्रसन्नास्ताः कालिन्दीमभिवन्द्य तत् ।
कथयामासुरागत्य वज्रं प्रति परीक्षितम् ॥ २८ ॥
विष्णुरातस्तु तच्छ्रुत्वा — प्रसन्नस्तद्युतस्तदा ।
तत्रैवागत्य तत् सर्वं कारयामास सत्वरम् ॥ २९ ॥
गोवर्द्धनाद् — अदूरेण वृन्दारण्ये सखीस्थले ।
प्रवृत्तः कुसुमाम्भोधौ कृष्णसङ्कीर्तनोत्सवः ॥ ३० ॥

अन्वयार्थ—**इति**-એ પ્રમાણે, **श्रुत्वा**-સાંભળીને, **प्रसन्नाः**-પ્રસન્ન ચિત્તવાળાં, **ताः**-તે શ્રીકૃષ્ણની પત્નીઓએ, **कालिन्दीम्**-કાલિન્દીને, **अभिवन्द्य**-વંદન કરીને, **तत्**-તે સર્વ વૃત્તાન્ત, **वज्रम्**-વજ્રનાભ તથા, **परीक्षितम् प्रति**-પરીક્ષિત રાજા પ્રત્યે, **आगत्य**-આવીને, **कथयामासुः**-કહી સંભળાવ્યો. ૨૯; **विष्णुरातः तु**-રાજા પરીક્ષિત તો, **तत् श्रुत्वा**-તે સાંભળીને, **प्रसन्नः**-પ્રસન્ન થયા, **तदा**-તે સમયે, **तद् युतः**-તે કૃષ્ણપત્નીઓ સહ, **तत्र एव**-ત્યાંજ, **आगत्य**-આવીને, **तत्सर्वम्**-તે બધું, **सत्वरम्**-શીઘ્રતાપૂર્વક, **कारयामास**-કરાવ્યું. ૨૯; **गोवर्द्धनात्**-શ્રીગોવર્ધન પર્વતથી, **अदूरेण**-સમીપમાં, **वृन्दारण्ये**-વૃન્દારણ્યમાં, **सखीस्थले**-સખીઓના કુંજમાં, **कुसुमाम्भोधौ**-કુસુમ સાગર ઉપર, **कृष्णसंकीर्तनोत्सवः**-શ્રીકૃષ્ણ સંકીર્તનનો મહોત્સવ, **प्रवृत्तः**-શરૂ થયો. ૩૦.

અનુવાદ- સૂતજીએ કહ્યું; શ્રીકૃષ્ણની પત્નીઓ કાલિન્દીનું વચન સાંભળીને પ્રસન્ન થયાં તે કાલિન્દીને વંદન કરીને બધોજ વૃત્તાન્ત વ્રજનાભ તેમજ પરીક્ષિત રાજાની પાસે આવીને કહી સંભળાવ્યો. ૨૮; રાજા પરીક્ષિત તો તે સાંભળીને પ્રસન્ન થયા તેમની સાથે શીઘ્ર તે સ્થળે જઇને મહાન્ ઉત્સવ કરાવ્યો. ૨૯; શ્રીગોવર્દ્ધન પર્વતની પાસેજ વૃન્દારણ્યમાં આવેલા સખીકુંજ સ્થાનમાં, કુસુમસાગર ઉપર શ્રીકૃષ્ણ સંકીર્તનનો મહોત્સવ શરૂ થયો. ૩૦.

वृषभानुसुताकान्तविहारे कीर्तनश्रिया ।
साक्षादिव समावृत्ते सर्वेऽनन्यदृशोऽभवन् ॥ ३१ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ततः पश्यत्सु सर्वेषु तृणगुल्मलताचयात् ।
आजगामोद्धवः स्रग्वी श्यामः पीताम्बरावृतः ॥ ३२ ॥
गुञ्जामालाधरो गायन् वल्लवीवल्लभं मुहुः ।
तदागमनतो रेजे भृशं सङ्कीर्तनोत्सवः ॥ ३३ ॥
चन्द्रिकागमनतो यद्वत् स्फाटिकाट्टालभूमणिः ।
अथ सर्वे सुखाम्भोधौ मग्नाः सर्वं विसस्मरुः ॥ ३४ ॥
क्षणेनागतविज्ञाना दृष्ट्वा श्रीकृष्णरूपिणम् ।
उद्धवं पूजयाञ्चक्रुः प्रतिलब्धमनोरथाः ॥ ३५ ॥

અન્વયાર્થ—**वृषभानुसुताकान्तविहारे**-શ્રીરાધિકાજીનો શ્રીકૃષ્ણ સાથે વિહાર, **समावृत्ते**-પ્રારંભ થતાં, **कीर्तनश्रिया**-કૃષ્ણ સંકીર્તનની શોભાથી, **साक्षाद् इव**-સાક્ષાત્ જાણે, **सर्वे**-બધાંજ, **अनन्य दृशः**-શ્રીકૃષ્ણમય અનન્ય દૃષ્ટિવાળાં, **अभवन्**-થયાં. ૩૧; **ततः**-ત્યારબાદ, **सर्वेषु पश्यत्सु**-સર્વના દેખતાંજ, **तृणगुल्मलता-चयात्**-ઘાસ, નાના છોડ તેમજ વેલીના સમૂહમાંથી, **स्रग्वी**-માલાધારી, **श्यामः**-શ્યામસ્વરૂપ, **पीताम्बरावृतः**-પીતામ્બરધારી, **गुञ्जामालाधरः**-ચણોઠીની માળા ધારણ કરનાર, **मुहुः**-વારંવાર, **वल्लवीवल्लभम्**-ગોપીજન વલ્લભને, **गायन्**-ગાન કરતા, **उद्धवः**-ઉદ્ધવજી, **आजगाम**-આવી પહોંચ્યા, **तदागमनतः**-તે ઉદ્ધવજીના આગમનથી, **संकीर्तनोत्सवः**-સંકીર્તન મહોત્સવ, **भृशम्**-ખૂબજ, **रेजे**-શોભવા લાગ્યો. ૩૨; ૩૩; **चन्द्रिका-गमतः**-ચન્દ્રનાં કિરણ આવવાથી, **स्फाटिकाट्टालभूमणिः**-સ્ફાટિકની અટારીઓની છતમાં જડેલ મણિઓ, **यद् वत्**-જેમ પ્રકાશે, **अथ**-તેમ, **सर्वे**-બધા, **सुखाम्भोधौ**-સુખના મહાસાગરમાં, **मग्नाः**-ડૂબી ગયેલા, **सर्वम्**-બધું, **विसस्मरुः**-ભૂલી ગયા. ૩૪; **क्षणेन**-ક્ષણવારમાં, **आगतविज्ञानाः**-અનુસંધાન આવતાં, **उद्धवम्**-ઉદ્ધવજીને, **श्रीकृष्णरूपिणम्**-શ્રીકૃષ્ણરૂપે, **दृष्ट्वा**-જોઇને, **प्रतिलब्धमनोरथाः**-સફલ મનોરથવાળા તે બધા, **पूजयाञ्चक्रुः**-પૂજતાં હતાં. ૩૫.

અનુવાદ—એ ઉત્સવમાં વૃષભાનુસુતા શ્રીરાધિકાજીનો શ્રીકૃષ્ણ સાથેનો વિહાર શરૂ થતાં કીર્તનની શોભાથી સર્વ જાણે સાક્ષાત્ શ્રીકૃષ્ણમય બન્યાં. ૩૧; ત્યાં તો તૃણલતા ગુલ્મના સમુદાયમાંથી વનમાલા ધારણ કરતા, પીતાંબરધારી, શ્યામ સ્વરૂપ, ગુંજા માલાને ધારણ કરનાર, શ્રીગોપીજન વલ્લભનું ગાન કરતા ઉદ્ધવજીને આવતાં સર્વે જોયા. એમના આવ-વાથી ઉત્સવની શોભા અપાર થઇ. ૩૨; ૩૩; જેમ કિરણો પડતાં સ્ફટિક મણિ જડેલી અટારીની છત પ્રકાશી ઊઠે, તેમ ઉદ્ધવજીના આગમનથી મહોત્સવ દીપી ઉઠ્યો. બધાંજ સુખ મહા-સાગરમાં ડૂબી ગયાં, બાહ્યભાન ભૂલી ગયાં. ૩૪; પછી ક્ષણવારમાં પુનઃ અનુસંધાનમાં આવતાં, મનોરથની સફળતાને અનુભવતાં, શ્રીકૃષ્ણરૂપે ઉદ્ધવજીને જોઇને એમનું પૂજન અર્ચન કરી – સત્કારવા લાગ્યાં. ૩૫.

શ્રી સ્કંદ પુરાણના દ્વિતીય વૈષ્ણવ ખંડના શ્રીમદ્ ભાગવત માહાત્મ્યમાં શ્રીગિરિરાજના સાન્નિધ્યમાં પરીક્ષિત્ વગેરેને થએલ ઉદ્ધવ દર્શન વર્ણનનો બીજો અધ્યાય સંપૂર્ણ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અધ્યાય ૩ જો.

શ્રીસૂત ઉવાચ —અથોદ્ધવસ્તુ તાન્ દૃષ્ટ્વા કૃષ્ણકીર્તનતત્પરાન્ ।
સત્કૃત્યાથ પરીષ્વજ્ય પરીક્ષિતમુવાચ હ ॥ ૧ ॥

અન્વયાર્થ—અથ-ત્યારબાદ, ઉદ્ધવઃ તુ-ઉદ્ધવજી તો, તાન્-તે સર્વને, કૃષ્ણકીર્તનતત્પરાન્-શ્રીકૃષ્ણનું કીર્તન કરવામાં તત્પર થયેલા, દૃષ્ટ્વા-જોઈને, સત્કૃત્ય-સત્કાર કરીને, પરિષ્વજ્ય-ભેટીને, હ-ખરેખર, પરીક્ષિતમ્-પરીક્ષિત રાજાને, ઉવાચ-કહેવા લાગ્યા. ૧.

અનુવાદ—સૂતજી બોલ્યા; ત્યાર બાદ ઉદ્ધવજી શ્રીકૃષ્ણના સંકીર્તનમાં તત્પર થયેલ સર્વ ભક્તોને જોઈ એમનો આદર કરી, આલિંગન કરી, પરીક્ષિત રાજાને પૂછવા લાગ્યા. ૧.

ઉદ્ધવ ઉવાચ —ધન્યોઽસિ રાજન્ કૃષ્ણૈકભક્ત્યા પૂર્ણોઽસિ નિત્યદા ।
યસ્ત્વં નિમગ્નચિત્તોઽસિ કૃષ્ણસઙ્કીર્તનોત્સવે ॥ ૨ ॥
કૃષ્ણપત્નીષુ વજ્રે ચ દિષ્ટ્યા પ્રીતિઃ પ્રવર્તિતા ।
તવોચિતમિદં તાત કૃષ્ણ – દત્તાઙ્ગ – વૈભવ ॥ ૩ ॥
દ્વારકાસ્થેષુ સર્વેષુ ધન્યા એતે ન સંશયઃ ।
યેષાં વ્રજનિવાસાય પાર્થમાદિષ્ટવાન્ પ્રભુઃ ॥ ૪ ॥

અન્વયાર્થ—રાજન્-હે રાજન્!"ત્વમ્" ધન્યઃ અસિ-તમે ધન્ય છો, નિત્યદા-દરરોજ, કૃષ્ણૈકભક્ત્યા-શ્રીકૃષ્ણની અનન્ય ભક્તિથી, પૂર્ણઃ અસિ-પરિપૂર્ણ છો, યઃ-જે, ત્વમ્-તમે, કૃષ્ણસંકીર્તનોત્સવે-શ્રીકૃષ્ણ સંકીર્તન મહોત્સવમાં, નિમગ્નચિત્તઃ-મશગૂલ ચિત્તવાળા, અસિ-છો. ૨; તાત-હે વત્સ! દિષ્ટ્યા-આનંદની વાત છે કે, કૃષ્ણપત્નીષુ-શ્રીકૃષ્ણની પત્નીઓ ઉપર, ચ-અને, વજ્રે-વજ્રનાભ ઉપર, પ્રીતિઃ-પ્રીતિ, પ્રવર્તિતા-સ્થાપી, કૃષ્ણદત્તાઙ્ગવૈભવ-શ્રીકૃષ્ણે સમર્પેલ શરીર વૈભવવાળા હે રાજન્! તવ-તમારું, ઇદમ્-આ કાર્ય, ઉચિતમ્-યોગ્ય છે. ૩; દ્વારકાસ્થેષુ-દ્વારિકામાં રહેલા, સર્વેષુ-બધાઓમાં, એતે-આ સર્વ, ધન્યાઃ-ધન્ય છે, સંશયઃ ન-એમાં શંકા નથી, યેષામ્-જેમના, વ્રજનિવાસાય-વ્રજભૂમિના નિવાસ માટે, પ્રભુઃ-શ્રી હરિએ, પાર્થમ્-અર્જુનને, આદિષ્ટવાન્-આદેશ આપેલો. ૪.

અનુવાદ—ઉદ્ધવજી બોલ્યા; હે રાજન્, તમે ધન્યવાદને પાત્ર છો, કારણ કે નિત્ય શ્રીકૃષ્ણનીજ અનન્ય ભક્તિથી પરિપૂર્ણ છો; ખરેખર, તમે શ્રીકૃષ્ણ સંકીર્તન મહોત્સવમાં નિમગ્ન થઇ ગયા છો. ૨; વત્સ પરીક્ષિત, તમે શ્રીકૃષ્ણની પત્નીઓ ઉપર તેમજ વજ્રનાભ ઉપર જે પ્રેમ દર્શાવ્યો, તે પ્રભુએ અર્પેલ અંગ વૈભવવાળા તમારા માટે સર્વથા યોગ્ય જ છે. ૩; દ્વારિકામાં રહેલ બધાઓમાં આ વજ્રનાભ વગેરે મથુરાવાસીઓ વિશેષ ધન્ય છે; એમાં શંકા નથી, જેમના વ્રજમાં નિવાસ માટે શ્રીહરિએ અર્જુનને આજ્ઞા કરી હતી. ૪.

શ્રીકૃષ્ણસ્ય મનશ્ચન્દ્રો રાધાસ્યપ્રભયાન્વિતઃ ।
તદ્વિહારવનં ગોભિર્મણ્ડયન્ રોચતે સદા ॥ ૫ ॥

કૃષ્ણચન્દ્રઃ સદા પૂર્ણસ્તસ્ય ષોડશ યાઃ કલાઃ ।
ચિત્સહસ્રપ્રભાભિન્ના અત્રાસ્તે તત્સ્વરૂપતા ॥ ૬ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

एवं वज्रस्तु राजेन्द्र प्रपन्नभयभञ्जकः ।
श्रीकृष्णदक्षिणे पादे स्थानमेतस्य वर्तते ॥ ७ ॥
अवतारेऽत्र कृष्णेन योगमायाति–भाविताः ।
तद्बलेनात्मविस्मृत्या सीदन्त्येते न संशयः ॥ ८ ॥

અન્વયાર્થ—**राधा–आस्य–प्रभया–अन्वित** :– શ્રીરાધિકાજીના મુખની કાન્તિથી યુક્ત, **श्रीकृष्णस्य**–શ્રીકૃષ્ણનો, **मनः चन्द्र** :–મનરૂપી ચન્દ્ર, **गोभि** :–કિરણોથી, **तद्विहारवनम्**–આ વિહાર વનને, **मण्डयन्**–શોભાવતો, **सदा**–નિત્ય, **रोचते**–પ્રકાશે છે. ૫; **कृष्णचन्द्र** :–શ્રીકૃષ્ણચન્દ્ર, **सदा**–સદા, **पूर्णः**–પરિપૂર્ણ છે, **तस्य**, તે શ્રીકૃષ્ણની, **याः**–જે, **षोडश कलाः**–સોળ કળાઓ છે, **चित्सहस्र-प्रभाभिन्नाः**–(તે) ચૈતન્ય શક્તિની સહસ્ર પ્રકારની પ્રભાથી ભિન્ન ભિન્ન બનેલી છે, **अत्र**–આ સ્થળે, **तत्स्वरूपता**–તેમનું વાસ્તવિક સ્વરૂપ, **आस्ते**–રહેલું છે. ૬; **राजेन्द्र**–હે રાજેન્દ્ર, **एवम्**–આ પ્રમાણે, **वज्रः तु**–વજ્રનાભ તો, **प्रपन्नभयभञ्जकः**–શરણે આવેલાઓનાં ભયને દૂર કરનાર છે, **एतस्य**–વજ્રનું, **स्थानम्**–રહેઠાણ, **श्रीकृष्णदक्षिणे पादे**–શ્રીકૃષ્ણના જમણા ચરણમાં, **वर्तते**–રહેલું છે. ૭; **अत्र अवतारे**–આ અવતારમાં, **कृष्णेन** શ્રીકૃષ્ણે, **योगमायातिभाविताः**–યોગમાયાના બળવડે પ્રભાવિત કરેલ હોવાથી, **एते**–આ બધા, **तद्बलेन**–તે યોગમાયાના બલથી, **आत्मविस्मृत्या**–પોતાના સ્વરૂપની વિસ્મૃતિ થતાં, **सीदन्ति**–દુઃખી થાય છે, **संशयः न**–સંદેહ નથી.

અનુવાદ—શ્રીરાધિકાજીની મુખ કાન્તિથી યુક્ત બનીને શ્રીકૃષ્ણનો મનરુપી ચન્દ્ર સદા પૂર્ણ છે–પૂર્ણ કામ છે તે ચંદ્રની સોળ કળાઓ છે. જે કળાઓ ચૈતન્યના સહસ્ર પ્રવાહે ભેદ ભાવને પામીને પ્રકાશી રહેલી છે. આમાંજ એમનું સારૂપ્ય રહેલું છે. ૬; હે પરીક્ષિત, આ પ્રમાણે વજ્રનાભ તો શરણાગતના ભયને હરનાર છે. શ્રી કૃષ્ણના જમણા ચરણારવિંદમાં એમનું સ્થાન છે. ૭; આ અવતારમાં શ્રીકૃષ્ણની યોગમાયાના પ્રભાવે પ્રભાવિત બનેલા આ વજ્રનાભ વગેરે બધા યોગમાયાના બલથી આત્મસ્વરૂપનું વિસ્મરણ પામીને દુઃખી થાય છે; એમાં શંકા જ નથી. ૮.

ऋते कृष्णप्रकाशं तु स्वात्मबोधो न कस्यचित् ।
तत्प्रकाशस्तु जीवानां मायया पिहितः सदा ॥ ९ ॥
अष्टाविंशे द्वापरान्ते स्वयमेव यदा हरिः ।
उत्सारयेन्निजां मायां तत्प्रकाशो भवेत्तदा ॥ १० ॥
स तु कालो व्यतिक्रान्तस्तेनेदमपरं शृणु ।
अन्यदा तत्प्रकाशस्तु श्रीमद्भागवताद् भवेत् ॥ ११ ॥
श्रीमद्भागवतं शास्त्रं यत्र भागवतैर्यदा ।
कीर्त्यते श्रूयते वापि श्रीकृष्णस्तत्र निश्चितम् ॥ १२ ॥

અન્વયાર્થ—**कृष्ण प्रकाशम्**–શ્રીકૃષ્ણના પ્રકાશને, **ऋते**–છોડીને, **तु**–તો, **कस्यचित्**–કોઇને પણ, **स्वात्मबोधः**–આત્મજ્ઞાન, **न**–ન થાય, **जीवानाम्**–પ્રાણીઓને, **तत्प्रकाशः तु**–તે શ્રીકૃષ્ણનો પ્રકાશ તો, **सदा**–સદા, **मायया**–માયાવડે, **पिहितः**–ઢંકાયેલ છે. ૯; **यदा**–જ્યારે, **अष्टाविंशे**–અઠ્ઠાવીશમા, **द्वापरान्ते**–દ્વાપર યુગના અંતે, **हरिः**–શ્રીહરિ, **स्वयम् एव**–પોતેજ, **निजां मायाम्**–પોતાની માયાને, **उत्सारयेत्**–દૂર કરે, **तदा**–ત્યારે, **तत्प्रकाशः**–તે શ્રીકૃષ્ણનો પ્રકાશ, **भवेत्**–થાય. ૧૦; **सः**–તે, **कालः**–સમય

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

(દ્વાપર યુગનો), तु-તો, व्यतिक्रान्तः-ચાલ્યો ગયો, तेन-તે કારણથી, इदम्-આ, अपरम्-બીજું, शृणु-સાંભળો, अन्यदा-બીજી રીતે, तत्प्रकाशः तु-તે શ્રીકૃષ્ણચન્દ્રનું જ્ઞાન, श्रीमद् भागवताद्-શ્રીમદ્ ભાગવતથી, भवेत्-થઇ શકે. ૧૧; यत्र-જે સ્થળે, यदा-જ્યારે, भागवतैः-ભગવદ્ ભક્તોથી, श्रीमद् भागवतं शास्त्रम्-શ્રીમદ્ ભાગવત શાસ્ત્ર, कीर्त्यते-કીર્તન કરાય છે, अपि च-અને વળી, श्रूयते-શ્રવણ કરાય છે, तत्र-ત્યાં, निश्चितम्-નિશ્ચયપૂર્વક, श्री कृष्णः-શ્રીકૃષ્ણ હોય છે જ.

અનુવાદ—શ્રીકૃષ્ણચન્દ્રના સ્વરૂપજ્ઞાન વિના કોઇને પણ આત્મજ્ઞાન સંભવે નહિ. તેમના સ્વરૂપનો પ્રકાશ સદા માયાથી ઢંકાયેલો છે. ૯; અઠ્ઠાવીસમા દ્વાપર યુગને અંતે શ્રીહરિ પોતે પોતાની માયાને જ્યારે દૂર કરે ત્યારે જ તેમનો પ્રકાશ થાય. ૧૦; અઠ્ઠાવીસમા દ્વાપર યુગનો સમય તો પસાર થઇ ગયો; જેથી હવે બીજું સાધન સાંભળો. શ્રીકૃષ્ણનું સ્વરૂપ જ્ઞાન અથવા દર્શન શ્રીમદ્ ભાગવતથી થઇ શકે. ૧૧; જ્યાં ભગવદ્ ભક્તો શ્રીમદ્ ભાગવતનું શ્રવણ, કીર્તન, પઠન કરે છે, ત્યાં અવશ્ય શ્રીકૃષ્ણ બિરાજે છે. ૧૨.

श्रीमद्भागवतं यत्र श्लोकं श्लोकार्द्धमेव च ।
तत्रापि भगवान् कृष्णो वल्लवीभिर्विराजते ॥ १३ ॥
भारते मानवं जन्म प्राप्य भागवतं न यैः ।
श्रुतं पापपराधीनैरात्मघातस्तु तैः कृतः ॥ १४ ॥
श्रीमद्भागवतं शास्त्रं नित्यं यैः परिसेवितम् ।
पितुर्मातुश्च भार्यायाः कुलपङ्क्तिः सुतारिता ॥ १५ ॥

અન્વયાર્થ—यत्र-જે સ્થળે, श्रीमद् भागवतम्-શ્રીમદ્ ભાગવત શાસ્ત્ર, श्लोकम्-એક શ્લોક, च-અને, श्लोकार्द्धम्-અર્ધો શ્લોક વંચાય, तत्र-अपि-ત્યાં પણ, भगवान् कृष्णः-ભગવાન શ્રીકૃષ્ણ, वल्लवीभिः-વ્રજ વનિતાઓ સાથે, विराजते एव-બિરાજે છે જ. ૧૩; यैः-જેમણે, भारते-ભારત ભૂમિમાં, मानवम्-માનવના, जन्म-જન્મને, प्राप्य-પ્રાપ્ત કરીને, भागवतं न श्रुतम्-શ્રીમદ્ ભાગવત શાસ્ત્ર ન સાંભળ્યું, पापपराधीनैः-પાપને આધીન બનેલા, तैः-તેઓએ, तु-તો, आत्मघातः-પોતાનો વિનાશ, कृतः-કર્યો છે. ૧૪; यैः-જેમણે नित्यम्-હરરોજ, श्रीमद् भागवतं शास्त्रम्-શ્રીમદ્ ભાગવત શાસ્ત્રને, परिसेवितम्-સારી રીતે સેવ્યું, पितुः-પિતાની, च-અને, मातुः-માતાની भार्यायाः-પત્નીની, कुलपंक्तिः-કુલ પરંપરા (૨૧ પેઢીઓ), सुतारिता-તારી દીધી છે.

અનુવાદ—જ્યાં શ્રીમદ્ ભાગવત શાસ્ત્ર બિરાજે, કે એક શ્લોક કે અર્ધો શ્લોક પણ વંચાય ત્યાં પણ શ્રીહરિ વ્રજવનિતાઓ સાથે બિરાજે છે. ૧૩; ભારત દેશમાં મનુષ્ય જન્મ લઇને જેમણે શ્રીમદ્ ભાગવત ન સાંભળ્યું, ખરેખર પાપ પરવશ બની તેમણે આત્મઘાત જ કરેલો છે. ૧૪; જેમણે શ્રીમદ્ ભાગવત શાસ્ત્રનું નિત્ય પઠન, પાઠન ચિન્તવનદ્વારા સેવન કર્યું છે, તેમણે પિતાની, માતાની તેમજ પત્નીની કુળ પરંપરાને સારી રીતે તારી દીધી છે. ૧૫.

विद्याप्रकाशो विप्राणां राज्ञां शत्रुजयो विशाम् ।
धनं स्वास्थ्यं च शूद्राणां श्रीमद्भागवताद् भवेत् ॥ १६ ॥
योषितामपरेषां च सर्ववाञ्छित – पूरणम् ।
अतो भागवतं नित्यं को न सेवेत भाग्यवान् ॥ १७ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

अनेकजन्मसंसिद्धः श्रीमद्भागवतं – लभेत् ।
प्रकाशो – भगवद्भक्तेरुद्भवस्तत्र जायते ॥ १८ ॥

અન્વયાર્થ—શ્રીમદ્ ભાગવતાત્–શ્રીમદ્ ભાગવતના સેવનથી, **વિપ્રાણામ્**–બ્રાહ્મણોને, **વિદ્યા-પ્રકાશઃ**–વિદ્યાઓનો પ્રકાશ, **રાજ્ઞાનામ્**–રાજાઓને, **શત્રુજય**–શત્રુઓ ઉપર વિજય, **વિશામ્**–વૈશ્ય વર્ગને, **ધનમ્**–ધન પ્રાપ્તિ, **ચ**–અને, **શૂદ્રાણામ્**–શૂદ્રોને, **સ્વાસ્થ્યમ્**–આરોગ્ય, **ભવેત્**–પ્રાપ્ત થાય. ૧૬; **યોષિતામ્**–સ્ત્રીઓને, **ચ**–અને, **અપરેષામ્**–બીજાઓને, **સર્વવાञ્છિતપૂરણમ્**–સકલ વાંછિત ઇચ્છાઓની પૂર્તિ, **અતઃ**–એ કારણથી, **કઃ**–કયો એવો, **ભાગ્યવાન્**–ભાગ્યશાળી, **નિત્યમ્**–હરરોજ, **ભાગવતમ્**–શ્રીમદ્ ભાગવતને, **ન સેવેત**–ન સેવે ? ૧૭; **અનેક જન્મસંસિદ્ધઃ**–અનેક જન્મથી સિદ્ધ થયેલ હોય તે, **શ્રીમદ્ ભાગવતમ્**–શ્રીમદ્ ભાગવતને, **લભેત્**–મેળવી શકે, **તત્ર**–ત્યાં, **ભગવદ્ ભક્તેઃ**–ભગવદ્ ભક્તિનો, **પ્રકાશઃ**–પ્રકાશ, **ઉદ્ભવઃ**–અને પ્રાદુર્ભાવ, **જાયતે**–થાય છે. ૧૮.

અનુવાદ—શ્રીમદ્ ભાગવતના સેવનથી વિપ્રોને વિદ્યાનો પ્રકાશ થાય, રાજાઓને વિજય મળે, વૈશ્યોને ધનનો લાભ થાય અને શૂદ્રો સ્વસ્થતાને પ્રાપ્ત કરે. ૧૬; સ્ત્રી જનો અને અન્ય જનોની સર્વ મનઃકામનાઓની પૂર્તિ થાય છે; તો–કયો ભાગ્યશાળી માનવ શ્રીમદ્ ભાગવતને નિત્ય ન સેવે ? ૧૭; અનેક જન્મનાં સુકૃતોથી સિદ્ધ થયેલ શ્રીમદ્ ભાગવતને મેળવી શકે; એના હૃદયમાં ભગવદ્ ભક્તિનો પ્રકાશ અને પ્રાદુર્ભાવ થાય છે.

सांख्यायनप्रसादाप्तं – श्रीमद्भागवतं – पुरा ।
बृहस्पतिर्दत्तवान् मे तेनाहं कृष्णवल्लभः ॥ १९ ॥
आख्यायिकां च तेनोक्तां विष्णुरात निबोध–ताम् ।
ज्ञायते सम्प्रदायोऽपि यत्र भागवतश्रुतेः ॥ २० ॥

અન્વયાર્થ—પુરા–પહેલાં, **સાંખ્યાયનપ્રસાદાપ્તમ્**–સાંખ્યાયન ઋષિની કૃપાથી મેળવેલું–શ્રીમદ્ ભાગવત, **બૃહસ્પતિઃ**–દેવ ગુરુ બૃહસ્પતિએ, **મે**–મને, **દત્તવાન્**–આપ્યું, **તેન**–તે કારણથી, **અહમ્**–હું, **કૃષ્ણવલ્લભઃ**–શ્રીકૃષ્ણનો પ્રીતિપાત્ર બન્યો છું. ૧૯; **ચ**–અને, **તેન**–તે બૃહસ્પતિએ, **ઉક્તામ્**–કહેલી, **તામ્**–તે, **આખ્યાયિકામ્**–આખ્યાયિકાને, **વિષ્ણુરાત**–હે પરીક્ષિત રાજન્, **નિબોધ**–જાણો, **યત્ર**–જે આખ્યાયિકામાં, **ભાગવતશ્રુતેઃ**–શ્રીમદ્ ભાગવત શ્રુતિ-વેદનો, **સમ્પ્રદાયઃ અપિ**–સંપ્રદાય પણ, **જ્ઞાયતે**–જણાય છે. ૨૦.

અનુવાદ—પહેલાં સાંખ્યાયન મહર્ષિની કૃપાથી શ્રીમદ્ ભાગવત મેળવીને બૃહસ્પતિએ મને આપ્યું, જેને લીધે હું શ્રીકૃષ્ણનો પ્રીતિપાત્ર બન્યો. ૧૯; હે પરીક્ષિત, તે બૃહસ્પતિએ કહેલી આખ્યાયિકાને પણ તમે જાણો; જે આખ્યાયિકામાં શ્રીમદ્ ભાગવત નામના વેદનો સંપ્રદાય પણ જાણવા મળશે. ૨૦.

बृहस्पतिरुवाच— ईक्षाञ्चक्रे यदा कृष्णो मायापुरुषरूपधृक् ।
ब्रह्मा विष्णुः शिवश्चापि रजः सत्त्वतमोगुणैः ॥ २१ ॥
पुरुषास्त्रय उत्तस्थुरधिकारां – स्तदादिशत् ।
उत्पत्तौ पालने चैव संहारे प्रक्रमेण – तान् ॥ २२ ॥
ब्रह्मा तु नाभिकमलादुत्पन्नस्तं व्यजिज्ञपत् ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—**યદા**–જ્યારે, **માયાપુરુષરૂપધૃક્**-માયાથી પુરુષ રૂપને ધારણ કરનાર, **કૃષ્ણઃ**–શ્રીકૃષ્ણે, **ઈક્ષાઞ્ચક્રે**-વિચાર કર્યો, **તદા**–ત્યારે, **રજઃ સત્ત્વ તમો ગુણૈઃ**–રજો ગુણ, સત્ત્વ ગુણ, તમો ગુણ વડે, **બ્રહ્મા**–બ્રહ્મા, **વિષ્ણુઃ**–વિષ્ણુ, **ચ**–અને, **શિવઃ અપિ**–શિવ પણ, ૨૧; **ત્રયઃ**–ત્રણ, **પુરુષાઃ**–પુરુષો, **ઉત્તસ્થુઃ**–ઊભા થયા, **તાન્**–તે દેવોને, **પ્રક્રમેણ**–અનુક્રમે, **ઉત્પત્તૌ**–ઉત્પન્ન કરવામાં, **પાલને**–પાલન પોષણ કરવામાં, **ચ**–અને, **સંહારે**–સંહાર કરવામાં, **અધિકારાન્**–અધિકારોને, **આદિશત્**–દર્શાવ્યા, ૨૨; **નાભિકમલાત્**–નાભિ કમળમાંથી, **ઉત્પન્નઃ**–ઉત્પન્ન થયેલા, **બ્રહ્મા તુ**–બ્રહ્માએ તો, **તમ્**–તે શ્રીકૃષ્ણને, **વ્યજિજ્ઞપત્**–વિજ્ઞાપન કર્યું.

અનુવાદ—બૃહસ્પતિ બોલ્યા; માયાને લીધે પુરુષરૂપને ધારણ કરનારા શ્રીકૃષ્ણે જ્યારે અનેક રૂપે થવા વિચાર્યું. ત્યારે રજસ્, સત્ત્વ અને તમો ગુણના વિભેદથી બ્રહ્મા, વિષ્ણુ અને શિવ રૂપે ત્રણ પુરુષો પ્રકટ થયા અને જગતની ઉત્પત્તિ, પાલન, તેમજ સંહારના ક્રમથી અધિકારોનો આદેશ કર્યો. ૨૧; ૨૨; નાભિકમળમાંથી ઉત્પન્ન થયેલા બ્રહ્માએ તો તે શ્રીકૃષ્ણને વિનંતિ કરી.

બ્રહ્મોવાંચ— નારાયણાદિપુરુષ પરમાત્મન્ નમોઽસ્તુ તે ॥ ૨૩ ॥
त्वया सर्गे नियुक्तोऽस्मि पापीयान् मां रजोगुणः ।
त्वत्स्मृतौ नैव बाधेत तथैव कृपया प्रभो ॥ २४ ॥

અન્વયાર્થ—**નારાયણ**–હે નારાયણ, **આદિપુરુષ**–આદ્યપુરુષ, **પરમાત્મન્**–હે પરમાત્મન્, **તે**–તમને, **નમઃ**–નમસ્કાર, **અસ્તુ**–હો. ૨૩; **પ્રભો**–હે પ્રભો, **ત્વયા**–તમારાથી, **સર્ગે**–વિશ્વના સર્જન કાર્યમાં, **નિયુક્તઃ અસ્મિ**–હું યોજ્યો છું, **કૃપયા**–કૃપા કરીને, **પાપીયાન્**–પાપી એવો, **રજોગુણઃ**–રજો ગુણ, **મામ્**–મને, **ત્વત્સ્મૃતૌ**–તમારું સ્મરણ કરવામાં, **નૈવ બાધેત**–વિઘ્ન ન કરે, **તથા એવ**–તે રીતેજ વિચારો. ૨૪.

અનુવાદ—બ્રહ્મા બોલ્યા; હે નારાયણ, હે આદિપુરુષ, હે પરમાત્મન્, આપને વંદન હો. આપે મને વિશ્વના સર્જન કાર્યમાં યોજ્યો છે પરંતુ હે પ્રભો, આ પાપી એવો રજોગુણ આપના સ્મરણમાં મને આડે ન આવે, તેવી મારા ઉપર કૃપા કરો. ૨૩; ૨૪.

બૃહસ્પતિરુવાચ — यदा तु भगवांस्तस्मै श्रीमद्भागवतं पुरा ।
उपदिश्याब्रवीद् ब्रह्मन् सेवस्वैनत् स्वसिद्धये ॥ २५ ॥
ब्रह्मा तु परमप्रीतस्तेन कृष्णाप्तयेऽनिशम् ।
सप्तावरणभङ्गाय – सप्ताहं समवर्तयत् ॥ २६ ॥
श्रीभागवतसप्ताह – सेवनाप्तमनोरथः ।
सृष्टिं वितनुते नित्यं ससप्ताहः पुनः पुनः ॥ २७ ॥
विष्णुरप्यर्थयामास पुमांसं स्वार्थसिद्धये ।
प्रजानां पालने पुंसा यदनेनापि कल्पितः ॥ २८ ॥

અન્વયાર્થ—**યદા તુ**–જ્યારે તો, **તસ્મૈ**–તે બ્રહ્મદેવને, **ભગવાન્**–શ્રીકૃષ્ણ પ્રભુએ, **પુરા**–પ્રથમ, **શ્રીમદ્ ભાગવતમ્**–શ્રીમદ્ ભાગવત, **ઉપદિશ્ય**–ઉપદેશીને, **બ્રહ્મન્**–હે બ્રહ્મદેવ, **સ્વસિદ્ધયે**–તમારા મનોરથની સિદ્ધિ માટે, **એનત્**–આ શ્રીમદ્ ભાગવતને, **સેવસ્વ**–સેવો–ઉપાસના કરો, **અબ્રવીત્**–એમ કહ્યું. ૨૫; **બ્રહ્મા તુ**–બ્રહ્મદેવ તો, **તેન**–તેથી, **પરમપ્રીતઃ**–ખૂબ પ્રસન્ન થયા, **સપ્તાવરણભંગાય**–સાત આવરણોના નાશ માટે અને, **કૃષ્ણાપ્તયે**–શ્રીકૃષ્ણની પ્રાપ્તિ માટે, **અનિશમ્**–નિશદિન, **સપ્તાહમ્**–શ્રીમદ્ ભાગવત સપ્તાહને; **સમવર્તયત્**–પ્રવર્તાવી શરૂ કરી. ૨૬; **શ્રીભાગવત-સપ્તાહ-સેવન-આપ્ત-મનોરથઃ**–શ્રીમદ્ ભાગવત સપ્તાહ સેવનથી પ્રાપ્ત મનોરથવાળા,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સસપ્તાહઃ–સપ્તાહ સાથે, **પુનઃ પુનઃ**–ફરી, ફરીથી, **નિત્યમ્**–દરરોજ, **સૃષ્ટિમ્**–સૃષ્ટિને **વિતનુતે**–વિસ્તારે છે. ૨૭; **અનેન પુંસા**–આ આદિ પુરુષે, **યદ્**–જે, **પ્રજાનામ્**–પ્રજાઓના, **પાલને અપિ**–પાલન કરવામાં પણ, **કલ્પિતઃ**–નિયુક્ત કરેલા, **વિષ્ણુઃ અપિ**–વિષ્ણુ પણ, **સ્વાર્થસિદ્ધયે**–પોતાના પ્રયોજનની સિદ્ધિ માટે, **પુમાંસમ્**–આદિ પુરુષને, **અર્થયામાસ**–પ્રાર્થના કરવા લાગ્યા. ૨૮.

અનુવાદ—બૃહસ્પતિ બોલ્યા; બ્રહ્માએ જ્યારે આવું કહ્યું ત્યારે ભગવાને તેમને સર્વ પ્રથમ શ્રીમદ્ ભાગવતનો ઉપદેશ કર્યો અને કહ્યું– હે બ્રહ્મા, તમારા મનોરથની સિદ્ધિ માટે આ શ્રીમદ્ ભાગવતનું સેવન કરો. ૨૫; બ્રહ્મા તેથી અત્યંત પ્રસન્ન થયા. અહર્નિશ શ્રીકૃષ્ણની પ્રાપ્તિ માટે સાત આવરણોને દૂર કરવા સપ્તાહ પ્રવર્તાવી. ૨૬; શ્રીમદ્ ભાગવત સપ્તાહના સેવનથી સર્વ મનોરથને પ્રાપ્ત કરતા તે બ્રહ્મા વારંવાર સપ્તાહ સાથે દરરોજ સૃષ્ટિને વિસ્તારી રહ્યા છે. ૨૭; આદિ પુરુષના આદેશથી પ્રજાપાલનમાં નિયોજાયેલ શ્રીવિષ્ણુ પણ પોતાના પ્રયોજનની સિદ્ધિ માટે પૂર્ણ પુરુષોતમને વિનવવા લાગ્યા. ૨૮

विष्णुरुवाच — प्रजानां पालनं देव करिष्यामि यथोचितम् ।
प्रवृत्त्या च निवृत्त्या च कर्मज्ञानप्रयोजनात् ॥ २९ ॥
यदा यदैव कालेन धर्मग्लानिर्भविष्यति ।
धर्मं संस्थापयिष्यामि ह्यवतारैस्तदा तदा ॥ ३० ॥
भोगार्थिभ्यस्तु यज्ञादिफलं दास्यामि निश्चितम् ।
मोक्षार्थिभ्यो विरक्तेभ्यो मुक्तिं पञ्चविधां–तथा ॥ ३१ ॥
येऽपि मोक्षं न वाञ्छन्ति तान् कथं पालयाम्यहम् ।
आत्मानं च श्रियं चापि पालयामि–कथं वद ॥ ३२ ॥

અન્વયાર્થ—**દેવ**–હે પ્રભો, **પ્રજાનામ્**–પ્રજાઓનું, **પાલનમ્**–પાલન, **કર્મજ્ઞાન–પ્રયોજનાત્**–કર્મ માર્ગ અને જ્ઞાન માર્ગના પ્રયોજનથી, **પ્રવૃત્ત્યા**–પ્રવૃત્તિ માર્ગથી, **ચ**–અને, **નિવૃત્ત્યા**–નિવૃત્તિ માર્ગથી, **યથોચિતમ્**–યથા યોગ્ય, **કરિષ્યામિ**–હું કરીશ. ૨૯; **યદા યદા**–જ્યારે જ્યારે, **કાલેન**–સમયે કરીને, **ધર્મગ્લાનિઃ**–ધર્મનો હ્રાસ, **ભવિષ્યતિ**–થશે, **તદા તદા**–ત્યારે ત્યારે, **હિ**–નિશ્ચય, **અવતારૈઃ**–અનેક અવતારોથી, **ધર્મમ્**–ધર્મને, **સંસ્થાપયિષ્યામિ**–સારી રીતે સ્થાપીશ. ૩૦; **ભોગાર્થિભ્યઃ તુ**–ભોગોની અભિલાષા વાળાને તો, **નિશ્ચિતમ્**–અવશ્ય, **યજ્ઞાદિફલમ્**–યજ્ઞ વગેરે સત્કર્મોનું ફળ, **દાસ્યામિ**–હું આપીશ, **તથા–મોક્ષાર્થિભ્યઃ**–મોક્ષની ઇચ્છાવાળાઓને, **વિરક્તેભ્યઃ**–વિરક્તોને, **પઞ્ચવિધામ્**–પાંચ પ્રકારની, **મુક્તિમ્**–મુક્તિને આપીશ. ૩૧; **યે**–જેઓ, **મોક્ષમ્**–**અપિ**–મોક્ષને પણ, **ન વાઞ્છન્તિ**–ઇચ્છતા નથી, **તાન્**–તેમને **અહમ્**–હું, **કથમ્**–કેવી રીતે, **પાલયામિ**–રક્ષા-પાલન કરું, **આત્માનમ્**–મને પોતાને, **ચ**–અને, **શ્રિયમ્–અપિ**–લક્ષ્મીને પણ, **કથમ્**–કેવી રીતે, **પાલયામિ**–પાલન કરું, **વદ**–કહો. ૩૨.

અનુવાદઃ—વિષ્ણુ બોલ્યા; હે દેવ, પ્રવૃત્તિ દ્વારા કર્મ માર્ગે તેમજ નિવૃત્તિ દ્વારા જ્ઞાન માર્ગે, જે રીતે જેમ યોગ્ય લાગશે તે રીતે હું પ્રજાઓનું પાલન કરીશ. ૨૯; કાલ ધર્મના પ્રભાવથી જ્યારે જ્યારે ધર્મનો હ્રાસ થશે, ત્યારે ત્યારે અનેક અવતારો લઇ અવશ્ય હું ધર્મની ફરીથી સ્થાપના કરીશ. ૩૦; ભોગવૈભવની ઇચ્છાવાળાઓને તો હું યજ્ઞ વગેરે સત્કર્મનાં ફળ ચોક્કસ આપીશ તેમજ મોક્ષના અભિલાષુક વિરક્ત પુરુષોને પાંચ પ્રકારની મુકિત પણ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આપીશ. ૩૧; પરંતુ જેઓ મોક્ષને પણ નથી ઇચ્છતા, તેમનું પાલન હું કેવી રીતે કરું ? મારી જાતનું તેમજ લક્ષ્મીનું પણ પાલન હું કેવી રીતે કરું તે કહો. ૩૨.

तस्मा अपि पुमानाद्यः श्रीभागवतमादिशत् ।
उवाच च पठस्वैनत्तव सर्वार्थसिद्धये ॥ ३३ ॥
ततो विष्णुः प्रसन्नात्मा परमार्थकपालने ।
समर्थोऽभूच्छ्रिया मासि मासि भागवतं स्मरन् ॥ ३४ ॥

અન્વયાર્થ—આદ્યઃ-સર્જના આદિ એવા, પુમાન્-પુરુષે, તસ્મૈ-અપિ-તે વિષ્ણુને પણ, શ્રીભાગવતમ્-શ્રીમદ્ ભાગવતનો, આદિશત્-આદેશ આપ્યો ચ-અને, તવ-તમારા, સર્વાર્થસિદ્ધયે-સર્વ પ્રયોજનની સિદ્ધિ માટે, એનત્-આ શ્રીમદ્ ભાગવતને, પઠસ્વ-ભણો, ઉવાચ-એ પ્રમાણે કહ્યું. ૩૩; તત્-તેથી, પ્રસન્નાત્મા-પ્રસન્ન ચિત્તવાળા, વિષ્ણુઃ-શ્રી વિષ્ણુ, માસિ માસિ-મહિને મહિને ભાગવતમ્-શ્રીમદ્ ભાગવતને, સ્મરન્-સ્મરણ કરતા, શ્રિયા-લક્ષ્મીજી સાથે, પરમાર્થકપાલને-પાલન કરવા રૂપ પરમ અર્થની સિદ્ધિમાં, સમર્થઃ-સમર્થ, અભૂત્-થયા. ૩૪.

અનુવાદ—આદિ પુરુષે તે વિષ્ણુને પણ શ્રીમદ્ ભાગવતનો ઉપદેશ આપ્યો અને કહ્યું કે તમારા સર્વ અર્થની સિદ્ધિ માટે આ શ્રીમદ્ ભાગવતનો પાઠ કરો. ૩૩; તેથી વિષ્ણુ પ્રસન્ન થઇ ગયા. પ્રત્યેક મહિને લક્ષ્મીજી સાથે શ્રીમદ્ ભાગવતને સ્મરતા વિષ્ણુ પાલન-પોષણ રૂપ પરમાર્થને સિદ્ધ કરવામાં સમર્થ નીવડ્યા. ૩૪.

यदा विष्णुः स्वयं वक्ता लक्ष्मीश्च श्रवणे रता ।
तदा भागवतश्रावो मासेनैव पुनः पुनः ॥ ३५ ॥
यदा लक्ष्मीः स्वयं वक्त्री विष्णुश्च श्रवणे रतः ।
मासद्वयं रसास्वादस्तदातीव – सुशोभते ॥ ३६ ॥
अधिकारे स्थितो विष्णुर्लक्ष्मीर्निश्चिन्तमानसा ।
तेन – भागवतास्वादस्तस्या भूरि प्रकाशते ॥ ३७ ॥

અન્વયાર્થ—યદા-જ્યારે, વિષ્ણુઃ-વિષ્ણુ, સ્વયમ્-પોતે, વક્તા-વક્તા હોય, ચ-અને, લક્ષ્મીઃ-લક્ષ્મીજી, શ્રવણે-સાંભળવામાં, રતા-તત્પર હોય-તલ્લીન બને, તદા-ત્યારે. માસેન એવ-એક મહિને જ, પુનઃ પુનઃ-વારંવાર, ભાગવતશ્રાવઃ-શ્રીમદ્ ભાગવતનું શ્રવણ ચાલે. ૩૫; યદા-જ્યારે, લક્ષ્મી-લક્ષ્મીજી, સ્વયમ્-પોતે, વક્ત્રી પ્રવચન કરે, ચ-અને, વિષ્ણુઃ-વિષ્ણુ, શ્રવણે-સાંભળવામાં, રતઃ-તત્પર બને, તદા-ત્યારે, માસદ્વયમ્-બે માસ પર્યંત, અતીવ-ખુબજ, રસાસ્વાદઃ-રસનું આસ્વાદન, સુશોભતે-શોભી ઉઠે છે, ૩૬; વિષ્ણુઃ-વિષ્ણુ, અધિકારે-અધિકારમાં, સ્થિતઃ-રહેલા છે, લક્ષ્મીઃ-લક્ષ્મીજી, નિશ્ચિન્તમાનસા-ચિન્તા રહિત મનવાળાં છે, તેન-તે કારણથી, તસ્યાઃ-લક્ષ્મીજીનો, ભાગવતાસ્વાદઃ-શ્રીમદ્ ભાગવતનો રસાસ્વાદ, ભૂરિ-મોટા પ્રમાણમાં, પ્રકાશતે-હોય છે. ૩૭.

અનુવાદ—જ્યારે ભગવાન વિષ્ણુ પ્રવચન કરે છે અને લક્ષ્મીજી શ્રવણમાં તલ્લીન બને છે, ત્યારે પ્રત્યેક માસના ક્રમથી શ્રીમદ્ ભાગવતનું શ્રવણ વારંવાર થયા કરે. ૩૫; પરંતુ જ્યારે સ્વયં લક્ષ્મીજી શ્રીમદ્ ભાગવતનાં વક્તા બને અને શ્રવણ પરાયણ વિષ્ણુ થાય, ત્યારે શ્રીમદ્ ભાગવતનો અનુપમ રસાસ્વાદ બે માસ પર્યન્ત ચાલે છે. ૩૬; કારણ કે વિષ્ણુ પ્રજા પાલનના અધિકારમાં રહેલા છે અને લક્ષ્મીજી તો નિશ્ચિંત મનવાળાં હોય છે, જેથી તેમનો ભાગવત કથા રસાસ્વાદ વિલક્ષણ અને અમાપ હોય છે. ૩૭.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

अथ रुद्रोऽपि तं देवं संहाराधिकृतः पुरा ।
पुमांसं प्रार्थयामास स्वसामर्थ्यविवृद्धये ॥ ३८ ॥
नित्ये नैमित्तिके चैव संहारे प्राकृते तथा ।
शक्तयो मम विद्यन्ते देवदेव मम प्रभो ॥ ३९ ॥
आत्यन्तिके तु संहारे मम शक्तिर्न विद्यते ।
महद् दुःखं ममैतत्तु तेन त्वां प्रार्थयाम्यहम् ॥ ४० ॥

અન્વયાર્થ—**અથ**-હવે, **પુરા**-પહેલાં, **સંહારાધિકૃતઃ**-સૃષ્ટિના સંહાર કાર્યમાં નિમાયેલ, **રુદ્રઃ-અપિ**-રુદ્ર પણ, **તં દેવમ્**-તે દેવને, **આદિપુરુષમ્**-આદિ પુરૂષને, **સ્વસામર્થ્યવિવૃદ્ધયે**-પોતાના સામર્થ્યની વિશેષ વૃદ્ધિને માટે, **પ્રાર્થયામાસ**-પ્રાર્થના કરવા લાગ્યા. ૩૮; **રુદ્ર ઉવાચ**-શ્રીરુદ્ર બોલ્યા, **દેવ દેવ**-હે દેવાધિદેવ, **પ્રભો**-હે પ્રભો, **નિત્યે સંહારે**-નિત્ય પ્રલયમાં, **ચ**-અને, **નૈમિત્તિકે**-નૈમિત્તિક પ્રલયમાં, **તથા**-તથા, **પ્રાકૃતે**-પ્રાકૃત પ્રલયમાં, **મમ**-મારી, **શક્તયઃ**-શક્તિઓ, **વિદ્યન્તે**-રહેલી છે. ૩૯; **આત્યન્તિકે સંહારે તુ**-આત્યન્તિક પ્રલયમાં મોક્ષમાં તો, **મમ**-મારી, **શક્તિઃ**-શક્તિ, **ન વિદ્યતે**-નથી, **એતત્ તુ**-આ તો, **મમ**-મારું, **મહદ્**-મોટું, **દુઃખં**-દુઃખ છે, **તેન**-તેથી, **અહમ્**-હું, **ત્વામ્**-તમને, **પ્રાર્થયામિ**-વિજ્ઞપ્તિ કરું છું-પ્રાર્થના કરું છું. ૪૦;

અનુવાદ—વિશ્વસંહારના કાર્યમાં નિમણૂક પામેલા શંકર પણ પોતાના સામર્થ્ય બળની વિશેષ વૃદ્ધિ માટે તે દેવ, આદિ પુરૂષને વિનવવા લાગ્યા. ૩૮; શ્રીરુદ્ર બોલ્યા, હે દેવાધિદેવ હે પ્રભો, નિત્ય, નૈમિત્તિક અને પ્રાકૃત પ્રલયમાં તો મારી શક્તિ છે, ૩૯; પરંતુ આત્યન્તિક પ્રલય એટલે મોક્ષમાં તો મારી શક્તિ ચાલતી નથી આ બાબતનું મને મોટું દુઃખ છે, જેથી હું આપને પ્રાર્થું છું ૪૦.

बृहस्पतिरुवाच — श्रीमद्भागवतं तस्मा अपि नारायणो ददौ ।
स तु संसेवनादस्य जिग्ये चापि तमोगुणम् ॥ ४१ ॥
कथा भागवती तेन सेविता वर्षमात्रतः ।
लये त्वात्यन्तिके तेनावाप शक्तिं सदाशिवः ॥ ४२ ॥

અન્વયાર્થ—**નારાયણઃ**-નારાયણે, **તસ્મૈ અપિ**-તે સદાશિવને પણ, **શ્રીમદ્ ભાગવતમ્**-શ્રીમદ્ ભાગવત, **દદૌ**-આપ્યું, **સઃ તુ**-તે સદાશિવે તો, **અસ્ય**-આ ભાગવતના, **સંસેવનાત્**-વિધિપૂર્વકના સેવનથી, **તમોગુણમ્ અપિ**-તમો ગુણને પણ, **જિગ્યે**-જીતી લીધો. ૪૧; **તેન**-તે શ્રી શંકરે, **વર્ષમાત્રતઃ**-ફક્ત એકજ વર્ષ પર્યંત, **ભાગવતી કથા**-શ્રીમદ્ ભાગવતની કથા, **સેવિતા**-સેવી, **તેન**-તેના પ્રભાવથી, **તુ**-તો, **સદાશિવઃ**-શ્રીસદાશિવે, **આત્યન્તિકે લયે**-આત્યન્તિક પ્રલયમાં-મોક્ષમાં, **શક્તિમ્**-શક્તિને, **અવાપ**-મેળવી. ૪૨.

અનુવાદ—બૃહસ્પતિ બોલ્યા; તે શ્રીસદાશિવને પણ આદિપુરૂષ નારાયણે શ્રીમદ્ ભાગવત આપ્યું. તેના સેવનથી તેમણે તમોગુણને જીતી લીધો. ૪૧; માત્ર એક વર્ષના શ્રીમદ્ ભાગવત કથાના સેવનથી સદાશિવે આત્યંતિક પ્રલય-મોક્ષ પ્રદાનમાં શક્તિ મેળવી. ૪૨.

उद्धव उवाच— श्रीभागवतमाहात्म्य इमामाख्यायिकां गुरोः ।
श्रुत्वा भागवतं लब्ध्वा मुमुदेऽहं प्रणम्य तम् ॥ ४३ ॥
ततस्तु वैष्णवीं रीतिं गृहीत्वा मासमात्रतः ।
श्रीमद्भागवतास्वादो मया सम्यङ् निषेवितः ॥ ४४ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

तावतैव बभूवाहं कृष्णस्य दयितः सखा ।
कृष्णेनाथ नियुक्तोऽहं व्रजे स्वप्रेयसीगणे ॥ ४५ ॥
विरहार्त्तासु गोपीषु स्वयं नित्य-विहारिणा ।
श्रीभागवतसन्देशो मन्मुखेन प्रयोजितः ॥ ४६ ॥
तं यथामति लब्ध्वा ता आसन् विरहवर्जिता ।
नाज्ञासिषं रहस्यं तच्चमत्कारस्तु लोकितः ॥ ४७ ॥

અન્વયાર્થ—**श्रीमद् भागवतमाहात्म्ये**-શ્રીમદ્ ભાગવત માહાત્મ્યમાં, **इमाम्**-આ, **आख्यायिकाम्**-આખ્યાયિકાને, **गुरोः**-બૃહસ્પતિ પાસેથી, **श्रुत्वा**-સાંભળીને, **तम्**-તેમને-બૃહસ્પતિને, **प्रणम्य**-પ્રણામ કરીને; **भागवतम्**-શ્રીમદ્ ભાગવત જ્ઞાન, **लब्ध्वा**-મેળવીને, **अहम्**-હું, **मुमुदे**-હર્ષિત થયો. ૪૩; **तत् तु**-ત્યાર પછી તો, **वैष्णवीम्**-વૈષ્ણવ સંબંધી, **रीतिम्**-પદ્ધતિને, **गृहीत्वा**-ગ્રહણ કરીને, **मासमात्रतः**-ફક્ત એકજ માસ, **श्रीमद् भागवतास्वादः**-શ્રીમદ્ ભાગવત રસાસ્વાદ, **मया**-મે, **सम्यक्**-સારી રીતે, **सेवितः**-સેવ્યો. ૪૪; **तावता एव**-માત્ર એટલાથી જ, **अहम्**-હું, **कृष्णस्य**-શ્રીકૃષ્ણનો, **दयितः**-પ્રિય, **सखा**-મિત્ર, **बभूव**-થયો, **अथ**-પછીથી, **स्वप्रेयसीगणे**-પોતાના પ્રિયતમાઓના વૃન્દમાં, **व्रजे**-વ્રજમાં, **कृष्णेन**-શ્રીકૃષ્ણથી, **अहम्**-હું, **नियुक्तः**-નિમાયો. ૪૫; **स्वयं**-પોતે, **नित्यविहारिणा**-નિત્યવિહાર શીલ-શ્રીકૃષ્ણે, **विरहार्त्तासु**-વિરહ પીડિતમાં, **गोपीषु**-ગોપી જનોમાં, **मन्मुखेन**-મારા મુખ દ્વારા, **श्रीभागवत-सन्देशः**-શ્રીભાગવત સંદેશ, **प्रयोजितः**-પાઠવ્યો હતો. ૪૬; **ताः**-તે ગોપીઓ, **तम्**-તે ભાગવત સંદેશને, **यथामति**-પોતાની બુદ્ધિ પ્રમાણે, **लब्ध्वा**-મેળવીને, **विरहवर्जिताः**-વિરહ વેદના રહિત, **आसन्**-થયાં, **तत् रहस्यम्**-તે રહસ્યને, **न-अज्ञासिषम्**-હું ન જાણી શક્યો, **चमत्कारः तु**-ચમત્કાર તો, **लोकितः**-પ્રત્યક્ષ જોયો. ૪૭.

અનુવાદ—ઉદ્ધવજી બોલ્યા; શ્રીમદ્ ભાગવતના માહાત્મ્ય પ્રસંગે આ આખ્યાયિકા ગુરૂ બૃહસ્પતિ પાસેથી મેં શ્રવણ કરી. તેમને અભિવાદન કરી શ્રીમદ્ ભાગવત જ્ઞાન મેળવીને હું રાજી થયો. ૪૩; પછી વૈષ્ણવ પદ્ધતિનો આશ્રય લઇને એક માસ સુધી શ્રીમદ્ ભાગવતનું વિધિપૂર્વક મેં સેવન કર્યું. ૪૪; ફક્ત તેટલા જ સેવનથી હું શ્રીકૃષ્ણનો પ્રિય સખા થયો. ત્યાર પછી શ્રી કૃષ્ણે પોતાને અત્યંત પ્રિય ગોપિકાઓના જૂથવાળા વ્રજમાં મારી નિમણૂક કરી. ૪૫; જ્યારે ગોપીઓ શ્રીકૃષ્ણના વિરહથી દુઃખી બની ત્યારે નિત્ય વિહારી સ્વયં શ્રીકૃષ્ણ મારે મુખેથી શ્રીભાગવતનો સંદેશ પાઠવ્યો તે સાંભળી ગોપીઓ વિરહ વેદના વિનાનાં બન્યાં. આમ શાથી બન્યું એ રહસ્ય હું ન જાણી શક્યો; કેવળ પ્રત્યક્ષ ચમત્કાર તો જોઇ શક્યો. ૪૭.

स्ववार्सं प्रार्थ्य कृष्णं च ब्रह्माद्येषु गतेषु मे ।
श्रीमद्भागवते कृष्णस्तद्रहस्यं स्वयं ददौ ॥ ४८ ॥
पुरतोऽश्वत्थमूलस्य चकार मयि तद् दृढम् ।
तेनात्र व्रजवल्लीषु वसामि बदरीं गतः ॥ ४९ ॥
तस्मान्नारदकुण्डेऽत्र तिष्ठामि स्वेच्छया सदा ।
कृष्णप्रकाशो भक्तानां श्रीमद्भागवताद् भवेत् ॥ ५० ॥
तदेषामपि कार्यार्थं श्रीमद्भागवतं त्वहम् ।
प्रवक्ष्यामि सहायोऽत्र त्वयैवानुष्ठितो भवेत् ॥ ५१ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—કૃષ્ણં–શ્રીકૃષ્ણને, **સ્વધામ્નિ**–નિજલોકમાં પધારવાને, **પ્રાર્થ્ય**–વિનવીને, **ચ**–અને, **બ્રહ્માદ્યેષુ**–બ્રહ્મા વગેરે દેવો, **ગતેષુ**–ગયા ત્યારે, **મે**–મને, **કૃષ્ણઃ**–શ્રીકૃષ્ણે, **સ્વયમ્**–પોતે, **તદ્ રહસ્યમ્**–તે રહસ્ય જ્ઞાન, **શ્રીમદ્ ભાગવતે**–શ્રીમદ્ ભાગવતમાં, **દદૌ**–આપ્યું. ૪૮; **અશ્વત્થમૂલસ્ય**–પીપળાના મૂળની, **પુરતઃ**–આગળ, **તત્**–તે જ્ઞાનને, **મયિ**–મારામાં, **દૃઢમ્** દૃઢ, **ચકાર**–કર્યું, **તેન**–તે કારણથી, **બદરીં ગતઃ**–બદરિકાશ્રમ ગયેલો હું, **અત્ર**–અહીં, **વ્રજવલ્લીષુ**–વ્રજની નિકુંજોમાં, **વસામિ**–રહું છું. ૪૯; **તસ્માત્**–તે કારણથી, **અત્ર નારદકુણ્ડે**–આ નારદકુંડમાં. **સદા**–હરરોજ, **સ્વેચ્છયા**–મારી ઇચ્છાથી, **તિષ્ઠામિ**–રહું છું, **ભક્તાનામ્**–ભગવદ્ ભક્તોને, **કૃષ્ણપ્રસાદઃ**–શ્રીકૃષ્ણનો અનુગ્રહ, **શ્રીમદ્ ભાગવતાદ્**–શ્રીમદ્ ભાગવતથી, **ભવેત્**–થાય. ૫૦; **તત્**–તો, **એષામ્ અપિ**–આ લોકોની પણ, **કાર્યાર્થમ્**–કાર્યસિદ્ધિ કરવા માટે, **અહમ્**–હું, **શ્રીમદ્ ભાગવતમ્**–શ્રીમદ્ ભાગવતને, **પ્રવક્ષ્યામિ**–કહીશ, **અત્ર**–આમાં, **સહાયઃ**–સહકાર, **ત્વયા એવ**–તમારેજ, **અનુષ્ઠિતઃ ભવેત્**–કરવો જોઇશે. ૫૧.

અનુવાદ—બ્રહ્માદિ દેવો ભગવાન શ્રીકૃષ્ણને નિજલોકમાં પધારવાની વિનંતિ કરી, તેમજ આજ્ઞા લઇને જ્યારે ગયા ત્યારે સ્વયં શ્રીકૃષ્ણે તે રહસ્ય જ્ઞાન શ્રીમદ્ ભાગવતમાં મને ઉપદેશ્યું. ૪૮; પીપળાના વૃક્ષના મૂલ સમીપે બિરાજીને મારામાં ભાગવત જ્ઞાન સ્થાપ્યું, જે જ્ઞાનના પ્રભાવે બદરિકાશ્રમમાં વસવા છતાં, હું આ વ્રજવેલીમાં વસું છું. ૪૯; તે જ્ઞાનના પ્રભાવે ઇચ્છાનુસાર સદા આ નારદકુંડમાં રહું છું. ભક્તોને શ્રીમદ્ ભાગવતથી જ શ્રીકૃષ્ણનો અનુગ્રહ પ્રાપ્ત થાય છે. ૫૦; તો આ લોકોની પણ કાર્યસિદ્ધિ માટે હું શ્રીમદ્ ભાગવત કહીશ આમાં તમારે જ સહકાર કરવો જોઇશે. ૫૧.

પરીક્ષિદુવાચ— હરિદાસ ત્વયા કાર્યં શ્રીભાગવતકીર્તનમ્ ।
આજ્ઞાપ્યોઽહં યથા કાર્યઃ સહાયોઽત્ર મયા તથા ॥ ૫૨ ॥

સૂત ઉવાચ— શ્રુત્વૈતદુદ્ધવો વાક્યમુવાચ પ્રીતમાનસઃ ॥ ૫૩ ॥

અન્વયાર્થ—હરિદાસ–હે ઉદ્ધવજી ! **ત્વયા**–આપે, **શ્રીભાગવતકીર્તનમ્**–શ્રીમદ્ ભાગવતનું કીર્તન, **કાર્યમ્**–કરવું, **મયા**–મારે, **અત્ર**–આ પ્રસંગે, **યથા**–જે પ્રકારે, **સહાયઃ**–સહાય, **કાર્યઃ**–કરવી જોઇએ, **તથા**–તે રીતે, **અહમ્**–હું, **આજ્ઞાપ્યઃ**–આદિષ્ટ કરવો. ૫૨; **એતત્**–આ, **શ્રુત્વા**–સાંભળીને, **પ્રીતમાનસઃ**–પ્રસન્ન મનવાળા, **ઉદ્ધવઃ**–ઉદ્ધવજી, **વાક્યમ્** વાક્યને, **ઉવાચ**–બોલ્યા. ૫૩.

અનુવાદ—પરીક્ષિત બોલ્યા; હે ઉદ્ધવજી, આપે શ્રીમદ્ ભાગવત કીર્તન કરવું. આ બાબતમાં મારે જે પ્રકારે સહાયક થવાનું હોય; તેનો મને આદેશ કરો. ૫૨; સૂતજી બોલ્યા; આવું વચન સાંભળી પ્રસન્ન થયેલ ઉદ્ધવજી નીચે પ્રમાણે બોલ્યા. ૫૩.

ઉદ્ધવ ઉવાચ— શ્રીકૃષ્ણેન પરિત્યક્તે ભૂતલે બલવાન્ કલિઃ ।
કરિષ્યતિ પરં વિઘ્નં સત્કાર્યે સમુપસ્થિતે ॥ ૫૪ ॥
તસ્માદ્ દિગ્વિજયં યાહિ કલિનિગ્રહમાચર ।
અહં તુ માસમાત્રેણ વૈષ્ણવીં રીતિમાસ્થિતઃ ॥ ૫૫ ॥
શ્રીમદ્ભાગવતસ્વાદં પ્રચાર્ય ત્વત્સહાયતઃ ।
એતાન્ સમ્પ્રાપયિષ્યામિ નિત્યધામ્નિ મધુદ્વિષઃ ॥ ૫૬ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—**શ્રીકૃષ્ણે**-શ્રીકૃષ્ણે, **ભૂતલે પરિત્યક્તે**-પૃથ્વી લોકનો ત્યાગ કર્યો એટલે, **સત્કાર્યે**-સત્કાર્યમાં, **સમુપસ્થિતે**-પ્રાપ્ત થતાં, **બલવાન્**-બળશાળી, **કલિઃ**-કળિયુગ, **પરમ્ વિઘ્નમ્**-મોટા વિઘ્નને, **કરિષ્યતિ** કરશે. ૫૪; **તસ્માત્**-તે કારણથી, **દિગ્વિજયમ્**-દિશાઓ જીતવાને, **યાહિ**-જાવ, **કલિનિગ્રહમ્**-કળિનિગ્રહને, **આચર**-કરો, **અહં તુ**-હું તો, **વૈષ્ણવીં રીતિમ્**-વૈષ્ણવ પદ્ધતિને, **આસ્થિતઃ**-અનુસરીને, **માસ માત્રેણ**-એક માસના અનુષ્ઠાનથી. ૫૫; **ત્વત્સહાયતઃ**-તમારી સહાયતાથી. **શ્રીમદ્ભાગવતાસ્વાદમ્**-શ્રીમદ્ ભાગવતના રસાસ્વાદને, **પ્રચાર્ય**-ફેલાવીને, **એતાન્**-આ સર્વને, **મધુદ્વિષઃ**-મધુ દૈત્યનો દ્વેષ કરનાર-શ્રીકૃષ્ણના, **નિત્યધામ્નિ**-નિત્ય ધામમાં, **સંપ્રાપયિષ્યામિ**-પહોંચાડીશ. ૫૬.

અનુવાદ—ઉદ્ધવજી બોલ્યા; શ્રીકૃષ્ણ ભૂતળનો ત્યાગ કરશે ત્યારે, સત્કર્મ કરવામાં બલિષ્ઠ કળિ વિઘ્ન કરશે; ૫૪; માટે તમે દિગ્વિજય માટે જાઓ અને કળિયુગને આધીન કરો. હું તો વૈષ્ણવ રીતિને અનુસરીને ફક્ત એક માસના સત્ર પ્રયોગથી, તમારી સહાયતાથી શ્રીમદ્ ભાગવત રસાસ્વાદનો પ્રચાર કરીને આ સર્વને શ્રીકૃષ્ણના નિત્યધામમાં પહોંચાડીશ. ૫૫; ૫૬.

सूत उवाच— श्रुत्वैवं तद्वचो राजा मुदितश्चिन्तयाऽऽतुरः ।
तदा विज्ञापयामास स्वाभिप्रायं तमुद्धवम् ॥ ૫૭ ॥

અન્વયાર્થ— **एवम्**-આ પ્રમાણેનું, **तद्वचः**-તે ઉદ્ધવજીના વચનને, **श्रुत्वा**-સાંભળીને, **मुदितः**-પ્રસન્ન થયેલ, **चिन्तया**-ભાગવત શ્રવણનો લાભ ચાલ્યો જશે એવી ચિન્તાથી, **आतुरः**-આતુર બનેલા, **राजा**-પરીક્ષિત રાજા, **तदा**-તે સમયે, **स्वाभिप्रायम्**-પોતાની ઇચ્છાને, **तम्**-તે. **उद्धवम्**-ઉદ્ધવજીને, **विज्ञापयामास**-જણાવવા લાગ્યા. ૫૭.

અનુવાદ—**સૂતજી બોલ્યા; આ પ્રમાણેનાં ઉદ્ધવજીનાં વચનને સાંભળીને પ્રસન્ન થએલા, પરંતુ ભાગવત શ્રવણનો લાભ ચાલ્યો જતો હોવાથી ચિન્તાતુર બનેલા રાજા પરીક્ષિતે, તે સમયે ઉદ્ધવજીને પોતાનો અભિપ્રાય જણાવ્યો.** ૫૭.

परीक्षिदुवाच— कलिं तु निग्रहीष्यामि तात ते वचसि स्थितः ।
श्रीभागवत—सम्प्राप्तिः कथं मम भविष्यति ॥ ૫૮ ॥
अहं तु समनुग्राह्यस्तव पादतले श्रितः ।

અન્વયાર્થ—**तात**-હે તાત, **ते**-તમારા, **वचसि**-વચનમાં, **स्थितः**-રહેલો, **कलिं तु**-કળિને તો, **निग्रहिष्यामि**-વશ કરીશ, પરંતુ **मम**-મને, **श्रीभागवतसंप्राप्तिः**-શ્રીમદ્ ભાગવતની પ્રાપ્તિ, **कथम्**-કેવી રીતે, **भविष्यति**-થશે ? ૫૮; **अहं तु**-હું તો, **तव**-તમારા, **पादतले**-ચરણમાં, **श्रितः**-આશ્રય કરીને રહેલો છું તો, **समनुग्राह्यः**-સર્વ રીતે અનુગ્રહ પાત્ર છું.

અનુવાદ—**પરીક્ષિત બોલ્યા; હે તાત, તમારા વચન પ્રમાણે હું કલિયુગનો નિગ્રહ તો કરીશ પરંતુ મને શ્રીમદ્ ભાગવતની પ્રાપ્તિ કેવી રીતે થશે ? ૫૮; હું તો આપના ચરણના આશ્રયે રહેલ છું તો મારા ઉપર અનુગ્રહ કરવો જોઇએ.**

सूत उवाच— श्रुत्वैतद् वचनं भूयोऽप्युद्धवस्तमुवाच ह ॥ ૫૯ ॥

અન્વયાર્થ—**एतत्**-આ, **वचनम्**-વચનને, **श्रुत्वा**-સાંભળી, **उद्धवः**-ઉદ્ધવજી, **भूयः अपि**-ફરીથી પણ **तम्**-તેને-રાજાને, **ह**-ખરેખર, **उवाच**-કહેવા લાગ્યા. ૫૯.

અનુવાદ—**સૂતજી બોલ્યા; આ પ્રમાણે પરીક્ષિત રાજાનું વચન સાંભળીને ઉદ્ધવજી ફરીથી તે રાજાને કહેવા લાગ્યા.** ૫૯.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

उद्धव उवाच— राजंश्चिन्ता तु ते कापि नैव कार्या कथञ्चन ।
तवैव भगवच्छास्त्रे यतो मुख्याधिकारिता ॥ ६० ॥
एतावत्कालपर्यन्तं प्रायो भागवतश्रुतेः ।
वार्तामपि न जानन्ति मनुष्याः कर्मतत्पराः ॥ ६१ ॥
तत्प्रसादेन बहवो मनुष्या भारताजिरे ।
श्रीमद्भागवतप्राप्तौ सुखं प्राप्स्यन्ति शाश्वतम् ॥ ६२ ॥

અન્વયાર્થ—**राजन्**-હે રાજન્, **ते**-તમારે, **तु**-તો, **का अपि**-કોઈપણ પ્રકારની, **चिन्ता**-ચિન્તા **कथञ्चन**-કોઈપણ રીતે, **न कार्या**-ન કરવી, **यतः**-કારણ કે, **भगवच्छास्त्रे**-શ્રીમદ્ ભાગવત શાસ્ત્રમાં, **तव एव**-તમારી જ, **मुख्य अधिकारिता**-મુખ્ય યોગ્યતા છે. ૬૦; **एतावत्कालपर्यन्तम्**-આટલા સમય સુધી, **प्रायः**-ઘણે ભાગે, **कर्म तत्पराः**-કર્મ કરવામાં રચ્યા પચ્યા રહેલા, **मनुष्याः**-મનુષ્યો, **भागवत श्रुतेः**-ભાગવત શ્રવણની, **वार्ताम् अपि**-વાતને પણ, **न जानन्ति**-જાણતા નથી. ૬૧; **भारताजिरे**-ભારતના આંગણે, **त्वत्प्रसादेन**-તમારી કૃપાથી, **बहवः**-ઘણા, **मनुष्याः**-મનુષ્યો, **श्रीभागवत प्राप्तौ**-શ્રીમદ્ ભાગવતની પ્રાપ્તિ થતાં, **शाश्वतम्**-નિત્યના, **सुखम्**-સુખને, **प्राप्स्यन्ति**-પ્રાપ્ત કરશે. ૬૨.

અનુવાદ—**ઉદ્ધવજી બોલ્યા; રાજન્, તમારે કોઇપણ સમયે કોઈપણ પ્રકારની ચિન્તા ન કરવી; કારણ કે શ્રીમદ્ ભાગવત શાસ્ત્રમાં તમારો મુખ્ય અધિકાર છે.** ૬૦; **ઘણે ભાગે કર્મ કરવામાં આસક્ત મનુષ્યો અત્યાર સુધી શ્રીમદ્ ભાગવત શ્રવણના મહિમાને પણ જાણતા નથી.** ૬૧; **ભારત ભૂમિના આંગણે તમારી કૃપાથી શ્રીમદ્ ભાગવતની પ્રાપ્તિ થતાં અનેક માનવો નિત્ય સુખને મેળવશે.** ૬૨.

नन्दनन्दनरूपस्तु श्रीशुको भगवानृषिः ।
श्रीमद्भागवतं तुभ्यं श्रावयिष्यत्यसंशयम् ॥ ६३ ॥
तेन प्राप्स्यसि राजंस्त्वं नित्यं धाम व्रजेशितुः ।
श्रीभागवत – सञ्चारस्ततो भुवि भविष्यति ॥ ६४ ॥
तस्माच्चं गच्छ राजेन्द्र कलिनिग्रहमाचर ।

અન્વયાર્થ—**नन्दनन्दनरूपः**-નંદનંદન શ્રીકૃષ્ણ રૂપ, **भगवान्**-છ ઐશ્વર્ય સંપન્ન, **श्रीशुकः ऋषिः तु**-શ્રી શુકદેવ ઋષિ તો, **तुभ्यम्**-તમને, **असंशयम्**-નિઃસંદેહ, **श्रीमद् भागवतम्**-શ્રીમદ્ ભાગવત શાસ્ત્રને, **श्रावयिष्यति**-શ્રવણ કરાવશે. ૬૩; **राजन्**-હે રાજન, **तेन**-તેથી, **त्वम्**-તમે, **व्रजेशितुः**-વ્રજેશ શ્રીકૃષ્ણના, **नित्यम्**-નિત્ય, **धाम**-ધામને, **प्राप्स्यसि**-પ્રાપ્ત કરશો, **ततः**-ત્યારબાદ, **भुवि**-પૃથ્વી ઉપર, **श्री भागवतसञ्चारः**-શ્રીમદ્ ભાગવતનો પ્રચાર, **भविष्यति**-થશે. ૬૪; **तस्मात्**-તે કારણથી, **राजेन्द्र**-હે પરીક્ષિત, **त्वम्**-તમે, **गच्छ**-જાઓ, **कलिनिग्रहम्**-કળિનિગ્રહને, **आचर**-કરો.

અનુવાદ—**નન્દનન્દન શ્રીકૃષ્ણ સ્વરૂપ, ભગવાન શ્રીશુકદેવ મુનિ તમને અવશ્ય શ્રીમદ્ ભાગવત શાસ્ત્ર શ્રવણ કરાવશે.** ૬૩; **જેનાથી, હે રાજન્, તમે વ્રજેશ્વરના નિત્ય ધામને પ્રાપ્ત કરશો; ત્યારબાદ પૃથ્વી ઉપર શ્રીમદ્ ભાગવતનો પ્રચાર વધશે.** ૬૪; **માટે હે રાજેન્દ્ર, તમે જાઓ અને કલિનો નિગ્રહ કરો.**

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

सूत उवाच — इत्युक्तस्तं परिक्रम्य गतो राजा दिशां जये ॥ ६५ ॥
वज्रस्तु निजराज्येशं प्रतिबाहुं विधाय च ।
तत्रैव मातृभिः साकं तस्थौ भागवताशया ॥ ६६ ॥

અન્વયાર્થ—इति–એ પ્રમાણે, उक्तः–કહેવાયેલા, राजा–પરીક્ષિત, तम्–તે ઉદ્ધવજીને, परिक्रम्य–પ્રદક્ષિણા કરીને, दिशाम्–દિશાઓના, जये–વિજયમાં, गतः–ગયા. ૬૫; वज्रः तु–વજ્રનાભ તો, प्रतिबाहुम्–પ્રતિબાહુને, निजराज्येशम्–પોતાના રાષ્ટ્રપતિને, विधाय–બનાવીને, च–અને, भागवताशया–શ્રીમદ્ ભાગવત શ્રવણની આશાથી, मातृभिः साकम्–માતાઓ સાથે, तत्र एव–ત્યાંજ, तस्थौ–રહ્યા. ૬૬.

અનુવાદ—સૂતજી બોલ્યા; રાજા પરીક્ષિત ઉદ્ધવજીની વાત સાંભળીને, તેમની પ્રદક્ષિણા કરીને, દિગ્વિજય માટે ચાલી નીકળ્યા. ૬૫; વજ્રનાભ તો પ્રતિબાહુને પોતાના રાજ્ય ઉપર સ્થાપીને–રાષ્ટ્રપાલક નીમીને શ્રીમદ્ ભાગવતની આશાએ માતાઓ સાથે ત્યાંજ રહ્યા. ૬૬.

अथ वृन्दावने मासं गोवर्द्धनसमीपतः ।
श्रीमद्भागवतास्वादस्तूद्धवेन प्रवर्तितः ॥ ६७ ॥
तस्मिन्नास्वाद्यमाने तु सच्चिदानन्दरूपिणी ।
प्रचकाशे हरेर्लीला सर्वतः कृष्ण एव च ॥ ६८ ॥

અન્વયાર્થ—अथ–ત્યારબાદ, गोवर्द्धनसमीपतः–ગોવર્ધન પર્વતની સમીપે, वृंदावने–વૃન્દાવનમાં, मासम्–એક માસ પર્યંત, श्रीमद्भागवतास्वादः–શ્રીમદ્ ભાગવતનો રસાસ્વાદ. उद्धवेन तु–ઉદ્ધવજીએ તો, प्रवर्तितः–પ્રસરાવ્યો. ૬૭; तस्मिन् आस्वाद्यमाने तु–તેનો આસ્વાદ શરૂ થતાં તો, सच्चिदानन्दरूपिणी–સત્–ચિત્ અને આનન્દ સ્વરૂપ વાળી, हरेः–શ્રીકૃષ્ણની, लीला–લીલા, प्रचकाशे–પ્રકાશવા લાગી, च–અને सर्वतः–ચોતરફ. कृष्णः एव–શ્રીકૃષ્ણ જ (ભાસવા લાગ્યા). ૬૮.

અનુવાદ—ત્યારબાદ ગોવર્ધનની પાસે વૃન્દાવનમાં એક માસ પર્યંત શ્રીમદ્ ભાગવતનો રસાસ્વાદ કરાવ્યો. ૬૭; જેનો રસાસ્વાદ થતાં સચ્ચિદાનંદ સ્વરૂપવાળી શ્રીહરિની લીલા પ્રકાશવા લાગી; તેમજ ચોતરફ શ્રીકૃષ્ણ જ પ્રકાશવા લાગ્યા. ૬૮.

आत्मानं च तदन्तःस्थं सर्वेऽपि ददृशुस्तदा ।
वज्रस्तु दक्षिणे दृष्ट्वा कृष्णपादसरोरुहे ॥ ६९ ॥
स्वात्मानं कृष्णवैधुर्यान्मुक्तस्तद्भुव्यशोभत ।
ताश्च तन्मातरः कृष्णे रासरात्रि–प्रकाशिनि ॥ ७० ॥
चन्द्रे कलाप्रभारूपमात्मानं वीक्ष्य विस्मिताः ।
स्वप्रेष्ठविरहव्याधिविमुक्ताः स्वपदं ययुः ॥ ७१ ॥

અન્વયાર્થ—आत्मानं च–અને પોતાને, तदन्तःस्थम्–તેની અંદર રહેલા, तदा–તે સમયે, सर्वे अपि–બધાજ, ददृशुः–જોવા લાગ્યા, वज्रः तु–વજ્રનાભ તો, दक्षिणे कृष्ण पादसरोरुहे–શ્રીકૃષ્ણના જમણા ચરણ કમળમાં. ૬૯; स्वात्मानम्–પોતાને, दृष्ट्वा–જોઈને, कृष्णवैधुर्यात्–શ્રીકૃષ્ણના વિરહથી, मुक्तः–મુક્ત થયા, तत्–તે દૃશ્ય, भुवि–પૃથ્વી ઉપર, अशोभत–શોભવા લાગ્યું, ताः च–અને તે બધી, तन्मातरः–તે વજ્રનાભની માતાઓ, रासरात्रि प्रकाशिनि–રાસ રાત્રિમાં પ્રકાશતા, कृष्णे चन्द्रे–શ્રીકૃષ્ણ ચન્દ્રમાં,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કલાપ્રભારૂપમ્–કલા અને કાન્તિ રૂપે, **આત્માનમ્**–પોતાને, **વીક્ષ્ય**–જોઇને, **વિસ્મિતાઃ**–આશ્ચર્ય પામ્યાં, **સ્વ પ્રેષ્ઠ વિરહ વ્યાધિ વિમુક્તાઃ**–પોતાના પ્રિયતમના વિરહરૂપ વ્યાધિથી મુક્ત બનેલાં, **સ્વપદમ્**–પોતાના નિત્યપદને, **યયુઃ**–પામ્યાં. ૭૦; ૭૧.

અનુવાદ—તે સમયે તે બધાં પણ પોતપોતાને નિત્ય લીલામાં રહેલાં જોવા લાગ્યાં. વજ્રનાભ તો શ્રીકૃષ્ણના દક્ષિણ ચરણ કમળમાં પોતાને જોઇને શ્રીકૃષ્ણ વિરહથી મુક્ત થયા. તે દશ્ય પૃથ્વી ઉપર શોભવા લાગ્યું. વજ્રનાભની માતાઓ પણ રાસરાત્રિઓમાં પ્રકાશતા શ્રી કૃષ્ણચન્દ્રમાં પોતાને કલા-પ્રભા રૂપે જોઇને વિસ્મય પામ્યાં. પોતાના પ્રિયતમના વિરહ વ્યાધિની પીડાથી મુક્ત થયાં અને પોતાના નિત્ય સ્વરૂપને પામ્યાં. ૬૯; ૭૦; ૭૧.

યેઽન્યે ચ તત્ર તે સર્વે નિત્યલોલાન્તરં ગતાઃ ।
વ્યાવહારિક–લોકેભ્યઃ સદ્યોદર્શનમાગતાઃ ॥ ૭૨ ॥
ગોવર્દ્ધનનિકુઞ્જેષુ ગોષુ વૃન્દાવનાદિષુ ।
નિત્યં કૃષ્ણેન મોદન્તે દૃશ્યન્તે પ્રેમતત્પરૈઃ ॥ ૭૩ ॥

અન્વયાર્થ—**ચ**–અને, **તત્ર**–ત્યાં, **યે**–જેઓ, **અન્યે**–બીજા હતા, **તે સર્વે**–તે બધા, **નિત્યલીલાન્તરમ્**–નિત્ય લીલાની અંદર, **ગતાઃ**–પ્રવેશ પામ્યા, **વ્યાવહારિકલોકેભ્યઃ**–વ્યવહારમાં રચ્યાપચ્યા રહેલા લોકોથી, **સદ્યઃ**–એકદમ, **અદર્શનમ્**–અદર્શનને, **આગતાઃ**–પામ્યા. ૭૨; **ગોવર્દ્ધન નિકુઞ્જેષુ**–ગોવર્ધન પર્વતની નિકુંજોમાં, **ગોષુ**–ગાયોની અંદર, **વૃન્દાવનાદિષુ**–વૃન્દાવન વગેરે સ્થળોમાં, **નિત્યમ્**–નિત્ય, **કૃષ્ણેન**–શ્રીકૃષ્ણ સાથે, **મોદન્તે**–આનંદ કરે છે, **પ્રેમ તત્પરૈઃ**–પ્રેમ તત્પર ભક્તોથી, **દૃશ્યન્તે**–જોવામાં આવે છે. ૭૩.

અનુવાદ—તેમજ જે બીજા ત્યાં હતા, તે બધા ભગવાનની નિત્ય લીલામાં અન્તર્ભાવ પામ્યા. વ્યવહારોમાં રચ્યાપચ્યા રહેલા લોકોથી એકદમ અદૃશ્ય થઇ ગયા. ૭૨; ગોવર્ધન પર્વતની નિકુંજોમાં, ગાયો વિષે, તેમજ વૃન્દાવન વગેરે પ્રદેશોમાં શ્રીકૃષ્ણ સાથે તેઓ નિત્ય વિહાર કરતા આનંદ માણે છે. પ્રભુ પ્રેમમાં તત્પર ભક્તો એમનું દર્શન કરી શકે છે. ૭૩.

સૂત ઉવાચ— ય એતાં ભગવત્પ્રાપ્તિં શૃણુયાચ્ચાપિ કીર્તયેત્ ।
તસ્ય વૈ ભગવત્પ્રાપ્તિર્દુઃખહાનિશ્ચ જાયતે ॥ ૭૪ ॥

અન્વયાર્થ—**યઃ**–જે, **એતામ્**–આ ભગવત્પ્રાપ્તિમ્–ભગવાનની પ્રાપ્તિને, **શ્રૃણુયાત્**–શ્રવણ કરે, **અપિ ચ**–અને વળી, **કીર્તયેત્**–કીર્તન કરે–ગાન કરે, **તસ્ય**–તેને, **વૈ**–ખરેખર, **ભગવત્પ્રાપ્તિઃ**–ભગવાનની પ્રાપ્તિ, **ચ**–અને, **દુઃખહાનિઃ**–દુઃખોનો વિનાશ. **જાયતે**–થાય છે. ૭૪.

અનુવાદ—જે કોઇ આ ભગવત્પ્રાપ્તિને શ્રવણ કરે, અથવા ગાન-કીર્તન કરે, તેને સાથે જ ભગવત્પ્રાપ્તિ થાય છે, તેમજ દુઃખોની નિવૃત્તિ થાય છે. ૭૪.

શ્રીસ્કંદ પુરાણના દ્વિતીય વૈષ્ણવ ખંડના શ્રીમદ્ ભાગવત-માહાત્મ્યમાં 'ભક્તિના કષ્ટની નિવૃત્તિ' નામનો ત્રીજો અધ્યાય સમાપ્ત.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અધ્યાય ચોથો

ઋષયઃ ઊચુઃ— સાધુ સૂત ચિરં જીવ ચિરમેવં પ્રશાધિ નઃ ।
શ્રીભાગવતમાહાત્મ્યમપૂર્વં ત્વન્મુખાચ્છ્રુતમ્ ॥ ૧ ॥
તત્સ્વરૂપં પ્રમાણં ચ વિધિં ચ શ્રવણે વદ ।
તદ્વક્તુર્લક્ષણં સૂત શ્રોતુશ્ચાપિ વદાધુના ॥ ૨ ॥

અન્વયાર્થ - ઋષયઃ-ઋષિઓ ઊચુઃ-બોલ્યા, સૂત-હે સૂતજી, સાધુ-ઘણીજ સારી વાત, ચિરં જીવ ઘણું જીવો, એવમ્-આ પ્રમાણે, નઃ-અમને, ચિરમ્-દીર્ઘકાલ પર્યંત, પ્રશાધિ-ઉપદેશ આપતા રહો, ત્વન્મુખાત્-તમારા મુખથી, અપૂર્વમ્-અપૂર્વ, શ્રીભાગવત માહાત્મ્યમ્-શ્રીભાગવતનું માહાત્મ્ય, શ્રુતમ્-સાંભળ્યું. ૧; સૂત-હે સૂતજી, તત્સ્વરૂપમ્-શ્રીમદ્ ભાગવતનું સ્વરૂપ, ચ-અને, પ્રમાણમ્-તેનું પ્રમાણ, ચ-અને, શ્રવણે-શ્રવણ કરવામાં, વિધિમ્-વિધિને, વદ-કહો, તદ્વક્તુઃ-તેના વક્તાનું, ચ-અને, શ્રોતુઃ અપિ-શ્રોતાનું પણ, લક્ષણમ્-લક્ષણ, અધુના-હાલમાં, વદ-કહો. ૨.

અનુવાદ—ઋષિ બોલ્યા; મહર્ષિ સૂત ! આપને ધન્યવાદ, આપ ચિરકાલ જીવો અને અમને ઉપદેશ આપો; આપના મુખથી અમે અપૂર્વ એવું શ્રીમદ્ ભાગવતનું માહાત્મ્ય સાંભળ્યું. ૧; હવે તેનું સ્વરૂપ, એના શ્લોકાદ્રિનું પ્રમાણ અને એના શ્રવણનો વિધિ, તેમજ શ્રીમદ્ ભાગવતના વક્તા અને શ્રોતાનાં લક્ષણ પણ આપ અમને કહો. ૨.

સૂત ઉવાચ— શ્રીમદ્ભાગવતસ્યાથ શ્રીમદ્ભગવતઃ સદા ।
સ્વરૂપમેકમેવાસ્તિ સચ્ચિદાનન્દ – લક્ષણમ્ ॥ ૩ ॥
શ્રીકૃષ્ણાસક્ત–ભક્તાનાં તન્માધુર્યપ્રકાશકમ્ ।
સમુજ્જૃમ્ભતિ યદ્વાક્યં વિદ્ધિ ભાગવતં હિ તત્ ॥ ૪ ॥
જ્ઞાન – વિજ્ઞાન – ભક્ત્યઙ્ગ – ચતુષ્ટયપરં વચઃ ।
માયામર્દનદક્ષં ચ વિદ્ધિ ભાગવતં ચ તત્ ॥ ૫ ॥
પ્રમાણં તસ્ય કો વેદ હ્યનન્તસ્યાક્ષરાત્મનઃ ।
બ્રહ્મણે હરિણા તદ્દિક્–ચતુઃશ્લોક્યા પ્રદર્શિતા ॥ ૬ ॥

અન્વયાર્થ—સૂતઃ-સૂતજી, ઉવાચ-બોલ્યા, શ્રીમદ્ ભાગવતસ્ય-શ્રીમદ્ ભાગવતનું, અથ-તેમજ, શ્રીમદ્-ભગવતઃ-શ્રીભગવાનનું, સદા-હંમેશાં, સચ્ચિદાનન્દ લક્ષણમ્-સત્ ચિત્ અને આનન્દ લક્ષણવાળું, સ્વરૂપમ્-સ્વરૂપ, એકમ્ એવ-એકજ, અસ્તિ-છે. ૩; શ્રીકૃષ્ણાસક્તભક્તાનામ્-શ્રીકૃષ્ણમાં આસક્ત ભક્તોનું, તન્માધુર્યપ્રકાશકમ્-શ્રીકૃષ્ણ માધુર્યનું પ્રકાશક, યત્-જે, વાક્યમ્-વાક્ય, સમજ્જૃમ્ભતિ-પ્રકાશે છે, તત્-તેને, ભાગવતમ્-શ્રીમદ્ ભાગવત, વિદ્ધિ-જાણો. ૪; જ્ઞાન-વિજ્ઞાન-ભક્ત્યઙ્ગચતુષ્ટય-પરમ્-જ્ઞાન-વિજ્ઞાન તેમજ ભક્તિનાં ચાર અંગોનું પ્રતિપાદક, ચ-અને, માયામર્દનદક્ષમ્-માયાને મર્દન કરવામાં સમર્થ, વચઃ-જે વાક્ય, તત્-તે વાક્યને, ભાગવતમ્-શ્રીમદ્ ભાગવત, વિદ્ધિ-જાણો. ૫; અનન્તસ્ય-અન્ત વિનાના, અક્ષરાત્મનઃ-અક્ષર સ્વરૂપ એવા, તસ્ય-તે શ્રીમદ્ ભાગવતના, પ્રમાણમ્-પ્રમાણને, કઃ-કોણ, વેદ-જાણે છે, હરિણા-શ્રીહરિએ, બ્રહ્મણે-બ્રહ્મદેવને, તત્-દિક્-તેની દિશા, ચતુઃ શ્લોક્યા-ચાર શ્લોકથી, પ્રદર્શિતા-દર્શાવી છે. ૬.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—સૂતજી બોલ્યા; શ્રીમદ્ ભાગવત અને શ્રીકૃષ્ણચન્દ્ર ભગવાન બન્નેનું સ્વરૂપ સચ્ચિદાનંદ લક્ષણવાળું સદા એકજ છે. ૩; ભગવાનમાંજ ચિત્તવૃત્તિવાળા. ભક્તોના મુખથી ભગવાનના માધુર્યનું પ્રકાશક જે વાકય નીકળે છે, તેને જ તમે ભાગવત છે એમ જાણો. ૪; જ્ઞાન, વિજ્ઞાન તથા ભક્તિનાં ચાર અંગોનું પ્રતિપાદક તથા માયાને મર્દન કરવામાં સમર્થ ભક્તોનું જે વાકય, તેને તમે ભાગવત છે એમ જાણો. ૫; અનન્ત તેમજ અક્ષરાત્મક એવા એ શ્રીમદ્ ભાગવતના પ્રમાણને કોણ જાણી શકે ? શ્રીહરિએ બ્રહ્માને કેવળ ચાર શ્લોકથી એનું દિગ્દર્શન કરાવ્યું છે.૬.

तदानन्त्यावगाहेन – स्वेप्सितावहनक्षमाः ।
त एव सन्ति भो विप्रा ब्रह्मविष्णुशिवादयः ॥ ७ ॥
मितबुद्ध्यादिवृत्तीनां मनुष्याणां हिताय च ।
परीक्षिच्छुकसंवादो योऽसौ व्यासेन कीर्तितः ॥ ८ ॥
ग्रन्थोऽष्टादशसाहस्रो योऽसौ भागवताभिधः ।
कलिग्राहगृहीतानां स एव परमाश्रयः ॥ ९ ॥

અન્વયાર્થ—भो विप्राः–હે વિપ્રો, ब्रह्मविष्णुशिवादयः–બ્રહ્મા, વિષ્ણુ, મહાદેવ વગેરે દેવો, तदानन्त्यावगाहेन–તે શ્રીમદ્ ભાગવતમાં અતિશય અવગાહન કરવાથી, स्वेप्सितावहनक्षमाः–પોતાના અભિલષિત કાર્યભારને વહન કરવામાં સમર્થ, ते–एव–તેઓજ, सन्ति–છે. ૭; मितबुद्ध्यादिवृत्तीनाम्–અલ્પ બુદ્ધિ વગેરે વૃત્તિઓવાળા. मनुष्याणाम्–મનુષ્યોના, हिताय–હિત માટે, यः–જે, असौ–આ, परीक्षिच्छुक-संवादः–પરીક્ષિત અને શ્રીશુકદેવનો સંવાદ, व्यासेन–વ્યાસ મહર્ષિએ, कीर्तितः–વર્ણવ્યો છે. ૮; यः–જે, असौ–આ, अष्टादशसाहस्रः–અઢાર હજાર શ્લોક યુક્ત, भागवताभिधः–શ્રીમદ્ ભાગવત નામનો, ग्रन्थः–ગ્રન્થ, सः एव–તે જ, कलिग्राहगृहीतानाम्–કળિયુગ નામના મગરથી પકડાયેલાંઓને, परमाश्रयः–પરમ આશ્રય રૂપ છે. ૯.

અનુવાદ—હે વિપ્રો ! બ્રહ્મા, વિષ્ણુ, મહાદેવ વગેરે દેવો પણ શ્રીમદ્ ભાગવતના અત્યંત સેવનથી જ પોતાની ઇષ્ટ કાર્યધુરાને વહન કરવામાં સમર્થ થયેલા છે. ૭; વળી ઓછી બુદ્ધિ-જ્ઞાનવાળા મનુષ્યોના હિત માટે શ્રીવ્યાસ મહર્ષિએ પરીક્ષિત અને શુકદેવજીનો આ સંવાદ કહ્યો છે. ૮; આ ગ્રન્થના અઢાર હજાર શ્લોકો છે, જેનું નામ શ્રીમદ્ ભાગવત છે. કલિરૂપી મગરથી પકડાયેલા મનુષ્યોને છોડાવનાર પરમ આશ્રયભૂત શ્રીમદ્ ભાગવત જ છે. ૯.

श्रोतारोऽथ निरूप्यन्ते श्रीमद्विष्णुकथाश्रयाः ।
प्रवरा अवराश्चेति श्रोतारो द्विविधा मताः ॥ १० ॥
प्रवराश्चातको हंसः शुको मीनादयस्तथा ।
अवरा वृकभूरुण्ड–वृषोष्ट्राद्याः प्रकीर्तिताः ॥ ११ ॥
अखिलोपेक्षया यस्तु कृष्णशास्त्रश्रुतौ व्रती ।
स चातको यथाम्भोदमुक्ते पाथसि चातकः ॥ १२ ॥
हंसः स्यात् सारमादत्ते यः श्रोता विविधाच्छ्रुतात् ।
दुग्धेनैक्यं गतात्तोयाद् यथा हंसोऽमलं पयः ॥ १३ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—અથ–હવે, **શ્રીમદ્વિષ્ણુકથાશ્રયાઃ**–શ્રીમદ્ વિષ્ણુ ભગવાનની કથાઓનો આશ્રય કરનારા, **શ્રોતારઃ**–શ્રોતાઓ, **નિરૂપ્યન્તે**–જણાવવામાં આવે છે, **પ્રવરાઃ**–શ્રેષ્ઠ, **અવરાઃ**–કનિષ્ઠ, **દ્વિવિધાઃ**–બે પ્રકારના, **શ્રોતારઃ**–શ્રોતાઓ, **મતાઃ**–માનવામાં આવ્યા છે. ૧૦; **પ્રવરાઃ**–પ્રવર શ્રોતાઓ, **ચાતકઃ**–ચાતક પક્ષી, **હંસઃ**–હંસ, **શુકઃ**–પોપટ, **તથા**–તેમજ, **મીનાદયઃ**–મત્સ્ય વિગેરે છે, **અવરાઃ**–'અવર' શ્રોતાઓ, **વૃકમૂરુણ્ડ**–વૃષ–ઉષ્ટ્ર–**આદ્યાઃ**–વરૂ, ભૂરુંડ, બળદ, ઊંટ વિગેરે, **પ્રકીર્તિતાઃ**–કહેવામાં આવ્યા છે. ૧૧; **યઃ**–**તુ**–જે શ્રોતા તો, **અખિલોપેક્ષયા**–બીજું સર્વ કાંઇ છોડી દઇને, **કૃષ્ણશાસ્ત્રશ્રુતૌ**–શ્રીકૃષ્ણ વિષયક ભાગવત શાસ્ત્રના શ્રવણમાં, **વ્રતી**–વ્રતવાળો, **અમ્ભોદમુક્તે**–મેઘના વરસાવેલા, **પાથસિ**–જલમાં, **યથા**–**ચાતકઃ**જેમ ચાતક પક્ષી છે, **સઃ ચાતકઃ**–તેમ તે પણ ચાતક છે. ૧૨; **યથા**–જેમ, **હંસઃ**–હંસ, **દુગ્ધેન**–દૂધ સાથે, **ઐક્યમ્** એકાકાર, **ગતાન્**–પામેલા, **તોયાત્**–જળમાંથી, **અમલમ્**–નિર્મળ, **પયઃ**–દૂધને ગ્રહણ કરે છે તેમ, **યઃ**–**શ્રોતા**–જે શ્રોતા, **વિક્ષિધાત્**–જુદી જુદી જાતના, **શ્રુતાત્**–શ્રવણમાંથી, **સારમ્**–સારને, **આદત્તે**–ગ્રહણ કરે છે તે શ્રોતા, **હંસઃ**–'હંસ', **સ્યાત્**–થાય. ૧૩.

અનુવાદ—હવે શ્રીમદ્ ભાગવત કથાનો આશ્રય કરનાર શ્રોતાઓનું નિરૂપણ કરવામાં આવે છે. તેઓ બે પ્રકારના છે–એક "પ્રવર", અને બીજા "અવર" ૧૦; પ્રવર શ્રોતાઓમાં ચાતક, હંસ. શુક અને મત્સ્ય વિગેરેનો અન્તર્ભાવ થાય છે, જ્યારે અવર શ્રોતાઓમાં વરૂ, ભૂરુંડ, બળદ, ઊંટ વિગેરેને ગણવામાં આવ્યા છે. ૧૧; જેમ ચાતક પક્ષી બીજા બધી જ જાતનાં જળ છોડી દઇને વાદળામાંથી વરસતા જળને જ ગ્રહણ કરે છે, તેમ જે શ્રોતા અન્ય સર્વ શ્રવણ છોડી દઇને કેવળ શ્રીકૃષ્ણ વિષયક શ્રીમદ્ ભાગવત શાસ્ત્ર શ્રવણમાં વ્રતવાળો છે, તે શ્રોતા "ચાતક" કહેવાય છે. ૧૨; જેમ હંસ પક્ષી દૂધ સાથે મળેલા જળમાંથી નિર્મળ દૂધને ગ્રહણ કરે છે, તેમ જે શ્રોતા વિવિધ પ્રકારના શ્રવણમાંથી ફકત સારનેજ ગ્રહણ કરે તે શ્રોતાને "હંસ" કહ્યો છે. ૧૩.

તત્ત્વસુધા—**શ્રુતાત્**–શ્રુત શબ્દના શ્રવણ અને શાસ્ત્ર એવા બે અર્થ થાય છે. વિવિધ શાસ્ત્રોમાંથી કે વિવિધ શ્રવણોમાંથી પક્ષકાર ન થતાં સારગ્રાહી થવું–એ હંસની વિવેકવૃત્તિ છે.

શુકઃ સુષ્ઠુ મિતં વક્તિ વ્યાસં શ્રોતૄંશ્ચ હર્ષયન્ ।
સુપાઠિતઃ શુકો યદ્વચ્છિક્ષકં પાર્શ્વગાનપિ ॥ ૧૪ ॥
શબ્દં નાનિમિષો જાતુ કરોત્યાસ્વાદયન્ રસમ્ ।
શ્રોતા સ્નિગ્ધો ભવેન્મીનો મીનઃ ક્ષીરનિધૌ યથા ॥ ૧૫ ॥

અન્વયાર્થ—**યદ્વત્**–જે રીતે, **સુપાઠિતઃ**–સારી રીતે ભણાવેલ, **શુકઃ**–પોપટ, **શિક્ષકમ્**–શિક્ષકને, **પાર્શ્વગાન્ અપિ**–પાસે રહેનારાઓને પણ, **હર્ષયન્**–હર્ષ ઉપજાવતો, **સુષ્ઠુ**–સારું, **મિતમ્**–જરૂર જેટલું, **વક્તિ**–બોલે છે, **શુકઃ**–શુકદેવ, **વ્યાસમ્**–વ્યાસ મહર્ષિને, **ચ**–અને, **શ્રોતૄન્**–શ્રોતાઓને, **હર્ષયન્**–હર્ષઉપજાવતી વાણીને, **વક્તિ**–વદે છે. ૧૪; **શ્રોતા**–શ્રોતા, **અનિમિષઃ**–આંખના પલકારા વિના, એકાગ્રતાથી, **રસમ્**–કથા રસને, **આસ્વાદયન્**–ચાખતો, **જાતુ**–કોઇ વખત પણ, **શબ્દમ્**–અવાજને, **ન કરોતિ**–કરતો નથી, એવો **સ્નિગ્ધઃ**–સ્નેહાળ શ્રોતા, **મીનઃ**–મત્સ્ય જેવો, **ભવેત્**–હોય છે, **યથા**–જેમ, **ક્ષીરનિધૌ**–મહાસાગરમાં, **મીનઃ**–મત્સ્ય હોય તેમ. ૧૫.

અનુવાદ—જેમ સારી રીતે ભણાવેલ પોપટ શિક્ષકને તેમજ બીજા સમીપમાં રહેલાઓને મધુર તેમજ પરિમિત બોલીને હર્ષ ઉપજાવે છે, તેમ જે, વ્યાસ તેમજ અન્ય શ્રોતાઓને પ્રિય મધુર અને અલ્પ બોલીને હર્ષ ઉપજાવે છે, તેને "શુક" કહેવાય છે. ૧૪; મહાસાગરમાં રસલીન બની વિહરતા મત્સ્યની માફક જે શ્રોતા આંખના પલકારા કર્યા વિના એકાગ્રતાથી મૌનપૂર્વક શ્રવણ રસ પાન કરે છે, તે સ્નેહાળ શ્રોતાને મત્સ્યની ઉપમા આપી છે. ૧૫.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

यस्तुदन् रसिकान्–श्रोतॄन् विरौत्यज्ञो वृको हि सः ।
वेणुस्वनरसासक्तान् वृकोऽरण्ये मृगान् यथा ॥ १६ ॥
भूरुण्डः शिक्षयेदन्यान्–श्रुत्वा न स्वयमाचरेत् ।
यथा हिमवतः शृङ्गे भूरुण्डाख्यो विहङ्गमः ॥ १७ ॥
सर्वं श्रुतमुपादत्ते – सारासारान्धधीर्वृषः ।
स्वादुद्राक्षां खलिं चापि निर्विशेषं यथा वृषः ॥ १८ ॥
स उष्ट्रो मधुरं मुञ्चन् विपरीते रमेत यः ।
यथा निम्बं चरत्युष्ट्रो हित्वाऽऽम्रमपि तद्युतम् ॥ १९ ॥
अन्येऽपि बहवो भेदा द्वयोर्भृङ्गखरादयः ।
विज्ञेयास्तत् – तदाचारैस्तत् – तत्प्रकृतिसंभवैः ॥ २० ॥

અન્વયાર્થ—**यः**–જે શ્રોતા, **रसिकान्**–રસિક એવા, **श्रोतॄन्**–શ્રોતાઓને, **तुदन्**–પીડતો, **विरौति**–મોટેથી અવાજ કરે છે, **सः**–તે શ્રોતા, **हि**–ચોક્કસ, **अज्ञः**–અજ્ઞાની, **वृकः**–વરૂ તુલ્ય છે, **यथा**–જેમ, **वृकः**–વરૂ, **अरण्ये**–જંગલમાં, **वेणुस्वनरसासक्तान्**–બંસરીના નાદને સાંભળવામાં તલ્લીન બનેલા, **मृगान्**–મૃગોને પીડે છે તેમ ૧૬; **यथा**–જેમ, **हिमवतः**–હિમાલય પર્વતના, **शृङ्गे**–શિખર ઉપર, **भूरुण्डाख्यः**–ભૂરૂંડ નામનું, **विहङ्गमः**–પક્ષી છે; તેમ, **भूरुण्डः**–ભૂરૂંડ નામનો શ્રોતા, **श्रुत्वा**–સાંભળીને, **अन्यान्**–બીજાઓને, **शिक्षयेत्**–શીખવાડે છે, **स्वयम्**–પોતે, **न आचरेत्**–આચરતો નથી. ૧૭; **यथा**–જેમ **वृषः**–બળદ, **स्वादुद्राक्षाम्**–સ્વાદિષ્ટ દ્રાક્ષને, **च**–અને, **खलिम्**–**अपि**–ખળામાં પડી રહેલ ઘાસને પણ, **निर्विशेषम्**–એક સરખી રીતે ખાઇ જાય છે, તેમ જે **सर्वम्**–બધીજ જાતના, **श्रुतम्**–શ્રવણ કરેલ ને, **उपादत्ते**–ગ્રહણ કરે છે, **सारासार**–**न्धधीः**–સાર અસારમાં અન્ધ બુદ્ધિવાળો છે તે, **वृषः**–બળદ છે. ૧૮; **यथा**–જેમ, **उष्ट्रः**–ઊંટ, **तद्युतम्**–તે મધુર રસ યુક્ત, **आम्रम् अपि**–કેરીને પણ, **हित्वा**–ત્યજી દઇને, **निम्बम्**–કડવા લીમડાને, **चरति**–ખાય છે તેમ, **यः**–જે, **मधुरम्**–મધુર રસને, **मुञ्चन्**–ત્યજી દઇને, **विपरीते**–તેનાથી જુદી જ જાતના રસાસ્વાદનમાં, **रमेत**–આનંદ માણે છે, **सः**–તે શ્રોતા, **उष्ट्रः**–ઊંટ જેવો છે. ૧૯; **द्वयोः**–પ્રવર અને અવર આમ બન્ને પ્રકારના શ્રોતાઓના, **भृङ्गखरादयः**–ભ્રમર–ગર્દભ વિગેરે, **अन्ये अपि**–બીજા પણ, **बहवः**–ઘણા, **भेदाः**–ભેદો છે, **तत्तत्प्रकृतिसंभवैः**–તે તે પ્રકારની પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા, **तत्तदाचारैः**–તે તે પ્રકારના આચારો વડે, **विज्ञेयाः**–જાણવા જોઇએ. ૨૦.

અનુવાદ—વનમાં બંસી સાંભળવામાં તલ્લીન બનેલાં, સંગીત રસિક હરણાંને જેમ વરૂ ત્રાસ ઉપજાવે છે, તેમ ભગવત્કથાના રસિક શ્રોતાઓને જે શ્રોતા બૂમ–બરાડા પાડી પીડા ઉપજાવે છે, તે શ્રોતા ખરેખર વરૂ જેવો છે, તે અજ્ઞાની છે. ૧૬; હિમાલય પર્વતના શિખર ઉપર વસતા ભૂરૂંડ પક્ષીની માફક જે શ્રોતા બીજાઓને શીખવાડે, પરંતુ સાંભળી સ્વયં આચરતો નથી, તેની ભૂરૂંડ સંજ્ઞા માની છે. ૧૭; ખળામાંના ઘાસને અને સ્વાદિષ્ટ દ્રાક્ષને એક સરખી રીતે જેમ બળદ ખાય છે, તે પ્રકારે સારાસાર ગ્રહણની વિવેક બુદ્ધિ વિનાનો સર્વ સાભળી, સર્વને ગ્રહણ કરે, તેને બળદ મનાય. ૧૮; વળી જેમ ઊંટ આંબાના મધુર રસને પડતો મૂકી, કડવા લીમડાને ચરે છે, તેમ મધુરતમ કથા રસને ત્યજીને ઉલટા અર્થમાં રસ લે છે, તેને ઊંટ સમાન માન્યો છે. ૧૯; આમ બન્ને પ્રકારના "પ્રવર" અને "અવર" નામના

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રોતાઓના બીજા પણ "ભૃંગ, ખર" વિગેરે ઘણા ભેદો છે. તે તે પ્રકારના ભ્રમર ગર્દભ વિગેરેના સ્વભાવથી ઉત્પન્ન થયેલ, તે તે પ્રકારનાં આચરણો દ્વારા જાણવા જોઇએ. ૨૦.

यः स्थित्वाभिमुखं प्रणम्य विधिवत्त्यक्तान्यवादो हरे-
र्लीलाः श्रोतुमभीप्सतेऽतिनिपुणो नम्रोऽथ कृताञ्जलिः ।
शिष्यो विश्वसितोऽनुचिन्तनपरः प्रश्नेऽनुरक्तः शुचि-
र्नित्यं कृष्णजनप्रियो निगदितः श्रोता स वै वक्तृभिः ॥ २१ ॥

અન્વયાર્થઃ—**યઃ**-જે શ્રોતા, **અભિમુખમ્**-વક્તાની સામે, **સ્થિત્વા**-ઊભા રહીને, **વિધિવત્**-નિયમ પ્રમાણે, **પ્રણમ્ય**-પ્રણામ કરીને, **ત્યક્તાન્યવાદઃ**-બીજા વાદને ત્યજીને, **હરેઃ**-શ્રીહરિનાં, **લીલાઃ**-લીલા ચરિત્રોને, **શ્રોતુમ્**-શ્રવણ કરવા માટે, **અભીપ્સતે**-ખૂબ ઇચ્છા રાખે છે, **અથ**-તેમજ, **અતિનિપુણઃ**-અત્યંત કુશળ, **નમ્રઃ**-વિનયી, **કૃતાઞ્જલિઃ**-પ્રણામાંજલિ આચરતો, **શિષ્યઃ**-ઉપદેશને યોગ્ય, **વિશ્વસિતઃ**-વિશ્વાસને પાત્ર, **અનુચિન્તનપરઃ**-ચિંતન-મનન કરવામાં તત્પર, **પ્રશ્ને**-પ્રશ્ન પૂછવામાં, **અનુરક્તઃ**-અનુરાગી, **શુચિઃ**-બાહ્યશુદ્ધિ તેમજ આન્તર શુદ્ધિવાળો, **નિત્યમ્**-સદૈવ, **કૃષ્ણજનપ્રિયઃ** ભક્તજન જેને પ્રિય છે, **સઃ વૈ**-તે સાચો, **શ્રોતા**-શ્રોતા એમ, **વક્તૃભિઃ**-વક્તાઓથી, **નિગદિતઃ**-કહેવાયેલ છે. ૨૧.

અનુવાદ—જે શ્રોતા વક્તાની સન્મુખ ઉપસ્થિત થઇ, વિધિસર પ્રણામ કરી, અન્ય વાર્તાલાપોને ત્યજી દઇ, અત્યંત નિપુણ, નમ્ર અને અંજલિ જોડનાર, શિષ્યભાવ ધરાવનાર, ખૂબ જ વિશ્વાસુ, શ્રવણ પછી ચિંતન પરાયણ, પ્રશ્નમાં અનુરાગવાળો, પવિત્ર અને નિત્ય ભગવદીય જનોમાં પ્રેમવાળો બની શ્રીહરિની લીલાઓને સાંભળવાને ઇચ્છે છે, તેને વક્તાઓએ ઉત્કૃષ્ટ કોટિના શ્રોતામાં ગણ્યો છે. ૨૧.

भगवन्मतिरनपेक्षः सुहृदो दीनेषु सानुकम्पो यः ।
बहुधा बोधनचतुरो वक्ता सम्मानितो मुनिभिः ॥ २२ ॥

અન્વયાર્થ—**ભગવન્મતિઃ**-ભગવાનમાં અનન્ય બુદ્ધિવાળો, **અનપેક્ષઃ**-નિઃસ્પૃહ, **સુહૃદઃ**-સર્વ પ્રાણીઓ ઉપર મૈત્રી ભાવ વાળો, **દીનેષુ**-દીન જનો ઉપર, **સાનુકમ્પઃ**-દયાવાળો, **બહુધા**-અનેક પ્રકારે, **બોધનચતુરઃ**-સમજાવવામાં દક્ષ, **વક્તા**-વક્તા, **મુનિભિઃ**-મુનિઓ વડે, **સંમાનિતઃ**-સંમાનિત કર્યો છે. ૨૧.

અનુવાદ—જે વક્તા ભગવાનમાં જ અનન્ય નિષ્ઠાવાળો, નિઃસ્પૃહ, સર્વભૂતોનો હિતચિન્તક, દીનજનો ઉપર દયાળુ, અનેક રીતે બોધ આપવામાં કુશળ છે, તેવા વક્તાને મુનિઓએ સન્માન્ય ગણ્યો છે. ૨૨.

अथ भारतभूस्थाने श्रीभागवतसेवने ।
विधिं शृणुत भो विप्रा येन स्यात् सुखसन्ततिः ॥ २३ ॥
राजसं सात्विकं चापि तामसं निर्गुणं तथा ।
चतुर्विधं तु विज्ञेयं श्रीभागवतसेवनम् ॥ २४ ॥

અન્વયાર્થ—**અથ**-હવે, **ભારતભૂસ્થાને**-ભારત ભૂમિ ઉપર, **શ્રીભાગવતસેવને**-શ્રીમદ્ ભાગવતનું સેવન કરવાના, **વિધિમ્**-વિધિને, **ભો વિપ્રાઃ**-હે વિપ્રો ! **શૃણુત**-સાંભળો, **યેન**-જેથી, **સુખસન્ત્તતિઃ**-સુખની પરંપરા, **સ્યાત્**-પ્રાપ્ત થાય. ૨૩; **શ્રીભાગવતસેવનમ્**-શ્રીમદ્ ભાગવતનું સેવન, **તુ**-તો, **રાજસમ્**-રાજસ, **ચ**-અને, **સાત્વિકમ્**-સાત્વિક, **અપિ**-તેમજ, **તામસમ્**-તામસ, **તથા**-તથા, **નિર્ગુણમ્**-નિર્ગુણ, **ચતુર્વિધમ્**-ચાર પ્રકારનું, **વિજ્ઞેયમ્**-જાણવું. ૨૪.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—હે વિપ્રો ! હવે ભારત ભૂમિ ઉપર શ્રીમદ્ ભાગવતનું સેવન કેવી રીતે કરવું તેનો વિધિ તમે સાંભળો; જેના શ્રવણથી સુખની પરંપરા પ્રાપ્ત થાય છે. ૨૩; શ્રીમદ્ ભાગવતનું સેવન રાજસ, સાત્વિક, તામસ તથા નિર્ગુણ-આમ ચાર પ્રકારનું સમજવું. ૨૪.

સપ્તાહં યજ્ઞવદ્ યત્તુ સશ્રમં સત્વરં મુદા ।
સેવિતં રાજસં તત્તુ બહુપૂજાદિશોભનમ્ ॥ ૨૫ ॥
માસેન ઋતુના વાપિ શ્રવણં સ્વાદસંયુતમ્ ।
સાત્વિકં યદનાયાસં સમસ્તાનન્દવર્ધનમ્ ॥ ૨૬ ॥
તામસં યત્તુ વર્ષેણ સાલસં શ્રદ્ધયા યુતમ્ ।
વિસ્મૃતિસ્મૃતિસંયુક્તં સેવનં તચ્ચ સૌખ્યદમ્ ॥ ૨૭ ॥

અન્વયાર્થ—યત્-જે શ્રીમદ્ ભાગવત સેવન, તુ-તો, યજ્ઞવત્-યજ્ઞની માફક, સશ્રમમ્-શ્રમપૂર્વક, સત્વરમ્-શીઘ્રતાપૂર્વક, બહુ પૂજાદિશોભનમ્-અનેક પ્રકારની પૂજા સામગ્રીથી રમણીય, સપ્તાહમ-સાત દિન પર્યંત, મુદા-પ્રેમથી, સેવિતમ્-સેવન કરવામાં આવેલું, તત્-તુ-તે શ્રીભાગવત સેવન તો, રાજસમ્-રાજસ છે. ૨૫; માસેન-એક મહિના સુધી, અપિ-વા-અથવા તો, ઋતુના-બે માસના અવધિથી, સ્વાદ સંયુતમ્-રસાસ્વાદ યુક્ત, યદ્-જે, અનાયાસમ્-વિના શ્રમે, સમસ્તાનન્દવર્ધનમ્-સર્વ પ્રકારના આનંદને વધારનાર છે, શ્રવણમ્-શ્રવણ કર્યું તેને, સાત્વિકમ્-સાત્વિક ગણ્યું છે. ૨૬; યત્-તુ-વળી જે શ્રવણ, વર્ષેણ-એક વર્ષની અવધિથી, સાલસમ્-આળસપૂર્વક, શ્રદ્ધયા-શ્રદ્ધાથી, યુતમ્-યુક્ત, વિસ્મૃતિ-સ્મૃતિ સંયુતમ્-વિસ્મરણ તેમજ સ્મરણ કરાવનારૂં, તત્-તે શ્રવણ, તામસમ્-તામસ છે, ચ-સૌખ્યદમ્-જે કેવલ સુખજનક છે. ૨૭.

અનુવાદ—સાત દિવસમાં શ્રીમદ્ ભાગવતનું શ્રવણ યજ્ઞની માફક શીઘ્રતાથી કરવું પડે, તેમજ શ્રમ સાધ્ય છે; પરંતુ જો ઉમંગથી કરવામાં આવે તો અનેક વિધ પૂજા સામગ્રીથી શોભા આપનાર બને છે. એને રાજસ શ્રવણ કહેવાય છે. ૨૫; એક માસ કે બે માસથી જો શ્રવણ થાય તો રસાસ્વાદ વાળું, અનાયાસે થતું અને સમસ્ત પ્રકારના આનંદને વધારનારું બને છે, જેને સાત્વિક માન્યું છે. ૨૬; એક વર્ષની અવધિથી પૂર્ણ કરાતું શ્રવણ તામસ છે, જેમાં આળસ આવી જાય, થોડું સ્મરણ રહે ન રહે તેવું બને છે; છતાં શ્રદ્ધાથી સેવાય તો તે પણ સુખ આપે છે. ૨૭.

વર્ષમાસદિનાનાં તુ વિમુચ્ય નિયમાગ્રહમ્ ।
સર્વદા પ્રેમભક્ત્યૈવ સેવનં નિર્ગુણં મતમ્ ॥ ૨૮ ॥
પારીક્ષિતેઽપિ સંવાદે નિર્ગુણં તત્ પ્રકીર્તિતમ્ ।
તત્ર – સપ્તદિનાખ્યાનં તદાયુર્દિનસંખ્યયા ॥ ૨૯ ॥
અન્યત્ર ત્રિગુણં ચાપિ નિર્ગુણં ચ યથેચ્છયા ।
યથા કથઞ્ચિત્ કર્ત્તવ્યં સેવનં ભગવચ્છ્રુતેઃ ॥ ૩૦ ॥

અન્વયાર્થ—વર્ષમાસદિનાનામ્-વર્ષ, માસ તેમજ દિવસોના, નિયમાગ્રહમ્-નિયમના આગ્રહને, તુ-તો, વિમુચ્ય-પડતો મૂકીને, સર્વદા-સદા કાળ, પ્રેમભક્ત્યા એવ-પ્રેમ લક્ષણા ભક્તિથી જ, સેવનમ્-સેવન કરવું તે, નિર્ગુણમ્-નિર્ગુણ, મતમ્-માન્યું છે. ૨૮; પારીક્ષિતે-પરીક્ષિત રાજા સંબન્ધિ, સંવાદે-

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સપ્તાહ પ્રસંગમાં, અપિ–પણ, તત્–તે શ્રવણ, નિર્ગુણમ્–નિર્ગુણ, પ્રકીર્તિતમ્–વર્ણવ્યું છે, તત્ર–ત્યાં, સપ્તદિનાખ્યાનમ્–સાત દિવસ સુધીનું આખ્યાન, તદાયુઃ–દિન–સંખ્યયા–તે રાજાના આયુષ્યના દિવસોની સંખ્યાને લીધે છે. ૨૯; અન્યત્ર–બીજે સ્થળે, ત્રિગુણમ્–ત્રણ ગુણવાળું, અપિ ચ–અને વળી, નિર્ગુણમ્–નિર્ગુણ, યથેચ્છયા–ઇચ્છા મુજબ, યથા કથંચિત્–હર કોઇ રીતે, ભગવચ્છ્રુતેઃ–ભગવાનના યશનું, સેવનમ્–સેવન, કર્તવ્યમ્–કરવું જોઇએ. ૩૦.

અનુવાદ—વર્ષ, માસ કે દિવસોના નિયમનો આગ્રહ રાખ્યા વિના પ્રેમ અને ભક્તિપૂર્વક દરરોજ સેવન કરવું એ નિર્ગુણ શ્રવણ છે. ૨૮; પરીક્ષિત રાજા અને શુકદેવના સંવાદમાં પણ શ્રીમદ્ ભાગવત શ્રવણને નિર્ગુણ કહ્યું છે. ત્યાં રાજાના આયુષ્યના ફક્ત સાતજ દિવસ હોવાથી સાત દિવસનું કથન કર્યું છે. ૨૯; ભગવાનના યશનું સાત્વિક, રાજસ કે તામસ, અથવા તો નિર્ગુણ, જે રીતે બને તે રીતે ઇચ્છાનુસાર સેવન કરવું જોઇએ. ૩૦.

ये श्रीकृष्णविहारैक–भजनास्वाद–लोलुपाः ।
मुक्तावपि निराकांक्षास्तेषां भागवतं धनम् ॥ ३१ ॥
येऽपि संसारसन्तापनिर्विण्णा मोक्षकांक्षिणः ।
तेषां भवौषधं चैतत् कलौ सेव्यं प्रयत्नतः ॥ ३२ ॥
ये चापि विषयारामाः सांसारिकसुखस्पृहाः ।
तेषां तु कर्ममार्गेण या सिद्धिः साधुना कलौ ॥ ३३ ॥
सामर्थ्य–धन – विज्ञानाभावादत्यन्त – दुर्लभा ।
तस्मात्तैरपि संसेव्या श्रीमद्भागवती कथा ॥ ३४ ॥

અન્વયાર્થ—યે–જેઓ, શ્રીકૃષ્ણવિહારૈકભજન–આસ્વાદ–લોલુપાઃ–કેવલ શ્રીકૃષ્ણના વિહારની કથાના આનંદ સ્વાદમાં લુબ્ધ છે, મુક્તૌ–અપિ–મોક્ષમાં પણ, નિરાકાઙ્ક્ષાઃ–આકાંક્ષા વગરના છે, તેષામ્–તેમનું, ભાગવતં ધનમ્–શ્રીમદ્ ભાગવત એજ પરમ ધન છે. ૩૧; યે–જેઓ, સંસારતાપનિર્વિણ્ણાઃ–સંસારના તાપથી દુઃખી થયેલા, મોક્ષકાંક્ષિણઃ–મોક્ષને ઇચ્છનારા છે, તેષામ્ અપિ–તેમને માટે પણ, એતત્–આ શ્રીમદ્ ભાગવત શ્રવણ, ભવૌષધમ્–સંસારને તારનારું ઔષધ છે, કલૌ ચ–અને કળિયુગમાં, પ્રયત્નતઃ–યત્નપૂર્વક, સેવ્યમ્–સેવવું જોઇએ. ૩૨; અપિ ચ–અને વળી, યે–જેઓ, વિષયારામાઃ–વિષય ભોગોમાં રાચનારા, સાંસારિકસુખસ્પૃહાઃ–સંસારનાં સુખોને ઇચ્છનારા છે, તેષામ્–તુ–તેઓને તો, કર્મમાર્ગેણ–કર્મમાર્ગદ્વારા, યા–જે, સિદ્ધિઃ–સિદ્ધિ, સા–તે સિદ્ધિ, અધુના–હાલમાં, કલૌ–કળિયુગમાં. ૩૩; સામર્થ્ય–ધન–વિજ્ઞાન–અભાવાત્–સામર્થ્ય–બળ–ધન અને વિજ્ઞાનના અભાવે, અત્યન્તદુર્લભા–ઘણી જ દુર્લભ છે, તસ્માત્–તે કારણથી, તૈઃ અપિ–તેઓએ પણ, શ્રીમદ્ભાગવતી કથા–શ્રીમદ્ ભાગવત કથા, સંસેવ્યા–સારી રીતે સેવવી. ૩૪.

અનુવાદ—જેઓ કેવલ શ્રીકૃષ્ણના વિહારની કથાના આસ્વાદમાં જ મસ્ત બની રાચે છે અને મુક્તિ મેળવવાની બાબતમાં પણ નિઃસ્પૃહ છે, તેમનું શ્રીમદ્ ભાગવત એજ પરમધન છે. ૩૧; તેમજ જેઓ સાંસારિક સંતાપથી વૈરાગ્યવાળા બની મોક્ષને ઇચ્છે છે, તેઓને સંસારનાશક ઔષધ આ કળિકાળમાં કેવલ શ્રીમદ્ ભાગવત જ છે, જેનું યત્નપૂર્વક સેવન કરવું જોઇએ. ૩૨; વળી જેઓ વિષયોપભોગોમાં આનન્દ માનનારા, સાંસારિક સુખોને ઇચ્છનારા છે, તેઓને કર્મમાર્ગદ્વારા સિદ્ધિ મળવી આ કલિયુગમાં અત્યંત દુર્લભ છે, કારણ કે તેમની પાસે તેવું કોઇ બળ, ધન, કે વિજ્ઞાન હોતું નથી; માટે તેવા સંસારી પુરૂષોએ પણ શ્રીમદ્ ભાગવત કથા પ્રયત્નપૂર્વક સેવવી. ૩૩; ૩૪.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

धनं पुत्रांस्तथा दारान् वाहनादि यशो गृहान् ।
असापत्न्यं च राज्यं च दद्याद् भागवती कथा ॥ ३५ ॥
इह लोके वरान् भुक्त्वा भोगान् वै मनसेप्सितान् ।
श्रीभागवतसङ्गेन यात्यन्ते श्रीहरेः पदम् ॥ ३६ ॥
यत्र भागवती वार्ता ये च तच्छ्रवणे रताः ।
तेषां संसेवनं कुर्याद् देहेन च धनेन च ॥ ३७ ॥
तदनुग्रहतोऽस्यापि — श्री भागवतसेवनम् ।
श्रीकृष्णव्यतिरिक्तं यत्तत् सर्वं धनसंज्ञितम् ॥ ३८ ॥

અન્વયાર્થ—**भागवती कथा**-શ્રીમદ્ ભાગવત કથા, **धनम्**-ધનને, **तथा**-તથા, **पुत्रान्** પુત્રોને, **दारान्**-સ્ત્રીને, **वाहनादि**-વાહન વિગેરેને, **यशः**-કીર્તિને, **गृहान्**-ઘરોને, **च**-અને, **असापत्न्यम्**-શત્રુ વગરના, **राज्यं च**-રાજ્યને પણ, **दद्यात्**-આપે. ૩૫; **इह लोके**-આ લોકમાં, **श्रीभागवतसङ्गेन**-શ્રીમદ્ ભાગવતના સંગથી, **वै**-ખરેખર, **मनसेप्सितान्**-મનથી ઇચ્છેલા, **वरान्**-અત્યુત્તમ, **भोगान्**-ભોગોને, **भुक्त्वा**-ભોગવીને, **अन्ते**-દેહ વિલયબાદ, **श्रीहरेः**-શ્રીહરિના, **पदम्**-પદને, **याति**-પ્રાપ્ત કરે છે. ૩૬; **यत्र**-જે સ્થાને, **भागवती वार्ता**-શ્રીમદ્ ભાગવતની કથા થતી હોય. **च**-અને, **ये**-જેઓ, **तच्छ्रवणे**-તે કથા શ્રવણમાં, **रताः**-તલ્લીન હોય, **तेषाम्**-તેમનું, **देहेन**-દેહથી, **च**-અને, **धनेन**-ધનથી, **संसेवनम्**-સારી રીતે સેવન, **कुर्यात्**-કરવું. ૩૭; **तदनुग्रहतः**-તેવા ભગવદીઓના અનુગ્રહથી, **अस्य**-**अपि**-આ સેવન કરનારને પણ, **श्रीभागवत-सेवनम्**-શ્રીમદ્ ભાગવતનું સેવન સિદ્ધ થાય છે, **यत्**-જે કંઇ, **श्रीकृष्णव्यतिरिक्तम्**-શ્રીકૃષ્ણ સિવાયનું છે, **तत् सर्वम्**-તે બધું, **धनसंज्ञितम्**-ધન સંજ્ઞાવાળું છે. ૩૮.

અનુવાદ—શ્રીમદ્ ભાગવતી કથા ધન, પુત્રો, સ્ત્રી, વાહન વગેરે. કીર્તિ, ઘર-બાર, તેમજ નિષ્કંટક રાજ્યને પણ આપે છે. ૩૫; શ્રીમદ્ ભાગવતના પ્રસંગથી ભક્તજન આ લોકોમાં મનપસંદ દિવ્ય ભોગો ભોગવીને અન્તે શ્રીહરિના પરમપદને પામે છે. ૩૬; જ્યાં શ્રીમદ્ ભાગવતની કથા થતી હોય અને જ્યાં ભાગવતની કથાના શ્રવણમાં તલ્લીન ભક્તજનો હોય, તેમનું તન, મન, ધનથી સર્વદા સેવન કરવું. ૩૭; ભગવદીય જનોના અનુગ્રહથી સેવન કરનારને શ્રી ભાગવત સેવા સિદ્ધ થાય છે. શ્રીકૃષ્ણ વિનાના અન્ય સર્વ પદાર્થોની માત્ર ધન એવી સંજ્ઞા છે તે ધન નથી; ધન તો શ્રીકૃષ્ણ છે. ૩૮.

कृष्णार्थीति धनार्थीति श्रोता वक्ता द्विधा मतः ।
यथा वक्ता तथा श्रोता तत्र सौख्यं विवर्धते ॥ ३९ ॥
उभयोर्वैपरीत्ये तु रसाभासे फलच्युतिः ।
किन्तु कृष्णार्थिनां सिद्धिर्विलम्बेनापि जायते ॥ ४० ॥
धनार्थिनस्तु संसिद्धिर्विधिसम्पूर्णतावशात् ।
कृष्णार्थिनोऽगुणस्यापि प्रेमैव विधिरुत्तमः ॥ ४१ ॥

અન્વયાર્થ—**श्रोता**-શ્રોતા, **वक्ता**-વક્તા, **द्विधा**-બે પ્રકારના, **मतः**-માન્યા છે, **कृष्णार्थी इति**-શ્રીકૃષ્ણની ઇચ્છાવાળો, **धनार्थी इति**-ધનની ઇચ્છાવાળો, **यथा**-જેવો, **वक्ता**-વક્તા, **तथा**-તેવો, **श्रोता**-શ્રોતા હોય

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્ર–ત્યાં, સૌખ્યમ્–સુખ, વિવર્ધતે–ખૂબ વધે છે. ૩૯; ઉભયોઃ–બન્નેના, વૈપરીત્યે તુ–વિપરીતપણામાં તો, રસાભાસે–રસનો આભાસ થતાં, ફલચ્યુતિ –ફલનો વિનાશ થાય છે, કિન્તુ–પરંતુ, કૃષ્ણાર્થિનામ્–શ્રીકૃષ્ણની અભિલાષા વાળાઓની, વિલમ્બેન અપિ–વિલમ્બે પણ, સિદ્ધિઃ–સિદ્ધિ, જાયતે–પ્રાપ્ત થાય છે, ૪૦; ધનાર્થિનઃ તુ–ધનાર્થીને તો, સંસિદ્ધિઃ–સફળતા, વિધિસંપૂર્ણતાવશાત્–વિધિ–વિધાન સંપૂર્ણ કરવાથી મળે છે, જ્યારે કૃષ્ણાર્થિનઃ–શ્રીકૃષ્ણાર્થીનો, અગુણસ્ય અપિ–નિષ્કામ હોવા છતાં, પ્રેમ એવ–ભગવત્પ્રેમ એ જ એક, ઉત્તમઃ–ઉત્તમ, વિધિઃ–વિધિ છે. ૪૧.

અનુવાદ—શ્રીકૃષ્ણાર્થી અને ધનાર્થી આમ બન્ને પ્રકારના શ્રોતા અને વક્તા શાસ્ત્રકારોએ માન્યા છે. જ્યાં જેવો વક્તા હોય, તેવો શ્રોતા હોય, ત્યાં સુખની અભિવૃદ્ધિ થાય છે. ૩૯; જ્યાં શ્રોતા પ્રમાણે વક્તા ન હોય, અથવા તો વક્તા સમાન શ્રોતા ન હોય, ત્યાં કેવળ રસાભાસ હોય છે; વાસ્તવિક ફળ પ્રાપ્ત થતું નથી. પરંતુ જેઓ શ્રીકૃષ્ણાર્થી છે, તેઓને તો વિલંબે પણ શ્રીકૃષ્ણ પ્રાપ્તિ રૂપ ફળસિદ્ધિ પ્રાપ્ત થાય છે. ૪૦; જો કે ધનાર્થીને પણ ધનપ્રાપ્તિરૂપ ફળપ્રાપ્તિ થાય છે ખરી; પરંતુ તે વિધિ વિધાનને આધીન છે, જ્યારે શ્રીકૃષ્ણાર્થી તો નિર્ગુણનિષ્કામ ભક્ત હોવાથી તેને તો ભગવાન ઉપર પરમ પ્રેમ એજ માત્ર ઉત્તમ વિધિ છે. ૪૧.

आसमाप्ति सकामेन कर्तव्यो हि विधिः स्वयम् ।
स्नातो नित्यक्रियां कृत्वा प्राश्य पादोदकं हरेः ॥ ४२ ॥
पुस्तकं च गुरुं चैव पूजयित्वोपचारतः ।
ब्रूयाद् वा शृणुयाद् वापि श्रीमद्भागवतं मुदा ॥ ४३ ॥
पयसा वा हविष्येण मौनं भोजनमाचरेत् ।
ब्रह्मचर्यमधःसुप्ति – क्रोधलोभादि – वर्जनम् ॥ ४४ ॥
कथान्ते कीर्तनं नित्यं समाप्तौ जागरं चरेत् ।
ब्राह्मणान् भोजयित्वा तु दक्षिणाभिः प्रतोषयेत् ॥ ४५ ॥

અન્વયાર્થ—સકામેન–સકામ ભક્તે, આસમાપ્તિ–સમાપ્તિ પર્યન્ત, સ્વયમ્–પોતાની જાતેજ, હિ–નિશ્ચયપૂર્વક, વિધિઃ–વિધિ, કર્તવ્યઃ–કરવો જોઇએ, સ્નાતઃ–સ્નાન કરી, નિત્યક્રિયામ્–નિત્યકર્મને, કૃત્વા–કરીને, હરેઃ–શ્રીહરિના, પાદોદકમ્–ચરણોદકને, પ્રાશ્ય–પીને–આચમન કરીને, ૪૨; ચ–અને ઉપચારતઃ–પૂજન વિધિની સામગ્રીથી પુસ્તકમ્–શ્રીમદ્ ભાગવત પુસ્તકને, ચ–અને, ગુરુમ્–ગુરૂને–વક્તાને, પૂજયિત્વા–એવ–પૂજીને જ, મુદા–પ્રેમથી, શ્રીમદ્ ભાગવતમ્–શ્રીમદ્ ભાગવતને, શ્રૃણુયાત્–શ્રવણ કરવું, અપિ–વા–અથવા તો, બ્રૂયાત્–કથન કરવું. ૪૩; પયસા–દૂધથી વા–અથવા, હવિષ્યેણ–હવિષ્યાન્નથી, મૌનમ્–મૌનપૂર્વક, ભોજનમ્–ભોજન, આચરેત્–કરવું જોઇએ, બ્રહ્મચર્યમ્–બ્રહ્મચર્યનું પાલન, અધઃ–ભૂમિ ઉપર, સુપ્તિમ્–શયન, ક્રોધલોભાદિવર્જનમ્–ક્રોધ, લોભ વિગેરેનો ત્યાગ. ૪૪; કથાન્તે–કથાના વિરામમાં, નિત્યમ્–દરરોજ, કીર્તનમ્–ભગવન્નામ, સમાપ્તૌ–કથા સમાપ્ત થતાં, જાગરમ્–જાગરણ, ચરેત્–આચરવું, બ્રાહ્મણાન્–બ્રાહ્મણોને, ભોજયિત્વા તુ–ભોજન કરાવીને તો, દક્ષિણાભિઃ–દક્ષિણાઓથી, પ્રતોષયેત્–પ્રસન્નતા ઉપજાવી. ૪૫.

અનુવાદ—સકામ ભક્તોએ આદિથી અંત સુધીનો બધોજ વિધિ જાતેજ કરવો. દરરોજ સ્નાન, નિત્યક્રિયાથી પરવારીને, શ્રીહરિના ચરણામૃતનું પ્રાશન કરીને, પૂજનવિધિની પદ્ધતિ મુજબ પુસ્તકની તેમજ શ્રીસદ્ગુરૂની પૂજા કરી, પછીથી જ પ્રેમપૂર્વક શ્રીમદ્ ભાગવતનું કથન કરવું–પાઠ કરવો, અથવા તો શ્રવણ કરવું. ૪૨; ૪૩; મૌન રાખી દૂધ અથવા હવિષ્યાન્નનું

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભોજન કરવું; બ્રહ્મચર્યનું પાલન કરવું, ભૂમિ ઉપર શયન કરવું, ક્રોધ, લોભ વિગેરેને દૂર કરવા. ૪૪; દરરોજ કથાના વિરામ પછી ભગવન્નામ સંકીર્તન કરવું. કથા સમાપ્ત થતાં દરરોજ જાગરણ કરવું. બ્રાહ્મણોને ભોજન કરાવીને તેઓને દક્ષિણા આપી સંતોષવા. ૪૫.

गुरवे वस्त्रभूषादि – दत्त्वा गां च समर्पयेत् ।
एवं कृते विधाने तु लभते वाञ्छितं फलम् ॥ ४६ ॥
दारागारसुतान् राज्यं धनादि च यदीप्सितम् ।
परन्तु शोभते नात्र सकामत्वं विडम्बनम् ॥ ४७ ॥
कृष्णप्राप्तिकरं शश्वत् प्रेमानन्द – फलप्रदम् ।
श्रीमद्भागवतं शास्त्रं कलौ कीरेण भाषितम् ॥ ४८ ॥

અન્વયાર્થ—**गुरवे**-ગુરુને, **वस्त्रभूषादि**-વસ્ત્ર આભૂષણ વિગેરે, **दत्त्वा**-આપીને, **गां च**-ગાય પણ, **समर्पयेत्**-અર્પણ કરવી, **एवम्**-આ પ્રમાણે, **विधाने**-વિધાન, **कृते तु**-કરવામાં આવે તો, **वाञ्छितम्**-ઇચ્છિત, **फलम्**-ફળ, **लभते**-શ્રોતા મેળવે છે. ૪૬; **यद्**-જે, **ईप्सितम्**-અભિલષિત ફળ, **दारागारसुतान्**-સ્ત્રી, ભવન, પુત્રોને. **राज्यम्**-રાજ્યને, **च**-અને, **धनादि**-ધન, વૈભવ વિગેરે મેળવે છે, **परंतु**-પરંતુ, **अत्र**-આવા પ્રસંગે, **सकामत्वम्**-સકામપણું, **न शोभते**-શોભતું નથી, **विडम्बनम्**-કેવળ પ્રતારણ જ છે. ૪૭. **श्रीमद्भागवतं शास्त्रम्**-શ્રીમદ્ ભાગવત શાસ્ત્ર, **कलौ**-કળિયુગમાં, **कृष्णप्राप्तिकरम्**-શ્રીકૃષ્ણની પ્રાપ્તિ કરાવનારું, **शश्वत्**-હમેશાં, **प्रेमानन्दफलप्रदम्**-પ્રેમ-આનંદરૂપી દિવ્ય ફળ અર્પનાર, **कीरेण**-શ્રીશુકદેવે, **भाषितम्**-કહ્યું છે.

અનુવાદ—શ્રીમદ્ ભાગવતી કથાના પ્રવક્તાને વસ્ત્ર અલંકાર વિગેરે અર્પીને ગાય પણ અર્પવી. આ પ્રમાણે વિધિ-વિધાન કરવામાં આવે તો શ્રોતા ઇચ્છિત ફળ મેળવે છે. ૪૬; સ્ત્રી, ભુવન, પુત્ર, રાજ્ય, ધન વિગેરે જે કંઈ ઇચ્છે તે બધું મેળવે છે. પરંતુ ભગવાન પાસે એવી કામના શોભતી નથી. કામના એ વિડંબન રૂપ છે. ૪૭; શ્રીમદ્ ભાગવત શાસ્ત્ર કળિયુગમાં સદા પ્રેમ-આનન્દરૂપી ફળને આપનારું, શ્રીકૃષ્ણની પ્રાપ્તિ કરાવનારું છે એમ શ્રી શુકદેવજીએ કહ્યું છે. ૪૮.

સ્કંદ પુરાણાન્તર્ગત દ્વિતીય વૈષ્ણવ ખંડમાંના શ્રીમદ્ ભાગવત માહાત્મ્યની
તત્વસુધા ટીકાનો ચોથો અધ્યાય સંપૂર્ણ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

અથ શ્રીમદ્-ભાગવતમ્

પ્રથમ સ્કંધઃ

અધ્યાય પહેલો

વિશ્વોત્કર્ષનાં જ્ઞાન અને વિજ્ઞાન બે સાધન છે. ભગવાનનાં એ બે નેત્ર સમાન છે. જ્ઞાન પ્રત્યેક વસ્તુનું દર્શન કરાવે, આત્મદર્શન કરાવે, કાર્યમાં માર્ગદર્શન આપી સત્ય અસત્યનો વિવેક સમજાવે. અનુભવાત્મક સ્થિતિમાં આવતાં વિજ્ઞાન થાય જે વિજ્ઞાન જ્ઞાનનો જ પરિપાક અથવા ચાખેલા સ્વાદનું બીજું નામ છે.

વેદાદિ વાઙ્મયે જ્ઞાન વિજ્ઞાન સંપૂર્ણ પ્રમાણમાં પૂરાં પાડ્યાં છે, તો પણ ભગવાનના સ્વરૂપને સમજવામાં અને ભગવાનને પ્રાપ્ત કરવામાં માનવ વેદ સાહિત્યથી સંતુષ્ટ ન થઈ શક્યો તેમજ ભગવાનનાં નેત્ર સમાન જ્ઞાન વિજ્ઞાનથી પણ આસ્વાદ ન અનુભવી શક્યો; ત્યારે ભગવાને આસ્વાદનો અનુભવ કરાવવા વિચાર્યું અને અતિશય રસમય ને મધુરતમ લીલા વિગ્રહે પૃથ્વી ઉપર સ્વયં અવતર્યા; સર્વના મનો રાજહંસલાનાં આકર્ષણ કરતા શ્રીકૃષ્ણ સ્વરૂપે અને નામે સર્વને પ્રિય અને હિતકર બન્યા. અવતરી બે સ્વરૂપે માનવને સંતોષ આપ્યો—લીલા સર્ગથી અને યશો વિગ્રહથી. બન્ને સર્ગે વિષય રસમાં આગ્રહ સેવતા મનુષ્યને ભગવાનમાં રસ લેતા કર્યા. અવતાર લઈ અવતાર કાલના સમાજને સાક્ષાત્ આત્મસ્વરૂપનો આનંદ અનુભવાવ્યો, અવતારના તિરોધાનમાં પોતાના અનુપમ કાર્ય વિગ્રહથી—અક્ષર દેહથી વિશ્વભરને માર્ગદર્શન આપ્યું.

લીલા વિગ્રહ એટલે સાક્ષાત્ શ્રીકૃષ્ણ અને અક્ષર દેહ એટલે શ્રીમદ્ ભાગવત. એ બન્ને તત્ત્વો સમાન રીતે લાભ આપે છે, તેમજ બન્ને સમાન છે, એકજ દાણાનાં બે દલ છે, અથવા બે એકજ છે. શ્રીકૃષ્ણે સેવાથી સુખ આપ્યું, ને શ્રીમદ્ ભાગવતે શ્રવણથી સુખ આપ્યું. શ્રીનાથજી—શ્રીકૃષ્ણ—સેવ્ય વિગ્રહ; શ્રીમદ્ ભાગવત શ્રોતવ્ય વિગ્રહ.

સેવા અને શ્રવણ, સર્વ ઇન્દ્રિયોના વિશોધન માટે ઉત્સાહ શક્તિ માટે ઉત્તમ સાધન છે. ભગવાનનાં બાર અંગો વેદે ગણાવ્યાં છે. દ્વાદશાઙ્ગો વૈ પુરુષઃ પુરુષને બાર અંગો હોય છે. શ્રીકૃષ્ણ દ્વાદશાંગ પુરુષોત્તમ છે. તેજ પ્રકારે શ્રીકૃષ્ણના નામ વિગ્રહ શ્રીમદ્ ભાગવતના બાર અંગ રૂપ બાર સ્કંધો છે.

ભગવાનનાં બાર અંગો;—દક્ષિણ; વામ બે ચરણ; દક્ષિણ; વામ બે કર કમલ; દક્ષિણ, વામ બે સાથળ કટિભાગ ઉપર મુકેલ એક દક્ષિણ હસ્ત; દક્ષિણ વામ બે સ્તન એક હૃદય; લલાટ અને આશ્રય મુદ્રા દર્શાવતો ઊંચો વામ હસ્ત.

શ્રીમદ્ ભાગવતનાં બાર સ્કંધઃ—અધિકાર, જ્ઞાન, સર્ગ, વિસર્ગ, સ્થિતિ, પુષ્ટિ, ઊતિ—વાસના મન્વંતર, ઇશાનુકથા, નિરોધ, મુક્તિ અને આશ્રય.

પ્રથમ સ્કંધ	અધિકાર લીલા	દક્ષિણ ચરણ
દ્વિતીય સ્કંધ	જ્ઞાન લીલા	વામ ચરણ
તૃતીય સ્કંધ	સર્ગ લીલા	દક્ષિણ કર કમલ
ચતુર્થ સ્કંધ	વિસર્ગ લીલા	વામ કર કમલ
પંચમ સ્કંધ	સ્થિતિ લીલા	દક્ષિણ સાથળ
ષષ્ઠ સ્કંધ	અનુગ્રહ લીલા	વામ સાથળ
સપ્તમ સ્કંધ	વાસના લીલા	દક્ષિણ હસ્ત

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અષ્ટમ સ્કંધ	સન્તોના ધર્મ	દક્ષિણ સ્તન
નવમ સ્કંધ	ભક્ત ચરિત્ર	વામ સ્તન
દશમ સ્કંધ	નિરોધ લીલા	હૃદય
એકાદશ સ્કંધ	મુક્તિ લીલા	મસ્તક
દ્વાદશ સ્કંધ	આશ્રય લીલા	વામ ઊર્ધ્વ હસ્ત

શ્રીમદ્ ભાગવતના પ્રથમ દ્વિતીય અધિકાર જ્ઞાન લીલા રૂપ શ્રીજીના બે ચરણ કમલોમાં શરણાગત જીવે સાષ્ટાંગ કર્યા. ત્યારે ભાવવશ અવસ્થાથી તે પ્રણત ભક્ત ઊભો ન થઈ શકયો ત્યારે માતૃવાત્સલ્ય નિધિ કૃપાબ્ધિએ તૃતીય ચતુર્થ સર્ગ વિસર્ગ લીલા રૂપ ઉભય મંગલ કર કમલથી ઉઠાવવા પ્રયત્ન કર્યો; પરંતુ ભાવ ભારથી પૂર્ણ ભક્તને વસુંધરા ધરણ સમર્થ ગિરિરાજ ધરણ ન ઉઠાવી શકયા; અને ભૂમિ ઉપર સ્વયં સ્વાધીન થઈ બિરાજી પોતાના પંચમ ષષ્ઠ સ્થિતિ પુષ્ટિ લીલા રૂપ જમણા અને ડાબા સાથળના ઉત્સંગમાં લઈ ભક્તને સ્થાન આપી પોષણ આપ્યું.

ઉત્સંગમાં બેઠેલ બાલભક્તની ક્ષુધાની વાસના જોઈને ભગવાને દક્ષિણ કટિ પ્રદેશ ઉપર સ્થાપેલા સપ્તમ સ્કંધ વાસના લીલા રૂપ નિજ દક્ષિણ હસ્તની ઝોળી બનાવી ભક્તના નીચે નમી જતા મસ્તકને વક્ષઃસ્થલ સમીપ લાવ્યા. અલૌકિક વાસનાની પૂર્તિ અને લૌકિક વાસનાની શુદ્ધિ અષ્ટમ સ્કંધ રૂપ દક્ષિણ સ્તનમાંથી સંતોના ધર્મસ્વરૂપ વિશુદ્ધ દૂધથી કરી; પરંતુ અર્ધી ભૂખ મટી, અર્ધી બાકી રહી, ત્યારે નવમ સ્કંધ વામ સ્તનના સંતોના ચરિતામૃતથી સંપૂર્ણ ક્ષુધા નિવારણ થયું. લોકતૃષ્ણા શમી અને ભગવદ્ દર્શન, ભગવલ્લીલા રસપાનની અભિલાષા વધુ પ્રકટી, ત્યારે દશમ સ્કંધ રૂપી ભગવદ્ હૃદયમાં પ્રવેશ કરાવી, ભગવલ્લીલામૃત પાન કરાવી ચિત્ત નિરોધ કર્યો, અને સર્વથા સર્વકામના નિવૃત્તિ કરી દીધી.

ખોળામાં લીધેલા, મુખ સામે મુખ રાખી સુવાડેલા બાલકને ભગવાને પોતાના હૃદયમાં સ્થાપ્યો અને બાલકના હૃદયમાં પોતાનો નિવાસ આપ્યો, જેથી સંસારની વાસના વિરામ પામી. માતાએ તે વખતે એક સંદેશો આપ્યો કે "બેટા ! મેં તને મારૂં મુખ નીચું રાખી, તારૂં મુખ ઊંચું રાખી પોષણ દીધુ છે, તો જીવનમાં સદાય મુખ ઊંચું રાખી સ્વાશ્રયી અને અનન્યાશ્રિત થઈ સ્વમાનપૂર્ણ જીવજે અને મારૂં મુખ ઊંચું રાખજે." માતાનો સંદેશો ઝીલતા ને પ્રણામ કરતા, સન્મુખ થઈ એકાદશ સ્કંધ લલાટનાં દર્શન કરતાં જ બાલકને મુક્તિ મળી.

મુક્ત જીવાત્માને અભયદ ને વરદ દ્વાદશ સ્કંધ વામહસ્તથી નિજાશ્રય આપ્યો, સ્વરૂપસ્થ બનાવ્યો ને ગુપ્તાનંદ જીવ પૂર્ણાનંદ પરમાત્માને પામ્યો. આ છે શ્રીનાથજી પ્રભુના દ્વાદશાંગની ને શ્રીમદ્ ભાગવતની ભાવના અને પ્રપત્તિ. નિત્ય દર્શન કરતાં ને શ્રીમદ્ ભાગવતના બારે સ્કંધોની વિચારણા કરતાં ઉપરોક્ત રીતે ભાવના સેવતાં ભાવ શુદ્ધિ ને ભક્તિદૃઢિ થાય છે.

ભગવાનનાં આ બાર અંગોનું ક્રમિક નહિ, પરંતુ વ્યુત્ક્રમથી એટલે ઉલટા સુલટા ક્રમથી જે નિરૂપણ કર્યું છે, તે શરણાગત જીવનું ને ભગવાનના સ્વીકારના પ્રકારનું સ્વરૂપ છે, તેને અનુસરીને છે.

હવે શ્રીમદ્ ભાગવતના બારે સ્કંધોનો થોડો વિચાર કરીએ. શ્રીમદ્ ભાગવતના બાર સ્કંધો માનવ જીવનના ઉત્કર્ષનાં ક્રમશઃ દ્વાદશ સોપાન છે. **પ્રથમ** સ્કંધથી અધિકાર સિદ્ધ થાય. અધિકાર એટલે કાર્ય, વસ્તુ અને પદને યોગ્ય થવું. **દ્વિતીય** સોપાન જ્ઞાન છે. યોગ્યતાને જ જ્ઞાન, માન, સ્થાન મળે ને દીપે. અધિકાર અને જ્ઞાન એ પ્રગતિના બે પગ છે. પગ દ્વારા ગતિ થાય, પછી પ્રગતિ થાય. જ્ઞાન અધિકારીનું સ્વરૂપ રચે છે. કાર્યાકાર્ય વિવેક, અને ત્યાગ સ્વીકારના નિર્ણયમાં જ્ઞાન સહાયક છે. વસ્તુ સ્વરૂપ રચનામાં, વ્યકિત સ્વરૂપ નિર્માણમાં જગત સ્વરૂપ પરિચયમાં, ભગવત્સ્વરૂપ સ્વભાવની સમજમાં જ્ઞાન જ મહત્ત્વનું સાધન છે. ઓછા શ્રમે, સરલતાથી સર્વકામ ઉકેલનાર જ્ઞાન છે. જેમ શ્રીનાથજી પ્રભુના ચરણ કમલ યુગલનો સ્પર્શ કરવાથી અધિકાર અને જ્ઞાન પ્રાપ્ત થાય છે, તેજ રીતે શ્રીમદ્ ભાગવતના અધિકાર–જ્ઞાન લીલા નામના પ્રથમ–દ્વિતીય બે સ્કંધોના આશ્રયથી અધિકાર –જ્ઞાન સિદ્ધ થાય છે. અધિકાર લીલા, પ્રથમ સ્કંધના ૧૯ અધ્યાય અને જ્ઞાન લીલા, દ્વિતીય સ્કંધના દશ અધ્યાય.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જ્ઞાન પૂર્ણ અધિકારીને ક્રિયાશીલ થવાનું. ज्ञानं भारः क्रियां विना ક્રિયા વિનાનું જ્ઞાન જીવનનો બોજો છે. દાન વિનાનું ધન કુલ શીલને જોખમ છે. ક્રિયા કરવાનું અંગ એ કર. करोति इति करः કરે તેનું નામ કર.ક્રિયા બે હાથથી થાયછે.

3) **તૃતીય** સ્કંધ સર્ગ લીલા ને **ચતુર્થ** સ્કંધ-વિસર્ગમાં ભગવાન અને બ્રહ્માજીએ રચેલી સૃષ્ટિનું નિરૂપણ કર્યું. સર્ગ એટલે ક્રિયા. તેત્રીસ દેવોની રચનાને દર્શાવવા તેત્રીસ અધ્યાયનો તૃતીય સ્કંધ સર્ગ લીલાથી વર્ણવ્યો. એકત્રીસ અધ્યાયના વિસર્ગલીલાના ચતુર્થ સ્કંધમાં વર્ણ આદિ વિભાગપૂર્વક ક્રમ જીવવું તેનું વર્ગીકરણ કર્યું. વ્યવસ્થા ક્રમ ચલાવવી તેનો ખ્યાલ આપવા માટે ધર્મ, અર્થ, કામ ને મોક્ષ ધર્મનો પરિચય આપ્યો. તૃતીયમાં ક્રિયા છે, ચતુર્થમાં પ્રક્રિયા છે. ક્રિયાશીલ મનુષ્ય પ્રક્રિયા વિના નિષ્ફળ બને છે. દિનચર્યા ને જીવનચર્યા માનવનાં સતત ચાલુ છતાં શ્રમ નિષ્ફળ બને છે, તે કેવલ ક્રિયાની પદ્ધતિના અભાવનું જ પરિણામ છે. શૌચ અને સ્નાન એ દિનચર્યાનો ક્રમ છે. શૌચ એટલે શુદ્ધિ. શરીરની શુદ્ધિ બે પ્રકારની–મલશુદ્ધિ અને મુખશુદ્ધિ. પ્રથમ મલશુદ્ધિ, પછી મુખશુદ્ધિ. જગત લગભગ વિપરીત જીવે છે. મુખશુદ્ધિ કરી કોઇ પણ પીણું લીધા પછીથી મલ શુદ્ધિ કરે છે. શરીરનું આરોગ્ય ક્રમસર ક્રિયાના અભાવે ગુમાવ્યું. ભગવત્પ્રાપ્તિ કે સુખપ્રાપ્તિનું સાધન આદર્યું, પરંતુ રીતનો અનાદર કર્યો. ફૂલ ને શ્રદ્ધા બન્ને ગયાં. તેમ ન બને તેથી તૃતીય, ચતુર્થ સ્કંધોમાં ક્રિયા અને ક્રમ સમજાવ્યાં છે. ક્રિયાઓજ ભગવાનના હાથ છે. ભક્તો સક્રિય હાથવાળાં ભગવાન પાસે જાય છે; પરંતુ સક્રિય થઇ ભગવાનની પાસે જવું એવો ભગવાન સંદેશો આપે છે.

પંચમ સ્કંધ–સ્થાન લીલા. ક્રિયા કરનારને સ્થાન–રહેઠાણ જોઇએ. ક્રિયા કરનારને શરીર જોઇએ. ક્રિયા કરનારને જ્ઞાન જોઇએ. ક્રિયા કરનારને પ્રકાર પણ જોઇએ. પંચમ સ્કંધે સ્થાન નિરૂપણ કર્યું. પૃથ્વી, પાતાલ કે ઉર્ધ્વતલ એ ત્રણ સ્થાનોમાંથી કોઇપણ સ્થાનમાં રહી દેવ, માનવ, દનુજ આદિ દેહથી કાર્ય કરે. સ્થાન વિપુલ હોય તો કાર્ય પણ વિસ્તૃત થઇ શકે. છવ્વીસ અધ્યાયના પંચમ સ્કંધથી સ્થાનનો વિચાર કર્યો. ક્રિયાશીલ ક્રિયામાં સ્થિર બન્યો. પંચમ સ્કંધ રૂપી સ્થિતિ નામના ભગવાનના સાથળનો આધાર મળ્યો. પંચમ સ્કંધ ભગવાનનો દક્ષિણ સાથળ.

ષષ્ઠ સ્કંધ–પોષણ અથવા પુષ્ટિ. ક્રિયાશીલને પોષણ પણ અત્યાવશ્યક છે. પોષણ એટલે અનુગ્રહ. જીવ ક્રિયારત બને તો કૃપા તરત જ મળે. કૃપાની ભીખ ન હોવી જોઇએ, પરંતુ ક્રિયાશીલ થવાની સતત ભૂખ હોવી જોઇએ. લૌકિક કે પારમાર્થિક કોઇ પણ ક્રિયામાં આરૂઢ થનારને અનુગ્રહ તો અવશ્ય મળે. " કૃપાનાં અમી ક્રિયા કુન્દન પાત્રમાં જ વરસે ને વસે. " ષષ્ઠ સ્કંધે ઓગણીશ અધ્યાયથી અનુગ્રહ કર્યો. ષષ્ઠ સ્કંધ ભગવાનનો વામ સાથળ. પાતાલથી બ્રહ્મલોક પર્યન્તનો પ્રદેશ પ્રભુનો દક્ષિણ સાથળભૂત પંચમ સ્કંધ. ચતુર્દશ લોક નિવાસી ભૂત સમસ્તને સાથળમાં સ્થાન આપ્યું. ષષ્ઠ સ્કંધ રૂપ વામ સાથળે સર્વને પોષણ આપ્યું.

સપ્તમ સ્કંધ–ઊતિ એટલે વાસના. ઉત્સંગમાં બેઠેલાને વાસનાઓ થાય. જીવને સ્થાન મળે, સાથે સાથે પોષણ મળે, ત્યારે સજ્જન વધુ સદ્ગુણ ભૂષણ બને પણ અસજ્જન દૂષણ અને વાસના તરફ ઢળે, અને સામાન્યમાં ગુણ–અગુણનાં મિશ્રણ જોવા મળે. વાસના ત્રણ પ્રકારની થાય. વિશ્વ ત્રિગુણ સ્વભાવવાળું છે, ત્રણ સ્થાન વાળું છે, તેથી વાસના પણ ત્રણ પ્રકારની થાય. વાસનાથી સાધકનો ઉત્કર્ષ અટકે. ભગવાન જેના ઉપર અનુગ્રહ કરે તેની ભગવન્માર્ગ તરફની વાસનાઓ જાગૃત કરે. તેવી વાસનાઓને જાગૃત કરતો કટિભાગ ઉપર મુકેલો ભગવાનનો દક્ષિણ હસ્ત છે. તે સપ્તમ સ્કંધ ભગવાનનો દક્ષિણ હસ્ત છે.

અષ્ટમ સ્કંધ–સદ્ધર્મ. સંતોના ધર્મો અથવા ઉપાસના વાસનાનું વિશોધન કરે. વાસનાઓનું પરિવર્તન અથવા નિર્મલીકરણ સજ્જનના ધર્મો તરીકે ગણાય છે. કર્તવ્યમાં જ અભિરતિ ને ફલમાં નિરંતર વિરતિ થતાં વાસનાઓની શુદ્ધિ સ્વાભાવિક થઇ જાય છે. અષ્ટમ સ્કંધ રૂપી ભગવાનના દક્ષિણ રત્નમાંના સંતોના ધર્મો અને ગુણોરૂપી દૂધનાં પાન કરાવી વૃત્તિઓને ઉપાસનામાં વાળી ઉપાસકને સદ્ધર્મમાં દૃઢ કરવાનો બાકી રહ્યો. નવમ સ્કંધથી તે કાર્ય સહજ થશે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

✓ **નવમ** સ્કંધ ઇશાનુકથા. ઇશ અને ઇશના અનુયાયીઓનાં ચરિતામૃત કર્તવ્યશીલ થનારને પ્રેરણા ને ઊર્મિનાં શીતલ સ્રોતસ છે. સંતોના ગુણોનું શ્રવણ સન્માર્ગમાં દોરનાર બને છે, પરંતુ જીવનપથના વિકટ સંયોગોમાં માર્ગ ઉકેલ, માર્ગદર્શન, ધૈર્ય, દૃઢ કર્તવ્યાવલંબન તો ચરિત રસાયણથી મેળવી શકે. નવમ સ્કંધના કર્તવ્ય નિરત અને આત્મરત પુણ્યશીલ જનોનાં "જીવન" નવજીવન અને નવચેતન પૂરે છે, ત્યારે તો માનવ ઉત્કર્ષના અંતિમ સોપાને ઊભો હોય છે. બાદ દશમ સ્કંધ ઉત્કર્ષના સામ્રાજ્યમાં લઇ જશે.

✓ **દશમ** સ્કંધ–નિરોધ લીલા. જીવનનો રસદેશ દશમ સ્કંધ છે. મનો રાજહંસનો રસ વિહાર છે, ભગવચ્ચરિત્ર ઉદ્યાન છે. ચિત્તને નિરૂદ્ધ થવું ગમે છે. વિષયમાં કે વિપરીત પથમાં મન નિરોધ પામીને જ રહેલ હોય છે. મનનું ચંચલ રહેવું જેટલું સ્વાભાવિક છે, અચલ થવું તેટલું જ તેને માટે નૈસર્ગિક છે. શાસન, નિયમ તેને રૂચતાં નથી. જો રસઝરણાં પીવા મળે તો વિધાન વિનાજ તે ધ્યાનમગ્ન બની જાય છે. મનથી બધુ કોઈ રસિક નથી. રસાત્માના લગભગ સીધા સંપર્કમાં તે છે. તેથી રસવૃત્તિ તે જલદી કેળવી લે છે. ભગવચ્ચરિતો રસના મહેરામણ છે. મનોમરાલ ત્યાં વિહારે આવે કે તરત જ વિવેક, પ્રેમ, તત્ત્વબોધ નામનાં અનેક ગુણ પૂર્ણ મૌક્તિક સહજ મળી જાય છે. તેનો ચારો ચરવામાં પરોવાઇ જતાં ચલ મન અચલ બની જાય છે. રસમાં અચલતા એજ નિરોધ છે. નિજ જીવનમાં, નિજ કર્તવ્યમાં અને સર્વવિધ કાર્યમાં રસરૂપ થઇ મન વિચરતું થઇ જાય ત્યારે મુક્તિનું અધિકારી બને. ભગવાનનું રસ ચરિત્ર એજ દશમ સ્કંધ નામનું ભગવાનનું હૃદય છે. ભગવાનના હૃદયમાં જેને વાસ મળ્યો, તેનો રસદેશ શાશ્વત બન્યો.

✓ **એકાદશ** સ્કંધ–મુક્તિની રાજધાની, જે ભગવાનનું લલાટ છે. જીવ, વિરૂદ્ધ વિષયોમાંથી વિપરીત જીવન રીતિઓમાંથી, વિષાદમાંથી, પ્રમાદમાંથી છૂટી ગયો ને ઉર્ધ્વગામી કાર્યદેશમાં ખૂંપી ગયો, ત્યારે સ્વરૂપાનંદ મળ્યો.

✓ **દ્વાદશ** સ્કંધમાં આશ્રય લીલા. સ્વકીય સ્વરૂપની અને ભગવત્સ્વરૂપની પ્રાપ્તિ કે પરિચય બારમા સ્કંધમાં કરાવી દીધો. બહિર્મુખ પરીક્ષિત અન્તર્મુખ બન્યા. પરિ ચારે બાજુ ઈક્ષણ કરનાર અન્તર ઇક્ષણમાંજ તલ્લીન બન્યો, અભયદ ને વરદ ભગવાનના અનુગ્રહાત્મક વામ કરકમલના આશ્રયમાં અવિચલ થઇ બેઠો. શ્રીમદ્ ભાગવતના આ છે બાર સ્કંધો, જે મનુષ્યના જીવનનાં ઉત્કર્ષ સોપાન, જેનો પ્રથમ સ્કંધ અધિકાર લીલા.

✓ પ્રથમ સ્કંધ – અધ્યાય ૧૯

અધિકાર–લીલા — દક્ષિણ ચરણ

અધિકાર

સાધારણ પ્રકરણ (૯)	✓ અસાધારણ (૯)	ગુણાતીત (૧)
તૃતીય પ્રકરણ ૧ થી ૩	✓ મધ્યમ પ્રકરણ ૪ થી ૬	ઉત્તમ પ્રકરણ ૭ થી ૧૯

✓ [૧] **સાધારણ પ્રકરણ** ૧ થી ૯ અધ્યાયનું—

સાધારણ પ્રકરણના એકથી નવ અધ્યાયોમાં અવાંતર ત્રણ ત્રણ વિભાગ છે.

✓ **પ્રથમ ત્રણ** અધ્યાયનો અર્થ; શ્રવણમાં આદર, અ. ૧, જિજ્ઞાસા, અ. ૨, અમાત્સર્ય અ. ૩.

✓ **બીજા** વિભાગનો અર્થ ત્રણ પ્રકારના ભગવદીય; ભગવદવતાર રૂપ ભગવદીય, અ. ૪, ભગવદંશરૂપ ભગવદીય, અ. ૫, ભગવદ્ ભક્તરૂપ ભગવદીય અ. ૬.

✓ **ત્રીજા** વિભાગમાં ત્રણ પ્રકારની સ્તુતિ, દુઃખમાં સ્તુતિ અર્જુનજીની ને ઉત્તરાની, અ. ૭, સુખમાં સ્તુતિ શ્રીકુન્તીજીની, અ. ૮, મુક્તિ કાલે સ્તુતિ ભીષ્મપિતામહની, અ. ૯. આ નવ અધ્યાયનું સાધારણ પ્રકરણ.

✓ [૨] **અસાધારણ પ્રકરણ** ૧૦ થી ૧૮ અધ્યાયનું—

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અસાધારણ પ્રકરણના ૯ અધ્યાયોમાં પણ ત્રણ ત્રણ વિભાગો છે.

પ્રથમ વિભાગમાં ત્રણ પ્રકારનું સુખ; સ્વકીય સુખ, અ. ૧૦, ભગવત્સુખ અ. ૧૧, સર્વસુખ અ. ૧૨.

બીજા વિભાગમાં ત્રિપુરૂષ મુક્તિ; ધૃતરાષ્ટ્રની મુક્તિ–પ્રપિતામહની મુક્તિ, અ. ૧૩, પાંડવોની મુક્તિ–પિતામહોની મુક્તિ, અ. ૧૪, અભિમન્યુ આદિની મુકિત–પિતૃમુક્તિ, અ. ૧૫.

ત્રીજા વિભાગમાં ત્રિવિધ ઉત્કર્ષ; પ્રજ્ઞનો ઉત્કર્ષ, અ. ૧૬, સર્વોત્કર્ષ, અ. ૧૭, આત્મોત્કર્ષ અ. ૧૮. આ નવ અધ્યાયનું અસાધારણ પ્રકરણ.

[3] **ગુણાતીત પ્રકરણ** ૧૯ મા અધ્યાયમાં—

ઓગણીસમા અધ્યાયમાં ગુણાતીત પ્રકરણમાં ઉત્તમ કોટિનો અધિકારી દર્શાવ્યો છે.

"અધિકાર" શબ્દ શ્રોતા વક્તા બન્નેને સ્પર્શે છે. શ્રીમદ્ ભાગવતના ત્રણ વક્તા અને ત્રણ શ્રોતા.

(૧) **શૌનક શ્રોતા, સૂતમુનિ વક્તા.** ત્રીજી કક્ષામાં તેઓનો સમાવેશ થાય છે. વક્તા કરતાં વધુ શ્રેષ્ઠતા શ્રોતા પોતાનામાં માને છે, ત્યારે શ્રવણ નિષ્ઠા સામાન્ય બને છે. શૌનકાદિ ઋષિઓને જાતીય અભિમાન અને શ્રુતિ શાસ્ત્રજ્ઞાનાભિમાન હતાં તેથી વક્તા પ્રત્યેના દૈન્ય અને આદરમાં કંઇક ક્ષતિ આવી અને ત્રીજા પ્રકારના અધિકારમાં તેમનો સમાવેશ થયો. વક્તા સૂતજીને ઉત્તમ વક્તૃત્વનું સદા અનુસંધાન રહેતું તેથી તેમનો પણ ત્રીજા અધિકારમાં સમાવેશ થયો છે.

(૨) **વ્યાસજી શ્રોતા, નારદજી વક્તા.** બંનેનો મધ્યમ કક્ષામાં સમાવેશ છે. અનેક કાર્યોમાં અભિનિવેશ અથવા સંબંધ ધરાવનારને શાંતિ અને સ્થિરતા નથી સંભવતાં. અનેક ગ્રન્થોના આલેખનમાં વ્યાસજીનો અભિનિવેશ છે જેથી સમયની કૃપણતા રહેવાની, જે શ્રવણ રસમાં વિક્ષેપ કરાવનારી થવાની અનેક આશ્રમમાં ને સ્થળોમાં જવાની આસક્તિમાં પરોવાયેલ નારદજીને પણ સમયની ઉતાવળ રહેવાની, જેથી ગુણાનુવાદ ગાનમાં શીઘ્રતા આવતાં મધ્યમ પ્રકારનો જ આનંદ મળે. તેથી બન્ને શ્રોતા વક્તા બીજા પ્રકારના.

(૩) **પરીક્ષિત શ્રોતા, શુકદેવ વક્તા.** ઉત્તમ કક્ષામાં તેઓનો સમાવેશ થાય છે. એક અધ્યાયના ઉત્તમ પ્રકરણમાં પરીક્ષિતની ભગવાનમાં અનન્યતા અને શ્રીશુકદેવજીની અનન્યતા ઉત્તમ અધિકારનું પ્રતિપાદન કરે છે.

વિવેક વૃત્તિથી શ્રીમદ્ ભાગવતના બાર સ્કંધનો પરામર્શ કરી પ્રથમ સ્કંધના ૧૯ અધ્યાયની વક્તા શ્રોતાના અધિકાર ભેદની વિચારણા કરી મંગલાચરણથી પ્રથમ અધ્યાયનો પ્રારંભ થાય છે.

॥ ૐ ॥

मंगलाचरणम्

जन्माद्यस्य यतोऽन्वयादितरतश्चार्थेष्वभिज्ञः स्वराट्
तेने ब्रह्म हृदा य आदिकवये मुह्यन्ति यत्सूरयः
तेजोवारिमृदां यथा विनिमयो यत्र त्रिसर्गो मृषा
धाम्ना स्वेन सदा निरस्तकुहकं सत्यं परं धीमहि ॥ १ ॥

અન્વયાર્થ—યતઃ–જેનાથી–બ્રહ્મથી, **અસ્ય**–આ જગતના, **જન્માદિ**–જન્માદિ થાય છે, **અન્વયાત્**–અન્વયથી–સત્તાથી, **ઇતરતઃ**–અભાવથી–વ્યતિરેકથી, **અર્થેષુ**–પદાર્થોમાં, **યઃ અસ્તિ**–જે છે, **યઃ**–જે, **અભિજ્ઞઃ** સર્વજ્ઞ, **સ્વરાટ્**–સ્વયં પ્રકાશ છે, **યઃ**–જે, **આદિકવયે**–બ્રહ્માજીને, **હૃદા**–હૃદયથી, **બ્રહ્મ**–વેદોને, **તેને**–વિસ્તાર્યા **યત્**–જેના સ્વરૂપમાં, **સૂરયઃ**–વિદ્વાનો, **મુહ્યન્તિ**–મોહ પામે છે, **યથા**–જેમ, **તેજો વારિ મૃદામ્**–તેજ–જલ–

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માટીનો; **વિનિમયઃ**–એક બીજામાં આભાસ, **મૃષા**–મિથ્યા છે, **તથા**–તે રીતે, **યત્ર**–જે પરબ્રહ્મમાં, **ત્રિસર્ગઃ**–ત્રણ વસ્તુઓનો સર્ગ, **મૃષા**–મિથ્યા છે, **સ્વેન**–પોતાના, **ધામ્ના**–ધામથી–તેજથી, **સદા**–નિત્ય, **નિરસ્ત**–**કુહકમ્**–કપટ દૂર કર્યું છે, **પરમ્**–સર્વોત્કૃષ્ટ, **સત્યમ્**–સત્યને, **ધીમહિ**–ભજીએ છીએ.

અનુવાદ–આ દૃશ્ય જગતનાં ઉત્પત્તિ, પાલન, સંહાર જે પરબ્રહ્મથી થાય છે, જે પરબ્રહ્મ પદાર્થોમાં કાર્ય કારણ રૂપે રહેલ છે, જે સર્વજ્ઞ અને સ્વયં પ્રકાશ છે, જેના સ્વરૂપમાં વિદ્વાનો પણ મોહ પામે છે, આદિ કવિ બ્રહ્માજીને હૃદયથી જેણે વેદોને આપ્યા છે, જેમ જલ-માટીમાં એક બીજાનો આભાસ મિથ્યા દેખાય છે તેવી જ રીતે પરબ્રહ્મમાં દેહ ઇન્દ્રિય અન્તઃકરણાદિ સૃષ્ટિ પણ મિથ્યા છે, જે પરબ્રહ્મ પોતાના સ્વરૂપથી જ સદા કપટને દૂર કરે છે એવા સર્વ શ્રેષ્ઠ સત્યનું અમે ધ્યાન કરીએ છીએ.

તત્વસુધા–વ્યાસ મહર્ષિ શાર્દૂલ છંદથી મંગલાચરણ કરી ગ્રન્થનો પ્રારંભ કરે છે. પ્રથમ સ્કંધ અને ષષ્ઠ સ્કંધના ૧૯ અધ્યાયો છે. શાર્દૂલવૃત્તનો પ્રત્યેક પાદ પણ ૧૯ અક્ષરનો હોય છે. અધિકાર અને અનુગ્રહ ઓગણીસ પ્રકારના છે તેનો સંકેત કરવા ૧૯ અક્ષરના ચરણથી મંગલાચરણ કર્યું. ચાર વર્ણ અને ચાર આશ્રમને ચારે યુગમાં કલ્યાણનું વિતરણ શ્રીમદ્ ભાગવત કરશે. ઉપરાંત માનવ–કલ્યાણનો અધિકારી કેવલ મંગલાચરણના પાઠથી જ થશે એમ પણ સૂચવ્યું.

સિંહ સંયમનો આદર્શ છે. શાર્દૂલ છંદને સંયમના પ્રતીક તરીકે મુકેલ છે. વ્યાસ મહર્ષિ સંયમનું શિખર છે. સિંહને એક જ વીર સંતાન ધટે. મહર્ષિએ ત્યાગવીર અને જ્ઞાનવીર એક જ 'શુકદેવ' પુત્રને જન્મ આપ્યો. સ્વાશ્રય, સંતોષ, સંયમ, સહજ ઔદાર્ય સિંહની પ્રકૃતિ છે. ભાગવતના ઉપાસક થવું એટલે ઉપરોકત ગુણયુકત થવું. છંદનો પ્રથમ ગણ 'મગણ' છે. મગણનો સ્વામી પૃથ્વી છે. જે ગુણો પૃથ્વીમાં છે તે સમસ્ત આ મહા કાવ્યમાંથી મળશે. ક્ષમા–વસુંધરા–સહા–પૃથ્વી–અચલા વગેરે પૃથ્વીના વાચક શબ્દો છે. જે પૃથ્વીના ગુણને અનુરૂપ છે. તેવા જ ક્ષમા, ધીરજ, સહિષ્ણુતા, એક વચનતા આદિ 'ગુણ' પરંપરાનું લક્ષણ વર્ણન, અને પરિણામ દૃષ્ટાન્ત–સિદ્ધાન્તના સુમેળ સાથે શ્રીમદ્ ભાગવતે સમજાવ્યાં છે. દગ્ધાક્ષર તરીકે, કવિ સમાજે કાવ્યારંભમાં વર્જેલા 'જ્ઞ' અક્ષરને કવિ સમ્રાટ વ્યાસજીએ અપનાવ્યો અને કાવ્યારંભમાં ઉપયોગમાં લીધો. વિષય વિષાદથી દગ્ધ હૃદયને દિલાસો દેવા, પીયૂષ પાવા માટે 'ભાગવત પ્રપા' નાં મંડાણ છે. દ્વૈત દગ્ધ અને સ્વભાવ દગ્ધ મનુષ્ય સ્નિગ્ધ હૃદયનો અને એ આશય શ્રીમદ્ ભાગવતમાં છે.

બ્રહ્મનું સાકાર–નિરાકાર રૂપે રસમય નિરૂપણ ભાગવતનો વિષય છે. મંગલાચરણના પ્રથમ શ્લોકમાં ગ્રન્થના સમગ્ર વિષયનો સંકેતમાં સૂત્રાત્મક નિર્દેશ હોવો જોઇએ. પ્રથમ શ્લોક સંપૂર્ણ રીતે એ સિદ્ધાન્તને જાળવે છે. શ્રીકૃષ્ણ, ગણેશ, નૃસિંહ, વામન, શ્રીરામ આદિ દેવોનું પણ શ્લોકાર્થથી સૂચન થાય છે. શૃંગારરસ, ભકિતરસનું પણ કથન શ્લોકથી મળે છે. પ્રણવના અર્થનું ગ્રહણ પણ પ્રથમ શ્લોકમાં છે.

વેદોનું બીજ પ્રણવ છે. પ્રણવનો અર્થ ગાયત્રી છે. ગાયત્રીના અર્થનો વિસ્તાર શ્રીમદ્ વેદોમાં ભાગવતમાં છે. મંગલના પ્રથમ શ્લોકમાં અર્થથી ગાયત્રીનું ગ્રહણ કર્યું છે.

વસ્તુનું જ્ઞાન લક્ષણથી થાય. લક્ષણ બે પ્રકારનાં–એક સ્વરૂપ લક્ષણ–બીજું તટસ્થ લક્ષણ. લક્ષણમાં બતાવેલા ધર્મો લક્ષ્યમાં રહી લક્ષ્યને સમજાવે તે સ્વરૂપ લક્ષણ. લક્ષ્યનો પરિચય લક્ષ્યથી અલગ રહીને આપે તે તટસ્થ લક્ષણ. 'વડ થા વૃક્ષની સામેજ ખેતર છે' ત્યાં ખેતરના આકાર ગુણધર્મોનો નિર્દેશ નથી છતાં ખેતરનો પરિચય થાય છે. એ થયું તટસ્થ લક્ષણ. 'સમચોરસ અને ડાંગર વાવેલ ખેતર' એ લક્ષણ ખેતરનું અન્તર્ગત સ્વરૂપ બતાવે છે તેથી તે સ્વરૂપ લક્ષણ ગણાય. **ધામ્ના ત્વેન સદાનિરસ્તકુહકં સત્યં પરં ધીમાહિ** પોતાના તેજથી માયાના કપટને દૂર કરનાર સત્યને સ્મરીએ છીએ એ સ્વરૂપ લક્ષણ છે. **જન્માદિ અસ્ય યતઃ** જે ઇશ્વરથી જગતના જન્મ વગેરે થાય છે તે થયું તટસ્થ લક્ષણ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પહેલો પ્રકાર

પ્રથમ શ્લોકમાં ગાયત્રીનો અર્થ—

તત્ પદ વિશેષણ રૂપે હોવાથી સ્વતંત્ર અર્થ નથી થતો. અથવા તત્ પદથી પ્રસિદ્ધ એવા પરબ્રહ્મનું ગ્રહણ કરવું. સવિતુઃ 'વિશ્વની ઉત્પત્તિ કરનાર' એવો અર્થ થાય. જન્માદ્યસ્ય યતઃ જગતનો જન્મ વગેરે જેનાથી સંભવે છે. આ અર્થથી સવિતુઃ પદનું ગ્રહણ થશે. સૂતે ઇતિ સવિતા સમસ્ત વિશ્વને જન્મ આપે અને પ્રેરે. ઉપલક્ષણથી સ્થિતિ, પ્રલય પણ લેવાશે.

'વરેણ્યમ્' પદનો અર્થ 'પરમ્' પદના અર્થમાં આવી જાય છે. વરેણ્ય અને પરમ્ પદોનો શ્રેષ્ઠ એવો એક અર્થ થાય છે.

'ભર્ગઃ' પદનો અર્થ 'સત્યમ્' પદના અર્થમાં સમાય છે. 'સત્ય' અને 'ભર્ગ'નો અર્થ સત્ એવો થાય છે.

'દેવસ્ય' પદનો અર્થ સ્વરાટ્ પદના અર્થમાંથી મળે છે. દીવ્યતીતિ દેવઃ જે પ્રકાશે છે તે દેવ છે. સ્વેનૈવ રાજતે સ્વરાટ્ પોતાના આત્માથી જ શોભે તે સ્વરાટ્ બન્ને પદોનો એકજ અર્થ થયો. પ્રકાશ શબ્દનો અર્થ આ સ્થાને 'જ્ઞાન' કરવો. દેવ અને સ્વરાટ્નો અર્થ સ્વયં પ્રકાશ થાય છે.

ધિયઃ યઃ નઃ પ્ર ચોદયાત્ ઉપસર્ગ સાથેના આ પાંચ પદોનો અર્થ તેને બ્રહ્મ હૃદા ય આદિકવયે આ વાક્યમાં દર્શાવેલા પાંચ પદોના અર્થમાં આવે છે. જે પરતત્વે બ્રહ્માજીને વેદોનું દાન કરીને બુદ્ધિને પ્રેરી તે પરમાત્મા જીવોની બુદ્ધિને પણ પ્રેરે છે એવો ઉભય વાક્યોનો અર્થ થશે.

ધીમહિ અમે ધ્યાન કરીએ છીએ. 'ધીમહિ' ગાયત્રીજી અને ભાગવતમાં એક સરખું જ છે.

બીજો પ્રકાર

તત્ પદ—અવ્યય છે. અવ્યયને કોઇપણ વિભક્તિ નહોય, છતાં પ્રત્યેક વચન, વિભક્તિ સાથે તે રહી શકે છે. કર્તા, કર્મ, ક્રિયાપદ એ ત્રણ વિભાગથી એક વાક્ય બને છે. ગાયત્રી મંત્રનાં પ્રત્યેક પદોનાં દ્વિતીયાન્ત પદો બનાવી એક અર્થ કરવો કે સવિતારમ્ ભર્ગમ્ દેવમ્ વરેણ્યમ્ ધીમહિ વિશ્વની ઉત્પત્તિ સ્થિતિ લય કરનાર સર્વવ્યાપક નિત્ય પ્રકાશક તત્વનું ધ્યાન કરીએ છીએ.

સવિતારમ્ ધીમહિ પ્રસવ કરનાર સૂર્યને ભજીએ છીએ. 'સવિતા' પદથી ઉત્પત્તિનું ગ્રહણ થયું.

ભર્ગમ્ ધીમહિ ભર્ગને ભજીએ છીએ. ભર્ગ શબ્દની વ્યુત્પત્તિ કરતાં બિભર્તિ, પુષ્ણાતિ, ભૃજતિ, એવી ત્રણ વ્યુત્પત્તિ પ્રમાણે ધારણ કરનાર, પાલન કરનાર, સંહાર કરનાર એવા ત્રણ અર્થ થાય. ભર્ગ પદથી પાલન સંહાર આવી ગયા. સવિતારં ભર્ગમ્—આ બે પદોના થતા જન્મસ્થિતિ લય અર્થમાં જન્માદ્યસ્ય યતઃ નો અર્થ આવી ગયો.

'વરેણ્યમ્' વૃણોતિ સર્વમ્ સર્વને વ્યાપીને રહે તે વરેણ્ય. અન્વયાત્ ઇતરતઃ એ પદોનો અર્થ 'વરેણ્ય' પદમાં આવી ગયો. વ્રિયતે પ્રાર્થ્યતે ઇતિ વરેણ્યઃ ધર્માદિ ચાર પુરૂષાર્થના દાતાર એવો પણ વરેણ્ય પદનો અર્થ થાય. ભગવાન સૂર્ય ચારે પુરૂષાર્થોને આપે છે. વેદો પણ ચાર પુરૂષાર્થોને આપે છે. શ્રીમદ્ ભાગવત પણ આપે છે.

દીવ્યતિ દ્યોતતે ઇતિ દેવઃ નિત્ય પ્રકાશક નિરંજન તત્વ એટલે દેવ. સ્વરાટ્ ધામ્ના સ્વેન સદા નિરસ્તકુહકમ્ એટલાં પદોથી દેવઃ પદનો અર્થ સૂચવી દીધો.

ધિઃ બુદ્ધિવૃત્તીઃ પ્રચોદયાત્ બુદ્ધિની વૃત્તિઓને પ્રેરો. આ પદોથી તેને બ્રહ્મ વગેરે પદોના અર્થનું ગ્રહણ થશે.

ત્રીજો પ્રકાર

જન્માદ્યસ્ય પદથી સવિતુઃ નો અર્થ; યતઃ પદથી તત્ શબ્દનો અર્થ; સૂરયઃ પદથી વરેણ્યમ્ શબ્દનો અર્થ લેવો. વરૈ નૈયં વરેણ્યમ્. સૂરિઃ નો અર્થ થાય જ્ઞાની, વરઃ નો પણ અર્થ ધ્યાન કરનાર એવો થશે; ધામ્ના સ્વેન પદોથી ભર્ગઃ શબ્દનો અર્થ; તેને બ્રહ્મ આદિ પદથી દેવસ્ય પદનો અર્થ લેવો.

ચોથો પ્રકાર

તત્ સવિતુઃ દેવસ્ય એ ત્રણે પદોનો અર્થ જન્માદ્યસ્ય યતઃ પદોમાં આવી જશે; વરેણ્યમ્ પદનો અર્થ પરમ્ પદથી મળશે; ભર્ગઃ પદનો અર્થ ધામ્ના સ્વેન સદા નિરસ્તકુહકમ્ પદોમાંથી મળશે; ધિયો યો નઃ પ્રચોદયાત્ પદોનો અર્થ તેને બ્રહ્મ હૃદા ય આદિકવયે પદોમાં સમાશે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પ્રથમ શ્લોકના અનેક અર્થ અનેક પ્રકારે થાય છે. ગાયત્રી મંત્રના અર્થ સાથે શ્લોકાર્થનો સંપૂર્ણ સમન્વય છે. નામ અને રૂપ, કાવ્ય અને કલા દ્વારા મનુષ્ય સ્વભાવ, આનંદ મેળવવાનો છે. નામ એટલે યશ, ગુણાનુવાદ મંત્ર, સંમોધન, અભિધાન, જ્ઞાન, સંગીત વગેરે, જેઓનો કાવ્યમાં સમાવેશ થઈ શકે છે. રૂપ એટલે વસ્તુ, પદાર્થ, સૌન્દર્ય, આકૃતિ વગેરે. જેમનો કલામાં સમાવેશ હોઈ શકે.

આનંદ લેવાની આ રીતને અનુસરીને આનંદ નિધિએ વેદ અને યજ્ઞના બે વિભાગે સ્વરૂપ લીધું, ગુણ અને આકારે સ્વરૂપ લીધું. શ્રીમદ્ ભાગવત 'નામ સ્વરૂપ છે.' તેના શ્લોકોમાં રસ છે તે આત્મ સ્વરૂપ છે. બુદ્ધિ વિકાસ વિના શબ્દ-કાવ્યમાંથી રસાસ્વાદ ન થાય. અગ્નિ, સૂર્ય અને બ્રહ્મની ઉપાસના વિના બુદ્ધિ કમલ ન વિકસે. તેને વિકસાવવા મંગલાચરણના પ્રથમ શ્લોકમાં અને સંપૂર્ણ ભાગવતમાં ગાયત્રી મંત્રનોજ વિસ્તાર કર્યો છે. ગાયત્રીમાં સૂર્ય, શ્રીકૃષ્ણ કે પરં તત્વનુંજ નિરૂપણ કર્યું છે.

જ્યારે ભૌતિક નામ અને સ્વરૂપો મોહને સરજે છે ત્યારે અલૌકિક નામ-સ્વરૂપો સ્નેહને પ્રસવે છે. બ્રહ્મનો નિઃશ્વાસ નાદાવસ્થાને સ્વીકારે અને પ્રમાણ માર્ગમાં 'વેદ' બને છે; તેજ પ્રમેય માર્ગમાં વેણુનાદ બને છે. પ્રણવ મંત્ર વેદનું બીજ છે. પ્રણવ અથવા ભગવાન પોતે પતિ છે, અને ગાયત્રી મંત્ર પત્ની છે. આનંદાત્મક પરં તત્વ, કૃષ્ણ રાધાકૃષ્ણ, લક્ષ્મી-નારાયણ કે સીતારામ એમ બે વિભાગે થયા. તે જ રીતે પ્રણવ-ગાયત્રી એવા બે આકારે પણ થયા.

ગાયત્રી મંત્રના ૨૪ અક્ષર છે. ગાયત્રીનું જે ગાન કરે તેને ૨૪ અવતારોનું ગાન, ધ્યાન, આરાધન ન કરવું પડે. તે સહ સ્વયં ગાયત્રીથી સિદ્ધ થાય. પ્રકૃતિના ૨૪ પ્રકારના મલ-દોષનું દહન કરવાનું કામ પણ ગાયત્રીના ૨૪ અક્ષરોથી થાય છે.

ગાયત્રીમંત્ર, સંપ્રયોગ વિપ્રયોગ, ૨ પ્રકારના શૃંગારમાં, ૮ પ્રકારના ઐશ્વર્યમાં, ૪ અન્તઃકરણમાં, ૫ જ્ઞાનેન્દ્રિયમાં, ૫ કર્મેન્દ્રિયમાં, એ પ્રકારે ૨૪ પદાર્થોમાં સમાતો હોવાથી સર્વને પરિપૂર્ણ કરે છે તેથી ૨૪ અક્ષર છે તેમ જ ભાગવતમાં ગાયત્રીના ચોવીસ અક્ષરો સમાન ૨૪ અવતારોનું નિરૂપણ-વિવેચન છે.

ગાયત્રીમંત્રમાં ત્રણ પદ છે. ત્રણ કાલમાં, ત્રણ લોકમાં તારવાનું એક સરખુંજ તેનું સામર્થ્ય છે. ત્રણ ગુણોથી પર ત્રિગુણાતીત સ્વરૂપને પણ ગાયત્રી આપે છે. બ્રહ્મના જેમ સત્-ચિત્-આનંદ ત્રણ ધર્મ છે તેમ ગાયત્રી પણ બ્રહ્મ સ્વરૂપે હોઈ તેના પણ ત્રણ અંશ છે તેથી તે ત્રિપદા છે. જ્ઞાન, ભક્તિ અને કર્મ એ ત્રણેને ગાયત્રી આપે છે. એ ત્રણે શાસ્ત્રો અથવા માર્ગો ગાયત્રીની પાસેજ લઈ જાય છે. ગાયત્રી બ્રહ્મા, વિષ્ણુ, શિવને ગ્રેરે છે તેથી પણ ત્રણ પદ છે અથવા તે ત્રણે દેવોથી પર છે. તે માટે 'ત્રિપદા' ગાયત્રી છે. ભાગવતમાં પણ ભક્તિ, જ્ઞાન, કર્મનોજ સમન્વય છે. સત્-ચિત્-આનંદ, બ્રહ્મા-વિષ્ણુ-શિવનું જ નિરૂપણ છે.

ગાયત્રી મંત્રનો ગાયત્રી છંદ-છાદનાત્ છંદઃ મનુષ્યને આચ્છાદન કરે-રક્ષણ કરે તે છંદ. બ્રહ્મ શરીરને રક્ષે છે તે રીતે ગાયત્રી તન, મન, ઇન્દ્રિયો અને આત્માનું રક્ષણ કરે છે. જો તેનું પ્રેમોલ્લાસથી અનુષ્ઠાન કરે તો.

ભાગવતમાં પણ અનુષ્ટુપ્ છંદ છે. ગાયત્રી મત્રના ત્રણ પાદમાં આઠ આઠ અક્ષરો છે તેજ પ્રકારે અનુષ્ટુપ્ છંદના ચારે ચરણમાં આઠ આઠ અક્ષરો છે.

ગાયત્રી મંત્રના દ્રષ્ટા વિશ્વામિત્ર મુનિ છે. વિશ્વના મિત્ર તેથી વિશ્વામિત્ર છે. ભાગવતના દ્રષ્ટા પણ વ્યાસજીએ વિશ્વની મૈત્રીથી વિશ્વના દુઃખે દુઃખી થઈ આર્ષદૃષ્ટિથી સમાધિભાષામાં ભાગવતને મેળવ્યું. વિશ્વામિત્રજી મંત્રના દ્રષ્ટા છે સ્રષ્ટા નથી. વ્યાસજી પણ દ્રષ્ટા છે સ્રષ્ટા નથી. ગાયત્રી મંત્રના સવિતા દેવતા છે. સવિતા સૂર્યનારાયણનો વાચક શબ્દ છે. નારાયણનાં ત્રણ સ્વરૂપઃ અગ્નિનારાયણ, સૂર્યનારાયણ, લક્ષ્મીનારાયણ જે આધિભૌતિક આધ્યાત્મિક અને આધિદૈવિક છે. ભાગવતના દેવતા પણ 'હરિ' સંજ્ઞાથી ગવાતા 'નારાયણ જ' છે. નારાયણે બ્રહ્માને ભાગવત આપ્યું એ ભાગવતના ક્રમથી પણ પૂરવાર થાય છે.

અગ્નિ ગાયત્રી મંત્રના ષડૈશ્વર્ય સમ્પન્ન આચાર્ય છે. અગ્નિ શબ્દ ગતિ વાચક છે. ગતિ અર્થવાચક અક્ ધાતુમાંથી અગ્નિ શબ્દ સિદ્ધ થાય છે. ગતિ શબ્દનો અર્થ ગતિ અને જ્ઞાન એવા બે થાય છે. 'અગ્નિ' એટલે જ્ઞાન આપનાર આચાર્ય છે. શ્રીમદ્ ભાગવતના પણ અગ્નિ એટલે જ્ઞાન જ આચાર્ય છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બ્રહ્મા ગાયત્રીનું મસ્તક છે. મસ્તક સર્વથી ઉપરનો ભાગ છે. સત્યં તુ શીર્ષાણિ વાક્યથી શીર્ષને સત્યલોક તરીકે ગણાવે છે. બ્રહ્મા સત્યલોકમાં રહે છે. ગાયત્રી પણ સત્યલોકમાં રહે છે. બ્રહ્મા જગતના કારણ છે. તેમ ગાયત્રી પણ જગતકારણ છે. ભાગવતનું મસ્તક પણ બ્રહ્મા છે. બ્રહ્માજીએ સત્ય લોકમાંથી ભાગવત નારદજીને આપ્યું છે.

વિષ્ણુ ગાયત્રીનું હૃદય છે. વિષ્ણુ યજ્ઞ સ્વરૂપે છે. યજ્ઞો વૈ વિષ્ણુઃ શ્રુતિએ એ પ્રમાણે વર્ણવ્યું છે. ગાયત્રી પણ યજ્ઞાત્મક છે. વિષ્ણુ સર્વને વ્યાપીને વસે છે. ગાયત્રી પણ સર્વ જગતમાં શક્તિરૂપે વ્યાપક છે. વિષ્ણુ શૃંગાર સ્વરૂપ છે અથવા શૃંગારના સ્વામી છે. ગાયત્રી પણ શૃંગાર સ્વરૂપે છે. વિષ્ણુ સત્વપ્રધાન હોવાથી હૃદયમાં બિરાજે છે. ગાયત્રી પણ હૃદયમાં બિરાજીને હૃદયનાં પાપ તાપ સંતાપને હરે છે. શ્રીમદ્ ભાગવતનું હૃદય પણ શ્રીવિષ્ણુ છે. આદ્યન્ત ભાગવતમાં વિષ્ણુના અવતારોનોજ મહિમા ગાયો છે.

રુદ્ર ગાયત્રીની શિખા છે. રોદનાત્ રુદ્રઃ વિપ્રયોગ રૂદન કરાવે છે. ભાવ સર્વથી શ્રેષ્ઠ છે. જેમાં વિરહરૂપે પ્રભુનું સતત સાન્નિધ્ય છે. શ્રીમદ્ ભાગવતની શિખા પણ રૂદ્ર એટલે વિપ્રયોગ શૃંગાર રસ છે. જે ગોપીગીત અને સ્તુતિ પ્રસંગોમાં વિદિત છે. ગાયત્રીનું શિખાબંધન અહંકાર છે. ભાગવતનું શિખાબંધન પણ અહંકાર છે. વ્યાસજીએ તૈજસ અહંકારભાવ ધારણ કર્યો કે 'જગતના હિત માટે મેં કાંઇપણ નથી કર્યું એ વિચાર આવ્યો અને રચ્યું.

પૃથ્વી ગાયત્રીની યોનિ છે. પૃથુ વિસ્તારે ઉપરથી પૃથ્વી બની. પૃથ્વી સર્વનો વિસ્તાર કરે છે તેમ ગાયત્રી પણ સર્વ વેદોનો વિસ્તાર છે. શ્રીમદ્ ભાગવતનો વિસ્તાર પણ પૃથ્વીમાં છે. તેથી પૃથ્વીજ યોનિ છે. નિગમ કલ્પતરોઃ શ્લોકમાં મુવિ શબ્દથી નિર્દેશ કર્યો છે જ. વળી સ્વર્ગે સત્યે ચ કૈલાસે વૈકુંઠે નાસ્ત્યયં રસઃ। અતઃપિબન્તુ વાક્યથી પણ ભાગવતનો વિસ્તાર પૃથ્વીમાંજ છે.

હરિ ગાયત્રીના પ્રાણ છે. શ્રીમદ્ ભાગવતના પણ પ્રાણ હરિ છે. તસ્માદ્ ભારત સર્વાત્મા ભગવાન્ હરિરીશ્વરઃ એવું શ્રી શુકાચાર્યજ કહે છે.

ગાયત્રીનો વર્ણ શ્વેત છે. તેજોમય સ્વરૂપે ગાયત્રીને ગાયાં છે માટે શ્વેતવર્ણ હોય. શ્રીમદ્ ભાગવતજી પણ અર્ક રૂપે હોવાથી તે પણ તેજોમય સ્વરૂપે શ્વેત છે.

ગાયત્રીનું ગોત્ર સાંખ્યાયન છે. સાંખ્યાયન એટલે બ્રહ્મવાદનું જ્ઞાન કહેવાય. ભાગવતમાં પણ માયા વાદ નથી બ્રહ્મવાદ છે.

ભગ આદિ છ ઐશ્વર્ય ગાયત્રીની શક્તિ છે. શ્રીમદ્ ભાગવતમાં તો બધ્ધે સ્કંધથી છ ભગ–ઐશ્વર્યનું જ નિરૂપણ છે.

ષડ્ દર્શન ગાયત્રીની કુક્ષિ છે. શ્રીમદ્ ભાગવતની કુક્ષિમાં પણ ષડ્ દર્શનનો સંગ્રહ જોવા મળે છે. ગાયત્રીને પંચ શીર્ષ છે. પાંચ પુરૂષાર્થ અથવા પાંચ ધામ એ પાંચ શીર્ષ માન્યાં છે. ધર્મ આદિ ચાર પુરુષાર્થ અને ભક્તિ પાંચમો પુરુષાર્થ મળી પાંચ મસ્તક થયાં. શ્રીમદ્ ભાગવતમાં પણ પાંચ પુરૂષાર્થ છે. ભૂઃ, ભુવઃ, સ્વઃ મહઃ, જનઃ, તપઃ અને સત્યમ્ એ સાત વ્યાહૃતિ છે તે ષડ્ ઐશ્વર્ય અને સાતમા ધર્મોના અર્થની વાચક છે. શ્રીમદ્ ભાગવતમાં ઐશ્વર્યો અને ધર્મોનું કથન છે.

ભૂઃ'નો અર્થ વીર્ય છે ભૂઃ સર્વનો આધાર છે તેમ 'ઐશ્વર્ય' પણ સર્વનો આધાર છે. ભુવઃનો અર્થ 'વીર્ય' થશે. ભુવઃ અંતરિક્ષ વાચક છે. અંતરિક્ષના દેવ રૂદ્ર છે. રુદ્રાન્ વીર્યકામઃ વીર્યકામનાવાન્ રૂદ્રને ભજે એવું વિધાન પણ છે. સ્વઃ નો અર્થ 'શ્રી' થશે. સ્વઃ સ્વર્ગનો વાચક છે. સ્વર્ગ એજ–શ્રી–છે. મહઃ નો અર્થ 'યશ' થશે. શ્રી કરતાં યશ મોટો છે. શ્રી આપી લોકો યશ મેળવે છે. યશસ્વી મહર્લોકમાં જાય છે.

જનઃ નો અર્થ 'વૈરાગ્ય' થશે. તાપાર્ત પુરૂષ જનલોકમાં જાય છે ત્યાં તાપ નથી તે પ્રમાણે વૈરાગ્યથી તાપની નિવૃત્તિ થાય છે. તપઃ નો અર્થ જ્ઞાન થશે. યસ્ય જ્ઞાનમયં તપઃ એવાં વાક્યો મળે છે. સત્યમ્ એ સપ્તમ વ્યાહૃતિ છે જે છ ઐશ્વર્યો સાથે ધર્મી એવા 'સત્યમ્' નું નિરૂપણ કરે છે. શ્રીમદ્ ભાગવતે સત્યં પરં ધીમહિ . કહ્યું ત્યાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

'પર' શબ્દ પુરૂષોત્તમનો વાચક છે. પુરૂષોત્તમ સત્ય છે. સપ્તમ વ્યાહૃતિએ 'સત્યમ્' ને છ ગુણવાળા સાતમા ધર્મી પુરૂષોત્તમને દર્શાવ્યા છે. ગાયત્રી મંત્ર તે 'સત્યમ્' શબ્દે વાચ્ય પુરૂષોત્તમનો-શ્રીકૃષ્ણનો તત્ શબ્દથી નિર્દેશ કરે છે. સવિતુઃ પુરૂષોત્તમનો અર્થ થયો. શ્રુતિએ દ્વાદશાત્મા સૂર્યઃ પુરુષોત્તમઃ સ્વીકાર્યા છે. ગીતાજીના પંદરમા અધ્યાયમાં પુરૂષોત્તમથી સર્વની ઉત્પત્તિ વર્ણવી છે. સવિતુઃ પદથી ઉત્પત્તિ સૂચવી. વરેણ્યં ભર્ગઃ એ પદોથી જગતના સ્થિતિ પ્રલય ગણાવ્યા છે. રવિમધ્યે સ્થિતઃ સોમઃ સોમમધ્યે હુતાશનઃ । અગ્નિમધ્યે સ્થિતં સત્યં સત્યસ્યાન્તઃ સ્થિતોઽચ્યુતઃ રવિના મધ્યમાં શિવ, શિવમાં અગ્નિ, અગ્નિમાં સત્ય, સત્યમાં અચ્યુત, આ પ્રમાણથી સવિતાનો પુરૂષોત્તમ અર્થ થયો.

વરેણ્યમ્ જીવને વરવા લાયક પણ પુરૂષોત્તમ છે. 'વરેણ્ય' અતિશય સુંદર, મનોજ્ઞ અને રમણીય છે. યમેવૈષ વૃણુતે શ્રુતિથી ભગવાન જીવનું પણ વરણ કરે છે. 'રથં સ્થાપય મેઽચ્યુત' એ પ્રાર્થનાથી શુદ્ધ જીવ અર્જુને શ્રીકૃષ્ણ અચ્યુતનું જ વરણ કર્યું છે. 'વરેણ્ય' એજ 'શરણ્ય' છે. મામેકં શરણં વ્રજ એ સ્પષ્ટ પ્રભુનો આદેશ છે.

'ભર્ગ' વાસનાને મોહને સ્વદર્શનથી નિર્મૂલ કરે છે. વાસના અવિદ્યાનું જ પરિણામ છે. ગોપીજનો, ભક્તો, અનેક દૃષ્ટાન્ત રૂપે છે. સર્વપાપેભ્યો મોક્ષયિષ્યામિ સર્વ પાપોમાંથી છોડાવીશ એવી શ્રીકૃષ્ણની પ્રતિજ્ઞા છે. વરેણ્ય સૌન્દર્ય નિધિ શ્રીકૃષ્ણ પોતાના દર્શનથીજ સર્વ અવિદ્યાનું ભર્જન કરે છે તેમ ભર્ગઃ નો અર્થ થયો. પ્રહ્લાદજીએ તેથી તો કોઇ વરદાન ન માંગ્યો.

દેવસ્ય પદનો અર્થ દશ પ્રકારની સર્ગ-વિસર્ગ લીલાઓથી વિશ્વમાં ક્રીડા કરનારા શ્રીકૃષ્ણ છે. દિવુ ધાતુના પણ ક્રીડા, વિજીગીષા, વ્યવહાર, દ્યુતિ, સ્તુતિ, મોહ, મદ, સ્વપ્ન, કાંતિ અને ગતિ એમ દશ અર્થ થાય છે. ક્રીડા આદિ શબ્દોથી સર્ગ આદિ દશલીલાઓનું ગ્રહણ થઇ શકે છે.

ધીમહિ ધ્યાન કરીએ. શ્રીકૃષ્ણમાં વરેણ્ય રસાત્મક સ્વરૂપ પ્રીતિનું પાન કરીએ છીએ. રસની, ચક્ષુઃપ્રીતિ, મનઃપ્રીતિ, સંકલ્પ, જાગરણ કૃશતા, રતિ, હ્રી ત્યાગ, ઉન્માદ, મૂર્ચ્છા, અન્ત એ દશ અવસ્થાઓ છે. આ દશે પ્રકારની અવસ્થાઓમાં રહીને 'વિરહાત્મક કૃષ્ણના આનંદનો રસ લઇએ છીએ.

ધિયઃ યઃ નઃ પ્રચોદયાત્ । ધિયઃ દ્વિતીયાના બહુ વચનના અર્થમાં લેવું. તે કૃષ્ણ અમારી ધિયઃ ઇન્દ્રિયો મન બુદ્ધિ એ સર્વને શુદ્ધ કરો અગર પ્રેરો. ધ્રુવ, ઉદ્ધવ, પ્રહ્લાદ, કુન્તી, દ્રૌપદી ભીષ્મ, પાંડવ, સુદામા, અંબરીષ વગેરે ભક્તોની વૃત્તિઓને દિવ્ય બનાવી છે તો અમારી વૃત્તિઓને સ્વચ્છ બનાવો. જો શંખથી આપે સ્પર્શ કરી બ્રહ્મનું જ્ઞાન ધ્રુવજીને આપ્યું ન હોય તો 'યોઽન્તઃ પ્રવિશ્ય' એ વાક્યથી સ્તુતિ કેમ કરતા ? વળી દદામિ બુદ્ધિયોગમ્ એવું વાક્ય ગીતાજીમાં આપ-શ્રીમુખેજ વદ્યા છો.

ગાયત્રી મંત્રનો અર્થ અને પ્રતિપાદ્ય દેવ શ્રીકૃષ્ણ પૂર્ણ પુરૂષ છે. તેજ કૃષ્ણ પરબ્રહ્મ તત્ત્વ છે, તેજ કૃષ્ણ શિવ વિષ્ણુ તત્ત્વ છે. શ્રીમદ્ ભાગવતના પ્રતિપાદ્ય તો સ્પષ્ટ શ્રીકૃષ્ણ છેજ. મંગલના પ્રથમ શ્લોકમાં અને સંપૂર્ણ શ્રીમદ્ ભાગવતમાં પણ કૃષ્ણ પ્રતિપાદ્ય છે. માટે ગાયત્રીના અર્થનો જ વિસ્તાર શ્રીમદ્ ભાગવત છે.

'આપો જ્યોતી રસોમૃતમ્' ૐ ભૂર્ભુવઃ સ્વરોમ્' સપ્ત વ્યાહૃતિ ગાયત્રી અને આ વાક્ય સાથે પ્રાણાયામ કરાય છે. એનો પ્રસંગવશ અર્થ કરી લેવો ઉચિત છે. આપઃ જલ વાચક છે. જલ-શ્રદ્ધાનું-સ્વરૂપ છે. જલ સર્વનું જીવન મૂલ છે. શ્રદ્ધા-ધર્મનું-મૂલ છે. અમે શ્રદ્ધાથી શ્રીકૃષ્ણ અને શ્રીમદ્ ભાગવત પાસે આવીએ છીએ. માટે આપ જ્યોતિઃ પ્રકાશ આપો. પ્રકાશ આપીને રસઃ અમૃતમ્ સંયોગ વિપ્રયોગ રસામૃતથી રસો વૈ સઃ નો અનુભવ કરાવો. ભૂર્ભુવઃ નો અર્થ ઉપર આવી ગયો છે. ૐ તો પ્રણવ છે. પ્રકર્ષેણ નવઃ પ્રણવઃ સવારે વ્રજમાંથી ગોચરણે જતાં પાછા આવતાં પ્રતિદિન પ્રતિક્ષણ શ્રીકૃષ્ણ નવીન સુંદર જ લાગે છે. પ્રતિક્ષણં નવ્યવદચ્યુતસ્ય યત્ શ્રીમદ્ ભાગવતનો રસ પણ પ્રત્યેક પદે પ્રત્યેક ક્ષણે નવીન જ ભાસે છે.

ગાયત્રીના અર્થ સાથે મંગલના શ્લોકાર્થનો, શ્રીમદ્ ભાગવતાર્થનો શ્રીકૃષ્ણનો એકાર્થ અનુભવ્યો. હવે મંગલાચરણના શ્લોકના અનેક અર્થમાંથી બ્રહ્મ વાચકતા તો સ્પષ્ટ સમજાય તેવી છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

'वयम्' परम् सत्यम् धीमहि ब्रह्मपरक श्लोकार्थः अमे परम सत्य परब्रह्मनुं ध्यान करीओ छीओ. सत्यं ज्ञानमनन्तं ब्रह्म, सर्वं खल्विदं ब्रह्म वाक्योथी सत्य शब्द परब्रह्मने समजावे छे. ते सत्य केवुं छे तेनी स्पष्टता माटे संपूर्ण श्लोक छे. तेनुं प्रथम वाक्य अस्य यतः जन्मादि आ विश्वनी उत्पत्ति स्थिति लय ते परब्रह्मथी थाय छे. यतः अव्यय छे. विकार के फेरफार न थाय ते अव्यय. ब्रह्म विश्वरूपे बने तो पण तेमां विकार नथी थतो. विवर्तवाद अने अविकृत परिणाम वाद लगभग सरखा ज छे. उभय रीते ब्रह्म निर्विकार छे. ब्रह्म कारण रूपे छे अने कार्यथी विश्वस्वरूपे बने छे तो पण ब्रह्मना स्वरूपमां कोई विकार थतो नथी. सुवर्ण अलंकार रूपे बने, चिंतामणि अनेक पदार्थ रूपे बने तो पण सुवर्ण चिंतामणिमां विकार-फेरफार थता नथी.

अन्वयात्-अन्वयथी-'इतरतः' व्यतिरेकथी, ब्रह्म सर्वनुं कारण छे. अन्वयात्-सर्व पदार्थमां सत् रूपे अन्वय छे. सत् सत्तावाचक छे. सूर्य छे, चन्द्र छे, वृक्ष छे-ए वाक्योमां 'छे' सत् पदनो बधेज व्यवहार थाय छे. प्रत्येक वस्त्रोमां सूत्र तंतु, अलंकारोमां सुवर्ण, दूधमां घीनी माफक ईश्वर सर्वमां छे. यत् सत्वे यत्सत्वमन्वयः ज्यां ज्यां कार्य छे त्यां त्यां कारण छे. पुत्र छे तेथी तेना पितानुं पण अस्तित्व छे. विश्व छे तो तेना जनक पिता ब्रह्म के भगवान अवश्य छे. इतरतः-व्यतिरेकनो अर्थ थाय अभाव. कारण न होय तो कार्य न संभवे. ब्रह्म तो नित्य छे माटे तेनो अभाव न होय. स्थूल जगतमां तेनुं दृष्टांत मळी शके. वृष्टि न थाय तो डांगर न थाय सुकाई जाय. ब्रह्ममां एटलो फेर छे के ते बीज रूपे पण छे वृक्ष रूपे पण छे.

पदार्थेषु मध्यमणि के देहली दीपक जेवुं पद छे. उभरा उपरनो दीपक बन्ने खंडमां प्रकाशे तेम 'पदार्थ' पदनो अन्वयादितरतः साथे संबंध छे. अने पछीना अभिज्ञः पद साथे पण अन्वय छे. पदार्थ मात्रमां कारण रूपे परम ब्रह्म रहेल छे. 'आकाश पुष्प' आदिमां 'छे' एवो व्यवहार नथी थतो माटे 'कार्य' रूपे ते जगतमां जोवामां नथी आवतां.

पदार्थेषु अभिज्ञः जे ब्रह्म दरेक पदार्थोना स्वरूपना जाणकार छे. धर्म आदि चार पदार्थोमां ते ब्रह्म जाणकार छे.

अभिज्ञः सर्वज्ञः यः सर्वज्ञः सर्वविद्: ए श्रुतिथी ब्रह्मने सर्वज्ञ कहेल छे. प्रकृति के माया जगतनुं कारण थई शके छे तेनो खुलासो करवा 'अभिज्ञ' शब्द मुकयो छे. प्रकृति तो जड छे. आ विश्वनो कर्ता चेतन सर्वज्ञ छे.

स्वराट् स्वयंप्रकाश छे, दीपक बधुं प्रकाशे छे; परंतु तेने प्रकट करनार अन्यनी जरूर पडे, सूर्य पोताने प्रकाशे अने विश्वने प्रकाशे छे. परब्रह्म तो सूर्यने पण प्रकाशे छे अने स्वयं पण प्रकाशे छे न तत्र सूर्यो भाति ए श्रुतिनुं पण तेमां प्रमाण छे.

तेने ब्रह्म हृदा य आदिकवये, जे परब्रह्मे हृदयथी आदि कवि ब्रह्माजीने आत्मज्ञान आप्युं. कमल नाभना नाभि कमलमां बेठेला ब्रह्माजीने सो वर्ष सुधी समज न पडी के हुं कोण ? त्यारे 'स्पर्शेषु यत् षोडशं मेकविंशम्' वाक्यथी तप करवानुं विधान करी पोतानुं ज्ञान अने स्वरूप दर्शन आप्यां. ब्रह्माने वेदोना प्रवर्तक छे माटे; शब्दरसने समजी ने तेनो अर्थ करवामां निपुण छे माटे; विचक्षण छे माटे; अनासक्त छे माटे आदिकवि कह्या. कवि वांन्तं समश्नुते ए कविनो स्वभाव छे, केटलीकवार प्रमाद व्यसन विलास कविने वरे छे, ज्ञानं क्वचित् तच्च संगवर्जितं न ज्ञानी संगासक्त होय छे, आवा कविना कोई दोषो ब्रह्माजीमां नथी माटे 'आदि कवि' कह्या, मुह्यन्ति यत् सूरयः वाक्यमां यतः सप्तमी विभक्तिना अर्थनुं यत् अव्यय छे. सूरयः ज्ञानीओनो वाचक शब्द छे. जैनागमोने सूरि शब्द खूबज गमे छे. श्रीमद् भागवतना आ मंगल श्लोकमांथी ते शब्द लेवानी मनोवृत्ति सरजी छे. मोह केवी रीतनो होय छे तेनी समज माटे पछीनो प्रसंग छे.

तेजो वारि मृदां यथा विनिमयः तेज जल पृथ्वीनी एक बीजमां एक बीजनी भ्रान्ति थाय तेने विनिमय कहेवाय. रेती उपरनां सूर्य किरणो तेज छे तेमां 'जल', सागरना जलमां दूरथी जमीन, मोतीना मणका माटी छे तेमां तेज, माटीना खूब सुंदर काचमां दूरथी जल, वादळना जलमां चन्द्रनुं तेज, रात्रे मारीमांथी आवता चन्द्रनी श्वेत चांदनी तेजमां चंदरवारूप माटी, ए विनिमयनां दृष्टान्तो छे. आवा भ्रमो जीवोनी बुद्धिथी कल्पेला छे. खरी रीते ते पदार्थो तेवा नथी.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

યત્ર ત્રિસર્ગઃ મૃષા-અમૃષા એક બીજી વસ્તુમાં થતો ભ્રમ જેમ મિથ્યા છે તેમ યત્ર પરબ્રહ્મમાં ત્રિસર્ગઃ જીવ જગત ઈશ્વરના ધર્મોનો સંબંધ પણ ભ્રાન્તિ બુદ્ધિથી કલ્પેલા છે તેથી મિથ્યા છે. અથવા અમૃષા સત્ય છે. ત્રણ ગુણોનો સર્ગ પણ તેવોજ ભ્રાન્તિથી છે.

અગ્નિ અનેક અરણી કાષ્ઠમાં પ્રવેશે છે બાદ મંથનથી સ્વયં પ્રકટ થાય છે. ઈશ્વર પણ જગતનું સર્જન કરી અનેક રૂપે બની અન્તઃ પ્રવેશ કરી પ્રાણી માત્ર ઉપર દયા કરવા વાસુદેવ વામન વગેરે સ્વરૂપો લઈ પ્રકટ થાય છે તે ઈશ્વર સર્ગ. દીપકમાંથી દીપકને પ્રકટ કરવો તે પણ ઈશસર્ગ. જલમાંના પ્રતિબિંબોની માફક અનેક શરીરોમાં પ્રતિબિંબિત થવું તે જીવસર્ગ. કુલાલ મૃત્તિકાથી અનેક મૃત્પાત્રોને રચે તે રીતે ઈશ જડપ્રકૃતિના આશ્રયે મહદ્-અહંકાર વગેરે જડ તત્વોને સરજે છે તે જડ સર્ગ.

ધામ્ના સ્વેન સદા નિરસ્તકુહકં સત્યં પરં-ધીમહિ. ધામ્ના સ્વરૂપજ્ઞાનના મહિમાથી સમસ્ત કપટ નિવૃત્ત કરનાર પરં સત્યનું ધ્યાન કરીએ છીએ.

શ્રી રામ

શ્લોકનાં પદોનું વિશ્લેષણ.

જન્મ આદ્યસ્ય યતઃ અન્વયાત્ ઇતરતઃ ચાર્થેષ્વભિજ્ઞઃ સ્વરાટ્ તેને અબ્રહ્મહૃદા યઃ આ આદિકવયા ઈ અમુહિ અન્તિ યત્ સૂઃ અયઃ તે અજઃ વારિમૃદા આમ્ યથા અવિનિમયઃ યત્ર ત્રિસર્ગઃ મૃષા ધામ્ના સ્વેનસત્ આનિરસ્તકુહ કં સત્યં પરં ધીમહિ ॥

યઃ સ્વરાટ્ સૂર્યઃ જે સ્વયં પ્રકાશ સૂર્ય છે 'તસ્ય' તે સૂર્યના અન્વયાત્-વંશમાં ઉત્પન્ન થએલા, અજઃ અજ રાજા, અન્વયાત્ પ્રથમ વિભક્તિ છે અન્વયં વંશમતતિ ઇતિ અન્વયાત્ સૂર્યવંશમાં ઉત્પન્ન થયેલા અજ રાજાના દશરથ રાજા જે સૂઃ જનક થયા. ततः આદ્યસ્ય જન્મ તે દશરથ રાજાથી અનાદિ બ્રહ્મ શ્રી રામ પ્રકટ થયા. ઇતરતઃ ચાર્થૈષ્વભિજ્ઞઃ શ્રી રામ સર્વવિધ પુરૂષાર્થોમાં સર્વજ્ઞ છે. इता गता रता सीता यस्य सः इतरतः इतं त्यक्तं रतं संसारसुखं येन सः સીતા વિયોગી અથવા વનવાસમાં સંસારસુખના ત્યાગી શ્રીરામ च અર્થેષુ અભિજ્ઞઃ અથવા चार्थै સીતાયૈ સીતાજીની પ્રાપ્તિ માટેના અર્થેષુ તાટકાવધ, અહલ્યા ઉદ્ધાર, યજ્ઞ રક્ષા, ધનુષ્ય ભંગ, પરશુરામ વિજય વિગેરે કાર્યોમાં અભિજ્ઞઃ સર્વથા કુશળ. અર્થાશ્ચ ઇષવશ્ચ તેષુ સર્વ પુરૂષાર્થો અને બાણ વિદ્યામાં અભિજ્ઞઃ કુશળ.

અબ્રહ્મહૃદા ન બ્રહ્મહૃદ્ યસ્ય તેન બ્રાહ્મણ શરીર છતાં બ્રાહ્મણના હૃદય વિનાના રાક્ષસ હૃદયી રાવણે આદિક-વયા-સીતાજી આદિશ્રાસૌ કશ્ચ આદિકઃ શ્રીરામઃ, तम् તે શ્રીરામને वयते पतित्वेन પતિ તરીકે વરેલાં ઈઃ-લક્ષ્મીઃ લક્ષ્મી સ્વરૂપ શ્રી સીતાજી, અમુહિ સાધુના વેષથી છલ કરી હર્યાં.

ततः વારિમૃદા વારિં વાલિનં મુદ્રાતિ નાશયતિ તેન બલિનો વધ કરનાર શ્રીરામે यत् यस्मिन् રાવણે જે રાવણમાં, અન્તિ નાશ કરનારૂં અયઃ બ્રહ્માસ્ત્ર આ તેને સોંપ્યું, આમ્ નિશ્ચયાર્થ અવ્યય છે. यत्र વનમાં તે પ્રસિદ્ધ ખર દૂષણ વગેરે, अविनिमयः દૈત્યો, विगताः निमयः येषां ते જેઓના નેત્રના પલકારા નથી હોતા તે દૈત્યો विनिमयः, अविनिमयः દૈત્યો, यथा જેમ મૃષા મિથ્યા કરવા નાશ કરવા, तथा તેજ પ્રકારે ત્રિસર્ગઃ સીતા રામ લક્ષ્મણજીની સૃષ્ટિ થઈ. વાસ્તવિક રીતે તે એકજ પરબ્રહ્મ તત્વ ઈશ્વર, જીવ અને વિદ્યા રૂપે મોહ-રાવણનો નાશ કરવા પ્રકટ થએલ છે.

આનિરસ્તકુ, આ ચૌદ વર્ષના અવધિ સુધી નિરસ્તા કુઃ येन तत् રાજ્ય લક્ષ્મીનો ત્યાગ કરનાર, स्वेनसत् પોતાના ભક્તોને પ્રકાશનાર સત્ તત્વ, स्वानां સીતા, હનુમાન, લક્ષ્મણ, વિભીષણ, શબરીજી, ઋષિમુનિઓના इनः સૂર્યઃ स्वेनः સૂર્યની માફક પ્રકાશક એવું જે सत् નિત્ય તત્વ, धाम्ना શ્રી અયોધ્યા ધામ સાથે અથવા परं તેજ સાથે-પ્રેમ સાથે, तत्सत्यम् તે સત્ય સ્વરૂપ શ્રીરામનું धीमहि ધ્યાન કરીએ છીએ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રીકૃષ્ણ

પદ વિશ્લેષણ—

જન્મ આત્ યસ્ય યતઃ અનુ અયાત્ ઇતરતઃ ચ અર્થેષુ અભિ જ્ઞઃ સ્વરાટ્ તેને બ્રહ્મ હૃદા યઃ આ આદિકવયે મુહ્યન્તિ યત્સૂરયઃ તેજોવારિમદાં યથા વિનિમયઃ યત્ર ત્રિસર્ગઃ અમૃષા ધામ્ના સ્વેન સદા નિરસ્તકુહકં સત્યં પરં ધીમહિ.

યસ્ય શ્રીકૃષ્ણનો, ઈકારેણ સહ અઃ ઇતિ યઃ શ્રીકૃષ્ણ તસ્ય શ્રીકૃષ્ણનો આત્ વસુદેવજીથી યતઃ યસ્યામ્ દેવકીજીમાં જન્મ પ્રાદુર્ભાવ થયો. જે ભગવાને પ્રાકટય સમયે લક્ષ્મીજી સાથે ચતુર્ભુજ સ્વરૂપે માતાપિતાને દર્શન આપ્યું છે.

યતઃ દેવકી વસુદેવજીથી, નંદ યશોદાજીથી મથુરાથી ભક્તિથી, ગોલોકધામથી આદ્યસ્ય શ્રીકૃષ્ણનો જન્મ પ્રાદુર્ભાવથયો.

અર્થેષુ ભક્ત રક્ષણ કાર્યોમાં, ચતુર્વિધ પુરૂષાર્થોમાં, કંસ વંચના કાર્યોમાં, સંધિ વિગ્રહ આદિરાજકાર્યોમાં, પાંડવોની વિધવિધ આપત્તિથી રક્ષાના કાર્યોમાં, જ્ઞઃ નિપુણ છે. ઇતરતઃ ઇતર સ્થલોમાં ગોકુલ વૃન્દાવન મથુરા દ્વારિકા આદિ સ્થાનોમાં અભિ નિર્ભય રીતે અન્વયાત્ તે કાર્યો માટે પધાર્યા. અથવા અનુ અયાત્ મોટાભાઇ બલભદ્ર સાથે અથવા નિજશક્તિ લક્ષ્મીજી સાથે પ્રકટ થઈ તુરત જ મથુરામાંથી ગોકુલમાં નિર્ભય રીતે ગયા. માતાપિતાનો ભય મુક્ત કરવા પણ પોતે તો નિર્ભયતાથી પધાર્યા. જેમના પ્રાકટયથી કારાગૃહનાં દ્વારો પણ ખુલી ગયાં.

સ્વરાટ્ સ્વૈઃ—રાજત ઇતિ ગોપીજન, ગોપજન, ભક્તજન, મુનિજન વગેરેથી શોભતા મુનિગણનૃપવર્ય સંકુલેન્ત સદસિ યુધિષ્ઠિર રાજાના રાજસૂયમાં મુનિવર્ય, નૃપવર્ય, ગુણિવર્ય આદિ વિશ્વ પુરૂષોમાં અગ્રણી સ્વરાટ્.

યઃ જે શ્રીકૃષ્ણે આદિકવયે બ્રહ્માજીને હૃદા હૃદયથી—મનથી—સંકલ્પથી,—બ્રહ્મ વત્સાપહરણ લીલામાં નૂતન નિર્મિત વત્સ અને ગોપ બાલકોમાં પોતાનું સ્વરૂપ તેને દર્શાવ્યું. યત્ જે લીલામાં સૂરયઃ શબ્દ બ્રહ્મ શ્રી બલભદ્ર જેવા પણ મુહ્યન્તિ વત્સો અને બાલકોમાંના રસાત્મક શ્રીકૃષ્ણ દર્શનથી મોહ પામ્યા.

તેજોવારિમૃદાં યથા વિનિમયઃ તેજ જલ મૃત્તિકાના ધર્મોનું પરિવર્તન જે કરે છે, નેત્રના તેજથી ભીષ્મ દ્રોણ આદિને નિસ્તેજ કર્યા, અર્જુનને તેજ તેજસ્વી નેત્રતેજથી સતેજ કર્યો. રાસલીલામાં મુખચન્દ્ર જ્યોત્સ્ના ચન્દ્રને નિસ્તેજ કર્યો, વ્રજસીમન્તીઓના મુખચન્દ્રને પ્રફુલ્લિત તેજોમય બનાવ્યાં. વેણુનાદથી પ્રવાહ ધર્મા જલને પાષાણરૂપ બનાવ્યાં, પર્વતને જલ ધર્મવાળાં આર્દ્ર બનાવ્યાં.

યત્ર—શ્રીકૃષ્ણમાં ત્રિસર્ગઃ ગોકુલ મથુરા દ્વારકા ત્રિવિધ લીલા, બાલ પ્રૌઢ રાજલીલાદિ ત્રિવિધ લીલા અમૃષા સદાય નવીન અને તાજી છે. આજે અનેક ભાષાના કવિઓ તેના રસને વર્ણવી, પોતાની કલ્પના, કવિતા ભાષા સંસ્કૃતિ ભાવના, અને આદર્શોની પૂર્તિ કરે છે. સ્વેન ધામ્ના પોતાના પ્રાદુર્ભાવથી, સદા નિરસ્તકુહકમ્ નિત્ય, અજ્ઞાનને હરનાર સત્યં પરમ્ ધીમહિ પૂર્ણ તત્વ શ્રીકૃષ્ણની લીલાઓનું અનુશીલન કરીએ છીએ.

સ્વામિનારાયણ

યતઃ જે અક્ષરાતીત પુરૂષોત્તમથી આદ્યસ્ય આદિ મહાપુરૂષનો જન્મ પ્રાદુર્ભાવ થયો છેઃ ઇતરતઃ અન્વયાત્ મનુષ્યથી ઇતર મત્સ્ય વરાહ આદિ યોનિઓમાં અવતરી નિર્વિકારી રૂપ દર્શાવી ભક્તોની રક્ષા કરી. યઃ સ્વરાટ્ જે સ્વયં નિયામક સ્વામી નારાયણ છે. તેમના કોઈ નિયામક નથી. યેન અબ્રહ્મહૃત્ આયઃ તેને તેમણે બ્રહ્મચર્ય ઉપર વધુ વજન મુકતો એવો ભક્તિ માર્ગ વિસ્તાર્યો. આયઃ સત્સંગ માર્ગ ભાગવતધર્મ બતાવ્યો જે ઉદ્ધવ સમ્પ્રદાયની સંજ્ઞાને ધરાવે છે. યેન જે નારાયણે મૃદામ્ આસુર અંશ વાળાઓના તેજઃ અવારિ તેજનું નિવારણ કર્યું. યત્ર ત્રિસર્ગઃ અમૃષા જે સિદ્ધાન્તે ધર્મ અર્થ મોક્ષના પુરૂષાર્થને અનિવાર્ય અને સત્ય માન્યો છે, કામ પુરૂષાર્થને હેય ને વ્યર્થ માન્યો છે અથવા નિયમ નિશ્ચય અને પક્ષનો, અથવા આત્મનિષ્ઠા, પાતિવ્રત્ય અને દાસ્યભાવનો અથવા વૈરાગ્ય આત્મનિષ્ઠા અને ભક્તિભાવનો સિદ્ધાન્ત સત્ય માન્યો છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શૃંગાર

યતઃ શ્રીકૃષ્ણ-સ્વામિનીજી દ્વારા આદ્યસ્ય દશ રસમાં મુખ્ય શૃંગાર રસનો જન્મ પ્રાદુર્ભાવ થયો. અન્વયાત્ સંયોગથી ઇતરતઃ વિપ્રયોગથી શૃંગાર રસની પુષ્ટિ કરી. અર્થેષુ રસ પોષક એવી ચતુઃ ષષ્ટિ કલાઓની ઉપયોગી વસ્તુઓમાં અભિજ્ઞઃ પંડિત છે. વિશ્વનો માનેલો અને ભોગવાતો સ્થૂલ શૃંગાર શૃંગાર રસ નથી પરંતુ વિષય વિલાસ છે, જેમાંથી વિકાર તિરસ્કાર અને રકાસ થવાનો પૂર્ણ સંભવ છે; જ્યારે વિષયી અને વિલાસી એવા વિશ્વના વિપુલ વર્ગને અને રસવિદ કવિ મનીષી વિબુધ સમાજને આત્મગામી શૃંગાર રસનો પરિચય અને અનુભવ કરાવવા શ્રીકૃષ્ણે સ્વરૂપ સ્વીકારી લીલાઓ આદરી અથવા અન્વયાત્ શ્રીકૃષ્ણથી ઇતરતઃ શ્રી સ્વામિનીજીથી આદ્યસ્ય જન્મ શૃંગાર રસનો પ્રાદુર્ભાવ થયો. અન્વેતિ રાધામ્ સદા ઇતિ અન્વયઃ તસ્માત્ પોતાની પરમાનંદ શક્તિ સ્વરૂપ રાધિકાજીને નિત્ય અનુસરનાર શ્રીકૃષ્ણથી શૃંગાર રસ પ્રાદુર્ભૂત થયો. અર્થેષુ હાવભાવ વિલાસોમાં અભિજ્ઞઃ નિપુણ છે. સ્વરાટ્ પોતાનાં ચાર પ્રકારનાં યૂથ અને તેની અધિષ્ઠાત્રી શક્તિઓથી શોભતા અથવા સ્વયં પ્રકાશ છે આદિકવયે નાટ્ય શાસ્ત્રના કર્તા ભરત મુનિને ભરત નાટ્ય શાસ્ત્રનું જ્ઞાન આપ્યું. યત્ સૂરયઃ મુહ્યન્તિ જે અલૌકિક શૃંગાર રસમાં એટલે રાસલીલા રસમાં જ્ઞાનીઓ પણ સંદિગ્ધ બને છે. ઉત્તમ શ્રોતા પરીક્ષિતે પણ રાસલીલા શ્રવણમાં શંકા કરી અથવા સમર્થ કવિઓ આ અલૌકિક શૃંગાર રસનાં અપૂર્ણ એવાં નલ દમયંતી વગેરે લૌકિક પાત્રોને આલંબન બનાવી વર્ણન કરતાં મોહ પામ્યા છે. જલમાં સ્થળ સ્થળમાં જલની જેમ ભ્રાન્તિ છે તેજ પ્રકારે કેવલ ભગવદ્ એક નિષ્ઠ આ અલૌકિક શૃંગાર રસમાં પ્રાકૃત મનુષ્યોના જેવી ભાવના કરે છે. તે કેવલ ભ્રાન્તિ છે. યત્ર જે રસમાં ત્રિસર્ગઃ વાચ્ય વાચક વ્યંગ્ય અર્થોનો સર્ગ, ધ્વનિ-ગુણ અલંકારોનો સર્ગ અભિધા, લક્ષણા વ્યંજનાનો સર્ગ અમૃષા સત્ય છે.

ધામ્ના માધુર્ય રસના આસ્વાદન ચમત્કારથી નિરસ્તા કુહકા મીમાંસકા યેન તત્ કેવલ કર્મ ફલ વાદી પૂર્વમીમાંસકોને જીતી લેનાર તે પરમ્ સત્યમ્ સર્વ શ્રેષ્ઠશૃંગાર રસનું અનુશીલન કરીએ છીએ.

રસ મનુષ્યમાત્રને રુચે છે. જીવનનું એ અમૃત છે. મેળવવાની રીતની ખામીને કારણે તેનું અસ્તિત્વ છતાં તેનો લાભ મેળવી નથી શકાતો. શ્રીમદ્ ભાગવતે શ્રદ્ધા તર્ક યુક્તિના સમન્વયે ભક્તિ અને વિવેક તત્વોને વિચાર્યાં છે. લોકભોગ્ય રીતની રજૂઆતમાં ભાગવતે સાફલ્ય મેળવ્યું છે. મંગલાચરણના પ્રથમ શ્લોકમાં સર્વ મન્તવ્યો ને સિદ્ધાન્તનો સંપૂર્ણ પરામર્શ કરી સર્વનાં મન્તવ્યોના સારનો સમાવેશ કર્યો છે.

પ્રથમ શ્લોકમાં ગાયત્રી મંત્રના અર્થથી વેદના બીજોનો વિચાર કરી બીજમાંથી વૃક્ષ થાય એ ન્યાયે બીજા શ્લોકમાં ધર્મ કલ્પતરુનું નિરૂપણ કરે છે.

धर्मः प्रोज्झितकैतवोऽत्र परमो निर्मत्सराणां सतां
वेद्यं वास्तवमत्र वस्तु शिवदं तापत्रयोन्मूलनम् ।
श्रीमद्-भागवते महामुनिकृते किं वा परैरीश्वरः
सद्यो हृद्यवरुध्यतेऽत्र कृतिभिः शुश्रूषुभिस्तत्क्षणात् ॥ २ ॥

અન્વયાર્થ—અત્ર-આ, **મહામુનિકૃતે**-મહર્ષિ વેદ વ્યાસે રચેલા, **શ્રીમદ્ ભાગવતે**-શ્રીમદ્ ભાગવતમાં, **નિર્મત્સરાણામ્**-મત્સર દોષ વિનાના, **સતામ્**-સત્પુરુષોનો, **ઉજ્ઝિત કૈતવઃ**-સર્વથા નિષ્કપટ, **પરમઃ**-સર્વશ્રેષ્ઠ ધર્મ વર્ણવ્યો છે, **અત્ર**-આ શ્રીમદ્ ભાગવતમાં, **તાપત્રયોન્મૂલનમ્**-ત્રિવિધ તાપને નિર્મૂળ કરનાર, **શિવદમ્**-કલ્યાણને દેનાર, **વાસ્તવમ્**-વાસ્તવિક, **વસ્તુ**-વસ્તુ, તત્ત્વ, **વેદ્યમ્**-જાણવા યોગ્ય છે, **વા**-અથવા, **પરૈઃ**-બીજાં શાસ્ત્રોથી, **કિમ્**-શું ? **અત્ર**-આ શ્રીમદ્ ભાગવતમાં, **ઈશ્વરઃ**-પરમાત્મા, **કૃતિભિઃ શુશ્રૂષુભિઃ**-પુણ્યાત્મા શ્રોતાજનોથી, **તત્ક્ષણાત્**-તેજ ક્ષણે, **સદ્યઃ**-શીઘ્ર, **હૃદિ**-હૃદયમાં, **અવરુધ્યતે**-સ્થિર કરી શકાય છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ–આ શ્રીમદ્ ભાગવતમાં માત્સર્ય દ્વેષ વિનાના સંતોનો કપટ રહિત નિષ્કામ પરમ ધર્મ વર્ણવ્યો છે. ત્રણ તાપને નિર્મૂળ કરનાર, કલ્યાણને આપનાર, વાસ્તવિક તત્વ વસ્તુ આમાં જાણવાની છે. જો ઈશ્વર પ્રાપ્તિ માટે મહામુનિ વ્યાસજીનું રચેલ શ્રીમદ્ ભાગવત સાધન છે તો અન્ય શાસ્ત્ર કે સાધનનું શું પ્રયોજન છે? આ શ્રીમદ્ ભાગવતમાં તો પુણ્યશાલી શ્રોતાજનો સાંભળે તેજ ક્ષણે હૃદયમાં શીઘ્રતાથી ભગવાનની સ્થાપના કરાય છે. ૨.

તત્ત્વસુધા — વેદ ધર્મનું મૂલ છે, જેનાથી અર્થ જ્ઞાન થાય છે. વાસ્તવિક સમજ ત્યારે જ આવી ગણાય કે જેને અવિલંબે અમલમાં મુકાય; પ્રથમ શ્લોકમાં 'સત્યમ્'નું સ્વરૂપ વર્ણવ્યું, સત્યનો અર્થ સમજાવ્યો, સત્યનું ફલ દર્શાવ્યું. સત્યનું મૂલ્યાંકન સત્યને જીવવાથીજ સમજાય.

બીજા શ્લોકમાં 'શિવમ્' નું નિરૂપણ છે. વિષય પ્રયોજન, અધિકારી અને સંબંધ એ ગ્રન્થની ચાર દિવાલ અથવા અંગ છે. ધર્મ ભાગવતનો વિષય છે. નિર્મત્સર સજ્જન અધિકારી. વાસ્તવિક જ્ઞાન અને કર્તવ્યનું અનુસંધાન એ પ્રયોજન છે. પ્રતિપાદ્ય અને પ્રતિપાદક સંબંધ છે. બીજા શ્લોકમાં તે ચારે તત્વો વિચાર્યા છે. ધર્મઃ પ્રોજ્ઝિત કૈતવઃ સ્વયં શિવ છે. શિવ એટલે સર્વનું કલ્યાણ. સામાન્ય ધર્મ અને વિશેષ ધર્મ એવા બે વિભાગમાં ધર્મનો વિચાર થાય છે. સામાન્ય ધર્મમાં બીજા ઉપર ઉપકાર કરીએ છીએ એવું અનુસંધાન રહે છે. વિશેષ ધર્મમાં કૃતાર્થ થાઉં છું; ઋણ મુક્ત થાઉં છું, એવું અખંડ સ્મરણ હોય છે. સામાન્ય ધર્મ શરીર સુધી આવે છે વિશેષ ધર્મ આત્મા સુધી આવે છે. એક સાધન રૂપ ધર્મ છે. અન્ય સિદ્ધ ધર્મ છે. યજ્ઞ, તપ, દાન, વિશ્વસેવા, આ સર્વ સાધન ધર્મો છે જે અનિવાર્ય છે. ધર્મ અભેદ્ય કવચ છે. ઈશ્વર સિદ્ધ ધર્મ છે. સાધન ધર્મમાંથી ક્રમે વિરામ પામી સિદ્ધ ધર્મ સુધી જવું 'ધર્મમાં કૈતવ' ન હોઈ શકે. જે ક્રિયા સ્વાભાવિક અનિવાર્ય ને સર્વ હિતકર છે તેનેજ ધર્મ કહેવાય છે; પરંતુ "લાભ પ્રાપ્તિ–ફલ પ્રાપ્તિ" ધર્મના સ્વરૂપનાં બાધકો છે. ભાગવત સંસ્કૃતિ ધર્મને ફલથી સુદૂર રાખે છે. જ્યાં ક્રિયા સ્વભાવ અને પ્રાણ સાથે જ જોડાય ત્યાં કોઈ ફલ નિમિત્ત ન સંભવે. સ્રોતસ્વિનીનાં વહન, ચન્દ્રનતરૂનાં ઘર્ષણ, તરણિનો પ્રકાશ એ એની સ્વાભાવિકતા છે તે પ્રકારે વ્યક્તિએ દેશ દેહ અને દૈવ તરફ કોઈપણ ફલના ઉદ્દેશ વિના 'વિનિયુક્ત' થવું એ પરમ ધર્મ છે. પરમ ધર્મ સ્વયં સર્વ ફલ સ્વરૂપે છે. જે દઈને રાજી થાય–લઈને નહીં તે પ્રેમ ધર્મ આત્મધર્મ કે પરમ ધર્મ.

'નિર્મત્સરાણાં સતામ્' મત્સરથી મુક્ત તે મહાત્મા. જ્ઞાન રૂપ અને શીલ સરલતાથી મળે. મત્સરમુક્તિ કોઈ એક મહાત્માને કે મહામનાને મળે. અન્યના ઉત્કર્ષને જોઈને થતો ઉરદાહ એ આત્મ ઉત્કર્ષના મૂળમાં મુકેલી આગ છે. કીર્તનમાં મંગલ મધુર કંઠથી કોઈ ગાય તો પણ શ્રવણ કરનાર અન્ય ગાયકને દાહ થાય પણ આનંદ ન થાય એ છે મત્સર. બે સજાતીય વ્યક્તિમાં, બે સહવાસી વ્યક્તિમાં, એક ક્ષેત્રની બે સહકારી કાર્યકર વ્યક્તિમાં, બે એક ધંધાકીય વ્યક્તિમાં જ માત્સર્યને અધિક અવસર હોય છે. મચ્છર મત્સર બન્ને સરખા. બન્નેનો સ્વભાવ છિદ્રાન્વેષી છે. ગુણ ગિરિવરની તળેટીમાં પડેલા અણુ અવગુણને અવલોકતી મત્સરની આંખને ગુણનો ગિરિ નજરે ના પડે સુખ શાંતિ ને આનંદનો આસ્વાદ માત્સર્યથી નષ્ટ થાય છે.

'વેદ્યં વાસ્તવમત્ર વસ્તુ શિવદમ્' જ્ઞાન અને પ્રેમ, આત્મભાવ અને અભેદભાવથી ગુણોમાં આદર કરે છે. વ્યક્તિના અને વસ્તુમાંના 'ત્વ' ને દર્શાવે છે. 'ત્વ' એટલે પ્રત્યેક પદાર્થનો નૈસર્ગિક ધર્મ. ક્ષુધા નિવારણ અન્નનો, તૃષા છીપાવન સલિલનો અખંડ ધર્મ છે, તેજ વસ્તુનું વાસ્તવિક પણું છે. સુદામામાં અકારણ કારુણ્ય શ્રીકૃષ્ણનું, શ્રીકૃષ્ણમાં અકારણ સૌહાર્દ સુદામાનું એ ભાગવત ધર્મ છે.

'તાપત્રયોન્મૂલનમ્' અસંયમે તનનો, અણસમજે મનનો, અસંતોષે ધનનો થતો ક્લેશ તેનું નિર્મૂલન તત્ત્વાવલોકનથી જ થાય. સ્વભાવના સંશોધનમાં જ સર્વ તત્ત્વોનું નિવારણ છે. ભાગવત, સ્વભાવશુદ્ધિ શીલશુદ્ધિ કરીને રસવૃદ્ધિ ને ગુણસમૃદ્ધિને આપી સંતાપ કાપી નાખશે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

✓ **મહામુનિકૃતે** 'આત્મપ્રશંસા' આત્મહત્યા મનાય. 'મહામુનિ' વિશેષણ વ્યાસજી પોતાને કેમ આપે ? એમ શંકાને સ્થાન નથી. 'મત્કૃતે' મારા રચેલા શ્રીમદ્ ભાગવતને સાંભળો. જો એવું બોલે તો અહંભાવ લાગે માટે કહ્યું 'મહામુનિકૃતે' 'મહાન' શ્રીકૃષ્ણભગવાન, વ્યાસમાં બિરાજીને સમાધિ ભાષામાં પ્રેરણા આપે છે, એથી આ તત્ત્વજ્ઞાનની રજૂઆત પરમ નિર્દોષ અને સર્વજ્ઞ પુરૂષથી થાય છે એવો નિર્દેશ કરવા 'મહામુનિ' પદનો પ્રયોગ કર્યો. મનન કરે કે મૌન સેવે તે મુનિ. પ્રત્યેકનાં મનોમલને નિર્મૂલ કરે તેવું 'મનન' માનવને ચરણે ધરે તે 'મહામુનિ.'

✓ **'કિં-વા-પરૈ:'** સર્વને પૃથક પૃથક સાધનોથી હિતસિદ્ધિ સર્વશાસ્ત્રોમાં વિહિત છે, જ્યારે આ ગ્રન્થમાં સર્વહિતની સર્વના હિતની એક જ સમ્પત્તિ દર્શાવી છે, એ છે કેવલ ભગવદ્ રસ પિપાસા, ગુણ શુશ્રૂષા અને સેવા રસાલુતા.

✓ **ઈશ્વર: સદ્યો હૃદ્યવરુધ્યતેઽત્ર** અવિલંબે અને સ્વેચ્છાએ ઈશ્વર અન્તરમાં આવી પરસ્પરનું અંતર અને અંતરાય કાપે છે. 'સર્વને ગમે' એવા ગમના ઓવારે આ 'ભાગવત નિગમ' સ્નાન કરાવે ને હૃદયમાં ભગવાનને વસાવે. ભાગવતની વિજય સિદ્ધિ તો એ છે કે ભગવાનને ને ભક્ત માત્રને ગમી જાય તેવા લક્ષણ સમ્પન્ન ભક્તને બનાવી દે તે.

✓ **'કૃતિભિ: શુશ્રૂષુભિ.'** શ્રોતા 'દર્વી'-કડછી જેવો ન જોઇએ. શ્રોતા કાયમ શ્રવણમાં રહે પણ યમ નિયમ ને સંયમ વિનાનો તેનો સ્વાદ કે રસ ન લહે તેવું ન થાય તેથી કહ્યું 'કૃતિ' જોઇએ, કેવલ શ્રુતિશીલ નહીં. 'જાણે અણું જીવે ધણું' એ અખૂટ જીવનનું કલ્યાણ નાણું.

✓ નિબંધ કે ગ્રન્થ, કાવ્ય કે ભાષ્ય વિષયથી શ્રેષ્ઠ હોય, ભાષાથી એટલે સ્વરૂપથી સૌષ્ઠવ પૂર્ણ હોય તે પ્રકારે તેના પ્રબન્ધક-રચયિતા પણ શ્રેષ્ઠ હોવા જોઇએ. 'મહા મુનિકૃતે' એ નિર્દેશ કર્તાથી પણ ગ્રન્થ શ્રેષ્ઠ કર્તૃક છે એ પણ દર્શાવ્યું.

આ શ્લોકમાં ત્રણ વખત 'અત્ર' અવ્યયનો પ્રયોગ આવે છે. તે ત્રણે વિભિન્ન અર્થના અનુવાદક છે. 'અત્રપરમ: ધર્મ:' આ ભાગવતમાં શ્રેષ્ઠ ધર્મનું નિરૂપણ છે એ એક અર્થ. 'અત્રપા: પરમહંસા રમન્તે યસ્મિન્ લોક લજ્જાથી અને લાભનિષ્ઠાથી પર પરમહંસો પણ જેમાં લુબ્ધ છે-એવા 'અચ્યુત રસનો' આ સુધા સાગર છે. સર્વની ધીવૃત્તિને ધારણ કરનારી સુધા આ નિરૂપણમાં છે. 'ત્રપા' હોય તે જ વસ્ત્રને ધારણ કરે. સંતો પાસે તો 'કૃપાની પ્રપા' હોય પણ ત્રપાનું ટીપું ન હોય. દૃષ્ટ્વાનુયા-ન્તર્મૃષિમાત્મજમ્ એ પ્રસંગથી વ્યાસજીને વસ્ત્ર છે-વાસના છે; પરંતુ શુકદેવને વસ્ત્ર નથી એટલે વાસના નથી. વાસના વિનાની રસના રસનાગરનાં ગાન કરે ત્યારે રસેશને વશ કરે અને અશેષના અશેષ ક્લેશને હરે. ગાયન્ વિલજ્જ: શ્રીમદ્ ભાગવતનો કીર્તક વિલજ્જ થઇને ગાન કરે. વિલજ્જ એટલે દેહાનુસંધાન વિનાનો બનીને ગાય. શ્રીશુકાચાર્ય 'અત્રપરમહંસ' છે. અત્ર ભગવદ્રસં પાન્તિ પિવન્તિ સ્વયં પાયયન્તિ चान्यान् इति અત્રપા તેષાં રમણ યસ્મિન્ અનુસંધાન ભૂલીને રસપીનારા અને પાનારાઓને જ આનંદ આપે છે. અત્રપાન્ રમયતિ પ્રીણાતિ શુક શૌનક પરમહંસોને પણ આકર્ષણ કરનારો વિષય આ તત્વના અવલોકનમાં છે. અત્રપા: લોકલાજ વિનાના વિષયાસક્તને પણ ભગવદ્ ગુણાનુરક્ત બનાવનારો ધર્મ આ ભાગવતમાં છે. सठेन केनापि वयं हठेन दासीकृता गोपवधूविटेन શ્રીમધુસૂદન મહારાજનું વચન છે કે આત્મદીક્ષાના તખ્ત ઉપર તખ્તનશીન સિંહ સમાન પરમહંસોને પણ આ રસે રસલીન બનાવ્યા છે. બિલ્વમંગળ જેવા વિષય રસરકતને પણ પરમસેવા કીર્તન રસરક્ત બનાવવાનું સામર્થ્ય આ ગ્રન્થમાં છે.

'અત્ર વસ્તુ' આ બીજી વખતનો અત્ર શબ્દ અસ્મિન્ આ ગ્રન્થમાં એવા અર્થમાં લીધો છે.

અત્ર કૃતિભિ: આ ત્રીજી વખતનો અત્ર શબ્દ 'અવધારણાર્થમ્ નિશ્ચયાર્થને દર્શાવે છે. 'શિવમ્' તત્વનું નિરૂપણ કરી 'સુંદરમ્' નું નિદર્શન ત્રીજા શ્લોકથી કરશે. ૨.

निगमकल्पतरोर्गलितं फलं शुकमुखादमृतद्रवसंयुतम् ।
पिबत भागवतं रसमालयं मुहुरहो रसिका भुवि भावुकाः ॥ ३ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—**નિગમ**-કલ્પતરોઃ-વેદરૂપી કલ્પવૃક્ષનું, **ભુવિ**-પૃથ્વી ઉપર, **ગલિતમ્**-ગળી પડેલું, **ફલમ્**-ફળ, **શુક**-મુખાત્-શુકના મુખમાંથી, **અમૃત**-દ્રવ-સંયુતમ્-અમૃતમય રસ યુક્તને, **રસમ્**-રસરૂપને, **ભાગવતમ્**-શ્રીમદ્ ભાગવતને, **અહો** હે, **ભાવુકાઃ**-ભાવુક, **રસિકાઃ**-રસિકજનો, **આલયમ્**-મુક્તિપર્યન્ત, **મુહુઃ**-વારંવાર, **પિબત**-પાન કરો. ૩.

અનુવાદ—નિગમરૂપ કલ્પતરૂનું આ ગલિત ફળ છે, શ્રીશુકના મુખદ્વારા પૃથ્વી ઉપર પડેલું અને અમૃતરસ ભરપૂર શ્રીમદ્ ભાગવત નામનું આ ફળ છે. રસનાભોકતા હે ભાવુક રસિકજનો! મુક્તિપર્યંત આ શ્રીમદ્ ભાગવતરૂપી રસદ્વાર ફળનું વારંવાર પાન કરો. ૩.

તત્ત્વસુધા :—મંગલાચરણનો પ્રથમ શ્લોક બીજરૂપ છે. બીજો શ્લોક વૃક્ષરૂપ છે, ત્રીજો શ્લોક ફલરૂપ છે. ભોજન અને ભજનની સામગ્રીમાં રસ સર્વોપકારક માન્યો છે. પોષણ માધુર્ય અને પાચન લઘુતા રસવાહી પદાર્થ વધુ આપે છે. અન્નનો આંતરડાંને શ્રમ કરીને રસ બનાવી આપવો પડે છે. તત્ત્વજ્ઞાનનો પણ તેવો જ સ્વભાવ છે. તત્ત્વજ્ઞાનમાંથી બુદ્ધિને અતિશ્રમ કરી વિપુલ વિચાર સામગ્રીનું મંથન કરી 'અમ્બુપ્રાશન' જેટલો રસ મળે છે. શ્રીમદ્ભાગવત કર્મ મીમાંસા, તત્ત્વજ્ઞાન, યોગ ઉપાસના, લોક શાસ્ત્ર આદિ સર્વને મથી પ્રકટ કરેલો અમૃતાર્ણવ છે જે વિનાશ્રમે કાર્ય સાધશે.

'નિગમકલ્પતરોઃ' આગમ શબ્દ શાસ્ત્ર વાચક છે. નિગમ શબ્દ વેદ વાચક છે. વેદો નિગમકલ્પતરૂ છે. નિગમ સાગર છે, શ્રીમદ્ ભાગવત નિગમ કલ્પતરૂનું ફળ છે. વેદ મહાસાગરનું મંથન કરે ત્યારે રત્નો કે લક્ષ્મી મળે; પરંતુ વિષ પણ મળે. વિષ પીતાં જીવ્યા તો અમૃત મળે. વેદો કલ્પતરૂ રૂપે છે; પરંતુ તેને ફળ દેખાતું નથી, તેથી લોકો ભ્રાન્તિથી અફલ વૃક્ષ સમજીને પરત થાય છે; પરંતુ શ્રીમદ્ ભાગવત નિગમ કલ્પતરુનું ફળ હોવાથી તે રસ રૂપ છે. વેદોમાં પૃથક્ પૃથક્ ચાર પુરૂષાર્થોનું વર્ણન છે. ઉપાસકે પણ તે ચારે પુરૂષાર્થોને સાધવામાં શ્રમ કરવો રહ્યો. શ્રીમદ્ ભાગવત સર્વ પુરૂષાર્થ સાર સ્વરૂપ છે તેથી જ તેને નિગમ કલ્પતરુના ફળ રૂપે કહ્યું. કલ્પતરૂ સ્વયં ફળ અને તેનું ફળ ભાગવત છે. ગલિતં ફલમ્ તૂટેલું, તોડેલું વેડેલું, ગળેલું એ ચાર પ્રકારનાં આમ્રફળો છે. તોડેલું એ વેદોનું કર્મમાર્ગ નામનું ફળ છે. જે તૂટેલું હોવાથી અપકવ છે જેથી રસ ભાગ ઓછો છે. કર્મમાર્ગ યજ્ઞથી વધુ સમજાય. પંચગવ્ય પાન આદિ કષ્ટકર પ્રાયશ્ચિતો કરવાનાં હોવાથી તેમાં મનુષ્યને રસ ઓછો પડે છે. પંચગવ્ય પાન છે. તેથી તે સર્વને રૂચિકારક નથી. તોડેલું ફળ ઉત્તરમીમાંસા તત્વજ્ઞાન છે. બુદ્ધિના શ્રમથી તેને પકવ કરવાનું છે. ઉપનિષદ્—અવલોકન પ્રજ્ઞાજ્ઞાનને માટે છે. તેને પકવ જાણીને તોડેલું છે એમાં રસ પણ છે. કારણ કે અર્ધપકવ છે. ભક્તિ-ઉપાસના નામનું ત્રીજું આમ્રફળ છે તે વેડેલું છે, લગભગ પકવ છે, રસ પૂર્ણ છે; પરંતુ રસરૂપ નથી. ગોટલો છાલ ચીલ રેષા ગોટલી વગેરે અનેક ત્યાજ્ય વસ્તુઓ પણ તેમાં છે. જ્યારે શ્રીમદ્ ભાગવત ગળેલું ફળ છે સર્વથા રસમય છે. રસરૂપ શ્રીકૃષ્ણ તેના પ્રત્યેક અંશરૂપે બન્યા છે. સાકર શ્રીફળનો આકાર લે તેમાં વર્ણ્ય શું ? તેમ 'રસો વૈ સ.' શ્રીકૃષ્ણ જ ફળાકારે અવતર્યા છે.

'નિગમકલ્પતરોઃ શુકમુખાત્ ગલિતં ફલમ્' વેદ કલ્પતરૂનું ફળ શ્રીશુકના મુખમાં હતું; તેના રસપાનમાં મગ્ન બનેલા શુકના મુખમાંથી તે રસ રૂપે હોવાથી નીચે ગળવા લાગ્યું. ગળતા ફળને શિષ્યપરંપરારૂપી પર્ણ-પરંપરાએ ઝીલી લીધું તેથી તે સંપૂર્ણ કાળજીથી સચવાયું અને પૃથ્વી ઉપર આવ્યું.

'નિગમકલ્પતરોઃ ગલિતં શુકમુખાદમૃતદ્રવસંયુતં ફલમ્' યદ્યપિ વૃક્ષ ઉપર અનેક ફળ છે; પરંતુ શુક જે ઉપર ચાંચ લગાવે તે ફળ સર્વાધિક મિષ્ટ હોય છે. વૃક્ષ ઉપર હતું ત્યાં સુધી તેમાં માધુર્ય ન હતું; પરંતુ શુકમુખાત્ શુકના મુખનો સંગ થયા બાદ તેમાં અમૃતનો દ્રવ આવેલ છે.

અમૃતદ્રવસંયુતમ્ ફલં શુકમુખાત્ પિબત અમૃત દ્રવ રૂપે છે તો પણ શુકદેવના મુખારવિંદથી પાન કરો તોજ તેમાં રસ વિશેષ આવશે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કલ્પિતં તરતિ વિતરતિ ઇતિ કલ્પતરુ: ભક્તોના મનની સર્વ કલ્પનાઓને પૂર્ણ કરે તે કલ્પતરૂ. નિગમ-કલ્પમ્-અવતારયતિ ઇતિ તસ્ય, વ્યાસસ્ય વેદ કલ્પવૃક્ષને પ્રકાશ કરનાર શાખા પ્રશાખા સ્વરૂપે પૃથ્વીમાં પ્રકાશ કરનાર વ્યાસજીએ શ્રીશુકદેવના મુખમાં મુકેલ અમૃત દ્રવ ભરેલ રસનું આકંઠ તૃપ્તિ થાય ત્યાં સુધી પાન કરો. કર્મમાર્ગ, વેદતરૂથી 'તૂરેલ' ફળ છે. એમાં ખટાશ છે અતિશ્રમસાધ્ય છે ને ત્યાં રસ આશાસ્પદ છે. જ્ઞાન માર્ગ, વેદ કલ્પતરૂથી 'તોડેલ' ફળ છે એમાં મીઠાશ છે પણ મેધાવી માટે સુલભ છે ત્યાં રસ વિલંબાસ્પદ છે બહૂનાં જન્મનામન્તે જ્ઞાનવાન્માં પ્રપદ્યતે ગીતાજીએ એમ વર્ણવ્યું છે. ભક્તિયોગ, વેદ, કલ્પવૃક્ષનું 'વેડેલું' ફળ છે તે વિશ્વાસપાત્ર છે ત્યાં રસ શ્રદ્ધાસ્પદ છે પણ અલ્પ પરિપાક બાકી છે. શ્રીમદ્ ભાગવત નિગમ કલ્પતરૂનું 'ગળેલ' ફળ છે રસમય અને રસાસ્પદ છે અને બાલ પ્રાજ્ઞ બાલિશ સર્વ સુલભ છે. આકર ગ્રન્થોની સાકરનું સાકાર શ્રીફળ શ્રીમદ્ ભાગવત છે.

પિબત ભાગવતં રસમાલયમ્ મોક્ષ મેળવ્યા પછી પણ ભાગવત રસનું પાન કરો. મોક્ષની પ્રાપ્તિ પર્યન્ત ભાગવત રસનું પાન કરો. સાત્વિક ભાવોમાંની લય અષ્ટમી અવસ્થા છે. ચિત્ત ઇન્દ્રિય બુદ્ધિનો રસાલયમાં લય કરવા ભાગવત શ્રવણાલયમાં જાવ એવો વ્યાસજીનો સંદેશો છે. જો ચિત્તલય પ્રભુમાં થાય તો પ્રલયની પીડા ચાલી જાય; પરંતુ ચિત્તલય થયા પછી તો પાન કેમ સંભવે! ત્યારે કહ્યું કે મુહુ: વારંવાર પાન કરો. જ્યારે લયમાંથી ચિત્ત અનુસંધાનમાં આવે ત્યારે પુનઃ પુનઃ પાન કરો એનાથી સમાધિ સિદ્ધ થશે.

રસિકા: ભાવુકા: શ્રદ્ધાલુતા અને બુદ્ધિશાલિતાના સંગમમાં શ્રવણ કરતાં મનઃ સંતોષ અને મનઃ સમાધિ સંભવે છે. રસિકમાં ભાવુકતા નથી પરિણામે 'ચિત્રપટ' નો રસીઓ બન્યો; ભાવુકમાં રસાલતા નથી શ્રવણ કાલમાં નિદ્રાલુ બન્યો અને બન્નેનો શ્રવણ સ્વાદ ગયો. ૩.

नैमिषेऽनिमिषक्षेत्रे ऋषयः शौनकादयः ।
सत्रं स्वर्गाय लोकाय सहस्रसममासत ॥ ४ ॥

અન્વયાર્થ—અનિમિષ-ક્ષેત્રે-વિષ્ણુ ભગવાનના ક્ષેત્રમાં, **નૈમિષે**-નૈમિષારણ્યમાં, **શૌનકાદયઃ**-શૌનક વગેરે, **ઋષયઃ**-ઋષિઓ, **સ્વર્ગાય લોકાય**-સ્વર્ગલોકની પ્રાપ્તિ માટે, **સહસ્ર-સમમ્**-એક હજાર વર્ષ સાધ્ય, **સત્રમ્**-સત્રને, **આસત**-આરંભીને બેઠા હતા. ૪.

અનુવાદ—વૈષ્ણવ ક્ષેત્ર નૈમિષારણ્યમાં શૌનક આદિ મહર્ષિઓ ભગવાનની પ્રાપ્તિ કરવા માટે કે દિવ્યલોકની પ્રાપ્તિ માટે એક હજાર વર્ષના દીર્ઘ સત્રને આરંભીને બેઠા હતા. ૪.

તત્ત્વસુધા—'નૈમિષે' સત્કાર્યની સિદ્ધિ દેશ કાળની શુદ્ધિ ઉપર અવલંબે છે. એકાન્ત શાન્ત સાત્વિક અને પાવન દેશ સત્વર સત્વની શુદ્ધિ કરે, ચિત્તને સ્થિર કરે અને તત્વગ્રહણને યોગ્ય કરે. અનેક તપસ્વિઓના સુદીર્ઘ કાલથી થતા તપશ્ચરણનું વાતાવરણ વિષય વિષ નિવારણ માટે સમર્થ હોય છે. નૈમિષારણ્ય તપસ્વીઓની ક્ષેત્ર ભૂમિ છે. 'મનોમય' ચક્રની સતત ગતિ જે પ્રદેશમાં પ્રવેશતાં જ કુંઠિત થઈ તેથી નૈમિષારણ્ય સંજ્ઞા થઈ. યત્રાऽસ્ય શીર્યતે નેમિ: સ-દેશસ્તપસ: સ્મૃત: । નિમિષેણ હતા: દાનવા: યેન જે અરણ્યમાં નિમેષ માત્રમાં દાનવ બલનો નાશ કર્યો તેથી પણ નૈમિષારણ્ય સંજ્ઞા થઈ. ચિત્તમાં દુરાગ્રહ, વિત્તમાં સંગ્રહ ઇન્દ્રિયવૃત્તિમાં અનિગ્રહ નામના વૈરીઓ વસ્યા છે તે દાનવોને નાશ કરનારું સ્થાન નૈમિષારણ્ય છે. અનિમિષ ક્ષેત્રે વિષ્ણુ ભગવાનના પ્રદેશમાં સત્ર આરંભ્યો. એક હજારના દિવસના ક્રમે એક વિષ્ણુ સહસ્રનો નિત્ય પાઠ, નિત્ય એક સ્થળે થતાં તે સ્થાન સિદ્ધપીઠ બને છે. ત્યાં આચરેલું સત્કર્મ શીઘ્ર સિદ્ધ થાય છે, નિમિષ નામના ઋષિનું તપોવન હોવાથી પણ નૈમિષારણ્ય સંજ્ઞા છે. નિમિષ નામનાં વૃક્ષો પણ જ્યાં અધિક છે તેથી પણ નૈમિષારણ્ય છે.

'સત્રમ્' જ્ઞાનભક્તિ વર્ધા પ્રધાન અધિવેશનને સત્ર કહે છે. ' ઋત્વિજ એવ યજમાના.' જ્યાં સમસ્ત ઋત્વિજો યજમાન છે તે સત્ર છે. સ્વર્ગાય લોકાય સ્વર્ગમાં ગવાતા યશવાળા શ્રીકૃષ્ણના સાક્ષાત્કાર માટે અથવા સ્વર્ગાય

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નિરતિશય આનંદથી ભરેલા લોકાય પરમપદની પ્રાપ્તિ માટે સત્ર પ્રારંભ્યો છે.-सहस्रसमम् એક હજાર વર્ષનો સમાજહિત લોકહિત આત્મહિત ચિંતક સેમીનાર કે શિબિર યોજના પ્રાચીન કાલમાં થતી. નિવાસ, ભોજન અને બોધમય જીવનપાથેયનું ત્યાં વિતરણ થતું. ૪.

त एकदा तु मुनयः प्रातर्हुतहुताग्नयः
सत्कृतं सूतमासीनं पप्रच्छुरिदमादरात् ॥ ५ ॥

અન્વયાર્થ—एकदा-કોઈ એક સમયે, प्रातः-પ્રાતઃકાળમાં, हुत-हुत अग्नयः-અગ્નિ હોત્રના અગ્નિનો હોમ કરેલ, मुनयः-મુનિઓ, आसीनम्-બેઠેલા, सत्कृतम्-સત્કાર કરેલા, सूतम्-સૂત મુનિને, आदरात्-આદરથી, इदम्-આ પ્રમાણે, पप्रच्छुः-પૂછતા હતા. ૫.

અનુવાદ—એક દિવસ પ્રાતઃકાલમાં અગ્નિહોત્રના અગ્નિમાં સાયં પ્રાતઃકાલનો હોમ કરી બેઠેલા મુનિવરો, સત્કારેલા અને બિરાજેલા શ્રીસૂતમુનિને આદરપૂર્વક પૂછવા લાગ્યા. ૫.

तत्त्वसुधा-एकदा પ્રયત્નપૂર્વક આત્મચિંતન માટે નિવૃત્તિ લેવી એ દિવસ 'एकदा' અલૌકિક કે ઈશ્વર અનુગ્રહીત દિવસ છે.-एकदा અવ્યય છે. ઉદયાસ્ત પામતો સૂર્ય આયુષ્ય ગણનામાં એ દિવસની ગણના ન લેતાં મજરે આપશે એવું સૂચવવા ' અવ્યયનો ' પ્રયોગ કર્યો. જેનો વ્યય ન થાય તે અવ્યય. 'आयुर्हरति वै... तस्यतें' ભા. ૨-૩-૧૭ શ્લોકમાં કહ્યું કે સત્સંગમાં ગએલ ક્ષણ મજરે મળે છે.-मुनयः મનનશીલનું મિલન વિશ્વમંગલ કરે છે. મૂર્ખનું મિલન મુશ્કેલીઓ ઉભી કરે. प्रातर्हुतहुताग्नय. બે વખત हुत શબ્દ લખ્યો છે. સાયંકાલ પ્રાતઃકાલ બે વખત હોમ અગ્નિહોત્રમાં થાય છે. સાયંકાલના હોમસમય પૂર્વમાં કથા સમાપ્ત ન થાય તો સમયનું અતિક્રમણ થાય, હોમસમય સાચવવા જાય તો શ્રવણરસ ચાલ્યો જાય તેમ ન બને તેથી અપકર્ષ ન્યાયથી પ્રાતઃકાલે હોમ કરી લીધો. શ્રવણ માટે નિશ્ચિંત થઈ બેસે તો ચિંતામણિ મળે. हुतेन हुताग्नयः હુતદ્રવ્યથી આહવનીયાદિ અગ્નિમાં હોમ કરીને બેઠા आदरात् ભેટમાં ' આદર ' નામની મૂડી મુદ્રા જે અખૂટ અને અનુપમ લક્ષ્મી છે. ૫.

ऋषय ऊचुः— त्वया खलु पुराणानि सेतिहासानि चानघ ।
आख्यातान्यप्यधीतानि धर्मशास्त्राणि यान्युत ॥ ६ ॥
यानि वेदविदां श्रेष्ठो भगवान्बादरायणः ।
अन्ये च मुनयः सूत परावरविदो विदुः ॥ ७ ॥
वेत्थ त्वं सौम्य तत्सर्वं तत्त्वतस्तदनुग्रहात् ।
ब्रूयुः स्निग्धस्य शिष्यस्य गुरवो गुह्यमप्युत ॥ ८ ॥

અન્વયાર્થ—ऋषय ऊचुः-ઋષિઓ બોલ્યા, हे अनघ-હે પુણ્ય પુરૂષ, त्वया खलु-આપે ખરેખર, सेतिहासानि-ઇતિહાસ સાથે, पुराणानि-પુરાણોને, उत-અને, यानि-धर्मशास्त्राणि-બીજાં ધર્મશાસ્ત્રોને, अधीतानि-ભણેલાં છે, आख्यातानि-કહેલાં છે, अपि-વળી, हे सूत-હે સૂતમુનિ ! विदां श्रेष्ठः-વિદ્વત્ શિરોમણિ, भगवान्-ભગવાન, बादरायणः-વ્યાસ મહર્ષિ, वेद-જાણે છે, पर-अवर-विदः-સગુણ નિર્ગુણ બ્રહ્મને જાણનાર, अन्ये-બીજા, मुनयः-च-મુનિજનો પણ, विदुः-જાણે છે, हे सौम्य-હે સૌમ્ય, उत-त्वम्-આપ પણ, तत्-सर्वम्-તે સર્વને, तत्त्वतः-રહસ્ય સાથે, तदनुग्रहात्-વ્યાસજીની કૃપાથી, वेत्थ-જાણો છો, स्निग्धस्य शिष्यस्य-સ્નેહાળ શિષ્યને, गुरवः-ગુરૂજનો, गुह्यम्-अपि-ગુહ્ય પણ, ब्रूयुः-કહે છે. ૬; ૭; ૮.

અનુવાદ—હે પુણ્યાત્મન્, આપશ્રીએ ઇતિહાસ સાથે સર્વે પુરાણોનું અને ધર્મશાસ્ત્રોનું અધ્યયન કરેલું છે, તેમજ તે સર્વનું બીજાઓની સમક્ષ આખ્યાન પણ કરેલું છે. વળી હે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સૂતજી, વિદ્વત્-શિરોમણિ ભગવાન શ્રીવેદવ્યાસ જે જે શાસ્ત્ર-પુરાણ-વેદ વગેરેનું જ્ઞાન ધરાવે છે, તેમજ ભગવાનના સગુણ-નિર્ગુણ સ્વરૂપને જાણનારા અન્ય મુનિઓ જે જે જાણે છે, તે બધું જ પરમ દયાળુ શ્રીવ્યાસજીની પરમકૃપાથી રહસ્યભર્યા અર્થ સાથે તમે જાણો છો; કારણ કે સદ્ગુરુઓ સ્નેહાળ શિષ્યને ગૂઢ જ્ઞાન પણ કહે છે. ૬; ૭; ૮.

તત્ત્વસુધા-ત્રણ શ્લોકોથી વક્તાને સન્માને છે. ત્રણ શ્લોકો ત્રણે લોકના પ્રતિનિધિઓ રૂપે સન્માન દેવા આવ્યા છે. અનઘ નિર્દોષ અને નિર્લોભ વક્તા હૃદયને સ્પર્શી શકે છે. વ્યવસાય માટે પ્રવચન ન હતું પરંતુ સ્વાન્ત:સુખ અને સમાજસુખ માટે હતું એ અનઘ સંબોધને કહ્યું. ગ્રન્થનું અધ્યયન અને વ્યાખ્યાન ગ્રન્થના આત્મગત અભિપ્રાયને બતાવી દે છે. બાદરાયણ તપસ્વીજ તત્વજ્ઞાની થઇ શકે. રસનાજય સર્વ ઇષણાઓના જયનો આચાર્ય છે. સૂત સંબોધનથી આપ સુપ્રસિદ્ધ પુરૂષ છો એમ સન્માન્યા. સૌમ્ય વક્તા વાણી વૃત્તિ અને સ્વભાવનો સૌમ્ય અને શાંત જોઈએ. સૌમ્ય ગુણ સ્વભાવનો ધર્મ છે. સ્નિગ્ધસ્ય શિષ્યસ્ય આજ્ઞાપાલક એટલે શિષ્ય અને ભક્તિમાન એટલે સ્નિગ્ધ. જ્ઞાન નિગ્રહ અને અનુગ્રહથી મળે. નિગ્રહથી યાદ શક્તિ તેજસ્વિની બને. અનુગ્રહથી બુદ્ધિ પ્રફુલ્લિત રહે.

तत्र तत्राञ्जसाऽऽयुष्मन् भवता यद्विनिश्चितम् ।
पुंसामेकान्ततः श्रेयस्तन्नः शंसितुमर्हति ॥ ९ ॥

અન્વયાર્થ—હે આયુષ્મન્-હે આયુષ્મન્, **ભવતા**-આપશ્રીએ, **તત્ર તત્ર**-તે તે શાસ્ત્ર, પુરાણગ્રંથ, વેદ ઇતિહાસ વગેરેમાં, **અઞ્જસા**-સાક્ષાત્, **પુંસામ્**-પુરુષોનું, **એકાન્તતઃ**-એકાન્તિક, **વિનિશ્ચિતમ્**-નિશ્ચિત કરેલું, **યત્**-જે, **શ્રેયઃ**-પરમ કલ્યાણ માર્ગ હોય, **તત્**-તેને, **નઃ**-અમને, **શંસિતુમ્**-કહેવાને, **અર્હતિ**-યોગ્ય છો.

અનુવાદ—હે દીર્ઘાયુષ્મન્ આપશ્રીએ તે તે શાસ્ત્રગ્રન્થોના અધ્યયન-પ્રવચનાદ્વિથી પુરુષો માટેનો પરમ કલ્યાણમય માર્ગ જે કોઈ નક્કી કર્યો હોય તે અમને કહેવાને આપ યોગ્ય છો. ૯.

તત્ત્વસુધા-શ્રીમદ્ ભાગવતમાં કેવલ છ પ્રશ્નો છે. પ્રત્યેક ઐશ્વર્યના કથન માટે જેમ બબ્બે સ્કંધો છે તેમ ઐશ્વર્ય પણ છ હોવાથી પ્રશ્નની સંખ્યા પણ છ છે. પ્રથમ અધ્યાય પ્રશ્નાધ્યાય છે. ૩૩૪ પ્રત્યુત્તરના છે. નવમા શ્લોકમાં પ્રથમ પ્રશ્ન છે. 'આયુષ્મન્' સિદ્ધવાક્ મુનિવરોનું શુભાશીષપૂર્ણ સંબોધન અમૃત છે. શ્રોતાઓની શુભાશા વક્તાને દીર્ઘાયુ અને આરોગ્ય આપે છે. શ્રોતાઓની મંગલદૃષ્ટિ વક્તાના બુદ્ધિકમલનો વિકાસ સાધે છે. વિકસિત બુદ્ધિકમલમાંથી તત્વજ્ઞાનનો પરાગ અને ભક્તિનો મકરંદરસ મળે છે.

એકાન્તતઃ નિરતિશય કલ્યાણ શું ? એ પ્રથમ પ્રશ્ન છે. અભ્યુદય અને નિઃશ્રેયસ્ એ બે શબ્દો ખૂબ જ પ્રચલિત છે. ભૌતિક સર્વ સમ્પત્તિઓ અભ્યુદયમાં ગણાય. આત્મિક સર્વ સમ્પત્તિઓ શ્રેયસ્માં મનાય. 'પ્રેયસ્' અપૂર્ણ સુખ છે એ તો જાણીતું છે; પરંતુ શ્રેયસ્ પૂર્ણ સુખ છે. તત્વજ્ઞાન, વૈકુંઠપ્રાપ્તિ, બ્રહ્મત્વપ્રાપ્તિ આદિ માંથી શ્રેયસ્ કોની સંજ્ઞા ? વિનમ્રભાવના પ્રશ્નોથી વક્તા આપ્ત અને આર્દ્ર બને છે ત્યારે રસ પ્રાદુર્ભાવ થાય છે. ૯.

प्रायेणाल्पायुषः सभ्य कलावस्मिन्युगे जनाः
मन्दाः सुमन्दमतयो मन्दभाग्या ह्युपद्रुताः ॥ १० ॥

અન્વયાર્થ—હે **સભ્ય**-હે સભ્ય પુરુષ, **પ્રાયેણ**-ઘણે ભાગે, **અસ્મિન્-કલૌ યુગે**-આ કલિયુગમાં, **જનાઃ**-મનુષ્યો, **અલ્પાયુષઃ**-અલ્પ આયુષ્યવાળા, **મન્દાઃ**-આળસુ, **સુમન્દ-મતયઃ** અતિ મન્દ બુદ્ધિવાળા, **મન્દભાગ્યાઃ**-મન્દભાગ્યવાળા, **ઉપદ્રુતાઃ**-અનેક ઉપદ્રવો-રોગોથી પીડાતા છે, **હિ**-નિશ્ચિત. ૧૦.

અનુવાદ—હે સભ્ય, આ કલિયુગમાં મનુષ્યો ઘણે ભાગે અલ્પ આયુષ્યવાળા, આળસુ અતિ મન્દબુદ્ધિવાળા, હતભાગી-કમનસીબ અને અનેક ઉપદ્રવોથી પીડાતા જણાય છે એ નક્કી છે. ૧૦.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

भूरीणि भूरिकर्माणि श्रोतव्यानि विभागशः ।
अतः साधोऽत्र यत्सारं समुद्धृत्य मनीषया ।
ब्रूहि [1]नः श्रद्दधानानां येनात्मा संप्रसीदति ॥ ११ ॥

अन्वयार्थ—**विभागशः**-વિભાગ પ્રમાણે, **श्रोतव्यानि**-સાંભળવા લાયક શાસ્ત્રો, **भूरीणि**-ઘણાંજ છે, તેમજ **भूरिकर्माणि**-અનેક પ્રકારનાં કર્મ પણ છે, **अतः**-માટે, **साधो**-હે સાધુ પુરુષ, **अत्र**-આ વિષયમાં, **यत् सारम्**-જે સારભૂત તત્ત્વ હોય તે, **मनीषया**-પરિનિષ્ઠિત બુદ્ધિથી, **समुद्धृत्य**-સારી રીતે ઉદ્ધૃત કરીને, **श्रद्दधानानाम् नः**-શ્રદ્ધાવાળા, અમને **ब्रूहि**-કહો, **येन**-જે સાંભળવાથી, **आत्मा**-આત્મા-મન, **संप्रसीदति**-સારી રીતે પ્રસન્ન થાય. ૧૧.

અનુવાદ—**મનુષ્યોને વિભાગ પુરઃસર સાંભળવા લાયક અનેક શાસ્ત્રો છે કે જેમાં અનેક પ્રકારનાં કર્મ કરવાનાં વિધાન છે. માટે તે સર્વમાં જે સારરૂપ હોય તેને આપની બુદ્ધિથી તારવીને, હે સજ્જન ! શ્રદ્ધાવાળા અમને કહો, કે જે શ્રવણથી અમારૂં ચિત્ત અને ભગવાન પ્રસન્ન થાય. ૧૧.**

तत्त्वसुधा—અઢી શ્લોકોથી સાધન શું ? એ બીજો પ્રશ્ન પૂછ્યો. 'येनात्मा सुप्रसीदति' કયા સાધનથી આત્મા પ્રસન્ન થાય. પ્રશ્નના ઉપોદ્ઘાતમાં પાંચ અવસ્થાઓનું દિગ્દર્શન છે. 'अल्पायुषः' મુનિઓ એક હજાર વર્ષના સત્રની દીક્ષામાં છે તો 'अल्पायु' વાળા એવા શબ્દનો કેમ પ્રયોગ કર્યો ? ઉત્તર આપ્યો કે प्रायेण ઘણું કરીને સમાજનો મોટો ભાગ અલ્પજીવી છે. દીર્ઘજીવી તો ગણી ગાંઠી વ્યક્તિઓ છે. કાયદો વ્યક્તિલક્ષિતથી ના રચાય સમષ્ટિહિત વિચારીને રચાય. લવાજમ આપે તે સભાનો સભ્ય નહીં; પરંતુ લાજ-મર્યાદા પાળે તે સભ્ય. લાજ એ તો લાયેણી લક્ષ્મી છે. मन्दाः પ્રમાદી. વ્યવહાર કાર્યમાં ઓતપ્રોત પણ આત્મહિતમાં ઉપેક્ષાવાળા આળસુ ગણાય. નિષ્ક્રિય પ્રમાદી નથી, નિરર્થક ક્રિયા પ્રમાદી છે. सुमन्दमतयः જડમતિ અથવા અગ્રહણમતિ એ સુમન્દમતિ નથી; પરંતુ મોહજડમતિ અને વિષયરતમતિ 'सुमन्दमति' મનાય છે. मन्दभाग्याः ધન માન સાધન શૂન્ય મંદભાગ્ય નથી; પરંતુ ભગવજ્જન સજ્જનસંગ શૂન્ય મંદભાગ્ય છે. उपद्रुताः વૈરીઓથી કે રોગોથી ઘેરાએલા નહી; પરંતુ વિષય ઘેલાઓ ઉપદ્રુત છે. પ્રથમ તો મનુષ્ય સત્સંગમાં ન જાય ભલે નિવૃત્ત હોય, કદાચ જાય તો વિષય ન સમજાય, જો કંઈ અનુકંપાએ વિષય સમજાય તો પુનઃ તેવો સત્સંગ ન મળે, ને જો સત્સંગ મળે તો વિઘ્ન આવીને નડે. અમે ચાર અવસ્થાઓથી સ્વસ્થ થઈને બેઠા છીએ તો આપ સજ્જન જ્ઞાન ન કહેતાં જ્ઞાન સાગરની સાર સુધા અમને વિતરો. જ્ઞાનીઓ-વિસ્તાર આપે સંતો સાર આપે. ब्रूहि भद्रं हि भूतानां येनात्मा सुप्रसीदति એવો શ્રીમદ્ વલ્લભાચાર્ય સંમત પાઠ છે. ब्रूहि પ્રાર્થનાના અર્થમાં છે. આત્મા શ્રીકૃષ્ણ કેમ રાજી થાય ? ૧૧.

सूत जानासि भद्रं ते भगवान्सात्वतां पतिः ।
देवक्यां वसुदेवस्य जातो यस्य चिकीर्षया ॥ १२ ॥
तन्नः — शुश्रूषमाणानामर्हस्यङ्गानुवर्णितुम् ।
यस्यावतारो भूतानां क्षेमाय च भवाय च ॥ १३ ॥

अन्वयार्थ—**हे सूत**-હે સૂતજી, **ते**-તમારૂં, **भद्रम्**-કલ્યાણ હો. **सात्वताम्**-ભક્તોના, **पतिः**-પતિ, **भगवान्**-ભગવાન શ્રીકૃષ્ણ, **वसुदेवस्य देवक्यां**-વસુદેવની પત્ની દેવકીજીને ત્યાં, **यस्य चिकीर्षया**-જે કાર્ય કરવાની ઇચ્છાથી, **जातः**-પ્રકટ થયા તે, **जानासि**-તમે જાણો છો. ૧૨. **हे अङ्ग**-હે સૂતજી,

[1] ब्रूहि भद्रं हि भूतानाम् इति सुबो. पाठः ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શુશ્રૂષમાણાનામ્–શ્રવણ કરવાની ઇચ્છાવાળા, **નઃ**–અમને, **તત્ અનુવર્ણિતુમ્**–તે વસ્તુનું પુનઃ વર્ણન કરવા માટે, **અર્હસિ**–યોગ્ય છો, **યસ્ય**–જે પ્રભુનો, **અવતારઃ**–અવતાર, **ભૂતાનામ્**–પ્રાણી માત્રના, **ક્ષેમાય**–કલ્યાણને માટે, **ચ** અને, **ભવાય**–અભ્યુદય માટે હોય છે. ૧૩.

અનુવાદ—હે સૂત મુનિ ! આપનું કલ્યાણ થાવ. યાદવોના સ્વામી ભગવાન શ્રીકૃષ્ણ વસુદેવ દેવકીજીને ત્યાં જે કાર્ય કરવા પ્રકટયા છે, તે આપ જાણો છો; તો હે અંગ ! તે કારણની અમને સાંભળવાની ઇચ્છા છે. તેનું અનુવર્ણન કરવાને માટે આપ યોગ્ય છો, જે ભગવાનનો અવતાર પ્રાણી માત્રના ક્ષેમ અને કલ્યાણને માટે છે. ૧૨; ૧૩.

તત્ત્વસુધા—નવમા શ્લોકમાં જીવનનું ફલ શું, પછીના અઢી શ્લોકમાં 'શ્રેયસ્સ' સંપાદનનું સાધન શું એમ બે પ્રશ્નો પૂછીને બારમા શ્લોકમાં શ્રીકૃષ્ણાવતાર કયા કાર્ય માટે એ ત્રીજો પ્રશ્ન પૂછયો. 'ભદ્રમ્' એ મુનિવરોની ભેટ છે. અથવા સૂતને દક્ષિણા છે. શ્રોતા સમાજની ગુણકીર્તનકાર માટેની મંગલકામના એ મહામૂલી દક્ષિણા છે. વસુદેવસ્ય ત્યાં પંચમી વિભક્તિ થવી જોઇએ. વૃક્ષાત્ફલમ્ વૃક્ષ ઉપરથી ફળ પડે છે ત્યાં 'અપાદાન' માં પંચમી વિભક્તિ થાય છે. ભગવાન પૂર્ણ તત્વ છે તેમની વસુદેવજીથી લૌકિક ઔરસ પુત્રની સમાન ઉત્પત્તિ નથી; પરંતુ સ્વેચ્છા પ્રાદુર્ભાવ છે માટે 'સંબંધ' ના અર્થમાં પષ્ઠી વિભક્તિ છે. અંગ સંબોધન છે. શરીરના કોઇ પણ અંગનો ભાગ શરીરને સ્વાધીન છે પ્રિય છે. સૂત મુનિ એટલાજ શૌનકાદિના સ્વાધીન છે, પ્રિય છે. ભગવાનનો અવતાર માનવ જાતના ક્ષેમ અને ભવ માટે છે. ક્ષેમાય ભવાય ચ અવતારોનું અને મહાપુરૂષોનું અવતરણ ક્ષેમ અને ભવ માટે હોઇ શકે. મેળવેલી શક્તિઓનું અને સમ્પત્તિઓનું સંરક્ષણ તે ક્ષેમ શબ્દથી ઓળખાય. ભવાય જીવનની દિશાઓમાં મંગલ સચવાય ત્યારે ભવ-કલ્યાણ બનાય. ૧૨; ૧૩.

આપન્નઃ સંસૃતિં ઘોરાં યન્નામ વિવશો ગૃણન્ ।
તતઃ સદ્યો વિમુચ્યેત યદ્બિભેતિ સ્વયં ભયમ્ ॥ ૧૪ ॥
યત્પાદસંશ્રયાઃ સૂત મુનયઃ[૨] પ્રશમાયનાઃ ।
સદ્યઃ પુનન્ત્યુપસ્પૃષ્ટાઃ સ્વર્ધુન્યાપોઽનુસેવયા ॥ ૧૫ ॥
કો વા ભગવતસ્તસ્ય પુણ્યશ્લોકેડ્યકર્મણઃ ।
શુદ્ધિકામો ન શૃણુયાદ્યશઃ કલિમલાપહમ્ ॥ ૧૬ ॥

અન્વયાર્થ—**ઘોરામ્**–ભયંકર એવા, **સંસૃતિમ્**–સંસારને, **આપન્નઃ**–પ્રાપ્ત થયેલ, **વિવશઃ**–પરવશ બનેલ, **યન્નામ**–જે પ્રભુના નામને, **ગૃણન્**–ગ્રહણ કરનાર, **સદ્યઃ**–તત્કાળ, **તતઃ**–તે ઘોર સંસારથી, **વિમુચ્યેત**–મુક્ત થાય છે, **યત્**–જે નામથી, **સ્વયમ્**–પોતે, **ભયમ્**–ભય, **બિભેતિ**–ભય પામે છે. ૧૪; **હે સૂત**–હે સૂતજી, **યત્પાદ સંશ્રયાઃ**–પ્રભુ ચરણના અનન્ય આશ્રિત, **પ્રશમાયનાઃ**–પરમ પ્રશાન્ત **મુનયઃ**–મુનિઓ, **ઉપ સ્પૃષ્ટાઃ**–સ્પર્શ કરતાં, **સદ્યઃ**–તાત્કાલિક, **પુનન્તિ**–પાવન કરે છે, **સ્વર્ધુની-આપઃ**–દેવનદી-ગંગાજીનાં જળ, **અનુસેવયા** સેવન કરવાથી પાવન કરે છે. ૧૫; **શુદ્ધિકામઃ**–શુદ્ધ થવાની કામનાવાળો, **વા કઃ**–અથવા કયો પુરુષ, **પુણ્યશ્લોક-ઇડ્ય-કર્મણઃ**–પુણ્ય યશસ્વી જનોથી સ્તુતિ કરાતા સત્કર્મવાળા, **તસ્ય ભગવતઃ**–તે ભગવાનનાં, **કલિમલ-અપહમ્**–કલિમલને હરનારા, **યશઃ**–યશને, **ન શ્રૃણુયાત્**– ન સાંભળે ? ૧૬.

અનુવાદ—ભયાનક જન્મમરણરૂપ સંસારને પ્રાપ્ત થયેલ અને પરવશ બનેલ જે કોઇ પ્રભુના નામને સ્મરે, તે ભયંકર દુઃખથી વિમુક્ત બને છે, જે ભગવન્નામથી ભય પોતે પણ ભય પામે છે. ૧૪; હે સૂતજી, જે ભગવાનના ચરણ કમળોનો આશ્રય કરીને રહેલા, પરમ પ્રશાન્ત મુનિઓ, તેમનો સ્પર્શ કરવામાં આવતાં તત્કાળ પાવન કરે છે; જ્યારે ગંગાજળ તો પાન-

૨ ઋષયઃ ઇતિપાઠઃ ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અવગાહન વગેરે કરવામાં આવે તોજ પાવન કરે છે. (અર્થાત્ ગંગાજળ કરતાં ભગવદ્ ભક્તોનો પાવન કરવાનો સ્વભાવ શીઘ્ર ફલદાયક છે.) ૧૫; જે ભગવાનનાં સમસ્ત કાર્યની મહાપુરુષો સતત પ્રશંસા કરે છે, એવા એ પ્રભુના કલિમળને દૂર કરનાર યશને કયો પુરૂષ શુદ્ધિની ઇચ્છાથી ન સાંભળે ? ૧૬.

તત્ત્વસુધા—ઈશ્વરનું ઐશ્વર્ય અવતારના સાન્નિધ્યથી જ માત્ર મંગલ સાધક નથી પરંતુ અક્ષર દેહથી યશઃશરીરથી, નામ મહિમાથી પણ અવતાર જેટલું સાફલ્ય આપે છે. યદ્બિભેતિ સ્વયં મયમ્ ભય એટલે ભેદ દૃષ્ટિ વિષમ દૃષ્ટિનું પરિણામ. અકિંચન અને અતિધન ઉભયને સમાન આદરે સન્માની ભય-ભેદ દુનિમાંથી દૂર કર્યાં. આપન્ન અને વિપન્ન જો અનુનયપૂર્વક નીતિપ્રપન્ન થાય નારાયણને પ્રપન્ન થાય તો આનંદ સમ્પન્ન અને આત્મ સંપન્ન થાય. આપત્તિમાં મુકાએલ આપન્ન. વિપત્તિમાં મૂકાયેલ વિપન્ન. પ્રભુના ચરણમાં શરણમાં અને સ્મરણમાં મૂકાયેલ પ્રપન્ન સ્વરૂપ કે આનંદને મેળવે ત્યારે સમ્પન્ન. ૧૪.

ઈશ્વર, ઈશ્વરનું નામ, ઈશ્વરનો ભકત એ ત્રણે જગતમાં સમાન સામર્થ્ય ધરાવનારાં ઐશ્વર્ય છે. યત્પાદસંશ્રયાઃ શ્રીમદ્ ભાગવત ભગવાનનું નામ છે. એનો આશ્રય કરનારા ભકત છે. તેમનું ગૌરવ અપાર છે તે યત્પાદ શબ્દથી કહ્યું. સંશ્રય. દૈન્ય શ્રધ્ધા અને અનન્યતાપૂર્વકનો આશ્રય 'સંશ્રય' કહેવાય. જ્ઞાનીઓના ઉપદેશથી મુકિત થાય જ્યારે સંત કે ભગવદીયોના ચરણસ્પર્શથી મુકિત થાય. સૂત સંબોધનથી સૂચવ્યું કે સૂતજી, આપ જેમ વિપ્રોના સંગથી આજ મહત્વ પામ્યા છો અને પાવનતમ છો તેજ રીતે ભગવચ્ચરણાશ્રિત સંતો પણ પાવન કરે છે. ઋષયઃ અને મુનયઃ એવા બે પાઠ છે. પાદસંશ્રયાઃ ભકતો, ઋષયઃ વિપ્રો-કર્મનિષ્ઠો, પ્રશમાયનાઃ મનનશીલ જ્ઞાનીઓ એ ત્રણે પ્રભુના ચરણનો આશ્રય કરી સર્વને પવિત્ર કરે છે. ગંગાજી ચરણમાંથી પ્રકટ થયાં બાદ તે પ્રભુચરણનો સંયોગ ન રહ્યો. ભગવદીયોને પ્રણયરશનયા ધૃતાઙ્ઘ્રિપદ્મઃ તરીકે નિત્યનો તેઓને ભગવત્સંગ છે. ૧૫.

પુણ્યશ્લોક સંતો છે, ઉત્તમશ્લોક ભગવાન છે. શ્લોક નો અર્થ યશ થાય છે. લોકના શોકને ભગવાનના શ્લોક-સ્તોત્રથી દૂર કરે તે પુણ્યશ્લોક. પરંતુ લોકને આલોક દર્શન આપીને શોક મુકત કરે તે ઉત્તમશ્લોક ભગવાન. ગુણમાંથી પ્રકટે તે યશ. દાન આદિ કર્મથી ઉત્પન્ન થાય તે કીર્તિ. ૧૬.

तस्य कर्माण्युदाराणि परिगीतानि सूरिभिः ।
ब्रूहि नः श्रद्दधानानां लीलया दधतः कलाः ॥ १७ ॥

અન્વયાર્થ—લીલયા-લીલાથી, **કલાઃ**-કળાઓને, **દધતઃ**-ધારણ કરતા, **તસ્ય**-તે પ્રભુનાં, **સૂરિભિઃ**-વિદ્વાનોએ, **પરિગીતાનિ**-ગાયેલાં, **ઉદારાણિ**-ઉદાર એવાં, **કર્માણિ**-કાર્યો, **શ્રદ્દધાનાનામ્**-શ્રદ્ધાળુ એવા, **નઃ**-અમને, **બ્રૂહિ**-કહો. ૧૭

અનુવાદ—કવિ જનોએ અનેક પ્રકારે ગાયેલાં એવાં ભગવાનનાં ઉદાર કર્મો, શ્રદ્ધાવાળા અમને કહો; કારણ કે તે પ્રભુ લીલા વડે જુદી જુદી કલાઓને ધારણ કરે છે. ૧૭.

તત્ત્વસુધા — સત્તરમા શ્લોકમાં ૪થો પ્રશ્ન છે કે પ્રભુનાં ચરિત્ર કયાં અને કેવાં તે કહો. સૂરિ એટલે કવિ. કવખતે ન વદે, કટુ ન વદે, કલુષિત ન વદે, કમતી ન વદે કિંતુ કીમતી અને કલાપૂર્ણ વદે તે કવિ.

अथाख्याहि हरे धीमन्नवतारकथाः शुभाः ।
लीला विदधतः स्वैरमीश्वरस्यात्ममायया ॥ १८ ॥

અન્વયાર્થ—હે ધીમન્-હે બુદ્ધિમાન પુરુષ, **અથ**-હવે, **આત્મમાયયા**-પોતાની માયાથી, **સ્વૈરમ્**-યથેચ્છ, **લીલાઃ**-લીલાઓને, **વિદધતઃ**-કરનારા, **ઈશ્વરસ્ય**-સર્વ વિધ સમર્થ, **હરેઃ**-શ્રી હરિની, **શુભાઃ**-મંગલમય, **અવતારકથાઃ**-અવતાર કથાઓને, **આખ્યાહિ**-આપ કહો. ૧૮.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—હે બુદ્ધિમાન સૂત મુનિ, પોતાની માયા વડે ઇચ્છા પ્રમાણે લીલાઓને ધારણ કરનારા, સર્વતંત્ર સ્વતંત્ર; તે પ્રભુની મંગલમય અવતાર કથાઓ અમને કહો. ૧૮.

તત્ત્વસુધા :—અઢારમા શ્લોકમાં પંચમ પ્રશ્ન છે. બે પ્રકારના પ્રશ્નો છે, નિર્ગુણ અને સગુણ વસ્તુને સ્પર્શીને પૂછે છે. પ્રથમ ચાર પ્રશ્નોમાં એકથી નિર્ગુણ તત્વ તરીકે શ્રેયસ્ શું તે પૂછી બીજા પ્રશ્નથી સાધન શું એ પ્રશ્ન પૂછ્યો. ત્રીજા પ્રશ્નમાં સાકારબ્રહ્મ શ્રીકૃષ્ણ તત્ત્વનો પ્રશ્ન કરી ચતુર્થ પ્રશ્નથી ભગવચ્ચરિત્રો પૂછ્યાં. એ પ્રકરણથી ભિન્ન પ્રકરણ દર્શાવવા અથ અવ્યય મુકયું. 'અથ' એટલે ઇશ્વર તત્વના અવાંતર અવતારો દર્શાવો. 'હરેઃ' હરકતને હરે બરકતને ભરે એવી જેની હકીકત છે તે હરિ. ધીમન્ સ્થિર નિશ્ચયી. અવતાર કથાઃ કોનો અવતાર, કેવી રીતે, કયા સ્થાને, કયા કારણે આ ચાર વસ્તુનો વિચાર જેમાં હોય તેવી અવતાર કથા કહો.

वयं तु न वितृप्याम उत्तमश्लोकविक्रमे ।
यच्छृण्वतां रसज्ञानां स्वादु स्वादु पदे पदे ॥ १९ ॥
कृतवान् किल वीर्याणि सह रामेण केशवः ।
अतिमर्त्यानि भगवान् गूढः कपटमानुषः ॥ २० ॥

અન્વયાર્થઃ—**उत्तमश्लोकविक्रमे**-ઉત્તમ યશવાળા પ્રભુના પરાક્રમ શ્રવણમાં, **वयं तु**-અમે તો, **न वितृप्याम**-તૃપ્ત થતાં નથી, **यत् शृण्वताम्**-જે શ્રવણ કરનારા, **रसज्ञानाम्**-રસવેત્તાઓને, **पदे पदे**, પ્રત્યેક શબ્દમાં, **स्वादु स्वादु**-મધુર રસ રહેલ છે. ૧૯; **गूढः**-ગુપ્ત રૂપે, **कपटमानुषः**-માયાથી મનુષ્ય દેહ ધારણ કરનારા, **भगवान् केशवः** ભગવાન શ્રીકૃષ્ણ, **रामेण सह**-શ્રીબલરામસાથે, **अतिमर्त्यानि** મનુષ્યથી ન થઈ શકે તેવાં, **वीर्याणि**-પરાક્રમો, **कृतवान्**-કર્યાં, **किल**-નક્કી. ૨૦.

અનુવાદ—તે ઉત્તમ શ્લોક ભગવાનનાં પરાક્રમ સાંભળવામાં અમને તૃપ્તિ થતીજ નથી, કે જે સાંભળનારા રસજ્ઞ જનોને શબ્દે શબ્દે મધુર સ્વાદ આવે છે. ૧૯. માયાથી મનુષ્ય કાયા ધારણ કરી ગૂઢ રૂપે રહેલા ભગવાન શ્રીકૃષ્ણે બલભદ્રજીની સાથે જે જે અમાનુષ પરાક્રમો કર્યાં, ખરેખર તે અમને કહો. ૨૦.

તત્ત્વસુધા :—વિષય રસની અતૃપ્તિ આત્મવિનાશ માટે, ભગવદ્રસમાં અતૃપ્તિ અલંકાર સમાન છે અને આત્મ વિકાસ માટે છે. વયંતુ ન વિતૃપ્યામ 'અતૃપ્તિની સમાપ્તિમાં સકલ રસની સમાપ્તિ છે.' સત્સંગમાં અતૃપ્તિ, સદ્ગુણસંપાદનમાં અતૃપ્તિ, સેવા કરવામાં અતૃપ્તિ આત્મપ્રાપ્તિનાં કારણો છે. સ્વાદુ સ્વાદુ પદે પદે શેરડીના કૂચાને વધુ ચાવીએ વધુ રસ આવે. પ્રથમ શ્રવણે શબ્દથી શ્રવણાનંદ, બીજા શ્રવણે પાપ નિવારણ. ત્રીજા શ્રવણે સ્નેહ પ્રસ્રવણ થાય છે અને ચતુર્થ શ્રવણે તુરીય બ્રહ્મનો સાક્ષાત્કાર થાય છે. પ્રથમ શ્રવણે શ્લોકમાં, બીજા શ્રવણે વાક્યમાં, ત્રીજા શ્રવણે પ્રત્યેક પદમાં, રસ જાગૃત થાય છે. તૃપ્તિ થવાથી, રસના અજ્ઞાનથી, સ્વાદના અભાવથી આ ત્રણ કારણે શ્રવણવૃત્તિમાં ઇચ્છા વિરામ થાય. પરંતુ એથી વિપરીત અનુભવ અમને થાય છે અને પદેપદે સાંભળવાની ઈંતેજારી વધે છે.

કેશવઃ અન્યાવતારોમાં અથવા અંશાવતારોમાં બ્રહ્મા શિવજીને સંપૂર્ણ આનંદ ન આપી શકે પરંતુ આ અવતારથી કશ્ચ ઈશશ્ચ કેશૌ તયોઃ 'વમૂ' અમૃતમ્ યસ્માત્સઃ શિવ બ્રહ્માજીને લીલાથી અપાર આનંદ આપે છે.

कलिमागतमाज्ञाय क्षेत्रेऽस्मिन्वैष्णवे वयम् ।
आसीना दीर्घसत्रेण कथायां सक्षणा हरेः ॥ २१ ॥

અન્વયાર્થ—**कलिम्**-કલિયુગને, **आगतम्**-આવેલો, **आज्ञाय**-જાણીને, **वयम्**-અમે સર્વ ઋષિઓ, **अस्मिन्**-**वैष्णवे**-આ વૈષ્ણવ. **क्षेत्रे**-ક્ષેત્રમાં, **दीर्घसत्रेण**-મોટા સત્ર લઈને, **आसीनाः**-બેઠેલા છીએ, માટે **हरेः**-શ્રીહરિની, **कथायाम्**-કથા શ્રવણ કરવામાં, **सक्षणाः**-સમય વાળા છીએ. ૨૧.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—'કળિયુગ આવ્યો છે,' એમ જાણીને આ વૈષ્ણવ ક્ષેત્રમાં એક હજાર વર્ષના દીર્ઘ સત્રની દીક્ષા લઈને બેઠેલા છીએ માટે કથા શ્રવણમાં અમે સાવકાશ છીએ. ૨૧.

તત્ત્વસુધા :—ક્ષેત્રેઽસ્મિન્ વૈષ્ણવે વયમ્ સ્થાન માહાત્મ્ય, સ્થાન સામર્થ્ય, કાલ ધર્મો સામે પ્રતિકાર કરી શકે છે. દરેક સ્થાનની એક આધિદૈવિક શક્તિ હોય છે. હિમાલયની ગુહામાં નારદજીને 'એક ઠેકાણે સ્થિર ન રહી શકે' એવા શાપની અસર ન થઈ તેજ પ્રમાણે નૈમિષારણ્યના વૈષ્ણવ ક્ષેત્રમાં કલિધર્મોની અસર નથી થતી. "કલિરૂપ આંશૌચમાં નહી કર્મનો અધિકાર; અડે ન સૂતક નામને નિર્ભય નિત્ય કરીએ ઉચ્ચાર" કલિ સૂતક છે. આંશૌચમાં કર્મથી નિવૃત્તિ હોવાથી શ્રવણ માટે પૂર્ણ અવકાશ છે. ભગવદ્ યશોગાન કમાણીની અમૂલ્ય તક એ છે સૂતક. જો શ્રવણ અમને સાંપડે તો એક હજાર વર્ષનો કાલ ક્ષણ સમાન છે પણ જો ગુણાનુવાદ શ્રવણ નથી તો નિષ્ક્રિયતાનો એક ક્ષણ યુગ સમાન છે—કથાયાં સક્ષણા હરેઃ

त्वं नः संदर्शितो धात्रा दुस्तरं निस्तितीर्षताम् ।
कलिं सत्वहरं पुंसां कर्णधार इवार्णवम् ॥ २२ ॥

અન્વયાર્થ—ધાત્રા—બ્રહ્માજીએ, પુંસામ્—મનુષ્યોના, સત્વહરમ્—સત્વને હરનારા, અર્ણવમ્—ઇવ—મહાસાગર જેવા, દુસ્તરમ્—દુઃખ વેઠીને પણ ન તરી શકાય તેવા, કલિમ્—કળિધર્મને—નિસ્તિતીર્ષતામ્, તરવાની વૃત્તિવાળા. નઃ—અમને, કર્ણધારઃ ઇવ—નાવિકની સમાન, ત્વમ્—આપ, સંદર્શિતઃ—દર્શાવ્યા છે, ૨૨.

અનુવાદ—મહા મુશ્કેલીથી પાર કરી શકાય એવા મહાસાગરને તરવાની ઇચ્છાવાળા પુરૂષોને જેમ કોઇ નાવિક મળી જાય તેમ, બુદ્ધિને હરનાર દુસ્તર કળિયુગના ધર્મોને પાર કરવા માટે પરમેશ્વરે અમને આપનું દર્શન કરાવ્યું. ૨૨.

તત્ત્વસુધા :—ધાત્રા સંદર્શિતઃ અમારા પ્રારબ્ધે અથવા બ્રહ્માએ કે ભગવાને આપને મોકલ્યા છે. સત્વહરમ્ કલિ સત્વગુણ ઉપર અસર કરે છે. 'વિવેક ધૈર્ય અને જ્ઞાન' એ ત્રણ સત્વ તત્વો છે. શાંતિનાં એ ત્રણે સાધનો છે. સત્વાવસ્થામાંથી તે જન્મે છે. સત્વગુણનો હ્રાસ એ તો આનંદનો સર્વવિધ વિનાશ. સૂત આપ અમારા ખવૈયા છો અમારી અટવાતીઅક્કલ નૈયાને કનૈયાના ચરણ કિનારે લઇ નાંગરી આપો.

ब्रूहि योगेश्वरे कृष्णे ब्रह्मण्ये धर्मवर्मणि[1] ।
स्वां काष्ठामधुनोपेते धर्मः कं शरणं गतः ॥ २३ ॥

અન્વયાર્થ—બ્રહ્મણ્યે—બ્રાહ્મણોના હિતૈષી, ધર્મવર્મણિ—ધર્મના સંરક્ષક, યોગેશ્વરે—કૃષ્ણે—યોગેશ્વર શ્રીકૃષ્ણ, અધુના—હાલમાં, સ્વામ્ કાષ્ઠામ્—નિજ લોકમાં, ઉપેતે—પધાર્યા ત્યારે, ધર્મઃ—ધર્મ, કમ્—કોને, શરણમ્—શરણ, ગતઃ—ગયો. બ્રૂહિ—કહો. ૨૩.

અનુવાદ—બ્રહ્મણ્ય દેવ, ધર્મસંરક્ષક, યોગેશ્વર શ્રીકૃષ્ણ નિજ વૈકુંઠ લોકમાં વિદાય થયા, ત્યારે હાલમાં ધર્મ કોને શરણે ગયો ? ૨૩.

તત્ત્વસુધા :— પ્રથમ અધ્યાયમાં છેલ્લા શ્લોકે એક છઠ્ઠો પ્રશ્ન પૂછ્યો છે કે પ્રભુની વિદાય પછી ધર્મનું અવલંબન કોણ તેનો પ્રત્યુત્તર બીજા અધ્યાયના છેલ્લા શ્લોકથી આપશે. યોગેશ્વરે વિશેષણથી ઉપાસના અને યોગના સ્વામિત્વનો નિર્દેશ કર્યો. ધર્મવર્મણિ વિશેષણથી કર્મ માર્ગનું સૂચન કર્યું. બ્રહ્મણ્યે પદથી જ્ઞાનયોગ દર્શાવ્યો. કૃષ્ણે વિશેષ્ય છે તે ફલાત્મક સ્વરૂપ છે.

શ્રીમદ્ ભાગવતના પ્રથમ સ્કંધમાં 'તત્ત્વસુધા' ટીકાનો પ્રથમ અધ્યાય સંપૂર્ણ.

---

૧. ધર્મકર્મણિ, વિજય. પાઠઃ ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અધ્યાય બીજો

व्यास उवाच— इति संप्रश्नसंहृष्टो[1] विप्राणां[2] रौमहर्षणिः ।
प्रतिपूज्य वचस्तेषां प्रवक्तुमुपचक्रमे ॥ १ ॥

અન્વયાર્થ :– इति–એ પ્રમાણે, संप्रश्न-संहृष्ट :–સારા પ્રશ્નોથી સંતુષ્ટ થયેલા, रौमहर्षणिः :– રોમહર્ષણ મુનિ, तेषां–विप्राणाम्–તે વિપ્રર્ષિઓનાં, वचः–વચનને, प्रतिपूज्य–સન્માનીને, प्रवक्तुम्–કહેવાનો उपचक्रमे–આરંભ કર્યો. ૧

અનુવાદ—મહર્ષિ વ્યાસે કહ્યું, વિપ્રવર્યોના ઉત્તમ પ્રશ્નોથી અત્યંત સંતુષ્ટ થયેલા રોમહર્ષણના પુત્ર સૂત મુનિ, મુનિવરોના વચનનો આદર કરી કહેવા લાગ્યા. ૧.

તત્ત્વસુધા :—પ્રથમ અધ્યાયે ૭ પ્રશ્નો કર્યા. તે ૭ પ્રશ્નોમાં અવાંતર અનેક પ્રશ્નો સમાયા છે. ચોત્રીસ શ્લોકથી બીજો અધ્યાય ત્રણ કે ચાર પ્રશ્નોનું સમાધાન કરશે. મનોરથનો મહાન અર્ણવ આશાનાવડીના પુણ્યશીલ પુરુષ નાવિકના આશરે પાર કરાય. એ ન્યાયે શૌનક આદિ મુનિઓના શ્રવણ–મનોરથ–મહાસાગરને તરવાની આશાના સુકાની સૂત મુનિ થયા છે. 'श्री व्यास उवाच' પદથી અધ્યાયનો આરંભ થાય છે. સંપૂર્ણ શ્રીમદ્ ભાગવતમાં 'श्री व्यास उवाच' બીજા અધ્યાયના પ્રારંભમાં અને ચોથા અધ્યાયના પ્રારંભમાં એમ બે વખતજ આવે છે. અઢાર હજાર શ્લોકની 'સમાધિ ભાષા'ને શ્રીવ્યાસજી 'શૌનક સૂતસંવાદ' રૂપે રજૂ કરે છે. સૂત અને શૌનકના પરિચય માટે બે વખત વ્યાસ મહર્ષિ બોલશે. બીજા અધ્યાયમાં 'શ્રીસૂત' મુનિની ઓળખાણ દે છે. ચોથામાં શૌનકઋષિની ઓળખાણ દેશે. શ્રેયસ્, શ્રેયસનું સાધન, શ્રીકૃષ્ણાવતાર અને શ્રીકૃષ્ણચરિત્ર એ ચાર પ્રશ્નોનો ખુલાસો બીજા અધ્યાયમાં છે અથવા શ્રીકૃષ્ણ પ્રભુના ગુણના મહિમાને સૂતજીએ નથી ગાયો. તેના ગાનાર તો શુક તુલ્ય સર્વજ્ઞ અને સર્વરસજ્ઞ જોઇએ. તેથી ત્રણજ પ્રશ્નો બીજા અધ્યાયમાં વિચારાય છે. ચોથો પ્રશ્ન દશમ સ્કંધમાં વધારે વિચારાશે.

इति 'ઇતિ' અવ્યયથી પૂર્વના અધ્યાયના પ્રશ્નોનો સંગ્રહ કર્યો. **रौमहर्षणिः** રોમને હર્ષ કરાવે. તે રોમહર્ષણમુનિ. રોમાણિ હર્ષયાઞ્ચક્રે શ્રોતૄણાં યઃ સુભાષિતૈઃ। કર્મણા તેન કથિતો રોમહર્ષણ ઇત્યુત। વિષય નિરૂપણ ત્યારેજ વાસ્તવિક કે શ્રોતાઓના સર્વાંગ રોમાંચને હર્ષ કરાવે **संप्रश्नः** વિનય અને સમજ પૂર્વકનો પ્રશ્ન વક્તાને ઉત્સાહ પ્રેરે. **विप्राणां रौमहर्षणिः** સર્વના રોમાંચ જાગૃત કરવા સુલભ છે, પરંતુ વિપ્રોના રોમાંચ ખૂબ જ્ઞાનથી ન જાગે પરંતુ ભક્તથી જાગે. વિપ્ર લે તેના કરતાં અધિક દે લે નશ્વર, આપે ઈશ્વર. હર્ષ જેના રોમાંચમાં રહે તે રોમહર્ષણ. રૌમહર્ષણિ તો ઔરસ નામ છે મુખ્ય નામ તો 'ઉગ્રશ્રવાઃ' છે. **वचःप्रतिपूज्य**–પુત્રની, પુત્રીની ને શિષ્યની પૂઠે પ્રશંસા કરવી પરંતુ શિષ્ય, સાસુ કુલવધુ ને સ્વજનની મુખ આગળ સ્તુતિ કરવી, શ્રીસૂતમુનિએ શ્રોતાની પ્રશંસા કરી છે તે મર્યાદા પાલન માટે ગ્રન્થમાં નથી લખી. ઉપચક્રમે આત્મને પદનો પ્રયોગ કર્યો છે. માટે કથા ઉપકાર માટે નથી કરતા પરંતુ નિજ હૃદય સંસ્કાર માટે કરે છે.

सूत उवाच— यं प्रव्रजन्तमनुपेतमपेतकृत्यं द्वैपायनो विरहकातर आजुहाव ।
पुत्रेति तन्मयतया तरवोऽभिनेदुस्[3] तं सर्वभूतहृदयं मुनिमानतोऽस्मि ॥ २ ॥

અન્વયાર્થ :– अनुपेतम्–ઉપનયન સંસ્કાર ન દીધેલા છતાં, अपेतकृत्यम्–કર્મમાર્ગને ત્યજી રહેલા, प्रव्रजन्तम्–यम्–પરમહંસ બની ચાલ્યા જતા જે શુકદેવને, विरहकातरः–વિરહથી વ્યાકુળ બનેલા, द्वैपायनः– દ્વીપ નિવાસી વ્યાસ મહર્ષિ, पुत्र इति–"હે પુત્ર" એમ કહી, आजुहाव–બોલાવવા લાગ્યા ત્યારે, तन्मयतया–

१. इतिसंप्रश्न संपृष्टः वीरराघव–विजय पाठः । २. स विप्रैः सुबो. पाठः । ३ तरवोऽभिनेदुः, विजय पाठः ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તદાકારપણાને લીધે, तरवः-વૃક્ષો, अभिनेदुः-પ્રત્યુત્તર આપવા લાગ્યાં, सर्वभूतहृदयम्-तम्-સર્વ પ્રાણીઓના હૃદયમાં વસનારા તે, मुनिम्-શ્રીશુકદેવજીને, नतः अस्मि-નમન કરું છું. ૨.

અનુવાદ—ઉપનયન સંસ્કાર વિનાના છતાં પણ કર્મ માર્ગનો પરિત્યાગ કરીને પરમહંસ બની વિદાય લેતા શુકદેવજીના વિરહથી વ્યાકુળ થઇને પાછળ જતા દ્વૈપાયન મહર્ષિ વ્યાસ, "હે પુત્ર ! હે પુત્ર ! " એવું સંબોધન કરી બોલાવતા હતા, ત્યારે શ્રીશુકદેવજીની બ્રહ્મરૂપે વ્યાપકતાને લીધે સર્વ વૃક્ષો, "અમે શુક છીએ," એવો પ્રત્યુત્તર આપતાં હતાં. તેવી વ્યાપકતાથી સર્વ પ્રાણીઓના હૃદયમાં વસેલા શ્રીશુકમુનિને હું વંદન કરું છું. ૨.

તત્ત્વસુધા :— ત્રણ શ્લોકોથી વક્તા ગ્રન્થારંભનું મંગલ કરે છે. ત્રિવિધ સુખની પ્રાપ્તિ માટે ત્રણ સંખ્યામાં મંગલ કર્યું છે. મન વાણી કર્મની શુદ્ધિ માટે અને સમર્પણ માટે મંગલના ત્રણ શ્લોકો છે. तरवोऽपिनेदुः વૃક્ષોએ પણ ઉત્તર વાળ્યો. अपि અવ્યય નિશ્ચયાર્થક છે. વ્યાસ મહર્ષિના સ્નેહોદ્રેકને જોઇ વૃક્ષોમાં પણ આત્મભાવ પ્રકટયો અને વૃક્ષો બોલી ઉઠયાં કે અમે 'શુકદેવ' છીએ. अनुपेतम् એકાકી એવો અર્થ થાય છે. अनपेतम् चित्सुख મુનિને સંમત પાઠ છે. 'वसंततिलका' છંદમાં બે શ્લોકોથી મંગલ છે. એક શ્લોક અનુષ્ટુપ્ છે. વસંતમાં સર્વ પુષ્પોનો વિકાસ થાય છે. શ્રીમદ્ ભાગવત અને ભાગવતપરમહંસ શુકદેવ એ બેમાં સર્વ સુગંધમય પુષ્પોનો વિકાસ થયો છે. યોગી શુકમાં સર્વ ગુણપુષ્પો વિકસ્યાં છે. શ્રીમદ્ ભાગવતમાં સર્વ શાસ્ત્રપુષ્પો વિકસ્યાં છે. વિરાગ ગુણાનુરાગ પરાગ વીતરાગ શ્રીશુકદેવ-ઉદ્યાનમાંથી મળે છે, પ્રભુ પદ્મપરાગાનુરાગ રસરાજ શ્રીમદ્ ભાગવતમાંથી મળે છે. ૨.

यः स्वानुभावमखिलश्रुतिसारमेकमध्यात्मदीपमतितितीर्षतां तमोऽन्धम् ।
संसारिणां करुणयाऽऽह पुराणगुह्यं तं व्याससूनुमुपयामि गुरुं मुनीनाम् ॥ ३ ॥

અન્વયાર્થ :-यः-જે શુકદેવજીએ, अन्धं तमः-ગાઢ અંધકારને-મોહાંધકારને, अतितितीर्षताम्-પાર કરી જવા ઇચ્છતા, संसारिणाम्-સંસારી જીવોને, करुणया-દયાથી, अध्यात्मदीपम्-આત્મજ્ઞાનનો પ્રકાશ કરનારું, स्वानुभावम्-પોતાના અસામાન્ય અનુગ્રહને બતાવનારું, अखिलश्रुतिसारम्-સર્વ વેદોના સાર રૂપ, एकम्-અદ્વૈત, पुराणगुह्यम्-પુરાણોમાં શ્રેષ્ઠ-ગૂઢ, એવા ભાગવતને, आह-કહ્યું, तम्-તે, मुनीनाम्-મુનિઓના, गुरुम्-ગુરુ, व्याससूनुम्-વ્યાસજીના પુત્ર શુકને, उपयामि-શરણે જાઉં છું. ૩.

અનુવાદ—પોતાનું ચિંતન કરનારને પોતાના સ્વરૂપને બતાવનાર, સમગ્ર વેદોના સારરૂપ, ઘોર અજ્ઞાન અંધકારને તરવા ચાહનાર જીવોના અંતરાત્મામાં એક દીપક રૂપ અને પુરાણોના ગૂઢ રહસ્ય રૂપ એવા શ્રીમદ્ ભાગવતને, સંસારી મનુષ્યો ઉપર દયા કરીને જેમણે કહ્યું છે, તે વ્યાસ મહર્ષિના પુત્ર અને મુનિજનોના આચાર્ય શ્રીશુકાચાર્યને હું શરણે જાઉં છું. ૩.

તત્ત્વસુધા :— ગુરુમાં બે ગુણ પ્રધાન હોવા જોઇએ, એક વૈરાગ્ય અને બીજો જ્ઞાન. પ્રથમ શ્લોકમાં વૈરાગ્ય વર્ણવ્યું, બીજા શ્લોકમાં જ્ઞાનાત્મક સ્વરૂપથી વંદે છે. સ્વયં મનન કરે તે મુનિ. અન્ય મનનનિષ્ઠ મુનિઓને ગુણાનુવાદનિષ્ઠ બનાવે તે મુનિના ગુરુ ગણાય. વિરક્ત પરમહંસે ગૃહત્યાગ કર્યો ત્યારે મુનિ શબ્દથી સન્માન્યા; એકાંતમાં ઇશ્વર પ્રેમ કેળવી-મેળવી જ્યારે સર્વમાં ભગવદ રસ સિંચ્યો, ત્યારે 'મુનિગુરુ' પદ લાધ્યું. શ્રીમદ્ ભાગવતની ચાર પ્રકારે વિશેષતા હોવાથી ચાર વિશેષણ આપ્યાં છે. શ્રીમદ્ ભાગવત જ્ઞાનરૂપે પણ છે અને જ્ઞેય રૂપે પણ છે. स्वानुभावम् અનુભાવનો અર્થ 'સ્વરૂપ અને મહિમા' થાય છે. માનવનું નૈસર્ગિક સ્વરૂપ બીજો ન જાણે પોતે જ જાણે. જેના ઉપર કૃપા કરે તેને તે જણાવે. નિત્ય ૧૨ અધ્યાયનો પાઠ કરે કે પ્રેમથી ભાગવતનું પ્રવચન કરે તેને ભાગવત નૈસર્ગિક સ્વરૂપનું દાન કરે છે. 'अखिलश्रुतिसारम्' સર્વ પ્રમાણોથી પરિપૂર્ણ તત્ત્વ છે. શ્રુતિઓમાં વિસ્તાર છે, ભાગવતમાં સાર છે. अखिलजनस्य श्रुतेः सारम् પશુ પંખી તરૂ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પાષાણ દેવ દનુજ ગન્ધર્વ ભક્ત જ્ઞાની વિરકત આદિ સર્વના શ્રોત્રને-કર્ણને આનંદ આપનાર શ્રીમદ્ ભાગવત છે. એકમ્ અસાધારણ ગ્રન્થ છે. બ્રહ્મ, પ્રેમ, આત્મા જેમ એક-અદ્વિતીય વસ્તુ છે તેમ ભાગવત પણ અનેક સામગ્રી છે. અધ્યાત્મદીપમ્ સ્વયં પ્રકાશ તત્વ શ્રીમદ્ ભાગવત 'અધ્યાત્મદીપ' છે. દીપક ઘરમાં રહે ને ઘરની સામગ્રીને અજવાળે છે, શ્રીમદ્ ભાગવતને સમજવાની ચાવી ભાગવતમાંજ છે, ઉપયામિ હૃદયમાં પ્રત્યક્ષ અનુભવાય ત્યારેજ 'ઉપયામિ' કહેવાય. ૩.

नारायणं नमस्कृत्य नरं चैव नरोत्तमम् ।
देवीं सरस्वतीं व्यासं ततो जयमुदीरयेत् ॥ ४ ॥

અન્વયાર્થ :-નારાયણમ્-ભગવાન નારાયણને, **નરોત્તમમ્**-મનુષ્યોમાં ઉત્તમ, **નરમ્**-નરને, **સરસ્વતીં દેવીમ્**-શ્રીસરસ્વતી દેવીને, **ચ**-એવ-અને, **વ્યાસમ્**-વ્યાસ મહર્ષિને, **નમસ્કૃત્ય**-નમસ્કાર કરીને, **તતઃ**-ત્યાર પછી, **જયમ્**-જયને-ગ્રન્થને, **ઉદીરયેત્**-આરંભવો. ૪.

અનુવાદ—ભારત વર્ષના અધિષ્ઠાતા દેવ-નારાયણને, નરમાં ઉત્તમ એવા નરને, શ્રીસરસ્વતી દેવીને, અને વ્યાસને નમસ્કાર કરીને જયનો એટલે ગ્રન્થનો આરંભ કરવો. ૪.

તત્વસુધા:—નરં નારાયણમ્. પૃથ્વીના ભારતખંડના વિશિષ્ટદેવની અનુમતિ મેળવવા માટે નર અને નારાયણને નમસ્કાર. નરા ઉત્તમા યેન મનુષ્યો જેનાથી ઉત્તમ આદરણીય છે તે વાયુ ને નમસ્કાર:. **ૐ નમો બ્રહ્મણે નમસ્તે વાયો ત્વમેવ પ્રત્યક્ષં બ્રહ્માસિ** ગુરૂ શિષ્યના મંગલાચરણની શ્રુતિ છે. પ્રાણાયામ કરી સ્વસ્થ આસને બેસવાથી મનો નિરોધ થાય છે. પ્રાણવાયુ ઉપર વિજય ન આવે તો મન એકાગ્ર ન થઈ શકે માટે વાયુને નમસ્કાર કરે છે. **દેવીમ્ શ્રિયમ્** લક્ષ્મીજીને નમસ્કાર કરે છે. **નારાયણમ્** શેષ નારાયણ પણ અર્થ કરવો. શ્રીમદ્ ભાગવતના તેઓ પણ પ્રવર્તક છે. **વ્યાસમ્** પાઠ કેટલાક ગ્રન્થોમાં નથી. ત્યાં **ચૈવ** પાઠ છે. ત્યારે **નારાયણમ્** વ્યાસ નારાયણ અર્થ કરીને વ્યાસજીનું ગ્રહણ થશે. **એવ** અવ્યયથી સૂત્રાત્મા બ્રહ્માજીનું ગ્રહણ કરવું. શ્રીમદ્ ભાગવતના તે પણ પ્રેરક છે. **નરસ્ય વસુદેવસ્ય અપત્યં નારાયણસ્તમ્** શ્રી વસુદેવના પુત્ર શ્રીકૃષ્ણને પ્રણામ. **નરેષુ ઉત્તમઃ બલભદ્રસ્તમ્** શેષાવતાર શ્રી બલભદ્રજીને નમસ્કાર. શ્રીકૃષ્ણ પરબ્રહ્મ છે વેદોના અર્થ સ્વરૂપે છે. બલભદ્રજી શેષાવતાર રૂપે શબ્દબ્રહ્મ છે. વેદ અને વેદાર્થ ઉભયના જ્ઞાન વિના તત્વાવબોધ ન થઈ શકે. **સ્થાણુરયંભારહારઃ** અર્થને ન જાણનાર વેદજ્ઞ તો કેવલ ભારવાહી સ્તંભ સમાન છે. **જયમ્** પ્રસંગે જે ગ્રન્થનું પ્રવચન પાઠ કરવાનાં હોય તે ગ્રન્થનો પ્રારંભ કરતા પહેલાં વકતાએ પણ પોતાના આચાર્યને પ્રણામ કરી ગ્રન્થારંભ કરવો. **મંગલાચાર યુક્તાનાં નિત્યં ચં પ્રયતાત્મનામ્ । જપતાં જુહ્વતાં નિત્યં વિનિપાતો ન વિદ્યતે ॥** મંગલાચરણ અને વંદનપૂર્વકના કાર્યની સિદ્ધિ ઈશ્વર ઉપર અવલંબે છે કર્તા નિર્ભય છે. ૪.

सूत उवाच— मुनयः साधु पृष्टोऽहं भवद्भिर्लोकमंगलम् ।
यत्कृतः कृष्णसंप्रश्नो येनात्मा सुप्रसीदति ॥ ५ ॥

અન્વયાર્થ:-હે મુનયઃ-હે મુનિઓ, **ભવદ્ભિઃ**-આપનાથી, **અહમ્**-હું, **સાધુ**-સારી રીતે, **લોકમંગલમ્**-લોકોના મંગલને કરનાર વસ્તુ છે એવો, **પૃષ્ટઃ**-પૂછાયેલ છું, **યત્ કૃષ્ણસંપ્રશ્નઃ**-કે જે શ્રીકૃષ્ણ સંબંધી પ્રશ્ન, **કૃતઃ**-કર્યો, **યેન**-જે પ્રશ્નથી, **આત્મા**-અંતઃકરણ, **સુપ્રસીદતિ**-ખૂબજ પ્રસન્ન થાય છે. ૫.

અનુવાદ—સૂતે કહ્યું-હે મુનિઓ; આપે મને ખુબ સારો પ્રશ્ન પૂછયો છે, કે જે પ્રશ્નમાં લોકોનું મંગળ સમાયેલું છે, તેમજ એ પ્રશ્ન ભગવાન શ્રીકૃષ્ણ સંબંધી છે, જે પ્રશ્નના શ્રવણથી અન્તઃકરણ પ્રસન્ન થાય છે. ૫.

તત્વસુધા :— કેટલાક ગ્રન્થમાં **સૂત ઉવાચ** નથી. **મુનયઃ** મૌનશીલ કંઈપણ બોલે ત્યારે અવશ્ય તાત્પર્ય પૂર્ણ વાક્ય હોય. મુનિજનો, આપનો ઉપકાર માનું છે કે આપ મને ભગવદ્ગુણાનુવાદમાં પ્રેરો છો. **યેનાત્મા**

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સુપ્રસીદતિ તત્વજ્ઞાનનો અન્ય ગ્રન્થોમાં પ્રશ્ન કરે તેનો ઉત્તર સાંભળે, સમજે, અમલ કરે, ત્યારે આત્મા અમલ અને અને પ્રસન્ન બને. શ્રીમદ્ ભાગવતમાં પૂછેલ પ્રશ્નનાજ શ્રવણમાં આત્મ પ્રસાદ સિદ્ધ થાય છે, પ્રત્યુત્તર અવશિષ્ટ નથી રહેતો, આપ અજ્ઞાત પણ નથી. માત્ર મારી વાણીને મંગલ કરવા મંગલ વિધિનો ગુણાનુવાદની ધૃષ્ટતા કરું છું. ૫.

स वै पुंसां परो धर्मो यतो भक्तिरधोक्षजे ।
अहैतुक्यप्रतिहता ययाऽऽत्मा सम्प्रसीदति ॥ ६ ॥
वासुदेवे भगवति भक्तियोगः प्रयोजितः ।
जनयत्याशु वैराग्यं ज्ञानं च यदहैतुकम् ॥ ७ ॥
धर्मः स्वनुष्ठितः पुंसां विश्वक्सेनकथासु यः ।
नोत्पादयेद्यदि रतिं श्रम एव हि केवलम् ॥ ८ ॥

અન્વયાર્થ :–**यतः**–જે ધર્મથી, **अधोक्षजे**–અધોક્ષજ ભગવાનમાં, **अहैतुकी**–નિષ્કામ, **अप्रतिहता**–અખંડિત, **भक्तिः**–ભક્તિ થાય, **यया**–જે ભક્તિથી, **आत्मा**–ભગવાન–અન્તઃકરણ, **सम्प्रसीदति**–પ્રસન્ન થાય છે, **स वै**:–તેજ ખરેખર, **पुंसाम्**–પુરુષોનો, **परः**–શ્રેષ્ઠ, **धर्मः**–ધર્મ છે. ૬; **भगवति**–**वासुदेवे**–ભગવાન વાસુદેવમાં, **प्रयोजितः**–યોજેલો, **भक्तियोगः**–ભક્તિયોગ, **आशु**–જલદીથી, **यत्**–જે જ્ઞાન અને વૈરાગ્ય, **अहैतुकम्**–હેતુરહિત છે, **वैराग्यम्**–વૈરાગ્યને, **च ज्ञानम्**–અને જ્ઞાનને, **जनयति**–ઉત્પન્ન કરે છે. ૭; **पुंसाम्**–પુરુષોને, **यः**–જે, **धर्मः**–ધર્મ, **स्वनुष्ठितः**–સારી રીતે આચરાયેલ છતાં, **विश्वक्सेनकथासु**–વિશ્વક્સેન,–પરમાત્માની કથાઓમાં, **रतिम्**–પ્રેમને, **यदि** જો, **न उत्पादयेत्**–ઉત્પન્ન ન કરાવે તો, **हि**–ખરેખર, તે **केवलम् श्रमः एव**–કેવલ પરિશ્રમજ છે. ૮.

અનુવાદ—સાચે જ, પુરૂષોનો તે પરમ શ્રેષ્ઠ ધર્મ છે કે જે ધર્મથી, ભગવાનમાં હેતુ રહિત અખંડિત ભક્તિભાવ કાયમ રહે; એવી ભક્તિથી ભગવાન પ્રસન્ન થાય છે. ૬; ભગવાન વાસુદેવમાં યોજવામાં આવેલો ભક્તિયોગ, હેતુ રહિત વૈરાગ્ય તેમજ જ્ઞાનને અતિશીઘ્ર ઉત્પન્ન કરે છે. ૭; સારી રીતે વિધિપુરઃસર પાલન કરવામાં આવેલો ધર્મ જો વિશ્વક્સેન ભગવાનની કથાઓમાં પ્રીતિભાવને જાગ્રત ન કરાવે તો ખરેખર તે કેવળ પરિશ્રમ રૂપ જ છે. ૮.

તત્વસુધા :—પ્રથમ અધ્યાયના આરંભમાં 'આત્યંતિક કલ્યાણ અને તેનું સાધન' શું એવા બે પ્રશ્નો પૂછ્યા છે. અત્યંત વિવેકપૂર્વક ચર્ચા આરંભે છે. 'ફલ અને સાધન'ને અન્ય શાસ્ત્રોમાં અલગ વર્ણવ્યાં છે અને તેમજ સંભવે; જેમ કે ભોજન સામગ્રીનું નિર્માણ અને ઉપભોગ; પરંતુ ભાગવત સિદ્ધાંતમાં 'ફળ અને સાધન' બન્ને એકજ છે. ભગવત્પ્રાપ્તિ ફળ છે અને ભગવત્સેવા સાધન છે, એ છે સામાન્ય નિયમ; જ્યારે વાસ્તવિક સમજમાં તો સેવા અને પ્રભુપ્રાપ્તિ ઉભય એકજ છે. સત્તર શ્લોકોમાં આ વિષયની ચર્ચા આવશે. ભગવત્પ્રાપ્તિમાં પ્રથમ ધર્મ અને આખરે ભગવાનનો અનુગ્રહ સાધન તરીકે થાય ત્યારે ભગવત્સાક્ષાત્કાર થાય. આ સાધન પરંપરા બે પ્રકારની છે. કથામાં અભિરુચિ, શ્રવણાદિક અને પ્રેમ એ ત્રણ પ્રકારની ભક્તિ એક પરંપરા. આત્મજ્ઞાન, તત્વજ્ઞાન અને ભગવદ્જ્ઞાન એ બીજી પરંપરા. તેમાંથી પ્રથમ પરંપરાનો વિચાર છઠ્ઠા શ્લોકથી શરૂ થાય છે. 'पुंसामेकान्ततः श्रेयः ।' આ વાક્યથી પ્રથમ અધ્યાયના નવમા શ્લોકે પૂછ્યું તેનો ઉત્તર બીજા અધ્યાયનો છઠ્ઠા શ્લોકે **सर्वेपुंसाम्** પૂર્ણ. સ્વતંત્ર પૂર્ણ સ્વસ્થને પુમાન કહેવાય, નિર્લોભ તત્વ જેનામાં પૂર્ણ વિકસે તે ધર્મ કે ભક્તિ કરી શકે. **परोधर्मः** ધર્મ અને પરમ ધર્મ એવા ધર્મના પ્રકાર છે. ફલમાં તત્પર થઈને આચરે તે ધર્મ. ફલ માત્રથી પર થઈને કે સ્નેહ તત્પર થઈને આચરે તે ધર્મ–શ્રેષ્ઠધર્મ છે. આશા વિનાની આશય વિનાની અને અખંડિત, અખિલ વિશ્વ અને વિશ્વેશ્વરની સેવા કે કર્તવ્યરતિ એ પરમધર્મ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

છે. કર્તવ્ય છે કામના નથી; સમર્પણ છે વળતરમાં વૃત્તિ નથી; પ્રવૃત્તિ છે પ્રમાદ નથી, પ્રલોભન નથી, પ્રયોજન નથી, પક્ષપાત નથી, પણ પ્રભુ પ્રેમથી આરંભ છે અંત નથી, પરમ ધર્મ છે. યજ્ઞનું અનુષ્ઠાન છે પણ સ્વર્ગ ફલનો સંકલ્પ નથી; દાન છે પણ કીર્તિમાં દાનત નથી; તપશ્ચરણ છે પણ તેની સિદ્ધિઓમાં લક્ષ્ય નથી; છે કેવલ તન મન ધન અને સાધનનો સ્વાભાવિક સ્નેહથી હરિ સેવામાં અને હરેકની સેવામાં વિનિયોગ એ પરમ ધર્મ છે. જેને અર્પું છું; તે તેની અનામત તેને સમર્પું છું; સેવું છું તે મારું જ સ્વરૂપ છે; મને કાંઈ ન ખપે કોઈનું ન ખપે; મારું સૌ કોઇના ખપમાં અવશ્ય ખપે; આવી સ્વભાવ રતિ એજ ધર્મ છે.

સમાજ માટે નથી કરતો સમજ છે તેથી કરું છું; દેશ ઉપર ઉપકાર માટે નથી કરતો, દેહ દેશનો દેવાદાર છે તેથી આચરું છું; પરોપકાર માટે નથી કરતો, પ્રત્યેક પ્રભુનો કે પોતાનો આકાર છે માટે આચરું છું તે પરમ ધર્મ છે.

કમલ, પ્રભુનું ચરણ કમલ છે તેથી મુકું છું પણ ફૂલ લેવા નથી મુકતો. ફૂલ, પ્રભુને ચરણે ધરું છું કારણ પ્રભુ પરમ ફલ છે. ફૂલ પરમ ફલને ધરાય એવી પ્રેમ નિષ્ઠાથી સેવા પરમ ધર્મ છે.

પુત્ર, મિત્ર, ક્ષત્ર કે અમિત્ર, દેશ દેવ કે દેહ માટે જે કરું છું તે તેનાથી વળતર લેવા માટે નહી પરંતુ તેમનું છે તે તેમની સેવા માટે વાપરું છું. માટેજ પરમધર્મની વ્યાખ્યા કરતાં વાક્ય લખ્યું છે અહૈતુકી અપ્રતિહતા અધોક્ષજે યતઃ ભક્તિ સઃ પરોધર્મઃ અખંડિત અને આશા વિનાની અધોક્ષજમાં સેવા જે આચરણથી થાય તે પરમ ધર્મ છે. 'ભગવદ્ ગુણાનુવાદ શ્રવણ અને સત્સંગ' ઉપરોકત સેવા નિષ્ઠા સાધી આપશે માટે શ્રવણ, પરમ ધર્મ છે. એ સાધન પણ છે અને ફૂલ પણ છે. ૬.

વાસુદેવે ભગવતિ ભક્તિયોગઃ-જે સર્વત્ર વસે છે તે વાસુદેવ એ ભાવથી 'સેવા ક્રિયા' થાય તોજ વિષય વિરાગ, ગુણાનુરાગ, આત્મજ્ઞાન પ્રાપ્ત થાય. ૭.

ધર્મઃસ્વનુષ્ઠિતઃ યોગ યાગ ત્યાગ એ બધા ધર્મો છે. વિષય વૈરાગ્ય જ્ઞાન મોક્ષ આપશે પછી શ્રવણ માટે આગ્રહ શાથી ? એનો તાત્વિક નિર્ણય કર્યો છે. શ્રવણમાં હૃદય શુદ્ધિનું અને ભગવદ્ભાવ જાગૃત કરવાનું અનુપમ સામર્થ્ય છે. યજ્ઞ આદિ તો ફલની આશામાં લઈ જાય છે. ધાર્યાં ફળ મળતાં નથી ને શ્રમ અનુભવાય છે. જો યજ્ઞ વગર ભગવદ્ કથામાં અભિરતિ ઉત્પન્ન ન કરી શકયા તો કેવલ શ્રમજ થયો કોઈ લાભ થયો નહીં. વિશ્વક્સેનકથાસુ સન્તો ભગવાનની સેના છે, તેથી ભગવાનનું નામ 'વિશ્વક્સેન' કહ્યું. બહિર્મુખ જીવોને ભગવચ્ચરણમાં લાવીને મુકે એવા નારદજી જેવા સૈનિકો ધરાવનાર વિશ્વક્સેન કહ્યા, તેમની કથા નામની સુંવાળી દોરી છે, તેનાથી બાંધીને લઈ આવે છે. ૮.

ધર્મસ્ય હ્યાપવર્ગ્યસ્ય નાર્થોઽર્થાયોપકલ્પતે ।
નાર્થસ્ય ધર્મૈકાન્તસ્ય કામો લાભાય હિ સ્મૃતઃ ॥ ૯ ॥
કામસ્ય નેન્દ્રિયપ્રીતિર્લાભો જીવેત યાવતા ।
જીવસ્ય તત્ત્વજિજ્ઞાસા નાર્થો યશ્ચેહ કર્મભિઃ ॥ ૧૦ ॥

અન્વયાર્થ :-આપવર્ગ્યસ્ય-મોક્ષસંબંધી, **ધર્મસ્ય**-ધર્મનો, **અર્થઃ**-દ્રવ્ય પ્રાપ્તિ. **અર્થાય**-લાભ તરીકે, **ન ઉપકલ્પતે**-ગણી શકાય નહિ, **ધર્મૈકાન્તસ્ય**-ધર્માચરણ એકજ જેનું પ્રયોજન છે એવા, **અર્થસ્ય**-દ્રવ્યની પણ, **કામઃ**-વિષયોપભોગ, **લાભાય**-લાભ માટે, **ન સ્મૃતઃ**-કહેલ નથી. ૯. **કામસ્ય**-કામ વિષયોપભોગનું ફળ, **ઇન્દ્રિયપ્રીતિઃ ન** ઇન્દ્રિયોની તૃપ્તિ નથી, પરંતુ **યાવતા**-જેટલા પ્રમાણથી, **જીવેત**-જીવી શકાય, તેજ **લાભઃ**-લાભ, **જીવસ્ય**-જીવનનું ફળ, **તત્ત્વજિજ્ઞાસા**-તત્ત્વ જિજ્ઞાસા છે, **ઇહ**-આ શ્લોકમાં, **કર્મભિઃ**કેવલ કર્મો કરવાથી, **અર્થઃ ન**-પ્રયોજન સિદ્ધ નથી થતું. ૧૦.

અનુવાદ-મોક્ષ જેનું પ્રયોજન છે એવા ધર્મનું સ્ત્રી-પુત્ર-વિત્ત ઇત્યાદિ ફળ ન સંભવી શકે; વળી ધર્મ માર્ગમાં વિનિયોગ જેનું પ્રયોજન છે, એવા ધનની વપરાશ વિષય સેવનમાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ન થઈ શકે. ૯; જીવન નિર્વાહ જેનું પ્રયોજન છે, એવો કામોપભોગ ઇન્દ્રિયોની લહેજત માટે ન હોઈ શકે; જીવનનું પ્રયોજન પણ સ્થૂલ કર્મો માટે નથી; પરંતુ તત્ત્વ જિજ્ઞાસા માટે છે. ૧૦.

તત્ત્વસુધા :— 'आपवर्ग्यस्य' મોક્ષ આપનારા ધર્મનું સેવન ધન માટે ન સંભવે પણ ધનનો વિનિયોગ ધાર્મિક પદ્ધતિએ થવો ઘટે. પુણ્યફળ દાન કે યાગ કરું એવા સંકલ્પે ધર્મનું આચરણ કરી આશા ન કરાય. ઉદ્યોગથી મળતી શ્રમસંપત્તિને સાત્વિક રીતે વાપરી શકાય. ધર્મની શક્તિ 'અપવર્ગ' મોક્ષપર્યંત લઈ જવાની છે. યજ્ઞ દાન તપ આ ત્રણ ધર્મનાં પ્રતીક છે. તે લોક કલ્યાણની ભાવનાએ અને ધનના સાચા ઉપયોગની દૃષ્ટિએ કરવાનાં. અર્થ ઉપભોગ માટે નથી, વિનિયોગ માટે છે. कामस्य इन्द्रियप्रीतिः लाभः न। ઇન્દ્રિયોને રાજી કરવા તાજી કરવા કે હરાજી કરવા કોઈ ભોગ ઇન્દ્રિયોને ન અપાય. ઇન્દ્રિયોને સાજી રાખવા પદાર્થો અપાય. રેડિયો સંગીત રાજી કરનારાં છે. મિષ્ટાન્ન કે સ્વાદિષ્ટાન્ન ઇન્દ્રિયોને તાજાં કરનારાં છે. મુલાયમ વસ્ત્ર અત્તર સુગંધ ઇન્દ્રિયોની હરાજી કરનારાં છે. તે ઇન્દ્રિયોને નીતિ સંયમ વિમુખ કરશે, માટે તે ન અપાય. સંગીતમાં ભગવત્કીર્તિ, વસ્ત્રોમાં વલ્કલ એટલે સ્વદેશી, ભોજનમાં ભગવત્પ્રસાદ એટલે કે સાત્વિક સામગ્રીજ આપી શકાય. જીતી નિદ્રા અને જીત્યો આહાર અલખત પામ્યો અપરંપાર. સંતાન થયા બાદ સંસાર—'વિષય ઉપભોગ' ન થાય. 'ઇન્દ્રિયજીત' ઇન્દ્ર કરતાં પણ મોટો. ખાનપાનને ખાતર જીંદગી નથી, જીંદગીને ખાતર ખાનપાન છે. जीवस्य तत्त्वजिज्ञासा' જીવ તત્ત્વના જ્ઞાન માટે છે. 'जीवस्य' શબ્દનો અર્થ થાય છે जीवनस्य. એક પ્રશ્ન થાય જો 'લહેર' ન કરે તો જીવવું શા માટે ? ઇન્દ્રિયોમાં લહેર એ જીવનનું ઝેર. ઇન્દ્રિયોમાં નિગ્રહ એ ઈશનો અનુગ્રહ—મહેર. 'જીવન તત્ત્વ જિજ્ઞાસા' માટે છે, જીવવું જીવાડવા માટે; શ્રીકૃષ્ણનો દશમ સ્કંધના ૨૨મા અધ્યાયના ૩૧મા શ્લોકમાં સંદેશ છે કે अहो एषां वरं जन्म 'सर्वप्राण्युपजीवनम्' સર્વને જીવાડવા જીવે તે સર્વ શ્રેષ્ઠ જીવન. વૃક્ષો વિશ્વને જીવાડે છે; મનુષ્યે વિશ્વને જીવાડવું. जीवन्ति नात्मार्थमसौ पराश्रयम् શ્રી. ભાગ. ૧—૪—૧૨ પુણ્યપુરુષો પોતાને ખાતર જીવે; પરંતુ પરને પ્રત્યેકને આશ્રય આપવા જીવે. કાયાનું કે કુટુમ્બનું જ કરે તે કામી પણ વિશ્વકુટુંબ માટે કરે તે પ્રેમી. જીવનનાં ભાગવત સંસ્કૃતિએ ત્રણ લક્ષ્ય દર્શાવ્યાં. ૧૦.

वदन्ति तत्तत्त्वविदस्तत्त्वं यज्ज्ञानमद्वयम् ।
ब्रह्मेति परमात्मेति भगवानिति शब्द्यते ॥ ११ ॥

અન્વયાર્થ:—यत्—જે, **अद्वयम्**—અદ્વિતીય, **ज्ञानम्**—જ્ઞાન છે, **तत्त्वविदः**—તત્ત્વને જાણનારા—તત્ત્વવેત્તાઓ, **तत्**—તેને, **तत्त्वम्**—તત્ત્વજ્ઞાન, **वदन्ति**—કહે છે, જે જ્ઞાન, **ब्रह्म**—બ્રહ્મ, **परमात्मा**—પરમાત્મા, અને **भगवान् इति**—ભગવાન એ પ્રકારે, **शब्द्यते**—કહેવાય છે. ૧૧.

અનુવાદ—તત્ત્વવેત્તાઓ, તે એક અદ્વતીય જ્ઞાનને તત્ત્વજ્ઞાન કહે છે, જે જ્ઞાન બ્રહ્મ, પરમાત્મા, ભગવાન એવા નામોથી શાસ્ત્રમાં વર્ણવાય છે. ૧૧.

તત્ત્વસુધા :—ભક્તો તત્ત્વનો અર્થ 'ભગવાન' કરે છે; જ્ઞાનીઓ તત્ત્વનો અર્થ 'બ્રહ્મ' કરે છે; સ્મૃતિકારો તત્ત્વનો અર્થ 'પરમાત્મા' કરે છે; 'तत्त्वविदः' જેના વક્તવ્યમાં વિશ્વની કોઈપણ વ્યક્તિને આદર વિશ્વાસ અને આત્મહિતનો સંદેશો ભાસે તેજ તત્ત્વવેત્તાઓ છે. ૧૧.

तच्छ्रद्दधाना मुनयो ज्ञानवैराग्ययुक्तया ।
पश्यन्त्यात्मनि चात्मानं भक्त्या श्रुतगृहीतया ॥ १२ ॥

અન્વયાર્થ :—तत् श्रद्दधानाः—તે તત્ત્વને શ્રદ્ધાપૂર્વક ધારણ કરનારા, **मुनयः**—મુનિઓ, **ज्ञान वैराग्य युक्तया**—જ્ઞાન અને વૈરાગ્યથી યુક્ત, **च श्रुतगृहीतया**—અને શાસ્ત્રથી ગ્રહણ કરાયેલી, **भक्त्या**—ભક્તિથી **आत्मनि**—અંતઃકરણમાં (સ્વસ્વરૂપમાં), **आत्मानम्**—પરમાત્માને—આત્મસ્વરૂપને, **पश्यन्ति**—અનુભવે છે. ૧૨.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—તે પરમાત્મ તત્ત્વજ્ઞાનના શ્રદ્ધાળુ મુનિજનો શાસ્ત્રજ્ઞાનદ્વારા ગ્રહણ કરાયેલી અને જ્ઞાન વૈરાગ્ય યુક્ત ભક્તિથી પોતાના સ્વરૂપ-રૂપમાં અપરોક્ષ અનુભવ કરે છે. ૧૨.

તત્ત્વસુધા :— આમા શ્લોકથી અગીઆરમા શ્લોક સુધી 'શ્રેય' સંપાદન કેમ કરાય તેની બીજી બીજી પરંપરાનો નિર્દેશ કર્યો છે. પ્રથમ ધર્માચરણ, બાદ વેદાર્થ મનન, પુનઃ વેદાર્થના નિદિધ્યાસનથી આત્મ સાક્ષાત્કાર. પછી વિષય વિરાગ બાદ શ્રવણાદિ સાધનભક્તિ, અન્તમાં ભગવદ્ ભક્તિ સિદ્ધ થાય આ રીતે ધ્યેય સિદ્ધ કરવા વર્ણ-આશ્રમ-ધર્મનું અનુસેવન કરવું એ હવે પછીના શ્લોકોથી કહેશે. ૧૨.

अतः पुम्भिर्द्विजश्रेष्ठा वर्णाश्रमविभागशः ।
स्वनुष्ठितस्य धर्मस्य संसिद्धिर्हरितोषणम् ॥ १३ ॥
तस्मादेकेन मनसा भगवान् सात्वतां पतिः ।
श्रोतव्यः कीर्तितव्यश्च ध्येयः पूज्यश्च नित्यदा ॥ १४ ॥
यदनुध्यासिना युक्ताः कर्मग्रन्थिनिबन्धनम् ।
छिन्दन्ति कोविदास्तस्य को न कुर्यात्कथारतिम् ॥ १५ ॥

અન્વયાર્થ :—अतः-માટે, द्विजश्रेष्ठाः-હે શ્રેષ્ઠ મહર્ષિઓ, पुम्भिः-પુરુષોથી, वर्ण-आश्रम-विभागशः-વર્ણ, આશ્રમના વિભાગાનુસાર, स्वनुष्ठितस्य-વ્યવસ્થિત આચરેલા, धर्मस्य ધર્મની, संसिद्धिः-ઉત્તમ સિદ્ધિ, हरितोषणम्-શ્રીહરિની પ્રસન્નતા છે. ૧૩. तस्मात्-તેટલા માટે, सात्वताम्-ભક્તોના, पतिः-સ્વામી, भगवान्-ભગવાન, एकेन मनसा-એક ચિત્તથી, नित्यदा-નિરંતર, श्रोतव्यः-સાંભળવા, च-અને, कीर्तितव्यः-કીર્તન કરી ગાવા. च-અને, ध्येयः-ધ્યાનનો વિષય કરવા पूज्यः-પૂજન કરવું. ૧૪ कोविदाः-વિદ્વાન પુરુષો, यदनुध्यासिना-જે ભગવાનના ધ્યાન રૂપ ખડ્ગથી, युक्ताः-યુક્ત, कर्म-ग्रन्थि-निबन्धनम्-કર્મની ગાંઠનાં બંધનોને, छिन्दन्ति-છેદી નાખે છે, तस्य-તે ભગવાનની, कथारतिम्-કથાઓમાં પ્રેમને, कः-કયો પુરુષ, न कुर्यात्-ન કરે ? ૧૫.

અનુવાદ—માટે હે શ્રેષ્ઠ મહર્ષિઓ, વર્ણ-આશ્રમ વિભાગાનુસાર સારી રીતે આચરવામાં આવેલો ધર્મ ત્યારે જ વ્યવસ્થિત સિદ્ધ થયો ગણાય કે જ્યારે એ ધર્માચરણથી શ્રીહરિ પ્રસન્ન થાય. ૧૩; તે કારણથી ભક્ત પ્રતિપાલક ભગવાનનું એક ચિત્તથી નિરંતર શ્રવણ, કીર્તન, ધ્યાન પૂજન-અર્ચન કરવું. ૧૪; જે પરમાત્માના અનન્ય ધ્યાનરૂપ ખડ્ગથી યુક્ત કુશલ વિદ્વાનો કર્મ કરાવનાર અહંકારની ગ્રન્થીને છેદી નાખે છે; તે પ્રભુની કથાઓમાં કયો પુરુષ પ્રેમ ન કરે ? ૧૫.

તત્ત્વસુધા :— વર્ણ અને આશ્રમ વિભાગથી સમાજ પરસ્પર સંકલિત રહે અને સંસ્કૃતિ દ્વારા સુરક્ષિત રહે. પ્રત્યેક વ્યક્તિમાં બીજ રૂપે રહેલા ગુણોના વિકાસની સાધનાનો સફળ પ્રયોગ વર્ણ-આશ્રમ વિભાગમાં છે. કર્તવ્યની ફાળવણી કર્તામાં રહેલી મૂળભૂત શક્તિને અનુરૂપ હોય તો સફળતા સુનિશ્ચિત છે. ધર્મની શક્તિ તેથી અલૌકિક છે કે તે વ્યક્તિમાં કે વ્યષ્ટિમાં એટલે પદાર્થ માત્રમાં રહેલા નૈસર્ગિક ગુણોને પોષે છે અથવા સ્વયં પોષણરૂપે બને છે. ધર્મ એટલે વિશ્વની પ્રતિષ્ઠા. વિશ્વમાં જડ ચેતન બે પદાર્થ આવે. પ્રતિષ્ઠા એટલે દરેકનું દૃઢ અવલંબન.

द्विजश्रेष्ठाः સંબોધન છે. દ્વિજ બે વખત જન્મ લે છે. વિપ્ર કુલમાં વિપ્ર માતા પિતાને ત્યાં પ્રથમ જન્મ, સંસ્કારોથી ગુણોનો વિકાસ કર્યો તે બીજો જન્મ. સંસ્કારથી વિકસિત બનેલી તપ વિદ્યા શીલ વગેરે શક્તિનો, વિશ્વના વિવિધ ક્ષેત્રોના ઉત્કર્ષ માટે વપરાશ થવો તે દીક્ષિત ત્રીજો જન્મ. સમાજનો એક ચતુર્થાંશ વર્ગ પરંપરાથી જ્ઞાન, તપ વિજ્ઞાન, શીલ દ્વારા સમાજની જરૂરીયાતોને પૂરી પાડે તે બ્રાહ્મણ. બીજો ચતુર્થાંશ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વર્ગ પરંપરાગત બલ, શૌર્ય, વ્યવસ્થા દ્વારા રક્ષણ કરે. ત્રીજો વિભાગ ઉદ્યોગ વ્યાપાર દ્વારા દેશનું અર્થ તંત્ર સદ્ધર રાખે; જે અર્થ બળથી વિશ્વ સામે ઉન્નત મસ્તકે રહી શકીએ. સમાજનો અવશિષ્ટ ચોથો વિભાગ પ્રત્યેક રીતે શ્રમ સાધ્ય કાર્યોમાં પૂર્ણ બળ આપી કામ કરે એ આખી સંકલના વિશ્વના ઉદયની પ્રતિષ્ઠા છે. संसिद्धिर्हरितोषणम् કોઇપણ વ્યક્તિનું ધર્મનું સેવન એના અંગત કે કૌટુમ્બિક સુખ સમ્પત્તિના વિકાસનું કારણ ન બની રહે; પરંતુ તેના વિશ્વ વિકાસમાં તે મુખ્ય સાધન બને, એ દ્વારા વિશ્વના નિયંતા ભગવાન રાજી રહે. જેનાથી ઇશ્વર પ્રસન્ન થાય તેજ સાચો ધર્મ; एकेन मनसा જે કાર્યમાં કાયા પરોવાયેલ છે તે કાર્યમાંજ ચિત્તનું રહેવું એકાગ્ર મનનું લક્ષણ છે. વળી એક ઇશ્વરની પ્રસન્નતાનાજ ફળ વિના બીજા ફળનો વિચાર ન કરવો તેને પણ 'એકમન' કહેલ છે. કર્મના ફલમાં આસક્તિ ન રહે કર્મ થઇ શકે તે હેતુથીજ 'શ્રવણધર્મ'નું આ પ્રકરણથી વિધાન થઈ રહેલ છે. 'यदनुध्यासिना' અનુધ્યા એટલે અનુધ્યાન. અનુધ્યાન તીવ્ર તરવાર છે. તરવાર કોવિદ ના હાથમાં હોવી જોઇએ. બંધન કાપતાં આંગળી ન કપાય તેનું નામ ધ્યાન. ગાયના ગળામાંથી રત્ન કાઢતાં ગાય ન મરે તેવી વિચક્ષણતાનેજ ધ્યાન ગણાય. કથામાં રૂચિ કરે તે કોવિદ. ૧૩. ૧૪. ૧૫.

शुश्रूषोः श्रद्दधानस्य वासुदेवकथारुचिः ।
स्यान्महत्सेवया विप्राः पुण्यतीर्थनिषेवणात् ॥ १६ ॥
शृण्वतां स्वकथाः कृष्णः पुण्यश्रवणकीर्तनः ।
हृद्यन्तःस्थो ह्यभद्राणि विधुनोति सुहृत्सताम् ॥ १७ ॥
नष्टप्रायेष्वभद्रेषु नित्यं भागवतसेवया ।
भगवत्युत्तमश्लोके भक्तिर्भवति नैष्ठिकी ॥ १८ ॥
तदा रजस्तमोभावाः कामलोभादयश्च ये ।
चेत एतैरनाविद्धं स्थितं सत्वे प्रसीदति ॥ १९ ॥

અન્વયાર્થ :—હે વિપ્રાઃ-હે વિપ્રો, શુશ્રૂષોઃ-શ્રવણની ઇચ્છાવાળા, શ્રદ્દધાનસ્ય-શ્રદ્ધાળુને, વાસુદેવ-કથા-રુચિઃ-વાસુદેવની કથામાં પ્રેમ, મહત્સેવયા-મહાપુરુષોની સેવાથી, પુણ્યતીર્થ-નિષેવણાત્-પવિત્ર તીર્થોના સેવનથી, સ્યાત્-થાય. ૧૬; હિ-કારણકે, પુણ્ય શ્રવણ કીર્તનઃ-પવિત્ર શ્રવણ કીર્તન એવા, સતામ્ સજ્જનોના, સુહૃત્-પરમ સખા, કૃષ્ણઃ-શ્રીકૃષ્ણ, સ્વકથાઃ-પોતાની કથાઓને, શૃણ્વતામ્-સાંભળનારાઓના, હૃદ્યન્તસ્થઃ-હૃદયમાં વસેલા, અભદ્રાણિ-અમંગલોને, વિધુનોતિ-દૂર કરે છે. ૧૭; નિત્યમ્-નિરંતર, ભાગવત સેવયા-શ્રીમદ્ ભાગવતની સેવાથી, અભદ્રેષુ-અમંગલો, નષ્ટ પ્રાયેષુ-લગભગ નાશ પામતાં, ઉત્તમ શ્લોકે-ઉત્તમ યશ વાળા, ભગવતિ-ભગવાનમાં, નૈષ્ઠિકી-અવિચલ, ભક્તિઃ-ભક્તિ, ભવતિ-થાય છે. ૧૮; તદા-ત્યારે, રજઃ તમઃ-ભાવાઃ-રજોગુણ-તમોગુણના ભાવો, ચ-અને, યે-જે, કામ-લોભ-આદયઃ-કામ, લોભ વગેરે મિશ્ર ભાવો, એતૈઃ-આ સર્વ ભાવોથી, અનાવિદ્ધમ્-ન વિંધાયેલું, ચેતઃ-ચિત્ત. સત્ત્વે-સત્વ-ગુણમાં, સ્થિતમ્-રહેલું, પ્રસીદતિ-પ્રસન્ન થાય છે. ૧૯;

અનુવાદ—હે વિપ્રો ! શ્રવણ કરવાની ઇચ્છા રાખનારા, શ્રદ્ધાળુ પુરુષને શ્રીવાસુદેવની કથામાં પ્રેમ, મહત્પુરુષોની સેવાથી અને પવિત્ર તીર્થોના સેવનથી થાય છે. ૧૬; કારણ કે જેમનાં મંગલકારી શ્રવણ કીર્તન છે એવા અને સજ્જનોના હિતકારી શ્રીકૃષ્ણ ભગવાન પોતાની કથાઓનું શ્રવણ કરનાર પુરુષોના હૃદયમાં વસીને ભક્તોના અમંગલોને ધોઈ નાખે છે. ૧૭; નિરંતર શ્રીમદ્ ભાગવતની સેવાથી અમંગળ નષ્ટ થતાં, પુણ્યશ્લોક ભગવાનમાં અચલ નિષ્ઠા-વાળી ભક્તિ ઉત્પન્ન થાય છે. ૧૮; ત્યારે રજોગુણ, તમોગુણના ધર્મો-કામ, લોભ વિગેરે તેમજ અન્ય વિકારોથી અલિપ્ત ચિત્ત, સત્ત્વગુણમાં રહેલું પ્રસન્નતાને અનુભવે છે. ૧૯.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્ત્વસુધા :- ઉત્તમ કોટિની ભક્તિનું માર્ગ દર્શન સત્તરમા શ્લોકથી છે. 'પુણ્ય તીર્થ નિષેવણાત્' પુણ્ય આચરણ અને તીર્થાટન ઉપનિષદ જ્ઞાનના ચાટણથી અધિક શ્રેષ્ઠ રસાયણ છે. પુણ્ય શબ્દથી સત્કર્મ અને પુણ્ય શ્લોક ઉભયનું ગ્રહણ થાય છે. સત્કર્મ સર્વ શ્રેષ્ઠ તીર્થ છે. સત્કર્મથી શ્રદ્ધાવૃદ્ધિ થાય છે. તીર્થ સેવનથી દેહ ગેહકુટુંબાસક્તિ દૂર થાય છે. કથા રૂચિમાં ત્રણ સાધન છે. એક પુણ્યશ્લોક ચરણ સેવન, બીજું સત્કર્મચરણ ત્રીજું તીર્થાચરણ. ગૃહત્યાગ, તીર્થાટન, મહાપુરૂષ સેવન, અને કથાશ્રવણ આ એક પ્રકાર વર્ણવ્યો. ગૃહત્યાગ કરતાં આગ્રહ ત્યાગ શ્રેષ્ઠ છે. અભદ્રાણિ વિધુનોતિ અભદ્રને સ્વચ્છ કરે છે. શ્રીકૃષ્ણ, શ્રવણથી હૃદયમાં પ્રવેશીને હૃદયના અભદ્રોને ધોઈ નાખે છે. અભદ્ર શબ્દથી કામ ક્રોધ સમજવા. અભદ્ર એટલે પાપ નહી. તે તો પ્રથમથીજ નિવૃત્ત થયા હોય 'અભદ્ર'તો પાપનું પણ મૂળ છે. નષ્ટપ્રાયેષુ ત્રીજા શ્લોકથી ભક્તિની સમૃદ્ધિ વર્ણવે છે. કામાદિ દોષો ધોવાયા છે નિર્મૂલ નથી થયા તે દર્શાવવા નષ્ટપ્રાય પદનો પ્રયોગ કર્યો. કામનું મૂળ થોડા અંશમાં છે; પરંતુ ઉપકારક છે; કારણ કે તે 'કામે ભગવદ્ ગુણ શ્રવણનો છે. નિત્યં ભાગવતસેવયા ભગવદ્ ભક્તો અને શ્રીમદ્ ભાગવત બન્નેનું ગ્રહણ ભાગવત શબ્દથી થશે. ભાગવતનો નિત્ય સ્વાધ્યાય એ ભાગવત સેવા છે. ભગવદ્ ભક્તોની પ્રસન્નતા સમ્પાદન કરનારાં સાધનોનું અનુષ્ઠાન ભગવદીય સેવા છે. એ નિત્ય થવાં જોઈએ. અનાવિદ્ધચિત્ત ચિત્તની મુક્તાવસ્થાજ ચિત્તના કલ્યાણ માટે છે. ક્રિયાકાલમાં ચિત્ત ક્રિયામાં રહે; પાછું બીજા કામમાં જતાં પ્રથમમાંથી નિવૃત્ત થાય. મન મુઠીમાં લઈને ફરવું એ મુક્તિ છે. કામ ક્રોધ લોભ તો દોરા જેવાં છે જો તે 'ચિત્ત' નામની સોયના નાકામાં પરોવાય નહી તો વાસના વસ્ત્રના ટુકડા સંધાશે નહી ને જીવનું આવરણ થશે નહી.

एवं प्रसन्नमनसो भगवद्भक्तियोगतः ।
भगवत्तत्त्वविज्ञानं मुक्तसंगस्य जायते ॥ २० ॥

भिद्यते हृदयग्रन्थिश्छिद्यन्ते सर्वसंशयाः ।
क्षीयन्ते चास्य कर्माणि दृष्ट एवाऽऽत्मनीश्वरे ॥ २१ ॥

अतो वै कवयो नित्यं भक्तिं परमया मुदा ।
वासुदेवे भगवति कुर्वन्त्यात्मप्रसादनीम् ॥ २२ ॥

અન્વયાર્થ :—**एवम्**-એ રીતે, **प्रसन्नमनसः**-પ્રસન્નમનવાળા, **मुक्तसंगस्य**-મુક્તસંગ પુરૂષને, **भगवद्भक्तियोगतः**-ભગવદ્ ભક્તિના પ્રસંગથી, **भगवत्तत्त्व विज्ञानम्**-ભગવાન સંબંધી તત્ત્વનું જ્ઞાન, **जायते**-થાય છે; ૨૦; **आत्मनि-ईश्वरे**-આત્મસ્વરૂપ ઈશ્વરનો, **दृष्टे एव**-સાક્ષાત્કાર થતાં જ, **अस्य**-એની, **हृदयग्रन्थिः**-હૃદયની ગાંઠ, **भिद्यते**-ભેદાઈ જાય છે, **सर्वसंशयाः**-સર્વ શંકાઓ, **छिद्यन्ते**-છેદાય છે, **च**-અને, **कर्माणि**-કર્મો, **क्षीयन्ते**-ક્ષીણ થાય છે. ૨૧; **अतः**-એટલા માટે, **कवयः**-વિદ્વજ્જનો, **परमया**-પરમ, **मुदा**-હર્ષથી, **वै**-ખરેખર, **भगवति-वासुदेवे**-ભગવાન વાસુદેવમાં, **आत्मप्रसादनीम्**-ચિત્તને પ્રસન્ન કરનારી, **भक्तिम्**-ભક્તિને, **नित्यं कुर्वन्ति**-નિત્ય કરે છે. ૨૨;

અનુવાદ—એ પ્રમાણે પ્રસન્ન મનવાળા, નિઃસંગ, સાધક પુરૂષને ભગવદ્ ભક્તિના પ્રસંગથી ભગવત્ સંબંધી તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થાય છે. ૨૦; એ તત્ત્વજ્ઞાનથી ઈશ્વરનો સાક્ષાત્કાર થતાં હૃદયની અહંતા-મમતારૂપ દૃઢ ગાંઠો છુટી જાય છે, મનના સર્વ સંદેહ નિવૃત્ત થાય છે, અને જીવનાં સર્વ કર્મો ક્ષીણ થઈ જાય છે. ૨૧; એટલા માટે બુદ્ધિમાન વિદ્વજ્જનો ભગવાન વાસુદેવમાં ચિત્તને પ્રસન્ન કરનારી ભક્તિને પરમ હર્ષથી નિત્ય કરે છે. ૨૨.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્વસુધા :—'મુક્ત સંગસ્ય' સંસારે મનુષ્યને પકડ્યો નથી; પરંતુ મનુષ્ય સંસારને છોડતો નથી. સંગત્યાગ વિના મનની પ્રસન્નતા નથી, મનઃપ્રસન્નતા વિના તત્વજ્ઞાનની પ્રાપ્તિ નથી. મિદ્યતે હૃદયગ્રન્થિઃ હૃદયની ગાંઠનો પરિચય પંચમ સ્કંધમાં છે. પુંસસ્ત્રિયા મિથુનીભાવમેતંહૃદયગ્રન્થિમાહુઃ ૫-૫-૮ દોઇ એક વ્યક્તિમાં કે વસ્તુમાં સતત અને સખત મનની ઓતપ્રોત અવસ્થા 'હૃદય ગ્રન્થિ' છે. ગાંઠ કપાયા પછી તો બંધનભૂત મમત્વના દ્વારા આપો આપ છેદાઈ જાય છે અને દોરામાં પરોવેલાં કર્મ કુટુંબીજનો સર્વ નિવૃત્ત થાય એ છે તત્વજ્ઞાનની ભૂમિકા. વૈર, વાસના, આસક્તિ એ વિચિત્ર ગાંઠો છે. અજ્ઞાનથી એ ગાંઠો બંધાય છે. અજ્ઞાનની નિવૃત્તિ આત્મદર્શનથી થાય છે. મમ દરશફલં પરમ અનુપા। જીવ પાવે નિજ સહજ સ્વરૂપા॥ શ્રીરામ કહે છે કે મારા દર્શનનું ફલ પોતાના સહજ સ્વરૂપની પ્રાપ્તિ છે. ઈશ્વર એકજ નિર્દોષ છે. વિશ્વમાંથી દોષ ન શોધાશ તે સ્વાભાવિક રીતે મળશે. ઈશ્વર એકજ પૂર્ણાનંદ છે; સમસ્ત નિરાનંદ છે. સ્વરૂપ મસ્ત બની જા આનંદ પાસે છે. ભગવદ્ અંશ છું, ભગવદ્ દાસ છું, પ્રપન્ન થઈ જા; આત્મ પ્રકાશ આપો આપ થશે. આ સર્વ વિવેક શ્રવણથી મળે છે માટે આત્મપ્રસાદનું સાધન કેવલ ભક્તિ છે. ૨૦; ૨૧; ૨૨.

सत्त्वं रजस्तम इति प्रकृतेर्गुणास्तैर्युक्तः परः पुरुष एक इहास्य धत्ते ।
स्थित्यादये हरिविरिञ्चिहरेति संज्ञाः श्रेयांसि तत्र खलु सत्त्वतनोर्नृणां स्युः ॥ २३ ॥

અન્વયાર્થ :—**सत्त्वं-रजः तमः-इति**-સત્ત્વ, રજસ, તમસ એમ **प्रकृतेः**-પ્રકૃતિના **गुणाः**-ત્રણ ગુણો છે, **तैः**-તે ગુણોથી, **युक्तः**-યુક્ત, **एकः**-એક, **परः**-પરમ, **पुरुषः**-પુરુષ, **इह**-આ વિશ્વમાં, **अस्य**-આ જગતના, **स्थित्यादये**-સ્થિતિ-આદિ કાર્ય કરવા માટે, **हरि-विरिञ्चि-हर-इति**-હરિ, બ્રહ્મા, અને હર એવી, **संज्ञाः**-સંજ્ઞાઓને, **धत्ते**-ધારણ કરે છે. **तत्र**-તેમાં, **नृणाम्**-મનુષ્યોનાં, **श्रेयांसि**-કલ્યાણ, **खलु**-ખચિત, **सत्त्वतनोः**-સત્ત્વગુણવાળા વિષ્ણુથીજ, **स्युः**-થાય છે. ૨૩.

અનુવાદ—અહિં એકજ પરમ પુરુષ આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ, સંહાર કરવા માટે પ્રકૃતિના ત્રણ ગુણો-સત્વ, રજ અને તમથી યુકત બની, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ એવી સંજ્ઞાને ધારણ કરે છે. તેમાં પણ સત્ત્વગુણાધિષ્ઠાતા, શ્રીવિષ્ણુથી જ મનુષ્યોનાં કલ્યાણ થાય છે. ૨૩.

તત્વસુધા :—'શ્રેયાંસિ' પ્રેયસ્ શ્રેયસ્ બે વેદાન્ત મીમાંસાના શબ્દ છે. કેવલ પ્રિયકર છે પરિણામે પીડાકર છે તે પ્રેયસ્ છે. સર્વકાલમાં સુલભ છે ને સુખદ છે તે શ્રેયસ્ છે. સત્વગુણપ્રધાન તત્વોનું સેવન સુખ આપે. વિષ્ણુનું સ્વરૂપ સત્વગુણમાંથી છે. પૃથ્વીમાં સમસ્ત સાત્વિક વસ્તુઓની એક ખાણ કે મૂર્તિ જો હોય તો તે વિષ્ણુ છે. એના અવલંબને સર્વ પ્રકારનાં શ્રેયસ્ છે. ૨૩.

पार्थिवाद्दारुणो धूमस्तस्मादग्निस्त्रयीमयः ।
तमसस्तु रजस्तस्मात्सत्त्वं यद्ब्रह्मदर्शनम् ॥ २४ ॥

અન્વયાર્થ :—**पार्थिवात्**-પૃથ્વીમાં થયેલા, **दारुणः**-કાષ્ઠથી, **धूमः**-ધૂમાડો શ્રેષ્ઠ છે, **तस्मात्**-તે ધૂમથી, **त्रयीमयः**-ત્રણ વેદ સંબંધી, **अग्निः**-યજ્ઞનો અગ્નિ શ્રેષ્ઠ છે; તેમ **तमसः तु**-તમોગુણ કરતાં, **रजः**- રજોગુણ શ્રેષ્ઠ, **तस्मात्**-તે રજોગુણથી, **सत्त्वम्**-સત્વગુણ શ્રેષ્ઠ છે, **यद्**-જે સત્ત્વ ગુણથી, **ब्रह्मदर्शनम्**-પરબ્રહ્મ દર્શન થાય છે. ૨૪.

અનુવાદ—જડ જમીનમાંથી થયેલા કાષ્ઠ કરતાં ધૂમ શ્રેષ્ઠ, તે કરતાં ત્રણ વેદ સંબંધી યજ્ઞનો અગ્નિ શ્રેષ્ઠ છે; તેમ તમોગુણ કરતાં રજોગુણ શ્રેષ્ઠ અને રજોગુણથી સત્ત્વગુણ શ્રેષ્ઠ છે; કારણ કે તે સત્ત્વગુણ બ્રહ્મદર્શન કરાવી આપે છે. ૨૪.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્ત્વસુધા :—ક્રમશઃ પ્રાપ્ત થતી મુક્તિની પ્રક્રિયા દર્શાવી. જમીનમાંથી થનાર જડવૃક્ષમાં અગ્નિ છે છતાં પ્રકાશતો નથી; પરંતુ તેમાં બહારથી અગ્નિનો પ્રવેશ થતાં ધૂમવાળો અગ્નિ બને છે. જે રજોગુણની અવસ્થા છે. પુનઃ પવનનો પ્રસંગ થતાં ધૂમ ચાલ્યો જાય અને પ્રકાશ મળે છે. મનુષ્યમાં પણ ભગવન્નામ રૂપ અગ્નિનો પ્રવેશ થતાં વિષયાસક્તિ-જડતા દૂર થાય છે. સત્સંગ પવન લાગતાંજ ભક્તિ પ્રાપ્ત થાય. હું પ્રભુનો દાસ છું પ્રભુ મારા સ્વામી છે તેવો આત્મપ્રકાશ સિદ્ધ થાય છે. ત્રયીમયઃ અગ્નિનું વિશેષણ હોવાથી લૌકિક અગ્નિ ન લેતાં અલૌકિક અગ્નિનું સૂચન કર્યું છે. ૨૪.

भेजिरे मुनयोऽथाग्रे भगवन्तमधोक्षजम् ।
सत्त्वं विशुद्धं क्षेमाय कल्पन्ते येऽनु तानिह ॥ २५ ॥
मुमुक्षवो घोररूपान् हित्वा भूतपतीनथ ।
नारायणकलाः शान्ता भजन्ति ह्यनसूयवः ॥ २६ ॥
रजस्तमःप्रकृतयः समशीलान्भजन्ति वै ।
पितृभूतप्रजेशादीन् श्रियैश्वर्यप्रजेप्सवः ॥ २७ ॥

અન્વયાર્થ :- **અથ**-એ કારણથી, **અગ્રે**-પૂર્વે, **મુનયઃ** મુનિઓ, **વિશુદ્ધં સત્ત્વં**-વિશુદ્ધ સત્વગુણવાળા, **અધોક્ષજમ્ ભગવન્તમ્**-અધોક્ષજ ભગવાનને, **ભેજિરે** સેવતા હતા, **ઇહ**-આ લોકમાં, **યે**-જેઓ, **તાન્**-તેઓને, **અનુ**-અનુસરે છે તે, **ક્ષેમાય કલ્પન્તે**-ક્ષેમને માટે પાત્ર બને છે. ૨૫; **અથ**-વળી, **મુમુક્ષવઃ**-મોક્ષની ઇચ્છાવાળા, **ઘોરરૂપાન્**-ઘોર સ્વરૂપવાળા, **ભૂતપતીન્**-ભૂતપતિઓને, **હિત્વા**-ત્યજીને, **અનસૂયવઃ**-અસૂયા વિનાના ઉપાસકો, **શાન્તાઃ**-શાન્ત એવા, **નારાયણકલાઃ** નારાયણની કલાઓને, **ભજન્તિ** સેવે છે. ૨૬; **રજઃ-તમઃ-પ્રકૃતયઃ**-રજોગુણ, તમોગુણ સ્વભાવના, **શ્રી (શ્રિયા)-ઐશ્વર્ય પ્રજા-ઈપ્સવઃ**-લક્ષ્મી, ઐશ્વર્ય, અને પ્રજાની ઇચ્છા વાળા, **વૈ**-ખરેખર, **સમશીલાન્**-સમાન સ્વભાવવાળા, **પિતૃ-ભૂત-પ્રજા-ઈશાદીન્**-પિતૃ ભૂતપતિ, પ્રજાપતિ આદિને **ભજન્તિ**-ભજે છે. ૨૭.

અનુવાદ—એ કારણથી પૂર્વના મનનશીલ મુનિઓ વિશુદ્ધ સત્ત્વગુણવાળા અધોક્ષજ ભગવાનનું ભજન કરતા હતા. આ લોકમાં આજે તેઓના જે અનુગામી છે, તેઓ પણ કલ્યાણને મેળવે છે. ૨૫; વળી મોક્ષાભિલાષુકો તો ઉગ્ર સ્વરૂપવાળા ભૂતપતિઓનાં ભજન ત્યજીને, અસૂયા વિનાના થઇને, શાન્ત સ્વરૂપવાળા શ્રીનારાયણની કલાઓને સેવે છે. ૨૬; લક્ષ્મી, ઐશ્વર્ય અને પ્રજાની કામનાવાળા કેટલાક રજોગુણી તમોગુણી ઉપાસકો પોતાના જેવી પ્રકૃતિવાળા તે તે પિતૃપતિ, ભૂતપતિ, પ્રજાપતિ વગેરે ઉપાસ્ય સ્વરૂપને ભજે છે. ૨૭.

તત્ત્વસુધા :—ઉપાસના ક્રિયા અને સંગતિ જેટલાં સાત્વિક, તેટલાજ માપમાં ચિત્ત શુદ્ધિ અને શાંતિ વધુ મળી શકે છે. અધોક્ષજ ભગવાનનું ભજન કરવાથી સાત્વિક બનાય છે. ઉપાસના અને ભજન એકાર્થ-વાચક શબ્દો છે. ઇન્દ્રિય જન્ય જ્ઞાન જેમને નથી; પરંતુ સ્વતઃ જ્ઞાન જેમને છે તે અધોક્ષજ ભગવાન છે. પ્રકૃતિ અનુસાર માનવ ઉપાસના કરે છે. અન્યને હાનિ કરવાના આશયની તામસ ઉપાસના, ઉપાસકની વૃત્તિને તામસ બનાવી તેનેજ હાનિ કરે છે. વૃત્તિની જડતા અને તમોગુણતા સર્વવિધ નુકશાન કારક છે. ૨૫; ૨૬; ૨૭.

वासुदेवपरा वेदा वासुदेवपरा मखाः ।
वासुदेवपरा योगा वासुदेवपराः क्रियाः ॥ २८ ॥
वासुदेवपरं ज्ञानं वासुदेवपरं तपः ।
वासुदेवपरो धर्मो वासुदेवपरा गतिः ॥ २९ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ :— **વેદાઃ**-વેદો, **વાસુદેવપરાઃ**-વાસુદેવ પરક છે, **મખાઃ**-યજ્ઞો, **વાસુદેવપરાઃ**-વાસુદેવ પરક છે, **યોગાઃ**-યોગો, **વાસુદેવપરાઃ**-વાસુદેવ પરક છે, **ક્રિયાઃ**-અન્ય સાત્વિક ક્રિયાઓ, **વાસુદેવપરાઃ**-વાસુદેવ પરક છે. ૨૮. **જ્ઞાનમ્**-જ્ઞાન, **વાસુદેવપરમ્**-વાસુદેવ પરક છે, **તપઃ**-તપશ્ચરણ, **વાસુદેવપરમ્**-વાસુદેવ પરક છે; **ધર્મઃ**-ધર્મ, **વાસુદેવપરાઃ**-વાસુદેવ પરક છે, **ગતિઃ**-ઊર્ધ્વ ગતિ, **વાસુદેવપરા**-વાસુદેવ પરક છે. ૨૯.

અનુવાદ—સમસ્ત વેદો વાસુદેવનું પ્રતિપાદન કરે છે; યજ્ઞો પણ વાસુદેવ પરાયણ છે. યોગ વાસુદેવ પરક છે; સર્વ ક્રિયાઓ વાસુદેવ પરાયણ છે. ૨૮; જ્ઞાન વાસુદેવ પરક છે; તપ વાસુદેવ પરક છે, ધર્મશાસ્ત્ર પણ વાસુદેવને ઓળખાવે છે; સ્વર્ગ લોકાદિ ઊર્ધ્વ ગતિ પણ વાસુદેવ પરક જ છે. ૨૯.

स एवेदं ससर्जाग्रे भगवानात्ममायया ।
सदसद्रूपया चासौ गुणमय्याऽगुणो विभुः ॥ ३० ॥
तया विलसितेष्वेषु गुणेषु गुणवानिव ।
अन्तः प्रविष्ट आभाति विज्ञानेन विजृम्भितः ॥ ३१ ॥
यथा ह्यवहितो वह्निर्दारुष्वेकः स्वयोनिषु ।
नानेव भाति विश्वात्मा भूतेषु च तथा पुमान् ॥ ३२ ॥

અન્વયાર્થ :— **અગુણઃ**-નિર્ગુણ, **વિભુઃ**-સમર્થ, **સઃ એવ**-તેજ, **અસૌ**-આ, **ભગવાન્**-ભગવાન, **સદ્-અસદ્-રૂપયા**-સદ્ અસદ્ રૂપ વાળી, **ચ**-અને, **ગુણમય્યા**-ત્રણ ગુણોવાળી, **આત્મમાયયા**-પોતાની માયા વડે, **અગ્રે** આરંભમાં, **ઇદમ્**-આ વિશ્વનું, **સસર્જ**-સર્જન કરતા હતા. ૩૦; **વિજ્ઞાનેન**-વિજ્ઞાનથી, **વિજૃમ્ભિતઃ**-પ્રકાશ પામતા, **તયા**-તે માયાથી, **વિલસિતેષુ**-ભાસતા **એષુ ગુણેષુ**-આ ગુણોમાં, **ગુણવાન્ ઇવ**-સગુણના જેવા, **અન્તઃ**-અંદર, **પ્રવિષ્ટઃ**-પ્રવેશ કરીને રહેલ, **આભાતિ**-ભાસે છે. ૩૧; **યથા**-જેમ, **એકઃ વહ્નિઃ**-એકજ અગ્નિ. **સ્વયોનિષુ**-પોતાને ઉત્પન્ન કરનાર, **દારુષુ**-કાષ્ઠોમાં, **અવહિતઃ**-રહેલ, **નાના ઇવ**-જાણે અનેક રૂપે, **ભાતિ**-દેખાય છે, **તથા**-તેવી રીતે, **ચ**- અને, **વિશ્વાત્મા**-વિશ્વસ્વરૂપ, **પુમાન્**-આ પરમ પુરુષ, **ભૂતેષુ**-પ્રાણીમાત્રમાં, **હિ**-સાચેજ, **ભાતિ**-દેખાય છે. ૩૨.

અનુવાદ—નિર્ગુણ અને સમર્થ તેજ આ ભગવાને સદ્-અસદ્ રૂપવાળી પોતાની વૈષ્ણવી ત્રિગુણાત્મિકા માયાનો આશ્રય કરીને આ વિશ્વ સર્જ્યું છે. ૩૦; વિજ્ઞાનથી પ્રકાશમાન પ્રભુ માયાથી ભાસતા આ ત્રણ ગુણોની અંદર પ્રવેશેલા હોવાથી સગુણના જેવા ભાસે છે. ૩૧; એક જ અગ્નિ પોતાને પ્રકટ કરનારાં કાષ્ઠોમાં રહેલ અનેક પ્રકારનો હોય તેમ પ્રકાશે છે; તેજ રીતે સર્વ પ્રાણી માત્રની અંદર રહેલ એક આ પરમ પુરુષ પણ પ્રકાશે છે. ૩૨.

असौ गुणमयैर्भावैर्भूतसूक्ष्मेन्द्रियात्मभिः ।
स्वनिर्मितेषु निर्विष्टो भुङ्क्ते भूतेषु तद्गुणान् ॥ ३३ ॥

અન્વયાર્થ :— **અસૌ**-આ ભગવાન, **ભૂત-સૂક્ષ્મ- ઇન્દ્રિય-આત્મભિઃ**-પંચ મહાભૂતો-તન્માત્રા અને ઇન્દ્રિયો રૂપ, **ગુણમયૈઃ**-ત્રિગુણાત્મક, **ભાવૈઃ**-ભાવોથી, **સ્વનિર્મિતેષુ**-પોતે રચેલાં, **ભૂતેષુ**-દેહાદિ શરીરોમાં, **નિર્વિષ્ટઃ**-પ્રવેશ કરીને, **તદ્ગુણાન્**-તે તે વિષયોને, **ભુઙ્ક્તે**-ભોગવે છે. ૩૩.

અનુવાદ—આ શ્રીહરિ ભગવાન પંચભૂત, તન્માત્રાઓ, ઇન્દ્રિયો અને મન એ ગુણમય ભાવો વડે પોતાનાં રચેલાં પ્રાણીઓમાં જીવરૂપે પ્રવેશેલા તે તે ગુણોને-વિષયોને ભોગવે છે. ૩૩.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

भावयत्येष सत्त्वेन लोकान् वै लोकभावनः ।
लीलावतारानुरतो देवतिर्यङ्नरादिषु ॥ ३४ ॥

અન્વયાર્થ :— **દેવ-તિર્યંઙ્-નર-આદિષુ-**દેવ, પંખી, મનુષ્ય વગેરે યોનિઓમાં, **લીલા-અવતાર-અનુરતઃ-** લીલાઅવતારોને ધારણ કરતા, **લોક-ભાવનઃ-**લોકોનું પાલન કરતા, **એષઃ-**આ ભગવાન, **વૈ-**ખરેખર, **સત્ત્વેન-**સત્ત્વગુણથી, **લોકાન-**લોકોને, **ભાવયતિ-**રક્ષે છે. ૩૪.

અનુવાદ—દેવ, મનુષ્ય, પક્ષી વગેરે યોનિઓમાં લીલાથી અવતારો ધારણ કરતા અને એ રીતે લોકોનું પાલન કરતા ભગવાન શ્રીહરિ સત્ત્વગુણથી લોકોનું કલ્યાણ કરે છે. ૩૪.

શ્રીમદ્ ભાગવતના પ્રથમ સ્કંધની 'તત્ત્વસુધા' ટીકાનો બીજો અધ્યાય સંપૂર્ણ.

॥ ૐ ॥

અધ્યાય ૩ જો.

ત્રીજા અધ્યાયમાં બે પ્રશ્નોનો ઉત્તર આપ્યો છે. 'अथाख्याहि हरेः धीमन्' શ્લોકથી શ્રીહરિના અવતારોની માહિતી માગી. એ પ્રશ્નનું સમાધાન છવ્વીસ શ્લોકથી કર્યું બાવીસ અવતારોની ચર્ચા આ પ્રકરણમાં છે. ભગવાનના અવતારો ૨૪ છે. બીજા અધ્યાયમાં એક પુરુષાવતાર, એક ગુણાવતાર, અને ત્રીજા અધ્યાયમાં બાવીસ મળીને ચોવીસ અવતારો થયા; અથવા શ્રીકૃષ્ણ અવતારી છે એમ માની બાવીસમાંથી એક નીકળી જતાં એકવીસ અવતાર થાય. તેમાં " (૧) સિતકૃષ્ણકેશ, (૨) પૃશ્નિગર્ભ અને (૩) પરબ્રહ્મ " મળીને ૨૪ અવતાર થયા. અથવા બાવીસ તો વર્ણવ્યા છે, અને હયગ્રીવ અને હંસ બે અવતારો ઉમેરી લેતાં ૨૪ થશે.

સમાજના જીવનસ્તરને ઉપર લાવવા ઉત્તમ તત્ત્વનું વિશ્વમાં ઉતરવું એને અવતાર માન્યો. તારવા નીચે ઉતરવું, સ્વયં તરવું, ડૂબતાને તારવો: એ અવતરણ છે. અવતાર ત્રણ દેશ, ત્રણ કાલ માટે અતીવ ઉપકારક છે, જેથી ત્રણ સ્થળમાં જલાવતાર, સ્થલાવતાર અને વનાવતાર રૂપે અવતર્યા.

આત્મા અને દેહના સંયોગમાં વસેલા મોહને છેહ દેવા અને સ્નેહસિદ્ધાન્તે ભરી દેવા એક એક ત્રેવ ગુણોના આકારને લઈ આદર્શ વિશ્વને પૂરો પાડ્યો. જીવી શકાય, જીરવી શકાય, એવી રીત પણ જીવી બતાવી, કેવળ જીભથી કહી ન બતાવી. એ અવતારોની સાધના છે.

વિશ્વને તપસ્ય, વીર્ય, ઐશ્વર્ય, શ્રમ આદિ ધર્મોની રૂપરેખા અને ક્રિયા અનુભવથી આપી છે. વિપ્ર કેવો જોઈએ, તેના ઉત્તરમાં તેના છ આદર્શોના આકાર લઈ આચારથી આદેશ આપ્યો. એ અવતારનું ગૌરવ છે. વિષય, વિલાસ, વિષાદની તળેટીમાં બેઠેલા વિશ્વને વિવેક વિકાસ મનઃપ્રસાદના શ્રેયસ શિખરે લઈ જશે, એ અવતારોની અજબ સિદ્ધિ છે. મોટાઓ પોતાની સમસ્ત વિશિષ્ટતાઓને નાનામાં ઉતારી તેને ઉપર લાવે, એ અવતારોનું લક્ષ્યાંક છે. ખૂબીઓ તેઓમાં ભરી, ખામીઓ દૂર કરી, ખુશી થવું-એનું નામ જ અવતરણ. પ્રકૃતિનાં ૨૪ તત્ત્વોમાંથી વિકૃતિ દૂર કરી, સંસ્કૃતિ ભરવા પ્રભુએ ચોવીસ આકૃતિઓ લીધી, તેથી ૨૪ અવતાર.

सूत उवाच— जगृहे पौरुषं रूपं भगवान् महदादिभिः ।
संभूतं षोडशकलमादौ लोकसिसृक्षया ॥ १ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

यस्याम्भसि शयानस्य योगनिद्रां वितन्वतः ।
नाभिह्रदाम्बुजादासीद् ब्रह्मा विश्वसृजां पतिः ॥ २ ॥
यस्यावयवसंस्थानैः कल्पितो लोकविस्तरः ।
तद्वै भगवतो रूपं विशुद्धं सत्त्वमूर्जितम् ॥ ३ ॥

અન્વયાર્થ—**આદૌ**-સૃષ્ટિના આરંભમાં, **ભગવાન્**-ભગવાને, **લોકસિસૃક્ષયા**-બ્રહ્માંડને રચવાની ઇચ્છાથી, **મહદાદિભિઃ**-મહતત્ત્વ વગેરેથી, **સંભૂતમ્**-ઉત્પન્ન થયેલું, **ષોડશકલમ્**-સોળ કળાવાળું, **પૌરુષમ્-રૂપમ્**-પુરૂષરૂપ, **જગૃહે**-ગ્રહણ કર્યું. ૧; **વિશ્વસૃજામ્-પતિઃ**-વિશ્વના સર્જનારાઓના પતિ, **બ્રહ્મા**-બ્રહ્મા, **અમ્ભસિ**-મહા અર્ણવમાં, **શયાનસ્ય**-વિશ્રાન્તિ લેતા, **યોગનિદ્રામ્**-યોગ નિદ્રાને, **વિતન્વતઃ**-વિસ્તારતા, **યસ્ય**-જેમના, **નાભિ-હ્રદ-અમ્બુજાત્**-નાભિરૂપ ધરામાં થયેલા કમળમાંથી, **આસીત્**-પ્રકટ થયા. ૨; **યસ્ય**-જે ભગવાનના, **અવયવસંસ્થાનૈઃ**-અવયવોના સ્થાનો વડે, **લોકવિસ્તરઃ**-લોકોનો વિસ્તાર, **કલ્પિતઃ**-કલ્પ્યો છે, **તત્ ભગવતઃ**-તે ભગવાનનું, **વિશુદ્ધમ્**-વિશુદ્ધ, **ઊર્જિતમ્**-વૃદ્ધિ પામેલું, **સત્ત્વમ્**-સત્વગુણાત્મક, **વૈ**-નિશ્ચિત, **રૂપમ્**-રૂપ છે. ૩.

અનુવાદ—**સૃષ્ટિના આરંભમાં લોક સર્જનની કામનાથી મહત્તત્વાદિથી ઉત્પન્ન થયેલ ષોડશ કલાવાળો પુરૂષાવતાર ભગવાને ગ્રહણ કર્યો. ૧; મહાસાગરમાં સૂતેલા અને યોગનિદ્રાનો વિસ્તાર કરનારા ભગવાન વિષ્ણુના નાભિહ્રદમાંથી જગતને સર્જનારાઓના પતિ બ્રહ્માજી પ્રકટ થયા. ૨; જે ભગવાનના કરચરણાદિક સ્થાનોથી પૃથિવી, અન્તરીક્ષ વગેરેની લોક કલ્પના કરી છે, તે નિરતિશય શુદ્ધ સત્ત્વગુણવાળું ભગવાનનું વિશુદ્ધ સ્વરૂપ છે. ૩.**

તત્ત્વસુધા—(૧) પાંચ શ્લોકથી પુરુષાવતારનો પરિચય આપ્યો છે. સૃષ્ટિ બે પ્રકારની છે. એક સાક્ષાત્ સૃષ્ટિ અને બીજી પરંપરા સૃષ્ટિ. જ્યાં ભગવાનનાં મન, પ્રાણ, ઇન્દ્રિયોનું ઉત્પન્ન થવું છે તે સાક્ષાત્ સૃષ્ટિ. માયાથી કે ભગવાનથી આકાશ વગેરે ભૂતોનું ઉત્પન્ન થવું તે પરંપરા સૃષ્ટિ. સાક્ષાત્ સૃષ્ટિ હોય ત્યારે વિરાટ્ બ્રહ્મ શરીર હોય છે. તેથી તેમાં રહેલા જીવોની મુક્તિ ખૂબ સરલતાથી થાય છે. તેથી જ આ પુરુષાવતારનું નિરૂપણ કર્યું છે. पुरि वसति, पुरमुषति, पुरा आस्ते, पुरुषः तस्य इदम् –'पौरुषम्'– પુરુષ શબ્દના ત્રણ અર્થ (૧) પુરમાં રહે તે પુરુષ. (૨) પુરમાં રહેલા પાપનો દાહ કરે તે પુરુષ. (૩) પૂર્વે હતા તે પુરુષ. જો પ્રથમ અર્થ લઇએ તો 'જીવ'નો વાચક થાય. બીજા બે અર્થોમાં તે ભગવાનનો વાચક બને છે. 'પુર'માં રહેલી વાસના અને પાપોને બાળવા ભગવાને પુરુષાવતાર લીધો છે. એ દર્શાવતો આ પૌરુષં રૂપમ્ નો ઉલ્લેખ કર્યો છે. અનુપ્રવેશ અને સ્વયંરૂપ એવા બે પ્રકારના અવતારો છે. આ સ્વયંરૂપનું નિરૂપણ છે. ષોડશકલમ્ એકાદશ ઇન્દ્રિય અને પંચમહાભૂત મળીને સોળ કલાઓ થાય છે.

(૨) અમ્ભસિ શયાનસ્ય–શયન બે પ્રકારનાં. તેમાંનું એક–બ્રહ્માજીનો દિવસ પૂર્ણ થાય, ત્યારે પ્રલય થાય, ત્યારે ભગવાન શયન કરે છે. બીજું નારાયણનું શયન છે, જે નારાયણનાં ચાર સ્વરૂપો છે અને ચાર કાર્યો કરે છે એકથી તપ, બીજાથી સૃષ્ટિ, ત્રીજાથી યુદ્ધપાલન, ચતુર્થથી શયન. આ તે શયન છે.

યોગનિદ્રામ્–ભગવાન નિદ્રા નથી લેતા પરંતુ પ્રભુની નિદ્રા નામની યોગશક્તિ છે, જે શ્રાન્ત, ભ્રાન્ત જીવોને દિશ તરફ લઇ આવે છે, ત્યારે જીવોને ત્યાં આનંદ થાય છે, તે તદ્દન અલ્પ નિદ્રા છે. તેને વધુ વિસ્તૃત કરે છે. તેને યોગ નિદ્રા માની છે.

નાભિહ્રદામ્બુજાત્–વિશ્વ, ભગવાનનું કમળ છે. એમાં રસ પ્રેમ સર્વ છે. તે સૂકાય નહિ, તેથી નાભિમાં સરોવર રાખ્યું છે અને તેમાં વિશ્વ કમળને રાખ્યું છે.

(૩) લોકવિસ્તરઃ–લોક શબ્દનો અર્થ ભુવન થાય છે. पातालमेतस्य हि पादमूलम्–બીજા સ્કંધના વિરાટ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વર્ણનમાં તેનો વિસ્તાર સમજાવ્યો છે. ઊર્જિતમ્-હર્ષથી પ્રફુલ્લિત. રજોગુણ વિના ક્રિયા ન થઈ શકે. જ્યારે ભગવાનનું આ બ્રહ્માંડ સ્વરૂપ સત્ત્વગુણવાળું છે, તો લોક વિસ્તાર કેમ સંભવે ? એનું સમાધાન ઊર્જિતમ્ વિશેષણથી છે કે રજોગુણ વિના હર્ષમય ભગવાનના આવેશથી કાર્ય થાય છે. ૧; ૨; ૩.

पश्यन्त्यदो रूपमदभ्रचक्षुषा सहस्रपादोरुभुजाननाद्भुतम् ।
सहस्रमूर्धश्रवणाक्षिनासिकं सहस्रमौल्यम्बरकुण्डलोल्लसत् ॥ ४ ॥

અન્વયાર્થ—**સહસ્ર-પાદ-ઊરુ-ભુજ-આનન-અદ્ભુતમ્**-અસંખ્ય પગ, સાથળ, હાથ, મુખોથી અદ્ભુત; **સહસ્ર-મૂર્ધ-શ્રવણ-અક્ષિ-નાસિકમ્**-અસંખ્ય મસ્તક, કર્ણ, આંખ, નાસિકાવાળા; **સહસ્ર-મૌલિ-અમ્બર-કુણ્ડલ-ઉલ્લસત્**-અસંખ્ય મુકુટ, વસ્ત્ર, કુંડલોથી પ્રકાશમાન; **અદઃ રૂપમ્**-આ રૂપને, **અદભ્ર-ચક્ષુષા**-દિવ્ય ચક્ષુથી, **પશ્યન્તિ**-જુએ છે. ૪.

અનુવાદ—યોગી પુરુષો પોતાનાં દિવ્ય જ્ઞાન ચક્ષુથી ભગવાનના અસંખ્ય ચરણ, સાથળ, હસ્ત, મુખોથી અદ્ભુત; અસંખ્ય મસ્તક, નેત્ર, નાક, કાનવાળા; અસંખ્ય મુકુટ, વસ્ત્ર, કુંડલોથી અતિ દિવ્ય ભાસતા આ સ્વરૂપનાં દર્શન કરે છે. ૪.

તત્ત્વસુધા—ક્રિયાશક્તિ અને જ્ઞાનશક્તિની પૂર્ણતા જેમાં હોય તે પૂર્ણ પુરુષ. ભગવાનના આ સ્વરૂપ નિરૂપણમાં 'ચરણ, સાથળ, હસ્ત અને મુખ' એ ચાર અંગોમાં ગતિ, સૃષ્ટિ, કર્મ અને પ્રવચન એ ચાર ક્રિયાઓનું મહત્ત્વ કહ્યું. જ્યારે નેત્ર, કર્ણ, નાસિકા-આ ત્રણ અંગોમાં જ્ઞાનશક્તિનો નિર્દેશ કર્યો. મૌલિ એટલે ઉપનિષદ, અમ્બર એટલે ભક્તિ, કુણ્ડલ એટલે યોગ અને સાંખ્ય. ૪.

एतन्नानावताराणां निधानं बीजमव्ययम् ।
यस्यांशांशेन सृज्यन्ते देवतिर्यङ्नरादयः ॥ ५ ॥

અન્વયાર્થ—**એતત્**-આ સ્વરૂપ, **નાના**-અવતારાણામ્-અનેક અવતારોનું, **નિધાનમ્**-નિવાસ સ્થાન, **અવ્યયમ્**-અવિનાશી, **બીજમ્**-બીજ રૂપ છે, **યસ્ય**-જે આ સ્વરૂપના, **અંશ-અંશેન**-અંશ અને અંશના પણ અંશથી, **દેવ-તિર્યઙ્-નર-આદયઃ**-દેવ મનુષ્ય-પશુ-પક્ષી વગેરે, **સૃજ્યન્તે**-સર્જાય છે. ૫.

અનુવાદ—ભગવાન નારાયણનું આ સ્વરૂપ બધાજ અવતારોનું નિવાસ સ્થાન છે અને સર્વ અવતારોનું અવિનાશી બીજ પણ છે; જેના અંશના અને અંશોના અંશથી દેવ, મનુષ્ય, પશુ, પક્ષી વગેરેનું સર્જન થાય છે. ૫.

તત્ત્વસુધા—અવતારોના ક્રમ સાથે એકાદ સંકેત છે. ક્રમ એ તો જીવન વિકાસની ક્રમબદ્ધ શ્રેણી કે સુદૃઢ સોપાનનો નિર્દેશ છે. નિર્દિષ્ટ ક્રમમાં એક પછીના ગુણોને મેળવવાનું માર્ગદર્શન છે. તેમાં સૌથી પ્રથમ બ્રાહ્મણના છ ગુણોથી છ 'વિપ્ર' અવતારો બતલાવે છે. ૫.

स एव प्रथमं देवः कौमारं सर्गमास्थितः ।
चचार दुश्चरं ब्रह्मा ब्रह्मचर्यमखण्डितम् ॥ ६ ॥

અન્વયાર્થ-**પ્રથમમ્**-આરંભમાં, **સઃ એવ**-તેજ, **દેવઃ**-દેવ, **કૌમારમ્**-કૌમાર અવસ્થાના, **સર્ગમ્**-સૃષ્ટિને, **આસ્થિતઃ**-અવલંબીને, **બ્રહ્મા**-બ્રાહ્મણ રૂપે, **અખણ્ડિતમ્**-અખંડિત, **બ્રહ્મચર્યમ્**-બ્રહ્મચર્યને, **ચચાર**-આચરતા હતા. ૬.

અનુવાદ—તેજ નારાયણ પ્રભુ પ્રથમ સૃષ્ટિમાં કૌમાર સર્ગનો આશ્રય કરી સનકાદિક રૂપે પ્રકટ થયા અને બ્રાહ્મણ સ્વરૂપે અત્યંત કઠિન એવું નૈષ્ઠિક બ્રહ્મચર્ય પાળ્યું. ૬.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્ત્વસુધા—સનત કુમાર એટલે બ્રહ્મચર્ય, સંયમ કામદેવ જેની સામે કુરૂપ લાગે તે સનત કુમાર. જીવન ઉત્કર્ષનું પ્રથમ સોપાન બ્રહ્મચર્ય છે. બુદ્ધિ શક્તિ, યાદશકિત વિકાસ બ્રહ્મચર્ય ઉપર અવલંબે. આત્મપ્રીતિ અને ભકિત બ્રહ્મચર્ય સાધનનાં પ્રધાન અંગો છે; અથવા બ્રહ્મચર્યના મંડપે પ્રીતિ-ભક્તિની વેલી છવાય છે. કોઈપણ બીજ જલ ન મળે તો અવિકૃત રહી શકે છે. કૌમાર્ય બીજને 'સ્ત્રી' જલનું સીંચન અંકુર, યૌવન અને અંતે હ્રાસ આપે છે. ઇન્દ્રિયો અને મન અન્નથી બન્યાં છે. માટે બ્રહ્મચર્ય પાળવું કઠિન છે. સ્મરણથી પેદા થનારો સ્મર છે. જો ભગવાનનો મનમાં આવેશ થાય તો બ્રહ્મચર્ય પળાય. કુત્સિતો મારો યત્ર સઃ કુમારઃ કામદેવ જેની સામે કદ્રૂપ લાગે, તેનું નામ કુમાર. માત્ર અપરિણીત નરનારી નહિ; પરંતુ અપરિણીત એવો પુરુષ કે સ્ત્રી તેને કુમાર કહેવાય. ૬.

द्वितीयं तु भवायास्य रसातलगतां महीम् ।
उद्धरिष्यन्नुपादत्त यज्ञेशः सौकरं वपुः ॥ ७ ॥

અન્વયાર્થ—દ્વિતીયં તુ-બીજો અવતાર તો, યજ્ઞેશઃ-યજ્ઞેશ પ્રભુએ, અસ્ય-આ વિશ્વની, ભવાય-ઉત્પત્તિ માટે, રસાતલ-ગતામ્-રસાતળમાં ગયેલી, મહીમ્-પૃથ્વીનો, ઉદ્ધરિષ્યન્-ઉદ્ધાર કરવા માટે, સૌકરમ્-વારાહરૂપ, વપુઃ-શરીરને, ઉપાદત્ત-ધારણ કર્યું. ૭.

અનુવાદ—આ વિશ્વના નિર્માણ અને વૃદ્ધિને માટે રસાતળ ગયેલી પૃથ્વીનો ઉદ્ધાર કરવા માટે યજ્ઞેશ ભગવાને બીજો વરાહ અવતાર લીધો. ૭.

તત્ત્વસુધા—વરાહ એટલે વેદ, સંતોષ. વર-શ્રેષ્ઠ, એવા પ્રત્યેક પદાર્થને લાવી આપે તે વરાહ. વરાહે પૃથ્વીનો ઉદ્ધાર કર્યો. વેદોના જ્ઞાનથી પૃથ્વીના પ્રમાદ-મોહ હર્યા. પૃથ્વીનો ઉત્કર્ષ થયો. ૭.

तृतीयमृषिसर्गं च देवर्षित्वमुपेत्य सः ।
तन्त्रं सात्वतमाचष्ट नैष्कर्म्यं कर्मणां यतः ॥ ८ ॥

અન્વયાર્થ—ચ સઃ તૃતીયમ્-અને તે ભગવાન ત્રીજા, ઋષિ સર્ગમ્-ઋષિઓના સ્વરૂપ, દેવર્ષિત્વમ્-દેવર્ષિ નારદપણાને, ઉપેત્ય-પ્રાપ્ત થઈને, સાત્વતમ્-વૈષ્ણવ, તંત્રમ્-તંત્ર શાસ્ત્રને, આચષ્ટ-કહેતા હતા, યતઃ-જેથી, જે નારદ પંચરાત્રથી, કર્મણામ્-કર્મોનું, નૈષ્કર્મ્યમ્-નિષ્કામપણું સિદ્ધ થાય છે. ૮.

અનુવાદ—ભગવાને તૃતીય અવતારમાં ઋષિ સર્ગનું અવલંબન કરી દેવર્ષિ નારદજીનો અવતાર લઈ નારદપાંચરાત્ર નામના વૈષ્ણવ આગમનો વિસ્તાર કર્યો, કે જે શાસ્ત્રના અનુષ્ઠાનથી નિષ્કામ કર્મયોગ સિદ્ધ થાય છે. ૮.

તત્ત્વસુધા—નારદજી એટલે ભકિત-સેવા. ઋષિસર્ગમ્-ઋષિનો સ્વભાવ ઋષિ સર્ગ છે. સર્ગ શબ્દનો અર્થ 'સ્વભાવ' એવો થાય છે. વેદોમાં કર્મ છે, પણ ભકિત વિના શુષ્ક લાગે; માટે નારદજી ભકિત રૂપે થયા. વરાહે વેદ પ્રકટ કર્યા. પછીથી ઋષિની આવશ્યકતા પડી. તેથી નારદજી મંત્રદૃષ્ટા ઋષિ થયા. ૮.

तुर्ये धर्मकलासर्गे नरनारायणावृषी ।
भूत्वाऽऽत्मोपशमोपेतमकरोद् दुश्चरं तपः ॥ ९ ॥

અન્વયાર્થ—તુર્યે-ચોથા અવતારમાં, ધર્મ-કલા-સર્ગે-ધર્મ અને કલાની સૃષ્ટિમાં, નરનારાયણૌ-નર અને નારાયણ, ઋષી-ઋષિ રૂપે, ભૂત્વા-પ્રકટ થઈને, આત્મ-શમ-ઉપેતમ્-આત્મશાન્તિ યુકત, દુશ્ચરમ્-અતિ કઠિન, તપઃ-તપ, અકરોત્-કર્યું. ૯.

અનુવાદ—ચોથા અવતારમાં ધર્મ અને કળાની સૃષ્ટિમાં નર અને નારાયણ એમ બન્ને ઋષિ થઈને, અન્ય કોઈથી ન થઈ શકે તેવું આત્મશાન્તિને આપનારું તપ આચર્યું. ૯.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્ત્વસુધા—નરનારાયણ એટલે શીલ, તપ, સ્નેહ. સ્નેહ, તપ અને શીલથીજ ક્રોધ જય થાય. નરનારાયણનો ચતુર્થ અવતાર છે. સનત્કુમારમાં બ્રહ્મચર્ય પ્રથમાશ્રમનો ધર્મ વર્ણવ્યો, તેથી તે પ્રથમ અવતાર. વરાહમાં યજ્ઞ જે ગૃહસ્થાશ્રમનો બીજો ધર્મ, તેથી બીજો અવતાર. વાનપ્રસ્થનો સેવા-પરિચર્યા ધર્મ, તેથી નારદ ત્રીજો અવતાર. 'સંન્યાસ' એ ચતુર્થ આશ્રમનો 'ઉપરતિ' ધર્મ. તેથી ચતુર્થાશ્રમ અવતારમાં વર્ણવ્યા. નરનારાયણનો અવતાર ક્રોધ વિજય માટે છે. ૯.

पञ्चमः कपिलो नाम सिद्धेशः कालविप्लुतम् ।
प्रोवाचासुरये सांख्यं तत्त्वग्रामविनिर्णयम् ॥ १० ॥

અન્વયાર્થ—**पञ्चमः**-પાંચમા, **कपिलः नाम**-કપિલ દેવ નામના, **सिद्ध-ईशः**-સિદ્ધપતિએ, **आसुरये**-આસુરિ મુનિને, **काल-विप्लुतम्**-કાળથી નષ્ટ થયેલ, **तत्त्व-ग्राम-विनिर्णयम्**-પચીસ તત્ત્વોના સમૂહના નિર્ણયને કહેનારા, **सांख्यम्**-સાંખ્ય શાસ્ત્રને, **प्रोवाच**-કહ્યું. ૧૦.

અનુવાદ—પાંચમા અવતારમાં સિદ્ધોના અગ્રણી શ્રીકપિલદેવે કાળબળથી લુપ્ત થયેલ પચીસ તત્ત્વોના સમૂહનો નિર્ણય કરી દર્શાવનાર સાંખ્ય શાસ્ત્રનો આસુરિ નામના ઋષિને ઉપદેશ કર્યો. ૧૦.

તત્ત્વસુધા—કપિલ એટલે સંવિદ, જ્ઞાન કે સદ્ વિચાર. સિદ્ધેશઃ—સિદ્ધિ પ્રસિદ્ધિથી પર તેજ પરમ સિદ્ધ. જેની સિદ્ધિ ભોગ માટે નથી, પ્રસિદ્ધિ પ્રતિષ્ઠા માટે નથી, તેને પરમ પદની લબ્ધિ સહજ થાય. કપિલઃ વિષયી જીવને સ્વાધીન કરે તે કપિલ. આસુરિ કપિલના પ્રથમ શિષ્ય થયા. ૧૦.

षष्ठे अत्रेरपत्यत्वं वृतः प्राप्तोऽनसूयया ।
आन्वीक्षिकीमलर्काय प्रह्लादादिभ्य ऊचिवान् ॥ ११ ॥

અન્વયાર્થ—**षष्ठे**-છઠ્ઠા અવતારમાં, **अनसूयया**-અનસૂયાજીથી, **वृतः**-પ્રાર્થના કરાયેલા પ્રભુ, **अत्रेः**-અત્રિ ઋષિના, **अपत्यत्वम्**-પુત્રત્વ દત્તાત્રેય રૂપે, **प्राप्तः**-પ્રાપ્ત થયા અને, **अलर्काय**-અલર્કને તથા, **प्रह्लाद-आदिभ्यः**-પ્રહ્લાદ, યદુ, હૈહય વગેરેને, **आन्वीक्षिकीम्**-આત્મવિદ્યાને, **ऊचिवान्**-કહી. ૧૧.

અનુવાદ—છઠ્ઠા અવતારમાં અનસૂયાજીએ વરદાન માંગવાથી અત્રિ ઋષિના પુત્ર શ્રી દત્તાત્રેય રૂપે પ્રકટયા અને અલર્ક પ્રહ્લાદ, યદુ વગેરેને આત્મજ્ઞાન કરાવનારી આન્વીક્ષિકી વિદ્યાનો ઉપદેશ કર્યો. ૧૧.

તત્ત્વસુધા—દત્તાત્રેય એટલે કર્મણ્યતા, સાધુતા, યોગરતિ. અપત્યત્વમ્-પિતા માતા અને પૃથ્વીની અપગતિ ટળે અને ઉર્ધ્વગતિ જેનાથી મળે તે 'અપત્ય'. અત્રિ ત્રિગુણાતીત પુરુષ. અનસૂયા-નિર્મળ પ્રીતિ. ત્રણ ક્ષત્રિયના અવતારોનું વર્ણન છે. ક્ષત્રિઓનાં ત્રણ કાર્ય, માટેજ ત્રણ ક્ષાત્ર અવતાર ભગવાને લીધા. હવે તે ત્રણનું નિરૂપણ આવશે. ૧૧.

ततः सप्तम आकूत्यां रुचेर्यज्ञोऽभ्यजायत ।
स यामाद्यैः सुरगणैरपात् स्वायंभुवान्तरम् ॥ १२ ॥

અન્વયાર્થ—**ततः**-ત્યારબાદ, **सप्तमे**-સાતમા અવતારમાં, **रुचेः**-રુચિ ઋષિનાં, **आकूत्याम्**-આકૂતિ પત્નીમાં, **यज्ञः**-યજ્ઞ અવતારે, **अभ्यजायत**-પ્રકટ થયા, **सः**-તે યજ્ઞ ભગવાને, **यामाद्यैः**-યામ વગેરે **सुरगणैः**-દેવગણો સાથે, **स्वायंभुवान्तरम्**-સ્વાયંભુવ મન્વંતરનું, **अपात्**-રક્ષણ કર્યું. ૧૨.

અનુવાદ—તે પછી રુચિ ઋષિની ધર્મપત્ની આકૂતિમાં 'યજ્ઞ' અવતાર લીધો અને યામ વગેરે દેવગણો સાથે તેમણે સ્વાયંભુવ મન્વંતરનું રક્ષણ કર્યું. ૧૩.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્ત્વસુધા—યજ્ઞ એટલે વિનિયોગ, સંગતિકરણ, દાન, શૌર્ય. ततः અવ્યય પૂર્વના પ્રકરણને અલગ કરવા માટે છે. વિપ્રના અવતારોને વર્ણવીને હવે ક્ષત્રિયના આરંભવા છે, માટે ततः અવ્યયનું ગ્રહણ કર્યું. આકૂતિઃ ક્રિયા શક્તિનું નામ છે. ક્રિયા ક્ષત્રિયનો ધર્મ હોવાથી ક્ષાત્ર કર્મ આકૂતિ છે. રુચિઃ ઋષિ છે. સાત્વિક રુચિ હોય તો સાત્વિક ક્રિયા થાય. ક્રિયા વિના અર્થ-ધન ન મળે. અર્થ ન મળે તો વિનિયોગ શી રીતે ? સંગતિકરણ કે દાન શી રીતે ? શત્રુજય માટે સુયજ્ઞ અવતાર. ૧૨.

अष्टमे मेरुदेव्यां तु नाभेर्जात उरुक्रमः ।
दर्शयन् वर्त्म धीराणां सर्वाश्रमनमस्कृतम् ॥ १३ ॥

અન્વયાર્થ—**अष्टमे**-તુ-આઠમા અવતારમાં તો, **धीराणाम्**-ધીર પુરુષોના, **सर्व-आश्रम-नमस्कृतम्**-સર્વ આશ્રમોથી વંદનીય, **वर्त्म**-માર્ગને, **दर्शयन्**-દર્શાવનાર, **नाभेः**-નાભિ રાજાનાં, **मेरुदेव्याम्**-પત્ની મેરુદેવીમાં, **उरुक्रमः**-પરાક્રમી ઋષભદેવ, **जातः**-પ્રકટ થયા. ૧૩.

અનુવાદ—**આઠમા અવતારમાં નાભિરાજાનાં પત્ની મેરૂદેવીમાં સર્વ આશ્રમોથી વંદનીય એવા ધીર પુરૂષોના પરિવ્રાજક માર્ગને દર્શાવનારા શ્રીઋષભદેવ પ્રકટ થયા.** ૧૩.

તત્ત્વસુધા—ઋષભ એટલે ત્યાગ, ધૈર્ય. ગુણોથી મહાન્ તે શ્રેષ્ઠ અથવા ઋષભ. વય અને વપુથી મહાન તે જ્યેષ્ઠ અને વૃષભ. ઇન્દ્રિયજય અને ધર્મનિષ્ઠા માટે ઋષભ અવતાર. तु અવ્યય ઋષભદેવની લૌકિક ઉત્પત્તિના નિષેધ અને અલૌકિક પ્રાદુર્ભાવના નિર્દેશ માટે છે. માતૃધર્મ પુત્રીમાં અને પિતૃધર્મ પુત્રમાં જોઈએ; તેથી માતૃધર્મનો નિષેધક પણ तु અવ્યય છે. ૧૩.

ऋषिभिर्याचितो भेजे नवमं पार्थिवं वपुः ।
दुग्धेमामौषधी विप्रास्तेनायं स उशत्तमः ॥ १४ ॥

અન્વયાર્થ—**विप्राः**-હે વિપ્રો ! **ऋषिभिः**-ઋષિઓથી, **याचितः**-યાચિત, **नवमम्**-નવમા, **पार्थिवम्**-પૃથુરાજાના, **वपुः**-અવતારને, **भेजे**-સ્વીકાર્યો, **इमाम्**-આ પૃથ્વીને, **औषधीः**-ઔષધીઓને, **अदुग्ध**-દોહન કરતા હતા, **तेन सः अयम्**-તેથી તે આ અવતાર, **उशत्तमः**-અતિશય પ્રશંસનીય ગણાયો. ૧૪.

અનુવાદ—**નવમા અવતારમાં પૃથુરાજા થયા. ઋષિઓની પ્રાર્થનાથી પાર્થિવ વિગ્રહ ધારણ કરી આ પૃથ્વીનું અને તેમાં રહેલી ઔષધીઓનું દોહન કર્યું; જેથી હે વિપ્રો ! આ અવતાર પ્રશંસનીય કહેવાયો.** ૧૪.

તત્ત્વસુધા—પૃથુ એટલે ચાતુર્ય, ઐશ્વર્ય, ઉદાર દિલ. ક્ષત્રિયનાં ત્રણ કાર્ય. શત્રુજય સુયજ્ઞથી, ધર્મનિષ્ઠા ઋષભ દેવથી અને પ્રજાપાલન પૃથુ રાજાથી. જો કે આ ત્રણ અવતારોમાં ક્રમ ઉલ્લંઘન કર્યું છે. પૃથુ પછીથી ઋષભદેવ આવે; પરંતુ ક્ષત્રિયના ત્રણ ધર્મોના ક્રમને લક્ષ્યમાં રાખી વ્યુત્ક્રમ કર્યો છે. પૃથ્વીમાં ધર્મનો જેના હાથે વિસ્તાર થયો, તેથી પૃથુ સંજ્ઞા થઈ. पार्थिवम्-પૃથુ રાજાનું શરીર, अदुग्ध ક્રિયાપદને બદલે દુગ્ધ પ્રયોગ કર્યો છે. તે આર્ષ છે. તેથી अड् આગમ નથી દેખાતો. दुग्धा, अदुग्ध, दोग्धा એવાં પદ કાઢવાં. दुह् ધાતુ દ્વિકર્મક છે, માટે પૃથ્વીની પ્રજાને કર લઈને અને પૃથ્વી ભૂમિને ઔષધી લઈને દોહન કર્યું. ૧૪.

रूपं स जगृहे मात्स्यं चाक्षुषोदधिसंप्लवे ।
नाव्यारोप्य महीमय्यामपाद्वैवस्वतं मनुम् ॥ १५ ॥

અન્વયાર્થ—**चाक्षुष-उदधि-संप्लवे-सः**-ચાક્ષુષ મન્વન્તરમાં-જલના મહાપ્રલયમાં તે ભગવાને, **मात्स्यम्**-મત્સ્ય સંબંધી, **रूपम**-રૂપને, **जगृहे**-સ્વીકાર્યું અને **महीमय्याम्**-પૃથ્વીરૂપી, **नावि**-નૌકામાં, **वैवस्वतम्**-વૈવસ્વત, **मनुम्**-મનુરાજાને, **आरोप्य**-સ્થાપીને, **अपात्**-રક્ષણ કર્યું. ૧૫.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—ચાક્ષુષ મન્વંતરને અંતે જલ મહાપ્રલય થતાં તેમણે મત્સ્યાવતાર ધર્યો અને વૈવસ્વત મનુને પૃથ્વીરૂપ બનેલ નાવમાં બેસાડીને રક્ષણ કર્યું. ૧૫.

તત્ત્વસુધા—મત્સ્ય એટલે અનન્યતા, અનાસક્તિ. હવે ચાર વૈશ્યના અવતાર કહેશે. જલ વિના મત્સ્ય ન જીવે, તદુપરાંત ખારાજલનો મત્સ્ય મીઠા જલાશયમાં પણ ન જીવે, એ તેની વિશિષ્ટ અનન્યતા. જલની ઉપર રહે, પણ અંદર નહીં તે તેની અનાસક્તિ. ભક્તમાં બે ગુણ જોઈએ. અનન્યતા અને અનાસક્તિ. "જલ વિના જીવે એ તો જાણો દાદુરડાં." હરિપદકમલ ભક્તિરસ વિના ભક્ત ન જીવે. વિષય રસમાં આસક્ત ભક્ત ન સંભવે.

'રૂપમ્' 'માત્સ્યમ્'—વૈશ્યનું વચન તારક, આકૃતિ પ્રતારક. સાદાઈ અને સચ્ચાઈ બે વૈશ્યના સદ્‌ગુણો. સાદાઈથી સમ્પત્તિમાન હશે એવું ન લાગે, જેથી વિશ્વાસ ન આવે કે ઐશ્વર્ય એની પાસે હશે; પરંતુ તેના વચનમાં કદિ વિશ્વાસઘાત ન થાય, એ એની કુલીનતા. મત્સ્યનું સ્વરૂપ જોઈ તે તારશે એવો વિશ્વાસ ન આવે; પરંતુ વચન પ્રમાણે જ્યારે સત્યવ્રતની નૌકા ધારણ કરીને તાર્યો, ત્યારે આશ્ચર્ય થયું.

ચાક્ષુષાન્તરસમ્પ્લવે – ચાક્ષુષ મન્વંતરમાં પ્રલય થયો, ત્યારે મત્સ્ય રૂપ લીધું. એક એવી શંકા છે કે ચાક્ષુષ મન્વંતર પછી પ્રલય ન આવે. એક કલ્પ થાય ત્યારે બ્રહ્માનો એક દિવસ થાય. એક દિવસમાં ચૌદ મનુ પૂર્ણ થાય. પછી પ્રલય આવે. આ ચાક્ષુષ મનુ છઠ્ઠા છે, માટે પ્રલય ન ઘટે. તેથી માર્કંડેય ઋષિને માયિક પ્રલય દર્શાવ્યો, તેવો કદાચ માયિક પ્રલય હશે.

સમાધાન—પ્રલય થયો છે એ નિશ્ચય છે. ચૌદ મનુને અંતે પ્રલય થાય છે તે યથાર્થ છે; પરંતુ સ્વયંભૂ વગેરે જે ચૌદ મનુઓનો ક્રમ બતાવ્યો છે, તેજ ક્રમે મનુઓ પ્રત્યેક કલ્પમાં નથી હોતા. કોઈ વખત તે છઠ્ઠા મનુ હોય છે, તો કોઇ વખત તે ચૌદમા પણ હોય છે. અધિકારીઓને મુક્તિ થાય, એ તો નિયમ છે. જ્યારે આ ચાક્ષુષ મનુ મુક્તિને યોગ્ય હશે ત્યારે તે ચૌદમા મનુ થયેલા, ત્યારે પ્રલય થયો. મત્સ્યપ્રભુ દ્વારા મોક્ષ થયો.

મનુની ચૌદ સંખ્યામાં ચાર સાત્વિક, પાંચ રાજસ અને પાંચ તામસ મનુઓ થાય છે. ચાક્ષુષને છઠ્ઠા મન્વંતર તરીકે ગણતાં પણ પ્રલય થઇ શકે છે. વિષ્ણુ ધર્મોત્તર ના પ્રથમ કાંડમાં પ્રશ્ન છે કે મન્વંતર ક્ષીણ થતાં શું બને ? ત્યાં નિર્દેશ કર્યો કે 'ઉર્મિમાલી મહાવેગઃ સર્વમાવૃત્ય તિષ્ઠતિ। નૌ ભૂત્વા તુ મહાદેવી' ઇત્યાદિ વાક્યોથી પ્રલય વર્ણન સંભવે છે. ૧૫.

સુરાસુરાણામુદધિં મથ્નતાં મન્દરાચલમ્ ।
દધ્રે કમઠરૂપેણ પૃષ્ઠ એકાદશે વિભુઃ ॥ ૧૬ ॥

અન્વયાર્થ—એકાદશે–અગીઆરમા અવતારમાં, **ઉદધિમ્**–સમુદ્રને, **મથ્નતામ્**–મન્થન કરતા, **સુર-અસુરાણામ્**–દેવો અને અસુરોના, **વિભુઃ**–સમર્થ પ્રભુએ, **કમઠ-રૂપેણ**–કચ્છપ રૂપ વડે, **પૃષ્ઠે**–પોતાની પીઠ ઉપર, **મન્દર-અચલમ્**, મંદરાચળને, **દધ્રે**–ધારણ કર્યો. ૧૬.

અનુવાદ—જ્યારે દેવો અને દાનવો સમુદ્ર મંથન કરી રહ્યા હતા ત્યારે સર્વ સમર્થ પ્રભુએ અગીઆરમા અવતારમાં કૂર્મ સ્વરૂપે પોતાની પીઠ ઉપર મન્દરાચળને ધારણ કર્યો. ૧૬.

તત્ત્વસુધા—કૂર્મ એટલે સ્થિતપ્રજ્ઞા, દૃઢતા, સિદ્ધાન્ત નિષ્ઠા. અમૃત મેધાવીને મળે. મેધાવાન સિદ્ધાન્ત શાલી અને દૃઢ નિર્ણયી અને મનોબળ વાળો જોઈએ. પ્રલોભનો સિદ્ધાન્તને શિથિલ કરવા આવે ત્યારે સ્થિત-પ્રજ્ઞા અટકાવે અને બચાવે. વિભુ શબ્દથી ઉપરોક્ત સર્વ સામર્થ્ય છે એ દર્શાવ્યું. કૂર્મ પૂજનથી લક્ષ્મીજી મળે છે. પ્રજ્ઞા ને સમ્પત્તિ મળે. ધીઃ શ્રીઃ હ્રીઃ એવું પિંગલ મુનિનું સૂચન છે. પ્રથમ ધી આવે, પછી શ્રી આવે. બાદ લજ્જાથી શ્રી ટકે. સુરો લજ્જાવાળા હતા. તેથી લક્ષ્મી અને અમૃત ટક્યાં. અસુરો નિર્લજ્જ હતા. મોહિનીથી તેમનાં બન્ને ગયાં.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

धान्वन्तरं द्वादशमं त्रयोदशममेव च ।
अपाययत्सुरान्यान् मोहिन्या मोहयन् स्त्रिया ॥ १७ ॥

અન્વયાર્થ—**દ્વાદશમમ્**–બારમા, **ધાન્વન્તરમ્**–એવમ્–ધન્વંતરિના એ રીતે, **ત્રયોદશમમ્**–તેરમા, **મોહિન્યા**–**સ્ત્રિયા**–મોહિનીના સ્ત્રી અવતારથી, **અન્યાન્**–અન્ય અસુરોને, **મોહયન્**–મોહ પમાડતા, **સુરાન્**–દેવોને, **અપાયયત્**–અમૃતપાન કરાવ્યું. ૧૭.

અનુવાદ—**એકજ એવા બારમા અને તેરમા અવતારમાં પ્રથમ ધન્વંતરીનું સ્વરૂપ લઇ દેવોની રક્ષા કરી અને બીજા મોહિનીના સ્ત્રી સ્વરૂપે અસુરોને મોહિત કર્યા.** ૧૭.

તત્ત્વસુધા—(૧) ધન્વંતરિ-પથ્ય સેવન. "हुतभुग् हितभुग् मितभुग् रिपुः यमस्य वैद्यस्य च" અગ્નિમાં હોમ કરી, પ્રત્યેક પ્રાણીના વૈશ્વાનરમાં વૈશ્વદેવથી હોમ કરી બીજાના હક્કો પૂરી બચતમાંથી વાપરે તે હુતભુગ્. પ્રત્યેક પ્રકારે પથ્યનો વિચાર કરી પેટને આપે તે અને જે હવિષ્યાન્ન નિવેદિતાન્ન, પવિત્રાન્નનાં ભોજન કરે છે તે હિતભુગ્. બાપસર, સમથસર, પ્રવાહી અને પોષણ દ્રવ્યવાળાં ભોજન કરે તે અને બે ભાગનું અન્ન, એક ભાગનું પ્રવાહી અને ચતુર્થ ભાગ પવન માટે રાખે તે મિતભુગ્.

(૨) મોહિની–અનાસકિત, આત્મતૃપ્તિ, આત્મસ્થતા. એકજ અવતારમાં બે કાર્યો કરનારાં બે સ્વરૂપો લીધેલાં હોવાથી એકજ શ્લોકમાં બે અવતારોનું સાથે કથન કર્યું.

चतुर्दशं नारसिंहं बिभ्रद्दैत्येन्द्रमूर्जितम् ।
ददार करजैर्वक्षस्येरकां कटकृद्यथा ॥ १८ ॥

અન્વયાર્થ—**ચતુર્દશમ્**–ચૌદમા, **નારસિંહમ્**–નૃસિંહ અવતારને, **બિભ્રદ્**–ધારણ કરતા, **યથા**–જેમ, **એરકામ્**–'પાન' નામના ઘાસને, **કટકૃત્**–સાદડી બનાવનાર, તેમ **ઊર્જિતમ્**–બલવાન, **દૈત્યેન્દ્રમ્**–દૈત્યેન્દ્રને-હિરણ્યકશિપુને, **વક્ષસિ**–છાતીમાં, **કરજૈઃ**–નખોથી, **ददार**–ચીરી નાખ્યો. ૧૮.

અનુવાદ—**ચૌદમા નૃસિંહાવતારને ધારણ કરી અતિ બલિષ્ઠ બની ગયેલા દૈત્યેન્દ્ર હિરણ્યકશિપુને છાતીમાં નખોથી, જેમ કોઇ સાદડી બનાવનાર કારૂક પાન નામના ઘાસને ચીરે તેમ ચીરી નાખ્યો.** ૧૮.

તત્ત્વસુધા—નૃસિંહ એટલે ઉદ્યોગ, પરાક્રમ, સ્વાશ્રય. નૃસિંહ અનુકમ્પા અવતાર છે. મનુષ્ય એ દયાનો ગુણ છે. સિંહ એ સંયમનો અને પરાક્રમનો ધર્મ છે. લોભ હૃદયમાં વાસના રૂપે કામની માફક ગુપ્ત સુપ્ત હોય છે, તેનો જય સ્વાશ્રય, સંતોષથી થાય છે. ૧૮.

पञ्चदशं वामनकं कृत्वागादध्वरं बलेः ।
पदत्रयं याचमानः प्रत्यादित्सुस्त्रिविष्टपम् ॥ १९ ॥

અન્વયાર્થ—**પઞ્ચદશમ્**–પંદરમા, **વામનકમ્**–વામન અવતારને, **કૃત્વા**–ધારણ કરીને, **ત્રિવિષ્ટપમ્**–સ્વર્ગને, **પ્રત્યાદિત્સુઃ**–પાછું લેવા, **પદત્રયમ્**–ત્રણ પગલાં પૃથ્વીને, **યાચમાનઃ**–યાચતા, **બલેઃ**–બલિ રાજાના, **અધ્વરમ્**–યાગ તરફ, **અગાત્**–ગયા. ૧૯.

અનુવાદ—**પંદરમા અવતારમાં વામન સ્વરૂપ ધારણ કરી બલિ રાજા પાસેથી સ્વર્ગનું રાજ્ય પાછું લઇ દેવોને આપવા, ત્રણ પગલાં પૃથ્વીની યાચનાના નિમિત્તે બલિના યજ્ઞમાં ગયા.** ૧૯.

તત્ત્વસુધા—વામન એટલે સમર્પણ, સંતોષ, વિનમ્રતા. નવધા ભકિતના સૂચક નવ ભકિત અવતારો નૃસિંહથી આરંભી વર્ણવ્યા છે. નૃસિંહ કેવલ મૂલરૂપે અવતાર છે. વામન, પરશુરામ, વ્યાસ વિપ્રરૂપે અવતરે છે. રામ કૃષ્ણ બલરામ ક્ષત્રિય રૂપે અવતરે છે. એક બુદ્ધ વૈશ્ય ધર્મે અને કલ્કિ મૂળરૂપે અવતરશે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વામનકમ્-મનોહર એવો અર્થ થાય; પરંતુ અત્યલ્પમાં અનલ્પ જુએ, એને આનંદ મળે. સ્વલ્પ માન, પાન, ખાનમાં પણ અનલ્પ સંતોષે રાચે, તેને ત્યાં આનંદ નાચે.

પદત્રયમ્-ત્રણ પગલાંમાં ત્રણ વસ્તુ ભગવાન આત્મનિવેદિત ભક્તની પાસેથી ચાહે છે- આ લોક, પરલોક અને સેવાયોગ્ય શરીર.

યાચમાનઃ-પોતાના આનંદ માટે માગે છે, તેથી આત્મનેપદ કહ્યું છે. નિજજન પાસેથી લેવામાં અને તેને દેવામાં આનંદ હોય છે. ત્યાં વસ્તુનું મહત્ત્વ નથી; પણ વ્યક્તિમાં મમત્વ પૂર્ણ અનુભવાય છે. તેનો આનંદ છે. ૧૯.

अवतारे षोडशमे पश्यन् ब्रह्मद्रुहो नृपान् ।
त्रिसप्तकृत्वः कुपितो निःक्षत्रामकरोन्महीम् ॥ २० ॥

અન્વયાર્થ—**षोडशमे**-સોળમા, **अवतारे**-અવતારમાં, **ब्रह्मद्रुहः**-બ્રહ્મદ્રોહી, **नृपान्**-રાજાઓને, **पश्यन्**-જોઈને, **कुपितः**-કોપેલા, **त्रि-सप्त-कृत्वः**-એકવીસ વખત, **महीम्**-પૃથ્વીને, **निःक्षत्राम्**-ક્ષત્રિય વગરની, **अकरोत्**-કરી દીધી ૨૦.

અનુવાદ—**સોળમા અવતારમાં બ્રહ્મદ્રોહી રાજાઓને જોઈને ગુસ્સે થયેલા ભગવાને પરશુરામ સ્વરૂપે એકવીસ વખત પૃથ્વીને ક્ષત્રિય રહિત બનાવી.** ૨૦.

તત્ત્વસુધા—પરશુરામ એટલે સ્વમાન, ગૌરવ, વીર્ય. માનો હિ મહતાં ધનમ્-મહાન પુરુષોનું માન એજ ધન છે. અધિકારને દ્વારે અપમાન, સન્માન ક્યાં મળે? ત્યાં મળે ગુમાન, અભિમાન અને અપમાન. કાર્તવીર્યે અધિકાર બળથી ઉન્મત્ત બની 'બ્રહ્મતેજસ્'નો દ્રોહ આદર્યો. બ્રહ્મ તેજ એ તો વિશ્વના કલ્યાણનો ખજનો છે. પરશુરામે તેની રક્ષા માટે ત્રણ તબક્કે યુદ્ધ કર્યાં. પ્રત્યેક વખતે સાત સાત વાર લઢાઈ લડ્યા. પ્રથમ ક્ષત્રિય પિતાઓ, પુત્રો, પછી પ્રપૌત્રો-ત્રણ પેઢી સુધીની ઉચ્છૃંખલતા હરવા સંગ્રામ કર્યો. તેથી એકવીસ વાર એમ ન લખતાં त्रिः सप्त कृत्वः ૩×૭=૨૧ ફેરા યુદ્ધ કર્યાં, એવો નિર્દેશ કર્યો. ૨૦.

ततः सप्तदशे जातः सत्यवत्यां पराशरात् ।
चक्रे वेदतरोः शाखा दृष्ट्वा पुंसोऽल्पमेधसः ॥ २१ ॥

અન્વયાર્થ—**तत**-ત્યાર પછી, **सप्तदशे**-સત્તરમા અવતારમાં, **पराशरात्**-પરાશર મહર્ષિથી, **सत्यवत्याम्**-સત્યવતીમાં, **जातः**-વ્યાસજી થયા, અને, **अल्पमेधसः**-અલ્પ બુદ્ધિવાળા, **पुंसः**-પુરુષોને, **दृष्ट्वा**-જોઈએ, **वेदतरोः**-વેદ વૃક્ષની, **शाखाः**-અનેક શાખાઓ, **चक्रे**-કરી. ૨૧.

અનુવાદ—**ત્યાર પછી, સત્તરમા અવતારમાં પરાશર મુનિથી સત્યવતી દેવીમાં વ્યાસ સ્વરૂપે પધાર્યા અને અલ્પ બુદ્ધિવાળા પુરુષોને જોઈને વેદવૃક્ષની અનેક શાખાઓ કરી.** ૨૧.

તત્ત્વસુધા—વ્યાસ મહર્ષિ એટલે વિવેક. ततः અવ્યય પૂર્વના અવતારના સ્વભાવથી તદ્દન વિપરીત સ્વભાવના અવતારની સૂચના માટે છે.

અવિવેકને વિભાગ કરતાં ન આવડે. હંસ વિવેકી છે. પૃથક્કરણ શક્તિ તેની પ્રકૃતિમાં છે. વેદ કલ્પતરુ છે. તેની શાખાઓ, ઉપશાખાઓ રચીને ભક્તિમત્તા દર્શાવી. ષડંગ વેદનું અધ્યયન વિપ્રે કરવું; પરંતુ બુદ્ધિની ગ્રહણશક્તિ જોઈ જ્ઞાન આપવું, એ ન્યાયે શાખાઓ કલ્પી. વેદાધ્યયનથી બચતા સમયમાં તેઓ ભગવદ્ ભક્તિ કરી શકે. ૨૧.

नरदेवत्वमापन्नः सुरकार्यचिकीर्षया ।
समुद्रनिग्रहादीनि चक्रे वीर्याण्यतः परम् ॥ २२ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—**अतःपरम्**-આ અવતાર પછી, **सुर-कार्य-चिकीर्षया**-દેવોનું કાર્ય કરવા, **नरदेवत्वम्**-નરદેવ સ્વરૂપને, **आपन्नः**-પ્રાપ્ત થયેલા, **समुद्रनिग्रह-आदीनि**-સમુદ્રનિગ્રહ આદિ, **वीर्याणि**-પરાક્રમોને, **चक्रे**-કરતા હતા. ૨૨.

અનુવાદ—**આ વ્યાસ અવતાર પછી નરપતિ શ્રીરામચંદ્ર સ્વરૂપે દેવોનાં કાર્ય સિદ્ધ કરવા પધાર્યા અને સમુદ્ર નિગ્રહ વગેરે પરાક્રમો કર્યાં.** ૨૨.

तत्त्वसुधा—શ્રીરામ એટલે પૂર્ણ પુરુષ, પૂર્ણ તત્ત્વ, કરુણાર્ણવ, સિદ્ધાન્ત નિષ્ઠા, શીલ નિધિ. **अतः परम्** અવ્યયનું કથન અંશાવતારોથી ભિન્ન પૂર્ણાવતારો બે થવાના છે તે બતાવવા માટે છે. પ્રથમ ગુણ બ્રહ્મચર્યથી આરંભી વ્યાસ મહર્ષિ સુધીના સત્તરમા વિવેક ગુણનો એક સમગ્ર આકાર તે શ્રીરામ થયા. તેથી જ તે પૂર્ણતત્ત્વ છે. તેમાં કરુણાનો ઉમેરો કર્યો. સૂર્ય, ચન્દ્ર બે પુષ્ટિનાં-કૃપાનાં પ્રતીક છે. સૂર્ય સર્વને જીવન આપે છે. ચન્દ્ર સર્વને અમૃત આપે છે. બન્ને દ્વારા વિશ્વને પુષ્ટિ મળે છે. તેથી સૂર્યવંશમાં રામ પ્રકટયા. ચન્દ્રવંશમાં શ્રીકૃષ્ણ થયા. સૂર્ય એક માસ પર્યન્ત એકજ રૂપે હોય છે. મેષનો, વૃષભનો એવી સંજ્ઞા હોય છે-તેથી સૂર્યવંશમાં એક અવતાર રામ. ચંદ્રની બે પક્ષમાં બે સંજ્ઞા હોય છે શુકલ, કૃષ્ણ; તેથી શ્રીકૃષ્ણ, શ્રીબલરામ એવા બે અવતારો થયા. અષ્ટાદશ વિદ્યાની મર્યાદાનું પાલન કરનાર મર્યાદા પુરુષોત્તમ હોવાથી શ્રીરામનો અઢારમો અવતાર કહ્યો છે. ૨૨.

एकोनविंशे विंशतिमे वृष्णिषु प्राप्य जन्मनी ।
रामकृष्णाविति भुवो भगवानहरद्भरम् ॥ २३ ॥

અન્વયાર્થ—**भगवान्**-ભગવાન, **एक-ऊनविंशे**-ઓગણીસમા, **विंशतिमे**-વીસમા અવતારમાં, **वृष्णिषु**-વૃષ્ણિકુળમાં, **रामकृष्णौ-इति**-બલરામ અને શ્રીકૃષ્ણ બે, **जन्मनी**-જન્મને, **प्राप्य**-પ્રાપ્ત કરીને, **भुवः**-પૃથ્વીના, **भरम्**-ભારને, **अहरत्**-હર્યો. ૨૩.

અનુવાદ—**ભગવાને ઓગણીસમા અને વીસમા અવતારમાં વૃષ્ણિ કુળમાં બળરામ અને શ્રીકૃષ્ણના અવતાર ધારણ કરીને પૃથ્વીનો ભાર ઉતાર્યો.** ૨૩.

तत्त्वसुधा—બલરામ, શ્રીકૃષ્ણ એટલે સ્નેહનિધિ-કલાનિધિ; શબ્દ અને અર્થ, શબ્દ બ્રહ્મ, પરબ્રહ્મ. મર્યાદાથી પર અનુગ્રહ પુષ્ટિ છે, જે ઓગણીસમી સર્વની વેદનાને હરનારી કૃપાવિદ્યા છે. તે સૂચવતો ઓગણીસમો અને વીસમો અવતાર વર્ણવ્યો. અધિકાર, અનુગ્રહલીલા પણ જેમ ૧૯ અધ્યાયોમાં વર્ણવી, તેજ રીતે અનુગ્રહાવતાર પણ ૧૯ અને ૨૦મી સંખ્યાના અવતારમાં લીધા.

ધન્વન્તરિ-મોહિની અવતારો એકજ અવતારના બે વિભાગ હોવાથી એકજ શ્લોકમાં વર્ણવ્યા હતા. શ્રીરામ, કૃષ્ણ પણ એકજ તત્ત્વના બે આકાર છે. શ્રીકૃષ્ણ એટલે પૂર્ણચન્દ્ર, પ્રેમ અથવા શૃંગાર રસ છે. સંયોગ, વિપ્રયોગ રસનાં બે દલ છે. શુકલ પક્ષમાં સંયોગ, કૃષ્ણ પક્ષમાં વિયોગ-એ બે ચન્દ્રના ધર્મો છે. ભગવાને પણ મથુરા, ગોકુલ, દ્વારિકાને સંયોગ-વિપ્રયોગના પ્રયોગથી જ સર્વ યાગ-યોગનું ફલ આપ્યું છે.

વિંશતિતમે-એવો શબ્દ બને; પરંતુ 'त' નો લોપ કરી વિંશતિમે એવો નિર્દેશ શ્રીકૃષ્ણ માટે કરી વેદથી પર પૂર્ણ બ્રહ્મ છે, તે સંકેત કરવા વિંશતિમે વૈદિક પ્રયોગ કર્યો.

ततः कलौ सम्प्रवृत्ते संमोहाय सुरद्विषाम् ।
बुद्धो नाम्ना जिनसुतः[१] कीकटेषु भविष्यति ॥ २४ ॥

---

१. अजिनसुत इति पाठः

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—**ततः**-ત્યારપછી, **कलौ**-કળિયુગમાં, **सम्प्रवृत्ते**-ખૂબ ફેલાતાં, **सुरद्विषाम्**-દેવોનો દ્વેષ કરનારાઓના, **संमोहाय**-સંમોહ માટે, **जिनसुतः**-જિનપુત્ર, **नाम्ना**-નામથી **बुद्धः**-બુદ્ધ, **कीकटेषु**-ગયા પ્રદેશમાં, **भविष्यति**-ઉત્પન્ન થશે. ૨૪.

અનુવાદ—ત્યારપછી કલિ ધર્મોનો પુષ્કળ પ્રચાર થતાં, દેવોનો દ્વેષ કરનારાઓને મોહ ઉપજાવવા જીનના પુત્ર બુદ્ધ નામે કીકટ પ્રદેશમાં (ગયા પ્રદેશમાં) અવતાર લેશે. ૨૪.

તત્ત્વસુધાઃ—બુદ્ધ એટલે ત્યાગ, અહિંસા, શાન્તિ. વૈર, વિત્ત, વનિતા, વસ્તુ, વિવાદનો ત્યાગ એજ વિશ્વ ત્યાગ; કેવલ વિશ્વનો ત્યાગ એ ત્યાગ નહિ. વીરનો ત્યાગ વિશ્વમાં વસીને, વિશ્વથી ખસીને નહિ. વીતરાગી વીર ગણાય, વિશ્વત્યાગી નહિ. વીતરાગ બુદ્ધના ત્યાગ માર્ગમાં ઉપરોકત પંચશીલ હતાં. ત્યાગ દિલથી થાય, દેહથી નહિ. अजिनसुतः એવો પણ પાઠ છે. ततः અવ્યયથી શ્લોકનો આરંભ કરી પૂર્વના ત્રણ અવતારોથી જુદાજ મન્તવ્યનો અવતાર છે, એવું સૂચવ્યું. ભવિષ્યકાળનો અવતાર હોવાથી भविष्यति કહ્યું. कीकटेषु भविष्यति એટલે ગયા પ્રદેશમાં 'ધર્મારણ્ય' સ્થાનમાં બુદ્ધાવતાર થયો છે. असौ व्यक्तः कलेरन्दे सहस्रद्वितये गते। मूर्तिः पाटलवर्णास्य द्विभुजा चिकुरोज्झिता ॥ यदा सूतः कथामाह तदा बुद्धस्य भाविता। अधुना वृत्त एवाऽयं धर्मारण्ये यदुद्गत ॥ (लघु भागवतामृत).

अथासौ युगसन्ध्यायां दस्युप्रायेषु राजसु।
जनिता विष्णुयशसो नाम्ना कल्किर्जगत्पतिः ॥ २५ ॥

અન્વયાર્થ—**अथ**-ત્યાર બાદ, **असौ**-આ, **जगत्पतिः**-જગત્પતિ શ્રીહરિ, **युगसन्ध्यायाम्**-યુગની સંધિમાં, **राजसु**-સર્વ રાજાઓ, **दस्युप्रायेषु**-ચોર જેવા થઈ જતાં, **विष्णुयशसः**-વિષ્ણુયશસના-પુત્ર, **कल्किः**-કલ્કિ, **नाम्ना**-નામથી, **जनिता**-અવતાર લેશે. ૨૫

અનુવાદ—ત્યાર બાદ આ જગત્પતિ પ્રભુ, કલિયુગના સંધિકાળમાં બધા રાજાઓ ચોર-ડાકુ જેવા થઇ જતાં વિષ્ણુયશસ્ વિપ્રના પુત્ર 'શ્રીકલ્કિ'ના નામથી અવતાર લેશે. ૨૫.

તત્ત્વસુધા—કલ્કિ એટલે કલિનાશ, કપટનાશ, કલેશનાશ-પુરૂષાવતાર. अथ અવ્યય મંગલવાચક અને નિરન્તર્ય વાચક અર્થમાં મૂકેલ છે. પૃથ્વી ઉપર મમતા કરી, તે મહત્પાપ ગણાય. પૃથ્વી તો માતા છે. એની તો ક્ષમતા અને સમતા પ્રકૃતિ છે. જ્યારે રાજા, પ્રજા સર્વે અહંતા-મમતા કીધી, એ કલિવૃદ્ધિ થઇ. તેના નાશ માટે 'કલ્કિ'ની પ્રાપ્તિ થઇ.

કૂર્મથી આરંભી તથાગત બુદ્ધના અવતારો પર્યન્ત કોઇ પુરુષને અવતાર નથી, જ્યારે 'કલ્કિ' પુરુષનો અવતાર છે. તેનું સૂચન કરવા अथ असौ લખ્યું છે હવે પછી આ પુરુષનો અવતાર એવો અર્થ થાય. કૂર્મ અવતાર સમુદ્ર મંથન કાલના મન્દરને ધારણ કરનાર ન સમજવા; પરંતુ બ્રહ્માંડ ધારણ કરનાર આદિકૂર્મને જાણવા ધન્વન્તરિ વિષ્ણુનોજ સત્ત્વગુણ પ્રવર્તક અવતાર છે. નૃસિંહ કાલનો અવતાર છે, અન્યથા વિકરાળ સ્વરૂપ ન વર્ણવે. પરશુરામ વૈશ્વાનર અગ્નિનો અવતાર, यस्य ब्रह्म च क्षत्रं च उभे भवत ओदनः બ્રાહ્મણ, ક્ષત્રિયો વૈશ્વાનરના હોમનો 'ભ્રાત' છે. મૃત્યુ ધી છે. વ્યાસ જ્ઞાનનો અવતાર છે. શ્રીરામ વાસુદેવનુંજ સ્વરૂપ છે. બલભદ્ર-સંકર્ષણનો અવતાર છે. શ્રીકૃષ્ણ વાસુદેવનું ચતુર્વ્યૂહ સ્વરૂપ છે. બુદ્ધ વિશુદ્ધ સત્ત્વગુણનો અવતાર છે.

युगसन्ध्यायाम्-એટલે કલિ સમાપ્તિ અને કૃતયુગના પ્રારંભનો મધ્યકાળ. ૨૫.

अवतारा ह्यसंख्येया[1] हरेः सत्त्वनिधेर्द्विजाः।
यथाविदासिनः कुल्याः सरसः स्युः सहस्रशः ॥ २६ ॥

१. असंख्याताः पाठः

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ऋषयो मनवो देवा मनुपुत्रा महौजसः ।
कलाः सर्वे हरेरेव सप्रजापतयः स्मृताः ॥ २७ ॥

एते चांशकलाः पुंसः कृष्णस्तु भगवान् स्वयम् ।
इन्द्रारिव्याकुलं लोकं मृडयन्ति युगे युगे ॥ २८ ॥

जन्म गुह्यं भगवतो य एतत् प्रयतः शुचिः ।
सायं प्रातर्गृणन्भक्त्या दुःखग्रामाद्विमुच्यते ॥ २९ ॥

અન્વયાર્થ—યથા-જેમ, અવિ-દાસિનઃ-અક્ષય-અખૂટ, એવા, **સરસઃ**-સરોવરમાંથી, **સહસ્રશઃ**-હજારો, **કુલ્યાઃ**-નહેરો, **સ્યુઃ**-નીકળે, તેમ **દ્વિજાઃ**-હે દ્વિજો, **હિ**-ખરેખર, **સત્ત્વનિધેઃ**-સત્ત્વગુણના ભંડાર, **હરેઃ**- શ્રીહરિના, **અસંખ્યેયાઃ**-અસંખ્ય, **અવતારાઃ**-અવતારો થાય છે. ૨૬; **ઋષયઃ**-અર્થમા વગેરે ઋષિઓ, **મનવઃ**-મનુઓ, **દેવાઃ**-દેવો, **મહૌજસઃ**-મહાન ઓજસ્વી, **મનુપુત્રાઃ**-મનુપુત્રો, **સપ્રજાપતયઃ**-પ્રજાપતિઓ સહિત, **સર્વે**-બધા, **હરેઃ-એવ**-શ્રીહરિનાજ, **કલાઃ**-અંશાવતારો, **સ્મૃતાઃ**-કહ્યા છે. ૨૭; **એતે**-આ સર્વે, **પુંસઃ**-પુરુષના, **અંશકલાઃ**-અંશાવતાર, કલાવતાર છે. **ચ**-અને, **કૃષ્ણઃ-તુ**-શ્રીકૃષ્ણ તો, **સ્વયમ્-ભગવાન્**-પોતે ભગવાન છે, **ઇન્દ્ર-અરિ-વ્યાકુલમ્**-ઇન્દ્રના દુશ્મનોથી વ્યાકુલ, **લોકમ્**-વિશ્વને, **યુગેયુગે**-પ્રત્યેક યુગમાં, **મૃડયન્તિ**-સુખી કરે છે. ૨૮; **યઃ**-જે કોઇ, **પ્રયતઃ**-પ્રયત્નશીલ, **શુચિઃ**-પવિત્ર, **સાયમ્**-સાંજે, **પ્રાતઃ**-પ્રાતઃકાળમાં, **એતત્**-આ, **ભગવતઃ**-ભગવાનના, **ગુહ્યમ્**-ગુપ્ત, **જન્મ**-જન્મને, **ભક્ત્યા**-ભક્તિ ભાવથી, **ગૃણન્**-ગ્રહણ કરે, **દુઃખ-ગ્રામાત્**-દુઃખોના સંઘાતથી, **વિમુચ્યતે**-મુક્ત થાય છે. ૨૯.

અનુવાદ—જેમ અક્ષય જલ સરોવરમાંથી અસંખ્ય નાની નાની નહેરોના પ્રવાહો નીકળે છે, તેમ સત્ત્વગુણના ભંડારરૂપ શ્રીહરિના અસંખ્ય અવતારો થાય છે. ૨૬; ઋષિઓ, મનુઓ, દેવો, અતિ પરાક્રમી મનુપુત્રો અને પ્રજાપતિઓ આ સર્વ શ્રીહરિના જ અંશાવતારો કહ્યા છે. ૨૭; આ સર્વ તો પુરુષના અંશાવતાર-કલાવતાર છે, જ્યારે શ્રીકૃષ્ણ એ તો સાક્ષાત્ ભગવાન છે. એ દયાળુ ભગવાન દૈત્યાદિકથી પીડિત વિશ્વને પ્રત્યેક યુગમાં સુખી કરે છે. ૨૮; જે કોઇ પ્રયત્નશીલ, પવિત્ર પુરુષ ભગવાનના આ રહસ્યમય જન્મ પ્રસંગને સાયંકાલે કે પ્રાતઃકાળે ભક્તિપૂર્વક ગ્રહણ કરે તે દુઃખોના સમૂહમાંથી મુક્ત થાય છે. ૨૯.

તત્ત્વસુધા—દ્વિજાઃ સંબોધન ઋષિ મુનિઓની જાણકારિતા અને અનુમોદન માટે છે. અવિદાસિનઃ ઉપક્ષય રહિત. દસુ ઉપક્ષયેનું રૂપ બન્યું છે. સરસઃ સરોવરમાંથી અવતાર બતાવ્યા, સાગરમાંથી નહિ. સાગર અગાધ છે; પરંતુ પ્રવાહ અને માધુર્ય એમાં નથી. જ્યારે સરતીતિ સરઃ એવા અર્થમાં સરઃ શબ્દ લીધો છે. જેમ ઉત્કૃષ્ટ પ્રદેશમાં માનસ સરોવર છે, તેમાંથી અનેક પ્રવાહ નીકળ્યા છે. સાગર તો નિમ્ન પ્રદેશમાં છે. ઉન્નત પ્રદેશના જલનું જગતના નાના અનેક પ્રદેશમાં આવવું જગવિદિત છે, તેવીજ રીતે ઉન્નત પરબ્રહ્મના માધુર્ય, રસપૂર્ણ, પૂર્ણાનંદ સરોવરમાં અનેક અવતારો થયા છે.

અવતારનું સ્વરૂપ, પ્રકૃતિ અને ફળને સમજાવતા ઉપરના બે શ્લોકો છે. આવેશ, કલા, અંશ, અંશાંશ. સ્ફુર્તિ અને પૂર્ણ એવા છ પ્રકારના અવતારો છે. અથવા જ્ઞાનાવતાર, ક્રિયાવતાર અને પૂર્ણાવતાર એવા ત્રણ ભેદો છે. કપિલ વગેરે જ્ઞાનાવતાર, કૂર્મ વગેરે ક્રિયાવતાર, શ્રીરામ કૃષ્ણ પૂર્ણાવતાર. પરશુરામ આવેશ અવતાર, ઋષિ, મનુ, વસુ વગેરે કલાવતાર. મત્સ્યાદિ અંશાવતાર. નૃસિંહ સ્ફુર્તિ અવતાર; આવી, કામ કરી, વિદ્યુત્ ત્વરાએ વિલય પ્રે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

'કૃષ્ણસ્તુ ભગવાન્ સ્વયમ્' એ શ્રીમદ્ ભાગવતનું તત્ત્વમસિ ના જેવું મહાવાક્ય છે. એ વાક્ય શ્રીકૃષ્ણના સર્વ પ્રસંગોમાં અનુવૃત્તિ પામે છે.

જ્યાયાંશ્ચ પૂરુષઃ છાન્દોગ્ય પંચમ પ્રપાઠકમાં દેવકીપુત્ર કૃષ્ણની પૂર્ણતા વર્ણવી છે.

સહોવાચાજયોનિરવતારાણાં મધ્યે શ્રેષ્ઠોડવતારઃ એ ગોપાલ તાપિની ઉપનિષદમાં પણ શ્રીકૃષ્ણનોજ નિર્દેશ છે.

પ્રયતઃ જિતેન્દ્રિય. જે કેવલ જડ પ્રયત્ન કરનાર, સતત પ્રયત્ન કરનાર, સખ્ત પ્રયત્ન કરનાર નહિ; પરંતુ ઇન્દ્રિયજીત. ઇન્દ્રજીત કરતાં ઇન્દ્રિયજીત મોટો છે. શુચિઃ શુદ્ધભાવવાન.

દુઃખગ્રામાત્-દુરાગ્રહ, અનિગ્રહ દુઃખનાં કારણ છે. અવતારોમાં તો ગુણગ્રામ છે. એક ગુણ સુખ આપે તો ગુણગ્રામ શું ન આપે? ગુણગ્રામ દુઃખગ્રામમાંથી મુકત કરે. સાયંકાલ, પ્રાતઃકાલ સજ્જને સૌના અને શ્રીહરિના ગુણોની માળા ફેરવવી. બ્રહ્મચર્ય, સંયમ, સેવા વગેરે એક એક અવતારમાંથી એક એક ગુણ લઈ ગુણમાળા ફેરવવી.

આ પાંચ શ્લોકોમાં બ્રહ્મના સ્થૂલ, સૂક્ષ્મ સ્વરૂપ વગેરેનો વિચાર છે. ૨૯.

एतद्रूपं भगवतो ह्यरूपस्य चिदात्मनः ।
मायागुणैर्विरचितं महदादिभिरात्मनि ॥ ३० ॥

અન્વયાર્થ—**હિ**-નિશ્ચિત, **એતત્**-આ બ્રહ્માંડ, **અરૂપસ્ય**-રૂપરહિત એવા, **ચિદાત્મનઃ**-ચૈતન્ય સ્વરૂપ, **ભગવતઃ-રૂપમ્**-ભગવાનનું રૂપ છે. **મહદાદિભિઃ**-મહત્તત્ત્વ વગેરે, **માયાગુણૈઃ**-માયાના ગુણો વડે, **આત્મનિ**-પોતાના શરીરમાં, **વિરચિતમ્**-રચેલું છે. ૩૦.

અનુવાદ—**લૌકિક રૂપ વિનાના અને ચૈતન્યમાત્ર સ્વરૂપવાળા ભગવાનનું આ બ્રહ્માંડાત્મક જે રૂપ છે; તે તો માયાના મહદ્ અહંકાર વગેરે ગુણોથી પોતાનામાં જ રચેલું છે. ૩૦.**

તત્ત્વસુધા—નિર્ગુણ બ્રહ્મનું આ બ્રહ્માંડ પણ એક સ્થૂલ સ્વરૂપ છે. આધિદૈવિક ભગવાનની માયા શક્તિ છે. તેના ત્રણ ગુણો છે. તે ગુણોમાંથી મહત્ વગેરે તત્ત્વો થાય છે. તે તત્ત્વોએ પોતાના શરીરમાંજ ભગવાનનું બ્રહ્માંડ નામનું શરીર બનાવ્યું. તપાવેલા લોખંડના ગોળામાં અગ્નિની માફક બ્રહ્માંડ વિગ્રહમાં ભગવાન રહ્યા છે. બ્રહ્માંડ ભગવાનનું સ્વરૂપ છે, સમજી તેના તરફ નીતિ-આદર-સેવાની ભાવનાથી રહેવું, એજ બ્રહ્મજ્ઞાન. ૩૦.

લોખંડના ગોળામાં જો અગ્નિ અનુભવાય છે, દેખાય છે, તો જડ જગતમાં બ્રહ્મ કે ભગવાન તો ચેતનાત્મક હોવાથી દેખાવા જોઈએ, પણ નથી દેખાતા. માટે કેમ મનાય? એના ઉત્તરમાં ૩૧ મો શ્લોક છે.

यथा नभसि मेघौघो रेणुर्वा पार्थिवोऽनिले ।
एवं द्रष्टरि दृश्यत्वमारोपितमबुद्धिभिः ॥ ३१ ॥

અન્વયાર્થ—**યથા**-જેવી રીતે, **નભસિ**-આકાશમાં, **મેઘ-ઓઘઃ**-મેઘોનો સમૂહ, **વા**-અથવા, **અનિલે**-વાયુમાં, **પાર્થિવઃ**-પૃથ્વી સમ્બન્ધી, **રેણુઃ**-રજકણ, **એવમ્**-એજ રીતે, **દ્રષ્ટરિ**-દ્રષ્ટામાં, **દૃશ્યત્વમ્**-દૃશ્યપણાનો, **અબુદ્ધિભિઃ**-અબુદ્ધિમાનોએ, **આરોપિતમ્**-આરોપ કર્યો છે. ૩૧.

અનુવાદ—**આકાર વિનાના આકાશમાં વાદળાંનો સમૂહ અને રૂપ વગરના વાયુમાં પૃથ્વીનાં રજકણોનો વ્યવહાર અણસમજુઓએ કર્યો છે; તેજ પ્રકારે દ્રષ્ટા એવા પરમાત્મામાં અબુદ્ધિમાનોએ દૃશ્ય રૂપનો આરોપ કર્યો છે. ૩૧.**

તત્ત્વસુધા—જગત જડ છે એટલે દૃશ્ય અથવા ચક્ષુર્ગ્રાહ્ય છે. ભગવાન તો સત્, ચિત્, આનંદ રૂપ છે, જેથી દ્રષ્ટા છે. અવિવેકે દ્રષ્ટા આત્માને જડની માફક દૃશ્ય ગણ્યો છે. અવિવેક તો ગોળાને અગ્નિ ગણે છે. વિવેક ગોળામાં અગ્નિને જુએ છે. બે દૃષ્ટાન્તોથી સમજાવે છે. **યથા નભસિ** આકાર રહિત આકાશ છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તેમાં નીલ મેઘને જોઇને નીલ આકાશ, ઘનાઘન આકાશ–એ સમજ ભ્રાન્તિ છે. રૂપ રહિત વાયુમાં પૃથ્વીની રજ દેખાય છે, તેને જોઇને વંટોળીઓ આવ્યો એવો વ્યવહાર જેમ ભ્રાન્તિથી થાય છે, તેજ પ્રકારે, ચેતન દ્રષ્ટા આત્મામાં દૃશ્યનું આરોપણ અજ્ઞાનુપણાને કારણે છે. ૩૧.

अतः परं यदव्यक्तमव्यूढगुणव्यूहितम् ।
अदृष्टाश्रुतवस्तुत्वात् स जीवो यत्पुनर्भवः ॥ ३२ ॥

અન્વયાર્થ—**અતઃ**–આ સ્થૂલરૂપથી, **પરમ્**–બીજું–અલગ, **યત્**–જે, **અદૃષ્ટ–અશ્રુત–વસ્તુત્વાત્**–ન જોયેલ, ન સાંભળેલ, વસ્તુરૂપે હોવાથી, **અવ્યૂઢ–ગુણ–વ્યૂહિતમ્**–ગોઠવાયેલા આકાર વિનાના ગુણોથી રચેલું, **અવ્યક્તમ્**–અસ્પષ્ટ–સૂક્ષ્મ, **સઃ**–જે તત્ત્વ છે તે, **જીવઃ**–જીવાત્મા છે, **યત્ પુનર્ભવઃ**–જેનો પુનર્જન્મ થાય છે. ૩૨.

અનુવાદ—**આ સ્થૂલ બ્રહ્માંડરૂપથી બીજું જુદું ભગવાનનું એક સ્વરૂપ છે, કે જે આંખે ન દેખાતી, કાને ન સંભળાતી, એવી વસ્તુનું હોવાથી, હાથ–પગ વગેરે આકાર રહિત ગુણોથી રચેલું છે; તેથી તે સૂક્ષ્મ–અવ્યક્ત છે. તેને જીવાત્મા કહે છે, જેનો પુનર્જન્મ થાય છે.** ૩૨.

તત્ત્વસુધા—આ શ્લોકમાં જીવના સ્વરૂપવિચારમાં જીવમાં ભગવદ્ બુદ્ધિજ વાસ્તવિક છે, જીવ બુદ્ધિ તો ગૌણ છે. એમ સમજાવે છે. પ્રપંચમાં જડ બુદ્ધિ ભ્રાન્તિ છે; પરંતુ ભગવદ્ બુદ્ધિજ વાસ્તવિક છે. જગત પણ ભગવાનનું સત્ અંશનુંજ સ્વરૂપ છે. જો પ્રપંચમાં ભગવદ્ બુદ્ધિ થાય તો ભગવદ્ ભાવે આસક્તિને બદલે તેની ભક્તિ થઇ શકે.

અતઃપરમ્–આ બ્રહ્માંડ ભગવાનનું એક સ્વરૂપ છે. તેનાથી પરમ્ બીજું સ્વરૂપ છે, તે જીવ છે. **અવ્યક્તમ્**–અતિસૂક્ષ્મ છે. ઇન્દ્રિયોથી ન જોઇ શકાય, મનથી ન વિચારી શકાય તેથી સૂક્ષ્મ છે.

અવ્યૂઢગુણવ્યૂહિતમ્ વાક્યથી જીવના અવ્યક્તપણામાં કારણો આપે છે. **વ્યૂઢઃ કરચરણાદિપરિણામઃ** મસ્તક, હાથ, પગ વગેરે અવયવોના આકારને પામવું. **અવ્યૂઢૈઃ** આકાર પરિણામ ન પામેલા **ગુણૈઃ** ગુણોથી **વ્યૂહિતમ્** રચેલું. આકાર ન પામેલા ગુણોથી રચેલું (શ્રીધર સ્વામી).

વ્યૂઢૈઃ ગુણૈઃ–બહુધા વિભક્તૈઃ ગુણૈઃ અનેક પ્રકારે વહેંચાયેલા ગુણોથી ન **બૃંહિતમ્** ન **સ્થૂલીકૃતમ્**–સ્થૂલ રૂપ ન અપાયેલું તત્ત્વ તે જીવ (વીર રાઘવજી).

અવ્યૂઢમ્–અનભિવ્યક્તમ્ ગુણાનાં કાર્યં યસ્મિન્–ગુણોનું કાર્ય જેમાં વ્યક્ત જોવા નથી મળતું તે તત્ત્વ જીવ. (વિજય ધ્વજજી)

કરચરણાદ્યાકારેણાપરિણતૈઃ ગુણૈઃ વ્યાપ્તમ્–કર ચરણ આદિ આકાર ન પામેલા ગુણોથી વ્યાપ્ત તત્ત્વ તે જીવ. (શ્રી મહાપ્રભુજી)

અવ્યૂઢૈઃ સૂક્ષ્મૈઃ ગુણૈઃ ગુણકાર્યૈઃ એકાદશેન્દ્રિયતન્માત્રાભિઃ બૃંહિતં રચિતમ્–સૂક્ષ્મ ગુણોનાં કાર્ય એકાદશ ઇન્દ્રિય તન્માત્રાઓથી રચેલું (વીર રાઘવજી)

અસ્પષ્ટગુણશબ્દમ્–ક્રમસંદર્ભકાર. આકારવિશેષરહિતમ્ (ચક્રવર્તીજી) ૩૨.

यत्रेमे सदसद्रूपे प्रतिषिद्धे स्वसंविदा ।
अविद्ययाऽऽत्मनि कृते इति तद्ब्रह्मदर्शनम् ॥ ३३ ॥

અન્વયાર્થ—**યત્ર**–જ્યાં–જ્યારે, **ઇમે**–આ બે, **અવિદ્યયા**–અજ્ઞાનથી, **આત્મનિ**–આત્મામાં, **કૃતે**–કરેલાં, **સદ્–અસદ્–રૂપે**–સ્થૂલ અને સૂક્ષ્મ એવાં બે સ્વરૂપ, **સ્વ સંવિદા**–આત્મજ્ઞાનથી, **પ્રતિષિદ્ધે**–નિવૃત્ત થાય, **ઇતિ–તત્–બ્રહ્મદર્શનમ્**–એ પ્રકાર બ્રહ્મદર્શનનો છે. ૩૩.

૧. બૃંહિતમ્ ઇતિ પાઠઃ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—જ્યારે આ સ્થૂલ અને સૂક્ષ્મ બે સ્વરૂપ બ્રહ્મના અનુભવથી નિવૃત્ત થઇ જાય અને આ તો અવિદ્યાએ આત્માના રૂપમાં કરેલાં છે એવું સમજાય છે ત્યારે જ બ્રહ્મદર્શન-આત્મસાક્ષાત્કાર થાય છે. ૩૩.

તત્ત્વસુધા—વાસ્તવિક રીતે જીવ અગર જગત ભગવાનનું સ્વરૂપ છે. જગત અને જીવની પ્રતીતિ કેવળ અવિદ્યાથી છે. ક્રમે કરીને બ્રહ્માંડમાં ને જીવમાં સર્વત્ર ભગવદ્ભાવની અનુભૂતિ થાય ત્યારે આત્મદર્શન થાય. પુષ્પને નાક પાસે ન લેતાં નાથને સમર્પવાની ભાવના થાય એ બ્રહ્મદર્શન છે. કોઇના પણ સુખને પોતાનુંજ સુખ છે, એવો અનુભવ થાય તે બ્રહ્મદર્શન છે.

યત્ર અવ્યય 'યદા' જ્યારે ના અર્થમાં વાપર્યું છે. સદ્રૂપ-સૂક્ષ્મ રૂપ જીવ. અસદ્રૂપઃ-સ્થૂલ રૂપ બ્રહ્માંડનો સ્વ-સંવિદા-શ્રવણ, મનન આદિ ભક્તિથી-સ્વરૂપ જ્ઞાનથી, પ્રતિષિદ્ધે ભવતઃ આત્મામાં અવિદ્યાથી કરેલાં છે, એવો પ્રતિષેધ થાય ત્યારે બ્રહ્મદર્શન થાય છે. ૩૩.

બ્રહ્મપ્રતીતિથી લાભ શો ? જીવ અને જડની પ્રતીતિ જાય શી રીતે ! એ બે પ્રશ્નોના સમાધાનમાં—

યદ્યેષોપરતા દેવી માયા વૈશારદી મતિઃ ।
સમ્પન્ન એવેતિ વિદુર્મહિમ્નિ સ્વે મહીયતે ॥ ૩૪ ॥

અન્વયાર્થ—**યદિ**-જ્યારે, **એષા**-આ, **દેવી**-દિવ્ય-દેવી, **વૈશારદી**-વિશારદની-સર્વજ્ઞ ઇશ્વરની, **માયા**-માયા, **ઉપરતા**-વિરામ પામતાં, **મતિઃ**-પરિનિષ્ઠિત બુદ્ધિ થાય ત્યારે, **સમ્પન્નઃ-એવ**-બ્રહ્મસ્વરૂપને પ્રાપ્ત થયેલ છે, **ઇતિ**-એ પ્રમાણે, **વિદુઃ**-જાણે છે, **સ્વે**-પોતાના, **મહિમ્નિ**-મહિમામાં, **મહીયતે**-બિરાજે છે. ૩૪.

અનુવાદ—જ્યારે આ દિવ્ય એવી વિશારદ ભગવાનની માયા ઉપરામ પામે અને પરિનિષ્ઠિત મતિ થાય ત્યારે જીવાત્મા બ્રહ્મ સમ્પન્ન થાય છે, પોતાના મહિમામાં રાચે છે. આત્મજ્ઞાનીઓ તેને બ્રહ્મદર્શન કહે છે. ૩૪.

તત્ત્વસુધા—'માયા' એક વિચક્ષણ ભગવાનની વિલક્ષણ શક્તિ છે. એકજ શક્તિની બે ક્રિયા અને બે સંજ્ઞા છે-પ્રવૃત્તિ ને નિવૃત્તિ, માયા અને મતિ. જ્યારે તે પ્રવૃત્તિરૂપ બની આવરણ વિક્ષેપ કરે છે, ત્યારે તે 'મતિ' કહેવાય છે. મતિ એટલે પરિશુદ્ધ, પરિનિશ્ચિત અને પરિનિષ્ઠિત એવી બુદ્ધિ.

જીવ જ્યારે મતિમાન બને છે, ત્યારે તે આત્મસંપન્ન થાય છે. આત્મસંપત્તિ સામે સર્વ સમ્પત્તિ તુચ્છ ભાસે છે, તે તેનો સ્વરૂપ મહિમાનો અનુભવ છે. ૩૪.

એવં જન્માનિ કર્માણિ હ્યકર્તુરજનસ્ય ચ ।
વર્ણયન્તિ સ્મ કવયો વેદગુહ્યાનિ હૃત્પતેઃ ॥ ૩૫ ॥

અન્વયાર્થ—**કવયઃ**-કવિઓ, **એવમ્**-એ પ્રમાણે, **હૃત્પતેઃ**-હૃદયના અધિપતિ, **અકર્તુઃ**-અકર્તા, **અજનસ્ય**-અજન્માનાં, **વેદ-ગુહ્યાનિ**-વેદોમાં ગુપ્ત રીતે ગાયેલાં, **જન્માનિ**-જન્મને, **ચ**-અને, **કર્માણિ**-કર્મોને, **વર્ણયન્તિ સ્મ**-વર્ણવે છે. ૩૫.

અનુવાદ—અન્તર્યામી એવા એ અકર્તા-પ્રભુનાં કર્મ અને અજન્માના જન્મ, જે વેદોમાં ગુપ્ત રીતે વર્ણવેલાં છે, તેને કવિઓ વર્ણવે છે. ૩૫.

તત્ત્વસુધા—હૃત્પતેઃ-કવિતા હૃદય સરોવરનું ઝરણું છે. વર્ણોની રચના તે વર્ણનરૂપ મધુરી વેલી છે. હૃદયપતિ જો પ્રેરણા કરે, તોજ તેમાંથી સ્રોતસ્ પ્રકટ થાય.

ત્રણ શ્લોકોથી ત્રણ વાત વિચારી કે ભગવાનની કઇ લીલાએ સ્વરૂપ કર્યું ? અને તે શી રીતે જાણી શકાય ?૩૫.

સ વા ઇદં વિશ્વમમોઘલીલઃ સૃજત્યવત્યત્તિ ન સજ્જતેઽસ્મિન્ ।
ભૂતેષુ ચાન્તર્હિત આત્મતન્ત્રઃ ષાડ્વર્ગિકં જિઘ્રતિ ષડ્ગુણેશઃ । ૩૬ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—વા-કિંવા, અમોઘલીલઃ-સફલ લીલા વાળા, સઃ-તે પરમાત્મા, ઇદમ્-આ, વિશ્વમ્-વિશ્વને, સૃજતિ-સર્જે છે, અવતિ-રક્ષે છે, અત્તિ-ભક્ષણ કરે છે, અસ્મિન્-એમાં, ન સજ્જતે-આસક્ત નથી થતા. ચ-અને, ભૂતેષુ-સર્વ પ્રાણીઓમાં, અન્તર્હિતઃ-અંદર રહીને, ષાડ્વર્ગિકમ્ ૬ ઇન્દ્રિયોના વિષયોને, આત્મતન્ત્રઃ-સ્વતંત્ર રહીને, જિઘ્રતિ-સૂંઘે છે. ૩૬.

અનુવાદ—સફળ લીલાવાળા તે પરમાત્મા આ નજરે દેખાતા વિશ્વને રચે છે, રક્ષે છે અને સ્વરૂપમાં લીન પણ કરે છે; પરંતુ એમાં આસક્ત નથી થતા. મન સાથે ઇન્દ્રિયોના નિયન્તા અને પ્રાણી માત્રની અંદર રહેલા તે પ્રભુ ઇન્દ્રિયોના વિષયોને આત્મતંત્ર સ્થિતિમાં રહીને ભોગવે છે. ૩૬.

તત્ત્વસુધા—ષડ્ગુણેશઃ જિઘ્રતિ-૬ ઐશ્વર્યો આદિ ૬ ગુણોથી સમ્પન્ન હોવાથી ઈશ્વર તેને ભોગવતા નથી. જીવ તો ત્રિગુણ ધર્માધીન હોવાથી ભોગવે છે. આ શ્લોકમાં લીલાનું કથન કર્યું. ૩૬.

ન चास्य कश्चिन्निपुणेन धातुरवैति जन्तुः कुमनीष ऊतीः ।
नामानि रूपाणि मनोवचोभिः संतन्वतो नटचर्यामिवाज्ञः ॥ ३७ ॥

અન્વયાર્થ—અજ્ઞઃ-અજ્ઞાની, નટચર્યામ્-ઇવ-નટલોકોની ચેષ્ટાને જેમ, કુમનીષઃ-અલ્પમતિ-કુમતિ, કશ્ચિત્-કોઇક, જન્તુઃ-જીવ, મનોવચોભિઃ-મન અને વચનોથી, નામાનિ-ચ-નામોને અને, રૂપાણિ-વિવિધ રૂપોને, સંતન્વતઃ-વિસ્તારતા, અસ્ય-ધાતુઃ-આ ભગવાનની, ઊતીઃ-લીલાઓને, નિપુણેન-કુશલતાથી, ન અવૈતિ-જાણી શકતો નથી. ૩૭.

અનુવાદ—અજ્ઞાની માનવ નટની ચેષ્ટાઓને જેમ ન સમજી શકે તેમ અલ્પમતિ કોઈ પણ જંતુ-જીવ, મન અને વાણીથી વિવિધ નામો અને રૂપોને ધારણ કરતા આ વિભુની લીલાઓને-ચરિત્રોને પરિપૂર્ણરૂપે જાણી શકતો નથી. ૩૭.

તત્ત્વસુધા—તર્કથી તે પ્રભુ ન પમાય, ન મપાય. તેને મેળવવાનો ઉપાય તેને પ્રેમથી ગાય તેનેજ બે સમજાય. કુમનીષઃ-તર્ક વિચક્ષણ પણ ભગવદ્રસવર્જિત. ૩૭.

स वेद धातुः पदवीं परस्य दुरन्तवीर्यस्य रथाङ्गपाणेः ।
योऽमायया संततयानुवृत्त्या भजेत तत्पादसरोजगन्धम् ॥ ३८ ॥

અન્વયાર્થ—યઃ-જે પુરૂષ, અમાયયા-કપટ વિનાની, સંતતયા-નિરન્તર, અનુવૃત્ત્યા-સેવાથી, તત્-પાદ-સરોજ-ગન્ધમ્-પ્રભુના ચરણ કમળ સુગંધને, ભજેત-સેવતો હોય, સઃ-તે પુરૂષ, રથ-અઙ્ગ-પાણેઃ-ચક્રપાણિ, દુરન્ત-વીર્યસ્ય-અનન્ત પરાક્રમી, પરસ્ય-પરમ પુરૂષ, ધાતુઃ-પરમાત્માની, પદવીમ્-ગતિને, વેદ-જાણે છે. ૩૮.

અનુવાદ—જે નિષ્કપટ ભાવે નિત્ય-નિરંતર સેવાથી, શ્રીભગવાનના શ્રીચરણ-કમળ સુગંધને સેવે છે, તે ચક્રધારી, અનન્ત પરાક્રમી, પરમ પુરુષ, પરમાત્માની ગતિને-લીલા રહસ્યને-જાણે છે. ૩૮.

તત્ત્વસુધા—રથાઙ્ગપાણેઃ ભગવાનનું કૃપા માર્ગીય વિશેષણ છે. ચક્રપાણિ નામ સુંદર અને એક અક્ષર ઓછો છે, છતાં તેને બદલે રથાઙ્ગપાણિ વાપર્યું. અર્જુન રક્ષા માટે, ભીષ્મ પિતામહના વચન રક્ષણ માટે રથ-ચક્રપાણિ કહ્યા. તત્પાદસરોજગન્ધમ્-તત્ તે પર પ્રભુનું પાદ સરોજ ચરણ કમળ એટલે ભક્તિ માર્ગરૂપી કમળના ગંધમ્ આદેશને સેવે તે તરે છે. ચરણની સેવાનું સુખ અલૌકિક છે. સેવાથી હૃદયમાં ભગવાન પોઢે છે, ત્યારે સર્વ ઇન્દ્રિયો અન્તર્મુખ થાય છે. તેને પ્રભુલીલા સમજાય છે. ૩૮.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અથેહ ધન્યા ભગવન્ત ઇત્થં યદ્વાસુદેવેઽખિલલોકનાથે ।
કુર્વન્તિ સર્વાત્મકમાત્મભાવં ન યત્র ભૂયઃ પરિવર્ત ઉગ્રઃ ॥ ૩૯ ॥

અન્વયાર્થ—અથ-હવે, ઇહ-આ સંસારમાં, ભગવન્તઃ-હે ષડ્ગુણ સમ્પન્ન આપ, ધન્યાઃ-ધન્યવાદને પાત્ર છો, યત્-જે, ઇત્થમ્-આ પ્રમાણે, અખિલ-લોક-નાથે-સર્વ લોકના નાથ, વાસુદેવે-શ્રીવાસુદેવમાં, સર્વ-આત્મકમ્-સર્વાત્મક, આત્મભાવમ્-આત્મભાવને, કુર્વન્તિ-કરો છો, યત્ર-જે ભાવમાં, ભૂયઃ-ફરીથી, ઉગ્રઃ-ભયાનક, પરિવર્તઃ-જન્મમરણનો ફેરો, ન-નથી. ૩૯.

અનુવાદ—હે ષડ્ગુણ સમ્પન્ન મહર્ષિઓ, આ સંસારમાં આપ સર્વને ધન્યવાદ ઘટે છે, કારણ કે અખિલ લોકના નાથ એવા શ્રીવાસુદેવ ભગવાનમાં આવો સર્વાત્મભાવ કરો છો, જે ભાવ રાખવાથી ફરીથી સંસારના કાળ ચક્ર રૂપ ભયાનક ફેરામાં પડવું પડતું નથી. ૩૯.

તત્ત્વસુધા—ઉગ્રઃ પરિવર્તઃ ન ભૂયઃ માનવ તરીકે જન્મ્યો છું, માનવ થઈ જીવ્યો છું, માનવરૂપે મરીશ ને ફરી અવતરીશ તો માનવ થઈને જ. એનો પુનર્જન્મ ઉગ્ર નથી ગણાતો; પરંતુ અવતાર ગણાય છે. ૩૯.

ઇદં ભાગવતં નામ પુરાણં બ્રહ્મસમ્મિતમ્ ।
ઉત્તમશ્લોકચરિતં ચકાર ભગવાનૃષિઃ ॥ ૪૦ ॥
નિઃશ્રેયસાય લોકાનાં ધન્યં સ્વસ્ત્યયનં મહત્ ।
તદિદં ગ્રાહયામાસ સુતમાત્મવતાં વરમ્ ॥ ૪૧ ॥

અન્વયાર્થ—ભગવાન્-ઋષિઃ-ભગવાન વ્યાસ મહર્ષિએ, ઉત્તમ- શ્લોક-ચરિતમ્-ઉત્તમશ્લોકના ચરિત્રોથી ભરેલ, બ્રહ્મ-સમ્મિતમ્-વેદ તુલ્ય, ઇદં-આ, ભાગવતં નામ-શ્રીમદ્ ભાગવત નામના, પુરાણમ્-પુરાણને, ચકાર-કર્યું. ૪૦. લોકાનામ્-લોકોના, નિઃશ્રેયસાય-પરમ કલ્યાણ માટે, ધન્યમ્-કૃતાર્થ કરવા સારૂ, મહત્-દિવ્ય, સ્વસ્તિ-અયનમ્-કલ્યાણ નિકેતન, તત્-તે, ઇદમ્-આ ભાગવતને, આત્મવતામ્-આત્મવેત્તાઓમાં; વરમ્-શ્રેષ્ઠ, સુતમ્-પુત્ર શ્રીશુકદેવજીને, ગ્રાહયામાસ-ભણાવ્યું. ૪૧.

અનુવાદ—ષટ્ગુણ સમ્પન્ન શ્રીવેદવ્યાસમહર્ષિએ ઉત્તમ શ્લોકથી શ્રીકૃષ્ણના ચરિત્રોથી પરિપૂર્ણ અને વેદ સમાન શ્રીમદ્ ભાગવત નામના દિવ્ય પુરાણની રચના કરી અને લોકોના પરમ કલ્યાણને માટે કૃતાર્થ બનાવનાર દિવ્ય અને કલ્યાણ નિકેતન એવા આ શ્રીમદ્ ભાગવતને આત્મવેત્તાઓમાં શ્રેષ્ઠ, પોતાના પુત્ર, શ્રીશુકદેવજીને ભણાવ્યું. ૪૦; ૪૧.

તત્ત્વસુધા—બ્રહ્મ સમ્મિતમ્-વેદ તુલ્ય. ભગવાન્ ઋષિઃ એ વિશેષણોથી કહ્યું કે આ ગ્રન્થને આર્ષદૃષ્ટા અને ગુણાતીતે રચ્યું છે, તેથીજ તેને સમાધિ ભાષા કહે છે. ધન્યમ્ સર્વ પુરૂષાર્થને આપનારૂં. સ્વસ્ત્યયનમ્-સર્વ મંગલને આપનાર. મહત્-સર્વતઃ શ્રેષ્ઠ, વ્યાસજી ન ભણાવતે તો આવી ભૂલકત વેડફાઈ જતે. પોતાની ભૂલકતને સાચવવાનો હેતુ હતો. ૪૦; ૪૧.

સર્વવેદેતિહાસાનાં સારં સારં સમુદ્ધૃતમ્ ।
સ તુ સંશ્રાવયામાસ મહારાજં પરીક્ષિતમ્ ॥ ૪૨ ॥
પ્રાયોપવિષ્ટં ગંગાયાં પરીતં પરમર્ષિભિઃ ।

અન્વયાર્થ—સર્વ-વેદ-ઇતિહાસાનામ્-સર્વ વેદો અને ઇતિહાસોના, સારં-સારમ્-સાર સારને, સમુદ્ધૃતમ્-સમુદ્ધૃત કરેલાને, સઃ તુ-તે શ્રીશુકદેવજી તો,-પરમર્ષિભિઃ-શ્રેષ્ઠ મહર્ષિઓથી, પરીતમ્-વીંટળાઈને રહેલા, ગંગાયામ્-ગંગા કિનારે, પ્રાયોપવિષ્ટમ્-અનશન વ્રત આદરીને બેઠેલા, મહારાજં-પરીક્ષિતમ્-મહારાજા પરીક્ષિતને, સંશ્રાવયામાસ-સ્નેહથી સંભળાવ્યું. ૪૨.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—સર્વ વેદ અને પુરાણોમાંનો સાર સાર ઉદ્ધૃત કરીને શ્રીશુકદેવજીએ શ્રેષ્ઠ મહર્ષિઓથી વીંટળાએલા, ગંગાજીને કિનારે અનશન વ્રત આદરીને બિરાજેલા, મહારાજા પરીક્ષિતને સ્નેહપૂર્વક સંભળાવ્યું. ૪૨; ૪૩.

તત્ત્વસુધા—પ્રાયોપવિષ્ટમ્—એટલે વ્રતી. ગંગાયામ્—ઉત્તમ દેશ. ઋષિભિઃ પરીતમ્—ઉત્કૃષ્ટ સંગતિ. ૪૨; ૪૩.

तत्र कीर्तयतो विप्रा विप्रर्षेर्भूरितेजसः ॥ ४३ ॥
अहं चाध्यगमं तत्र निविष्टस्तदनुग्रहात् ।
सोऽहं वः श्रावयिष्यामि यथाधीतं यथामति ॥ ४४ ॥

અન્વયાર્થ—હે વિપ્રા—હે વિપ્રો; તત્ર—ત્યાં, વિપ્રર્ષે— શ્રીશુકદેવજીના, ભૂરિતેજસઃ—અતિ તેજસ્વી, કીર્તયતઃ—શ્રીમદ્ ભાગવતનું કીર્તન કરતા હતા, અને, અહમ્—હું, અનુગ્રહાત્—તેમના અનુગ્રહથી, તત્ર—તે અધિવેશનમાં, નિવિષ્ટઃ—ચ—પ્રવેશ પામ્યો અને, અધ્યગમમ્—અધ્યયન પામ્યો, સઃ અહમ્—તે હું, વઃ—તમને, યથા અધીતમ્—ભણ્યા પ્રમાણે, યથામતિ—બુદ્ધિ અનુસાર, શ્રાવયિષ્યામિ—સંભળાવીશ. ૪૪.

અનુવાદ—હે વિપ્રો ! તે ગંગા કિનારે દિવ્યજ્ઞાન પ્રકાશવાળા શ્રીશુકદેવજી મહારાજ, પરીક્ષિત રાજાને શ્રીમદ્ ભાગવતનું શ્રવણ કરાવી રહ્યા હતા, ત્યારે તે વિપ્રર્ષિના પરમ અનુગ્રહથી ત્યાં પ્રવેશ પામી મેં જે રીતે અધ્યયન કર્યું છે, તે હું આપને મારી મતિ અનુસાર કહી સંભળાવીશ. ૪૪.

તત્ત્વસુધા—તદનુગ્રહાત્—અધિવેશનમાં ક્રીડીના પ્રવેશનું પણ રિક્ત સ્થાન ન હતું, ત્યાં શ્રીશુક કૃપાથી સૂતને પ્રવેશ મળ્યો. સૂત ઉપર યોગીરાજે અનુગ્રહ આંખથી કર્યો, અંદર આવવા નેત્ર સંકેતથી અને કથા પ્રસંગે નેત્રમાંથી શક્તિ સંપાતથી. શ્રાવયિષ્યામિ—પરસ્મૈપદ. આપ સર્વ વિપ્ર છો. આપને ઉચ્છિષ્ટ ન અપાય, માટે જેમ પવિત્ર માટલીમાં ભરી રાખેલ જલ આપને પવાય તેમ અનાસક્ત મેધામાં મૂકી રાખેલ આ પુણ્યશ્લોકનું કથામૃત આપને આપીશ. યથામતિ યથાધીતમ્—એ દૈન્યનાં બે પદ છે. ૪૪.

कृष्णे स्वधामोपगते धर्मज्ञानादिभिः सह ।
कलौ नष्टदृशामेष पुराणार्कोऽधुनोदितः ॥ ४५ ॥

અન્વયાર્થ—ધર્મ—જ્ઞાન—આદિભિઃ—સહ—ધર્મ, જ્ઞાન આદિ સાથે, કૃષ્ણે—શ્રીકૃષ્ણ ભગવાન, સ્વધામ—ઉપગતે—સ્વધામમાં વિદાય થયા ત્યારે, કલૌ—કલિયુગમાં, નષ્ટદૃશામ્—નષ્ટ દૃષ્ટિવાળાનો, એષઃ પુરાણ—અર્કઃ—આ પુરાણરૂપી સૂર્ય, અધુના—હાલમાં, ઉદિતઃ—ઉદય પામ્યો છે. ૪૫.

અનુવાદ—ધર્મ, જ્ઞાન વગેરેની સાથે જ્યારે શ્રીકૃષ્ણ નિજલોકમાં વિદાય થયા, ત્યારે અજ્ઞાન રૂપ અંધકારથી ઘેરાયેલા નષ્ટ દૃષ્ટિ વાળાઓને માટે હાલમાં આ શ્રીમદ્ ભાગવત રૂપ સૂર્ય ઉદય પામેલ છે. ૪૫.

તત્ત્વસુધા—પ્રથમ અધ્યાયનો છઠ્ઠો પ્રશ્ન હતો કે ધર્મ કોને શરણે ગયો ? તેના પ્રત્યુત્તરમાં આ અંતિમ શ્લોક છે. અર્કઃ—સૂર્ય. સૂર્ય બાર રાશિમાં વિચરે, તે રીતે શ્રીકૃષ્ણ ચરિત્ર કિરણાવલી બાર રાશિમાં વિચરે છે. ૪૫.

શ્રીમદ્ ભાગવતના પ્રથમ સ્કંધની " તત્ત્વસુધા " ટીકાનો ત્રીજો અધ્યાય સંપૂર્ણ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અધ્યાય ચોથો

વ્યાસ ઉવાચ—ઇતિ બ્રુવાણં સંસ્તૂય મુનીનાં દીર્ઘસત્રિણામ્ ।
વૃદ્ધઃ કુલપતિઃ સૂતં બહ્વૃચઃ શૌનકોઽબ્રવીત્ ॥ ૧ ॥

અન્વયાર્થ—દીર્ઘસત્રિણામ્–લાંબી સત્ર દીક્ષાવાળા, **મુનીનામ્**–મુનિઓમાં, **વૃદ્ધઃ**–શ્રેષ્ઠ–વડીલ, **કુલપતિઃ**–કુલપતિ, **બહ્વૃચઃ**–ઋગ્વેદી, **શૌનકઃ**–શૌનક, **ઇતિ**–એ પ્રમાણે, **બ્રુવાણમ્**–બોલતા, **સૂતમ્**–સૂતજીને, **સંસ્તૂય**–પ્રશંસીને, **અબ્રવીત્**–બોલ્યા. ૧.

અનુવાદ—એક હજાર વર્ષના દીર્ઘકાલ પર્યન્ત ચાલતા સત્રની દીક્ષાવાળા મુનિઓની સભામાં બોલી રહેતા સૂત મુનિને વાણીથી સન્માનીને ઋગ્વેદના નિષ્ણાત, વયોવૃદ્ધ કુલપતિ શ્રીશૌનક ઋષિ કહેવા લાગ્યા. ૧.

તત્ત્વસુધા—બીજા પ્રકરણનો ચતુર્થ અધ્યાયથી આરંભ થયો. પ્રથમ ત્રણ અધ્યાયમાં શૌનક સૂતનો પરિચય અને તૃતીય કક્ષાના શ્રોતા-વક્તાનો ખ્યાલ આપ્યો. મધ્યમ અધિકારીના આ દ્વિતીય પ્રકરણમાં વ્યાસ મહર્ષિ શ્રોતા, નારદજી વક્તા છે. 'અનેક કાર્ય પ્રવૃત્તિ' મનુષ્યને પ્રત્યેક કાર્યમાં શીઘ્રતા કરાવી, કાર્યરસની ક્ષતિ કરે છે. નારદજીને અનેક સ્થાનોમાં પર્યટન, વ્યાસજીને અનેક ગ્રન્થોનું આલેખન 'કાર્યવ્યગ્ર' બનાવે છે. કાર્યવ્યગ્રતા ચિત્ત વ્યગ્રતાને સરજે ને શાંતિનો ભંગ થાય, શાંતિ જતાં આનંદ પણ ક્ષીણ થાય. શ્રવણ-કીર્તન નિતાંત શાંત ભૂમિકામાં રહીને થાય તો અપૂર્વ રસ પામી શકાય. જો કે આ નિરૂપણ તો કેવલ ભાગવતના શ્રોતા વક્તાને સ્પર્શીને છે. શ્રીવ્યાસ નારદજીનો પૂર્ણ છે અને ભગવદ્અવતાર છે. ચોથા અધ્યાયમાં વ્યાસજીની ચિંતા નિરૂપણ અને નિવારણ છે. વ્યાસ ઉવાચ બીજી વખત આવ્યું સૂત મુનિનો પરિચય કરાવવા વ્યાસજી બોલે છે માટે 'વ્યાસ ઉવાચ' ફરીથી આવ્યું. ભાગવત પૂર્ણ થતાં સુધી હવે તે ફરીથી નહીં આવે. 'ઇતિ બ્રુવાણમ્' હજી સૂત પ્રસંગ વર્ણવી રહ્યા છે; પરંતુ ઉલ્લાસમાં આવી મધ્યમાંજ શૌનક મુનિ બોલી ઉઠ્યા એમ સૂચવ્યું. 'સંસ્તૂય' સૂતજીની સ્તુતિ ગ્રન્થમાં નથી લખી. વક્તા શ્રોતાની પ્રશંસા કરે તે ક્ષોભ કરનાર લાગે માટે ઉપરથી સમજી લેવી. શૌનક મુનિની ત્રણ વિશેષણોથી યોગ્યતા દર્શાવી. વૃદ્ધઃ અનુભવી અને વિવેકી ગુણ વૃદ્ધાવસ્થાનો હોવો જોઇએ. કુલપતિઃ દશહજાર વિદ્યાર્થીઓને વિનાવેતને, અન્ન, જ્ઞાન વસ્ત્રને સંસ્કારનુ વિતરણ કરે તે 'કુલપતિ' બહ્વૃચઃ ઋગ્વેદમાં નિપુણ. ૧.

શૌનક ઉવાચ—સૂત સૂત મહાભાગ વદ નો વદતાં વર ।
કથાં ભાગવતીં પુણ્યાં યદાહ ભગવાન્–શુકઃ ॥ ૨ ॥
કસ્મિન્યુગે પ્રવૃત્તેયં સ્થાને વા કેન હેતુના ।
કુતઃ સંચોદિતઃ કૃષ્ણઃ કૃતવાન્ સંહિતાં મુનિઃ ॥ ૩ ॥
તસ્ય પુત્રો મહાયોગી સમદૃઙ્ નિર્વિકલ્પકઃ ।
એકાન્તમતિરુન્નિદ્રો ગૂઢો મૂઢ ઇવેયતે ॥ ૪ ॥

અન્વયાર્થ—મહાભાગ–હે પૂર્ણ ભાગ્યવાન્, **વદતાં-વર**–વ્યાખ્યાતાઓમાં શ્રેષ્ઠ, **સૂત સૂત**–હે સૂતજી, **ભગવાન્–શુકઃ**–ભગવાન શ્રીશુકદેવ મહારાજે, **યત્**–જે, **પુણ્યામ્**–પુણ્ય જનક, **ભાગવતીમ્**–શ્રીમદ્ ભાગવતની, **કથામ્**–કથાને, **આહ**–(રાજા પરીક્ષિતને) કહી હતી, **નઃ**–અમને, **વદ**–કહો. ૨; **ઇયમ્**–આ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રીમદ્ ભાગવત કથા, **कस्मिन् युगे**-કયા યુગમાં, **वा**-અને, **कस्मिन्-स्थाने**-કયા સ્થાનમાં, **केन हेतुना**-કયા કારણથી, **प्रवृत्ता**-શરૂ થઈ, **कुतः संचोदितः**-કોનાથી પ્રેરાયેલા, **कृष्णः मुनिः**-શ્રીકૃષ્ણ દ્વૈપાયન મુનિએ, **संहिताम्**-સંહિતાને, **कृतवान्**-રચી. ૩; **तस्य**-તેમના, **पुत्रः**-પુત્ર, **महायोगी**-મહાયોગી, **समदृग्**-સમદૃષ્ટિવાળા, **निर्विकल्पकः**-નિર્વિકલ્પ જ્ઞાનવાળા, **एकान्तमतिः**-સ્થિતપ્રજ્ઞ, **उन्निद्रः**-નિદ્રા રહિત-જાગરૂક, **गूढः**-ગુપ્ત સ્થાન વાસી, **मूढः इव**-મૂઢ હોય તેવા, **ईयते**-જણાય છે. ૪.

અનુવાદ—વક્તાઓમાં શ્રેષ્ઠ કુશલ વક્તા અને પરમ ભાગ્યશાળી હે સૂત મુનિ, ભગવાન શ્રીશુકદેવે જે પુણ્યમયી શ્રીમદ્ ભાગવત કથા વર્ણવી છે, તે આપ અમને કહો. ૨; આ શ્રીમદ્ ભાગવતકથા કયા યુગમાં, કયા સ્થાનમાં, કયા કારણથી પ્રવૃત્ત થઈ ! તેમજ કોની પ્રેરણાથી શ્રીકૃષ્ણ દ્વૈપાયન મહર્ષિએ આ પરમહંસોની સંહિતાને રચી ? ૩; તે શ્રીવ્યાસજીના પુત્ર શ્રીશુકદેવજી તો મહાયોગી, સમદર્શી, નિર્વિકલ્પ સમાધિમાં રહેતા, એકાન્ત નિવાસમાં મનવાળા, સદા જાગરૂક, પ્રસિદ્ધિમાં ન આવનાર અને તદ્દન મૂઢ જેવા જણાય છે. ૪.

તત્ત્વસુધા—સૂત વ્યાસજીના સંદેશાથી સમાજને શુભ કર્મમાં પ્રેરનાર સૂત શબ્દનો અર્થ છે. सुवति प्रेरयति शुभे कर्मणि व्यासशिक्षया लोकान् इति सूतः સંબોધનના શબ્દો બે વખત બોલાય એને 'વીપ્સા' કહે છે. સૂતજીને ભેટમાં મુકવાની સામગ્રી શૌનક પાસે ન હતી. સૂત ભેટ પણ લેતા ન હતા તેથી 'सूत सूत' બે વખત બોલી 'આદર'ની ભેટ ધરી. મહાભાગ. આપ ભાગ્યવાન છો. આપે તો લલિત અક્ષરે લખી ભાગવત ભેટમાં આપવું જોઈએ તેને બદલે આપને કેવલ કથા કીર્તનથી આપવાનું છે 'મહાભાગ' સંબોધનથી એમ સૂચવ્યું. વળી 'नः' એવી ચતુર્થી વિભક્તિ વાપરી છે તેનું તાત્પર્ય કે અમને વિપ્રોને સંભળાવવાથી તો આપને ભાગવતના દાનનું પણ પુણ્ય મળશે. અમને સંભળાવતાં ભાવભક્તિ સાથે પુણ્યવૃદ્ધિ પણ થશે.

બીજા શ્લોકથી ચાર પ્રશ્નો છે. શ્રીમદ્ ભાગવત શી વસ્તુ છે ? કર્તા કોણ છે ? વક્તા કોણ ? અને શ્રોતાના સંબંધમાં મળી ચાર પ્રશ્નો છે. यदाह भगवान् शुकः પ્રશ્નથી ભાગવત સંબંધી પ્રથમ પ્રશ્ન થયો. ત્રીજા શ્લોકમાં કર્તા ને કાલ સંબંધી પ્રશ્ન છે. કયા સમયમાં ? કયા સ્થાનમાં ? કયા હેતુથી, કોની પ્રેરણાથી ભાગવતની રચના બની. ગ્રન્થ લખવામાં જો તીર્થક્ષેત્ર તપોવન હોય તો વધુ સાત્વિકતા ને ભક્તિ રસ આવે. સમય જો બ્રાહ્મકાલ, સત્ય યુગ વગેરેનો હોય તો ગ્રન્થમાં પવિત્ર ગાથા આવે. ચોથા પાંચમા શ્લોકોમાં શુકદેવજીને સ્પર્શતી પ્રશ્નાવલી છે. ચોથા શ્લોકમાં સાત વિશેષણ અને એક વિશેષણ પાંચમામાં મળી આઠ ગુણો બતાવ્યા છે. યોગનાં અષ્ટાંગ સાધી શકયા છે માટે આઠ પદો છે અથવા અષ્ટ ઐશ્વર્ય તેમને વર્યાં છે અથવા અષ્ટ સિદ્ધિઓના સ્વામી છે તે દર્શાવતાં આઠ પદો છે. पुत्रः નરકમાંથી બચાવનાર. महायोगी બીજાને તારનાર अन्तर्मुख. समदृक् સમદર્શીવક્તા શ્રોતાના ભેદભાવથી પર. निर्विकल्पकः વિક્ષેપ અવસ્થામાં ન રહેનાર. एकान्तमतिः જનસમૂહમાં ન આવનાર-વિરક્ત. उन्निद्रः સમાધિનિવિષ્ટ. गूढः બીજાના સંગમાં ન બેસનાર. मूढः મુનિવ્રતનિષ્ઠ. આવા અન્તર્મુખ આઠ ગુણવાળા વક્તા કેમ થઈ શકે. તેના ઉત્તરમાં કહેશે આવી કક્ષાનાજ ભાગવતના વક્તા થઇ શકે. પુત્ર વિશેષ્ય છે સાત વિશેષણ છે नग्नम् પછીના શ્લોકમાં વિશેષણ છે. સભામાં ન આવી શકે તેથી નગ્ન શબ્દ છે. ૨; ૩; ૪.

दृष्ट्वानुयान्तमृषिमात्मजमप्यनग्नं देव्यो ह्रिया परिदधुर्न सुतस्य चित्रम् ।
तद्वीक्ष्य पृच्छति मुनौ जगदुस्तवास्ति स्त्रीपुम्भिदा न तु सुतस्य विविक्तदृष्टेः ॥ ५ ॥

अन्वयार्थ—**आत्मजम्**-પુત્રની, **अनुयान्तम्**-પાછળ પાછળ જતા, **अनग्नम्-अपि**-વસ્ત્ર ધારણ કરેલ છતાં પણ, **ऋषिम्**-વ્યાસજીને, **दृष्ट्वा**-જોઈને, **देव्यः**-સ્ત્રીઓ, **ह्रिया**-લજ્જાથી, **परिदधुः**-વસ્ત્રોને પહેરી લેતી હતી, **सुतस्य न**-પુત્રની લજ્જાથી ન પહેર્યાં, **तत् चित्रम्**-તે આશ્ચર્ય બીજાને, **वीक्ष्य**-જોઈને, **मुनौ पृच्छति (सति)**-વ્યાસ મુનિએ પૂછયું, ત્યારે **जगदुः**-અપ્સરાઓ બોલી, **तव**-આપને, **स्त्रीपुम्भिदा अस्ति**-સ્ત્રી પુરુષનો તફાવત છે, **विविक्तदृष्टेः**-વિવેકદૃષ્ટિવાળા, **सुतस्य तु न**-પુત્ર શુકદેવને તો ભેદભાવ નથી. ૫.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—પરમહંસ અની દિગંબર અવસ્થામાં ચાલ્યા જતા પુત્ર શુકદેવજીની પાછળ વસ્ત્રો ધારણ કરીને જઈ રહેલા મહર્ષિ વ્યાસજીને જોઈને, લજ્જાન્વિત બનેલી દેવાંગનાઓએ વસ્ત્રો ધારણ કરી લીધાં; પરંતુ નગ્ન શુકદેવજીને જોઈને ન પહેર્યાં; ત્યારે તેમના આ આશ્ચર્યકારક વર્તનને જોઈને મહર્ષિ વ્યાસે પૂછયું કે "આમ કેમ" ? તેના ઉત્તરમાં સ્ત્રીઓએ કહ્યું, "સ્ત્રી પુરુષોનો તફાવત આપની દૃષ્ટિમાં છે; પરંતુ વિવેકવૃત્તિવાળા આપના ચિરંજીવીમાં તેવી ભેદ દૃષ્ટિ નથી. ૫.

તત્ત્વસુધા—પાંચમા શ્લોકમાં શુકદેવજીની અસંપ્રજ્ઞાત સમાધિ વર્ણવી છે. સ્ત્રીપુંભિદા તવ ન સુતસ્ય વિવિક્ત દૃષ્ટેઃ સ્ત્રી પુરુષ ભેદ આપને છે, શુકદેવજીને નથી; કારણ કે વિવિક્તા પૂતા દૃષ્ટિઃ યસ્ય સઃ વિવિક્ત શબ્દનો પવિત્ર અર્થ થાય છે. અપ્સરાઓનું એમ કહેવું છે કે અમારા યુવતિજનોમાં નયન નીરખીને અન્તર પારખવાની શક્તિ છે, તેથી અમને લાગે છે કે શુકદેવજી વિવેક દૃષ્ટિથી સર્વત્ર રહેલા ચૈતન્યનું અવલોકન કરે છે પણ જડ પદાર્થના રૂપને જોતા નથી.

कथमालक्षितः पौरैः सम्प्राप्तः कुरुजाङ्गलान् ।
उन्मत्तमूकजडवद्विचरन् — गजसाह्वये ॥ ६ ॥
कथं वा पाण्डवेयस्य राजर्षेर्मुनिना सह ।
संवादः समभूत्तात यत्रैषा सात्वती श्रुतिः ॥ ७ ॥
स गोदोहनमात्रं हि गृहेषु गृहमेधिनाम् ।
अवेक्षते महाभागस्तीर्थीकुर्वंस्तदाश्रमम् ॥ ८ ॥

અન્વયાર્થ—**કુરુજાઙ્ગલાન્**-કુરુ જાંગલ દેશોમાં, **ઉન્મત્ત-મૂક-જડવત્**-ઉન્મત્ત, મૂક અને જડની જેમ, **વિચરન્**-ફરતા, **ગજસાહ્વયે**-હસ્તિનાપુરમાં, **સમ્પ્રાપ્તઃ**-પ્રાપ્ત થયેલા, **પૌરૈઃ**-નગરવાસીઓથી, **કથમ્**-કેવી રીતે, **આલક્ષિતઃ**-ઓળખી શકાય. ૬; **વા-તાત**-તેમજ હે સૂતજી, **પાણ્ડવેયસ્ય**-પાંડવકુમાર, **રાજર્ષેઃ**-રાજર્ષિનો, **મુનિના-સહ**-શ્રીશુકમુનિ સાથે, **સંવાદઃ**-સંવાદ, **કથમ્**-કેવી રીતે, **સમભૂત્**-થયો, **યત્ર**-જે સંવાદમાં, **એષા-સાત્વતી-શ્રુતિઃ**-આ ભાગવત સંહિતાની કથા થઈ. ૭; **હિ**-સાચેજ, **સઃ**-તે, **મહાભાગઃ**-શ્રીશુકદેવ, **ગૃહમેધિનામ્**-ગૃહસ્થાશ્રમીઓનાં, **ગૃહેષુ**-ઘરોમાં, **તદાશ્રમમ્**-તેઓના આશ્રમને, **તીર્થીકુર્વન્**-પાવન કરતા, **ગોદોહનમાત્રમ્**-ગાયને દોહવાના સમય જેટલી, **અવેક્ષતે**-પ્રતીક્ષા કરે છે. ૮.

અનુવાદ—કુરુ જાંગલ દેશોમાં ઉન્મત્ત દશામાં, મૂગા જડની માફક ફરતા ફરતા હસ્તિનાપુરમાં આવી પહોંચેલા એ શુકદેવજી મહારાજને નગરવાસીજનો કેવી રીતે ઓળખી શકયા ? ૬; વળી હે સૂત મુનિ, પાંડવ કુમાર-પરીક્ષિતનો શ્રીશુકદેવમુનિ સાથે કેવી રીતે સંવાદ થયો કે જે સંવાદથી આ શ્રીમદ્ ભાગવતરૂપ સાત્વત સંહિતા પ્રકટ થઈ ? ૭; તે મહાભાગ શ્રીશુકમુનિ ગૃહસ્થાશ્રમ સેવતા ગૃહસ્થોના ઘરોમાં, તેમના આશ્રમને તીર્થરૂપ બનાવતા ગોદોહન કાળ જેટલો સમય પ્રતીક્ષા કરે છે. ૮.

તત્ત્વસુધા—સન્યાસીનો ધર્મ છે કે **सारंग इव विचरेद् भूमिम्** એ નિયમ પ્રમાણે જો તે સમાધિમાંથી ઉત્થાન પામીને ભૂમિમાં ફરતા હોય અને કોઇ તેમને જોઈને વિનવે, દયા આવે અને કથા કરે તેવો સંભવ નથી; કારણ કે 'ઉન્મત્ત'-લોક રીતિથી વિપરીત ચેષ્ટા કરનાર 'મૂક' લોકરંજન વાગ્ વ્યવહાર શૂન્ય, 'જડ' કાર્ય વિવેક શૂન્ય આ ત્રણ ધર્મ લોકવ્યવહાર સંગત નથી. પૌરૈઃ નગરમાં નિવાસ કરનારની ભંતિ વક્ર થઈ જાય છે તે લોકોને અવધૂત કયાંથી મળે ! હાથી જેવા ગાફલો જ્યાં વસે તે 'હસ્તિનાપુર'. રાજર્ષે મુનિના સહ-રાજર્ષિ અને મુનિ બે વિભિન્ન તત્વોનું મિલન શી રીતે ! રાજર્ષિ થયા પછીતો વધુ ગર્વ આવે તો પરસ્પરનો સંવાદ કયાં સંભવે ! ગોદોહનમાત્રમ્ ૨૪; મીનીટ પરમહંસો ગૃહસ્થાશ્રમીને ત્યાં રોકાય છે. ગોદોહન કાલ તેટલો કહયો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

છે. ૨૪ તત્વોના બંધનમાંથી છોડાવવા ૨૪ મીનીટ પરમહંસો બંધાય છે. ગાય જેમ અગ્નિ હોત્ર માટે દૂધ દોહન થતું હોઇ પગે બંધાય છે તેમ સૂતો પણ પગે બંધાઇ બેસે છે. ૬; ૭; ૮.

अभिमन्युसुतं सूत प्राहुर्भागवतोत्तमम् ।
तस्य जन्म महाश्चर्यं कर्माणि च गृणीहि नः ॥ ९ ॥
स सम्राट् कस्य वा हेतोः पाण्डूनां मानवर्धनः ।
प्रायोपविष्टो गङ्गायामनादृत्याधिराट् श्रियम् ॥ १० ॥

અન્વયાર્થ—**સૂત**-હે સૂતજી, **અભિમન્યુસુતમ્**-અભિમન્યુના પુત્ર-પરીક્ષિતને, **ભાગવતોત્તમમ્**-પરમ ભાગવત તરીકે, **પ્રાહુઃ**-કહે છે, **તસ્ય**-તેનો (તે પરીક્ષિત રાજાનો), **મહાશ્ચર્યમ્**-મોટા આશ્ચર્યકારક, **જન્મ-ચ**-જન્મ અને, **કર્માણિ**-કર્મોને, **નઃ**-અમને, **ગૃણીહિ**-વર્ણન કરીને કહો. ૯; **વા**-વળી, **પાણ્ડૂનાં માનવર્ધનઃ**-પાંડવોના માનને વધારનાર, **સમ્રાટ્ સઃ**-ચક્રવર્તી તે રાજા પરીક્ષિત, **કસ્ય-હેતોઃ**-કયા કારણથી, **અધિરાટ્ શ્રિયમ્**-સાર્વભૌમ સંપત્તિને, **અનાદૃત્ય**-અવગણી, **ગઙ્ગાયામ્**-ગંગા કિનારે, **પ્રાયોપવિષ્ટઃ**-અનશન વ્રત આદરીને બેઠા. ૧૦.

અનુવાદ—**હે સૂત, અભિમન્યુના પુત્ર તે પરીક્ષિત રાજાને પરમ ભાગવત કહે છે, તો તેમનો મહા આશ્ચર્યજનક જન્મ અને તેમણે કરેલાં કાર્યોનું અમને આપ વર્ણન કરી સંભળાવો. ૯; પાંડવોના માનને વધારનાર સમ્રાટ રાજા પરીક્ષિત એવા કયા કારણથી સાર્વભૌમ સમ્પત્તિનો અનાદર કરીને ગંગા તટે અનશન વ્રત આદરીને બેઠા ? ૧૦.**

તત્ત્વસુધા—'अभिमन्युसुतम्' બહારના ભાગમાં ક્રોધ છે અન્તઃકરણમાં ક્રોધ નથી તે અભિમન્યુ. જેના અન્તરમાં ક્રોધ ન હોય તેનો આત્મજ વૈષ્ણવ થાય. પરીક્ષિત તેથી જ પરમ ભાગવત થયા. न विद्यते भीः येषांते अभयः द्रोणादय स्तैर्मन्यते इति अभिमन्युः દ્રોણકર્ણાદિથી વીર તરીકે વિશિષ્ટ રૂપે વખણાયેલ અભિમન્યુ હતા. પ્રાયોપવિષ્ટઃ આમરણાંત અનશન વ્રત. દેહ માનવની મીલ્કત નથી, દેશ અને દેવની અનામત છે. બાપણ બહાપણથી પાછી આપવી રહી. પરીક્ષિતે કેમ આમરણાંત ઉપવાસ કર્યા. ૧૦.

नमन्ति यत्पादनिकेतमात्मनः शिवाय हानीय धनानि शत्रवः ।
कथं स वीरः श्रियमङ्ग दुस्त्यजां युवैषतोत्स्रष्टुमहो सहासुभिः ॥ ११ ॥

અન્વયાર્થ—**હે અઙ્ગ**-હે સૂતજી, **શત્રવઃ**-શત્રુઓ, **આત્મનઃ**-પોતાના, **શિવાય**-કલ્યાણ માટે, **યત્ પાદનિકેતમ્**-જે પરીક્ષિતના ચરણોમાં, **ધનાનિ**-અનેક પ્રકારની ભેટોને, **આનીય હ**-મુકીને ખરેખર, **નમન્તિ**-નમન કરે છે, **સઃ**-યુવા-**વીરઃ**-તે યુવાન વીર, **દુસ્ત્યજામ્**-કષ્ટથી પણ ન ત્યજી શકાય તેવી, **શ્રિયમ્**-સામ્રાજ્ય લક્ષ્મીને, **અસુભિઃ સહ**-પોતાના પ્રાણો સાથે, **અહો**-આશ્ચર્ય છે કે, **ઉત્સ્રષ્ટુમ્**-ત્યજી દેવાને, **કથમ્**-કેમ, **ઐષત**-ઇચ્છયું. ૧૧.

અનુવાદ—**પોતાના કલ્યાણ માટે શત્રુઓ અનેક પ્રકારનાં નજરાણાં લાવીને જેની પાદ પીઠિકામાં મુકીને નમે છે, તે વીર યુવાન રાજા પરીક્ષિતે ત્યાગ ન કરી શકાય એવી સામ્રાજ્ય લક્ષ્મીનો પોતાના પ્રાણો સાથે ત્યાગ કરવાનું શા માટે ઇચ્છયું ? હે સૂત આપ એ વિગત કહો. ૧૧.**

તત્ત્વસુધા—'यत्पादनिपीठम्' એવો પાઠ શ્રીમદ્ વલ્લભાચાર્યજી ને સંમત છે. 'નિકેત' અને નિપીઠનો અર્થ યદ્યપિ એક થાય છે; પરંતુ નિપીઠનો સુગમતાથી પાદપીઠ એવા અર્થનો બોધ થાય છે. 'યુવા' શબ્દથી ૬૦ વર્ષ સુધીનું યૌવન મહાભારત કાલમાં મનાતું. વેદમાં ૧૩૬ વર્ષનું સામાન્ય આયુષ્ય માન્યું છે. મહા

૧. निपीठम् सु. पाठः

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભારતમાં પરિશ્રાન્તો વયસ્થશ્ચ ષષ્ટિવર્ષો જરાન્વિતઃ। ક્ષુધિતઃ સ મહારણ્યે 'વયસ્થ' વિશેષણ આ શ્લોકમાં આવ્યું છે તેનો અર્થ 'યૌવન' થશે. વ્યવાયેન વા વયઃ બીજા સ્કંધમાં શુકદેવજીએ 'વયઃ' શબ્દનો અર્થ યૌવન બતાવ્યો છે. જીર્યતે અમ્બુપાનેન જરા તૃષા જલપાનથી જીર્ણ થાય તે જરા એટલે તૃષા એવો અર્થ કરવો 'ક્ષુધિતઃ' લખ્યુ છે ને તૃષિત નથી લખ્યું તો જરાન્વિતઃ નો અર્થ તૃષાર્ત કરવો. એટલે મહાભારતના વાકય સાથે ભાગવતનો વિરોધ નહી આવે. ૧૧.

શિવાય લોકસ્ય ભવાય ભૂતયે ય ઉત્તમશ્લોકપરાયણા જનાઃ ।
જીવન્તિ નાત્માર્થમસૌ પરાશ્રયં મુમોચ નિર્વિદ્ય કુતઃ કલેવરમ્ ॥ ૧૨ ॥

અન્વયાર્થ—**યે જનાઃ**-જે મનુષ્યો, **ઉત્તમ-શ્લોક-પરાયણાઃ**-શ્રીહરિના આશ્રયે રહેલા ભગવત્પરાયણ છે, **લોકસ્ય**-વિશ્વના, **શિવાય**-કલ્યાણ માટે, **ભવાય**-સમૃદ્ધિ માટે, **ભૂતયે**-ઐશ્વર્ય માટે, **જીવન્તિ**-જીવન જીવે છે, **આત્માર્થમ્ ન**-પોતાના સ્વાર્થ માટે નહિ, **અસૌ**-આ રાજાએ, **નિર્વિદ્ય**-ખિન્ન થઇને, **પરાશ્રયમ્**-બીજાને માટે આશ્રય રૂપ, **કલેવરમ્**-શરીરને, **કુતઃ**-શા કારણથી, **મુમોચ**-છોડી દીધું. ૧૨.

અનુવાદ—**ભગવત્પરાયણ જે મનુષ્યો છે તેઓ લોક કલ્યાણ માટે સમાજની સમૃદ્ધિ તેમજ ઐશ્વર્ય આબાદીને માટે જીવન જીવે છે, કેવળ પોતાનાજ સ્વાર્થ માટે જીવતા નથી. જો એમ છે તો પછી આ રાજા પરીક્ષિતે કંટાળીને સર્વના આશ્રય રૂપ ઉપકારક એવા શરીરનો કેમ ત્યાગ કર્યો ? ૧૨.**

તત્ત્વસુધા—સામાન્ય મનુષ્યનાં જીવન ઉત્સર્ગનાં પાંચ કારણ હોય અસાધ્ય રોગ, અસાધારણ કલંક, મહત્પાપાચરણ, અસામાન્ય અર્થ હાનિ અને અતિપ્રિયજન વિયોગ. વૈષ્ણવ વિવેકી હોય તેની જીવન મૂડી જગત અને જગન્નાથ માટે હોય તેનો આત્મનાશ ઉપરોકત પાંચ કારણોથી ન સંભવે. પરીક્ષિતે ભયંકર પાપ કર્યું છે તો પણ તેના દેહ ઉપર તેની માલિકી નથી તેથી દેહત્યાગ અસ્થાને છે. માનવનું જીવન વિશ્વના શિવ ભવ અને વિભૂતિ માટે છે. શિવાય જીવન ચરિત્રથી વિશ્વને 'સુખ અને શાંતિ' આપે. ભવાય અર્થ સહાયથી 'સમૃદ્ધિ' આપે. ભૂતયે ગુણ શીલથી ઉત્કૃષ્ટ પ્રેરણા આપે. जीना भला है उसका जो इनसानके लिये जिये। मरना भला है उसका जो अपने लिये जिये ॥ ૧૨.

તત્સર્વં નઃ સમાચક્ષ્વ પૃષ્ટો યદિહ કિઞ્ચન ।
મન્યે ત્વાં વિષયે વાચાં સ્નાતમન્યત્ર છાન્દસાત્ ॥ ૧૩ ॥

અન્વયાર્થ—**ઇહ**-આ વિષયમાં, **યત્-કિઞ્ચન**-જે કંઈ, **પૃષ્ટઃ**-પ્રશ્ન કર્યો છે, **તત-સર્વમ્**-તે બધું, **નઃ**-અમને, **સમાચક્ષ્વ**-વિગતવાર કહો, કારણકે **છાન્દસાત્-અન્યત્ર**-વેદજ્ઞાન સિવાયના બીજા, **વાચાં-વિષયે**-વાણીના વિષયમાં, **ત્વાં-સ્નાતમ્** તમને નિષ્ણાત, **મન્યે**-હું માનું છું. ૧૩.

અનુવાદ—**આ વિષયમાં જે કાંઇ બાબત આપને પૂછી છે તેને આપ વિસ્તાર પૂર્વક કહો; કારણકે વેદ સિવાય સર્વ શાસ્ત્રજ્ઞાનમાં આપ પારંગત છો, એમ હું માનું છું. ૧૩**

તત્ત્વસુધા—'मन्ये त्वां विषये वाचां स्नातमन्यत्र छान्दसात्' વેદ વિના અન્ય વિષયમાં પારંગત છો, એ વાકય શૌનક મહર્ષિના વૈદિકપણાના ગર્વને સૂચવતું અને સૂતજી માટે અનાદર દર્શાવતું છે. આ વાકયના પ્રશ્નથી 'શૌનક' ઋષિનું તૃતીય કક્ષાના શ્રોતાના વરણને દર્શાવનાર બન્યું. આપ શાસ્ત્રજ્ઞાનમાં નિષ્ણાત છો એટલું વદાય, વેદવર્જિત જ્ઞાનમાં કહેવાનું પ્રયોજન ન હતું. જો કે શૌનક જેવા સહૃદય પુરૂષ. માટે આમ ન ઘટે એમ માની શબ્દાર્થ અન્યથા થઇ શકે. हे छान्दसात् छान्दानां समूहः छान्दसः तमतति इति छान्दसात् હે સમસ્ત છન્દઃશાસ્ત્રમાં પારંગત ! એવો અર્થ થઈ શકે. अन्यान् संसारसक्तान् त्राति तत्सम्बुद्धौ हे अन्यत्र ! હરિકથામૃતથી સંસારીઓને રક્ષનાર હે સૂતજી એવો અર્થ કરી શકાય. હે છંદનિષ્ણાત હે કથામૃત પાન કરાવી રક્ષનાર સૂતજી' આપને વાણીના વિષયમાં પારંગત માનીએ છીએ. ૧૩.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

सूत उवाच—द्वापरे समनुप्राप्ते तृतीये युगपर्यये ।
जातः पराशराद्योगी वासव्यां कलया हरेः ॥ १४ ॥

અન્વયાર્થ—તૃતીયે-ત્રીજા, **યુગપર્યયે**-યુગપર્યાયમાં, **દ્વાપરે**-દ્વાપર યુગ, **સમનુપ્રાપ્તે**-પ્રાપ્ત થતાં, **પરાશરાત્**-પરાશર મુનિથી, **વાસવ્યામ્**-ઉપરિચર વસુની પુત્રી વાસવીમાં, **હરેઃ-કલયા**-ભગવાનની કલાથી, **યોગી**-જ્ઞાની-વ્યાસજી, **જાતઃ**-પ્રકટ થયા. ૧૪.

અનુવાદ—યુગ ક્રમના ત્રીજા આવર્તનમાં દ્વાપર યુગ પ્રાપ્ત થતાં પરાશર મુનિથી ઉપરિચર વસુની પુત્રી વાસવીમાં ભગવાનની કલા રૂપે શ્રીવ્યાસજી પ્રગટ થયા. ૧૪.

તત્ત્વસુધા—કસ્મિન્ યુગે શ્રીમદ્ ભાગવતનો રચના કાલ કયારનો ? એના ઉત્તરમાં આ શ્લોક છે બ્રાહ્મ કલ્પના પ્રથમ મન્વંતરમાં એક યુગ પર્યાય પૂર્ણ થયો. તે પર્યાયમાં સાધન સહિત જ્ઞાનનો સમય હતો. બીજા યુગ પર્યાયમાં કર્મનો સમય હતો. ત્રીજા યુગ પર્યાયમાં ભક્તિનો સમય હતો. કૃષ્ણ દ્વૈપાયન વ્યાસજીનો ત્રીજા પર્યાયના 'દ્વાપર' યુગમાં અવતાર થયો. ધર્મની દ્વિ-પરતા તેથી દ્વાપર. સત્યયુગ ત્રેતાયુગમાં શ્રુતિને આધારે ધર્મ વ્યવસ્થા હોય. દ્વાપરમાં શ્રુતિ અને સ્મૃતિ પ્રમાણે વ્યવસ્થા હોય તેથી દ્વાપર સંજ્ઞા પડે છે. 'જાતઃ' સ્વયંભૂ તરીકે પ્રભુએ અવતાર લીધો છે પરતંત્ર બનીને નહી. પરાશરાત્-વૈષ્ણવ પિતાને ત્યાં સાત્વિક માર્ગ કે સાત્વત ધર્મ પ્રવર્તાવવા પ્રકટયા છે. યોગી શબ્દથી ભક્તિ દર્શાવી. 'વાસવ્યામ્' ઉપરિચર વસુની પુત્રી વાસવીમાં જન્મ થયો. 'પરાશર' અને વાસવી શબ્દથી વૈષ્ણવ બીજ અને વૈષ્ણવ ક્ષેત્રનો નિર્દેશ કર્યો. ૧૪.

स कदाचित् सरस्वत्या उपस्पृश्य जलं शुचि ।
विविक्तदेश आसीन उदिते रविमण्डले ॥ १५ ॥
परावरज्ञः स ऋषिः कालेनाऽव्यक्तरंहसा ।
युगधर्मव्यतिकरं प्राप्तं भुवि युगे युगे ॥ १६ ॥
भौतिकानां च भावानां शक्तिह्रासं च तत्कृतम् ।
अश्रद्दधानान्निःसत्त्वान् दुर्मेधान् ह्रसितायुषः ॥ १७ ॥
दुर्भगांश्च जनान् वीक्ष्य मुनिर्दिव्येन चक्षुषा ।
सर्ववर्णाश्रमाणां यद्दध्यौ हितममोघदृक् ॥ १८ ॥

અન્વયાર્થ—**સઃ**-તે શ્રીવ્યાસજી, **કદાચિત્**-કોઇક વખત, **રવિમણ્ડલે-ઉદિતે**-સૂર્યમંડળ ઉદય પામતાં, **સરસ્વત્યાઃ**-સરસ્વતી નદીના, **શુચિ**-પવિત્ર, **જલમ્**-જળને, **ઉપસ્પૃશ્ય**-સ્પર્શીને, **વિવિક્તદેશે**-એકાન્ત પ્રદેશમાં, **આસીનઃ**-બેઠેલા, **પરાવરજ્ઞઃ**-ભૂત-ભવિષ્યનું જ્ઞાન ધરાવનાર, **સઃ-ઋષિઃ**-તે મહર્ષિવ્યાસ, **અવ્યક્ત-રંહસા**-જેનો વેગ અસ્પષ્ટ છે એવા, **કાલેન**-કાળથી, **ભુવિ**-પૃથ્વી ઉપર, **યુગે યુગે**-પ્રત્યેક યુગમાં, **પ્રાપ્તમ્**-પ્રાપ્ત થતા, **યુગ-ધર્મ-વ્યતિકરમ્**-યુગધર્મોના ફેરફારને, **ચ**-અને, **ભૌતિકાનામ્**-ભૌતિક, **ભાવાનામ્**-પદાર્થોના, **ચ તત્કૃતમ્**-અને તે કાળધર્મે કરેલા, **શક્તિહ્રાસમ્**-શક્તિના હ્રાસને, **ચ-જનાન્**-અને મનુષ્યોને **અશ્રદ્દધાનાન્**-શ્રદ્ધા વગરના, **નિઃસત્વાન્**-સત્ત્વ વગરના, **દુર્મેધાન્**-દુર્બુદ્ધિવાળા, **હ્રસિત-આયુષઃ**-અલ્પાયુષ વાળા, **દુર્ભગાન્**-દુર્ભાગીઓને, **વીક્ષ્ય**-જોઇને, **અમોઘદૃક્-મુનિઃ**-અમોઘદૃષ્ટિવાળા મનનશીલ શ્રીવ્યાસજી, **દિવ્યેન-ચક્ષુષા**-દિવ્ય દૃષ્ટિથી, **સર્વ-વર્ણ-આશ્રમાણામ્**-સર્વ વર્ણ અને આશ્રમોના, **યત્-હિતમ્**-જે હિત, **દધ્યૌ**-વિચારવા લાગ્યા. ૧૫; ૧૬; ૧૭; ૧૮.

અનુવાદ—કોઇ એક વખત મહર્ષિ વ્યાસ સૂર્યોદય સમયે શ્રીસરસ્વતીજીના પવિત્ર જલનું આચમન, સંધ્યા વંદન કરીને એકાન્ત સ્થાનમાં બેઠેલા હતા. ભૂત, ભવિષ્ય, વર્તમાન કાળના

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જ્ઞાન ધરાવનાર તે મહર્ષિએ, જેનો વેગ ન સમજી શકાય તેવા કાલ બળથી, યુગે યુગે યુગ ધર્મોનું પરિવર્તન અને કાલ ધર્મે કરેલો ભૌતિક પદાર્થોના સ્વરૂપની શક્તિનો હ્રાસ થયેલો જોયો; તેમજ મનુષ્યોને શ્રદ્ધા વિનાના, બલ વગરના, દુષ્ટ બુદ્ધિવાળા, અલ્પ આયુષ્ય વાળા અને દુર્ભાગ્ય વાળા પણ જોયા. ત્યારે અમોઘદૃષ્ટિ મહર્ષિએ દિવ્ય દૃષ્ટિથી સર્વ વર્ણ અને આશ્રમોનું જે હિત હતું તે વિચાર્યું. ૧૫; ૧૬; ૧૭; ૧૮.

તત્ત્વસુધા—શ્રીમદ્ ભાગવતનું અવતરણ વ્યાસજીની ચિંતામાંથી છે. स कदाचित्सरस्वत्याः 'સજ્જનની ચિંતા ચિંતામણિ' છે ને 'વિપ્રની વેદના વેદ' બને છે. વ્યાસજીની વિશ્વ દુઃખદર્શનની વેદનાએ વિશ્વને ભક્તોના વેદ ભાગવત સંહિતા આપી. વ્યાસજીની આધિએ સમાધિ ભાષા– ભાગવત આપ્યું; કારણકે તેઓ 'સરસ્વતી'ના કિનારે રહી ચિંતા કરે છે. સરસ્વતીજીના પવિત્ર જલનું પાન કરીને વિચાર કર્યો અને સમાધિ ભાષા મળી. સરસ્વતી બ્રહ્મવિદ્યા છે. વિદ્યાના અવલંબને વિચારે અને ઉચ્ચરે તેની વાણી વેદના સાર રૂપે મળે. 'વિવિક્ત– એકઃ ચિંતન, સેવા, ધ્યાન, લેખન 'એકાન્તમાં એકાકી' થઈને કરવાં. એકાન્ત એકાગ્રતા આપે. એકાકીપણું પવિત્રતા રાખે. आसीनः–સ્થિરાસન થઇ બેસવું. સ્થિરાસન મનોનિરોધ કરે. उदिते रविमंडले– સાત્વિક સમયમાં બુદ્ધિને પ્રેરણા આપે. બદરિકાશ્રમ બે છે. એક ગંધમાદન પર્વતમાં અને બીજો સિન્ધુવનમાં આવ્યો છે. આ બદરિકાશ્રમ સિંધુવનમાં છે ત્યાં બદરીખંડ છે. ઋષિઃ ત્રિકાલદર્શી ઋષિ કાલદૃષ્ટા અને કાલસૃષ્ટા પણ બની શકે છે. વ્યાસજી કાલસૃષ્ટા છે. શકિત, સમ્પત્તિ, સમૃદ્ધિ, બુદ્ધિ, આયુષ્ય સમાજનાં ક્ષીણ થયેલ જોઈ વ્યાસજીને સમાજ વેદનાએ સતાવ્યા. 'નવનિર્માણ' કવિનું, ચિંતકનું, લેખકનું અને વિપ્રનું'— વિશ્વારાધન છે. ભાગવત સંસ્કૃતિદ્વારા વિશ્વને નવચેતના અને આત્મજાગૃતિ સાથે શકિત સમૃદ્ધિ બુદ્ધિ વગેરે મેળવવા માર્ગદર્શન આપ્યું. अमोघदृक् આર્ષ, અવલોકનને અમોઘ દૃષ્ટિ હોય છે. વ્યાસ મહર્ષિ પાસે જ્ઞાન, તપ, ઉપાસના અને અનુગ્રહ ચાર હોવાથી 'અમોઘદૃષ્ટિ' હતા.

चातुर्होत्रं कर्मशुद्धं प्रजानां वीक्ष्य वैदिकम् ।
व्यदधाद् यज्ञसन्तत्यै वेदमेकं चतुर्विधम् ॥ १९ ॥
ऋग्यजुःसामाथर्वाख्या वेदाश्चत्वार उद्धृताः ।
इतिहासपुराणं च पञ्चमो वेद उच्यते ॥ २० ॥

અન્વયાર્થ—**चातुर्होत्रम्**–ચાર હોતાઓએ કરેલું, **वैदिकम्**–વેદ સંબંધી, **प्रजानाम्**–પ્રજાઓનું, **शुद्धम्**–શુદ્ધ એવા, **कर्म**–કર્મને, **वीक्ष्य**–જોઇને, **यज्ञसन्तत्यै**–યજ્ઞોના વિસ્તાર માટે, **एकम् वेदम्**–એક વેદને, **चतुर्विधम्**–ચાર પ્રકારનો, **व्यदधात्**–કર્યો. ૧૯; **ऋग्-यजुः-साम-अथर्व-आख्याः**–ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ એવી સંજ્ઞાવાળા, **चत्वारः**–ચાર, **वेदाः**–વેદો, **उद्धृताः**–વિભાગવાળા કર્યા, **इतिहास-पुराणम्-च**–અને ઇતિહાસ; પુરાણને, **पंचमः वेदः**–પાંચમો વેદ, **उच्यते**–કહેવાય છે. ૨૦.

અનુવાદ—ચાર હોતાઓથી કરવામાં આવનાર ચાતુર્હોત્ર નામના, પ્રજાઓના શુદ્ધ વૈદિક કર્મને જોઇને, યજ્ઞનો વિસ્તાર કરવા એકજ વેદની ચાર પ્રકારમાં વહેંચણી કરી. ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ એવી સંજ્ઞાથી ચાર પ્રકારે વેદોનો વિભાગ કર્યો. ઇતિહાસ અને પુરાણ નામનો પંચમ વેદ પણ કહેવાય છે. ૧૯; ૨૦.

તત્ત્વસુધા—**चातुर्होत्रम्**–ચાતુર્હોત્ર એવી કર્મની સંજ્ઞા છે. અધ્વર્યુ ઉદ્ગાતા હોતા અને બ્રહ્મા ચાર વિપ્રો મળીને જે કાર્યને કરતા તેને ચાતુર્હોત્ર કર્મ કહેતા. ચાતુર્હોત્ર વૈદિક કર્મની વ્યવસ્થા કાજ વેદ વિભાગ કર્યો. એક બીજો અર્થ પણ છે કે વૈદિક કર્મમાં દશ હોતા, ચાર હોતા, પાંચ હોતા, છ હોતા, સાત હોતા એવી રીતના ચાર ભેદો રાખેલ છે. તે હોતાઓ અગ્નિહોત્રાદિકનું મુખ્ય અવલંબન છે, તેથી અગ્નિહોત્રાદિક પાંચ ચાતુર્હોત્ર

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કર્મ તરીકે ગણાય છે. વળી દર્શહોત્રથી લઈ ચાતુર્હોત્ર પર્યન્તના મંત્રોથી અગ્નિષ્ટોમાદિ કર્મ બને છે. તે વૈદિક કર્મની વ્યવસ્થા માટે એક વેદના ચાર વિભાગો કર્યા. ઋગ્વેદ વડે હોતા કર્મ કરે છે, યજુર્વેદ વડે અધ્વર્યુ કાર્ય કરે છે. સામવેદથી ઉદ્ગાતા અને અથર્વવેદથી બ્રહ્મા કામ કરે છે. તેથી તે તે કર્મોના પ્રતિપાદન કરનાર મંત્ર-ભાગ અને બ્રાહ્મણ ભાગના ખંડોનો ઉદ્ધાર કર્યો તેને વેદ એવી સંજ્ઞા આપી. વેદદર્શિત ધર્મોનીજ વિપુલ સમજ અને વિસ્તાર માટે ઇતિહાસ પુરાણ નામનો પાંચમો વેદ રચ્યો. ૧૯; ૨૦.

तत्रर्ग्वेदधरः पैलः सामगो जैमिनिः कविः ।
वैशम्पायन एवैको[1] निष्णातो यजुषामुत ॥ २१ ॥
अथर्वाङ्गिरसामासीत् सुमन्तुर्दारुणो मुनिः ।
इतिहासपुराणानां पिता मे रोमहर्षणः ॥ २२ ॥

અન્વયાર્થ—**तत्र**-તેમાં, **ऋग्वेदधरः**-ઋગ્વેદને ધારણ કરનાર, **पैलः**-પૈલ ઋષિ, **सामगः**-સામનું ગાન કરનાર, **जैमिनिः कविः**-વિદ્વાન જૈમિનિ, **उत**-અને, **यजुषाम्-निष्णातः**-યજુર્વેદના પારંગત, **एकः**-એક, **वैशम्पायनःएव**-વૈશંપાયન જ છે, ૨૧; **अथर्वाङ्गिरसाम्**-અથર્વવેદ વાણીના, **दारुणः**-દારુણ, **सुमन्तुः मुनिः**-સુમન્તુ મુનિ, **आसीत्**-હતા, **इतिहासपुराणानाम्**-ઇતિહાસ પુરાણોના અધ્યેતા, **मे पिता**-મારા પિતાજી, **रोमहर्षणः**-રોમહર્ષણ થયા. ૨૨.

અનુવાદ—તે વેદોમાં ઋગ્વેદને ધારણ કરનારા પૈલ મુનિ હતા, સામગાનમાં નિપુણ જૈમિનિ મુનિ હતા, યજુર્વેદમાં કેવલ વૈશંપાયન મુનિજ નિષ્ણાત હતા, અથર્વવેદની વાણીમાં દારુણ એવા સુમન્તુ મુનિ જાણકાર હતા, જ્યારે મારા પિતાજી રોમહર્ષણ ઇતિહાસ અને પુરાણોના જાણકાર થયા. ૨૧; ૨૨.

તત્ત્વસુધા—વીસમા શ્લોકમાં ઋગ્-યજુઃ સામ અથર્વ એવો ક્રમ છે જ્યારે આ શ્લોકમાં ઋક્ સામ યજુઃ એવો શા માટે દર્શાવ્યો. વેદમાં સૂર્યમંડળનું નિરૂપણ છે ત્યાં બીજો ક્રમ દર્શાવેલ તેથી આ શ્લોકમાં એ ક્રમ લીધો છે માટે પ્રથમ ક્રમ સાથે વિરોધ નથી. सुमन्तुर्दारुणो मुनिः સુમન્તુ મુનિ દારુણ એટલે ઉગ્ર કહ્યા છે. અથર્વવેદમાં અભિચાર ઉગ્ર પ્રયોગો છે. તે આચરનાર ઉગ્ર બને છે સુમન્તુ ઉગ્ર બનેલા તેથી દારુણ કહ્યા. ખરી રીતે તો સ્વભાવથીજ ઉગ્ર હતા; પરંતુ મુનિ હોવાથી ભણાવ્યા. ઉગ્રતા સાથે મુનિવ્રત હોય તો તે અન્યને હાનિ ન કરે. શાપ આદિ તો વાણીથી કરાય તો મૌન સારૂ. ૨૧; ૨૨.

त एनमृषयो वेदं स्वं स्वं व्यस्यन्ननेकधा ।
शिष्यैः प्रशिष्यैस्तच्छिष्यैर्वेदास्ते शाखिनोऽभवन् । २३ ॥
त एव वेदा दुर्मेधैर्धार्यन्ते पुरुषैर्यथा ।
एवं चकार भगवान् व्यासः कृपणवत्सलः ॥ २४ ॥

અન્વયાર્થ—**ते**-ઋષયઃ-તે ઋષિઓ, **एनम्-स्वं-स्वं-वेदम्**-આ પોતપોતાના વેદને, **अनेकधा**-અનેક પ્રકારે, **व्यस्यन्**-વિસ્તારથી પ્રસરાવતા, **शिष्यैः प्रशिष्यैः**-શિષ્યો અને શિષ્યોના શિષ્યો દ્વારા, **तच्छिष्यैः**-તેમના પણ શિષ્યો વડે, **ते वेदाः**-તે વેદો, **शाखिनः**-અનેક શાખાઓ વાળા થયા. ૨૩; **त एव**-તેજ, **वेदाः**-વેદો, **यथा**-જેવી રીતે, **दुर्मेधैः**-બુદ્ધિ વિનાના એવા, **पुरुषैः**-પુરુષોથી, **धार्यन्ते**-ધારણ કરાય, **एवम्**-એ પ્રમાણે, **कृपण वत्सलः**-દીન વત્સલ, **भगवान् व्यासः**-ભગવાન વ્યાસ મહર્ષિએ, **चकार**-કર્યું. ૨૪.

અનુવાદ—પૈલ વગેરે તે ઋષિ મહર્ષિઓએ પોતાના શિષ્યો દ્વારા, તેના શિષ્યો દ્વારા અને તેમના પણ શિષ્યો દ્વારા પોતપોતાના વેદને અનેક પ્રકારે વિભાગો કરીને આપ્યા, તેથી તે

૧. एकस्तु पाठः।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વેદો અનેક શાખાવાળા થયા. ૨૩; અતિ અલ્પમતિ વાળા પુરુષો પણ તે વેદને ધારણ કરી શકે તેવી રીતની યોજનાથી દીન વત્સલ વ્યાસ ભગવાને વેદોને બનાવ્યા. ૨૪.

તત્ત્વસુધા—વેદમાં બે વિભાગ છે જાણવું અને આચરવું. જાણી લીધેલને જીવવા માટે બુદ્ધિમાં ધારવું પડે. બુદ્ધિનો ક્ષય વિશ્વનો ક્ષય છે. જ્ઞાનનું રહેઠાણ બુધિ હોઇ તેની કક્ષા પ્રમાણે તેને જ્ઞાન અપાય. વ્યાસ મહર્ષિએ સમાજનો સતત અભ્યાસ કર્યો. હિત વિચાર્યું અને વેદોનાજ કર્મ જ્ઞાન તત્ત્વના રહસ્યને અમલમાં મુકાય માટેજ શાખા પ્રશાખાઓ કરી. જો કે બ્રાહ્મણધર્મ બ્રહ્મચર્ય વ્રત વિના અને અર્થ જ્ઞાન વિના ભણેલ વેદ ન ફળે; પરંતુ કેવલ વેદ ભણવાથી પણ પાપ નિવૃત્તિ અને પુણ્ય થાય છેજ માટે વેદોનો ઉચ્ચાર મંગલ વાતાવરણ સરજે છે. ૨૪.

સ્ત્રીશૂદ્રદ્વિજબન્ધૂનાં ત્રયી ન શ્રુતિગોચરા ।
કર્મશ્રેયસિ મૂઢાનાં શ્રેય એવં ભવેદિહ ।
ઇતિ ભારતમાખ્યાનં કૃપયા મુનિના કૃતમ્ ॥ ૨૫ ॥

અન્વયાર્થ—ત્રયી-આ વેદત્રયી, સ્ત્રી-શૂદ્ર-દ્વિજ-બન્ધૂનામ્-સ્ત્રીઓ, શૂદ્રો, દ્વિજ બન્ધુઓને, શ્રુતિ-ગોચરા-કર્ણ ગોચર, ન-નથી, કર્મ-શ્રેયસિ-કર્મરૂપી કલ્યાણ સાધનમાં, મૂઢાનામ્-અજ્ઞાની જીવોનું, ઇહ-આ લોકમાં, એવમ્-આ પ્રમાણે. શ્રેયઃ-કલ્યાણ, ભવેત્-થાય, ઇતિ-એ કારણથી, કૃપયા-પરમ કૃપાથી, મુનિના-શ્રીવ્યાસજીએ, ભારતં આખ્યાનમ્-મહાભારત નામનું આખ્યાન કૃતમ્-કર્યું. (રચ્યું.) ૨૫.

અનુવાદ—સ્ત્રી, શૂદ્ર અને સંસ્કાર શૂન્ય દ્વિજ, એ ત્રણને વેદોને સાંભળવાનો કોઈ લાભ નથી, તેમજ વૈદિક કર્મના આચરણથી સાધી શકાતાં કલ્યાણમાં તેઓને બોધ નથી, એમ વિચારીને તેઓનું કલ્યાણ મહાભારત શ્રવણથી થશે એવા આશયથી મહર્ષિ વ્યાસે મહાભારતનું આખ્યાન રચ્યું. ૨૫.

તત્ત્વસુધા—શ્રુતિગોચરા અને શ્રુતિગોચરઃ એવા બે પાઠ છે. વ્યાકરણ રીતે તો પુલ્લિંગજ હોઈ શકે; પરંતુ છાંદસ અનુકરણે ગોચરા પાઠ માન્યો છે. વેદોના ઉચ્ચારમાં ઉદાત્ત અનુદાત્ત આદિ સ્વરની સાથે અધિક સંબંધ હોય છે. અર્થનો ફેરફાર આખો તેમાંજ થઈ જાય છે. તેમાં પણ જે મંત્રો બોલી હોમ ક્રિયા કરવાની હોય ત્યાં તો અતિ સાવધ રહેવું પડે. વિજ્ઞાનની નાની ભૂલ કર્તાનોજ નાશ કરે. યજ્ઞ પણ તેમાંથી વૃત્રાસુરને સરજે તેથીજ યોગ્યને વેદાધ્યયનની સંમતિ આપી. સાહિત્ય-કલા (Artes)માં તો બધાનો સમાવેશ થાય; પરંતુ વિજ્ઞાન (Science)માં તો અમુકજ વિદ્યાર્થીને પ્રવેશ છે એ કોઇ પક્ષપાત નથી પરંતુ યોગ્યતા પરત્વે છે. વેદો વિજ્ઞાનની પ્રક્રિયાઓ છે. તેથી જ એવો અધિકારભેદ રાખેલ છે. ૨૫.

એવં પ્રવૃત્તસ્ય સદા ભૂતાનાં શ્રેયસિ દ્વિજાઃ ।
સર્વાત્મકેનાપિ યદા નાતુષ્યદ્-હૃદયં તતઃ ॥ ૨૬ ॥
નાતિપ્રસીદદ્-હૃદયઃ સરસ્વત્યાસ્તટે શુચૌ ।
વિતર્કયન્ વિવિક્તસ્થ ઇદં પ્રોવાચ ધર્મવિત્ ॥ ૨૭ ॥

અન્વયાર્થ—હે દ્વિજાઃ-હે દ્વિજો, એવમ્-એ પ્રમાણે, સદા-સર્વકાળ, સર્વાત્મકેન-સર્વ-પ્રકારના પ્રયત્નથી, ભૂતાનામ્-પ્રાણિ માત્રના, શ્રેયસિ-કલ્યાણમાં, પ્રવૃત્તસ્ય અપિ-પ્રવૃત્ત થવા છતાં, યદા-જ્યારે, હૃદયમ્-હૃદય, ન અતુષ્યત્-સંતુષ્ટ ન થયું, તતઃ-ત્યારે, ન અતિપ્રસીદદ્-હૃદયઃ-અત્યંત અપ્રસન્ન વ્યાસજી, વિવિક્તસ્થઃ-એકાન્ત પ્રદેશમાં બેઠેલા, ધર્મવિદ્-ધર્મવેત્તા, સરસ્વત્યાઃ-સરસ્વતી નદીના, શુચૌ-પવિત્ર એવા, તટે-તટ ઉપર, વિતર્કયન્-તર્કવિતર્ક કરતા, ઇદમ્-આ પ્રમાણે, પ્રોવાચ-બોલ્યા. ૨૬; ૨૭.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—હે દ્વિજો, એ પ્રમાણે નિરંતર સર્વ પ્રકારના પોતાના પ્રયત્નથી પ્રાણી માત્રના કલ્યાણ માટે પ્રવૃત્ત થયેલા મહર્ષિ વ્યાસજીનું હૃદય જ્યારે સંતુષ્ટ ન થયું, ત્યારે અતિ ઉદાસીન મનવાળા, એકાન્તમાં બેઠેલા, ધર્મવેત્તા મુનિ વ્યાસ, સરસ્વતીના પવિત્ર તટ ઉપર તર્કવિતર્ક કરતા આ પ્રમાણે બોલ્યા. ૨૬; ૨૭.

તત્ત્વસુધા—નાતુષ્યદ્ હૃદયં ततः પરોપકારનું પરિણામ મનઃપ્રસાદ, તે ન મળે તો ધર્મના આચરણની ક્ષતિ મનાય. તે ત્યારેજ સિદ્ધ થાય કે પરોપકારમાં ભગવત્પ્રેમ પ્રવેશે. ભગવત્પ્રેમ ભગવદ્ ગુણાનુવાદે પ્રવેશે. વ્યાસજીને એ ન થવાથીજ અસંતોષ રહ્યો. જ્ઞાનમાં ગુણગાન આવે ત્યારે હૃદય આર્દ્ર બને ને ચિત્તપ્રસાદ સિદ્ધ થાય. सरस्वत्यास्तटे શુચૌ પાપ સંતાપ એનું નિવારણ કરે તેવું શુચિ સરસ્વતી તટ મનાય છે. એકાંત અને પવિત્ર સ્થલ આત્મશુદ્ધિનું અનિવાર્ય અંગ છે. ૨૬; ૨૭.

धृतव्रतेन हि मया छन्दांसि गुरवोऽग्नयः ।
मानिता निर्व्यलीकेन गृहीतं चानुशासनम् ॥ २८ ॥
भारतव्यपदेशेन ह्याम्नायार्थश्च दर्शितः ।
दृश्यते यत्र धर्मादिः स्त्रीशूद्रादिभिरप्युत ॥ २९ ॥
अथापि बत मे दैह्यो ह्यात्मा चैवात्मना विभुः ।
असम्पन्न इवाभाति ब्रह्मवर्चस्यसत्तमः ॥ ३० ॥

અન્વયાર્થ—हि धृतव्रतेन-સાચે, વ્રત ધારણ કરીને, मया-મેં, छन्दांसि-વેદો, गुरवः-ગુરુજનો, अग्नयः-અગ્નિઓ, निर्व्यलीकेन-નિષ્કપટ ભાવે, मानिताः-સંમાનિત કર્યા છે, च-અને, अनुशासनम्-તેઓના શાસનને, गृहीतम्- ગ્રહણ કરેલ છે. ૨૮; च भारत-व्यपदेशेन-અને મહાભારતની રચનાના બહાને, आम्नायार्थः-વેદોનો અર્થ, दर्शितः-દર્શાવ્યો છે, उत यत्र-વળી જે મહાભારતમાં, स्त्री-शूद्र-आदिभिः अपि-સ્ત્રીઓ અને શૂદ્ર વગેરેથી પણ, धर्मादिः-ધર્માદિક, दृश्यते-જોઈ શકાય છે. ૨૯; अथ+अपि-તોપણ, ब्रह्मवर्चस्यसत्तमः-બ્રહ્મવર્ચસવાળામાં અતિ શ્રેષ્ઠ, मे-મારો, दैह्यः-દેહાભિમાની, विभुः-સર્વ સમર્થ, आत्मा-આત્મા, आत्मना सह-જીવાત્મા સાથે, बत-સાચેજ, असम्पन्नः इव-અપ્રસન્ન હોય એમ, आभाति-જણાય છે. ૩૦.

અનુવાદ—મેં બ્રહ્મચર્યાદિક વ્રતના પાલનપૂર્વક વેદો, અગ્નિઓ તેમજ ગુરુજનોનું નિષ્કપટ સન્માન કર્યું છે અને વેદોની, ગુરુજનોની આજ્ઞાનું પાલન પણ કર્યું છે. ૨૮; 'મહાભારત'ની રચના કરીને મેં વેદોનો અર્થ પણ દર્શાવ્યો છે. જેમાં સ્ત્રી તથા શૂદ્રો વગેરેના ધર્મો પણ દર્શાવ્યા છે. ૨૯; આટલી બધી પ્રવૃત્તિ આદરવા છતાં બ્રહ્મવર્ચસ્વ ધરાવતા મુનિઓમાં અતિ શ્રેષ્ઠ એવો મારો સમર્થ દેહાભિમાની આત્મા બધુરો હોય તેમજ લાગેછે. ૩૦.

તત્ત્વસુધા— मानिता निर्व्यलीकेन-વ્રત, પ્રતિજ્ઞા, નિયમ વગેરે મનથીજ જીવાય ત્યારે તેમાં પ્રતારણ કરવાનું મન ન થાય. જો તે અસમજ, લોકયશ કે અનુકરણ રૂપ હોય તો તેનો આનંદ અને આસ્વાદ ન આવે. भारत व्यपदेशेन મહાભારત એ કેવલ ઇતિહાસનું નામ આપ્યું છે; પરંતુ એ કલ્પસૂત્રની માફક વેદોના અર્થનું પ્રતિપાદન કરે છે. માટે વ્યાસજી 'ભારત વ્યપદેશ' એવો પ્રયોગ કરે છે. व्यपदेश એટલે માત્ર સંજ્ઞા નામ કે બહાનું. ब्रह्मवर्चस्व्यसत्तमः એવો બીજો પાઠ છે. અર્થ એવો થશે કે મારો આત્મા બ્રહ્મ તેજવાળો છતાં તેની અસત્ જેવી પ્રતીતિ થાય છે. બ્રાહ્મણ જીવનનું ફળ બ્રહ્મતેજ છે. તે તેજ મેળવ્યા પછી આત્મામાં અપૂર્ણતાનું દર્શન એ વિરુદ્ધ ગણાય એ મને કેમ થાય છે એમ વ્યાસજીને થયું તેજ પ્રભુ કૃપા. ૨૮; ૨૯; ૩૦.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

किं वा भागवता धर्मा न प्रायेण निरूपिताः ।
प्रियाः परमहंसानां त एव ह्यच्युतप्रियाः ॥ ३१ ॥

અન્વયાર્થ—किं वा-અથવા શું ? प्रायेण-ખાસ કરીને મુખ્ય રૂપે, परमहंसानाम्-પરમહંસોને, प्रियाः-પ્રિય, भागवताः-ભગવત્સંબંધી, धर्माः-ધર્મો, न निरूपिताः-વર્ણવ્યા નથી, ते एव-તે પરમહંસ ધર્મોજ, अच्युतप्रियाः-અચ્યુતને પ્રિય છે. ૩૧.

અનુવાદ—અથવા તો વિશેષ પ્રમાણમાં ભગવદ્ ધર્મોનું મેં નિરૂપણ નથી કર્યું, જે ધર્મો પરમહંસોને પ્રિય છે. ૩૧.

તત્ત્વસુધા—भागवताः धर्माः પરમ ભક્તોનાં ચરિત, ભગવાનનાં પરમહિત ભરેલ ચરિત ભગવદ્ ગુણ-ઐશ્વર્યનિરૂપક ચરિતને ભાગવત ધર્મ કહેવાય. 'परमहंसधर्म' એટલે વિવેક ભર્યાં જીવન કવનનાં અનુકથન. ૩૧.

तस्यैवं खिलमात्मानं मन्यमानस्य खिद्यतः ।
कृष्णस्य नारदोऽभ्यागादाश्रमं प्रागुदाहृतम् ॥ ३२ ॥

અન્વયાર્થ—एवम्-એ પ્રમાણે, आत्मानं खिलम्-પોતાના આત્માને અપૂર્ણ, मन्यमानस्य-માનતા અને, खिद्यतः-ખેદ પામતા, तस्य कृष्णस्य-તે શ્રીકૃષ્ણ દ્વૈપાયનના, प्राग्-उदाहृतम्-પૂર્વમાં વર્ણવેલા, आश्रमम्-આશ્રમ પ્રત્યે, नारदः-નારદજી, अभ्यागात्-આવી પહોંચ્યા. ૩૨.

અનુવાદ—એ પ્રમાણે પોતાની જાતને ઉણપ વાળી માનતા અને તેથીજ ખેદ અનુભવતા શ્રીકૃષ્ણ દ્વૈપાયન વ્યાસના પૂર્વમાં વર્ણવેલા શમ્યાપ્રાસ આશ્રમમાં નારદજી આવી પહોંચ્યા. ૩૨

તત્ત્વસુધા—कृष्णस्य વ્યાસની સંજ્ઞા છે. અન્તઃકરણની આર્તિ અને શુદ્ધિએ ભગવાનનું નિમંત્રણ છે. નારદ ભગવાનના પ્રતીકરૂપે આવ્યા છે. ૩૨.

तमभिज्ञाय सहसा प्रत्युत्थायागतं मुनिः ।
पूजयामास विधिवन्नारदं सुरपूजितम् ॥ ३३ ॥

અન્વયાર્થ—आगतम्-આવેલ તે નારદજીને, अभिज्ञाय-જાણીને, सहसा-શીઘ્રતાથી, प्रत्युत्थाय-સન્મુખ ઊભા થઈને, मुनिः-વ્યાસજી, सुरपूजितम्-દેવોથી પૂજાયેલ, नारदम्-નારદજીને, विधिवत्-વિધિ પ્રમાણે, पूजयामास-પૂજવા લાગ્યા. ૩૩.

અનુવાદ—આશ્રમમાં પધારેલ નારદજીને જાણીને એકદમ આસન ઉપરથી ઊભા થઈ સન્મુખ જઈ વ્યાસજીએ દેવોથી પૂજાયેલ નારદ મુનિનું વિધિસર પૂજન કર્યું. ૩૩.

તત્ત્વસુધા—અભ્યુત્થાન એ સત્પુરૂષોનો સમત્વભાવ છે અને મહત્પુરૂષોનો આદર છે. 'વિધિવદ્' એટલે શાસ્ત્રોક્ત રીતિને અનુસરી પૂજન આદર્યું. ૩૩.

શ્રીમદ્ ભાગવતના પ્રથમ સ્કંધમાં તત્ત્વસુધા ટીકાનો ચોથો અધ્યાય સંપૂર્ણ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અધ્યાય પાંચમો.

सूत उवाच—अथ तं सुखमासीन उपासीनं बृहच्छ्रवाः ।
देवर्षिः प्राह विप्रर्षिं वीणापाणिः स्मयन्निव ॥ १ ॥

અન્વયાર્થ—**અથ**-ત્યારબાદ, **સુખમ્**-સુખપૂર્વક, **આસીનઃ**-બેઠેલા, **બૃહચ્છ્રવાઃ**-ઉત્તમ કીર્તિવાળા, **વીણાપાણિઃ**-વીણા ધારી, **દેવર્ષિઃ**-દેવર્ષિ નારદ, **સ્મયન્ ઇવ**-જાણે મંદ સ્મિત કરતા હોય તેમ, **ઉપાસીનમ્**-સમીપમાં બેઠેલા, **તમ્**-તે, **વિપ્રર્ષિમ્**-વિપ્રર્ષિ વ્યાસજીને, **પ્રાહ**-કહેવા લાગ્યા. ૧.

અનુવાદ—ત્યારબાદ સુખપૂર્વક બેઠેલા, ઉત્તમ કીર્તિવાળા, વીણાપાણિ, દેવર્ષિ નારદજી મંદ મંદ હાસ્ય કરતા ન હોય એમ પાસે બેઠેલા વિપ્રર્ષિ વ્યાસજીને કહેવા લાગ્યા. ૧.

તત્ત્વસુધા—પાંચમા અધ્યાયમાં સત્સમાગમ વર્ણવ્યો છે. નિર્વેદ પણ વેદની ગરજ સારે છે. ઈશ્વર માર્ગનાં અને લોકહિતનાં સાધન આચરણમાં અસંતોષ, એ ઈશ્વર તરફ દૃઢ થવાનાં શુભ નિશાન છે. તત્ત્વાન્વેષક વેદ વ્યાસજીને, સમાજને ઉપયુક્ત સાહિત્ય હજુ મેં નથી આપ્યું એવો ખેદ થયો, આત્મમંથન થયું. એ વ્યથાને અન્તર્યામી શ્રીકૃષ્ણ ન સહી શક્યા અને સ્નેહાવતાર રૂપે નારદજી થઈ સ્વયં સમાધાન દેવા આવ્યા. બીજાનાં દુઃખને પોતાનાં સમજી તેને દૂર કરવા પ્રયત્ન કરે તે વિપ્ર ગણાય. વ્યાસજી તેવાજ મહાપુરુષ હતા.—અથ અવ્યયથી અધ્યાયનો આરંભ કરે છે. અથ શબ્દના ઉચ્ચારણથી મંગલ થાય છે, પાપ અને પ્રત્યૂહ ટળે છે. જ્યારે પાપ ટળે કે સંત આવીને મળે. પાપ એટલે અન્તરાય. સંતને સંત મળે.—સુખમાસીનઃ- મહાન્ પુરુષો નિત્ય સ્થિતપ્રજ્ઞ અવસ્થામાં હોય છે, કારણકે હૃદયમાં ભગવાન હોય છે નારદ વ્યાસજીનું સમાધાન જાણે છે, તેથી સુખપૂર્વક બેઠેલા વર્ણવ્યા.

બૃહચ્છ્રવાઃ દેવર્ષિઃ-નારદજી પ્રસિદ્ધ યશસ્વી સંત છે, તેથી જ ભુઋગ વ્યાસજીને પૂછી શકે છે કે આપનાં તન, મન, પ્રસન્ન છે ! દેવોના ઋષિ હોવાથી, જન્મના અધિકારથી પણ શ્રેષ્ઠ છે, તેથી પણ પૂછી શકે છે. વીણાપાણિઃ-હાથમાં વીણા છે તે ભક્તિનું પ્રતીક છે. ચિત્ત પ્રસન્નતામાં વીણાનો ઉપયોગ થાય છે. ઉપાસીનમ્- વ્યાસજી સન્મુખ બેઠેલા છે. મુખ ઉપરથી મનની અસ્વસ્થતા માલુમ પડે છે, તેથી જ બીજા શ્લોકમાં નારદજીએ પૂછવું આરંભ્યું. ૧.

नारद उवाच—पाराशर्य महाभाग भवतः कच्चिदात्मना ।
परितुष्यति शारीर आत्मा मानस एव वा ॥ २ ॥
जिज्ञासितं सुसम्पन्नमपि ते महदद्भुतम् ।
कृतवान् भारतं यस्त्वं सर्वार्थ-परिबृंहितम् ॥ ३ ॥
जिज्ञासितमधीतं च यत्तत् ब्रह्मसनातनम् ।
[१] तथापि शोचस्यात्मानमकृतार्थ इव प्रभो ॥ ४ ॥

અન્વયાર્થ—**મહાભાગ**-હે મહા ભાગ્યશાળી, **પારાશર્ય**-પરાશરના પુત્ર વ્યાસ, **ભવતઃ**-આપનો, **શારીરઃ**-શરીરાભિમાની, **વા**-અથવા, **માનસઃ આત્મા**-માનસ આત્મા, **આત્મના સહ**-આત્માની સાથે, **પરિતુષ્યતિ કચ્ચિત્**-પ્રસન્ન રહે છે ને શું ? ૨; **તે જિજ્ઞાસિતમ્**-આપનું જાણવાને ઇચ્છેલું, **અપિ સુસમ્પન્નમ્**-તે પણ સારી રીતે સફળ થયેલું છે, **યઃ**-જે, **ત્વમ્**-આપે, **સર્વ-અર્થ-પરિબૃંહિતમ્**-સર્વ પ્રકારના અર્થોથી સંપૂર્ણ

[1] अथापि-पाठः

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભરેલું, અદ્‌ભુતમ્-અદ્‌ભુત, મહત્-વિસ્તૃત, ભારતમ્-મહાભારત, કૃતવાન્-રચ્યું. ૩; યત્ સનાતનમ્-જે સનાતન, બ્રહ્મ-બ્રહ્મતત્ત્વ, તત્-તે તત્ત્વને, જિજ્ઞાસિતમ્-જાણી લીધેલું છે, ચ-અને, અધીતમ્-અધ્યયન કરેલું છે, તથાપિ-તોપણ, પ્રભો-હે પ્રભો, આત્માનમ્-આપને પોતાને, અકૃતાર્થઃ ઇવ-અકૃત કૃત્યની માફક, શોચસિ-શોક કરો છો. ૪.

અનુવાદ—હે મહા ભાગ્યશાળી, વ્યાસ મહર્ષિ, આપનો શરીરાભિમાની આત્મા તેમજ મન પ્રસન્ન તો છે ને ! ૨; જાણવા યોગ્ય સર્વ કંઈ આપે વિસ્તૃત, અદ્‌ભુત, સર્વ અર્થથી સંપૂર્ણ ભરેલ એવા મહાભારતને રચ્યું છે. ૩; જે સનાતન બ્રહ્મતત્ત્વ છે તેને આપે જાણ્યું છે, તેમજ વેદનું અધ્યયન પણ કરેલું છે; તો પણ સમર્થ, હે મહર્ષિ વ્યાસ ! આપ અપૂર્ણ કે અકૃતકૃત્ય મનુષ્યની માફક શોક કરો છો. ૪.

તત્ત્વસુધા—પારાશર્ય, મહાભાગ ! બે સંબોધનો કર્યાં છે. પરાવર શ્રેષ્ઠ વૈષ્ણવ છે તેમના પુત્ર છો, તેમને પગલે ચાલી પ્રભુના ગુણગાન કરો, શાંતિ મળશે. મહાભાગ પ્રભુની કૃપાથી પોતાની ઉણપ પોતાને દેખાય છે, તેથી 'મહાભાગ' મનાયા. कृपा भई तब जानीए जब दीखे अपनो दोष. कच्चित् ભાવવાહી અને કોમલ અવ્યય છે. દર્દ અને લાગણી વ્યક્ત કરવા તે બોલાય છે. "તન અને મન કુશલ છે ?" એ પ્રશ્ન પૂછનાર પરિમિત હોય છે. જન ધનનું કુશલ તો સર્વ પૂછે છે. સંત સ્વજનો તન મનનું મંગલ પૂછે. સંસારીઓ ધન જનનું સુખ પૂછે. ભક્તિ તન મનનું કુશલ રાખે. સંતના શરીરનું કુશલ શા માટે પૂછવું ? દેહાસક્તિ તો સંતને ન હોય સાચી વાત છે; પરંતુ સંતનું શરીર સેવોપયોગી હોય છે, તેથીજ તેનું મંગલ પૂછ્યું છે. ૨: વિપ્રે વિશ્વને અપૂર્વ, અનુપમ અને અલૌકિક આપવું જોઈએ. મહાભારતમાં તે ત્રણે સામગ્રી છે. यदस्ति भारते सर्वं नास्ति तच्च जगत्त्रये-મહાભારતમાં જે છે તે ત્રણ જગતમાં નથી. सर्वार्थपरिबृंहितम्-સમાજ, રાજ્ય, લોક પરલોક, ધર્માદિ પુરુષાર્થ, આદિ સમસ્ત તત્ત્વાર્થ શ્રી મહાભારતમાં કલામય પ્રકારે વસાવ્યા છે. ૩; બ્રહ્મ શબ્દ આ શ્લોકમાં પરબ્રહ્મ અને વેદ એમ બે પ્રકારનો લીધેલ છે. तरति शोकमात्मवित्-આત્મવેત્તા શોકને તરે, ધર્મ ક્રિયા મોહને હરે એ નિશ્ચિત સિદ્ધાન્તો આપે ઉભય આદર્યાં છે; છતાં આપ अकृतार्थ કેમ લાગો છો ? સંસારી જીવ ભૌતિક આશા અપૂર્ણ રહેતાં શોક કરે ! સુજ્ઞ તો કોઈ દિવ્ય ધ્યેય અપૂર્ણ રહે ત્યારે શોક કરે. તો સુજ્ઞનો કોઇ દિવ્ય હેતુ અવશિષ્ટ હોય તેમ લાગે છે. ૪.

व्यास उवाच—अस्त्येव मे सर्वमिदं त्वयोक्तं तथापि नात्मा परितुष्यते मे ।
तन्मूलमव्यक्तमगाधबोधं पृच्छामहे त्वाऽऽत्मभवात्मभूतम् ॥ ५ ॥

અન્વયાર્થ—त्वया-આપે, उक्तम्-કહેલું, इदम्-આ, सर्वम्-બધું, मे-મારી પાસે, अस्ति-एव-છે જ, तथा-अपि-તો પણ, मे-મારો, आत्मा-અન્તરાત્મા, न परितुष्यते-સંતુષ્ટ થતો નથી. तन्मूलम्-તેનું મૂળ કારણ કે જે, अव्यक्तम्-અપ્રકટ છે, તે કારણને, अगाधबोधम्-અગાધ જ્ઞાનવાળા, आत्मभव-आत्मभूतम्-બ્રહ્માના પુત્ર, त्वा-આપને, पृच्छामहे-પૂછીએ છીએ. ૫.

અનુવાદ—મહર્ષિ વ્યાસ બોલ્યા કે નારદજી, આપે જે કહ્યું તે સર્વ મને પ્રાપ્ત થયેલ છે; છતાં મારું ચિત્ત પ્રસન્નતાને મેળવતું નથી, તો તેમાં ગૂઢ એવું મૂળ કારણ શું છે તે આપને પૂછીએ છીએ કારણ કે આપ અગાધ જ્ઞાની છો, તેમજ બ્રહ્માજીના પુત્ર છો. ૫

તત્ત્વસુધા—અગાધબોધમ્ અને आत्मभवात्मभूतम् એ બે વિશેષણો નારદજીનાં છે. પ્રશ્ન પૂછી પ્રત્યુત્તર મેળવતા પહેલાં ઉત્તર આપનારની યોગ્યતા જોવી. " વેદ અને જ્ઞાનનાં ગુપ્ત રહસ્યોને આપ જાણો છો. મને જે કારણથી અસંતોષ છે તેનો મને ખ્યાલ નથી; પરંતુ આપ 'અગાધ જ્ઞાન' ધરાવો છો, તો આપ કહી શકશો. વળી આપ ભગવાનના પૌત્ર છો, તેથી પણ ભગવાનનું હૃદય જાણી શકો. પુત્ર પિતા કરતાં દાદા સાથે વધુ પ્રેમ કરી શકે છે અને દાદા એનું મન સમજી શકે છે. મારી પાસે પ્રમાણ એટલે વેદનું બળ છે, આપની પાસે પ્રમેય એટલે ભગવાનનું બળ છે. તો કૃપા કરીને કહો કે મને અસંતોષ કેમ રહે છે ? ૫.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

स वै भवान् वेद समस्तगुह्यमुपासितो यत्पुरुषः पुराणः ।
परावरेशो मनसैव विश्वं सृजत्यवत्यत्ति गुणैरसङ्गः ॥ ६ ॥

અન્વયાર્થ—सः–તે, **भवान्**–આપ, **समस्त गुह्यम्**–સમગ્ર ગુપ્ત જ્ઞાનને, **वै**–ખરેખર, **वेद**–જાણો છો, **यत्**–કારણ કે, **पर-अवर-ईशः**–પર અને અવરના ઈશ્વર, **असङ्गः**–સંગ રહિત, **गुणैः**–ગુણોદ્વારા, **मनसा एव**–મનથીજ, **विश्वम्**–વિશ્વને, **सृजति**–સર્જે છે, **अवति**–રક્ષણ કરે છે, **अत्ति**–સમેટે છે, **पुराणः पुरुषः**–પુરાણ પુરુષ, **उपासितः**–સેવ્યા છે. ૬.

અનુવાદ—આપ તે સમસ્ત ગૂઢ જ્ઞાનને જાણો છો; કારણ કે પુરાણ પુરુષોત્તમની આપે ઉપાસના કરી છે, કે જે ભગવાન સ્થાવર જંગમના ઈશ્વર છે, તેમજ અસંગ છે; વળી ગુણોની મારફતે માત્ર મનથી જ આ વિશ્વને સરજે છે, પાળેછે, પોષે છે ને લીન પણ કરે છે. ૬.

તત્ત્વસુધા—ઉપાસના આત્મ સમાધાનની ચાવી છે. ઉપાસનાથી હૃદય શુદ્ધ અને શાંત થાય છે. તેમાં પ્રભુનું સાન્નિધ્ય હોય છે. ઉભા થતા પ્રશ્નોનો ઉત્તર ત્યાં સહજ રીતે મળી જાય છે. તેથી કહ્યું કે उपासितो यत्पुरुषः पुराणः મેં પુરાણ ગ્રન્થોની ઉપાસના કરી છે. તેથી આપ ઈશ્વરના વધુ નિકટ છો. ૬.

त्वं पर्यटन्नर्क इव त्रिलोकीमन्तश्चरो वायुरिवात्मसाक्षी ।
परावरे ब्रह्मणि धर्मतो व्रतैः स्नातस्य मे न्यूनमलं विचक्ष्व ॥ ७ ॥

અન્વયાર્થ—अर्कः इव–સૂર્યની સમાન આપ, **त्रिलोकीम्**–ત્રણ લોકમાં **पर्यटन्**–પર્યટન કરતા અને, **वायुः इव**–વાયુની માફક, **अन्तश्चरः**–અંદર સંચરણ કરનાર, **आत्मसाक्षी**–સર્વના આત્માના સાક્ષી, **त्वम्**–આપ, **परावरे**–પર અને અવર, **ब्रह्मणि**–બ્રહ્મમાં, **धर्मतः**–ધર્મથી, **व्रतैः**–બ્રહ્મચર્યાદિ વ્રતોથી, **स्नातस्य**–નિષ્ણાત થયેલા એવા, **मे**–મને, **न्यूनम्**–ન્યૂનતા–ખામી હોય તે, **अलम्**–સંપૂર્ણ વિચારીને, **विचक्ष्व**–કહો. ૭.

અનુવાદ—સૂર્યની માફક આપ ત્રણ લોકમાં વિચરનારા છો. અને વાયુની સમાન અન્તરમાં ફરનાર સર્વના આત્માના સાક્ષી છો, તો આપ ધર્મથી તેમજ બ્રહ્મચર્યાદિ વ્રતોથી પર-અવર બ્રહ્મમાં નિષ્ણાત એવા મારામાં જે કાંઈ ઉણપ હોય તે મને સંપૂર્ણ વિચારીને કહો. ૭.

તત્ત્વસુધા—'त्वम् अर्कः इव, वायुः इव'–સંત સૂર્ય અને વાયુ સમાન છે. બહિર્જ્ઞાન અને આન્તર્શાન્તિ એમ જ્ઞાનના બે પ્રકાર છે. સૂર્ય અને વાયુ એ બન્ને પ્રકારના જ્ઞાનનાં પ્રતીક છે. કેવલ સૂર્યના સાન્નિધ્યથી વિશ્વના સમસ્ત પદાર્થોનું ચક્ષુને દર્શન થાય છે. સંતના માત્ર દર્શનથી મનુષ્યને સમસ્ત દર્શનશાસ્ત્રોનું જ્ઞાન થાય છે. સૂર્ય પ્રકાશાત્મા છે. જ્ઞાન પણ પ્રકાશરૂપજ છે. સૂર્ય પંકમાંના પંકજને ખીલવે છે. સંત સંસારપંકમાં રહેલા મ્લાન ચિત્ત પંકજને ખીલવે છે. સૂર્ય મલને હરે છે, સંત સંસારને દૂર કરે છે. સૂર્ય કોઇના દોષ લે નહિ, સંત પણ કોઇના દોષને દેખે નહિ. વાયુ અંદર પણ વસે છે, બહાર પણ વિચરે છે. વાયુને રૂપ નથી, તેથી તેનામાં સંગદોષ નથી. ज्ञानं क्वचित् तच्च न संगवर्जितम्–જ્ઞાન ઘણે ઠેકાણે છે, પણ સંગદોષવાળું હોય છે. એ અપવાદથી નારદજી પર છે. તેનું સૂચન સૂર્ય અને વાયુની ઉપમાથી કર્યું છે.

न्यूनमलं विचक्ष्व–આપ મારી ખામી મને બતાવો, એ વ્યાસજીનું નિવેદન છે. જ્ઞાનદાનને પોતાની ખામી અને બીજાની ખૂબી દેખાય છે. બલ પોતાની ખૂબી અને બીજાની ખામી ખોળે છે. માનવ પોતાનામાં વસેલી ખૂબીને નહિ જૂએ તોપણ તેનો લાભ તો થવાનો જ છે, પણ જો ખામી નહિ જૂએ તો ગેરલાભ થશે. ૭.

नारद उवाच—भवतानुदितप्रायं यशो भगवतोऽमलम् ।
येनैवासौ न तुष्येत मन्ये तद्दर्शनं खिलम् ॥ ८ ॥
यथा धर्मादयश्चार्था मुनिवर्यानुकीर्तिताः ।
न तथा वासुदेवस्य महिमा ह्यनुवर्णितः ॥ ९ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—**भवता**-આપે, **अमलम्**-નિર્મળ, **भगवतः**-ભગવાનનો, **यशः**-યશ, **अनुद्वितप्रायम्**-વિશેષ રીતે વર્ણવ્યો નથી, **येन एव**-જેનાથી જ, **असौ**-આ ભગવાન, **न तुष्येत**-પ્રસન્ન ન થાય તો, **तत्**-તે, **दर्शनम्**-જ્ઞાન શાસ્ત્ર, **खिलम्**-ન્યૂન-અપૂર્ણ છે એમ, **मन्ये**-હું માનું છું. ૮; **मुनिवर्य**-હે મુનિ શ્રેષ્ઠ, **च यथा**-અને જે રીતે, **धर्मादयः**-ધર્મ, અર્થ કામ વગેરે, **अर्थाः**-પુરુષાર્થો, **अनुकीर्तिताः**-પ્રકરણ ભેદથી વર્ણવ્યા છે, **तथा**-તે રીતે, **वासुदेवस्य**-ભગવાન વાસુદેવનો, **महिमा**-ગુણાનુવાદ, **हि**-ખરેખર, **न अनुवर्णितः**-વર્ણવ્યો નથી. ૯.

અનુવાદ—**નારદજીએ કહ્યું કે, આપે નિર્મળ, વિશુદ્ધ યશનું વિશેષ રીતે વર્ણન કર્યું નથી; જે વર્ણનથી અથવા જે ધર્માદ્દિકથી શ્રીહરિ પ્રસન્ન ન થાય, તો તે ધર્માદ્દિ અને જ્ઞાન અપૂર્ણ છે, એમ હું માનું છું. ૮; હે મુનિવર્ય, આપશ્રીએ જેટલા પ્રમાણમાં ધર્મ, અર્થ, કામ વગેરે પુરુષાર્થોનું પ્રાધાન્ય પણે વર્ણન કર્યું છે તેહિસાબે ભગવાન શ્રીહરિનો ગુણાનુવાદ વર્ણવ્યો નથી. ૯**

તત્ત્વસુધા—**अनुदितप्रायम्**-સંતોનાં સૂચન સુમધુર અને કોમલ હોય છે. 'અનુદિત પ્રાય'—આ પદમાં **प्रायः** શબ્દથી સૂચવ્યું કે યશ ગાયો તો છે, પણ તે ગૌણ રીતે. ગીતા-મહાભારતમાં અન્યના નિરૂપણમાં ભગવદ્ યશ ગાયો; પણ સ્વતંત્ર રીતે ગાવાથી જ હૃદયની શાંતિ થશે. મકાનમાં અનેક વસ્તુઓ હોવા છતાં સૂર્યના કે દીપકના પ્રકાશ વિના તે પદાર્થોનું ભાન નથી થતું; તેજ રીતે ભગવદ્ યશોગાન વિના હૃદયમાં પ્રેમ પ્રકાશ થતો નથી. ૮; મહાભારતમાં ચતુર્વિધ પુરુષાર્થોનું નિરૂપણ છે. ભક્તિનું નિરૂપણ ગૌણ છે. ભક્તિનું ગાન તો ભગવદ્ ગુણાનુવાદમાં સમાય. જ્ઞાન બુદ્ધિને સમૃદ્ધ બનાવશે. ભગવદ્ યશ હૃદયને કોમલ અને વિમલ બનાવશે. જ્ઞાનમાં તો મિશ્ર કીર્તિ આવશે, સ્તુતિમાં ગુણોની પરંપરા આવશે. ૯.

न यद्वचश्चित्रपदं हरेर्यशो जगत्पवित्रं प्रगृणीत कर्हिचित् ।
तद्वायसं तीर्थमुशन्ति मानसा न यत्र हंसा निरमन्त्युशिक्षयाः ॥ १० ॥

અન્વયાર્થ—**यत्**-જે, **चित्रपदम्**-રમણીય પદોવાળું, **वचः**-વચન, **जगत्पवित्रम्** જગતને પાવન કરનાર, **हरेः**-શ્રીહરિના, **यशः**-યશને, **कर्हिचित्**-કોઈપણ પ્રકારે, **न प्रगृणीत**-વર્ણન ન કરે તો, **तत्**-તે વચનને, **वायसम्**-**तीर्थम्**-કાકતીર્થ, **उशन्ति**-કહે છે, **यत्र**-જે વચનમાં, **मानसाः उशिक्क्षयाः हंसाः**-મનસ્વી-વિવેકી, કમનીય બ્રહ્મમાં નિષ્ઠાવાળા, હંસો-પરમહંસો, **कर्हिचित्**-કોઈપણ કાળે, **न निरमन्ति**-રમતા નથી. ૧૦.

અનુવાદ—**જે વચન, રમણીય અને આલંકારિક ભાષા વાળું હોવા છતાં વિશ્વવંદ્ય ને પાવન કરનારા શ્રીહરિના યશને કોઈ પણ રીતે વર્ણવતું ન હોય તો એને વિવેકશાલી પુરુષો 'કાકતીર્થ' તરીકે વર્ણવે છે. જે તીર્થમાં સુંદર સ્થાનમાં વસનારા માનસ નિવાસી હંસો કોઈ પણ કાળે રમતા નથી. ૧૦.**

તત્ત્વસુધા—**न यद् वचः चित्रपदम्**- શબ્દાલંકાર અને અર્થાલંકાર એવાં બે પ્રકારનાં કાવ્યો હોય છે. કવિઓની દૃષ્ટિ કેવલ અલંકારને સંભળાવવાની હોય તો ત્યાં રસ નિરૂપણ ગૌણ બની જાય છે. ભક્તિ રસના સરલ પ્રવાહમાં શબ્દોની ચમત્કૃતિ ઉપકારક નથી હોતી. કૃતાર્થતા, અન્તઃકરણપ્રસાદ અને પરમાનંદ પ્રાપ્તિ-એ ત્રણે વસ્તુઓ સચવાય, તેમાંજ ભક્તિરસ હોઇ શકે છે. કાનને પ્રિય લાગે તે કાવ્યને ઉત્તમ નથી માન્યું. કર્તવ્યમાં પ્રેરે, આત્મતત્ત્વને વર્ણવે, હૃદયને સદય કોમલ અને વિમલ કરે, હરિ ભક્તિમાં રસ વૃદ્ધિ કરે, તેને હંસતીર્થ કહેવાય છે. પુરાણ અને મહાભારત તો મહાકાવ્યો છે, તીર્થ પણ છે; પરંતુ મહાકાવ્ય હોવા છતાં જે હંસતીર્થ પણ હોય તેવી રચના કરો. હંસતીર્થ એટલે જ્યાં વિવેકી, જ્ઞાની, વિરક્ત પણ પવિત્ર ધામ સમજીને વસવા માટે આવે. કાવ્યોમાં લોક નાયકો પ્રધાન હોય છે. તેમાંથી જ્ઞાન,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વ્યવહાર, વિવેક વગેરે વિપુલ સામગ્રી મળે; પરંતુ ઉત્તમશ્લોક લોકનાથ જ્યાં નાયક હોય ત્યાં અવગાહન કરતાં આત્મશુદ્ધિ અને નિર્મલ ભક્તિ મળે. વેદોના ઉચ્ચારણ માત્રમાં જેમ એક અપૂર્વ પુણ્યફલ સમાયેલ છે, કેવલ મંત્ર જાપમાં જેમ અણ સમજે પણ હૃદયશુદ્ધિ બને છે, તેવીજ રીતે કેવલ શુકવત્ ઉચ્ચારથી પણ અન્તઃશુદ્ધિ અને ભક્તિ ભાગવત પાઠથી મળે છે. चित्रपदं वचः वायसं तीर्थम्-ચિત્રરોચક પદવાળાં વાક્યને 'વાયસ' તીર્થ માન્યું છે. वयसो निर्वाहकं वायसम्-કેવલ આજીવિકા ચલાવવા શીખાતું ગણિત આયુર્વેદ, વિજ્ઞાન વગેરે જ્ઞાન વાયસ તીર્થ છે. वयो हन्तीति वायसम्-જીવન અને સમયનો વ્યર્થ વ્યય કરનારૂં નવલિકા સાહિત્ય વાયસ કાવ્ય છે. એવા વાઙ્મયમાં માનસા મનોવૈજ્ઞાનિક સનત્કુમાર, શુક આદિ રસ નથી લેતા. उशिक् क्षयाः—उशिक् कमनीयं रसमय ब्रह्म क्षयो निवासः વિચારનો વિષય જેમાં તે જેમનો છે. તેઓ તો રસમય તત્ત્વમાં રસ લે છે, કે જે વાઙ્મય જીવનને ઘડે છે. સકામ કર્મોને હોમના વાયસમાં રસ છે, ને સેવાકામ સંતને હરિરસ-પીયૂષમાં રસ છે. ૧૦.

तद्वाग्विसर्गो जनताघविप्लवो यस्मिन्प्रतिश्लोकमबद्धवत्यपि ।
नामान्यनन्तस्य यशोऽङ्कितानि यच्छृण्वन्ति गायन्ति गृणन्ति साधवः ॥ ११ ॥

અન્વયાર્થ—जनता-अघ-विप्लवः-જનતાના સમસ્ત પાપને હણનાર, तद् वाग्विसर्गः-તે વાણીનો પ્રયોગ છે કે, यस्मिन्-જે વાણીમાં, अबद्धवति अपि-છન્દો બદ્ધ રચના વિનાના પણ, प्रतिश्लोकम्-પ્રત્યેક શ્લોક, अनन्तस्य-ભગવાનનાં, यशोऽङ्कितानि-યશથી અંકિત, नामानि-નામ છે; यत्-જેને साधवः-ભગવદ્ ભક્તો, शृण्वन्ति-गायन्ति-गृणन्ति-સાંભળે છે-ગાય છે.-ગ્રહણ કરે છે.-વર્ણવે છે. ૧૧.

અનુવાદ—જે વાણીમાં ભલે છંદોબદ્ધ રચના કે આલંકારિકતા ન હોય, તો પણ જો તે વચનોનો પ્રયોગ જનતાના પાપ સમૂહોનો નાશ કરે, એવાં અનન્ત ભગવાનના ઉજ્જવલ યશથી વિભૂષિત નામોવાળો હોય તો સુજનપુરુષો તેને ગાય છે, સાંભળેછે અને વર્ણવે પણ છે. ૧૧.

તત્ત્વસુધા—तद्वाग्विसर्गः स वाग्विसर्गः એવા બે પાઠ છે. ભાષા, વ્યાકરણ, છંદ એ જ્યાં મુખ્ય લક્ષ્ય બિંદુ નથી; પરંતુ અઘવિશોધન, પાપ વિમોચન, મોહ નિવારણ મુખ્ય છે એજ રચના શ્રેષ્ઠ છે. ગાવામાં તાલ બંધ ન બેસે, કે વ્યાકરણનો પ્રયોગ સંગત ન લાગે તેવો લાગતો પણ, પણ રચના જો ચિત્ત સંશોધન કરનારી હશે તો તેનો આદર થશે; કારણકે તેમાં ભગવદ્ યશ હશે. સાધુજનો તેને ગાશે, સાંભળશે અને સ્મરશે. ૧૧.

नैष्कर्म्यमप्यच्युतभाववर्जितं न शोभते ज्ञानमलं निरञ्जनम् ।
कुतः पुनः शश्वदभद्रमीश्वरे न चार्पितं कर्म यदप्यकारणम् ॥ १२ ॥

અન્વયાર્થ—नैष्कर्म्यम्-નિષ્કામ કર્મને સૂચવનાર, निरञ्जनम्-નિરંજન બ્રહ્મ સંબંધી, ज्ञानम्-अपि-જ્ઞાન પણ જો, अच्युत-भाव-वर्जितम्-અચ્યુત પ્રભુના ભક્તિ ભાવ વિનાનું હોય, તો, अलम्-પર્યાપ્ત રીતે, न शोभते-શોભતું નથી; शश्वद्-હરહમેશ, अभद्रम्-અમંગલ રૂપ, च-અને, यद्-अपि-अकारणम्-કર્મ-કૈંકર્યથી રહિત એવું પણ જે કર્મ જો, ईश्वरे-પરમાત્મામાં, न अर्पितम्-ન સમર્પિત કર્યું તો, कुतः-ક્યાંથી, पुनः-ફરી, शोभते-શોભે છે. ૧૨.

અનુવાદ—નિષ્કામ કર્મને દર્શાવનારૂં નિરંજન બ્રહ્મ સંબંધી પણ જ્ઞાન જો અચ્યુત ભગવાનમાં ભક્તિ ભાવ વિનાનું હોય તો તે શોભતું નથી; તો પછી જે સાધન કાળમાં તેમજ ફળપ્રાપ્તિ દશામાં દુઃખમય છે, એવું સકામ કર્મ જે ભગવાનને અર્પણ કરવામાં ન આવ્યું હોય તો તે શોભેજ ક્યાંથી ? ૧૨.

તત્ત્વસુધા—अच्युतभाव वर्जितं ज्ञानं न शोभते-નિષ્કામ કર્મ અને નિરંજન જ્ઞાન ભક્તિવાળાં ન હોય તો દીપે નહિ. ભક્તિ લાવણ્યમયી અને રસમયી કુમારિકા છે. તે ભગવાનને વરવા વિચારે છે. કર્મ તેમજ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જ્ઞાન ભક્તિના શૃંગાર છે. મુખારવિંદના અલંકાર-શૃંગાર જ્ઞાનના બનેલા છે. કર ચરણના અલંકાર કર્મના બનેલા છે. અલંકારોથી શ્રી અંગની છબી યદ્યપિ સૌન્દર્યમયી બનશે; પરંતુ અંગ વિના અલંકારો કયાં ધરાશે ? ભક્તિ કર્મ, જ્ઞાન ત્રણે એક એકના સહકારે રસમય બ્રહ્મને મેળવશે.

અચ્યુત ભાવના બે અર્થ છે-(૧) અખંડ ભાવ, (૨) અચ્યુત ભગવાનમાં ભાવ. નિરંજનં જ્ઞાનમ્ એટલે અવિદ્યાની નિવૃત્તિ કરનારૂં અથવા ઉપાધિ વિનાનું જ્ઞાન. ભક્તિ પ્રેમનું સ્વરૂપ છે. તત્ત્વજ્ઞાનમાં ભક્તિનો પ્રવેશ થતાં મધુરતા આવશે. કેવલ જ્ઞાનમાં શુષ્કતા હશે. કર્મમાં ભક્તિનો પ્રવેશ થતાં શ્રમ ઓછો થશે. કર્મ ત્રણ પ્રકારનાં છે-સકામ કર્મ, જ્ઞાનાંગ કર્મ, અને ઇશ્વરોપાસના કર્મ. એ ત્રણે કર્મમાં ભક્તિ અવશ્ય જોઇએ. સકામ કર્મ સફળ થશે ત્યારે ભોગાસક્ત થવાશે, નિષ્ફળ જશે તો નાસ્તિક થવાશે; પરંતુ ભક્તિ હશે તો તે કર્મને ભગવાન પાસે લઇ જશે અને ભગવાનજ ફળ બની જશે. જ્ઞાનાંગ કર્મમાં પણ કર્મને ફળ તો થવાનું જ; જ્ઞાન તેનો સ્વીકાર ન કરે, તેથી ભગવાનને અર્પણ કરવું રહ્યું. તે ભક્તિ વિના કેમ સંભવે ? પ્રેમનું પરિણામજ સમર્પણ છે. ઇશ્વર આરાધનમાં તો આરાધનજ ભક્તિ છે. ૧૨.

अथो महाभाग भवानमोघदृक् शुचिश्रवाः सत्यरतो धृतव्रतः ।
उरुक्रमस्याऽखिलबन्धमुक्तये समाधिनाऽनुस्मर तद्विचेष्टितम् ॥ १३ ॥

અન્વયાર્થ—**મહાભાગ**-હે ભાગ્યવાન, **અથ**-સર્વ પ્રકારે, **અમોઘદૃક્**-સફળ અવલોકનવાળા, **શુચિશ્રવાઃ**-પવિત્ર-કીર્તિમાન, **સત્યરતઃ**-સત્યપરાયણ, **ધૃતવ્રતઃ**-વ્રત ધારણ કરનાર, **ભવાન્**-આપ, **અખિલ-બન્ધ-મુક્તયે** અખિલબન્ધનોની નિવૃત્તિ માટે, **સમાધિના**-સમાધિદ્વારા, **ઉરુક્રમસ્ય**-મહા ઉદાર પ્રભુનાં, **તત્-વિચેષ્ટિતમ્**-તે લીલા ચરિત્રોને, **અનુસ્મર**-સ્મરણ કરો. ૧૩.

અનુવાદ—**(જ્ઞાન કે કર્મ ભક્તિ વગરનું શોભતું નથી). માટે હે મહા ભાગ્યશાલિ ! આપ સફળ દૃષ્ટિવાળા પવિત્ર યશવાળા, સત્યપરાયણ અને વ્રત ધારણ કરનારા છો. માટે સર્વ લોકનાં સમસ્ત બંધનોની નિવૃત્તિ માટે સમાધિમાં અવલોકન કરી મહાન્ પરાક્રમશાલી પ્રભુનાં લીલા ચરિત્રોનું સ્મરણ કરો.** ૧૩

તત્ત્વસુધા—મહાભાગ વ્યાસજીનું સંબોધન છે. જગત અને જગદીશ જેનું માને તે મહાભાગ; જગત અને જગદીશની વચલી સાંકળ સમાન વ્યાસ મહર્ષિ છે. નારદજીને સમજ છે પણ સમાજ પાસે સમજ મૂકવાનો અધિકાર વ્યાસજીનો છે, એટલેજ મહાભાગ કહ્યા. વ્યાસજીને ચાર વિશેષણ આપ્યાં; ચાર પુરુષાર્થોના ચાર વેદોના જાણકાર છે તેથી. 'અમોઘદૃક્'-જેનું માર્ગદર્શન અને ભાવિ દર્શન સદા સાચું હોય છે. 'શુચિશ્રવાઃ' ઉજ્જ્વલ યશસ્વીને જગત સાંભળશે; વ્યાસજી વિશુદ્ધ યશસ્વી પુરુષ છે. 'સત્યરત': સત્યરતનેજ યશ મળે અને ભાવિ દર્શન થાય. "ધૃતવ્રતઃ"-સ્વાધ્યાય, અગ્નિહોત્ર, ભૂતદયા વગેરે વ્રતોને આચરનારને સત્યમાં અને ભગવાનમાં પ્રેમ થાય છે. **ઉરુક્રમસ્ય અખિલબન્ધમુક્તયે**-વામન ભગવાનનું નામ છે. બલિના બંધનમાંથી વિશ્વને મુક્ત કરવાથી જે પ્રભુનું ઉરુક્રમ નામ પડ્યું છે, તેજ ભગવાનનું યશોગાન વિશ્વને અખિલ બંધનોમાંથી છોડાવશે; તેથી તેમના ગુણોનું સ્મરણ કરો. ૧૩.

ततोऽन्यथा किञ्चन यद्विवक्षतः पृथग्दृशस्तत्कृतरूपनामभिः ।
न कर्हिचित्क्वापि च दुःस्थिता मतिर्लभेत वाताहतनौरिवाऽऽस्पदम् ॥ १४ ॥

અન્વયાર્થ-**યત્ ततः**-કારણકે ભગવચ્ચરિત્ર વર્ણનથી, **પૃથક્દૃશઃ**-ભિન્ન દૃષ્ટિવાળાઓને, **અન્યથા**-અન્ય પ્રકારે, **કિઞ્ચન**-કંઇપણ, **વિવક્ષતઃ**-વચન કહેવાને ઇચ્છનારની, **તત્-કૃત-રૂપ-નામભિઃ**-ભગવાને કરેલાં તે તે રૂપ તથા નામથી, **દુઃસ્થિતા મતિઃ**-અસ્થિર મતિ, **કર્હિચિત્**-કોઇપણ વખતે, **ક્વ અપિ**-ક્યાંયપણ, **વાતાહતનૌઃ-ઇવ**-વાયુ વંટોળે ચઢેલી નૌકાની માફક, **આસ્પદમ્**-ધ્યેયને-સ્થાનને, **ન લભેત**-મેળવતી નથી. ૧૪.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—ભગવાનના ગુણાનુવાદ સિવાય અન્ય કંઈ પણ વર્ણન કરવા ઇચ્છનાર પુરુષને ભગવાને કરેલાં રૂપ તથા નામથી ભિન્ન દૃષ્ટિ હોય છે; તેથી તેની મતિ કોઇ વખત કયાંય પણ સ્થિર થઇને રહી શકતી નથી. પરિણામે પવનના સપાટાથી ડામાડોલ સ્થિતિ વાળી નૌકાની સમાન પોતાના ધ્યેયને પ્રાપ્ત કરી શકતી નથી. ૧૪.

તત્ત્વસુધા—દુઃસ્થિતા મતિઃ અસ્થિર મતિ સુખી થતી નથી. અનેક સાધનો અને સિદ્ધાન્તોમાં અટવાતી બુદ્ધિને એક અવલંબન આવશ્યક છે. સાધન અને ફળ બે અલગ હશે ત્યાં મુશ્કેલી થશે. ભગવદ્ ગુણાનુવાદ સાધન છે અને ફળ પણ છે; ત્યાં મતિ સ્થિર થઇ જશે. વાતાહતનૌઃ—વાયુથી ડોલતું વહાણ અને વિવિધ વિચારોના વમળથી વિચલિત મતિ કિનારે ન પહોંચે અને જોખમ રહે. એકજ વિચાર, એકજ નિશ્ચય, અને આચાર અવિલંબે અવશ્ય ધ્યેયને સિદ્ધ કરે. માટે વિશ્વાસપૂર્વક હરિયશ ગાવા કૃપા કરો. નારદજીએ એવો સ્પષ્ટ નિર્ણય આપ્યો. ૧૪.

जुगुप्सितं धर्मकृतेऽनुशासतः स्वभावरक्तस्य महान् व्यतिक्रमः ।
यद्वाक्यतो धर्म इतीतरः स्थितो न मन्यते तस्य निवारणं जनः ॥ १५ ॥

અન્વયાર્થ—જુગુપ્સિતમ્—કામ્ય કર્મ આચરણને, સ્વભાવ-રક્તસ્ય—સ્વભાવથી વિષય લોલુપને, ધર્મકૃતે—ધર્મમાં પ્રવૃત્તિ માટે, અનુશાસતઃ—ઉપદેશ આપનારનો, મહાન્—મોટો, વ્યતિક્રમઃ—ફેરફાર અન્યાય થયો છે, કારણકે યદ્વાક્યતઃ—જે આપના વાક્યથી, ઇતરઃ—બીજો, જનઃ—પ્રાકૃત જીવ, ધર્મઃ—ઇતિ—કામ્ય કર્મજ ધર્મ છે એમ, સ્થિતઃ—માનીને રહેલો છે. તસ્ય—તેના, નિવારણમ્—નિવારણને, ન મન્યતે—તે માનતો નથી. ૧૫.

અનુવાદ—સ્વભાવથીજ વિષયોમાં લોલુપ પ્રાકૃત જીવોની ધર્મમાં પ્રવૃત્તિ થાય એ માટે કામ્યકર્માદિનો ઉપદેશ કરનાર આપના હાથે અજાણતાં મોટો અન્યાય થયો છે; કારણ કે જે આપના વચનથી "સકામ કર્મ એજ સાચો ધર્મ છે," એમ માનીને રહેલો છે, તે મનુષ્ય જે બીજા કોઇના પણ ઉપદેશથી તે સમજના નિવારણને માનશે નહિ. ૧૫.

તત્ત્વસુધા—લોકાસક્તને લોકરસ વધુ આપવો એ વિષ સમાન છે, એ આશયથી શ્લોકનો આરંભ છે. કુમારિલ ભટ્ટે એક વખત કહ્યું કે આંધળા અને પાંગળાઓ, બ્રહ્મચારી કે પરિવ્રાજક બને, જેઓ ગૃહસ્થ થવાને શક્તિમાન નથી. " गृहस्थत्वं न शक्ष्यन्ति कर्तुं तेषामयं विधिः ". કુમારિલજીના આ વાક્યે સંસારાસક્તને વધુ સંસાર માર્ગમાં દોર્યા, કારણકે લોકને શાસ્ત્રના તાત્પર્યનો ખ્યાલ નથી હોતો. નૈષ્ઠિક અને પરમહંસ થવું એ તો સશક્ત ભક્ત અને સ્વભાવ વિરક્ત તત્ત્વજ્ઞનું સામર્થ્ય છે. તેથી ફલલાલસુ અને લોકરસ લિપ્સુને તેમની વૃત્તિઓ અને લાલચોને પોષક વાક્ય કહેવાં એ તો स्वभावरक्तस्य जुगुप्सितम् સ્વભાવથી સંસાર પ્રિયને માટે નિંદિત માન્યું છે અથવા અહિત માર્ગની દોરવણી છે. વિશ્વને જેના વાક્યમાં વિશ્વાસ છે, તેના વચનને વેદ જાણે છે, તેના વર્તનને ધર્મ ગણે છે. તેથી લોક માન્યે વદતાં ખૂબજ વિચારવું ને વર્તતાં અત્યંત શુદ્ધ ને સીધું જીવવું. અન્યથા કુમાર્ગે દોરવાનું પાપ લાગશે. यद् वाक्यतो धर्मः इति इतरः સ્થિતઃ જેના વાક્યથી આ ધર્મ છે, એ પ્રમાણે અન્ય સામાન્ય જન માને છે. તેણે અતિ સાવધાનીએ વર્તવું. ૧૫.

विचक्षणोऽस्यार्हति वेदितुं विभोरनन्तपारस्य निवृत्तितः सुखम् ।
प्रवर्तमानस्य गुणैरनात्मनस्ततो भवान्दर्शय चेष्टितं विभोः ॥ १६ ॥

અન્વયાર્થ—વિચક્ષણઃ—કોઇ નિપુણ, નિવૃત્તિતઃ—નિવૃત્તિ માર્ગથી, અનન્તપારસ્ય—જેમનો દેશ કાલથી પાર ન પામી શકાય એવા, વિભોઃ—વ્યાપક શ્રીહરિના, સુખમ્—સુખાત્મક સ્વરૂપને, વેદિતુમ્—જાણવા માટે, અર્હતિ—યોગ્ય બને છે. ततः—તેટલા માટે, भवान्—આપ, અનાત્મનઃ—દેહાભિમાની એવા, ગુણૈઃ—સત્વાદિ ગુણોથી, प्रवर्तमानस्य—ચાલનારા જીવને, विभोः—સમર્થ પ્રભુની, चेष्टितम्—લીલાઓને, दर्शय—દર્શાવો. ૧૬.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—કોઈ વિરલ, વિચક્ષણ પુરુષજ સર્વ કામ્ય કર્મમાંથી નિવૃત્તિપૂર્વક, દેશકાળથી પર એવા વ્યાપક પરમાત્માના નિર્વિકલ્પક સુખ સ્વરૂપનો અનુભવ કરવા સમર્થ નીવડે છે. માટે દેહાદિકમાં આસક્ત અને સત્વાદિ ગુણો વડે પ્રવૃત્તિને આચરી રહેલાઓને આપ ભગવાનનાં લીલા-ચરિત્રોને દર્શાવો. ૧૬.

તત્ત્વસુધા—પૂર્વ મીમાંસાએ યાગ એટલે પ્રવૃત્તિ માર્ગ અને ઉત્તર મીમાંસાએ ત્યાગ એટલે નિવૃત્તિ માર્ગ બતાવ્યા છે, તો આ ત્રીજા નવા માર્ગના કથનની શી આવશ્યકતા ? તેના સમાધાનમાં આ શ્લોક છે. વિચક્ષણઃ વેદિતુમર્હતિ—કણ, ક્ષણ અને પણ વાપરવાનું ડહાપણ છે તે લોક વિચક્ષણ. તેને લોકયશ, લોક શાંતિ મળે; પરંતુ આત્મહિત સમજવાનું ડહાપણ છે, તે તત્ત્વ વિચક્ષણ. તેને આત્મશાંતિ મળે. ' નિવૃત્તિમાં શાંતિ છે ', એવું તન ધન જન માનના નિકટ સહવાસીને કેમ રૂચે અને લોક વ્યવસ્થાને કેમ અનુકૂલ આવે ? માટે તેને હિત માર્ગમાં લેવાની ઇચ્છા હોય તો, તન ધન જન માન ભગવાનનાં છે, ભગવાન માટે છે, એવું ભાન અને અનુસંધાન એના અને વિશ્વના સુખમાં નીવડશે તો, વ્યાસજી, આપ યાગ અને ત્યાગના સ્થાનમાં હરિ ગુણાનુરાગ-ભક્તિનું માર્ગદર્શન આપો. તો આપોઆપ નિવૃત્તિ માર્ગનુંજ ફળ મળશે. ભગવત્પ્રીત્યર્થ, અનાસકત, પ્રવૃત્તિ એજ નિવૃત્તિ. ભગવચ્ચરિત્ર ચિત્તને નિવૃત્તિમાં લઈ જશે. ૧૬.

त्यक्त्वा स्वधर्मं चरणाम्बुजं हरेर्भजन्नपक्वोऽथ पतेत्ततो यदि ।
यत्र क्व वाभद्रमभूदमुष्य किं को वार्थ आप्तोऽभजतां स्वधर्मतः ॥ १७ ॥

અન્વયાર્થ—**स्वधर्मम्**-સ્વધર્મને **त्यक्त्वा**-ત્યજી દઈને, **हरेः**-શ્રીહરિના, **चरणाम्बुजम्**-ચરણ-કમળને, **भजन्**-ભજતો, **अपक्वः**-અપરિપકવ-અપૂર્ણ, **अथ**-હવે, **यदि**-જો, **ततः**-તે માર્ગથી, **पतेत्**-સ્ખલિત થાય તો, **अमुष्य**-એનું, **यत्र क्व वा**-કયાંય પણ, **अभद्रम्**-અકલ્યાણ, **किम् अभूत्**-શું થશે ? નહિ થાય, **स्वधर्मतः**-સ્વધર્મ પાલનથી, **अभजताम्**-ભગવાનને ન ભજનારાઓને, **कः वा अर्थः**-કયો એવો લાભ, **आप्तः**-પ્રાપ્ત થયો ? ન થયો. ૧૭.

અનુવાદ—સ્વધર્મને કે સકામ કર્મને ત્યજીને શ્રીહરિના ચરણકમળને ભજનાર પૂર્ણતાને ન પામતાં અપકવ દશામાં તે માર્ગથી ચ્યુત થાય તો કોઈ પણ રીતે એનું અમંગલ કયાંથી થવાનું છે ? તેને તો પ્રભુ રક્ષનાર છે; પરંતુ જેઓ કેવલ સ્વધર્મ પાલન કરનારા અને ભગવાનને નહિ ભજનારાઓને એવો શો મહાન લાભ મળ્યો ? કાંઈ પણ ન મળ્યું. ૧૭.

તત્ત્વસુધા—૧૩, ૧૪, ૧૫ અને ૧૬ શ્લોકથી હરિ ચરિત રસ રસાયણ વિષય રસ દૂર કરશે એમ બતાવ્યું. હવે ૧૭ અને ૧૮ શ્લોકમાં હરિ ચરિત રસ શું છે તે ચર્ચશે. લોકરત, ધર્મરત કે અધર્મરતમાંથી કોઇને પણ હરિ ચરિત અમૃત સમાન જ છે. લોકરતને લોકરસ ઓછો થઇ વાસ્તવિક રસ સમજાશે. ધર્મરતને ફલરસ ઓછો થઇ ભગવદ્રસ જાગશે. અધર્મરતને સ્વધર્મનું અનુસંધાન થશે અને ધર્મરતિ થશે. આ શ્લોકમાં બે પાઠ છે—(૧) ત્યક્ત્વા સ્વધર્મં અને (૨) ત્યક્ત્વા અસ્વધર્મમ્. ત્યાં અર્થનો જરા ખ્યાલ રાખવો. પ્રથમ પાઠમાં સ્વધર્મને ત્યજીને પણ જો હરિ ચરિતમાં પ્રેમ કરે અને અપકવ રહી જાય તો પણ હાનિ નથી. ત્યાં સ્વધર્મ એટલે દેહધર્મ, લોકસુખધર્મ અને સકામ ધર્મ એવો અર્થ કરવો. ભગવત્સેવા એ પરમધર્મ છે. તેમજ ભગવદ્ભાવે સર્વ સેવા એ પરમ ધર્મ છે. તેથી અન્ય સ્વધર્મ છે, જે લોકયશ, સ્વર્ગાદિ સુખ વગેરે અપાવે છે. તેમાંથી ઉપરામ પામીને પ્રભુ કથા સાંભળવી.

અસ્વધર્મમ્ ત્યક્ત્વા એવો બીજો પાઠ શ્રીવલ્લભ પ્રભુને સંમત છે. ભગવત્સેવા, ભગવલ્લીલા ચિંતન-શ્રવણ-કીર્તન અને ભગવદર્થસર્વકાર્યનેજ ભગવદીય માટે સ્વધર્મ ગણે છે. અન્ય સર્વને અસ્વધર્મ માને છે. તેને મૂકીને હરિચરિતમાં પ્રેમ કરવાનું સૂચવે છે. આ બન્ને પ્રકારે મનુષ્યનો લોકધર્મ, વ્યવહાર, અર્થ સમસ્યા નહિ સચવાય એવું નથી, ઉલટાં વ્યવસ્થિત થશે અને શ્વાસથી આરંભી સર્વ કાર્યો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભગવન્નિમિત્તે બની જશે. કલ્યાણ પથિકને કાંઇ નુકસાન નથી, કારણ કે કલ્યાણની મૂર્તિ તો તેને મળી છે ને! હરિકથા શ્રવણ કલ્યાણ મતિ અને કલ્યાણ કર્મરતિ આપે છે. કદાચ અપકર્મને કલ્યાણરતિ ન મળી તો પણ કલ્યાણ મતિ તો મળીજ છે ને! પરંતુ જેણે સ્વધર્મ પણ નથી કર્યો અને હરિરસ પણ નથી શ્રવણ કર્યો તેને તો સર્વ પ્રકારે હાનિ થઇ છે. ૧૭.

तस्यैव हेतोः प्रयतेत कोविदो न लभ्यते यद्भ्रमतामुपर्यधः ।
तल्लभ्यते दुःखवदन्यतः सुखं कालेन सर्वत्र गभीररंहसा ॥ १८ ॥

અન્વયાર્થ—**कोविदः**-વિદ્વાન, **तस्य एव**-તે વસ્તુની, **हेतोः**-પ્રાપ્તિને માટે, **प्रयतेत**-પ્રયત્ન કરે, **यत्**-જે, **उपरि**-ઉપર, **अधः**-નીચે, **भ्रमताम्**-ભમનારાઓથી, **न लभ्यते**-મેળવાતું નથી, કારણકે **तत्**-તે, **सुखम्**-વિષયસુખ, **दुःखवत्**-દુઃખની માફક, **अन्यतः**-અન્ય પ્રકારે, **सर्वत्र**-સર્વ યોનિમાં, સર્વ લોકમાં, **गभीर-रंहसा** ગંભીર વેગવાળા, **कालेन**-કાળ વડે, **लभ्यते**-મેળવાય છે. ૧૮.

અનુવાદ—**વિચક્ષણ જ્ઞાની પુરુષે તો ભગવદ્ ભક્તિના જ સુખ માટે પ્રયત્ન કરવો જોઇએ કે જે સુખ ઉપરના સ્વર્ગાદિલોકોમાં તેમજ નીચેના પાતાલાદિ લોકોમાં ફરવાથી પ્રાપ્ત થતું નથી. વિષય સુખ તો કોઇપણ યોનિમાં, ગંભીર વેગ વાળા કાળ વડે, ઇચ્છા ન કરવા છતાં દુઃખ જેમ મળી રહે છે તેમ સર્વત્ર મળી રહેવાનું છેજ.** ૧૮.

તત્ત્વસુધા—મામુલી માટે મહેનત ન કરે, અમૂલ્યને જ મેળવા અને મહેનતથી મેળવે, એનેજ કોવિદ કહેવાય. વ્યાસ, વાલ્મીકી, વસિષ્ઠ વગેરે કોવિદ ગણાય. કોઇના પણ હિતનું કાંઇ પણ હિતનું મેળવે તે કોવિદ. કઠિન, કઠિનતરને મેળવવા મહેનત કરનાર કોવિદને, નશ્વર અને સુલભ સુખને મેળવવામાં રસ નથી હોતો. વિષય સુખ તો વણમાગ્યાં દુઃખની માફક મળશે. નૈસર્ગિક સુખ દુર્લભ છે. પાતાલથી બ્રહ્મલોક સુધીનાં સુખ તો સામાન્ય અને શ્રમ સાધ્ય છે. આત્મદર્શન અને હરિ સેવા દુર્લભ છે. **अर्जुनस्य प्रतिज्ञे द्वे न दैन्यं न पलायनम्**-અર્જુનની બે પ્રતિજ્ઞાઓ હતી. દૈન્ય ન કરવું, પલાયન ન કરવું. સકામ કર્મફલ દીન અને પરાધીન બનાવે છે. આત્મદૃષ્ટા અને હરિભકત અદીન હોય છે. નિષ્કામ કર્મ કર્તા સર્વથા અદીન હોય છે. ૧૮.

न वै जनो जातु कथञ्चनाव्रजेन्मुकुन्दसेव्यन्यवदङ्ग संसृतिम् ।
स्मरन्मुकुन्दाङ्घ्युपगूहनं पुनर्विहातुमिच्छेन्न रसग्रहो यतः ॥ १९ ॥

અન્વયાર્થ—**अङ्ग**-વ્યાસજી! **मुकुन्दसेवी**-મુકુન્દને સેવનાર, **जनः**-મનુષ્ય, **जातु**-કોઇપણ સમય, **अन्यवत्**-અન્યની માફક, **संसृतिम्**-સંસારને, **कथञ्चन**-કોઇપણ ઉપાયે, **वै**-નિશ્ચય, **न आव्रजेत्**-પામતો નથી, કારણકે **मुकुन्द**-**अंघ्रि**-**उपगूहनम्**-મુકુન્દના ચરણોના આલિંગનને, **स्मरन्**-સ્મરતો, **पुनः**-ફરીથી, **विहातुम्**-છોડવાને, **न इच्छेत्**-ઇચ્છતો નથી, **यतः**-કારણકે, **रसग्रहः**-રસાસ્વાદ થયો છે. ૧૯.

અનુવાદ—**હે વ્યાસજી! મુકુન્દ ભગવાનને સેવનાર મનુષ્ય કોઇ કાળે, કોઇ પણ રીતે, ભગવત્સેવા વિમુખ મનુષ્યની માફક દુર્ગતિને પામતો નથી. તે તો ભગવચ્ચરણોના આલિંગનનું પુનઃ પુનઃ સ્મરણ કરે છે, તેને છોડવાની ઇચ્છા કરતો નથી; કારણકે ભગવત્સેવામાં રસાસ્વાદ અનુભવ્યો છે.** ૧૯.

તત્ત્વસુધા—૧૮ મા શ્લોકમાં ભકિતનું અને આત્મદર્શનનું વિધાન કર્યું છે. ત્યાં એક વિચાર થાય છે કે જય વિજય જેવા વૈકુંઠમાંથી પણ પાછા આવ્યા તો સકામ કરનારના જેવીજ સ્થિતિ થઇ. **आब्रह्म-भुवनाल्लोकाः पुनरावर्तिनोऽर्जुन**-ગીતાજીમાં બ્રહ્મલોક સુધીના ઉપાસકોને પુનરાવર્તન બતાવ્યું છે. એના સમાધાનમાં ૧૯મો શ્લોક છે. મુકુન્દનો સેવક અન્ય ઉપાસકોની માફક પુનરાવર્તન નથી પામતો. જય વિજયનું

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પુનરાગમન પણ વ્યાપિ વૈકુંઠમાંથી નથી થયું પરંતુ રમા વૈકુંઠમાંથી થયું છે. ત્રીજા સ્કંધના ૧૫ મા અધ્યાયના ૧૪ મા શ્લોકથી ૩૧ મા શ્લોક સુધીનું રમા વૈકુંઠનું વર્ણન છે. તેમાં धर्मेण आराधयन् हरिम्-ધર્મથી હરિની આરાધના કરી વૈકુંઠને પામેલા છે, હરિસેવાથી વૈકુંઠ નથી પામ્યા એવું વર્ણન છે. એથી પૂરવાર થાય છે કે સકામ ઉપાસના હતી અને પુનરાગમન થયું.

વળી પરાવર્તન પામેલા જય વિજયનું અનિષ્ટ તો નથી થયું કારણકે તેમને ભગવાન સાથે સંબંધ રહ્યો છે. સેવારત અને પરોપકાર પરાયણની અવગતિ કદી નથી. ભરતજીને હરણના દેહમાં પણ હરિસ્મરણ રહ્યું અને બ્રાહ્મણના દેહમાં કાયા-કુટુંબમાં માયા ન રહેતાં હરિચરણમાં રસ રહ્યો છે, જેથી હરિભકત આદરણીય છે. જેને કર્મફલમાં આસકિત નથી તેને 'મુકિત છે; જેની હરિચરણમાં રતિ છે તેને સદ્ગા સન્મતિ અને ઉર્ધ્વગતિજ છે. ૧૯.

इदं हि विश्वं भगवानिवेतरो यतो जगत्स्थाननिरोधसंभवाः ।
तद्धि स्वयं वेद भवांस्तथापि वै प्रादेशमात्रं भवतः प्रदर्शितम् ॥ २० ॥

અન્વયાર્થ—हि-ખરેખર, इदं-विश्वम्-આ વિશ્વ, भगवान् इव-ભગવાનના જેવુંજ છે. (भगवान्) इतरः-ભગવાન જુદા છે. यतः-જે ભગવાનથી, जगत्-स्थान-निरोध-संभवाः-જગતની ઉત્પત્તિ, સ્થિતિ લય થાય છે. तत्-તે સર્વ, भवान्-આપ, स्वयम्-પોતે, वेद-જાણો છો. तथापि-તો પણ, वै-નિશ્ચય, भवतः-આપને, प्रादेशमात्रम्-સંકેત માત્રથી, प्रदर्शितम्-જણાવ્યું છે. ૨૦.

અનુવાદ—આ વિશ્વ, ખરેખર, ભગવાનનું જ સ્વરૂપ છે, તો પણ ભગવાન આ વિશ્વથી જૂદાજ છે, કે જેમનાથી આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ, નિરોધ થાય છે. તે સર્વ આપ જાણો છો, છતાં દિક્‌સૂચન રૂપે આપને આ જણાવ્યું છે. ૨૦.

તત્ત્વસુધા—જો હરિસેવાજ મુખ્ય થાય તો જીવન વ્યવહાર કેમ સચવાય ? જીવન જગત સાથે સંકળાયેલ છે. ભરતજી જેવું સર્વથી કેમ જીવાય ? સ્ત્રી, પુત્ર, વ્યવસાય એ શરીરસાથે અનિવાર્ય જોડાયેલ છે, તો કેવલ હરિસેવાજ કેમ શકય બને ? એના સમાધાનમાં વિશ્વ અને ભગવાન અલગ નથી એવું પ્રતિપાદન કરતો ૨૦મો શ્લોક શરૂ થાય છે. ભગવાન અને ભાગવત, ભગવચ્ચરિત્ર અને ભગવાન એકજ છે; તેમ વિશ્વ અને ભગવાન પણ એક છે. તે માટે કહ્યું કે इदं हि विश्वं भगवानिवेतरः આ વાકયમાં ત્રણ પ્રકારે અર્થ સમાયેલા છે. इदं विश्वं हि भगवान् -'આ વિશ્વ ભગવાન છે.' એ ઉત્તમ અધિકારીની સમજ છે. આ સમજ વિશ્વમાં ઈશ્વર દૃષ્ટિ કાર્ય કરશે. એ એની પરાભકિત છે. ફલાસકિત, પક્ષમતિ, વિપક્ષમતિ, દ્વેષદૃષ્ટિ આદિ એનામાં નથી. પ્રહ્લાદ જેવી એની વૃત્તિ છે. समं मनो धत्स्व न सन्ति विद्विषः-સમત્વ મનનું સંભાળો; શત્રુ કોઇ નથી. આ પ્રહ્લાદનો સંદેશો છે. સ્ત્રી, પુત્ર, ધંધો પણ ભગવાનનાંજ કાર્યો છે એમ સમજીને આચરવાનાં છે. 'सर्वं खल्विदं ब्रह्म' ની ભાવનાનો આ પ્રેમમય પરિપાક છે.

भगवान् इदं विश्वम्-'આ વિશ્વ ભગવાન જેવું છે, ભગવાન નથી'. મધ્યમ અધિકારીની આવી સમજ છે. એની જીવન શૈલીમાં જગતમાં સર્વને માટે સન્માન છે, સહકાર છે પણ આસકિત નથી.

इदं विश्वं भगवान् इतरः-'આ સર્વ વિશ્વ છે. ઈશ્વર અલગ છે', એવી સમજ ત્રીજી કક્ષાની છે. ત્યાં સર્વે માટે સમબુદ્ધિ નહિ થાય. સંભવ પ્રમાણે ભેદદૃષ્ટિ રહ્યા કરશે; પરંતુ આસકિત તો નહિ થાય, ઈશ્વરમાં પ્રીતિ થશે.

प्रादेशमात्रम्-દિક્‌સૂચન રૂપે અથવા સંકેત રૂપે આપને દર્શાવ્યું છે. આપ સમજી છો. અધિક આવશ્યક નથી. દશાંગુલના માપને પ્રાદેશ કહે છે. ૨૦.

त्वमात्मनाऽऽत्मानमवेह्यमोघदृक् परस्य पुंसः परमात्मनः कलाम् ।
अजं प्रजातं जगतः शिवाय तन्महानुभावाभ्युदयोऽधिगण्यताम् ॥ २१ ॥

१. તે પ્રદેશ.।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—**અમોઘદૃક્**-હે આર્યદૃષ્ટા ! **ત્વમ્**-આપ, **આત્મના**-સ્વયમ્, **આત્માનમ્**-પોતાને, **અજમ્**-અજન્માને, **જગતઃ**-જગતના, **શિવાય**-કલ્યાણને માટે, **પરસ્ય**-શ્રેષ્ઠ એવા, **પુંસઃ**-પુરુષ, **પરમાત્મનઃ**-પરમાત્માની **કલામ્**-અંશ રૂપે, **પ્રજાતમ્**-અવતરેલાને, **અવેહિ**-જાણો છો, **તત્**-તો, **મહાનુભાવ-અભ્યુદયઃ**-મહાન પ્રભાવશાલી શ્રીહરિના ચરિત્રોને, **અધિગણ્યતામ્**-ઉત્તમ રીતે વર્ણવો. ૨૧.

અનુવાદ—**અમોઘ દૃષ્ટિને ધરાવનાર, હે વ્યાસ મહર્ષિ ! આપ સ્વયં આપના આત્માને, અજન્મા છે તો પણ જગતના કલ્યાણ માટે પર પુરુષ પરમાત્માના કલાવતારથી અવતરેલ છો એમ જાણો છો જ; તો હવે મહાન પ્રભાવશાલી શ્રીહરિનાં મંગલ ચરિત્રોને આપ વર્ણવો.** ૨૧.

તત્ત્વસુધા—**અમોઘદૃક્**—જેનું અવલોકન યથાર્થ અને દિવ્ય છે, એવા વ્યાસજી, આપ વ્યાપિ વૈકુંઠમાંથી પૂર્ણાનંદ પુરુષોત્તમની કલા છો, જ્યારે અન્ય જીવો અક્ષર કે પુરુષની કલાઓ હોય છે. અક્ષર કે પુરુષની કલાઓમાં અધ્યાત્મપણું છે અને પુરુષોત્તમની કલામાં આધિદૈવિકપણું છે. ગંગાજળ અને ગંગાદેવી જેટલો ભેમાં તફાવત છે. આપનો અવતાર હરિચરિતામૃત પીવા, પાવા ને ગાવા માટેજ છે. **અધિગણ્યતામ્**-હવે આપ ભગવદ્યશને અધિક પ્રમાણમાં વર્ણવો. ૨૧.

इदं हि पुंसस्तपसः श्रुतस्य वा स्विष्टस्य सूक्तस्य च बुद्धिदत्तयोः[1] ।
अविच्युतोऽर्थः कविभिर्निरूपितो यदुत्तमश्लोकगुणानुवर्णनम्[2] ॥ २२ ॥

અન્વયાર્થ—**યત્**-જે, **ઉત્તમ-શ્લોક-ગુણ-અનુવર્ણનમ્**-ઉત્તમશ્લોક શ્રીહરિના ગુણોનું વર્ણન કરવું, **ઇદમ્-હિ**-આ કાર્યનેજ, **પુંસઃ**-પુરુષના, **તપસઃ**-તપના, **શ્રુતસ્ય**-શાસ્ત્રાધ્યયનના, **વા**-અને, **સ્વિષ્ટસ્ય**-સારી રીતે કરેલા યજ્ઞના, **સૂક્તસ્ય**-સુંદર પ્રવચનના, **ચ**-અને, **બુદ્ધિ-દત્તયોઃ**-જ્ઞાન અને દાનનો, **અવિચ્યુતઃ**-અખંડિત, **અર્થઃ**-ફળ, **કવિભિઃ**-કવિઓએ, **નિરૂપિતઃ**-જણાવ્યું છે. ૨૨.

અનુવાદ—**ઉત્તમ ચરિત્ર વાળા ભગવાનના ગુણોના વર્ણનનેજ કવિજનોએ મનુષ્યના તપશ્ચર્યાના, શાસ્ત્ર અધ્યયનના, યજ્ઞ યાગના, ઉત્તમ પ્રવચનના, તેમજ જ્ઞાન અને દાનના અખંડિત ફળ તરીકે દર્શાવ્યું છે.** ૨૨.

તત્ત્વસુધા—હરિચરિત અમૃતની અસર અનેક માટે એકજ પ્રકારે શ્રેષ્ઠ ફલ આપશે. **તપસઃ**-વાનપ્રસ્થોના **તપશ્ચરણનું**, **શ્રુતસ્ય**-પરમહંસોના **તત્ત્વશ્રવણનું**, **સ્વિષ્ટસ્ય**-ગૃહસ્થાશ્રમિઓના **યજ્ઞનું**, **સૂક્તસ્ય**-બ્રહ્મચારીઓના **વેદ અધ્યયનનું**, **બુદ્ધિ-દત્તયોઃ**-સર્વ સામાન્ય ધર્મમાં **જ્ઞાન** અને **દાનનું** જે ફલ પ્રત્યેકને અંશ રૂપે મળશે તે સર્વ ફલ કેવલ ભગવચ્ચરિત રસમાંથી મળશે. **અનુવર્ણનમ્**-બ્રહ્મના નિરુપણમાં તો ગુણો ન હોવાથી કથવું કઠિન છે. ચરિતમાં ગુણો જગ વિદિત છે, તેથી વર્ણનમાં નવું નથી કહેવાનું; પરંતુ જે છે તેનું નિરૂપણ કરવાનું છે. ૨૨.

अहं पुरातीतभवेऽभवं मुने[3] दास्यास्तु कस्याश्चन वेदवादिनाम् ।
निरूपितो बालक एव योगिनां शुश्रूषणे प्रावृषि निर्विविक्षताम् ॥ २३ ॥

અન્વયાર્થ—**મુને**-હે મુનિજી ! **અહં તુ**-હું તો, **પુરા**-પૂર્વ કલ્પમાં, **અતીતભવે**-ગતજન્મમાં, **વેદ વાદિનામ્**-વેદવાદીઓની, **કસ્યાશ્ચન**-કોઈ એક, **દાસ્યાઃ**-દાસીથી, **અભવમ્**-જન્મ્યો હતો. **પ્રાવૃષિ**-પ્રાવૃટ્ ઋતુમાં, **નિર્વિવિક્ષતામ્**-એકજ સ્થાને વાસ કરવા ઇચ્છતા, **યોગિનામ્**-યોગિઓના, **શુશ્રૂષણે**-સેવા કાર્યમાં, **બાલકઃ-એવ**-બાલ્યવયમાંજ, **નિરૂપિતઃ**-નિયુક્ત થયો. ૨૩.

---

૧. બુદ્ધ। ૨. गुणानुकीर्तनम् ૩. सुतो.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—હે વ્યાસજી! હું તો પૂર્વ કલ્પે, મારા ગત જન્મમાં વેદવાદી ઋષિઓની સેવામાં રહેલી કોઈ એક દાસી-માતાથી જન્મ્યો હતો. વર્ષાકાળમાં ચાતુર્માસ પર્યન્ત એકજ સ્થળે નિવાસ કરવા ઇચ્છતા એ યોગીઓની શુશ્રૂષામાં બાલ્યવયથીજ હું જોડાયો હતો. ૨૩.

તત્ત્વસુધા—૧૭ શ્લોકોથી નારદજી પોતાના જીવન ચરિત કથનને નિમિત્તે સત્સંગ મહિમા વર્ણવે છે. મુને! આપ મનનશીલ છો, માટે આપને મારા કથનમાં વિશ્વાસ અને સાર ગ્રાહિતા થશે. પુરા-પૂર્વ જન્મની ગાથા છે. આ જન્મ તો અજર અને અમર છે. દાસ્યાઃ-ક્રિયાથી સેવા પરાયણ; દેહથી બ્રાહ્મણ માતા હતી, એમ સૂચવ્યું છે. તુ અવ્યયથી પિતા પણ બ્રાહ્મણજ હતા. મારા બાલકાળમાંજ તેમનો દેહ છૂટેલો એટલે કોઇજ પિતૃવાત્સલ્યની સ્મૃતિ નથી રહી. પિતા નામાંકિત ન હતા, તેથી નામ ન આપ્યું. જો નારદજી બ્રાહ્મણપુત્ર ન હોત તો શ્રોત્રિયો પરમહંસોને શૂદ્રાન્ન લેવા સંમત ન થાય.

વેદવાદિનામ્-શ્રોત્રિય બ્રાહ્મણો હોવાથી સંગની શ્રેષ્ઠતા સૂચવી.

પ્રાવૃષિ નિર્વિવિક્ષતાં યોગિનામ્-વર્ષા ઋતુમાં એકાન્ત સ્થાનમાં નિવાસ વાંછતા પરમહંસોનો સંગ થયો. વિપ્રોએ પરમહંસોને નારદજીની માતાની પર્ણકુટીરમાં નિવાસ આપ્યો. નારદજીનું સેવામાં નિયોજન કર્યું. તેજ પરમહંસો નારદજીની સેવાથી સ્વવશ બન્યા અને બીજા જન્મમાં અધુરો સત્સંગ પૂર્ણ કરવા સનત્કુમારો થઇ અવતર્યા. ચાર પરમહંસોનો સ્વભાવ સરખો હતો, તેથી સાથે રહ્યા. ૨૩.

ते मय्यपेताखिलचापलेऽर्भके दान्तेऽधृतक्रीडनकेऽनुवर्तिनि ।
चक्रुः कृपां यद्यपि तुल्यदर्शनाः शुश्रूषमाणे मुनयोऽल्पभाषिणि ॥ २४ ॥

અન્વયાર્થ-યદ્યપિ-જો કે, તુલ્યદર્શનાઃ-સર્વત્ર સમદૃષ્ટિવાળા, તે મુનયઃ-તે મુનિઓ, અપેત-અખિલ-ચાપલે-સર્વ ચંચળતાને છોડી દીધેલ, દાન્તે-જિતેન્દ્રિય એવા, અધૃતક્રીડનકે-રમકડાંમાં ન રમનાર, અનુવર્તિનિ-આજ્ઞા પાલક, અલ્પભાષિણિ-મિતભાષી એવા, શુશ્રૂષમાણે-સેવા પરાયણ, અર્ભકે-બાલક એવા મારા ઉપર, કૃપામ્-કૃપા, ચક્રુઃ-કરતા હતા. ૨૪.

અનુવાદ—જો કે તુલ્ય દૃષ્ટિવાળા તે મુનિવરો હતા, તો પણ સમગ્ર પ્રકારની ચંચલતાને ત્યજી દેનારા, ઇન્દ્રિયોને નિયમમાં રાખનારા, રમકડાંમાં રસ નહિ લેનારા, મુનિઓની આજ્ઞા મુજબ વર્તનારા, મિતભાષી અને સેવા પરાયણ એવા મુજ-બાલક ઉપર તેઓ એ અપાર કૃપા કરી. ૨૪.

તત્ત્વસુધા—આ શ્લોકમાં સજ્જન અને સેવકના ગુણોનું નિરૂપણ છે. સેવકના ચાર ગુણોના ચાર વિશેષણ છે. અપેતાખિલ ચાપલે-દેહ, ઇન્દ્રિય અને ચિત્ત એ ત્રણ બાલકનાં ચંચલ હોય છે. નારદજીમાંથી તે ત્રણ ચાલ્યાં ગયાં. ઘડીકે કે વાલીએ દેહને વ્યાયામથી, ઇન્દ્રિયોને શિક્ષણનાં દરયોથી, મનને પ્રેમથી દઢ કરવાં. ઉપરનાં વિશેષણથી ત્રણ દોષનો અભાવ વર્ણવ્યો. હવે પાંચ ગુણો ગણાવે છે.

દાન્તે-ઇન્દ્રિયોનો સંયમ, અધૃતક્રીડનકે-રમકડાંમાં કે રમતમાં રસાભાવ, અનુવર્તિનિ-સજ્જનની પાછળ વિચરણ, શુશ્રૂષમાણે-સેવા અને શ્રવણમાં પરાયણતા, અલ્પભાષિણિ-મૌન અવલંબન એ પાંચ સેવકના સદ્ગુણો છે. કાર્યદક્ષતા, આજ્ઞાધીનતા, દીનતા, મિતભાષિતા, અને કાર્યતત્પરતા એ સેવકના અલંકારો છે. સંતના ત્રણ ગુણો-કારણ વિના કરૂણા વરસાવવી એ કૃપાલુતા, જીવોના ગુણ-દોષ તરફ ન જોતાં સહાય કરવી તે તુલ્યદર્શિતા, પ્રયોજન વિના શબ્દોચ્ચાર ન કરવો. ૨૪.

उच्छिष्टलेपाननुमोदितो द्विजैः सकृत्स्म भुञ्जे तदपास्तकिल्बिषः ।
एवं प्रवृत्तस्य विशुद्धचेतसस्तद्धर्म एवात्मरुचिः प्रजायते ॥ २५ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ–**દ્વિજૈઃ**–એ મુનિઓએ, **ઉચ્છિષ્ટ**–**લેપાદિ**[૧]–**અનુમોદિતઃ**–તેમની પ્રસાદી લેવા, લીંપવા, અને પાત્ર માંજવાના કાર્યમાં અનુમોદન પામેલ હું, **તદ્**–**અપાસ્ત**–**કિલ્બિષઃ**–તે સેવનથી નષ્ટ થયેલ સમસ્ત પાપવાળો, **સકૃત્**–એકજ વખત, **ભુઞ્જે સ્મ**–ભોજન કરતો હતો, **એવમ્**–એ પ્રમાણે, **પ્રવૃત્તસ્ય**–પ્રવૃત્ત થયેલ, **વિશુદ્ધ ચેતસઃ**–વિશુદ્ધ અન્તઃકરણ વાળા મને, **તદ્ધર્મે એવ**–પરમેશ્વરના ધર્મમાંજ, **આત્મરુચિઃ**–સ્વયં અભિરુચિ, **વ્યજાયત**–ઉત્પન્ન થઈ. ૨૫.

અનુવાદ—**એ મુનિઓની અનુજ્ઞાથી પરમહંસોની પ્રસાદી લેવા, પોતું કરવા, પાત્ર-માંજવા વગેરે કાર્યોમાં અનુમોદન પામેલ હું તો એકજ વાર ભોજન કરતો હતો. તે સેવાથી સમસ્ત પાપ રહિત થયો. આ પ્રમાણે પ્રતિદિન વર્તતા વિશુદ્ધ અન્તઃકરણવાળા મારા મનની અભિરુચિ પરમેશ્વરની આરાધનાના ધર્મમાંજ પેદા થઈ. ૨૫.**

તત્ત્વસુધા—**ઉચ્છિષ્ટ લેપાનનુમોદિતઃ**—મનુની આજ્ઞા છે કે ઉચ્છિષ્ટ કોઇને ન આપવું; તો પરમહંસો-એ કેમ આપ્યું ? સંતોની પ્રસાદીથી પાપશુદ્ધિ, બુદ્ધિશુદ્ધિ થાય છે. માટે પ્રસાદ રૂપે ચાતુર્માસ દરમિયાન વિપ્રોની અનુમતિથી એક વાર આપ્યું. એથી દોષ ન હતો. પરમહંસોએ આપ્યું. નથી. નારદજીએ યાચ્યું, વિપ્રોએ અનુમોદન આપ્યું અને પ્રસાદી રૂપે આપ્યું **उच्छिष्ट च लेपश्च तदर्थमनुमोदनम्**–ઉચ્છિષ્ટ એટલે પરમહંસોની ભિક્ષા થતાં અવશિષ્ટ રહેલું ' **યજ્ઞશિષ્ટ** ' નો અર્થ યજ્ઞ કરતાં અવશિષ્ટ રહેલ દ્રવ્ય એવો થાય છે. તેજ પ્રકારે ભોજન પછી અવશેષ રહેલ એવો અર્થ કરવો. **બ્રહ્મવૈવર્ત**માં લખ્યું છે કે **एतस्मिन्नन्तरे विप्रा आययुर्षिप्रमन्दिरे । शिशवः पञ्चषर्षीयाः महतां च महीयसः। एतस्मि फलमूलादिकं काले चत्वारो मुनि पुंगवाः । भिप्रदत्तं बुभुजिरे उच्छेषं बुभुजे शिशुः ।** એક સમય પાંચ વર્ષના ચાર પરમહંસો આશ્રમમાં આવ્યા; તેજસ્વી હતા, ફલ મૂલથીજ જીવન વ્યવહાર કરતા. તેઓની અવશિષ્ટ પ્રસાદી નાનો બાળક લેતો. **लिप्यंते उपदिश्यंते सिच्यंते प्राणाः एतैः इति लेपाः**–**ओदनाः** લેપ એટલે ઓદન. પ્રાણોના નિર્વાહ માટે યજ્ઞીય હુતદ્રવ્યની માફક સાત્વિક આહારના અન-ઓદનનું અનુમોદન આપ્યું. **उच्छिष्टस्य लेपः**–ભિક્ષા કર્યા પછી પાત્રો અને ભૂમિનું સ્વચ્છ કરવાનું અને લીંપવાનું અનુમોદન મળ્યું. પરમહંસો અતિથિ હતા અને અતિથિ વિષ્ણુનું સ્વરૂપ છે. નારદજીએ અતિથિના જમ્યા પછીથી પ્રસાદી લેવી જોઈએ. **तदपास्तकिल्बिषः**–**यज्ञशिष्टाशिनः सन्त मुच्यते सर्वकिल्बिषैः** આર્ત, અતિથિ, અભ્યાગત, આપ્ત આદિને આપતાં અવશિષ્ટ રહે તે ભોગવવું એ યજ્ઞોચ્છિષ્ટ છે, જે મતિમાંથી મમતાને ભોગરુચિને હરે છે. ૨૫.

तत्रान्वहं कृष्णकथाः प्रगायतामनुग्रहेणाशृणवं मनोहराः[૨] ।
ताः श्रद्धया मेऽनुपदं[૩] **विशृण्वतः प्रियश्रवस्यङ्ग ममाभवद्रुचिः ॥ ૨૬ ॥**

અન્વયાર્થ—**તત્ર**–ત્યાં, **અન્વહમ્**–પ્રતિદિન, **મનોહરાઃ**–મનોરંજન કરતી, **કૃષ્ણકથાઃ**–શ્રીકૃષ્ણ કથાઓને **પ્રગાયતામ્**–ગાન કરતા મુનિઓના, **અનુગ્રહેણ**–અનુગ્રહથી, **અહમ્**–હું, **અશ્રુણવમ્**–શ્રવણ કરતો હતો. **અનુપદમ્**–પદે પદ, **તાઃ**–તે કથાઓને, **શ્રદ્ધયા**–શ્રદ્ધાથી, **મે વિશ્રુણ્વતઃ**–શ્રવણ કરતાં મને, **હે અઙ્ગ**–હે વ્યાસજી, **પ્રિય શ્રવસિ**–પ્રિય કીર્તિવાળા કૃષ્ણમાં, **મમ રુચિઃ**–મારી રુચિ, **અભવત્**–ઉત્પન્ન થઈ. ૨૬.

અનુવાદ—**આશ્રમમાં તે મુનિઓ પ્રતિદિન મનોરંજન કરતા, શ્રીકૃષ્ણ કથાઓનું સુમધુર ગાન કરતા હતા. તેઓના પરમ અનુગ્રહથી હું પણ તે કથાઓ પ્રેમથી શ્રવણ કરતો હતો. પ્રત્યેક પદે પદ-અક્ષરે અક્ષર ને શ્રદ્ધાપૂર્વક શ્રવણ કરતાં હે વ્યાસજી! ભગવાન શ્રીકૃષ્ણમાં મારી રુચિ ઉત્પન્ન થઈ. ૨૬.**

૧. લેપાનનુ – બિ. પાઠ : ॥ ૨. મનોરમાઃ इति પાઠઃ। ૩. મેઽનુસવં इતિપાઠઃ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્ત્વસુધા—અનુગ્રહેણાશ્રુણવમ્-અનુગ્રહથી પરીક્ષિત, સૂત, અને નારદજીને સાંભળવા મળ્યું. વક્તાના હૃદયમાં શ્રોતાનાં ગુણ, શ્રદ્ધા, નિષ્ઠાને જોઈ સહજ પ્રેમથી તેના ઉપર દૃષ્ટિ સંપાતથી જ્ઞાન આપવાનું મન થાય તેને અનુગ્રહ કહેવાય. ઇન્દ્રિયોના નિગ્રહથી જે ન બને તે અનુગ્રહથી બને. મનોરમાઃ એવો પણ પાઠ છે. મનને રમાડે તે મનોરમ અને મનને આકર્ષે તે મનોહર. કથામાં ઉભય ધર્મ છે. મનનું આકર્ષણ કરે અને રસનું પોષણ કરે. શ્રદ્ધયાનુપદમ્-પ્રતિપદ શ્રવણમાં શ્રદ્ધા આવે. ત્યારેજ શ્રવણ હરિચરણ રતિને જનયૃત કરે. ન સમજાય તો પણ શ્રદ્ધાથી પીવાય તો ભક્તિ પ્રાપ્ત થાય. ત્રણે કાલ અથવા પ્રત્યેક પદે શ્રદ્ધાથી સાંભળતાં હરિરુચિ થઈ. તાઃ શ્રદ્ધયા-શ્રદ્ધા ભક્તિની આસક્તિ નામની દશમી ભૂમિકા છે રુચિ-કૃષ્ણ રતિ નામની અગિયારમી ભૂમિકાનું રુચિ શબ્દથી સૂચન કર્યું. ૨૬.

तस्मिंस्तदा लब्धरुचेर्महामुने प्रियश्रवस्यस्खलिता मतिर्मम ।
ययाहमेतत्सदसत्स्वमायया पश्ये मयि ब्रह्मणि कल्पितं परे ॥ २७ ॥

અન્વયાર્થ—**મહામુને**-હે મહામુનિ! **તદા**-ત્યારે, **તસ્મિન્**-તે, **પ્રિયશ્રવસિ**-પ્રિયકીર્તિ શ્રીકૃષ્ણમાં, **લબ્ધરુચેઃ**-રુચિ મેળવેલા, **મમ**-મારી, **મતિઃ**-બુદ્ધિ, **અસ્ખલિતા**-સ્થિર થઈ ગઈ, **યયા**-જે સ્થિર બુદ્ધિથી, **અહમ્**-હું, **એતત્**-આ બધું, **સત્-અસત્**-સ્થૂલ અને સૂક્ષ્મને, **સ્વમાયયા**-પોતાની માયાથી, **પરે બ્રહ્મણિ મયિ**-પર બ્રહ્મ મારામાં, **કલ્પિતમ્**-કલ્પિત છે એમ, **પશ્યે**-જોયું. ૨૭.

અનુવાદ—**હે મહામુને! આ પ્રમાણે જ્યારે મારી રુચિ તે શ્રીકૃષ્ણમાં અસ્ખલિત રૂપે સ્થિર થઈ ગઈ ત્યારે "હું બ્રહ્મરૂપ છું", અને આ સ્થળ, સૂક્ષ્મ શરીર તથા જગત ભગવાનની સદ્ અસત્ રૂપ માયા શક્તિ વડે પરબ્રહ્મ સ્વરૂપ એવા મારામાં કલ્પાયેલું છે એવું મેં જોયું.** ૨૭

તત્ત્વસુધા—રુચિ થયા પછી સેવા અને સેવાથી સ્વરૂપમાં અખંડ મતિ રહે. પ્રિય શ્રવસિ-શ્રવઃનો અર્થ યશ થાય છે. સ્વરૂપનું જ્ઞાન થાય તોજ અખંડ પ્રેમ થાય. મહામુને સંબોધન વ્યાસજીની સર્વજ્ઞતાને સૂચવે છે. ૨૭.

इत्थं शरत्प्रावृषिकावृतू हरेर्विश्रृण्वतो मेऽनुसवं यशोऽमलम् ।
सङ्कीर्त्यमानं मुनिभिर्महात्मभिर्भक्तिः प्रवृत्ताऽऽत्मरजस्तमोपहा ॥ २८ ॥

અન્વયાર્થ—**ઇત્થમ્**-આ પ્રમાણે, **શરત્-પ્રાવૃષિકૌ**-વર્ષા અને શરદ બે ઋતુઓ, ચાતુર્માસ પર્યંત, **મહાત્મભિઃ**-મહાત્માઓથી, **મુનિભિઃ**-મુનિઓ વડે, **અનુસવમ્**-ત્રિકાળ, **સઙ્કીર્ત્યમાનમ્ઃ**-સંકીર્તન કરાતું, **અમલમ્**-નિર્મળ, **હરેઃ**-શ્રીહરિના, **યશાઃ**-યશને, **વિશ્રૃણ્વતઃ મે**-શ્રવણ કરતા મારી, **આત્મ-રજ-તમ-અપોહા**-અન્તઃકરણના રજોગુણને હણનારી, **ભક્તિઃ**-ભક્તિ, **પ્રવૃત્તા**-પ્રવૃત્ત થઈ. ૨૮.

અનુવાદ—**આમ શરદ અને વર્ષાઋતુ પર્યન્ત એ મહામના મુનિઓ દ્વારા ભગવાન શ્રીહરિનો નિર્મળ યશ-ગુણાનુવાદ સમય અનુસાર ગવાતો, તેનું શ્રવણ કરતાં મારા અન્તઃકરણના રજોગુણ અને તમોગુણ દોષોના નાશ કરનારી ભગવાનમાં અત્યંત દૃઢ ભક્તિ ઉત્પન્ન થઈ.** ૨૮.

તત્ત્વસુધા—શરત્પ્રાવૃષિકાવૃતૂ-શરદ ઋતુ અને વર્ષા ઋતુ સંતો રહ્યા. યદ્યપિ સંતો ચાતુર્માસ એકત્ર નિવાસ કરે છે; પરંતુ શ્લોકમાં બે ઋતુ વરસ્યા એ ઉલ્લેખ કર્યો છે; તેનું કારણ પરમહંસો પાંચ માસ રહ્યા એમ કહેવું છે. આયુર્વેદ ગ્રન્થોમાં મિથુન-કર્ક રાશિમાં પ્રાવૃટ્ ઋતુ, સિંહ-કન્યા રાશિમાં વર્ષા ઋતુ, તુલા-ઋશ્ચિકમાં શરદ ઋતુ માન્યો છે. એક એવો વેદ મત છે કે આખા વર્ષમાં પાંચ ઋતુ આવે છે. એના હિસાબે વર્ષાના ૪ માસ અને બાકીની ચાર ઋતુના ૮ માસ માન્યા છે. આ બન્ને મત પ્રમાણે છ માસ થાય; પરંતુ અષાઢ સુદ પૂર્ણિમાથી ચાતુર્માસ આરંભાય એટલે મિથુન રાશિ પસાર થયા પછી કર્કથી લઈ પાંચ મહિનાનો ચાતુર્માસ નિવાસ થયો. ૨૮.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

तस्यैवं मेऽनुरक्तस्य प्रश्रितस्य हतैनसः ।
श्रद्दधानस्य बालस्य दान्तस्यानुचरस्य च ॥ २९ ॥
ज्ञानं गुह्यतमं यत्तत्साक्षाद्भगवतोदितम् ।
अन्ववोचन् गमिष्यन्तः कृपया दीनवत्सलाः ॥ ३० ॥

અન્વયાર્થ—**एवम्**-આ પ્રમાણે, **अनुरक्तस्य**-ભગવાનમાં અનુરાગવાળા, **प्रश्रितस्य**-વિનયશીલ, **हत-एनसः**-નષ્ટ થયેલ સમસ્ત પાપવાળા, **श्रद्दधानस्य**-શ્રદ્ધાળુ, **बालस्य**-નિર્દોષ બાળક એવા, **दान्तस्य**-ઇન્દ્રિયોને વશ કરનારા, **च**-અને, **अनुचरस्य**-સેવક એવા, **मे**-મને, **साक्षात्**-સાક્ષાત્, **भगवता-उदितम्**-ભગવાને કહેલું, **यत्**-જે, **गुह्यतमम्**-અતિશય ગુપ્ત એવું, **ज्ञानम्**-જ્ઞાન, **तत्**-તે જ્ઞાનને, **गमिष्यन्तः**-જતા એવા, **दीनवत्सलाः**- દીનવત્સલો (એ જ્ઞાની પુરુષો) **कृपया**-કૃપા કરીને, **अन्ववोचन्**-કહેતા હતા. ૨૯; ૩૦.

અનુવાદ—આ પ્રમાણે ભગવજ્જનોમાં અનુરાગી, વિનયી, નિષ્પાપ, શ્રદ્ધાળુ, જિતેન્દ્રિય, અનુચર એવા મુજ બાળક ઉપર પરમ કૃપા કરીને દીનવત્સલ એ જ્ઞાની મહાપુરુષોએ જતાં જતાં દિવ્ય ગુહ્ય જ્ઞાન મને આપ્યું, કે જે જ્ઞાન સાક્ષાત્ ભગવાને ઉપદેશેલું હતું. ૨૯; ૩૦.

તત્ત્વસુધા—સાત સદ્ગુણો સર્વને વશ કરનાર વશીકરણ છે. અનુરાગ, વિનય, નિષ્પાપપણું, શ્રદ્ધાલુતા, નિર્દોષતા, જિતેન્દ્રિયતા, સેવા પરતા, આ સાત જ્ઞાન માટેની ભૂમિકાઓ છે. નારદજીએ તે કરગત કરી. **ज्ञानं गुह्यतमम्**-ઈશ્વરનો સાક્ષાત્કાર થવાથી જે જ્ઞાન મળે તે ગુહ્યતમ જ્ઞાન છે. શાસ્ત્રોનું તત્ત્વ સમજાય તે ગુહ્યતર જ્ઞાન છે. શાસ્ત્રનો અર્થ સમજાય તે ગુહ્ય જ્ઞાન છે. જ્ઞાન દાન સર્વથી મોટું દાન છે. એનું આશ્વાસન અમોઘ છે. ૨૯; ૩૦.

येनैवाहं भगवतो वासुदेवस्य वेधसः ।
मायानुभावमविदं येन गच्छन्ति तत्पदम् ॥ ३१ ॥
एतत्संसूचितं ब्रह्मंस्तापत्रयचिकित्सितम् ।
यदीश्वरे भगवति कर्म ब्रह्मणि भावितम् ॥ ३२ ॥

અન્વયાર્થ—**येन एव**-જે જ્ઞાનથીજ, **अहम्**-હું, **वेधसः**-સર્વના સ્રષ્ટા એવા, **भगवतः-वासुदेवस्य**-ભગવાન વાસુદેવના, **माया-अनुभावम्**-માયાના પ્રભાવને, **अविदम्**-જાણતો હતો, **येन**-જે જાણવાથી, **तत्पदम्**-તે પરમ પદને, **गच्छन्ति**-પામે છે. ૩૧; **ब्रह्मन्**-હે વ્યાસજી! **यत्**-જે, **भगवति**-પડ્ ઐશ્વર્ય સંપન્ન, **ईश्वरे**-સર્વ સમર્થ, **ब्रह्मणि**-પરબ્રહ્મમાં, **भावितम्**-સમર્પિત કરેલું, **कर्म**-સત્કર્મ, **ताप-त्रय-चिकित्सितम्**-ત્રિવિધ તાપની ચિકિત્સા કરનારું છે. **एतत्**-આ, **संसूचितम्**-સૂચન કર્યું. (તમોને જણાવ્યું.) ૩૨.

અનુવાદ—એ ભગવત્ સંબંધી જ્ઞાનથી જ સર્વના સર્જક ભગવાન વાસુદેવની માયાના પ્રભાવને મેં જાણ્યો, જે જાણવાથી જ્ઞાનીઓ પરમપદને પ્રાપ્ત કરે છે. ૩૧; હે બ્રહ્મન્! ત્રિવિધ તાપને દૂર કરવાનું ઉત્તમ સાધન એજ છે કે જે કંઈ કર્મ કરવામાં આવે તે, સર્વ સમર્થ ષડૈશ્વર્ય સંપન્ન ભગવાનમાં યોજી દેવું. ૩૨.

તત્ત્વસુધા—ભગવાન હૃદયમાં હોય છે; પરંતુ જ્ઞાન થવાથી પ્રકાશ થાય છે, ત્યારે તેનો આનંદ આવે છે. કાવ્ય હૃદયમાં પ્રકાશે છે; પરંતુ પત્ર ઉપર લખવાથી અને ગાવાથી રસ ઝરે છે. ભગવાનની બાબતમાં પણ તેમજ છે. ૩૧; બ્રહ્મન્ વ્યાસજીને સંબોધન છે. બ્રહ્મન્ સંબોધનથી નિષ્કપટ, સરલ ને સાધુ પુરુષ છો એમ સૂચવ્યું. ૩૨.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આમયો યશ્ચ ભૂતાનાં જાયતે યેન સુવ્રત ।
તદેવ હ્યામયં દ્રવ્યં ન પુનાતિ ચિકિત્સિતમ્ ॥ ૩૩ ॥
એવં નૃણાં ક્રિયાયોગાઃ સર્વે સંસૃતિહેતવઃ ।
ત એવાત્મવિનાશાય કલ્પન્તે કલ્પિતાઃ પરે ॥ ૩૪ ॥

અન્વયાર્થ—સુવ્રત-હે ઉત્તમવ્રતી ! ભૂતાનામ્-પ્રાણિઓને, યઃ-જે, આમયઃ-વ્યાધિ રોગ, યેન જાયતે-જેનાથી થાય છે, તદ્ એવ-તેજ, આમયં દ્રવ્યમ્-વ્યાધિકારક દ્રવ્ય, હિ-નક્કી, ચિકિત્સિતમ્-ચિકિત્સા કરાયેલું, ન પુનાતિ કિમ્-શુદ્ધિ નથી કરતું શું ? (કિન્તુ શુદ્ધિ કરે છે જ) ૩૩. એવમ્-એ પ્રમાણે, નૃણામ્-મનુષ્યોના, સર્વે-બધા, ક્રિયાયોગાઃ-ક્રિયાયોગો, સંસૃતિ-હેતવઃ-સંસારના કારણો છે; તે એવ-તેજ ક્રિયાયોગો, પરે-ભગવાનમાં, કલ્પિતાઃ-સમર્પેલા હોય તો, આત્મવિનાશાય-સંસારના વિનાશ માટે; કલ્પન્તે-કલ્પાય છે. ૩૪.

અનુવાદ—જે પદાર્થથી પ્રાણીઓને રોગ ઉત્પન્ન થાય છે, તેજ રોગોત્પાદક વસ્તુની ચિકિત્સા કરીને ઉપયોગ કરાય તો તે રોગનાશક નથી થતો ? ૩૩ ; એ પ્રમાણે મનુષ્યોના બધા કર્મયોગ સંસાર પરંપરાને પ્રાપ્ત કરાવવામાં કારણ રૂપ થાય છે; પરંતુ એ બધા ભગવાનમાં નિષ્કામ ભાવે સમર્પણ કરવામાં આવે તો તે કર્મના ફળ સ્વરૂપ સંસારનો નાશ કરનારા બને છે. ૩૪.

તત્ત્વસુધા—સુવ્રત-મનની સ્થિરતાના સાધનને વ્રત મનાય, પણ મનની ઈશ્વરમાં નિષ્ઠાને સાધનાર સુવ્રત છે. રોગને જે વધારનાર છે, તેની જ ચિકિત્સા કરી ઔષધ બનાવી અપાય તો ઉપકારક થાય છે. તેજ પ્રકારે સંસારવર્ધક કર્મને ઈશ્વર પ્રીત્યર્થ કરાય તો આત્મશુદ્ધિનું સાધન થઈ જાય છે. ૩૩; સર્વે ક્રિયાયોગાઃ-સ્વાભાવિક કર્મ, લૌકિક કર્મ, સંસાર સર્જક કર્મ, પૂર્વકૃત કર્મ અને ભવિષ્યમાં થનાર કર્મોનો વિનિયોગ ઈશ્વરમાં કરાય તો કોઇ કર્મ બંધનકર્તા ન બને. ૩૪.

યદત્ર ક્રિયતે કર્મ ભગવત્પરિતોષણમ્ ।
જ્ઞાન યત્તદધીનં હિ ભક્તિયોગસમન્વિતમ્ ॥ ૩૫ ॥
કુર્વાણા યત્ર કર્માણિ ભગવચ્છિક્ષયાઽસકૃત્ ।
ગૃણન્તિ ગુણનામાનિ કૃષ્ણસ્યાનુસ્મરન્તિ ચ ॥ ૩૬ ॥

અન્વયાર્થ—અત્ર-અહિં, યત્-જે કાંઇ, ભગવત્-પરિતોષણમ્-ભગવત્પ્રસન્નતાર્થે, કર્મ-કર્મ, ક્રિયતે-કરાય છે, ભક્તિયોગ-સમન્વિતમ્-ભક્તિયોગથી યુકત, યદ્-જે, જ્ઞાનમ્-જ્ઞાન, હિ-નિશ્ચય, તદ્ધીનમ્-તેને આધીન છે. ૩૫; ભગવત્-શિક્ષયા-ભગવાનના આદેશથી, યત્ર-જ્યાં, અસકૃત્-વારંવાર, કર્માણિ-કર્મોને, કુર્વાણાઃ-કરનારા, કૃષ્ણસ્ય-શ્રીકૃષ્ણનાં, ગુણનામાનિ-ગુણકૃત નામો, ગૃણન્તિ-ગ્રહણ કરે છે, ચ-અને, અનુસ્મરન્તિ-અનુસ્મરણ કરે છે. ૩૬.

અનુવાદ—અહિં જે કંઈ ભગવત્પ્રીત્યર્થ કર્મ કરાય છે, તેમજ ભગવાનને અધીન અને ભક્તિયોગથી યુકત જે જ્ઞાન છે, તેનાથી કર્મનો ક્ષય થાય છે. ૩૫; જ્યાં ભગવાનની આજ્ઞાથી કર્મ કરતા હોય, હમેશાં શ્રીકૃષ્ણના ગુણગાનનો ઉચ્ચાર કરતા હોય અને નિરંતર સ્મરણ કરતા હોય, તે કર્મોથી કરનારને સંસાર નથી થતો. ૩૬.

તત્ત્વસુધા—વેદોમાં કર્મનું વિધાન છે. કર્મણા જ્ઞાનમાપ્નોતિ જ્ઞાનેનામૃતી ભવતિ અથામૃતાનિ કર્માણિ-ભગવાનને મેળવવામાં જ્ઞાન, કર્મ, ભક્તિ ત્રણેની જરૂર છે. સર્વ કર્મના ફલને ભગવાનને સમર્પણ કરતાં તે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કર્મ બંધન કરતું નથી. **यन्नः स्वधीतं** સ્કંધ ૪-૨૪-શ્લોકથી પ્રચેતાઓએ હરિતોષણ માટે સર્વ કર્મનો વિનિયોગ દર્શાવ્યો છે. બ્રહ્મસૂત્રના ત્રીજા અધ્યાયના ચતુર્થ પાદમાં **सर्वापेक्षा च यज्ञादि श्रुतेरश्ववत्** કર્મનો ઉપયોગ અશ્વસમાન છે. જવાના સ્થાન સુધી અશ્વ સ્વારને લઈ જાય છે. ગયા બાદ અશ્વને કાંઇ કરવાનું નથી. કર્મ પ્રતિબંધક દૂર કરવાનાં છે. પછીથી જ્ઞાન મળે છે. જ્ઞાનભક્તિએ ભગવત્પ્રાપ્તિ કરવાની છે. ૩૫; **भगवच्छिक्षया कर्माणि कुर्वाणाः**– શાસ્ત્રના વિધાનથી, સ્વેચ્છાથી, ભગવદ્ ઇચ્છાથી અને ભગવત્ શિક્ષાથી ચાર પ્રકારે કર્મ કરનાર છે. સ્વેચ્છાથી કરનારને જ કર્મ બંધનકર્તા થશે. અન્ય ત્રણ વિધિ પૂર્વક વર્તનાર છે. અર્જુને ભગવત્ શિક્ષાથી યુદ્ધ કર્યું. તે તેને બંધનકારક ન થયું. ભગવદિચ્છાથી પ્રત્યેક કાર્ય વ્રજવનિતાઓ, શ્રીશુકદેવજી, નારદજી કરી રહ્યા છે. તેઓ તો સર્વશ્રેષ્ઠ છે. ભાગવત કથા શ્રીશુકદેવજી હરિઇચ્છાથી કરે છે. તે કર્મો તો સેવા સ્વરૂપે છે. ૩૬.

नमो भगवते तुभ्यं वासुदेवाय धीमहि ।
प्रद्युम्नायानिरुद्धाय नमः संकर्षणाय च ॥ ३७ ॥
इति मूर्त्यभिधानेन मन्त्रमूर्त्तिममूर्त्तकम् ।
यजते यज्ञपुरुषं स सम्यग्दर्शनः पुमान् ॥ ३८ ॥

અન્વયાર્થ—**भगवते**–ભગવાનને, **वासुदेवाय**–વાસુદેવને, **तुभ्यं नमः**–આપને નમસ્કાર–**प्रद्युम्नाय**–પ્રદ્યુમ્નને, **अनिरुद्धाय**–અનિરુદ્ધને, **च**–અને, **संकर्षणाय**–સંકર્ષણ ભગવાનને, **नमः**–નમસ્કાર અને, **धीमहि**–ધ્યાન કરીએ છીએ, **इति**–આ પ્રમાણેનાં **मूर्ति-अभिधानेन**–સ્વરૂપનાં નામોચ્ચારણથી, **अमूर्त्तकम्**–મૂર્તિ રહિત, **मन्त्रमूर्त्तिम्**–મન્ત્રરૂપ મૂર્તિને, **यज्ञपुरुषम्**–યજ્ઞ પુરુષને, **यः**–જે કોઇ, **यजते** પૂજે છે, **सः**–તે પૂજક, **पुमान्**–પુરુષ, **सम्यग्दर्शनः**–વાસ્તવદર્શી છે. ૩૭; ૩૮.

અનુવાદ—**હે ભગવન્ આપને નમસ્કાર. હે વાસુદેવ, આપનું ધ્યાન ધરીએ છીએ. પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ અને સંકર્ષણરૂપ આપને નમન કરીએ છીએ. એ પ્રમાણેનાં મૂર્તિનાં નામથી અમૂર્તિમાન છતાં મન્ત્રમૂર્તિ ભગવાન યજ્ઞ પુરુષનું જે યજન કરે છે, તે પુરુષ સત્ય દર્શનવાળો છે.** ૩૭; ૩૮.

તત્ત્વસુધા—મંત્રોની આરાધના કરનાર પુરશ્ચરણ કરનારનાં પણ કર્મ હરિપ્રીત્યર્થ થઈ જતાં બંધન નથી થતું, એ દર્શાવતા બે શ્લોકો છે. ૩૭મો શ્લોક નારદજીની ગાયત્રી છે. આ મંત્રનો જાપ કરવાથી મન, બુદ્ધિ, ચિત્ત, અહંકારની શુદ્ધિ થાય છે. **तुभ्यम्**–સર્વનામ જ્યારે વ્યક્તિ પ્રત્યક્ષ હોય ત્યારે વપરાય આ ચાર મંત્રમૂર્તિ ભગવાન છે, તેમને પ્રણામ કરતાં પ્રતિમા રૂપે નહિ પરંતુ પ્રત્યક્ષ રૂપે દેખાય તોજ નમસ્કાર સાચા. વાસુદેવ, પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ, સંકર્ષણ એવો ક્રમ એટલા માટે આપ્યો છે કે વાસુદેવ તુરીય તત્ત્વ છે. તેનો પ્રથમ નિર્દેશ કર્યો. ઉત્પત્તિ, સ્થિતિ, લય કરનાર પછીના ત્રણ તત્ત્વો છે. તેથી ક્રમશઃ એવા લીધા. બાકી સંકર્ષણ પ્રથમ પ્રકટયા હોવાથી પ્રથમ લેવા જોઇતા હતા. ૩૭; ૩૮.

इमं स्वनिगमं ब्रह्मन्नवेत्य मदनुष्ठितम् ।
अदान्मे ज्ञानमैश्वर्यं स्वस्मिन्भावं च केशवः ॥ ३९ ॥

અન્વયાર્થ—**ब्रह्मन्**–હે વ્યાસજી, **इमम्**–એ પ્રમાણે, **मद्-अनुष्ठितम्**–મારી આચરેલી એવી **स्वनिगमम्**–પોતાની આજ્ઞાને, **अवेत्य**–જાણીને, **केशवः**–ભગવાન કેશવે, **मे**–મને **ज्ञानम्**–જ્ઞાન, **ऐश्वर्यम्**–ઐશ્વર્ય, **च**–અને, **स्वस्मिन्**–પોતાનામાં, **भावम्**–અનન્ય ભક્તિભાવને, **अदात्**–આપ્યાં. ૩૯.

અનુવાદ—**હે વ્યાસજી! મેં ભગવાનની આજ્ઞાનું અનુષ્ઠાન કર્યું છે, એમ જાણીને કેશવ ભગવાને મને જ્ઞાન, ઐશ્વર્ય તથા તેમનામાં અનન્ય ભક્તિભાવ આપ્યાં.** ૩૯.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્ત્વસુધા—સ્વનિગમમ્—આ ભગવદ્ આજ્ઞાવેદનું મેં અનુષ્ઠાન કર્યું છે. તે ભગવાને જાણ્યું ત્યારે ભાવ, જ્ઞાન, ઐશ્વર્યાદિ આપ્યાં. આપ વેદજ્ઞ છો. એટલે અવશ્ય એમાં સંમત થશો એમ સમજીને બ્રહ્મન્ સંબોધન કર્યું છે. ૩૯.

त्वमप्यदभ्रश्रुत विश्रुतं विभो समाप्यते येन विदां बुभुत्सितम् ।
आख्याहि दुःखैर्मुहुरर्दितात्मनां सङ्क्लेशनिर्वाणमुशन्ति नान्यथा ॥ ४० ॥

અન્વયાર્થ—અદભ્રશ્રુત—હે અગાધ જ્ઞાની ! ત્વમ્—અપિ આપ પણ, યેન—જે શ્રવણથી, વિદ્વામ્—જ્ઞાની પુરુષોને, બુભુત્સિતમ્—જાણવાને યોગ્ય, સમાપ્યતે—સમાપ્ત થાય છે તેવું, વિભોઃ—શ્રી હરિનું, વિશ્રુતમ્—ઉત્તમ ચરિત્ર, આખ્યાહિ—કહો, યત—જે ભગવચ્ચરિત્ર, દુઃખૈઃ—અનેક દુઃખોથી, મુહુઃ—વારંવાર, અર્દિત—આત્મનામ્—પીડાતા જીવોના, સંક્લેશ—નિર્વાણમ્—ક્લેશ શાન્તિને, ઉશન્તિ—કરી શકે, અન્યથા ન—અન્ય રીતે નહિ થઈ શકે. ૪૦.

અનુવાદ—મહર્ષિજી ! આપ અગાધ શાસ્ત્રજ્ઞાન ધરાવો છો; તો આપ પણ, જે શ્રવણ કરવાથી વિદ્વાનોની પણ જિજ્ઞાસા પૂર્ણ થાય તેવું શ્રીહરિનું ઉત્તમ ચરિત્રયશ વર્ણવો, જે ભગવદ્યશ અનેક પ્રકારના દુઃખોથી પીડાતા જીવોના સર્વવિધ ક્લેશોના નિવારણનું કારણ થશે. અન્યથા કોઇ રીતે નહિ સંભવે. ૪૦.

તત્ત્વસુધા—અદભ્રશ્રુત—વ્યાસજીના સન્માનનું સંબોધન છે. શ્રુત શબ્દના ત્રણ અર્થ થાય—યશ, શાસ્ત્રજ્ઞાન અને શ્રવણ. વ્યાસજીમાં તે ત્રણે સંપૂર્ણ અને દિવ્ય છે. યશસ્વી હોય તેનું સમાજ આદરથી સાંભળે. શાસ્ત્રનું સંપૂર્ણ જ્ઞાન હોય તે ભ્રમ માર્ગે ન દોરે. બહુશ્રુત વક્તા હોય તે દિવ્ય સામગ્રીઓ આપે. વ્યાસ મહર્ષિ, આપ ત્રણ યોગ્યતા ધરાવો છો; તો લોકક્લેશ નિવારણ કાજ રસાલ હરિયશ ગાઓ એવી વિનંતિ છે.

ભગવચ્ચરિત્ર 'સંક્લેશ નિર્વાણ' કરે છે. અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ અને અભિનિવેશ એ પાંચને ક્લેશ કહેવાય છે. ઈશ્વર વિમુખતા ક્લેશ છે. તે સંક્લેશ નિવૃત્તિ માટે કષ્ટ ભર્યા સાધનોમાં જન મનને રસ નહિ થાય. હરિરસ જીવનને અને કર્તવ્યને રસમય કરશે. ૪૦.

શ્રીમદ્ ભાગવતના પ્રથમ સ્કંધની તત્ત્વસુધા ટીકાનો પાંચમો અધ્યાય સમાપ્ત.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અધ્યાય છઠ્ઠો

આ છઠ્ઠો અધ્યાય મધ્યમ પ્રકરણનો ત્રીજો અધ્યાય છે. વ્યાસ મહર્ષિના વિશ્વાસની પુષ્ટિ માટે નારદજીએ જીવન ચરિત્રનો અત્યંત અંશ વર્ણવ્યો છે. પાંચમા અધ્યાયમાં શ્રવણ કરવાથી અન્તઃકરણમાં જ્ઞાન થાય છે, એ સમજાવ્યું. છઠ્ઠા અધ્યાયમાં શ્રવણ પછીથી કીર્તન કરાતાં હૃદયમાં રહેલા જ્ઞાનનો આનંદ જણાય છે, તે વર્ણવે છે. શ્રવણ પછી કીર્તન અત્યાવશ્યક છે. નારદજી વીણા લઈ સર્વથા કીર્તન કરતા વિચરે છે. કીર્તનમાં આનંદ અનેક ગત થઈ સમૂહમાં અનુભવાય છે.

નારદજીએ પાંચમા અધ્યાયના ૩૯મા શ્લોકના ઉત્તરાર્ધમાં કહ્યું કે " ભગવાને મને જ્ઞાન, ઐશ્વર્ય અને ભક્તિ આપ્યાં." શ્રીવ્યાસજીએ વિચાર્યું કે શ્રવણ ભક્તિનું નિરૂપણ પાંચમા અધ્યાયમાં કર્યું છે. તેમાં ભક્તિ અને જ્ઞાન આવી ગયાં. પરંતુ ઐશ્વર્ય ક્યારે આવ્યું ? જ્યારે દર્શન થયું ત્યારેજ કે બીજા સમયે ? તેના સમાધાનમાં નારદજીના અગ્રિમ ચરિત્રનો પ્રસંગ છઠ્ઠા અધ્યાયમાં વર્ણવે છે.

सूत उवाच—एवं निशम्य भगवान् देवर्षेर्जन्म कर्म च ।
भूयः पप्रच्छ तं ब्रह्मन्व्यासः सत्यवतीसुतः ॥ १ ॥

અન્વયાર્થ—હે બ્રહ્મન્-હે શૌનક, **સત્યવતીસુતઃ-**સત્યવતીના પુત્ર, **ભગવાન્ વ્યાસઃ-**ભગવાન વેદવ્યાસ, **એવમ્-**એ પ્રકારે, **દેવર્ષેઃ-**દેવર્ષિ નારદજીનો, **જન્મ-**જન્મ, **ચ-**અને, **કર્મ-**કર્મ, **નિશમ્ય-**શ્રવણ કરીને, **ભૂયઃ-**ફરીથી, **તમ્-**તે શ્રીનારદજીને, **પપ્રચ્છ-**પૂછવા લાગ્યા. ૧.

અનુવાદ—સૂતજી બોલ્યા-હે શૌનક ! એ પ્રમાણે દેવર્ષિ નારદજીના જન્મ તથા કર્મને સાંભળીને સત્યવતીના પુત્ર ભગવાન વ્યાસજીએ ફરીથી તેમને પૂછયું. ૧.

તત્ત્વસુધા—ભગવાન્-ભગવાન સર્વજ્ઞ હોઈ વસ્તુનું સત્ય સમજી શકે છે. નારદનું કથન યથાર્થ છે, એવી શ્રદ્ધા વ્યાસજીને થઈ છે, તેના સૂચન માટે વ્યાસજીને ભગવાન્ કહ્યા. શ્લોકમાં **ચ** અવ્યયથી નારદજી ઉપરના ઈશ્વરના અનુગ્રહનું ગ્રહણ કરવું. **ભૂયઃ પપ્રચ્છ-**જિજ્ઞાસા અને આદર વિના જ્ઞાન ન અપાય. પાત્રતા વિના જ્ઞાન ન અપાય. નારદજીના જીવન શ્રવણમાં વ્યાસજીને આદર, જિજ્ઞાસા થયાં અને પુનઃ પ્રશ્ન કર્યો. શ્રોતા, શિષ્ય અને સંતાનમાં આદર જિજ્ઞાસાથી અધિક અપાતાં સલાહ અને સદુપદેશનાં અમી એવો જશે. **બ્રહ્મન્-**શૌનકમુનિને સંબોધન છે; એ વક્તા સૂતજીના આનંદની અભિવ્યક્તિ માટે છે. ૧.

व्यास उवाच—भिक्षुभिर्विप्रवसिते विज्ञानाऽऽदेष्टृभिस्तव ।
वर्तमानो वयस्याद्ये ततः किमकरोद्भवान् ॥ २ ॥
स्वायम्भुव कया वृत्त्या वर्तितं ते परं वयः ।
कथञ्चेदमुदस्राक्षीः काले प्राप्ते कलेवरम् ॥ ३ ॥
प्राक्कल्पविषयामेतां स्मृतिं ते सुरसत्तम ।
न ह्येष व्यवधात्काल[1] एष सर्वनिराकृतिः ॥ ४ ॥

અન્વયાર્થ—તવ-તમને, **વિજ્ઞાન-આદેષ્ટૃભિઃ-**વિજ્ઞાનનો આદેશ કરનારા, **ભિક્ષુભિઃ-**ભિક્ષુઓ-પરમહંસોએ, **વિપ્રવસિતે-**વિદાય લીધી. બાદ, **આદ્યે-વયસિ-**પ્રથમ વયમાં, **વર્તમાનઃ-**રહેલા, **ભવાન્-**

[1] एवं मु. पाठः

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આપે, ततः-ત્યારબાદ, किम्-શું ? अकरोत् કર્યું ૨; हे स्वायम्भुव-હે બ્રહ્માજીના પુત્ર, ते-તમારું, परम्-ત્યાર પછીનું, वयः-વય-જીવન, कया-કેવા પ્રકારની, वृत्त्या-વૃત્તિથી, वर्तितम्-ગાળ્યું, काले-અંતકાળ, प्राप्ते-આવતાં, इदम्-कलेवरम्-આ શરીરને, कथम्-કેવી રીતે, उदस्राक्षीः-ત્યજી દીધું ? ૩; हे सुरसत्तम-હે દેવવર્ય, एषः-આ, कालः-કાળ, प्राक्-कल्प-विषयाम्-પૂર્વકલ્પ સંબન્ધી, एताम्-આ, ते-તમારી, स्मृतिम्-સ્મરણ શક્તિને, न व्यवधात्-આચ્છાદન ન કરી શક્યો. एषः-આ सर्वनिराकृतिः-સર્વ શંકાનું નિવારણ કરો. ૪.

અનુવાદ—મહર્ષિ વ્યાસે કહ્યું: નારદજી, આપને વિજ્ઞાનનો આદેશ કરનારા પરમહંસો વિદાય થઈ ગયા. ત્યાર બાદ બાલ્યાવસ્થામાં રહેલા આપે શું કર્યું ? ૨; તેમજ હે બ્રહ્મપુત્ર નારદજી, ત્યાર પછી આપે આપનો જીવન નિર્વાહ કયા પ્રકારે કર્યો ? અને અન્તકાળ આવતાં આ શરીરને કેવી રીતે છોડી દીધું ? ૩; હે બ્રહ્મદેવ, પૂર્વ કલ્પ સમ્બન્ધી આ તમારી હકીકતના સ્મરણને કાળ કેમ ન ઢાંકી શક્યો ? આ સર્વ વસ્તુનું નિરાકરણ કરો. ૪.

तत्त्वसुधा—व्यास उवाच-વર્તમાન કથા પ્રસંગના પ્રશ્ન કર્તા તરીકેના સૂચન માટે છે. विप्रवसिते-પરમહંસને પ્રારબ્ધનો પવન કે પ્રભુ સંકેત લઈ જાય ત્યાં જાય. તેનો પછી પત્તો ન લાગે. ત્રણ શ્લોકમાં ત્રણ પ્રશ્ન છે. સંતોના ગયા પછી માતાના આશ્રય વિનાના બાલ્યવયમાં શું કર્યું ? શરીરનો ત્યાગ કેવી રીતે કર્યો ? પૂર્વ જન્મનું સ્મરણ કાયમ કેવી રીતે રહ્યું ?

સ્વાયમ્ભુવ સંબોધન વર્તમાન કાળમાં બ્રહ્માજીના પુત્ર છે એ કારણથી કરે છે. कया वृत्त्या-આજિવિકા કેમ ચલાવી ? માનવ આજિવિકા નિર્વાહમાં જીવન સમાપ્ત કરે છે. આત્મહિત કે લોકહિતમાં તે બાધક છે. काले प्राप्ते कलेवरम्-કાયા કેમ ત્યજી ? યોગીઓ અને મુનિઓને પણ મુખે જ્યત રામ મુખ આવત નાહીં એવું સાંભળ્યું છે. જો આહાર શ્રમપ્રાપ્ત ન હોય તો ખાનારની સદ્બુદ્ધિ ન રહે. જો સત્ય પ્રેમ પ્રભુમાં ન હોય તો હરિનામ શરીર ત્યજતાં મુખે ન આવે. ૨; ૩; ૪.

नारद उवाच—भिक्षुभिर्विप्रवसिते विज्ञानाऽऽदेष्टृभिर्मम ।
वर्तमानो वयस्याद्ये तत एतदकारषम् ॥ ५ ॥

અન્વયાર્થ—मम-મને, विज्ञान-आदेष्टृभिः-વિજ્ઞાનનો ઉપદેશ કરનારા, भिक्षुभिः-ભિક્ષુઓએ-પરમહંસોએ, विप्रवसिते-અન્યત્ર પ્રસ્થાન કર્યું ત્યારે, आद्ये वयसि-બાલ્યાવસ્થામાં; वर्तमानः-રહેતો હું, ततः-ત્યારબાદ, एतत्-આ પ્રમાણે, अकारषम्-કરતો હવો. ૫.

અનુવાદ—નારદજીએ કહ્યું-મને વિજ્ઞાનનો ઉપદેશ આપનારા એ પરમહંસો અન્યત્ર પધારી ગયા ત્યારબાદ પ્રથમાવસ્થામાં રહેલા મેં આ પ્રમાણે કર્યું. ૫.

તત્ત્વસુધા—શ્રી વ્યાસજીનો પ્રથમ પ્રશ્ન હતો કે "પ્રથમ વયમાં આપે શું કર્યું ?" વ્યાસજીએ પાંચમા શ્લોકમાં એનો પ્રત્યુત્તર આપવા ઉપક્રમ કર્યો; અને પછીના ત્રણ શ્લોકથી કેવી રીતે સમય પસાર કર્યો તે કહે છે. બ્રહ્મજ્ઞાનીએ ભગવાન માટે પ્રયત્ન કરવો, ભગવદાજ્ઞા પ્રમાણે વર્તવું અને ભગવત્પ્રાપ્તિ મેળવવી એ કૃતિ છે. ૫.

एकात्मजा मे जननी योषिन्मूढा च किंकरी ।
मय्यात्मजेऽनन्यगतौ चक्रे स्नेहानुबन्धनम् ॥ ६ ॥
साऽस्वतन्त्रा न कल्पाऽऽसीद्योगक्षेमं ममेच्छति ।
ईशस्य हि वशे लोको योषा दारुमयी यथा ॥ ७ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

अहं च तद्-ब्रह्मकुले ऊषिवांस्तदवेक्षया ।
दिग्देशकालाव्युत्पन्नो बालकः पञ्चहायनः ॥ ८ ॥

અન્વયાર્થ—**એક-આત્મજા**-એકજ પુત્રવાળી, **મે**-મારી, **જનની**-જનેતા, **યોષિત્-મૂઢા**-સ્ત્રીઓમાં પણ મૂઢ, **ચ**-અને, **કિઙ્કરી**-દાસી, **અનન્ય-ગતૌ**-અન્ય આધાર વિનાના, **આત્મજે**-પુત્ર એવા, **મયિ**-મારામાં, **સા**-તે મારી માતા, **સ્નેહ-અનુબન્ધનમ્**-સ્નેહના અનુબંધનને, **ચક્રે**-કરતી હતી. ૬; **અસ્વતન્ત્રા**-પરવશ એવી, **સા**-તે માતા, **મમ**-મારા, **યોગ-ક્ષેમમ્**-યોગક્ષેમને, **ઇચ્છતી**-ઇચ્છતી, **કલ્પા**-સમર્થ, **ન આસીત્**-ન હતી, **હિ**-ખરેખર, **યથા**-જેમ, **દારુમયી**-કાષ્ઠનિર્મિત, **યોષા**-પુતળી, **લોકઃ**-જનસમૂહ, **ઈશસ્ય**-પરમેશ્વરને, **વશે**-વશમાં છે, ૭; **ચ**-અને, **દિગ્-દેશ-કાલ-અવ્યુત્પન્નઃ**-દિશા-દેશ અને કાળના ભાન વગરનો, **પંચ્ચ-હાયનઃ**-માત્ર પાંચ વર્ષનો, **બાલકઃ**-બાળક, **તદ્-અવેક્ષયા**-તેની દેખ-સંભાળમાં, **અહમ્**-હું, **ઊષિવાન્**-રહેવા લાગ્યો. ૮.

અનુવાદ—મારી માને હું એકજ પુત્ર હતો. આ સ્વયં મારી મા સ્ત્રી, અબુધ અને પારકી ચાકર હતી. એવી તે અનન્ય શરણ એવા બાલક પુત્રમાં સ્નેહને બાંધવા લાગી. ૬; મારી માતા પરતંત્ર હતી. મારા નિર્વાહને ઇચ્છતી હતી છતાં તે કરવા સમર્થ ન હતી. ખરેખર કાષ્ઠ પુતળીની માફક લોક ઈશ્વરને આધીન છે. ૭; દિશા, દેશ કે કાળની સમજ વગરનો માત્ર પાંચ વર્ષનો હું બાળક મારી માતાની દેખરેખ નીચે તે બ્રાહ્મણોના કુલમાં વસતો હતો. ૮.

તત્ત્વસુધા—નારદજીના જીવનમાં ત્યાગી થવામાં નડતા પ્રતિબંધનું ત્રણ શ્લોકથી સૂચન કરે છે. સ્વજન તરફનાં કર્તવ્યથી શિથિલ બની ત્યાગી ન થવું. ઈશ્વર ઇચ્છા ઉપર સ્થિર રહેવું. ઈશ્વર સર્વ અનુકૂળતા કરી આપશે. નારદજી પોતાની પરિસ્થિતિને પાંચ વિશેષણોથી સમજાવે છે. '**एकात्मजा**'-એકજ પુત્ર હોઈ તેણે માતા પિતાની સંમતિ વિના અથવા માતા પિતાની સદ્ગતિ વિના સંન્યાસ ન લેવો. **મે જનની**-સ્નેહનો અતિરેક સૂચવ્યો. પોષક માતાનો પ્રેમ અગાધ હોય છે, તો પ્રસૂતિ દેતી માનો કેવો અકથ્ય પ્રેમ હશે ? **યોષિત્**-સ્વભાવે લાગણી પ્રધાન હતી. **મૂઢા**-જ્ઞાન-વિવેક રહિત હતી. **કિંકરી**-કાર્ય પરતંત્ર હતી એટલે કથા વાર્તા ક્યાંથી સાંભળે ? **અસ્વતંત્રા**-ક્રીતદાસની માફક જેને સદા પારકાનો આશ્રય હતો તે તેની પરાધીનતા હતી. **તદવેક્ષયા**-ના બે અર્થ થાય છે. (૧) માતાની દેખરેખ નીચે હું હતો. અને (૨) માતાનું બંધન ક્યારે છૂટે એની પ્રતીક્ષામાં હતો. ૬; ૭; ૮.

एकदा निर्गतां गेहाद्दुहन्तीं निशि गां पथि ।
सर्पोऽदशत्पदा स्पृष्टः कृपणां कालचोदितः ॥ ९ ॥
तदा तदहमीशस्य भक्तानां शमभीप्सतः ।
अनुग्रहं मन्यमानः प्रातिष्ठं दिशमुत्तराम् ॥ १० ॥

અન્વયાર્થ—**એકદા**-એક દિવસ, **નિશિ**-રાત્રીના સમયે, **ગામ્**-ગાયને, **દુહન્તીમ્**-દોહવા માટે, **ગેહાત્**-ઘરમાંથી, **નિર્ગતામ્**-બહાર નીકળેલી, **કૃપણામ્**-દીન એવી માતાને, **પથિ**-માર્ગમાં, **પદા**-પગથી, **સ્પૃષ્ટઃ**-કંઈક દબાયેલો, **કાલ-ચોદિતઃ**-કાળથી પ્રેરાયેલો, **સર્પઃ**-સર્પ, **અદશત્**-કરડ્યો. ૯; **તદા**-ત્યારે, **તત્**-તેને-સર્પદંશને, **ભક્તાનામ્**-ભક્તોના, **શમ**-કલ્યાણને, **અભિ-ઈપ્સતઃ**-ઇચ્છતા, **ઈશસ્ય**-ઈશ્વરના, **અનુગ્રહમ્**-અનુગ્રહને, **મન્યમાનઃ**-માનતો એવો, **અહમ્**-હું, **ઉત્તરામ્-દિશમ્**-ઉત્તર દિશા તરફ, **પ્ર-અતિષ્ઠમ્**-ચાલી નીકળ્યો. ૧૦.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—એક વખત રાત્રિના સમયે ઘર બહાર નીકળેલી અને ગાયને દોહતી હતી એવી મારી ગરીબ માતાને રસ્તામાં પગથી સહેજ દબાયેલા કાળ પ્રેરિત સર્પે ડંશ દીધો. ૯; તે સમયે મારી માતાના મૃત્યુને, ભક્તોનું કલ્યાણ ઇચ્છતા ઈશ્વરનો પરમ અનુગ્રહ છે એમ માનતો હું ઉત્તર દિશા તરફ ચાલી નીકળ્યો. ૧૦.

તત્ત્વસુધા—નરસિંહ મહેતા બોલ્યા, "ભલું થયું ભાગી જંજાળ." એ વાક્ય હૃદય શૂન્ય કે લાગણી શૂન્ય નથી. સ્વજનો ઉપસ્થિત હોય ત્યારે તો તેમના તરફનું કર્તવ્ય પ્રેમથી કરવું. તેમનાથી કોઇ સુખ ન લેવું પણ વિયોગ થતાં આસક્ત થઈ રોવું નહિ; પરંતુ ઈશ્વરની કૃપા અથવા ઇચ્છા માની મનને આશ્વાસન દેવું. અન્યથા મહેતા કહેતે કે "ભલે પ્રભુ ભાગો જંજાળ." જગતમાં બધું ભગવત્સ્વરૂપ છે. જગતનું કાર્ય બધુંજ ભગવત્કાર્ય છે; પછીથી પ્રતિબંધ શી રીતે ? માત્ર ઈશ્વર એની નિજ સેવામાં અંગીકાર કરે ત્યારે આવા અંતરાયો દૂર કરે છે. ઉત્તર દિશામાં શાંતિ મળે છે. મનુષ્ય અને દેવોને માટે તે મહત્ત્વની છે. एषा वै देवमनुष्याणां शान्ता दिगिति श्रुतेः । ૯; ૧૦.

स्फीताञ्जनपदांस्तत्र पुरग्रामव्रजाकरान् ।
खेटखर्वटवाटीश्च वनान्युपवनानि च ॥ ११ ॥
चित्रधातुविचित्राद्रीनिभभग्नभुजद्रुमान् ।
जलाशयाञ्छिवजलान्नलिनीः सुरसेविताः ॥ १२ ॥
चित्रस्वनैः पत्ररथैर्विभ्रमद्भ्रमरश्रियः ।
नलवेणुशरस्तम्ब – कुशकीचकगह्वरम् ॥ १३ ॥
एक एवातियातोऽहमद्राक्षं विपिनं महत् ।
घोरं प्रतिभयाकारं व्यालोलूकशिवाजिरम् ॥ १४ ॥

અન્વયાર્થ—तत्र–તે ઉત્તર દિશામાં, स्फीतान्–સમૃદ્ધ એવા, जनपदान्–દેશોને, पुर-ग्राम-व्रज-आकरान्–નગર-ગામ-નેસડા અને ખાણો અગરોને, खेट-खर्वट-वाटीः–ખેડૂતોના નિવાસો–અગ્નિહોત્રીઓનાં ધામો–વાડીઓ, च–અને, वनानि–વનોને, च–અને, उपवनानि–ઉપવનોને (ઓળંગીને) चित्र-धातु-विचित्र-अद्रीन्–જુદી જુદી તરેહની ધાતુઓવાળા વિચિત્ર પર્વતોને, इभ-भग्न-भुज-द्रुमान्–હાથીઓએ ભાંગી નાખેલી ડાળીઓવાળાં વૃક્ષોને, शिव-जलान्–પવિત્ર જળવાળાં, जल-आशयान्–જળાગારોને, सुर-सेविताः–દેવોથી સેવાતી, चित्र-स्वनैः–વિચિત્ર અવાજવાળાં, पत्ररथैः–પક્ષિઓ વડે, विभ्रमत्-भ्रमर-श्रियः–આમ તેમ ફરતા ભ્રમરોથી સુંદર શોભતી, नलिनीः–વાવડીઓને, अतियातः–ઘણે દૂર ચાલી નીકળેલો, एकः एव–એકલો અટૂલો, अहम्–હું (હું), नल-वेणु-शर-स्तम्ब-कुश-कीचक-गह्वरम्–નેતર, વાંસ, બરુનાં ઘૂંબડાં, દર્ભ પોલા વાંસથી અત્યંત ગીચોગીચ, घोरम्–ઘોર, प्रतिभय-आकारम्–ભય ભરેલું, व्याल-उलूक-शिव-अजिरम्–સર્પ, ઘૂવડ, શિયાળ વગેરેને ખેલવાનું આંગણું બનેલ એવું, महत्–મોટું, विपिनम्–અરણ્યને, अद्राक्षम्–હું જોતો હતો. ૧૧; ૧૨; ૧૩; ૧૪.

અનુવાદ—ધન વગેરેથી સમૃદ્ધ દેશો, રાજધાનીનાં નગર, ગ્રામો, ભરવાડના નેસડાઓ, મીઠાના અગર, ખાણોવાળા પ્રદેશો, ખેડૂતોનાં ગામ, અગ્નિહોત્રીનાં નિવાસ સ્થાનો, વાડીઓ, વન અને ઉપવન, હાથીઓએ ભાંગી નાખેલ શાખાવાળાં વૃક્ષો, વિવિધ તરેહની ધાતુઓથી શોભતા વિચિત્ર પર્વતો, નિર્મળ જળવાળાં જળાશય, વિચિત્ર અવાજ કરતાં પક્ષિઓ, તેમજ ગુંજારવ કરતા ભ્રમરોથી સોહામણાં, દેવસેવિત કમળવાળાં સરોવર, વાવડીઓ

१. खेटान्. इति पाठः । २. रत्नरेणु. इति पाठः ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વગેરેને ઓળંગતો, એકલો, નેતર, વાંસ, બરૂ, દર્ભ-કાશ નામનું ઘાસ તથા શબ્દ કરતા વાંસના જૂથથી ગીચ, ઘાતકી, ક્રૂર પ્રાણિઓને પણ ભય ઉપજાવે તેવાં સર્પ, ઘૂવડ, શિયાળ વગેરેને રહેવા માટેના આંગણા સમાન એક ભયંકર જંગલને જોતો હું આગળ ચાલ્યો જતો હતો. ૧૧; ૧૨; ૧૩; ૧૪.

तत्त्वसुधा—ચાર શ્લોકમાં વન પર્યટન અને વનદર્શનનું વર્ણન કરે છે. પ્રથમ શ્લોકમાં પૃથ્વીના ભાગનું કથન છે. स्फीतान्—અઢળક ધાન્યવાળા, માળવા વગેરે દેશોમાં નારદજી ગયા છે. व्रज—નેસડાઓ. आकरान्—ગોકુલને પકવનાર અગરો અથવા ખાણો. खेट—ખેડુતોના કમ્પાઓ, खर्वट—અગ્નિહોત્રીઓના નિવાસો છે, અથવા આદિવાસીઓનાં રહેઠાણો. 'ખર્વટ' એટલે એક બાજુ નદી અને બીજી બાજુ પર્વત; તેની વચલાં રહેઠાણો જ્યાં અગ્નિહોત્રીઓ વસે છે. शिवजलान्—રોગચાળો ન કરે તેવાં શુદ્ધ જળાશયોને 'शिवजल' કહે છે. एकः एवातियातः—એકલાજ નારદજી ફર્યા, તે પણ લગભગ પાંચ વર્ષની વયમાં; તે કેવલ ઈશ્વર કૃપાથી નિર્ભયતા આવી ગઇ અથવા નિર્દોષ અવસ્થા હોવાથી નિર્ભયતા આવી. ૧૧; ૧૨; ૧૩; ૧૪.

परिश्रान्तेन्द्रियात्माहं तृट्परीतो बुभुक्षितः ।
स्नात्वा पीत्वा ह्रदे नद्या उपस्पृष्टो गतश्रमः ॥ १५ ॥

अन्वयार्थ—परिश्रान्त-इन्द्रिय-आत्मा—ચાલવાથી શ્રાન્ત ઇન્દ્રિયો તેમજ દેહવાળો, तृट्-परीतः—તૃષાતુર, बुभुक्षितः—ક્ષુધાતુર એવો, अहम्—હું, नद्याः—નદીના, ह्रदे—ઊંડા ધરામાં, स्नात्वा—સ્નાન કરીને, पीत्वा—જળપાન કરીને, उप-स्पृष्टः—આચમન વગેરે કરતો, गतश्रमः—શ્રમ રહિત થયો. ૧૫.

अनुवाद—ત્યારે ઇન્દ્રિયો તેમજ દેહથી ખૂબજ થાકી ગયો હતો, ક્ષુધા તૃષાથી પીડાતો હતો. રસ્તાના એક જલાશયમાં જલપાન, સ્નાન કરી શ્રમ રહિત થયો. ૧૫.

तत्त्वसुधा—स्नात्वा पीत्वा—નારદજી પ્રથમ વનમાં વિચર્યા ત્યારે ભગવાનના અનુસંધાનમાં તન્મય હતા, અન્તર્મુખ હતા, જેથી ભય ન લાગ્યો. આગળ ચાલતાં શ્રાન્ત બન્યા, તૃષા ક્ષુધાએ સામર્થ્ય જમાવ્યું એટલે પર્વતમાંથી નીકળતા નદીના કુંડ જેવા એક ધરામાં સ્નાન અને જલપાન કર્યું તેથી શ્રમ, તૃષા, ક્ષુધા શમ્યાં. उपस्पृष्टः આત્મચિંતન માટે પુનઃ આચમન કરીને બેઠા. સ્નાનથી દેહ દોષો દૂર થાય. પાનથી ઇન્દ્રિય દોષો જાય. આચમનથી અન્તઃકરણના મલ નષ્ટ થાય. ૧૫.

तस्मिन्निर्मनुजेऽरण्ये पिप्पलोपस्थ आश्रितः ।
आत्मनाऽऽत्मानमात्मस्थं यथाश्रुतमचिन्तयम् ॥ १६ ॥

अन्वयार्थ—निर्मनुजे—મનુષ્ય વગરના, तस्मिन्-अरण्ये—તે અરણ્યમાં, पिप्पल-उपस्थे—પીંપળાના મૂળ પ્રદેશમાં, आश्रितः—આશ્રય કરીને બેઠેલા મેં, यथा श्रुतम्—શ્રવણ કર્યું હતું તે પ્રકારે, आत्मना—બુદ્ધિથી, आत्मस्थम्—હૃદયમાં રહેલા, आत्मानम्—પરમાત્માને, अचिन्तयम्—સ્મરણ કરવા લાગ્યો. ૧૬.

अनुवाद—પછી નિર્જન એ અરણ્યમાં પીંપળાના મૂળમાં એકલો હું બેઠો અને મેં પરમહંસો પાસેથી પૂર્વમાં જે શ્રવણ કર્યું હતું તે પ્રકારે હૃદયમાં બિરાજતા પરમાત્માનું બુદ્ધિથી ચિંતન કર્યું. ૧૬.

तत्त्वसुधा—निर्मनुजे આત્મ ચિંતન, લેખન અને સંશોધન એકાન્ત અને એકાકી થઇ કરવું. વિજન વન વિક્ષેપમાંથી બચાવે છે. पिप्पलोपस्थ—પીપળાના વૃક્ષને પીઠના વાંસના ભાગનો સ્પર્શ થાય, તે રીતે ધ્યાનમાં બેસતાં મનોનિગ્રહ થઇ જાય છે. स्वस्तिक આસને ધ્યાનમાં બેસવાથી વાયુ વગેરેના સંચલનની અનુકૂળતા

१. गतव्यथः सु. पाठः २. आस्थितःइतिपाठः । ३. आत्मनाऽऽत्मस्थमात्मानं. पाठः ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

થાય. જપ, પાઠ, સેવામાં અને સ્વાભાવિક રીતે બેસવામાં સ્વસ્તિક આસન અનેક રીતે હિત કરે છે. યથાશ્રુતમ્-હરિચિંતન, ગુરુમુખથી શ્રવણ કરેલ સ્વરૂપ અનુસાર કરવું ૧૬.

ध्यायतश्चरणाम्भोजं भावनिर्जितचेतसा ।
औत्कण्ठ्याश्रुकलाक्षस्य हृद्यासीन्मे शनैर्हरिः ॥ १७ ॥

प्रेमातिभरनिर्भिन्नपुलकाङ्गोऽतिनिर्वृतः ।
आनन्दसंप्लवे लीनो नापश्यमुभयं मुने ॥ १८ ॥

અન્વયાર્થ—**ભાવ-નિર્જિત-ચેતસા**-ભક્તિ ભાવથી વશ કરેલ ચિત્તથી, **ચરણ-અમ્ભોજમ્**-ચરણ કમળનું, **ધ્યાયતઃ**-ધ્યાન કરતા, **ઔત્કણ્ઠ્ય-અશ્રુ-કલા-અક્ષસ્ય**-ઉત્કંઠાને લીધે નેત્રમાં અશ્રુકણવાળા, **મે**-મારા, **હૃદિ**-હૃદયમાં, **હરિઃ**-શ્રીહરિ, **શનૈઃ**-ધીરેધીરે, **આસીત્**-આવિર્ભાવ પામ્યા. ૧૭; **પ્રેમ-અતિભર-નિર્ભિન્ન-પુલક-અઙ્ગઃ**-અતિશય પ્રેમભાવના ભારથી પુલકિત અંગોવાળો, **અતિ નિર્વૃતઃ**-અતિ સુખ માણતો, **આનન્દ-સંપ્લવે**-આનંદ મહાસાગરમાં, **લીનઃ**-ડૂબી ગયેલો, **હે મુને**-હે વ્યાસજી, **ઉભયમ્**-મને અને ભગવાનને જુદા, **ન અપશ્યમ્**-ન જોઈ શકયો. ૧૮.

અનુવાદ—**ભક્તિભાવવશ ચિત્તથી પ્રથમ ભગવાનના ચરણ કમળનું ધ્યાન કર્યું અને ઉત્કંઠા વધવા લાગી; નેત્રમાં અશ્રુ બિન્દુ કણો ઉભરાયા અને ધીમે ધીમે મારા હૃદયમાં શ્રીહરી પ્રકટ થયા.** ૧૭;

તત્ત્વસુધા—ધ્યાયતઃ હું કોણ છું ? કર્તવ્ય શું ? એ ધ્યાનથી ઈશ્વર વિચાર અને ઈશ્વર સાક્ષાત્કાર થાય છે. નારદજીને ધ્યાનથી માનસી મૂર્તિનાં દર્શન થયાં. ભક્તિનો ઉદ્રેક થયો. હરિ ચરણ કમલનું ધ્યાન કર્યું. ચિત્ત એકાગ્ર થયું. અશ્રુપ્રવાહ શરૂ થયો અને શ્રીહરિનું સર્વાંગ મંગલ સુંદર વિગ્રહનું દર્શન થયું. મનમાં પ્રથમ માનસી મૂર્તિ કલ્પી હતી. તેમાં અંદરથી ભગવાનનો આવિર્ભાવ થયો. માનસી મૂર્તિ અને ભગવાનની મૂર્તિ બેનું ઐક્ય થઇ ગયું. પ્રેમાતિશય થયો. સર્વાંગ રોમાંચનો અનુભવ થતાં પરમાનંદમાં ડૂબી જવાયું. આ ભગવાનના સાક્ષાત્કારનું નિરૂપણ છે. ગંગાજલમાં ગંગાજીનું ધ્યાન કરતાં સાક્ષાત્ ભગવત્પદી ગંગાજી આધિદૈવિક સ્વરૂપે પ્રકટ થાય, ત્યારે જલ તેમાં સમાઈ જાય. તેવી જ રીતે ભગવદ્ ધ્યાનથી ભગવાન સ્વેચ્છાથી ભકત હૃદયમાં પ્રકટ થઇ બિરાજે ત્યારે જીવનો તેમાં પ્રવેશ થાય. તે સાયુજ્ય મુકિત પામે છે. મુને સંબોધન કરી પોતાના અનુભવમાં અનુમોદન માંગ્યું. મુનિઓને આવા અનુભવો થાય છે જ. ૧૭; ૧૮.

रूपं भगवतो यत्तन्मनःकान्तं शुचापहम् ।
अपश्यन् सहसोत्तस्थे वैक्लव्याद्दुर्मना इव ॥ १९ ॥

दिदृक्षुस्तदहं भूयः प्रणिधाय मनो हृदि ।
वीक्ष्यमाणोऽपि नापश्यमवितृप्त इवातुरः ॥ २० ॥

અન્વયાર્થ—**મનઃ કાન્તમ્**-મનને ગમતું, **શુચા-અપહમ્**-શોકને હણનારું, **યત્**-જે **ભગવતઃ**-ભગવાનનું, **રૂપમ્**-રૂપ, **તત્**-તે રૂપને, **સહસા**-એકદમ, **અપશ્યન્**-ન જોતાં, **વૈક્લવ્યાત્**-વિકલતાથી, **દુર્મનાઃ ઇવ**-જાણે દુઃખી મન વાળો, **ઉત્તસ્થે**-એકદમ ઊભો થઇ ગયો. **અવિતૃપ્તઃ**-તૃપ્તિ વગરનો, **આતુરઃ ઇવ**-આતુરની માફક, **ભૂયઃ**- ફરીથી, **તત્**-તે સ્વરૂપને, **દિદૃક્ષુઃ**-જોવાની ઇચ્છાવાળો, **અહમ્**-હું, **હૃદિ**-હૃદયમાં, **મનઃ**-મનને, **પ્રણિધાય**-સ્થિર કરીને, **વીક્ષ્યમાણઃ-અપિ**-જોતાં છતાં, **ન અપશ્યમ્**-ન જોઈ શકયો. ૧૯; ૨૦.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—મનને સુંદર લાગતુ અને શોકને દૂર કરનારૂં તે ભગવાનનું સ્વરૂપ મેં જોયું નહિ ત્યારે વિકલતાથી ઉદાસીનની માફક એકદમ હું ઊભો થઈ ગયો. ભગવત્સ્વરૂપનાં દર્શનથી અતૃપ્ત, અત્યંત આતુરની માફક ફરીથી તે સ્વરૂપને જોવાની ઈચ્છાવાળો થયો. હૃદયમાં મનને સ્થિર કરી જોવા લાગ્યો. છતાં તે સ્વરૂપને ન જોઈ શકયો. ૧૯; ૨૦.

તત્ત્વસુધા—એ શ્લોકથી તિરોધાન દશા, વ્યથા અને પુનઃ પ્રાપ્તિ માટેના પ્રયત્નનું નિરૂપણ કરે છે. મનઃકાન્તમ્-સૌંદર્ય હૃદયથી અવલોકાય. રૂપ ચક્ષુથી દેખાય. અણસમજુ રૂપને સૌંદર્ય માને છે. રૂપ તો આકૃતિની સુડોળતા છે. સૌંદર્ય તો આનંદનો રસાબ્ધિ છે. ભગવત્સ્વરૂપ ધ્યાનથી શોક સર્વથા દૂર થાય છે. એકવાર દર્શન થયા બાદ તિરોધાન થતાં નારદજી અકળાયા, ઊભા થયા અને તે સ્વરૂપને શોધવા લાગ્યા. ક્ષણભર લાગ્યું ભગવાન પ્રકટ થયા. જોવાનો પ્રયત્ન કર્યો પણ સફળતા ન મળી. માનસી મૂર્તિ મળી પરંતુ તે દિવ્યાનંદ શ્રી વિગ્રહની ઝાંખી તો નજ થઈ. ૧૯; ૨૦.

एवं यतन्तं विजने मामाहाऽगोचरो गिराम् ।
गम्भीरश्लक्ष्णया वाचा शुचः प्रशमयन्निव ॥ २१ ॥
हन्तास्मिञ्जन्मनि भवान्न मां द्रष्टुमिहार्हति ।
अविपक्वकषायाणां दुर्दर्शोऽहं कुयोगिनाम् ॥ २२ ॥

અન્વયાર્થ—**गिराम्**-વાણીનો, **अगोचरः**-અગોચર-અવિષય, **गम्भीर-श्लक्ष्णया**-ગંભીર તથા મધુર, **वाचा**-વાણીથી, **शुचः**-શોકને, **प्रशमयन् इव**-શાન્ત કરતા ન હોય એમ, **एवम्**-એ પ્રમાણે, **विजने**-વિજન વનમાં, **यतन्तम्**-પ્રયત્ન કરતા, **माम्**-મને, **आह**-કહેવા લાગ્યા. ૨૧; **हन्त**-અરે !, **भवान्**-તમે, **अस्मिन् जन्मनि**-આ જન્મમાં, **माम्**-મને, **इह**-આ સ્થાનમાં, **द्रष्टुम्**-દર્શન કરવાને, **न अर्हति**-યોગ્ય નથી. **अहम्**-હું, **अविपक्व-कषायाणाम्**-અપરિપકવ મનના મળવાળા એવા, **कुयोगिनाम्**-કુયોગિઓને, **दुर्दर्शः**-દેખાતો નથી. ૨૨.

અનુવાદ—એ પ્રમાણે નિર્જન પ્રદેશમાં દર્શન માટે પ્રયત્ન કરતા મને વાણીના અવિષય ભગવાન મધુર વાણીથી મારા શોકને શમાવતા ન હોય એમ કહેવા લાગ્યા; "ખરેખર, આ જન્મમાં મારૂં દર્શન કરવાને તમે યોગ્ય નથી. જેમના રાગાદિ દોષો પરિપકવ નથી થયા એવા કુયોગિઓને મારૂં દર્શન દુર્લભ છે. ૨૧; ૨૨.

તત્ત્વસુધા—અગોચરો गिराम्-અગોચર વાણી થઈ. સાક્ષાત્કાર ન થયો. અકળામણ થઈ. વાણી સંભળાઇ. બોલનાર ન જોયો; પરંતુ અનુભવથી વિશ્વાસ આવ્યો. તે આકાશ પુરુષની પણ વાણી ન હતી; કારણ કે કોમલ, મધુર, ગંભીર અને પ્રતિધ્વનિ વિનાની વાણી હતી; માટે गंभीर श्लक्ष्णया वाचा વાણીને કહી છે. ખાત્રી થઇ કે મધુરાધિપતિનું જ આ વાઙ્માધુર્ય છે. ૨૧.

हन्त-નારદજી સ્નેહ દુઃખી હતા માટે ભગવાને કહ્યું हन्त હું તારા કલેશથી કિલષ્ટ છું આ દેહમાં અને આ લોકમાં દર્શન માટે યોગ્યતા નથી, એમ સૂચવ્યું. સમાધાન કર્યું. अविपक्व कषायाणाम्-તપથી મનોમલ તિરોહિત થાય છે અને મનોમલ નષ્ટ થાય છે. એવી બે ભૂમિ છે. નારદજી તમને ભક્તિ જ્ઞાનના ભાવાવેશથી આ મનોમલ તિરોહિત થયા છે, તેને સિંચન મળતાં જાગશે. માટે અનેક પવિત્ર કર્મો કરી તેનો આમૂલ-ચૂડ દાહ કરો, પછી મળીશ. ૨૨.

सकृद् यद् दर्शितं रूपमेतत्कामाय तेऽनघ ।
मत्कामः शनकैः साधुः सर्वान्मुञ्चति हृच्छयान् ॥ २३ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

सत्सेवयाऽदीर्घयाऽपि जाता मयि दृढा मतिः ।
हित्वाऽवद्यमिमं लोकं गन्ता मज्जनतामसि ॥ २४ ॥
मतिर्मयि निबद्धेयं न विपद्येत कर्हिचित् ।
प्रजासर्गनिरोधेऽपि स्मृतिश्च मदनुग्रहात् ॥ २५ ॥

અન્વયાર્થ—હે અનઘ-હે નિષ્પાપ, યત્-જે, રૂપમ્-રૂપ, સકૃત્-એક વખત, દર્શિતમ્-બતાવ્યું, એતત્-એ, તે-તમને, કામાય-અભિરુચિ ઉત્પન્ન કરવા, મત્કામઃ-મારી ઇચ્છાવાળો, સાધુઃ-સત્પુરુષ, સર્વાન્-બધા, હૃચ્છયાન્-હૃદ્‌ગત વાસનાઓને, શનકૈઃ-ધીરેધીરે, મુઞ્ચતિ-ત્યજી દે છે. અદીર્ઘયા અપિ-અલ્પ સમયની પણ, સત્-સેવયા-સત્પુરુષોની સેવાથી, મયિ-મારામાં, દૃઢા-દૃઢ, મતિઃ-બુદ્ધિ, જાતા-ઉત્પન્ન થઈ, અવદ્યમ્-નિન્દિત, ઇમમ્-આ, લોકમ્-લોકને, હિત્વા-ત્યજી દઈને, મજ્જનતામ્-મારા પાર્ષદપણાને, ગન્તા અસિ-પ્રાપ્ત કરનાર થશો. ૨૪; મયિ-મારામાં, નિબદ્ધા-સ્થિર કરેલી, ઇયમ્-આ, મતિઃ-બુદ્ધિ, ચ-અને, પ્રજા-સર્ગ-નિરોધે-અપિ-પ્રજાના સર્જન રોકાણમાં પણ, સ્મૃતિઃ-(મારી) સ્મૃતિ, કર્હિચિત્-કોઈપણ કાળે, મદ્-અનુગ્રહાત્-મારા અનુગ્રહથી, ન વિપદ્યેત-નાશ નહિ પામે. ૨૫.

અનુવાદ—હે નિષ્પાપ! એક વખત આજે સ્વરૂપનું દર્શન આપ્યું છે, તે દર્શનની અભિરુચિ ઉત્પન્ન કરવા માટે આપ્યું છે; કારણકે જેમને મારી કામના થાય છે, તે સત્પુરુષ હૃદયમાં રહેલા સર્વ રાગાદિકને છોડી દે છે. ટૂંક સમયની પણ સત્પુરુષની સેવાથી મારામાં તારી દૃઢ બુદ્ધિ થઈ છે, માટે હવે આ દોષયુક્ત દેહને ત્યજીને તમે મારા પાર્ષદપણાને પામશો. વળી મારામાં દૃઢ થયેલી આ મતિ કોઈપણ કાળે નાશ નહિ પામે; તેમજ મારા અનુગ્રહથી પ્રજા સર્જન અને પ્રલય સમયે પણ મારી સ્મૃતિ કાયમ રહેશે. ૨૩; ૨૪; ૨૫.

તત્ત્વસુધા—સકૃત્-નારદજીએ કહ્યું, તો પ્રભો આપે એકવાર દર્શન કેમ આપ્યું? એના સમાધાનમાં કહ્યું કે "મારા સ્વરૂપની કામના જાગૃત કરવા માટે" ભગવદ્ દર્શન કામના કામ નિવારણનું ઔષધ છે. મત્કામઃ શનકૈઃ સાધુઃ સાધુ ઉતાવળથી ન થવું. દૂધના ઉભરાની માફક વિરાગ વિરમી જતાં વાર નહિ લાગે. ઘર, ધન, જીગરની આગથી વિરાગ ન આવે. એ તો હરિપદ અનુરાગથીજ આવે ને ટકે. હૃચ્છયાન્ બહુ વચન છે. વ્રજવનિતાઓએ હૃચ્છયમ્ એક વચન વાપર્યું છે. નારદજીને અનેક વાસનાઓ છે તેથી બહુવચન છે. ગોપીજનને તો કેવલ એકજ ઇચ્છા છે. હૃચ્છયમ્ શબ્દ હૃદયમાં સુષુપ્ત દશામાં રહેલી અને તેના પ્રલોભન પ્રસંગે જાગનારી વાસના માટે વપરાય છે. સત્સેવયા-સત્પુરુષોની સેવાને વાસનાના દાહ માટે સર્વોત્કૃષ્ટ સાધન માન્યું છે. દેહ છુટવામાં 'દેહગત' દોષોના નિવારણ માટે જ નારદજીને વિલંબ થયો છે. દેહદોષો પ્રથમ કર્મોથી જ દૂર કરાય મજ્જનતામ્-મારા પાર્ષદ બનવાથી સર્વ સુલભ થશે. વરદાન, આશિષ અને પ્રેમ માગ્યાં ન મળે; પરંતુ દેનારના દિલની પ્રસન્નતા ભક્તિ, ગુણ, તપ, આજ્ઞાપાલન અને શીલથી મળે. ૨૩; ૨૪; ૨૫.

एतावदुक्त्वोपरराम तन्महद्भूतं नभोलिङ्गमलिङ्गमीश्वरम् ।
अहं च तस्मै महतां महीयसे शीर्ष्णावनामं विदधेऽनुकम्पितः ॥ २६ ॥

અન્વયાર્થ—એતાવત્-એટલું, ઉક્ત્વા-કહીને, તત્-તે, નભોલિઙ્ગમ્-આકાશસ્વરૂપ, અલિઙ્ગમ્-નિરાકાર, ઈશ્વરમ્—ઐશ્વર્ય સમ્પન્ન, મહદ્-ભૂતમ્-તે મહાન ભૂત અગોચર તત્ત્વ કે જેના શ્વાસોચ્છ્વાસ રૂપ ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ છે, ઉપરરામ-શાંત થયું. ચ અહં-અને હું તો, અનુકમ્પિતઃ-દયાપાત્ર બનેલ, મહતામ્-મહાનમાં પણ, મહીયસે-મોટા એવા, તસ્મૈ-તેમને, શીર્ષ્ણા-મસ્તકથી, અવનામમ્-પ્રણામને, વિદધે-કરતો હતો. ૨૬.

૧. તે ઇતિ પાઠઃ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—એટલું જ કહીને આકાશરૂપ ચિહ્ન વાળું; પરંતુ આકાર વિનાનું અને ઐશ્વર્ય સમ્પન્ન તે મહાન, અગોચર, તેજસ્વી તત્ત્વ શાંત થયું. આ રીતે અપાર કૃપા પાત્ર બનેલ મેં તે મહાનમાં પણ મહાન ભગવાનને નમસ્કાર કર્યા. ૨૬.

તત્ત્વસુધા—આકાશવાણી એ એક પુરાણોમાં પ્રચલિત તત્ત્વ છે. અવ્યક્ત કોઇ તત્ત્વમાંથી વ્યક્ત સંભળાતો જીવનને આદેશ-સંદેશો-કે કોઇ વાક્ય વિશેષ એને આકાશ વાણીના સ્વરૂપે ઓળખે છે. નારદજીને જે સમાધાન વાક્ય મળ્યું તે એવાજ પ્રકારનું હતું. આકાશવાણીનો વક્તા કોણ? આકાશ પુરુષ કે પૂર્ણ પુરુષ? એ પ્રશ્ન થયો. સર્વ સામાન્ય તે આકાશ પુરુષ જ હોય છે. નારદજીને સંભળાવનાર તો પૂર્ણ પુરુષ જ હતા. શ્લોકમાં દર્શાવેલાં પ્રત્યેક વિશેષણો પૂરવાર કરે છે કે તે પરમાત્માનો જ સંદેશો હતો. આકાશ જેવું નિર્મળ મન બને ત્યારે તે પ્રેરણા મળે. મનનો મળ જ્યારે બળે અથવા ટળે ત્યારેજ તે પરિપક્વ યોગી અથવા ભક્ત કે જ્ઞાનીને સમાધાન મળે છે. ભગવદ્ વિરહ તાપથી મનોમળ ભસ્મ થાય છે. તપ અને યોગ જ્ઞાનથી પણ થાય છે. ભક્તને પૂર્ણ પુરુષ તરફથી સંદેશો મળે છે અને આકાશ પુરુષથી પણ મળે છે. 'महद् भूतम्' વગેરે ચાર વિશેષણોનો એ સાર નીકળે છે. નપુંસકે પ્રયોગ કર્યો છે તેનું કારણ સ્ત્રી કે પુરુષની આકૃતિ જોવામાં નથી આવી; પરંતુ વાણીનું માધુર્ય જ વ્યક્ત કરતું કે આ વચન શ્યામ સુંદરનું જ છે. नभोलिङ्गम्-એટલે જે આકાશનું કારણ છે તે. આકાશનું કારણ તો ઇશ્વર છે. ૨૬.

नामान्यनन्तस्य हतत्रपः पठन् गुह्यानि भद्राणि कृतानि च स्मरन् ।

गां पर्यटंस्तुष्टमना गतस्पृहः कालं प्रतीक्षन्विमदो[1] विमत्सरः ॥ २७ ॥

અન્વયાર્થ—**हतत्रपः**-લોકલાજથી પર થઇ, **अनन्तस्य**-અનન્ત ભગવાનનાં, **नामानि**-નામોને, **पठन्**-ઉચ્ચારતો, **गुह्यानि**-ગુપ્ત, **भद्राणि**-કલ્યાણમય, **कृतानि**-ભગવત્કર્મોને, **स्मरन्**-સ્મરતો, **गाम्**-પૃથ્વી ઉપર, **पर्यटन्**-ફરતો, **तुष्टमनाः**-સંતુષ્ટ ચિત્ત, **गतस्पृहः**-તદ્દન નિસ્પૃહ, **विमदः**-મદ વગરનો, **विमत्सरः**-મત્સર વિનાનો, **कालम्**-સમયની (ક્યારે આ દેહ છૂટે એમ), **प्रतीक्षन्**-રાહ જોતો. ૨૭.

અનુવાદ—ત્યાર બાદ લજ્જાને ત્યજીને અનંત ભગવાનનાં નામોનું ઉચ્ચારણ કરતો હતો અને ગૂઢાર્થ વાળાં, કલ્યાણમય ચરિત્રોનું સ્મરણ કરતો પૃથ્વી ઉપર પર્યટન કરતો હતો. મનથી સંતુષ્ટ હતો. સ્પૃહાઓનો ત્યાગ કર્યો હતો. મદ-મત્સરથી પણ મુક્ત બની કેવલ ઈશ્વર નિર્ધારિત કાળની પ્રતીક્ષા કરતો હતો. ૨૭.

તત્ત્વસુધા—અંતઃકરણના ત્રણ પ્રકારના મળ હોય છે. પ્રત્યક્ષ વસ્તુ અને વ્યક્તિમાં રાગદ્વેષ એ તામસ મળ છે. રાગાદિની વાસનાઓ એ રાજસ મળ છે. રાગાદિની મૂળભૂત અવિદ્યા એ ત્રીજો દોષ છે. તામસ દોષો કર્મથી ક્ષીણ થાય છે. તપ, તીર્થાટન, યાગ વગેરે તેનાં સાધન છે. રાજસ દોષો ભક્તિથી નષ્ટ થાય છે. અવિદ્યાગત દોષો તત્ત્વ વિચારથી ચાલ્યા જાય; પરંતુ તે ત્રણ પૃથક્ પૃથક્ કરનારને એક એકની નિવૃત્તિ થાય. ત્રણે પ્રકારના દોષો દૂર કરવા ત્રણ સાધનો જોઇએ. દેશ, કાળ અને બીજી અનેક સામગ્રીઓ જોઇએ. તે કરતાં સર્વ સુગમ છતાં સફલ ઉપાય **'નામ સંકીર્તન'** ને નારદજીએ સ્વીકાર્યો. નામનું અખંડ પઠન કરવા લાગ્યા. પઠન્ વર્તમાન કૃદંત છે. તેથી એમની નામરટણની ક્રિયા અખંડ ચાલુ છે. નામ જપતાં પણ લોકલજ્જા ન જોઇએ. તે માટે શક્ય એકાન્તનું સેવન કરવું.

એક નામ જપવું કે અનેક? એના સમાધાનમાં-મંત્ર તરીકે જપવાનું હોય તો એકજ દીક્ષિત મંત્ર જપાય અને નામ કીર્તનમાં તો અનેક નામ રટવાનાં હોય છે. અનેક નામોના રટનથી ભગવાનનાં અનેક રૂપ ચરિતો પ્રત્યક્ષ થાય છે અને કષાયો શીઘ્ર કપાય છે.

પર્યટનશીલ પથિકને નિઃસ્પૃહપણું પાથેય-ભાથું છે અને સંતોષ તો શીતલ જલ છે. પૃથ્વી ઉપર ફરતાં ગાયની સાથે જેમ સેવાથી વ્યવહાર થાય છે, તે રીતે પૃથ્વી સાથે કરવો માટે गां पर्यटन् લખ્યું છે. પૃથ્વી પર્યટન પૃથ્વીને સેવા દેવા માટે. ૨૭.

૧. प्रतीक्षन्नमदो इति पाठः ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

एवं कृष्णमतेर्ब्रह्मन्नसक्तस्यामलात्मनः ।
कालः प्रादुरभूत्काले तडित्सौदामनी यथा ॥ २८ ॥
प्रयुज्यमाने मयि तां शुद्धां भागवतीं तनुम् ।
आरब्धकर्मनिर्वाणो न्यपतत्पाञ्चभौतिकः ॥ २९ ॥

અન્વયાર્થ—**બ્રહ્મન્**-હે વ્યાસજી, **એવમ્**-એ પ્રમાણે, **કૃષ્ણમતેઃ**-શ્રીકૃષ્ણમાં મનવાળા, **અસક્તસ્ય**-અનાસકત એવા, **અમલ-આત્મનઃ**-નિર્મલ અન્તઃકરણવાળાનો, **કાલે**-યોગ્ય સમયે, **કાલઃ**-કાળ, **પ્રાદુર ભૂત્**-આવી પહોંચ્યો, **યથા**-જેમ, **કાલે**-વર્ષામાં, **સૌદામની**-સુદામા પર્વતમાં થતી. **તડિત્**-વીજળી, (પ્રકટે છે). **શુદ્ધામ્**-શુદ્ધ એવી, **તામ્**-તે, **ભાગવતીમ્**-ભગવદ્ ભકતની, **તનુમ્**-તનુને-કાયાને, **મયિ પ્રયુજ્યમાને**-મારામાં યોજવામાં આવી ત્યારે, **આરબ્ધ કર્મ નિર્વાણઃ**-પ્રારબ્ધ કર્મનો ક્ષય થતાંજ, **પાઞ્ચ-ભૌતિકઃ**-પંચ મહાભૂતોનો બનેલો દેહ, **ન્યપતત્**-પડ્યો. ૨૮; ૨૯.

અનુવાદ—**મહર્ષિ વ્યાસજી, એવી રીતે શ્રીકૃષ્ણમાં મતિ થવાથી અન્ય આસક્તિ તૂટી ગઈ અન્તઃકરણ પણ નિર્મળ થઈ ગયું; ત્યારે વર્ષાઋતુમાં મેઘ સહવાસથી થતી સૌદામિની વિદ્યુત સમાન શરીર છુટવાનો તે ઈશ્વર નિર્ધારિત કાળ આવી પહોંચ્યો. એમ કરતાં શુદ્ધ સત્ત્વગુણ વિશિષ્ટ ભગવદ્ ભક્તની કાયાનો મને યોગ પ્રાપ્ત થયો અને પ્રારબ્ધ કર્મનો પણ ક્ષય થયો હતો, તેથી પંચભૂતનો બનેલો આ દેહ પડી ગયો. ૨૮; ૨૯.**

તત્ત્વસુધા—તડિત્ સૌદામની-બન્ને શબ્દો વીજળીના વાચક છે, તો પણ જુદા અર્થમાં વાપર્યા છે. તડિત્ એટલે જલદી અને સૌદામની એટલે વીજળી એવો અર્થ લીધો છે. સુદામ નામે પર્વત છે, એ સ્ફાટિક મણિનો છે. વીજળીનો પ્રકાશ ત્યાં સ્પષ્ટ દેખાય છે. હૃદય જ્યારે ભગવન્નામ જપથી સ્ફટિક જેવું વિશુદ્ધ થઈ જાય છે ત્યારે કાળનું સ્પષ્ટ દર્શન થાય છે. ભાવિ થનાર વસ્તુનું પણ દર્શન થાય છે. નારદજીને તે ભાન થયું કે મારો આ દેહ શાપથી થયેલ છે. જ્યારે તેનો અવધિ આવશે ત્યારે છૂટશે. બ્રહ્માજીએ નારદજીને વિવાહનું વિધાન કર્યું, ન માન્યું, શાપ આપ્યો-"શૂદ્ર બનો અને સ્ત્રી લંપટ બનો." ઉપબર્હણ ગંધર્વ થઈ સ્ત્રીલંપટ થયા. દાસી પુત્ર થઈ શૂદ્ર થયા. પ્રથમ શાપનું નિવારણ થઈ ગયું છે. આ બીજો શાપ બાકી છે, તે પૂરો થતાં શરીર છૂટી જશે. ૨૮; પ્રારબ્ધ કર્મનો તેના ભોગથી ક્ષય થાય, ત્યારે ભૌતિક દેહ છૂટે છે. પછી ભકત હોય તો સેવોપયોગી દેહ મળે છે. નારદજીને ભગવત્ સેવોપયોગી તનુ મળી. ૨૯.

कल्पान्त इदमादाय शयानेऽम्भस्युदन्वतः ।
शिशयिषोरनुप्राणं विविशेऽन्तरहं विभोः ॥ ३० ॥
सहस्रयुगपर्यन्तमुत्थायेदं सिसृक्षतः ।
मरीचिमिश्रा ऋषयः प्राणेभ्योऽहं च जज्ञिरे ॥ ३१ ॥

અન્વયાર્થ—**કલ્પાન્તે**-કલ્પના અંતમાં, **ઇદમ્**-આ સમગ્ર વિશ્વને, **આદાય**-લઈને, **ઉદન્વતઃ**-સમુદ્રના **અમ્ભસિ**-જળમાં, **શયાને**-શયન કરી ગયા ત્યારે, **શિશયિષોઃ**-શયન કરવાની ઇચ્છાવાળા, **વિભોઃ**-બ્રહ્માના, **અન્તઃ**-અંદર, **અનુપ્રાણમ્**-પ્રાણ વાયુ દ્વારા, **અહમ્**-હું, **વિવિશે**-પ્રવેશ કરીને રહ્યો, **સહસ્ર-યુગ-પર્યન્તમ્**-હજાર યુગના અંતે, **ઉત્થાય**-મહાયોગ નિદ્રામાંથી ઉઠીને, **ઇદમ્**-આ વિશ્વને, **સિસૃક્ષતઃ**-સર્જવા ઇચ્છતા બ્રહ્માજીના, **પ્રાણેભ્યઃ**-પ્રાણોથી, **મરીચિ-મિશ્રાઃ**-મરીચિ વગેરે, **ઋષયઃ**-ઋષિઓ **ચ**-અને, **અહમ્**-હું **જજ્ઞિરે**-ઉત્પન્ન થયા. ૩૦; ૩૧.

૧. વિદ્યુત્ ઇતિ પાઠઃ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—કલ્પના અન્તે આ ત્રણેય લોકનો ઉપસંહાર કરીને સમુદ્રના જળમાં ભગવાન નારાયણ જ્યારે શયન કરી રહ્યા હતા ત્યારે તેમની અંદર શયન કરવાને ઈચ્છતા બ્રહ્મદેવના શ્વાસોચ્છ્વાસ દ્વારા હું પણ તેમની અંદર પ્રવેશ કર્યો. એક હજાર યુગ ગયા બાદ એ મહાયોગ નિદ્રામાંથી ઉઠીને આ વિશ્વને સર્જવા ઈચ્છતા એ બ્રહ્મદેવના પ્રાણોમાંથી મરીચિ વગેરે ઋષિઓ અને હું ઉત્પન્ન થયા. ૩૦; ૩૧.

તત્ત્વસુધા—નારદજીએ પ્રકાર બતાવ્યો કે કલ્પના અંતમાં નારાયણે શયન કર્યું ત્યારે બ્રહ્માજીની સાથે જ નારદ ભગવાનના ઉદરમાં ચાર હજાર યુગના કાળ સુધી રહ્યા. પુનઃ સૃષ્ટિમાં બ્રહ્માજીના ઉત્સંગમાંથી અવતર્યા. ૩૦; ૩૧.

अन्तर्बहिश्च लोकांस्त्रीन्पर्येम्यस्कन्दितव्रतः ।
अनुग्रहान्महाविष्णोरविघातगतिः क्वचित् ॥ ३२ ॥
देवदत्तामिमां वीणां स्वरब्रह्मविभूषिताम् ।
मूर्च्छयित्वा हरिकथां गायमानश्चराम्यहम् ॥ ३३ ॥
प्रगायतः स्ववीर्याणि तीर्थपादः प्रियश्रवाः ।
आहूत इव मे शीघ्रं दर्शनं याति चेतसि ॥ ३४ ॥

અન્વયાર્થ—મહાવિષ્ણોઃ-મહાવિષ્ણુના, અનુગ્રહાત્-અનુગ્રહથી, ક્વચિત્-ક્યાંય પણ, અવિઘાતગતિઃ-અકુંઠિત ગતિ વાળો, અસ્કન્દિત-વ્રતઃ-અસ્ખલિત વ્રતવાળો હું, ત્રીન્-ત્રણે, લોકાન્-લોકોમાં, અન્તઃ-અંદર, ચ બહિઃ-અને બહાર, પર્યેમિ-વિચર્યા કરું છું. ૩૨; દેવદત્તામ્-દેવતાઓએ આપેલી, સ્વર-બ્રહ્મ-વિભૂષિતામ્-નાદ બ્રહ્મથી વિભૂષિત એવી, ઇમામ્-આ, વીણામ્-વીણાને, મૂર્ચ્છયિત્વા-વગાડતો, હરિકથામ્-ભગવાનની કથાને, ગાયમાનઃ-ગાતો, અહમ્-હું, ચરામિ-કરું છું. ૩૩; સ્વવીર્યાણિ-પોતાનાં પરાક્રમોને, પ્રગાયતઃ-ગાન કરતા એવા, મે-મારા, ચેતસિ-ચિત્તમાં, તીર્થપાદઃ-ચરણકમળમાં તીર્થવાળા, પ્રિયશ્રવાઃ-પ્રિય યશવાળા, શ્રી હરિ, આહૂતઃ ઇવ-બોલાવ્યા હોય તેમ, શીઘ્રમ્-અવિલંબે, દર્શનમ્-દર્શનને, યાતિ-પ્રાપ્ત થાય છે. ૩૪.

અનુવાદ—સર્વ સમર્થ મહા વિષ્ણુના અનુગ્રહથી મારી ગતિનું ક્યારે પણ રોકાણ નથી થયું, ભગવદ્ દર્શન રૂપ વ્રત ખંડિત ન થયું અને હું ત્રિલોકની અંદર તેમજ બહાર બધેજ આ દેવતાઓએ આપેલી નાદ બ્રહ્મથી શોભતી વીણાને સંગીત શાસ્ત્રે બતાવેલી મૂર્ચ્છનાને પ્રાપ્ત કરાવીને બજાવતો વિચર્યા કરું છું. પ્રભુના પરાક્રમોનું ગાન કરનારા મારા ચિત્તમાં, ચરણમાં સર્વ તીર્થોને ધરાવનાર, પ્રિય કીર્તિવાળા શ્રીહરિ મેં બોલાવ્યા હોય તેમ અવિલંબે પધારીને દર્શન આપે છે. ૩૨; ૩૩; ૩૪.

તત્ત્વસુધા—ભગવદ્ અનુગ્રહથી બે વસ્તુ બની. વ્રત ખંડિત ન થયું. પ્રલોભનો વ્રત ખંડિત કરે છે, તે ન થયું. ગતિ રોકાણ ન થયું. કીટ પતંગથી લઈ સર્વ જગતમાં તેમને અંદર, બહાર જવાની શક્તિ મળી. ભગવાનનું જ સર્વમાં દર્શન થયું. તેથી હરિ દર્શન વ્રત સચવાયું. ૩૨.

પ્રથમ શ્લોકથી શ્રવણ ભક્તિનો આનંદ વર્ણવી કીર્તનનો રસ વર્ણવે છે. શ્રવણ કરતાં કીર્તન વધુ મનોનિરોધ કરે છે. કીર્તનમાં કંઠ અને સ્વર મૂર્ચ્છના મહત્ત્વનાં છે. ગાનમાં કંઠ અને તન્તુવાદનમાં મૂર્ચ્છના મહત્ત્વનાં હોય છે. દેવદત્તા વીણા નારદજીની હતી. તેમાં સીતાર વાદનની માફક અંગુલી વિન્યાસ પ્રયાસ ન હતો. શાસ્ત્રોક્ત રીતની મૂર્ચ્છનાઓ આપી નાદાનુસંધાન કરી તેમાંજ નિમજ્જન કરી લેતા. ૩૩.

૧. अहम् इतिपाठः ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

દર્શનં યાતિ ચેતસિ-નારદજીની વીણાના કીર્તનનું શ્રવણ કરવા જાણે શ્રીહરિજ ન પધારતા હોય તેમ દર્શન આપે છે. કારણ કે ભગવાન પ્રિયશ્રવાઃ છે. પ્રભુને પોતાનું યશ પ્રિય છે. કીર્તન સાંભળવા શ્રીહરિ હૃદયમાં આવ્યા એટલે નારદજીને બે શ્રોતા મળ્યા-એક પ્રિયશ્રવા ભગવાન અને બીજા 'તીર્થપાદ' સંતો, જે ભગવાનના ચરણ કમલમાં બિરાજેલા છે. સાધવઃ જંગમં તીર્થમ્-સજ્જનો જંગમ તીર્થ છે. પિતા, માતા અને સંત એ ત્રણને તીર્થ ગણ્યાં છે. સાયુજ્ય મુક્તિ પામેલા સંત તીર્થો પ્રભુના ચરણમાં વસે છે, વળી ગાન કરતાં પ્રભુ હૃદયમાં વસે છે. તેથી પ્રભુ અને પ્રભુના ચરણમાં વસેલા સંતો એમ બન્ને શ્રોતાઓ મળે છે ને કીર્તનમાં નિરોધ થાય છે. ૩૪.

एतद्व्यातुरचित्तानां मात्रास्पर्शेच्छया मुहुः ।
भवसिन्धुप्लवो दृष्टो हरिचर्यानुवर्णनम् ॥ ३५ ॥
यमादिभिर्योगपथैः कामलोभहतो मुहुः ।
मुकुन्दसेवया यद्वत् तथाऽऽत्माद्धा न शाम्यति ॥ ३६ ॥

અન્વયાર્થ—**मात्रा**-સ્પર્શ-**इच्छया**-વિષય ભોગની ઇચ્છાથી, **मुहुः**-વારંવાર, **आतुर-चित्तानाम्**-વ્યગ્ર ચિત્તવાળા જીવોને, **एतत्**-આ, **हरिचर्या-अनुवर्णनम्**-શ્રીહરિનાં ચરિત્રોનું વર્ણન, **हि**-સાચેજ, **भव-सिन्धु-प्लवः**-સંસાર સાગર તરી જવા નૌકારૂપ, **दृष्टः**-જોયેલ છે. ૩૫. **मुहुः**-વારંવાર, **काम-लोभ-हतः**-કામ તથા લોભથી હણાયેલ, **आत्मा**-મન, **यद्वत्**-જેમ, **मुकुन्द-सेवया**-મુકુન્દની સેવાથી જેટલું, **शाम्यति**-શાન્ત થાય છે, **तथा**-તેટલું, **यम-आदिभिः**-યમ વગેરે, **योगपथैः**-યોગ માર્ગોથી, **अद्धा**-ખરેખર, **न शाम्यति**-શાન્ત થતું નથી. ૩૬.

અનુવાદ—**વિષય ભોગની ઇચ્છાથી વારંવાર દુઃખી થતા જીવોને માટે આ શ્રીહરિચર્યાનું વર્ણન એ સંસાર સાગર તરવા માટે નૌકારૂપ છે. એ જ્ઞાનીઓએ જોયું છે. વારંવાર કામ તથા લોભથી હણાયેલ મન, ભગવાન મુકુન્દની સેવાથી જેટલું શાન્ત થાય છે, તેટલું યમનિયમ વગેરે યોગ માર્ગોથી તે પ્રસન્નતા અનુભવતું નથી.** ૩૫, ૩૬.

તત્ત્વસુધા—**मात्रास्पर्शेच्छया**—વિષયોનો માનસ વિચાર અને કાયિક સ્વાદ જીવનને વિષ આપે છે. માત્રા શબ્દનો અર્થ થાય છે વિષયો. 'મા' એટલે માયા અને તેનું 'ત્રા' એટલે રક્ષણ કરનાર એવા વિષયો. માયા-આસક્તિ વિષયોમાંજ સમાવિષ્ટ થઈને વસે છે. વિષયોના માનસ અને કાયિક સ્પર્શથી દૂર રહેવામાં **हरिचर्यानुवर्णनम्** હરિચરણસેવા અને હરિ ચરિતામૃત પાન એકજ રસાયણ છે. વ્યાસજી એનું જ વિધાન કરે છે. ૩૫; **कामलोभ हतः**-વિકાર ગજબ શિકારી છે, એ વિવેકી માનવનો પણ કામ, લોભ ને શોકથી શિકાર કરે છે. કામ લોભનાં બીજ અંતઃકરણમાં છે. ક્રોધનાં બીજ બહારથી આવે છે, ને અંતઃકરણમાં પ્રવેશે છે માટે કામ લોભ દુર્જય દુશ્મન છે. કામી-લોભી મનના મરેલા છે. તેમને સંજીવની મુકુન્દ ચર્યા અને મુકુન્દ સેવાજ બની શકશે. યમ, નિયમ આદિ તો રસ્તા છે, જ્યારે સેવામાં સાક્ષાત્ મુકુન્દ પ્રસંગ છે. હૃદય તેથી સ્વયં શાન્ત થાય છે. ૩૬.

सर्वं तदिदमाख्यातं यत्पृष्टोऽहं त्वयानघ ।
जन्मकर्मरहस्यं मे भवतश्चात्मतोषणम् ॥ ३७ ॥

અન્વયાર્થ—**हे अनघ**-હે નિર્દોષ વ્યાસજી, **त्वया**-તમારાથી, **अहम्**-હું, **यत्**-જે, **पृष्टः**-પૂછાયો છું. **तत्**-તે, **सर्वम्**-બધું, **इदम्**-આ, **मे**-મારું, **जन्म-कर्म-रहस्यम्**-જન્મ તેમજ કર્મનું રહસ્ય, **च**-અને, **भवतः**-આપના, **आत्म-तोषणम्**-આત્મ સંતોષનું કારણ, **आख्यातम्**-કહી સંભળાવ્યું. ૩૭.

અનુવાદ—**હે નિર્દોષ વ્યાસજી, આપે મને જે પૂછેલું, મારા જન્મ-કર્મનું રહસ્ય અને આપના આત્મસંતોષનું કારણ તે સર્વ મેં કહી સંભળાવ્યું.** ૩૭.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્ત્વસુધા—સન્જનજીવનચરિત સંજીવન સરિત છે. એમાં પાન, સ્નાન, અવગાહન થતાં જીવન પથ-ભાન ને કર્તવ્યનું અનુસંધાન થાય છે. નારદજીએ પોતાના જીવનની સામાન્ય સ્થિતિમાં થયેલી દિવ્ય સ્થિતિનું દર્શન કરાવ્યું અને વ્યાસજીને વિનવ્યું કે આપની નજરે આપને દેવર્ષિ દેખાઉં છું પણ આ રીતનો સત્સંગ ને હરિ યશોગાનનું આ મંગલ સોપાન મને આ શ્રેણીમાં મૂકી ગયું છે. આપ અને અન્ય પણ તેનાજ અનુ-પાનથી ભગવાનને રાજી કરી શકશો. ૩૭.

सूत उवाच – एवं संभाष्य भगवान्नारदो वासवीसुतम् ।
आमन्त्र्य वीणां रणयन् ययौ यादृच्छिको मुनिः ॥ ३८ ॥

अहो देवर्षिर्धन्योऽयं यत्कीर्तिं[1] शार्ङ्गधन्वनः ।
गायन्माद्यन्निदं तन्त्र्या रमयत्यातुरं जगत् ॥ ३९ ॥

અન્વયાર્થ—**एवम्**–એ પ્રમાણે, **वासवी–सुतम्**–વ્યાસજીને, **संभाष्य**–કહીને, **यादृच्छिकः**–ઇચ્છા મુજબ વિહાર કરનારા, **भगवान् नारदः**–ભગવાન નારદ, **मुनिः**–મુનિ, **आमन्त्र्य**–હું જાઉં છું એમ કહીને, **वीणाम्**–વીણાને, **रणयन्**–વગાડતા, **ययौ**–ચાલી નીકળ્યા. ૩૮; **अहो !** અહો ! **अयम्**–આ, **देवर्षिः**–દેવર્ષિનારદ, **धन्यः**–ધન્યવાદને પાત્ર છે. **यत्**–કારણ કે જે, **शार्ङ्ग–धन्वनः**–શાર્ઙ્ગ ધનુષ્યને ધારણ કરનાર ભગવાનની, **कीर्तिम्**–કીર્તિને, **तन्त्र्या**–વીણા વડે, **गायन्**–ગાન કરતા, **माद्यन्**–આનંદમાં મસ્ત બનતા, **इदम्**–આ, **आतुरम्**–દુઃખી, **जगत्**–જગતને, **रमयति**–આનંદ ઉપજાવે છે. ૩૯.

અનુવાદ—એ પ્રમાણે વ્યાસજીને કહીને ઇચ્છા મુજબ વિહાર કરનારા, સર્વ સંકલ્પોથી રહિત, ભગવાન નારદ મુનિ "હું જાઉં છું" એમ અનુમોદન માગી વીણા વગાડતા ચાલી નીકળ્યા. ૩૮; અહો! આ દેવર્ષિ નારદને ધન્ય છે કે જે ભગવાન શાર્ઙ્ગધનુષ્યધારીની કીર્તિને પોતાની વીણા વડે ગાતા, આનંદમાં મસ્ત થતા, આ દુઃખી જગતને આનંદ ઉપજાવી રહ્યા છે. ૩૯.

તત્ત્વસુધા—વિરહ વ્યથા સામે વિવેકી કોઇ નથી. વેદાન્ત વાક્યો પણ સીમિત દેશ સુધીજ અસર કરે છે. "વિયોગ વ્યાધિ સહુને સતાવે, વેદાન્ત વાક્યો નહિ કામ આવે." નારદજીને સ્વાગતે સન્મુખ ગયેલ મહર્ષિજી વિદાયમાન આપવા ન ગયા. અનુસંધાન જ ન રહ્યું. मिलत एक दुःख दारुण देही। विछुरत एक प्राण हरी लेही ॥ વ્યાસજીનો એ અવિનય નથી. એમ વાસવી સુતમ્ પદથી સૂચવ્યું. નારદજીએ અનુમોદન માગ્યું અને અશ્રુ એકજ ત્યાં અનુમોદન કે અવરોધન કરનારાં રહ્યાં. વિયોગની મૂડી આંસુ ના ખૂટે, ના તૂટે, ને ધૈર્ય છૂટે ત્યારે તે એકજ આવીને ઓથ દે ને અપનાવી લે. ૩૯.

શ્રીમદ્ ભાગવતના પ્રથમ સ્કંધની તત્ત્વસુધા ટીકાનો છઠ્ઠો અધ્યાય સંપૂર્ણ.

---

१. कीर्तिम्, इति पाठः ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અધ્યાય સાતમો

૧૩

ઉત્તમ કક્ષાના શ્રોતા અને વક્તાના અધિકારનો પરિચય આ તેર અધ્યાયોમાંથી મળશે. પરીક્ષિત રાજા અને શ્રીશુકદેવજી ઉત્તમ શ્રોતા વક્તા છે. પરીક્ષિતનો જન્મ અને શ્રીશુકદેવજીનું ગંગાતટ પરની સભામાં આગમન આ પ્રકારમાં છે. જીવનનાં બાર અંગો અને તેરમો આત્મા ભગવાનને માટે વિનિયોગ પામવાં જોઈએ. દેહ, દ્રવ્ય, પરિવાર વગેરે બારે અંગોની વપરાશ પવિત્ર રીતે, પવિત્ર કાર્યમાં, પરહિત કાર્યમાં વપરાય, ત્યારેજ તે સર્વ સાર્થક બને છે; અને મનુષ્યને પણ ત્યારેજ સાચી શાંતિ મળે છે. ઉત્તમ પ્રકારના ૧૩ અધ્યાયોનું એક એ પણ તાત્પર્ય છે કે ભગવાનનાં ૧૨ અંગો અને તેરમા અંગી ભગવાનમાં જે વક્તા-શ્રોતા તન્મય હોય તેને ઉત્તમ અધિકારી માન્યા છે. તેર અધ્યાયોમાં પ્રેરક અને બોધક અનેક પ્રસંગો આવે છે.

આ પ્રકારના આરંભના આ સાતમા અધ્યાયમાં **શ્રીમદ્ ભાગવત**નો આવિર્ભાવ, પ્રચાર અને ભક્તોના મનોરથની પૂર્તિ વર્ણવી છે. દ્રૌપદી, યુધિષ્ઠિર આદિ ભક્તો અશ્વત્થામાને મુક્ત કરવા ચાહે છે. એ ભક્તનો નિર્વૈર ભાવ છે. ભીમસેન પણ ભક્ત છે, છતાં 'શાસ્ત્ર' માં માને છે, તેથી અશ્વત્થામાને દંડ દેવા ચાહે છે. એ બન્નેના મતનું સન્માન આ અધ્યાયમાં થયું છે. ખરી રીતે બદલો લેવા કરતાં દુશ્મનને બદલી દેવો અને દોસ્ત કરી લેવો એજ ભક્તિ કે પ્રેમનો વિજય છે. અશ્વત્થામાનો અનાદર, શિખા છેદન અને મણિ હરણ ન કર્યાં હોત, તો વૈર ત્યાંજ વિરામ પામત અને ગર્ભગત પરીક્ષિત ઉપર અશ્વત્થામા બ્રહ્માસ્ત્ર ન યોજત, પણ પ્રભુ ઇચ્છા સર્વત્ર નિયામિકા છે.

शौनक उवाच – निर्गते नारदे सूत भगवान्बादरायणः ।
श्रुत्वा तु तदभिप्रेतं[1] ततः किमकरोद्विभुः ॥ १ ॥

અન્વયાર્થ—હે સૂત-હે સૂતજી, **નારદે**-નારદજી, **નિર્ગતે**-ચાલ્યા ગયા, **ततः**-ત્યારપછી, **तद्-अभिप्रेतम्**-તેમના અભિપ્રાયને, **श्रुत्वा**-સાંભળીને, **विभुः**-સમર્થ, **भगवान् बादरायणः**-ભગવાન વેદ વ્યાસજીએ, **तु**-તો, **किम्**-શું, **अकरोत्**-કર્યું. ૧.

અનુવાદ—**શૌનક ઋષિએ કહ્યું-સૂતમુનિ, નારદજી ચાલ્યા ગયા ત્યાર પછીથી તેમના અભિપ્રાયને સાંભળીને સમર્થ ભગવાન વ્યાસ મહર્ષિએ શું કર્યું તે તો આપ કહો.** ૧.

તત્ત્વસુધા—શૌનક ઉવાચ- શ્રોતાની જિજ્ઞાસા, પિપાસા, શ્રદ્ધા અને આદર વક્તામાં ઉત્સાહ વધારે છે. પરિણામે કથા સરિતાના પ્રવાહમાં ભરતી આવે છે. એ આ અધ્યાયના આરંભમાં શૌનક મુનિના પ્રશ્નથી દેખાય છે. બાદરાયણઃ-વક્તા તપસ્વી અને ત્યાગરત હોય તોજ ઉત્તમ તત્ત્વ રસ મળે. વ્યાસજી 'ભોર' ખાઈ નિર્વાહ કરતા. એ એમનો તપ અને ત્યાગ છે. તેથી બાદરાયણ નામ આપ્યું. ૧.

सूत उवाच – ब्रह्मनद्यां सरस्वत्यामाश्रमः पश्चिमे तटे ।
शम्याप्रास इति प्रोक्त ऋषीणां सत्रवर्धनः ॥ २ ॥
तस्मिन् स्व आश्रमे व्यासो बदरीषण्डमण्डिते ।
आसीनोऽप उपस्पृश्य मनः प्रणिदधौ[2] स्वयम् ॥ ३ ॥

અન્વયાર્થ—**ब्रह्मनद्याम्**-બ્રહ્મ નદી એવી, **सरस्वत्याम्**-સરસ્વતીમાં, **पश्चिमे-तटे**-પશ્ચિમના તટ ઉપર, **ऋषीणाम्**-ઋષિઓના, **सत्रवर्धनः**-સત્રને વધારનારો, **शम्याप्रासः-इति**-શમ્યાપ્રાસ નામનો,

१ श्रुतवांस्तदभिप्रेतम् इति पाठः २. प्रणिदध्यौ मनः स्वयम् इति पाठः

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આશ્રમઃ-આશ્રમ, પ્રોક્તઃ-કહ્યો છે. ૨. તસ્મિન્-તેમાં, બદરી-ષણ્ડ-મણ્ડિતે-બોરડીનાં વૃક્ષોથી સુશોભિત, સ્વે આશ્રમે-પોતાના આશ્રમમાં, આસીનઃ-બેઠેલા, વ્યાસઃ-શ્રીવ્યાસજી, અપઃ-જળને, ઉપસ્પૃશ્ય-સ્પર્શ કરીને-આચમન કરીને, સ્વયમ્-પોતે, મનઃ-મનને, પ્રણિદધૌ-સ્થિર કરતા હતા. ૩.

અનુવાદ—સૂતજીએ કહ્યું—બ્રહ્મલોકમાંથી પ્રકટેલ અને બ્રાહ્મણોથી વીંટળાયેલ સરસ્વતી નદીના પશ્ચિમ તટ ઉપર ઋષિઓના સત્ર કર્મોની વૃદ્ધિ કરનારો શમ્યાપ્રાસ નામે એક પ્રસિદ્ધ આશ્રમ છે. તેમાં બોરડીનાં વૃક્ષોના સમૂહથી સુશોભિત એવા પોતાના શમ્યાપ્રાસ નામના આશ્રમમાં બેઠેલા શ્રીવ્યાસજીએ જળનું આચમન કરીને સમાધિમાં નિજ મનને સ્થિર કર્યું. ૨; ૩.

તત્ત્વસુધા—નારદજીના સત્સંગની અને નારદજીના વિયોગની મિશ્ર અસરથી વ્યાસ મહર્ષિ વધુ અન્તર્મુખ થયા અને સમાધિમાં બેઠા. સમાધિની સફલતા માટે એકાન્ત, શાન્ત, પવિત્ર અને સાત્વિક દેશ, તેમજ બ્રાહ્મ મુહૂર્ત સમય અત્યંત આવશ્યક છે. ब्रह्मनद्यां सरस्वत्याम् પદોથી દેશનું મહત્ત્વ વર્ણવે છે. બ્રહ્માજી એનો દેવ છે, અને બ્રહ્મર્ષિઓ એના કિનારે વસે છે. તેથી તે સરસ્વતી નદીને બ્રહ્મનદી તરીકે ઓળખાવી છે. બ્રહ્માજીને ત્યાંથીજ બ્રહ્મવિદ્યા રૂપી સરસ્વતીનો પ્રાદુર્ભાવ થયો છે. બ્રહ્મર્ષિઓ પણ બ્રહ્મવિદ્યાને કિનારેજ નિત્ય વસે છે. ब्रह्मनद्याम्-એ સપ્તમી વિભક્તિ છે. નદીના કિનારે આશ્રમ છે, એવું બોલાય, પરંતુ નદીમાં આશ્રમ છે એવું બોલ્યા. તેથી પ્રવાહની તદ્દન સમીપમાં આશ્રમ છે એમ જણાવી વાતાવરણની પૂર્ણ સાત્વિકતા, પવિત્રતા અને પ્રેરણાદાયિતા પણ સૂચવી. તૈત્તરીય ઉપનિષદના છઠ્ઠા અષ્ટકમાં લખેલ છે કે "पुरतो नदी देवयजने भवति पुरो ह विश्व तद्देवयजनम्". જ્યાં દેવયજન હોય ત્યાં પૂર્વભાગમાં નદી હોવી જોઇએ. યજન કરનાર ઋષિ પ્રાતઃકાલમાં ઉઠી કાંઇપણ બોલ્યા વિના અગ્નિ, જલ અને સૂર્યનાં દર્શન કરે છે. વ્યાસજીનો આશ્રમ તેથીજ બ્રહ્મ નદીના પશ્ચિમ કિનારા પર છે. 'શમ્યાપ્રાસ' એ આશ્રમનું નામ છે. 'શમ્યા' એ એક યજ્ઞકાર્યમાં ઉપયોગમાં આવતા શમીવૃક્ષના કાષ્ઠમાંથી બનાવેલા ગદાના આકારના 'ઉપકરણ' નું નામ છે. સોમવલ્લીના રસને કાઢવામાં તેનો ઉપયોગ થાય છે. તે 'શમ્યા' નામના કાષ્ઠને ખૂબ જોરથી દૂર ફેંકવામાં આવે. એ શમ્યા જ્યાં પડે ત્યાં ગાર્હસ્થ્ય નામનો યજ્ઞકુંડમાંનો અગ્નિનો અંગારો પણ ઉડીને પડે તો તે ભૂમિ પવિત્ર મનાય. શમ્યા જ્યાં પડી ત્યાંજ તે અંગાર પણ પડ્યો, તેથી શમ્યાપ્રાસ નામ પાડ્યું. અથવા શમ્યાના પડવાના સ્થાનથી પણ આગળ દૂર દેશમાં અગ્નિ જાય છે તેથી પણ શમ્યાપ્રાસ કહેવાય છે. અથવા શમ્યા જે સ્થાનમાંથી ફેંકાય તેને પણ શમ્યાપ્રાસ કહેવાય છે. એ સ્થાનની વિશિષ્ટતા છે કે ઋષિઓના સત્રની સફળતા અને મહત્ત્વને વધારે છે. शम्याः प्रास्यते परिध्यर्थे अस्मिन् इति शम्याप्रासः। शमिनः प्रकर्षेण आसते इति शम्याप्रासः शमप्रधान ઋષિઓનું નિવાસ ધામ છે.

सत्रवर्धनः सतः सज्जनान् त्रातीति सत्रः श्रीहरिः तेन वर्ध्यते स्वसमुपस्थित्या इति सत्रवर्धनः સજ્જનોની રક્ષા કરનાર શ્રીહરિ ત્યાં નિવાસ કરી સર્વની વૃદ્ધિ કરે છે. તેથી આશ્રમને સત્રવર્ધન માન્યો છે.

बदरी खंड मंडिते-'બદરી' પરમાનંદને આપનારી છે. અમૃતની દરી છે. यस्य दरी बदरी એવી વ્યુત્પત્તિ થાય છે. વ્યાસજી એ આશ્રમમાં સમાધિમાં બેઠા. ત્રણ વખત આચમન કરવાથી વેદની ત્રણ ઋચાઓ પ્રસન્ન થાય છે. 'यः त्रिः आचामति तेन ऋचः प्रीणाति' श्रुतिः। ૨; ૩.

भक्तियोगेन मनसि सम्यक् प्रणिहितेऽमले ।
अपश्यत्पुरुषं पूर्णं[1] मायां च तदुपाश्रयाम्[2] ॥ ૪ ॥
यया सम्मोहितो जीव आत्मानं त्रिगुणात्मकम् ।
परोऽपि मनुतेऽनर्थं तत्कृतञ्चाभिपद्यते ॥ ૫ ॥

१ पूर्वम्-प्रा. पाठ : २. तदपाश्रयाम्-प्रा पाठ :

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—**ભક્તિયોગેન**-ભક્તિયોગથી, **સમ્યક્**-સારી રીતે, **પ્રણિહિતે**-સ્થિર કરેલા, **અમલે**-વિશુદ્ધ એવા, **મનસિ**-મનમાં, **પૂર્ણમ્**-પુરુષમ્-પૂર્ણ પુરુષને, **ચ**-અને, **તદ્**-ઉપાશ્રયામ્-તે પૂર્ણ પુરુષના આશ્રયે રહેલી, **માયામ્**-માયાને, **અપશ્યત્**-જોઈ ૪; **યયા**-જે માયાથી, **સમ્મોહિતઃ**-મોહ પામેલો, **જીવઃ**-જીવ, **પરઃ-અપિ**-માયાથી પર છતાં, **આત્માનમ્**-પોતાને, **ત્રિગુણ-આત્મકમ્**-ત્રણ ગુણોવાળો, **મનુતે**-માને છે, **ચ**-અને, **તત્કૃતમ્**-તે ગુણત્રયના કરેલા, **અનર્થમ્**-અનર્થને, **અભિપદ્યતે**-પ્રાપ્ત થાય છે. ૫.

અનુવાદ—**ભક્તિ માર્ગથી સુસ્થિર કરવામાં આવેલા વિશુદ્ધ મનમાં પૂર્ણ પુરુષોત્તમનું દર્શન કર્યું, તેમજ તેમના આશ્રયે રહેલી માયાને જોઈ. જે માયાથી મોહ પામેલ જીવ માયાથી પર હોવા છતાં પોતાને ત્રણ ગુણ વાળો માને છે, અને તેને લીધે થતા અનર્થને પ્રાપ્ત થાય છે.** ૪; ૫.

તત્ત્વસુધા—વ્યાસજીએ સમાધિમાં ભગવત્સાક્ષાત્કાર કર્યો. પુરુષ શબ્દના વિશેષણમાં પૂર્ણ અને પૂર્ણ એવા બે પાઠ છે. પૂર્ણ પાઠનો સ્વીકાર થાય ત્યાં પ્રથમ ભગવદ્ દર્શન થયું. પછીથી માયા અને પદાર્થોનું દર્શન થયું જેથી માયાનો મોહ ન થયો, એવો અર્થ થશે. પૂર્ણ પાઠ સ્વીકારતાં પુરુષનું-જીવનું દર્શન નથી થયું. પરંતુ પૂર્ણ પુરુષનું દર્શન થયું છે, એવો અર્થ થશે. બુદ્ધિમાં પ્રથમ પ્રતિબિમ્બ અને સંસ્કાર પડે તે લોપાય નહિ. ૪; ૫.

अनर्थोपशमं साक्षाद्भक्तियोगमधोक्षजे ।
लोकस्याऽजानतो विद्वाँश्चक्रे सात्वतसंहिताम् ॥ ६ ॥
अस्यां[1] वै श्रूयमाणायां कृष्णे परमपूरुषे ।
भक्तिरुत्पद्यते पुंसः शोकमोहभयापहा ॥ ७ ॥
स संहितां भागवतीं कृत्वाऽऽनुक्रम्य चाऽऽत्मजम् ।
शुकमध्यापयामास निवृत्तिनिरतं मुनिः ॥ ८ ॥

અન્વયાર્થ—**વિદ્વાન્**-જ્ઞાની શ્રીવ્યાસજી, **અનર્થ-ઉપશમમ્**-અનર્થોને શાન્ત કરનારા, **અધઃ-અક્ષજે**-ઇન્દ્રિય અતીત પરમાત્મામાં, **સાક્ષાત્**-પ્રત્યક્ષ, **ભક્તિયોગમ્**-ભક્તિયોગને, **અજાનતઃ**-ન જાણનારા, **લોકસ્ય**-જગતને માટે, **સાત્વત-સંહિતામ્**-શ્રીમદ્ ભાગવત સંહિતાને, **ચક્રે**-રચી. ૬; **વૈ**-ખરેખર, **અસ્યામ્**-આ સંહિતાના, **શ્રૂયમાણાયામ્**-શ્રવણ કરવામાં આવતાં, **પરમ**-પૂરુષે-શ્રેષ્ઠ પુરુષ એવા, **કૃષ્ણે**-શ્રીકૃષ્ણમાં, **પુંસઃ**-પુરુષની, **શોક-મોહ-ભય-અપહા**-શોક, મોહ તથા ભયનો નાશ કરનારી, **ભક્તિઃ**-ભક્તિ, **ઉત્પદ્યતે**-ઉત્પન્ન થાય છે. ૭; **સઃ**-તે, **મુનિઃ**-શ્રીવ્યાસમહર્ષિ, **ભાગવતીમ્**-' શ્રીમદ્ ભાગવત ' નામની, **સંહિતામ્**-સંહિતાને, **કૃત્વા**-કરીને, **ચ**-અને, **અનુક્રમ્ય**-ક્રમસર ગોઠવીને, **નિવૃત્તિ-નિરતમ્**-મોક્ષ માર્ગમાં આસક્ત એવા, **આત્મજમ્**-આત્મજ, **શુકમ્**-શ્રીશુકદેવજીને, **અધ્યાપયામાસ**-ભણાવી. ૮.

અનુવાદ—**સાક્ષાત્ ભગવાનમાં કરેલો ભક્તિ યોગ દરેક અનર્થોને શાંત કરનાર છે. લોક તેને જાણતો નથી; તેથી વિદ્વાન વ્યાસજીએ આ શ્રીમદ્ ભાગવત સંહિતાની રચના કરી.** ૬; **ખરેખર આ શ્રીમદ્ ભાગવતનું શ્રવણ કરવામાં આવે તો તે પુરુષને શ્રીકૃષ્ણ ભગવાનમાં શોક મોહ તથા ભયનો નાશ કરનારી ભક્તિ ઉત્પન્ન થાય છે.** ૭; **મહામુનિ શ્રીવ્યાસમહર્ષિએ શ્રીમદ્ ભાગવત સંહિતાને રચી અને અનુક્રમે ગોઠવીને નિવૃત્તિ માર્ગમાં નિરંતર રસવાળા, પોતાના પુત્ર શ્રીશુકદેવજીને ભણાવી.** ૮.

તત્ત્વસુધા—**અનર્થોપશમં સાક્ષાત્**-માયાથી સંમોહ થાય છે, અને સંમોહથી અનર્થો જન્મે છે. જન્મમરણાદિને અનર્થ માન્યા છે. અનર્થોની નિવૃત્તિમાં ભક્તિ સાક્ષાત્ ઉપકારક બને છે. લોકને તેની સમજ ન હતી.

૧. यस्यां इति पाठः

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વ્યાસજીએ તે સમજ આપવા ભાગવત સંહિતાની રચના કરી. ૬; अस्यां वै-આત્મ વિશ્વાસ સૂચક વૈ અવ્યય છે. સમાધિમાં ત્રણ વસ્તુનું વ્યાસજીએ તે અવલોકન કર્યું છે. એક ભગવદ્દર્શન, બીજું માયાથી મોહ અને ત્રીજું ભક્તિથી જીવ માયાની નિવૃત્તિ. શોક માટે 'હું પ્રભુનો છું' એ વિશ્વાસથી મોહ હટે પ્રભુના દર્શનથી અને ભય જય સર્વ વસ્તુના સમર્પણથી. આ ત્રણ માર્ગદર્શન ભાગવતથી આવ્યાં. ૭. શુકમધ્યાપયામાસ-સમાધિમાં ભગવત્સાક્ષાત્કારથી મેળવેલી આ ભક્ત સંહિતને ક્રમબદ્ધ ગોઠવી. સમાધિમાં તો એકજ ક્ષણમાં સર્વ લીલાઓની ઝાંખી થઈ; પરંતુ સંકલના કરી રજૂ કરતાં તેની મહત્તા સમજાય છે. કુલ છાબમાંના કુસુમોને એક સૂત્રમાં મૂકતાં માલા બને, અને તે કંઠમાં વસે. તેમ આ હરિ ચરિત કુસુમ માલાને પણ અબુધ ભક્ત જ્ઞાની અને યોગીના કંઠમાં અને જીવનમાં વસે તેવી કલામય રીતે સંકલિત કરી. ૮.

शौनक उवाच— स वै निवृत्तिनिरतः सर्वत्रोपेक्षको मुनिः ।
कस्य वा बृहतीमेतामात्मारामः समभ्यसत् ॥ ९ ॥

અન્વયાર્થ—**વૈ**-ખરેખર, **નિવૃત્તિ-નિરતઃ**-નિવૃત્તિ માર્ગમાં પરાયણ, **સર્વત્ર**-સર્વ સ્થળે, **ઉપેક્ષકઃ**-ઉદાસીન વૃત્તિવાળા, **મુનિઃ**-મનનશીલ, **આત્મારામઃ**-આત્મારામ, **સઃ** તે શ્રીશુકદેવજી, **કસ્ય-વા**-કયા એવા કારણને લીધે, **બૃહતીમ્**-મોટી, **એતામ**-આ સંહિતાને, **સમભ્યસત્**-શીખ્યા. ૯.

અનુવાદ—**શ્રીશૌનકે પૂછયું કે નિવૃત્તિ માર્ગ પરાયણ, અન્ય પ્રસંગોમાં ઉદાસીન રહેનારા, મનનશીલ અને આત્મારામ તે શ્રીશુકદેવજી, આ વિસ્તૃત શ્રીમદ્ ભાગવત સંહિતાને કયા કારણસર ભણ્યા ? ૯.**

તત્ત્વસુધા—શ્રીશુકદેવજી નિવૃત્તિ પરાયણ, ઉપેક્ષા વૃત્તિ વાળા મૌન વૃત્તિ વાળા અને આત્મારામ સ્વભાવના હતા. નિવૃત્તિમાં રસ લેનારને પાઠમાં રસ કેમ આવે ? ઉપેક્ષાવૃત્તિને અભ્યાસ કેમ રૂચે ? મુનિની પ્રવચનની પ્રવૃત્તિ કયાંથી ? આત્મારામ કોઈને મળેજ શું કામ ? તો પછી ભાગવત ભણ્યા શાથી ? અને પ્રવચન કીધાં શાથી ? ૯.

सूत उवाच — आत्मारामाश्च मुनयो निर्ग्रन्था अप्युरुक्रमे ।
कुर्वन्त्यहैतुकीं भक्तिमित्थम्भूतगुणो हरिः ॥ १० ॥
हरेर्गुणाक्षिप्तमतिर्भगवान् बादरायणिः ।
अध्यगान्महदाख्यानं नित्यं विष्णुजनप्रियः ॥ ११ ॥

અન્વયાર્થ—**આત્મારામાઃ**-આત્મારામ, **ચ**-અને, **નિર્ગ્રન્થાઃ**-સંસાર ગ્રન્થીઓથી નિવૃત્ત થયેલા, **મુનયઃ**-મુનિજનો, **અપિ**-પણ, **ઉરુક્રમે**-શ્રેષ્ઠ પરાક્રમવાળા પરમેશ્વરમાં, **અહૈતુકીમ્**-હેતુ રહિત, **ભક્તિમ્**-ભક્તિને, **કુર્વન્તિ**-કરે છે, **ઇત્થમ્-ભૂતગુણઃ**-આવા પ્રકારના ગુણોવાળા, **હરિઃ**-શ્રીહરિ છે. ૧૦; **હરેઃ**-ભગવાનના, **ગુણ-આક્ષિપ્ત-મતિઃ**-ગુણોથી આકર્ષાયેલ મતિમાન્ **નિત્યમ્**-નિત્ય, **વિષ્ણુ-જન-પ્રિયઃ**-ભગવદ્ ભક્ત જન પ્રિય, **ભગવાન્**-ષડ્ગુણસંપન્ન, **બાદરાયણિઃ**- શ્રીશુકદેવજી, **મહત્**-મોટા, **આખ્યાનમ્**-કથાને, **અધ્યગાત્**-ભણ્યા. ૧૧.

અનુવાદ—**શ્રીસૂતજીએ ઉત્તર આપ્યો-આત્મામાં રમણ કરનારા, અહંતા મમતાની ગ્રન્થિ વિનાના, મનન શીલ મુનિઓ પણ ઉરુક્રમ ભગવાનમાં નિષ્કામ ભક્તિ કરે છે; કારણ કે એવા ગુણોવાળા શ્રીહરિ છે. ૧૦, હરિ ભગવાનના ગુણોથી આકર્ષાયેલ, મતિમાન અને નિરંતર ભગવદ્ ભક્ત જન પ્રિય એવા ષડ્ઐશ્વર્ય સંપન્ન શ્રીશુકદેવજીએ શબ્દાર્થ ગૌરવથી પૂર્ણ એવા આ મહાન્ શ્રીમદ્ ભાગવત નામના આખ્યાનનું અધ્યયન કર્યું. ૧૧.**

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્ત્વસુધા—શ્રી શૌનક માને છે કે કેટલાક નવીન શું હશે ? એ જ્ઞાન માટે ભણે, કેટલાક જીવન નિર્વાહના સાધન માટે ભણે અને કેટલાક જ્ઞાન માટેજ ભણે. આ ત્રણે હેતુ તો શુકદેવજીમાં નથી, છતાં કેમ ભણ્યા ? એથી ઉપરના શ્લોકમાં પ્રશ્ન કર્યો. સૂત મુનિએ સમાધાન કર્યું કે એ ત્રણે ભૂમિકાથી પર શુકદેવજી હતા; તો પણ ભણ્યા, ગાન કર્યું અને પાગલ બન્યા. આકંઠ મિષ્ટાન્નતૃપ્તને તાંબુલમાં અત્યંત અભિરુચિ છે, કારણ કે પાચક પોષક અને પાવન રસ છે, તેમ શ્રીમદ્ ભાગવત આત્મારામ, મૌન સેવી અને મુક્ત મહાત્માઓને માટેનો અતિશય પ્રિય હરિ રસ છે. ૧૦.

એકાન્તસેવી શ્રીશુકદેવજી કેવલ શ્રીમદ્ ભાગવતના બે શ્લોકનાં જ શ્રવણથી આદર યુકત થયા. તેમાં રહેલી જ્ઞાનની સરસતા, તત્ત્વ સમજવાની સરસતા, સ્વાદની મધુરતા, અને સર્વની હિત કારિતા જોતાંજ મુગ્ધ થયા. ભગવદ્ ભક્તોને આ પરબેથી હરિ રસ મળશે, વિષયાસકતોને વિષય મોહ મળશે, અને આત્મ જ્ઞાનની જિજ્ઞાસા ફળશે. એ નિશ્ચય થયો અને ભણ્યા. ભગવાન્ અને બાદરાયણિ: એ બે શુકદેવજીનાં વિશેષણ છે. ભગવાન શબ્દથી શ્રીશુકદેવજી મહાદેવજીના અવતાર છે, એ બતાવ્યું છે. દ્વૈપાયનાત્ શુકો જજ્ઞે ભગવાનેવ શંકરઃ આવું વાક્ય કૂર્મ પુરાણમાં મળે છે. શિવજી જ્ઞાનનો અવતાર છે, અને વિશ્વને જ્ઞાન આપવાનો તેમનો સહેજ સ્વભાવ છે. શ્રીમદ્ ભાગવત જ્ઞાનનો ભંડાર છે. તેથી જ શુકદેવ રૂપે ભૂમિ ઉપર શ્રીમદ્ ભાગવત ગાવા આવ્યા, બાદરાયણ વ્યાસ વિષ્ણુનો અવતાર છે. તેમણે ભાગવતને રુચિકર રીતે રચ્યું. બાદરાયણ શુકદેવે ગાયું. ૧૧.

परीक्षितोऽथ राजर्षेर्जन्मकर्मविलापनम् ।
संस्थां च पाण्डुपुत्राणां वक्ष्ये कृष्णकथोदयम् ॥ १२ ॥

અન્વયાર્થ—**अथ**-હવે, **राजर्षेः**-રાજર્ષિ, **परीक्षितः**-પરીક્ષિત રાજાના, **जन्म**-જન્મ, **कर्म**-કર્મ, **विलापनम्**-અન્ત, **च**-અને, **पाण्डु-पुत्राणाम्**-પાંડવોના, **संस्थाम्**-સ્વર્ગારોહણને, **कृष्ण-कथा उदयम्**-જે શ્રી કૃષ્ણ ચરિત્રના ઉદયથી પૂર્ણ છે તેને, **वक्ष्ये**-(હું) કહીશ. ૧૨.

અનુવાદ—**પરીક્ષિત રાજાનાં જન્મ, કર્મ અને મોક્ષની હકીકત તેમજ પાંડવોના સ્વર્ગારોહણની કથા કહીશ, જેમાં ભગવાન શ્રીકૃષ્ણનાં ચરિતોનો ઉદય રહેલો છે. ૧૨.**

તત્ત્વસુધા—ચોથા અધ્યાયના આરંભથી ૭ મા અધ્યાયના ૧૧મા શ્લોક સુધીમાં શ્રીમદ્ ભાગવતની રચનાનો સમય, રચનાનું પ્રયોજન, રચનાનું સ્થાન, રચનાર કોણ, શુકદેવજીનું અધ્યયન અને વ્યાખ્યાનને લગતા પ્રશ્નોના સમાધાનથી ગ્રન્થ, ગ્રન્થ કર્તાનો અને ગ્રન્થ પ્રવચન કર્તાનો પરિચય આપ્યો. હવે શ્રોતાના જીવન અને શ્રવણ અને શ્રવણને લગતા પ્રશ્નના ખુલાસા માટેનો પ્રસંગ આરંભે છે. જો કે આ સાતમા અધ્યાયથી બારમા અધ્યાય સુધીમાં પાંચ અધ્યાયોમાં વર્ણવેલા વિષયોમાં શ્રોતા પરીક્ષિતના જીવનની કોઈ ચર્ચા નથી; પરંતુ પૂર્વજોની કથા છે. તેથી એમ લાગે કે પૂછેલી વાતના સમાધાનને બદલે બીજી વાત ઉપર ચાલ્યા ગયા; પરંતુ તેમ નથી. શ્રોતાની પંચાગ્નિ તપની ઉપાસના સમા આ અધ્યાયોમાં માતૃ પરંપરા શુદ્ધિ, અન્ન શુદ્ધિ, આત્મ શુદ્ધિ અને સંગ શુદ્ધિનાં નિરૂપણ છે. જે ત્રણ પૂર્વજોને મુક્ત ન કરે તેને મુક્તિમાં પ્રવેશ ન મળે. તેમજ જે લોકઋણ, દેવઋણ, પિતૃઋણમાંથી મુક્ત ન થાય તેને પણ મુક્તિમાર્ગમાં પ્રવેશ ન મળે. પરીક્ષિતના ત્રણ પૂર્વજો પાંડુ, પાંડવો અને અભિમન્યુ મુક્ત થયા છે. પોતે પણ ત્રણ ઋણમાંથી મુક્ત છે એ પ્રસંગથી બતાવ્યું છે.

સાતમા, આઠમા અને નવમા અધ્યાયોમાં સ્તુતિઓ છે. सुखे दुःखे तथा मुक्तौ त्रिविधं स्तोत्रमुच्यते। સુખ, દુઃખ અને દેહલયના કાળમાં સ્તુતિ કરવી. સ્તુતિ સુખમાં સન્મતિ, દુઃખમાં ધીરજ અને દેહલયમાં હરિદર્શન થાય. દુઃખ અને દેહલયમાં તો ગરજ, ભયથી પણ સ્તુતિ થાય છે, જ્યારે સુખમાં સર્વ કોઈ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સ્તુતિ અને સન્માર્ગને ભૂલી જાય છે. ૭ માં અધ્યાયમાં બ્રહ્માસ્ત્રથી પીડિત અર્જુનની સ્તુતિ છે. ૮ મા અધ્યાયમાં ઉત્તરાની દુઃખકાલની સ્તુતિ અને કુન્તીજીની સુખકાલની સ્તુતિ છે. ૯ માં અધ્યાયમાં ભીષ્મની મુક્તિ કાલની સ્તુતિ છે. આ સ્તુતિ પ્રસંગોથી પરીક્ષિતની માતૃપરંપરા અને પિતૃપરંપરાની શુદ્ધિ વર્ણવી છે. રાજસૂય યજ્ઞ કરી, પ્રજાને સુખી કરી, હકનું રાજ્ય પાંડવો ભોગવે છે. તેથી અન્ન શુદ્ધિ બતાવી છે. પરીક્ષિતનો બ્રહ્માસ્ત્રથી દાહ અને પુનર્જીવનથી આત્મશુદ્ધિ સમજાવી છે. શ્રીમદ્ ભાગવત શ્રવણથી સંગ શુદ્ધિનું કથન છે. માટે પાંચ અધ્યાયો શ્રોતાના પંચ વિધ શુદ્ધિને દર્શાવનારા આવશ્યક છે; તેથી તેનું નિરૂપણ કરી ૧૨ મા અધ્યાયથી પરીક્ષિતનો જન્મ, જીવન અને શ્રીમદ્ ભાગવતનું શ્રવણ વગેરે ચર્ચાશે. અધ્યાયના ઉત્તમ પ્રકારની સમાપ્તિ થશે. ૧૨.

यदा मृधे कौरवसृञ्जयानां वीरेष्वथो वीरगतिं गतेषु ।
वृकोदरा विद्धगदाभिमर्षभग्नोरुदण्डे — धृतराष्ट्रपुत्र ॥ १३ ॥
भर्तुः प्रियं द्रौणिरिति स्म पश्यन्कृष्णासुतानां स्वपतां शिरांसि ।
उपाहरद्विप्रियमेव तस्य जुगुप्सितं कर्म विगर्हयन्ति ॥ १४ ॥

અન્વયાર્થ—અથ–હવે, **યદા**–જ્યારે, **કૌરવ-સૃઞ્જયાનામ્**–કૌરવ અને સૃંજયોના, **મૃધે**–યુદ્ધમાં, **વીરેષુ**–વીર પુરુષો, **વીરગતિમ્**–વીરગતિને, **ગતેષુ**–પામ્યા, અને **ધૃતરાષ્ટ્ર પુત્રે**–ધૃતરાષ્ટ્ર પુત્ર દુર્યોધન, **વૃકોદર**–**આવિદ્ધ**-**ગદા**-**અભિમર્ષ**–**ભગ્ન**–**ઉરુદણ્ડે**–ભીમસેને કરેલા ગદાના પ્રહારથી ભાંગેલી સાથળવાળો થયો ત્યારે. ૧૩; **દ્રૌણિઃ**–દ્રૌણ પુત્ર–અશ્વત્થામા, **ભર્તુઃ**–સ્વામીનું, **પ્રિયમ્ ઇતિ**–પ્રિય છે એમ, **પશ્યન્**–જોતો, **સ્વપતામ્**–સૂતેલા, **કૃષ્ણા**–**સુતાનામ્**–દ્રૌપદીના પુત્રોનાં, **શિરાંસિ**–મસ્તકોને, **ઉપાહરત્ સ્મ**–છેદીને લઇ આવ્યા ત્યારે, **તસ્ય**–તેના, **તત્**–તે, **વિપ્રિયમ્**–અપ્રિય, **એવ**–સાચેજ, **જુગુપ્સિતમ્**–નિંદનીય, **કર્મ**–કૃત્યને, **વિગર્હયન્તિ**–નિંદે છે. ૧૪.

અનુવાદ—જ્યારે સંગ્રામમાં કૌરવ સૃંજયોના યુદ્ધમાં વીર પુરુષો વીરોચિત ગતિને પામ્યા ત્યારે, અને ભીમસેનની ગદાના પ્રહારથી દુર્યોધનની સાથળ ભાંગી ત્યારે દ્રોણ પુત્ર અશ્વત્થામા પોતાના સ્વામી દુર્યોધનનું પ્રિય છે એમ સમજી સૂતેલા દ્રૌપદીના પાંચ પુત્રોનાં મસ્તકોને છેદીને બતાવવા લઈ ગયા. આ કાર્ય દુર્યોધનને પણ પ્રિય ન હતું, કારણકે તે નિંદ્ય કર્મને સર્વ ધિક્કારે છે. ૧૩; ૧૪.

તત્ત્વસુધા—સૃંજયાનામ્–સૃંજય શબ્દથી પાંડવો સમજવા. સૃંજય વંશના ધૃષ્ટદ્યુમ્ન સેનાધિપતિ છે. પાંડવો એમના તાબામાં છે, માટે પાંડવોને સૃંજય કહ્યા. દ્રૌપદી સૃંજય વંશ કન્યા છે, ધૃષ્ટદ્યુમ્ન તેનો ભાઈ છે. સ્વયંવરમાં દ્રૌપદીને દુર્યોધન ન મેળવી શકયો, ત્યારથી વૈર થયું. દ્રૌપદી નિમિત્ત બન્યાં. યુદ્ધ થયું તે પણ ગર્ભિત હેતુ છે.

ધૃતરાષ્ટ્ર પુત્રે–અંધના અંધ એ ન્યાયે દુર્યોધનને અવિવેકી કહેવા ધૃતરાષ્ટ્રનો પુત્ર કહ્યો. દ્રૌણિ : અશ્વત્થામાની ઓળખાણ છે. બાલ હત્યારાનું નામ ન લેવું એમ માની અશ્વત્થામાને દ્રોણ પુત્ર કહ્યા. દ્રોણનું યુદ્ધમાં મૃત્યુ થયેલ છે. અશ્વત્થામાને તેનો રોષ છે, તે પણ દર્શાવવા દ્રૌણિ શબ્દથી ઉલ્લેખ કર્યો.

કૃષ્ણાસુતાનામ્–દ્રૌપદી દ્વારા પાંચ પાંડવોના એક એક પુત્ર હોવાથી તેમને દ્રૌપદી પુત્રો કહ્યા. દ્રૌપદીને શ્રીકૃષ્ણે પોતાનું નામ ભેટમાં આપ્યું છે. તેથી 'કૃષ્ણા' કહ્યાં. સુતાનામ્ માતાએ પુત્રોને પ્રસવ આપ્યો પણ મુક્તિ ન આપી. તેથી દીકરાઓને 'સુત' કહ્યા.

વિપ્રિયમ્–બાલકોનો વધ દુર્યોધનને પણ ઇષ્ટ ન હતો. બાલકો ભાવિમાં શ્રાદ્ધ અંજલિ આપે ને મુક્તિ થાય તેમ તે ચાહતો. તેમજ બાલવધ કરે તેવો તે નિર્દય ન હતો. લોક નિંદાથી પણ ડરતો હતો. તેથી અશ્વત્થામાના કર્મને 'વિપ્રિય' કહ્યું. ૧૩; ૧૪.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

माता सुतानां निधनं शिशूनां निशम्य घोरं परितप्यमाना ।
तदाऽरुदद्बाष्पकलाऽऽकुलाक्षी तां सान्त्वयन्नाह किरीटमाली ॥ १५ ॥
तदा शुचस्ते [1]प्रमृजामि भद्रे यद्ब्रह्मबन्धोः शिर आततायिनः ।
गाण्डीवमुक्तैर्विशिखैरुपाहरे [2]त्वाक्रम्य यत्स्नास्यसि दग्धपुत्रा ॥ १६ ॥

અન્વયાર્થ—**તદા**-ત્યારે, **શિશૂનામ્**-બાળકોની, **માતા**-માતા, **સુતાનામ્**-પુત્રોનું, **ઘોરમ્**-ભયંકર, **નિધનમ્**-મૃત્યુને, **નિશમ્ય**-સાંભળીને, **પરિતપ્યમાના**-દુઃખી થયેલી, **બાષ્પકલા-આકુલાક્ષી**-અશ્રુધારાથી વ્યાકુળ નેત્રોવાળી, **અરુદત્**-રૂદન કરવા લાગી, **કિરીટમાલી**-અર્જુન, **તામ્**-તેને, **સાન્ત્વયન્**-આશ્વાસન આપતાં, **આહ**-બોલ્યા. ૧૫; **ભદ્રે**-હે કલ્યાણી, **યત્**-જે, **બ્રહ્મબન્ધોઃ**-બ્રાહ્મણોમાં અધમ, તથા **આતતાયિનઃ**-આતતાયીના-પાપીના, **શિરઃ**-મસ્તકને, **ગાણ્ડીવ-મુક્તૈઃ**-ગાંડીવ ધનુષ્યમાંથી છૂટેલાં, **વિશિખૈઃ**-બાણોથી, **ઉપાહરે**-છેદી લાવીશ, **દગ્ધપુત્રા**-પુત્રના મરણથી બળતી તું, **તુ**-તો, **યત્**-જેને-જે મસ્તકને, **આક્રમ્ય**-પગ નીચે દબાવીને, **સ્નાસ્યસિ**-તું સ્નાન કરશે, **તદા**-ત્યારે, **તે**-તારા, **શુચઃ**-શોકને, **પ્રમૃજામિ**-હું દૂર કરી શકીશ. ૧૬.

અનુવાદ—ત્યારે કુમળા બાળકોની માતા પુત્રોના આ પ્રકારના ભયંકર મૃત્યુને સાંભળીને ખૂબ દુઃખી થતી, નેત્રોમાંથી અશ્રુઓ સારતી, રૂદન કરવા લાગી. તેને આશ્વાસન આપતા અર્જુન બોલ્યા-હે પ્રિયે, આતતાયી અને બ્રાહ્મણાધમ એવા આ અશ્વત્થામાના મસ્તકને ગાંડીવ ધનુષ્યમાંથી છૂટેલાં બાણોથી ઉડાવી લાવી તારી પાસે મૂકીશ, ત્યારે તે મસ્તકનો પાટલો બનાવી તે ઉપર બેસી તું સ્નાન કરીશ ત્યારે તારાં અશ્રુઓને લૂછ્યાં માનીશ. ૧૫; ૧૬.

તત્ત્વસુધા—દ્રૌપદીના રૂદનમાં પુત્ર વિયોગની વ્યથા કરતાં પુત્રોની અસદ્ગતિના દુઃખનું વધુ કારણ છે. યુદ્ધ વિના બ્રાહ્મણને હાથે વધ થાય તેની મુકિત ન થાય. વીરસૂ માતાનો સંતાન જંગમાં ખપી જઈ મુકત થાય કે જગદીશને જપીને મુકત થાય. બેમાંથી એકે ન થયું, તેનો શોક થયો. મુકિત માગવાનું મન થયું. જો શ્રીકૃષ્ણની કૃપાદૃષ્ટિ થાય તો પુત્રોની મુકિત થાય. તેથી રડ્યાં. શ્રીકૃષ્ણ આવ્યા, દૃષ્ટિ પડી અને પુત્રો મુકત થયા. દ્રૌપદીના રૂદનનો હેતુ સફળ થયો. અન્યથા ભકતથી સ્વજન મરણમાં ન રડાય. મરણ પણ ભગવાનની લીલા છે. દ્રૌપદી રડ્યાં તે દયાનિધિ કૃષ્ણને દયા ઉપજાવવા.

અર્જુનજીએ મદ્રે સંબોધન કરી કહ્યું કે તું ભદ્રા લક્ષણ વાળી સ્ત્રી છે. અખંડ સૌભાગ્યનાં લક્ષણ વાળી સ્ત્રીને જ્યોતિષ શાસ્ત્ર ભદ્રા કહે છે. અને અખંડ સૌભાગ્ય, અખંડ સંતતિના લક્ષણ વાળીને સુભદ્રા કહે છે. દ્રૌપદી, તારા અખંડ પુણ્યથી અમે દીર્ઘજીવી છીએ. આર્ય નારીના પુણ્યનું ઋણ પુરુષો નહી વાળી શકે. પાલવ પાથરી પ્રભુને નિજ સૌભાગ્ય નાથની અખંડ જીવન જ્યોતને યાચતી સન્નારી આ ભૂતલમાં ભારતથી અન્યત્ર નહિ મળે.

બ્રહ્મબન્ધો-બ્રાહ્મણ કુલમાં જન્મ લઈ અનુચિત કર્મથી કુલને દૂષિત કરે તેને બ્રહ્મબંધુ કહેવાય. શુચઃ પ્રમૃજામિ વીર પુરુષો આંસુને નિષ્ક્રિય આંસુથી ન લૂછે. દ્રૌપદી, તારાં અશ્રુ આજે શબ્દથી કે વસ્ત્રથી નહિ લૂછું; પરંતુ આતતાયી અશ્વત્થામાનું મસ્તક લાવીને લૂંછીશ એવી પ્રતિજ્ઞા-વસ્ત્રના પાલવથી લૂછ્યાં.

વિશિખૈઃ બાણો ઉપર અશ્વત્થામાનું મસ્તક ચઢાવી લાવીશ, હસ્તમાં નહીં. બાલહત્યારાના અમંગલ મસ્તકને હાથમાં કોણ લે ? પ્રેમનાં અશ્રુ અશ્રુથી પૂછાય-લૂછાય. પીડાનાં અશ્રુ હમદર્દી થઈ પૂછાય-લૂછાય. દરિદ્રનાં અશ્રુ સહાયથી લૂછાય. દુશ્મનને દીધેલ દુઃખનાં અશ્રુ વળતર વાળી પૂછાય લૂછાય. એ છે અશ્રુતિ શ્રુત અશ્રુમીમાંસા. ૧૫; ૧૬.

---

૧. વિમૃજામિ ઇતિ પાઠઃ। ૨. આક્રમ્ય ઇતિ પાઠઃ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ઇતિ પ્રિયાં વલ્ગુવિચિત્રજલ્પૈઃ સ સાન્ત્વયિત્વાઽચ્યુતમિત્રસૂતઃ ।
અન્વાદ્રવદ્દંશિત ઉગ્રધન્વા કપિધ્વજો ગુરુપુત્રં રથેન ॥ ૧૭ ॥
તમાપતન્તં સ વિલક્ષ્ય દૂરાત્કુમારહોદ્વિગ્નમના રથેન ।
પરાદ્રવત્પ્રાણપરીપ્સુરુર્વ્યાં યાવદ્ગમં રુદ્રભયાદ્યથાઽર્કઃ[1] ॥ ૧૮ ॥

અન્વયાર્થ—અચ્યુત-મિત્ર-સૂતઃ-શ્રીકૃષ્ણ જેના મિત્ર અને સારથિ છે એવા, સઃ-તે અર્જુને, ઇતિ-આ પ્રમાણે, પ્રિયામ્-દ્રૌપદીને, વલ્ગુ-વિચિત્ર-જલ્પૈઃ-મધુર અને ચિત્ર વિચિત્ર શબ્દોથી, સાન્ત્વયિત્વા-સાન્ત્વન ઉપજાવીને, દંશિતઃ--સજ્જ થયેલ, ઉગ્રધન્વા-ઉગ્ર ધનુર્ધારી, કપિધ્વજઃ-કપિધ્વજ અર્જુન, રથેન-રથ લઇ, ગુરુપુત્રમ્-ગુરૂપુત્ર પાછળ, અનુ-આદ્રવત્-દોડ્યા. ૧૭, કુમારહા-કુમાર હત્યારા, સઃ-તે અશ્વત્થામા, આપતન્તમ્-પાછળ આવતા, તમ્-તે અર્જુનને, દૂરાત્-ઘણે દૂરથી, વિલક્ષ્ય-જોઇને, ઉદ્વિગ્નમનાઃ-ઉદ્વિગ્ન મનવાળા, પ્રાણપરીપ્સુઃ-પ્રાણોને બચાવવા ચાહતા. યથા-જેમ, રુદ્ર-ભયાત્-રૂદ્રના ભયથી, અર્કઃ-સૂર્ય, રથેન-રથ વડે (રથમાં બેસીને), ઊર્વ્યામ્-જમીન ઉપર, યાવત્ ગમમ્-જ્યાં સુધી દોડી શકાય તેટલું, પરાદ્રવત્-દોડવા લાગ્યા. ૧૮.

અનુવાદ—ઉપરોકત મધુર અને ચિત્ર વિચિત્ર વાકયોથી આશ્વાસન આપીને શ્રીકૃષ્ણ જેના મિત્ર અને સારથિ છે એવા, બખ્તરથી સુસજ્જ બનેલા, ઉગ્રધનુર્ધારી અર્જુને રથમાં બેસી ગુરુપુત્ર અશ્વત્થામાની પૂંઠ પકડી. ૧૭. પોતાની પાછળ રથમાં બેસીને દોડી આવતા અર્જુનજીને દૂરથી જોઇને, કુમારના હત્યારા, ઉદ્વિગ્ન ચિત્તવાળા, અપરાધી અશ્વત્થામા પોતાના પ્રાણોને બચાવવાની ખાતર, શંકર ભગવાનના ભયથી દોડતા સૂર્યની માફક જેટલું દૂર દોડી શકાય તેટલું રથમાં બેસીને પૃથ્વી ઉપર દોડવા લાગ્યા. ૧૮.

તત્ત્વસુધા—વલ્ગુ-વિચિત્ર જલ્પૈઃ અર્જુનજી આશ્વાસન વાકયથી દ્રૌપદીને શાંત કરે છે. વલ્ગુ એટલે મધુ ઝરતાં વચનો. 'વિચિત્ર' એટલે સાંભળતાં શકય ન લાગે તેવાં પરાક્રમ ભરેલાં વાકયો. અન્વાદ્રવત્-દંશિત-ઉગ્રધન્વા-આ વાકયમાં અર્જુન 'દોડ્યા' એવું ક્રિયાપદ વાપર્યું, અને પાછળથી દંશિત કવચ ધારી, ઉગ્રધન્વા ઉગ્ર ધનુષ્ય એવો ઉલ્લેખ કર્યો. તેનું તાત્પર્ય કે અશ્વત્થામા દૂર ન ચાલ્યા જાય, તેથી પ્રથમ પાછળ દોડ્યા અને રસ્તામાં કવચ પહેર્યું તેમ જ ધનુષ્ય સજ્જ કર્યું. ઉગ્રધન્વા-ઉગ્ર મહાદેવનું નામ છે. પાશુપત અસ્ત્ર માટે તપ કરતા હતા ત્યારે શિવજીએ અર્જુનજીને પ્રસાદીમાં ધનુષ્ય આપેલ હતું. તે ધનુષ્ય લઇને અર્જુન અશ્વત્થામાની પાછળ દોડ્યા છે.

ઉં ગ્રસતીતિ ઉગ્રં ધનુરસ્તિ યસ્ય-શિવજીને ગળામાં ધનુષ્ય નાખીને ખેંચનાર. અર્જુન અસ્ત્રપ્રાપ્તિ માટે શિવજીની આરાધના કરે છે, ત્યારે તેની કસોટી માટે અને વરદાન દેવા શિવજી કિરાત રૂપે વનમાં આવ્યા છે. તે સમયે એક વરાહ અર્જુન ઉપર આક્રમણ કરે છે. તેના વધ માટે એક સાથે બન્ને એક એક બાણ છોડે છે. વરાહ મરણ પામે છે. બાણની માલિકી માટે બન્નેની વચમાં યુદ્ધ થાય છે. અર્જુનના અખૂટ ભાથામાંથી બાણો ખૂટે છે, ત્યારે અકળાયેલા અર્જુનજી કિરાત રૂપ શિવજીના ગળામાં ધનુષ્ય નાખીને ખેંચે છે, પણ ખેંચાતા નથી. શિવજી હસે છે અને અર્જુનને દર્શન દે છે. એ ઇતિહાસથી અર્જુન ઉગ્રધન્વા થયા. 'ઉ' શિવજીને ગળે ધનુષ્યખેંચનાર.

કપિધ્વજઃ ભીમસેનનો શ્રીહનુમાનજી સાથે વનમાં ભેટો થયેલો. હનુમાનજી રસ્તામાં બેઠેલા. તેમને ખસવા કહ્યું પણ ન ખસ્યા. આવેશમાં આવી ભીમસેન પૂછડું પકડી ઉઠાવવા ગયા. ન ઊંચકી શકયા, ત્યારે વિનમ્ર બની પૂછ્યું, "આપ કોણ ? " હનુમાનજી બોલ્યા, "વાયુ પુત્ર છું. તારો મોટો ભાઈ છું." એમ કહી વચન આપ્યું, તમારા યુદ્ધમાં અર્જુનના રથ ઉપર કાયમ બેસીશ, તેથી રથ વિજયી બનશે." ૧૭.

૧. યથાકઃ। યથાકિઃ પાઠઃ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

યથા કઃ એવો એક પાઠ છે. કઃ બ્રહ્માજીનું નામ છે. અપરાધી બ્રહ્માજી દોડતા હતા ત્યારે રૂદ્રે પાછળ આવી પંચમ મસ્તક છેદેલું. આ વાયુપુરાણનો ઈતિહાસ છે. યથાર્કિઃ એવો પણ પાઠ છે. આર્કિઃ શનૈશ્ચરનું નામ છે. ૧૮.

यदाऽशरणमात्मानमैक्षत श्रान्तवाजिनम् ।
अस्त्रं ब्रह्मशिरो मेने आत्मत्राणं द्विजात्मजः ॥ १९ ॥

अथोपस्पृश्य सलिलं संदधे तत्समाहितः ।
अजानन्नुपसंहारं प्राणकृच्छ्र उपस्थिते ॥ २० ॥

ततः[1] प्रादुरभूत्तेजः प्रचण्डं सर्वतोदिशम् ।
[2]प्राणापहमभिप्रेक्ष्य विष्णुं जिष्णुरुवाच ह ॥ २१ ॥

અન્વયાર્થ—**દ્વિજાત્મજઃ**-દ્વિજપુત્ર-અશ્વત્થામા, **યદા**-જ્યારે, **આત્માનમ્**-પોતાને, **શ્રાન્તવાજિનમ્**-થાકેલ અશ્વવાળા,-**અશરણમ્**-અસહાય એવા, **ઐક્ષત**-જોયા, ત્યારે **બ્રહ્મ-શિરઃ-અસ્ત્રમ્**-બ્રહ્મ મસ્તક અસ્ત્રને-બ્રહ્માસ્ત્રને, **આત્મ-ત્રાણમ્**-પોતાના રક્ષણ રૂપે, **મેને**-માન્યું. ૧૯; **અથ**-ત્યારબાદ, **પ્રાણ-કૃચ્છ્રે**-પ્રાણસંકટ, **ઉપસ્થિતે**-પ્રાપ્ત થતાં, **ઉપસંહારમ્**-ઉપસંહારને, **અજાનન્**-ન જાણનારા અશ્વત્થામાએ, **સલિલમ્**-જળને, **ઉપસ્પૃશ્ય**-સ્પર્શીને, **સમાહિતઃ**-સ્વસ્થ ચિતે, **તત્**-તે બ્રહ્માસ્ત્રને, **સંદધે**-સાંધ્યું. ૨૦; **ત્તતઃ**-ત્યાર પછી, **સર્વતો દિશમ્**-સર્વ દિશાઓમાં, **પ્રાદુષ્કૃતમ્**-પ્રકટ થયેલા, **પ્રચણ્ડમ્**-ભયંકર, **પ્રાણાપહમ્**-પ્રાણોને હરનારા, **તેજઃ**-તેજને, **અભિપ્રેક્ષ્ય**-જોઈને, **જિષ્ણુઃ**-જયવાંછુ-અર્જુન, **વિષ્ણુમ્**-શ્રીકૃષ્ણને, **હ**-આ પ્રમાણે, **ઉવાચ**-કહ્યું. ૨૧.

અનુવાદ—જ્યારે અશ્વત્થામાને લાગ્યું કે પોતાના ઘોડા થાકી ગયેલા છે, અન્ય કોઈ હવે રક્ષણ કરનાર રહ્યું નથી, ત્યારે બ્રહ્માસ્ત્રને જ પોતાની રક્ષા કરનારૂં છે એમ માન્યું. ૧૯; અન્તે જ્યારે પ્રાણ સંકટ આવી પડ્યું ત્યારે ઉપસંહારને ન જાણવા છતાં અશ્વત્થામાએ આચમન કર્યું અને એકચિત્ત બની અર્જુન ઉપર બ્રહ્માસ્ત્રને સાંધ્યું. ૨૦; ત્યારે સર્વ દિશાઓમાંથી એક પ્રચંડ તેજ પ્રકટ થયું, જે પ્રાણોનો નાશ કરનારા તે તેજને જોઈને અર્જુને શ્રીકૃષ્ણને આ પ્રમાણે કહ્યું. ૨૧.

તત્ત્વસુધા—**બ્રહ્મશિરઃ** બ્રહ્માસ્ત્રનું નામ છે. બ્રહ્માસ્ત્ર બે પ્રકારનાં છે. એક અનિવાર્ય બ્રહ્માસ્ત્ર છે, તે આધિદૈવિક છે. બીજું પાછું વાળી શકાય છે, તે આધ્યાત્મિક છે. અશ્વત્થામા બન્ને બ્રહ્માસ્ત્રને જાણે છે, પણ ઉપસંહાર નથી જાણતા. સ્કંદ પુરાણના કેદારખંડમાં એક પ્રસંગ છે. શિવજી પ્રસન્ન થઈ દ્રોણાચાર્યને સાત પ્રકારનાં વૈજ્ઞાનિક અસ્ત્રો શિખવે છે-બ્રહ્મોસ્ત્ર બ્રહ્મદંડ, બ્રહ્મશિર, પાશુપત, વાયવીય, આગ્નેય અને નારસિંહ. આ સાત નામ છે. તેમાંનું ત્રીજું બ્રહ્મશિરા અસ્ત્ર છે.

વિષ્ણું જિષ્ણુરુવાચ હ-જિષ્ણુ અર્જુનનું નામ છે. વિજય સદા એના પક્ષમાં છે, તેથી જિષ્ણુ નામ પડ્યું છે. હ અવ્યય એમ સૂચવે છે. બ્રહ્માસ્ત્રના તેજથી મૂર્છા આવી જાય પણ અર્જુન તો સ્તુતિ કરે છે તે અત્યંત આશ્ચર્ય છે અને શ્રીકૃષ્ણની કૃપાનો પુરાવો છે.. જિષ્ણુ વિષ્ણુને માંગી શકે. કેવલ જગતને જીતે તે નહીં, પણ ઈન્દ્રિયોને જીતે તેજ જિષ્ણુ.

1. प्रादुष्कृतं इति पाठः। 2. प्राणापदमिति पाठः।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

अर्जुन उवाच—कृष्ण कृष्ण [1]महाबाहो भक्तानामभयंकर ।
त्वमेको दह्यमानानामपवर्गोऽसि संसृतेः ॥ २२ ॥
त्वमाद्यः पुरुषः साक्षादीश्वरः प्रकृतेः परः ।
मायां व्युदस्य चिच्छक्त्या कैवल्ये स्थित आत्मनि ॥ २३ ॥
स एव जीवलोकस्य मायामोहितचेतसः ।
विधत्से स्वेन वीर्येण श्रेयो धर्मादिलक्षणम् ॥ २४ ॥
तथाऽयञ्चावतारस्ते भुवो भारजिहीर्षया ।
[2]स्वानाञ्चानन्यभावानामनुध्यानाय चाऽसकृत् ॥ २५ ॥

અન્વયાર્થ—કૃષ્ણ-કૃષ્ણ-હે કૃષ્ણ, હે કૃષ્ણ, **મહાબાહો**-હે મહાભુજ. **ભક્તાનામ**-ભકતોને, **અભયંકર**-અભય બનાવનાર, **ત્વમ્-એકઃ**-આપ એક, **સંસૃતેઃ**-સંસારથી, **દહ્યમાનાનામ્**-બળી રહેલાઓને, **અપવર્ગઃ**-મોક્ષ રૂપ **અસિ**-છો. ૨૨; **ત્વમ્**-તમે, **આદ્યઃ**-સર્વના આદિ, **પુરુષઃ**-પુરુષ, **સાક્ષાત્**-પ્રત્યક્ષ, **ઈશ્વરઃ**-ઈશ્વર, **પ્રકૃતેઃ**-પ્રકૃતિથી, **પરઃ**-નિરાલા, **ચિત્-શક્ત્યા**-ચૈતન્ય શક્તિથી, **માયામ્**-માયાને, **વ્યુદસ્ય**-દૂર કરીને **કૈવલ્યે**-વિકાર રહિત, **આત્મનિ**-આત્મામાં, **સ્થિતઃ**-રહેલા (**અસિ**-છો). ૨૩; **સઃ-એવ** તે, -તમેજ, **માયા-મોહિત-ચેતસઃ**-માયાથી મોહ પામેલા ચિત્ત વાળા, **જીવલોકસ્ય**-પ્રાણી માત્રના **ધર્માદિ-લક્ષણમ્**-ધર્માદિક લક્ષણ યુકત, **શ્રેયઃ**-કલ્યાણને, **સ્વેન**-પોતાના, **વીર્યેણ**-પરાક્રમથી, **વિધત્સે**-કરો છો. ૨૪; **તથા ચ**-અને તે પ્રમાણે, **ભુવઃ**-પૃથ્વીના, **ભાર-જિહીર્ષયા**-ભારને દૂર કરવાની ઈચ્છાથી, **ચ** અને, **અનન્ય-ભાવાનામ્**-અનન્ય ભાવના વાળા, **સ્વાનામ્**-નિજ જનોના, **અસકૃત્**-વારંવાર, **અનુધ્યાનાય**-ચિન્તન કરવા માટે, **અયમ્**-આ, તે આપનો, **અવતારઃ**-અવતાર છે. ૨૫.

અનુવાદ—અર્જુનજીએ ભગવાનને વિનવ્યું-હે કૃષ્ણ, હે કૃષ્ણ, હે મહાભુજ, ભક્તોને નિર્ભય બનાવનાર પ્રભુ, સંસારના તાપથી સંતપ્ત જીવોને આપ એકજ છોડાવનાર છો. આપ આદ્ય પુરૂષ છો, સાક્ષાત ઈશ્વર છો. પ્રકૃતિથી પર છો. આપ આપની ચિત્ શકિતથી માયાને દૂર કરીને કેવળ આત્મામાં સ્થિતિ કરો છો. તેજ આપ માયાથી મોહ પામેલ અન્તઃકરણ વાળા આ જીવલોકનાં ધર્માદિક લક્ષણવાળા શ્રેયને સ્વપરાક્રમ વડે સિદ્ધ કરી આપો છો. તેમજ આપનો આ અવતાર પણ પૃથ્વીનો ભાર ઓછો કરવાની અભિલાષાથી અને અનન્ય ભાવવાળા સ્વ-ભકતોના અનુધ્યાન માટે છે. ૨૨; ૨૩; ૨૪; ૨૫.

તત્ત્વસુધા—ચાર શ્લોકથી અર્જુનજી સ્તુતિ કરે છે. ધર્માદિ ચાર પુરુષાર્થોની સિદ્ધ માટે સ્તુતિ છે. કૃષ્ણ કૃષ્ણ પ્રેમમાં, આદરમાં અને ભયમાં એક શબ્દ અનેક વાર બોલાય. તેને 'વીપ્સા' કહે છે. અર્જુન આદરમાં બોલે છે "કૃષ્ણ, કૃષ્ણ." આપ એક સંરક્ષક છો.

સંસૃતેઃ હે કૃષ્ણ, આપ મને સંસારમાંથી બચાવો, નહી કે બ્રહ્માસ્ત્રમાંથી. ભકત દુઃખમાંથી મુકિત ન માગે; પરંતુ તે દુઃખના નિમિત્તોને જીવનમાંથી ત્યાગે. દુર્વચન, દુર્વ્યસન, દ્યૂત, દુઃસંગ, દુરાચાર, દુરાગ્રહ, દુષ્ટ સ્વભાવ એ દુઃખનાં નિમિત્તો છે. દુઃખ તો કર્મ વૃક્ષનું ફળ છે. પાપ તે વૃક્ષનું મૂળ છે. મૂલચ્છેદે વૃક્ષ છેદાય. દુઃખ વેઠવાથી દૂર થાય. દુઃખ સહેવું, ન કહેવું. દુઃખમાં પ્રસન્ન રહેવું અને પ્રભુ નામ લેવું એજ દુઃખના પ્રતિકારો છે.

१. महाभाग इति पाठः। २. स्वानामनन्यभावानाम् इति पाठः

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

યથા કઃ એવો એક પાઠ છે, કઃ બ્રહ્માજીનું નામ છે. અપરાધી બ્રહ્માજી દોડતા હતા ત્યારે રૂદ્રે પાછળ આવી પંચમ મસ્તક છેદેલું. આ વાયુપુરાણનો ઈતિહાસ છે. યથાર્કિઃ એવો પણ પાઠ છે. આર્કિઃ શનૈશ્ચરનું નામ છે. ૧૮.

यदाऽशरणमात्मानमैक्षत श्रान्तवाजिनम् ।
अस्त्रं ब्रह्मशिरो मेने आत्मत्राणं द्विजात्मजः ॥ १९ ॥
अथोपस्पृश्य सलिलं संदधे तत्समाहितः ।
अजानन्नुपसंहारं प्राणकृच्छ्र उपस्थिते ॥ २० ॥
ततः[1] प्रादुरभूत्तेजः प्रचण्डं सर्वतोदिशम् ।
[2]प्राणापहमभिप्रेक्ष्य विष्णुं जिष्णुरुवाच ह ॥ २१ ॥

અન્વયાર્થ—द्विजात्मजः-દ્વિજપુત્ર-અશ્વત્થામા, यदा-જ્યારે, आत्मानम्-પોતાને, श्रान्तवाजिनम्-થાકેલ અશ્વવાળા, अशरणम्-અસહાય એવા, ऐक्षत-જોયા, ત્યારે ब्रह्म-शिरः-अस्त्रम्-બ્રહ્મ મસ્તક અસ્ત્રને-બ્રહ્માસ્ત્રને, आत्म-त्राणम्-પોતાના રક્ષણ રૂપે, मेने-માન્યું. ૧૯; अथ-ત્યારબાદ, प्राण-कृच्छ्रे-પ્રાણસંકટ, उपस्थिते-પ્રાપ્ત થતાં, उपसंहारम्-ઉપસંહારને, अजानन्-ન જાણનારા અશ્વત્થામાએ, सलिलम्-જળને, उपस्पृश्य-સ્પર્શીને, समाहितः-સ્વસ્થ ચિત્તે, तत्-તે બ્રહ્માસ્ત્રને, संदधे-સાંધ્યું. ૨૦; ततः-ત્યાર પછી, सर्वतो दिशम्-સર્વ દિશાઓમાં, प्रादुःकृतम्-પ્રકટ થયેલા, प्रचण्डम्-ભયંકર, प्राणापहम्-પ્રાણોને હરનારા, तेजः-તેજને, अभिप्रेक्ष्य-જોઈને, जिष्णुः-જયવાંછુ-અર્જુન, विष्णुम्-શ્રીકૃષ્ણને, ह-આ પ્રમાણે, उवाच-કહ્યું. ૨૧.

અનુવાદ—જ્યારે અશ્વત્થામાને લાગ્યું કે પોતાના ઘોડા થાકી ગયેલા છે, અન્ય કોઈ હવે રક્ષણ કરનાર રહ્યું નથી, ત્યારે બ્રહ્માસ્ત્રને જ પોતાની રક્ષા કરનારૂં છે એમ માન્યું. ૧૯; અન્તે જ્યારે પ્રાણ સંકટ આવી પડયું ત્યારે ઉપસંહારને ન જાણવા છતાં અશ્વત્થામાએ આચમન કર્યું અને એકચિત્ત બની અર્જુન ઉપર બ્રહ્માસ્ત્રને સાંધ્યું. ૨૦; ત્યારે સર્વ દિશાઓમાંથી એક પ્રચંડ તેજ પ્રકટ થયું, જે પ્રાણોનો નાશ કરનારા તે તેજને જોઈને અર્જુને શ્રીકૃષ્ણને આ પ્રમાણે કહ્યું. ૨૧.

તત્ત્વસુધા—બ્રહ્મશિરઃ બ્રહ્માસ્ત્રનું નામ છે. બ્રહ્માસ્ત્ર બે પ્રકારનાં છે. એક અનિવાર્ય બ્રહ્માસ્ત્ર છે, તે આધિદૈવિક છે. બીજું પાછું વાળી શકાય છે, તે આધ્યાત્મિક છે. અશ્વત્થામા બન્ને બ્રહ્માસ્ત્રને જાણે છે, પણ ઉપસંહાર નથી જાણતા. સ્કંદ પુરાણના કેદારખંડમાં એક પ્રસંગ છે. શિવજી પ્રસન્ન થઈ દ્રોણાચાર્યને સાત પ્રકારનાં વૈજ્ઞાનિક અસ્ત્રો શિખવે છે-બ્રહ્મોસ્ત્ર બ્રહ્મદંડ, બ્રહ્મશિર, પાશુપત, વાયવીય, આગ્નેય અને નારસિંહ. આ સાત નામ છે. તેમાંનું ત્રીજું બ્રહ્મશિરા અસ્ત્ર છે.

विष्णुं जिष्णुरुवाच ह-જિષ્ણુ અર્જુનનું નામ છે. વિજય સદા એના પક્ષમાં છે, તેથી જિષ્ણુ નામ પડયું છે. ह અવ્યય એમ સૂચવે છે. બ્રહ્માસ્ત્રના તેજથી મૂર્ચ્છા આવી જાય પણ અર્જુન તો સ્તુતિ કરે છે તે અત્યંત આશ્ચર્ય છે અને શ્રીકૃષ્ણની કૃપાનો પુરાવો છે.. જિષ્ણુ વિષ્ણુને માગી શકે. કેવલ જગતને જીતે તે નહીં, પણ ઈન્દ્રિયોને જીતે તેજ જિષ્ણુ.

---

૧. प्रादुष्कृतं इति पाठः। ૨. प्राणापदमिति पाठः।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અર્જુન ઉવાચ—કૃષ્ણ કૃષ્ણ [1]મહાબાહો ભક્તાનામભયંકર ।
ત્વમેકો દહ્યમાનાનામપવર્ગોઽસિ સંસૃતેઃ ॥ ૨૨ ॥
ત્વમાદ્યઃ પુરુષઃ સાક્ષાદીશ્વરઃ પ્રકૃતેઃ પરઃ ।
માયાં વ્યુદસ્ય ચિચ્છક્ત્યા કૈવલ્યે સ્થિત આત્મનિ ॥ ૨૩ ॥
સ એવ જીવલોકસ્ય માયામોહિતચેતસઃ ।
વિધત્સે સ્વેન વીર્યેણ શ્રેયો ધર્માદિલક્ષણમ્ ॥ ૨૪ ॥
તથાઽયશ્ચાવતારસ્તે ભુવો ભારજિહીર્ષયા ।
[2]સ્વાનાશ્ચાનન્યભાવાનામનુધ્યાનાય ચાઽસકૃત્ ॥ ૨૫ ॥

અન્વયાર્થ—કૃષ્ણ-કૃષ્ણ-હે કૃષ્ણ, હે કૃષ્ણ, મહાબાહો-હે મહાભુજ. ભક્તાનામ-ભક્તોને, અભયંકર-અભય બનાવનાર, ત્વમ્-એકઃ-આપ એક, સંસૃતેઃ-સંસારથી, દહ્યમાનાનામ્-બળી રહેલાઓને, અપવર્ગઃ-મોક્ષ રૂપ અસિ-છો. ૨૨; ત્વમ્-તમે, આદ્યઃ-સર્વના આદિ, પુરુષઃ-પુરુષ, સાક્ષાત્-પ્રત્યક્ષ, ઈશ્વરઃ-ઈશ્વર, પ્રકૃતેઃ-પ્રકૃતિથી, પરઃ-નિરાલા, ચિત્-શક્ત્યા-ચૈતન્ય શક્તિથી, માયામ્-માયાને, વ્યુદસ્ય-દૂર કરીને કૈવલ્યે-વિકાર રહિત, આત્મનિ-આત્મામાં, સ્થિતઃ-રહેલા (અસિ-છો). ૨૩: સઃ-એવ તે, -તમેજ, માયા-મોહિત-ચેતસઃ-માયાથી મોહ પામેલા ચિત્ત વાળા, જીવલોકસ્ય-પ્રાણી માત્રના ધર્માદિ-લક્ષણમ્-ધર્માદિક લક્ષણ યુકત, શ્રેયઃ-કલ્યાણને, સ્વેન-પોતાના, વીર્યેણ-પરાક્રમથી, વિધત્સે-કરો છો. ૨૪; તથા ચ-અને તે પ્રમાણે, ભુવઃ-પૃથ્વીના, ભાર-જિહીર્ષયા-ભારને દૂર કરવાની ઈચ્છાથી, ચ અને, અનન્ય-ભાવાનામ્-અનન્ય ભાવના વાળા, સ્વાનામ્-નિજ જનોના, અસકૃત્-વારંવાર, અનુધ્યાનાય-ચિન્તન કરવા માટે, અયમ્-આ, તે આપનો, અવતારઃ-અવતાર છે. ૨૫.

અનુવાદ—અર્જુનજીએ ભગવાનને વિનવ્યું-હે કૃષ્ણ, હે કૃષ્ણ, હે મહાભુજ, ભક્તોને નિર્ભય બનાવનાર પ્રભુ, સંસારના તાપથી સંતપ્ત જીવોને આપ એકજ છોડાવનાર છો. આપ આદ્ય પુરૂષ છો, સાક્ષાત ઈશ્વર છો. પ્રકૃતિથી પર છો. આપ આપની ચિત્ શકિતથી માયાને દૂર કરીને કેવળ આત્મામાં સ્થિતિ કરો છો. તેજ આપ માયાથી મોહ પામેલ અન્તઃકરણ વાળા આ જીવલોકનાં ધર્માદિક લક્ષણવાળા શ્રેયને સ્વપરાક્રમ વડે સિદ્ધ કરી આપો છો. તેમજ આપનો આ અવતાર પણ પૃથ્વીનો ભાર ઓછો કરવાની અભિલાષાથી અને અનન્ય ભાવવાળા સ્વ-ભકતોના અનુધ્યાન માટે છે. ૨૨; ૨૩; ૨૪; ૨૫.

તત્ત્વસુધા—ચાર શ્લોકથી અર્જુનજી સ્તુતિ કરે છે. ધર્માદિ ચાર પુરુષાર્થોની સાધ્ય માટે સ્તુતિ છે. કૃષ્ણ કૃષ્ણ પ્રેમમાં, આદરમાં અને ભયમાં એક શબ્દ અનેક વાર બોલાય. તેને 'વીપ્સા' કહે છે. અર્જુન આદરમાં બોલે છે "કૃષ્ણ, કૃષ્ણ." આપ એક સંરક્ષક છો.

સંસૃતેઃ હે કૃષ્ણ, આપ મને સંસારમાંથી બચાવો, નહી કે બ્રહ્માસ્ત્રમાંથી. ભકત દુઃખમાંથી મુકિત ન માગે; પરંતુ તે દુઃખના નિમિત્તોને જીવનમાંથી ત્યાગે. દુર્વચન, દુર્વ્યસન, દ્યૂત, દુઃસંગ, દુરાચાર, દુરાગ્રહ, દુષ્ટ સ્વભાવ એ દુઃખનાં નિમિત્તો છે. દુઃખ તો કર્મ વૃક્ષનું ફળ છે. પાપ તે વૃક્ષનું મૂળ છે. મૂલચ્છેદે વૃક્ષ છેદાય. દુઃખ વેઠવાથી દૂર થાય. દુઃખ સહેવું, ન કહેવું. દુઃખમાં પ્રસન્ન રહેવું અને પ્રભુ નામ લેવું એજ દુઃખના પ્રતિકારો છે.

૧. મહાભાગ ઇતિ પાઠઃ। ૨. સ્વાનામનન્યભાવાનામ્ ઇતિ પાઠઃ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ત્રેવીસમા શ્લોકમાં શ્રી કૃષ્ણને આદ્ય, પુરુષ, ઈશ્વર, પ્રકૃતિથી પર, કૈવલ્ય સ્થિત એવાં પાંચ પદોથી નવાજ્યા છે. તે જીવમાં રહેલા કર્મ, કાલ, સ્વભાવ, પાપ અને દેશથી થનારા પાંચ દોષોના નિવારણ માટે સામર્થ્યને સૂચવનારા છે. ૨૨; ૨૩; ૨૪; ૨૫.

किमिदं स्वित्कुतो वेति देवदेव न वेद्म्यहम् ।
सर्वतोमुखमायाति तेजः परमदारुणम् ॥ २६ ॥

અન્વયાર્થ—દેવ-દેવ-હે દેવાધિદેવ, સર્વતો મુખમ્-ચારે બાજુએથી, પરમ-દારુણમ્-ખૂબ ભયંકર, તેજઃ-તેજ, આયાતિ-આવી રહ્યું છે, ઇદમ્-આ, કિં-સ્વિત્-શું હશે ? વા-અથવા, કુતઃ-ક્યાંથી આવી રહ્યું છે, ઇતિ-એ બાબતને, અહમ્-હું, ન વેદ્મિ-જાણતો નથી. ૨૬.

અનુવાદ—હે દેવાધિદેવ, આ પરમ ભયાનક ઉગ્ર તેજ ચારે બાજૂએથી આવી રહ્યું છે. તે તેજ શું હશે ? અથવા એ ક્યાંથી આવી રહ્યું છે ? એ હું જાણતો નથી ૨૬.

श्रीभगवानुवाच—वेत्थेदं द्रोणपुत्रस्य ब्राह्ममस्त्रं प्रदर्शितम् ।
नैवासौ वेद संहारं [1]प्राणकृच्छ्रे उपस्थिते ॥ २७ ॥

અન્વયાર્થ—પ્રાણ-કૃચ્છ્રે-પ્રાણ સંકટ, ઉપસ્થિતે-પ્રાપ્ત થતાં, પ્રદર્શિતમ્-વાપરેલું, ઇદમ્ આ દ્રોણપુત્રસ્ય-દ્રોણપુત્ર-અશ્વત્થામાનું, બ્રાહ્મમ્,-અસ્ત્રમ્-બ્રહ્માસ્ત્ર છે એમ, વેત્થ-જાણો, અસૌ-આ અશ્વત્થામા, સંહારમ્-ઉપસંહારને, ન એવ વેદ-જાણતાજ નથી. ૨૭.

અનુવાદ—શ્રી ભગવાને કહ્યું-દ્રોણ પુત્ર અશ્વત્થામાનું આ બ્રહ્માસ્ત્ર છે. અશ્વત્થામાને બ્રહ્માસ્ત્રને પાછું વાળવાની રીતની ખબર નથી, છતાં પ્રાણ સંકટ આવી પડતાં વાપરેલ છે. અર્જુન, એની જાણ થાવ. ૨૭.

તત્ત્વસુધા—દ્રૌણપુત્રસ્ય-ભગવાન અશ્વત્થામાને દ્રોણગુરુના પુત્ર તરીકે ઓળખાવી અર્જુનને વિવેકી રહેવા સૂચવે છે, અને એને બ્રહ્માસ્ત્ર ગુરુએ આપ્યું છે, તેની તને જાણ છે તે પણ જણાવે છે. બ્રહ્માસ્ત્રનું તેજ ચોતરફથી આવે છે. તેથી જ પુરવાર થાય છે કે અશ્વત્થામાનું જ્ઞાન કાચું છે. પ્રયોગ કરતાં જ નથી આવડયો. અક્કલ વગરનો અધકચરૂં ભાઈ. ૨૭.

न ह्यस्याऽन्यतमं किञ्चिदस्त्रं प्रत्यवकर्षणम्[2] ।
जह्यस्त्रतेज उन्नद्धमस्त्रज्ञो ह्यस्त्रतेजसा ॥ २८ ॥

અન્વયાર્થ—અસ્ય-આ બ્રહ્માસ્ત્રને, પ્રતિ-અવકર્ષણમ્-પાછું હઠાવનાર, અન્યતમમ્-બીજું, કિઞ્ચિત્-કોઈપણ, અસ્ત્રમ્-અસ્ત્ર, ન હિ-નથી જ. હિ-એટલા માટે, અસ્ત્રજ્ઞઃ-અસ્ત્રવિદ્યાને જાણનાર, અસ્ત્ર-તેજસા-અસ્ત્રના તેજથી, ઉન્નદ્ધમ્-ખૂબજ વધતા, અસ્ત્રતેજઃ-અસ્ત્રના તેજને, જહિ-નાશ કરો. ૨૮.

અનુવાદ—આ બ્રહ્માસ્ત્રની શક્તિનો પ્રતિકાર કરે એવું બીજું કોઈ પણ અસ્ત્ર જ નથી; અને અર્જુન, તું અસ્ત્રવિદ્યાને જાણે છે, તો સામું બ્રહ્માસ્ત્ર વાપરીને ખૂબ વધી રહેલા આ બ્રહ્માસ્ત્રના તેજનો વિનાશ કર. ૨૮.

सूत उवाच—श्रुत्वा भगवता प्रोक्तं फाल्गुनः परवीरहा ।
स्पृष्ट्वाऽऽपस्तं परिक्रम्य ब्राह्मं ब्राह्माय सन्दधे ॥ २९ ॥

१. प्राणबाध इति पाठः। २. प्रत्यवकर्शनम् इति पाठः

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

संहत्यान्योन्यमुभयोस्तेजसी शरसंवृते ।
आवृत्य रोदसी खं च ववृधातेऽर्कवह्निवत् ॥ ३० ॥

અન્વયાર્થ—પરવીરહા-શૂરવીર શત્રુઓને મારનાર, ફાલ્ગુનઃ-અર્જુને, ભગવતા-ભગવાને, પ્રોક્તમ્-કહેલા વાક્યને, શ્રુત્વા-સાંભળીને, અપઃ-જળને, સ્પૃષ્ટ્વા-સ્પર્શ કરીને, તમ્-તે શ્રીકૃષ્ણને, પરિક્રમ્ય-પ્રદક્ષિણા કરીને, બ્રાહ્માય-બ્રહ્માસ્ત્રનો નાશ કરવા માટે, બ્રાહ્મમ્-બ્રહ્માસ્ત્ર, સંદધે-સાંધ્યું. ૨૯; ઉભયોઃ-બન્નેના, શરસંવૃતે-બાણોથી વીંટાઈને, તેજસી-બન્ને બ્રહ્માસ્ત્રનાં તેજ, અન્યોન્યમ્-એક બીજાને, સંહત્ય-મળીને, રોદસી-પૃથ્વી અને સ્વર્ગને, ચ-અને, ખમ્-આકાશને, આવૃત્ય-ઘેરી લઈને, અર્કવહ્નિવત્-સૂર્ય અને અગ્નિની સમાન, ववृधाते-વધવા લાગ્યાં. ૩૦.

અનુવાદ—શૂરવીર શત્રુઓનો સંહાર કરનાર અર્જુને ભગવાન શ્રીકૃષ્ણનું વચન શ્રવણ કરીને, આચમન કરી, શ્રીકૃષ્ણની પરિક્રમા કરી અને બ્રહ્માસ્ત્રની શક્તિને દૂર કરવા સામું બ્રહ્માસ્ત્ર છોડ્યું. ૨૯; ત્યારે બન્ને અસ્ત્રોનાં તેજ પરસ્પર મળીને બાણમાં વીંટાઈને આકાશ, સ્વર્ગ અને પૃથ્વીમાં ફેલાઈને પ્રલય વખતના અગ્નિ અને સૂર્યની સમાન વધવા લાગ્યાં. ૩૦.

તત્ત્વસુધા—બ્રાહ્મં બ્રાહ્માય સન્દધે-બ્રહ્માસ્ત્ર ઉપર બ્રહ્માસ્ત્ર છોડ્યું. વીર સજ્જન દુશ્મનના આક્રમણને સહન કરે, સ્વરક્ષણ કરે, અનિવાર્ય લાગતાં પ્રતીકાર કરે; પણ વૈરી કે દુશ્મનનો વધ ન કરે. અર્જુન દયાળુ અને વિવેકી છે તેથી અશ્વત્થામા ઉપર બ્રહ્માસ્ત્ર નથી છોડતા. ૨૯.

સંહત્ય—એ બ્રહ્માસ્ત્ર ભેગાં થઈ જગતને બાળવા લાગ્યાં. બળ અને બુદ્ધિ, અધિકાર અને જ્ઞાન જો સહકાર સાથે તો વિશ્વમાં સંસ્કાર અને શાંતિ જાગે. જો બન્નેમાં વિગ્રહ જન્મે તો વિશ્વમાં વિપ્લવ થાય. અર્જુન ક્ષત્રિય છે. તેનામાં બળ અને સત્તા છે. અશ્વત્થામા બ્રાહ્મણ છે. ત્યાં બુદ્ધિ અને જ્ઞાન છે. શ્રીકૃષ્ણ પ્રેમ અને વિવેક છે. તે બન્નેમાં સંપ કરાવે છે. તે નીચેના બે શ્લોકમાં આવે છે. ૩૦.

दृष्ट्वाऽस्त्रतेजस्तु तयोस्त्रींल्लोकान् प्रदहन्महत् ।
दह्यमानाः प्रजाः सर्वाः सांवर्तकममंसत ॥ ३१ ॥

प्रजोपप्लवमालक्ष्य लोकव्यतिकरं च तम् ।
मतं च वासुदेवस्य सञ्जहाराऽर्जुनो द्वयम् ॥ ३२ ॥

અન્વયાર્થ—दह्यमानाः-બળતી, सर्वाः બધી, प्रजाः-પ્રજાઓ, तु-તો, त्रीन्-ત્રણ, लोकान्-લોકોને, प्रदहत्-બાળતાં, महत्-મોટાં, तयोः-તે બન્નેનાં, अस्त्रतेजः-બ્રહ્માસ્ત્રના તેજને, दृष्ट्वा-જોઈને, सांवर्तकम्-પ્રલયકાળ હોય એમ, अमंसत-માનવા લાગી. ૩૧; अर्जुनः-અર્જુન, प्रजा-उपप्लवम्-પ્રજાઓના નાશને, च-અને, तम्-તે, लोक-व्यतिकरम्-લોકોની છિન્ન ભિન્નતાને, च-અને, वासुदेवस्य-શ્રીકૃષ્ણના मतम्-મતને, आलक्ष्य-જાણી-વિચારીને, द्वयम्-બન્ને બ્રહ્માસ્ત્રને, सञ्जहार-પાછાં વાળી લીધાં. ૩૨.

અનુવાદ—ત્રણે લોકને બાળતા એવા મોટા તે બન્ને બ્રહ્માસ્ત્રના ઉગ્ર તેજને જોઈને તેનાથી બળી જતી સર્વ પ્રજાએ પ્રલય કાળનો આ અગ્નિ છે એમ માન્યું. ૩૧; ત્યારે અર્જુને આ પ્રકારના પ્રજાના નાશને તથા લોકોની છિન્ન ભિન્નતાને જોઈને, તેમજ ભગવાન શ્રીકૃષ્ણના મતને જાણીને બન્ને બ્રહ્માસ્ત્રનો ઉપસંહાર કર્યો. ૩૨.

तत आसाद्य तरसा दारुणं गौतमीसुतम् ।
बबन्धामर्षताम्राक्षः पशुं रशनया यथा ॥ ३३ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

शिबिराय निनीषन्तं[1] रज्ज्वा बद्धं रिपुं बलात् ।
प्राहार्जुनं प्रकुपितो भगवानम्बुजेक्षणः ॥ ૩૪ ॥

અન્વયાર્થ—ततः-ત્યારબાદ, अमर्ष-ताम्र-अक्षः-ક્રોધથી લાલ નેત્રવાળા અર્જુને, तरसा-વેગથી, दारुणम्-ક્રૂર, गौतमीसुतम्-ગૌતમી પુત્ર અશ્વત્થામાને, आसाद्य-પકડીને, रज्ञनया-દોરડાથી, यथा-જેમ, पशुम्-પશુને બાંધે તેમ, बबन्ध-બાંધ્યો. ૩૩; अम्बुज-ईक्षणः-કમળ નેત્ર, भगवान्-શ્રીકૃષ્ણ, दाम्ना-દોરડાથી, रिपुम-શત્રુને, बध्वा-બાંધીને, बलात्-બળજબરીથી, शिबिराय-છાવણી તરફ, निनीषन्तम्-લઈ જવાને ઇચ્છતા, अर्जुनम्-અર્જુનને, प्रकुपितः-ખૂબ ક્રોધે ભરાયેલા, (ભગવાન શ્રીકૃષ્ણ), आह-બોલ્યા. ૩૪.

અનુવાદ તે પછી ક્રૂર કર્મ કરનાર ગૌતમી પુત્ર અશ્વત્થામાની પાસે એકદમ દોડી જઈ ક્રોધથી લાલ નેત્રવાળા અર્જુને જેમ પશુને દોરડાથી બાંધે તેમ અશ્વત્થામાને બાંધ્યો. ૩૩; મજબૂત રીતે બાંધેલા શત્રુ અશ્વત્થામાને છાવણી તરફ લઈ જવાને ઇચ્છતા અર્જુનને કમલ સમાન નેત્રવાળા ભગવાન શ્રીકૃષ્ણ ક્રોધપૂર્વક કહેવા લાગ્યા. ૩૪.

તત્ત્વસુધા—गौतमीसुतम्—અશ્વત્થામાને દ્રોણ પુત્રને બદલે 'ગૌતમી તનય' પદથી ઓળખાવ્યા. પિતાને ગુણ, શીલ, જ્ઞાન શૂન્ય પુત્રમાં પ્રેમ નથી હોતો, પણ માતાની મમતા અપાર હોય છે. પતિવ્રતા ગૌતમીના પુત્ર પ્રેમને વશ થઈ સિદ્ધાન્તશીલ દ્રોણગુરુએ પણ અશ્વત્થામા માટે દૂધની યાચના કરી અને કૌરવોનું શિક્ષકપદ સ્વીકાર્યું. તેમજ અનધિકારી પુત્રને બ્રહ્માસ્ત્ર આપ્યું, તે સર્વ સૂચવવા ' ગૌતમી સુત ' શબ્દ ગુરુપુત્ર માટે વાપર્યો. ૩૩.

अम्बुजेक्षण : અર્જુનજીએ અશ્વત્થામાને બાંધ્યા ત્યારે શ્રીકૃષ્ણે વિચાર્યું કે ક્ષાત્રધર્મ પ્રમાણે શત્રુને ઘરે ન લવાય. જોખમ છે. જો ગાફલ હોઈએ તો લાગ જોઈ નુકસાન કરે. માટે આ સ્થાને નાશ કરવો જોઈએ; અને જો આર્ષ ધર્મ તરીકે જોઈએ, તો વિપ્ર છે; માટે બંધાય નહીં; તો વધુ માટે ઘરે કેમ લઈ જવાય ? આ બે ભાવો મુખ ઉપરથી વાંચતા વિચક્ષણ વ્યાસજી, ક્રોધવાળા અને કમલનયન એવા વિરુદ્ધ ધર્મથી શ્રીકૃષ્ણને ઓળખાવે છે. ૩૪.

श्रीभगवानुवाच—मैनं पार्थार्हसि त्रातुं ब्रह्मबन्धुमिमं जहि ।
योऽसावनागसः सुप्तानवधीन्निशि बालकान् ॥ ૩૫ ॥
मत्तं प्रमत्तमुन्मत्तं सुप्तं बालं स्त्रियं जडम् ।
प्रपन्नं विरथं भीतं न रिपुं हन्ति धर्मवित् ॥ ૩૬ ॥

અન્વયાર્થ—पार्थ-હે પાર્થ, एनम्-આ અશ્વત્થામાને, त्रातुम्-બચાવવાને, मा अर्हसि-યોગ્ય નથી, इमम्-ब्रह्मबन्धुम्-આ દુષ્ટ બ્રાહ્મણને, जहि-હણો, यः-જે, असौ-આ અશ્વત્થામાએ, अनागसः-નિરપરાધીને, निशि-રાત્રીમાં, सुप्तान्-સૂતેલાઓને, बालकान्-બાળકોને, अवधीत्-મારી નાખ્યા છે. ૩૫; धर्मवित्-ધર્મને જાણનાર, मत्तम्-મદિરા પીધેલાને, प्रमत्तम्-અસાવધને, उन्मत्तम्-ઉન્મત્તને, सुप्तम्-સૂતેલાને, बालम्-બાળકને, स्त्रियम्-સ્ત્રીને, जडम्-જડને, प्रपन्नम्-શરણાગતને, विरथम्-રથ વગરનાને, भीतम्-ભયભીતને, रिपुम्-શત્રુને, न हन्ति-મારતા નથી. ૩૬.

અનુવાદ—ભગવાને કહ્યું પાર્થ, આ અશ્વત્થામાની રક્ષા કરવી યોગ્ય નથી. બ્રહ્મબન્ધુ આ અશ્વત્થામાનો વધ કરો, કારણ કે તેણે રાત્રિએ સૂતેલા નિરપરાધી-નિર્દોષ બાળકોને માર્યા છે. ૩૫; કેફી પીણાં પીધેલ, અસાવધ, ભૂત-પ્રેતાદિકથી પીડાતા, સૂતેલા, બાલ્યાવસ્થામાં

१. दाम्ना बद्धवा इति पाठः।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

રહેલ, જડ, સ્ત્રી, શરણાગત, રથવગરના અને ભયભીત, એવા શત્રુ હોય તો પણ ધર્મને જાણનાર પુરુષ એમને મારતો નથી. ૩૬.

તત્ત્વસુધા—બ્રહ્મબન્ધુમ્-'બ્રાહ્મણ્ય' નામની બ્રાહ્મણમાં રહેનારી દેવતા છે. પવિત્ર કર્મ કાલમાં તે રહે છે પણ પાપાચાર કરનારામાંથી તે ચાલી જાય છે. સુતેલા, નિરપરાધી અને બાલ વયનાં બાળકોનો રાત્રિમાં વધ કરનારમાં 'બ્રાહ્મણ્ય દેવતા' નથી. તેથી તે બ્રહ્મ બન્ધુ છે. તેનો અવશ્ય વધ થઈ શકે કારણ કે તે આતતાયી છે. એવો એક પક્ષ રજુ કરે છે. આતતાયી દશ પ્રકારના હોય છે. એમાંના આ પણ એક છે. તેનો વધ કરવો ઉચિત છે. ૩૫; ૩૬.

स्वप्राणान्यः परप्राणैः प्रपुष्णात्यघृणः खलः ।
तद्वधस्तस्य हि श्रेयो यद्दोषाद्यात्यधः पुमान् ॥ ३७ ॥
प्रतिश्रुतं च भवता पाञ्चाल्यै शृण्वतो मम ।
आहरिष्ये शिरस्तस्य यस्ते मानिनि पुत्रहा ॥ ३८ ॥
तदसौ वध्यतां पाप आतताय्यात्मबन्धुहा ।
भर्तुश्च विप्रियं वीर कृतवान् कुलपांसनः ॥ ३९ ॥

અન્વયાર્થ—અઘૃણ.-નિર્દય, યઃ-જે, ખલઃ-ખલ પુરુષ, પર-પ્રાણૈઃ-બીજાના પ્રાણોથી, સ્વપ્રાણાન્-પોતાના પ્રાણોને, પ્રપુષ્ણાતિ-પોષે છે, તદ્વધઃ-તેનો વધ, તસ્ય-તેના, શ્રેયઃ-કલ્યાણ માટે છે, હિ-કારણ કે, યદ્દોષાત્-જેના દોષથી, પુમાન્-પુરુષ, અધઃ-અધોગતિને, યાતિ-પ્રાપ્ત કરે છે. ૩૭; ચ-અને, માનિનિ-હે માનિની, યઃ-જે, તે-તમારા, પુત્રહા-પુત્રોને હણનાર, તસ્ય-તેના, શિરઃ-મસ્તકને, આહરિષ્યે-છેદી લાવીશ એવી, મમ-શૃણ્વતઃ-મારા સાંભળતાં, ભવતા-તમે, પાઞ્ચાલ્યૈ-દ્રૌપદીને, પ્રતિશ્રુતમ્-વચન આપેલું છે. ૩૮; વીર-હે વીર, તત્-તો, પાપઃ-પાપી, આતતાયી-આતતાયી, આત્મબન્ધુહા-તમારા પુત્રોને મારનાર, અસૌ-આ અશ્વત્થામા, વધ્યતામ્-હણવો જોઇએ, ચ-અને, કુલપાંસનઃ-કુલાંગારે, ભર્તુઃ-સ્વામીનું, વિપ્રિયમ્-વિશેષ અપ્રિય, કૃતવાન્ કર્યું છે. ૩૯.

અનુવાદ—જે નિર્દય દુષ્ટ પુરુષ, બીજાઓના પ્રાણોથી પોતાના પ્રાણોને પોષે છે, તેનો વધ કરવો એ જ તેના કલ્યાણ માટેનો માર્ગ છે, કારણ કે જે દોષના પરિણામે પુરુષ અધોગતિને પામે છે. ૩૭; વળી હું સાંભળતો હતો અને તમે દ્રૌપદીની પાસે પ્રતિજ્ઞા કરી છે કે "હે માનિની, જેણે તારા પુત્રોને મારી નાખ્યા છે, તેના મસ્તકને છેદી લાવીને તને આપીશ." ૩૮; તેથી હે વીર અર્જુન, આ અશ્વત્થામા, તારા પુત્રોનો વધ કરનાર પાપી, ક્રૂર અને આતતાયી છે; માટે એનો વધ કરવો જોઇએ. વળી કુળમાં કલંકરૂપે રહેલા અશ્વત્થામાએ પોતાના સ્વામી દુર્યોધનની પણ અપકીર્તિ કરી છે. ૩૯.

તત્ત્વસુધા—અર્જુને શ્રીકૃષ્ણનો મત સાંભળ્યો પણ અશ્વત્થામાને મારવા ન પ્રેરાયા. કોઈ પણ વ્યક્તિ અપરાધ કરે તો પણ બદલો લેનાર વિવેકી હોય, તે વિચારે કે મનુષ્યને ભૂલ કરવાનો સ્વભાવ છે, તેમ તેને સુધરવાનો પણ સ્વભાવ છે. તો ભૂલેલાનો વિનાશ શા માટે ? તેને તો વિવેક પંથે લાવવો તે જ તેનો સાચો બદલો છે. અન્ય કરતાં અવિલંબે સુધરે તેવી પ્રકૃતિ બ્રાહ્મણની છે. તેથી અર્જુન સંકોચ પામે છે, ત્યારે પુનઃ શ્રીકૃષ્ણ ત્રણ શ્લોકથી બોલ્યા કે અશ્વત્થામા અઘૃણઃ ખલઃ અદય અને ખલ છે. સુધરવા અવસર આપે, પસ્તાય, પીડાય, પણ ના પલટાય તે ખલ. પુનઃ પુનઃ પ્રપંચ પાપ કરે તે ખલ. ખલ અને નિર્દય ઉપર દયા એ તો અન્યને હાનિ પહોંચાડનારી અસ્થાને કૃપા છે. તેને બચાવતાં અન્ય ભાવિમાં જોખમમાં મૂકાશે, માટે અવશ્ય શિક્ષા કરવી જોઇએ. વળી તમારી પ્રતિજ્ઞા પંચ મસ્તકને લઈ જવાની છે, તેથી પણ શિક્ષા થવી ઉચિત છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ઉપરાંત બાલવધ કરી સ્વ કુલ અને સ્વામી કુલને પણ કલંક આપ્યું છે. આ વિષમ પરીક્ષામાં અર્જુન ઉત્તીર્ણ થયા. તે પ્રસંગ આગળના શ્લોકોમાં છે. ૩૭; ૩૮; ૩૯.

सूत उवाच- एवं परीक्षता धर्मं पार्थः कृष्णेन चोदितः ।
नैच्छद्धन्तुं गुरुसुतं यद्यप्यात्महनं महान् ॥ ४० ॥

અન્વયાર્થ—**एवम्**-એ પ્રમાણે, **धर्मम्**-ધર્મને, **परीक्षता**-સૂક્ષ્મ રીતે જોનાર, **कृष्णेन**-શ્રીકૃષ્ણથી, **नोदितः**-પ્રેરાયેલ, **पार्थः**-અર્જુન, **यद्यपि**-જો કે, **आत्महनम्**-પોતાના પુત્રનો વધ કરનાર, **गुरु सुतम्**-ગુરુપુત્રને, **हन्तुम्**-હણવાને, **न ऐच्छत्**-ઇચ્છા ન કરી, કારણ કે **महान्**-અર્જુન મહા પુરુષ છે. ૪૦.

અનુવાદ—એ પ્રમાણે ધર્મને સૂક્ષ્મ રીતે અવલોકનાર શ્રીકૃષ્ણ ભગવાને અશ્વત્થામાનો વધ કરવા માટે અર્જુનને પ્રેરણા કરી; પરંતુ અર્જુન મહાપુરુષ છે, તેથી તેણે જો કે પોતાના પુત્રોની હત્યા કરનાર અશ્વત્થામાને ગુરુપુત્ર હોવાથી મારવાની ઇચ્છા ન કરી. ૪૦.

તત્ત્વસુધા—एवं परीक्षता-પરીક્ષા કઠિન જોઇએ અને પરીક્ષક કોમલ-ઉદાર હોવો જોઇએ. પરીક્ષાની કઠિનતામાં વિદ્યાર્થીમાં બુદ્ધિ-જ્ઞાનનો વિકાસ છે. અર્જુન કસોટીમાં પસાર થયા, એ આ શ્લોકમાં સૂચવ્યું. पार्थः-અર્જુન કુન્તી તનય હોવાથી વિવેકી, ભક્ત અને દયાળુ હતા, તેથી વધ ન કર્યો 'कृष्णः' પરીક્ષક છે, વિધાનકર્તા નથી એમ લાગ્યું. गुरुसुतम्-અશ્વત્થામા ગુરુપુત્ર એવો નિર્ણય કર્યો. ૪૦.

अथोपेत्य स्वशिबिरं गोविन्दप्रियसारथिः ।
न्यवेदयत् तं प्रियायै शोचन्त्या आत्मजान् हतान् ॥ ४१ ॥

અન્વયાર્થ—**अथ**-ત્યારબાદ, **गोविन्द-प्रिय-सारथिः**-ગોવિંદ જેના પ્રિય મિત્ર અને સારથિ છે એવા અર્જુને, **स्वशिबिरम्**-પોતાના શિબિરમાં, **उपेत्य**-જઇને, **हतान्**-હણાયેલા, **आत्मजान्**-પોતાના પુત્રોનો, **शोचन्त्यै**-શોક કરતી, **प्रियायै**-પ્રિય પત્નીને, **तम्**-તે અશ્વત્થામાને, **न्यवेदयत्**-અર્પણ કર્યો. ૪૧.

અનુવાદ—ત્યાર બાદ શ્રીકૃષ્ણ જેના પ્રિય મિત્ર તેમજ સારથિ છે, એવા અર્જુને પોતાના શિબિરમાં જઇને હણાયેલા નિજ પુત્રોનો શોક કરતી પ્રિયા દ્રૌપદીની સમક્ષ અશ્વત્થામાને રજૂ કર્યો. ૪૧.

તત્ત્વસુધા—गोविन्द प्रिय सारथिः-સત્તરમા શ્લોકથી આ પ્રસંગનો ઉપક્રમ કર્યો, ત્યારે ત્યાં અર્જુનને अच्युतमित्रसूतः અચ્યુત મિત્ર અને સારથિ છે એમ કહ્યું. ઉપસંહારમાં ગોવિંદ સખા અને સારથિ છે એમ તાજુ કર્યું; કારણકે વિજયનાં આ વિજય અને વિવેકમતિ કેવલ કૃષ્ણ કૃપાનું ફળ છે. વિશુદ્ધ અને વિશિષ્ટ સંગ સર્વ શ્રેયસ્કર સદ્વિદ્યા અને સમ્પત્તિ છે. વૈરથી પર થાય તેજ વિશિષ્ટ સંત મનાય. ૪૧.

तथाऽऽहृतं पशुवत्पाशबद्धमवाङ्मुखं कर्मजुगुप्सितेन ।
निरीक्ष्य कृष्णाऽपकृतं गुरोः सुतं वामस्वभावा कृपया ननाम च ॥ ४२ ॥

અન્વયાર્થ—**तथा**-તે પ્રમાણે, **पशुवत्**-પશુની માફક, **पाशबद्धम्**-પાશથી બાંધેલા, **आहृतम्**-લાવેલા, **च**-અને, **कर्म-जुगुप्सितेन**-નિંદ્ય કર્મ કરવાથી, **अवाङ्मुखम्**-અવનત મુખવાળા **अपकृतम्**-અપકાર કરનારા, **गुरोः**-ગુરુના, **सुतम्**-પુત્રને, **निरीक्ष्य**-જોઇને, **वाम-स्वभावा**-સરળ સ્વભાવનાં **कृष्णा**-દ્રૌપદીએ, **कृपया**-દયાથી, **ननाम**-નમસ્કાર કર્યા. ૪૨.

અનુવાદ—પછી પોતાની સમક્ષ પશુની માફક દોરડાથી બાંધેલા અને નિન્દિત કર્મ કરવાથી અવનત મુખ કરી ઉભેલા, અપકાર કરનારા, ગુરુપુત્ર, અશ્વત્થામાને જોઇને સરળ સ્વભાવનાં દ્રૌપદીએ દયા આવવાથી નમસ્કાર કર્યા. ૪૨.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્ત્વસુધા—દ્રૌપદી દયાની દીવાદાંડી છે, ક્ષમાની ક્ષેમપીઠ છે, પ્રેમની પરબ છે, નિર્વૈર ભાવની નિઃશ્રેણી છે. પુણ્યની પ્રતિષ્ઠા છે. પરોપકારની પ્રતિમા છે. વિશ્વસંસ્કૃતિ વિદ્યાપીઠની વેદિકા ઉપરથી દીક્ષાન્ત ભાષણમાં નિર્વૈરભાવ, પ્રેમ અને ક્ષમાના શીલનાં વિધાન કરતી, દુશ્મનને પણ દેવ ભાવે વંદના દેતી, કરૂણાથી જોતી, ૭ શ્લોકથી બોલવાની શરૂઆત કરે છે, અને કહે છે કે અવાઙ્મુખમ્-કુકર્મથી નતમસ્તકને સ્વકર્મે માર્યો છે, તેને મારવો શો ? ઝેરીલાને ઝેર દેવાં શાં ! પાપથી પીડાતાને પીડવો શો ! શરમથી સંતાતાને શોધવો શો ! ૪૨.

उवाच चासहन्त्यस्य बन्धनानयनं सती ।
मुच्यतां मुच्यतामेष ब्राह्मणो नितरां गुरुः ॥ ४३ ॥

અન્વયાર્થ—च-અને, **अस्य**-આ અશ્વત્થામાના, **बन्धन**-આનયનમ્-બાંધીને લાવવાના કાર્યને, **असहन्ती**-ન સહન કરતી, **सती**-પતિવ્રતા-દ્રૌપદી, **उवाच**-બોલી ઉઠ્યાં, **मुच्यताम्-मुच्यताम्**-છોડી દો-છોડી દો. **एषः**-આ, **ब्राह्मणः**-બ્રાહ્મણ, **नितराम्**-સર્વથા, **गुरुः**-પૂજ્ય છે. ૪૩.

અનુવાદ—અશ્વત્થામાને બાંધીને લાવવાના અર્જુનના કાર્યને સહન ન કરતી પતિવ્રતા દ્રૌપદી બોલી ઉઠ્યાં, "એને છોડી મૂકો, છોડી દો. બ્રાહ્મણ હમેશાં ગુરુરૂપે પૂજનીય છે. ૪૩.

તત્ત્વસુધા—ક્ષમા દ્રૌપદીની અદાલતમાં અદાવત નથી; પરંતુ દયાનું સદાવ્રત છે. મહાભારતના આ પ્રસંગને આ પ્રથમ સ્કંધમાં વ્યાસજી અનોખી રીતે રજુ કરે છે. અપરાધીને દંડ કરવો કે અપરાધોને ? પાપીને-ગુન્હેગારને બદલો દેવો કે તેને બદલી દેવો એ એક સાધુ મીમાંસા છે. ક્ષમા, દયા અને ધર્મ ભૂલી જઇ વૈરીને ભલો બનાવી દેવા વિચારે છે. ન્યાયનો મંચ જગતના પ્રપંચની સંશુદ્ધિની તપોમય ભૂમિ છે. તેના અપરાધોનું ભાન કરાવી તેને અપરાધ મુક્ત કરવા વિચારે છે. દંડને દયાની નદીમાં સ્નાન કરાવીને દયાળુ બનાવી વાપરવો. નવ અપરાધી છૂટી જાય, પણ એક નિર્દોષ માર્યો ન જાય એ ન્યાયની નેમ છે. આહત પલટાતી નથી, એ ન્યાયે છુટેલો અપરાધી પુનઃ અપરાધ કરશે, પકડાશે અને બમણી શિક્ષા પામશે.

વૈર વૈરથી નહિ શમે. વૈરથી વૈર વારસામાં ઉતરશે. વૈરનું મારણ પ્રેમ અને ક્ષમા છે. એ નીતિ ઉપર દ્રૌપદી ચાલ્યાં જાય છે. બીજાના ઉપદ્રવમાં દ્રવીભૂત થઇ જાય તે દ્રૌપદી-દયા છે.

યુધિષ્ઠિર-ધર્મ	અર્જુન-આત્મા	દ્વારા મેળવવાના	ભીમસેન-બલ
	દ્રૌપદી-ક્ષમા-દયા	-કૃષ્ણ પરમાનંદ	
નકુલ-રૂપ			સહદેવ-બુદ્ધિ

ક્ષમા અને દયાના અવલંબને પરમાનંદને પામવાનો છે. અર્જુન-આત્મા છે. ધર્મ-યુધિષ્ઠિર તેનો મોટો ભાઇ છે. આત્મા અને ધર્મમાં મોટો ધર્મ છે. ધર્મ માટે આત્માનું સમર્પણ થાય, પણ ધર્મના ભોગે આત્મ-રક્ષણ ન થાય. તરૂણની અરૂણ કાયા માતૃભૂમિ માટે સમર્પાય એ દેશ રક્ષા ધર્મ છે. આત્મા અર્જુને બલ (ભીમસેન), રૂપ (નકુલ), બુદ્ધિ (સહદેવ) વાપરવાનાં છે, પણ તે યુધિષ્ઠિર-ધર્મની અને ક્ષમા-દ્રૌપદીની આજ્ઞા અને ઇચ્છાને અનુકૂળ થઇને, સ્વતંત્ર રીતે નહિ. તેથીજ દ્રૌપદી ૬ શ્લોકથી ન્યાય આપે છે. તેના પ્રથમ શ્લોકમાં ધર્મનું કથન છે.

उवाच सती-સન્મતિનું પ્રતીક સતી દ્રૌપદી છે. શીલવતી પત્નીનો ચીંધેલો સન્માર્ગ પતિને અસર કરે. मुच्यताम् मुच्यताम्-અશ્વત્થામાને છોડી મુકવામાં સંદેહ અને વિલંબ ન કરવા માટે બે વખત કહ્યું. અશ્વત્થામાના સંરક્ષણમાં સંસ્કૃતિ સન્માન, વિજ્ઞાન સંરક્ષણ, જ્ઞાનનો આદર અને તપની કદર છે. ભીષ્મ, કૃપાચાર્ય, દ્રોણાચાર્ય અને પાંડવ વગેરે શિષ્યો ભારતનું અસ્ત્ર વિજ્ઞાન હતા. યુદ્ધમાં તેઓ સર્વ ગયા. પાંડવો પણ હિમાલયમાં ઓગળી જવાના, જ્યારે ચિરંજીવી એક અશ્વત્થામા હતા. અશ્વત્થામાના સંરક્ષણમાં ભારતના વિજ્ઞાનની રક્ષા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હતી, વૈર ભાવની નિવૃત્તિ હતી, પ્રેમ ભાવની પ્રતિષ્ઠા હતી, હૃદયના કુમળા ભાગની જગતને ઝાંખી હતી, વધુમાં ધર્મનું સન્માન હતું. બ્રાહ્મણઃ-બ્રાહ્મણપણું ધર્મ છે. માખણમાં છાશની ખટાશ આવે તો તેને ફેંકી ન દેવાય. વિવેકથી તપાવી તેનું 'ઘી' બનાવાય, જેમાંથી પ્રકાશ મળે. 'કુસંગ' ની છાશ જો બ્રાહ્મણ તેજમાં હોય તો તે કેવલ દૂર કરવાની હોય. દેહ કરતાં બ્રાહ્મણત્વ વધુ અમૂલ્ય છે. દેહ તો ધર્મનું અંગ છે, તે તેથી ગૌણ છે; પણ 'બ્રહ્મત્વ' ગુણ છે. તે તો સંરક્ષણીય અને આદરણીય છે. ૪૩.

સરહસ્યો ધનુર્વેદઃ સવિસર્ગોપસંયમઃ ।
અસ્ત્રગ્રામશ્ચ ભવતા શિક્ષિતો યદનુગ્રહાત્ ॥ ૪૪ ॥
સ એષ ભગવાન્દ્રોણઃ પ્રજારૂપેણ વર્તતે ।
તસ્યાડડત્મનોઽર્દ્ધ પત્ન્યાસ્તે નાઽન્યગાદ્વીરસૂઃ કૃપી ॥ ૪૫ ॥

અન્વયાર્થ—ભવતા-આપે, **યદ્-અનુગ્રહાત્**-જેમના અનુગ્રહથી, **સવિસર્ગ-ઉપસંયમઃ**-છોડવાની અને પાછું વાળવાની ક્રિયા વાળો, **અસ્ત્રગ્રામઃ**-અસ્ત્ર સમૂહ, **ચ**-અને, **સરહસ્યઃ**-રહસ્ય સાથે, **ધનુર્વેદઃ**-ધનુર્વેદ, **શિક્ષિતઃ**-શીખેલા છો, **સઃ**-તે, **એષઃ**-આ, **ભગવાન્**-ષડ્ ગુણ ઐશ્વર્ય સંપન્ન, **દ્રોણઃ**-શ્રીદ્રોણાચાર્ય, **પ્રજારૂપેણ**-પ્રજારૂપે-(પુત્ર અશ્વત્થામા રૂપે), **વર્તતે**-રહેલા છે, **તસ્ય**-તેમના, **આત્મનઃ**-પોતાના દેહના, **અર્દ્ધમ્**-અર્ધભાગ જેવી, **પત્ની**-પત્ની, **કૃપી**-કૃપી, **આસ્તે**-હયાત છે, **વીરસૂઃ**-વીરપુત્રને જન્મ આપનારી તે, **ન-અન્વગાત્**-પતિની પાછળ ગઇ નથી. ૪૪; ૪૫.

અનુવાદ—જેમના અનુગ્રહથી તમે છોડવાની તેમજ પાછું વાળવાની ક્રિયા સાથેનો અસ્ત્ર-સમૂહ શીખ્યા, તેમજ રહસ્ય મંત્ર સાથેનો ધનુર્વેદ શીખ્યા, એ જ આ ષડગુણૈશ્વર્યસંપન્ન ભગવાન દ્રોણાચાર્ય પુત્ર રૂપે અહીં રહેલા છે. તેમની અર્ધાંગના પત્ની કૃપી પણ હયાત છે. પરાક્રમી પુત્રનો જન્મ આપનારાં તે પતિ પાછળ સતી થયાં નથી. ૪૪; ૪૫.

તત્ત્વસુધા—કદાચ કોઈ માને કે ધર્મમાં લોકનીતિનો વિરોધ આવે તો નીતિની ઉપેક્ષા ન થાય. ધર્મની દૃષ્ટિએ અશ્વત્થામા અવધ્ય હશે; પરંતુ આર્જવં કુટિલેષુ ન નીતિઃ કુટિલોમાં સરલતાની વપરાશ નીતિ નથી, એ ન્યાયે વધ થવો ઉચિત છે તેવું સમજવું અસ્થાને છે-બ્રાહ્મણો નિતરાં ગુરુઃ સામાન્ય રીતે બ્રાહ્મણ વર્ણ માત્રનો ગુરુ છે. આપણું વૈર તો દેહ સાથે છે; પરંતુ ધર્મ સાથે નથી. ધર્મ તો પ્રત્યેકનો ગુરુ-પૂજ્ય છે. અશ્વત્થામા વિશિષ્ટ કોટિના ગુરુ છે. તેમના પિતાજી દ્રોણાચાર્ય પાસેથી રહસ્ય જ્ઞાન સાથેનો ધનુર્વેદ આપે મેળવ્યો છે. બુદ્ધિમાનને જ્ઞાન મળે; પરંતુ ફળે તો ગુરુના અનુગ્રહે. માટે લોકનીતિ કહે છે કે અપકારીના ઉપકારી થવું, જ્યારે આપ તો ઉપકારીના અપકારી બનો છો. નાથ, માનું માનો. ધર્મ અને નીતિ બન્ને વધનો નિષેધ કરે છે. અર્જુને ઉત્તર વાળ્યો, " વિદ્યા દ્રોણ ગુરુએ આપી છે; અશ્વત્થામા તો દ્રોણ નથી ને ? " સતીએ કહ્યું, આત્મા વૈ પુત્ર નામાસિ. પોતાનો આત્મા પુત્રરૂપે અવતરે છે. એ શ્રુતિ ન્યાયે અશ્વત્થામા દ્રોણ છે. દ્રોણની અર્ધાંગના ગૌતમી સતી થતાં હતાં ત્યારે તેમને રોકયાં, સમજાવ્યાં કે નિર્બળ કે અપુત્રવતી સ્ત્રી ભલે સતી થાય; તમે તો વીર પુત્રની જનની છો. સતી ન થવાય. તે ઋષિ વાક્યોને અનુમોદન આપી સુત વત્સલા કૃપી માતા કૃપા પાત્ર છે. ધર્મ, નીતિ અને દયા પણ આપને રોકે છે. ૪૪; ૪૫.

તદ્ધર્મજ્ઞ મહાભાગ ભવદ્ભિર્ગૌરવં કુલમ્ ।
વૃજિનં નાર્હતિ પ્રાપ્તું પૂજ્યં વન્દ્યમભીક્ષ્ણશઃ ॥ ૪૬ ॥

અન્વયાર્થ—તત્-તો, **ધર્મજ્ઞ**-ધર્મને જાણનારા, **મહાભાગ**-હે મહાભાગ, **ભવદ્ભિઃ**-આપનાથી, **અભિ-ઈક્ષ્ણશઃ**-વારંવાર, **વંદ્યમ્**-વંદનીય, **પૂજ્યમ્**-પૂજનીય, **ગૌરવમ્**-ગુરુના, **કુલમ્**-કુલને, **વૃજિનમ્**-કષ્ટને-દુઃખને, **પ્રાપ્તુમ્**-પ્રાપ્ત કરાવવું, **ન અર્હતિ**-યોગ્ય નથી. ૪૬.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—તો ધર્મને જાણનાર, હે મહા ભાગ્યશાલી, વારંવાર વંદનીય, પૂજનીય એવા ગુરુના કુળને આપને હાથે દુઃખમાં મુકવું યોગ્ય નથી. ૪૬.

તત્ત્વસુધા—અર્જુને કહ્યું કે "દ્રોણ માટે તે બરાબર, પણ દ્રોણ પુત્રને શું?" ત્યારે દ્રૌપદી ઉત્તર આપે છે કે ધર્મ, નીતિ અને દયા કપટ વિનાનાં જોઇએ. એ સમજાવવા આ શ્લોકથી 'નિષ્કપટ' ભાવનું નિરૂપણ કરે છે. દ્રોણ પરત્વે ભક્તિ રાખવી અને કુલ પરત્વે નહિ, એ તો ધર્મનું કાપટ્ય છે. આ આપના ગુરુનું કુલ છે તેને દુઃખ મુક્તં કરો. શ્રીકૃષ્ણે ગુરુના મૃત પુત્રને સજીવ કરી પાછો લાવી આપ્યો અને ગુરુકુલનું ગૌરવ સંભાળ્યું. કમથી કમ આપ સજીવ ન કરો; પરંતુ સજીવને આપ નિર્જીવ તો ન કરો. એ આપણી નિષ્કપટ ગુરુ પૂજા છે. ૪૬.

मा रोदीदस्य जननी गौतमी पतिदेवता ।
यथाहं मृतवत्साऽऽर्ता रोदिम्यश्रुमुखी मुहुः ॥ ४७ ॥

અન્વયાર્થ—**यथा**-જેમ, **मृतवत्सा**-મૃતપુત્રા, **आर्ता**-દુઃખિની, **अश्रुमुखी**-અશ્રુભર્યાં નેત્રવાળી-હું, **मुहुः**-વારંવાર, **रोदिमि**-રૂદન કરું છું, **अस्य**-આ અશ્વત્થામાની, **जननी**-માતા, **पतिदेवता**-પતિવ્રતા, **गौतमी**-ગૌતમી, **मा रोदीत्**-ન રડે. ૪૭.

અનુવાદ—પુત્રોના મરણથી દુઃખી બનેલી અને નેત્રોમાંથી અશ્રુઓ સારતી વારંવાર હું જેમ રૂદન કરું છું, એ રીતે પતિવ્રતા એવી અશ્વત્થામાની માતા ગૌતમી રૂદન ન કરો. ૪૭.

તત્ત્વસુધા—ધર્મની વિશુદ્ધિ 'સમત્વ બુદ્ધિથી છે.' સમત્વ બુદ્ધિ એટલે જે દુઃખ મને સતાવે, જે સુખ મને ભાવે, તે સામાને પણ તેમજ સતાવે અને ભાવે; માટે તેમ સમજી તેને દુઃખથી બચાવવો એ 'સમત્વ' મતિ ધર્મનો પ્રાણ છે. નાથ! હું કેવલ મારા પુત્રોની મા નથી, કિન્તુ પુત્રવત્સલા મા છું અને કહું છું કે કોઇ મા પુત્ર વિહોણી બની દુઃખી ન થાવ. મારો પાલવડો પાયે ધરી વિનવું છું, વધ ન કરો. જુઓ—

ક્ષાન્તિ કેરો વિજય ન વસે વૈરને વાળવામાં,
મૌને જેવું સુખ મનુજને તે નથી ગાજવામાં,
શાંતિમાં જે સહજ વિરતિ તે નથી કોપવામાં,
રોવામાં જે વસી વિમળતા તે ન રોવાડવામાં. ૪૭.

यैः कोपितं ब्रह्मकुलं राजन्यैरकृतात्मभिः[1] ।
तत्कुलं प्रदहत्याशु साऽनुबन्धं शुचार्पितम्[2] ॥ ४८ ॥

અન્વયાર્થ—**अकृत-आत्मभिः**-અકૃતજ્ઞ એવા, **यैः-राजन्यैः**-જે ક્ષત્રિય રાજાઓએ, **ब्रह्मकुलम्**-બ્રાહ્મણકુલ, **कोपितम्**-કોપાવેલું છે, માટેજ **शुचा-अर्पितम्**-શોકમાં મૂકેલ છે, **तत्-कुलम्**-તે ક્ષત્રિય કુલને, **सानुबन्धम्**-સપરિવાર, **आशु**-શીઘ્ર **प्रदहति**-બાળે છે. ૪૮.

અનુવાદ—અસંયમી જે રાજાઓ બ્રાહ્મણના કુળને કોપવાળું કરે છે, તે ગુસ્સે થયેલું બ્રાહ્મણ કુળ, શોકયુક્ત કરનારા તે ક્ષત્રિય કુળને સપરિવાર શીઘ્ર બાળી ભસ્મ કરી દે છે. ૪૮.

તત્ત્વસુધા—ધર્મનું ગૂઢ રહસ્ય મહત્પુરુષોના વચનથી સમજાય. એ ન્યાયે આ શ્લોકથી મહત્પુરુષ વાક્યને ટાંકે છે કે ક્ષત્રિયો બળના નશામાં બ્રહ્મકુલને શોક દશામાં લાવી મુકશે તો તેમના કુલ પરિવારની અસામાન્ય દુર્દશા થશે. એટલું પણ વિચારી પ્રિયતમ, પાછા વળો. એમ મહત્ત્વની દૃષ્ટિએ દ્રૌપદી રજુ કરી સજલ નયને સકરૂણ હૃદયે વિરમ્યાં. ૪૮.

१ अजितात्मभिः २. शुचार्दितम् प्रा. प्रा.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સૂત ઉવાચ—ધર્મ્યં ન્યાય્યં સકરુણં નિર્વ્યલીકં સમં મહત્ ।
રાજા ધર્મસુતો રાજ્ઞ્યાઃ પ્રત્યનન્દદ્વચો દ્વિજાઃ ॥ ૪૯ ॥
નકુલઃ સહદેવશ્ચ યુયુધાનો ધનઞ્જયઃ ।
ભગવાન્ દેવકીપુત્રો યે ચાઽન્યે યાશ્ચ યોષિતઃ ॥ ૫૦ ॥

અન્વયાર્થ—દ્વિજાઃ-હે બ્રાહ્મણો, **ધર્મસુતઃ**-યુધિષ્ઠિર રાજા, **ધર્મ્યમ્**-ધાર્મિકને, **ન્યાય્યમ્**-ન્યાય યુક્તને, **સકરુણમ્**-કરૂણામયને, **નિર્વ્યલીકમ્**-નિષ્કપટને, **સમમ્**-સમભાવવાળાને, **મહત્**-મહત્ત્વપૂર્ણને, **રાજ્ઞ્યાઃ**-રાણી-દ્રૌપદીના, **વચઃ**-વચનને, **પ્રત્યનન્દત્**-અભિનન્દન આપતા હતા. ૪૯; **ચ**-અને, **નકુલઃ**-નકુળ, **સહદેવઃ**-સહદેવ, **યુયુધાનઃ**-સાત્યકિ, **ધનઞ્જયઃ**-અર્જુન, **ભગવાન્**-ભગવાન, **દેવકીપુત્રઃ**-દેવકી પુત્ર શ્રીકૃષ્ણ, **ચ**-અને, **યે**-જેઓ, **અન્યે**-બીજા, **ચ**-અને, **યાઃ**-જે કોઇ બીજી, **યોષિતઃ**-સ્ત્રીઓ સંમત થયાં. ૫૦.

અનુવાદ—સૂતજીએ કહ્યું-હે બ્રાહ્મણો, ધર્માત્મા રાજા યુધિષ્ઠિરે ધર્મવાળું, નીતિપૂર્ણ, દયા ભરેલું, નિષ્કપટ અને સમત્વવાળું, અર્થ ગૌરવ યુક્ત દ્રૌપદીના વચનને સાંભળીને તે વચનને અભિનન્દન આપ્યું. ૪૯; નકુળ, સહદેવ, સાત્યકિ, અર્જુન, દેવકી પુત્ર ભગવાન શ્રીકૃષ્ણ તેમજ અન્ય જનો જે ઉપસ્થિત હતા તે, તથા અન્ય સ્ત્રીઓ હતી તે દરેકે દ્રૌપદીના એ વચનને અનુમોદન આપ્યું. ૫૦.

તત્ત્વસુધા—ભારતીય ન્યાયમાં ધર્મ, નીતિ, દયા, નિષ્કપટ, સમબુદ્ધિ અને મહત્પુરુષનાં વચન-એ ૭ અંગો સમાયેલ હોય છે, નિર્વૈર ભાવની અને આત્મધર્મની જે પરાકાષ્ઠાનાં પ્રતીક છે. ધર્મની દૃષ્ટિએ યુધિષ્ઠિર, ન્યાયની બુદ્ધિએ અર્જુન, કરૂણાની નજરે સ્ત્રી જનો, નિષ્કપટ વૃત્તિએ નકુલ-સહદેવ, સમત્વભાવે ભક્તિમતી કુન્તી, મહત્ત્વની નજરે મહાપુરુષ શ્રીકૃષ્ણ સંમત થયા. સર્વાનુમતે 'વૈરનો બદલો પ્રેમ', એ નિર્ણયે આવ્યાં. માત્ર ભીમ સંમત ન થયા. ૪૯; ૫૦.

તત્રાઽઽહામર્ષિતો ભીમસ્તસ્ય શ્રેયાન્ વધઃ સ્મૃતઃ ।
ન ભર્તુર્નાઽઽત્મનશ્ચાર્થે યોઽહન્ સુપ્તાન્ શિશૂન્ વૃથા ॥ ૫૧ ॥

અન્વયાર્થ—તત્ર-તે સમયે, **અમર્ષિતઃ**-ગુસ્સે થયેલ, **ભીમઃ**-ભીમસેન, **આહ**-બોલ્યો, **યઃ**-જે, **ભર્તુઃ**-સ્વામિના, **અર્થે ન હિ**-હિત માટે નહિ, **ચ** અને, **આત્મનઃ**-પોતાના, **વૃથા**-પરંતુ વ્યર્થ, **સુપ્તાન્**-સૂઇ રહેલા, **શિશૂન્**-બાળકોને, **અહન્**-હણી નાખ્યા, **તસ્ય**-તેનો, **વધઃ**-વધ, **શ્રેયાન્**-ઉચિત; **સ્મૃતઃ**-માનેલ છે. ૫૧.

અનુવાદ—ત્યારે અતિ ક્રોધે ભરાયેલ ભીમસેને કહ્યું, કે અશ્વત્થામાએ ન તો સ્વામિના કે ન પોતાના હિત માટે, પરંતુ વ્યર્થ, સૂતેલા નિર્દોષ બાળકોને મારી નાખ્યા છે, માટે વધ થવો એ ઉચિત છે. ૫૧.

તત્ત્વસુધા—બળને બદલો ખપે છે. તે પ્રમાણને અને કાનૂનને વળગી રહે છે, હૃદયથી અળગો રહે છે. ધર્મનો વિવેક બે પ્રકારે છે. એક 'તત્ત્વ ધર્મ,' જે હૃદયને સ્પર્શે છે. બીજો 'પ્રમાણ ધર્મ' જે બુદ્ધિને અને કાયદાને પકડી રાખે છે. ભીમસેન આસન્ય પ્રાણ છે, બળવાન છે. તે તો દોડને વળગીને શિક્ષાની તરફેણમાં ગયા અને પોતાનું મંતવ્ય આ શ્લોકથી રજુ કર્યું અને વધ માટે જ આગ્રહ કર્યો. ૫૧.

નિશમ્ય ભીમગદિતં દ્રૌપદ્યાશ્ચ ચતુર્ભુજઃ ।
આલોક્ય વદનં સખ્યુરિદમાહ હસન્નિવ ॥ ૫૨ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રીકૃષ્ણ ઉવાચ—બ્રહ્મબન્ધુ ર્ન હન્તવ્ય આતતાયી [1]વધાર્હણઃ ।
મયૈવોભયમામ્નાતં પરિપાહ્યનુશાસનમ્ ॥ ૫૩ ॥
કુરુ પ્રતિશ્રુતં સત્યં યત્તત્સાન્ત્વયતા પ્રિયામ્ ।
પ્રિયં ચ ભીમસેનસ્ય પાઞ્ચાલ્યા મહ્યમેવ ચ ॥ ૫૪ ॥

અન્વયાર્થ—**ચતુર્ભુજઃ**-ચતુર્ભુજ ભગવાન, **ભીમગદિતમ્**-ભીમસેનના કથનને, **ચ**-અને, **દ્રૌપદ્યાઃ**-દ્રૌપદીના વચનને, **નિશમ્ય**-સાંભળીને, **સખ્યુઃ**-મિત્ર અર્જુનના, **વદનમ્**-વદનને, **આલોક્ય**-જોઈને, **હસન્-ઇવ**-હસતા ન હોય એમ, **ઇદમ્**-આ પ્રમાણે, **આહ**-બોલ્યા. ૫૨; **બ્રહ્મબન્ધુઃ**-બ્રહ્મબન્ધુ, **ન-હન્તવ્યઃ**-હણવો ન જોઈએ, **આતતાયી**-ક્રૂર-આતતાયી, **વધાર્હણઃ**-વધ યોગ્ય છે, **મયા એવ**-મેં જ, **ઉભયમ્**-બન્ને વચનને, **આમ્નાતમ્**-અનુમોદન આપ્યું છે, **અનુશાસનમ્**-શાસ્ત્ર વચનનું, **પરિપાહિ**-તું પાલન કર. ૫૩; **પ્રિયામ્**-પ્રિયાને-દ્રૌપદીને, **સાન્ત્વયતા**-આશ્વાસન આપતાં, **યત્-પ્રતિશ્રુતમ્**-જે પ્રતિજ્ઞારૂપે કહ્યું છે, **તત્-સત્યમ્**-તે વચનને સત્ય, **કુરુ**-કરો, **ચ**-અને, **ભીમસેનસ્ય**-ભીમસેનનું, **પ્રિયમ્**-પ્રિય, **ચ**-અને, **પાઞ્ચાલ્યાઃ**-દ્રૌપદીનું (પ્રિય કરો), **મહ્યમ્-એવ**-અને મારું પણ (પ્રિય કરો). ૫૪.

અનુવાદ—**ચતુર્ભુજ ભગવાન શ્રીકૃષ્ણ, ભીમસેનનાં અને દ્રૌપદીનાં વચનને સાંભળીને અને સખા અર્જુનના મુખ સામે જોતા, મંદ હસતા, આ પ્રમાણે કહેવા લાગ્યા. ૫૨; શ્રીકૃષ્ણ બોલ્યા-બ્રહ્મ બન્ધુને ન મારી શકાય, પણ ક્રૂર આતતાયીનો તો વધ થઈ શકે. શાસ્ત્ર વચનને મારું અનુમોદન છે. માટે શાસ્ત્રના અનુશાસનનું પાલન કરો. ૫૩; હે અર્જુન, દ્રૌપદીને આશ્વાસન આપતા તમે અશ્વત્થામાના મસ્તકને છેદી લાવવાની પ્રતિજ્ઞા કરી છે તેને સત્ય કરો; અને ભીમસેનનું પણ પ્રિય થાય અને મારું પણ પ્રિય થાય તેમ કરો. ૫૪.**

તત્ત્વસુધા—જ્યારે વિસંવાદ થયો ત્યારે શ્રીકૃષ્ણ ભગવાન ચતુર્ભુજ થયા. વિષમ પ્રસંગોમાં ભગવાન ચતુર્ભુજ બને છે. ચારે પુરુષાર્થનો સમન્વય સાધે તે ચતુર્ભુજ મનાય. આ પ્રસંગે મુખ્ય બે નિર્ણય હતા. તદ્દન નિર્વૈર ભાવે આદરપૂર્વક અશ્વત્થામાની વિદાય એ એક તત્ત્વધર્મ હતો. વધ કરી શત્રુને નિર્મૂળ કરવો એ ભીમસેનનો કાનૂની નિર્ણય હતો. પ્રથમ શ્રેષ્ઠ હતો. બેમાંથી એક કરતે તો પણ ભાવિ સરલ થતે, પણ તેમ ન થઇ શક્યું. આદર ભાવથી વિદાય દેતે તો પુનઃ ગર્ભગત પરીક્ષિત ઉપર, પાંડવો ઉપર શસ્ત્ર પ્રયોગ કર્યો તે અશ્વત્થામા ન કરતે, અને તપોવનમાં જઈ તપ કરતે; પરંતુ જે રીત અપનાવી તે ઉત્તેજન કરનારી બની. ભગવાનના બે નિર્ણય હતા. આતતાયીનો વધ થાય એ સામાન્ય શાસ્ત્ર છે. બ્રાહ્મણ આતતાયીનો વધ ન થાય એ વિશેષ નિયમ છે. અપવાદ શાસ્ત્ર છે. ઉચિત છે કે સર્વ સંમત થઈ જાઓ, અને વધ ન કરતાં આદર કરી વિદાય કરો. જો એક મત ન જ થઈ શકો તો પરસ્પર મળી વચલો માર્ગ અપનાવો. ૫૨; ૫૩; ૫૪.

સૂત ઉવાચ—અર્જુનઃ સહસાઽઽજ્ઞાય હરેર્હાર્દમથાસિના ।
મણિં જહાર મૂર્ધન્યં દ્વિજસ્ય સહમૂર્ધજમ્ ॥ ૫૫ ॥
વિમુચ્ય રશનાબદ્ધં બાલહત્યાહતપ્રભમ્ ।
તેજસા મણિના હીનં શિબિરાન્નિરયાપયત્ ॥ ૫૬ ॥
વપનં દ્રવિણાદાનં સ્થાનાન્નિર્યાપણં તથા ।
એષ હિ બ્રહ્મબન્ધૂનાં વધો નાન્યોઽસ્તિ દૈહિકઃ ॥ ૫૭ ॥

૧. વધાર્હકઃ પ્રા. પા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—**અથ**-ત્યાર બાદ, **અર્જુનઃ**-અર્જુન, **સહસા**-એકદમ, **હરેઃ**-શ્રીકૃષ્ણના, **હાર્દમ્**-હૃદયને, **આજ્ઞાય**-જાણીને, **અસિના**-ખડ્ગથી, **દ્વિજસ્ય**-દ્વિજના-અશ્વત્થામાના, **મૂર્ધન્યમ્**-મસ્તકમાં રહેલા **સહમૂર્ધજમ્**-કેશ સાથે, **મણિમ્**-મણિને, **જહાર**-લઇ લીધો. ૫૫; **રશનાબદ્ધમ્**-દોરીથી બાંધેલાને, **વિમુચ્ય**-છોડી દઇને, **બાલ-હત્યા-હત-પ્રભમ્**-બાળહત્યાથી કાન્તિશૂન્ય બનેલા, **તેજસા**-તેજથી, **મણિના**-ચૂડામણિથી, **હીનમ્**-વિહોણાને, **શિબિરાત્**-શિબિરમાંથી, **નિરયાપયત્**-કાઢી મૂક્યો. ૫૬; **હિ**-કારણકે, **વપનમ્**-મુંડન કરવું, **દ્રવિણ-આદાનમ્**-દ્રવ્ય લઇ લેવું, **તથા**-તથા, **સ્થાનાત્**-સ્થાનમાંથી, **નિર્યાપણમ્**-કાઢી મૂકવું, **એષઃ**-આ, **બ્રહ્મ-બન્ધૂનામ્**-બ્રહ્મબંધુઓનો, **વધઃ**-વધ થઇ શકે, **અન્ય**-આથી બીજો, **દૈહિકઃ**-દેહ સંબંધી, **વધઃ**-વધ, **ન અસ્તિ**-ન થઇ શકે. ૫૭.

અનુવાદ—ભગવાનનું વચન સાંભળી ક્ષણમાં શ્રીકૃષ્ણના હાર્દિક અભિપ્રાયને સમજી જઈને અર્જુનજીએ ખડ્ગથી અશ્વત્થામાના મસ્તક પરનો ચૂડામણિ કેશ સાથે લઈ લીધો. ૫૫; અશ્વત્થામાને રજ્જુ બંધનમાંથી મુક્ત કરીને બાળ હત્યાથી કાન્તિ વિહોણા બનેલા તેમજ તેજ અને મણિથી રહિત થયેલા તે અશ્વત્થામાને શિબિરમાંથી બહાર કાઢી મૂક્યા. ૫૬; કેશ મુંડન કરવું, ધન હરી લેવું, સ્થાનમાંથી હદ પાર કરવો, આટલીજ શિક્ષાનો બ્રહ્મબંધુઓનો વધ થઈ શકે. સિવાય બીજો કોઈ શરીર વધ તો ન જ કરાય. ૫૭.

તત્ત્વસુધા—અર્જુન એટલા તો નિર્ણય ઉપર આવ્યા જ કે ભગવાન કોઇપણ રીતે વૈરના બદલામાં નથી માનતા; કારણ કે પોતે આત્મધર્મના હિમાયતી છે; અને તે વ્યાજબી છે; પરંતુ કુટુંબ વૈમનસ્ય થાય છે. એટલે મધ્યમ માર્ગ અપનાવવો. એવું સમજી હૃદયે ન માન્યું તો પણ મણિ લીધો, શિખાચ્છેદ કર્યો અને શિબિરમાંથી દૂર કર્યા. ૫૫; ૫૬; ૫૭.

પુત્રશોકા[1]ર્દિતાઃ સર્વે પાણ્ડવાઃ સહ કૃષ્ણયા ।
સ્વાનાં મૃતાનાં યત્કૃત્યં ચક્રુર્નિર્હરણાદિકમ્ ॥ ૫૮ ॥

અન્વયાર્થ—**કૃષ્ણયા સહ**-દ્રૌપદી સાથે, **પુત્રશોક-અર્દિતાઃ**-પુત્ર શોકથી આતુર બનેલા, **સર્વે**-સર્વ, **પાણ્ડવાઃ**-પાંડવો, **મૃતાનામ્**-મરણ પામેલા, **સુતાનામ્**-પુત્રોની, **નિર્હરણ-આદિકમ્**-અન્ત્યેષ્ટિ વગેરે, **યત્**-જે, **કૃત્યમ્**-કાર્ય તે સર્વ, **ચક્રુઃ**-કરતા હતા. ૫૮.

અનુવાદ—દ્રૌપદીની સાથે પુત્ર શોકથી અતિ આતુર થયેલા સર્વ પાંડવો, મરણ પામેલા પોતાના પુત્રોની અન્ત્યેષ્ટિ વગેરે જે મરણોત્તર ક્રિયાઓ તે બધી કરતા હતા. ૫૮.

શ્રીમદ્ ભાગવતના પ્રથમ સ્કંધની તત્ત્વસુધા ટીકાનો
સાતમો અધ્યાય સંપૂર્ણ.

---

૧. શોકાતુરાઃ ઇતિ પાઠઃ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અધ્યાય આઠમો

આઠમા અધ્યાયમાં ૫૨ શ્લોક છે. અથ અવ્યયથી અધ્યાયની શરૂઆત કરી છે. અપમાનનો આઘાત પ્રાણવધ કરતાં ઉગ્ર છે. આજ્ઞાભંગો નરેન્દ્રાણાં વિપ્રાણાં માનખણ્ડનમ્। અશસ્ત્ર વધ ઉચ્યતે. રાજાની આજ્ઞાનું અવહેલન, વિપ્રનું અપમાન એ અવશ્ય વધ છે. અશ્વત્થામાએ પુનઃ અનિવાર્ય બ્રહ્માસ્ત્ર પરીક્ષિત ઉપર ફેંકી દાહ કર્યો. પ્રભુએ પુનર્જીવન આપ્યું. કુન્તીમાતાએ સ્તુતી કરી, ભગવાન જતાં રોકાયા. આ ચાર પ્રસંગોનું આ અધ્યાયમાં નિરૂપણ છે.

સૂત ઉવાચ—અથ[1] તે સંપરેતાનાં સ્વાનામુદકમિચ્છતામ્ ।
દાતું સકૃષ્ણા ગઙ્ગાયાં પુરસ્કૃત્ય યયુઃ સ્ત્રિયઃ ॥ ૧ ॥
તે નિનીયોદકં સર્વે વિલપ્ય ચ ભૃશં પુનઃ ।
આપ્લુતા હરિપાદાબ્જ-રજઃપૂત-સરિજ્જલે ॥ ૨ ॥

અન્વયાર્થ—અથ-ત્યારબાદ, સકૃષ્ણાઃ-શ્રીકૃષ્ણ સાથે, તે-તે પાંડવો, સ્ત્રિયઃ-સ્ત્રીઓને, પુરસ્કૃત્ય-આગળ કરીને, સંપરેતાનામ્-મરણ પામેલા, એવા ઉદકમ્-શ્રદ્ધાંજલિને, ઇચ્છતામ્-ઇચ્છતા, સ્વાનામ્-સ્વજનોને તિલોદક, દાતુમ્-આપવાને માટે, ગઙ્ગાયામ્-ગંગા કિનારે, યયુઃ-ગયા. ૧; તે-સર્વે-તેઓ બધા, ઉદકમ્-જલાંજલિ, નિનીય-આપીને, ચ-અને, ભૃશમ્-ખૂબ, પુનઃ-ફરીથી. વિલપ્ય-વિલાપ કરીને, હરિપાદ-અબ્જ-રજઃ પૂત-સરિત્-જલે- શ્રીહરિના ચરણ કમળ, રજથી પવિત્ર બનેલ ગંગાજળમાં, આપ્લુતાઃ-સ્નાન કર્યાં. ૨.

અનુવાદ—ત્યારબાદ જલની અંજલિની ઇચ્છા કરતા, મરણ પામેલા પોતાના સ્વજનોને ગંગાજીમાં જલ દેવાને માટે, સ્ત્રીઓને આગળ કરીને શ્રીકૃષ્ણ સાથે સર્વ પાંડવો ગયા અને સર્વ સ્વજનોં દાહની અંજલિ આપીને, રૂદન કરીને, હરિ ભગવાનના ચરણની રજથી અત્યંત પવિત્ર થયેલા ગંગાજીના જલમાં પુનઃ સ્નાન કર્યાં. ૧; ૨.

તત્ત્વસુધા—અથ અવ્યય મંગલ વાચક છે. હવે સર્વનો વૈરભાવ નિવૃત થઈ ગયો, તે અથ અવ્યયથી સૂચવ્યું 'આશૌચ' એ એક સંસ્કાર છે. પિતા પુત્રના જન્મ વખતે દશ દિવસની પવિત્રતા જાળવી દાન પુણ્ય સત્કર્મ કરી શકે છે. પુત્રે પિતાની વિદાય વખતે તન, મન ધનથી દશ દિવસની પવિત્રતા જાળવવી, એ આશૌચ છે. સ્વજન ઋણ નિવારણનું તે એક આવશ્યક કર્તવ્ય છે. ત્યાગ અને પ્રેમની તેમાં રક્ષા છે. ૧.

પાંડવો લોક વ્યવહારને અનુસરી સ્ત્રીઓને આગળ કરી ગંગા કિનારે આવ્યા. સ્વજનદેહ દાહ કરી ત્રણ અંજલિ આપી, રૂદન કરી, પછી સ્નાન કરી જલાંજલિ આપવી; પરંતુ પછીથી રૂદન ન થાય. દેહ છૂટે, દાહ થાય અને પ્રથમ સ્નાન થાય ત્યારે ત્રણ વખત ઉચ્ચ સ્વરે રૂદન કરાય, પછી નહિ. રૂદન એ તત્ત્વજ્ઞાનના સમાધાનનું અપર પ્રતીક છે અને અશ્રુ એ ગંગાનું પવિત્ર અપર સાત્ત્વિક જલ છે. રજઃ પૂત સરિજ્જલે—ગંગાજી સર્વથા પવિત્ર છે. બ્રહ્માજીના કમંડલુ જલનો વામનજીના ચરણ અંગુષ્ઠ નખે અભિષેક થયો ત્યારે તે પ્રકટ્યાં છે; પરંતુ આજે ભીમસેને કિનારાના પ્રવાહ ઉપરના પાટીઆ ઉપર કૃષ્ણને પધરાવી, ચરણ કમલ જલમાં સ્થાપી, તાજે-તરમાં તે ચરણમાંથી મળેલા રજવાળા જલથી સ્નાન કર્યું અને સર્વને કરાવ્યું અને ભક્તિનો અતિરેક દાખવ્યો

---

૧. પુત્રશોકાતુરાઃ સર્વે પાંડવાઃ સહકૃષ્ણયા । સ્વાનાં મૃતાનાં યત્કૃત્યં ચક્રુ નિર્હરણાદિકમ્ ॥ અયોનિશામયામાસ કૃષ્ણાયૈ ભગવાન્ પુરા । પતિતાયાઃ પાદમૂલે રુદંત્યા યત્પ્રતિશ્રુતમ્ઃ॥ પશ્ય રાજ્ઞ્યરિદારાંસ્તે રુદતો મુક્તમૂર્ધજાન્ । આલિઙ્ગ્ય સ્વપતીન્ ભીમગદાભગ્નોરુવક્ષસઃ ॥ એતેત્રયો વિજયધ્વજાનામ્ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જે વૈર વિશુદ્ધિ અને શોક શુદ્ધિનું તપશ્ચરણ, ગાયત્રીનું પુરશ્ચરણ, ભાવનું પુરસ્કરણ, જીવનનું સંસ્કરણ અને મોહ મહાસાગરનું સંતરણ હતું. ૨.

तत्राऽऽसीनं कुरुपतिं धृतराष्ट्रं सहानुजम् ।
गान्धारीं पुत्रशोकार्तां पृथां कृष्णां च माधवः ॥ ३ ॥
सान्त्वयामास मुनिभिर्हतबन्धून् शुचाऽर्पितान्[1] ।
भूतेषु कालस्य गतिं दर्शयन्नप्रतिक्रियाम् ॥ ४ ॥

અન્વયાર્થ—**માધવઃ**-શ્રીકૃષ્ણ, **તત્ર**-ત્યાં, **આસીનમ્**-બેઠેલા, **સહાનુજમ્**-ભાઇઓ સાથે, **કુરુપતિમ્**-યુધિષ્ઠિરને, **ચ**-અને, **ધૃતરાષ્ટ્રમ્**-ધૃતરાષ્ટ્રને, **પુત્રશોકાર્તામ્**-પુત્રશોકથી દુઃખી, **ગાન્ધારીમ્**-ગાંધારીને, **પૃથામ્**-કુન્તાને, **કૃષ્ણામ્**-દ્રૌપદીને, **હતબન્ધૂન્**-મરણ પામેલા બન્ધુજન વાળાઓને, **શુચા**-શોકથી, **અર્પિતાન્**-વ્યાકુળ થયેલાને, **મુનિભિઃ**-મુનિઓ દ્વારા, **ભૂતેષુ**-પ્રાણિમાત્રમાં, **કાલસ્ય**-કાળ આગળ, **અપ્રતિક્રિયામ્**-નિરૂપાયતાને, **ગતિમ્**-ગતિને, **દર્શયન્**-દર્શાવતા, **સાન્ત્વયામાસ**-આશ્વાસન આપતા હતા.૩; ૪.

અનુવાદ—**શ્રીકૃષ્ણ, ત્યાં બેઠેલા, ભાઇઓ સાથે રહેલા યુધિષ્ઠિરને અને ધૃતરાષ્ટ્રને તથા પુત્રશોકથી દુઃખી થયેલાં ગાન્ધારીને, કુન્તાને, દ્રૌપદીને, તેમજ સંબન્ધી જન હણવાથી શોકયુક્ત બનેલા યુધિષ્ઠિર વગેરેને મુનિઓ દ્વારા આશ્વાસન આપતા હતા અને જણાવતા હતા કે કાળની ગતિને કોઇ જ રોકી શકયું નથી, કોઇ પણ એનું નિવારણ કરી શકયું નથી. પ્રાણી માત્ર ઉપર એની સત્તા અનિવાર્ય છે.** ૩; ૪.

તત્ત્વસુધા—**તત્રાસીનં કુરુપતિમ્**-'કુરૂપતિ' શબ્દનો અર્થ, શ્રીધર અને શ્રીમદ્ વલ્લભાચર, યુધિષ્ઠિર કરેછે; અન્ય પંડિતો ધૃતરાષ્ટ્રનું વિશેષણ ગણે છે. પછીના **સહાનુજમ્**-પદને કુરુપતિ યુધિષ્ઠિરનું વિશેષણ માનીને 'પાંડવો સાથેના યુધિષ્ઠિર' એવા અર્થમાં સ્વીકારે છે. વિકલ્પમાં મહાપ્રભુજી 'સહાનુજ' નો અર્થ 'વિદુરજી સહિત ધૃતરાષ્ટ્ર' એવો પણ કરે છે અને વિદુરજી તીર્થયાત્રા કરવા ગયા છે, એ ત્રીજા સ્કંધની કથાને કલ્પાંતર કથા એમ પણ માને છે. **સાન્ત્વયામાસ**-વિવેકી અને તપોવિભૂતિઓથી જો આશ્વાસન અપાય તો અવશ્ય અસર થાય એમ સમજી શ્રીકૃષ્ણે ઋષિ મુનિઓથી દિલાસો દેવડાવ્યો. દિલના દાનાઓનો દિલાસો દાહને ભુંજાવે છે. **અપ્રતિક્રિયામ્ કાલસ્ય ગતિમ્**-'યુદ્ધ અને વિનાશ' એ અનિવાર્ય અને આવશ્યક કાલ દ્વારા કરેલો ભગવાનનો દંડ છે. કાલ એ ઈશ્વરનુ અંતીમ શાસન છે. સમાજ, શાસ્ત્ર અને શાસનનું ઉલ્લંઘન કરનાર ઉદ્દંડ વર્ગને કાલદંડ જ હોઈ શકે; એવું સમાધાન મુનિજન મુખેથી સંભળાવ્યું. સંદેશો આપ્યો કે ખ્યાલનું નહિ માને તેને કાળ મનાવશે અને બેહાલ કરશે. ૩; ૪.

साधयित्वाऽजातशत्रोः स्वं राज्यं कितवैर्हृतम् ।
घातयित्वाऽसतो राज्ञः कचस्पर्शक्षताऽऽयुषः ॥ ५ ॥
याजयित्वाऽश्वमेधैस्तं त्रिभिरुत्तमकल्पकैः ।
तद्यशः पावनं दिक्षु शतमन्योरिवाऽतनोत् ॥ ६ ॥

અન્વયાર્થ—**કિતવૈઃ**-કપટીઓ દ્વારા, **હૃતમ્**-હરણ કરાયેલ, **અજાતશત્રોઃ**-અજાતશત્રુના, **સ્વમ્**-પોતાના, **રાજ્યમ્**-હસ્તિનાપુરના રાજ્યને, **સાધયિત્વા**-મેળવી આપીને, **કચ-સ્પર્શ-ક્ષત-આયુષઃ**-કેશ પાશનો સ્પર્શ કરવાથી ક્ષીણ આયુષ્યવાળા, **અસતઃ**-અસજ્જન એવા, **રાજ્ઞઃ**-રાજાઓનો, **ઘાતયિત્વા**-વિનાશ કરાવીને, **ઉત્તમ-કલ્પકૈઃ**-ઉત્તમ સાધન સામગ્રીવાળા, **ત્રિભિઃ**-ત્રણ, **અશ્વમેધૈઃ**-અશ્વમેધ યજ્ઞોથી, **યાજયિત્વા**-

---

૧, શુચાર્દિતાન્ પ્રા. પા,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

યજન કરાવીને, शतमन्योः इव-ઇન્દ્ર રાજાની જેમ, पावनम्-પવિત્ર એવા, तच्छ्रः-તેમના યશને, दिक्षु-દશે દિશાઓમાં, आतनोत्-પ્રસરાવતા હતા. ૫; ૬.

અનુવાદ—કપટ નીતિ પરાયણ દુર્યોધન વગેરેએ રાજા યુધિષ્ઠિરનું રાજ્ય જે લઇ લીધું હતું તે તેમને પાછું અપાવીને, સતી દ્રૌપદીના કેશ સ્પર્શના પાપથી જ ક્ષીણ આયુષ્ય બનેલા દુષ્ટ રાજાઓને યુદ્ધથી મરાવીને, ઉત્તમ ઉપસ્કર-સામગ્રી વાળા ત્રણ અશ્વમેધ યજ્ઞોથી યજન કરાવીને, મહારાજા યુધિષ્ઠિરના ઉજ્જ્વલ યશને ઇન્દ્ર રાજાના વિમલ યશની માફક ભગવાને સર્વ દિશાઓમાં પ્રસરાવ્યો. ૫; ૬.

तत्त्वसुधा—કચસ્પર્શ-ભક્તના સાત્વિક પ્રાણો સર્વથા મસ્તકમાં રહે છે. મસ્તકમાં કેશ રહે છે. કેશનો સ્પર્શ કરી તેને ખેંચતાં પ્રાણો જ ખેંચ્યા. તે અસાધારણ પાપ અને હિંસા થયાં, તેથી જ કૌરવોનો નાશ થયો. ખેંચનાર દુઃશાશન હતો, આકીના સહકારમાં હતા; તો તેમનો નાશ થવો ઉચિત છે.

अश्वमेधैस्त्रिभिः-પાંડવોએ એક સાથે ત્રણ અશ્વમેધો કર્યા હતા; અથવા એકજ અશ્વમેધમાં ત્રણ અશ્વ મેધની સામગ્રી અને સમ્પત્તિનો વિનિયોગ કર્યો હતો. માટે ત્રણ અશ્વમેધ કહ્યા. થોડું પણ સારૂં કરવું એ શ્રેષ્ઠ કર્મ છે. ૫; ૬.

आमन्त्र्य पाण्डुपुत्रांश्च शैनेयोद्धवसंयुतः ।
द्वैपायनादिभिर्विप्रैः पूजितैः प्रतिपूजितः ॥ ७ ॥
गन्तुं कृतमतिर्ब्रह्मन् द्वारकां रथमास्थितः ।
उपलेभेऽभिधावन्तीमुत्तरां भयविह्वलाम् ॥ ८ ॥

અન્વયાર્થ—च-અને, शैनेय-उद्धव-संयुतः-સાત્યકિ તથા ઉદ્ધવ સાથે, पूजितैः-પૂજાયેલા, द्वैपायनादिभिः-વ્યાસજી વગેરે, विप्रैः-વિપ્રર્ષિઓથી, प्रतिपूजितः-સામે પૂજાયેલા શ્રીકૃષ્ણ, पाण्डुपुत्रान्-પાંડવોને, आमन्त्र्य-અનુજ્ઞા મેળવીને, ब्रह्मन्-હે શૌનક, द्वारकाम्-દ્વારકા તરફ, गन्तुम्-જવાનો, कृतमतिः-નિશ્ચય કરી શ્રીકૃષ્ણ, रथम्-રથમાં, आस्थितः-બેઠા, ત્યારે अभिधावन्तीम्-સન્મુખ દોડી આવતી, भयविह्वलाम्-ભયથી વ્યાકુળ બનેલી, उत्तराम्-ઉત્તરાને, उपलेभे-મેળવી. ૭; ૮.

અનુવાદ—પૂજન કરાયેલા, વેદ વ્યાસ વગેરે મહર્ષિઓથી સામે પૂજાયેલા ભગવાન, શ્રીકૃષ્ણ દ્વારકા જવાનો નિશ્ચય કરી, પાંડવોની પાસેથી જવાની પરવાનગી મેળવી, ઉદ્ધવ અને સાત્યકિ સાથે જ્યારે રથમાં બિરાજ્યા ત્યારે દોડી આવતી અને ભયથી આકુલ વ્યાકુલ બનેલી ઉત્તરા સામે મળી. ૭; ૮.

तत्त्वसुधा—સ્વજનની વિદાય સ્વજનને કપરી સમશ્યા છે. કર્તવ્ય અને કાલ બે તેનાં નિયામક છે. સ્નેહી જનોને તે બે પરવશ કરી વિયુક્ત કરે છે. શ્રીકૃષ્ણને જતાં પાંડવોની અનુમતિ મેળવવી કઠિન હતી. આખરે પરવાનગી મળી. વ્યાસજી અને શ્રીકૃષ્ણે પરસ્પરનાં પૂજન-સન્માન કર્યાં. જવા માટે રથમાં બિરાજ્યા અને ઉત્તરાએ આવીને ભગવાનની બે શ્લોકથી પ્રપત્તિ કરી. એ પ્રસંગને રજુ કરતાં શૌનકને ब्रह्मन् સંબોધન કરી સંકેત કર્યો કે બ્રાહ્મણનો ક્રોધ ગજબ હોય છે. કુદ્ધ અશ્વત્થામાનું આ કાર્ય હતું. ૭; ૮.

उत्तरा स्तुति. श्लोक २.

पाहि पाहि महायोगिन् देवदेव जगत्पते ।
नान्यं[1] त्वदभयं पश्ये यत्र मृत्युः परस्परम् ॥ ९ ॥

१. नान्यत्र त्वभयं-प्रा. पा.।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

अभिद्रवति मामीश शरस्तप्तायसो विभो ।
कामं दहतु[1] मां नाथ मा मे गर्भो निपात्यताम् ॥ १० ॥

અન્વયાર્થ—મહાયોગિન્-હે મહાયોગી, **દેવદેવ**-હે દેવદેવ, **જગત્-પતે**-હે જગત્પાલક, **ત્વત્**-તમારાથી, **અન્યમ્**-અન્ય કોઇને, **અભયમ્**-અભય અર્પનાર, **ન પશ્યે**-હું જોતી નથી, **યત્ર**-જ્યાં, **પરસ્પરમ્**-અન્યોન્ય, **મૃત્યુઃ**-મૃત્યુ રહેલું છે. **વિભો**-હે વ્યાપક, **ઈશઃ**-હે પરમેશ્વર, **તપ્ત-અયસઃ**-તપેલા લોખંડનો, **શરઃ**-બાણ, **મામ્**-મારી સામે, **અભિદ્રવતિ**-દોડી આવે છે, **નાથ**-હે નાથ, **મામ્**-મને, **કામમ્**-યથેચ્છ-ભલે, **દહતુ**-બાળે, **મે**-મારો, **ગર્ભઃ**-ગર્ભ, **મા નિપાત્યતામ્**-પડવો ન જોઇએ. ૯; ૧૦.

અનુવાદ—ઉત્તરાએ વિનંતિ કરી, હે મહાયોગિન્! હે દેવાધિદેવ! હે જગત્પાલક! હે પ્રભો! આપની સિવાય અન્ય કોઇને પણ હું નિર્ભય દેખતી નથી; કારણ કે જ્યાં પ્રત્યેક પરસ્પર મૃત્યુથી ઘેરાયેલ છે, માટે આપ મારું રક્ષણ કરો. હે સર્વવ્યાપક પરમેશ્વર! આ તપેલા લોખંડનો બાણ મારી સામે ધસી આવે છે; હે નાથ! એ બાણ મને ભલે બાળે, પણ મારા ગર્ભને ન પાડે. ૯; ૧૦.

તત્ત્વસુધા—પાહિ પાહિ-એ શ્લોકમાં ઉત્તરાજીની પ્રપત્તિ અને પ્રાર્થના છે. પ્રપત્તિ એકજ ભક્તની સંપત્તિ છે. વિપત્તિ અને આપત્તિ પ્રપત્તિથી ટળે છે. આપત્તિ એટલે પિંડ અને પ્રાણ એનું પ્રભુને સમર્પણ કરવું. પોતાની માલિકી ઉઠાવી પ્રભુની માલિકી સ્વીકારી લેવી એ પ્રપત્તિ છે. બે વખત પાહિ કહીને આલોકની આસક્તિથી અને પર લોકની પ્રીતિથી બચાવી આપના ઉભય ચરણની સેવા રતિ માગી. મારી કુક્ષિમાં રહેલા વૈષ્ણવ પુત્રને બચાવો અને તેની સંભાળ પૂરતી મને બચાવો. તે પુખ્ત થઈ આપનો થાય, પછી મારો જીવ ભલે જાય.

મહાયોગિન્ વગેરે છ સંબોધનોથી આપ ષડૈશ્વર્ય સમ્પન્ન છો એમ દર્શાવીને સ્તુતિ કરી છે. ઉત્તરાજી પરમ ભક્ત છે તેથી તો તેમને બ્રહ્માસ્ત્ર આવતું દેખાયું. બીજાને તો બાળી નાખે, પણ ખબર ન પડે. એક અત્યંત તપેલા બાણને અને તેમાંથી પાંડવોના નાશ માટે નીકળેલાં પાંચ બાણને પણ જોયાં, અને કહ્યું. "મને અને કુટુંબી પાંડવોને સંભાળો." વિશુદ્ધ હૃદયને અનિષ્ટ બનાવની આગળથીજ આગાહી થઈ જાય છે. **ભયવિહ્વલામ્**-દેહની વિકળતાથી વસ્ત્ર પણ વ્યવસ્થિત નથી. એ સ્થિતિ જોતાં, કોમલ હૃદય વ્યાસ પ્રસંગને લખતાં ઉત્તરા ઉવાચ પણ બોલવું ભૂલી ગયા. મહાયોગિન્-બચાવ તો યોગી પણ કરે, પણ આપ તો બાણને મિથ્યા પણ નહિ કરો અને બાળકને પણ સંભાળશો. બે વિપરીત કામ સાથે કરવાનાં છે તેથી મહાયોગિન્ કહું છું. ૯; ૧૦.

सूत उवाच—उपधार्य वचस्तस्या भगवान् भक्तवत्सलः ।
अपाण्डवमिदं कर्तुं द्रौणेरस्त्रमबुध्यत ॥ ११ ॥

અન્વયાર્થ—ભક્તવત્સલઃ-ભક્ત વત્સલ, **ભગવાન્**-ભગવાન, **તસ્યાઃ**-તે ઉત્તરાના, **વચઃ**-વચનને, **ઉપધાર્ય**-સાંભળીને, **ઇદમ્**-આ જગતને, **અપાણ્ડવમ્**-પાંડવ વિનાનું, **કર્તુમ્**-કરવાને માટે, **દ્રૌણેઃ**-અશ્વત્થામાનું, **અસ્ત્રમ્**-આ અસ્ત્ર છે, એમ **અબુધ્યત**-જાણ્યું. ૧૧.

અનુવાદ—ભક્તવત્સલ ભગવાન શ્રીકૃષ્ણે ઉત્તરાનું એ વચન સાંભળીને, પાંડવ વિનાનું જગત કરવાને માટે છોડવામાં આવેલું આ અશ્વત્થામાનું અસ્ત્ર છે એમ જાણ્યું ૧૧.

तर्ह्येव[2] च मुनि[3]श्रेष्ठ पाण्डवाः पञ्च सायकान् ।
आत्मनोऽभिमुखान् दीप्तानालक्ष्याऽस्त्राण्युपाददुः ॥ १२ ॥

१. दहति-प्रा. पा. । २. वाऽथ इति प्रा, पा, । ३. भृगु श्रेष्ठ-प्रा. पा.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—મુનિશ્રેષ્ઠ-હે મુનિશ્રેષ્ઠ, ચ-અને, તર્હિ-એવ-તેજ સમયે, પાણ્ડવાઃ-પાંડવો, આત્મનઃ-પોતાની, અભિમુખાન્-સન્મુખ આવતાં, દીપ્તાન્-પ્રજ્જ્વલિત, પઞ્ચ-પાંચ, સાયકાન્-બાણોને, આલક્ષ્ય-જોઈને. અસ્ત્રાણિ-અસ્ત્રોને, ઉપાદદ્દુઃ-ગ્રહણ કર્યાં. ૧૨.

અનુવાદ—હે મુનિવર્ય! તેજ ક્ષણે પોતાની સામે આવતાં અને અત્યંત પ્રકાશ વાળાં બાણોને જોઈને પાંડવોએ અસ્ત્રો હાથમાં લીધાં. ૧૨.

તત્ત્વસુધા—તર્હિ-એવ-ચ-એક સાથે ત્રણ અવ્યય લીધાં તે અતિશય આશ્ચર્ય સૂચવે છે. અભિમુખાન્—દરેક પોતાની સામે આવતાં બાણ જોયાં છે પણ એક બીજા ઉપર આવતાં બાણ નથી જોયાં. ૧૨.

વ્યસનં વીક્ષ્ય તત્તેષામનન્યવિષયાત્મનામ્ ।
સુદર્શનેન સ્વાસ્ત્રેણ સ્વાનાં રક્ષાં વ્યધાદ્વિભુઃ ॥ ૧૩ ॥
અન્તઃસ્થઃ સર્વભૂતાનામાત્મા યોગેશ્વરો હરિઃ ।
સ્વમાયયાઽઽવૃણોદ્ ગર્ભં વૈરાટ્યાઃ કુરુતન્તવે ॥ ૧૪ ॥

અન્વયાર્થ—વિભુઃ-વ્યાપક, અનન્ય-વિષય-આત્મનામ્-અન્ય વિષયમાં અન્તઃકરણ વિનાના, તેષામ્-તે પાંડવોના, તત્-તે, વ્યસનમ્-કષ્ટને, વીક્ષ્ય-જોઈને, સુદર્શનેન-સુદર્શન નામના, સ્વ-અસ્ત્રેણ-પોતાના અસ્ત્રથી, સ્વાનામ્-નિજ જનોની, રક્ષામ્-રક્ષાને, વ્યદધાત્-કરતા હતા. ૧૩; સર્વભૂતાનામ્-સર્વ પ્રાણીના, અન્તઃસ્થઃ-અન્તરમાં વસનારા, આત્મા-આત્મા, યોગેશ્વરઃ-યોગેશ્વર, હરિઃ-શ્રીકૃષ્ણે, કુરુતન્તવે-કુરુવંશની વૃદ્ધિ માટે, સ્વ માયયા-પોતાની માયાથી, વૈરાટ્યાઃ-વિરાટ કન્યા-ઉત્તરાના, ગર્ભમ્-ગર્ભને, આવૃણોત્-ઢાંકી દીધો. ૧૩; ૧૪.

અનુવાદ—અન્ય પદાર્થોમાં અન્તઃકરણ વિનાના ભક્ત પાંડવો ઉપર આવી પડેલા કષ્ટને જોઈને, સમર્થ ભગવાન શ્રીકૃષ્ણે પોતાના સુદર્શન ચક્રથી નિજ જનોની રક્ષા કરી. ૧૩; સર્વ પ્રાણીના અન્તરાત્મારૂપે અન્તરમાં વસનારા યોગેશ્વર ભગવાન શ્રીહરિ કુરુવંશના વિસ્તાર માટે પોતાની માયાથી ઉત્તરાના ગર્ભને વીંટળાઈ ગયા. ૧૪,

તત્ત્વસુધા—અનન્ય વિષયાત્મનામ્-વિશ્વના વિવિધ વિષયોમાં ક્રિયા પુરતા ઓતપ્રોત રહેવું, પણ પોતાનું અનાસક્તપણાનું 'પોત' તો અનામત જ રહેવા દેવું. એ અનામત ચિત્તમાં ઈશ્વરનું ધામ બનાવી દેવું.

ભગવાને ગર્ભની ચાર પ્રકારે રક્ષા કરી, એમ ચાર વિશેષણોથી સૂચવ્યું. અન્તઃસ્થઃ-સુવર્ણમાં તેજ અંદર રહે છે, તેમ તેજ રૂપે રહી રક્ષા કરી. આત્મા-ગર્ભ રૂપે સ્વયં બની બ્રહ્માસ્ત્રનો નિરાસ કર્યો. યોગેશ્વર-બહારથી બખ્તર બનીને પણ રક્ષા કરી, હરિઃ-બાળકને કે ઉત્તરાને બ્રહ્માસ્ત્રનો કલેશ પણ ન થવા દીધો. વૈરાટ્યાઃ કુરુતન્તવે—વિરાટ અને કુરુ રાજાઓ પરમ વૈષ્ણવ હતા. એ બન્નેએ તપ કર્યું ત્યારે શ્રીહરિએ વરદાન માગવા કહ્યું. તે સમયે તે બન્નેએ પોતાના કુલમાં વૈષ્ણવ વંશજો અવતરે એમ માગ્યું. તે બન્નેની પ્રીતિથી પરીક્ષિતની રક્ષા કીધી. તેનો ઉભય કુલથી વૈષ્ણવ દેહ છે. ૧૩; ૧૪.

યદ્યપ્યસ્ત્રં બ્રહ્મશિરસ્ત્વમોઘં ચાપ્રતિક્રિયમ્ ।
વૈષ્ણવં તેજ આસાદ્ય સમશામ્યદ્ ભૃગૂદ્વહ ॥ ૧૫ ॥

અન્વયાર્થ—ભૃગૂદ્વહ-ભૃગુકુળમાં ઉત્તમ હે શૌનક, યદિ-અપિ-જોકે, બ્રહ્મશિરઃ-બ્રહ્માસ્ત્ર નામનું, અસ્ત્રમ્-અસ્ત્ર, અમોઘમ્-અમોઘ, ચ-અને, અપ્રતિક્રિયમ્-પ્રતિકાર વગરનું છે, તુ-તો પણ, વૈષ્ણવમ્-વિષ્ણુના, તેજઃ-તેજને, આસાદ્ય-પ્રાપ્ત કરીને, સમશામ્યત્-શાન્ત થયું. ૧૫.

અનુવાદ—હે ભૃગુકુળમાં શ્રેષ્ઠ શૌનક, જો કે એ બ્રહ્માસ્ત્ર અમોઘ હતું અને એનું કોઈ વારણ ન કરી શકે તેવું પણ હતું, તો પણ વૈષ્ણવ તેજ પ્રાપ્ત કરીને તે શાન્ત થઈ ગયું. ૧૫.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્ત્વસુધા—**બ્રહ્મશિરઃ**—બ્રહ્માજીને પાંચ મસ્તક હતાં, એટલે 'ચાર વેદો'નું જ્ઞાન એ ચાર મસ્તકો અને 'વિજ્ઞાન' નામનું પંચમ મસ્તક હતું. તેમાંથી વિનાશક અસ્ત્રોને રચવાની રીતો હતી. તેની વિશ્વનાશકતા જોઈને શિવજીએ તેનો નાશ કર્યો. તે બ્રહ્માસ્ત્ર અમોઘ, અપ્રતિકાર્ય હતાં, પણ વિષ્ણુની પરમ દયા, શાંતિ અને વિશ્વપ્રેમ સામે તે સર્વ વ્યર્થ ગયાં. ૧૫.

મા મંસ્થા હ્યેતદાશ્ચર્યં સર્વાશ્ચર્યમયેઽચ્યુતે ।
ય ઇદં માયયા દેવ્યા સૃજત્યવતિ હન્ત્યજઃ ॥ ૧૬ ॥

અન્વયાર્થ—**હિ**-કારણ કે, **સર્વ-આશ્ચર્યમયે**-સર્વ આશ્ચર્યમય એવા, **અચ્યુતે**-અચ્યુતમાં, **એતત્**-આને, **આશ્ચર્યમ્**-આશ્ચર્ય, **મા મંસ્થાઃ**-ન માનશો, **યઃ**-જે, **અજઃ**-અજન્મા, **દેવ્યા માયયા**-દેવી માયા વડે, **ઇદમ્**-આ જગતને, **સૃજતિ**-સર્જે છે, **અવતિ**-સંભાળે છે, **હન્તિ**-સંહારે છે. ૧૬.

અનુવાદ—સર્વ આશ્ચર્યમય ભગવાન અચ્યુતમાં આપ આ આશ્ચર્ય ન માનો, કારણ કે જે અજન્મા ભગવાન પોતાની દૈવી માયાથી આ વિશ્વને સર્જે છે, પાળે છે, ઉપસંહાર કરે છે. ૧૬.

બ્રહ્મતેજોવિનિર્મુક્તૈરાત્મજૈઃ સહ કૃષ્ણયા ।
પ્રયાણાભિમુખં કૃષ્ણમિદમાહ પૃથા સતી ॥ ૧૭ ॥

અન્વયાર્થ—**બ્રહ્મતેજઃ-વિનિર્મુક્તૈઃ**-બ્રહ્મતેજથી મુક્ત બનેલા, **આત્મજૈઃ**-પુત્રો સાથે, **કૃષ્ણયા**-દ્રૌપદી, **સહ**-સાથે, **સતી**-પતિવ્રતા, **પૃથા**-કુન્તી, **પ્રયાણ-અભિમુખમ્**-પ્રયાણ કરવા તત્પર થયેલાને, **કૃષ્ણમ્**-શ્રીકૃષ્ણને, **ઇદમ્**-આ પ્રમાણે, **આહ**-બોલ્યાં. ૧૭.

અનુવાદ—બ્રહ્મતેજથી મુક્ત બનેલ પોતાના પુત્રો તથા દ્રૌપદી સાથે પતિવ્રતા કુન્તીજી દ્વારકા જવા તૈયાર થયેલા શ્રીકૃષ્ણને આ પ્રમાણે કહેવા લાગ્યાં. ૧૭.

કુન્તીજીની સ્તુતિ—૨૬ શ્લોક

અવતરણ—કુન્તીજી મર્યાદા ભક્તિ છે. યશોદાજી પુષ્ટિ ભક્તિ છે. સુખ પ્રાપ્તિની આશાથી, દુઃખ નિવારણની ઇચ્છાથી, કે શરીર-સંસાર-ધન-સ્વજનાદિ ક્લેશથી કંટાળી ઈશ્વર માર્ગમાં અભિમુખ થવું અને ઈશ્વરના એક દિવસ અનન્ય બની જવું એ મર્યાદા ભક્તિનું સ્વરૂપ છે. પુષ્ટિ ભક્તિમાં તો સ્વરૂપ પ્રેમથી અને ગુણ પ્રેમથી તદીય થઈ જવાય અને પ્રભુના સુખને જ સુખ સમજી, સ્નેહથી સર્વ સમર્પણ કરી દેવાય છે. કુન્તીજીએ પ્રપન્નાં પાહિ ગોવિન્દ શિશુમિશ્રાવસીદતીમ્-પુત્રો સાથે પીડિત થઈ રહી છું, આપની શરણાગત બની છું, અમારો સ્વીકાર કરશો. એવી વિજ્ઞપ્તિ શ્રીકૃષ્ણને અક્રૂરજી દ્વારા કરી અને ભક્ત વત્સલ ભગવાને અનેક રીતે આપત્તિમાંથી ઉગાર્યાં. કુન્તીજીને પ્રભુનો મહિમા સમજાયો, અને સર્વમાંથી મન ઉઠાવીને પ્રભુમાં અનન્ય બની. ૨૬, શ્લોકોથી ભગવાનની સ્તુતિ કરે છે. કુન્તીજીની આ સુખ કાલની સ્તુતિ છે. તેમને પ્રભુમાં અપૂર્વ પ્રીતિ થઈ છે. પ્રભુને તેઓ ત્યજી નથી શકતાં અને નવ પ્રકારે સ્તુતિ કરે છે.

૩ શ્લોકોમાં સ્વરૂપનો મહિમા, ૨ શ્લોકોથી ગુણ નિરૂપણ. ૩ શ્લોકથી લીલા વર્ણન, ૪ શ્લોકથી ભગવાનની દુર્જ્ઞેયતા, ૨ શ્લોકથી લક્ષણ નિરૂપણ, ૪ શ્લોકથી અવતાર પ્રયોજન, ૧ શ્લોકથી ફલ નિર્દેશ, ૪ શ્લોકથી દૈન્ય કથન, ૨ શ્લોકથી પ્રાર્થના કરે છે. પચીસ તત્ત્વોની શુદ્ધિ કરવા માટે પચીસ શ્લોકમાં જાણે નવ પ્રકારની ભક્તિ બતાવી. ભક્તિથી શુદ્ધિ થતાં ભગવત્પ્રાપ્તિ થાય એટલે નમસ્કાર કરવા જોઈએ. તે નિરૂપણ ૨૬મા શ્લોકમાં છે.

૧૮, ૧૯, ૨૦ શ્લોકોથી સ્વરૂપ મહિમા વર્ણવી વંદન કરે છે. ૧૭.

કુન્ત્યુવાચ—નમસ્યે પુરુષં ત્વાઽઽદ્યમીશ્વરં પ્રકૃતેઃ પરમ્ ।
અલક્ષ્યં સર્વભૂતાનામન્તર્બહિરવસ્થિતમ્ ॥ ૧૮ ॥

---

૧. બહિરપિ ભુવમ્-પ્રા. પા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

मायाजवनिकाच्छन्नमज्ञाऽधोक्षजमव्ययम् ।
न लक्ष्यसे मूढदृशा नटो नाट्यधरो यथा ॥ १९ ॥
तथा परमहंसानां मुनीनाममलात्मनाम् ।
भक्तियोगविधानार्थं कथं पश्येम हि स्त्रियः ॥ २० ॥

અન્વયાર્થ—**પ્રકૃતેઃ**–પ્રકૃતિથી, **પરમ્**–નિરાલાને, **અલક્ષ્યમ્**–નજરે ન દેખાતાને, **સર્વ**–**ભૂતાનામ્**–દરેક પ્રાણીના, **અન્તઃ**–અંદર, **બહિઃ**–બહાર, **અવસ્થિતમ્**–રહેલાને, **ઈશ્વરમ્**–ઐશ્વર્યવાળાને, **આદ્યમ્**–સર્વના આદિને, **પુરુષમ્**–પુરુષને, **માયા**–**જવનિકા**–**આચ્છન્નમ**–માયાના પડદાથી ઢંકાયેલાને, **અધોક્ષજમ્**–ઇન્દ્રિય અગોચરને, **અવ્યયમ્**–અવિનાશીને, **ત્વા**–તમને, **અજ્ઞા**–અજ્ઞાન, હું **નમસ્યે**–નમસ્કાર કરું છું, **યથા**–જેમ, **નાટ્યધરઃ**–વેષધારી, **નટઃ**–નટ પુરુષ, **મૂઢદૃશા**–મૂઢ દૃષ્ટિથી, **ન લક્ષ્યસે**–ઓળખાતો નથી. ૧૮; ૧૯. **તથા**–તથા, **પરમહંસાનામ્**–પરમહંસોને, **અમલાત્મનામ્**–નિર્મલ મનવાળા, **મુનીનામ્**–મુનિઓને, **ભક્તિયોગ**–**વિધાનાર્થમ્**–ભક્તિયોગનું વિધાન કરવા માટે, **સ્ત્રિયઃ**—સ્ત્રી જનો, **હિ**–ખરેખર, **કથમ્**–કેવી રીતે, **પશ્યેમ**–જોઈ શકીએ. ૨૦.

અનુવાદ—આદ્ય, ઈશ્વર, પ્રકૃતિથી પર, નજરે ન દેખાતા, પ્રાણી માત્રમાં અંદર તેમજ બહાર રહેલા એવા પૂર્ણ પુરુષને, તેમજ માયાના પડદાથી ઢંકાયેલા, ઇન્દ્રિયાતીત અધોક્ષજ અવિનાશીને હું અજ્ઞાની નમસ્કાર કરું છું. વેષ ધારણ કરનારા નટની માફક મૂઢ દૃષ્ટિ વાળાથી આપ ઓળખી શકાતા નથી; તેમજ આપ તો નિર્મલ મન વાળા, મનન શીલ, પરમહંસોને ભક્તિ યોગનું વિધાન કરવાને માટે પ્રકટ થયેલા છો; તેવા આપને અમે સ્ત્રી જનો શી રીતે જોઈ શકીએ–જાણી શકીએ ? ૧૮; ૧૯; ૨૦.

તત્ત્વસુધા—સ્વરૂપ, ગુણ, સ્વભાવ અને કર્તવ્ય એ ચાર સ્નેહ કે આદર કરનારાં તત્ત્વો છે. કુન્તીજી શ્રીકૃષ્ણમાં આદરવાળાં થયાં છે, અને ત્રણ શ્લોકમાં ભગવત્સ્વરૂપને વર્ણવીને નમસ્કાર કરે છે. તેમાં પ્રથમ બે શ્લોકમાં ભગવાનના સ્વરૂપનો પરિચય કરાવતાં નવ વિશેષણ છે. આ ૨૬ શ્લોકમાં એક વિશેષતા એ છે કે સ્તુતિ નવ પ્રકારે છે, વિશેષણ નવ છે, અને છેલ્લા શ્લોકમાં પ્રણામ પણ નવ વિશેષણથી છે. ઉપનિષદમાં एको देवः सर्वभूतेषु गूढः–એ મંત્રથી બ્રહ્મના સ્વરૂપનું નવ વિશેષણમાં નિરૂપણ કર્યું છે. કવિવર તુલસીજી પણ

एक अनीह अरूप अनामा । अज सच्चिदानंद परधामा ॥
व्यापक बिश्वरूप भगवाना । तेहिं धरि देह चरित कृत नाना ॥

આ ચોપાઇથી નવ વિશેષણ બ્રહ્મને આપે છે. ૯ નો અંક પૂર્ણાંક ગણાય છે. ભગવાન પૂર્ણ પુરુષ છે, તેથી કુન્તીજી પણ ૯ પદથી નમન કરે છે. ૯ માં પુરુષ વિશેષ્ય છે, બાકીનાં વિશેષણ છે.

નમસ્યે–ભેટમાં મૂકવાનું સાધન ન હોવાથી દીન બનીને આરંભમાંજ બોલી ઉઠ્યાં, "હું આપને નમું છું, આ નમસ્કાર ભેટમાં મુકું છું.." ક્રિયાપદ આત્મનેપદી છે. પોતાના હિત માટે ક્રિયા વપરાય છે ત્યાં આત્મનેપદ હોય છે. આ નમસ્કારથી આપની નવધા ભક્તિ માગું છું. દયા કરી દેજો. આપને સમજવા ચાહું છું તો સ્વરૂપ સમજાવી દેજો. એ મારું હિત છે.

પુરુષમ્–પૂર્ણ પુરુષને પ્રણામ કરું છું. શરીર પુરમાં તદ્દન સમીપે છો તે પુરુષને નમું છું; સાંખ્ય પુરુષને નહીં; પરંતુ આ રસાકાર પુરુષોત્તમને વંદુ છું કે જે દૃષ્ટિ સન્મુખ ઊભા છે.

આદ્યમ્–સર્વના મૂળ કારણ આપ છો. આપનું કોઈ કારણ નથી. અવિદ્યા આદિ ૭ વસ્તુઓ અનાદિ છે, તો આપનામાં વિશેષતા શી ? માટે કહે છે, ઈશ્વર છો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ઈશ્વરમ્-સર્વના ઉપર શાસન આપનું છે, આપના ઉપર કોઈનું શાસન નથી. માયાના પણ આપ નિયામક છો.

પ્રકૃતેઃપરમ્-સર્વ પ્રકૃતિનાં રમકડાં છે; આપ પ્રકૃતિને રમાડો છો. દેવથી લઈ જીવ માત્ર પ્રકૃતિના પદાર્થોમાં લલચાય છે. પ્રકૃતિ આપને જોઈ લલચાય છે. જ્યારે આપ માત્ર હાસ્ય કરો છો.

અલક્ષ્યમ્-ઉપકાર કરો, પણ નજરે ન ચઢો. કાર્ય કરો પણ દેખાવ ન કરો. દૂધમાં સાકર રૂપે સમાવ; ચાખે તેને સમજાય, જુએ તેને ન જણાય.

અન્તર્બહિરવસ્થિતમ્-નિજ ભક્તોના મનમાં રહી અંદરનું સુખ અને સંતોષ આપો છો. બહાર વસી માયાને કાપી બહારનું પણ સુખ આપો છો.

માયા જવનિકાચ્છન્નમ્-'મારું અને તારું' એ માયાની જવનિકા-પડદો છે. ચેતન માત્રમાં ચૈતન્ય રૂપે આપ છો. પરંતુ 'સ્વ અને પર' ના ભેદથી ઘેરાયેલી આંખને સમજાયા, રાગ દ્વેષ થયાં. સંતની નજરે જોતે તો 'સ્વ' માં આસક્તિ અને 'પર' માં દ્વેષ ન થતે. યુધિષ્ઠિર અને દુર્યોધનમાં આપ એક છો, એ અક્ષુલ આપો અને મમત્વ કાપો.

અધોક્ષજમ્-ભૌતિક ઈન્દ્રિયોથી ન દેખાય; પંરતુ દિવ્ય દૃષ્ટિથી સમજાય.

અવ્યયમ્-અવિનાશી છો. સર્વનો પ્રેમ, આનંદ, ત્યાગ ક્ષય પામે છે; આપનો અક્ષય રહે છે.

હંસ-દેહ સંબંધી વિવેકને જાણે છે અને પરમહંસ આત્માને ઓળખે છે. ૧૮; ૧૯; ૨૦.

હવે બે શ્લોકથી ભગવાનના ગુણોનું નિરૂપણ કરે છે.

कृष्णाय वासुदेवाय देवकीनन्दनाय च ।
नन्दगोपकुमाराय गोविन्दाय नमो नमः ॥ २१ ॥
नमः पङ्कजनाभाय नमः पङ्कजमालिने ।
नमः पङ्कजनेत्राय नमस्ते पङ्कजाङ्घ्रये ॥ २२ ॥

અન્વયાર્થ—**कृष्णाय**-શ્રીકૃષ્ણને, **वासुदेवाय**-વસુદેવના પુત્રને, **च** અને, **देवकीनन्दनाय**-દેવકીને આનંદ દેનારાને, **नन्दगोपकुमाराय**-નન્દ ગોપ કુમારને, **गोविन्दाय**-ગોવિન્દને, **नमोनमः**-વારંવાર નમસ્કાર. ૨૧; **पङ्कजनाभाय**-(જગતની ઉત્પત્તિમાં કારણભૂત) કમળ જેમની નાભીમાંથી ઉત્પન્ન થયેલું છે એવા આપને, **नमः**-નમન, **पङ्कजमालिने**-કમળ માલાથી વિભૂષિત આપને, **नमः**-નમન, **पङ्कजनेत्राय**-કમળ સદૃશ સૌમ્ય નેત્રવાળા આપને, **नमः**-નમસ્કાર, **पङ्कजाङ्घ्रये**-કમળ જેવા કોમળ ચરણવાળા, તે-તમને, **नमः**-નમસ્કાર હો. ૨૨.

અનુવાદ—**શ્રીકૃષ્ણ, વસુદેવજીના પુત્ર, શ્રીદેવકી નંદન, શ્રીનંદરાય કુમાર અને શ્રીગોવિંદ આપને હું નમસ્કાર કરું છું. ૨૧; નાભીમાં કમળવાળાને નમું છું. કમળની માળા ધારણ કરનારને નમું છું, કમળ સમાન નેત્રવાળાને નમું છું અને કમળ સમાન ચરણવાળા ભગવાનને નમું છું. ૨૨.**

તત્ત્વસુધા—સ્વરૂપથી નમન કરી ગુણ માધુર્યનાં નવ પદથી બે શ્લોકમાં નમસ્કાર કરે છે. પ્રથમ શ્લોકમાં પાંચ પદ છે; બીજામાં ચાર પદ છે; કૃષ્ણ વિશેષ્ય છે. બાકીનાં વિશેષણ છે. ગુણ સાથે સંબંધ કથન પણ છે.

કૃષ્ણાય-કૃષ્ણ એ માધુર્ય રસમય નામ છે. કોઈ પણ ભાવથી 'કૃષ્ણ' શબ્દથી પોકારતાં અવિલંબે હૃદયમાં આવે છે. રૂપ, ગુણ, સ્વભાવ, ચરિત્ર, વાણી, સૌશીલ્ય વગેરે શ્રીકૃષ્ણનાં ગજબ આકર્ષણ છે. શ્યામલ મેઘ સમાન અમૃત વરસાવી સર્વને આકર્ષે છે. નામ-રૂપથી પર આપે સ્વજન અને સર્વજન માટે રૂપ—નામ લીધાં.

વાસુદેવાય-નામ-રૂપ લઈ સંબંધ બાંધવા વસુદેવના પુત્ર પણ થયા. વિશુદ્ધ, સત્ય ચિત્તના અન્તઃકરણમાં આપ વસો છો. ભલે તેવી શુદ્ધ ન હોઉં, તો પણ આપના પિતાજી વસુદેવની બહેન છું, તેથી પણ મારા હૃદયમાં વસજો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૩) દેવકી નંદનાય–સાત્વિક બુદ્ધિ દેવકીજીમાં આપનો નિવાસ સંભવે. ભલે હું તેવી ન હોઉં, પણ આપ તો માતૃ ભક્ત છો, તો આપની માતા દેવકીજીની નણંદ તરીકે પણ મને તારજો.

ચ–'ચ' અવ્યયથી શ્રીયશોદા માતાનો ઉલ્લેખ કર્યો છે. 'પરાપ્રીતિ' યશોદાની તુલનામાં હું નથી; પણ આપ તો કૃપાળુ છો. યશોદાની ગોદમાં રમ્યા, તો કૃપા દૃષ્ટિ મારી શોધમાં પણ દર્શન દેજો.

૪. નન્દ ગોપ કુમારાય–નિર્મળ પ્રેમ નંદ જેવી મારી યોગ્યતા ન હોય તો પણ નંદરાયને તમે પુત્ર વાત્સલ્ય સિંધુથી ભરી દીધા; તો ભક્ત વાત્સલ્યનો એક બિન્દુ, હે રસ સિન્ધુ, મને નહિ આપો!

૫) ગોવન્દિાય–શ્રુતિ પ્રતિમા અને પરોપકૃતિ પ્રતિમા સ્વરૂપ ગોધન જેવી ભલે ન હોઉં તો પણ ગોવિંદ, મારી ઇન્દ્રિય ગાયોને નીતિ–પ્રીતિના પંથમાં ચરવા નહિ લઈ જાઓ!

૬) પંકજનાભાય–હવે બીજા શ્લોકથી કુન્તીજી એક વિચારમાં મુકાયાં છે કે મારે 'ચરણાંબુજ' ભક્તિ કરવી કે 'મુખાંબુજ' ભક્તિ કરવી. ચરણાંબુજમાં દાસ્ય ભાવ છે, તુલસીજીને તેમાં રસ છે. મુખામ્બુજમાં પ્રણય, સખ્ય, વાત્સલ્ય ભાવ છે. સ્વામીનીજી, અર્જુન, યશોદાજીનું તેમાં વર્ણ છે. મારે બે ભક્તિમાંથી શેમાં જવું? એ કોને પૂછું? ન તો યશોદા બતાવે, કે ન તુલસીજી બતાવે. તો પછી સર્વ વેદોના ગાનાર બ્રહ્મા-જીને પૂછું? ના, ના, બ્રહ્માજી પણ આ વાત નહિ જાણે. તેઓ તો જ્ઞાન, કર્મ, યોગ આદિ જાણે. આ તો પ્રેમ સેવાના પીયૂષનો પંથ છે. તો બ્રહ્માજી જે કમળમાંથી જન્મ્યા છે તે કમળના જન્મદાતા 'પંકજ નાભ' આપનેજ નમું છું અને પૂછું છું, "ક્યાં જાઉં? ચરણાંબુજમાં કે મુખામ્બુજમાં? તે આપ બતાવો. હે પંકજનાભ, વિશ્વકારણ આપને વંદુ છું અને મને જન્મ મરણ પરંપરામાંથી બચાવજો. હે પંકજ નાભ! 'પરા' વાણી નાભિમાંથી પ્રકટે છે. તેના આપ પ્રેરક છો, તો આપની સ્તુતિ કરવા મારી 'પરા' વાણીનાં ઉત્થાન કરજો.

૭) પંકજમાલિને–કેટલાક કહે છે કે હરિનું હૃદય તો સર્વ કરતાં અતિ મધુર છે; તો લાવ, લક્ષ્મીજીએ લગ્ન વખતે અભિનવ અમ્લિજાત કમલ માલા શ્રીકંઠમાં સમર્પેલી અને હૃદયમાં પ્રભુએ લક્ષ્મીજીને વસાવ્યાં, તો તેમને પૂછું. ના, ના, તેના કરતાં તો શ્યામ સુંદરના હૃદયને જ પૂછવા દોને કે નાથ, હૃદય માધુરીનાં પાન કેવાં તે કહેશો ને?

૮) પંકજ નેત્રાય–નેત્ર મુખારવિંદમાં વસે. પ્રણય, વાત્સલ્ય, કે સખ્ય ભાવ જોવાનું સ્થાન તો મુખપંકજ મનાય. યશોદા, રાધિકા કે અર્જુન વગેરેને પૂછવા કરતાં મને શ્રીકૃષ્ણના નેત્રમાં જ જોવા દો ને કે કેવા તે માધુર્ય ભર્યા રસો છે; અથવા પંકજ નેત્ર આપ કહોને મારૂં વરણ શેમાં છે.

૯) પંકજાંઘ્રયે–શ્રીકૃષ્ણ મને તો ભલાં ચરણ ગમે છે. આંખ રીસાય, મુખ ઉદાસ દેખાય, હૃદય કદી કઠોર થાય પણ પરોપકારી ચરણનો સદા એક સરખોજ સ્વભાવ છે. વનમાં ગાયો પાછળ વિચરે, મારા પુત્રો ખાતર રણસંગ્રામમાં વિચરે, તેની જ સેવામાં મને અધિકાર છે. અનન્ય ઉપાસના ચરણની કરૂં અને એક દિવસ 'મુખાંબુજ' ભક્તિમાં પણ મારૂં વરણ થશે. એમ કહી ચરણારવિંદે સાષ્ટાંગ કર્યા; કારણ કે વંદન કરતાં તરતજ તે હાથમાં આવે છે. ૨૧; ૨૨.

ત્રણ શ્લોકથી ભગવલ્લીલાનું વર્ણન કરે છે.

यथा हृषीकेश खलेन देवकी कंसेन रुद्धातिचिरं शुचार्पिता ।
विमोचिताहं च सहात्मजा विभो त्वयैव नाथेन मुहुर्विपद्गणात् ॥ २३ ॥
विषान्महाग्नेः पुरुषाददर्शनादसत्सभाया वनवासकृच्छ्रतः ।
मृधे मृधेऽनेकमहारथास्त्रतो द्रौण्यस्त्रतश्चास्म हरेऽभिरक्षिताः ॥ २४ ॥
विपदः सन्तु [1]नः शश्वत्तत्र तत्र जगद्गुरो ।
भवतो दर्शनं यत्स्यादपुनर्भवदर्शनम् ॥ २५ ॥

१. ता :–प्रा. पा.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—હૃષીકેશ-હે નિતેન્દ્રિય, વિભો-હે વ્યાપક, ખલેન-દુષ્ટ એવા, કંસેન-કંસથી, અતિચિરમ્-ચિરકાળ પર્યંત, રુદ્ધા-કેદી બનાવેલી, શુચા-શોકથી, અર્પિતા-પીડાતી, દેવકી-દેવકી, ચ-અને, સહ-આત્મજા-પુત્રો સાથે રહેલી, યથા-જેમ, (તથા-તેમ),—અહમ્-હું, નાથેન-નાથ એવા, ત્વયા-એવ-આપે જ, મુહુઃ-વારંવાર, વિપદ્ગણાત્-વિપત્તિઓ ના સમૂહથી, વિમોચિતા-મુક્ત કરાઈ છું. ૨૩; હરે-હે હરે, વિષાત્-ઝેરથી, મહાગ્નેઃ-લાક્ષાગૃહના અગ્નિથી, પુરુષાદ-દર્શનાત્-રાક્ષસની નજરમાંથી, અસત્ સભાયાઃ-દુષ્ટોની સભાથી, વનવાસ-કૃચ્છ્રતઃ-વનવાસનાં દુઃખોથી, મૃધે-મૃધે યુદ્ધે યુદ્ધે, અનેક-મહારથાઃ-અસ્ત્રતઃ-અનેક મહારથીઓનાં અસ્ત્રોથી, ચ-અને, દ્રૌણ્યસ્ત્રતઃ-અશ્વત્થામાના અસ્ત્રથી, અભિરક્ષિતાઃ સ્મ-સર્વ પ્રકારે રક્ષાએલા છીએ. ૨૪; જગદ્ગુરો-હે જગદ્ગુરુ, તત્ર તત્ર-ઠેકાણે ઠેકાણે, નઃ-અમને, શશ્વત્-હરહોજ, વિપદઃ-વિપત્તિઓ, સન્તુ-હો, યત્-જેથી, અપુનર્ભવ-દર્શનમ્-પુનર્જન્મને ટાળનારું, ભવતઃ-આપનું, દર્શનમ્-દર્શન, સ્યાત-થાય. ૨૫.

અનુવાદ—હે હૃષીકેશ, ખલ કંસથી કેદમાં પૂરાયેલાં અને તેને લીધે ઘણા લાંબા સમય સુધી શોકમાં પડેલાં શ્રીદેવકીજીને આપે છોડાવ્યાં હતાં, તેવી રીતે હે વિભો ! પુત્રો સહિત મને પણ, નાથ તરીકે આપેજ આપત્તિઓની જાળમાંથી વારંવાર મુક્ત કરી છે. ૨૩; હે શ્રીકૃષ્ણ, ઝેરથી, લાક્ષાગૃહના અગ્નિથી, પુરુષ ભક્ષી રાક્ષસોની ચુંગલમાંથી, કેશાકર્ષણ કરનાર દુષ્ટોની સભાથી, વનવાસનાં દુઃખોથી, તેમજ પ્રત્યેક યુદ્ધમાં અનેક મહારથીઓનાં અસ્ત્રોથી, અને અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રથી સર્વ રીતે આપેજ રક્ષા કરેલી છે. ૨૪; હે જગદ્ગુરુ, શ્રીકૃષ્ણ ! હમને હર હમેશ આપત્તિઓ પ્રાપ્ત થાઓ, કેમકે આપત્તિઓના જ કારણે પુનર્જન્મને ટાળનારું આપનું દર્શન થાય છે. ૨૫.

તત્ત્વસુધા—શ્રીકુન્તીજી દૈન્ય ભાવથી પ્રભુની લીલાને ગાય છે. પ્રેમમાં કે ભક્તિમાં દૈન્ય એ તો નૈસર્ગિક ધર્મ છે. એ દૈન્યમાં ગરીબાઈ નથી, ગરજ નથી; પરંતુ વિનમ્રતા છે. 'હૃષીકેશ' સંબોધન કરી ગુણ ગાવાની શરૂઆત કરે છે. અર્જુનજી ભગવદ્ ગીતાના ૧૧ મા અધ્યાયમાં ૧૧ શ્લોકોથી શ્રીકૃષ્ણની સ્તુતિ કરે છે અને સ્થાને હૃષીકેશ તવ પ્રકીર્ત્યા-એ શ્લોકથી પ્રારંભ કરેછે. ત્યાં પણ હૃષીકેશ સંબોધન કર્યું છે. કુન્તીજી ભક્ત છે, અર્જુનજી પણ ભક્ત છે. ભક્તો કેવલ પોતાની ઇન્દ્રિયોનું વિષય વાસનામાંથી રક્ષણ ચાહે છે; પરંતુ વિશ્વની સુખ સમ્પત્તિઓની રક્ષા ચાહતા નથી. 'હૃષીક' શબ્દનો અર્થ ઇન્દ્રિય થાય છે. ઇન્દ્રિયોના સ્વામીને હૃષીકેશ કહ્યા છે. માટે હે કૃષ્ણ, ઇન્દ્રિયોને આપની સેવામાં આપ લઈ જાવ. સેવા માર્ગે કે સન્માર્ગે જો ઇન્દ્રિયો જાય તો કોઈ શત્રુ નથી. કે શત્રવઃ સન્તિ નિજેન્દ્રિયાણિ । તાન્યેવ મિત્રાણિ જિતાનિ તાનિ । અવિજિત ઇન્દ્રિયોજ પોતાના શત્રુ છે. વિજિત ઇન્દ્રિયો જ સન્મિત્રો છે.

ખલેન દેવકી કંસેન-આ વાક્યમાં 'દેવકી' શબ્દને ખલ અને કંસ એવા બે શબ્દની વચ્ચે મૂકીને દેવકીજીના બંધનની પીડા સૂચવી છે. ખરી રીતે તો 'ખલ' શબ્દ કંસનું વિશેષણ છે, એટલે ખલેન કંસેન દેવકી એવોજ પ્રયોગ થઈ શકે; પરંતુ સાત્વિક મતિ દેવકીજીને ખલતા અને હિંસા બન્ને બાજુથી ઘેરી વળ્યાં છે. તેમાંથી છૂટાય કેવલ કૃષ્ણ કૃપાથી. કસિ હિંસાયામ્. હિંસાર્થક 'કસિ' ધાતુ ઉપરથી 'કંસ' શબ્દ બન્યો છે. તેથી કંસનો અર્થ હિંસક-ક્રૂર એવો થાય છે. ક્રૂર કંસના હાથમાંથી આપે દેવકીજીની રક્ષા કરી, તેવીજ રીતે મને-કુન્તાને-પણ બચાવી; પરંતુ બંનેની રક્ષામાં ફેર હતો. અતિચિરં શુચાર્પિતા = દેવકીજીને અતિ વિલંબે છોડાવ્યાં, મને-કુન્તીને અવિલંબે; દેવકીજીને કેવલ એકલાંજ બચાવ્યાં, મને-કુન્તીને સહાત્મજા પાંચ પુત્રો સાથે; દેવકીજીને એકજ વાર સહાય કરી, મને-કુન્તીને મુહુર્વિપદ્ગણાત્-વારંવાર વિવિધ વિપત્તિઓમાંથી સહાય કરી. તુલનાની દૃષ્ટિએ મારી દેવકીજીની સાથે કોઇ યોગ્યતા ન હતી. દેવકીજી આપની માતા હતી, હું તો આપની કોઇ હતી. મારી કેવલ નિરાધાર અવસ્થા હતી અને આપની

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અપાર કૃપા હતી એ એક જ તેમાં કારણ છે. દેવકીજીને તો પોતાના નાથ વસુદેવની ઓથ હતી, હું તો અનાથ હતી તેથી આપે મને સનાથ બનાવી. જેનું કોઈ નથી, તેનો જગદીશ બને છે. થોડો પણ લોક સાધનનો આધાર દૃઢ રીતે ભગવદ્ આશ્રય નથી થવા દેતો. કુન્તીજી તદ્દન નિઃસાધન હતાં, ત્યારે તો હરિ નિષ્ઠા જાગી. ૨૩.

ભક્તિ, સ્નેહ અને સંબંધને ટકાવવાં હોય તો 'ઉપકાર' પરંપરાને યાદ રાખવા જોઈએ. विषजलाप्ययात् શ્લોકમાં ગોપીજનો અને विषान्महाग्नेः શ્લોકમાં શ્રીકુન્તીજી શ્રીહરિના ઉપકારોની પરંપરા ગાય છે. માનવ જીવનમાં સ્વજનના અને શ્રીહરિના ઉપકારો અનેક હોય છે. અપકાર તો અપવાદમાં એકાદ હોય છે. હૃદયની ક્ષુદ્રતા ઉપકારોને વિસરે છે અને અપકારોને નોંધે છે. જેની 'જીવનપ્રોથ' માં અને 'જીગરવીથી' માં ઉપકાર સ્મૃતિનાં માણેક, મોતી અને હીરા ભર્યાં છે, તે પ્રેમપંથનો ઝવેરી છે. એના માર્ગમાં કોઈ અરિ કે વૈરી નથી. આ શ્લોકમાં ભગવાને કરેલી રક્ષાના બાર પ્રસંગોની નોંધ કરીને સૂચવ્યું કે શ્રીકૃષ્ણે અમારાં બારે બાર અગોને સાચવ્યાં છે. (૧) विषात्–ભોજનમાં આપેલા ઝેરના લાડુથી, (૨) અને સર્પના ઝેરથી રક્ષા, (૩) महाग्नेः લાક્ષાગૃહમાંથી, (૪) હિડંબાદિ રાક્ષસથી, (૫) સભામાં વસ્ત્ર આપી લાજથી, वनवास कृच्छ्रतः –વન પ્રકારે (૬) વનમાં દ્રૌપદીના અપહરણથી, (૭) દુર્વાસાને શિષ્યો સાથે તૃપ્ત કરવાથી, (૮) વનમાં વિવિધ વૈભવોના પ્રદાનથી, (૯) મૂષે મૂષે વિરાટનગરના યુદ્ધથી, (૧૦) કુરુક્ષેત્રના યુદ્ધથી, (૧૧) અર્જુન ઉપર અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રથી, અને (૧૨) પરીક્ષિત ઉપરના બ્રહ્મ અસ્ત્રથી. આ બાર પ્રસંગો સંકેતરૂપે વર્ણવ્યા છે. આવા તો અસંખ્ય પ્રસંગો છે. ૨૪.

ભક્તિ નિષ્ઠા બે પ્રકારની છે. એક વિપત્તિમાં હરિને ભજે છે, જે સાધન ભક્તિ છે; અને બીજી તે પ્રત્યેક સ્થિતિમાં પ્રભુને તલસે છે, સેવે છે, જે પરાભક્તિ છે. કુન્તીજીએ વિપત્તિ માગી. વિપત્તિઓ ગંગા સમાન છે, અથવા ગંગાથી વિશેષ ઉદ્ધાર છે. માનવને ગંગાને કિનારે જવું પડે, ત્યારે સ્નાન કરવાથી પાવન થાય; જ્યારે વિપદ્ ગંગા ઘર આંગણે આવી તન, મન, ધન પાવન કરી જાય.

વિપદ્ તો વિષ્ણુપદી ગંગા છે. ભક્તો તો માને છે કે विपदो नैव विपदः संपदो नैव संपदः। विपद् विस्मरणं विष्णोः सम्पन्नारायण स्मृतिः॥

વિપદ્ ગંગે વંદુ, વિવિધ જન સંપાવન કરી,
શરીરે રોગો તું, સ્વજન જન મધ્યે વિરહ છું;
મહાકીર્તિ પ્રાંતે અપયશ બનીને વિચરતી,
તથા લક્ષ્મીનાશે શુભમતિ પ્રદાને વિલસતી...૨૫

હવે ૨૬ થી ૨૯ ચાર શ્લોકમાં ભગવાન દુર્જ્ઞેય શાથી છે તે કહે છે.

जन्मैश्वर्यश्रुतश्रीभिरेधमानमदः पुमान् ।
नैवार्हत्यभिधातुं वै त्वामकिञ्चनगोचरम् ॥ २६ ॥
नमोऽकिञ्चनवित्ताय निवृत्तगुणवृत्तये ।
आत्मारामाय शान्ताय कैवल्यपतये नमः ॥ २७ ॥
मन्ये त्वां कालमीशानमनादिनिधनं विभुम् ।
समं चरन्तं सर्वत्र भूतानां यन्मिथः कलिः ॥ २८ ॥
न वेद कश्चिद्भगवंश्चिकीर्षितं तवेहमानस्य नृणां विडम्बनम् ।
न यस्य कश्चिद्दयितोऽस्ति कर्हिचिद् द्वेष्यश्च यस्मिन् विषमा मतिर्नृणाम् ॥ २९ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—જન્મ-ઐશ્વર્ય-શ્રુત-શ્રીભિઃ-જન્મ, ઐશ્વર્ય, શાસ્ત્રજ્ઞાન, સંપત્તિ વગેરેથી, **એધમાન-મદઃ**-વધી ગયેલો મદવાળો, **પુમાન્**-પુરુષ, **વૈ**-ખરેખર, **અકિઞ્ચન-ગોચર**-દરિદ્ર લોકને સુલભ થનારા, **ત્વામ્**-તમને, **અભિધાતુમ્**-નામોચ્ચારણ કરવાને, **ન પ્રવ અર્હતિ**-લાયક રહેતો નથી. ૨૬; **અકિઞ્ચન-વિત્તાય**-નિર્ધનના પરમ ધનને, **નિવૃત્ત-ગુણવૃત્તયે**-ત્રણ ગુણોની વૃત્તિઓથી નિવૃત્ત થયેલાને, **નમઃ**-નમસ્કાર, **આત્મારામાય**-આત્મારામને, **શાન્તાય**-શાન્ત ચિત્તને, **કૈવલ્યપતયે**-મોક્ષ પતિને, **નમઃ**-નમસ્કાર. ૨૭; **કાલમ્**-કાલસ્વરૂપને, **ઈશાનમ્**-સમર્થને, **અનાદિ નિધનમ્**-જન્મ-મૃત્યુ રહિતને, **વિભુમ્**-સર્વ વ્યાપકને, **સર્વત્ર**-સર્વ સ્થળે, **સમમ્**-સમભાવથી, **ચરન્તમ્-ત્વામ્**-રહેલા એવા આપને, **મન્યે**-હું માનું છું, **યત્**-જેના કારણે, **ભૂતાનામ્**-પ્રાણીઓને, **મિથઃ**-પરસ્પર, **કલિઃ**-કલહ (થાય છે.) ૨૮; **ભગવન્**-હે ભગવન્, **નૃણામ્**-મનુષ્યોના, **વિડમ્બનમ્**-અનુકરણને, **ઈહમાનસ્ય**-કરવાને ઇચ્છતા-ચાહતા, **તવ**-તમારી, **ચિકીર્ષિતમ્**-ચાહનાને-કરવાની ઇચ્છાને, **કશ્ચિત્**-કોઇપણ, **ન વેદ**-જાણતું નથી, **યસ્ય**-જેને, **દયિતઃ**-અતિપ્રિય, **ચ**-અને, **કર્હિચિત્**-કોઇ કાળે, **દ્વેષ્યઃ**-શત્રુ, **ન અસ્તિ**-નથી; છતાં **યસ્મિન્**-જે ભગવાનમાં, **નૃણામ્**-મનુષ્યોની, **મતિઃ**-બુદ્ધિ, **વિષૂયતે**-વિષમ (થાય છે.) ૨૯.

અનુવાદ—શ્રેષ્ઠ કુળમાં જન્મ, અખૂટ ઐશ્વર્ય, શાસ્ત્ર જ્ઞાન અને સંપત્તિ-આ સર્વ વસ્તુઓથી મદ વધી ગયેલો છે એવો પુરુષ, અકિંચન ભક્તોને પ્રાપ્ત થનારા આપના નામનું ઉચ્ચારણ કરવાને માટે લાયક રહેતો નથી. ૨૬; અકિંચનના પરમધન રૂપ, નિવૃત્ત થયેલ ગુણધર્મ વાળા આપને નમસ્કાર. આત્મામાં રમણ કરનાર, મોક્ષ પતિ, શાન્ત સ્વરૂપ, આપને નમસ્કાર. ૨૭; હે ભગવાન, આપ સર્વના નિયામક, આદિ અને અંત વગરના, સર્વ વ્યાપક, સર્વત્ર સમાનતાથી રહેલા એવા કાળરૂપ છો, એમ હું માનું છું; કે જે કાળથી પ્રાણિઓનો પરસ્પર કલહ થાય છે. ૨૮; હે ભગવન, મનુષ્યોના અનુકરણને કરનારા આપને શું કરવાની ઇચ્છા છે, તે કોઈ પણ જાણી શકતું નથી; કેમકે જેને કોઇ અતિ પ્રિય કે કોઈ શત્રુ નથી એવા આપ છો તો પણ મનુષ્યોને આપનામાં વિષમ બુદ્ધિ થાય છે. ૨૯.

નમઃ અકિઞ્ચનવિત્તાય-ધનનો સ્વભાવ એવો છે કે મનને તેનામાં પરોવી રાખે છે. પોતાનું સંપાદન કે પારકાના ધનનો વહીવટ પણ મનને તેટલુંજ ઓત પ્રોત કરે છે. એમ સમજીને આ શ્લોકમાં ભગવાનને અકિંચનના ધન' તરીકે ઓળખાવ્યા છે. 'કિંચન' નો અર્થ કેવલ વિત્તજ ન કરવો; પરંતુ કોઇપણ પદાર્થ એવો અર્થ પણ કરવો. જેને કોઈ પણ પદાર્થ ન જોઈએ તેને જ પરમાર્થમાં ને પરમાત્મામાં રસ પડે. ૨૭.

મન્યે ત્વાં કાલમ્-આ વાક્યથી ભગવાનને કાળ સ્વરૂપે સમજાવે છે. મનુષ્ય જ્યારે સ્વૈર વિહારી બને છે ત્યારે તેનો કાળ શાસક અને નિયામક બને છે. ૨૮.

ઓગણત્રીસમા શ્લોકમાં ન તસ્ય દયિત : દ્વેષ્યઃ-તેનો કોઈ મિત્ર કે દુશ્મન નથી, એ વાક્યોથી ભગવાન દર્પણ જેવા નિર્દોષ અને નિષ્પક્ષપાતી છે એમ પ્રતિપાદન કર્યું છે. મુખની સૌન્દર્યમયી કાન્તિ અથવા કદ્રૂપ આકૃતિ એ કાંઈ દર્પણનો પક્ષપાત નથી. શુકનમાં સન્મુખ જલનો કલશ આવે છે ત્યાં કોઇ સ્વરૂપનો પલટો નથી થતો. છીપમાં ચાંદી દેખાતાં તે ચાંદી બની જતી નથી, એ રીતે જ ભગવાનમાં મિત્ર-દુશ્મન વગેરે ભાવની પ્રતીતિ તે કેવલ જોનારની ભાવનાનું પ્રતિબિંબ છે. ૨૯.

હવે બે શ્લોકથી ભગવાનના લક્ષણનું નિરૂપણ કરે છે—

જન્મ કર્મ ચ વિશ્વાત્મન્નજસ્યાકર્તુરાત્મનઃ ।
તિર્યઙ્નૃષિષુ[1] યાદસ્સુ તદત્યન્ત વિડમ્બનમ્ ॥ ૩૦ ॥

---

૧. નૃષ્વપિ યાદસ્સુ પ્રા. પા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—**વિશ્વાત્મન્**-વિશ્વના આત્મા, **અજસ્ય**-અજન્મા એવા, **અકર્તુઃ**-અકર્તાનાં, **આત્મનઃ**-આપનો, **તિર્યઙ્નૃષિષુ**-પશુ, મનુષ્ય અને ઋષિ જાતિમાં, **યાદસ્સુ**-જળચર જાતિમાં, **જન્મ**-જન્મ, **ચ**-અને, **કર્મ**-કર્મ, **તત્**-તે, **અત્યન્ત**-**વિડમ્બનમ્**-કેવળ વિડંબના માત્રજ છે. ૩૦.

અનુવાદ—હે વિશ્વાત્મન ! અજન્મા અને અકર્તા એવા આપનાં પશુ, દેવ, ઋષિ, મનુષ્ય, જળચર જાતિ વગેરેમાં જે જન્મ લેવો તથા કર્મ કરવાં તે કેવળ તેઓનું અનુકરણ છે. ૩૦

તત્ત્વસુધા—તદત્યન્તવિડમ્બનમ્-વિવિધ યોનિમાં ઈશ્વરનું અવતાર લઈને આવવું એજ ઈશ્વરનું ઐશ્વર્ય છે. સમત્વ ઈશ્વરનું લક્ષણ છે, તેમજ કૃપાલુત્વ પણ ઈશ્વરનું લક્ષણ છે, જે બે વિરુદ્ધ ધર્મ છે એમ ક્ષણભર લાગે છે; પરંતુ 'સમત્વ' વિના 'કૃપાલુપણું' ન આવી શકે. આ શ્લોકમાં 'સમત્વ' લક્ષણની સ્પષ્ટતા વર્ણવી છે. વિડંબન શબ્દનો અર્થ અનુકરણ થાય છે. ભગવાન દરેક યોનિમાં જન્મ લે, કર્મ કરે તો પણ તે અનુકરણ છે. લૌકિક નટ નિર્દોષ કે નિર્વિકાર રહી કંઈ ન કરી શકે; પરંતુ ભગવાન 'નટવર' છે તેથી પાઠ બધા લે પણ જગતને બોધપાઠ દે અને પોતે તેના ગુણદોષથી પર રહે. એવું નિર્વિકારિત્વ આ શ્લોકથી સમજાવી પછીના શ્લોકથી 'દયાલુત્વ' ને વર્ણવે છે. ૩૦.

गोप्याददे त्वयि कृतागसि दाम तावद्
या ते दशाऽश्रुकलिलाञ्जन-सम्भ्रमाक्षम् ।
वक्त्रं निनीय भयभावनया स्थितस्य
सा मां विमोहयति भीरपि यद्बिभेति ॥ ३१ ॥

અન્વયાર્થ—**ગોપી**-ગોપી યશોદાએ, **ત્વયિ**-આપે, જ્યારે **કૃતાગસિ**-અપરાધ કર્યો ત્યારે, **દામ**-દામણું, **આદદે**-લીધું, **તાવત્**-ત્યારે, **અશ્રુ**-**કલિલ**-**અઞ્જન**-**સમ્ભ્રમ અક્ષમ્**-અશ્રુ-જલથી ભીંજાયેલ અંજનથી વ્યાકુલ બનેલા નેત્રવાળા, **વક્ત્રમ્**-મુખને, **ભયભાવનયા**-ભયભીત ભાવથી-દયામણી મુખાકૃતિથી, **નિનીય**-નીચું નમાવીને, **સ્થિતસ્ય**-રહેલા, **તે**-તમારી, **યા**-જે, **દશા**-દશા, **સા**-તે તમારી દશા, **મામ્**-મને, **વિમોહયતિ**-મોહ ઉપજાવે છે, **ભીઃ અપિ**-ભય પણ, **યત્**-જેનાથી, **વિભેતિ**-ભય પામે છે. ૩૧.

અનુવાદ—આપે ગોરસ ફોડવાનો અપરાધ કરેલ હોવાથી આપને બાંધવા માટે યશોદાજી દામણું લઈને આવ્યાં ત્યારે આંખનાં અશ્રુઓથી ભીંજાયેલ અંજનથી વ્યાકુલ બનેલા નેત્ર વાળા મુખારવિંદને, ભયભીત થઈને, નીચું નમાવીને ઊભેલા એવા આપની એ દયામણી મુખાકૃતિની દશા મને મોહ પમાડે છે, કે કાળરૂપી ભય જે પ્રભુથી ડરે છે, તેને આવો ભય કયાંથી હોય ? ૩૧.

તત્ત્વસુધા—ગોપ્યાददे त्वयि कृतागसि-કૃપા મુકુન્દ કૃષ્ણનું, ભક્તવાત્સલ્યનું સ્મરણ થતાં શ્રીકુન્તીજી અતિ આર્દ્રહૃદય બની જાય છે અને ભગવાનની ભક્તાધીનતાને સપ્રેમ ગાય છે. ભગવાને રોષે ભરાઈ દહીંની 'મથની' તોડી અને મા યશોદાજી કૃષ્ણની પાછળ દોડી, પકડી, બાંધી ઊભાં છે. એ જોયેલું દૃશ્ય દૃષ્ટિમાંથી દૂર નથી થતું, ક્ષણે ક્ષણે તાજું થાય છે અને ગોપી શબ્દથી પ્રસંગને ગાવો શરૂ કરે છે. કુન્તીજી પ્રથમ ક્ષણે તો માને છે કે 'થોડી પણ ક્ષતિ-નુકસાનને ન વેઠે એવી કૃપણ પ્રકૃતિને ગોપી કહેવાય !' એવા લઘુ ભાવથી યશોદાજીને માટે ગોપી શબ્દ વાપર્યો; અને त्वयि कृतागसि પદથી કૃષ્ણનું ગૌરવ ગાયું.

त्वयि એટલે જે યોગીઓના ધ્યાનમાં ક્ષણવાર આભાસ રૂપે ભાસે, જ્ઞાનીઓના વ્યાખ્યાનમાં ને ધ્યાનમાં આછો આછો દેખા દે, યાજ્ઞિકોના યાગમાં લુખો લુખો દેખાય, જે યોગીઓની નજરે ન પડે, જ્ઞાનીઓની શોધે ન જડે, તપસ્વિઓના તપોવનમાં ન મળે, તે કેવલ, યશોદા ! તારી સામે ઊભો ઊભો રડે ! ખરે, કેવો દુર્લભ છતાં કેવો કૃપા સુલભ !

१. मृषा-प्रा. पा.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

યશોદા મા ! તારા કાર્પણ્યનો અંત નહિ અને કૃષ્ણના ઔદાર્યની સીમા નહિ, ખરું ને ? જીવમાં કાર્પણ્ય નિઃસીમ છે, ભગવાનમાં ઔદાર્ય અપાર છે. યશોદા, તારે ઘેર શું ખોટ હતી ? બેતેર કરોડ ગાયોના ગોવાળના ધણી નન્દ હતા. નવ લાખ ગાય તો નન્દની જ હતી. કમલ ગંધા, કસ્તૂર ગંધા દૂધ દેતી તો ગાયો હતી. પાછલી જીંદગીમાં એક મહાન પરિશ્રમે કે હરિકૃપાએ તને એક દીકરો મળ્યો—રૂપાળો, રળિયામણો, શાણો અને સુંદર. યાગોની, યોગોની, દાનોની, જ્ઞાનોની ગોદની ખોટનો તો દીકરો હતો. તે કેવલ તારી ગોદનો ખેલૈયો હતો. તેને તેં નાનાશા અપરાધે આવી કઠોર શિક્ષા કીધી ?

ના, ના, યશોદા હવે સમજાયું. તમે ગોપી એટલે કૃપણ ન હતાં, પણ પ્રેમ-વાત્સલ્યની પુષ્ટિની ખાણ હતાં, પરમ હતાં. ગો એટલે જ્ઞાન, કર્મ, ઉપાસનાને પ્રતિપાદન કરનારી ઋચાઓનું પી પાલન કરનારાં હતાં. તે સર્વ ઋચાઓ તો તમારા પદની રજમાં રમતી હતી. તે બધાંને દ્વારે મર્યાદાનાં સુખ હતાં; તમારે દ્વારે અમર્યાદિત સુખ હતાં. તેમને સુખી થવું હતું, જ્યારે તમારે તો સુખી કરવાં હતાં. તો તમારી સામે વશ બની ઊભેલા કરુણાવત્સલ ન રડે તો કોની સામે રડે ? હે યશોદા, તમે તો મારાં ગુરુ છો. મને બતાવોને, મુકુન્દ મારો શી રીતે બને !

अश्रुकलिलाञ्जनसम्भ्रमाक्षम्-એ અશ્રુ ન હતાં પણ અશ્રુતિગમ્ય પ્રેમપથ સાર હતો. એ અંજન ન હતું પણ મોહ ભમતાનું ભંજન હતું, ગર્વનું ગંજન હતું અને ત્યાગનું નયનાંજન હતું. એ ભ્રમ ન હતો પણ મારા તારાના ભેદ ભ્રમનો ભંગ હતો. એ અક્ષિ ન હતી, પણ પ્રેમના નિવાસની કુક્ષિ હતી, સ્નેહની ખીણ હતી. એ વક્ત્ર ન હતું પણ વક્રને, વિમુખને અભિમુખ કરતું પ્રેમ ચક્ર હતું. ભય ભાવથી એ અવનત મુખ ન હતું; પરંતુ માતા યશોદાના ઉપકાર ભારથી નતમુખ હતું કે માબાપ કારાગૃહમાં છે ત્યારે તારા ગૃહમાં આશ્રય આપ્યો તેનો બદલો કેમ વળાશે ? તેથીજ ' स्थितस्य ' સદા તારે ત્યાંજ રહીશ, તને ત્યજીને જઇશ નહિ, એવું બતાવવા ઊભા છો. તે દશા મને કુન્તીને કયારે મળશે ? યશોદાને ત્યાં તો તમે ઊભા છો અને મારે ત્યાંથી કેમ જાવ છો ? અથવા યશોદા, મને આપની પુષ્ટિ ભક્તિ ન શીખવો !

અશ્રુથી શ્રુતિના, કલિલથી યોગના, અંજનથી યજ્ઞના સંભ્રમોને દૂર કર્યા કે ' બ્રહ્મ ' કેવું છે તેના અમે સંભ્રમોમાં હતાં. તે આજે આ અશ્રુ અંજનથી છવાયેલી આંખે સમાધાન આપ્યું કે હું પ્રેમવશ છું—સેવાવશ છું.

હવે ચાર શ્લોકોમાં કૃષ્ણ પ્રાકટ્યના હેતુને વર્ણવે છે.

केचिदाहुरजं जातं पुण्यश्लोकस्य कीर्तये ।
यदोः प्रियस्यान्ववाये मलयस्येव चन्दनम् ॥ ३२ ॥
अपरे वसुदेवस्य देवक्यां याचितोऽभ्यगात् ।
अजस्त्वमस्य क्षेमाय वधाय च सुरद्विषाम् ॥ ३३ ॥

અન્વયાર્થ—**કેચિત્**-કેટલાક, **પ્રિયસ્ય**-પ્રિય એવા **પુણ્યશ્લોકસ્ય**-પુણ્ય શ્લોકની-યુધિષ્ઠિરની, **કીર્તયે**-કીર્તિને માટે, **યદોઃ**-યદુના, **અન્વવાયે**-વંશમાં, **મલયસ્ય**-મલય પર્વતના, **ચન્દનમ્**-ઇવ-ચન્દન વૃક્ષની માફક, **અજમ્**-અજન્માને **જાતમ્**-પ્રકટેલાને, **આહુઃ**-કહે છે. ૩૨ **અપરે**-બીજા માને છે કે **અજઃ**-અજન્મા એવા, **ત્વમ્**-આપ, **સુરદ્વિષામ્**-દેવોના દ્વેષીઓના, **વધાય**-વધ માટે, **ચ**-અને, **અસ્ય**-આ જગતના, **ક્ષેમાય**-કલ્યાણ માટે, **યાચિતઃ**-પ્રાર્થના કરાયેલા, **વસુદેવસ્ય**-વસુદેવજીનાં, **દેવક્યામ્**-પત્ની દેવકીજીમાં, **અભ્યગાત્**-પ્રકટયા છો. ૩૩.

અનુવાદ—કેટલાક તો કહે છે કે પુણ્યશ્લોક યુધિષ્ઠિર રાજાની કીર્તિ વધારવા માટે, મલયાચલની કીર્તિ વધારવા માટે ઉત્પન્ન થતા ચન્દન વૃક્ષની માફક, અજન્મા છતાં આપ યદુ-

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

રાજાના અતિ પ્રિય વંશમાં-યદુવંશમાં-જન્મ્યા છો. ૩૨. કેટલાક કહે છે કે આપ જગતનું કલ્યાણ કરવા માટે તથા સુરદ્વેષી દૈત્યોના વિનાશ કરવા માટે વસુદેવથી પ્રાર્થના કરાયેલા આપ વસુદેવજીથી દેવકીજીમાં અજન્મા છતાં પ્રકટ થયા છો. ૩૩.

तत्त्वसुधा—मलयस्येव चन्दनम्-અચલોમાં 'મલયાચલ' વૈષ્ણવ છે. ખરી ખાનદાની તો દ્વેષ કરનારને પણ પોતાનો મિત્ર બનાવે છે. કાંટાનાં, લીમડાનાં અને શાકોટનાં વૃક્ષોને પણ ચંદનના સુગંધમય તરૂઓ મલયાચલે બનાવ્યાં. સોનાના સુમેરૂએ કે રજતના કૈલાસે એકાદને પણ સુવર્ણ રજતના બનાવ્યાં હોત તો ધન્યવાદ દેત ! પણ એ કયાંથી સંભવે કે સધન પોતાના આશ્રિતને પોતાના સમાન ધનવાળો બનાવે !

किं तेन हेमगिरिणा रजताद्रिणा वा यत्र स्थिताश्च तरवस्त एव ।
मन्यामहे मलयमेव हि पर्वतानां यत्रोद्भवाश्च कुटजा अपि चन्दनाः स्युः ॥

યદુરાજા યયાતિના જ્યેષ્ઠ પુત્ર હતા. પિતાજીએ પાંચ પુત્રો પાસે યૌવન માગ્યું તેમાં શ્રેષ્ઠ પુત્ર યદુરાજાએ પિતાને યૌવન ન આપ્યું. જો પ્રભુસેવા કે પરસેવા માટે યૌવન યાચ્યતે તો અવશ્ય આપતે પણ વિષય વાસનાની પૂર્તિ માટે માગ્યું તેથી ન આપ્યું. રૂષ્ટ થયેલા યયાતિએ યદુરાજને રાજ્ય ન આપ્યું. આ કાર્યથી યદુરાજાને અન્યાય થયો. તેને દૂર કરી કીર્તિનો વધારો કરવા ભગવાન યદુકુલમાં જન્મ્યા. યદુ પરમ ભક્ત હતા. ૩૨.

વંશ પિતા તરીકે યદુનું પ્રિય કરવા યદુવંશમાં અવતર્યા, તે પૂર્વ શ્લોકમાં કહ્યું. આ શ્લોકમાં પોતાના પિતા વસુદેવનું પ્રિય કરવા વાસુદેવ થયા તેનું નિરૂપણ કર્યું છે. 'तनय मातु पितु तोषनिहारा' માતા પિતાને તુષ્ટ કરે તે તનય. માતા પિતાને બંધન મુક્ત કરે તે પુત્ર. એ ન્યાયે માતા પિતાને કારાગૃહમાંથી અને વિશ્વને ખલ ગ્રહમાંથી મુક્ત કર્યાં. ૩૩.

भारावतारणायाऽन्ये भुवो नाव इवोदधौ ।
सीदन्त्या भूरिभारेण जातो ह्यात्मभुवार्थितः ॥ ३४ ॥
भवेऽस्मिन् क्लिश्यमानानामविद्याकामकर्मभिः ।
श्रवणस्मरणार्हाणि करिष्य[1]न्निति केचन ॥ ३५ ॥

અન્વયાર્થ—अन्ये-બીજા, आत्मभुवा-બ્રહ્મદેવથી, अर्थितः-પ્રાર્થના કરાયેલા, उदधौ-સમુદ્રમાં, नावः इव-નૌકાઓની જેમ, भूरिभारेण-મોટા ભારથી, सीदन्त्याः-દુઃખી થતી, भुवः-પૃથ્વીના, भारावतारणाय-ભાર ઉતારવા માટે, हि-ખરેખર, जातः-ઉત્પન્ન થયા છો. ૩૪; अस्मिन् भवे-આ સંસારમાં, अविद्या-काम-कर्मभिः-અવિદ્યા, કામ અને કર્મથી, क्लिश्यमानानाम्-દુઃખી થનારાઓને, श्रवण-स्मरण-अर्हाणि-શ્રવણ, સ્મરણ કરવા યોગ્ય ચરિત્રોને करिष्यन्-કરનાર છો, इति केचन-એમ કેટલાક માને છે. ૩૫.

અનુવાદ—અન્ય એમ માનેછે કે બ્રહ્માજીની પ્રાર્થનાથી, સમુદ્રમાં ડૂબવાની તૈયારી કરતી નૌકાની માફક અસુરોના અત્યંત ભારથી પીડાતી પૃથ્વીનો ભાર ઉતારવા માટેજ આપે અવતાર લીધો છે. ૩૪; કેટલાક એવું કહેછે કે આ સંસારમાં અવિદ્યા, કામ અને કર્મોથી કલેશ ભોગવી રહેલા લોકોનાં દુઃખ નિવારવા માટે, શ્રવણ-સ્મરણ થઈ શકે એવાં લીલા ચરિત્રોના વિસ્તાર માટે પ્રકટ થયા છો. ૩૫.

तत्त्वसुधा—ઘણા કહે છે કે વંશ પિતા પુણ્યશ્લોક યદુનું, વસુદેવ-દેવકી માતા પિતા અને વિશ્વ પિતામહ બ્રહ્માજીનું પ્રિય કરવા ભગવાને અવતાર લીધો. પૃથ્વીનો ભાર દૂર કરવા માટે જ પ્રભુનો અવતાર છે, એમ પણ કેટલાક માને છે. ત્યારે કુન્તીજી સર્વ શ્રેષ્ઠ કારણ પછીના શ્લોકમાં વર્ણવે છે. ૩૪.

१. करिष्य इति-प्रा, पा.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અવિદ્યાકામકર્મભિઃ– મનુષ્યને પોતાના સ્વરૂપનો અને કર્તવ્યનો ખ્યાલ ન થવા દે તે 'અવિદ્યા'. વિવિધ વિષયોની ઇચ્છાઓ તે 'કામ' અને ઇચ્છાઓની સિદ્ધિ માટેના પ્રયત્નો તે 'કર્મ'. આ ત્રણ વસ્તુઓથી માનવ પીડાય છે. તેને 'જીવન દર્શન' દ્વારા આત્મદર્શન આપવું એજ નિર્ણયથી શ્રીકૃષ્ણે અવતાર લીધો છે. દર્શન શાસ્ત્રોએ જ્ઞાન વાક્યો દ્વારા ઘણા પ્રયત્નો કર્યા. સફળતા તો શ્રીકૃષ્ણના જીવન ચરિત્રથી જ મળી. ૩૫.

હવે એક શ્લોકમાં ભગવાનના પ્રાકટ્યનો શો લાભ તે વર્ણવે છે.

शृण्वन्ति गायन्ति गृणन्त्यभीक्ष्णशः स्मरन्ति नन्दन्ति तवेहितं जनाः ।
त एव पश्यन्त्यचिरेण तावकं भवप्रवाहोपरमं पदाम्बुजम् ॥ ३६ ॥

અન્વયાર્થ—**જનાઃ**–મનુષ્યો, **તવ**–આપના, **ઈહિતમ્**–ઇષ્ટ ચરિત્રને, **અભીક્ષ્ણશઃ**–વારંવાર, **શૃણ્વન્તિ**–શ્રવણ કરે છે, **ગાયન્તિ**–ગાય છે, **ગૃણન્તિ**–વર્ણન કરે છે, **સ્મરન્તિ**–સ્મરણ કરે છે, **નન્દન્તિ**–આનન્દિત થાય છે, **તે એવ**–તેઓ જ, **અચિરેણ**–અવિલંબે, **તાવકમ્**–તમારા, **ભવ-પ્રવાહ-ઉપરમમ્**–સંસારના પ્રવાહને બંધ કરી દેનારા, **પદામ્બુજમ્**–ચરણ કમળને, **પશ્યન્તિ**–જુએ છે. ૩૬.

અનુવાદ—**જે મનુષ્યો આપના ચરિત્રનું વારંવાર શ્રવણ કરે છે, ગાન કરે છે, વર્ણન કરી કહી સંભળાવે છે, સ્મરણ કરે છે, આનંદિત થાય છે, તેજ પુરુષો સંસારના પ્રવાહને શાન્ત કરનાર આપના ચરણારવિંદનાં અલ્પ સમયમાં દર્શન કરે છે.** ૩૬.

તત્ત્વસુધા—**ત એવ પશ્યન્તિ અચિરેણ**–તે પુરુષો જ ઈશ્વર ચરણનો સાક્ષાત્કાર કરી શકે છે, કે જેઓ ચરિતામૃતનો પાંચ પ્રકારે ઉપયોગ કરે છે. **શૃણ્વન્તિ**–ઉત્તમ કોટિના ભક્ત વક્તાઓ જ્યાં ગાન કરતા હોય ત્યાં શ્રમ અને શ્રદ્ધાપૂર્વક શ્રવણ કરે; **ગાયન્તિ**–શ્રવણ કર્યા પછી જ્યારે સ્વયં એકલા વિચરતા હોય ત્યારે તન્મય થઈને ગાયાં કરે; **ગૃણન્તિ**–પરીક્ષિત જેવા પિપાસુ મળે ત્યારે ગુણાનુવાદ કરે; **સ્મરન્તિ**–શ્રવણ કરેલ હરિગુણોનું પુનઃ પુનઃ સ્મરણ કરે; **નન્દન્તિ**–જે કોઈ ગુણગાન કરે કે કરાવે તે બન્નેને અભિનંદન આપે. એ રીતે પાંચ પ્રકારે ચરિતામૃતમાં પ્રેમ કરે **ત એવ પશ્યન્તિ** તેઓ જ પ્રભુપદનો સાક્ષાત્કાર કરી શકે છે. ગંગાજી, યમુનાજીને ઘરે લાવે અને પાન કરે તેમાં આનંદ છે; પરંતુ ગંગા-યમુના તીરે જવાથી તો પરમાનંદ છે. નિત્ય સત્સંગ જ્યાં થતો હોય ત્યાં પ્રયત્ન પૂર્વક અવશ્ય જવું. ૩૬.

હવે ચાર શ્લોકમાં દૈન્યનું નિરૂપણ કરે છે.

अप्यद्य नस्त्वं स्वकृतेहित प्रभो जिहाससि स्वित्सुहृदोऽनुजीविनः ।
येषां न चाऽन्यद्भवतः पदाम्बुजात्परायणं राजसु योजितांहसाम् ॥ ३७ ॥

અન્વયાર્થ—**ચ**–અને, **સ્વકૃતેહિત**–ભક્તોને માટે ચરિત્રો કરનાર, **પ્રભો**–હે પ્રભો, **રાજસુ**–રાજાઓમાં, **યોજિત**–**અંહસામ્**–પાપ કર્મોનું આચરણ કર્યું છે, એવા **યેષામ્**–જેમને, **ભવતઃ**–આપના, **પદામ્બુજાત્**–ચરણ કમળ વિના, **અન્યત્**–બીજો કોઈ, **પરાયણમ્**–શ્રેષ્ઠ આશ્રય, **ન**–નથી, એવા **અનુજીવિનઃ**–આપના અવલંબને જીવનારા, **સુહૃદઃ**–મિત્ર એવા, **નઃ**–અમને, **અપિ**–પણ **ત્વમ્**–આપ, **અદ્ય**–આજે, **જિહાસસિ સ્વિત્**–શું ત્યજી દેશો. ૩૭.

અનુવાદ—**નિજ ભક્તોને માટે ચરિત્રો કરનારા હે પ્રભો ! સર્વ રાજાઓ સાથે વૈર કરી ચુકેલા અમને આપના ચરણ કમળ વિના અન્ય કોઈ શ્રેષ્ઠ આશ્રય નથી; તેમજ આપનાજ આધારે જીવન જીવનારા મિત્ર એવા અમને આપ આજે જ ત્યજીને શું ચાલ્યા જશો ?** ૩૭.

તત્ત્વસુધા—**અપિ અદ્ય નઃ ત્વં જિહાસસિ સ્વિત્**–શું, સાચે કૃષ્ણ તમે આજ અમને ભૂંડાને ચાલ્યા જશો! 'વિયોગે' હૃદયને વિશુદ્ધ બનાવ્યાં છે. શ્રીકુન્તીજીના આ શ્લોકનો એક એક શબ્દ વ્યથામાંથી પ્રાદુર્ભાવ

---

૧. વદન્ત્ય,૦–પ્રા. પા. ૨. સ્વકૃતેહિતઃ–પ્રા. પા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પામ્યો છે, अपि અવ્યય નિશ્ચયવાચક છે. એ અવ્યયથી જ આઘાત વ્યક્ત કર્યો. શું સાચે જ આજે જ આપ અમને ત્યજીને જશો ? त्वम्-હૃદયનું જ્યારે નૈકટ્ય થાય ત્યારે આપમાંથી 'તું' એક વચનના વ્યવહારમાં આવી જવાય. 'त्वमेव माता च पिता त्वमेव'-એ શ્લોકમાં સાત સાત વખત ભગવાનને त्वम् કહીને બોલાવ્યા છે. नः- આપના વિના અમે નિરાધાર છીએ, તો પણ અમને છોડી દેશો ?

ત્યારે ભગવાને કહ્યું, " મારે દ્વારકામાં અનિવાર્ય કાર્યો છે. ન જાઉં તો કેમ ચાલે ? " કુન્તીજીએ કહ્યું, " નહિ, નહિ, કૃષ્ણ, આપને स्वकृतेहित-સ્વજનનાં કાર્યો એજ કાર્ય છે. આપને સ્વયં તો કોઇ કાર્ય નથી, તો શા માટે આપ વિદાય થાઓ છો ? " કૃષ્ણ કહે, " કોઈ ના, ભલે મારાં કાર્ય કોઈ ન હોય. અનેક ભક્તોનાં અનેક કાર્યો છે. તે માટે તો જવું જ રહ્યું ને ! " કુન્તીજીએ કહ્યું, " આપ પ્રભો-પૂર્ણ સમર્થ છો. આ સ્થાનમાં રહીને કાર્ય કરી શકો છો. આપના જેમ નિજ ધામમાં રહીને અખિલ બ્રહ્માંડ ચલાવો છો, તો હસ્તિનાપુરમાં રહીને પણ ચલાવી શકો છો. વળી હમે सुहृद् અને अनुजीवी-જીવીએ છીએ, તો જેમ પ્રાણ વિના પિંડ ન જીવી શકે તેમ પ્રાણનાથ વિના પાંડવો કેમ જીવી શકશે ? "

ભગવાને કહ્યું, " હવે તમારાં કાર્ય તો થઈ ચૂક્યાં છે, પછી તો મને જવા દો. " કુન્તીજીએ કહ્યું, " સ્વામિન્, એથી તો આપને રોકીએ છીએ. જ્યારે આપ પ્રથમ જતા, ત્યારે કોઈ પણ કાર્ય અધુરૂ રહેતું અને જતા; તેથી આશા રહેતી કે આપ પાછા આવશો. આજે તો એ નથી. વળી અમે કાર્ય માટે નથી રોકતાં; પરંતુ હમારે જીવન આધાર જ તમેજ છો. " ભગવાને કહ્યું, " નહિ, નહિ, કર્ય હોત તો અવશ્ય રોકાત. " ત્યારે કુન્તીજીએ છેલ્લી દલીલ કરી, " राजसु योजितांहसाम् અનેક રાજાઓમાં અમારાં આ યુદ્ધથી વૈર જન્મ્યાં છે. તો આપે અપાવેલ રાજ્યને હમે કેમ સંભાળીશું ? એમ માનીને હમારાં કાર્ય માટે પણ રોકાઇ જાવ. " શ્રીકુન્તીજીની દલીલ સામે દિલેદાર મૌન બન્યા. દિલની વાતોને દલીલથી ના તોડાય-, ના તરછોડાય.

येषां च नान्यत् भवतः पदाम्बुजात् परायणम्-અમારે તો આપના ચરણામ્બુજ વિના કોઇ અન્ય અવલંબન નથી. ૩૭.

के वयं नामरूपाभ्यां यदुभिः सह पाण्डवाः ।
भवतोऽदर्शनं यर्हि हृषीकाणामिवेशितुः ॥ ३८ ॥
नेयं शोभिष्यते तत्र यथेदानीं गदाधर ।
त्वत्पदैरङ्किता भाति स्वलक्षणविलक्षितैः ॥ ३९ ॥
इमे जनपदाः स्वृद्धाः सुपक्वौषधिवीरुधः ।
वनाद्रिनद्युदन्वन्तो ह्येधन्ते तव वीक्षितैः ॥ ४० ॥

અન્વયાર્થ—यर्हि-જ્યારે, **हृषीकाणाम्**-ઇન્દ્રિયોના, **ईशितुः**-સંચાલકનું, **भवतः**-આપનું, **अदर्शनम्**-અદર્શન થાય તો, **यदुभिः**-યાદવો, **सह**-સાથે, **पाण्डवाः**-પાંડવો, **वयम्**-હમે, **नामरूपाभ्याम्**-નામ અને રૂપથી, **के**-કોણ ? ૩૮; **गदाधर**-હે ગદાધર, **यथा**-જે રીતે, **इदानीम्**-હાલમાં, **स्वलक्षण-विलक्षितैः**-ધ્વજ, વ્રજ વગેરે ચિહ્નોથી જણાતાં, **त्वत्पदैः**-આપનાં ચરણોથી, **अङ्किता**-અંકિત, **इयम्**-આ પૃથ્વી, **भाति**-શોભે છે, **तत्र**-તેવી ત્યાં, **न शोभिष्यते**-શોભશે નહિ. ૩૯; **तव**-આપના, **वीक्षितैः**-અવલોકનથી, **इमे**-આ બધા, **सुपक्व-औषधि-वीरुधः**-સુંદર પરિપક્વ વનસ્પતીઓ-લતાઓ, **जनपदाः**-દેશો, **स्वृद्धाः**-સમૃદ્ધ, **वन-अद्रि-नदी-उदन्वन्तः**-વન, પર્વત, નદી અને સમુદ્રો, **हि**-ખરેખર, **एधन्ते**-વૃદ્ધિને પામે છે. ૪૦.

वीक्षिताः-प्रा. पा,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—જ્યારે ઇન્દ્રિયોનો નિયન્તા પ્રાણ ચાલ્યો જાય ત્યારે જેમ નામ-રૂપ કંઈ પણ રહી શકે નહી, તેમજ હમારા પ્રાણરૂપ આપનું અદર્શન થતાં યાદવો સાથે અમે-અમારી-પાંડવોની નામથી કે રૂપથી શી ગણત્રી ? ૩૮; ગદાધર, હે કૃષ્ણ, આપનાં ધ્વજ, અંકુશ, વજ વગેરે વિશિષ્ટ લક્ષણો વાળાં ચરણ કમળોથી આ પૃથ્વી હાલમાં જે રીતે શોભે છે, તે રીતે આપના દ્વારકા પધાર્યા પછી શોભશે નહિ. ૩૯; સારી સમૃદ્ધિ વાળા આ દેશો, સુપરિપક્વ વનસ્પતિઓ, લતાઓ, વનો, પર્વતો, નદીઓ અને સમુદ્રો ખરેખર આપના કૃપામય અવલોકનથી જ વૃદ્ધિ પામી રહ્યાં છે. ૪૦.

તત્ત્વસુધા—હૃષીકાણામ્ ઇવ ઈશિતુઃ—કોઇ પણ ઇન્દ્રિય શરીરમાંથી ચાલી જાય તો જીવાય, પણ પ્રાણ જશે તો કેમ જીવાશે ? આપ અમારી ઇન્દ્રિયોના પ્રાણ છો. વિયોગમાં થતો શોકાગ્નિ ઇન્દ્રિયોની સંજ્ઞની શક્તિનો નાશ કરી નાખે છે. વિવેકીઓ શોકાગ્નિને દૂર કરવા જોઇએ. તે દૂર થાય ભગવાનના સંયોગે. આજે તેથી વિપરીત આપનો વિયોગ થઇ રહેલ છે. ત્વત્પદૈરંકિતા—પુણ્યશીલનાં પગલાંના સ્પર્શે પૃથ્વીને હર્ષ થાય છે. હર્ષથી સૌંદર્ય, સ્વરૂપ અને સ્વભાવ માધુર્ય બને છે. કૃષ્ણ, પૃથ્વીને આપના વિયોગની આશંકા અકળાવે છે; ત્યારે એના અનુભવે શું થશે ? ખરેખર તેજ જીવનનો આનંદ છે કે જેનાં પગલાં જ્યાં જ્યાં થાય ત્યાં ત્યાં હર્ષ, આનંદ અને ઉત્સાહ થાય. વનસ્પતિ, લતા, તરૂવરોને, વગેરેને પુણ્ય પુરુષોના અવલોકને અમી સિંચન થઇ નિત્ય યૌવન આવે છે. ગદાધર-હે કૃષ્ણ, ગદાધર રૂપે ગયાજીમાં ગત પિતૃ તૃપ્તિ માટે બિરાજો છો; તો દ્વારકાનાથ, હસ્તિનાપુરમાં પણ એક રૂપ લઇ બિરાજો. ૩૮; ૩૯; ૪૦.

હવે બે શ્લોકથી ભગવાનની પ્રાર્થના કરે છે.

अथ विश्वेश विश्वात्मन् विश्वमूर्ते स्वकेषु मे ।
स्नेहपाशमिमं छिन्धि दृढं पाण्डुषु वृष्णिषु ॥ ४१ ॥
त्वयि मेऽनन्यविषया मतिर्मधुपतेऽसकृत् ।
रतिमुद्वहतादद्धा गङ्गेवौघमुदन्वति ॥ ४२ ॥

અન્વયાર્થ—અથ-હવે, વિશ્વેશ-હે વિશ્વેશ્વર, વિશ્વાત્મન-વિશ્વના આત્મારૂપ, વિશ્વમૂર્તે-વિશ્વ સ્વરૂપ હે શ્રીકૃષ્ણ, સ્વકેષુ-આત્મીયમાં, પાણ્ડુષુ-પાંડવોમાં, વૃષ્ણિષુ-યાદવોમાં રહેલા, ઇમમ્-આ, મે-મારા, દૃઢમ્-મજબૂત એવા, સ્નેહપાશમ્-સ્નેહના બંધનને, છિન્ધિ-છેદી નાખો. ૪૧; મધુપતે-હે મધુપતિ, ગઙ્ગા-ગંગા નદી, ઉદન્વતિ-સમુદ્રમાં, ઓઘમ્ ઇવ-પ્રવાહની જેમ, મે-મારી, અનન્યવિષયા-અન્ય આશા વગરની, મતિઃ-બુદ્ધિ, અસકૃત્-નિરંતર, ત્વયિ-આપનામાં, અદ્ધા-નિશ્ચિતરૂપે, રતિમ્-પ્રીતિને, ઉદ્વહતાત્-ધારણ કરો. ૪૨.

અનુવાદ—હવે હે વિશ્વેશ્વર, વિશ્વાત્મા, વિશ્વમૂર્તિ શ્રીકૃષ્ણ, આત્મીય એવા પાંડવો તેમજ યાદવો ઉપરના મારા આ દૃઢ પ્રેમ પાશને આપ છેદી નાખો. ૪૧; હે મધુપતે શ્રીકૃષ્ણ, જેમ ગંગા નદી પોતાના પ્રવાહને સમુદ્રમાં વહેવડાવે છે, તેમ મારી બુદ્ધિ બીજા કોઈ પણ વિષયમાં ન જતાં નિરંતર આપને વિષેજ પ્રીતિને ધારણ કરો. ૪૨.

તત્ત્વસુધા—સ્નેહપાશમિમં છિન્ધિ—સર્વ બંધનોમાં સ્નેહ બંધન અતૂટ બંધન છે. બંધન નજરે દેખાય નહિ પણ તે નજરમાંથી જાય નહિ. 'बन्धनानि सन्ति बहूनि किंतु प्रेमबंधनं महन्मन्ये' । પાંડવોમાંથી એટલે પ્રાણમાંથી અને યાદવોમાંથી એટલે પિંડમાંથી સ્નેહ પ્રવાહને, હે સ્નેહ સિન્ધુ, જીવન નાથ, આપના કૃપા સિન્ધુ ચરણે વાળો. વિશ્વેશ, વિશ્વાત્મન્, વિશ્વમૂર્તે ત્રણ સંબંધ બતાવતાં ત્રણ સંબોધન છે. વિશ્વેશ એટલે આપ વિશ્વસ્વરૂપ છો, એ સંબંધે પણ આપ મારા છો. વિશ્વાત્મા એટલે અન્તર્યામી રૂપે પણ હૃદયમાં બિરાજો છો, સર્વના હૃદયની સર્વ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વાતને જાણો છો, તો મારા હૃદયની ભાવનાને પણ જાણશોજ. 'विश्वमूर्ते'-વિશ્વના નિયંતા છો તો મારા સ્નેહને આપના તરફ નિયંત્રિત કરીને ! ૪૧.

જ્યારે અન્ય વિષયમાં રસ વિનાની મતિ અને ત્યારે તેને 'રતિ' એટલે ભગવદ્ભક્તિ કહેવાય. કુન્તીજી આગળ કહી ચૂકયાં હતાં કે યાદવોમાંના મારા સ્નેહબંધનને છેદી નાખો. જો ભગવાન એમ સમજે કે યાદવોમાં તો પોતે પણ આવ્યા અને પોતાનામાંથી પણ રસ કાઢી નાખે, તો તેથી તેમ ન થવા પામે; માટે વિનંતિ કરી કે त्वयि મારો પ્રેમ આપનામાંજ રહો. ૪૨.

श्रीकृष्ण कृष्णसख वृष्ण्यृषभावनिध्रुग्राजन्य-वंशदहनानपवर्ग-वीर्य ।
गोविन्द गोद्विजसुरार्तिहरावतार योगेश्वराखिलगुरो भगवन्नमस्ते ॥ ૪૩ ॥

અન્વયાર્થ—कृष्णसख-અર્જુનના મિત્ર, वृष्णि-ऋषभ-હે યાદવ શ્રેષ્ઠ, अवनि-ध्रुग्-राजन्य-वंश-दहन-પૃથ્વી દ્રોહી દુષ્ટ રાજાઓના વંશને બાળનારા, अनपवर्गवीर्य-અખૂટ પ્રતાપશાળી, गोविन्द-ગોવિંદ, गो-द्विज-सुर-आर्तिहर-अवतार-ગાય, બ્રાહ્મણ, દેવોની પીડા હરવા અવતાર ધારણ કરનારા, योगेश्वर-હે યોગેશ્વર, अखिल गुरो-હે ત્રિલોક ગુરુ, भगवन्-ભગવન્, श्रीकृष्ण-હે શ્રીકૃષ્ણ, ते-આપને, नमः-નમસ્કાર હો. ૪૩.

અનુવાદ—**હે શ્રીકૃષ્ણ ! હે અર્જુનના મિત્ર ! હે યાદવ શ્રેષ્ઠ ! હે પૃથ્વીના દ્રોહ કરનારા રાજાઓના વંશોને બાળી નાખનાર ! હે અખૂટ પ્રતાપ શાળી ! હે ગોવિન્દ ! હે ગાય, બ્રાહ્મણ અને દેવોનાં દુઃખ દૂર કરવાને માટે અવતાર ધારણ કરનાર ! હે યોગેશ્વર ! હે સર્વના ગુરો ! હે ભગવન્ આપને મારા નમસ્કાર. ૪૩.**

તત્ત્વસુધા—૨૫ મા શ્લોકમાં નવ પ્રકારે ભગવાનની સ્તુતિ કરી. તેથી ભગવત્સ્વરૂપમાં સ્નેહ થયો, ભાવવૃદ્ધિ થઈ અને ૨૬મા એટલે ૪૩મા શ્લોકમાં નવ સંબોધનો સાથે નમસ્કાર કરે છે. ભગવન્ વિશેષ્યને ૯ વિશેષણો આપ્યાં. (૧) શ્રીકૃષ્ણ-જેમાં સ્વરૂપ દર્શાવ્યું. દર્શન સુખ આપી પોતાના સ્વરૂપમાં અભિમુખ કરનાર, ચપલા દૃષ્ટિને અચલ રૂપમાં અચલ કરનાર. (૨) कृष्णसख-ગુણો દર્શાવ્યા. અર્જુનના સખા. અર્જુનના-પાંડવોના સુખ દુઃખ વ્યસનમાં સમભાગી થઈ સખ્ય સુખ આપનાર. સખ્ય ભક્તિ પ્રભુ ઇચ્છાથી મળે. समानि खानि यस्य-ભક્તને પોતાની સમાન નિર્વિકાર ઇન્દ્રિયોનું પ્રદાન કરનાર (૩) वृष्णि ऋषभ-લીલા દર્શાવી. મેઘની માફક ભક્તોનાં અભીષ્ટોને પૂર્ણ કરનાર. મનુષ્ય વિગ્રહ વિના ભક્તોને સાક્ષાત્ સુખ શી રીતે મળે ? માટે વૃષ્ણિકુલમાં જન્મી માનવદેહે લોકોત્તર લીલા કરી. મેઘ વિશ્વ માટે વર્ષે, તેમ આપ અમાપ લીલાઓથી વિપ્લવ તાપ હરવા વરસ્યા. (૪) अवनिध्रुग् राजन्यवंश दहन-દુષ્ટથી અજેયત્વ સ્વરૂપ બતાવ્યું. अवनिं द्रुहन्ति ये राजन्यास्तेषां वंशमन्वयं दहति इति-પૃથ્વીનો દ્રોહ કરનાર રાજાઓના વંશના દાહક અગ્નિ, રાજાઓમાં પરસ્પર કલહ જાગ્રત કરી વાંસડાના વનની માફક બાળનાર. (૫) अनपवर्गवीर्य-ધર્મ દર્શાવ્યો. न विद्यते अपवर्गः क्षयः यस्य तादृशं वीर्यं यस्य इति-અવિનાશી વીર્યવાળા. જેના પરાક્રમનો અવધિ નથી એવા અમિત પરાક્રમી. (૬) गोविन्द-જન્મનું પ્રયોજન દર્શાવ્યું. ગાય, શ્રુતિ, પૃથ્વી, ઇન્દ્રિયોનું રક્ષણ એ એકજ પ્રયોજન માટે પ્રકટેલા. (૭) गोद्विजसुरार्तिहरावतार-ફલ બતાવ્યું. ત્રણ લીધાં-ગાયો. બ્રાહ્મણો અને દેવો. એ ત્રણે યજ્ઞનાં અંગો હોવાથી ત્રણનું ગ્રહણ કર્યું છે. (૮) योगेश्वर-દૈન્ય નિવૃત્તિ બતાવી. योगेश्वर-सूक्ष्मदर्शिन् ભૂતકાળના તો દૃષ્ટા થઈ શકાય છે; પરંતુ ભવિષ્યના નથી થવાતું. આપ તો ભૂત, વર્તમાન, ભવિષ્યનું પણ યોગદૃષ્ટિથી દર્શન કરી શકો છો. (૯) अखिलगुरो-આ નવમા વિશેષણમાં પ્રાર્થના કરી. હે હિતોપદેશક, મારી સ્તુતિ-પ્રાર્થનાને અનુરૂપ ન વર્તતાં આપજ મને મારું જે હિત હોય તેજ કૃપા કરીને દર્શાવો. મારી ભેટમાં તો हे भगवन्नमस्ते-હે નાથ, કેવલ આપને નમઃસ્કાર જ સમર્પું છું. ૪૩.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

सूत उवाच— पृथयेत्थं कलपदैः परिणूताखिलोदयः ॥
मन्दं जहास वैकुण्ठो मोहयन्निव मायया ॥ ४४ ॥

અન્વયાર્થ—इत्थम्-એ પ્રમાણે, पृथया-કુન્તાજીથી, कलपदैः-મધુર વાક્યો વડે, परिणूत-अखिलोदयः-સંપૂર્ણ પરાક્રમોની સ્તુતિ કરાયેલા, वैकुण्ठः-વૈકુંઠ ભગવાન, मायया-માયાથી, मोहयन् इव-મોહ ઉપજાવતા હોય એમ, मन्दम्-મંદ મંદ, जहास-હસવા લાગ્યા. ૪૪.

અનુવાદ—સૂત મુનિએ કહ્યું-એવી રીતે શ્રીકુન્તીજીએ અવ્યકત મધુર વાક્યોથી ભગવાનનાં સમસ્ત પરાક્રમની સ્તુતિ કરી, ત્યારે શ્રી વૈકુંઠપતિ માયાથી મોહ ઉપજાવતા હોય એમ મન્દ મન્દ હાસ્ય કરવા લાગ્યા. ૪૪.

તત્ત્વસુધા—कलपदैः परिणूताखिलोदयः-ભાવના અતિરેકમાં નીકળેલી વાણીમાં શબ્દ વ્યકત ન હતા પણ હૃદય તો અભિવ્યકત હતું. તેથી હૃદયેશ, રસેશને તે સ્તુતિ સમજાઇ અને મન્દ સ્મિતથી સંતોષ આપી, મોહ કાપી અને ખાત્રી આપી કે તમને મૂકીને નહિ જાઉં. 'णू स्तवने' દીર્ઘાન્ત 'णू' ધાતુથી સ્તવન અર્થમાં परि-णूत શબ્દ વાપર્યો છે. ૪૪.

तां बाढमित्युपामन्त्र्य प्रविश्य गजसाह्वयम् ।
स्त्रियश्च स्वपुरं यास्यन्प्रेम्णा राज्ञा निवारितः ॥ ४५ ॥

અન્વયાર્થ—ताम्-તે કુન્તીજીને, बाढम्-બહુ સારૂ, इति-એમ કહીને, गजसाह्वयम्-હસ્તિનાપુરમાં, प्रविश्य-પ્રવેશ કરીને, स्त्रियः-સ્ત્રીઓને, च-અને અન્ય જનોને, आमन्त्र्य-સમજાવીને, स्वपुरम्-દ્વારકા તરફ, यास्यन्-પ્રયાણ કરતા કૃષ્ણને, राज्ञा-રાજા યુધિષ્ઠરે, प्रेम्णा-પ્રેમથી, निवारितः-રોકી લીધા. ૪૫.

અનુવાદ—કુન્તીજીની સ્તુતિ સાંભળી, 'ભલે' એવું વચન કુન્તીજીને કહી, હસ્તિનાપુરમાં પ્રવેશ કરીને દ્રૌપદી, સુભદ્રા વગેરે સ્ત્રીઓની અને અન્ય સંબધી જનોની અનુમતિ મેળવીને દ્વારકા તરફ પ્રયાણ કરતા શ્રીકૃષ્ણને મહારાજા યુધિષ્ઠિરે પ્રેમથી પાછા વાળ્યા. ૪૫.

તત્ત્વસુધા—प्रेम्णा राज्ञा निवारितः-પ્રેમની અને અશ્રુની આડ અને આણ-પ્રાણની આણ-સોગન કરતાં પણ સોગણી મોટી છે. ભગવાને જવાનું મુલતવી રાખ્યું અને શ્રીકુન્તીજીને લાગ્યું મારી સ્તુતિથી પ્રભુ રોકાયા યુધિષ્ઠિરજીએ માન્યુ મારી આમન્યાએ રોકાયા. અર્જુનજીને ભાસ્યું મારી મૈત્રીને દાવે રોકાયા. ભીમસેને કહ્યું, મારા ભાવે પ્રભુ રોકાયા, જ્યારે નકુલ સહદેવે માન્યું અમારી લાગણીએ પ્રભુને અનુકંપાવશ બનાવ્યા ને રોકાયા. સુભદ્રાજી સમજ્યાં મારો માડી જાયો મારી બે દુઃખ સુખની વાત સાંભળવા રોકાયો અને દ્રૌપદીને લાગ્યું મારી આંખલડીના આંસુડાની 'આણ' હરિ રોકાયા. હસ્તિનાપુર પ્રજાજનના મનને થયું, "કેવલ અશરણ શરણ અમને દર્શન-સુખ દેવા બિરાજ્યા." મહાભાગ દેવવ્રત ભીષ્મે માન્યું, મારી સદ્ગતિ સાધવા સંતોના સ્વામિ શ્રીકૃષ્ણ રોકાયા. શ્રી આચાર્ય ચરણનું મન્તવ્ય છે કે एकं भगवतः कार्यं बह्वर्थानां च साधकम्-"પ્રભુના એક કાર્યમાં અનેકનું હિત સાધવાનું હોય છે."

પ્રભુ એટલે-સૌને લાગે મારો, સર્વને લાગે પ્યારો, સર્વથી રહે ન્યારો, એક વ્યકિતનો ન થનારો, સર્વનો સહિયારો, સ્નેહનો કિનારો, સિદ્ધાંતનો મિનારો, કૃપાનો કયારો, એ છે જીવનનો ધારો, તે છે પ્રભુ-એ વિચારો. "એનામાં વિશ્વનું મમત્વ વસે; પરંતુ વિશ્વમાં સમત્વ સાથે મમત્વે વર્તે" ૪૫.

व्यासाद्यैरीश्वरेहाज्ञैः कृष्णेनाद्भुतकर्मणा ।
प्रबोधितोऽपीतिहासैर्नाऽबुध्यत शुचार्पितः[1] ॥ ४६ ॥

---

१. शुचार्दितः-प्रा. पा.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—ઈશ્વર-ઈહ-અજ્ઞૈઃ-ઈશ્વરની ઇચ્છાને ન જાણનારા, વ્યાસાદ્યૈઃ-વ્યાસ વગેરે, અને અદ્‌ભુત-કર્મણા-અદ્‌ભુત કર્મ કરનારા, કૃષ્ણેન-શ્રીકૃષ્ણે, ઇતિહાસૈઃ-ઇતિહાસ-કથાઓથી, પ્રબોધિતઃ અપિ-સમજાવ્યાં છતાં પણ, શુચા-અર્પિતઃ-શોકથી ઘેરાયેલા, ન અબુધ્યત-કંઈ પણ ન સમજ્યા. ૪૬.

અનુવાદ—તે સમયે ઈશ્વરની ઇચ્છાને નહિ જાણનારા વ્યાસ વગેરેએ તથા અદ્‌ભુત કર્મ કરનારા શ્રીકૃષ્ણે પોતે પણ ઇતિહાસ વગેરે કહીને ઘણું સમજાવ્યા છતાં શોક યુકત થયેલા રાજા યુધિષ્ઠિર કંઈ સમજ્યા નહિ. ૪૬.

તત્ત્વસુધા—નાડબુધ્યત શુચાર્પિતઃ-શોકને અને મોહને સ્વાધીન થયેલા મનને સ્વસ્થ બનાવવા માટે મહત્પુરુષ પ્રસંગ અને પવિત્ર તીર્થ સંગની આવશ્યકતા છે. શ્રીકૃષ્ણ યુધિષ્ઠિરજીને સમાધાન આપવા સમર્થ હતા, છતાં તે ચાહતા ન હતા; કારણ કે યુધિષ્ઠિર રાજાને દૈવવ્રત-દાદા ભીષ્મ-પાસે લઇ જવા હતા. પરસ્પરનું વૈમનસ્ય દૂર કરી સૌમનસ્ય સ્થાપી, યુધિષ્ઠિરને દાદાથી બોધ અપાવી, ભીષ્મનું નિર્વાણ સુધારી, જગતને 'ભીષ્મ સ્તુતિ'ની સમ્પતિ અપાવવી હતી. તેથી જ યુધિષ્ઠિરના હૃદયમાં ભગવાને જ આશંકા રૂપે પ્રવેશી અસંતોષ પેદા કર્યો છે. ૪૬.

आह राजा धर्मसुतश्चिन्तयन् सुहृदां वधम् ।
प्राकृतेनाऽऽत्मना विप्राः स्नेहमोहवशं गतः ॥ ४७ ॥

અન્વયાર્થ—વિપ્રાઃ-હે વિપ્રો, ધર્મસુતઃ-ધર્મપુત્ર, રાજા-રાજા યુધિષ્ઠિર, સુહૃદામ્-મિત્રોના, વધમ્-વધને, ચિન્તયન્-વિચારતા, પ્રાકૃતેન-પ્રાકૃત એવા, આત્મના-દેહથી-અન્તઃકરણથી, સ્નેહ-મોહ વશં-ગતઃ-સ્નેહ તથા મોહને વશ થયા, આહ-કહેવા લાગ્યા. ૪૭.

અનુવાદ—હે મહર્ષિઓ, ધર્મપુત્ર-રાજા યુધિષ્ઠિર, પોતાના સંબંધીઓના વધને વિચારતા અવિવેકી અન્તઃકરણથી સ્નેહ અને મોહને વશ થઈ ગયા અને કહેવા લાગ્યા. ૪૭.

अहो मे पश्यताऽज्ञानं हृत्प्ररूढं[1] दुरात्मनः ।
पारक्यस्यैव देहस्य बह्व्यो मेऽक्षौहिणीर्हताः ॥ ४८ ॥
बाल-द्विज-सुहृन्मित्र-पितृ-भ्रातृ-गुरु-द्रुहः ।
न मे स्यान्निरयान्मोक्षो ह्यपि वर्षायुतायुतैः ॥ ४९ ॥

અન્વયાર્થ—અહો-અહા, દુરાત્મનઃ-દુષ્ટ અંતઃકરણ વાળા, મે-મારા, હૃત્-પ્રરૂઢમ્-હૃદયમાં ઉત્પન્ન થયેલા, અજ્ઞાનમ્-અજ્ઞાનને, પશ્યત-જુઓ, પારક્યસ્ય-એવ-પારકાજ, મે-મારા, દેહસ્ય-શરીરને માટે બહ્વયઃ-ઘણી મોટી એવી, અક્ષૌહિણીઃ-અક્ષૌહિણી સેનાઓને, હતાઃ-મારી નાખી. ૪૮; હિ-ખરેખર, બાલ-દ્વિજ-સુહૃત્-મિત્ર-પિતૃ-ભ્રાતૃ-ગુરુ-દ્રુહઃ-બાળક, બ્રાહ્મણ, સુહૃદ જન, મિત્રો, વડીલ, કાકાઓ-ભાઇઓ તથા ગુરુઓનો દ્રોહ કરનારા, મે-મારો, વર્ષ-અયુત-અયુતૈઃ-અપિ-કરોડો વર્ષ સુધી પણ, નિરયાત્-નરકમાંથી, મોક્ષઃ-મોક્ષ, ન સ્યાત્-નહિ થાય. ૪૯.

અનુવાદ—અહો ! દુષ્ટાત્મા એવા મારા અન્તઃકરણમાં રૂઢ મૂલ થયેલા આ અજ્ઞાનને તો જુઓ, કે જે અજ્ઞાનથી, પારકા એવા આ શરીરને ખાતર મેં અનેક અક્ષૌહિણી સેનાઓને મારી નાખી. ૪૮; બાળક, બ્રાહ્મણો, સુહૃજ્જનો, મિત્રો, વડીલો, ભાઇઓ અને ગુરુઓનો દ્રોહ કરનાર મારો કરોડો વર્ષ સુધી પણ નરકમાંથી છુટકારો નહિ થાય. ૪૯.

તત્ત્વસુધા—પારક્યસ્યૈવ દેહસ્ય-આ વાક્યથીયુધિષ્ઠિર રાજાના વિશુદ્ધ ભકત હૃદયે પશ્ચાતાપ અને પરિતાપ વ્યકત કર્યો. "પારકી આ માટીની કાયા માટે, કાયમ ન રહેનારાં ધન, જમીન માટે વૈર તાંડવ શાં ! અહંકાર

૧. હૃદિ રૂઢં-પ્રા. પા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અક્ષૌહિણી ક્ષય એક રાજ્ય મોહ માટે કે રાજ્ય હિત માટે ! ખરેખર આ મારો રાજ્ય મોહ જ હતો.' આ યુધિષ્ઠિરની ધર્મવૃત્તિ છે. પશ્ચાતાપ અને પરિતાપ ભલે માનવને શુદ્ધ કરે; પરંતુ વિવેક તો પશ્ચાતાપ પરિતાપને પેદા કરે તેવાં કાર્યો ન કરે ત્યારે જ છે.

એક અક્ષૌહિણી સેના ૨,૧૮,૭૨૦ની બને છે. એમ, ૨૧,૮૭૦ રથ, ૨૧,૮૭૦ હાથી, ૬૫,૬૧૦ અશ્વો, ૧,૦૯,૩૫૦ પાયદળ હોય છે. ૪૮; ૪૯.

નૈનો રાજ્ઞઃ પ્રજાભર્તુર્ધર્મયુદ્ધે વધો દ્વિષામ્ ।
ઇતિ મે ન તુ બોધાય કલ્પતે શાસનં[1] વચઃ ॥ ૫૦ ॥
સ્ત્રીણામદ્ધત બન્ધૂનાં દ્રોહો યોઽસાવિહોત્થિતઃ ।
કર્મભિર્ગૃહમેધીયર્નાઽહં કલ્પો વ્યપોહિતુમ્ ॥ ૫૧ ॥

અન્વયાર્થ—પ્રજાભર્તુઃ-પ્રજાપાલક, રાજ્ઞઃ-રાજાને, ધર્મયુદ્ધે-ધર્મયુદ્ધમાં, દ્વિષામ્-શત્રુઓનો, વધઃ-વધ કરવો તે, એનઃ-પાપ, ન-નથી, ઇતિ એ પ્રમાણેનું, શાસનમ્-સલાહ આપનાર, વચઃ-શાસ્ત્ર વચન, તુ-તો, મે-મારા બોધાય-સમાધાન માટે, ન કલ્પતે-સમર્થ થઈ શકતું નથી. ૫૦.

અદ્ધ-અહિંયાં, મદ્-હત-બન્ધૂનામ્-મારા હાથે હણાયેલા બન્ધુઓ વાળી, સ્ત્રીણામ્-સ્ત્રીઓનો, ઉત્થિતઃ-ઉત્પન્ન થયેલ, યઃ-જે, અસૌ-આ, દ્રોહઃ-દ્રોહ, ગૃહમેધીયૈઃ-ગૃહસ્થાશ્રમ સંબંધી, કર્મભિઃ-કર્મોથી, વ્યપોહિતુમ્-દૂર કરવાને માટે, અહમ્-હું, કલ્પઃ-સમર્થ, ન-નથી. ૫૧.

અનુવાદ—"ધર્મયુદ્ધમાં શત્રુઓનો સંહાર કરવો એ પ્રજાપાલક રાજાને માટે પાપરૂપ નથી." એ પ્રમાણે આજ્ઞા આપતું શાસ્ત્રીય બોધવચન મારા મનના સમાધાન માટે સમર્થ નીવડતું નથી. ૫૦; મારા હાથે જેમના પતિ, કુટુંબી જન વગેરે મારી નાખવામાં આવ્યાં છે, એવી સ્ત્રીઓના ઉત્પન્ન થયેલા દ્રોહને, ગૃહસ્થાશ્રમી પુરુષોને કરવા યોગ્ય યજ્ઞાદિ કાર્યોથી, દૂર કરવાને માટે હું સમર્થ થઈ શકતો નથી. ૫૧.

તત્ત્વસુધા—હૃદયની શુદ્ધિ તત્ત્વજ્ઞાન અને ત્યાગથી થાય છે. તત્ત્વજ્ઞાન બીજાને થતી હાનિ, અપમાન, અન્યાયને વિચારે છે અને તે તરફ ઢળતી મનોવૃત્તિને રોકે છે. કર્મભિઃ ગૃહમેધીયૈઃ—આ શબ્દોનું તાત્પર્ય છે કે પ્રાયશ્ચિત કર્મ કરવાથી પાપ નિવૃત્તિ તો થાય, પરંતુ પાપ-બીજ-નિવૃત્તિ તો કેવલ ભગવત્કૃપા કે સેવાથી જ સંભવે છે. ૫૦; ૫૧.

યથા પઙ્કેન પઙ્કામ્ભઃ સુરયા વા સુરાકૃતમ્ ।
ભૂતહત્યાં તથૈવૈકાં ન યજ્ઞૈર્માર્ષ્ટુમર્હતિ[2] ॥ ૫૨ ॥

અન્વયાર્થ—યથા-જેવી રીતે, પઙ્કેન-ધૂળ કાદવથી, પઙ્કામ્ભઃ-કાદવવાળું પાણી, વા-અથવા, સુરયા-મદિરા વડે, સુરાકૃતમ્-મદિરાથી અશુદ્ધ થયેલ વસ્તુને-જીવને, તથા-એવ-તેજ રીતે, યજ્ઞૈઃ-યજ્ઞોથી, એકામ્-એક, ભૂતહત્યામ્-પ્રાણી હિંસાને, માર્ષ્ટુમ્-દૂર કરવાને માટે, ન અર્હતિ-સમર્થ-થઈ શકતું નથી. ૫૨.

અનુવાદ—જેમ કાદવથી કાદવવાળા જળને સ્વચ્છ કરી શકાતુ નથી, અથવા મદિરા વડે મદિરા પીધેલ જીવને કે અશુદ્ધ વસ્તુને જેમ શુદ્ધ કરી શકાય નહિ, એજ રીતે યજ્ઞાદિક ક્રિયાથી એક પ્રકારની થયેલી પ્રાણી-હિંસાને દૂર કરી શકાતી નથી. ૫૨.

શ્રીમદ્ ભાગવતના પ્રથમ સ્કંધની તત્ત્વસુધા ટીકાનો આઠમો અધ્યાય સંપૂર્ણ

---

૧. પા. પ્રા. - શાશ્વતં । ૨. પ્રા. પા.-પઙ્કૈરિવ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અધ્યાય ૯ મો

આઠમા અધ્યાયમાં કુન્તીજીની સ્તુતિથી હૃદયની શુદ્ધિ થઇ એટલે એવા વિશુદ્ધ હૃદયને ભગવતતત્ત્વસ્વરૂપમાં-ભગવલ્લીલામાં પ્રેમ થયો અને આનંદમાં આવી જવાયું, મન પ્રસન્ન બન્યું અને તે મંગલ મન ભગવદ્ ગુણગાનમાં લીન બન્યું. ભીષ્મ પિતામહ વિશુદ્ધ મનનું જ પ્રતીક છે. માનવે દિવસ ભરના કાર્યક્રમમાં 'સ્તુતિ' ને મુખ્ય સ્થાન આપવું. કાયાને સ્નાન અમૃત સમાન છે, તેમ કાળજાને સ્તુતિ સરોવરમાં સ્નાન પીયૂષ પાન સમાન છે. સ્તુતિ હૃદયના વાતાવરણને પ્રત્યેક ક્ષણમાં મંગલમય રાખે છે. સંધ્યાકાળ-જીવન સંધિ કાળ એ સ્તુતિ-ધ્યાન કરવા માટે જ ભગવાને રચ્યા છે. ભીષ્મ સ્તુતિ જ આ અધ્યાયનો અથવા આ પ્રથમ સ્કંધનો પ્રધાન પ્રાણ છે. કૂંઠે કરી નિત્ય શયન સમયે આર્ત અને આર્દ્ર હૃદયે ગાવી, બાદ જ નિદ્રા લેવી.

નવમા અધ્યાયમાં સંત સમાજ, ઋષિ વૃન્દ, સ્વજન સમુદાય અને શ્રીકૃષ્ણ ભગવાનનું ભીષ્મ પિતામહ સાથેનું મિલન વર્ણવ્યું છે. બાણ શય્યા ઉપર ભીષ્મનું શયન 'પ્રાયશ્ચિતનું દર્શન છે. જ્ઞાની કે ભક્તે કરેલા કોઇના દ્રોહનું ફળ આ શરીરથી ભોગવવું પડે તો અબુધ અને આસક્ત તો કેમજ બચી શકે !

सूत उवाच—इति भीतः प्रजाद्रोहात्सर्वधर्मविवित्सया ।
ततो विनशनं प्रागाद् यत्र देवव्रतोऽपतत् ॥ १ ॥

અન્વયાર્થ—**इति**-એ પ્રમાણે, **प्रजा द्रोहात्**-પ્રજાના દ્રોહથી, **भीतः**-ભય પામેલા, **ततः**-ત્યાંથી, **सर्व-धर्म-विवित्सया**-સર્વ ધર્મોને જાણવાની ઇચ્છાથી, **विनशनम्**-કુરુક્ષેત્રમાં, **प्रागात्**-ગયા, **यत्र**-જ્યાં, **देवव्रतः**-ભીષ્મપિતામહ, **अपतत्**-પડ્યા હતા. ૧.

અનુવાદ—**સૂત મુનીએ કહ્યું કે-હે શૌનકાદિ ઋષિઓ, એ પ્રમાણે પ્રજા ઉપર આચરેલા દ્રોહથી ભયભીત થયેલા મહારાજ યુધિષ્ઠિર, સર્વ ધર્મતત્ત્વ જાણવાની ઇચ્છાથી હસ્તિનાપુરમાંથી કુરુક્ષેત્રમાં ગયા, જ્યાં ભીષ્મપિતામહ શર પિંજરમાં પડ્યા હતા. ૧.**

તત્ત્વસુધા—**विनशनं प्रागात्, देवव्रतः अपतत्.** વિનશન કુરુક્ષેત્રની સંજ્ઞા છે. વિશેષેણ નશ્યન્તિ પાપાનિ યત્ર તદ્ વિનશનમ્. જ્યાં યુદ્ધ કરનારાઓ સર્વ ક્ષય પામે છે અને સાપો પણ ક્ષય પામે છે, એવું એક અલૌકિક પવિત્ર સ્થાન કુરુક્ષેત્ર છે. દેવવ્રત ભીષ્મપિતામહનું ગૌરવશીલ બિરૂદ છે. આજીવન અખંડ બ્રહ્મચર્ય પાળે તેને દેવવ્રતની માનદ પદવી મળે. યુધિષ્ઠિર રાજા બંધુઓને લઇ પવિત્ર કુરુક્ષેત્રમાં, પવિત્ર કાળે, પવિત્ર ઋષિઓના સમૂહ અને પવિત્ર ભીષ્મ પિતામહ પુરુષ પાસે, પૂર્ણ પુરુષ શ્રીકૃષ્ણને સાથે લઇને ગયાં.

માનવનું કર્મક્ષેત્ર કુરુક્ષેત્ર છે. માનવનું શરીર પણ કુરુક્ષેત્ર છે. માનવે કેવલ કર્તવ્ય પરાયણ થઇ જીવવાનું. કોઇ પણ ફલ આવે તો તેનાથી પર રહેવાનું, એ જ એનું દેવવ્રત-અખંડ બ્રહ્મચર્ય છે. ૧.

तदा ते भ्रातरः सर्वे सदश्वैः स्वर्णभूषितैः ।
अन्वगच्छन् रथैर्विप्रा व्यासधौम्यादयस्तथा ॥ २ ॥
भगवानपि विप्रर्षे रथेन सधनञ्जयः ।
स तैर्व्यरोचत नृपः कुबेर इव गुह्यकैः ॥ ३ ॥

અન્વયાર્થ—**तदा**-તે સમયે, **सदश्वैः**-શ્રેષ્ઠ અશ્વોવાળા, **स्वर्ण भूषितैः**-સુવર્ણથી મઢેલા, **रथैः**-રથો વડે, **ते सर्वे**-તે બધા, **भ्रातरः**-ભાઇઓ, **तथा**-તથા, **व्यास धौम्यादयः**-વ્યાસ, ધૌમ્ય વગેરે, **विप्राः**-બ્રાહ્મણો, **अन्वगच्छन्**-તેમની પાછળ ગયા. ૨. **विप्रर्षे**-હે શૌનક, **सधनञ्जयः**-અર્જુન સાથે, **भगवान् अपि**-ભગવાન શ્રીકૃષ્ણ પણ, **रथेन**-રથ સાથે, **गुह्यकैः**-યક્ષો સાથે, **कुबेरः इव**-કુબેર જેમ શોભે તેમ, **तैः**-તે બધાઓથી, **सः**-તે, **नृपः**-રાજા યુધિષ્ઠિર, **व्यरोचत**-શોભતા હતા. ૩.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—ત્યારે ભીમ વગેરે ભાઈઓ શ્રેષ્ઠ અશ્વવાળા અને સુવર્ણ જડિત સુંદર રથોમાં બેસીને તેમની પાછળ ગયા; તથા વ્યાસ, ધૌમ્ય વગેરે મહર્ષિઓ પણ તેમની પાછળ પાછળ ગયા. ૨; હે શૌનક, અર્જુન સાથે ભગવાન શ્રીકૃષ્ણ પણ રથમાં બેસી આવી પહોંચ્યા. યક્ષોથી જેમ કુબેર શોભે તેમ તે સર્વથી રાજા યુધિષ્ઠિર વિશેષ શોભતા હતા. ૩.

તત્ત્વસુધા—સુવર્ણથી સુશોભિત વાહનોમાં બેસીને યુધિષ્ઠિર અને પાંડવો કુરુક્ષેત્રમાં આવે છે એનું વર્ણન ત્રણ શ્લોકમાં આવે છે. ત્રણે રથોમાં તેઓ આવ્યા હોય તેમ લાગે છે. યુધિષ્ઠિર રાજાનો રથ ધણો સાદો લાગે છે. એ ઉપરથી સાત્વિકતા અને ઐશ્વર્યમાં અરુચિ બતાવે છે. બીજા સુવર્ણના રથમાં ભીમ આદિ ભાઈઓ છે અને ત્રીજા રથમાં શ્રીકૃષ્ણ અને અર્જુન છે. અર્જુન સારથિ થઈ રથ ચલાવે છે. શ્રીકૃષ્ણ રથમાં બિરાજ્યા છે. આ ઐશ્વર્યથી યુધિષ્ઠિરનો બહારનો વૈભવ બતાવે છે; પરંતુ અંતઃકરણની શાંતિ તો નથી જ. કુબેરની પાસે અઢળક ઐશ્વર્ય છે તો પણ ભક્તિ નામનું અન્તઃકરણનું ઐશ્વર્ય નથી. તેમનો પરિવાર ગુહ્યક છે. સંસારનાં વિલાસ સુખોમાં રસ લેનારો, કુટુંબી વર્ગ અને કુટુંબનો વડો પુરુષ જ્યારે બને છે, ત્યારે તેને ગુહ્યક કહેવાય છે. ૨; ૩.

दृष्ट्वा निपतितं भूमौ दिवश्च्युतमिवाऽमरम् ।
प्रणेमुः पाण्डवा भीष्मं सानुगाः सह चक्रिणा ॥ ४ ॥

અન્વયાર્થ—सानुगाः—અનુયાયીઓ સાથે, पाण्डवाः—પાંડવો, चक्रिणा सह—શ્રીકૃષ્ણ સાથે, दिवः—સ્વર્ગલોકથી, च्युतम्—નીચે પડેલા, अमरम्—इव—દેવની જેમ, भूमौ—ભૂમિ ઉપર, निपतितम्—પડેલા, भीष्मम्—ભીષ્મ પિતામહને, दृष्ट्वा—જોઈને, प्रणेमुः—પ્રણામ કરતા હતા. ૪.

અનુવાદ—પરિવાર વર્ગ સાથે પાંડવોએ શ્રીકૃષ્ણ સાથે, સ્વર્ગમાંથી પડેલા કોઈ દેવ જેવા, પૃથ્વી ઉપર પડેલા ભીષ્મ પિતામહને જોઈને પ્રણામ કર્યા. ૪.

તત્ત્વસુધા—'વિવેક' નવ નિધિથી પણ શ્રેષ્ઠ દશમો નિધિ છે. વિવેકમાં વૈરને ભૂલવાની અને ગુણોને નમવાની કુલીનતા વસે છે. પાંડવો અને શ્રીકૃષ્ણના ભીષ્મદાદાને પ્રણામ એ તો આંદરની પરાકાષ્ટા છે. સુદર્શન ચક્ર લઈ આવેલા શ્રીકૃષ્ણને વર્ણવ્યા છે. તે ભીષ્મને જ્ઞાન આપવા આવ્યા છે. સુદર્શને તત્ત્વજ્ઞાનનું પ્રતીક છે. તેમજ ભક્તવત્સલપણું પણ સુદર્શનથી બતાવે છે, કે 'હે ભીષ્મ, મને શસ્ત્ર પકડાવવાની તમારી પ્રતિજ્ઞાને સત્ય કરવા મેં હાથમાં ચક્ર ધારણ કર્યું હતું.' ૪.

तत्र ब्रह्मर्षयः सर्वे देवर्षयश्च सत्तमाः ।
राजर्षयश्च तत्राऽऽसन्द्रष्टुं भरतपुङ्गवम् ॥ ५ ॥

અન્વયાર્થ—हे सत्तमाः—હે શ્રેષ્ઠ પુરુષો, तत्र—ત્યાં, सर्वे—બધા, ब्रह्मर्षयः—બ્રહ્મર્ષિઓ, च—અને, देवर्षयः—દેવર્ષિઓ, च—અને, राजर्षयः—રાજર્ષિઓ, भरत—पुङ्गवम्—ભરત કુળમાં શ્રેષ્ઠને—ભીષ્મને, द्रष्टुम्—જોવાને માટે, तत्र—ત્યાં, आसन्—આવી પહોંચ્યા. ૫.

અનુવાદ—હે શ્રેષ્ઠ પુરુષો, તે સમયે બધા બ્રહ્મર્ષિઓ, દેવર્ષિઓ, અને રાજર્ષિઓ ભરત શ્રેષ્ઠ ભીષ્મનાં દર્શન કરવા માટે તત્કાળ ત્યાં આવી પહોંચ્યા. ૫.

તત્ત્વસુધા—ભૃગુ વગેરે બ્રહ્મર્ષિઓ—તત્ત્વજ્ઞાનીઓ આવ્યા. નારદ વગેરે દેવર્ષિઓ, ભક્તિ નિષ્ઠો આવ્યા. મનુ વગેરે રાજર્ષિઓ—કર્મનિષ્ઠ પુરુષો આવ્યા. આમ ત્રણેને ભીષ્મમાં આદર છે અને તેઓ ત્રણે તેમનાંથી પ્રેરણા પામવાના છે.

आसन् એટલે गताः 'ગયા' એવો અર્થ છે. असगतिदीप्त्या दानेषु એવો ધાતુ પાઠ છે. એમાં अस् ધાતુનો ગતિ, પ્રકાશ, લેવું એવા ત્રણ અર્થ થાય છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભરત પુङ्गवम्-ભીષ્મનું નામ છે. ભરત પુંગવનો અર્થ 'ભક્ત શ્રેષ્ઠ' થાય છે. पुंसि गौः यस्य सः જેમની પરમેશ્વરમાં દૃષ્ટિ છે તે પુંગવ કહેવાય.

पर्वतो नारदो धौम्यो भगवान्बादरायणः ।
बृहदश्वो भरद्वाजः सशिष्यो रेणुकासुतः ॥ ६ ॥
वसिष्ठ इन्द्रप्रमदस्त्रितो गृत्समदोऽसितः ।
कक्षीवान्गौतमोऽत्रिश्च कौशिकोऽथ सुदर्शनः ॥ ७ ॥
अन्ये च मुनयो ब्रह्मन् ब्रह्मरातादयोऽमलाः ।
शिष्यैरुपेता आजग्मुः कश्यपाङ्गिरसादयः ॥ ८ ॥

અન્વયાર્થ—पर्वतः-પર્વત, नारदः-નારદ, धौम्यः-ધૌમ્ય, भगवान्-बादरायणः-ભગવાન વ્યાસ, बृहदश्वः-બૃહદશ્વ, भरद्वाजः-ભારદ્વાજ, सशिष्यः-શિષ્યો સાથે, रेणुकासुतः-પરશુરામ. ૬; वसिष्ठः-વસિષ્ઠ, इन्द्रप्रमदः-ઈન્દ્રપ્રમદ, त्रितः-ત્રિત, गृत्समदः-ગૃત્સમદ, असितः-અસિત, कक्षीवान्-કક્ષીવાન, गौतमः-ગૌતમ, अत्रिः-અત્રિ, च-અને, कौशिकः-વિશ્વામિત્ર, अथ-પછી, सुदर्शनः-સુદર્શન. ૭; ब्रह्मन्-હે બ્રહ્મન્, च-અને, अन्ये-બીજા, ब्रह्मरातादयः-શુકદેવ વગેરે, अमलाः-પવિત્ર, मुनयः-મુનિઓ, शिष्यैः-શિષ્યોથી, उपेताः-યુક્ત, कश्यपाङ्गिरसादयः-કશ્યપ, અંગિરા વગેરે, आजग्मुः-આવ્યા. ૮.

અનુવાદ—પર્વત, નારદ, ધૌમ્ય, ભગવાન વ્યાસ, બૃહદશ્વ, ભરદ્વાજ, શિષ્યો સાથે પરશુરામ, વસિષ્ઠ, ઈન્દ્રપ્રમદ, ત્રિત, ગૃત્સમદ, અસિત, કક્ષીવાન, ગૌતમ, અત્રિ અને કૌશિક, વિશ્વામિત્ર, ત્યાર બાદ સુદર્શન તેમજ હે બ્રહ્મન્ બીજા, શ્રીશુકદેવજી વગેરે પવિત્ર મુનિઓ અને કશ્યપ, બૃહસ્પતિ વગેરે શિષ્યો સાથે ત્યાં આવ્યા ૬; ૭; ૮.

તત્ત્વસુધા—ત્રણ શ્લોકમાં ૧૯ ઋષિ મુનિઓનાં નામ આપ્યાં છે. અધિકાર નામના પ્રથમ સ્કંધના ૧૯ અધ્યાયના પ્રતીક સમા જાણે આ ૧૯ ઋષિમુનિઓનો નિર્દેશ કર્યો હશે. પ્રથમ શ્લોકના ૭ ઋષિઓ દેવર્ષિઓ છે. બીજા શ્લોકમાં ૧૦ છે. તેમાં નવ રાજર્ષિઓ છે. અથ અવ્યયથી 'સુદર્શન' ઋષિને અલગ પાડી કર્મનિષ્ઠ તરીકે ગણાવ્યા છે. 'બ્રહ્મરાત' શ્રી શુકાચાર્ય તો સ્વતંત્ર અને નિર્ગુણ છે. કશ્યપ તો માનનીય ઋષિ છે. 'આંગિરસ' બૃહસ્પતિનું નામ છે. અંગિરા મુનિના પુત્ર આંગિરસ બૃહસ્પતિ તરીકે ઓળખાય છે. ૬; ૭; ૮.

तान्समेतान्महाभाग उपलभ्य वसूत्तमः ।
पूजयामास धर्मज्ञो देशकाल [1]विभागवित् ॥ ९ ॥
कृष्णं च तत्प्रभावज्ञ आसीनं जगदीश्वरम् ।
हृदिस्थं पूजयामास माययोपात्तविग्रहम् ॥ १० ॥

અન્વયાર્થ—હે महाभाग-હે મહાભાગ, तान्-તે સર્વને, समेतान्-એકત્રિત થયેલાને, उपलभ्य-પ્રાપ્ત કરીને, देश-काल-विभागवित्-દેશ અને કાળના વિભાગને જાણનારા, धर्मज्ञः-ધર્મજ્ઞ, वसूत्तमः-વસુમાં શ્રેષ્ઠ-ભીષ્મ, पूजयामास-પૂજવા લાગ્યા. ૯; च-અને, तत्प्रभावज्ञः-તેમના પ્રભાવને જાણનારા, आसीनम्-ત્યાં બેઠેલાને, जगदीश्वरम्-જગદીશ્વરને, माया-માયાથી, उपात्त-विग्रहम्-શરીરને ધારણ કરનારાને, हृदिस्थम्-હૃદયમાં રહેલાને, कृष्णम्-શ્રીકૃષ્ણને, पूजयामास-પૂજતા હતા. ૧૦.

१. प्रा, पा. विधानवित्

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—હે મહાભાગ્યશાળી શૌનક, દેશ અને કાળના વિભાગને જાણનારા, અષ્ટ વસુઓમાં શ્રેષ્ઠ, ધર્મજ્ઞ ભીષ્મ પિતામહે ત્યાં એકત્રિત થયેલા મુનિઓને મળીને તેમની પૂજા કરી અને પોતાના હૃદયમાં બિરાજતા, માયાથી સ્વરૂપને ધારણ કરનારા, તેમ જ સન્મુખ બિરાજેલા જગદીશ્વર શ્રીકૃષ્ણ ભગવાનની, તેમના પ્રભાવને જાણનારા પિતામહે પૂજા કરી. ૯; ૧૦.

તત્ત્વસુધા—વસૂત્તમઃ ભીષ્મ પિતામહનું નામ છે. આઠ વસુમાંના એક વસુ પૃથ્વી ઉપર આવ્યા છે, વસુઓમાં ભીષ્મ શ્રેષ્ઠ છે. વસિષ્ઠ ઋષિના આશ્રમમાંથી એક વાર અષ્ટ વસુમાંના એક 'દ્યૌ' નામના વસુએ કામધેનુ ગાયનું અપહરણ કર્યું; ત્યારે વસિષ્ઠ મુનિએ શાપ આપ્યો કે તમે પૃથ્વીમાં માનવ તરીકે જન્મ પામો; ત્યારે આઠ વસુઓએ ઋષિની ક્ષમા માગી. મુનિએ 'દ્યૌ' વસુને કહ્યું, પૃથ્વીમાં આવી, બ્રહ્મચારી રહી, તમે દીર્ઘકાલે મુક્ત થશો; પરંતુ સાત વસુઓ શીઘ્ર મુક્ત થશે. ૯.

તત્પ્રભાવજ્ઞઃ—પ્રેમ અને ભક્તિ જો પ્રભાવ અને સ્વભાવના જ્ઞાનપૂર્વક થાય તો કાયમ રહે; અન્યથા અધવચ્ચ મૂકી દેવાં પડે અધવચ્ચ મૂકવાં પડે એ વધ કરતાં પણ વધુ કઠોર છે. શ્રીકૃષ્ણના ગુણ, સ્વભાવ, પ્રભાવના પિતામહ જાણકાર હતા, તેથીજ આદર કરતાં આનંદ આવ્યો. બાણશય્યાના બંધનમાં હતા તેથી જલથી, પાદ પ્રક્ષાલન ફળ અને ફુલથી પૂજન ન કરી શકયા પરંતુ 'હૃદિસ્થ' શ્રીકૃષ્ણને હૃદયાંજલિએ નવાજ્યા. અન્તર સિતારના મધુર તારથી મધુરતા નિપુણ મધુરિપુને સત્કાર્યા. ૧૦.

પાણ્ડુપુત્રાનુપાસીનાન્ પ્રશ્રયપ્રેમ[1]સઙ્ગતાન્ ।
અભ્યાચષ્ટાઽનુરાગાસ્રૈરન્ધીભૂતેન ચક્ષુષા ॥ ૧૧ ॥

અન્વયાર્થ—પ્રશ્રય-પ્રેમ-સઙ્ગતાન્-નમ્રતા અને પ્રેમવાળાઓને, ઉપાસીનાન્-સમીપમાં બેઠેલાને, પાણ્ડુપુત્રાન્-પાંડવોને, અનુરાગ-અસ્રૈઃ-પ્રેમનાં આંસુઓથી, અન્ધીભૂતેન-પૂરાઈ જતી, ચક્ષુષા-આંખોથી, અભ્યાચષ્ટ-કહેવા લાગ્યા. ૧૧.

અનુવાદ—નમ્રતા અને પ્રેમવાળા, સમીપમાં બેઠેલા પાંડવોને પ્રેમાશ્રૂઓથી પૂરાઈ જતી આંખોથી નિહાળતા ભીષ્મ પિતામહ કહેવા લાગ્યા. ૧૧.

તત્ત્વસુધા—પાણ્ડુપુત્રાન્-પાંડુ પુત્ર તરીકે પાંડવોને ઓળખાવે છે, કારણકે બાલપણમાં પિતાના સુખ-આશ્રય વિનાના સુલક્ષણા પુત્રોને સ્વાર્થવશ ભીષ્મે કષ્ટ આપ્યું છે, તેનું સ્મરણ થયું, કષ્ટ થયું અને આંખ અશ્રુથી ઉભરાઈ ગઈ. જીવનમાં કોઈ પણ સાત્વિક ક્ષણ પોતાનાં અપલક્ષણની યાદ લાવીને સતાવશેજ. માટે જીવનમાં સુલક્ષણ થવું એ જીવન શાંતિ માટે જરૂરી છે. ૧૧.

ભીષ્મ ઉવાચ—અહો કષ્ટમહોઽન્યાય્યં યદ્યૂયં ધર્મનન્દનાઃ ।
જીવિતું નાર્હથ[2] ક્લિષ્ટં વિપ્રધર્માચ્યુતાશ્રયાઃ ॥ ૧૨ ॥

અન્વયાર્થ—હે ધર્મનન્દનાઃ-હે ધર્મપુત્રો, યત્-જે કારણે, વિપ્ર-ધર્મ-અચ્યુત-આશ્રયાઃ-વિપ્રો-ધર્મ અને અચ્યુતના આશ્રિત, યૂયમ્-તમે, ક્લિષ્ટમ્-દુઃખમય, જીવિતુમ્-જીવવા માટે, ન અર્હથ-યોગ્ય નથી, અહો-કષ્ટમ્-અહો આ દુઃખદ છે, અહો અન્યાય્યમ્-આ અન્યાય છે. ૧૨.

અનુવાદ—ભીષ્મ બોલ્યા, હે ધર્મના કુમારો, તમે વિપ્ર, ધર્મ અને અચ્યુત ભગવાનનો આશ્રય કરનારા છો, તો આવા દુઃખમય જીવન જીવવાને યોગ્ય નથી. આ તો ખેદની વાત છે અને ભારે અન્યાય છે. ૧૨.

---

૧. પ્રા. પા.-સન્નતાન્ ૨ પ્રા. પા. કૃચ્છ્રં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

तत्त्वसुधा—આ શ્લોક પુણ્ય મીમાંસામાં પ્રમાણભૂત વર્ણવ્યો છે. કર્મ માર્ગનું મન્તવ્ય છે કે માનવ, બીજ, સ્વભાવ, કર્મ અને ક્ષેત્રના ધર્મોથી સુખ દુઃખ ભોગવે છે. પાંડવો તો **धर्मनंदनाः**—ધર્મના પુત્રો હોવાથી બીજ દોષ નથી; અચ્યુતનો આશ્રય છે તો સ્વભાવ દોષ નથી; વિપ્રનો સંગ હોવાથી કર્મ-દોષ નથી; તો પછી દુઃખી કેમ ? સત્કર્મ, સત્સંગ, પુણ્ય-દાન કરનાર પુણ્યશીલ દુઃખી થશે તો પુણ્યકર્મ કોણ આચરશે ? એનું સમાધાન ચૌદમા શ્લોકમાં કરશે. પાંડવો તો પૃથ્વીમાં અસુરનો વધ કરવા માટેજ ધર્મ વગેરે દેવોના અંશમાંથી આવ્યા છે અને તેથીજ વનવાસ વગેરે ભોગવે છે. મર્યાદા પુરુષ શ્રીરામ અને મહાપુરુષો પૃથ્વી ઉપર ધર્મ રક્ષણ માટેજ આવે છે. તેમ કરતાં જે કષ્ટ પડે છે તે તો તે તે કાર્યો અંગે અનિવાર્ય છે. એમાં તો માતાના જેવી વત્સલતા છે. માતા ઉનાળામાં પનારાં નીચે અગ્નિ પાસે પસીનાના રેલામાં પણ પતિ-પુત્ર માટે પાક-રસોઈ નિર્માણ કરે છે. તેમાં શ્રમ છે, કષ્ટ છે, પણ ક્લેશ નથી કે દુઃખ નથી. એમાં સ્વધર્મ અને પ્રેમનું સાક્ષાત દર્શન છે. માટે સત્કર્મ, પુણ્ય અવશ્ય કરવાં. એનાથી દુઃખમાં પણ દુર્મતિ નથી થતી; પરંતુ ધૈર્ય અને સહન શક્તિ તેમજ ભગવદ્ ચરણ રતિ મળે છે. ૧૨.

संस्थितेऽ[1]तिरथे पाण्डौ पृथा बालप्रजा वधूः ।
युष्मत्कृते बहून् क्लेशान् प्राप्ता तोकवती मुहुः ॥ १३ ॥

अन्वयार्थ—**अतिरथे**-અતિરથી, એવા **पाण्डौ**-પાંડુરાજા, જ્યારે **संस्थिते**-સદ્ગત થયા, ત્યારે **बाल प्रजा**-બાળ પ્રજાવાળાં, **वधूः**-વધૂ, **पृथा**-કુંતી, **तोकवती**-નાનાં બાળકોવાળી, **युष्मत्-कृते**-તમારે માટે, **मुहुः**-વારંવાર, **बहून्**-ઘણા, **क्लेशान्**-ક્લેશો, **प्राप्ता**-પામ્યાં. ૧૩.

અનુવાદ—અતિરથ પાંડુ રાજા જ્યારે સદ્ગત થયા, ત્યારે નાનાં બાળક વાળી, પુત્રવતી છતાં, વધૂ કુન્તી તમારે માટે વારંવાર ઘણાં કષ્ટને પામ્યાં છે. ૧૩.

तत्त्वसुधा—દુઃખનાં કારણોમાં બીજ દોષ પિતાના પાપમાંથી આવે, ક્ષેત્ર દોષ માતાના અસદાચારથી આવે, કર્મદોષ મનુષ્યના પોતાના પાપાચરણમાંથી આવે; પરંતુ પાંડવો માટે તે કોઈ નિમિત્ત નથી. પાંડુ રાજા 'અતિરથ' હતા, એટલે સમર્થ ક્ષાત્ર ધર્મ યુક્ત હતા. માટે પિતૃ દોષ નથી. બાલ પ્રજા અને કુલ ધર્મવતી કુન્તીએ 'કુલવધૂની મર્યાદા સંભાળી છે તો ક્ષેત્ર દોષ-માતૃ દોષ નથી. સહન શક્તિ અને સમદૃષ્ટિ પણ અસાધારણ હતાં. 'તોકવતી' એટલે તદ્દન નાના, પગે પણ ન ચાલતા નકુલ-સહદેવ, બે માદ્રીનાં બાળકોને સતત સંભાળવાનાં હતાં. એ તપશ્ચર્યા હતી, તે પણ સંભાળી છે. તેથીજ ભીષ્મને દયા આવે છે કે જે સર્વ ભીષ્મે નજરે નિહાળ્યું છે. ૧૩.

सर्वं कालकृतं मन्ये भवतां च यदप्रियम् ।
सपालो यद्वशे लोको वायोरिव घनावलिः ॥ १४ ॥

अन्वयार्थ—**च**-અને, **भवताम्**-તમારું, **यत्**-જે, **अप्रियम्**-અપ્રિય થયું, તે **सर्वम्**-બધું, **कालकृतम्**-કાળે કરેલું છે, **मन्ये**-હું માનું છું, **वायोः**-વાયુને, **घनावलिः-इव**-મેઘ પંક્તિ જેમ વશ છે તેમ, **सपालः**-લોકપાળો સાથે, **लोकः**-સર્વલોક, **यद्वशे**-જેને વશ છે. ૧૪.

અનુવાદ—અને તમારું જે કંઈ અપ્રિય થયું છે તે બધું વાયુને અધીન થયેલાં વાદળોની માફક, લોકપાલ સહિત સર્વ લોક જેને વશ છે એવા 'કાળે જ તે સર્વ કર્યું' છે; એમ હું તો માનું છું. ૧૪.

तत्त्वसुधा—માટે મને તો આ બધામાં 'ઈશ્વર સંકેત' કારણ લાગે છે. કાળ કાંઈ સ્વતંત્ર નથી. એ તો ઈશ્વરનો આદેશ વાહક છે. આશા રાખું છું કે તમે સર્વ વિવેકી છો, તેથી તમને દુઃખોનું સ્મરણ કરીને દુઃખ કે દ્વેષ નહિ જ થાય. જ્યારે 'કાલકૃત' દુઃખ આવે ત્યારે સહનશક્તિ એકજ એનો પ્રતીકાર કરે છે. સખત

[1] પ્રા. પા. संस्थिते विरथे

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હિમ પડે ત્યારે માનવ કોને દોષ દે ? પરંતુ શક્તિ પ્રમાણે વેઠે અને બુદ્ધિ પ્રમાણે પ્રતીકાર કરે. ભક્તિ વડે મનને ભદ્ર રાખે તે નર જીવતાં ભદ્રા પામે. જીવન્નરો ભદ્રશતાનિ પશ્યતિ । ૧૪.

यत्र धर्मसुतो राजा गदापाणि र्वृकोदरः ।
कृष्णोऽस्त्री गाण्डिवं चापं सुहृत्कृष्णस्ततो विपत् ॥ १५ ॥
न ह्यस्य कर्हिचिद्राजन्पुमान्वेद विधित्सितम् ।
यद्विजिज्ञासया युक्ता मुह्यन्ति कवयोऽपि हि ॥ १६ ॥

અન્વયાર્થ—યત્ર-જ્યાં, **ધર્મસુતઃ**-ધર્મપુત્ર, **રાજા**-રાજા યુધિષ્ઠિર, **ગદાપાણિઃ**-ગદાપાણિ, **વૃકોદરઃ**-ભીમ, **કૃષ્ણઃ**-અર્જુન, **અસ્ત્રી**-અસ્ત્રવિદ્યા જાણનાર, **ગાણ્ડિવમ્**-ગાંડીવ, **ચાપમ્**-ધનુષ્ય, અને **કૃષ્ણ**-શ્રીકૃષ્ણ, **સુહૃત્**-મિત્ર હોય, **તતઃ**-તો પણ, **વિપત્**-દુઃખ ! ૧૫; **રાજન્**-હે યુધિષ્ઠિર, **હિ**-ખરેખર, **કર્હિચિત્**-કોઈ પણ કાળે, **પુમાન્**-પુરુષ, **અસ્ય**-આ શ્રીકૃષ્ણનું, **વિધિત્સિતમ્**-કરવા ધારેલાંને, **ન વેદ**-જાણતો નથી, **હિ**-કારણ કે, **યદ્**-**વિજિજ્ઞાસયા**-જેને જાણવાની ઇચ્છાથી, **યુક્તાઃ**-યુક્ત થયેલા, **કવયઃ અપિ**-જ્ઞાની પુરુષો પણ, **મુહ્યન્તિ**-મોહ પામે છે. ૧૬.

અનુવાદ—જ્યાં ધર્મપુત્ર યુધિષ્ઠર રાજા હોય, ગદાધારી ભીમ હોય, અસ્ત્રવિદ્યા જાણનાર અર્જુન હોય, ગાંડીવ ધનુષ્ય હોય, શ્રીકૃષ્ણ સરખા સુહૃદ હોય, તે છતાં પણ આપત્તિ ! ૧૫; હે રાજન્, ખરેખર, કોઈ પણ પુરુષ, કોઈ પણ કાળે, શ્રીકૃષ્ણે કરવા ધારેલા કાર્યને જાણી શકતો નથી; કારણ કે જેને જાણવાની ઇચ્છાથી યુક્ત થયેલા જ્ઞાની પુરુષો પણ મોહ પામી જાય છે. ૧૬.

તત્ત્વસુધા—૧૫મા શ્લોકમાં વિભાવના અલંકારથી વાત કરે છે, કારણ વિના કાર્યની ઉત્પત્તિ થાય તેને વિભાવના અલંકાર માન્યો છે. બીજ, ક્ષેત્ર, કર્મ કોઇ કારણ પાંડવોને નથી, છતાં દુઃખ છે; તો વિભાવના અલંકાર થયો. કાલ જો જગતનો નિયામક જ બની ગયો તો ભગવાનનું સામર્થ્ય શું ? એની મીમાંસા માટે ભીષ્મ બે શ્લોકોથી સમાધાન કરે છે.

ધર્મ મનુષ્યનો પિતા છે. પિતા પાલક અને સન્માર્ગના દોરક મનાયા છે. યુધિષ્ઠિર સ્વયં ધર્મરત અને ધર્મપુત્ર છે, તો ધર્મે કેમ રક્ષા ન કરી ? આવી શંકા ન કરશો. ધર્મે જ દુઃખોને નિમિત્ત બનાવીને શ્રીકૃષ્ણને અને સન્મતિને ભેટમાં આપ્યાં છે.

વૃકોદર ભીમસેનની પદવી છે. **વૃકાન્ ક્રરાન્ ઉદ્દણાતિ**-ક્રૂર કર્મ કરનાર દુઃશાસન આદિ દુશ્મનોને અને સિંહને પણ વિદારી નાખનાર વૃકોદર પરાક્રમી છે; પરંતુ કાળ સામે તે મૌન સ્વીકારે છે. જગતનું અસાધારણ પરિવર્તન કાળ દ્વારા કરાય છે. વૃક નામનો દશ પ્રકારનો વાયુ ઉદરમાં છે. તેથી પણ 'વૃકોદર' સંજ્ઞા છે. બળ વાયુને લીધે આવે છે, માટેજ ગૅસના દર્દી દુર્બળ બની જાય છે; કારણ કે વ્યાયામના અભાવે તેમનો વાયુ સાનુકૂળ નથી. કૃષ્ણ એવી સંજ્ઞા આ શ્લોકમાં અર્જુનને આપી છે. તેથી બળ બુદ્ધિમાં કૃષ્ણનું સામ્ય માન્યું છે. યુધિષ્ઠિર ધર્મનો અવતાર છે, ભીમસેન વાયુનો અવતાર છે, અર્જુન ઇન્દ્રનો અવતાર છે, નકુલ-સહદેવ અશ્વિની કુમારોનો અવતાર છે. વળી સુહૃદ તો બદલાની વાંછા વિના બંધુ માટે બધું આચરે છે, તે શ્રીકૃષ્ણની નિત્ય ઉપસ્થિતિ છતાં દુઃખ કેમ ? મને તો લાગે છે ભીમસેનના બળની, અર્જુનના મત્સ્યવેધની, યુધિષ્ઠિરની સહન શક્તિની અને શ્રીકૃષ્ણની ઓથની સર્વને અસૂયા થઈ અને તેથીજ આ સર્વ બન્યું. માનવે પોતાનાં ઉપકરણો-સુખ સાધનો પણ તેવી રીતે વાપરવાં કે બીજાને અદેખાઇ ન થાય. 'ઇશ્વર સંકેત અને કાળ'-બે વિચારે મૌન જ રૂચે છે. એમ બોલી ભીષ્મ હવે બે શ્લોકથી નિર્ણય ઉપર આવે છે. ૧૫; ૧૬.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

तस्मादिदं दैवतन्त्रं व्यवस्य भरतर्षभ ।
तस्याऽनुविहितोऽनाथा नाथ पाहि प्रजाः प्रभो ॥ १७ ॥
एष वै भगवान् साक्षादाद्यो नारायणः पुमान् ।
मोहयन् मायया लोकं गूढश्चरति वृष्णिषु ॥ १८ ॥

અન્વયાર્થ—**ભરતર્ષભ**-હે ભરત શ્રેષ્ઠ, **તસ્માત્**-તેથી, **ઇદમ્**-આ વિશ્વ, **દૈવ તન્ત્રમ્**-દૈવાધીન છે એમ, **વ્યવસ્ય**-નિશ્ચય કરીને, **નાથ**-હે રાજા, **પ્રભો**-હે સમર્થ, **તસ્ય**-તે ઈશ્વરને, **અનુવિહિતઃ**-અનુસરતા (તેની આજ્ઞા મુજબ વર્તતા,) **અનાથાઃ પ્રજાઃ**-અનાથ પ્રજાઓને, **પાહિ**-પાળો. ૧૭; **એષઃ**-આ, **વૈ**-ખરેખર, **ભગવાન્**-ભગવાન, **સાક્ષાત્**-પ્રત્યક્ષ, **આદ્યઃ**-આદિ, **નારાયણઃ**-નારાયણ, **પુમાન્**-પુરુષ, **માયયા**-માયાથી, **લોકમ્**-લોકને, **મોહયન્**-મોહ ઉપજાવતા, **વૃષ્ણિષુ**-યાદવોમાં, **ગૂઢઃ**-ગુપ્ત રીતે, **ચરતિ**-ફરે છે. ૧૮.

અનુવાદ—હે ભરત શ્રેષ્ઠ યુધિષ્ઠિર, ભગવાનની ઇચ્છા જાણી શકાતી નથી. વળી આ વિશ્વ સમસ્ત દૈવ સંકેત મુજબ ચાલે છે, એમ જાણીને ભગવાનની આજ્ઞાને અનુસરીને હે નાથ! હે પ્રભો! અનાથ પ્રજાનું પાલન કરો. ૧૭; આ ભગવાન સાક્ષાત્ આદ્ય, નારાયણ આદિપુરુષ છે. માયાથી લોકને મોહ ઉપજાવતા યાદવોમાં ગુપ્ત રૂપે ફરે છે. ૧૮.

તત્ત્વસુધા—આ બે શ્લોકોમાં સંક્ષેપમાં નિર્ણય આપ્યો. મનુષ્યે કાલ અને ઈશ્વરને આદર આપી કાર્ય વ્યવહાર કરવો જોઇએ. આગ્રહી અને આવેશવાળા ન થવું. શાંત અને સ્વસ્થ બની સર્વ કૃત્ય કરવું. શ્રીકૃષ્ણ નારાયણ છે એટલે જગતના તંત્રને વ્યવસ્થિત કરવા સંગ્રામ પણ રચે છે. આપણે તેના આજ્ઞાપાલક થવું. ૧૭; ૧૮.

अस्यानुभावं भगवान्वेद गुह्यतमं शिवः ।
देवर्षिर्नारदः साक्षाद्भगवान्कपिलो नृप ॥ १९ ॥
यं मन्यसे मातुलेयं प्रियं मित्रं सुहृत्तमम् ।
अकरोः सचिवं दूतं सौहृदा[1]दथ सारथिम् ॥ २० ॥

અન્વયાર્થ— **નૃપ**-રાજન્, **અસ્ય**-આ શ્રીકૃષ્ણના, **ગુહ્યતમમ્**-અતિ રહસ્યમય, **અનુભાવમ્**-પ્રભાવને, **ભગવાન્-શિવઃ**-ભગવાન શંકર, **દેવર્ષિ**-દેવર્ષિ, **નારદઃ**-નારદજી, **સાક્ષાત્**-સાક્ષાત્, **ભગવાન કપિલઃ**-ભગવાન કપિલ મુનિ, **વેદ**-જાણે છે. ૧૯; **યમ્**-જેને, **માતુલેયમ્**-મામાના પુત્રને, **પ્રિયમ્**-પ્રિયને, **મિત્રમ્**-મિત્રને, **સુહૃત્તમમ્**-સુહૃત્તમને, **મન્યસે**-માનો છો, **અથ સૌહૃદાત્**-અને સ્નેહથી, **સચિવમ્**-પ્રધાનને, **દૂતમ્**-દૂતને, **સારથિમ્**-રથના સારથિને, **અકરોઃ**-બનાવ્યા છે. ૨૦.

અનુવાદ—રાજન્, આ શ્રીકૃષ્ણના અતિ ગુપ્ત પ્રભાવને ભગવાન શંકર, દેવર્ષિ નારદ તથા સાક્ષાત્ ભગવાન કપિલ મહામુનિ જાણે છે. ૧૯; જેને તમે મામાના પુત્ર માનો છો, પ્રિય મિત્ર તથા ઉત્તમ સુહૃદ તરીકે સમજો છો અને એ કારણે જ સલાહકાર બનાવ્યા, દૂત-વિષ્ટિકાર કર્યા, તેમ જ સ્નેહને લીધે રથના સારથિ પણ કર્યા છે. ૨૦.

તત્ત્વસુધા—આ બે શ્લોકમાં ભીષ્મપિતામહ કુંઠક વિશેષ સમજ આપે છે. શ્રીકૃષ્ણના પ્રભાવને સમજનાર શિવજી, નારદજી અને કપિલ ત્રણને વર્ણવ્યા, તે એક સૂચક વસ્તુ છે.

શ્રીકૃષ્ણે યુદ્ધ કરાવી સંહાર કરાવ્યો એનું રહસ્ય સંસાર લીલાના સ્વામી શંકર સમજે છે કે ભાર ઉતારે એ પણ એક ભગવાનનો આભાર છે. નારદજી 'કલહ' કાર્યમાં નિપુણ છે. બે વ્યક્તિની વચમાંના એમના યોજેલા

[1] रथसारथिम्-श्रीवल्लभ पाठः

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કલહમાં વિવેક અને બે વ્યક્તિનું હિત હોય છે. કૌરવ પાંડવની વચમાંના દ્યૂત આદી પ્રસંગોમાંના કલહના હેતુને નારદજી સમજી શકે છે. જ્ઞાન નિપુણ કપિલ પ્રકૃતિ પુરુષના વિવેકને સમજી શકે તેથી પ્રકૃતિ નિયામક શ્રીકૃષ્ણના તત્ત્વને કપિલ જાણી શકે. માટે ત્રણ સાત્વિક, રાજસ, તામસ જ્ઞાતાઓને દર્શાવ્યા. ૧૯; ૨૦.

सर्वात्मनः समदृशो ह्यद्वयस्याऽनहंकृतेः ।
तत्कृतं मतिवैषम्यं निरवद्यस्य न क्वचित् ॥ २१ ॥

અન્વયાર્થ—**सर्वात्मनः**-સર્વના આત્માના, **समदृशः**-સમદર્શીના, **अद्वयस्य**-દ્વૈત ભાવ વગરના, **अनहंकृतेः**-અહંકાર રહિતના, **निरवद्यस्य**-નિર્દોષના, **तत्कृतम्**-તે કાર્યોથી થયેલ, **मतिवैषम्यम्**-બુદ્ધિની વિષમતા, **क्वचित्**-કોઈ વખત, **हि**-ખરેખર, **न**-ન થઈ. ૨૧.

અનુવાદ—**તે સર્વના આત્મા, સમાન દૃષ્ટિવાળા, અહંકાર રહિત અને દોષ દૃષ્ટિ વગરના ભગવાન શ્રીકૃષ્ણને, તે તે કીધેલાં કાર્યોથી, કોઈ કાળે કંઈ પણ મતિવૈષમ્ય થયું નથી.** ૨૧.

તત્ત્વસુધા—આ શ્લોકમાં શ્રીકૃષ્ણનાં પાંચ વિશેષણો છે. ભક્તિમાર્ગના સિદ્ધાંતથી અને તત્ત્વજ્ઞાનની રીતે નિર્વિકાર અને નિર્દોષ બ્રહ્મનો એ વિશેષણોથી પરિચય છે. રથી અર્જુનમાં રહેલ આત્મા અને સારથિ શ્રીકૃષ્ણનો આત્મા જ્યાં પ્રેમ ભાવથી કે વ્યાપક બ્રહ્મભાવથી એકજ છે ત્યાં ભેદભાવ હોતો જ નથી, માન અપમાન પણ રહેતાં નથી, અહંકાર પણ સંભવતો નથી. સ્વામી થતાં અહંકાર નથી, સેવક થતાં દુઃખ નથી. દુર્યોધન, દ્રોણ, કર્ણનો વધ કરતાં દોષ નથી, ન્યાયાધીશ કોઈના દુશ્મન મનાય નહિ. ૨૧.

तथाप्येकान्तभक्तेषु पश्य भूपाऽनुकम्पितम् ।
यन्मेऽसूंस्त्यजतः साक्षात्कृष्णो दर्शनमागतः ॥ २२ ॥

અન્વયાર્થ—**तथापि**-તોપણ, **भूप**-હે રાજન્, **एकान्तभक्तेषु**-એમના અનન્ય ભક્તોમાં, **अनुकम्पितम्**-અનુકંપાને, **पश्य**-જુઓ, **यत्**-જે, **असून**-પ્રાણોને, **त्यजतः**-ત્યાગ કરતા, **मे**-મને, **साक्षात्**-સાક્ષાત્, **कृष्णः**-શ્રીકૃષ્ણ, **दर्शनम्**-દૃષ્ટિ માર્ગે, **आगतः**- આવી પહોંચ્યા. ૨૨.

અનુવાદ—**તો પણ હે રાજન, અનન્ય ભક્તો ઉપર ભગવાનની દયા તો જુઓ, કે જ્યારે હું પ્રાણો ત્યજી રહ્યો છું ત્યારે આ દયાળુ શ્રીકૃષ્ણ ભગવાને મને સાક્ષાત્ દર્શન દીધાં.** ૨૨.

તત્ત્વસુધા—ભીષ્મ પિતામહ હૃદયના આર્દ્ર બન્યા છે અને ભગવાનના કૃપાળુ સ્વભાવથી ભક્તિરસ નિમગ્ન થઈ ગયા છે, જેથી પોતાના અપરાધોની પરંપરા નજર સામે આવી અને લાગ્યું, હરિદર્શન માટે પોતે યોગ્ય નથી છતાં મે મારા જેવા અયોગ્યને કૃષ્ણો દર્શનમાગતઃ શ્રીકૃષ્ણ દર્શન આપવા આવ્યા. એમ ભૂપ એવું સ્નેહ ભર્યું સંબોધન કરી યુધિષ્ઠિરને સમજાવે છે. ૨૨.

भक्त्याऽऽवेश्य मनो यस्मिन्वाचा यन्नाम कीर्तयन् ।
त्यजन्कलेवरं योगी मुच्यते कामकर्मभिः ॥ २३ ॥

અન્વયાર્થ—**यस्मिन्**-જે ભગવાનમાં, **मनः**-મનને, **भक्त्या**-ભક્તિ ભાવથી, **आवेश्य**-પરોવીને, **वाचा**-વાણીથી, **यन्नाम**-જેના નામને, **कीर्तयन्**-કીર્તન કરતો, **योगी**-યોગી, **कलेवरम्**-શરીરને, **त्यजन्**-ત્યજતાં, **कामकर्मभिः**-કામ્ય કર્મોથી, **मुच्यते**-મુક્ત થાય છે. ૨૩.

અનુવાદ—**ભક્તિભાવથી ભગવાનમાં મનને સ્થિર કરીને, વાણીથી જે પ્રભુના નામનું કીર્તન કરી શરીરનો ત્યાગ કરે છે તે યોગી કામ્ય કર્મોથી મુક્ત થઈ જાય છે.** ૨૩.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

तत्त्वसुधा—ભીષ્મદાદા કહે છે ભગવત્સાક્ષાત્કારથી મુક્તિ મળે એ તો જાણીતી વસ્તુ છે; પરંતુ શરીર વિસર્જન સમયે 'હરિ પ્રકટ ન થાય; પરંતુ કેવલ ભગવાનનાં શ્રીઅંગોનું માનસિક દર્શન અને વાણીથી કેવલ નામ રટન થાય તેને પણ મુક્તિ મળે છે. ત્યારે મારે માટે સર્વ રસમય શ્રીકૃષ્ણ પધાર્યા છે. કેટલી કરુણા નિધિની કરુણા-વત્સલતા ! ૨૩.

स देवदेवो भगवान्प्रतीक्षतां कलेवरं यावदिदं हिनोम्यहम् ।
प्रसन्नहासारुणलोचनोल्लसन्मुखाम्बुजो ध्यानपथश्चतुर्भुजः ॥ २४ ॥

अन्वयार्थ—**सः**-તે, **देवदेव**-દેવોના પણ દેવ, **प्रसन्न-हास-अरुण-लोचन-उल्लसन्-मुख-अम्बुजः**-પ્રસન્ન હાસ્યને લીધે લાલ નેત્રથી સુંદર પ્રકાશમાન મુખકમળવાળા, **ध्यानपथः**-ધ્યાન માર્ગથી સમજાતા, **चतुर्भुजः**- ચાર ભુજાઓ વાળા, **भगवान्**- ભગવાન શ્રીકૃષ્ણ, **यावत्**-જ્યાં સુધી, **इदम्**-આ, **कलेवरम्**-કલેવરને, **अहम्**-હું, **हिनोमि**-ત્યજી દઉં, **प्रतीक्षताम्**-મારી પ્રતીક્ષા કરો. ૨૪.

અનુવાદ—તે દેવાધિદેવ પ્રસન્ન હાસ્ય અને લાલ નેત્રથી અત્યંત શોભાયમાન મુખારવિંદ-વાળા, ધ્યાનમાર્ગથી સમજાતા, ચતુર્ભુજ ભગવાન શ્રીકૃષ્ણ, હું શરીરનો ત્યાગ કરું ત્યાં સુધી અહીં, મારી રાહ જોતા, મારી પાસે, બિરાજો. ૨૪.

तत्त्वसुधा—ભીષ્મ પિતામહ પ્રકૃતિના ચોવીસ તત્ત્વોના બનેલા કલેવરની વિશુદ્ધિ કરે અને તેમાંથી મુક્તિ આપે, માટે પ્રતીક રૂપે ચોવીસમા શ્લોકથી ભગવાન કૃષ્ણને નિવેદન કરે છે; કારણકે ભગવાન તો ૨૪ તત્ત્વોથી બનેલી પ્રકૃતિથી પર છે, તેમજ मयाध्यक्षेण प्रकृतिः सूयते-એ ગીતાજીના વાક્ય પ્રમાણે 'પ્રકૃતિના પ્રેરક' પોતે છે, તો નિવારક પણ પોતેજ બને એવો ભીષ્મનો આશય છે.

હવે દરેક પદ મહત્વનાં વાપરે છે. **सः** સર્વનામ ભક્ત વત્સલતા બતાવે છે. વિશેષમાં આજ સુધી જે ભગવાને અનેક ઉપકારો કર્યા છે, 'તે કૃષ્ણ'-એમ કહેવા ચાહે છે. મારી પ્રતિજ્ઞા સત્ય કરવા જેણે પોતાની પ્રતિજ્ઞા તોડી રથ ચક્ર સ્વીકાર્યું, આજે સન્મુખ આવ્યા, પાંડવોના વિષ્ટિ બન્યા, દ્રૌપદીની મોજડી ઉપાડી—આવાં ભક્ત હિત કાર્યો કરનાર **सः** દયાલુ તે દયાળુ.

देवदेवः-ભીષ્મ મનનું સ્વરૂપ છે. એકાદશ સ્કંધમાં भीष्मो हि देवः सहसः सहीयान् युंज्यात् वशे तं स हि देवदेवः ११; २३; ४८. આ વાક્યથી **मनने 'भीष्मदेव'** નામ આપ્યું છે. એને વશમાં લાવે તે દેવદેવ મનાય. અર્જુનના મનને ગીતા પીયુષનું પાન કરાવી વશમાં આપે આણ્યું છે, તો મારા મનને કેવલ સાન્નિધ્યથી દર્શન આપી આપને આધીન બનાવો.

भगवान् प्रतीक्षताम्-"ભગવાન છો, એટલે અનેક કામ હશેજ; પરંતુ ભક્તને મોક્ષ આપવો એ તો વિશેષ કામ મનાય, તો કૃપાનાથ થોડી મારી રાહ જુઓ. શ્રીકૃષ્ણે કહ્યું "ભલે, પણ કેટલી ?"

ભીષ્મે ઉત્તર વાળ્યો, "**कलेवरं यावदिदं हिनोम्यहम्** આ કલેવરનો ત્યાગ કરું ત્યાં સુધી." મનુષ્યના અમૂલ્ય આયુષ્યને કલે ગળી જવામાં वरम् કુશલ છે, માટે એ કલેવર છે ભગવાને કબૂલ્યું; પરંતુ લાગ્યું કે, ક્યારે શરીર છોડશે, કેટલો સમય લેશે, ધાર્યા કરતાં વધુ વિલંબ થશે અને રોકાવું પડશે એ વિચારે મુખની આકૃતિ બદલાઇ ગઈ. ભીષ્મને લાગ્યું કે પ્રભુ જો અપ્રસન્ન મુખાકૃતિએ બિરાજે તો શો આનંદ ! માટે વિનવ્યું કે સર-કાર બિરાજો તો—

प्रसन्नहासारुण००-પ્રસન્નતાપૂર્ણ, હાસ્યપૂર્ણ, લાલ વર્ણ નયન સાથે, મંગલ મુખાંબુજ રાખીને બિરાજો. આમ અકળાઇ શાને જાવ છો ? વધુ વખત નહી કરું, કૃપાનાથ. મુખ સૌંદર્યમાં એક પ્રસન્નતા, બીજો હાસ્ય, ત્રીજો નેત્રમાં લાલિમા-એ ત્રણ અંશ છે. સમગ્ર મુખરેખાઓની પ્રફુલ્લતા, હૃદય પ્રસન્નતાનું ચિહ્ન છે. હાસ્ય

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સ્નેહનું સાક્ષી છે. નેત્ર લાલિત્ય મમત્વનું પ્રતીક છે. એ ત્રણના સંગમનું નામ સૌંદર્ય છે. વળી 'હાસ્યને' ભગવાનની માયા પણ માની છે. તો તે માયા મને ન સતાવે; માટે નેત્રમાં જરા રક્ત વર્ણ રાખી માયાને ડરાવજો, પણ તેમ કરવા જતાં મુખ માધુરી ચાલી ન જાય માટે પ્રસન્નતા પણ રાખજો.

ચતુર્ભુજઃ-ચાર પુરુષાર્થો રૂપી ચાર હસ્ત પણ સાથે રાખજો, જેથી મને કોઈ પણ પુરુષાર્થમાં પ્રેમ ન થતાં આપનામાંજ પ્રેમ થાય. જો મોક્ષ વગેરે એકાદ પુરુષાર્થ મળે તો માત્ર આપનો એકજ હાથ મળ્યો. તેથી શું વળ્યું ? મારે પુરુષાર્થ ન જોઈએ; પરંતુ પુરુષોત્તમ જોઈએ. ૨૪.

सूत उवाच—युधिष्ठिरस्तदाकर्ण्य शयानं शरपञ्जरे ।
अपृच्छद् विविधान् धर्मानृषीणां चानुशृण्वताम् ॥ २५ ॥

અન્વયાર્થ—યુધિષ્ઠિરઃ-રાજા યુધિષ્ઠિર, **તત્**-તે વચનને, **આકર્ણ્ય**-સાંભળીને, **ચ**-અને, **ઋષીણામ્**-ઋષીઓના, **અનુશૃણ્વતામ્**-સાંભળતાં, **શરપઞ્જરે**-બાણ શય્યા ઉપર, **શયાનમ્**-સૂતેલા ભીષ્મને, **વિવિધાન્** વિવિધ પ્રકારના, **ધર્માન્**-ધર્મોને, **અપૃચ્છત્**-પૂછતા હતા. ૨૫.

અનુવાદ—સૂતઃમુનિએ કહ્યું: ભીષ્મ પિતામહનાં વચનોને સાંભળીને રાજા યુધિષ્ઠિરે બાણશય્યા ઉપર સૂતેલા ભીષ્મ પિતામહને સર્વ ઋષિઓના સાંભળતાં વિવિધ ધર્મો પૂછ્યા. ૨૫.

તત્ત્વસુધા—સંતો સત્સંગ કરતાં, ધર્મ-ચર્ચા કરતાં શરીર ત્યજે છે, સામાન્યની માફક મૂર્ચ્છામાં કે કલેશમાં આવીને નથી છોડતા. શરીર ત્યાગના વિલંબના કાળનો સદુપયોગ થાય, માટે ધર્મરાજે ધર્મ-ચર્ચા પિતામહ સાથે આદરી. સ્વજનના શરીર ત્યાગકાળમાં અને વિષાદ કાળમાં હરિ ચર્ચાનો વિષય ચર્ચી વિષાદ વિસારે પાડવો. ૨૫.

पुरुषस्वभावविहितान् यथावर्णं यथाऽश्रमम् ।
वैराग्यरागोपाधिभ्यामाम्नातोभयलक्षणान् ॥ २६ ॥
दानधर्मान् राजधर्मान् मोक्षधर्मान् विभागशः ।
स्त्रीधर्मान् भगवद्धर्मान् समासव्यासयोगतः ॥ २७ ॥
धर्मार्थकाममोक्षांश्च सहोपायान् यथा [1]मुने ।
नानाख्यानेतिहासेषु वर्णयामास तत्त्ववित् ॥ २८ ॥

અન્વયાર્થ—પુરુષ-સ્વભાવ-વિહિતાન્-પુરુષના સ્વભાવને અનુસરીને કહેલા, **યથાવર્ણમ્**-ચારે વર્ણ પ્રમાણે, **યથા-આશ્રમમ્**-ચારે આશ્રમને અનુસરીને, **વૈરાગ્ય-રાગ-ઉપાધિભ્યામ્**-વૈરાગ્ય અને વિષયો ઉપર અનુરાગ એવી બે ઉપાધિથી, **આમ્નાત-ઉભય લક્ષણાન્**-શાસ્ત્રોમાં જણાવેલ, નિવૃત્તિ લક્ષણ અને પ્રવૃત્તિ લક્ષણ-ઉભય વિધ ધર્મોને, **દાનધર્માન્**-દાન ધર્મોને, **રાજધર્માન્**-રાજ ધર્મોને, **મોક્ષધર્માન્**-મોક્ષ ધર્મોને, **સ્ત્રીધર્માન્**-સ્ત્રી ધર્મને, **ભગવદ્ધર્માન્** વૈષ્ણવ ધર્મોને, **વિભાગશઃ**-વિભાગવારી પૂર્વક, **સમાસ-વ્યાસ-યોગતઃ**-સંક્ષેપ-વિસ્તાર પ્રકારથી, **મુને**-હે શૌનિક મુનિ, **તત્ત્વવિત્**-તત્ત્વવિત્-તત્ત્વજ્ઞ-ભીષ્મ, **નાના-આખ્યાન-ઇતિહાસેષુ**-અનેક પ્રકારનાં ચરિત્રો. અને ઇતિહાસોમાં, **સહોપાયાન્**-ઉપાય સાથેના, **ધર્મ-અર્થ-કામ-મોક્ષાન્-ચ**-ધર્મ, અર્થ, કામ અને મોક્ષને, **યથા**-જેમ પૂછ્યા, **વર્ણયામાસ**-વર્ણન કરતા હતા. ૨૬; ૨૭; ૨૮.

---

૧ મુનિઃ પ્રા. પા. ૨ સંગરે પ્રા. પા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—વર્ણ અને આશ્રમને અનુસરીને પુરુષના સ્વભાવ પ્રમાણે, શાસ્ત્રમાં કહેલા વૈરાગ્ય તેમ જ આસક્તિ એવી બે પ્રકારની ઉપાધિ વડે કહેલા, પ્રવૃત્તિ લક્ષણ અને નિવૃત્તિ લક્ષણ-બે પ્રકારના ધર્મો, દાનધર્મ, રાજધર્મ, મોક્ષધર્મ, સ્ત્રીધર્મ, ભાગવદ્ધર્મ એ બધા વિભાગપૂર્વક સંક્ષેપમાં તેમજ વિસ્તાર સાથે વર્ણવ્યા. તેમજ હે શૌનક મુનિ, ધર્મ-અર્થ-કામ અને મોક્ષ આ ચારે પુરુષાર્થો અને એમને મેળવવાના ઉપાયોનું, અનેક પ્રકારના આખ્યાનો તેમજ ઇતિહાસમાં તત્ત્વવેત્તા ભીષ્મ પિતામહે પ્રજ્ઞાનુસાર વર્ણન કરી સંભળાવ્યું. ૨૬; ૨૭; ૨૮.

તત્ત્વસુધા—વેદ, પુરાણ અને ઇતિહાસ એ ત્રણને લક્ષમાં રાખીને ભીષ્મપિતામહ કહી રહ્યા છે, તે ત્રણ શ્લોકમાં ધર્મ ચર્ચાનો ઉલ્લેખ કર્યો છે. ભારતીય બ્રહ્મચર્યની 'Sharp memory' તીવ્ર સ્મરણ શક્તિનું જ્વલન્ત દૃષ્ટાંત ભીષ્મે જગતને પુરું પાડ્યું છે, જેની નજર પાસે ગ્રન્થો નથી પણ જેના કથનની ઋષિઓ, મુનિઓ તારીફ કરે છે. બ્રહ્મચર્યથી મેધાવી, દીર્ઘજીવી, નિરોગી અને સર્વ ક્ષેત્રના વિજયી થવાય છે. ૨૬; ૨૭; ૨૮.

धर्मं प्रवदतस्तस्य स कालः प्रत्युपस्थितः ।
यो योगिनश्छन्दमृत्यो र्वाञ्छितस्तूत्तरायणः ॥ २९ ॥

અન્વયાર્થ—धर्मम्-ધર્મને, प्रवदतः-વર્ણન કરતા, तस्य-પિતામહનો, सः-તે, कालः-કાળ, तु-તો, प्रत्युपस्थितः-આવી પહોંચ્યો, यः-જે, छन्दमृत्योः-ઇચ્છા મુજબ મૃત્યુ લેનારનો, योगिनः-યોગી પુરુષનો, वाञ्छितः-અભિલષિત, उत्तरायणः-ઉત્તરાયણ કાળ હતો. ૨૯.

અનુવાદ—ધર્મનું વર્ણન કરતા તે ભીષ્મ પિતામહનો તે કાળ ઉપસ્થિત થયો કે જે ઇચ્છા મુજબ દેહ ત્યાગ કરનારા યોગી પુરુષો ઇચ્છે છે, તે ઉત્તરાયણનો સમય આવી પહોંચ્યો. ૨૯.

તત્ત્વસુધા—માનવ મૃત્યુંજય પર્વત છે. એના ઉપર મૃત્યુ સ્વેચ્છાથી આક્રમણ કરી ન શકે. જ્યારે પોતાને લાગે કે શરીર સેવોપયોગી નથી ત્યારે તેનો તે સ્વેચ્છાથી ત્યાગ કરે છે. દક્ષિણાયનમાં શરીર છૂટે તેને પુનર્જન્મ થાય છે. ઉત્તરાયણમાં શરીર છૂટે તેનો મોક્ષ થાય છે, એવો સર્વ સામાન્ય કાયદો નથી; પરંતુ યોગી 'સ્વચ્છંદ મૃત્યુ' હોય છે. તેથી મુક્તિને યોગ્ય એવા ઉત્તરાયણ કાળે તે દેહને છોડે છે. ૨૯.

तदोपसंहृत्य गिरः सहस्रणीर्विमुक्त[1]संगं मन आदिपूरुषे ।
कृष्णे लसत्पीतपटे चतुर्भुजे पुरःस्थितेऽमीलितदृग्व्यधारयत् ॥ ३० ॥

અન્વયાર્થ—तदा-તે સમયે, सहस्रणीः-હજારો સેનાના દોરનાર સેનાની, गिरः-પોતાની વાણીને, उपसंहृत्य-બંધ કરીને, अमीलित दृक्-ખુલ્લાં નેત્રવાળા, आदिपूरुषे-આદિ પુરુષમાં, लसत्पीतपटे-શોભતા પીતામ્બર વાળામાં, चतुर्भुजे-ચતુર્ભુજ એવા, पुरः-આગળ, स्थिते-કૃષ્ણે-રહેલા શ્રીકૃષ્ણમાં, विमुक्त-संगम्-સંગ વિનાના એવા, मनः-મનને, व्यधारयत्-સ્થિર કર્યું. ૩૦.

અનુવાદ—ત્યારે બોલવાનું બંધ કરી દઈને, ખુલ્લાં નેત્રવાળા, હજારોની સેનાઓને દોરનાર સેનાની ભીષ્મ પિતામહે, પોતાની સન્મુખ બિરાજેલા, સુંદર પીતાંબરથી શોભતા, આદિ પુરુષ, ચતુર્ભુજ, શ્રીકૃષ્ણચન્દ્ર ભગવાનમાં સર્વ સંગ વિનાના મનને પરોવી દીધું. ૩૦.

તત્ત્વસુધા—મહા પુરુષોની ચેતના શક્તિ અપૂર્વ હોય છે. તેઓ પ્રત્યેક કાર્યમાં તન્મય બની કામ કરે, ત્યારે દેહને પણ ભૂલી જાય. છતાં લક્ષ્ય નિષ્ઠા એવી હોય છે કે એક કાર્યમાં પરોવાયેલ હોય ત્યારે બીજા કાર્યને આરંભવામાં તેઓ લક્ષ્ય ચૂકતા નથી એને મનોનિગ્રહ કહે છે. યુધિષ્ઠિર રાજા સાથે ધર્મચર્ચા કરતા

[1] પ્રા. પા. સઙ્ગો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભીષ્મને જ્યાં પોતાના નિર્વાણનો કાળ આવ્યો કે એકજ ક્ષણમાં મનને સર્વમાંથી વાળી લીધું અને હૃદયમાં પરોવી દીધું. તે નિરૂપણ આ શ્લોકમાં છે. સહસ્રણી-ભીષ્મના ગૌરવનું બિરૂદ છે. વાણીથી અને વીર્યથી અસંખ્ય જ્ઞાનીઓને અને વીર સેનાપતિઓને સ્વાધીન કરીને દોરે છે, તેથી 'સહસ્રણી' તરીકે સર્વ કોઈ તેઓને સન્માને છે.

અમીલિતદૃક્-માનસિક ધ્યાન હોત તો નેત્ર બંધ હોત, પરંતુ નેત્ર નજદીક શ્રીકૃષ્ણનું સ્વરૂપ બિરાજે છે. તે સમય નેત્ર ખુલ્લાં તો છે જ, પરંતુ નેત્રની પાંપણો પણ આડે નથી આવતી એટલો તેમણે સમર્થ કાળ વિજય કર્યો છે. ૩૦.

विशुद्धया धारणया हताशुभस्तदीक्षयवाशु गतायुधव्यथः ।
निवृत्तसर्वेन्द्रियवृत्तिविभ्रमस्तुष्टाव जन्यं विसृजञ्जनार्दनम् ॥ ३१ ॥

અન્વયાર્થ—**विशुद्धया**-અત્યંત શુદ્ધ, એવી **धारणया**-ધારણાથી, **हताशुभः**-અશુભ નાશ પામેલ છે એવા, **आशु**-તત્કાળ, **तदीक्षया एव**-તે શ્રીકૃષ્ણના અવલોકનથી જ, **गत-आयुध-व्यथः**- શસ્ત્રોના પ્રહારની વ્યથાથી મુક્ત થયેલ, **निवृत्त-सर्व-इन्द्रिय-वृत्ति विभ्रमः**-સમસ્ત ઇન્દ્રિયોના વૃત્તિ વિલાસ દૂર થઇ ગયેલ એવા, **जन्यम्**-ઉત્પન્ન થયેલ દેહને, **विसृजन्**-ત્યજી દેતા, **जनार्दनम्**-શ્રીકૃષ્ણને, **तुष्टाव**-સ્તુતિ કરતા હતા. ૩૧.

અનુવાદ—વિશુદ્ધ ધારણા કરવાથી જેમનાં અશુભ નષ્ટ થયેલાં છે અને ભગવાનના દૃષ્ટિપાતથી તત્કાળજ શસ્ત્રાસ્ત્રોની પીડાથી મુક્ત થઈ ગયેલા, સર્વ ઇન્દ્રિયોના વ્યાપાર પણ જેમના નિવૃત્ત થઈ ગયા છે, એવા ભીષ્મ પિતામહ શરીરનો ત્યાગ કરતાં, જનાર્દન શ્રીકૃષ્ણની સ્તુતિ કરવા લાગ્યા. ૩૧

તત્ત્વસુધા—વિશુદ્ધયા ધારણયા હતાશુભઃ-ધારણા યોગ શાસ્ત્રની સાતમી અવસ્થા છે નેત્રના પલકારા વિરમી જાય તેવી રીતે ભગવાનના સ્વરૂપમાં જોયા કરવું તેને મનની ધારણા કહે છે. એ ધારણા જ્યારે દરેક અવયવમાં હોય ત્યારે તેને વિશુદ્ધ ધારણા કહે છે. પાપ કે મનોમલ વિશુદ્ધ ધારણાથી ક્ષય પામે છે. ધારણામાં ભગવાનનાં પ્રત્યેક અંગનો સાક્ષાત્કાર થતો હોવાથી પાપો નાશ પામી જાય છે. કૌરવોનો સંગ, સંગ્રામમાં પાંડવોને આપેલો કલેશ, કૌરવોથી પાંડવો તરફના થયેલા અન્ય કલેશોમાં ભીષ્મની સાક્ષી-આવા અપરાધો થયેલા અને જે પોતે સમજેલા, તે માટે કોઈ પણ પ્રાયશ્ચિત આચરેલ નહિ. ધારણાને લીધે આજે તે નષ્ટ થયાં. વિશેષમાં ભગવદ્ દર્શનથી યુદ્ધનો શ્રમ પણ ચાલ્યો ગયો. પ્રત્યેક ઇન્દ્રિયોની પ્રવૃત્તિ વિરમી ગઈ, ત્યારે મતિ વિશુદ્ધ બની; પરિણામે હરિશરણ રતિ થઈ અને સ્તુતિ શરૂ કરી. ૩૧.

ભીષ્મ સ્તુતિ

भीष्म उवाच—इति मतिरुपकल्पिता वितृष्णा भगवति सात्वतपुङ्गवे विभूम्नि ।
स्वसुखमुपगते क्वचिद्विहर्तुं प्रकृतिमुपेयुषि यद्भवप्रवाहः ॥ ३२ ॥

અન્વયાર્થ—**विभूम्नि**-સર્વ શ્રેષ્ઠ એવા, **स्वसुखम्**-પોતાના સુખમાં, **उपगते**-રહેલા છે, અને **यत्**-જેનાથી, **भवप्रवाहः**-સંસાર પ્રવૃત્તિ થાય છે. **क्वचित्**-કોઈ વખત, **विहर्तुम्**-વિહાર કરવાને માટે, **प्रकृतिम्**-માયાને, **उपेयुषि**-સ્વીકાર કરે છે, એવા **सात्वतपुङ्गवे**-યાદવોમાં શ્રેષ્ઠ, **भगवति**-શ્રીકૃષ્ણમાં, **इति**-આ પ્રમાણે, **वितृष्णा**-તૃષ્ણા વગરની, **मतिः**-બુદ્ધિ, **उपकल्पिता**-યોજી દઉં છું. ૩૨.

१ हता-प्रा. पा.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—ભૂમા ભગવાનથી પણ પર, નિરંતર પોતાના સુખમાં રમનારા, કોઈ વખત વિહાર કરવાની ઇચ્છા થાય ત્યારે સ્વભાવ રૂપ પ્રકૃતિનો સ્વીકાર કરનારા અને જેમનાથી આ સંસારનો પ્રવાહ ચાલે છે, એવા યાદવકુલ શ્રેષ્ઠ ભગવાન શ્રીકૃષ્ણમાં મારી તૃષ્ણા વગરની મતિ અર્પણ કરેલી છે. ૩૨

તત્ત્વસુધા—અગિયાર શ્લોકોથી ભીષ્મ પિતામહ સ્તુતિનો આરંભ કરે છે. નવ પ્રકારની ભક્તિના નવ શ્લોક, એક શ્લોકમાં સર્વ સમર્પણ અને એક શ્લોકમાં આત્મ સમર્પણ– એમ ભણીને અગિયાર શ્લોક સ્તુતિના થયા. પ્રથમ શ્લોકમાં સર્વ સમર્પણનું નિવેદન છે અને અંતિમ શ્લોકમાં આત્મ સમર્પણ છે. વચલા નવ શ્લોકોમાં નવ પ્રકારની રતિ છે. શ્રીહરિમાં ક્ષણે ક્ષણે વધતા ભાવને 'રતિ' કહેવામાં આવી છે. ૩૩ મા શ્લોકથી ૪૨ મા શ્લોક સુધીમાં સાત શ્લોકોમાં 'રતિ' અર્થવાચક શબ્દ આવશે; પરંતુ બે શ્લોકમાં નહિ આવે, કારણ કે સ્વયં ભગવાન બે વખત ભીષ્મમાં રતિ કરવા પધાર્યા છે. ભક્તિ શાસ્ત્રમાં જીવ શ્રવણ વગેરે ૯ પ્રકારની ભક્તિ કરવામાં સ્વતંત્ર હોય છે, જ્યારે 'સખ્ય અને પાદ સેવન' ભક્તિ તો ભગવાનના અનુમોદનથી જ થાય છે. આ પ્રકરણમાં તેથી ૭ વખત રતિ અર્થવાચક શબ્દ આવ્યો છે.

સ્વરૂપ, ક્રિયા, ગુણ અને સ્વભાવ–એ ચાર પ્રકારની યોગ્ય સામગ્રી ભગવાનમાં આદર થવામાં, ભક્તિ થવામાં, સ્નેહ થવામાં અને સ્નેહ બાંધવામાં કારણભૂત બને છે, ભગવાનમાં તો ચારે ચાર સામગ્રીઓ હોય છે. આ અગિયાર શ્લોકોમાં ભીષ્મ તે ચારે વસ્તુઓનું વર્ણન કરે છે.

હવે સર્વ સમર્પણનો પ્રથમ શ્લોક આરંભે છે કે ઇતિ મતિઃ— "હે શ્રીકૃષ્ણ, હું એક કુમારી કન્યાનો વૃદ્ધ પિતા છું. દેહ વિલય થતાં મને તે કન્યાની ચિંતા છે કે કોને સમર્પું ? મને આપ જ નજરમાં આવો છો, તો આપને જ અર્પણ કરું. તો કૃપા કરીને તેને સ્વીકારો અને મને નિશ્ચિંત કરો.

ભગવાને કહ્યું, "પિતામહ, આપ તો નૈષ્ઠિક બ્રહ્મચારી છો; કન્યા શી રીતે ? મને અને મુનિવૃંદને આશંકા જન્મે છે."

પિતામહે કહ્યું, "નાથ, મારી નૈષ્ઠિક બ્રહ્મચારીની આજ સુધી કોઈ વ્યક્તિમાં કે કોઈ વસ્તુમાં કદી ન આસક્ત થયેલી 'વિશુદ્ધ મતિ' કુમારિકાને કોઈ પણ કામના વિના, પૂર્ણ પુરુષ, આપને સમર્પું છું. આપ એક જ યદુવર વરણીય વર છો."

શ્રીકૃષ્ણે પૂછ્યું–"દાદા, જો નિષ્કામ મતિ હતી તો કૌરવોના પક્ષમાં કેમ રહ્યા ? ભક્ત પાંડવોના પક્ષમાં કેમ ન રહ્યા ?"

ભીષ્મે કહ્યું· "ભગવન ! દર્શન કાજ, સેવાકાજ ભક્ત તો આપની સન્મુખ જ ઉભો રહેને ! જો પાંડવોના પક્ષમાં હું રહ્યો હોત તો યુદ્ધમાં અંતકાળે મને કૌરવો નજરે દેખાત; પરંતુ કૌરવોના પક્ષમાં રહ્યો તો યુદ્ધમાં મને સતત અર્જુનના સારથિ–આપ–નજરે નિહાળવા મળ્યા. નાથ, સાચું કહું, દેહ કૌરવોનો ઋણી હતો, તેથી તેનું ઋણ પૂર્ણ કર્યું; પરંતુ દિલ તો આપનું હતું. મેં તેને સતત સંભાળ્યું છે. તે વિશુદ્ધ હૃદય આપને અર્પું છું."

સ્તુતિમાં પ્રત્યેક શબ્દો તત્ત્વજ્ઞાન અને પ્રેમથી ભરેલાં છે.

ઇતિ અવ્યય છે. આ અવ્યય કોઈ હેતુ બતાવે છે, અથવા સમાપ્તિને સૂચવે છે. મનુષ્યનો સાચો આશ્રય આપજ છો. એ હેતુથી હું આપને શરણે આવું છું. અથવા સર્વ સંબંધોની સમાપ્તિ કરી આપને શરણે આવું છું.

મતિઃ–આ મારી નિશ્ચિત બુદ્ધિ છે, મનનશીલ છે. સાર અસારનો કે સત્યનો, શાસ્ત્ર, સજ્જન અને અનુભવથી નિર્ણય કરનારી બુદ્ધિને મતિ કહેવાય છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વિતૃષ્ણા-કોઈ પણ આશા કે ફલેચ્છા વિનાની નિર્મલ મતિ, ઉપકલ્પિતા-સ્થાપિત કરી છે.
સાત્વતપુઙ્ગવે-'સાત્વત' શબ્દના બે અર્થ થાય છે-ભગવદ્ ભક્તો અથવા યાદવો. 'પુંગવ' એટલે શ્રેષ્ઠ.
વિભૂમ્નિ-અક્ષર બ્રહ્મથી પર જે પુરુષોત્તમ છે તેને 'વિભૂમા' કહેવામાં આવે છે.
સ્વસુખમ્ ઉપગતે-પોતાના સ્વાભાવિક આનંદ સ્વરૂપમાં જ જે રહેલા છે, છતાં
ક્વચિત્ વિહર્તુમ્-કોઇ વખત વિહાર કરવાની ઇચ્છા થાય ત્યારે પ્રકૃતિમ્ ઉપેયુષિ-માયાનું અવલંબન લઈને કાર્ય કરે છે, ત્યારે યદ્ ભવપ્રવાહઃ-આ જગતનો આરંભ થાય છે.
તાત્પર્ય-મતિમાં સર્વ પદાર્થો રહેલા છે. એ મતિને જો પ્રભુચરણમાં મમત્વ જાગે તો સ્વયં સંસારનું મમત્વ છૂટી જાય. ૩૨.

त्रिभुवनकमनं तमालवर्णं रविकरगौरवराम्बरं दधाने ।
वपुरलक कुलावृताननाब्जं विजयसखे [1]रतिरस्तु मेऽनवद्या ॥ ૩૩ ॥

અન્વયાર્થ—**ત્રિભુવનકમનમ્**-ત્રણે ભુવનોમાં સુંદર, **તમાલવર્ણમ્**-તમાલ પત્રની જેમ શ્યામ વર્ણવાળું. **રવિ-કર-ગૌર-વર-અમ્બરમ્**-સૂર્ય કિરણોના જેવા પીત વર્ણના તેજસ્વી શ્રેષ્ઠ અંબર-વસ્ત્રને, **અલક-કુલ-આવૃત-આનન-અબ્જમ્**-કેશના ગુચ્છથી વીંટળાયેલ મુખકમળવાળા, **વપુઃ**-શ્રીઅંગને-શરીરને, **દધાને**-ધારણ કરનારા, **વિજયસખે**-અર્જુનના સખા-શ્રીકૃષ્ણમાં, **મે**-મારી, **અનવદ્યા**-નિર્દોષ, **રતિઃ**-પ્રીતિ, **અસ્તુ**-રહો. ૩૩.

અનુવાદ—**ત્રણ ભુવનમાં સુંદર, તમાલ તરૂના જેવા શ્યામ વર્ણવાળા, સૂર્યના કિરણોની સમાન ગૌર વર્ણના, શ્રેષ્ઠ વસ્ત્રને ધારણ કરનારા, વાંકડીઆ કેશ ગુચ્છથી વીંટળાયેલ મુખ કમળ વાળા, શ્રીઅંગને ધારણ કરનાર, અર્જુનના સખા, શ્રીકૃષ્ણમાં મારી નિર્દોષ પ્રીતિ રહો.** ૩૩.

તત્ત્વસુધા—**ત્રિભુવનકમનમ્**-૩૩ અને ૩૪મા શ્લોકોમાં સ્વરૂપ સૌન્દર્યનું નિરૂપણ કરે છે. શ્રીકૃષ્ણે કહ્યું કે "પિતામહ આપની કુમારિકા મતિને જરા પૂછો કે એને હું ગમીશ? ભીષ્મે પ્રત્યુત્તર આપ્યો, "ભગવન્, કન્યાને તો માત્ર સ્વજ્ઞાતિ સુંદર પણ રૂચે છે, જ્યારે આપ તો ત્રિભુવન સુંદર છો, તો શું નહિ ગમો?" સૌન્દર્ય બે પ્રકારનાં હોય છે-(૧) સંસ્કાર સૌંદર્ય અને (૨) અંગ સૌંદર્ય. સંસ્કાર સૌંદર્ય કેવલ બુદ્ધિને ગમે, અને અંગ સૌન્દર્ય સાથેનું સંસ્કાર સૌંદર્ય તો ઇન્દ્રિય, બુદ્ધિ બન્નેને ગમે. આપ તો ઉભય વિધ સૌન્દર્યના નિધિ છો તો પછી અવશ્ય ગમવાના જ. **તમાલવર્ણમ્**-આત્મ સૌન્દર્યમાં જ્ઞાન અને શીલ જોવાય છે. અંગ સૌન્દર્યમાં આકૃતિ અને વર્ણ જોવાય છે. તમાલવૃક્ષનો 'નીલવર્ણ' એક સરખો જ રહે છે. કોઈ પણ વૃક્ષ તમાલ જેટલાં સુંદર નથી હોતાં. શૃંગાર રસના નાયકનો, મેઘનો અને વિષ્ણુનો વર્ણ શ્યામ માન્યો છે. જેમ સર્વ રંગો મળી જતાં એક શ્યામ વર્ણ બની જાય છે, જેમ સર્વ દેવો મળી જતાં એક વિષ્ણુ સ્વરૂપ બની જાય છે, તેમ રસોમાં પ્રધાન શૃંગાર રસ ગણાય છે. તેથી જ 'તમાલવર્ણના' કૃષ્ણને વર્ણવ્યા છે. તમાલ, મેઘ, વિષ્ણુ હમેશાં સર્વનું હિત કરે છે. શ્રીકૃષ્ણ પણ પરમહિત અને પરોપકારનું જ કેન્દ્ર છે.

રવિકર ગૌરવરામ્બરમ્-આ પદનો અર્થ 'પીતાંબર' એટલો જ કરવો છે. ચાર અક્ષરના પીતાંબર શબ્દને સ્થાને દશ અક્ષરના વાક્યનો પ્રયોગ કરીને કોઇ વિશેષ અર્થને દર્શાવા માગે છે. પીતાંબર શબ્દના બે અર્થ થાય છે-'વેદ અને માયા'. વેદનો એટલે જ્ઞાનનો પ્રકાશ ધર્મથી પીતવર્ણ હોય છે. તેમજ સુવર્ણ માયા છે. એનો પણ પીત વર્ણ છે. પીતાંબર શબ્દ કહેતાં 'માયા' નું ગ્રહણ થાત, જ્યારે 'રવિકર ગૌરવરાંબર' વાક્યથી 'જ્ઞાન' અર્થ થશે. અસુરોને મોહ પેદા કરનાર પીતાંબર માયા સ્વરૂપે છે. તેજ પીતાંબર ભક્તોને મોક્ષ આપનાર 'વેદ' નું સ્વરૂપ છે. રવિ એટલે સૂર્ય, કર કિરણ, ગૌર એટલે પીળાં, અમ્બર એટલે ઉત્તમ વસ્ત્ર એવો અર્થ

[1] મતિઃ પા. પા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

થશે. સૂર્યનાં કિરણનો પ્રકાશ અંધકારને નિવારે છે. એજ પ્રકારે વેદનાં વાક્યોનો પ્રકાશ અજ્ઞાનને નિવારે છે. વાસઃ છન્દોમયં પીતમ્ એમ દ્વાદશ સ્કંધમાં પણ કહ્યું છે.

નીલવર્ણ અને પીતવર્ણનો નિત્ય સુમેળ છે. કપાળનો પીતવર્ણ-કેશનો નીલવર્ણ, મેઘનો નીલવર્ણ વીજળીનો પીતવર્ણ, ભગવાનનો નીલવર્ણ અને વસ્ત્રનો પીતવર્ણ છે. નિરાકાર બ્રહ્મે જ્યારે નીલવર્ણ શ્રીકૃષ્ણના સ્વરૂપે અવતરણ કર્યું ત્યારે તેના ગુણ ગાનાર વેદો પીતાંબર બનીને આવ્યા; તો પણ ભગવાનના સંપૂર્ણ શ્રી અંગને ન ઢાંકી શકયા, ન વર્ણવી શકયા; કેવલ પરોક્ષ બ્રહ્મનું જ નિરૂપણ કરી અપરોક્ષાનુભૂતિમાં તો મૌન લઈને જ રહ્યા. સાકરનું વર્ણન, પરોક્ષાનુભૂતિ અને એનો આસ્વાદ એ અપરોક્ષ અનુભૂતિ. પાંડવ, ગોપીજન, ધ્રુવ, પ્રહ્લાદ આદિને ભગવાનનો સાક્ષાત્ અનુભવ અને અન્યને કેવલ પરોક્ષ અનુભવ થાય છે.

અલકકુલાવૃતાનનાબ્જમ્-કેશના સમૂહથી છવાયેલા મુખ કમળવાળા' એવું ભગવાનના સ્વરૂપનું વિશેષણ છે. આ વિશેષણના વાક્યનો અર્થ ખૂબ જ સરસ છે. ઢલં-પરિપૂર્ણ, કં-આત્મસુખં ત્યાગસુખં-સેવાસુખં યોગ-સુખં, યેષુ તે અલકાઃ- જેમનામાં આત્મસુખ, ત્યાગસુખ, સેવાસુખ, યોગસુખ, પુષ્કળ પ્રમાણમાં છે એવા જે તત્ત્વજ્ઞ, કર્તવ્યનિષ્ઠ, સેવા નિષ્ઠ' પુરુષો, તેઓની સંજ્ઞા અલક છે. તેષાં કુલૈઃ તેમના સમૂહથી આવૃતં આનનાબ્જં યસ્ય-વીંટળાયેલા મુખકમલને ધારણ કરનાર શ્રીકૃષ્ણમાં મારી મતિ રહો. 'અલક' શબ્દ કેશનો વાચક છે. ભગવાનના મસ્તક ઉપરના સુશોભિત 'કેશો' જ્ઞાની, ભક્ત અને યોગીઓનું સ્વરૂપ છે. તેઓએ જ્યારે પોતાનું સર્વસ્વ પ્રભુ ચરણે સમર્પ્યું ત્યારે ભગવાને તેઓને મસ્તકે કેશો તરીકે સ્થાપીને સન્માન્યા.

રાજપુરુષો, સમાજ પુરુષો, અર્થશાસ્ત્ર નિષ્ણાતો, ચિંતકો, યોગશાસ્ત્ર ઉપાસકો, વિજ્ઞાન સંશોધકો ધર્મનિરૂપકો વગેરેનો સમૂહ શ્રીકૃષ્ણના મુખમાંથી નીકળતાં વચનોને કુસુમોની માફક આદરપૂર્વક ધારણ કરતા અને નિજનિજ માર્ગમાં માર્ગદર્શન મેળવતા. એ જ ભગવાનના મુખકમળની શોભા હતી.

અલકકુલાવૃતાનનાબ્જમ્-નો બીજો અર્થઃ-

અગ્નિ અને વિપ્રો એ ભગવાનનાં મુખ છે. અગ્નિમાં આપેલી આહુતિ વિષ્ણુને મળે છે. વિપ્રોના મુખ-માંથી નીકળતાં વચનોને ભગવાન પોતાનાં ગણે છે. માટે અન્નને મુખ માન્યાં છે. હવે અલક વાચક શબ્દ 'કેશ' છે. ક એટલે બ્રહ્મા કે જે વેદોનું સ્વરૂપ છે અને ઈશ એટલે શંકર, જે જ્ઞાનનું સ્વરૂપ છે. માટે કેશ શબ્દનો અર્થ થશે-કર્મ કાંડ પરાયણ વિપ્રો અને જ્ઞાન પરાયણ ઋષિઓ. જો અગ્નિ ભગવાનનું મુખ થયું તો હોમ માટે યજ્ઞકુંડની ચારે તરફ બિરાજતા કેશ રૂપ વિપ્રોથી શોભતા યજ્ઞ મુખારવિંદવાળા શ્રીકૃષ્ણમાં મારી પ્રીતિ રહો.

અથવા-ભગવાનનાં સર્વ શ્રી અંગો આનંદમાંથી આકાર પામ્યાં છે. માટે- તે કકુલ છે. અલં ककुलैः आवृतं आननाब्जम्- અત્યંત આનંદમય શ્રી અંગોથી શોભતા મુખકમલવાળા'-એવો અર્થ થશે.

વપુઃ ધટે તે શરીર, વધે તે દેહ; ન વધે, ન ઘટે એવો એકધારો મંગલ ઘાટ જેનો હોય તે 'વપુ' કહેવાય. વપુ એટલે અમૃતને પોષનાર શ્રી અંગ. ૩૩.

અવતરણિકા : ઉપરના શ્લોકમાં સત્ત્વ પરિપૂર્ણ સાત્ત્વિક સ્વરૂપનું વર્ણન હતું, માધુર્યપૂર્ણ સૌન્દર્યનું નિરૂપણ હતું, જે સ્વરૂપમાં જ્ઞાનીઓને અને યોગીઓથી પ્રેમ થતો હતો. ૩૪ મા શ્લોકમાં રજોગુણથી યુક્ત રજોગુણવાળા શ્રીકૃષ્ણના સ્વરૂપનું વર્ણન છે. વીરરસ વિનાનો શૃંગાર કદી દિવ્ય ન લાગે. માટે આ શ્લોકમાં વીરતાનું કથન છે.

युधि तुरगरजोविधूम्रविष्वक्कचलुलितश्रमवार्य्यलंकृतास्ये ।
मम निशितशरैर्विभिद्यमानत्वचि विलसत्कवचेऽस्तु कृष्ण आत्मा ॥ ३४ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—**યુધિ**-યુદ્ધમાં, **તુરગ-રજઃ-વિધૂમ્ર-વિષ્વક્-કચ-લુલિત-શ્રમ-વારિ-અલંકૃત-આસ્યે**—ઘોડાઓની ખરીઓથી ઉડતી ધૂળથી ભૂખરા વર્ણવાળા તેમજ ચોતરફ ફેલાતા કેશોથી ઢીલાઈ રહેલાં પસીનાના બિન્દુઓથી અલંકૃત મુખવાળા, **મમ**-મારાં, **નિશિત-શરૈઃ**-તીક્ષ્ણ બાણોથી, **વિભિદ્યમાન-કવચે**-ભેદાતી ચામડીવાળા, **વિલસત્કવચે**-તેજસ્વી કવચથી શોભતા, **કૃષ્ણે**-શ્રીકૃષ્ણમાં, **આત્મા**-આત્મા, **અસ્તુ**-હો. ૩૪.

અનુવાદ—મારાં ધારદાર બાણોથી યુદ્ધમાં ચામડી વીંધાયેલી છે એવા રણ સંગ્રામમાં ઘોડાઓની ખરીઓમાંથી ઉડતી ધૂળથી ભૂખરા થયેલા અને મુખની ચારે બાજૂ પખરાયેલ કેશોમાં ખળાઈ રહેલાં પસીનાનાં બિંદુઓથી વિરાજમાન મુખકમળવાળા તેમજ સુશોભિત કવચને ધારણ કરનારા, શ્રીકૃષ્ણમાં મારૂં ચિત્ત નિત્ય રહો. ૩૪.

તત્ત્વસુધા—સૌન્દર્ય વસ્ત્રોમાં નથી વીરતામાં છે, અલંકારોમાં નથી ગુણોમાં છે, શરીરમાં નથી સ્વભાવમાં છે, જે સૌન્દર્ય દર્શનમાં આત્મા મુગ્ધ થવો જોઇએ. પિતામહ વીર, વિદ્વાન અને બ્રહ્મચર્યવ્રતી છે. એમનો આત્મા હરિદર્શનમાં મુગ્ધ બન્યો છે. દર્શનનું ફલ, ઉત્સાહ, શાંતિ, પ્રેરણા અને સ્વરૂપનું ભાન થવાં જોઇએ. શેષશાયી નારાયણની કે રમાલાલિત્ય લલિતવર શ્યામ સુંદરની ઝાંખી ન માગતાં યુદ્ધમાં પ્રવૃત્ત, 'કર્તવ્યરત' કૃષ્ણ દર્શનમાં પિતામહને રસ પડ્યો છે.

અલંકારો અને રેશમી વસ્ત્રોથી સજેલી નારી કરતાં, કુટુંબ કાર્ય કરતાં પરિશ્રાન્ત બનેલી કુટુંબિનીનું રૂપ સૌન્દર્ય વધુ મધુર છે. લગ્નના શૃંગાર સાજમાં સજેલી સુંદર વામા આકર્ષક લાગશે, ત્યારે કાર્ય નિમગ્ન કામધેનુ અત્યંત આદરણીય બનશે.

નાનીશી પતરાંથી તપેલી મેડીમાં, પ્રખર ઉનાળામાં, કુટુંબને કાજ રસોઈ બનાવે છે. શબડીનો સખત તાપ છે. પરિશ્રમનો પાર નથી. મસ્તકે ગૂંથેલી વેણી વિખૂટી પડી મુખે પખરાયેલી છે, કુંદન સમ તેજસ્વી લલાટ ઉપર છૂટી છવાયેલી છે. કેશ લટમાં, કપોલમાં અને કંઠમાં ઉપસી આવેલાં પસીનાનાં જલ મૌક્તિકો જડ મોતીઓની મશ્કરી કરે છે અને કહે છે કે "સૂત્રમાં પરોવાયા વિના જરા કંઠી બનોને! કંઠમાં વસો તો વાહ કહું. વળી રોજ એકનાં એક વાસી મોતીડાં તમે છો, અમે તો નિત્ય, નવાં અને સ્નેહ સૂત્રે સદા પરોવાયેલાં છીએ."

વળી તે કુમળા કર કમળે રોટલી વણે છે. આંગળીએ આંગળીએ કે અંગે અંગે, પ્રત્યેક વિભાગે શ્રમ મોતીની જ્યોતિની સુષમા નાનીશી મોતીની શેરને હસે છે અને કહે છે કે "તમે તો મોતીની શેર છો, જોખતાં જોખમ છે, શેર કે પાશેર પણ વજન તમાઈ ન થાય, જ્યારે અમને સદા જોખો તો સવાયા શેર થઇએ. તમને ખાણે જન્મ આપ્યો. અમે તો રસખાણુમાંથી પ્રકટયાં. તમે કોઈના કંઠ પણ છેદાવ્યા, અમે તો કંઠને સોહામણાં બનાવ્યાં. તમને જોઈ અસૂયા થઈ, અમને જોઇ અસૂયા ગઇ.

આમ મોતીડાંની મશ્કરી કરતી રસોઇ રચે છે. ત્યાં દીકરી આવી કહે, "મા મારે નિશાળે જવું છે જમવા આવું?" બે દીકરાઓ કહે "અમને કોલેજનો સમય થયો છે, તો આવીએ?" પતિ કહે, "ઓફીસનો વખત થઇ ચૂક્યો છે, તો હું આવું?" સૌને મલકાતે મુખે અને છલકાતે હૈડે આવકારતી, સત્કારતી અને એકજ ક્ષણે પતિને પ્રણય રસ, સસરાને ભક્તિરસ, સંતતિને વાત્સલ્યરસ, સલજ્જ અને સનમ્ર ભાવે ભોજન રસસામગ્રી સાથે પીરસતી રસવતી લલનાના સૌન્દર્ય સામે વસ્ત્રે, અલંકારે ને પાવડર લાલીએ ભજેલ રમા-તુલનામાં નહિ આવે. જો તે વખતનું સ્મૃતિ ચિહ્નનું એક સુંદર ચિત્ર લઇ લીધું હોય અને દિવાનખંડમાં મૂકયું હોય તો કવિ નજર, ભક્ત જીગર લગ્નકાળના ચિત્ર કરતાં એને વધુ આવકારશે. તે સર્વ કામનાથી પર સર્વની કામનાપૂરક કામધેનુ છે. તેમ સર્વકામનાથી પર, પરંતુ સર્વકામપૂરક શ્રીકૃષ્ણનું અર્જુનના રથમાં વિલસતું શ્રમસૌન્દર્ય

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આબાલ વૃદ્ધને મુગ્ધ કરે છે. શ્યામ મેઘ ઘટામાં છૂપાયેલા ચાંદ સમા શ્યામસુંદરના મુખચન્દ્રની ચારે તરફ શ્યામ કેશ ઘટા છવાયેલી છે, અશ્વોની ખરીઓની રજ ઉડી શ્રીમુખે અને શ્રીઅંગે પથરાયેલી છે. વાંકોડીયા વાળની છૂટી છવાયેલી કેશ લટોમાં કોટિ કોટિ શ્રમકણ મૌક્તિકો મુખમાની સંવૃદ્ધિ કરે છે. શ્રમનો અતિરેક છતાં મુખમધુરિમાનો નિઃસ્પન્દ જરાપણ અલ્પ નથી થયો. એજ પ્રફુલ્લિત અને પ્રસન્ન વરદ મુખકાંતિ છે, ક્ષણે ક્ષણે પ્રેરણા આપે છે, થાક કાપે છે અને શાંતિ-સ્નેહ વિતરે છે. મારી મનોવૃત્તિ એ શ્રીકૃષ્ણના મુખ કમલમાં કાયમ રહો એમ વિનતી ભીષ્મ દાદા વિરતિ અનુભવે છે.

તુરગરજો વિધૂમ્રાઃ વિશ્વક્કાઃ-ચ લુલિતશ્રમ વાર્યલંકૃતાઃ એવો પણ પદચ્છેદ કર્યો છે, તુરગ રજો વિધૂમ્રાઃ વાક્યનો એક અર્થ એવો પણ થાય છે કે તુરગ એટલે સૂર્ય અથવા અગ્નિ; અને તેમની રજો વિધૂમ્ર સકામ ઉપાસનાથી વિશેષ ધૂસર એટલે ધૂખરા બનેલા ઉપાસકો. તુરગ શબ્દનો અર્થ અગ્નિ કે સૂર્ય કરવામાં તૈતરીય બ્રાહ્મણ ના પ્રથમ કાંડના તૃતીય પ્રપાઠકના છઠ્ઠા અનુવાકમાં વાજપેય યજ્ઞના પ્રકરણમાં, "અગ્નિ અશ્વ છે, વાયુ સમિત્ર છે, સૂર્ય અશ્વ છે; એ દેવતાઓ વડે દેવતાઓનો રથ તૈયાર કરે છે." આ ઋચા પ્રમાણ છે.

વિષક્ કં યેષાં તે વિશ્વક્કાઃ એટલે બ્રહ્મવિદો. ચ નો અર્થ સમુચ્ચય થાય છે. તુરગ રજો વિધૂમ્રાઃ સૂર્ય, અગ્નિ આદિના સકામ ઉપાસકો. વિશ્વક્કાઃ બ્રહ્મવિદો તેષાં ચઃ તેઓનો સમુદાય તેન તે સમુદાયની સાથે લુલિતાઃ મિલિતાઃ મળેલા એવા શ્રમવારિણા ગંગાજલથી અલંકૃતાઃ અલંકૃત બનેલા બ્રહ્માજી, શિવજી વગેરે આસ્યે યસ્ય જેમના મુખમાં છે એવા શ્રીકૃષ્ણમાં મારી મતિ રહો. નિશિત શરૈઃ વિભિન્નમાન ત્વચિ-વેદોનાં વાક્યોનો વિપરીત અર્થ કરી ઈશ્વરનું, ધર્મનું, સ્વર્ગ આદિ લોકનું અને યાગાદિનું ખંડન કરનારાં કુતર્ક વાદીઓનાં તીવ્ર વાક્ય બાણોથી વેદો રૂપી ભગવાનની ત્વચા-ચામડી ભેદાઇ રહેલ છે, તો પણ વિલસત્ કવચે તે વેદોનો સાચો અર્થ કરીને રક્ષણ કરનારા ભક્તોનાં અને તત્ત્વવેત્તાઓનાં વાક્યો રૂપી કવચથી શોભતા શ્રીકૃષ્ણમાં મારો આત્મા રહો. ૩૪.

આ શ્લોકમાં સખ્ય ભક્તિનું નિરૂપણ છે. સખા માટે ભગવાનને કોઇ કાર્ય અકાર્ય નથી લાગતું. તમોગુણની અવસ્થાનું આ શ્લોકમાં કથન છે. પરબ્રહ્મને સામાન્ય સમજી અથવા સમાન સમજી સામાન્ય કાર્યમાં નિયુકત કરવા, એ તમોગુણનો સ્વભાવ છે.

सपदि सखिवचो निशम्य मध्ये निजपरयोर्बलयो रथं निवेश्य ।
स्थितवति परसैनिकायुरक्ष्णा हृतवति पार्थसखे मतिर्ममाऽस्तु ॥ ३५ ॥

અન્વયાર્થ—**સખિવચઃ**-અર્જુનના વચનને, **નિશમ્ય**-સાંભળીને, **સપદિ**-તેજ ક્ષણે, **નિજ-પરયોઃ**-પોતાનાં અને બીજાનાં, **બલયોઃ**-સૈન્યોની, **મધ્યે**-મધ્ય ભાગમાં, **રથમ્**-રથને, **નિવેશ્ય**-ઉભો રાખીને, **સ્થિતવતિ**-રહેલા, **અક્ષ્ણા**-દૃષ્ટિપાતથી, **પરસૈનિક-આયુઃ**-શત્રુઓના સૈનિકોના આયુષ્યને, **હૃતવતિ**-હરણ કરી લેતા, **પાર્થસખે**-પાર્થસખા શ્રીકૃષ્ણમાં, **મમ**-મારી, **મતિઃ**-બુદ્ધિ, **અસ્તુ**-રહો. ૩૫.

અનુવાદ—**(ઉભય સેનાની મધ્યમાં મારો રથ લઈ જાઓ એવાં) મિત્ર અર્જુનનાં વચન સાંભળીને તેજ ક્ષણે બન્ને સેનાઓની મધ્યમાં રથને સ્થાપીને ઉભા રહેલા, તેમજ માત્ર દૃષ્ટિપાતથી શત્રુ સૈનિકોના આયુષ્યને હરી લેતા અર્જુનના મિત્ર એવા શ્રીકૃષ્ણમાં મારી બુદ્ધિ રહો.** ૩૫.

તત્ત્વસુધા—રણસંગ્રામમાં પ્રવેશતા અર્જુને ભગવાનને કહ્યું, 'અચ્યુત ઉભય સેનાઓની મધ્યમાં મારો રથ લઈ જાઓ.' એ વચન સાંભળી શ્રીકૃષ્ણે અમલ કર્યો. રથ મધ્યમાં લાવી ઉભો રાખ્યો. આ કાર્ય કેવલ ભગવાનની ભક્ત વત્સલતાનું ફલ છે. આજ્ઞા ગુરૂણામવિચારણીયા-ગુરુજનની આજ્ઞાનું અવિલંબે પાલન કરવું એ તો શિષ્ય

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માટે, પુત્ર માટે યોગ્ય છે; પરંતુ આ તો જગદ્‌ગુરુ શિષ્યના આદેશને વિના વિલંબે પાળે છે. એ જ વિશેષતા છે. અવિલંબ અર્થવાચક सपदि અવ્યય ભગવાનની સહૃદયતાનો અને સરલતાનો ખ્યાલ આપે છે.

સ્થિતવતિ–અર્જુને તો કેવલ રથ ઉભો રાખવાની જ ઇચ્છા દર્શાવી હતી, જ્યારે ભગવાને તો રથ લાવી ઉભો રાખી, દરેકને અંગુલિ નિર્દેશ કરી ઓળખાવવા માંડયા કે આ ભીષ્મ છે, આ દ્રોણ છે...” એ કાર્ય કાંઇ ઓળખ આપવા માટે ન હોતું, અર્જુનના તે સર્વ જાણીતા જ હતા; પરંતુ તેમનેમથી દૃષ્ટિમાં સામાન્યનું તેજ અંદર સમાઇ જાય એ ન્યાયે સર્વને નિસ્તેજ, નિરુત્સાહ અને નિષ્ક્રાણ બનાવી દીધા. પ્રથમ સ્કંધ–અધ્યાય ૧૫ શ્લોક ૧૫ ના ચોથા ચરણમાં आयुर्मनांसि च दृशासह ओज आच्छत्–આયુષ્ય, મન, ઓજસ–ઉત્સાહ શક્તિ, च અવ્યયથી વિવેક, ધૈર્ય–એમ પાંચ વસ્તુઓનું ભગવાને દૃષ્ટિથી જ હરણ કર્યું, એવું અર્જુનજીએ જ સ્વીકાર્યું છે. પોતાના ભક્તને શ્રમ અને પાપ ન લાગે એટલે પ્રથમથી ભગવાને દૃષ્ટિથી જ બલ, પ્રાણ હરણ કરી અર્જુનને માટે તો કેવલ શબ તુલ્ય શરીરોને બાણ અગ્નિથી બાળવાનાં પુણ્ય કાર્ય જ સોંપ્યાં; અને अहं त्वा सर्व पापेभ्यो मोक्षयिष्यामि मा शुचः “હું તને સર્વ પાપમાંથી મુક્ત કરીશ” એ ગીતા વાક્યને સાર્થક કર્યું.

આ શ્લોકમાં ભગવાનનું ભક્ત વાત્સલ્ય સખ્ય માધુર્ય છે. ૩૫:

હવે ૩૬મા શ્લોકમાં સત્વમિશ્ર રજોગુણ છે.

व्यवहितपृतनामुखं निरीक्ष्य स्वजनवधाद्विमुखस्य [1]दोषबुद्धया ।
कुमतिमहरदात्मविद्यया यश्चरणरतिः परमस्य तस्य मेऽस्तु ॥ ३६ ॥

અન્વયાર્થ—વિ–અવહિત–પૃતના–મુખમ્–દૂર ઉભેલી સેનાના અગ્રભાગને, નિરીક્ષ્ય–જોઈને (આ યુદ્ધ પાપ છે એવી) દોષ–બુદ્ધયા–દોષ બુદ્ધિથી, સ્વજન–વધાત્–સ્વજનોના વધથી, વિમુખસ્ય–વિમુખ બનેલા–અર્જુનની, કુમતિમ્–કુમતિને, આત્મવિદ્યયા–આત્મજ્ઞાન રૂપ વિદ્યાથી, યઃ–જે શ્રીકૃષ્ણે, અહરત્–દૂર કરી, તસ્ય–પરમેશ્વરસ્ય–તે પરમેશ્વરના, ચરણરતિઃ–ચરણોમાં પ્રીતિ, અસ્તુ–થાઓ. ૩૬.

અનુવાદ—દૂર દૂર ઉભેલી બન્ને સેનાઓના મુખ ભાગોને જોઇને, તેમાં રહેલા સ્વજનોનો વધ કરવો એ તો પાપ છે એવી સમજને લીધે યુદ્ધમાંથી નિવૃત થયેલા અર્જુનની કુમતિને વિવેક બુદ્ધિ દ્વારા જેમણે દૂર કરી, એવા પરમ શ્રેષ્ઠ ભગવાન શ્રીકૃષ્ણના ચરણ કમળમાં મારી પ્રીતિ થાઓ. ૩૬.

તત્ત્વસુધા—અવિવેક અને આસક્તિ મનુષ્યને કર્તવ્ય શૂન્ય બનાવે છે. યુદ્ધમાં ઉભય પક્ષના સ્વજનોને નિહાળી અર્જુનને લાગણી થઈ હતી, જે મમતામાંથી જન્મી હતી. દયા, ભક્તિ કે વિવેક વૃત્તિથી અર્જુનની યુદ્ધમાંથી નિવૃત્તિ ન હતી. ક્ષત્રિય હોવા છતાં અર્જુન સ્વકર્તવ્ય વિમુખ થઈ રહ્યો હતો, ત્યારે ભગવાને અર્જુનને વિવેક આપ્યો.

ભગવાને કહ્યું, “અર્જુન આ યુદ્ધ રાજ્ય મેળવવા માટે નથી; અથવા તારા પ્રતિપક્ષીઓ છે, તને દુઃખ દેનારા છે કે દ્રૌપદીની લાજ લૂંટી છે કે તમારી લક્ષ્મી લૂંટી છે, એવા કેવલ સ્થૂલ અભિપ્રાયો લઈ વૈર વૃત્તિને પોષવા ખાતર નથી; પરંતુ તમે ક્ષત્રિય છો, પૃથ્વી રક્ષા પવિત્ર ધર્મ છે. ભારત માતાના મંગલ દેહ ઉપર દુઃશીલ, પરદારા આસક્તિ, પરધન આસક્તિ, વિશ્વાસઘાત વગેરે પાપનાં ગુમડાં પેદા થયાં છે. તેનો સંસર્ગ–ચેપ–લાગતાં સંપૂર્ણ જગત રોગથી ઘેરાશે. તે સ્થિતિમાં એક વિચક્ષણ વૈદ્ય તરીકે તમારે નશ્તર મૂકી ગુમડાં કાપવાનાં છે. પાપરૂપી પાપ દૂર કરવાનાં છે, જે અનિવાર્ય કર્તવ્ય છે. તે કરવામાં ધર્મ, પુણ્ય અને સમાજ સંસ્કરણ છે. ન કરવામાં કર્તવ્ય ભ્રષ્ટ થવાનું પાપ છે. જો રાજ્ય મેળવવા કે વૈર વાળવાના ઉદ્દેશથી યુદ્ધ હશે તો સ્વાર્થ હશે. માટે ભલે યુદ્ધમાં જીતી ખલને દૂર કરી, પૃથ્વી નિષ્કંટક બનાવી, વનમાં વિરક્ત થવું હોય તો તમે પાંડવો,

---

१ धर्मबुद्धया – प्रा. पा.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સુખેથી જઈ શકશો; પરંતુ ધર્મને તો છોડી નહિ શકો.'' ભગવાને અર્જુનને આ આપેલી સમજનું નામ આત્મ વિદ્યા–વિવેક બોધ છે.

વ્યવહિત પૃતનામુખમ્–ના ઘણા અર્થ થાય છે. દૂર દૂર ઉભેલી બન્ને સેનાના મુખ ભાગને જોઇને, થોડેજ દૂર ઉભેલા સૈન્યના અગ્રભાગને જોઇને, સુસજ્જ થઇ ઉભેલા સૈન્યના મુખ ભાગને જોઇને, અથવા વિ એટલે વિશેષ પ્રમાણમાં અવહિત હિત–વિચાર શૂન્ય બનેલી સેનાના મુખીઓને જોઇને–એવા ચાર અર્થ થાય છે.

સ્વજન વધાત્–અર્જુનને જો સૈનિક માત્રને જોઇને વિવેક કે વિશ્વ પ્રેમ થયો હોત કે આત્મ બોધ થયો હોત તો કદાચ ભગવાન તેનો સ્વીકાર કરતે; પરંતુ આ તો સ્પષ્ટ રીતે જ મોહ અને આસકિત હતાં. તેના પુરાવામાં સ્વજન વધાત્–સ્વજનના વધથી ઉદ્વિગ્ન બનેલા, એવું અર્જુનને માટે સૂચવ્યું છે. સ્વજન છે માટે ભલે પાપી છે, અપરાધી છે, પણ વધ નથી કરવો. આથી વિશેષ અણસમજ કઈ? વેદમાં કહ્યું કે ધર્મશૂન્ય રાજાઓ દેશના માથા ઉપર વધેલા કેશનો ભાર છે અને ધર્મપૂર્વક તેનો વધ કરનાર ક્ષત્રિય તો નાપિત છે. વાળ કાપવાથી તો મુખનું સૌન્દર્ય વધે છે અને મસ્તકનો બોજો ઘટે છે. ૩૬.

હવે આ શ્લોકમા તમોગુણ મિશ્ર રજોગુણ છે–

स्वनिगममपहाय मत्प्रतिज्ञामृतमधिकर्तुमवप्लुतो रथस्थः ।
धृतरथचरणोऽभ्ययाच्चलद्गुर्हरिरिव हन्तुमिभं गतोत्तरीयः ॥ ३७ ॥

અન્વયાર્થ—स्वनिगमम्–પોતાની પ્રતિજ્ઞાને, अपहाय–છોડી દઇને, मत्प्रतिज्ञाम्–મારી પ્રતિજ્ઞાને ऋतम्–સત્ય, अधिकर्तुम–કરવાને માટે, रथस्थः–રથમાં બેઠેલા, अवप्लुतः–રથમાંથી કૂદી પડીને, धृतरथचरणः–રથચક્ર હસ્તમાં લઇને, चलद् गुः–પૃથ્વીને કંપાવતા, गत–उत्तरीयः–સરી ગયેલ ઉત્તરીય વસ્ત્રવાળા, इभम्–હાથીને, हन्तुम्–મારવાને, हरिः इव–સિંહની માફક (મારી પાછળ) अभ्ययात् દોડી આવ્યા. ૩૭.

અનુવાદ—પોતાની પ્રતિજ્ઞાને જતી કરીને મારી પ્રતિજ્ઞાને સત્ય કરવા માટે રથમાં બેઠેલા હતા, ત્યાંથી એકદમ કૂદી પડીને હાથમાં રથ ચક્ર લઇને પૃથ્વીને કંપાવતા, અંગ ઉપરથી સરી ગયેલ ઉત્તરીય વસ્ત્રવાળા ભગવાન શ્રીકૃષ્ણ, સિંહ જેમ હાથી તરફ ધસી જાય તેમ મને મારવા માટે સામે દોડી આવ્યા, (તે શ્રીકૃષ્ણમાં મારી પ્રીતિ રહો.) ૩૭.

તત્ત્વસુધા—આ શ્લોકમાં 'रतिरस्तु' પ્રભુમાં મારી પ્રીતિ રહો એવી માગણી નથી કારણ અગિયાર શ્લોકમાં પ્રથમ અને છેલ્લો એમ બન્ને શ્લોકો સમર્પણના છે. વચલા નવ ભકિતના છે. તેમાં સાત પ્રકારની ભકિત જીવાત્મા સ્વતંત્ર રીતે કરે. બે પ્રકારની ભક્તિ ભગવાનની સંમતિથી થાય. આ શ્લોકમાં ભગવાન સ્વયં પ્રેમ કરવા આવ્યા છે, એવું अभ्ययात् ક્રિયાપદથી સૂચવ્યું છે. માટે રતિ શબ્દ નથી.

ભકત માટે ભગવાને પ્રતિજ્ઞાનો ત્યાગ કર્યો તે તામસ કાર્ય છે. યુદ્ધ કરવા દોડી આવ્યા તે રાજસ કાર્ય છે, તેથી તમો મિશ્ર રજોગુણની અવસ્થાનું નિરૂપણ આ શ્લોકમાં થાય છે.

स्वनिगमम् अपहाय–યુદ્ધનો પ્રારંભ હતો. શ્રીકૃષ્ણ પાસે અર્જુન, દુર્યોધન ઉભય સહાય યાચવા આવ્યા. વિદુરથ, દંતવકત્રના વધ પછી શસ્ત્ર ન પકડવાની પ્રતિજ્ઞા હતી. સહાય માટે આવેલા બન્નેને ભગવાને બે વસ્તુઓ આપવાની તત્પરતા બતાવી. એક બાજૂ સૈન્ય સામગ્રી અને બીજી બાજુ શસ્ત્ર રહિત શ્રીકૃષ્ણ. દુર્યોધને સૈન્ય સામગ્રી માગ્યાં, ભગવાને આપ્યાં, દુર્યોધને વિદાય લીધી. અર્જુન માટે શ્રીકૃષ્ણ અચ્યા. ભગવાને કહ્યું; ''પાર્થ, ખાલી હાથે રહ્યો તારે માટે.'' પાર્થે પોતાનું સૌભાગ્ય ગણ્યું અને કહ્યું, ''આપ ભરેલા હાથે હતે તો પડતા એવા મને કોણ પકડતે, ખાલી હાથે છો તો પકડશો, કૃષ્ણ, કાયમ વરદ એવા ખાલી હાથે મારે માથે ફિરા-

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જન્મે.'' ભક્તને દૈન્ય બલ, પ્રમેયબલ અને કૃપાબલ હોય છે. તે અર્જુનનાં હતાં, તેથી વિજય મળ્યો. સાધન બળ, અહંભાવ આસક્તને હોય છે, દુર્યોધનને તે હતાં. તેથી પરાજય પામ્યો.

આજે યુદ્ધનો ત્રીજો દિવસ હતો. દુર્યોધનનાં વચનોથી આવેશવાળા ભીષ્મે પ્રતિજ્ઞા કરી કે કૃષ્ણને શસ્ત્ર પકડાવું. અમાપ રીતે બાણ છોડવા માંડ્યા. અર્જુન અકળાયા. દયાનિધિને દયા આવી. ભક્તવત્સલતા તરી આવી. હાથમાં રથચક્ર પકડ્યું અને દોડી આવ્યા. ભક્ત પાર્થની જીવન રક્ષા, ભીષ્મ પ્રતિજ્ઞા રક્ષા અને સ્વનિગમ-પ્રતિજ્ઞા રક્ષા–એમ ત્રણ રક્ષાનાં કાર્ય સાથે કર્યાં. નિગમ શબ્દ વેદ વાચક છે. આ સ્થાને પ્રતિજ્ઞાને વેદતુલ્ય માની છે. વેદ વાક્યનું ઉલ્લંઘન ન થઇ શકે, તેમ પ્રતિજ્ઞા પણ ન તોડાય, છતાં ભગવાને છોડી, એ કેમ ઘટે? જો ભગવાને સ્વાર્થવશ, ભયવશ, મોહવશ–પ્રતિજ્ઞા ત્યજી હોત તો અપયશ હતો. કેવલ ઉભય ભક્ત પ્રેમવશ પરહિત માટે પ્રતિજ્ઞા શિથિલ કરી છે. તોડી નથી, 'નિગમ' એ શ્વાસ છે અને ભક્ત એ આત્મા છે. શ્વાસ રક્ષા કરતાં આત્મરક્ષા શ્રેષ્ઠ છે. માટે તો ભીષ્મ કહે છે મત્પ્રતિજ્ઞામ્ ઋતં સત્યમ્ અધિકાં કર્તુમ્– પોતાની પ્રતિજ્ઞા કરતાં મારી પ્રતિજ્ઞાને અધિક સત્ય કરી. ભીષ્મ મનનું પ્રતિક છે. ભક્ત અર્જુન મનને જીતવાનો પ્રયત્ન કરે છે; પરંતુ પ્રમાથિ બલવદ્ દૃઢમ્ એવા ત્રણ ધર્મવાળા મનને લઘુબળ જીવ કેમ જીતી શકે? ત્યારે કૃપાવશ ભગવાન સ્વયં સમીપ આવી પોતાનું સૌન્દર્ય માધુર્ય દર્શાવી મનને વશ બનાવી આપે છે,–એ ભાવ 'ભગવાન સામે આવ્યા' એનો છે. અવપ્લુતો રથસ્થઃ ભગવાને બે સ્વરૂપ લીધાં છે. રથસ્થ. सन् અવપ્લુતઃ રથમાં એક સ્વરૂપે રહ્યા, બીજા સ્વરૂપે તે નીચે કૂદી પડ્યા. એટલી બધી ઉતાવળ આવી કે ઉતરવાને બદલે કૂદકો માર્યો કે સર્જના ધ્યાનમાં આવ્યો. ધરણી પણ ધ્રુજી ઉઠી તે બતાવ્યું–चलद्गुः–પૃથ્વી પણ કંપી ઉઠી. પૃથ્વીની પ્રજાના મનમાં આતંક છવાયો કે કૃષ્ણ ભીષ્મના અપરાધે વિશ્વનાશ તો નહિ કરે! પૃથ્વીને પણ ભય લાગ્યો કે ધરણી ઉપર બલ દલને ધારણ કર્યું છે તે અપરાધે મારો ત્યાગ તો નહિ કરે! પરંતુ દયાળુએ દિલાસો આપ્યો. તે બતાવવા કહે છે गतोत्तरीय :–ઉત્તરીય વસ્ત્ર સરી ગયું. ધરણીધરનું કુલ વજન ઉત્તરીય કેમ સહી જાય? પરંતુ પૃથ્વીને તે પીતાંબરનું આચ્છાદન કરી આશ્વાસન આપ્યું. ''એક સંત, એક વિપ્ર અને એક અનન્ય ભક્ત જ્યાં સુધી પૃથ્વી પર હશે ત્યાં સુધી પૃથ્વીનો ત્યાગ નહિ કરું. તે ત્રણ વિભૂતિઓને ત્યજી નહિ શકું, અથવા તે મને અને ધર્મને પૃથ્વી ઉપર લાવશે.

હવે ઉત્તરીય ત્યાગનો **બીજો** ભાવ–નાચિકેત ઉપનિષદમાં લખ્યું છે यस्य ब्रह्म च क्षत्रं च उभे भवत ओदन मृत्युर्यस्योपसेचनम्– બ્રાહ્મણ, ક્ષત્રિય કાલ ભગવાનનો ભાત છે. મૃત્યુ એમાં ઘી અથવા સૂપ છે. अत्ता चराचर-ग्रहणात् વ્યાસ સૂત્રમાં પણ ભગવાન કાલરૂપે ભોક્તા છે, એમ દર્શાવ્યું છે. આજે યુદ્ધમાં ભીષ્મ–દ્રોણ, ક્ષત્રિય અને બ્રાહ્મણ રૂપી ભાતને ભગવાન ખાવા તો આવ્યા, પણ તેમનો 'મૃત્યુકાલ' નામનું ઘી ન હતું, તેથી ઘી વગરનો ભાત ન ખાધો. ઇશ્વર મારવા આવે તો પણ મોત વિના મારી ન શકે. વળી ઉત્તરીય વસ્ત્ર વિનાનો વિપ્ર ભોજન ન કરે, તે ન્યાયે ભગવાનનું ઉત્તરીય સરી પડ્યું હતું માટે પણ વધ ન કર્યો.

ત્રીજો ભાવ—પ્રભુનું કટિ સુધીનું પીતાંબર કર્મ મીમાંસા છે. ઉપરનું ઉપવસ્ત્ર ઉત્તર મીમાંસા છે. ઉત્તર મીમાંસા મોક્ષ આપે, પૂર્વ મીમાંસા સ્વર્ગ આપે. ભીષ્મ, દ્રોણ આસુર આવેશવાળા છે, અહંભાવવાળા છે, હજી મોક્ષ અધિકાર સિદ્ધ નથી થયો. જ્યારે ઉત્તરાયણ કાળ આવશે, સ્તુતિ કરશે, ત્યારે મોક્ષ કરશે. એ સૂચવવા ઉત્તરીય વિના કૃષ્ણને કહ્યા. જો ઉત્તરીય વસ્ત્ર રૂપી જ્ઞાન લઇને ભગવાન આવે તો ભીષ્મને જ્ઞાન થઇ જાય, યુદ્ધ વિરમી જાય, અસુર સંહાર અટકી જાય, પૃથ્વીનો ભાર ઓછો ન થાય, તેથી ઉત્તરીય વસ્ત્ર વિના કૃષ્ણ આવ્યા.

धृतरथचरण :–રથનું ચક્ર હાથમાં લીધું છે, સુદર્શન નથી લીધું, જેથી પોતાની પ્રતિજ્ઞાની રક્ષા સાથે અર્જુન રક્ષા અને ભીષ્મ પ્રતિજ્ઞાનું રક્ષણ કર્યું છે. વળી રથ શરીરને પણ કહે છે. તેને ચલાવનાર 'મન'

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ચરણ છે. જ્યાં મન જાય ત્યાં તન જાય છે. ભગવાને મનને પકડી રાખ્યું, જે અર્જુનથી પકડાતું નહોતું.

હરિરિવ હન્તુમિભમ્- સિંહ હાથીની પાછળ જાય છે. તેજ રીતે મદોન્મત ભીષ્મ સ્વરૂપ, મન માતંગનો વધ કરવા નૃસિંહ સમા શ્રીકૃષ્ણ દોડ્યા; પરંતુ નૃસિંહની ભયાનકતા નથી, વીરતા છે અને કૃપાલુતા છે તેથી સિંહ વાચક હરિઃ શબ્દ કહ્યો છે. સિંહ જિતેન્દ્રિય છે, હાથી અજિતેન્દ્રિય છે.

આ શ્લોકમાં રજોગુણ યુક્ત તમોગુણની અવસ્થાનું નિરૂપણ છે :—

शितविशिखहतो विशीर्णदंशः क्षतजपरिप्लुत आततायिनो मे ।
प्रसभमभिससार मद्वधार्थं स भवतु मे भगवान् गतिर्मुकुन्दः ॥ ३८ ॥

અન્વયાર્થ—शित-विशिख-हतः તીક્ષ્ણ બાણોથી પ્રહાર કરતા, विशीर्ण-दंशः-છિન્નભિન્ન કવચ-વાળા, क्षतज-परिप्लुतः-રૂધિરથી ખરડાયેલા, आततायिनः-मे-આતતાયિ એવા મને, मद्वधार्थम्-મારા વધ માટે, प्रसभम्-વેગથી, अभिससार-દોડી આવ્યા, सः-તે, भगवान्-ભગવાન, मुकुन्दः-મુકુન્દ, मे-મારી, गतिः-ગતિ, भवतु-બનો. ૩૮

અનુવાદ—મારાં તીક્ષ્ણ બાણોથી ઘવાયેલા, છિન્નભિન્ન કવચવાળા, રૂધિરથી ખરડાયેલા, આતતાયી એવા મને મારવાને માટે-મારા વધ માટે-વેગથી મારી સામે ધસી આવ્યા. તે મોક્ષને આપનાર ભગવાન મુકુન્દ મારી ગતિ બનો. ૩૮.

તત્ત્વસુધા—યુદ્ધના ત્રીજા દિવસનો પ્રસંગ ઉપર વર્ણવી હવે નવમા દિવસના પ્રસંગને પિતામહ વર્ણવે છે અને ભગવાન પાસે મોક્ષની માંગ કરે છે.

शितविशिखहतोऽविशीर्णदंशः क्षतजपरिप्लुते (देशे) अभिससार-આવો એક પદચ્છેદ પંડિતો કરે છે. તીક્ષ્ણ બાણોથી વિંધાયા છતાં પણ કવચ જરા પણ તૂટયું નથી એવા શ્રીકૃષ્ણ क्षतजपरिप्लुते ચારે બાજૂ યોદ્ધાઓનાં શરીરના શોણીતથી ખરડાયેલા રણ દેશમાં ભાન ભૂલી ભીષ્મને મારવા દોડી રહ્યા છે. અર્જુનજી ચરણારવિંદ સુધી નમી વિનવી રહ્યા છે, "નાથ, પ્રતિજ્ઞા સંભાળો, કોમલ ચરણે રણમાં ના દોડો, ભલે મારો વધ થાય." તો પણ ભક્ત વત્સલ ભગવાન અત્યંત આવેશવશ દોડી જ ગયા.

હવે બીજો અર્થ કરે છે કે—शितविशिखहतः शिताः विशिखाः हताः येन सः-શિખા વગરના તીક્ષ્ણ પાખંડીઓનો વધ કરનાર એવા અને;

विशीर्ण दंशक्षतजपरिप्लुतः-विशीर्ण दंशे-दंश એટલે ડાંસ-મચ્છર વિનાના કાલમાં એટલે ચાતુર્માસ વિનાના શીત અને ગ્રીષ્મ ઋતુના આઠ માસમાં क्षताः जाताः इति क्षतजाः રસ્તામાં ખુલ્લે ચરણે ચાલવાથી વિંધાયેલ ચરણવાળા સન્યાસીઓથી परिप्लुत વિંટળાયેલ એવા શ્રીકૃષ્ણ; અથવા.

विशीर्ण दंशक्षतजपरिप्लुतः-યુદ્ધમાં છેદાયેલ કવચ વાળા દિગ્વિજયી રાજાઓથી વીંટળાયેલ શ્રીકૃષ્ણ મારા જેવા પાપી આતતાયીની સામે પાપ મુક્ત કરવા માટે આવ્યા; કારણ કે મુકુન્દ મોક્ષદાતા હતા. આપ સારથી હતા, યુદ્ધ કરતા ન હતા. આપના ઉપર બાણો છોડનાર હું આતતાયી પાપી હતો. તે મારાં પાપને દૂર કરવા 'મુકુન્દ' ભગવાન કેવલ કરૂણા વત્સલ થઈને સામે આવ્યા. તેના ચરણમાં મારી પ્રીતિ રહો. ૩૮.

હવે સત્વગુણ મિશ્રિત તમોગુણની અવસ્થાનું આ શ્લોકમાં નિરૂપણ છે:—

विजयरथकुटुम्ब आत्ततोत्रे धृतहयरश्मिनि तच्छ्रियेक्षणीये ।
भगवति रतिरस्तु मे मुमूर्षोर्यमिह निरीक्ष्य हता गताः स्वरूपम् ॥ ३९ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ–**વિજય-રથ-કુટુમ્બે**–અર્જુનના રથને જ કુટુમ્બ ગણનારા એવા, **આત્ત-તોત્રે**– હાથમાં ચાબૂક ધારણ કરનારા, **ધૃત-હય-રશ્મિનિ**–ઘોડાઓની લગામને હાથમાં ધરનારા, **તચ્છ્રિયા**–તે શોભાથી, **ઈક્ષણીયે**–દર્શનીય, **ભગવતિ**–ભગવાનમાં, **મુમૂર્ષોઃ**–મરણાસન્ન એવા, **મે**–મારી, **રતિઃ**–પ્રીતિ, **અસ્તુ**–હો, **યમ્**–જેને, **નિરીક્ષ્ય**–જોઈને, **ઇહ**–અહીં, **હતાઃ**–હણાયેલા **સ્વરૂપમ્**–સ્વસ્વરૂપને, **ગતાઃ**–પામેલા છે. ૩૯.

અનુવાદ–અર્જુનના રથનેજ પોતાનું કુટુમ્બ ગણનારા, હાથમાં ચાબૂકને ધારણ કરનારા, ઘોડાઓની લગામને પકડી રહેલા અને શોભાથી સુંદર, દર્શનીય લાગતા ભગવાન શ્રીકૃષ્ણમાં, મૃત્યુના મુખમાં જઇ રહેલા એવા મારી ભીષ્મની અનન્ય પ્રીતિ રહો, જેને જોઈને યુદ્ધમાં હણાયેલા વીરો મુક્તિને પામે છે. ૩૯.

તત્ત્વસુધા–આ શ્લોકમાં ભગવાનનાં ત્રણ વિશેષણ છે. ગુણ, સ્વભાવ, કર્મ, રૂપ વગેરે હમેશાં આદરનાં કારણો બને છે. પ્રથમ શ્લોકમાં વરણની પ્રતિજ્ઞા હતી. બીજા અને ત્રીજા શ્લોકમાં સ્વરૂપ સૌન્દર્ય હતું. ચોથા શ્લોકમાં સૈન્યની મધ્યમાં રથ લઇ જવાની ક્રિયા હતી. પાંચમા શ્લોકમાં જ્ઞાન ગુણનું નિરૂપણ હતું. છઠ્ઠા શ્લોકમાં પ્રતિજ્ઞા ત્યાગ અને રથ ચક્ર ગ્રહણનું ઔદાર્ય હતું. સાતમા શ્લોકમાં ભક્તની સન્મુખ જવાનું સારથ્ય હતું. આઠમા શ્લોકમાં રથની લગામ ગ્રહણ કરવાનું સખ્ય કર્મ હતું. આ શ્લોકનાં ત્રણ વિશેષણ પણ ત્રણ ગુણો દર્શાવે છે.

વિજયરથકુટુમ્બ–એ પ્રથમ વિશેષણ છે. અર્જુનના રથને કુટુમ્બની ઉપમા આપી. આપત્તિમાં અકાર્ય કરીને પણ કુટુંબ રક્ષા કરવી ઘટે, કારણ કે તે ધર્મ છે. અર્જુનના રથકુટુંબની રક્ષા ધર્મ સમજીને શ્રીકૃષ્ણ કરે છે. **વિજય** એટલે જે અર્જુને જીવનમાં વિવિધ યુદ્ધોમાં વિજય મેળવ્યો છે તે. ઉર્વશીના પ્રસંગમાં પણ શીલ વિજય મેળવ્યો છે. એવા વીર અથવા કામવીરના રથને ચલાવવામાં પ્રભુને રસ છે. વળી વિજય શબ્દનો એક એ પણ અર્થ છે કે અર્જુનનો જય જયદ્રથના વધની પ્રતિજ્ઞા વખતે જવા બેઠો. સાયંકાલ પહેલાં જયદ્રથને શોધી ન શકયા. અર્જુનને અગ્નિ પ્રવેશ આવ્યો ત્યારે સુદર્શન ચક્રથી સૂર્યનું આચ્છાદાન કરી સંધ્યાકાળ બતાવ્યો. એટલે કૌરવો જયદ્રથને લઈને આવ્યા. ભગવાને ચક્ર સરકાવી લીધું, સૂર્ય પ્રકાશ્યો અને જયદ્રથ વધ થયો. ભક્ત માટે આ અમુલ્ય કાર્ય કરી અર્જુનની વિજય સંજ્ઞા સાચવી રાખી. આ વિશેષણથી રથરૂપી દેહની રક્ષા કરી.

આત્તતોત્રે–ચાબૂક હાથમાં રાખીને રહેલા–આ બીજું વિશેષણ છે. મનોનિગ્રહ કરનારો ગુણ આ પદમાં સૂચવ્યો છે.

ધૃતહયરશ્મિનિ–અશ્વોની લગામ હાથમાં પકડનાર–આ ત્રીજું વિશેષણ ઇન્દ્રિય અશ્વોના વિજય માટે છે. રશ્મિ શબ્દ ઈકારાંત છે. પરતું **વ્રીહ્યાદિભ્યશ્ચ** ૫-૨-૧૧૬ પાણિનીય સૂત્રથી 'ઇનિઃ' પ્રત્યય કરી **ઇન્નન્ત** બનાવ્યો છે. જો કે વ્રીહ્યાદિ ગણમાં 'રશ્મિ' શબ્દ આવતો નથી, પરંતુ આકૃતિ ગણ માની અથવા લેખક પ્રમાદથી રહી ગયેલ છે એમ અનુમાન કરી લેવું.

ભગવાને કહ્યું, "ભીષ્મ, યુદ્ધના પ્રસંગની લીલામાં આસક્ત થઈ વર્ણવો છો, તેમાં શો લાભ છે? મૃત્યુ પછી યુદ્ધ લીલામાં પ્રવેશ પામશો. મુક્તિ કેમ સંભવશે?" ત્યારે ભીષ્મે કહ્યું, "ભગવાન, જે અસુર યુદ્ધ કાલના દર્શનથી મુક્ત થાય છે, તો હું ભક્ત શા માટે મુક્ત નહિ થાઉં? ૩૯:

હવે આ શ્લોક તમોગુણથી મિશ્રિત સત્ત્વગુણની અવસ્થાનું નિરૂપણ કરે છે.

ललितगतिविलासवल्गुहासप्रणयनिरीक्षणकल्पितोरुमानाः ।
कृतमनुकृतवत्य उन्मदान्धाः प्रकृतिमगन् किल यस्य गोपवध्वः ॥ ४० ॥

અન્વયાર્થ–**ललितगतिविलासवल्गुप्रणयनिरीक्षणकल्पितोरुमानाः**–**ललित**–સુંદર, **गति** ગમન,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વિલાસ-ક્રીડા, **વલ્ગુ**-મીઠું-મધુરું, **હાસ**-હાસ્ય, **પ્રણય**-પ્રેમ, **નિરીક્ષણઃ**-જોવું, **કલ્પિત**-કલ્પવામાં આવેલું, **ઉરુ**-મોટું, **માનાઃ**-માન. સુંદર ગતિ, વિલાસ, મધુર હાસ્ય અને પ્રેમપૂર્વક જોવાથી ખૂબ જ માન પ્રાપ્ત કરી ચૂકેલાં એવાં, અને **યસ્ય**-જે શ્રીકૃષ્ણની, **કૃતમ્**-લીલાને, **અનુકૃતવત્યઃ**-અનુકરણ કરતી, **ઉન્મદાન્ધાઃ**-ઉન્માદથી ભાન ભૂલેલી, **ગોપવધ્વઃ**-ગોપાંગનાઓ, **કિલ**-ખરેખર, **પ્રકૃતિમ્**-સ્વરૂપને, **અગન્**-પ્રાપ્ત થઈ. ૪૦ :

અનુવાદ—સુંદર ગતિના વિલાસથી તેમજ મધુર હાસ્ય અને પ્રેમપૂર્વક જોવાથી જેમને ઘણું મોટું માન પ્રાપ્ત થયું છે એવી, શ્રીકૃષ્ણે કરેલી લીલાઓનું અનુકરણ કરતી, ઉત્કટ મદને લીધે સ્વસ્વરૂપના ભાનથી અન્ધ એવી ગોપાંગનાઓ ખરેખર સ્વરૂપને પ્રાપ્ત થઈ ગઈ. ૪૦

તત્ત્વસુધા—ભીષ્મદ્વારા આ શ્લોકથી મુક્તિની સુલભતા વર્ણવે છે કે હે શ્રીકૃષ્ણ, જે આપની રાજહંસ કે ગજરાજ સમી સુંદર મનોહર ગતિ, કે રાજનૃત્યાદિનું લાલિત્ય એ કાયિક માધુર્ય; ધીર લાલિત્યભર્યા વિલાસો, જે માનસિક માધુર્ય, હાસ્ય વિનોદ પરિહાસ ચાતુર્ય, જે વાચિક માધુર્ય. સસ્નેહ સકટાક્ષસભાવ અવલોકનનું નયન માધુર્ય; આ બધાં માત્ર વ્રજસુંદરીઓને મોક્ષ આપનારાં બન્યાં છે. વળી પૂતના, અઘાસુર, બકાસુર વધ, કાલીયનૃત્ય આદિ આપનાં લીલા પરાક્રમોનું અનુકરણ મુક્તિદાન સમર્થ થયાં છે અને યોગ-ધ્યાન-જ્ઞાનના શ્રમમાંથી વ્રજવનિતાઓને મુક્ત રાખ્યાં છે અને તેઓ સાયુજ્ય મુક્તિ પામ્યાં છે. તો પછી મારી તો અડગ શ્રદ્ધા છે કે સંગ્રામમાં અર્જુનના સારથિ તરીકેની અખંડ રહેલી ઝાંખી મને આપના ચરણમાં અવશ્ય રાખશેજ. આ શ્લોકમાં તમોગુણવાળા સત્વગુણની લીલાનું નિરૂપણ કર્યું છે. ૪૦.

હવે રજોગુણ મિશ્રિત સત્વગુણની અવસ્થાનું નિરૂપણ કરે છે. રાજાઓ રજોગુણી છે, મુનિવરો સત્વગુણી છેઃ—

મુનિગણનૃપવર્યસંકુલેઽન્તઃ સદસિ યુધિષ્ઠિરરાજસૂય એષામ્ ।
અર્હણમુપપેદ ઈક્ષણીયો મમ દૃશિગોચર એષ આવિરાત્મા ॥ ૪૧ ॥

અન્વયાર્થ—મુનિગણ-નૃપવર્ય-સંકુલે-મુનિસમૂહ અને શ્રેષ્ઠ રાજાઓથી વ્યાપ્ત થયેલા એવા, **યુધિષ્ઠિર-રાજસૂયે**-યુધિષ્ઠિર રાજાના રાજસૂય યજ્ઞમાં, **અન્તઃ સદસિ**-સભાની મધ્યમાં, **ઈક્ષણીયઃ**-દર્શન કરવાને યોગ્ય, **એષઃ**-આ શ્રીકૃષ્ણ, **એષામ્**-એ સર્વની, **અર્હણામ્**-પૂજાને, **ઉપપેદે**-પ્રાપ્ત થયા. **આત્મા**-તે સર્વના આત્મા, **મમ**-મારી, **દૃશિગોચરઃ**-દૃષ્ટિગોચર, **આવિઃ**-પ્રકટ થયા. ૪૧

અનુવાદ—ઋષિ-મુનિગણ અને શ્રેષ્ઠ રાજર્ષિ વર્ય વગેરેથી ખીચોખીચ ભરેલ યુધિષ્ઠિર મહારાજના રાજસૂય યજ્ઞની મધ્યસભામાં જે ભગવાન શ્રીકૃષ્ણ અગ્રપૂજાને પામ્યા હતા તે દર્શન કરવા યોગ્ય, સર્વના આત્મા, એ શ્રીકૃષ્ણ આજે મારી સમક્ષ દૃષ્ટિગોચર થયા. ૪૧.

તત્ત્વસુધા—આ શ્લોકમાં શ્રીકૃષ્ણની દર્શનીય કાન્તિનું ભીષ્મ નિરૂપણ કરે છે. યુધિષ્ઠિર રાજા રાજસૂય યજ્ઞમાં અધિપતિ પદનું નિર્વાચન કરવા ચાહે છે. સમાજ, રાજ, તત્ત્વજ્ઞાન, વિજ્ઞાન, વગેરે ક્ષેત્રના સમર્થ મહાપુરુષોનું અધિવેશન હતું. પ્રત્યેક ક્ષેત્રના વરિષ્ઠ પુરુષોની ઉપસ્થિતિ હતી. સભાપતિપદ કોને આપી શકાય, એ કઠિન સમસ્યા હતી. સહદેવે શ્રીકૃષ્ણની યોગ્યતાનું સર્વને દર્શન કરાવી પ્રસ્તાવ મૂક્યો. હર્ષથી એક જ અવાજે સમાજે તે પ્રસ્તાવને વધાવી લીધો. મહર્ષિ વ્યાસ, ભીષ્મનાં અનુમોદન થયાં. સત્કારની સામગ્રી નજર સામે આવી. સાદર ચરણ પખાળી યુધિષ્ઠિર નરેશે રસેશને પૂજ્યા. આ એક વિશ્વ દુર્લભ, અસાધારણ, સન્માન પરંપરા મળી. તે સમયની આપના મુખારવિંદની શાંત, નિર્વિકાર, પ્રસન્ન મુખાકૃતિ અને અવિચલિતજ શિશુપાલે નિંદ્ય, અમંગલ, અભદ્ર-શબ્દોથી અપમાન પરંપરા વર્ષાવી તો પણ તેથી વધુ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પ્રશાંત, કરૂણ અને સ્નેહાળ મુખાકૃતિ સમાજને જોવા મળી. તે મારી નજરથી નિરાળી નથી થતી. એનું નામ 'તત્ત્વજ્ઞપુરુષ' કે 'પૂર્ણ પુરુષ', જે અપમાન અને સન્માન ઉભયની વચમાં 'સમાન' રહી શકે છે. ૪૧.

નવ શ્લોકોમાં નવ પ્રકારના ગુણોની અવસ્થાને અનુસરી સ્તુતિ કરી હવે 'આત્મ સમર્પણ' ગુણાતીત સ્વરૂપમાં છેલ્લા શ્લોકથી કરે છે :-

तमिममहमजं शरीरभाजां हृदि हृदि धिष्ठितमात्मकल्पितानाम् ।
प्रतिदृशमिव नैकधार्कमेकं समधिगतोऽस्मि विधूतभेदमोहः ॥ ४२ ॥

અન્વયાર્થ—**વિધૂત-ભેદ-મોહઃ**-ભેદ બુદ્ધિ અને મોહ નાશ પામ્યાં છે એવો, **અહમ્**-હું, **આત્મકલ્પિતાનામ્**-પોતે સર્જેલાં-કલ્પેલાં, **શરીરભાજામ્**-શરીર ધારણ કરનારાઓનાં, **હૃદિ-હૃદિ**-પ્રત્યેકના હૃદયમાં, **ધિષ્ઠિતમ્**-રહેલા, **પ્રતિદૃશમ્**-પ્રત્યેકની દૃષ્ટિમાં, **અર્કમ્ ઇવ**-સૂર્યની જેમ, **નૈકધા**-અનેક રૂપે ભાસનારા, **અજમ્**-જન્મરહિત, **તમ્**-તે એવા, **એકમ્ ઇમમ્**-એક આ શ્રીકૃષ્ણને, **સમધિગતઃ-અસ્મિ**-હું શરણે જાઉ છું. ૪૨.

અનુવાદ—**પોતાના રૂપમાંથી કલ્પેલા, શરીર ધારણ કરનારા, પ્રત્યેક જીવોના હૃદયમાં બિરાજતા, સૂર્યની માફક પોતે એક હોવા છતાં પ્રત્યેકની દૃષ્ટિએ અનેક રૂપે ભાસનારા, અજન્મા, એક, એવા શ્રીકૃષ્ણને, ભેદભાવ અને મોહભાવથી મુક્ત થયેલ તેવો હું સર્વભાવે શરણે જાઉં છું. ૪૨.**

તત્ત્વસુધા—જીવનના વ્યવહારમાંથી ભેદ અને મોહ અન્ને નિવૃત્ત થાય તે આત્મમુક્તિ કે જીવન-મુક્તિ. જીવનના ક્ષણે ક્ષણે અને પ્રત્યેક કાર્યમાં ભેદથી તેમજ મોહથી પર રહી કાર્યશીલ થવું એ જીવન-મુક્તિ છે. દેહનો લય થતાં મુક્તિ થાય પરંતુ દેહની હાજરીમાં મોહ ભેદથી મુક્ત થઇ જો રહી ન શકાય તો મુક્તિનું મુલ્યાંકન કેમ અંકાય ?

ભેદથી પ્રેમ ન થાય, મોહથી ત્યાગ ન થઈ શકે. ભેદ એટલે ભિન્નભાવ અને મોહ એટલે ભોગ સ્વભાવ. જીવાત્માએ ભેદ ચેતનમાં કર્યો અને મોહ જગતમાં કર્યો. ભેદ અને મોહ અજ્ઞાન અને અવિવેકમાંથી ઉત્પન્ન થાય છે. બન્નેનું રહેઠાણ બુદ્ધિ છે. "આ મારો પુત્ર, આ મારા ભાઈનો પુત્ર, આ મારો દેશ, આ તારો દેશ"—આ બે ભાવોએ દુનિયામાં ભેદ અને મોહ પેદા કર્યા છે.

ધૃતરાષ્ટ્રે કૌરવ મારા પુત્ર અને પાંડવો પાંડુના પુત્રો એવા એક જ ચેતન આત્મામાં જુદા જુદા ભાવથી જોયું. એ ભેદભાવ થયો. મારા પુત્રોને ભોગવવા રાજ્ય જોઈએ, એવો દેશમાં-જગતના નશ્વર પદાર્થોમાં મોહભાવ થયો. પરિણામે મહાભારતનું યુદ્ધ થયું.

કૈકેયીને રામ-ભરતમાં ભિન્નભાવ થયો, રાજ્યલક્ષ્મીમાં ભોગભાવ થયો. શ્રીરામને વનવાસ થયો અને વિશ્વને ક્લેશ થયો. કૌશલ્યાને ભરત-રામમાં, કુન્તીજીને પાંડવ કૌરવમાં સમભાવ રહ્યો, જેથી વિશ્વને શાંતિ મળી.

મન ભીષ્મ પિતામહ છે. બુદ્ધિની સાથે મન રહે છે. બુદ્ધિમાં વિવેકનો ઉદ્ભવ થયો અને મનમાંથી ભેદ-મોહ ગયાં. સમજણ આવી અને કબૂલ્યું કે વિધૂત ભેદમોહઃ કે આજે, હે શ્રીકૃષ્ણ, આપની સ્તુતિથી અને દર્શનથી મારાં ભેદ-મોહ ગયાં છે. **ભગવત્સેવા, ભગવત્સ્તુતિ અને સત્સંગ** એ ત્રણ સાધનોથી ભેદ-મોહ દૂર થાય છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્ત્વજ્ઞાન એ ભેદ અને મોહને દૂર કરવાનું વ્રત લઈને વિશ્વમાં વિચરે છે. તત્ત્વજ્ઞાન જીવનું સ્વરૂપ સમજાવે છે. જલાશયમાં જલના તરંગોમાં આકાશમાંના એકજ સૂર્યનાં અનેક પ્રતિબિંબો દેખાય છે. તે પ્રકારે પ્રત્યેકના હૃદયમાં પરમાત્મા પ્રતિબિંબિત થઈ અનેક જીવરૂપે દેખાય છે. એ જીવાત્માને વેદાંત अन्तःकरणावच्छिन्नं चैतन्यं जीवः, अन्तःकरणोपहितं चैतन्यं जीवः, अन्तःकरणप्रतिबिम्बितं चैतन्यं जीवः– એવા ત્રણ પ્રકારોથી ઓળખાવે છે. વ્યાપક છતાં અન્તઃકરણના નાના ટુકડામાં નાના સ્વરૂપમાં દેખાતું ચૈતન્ય એ જીવ છે. વ્યાપક છતાં અન્તઃકરણની ઉપાધિવાળું ચૈતન્ય એ જીવ છે; અન્તઃકરણ દર્પણમાં પ્રતિબિંબ પામતું ચૈતન્ય જીવ છે.

કાશકૃત્સ્ન મુનિ તો, " અવિકૃત પરમેશ્વર જ જીવ છે, ઈશ્વરથી ભિન્ન નથી "–એવો મત ધરાવે છે. આશ્મરથ્ય મુનિ જીવ પરમાત્માથી અભિન્ન છે એવું માને છે, કારણ કે एकेन विज्ञातेन सर्वं विज्ञातं भवति– એક જાણવાથી સર્વ જણાય છે એટલે વિજ્ઞાનાત્મા પરમાત્માથી ભિન્ન નથી એમ નક્કી થાય છે. છતાં યત્કિંચિત કાર્યકારણ ભાવ અભીષ્ટ છે એવું ગણે છે.

ઔડુલોમિ માને છે કે નામ-રૂપ જીવની ઉપાધિ છે, પરંતુ ઈશ્વરની સાથે તેનો અભેદ છે. જીવાત્મા પરમાત્માની પૂર્વાવસ્થા છે. तत्त्वमसि તેની વાસ્તવિક અવસ્થા છે.

હવે ભીષ્મે કહ્યું, " શ્રુતિનું તાત્પર્ય તો એ છે કે જીવ-ઈશ્વર ભેદ એ અવિદ્યા કલ્પિત છે. ખરી રીતે બ્રહ્મજ જીવરૂપે ભાસે છે. માટે हृदि हृदि विष्ठितम्–પ્રત્યેકના હૃદયમાં બિરાજતા તે અજ પરમાત્માને શરણે જાઉં છું કે જેણે પાર્થસારથી તરીકે સંગ્રામમાં સતત દર્શન આપી વિષયોના કુગ્રામમાંથી મને મુક્ત કર્યો છે. ૪૨.

सूत उवाच–कृष्ण एवं भगवति मनोवाग्दृष्टि[1]वृत्तिभिः ।
आत्मन्यात्मानमावेश्य सोऽन्तःश्वास उपारमत् ॥ ૪૩ ॥

અન્વયાર્થ–सः–ભીષ્મ, एवम्–આ પ્રમાણે, आत्मनि–આત્મરૂપ, कृष्णे–શ્રી કૃષ્ણમાં, भगवति–ભગવાનમાં, मनो–वाग्–दृष्टि–वृत्तिभिः–મન, વાણી તથા દૃષ્ટિની વૃત્તિઓથી, आत्मानम्–આત્માને, आवेश्य–પરોવીને, अन्तः श्वासः–અંતિમ શ્વાસથી, उपारमत्–ઉપરામ પામ્યા. ૪૩.

અનુવાદ–આ પ્રમાણે મન, વાણી તથા દૃષ્ટિની વૃત્તિઓ સહિત પોતાના આત્માને સર્વાત્મા ભગવાન શ્રીકૃષ્ણમાં પ્રવેશ કરાવીને, અંદર શ્વાસ વાળા ભીષ્મ પિતામહ શાંત થયા. ૪૩.

તત્ત્વસુધા–કલિકાળમાં તન્મયતા પૂર્વકની સ્તુતિ મોક્ષ પ્રાપ્તિ માટે સુલભ માર્ગ છે. યોગ, જ્ઞાનની સિદ્ધિ સ્તુતિમાં મળી જાય છે. 'અન્તઃશ્વાસ' શબ્દથી સૂચના કરી કે ભીષ્મ પિતામહ સ્વર્ગાદિ લોકમાં નથી ગયા, પરંતુ શ્રીકૃષ્ણ ભગવાનમાં જ પ્રવેશ્યા. તે પાછા શ્રીકૃષ્ણ સાથે લીલા અવતારમાં પાછા આવશે. ૪૩.

सम्पद्यमानमाज्ञाय भीष्मं ब्रह्मणि निष्कले ।
सर्वे बभूवुस्ते तूष्णीं वयांसीव दिनात्यये ॥ ૪૪ ॥

અન્વયાર્થ–निष्कले–ઉપાધિ રહિત, ब्रह्मणि–બ્રહ્મમાં, सम्पद्यमानम्–મળી ગયેલાને, आज्ञाय–જાણીને, ते–सर्वे તે બધા, दिन–अत्यये–સંધ્યાકાળે, वयांसि इव–પક્ષીઓની માફક, तूष्णीम्–શાંત, बभूवुः–થયા. ૪૪

અનુવાદ–ભીષ્મ પિતામહ ઉપાધિ રહિત પરબ્રહ્મમાં પ્રાપ્ત થયા છે, એમ જાણીને જેમ સૂર્યાસ્ત સમયે પક્ષીઓ ચૂપચૂપ બની જાય તેમ સર્વ શાંત થઈ ગયા. ૪૪.

---

१ मनोवाग्वृत्तिदृष्टिभिः प्र. पा.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્ત્વસુધા—ભીષ્મ પિતામહનું મહાપ્રયાણ હતું. ભીષ્મના હૃદયમાં બિરાજતા ભગવાન પ્રકટ થયા. તેની અપાર તેજોમય કાંતિ હતી, જેમાં એક તેજ મળી રહ્યું હતું, અત્યંત પ્રેરક, શાંત તેમજ ભક્તિભાવનું પોષક રસાયણસમું વાતાવરણ હતું. તે સમયે નિરવ શાંતિ આવશ્યક હતી. વિવેકી મુનિઓએ મૌન અવલંબ્યું અને ઈશ્વર સ્મરણ આરંભ્યું. ખુલ્લા કાનમાં જો બહારના શબ્દો આવી જાય તો અન્તર્મુખ થયેલા મુક્ત પુરુષના ચિત્તને વિક્ષેપ થાય; તેથી સ્વજનો માટે ઉચિત છે કે મૌનપૂર્વક હરિભજન કરે. સાયંકાલે પક્ષીઓ પણ મૌન પાળે છે. તેઓ નિદ્રામાં નથી હોતાં, પરંતુ સાયંકાલનું અને મૌનનું તેમને મન મૂલ્ય હોય છે. માટે મૌન મનુષ્યના મનની શાંતિનું અમૃત છે. ૪૪.

तत्र दुन्दुभयो नेदुर्दिवि[1] देवप्रचोदिताः ।
शशंसुः साधवो राज्ञां खात्पेतुः पुष्पवृष्टयः ॥ ४५ ॥

અન્વયાર્થ—**तत्र**—ત્યાં, **दिवि**—દિવ્યલોકમાં, **देव**—**प्रचोदिताः**—દેવોથી પ્રેરાયેલા, **दुन्दुभयः**—દુન્દુભિનો, **नेदुः**—શબ્દ કરવા લાગ્યાં, **राज्ञाम्**—રાજાઓની મધ્યમાં, **साधवः**—સજ્જન રાજાઓ, **शशंसुः**—પ્રશંસા કરવા લાગ્યા, **खात्**—આકાશમાંથી, **पुष्प**—**वृष्टयः**—પુષ્પવૃષ્ટિઓ, **पेतुः**—પડવા લાગી. ૪૫ :

અનુવાદ—**તે સમયે ત્યાં સ્વર્ગલોકમાં દેવોથી વગાડવામાં આવતા દુન્દુભિઓના નાદ થવા લાગ્યા, રાજાઓમાં જેઓ સજ્જન હતા, તેઓ પ્રશંસા-સ્તુતિ કરવા લાગ્યા, આકાશમાંથી પુષ્પવૃષ્ટિઓ થવા લાગી.** ૪૫.

તત્ત્વસુધા—ભીષ્મ વિશ્વ વિખ્યાત, વિશ્વ માન્ય પુરુષ હતા. એમના મહા પ્રયાણની જાણ વિશ્વને આકાશ વાણીથી (Broadcast) કરાવવામાં આવી. દુન્દુભિના નાદ થયા. એ વસ્તુને કહેનારા શ્લોકમાં ત્રણ પાદ દર્શાવ્યા છે. તે ઉપરથી લાગે છે કે દેવો, માનવ, દાનવ, ઋષિ અને રાજાઓ તરફથી ભીષ્મ પિતામહને શ્રદ્ધાંજલિઓ મળી છે. દુન્દુભિ નાદ તામસ ગુણવાળાઓની શ્રદ્ધાંજલિઓ હતી. પ્રશંસા રાજસ પુરુષોનો આદર હતો, પુષ્પાંજલિ સાત્વિકનો સદ્ભાવ હતો. તેથી લાગે છે કે તેઓ સર્વપ્રિય પુરુષ હતા. ૪૫.

तस्य निर्हरणादीनि संपरेतस्य भारत[2]ः ।
युधिष्ठिरः कारयित्वा मुहूर्तं दुःखितोऽभवत् ॥ ४६ ॥

અન્વયાર્થ—**भारतः**—ભરત વંશોત્પન્ન, **युधिष्ठिरः**—રાજા યુધિષ્ઠિર, **संपरेतस्य**—પરલોક સિધાવેલા, **तस्य**—તે ભીષ્મની, **निर्हरणादीनि**—ઉત્તર ક્રિયાઓ, **कारयित्वा**—કરાવીને, **मुहूर्तम्**—મુહૂર્ત સમય, **दुःखितः**—દુઃખી, **अभवत्**—થયા. ૪૬.

અનુવાદ—**પૃથ્વીમાંથી વિદાય થયેલા ભીષ્મની ઉત્તર ક્રિયાઓ કરાવીને ભરત વંશ ઉત્પન્ન થયેલા રાજા યુધિષ્ઠિર મુહૂર્ત માત્ર તો દુઃખ નિમગ્ન થઈ ગયા.** ૪૬.

તત્ત્વસુધા—યુધિષ્ઠિરનો પટ્ટાભિષેક થઈ ગયેલ હતો, તેથી તેઓએ પરમહંસોના ધર્મો પ્રમાણે જીવવું જોઇએ રાજા તો પુત્ર, સંબંધી જન અને પ્રજાજન માટે સરખા સંબંધ વાળા મનાય. તેમનાથી અગ્નિ સંસ્કાર શ્રાદ્ધાદિ ન કરાય; તેથી બંધુઓ પાસે કરાવ્યું. જો રાજા કરે તો વ્યક્તિ ધર્મ થયો ગણાય. ભીષ્મ પિતામહને સમ્પરેત કહ્યા, એનો અર્થ 'મરણ પામેલ' નથી થતો. વિવેકપૂર્વક હરિચરણમાં પ્રીતિ જોડી સ્વેચ્છાથી કાયાને છોડી છે,

---

१ देवदानव मानवाः इति प्रा. पा, देवदानववादिताः, देवमानव वादिताः ।
क्षितिभर मवरोपितुं कुरुणां श्वसन् इवासृजदक्षवंशवह्निम् ।
तमिममजमनुव्रतार्तिं ह्रांघ्रिं हृदिपरिरभ्य जहामि मर्त्य नीडम् ॥

२ भार्गव इति प्रा. पा.

विजयध्वजे = अधिक

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માટે તે 'સંપરેત' મનાય છે. સંસારાસક્તનો જીવાત્મા દેહમાંથી નીકળતાં, સુકાયેલા છાણ માટીના ગોળામાંથી ખેંચતાં અને તૂટી જતા વાળના જેવી દશાને અનુભવે છે; પરંતુ મુક્ત પુરુષનો આત્મા માખણના પિંડમાંથી સરલતાથી નીકળી જતા વાળ જેવો હોય છે.

વિવેકીને સ્વજન વિયોગનો વધુ શોક ન સંભવે, તેથી યુધિષ્ઠિરજીને 'મુહૂર્ત માત્ર' દુઃખી જણાવ્યા. વિગત સ્વજનને શુભ આચરણે ચાલવું, એનાં આદરેલાં મહાન ક્રમોને પૂરાં કરવાં એ એની સ્નેહાંજલિ છે. ૪૬.

तुष्टुवुर्मुनयो हृष्टाः कृष्णं तद्गुह्यनामभिः ।
ततस्ते कृष्णहृदयाः स्वाश्रमान्प्रययुः पुनः ॥ ४७ ॥

અન્વયાર્થ—**હૃષ્ટાઃ**-પ્રસન્ન, **મુનયઃ**-મુનિજનો, **તદ્ગુહ્યનામભિઃ**-તે શ્રીકૃષ્ણનાં ગુહ્ય નામોથી, **કૃષ્ણમ્**-શ્રીકૃષ્ણને, **તુષ્ટુવુઃ**-સ્તુતિ કરતા હતા. **તતઃ**-ત્યારબાદ, **કૃષ્ણહૃદયાઃ**-શ્રીકૃષ્ણમાં ચિત્તવાળા, **તે**-તે સર્વે, **પુનઃ**-ફરીથી, **સ્વાશ્રમાન્**-પોતપોતાના આશ્રમે, **પ્રયયુઃ**-ગયા. ૪૭.

અનુવાદ—**પ્રસન્ન થયેલા ઋષિ મુનિઓ શ્રીકૃષ્ણનાં રહસ્ય નામોથી તેમની સ્તુતિ કરવા લાગ્યા. ત્યારબાદ શ્રીકૃષ્ણમાં જ આસક્ત હૃદયવાળા તે સર્વે પોતપોતાના આશ્રમ સ્થાને ગયા. ૪૭.**

તત્ત્વસુધા—ભીષ્મ નિષ્ક્રમણમાં શ્રીકૃષ્ણ ભગવાનનાં સામર્થ્ય અને કરુણાનો પરિચય ઋષિ મુનિઓને થયો. ઋષિઓ પોતાના આશ્રમમાં ગયેલા પાછા આવી પ્રભુની સ્તુતિ કરી પાછા આશ્રમમાં ગયા, એવું પુનઃ અવ્યયથી લાગે છે. ૪૭.

ततो युधिष्ठिरो गत्वा सहकृष्णो गजाह्वयम् ।
पितरं सान्त्वयामास गान्धारीञ्च तपस्विनीम् ॥ ४८ ॥

અન્વયાર્થ—**ततः**-ત્યારબાદ, **सहकृष्णः**-શ્રીકૃષ્ણ સાથે, **युधिष्ठिरः**-રાજા યુધિષ્ઠિર, **गजाह्वयम्**-હસ્તિનાપુરમાં, **गत्वा**-જઈને, **पितरम्**-ધૃતરાષ્ટ્રને, **च**-અને, **तपस्विनीम्**-દુઃખિત, **गान्धारीम्**-ગાંધારીને, **सान्त्वयामास**-આશ્વાસન આપતા હતા. ૪૮.

અનુવાદ—**ત્યારબાદ શ્રીકૃષ્ણ સાથે રાજા યુધિષ્ઠિર હસ્તિનાપુરમાં જઈને પિતા ધૃતરાષ્ટ્રને તેમજ તપસ્વિની ગાંધારીને સાન્ત્વન આપતા હતા. ૪૮.**

તત્ત્વસુધા—યુધિષ્ઠિરજીનું સમત્વ અજબ હતું. તેઓ ધૃતરાષ્ટ્રને કાકા માનતા નહિ, તેથીજ **पितरम्** લખ્યું છે. સંતતિ વિરહ માતાને વધુ પડે તેથી જ ગાંધારીજીને 'તપસ્વિની' દુઃખિની કહ્યાં છે. **च** અવ્યયથી સર્વ દુઃખીઓને દિલાસો આપ્યો. દિલાસો દેવલોકમાં પણ દુર્લભ છે. ત્યાં તો સ્વાર્થ છે. દિલાસો ત્યાં છે, જ્યાં પરમાર્થ છે. ૪૮.

पित्रा चाऽनुमतो राजा वासुदेवानुमोदितः ।
चकार राज्यं धर्मेण पितृपैतामहं विभुः ॥ ४९ ॥

અન્વયાર્થ—**વિભુઃ**-સમર્થ, **રાજા**-યુધિષ્ઠિર, **પિત્રા**-પિતાથી, **અનુમતઃ**-અનુમોદન પામેલા, **ચ**-અને, **વાસુદેવ-અનુમોદિતઃ**-શ્રીકૃષ્ણથી અનુમોદન અપાયેલા, **પિતૃ-પૈતામહમ્**-બાપદાદાઓના પરંપરાગત, **રાજ્યમ્**-રાજ્યને, **ધર્મેણ**-ધર્મ પ્રમાણે, **ચકાર**-કરતા હતા. ૪૯.

અનુવાદ—**પિતા ધૃતરાષ્ટ્રની આજ્ઞા પામેલા અને શ્રીકૃષ્ણ ભગવાનનાં અનુમોદન પામેલા શ્રીધર્મરાજા યુધિષ્ઠિર ધર્મનીતિથી બાપદાદાના પરંપરાગત રાજ્યને પાળવા લાગ્યા. ૪૯.**

શ્રીમદ્ ભાગવતના પ્રથમ સ્કંધની તત્ત્વસુધા ટીકાનો નવમો અધ્યાય સંપૂર્ણ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અધ્યાય દશમો

દશમ અધ્યાયમાં ૩૬ શ્લોક છે. દુઃખ, સુખ અને દેહ વિસર્જન સમયે સ્તુતિનું અવલંબન અનિવાર્ય છે. એવું માર્ગદર્શન ૭, ૮ અને ૯ અધ્યાયોમાં આપ્યું. ભીષ્મ પિતામહ સ્તુતિથી મુક્તિ મેળવી ચુકયા, વિશ્વના ક્ષેત્રમાં 'ભીષ્મ સ્તુતિ' જેવી અમૂલ્ય બક્ષીસ કરી. આ દશમા અધ્યાયમાં શ્રીકૃષ્ણ પુનઃ પ્રયાણ અભિમુખ થયા છે. હસ્તિનાપુરના પ્રજાજનો તે સમયે ભગવાનની સ્તુતિ કરી રહ્યા છે. ક્રમે કરી દશમથી ત્રણ અધ્યાયમાં ત્રણ પ્રકારના સુખની ચર્ચા છે. પાંડવોના સુખની વિચારણા એ આ અધ્યાયનો પ્રધાન વિષય છે. કૃષ્ણાધીનં સુખં યસ્ય સ સુખીતિ નિગદ્યતે। 'શ્રીકૃષ્ણને આધીન જેનું સુખ છે તેજ સુખી છે. એ વિષય યુધિષ્ઠિરના જીવનથી આ અધ્યાયમાં જોવા મળે છે. નવમા અધ્યાયને અંતે ભીષ્મ મુક્તિ અને અંતમાં પાંડવોને ઐશ્વર્ય પ્રાપ્તિનું નિરૂપણ સાંભળી, ભાવના અતિરેકમાં આવી, શૌનક મહર્ષિ આગળ પ્રશ્ન પૂછે છે કે શ્રીકૃષ્ણમાં તન્મયતા સેવતા પાંડવો રાજ્ય કેવી રીતે ચલાવી શકયા ?

શૌનક ઉવાચ– હત્વા સ્વરિક્થસ્પૃધ આતતાયિનો યુધિષ્ઠિરો ધર્મભૃતાં વરિષ્ઠઃ ।
સહાઽનુજૈઃ પ્રત્યવરુદ્ધભોજનઃ કથં પ્રવૃત્તઃ કિમકારષીત્તતઃ ॥ ૧ ॥

અન્વયાર્થ—**સ્વ-રિક્થ-સ્પૃધઃ**–પોતાના ભાગને પડાવી લેવાને ઇચ્છનાર, **આતતાયિનઃ**–શત્રુઓને, **હત્વા**–મારીને, **પ્રતિ-અવરુદ્ધ-ભોજનઃ**–ભોગ વિલાસમાં સંકોચવાળા, **ધર્મભૃતામ્**–ધાર્મિક પુરુષોમાં, **વરિષ્ઠઃ**–શ્રેષ્ઠ, **યુધિષ્ઠિરઃ**–રાજા યુધિષ્ઠિર, **અનુજૈઃ સહ**–નાના ભાઇઓ સાથે, **કથમ્**–કેવી રીતે, **પ્રવૃત્તઃ**–રાજ્ય ચલાવતા, **તતઃ**–તેમજ પછી, **કિમ્**–શું, **અકારષીત્**–કરતા હતા. ૧.

અનુવાદ—**શૌનકે કહ્યું, હે સૂત મુનિ, પોતાના ભાગને પડાવી લેવાને ઇચ્છનાર, આતતાયી, એવા કૌરવોનો સંહાર કરીને, ઇંધાયેલા રાજ્યોપભોગને પાછા મેળવીને, ધર્મધુરંધર યુધિષ્ઠિર રાજા પોતાના ભાઈઓ સાથે કેવી રીતે રાજ્ય કારભારમાં પ્રવૃત્ત થયા તથા તે પછી તેમણે શું કર્યું, તે કહો. ૧.**

તત્ત્વસુધા—સમ્પત્તિ મેળવવી એ સુલભ છે; પરંતુ કેળવવી કઠિન છે. ઐશ્વર્યના આગમનમાં વિલાસનો વિકાસ થાય છે. વળી સુચિર કાળથી રોકાયેલ ધન એકાએક મળી જતાં ભોગપરાયણતા કે મદનો અતિરેક થવા સંભવ છે, એવું સમજી શૌનક પૂછે છે કે "યુધિષ્ઠિર રાજા કૌરવોથી રોકાયેલા વૈભવ મળ્યા બાદ કેવી રીતે જીવ્યા અને કેવી રીતે વહીવટ ચલાવ્યો ? સ્વરિક્થસ્પૃધઃ- બીજી વિભક્તિનું બહુવચન છે, 'આતતાયી' શબ્દનું વિશેષણ છે. રિક્થ શબ્દનો અર્થ ભાગ અથવા ધન થાય છે. સ્પૃધ્–પડાવી લેનારી વૃત્તિ છે. પાંડવોના હકકની રાજ્યલક્ષ્મીને કૌરવોએ પડાવી લીધી છે, તેમ જ વિષ ભોજન, દ્રૌપદી કેશાકર્ષણ, લાક્ષાગૃહ દહન વગેરે અનેક અપરાધોથી કૌરવો આતતાયી પણ બન્યા છે. તેઓનો વધ કરવો યુધિષ્ઠિરને અભીષ્ટ ન હતો; પરતુ દૈવ સંકેતે અને ભગવદિચ્છાએ સંગ્રામ થયો, રાજ્ય મળ્યું, રોકાયેલાં રાજ્ય લક્ષ્મી આવ્યાં; પરંતુ યુધિષ્ઠિર અને ભાઇઓએ અત્યંત વિવેકી અને સંકોચશીલ થઈને ઉપયોગમાં લીધાં. પ્રત્યવરુદ્ધભોજનઃ વાકયના અનેક અર્થ થાય છે—કૌરવોથી રોકાયેલ રાજ્ય ઐશ્વર્યવાળા, અથવા કૌરવોના કબજામાંથી રાજ્યે ભોગને મેળવનારા, અથવા સંકુચિત વૃત્તિથી રાજ્ય ભોગને વાપરનારા–એવા અર્થ થાય છે. ૧

સૂત ઉવાચ– વંશં [1]કુરોર્વંશદવાગ્નિ [2]નિહૃતં સંરોહયિત્વાઽભવભાવનો હરિઃ ।
નિવેશયિત્વા નિજરાજ્ય ઈશ્વરો યુધિષ્ઠિરં પ્રીતમના બભૂવ હ ॥ ૨ ॥

---

૧ વંશાઙ્કુરં – મુ. પા. ૨ નિહતં – પ્રા. પા,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—વંશ-દવ-અગ્નિ-નિર્દગ્ધમ્-વંશમાં થયેલા દાવાગ્નિથી બળી ગયેલા, કુરોઃ-કુરુ રાજાના, વંશમ્-વંશને, સંરોહયિત્વા-અંકુરિત કરીને, હ-ખરેખર, યુધિષ્ઠિરમ્-યુધિષ્ઠિરને, નિજરાજ્યે-પોતાના રાજ્યાસન ઉપર, નિવેશયિત્વા-સ્થાપીને, અભવ-ભાવનઃ-મોક્ષને આપનાર, ઈશ્વરઃ-ઐશ્વર્ય સંપન્ન, હરિઃ-શ્રીકૃષ્ણ, પ્રીતમનાઃ-પ્રસન્ન ચિત્તવાળા, બભૂવ-થયા. ૨.

અનુવાદ—સૂત મુનિએ કહ્યું કે-હે શૌનક, વંશમાં થયેલા દાવાનળથી બળી ગયેલા કુરુના વંશના અંકુરને (પરીક્ષિતને) પાછો ઉગાડીને, તેમ જ યુધિષ્ઠિર રાજાને પોતાના રાજ્યાસને સ્થાપીને, સર્વને મોક્ષ આપનાર, સર્વના દુઃખ હર્તા, સર્વ સમર્થ ભગવાન શ્રીહરિ અત્યંત પ્રસન્ન થયા. ૨.

તત્ત્વસુધા—વંશદવાગ્નિનિર્દગ્ધમ્-વાંસના વનમાં આગ મૂકવા કોઈ નથી જતું; પરંતુ પરસ્પરના સંઘર્ષમાંથી અગ્નિ પ્રગટે છે અને વાંસના વનને બાળે છે. તે જ પ્રમાણે ભાઇઓ, ભાગીદારો, પાડોશીઓ અને પીતરાઇઓ પરસ્પરના કલહમાં પોતાનું નિકંદન કરે છે. પાંડવ કૌરવોના કલહમાં દ્રૌપદીના નિર્દોષ પાંચ પુત્રો અને ગર્ભગત પરીક્ષિત નાશ પામ્યા; પરંતુ ભગવાનને ભક્તનો વંશ ચલાવવો હતો તેથી પુનર્જીવન દાન પરીક્ષિતને કર્યું.

વંશં સંરોહયિત્વા-પરીક્ષિતનો ભૌતિક દેહ તો બ્રહ્માસ્ત્રથી બળી ગયો; પરંતુ ભગવાને નવાંકુર આપ્યો કે જેથી 'તનુનવત્વ'ની પ્રાપ્તિ થઈ, શ્રીમદ્ ભાગવત સાંભળવા માટે યોગ્ય બન્યા અને શુકદેવજી સમાન અવધૂતનો પ્રસંગ થયો. 'ભક્ત બીજ'ને કોઇપણ ભોગે જીવાડવું જોઇએ. વિશ્વને તેનાથી સંસ્કારો મળવાના છે.

'હ'-નિશ્ચયાર્થક અવ્યય છે. તે એમ સૂચવે છે કે યુધિષ્ઠિરજીને રાજ્ય આપ્યું છે, તો પણ તેઓ આસક્ત ન થતાં હરિકૃપાથી મુક્ત થવાના છે જ.

'સમ્પતિ' જો શ્રમથી આવે, ન્યાયથી આવે, પ્રભુકૃપાથી આવે, તો તે સદ્બુદ્ધિને સદા ટકાવે. ૨.

निशम्य भीष्मोक्तमथाऽच्युतोक्तं प्रवृद्धविज्ञानविधूतविभ्रमः ।
शशास गामिन्द्र इवाजिताश्रयः परिध्युपान्तामनुजानुवर्तितः ॥ ३ ॥

અન્વયાર્થ—ભીષ્મ-ઉક્તમ્-ભીષ્મ પિતામહે કહેલા, અથ-અને, અચ્યુત-ઉક્તમ્-અચ્યુત ભગવાને કહેલા વચનને, નિશમ્ય-સાંભળીને, પ્રવૃદ્ધ-વિજ્ઞાન-વિધૂત-વિભ્રમઃ-વિશેષ વૃદ્ધિ પામેલા વિજ્ઞાનથી દૂર થયેલ વિભ્રમવાળા, અજિત-આશ્રયઃ-અજીત ભગવાનના આશ્રયવાળા, અનુજ-અનુવર્તિતઃ-નાના ભાઇઓથી અનુસરાતા, ઇન્દ્રઃઇવ-સ્વર્ગના રાજા-ઇન્દ્રની જેમ, પરિધ્યુપાન્તામ્-સમુદ્ર તટ સુધીની મર્યાદાવાળી, ગામ્-પૃથ્વીને, શશાસ-પાલન કરતા હતા. ૩.

અનુવાદ—આચાર્ય ભીષ્મ પિતામહના ઉપદેશને તથા ભગવાનનાં વચનોને સાંભળીને, વધેલા વિશિષ્ટ પ્રકારના જ્ઞાનથી ભ્રમ અને મોહ રહિત બનેલા, શ્રીકૃષ્ણના આશ્રયવાળા, પોતાના લઘુબંધુઓથી સેવાયેલા મહારાજા યુધિષ્ઠિર, રાજા ઇન્દ્રની માફક સમુદ્ર પર્યન્તની પૃથ્વીનું શાસન કરતા હતા. ૩.

તત્ત્વસુધા—રાજ્યાસને બેસનાર રાજાએ 'સંત અને ઇશ્વર'ના સેવક થવું અને ધર્મનું શ્રવણ કરવું તો રાજ્ય પાલન સંચાલનમાં કોઇ મુશ્કેલી નહિ આવે. ભીષ્મ પિતામહ પાસેથી મર્યાદા ધર્મોનું જ્ઞાન મેળવી, શ્રીકૃષ્ણ પાસેથી ઇશ્વરધર્મોનું જ્ઞાન મેળવી, યુધિષ્ઠિર રાજ્યારૂઢ થયા; જેથી પ્રજા સુખી થઇ અને રાજ્યકર્તાનો ગર્વ યુધિષ્ઠિરમાં ન આવ્યો. પ્રજામાં રહેલા પ્રભુની સેવા કરું છું એ ભાવનાથી પૃથ્વીના સૂત્રનું સંચાલન કરનારને,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

'હું શાસક છું' એવો ખ્યાલ ન રહેતાં, 'હું સેવક છું', એવું સતત અનુસંધાન રહે છે, જે પ્રજાના હિતમાં અને રાજાની સફળતામાં નીવડે છે.

અન્ય રાજાઓ વૃષ્ટિ થાય, ખેતરોમાં ધન, ધાન્ય, ફળ ફુલ થાય ત્યારે રક્ષા કરે છે, જ્યારે યુધિષ્ઠિર રાજા તો ઇન્દ્રની માફક વૃષ્ટિને ઉત્પન્ન કરી, પ્રજાને સમૃદ્ધ અને સંતુષ્ટ કરી, રાજ્યપાલન કરતા હતા. યુધિષ્ઠિર સાગરપર્યન્તની પૃથ્વીનું રાજ્ય કરતા. તેમાં અનેક ખંડ મંડલાધિપતિઓ હતા, પરંતુ તેઓ યુધિષ્ઠિરની આજ્ઞા પ્રમાણે વહિવટ કરતા હતા.

कामं ववर्ष पर्जन्यः सर्वकामदुघा मही ।
सिषिचुः स्म व्रजान् गावः पयसोधस्वतीर्मुदा ॥ ४ ॥

नद्यः समुद्रा गिरयः सवनस्पति वीरुधः ।
फलन्त्योषधयः सर्वाः काम मन्वृतु तस्य वै ॥ ५ ॥

नाऽऽधयो व्याधयः क्लेशा दैवभूताऽऽत्महेतवः ।
अजातशत्रावभवन् जन्तूनां राज्ञि कर्हिचित् ॥ ६ ॥

અન્વયાર્થ—**અજાતશત્રૌ**–અજાત શત્રુ, **રાજ્ઞિ**–રાજા યુધિષ્ઠિર હતા ત્યારે, **પર્જન્યઃ**–મેઘ, **કામમ્**–ઇચ્છા મુજબ, **વવર્ષ**–વરસતો હતો, **મહી**–પૃથ્વી, **સર્વકામદુઘા**–સર્વ કામનાઓને પૂરનારી, **ઊધસ્વતીઃ**–દૂધથી ભરેલ ઉધસવાળી, **ગાવઃ**–ગાયો, **મુદા**–હર્ષથી, **પયસા**–દૂધથી, **વ્રજાન્**–ગોષ્ઠ ભાગોને, **સિષિચુઃ સ્મ**–સિંચન કરતી હતી. ૪; **તસ્ય**–તે ધર્મરાજ યુધિષ્ઠિરને, **નદ્યઃ**–નદીઓ, **સમુદ્રાઃ**–સમુદ્રો, **ગિરયઃ**–પર્વતો, **સવનસ્પતિ વીરુધઃ**–વનસ્પતીઓ અને લતાઓ સાથે, **સર્વાઃ**–બધી, **ઓષધયઃ**–ઔષધિઓ, **વૈ**–ખરેખર, **કામં**–પુષ્કળ, **અન્વૃતુ**–પ્રત્યેક ઋતુને અનુસરીને, **ફલન્તિ**–ફળ આપતી હતી. ૫; **જન્તૂનામ્**–પ્રાણીઓને, **કર્હિચિત્**–કદી પણ, **આધયઃ**–માનસિક પીડા, **વ્યાધયઃ**–શારીરિક પીડા, **દૈવ-ભૂત-આત્મ-હેતવઃ**–દૈવિક, ભૌતિક, આત્મિક એવા **ક્લેશાઃ**–ત્રાસ, **ન અભવન્**–થતા નહોતા. ૬.

અનુવાદ—અજાત શત્રુ મહારાજ યુધિષ્ઠિર જ્યારે રાજ્ય કરતા હતા ત્યારે વરસાદ ઇચ્છાનુસાર વરસતો હતો, પૃથ્વી સર્વ ઇચ્છિત પદાર્થોને આપતી હતી, મોટાં આઉ (ઉધસ) વાળી ગાયો દૂધ વડે વ્રજને-ગોશાળાઓને હર્ષથી સિંચન કરતી હતી. નદીઓ, સમુદ્રો, વનસ્પતિઓ તેમજ લતાઓ સહિત પર્વતો અને બીજી દરેક ઔષધિઓ પોત પોતાના સમયમાં ફળતી હતી. લોકોને કોઈ કોળે માનસિક, શારીરિક ચિન્તા ન હતી. આધિદૈવિક, આધિભૌતિક, આધ્યાત્મિક આમ ત્રિવિધ કલેશ કોઇને પણ થતા ન હતા. ૪. ૫. ૬.

તત્ત્વસુધા—ત્રણ શ્લોકોમાં પ્રજાના સુખનું નિરૂપણ છે. કામપૂરક અને નિયમિત વૃષ્ટિ થવી એ પૃથ્વીનો શ્રેષ્ઠ ઉદય છે. કૃષિ ઉદ્યોગનો પણ વિકાસ ખૂબજ પ્રમાણમાં સધાયો હતો. પૃથ્વી ઇચ્છાનુકૂલ ફળો આપતી હતી. ગોધન સમૃદ્ધિ લોકોત્તર હતી. **સિષિચુઃ સ્મ વ્રજાન્** ગાયો વ્રજને સીંચતી હતી. જ્યારે ગાયોના દોહન માટે ગોવાળો બેસતા, ત્યારે તેમનાં પાત્રોમાંથી દૂધ છલકાઈ જતાં હતાં. દોહતા પહેલાં અને પછી ગાયોના થાનમાંથી દૂધ આપોઆપ સરી પડતાં હતાં, જમીનો ભીંજાઇ જતી હતી. વૃષ્ટિ, પૃથ્વી અને ગાયો આધિ દૈવિક સમ્પત્તિમાં ગણાયં છે. એનો ઉત્કર્ષ વર્ણવ્યો છે. જે દેશમાં ઔષધાલયો અને ન્યાયાલયોની આવશ્યકતા ઓછી, તે દેશના આરોગ્યની અને ચારિત્ર્યની સમૃદ્ધિ શ્રેષ્ઠ મનાય. ૪; ૫; ૬.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

उषित्वा हास्तिनपुरे मासान् कतिपयान् हरिः ।
सुहृदां च विशोकाय स्वस्वसुः प्रियकाम्यया ॥ ७ ॥
आमन्त्र्य चाऽभ्यनुज्ञातः परिष्वज्याऽभिवाद्य च ।
आरुरोह रथं कैश्चित् परिष्वक्तोऽभिवादितः ॥ ८ ॥

અન્વયાર્થ—હરિઃ-શ્રીકૃષ્ણ, **સુહૃદામ્**-મિત્રોના, **વિશોકાય**-શોક દૂર કરવા માટે, **ચ**-અને, **સ્વસ્વસુઃ**-પોતાની બહેનના, **પ્રિયકામ્યયા**-પ્રિય કરવાની ઇચ્છાથી, **કતિપયાન્**-કેટલાએક, **માસાન્**-મહિના, **હાસ્તિનપુરે**-હસ્તિનાપુરમાં, **ઉષિત્વા**-રહીને, **ચ**-અને, **આમન્ત્ર્ય**-સર્વને પૂછીને, **અભ્યનુજ્ઞાતઃ**-સર્વની અનુજ્ઞા લઈને, **પરિષ્વજ્ય**-ભેટીને, **ચ**-અને, **અભિવાદ્ય**-અભિવાદન કરીને, **કૈશ્ચિત્**-કેટલાક સ્વજનોથી, **પરિષ્વક્તઃ**-આલિંગન કરાતા, **અભિવાદિતઃ**-અભિવંદન કરાતા, **રથમ્**-રથમાં **આરુરોહ**-બેઠા. ૭; ૮.

અનુવાદ—ભગવાન શ્રીકૃષ્ણ, પોતાનાં સંબંધી જનોને શોક મુક્ત કરવા માટે તેમજ પોતાનાં બહેન સુભદ્રાનું પ્રિય કરવા કેટલાએક મહિના હસ્તિનાપુરમાં રહ્યા. પછી મહારાજ યુધિષ્ઠિરને પૂછીને, તેમની અનુમતી મેળવીને, ભેટીને, અભિવાદન કરીને પોતે પણ કેટલાકથી આલિંગન તેમજ અભિવંદન કરાતા રથમાં બિરાજ્યા. ૭. ૮.

તત્ત્વસુધા-શ્રીકૃષ્ણ હસ્તિનાપુરમાં 'કેટલાક' માસ વસ્યા, એવો નિર્દેષ કરે છે, પરંતુ નિશ્ચિત સમય કે માસ વગેરેનો ઉલ્લેખ નથી કર્યો. તેથી એમ લાગે છે કે સ્વજન સંતોષ અને કાર્ય સમાપ્તિ સુધી તેઓ રોકાયા છે. શ્રીકૃષ્ણની કાર્ય નિપુણતા અને તંત્ર વ્યવસ્થા કુનેહ ભર્યાં હતાં, જેથી દ્વારકાની ગેરહાજરી રાજ્ય વહીવટમાં કોઇ હરકત કરનારી થતી ન હતી. તેથી જ હસ્તિનાપુરમાં અને અન્યત્ર અનેક કાર્યો માટે રોકાઈ શકતા હતા. હાસ્તિનપુરમ્ અથવા હસ્તિનાપુરમ્ એવા બે નામથી હસ્તિનાપુર નગરનો વ્યવહાર ચાલે છે. 'હસ્તિ' રાજાએ નગર વસાવ્યું. તેથી હસ્તિનાપુર નામ પડ્યું. લગભગ હાથી જેવા મદોન્મત્ત ત્યાં રહેતા લોકો પાંડવો જેવા વિનમ્ર પરિમિત હતા. ભગવાને સર્વને વિવેકી બનાવ્યા હતા હાસ્તિનપુરમ્ શબ્દ અણ્ પ્રત્યય કરી બનાવ્યો છે. હસ્તિના નિર્મિતં પુરમ્ એવી વ્યુત્પત્તિ કરી, મધ્યમ પદનો લોપ કરી તૃતીયા વિભક્તિ અલુપ્ત રાખી, 'અલુક્'-સમાસ કરીને, 'હસ્તિનાપુર' શબ્દ બનાવ્યો છે.

ભગવાનનો મથુરામાં નિવાસ પૃથ્વીની મુક્તિ માટે છે, જ્યારે હસ્તિનાપુરનો વસવાટ તો હસ્તિ રાજાના વંશજોની મુક્તિ પૂરતો છે. ભગવાને બહેન સુભદ્રા-દ્રૌપદીના પુત્ર મરણનો શોક દૂર કર્યો, દિલાસો દીધો અને વિદાય લીધી. જતાં ચાર કાર્યો કર્યાં, આમન્ત્ર્ય-યુધિષ્ઠિરની રજા લીધી; પરિષ્વજ્ય-ભેટ્યા,-શ્રવણથી લઈ સખ્ય ભક્તિનું દાન ભેટીને આપ્યું; અભિવાદ્ય-કુન્તીજીને વંદન કર્યાં; ચ દાન પુણ્ય કર્યાં. ૭, ૮ :

सुभद्रा द्रौपदी कुन्ती विराटतनया तथा ।
गान्धारी धृतराष्ट्रश्च युयुत्सु गौतमो यमौ ॥ ९ ॥
वृकोदरश्च धौम्यश्च स्त्रियो मत्स्यसुतादयः ।
न सेहिरे विमुह्यन्तो विरहं शार्ङ्गधन्वनः ॥ १० ॥

અન્વયાર્થ—સુભદ્રા-સુભદ્રા, **દ્રૌપદી**-દ્રૌપદી, **કુન્તી**-કુન્તી, **તથા**-તથા, **વિરાટતનયા**-વિરાટ રાજાની પુત્રી ઉત્તરા, **ગાન્ધારી**-ગાંધારી, **ચ**-અને, **ધૃતરાષ્ટ્રઃ**-ધૃતરાષ્ટ્ર, **યુયુત્સુઃ**-યુયુત્સુ, **ગૌતમઃ**-કૃપાચાર્ય **યમૌ**-નકુળ અને સહદેવ, **વૃકોદરઃ**-ભીમ, **ચ**-અને, **ધૌમ્યઃ**-ધૌમ્ય, **ચ**-અને, **મત્સ્યસુતાદયઃ**-સત્યવતી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વગેરે, **સ્ત્રિયઃ**-સ્ત્રીઓ, **વિમુહ્યન્તઃ**-મોહ પામતાં, **શાર્ઙ્ગધન્વનઃ**-શાર્ઙ્ગધનુષધારી ભગવાન શ્રીકૃષ્ણના, **વિરહમ્**-વિરહને, **ન સેહિરે**-સહન કરી શકયાં નહિ ૯; ૧૦.

અનુવાદ—સુભદ્રા, દ્રૌપદી, કુન્તી તથા ઉત્તરા, ગાંધારી તેમજ ધૃતરાષ્ટ્ર, યુયુત્સુ, કૃપાચાર્ય, નકુળ, સહદેવ, ભીમ, ધૌમ્ય, સત્યવતી વગેરે સ્ત્રીઓ મોહને વશ થયાં અને ભગવાન શ્રીકૃષ્ણના વિયોગને સહન કરી શકયાં નહિ. ૯, ૧૦.

તત્ત્વસુધા—વિરહની વ્યથા અસહ્ય છે. અશ્રુથી તે હળવી થાય છે. આ બે શ્લોકોમાં ૧૩ સંખ્યામાં સ્વજનોનો ઉલ્લેખ કર્યો છે. સર્વ કોઇ વિરહ સહન કરવા સમર્થ ન હતાં. પ્રથમ નામ સુભદ્રાજીનું અને અંતમાં સત્યવતીનું નામ આપ્યું છે. મધ્યમાં ધૃતરાષ્ટ્ર વગેરેનો ઉલ્લેખ કર્યો છે; કારણ કે શોક કરવો એ સ્ત્રી પ્રકૃતિ છે. દેહને લીધે સ્નેહ થાય અને સ્નેહને લીધે શોક, મોહ અને ભય થાય છે. વિદાય કાલે સર્વ શોકવશ બની સ્ત્રી પ્રકૃતિના થયા છે, તેથી પુરુષોનો ઉલ્લેખ સ્ત્રીઓની વચમાં કરેલ છે. જેમનો સ્નેહ આત્મગામી હોય તે જ શોકથી મુક્ત રહી શકે.

સુભદ્રા, દ્રૌપદીના પુત્રોનો વધ થયો છે, તેથી તેઓ સમાન છે. ઉત્તરાના પતિનો વધ થયો છે, પુત્રની રક્ષા કરી છે, ગાંધારીના પુત્રોને માર્યા છે, પતિની રક્ષા કરી છે. તે તફાવત બતાવવા વચ્ચે **તથા** અવ્યય લખ્યો છે. યુધિષ્ઠિર, અર્જુનજીનાં નામો નથી દર્શાવ્યાં. તેઓ કાર્યભારમાં પરોવાયેલા છે, તેથી શોકનો અવસર નથી. **યુયુત્સુઃ** ધૃતરાષ્ટ્રનો દાસીપુત્ર છે. ઉત્તમ વંશ દર્શાવતા શ્રી કૃપાચાર્યને 'ગૌતમ' નામથી લીધા. મત્સ્યસુતા એ સત્યવતીનું નામ છે.

વિમુહ્યન્તઃ પુલ્લિંગે પ્રયોગ છે. સ્ત્રી પુરુષોનો જ્યાં સાથે નિર્દેશ હોય ત્યાં ક્રિયાપદ પુલ્લિંગે આવે. ૯, ૧૦.

सत्संगान्मुक्तदुःसंगो हातुं नोत्सहते बुधः ।
कीर्त्यमानं यशो यस्य सकृदाकर्ण्य रोचनम् ॥ ११ ॥
तस्मिन्न्यस्तधियः पार्थाः सहेरन् विरहं कथम् ।
दर्शनस्पर्शनाऽऽलाप शयनासन भोजनैः ॥ १२ ॥

અન્વયાર્થ—**સત્સંગાત્**-સત્સંગ થવાથી, **મુક્તદુઃસઙ્ગઃ**-જેના દુષ્ટ સંગ છૂટી ગયા છે એવો, **બુધઃ**-પ્રાજ્ઞ પુરુષ, **યસ્ય**-જે ભગવાનના, **રોચનમ્**-રુચિકર, **કીર્ત્યમાનમ્**-વર્ણવવામાં આવતા, **યશઃ**-યશને, **સકૃત્**-એક વખત, **આકર્ણ્ય**-શ્રવણ કરીને, **હાતુમ્**-એ સત્સંગને ત્યજવા, **ન ઉત્સહતે**-તત્પર થતો નથી. ૧૧. **તસ્મિન્**-તે શ્રીકૃષ્ણમાં, **દર્શન-સ્પર્શન-આલાપ-શયન-આસન-ભોજનૈઃ**-દર્શન-સ્પર્શ-વાર્તાલાપ-સાથે શયન, સાથે બેસવું, સાથે ભોજન આદિ ક્રિયાઓથી, **ન્યસ્તધિયઃ**-કૃષ્ણમાં બુદ્ધિને સ્થાપનારા, **પાર્થાઃ**-પાંડવો, **વિરહમ્**-કૃષ્ણ વિયોગને, **કથમ્**-કેમ, **સહેરન્**-સહન કરી શકે ? ૧૨.

અનુવાદ—સજ્જનોથી વર્ણવાતા ભગવાનના મનોહર યશને પ્રાજ્ઞ પુરુષ એક વાર પણ સાંભળીને સત્સંગને છોડી શકતો નથી; તો પછી જે દર્શન, સ્પર્શ, ભાષણ, શયન, આસન તથા ભોજન વગેરે સર્વ પ્રકારે શ્રીકૃષ્ણમાં બુદ્ધિવાળા અન્યા હોય તે પાંડવો તો ભગવાનનો વિયોગ કેમ વેઠી શકે ? ૧૧. ૧૨.

તત્ત્વસુધા—ભગવાનનો વિરહ વેઠવાને પાંડવો અસમર્થ છે, એવું સમર્થન આ શ્લોકથી કરે છે. એકવાર સત્સંગ થતાં ભગવદ્યશ સાંભળવા મળ્યો. તેમાં ચિત્તની પ્રસન્નતા મળી, આત્માની શાંતિ મળી અને જીવન નિર્માણનું ભાથું મળ્યું. પછી તે સત્સંગ અને હરિ યશને છોડી ન શકે, તો પછી તે યશના નિવાસધામ શ્રીકૃષ્ણ ભગવાનને તો કેમ ત્યજી શકે ?

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

सत्सङ्गान्मुक्तदुःसंगः–આ સ્થાને બે પ્રકારે પદ છુટાં પડે છે. **सत्संगात् मुक्तदुःसंगः**–સત્સંગના બળથી દુઃસંગને છોડનાર પુરુષ, એવો એક અર્થ થાય છે; જ્યારે શ્રીમહાપ્રભુજી **मुक्तदुःसङ्गः**– દુઃસંગથી મુક્ત થયેલ પુરુષ **सत्सङ्गान्**–સત્સંગોને નથી છોડી શકતો એમ લખે છે. આચાર્યશ્રીને સત્સંગો અનેક કરવા, અનેક સત્પુરુષોનો કરવા, એવું બહુવચન અભિલષિત છે. વ્યવહારમાં અનેક થાય છે તે ગમે છે, તો સત્સંગ સંબંધો પણ અનેક ગમવા જોઈએ. સત્સંગ સુખનો સાચો ખજાનો છે.

षड्विधं प्रेम लक्षणम्–પ્રેમપથમાં છ ક્રિયાઓ પ્રસિદ્ધ છે, તે બારમા શ્લોકમાં વર્ણવી છે. પાંડવોએ શ્રીકૃષ્ણ ભગવાન સાથે તે સર્વે અનુભવી છે.

૧ **दर्शन**–દર્શન પ્રથમ ક્રિયા છે. દૃષ્ટિનો નિરોધ દર્શનથી થાય છે. સુકૃતિની આકૃતિ સૌમ્ય, પ્રસન્ન અને પવિત્ર હોય છે. દર્શન થતાં દેહ ઈન્દ્રિયો સમીપ આવવા ચાહે છે, પછીથી સ્પર્શને તલસે છે.

૨ **स्पर्शन**–સ્પર્શ બીજી ક્રિયા છે. પાવનકારી તીર્થ સંતોના પાદ સ્પર્શથી પાપ બુદ્ધિ અને વિઘ્નો બળે છે; એટલે પુણ્ય વધે છે. ત્યારે આલાપની ચાહના થાય છે.

૩ **आलाप**– વાર્તાલાપ ત્રીજી ક્રિયા છે, સંતોના વાર્તાલાપથી હૃદય હૃદયમાં અને પ્રાણ પ્રાણમાં પ્રવેશે છે. એટલે ઉભયની વચમાં વિશ્વાસ બંધાય છે અને ઐક્ય સધાય છે. ત્યારે સહવાસની ભૂખ લાગે છે.

शयन–'रा। दि साथे निवास' એ ચોથી ક્રિયા છે. રાતના સુતાં, સવારમાં ઉઠતાં, તેના મુખના દર્શનનું વ્યસન લાગે છે; જેથી એકત્ર નિવાસ શયનની સતત વાંછા રહે છે. બાદ એક આસને બેસવા બેસાડવાનું મન થાય છે. એટલે ઉભયમાં 'સમત્વ' આવે છે.

૫ **आसन**–એકાસને બેસવું એ પાંચમી ક્રિયા છે. દશરથ રાજાએ વિશ્વામિત્ર ઋષિને એકાસન આપ્યું. ભગવાન શંકરે પાર્વતીજીને એકાસન આપ્યું. અર્જુન–શ્રીકૃષ્ણ એક રથમાં સાથે બિરાજ્યા.

भोजन–ભોજન એ છઠ્ઠી ક્રિયા છે. ઈષ્ટ જનને મૂકીને મિષ્ટ પદાર્થો અને અભીષ્ટ સુખો ભોગવવા મન નથી થતું. ભક્તને ભગવાન અભીષ્ટ છે એટલે સર્વ પદાર્થોનું ભગવાનને નિવેદન કરીને જ પ્રસાદી રૂપે ગ્રહણ કરે છે.

પાંડવો આ છ પ્રકારે શ્રીકૃષ્ણ ભગવાનમાં તન્મય બન્યા છે, તે આજે શ્રીકૃષ્ણ જતાં તેઓ ક્રમ મેળવી શકશે ? તેથીજ વિયોગ વેઠી નથી શકયા. ૧૧, ૧૨;

सर्वे तेऽनिमिषै र्नेत्रैस्तमनुद्रुत चेतसः ।
वीक्षन्तः स्नेहसम्बद्धा विचेरुस्तत्र तत्र ह ॥ १३ ॥

અન્વયાર્થ—**स्नेहसम्बद्धाः**–સ્નેહથી બંધાયેલા, **तम्–अनु–द्रुत–चेतसः**–કૃષ્ણની પાછળ દોડી રહેલ ચિત્તવાળા, **ते सर्वे**–તે બધાં, **अनिमिषैः**–એકી ટસે, **नेत्रैः**–નેત્રોથી, **वीक्षन्तः**–અવલોકતા, **तत्र–तत्र**–ત્યાં ત્યાં, **ह विचेरुः**–ખરેખર ફરતા હતા. ૧૩.

અનુવાદ—**સ્નેહથી બંધાયેલાં અને શ્રીકૃષ્ણની પાછળ જેમનાં ચિત્ત દોડી રહેલાં છે, એ બધાં અનિમેષ નયને શ્રીકૃષ્ણને જોતાં અને ત્યાંતેમ ફરતાં હતાં. ૧૩**

તત્ત્વસુધા—પાંડવો અને હસ્તિનાપુરના જનો જ્યારે નિરુપાય બન્યા ત્યારે તેમણે પોતાના શરીરોને પોતાના નગરમાં, ઘરમાં રાખીને સૌએ પોતાનાં મનને મનમોહનની સાથે વિદાય કરવા આમ તેમ મોકલવા લાગ્યાં. જેમ વિદેશમાં સ્વજનને મોકલવાની ભેટની ચીજને કોઈ લઈ જનારને શોધવા આમ તેમ વિચરે, તેમ વિદાય થતા શ્રીકૃષ્ણ સાથે મોકલવાના ચિત્તને લઈ જનારની જાણે શોધમાં હતાં. ભગવાનની સાથે મોકલે તો ભગવાનને શ્રમ પહોંચે. મહાન પુરુષોને ભેટ અપાય નહિ, પરંતુ તેમને ઘરે પહોંચડાય.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૧૧, ૧૨ અને ૧૩ શ્લોકોમાં બે પ્રકારે પાઠ વિભાગ છે. મહાપ્રભુજી એ ત્રણ શ્લોકોમાંથી ત્રણ ત્રણ ચરણના બે શ્લોકોના પાઠનો સ્વીકાર કરે છે. અન્ય આચાર્યો ત્રણ શ્લોકના પાઠનો સ્વીકાર કરે છે. મહાપ્રભુજીના પાઠમાં 'सत्संगान्मुक्तदुःसंगः', 'कीर्त्यमानं यशः', 'तस्मिन्न्यस्तधियः'–એવા ત્રણ ચરણનો અગિયારમો શ્લોક બને છે. તેમજ दर्शनस्पर्शनः', 'सर्वं तेऽनिमिषै'; 'वीक्षन्तः स्नेह'–એવા ત્રણ ચરણનો બારમો શ્લોક બને છે. અન્ય પાઠ પ્રમાણે તો ૧૧, ૧૨, ૧૩ શ્લોક મૂળમાં મુદ્રિત છે, તેજ ક્રમ છે. શ્રીમદ્ વલ્લભનો પાઠ વિવેકથી સમજવા જેવો છે. બન્ને પાઠોમાં અર્થનો મોટો તફાવત આવી જશે. ૧૩.

न्यरुन्धन्नुद्गलद्बाष्पमौत्कण्ठ्याद्देवकी सुते ।
निर्यात्यगारान्माऽभद्रमिति स्याद् बान्धव स्त्रियः ॥ १४ ॥

અન્વયાર્થ—**देवकीसुते**–શ્રીકૃષ્ણ, **अगारात्**–ભવનમાંથી, **निर्याति**–જઈ રહ્યા છે ત્યારે **बान्धवस्त्रीयः**–બન્ધુજનની પત્નીઓ, **अभद्रम्**–અપશુકન, **मा स्यात्**–ન થાય, **इति**–એમ માની, **औत्कण्ठ्यात्**–ઉત્કંઠાને લીધે, **उद्गलद्**–**बाष्पम्**–આંખમાંથી વહી જતાં અશ્રુઓને, **न्यरुन्धन्**–રોકી રાખતાં હતાં. ૧૪.

અનુવાદ—**દેવકી પુત્ર, ભગવાન શ્રીકૃષ્ણ જ્યારે રાજ ભવનમાંથી મંગલ પ્રસ્થાન કરી રહ્યા હતા ત્યારે બંધુજનની સ્ત્રીઓ ઉત્કંઠાને લીધે આંખમાંથી વહી જતાં અશ્રુઓને, અપશુકન ન થાય એ હેતુથી, રોકી રહી હતી. ૧૪.**

તત્ત્વસુધા—ભગવાનને વિદાય વખતે 'देवकी सुते' દેવકી પુત્ર તરીકે ઓળખાવ્યા છે. માતા દેવકીએ અનેક કષ્ટ, તપ વેઠ્યાં છે ત્યારે પુત્ર તરીકે ભગવાન મળ્યા છે. તે માતૃભક્ત પુત્રને માતાને મળતાં કેમ રોકી શકાય ? દામ્પત્ય જીવન અને લોકમય જીવન થતાં માનવ માબાપને વિસરે છે તે થવું ન ઘટે એ આશય 'देवकीसुत' પદનો છે.

न्यरुन्धन्–અશ્રુઓ આત્મીયના પ્રસ્થાન સમયે ન દર્શાવવાં. એ એક અપશુકનના ચિહ્ન તરીકે માને છે. પરંતુ ખરી રીતે ભક્તિનું ધૈર્ય અને વિવેક છે કે વિદાય બાદ તો અશ્રુની ઓથ છે. વિદાય કાલે તો પ્રિયતમનાં પુષ્કળ દર્શન કરી લેવાં કે જેમાં અશ્રુનું પણ આવરણ સહ્ય નથી.

अगरात्-न गारो निगरणं यस्य सः अगारः રોકવાનું સાધન સ્નેહ કે ભક્તિ જે ઘરમાં નથી તેનું 'અગાર' કહેવાય છે. શ્રીકૃષ્ણને રોકવા લાયક કોઈ સાધન સામગ્રી નથી. તેથીજ અમારા અગારમાંથી ચાલ્યા જાય છે. ૧૪.

मृदङ्गशङ्खभेर्यश्च वीणापणवगोमुखाः ।
धुन्धुर्यानकघण्टाद्या नेदुर्दुन्दुभयः समम् ॥ १५ ॥

અન્વયાર્થ—**मृदङ्ग-शङ्ख-भेर्यः**–મૃદંગ, શંખ અને નગારાં, **च**–અને, **वीणा-पणव-गोमुखाः**–વીણા, ઢોલ. રણશિંગાં, **धुन्धुरी-आनक-घण्टाद्याः**–ઝાલર, ઢોલકીઓ, ઘંટડીઓ વગેરે, **दुन्दुभयः**–દુન્દુભિઓ, **समम्**–એકી સાથે, **नेदुः**–વાગ્યાં. ૧૫.

અનુવાદ—**શ્રીકૃષ્ણના હસ્તિનાપુરથી દ્વારકા પ્રતિ મંગલ પ્રસ્થાન સમયે મૃદંગો, શંખો, નગારાં, વીણાઓ, પણવ, ઢોલ, રણશિંગાં, નોબત, ઝાલર, ઢોલકીઓ, ઘંટડીઓ, વગેરે અનેક પ્રકારનાં વાદ્યો એકી સાથે વાગવા લાગ્યાં. ૧૫,**

તત્ત્વસુધા—વાજંત્ર નાદ મંગલકારી છે. તેના નાદથી વાતાવરણમાં શબ્દ બ્રહ્મનો આવિર્ભાવ થાય છે. લગ્ન, યજ્ઞ, સ્વાગત, સન્માન, નગર યાત્રાદિ ઉત્સવોમાં તેનો ઉપયોગ થાય છે. ભગવાન દશ પ્રાણના પતિ છે;

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માટે વિજય પ્રયાણ સમયે દશ પ્રકારનાં વાજિંત્રોનો નાદ થયો. એમાંથી દશ પ્રકારના રસનો પ્રાદુર્ભાવ થતો હતો. મૃદંગ, ભેરી, પણવ, આનક, દુંદુભિ એ વાજંત્રો દાંડીઆથી વગાડાય છે. એ વાજંત્રોને આનદ્ધ નામના વાજંત્રના ભેદમાં ગણે છે. શંખ, ગોમુખ, મુખથી વગાડાય છે તેથી તેને સુષિર કહે છે. વીણા સ્વતંત્ર સ્વર વાદ્ય છે. ઘંટા, ઘૂઘરીઓ ઘન વાજંત્રના ભેદમાં ગણ્યાં છે. નિર્ગુણ, સાત્વિક, રાજસ, તામસ એમ ચાર ભેદવાળાં વાજંત્રો વર્ણવ્યાં છે. ૧૫.

प्रासाद शिखरारूढाः कुरुनार्यो दिदृक्षया ।
ववृषुः कुसुमैः कृष्णे प्रेमव्रीडास्मितेक्षणाः ॥ १६ ॥

અન્વયાર્થ—**दिदृक्षया**-શ્રીકૃષ્ણના દર્શનની ઇચ્છાથી, **प्रासाद-शिखर-आरूढाः**-મહેલોનાં શિખરો ઉપર ચઢીને, **प्रेम-व्रीडा-स्मित-ईक्षणाः**-પ્રેમ, લજ્જા અને સ્મિત પૂર્વક અવલોકન કરતી, **कुरुनार्यः**-કુરુદેશની સ્ત્રીઓ, **कृष्णे**-શ્રીકૃષ્ણ ઉપર, **कुसुमैः**-પુષ્પોથી, **ववृषुः**-વૃષ્ટિ કરતી હતી. ૧૬.

અનુવાદ—**શ્રીકૃષ્ણનાં દર્શન કરવાની ઇચ્છાથી મહેલોનાં ઊંચાં શિખર ઉપર ચઢીને, પ્રેમ, લજ્જા, તથા સ્મિતપૂર્વક જોતી કુરુદેશની સ્ત્રીઓ શ્રીકૃષ્ણ ઉપર પુષ્પોની વૃષ્ટિ કરતી હતી.** ૧૬.

तत्त्वसुधा—ઉત્સવમાં સ્ત્રીઓ, પુષ્પો, વાજંત્ર, મંગલ ગાન પ્રધાન સામગ્રીઓ છે. આ શ્લોકમાં તેથીજ કુરુનારી વૃન્દનું વર્ણન કરે છે. સ્ત્રીઓ પોતાના ગૌરવ અને મર્યાદાના પાલન માટે મહેલના ઉપરના માળમાંથી પુષ્પવૃષ્ટિ કરે છે. પ્રભુની દૃષ્ટિ ઉપર જાય છે. પરસ્પર દૃષ્ટિમિલન થતાં ભક્તિ ભાવથી વિનમ્ર અને સલજ્જ બને છે. પ્રેમ સાત્વિકમાં છે, લજ્જા રાજસમાં છે, મંદ હાસ્ય તામસમાં છે. ૧૬.

सितातपत्रं जग्राह मुक्तादामविभूषितम् ।
रत्नदण्डं गुडाकेशः प्रियः प्रियतमस्य ह ॥ १७ ॥
उद्धवः सात्यकिश्चैव व्यजने परमाद्भुते ।
विकीर्यमाणः कुसुमै रेजे मधुपतिः पथि ॥ १८ ॥

અન્વયાર્થ—**प्रियः**-સ્નેહાળ, **गुडाकेशः**-અર્જુને, **प्रियतमस्य**-પ્રિયતમ કૃષ્ણના ઉપર, **रत्नदण्डम्**-રત્નના દંડવાળા, **मुक्ता-दाम-विभूषितम्**-મોતીની માળાઓથી શોભતા, **सित-आतपत्रम्-ह**-શ્વેત છત્રને નિશ્ચિત, **जग्राह**-ગ્રહણ કર્યું. ૧૭; **च**-અને, **उद्धवः**-ઉદ્ધવજી, **सात्यकिः**-સાત્યકીએ, **परम-अद्भुते**-પરમ અદ્ભુત, **व्यजने**-ચામર અને વ્યજન ધર્યાં, **पथि**-માર્ગમાં, **कुसुमैः**-પુષ્પોથી, **विकीर्यमाणः**-વધાવાતા, **मधुपतिः**-ભગવાન શ્રીકૃષ્ણ, **रेजे**-શોભતા હતા. ૧૮.

અનુવાદ—**પ્રિય અર્જુને પ્રિયતમ શ્રીકૃષ્ણ ઉપર રત્નોના દંડવાળાં અને મોતીઓની સેરથી શોભતા શ્વેત છત્રને ધારણ કર્યું; અને ઉદ્ધવ-સાત્યકીએ પરમ અદ્ભુત ચામર અને વ્યજન ધર્યાં. માર્ગમાં પુષ્પવૃષ્ટિથી વધાવાતા મધુપતિ શ્રીકૃષ્ણ અત્યંત શોભતા હતા.** ૧૭; ૧૮.

तत्त्वसुधा—' બહુમાન ' પ્રદાન એ સર્વદાનનું શિરોમણિ છે. શ્રીકૃષ્ણ ભગવાનની વિદાયમાં છત્ર અર્જુનજીએ ધર્યું. ' ગુડાકેશ ' અર્જુનની સંજ્ઞા છે. ' गुडाकेश ' એટલે નિદ્રાને અથવા રાત્રિને જિતનાર, નિદ્રાજીત અથવા ઇન્દ્રિયજીત એવો અર્થ થાય છે. વિશુદ્ધશીલ અને ઇન્દ્રિયજીત હોવાથી અર્જુન છત્રધારી થઈ શકયા છે. છત્રનો દંડ રાતો હતો. છત્ર શ્વેત હતું. એને ફરતી મોતીની ઝાલર હતી. તેથી જાણે કર્મ, ભક્તિ અને જ્ઞાન ભગવાનની સેવા માટે ઉપસ્થિત થયાં હતાં. ચામર, વ્યજન પડખે રહીને ઢોરાય છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એમાં સુગંધ અને શીતલતા ભર્યાં હતાં. શ્રીકૃષ્ણને મધુપતિ કહ્યા છે. તેથી જાણે ઋતુરાજ વસંતના રૂપે શ્રીકૃષ્ણ આવ્યા હોય તેવી પુષ્પવૃષ્ટિથી શોભા થઈ રહી હતી. ૧૭; ૧૮.

अश्रूयन्ताऽऽशिषः सत्यास्तत्र तत्र द्विजेरिताः ।
नानुरूपानुरूपाश्च निर्गुणस्य गुणात्मनः ॥ १९ ॥

અન્વયાર્થ—**तत्र तत्र**-તે તે સ્થળે, **द्विज-ईरिताः**-બ્રાહ્મણોએ ઉચ્ચારેલી, **निर्गुणस्य**-નિર્ગુણની, છતાં **गुणात्मनः**-સગુણ સ્વરૂપની, **न-अनुरूप-अनुरूपाः**-અયોગ્ય યોગ્ય-ઘટે ન ઘટે તેવી, **च**-અને, **सत्याः**-સત્ય, **आशिषः**-આશિષો, **अश्रूयन्त**-સંભળાતી હતી. ૧૯.

અનુવાદ—ભગવાનને વિદાય સમયે ઠેકાણે ઠેકાણે વિપ્રોના મુખમાંથી નીકળતા આશીર્વાદ સંભળાતા હતા, જે આશીર્વાદ નિર્ગુણ-નિરાકાર ઈશ્વરને માટે ન ઘટે તેવા, તેમજ સગુણ-સાકાર સ્વરૂપને ઘટે તેવા પરંતુ સત્ય હતા. ૧૯.

તત્ત્વસુધા—આશીર્વાદની યાચના નથી થતી. તેઓ તો પુષ્પમાંથી સુવાસની માફક સ્વયં આવે છે-માત્ર વૃક્ષોના મૂલમાં જલસિંચન થવાં જોઈએ. સંતોના, વિપ્રોના ચરણમાં ભક્તિ પૂર્વકના પ્રણામથી નેત્ર જલ સિંચન થતાં જ મૃદુ દિલવાળા સંતોના મુખમાંથી આશીર્વાદ અવતરે છે. પરંતુ ભગવાનને તો આશીર્વાદો કેમ હોઇ શકે? ભગવાનના તો ગુણાનુવાદ હોય તો પણ વિપ્રો આશીષ આપે છે. તે સત્ય આશીર્વાદો હતા. **नानुरूपानुरूपाः**-ઘટતા, અઘટતા એમ આશીર્વાદના પ્રકાર કહ્યા તે પણ સંગત છે. નિર્ગુણ બ્રહ્મને કોઈ આશીર્વાદ ન સંભવે, માટે કહ્યું, **अनुरूपाः** ઘટતા આશીર્વાદ આપ્યા. ભગવાન ગૃહસ્થાશ્રમના ધર્મમાં છે, એટલે આશીર્વાદ દાન સુસંગત છે. એમાં ભગવાનનું ઐશ્વર્ય ક્ષીણ થતું નથી; પરંતુ સન્માર્ગ સંરક્ષણ પૂરવાર થાય છે. ભગવાને શ્રીમુખથી કહ્યું છે કે **विप्रप्रसादाद् धरणीधरोहं विप्रप्रसादात् कमलाकरोहम् ॥**. ૧૯.

अन्योऽन्यमासीत्संजल्प उत्तमश्लोकचेतसाम् ।
कौरवेन्द्रपुरस्त्रीणां सर्वश्रुतिमनोहरः ॥ २० ॥

અન્વયાર્થ—**उत्तम-श्लोक-चेतसाम्**-ઉત્તમ યશસ્વી શ્રીકૃષ્ણમાં ચિત્તવાળાં, **कौरव-इन्द्र-पुर स्त्रीणाम्**-હસ્તિનાપુરની સ્ત્રીઓનો, **अन्योऽन्यम्**-પરસ્પર એક બીજાને પ્રત્યે, **सर्व-श्रुति-मनोहरः**-સર્વના કર્ણોને પ્રિય લાગતો, **संजल्प**-વાર્તાલાપ, **आसीत्**-શરૂ થયો. ૨૦

અનુવાદ—ઉત્તમ કીર્તિ ધરાવનાર ભગવાન શ્રીકૃષ્ણમાં આસક્ત ચિત્તવાળી હસ્તિનાપુરની સ્ત્રીઓનો સર્વના કર્ણને પ્રિય લાગે તેવો પરસ્પરનો વાણી વિલાસ શરૂ થયો. ૨૦.

તત્ત્વસુધા—શ્રીકૃષ્ણપ્રભુ વિદાય લઈ રહ્યા છે. તેમના દર્શનથી અને ગુણ ચિંતનથી કુરુનારીવૃંદ ભક્તિવશ બન્યું છે. પરસ્પર સ્નેહાતિરેકમાં આવી એક સાથેજ ગુણો ગાવા લાગ્યાં છે. કથાની માફક શ્રોતૃવૃંદ એકાગ્ર બની સાંભળે, વક્તા ગુણાનુવાદ કરે, એવું નથી થયું. પરંતુ આ વાર્તાલાપ જલ્પ ન હતો, સંજલ્પ હતો. પોતાના પક્ષનું સ્થાપન અને વિપક્ષનું ખંડન એને જલ્પ કહેવાય છે. આ સ્થાનમાં તો સર્વનો શ્રીકૃષ્ણ ગુણાનુવાદ એક જ પક્ષ હતો. **सर्वश्रुतिमनोहरः**-સર્વના કર્ણને અમૃત સમાન મધુર લાગતો હતો. એથી વિશેષ તો સર્વશ્રુતિઓ એ વાર્તાલાપને સાંભળવા દેહ ધારણ કરી આવી હતી અને સાંભળતી હતી. ૨૦.

स्त्रिय ऊचुः-स वै किलाऽयं पुरुषः पुरातनो य एक आसीदविशेष आत्मनि ।
अग्रे गुणेभ्यो जगदात्मनीश्वरे निमीलितात्मन्निशि सुप्तशक्तिषु ॥ २१ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—**યઃ**-જે, **પક્વઃ**-એક, **ગુણેભ્યઃ**-ગુણોથી, **અગ્રે**-પહેલાં, **નિમીલિત-આત્મન્**-જ્યાં સર્વ આત્માઓ લીન બનીને રહેલા છે એવી **નિશિ**-પ્રલયની રાત્રીમાં, **સુપ્ત-શક્તિષુ**-સમસ્ત શક્તિઓ સૂતેલી હતી, ત્યારે **અવિશેષે**-પ્રપંચ રહિત, **જગદાત્મનિ**-જગતના આત્મારૂપ, **ઈશ્વરે**-ઐશ્વર્ય સંપન્ન **આત્મનિ**-આત્મામાં, **વૈ**-ખરેખર, **આસીત્**-રહેલા હતા. **સઃ**-તે, **કિલ**-નિશ્ચય, **અયમ્**-આ, **પુરાતનઃ**-પુરાતન, **પુરુષઃ**-પુરુષ છે. ૨૧.

અનુવાદ—હસ્તિનાપુરની સ્ત્રીઓ કહેવા લાગી કે જ્યારે પ્રલયમાં દરેક શક્તિઓ સૂતેલી હોય છે, ત્યારે જગત માત્રના આત્મારૂપ ભગવાનમાં જીવાત્માઓ લીન થાય છે. તે સમયે દરેક ગુણોથી પણ આગળ પોતાના સ્વરૂપમાં જે એકલા રહે છે, તે જ આ પુરાણ પુરુષ નિશ્ચયપણે શ્રીકૃષ્ણ છે. ૨૧.

તત્ત્વસુધા-હસ્તિનાપુરનું સ્ત્રી વૃન્દ ૧૦ શ્લોકથી પ્રભુની સ્તુતિ કરે છે. વિદાય વખતે પ્રણામના પાત્રમાં પ્રાણોના પ્રતિક સમા ૧૦ શ્લોકો સ્તુતિમાં મૂકે છે. શબ્દ પ્રાણમાંથી પ્રકટ થાય છે. હૃદયના ભાવોમાંથી ઉદ્ભવેલો શબ્દ સમુદાય સ્તુતિ બન્યો છે.

તત્ત્વ નિર્ણયમાં અને હિત વસ્તુના નિશ્ચયમાં શ્રુતિનું વચન પ્રમાણ માન્યું છે. એ કારણથી '**આત્મૈવેદમ-ગ્રમાસીત્પુરુષવિધઃ**' શ્રુતિના આ વાક્યનો આધાર લઈ સ્ત્રી વૃન્દ પોતાના કાવ્યમાં વેદ કાવ્યને ગાય છે કે વિશ્વના પ્રારંભમાં જે એક તત્ત્વ છે, જેની પુરુષ સંજ્ઞા છે, જે ભગવાન છે, અને સનાતન છે, તે જ આ શ્રી કૃષ્ણ છે.

સત્, ચિત્, આનંદ એ ત્રણે મળી એકજ વસ્તુ છે. શ્રી કૃષ્ણ સચ્ચિદાનન્દ છે. શ્રુતિ તેને **સદેવ સૌમ્યેદમગ્ર આસીત્** વગેરે વચનોથી સમજાવે છે.

કદાચ એક એવો વિચાર આવે કે '**અગ્રે**' આગળ કેવલ '**સત્**' એકજ તત્ત્વ હતું. **નાસદાસીન્નો સદાસીત્તદાનીમ્**. તે સમયે સદ્ અસદ્ કંઇ ન હતું; કેવલ એકજ બ્રહ્મ તત્ત્વ હતું; આ વાક્યોમાં **અગ્રે** અને **તદાનીં** શબ્દોથી 'કાળ' નું તો અસ્તિત્વ ખરું ને? ત્યાં સમાધાન પણ કર્યું છે કે કેવલ એકજ તત્ત્વમાં ક્રમશઃ આ સર્વ સામગ્રી પ્રાદુર્ભાવ પામે છે ત્યાં કાલનું પણ અસ્તિત્વ ક્યાંથી? ત્યારે કાલનો પણ ઉલ્લેખ કેવલ વ્યવહારૂ રીતે નિરૂપણ કરવા પૂરતો છે. વાસ્તવિક તો એક જ પદાર્થ ઇશ્વર છે. **નિમીલિતાત્મન્** પદમાં સપ્તમી વિભક્તિનો લોપ કરેલો છે. ૨૧

स एव भूयो निजवीर्यचोदितां स्वजीवमायां प्रकृतिं सिसृक्षतीम् ।
अनामरूपात्मनि रूपनामनी विधित्समानोऽनुससार शास्त्रकृत् ॥ २२ ॥

અન્વયાર્થ—**શાસ્ત્રકૃત્**-શાસ્ત્રના કર્તા, **સઃ એવ**-તે જ, **અનામ-રૂપ-આત્મનિ**- નામ રૂપ રહિત આત્મામાં, **રૂપનામની**-નામ અને રૂપને, **વિધિત્સમાનઃ**-રચવાને ઇચ્છતા, **ભૂયઃ**-ફરીથી, **નિજ-વીર્ય-ચોદિતામ્**-પોતાના સામર્થ્યથી પ્રેરેલી, એવી **સ્વજીવ-માયામ્**-પોતાના જીવોને મોહ કરનારી માયાને, **સિસૃક્ષતીમ્**-સર્જન કરવાને ઇચ્છતી, એવી **પ્રકૃતિમ્**-પ્રકૃતિને, **અનુસસાર**-અનુસરતા હતા. ૨૨.

અનુવાદ—વેદ શાસ્ત્રોના રચનાર આ શ્રીકૃષ્ણ ભગવાન, નામ અને રૂપ વિનાના પોતાના સ્વરૂપમાં નામ અને રૂપને રચવાની ઇચ્છાવાળા થયા, ત્યારે પોતાના વીર્યથી પ્રેરણા કરાયેલી, પોતાના અંગભૂત જીવોને મોહ કરનારી અને સૃષ્ટિને રચવાની ઇચ્છાવાળી એવી માયાને ફરીથી અનુસર્યા. ૨૨.

તત્ત્વસુધા—આ શ્લોકમાં માયાનું નિરૂપણ કર્યું છે. માયા ભગવાનની શક્તિ છે. તે બે પ્રકારની છે. એક જગત્ કરી માયા છે, બીજી જીવમોહ કરી માયા છે, જેનું નામ 'જીવમાયા' છે. ભગવાનના વીર્યનું નામ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કાળ છે. કાળદ્વારા માયાને પ્રેરીને પ્રકૃતિને કાર્યમાં યોજે છે. યોજાયેલી પ્રકૃતિ નામ-રૂપમય જગતને પ્રકટ કરીને મૂકે છે. જીવ તેમાં પોતાના પુરુષાર્થને સિદ્ધ કરી શકે છે. ૨૨.

स वा अयं यत्पदमत्र सूरयो जितेन्द्रिया निर्जितमातरिश्वनः ।
पश्यन्ति भक्त्युत्कलितामलात्मना नन्वेष सत्त्वं परिमार्ष्टुमर्हति ॥ २३ ॥

અન્વયાર્થ—**सः**-તે, **वा**-અથવા, **अयम्**-આ, **अत्र**-અહિં, **जितेन्द्रियाः**-જીતેન્દ્રિય તેમજ, **निर्जित-मातरिश्वनः**-પ્રાણવાયુના વિજેતા, **सूरयः**-જ્ઞાનીઓ, **भक्ति-उत्कलित-अमल-आत्मना**-ભક્તિથી પ્રફુલ્લિત અને નિર્મળ અન્તઃકરણથી, **यत्पदम्**-જેના ચરણને, **पश्यन्ति**-જુવે છે, **ननु**-ખરેખર, **एषः**-તે આ, **सत्त्वम्**-બુદ્ધિને, **परिमार्ष्टुम्**-શુદ્ધ કરવાને માટે, **अर्हति**-યોગ્ય છે. ૨૩.

અનુવાદ-જેના ચરણ કમળને જિતેન્દ્રિય તેમજ પ્રાણવાયુના વિજેતા યોગીઓ અને જ્ઞાની પુરુષો ભક્તિ ભાવથી ઉભરાતા શુદ્ધ અન્તઃકરણ વડે જોઈ શકે છે, ખરેખર તે જ આ શ્રીકૃષ્ણ છે, જે તત્ત્વમસ્યાદિ મહા વાક્યોથી ગવાય છે તે ભગવાન બુદ્ધિને શુદ્ધ કરવાને સમર્થ છે. ૨૩

તત્ત્વસુધા—શ્લોક ૨૧ અને ૨૨ માં સૃષ્ટિનું પ્રતિપાદન કર્યું. હવે આ શ્લોકમાં ઈશ્વર દર્શનના સાધનનો વિચાર કરે છે. **सूरयः** અને **जितेन्द्रियाः** એ બે પદોથી જ્ઞાનીઓ અને યોગીઓને આત્મ સાક્ષાત્કાર કરનારા વર્ણવ્યા છે. પરંતુ બન્નેને હરિદર્શનમાં કોમલ, નિર્મળ, પ્રફુલ્લ હૃદય બનવામાં 'આર્દ્રભાવ' ની આવશ્યકતા રહેવાની, જે ભાવ ભક્તિના અવલંબનથી જ સિદ્ધ થવાનો. એ વાત લક્ષમાં રાખીને **भक्त्युत्कलितामलात्मना** વાક્યને સાધન તરીકે દર્શાવ્યું છે. આ વાક્યમાં ભક્તિ, ઉત્કલિત, અમલ અને આત્મા એવા ચાર શબ્દો છે. આ સ્થાને 'આત્મા' શબ્દ બુદ્ધિના અર્થમાં લીધો છે. ભક્તિ બે કાર્ય કરે છે—(૧) હૃદયની ઉત્કંઠા અને (૨) નિર્મલતા. ભક્તિ એ તો પ્રેમનો પ્રવાહ છે. પ્રેમ, આસક્તિ અને વ્યસન એવી ત્રણ પ્રેમની ભૂમિકાઓ છે. મિલનના પ્રથમ ક્ષણે રૂપ, ગુણ દર્શનથી પ્રેમ પ્રકટે છે. પછી પુનઃ પુનઃ મિલનની ઉત્કંઠા થાય છે. એ ઉત્કંઠાને જ 'उत्कलित' પદથી જણાવેલ છે. જ્યારે દર્શન, મિલન, વાર્તાલાપ વગેરેનો એકવાર આનંદ અનુભવાય, પછી તે ન મળે ત્યારે જીવ બળે અને પુનઃ પુનઃ ઉત્કંઠા થાય ત્યારે અખંડ સ્મરણ અને એકાગ્રતાથી બુદ્ધિ અમલ બને છે. પછી તેમાં હરિદર્શન થાય છે.

निर्जितमातरिश्वन :-જિતેન્દ્રિય પદનું વિશેષણ છે. એ બહુવચને આવવું જોઇએ. તેથી **मातरिश्वान** :-એવું દીર્ઘ થવું જોઇએ, છતાં હ્રસ્વ લખ્યું છે, તે 'આર્ષ' છે. એવું સમાધાન તો છે. પરંતુ **मातरिश्वन** : ની આ સ્થાને પંચમી વિભક્તિ છે. 'જિતેલા પ્રાણ વાયુથી' યોગીઓ હરિદર્શન કરે છે. એવો અર્થ લીધો છે. ૨૩.

स वा अयं सख्यनुगीतसत्कथो वेदेषु गुह्येषु च गुह्यवादिभिः ।
य एक ईशो जगदात्मलीलया सृजत्यवत्यत्ति न तत्र सज्जते ॥ २४ ॥

અન્વયાર્થ—**सखि**-હે સખી, **वा**-અથવા, **यः**-જે, **गुह्यवादिभिः**—રહસ્ય જાણનારાઓએ, **वेदेषु**-વેદોમાં, **च**-અને, **गुह्येषु**-વેદાન્તોમાં, **अनुगीत-सत्कथः**-જેની કથાઓ ગવાએલ છે, એવા **एकः**-એકલા, **ईशः**-સર્વ સમર્થ, **आत्म-लीलया**-પોતાની લીલા વડે, **जगत्**-જગતને **सृजति**-સર્જે છે, **अवति**-રક્ષે છે, **अत्ति**-સમેટે છે, છતાં **तत्र**-તેમાં, **न सज्जते**-આસક્ત થતા નથી. ૨૪

અનુવાદ—વળી હે સખી, ગુપ્ત જ્ઞાન ધરાવનારા વિદ્વાનો વેદોમાં તેમજ ઉપનિષદોમાં જેમની સત્કથાઓનાં મધુર ગીત ગાયા કરે છે, તે જ આ એક સર્વસમર્થ ઈશ્વર છે, કે જે પોતાની લીલાથી આ જગતને સર્જે છે, પોષે છે અને સમેટે છે, છતાં તેમાં આસક્ત થતા નથી. ૨૪.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્ત્વસુધા—આ ચોથા શ્લોકમાં ઈશ્વરનું ઐશ્વર્ય દર્શાવે છે. શ્રુતિ, કવિ, રવિ, એ પરં તત્ત્વના સ્તુતિ પાઠકો છે. એની અલૌકિક રચનાની, શક્તિની, અને ગુણોની મહત્તા નિત્ય ગાયાં કરે છે. તે સાંભળે છે તો પણ તેથી તે તદ્દન નિરાળો રહે છે. એ જ તેનું ઐશ્વર્ય છે. અન્યથા કોઈ ભાગ્યે વ્યક્તિ મળે કે પોતાના ઐશ્વર્ય, ચાતુર્ય, સૌન્દર્યાદિનો જેને 'અહં' ન ગળતો હોય. 'અહં' ન ગળે તે ઈશ્વર કે ઈશ્વરનો કૃપા પાત્ર. ૨૪.

यदा ह्यधर्मेण तमोधियो नृपा जीवन्ति तत्रैष हि सत्वतः किल ।
धत्ते भगं सत्यमृतं दयां यशो भवाय रूपाणि दधद्युगे युगे ॥ २५ ॥

અન્વયાર્થ—**યદા**-જ્યારે, **હિ**-ખરેખર, **તમો**-ધિયઃ-તમોગુણવાળી બુદ્ધિવાળા, **નૃપાઃ**-રાજાઓ, **અધર્મેણ**-અધર્મથી, **જીવન્તિ**-જીવે છે, **તત્ર**-ત્યાં, **એષઃ**-આ શ્રીકૃષ્ણ, **ભવાય**-કલ્યાણ માટે, **સત્વતઃ**-સત્વગુણથી **યુગે યુગે**-પ્રત્યેક યુગમાં, **રૂપાણિ**-રૂપોને, **દધત્**-ધારણ કરતા, **કિલ**-નિશ્ચય. **ભગમ્**-ઐશ્વર્યને, **સત્યમ્**-સત્યને, **ઋતમ્**-સત્ય આચરણને **દયામ્**-દયાને, **યશઃ**-કીર્તિને **ધત્તે**-ધારણ કરે છે. ૨૫

અનુવાદ-જ્યારે અજ્ઞાની રાજાઓ અધર્મથી જીવન જીવે છે ત્યારે આ શ્રીકૃષ્ણ ભગવાન જગતના કલ્યાણ માટે સત્વગુણનો આશ્રય કરીને યુગે યુગે વિવિધ રૂપોને ધારણ કરતા, ખરેખર ઐશ્વર્ય, સત્ય, સત્યાચરણ, દયા અને યશને ધારણ કરે છે. ૨૫

તત્ત્વસુધા—આ પાંચમા શ્લોકમાં પ્રભુના પૃથ્વી ઉપર પધારવાના ઉદ્દેશને વર્ણવે છે. પૃથ્વીમાં સત્વ ગુણની સહાય માટે ઈશ્વરના અવતારો છે. વરાહ, મત્સ્ય પૃથ્વીનો ઉદ્ધાર કરવાનું કર્મ કરે છે. તેથી તે 'દયા-ધર્માવતાર' છે. કપિલ ભગવાન અણિમાદિ ઐશ્વર્ય દાતા છે. માટે 'ભગાવતાર' છે. કલ્કિ કલિ, અસત્ય વગેરેનો નાશ કરશે, તેથી'સત્યાવતાર' છે. વ્યાસાદિ જ્ઞાન પ્રવર્તક છે, માટે 'ઋતાવતાર' છે. શ્રીરઘુનાથજી, યદુનાથજી સર્વ ગુણોના અવતાર છે, તો પણ જગત એમનું નિત્ય યશ ગાય છે. તેથી 'યશોવતાર' છે. માટે આ શ્લોકમાં ભગ, સત્ય, ઋત, દયા, યશ પાંચ પદોથી ઉલ્લેખ કર્યો છે. ઋત શબ્દ નો અર્થ પુણ્ય થાય છે. પુણ્ય કર્મનો દૂર દૂરથી સુવાસ આવે છે. શ્રી ઋષભ દેવમાંથી સુવાસ આવતો હતો. ૨૫.

अहो अलं श्लाघ्यतमं यदोःकुलं अहो अलं पुण्यतमं मधोर्वनम् ।
यदेष पुंसामृषभः श्रियः पतिः स्वजन्मना चङ्क्रमणेन चाञ्चति ॥ २६ ॥

અન્વયાર્થ—**અહો**-અહો, **યદોઃ**-યદુરાજાનું, **કુલમ્**-કુળ, **અલમ્**-અતિશય, **શ્લાઘ્યતમમ્**-પ્રશંસાને પાત્ર છે, **અહો**-અહો, **મધોઃ**-વનમ્-મધુવન, **અલમ્**-અત્યંત, **પુણ્યતમમ્**-અતિશય પુણ્યકારક છે. **યત્**-કારણકે, **પુંસામ્**-પુરુષોમાં, **ઋષભઃ**-શ્રેષ્ઠ, **શ્રિયઃ**-લક્ષ્મીના, **પતિઃ**-પતિ, **એષઃ**-આ શ્રીકૃષ્ણ, **સ્વજન્મના**-પોતાના જન્મથી, **ચ**-અને, **ચઙ્ક્રમણેન**-સંચરણ કરવાથી, **અઞ્ચતિ**-પાવન કરે છે. ૨૬.

અનુવાદ-અહો! યાદવોનું કુળ પ્રશંસાને યોગ્ય છે. અહો! મધુવન અત્યંત પવિત્ર થયું. કારણ કે પુરુષોમાં શ્રેષ્ઠ એવા આ શ્રીપતિ ભગવાન શ્રીકૃષ્ણ સ્વજન્મથી યદુકુળને તેમજ વન વિચરણથી મધુવનને પવિત્ર કરે છે. ૨૬

તત્ત્વસુધા—આ છઠ્ઠા શ્લોકમાં, પ્રભુ જ્યાં અવતરે છે અને બિરાજે છે, તે સ્થાન તીર્થ બને છે અને સર્વવંદ્ય બને છે, એ વાત વર્ણવે છે. ભગવાને જન્મ લઈને યદુકુલને શ્લાઘ્યતમ બનાવ્યું. યદુરાજાને પિતાનો શાપ હતો. તે કુલમાં પ્રકટી યદુવંશની કીર્તિ વધારી. મધુદૈત્યના સંબંધથી મધુવન સર્વજન વર્જ્ય બન્યું હતું. ત્યાં પ્રભુએ બિરાજી અને વિહાર કરી પુણ્યતમ તીર્થધામ બનાવ્યું. પ્રભુ અને પુણ્ય જન જ્યાં અવતરે, વિચરે અને વસે તે સ્થાન જગત કલ્યાણકારી તીર્થધામ થઈ જશે. ૨૬.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

अहो बत स्वर्यशसस्तिरस्करी कुशस्थली पुण्ययशस्करी भुवः ।
पश्यन्ति नित्यं यदनुग्रहेषितं स्मितावलोकं स्वपतिं स्म यत्प्रजाः ॥ २७ ॥

અન્વયાર્થ—**અહો**-અહો, **બત**-ખરેખર, **સ્વર્યશસઃ**-સ્વર્ગની કીર્તિને, **તિરસ્કરી**-સામાન્ય બનાવનારી અને **ભુવઃ**-પૃથ્વીની, **પુણ્ય યશસ્કરી**--પુણ્ય યશને વધારનારી, **કુશસ્થલી**-દ્વારકા છે, કારણ કે **યત્પ્રજાઃ**-જે દ્વારકાની પ્રજાઓ, **યદ્-અનુગ્રહ-ઈષિતમ્**-જે અનુગ્રહ કરવાને ઇચ્છતા, **સ્મિત-અવલોકમ્**-સ્મિત પૂર્વક અવલોકન કરનારા એવા **સ્વપતિમ્**-પોતાના સ્વામીને, **નિત્યમ્**-નિત્ય, **પશ્યન્તિસ્મ**-નિરખે છે. ૨૭.

અનુવાદ—**અહો! ખરેખર અતિ આશ્ચર્ય છે કે દ્વારકા સ્વર્ગના યશનો તિરસ્કાર કરી રહી છે, અને ભૂમિના પવિત્ર યશને વધારી રહી છે, કેમકે જે દ્વારકાની પ્રજાઓ પોતાના ઉપર અનુગ્રહ કરવાને ઇચ્છતા, પ્રસન્ન મુખવાળા, પોતાના નાથ, શ્રીકૃષ્ણ ભગવાનને નિત્ય નિરખે છે. ૨૭.**

તત્ત્વસુધા—આ સાતમા શ્લોકમાં દ્વારકાની ઉજ્જવલ કીર્તિ ગાય છે. ભગવાન મથુરા, દ્વારકા, શ્રીરંગધામ, પુલહાશ્રમ અને શ્રી વૃન્દાવન-આ પાંચ ધામોમાં-નિત્ય વસે છે, એનો ઉલ્લેખ તે તે પ્રસંગોમાં છે. દ્વારકામાં નિત્ય નિવાસ છે એના ઉલ્લેખ માટે આ શ્લોક છે.

દ્વારકા કુશસ્થલી હતી. કુશ નામના દૈત્યથી એ ભૂમિના લોકોને ત્રાસ હતો. ઉષર ભૂમિ હોવાથી અન્ન, ફળ, શાકનો અભાવ હતો. રેતી હોવાથી જલ અને વસવાટની મુશ્કેલી હતી. શ્રીકૃષ્ણ ભગવાને દિવ્ય જ્ઞાન અને વિજ્ઞાનથી તે ભૂમિ સ્વર્ગથી વધુ રળિયામણી અને ફલદ્રુપ બનાવી છે; તેમ જ બળથી કુશ દૈત્યનો નાશ કર્યો છે, અથવા ચારે બાજુથી કુશનાં ઝુંબડાં દૂર કરી નાખ્યાં છે.

દ્વારકા અને સ્વર્ગની તુલનામાં સ્વર્ગથી દ્વારકા શ્રેષ્ઠ છે. સ્વર્ગમાં દેવતાઓ વસે છે, દ્વારકામાં દેવાધિદેવ વસે છે. સ્વર્ગમાં અપ્સરાઓ છે, દ્વારકામાં લક્ષ્મીજી છે. સ્વર્ગમાં પુણ્યભોગ અને ક્ષય છે, દ્વારકામાં પ્રેમયોગ અને મોક્ષાનંદ છે. સુધર્મા સભા અને પારિજાતક તરૂ દ્વારકામાં છે, સ્વર્ગમાં નથી. ૨૭.

नूनं व्रतस्नान हुतादिनेश्वरः समर्चितो ह्यस्य गृहीतपाणिभिः ।
पिबन्ति याः सख्यधरामृतं मुहुर्व्रजस्त्रियः संमुमुहु र्यदाशयाः ॥ २८ ॥

અન્વયાર્થ—**સખિ**-હે સખી, **નૂનમ્**-ખરેખર, **અસ્ય**-આ શ્રીકૃષ્ણની, **ગૃહિત-પાણિભિઃ**-પાણી ગ્રહણ કરેલી પત્નીઓએ, **વ્રત-સ્નાન-હુતાદિના**-વ્રત, તીર્થસ્નાન, હોમ વગેરેથી, **ઈશ્વરઃ**-ઈશ્વર, **સમર્ચિતઃ**-પૂજેલા છે, **હિ**-કારણ કે, **યાઃ**-જે સ્ત્રીઓ. **અધરામૃતમ્**-જેમના અધરામૃતને, **મુહુઃ**-વારંવાર, **પિબન્તિ**-પાન કરે છે, **યદાશયાઃ**-જે અધરામૃતની અભિલાષુક, **વ્રજસ્ત્રિયઃ**-વ્રજ વનિતાઓ, **સંમુમુહુઃ**-મોહ પામતી હતી. ૨૮.

અનુવાદ—**હે સખી, જે સ્ત્રીઓએ આ શ્રીકૃષ્ણનું પાણિ ગ્રહણ કર્યું છે, તેમણે પૂર્વજન્મમાં વ્રત, સ્નાન, હોમ વગેરેથી આ પરમેશ્વરની અવશ્ય આરાધના કરી હશે. કારણ કે એ સ્ત્રીઓ નિત્ય, નિરંતર શ્રીકૃષ્ણના અધરામૃતનું પાન કરે છે, કે જે અધરામૃતની અભિલાષા સેવતી વ્રજવનિતાઓ અત્યંત મોહ પામી હતી. ૨૮.**

તત્ત્વસુધા—આ આઠમા શ્લોકથી ત્રણ શ્લોકમાં ભગવાનની કુટુંબિનીઓનું ગૌરવ ગવાય છે. ભગવાનની પ્રાપ્તિ વ્રત, જપ, તપ, દાન અનુષ્ઠાનથી અને સેવા ભક્તિ પ્રણયથી એવા બે પ્રકારે થાય છે. જગતના કોઇ વિશેષ્ટે હાથ પકડ્યો હોય તેનો આનંદ જો અવર્ણ્ય હોય છે તો પછી ભગવાન હાથ પકડે તેના ભાગ્યને ભાષામાં કેમ મુકાય? ૨૮.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

या वीर्यशुल्केन हृताः स्वयंवरे प्रमथ्य चैद्यप्रमुखान्हि शुष्मिणः ।
प्रद्युम्नसाम्बाऽम्बसुतादयोऽपरा याश्चाऽऽहृता भौमवधे सहस्रशः ॥ २९ ॥
एताः परं स्त्रीत्वमपास्तपेशलं निरस्तशौचं बत साधु कुर्वते ।
यासां गृहात्पुष्करलोचनः पतिर्न जात्वपैत्याहृतिभिर्हृदि स्पृशन् ॥ ३० ॥

અન્વયાર્થ—**હિ**-ખરેખર, **શુષ્મિણઃ**-બલિષ્ઠ એવા, **ચૈદ્યપ્રમુખાન્**-શિશુપાળ વગેરેને **પ્રમથ્ય**-કચડી નાખીને, **યાઃ**-જે સ્ત્રીઓને,, **વીર્યશુલ્કેન**-પરાક્રમ રૂપી ધનથી, **સ્વયંવરે**-સ્વયંવરમાં, **હૃતાઃ**-હરણ કરેલી, **પ્રદ્યુમ્ન-સામ્બ-અમ્બસુતાદયઃ**-પ્રદ્યુમ્ન, સામ્બ તથા અમ્બ જેમના પુત્રો છે એવી રુક્મિણી, જાંબવતી નાગ્નજીતી, **ચ**-અને, **અપરાઃ**-બીજી. **યાઃ**-જે, **ભૌમવધે**-ભૌમાસુરનો વધ કર્યો ત્યારે, **આહૃતાઃ**-હરણ કરીને લાવેલી, **સહસ્રશઃ**-હજારો સ્ત્રીઓ, **એતાઃ**-એ બધી, **બત**-ખરેખર, **અપાસ્ત-પેશલમ્**-સ્વાતન્ત્ર્ય રહિત, **નિરસ્ત-શૌચમ્**-પવિત્રતા વિનાના, **સ્ત્રીત્વમ્**-સ્ત્રીપણાને, **પરમ્**-શ્રેષ્ઠ, **સાધુ**-સુંદર, **કુર્વતે**-કરે છે, **યાસામ્**-જે સ્ત્રીઓના, **ગૃહાત્**-ઘરમાંથી, **આહૃતિભિઃ**-પ્રિય ભાષણોથી, **હૃદિ**-હૃદયમાં, **સ્પૃશન્**-સ્પર્શ કરનાર, **કમલલોચનઃ**-કમળ નયન, **પતિઃ**-શ્રીકૃષ્ણ, **જાતુ**-કદાપિ, **ન અપૈતિ**-દૂર જતા નથી. ૨૯; ૩૦.

અનુવાદ—સ્વયંવરમાં રુક્મિણીની કામનાવાળા બલિષ્ઠ શિશુપાળ વગેરે રાજાઓને હરાવીને પરાક્રમરૂપી મૂલ્યથી હરણ કરી આણેલ, પ્રદ્યુમ્ન-સામ્બ-અમ્બની માતાઓ રુક્મિણી-જાંબવતી-નાગ્નજીતી વગેરે, તેમજ ભૌમાસુરનો વધ કરીને હરેલી બીજી હજારો સ્ત્રીઓ છે. તેઓ સ્વાતંત્ર્ય અને પવિત્રતા વિનાના સ્ત્રીપણાને પણ અત્યંત કૃતાર્થ કરે છે; કારણકે જેઓના ઘરમાંથી કમળનયન-શ્રીકૃષ્ણ-પતિદેવ કદી બહાર જતા નથી અને પ્રિય વાર્તાલાપથી અથવા કલ્પવૃક્ષ વગેરે પ્રિય વસ્તુઓથી તેઓના હૃદયને આનંદ આપ્યાં કરે છે. ૨૯; ૩૦.

તત્ત્વસુધા—આ નવમા અને દશમા શ્લોકમાં રુક્મિણી વગેરે પટ્ટરાણીઓના પુણ્યાતિશયને ગાય છે. આ સ્થાને ત્રણ પત્નીઓનો ઉલ્લેખ ખાસ કર્યો છે. રુક્મિણી, જાંબવતી અને નાગ્નજીતીને 'વીર્યશુલ્ક' થી લાવ્યા છે. પ્રાચીન કાલમાં કન્યાનું ગૌરવ અનોખું હતું. કોઈ પણ વિશિષ્ટ ગુણ શક્તિ 'શુલ્ક' તરીકે આપવાં પડતાં હતાં. ભગવાને ત્રણે સ્થાને તે પૂરાં પાડ્યાં છે. દાંપત્ય જીવનના પ્રત્યેક અંગોને એટલાજ આદરથી સંભાળવાં, જેટલાં જીવન ક્ષેત્રમાં, જગતક્ષેત્રમાં કર્તવ્ય ક્ષેત્ર અને ઉદ્યોગ ક્ષેત્રનાં અંગોને સંભાળવામાં આવે. એ વસ્તુને અનેકવિધ કાર્યરત ભગવાને પૂર્ણ સાચવી છે. ૨૯; ૩૦.

एवंविधा गदन्तीनां स गिरः पुरयोषिताम् ।
निरीक्षणेनाऽभिनन्दन् सस्मितेन ययौ हरिः ॥ ३१ ॥
अजातशत्रुः पृतनां गोपीथाय मधुद्विषः ।
परेभ्यः शङ्कितः स्नेहात्प्रायुंक्त चतुरङ्गिणीम् ॥ ३२ ॥

અન્વયાર્થ—**સઃ**-તે, **હરિઃ**-શ્રીકૃષ્ણ, **ગદન્તીનામ્**-બોલતી એવી, **પુરયોષિતામ્**-હસ્તિનાપુરની સ્ત્રીઓની, **એવં વિધાઃ**-આવા પ્રકારની, **ગિરઃ**-વાણીને, **સસ્મિતેન**-કંઈક હાસ્યપૂર્વક, **નિરીક્ષણેન**-જોવા વડે, **અભિનન્દન્**-અભિનન્દન અર્પતા, **યયૌ**-ચાલ્યા, **પરેભ્યઃ**-શત્રુઓથી, **શઙ્કિતઃ**-શંકાવાળા, **અજાતશત્રુઃ**-અજાત શત્રુ, **મધુદ્વિષઃ**-મધુસૂદન,-શ્રીકૃષ્ણના, **ગોપીથાય**-રક્ષણ કરવા માટે, **સ્નેહાત્**-સ્નેહથી, **ચતુરઙ્ગિણીમ્**-ચતુરંગિણી, **પૃતનામ્**-સેનાને, **પ્રાયુંક્ત**-મોકલતા હતા. ૩૧; ૩૨.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—એ પ્રમાણે કહેતી હસ્તિનાપુર નગરની સ્ત્રીઓની વાણીને, ભગવાન શ્રીકૃષ્ણ તેઓના તરફ સ્મિતપૂર્વક અવલોકનથી અભિનંદન આપતા પ્રયાણ કરતા હતા. ૩૧.

તે સમયે અજાતશત્રુ યુધિષ્ઠિરે શત્રુઓથી શંકિત થઈ, શ્રીકૃષ્ણનું રક્ષણ કરવા સ્નેહથી ચતુરંગિણી સેના સાથે મોકલી. ૩૨.

તત્ત્વસુધા—એવં વિધા—આ એકજ પ્રકારના વર્ગની ૧૦ શ્લોકથી સ્તુતિ વર્ણવી છે. આવા તો સ્તુતિના અનેક પ્રકારો હતા. ભગવાને તે દરેકની સ્તુતિ સાંભળી છે. વિદાય કાલે ભગવાને સ્મિત હાસ્ય પૂર્વક કહ્યું કે "તમે સત્ય વર્ણન કર્યું છે." પછી વિદાય લીધી. ૩૧.

સ્નેહ જેટલો સહિષ્ણુ છે, તેટલોજ સ્વજન માટે ચિંતાશીલ છે. યુધિષ્ઠિર અજાતશત્રુ છે; તેમને કોઈ શત્રુ ન હોય, તેમજ ભગવાન સર્વસમર્થ છે, તેમને કોઈ શત્રુનો ભય નથી. તેથી રક્ષણ માટે સૈન્યની આવશ્યકતા ન હોય, છતાં પણ ચતુરંગિણી સેના કેવલ સ્નેહાધીન બનીને જ મોકલી છે. ૩૨.

अथ दूरागतान् शौरिः कौरवान् विरहातुरान् ।
संनिवर्त्य दृढं स्निग्धान् प्रायात्स्वनगरीं प्रियैः ॥ ३३ ॥

અન્વયાર્થ—અથ-ત્યારબાદ, શૌરિઃ-શ્રીકૃષ્ણ, દૂરાગતાન્-દૂર સુધી આવેલા, વિરહાતુરાન્-વિયોગથી દુઃખી, અને દૃઢમ્-અતિશય, સ્નિગ્ધાન્-સ્નેહાળ, કૌરવાન્-કૌરવોને, સંનિવર્ત્ય-પાછા વાળીને, પ્રિયૈઃ-પ્રિય મિત્ર વર્ગ સાથે, સ્વનગરીમ્-પોતાની દ્વારકા નગરી તરફ, પ્રાયાત્-ગયા. ૩૩.

અનુવાદ—ત્યારબાદ શ્રીકૃષ્ણ, દૂર સુધી પાછળ આવતા, વિરહથી દુઃખી, અતિ સ્નેહાળ કૌરવોને પાછા વાળીને પ્રિયજન સાથે દ્વારકા તરફ ગયા. ૩૩.

તત્ત્વસુધા—અથ અવ્યયથી ૩૨ મો શ્લોક આરંભે છે. ભગવાનને વિદાય આપવા આવેલા પાંડવો ખૂબ જ દૂર દૂર સુધી આવ્યા; પાછા ન વળ્યા ત્યારે તેમને પાછા વાળતાં ભગવાનને શ્રમ પડ્યો, અશ્રુ આવ્યાં, શપથ દીધા અને રથમાંથી નીચે ઉતરી તેઓને રથમાં બેસાડી પાછા વાળ્યા. આટલો શ્રમવિધિ કરવો પડ્યો, તેથી શ્રીકૃષ્ણને શૌરિઃ કહ્યા. 'શૂર' નામના યાદવ પાંડવોના માતામહ થાય, ભગવાનના પિતામહ થાય. તે બન્નેના ગૌરવને ભગવાને 'શૌરિ' બની ધારણ કર્યું છે. ૩૩.

कुरुजाङ्गलपाञ्चालान् शूरसेनान् सयामुनान् ।
ब्रह्मावर्तं कुरुक्षेत्रं मत्स्यान्सारस्वतानथ ॥ ३४ ॥
मरुधन्वमतिक्रम्य सौवीराभीरयोः परान् ।
आनर्तान् भार्गवोपागाच्छ्रान्तवाहो मनाग्विभुः ॥ ३५ ॥

અન્વયાર્થ—કુરુ-જાઙ્ગલ-પાઞ્ચાલાન્-કુરુ, જાંગલ, પાંચાળ દેશોને, સયામુનાન્-યમુના તીરના પ્રદેશોને, શૂરસેનાન્-શૂરસેનના પ્રદેશોને, બ્રહ્માવર્તમ્-બ્રહ્માવર્તને, કુરુક્ષેત્રમ્-કુરુક્ષેત્રને, મત્સ્યાન્-મત્સ્ય દેશોને, અથ-અને, સારસ્વતાન્-સારસ્વત પ્રદેશોને, મરુધન્વમ્-મરુ અને ધન્વન દેશને, અતિક્રમ્ય-ઓળંગીને, સૌવીરાભીરયોઃ-સૌવીર અને આભીર દેશોથી, પરાન્-આગળ આવેલા, આનર્તાન્-આનર્ત દેશ-દ્વારકા-તરફ, ભાર્ગવ-હે શૌનક, મનાક્-સહેજ, શ્રાન્તવાહઃ-થાકેલા અશ્વવાળા, વિભુઃ-શ્રીકૃષ્ણ, ઉપાગાત્-પ્રાપ્ત થયા. ૩૪; ૩૫.

અનુવાદ—માર્ગમાં કુરુદેશ, જાંગલ દેશ, પાંચાલ દેશ, યમુના તીરના દેશો, શૂરસેન દેશ, બ્રહ્માવર્ત દેશ, કુરુક્ષેત્ર દેશ, મત્સ્ય દેશ, સરસ્વતી તટના દેશો, મરુદેશ તેમજ ધન્વ દેશોને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તથા સૌવીર-આભીર દેશને ઓળંગ્યા; અને બીજા પણ કેટલાય દેશોને ઓળંગી દ્વારકાની સમીપ આવેલા આનર્ત દેશોમાં આવી પહોંચ્યા. તે સમયે, હે શૌનક, ભગવાનના અશ્વો કંઈક શ્રમિત થયેલા હતા. ૩૪, ૩૫.

તત્ત્વસુધા—રસ્તામાં ભગવાનનું અનેક સ્થળે સ્વાગત થયું. કુરુ, જાંગલ દેશ એ હસ્તિનાપુરનો જ પ્રદેશ છે. પાંચાલ દેશ કંપિલા દેશના નામે પણ જાણીતો છે. શૂરસેન દેશને વટેશ્વર દેશ કહે છે. સરસ્વતી અને દૃષદ્વતીના વચલા ભાગને બ્રહ્માવર્ત કહ્યો છે. મત્સ્ય દેશ વિરાટ રાજાનો પ્રદેશ છે. સરસ્વતીના તીરના દેશને અંબિકાવન કહે છે. થોડા જલવાળો દેશ મારવાડ, તે મરુ દેશ છે. જળના અભાવવાળો દેશ તે ધન્વ દેશ છે. ભગવાન રસ્તાના દેશોને ઓળંગીને જાય છે તે નિરૂપણ કરતાં અધ અવ્યયનો ઉલ્લેખ કરે છે. તેથી રસ્તામાં રેતીવાળો પ્રદેશ આવ્યો છે એવું સૂચવે છે. સૌવીર એટલે સોરઠ અને આભીર કુંતીપુર દેશ છે. એકજ દિવસમાં આટલો મોટો રસ્તો કાપ્યો, તેથી લાગે છે કે શીઘ્ર ગતિવાળાં વાહન હશે. ૩૪, ૩૫:

तत्र तत्र ह तत्रत्यैर्हरिः प्रत्युद्यतार्हणः ।
सायं भेजे दिशं पश्चाद्बविष्ठो गां गतस्तदा ॥ ३६ ॥

અન્વયાર્થ—तत्र तत्र-તે તે ઠેકાણે, ह-ખરેખર, तत्रत्यैः-તે સ્થાન નિવાસીઓએ, प्रति-उद्यत-अर्हणः-સન્મુખ ભેટોથી સત્કાર પામતા, हरिः-શ્રીકૃષ્ણ, सायम्-સંધ્યાકાળે, पश्चात्-दिशं-પશ્ચિમ સમુદ્રના તીરે, भेजे-પધાર્યા, तदा-ત્યારે, गविष्ठः-સૂર્ય, गाम्-જળમાં, गतः-પ્રવેશ કરી ગયો હતો. ૩૬.

અનુવાદ—જે જે દેશોમાં થઈ ભગવાન પધાર્યા તે તે દેશોમાં વસતા લોકોએ સન્મુખ થઈ, ભેટ ધરીને ભગવાનનાં પૂજન કર્યાં. આમ સર્વથી પૂજાતા પ્રભુ સાયંકાળે પશ્ચિમ સમુદ્ર તીરે આવેલા દ્વારકા દેશ તરફ આવી પહોંચ્યા. ત્યારે સૂર્યાસ્ત થયો હતો. ૩૬.

તત્ત્વસુધા तत्र तत्र ह—આ શ્લોકથી પ્રકરણનો અને અધ્યાયનો ઉપસંહાર કરે છે. અનેક સ્થળોએ પૂર્વથી નિશ્ચિત કાર્યક્રમ પ્રમાણે ભગવાનનું સ્વાગત થયું છે. ગોરજ ધૂલિ લગ્નમાં ભગવાન પશ્ચિમસાગરને કિનારે આવ્યા. સૂર્ય પણ ભગવાનની પ્રતીક્ષામાં હતા. ભગવાન આવી પ્રથમ સાગરના કિનારે થાક ઉતારવા બિરાજ્યા. સૂર્ય, જલમાં બિંબ રૂપે વસી પૃથ્વીના રસચંદ્ર-શ્રીકૃષ્ણચંદ્રનાં સ્વાગત કર્યાં અને ભગવાને મંગલકારી શંખનાદ કરી સ્વજનોને આનંદ આપ્યો. ૩૬.

શ્રીમદ્ ભાગવતના પ્રથમ સ્કંધની તત્ત્વસુધા ટીકાનો દશમો અધ્યાય સંપૂર્ણ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અધ્યાય અગીઆરમો.

આ અધ્યાયમાં ૩૯ શ્લોકો છે. શ્રીકૃષ્ણ દ્વારકામાં પ્રવેશે છે. ભગવાન હસ્તિનાપુરના સ્વજન અને સુજનનું હિત સાધી દ્વારિકાના નિજ જનોને આનંદ દેવા પધાર્યા, ત્યારે નાગરિકો તેને ઉત્સવ મનાવે છે. ઉત્સવ ત્રણ પ્રકારે મનાવાય છે-(૧) પ્રવેશ સમયે, (૨) પ્રવેશ પછી અને (૩) આવી નિવાસ કરે ત્યારે. આમ ઉત્સવની પ્રથા પ્રચલિત છે. દ્વારિકામાં તેવો જ ઉત્સવ ઉજવાયેલ છે.

શંખ ઘોષ, વેદ ઘોષ, વાજિંત્ર ઘોષ, સ્નેહથી અવલોકન, સ્તુતિ પાઠ દૂરથી પણ મંગલનાં સૂચન છે. તે રીતે મંગલ પ્રદર્શિત કરી, સમીપ આવે ત્યારે મંગલ કલશ, ધ્વજા, પતાકા, તોરણ વગેરેથી મંગલ સત્કાર થાય છે. પ્રજાજનના હૃદય સિંહાસને રાજા વસેલ હોય છે, ત્યારે જ ઉત્સવ નૈસર્ગિક બની જાય છે શ્રીકૃષ્ણ આવા ઉત્સવને નીરખતા સૌથી પ્રથમ જળના કિલ્લાવાળી દ્વારિકાના મહાન પ્રધાન નગર આનર્તપુરમાં પધાર્યા બાદ શ્રી દ્વારિકામાં પ્રવેશ કરે છે, તેનું નિરૂપણ શરૂ થાય છે. શ્રી વિજય ધ્વજજીએ દશમ અને એકાદશને ૭૬ શ્લોકનો એકજ અધ્યાય માન્યો છે. તેમને મળેલા પાઠ પ્રમાણે પ્રથમ સ્કંધ વીસ અધ્યાયનો છે; તેમણે ૧૫ મા અધ્યાયના અને અને ૧૯ મા અધ્યાયના બે બે અધ્યાયો ગણી ૨૦ અધ્યાયો સ્વીકાર્યા છે.

सूत उवाच—आनर्तान् स उपव्रज्य स्वृद्धान् जनपदान्स्वकान् ।
दध्मौ दरवरं तेषां विषादं शमयन्निव ॥ १ ॥

અન્વયાર્થ—**સઃ**-શ્રીકૃષ્ણ, **સ્વૃદ્ધાન્**-સમૃદ્ધિશાળી, **સ્વકાન્**-પોતાના, **આનર્તાન્**-આનર્તનામના, **જનપદાન્**-દેશોને, **ઉપવ્રજ્ય**-પ્રાપ્ત કરીને, **તેષામ્**-તેઓના, **વિષાદમ્**-ખેદને, **શમયન્ ઇવ**-શમાવતા ન હોય, એમ **દરવરમ્**-શ્રેષ્ઠ શંખને, **દધ્મૌ**-વગાડતા હતા. ૧.

અનુવાદ—સમૃદ્ધિશાળી પોતાના આનર્ત દેશોની સમીપમાં આવીને તે પ્રદેશોના નિવાસીઓનો શોક દૂર કરતા હોયને શું ! તેમ ભગવાન કૃષ્ણે શ્રેષ્ઠ શંખનો નાદ કર્યો. ૧.

તત્ત્વસુધા—શ્રીકૃષ્ણ પ્રથમ આનર્તમાં આવ્યા બાદ દ્વારકામાં પધાર્યા. અતિ કોમલ હૃદયના કૃષ્ણને વિષાદમાં ડૂબેલાં સ્વજનનાં મુખ નથી નીરખવાં; માટે પાંચજન્ય શંખનો ઘોષ કર્યો. શંખનું નામ પાંચજન્ય તો છે જ; છતાં તેને દરવર કહ્યો છે. એના નાદમાં બે શક્તિઓ છે-(૧) દુશ્મનોના દિલને અને બળને તે ચીરે છે; અને (૨) વિયોગ ચીર્યા દિલને તે સાંધે છે. આનર્તાન્ આનર્ત એ એક જ મોટા નગરનું નામ છે, છતાં બહુવચન છે. તે તેનાં નાનાં નાનાં પરાંઓ છે તેને બતાવે છે. દ્વારકાની રચના કર્યા બાદ પ્રજાના સુખ માટે આનર્ત અને બીજાં ઉપનગરો વસાવ્યાં છે. ૧.

स उच्चकाशे धवलोदरो दरोऽप्युरुक्रमस्याऽधरशोणशोणिमा ।
दाध्मायमानः करकञ्जसंपुटे यथाऽब्जखण्डे कलहंस उत्स्वनः ॥ २ ॥

અન્વયાર્થ—**ધવલ-ઉદરઃ**-અંદરથી પણ શ્વેત વર્ણવાળો, **ઉરુક્રમસ્ય**-શ્રીકૃષ્ણના, **અધર-શોણ-શોણિમા** અધરોષ્ઠની લાલાશથી લાલ લાગતો, **કર-કઞ્જ-સંપુટે**-હસ્તકમળના સંપુટમાં **દાધ્માયમાનઃ**-ઉચ્ચ નાદે બજાવાતો, **સઃ**-તે, **દરઃ**-શંખ, **યથા**-જેમ, **અબ્જ-ખણ્ડે**-કમળની પાંદડીઓમાં, **ઉત્સ્વનઃ**-ઊંચેથી શબ્દ કરનાર, **કલહંસઃ ઇવ**-કલહંસના જેવા, **ઉચ્ચકાશે**-શોભવા લાગ્યો. ૨.

અનુવાદ—શ્રીકૃષ્ણના રક્તવર્ણા કરકમલના સંપુટમાં રહેલો અને અધરોષ્ઠની લાલિમાંથી લાલ લાગતો, અને ઉદરના મધ્યમાં શ્વેત વર્ણવાળો તે શંખ જ્યારે શ્રીકૃષ્ણે મોંથી વગાડ્યો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ત્યારે જાણે રાતી કમળ ઢગલીમાં બેસીને ઉંચે નાદે શબ્દ કરતા કલહંસના જેવો સુંદર શોભતો હતો. ૨.

તત્ત્વસુધા—આ શ્લોકને વ્યાસજી અનુવાદ રૂપે લખે છે. જ્યારે કોઇ નાગરિકે શંખનાદને સાંભળ્યો અને શ્રીકૃષ્ણના મુખકમલે બિરાજતો નિહાળ્યો, ત્યારે તેના ઉરમાં કાવ્યનું પુર આવ્યું અને આ કાવ્ય બનાવ્યું. શંખ વેદનું પ્રતીક છે. વેદમાં બે વિભાગ છે–કર્મ અને જ્ઞાન. શ્વેત ભાગ શંખની અંદર છે, તે જ્ઞાનનો સૂચક છે; અને મુખ કમલ સંયોગે લાલ ભાગ બન્યો છે, તે કર્મ–ભક્તિનું સૂચન કરે છે. શંખને કલહંસની ઉપમા આપીને જ્ઞાનનું સ્વરૂપ છે એમ પૂરવાર કર્યું છે 'अब्जखण्डे'–એટલે કમલના ઢગલામાં બેઠેલ કલહંસ જેવો, એવું નિરૂપણ સૂચવે છે કે ચારે કરકમલ એકઠા કરી શંખ ધારણ કરી નાદ કર્યો છે. ૨.

तमुपश्रुत्य निनदं जगद्भयभयावहम् ।
प्रत्युद्ययुः प्रजाः सर्वा भर्तृदर्शन लालसाः ॥ ३ ॥
तत्रोपनीतबलयो रवेर्दीपमिवाऽऽदृताः ।
आत्मारामं पूर्णकामं निजलाभेन नित्यदा ॥ ४ ॥
प्रीत्युत्फुल्लमुखाः प्रोचुर्हर्षगद्गदया गिरा ।
पितरं सर्वसुहृदमवितारमिवार्भकाः ॥ ५ ॥

અન્વયાર્થ—भर्तृदर्शन–लालसाः–સ્વામીના દર્શનની ઉત્કંઠિત, सर्वाः–બધી, प्रजाः–પ્રજાઓ, जगद्–भय–भयावहम्–જગતના ભયને પણ ભય ઉપજાવનાર, तम्–निनदम्–તે શંખ નાદને, उपश्रुत्य–સાંભળીને, प्रत्युद्ययुः–સામે આવી. ૩.

तत्र–ત્યાં, आदृताः–આદરવાળી, रवेः–સૂર્યને, दीपम् इव–દીપની જેમ, उपनीत–बलयः–ભેટોને ધરતી, नित्यदा–હરહમેશ, निजलाभेन–નિજ લાભથી, पूर्णकामम्–પૂર્ણકામ અને आत्मारामम्–આત્મારામને, प्रीति–उत्फुल्ल–मुखाः–પ્રેમથી પ્રફુલ્લિત મુખવાળા, अर्भकाः–બાળકો, पितरम्–इव–પિતાને જેમ, अवितारम्–રક્ષણ કરનારા, सर्वसुहृदम्–સર્વના સુહૃદ શ્રીકૃષ્ણને, हर्ष–गद्गदया–હર્ષથી ગદ્‌ગદ એવી गिरा–વાણીથી, प्रोचुः–કહેવા લાગી. ૪; ૫.

અનુવાદ—જગતના ભયને ભય કરનારા તે શંખનાદને સાંભળીને, સ્વામીના દર્શનની લાલસાવાળી સર્વ પ્રજા ભગવાનના સ્વાગતે સન્મુખ આવી પહોંચી. પોતાના આત્મલાભથી આત્મારામ અને પૂર્ણકામ એવા ભગવાન શ્રીકૃષ્ણને, સૂર્યને જેમ પૂજામાં દીપક અર્પે, તેમ સર્વ પ્રજા આદર પૂર્વક ભેટ આપવા લાગી; અને જેમ બાળકો પિતાને કહે તેમ દરેકના ઉપર સ્નેહ રાખનાર અને રક્ષા કરનાર ભગવાનને પ્રીતિથી પ્રફુલ્લિત મુખવાળી, હર્ષથી ગદ્‌ગદ વાણીથી સ્તુતિ કરવા લાગી. ૩, ૪, ૫.

તત્ત્વસુધા—આ ત્રણ શ્લોકમાં સ્વાગતનું નિરૂપણ છે. રાજા પ્રજાના અપૂર્વ સ્નેહનું આ ઉદાહરણ છે. ભક્તો અને સ્વજનો ભગવાન માટે અગર સ્નેહીજન માટે ઉમળકા ભર્યા સ્વાગતે આવે, પરંતુ પ્રજાજનો રાજા માટે આવે ત્યારે તે રાજા વહીવટ લોકપ્રિય હોવો જ જોઇએ. તો જ તેમ બને. શ્રીકૃષ્ણ આદર્શ રાજા તરીકે પણ સર્વપ્રિય હતા.

'ચિરકાલ વિદેશ વાસી સ્વજન આવે છે,' એવા સમાચારથી તે આવે ત્યારે ઠપકો દેવા તલપાપડ થયેલાં પ્રેમી જનનાં હૈયાં સ્નેહીજન આવતાં, એનો કર્ણપ્રિય શબ્દ સાંભળતાં જ વાયુથી વાદળાંની માફક વિખરાઈ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જાય છે. દ્વારિકાજનનાં ચિત્ત ચખદર્શન મિલને આતુર થયાં. વિવિધ ભેટો લઈને આવ્યાં. તે ભેટો રવેર્દીપમિવ-સૂર્ય સામે દીપક તુલ્ય હતી રહસ્ય એ હતું કે સૂર્યના અભાવમાં દીવાની ઓથે જીવન નભાવીએ છીએ. આથી અધિક દીનતા અમારી કેવી હશે? ગદ્‌ગદયા ગિરા-ગદ્‌ગદ કંઠ થતાં વાણી સ્પષ્ટ નથી નીકળતી. એ વાણી અસ્પષ્ટ છતાં હૃદય સ્પર્શી હોય છે. બાળકો જેમ વહાલથી માબાપને કહે, તેમ પ્રજાજનો પ્રભુના પ્રજાવાત્સલ્યથી હૃદ્‌ગત દશામાં સરલતાથી કહી રહ્યા છે. ૩; ૪; ૫.

નતાઃ સ્મ તે નાથ સદાઽઙ્ઘ્રિપઙ્કજં વિરિઞ્ચિ વૈરઞ્ચ્ય સુરેન્દ્રવન્દિતમ્ ।
પરાયણં ક્ષેમમિહેચ્છતાં પરં ન યત્ર કાલઃ પ્રભવેત્પરપ્રભુઃ ॥ ૬ ॥

અન્વયાર્થ—હે નાથ-હે નાથ, ઇહ-આ લોકમાં, પરમ્-ઉત્તમ, ક્ષેમમ્-કલ્યાણને, ઇચ્છતામ્-ઇચ્છનારાઓને, પરાયણમ્-આશ્રય કરવા યોગ્ય, વિરિઞ્ચિ-વૈરઞ્ચિ-અસુરેન્દ્ર-વન્દિતમ્-બ્રહ્મા, શિવજી અને ઇન્દ્ર વગેરેથી વંદન કરાયેલ, તે-તમારા, અઙ્ઘ્રિ-પંકજમ્-ચરણ કમળને, સદા-સદા, નતાઃ-સ્મ-નમન કરીએ છીએ, પરપ્રભુઃ-બીજે સ્થાને સમર્થ, કાલઃ-કાળ, યત્ર-જે પ્રભુ ચરણમાં, ન પ્રભવેત્-આ સ્થાને સમર્થ થતો નથી. ૬.

અનુવાદ—બ્રહ્મા, શિવજી અને ઇન્દ્ર વગેરે દેવોથી વંદન કરાએલા આપના ચરણકમળને અમે નિત્ય નમીએ છીએ; કારણકે આ વિશ્વમાં કલ્યાણને પ્રાપ્ત કરવા ચાહનારને આપજ ઉત્તમ આધાર રૂપ છો. અન્ય સ્થાનોમાં સમર્થ નીવડતો કાળ આપના ચરણકમળની સામે સમર્થ નથી થતો. ૬.

તત્ત્વસુધા—ક્રમશઃ ચાર શ્લોકોમાં ચાર પ્રકારના વર્ગનું નિવેદન છે. તત્ત્વજ્ઞ, વિષયી, સંત અને સ્ત્રીજન એ ચારે જણ ક્રમશઃ પ્રભુને નિવેદન કરશે. તેમાં પ્રથમ નિવેદન તત્ત્વજ્ઞનું છે. તત્ત્વજ્ઞે ભગવચ્ચરણના નમઃસ્કારનો આશ્રય લીધો. જ્ઞાનના ઉચ્ચારણ કરતાં ભગવચ્ચરણ અને ભક્તિનું આચરણ વધુ બલવાન હોય છે. સુખ, સંપત્તિ, સ્વજન વગેરેનો યોગ પુણ્યથી અને પુરુષાર્થથી થાય છે. પરંતુ સંરક્ષણ તો કેવલ હરિઇચ્છાથી અને કૃપાથી થાય છે. ભગવચ્ચરણ ક્ષેમને આપનાર છે, તેથી જ કહ્યું, 'ક્ષેમમિહેચ્છતામ્'. આ પૃથ્વી લોકમાં ક્ષેમ ચાહનારે શ્રીકૃષ્ણ ચરણ શરણ લેવું. ૬.

ભવાય નસ્ત્વં ભવ વિશ્વભાવન ત્વમેવ માતાથ સુહૃત્ પતિઃ પિતા ।
ત્વં સદ્‌ગુરુર્નઃ પરમં ચ દૈવતં યસ્યાનુવૃત્યા કૃતિનો બભૂવિમ ॥ ૭ ॥

અન્વયાર્થ—વિશ્વભાવન-હે વિશ્વના ઉત્પાદક, ત્વમ્-આપ, નઃ-અમારા, ભવાય-કલ્યાણ માટે, ભવ-હો, ત્વમ્ એવ-આપ જ, નઃ-અમારી, માતા-માતા, અથ-વળી, સુહૃત્-સુહૃદ, પતિઃ-પતિ, પિતા-પિતા, ત્વમ્-આપ જ, સદ્‌ગુરુઃ-સદ્‌ગુરુ, ચ-અને, પરમમ્-શ્રેષ્ઠ, દૈવતમ્-દેવતા છે, યસ્ય-જેની, અનુવૃત્યા-સેવાથી, કૃતિનઃ-અમે કૃતાર્થ, બભૂવિમ-થઇએ છીએ. ૭.

અનુવાદ—હે વિશ્વ નિર્માતા કૃષ્ણ, આપ અમારા કલ્યાણ માટે બનો, કારણકે આપજ અમારા માતા, સુહૃદ, પિતા, સદ્‌ગુરુ અને પરમ દૈવત છો. આપની સેવાથી તો હમે કૃતકૃત્ય બનીએ છીએ. ૭.

તત્ત્વસુધા—આ શ્લોકમાં વિષયીઓ પણ શ્રીકૃષ્ણના પ્રસંગથી વિવેકી બન્યા છે. અનેક કાર્ય માટે અનેકનો આશ્રય લેવો, અને ફલ પ્રાપ્તિમાં નિષ્ફળ રહેવું, તેના કરતાં એકનો દૃઢ આશ્રય કરવો કે જે સર્વ મનોરથ પરિપૂરક બને છે. એવા અભિપ્રાયથી ભગવાનના ૭ ધર્મવાળા ૭ સંબંધ બતાવ્યા છે. ત્વમેવ માતા-બે માતાઓ છે- (૧) જન્મદાત્રી માતા, અને (૨) જીવનદાત્રી માતા. જન્મદાત્રી જનેતાએ નવ માસ બાળકને ઉદરમાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

રાખી સંભાળ્યો; બાદ જીવન દાત્રી માતાએ ભગવાનને સોંપ્યો. માટે આપના ઉદરમાં તો હમે જીવનભર છીએ, અને જીવનભર અમે બાળક છીએ; તો કરૂણામયી દૃષ્ટિથી અમને વિષયના વિષયમાંથી બચાવો. એ ભાવથી ભગવાનને કહ્યું ત્વમેવ માતા.

૩) સુહૃદ્–બીજો સંબંધ સુહૃદનો છે. ઉપકાર કે બદલાની અપેક્ષા વિના ઉપકાર કરવાનો સ્વભાવ સુહૃદ ધર્મ છે. વિશ્વમાં સાચા સુહૃદ આપજ છો.

૪) પતિ–ત્રીજો સંબંધ પતિનો છે. જેમ લોકમાં અલંકાર, વૈભવો પુરુષ નથી ભોગવતા, પરંતુ પત્નીને આપી, ભોગવાવી આનંદ માને છે, તેમ આપ સર્વ વૈભવો સુદામાને આપીને ભોગવો છો. અમે આપને પતિ તરીકે વરીએ છીએ.

૫) પિતા–ચોથો સંબંધ પિતાનો છે. જેના પુત્ર તરીકે થયા, તેના કોઇપણ લાયકાત વિના, માત્ર સંબંધથી વારસદાર થયા. આપના અમે વારસદાર છીએ તો હે રસરાજ, આપનો અચ્યુત રસરાજ અમને આપો.

૬) સદ્‌ગુરુ–પાંચમો સંબંધ સદ્‌ગુરુનો છે. ઉપરના ચાર સંબંધ લોકહિત સાધનારા છે પછીના બે સંબંધ–સદ્‌ગુરુ અને દૈવત' પરલોક સુધારનારા છે. હમને હિત જ્ઞાન આપી, હિત માર્ગે સ્થાપી, હમારો પરલોક સુધારો.

૭) દૈવતમ્–છઠ્ઠો સંબંધ 'દૈવતમ' નો બતાવ્યો. આપજ અમારા દેવ છો, તો પછી કોને શરણે જઇએ ? ।।

અહો સનાથા ભવતા સ્મ યદ્વયં ત્રૈવિષ્ટપાનામપિ દૂરદર્શનમ્ ।
પ્રેમસ્મિતસ્નિગ્ધ નિરીક્ષણાનનં પશ્યેમ રૂપં તવ સર્વ સૌભગમ્ ॥ ૮ ॥

અન્વયાર્થ—**અહો**–અહો ! **વયમ્**–હમે, **ભવતા**–આપનાથી તો, **સનાથાઃ સ્મ**–સનાથ થયા છીએ, **યત્**–જે કારણથી, **ત્રૈવિષ્ટપાનામ્ અપિ**–દેવતાઓને પણ, **દૂર દર્શનમ્**–દુર્લભ દર્શન, એવા **પ્રેમ–સ્મિત–સ્નિગ્ધ–નિરીક્ષણ–આનનમ્**–પ્રેમ અને મન્દ સ્મિતથી સ્નેહાળ રીતે અવલોકન કરતા મુખને, અને **સર્વ સૌભગમ્**–સર્વ સૌભાગ્ય સમ્પન્ન એવા **તવ**–આપના, **રૂપમ્**–રૂપને, **પશ્યેમ**–અમે જોઇએ છીએ. ૮.

અનુવાદ—અહો ! આપને લીધે અમે સનાથ છીએ, કેમકે દેવોને પણ દુર્લભ દર્શન એવા આપના પ્રેમ અને મન્દ સ્મિતથી સ્નેહાળ રીતે અવલોકન કરતા આપના મુખ કમળનું અને સર્વ સૌભાગ્ય સમ્પન્ન આપના સ્વરૂપનું અમે દર્શન કરીએ છીએ. ૮.

તત્ત્વસુધા—આ આઠમા શ્લોકમાં ભક્તોની પ્રાર્થના છે. ભગવાન પ્રેમ, મન્દસ્મિત અને સ્નેહાળ નિરીક્ષણ એમ ત્રણ પ્રકારની ક્રિયાથી ભક્તનો નિરોધ કરે છે. પ્રેમ એટલે નિરપેક્ષ ઔદાર્ય, મન્દસ્મિત એટલે અનંત આકર્ષણ, સ્નેહાળ નિરીક્ષણ એટલે અમિત અમૃત વર્ષણ, એ ત્રણ ધર્મોથી ભગવાન ભક્તોને જીવાડે છે. ૮.

યર્હ્યમ્બુજાક્ષાપससાર નો ભવાન્ કુરૂન્ મધૂન્વાથ સુહૃદિદૃક્ષયા ।
તત્રાબ્દકોટિપ્રતિમઃ ક્ષણો ભવેદ્ રવિં વિનાઽક્ષ્ણામિવ નસ્તવાચ્યુત ॥ ૯ ॥

અન્વયાર્થ—**નો અમ્બુજાક્ષ**–હે કમળ નયન, **અચ્યુત**–હે અચ્યુત, **યર્હિ**–જ્યારે, **ભવાન્**–આપ, **સુહૃદ્–દિદૃક્ષયા**–સુહૃદજનને મળવાની ઇચ્છાથી, **કુરૂન્**–કુરૂદેશ તરફ, **વા**–અથવા, **મધૂન્**–મથુરા તરફ, **અપસસાર**–ગયા; **અથ**–ત્યારથી, **તત્ર**–તે સમયે, **રવિં વિના**–સૂર્ય વિના **અક્ષ્ણામ્ ઇવ**–આંખોને જેમ, **તવ–વિના–નઃ**–તેમ આપના વિના હમને, **ક્ષણઃ**–એક એક ક્ષણ, **અબ્દ–કોટિ–પ્રતિમઃ**–કરોડો વર્ષ સમાન, **ભવેત્**–થતો હતો. ૯.

અનુવાદ—કમળનયન, હે શ્રીકૃષ્ણ, સ્વજનોને મળવાની ઇચ્છાથી આપ જ્યારે હસ્તિનાપુર કે મથુરા નગરી તરફ પધારો છો, ત્યારે સૂર્ય વિનાનાં નેત્રોની માફક, અમારી એક ક્ષણ પણ, હે અચ્યુત, આપના સિવાય અમને કરોડો વર્ષ જેવડી થાય છે. ૯.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્ત્વસુધા—નવમા શ્લોકમાં સ્ત્રી વૃન્દ દ્વારિકેશને મીઠા ઠપકા આપે છે. ભગવાનને કહે છે, અચ્યુત આપની સંજ્ઞા છે અને વારંવાર દ્વારિકામાંથી ચ્યુત થાવ છો–ચાલ્યા જાવ છો. તે કેમ ચાલે ? આપ વાસ્તવિક અચ્યુત બનોને નાથ !

અમ્બુજાક્ષ અપસસાર-અમી ભરેલી આપની આંખલડી છે. જ્યારે ભક્તોને ત્યાં દુઃખ દાવાનળ સળગે છે, ત્યારે આપ, દુઃખમગ્નની વગર વિનંતિએ અને કુટુંબી જનોને વગર કહ્યે, તેને બુઝાવવા દોડી જાવ છો. એ તો વ્યાજબી છે. પણ તે સમયે વિયોગ દાવાનળથી આપ અમને શાને બાળો છો ? અમ્બુજાક્ષ છો. ઉભય સ્થાને અમૃત વર્ષા કરો ને ! કદાચ આપ કહેશો કે, " હું ક્યાં ત્યાં જીવનભર વસું છું; કાર્ય કરી ત્વરિત પરત થાઉં છું." અમે કબૂલ કરીશું કે આપની નજરમાં આપ શીઘ્ર આવો છો, જ્યારે અમારા જીગરમાં તો એક એક ક્ષણ કરોડો યુગ સમાન અનુભવાય છે. તેનો શો ઉપાય ? અથવા હમે હસ્તિનાપુર નિવાસી અને મથુરા નિવાસી સ્વજન સમાન પુણ્યવાન નહિ હોઈએ, પરંતુ આપ તો કૃપાવાન છો ને ! તો પછી અમારા ઉપર કૃપાદૃષ્ટિ વરસાવો. એમ બોલતી સ્ત્રી જનો અત્યંત વિહ્વલ બની ગયાં. ૯;

इति चोदीरिता वाचः प्रजानां भक्तवत्सलः ।
शृण्वानोऽनुग्रहं दृष्ट्या वितन्वन्प्राविशत्पुरीम् ॥ १० ॥

અન્વયાર્થ—**भक्तवत्सलः**-ભક્ત વત્સલ, **इति**-આ પ્રમાણે, **उदीरिताः**-કહેલી, **प्रजानाम्**-પ્રજાઓની, **वाचः**-વાણીને, **शृण्वानः**-શ્રવણ કરતા, **च**-અને, **दृष्ट्या**-દૃષ્ટિક્ષેપથી, **अनुग्रहम्**-અનુગ્રહને, **वितन्वन्**-વિસ્તારતા, **पुरीम्**-દ્વારકા નગરમાં, **प्राविशत्**-પધાર્યા. ૧૦.

અનુવાદ—**ભક્તવત્સલ શ્રીકૃષ્ણ આ પ્રમાણે પ્રજાની બોલાતી વાણીને સાંભળતા, તેઓની ઉપર કૃપાદૃષ્ટિથી અનુગ્રહ કરતા દ્વારકામાં પધાર્યા.** ૧૦.

તત્ત્વસુધા—ભગવાને પ્રજાજનોનાં કરૂણ, સત્ય અને દીન વચનો સાંભળ્યાં: ગાય સાયંકાલે ખીલે આવે અને નાનાં વાછરડાં જોઈ વિહ્વલ બની જાય, તે જ પ્રકારે સાયંકાલે દ્વારિકામાં પ્રવેશતા પ્રભુ સ્નેહ વિહ્વલ બની ગયા. **भक्तवत्सल** પદનું એ તાત્પર્ય છે. સર્વના તરફ અનુગ્રહ ભરી દૃષ્ટિએ નિહાળ્યું અને વિયોગ દુઃખ તેમજ અજ્ઞાનનું નિવારણ કરી આનંદ અને વિવેકનાં દાન કર્યાં. ૧૦.

मधुभोजदशार्हार्हकुकुरान्धक वृष्णिभिः ।
आत्मतुल्यबलैर्गुप्तां नागैर्भोगवतीमिव ॥ ११ ॥

અન્વયાર્થ—**आत्मतुल्यबलैः**-પોતાના સમાન બલવાન, **मधु-भोज-दशार्हार्ह-कुकुर-अन्धक-वृष्णिभिः**-મધુ, ભોજ, દશાર્હ, અર્હ, કુકુર, અન્ધક અને વૃષ્ણિ વંશી યાદવોથી, **नागैः**-નાગોથી, **भोगवतीम्-इव**-રક્ષાયેલી ભોગવતી નગરીની જેમ, **गुप्ताम्**-રક્ષાયેલી છે. ૧૧.

અનુવાદ—**મધુ, ભોજ, દાશાર્હ, કુકુર, અંધક અને વૃષ્ણિ વગેરે આત્મ તુલ્ય બળવાળા યાદવોથી, નાગલોકોથી ભોગવતી નગરીની માફક, દ્વારકા નગરી રક્ષાયેલી છે.** ૧૧.

તત્ત્વસુધા—શ્લોક ૧૧ થી ૧૫ એમ પાંચ શ્લોકોમાં દ્વારકા નગરનું સ્વાગત સૌન્દર્ય વર્ણવે છે જો કે વિના પર્વે કે ઉત્સવે પણ દ્વારકા અલૌકિક સૌન્દર્ય ધરાવે છે. અચાનક કોઈ વિશ્વનો રાષ્ટ્ર પુરુષ કે મહાન પુરુષ આવી જાય, તો પણ તેને તો તેના સ્વાગત માટે સજેલી દ્વારકા નજરે પડે છે. આજે તો સૌન્દર્ય ભરી નગરી પુનઃ સજાવી છે. સાચું રાષ્ટ્રસૌન્દર્ય એ છે કે 'નગર સૌન્દર્ય' પ્રજાને નિત્ય મળવું જોઇએ. એજ રાજ્ય-વહિવટનો વિજય છે. સ્વચ્છતા, શિસ્ત, ઉત્સાહ, સુખ સામગ્રી, સંસ્કાર- એ પાંચથી નગર સૌન્દર્ય કે દેશ સૌન્દર્ય બને છે. દ્વારકામાં ૭ પ્રકારના યાદવો હતા. મધુ, ભોજ વગેરે તેઓની ૭ સંજ્ઞા હતી. પછી કાલે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કરીને છપ્પન પ્રકારના યાદવોના ભેદ થયા. જ્યારે છ પ્રકારના હતા ત્યારે ક્ષેમ હતો. દ્વારકા તેથી સમૃદ્ધ અને સુરક્ષિત હતી. જ્યારે છપ્પન પ્રકાર થયા, ત્યારે કુસંપ થયો. દ્વારકા કુસંપ, વ્યસન અને વૈરમાં ડૂબી. ૧૧.

सर्वर्तुसर्वविभवपुण्यवृक्षलताश्रयैः ।
उद्यानोपवनारामैर्वृतां पद्माकर श्रियम् ॥ १२ ॥
गोपुरद्वारमार्गेषु कृतकौतुकतोरणाम् ।
चित्रध्वजपताकाग्रैरन्तः प्रतिहतातपाम् ॥ १३ ॥
सम्मार्जित महामार्गरथ्यापणकचत्वराम् ।
सिक्तां गन्धजलैरुप्तां फलपुष्पाक्षताङ्कुरैः ॥ १४ ॥
द्वारि द्वारि गृहाणां च दध्यक्षतफलेक्षुभिः ।
अलंकृतां पूर्णकुम्भैर्बलिभिर्धूपदीपकैः ॥ १५ ॥

અન્વયાર્થ—**सर्व ऋतु-सर्व विभव-पुण्यवृक्ष-लता-आश्रयैः**-સર્વ ઋતુઓનાં સર્વ વૈભવવાળાં પવિત્ર વૃક્ષો અને લતાઓના આશ્રયવાળા, **उद्यान-उपवन-आरामैः**-ઉદ્યાન, ઉપવન અને આરામોથી **वृताम्**-વીંટળાયેલી, **पद्म-आकर-श्रियम्**-કમળોના સમૂહની શોભાવાળી ૧૨; **गोपुर-द्वार-मार्गेषु**-નગરના મુખ્ય દરવાજે અને અન્ય દરવાજે અને રસ્તાઓએ, **चित्र ध्वजपताकाग्रैः**-ચિત્ર વિચિત્ર ધ્વજા પતાકાઓના અગ્ર ભાગોથી, **कृत-कौतुक-तोरणाम्**-બાંધેલ મંગલ તોરણવાળી, **अन्तः प्रतिहत-आतपाम्**-અંદર આવતા સૂર્યના તાપને નિવારણ કરતી. ૧૩; **सम्मार्जित-महामार्ग-रथ्या-पणक-चत्वराम्**-અત્યંત સાફસુફ રાજમાર્ગ, શેરીઓ, બજાર અને ચૌટાં-ચૉકવાળી, **गन्धजलैः** સુગન્ધિત જળથી, **सिक्ताम्**-છંટકાતી, **फल-पुष्प अक्षत-अङ्कुरैः**-ફળ, પુષ્પ, અક્ષત. જવારાઓથી, **उप्ताम्**-છવાયેલી, ૧૪; **च**-અને, **गृहाणाम्**-ગૃહોનાં, **द्वारि द्वारि**-દ્વારે દ્વારે, **दधि-अक्षत-फल-ईक्षुभिः**-દહીં, અક્ષત, ફળ તથા શેરડી વગેરેથી, **पूर्णकुम्भैः**-જળપૂર્ણ કળશોથી, **बलिभिः**-પૂજાબલિથી, **धूपदीपकैः**-ધૂપ દીપકોથી, **अलंकृताम्**-સુશોભિત-દ્વારિકા નગરી હતી. ૧૫.

અનુવાદ—આ શ્રી દ્વારિકા નગરી સર્વ ઋતુઓનાં સર્વ વૈભવશાળી પુણ્ય વૃક્ષો અને લતાઓના આશ્રયવાળા ઉદ્યાન, ઉપવન, આરામથી વીંટળાયેલ અને કમળવાળાં સરોવરથી સુશોભિત છે. વળી નગરના પ્રવેશ દ્વારે, દ્વારે દ્વારે અને રાજમાર્ગે હર્ષભેર ઉત્સવનાં તોરણો બાંધેલ છે. રંગબેરંગી ધ્વજાઓ તેમજ પતાકાઓના અગ્ર ભાગથી અંદરના ભાગમાં આવતા સૂર્યના તાપને રોકી રાખેલ છે. તેમજ રાજમાર્ગો, શેરીઓ, બજારો, ચૌટાં અને ચોક વગેરે પણ અત્યંત સાફસુફ છે. માર્ગોમાં સુગંધિત જલ છાંટેલાં છે. ફળ, ફુલ, અક્ષત અને જવારાઓ સ્થાને સ્થાને છવાયેલા છે. વળી મકાનોને બારણે બારણે દહીં, ચોખા, ફળ, શેરડી, પૂર્ણ કલશ, પૂજા બલિઓ, ધૂપ અને દીપકોથી (દ્વારિકા) અતિશય સુશોભિત છે. ૧૨,૧૩, ૧૪, ૧૫.

તત્ત્વસુધા—'ફલ, ફુલ' સમૃદ્ધિ એ એ તો દેશના આરોગ્યની સમૃદ્ધિ છે. પ્રત્યેક ઋતુનાં ફલો અને પુષ્પો હરેક ઋતુમાં મળતાં, એ દેશની કૃષિ વિજ્ઞાન સિદ્ધિ છે. પુષ્પો જ્યાં વધુ હોય તેને ઉદ્યાન કહેવાય, જે નગરમાં સ્થાને સ્થાને હોય. ફલ પ્રધાન વૃક્ષો જ્યાં વધુ હોય અને જે નગરની ચારે દિશાઓમાં હોય તેને ઉપવન કહેવાય. ક્રીડાંગણો જ્યાં રચ્યાં હોય અને જ્યાં આબાલ વૃદ્ધને વિસામો મળે તેને આરામ કહેવાય, દ્વારકામાં એ ત્રણે હતાં,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ગોપુર–નગરના મુખ્ય પ્રવેશ દ્વારને ગોપુર કહે છે. મહામાર્ગ એ રાજમાર્ગોનું નામ છે. રથ્યા નાની શેરીઓ અને ગલીઓ છે. આપણ બજારોની સંજ્ઞા છે. ચત્વર ચોક અને ચૌટાની ઓળખાણ છે. ૧૨, ૧૩, ૧૪, ૧૫.

निशम्य प्रेष्ठमायान्तं वसुदेवो महामनाः ।
अक्रूरश्चोग्रसेनश्च रामश्चाद्भुत विक्रमः ॥ १६ ॥
प्रद्युम्नश्चारुदेष्णश्च साम्बो[1] जाम्बवती सुतः ।
प्रहर्षवेगोच्छ्वसितशयनासन भोजनाः ॥ १७ ॥
वारणेन्द्रं पुरस्कृत्य ब्राह्मणैः[2] ससुमङ्गलैः ।
शङ्खतूर्यनिनादेन ब्रह्मघोषेण चादृताः ।
प्रत्युज्जग्मू रथै[3]र्ब्रह्मन् प्रणयागतसाध्वसाः ॥ १८ ॥

અન્વયાર્થ—ब्रह्मन्–હે બ્રહ્મન્, **महामनाः**–ઉદાર, **वसुदेवः**–વસુદેવજી, **च**–અને, **अक्रूरः**–અક્રૂરજી, **च**–અને, **उग्रसेनः**–ઉગ્રસેન, **च**–અને, **अद्भुत–विक्रमः**–અદ્‌ભુત પરાક્રમી, **रामः**–બલભદ્ર, **प्रद्युम्नः**–પ્રદ્યુમ્ન, **चारुदेष्णः**–ચારુદેષ્ણ, **च**–અને, **जाम्बवतीसुतः**–જામ્બવતીના પુત્ર, **साम्बः**–સામ્બ, **प्रेष्ठम्**–પ્રિયતમ કૃષ્ણને, **आयान्तम**–પધારતા, **निशम्य**–સાંભળીને, **प्रहर्ष–वेग–उच्छ्वसित–शयन–आसन–भोजनाः**–અત્યંત હર્ષના વેગથી શયન, આસન અને ભોજનને ત્યજી દઈને, **आदृताः**–આદર પૂર્વક, **प्रणय–आगत–साध्वसाः**–પ્રણયના આવેશથી ઉતાવળા થઈ, **वारणेन्द्रम**–શ્રેષ્ઠ હાથીને, **पुरस्कृत्य**–આગળ કરીને, **ससुमंगलैः**–મંગળ પદાર્થો સાથે, **ब्राह्मणैः**–બ્રાહ્મણો સાથે, **शंख–तुर्य–निनादेन**–શંખ, તુરીના શબ્દોથી, **च**–અને, **ब्रह्मघोषेण**–વેદ ઘોષથી, **रथैः**–રથ લઈને, **प्रति–ऊज्जग्मुः**–સામે ગયા. ૧૬; ૧૭; ૧૮.

અનુવાદ—હે બ્રહ્મન્, પ્રિયતમ શ્રીકૃષ્ણ પધારે છે, એમ સાંભળીને, અત્યંત હર્ષના આવેશમાં આવી જઈને, શયન-આસન-ભોજન ત્યજી દઈને, અત્યંત આદર ભાવ સાથે, સ્નેહના આવેગથી ખૂબ ઉતાવળ કરતા ઉદારમના વસુદેવજી, અક્રૂરજી, ઉગ્રસેન રાજા, અદ્‌ભુત પરાક્રમી બલભદ્રજી, પ્રદ્યુમ્ન, ચારુદેષ્ણ, જામ્બવતીના પુત્ર સામ્બ, વગેરે હાથીને આગળ કરીને, મંગળ સામગ્રીઓ અને બ્રાહ્મણોની સાથે રથમાં બેસીને શંખ તૂરી વાજંત્રોના નાદ કરતા, વેદ મંત્રોના ઘોષ કરતા શ્રીકૃષ્ણના સ્વાગતે આવ્યા. ૧૬, ૧૭, ૧૮.

તત્ત્વસુધા—સાડાત્રણ શ્લોકમાં સ્વાગતે આવેલા સ્વજનોનો ઉલ્લેખ કર્યો છે. પ્રેમની પ્રકૃતિ છે કે સ્વજન વિદેશ યાત્રાએ જાય ત્યારે વિદાયમાન આપવું અને વિદેશથી પધારે ત્યારે સ્વાગત સન્માન આપવું. ભગવાનના સ્વાગતે આવેલાઓમાં ઉગ્રસેન, વસુદેવજી, બલભદ્રજી, અને વિપ્રોનો સમાવેશ છે. જેઓ પ્રભુના વંદ્ય છે, તેઓ પણ આવ્યા છે. એથી લાગે છે કે શ્રીકૃષ્ણને કેવલ સ્વજન તરીકે નથી જાણ્યા, પરંતુ ભગવાન અથવા ભગવાન તરીકે જાણ્યા છે. એ જીવન જીવી જાણ્યું કે વંદનીય વડીલ પણ એને વંદે. ભલે વિવેકી પુત્ર ગુરુ, પિતા, વડીલને વંદન ન કરવા દે, પરંતુ તેવા વંદનપાત્ર તો અવશ્ય થવું એનું નામ જીવન.

બલભદ્રજી માટે અન્યથા શંકા છે કે તેઓ કૌરવ પક્ષપાતી છે, તેવું નથી તે જણાવવા 'अद्भुत विक्रमः' વિશેષણ આપ્યું છે. સામ્બ ને 'જામ્બવતી સુત' તરીકે ઓળખાવ્યા છે, તેનું કારણ કે તેમને સ્ત્રીના જેવા અલંકાર પ્રિય છે. જ્યારે તેવા અલંકારોમાં જાય છે, ત્યારે જામ્બવતી પુત્ર તરીકે જણાવે છે. ૧૬, ૧૭, ૧૮.

वारमुख्याश्च शतशो यानैस्तद्दर्शनोत्सुकाः ।
लसत्कुण्डलनिर्भातकपोलवदनश्रियः ॥ १९ ॥

---

१ પ્રા. પા.–चारु साम्बगदादयः। ૨ પ્રા. પા.–ब्राह्मणैस्तु सुमङ्गलैः । ૩ પ્રા. પા.– रथैर्हृष्टाः ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

नटनर्तकगन्धर्वाः सूतमागधबन्दिनः ।
गायन्ति चोत्तमश्लोकचरितान्यद्भुतानि च ॥ २० ॥

અન્વયાર્થ—**च**-અને, **लसत्-कुण्डल-निर्भात-कपोल-वदन श्रियः**-સુશોભિત કુંડલોથી પ્રકાશિત કપોલ-ગાલ યુક્ત મુખની શોભાવાળાં, **तद्-दर्शन-उत्सुकाः**-તે શ્રીકૃષ્ણના દર્શન માટે ઉત્કંઠાવાળી, **शतशः**-સેંકડો, **वारमुख्याः**-વારાંગનાઓ, **यानैः**-વાહનોમાં બેસીને, **च**-અને, **नट-नर्तक-गन्धर्वाः**-નટ, નૃત્યકાર, ગંધર્વો, **च**-અને, **सूत-मागध-बन्दिनः**-સૂત, માગધ, બંદિજનો-ભાટ ચારણો, **अद्भुतानि**-અદ્ભુત એવાં, **उत्तमश्लोक-चरितानि**-શ્રીકૃષ્ણનાં ચરિત્રોને, **गायन्ति**-ગાય છે. ૧૯; ૨૦.

અનુવાદ—શ્રીકૃષ્ણ ભગવાનનાં દર્શન માટે ઉત્કંઠાવાળી, શોભાયમાન કુંડળોના પ્રકાશથી ઉજ્જવલ ગાલથી મુખની કાન્તિને વધારતી સેંકડો વારાંગનાઓ, તેમજ નટ, નર્તક, ગન્ધર્વ, સૂત, માગધ, બંદિજનો વગેરે પણ વાહનોમાં બેસીને ભગવાનનાં ઉત્તમ અદ્ભુત ચરિત્રોને ગાય છે. ૧૯; ૨૦.

તત્ત્વસુધા—નટ-શાસ્ત્ર પદ્ધતિ પ્રમાણે નૃત્ય કરનાર, નર્તક-લોક રીત પ્રમાણે નૃત્ય કરનાર, ગન્ધર્વ-કેવલ ગાન કરનાર, સૂત-પુરાણ વાંચનાર, માગધ-વંશ પ્રશંસક, વન્દી પ્રસંગને અનુકૂળ પ્રશંસક. ૧૯; ૨૦.

भगवांस्तत्र बन्धूनां पौराणामनुवर्तिनाम् ।
यथाविध्युपसंगम्य सर्वेषां मानमादधे ॥ २१ ॥
प्रह्वाभिवादनाश्लेषकरस्पर्शस्मितेक्षणैः[1] ।
आश्वास्य चाऽऽश्वपाकेभ्यो वरैश्चाभिमतैर्विभुः ॥ २२ ॥
स्वयं च गुरुभिर्विप्रैः सदारैः स्थविरैरपि ।
आशीर्भिर्युज्यमानोऽन्यैर्बन्धुभिश्चाऽविशत्पुरीम् ॥ २३ ॥

અન્વયાર્થ—**तत्र**-તે અવસરે, **भगवान्**-શ્રીકૃષ્ણ, **अनुवर्तिनाम्**-સેવકોને, **पौराणाम्**-નગર જનોને, **बन्धूनाम्**-બંધુજનોને, **यथाविधि**-પદ્ધતિ મુજબ, **उपसंगम्य**-મળીને, **सर्वेषाम्**-સર્વના, **मानम्**-સન્માનને, **आदधे**-કરતા હતા. ૨૧; **विभुः**-સમર્થ શ્રીકૃષ્ણ, **प्रह्व-अभिवादन-आश्लेष-करस्पर्श-स्मित-ईक्षणैः**-નમ્રતા, અભિવાદન, આલિંગન, હસ્તસ્પર્શ, મન્દ સ્મિત પૂર્વક અવલોકન, **च**-અને, **अभिमतैः**-મન ગમતાં, **वरैः**-વરદાનોથી, **आश्वपाकेभ्यः**-વિપ્રથી ચાંડાલ પર્યન્ત, **आश्वास्य**-આશ્વાસન આપીને. (સર્વનો આદર કરતા દ્વારકામાં પ્રવેશ કરતા હતા). ૨૨; **च**-અને, **स्वयम्**-પોતે, **सदारैः**-પત્નીઓ સહિત, **गुरुभिः**-ગુરુજનોથી, **च**-અને, **विप्रैः**-વિપ્રોથી, **स्थविरैः**-વૃદ્ધોથી, **च**-અને, **अन्यैः**-બીજા, **बन्धुभिः अपि**-બંધુજનોથી પણ, **आशीर्भिः**-આશીર્વાદોથી, **युज्यमानः**-યોજાતા, **पुरीम्**-દ્વારકામાં, **अविशत्**-પ્રવેશ કરતા હતા. ૨૩.

અનુવાદ—તે સમયે ભગવાન શ્રીકૃષ્ણ સેવક જનોને, નગર જનોને અને બંધુજનોને પદ્ધતિ મુજબ મળીને સર્વના માનને જાળવતા હતા. ૨૧; સર્વસમર્થ શ્રીકૃષ્ણે નમ્રતા, આલિંગન, હસ્તસ્પર્શ અને મન્દહાસ્ય સહિત અવલોકન કરીને, આશ્વાસન આપીને, ચંડાળ સુધીના સર્વ કોઈને ઈષ્ટ વરદાન આપીને પ્રસન્ન કર્યા. ૨૨; અને ભગવાન શ્રીકૃષ્ણે, પત્નીઓ સહિત ગુરુજનોથી, વિપ્રોથી, વડીલજનોથી અને અન્ય બન્ધુજનોથી આશીર્વાદોને પામતા દ્વારકામાં પ્રવેશ કર્યો. ૨૩.

---

१ प्रा. पा.- बान्धवानथ आश्लिष्य ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્ત્વસુધા—**પ્રહ્વ**-પિતાજી વગેરે વંદ્ય વડીલને દેખી 'અતિ વિનમ્ર' થઈ જવાય ત્યારે 'પ્રહ્વ' કહેવાય. **અભિવાદન**-વિપ્રોને કર્યાં. **આલિંગન**-સખા અને સમાનને કર્યાં. **કરસ્પર્શ**-પુત્ર અને સેવકોને કર્યાં. **સ્મિત**-સ્ત્રીજનને આપ્યું. **અવલોકન**-સમસ્ત જનને આપ્યું. શ્રીકૃષ્ણના પ્રેમની વિશેષતા એ હતી કે સર્વને સર્વની યોગ્યતા પ્રમાણે આપતા; પણ કોઈને ન ઓછું પડતું કે ન અસૂયા થતી. આ ગુણ દુર્લભ છે. માત્ર લાગણી આપી નથી વિરમ્યા, પણ માગણીઓ પૂર્ણ કરી છે. ગુરુજનો ગુરુ પત્નીઓ સહિત સ્વાગતે પધાર્યાં છે. તેઓએ શ્રીકૃષ્ણને આશીર્વાદ આપ્યા. ૨૧; ૨૨; ૨૩.

राजमार्गं गते कृष्णे द्वारकायाः कुलस्त्रियः ।
हर्म्याण्यारुरुहुर्विप्रास्तदीक्षणमहोत्सवाः ॥ २४ ॥
नित्यं निरीक्षमाणानां यदपि द्वारकौकसाम् ।
न वितृप्यन्ति हि दृशः श्रियोधामाङ्गमच्युतम् ॥ २५ ॥
श्रियो निवासो यस्योरः पानपात्रं मुखं दृशाम् ।
बाहवो लोकपालानां सारङ्गाणां पदाम्बुजम् ॥ २६ ॥

અન્વયાર્થ—**વિપ્રાઃ**-હે વિપ્રો! **કૃષ્ણે**-શ્રીકૃષ્ણ ભગવાન, **રાજમાર્ગં ગતે**-રાજમાર્ગે ગયા ત્યારે, **તદ્-ઈક્ષણ-મહોત્સવાઃ**-શ્રીકૃષ્ણનાં દર્શનને મહોત્સવ માનતી, **દ્વારકાયાઃ**-દ્વારકાની, **કુલસ્ત્રિયઃ**-કુલીન સ્ત્રીઓ, **હર્મ્યાણિ**-હવેલીઓ ઉપર, **આરુરુહુઃ**-ચઢી ગઈ. ૨૪; **યદ્-અપિ**-જો કે, **નિત્યમ્**-દરરોજ, **અચ્યુતમ્**-શ્રીકૃષ્ણને, **નિરીક્ષમાણાનામ્**-દર્શન કરનારાં, **દ્વારકૌકસામ્**-દ્વારકા વાસીઓની, **દૃશઃ**-દૃષ્ટિઓ, **ન વિતૃપ્યન્તિ**-તૃપ્ત થતી ન હતી, **હિ**-કારણકે જેનું, **અઙ્ગમ્**-અંગ, **શ્રિયઃ**-શોભાનું, **ધામ**-સ્થાન છે. ૨૫; **યસ્ય**-જેમનું, **ઉરઃ**-વક્ષઃ સ્થળ, **શ્રિયઃ**-લક્ષ્મીનું, **મુખમ્**-મુખ, **દૃશામ્**-નેત્રોનું, **પાનપાત્રમ્**-પાનપાત્ર છે, **બાહવઃ**-હાથ, **લોકપાલાનામ્**-લોકપાલોનું, અને **પદામ્બુજમ્**-ચરણ કમળ, **સારઙ્ગાણામ્**-ભ્રમરોનું, **નિવાસઃ**-નિવાસ સ્થાન છે. ૨૬.

અનુવાદ—**હે વિપ્રો! શ્રીકૃષ્ણ ભગવાન જ્યારે રાજમાર્ગ તરફ ગયા ત્યારે તેમનાં દર્શનને મહાન ઉત્સવ તરીકે માનનારી દ્વારકાની કુલીન સ્ત્રીઓ હવેલીઓ ઉપર ચઢી ગઈ. ૨૪; દ્વારિકા-વાસી પ્રજાજનો જો કે અચ્યુત ભગવાનનાં દર્શન નિત્ય કરતાં હતાં, તો પણ તેમની દૃષ્ટિ કદી તૃપ્ત થતી જ ન હતી; કારણકે શ્રીકૃષ્ણનું શ્રી અંગ શોભાનું ધામ છે, વક્ષસ્થલ શ્રીલક્ષ્મીજીનું નિવાસ સ્થાન છે, મુખારવિંદ સર્વ પ્રાણીઓની આંખોને સૌન્દર્ય અમૃત પીવાનું પાત્ર છે, બાહુઓ લોકપાલોનું રહેઠાણ છે અને ચરણામ્બુજ ભ્રમરો-ભક્તોનું નિવાસસ્થાન છે. ૨૫; ૨૬.**

તત્ત્વસુધા—શ્રીકૃષ્ણના સ્વાગત વર્ણનના શ્રવણ રસમાં ડૂબી ગયેલા શ્રોતાઓને પ્રભુદર્શન રસના આસ્વાદ માટે સમાધિમાંથી જાગ્રત કરતા સૂત મુનિએ વિપ્રાઃ-વિપ્રો સંબોધન કરી આગળ વર્ણન આરંભ્યું. દર્શનાતુર કુલાંગનાઓએ મર્યાદાને માન આપવા હવેલીઓનાં છજાં અને અટારીમાં સ્થાન લીધાં.

ભક્તિ, પ્રેમ અને કર્તવ્ય નિષ્ઠાની રીતિજ અલૌકિક હોય છે. ભક્તિ નિષ્ઠાને સેવામાં, પ્રેમનિષ્ઠાને દર્શન મિલનમાં અને કર્તવ્ય નિષ્ઠાને કર્તવ્ય પરાયણતામાં ઉતાર્યે આદર અને તન્મયતા વધતાં જાય છે. **નિત્યં નિરીક્ષમાણાનામ્** વાક્યે વર્ણવ્યું કે દ્વારિકા જનો નિત્ય દર્શન શ્રીકૃષ્ણનું કરે છે, તો પણ તૃપ્તિ થતી નથી. પ્રથમ ક્ષણનું દર્શન બીજા ક્ષણના દર્શનની લાલસા પેદા કરે છે. સાગરનો એક તરંગ બીજાને સરજે છે, બીજો ત્રીજાને સરજે છે. એમ અનન્ત લહરીઓ ભગવદ્ દર્શનની જાગે છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વ્યાસજી શ્રીભગવાનનાં ચાર અંગોમાં ચારનો નિવાસ બતાવે છે. વક્ષઃસ્થલમાં લક્ષ્મીજી છે, એટલે હૃદય દયા, કોમલતા ભર્યું છે. તેથી उरः श्रियो निवासः 'હૃદયને' લક્ષ્મીજીનું નિવાસ ધામ કહ્યું. હૃદય કોમલ હોય, પણ તેનું માધુર્ય પાન તો વાઙ્મમાધુર્યથી થાય છે, માટે મુખારવિંદને અમૃત પાનનું પાત્ર માન્યું; પરંતુ બલ વિનાનું માધુર્ય વ્યર્થ છે, તેથી બાહુઓને લોકપાલોનો આધાર બતાવ્યા. સર્વ હોવા છતાં આચરણ વિનાની મહત્તા નહિ, તેથી 'ચરણ યુગલ'ને ભક્તોના આશ્રય તરીકે વર્ણવ્યું. ૨૪; ૨૫; ૨૬.

सितातपत्रव्यजनैरुपस्कृतः प्रसूनवर्षैरभिवर्षितः पथि ।
पिशङ्गवासा वनमालया बभौ घनो यथाऽर्कोडुपचापवैद्युतैः ॥ २७ ॥

અન્વયાર્થ—**सिता**-આતપત્ર-**व्यजनैः**-શ્વેત વર્ણના છત્ર-ચામરોથી, **उपस्कृतः**-વિભૂષિત, **पथि**-માર્ગમાં, **प्रसून-वर्षैः**-પુષ્પ વૃષ્ટિથી, **अभिवर्षितः**-વધાવાતા, **पिशङ्गवासाः**-પીતામ્બર ધારી,- **वनमालया**-વનમાલાથી, **यथा**-જેમ, **अर्क-उडुप-चाप-वैद्युतैः**-સૂર્ય, ચન્દ્ર, મેઘ ધનુષ્ય તથા વીજળીથી, **घनः**-મેઘ શોભે તેમ, **बभौ**-શોભતા હતા. ૨૭.

અનુવાદ—**શ્રીકૃષ્ણ ભગવાન જ્યારે રાજમાર્ગે જતા હતા ત્યારે રસ્તામાં પુષ્પની વૃષ્ટિ થતી હતી, બન્ને બાજુ શ્વેત છત્ર અને ચામરો હતાં, પીતાંબર ધારણ કર્યાં હતાં, વક્ષઃસ્થલે વનમાલા હતી. તેથી આકાશમાંના સૂર્ય, ચન્દ્ર, નક્ષત્ર, મેઘધનુષ્ય અને વીજળીથી શોભતા મેઘ સમાન લાગતા હતા. ૨૭.**

તત્ત્વસુધા—કાવ્યમાં પૂર્ણોપમા, લુપ્તોપમા, અર્ધોપમા આદિ અનેક ઉપમાઓ છે. આ શ્લોકમાં 'અભૂત પૂર્વોપમા'નું ગાન છે. જ્યાં ઉપમાની સામગ્રી જોવામાં ન આવી હોય તેવી ઉપમા બને ત્યારે અભૂત પૂર્વોપમા કહેવાય છે. શ્યામ સુંદરની તુલના આ શ્લોકમાં આપે છે. મેઘને ભગવાન જેવો વર્ણવે છે. ભગવાનના શ્વેત છત્રને સ્થાને સૂર્ય, ઉભય ચામરને સ્થાને બે ચંચલ ચન્દ્ર, પુષ્પ વૃષ્ટિને સ્થાને નક્ષત્ર તારાઓ, પીતાંબરને સ્થાને વીજળી, વનમાલાને સ્થાને મેઘધનુષ્યને જોતાં જાણે શ્યામની સરસાઈ મેઘ કરવા આવતો હોયને તો પણ સમકક્ષ થઈ શકતો નથી કારણકે ભગવાન અખંડ, અનન્ત કાલ શ્યામ સુંદર છે. મેઘ તો કૂવચિત, ચાતુર્માસના થોડા કાલ પૂરતો જ આ સામગ્રીવાળો છે. ભગવાન અચલ છે, ભગવાનના વૈભવ અચલ છે. મેઘ અને તેના ઉપકરણો સદાય ચલાયમાન છે. ૨૭.

प्रविष्टस्तु गृहं पित्रोः परिष्वक्तः स्वमातृभिः ।
ववन्दे शिरसा सप्त देवकीप्रमुखा मुदा ॥ २८ ॥
ताः पुत्रमङ्कमारोप्य स्नेहस्नुतपयोधराः ।
हर्ष विह्वलितात्मानः सिषिचुर्नेत्रजैर्जलैः ॥ २९ ॥

અન્વયાર્થ—**पित्रोः**-માત પિતાના, **गृहम्**-ઘરમાં, **प्रविष्टः**-પ્રવેશ્યા, **तु**-કે, **स्वमातृभिः**-પોતાની માતાઓથી, **परिष्वक्तः**-આલિંગન કરાતા શ્રીકૃષ્ણે, **देवकी प्रमुखाः**-દેવકી વગેરે, **सप्त**-સાત માતાઓને, **मुदा**-હર્ષભેર, **शिरसा**-મસ્તક નમાવી, **ववन्दे**-વંદન કર્યાં. ૨૮; **स्नेह-स्नुत-पयोधराः**-સ્નેહને લીધે સ્તનમાંથી ઝરતા દૂધવાળાં, **पुत्रम्**-કૃષ્ણને, **अङ्कम्**-ગોદમાં, **आरोप्य**-લઈને, **हर्ष-विह्वलित-आत्मानः**-હર્ષથી વિહ્વલ ચિત્તવાળાં બનીને, **ताः**-તે સર્વ માતાઓ (શ્રીકૃષ્ણ ભગવાનની માતાઓ), **नेत्रजैः**-નેત્રમાંથી નીકળતાં, **जलैः**-હર્ષાશ્રુઓથી, **सिषिचुः**-સિંચન કરતી હતી. ૨૯.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—ભગવાને સર્વ પ્રથમ માતા પિતાના મંદિરમાં જેવો પ્રવેશ કર્યો કે તરતજ પોતાની સર્વ માતાઓ એમને ભેટી પડી. પછી શ્રીકૃષ્ણે દેવકી વગેરે સાતે માતાઓને હર્ષભેર મસ્તક નમાવીને વન્દન કર્યાં; ત્યારે સ્નેહને લીધે સ્તનમાંથી ઝરતા દૂધવાળી માતાઓએ પુત્ર કૃષ્ણને ગોદમાં લઈ લીધા અને હર્ષ વિહ્વળ ચિત્તવાળાં બની નેત્રોમાંથી નીતરતાં સ્નેહાશ્રુઓથી સીંચવા લાગ્યાં. ૨૮; ૨૯.

તત્ત્વસુધા—જીવનમાં વિજયની વાંછા હોય અને વિજય પછી પ્રમાદથી બચવું હોય તો પિતા માતાને સર્વ કાર્યના આરંભમાં અને સમાપ્તિમાં વંદન કરો. કોઈ કઠિન સમસ્યા ઉકેલવામાં કોઈ કઠિનાઈ નથી. પિતા માતા વિદ્યમાન ન હોય તો જે ખંડમાં માતા પિતા બિરાજતાં હોય ત્યાં કાર્યસિદ્ધિ માટે જતાં આવતાં બે ક્ષણ બેસી સજલ નયને માતાપિતાને સ્મરી, વંદી પ્રયાણ આરંભો. સફળતા તમને શોધશે. એ સંદેશો 'પ્રવિષ્ટસ્તુ ગૃહમ્' એ વાક્યમાં આપ્યો. ભગવાને રાજભવનમાં પ્રવેશ કર્યો એમ કહેવું જોઇએ, પણ કહ્યું કે માતા પિતાના ઘરમાં પધાર્યા.

ભગવાનને પોતાની માતાઓ ભેટયાં તેવું સ્વમાતૃભિઃ પદથી કહ્યું. માટે પિતાજીની માતાઓ પણ વિદ્યમાન હતાં એમ નક્કી થયું. ત્યારે લાગ્યું કે તે વખતે આયુષ્ય ખૂબ જ લાંબાં હોવાં જોઇએ. ભગવાનને બાલક તરીકે જ માતાઓ સમજ્યાં, ભેટયાં અને સ્તનોમાંથી અમી ઝર્યા અને નેત્રમાંથી અશ્રુ સર્યા. ૨૮; ૨૯.

अथाऽविशत्स्वभवनं सर्वकाममनुत्तमम् ।
प्रासादा यत्र पत्नीनां सहस्राणि च षोडश ॥ ३० ॥

અન્વયાર્થ—અથ-ત્યારબાદ, સર્વકામમ્-સર્વ કામના પૂરક, ચ-અને, અનુત્તમમ્-ઉત્તમોત્તમ, સ્વભવનમ્-પોતાના ભવનમાં, અવિશત્-પ્રવેશ કરતા હતા, યત્ર-જ્યાં, પત્નીનામ્-પત્નીઓના, ષોડશ-સોળ, સહસ્રાણિ-હજાર, પ્રાસાદાઃ-મહેલો, (આસન્-હતા). ૩૦.

અનુવાદ—ત્યાર બાદ શ્રીકૃષ્ણ ભગવાને સર્વ કામનાઓથી ભરપૂર, સર્વ પ્રકારે ઉત્તમ એવા પોતાના રાજભવનમાં પ્રવેશ કર્યો, જ્યાં પત્નીઓના સોળ હજાર અને આઠ મહેલો હતા. ૩૦.

તત્ત્વસુધા—અથ અવ્યયથી પ્રકરણ બદલે છે. માતૃવાત્સલ્યમાંથી હવે ભગવાન સ્વયં વાત્સલ્ય અને પ્રણય ભાવના દાન માટે અન્તઃપુરમાં પ્રવેશે છે. તેનું સૂચક અથ અવ્યય છે. 'સ્વભવનમ્' એકજ રાજભવનમાં સોળ હજાર રણવાસ માટેના મહેલો હતા. એ વિશ્વકર્માના સ્થાપત્યનો વિજય હતો. ૩૦.

पत्न्यः पतिं प्रोष्य गृहानुपागतं विलोक्य संजातमनोमहोत्सवाः ।
उत्तस्थुरारात्सहसाऽऽसनाशयात्साकं व्रतैर्व्रीडितलोचनाननाः ॥ ३१ ॥

અન્વયાર્થ—પ્રોષ્ય-પ્રવાસ કરીને, ગૃહાન્-ઘેર, ઉપાગતમ્-પધારેલા, પતિમ્-પતિને, આરાત્-દૂરથી, વિલોક્ય-જોઇને, સંજાત-મનઃ-મહોત્સવાઃ-મનમાં ઉત્પન્ન થયેલ મહોત્સવવાળી, વ્રીડિત-લોચન-આનનાઃ-લજ્જાયુક્ત નેત્ર તેમજ મુખવાળી, પત્ન્યઃ-સર્વ પત્નીઓ, સહસા-એકદમ (ત્વરાથી), વ્રતૈઃ સાકમ્-વ્રતો સાથે, આસનાશયાત્-આસન ઉપરથી, ઉત્તસ્થુઃ-ઉભાં થઇ ગયાં. ૩૧.

અનુવાદ—વિદેશમાં વસીને વિલંબે આવેલા પોતાના પતિને જોઇને મનમાં મોટા મહોત્સવ અનુભવતાં, તેમજ સલજ્જ નેત્ર અને મુખવાળાં ભગવત્પત્નીઓ ભગવાનનાં દૂરથી દર્શન કરીને, વ્રતોની સાથેજ આસનથી તેમજ હૃદયથી એકદમ ઉભાં થયાં. ૩૧.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

तत्त्वसुधा—પ્રેમનું તત્ત્વજ્ઞાન અને તપશ્ચરણ આ શ્લોકમાં વર્ણવ્યું છે. પ્રેમના તત્ત્વજ્ઞાનમાં વિવેક અને વૈરાગ્ય છે. પ્રિયતમને છોડી વિલાસભોગમાં વૃત્તિ નથી જતી. પ્રેમ તપશ્ચરણમાં શાસ્ત્રોના કે ગુરુના વિધાન સલાહને ભાગતો નથી. વિયોગમાં વિલાસ-શૃંગાર-અલંકારનો અભાવ એ જ એમનો સર્વ શ્રેષ્ઠ પ્રેમશૃંગાર હતો. લજ્જા એમનો વિલાસ હતો. ૩૧.

तमात्मजैर्दृष्टिभिरन्तरात्मना दुरन्तभावाः परिरेभिरे पतिम् ।
निरुद्धमप्यास्रवदम्बु नेत्रयोर्विलज्जतीनां भृगुवर्य वैक्लवात् ॥ ३२ ॥

अन्वयार्थ—**भृगुवर्य**-હે શૌનક, **दुरन्तभावाः**-અનન્ત ભાવ ભર્યાં પત્નીઓ, **आत्मजैः**-પુત્રો દ્વારા, **दृष्टिभिः**-દૃષ્ટિ દ્વારા, **अन्तरात्मना**-અને અન્તરાત્માદ્વારા, **तम्**-**पतिम्**-તે પતિને, **परिरेभिरे**-ભેટ્યાં, ત્યારે **विलज्जतीनाम्**-વિશેષ લજ્જાવાળી પત્નીઓનાં, **नेत्रयोः**-નેત્રોમાં, **निरुद्धम् अपि**-રોકેલ છતાં, **वैक्लवात्**-વિહ્વળતાથી, **अम्बु**-અશ્રુજળ, **आस्रवत्**-સરી પડ્યું. ૩૨.

અનુવાદ—હે શૌનક ! અનન્ત ભાવવાળી શ્રીકૃષ્ણની સર્વ પત્નીઓ પ્રથમ પુત્રો દ્વારા, પછી દૃષ્ટિથી, અને ત્યારબાદ અન્તરાત્માથી પોતાના પતિને ભેટતાં હતાં; ત્યારે વિશેષ લજ્જાવાળી પત્નીઓના નેત્રોમાંથી રોકી રાખવા છતાં સ્નેહ વિહ્વળતાને લીધે સ્નેહાશ્રુ સરી પડતાં હતાં. ૩૨.

तत्त्वसुधा—શ્રીકૃષ્ણના વિશેષ વિદેશવાસથી પત્નીઓ રિસાયેલ હતાં. તેમને મનાવવાં પણ ભગવાન માટે મુશ્કેલ હતાં. મનાવવાનું કામ નિર્દોષ બાળકોએ કર્યું. બાળકોને પતિને આપતાં શ્રીઅંગનો સ્પર્શ થતાં હર્ષ થયો. હૃદયમાં ભગવત્પ્રવેશ થયો. નેત્રમાંથી અશ્રુ વહી ગયાં અને માન વિસારે પડતાં મનાઈ ગયાં. ૩૨.

यद्यप्यसौ पार्श्वगतो रहोगतस्तथापि[1] तस्याङ्घ्रियुगं नवं नवम् ।
पदे पदे का विरमेत तत्पदाच्चलाऽपि यच्छ्रीर्न जहाति कर्हिचित् ॥ ३३ ॥

अन्वयार्थ—**यदि अपि**-જો કે, **असौ**-આ શ્રીકૃષ્ણ, **पार्श्वगतः**-પડખે રહેતા, **रहोगतः**-એકાન્તમાં રહેતા, **तथा अपि**-છતાં પણ, **तस्य**-તે શ્રીકૃષ્ણનું, **अङ्घ्रियुगम्**-ચરણ યુગલ, **पदे पदे**-પગલે પગલે, **नवं नवम्**-નવીન નવીન જ છે, **तत्पदात्**-તે શ્રીકૃષ્ણના ચરણથી, **का**-કયી સ્ત્રી, **विरमेत**-વિરામ પામે ? **यत्**-જે ચરણને, **चला अपि**-ચંચલ પણ, **श्रीः**-લક્ષ્મીજી, **कर्हिचित्**-કદાપિ પણ, **न जहाति**-ત્યાગ કરતી નથી. ૩૩.

અનુવાદ—જો કે ભગવાન શ્રીકૃષ્ણ પત્નીઓના પડખે તેમજ એકાંતમાં રહેતા હતા, તો પણ તેમને ભગવાનનાં એ ચરણયુગલ ડગલેને પગલે નવું ને નવુંજ જણાય છે. તેથી એવા સુંદરને અવલોકવાનું ક્ષણેક્ષણ કોણ જતું કરે ? ચલ સ્વભાવવાળાં લક્ષ્મીજી પણ કયારેય તે ચરણને છોડતાં નથી. ૩૩.

तत्त्वसुधा—અન્તઃપુરમાં એકાન્ત વાસ અને અત્યંત સહવાસ દામ્પત્ય રસનો અવશ્ય હ્રાસ કરે છે: પરંતુ શ્રીકૃષ્ણને માટે એથી વિપરીત હતું. ઉપેક્ષાને બદલે આતુરતા અને રસવૃદ્ધિ હતાં. એક જ કારણ કે જીવનમાં બ્રહ્મચર્ય અને સંયમ અખંડ હતાં. જો દામ્પત્ય પ્રેમને યૌવન ભર્યો રાખવો હોય તો તેને બ્રહ્મચર્યના બગીચામાં રાખીને ઉછેરો. ચારે તરફ સંયમની વાડ રાખો; વિવેકનું વારિ સિંચ્યા કરો. ૩૩.

---

१ मा. पा. रहोगतस्तासां तथाप्यङ्घ्रियुगम् ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

एवं नृणां क्षितिभारजन्मनामक्षौहिणीभिः परिवृत्ततेजसाम् ।
विधाय वैरं श्वसनो यथाऽनलं मिथो वधेनोपरतो निरायुधः ॥ ३४ ॥

અન્વયાર્થ—**નિરાયુધઃ**-આયુધ વગરના શ્રીકૃષ્ણ, **એવમ્**-આ પ્રમાણે, **ક્ષિતિ-ભાર-જન્મનામ્**-પૃથ્વીને ભાર દેવા જન્મેલાઓનો, **અક્ષૌહિણીભિઃ**-અક્ષૌહિણી સેનાઓથી, **પરિવૃત્ત-તેજસામ્**-વધી ગયેલ બળવાળાઓના, **નૃપાણામ્**-રાજાઓના, **મિથઃ**-પરસ્પર, **વૈરમ્**-વૈર ભાવને, **યથા**-જેમ, **શ્વસનઃ**-વાયુ, **અનલમ્**-અગ્નિને, **વિધાય**-પેદા કરીને, **વધેન**-વધથી-દાહથી, **ઉપરતઃ**-શાન્ત થયા. ૩૪.

અનુવાદ—પૃથ્વીને કેવળ બોજારૂપે જન્મેલા અને અક્ષૌહિણી સેનાઓથી પ્રબળ તેજવાળા બનેલા રાજાઓમાં પરસ્પર વૈરભાવને પેદા કરીને, જેમ પવન અગ્નિને પેદા કરીને વાંસના વનનો દાહ કરી શાંત થાય, તેમ રાજાઓનો વધ કરાવી શાંત થયા. ૩૪.

તત્ત્વસુધા—ભગવાને પૃથ્વીના ભારને હળવો થયેલો જાણી 'આયુધ મૂકી દીધાં છે' માટે **નિરાયુધઃ** લખ્યું છે; અથવા ભગવાને આયુધથી કોઈનાં આયુષ્ય નથી લીધાં; પરંતુ રાજાઓએ પરસ્પરના વૈરથીજ આયુષ્ય ગુમાવ્યાં છે. ભગવાનને આયુધ વાપરવું નથી પડ્યું. ૩૪.

स एव नरलोकेऽस्मिन्नवतीर्णः स्वमायया ।
रेमे स्त्रीरत्नकूटस्थो भगवान् प्राकृतो यथा ॥ ३५ ॥

અન્વયાર્થ—**સ્વમાયયા**-પોતાની માયાથી, **અસ્મિન્ નરલોકે**-આ મનુષ્ય લોકમાં, **અવતીર્ણઃ**-અવતરેલા, **સઃ એવ**-તેજ, **ભગવાન્**-પરમેશ્વર, **સ્ત્રી-રત્ન-કૂટસ્થઃ**-શ્રેષ્ઠ સ્ત્રીરત્નોના સમૂહમાં રહેલા; **યથા પ્રાકૃતઃ**-સાધારણ મનુષ્યની માફક, **રેમે**-રમણ કરવા લાગ્યા. ૩૫.

અનુવાદ—**તેજ ભગવાન પોતાની માયા વડે આ નરલોકમાં અવતરી સુંદર સ્ત્રીઓના સમૂહમાં રહી પ્રાકૃતની પેઠે રમવા લાગ્યા.** ૩૫.

તત્ત્વસુધા—આ શ્લોકમાં સ્ત્રીઓને રત્નની ઉપમા આપી, નિર્વિકારતા અને સૌન્દર્ય સમૃદ્ધિ શાલિતા વર્ણવ્યાં છે. ૩૫.

उद्दामभावपिशुनामलवल्गुहासव्रीडावलोकनिहतो मदनोऽपि यासाम् ।
संमुह्य चापमजहात्प्रमदोत्तमास्ता यस्येन्द्रियं विमथितुं कुहकैर्न शेकुः ॥ ३६ ॥

અન્વયાર્થ—**યાસામ્**-જેમના, **ઉદ્દામ-ભાવ-પિશુન-અમલ-વલ્ગુહાસ-વ્રીડાવલોક-નિહતઃ**-ઉત્કટ ભાવ સૂચક નિર્મળ મનોહર હાસ્ય (અને) લજ્જા સહિત અવલોકનથી હણાયેલા, **મદનઃ અપિ**-કામદેવ પણ, **સંમુહ્ય**-મોહ પામીને, **ચાપમ્**-ધનુષ્યને, **અજહાત્**-છોડી દેતો હતો, **તાઃ**-તે, **પ્રમદોત્તમાઃ**-ઉત્તમ પ્રમદાઓ, **કુહકૈઃ**-હાવભાવ-કપટથી, **યસ્ય**-શ્રીકૃષ્ણની, **ઇન્દ્રિયમ્**-ઇન્દ્રિયોને **વિમથિતુમ્**-ચલિત કરવાને, **ન શેકુઃ**-સમર્થ ન થઈ શકી. ૩૬.

અનુવાદ—**જે સ્ત્રીઓના ઉત્કટ ભાવને સૂચવનારા સુંદર હાસ્ય અને લજ્જાપૂર્વક અવલોકન વગેરેથી હણાયેલા કામદેવે પણ સારી રીતે મોહ પામીને પોતાના હથિયારને છોડી દીધાં, તે પ્રમદાઓ અનેક પ્રકારનાં હાવભાવ-કપટોથી પણ તે પ્રભુની ઇન્દ્રિયોને વશ કરવાને માટે સમર્થ ન થઇ શકયાં.** ૩૬.

તત્ત્વસુધા—**ઉદ્દામભાવ**- લાભ, ભય વગેરેથી મનનો ભાવ દબાય છે, તેવું જેમાં નથી તે ઉદ્દામ ભાવ કહેવાય છે. એકવાર કામદેવ શ્રીકૃષ્ણના અંતઃપુરમાં કૃષ્ણને કામવશ બનાવવા સજ્જ થઇ સરંજામ સાથે આવ્યો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પરંતુ પ્રભુના અંતઃપુરની વનિતાઓના ઉત્કટ ભાવને સૂચવતા મન્દ હાસ્ય અને લજ્જા રમ્ય અવલોકન સામે પોતાનાં શસ્ત્રો તદ્દન નિરર્થક લાગ્યાં એને શ્રદ્ધા થઈ કે મારા સામર્થ્યને ટપી જતાં મોહક સાધનો શ્રીકૃષ્ણ નિકેતનમાં છે, તો પણ શ્રીકૃષ્ણને તેઓ સ્વવશ નથી કરી શકતાં. એવા કન્દર્પ વિજેતા શ્રીકૃષ્ણ છે એમ માની, પરાજય કબૂલી, અસ્ત્રો મૂકી, વિદાય થઈ ગયો. પિશુન શબ્દનો અર્થ 'સૂચન કરનારો' એવો થાય છે. ૩૬.

तमयं मन्यते लोको ह्यसङ्गमपि सङ्गिनम् ।
आत्मौपम्येन मनुजं व्यापृण्वानं यतोऽबुधः ॥ ३७ ॥

અન્વયાર્થ—**तम्**-તેવા, **असङ्गम् अपि**-અસંગને પણ, **अयम्**-આ, **लोकः**-લોક, **आत्म-औपम्येन**-પોતાની તુલનાથી **व्यापृण्वानम्**-વ્યવહારમાં સક્ત, **सङ्गिनम्**-સંગવાળા, અને **मनुजम्**-મનુષ્ય તરીકે, **मन्यते**-માને છે, **यतः**-કારણકે લોક, **हि**-ખરેખર, **अबुधः**-અબુધ છે. ૩૭.

અનુવાદ—**તે શ્રીકૃષ્ણ ભગવાન વાસ્તવિક રીતે સર્વ સંગ રહિત-અસંગ છે, તો પણ આ અબુધ લોક એમને પોતાના જેવા સમજીને સંગવાળા તેમજ સર્વ વ્યવહાર કરનારા મનુષ્ય તરીકે સમજે છે.** ૩૭.

તત્ત્વસુધા—સર્વ કાર્યોમાં પ્રવૃત્ત છતાં પણ સર્વ કાર્યથી પર છે, એ જ શ્રીકૃષ્ણ ચરિતની મહત્તા છે. ગીતાજીના દર્શાવેલા સિદ્ધાન્તો પ્રત્યેક શ્રીકૃષ્ણમાં નજરે નિહાળવા મળે છે, તેથી જ તે પૂર્ણ તત્ત્વ છે. ૩૭.

एतदीशनमीशस्य प्रकृतिस्थोऽपि तद् गुणैः ।
न युज्यते सदाऽऽत्मस्थैर्यथा बुद्धिस्तदाश्रया ॥ ३८ ॥

અન્વયાર્થ—**एतत्**-આ **ईशस्य**-ઈશ્વરનું, **ईशनम्**-ઐશ્વર્ય છે, **प्रकृतिस्थः अपि**-પ્રકૃતિમાં રહેલા છતાં, **सदा**-સદા, **तद्गुणैः**-તે પ્રકૃતિના ગુણોથી, **यथा**-જેમ, **तदाश्रया**-આત્માનો આશ્રય કરનારી, **बुद्धिः**-બુદ્ધિ, **आत्मस्थैः**-આત્મામાં રહેલા આનંદ વગેરે ગુણોથી, **न युज्यते**-જોડાતી નથી. ૩૮.

અનુવાદ—**આજ સર્વ સમર્થ ઈશ્વરનું ઐશ્વર્ય બળ છે કે પોતે પ્રકૃતિમાં સદા રહેલા છે, છતાં પણ પ્રકૃતિના ગુણોથી લેપાતા નથી, જેમ આત્માનો આશ્રય કરનારી છતાં પણ બુદ્ધિ આત્મનિષ્ઠ આનંદ આદિ ગુણોથી યુક્ત થતી નથી.** ૩૮.

તત્ત્વસુધા—આ શ્લોકથી ઈશ્વરનું નિર્લેપપણું દર્શાવ્યું છે. વાક્યોનો સમન્વય કરી અર્થ થતાં સરલ રીતે સમજાય છે. ઈશ્વરનું એજ ઈશ્વરપણું છે કે प्रकृतिस्थोऽपि तद्गुणैः न युज्यते। પ્રકૃતિમાં રહેલા છતાં પ્રકૃતિના ગુણોવાળા સ્વયં નથી થતા. દુઃખ સુખ, રાગ દ્વેષ, પ્રકૃતિના ગુણો છે. જીવાત્મામાં તે ગુણો જોવામાં આવે છે; પરંતુ શ્રીકૃષ્ણમાં-ઈશમાં તે જોવા નથી મળતા. પાંડવોના સંયોગનો ભગવાનને હર્ષોન્માદ નથી, ભીષ્મ પિતામહના વિયોગથી શોકાવેશ નથી. પ્રભુની સમસ્ત લીલાઓમાં એક વસ્તુ નજરે આવ્યા વગર નથી રહેતી; તે એ કે માન અપમાન, લાભ હાનિ, જય પરાજય કયાંય પણ ભગવાનમાં વિકાર કરનારાં બન્યાં હોય. એ બાબતમાં દૃષ્ટાન્ત આપ્યો यथाबुद्धिस्तदाश्रया- બુદ્ધિને આત્માનો આશ્રય છે, તો પણ આત્માના આનંદ વગેરે દિવ્ય ગુણો બુદ્ધિમાં જોવા નથી મળતા; તે પ્રકારે ઈશ્વરમાં પ્રકૃતિના ગુણો જોવા નથી મળતા.

यथा बुद्धिस्तदाश्रया એ વાક્યનો એક અન્ય અર્થ પણ થાય છે કે ઈશ્વરનો અનન્ય આશ્રય કરીને રહેતા ભક્ત જનોની બુદ્ધિને પ્રકૃતિના ગુણોની અસર નથી થતી. સુદામાજીને ઐશ્વર્ય મળ્યું પણ नातिलंपटः તેમાં લંપટ નથી થયા; કારણ કે તેમની બુદ્ધિએ ભગવાનનો આશ્રય લીધો છે, તેથી તેમને પ્રકૃતિ ધર્મો નથી સતાવતા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

યુજ્યતેઽસદાત્મસ્થૈઃ–એવો પણ પદચ્છેદ થાય છે; અને અર્થ એવો થાય છે કે અસદ્ એવો જે દેહ છે, તેના સુખ, દુઃખ આદિ ગુણોની જીવને અસર રહ્યાં કરે છે; કારણ કે જીવની બુદ્ધિ દેહ-દ્રવ્યનો આશ્રય લઈને બેઠેલ છે; પરંતુ પ્રભુ તો તેથી પર છે. સોનાની દ્વારકાની રચના અને ભંગ-આ બન્નેમાં દ્વારકેશ અસંગ છે; ન ઉમંગ છે કે ન આનંદભંગ છે. ૩૮.

તં મેનિરેઽબલા મૂઢાઃ સ્ત્રૈણં ચાનુવ્રતં રહઃ ।
અપ્રમાણવિદો ભર્તુરીશ્વરં મતયો યથા ॥ ૩૯ ॥

અન્વયાર્થ—**યથા**-જેમ-જે રીતે, **મતયઃ** બુદ્ધિની વૃત્તિઓ, **ઈશ્વરમ્**-ઈશ્વરને, **ભર્તુઃ**-પતિના-શ્રીકૃષ્ણના, **અપ્રમાણવિદઃ**-માહાત્મ્યને ન જાણનારી, (એટલા માટે જ) **મૂઢાઃ**-અજ્ઞાન, **અબલાઃ**-સ્ત્રીઓ, **તમ્**-તે કૃષ્ણને, **રહઃ**-એકાન્તમાં, **અનુવ્રતમ્**-અનુસરનારા, **ચ**-અને, **સ્ત્રૈણમ્** સ્ત્રીવશ છે, એમ **મેનિરે**-માનતી હતી. ૩૯.

અનુવાદ—જેમ શાસ્ત્રના પ્રમાણને ન સમજનારી બુદ્ધિ ઈશ્વરને જાણી શકતી નથી, તેમ સ્વામીના મહિમાને ન જાણતી માટે જ મૂઢ સર્વ અબળાઓ તે શ્રીકૃષ્ણને, પોતાને એકાન્તમાં અનુસરનારા જોઈને સ્ત્રીવશ છે, એમ માનતી હતી. ૩૯.

તત્ત્વસુધા—કેવલ હરિકૃપા અને ગુરુકૃપા જ ઈશ્વરને ઓળખાવી શકે. કસ્તુરી મૃગને સમીપમાં સુગંધ છે પણ તેની તેને જાણ નથી અને શોધ્યાં કરે છે. દ્વારિકાનાથની પત્નીઓને નિર્વિકાર, અનાસકત, પૂર્ણ એવા શ્રીકૃષ્ણ છે, છતાં તેવો ખ્યાલ નથી. તેમનું મંતવ્ય છે કે 'અમારે આધીન છે, સ્ત્રી વશ છે.' વિવિધ વિવાદમાં ઉતરી ગયેલી, વિવિધ દર્શન શાસ્ત્રોના વિચારોથી ભરેલી અનેકવિધ મતિઓને આત્મતત્ત્વનો ખ્યાલ નથી આવતો. કેવલ એક નિશ્ચયાત્મક બુદ્ધિ જ ઈશ્વરને સમજી શકે છે. તેવી 'વ્યવસાયાત્મિકા' બુદ્ધિ શ્રીકૃષ્ણ કૃપા કરીને જેને આપે છે તે તેને સમજી શકે છે. ગુરુ સેવાથી અને હરિ શરણાગતિથી તેવી મતિ મળે છે. ૩૯.

શ્રીમદ્ ભાગવતના પ્રથમ સ્કંધની તત્ત્વસુધા ટીકાનો અગિયારમો અધ્યાય સંપૂર્ણ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અધ્યાય બારમો

આ બારમા અધ્યાયમાં ૩૬ શ્લોક છે. શ્રીમદ્ વલ્લભ પ્રભુના પાઠમાં ૩૪ શ્લોકો છે. છેલ્લા બે શ્લોકો એમના પાઠમાં નથી મળતા અને ત્રણ ત્રણ ચરણના બે શ્લોકો છે, તેથી શ્લોકની સંખ્યા ૩૪ થાય છે.

બારમો અધ્યાય ઉત્તમ અધિકાર પ્રકરણનો છઠ્ઠો અધ્યાય છે. ૧૧મા અધ્યાયમાં ભગવાનના સુખનું વર્ણન હતું. દ્વારિકામાં ભગવાન પધાર્યા અને સર્વને આનંદ આપીને આનંદ પામ્યા. ૧૨ મા અધ્યાયમાં પરીક્ષિતનો જન્મ છે. પુત્ર જન્મ કે પૌત્ર જન્મ કુલ માટે આનંદનો અવધિ મનાય છે. પૌત્ર જન્મ પછીથી પિતામહ સંસાર ક્ષેત્રની જવાબદારીને મૂકવા માટે અધિકારી બને છે. પરીક્ષિતના જન્મથી પ્રજાજનને આનંદ થયો. જો રાજાને પુત્ર, પૌત્ર ન હોય તો ઉત્તરાધિકારી કોણ નૃપતિ આવશે, એની ચિંતા અને જિજ્ઞાસા પ્રજાને રહે તે સ્વાભાવિક છે. પરીક્ષિત જન્મથી પ્રજા નિશ્ચિંત અને આનંદમયી બની. પાંડવો સહજ આનંદમાં આવ્યા. અભિમન્યુ પૃથ્વી ઉપરથી વિદાય થયા હતા. દ્રૌપદીજીના પાંચ પુત્રોનો અશ્વત્થામાએ નાશ કર્યો હતો. રાજ્ય વહીવટ સંભાળનાર કુલ દીપક માટે ચિંતા હતી. પરીક્ષિતના જન્મથી તેમાંથી મુક્ત થયા.

બ્રહ્માસ્ત્રથી ગર્ભમાં રહેલા પરીક્ષિતના દેહનો દાહ થાય છે અને ભગવાન પુનઃ પરીક્ષિતને સજીવ કરે છે. બ્રહ્માસ્ત્રની મર્યાદા સાચવવા દેહને બળવા દીધો. ભક્તવત્સલની કૃપાનું પાન કરાવવા પરીક્ષિતને સજીવ કર્યો. 'નવી વસ્તુ મળે તેના કરતાં ગયેલી વસ્તુ જડે,' તેનો આનંદ વધુ થાય છે. પરીક્ષિતની બાબતમાં એમ જ થયું.

પરીક્ષિતના દેહના બળવામાં એક અન્ય બાબત છે. જો જીવાત્માના ગર્ભના દોષો બળી જાય, વાસના બળી જાય, બીજ શુદ્ધિ થાય, તો તે જીવ ભગવદ્ ભક્ત થાય. અશ્વત્થામાનું બ્રહ્માસ્ત્ર બ્રહ્માગ્નિ સમાન હતું. તે અસ્ત્રે બ્રહ્મજ્ઞાનનું કામ આપ્યું, દેહગત દોષોને બાળી નાખ્યા. હવે પરમ ભક્ત થવાને માટે પરીક્ષિત યોગ્ય બન્યા. તેઓ શ્રીમદ્ ભાગવત શ્રવણના ઉત્તમ અધિકારી થશે અને અસાધારણ વક્તા, શ્રીશુકાચાર્યને મેળવવા બડભાગી બનશે.

ત્રીજા અધ્યાયમાં શૌનક મુનિના ત્રણ બાબતના પ્રશ્નો હતા-(૧) ભાગવત અને વ્યાસ મહર્ષિ સંબંધી, (૨) શ્રીશુક મુનિ સંબંધી, (૩) પરીક્ષિતના જન્મ, કર્મ, વૈરાગ્ય વિષેનો. ત્રીજા પ્રશ્નનો ખુલાસો કરતાં વચમાં પ્રાસંગિક કથાની આવશ્યકતા હતી, તેથી સૂત મુનિ તે વર્ણવી રહ્યા હતા. મુનિ શૌનકને લાગ્યું કે સૂતજી મારો ત્રીજો પ્રશ્ન વિસરી તો નથી ગયાને! એવી ચિંતાથી બોલી ઉઠ્યા અને ત્યાંજ ૧૨મા અધ્યાયનો આરંભ શૌનક ઉવાચ થી થાય છે. વક્તા વિચક્ષણ છે, વિસર્યા નથી, પ્રાસંગિક વસ્તુ વર્ણવ્યા વિના ચાલે તેમ નથી. શૌનક મુનિને તેનો ખ્યાલ નથી, તેથી પૂછે તો વક્તા નારાજ ન થતાં પ્રસન્ન થાય છે. શ્રોતા સચેત છે, એવો અનુભવ વક્તાને થતાં તે વધુ રસાવેશમાં આવી જાય છે. તે વખતે અલૌકિક હરિરસ પીવા મળી જાય છે.

शौनक उवाच—अश्वत्थाम्नोपसृष्टेन[1] ब्रह्मशीर्ष्णोरुतेजसा ।
उत्तरायां हतो गर्भ ईशेनाऽऽजीवितः पुनः ॥ १ ॥

अन्वयार्थ—अश्वत्थाम्ना-અશ્વત્થામાએ, **उपसृष्टेन**-છોડેલા, **उरुतेजसा**-અત્યંત તેજસ્વી, **ब्रह्मशीर्ष्णा**-બ્રહ્માસ્ત્રથી, **उत्तरायाः**-ઉત્તરાનો, **गर्भः**-ગર્ભ, **हतः**-નાશ પામ્યો, **पुनः**-ફરીથી, **ईशेन**-પરમેશ્વરે, **आजीवितः**-તેને સજીવન કર્યો. ૧.

---

૧ પ્રા. પા.-અશ્વત્થામ્ના વિસૃષ્ટેન ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—અશ્વત્થામાએ છોડેલા અત્યંત તેજસ્વી બ્રહ્માસ્ત્રથી ઉત્તરાનો ગર્ભ નાશ પામ્યો; પરંતુ તેને કૃપા કરી ફરીથી ભગવાને સજીવન કર્યો. ૧.

તત્ત્વસુધા—કૃપાનિધિ શ્રીકૃષ્ણ વાણીથી કૃપા વર્ણવતા નથી, ક્રિયાથી દર્શાવે છે. એક વાર ગર્ભમાં રહેલા પરીક્ષિતનો અને પાંડવોનો નાશ કરવા અશ્વત્થામાએ બ્રહ્માસ્ત્ર છોડેલું, ત્યારે ગર્ભમાં રહેલા પરીક્ષિત નાશ પામેલા હતા. ભગવાને તે સમયે બીજમાં પ્રવેશી રક્ષા કરી હતી, કોઈને કહ્યું ન હતું. વળી અશ્વત્થામાની શિખા છેદી અપમાન કર્યું, તેના બદલા માટે પુનઃ બ્રહ્માસ્ત્ર ગર્ભ ઉપર છોડ્યું ત્યારે બીજ બળી ગયું; તેને પણ ફરીથી ભગવાને સજીવન કર્યું. આ આખો વિષય કેવલ પુનઃ અવ્યયના ઉલ્લેખથી વ્યાસ મહર્ષિએ કહ્યો છે. ૧.

तस्य जन्म महाबुद्धेः कर्माणि च महात्मनः ।
निधनं च यथैवाऽऽसीत् स प्रेत्य गतवान् यथा ॥ २ ॥
तदिदं श्रोतुमिच्छामि गदितुं यदि मन्यसे ।
ब्रूहि नः श्रद्दधानानां यस्य ज्ञानमदाच्छुकः ॥ ३ ॥

અન્વયાર્થ—**महाबुद्धेः**-મહાબુદ્ધિમાન, અને **महात्मनः**-ઉદાર મનવાળા, એવા **तस्य**-તે પરીક્ષિતનો, **जन्म**-જન્મ, **च**-અને, **कर्माणि**-કાર્યોને, **च**-અને, **यथा एव**-જેવી રીતે, **निधनम्**-મરણ, **आसीत्**-થયું, **सः**-તે રાજા, **प्रेत्य**-દેહ ત્યાગ કરીને, **यथा**-જે રીતે, **गतवान्**-ગયા. ૨; **तत्**-તે, **इदम्**-આ, **श्रोतुम्**-સાંભળવાને, **इच्छामि**-હું ઇચ્છું છું, **यदि**-જો, **गदितुम्**-કહેવાને માટે, **मन्यसे**-માનતા હો, તો **श्रद्दधानानाम्**-શ્રદ્ધાવાળા, **नः**-અમને, **ब्रूहि**-કહો, **यस्य**-જેને, **शुकः**-શ્રીશુકદેવજીએ, **ज्ञानम्**-જ્ઞાન, **अदात्**-આપ્યું હતું. ૩.

અનુવાદ—મહાન બુદ્ધિશાળી અને મહાત્મા પરીક્ષિત રાજાનો જન્મ તથા તેમનાં કાર્યો અને જે રીતે મરણ થયું તે, તથા શરીર છોડ્યા બાદ પરલોકમાં જે રીતે ગયા તે બધું સાંભળવાની હું ઇચ્છા રાખું છું. તે જો કહેવાને આપ યોગ્ય માનતા હો તો અમે સાંભળવામાં શ્રદ્ધા રાખનારા છીએ; તેથી કહો કે જે જ્ઞાન શ્રીશુકદેવજીએ પરીક્ષિત રાજાને આપ્યું છે. ૨; ૩.

તત્ત્વસુધા—એ શ્લોકોમાં શૌનક મુનિના પ્રશ્નો છે. જન્મથી એટલે કુલથી ખાનદાન હોય તેનું જીવન ચરિત્ર જાણવું, માટે **तस्य जन्म**-તેના જન્મ સંબંધી પ્રશ્ન કર્યો. મહાન્ બુદ્ધિમાન અને પુણ્યવાનનાં ચરિત્ર પવિત્ર અને ભવ્ય હોય છે, તેથી **कर्माणि** પરીક્ષિતના કર્મનો પ્રશ્ન કર્યો. બ્રહ્માસ્ત્રથી ગર્ભમાં બળેલ, પણ પ્રભુ-કૃપાથી જે જીવિત થયેલ, તે શાપથી કેમ મરણ પામે ? એ એક કોયડો હતો. તેથીજ **निधनम्**-મરણ વિષયક પ્રશ્ન પૂછ્યો. મુક્તિ કે ઇષ્ટ પ્રાપ્તિ દરેકનું લક્ષ હોવું જોઈએ, માટે ' મોક્ષ ' સંબંધનો પણ પ્રશ્ન કર્યો છે; પરંતુ દીનતા પૂર્વક કહે છે કે " જો આપને ઉચિત લાગે તોજ વર્ણવશો. ભલે મને શ્રવણની પિપાસા છે, પણ કહેવા યોગ્ય હોય તો જ કહેશો. કેવલ શ્રદ્ધા હમારી પાસે ભેટ છે. " પરીક્ષિત માટે સન્માન છે કારણ કે **ज्ञानमदात् शुकः**-શ્રીશુકદેવજીએ એમને જ્ઞાન આપ્યું છે. ૨; ૩.

सूत उवाच—[1]अपीपलद्धर्मराजः पितृवद् रञ्जयन् प्रजाः ।
निःस्पृहः सर्वकामेभ्यः कृष्णपादा[2]नुसेवया ॥ ४ ॥

અન્વયાર્થ—**कृष्ण-पाद-अनुसेवया**-શ્રીકૃષ્ણના ચરણની સેવાથી, **सर्वकामेभ्यः**-સર્વ કામનાઓથી,

---

૧ પ્રા. પા.-अपालयत् । ૨ પ્રા. પા.-पादाब्जसेवया ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નિઃસ્પૃહઃ-નિઃસ્પૃહ બનેલા, ધર્મરાજઃ-ધર્મરાજ યુધિષ્ઠિર, પિતૃવત્-પિતાની માફક, પ્રજાઃ-પ્રજાઓને, રઞ્જયન્-રાજી રાખતા, અપીપલત્-પાલન કરતા હતા. ૪.

અનુવાદ—સૂતજીએ કહ્યું-શ્રીકૃષ્ણના ચરણારવિંદની સેવાથી સર્વ કામનાઓથી નિઃસ્પૃહ થયેલા મહારાજ યુધિષ્ઠિર, પિતાની માફક પ્રજાનું મન રંજન કરતા પાલન કરતા હતા. ૪.

તત્ત્વસુધા—વૈરાગ્ય માનવનો આનંદ ખજાનો છે. વૈરાગ્ય બે પ્રકારે આવે છે. (૧) સંસાર ક્લેશ, તપ, જપ, દાન વગેરે સાધનથી, અને (૨) હરિપદ સેવાથી. યુધિષ્ઠિરજીને વૈરાગ્ય પ્રભુભક્તિથી મળે છે, એટલે તે વૈરાગ્ય સ્થિર છે, તેમજ દિવ્ય છે. વિષાદમાંથી આવેલો વિરાગ વધુ ન જીવે. વિવેકમાંથી સાંપડેલ કદી વિરામ ન પામે. કૃષ્ણ-પાદાનુસેવયા શ્રીકૃષ્ણચરણ સેવાથી નિસ્પૃહ બન્યા, એ વાક્યે એ વાત પૂરવાર કરી. સેવામાં રસ અને સમજ ન પડે તો પણ અવશ્ય કરવી. કદાચ સકામ ભાવથી થાય તો પણ તે એક દિવસ નિષ્કામ થઇ જશે જ. સેવાના ઝૂલામાં શ્યામ સુંદર સદા ઝૂલે છે. અનુસેવયા એટલે પ્રથમ ભગવદીય સેવા કરવી, ત્યાર બાદ ભગવત્સેવા કરવી; એ ખાસ યાદ રહેવું જોઇએ. ૪.

सम्पदः क्रतवो लोकाः[1] महिषी भ्रातरो मही ।
जम्बूद्वीपाधिपत्यं च यशश्च त्रिदिवं गतम् ॥ ५ ॥
किं ते कामाः सुरस्पा[2]ऽर्हा मुकुन्दमनसो द्विजाः ।
अधिजह्रुर्मुदं राज्ञः क्षुधितस्य यथेतरे ॥ ६ ॥

અન્વયાર્થ—દ્વિજાઃ-હે વિપ્રો ! સમ્પદઃ-સંપત્તિ, ક્રતવઃ-યજ્ઞો, લોકાઃ-લોકો, મહિષી-પટરાણી, ભ્રાતરઃ-ભાઇઓ, મહી-પૃથ્વી, ચ-અને, જમ્બૂદ્વીપ-આધિપત્યમ્-જંબૂદ્વીપનું સામ્રાજ્ય, ચ-અને, ત્રિદિવમ્-સ્વર્ગ સુધી, ગતમ્-પહોંચેલી, યશઃ-કીર્તિ, સુરસ્પાર્હા-દેવોને લાલસા પેદા કરનાર, તે કામાઃ-તે વૈભવો, મુકુન્દ-મનસઃ-મુકુન્દમાં મનવાળા, રાજ્ઞઃ-રાજા યુધિષ્ઠિરને, ક્ષુધિતસ્ય-ભૂખ્યાને, ઇતરે-અન્ય વિલાસો, યથા-જેમ, મુદં-આનંદને, કિં અધિજહ્રુઃ-શું આપી શકે ખરા ? ૫; ૬.

અનુવાદ—હે મહર્ષિઓ, યુધિષ્ઠિર રાજાને સમ્પત્તિઓ, યજ્ઞો, સર્વ લોકો, પટરાણી, ભાઇઓ, પૃથ્વી અને જંબૂદ્વીપની સર્વોપરી સત્તા અને સ્વર્ગ સુધી પહોંચેલો યશ મળ્યાં હતાં, જેની ઇન્દ્ર વગેરે દેવતાઓ લાલસા સેવતા હતા; પરંતુ અન્નનાં ભૂખ્યાંને અન્ય વિલાસોની માફક તે વૈભવો કદી આનંદ પેદા કરી શકે ખરાં ? ૫; ૬.

તત્ત્વસુધા—પાંચમા શ્લોકમાં लोकाः એક પાઠ છે, બીજો विप्राः પાઠ છે, જે મહાપ્રભુજીએ સ્વીકાર્યો છે. लोक નો અર્થ લોકો તરફથી મળતા કર વગેરે કરવો. विप्राः સંબોધન છે. જ્ઞાન અને હરિભજન વિના કોઇ પણ સાધન સુખ આપનાર નથી. એમાં અનુભવી વિપ્રોનો મત મેળવવા માટે 'विप्राः' સંબોધન કરી તેમનું અનુમોદન માંગ્યું.

વીર રાઘવજી 'महिष्यः' એવો પાઠ સ્વીકારે છે. महिषीનો અર્થ પટરાણીઓ ન કરતાં રાણીઓ કરવાથી બહુવચન સાર્થક લાગશે. છઠ્ઠા શ્લોકમાં सुरस्पार्हाः એવો પાઠ શ્રીમહાપ્રભુજીને સંમત છે. સુરોને માટે જે વૈભવોમાં રસ અને લાલસા હોય છે, તેમાં હરિભક્તોને નથી હોતો. યુધિષ્ઠિરજીને શ્રીકૃષ્ણ ભક્તિની ક્ષુધા-તૃષા હતાં. તેથી સંપત્તિ, યજ્ઞો, પ્રજાજનના કરો, અનુકૂળ ભાઇઓ, જંબૂદ્વીપની સત્તા, કોઇ પણ આસક્તિ કરનાર ન થયાં. ૫; ૬.

१ मु. पा.-विप्राः । २ मु. पा.-सुरस्पार्हाः ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

मातुर्गर्भगतो वीरः स तदा भृगुनन्दन ।
ददर्श पुरुषं कञ्चिद्दह्यमानोऽस्त्रतेजसा ॥ ७ ॥

અન્વયાર્થ—હે ભૃગુનન્દન-હે શૌનક, તદા-તે સમયે, માતુઃ-માતાના, ગર્ભગતઃ-ગર્ભમાં રહેલા, અસ્ત્રતેજસા-બ્રહ્માસ્ત્રના તેજથી, દહ્યમાનઃ-બળી રહેલા, વીરઃ-પરાક્રમી, સઃ-તે પરીક્ષિતે, કશ્ચિત્-કોઇએક, પુરુષમ્-પુરૂષને, દદર્શ-જોયો. ૭.

અનુવાદ—હે મુનિ શૌનક, ઉત્તરા માતાના ગર્ભમાં રહેલા, અસ્ત્રના તેજથી બળી રહેલા તે વીર પુરુષ પરીક્ષિતે, તે સમયે કોઈ એક પુરૂષને જોયો. ૭.

તત્ત્વસુધા—ગર્ભમાં બે પ્રકારના જીવો હોય છે. એક વિષયી કે આસક્ત, જે સંસાર ભોગવવા; અને અન્ય વિરક્ત કે ભક્ત, હરિરસ પીવા તેમજ પાવા આવે છે. પ્રથમ ગર્ભમાં રહીને પીડાય છે, પરતંત્ર રહે છે. બીજો ગર્ભમાં રહે છતાં, ગૃહમાં રહેલા શ્રુતદેવ, સુદામા, પ્રહ્લાદ, ધ્રુવ જેવો વિરક્ત અને હરિભક્તની માફક અલગ રહે છે. માતૃગર્ભગતઃ એવું જે સમાસાન્ત વાક્ય કહ્યું હોત તો પરીક્ષિત આસક્તમાં ગણાત; પરંતુ માતુર્ગર્ભગતઃ-માતૃ શબ્દની છઠ્ઠી વિભક્તિ અલગ વર્ણવી, ગર્ભની પીડાથી પર અને પ્રભુદર્શન તત્પર એવા પરીક્ષિત છે એ સમજાવ્યું છે.

જેનાં માતાપિતા સંયમી, શીલ સમ્પન્ન અને ભક્ત હોય તેમનાં બાળકોને ગર્ભમાંથી જ સુખ, વિવેક અને ભક્તિ ભગવાન વારસામાં આપે છે. પરીક્ષિતને તે સર્વ બીજમાંથી અને વારસામાંથી મળ્યું છે. તેણે ભગવાનનાં દર્શન કર્યાં. ૭.

अङ्गुष्ठमात्रममलं स्फुरत्पुरट - मौलिनम् ।
अपीच्यदर्शनं श्यामं तडिद्वाससमच्युतम् ॥ ८ ॥
श्रीमद्दीर्घचतुर्बाहुं तप्तकाञ्चन - कुण्डलम् ।
क्षतजाक्षं[1] गदापाणिमात्मनः सर्वतो दिशम् ।
परिभ्रमन्तमुल्काभां भ्रामयन्तं गदां मुहुः ॥ ९ ॥
अस्त्रतेजः स्वगदया नीहारमिव गोपतिः ।
विधमन्तं सन्निकर्षे पर्यैक्षत क इत्यसौ ॥ १० ॥

અન્વયાર્થ—અઙ્ગુષ્ઠમાત્રમ્-તદ્દન અંગુઠા જેવડા, અમલમ્-નિર્મળ, સ્ફુરત્-પુરટ-મૌલિનમ્-પ્રકાશમાન સુવર્ણના મુકુટવાળા, અપીચ્યદર્શનમ્-સુંદર સ્વરૂપવાળા, શ્યામમ્-નીલ વર્ણવાળા, તડિદ્-વાસસમ્-વીજળીના વર્ણ સમાન પીતાંબરને ધારણ કરનારા, શ્રીમદ્-દીર્ઘ-ચતુર્બાહુમ્-શોભાયમાન, લાંબા ચાર શ્રી હસ્તવાળા, તપ્ત-કાઞ્ચન-કુણ્ડલમ્-તપાવેલા સુવર્ણ સમાન કુંડલવાળા, ક્ષતજ્ઞ-અક્ષમ્-લોહીયાળી આંખલડી વાળા, ગદાપાણિમ્-શ્રી હસ્તમાં ગદાવાળા, આત્મનઃ-મારી (ગર્ભની), સર્વતઃ-દિશમ્-ચારે બાજૂએ, પરિભ્રમન્તમ્-પરિભ્રમણ કરતા, ઉલ્કા-આભામ્-ઉલ્કાડિયા જેવી તેજસ્વી, ગદામ્-ગદાને, મુહુઃ-વારંવાર, ભ્રામયન્તમ્-ફેરવતા, સ્વગદયા-પોતાની ગદાથી, અસ્ત્રતેજઃ-બ્રહ્માસ્ત્રના તેજને, ગોપતિઃ-સૂર્ય, નીહારમ્-ઇવ-અંધકારને જેમ, વિધમન્તમ્-દૂર કરતા, અચ્યુતમ્-અચ્યુત ભગવાનને, સન્નિકર્ષે-સમીપમાં બિરાજતા, અસૌ-આ, કઃ-કોણ હશે, ઇતિ-એ પ્રમાણે, પર્યૈક્ષત-ચારે બાજુ જોવા લાગ્યો. ૮; ૯; ૧૦.

---

૧ પ્રા. પા. - શઙ્ખ ચક્ર૦ ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—તદ્દન અંગુઠા જેવડા, નિર્મળ, પ્રકાશમાન સુવર્ણના મુકુટવાળા, રમણીય દર્શનવાળા, શ્યામ સુંદર, વીજળીના જેવાં પીળાં વસ્ત્ર વાળા, દિવ્ય કાન્તિને ધરાવતા, ચાર લાંબા બાહુ વાળા, તપાવેલા ચળકતા સુવર્ણ જેવાં કુંડળવાળા, લોહીઆળાં નેત્રવાળા, ગદાધારી અચ્યુત ભગવાનને જોયા; જે પ્રભુ મારી ચારે તરફ ફરતી અગ્નિના જેવી તેજસ્વી ગદાથી સૂર્ય જેમ ઝાકળને દૂર કરે તેમ બ્રહ્માસ્ત્રના તેજને દૂર કરતા મારી નજીકમાં હતા. હું જોઇને વિચારમાં પડયો; ચારે બાજુએ જોવા લાગ્યો કે આ કોણ હશે ? ૮; ૯; ૧૦.

તત્ત્વસુધા—આ ત્રણ શ્લોકોમાં ગર્ભમાં થતા પ્રભુદર્શનનું વર્ણન છે. આ સ્થાને એક સંકેત છે કે જ્યારે દમ્પતી માતા પિતા થવાના ઉદ્દેશથી સંસાર તરફ વળે ત્યારે આ ત્રણ શ્લોકમાં વર્ણવેલા સ્વરૂપનું ચિંતન ચિત્તમાં અનેઆંખમાં રાખે; જો એ રીતે 'બીજ આધાન' થાય તો અવશ્ય મહાન તેજસ્વી પુત્ર થાય. પછી માતાએ બાળકના પ્રસવ પર્યન્ત તે જ સ્વરૂપનું ધ્યાન કર્યા કરવું. ગર્ભાધાન પછી બાળક પાંચ વર્ષનું થાય, ત્યાં સુધી કષ્ટ વેઠીને પણ બ્રહ્મચર્યનું પાલન કરવું, તો બાળક દિવ્ય થશે.

સાતમા શ્લોકના ઉત્તરાર્ધથી દશમા શ્લોક સુધીમાં સાડા ત્રણ શ્લોકમાં સાડા ત્રણ કરોડ રોમાંચને ચૈતન્ય આપનાર ચતુર્ભુજ શ્યામ સુંદરને ૧૫ વિશેષણોથી વર્ણવે છે. પૂર્ણ પુરુષ છે એવું બતાવવા ૧૫ દ્વિતીયાન્ત પદ મૂકયાં છે. એક પુરુષ વિશેષ્ય છે, બાકીનાં ૧૪ વિશેષણો છે.

અङ्गुष्ठमात्रः पुरुषः अंगुष्ठं च समाश्रितः અંગૂઠાના માપના આકારવાળા પૂર્ણ પુરુષ છે અને અંગૂઠામાં જ રહેલા છે. સેવાના સ્વરૂપનું કદ નક્કી કરીને રસ ભક્તિએ સેવ્ય, વિગ્રહો ઉપનિષદ્ સિદ્ધાન્ત મુજબ અંગૂઠાના માપનાં 'સૂક્ષ્મ' સ્વરૂપો રાખ્યાં છે, જેમાં ચિત્તનો નિરોધ કરવાનો હોય છે. સૂક્ષ્મ સ્વરૂપ હોવાથી વધુ મનની એકાગ્રતા રાખવી પડે છે.

૧. अंगुष्ठमात्रम्–પૂર્ણબ્રહ્મ સ્વરૂપ; ૨. अमलम्–ગર્ભમાં રહેલા છતાં મળ વિનાના; ૩. पुरटमौलिनम्–જ્ઞાન તત્ત્વથી ભરપૂર; ૪. अपीच्यदर्शनम्–સુડોળ શ્રીઅંગવાળા–યોગ તત્ત્વના આત્મા; ૫. श्यामम्–શૃંગાર રસ મંદિર–ભક્તિ શાસ્ત્રના આધાર; ૬. तडिद्वाससम्–નિત્ય કૃપા વૃષ્ટિ વર્ષાવનારા–કૃપાના નિધિ; ૭. अच्युतम्–સંબંધ ન તોડનાર; ૮. चतुर्बाहुम्–ચાર પુરુષાર્થોના આચરણનો સંદેશ દેનારા; ૯. काञ्चन कुण्डलम्– કર્મ અને જ્ઞાનના સહકારને કહેનારા; ૧૦. क्षतजाक्षम्–વીર–બ્રહ્માસ્ત્રને આંખની લાલાશથી ડરાવી દૂર કરતા; ૧૧. गदा पाणिम्– સર્વના પ્રાણાધાર; ૧૨. परिभ्रमन्तम्–સર્વ અવસ્થામાં અને દિશામાં રક્ષણ કરનારા; ૧૩. उल्कामम्– તેજોમય; ૧૪. अस्त्र तेजः विधिमन्तम्–બ્રહ્માસ્ત્રની અસરનો નાશ કરનારા. આ ચૌદ વિશેષણવાળા પંદરમા પુરુષને જોયા. આ શ્લોકોનું કવચ (માદળીયું) બનાવી એના ઉપર આ ત્રણ શ્લોકોનો સવા લાખ જપ કરાવી તે માદળીયું ઘોઇ પાઈ દેવામાં આવે તો ગર્ભ રક્ષા થાય છે. તેમજ ગર્ભવતી આ કવચને ધારણ કરે તો પણ બાળ રક્ષા થાય છે. ૮; ૯; ૧૦.

विधूय तदमेयात्मा भगवान् धर्मगुप्विभुः ।
मिषतो दशमासस्य तत्रैवाऽन्तर्दधे हरिः ॥ ११ ॥

અન્વયાર્થ—अमेय–આત્મા–માપ ન કાઢી શકાય તેવા, धर्मगुप्–ધર્મના સંરક્ષક, विभुः–વ્યાપક, भगवान्–ભગવાન, हरिः શ્રીકૃષ્ણ, तत्–તે બ્રહ્માસ્ત્રને, विधूय–દૂર કરીને, दशमासस्य–દશ માસના, मिषतः–દેખતાં, तत्र एव–ત્યાંજ, अन्तर्दधे–તિરોહિત થઇ ગયા. ૧૧.

અનુવાદ—મનથી પણ ન માપી શકાતા, ન ઓળખી શકાતા, ધર્મ સંરક્ષક, સર્વ સમર્થ ષડૈશ્વર્ય સંપન્ન, ભગવાન શ્રીકૃષ્ણ, તે બ્રહ્માસ્ત્રને નષ્ટ કરીને દશ માસના ગર્ભમાં રહેલા બાળકના દેખતાં ત્યાંજ અન્તર્ધાન થઈ ગયા. ૧૧.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્ત્વસુધા—**ભગવાન્ હરિઃ**—શુકદેવજીની સમાન કક્ષાના જ પરીક્ષિત ગર્ભથી જ વિરકત, ભકત અને જ્ઞાની હતા. કદાચ શુકદેવજીની માફક જન્મ લેતાં જગત છોડી જતા રહે તો ક્ષાત્ર ધર્મ ન સચવાય, પાંડવોથી રાજ્ય બંધનમાંથી ન છૂટાય અને શ્રીમદ્ ભાગવતના શ્રવણને બહાને ભાગવત આનંદનો લાભ વિશ્વને ન થાય માટે ભગવાને ગર્ભમાંજ દશ માસ પૂર્ણ થતાં સ્વરૂપનું તિરોધાન કર્યું અને ભાગવત પ્રચાર કરાવ્યો. ૧૧.

ततः सर्वगुणोदर्के सानुकूलग्रहोदये ।
जज्ञे वंशधरः पाण्डोर्भूयः पाण्डुरिवौजसा ॥ १२ ॥
तस्य प्रीतमना राजा विप्रर्धौम्य[1]कृपादिभिः ।
जातकं कारयामास वाचयित्वा च मंगलम् ॥ १३ ॥

અન્વયાર્થ—**ततः**—ત્યારબાદ, **पाण्डोः**—પાંડુ રાજાના, **वंशधरः**—વંશને ધારણ કરનાર, **ओजसा**—પ્રભાવથી, **भूयः**—ફરીથી, **पाण्डुः इव**—જાણે પાંડુ રાજા ન આવ્યા હોય, એવા **सर्व-गुण-उदर्के**—સર્વ ગુણોથી ઉત્કૃષ્ટ, એવો **सानुकूल-ग्रह-उदये**—અનુકૂળ સર્વ ગ્રહોના ઉદય સમયે, **जज्ञे**—જન્મ્યા. ૧૨; **च**—અને, **प्रीतमनाः**—પ્રસન્ન મનવાળા, **राजा**—રાજા યુધિષ્ઠિરે, **धौम्य-कृपादिभिः**—ધૌમ્ય, કૃપાચાર્ય વગેરે, **विप्रैः**—બ્રાહ્મણો દ્વારા, **तस्य**—તે બાળકના, **मंगलम्**—સ્વસ્તિ પુણ્યાહવાચન મંગળને, **वाचयित्वा**—વંચાવીને, **जातकर्म**—જાત કર્મ સંસ્કારો, **कारयामास**—કરાવ્યા. ૧૩.

અનુવાદ—**પછી જ્યારે સર્વ ગુણો ઉત્કૃષ્ટ હતા અને સર્વ ગ્રહો જ્યારે અનુકૂળ હતા, ત્યારે પરાક્રમમાં જાણે બીજા પાંડુ રાજા ન હોય એવા પાંડુરાજાના વંશને ધારણ કરનાર પરીક્ષિત જન્મ્યા; અને તે સમયે અત્યંત પ્રસન્ન મનથી રાજા યુધિષ્ઠિરજીએ ધૌમ્ય ગુરુ, કૃપાચાર્ય મુનિ વગેરે વિપ્રો દ્વારા, સ્વસ્તિપુણ્યાહવાચન મંગલ સાથે જાત કર્મ સંસ્કાર કરાવ્યા. ૧૨; ૧૩.**

તત્ત્વસુધા—કુલનો મૂલ પુરુષ ત્રીજી પેઢીએ પાછો આવે છે. પાંડુ રાજા પરીક્ષિતના રૂપમાં કુરુવંશમાં પુનઃ આવ્યા હતા. ગર્ભમાં હરિ દર્શન થયાં હતાં તેથી સર્વ ગ્રહો ઉત્તરોત્તર ઉત્તમ ફળ આપવા તૈયાર હતા. રવિ, ગુરુ, શુક્ર વગેરે ગ્રહો ઉદયાભિમુખ હતા.

ધૌમ્ય ઋષિ પાંડવોના કુલ ગુરૂ હતા અને કૃપાચાર્ય પરંપરાથી આવેલા ગુરૂ હતા. ઉભય પાસે જાત કર્મ સંસ્કાર યુધિષ્ઠિરજી ન કરી શકે. રાજ્ય ઉપર અભિષેક પામેલ રાજા 'પરમહંસ' ની દીક્ષાવાળો મનાય છે. કુટુંબ અને પ્રજાજન સાથે સમાનતા વાળો વહીવટ હોય છે માટે સ્વસ્તિ પુણ્યાહવાચન અને જાતકર્મ ઋષિઓ પાસે કરાવ્યાં. ૧૨; ૧૩.

हिरण्यं गां महीं ग्रामान् हस्त्यश्वान्नृपतिर्वरान् ।
प्रादात्स्व[2]न्नं च विप्रेभ्यः प्रजातीर्थे स तीर्थवित् ॥ १४ ॥

અન્વયાર્થ—**तीर्थवीद्**—તીર્થ અને પાત્રને જાણનારા, **सः**—તે, **नृपतिः**—રાજા યુધિષ્ઠિર, **प्रजातीर्थे**—પુત્ર જન્મ નામના તીર્થમાં, **विप्रेभ्यः**—બ્રાહ્મણોને, **हिरण्यम्**—સુવર્ણને, **गाम्**—ગાયને, **महीम्**—આજીવિકા પૂરતી જમીનને, **ग्रामान्**—ગામોને, **हस्ति-अश्वान्**—હાથી-ઘોડાઓને, **वरान्**—ઇચ્છિત વરદાનોને, **च**—અને **स्वन्नम्**—સારાં ધાન્યને, **प्रादात्**—આપતા હતા. ૧૪.

---

૧ પ્રા. પા.-વિપ્રૈર્જાત ક્રિયાદભિઃ । ૨ પ્રા. પા.-स्वयं ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—પાત્ર અને સમયને જાણનાર રાજા યુધિષ્ઠિરે પુત્ર જન્મ નામના તીર્થમાં શ્રેષ્ઠ વિપ્રોને અને સર્વને સોનું, ગાયો, ભૂમિ, શ્રેષ્ઠ ગામડાં, શ્રેષ્ઠ હાથી-ઘોડા અનેક પ્રકારનાં વસ્ત્રાનો, વિવિધ અન્ન વગેરે આપ્યાં. ૧૪.

तत्त्वसुधा—પુત્ર જન્મમાં, વ્યતિપાતમાં, ખળામાંથી ધાન્ય લાવતાં, કન્યાના વિવાહકાલે, ગ્રહણમાં દાન આપવાનો શાસ્ત્ર વિધિ છે. ઉત્સાહ, આનંદ અને પર્વના પ્રસંગોને લક્ષીકૃત કરી લક્ષ્મીનાં સમર્પણ કરાવવાં અને ધનસંગ્રહમાંથી સમાજને સદા મુક્ત રાખવો એ ઋષિવૃન્દની ડહાપણ ભરી રીત હતી. રાજાએ કેવળ બ્રાહ્મણોને નથી આપ્યું; પરંતુ પ્રજાના પ્રત્યેક ક્ષેત્રોમાં આપ્યું છે. ૧૪.

तमूचुर्ब्राह्मणा स्तुष्टा राजानं प्रश्रयानतम् ।
एष ह्यस्मिन्प्रजातन्तौ कुरूणां पौरवर्षभ ॥ १५ ॥
दैवेनाऽप्रतिघातेन शुक्ले संस्थामुपेयुषि ।
रातो वोऽनुग्रहार्थाय विष्णुना प्रभविष्णुना ॥ १६ ॥
तस्मान्नाम्ना विष्णुरात इति लोके बृहच्छ्रवाः ।
भविष्यति न संदेहो महाभागवतो महान् ॥ १७ ॥

અન્વયાર્થ—तुष्टाः-સંતોષ પામેલા, ब्राह्मणाः-બ્રાહ્મણો, प्रश्रय-आनतम्-વિનયથી વંદન કરતા, એવા तं राजानम्-તે રાજા યુધિષ્ઠિરને, उचुः-કહેવા લાગ્યા, हि-ખરેખર, पौरव-ऋषभ-પુરુ વંશમાં શ્રેષ્ઠ, હે રાજન ! एषः-આ પુત્ર, पुरूणाम्-પુરુવંશના રાજાઓના, शुक्ले-શુદ્ધ, એવો अस्मिन्-આ, प्रजा-तन्तौ-પ્રજાનો તંતુ-વંશ, अप्रतिघातेन-જેનો સામનો ન કરી શકાય, એવા दैवेन-દૈવે, संस्थाम्-વિનાશને, उपेयुषि-પ્રાપ્ત કરાયો, ત્યારે प्रभविष्णुना-સર્વ સમર્થ, એવા विष्णुना-વિષ્ણુએ, वः-તમારા ઉપર, अनुग्रहाय-અનુગ્રહ માટે, रातः-બચાવ્યો છે, तस्मात्-તે કારણથી, विष्णुरातः इति-વિષ્ણુરાત એ પ્રમાણે, नाम्ना-નામથી, लोके-લોકમાં, बृहत्-श्रवाः-મહાન કીર્તિમાન, महान्-મહા પુરુષ, महा-भागवतः-પરમ ભગવદીય, भविष्यति-થશે, એમાં सन्देहः-શંકા, न-નથી. ૧૫; ૧૬; ૧૭.

અનુવાદ—મહારાજ યુધિષ્ઠિર ઉપર અત્યંત પ્રસન્ન થયેલા બ્રાહ્મણો, વિનયપૂર્વક વંદન કરતા, રાજાને કહેવા લાગ્યા, "હે કુરુકુલ શ્રેષ્ઠ, યુધિષ્ઠિર, કુરુવંશની પ્રજાના વિશુદ્ધ એકના એક આ વંશ વેલાનો (ગર્ભનો) જ્યારે જેનો આપણે સામનો ન કરી શકીએ એવા દૈવે નાશ કર્યો ત્યારે તમારા ઉપર મહાન અનુગ્રહ કરવા માટે જ અત્યંત પ્રભાવશાળી વિષ્ણુ ભગવાને તે ગર્ભની રક્ષા કરી છે. તેથી તમારો આ પુત્ર સર્વ લોકમાં મહાન યશસ્વી, પરમ ભગવદીય 'વિષ્ણુરાત' એવા નામથી પ્રસિદ્ધ, મહાન પુરુષ થશે. ૧૫; ૧૬; ૧૭.

तत्त्वसुधा—વિપ્રો જાતક વાંચવા બેઠા છે. જન્મેલા બાળકના ગ્રહોને ઉદ્દેશીને ભવિષ્યનું સૂચન કરનાર જાતક શાસ્ત્ર છે. પ્રથમ આયુષ્ય જોવાય, પછીથી અન્ય સુખો વિચારાય. કુરુ રાજા હરિભક્ત હતા. પુરુ રાજા પિતૃભક્ત હતા. એ બન્ને પુણ્યશીલ પુરુષોનો વંશ અટકે, એ ભગવાનને ઇષ્ટ ન હતું. માટે ભગવાને કૃપા કરીને રક્ષા કરી. માટે 'વિષ્ણુ રાત' એવું અનુગ્રહ નામ અને ઐતિહાસિક નામ છે. પુણ્ય કર્મ, પુણ્ય ચરિત્ર અને પુણ્યકળ ગુણોથી યશ મળે છે. પરીક્ષિત बृहच्छ्रवा એટલે મહાન યશસ્વી થશે. महाभागवतः ભાગવતનો અને ભક્તનો ભક્ત થાય, તેને 'મહાભાગવત' પદ અપાય. જેના સંગથી અનેક હરિભક્તો થાય તેને પણ મહાભાગવત કહેવાય છે. ૧૫; ૧૬; ૧૭.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

राजोवाच—अप्येष वंश्यान् राजर्षीन् पुण्यश्लोकान् महात्मनः ।
अनुवर्तिता स्त्रिद्यशसा साधुवादेन सत्तमाः ॥ १८ ॥

અન્વયાર્થ—एषः-આ બાળક, **सत्तमाः**-હે શ્રેષ્ઠ સંતો, **साधु-वादेन**-ઉત્તમ નામનાથી-ધન્યવાદો વડે, **यशसा**-યશથી, **वंश्यान्**-પોતાના વંશમાં થયેલા, **पुण्यश्लोकान्**-પુણ્યશ્લોક પુરુષોને, **महात्मनः**-મહાત્માઓને, **राजर्षीन्**-રાજર્ષિઓને, **अनुवर्तिता अपि स्वित्**-અનુસરશે ખરો ? ૧૮.

અનુવાદ—હે શ્રેષ્ઠ સંતો ! આ મારો વંશજ, ધન્યવાદો વડે અને ઉત્તમ જીવનથી યશ મેળવી, વંશમાં ઉત્પન્ન થયેલા પુણ્યશ્લોક પુરુષોને, મહાત્માઓને, રાજર્ષિઓને અનુસરશે ખરો ? ૧૮.

તત્ત્વસુધા—જગતનાં માતા પિતા કેવલ પુત્રના લૌકિક ઉત્કર્ષમાં જ સંતોષ માને છે. ઐશ્વર્ય, અધિકાર, કીર્તિ એ ભૌતિક લક્ષ્મીઓ છે. ધર્મરાજને એમાં સંતોષ નથી. એ ઇચ્છે છે કે પુણ્યશ્લોકના, રાજર્ષિના અને મહાપુરુષોના પગલે પુત્ર ચાલશે ? પ્રાતઃકાલમાં મંગલ પ્રભાતમાં જેનું નામ લેવાય તે પુણ્ય શ્લોક. રાજ્ય કરે પણ વૈભવોથી પર રહે તે રાજર્ષિ. ઉજ્જ્વલ ચરિતો હોય તે મહાત્મા કહેવાય. 'સાધુવાદ' એટલે જેની સુવાસ જીવતાં અને જતાં સર્વથા સંભળાય એવું દિવ્ય જીવન. ૧૮.

ब्राह्मणा ऊचुः—पार्थ प्रजाविता साक्षादिक्ष्वाकुरिव मानवः ।
ब्रह्मण्यः सत्यसन्धश्च रामो दाशरथिर्यथा ॥ १९ ॥
एष दाता शरण्यश्च यथा ह्यौशीनरः शिविः ।
यशो वितनिता स्वानां दौष्यन्तिरिव यज्वनाम् ॥ २० ॥

અન્વયાર્થ—पार्थ-હે યુધિષ્ઠિર, **एषः**-આ બાળક, **मानवः**-મનુરાજાના પુત્ર, **इक्ष्वाकुः इव**-ઇક્ષ્વાકુ રાજાની માફક, **साक्षात्**-પોતેજ, **प्रजा-अविता**-પ્રજાનું રક્ષણ કરનારા, **दाशरथिः**-દશરથ પુત્ર, **रामः यथा**-રામચન્દ્રની માફક, **ब्रह्मण्यः**-બ્રાહ્મણ ભક્ત, **सत्य-संधः**-સત્ય પ્રતિજ્ઞ, **एषः**-આ, **औशीनरः**-ઉશીનર દેશના રાજા, **शिविः यथा**-શિબિરાજા જેવા, **दाता**-દાની, **च**-અને, **शरण्यः**-શરણાગત વત્સલ, **दौष्यन्तिः इव**-દુષ્યન્ત રાજાના પુત્ર ભરતની માફક, **स्वानाम्**-પોતાના, **यज्वनाम्**-યજ્ઞાદિ કરનારા પૂર્વજોની, **यशः**-કીર્તિને, **हि**-ખરેખર, **वितनिता**-વિસ્તારશે. ૧૯; ૨૦.

અનુવાદ—હે યુધિષ્ઠિર, આ આપનો પુત્ર, મનુપુત્ર ઇક્ષ્વાકુ રાજાના જેવા સાક્ષાત્ પ્રજાના પાલક થશે. દશરથ રાજકુમાર, શ્રીરામચંદ્રજીના જેવા બ્રાહ્મણ ભક્ત તેમજ સત્યપ્રતિજ્ઞ થશે. ૧૯; ઉશીનર દેશના અધિપતિ શિબિ રાજાના જેવા દાતાર અને શરણાગત વત્સલ થશે. દુષ્યન્ત કુમાર ભરત જેવા, પોતાના વંશમાં ઉત્પન્ન થયેલા યજ્ઞ યાગ ક્રિયા પરાયણ, પોતાના પૂર્વજોની કીર્તિને વિસ્તારશે. ૨૦.

તત્ત્વસુધા—૧૯ મા શ્લોકથી ૨૫ મા શ્લોકના પૂર્વાર્ધ સુધીમાં ૧૯ ઉપમાઓ સાથે ૧૯ ગુણો પરીક્ષિતમાં પ્રકટ થશે એવી આગાહી કરી છે. ૨૫ મા શ્લોકના ઉત્તરાર્ધથી ૨૮ મા શ્લોક સુધીમાં તુલનાઓ આપ્યા વિના ૬ ગુણો દર્શાવ્યા છે. સરવાળે ૨૫ તત્ત્વોના પાર્થિવ દેહ વિકારોથી મુકત મહાપુરુષ થશે, એવી ખાત્રી આપી છે. પ્રથમ વર્ણવેલા ૧૯ ગુણો તો પ્રથમ સ્કંધના અધિકારના નિરૂપણ સરખા છે.

૧. **इक्ष्वाकुरिव धार्मिकः**-રાજા અને રાજ્ય મહા મંત્રી પ્રજાના સાક્ષાત સંપર્કમાં આવે તો જ પ્રજાનો સંતોષ મેળવી શકે. અન્ય રાજાઓ મંત્રીઓથી અને ઉપમંત્રીઓથી કાર્યભાર ચલાવે છે. તેવી નીતિ પરીક્ષિતમાં નહિ હોય. માટે **साक्षात्** પ્રજાના પાલક થશે એમ આદેશ કર્યો. ઇક્ષ્વાકુ=પ્રજા સાથે સીધો સંબંધ.

---

૧ પ્રા. પા.-યથોચિતવિધાતા ચ દૌષ્યન્તિ ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૨. રામો દાશરથિઃ–રામચન્દ્રજી જેવા સત્ય પ્રતિજ્ઞ અને બ્રાહ્મણ ભક્ત થશે, રઘુનાથજી તો પ્રસિદ્ધ છે. દશરથ રાજાના નામથી પરિચય આપવાની આવશ્યકતા ન હતી; પરંતુ 'પિતૃ ભક્તિ' ધર્મને બતાવવા જ દાશરથિ કહેવું પડ્યું. રામ=સત્ય નિષ્ઠા અને વેદ નિષ્ઠા.

૩. औशीनरः शिबिः–ઉશીનર દેશના શિબિ રાજા શરણાગતની રક્ષા માટે ખ્યાતનામ છે. એકવાર ઇન્દ્ર અને અગ્નિ શિબિની પરીક્ષા માટે કબૂતર અને બાજ થઇ લડતા લડતા આવ્યા. કબૂતરે રાજાના ખોળામાં આશ્રય લીધો. બાજને તેના બદલામાં માંસ આપવા માટે પોતાના દેહમાંથી માંસ આપવા માંડ્યું, પણ ત્રાજવું સરખું ન થતાં સંપૂર્ણ શરીર આપી દીધું. શિબિ=શરણાગત વાત્સલ્ય ગુણ.

૪. दौष्यन्तिः–દુષ્યન્તના પુત્ર ભરત યજ્ઞો દ્વારા પ્રજાનો ઉત્કર્ષ સાધનારા હતા. ભરત=યશસ્વી. ૧૯; ૨૦.

धन्विनामग्रणीरेष तुल्यश्चार्जुनयोर्द्वयोः ।
हुताश इव दुर्धर्षः समुद्र इव दुस्तरः ॥ २१ ॥
मृगेन्द्र इव विक्रान्तो निषेव्यो हिमवानिव ।
तितिक्षुर्वसुधेवाऽसौ सहिष्णुः पितराविव ॥ २२ ॥

अन्वयार्थ—एषः–આ બાળક, धन्विनाम्–ધનુર્ધારીઓમાં, अग्रणीः–અગ્રેસર, च–અને, द्वयोः–બન્ને એવા, अर्जुनयोः–અર્જુન-સહસ્રાર્જુનની, तुल्यः–સમાન થશે, हुताशः इव–અગ્નિના જેવા, दुर्धर्षः–અસહ્ય તેજસ્વી, समुद्रः इव–સમુદ્રના જેવા, दुस्तरः–તરવા મુશ્કેલ, मृगेन्द्रः इव–મૃગાધિરાજ સિંહ સમાન, विक्रान्तः–પરાક્રમી, हिमवान् इव–હિમાલયની સમાન, निषेव्यः–સેવવા લાયક, असौ–આ, वसुधा इव–પૃથ્વીના જેવા, तितिक्षुः–ક્ષમાશીલ-સહન શીલ, पितरौ इव–માતા પિતાના જેવા, सहिष्णुः–અપરાધને સહન કરનાર થશે. ૨૧; ૨૨.

અનુવાદ—આ બાળક ધનુર્ધારીઓમાં અગ્રેસર એવા અર્જુન તથા સહસ્રાર્જુન જેવા પરાક્રમી થશે; અગ્નિની માફક કોઇથી ન વેઠી શકાય તેવા તેજસ્વી, સમુદ્રની માફક તરી ન શકાય તેવા કઠિન, સિંહના જેવા પરાક્રમી, હિમાલયની માફક સેવવા યોગ્ય, સર્વ સહન કરનારી વસુંધરાના જેવા સહનશીલ, માતા પિતાના જેવા અપરાધને સહન કરનાર થશે. ૨૧; ૨૨.

तत्त्वसुधा—

૫. अर्जुनयोः तुल्यः–કાર્તવીર્ય અને અર્જુન મહા પરાક્રમી ધનુર્ધારી મનાતા. રાજાએ યુદ્ધ નિપુણતા, વીરતા મેળવવાં જોઈએ જ. અર્જુન=વિજયી ધનુર્ધારી.

૬. हुताशः–તેજસ્વીપણું, નિષ્કલંક વીર રાજા પાસે રહી શકે. પરીક્ષિત અગ્નિ જેવા પ્રતાપી થશે.

૭. समुद्रः–ગંભીરતા રાજ્ય વહીવટનો વિશિષ્ટ ગુણ છે. કોઈપણ ક્રિયા કરવાના પૂર્વ ક્ષણમાં અન્યને જાણ ન થાય તે રાજનીતિમાં સફળ થાય. સમુદ્ર=ગહનતા, વિપુલતા અને ગંભીરતા.

૮. मृगेन्द्रः–પરાક્રમશાલીનતા રાજાને વિજય અપાવે. સિંહ સહાય ન માગે; પરંતુ સ્વાશ્રય એની પાસે હોય. સિંહ=આત્માશ્રય અને સંયમ.

૯. हिमवान्–તદ્દન નિર્દોષ જીવન અને સજ્જનનો સંગ રાજાના ઉદયનાં કારણ છે. સુશીલતા અને ક્ષમા-ગુણો રાજાને પ્રજાપ્રિય બનાવે છે. હિમાલય=આશ્રયદાતા અને પવિત્રતા.

૧૦. वसुधा-સુખ દુઃખ દ્વન્દ્વોને સહન કરવાની શક્તિનું નામ તિતિક્ષા. વસુધાનો મહાન ગુણ 'તિતિક્ષા'. વિવિધ સામગ્રીથી વસુધા ભરેલી છે. પરીક્ષિત સર્વ દિવ્યતાઓને ધારણ કરશે. વસુધા=ક્ષમા અને ગુણસમ્પત્તિ.

૧૧. सहिष्णुः–પુત્રોના અપરાધને સહન કરવાની માતા પિતાની શક્તિ તે સહિષ્ણુતા. સહિષ્ણુ=પ્રજાવત્સલતા. ૨૧; ૨૨.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પિતામહસમઃ સામ્યે પ્રસાદે ગિરિશોપમઃ ।
આશ્રયઃ સર્વભૂતાનાં યથા દેવો રમાશ્રયઃ ॥ ૨૩ ॥
સર્વસદ્ગુણમાહાત્મ્યે એષ કૃષ્ણમનુવ્રતઃ ।
રન્તિદેવ ઇવોદારો યયાતિરિવ ધાર્મિકઃ ॥ ૨૪ ॥
ધૃત્યા બલિસમઃ કૃષ્ણે પ્રહ્લાદ ઇવ સદ્ગ્રહઃ ।
આહર્તૈષોઽશ્વમેધાનાં વૃદ્ધાનાં પર્યુપાસકઃ ॥ ૨૫ ॥
રાજર્ષીણાં જનયિતા શાસ્તા ચોત્પથગામિનામ્ ।
નિગ્રહીતા કલેરેષ ભુવો ધર્મસ્ય કારણાત્ ॥ ૨૬ ॥

અન્વયાર્થ—**સામ્યે**-સર્વ સમાન દૃષ્ટિમાં, **પિતામહ સમઃ**-બ્રહ્માજી જેવા, **પ્રસાદે**-પ્રસન્ન થવામાં, **ગિરિશોપમઃ**-શિવજી જેવા, **સર્વભૂતાનામ્**-સર્વ પ્રાણીઓને, **આશ્રયઃ**-આશ્રય લેવા માટે, **દેવઃ**-ભગવાન, **રમાશ્રયઃ યથા**-રમાપતિ જેવા. ૨૩; **એષઃ**-આ, **સર્વ-સદ્ગુણ-માહાત્મ્યે**-સર્વ સદ્ગુણોને ધારણ કરવાના માહાત્મ્યમાં, **કૃષ્ણમ્**-શ્રીકૃષ્ણને, **અનુવ્રતઃ**-અનુસરનારા થશે, **રન્તિદેવઃ ઇવ**-રન્તિદેવ રાજાના જેવા, **ઉદારઃ**-ઉદાર, **યયાતિઃ ઇવ**-યયાતિ રાજાના જેવા, **ધાર્મિકઃ**-ધાર્મિક. ૨૪; **ધૃત્યા**-ધૈર્યની બાબતમાં, **બલિસમઃ**-બલિરાજા સમાન, **પ્રહ્લાદઃ ઇવ**-ભક્તવર પ્રહલાદ જેવા, **કૃષ્ણે**-શ્રીકૃષ્ણમાં, **સદ્ગ્રહઃ**-શ્રેષ્ઠ આગ્રહવાળા, **એષઃ**-આ, **અશ્વમેધાનામ્**-અનેક અશ્વમેધ યજ્ઞોના, **આહર્તા**-કરનારા, **વૃદ્ધાનામ્**-વૃદ્ધ પુરુષોના, **પર્યુપાસકઃ**-ઉપાસક. ૨૫; **રાજર્ષીણામ્**-રાજર્ષિપુત્રોના, **જનયિતા**-ઉત્પાદક, **ચ**-અને, **ઉત્પથગામિનામ્**-કુમાર્ગે જનારાઓના, **શાસ્તા**-શાસક, **ભુવઃ**-પૃથ્વીના, અને **ધર્મસ્ય**-ધર્મના, **કારણાત્**-કારણે, **કલેઃ**-કલિનો, **નિગ્રહીતા**-નિગ્રહ કરનાર થશે. ૨૬.

અનુવાદ—વળી હે રાજન્, "સમ દૃષ્ટિમાં બ્રહ્માજી જેવા, આશીર્વાદ-વરદાન આપવામાં મહાદેવજી જેવા, સર્વ પ્રાણીઓને આશ્રય આપનાર ભગવાન રમાનાથ જેવા, સર્વ સદ્ગુણોના માહાત્મ્યમાં ભગવાન શ્રીકૃષ્ણને અનુસરનાર, રન્તિદેવ રાજાના જેવા ઉદાર, યયાતિ રાજાના જેવા ધાર્મિક, ધીરજ ધારણ કરનારામાં બલિ રાજાના જેવા, પ્રહ્લાદની માફક શ્રીકૃષ્ણમાં દૃઢ ભક્તિના આગ્રહી, અનેક અશ્વમેધ યજ્ઞોનો કરનાર, વૃદ્ધોના ઉપાસક, રાજર્ષિ પુત્રોને જન્મ આપનાર, કુમાર્ગગામીઓને દંડ દેનાર, પૃથ્વીના તેમજ ધર્મનાં કારણ કલિનો નિગ્રહ કરનાર આપના કુમાર થશે." ૨૩; ૨૪; ૨૫; ૨૬.

તત્ત્વસુધા—

૧૨. **સામ્યે**-સમદૃષ્ટિ રાજાની આંખો છે. સૃષ્ટિના રચનાર બ્રહ્માજીમાં એ સદ્ગુણ છે. પરીક્ષિત પિતામહ દાદા જેવા સમદૃષ્ટિ થશે. પિતામહ=નિષ્પક્ષપાતપણું.

૧૩. **પ્રસાદે**-શીઘ્ર પ્રસન્નતા શિવજીનો સ્વભાવ છે. પ્રજાના સામાન્ય ભાવ અને સામાન્ય સેવાથી અવિલંબે પ્રસન્નતા એ રાજાનો સ્વાભાવિક ગુણ હોવો જોઇએ. ગિરિશ=આશુતોષપણું.

૧૪. **આશ્રયઃ**-રમાનાથે લક્ષ્મીજીને હૃદયમાં આશ્રય દીધો છે. હૃદયનો આશ્રય કૃત્રિમ ન સંભવે. પ્રજાને હૃદયથી આશ્રય દેનાર નૃપતિ રમાનાથ છે રમાપતિ=શરણાગત વાત્સલ્ય.

૧૫. **અનુવ્રતઃ**-શ્રીકૃષ્ણના ચરણનો અનન્ય સેવક અને તે સર્વ સદ્ગુણોનો સ્વામી બને.

૧૬. **ઉદારઃ**-ઔદાર્ય એટલે આપી દેવું, ભૂલી જવું, વળતરમાં કાંઈ ન લેવું; જેથી અનેક વખત આપવાનું મન થાય. રંતિદેવ=ભૂતદયા અને સર્વમાં હરિદર્શન.

૧૭. **ધાર્મિકઃ**-સંકટમાં રહેલાને સહાયક થવું તે ધાર્મિકતા છે. યયાતિ રાજાનો એ ગુણ હતો. પરીક્ષિતમાં તે સ્પષ્ટ થશે. ધર્મના સંકટમાં આવેલા અને નષ્ટ થયેલા ત્રણ પગ નવા જોડી દેશે. યયાતિ=ધર્મનિષ્ઠા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૧૮. ધૃતિઃ-અલિમાં ધૈર્ય છે. વિપત્તિમાં અને સમ્પતિ નાશ કાળમાં ધર્મ ન નષ્ટ થવા દેવો એ ધૈર્ય છે. અલિ=પ્રતિજ્ઞા પાલન.

૧૯. સદ્ગ્રહઃ-સત્યમાં સદાય આગ્રહશીલ પ્રહ્લાદજી હતા. પરીક્ષિત પ્રહ્લાદજી જેવા થશે. પ્રહ્લાદ=સત્યાગ્રહ. આ ૧૯ ધર્મો સાથે અન્ય અનેક ગુણો છે. એમાં ૬ તો પ્રધાન ગુણો છે. ૨૩; ૨૪; ૨૫; ૨૬.

तक्षकादात्मनो मृत्युं द्विजपुत्रोपसर्जितात् ।
प्रपत्स्यत उपश्रुत्य मुक्तसंगः पदं हरेः ॥ २७ ॥
जिज्ञासितात्मयाथात्म्यो मुनेर्व्याससुतादसौ ।
हित्वेदं नृप गङ्गायां यास्यत्यद्धाऽकुतोभयम् ॥ २८ ॥
इति राज्ञ उपादिश्य विप्रा जातककोविदाः ।
लब्धोपचितयः सर्वे प्रतिजग्मुः स्वकान् गृहान् ॥ २९ ॥

અન્વયાર્થ—**દ્વિજપુત્ર-ઉપસર્જિતાત્**-શમીક ઋષિના પુત્ર શૃંગીએ પ્રેરેલા, **તક્ષકાત્**-તક્ષક નાગથી, **આત્મનઃ**-પોતાના, **મૃત્યુમ્**-મૃત્યુને, **ઉપશ્રુત્ય**-સાંભળીને, **મુક્તસંગઃ**-સંગથી મુક્ત બની, **હરેઃ**-શ્રીહરિના, **પદમ્**-પદને, **પ્રપત્સ્યતે**-પ્રાપ્ત કરશે. ૨૭; **નૃપ**-હે યુધિષ્ઠિર, **અસૌ**-આ બાળક, **વ્યાસસુતાત્**-વ્યાસ મહર્ષિના પુત્ર, **મુનેઃ**-શ્રીશુકદેવ મુનિથી, **જિજ્ઞાસિત-આત્મયાથાત્મ્યઃ**-આત્માના સ્વરૂપને જાણી લીધેલા નૃપે, **ગઙ્ગાયામ્**-ગંગાજીમાં, **ઇદમ્**-આ દેહને, **હિત્વા**-ત્યજી દઈને, **અદ્ધા**-ખરેખર, **અકુતોભયમ્**-સર્વથા નિર્ભય, **હરેઃ પદમ્**-ભગવાનના પદને, **યાસ્યતિ**-પ્રાપ્ત કરશે. ૨૮; **જાતકકોવિદાઃ**-જાતક-જ્યોતિષ શાસ્ત્રના નિષ્ણાત, **વિપ્રાઃ**-બ્રાહ્મણો, **ઇતિ**-આ પ્રમાણે, **રાજ્ઞે**-યુધિષ્ઠિર રાજાને, **ઉપાદિશ્ય**-કહીને, **લબ્ધ-ઉપચિતયઃ**-પૂજા-સત્કારને પામેલા, **સર્વે** બધા બ્રાહ્મણો, **સ્વકાન્**-પોતાનાં, **ગૃહાન્**-ઘર તરફ, **પ્રતિજગ્મુઃ**-પાછા ગયા. ૨૯.

અનુવાદ—**'શમીક ઋષિના પુત્ર શૃંગીએ મોકલેલા તક્ષક નાગથી પોતાનું મૃત્યુ છે,' એ સંદેશો સાંભળીને, સર્વસ્વનો ત્યાગ કરી, સંગ રહિત બની શ્રીહરિના પદને આ પામશે. ૨૭; તેમજ હે યુધિષ્ઠિર, આ કુમાર મહર્ષિ વેદવ્યાસના પુત્ર શ્રીશુકદેવ મુનિ પાસેથી યથાર્થ આત્મજ્ઞાન સંપાદન કરી, ગંગાજીમાં શરીરને છોડી દઈને ખરેખર આ નિર્ભય એવા ભગવચ્ચરણ કમળને મેળવશે. ૨૮; જાતક શાસ્ત્રના નિષ્ણાત બ્રાહ્મણો આ પ્રમાણે યુધિષ્ઠિર રાજાને કહીને, રાજા તરફથી ભેટ-પૂજા-સત્કારને પામીને સર્વે પોતપોતાને સ્થાને પાછા ગયા. ૨૯.**

તત્ત્વસુધા—**તક્ષકાદાત્મનઃ** આત્મા શબ્દ દેહના વાચક અર્થમાં લીધેલો છે. તક્ષક કાળનું સ્વરૂપ છે. કાળ અકાળે આવે ત્યારે માનવ અજાણ દશામાં જ હોય, ત્રિકાળજ્ઞ ઋષિઓ તેની જાણ કરે છે. શૃંગી ઋષિ પરીક્ષિતના મૃત્યુકાળ અને કારણને જણાવશે, ત્યારે રાજા ઇશ્વર ભક્ત બની નિર્ભય થશે.

મુક્તસંગઃ-અસંગ શુકદેવજી સર્વ સંગમુક્ત પરીક્ષિત રાજર્ષિને મળશે. રાજાના જીવનના આરંભમાં બ્રહ્માસ્ત્રે શુદ્ધિ અને સાવધાનતા આપ્યાં. જીવનના અંતમાં બ્રહ્મશાપે શુદ્ધિ અને સાવધાનતાનાં દાન કર્યાં અને શ્રીશુકદેવજી પાસેથી હરિરસપાન કર્યાં. આ સર્વ ભગવાનની કલ્યાણકારી લીલા છે. **જાતકકોવિદાઃ** બ્રાહ્મણો તો સર્વજ્ઞ હોય છે; પરંતુ રાજાના ગુણોને અને ભવિષ્યને શાસ્ત્રની રીતે જાણીને વર્ણવ્યાં છે. તેથી વિપ્રોની શાસ્ત્રજ્ઞાન નિપુણતા બતાવી અને ઋષિઓની શાસ્ત્રજ્ઞાન સમૃદ્ધિ વર્ણવી. ૨૭; ૨૮; ૨૯

स एष लोकविख्यातः परीक्षिदिति यत्प्रभुः ।
[1]पूर्वदृष्टमनुध्यायन् परीक्षेत नरेष्विह ॥ ३० ॥

અન્વયાર્થ—**યત્**-જે કારણથી, **પ્રભુઃ**-સમર્થ, **પૂર્વદૃષ્ટમ્**-પૂર્વે ગર્ભમાં જોયેલાને, **અનુધ્યાયન્**-ચિન્તવન કરતા **ઇહ**-અહીં પણ, **નરેષુ**-મનુષ્યોની અંદર, **પરીક્ષેત**-પરીક્ષા કરે, **સઃ**-તે, **એષઃ**-આ, **પરીક્ષિત્ ઇતિ**-પરીક્ષિત એવા નામે, **લોક**-**વિખ્યાતઃ**-લોકમાં વિખ્યાત થયા. ૩૦.

---

૧ મા. પા.-ગર્ભદૃષ્ટ ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—ત્યાર બાદ લોક વિખ્યાત આ પરીક્ષિત રાજા, પહેલાં માતાના ગર્ભમાં જોયેલાં સ્વરૂપને સંભાળીને જગતના લોકોમાં એના રૂપનીજ શોધ કરવા લાગ્યા. તેથીજ પરીક્ષિત નામથી પ્રખ્યાત થયા. ૩૦.

તત્ત્વસુધા—'પરીક્ષિત' નામકરણ વખતનું રાજાનું નામ છે પાતંજલનું માર્ગદર્શન છે કે બે અક્ષર કે ચાર અક્ષરનું ત્રણ પેઢીમાં ન આવી જતું હોય તેવું ગુણ પ્રેરક સાર્થક નામ રાખવું. પ્રત્યેકમાં પ્રભુને એટલે ગુણને શોધે છે, માટે પરીક્ષિત નામ છે. ગર્ભમાં કેળવાયેલી ભગવદ્ દર્શનની દૃષ્ટિ, બહાર ભગવાનને શોધવામાં કારણ બની છે. ૩૦.

स राजपुत्रो ववृधे आशु शुक्ल इवोडुपः ।
आपूर्यमाणः पितृभिः काष्ठाभिरिव सोऽन्वहम् ॥ ३१ ॥

અન્વયાર્થ—सः-તે, राजपुत्रः-રાજપુત્ર, अन्वहम्-પ્રતિદિન, शुक्ले-શુકલ પક્ષમાં, काष्ठाभिः-કલાઓ વડે, उडुपः इव-ચંદ્રની જેમ, पितृभिः-વડીલોથી, आपूर्यमाणः-પાલન પોષણ કરાતા, सः-તે, आशु-જલદીથી, ववृधे-મોટા થવા લાગ્યા. ૩૧.

અનુવાદ—એ રાજપુત્ર, શુકલ પક્ષમાં કળાઓથી પૂરાતો ચન્દ્ર જેમ દિવસે દિવસે વધે તેમ વડીલ વર્ગથી પાલન-પોષણ પામતો પ્રતિદિન શીઘ્ર મોટો થવા લાગ્યો. ૩૧.

यक्ष्यमाणोऽश्वमेधेन ज्ञातिद्रोहजिहासया ।
राजाऽलब्धधनो दध्यावन्यत्र करदण्डयोः ॥ ३२ ॥
तदभिप्रेतमालक्ष्य भ्रातरोऽच्युत चोदिताः ।
धनं प्रहीणमाजह्रुरुदीच्यां दिशि भूरिशः ॥ ३३ ॥
तेन सम्भृतसम्भारो धर्मपुत्रो युधिष्ठिरः ।
वाजिमेधैस्त्रिभिर्भीतो यज्ञैः समयजद्धरिम् ॥ ३४ ॥

અન્વયાર્થ—ज्ञाति-द्रोह-जिहासया-જ્ઞાતિના વૈરને દૂર કરવાની ઇચ્છાથી, अश्वमेधेन-અશ્વમેધ યજ્ઞથી, यक्ष्यमाणः-યજન કરવાને ઇચ્છતા, करदण्डयोः-કર અને દંડથી, अलब्ध धनः-ધન મેળવ્યા વિના, राजा-યુધિષ્ઠિર, अन्यत्र-અન્ય ઉપાયનો, दध्यौ-વિચાર કરવા લાગ્યા. ૩૨; तद्-अभिप्रेतम्-તે યુધિષ્ઠિરના અભિપ્રાયને, आलक्ष्य-જાણીને, अच्युत-चोदिताः-અચ્યુતથી પ્રેરાયેલા, भ्रातरः-ભાઇઓ, उदीच्यां दिशि-ઉત્તર દિશામાં, प्रहीणम्-મૂકી દીધેલા, भूरिशः-પુષ્કળ પ્રકારના, धनम्-ધનને, आजहुः-લઈ આવ્યા. ૩૩; तेन-તે દ્રવ્યથી, सम्भृत-सम्भारः-યજ્ઞ સામગ્રી તૈયાર કરતા, धर्मपुत्रः-ધર્મપુત્ર, युधिष्ठिरः-મહારાજ યુધિષ્ઠિર, भीतः-યુદ્ધમાં વધના પાપથી ડરેલા, त्रिभिः ત્રણ સંખ્યાના, वाजिमेधैः-અશ્વમેધ, यज्ञैः-યજ્ઞો વડે, हरिम्-શ્રીહરિને, समजयत्-સારી રીતે યજન કરતા હતા. ૩૪.

અનુવાદ—યુદ્ધના કારણે થયેલા જ્ઞાતિ જનોના વૈરને દૂર કરવાની ઇચ્છાથી અશ્વમેધ યજ્ઞથી યજન કરવાને ઇચ્છતા મહારાજ યુધિષ્ઠિર, કર તથા દંડ વગરના ઉપાયથી દ્રવ્ય મેળવવાનો રસ્તો વિચારવા લાગ્યા. ૩૨; યુધિષ્ઠિર રાજાના અભિપ્રાયને જાણીને, શ્રીકૃષ્ણની પ્રેરણાથી ભીમ-અર્જુન વગેરે ભાઇઓ ઉત્તર દિશામાં મરૂત રાજાના યજ્ઞમાં છોડી દીધેલા અનેક પ્રકારના દ્રવ્યને લઈ આવ્યા. ૩૩; એ દ્રવ્યથી યજ્ઞીય સામગ્રી એકત્રિત કરી ધર્મપુત્ર યુધિષ્ઠિરે, રણમાં થયેલા વધના પાપથી ભયભીત બનીને, શુદ્ધ થવા ત્રણ અશ્વમેધ યજ્ઞોથી ભગવાનનું સારી રીતે યજન કર્યું. ૩૪.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્ત્વસુધા—ઉત્સવો ઉપાસ્થત થયેલા વૈરને દૂર કરવાની મોસમો છે. ઉત્સવમાં હૃદયની વિશાલતા આવે છે એવી મંગળ કોમળ પળોમાં દિલ દ્રવીભૂત થાય છે, અભેદ ભાવ અને પ્રેમભાવ સધાય છે, તેમજ બંધાય છે. એવું સમજીને યુધિષ્ઠિરજીએ ત્રણ અશ્વમેધ યજ્ઞ આદર્યા.—યદ્યપિ એકજ અશ્વમેધ યાગ કર્યો છે, અને તેમાં ત્રણ અશ્વમેધ થઈ શકે તેવી સમ્પત્તિ અને સામગ્રીનો વિનિયોગ કર્યો છે. થોડું પણ સારું કરવું અને આપવું, જે સાર્થક થાય. પ્રજાનો ઉત્કર્ષ કર ભાર વધારી ન કરાય, તેમજ ધર્મ કરભાર વધારી ન કરાય પરંતુ અન્ય ઉદ્યોગ વગેરે પ્રકારોથી યજ્ઞ અને પ્રજોદય સધાય તો તે આદર્શ રાજ્ય મનાય.

શ્રીકૃષ્ણ ભગવાનની એ રાજ્યનીતિ હતી. યુધિષ્ઠિરજી પણ એજ નીતિના અનુગામી થયા. કૃષ્ણ ભગવાનની સહાયથી ઉત્તર દિશામાંથી અઢળક ધન લાવ્યા. અનેક પ્રકારે સુવર્ણની, રત્નની અને અન્ય અમૂલ્ય ધાતુઓની ખાણોની વૈજ્ઞાનિક શોધ કરી તેમાંથી પુષ્કળ ધન લાવ્યા અને તે દ્વારા યાગ કર્યા. દ્રવ્યને શોધતાં, મરૂત રાજાના યજ્ઞમાં મળેલી સુવર્ણ દક્ષિણાઓને અધિક હોવાથી ઉત્તર દિશામાં મૂકીને વિપ્રો ચાલ્યા ગયા હતા, તે પણ મળી આવ્યું. તેના ઉપર જમીનના થરો જામી ગયા હતા. સુવર્ણનાં, રજતનાં પાત્રો અને તેના ઉપર લખેલાં નામો ઉપરથી 'મરૂત' રાજાના યજ્ઞનો આ વિપ્ર-ત્યાગ છે એવું લાગ્યું. વિપ્રોનું અને યાગનું દ્રવ્ય વિપ્રો માટે અને યાગ માટે વાપર્યું. જ્યારે કોઇપણ રાષ્ટ્ર બદલાય અને સત્તાની બદલીમાં યુદ્ધ થાય ત્યારે પ્રજા નવ વિકાસને માર્ગે તેમજ આર્થિક રીતે ઘસાઇ ગયેલ જ હોય અને ત્યારે કરભાર વધારવો, એ વિજયશીલ રાજ્યનીતિ નથી. ૩૪.

आहूतो भगवान् राज्ञा याजयित्वा द्विजैर्नृपान् ।
उवास कतिचिन्मासान् सुहृदां प्रियकाम्यया ॥ ३५ ॥
ततो राज्ञाऽभ्यनुज्ञातः [1]कृपया सह बन्धुभिः ।
ययौ द्वारवतीं ब्रह्मन् सार्जुनो यदुभिर्वृतः ॥ ३६ ॥

અન્વયાર્થ—**રાજ્ઞા**-યુધિષ્ઠિરજીએ, **આહૂતઃ**-નોંતરેલા, **ભગવાન્**-ભગવાન શ્રીકૃષ્ણ; **નૃપાન્**-રાજાઓને, **દ્વિજૈઃ**-વિપ્રો દ્વારા, **યાજયિત્વા**-યજ્ઞ કરાવીને, **સુહૃદામ્**-સ્વજનોનું, **પ્રિયકામ્યયા**-પ્રિય કરવાની ઇચ્છાથી, **કતિચિન્**-કેટલાક, **માસાન્**-મહિનાઓ, **ઉવાસ**-બિરાજ્યા. ૩૫; **ततः**-ત્યારબાદ, **બ્રહ્મન્**-હે શૌનક મુનિ ! **બન્ધુભિઃ સહ**-સ્વજનોની સાથે, **કૃપયા**-સ્નેહથી, **રાજ્ઞા**-યુધિષ્ઠિરથી, **અભિ-અનુજ્ઞાતઃ**-અનુમોદન પામેલા, **યદુભિર્વૃતઃ**-યાદવોથી વીંટળાયેલા, **સાર્જુનઃ**-અર્જુનજી સાથે, **દ્વારવતીમ્**-દ્વારિકામાં, **યયૌ**-પધાર્યા. ૩૬.

અનુવાદ—યુધિષ્ઠિર રાજાએ યજ્ઞ કરવા માટે નોંતરેલા ભગવાન આવીને, રાજાઓને યજ્ઞ કરાવી, સ્વજનોનું પ્રિય કરવા માટે કેટલાક મહિના બિરાજ્યા. ૩૫; ત્યારબાદ હે શૌનક મુનિ! બન્ધુજનોએ અને યુધિષ્ઠિર મહારાજે સ્નેહથી રજા આપી; એટલે યાદવોથી વીંટળાયેલા ભગવાન અર્જુનજીની સાથે દ્વારકામાં પધાર્યા. ૩૬.

તત્ત્વસુધા—વિદાય એ કપરી અવસ્થા છે, છતાં એટલીજ એ અનિવાર્ય છે. અશ્વમેધને નિમિત્તે શ્રી કૃષ્ણનું નિમંત્રણ કર્યું. અસાધારણ કારણને નિમિત્ત બનાવ્યા વિના અસાધારણ પુરુષોને કેવલ સહ નિવાસથી આનંદ મેળવવાના કારણે નિમંત્રિત ન કરાય. 'અશ્વમેધ' મહાન પ્રસંગ હતો. પ્રભુને પરિવાર સાથે તેડ્યા. યજ્ઞ સમાપ્તિ પછી કાર્ય વિશેષ માટે સ્નેહવશ શ્રીકૃષ્ણ વરસ્યા. વિદાયગીરી આવી અને એ સૌને વસમી લાગી. શ્રીકૃષ્ણ કેટલોક સમય વધુ રોકાયા, અને સૌનાં દિલ લઇ દિલનાથ કે દીનનાથ સ્નેહાધીન થઈ, અર્જુનજીને સાથમાં લઇ દ્વારકામાં પધાર્યા. ૩૫; ૩૬.

શ્રીમદ્ ભાગવતના પ્રથમ સ્કંધની તત્ત્વસુધા ટીકાનો બારમો અધ્યાય સંપૂર્ણ.

૧. મા. પા.-કૃષ્ણયા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અધ્યાય ૧૩મો.

ત્રણ અધ્યાયનું એક મુક્તિ પ્રકરણ આ અધ્યાયથી શરૂ થાય છે. મુક્ત થવું એ પ્રત્યેકને ગમે છે. મુક્ત થવું એટલે આનંદમય બનવું, જીવવું અને આનંદરૂપ બની જવું. જીવન જો આદર્શ રીતે જીવાય તો સ્વાભાવિક રીતે મુક્તિ પ્રાપ્ત થાય. વિવેકથી મુક્તિ પ્રાપ્ત થાય છે. પોતે મુક્ત થતા પહેલાં પોતાના ત્રણ પૂર્વજોની મુક્તિની જવાબદારી પોતાને માથે હોય છે. આ ત્રણ અધ્યાયનું પ્રકરણ ત્રણે પૂર્વજોની મુક્તિને વર્ણવે છે. એથી પરીક્ષિત મુક્તિના અધિકારી બને છે.

વિદુરજીના સંગથી પ્રપિતામહ ધૃતરાષ્ટ્રની મુક્તિ થઈ છે. શ્રીકૃષ્ણના નિત્ય પ્રસંગથી પાંડવોની મુક્તિ થઇ છે. અભિમન્યુ યુદ્ધમાં આત્મસમર્પણથી મુક્ત થયા છે. પરીક્ષિત હવે મુક્તિના અધિકારી થઇ શકે છે. એ વસ્તુ ખ્યાલમાં રાખીને તેરમા અધ્યાયનો આરંભ કરે છે. તેરમા અધ્યાયમાં પદ શ્લોકો છે.

સૂત ઉવાચ—વિદુરસ્તીર્થયાત્રાયાં મૈત્રેયાદાત્મનો ગતિમ્ ।
જ્ઞાત્વાઽગાદ્ધાસ્તિનપુરં તયા ચાઽઽત્મવિવિત્સિતઃ ॥ ૧ ॥

અન્વયાર્થ—વિદુરઃ-વિદુરજી, **તીર્થયાત્રાયામ્**-તીર્થયાત્રામાં, **મૈત્રેયાત્**-મૈત્રેય પાસેથી, **આત્મનઃ**-આત્માની, **ગતિમ્**-ગતિને-જ્ઞાનને, **જ્ઞાત્વા**-જાણીને, **ચ**-અને, **તયા**-તે ગતિથી-જ્ઞાનથી, **આત્મ-વિવિત્સિતઃ**-વિશેષ આત્મ વિવેકને મેળવીને, **હાસ્તિનપુરમ્**-હસ્તિનાપુરમાં, **અગાત્**-ગયા. ૧.

અનુવાદ—વિદુરજી તીર્થયાત્રામાં મૈત્રેય મુનિ પાસેથી આત્મજ્ઞાન જાણીને અને એ જ્ઞાનથી વિશેષ રૂપે આત્માને સમજીને સ્વ સ્વરૂપના વિવેકને મેળવીને, હસ્તિનાપુરમાં ગયા. ૧.

તત્ત્વસુધા—વિદુરજીની તીર્થયાત્રા સમાપ્ત થઇ ત્યારે તેમના ચિત્તની પણ વિશુદ્ધિ થઇ ચૂકેલ છે. દરમિયાન તેમને ઉદ્ધવજી મળે છે અને જ્ઞાન મેળવવા માટે મૈત્રેય મુનિને મળવાનું વિધાન કરે છે. મુનિ મૈત્રેયને મળી, આત્મજ્ઞાન સંપાદન કરી, ધૃતરાષ્ટ્રની લાગણી થવાથી હસ્તિનાપુરમાં આવ્યા. એકવાર અપમાન પામેલા પણ સાધુ હૃદયને લીધે તે વાત વીસરી જઈ, ધૃતરાષ્ટ્રને મળી, સમજાવી, સપ્તગંગા પધારી મુક્તિ અપાવશે. ૧.

યાવતઃ કૃતવાન્ પ્રશ્નાન્ ક્ષત્તા કૌષારવાગ્રતઃ ।
જાતૈકભક્તિર્ગોવિન્દે તેભ્યશ્ચોપરરામ હ ॥ ૨ ॥

અન્વયાર્થ—કૌષારવ-અગ્રતઃ-મૈત્રેય આગળ, **યાવતઃ**-જેટલા, **પ્રશ્નાન્**-પ્રશ્નોને, **કૃતવાન્**-કરતા હતા તેટલાથી, **હ**-ખરેખર, **ગોવિન્દે**-ગોવિન્દ ભગવાનમાં, **જાત-એકભક્તિઃ**-અનન્ય ભક્તિને પામેલા, **ક્ષત્તા**-વિદુરજી, **તેભ્યઃ-ચ**-તે પ્રશ્નોથી અવશ્ય, **ઉપરરામ**-વિરામ પામ્યા. ૨.

અનુવાદ—મૈત્રેય આગળ વિદુરજીએ જેટલા પ્રશ્નો કર્યા, તે પ્રશ્નોમાંના ફક્ત ત્રણ ચારના ઉત્તરથી ભગવાન ગોવિંદમાં અનન્ય ભક્તિ પ્રાપ્ત થઇ; એટલે બાકીના પ્રશ્નોથી વિરામ પામ્યા. ૨.

તત્ત્વસુધા—સજ્જનો સારગ્રાહી હોય છે, જેટલું જાણે તેટલું જીવવાનો પ્રયત્ન કરે છે. મૈત્રેય મુનિ પાસે સંત વિદુરજીએ ઘણા પ્રશ્નો પૂછ્યા છે, પણ ત્રણ ચાર પ્રશ્નોના ઉત્તરમાં સમાધાન મળ્યું. જીવન દર્શન મળ્યું એટલે અધિક પ્રશ્નોના ઉત્તર માટેની લાલસા ક્ષીણ થઇ. વિદુરજી એ સ્કંધની ચર્ચામાંજ આત્મસંતોષ અનુભવી શકયા છે.

ક્ષત્તા-વિદૂરજીનું નામ છે. 'ક્ષત્તા' શબ્દનો અર્થ 'જિતેન્દ્રિય' થાય છે. જનાનામાં બે વ્યક્તિનો મુક્ત પ્રવેશ હોય છે- એક 'જિતેન્દ્રિય' પુરુષનો અને બીજો 'નિરીન્દ્રિય' પુરુષનો. વિદુરજી વિચક્ષણ તેમજ સંયમશીલ સાધુ પુરુષ હતા. નર્મ સચિવ અને ધર્મ સચિવનાં બન્ને સ્થાનો તે સંભાળતા હતા.

કૌષારવ-મૈત્રેય મુનિનું નામ છે. 'કુષારૂ' મુનિના પુત્ર એટલે નામ પડ્યું છે 'કૌષારવ'. ૨.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

तं बन्धुमागतं दृष्ट्वा धर्मपुत्रः सहानुजः ।
धृतराष्ट्रो युयुत्सुश्च सूतः शारद्वतः पृथा ।। ३ ।।
गान्धारी द्रौपदी ब्रह्मन् सुभद्रा चोत्तरा कृपी ।
अन्याश्च जामयः पाण्डोर्ज्ञातयः ससुताः स्त्रियः ।। ४ ।।
प्रत्युज्जग्मुः प्रहर्षेण प्राणं तन्व इवाऽऽगतम् ।
अभिसंगम्य विधिवत्परिष्वङ्गाभिवादनैः ।। ५ ।।
मुमुचुः प्रेमबाष्पौघं विरहौत्कण्ठय – कातराः ।
राजा तमर्हयाञ्चक्रे कृतासनपरिग्रहम् ।। ६ ।।

અન્વયાર્થ—**બ્રહ્મન્**–હે શૌનક મહર્ષિ! **આગતમ્**–આવેલા, **તમ્**–તે, **બન્ધુમ્**–બંધુ–વિદુરજીને, **દૃષ્ટ્વા**–જોઈને, **સહાનુજઃ**–ભાઈઓ સાથે, **ધર્મપુત્રઃ**–યુધિષ્ઠિરજી, **ધૃતરાષ્ટ્રઃ**–રાજા ધૃતરાષ્ટ્ર, **ચ**–અને, **યુયુત્સુઃ**–સાત્યકિ, **સૂતઃ**–સૂત–સંજય, **શારદ્વતઃ**–કૃપાચાર્ય, **પૃથા**–કુન્તી, **ગાન્ધારી**–ગાંધારી, **દ્રૌપદી**–દ્રૌપદી, **સુભદ્રા**–સુભદ્રા, **ચ**–અને, **ઉત્તરા**–ઉત્તરા, **કૃપી**–દ્રોણ પત્ની–ગૌતમી, **ચ**–અને, **અન્યાઃ**–બીજી, **જામયઃ**–કુળની સ્ત્રીઓ, **પાણ્ડોઃ**–પાંડુની, **સસુતાઃ**–સ્ત્રિયઃ–પુત્રો તથા સ્ત્રીઓ સાથે, **જ્ઞાતયઃ**–જ્ઞાતિજનો. ૩; ૪; **તન્વઃ**–દેહના અવયવો, **આગતમ્**–દેહમાં આવેલા, **પ્રાણમ્**–**ઇવ**–પ્રાણની માફક, **પ્રહર્ષેણ**–અતિ હર્ષથી, **પ્રત્યુજ્જગ્મુઃ**–સામે જતાં હતાં, **વિધિવત્**–વિધિસર, **પરિષ્વઙ્ગ**–**અભિવાદનૈઃ**–આલિંગન, પ્રણામ વગેરે ક્રિયાથી, **અભિસંગમ્ય**–મળીને–ભેટીને, **વિરહ**–**ઔત્કણ્ઠય**–**કાતરાઃ**–વિયોગથી વધેલા સ્નેહથી વધુ દીન બનેલાં, **પ્રેમ**–**બાષ્પ**–**ઓઘમ્**–પ્રેમનાં આંસુઓના પ્રવાહને, **મુમુચુઃ**–છોડતાં હતાં, **કૃતાસન**–**પરિગ્રહમ્**–આસનનો સ્વીકાર કરી બેઠેલા, **તમ્**–તે વિદુરને **રાજા**–યુધિષ્ઠિર, **અર્હયાઞ્ચક્રે**–પૂજવા લાગ્યા. ૫; ૬.

અનુવાદ—હે મહર્ષિ શૌનક! આવેલા બંધુ વિદુરજીને જોઈને નાના ભાઈઓ સાથે યુધિષ્ઠિર, ધૃતરાષ્ટ્ર, સાત્યકિ, સંજય, કૃપાચાર્ય, કુન્તી, ગાન્ધારી, દ્રૌપદી, સુભદ્રા, ઉત્તરા, દ્રોણાચાર્યનાં પત્ની-કૃપી અને બીજી કુળ સ્ત્રીઓ તથા પુત્રો અને સ્ત્રીઓ સાથે પાંડુનાં જ્ઞાતિ જનો સામે આવ્યાં; જાણે શરીરમાં પ્રાણ આવતાં હાથ પગ વગેરે અવયવોમાં એકદમ જાગૃતિ આવે તેમ કુટુંબી જનો ઘણા હર્ષથી વિદુરજીને જોઈ સામે દોડી ગયાં. ત્યાં જઈને યોગ્યતા પ્રમાણે વિધિપૂર્વક આલિંગન, પ્રણામ વગેરે ક્રિયાઓથી મળ્યાં. લાંબા ગાળાના વિયોગથી મળવાની ઉત્કંઠાથી અત્યંત દીન બનેલાં સ્નેહાશ્રુના પ્રવાહને વહાવવા લાગ્યાં. ત્યારે આસનનો સ્વીકાર કરી બેઠેલા વિદુરજીને યુધિષ્ઠિર રાજા પૂજવા લાગ્યા. ૩; ૪; ૫; ૬.

તત્ત્વસુધા—ત્રીજા શ્લોકથી અગિયાર શ્લોકોમાં વિદુરજીનું આગમન, સ્વાગત અને સ્વજન મિલન વર્ણવે છે. કૌરવ પાંડવોના તે અગિયાર પ્રાણો હતા. તેમના વિયોગથી પ્રાણશૂન્ય જીવન બન્યાં હતાં. અણધાર્યા સંતના આગમને શરીરોમાં પ્રાણ સંચાર થયો હોય તેવું લાગ્યું. સર્વ સ્વજનો સન્મુખ આવી સ્વાગત કરવા લાગ્યાં. વિદુરજીના સ્વાગતમાં અગિયાર ઇન્દ્રિયોને આનંદ થાય છે. સંતના સ્વાગત કરનારની ઇન્દ્રિયોમાં શુદ્ધિ અને આનંદ પ્રવેશે છે.

✓**બન્ધુમ્**–વિદુરજી પાંડુ રાજા અને ધૃતરાષ્ટ્રના ભ્રાતા હતા, પરંતુ પ્રાણીમાત્રના 'બંધુ' હતા. જોકે 'બંધુ' શબ્દ ભાષામાં 'ભાઈ'ના અર્થમાં જાણીતો છે, જ્યારે સંતને, આત્માને, ભગવાનને, સખાને આમ દરેકને માટે બંધુ શબ્દ વપરાય છે. 'અગિયાર ઇન્દ્રિયોની પ્રીતિના નિમિત્તે બંધાય' તે બંધુ ગણાય. સુખના, દુઃખના, જ્ઞાન અને મોક્ષના કોઈ પણ કારણે અધિકાર પ્રમાણે તે બંધાય છે, માટેજ બંધુ ગણાય છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વિદુરજીના સ્વાગતે તો અનેક ગયેલાં હતાં, પણ ત્રીજા અને ચોથા શ્લોકમાં અગિયારનાં નામ ગ્રહણ કરી ઉલ્લેખ કર્યો છે, અને બાકીનાઓને અન્યાઃ-બીજાં એ રીતે ગણાવ્યાં છે. તેથી જ લાગે છે કે વિદુરજી સર્વના આત્મા છે. ૧૧ ઇન્દ્રિયોમાં આત્માનો પ્રવેશ થાય છે અને ચૈતન્ય આવે છે. આત્મ પ્રવેશ થતાં શ્વાસ ક્રિયા ચાલે, તેથી 'બીજાં' શ્વાસ સમાન છે.

ધર્મપુત્રઃ સહાનુજઃ- યુધિષ્ઠરમાં ચાર નાના ભાઇઓનો સમાવેશ કર્યો. અલગ નામ ન લીધાં, કારણ કે 'પાંચે' મળી એકજ આત્મા છે. એવો અભેદ અને અનન્ય પ્રેમ પાંચ ભાઇઓની મધ્યમાં છે. સૂતઃ સંજયનું નામ છે. શારદ્વતઃ કૃપાચાર્યનું નામ છે.

બ્રહ્મન્-અગિયારની સંખ્યાનો ઉલ્લેખ કરતાં આઠમા નામમાં 'દ્રૌપદી' આવ્યાં. પછી સુભદ્રાજીનું નામ લેતાં વચમાં બ્રહ્મન્ સંબોધન કર્યું છે. તેનું કારણ કે સર્વ સ્ત્રીઓ અત્યંત નિર્મળ અને નિર્વિકાર છે, જેમ બ્રહ્મ નિર્વિકાર છે. આવનારમાં નાના મોટાઓની કોઈ મર્યાદા નથી.

પ્રાણં તન્વઃ-સંતનું સર્વહિતકારીપણું તેમજ સર્વપ્રિયપણું પ્રાણ અને દેહના જેવું હોય છે, જાણે વિદુરજી પ્રાણ છે અને સર્વ મળી એક જ શરીર છે. ૩; ૪; ૫; ૬.

तं [1]भुक्तवन्तं विश्रान्तमासीनं सुखमासने ।
प्रश्रयावनतो राजा प्राह तेषां च शृण्वताम् ॥ ७ ॥

અન્વયાર્થ—**भुक्तवन्तम्**-જમેલા, **विश्रान्तम्**-આરામ લીધેલા, **च**-અને, **आसने**-આસન ઉપર, **सुखम्**-સુખ પૂર્વક, **आसीनम्**-બેઠેલા, **तम्**-તે વિદુરને, **तेषाम्**-તે સર્વના, **शृण्वताम्**-સાંભળતાં, **प्रश्रय-अवनतः**-વિનયથી વિનમ્ર બનેલ, **राजा**-યુધિષ્ઠિર મહારાજ, **प्राह**-પૂછવા લાગ્યા. ૭.

અનુવાદ—જમીને, વિરામ કરીને, આસન ઉપર સુખપૂર્વક વિદુરજી બેઠેલા છે, ત્યારે વિનયથી વિનમ્ર બનેલા મહારાજ યુધિષ્ઠિરજી સર્વના સાંભળતાં પૂછવા લાગ્યા. ૭.

તત્ત્વસુધા—સ્વાગતની રીત પ્રમાણે વિદુરજી આવ્યા, જમ્યા, વિરામ લીધો અને આસને સ્વસ્થ બની બિરાજ્યા. પછી વાર્તાલાપ શરૂ થયો. પ્રશ્ન પૂછનાર કેવળ યુધિષ્ઠિરજી હતા અને સર્વ શ્રોતા હતા. ૭.

युधिष्ठिर उवाच—अपि स्मरथ नो युष्मत्पक्षच्छाया समेधितान् ।
विपद्गणाद्विषाग्न्यादेर्मोचिता यत्समातृकाः ॥ ८ ॥
कया वृत्त्या वर्तितं वश्चरद्भिः क्षितिमण्डलम्[2] ।
तीर्थानि क्षेत्रमुख्यानि सेवितानीह भूतले ॥ ९ ॥

અન્વયાર્થ—**यत्**-જે, **समातृकाः**-અમારી માતા સાથે, **विष-अग्नि-आदेः**-વિષ, અગ્નિ વગેરે, **विपद्-गणात्**-અનેક વિપત્તિઓમાંથી, **मोचिताः**-બચાવેલા, અને **युष्मत्-पक्षच्छाया-समेधितान्**-આપના પડખાની છાયામાં ઉછરીને મોટા થયેલા, **नः**-અમને, **अपि-स्मरथ**-શું આપ યાદ કરો છો ? ૮; **क्षिति-मण्डलम्**-ભૂ મંડળ ઉપર, **चरद्भिः**-પર્યટન કરતા, **वः**-આપ, **कया**-કયી, **वृत्त्या**-આજીવિકાથી, **वर्तितम्**-નિર્વાહ કર્યો, **इह**-ભૂતલે-આ ભૂતલ ઉપર, આપે **क्षेत्र-मुख्यानि**-તીર્થ સ્થાનોમાં મુખ્ય એવાં, **तीर्थानि**-કયાં તીર્થ સ્થાનોને, **सेवितानि**-સેવ્યાં ? ૯.

અનુવાદ—માતા અને ભાઇઓ સાથે વિષ, અગ્નિ વગેરે અનેક આપત્તિઓમાંથી ઉગાર્યા છે; અને આપની પડખાની છાયામાં ઉછરી મોટા થયા છીએ, એવા અમે શું આપને યાદ આવતા હતા ? ૮; આપ ભૂમંડલના પર્યટનમાં હતા ત્યારે કેવા પ્રકારે આજીવિકા ચલાવતા હતા ! તેમજ ભૂતલનાં મુખ્ય મુખ્ય કયા ક્ષેત્રોનું સેવન કર્યું તે કૃપા કરીને કહેશો ! ૯.

१. तं सुकृतं इ २. मा. पा.-मंडले ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્ત્વસુધા—'પક્ષચ્છાયા'-પિતા વિનાનાં સંતાન, પાંખ વિનાનાં અને માતા વિનાનાં સંતાન આંખ વિનાનાં પંખીડાં છે. ધર્મરાજ પોતાની ઉપમા પાંખ વિનાનાં પંખીના જેવી આપે છે. તે કહે છે કે અમે તો આપના પક્ષપાતની પાંખમાં ઉછર્યા છીએ. **સમાતૃકાः**- કુન્તીજી કાળજીથી બાળકોને સંભાળતાં હતાં તેથી કૌરવો કુન્તી સાથે પાંડવોનો વિનાશ કરવાના પ્રયોગો કરતા હતા. વિદુરજીને તેની ગંધ આવી હતી અને સર્વની સંભાળ લીધી હતી. ૮.

कया वृत्या वर्तितम्-સજ્જન પુરુષોને આત્મ સ્તુતિ આત્મઘાત જેવી લાગે છે, એવું ખૂબજ સમજનાર યુધિષ્ઠિરજીએ વિદુરજીની મુખાકૃતિથી નિહાળ્યું. કાકાના ઉપકારો યાદ કરું છું તેથી તેમને દુઃખ થાય છે માટે પ્રશ્નનો વિષય બદલ્યો. તાત, આપે કઇ આજિવિકાનો આશ્રય લઈ યાત્રા કરી? કારણ કે યાત્રા અને વિલાસ, યાત્રા અને સગવડ સાથે ન રહી શકે. યાત્રામાં એક પ્રકારનાં અન્ન, જળ ફળ ન મળે; કષ્ટ પડે; અને જો યાત્રામાં નિષ્ઠા ન હોય તો કંટાળો પણ આવે. તો આપે કેવી રીતે જીવન નિર્વાહ કર્યો? આપની યાત્રાની રીતથી હમને યાત્રા કેમ કરવી તેનું માર્ગદર્શન મળશે.

બીજું આપે કેટલાં અને કયાં તીર્થ અને ક્ષેત્રો સેવ્યાં? અમે અમે તીર્થે ન જઇ શકીએ; પરંતુ તીર્થોનું સ્મરણ ઘેર બેસી કરીએ અને પાવન થઇએ. ભૂમિનો જ્યાં મહિમા હોય તેને ક્ષેત્ર ગણાય. જળનો જ્યાં મહિમા હોય તેને તીર્થ કહેવાય. પ્રયાગરાજ, કાશી વગેરેને તીર્થક્ષેત્ર મનાય. યુધિષ્ઠરજીને આશા છે કે વિદુરજીએ સમસ્ત તીર્થો સેવ્યાં છે એટલે હવે અવશ્ય હસ્તિનાપુરમાં બિરાજશે. કદાચ વિદુરજી કહે કે તીર્થાટન પૂર્ણ થયું, પણ ચિત્ત શુદ્ધિ માટે હજી તીર્થાટન કરવું છે, તો તેનો ખુલાસો પછીના શ્લોકમાં કરે છે. ૯.

भवद्विधा भागवतास्तीर्थभूताः स्वयं विभो ।
तीर्थीकुर्वन्ति तीर्थानि [1]स्वान्तःस्थेन गदाभृता ॥ १० ॥

અન્વયાર્થ—વિભો-હે સર્વ સમર્થ, **સ્વયમ્**-પોતે, **તીર્થભૂતાः**-તીર્થસ્વરૂપ, **ભવદ્-વિધાः**-આપના જેવા, **ભાગવતાः**-ભગવદીયો, **સ્વાન્તः સ્થેન**-પોતાના અન્તઃકરણમાં રહેલા, **ગદાભૃતા**-ગદાધારી ભગવાનથી, **તીર્થાનિ**-તીર્થોને, **તીર્થીકુર્વન્તિ**-તીર્થસ્વરૂપ બનાવે છે. ૧૦.

અનુવાદ—હે સમર્થ વિદુરજી! આપના જેવા ભગવદીઓ પોતે જ તીર્થરૂપ છે; જેઓ પોતાના અન્તઃકરણમાં બિરાજેલા ગદાધારી ભગવાન વડે તીર્થોને તીર્થરૂપ કરે છે. ૧૦.

તત્ત્વસુધા—**भवद्विधाः** યુધિષ્ઠિરજીએ કહ્યું આપના જેવા સંતો તીર્થોને તીર્થ બનાવવા તીર્થયાત્રા કરે છે. સામાન્ય મનુષ્યો તીર્થમાં શુદ્ધ થવા આવે છે. જ્ઞાની જનો તીર્થમાં શ્રદ્ધા દૃઢ કરવા આવે છે. યોગીઓ તિતિક્ષાને પરિપક્વ કરવા આવે છે; પરંતુ નિત્ય સેવાપરાયણ સંત જનો તો તીર્થનો મહિમા વધારવા આવે છે. સંતોના ભક્ત હૃદયમાં ભગવાન ગદા લઇને બિરાજે છે. તીર્થોમાં પાપીએ મૂકેલાં પાપોનો સંતોના હૃદયમાં રહેલા ભગવાન ગદાથી નાશ કરે છે. તીર્થાટન ઉપર સ્નાન, દર્શન, દાન કરવાની સાથે સંત સેવન જો ન કરાય તો તીર્થનો લાભ મળ્યો મનાય નહિ. ૧૦.

अपि नः सुहृदस्तात बान्धवाः कृष्णदेवताः ।
दृष्टाः श्रुता वा यदवः स्वपुर्यां सुखमासते ॥ ११ ॥
इत्युक्तो धर्मराजेन तत्सर्वं समवर्णयत् ।
यथानुभूतं क्रमशो विना यदुकुलक्षयम् ॥ १२ ॥

१. પ્રા. પા.-આત્મસ્થેન ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—**तात**-હે વિદુર, **नः**-અમારા, **सुहृदः**-મિત્રો, **बान्धवाः**-બાન્ધવો, **कृष्ण-देवताः**-કૃષ્ણને દેવ માનનારા, **यदवः**-યાદવો, **दृष्टाः**-જોયા છે, **वा**-અથવા, **श्रुताः**-સાંભળ્યા છે, **स्वपुर्याम्**-સ્વનગરી દ્વારકામાં, **सुखम्**-સુખપૂર્વક, **आसते अपि**-રહેલા છે ને ! ૧૧; **इति**-એ પ્રમાણે, **धर्मराजेन**-યુધિષ્ઠિરથી, **उक्तः**-પૂછાયેલા વિદુરજી, **यथा**-જે રીતે, **अनुभूतम्**-અનુભવ્યું, **तत्**-તે, **सर्वम्**-બધું, **यदुकुल-क्षयं-विना**-યાદવ કુળના વિનાશ સિવાય, **क्रमशः**-ક્રમ પ્રમાણે, **समवर्णयत्**-વર્ણન કરતા હતા. ૧૨.

અનુવાદ—**હે તાત વિદુરજી ! શ્રીકૃષ્ણને દેવ માનનારા, એવા અમારા સ્નેહી બાંધવો, યાદવોને આપે જોયા છે ? અથવા તેમના સમાચાર સાંભળ્યા છે ? તેઓ પોતાની દ્વારકા નગરીમાં સુખપૂર્વક રહે છે ને ! જ્યારે ધર્મરાજ યુધિષ્ઠિરે આ પ્રમાણે પૂછયું ત્યારે જે અનુભવ્યું હતું તે બધું જ ક્રમપુરઃસર વર્ણન કરી સંભળાવ્યું. કેવળ યાદવકુળના વિનાશની હકીકત ન કહી. ૧૧; ૧૨.**

તત્ત્વસુધા—**सुहृदः दृष्टाः श्रुताः**-સ્નેહનો સ્વભાવ છે કે સ્વજનના કુશળની જાણ માટે તે ઈંતેજાર રહે છે. યાદવોના કુશળ માટે જો કે સંદેહ નથી. દુઃખો ત્રણ પ્રકારનાં છે. તેમાં દ્વારિકા દિવ્ય વૈભવોનો ભંડાર છે એટલે ભૌતિક દુઃખ નથી. જો કે વૈભવોનો ભંડાર હોય પણ તે પારકાના દેશનો હોય તો આપણને ન ભોગવવા દે; પરંતુ યાદવો તો ' **स्वपुर्याम्** ' પોતાની જ નગરીમાં વસે છે તેથી તે શંકા નથી. **कृष्णदेवताः**-શ્રીકૃષ્ણ ભગવાન તેમના દેવ છે તેથી આધિદૈવિક દુઃખ નથી. પોતે **यदवः**-યાદવો છે. યદુરાજા ભક્ત હતા. તેમના વંશજો છે માટે ભક્તોને આધ્યાત્મિક દુઃખ નથી હોતાં. ભક્તોના હૃદયમાં ભગવાન હોય તેથી ચિંતા ન થાય, તો દુઃખ થાય જ ક્યાંથી ? આમ ત્રણે પ્રકારે યાદવોનું કુશળ હોયજ, છતાં સ્નેહી હોવાથી બે પ્રશ્નો પૂછયા. આપે યાદવોને **दृष्टाः**-જોયા ? પ્રથમ પ્રશ્ન ઠીક ન લાગ્યો. વેશપલટો કરીને, અસંગ થઈને, તે યાત્રા કરતા હતા, તેથી યાદવો ક્યાંથી મળે ? પરંતુ બીજો પ્રશ્ન કર્યો કે આપ શ્રીકૃષ્ણ ભક્ત અને યાદવોના સ્નેહી છો એટલે પરંપરાએ પણ તેમનું કુશળ જાણતા હશો; માટે **श्रुताः**-યાદવોને કુશળ જાણ્યા ? ૧૧.

विना यदुकुलक्षयम्-બાકીનું કરતાં સંતોનાં કાળજાં કુણાં હોય છે. યુધિષ્ઠિરજીના સમસ્ત તીર્થાટનના પ્રશ્નોનો ઉત્તર વાળ્યો અને સત્સંગ કર્યો; પરંતુ યદુકુળ ક્ષયની કઠોર કથની ન કહી શક્યા. મૃદુ હૃદય બીજાની વ્યથાને વેઠી નથી શકતું. યદુકુળ વિનાશની વાત ધર્મરાજને જીવલેણ લાગશે, એમ સમજી તે દિશામાં મૌન સેવ્યું. ૧૨.

नन्वप्रियं दुर्विषहं नृणां स्वयमुपस्थितम् ।
नाऽऽवेदयत्सकरुणो दुःखितान् द्रष्टुमक्षमः ॥ १३ ॥
कञ्चित्कालमथाऽवात्सीत्सत्कृतो देववत्सुखम् ।
भ्रातुर्ज्येष्ठस्य श्रेयस्कृत्सर्वेषां प्रीतिमावहन् ॥ १४ ॥

અન્વયાર્થ—**ननु**-ખરેખર, **दुःखितान्**-દુઃખી જનોને, **द्रष्टुम्**-જોવા માટે, **अक्षमः**-અસમર્થ, **सकरुणः**-દયાળુ, **नृणाम्**-મનુષ્યોને, **दुर्विषहम्**-સહન ન થઈ શકે એવા, **उपस्थितम्**-પ્રાપ્ત થયેલા, **अप्रियम्**-અપ્રિયને, **स्वयम्**-પોતે, **न आवेदयत्**-જણાવતા ન હતા. ૧૩; **अथ**-ત્યારબાદ, **देववत्**-દેવોની તુલ્ય, **सत्कृतः**-સત્કાર પામેલા, **ज्येष्ठस्य**-મોટા, **भ्रातुः**-ભાઈના, **श्रेयस्कृत्**-કલ્યાણને કરનારા, **सर्वेषाम्**-સર્વની, **प्रीतिम्**-પ્રીતિને, **आवहन्**-ધારણ કરતા (સર્વને પ્રેમ ઉપજાવતા), **कंचित्**-કેટલોક, **कालम्**-સમય, **सुखम्**-સુખપૂર્વક, **अवात्सीत्**-વસ્યા. ૧૪.

અનુવાદ—**ખરેખર દુઃખી જનોને જોવાને અસમર્થ, દયાળુ, વિદુરજી મનુષ્યોને માથે ન વેઠી શકાય એવા આવી પડેલા અપ્રિયને પોતે જણાવી ન શક્યા. ત્યાર બાદ દેવના જેવા**

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સત્કારને પામેલા વિદુરજી, મોટાભાઇ ધૃતરાષ્ટ્રનું શ્રેય કરનાર અને સર્વના પ્રેમને ધારણ કરનાર, થોડો વખત સુખપૂર્વક ત્યાં રહ્યા. ૧૩; ૧૪.

તત્ત્વસુધા—દુઃખિતાન્દ્રષ્ટુમક્ષમઃ-કદાચ લાગે કે ધર્મરાજે સભામાં અને સમાજમાં આ પ્રશ્નો પૂછ્યા હતા તો ઉત્તર ન આપવાનું વિદુરજીને પાપ નહિ, તો અપરાધ પણ ન લાગે? શાસ્ત્રનો ખુલાસો છે કે 'સત્ય બોલવું પણ અપ્રિય તો ન જ બોલવું'. કુમળા મનના કાકા વિદુરે જે બાળકોને પુષ્પની માફક ઉછેર્યાં છે, તેમને દિલને દાહ કરનારા, અગ્નિ જેવા, દુઃખદ સમાચાર કેમ કરી આપે? કાળે કરીને તે જાણમાં આવવાના છે જ. ૧૩.

સર્વેષાં પ્રીતિમાવહન્- સર્વનું પ્રિય કરવા વિદુરજી કેટલોક સમય હસ્તિનાપુરમાં વસ્યા. એક વખત હસ્તિનાપુરમાંથી કૌરવોએ તિરસ્કાર કરી કાઢેલા વિદુરજી આજે પાંડવો તરફથી દેવની માફક પૂજાય છે, તો પણ બન્ને અવસ્થાની અસરથી પર રહ્યા છે. સંતના જીવનનો સંદેશો છે કે 'માન અપમાનમાં સમાન રહેવું અને હરિરસ પાન કરતા રહેવું'. સંતની વિશેષતા તો એ છે કે જ્યારે કૌરવોએ વિદુરજીનું અપમાન કર્યું ત્યારે ધૃતરાષ્ટ્રે 'મૌનથી' મદદ આપી; તે જ ધૃતરાષ્ટ્ર ભાઈ છે માટે તેના દોષો યાદ ન રાખતાં તેમને ઈશ્વર માર્ગમાં લઈ જવાની મદદ કરી. અપકાર ઉપર ઉપકાર કરે તે સાધુ. એ સંતનો સંદેશો છે. ધૃતરાષ્ટ્ર મોટા ભાઈ છે; પરંતુ તપ અને ગુણથી વિદુરજી મોટા છે. નાના ભાઇએ મોટાભાઇને મોહમુક્ત કર્યા. મોહના મુખમાંથી મુક્ત કરાવે તે બંધુ મનાય. ૧૪.

अबिभ्रदर्यमा दण्डं यथावदघकारिषु ।
यावद्धार शूद्रत्वं शापाद्वर्षशतं यमः ॥ १५ ॥

અન્વયાર્થ—**યમઃ**-યમરાજ, **શાપાત્**-માંડવ્યના શાપથી, **વર્ષશતમ્**-સો વર્ષ, **યાવત્**-સુધી, **શૂદ્રત્વમ્**-શૂદ્રપણાને, **દધાર**-ધારણ કરતા હતા, ત્યાં સુધી **અર્યમા**-સૂર્ય, **અઘ-કારિષુ**-પાપાચારીઓ ઉપર, **યથાવત્**-યથા યોગ્ય; **દણ્ડમ્**-દંડને, **અબિભ્રત્**-ધારણ કરતા હતા. ૧૫.

અનુવાદ—**માંડવ્ય મુનિના શાપથી સો વર્ષ સુધી જ્યારે યમરાજા શૂદ્રપણાને ધારણ કરતા હતા, ત્યારે તેમના સ્થાને બેઠેલા અર્યમા-સૂર્ય પાપાચારીઓ ઉપર યથા યોગ્ય રીતે દંડને ધારણ કરતા હતા. ૧૫.**

તત્ત્વસુધા—વર્ષશતં યમ :- વિદુરજીએ નાના ભાઈ તરીકે કે શૂદ્ર યોનિ તરીકે ઉપદેશ કેમ અપાય? એ વિચારને અવસર નથી; કારણ કે દેહ, ઇન્દ્રિય, પ્રાણ, અન્તઃકરણ અને આત્મા એ પાંચ વસ્તુઓમાં જો આત્માનું જ્ઞાન ન હોય તો અન્તઃકરણના જ્ઞાનને ગૌરવ આપવાનું કહ્યું, એ રીતે ઉત્તરોત્તરનું શ્રેષ્ઠ જ્ઞાન ન હોય તો જ પૂર્વ પૂર્વને બલવાન માન્યાં છે. વિદુરજીને આત્મજ્ઞાન છે, માટે દેહ, ઇન્દ્રિય આદિનો વિચાર કરવાનો નથી રહેતો.

ગુણાઃ પૂજાસ્થાનં ગુણિષુ ન ચ લિંગં ન ચ વયઃ :- ગુણો પૂજાય છે. જાતિ, વય, ધન નથી જોવાતાં. વિદુરજી જ્ઞાની છે, ભક્ત છે, એટલે સર્વ ગુણો અને શીલ એમનામાં વસ્યાં છે. માંડવ્ય ઋષિના શાપથી યમરાજા વિદુરજીના સ્વરૂપમાં ભૂતલ ઉપર આવ્યા છે અને એમના અધિકારનું સંચાલન બાર સૂર્યમાંના બીજા અર્યમા કરી રહ્યા છે. ૧૫.

युधिष्ठिरो लब्धराज्यो दृष्ट्वा पौत्रं [1]कुलंधरम् ।
भ्रातृभिर्लोकपालाभैर्मुमुदे परया श्रिया ॥ १६ ॥

१. भा. पा. कुलोद्वहम् ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—લબ્ધરાજ્યઃ-રાજ્ય સંપાદન કરીને, યુધિષ્ઠિરઃ-યુધિષ્ઠિર, કુલંધરમ્-કુલને ધારણ કરનારા, પૌત્રમ્-પૌત્રને, દૃષ્ટ્વા-જોઇને, લોકપાલ-આભૈઃ-લોકપાલ જેવી કાંતિવાળા, ભ્રાતૃભિઃ-ભીમ વગેરે ભાઇઓ સાથે, પરયા-ઉત્તમ, શ્રિયા-રાજ્યલક્ષ્મીથી, મુમુદે-હર્ષને અનુભવતા હતા. ૧૬.

અનુવાદ—રાજ્ય સંપાદન કરી ચૂકેલા યુધિષ્ઠિર રાજા, કુલને ધારણ કરનારા પૌત્ર પરીક્ષિતને જોઇને, ઇન્દ્ર વગેરે લોકપાલોના જેવી કાંતિવાળા પાંચ ભાઇઓ વડે અને શ્રેષ્ઠ રાજ્ય લક્ષ્મીથી અતિ આનંદિત થતા હતા. ૧૬.

તત્ત્વસુધા—મહાન પુરુષોને જ્યારે ઐશ્વર્ય અને સુખો મળે છે, ત્યારે વધુ સ્વસ્થ રહે છે. છતાં કોઇ વાર તન્દ્રાનું બગાસું આવી જાય અને આંખો ઘેરાય, તેમ 'કુલવાહક' પૌત્ર અને દિગ્વિજયી ભાઇઓના આનંદમાં ધર્મરાજ ક્ષણભર ઘેરાયા. રાજ્ય, વંશ, ભાઇઓનું સુખ અને ધન ભલભલાઓને પણ ભૂલાવે છે. ૧૬.

एवं गृहेषु सक्तानां प्रमत्तानां तदीहया ।
अत्यक्रामदविज्ञातः कालः परमदुस्तरः ॥ १७ ॥

અન્વયાર્થ—એવમ્-આ પ્રમાણે, ગૃહેષુ-ઘરોમાં, સક્તાનામ્-આસક્ત રહેલાઓનો, તદીહયા-તેને લગતી ક્રિયાઓથી, પ્રમત્તાનામ્-ગાફલ બનેલા પાંડવો, અવિજ્ઞાતઃ-અણુ સમજમાં, પરમ-દુસ્તરઃ-મહાન કઠિન, કાલઃ-સમય, અત્યક્રામત્-વહી ગયો. ૧૭.

અનુવાદ—આ પ્રમાણે ઘરોમાં આસક્ત રહેલાઓનો, ગૃહસ્થાશ્રમની બાબતોમાં જ ગાફલ બનેલાઓનો, જાણમાં પણ ન આવે એ રીતે અત્યંત કઠિન કાળ વહી ગયો. ૧૭.

તત્ત્વસુધા—ગૃહેષુ સક્તાનામ્-પાંડવોને રાજ્ય વહીવટ કરતાં છત્રીસ વર્ષ વીત્યાં; પરંતુ તેનો ખ્યાલ ન રહ્યો. જાણે આજે જ રાજ્યગાદી ઉપર બેઠા છીએ, એમ માનતા હતા. વળી ગાદીને લાયક પરીક્ષિત સોળ વર્ષની વયથી જ કાર્યભાર વહન કરવાને દક્ષ પણ હતા; તો પણ પાંડવોને તેનું અનુસંધાન ન થયું અને પૌત્રને રાજ્યપદ આપી વાનપ્રસ્થ ન થયા. આ સર્વ વિદુરજીએ નજરે નિહાળ્યું. વિદુરજીને આશા હતી કે શ્રી રામચન્દ્રજીની સાથે સમસ્ત અયોધ્યા સાકેત ધામમાં ગયેલી, તેમ પાંડવો સાથે સમગ્ર નગર વૈકુંઠમાં જશે; તેમાં ધૃતરાષ્ટ્ર પણ મુક્ત થશે, પણ તે આશા ફળી નહિ. આખરે ધૃતરાષ્ટ્રને એકાન્તમાં જાગ્રત કરવાનો નિશ્ચય કર્યો. ૧૭.

विदुरस्तदभिप्रेत्य धृतराष्ट्रमभाषत ।
राजन्निर्गम्यतां शीघ्रं पश्येदं भयमागतम् ॥ १८ ॥

અન્વયાર્થ—વિદુરઃ-વિદુરજી, તત્-તે પરિસ્થિતિને, અભિપ્રેત્ય-જાણીને, ધૃતરાષ્ટ્રમ્-ધૃતરાષ્ટ્રને, અભાષત-કહેવા લાગ્યા, રાજન્-હે ધૃતરાષ્ટ્ર, શીઘ્રમ્-જલદીથી, નિર્ગમ્યતામ્-બહાર ચાલી નીકળો, ઇદમ્-આ, આગતમ્-આવેલા, ભયમ્-ભયને, પશ્ય-જુઓ. ૧૮.

અનુવાદ—વિદુરજી તે પરિસ્થિતિ જાણીને ધૃતરાષ્ટ્રને કહેવા લાગ્યા—હે રાજન! સત્વર ઘર ત્યજી તપોવનમાં ચાલી નીકળો. જુઓ, આ નજર સામે ભય આવી રહ્યો છે. ૧૮.

તત્ત્વસુધા—રાજન્ નિર્ગમ્યતામ્-ભક્તો નિત્ય સાવધ હોય છે. સમાજની નજરે તેઓનું ચિત્ત જગતમાં રહેલું લાગે, પણ તેઓ અન્તર્મુખ હોય છે. વિદુરજી એટલા બધા સાવધ હતા અને સમર્થ પણ હતા, જેથી ધૃતરાષ્ટ્રને જાગ્રત કર્યા. એક સિદ્ધ યોગી સાધકમાં પોતાની શક્તિનો જેમ સંપાત કરે, એક સમર્થ સદ્ગુરુ પોતાના શિષ્યમાં જ્ઞાનનો જેમ સંપાત કરે, તેમ વિદુરજી ભક્તે પોતાનામાં વસેલા જ્ઞાન, વૈરાગ્ય અને ભગવદ્ ભાવનો સંપાત ધૃતરાષ્ટ્રમાં કર્યો અને ગંગાના કિનારે લઈ જવા ઉપદેશ આપતાં કહ્યું, 'રાજન્' ક્યાં સુધી વૈભવોમાં રસ લેશો? વૈભવો આપને છોડે તે પહેલાં આપ વૈભવોને છોડો તો જીવ્યું સાર્થક ગણાય. ૧૮.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

प्रतिक्रिया[1] न यस्येह कुतश्चित्कर्हिचित् प्रभो ।
स एव भगवान् कालः सर्वेषां नः समागतः ॥ १९ ॥
येन चैवाभिपन्नोऽयं प्राणैः प्रियतमैरपि ।
जनः सद्यो वियुज्येत किमुताऽन्यैर्धनादिभिः ॥ २० ॥
पितृभ्रातृसुहृत्पुत्रा हतास्ते विगतं वयः ।
आत्मा च जरया ग्रस्तः परगेहमुपासते ॥ २१ ॥

અન્વયાર્થ—પ્રભો–રાજન્, ઇહ–અહીં, યસ્ય–જેનો, કુતશ્ચિત્–કોઇનાથી, કર્હિચિત્–કોઇ કાળે, પ્રતિક્રિયા–પ્રતિકાર–ઉપાય, ન–નથી, સઃ એવ–તેજ, ભગવાન્–ભગવાન્, કાલઃ–કાળરૂપે, નઃ સર્વેષામ્–આપણા બધાઓનો, સમાગતઃ–આવી પહોંચ્યો છે. ૧૯; ચ–અને, યેન–જેનાથી (જે કાળથી), અભિપન્નઃ–પીડાયેલ, અયમ્–આ, જનઃ–લોક, પ્રિયતમૈઃ અપિ–અત્યંત વહાલા પણ, પ્રાણૈઃ–પ્રાણોથી, સદ્યઃ–તત્કાળ, વિયુજ્યેત–વિયોગ પામે છે, ઉત–તો પછી, અન્યૈઃ–બીજા, ધનાદિભિઃ–ધન વગેરેથી વિયુક્ત થાય એમાં, કિમ્–શું ? ૨૦; તે–તમારા, પિતૃ–ભ્રાતૃ–સુહૃત્–પુત્રાઃ–પિતા, ભાઇ, સુહૃદ અને પુત્રો, હતાઃ–માર્યા ગયા છે, વયઃ–આયુષ્ય, વિગતમ્ ચાલ્યું ગયું છે, ચ–અને, આત્મા–દેહ, જરયા–વૃદ્ધાવસ્થાથી, ગ્રસ્તઃ–પીડાયેલો છે, તો પછી શા માટે પરગેહમ્–શત્રુઓના ઘરને, ઉપાસતે–સેવી રહ્યા છો ? ૨૧.

અનુવાદ—હે રાજન્, ધૃતરાષ્ટ્ર ! જેનું નિવારણ અહીં કોઇનાથી કોઇ કાળે પણ શકય નથી એવો આ સર્વ સમર્થ કાળ આપણી સર્વની સમીપ આવી પહોંચ્યો છે. ૧૯; અને વળી, જે કાળથી પરાભવ પામેલો આ લોક પોતાને અત્યંત પ્રિય એવા પ્રાણોથી પણ તત્કાળ વિયોગ પામે છે, તો પછી બીજા ધન વગેરે પદાર્થોથી વિયોગ પામે એમાં શું કહેવું ? ૨૦; વળી તમારા પિતા, ભાઇ, સ્નેહીઓ, પુત્રો વગેરે માર્યા ગયા છે; આયુષ્ય ચાલ્યું ગયું છે; શરીર જરાથી ઘેરાયેલું છે; તો પછી પારકાના ઘરની શા માટે ઉપાસના કરી રહ્યા છો ? ૨૧.

તત્ત્વસુધા—સ્વાર્થને અનેક દલીલો કરતાં આવડે છે. ધૃતરાષ્ટ્ર કદાચ કહે આપણે રાજ્યમાં રહીશું, પણ મન ભગવાનમાં રાખીશું. પછી કાળનો ભય શા માટે ? વિવેકશીલ વિદુરજી તેનો જ ખુલાસો કરે છે કે એ આશા હવે ન રાખશો. પ્રતિક્રિયા ન– આજ સુધી શ્રીકૃષ્ણે પોતાના સામર્થ્યથી જે કાળને રોકયો હતો, તેજ કાલ શ્રીકૃષ્ણની આજ્ઞાથી સર્વના ભક્ષણ માટે આવ્યો છે. ત્યાં પ્રતિકાર નહિ ચાલે. પ્રભો ધૃતરાષ્ટ્રને સંબોધન કરીને કહ્યું કે આપે પાંડવોને ઠગવામાં પ્રભુત્વ વાપર્યું છે, તેમાં ફાવ્યા છો. તેથી લાગતું હશે કે કાળ સામે પણ બળ બતાવીશ, તો એ આપની ભ્રાન્તિ છે. આપનું પ્રભુત્વ નહિ ચાલે. એવી ટકોર માટે સંબોધન છે. ૧૯.

એક સાધુ સ્વજન મળે તો જીવનનો મોહ ટળે અને ભગવાન મળે. વિદુરજીના સંગથી ધૃતરાષ્ટ્ર સ્વસ્થ થયા અને પૂછયું, "હવે શું કરવું ?" વિદુરજીએ માર્ગદર્શન આપ્યું કે 'આત્માને' તો કાળ ગળતો નથી, 'દેહ અને ગેહ' એ બેને ગળે છે. બન્નેમાં અહંતા અને મમતા વસ્યાં છે, તે ઉઠાવી લઈ બન્નેમાંથી મુક્ત થવું; જેથી કાળની કોઈ અસર થશે નહિ. ક્ષણભર લાગશે કે મમતા ભર્યાં તન, ધન, સ્વજન કેમ છોડાય ? તો એકજ સમાધાન છે કે પ્રાણૈઃ પ્રિયતમૈરપિ– પ્રિયતમ આપણા પ્રાણો આપણને છોડશે તો પછી ધન, સ્વજનની કેટલી કિંમત ? ૨૦.

વિદુરજી સાત શ્લોકથી ધૃતરાષ્ટ્રને સાવચેત કરે છે. પાંડવો સાથેના આજ સુધીના કપટ વર્તનનું સ્મરણ કરાવી પરિતાપ પેદા કરે છે. દેહની અનિત્યતા, જીવનની પરવશતા, જેના ઉપર અપકાર કર્યો તેનોજ આશ્રય–

---

१. प्रतिक्रियां न पश्येऽहं कुतश्चित् । प्रा. पा.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આ સર્વ પણ ધ્યાનમાં લાવે છે. યૌવનના અને ધનના ઘેનમાં કરેલી ભૂલો અને પાપો પાછળના જીવનમાં સમજ આવતાં અત્યંત સાલે છે. એ પ્રકારે પણ વૈરાગ્ય અને હરિભક્તિ આવે તો સારાં. પિતૃ ભ્રાતૃ૦-વિદુરજીએ કહ્યું, " ધૃતરાષ્ટ્ર ! ભીષ્મ પિતા, ભૂરિશ્રવા વગેરે ભાઇઓ, શલ્ય વગેરે મિત્રો, અને સો પુત્રો ગયા, તો કોના મોહથી જીવો છો ? યૌવન ગયું, ધડપણે કાયાનો કબજો કર્યો, હવે કેટલો મોહ ! પરગેહમ્-પરાધીન ઘરમાં રહો છો, તો પણ ક્ષોભ નથી. રોગી, પ્રવાસી, પારકાને ત્યાં જમનાર, પારકાના ઘરમાં રહેનાર, એ ચાર જીવતાં મરેલાં મનાય. તો જરા તો સમજો. ૨૧.

अहो महीयसी जन्तोर्जीविताशा यया भवान् ।
भीमेनाऽऽवर्जितं पिण्डमादत्ते गृहपालवत् ॥ २२ ॥
अग्निर्निसृष्टो दत्तश्च गरो दाराश्च दूषिताः ।
हृतं क्षेत्रं धनं येषां तद्दत्तैरसुभिः कियत् ॥ २३ ॥
तस्याऽपि तव देहोऽयं कृपणस्य जिजीविषोः ।
परैत्यनिच्छतो जीर्णो जरया वाससी इव ॥ २४ ॥

અન્વયાર્થ—અહો-આશ્ચર્ય છે કે, **જન્તોઃ**-પ્રાણી માત્રની, **જીવિતાશા**-જીવનની આશા, **મહીયસી**-મોટી હોય છે, **યયા**-જે જીવનની ઇચ્છાથી, **ભવાન્**-આપ, **ગૃહપાલવત્**-ઘરના ચોકીદારની માફક, **ભીમેન**-ભીમસેને, **આવર્જિતમ્**-નાખેલા, **પિણ્ડમ્**-અન્નના પિંડને, **આદત્તે**-ખાવ છો. ૨૨; **યેષામ્**-જેમના ઉપર તમે, **અગ્નિઃ**-અગ્નિ, **નિસૃષ્ટઃ**-છોડયો, **ચ**-અને, **ગરઃ**-વિષ, **દત્તઃ**-આપ્યું, **ચ**-અને, **દારાઃ**-સ્ત્રી, **દૂષિતાઃ**-અપમાનિત કરવામાં આવી, **ક્ષેત્રમ્**-રાજ્ય, **ચ**-અને, **ધનમ્**-દ્રવ્ય, **હૃતમ્**-હરી લીધું, **તદ્-દત્તૈઃ**-તેમના દીધેલા, **અસુભિઃ**-પ્રાણોથી, **કિયત્**-શો લાભ ? ૨૩; **તસ્ય અપિ**-તે એવા પણ, **કૃપણસ્ય**-દીન બનેલા, **જિજીવિષોઃ**-જીવવાને ઇચ્છતા, **અનિચ્છતઃ**-ન ચાહો તો પણ, **તવ**-તમારો, **અયમ્**-આ, **જીર્ણઃ**-ક્ષીણતાને પામેલો, **દેહઃ**-દેહ, **વાસસી ઇવ**-વસ્ત્રોની જેમ, **જરયા**-વૃદ્ધાવસ્થાથી, **પરૈતિ**-ક્ષીણ થતો જાય છે. ૨૪.

અનુવાદ—અહો ! પ્રાણીમાત્રને જીવનની આશા સર્વથી મોટી હોય છે. જે જીવનની આશાથી તમે ભીમસેને નાખેલા અન્નના પિંડને ઘરના ચોકીદારની માફક ખાઓ છો. જેઓના ઉપર તમે અગ્નિ નાખ્યો, જેમને વિષ આપ્યાં, જેમની પત્નીઓને કલંકિત કરવાનો પ્રયાસ કર્યો, રાજ્ય છીનવી લીધું, ધન હરી લીધું, તેઓએ આપેલા પ્રાણથી જીવવાનો શો અર્થ છે ? આ પ્રમાણે દીનતાને ધારણ કરીને જીવવાને ઇચ્છતા તમારો આ જીર્ણ દેહ, તમારી ઇચ્છા ન હોવા છતાં પણ, વસ્ત્રોની માફક વૃદ્ધાવસ્થાથી ક્ષીણ થતો જાય છે. ૨૨; ૨૩; ૨૪.

તત્ત્વસુધા—જે ભીમસેનને તમે વિષ ભોજન આપ્યું, એજ તમને નિત્ય મિષ્ટ જમણ આપે છે, કદી આનો ખ્યાલ આવે છે ? ઓટલે બેઠેલા દ્વારપાલમાં અને ઓરડામાં બેઠેલા ગૃહપાલમાં શો ફરક ? એક ઘરરક્ષક તાળું, બીજું ધનરક્ષક જીવતું તાળું. પિંડમ્- તમને તો ભીમસેન ભોજન આપે છે એમ લાગે છે. મને તો, તમને મરેલા માનીને 'પિંડ' આપે છે એવું ભાસે છે. આપ ગૃહપાલ મટો અને સ્થિત પ્રજ્ઞ બનો. ૨૨.

ધૃતરાષ્ટ્ર, કદિ તમારાં અનુચિત કર્મો યાદ આવે છે ? લાક્ષાગૃહ દાહ, વિષ ભોજન, વસ્ત્ર અપહરણ, ધન-ઘર-જમીનની લૂંટ કરી—આ અપકારોના ભોગ બનેલા ભલા પાંડવો તમને બાપની માફક માને છે; પણ તમારું સ્વમાન ક્યાં ગયું ? ૨૩.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કૃપણસ્ય-વિદુરજી ધૃતરાષ્ટ્રને કૃપણ તરીકે ગણાવે છે. કૃપણ એટલે અજિતેન્દ્રિય. એમ શ્રીકૃષ્ણની વ્યાખ્યા છે. ઉપનિષદ, આત્માને ઓળખ્યા વિના મરણ પામનારને કૃપણ માને છે. યાચવાની વસ્તુ, યાચવાની યોગ્યતા યાચનારનું સ્વરૂપ અને આપનાર એ ચારેયનો વિચાર કર્યા વગર માગે તે કૃપણ છે. ક્ષીણ થતી કાયામાંથી મમતાને મૂકે નહિ અને સમતાને સેવે નહિ તે કૃપણ છે. ૨૪.

गतस्वार्थमिमं देहं विरक्तो मुक्तबंधनः ।
अविज्ञातगतिर्जह्यात्स वै धीर उदाहृतः ॥ २५ ॥
यः स्वकात्परतो वाऽपि जातनिर्वेद आत्मवान् ।
हृदि कृत्वा हरिं गेहात्[1] प्रव्रजेत्स नरोत्तमः ॥ २६ ॥

અન્વયાર્થ—**વિરક્તઃ**-વિરકત, **મુક્ત-બન્ધનઃ**-સંસારનાં બંધનોથી મુકત, **અવિજ્ઞાત-ગતિઃ**-પોતાની પ્રવૃત્તિની જાણ કર્યા વિના, **ગતસ્વાર્થમ્**-પ્રયોજન વગરના, **ઇમમ્**-આ, **દેહમ્**-દેહને, **જહ્યાત્**-ત્યજી દે, **વૈ**-ખરેખર, **સઃ**-તે, **ધીરઃ**-ધીર પુરુષ, **ઉદાહૃતઃ**-કહેવાય છે. ૨૫; **યઃ**-જે, **સ્વકાત્**-પોતાની જાતથી, **વા**-અથવા, **પરતઃ**-બીજા-અન્ય કોઈથી, **અપિ**-પણ, **જાતનિર્વેદઃ**-વૈરાગ્યને પામેલો, **આત્મવાન્**-ધૈર્યવાન પુરુષ, **હૃદિ**-હૃદયમાં, **હરિમ્**-શ્રીહરિને, **કૃત્વા**-રાખીને, **ગેહાત્**-ઘરમાંથી, **પ્રવ્રજેત્**-ચાલી નીકળે, **સઃ**-તે જ **નરોત્તમઃ**-ઉત્તમ પુરુષ છે. ૨૬.

અનુવાદ—**વૈરાગ્ય યુક્ત અને સંસાર બંધનમાંથી મુક્ત થનારો પુરુષ, પોતાની પ્રવૃત્તિની જાણ કર્યા વિના જ, પ્રયોજન વિનાના આ દેહનો જો ત્યાગ કરી દે તો તે ખરેખર ધીર છે એમ કહેવાય છે. ૨૫; જે કોઇ પુરુષને સ્વયં વિવેકથી અથવા તો બીજાના ઉપદેશથી વિષયો ઉપર વૈરાગ્ય થયો હોય તેવો ધૈર્યવાન પુરુષ, હૃદયમાં શ્રીહરિને ધારણ કરીને ઘરમાંથી ચાલ્યો જાય છે, તે પુરુષોમાં ઉત્તમ કહેવાય છે. ૨૬.**

તત્ત્વસુધા—ધૃતરાષ્ટ્રે ચાર શ્લોકો સાંભળ્યા અને પૂછયું, "તો ભાઈ, હવે હું શું કરું?" વિદુરજીએ કહ્યું, "**અવિજ્ઞાત ગતિઃ**- કોઇ ન જાણે તેમ ઘર ત્યાગ કરી ચાલી નીકળો." જમણો હાથ આપે તે ડાબો હાથ ન જાણે તે દાન કહેવાય. પ્રેમ, દાન, ધન, અને અપમાન એ નિત્ય ગુપ્ત કરાય અને રખાય; પરંતુ સંસાર ત્યાગ કરવો હોય તો અત્યંત ગુપ્ત રીતે થાય. અન્યથા અનેક આસક્તિનાં આવરણો અંતરાય કરે અને ન જવા દે ધીર પુરુષે વિવેક પૂર્વક સર્વનો ત્યાગ કરવો. ધીરના ત્રણ ગુણો બતાવ્યા છે. **વિરક્તઃ**- સર્વ સુખમાં નિરપૃહ, **મુક્તબન્ધનઃ**- સર્વના સ્નેહબંધનને છેદનાર, **અવિજ્ઞાત ગતિઃ**- ત્યાગની જરા પણ જાણ-જાહેરાત ન કરનાર. એવા ત્રણ લક્ષણવાળો ધીર ત્યાગવીર થઇ શકે. મનુષ્ય સર્વ વસ્તુનો ત્યાગ કરી શકે છે, પણ હું 'ત્યાગી છું.' એવું ત્યાગાભિમાન નથી ત્યજી શકતો. ત્યાગાભિમાનને પણ ત્યજી દે તે ત્યાગી. ૨૫.

વિદુરજી ત્યાગનો વિશેષ તરીકો પુનઃ વિચારે છે. **જાતનિર્વેદઃ**-ખેદ અથવા વિવેક એમાંથી એક પણ જો જીવનમાં આવે તો તાત્કાલિક તેનો લાભ લઈ લેવો. ખેદ અને વિવેકનો સ્વભાવ છે કે તેઓ સર્વમાંથી 'દિલને' ઉઠાવી લે છે. એ રીતે ખાલી પડેલા હૃદયમાં તત્ક્ષણ શ્રીહરિને ધારણ કરી લઈ, તેના બળે વૈરાગ્યને દૃઢ કરી લઇ, જગત ત્યજી, જંગલમાં ચાલ્યા જવું. ખેદ અથવા વિવેક **સ્વકાત્** સ્વજનથી-સજ્જનથી-કે **પરતઃ** શત્રુજનથી આવે છે. સ્વજનના વિયોગથી, સુજનના સદુપદેશથી દુર્જન કે દુશ્મનના દુષ્ટ પ્રયોગથી આવા કોઇપણ કારણથી જન્મ પામતા વૈરાગ્યનો ક્ષણ તત્ક્ષણ સુલક્ષણ માનવે ઝડપી લેવો. ૨૬.

अथोदीचीं दिशं यातु स्वैरज्ञातगतिर्भवान् ।
इतोऽर्वाक्प्रायशः कालः पुंसां गुणविकर्षणः ॥ २७ ॥

१. प्रा. पा.-सम्यक् प्रव्र. ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—**અથ**-હવે, **સ્વૈઃ**-અજ્ઞાત-**ગતિઃ**-સ્વજનોની જાણ બહાર, **ભવાન્**-આપ, **ઉદીચીમ્**-ઉત્તર, **દિશમ્**-દિશા તરફ, **યાતુ**-જાઓ, **ઇતઃ**-અહિંથી, **અર્વાક્**-હવે પછીથી આવનારો, **કાલઃ**-કાળ, **પ્રાયશઃ**-ઘણે ભાગે, **પુંસામ્**-પુરુષોના, **ગુણવિકર્ષણઃ**-ગુણોનો હ્રાસ કરનારો છે. ૨૭.

અનુવાદ—**હવે આપ સ્વજનોની જાણ બહાર ઉત્તર દિશા તરફ ચાલ્યા જાવ. હવે પછીથી આવનારો કાળ ઘણે ભાગે સત્ પુરુષોના ગુણોનો હ્રાસ કરનારો આવી રહ્યો છે.** ૨૭.

તત્ત્વસુધા—ધૃતરાષ્ટ્રને ઉપરના બન્ને શ્લોકોની ખૂબજ સારી અસર થઈ. દેહ-દ્રવ્યમાં દૃષ્ટિ એટલે આસક્તિવાળો અને ત્યાગ-ભક્તિમાં ઉપેક્ષાવાળો મોહાન્ધ માનવ ધૃતરાષ્ટ્ર છે. સ્મૃતિ-શ્રુતિ નામની, વિધિ-નિષેધ નામની સ્નેહ-સમર્પણ નામની, ભક્તિ-વિરક્તિ નામની 'જીવન દૃષ્ટિ' જેની પાસે નથી એ જીવાત્મા ધૃતરાષ્ટ્ર છે. સંક્ષેપમાં વિષય દૃષ્ટિ અને વિષમ દૃષ્ટિ પુરુષ માત્ર ધૃતરાષ્ટ્ર છે. વિદુરજી સમદૃષ્ટિ સંત છે, જે વિવેકનું મૂર્તિ સ્વરૂપ છે. તેમના સંગે ધૃતરાષ્ટ્રની મોહાન્ધતા ચાલી ગઈ, વિવેક વૃત્તિ પેદા થઈ અને બોલ્યા, 'ત્યારે હવે મારે શું કરવું? મને કોણ લઈ જાય? ક્યાં જાઉં?" વિદુરજીએ જોયું કે કાળજાની લાખ પીગળી છે, કે તરતજ ત્યાગની 'બહોર' લગાવી દીધી અને બોલ્યા, "મોટાભાઈ, સ્વજનોને સૂચના આપ્યા વિના આજ પળે આપ ઉત્તર દિશામાં પ્રયાણ કરો. હવે પછીનો કાળ સજ્જનને પણ સંસાર રત કરનાર આવી રહ્યો છે. ઉત્તર દિશામાં કોઈ પ્રતિબંધકો નહિ આવે. ત્યાં શ્રીનરનારાયણની તપશ્ચર્યા, ત્યાગ, વિવેકના વાતાવરણનું સામ્રાજ્ય છે, જેથી લૌકિક અથવા ઇન્દ્રાદિ દેવકૃત વિઘ્નો નથી આવી શકતાં. ભગવાન વેદે એ દિશા માટે કહ્યું છે કે एषा वै देव मनुष्याणां शान्ता दिग् આ દેવો અને મનુષ્યો માટે શાન્ત દિશા છે. ૨૭.

एवं राजा विदुरेणानुजेन प्रज्ञाचक्षुर्बोधितो ह्याजमीढः ।
छित्त्वा स्वेषु स्नेहपाशान् दृढिम्नो निश्चक्राम भ्रातृसन्दर्शिताध्वा ॥ २८ ॥

અન્વયાર્થ—**એવમ્**-આ પ્રમાણે, **અનુજેન**-પાછળ જન્મેલા-અનુજે, **વિદુરેણ**-વિદુરજીએ, **પ્રજ્ઞાચક્ષુઃ**-પ્રજ્ઞાચક્ષુ, **આજમીઢઃ**-અજમીઢના વંશમાં જન્મેલા, **રાજા**-ધૃતરાષ્ટ્ર, **હિ**-નિશ્ચય, **બોધિતઃ**-સમજાવેલા, **ભ્રાતૃસન્દર્શિત-અધ્વા**-ભાઈ એ દર્શાવેલા માર્ગે, **સ્વેષુ**-પોતાના સંબંધીઓ ઉપરના, **દૃઢિમ્નઃ**-મજબૂત, **સ્નેહપાશાન્**-સ્નેહપાશોને, **છિત્ત્વા**-છેદીને, **નિશ્ચક્રામ**-ચાલી નીકળ્યા. ૨૮.

અનુવાદ—**આ પ્રમાણે નાનાભાઇ વિદુરજીએ અજમીઢ રાજાના વંશમાં જન્મેલા, પ્રજ્ઞાચક્ષુ ધૃતરાષ્ટ્રને સમજણ આપી, ત્યારે ધૃતરાષ્ટ્ર પણ ભાઈ વિદુરે દર્શાવેલ માર્ગ પ્રમાણે સ્વજનો ઉપરના દૃઢ સ્નેહપાશને છેદી નાખીને ઘરેથી ચાલી નીકળ્યા.** ૨૮.

તત્ત્વસુધા—વિદુરજીના વાક્યે અસર કરી. ધૃતરાષ્ટ્ર સર્વ છોડીને ચાલ્યા, ત્યારે વ્યાસજીએ શ્લોક લખ્યો કે **एवं राजा**-એ રાજા સર્વ છોડીને ચાલ્યા. 'જે વિચાર આવે તેનો અવિલંબે અમલ કરે તે રાજા.' ધૃતરાષ્ટ્રને ત્યાગનો વિચાર આવ્યો કે તરતજ અમલ કર્યો. **અનુજ**-ત્યાગના માર્ગદર્શક 'નાનાભાઈ' હતા. વડીલને ન ઠગે, ન વિરુદ્ધ જાય, તે જ સાચો અનુયાયી, સેવક, પુત્ર કે શિષ્ય મનાય. **પ્રજ્ઞાચક્ષુઃ**-ધૃતરાષ્ટ્રની આન્તર દૃષ્ટિ ઉઘડી છે માટે પ્રજ્ઞાચક્ષુ કહ્યા. **આજમીઢઃ** પિતા વિરક્ત હોય તો પુત્રમાં અવશ્ય વૈરાગ્ય આવે. 'અજમીઢ' ધૃતરાષ્ટ્રના પિતાજી થાય. તેમણે પિતાના નગર હસ્તિનાપુરનો ત્યાગ કરેલો, એટલે ધૃતરાષ્ટ્રે પણ ત્યાગ કર્યો. ન છેદાય તેવા સ્નેહપાશને છેદી પ્રયાણ આદર્યું. ૨૮.

पतिं प्रयान्तं सुबलस्य पुत्री पतिव्रता चानुजगाम साध्वी ।
हिमालयं न्यस्तदण्डप्रहर्षं मनस्विनामिव सत्संग्रहारम् ॥ २९ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—**च**-અને, **साध्वी**-સાધ્વી-સુશીલા, **पतिव्रता**-પતિવ્રતા, **सुबलस्य**-સુબલ રાજાની, **पुत्री**-પુત્રી ગાંધારી, **मनस्विनाम्**-શૂરવીર પુરુષોના, **सत्संप्रहारम्**-**इव**-તીવ્ર પ્રહારવાળા રણક્ષેત્રની માફક, **न्यस्त दण्ड-प्रहर्षम्**-પરમહંસોને પરમહર્ષ આપનારા, **हिमालयम्**-હિમાલય તરફ, **प्रयान्तम्**-પ્રયાણ કરતા, **पतिम्**-પતિને, **अनुजगाम**-અનુસર્યાં. ૨૯.

અનુવાદ—**અત્યંત સુશીલ અને પતિવ્રતા સુબલરાજપુત્રી ગાંધારીજી, શૂરવીર પુરુષોને હર્ષ કરનારા તીવ્ર પ્રહારવાળી રણસંગ્રામ ભૂમિની માફક, દંડત્યાગી પરમહંસોને પરમ હર્ષ આપનારા હિમાલય તરફ પ્રયાણ કરતા પતિદેવ ધૃતરાષ્ટ્રની પાછળ પાછળ ચાલ્યાં.** ૨૯.

તત્ત્વસુધા—ધૃતરાષ્ટ્રે વિદાય લીધી. શૂરવીર પુરુષને રણભૂમિ રૂચે છે. તે રણતીર્થમાં કાયાની માયા ત્યજી કૃતાર્થ બને છે. ત્યાગવીર પુરુષને અરણ્યભૂમિ-તપોભૂમિ રૂચે છે. તે પાવન તીર્થમાં તન ત્યજી પ્રભુપદને મેળવે છે. **हिमालयं न्यस्तदण्डप्रहर्षम्**-હિમાલય દેશ એ સાધના માટે સર્વ પ્રકારે શ્રેષ્ઠ છે. 'ન્યસ્તદંડ' શબ્દ પરમહંસોને માટે વપરાય છે. દંડી જ્યારે દંડનો ત્યાગ કરે છે, ત્યારે પરમહંસ બને છે. હિમાલય એવા પરમ હંસોને પરમ હર્ષ આપે છે. હિમાલય એ એક એવું દિવ્ય સ્થળ છે કે જ્યાં બરફને લીધે કોઇ બહારના, જીવ જંતુ રહેતા તો નથી; પરંતુ શરીરની અંદર પણ જંતુઓ નથી હોતા, કે જે જીવો વિઘ્ન કરે અને તેનો વધ કરવો પડે. તે પ્રદેશમાં ધૃતરાષ્ટ્ર સાથે ગાંધારીજી પણ ચાલ્યાં. તેઓ મહા સતી હતાં. પાંડવો ઉપર જ્યારે વિષમ નજર રાજાની હતી, ત્યારે ગાંધારીજી કુમળી આંખે જોતાં હતાં. એમની જ્ઞાનદાનીની ઓળખ ત્રણ વિશેષણોમાં આપી છે. **सुबलस्य पुत्री** સુબલ પિતા પરમ ભક્ત હતા. તેથી ભક્તિ પુત્રીમાં આવી. એટલે ગાંધારી 'ભક્તિમતી' હતાં. **पतिव्रता**-ચારિત્ર્ય સમ્પન્ન અને પતિ પાછળ અનુગમન કરનારી એટલે 'સતી' થશે; અને પર્ણકુટીમાં બળી મરશે. **साध्वी**-સ્વભાવ અને શીલથી સ્વામીને અનુકૂલ હતાં. **च** અવ્યય શ્લોકમાં છે, એટલે વિદુરજી પણ ગાંધારી અને ધૃતરાષ્ટ્રની સાથે વનમાં ચાલ્યા. ૨૯.

अजातशत्रुः कृतमैत्रो[1] हुताग्निर्विप्रान्नत्वा तिलगोभूमिरुक्मैः ।
गृहं प्रविष्टो गुरुवन्दनाय न चाऽपश्यत् पितरौ सौबलीं च ॥ ३० ॥

અન્વયાર્થ—**कृतमैत्रः**-પ્રાતઃ સંધ્યા વંદન કરી ચૂકેલા, **हुताग्निः**-અગ્નિમાં હોમ કરી નિવૃત્ત થયેલા, **अजातशत्रुः**-અજાતશત્રુ-યુધિષ્ઠિર, **तिल-गो-भूमि-रूक्मैः**-તલ, ગાય, પૃથ્વી, સુવર્ણ વગેરેથી, **विप्रान्**-બ્રાહ્મણોને, **नत्वा**-નમસ્કાર કરીને, **गुरुवन्दनाय**-વડીલોને-વંદન કરવા, **गृहम्**-ઘરમાં, **प्रविष्टः**-પ્રવેશ કર્યો, **च**-અને **पितरौ**-વડીલોને-ધૃતરાષ્ટ્ર, વિદુરજીને, **च**-અને, **सौबलीम्**-ગાંધારીજીને, **न अपश्यत्**- ન જોયાં. ૩૦.

અનુવાદ—**પ્રાતઃ સંધ્યા વંદન, અગ્નિ હોમ, વગેરે પ્રાતઃકાલીન કૃત્યથી નિવૃત્ત થઇને, તલ, ગાય, ભૂમિ તથા સુવર્ણ વગેરેથી બ્રાહ્મણોને નમન કરીને, ગુરૂજનોને વંદન કરવા માટે મહારાજ યુધિષ્ઠિરે રાજગૃહમાં પ્રવેશ કર્યો. ત્યાં તેમણે વડીલ ધૃતરાષ્ટ્ર તથા વિદુરજીને તેમજ ગાંધારીજીને પણ ન જોયાં.** ૩૦.

તત્ત્વસુધા—સજ્જનનો જીવનક્રમ યુધિષ્ઠિરને બહાને આ શ્લોકમાં બતાવ્યો છે. **अजातशत्रुः** કુટુંબમાં અને ધંધામાં રહેવું, પણ શત્રુભાવથી પર રહેવું. સર્વમાં સદ્‌ભાવથી રહેવું તો જ મનઃ પ્રસાદ રહે અને મહાન થવાય. યુધિષ્ઠિરજી અજાતશત્રુ હતા. પોતાની અજીતાયેલ ઇન્દ્રિયો શત્રુ છે અને જીતાયેલ ઇન્દ્રિયો જ મિત્ર છે, એવું સમજે અને જીવે તે અજાતશત્રુ બને છે.

कृतमैत्रः-મિત્ર સૂર્યનું નામ છે. સવારની સંધ્યા, સૂર્યોપસ્થાન અને ગાયત્રી જાપ કર્યા પછી અન્ય કાર્ય કરવું. સંધ્યા બગડી તેનો દિવસ બગડયો. નિત્ય સંધ્યાથી નૂતન મનોબળ મળે છે.

---

૧. પ્ર૦ પા૦-कृतमैत्रसक्रियो विप्रान्

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કૃતમૈત્રઃ–મળત્યાગ ઇન્દ્રિયના દેવતાનું નામ 'મિત્ર' છે. મિત્રનું કાર્ય એટલે મળત્યાગનું કાર્ય પ્રથમ કરવું. તે વિના સ્નાન, સંધ્યા, હોમ, જપ, દાન કરેલાં વ્યર્થ જાય છે. માટે શરીર ધર્મોના ક્રમમાં પ્રથમ મળશુદ્ધિ, પછી દંતશુદ્ધિ, પછી સ્નાનથી તનશુદ્ધિ અને સંધ્યાથી મનશુદ્ધિ, હોમથી દ્રવ્ય શુદ્ધિ, દાનથી દ્રવ્યશુદ્ધિ કરી સંસાર કાર્ય શરૂ કરવાં. કૃતમૈત્રઃ– દેવ, મનુષ્ય, પિતૃ, પ્રાણી તર્પણ કર્યાં તેને પણ કૃતમૈત્ર કહેવાય છે. હુતાગ્નિઃ– નિત્ય હોમ કરવાથી મેધા તેજસ્વિની બને છે. વિપ્રાનત્વા–વિપ્રોને વંદન કરવાથી આયુષ્ય વધે છે. તિલગોભૂમિરુક્મૈઃ–ચાર દાન કર્યાં. તલદાનથી વિષ્ણુ પ્રસન્ન થાય છે. ગોદાનથી શિવજી રાજી થાય છે. ભૂમિદાનથી બ્રહ્માજી ખુશ થાય છે. સુવર્ણદાનથી કલિયુગનો નાશ થાય છે. યુધિષ્ઠિરજીએ અનેક દાન કરી, વડીલોના વંદન માટે રાજભવનમાં પ્રવેશ કર્યો. પ્રથમ કુન્તીજીને નમસ્કાર કર્યાં; કારણ કે માતા એ મોટો ગુરુ છે. પછી વિદુર, ધૃતરાષ્ટ્ર, ગાંધારીજીને નમન કરવા આવ્યા. ત્યાં તેઓને ન જોયાં. ૩૦.

तत्र संजयमासीनं पप्रच्छोद्विग्नमानसः ।
गावल्गणे क्व नस्तातो वृद्धो हीनश्च नेत्रयोः ॥
अम्बा च हतपुत्रार्ता पितृव्यः क्व गतः सुहृत् ॥ ३१ ॥

અન્વયાર્થ—उद्विग्नमानसः–ખિન્ન મનવાળા યુધિષ્ઠિરે, **तत्र**–ત્યાં, **आसीनम्**–બેઠેલા, **संजयम्**– સંજયને, **पप्रच्छ**–પૂછ્યું, **गावल्गणे**–હે સંજય, **नेत्रयोः**–બન્ને નેત્રોથી, **हीनः**–રહિત, **च**–અને **वृद्धः**–વૃદ્ધ એવા, **नः**–અમારા, **तातः**–વડીલ ધૃતરાષ્ટ્ર, **क्व**–ક્યાં ગયા ? **च**–અને, **हतपुत्रा**–પુત્ર વિનાનાં, **आर्ता**–દુઃખી, **अम्बा**–માતા ગાંધારી, ક્યાં ગયાં ? **सुहृद्**–સુંદર વિચાર વાળા–સારા અંતઃકરણ વાળા, **पितृव्यः**–કાકા વિદુર, –**क्व गतः**–ક્યાં ગયા ?. ૩૧.

અનુવાદ—ખિન્ન ચિત્તવાળા મહારાજ યુધિષ્ઠિરે ત્યાં બેઠેલા સંજયને પૂછ્યું. હે ગાવલ્ગણ પુત્ર, સંજય, નેત્ર રહિત અને વૃદ્ધ અમારા પિતા ધૃતરાષ્ટ્ર ક્યાં છે? તેમજ પુત્ર વિહોણાં, દુઃખી, માતા ગાંધારી ક્યાં ગયાં? અમારા પરમ હિત ચિંતક કાકા વિદુરજી ક્યાં ગયા? ૩૧.

તત્ત્વસુધા—યુધિષ્ઠિર ઉદ્વિગ્ન બની સંજયને પૂછે છે. 'ગાવલ્ગણિ' સંજયનું નામ છે. તેમના પિતાનું નામ 'ગવલ્ગણ' છે; પરંતુ સંજય સંયમી, ભક્ત અને વિવેકી હોવાથી એમને ગાવલ્ગણિ એવું બીજું ગુણનામ આપ્યું છે. આ સમયે સંજય શબ્દ સંબોધનમાં નથી વાપર્યો; પરંતુ 'ગાવલ્ગણે' વાપરીને સૂચવ્યું કે આપે સાવધાનતા ન રાખી! ફરજ ઉપર તો આપજ હતા ને! ત્રણે વડીલો ક્યાં ગયા? પિતાજી નેત્ર વિનાના, માતાજી પુત્ર વિનાની અને વિદુરજી આસક્તિ વિનાના છે. તો તેઓ ક્યાં ગયાં હશે? ૩૧.

अपि मय्यकृतप्रज्ञे हतबन्धुः स्वभार्यया ।
आशंसमानः शमलं गङ्गायां दुःखितोऽपतत् ॥ ३२ ॥
पितर्युपरते पाण्डौ सर्वान्नः सुहृदः शिशून् ।
अरक्षतां व्यसनतः पितृव्यौ क्व गतावितः ॥ ३३ ॥

અન્વયાર્થ—हतबन्धुः-નાશ પામેલ પુત્ર બંધુવાળા રાજા. **स्व भार्यया**-પત્ની ગાંધારીજીની સાથે, **अकृतप्रज्ञे**–અવિવેકી–કૃતઘ્ની એવા, **मयि**–મારે વિષે, **शमलम्**–પાપની, **आशंसमानः**– શંકા સેવતા, **दुःखितः**–દુઃખી થયેલા, **गङ्गायाम्**–ગંગા નદીમાં, **अपि**–**अपतत्**–શું પડ્યા તો નથી ને? ૩૨; **नः**-અમારા, **पितरि**–પિતા, **पाण्डौ**–પાંડુ રાજા, (જ્યારે) **उपरते**–પરલોકવાસી થયા, ત્યારે **सुहृदः**–વહાલ કરવા યોગ્ય, **शिशून्**–બાળકો એવા, **नः**–**सर्वान्**–અમને બધાંને, **व्यसनतः**–અનેક સંકટોમાંથી, **अरक्षताम्**–જેમણે સંભાળ્યાં છે એવા, **पितृव्यौ**–ધૃતરાષ્ટ્ર તથા ગાંધારી, **इतः**–અહિંથી, **क्व**–ક્યાં, **गतौ**–ગયાં ? ૩૩.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—યુદ્ધમાં પુત્ર અને બન્ધુજનોના થયેલા મૃત્યુને લીધે દુઃખી વડીલ ધૃતરાષ્ટ્ર પોતાનાં પત્ની ગાંધારી સાથે, અલ્પ બુદ્ધિવાળા મારામાં શંકાની દૃષ્ટિ સેવતા અને એથીજ દુઃખી થયેલા, ગંગા નદીમાં પડ્યા કે શું? ૩૨; અમારા પિતા પાંડુ રાજા જ્યારે સ્વર્ગે સીધાવ્યા, ત્યારે વહાલ કરવા જેવાં અમે-બાળકોનું જેમણે કષ્ટોમાંથી રક્ષણ કર્યું છે, એવાં એ ધૃતરાષ્ટ્ર તથા માતા ગાંધારી અહિંથી ક્યાં ગયાં? ૩૩.

તત્ત્વસુધા—સ્નેહ, આત્મીય માટે અનેકવિધ અમંગલ શંકાવાળો હોય છે, એ ન્યાય સાચો છે, એથી યુધિષ્ઠિરજી પૂછે છે કે રાજભવન ગંગા તટે છે, તો અકળાયેલાં માતા પિતાજી ગંગામાં તો નહિ પડ્યાં હોય! અમે એમના પુત્રોને મારનારા છીએ. કદાચ એમને પણ મારીએ, એવી એમને શંકા થઈ હોય, તેથી લાગ્યું હોય કે અપમૃત્યુથી મરવા કરતાં 'ગંગામાં પતન' શા માટે ન કરવું? એમ માનીને ગંગામાં પડ્યું મૂકે. આ કાર્ય કરતાં વિદુરજીને કહ્યું ન હોય, અન્યથા તેઓ અવશ્ય રોકે. વિદુરજી પણ આવો બનાવ જાણી લજ્જાવશ વનમાં ચાલ્યા ગયા હોય તો? સ્નેહ પાછો શંકા ઉપરથી વિચાર ઉપર આવ્યો. ના, ના, એવું ન કરે. તેઓ બન્ને માયાળુ અને દયાળુ છે. અમારા ઉપર એમના અનેક ઉપકારો છે. સજ્જન જીવન અદ્‌ભુત હોય છે. જગતમાંથી વિદાય લીધેલા દુર્જનના અને દુશ્મનના પણ ગુણ જોવા અને ગાવા. ધર્મરાજે ધૃતરાષ્ટ્ર માટે એવીજ નિષ્ઠાથી દૈન્યભાવ વ્યકત કર્યો. ૩૨; ૩૩.

सूत उवाच—कृपया स्नेहवैक्लव्यात्सुतो विरहकर्षितः ।
आत्मेश्वरमचक्षाणो न प्रत्याहाऽतिपीडितः ॥ ३४ ॥
[1]विमृज्याश्रूणि पाणिभ्यां विष्टभ्याऽऽत्मानमात्मना ।
अजातशत्रुं प्रत्यूचे प्रभोः पादावनुस्मरन् ॥ ३५ ॥

અન્વયાર્થ—विरह कर्षितः-વિયોગથી સુકાઇ ગયેલા, **आत्मेश्वरम्**-પોતાના રાજા-ધૃતરાષ્ટ્રને, **अचक्षाणः**-ન જોતાં, **अति पीडितः**-અતિ દુઃખી થયેલ, **सूतः**-સૂત-સંજય, **कृपया**-દયાથી, **स्नेह-वैक्लव्यात्**-અને પ્રેમની વિહ્વળતાથી, **न प्रत्याह**-કંઈ ઉત્તર ન આપી શક્યા, પરંતુ **पाणिभ्याम्**-બન્ને હાથથી, **अश्रूणि**-આંસુઓને, **विमृज्य**-લૂછી નાખીને, **आत्मना**-પોતાની બુદ્ધિથી, **आत्मानम्**-પોતાના મનને-જાતને, **विष्टभ्य**-સ્વસ્થ કરીને, **प्रभोः**-સ્વામીના, **पादौ**-ચરણોને, **अनुस्मरन्**-સ્મરણ કરતા, **अजातशत्रुम्**- યુધિષ્ઠિર પ્રત્યે, **प्रत्यूचे**-બોલ્યા. ૩૪; ૩૫.

અનુવાદ—ધૃતરાષ્ટ્રના વિરહથી દેહે દુબળા બનેલા અને પોતાના સ્વામીને ન જોવાથી અત્યંત દુઃખિત થયેલા સંજય, લાગણીને લીધે પ્રેમ વિહ્વળ બની ગયા અને યુધિષ્ઠિરને કાંઈ પણ ઉત્તર ન આપી શક્યા. આખરે બન્ન હાથથી નેત્રોમાં આવેલ અશ્રુઓને લૂછી નાખી, બુદ્ધિથી મનને ધીરજ આપી-સ્વસ્થ બની, પોતાના માલીક ધૃતરાષ્ટ્રના ચરણોનું સ્મરણ કરતા સંજયે યુધિષ્ઠિરજીને પ્રત્યુત્તર આપ્યો. ૩૪; ૩૫.

તત્ત્વસુધા—સંજય વિશ્વાસપાત્ર પ્રતીહારી હતા. ધૃતરાષ્ટ્ર, ગાંધારી અને વિદુરજીનું ગુપ્ત નિર્ગમન જાણવાથી એકાએક બેભાન બન્યા હતા; તેથી યુધિષ્ઠિરજીના પ્રશ્નોનો કોઈ ઉત્તર ન મળ્યો. યુધિષ્ઠિરજીને ખ્યાલ તો આવ્યો કે સંજયને પણ અજાણ રાખેલ છે. આખરે સંજયને સ્વસ્થ કરવાનો પ્રયત્ન કર્યો. સંજયે સ્વસ્થ થતાં જ અશ્રુ લૂછવા માંડ્યાં, તો પણ સંપીલાં અશ્રુ એક પાછળ બીજાં ઉરમાંથી પૂરની ઝડપે આવવા લાગ્યાં. તેને અટકાવવા મનને સ્વસ્થ કર્યું, ધૃતરાષ્ટ્રને યાદ કર્યા. તેમનાજ પ્રતીક સ્વરૂપ યુધિષ્ઠિર પ્રત્યે વફાદારી, ભકિત અને વિવેકમય ઉકિત આરંભી. ૩૪; ૩૫.

सञ्जय उवाच—नाहं वेदाऽऽत्मवसितं पित्रोर्वः कुलनन्दन ।
गान्धार्याश्च महाबाहो मुषितोऽस्मि महात्मभिः ॥ ३६ ॥

---

१ શ્રીધ. ણ.-विमृज्य पाणिनाणि विष्ट. ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—**કુલનન્દન**-કુલને આનંદ દેનાર, હે યુધિષ્ઠિર, **અહમ્**-હું, **વઃ**-આપના, **પિત્રોઃ**- વડીલ ધૃતરાષ્ટ્ર તથા વિદુરજીના, **ચ**-અને, **ગાન્ધાર્યાઃ**-માતા ગાંધારીના, **આત્મવસિતમ્**-કરેલા મનના નિશ્ચયને, **ન વેદ**-નથી જાણતો, **મહાબાહો**-હે મહાબાહુ! **મહાત્મભિઃ**-ત્રણ મહાપુરુષોથી, **મુષિતઃ**-છેતરાયેલો, **અસ્મિ**-છું. ૩૬.

અનુવાદ—**કુળને આનંદ દેનાર, હે મહાબાહુ યુધિષ્ઠિર, આપના બન્ને વડીલ, ધૃતરાષ્ટ્ર અને વિદુરજી, તથા ગાંધારીએ પોતે શો નિશ્ચય કર્યો, તેની મને ખબર નથી. તેઓ ક્યાં ગયા તે હું જાણતો નથી. ખરેખર, એ મહાપુરુષોએ મને છેતર્યો છે.** ૩૬.

તત્ત્વસુધા—સંજય યુધિષ્ઠિરજીને 'કુલનન્દન' સંબોધન કરી તેમનું માન વધારે છે ને સમાધાન કરે છે તેમજ ભાવ વ્યક્ત કરે છે. આપ તો કુલને રાજી કરનારા છો, તો ધૃતરાષ્ટ્ર કુલદેવને કદિ આપ નારાજ કરો, તે કેમ બને ? આપે તો તેમને કુલે પૂજ્યા છે અને કુલની માફક પાળ્યા, સંભાળ્યા છે. ભૂલે કરીને પણ આપનામાં અભદ્ર ભાવ કદિ કોઈ નેય ન આવે. ધૃતરાષ્ટ્રે મને જણાવ્યા વિના જ ક્યાંય વિદાય લીધી છે. જો આપના જેવા કુલ ભક્ત સુપૂતને કહ્યા વિના જ ગયા તો મારી 'સૂતની' શી વજૂદ કે તે મને કહે. હે મહાબાહો આપ તેમની ભાળ મેળવી શકવા સમર્થ છો; હું તો વૃદ્ધ અને અંધ છું.

નાહં વેદાત્મવસિતમ્-આ વાક્યનો અર્થ એવો થાય કે હું તેમના આત્માનું અવસિતમ્ નક્કી કરેલું નથી જાણતો. તે તેમણે ગુપ્ત જ રાખેલું છે. વ્યાકરણની રીતે અવસિતમ્ માંનો અ નો ભાગુરિ ઋષિના મતે લોપ કર્યો છે. તે વહ્વિમાગુરિરલ્લોપમ્ એ કારિકા પ્રમાણ છે.

મહાત્મભિઃ એક મહાન, પોતાના સંગમાં આવનાર અનેકને મહાન બનાવે છે. વિદુરજીના સંગે ધૃતરાષ્ટ્રને મહાન બિરુદ મળ્યું. ૩૬.

अथाऽऽजगाम भगवान्नारदः सह तुम्बुरुः ।
प्रत्युत्थायाभिवाद्याह सानुजोऽभ्यर्चयन्निव ॥ ૩૭ ॥

અન્વયાર્થ—**અથ**-ત્યારબાદ, **સહ તુમ્બુરુઃ**-તુમ્બુરુ નામના ઋષિ સાથે, **ભગવાન્**-ભગવાન, **નારદઃ**-નારદ, **આજગામ**-આવી પહોંચ્યા, **સાનુજઃ**-ભાઈઓ સાથે યુધિષ્ઠિર, **પ્રત્યુત્થાય**-સન્મુખ ઉભા થઈને, **અભિવાદ્ય**-નમન કરીને, **અભ્યર્ચયન્**-ઇષ-પૂજન કરતા હોય એમ, **આહ**-બોલ્યા. ૩૭.

અનુવાદ—**ત્યાર બાદ તુમ્બુરુ નામના ઋષિ સાથે ભગવાન નારદ ત્યાં પધાર્યા. સર્વ ભાઈઓ સાથે યુધિષ્ઠિર મહારાજ ઉઠીને, સામા જઈને, નમસ્કાર કરીને પૂજન કરતા હોય એ રીતે બોલ્યા.** ૩૭.

તત્ત્વસુધા—૩૭મા શ્લોકના અનુસંધાનમાં શ્રીવિજયધ્વજજીને બે શ્લોકો વધુ મળ્યા છે, તે નીચેની નોંધમાં છે. ભક્તોને કલેશ આવે તેને દૂર કરવા ભગવાન સંતનું સ્વરૂપ લઈને આવે છે, નારદને ભગવાન્ વિશેષણ આપવાથી એ સમજાય છે. નારદજી સર્વ સમાધાન કરવા અને શોક દૂર કરવા સમર્થ છે; તેમજ ભગવાન નારદજીના રૂપમાં આવ્યા છે, એવા બે આશયથી 'ભગવાન' તરીકે વર્ણવ્યા.

સહ તુમ્બુરુઃ—આશ્વાસન આપવા માટે અનેક આવે, પણ અધિક શ્રેષ્ઠ આવે તો તેની અસર સારા પ્રમાણમાં થઈ શકે છે, 'તુંબુરુ ઋષિને તેથી જ તેડી લાવ્યા છે.

શોકની ઘેરી અસર એવી હતી કે નારદજીનું પૂજન કરવાનું યુધિષ્ઠિર ભૂલ્યા. કેવળ અભિવાદનમાંજ અર્ચનનો સમાવેશ નારદજીના ઉદાર હૃદયે સમજી લીધો. ૩૭.

---

૧. एतस्मिन्नन्तरे विप्रा नारदः प्रत्यदृश्यत । वीणां त्रितंत्रीं ध्वनयन् भगवान् सह तुंबुरुः शङ्खादरोपनीतार्घ्य प्रत्युत्थानाभिवंदितम् । परमासनमासीनं कौरवेन्द्रमभाषत ॥ विज०

૨. दिष्ट्या नो भगवान् दृष्टो मग्नानां व्यसनार्णवे ॥ विज०

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

યુધિષ્ઠિર ઉવાચ—નાઽહં વેદ ગતિં પિત્રોર્ભગવન્ ક્વ ગતાવિતઃ ।
અમ્બા ચ હતપુત્રાર્તા ક ગતા સા તપસ્વિની ॥ ૩૮ ॥
કર્ણધાર ઇવાઽપારે ભગવાન્ પારદર્શનઃ ।
અથાઽઽબભાષે ભગવાન્નારદો મુનિસત્તમ ॥ ૩૯ ॥

અન્વયાર્થ—**ભગવન્**-હે ભગવાન્, **અહમ્**-હું, **પિત્રોઃ**-ધૃતરાષ્ટ્ર તથા વિદુરના, **ગતિમ્**-ગમનને, **ન વેદ**-જાણતો નથી, **ઇતઃ**-અહિંથી, **ક્વ**-ક્યાં, **ગતૌ**- ગયા, **ચ**-અને, **તપસ્વિની**-તપ કરનારી, **હતપુત્રા**-મરેલ પુત્ર વાળી. **આર્તા**-દુઃખી, **સા**-તે, **અમ્બા**-માતા ગાંધારી, **ક્વ**-ક્યાં, **ગતા**-ગયાં (તે પણ હું જાણતો નથી). ૩૮; **અપારે**-સાગરમાં, **કર્ણધારઃ ઇવ**-કુશળ નાવિકની જેમ, **પારદર્શનઃ**-પાર પહોંચાડનાર, **ભગવાન્**-આપ ભગવાન છો, **મુનિસત્તમ**-હે મુનિ શ્રેષ્ઠ શૌનક, **અથ**-ત્યારબાદ, **ભગવાન્-નારદઃ**-ભગવાન નારદ, **આબભાષે**-બોલ્યા. ૩૯.

અનુવાદ—હે ભગવન્, હે નારદ, મારા પિતા તુલ્ય વડીલ ધૃતરાષ્ટ્ર તથા વિદુરજી અહિંથી ક્યાં ગયા તે હું જાણતો નથી. તેમજ પુત્રોનો નાશ થવાથી દુઃખી થયેલાં તપસ્વિની માતા ગાંધારી ક્યાં ગયાં, તે પણ હું જાણતો નથી. નારદજી, આપ તો અગાધ મહાસાગરમાં કુશળ નાવિકની માફક પાર ઉતારનાર ભગવાન છો. હે મુનિ શ્રેષ્ઠ શૌનક, એ વાક્ય સાંભળી ત્યારબાદ ભગવાન નારદ બોલ્યા. ૩૮; ૩૯.

તત્ત્વસુધા—યુધિષ્ઠિરજીએ ત્રિકાલજ્ઞ મુનિને વિદુરજી, ધૃતરાષ્ટ્ર અને ગાંધારી ક્યાં હશે એજ જિજ્ઞાસા કરી. અમંગલ શંકા થયેલી પણ વાણીમાં વ્યક્ત ન કરી. કદાચ અમંગલ શંકા થાય તો પણ શબ્દમાં વ્યક્ત ન કરવી એ મંગલ લાભનો વિવેક છે. ૩૮.

પાન ૩૬૬ની નીચેની નોંધમાંનો '૨' ના અંકનો એક અધિક શ્લોક ૩૯ મા શ્લોકના અનુસંધાનમાં છે, એમ શ્રીવિજયધ્વજજીમાને છે. સંત 'કર્ણધાર' છે. કર્ણધાર એ નાવિકની સંજ્ઞા છે. શોક, મોહ નામના બે સાગર છે. સમ્પત્તિ, સત્તા, સંતાન આદિના સંયોગ સાગરમાં મોહથી માનવ ડૂબે છે; એ સર્વના વિયોગમાં શોક સાગરમાં માનવ ડૂબે ત્યારે તેને બાવડાં પકડી બચાવવાના નથી હોતા, પણ કાળજી પૂર્વક કાન દ્વારા કાળજામાં વિવેકને મોકલવાનું કામ કલ્યાણકારી સંતો 'કલ્યાણ વાર્તા' થી કરે છે. તેથી એમને 'કર્ણધાર' કહ્યા. મુનિસત્તમ-આ સંબોધન છે, તેમજ પ્રથમા વિભક્તિ રાખતાં નારદજીનું વિશેષણ બને; પરંતુ બન્નેનો આશય એક જ છે કે શોક દૂર કરવામાં સમર્થ છો. 'મહત્ત્વનું અને મહાન્ હિતનું બોલે તે મુનિસત્તમ'.

નારદ ઉવાચ—મા કઞ્ચન શુચો રાજન્ યદીશ્વરવશં જગત્ ।
સ સંયુનક્તિ ભૂતાનિ સ એવ વિયુનક્તિ ચ ॥ ૪૦ ॥

અન્વયાર્થ—**રાજન્**-હે યુધિષ્ઠિર, **કઞ્ચન**-કોઇનો પણ, **મા શુચઃ**-શોક ન કરો, **યત્**-કારણ કે, **જગત્**-આ વિશ્વ, **ઈશ્વરવશમ્**-પરમેશ્વરને વશ છે, **સઃ**-તે પરમેશ્વર, **ભૂતાનિ**-પ્રાણી માત્રને, **સંયુનક્તિ**-એકઠાં કરે છે, **ચ**-અને, **સઃ એવ**-તેજ ભગવાન, **વિયુનક્તિ**-છુટાં પાડે છે. ૪૦.

અનુવાદ—હે, યુધિષ્ઠિર, તમે કોઇનો પણ શોક ન કરો. આ અખિલ વિશ્વ પરમેશ્વરને આધીન છે. તેજ પ્રભુ પ્રાણીઓને જોડે છે અને તેજ ભગવાન છુટાં પાડે છે. ૪૦.

તત્ત્વસુધા—નારદજી ૧૯ શ્લોકથી યુધિષ્ઠિરજીના ઉપર અનુગ્રહ કરવા બોલે છે, કારણ કે અનુગ્રહ લીલા છઠ્ઠા સ્કંધના ૧૯ અધ્યાય છે. તેમાં ૧૦ શ્લોકથી દિલાસો આપી ૧૦ પ્રાણને આશ્વાસન આપે છે અને ૯ શ્લોકમાં ધૃતરાષ્ટ્ર વગેરેની વનચર્યા, યોગ, ધ્યાન, મોક્ષ વગેરે ભાવિ દર્શનનું સૂચન કરે છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

રાજન્–સંબોધન છે. ગૌરવને જાયત કરવા માટે છે. મનુષ્યે સિંહ સમાન જીવવું. સંયોગથી છલકાય કે મલકાય નહિ, કે વિયોગથી અકળાય કે કરમાય નહિ, તે રાજ્ય કરી શકે. આત્મબળને ન કેળવે, તેનું જીવન એળે જાય છે. જો સંયોગ મનુષ્ય સંકલ્પથી સિદ્ધ થાય અને વિયોગ મનુષ્યના સામર્થ્યથી અટકી જાય, તો મનુષ્ય અવશ્ય શોક કરે; પણ તેમ થવું શક્ય નથી. ૪૦.

यथा गावो नसि प्रोतास्तन्त्यां बद्धाः स्वदामभिः ।
वाक्तन्त्यां नामभिर्बद्धा वहन्ति बलिमीशितुः ॥ ४१ ॥
यथा क्रीडोपस्कराणां संयोगविगमाविह ।
इच्छया क्रीडितुः स्यातां तथैवेशेच्छया नृणाम् ॥ ४२ ॥

અન્વયાર્થ—યથા–જેમ, **નસિ**–નાકમાં, **પ્રોતાઃ**–પરોવેલા, **તન્ત્યામ્**–નાકની નાથમાં, **સ્વ–દામભિઃ**–રાશથી–દોરડાથી, **બદ્ધાઃ**–બંધાયેલા, **ગાવઃ**–બળદોની માફક, **વાક્–તન્ત્યામ્**–વેદ વાણીરૂપ દોરડામાં, **નામભિઃ**–વર્ણ આશ્રમની સંજ્ઞાથી, **બદ્ધાઃ**–બંધાયેલા, **ઈશિતુઃ**–નિયંતાને, **બલિમ્**–બલિને, **વહન્તિ**–વહે છે. ૪૧; **યથા**–જેમ, **ક્રીડિતુઃ**–ખેલનારની, **ઇચ્છયા**–ઇચ્છા મુજબ, **ક્રીડા–ઉપસ્કરાણામ્**–ખેલનાં રમકડાંના, **સંયોગ–વિગમૌ**–સંયોગ અને વિયોગ થયા કરે છે, **તથા–એવ**–તે રીતેજ, **ઇહ**–જગતમાં, **ઈશ–ઇચ્છયા**–ઈશ્વર–ઇચ્છાથી, **નૃણામ્**–મનુષ્યોનો સંયોગ વિયોગ, **સ્યાતામ્**–થાય છે. ૪૨.

અનુવાદ—જેમ નાકમાં નાથવતી નાખેલા અને રાશથી બાંધેલા બળદો પોતાના માલિકને વશ બની ભાર વહન કરે છે, તેવી રીતે વેદવાણી રૂપ નાથમાં નંથાયેલા અને વર્ણ–આશ્રમ નામની રાશથી બંધાયેલા દરેક જીવો નિયંતા ભગવાનને સેવા આપે છે. જેમ ક્રીડાનાં રમકડાંનો સંયોગ-વિયોગ ખેલનારની ઇચ્છાનુસાર થાય છે તેમ મનુષ્યોનો સંયોગ-વિયોગ ભગવાનની ઇચ્છાનુસાર થાય છે. ૪૧; ૪૨.

તત્ત્વસુધા—આ બે શ્લોકમાં મહત્ત્વનું માર્ગદર્શન આપે છે કે મનુષ્યે ભગવાનના યંત્ર થવું. યંત્રને યંત્રી ચલાવે, તેમ ચાલીને કામ આપવું. કદી યંત્રને તોડશે ફોડશે નહિ; તેને તેના દ્વારા સર્વ વહીવટ ચલાવવાનો છે. ઈશ્વરે વિશ્વ આનંદ માટે બનાવ્યું છે. જીવોને પોતાનાં રમકડાં તરીકે રાખ્યાં છે–તેને તે સંભાળશે જ.

ઉપરોકત વિષયની સ્પષ્ટતા માટે બે દૃષ્ટાંતો આપ્યાં છે–એક ચેતન બળદનું અને બીજું અચેતન રમકડાંનું. જગત પણ બે પ્રકારે જ બન્યું–જડરૂપ અને ચેતનરૂપ. બન્નેના રચનાર પણ ભગવાન જ છે. જેઓ સમજુ છે, તેઓ 'બળદ' જેવા છે. બળદ ધર્મનું પાલન કરનાર છે. કિસાન તેને જ્યાં યોગ્ય લાગે ત્યાં કાર્યમાં લઈ જાય છે. કિસાન તેને ગાડે જોડવા માટે નાકમાં નાથ નાખે છે અને નાથમાં રાશ નાખે છે; બાદ હાથમાં પકડી ચલાવે છે. કિસાન પરોપકારી છે, પાક પકવી બધાને આપે છે. ભગવાન પણ જીવરૂપી બળદોના નાકમાં વેદ નામની નાથને નાખીને પોતાની ઇચ્છા નામની રાશ (દોરડા) વડે જગતના કાર્યક્ષેત્રમાં લઈ જાય છે. ત્યાં તેની યોગ્યતા પ્રમાણે કાર્ય લે છે. ઉચ્છૃંખલ અને આળસુ બળદ શિક્ષા પામે છે, તેમ ખલ અને વિલાસી જીવ પણ શોક–મોહ પામે છે; પરંતુ કાર્યરત અને સરળ બળદ ખાનપાન, માન પામે છે, તેમ કર્તવ્ય પરાયણ ભકત જીવ ભગવદ્ રસ–આત્મરસ પામે છે.

નારદજીએ આવો વિવેક આપીને યુધિષ્ઠિરજીને કહ્યું, "રાજન, અહંતા–મમતા મૂકી દઈને અને બળદ કે રમકડાં જેવા થઈ 'હરિઇચ્છા' ને આધીન થઈને રહેવું. આપ બાળકનું, ખેડૂત બળદનું અમંગલ નહિ કરે, તેમ ભગવાન જીવનું અમંગલ કદિ નહિ કરે. ૪૧; ૪૨.

यन्मन्यसे ध्रुवं लोकमध्रुवं वा न चोभयम् ।
सर्वथा न हि शोच्यास्ते स्नेहादन्यत्र मोहजात् ॥ ४३ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—**યત્**–જે, **લોકમ્**–લોકને, **ધ્રુવમ્**–નિત્ય છે, **વા**–અથવા, **અધ્રુવમ્**–અનિત્ય છે, **ચ**–અને, **ઉભયમ્**–નિત્ય અથવા અનિત્ય બન્ને પ્રકારની, **ન**–નથી, **મન્યસે**–એમ માનતા હો, તો પણ, **સર્વથા**–સર્વ રીતે, **મોહજાત્**–મોહથી થયેલા, **સ્નેહાત્**–**અન્યત્ર**–સ્નેહ સિવાય, **તે**–તેઓ, **શોચ્યાઃ ન હિ**–શોક કરવા યોગ્ય નથી. ૪૩.

અનુવાદ—**આ લોક નિત્ય છે અથવા અનિત્ય છે, અથવા બન્ને પ્રકારનો નથી, એમ માનતા હો, તો પણ મોહથી થયેલા સ્નેહ વગર દરેક રીતે તે શોક કરવા યોગ્ય નથી. કેવળ સ્નેહથીજ શોક થાય છે.** ૪૩.

તત્ત્વસુધા—ઉપરના બે શ્લોકોમાં દૃષ્ટાન્તથી સમાધાન આપ્યું; પરંતુ સિદ્ધાન્તને અનુસરીને પણ વિચાર કરવો જોઇએ. શોકનો વિષય તો જગત જ હોય છે. તે જગત નિત્ય હોય કે અનિત્ય હોય, તો પણ શોક કરવો તે સર્વથા અસ્થાને છે. શોક કેવળ આસક્તિ અને અણસમજને લીધે જ થાય છે. જો જગત અનિત્ય છે તો તેનો શોક કરનારા આસક્ત છે તેથીજ શોક કરે છે. જો જગત નિત્ય છે, તો તેમાં અણસમજ છે, તેથી જ દુઃખી થાય છે.

હવે જગતના સ્વરૂપની શાશ્વતમાં મુખ્ય ચાર મતની ચર્ચા કરે છે. તેઓના પ્રત્યેકના વિચાર પ્રમાણે જગતનો શોક ન ઘટે. અનિત્ય કદી સ્થિર ન રહી શકે, તો તેમાં મમતા કેમ કરાય? નિત્ય છે, તેનો નાશ ન સંભવે, તો પછી તે નષ્ટ થયું તેની સમજ બરાબર નથી. આ પ્રકારે મનને સમજાવીને 'ધીર સંકેતે' ચાલવું. હવે **ચાર** મતઃ—

(૧) પ્રથમ સાંખ્ય મતવાદી–પચીસ તત્ત્વોની સંખ્યામાં બ્રહ્માંડ સમાયેલું છે, એવું માનનારા સાંખ્યો સર્ગને નિત્ય માને છે.આપણી નજરે દેખાતા પ્રલયને 'તિરોભાવ' કહે છે, અને દેખાતી ઉત્પત્તિને 'આવિર્ભાવ' માને છે. તેમના મત પ્રમાણે કોઈનો નાશ નથી, તેથી શોક શા માટે કરવો?

(૨,૩) બીજા અને ત્રીજા મતવાદી બૌદ્ધ છે. તેમના બે મત છે–તેમાં 'જગત' કાર્યરૂપ છે માટે અનિત્ય છે, એવો એક મત છે; અને બીજાઓ માને છે કે જગત નિત્ય નથી, અનિત્ય નથી; પરંતુ મિથ્યા છે. પછી આસક્તિ શા માટે?

(૪) ચોથા મતવાદી ન્યાયશાસ્ત્રના ગૌતમ અક્ષપાદ છે. તેઓ પણ બે પ્રકારના છે. જગતને નિત્ય અને અનિત્ય માને છે. પરમાણુઓ અને આકાશાદિ નિત્ય છે. અન્ય અનિત્ય છે.

આ રીતે ચારે પ્રકારે જગતનો શોક ન ઘટે. આ તત્ત્વ વિચાર કેવલ 'વિવેક' આપવા માટે પૂરતો છે; પરસ્પરના વિરોધ માટે નથી; પરંતુ કોઇ રીતે માનવને 'ભય-શોક'–એમાંથી બચાવવા છે. માટે ધૃતરાષ્ટ્રનો શોક ન કરો. એ ગયા તે ઉપરથી 'જઇશું' એવો બોધ લઈ મોહ દૂર કરો. ૪૩.

તસ્માજ્જહ્યઙ્ગ વૈક્લવ્યમજ્ઞાનકૃતમાત્મનઃ ।
કથં ત્વનાથાઃ કૃપણા વર્તેરંસ્તે ચ માં વિના ॥ ૪૪ ॥
કાલકર્મગુણાધીનો દેહોઽયં પાઞ્ચભૌતિકઃ ।
કથમન્યાંસ્તુ ગોપાયેત્સર્પગ્રસ્તો યથા પરમ્ ॥ ૪૫ ॥

અન્વયાર્થ—**અઙ્ગ**–હે યુધિષ્ઠિર, **તસ્માત્**–તે કારણથી, **અજ્ઞાન–કૃતમ્**–અજ્ઞાનથી થયેલી, **આત્મનઃ**–અંતઃકરણની, **વૈક્લવ્યમ્**–વ્યાકુળતાને, **જહિ**–ત્યાગ કરો, **અનાથાઃ**–અનાથ એવા, **કૃપણાઃ**–દીન બનેલા, **તે તુ**–તેઓ તો, **માં વિના**–મારા વિના, **કથમ્**–કેવી રીતે, **વર્તેરન્**–રહી શકશે? ૪૪; **અયમ્**–આ, **પાઞ્ચભૌતિકઃ**–પાંચ મહાભૂતોનો બનેલો, **દેહઃ**–દેહ, **કાલ–કર્મ–ગુણ–આધીનઃ**–કાલ, કર્મ અને ગુણોને આધીન છે, **તુ**–**અન્યાન્**–

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તો બીજાઓને, **कथम्**-કેવી રીતે, **गोपायेत्**-બચાવે ? **यथा**-જેમ, **सर्पग्रस्तः**-અજગરે ગળેલો, **परम्**-બીજાને કેમ બચાવી શકે ? ૪૫.

અનુવાદ—માટે હે ધર્મરાજ યુધિષ્ઠિર, અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી ચિત્તની વ્યાકુળતાને દૂર કરો. અનાથ અને સાધન વિનાના તેઓ મારા સિવાય આજિવિકા કેવી રીતે ચલાવશે, તે ચિંતા મૂકી દો. ૪૪; જેમ અજગરના મુખમાં ગળાયેલ બીજાને કદી બચાવી શકતો નથી, તેજ રીતે પંચ મહાભૂતોનો બનેલો આ દેહ પોતે જ કાલ, કર્મ અને ગુણોને આધીન છે, તે બીજાનું શું રક્ષણ કરી શકવાનો છે ? ૪૫.

તત્ત્વસુધા—મમત્વ અને આસક્તિ ઘણાં ચતુર છે. તેઓ પોતાનો બચાવ કરે છે કે હમે એમની આસક્તિથી ચિંતા નથી કરતાં, પણ હમારાં વૃદ્ધ, અસાધન વડીલ છે. તેઓ વનમાં દુઃખી થાય, માટેજ તેમની શોધ કરીએ છીએ. આ બચાવના સમાધાનમાં કહ્યું કે દરેકને બચાવનાર કેવલ ભગવાન જ છે; કારણકે 'કાળ, કર્મ અને સ્વભાવ' એ ત્રણેનો જે તાબેદાર ન હોય અથવા એ ત્રણેનો જે વિજેતા હોય તે જ બીજાને બચાવી શકે. એવું સામર્થ્ય તો કેવલ ભગવાનનું છે.

જેલનો કેદી જેલના કેદીને ન છોડાવી શકે, જેલર પણ કેદીને છોડી ન શકે. એનો છૂટવાનો કાળ આવે, એના કર્મનો ભોગ પૂર્ણ થાય કે તે છૂટે; અથવા રાજાનો અનુગ્રહ થાય તો છૂટે. રાજાનો અનુગ્રહ રોજ ન થાય. રાજાને ત્યાં પુત્ર જન્મે અથવા ગાદી ઉપર રાજા બેસે ત્યારે અનુગ્રહ કરે. તે પણ તેજ દિવસે ફાંસી થવાની હોય તેને જ, બીજાને નહિ.

માટે યુધિષ્ઠિર રાજા, આપ જ પરતંત્ર હો, તો બીજાને ક્યાંથી બચાવશો ? વળી ઈશ્વર ભકતની સર્વત્ર રક્ષા કરે છે, એ તમારો જીવન ભરનો અનુભવ છે. પિતા વિનાના આપત્તિના દરિયામાં રહેલા, તમારી રક્ષા જેણે કરી, જેણે ઉદરમાંના બાળકની સંભાળ લીધી, તે સર્વની રક્ષા નહિ કરે ? માટે મમતા મૂકી શ્રદ્ધા સેવો, સાવધ થાઓ, અવધિ આવી રહ્યો છે. ૪૪; ૪૫.

अहस्तानि सहस्तानामपदानि चतुष्पदाम् ।
फल्गूनि तत्र महतां जीवो जीवस्य जीवनम् ॥ ૪૬ ॥

અન્વયાર્થ—**अहस्तानि**-હાથ વગરનાં પ્રાણી, **सहस्तानाम्**-હાથવાળાઓનું, **अपदानि**-પગ વગરનાં પ્રાણી, **चतुष्पदाम्**-ચાર પગવાળાઓનું, **तत्र**-તેમાં વળી, **फल्गूनि**-નાનાં પ્રાણી, **महताम्**-મોટાં પ્રાણીઓનું જીવન છે, એમ **जीवः**-જીવ માત્ર, **जीवस्य**-જીવનું, **जीवनम्**-જીવન છે. ૪૬.

અનુવાદ—હાથ વિનાનાં પ્રાણીઓ હાથવાળાં પ્રાણીઓનું, પગ વગરનાં પ્રાણીઓ ચોપગાં પ્રાણીઓનું અને તદ્દન નાનાં પ્રાણીઓ મોટા પ્રાણીઓનું—આમ જીવ માત્ર જીવનું જીવન છે. ૪૬.

તત્ત્વસુધા—જીવો જીવસ્ય જીવનમ્-નારદજી યુધિષ્ઠિરજીને ઉદ્દેશીને જીવમાત્રની શ્રદ્ધા દૃઢ કરે છે. ભોજનની ચિંતા ન કરો. જેને દાંત આપ્યા છે, તે જ ભગવાન ચવાણુ આપશે; ભગવાન ભૂખ્યાં ઉઠાડે છે, પણ ભૂખ્યાં સુવાડે નહિ, એ અનુભવ મિથ્યા નથી.

માતાની કુખમાંથી બાળક પ્રસવે કે તરત જ માતાના વક્ષઃસ્થલમાંથી દૂધ ઝરે છે. भोजमाच्छादनं चिन्तां वृथा कुर्वन्ति वैष्णवाः । यो हि विश्वंभरो देवः स. भक्तान् किमुपेक्षते ॥ અશન અને વસન માટે માનવે ચિન્તા ન કરવી; વિશ્વંભરે વ્યવસ્થા કરેલી છે જ. માનવને વ્યસન અને વિલાસ કરવાં છે. તેથી જ વધુ મેળવવું પડે છે. વિશ્વનો કોઈપણ માણસ વધુ કમાવા ચાહતો હોય તો તે વસ્ત્ર કે ખોરાક માટે નહિ; પરંતુ તેની વધારેલી જરૂરિયાતો માટે. હાથ, પગ વગરનાં જીવજંતુ, હાથી જેવડાં મહાન્ પ્રાણી; જલ-વનમાં રહેતાં અત્યંત ખોરાક ખાનારાં, અજગર જેવાં બળવાન માટે ભૂખમરાની વાત નથી સાંભળી; તો માનવ જેવા બળવાન અને બુદ્ધિમાન માટે કોઈ શંકાને સ્થાન ખરું ? વળી જે ભગવાન તમને જીવાડે છે, તે ધૃતરાષ્ટ્રને નહિ જીવાડે ? ૪૬.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

तदिदं भगवान् राजन्नेक आत्माऽऽत्मनां स्वदृक् ।
अन्तरोऽनन्तरो भाति पश्य तं माययोरुधा ॥ ४७ ॥

અન્વયાર્થ—**राजन्**-હે યુધિષ્ઠિર, **तत्**-તે, **इदम्**-આ જગત, **भगवान्**-ભગવત્સ્વરૂપ છે, **आत्मनाम्**-સર્વ પ્રાણીઓના, તે **आत्मा**-આત્મા છે, **स्वदृक्**-સ્વતઃ જ્ઞાની છે, **एकः**-એક રૂપ છે, **अन्तरः**-અંદર છે, **अनन्तरः**-બહાર પણ છે, **भाति**-પ્રકાશે છે, **तम्**-તે પરમાત્માને, **मायया**-માયા વડે, **उरुधा**-અનેક રૂપે, **पश्य**-જુઓ. ૪૭.

અનુવાદ—**હે રાજન્, આ વિશ્વ ભગવત્સ્વરૂપ છે. એ સર્વ પ્રાણીઓના આત્મા છે. સ્વતઃ સિદ્ધ જ્ઞાની છે. એ એકજ ભગવાન આ વિશ્વની અંદર તેમજ બહાર પ્રકાશે છે. માયા વડે તે અનેક રૂપે ભાસે છે. તેને તમે જુઓ.** ૪૭.

તત્ત્વસુધા—પૂર્વના શ્લોકમાં કહ્યું કે "જીવ જીવનું ભક્ષણ કરે છે." ભગવાને આવી વ્યવસ્થા કેમ કરી ? કારણ કે કોઈ કોઇનું સંરક્ષક નહિ રહે. આ અણસમજનો ખુલાસો કર્યો કે ભગવાન સમસ્ત વિશ્વના સૃષ્ટા છે, તેવાજ ભોક્તા છે. સમસ્ત જીવો પણ ભગવાન છે, અને સમસ્તના ભોક્તા પણ ભગવાન છે. 'अत्ता चराचर ग्रहणात्' એ વ્યાસ સૂત્રમાં ભગવાનને જ સર્વનો ઉપસંહાર કરનાર માન્યા છે. આ યોજનામાં ભગવાનની નિર્દયતા કે વિષમતા, કે વ્યવસ્થાની ખામી નથી કે મુર્ખામી નથી; પરંતુ સુવ્યવસ્થા છે. એના પ્રમાણમાં આ શ્લોકમાં રાજન્ સંબોધન કર્યું અને કહ્યું કે તમે દુષ્ટને દંડ કરો છો તે રાજ્ય વ્યવસ્થા માટે, નહિ કે નિર્દયતાથી. ભગવાન ભક્ષણ કરે છે, તે વ્યવસ્થા છે. આત્મા શબ્દ જ અદ્ ભક્ષણે ભક્ષણ કરવું એવા અદ્ ધાતુ ઉપરથી બને છે. ભક્ષણ એટલે ઉપસંહાર, એવોજ ભાવ છે. જો રાતના માનવ ન સૂઇ જાય, તો ખોરાક કેમ પચે, કેમ જીવે અને સવારમાં ઉઠીને કેમ કામ કરી શકે ? ૪૭.

सोऽयमद्य महाराज भगवान् भूतभावनः ।
कालरूपोऽवतीर्णोऽस्यामभावाय सुरद्विषाम् ॥ ४८ ॥

અન્વયાર્થ—**महाराज**-હે યુધિષ્ઠિર, **भूतभावनः**-પ્રાણીમાત્રને ઉત્પન્ન કરનાર, **सः अयम्**-**भगवान्**-તે આ ભગવાન, **अद्य**-આજે, **सुरद्विषाम्**-દેવોના દ્વેષીઓનો-દૈત્યોનો, **अभवाय**-વિનાશ કરવા માટે, **अस्याम्** આ પૃથ્વીમાં, **कालरुपः**-કાળરૂપે, **अवतीर्णः**-અવતરેલા છે. ૪૮.

અનુવાદ—**હે ધર્મરાજ, પ્રાણીમાત્રનું કલ્યાણ કરનારા, સર્વ ઐશ્વર્ય સંપન્ન આ ભગવાન, આજે દૈત્યોનો વિનાશ કરવા માટે આ પૃથ્વી ઉપર કાળરૂપે અવતર્યા છે.** ૪૮.

તત્ત્વસુધા—વળી નારદજી કહે છે, "મહારાજ, તમે તો નાના દેશના રાજા છો તો પણ લોકો મહારાજા કહે છે; જ્યારે ભગવાન તો વિશ્વના રાજા છે. તેથી કેવળ ધૃતરાષ્ટ્રની નહિ, પણ તમારી અને જગતની તેમને ચિંતા છે; માટે ચિંતા છોડો. આજે તે કાલરૂપે અવતર્યા છે અને અસુરોનો ક્ષય કરશે, સાધુની રક્ષા કરશે. અસુરો એ તો આત્મામાં આવેલા દોષો છે. તેને દૂર કરી આત્માનો આનંદ આપશે. ધૃતરાષ્ટ્રને દોષ મુકત કરી મુકિત આપશે. તમે તો ત્યાં જઇને આસકિત આપશો અને વધારશો." ૪૮.

निष्पादितं देवकार्यमवशेषं प्रतीक्षते ।
तावद्यूयमवेक्षध्वं भवेद्यावदिहेश्वरः ॥ ४९ ॥

અન્વયાર્થ—**देवकार्यम्**-દેવોનું કાર્ય, **निष्पादितम्**-સમાપ્ત કર્યું, **अवशेषम्**-બાકી રહેલા કાર્ય માટે, **प्रतीक्षते**-રાહ જુએ છે, **इह**-પૃથ્વીમાં, **ईश्वरः**-શ્રીકૃષ્ણ, **यावत्**-જ્યાં સુધી, **भवेत्**-બિરાજે, **तावत्**-ત્યાં સુધી, **यूयम्**-તમે, **अवेक्षध्वम्**-પ્રતીક્ષા કરો. ૪૯.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—દેવોનું કાર્ય તો પૂર્ણ થઈ ગયું છે, થોડું બાકી રહ્યું છે, જેની એ રાહ જોઇ રહ્યા છે. જ્યાં સુધી શ્રીકૃષ્ણ આ પૃથ્વી ઉપર બિરાજે છે ત્યાં સુધી તમે પણ રાહ જુઓ. ૪૯.

તત્ત્વસુધા—આ શ્લોકથી યુધિષ્ઠિરને સાવધ કર્યા કે ભગવાને બધાં દેવ કાર્ય પૂરાં કર્યાં છે, થોડાં બાકી છે, ત્યાં સુધી બિરાજે છે; તો તમે પણ બાજી સમેટો અને પુણ્ય તેમજ હરિનામનું ભાથું ભેગું કરી લો. જે કે નારદજી આ હકીકત કહે છે, ત્યારે પ્રભુએ આસુર વ્યામોહ લીલા કરેલી; પરંતુ તે વાત જણાવી યુધિષ્ઠિરને વધુ ક્લેશ આપવા નથી ચાહતા. એવી કલ્પનાની જરૂર નથી કે નારદજીએ અસત્ય કેમ કહ્યું. નારદજીનું તાત્પર્ય એ છે કે તમને પણ 'ભગવાને વિદાય લીધી છે' તે સમાચાર મળે ત્યાં સુધી ભલે રાજ્યમાં રહો પણ તૈયારી કરી લો. ૪૯.

ધૃતરાષ્ટ્રઃ સહ ભ્રાત્રા ગાન્ધાર્યા ચ સ્વભાર્યયા ।
દક્ષિણેન હિમવત ઋષીણામાશ્રમં ગતઃ ॥ ૫૦ ॥
સ્રોતોભિઃ સપ્તભિર્યત્ર સ્વર્ધુની સપ્તધા વ્યધાત્ ।
સપ્તાનાં પ્રીતયે નામ્નાં સપ્તસ્રોતઃ પ્રચક્ષતે ॥ ૫૧ ॥

અન્વયાર્થ—ધૃતરાષ્ટ્રઃ-ધૃતરાષ્ટ્ર, ભ્રાત્રા સહ-ભાઈ વિદુર સાથે, ચ-અને, સ્વભાર્યયા-પોતાની પત્ની ગાન્ધાર્યા-ગાન્ધારી સાથે, હિમવતઃ-હિમાલય પર્વતની, દક્ષિણેન-દક્ષિણ બાજુએ, ઋષીણામ્ ઋષિઓના, આશ્રમમ્-આશ્રમ તરફ, ગતઃ-ગયા છે. ૫૦; યત્ર-જ્યાં, સ્વધુની-સ્વર્ગગંગા, સપ્તાનામ-સાત ઋષિઓની, પ્રીતયે-પ્રસન્નતા માટે, સપ્તભિઃ-સાત એવા, સ્રોતોભિઃ-પ્રવાહોથી, સપ્તધા-સાત પ્રકારે, વ્યધાત્-વહેંચાઇ છે, સપ્તસ્રોતઃ-સપ્તગંગા, નામ્ના-નામથી, પ્રચક્ષતે-કહે છે. ૫૧.

અનુવાદ—ભાઈ વિદુર તથા પત્ની ગાન્ધારી સાથે ધૃતરાષ્ટ્ર, હિમાલય પર્વતની દક્ષિણે ઋષિઓના આશ્રમ તરફ ગયા છે. જ્યાં આકાશ ગંગા સપ્તર્ષિઓની પ્રીતિ માટે સાત સ્વરૂપે વહેંચાયાં છે અને સપ્ત ગંગાના નામથી ઓળખાય છે. ૫૦; ૫૧.

તત્ત્વસુધા—જ્ઞાન અને પ્રેમથી વિવેક આપી પ્રભુમાં વિશ્વાસ આપી, હવે ધૃતરાષ્ટ્ર ક્યાં છે તેનો ખુલાસો કરે છે. હાલમાં હિમાલયની દક્ષિણે ઋષિઓના આશ્રમો છે, જ્યાં સપ્તગંગા વહે છે, ત્યાં ધૃતરાષ્ટ્ર ગયેલા છે. રાજાનો રાજમહેલ પણ ગંગાજીની દક્ષિણ દિશા તરફ જ હતો. गांगं करिकराद् भ्रष्टं वायुना पल्लवीकृतम्। पुण्यवन्तं हिमं विद्धि —'ઐરાવત હાથીની સૂંઢમાંથી પડેલા અને પવને ઘાટું કરેલા ગંગાજીના પવિત્ર જળને હિમાલય જાણો,' એવું શ્રી રામચંદ્રજી પ્રત્યે વચન છે. ત્યાં પવિત્રતા છે, સત્સંગ છે, તપોવન છે અને ભગવાન છે, તો તમારે ક્યાં ચિંતા રહી? સપ્તઋષિઓની પ્રીતિ માટે સ્વર્ગગંગા જે સાત પ્રવાહો લઈ આવી, ઋષિઆશ્રમમાં પ્રકટ દર્શન આપી રહી છે, તે જ રાજાનું મંગલ કરશે. ૫૦; ૫૧.

સ્નાત્વાઽનુસવનં તસ્મિન્ હુત્વા ચાઽગ્નીન્ યથાવિધિ ।
અબ્ભક્ષ ઉપશાન્તાત્મા સ આસ્તે વિગતૈષણઃ ॥ ૫૨ ॥

અન્વયાર્થ—અબ્-ભક્ષ-જળનું પ્રાશન કરીને, ઉપશાન્ત-આત્મા-પ્રશાન્ત ચિત્તવાળા, વિગત-એષણઃ-આશા તૃષ્ણા વિનાના, સઃ-તે ધૃતરાષ્ટ્ર, તસ્મિન્-તે સપ્તસ્રોતમાં, અનુસવનમ્-ત્રિકાળ, સ્નાત્વા-સ્નાન કરીને, ચ-અને, યથાવિધિ-વિધિપૂર્વક, અગ્નીન્-અગ્નિઓને, હુત્વા-હોમીને, આસ્તે-રહેલા છે. ૫૨.

અનુવાદ—તે ગંગા નદીના 'સપ્તસ્રોતસ', નામના તીર્થમાં ત્રિકાળ સ્નાન કરીને, વિધિપૂર્વક અગ્નિઓમાં હોમ કરતા, કેવળ જળપાન કરતા, શાન્ત ચિત્તવાળા, ઇચ્છા વગરના બનીને ત્યાં રહેલા છે. ૫૨.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

तत्त्वसुधा—જીવનની અંતિમ ક્ષણો અને સત્સંગની અમૂલ્ય પળોનો પૂર્ણ લાભ લેવો. લાભ લેવાની રીત બતાવે છે. પ્રથમ કાર્ય તીર્થમાં, ત્રિકાળ સ્નાન કરવું. સ્નાન નિયમમાં ગણાય છે. સ્નાન સંધ્યાનું અંગ છે, માટે ત્રિકાલ સંધ્યા કરવી, માટે સ્નાત્વા કહ્યું. બીજી ક્રિયા હોમ કરવો. ધૃતરાષ્ટ્રને હોમનો અધિકાર ન ઘટે, ચક્ષુ ન હોવાથી. પરંતુ વિદુરજીએ અને ગાંધારીજીએ હોમ કરાવ્યો, માટે હુત્વા કહ્યું. ત્રીજી ક્રિયા જલનું ભક્ષણ છે. વૃદ્ધાવસ્થામાં વધુ ન ખાવું. વાનપ્રસ્થના આહારમાં જલપાન છેલ્લું છે, તે આહાર अम्भक्षः પદથી જણાવ્યો આ ત્રણ ક્રિયાનું ફળ ચિત્ત શાન્તિ મળે છે. એમ उपशान्तात्मा પદ ઉપરથી લાગે છે. પરિણામે ધૃતરાષ્ટ્ર વાસનાથી મુક્ત થયા છે. આ શ્લોકમાં 'યમ' નું નિરૂપણ કર્યું છે. ૫૨.

जितासनो जितश्वासः प्रत्याहृतषडिन्द्रियः ।
हरिभावनया ध्वस्तरजःसत्त्वतमोमलः ॥ ૫૩ ॥
विज्ञानात्मनि संयोज्य क्षेत्रज्ञे प्रविलाप्य तम् ।
ब्रह्मण्यात्मानमाधारे घटाम्बरमिवाऽम्बरे ॥ ૫૪ ॥
ध्वस्तमायागुणोदर्को निरुद्धकरणाशयः ।
निवर्तिताखिलाहार आस्ते स्थाणुरिवाऽचलः ॥ ૫૫ ॥

અન્વયાર્થ—जितासनः—આસન જીતેલા, जितश्वासः—પ્રાણવાયુને જીતેલા, प्रत्याहृत-षड-इन्द्रियः—છ ઇન્દ્રિયોને પાછી વાળીને ખેંચેલા, हरि-भावनया—શ્રીહરિની ભક્તિથી, ध्वस्त-रजः-सत्त्व-तमोमलः—રજોગુણ, સત્ત્વગુણ, તમોગુણના મલ વિનાના બન્યા છે. ૫૩; आत्मानम्—મનને, विज्ञानात्मनि—બુદ્ધિમાં, संयोज्य—જોડી દઈને, तम्—તેને, क्षेत्रज्ञे—જીવમાં, प्रविलाप्य—જોડી દઈને, घटाम्बरम्—ઘટાકાશને, अम्बरे—મહાકાશમાં, इव—જેમ, તેમ आधारे—આધાર રૂપ, ब्रह्मणि—પર બ્રહ્મમાં જોડી દઈને, ૫૪; ध्वस्त-माया-गुण-उदर्कः—માયાના પરિણામથી થનારા ફળનો (સુખ દુખનો) નાશ થયેલો છે એવા, निरुद्ध-करण-आशयः—ઇન્દ્રિયો અને અન્તઃકરણનો નિરોધ કરી ચૂકેલા, निवर्तित-अखिल-आहारः—દરેક આહાર છોડી દીધેલ છે એવા, स्थाणुः इव—જડ થાંભલાની જેમ, अचलः—સ્થિર, आस्ते રહેલા છે. ૫૫.

અનુવાદ—આસન ઉપર વિજય મેળવી, પ્રાણાયામથી પ્રાણ વાયુનો નિરોધ કરી, ઇન્દ્રિયોને વશ રાખી, શ્રીહરિની ભક્તિથી સત્ત્વ, રજ, તમોગુણના મળને દૂર કરી, મનને બુદ્ધિમાં જોડીને, બુદ્ધિને ક્ષેત્રજ્ઞ-જીવમાં જોડીને, જીવને સર્વના આધારભૂત પરબ્રહ્મમાં જોડી દઈને, જેમ મહાકાશમાં ઘટાકાશ પોતાનો સમાવેશ કરીને રહે, તે રીતે ધૃતરાષ્ટ્ર રહ્યા છે. તેથી માયાના ગુણોના પરિણામોથી થનારાં સુખ દુઃખ ફળોનો પણ નાશ કરી નાખ્યો છે અને ઇન્દ્રિયો તેમજ અંતઃકરણનો પણ નિરોધ કરેલો છે. વળી સર્વ પ્રકારના આહારો પણ મૂકી દીધા છે. એવા ધૃતરાષ્ટ્રજી જાણે નિષ્ક્રિય, અચલ સ્તંભ જેવા બની ગયા છે. ૫૩; ૫૪; ૫૫.

તત્ત્વસુધા—શ્લોક ૫૩ અને ૫૪ એ બે શ્લોકો અષ્ટાંગ યોગ નિરૂપણના છે. પૂર્વના શ્લોકમાં 'યમ-નિયમ' વર્ણવીને યોગના ત્રીજા સાધન 'આસન' થી આગળ વર્ણવ્યું છે. આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, એ ત્રણે પ્રથમ ચરણમાં દર્શાવ્યાં છે. આસનમાં સિદ્ધાસન અથવા પદ્માસન પ્રાણાયામ માટે અનુકૂળ છે. પ્રાણાયામથી ઇન્દ્રિયોને વિષયમાંથી પાછી વાળીએ તો પ્રત્યાહાર સુલભ બને છે. હરિભાવના – ઉત્તમ કોટિની ધારણા છે. ક્રમવાર પ્રભુના અંગોનું અને આભૂષણોનું ધ્યાન કરવામાં ભાવના–ધારણા સિદ્ધ થઈ જાય છે, ધારણામાં જ ધ્યાન આવી જાય છે. ભગવાનના એકાદ અંગમાં મનને કેન્દ્રિત કરાય તે ધ્યાન અને સર્વાંગમાં કેન્દ્રિત થાય તે ધારણા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આ ધારણા પ્રભુના સાકાર સ્વરૂપની હતી, તેથી અન્તઃકરણના મળ નાશ પામ્યા છે. હવે ધૃતરાષ્ટ્રને નિર્વિકલ્પ સમાધિનો અનુભવ થાય છે. શુદ્ધ જીવાત્માને વિજ્ઞાનમય આત્મામાં જોડી દીધો, જેનાથી આનંદનો અનુભવ થયો.

આ શ્લોકમાં પાંચ આત્માનો ખ્યાલ આપે છે. (૧) ઉત્ક્રાંતિ-ગમન આગમનની ક્રિયા કરનારો દેહાભિમાની વ્યષ્ટિ રૂપ આત્મા; (૨) બ્રહ્માંડાભિમાની વિજ્ઞાનાત્મા સમષ્ટિ રૂપ છે; (૩) પ્રકૃતિને ચલાવનારો પુરુષ રૂપ આત્મા; (૪) પુરુષથી પર અક્ષરબ્રહ્મ રૂપ આત્મા; અને (૫) પુરુષોત્તમ છે. ૫૩, ૫૪.

હાલમાં ધૃતરાષ્ટ્ર સમાધિમાં છે. ત્યાં કોઇ વિક્ષેપ ન થવો જોઇએ, કોઇની અવર જવર ન જોઇએ. તદ્દન શાંતિ જોઇએ. કોઈ સ્વજન પણ ન જોઇએ. યુધિષ્ઠિરજી, ત્યાં જઇને સમાધિમાં વિક્ષેપ રૂપ ન થશો. તદ્દન એક નિર્વિકાર 'થાંભલા'ના જેવી હાલતમાં હાલ ધૃતરાષ્ટ્ર છે. ૫૫.

તસ્યાન્તરાયો મૈવાઽભૂઃ સંન્યસ્તાખિલકર્મણઃ ।
સ વા અદ્યતનાદ્રાજન્ પરતઃ પઞ્ચમેઽહનિ ।
કલેવરં હાસ્યતિ સ્વં તચ્ચ ભસ્મીભવિષ્યતિ ॥ ૫૬ ॥

દહ્યમાનેઽગ્નિભિર્દેહે પત્યુઃ પત્ની સહોટજે ।
બહિઃ સ્થિતા પતિં સાધ્વી તમગ્નિમનુવેક્ષ્યતિ ॥ ૫૭ ॥

અન્વયાર્થ—**રાજન**-હે યુધિષ્ઠિર, **સંન્યસ્ત-અખિલ-કર્મણઃ**-સર્વ કર્મોનો પરિત્યાગ કર્યો છે એવા, **તસ્ય**-તે ધૃતરાષ્ટ્રના, **અંતરાયઃ**-વિઘ્નરૂપ, **મા એવ-અભૂઃ**-તમે ન થશો, **વા**-અથવા, **સઃ**-તે, **અદ્યતનાત્**-આજથી, **પરતઃ**-હવે પછીથી આવતા, **પઞ્ચમે**-પાંચમા, **અહનિ**-દિવસે, **સ્વમ્**-પોતાના, **કલેવરમ્**-શરીરને, **હાસ્યતિ**-ત્યજી દેશે, **ચ**-અને, **તત્**-તે શરીર, **ભસ્મીભવિષ્યતિ**-ભસ્મીભૂત થઇ જશે. ૫૬; **સહોટજે**-પર્ણશાળા સાથે, **પત્યુઃ**-પતિનો, **દેહે**-દેહ, **અગ્નિભિઃ**-અગ્નિઓ વડે, **દહ્યમાને**-બળી રહ્યો હશે, ત્યારે, **બહિઃ-સ્થિતા**-બહાર ઊભાં રહેલાં, **સાધ્વી**-પતિવ્રતા, **પત્ની**-ગાંધારી, **તમ્**-તે, **પતિમ્**-પતિની, **અનુ**-પાછળ, **અગ્નિમ્**-અગ્નિની અંદર, **વેક્ષ્યતિ**-પ્રવેશ કરશે. ૫૭.

અનુવાદ—'હે યુધિષ્ઠિર, સર્વ કર્મોનો ત્યાગ કરનાર તે ધૃતરાષ્ટ્રના વિઘ્નરૂપ તમે ન થશો. તે આજથી પાંચમા દિવસે પોતાના શરીરનો ત્યાગ કરશે અને તે શરીર સ્વયં ભસ્મીભૂત થઇ જશે. ૫૬; પર્ણશાલા સાથે પતિનો દેહ અગ્નિથી બળવા લાગશે ત્યારે પર્ણકુટીથી બહાર રહેલાં તેમનાં પતિવ્રતા પત્ની-ગાંધારી-પોતાના પતિની પાછળ અગ્નિમાં પ્રવેશ કરશે. ૫૭.

તત્ત્વસુધા—કદાચ માનો કે સમાધિથી વિરામ પામે ત્યારે તેમની સેવા કરું, તેમ પણ નથી થવાનું. પાંચ જ દિવસમાં આ સર્વ સિદ્ધિ મેળવી શરીર વિસર્જન કરવાના છે. જે પર્ણકુટિમાં હશે, તેમાં અગ્નિ પ્રગટ થશે, દેહનો પણ તેમાં લય થશે. ગાંધારીજી તે સમયે જ પ્રવેશી સતી થશે. તમે કદાચ જવા વિચારો તો પણ રાજન્-રાજા છો. તૈયારી કરવામાં જ પાંચ દિવસ લાગે. તે પહેલાં તો સર્વ પતી જવાનું છે. ૫૬; ૫૭.

વિદુરસ્તુ તદાશ્ચર્યં નિશમ્ય કુરુનન્દન ।
હર્ષશોકયુતસ્તસ્માદ્ ગન્તા તીર્થનિષેવકઃ ॥ ૫૮ ॥

કુરુનન્દન-હે યુધિષ્ઠિર, **વિદુરઃ**-તુ-વિદુરજી તો, **તત્**-તે, **આશ્ચર્યમ્**-આશ્ચર્યને, **નિશમ્ય**-જાણીને, **હર્ષ-શોક-યુતઃ**-હર્ષ તેમજ શોકની લાગણીવાળા, **તીર્થ-નિષેવકઃ**-તીર્થોનું સેવન કરનારા, **તસ્માત્**-તે સ્થાનથી, **ગન્તા**-ચાલી જશે. ૫૮.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—હે યુધિષ્ઠિર, હર્ષ તેમજ શોકની મિશ્ર લાગણીવાળા વિદુરજી તો તે આશ્ચર્યજનક ઘટનાને જોઇને, તીર્થાટન કરવાની ઇચ્છાથી ત્યાંથી ચાલી નીકળશે. ૫૮.

તત્ત્વસુધા—વિદુરજીને મળવા કે પાછા વાળવા જાઓ તો તેઓ પણ તે પહેલાં પ્રયાણ કરી ચૂકયા હશે. ભાઇની મુકિતનો હર્ષ અને લૌકિક રીતે વિયોગનો શોક હશે; પરંતુ તીર્થ સેવનથી તે પણ ચાલ્યા જશે. ૫૮.

इत्युक्त्वाऽथारुहत्स्वर्गं नारदः सहतुम्बुरुः ।
युधिष्ठिरो वचस्तस्य हृदि कृत्वाऽजहाच्छुचः ॥ ५९ ॥

અન્વયાર્થ—**सहतुम्बुरुः**-તુમ્બુરુ ઋષિ સાથે, **नारदः**-નારદજી, **इति**-એ પ્રમાણે, **उक्त्वा**-કહીને, **स्वर्गम्**-સ્વર્ગ તરફ, **आरुहत्**-ચાલ્યા ગયા, **अथ**-પછી **तस्य**-તેમના (નારદજીના), **वचः**-વચનને, **हृदि**-હૃદયમાં, **कृत्वा**-સ્થાપીને, **युधिष्ठिरः**-યુધિષ્ઠિરે, **शुचः**-શોકને, **अजहात्**-દૂર કરી દીધો. ૫૯.

અનુવાદ—આ પ્રમાણે કહીને તુમ્બરુ સાથે નારદજી સ્વર્ગમાં ચાલ્યા ગયા. ત્યારબાદ તેમના વચનને હૃદયમાં સ્થિર કરીને યુધિષ્ઠિરે શોક કરવો છોડી દીધો. ૫૯.

તત્ત્વસુધા—**अथ** અવ્યય મંગલવાચક છે. પ્રકરણ શોકનું બદલી, નારદજીની વિદાયને વર્ણવી, અધ્યાયને મંગલ વચનથી સમાપ્ત કરે છે. ધર્મરાજાના હૃદયને શાંતિ મળી છે, એમ **अथ** અવ્યયથી લાગે છે. સંત, શાંતિ, સંતોષ સ્નેહનું ધામ છે, એ સાચા જ સ્વજન છે. એ ના બને, તે હરિ ના બને. ૫૯.

શ્રીમદ્ ભાગવતના પ્રથમ સ્કંધની તત્ત્વસુધા ટીકાનો
તેરમો અધ્યાય સંપૂર્ણ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અધ્યાય ચૌદમો.

ત્રણ અધ્યાયનું મુકિત પ્રકરણ ચાલે છે. તેમાં તેરમા અધ્યાયમાં પ્રપિતામહ ધૃતરાષ્ટ્રની મુકિત વર્ણવી. ચૌદમા અને પંદરમા અધ્યાયમાં પાંડવ મુકિત પ્રકરણ વર્ણવાનો આરંભ કરે છે.

પાંડવોને સાયુજ્ય મુકિત મેળવવી હતી. ધૃતરાષ્ટ્ર બ્રહ્મમાં લીન થયા. તે તેમને અભીષ્ટ નથી. સાયુજ્ય મુકિત તો જ્યાં સુધી પ્રભુ ભૂતલ ઉપર બિરાજે ત્યાં સુધી ન મને. પ્રભુની વિદાય પ્રથમ વર્ણવાય. તેથી પાંડવોને વૈરાગ્ય જાગે, ચિત્ત પ્રભુમાં લાગે અને સાયુજ્ય મુકિતના અધિકારી બને. તેથી એ પ્રકરણનો આરંભ કરે છે. આ અધ્યાયમાં ૪૪ શ્લોક છે.

सम्प्रस्थिते द्वारकायां जिष्णौ बन्धुदिदृक्षया ।
ज्ञातुं च[1] पुण्यश्लोकस्य कृष्णस्य च विचेष्टितम् ॥ १ ॥
व्यतीताः कतिचिन्मासास्तदा [2]पाण्डुसुतो नृपः ।
ददर्श घोररूपाणि निमित्तानि कुरूद्वहः ॥ २ ॥

અન્વયાર્થ—**બન્ધુદિદૃક્ષયા**-બંધુજનોને જોવાની ઇચ્છાથી, **ચ**-અને, **પુણ્યશ્લોકસ્ય**-પુણ્ય કીર્તિવાળા, **કૃષ્ણસ્ય**-શ્રીકૃષ્ણના, **વિચેષ્ટિતમ્**-ચરિત્રને-લીલાને, **જ્ઞાતુમ્**-જાણવા માટે, **દ્વારકાયામ્**-દ્વારકામાં, **જિષ્ણૌ**-અર્જુનને, **સમ્પ્રસ્થિતે**-ગયે, **કતિચિત્**-કેટલાએક, **માસાઃ**-મહિનાઓ, **વ્યતીતાઃ**-ચાલ્યા ગયા, **તદા**-ત્યારે, **કુરુદ્વહઃ**-કુરુવંશને વહન કરનાર, **પાણ્ડુસુતઃ**-પાંડુપુત્ર, **નૃપઃ**-યુધિષ્ઠિર, **ઘોરરૂપાણિ**-ભયંકર સ્વરૂપવાળાં, **નિમિત્તાનિ**-અપશુકનોને, **દદર્શ**-જોતા હતા. ૧; ૨.

અનુવાદ—સગાં સંબંધીઓના દર્શનની ઇચ્છાથી, તેમજ પવિત્ર કીર્તીવાળા શ્રીકૃષ્ણની લીલાને જાણવા માટે અર્જુન દ્વારકા ગયા હતા. તેમને ગયે જ્યારે કેટલાએક માસ વીતી ગયા, ત્યારે કુલશ્રેષ્ઠ પાંડુ પુત્ર યુધિષ્ઠિર મહારાજાએ ભયંકર અપશુકનો થતાં જોયાં. ૧; ૨.

તત્ત્વસુધા—ભગવાને કૃપા કરીને દરેક વ્યકિતને મન આપ્યું છે અને મનને ભાવિનાં સૂચન કરવાની શકિત પણ આપી છે. જેટલા પ્રમાણમાં મન શુદ્ધ બને તેટલા માપમાં તે આગાહી કરી શકે છે. મનુષ્ય વધુ સત્કર્મ કરે તો મન વધુ શુદ્ધ થાય, તેને વધુ પ્રમાણમાં ભાવિનાં થનારાં મંગલ-અમંગલ પ્રસંગોની સૂચના મળે. ભકિત-શ્રદ્ધાનું અવલંબન લઇ પુણ્ય કરે તો અનિષ્ટોની નિવૃત્તિ કરે અને મનોબળ કેળવી તે સામે ટકી રહે છે. યુધિષ્ઠિરજીને આવી આગાહીઓ થવા લાગી. અર્જુનજીને દ્વારિકામાં રાજાએજ મોકલ્યા હતા. તેમને સ્વજનોની ખબર, તેમજ શ્રીકૃષ્ણ ભગવાનની ભાવિ યોજના, ઇચ્છા અને ક્રિયાઓ પણ જાણવી હતી. હસ્તિનાપુરનું રાજ્ય પ્રભુની સલાહ પ્રમાણે ચાલતું હતું. અર્જુનને ગયે સાત માસ વીતી ગયા છે, છતાં આવ્યા નથી; ચિંતાનું કોઈ પણ કારણ નથી, છતાં કેમ ન આવ્યા ? અર્જુન જિતેન્દ્રિય છે, એટલે ભૂલ કે અપરાધ થવાનું કારણ નથી. તેથી અર્જુનજીનું 'જિષ્ણુ' નામ આપ્યું છે. જિતેન્દ્રિયને તેમજ મનને અને શત્રુને જીતનારને જિષ્ણુ કહેવાય છે. ભગવાન પુણ્ય લોક છે. કદાચ જીવનો કોઈ પ્રમાદ થાય તો પ્રભુના પ્રભાવથી અને પવિત્ર યશથી શુદ્ધ થઇ જાય તેમ પણ છે. વળી પ્રભુ સખા છે, સગા છે, સ્નેહી છે, તેથી પણ અર્જુનની ચિંતા કરવાની જરૂર નથી. છતાં થતી ચિંતા 'અવ્યકત દુઃખની આગાહી કરે છે.' એમ વિચારીને કુરુદ્વહ યુધિષ્ઠિર બોલ્યા કે અર્જુનને ગયે સાત માસ થયા, પણ કેમ ન આવ્યો ? કુલ અને રાષ્ટ્ર બન્ને સંભાળવાનાં છે માટે તેમણે ભાવિના અનિષ્ટ સામે સાવધ રહેવું જોઇએ. હરિ સ્મરણ સર્વ ચિંતા-વિપત્તિઓને દૂર કરે છે. માટે આવી હાલતમાં સતત નામ સ્મરણ-જપ કરવો ૧; ૨.

---

૧. પ્રા૦ પા૦ જ્ઞાતું માયામનુષ્યસ્યમ વાસુદેવસ્ય ચેષ્ટિતમ્ । ૨. પ્રા૦ પા૦-નાયાત્તતોઽર્જુનઃ ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

कालस्य च गतिं रौद्रां विपर्यस्तर्तुधर्मिणः ।
पापीयसीं नृणां वार्तां क्रोधलोभावृतात्मनाम् ॥ ३ ॥
जिह्मप्रायं व्यवसितं शाठ्यमिश्रं च सौहृदम् ।
पितृ मातृसुहृद्भ्रातृ दम्पतीनां च कल्कनम् ॥ ४ ॥
निमित्तान्यत्यरिष्टानि कालेत्वनुगते नृणाम् ।
लोभाद्यधर्म प्रकृतिं दृष्ट्वोवाचाऽनुजं नृपः[२] ॥ ५ ॥

અન્વયાર્થ - विपर्यस्त-ऋतु-धर्मिणः-ઉલટા થયેલા ઋતુ ધર્મવાળા. कालस्य-કાળની, रौद्राम् ભયંકર, गतिम्-ગતિને. च-અને, क्रोध-लोभ-आवृत्त-आत्मनाम्-ક્રોધ અને લોભથી ઘેરાયેલાં મન વાળા, नृणाम्-મનુષ્યોની, पापीयसीम्-નિંદ્ય લાયક, वार्ताम्-જીવિકાને जिह्मप्रायम्-કપટવાળા, व्यवसितम्-વ્યવહારને, च-અને, शाठ्यमिश्रम्-શઠતા યુક્ત, सौहृदम्-મૈત્રી ભાવને, च-અને, पितृ-मातृ-सुहृद्-भ्रातृ-दम्पतीनाम्-પિતા, માતા, મિત્ર, ભાઇ, તેમજ પતિ પત્ની ઓના. कल्कनम् કલહ, च-અને, काले-अनुगते-तु-ક્રમથી સમય પસાર થતાં, अति-अरिष्टानि-અત્યંત અશુભ; निमित्तानि-નિમિત્તોને नृणाम्-મનુષ્યોની, लोभादि-अधर्म-प्रकृतिम्-લોભ વગેરેથી અધર્મ યુક્ત પ્રવૃત્તિને, दृष्ट्वा-જોઇને, नृपः-રાજા યુધિષ્ઠિર, अनुजम्-ભીમને; आह-કહેવા લાગ્યા. ૩; ૪; ૫.

અનુવાદ—ઋતુ ધર્મોના ફેરફારવાળા કાળની ભયંકર સ્થિતિ જોઇને, ક્રોધ અને લોભ વાળા મનુષ્યોની પાપપૂર્ણ આજિવિકાને જોઇને, લગભગ કપટ ભરેલા વ્યવહાર અને શઠતા ભરી મૈત્રીને જોઇને, તેમજ પિતા-માતા-મિત્ર-ભાઇ અને પતિ-પત્ની વગેરેની વચ્ચમાં કજીયા કલહને જોઇને, તેમજ ઉત્તરોત્તર વખત જતાં અત્યંત બધતાં અશુભ નિમિત્તોને જોઇને અને લોકોની લોભ વગેરેથી ભરેલી અધર્મ પ્રવૃતિને જોઇને રાજા યુધિષ્ઠિરે પોતાના નાના ભાઇ ભીમસેનને કહ્યું. ૩; ૪; ૫.

ત ત્વસુધા—'શુદ્ધ હૃદયને ભાવિ દર્શન થાય છે' એ ન્યાયે યુધિષ્ઠિરજી આગાહી રૂપે કંઇક બોલે છે. ત્રણ શ્લોકમાં ત્રણ લોકના ત્રણ પ્રકારના ભાવિના કલેશને સૂચવતા અપશુકનો વર્ણવે છે. 'કાલ' સર્વનો નિયામક છે માટે कालस्य गति એ વાક્યથી શરૂઆત કરી. યુદ્ધકાળ, સત્તા પરિવર્તન કાળ, યૌવન કાળ એ સમાજમા તેમજ જીવનમાં અસામાન્ય પલટા લાવે છે. એની અસર કાયમ રહી જાય છે. એક ભયંકર આંધી આવી જાય છે કે સમાજના માનસમાં 'અનીતિ' ઘર કરી બેસે છે. મહાભારતના યુદ્ધ પછી પણ એવું બન્યું હતું. યુદ્ધ પૂર્વમાં પણ અનીતિએ ઘર કર્યું હતું. એ કાલની 'રૌદ્ર' ગતિનું જ પરિણામ હતું.

ઋતુ ધર્મમાં ફેરફારો, અપ્રામાણિક વૃત્તિ-લાંચ રૂશ્વત, ચારિત્ર્ય શિથિલતા, નિષિદ્ધ ધંધા વ્યાપારથી જીવન, ક્ષણમાં ગુસ્સો, સ્નેહ વિચ્છેદ, ધંધામાં દગો, ભાવમાં દગો, માલમાં ભેળસેળ, સંબંધમાં કપટ, પિતા-પુત્ર પતિ-પત્ની સુહૃદ-મિત્રો વગેરેમાં કલહ;—આ સર્વ આવતી કાલનાં અનિષ્ટ ભાવિનાં સૂચક લક્ષણો છે. સમાજમાં ધાર્મિક અને નૈતિક અંધાધુંધી સમયે સંત, બ્રાહ્મણ અને સત્તાએ સતત જાગૃત રહેવું જોઇએ એમ સમજી યુધિષ્ઠિરજી ભીમસેનને ચેતાવે છે. ૩; ૪; ૫.

युधिष्ठिर उवाच—सम्प्रेषितो द्वारकायां जिष्णुर्बन्धुदिदक्षया ।
ज्ञातुं च पुण्यश्लोकस्य कृष्णस्य च विचेष्टितम् ॥ ६ ॥

---

१. प्रा० पा० लोभावृतात्मनाम् । २. कन्या विक्रयिणं तातं सुतं पित्रोरपोषकम् । ब्राह्मणान् वेदविमुखान् शूद्रांश्च ब्रह्मवादिनः । इति वीर. सिद्धान्त प्रदीप पाठः

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

गताः सप्ताऽधुना मासा भीमसेन तवाऽनुजः ।
नाऽऽयाति कस्य वा हेतोर्नाऽहं वेदेदमञ्जसा ॥ ७ ॥

અન્વયાર્થ—**બન્ધુ**-દિદૃક્ષયા-બન્ધુઓને જોવાની ઇચ્છાથી, **ચ**-અને, **પુણ્યશ્લોકસ્ય**-પવિત્ર કીર્તિવાળા, **કૃષ્ણસ્ય**-શ્રીકૃષ્ણના, **વિચેષ્ટિતમ્**-લીલા-ચરિત્રને, **જ્ઞાતું**-જાણવા માટે, **જિષ્ણુઃ**-અર્જુન, **દ્વારકાયામ્**-દ્વારકા નગરીમાં, **સમ્પ્રેષિતઃ**-મોકલેલ છે. ૬; **ભીમસેન**-હે ભીમ, **અધુના**-હાલમાં, **સપ્ત**-સાત, **માસાઃ**-મહિનાઓ, **ગતાઃ**-ચાલ્યા ગયા, છતાં **તવ**-તારો, **અનુજઃ**-નાનો ભાઇ, **કસ્ય વા**-કયા એવા, **હેતોઃ**-કારણથી, **ન આયાતિ**-આવ્યો નથી, **ઇદમ્**-આ બાબતને, **અહમ્**-હું, **અઞ્જસા**-વાસ્તવિક રીતે, **ન વેદ**-જાણતો નથી. ૭.

અનુવાદ—યુધિષ્ઠિરે કહ્યું-ભાઇ ભીમસેન ! સંબંધી જનોને મળવાની ઇચ્છાથી અને પુણ્યશ્લોક શ્રીકૃષ્ણનાં લીલા-ચરિત્રોને જાણવાની ઇચ્છાથી અર્જુનને દ્વારકામાં મોકલેલ, હાલમાં સાત માસ થઇ ગયા. તો પણ તમારો ભાઇ, અર્જુન હજુ સુધી કયા કારણે ન આવ્યો, એ હું યથાર્થ રીતે જાણી શકયો નથી. ૬; ૭.

તત્ત્વસુધા—**ભીમસેન તવાઽનુજ** : અર્જુનજી યુધિષ્ઠિરના પણ ભાઇ છે, છતાં તેમને ભીમસેનના ભાઇ તરીકે સંબોધ્યા છે; કારણ કે તે ભીમ જેટલા અથવા વધુ બળવાન છે, એવા બંધુને દૈવી સંકટ વિના કોઇ અન્ય મુશ્કેલી ન સંભવે. વળી દેવાધિદેવ શ્રીકૃષ્ણ સાન્નિધ્ય છે, તો દૈવી સંકટ પણ પાર કરી જવાય. તો શું શ્રીકૃષ્ણ ભગવાન કોઇ લીલા કરવા ચાહતા હશે ? એવી આશંકામાં નીચેના ત્રણ શ્લોકો આરંભે છે. ૬; ૭.

अपि देवर्षिणाऽऽदिष्टः स कालोऽयमुपस्थितः ।
यदात्मनोऽङ्गमाक्रीडं भगवानुत्सिसृक्षति ॥ ८ ॥
यस्मान्नः सम्पदो राज्यं दाराः प्राणाः कुलं प्रजाः ।
आसन् सपत्नविजयो लोकाश्च यदनुग्रहात् ॥ ९ ॥
पश्योत्पातान्नरव्याघ्र दिव्यान् भौमांश्च दैहिकान् ।
दारुणान् शंसतोऽदूराद्भयं नो बुद्धिमोहनम् ॥ १० ॥

અન્વયાર્થ—**દેવર્ષિણા**-દેવર્ષિ નારદજીએ, **આદિષ્ટઃ**-જણાવેલો, **સઃ**-તે, **અયમ્** આ, **કાલઃ** સમય, **ઉપસ્થિતઃ અપિ**-શું પ્રાપ્ત થયો છે ? **યત્**-જે, **ભગવાન્**-શ્રીકૃષ્ણ, **આત્મનઃ**-પોતાના, **આક્રીડમ્**-ક્રિડાનો સાધનભૂત, **અઙ્ગમ્**-શરીરને, **ઉત્સિસૃક્ષતિ**-ત્યજવા ઇચ્છે છે. ૮; **યસ્માત્**-જેમને લીધે, **નઃ**-અમારી, **સમ્પદઃ**-સંપત્તિ, **રાજ્યમ્**-રાજ્ય, **દારાઃ**-સ્ત્રી, **પ્રાણાઃ**-પ્રાણો **કુલમ્**-કુળ, તેમજ **પ્રજાઃ**-સંતતિ (વગેરે પ્રાપ્ત થયેલ છે), **યદ્-અનુગ્રહાત્**-જેમના અનુગ્રહથી, **સપત્ન-વિજયઃ**-શત્રુઓ ઉપર વિજય, **ચ**-અને, **લોકાઃ**-સ્વર્ગાદિ લોકો, **આસન્**-મેળવ્યા છે. ૯; **નરવ્યાઘ્ર**-હે નરશ્રેષ્ઠ ભીમ, **નઃ**-આપણને, **અદૂરાત્**-ટૂંક સમયમાં જ, **બુદ્ધિ-મોહનમ્**-બુદ્ધિને મોહ ઉપજાવે તેવા, **ભયમ્**-ભયને, **શંસતઃ**-સૂચવતા, **દિવ્યાન્**-આકાશમાં થતા, **ભૌમાન્**-ભૂમિમાં થતા, **ચ**-અને, **દૈહિકાન્**-દેહાદિમાં થતા, **દારુણાન્**-અતિ ભયંકર, **ઉત્પાતાન્**-ઉત્પાતોને તો, **પશ્ય**-તું જો. ૧૦.

અનુવાદ—વિશ્વમાં ક્રીડા કરવાના સાધન રૂપ, એવા પોતાના શ્રીઅંગને છોડવાની ભગવાન ઇચ્છા કરે છે ! એવું દેવર્ષિ નારદજીએ કહ્યું છે, તે સમય તો સમીપમાં આવીને ઊભો નહિ રહ્યો હોય શું ! ૮; જે ભગવાનને લીધેજ આપણને સંપત્તિઓ, રાજ્ય, પત્નીઓ, પ્રાણો, કુળ, પ્રજા વગેરે પ્રાપ્ત થયાં છે, તેમજ જેમની કૃપાથી શત્રુઓ ઉપર વિજય મળ્યો છે, સ્વર્ગાદિ લોકોની પ્રાપ્તિ થઇ છે. (તેમના વિના જીવનમાં આસ્વાદ શો ?) ૯; અરે નરવીર,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભીમસેન, ટૂંકમાંજ બુદ્ધિમાં મોહ પેદા કરનાર અને ભયની આગાહી કરતા આ આકાશના, પૃથ્વીના અને શરીરના ત્રણ પ્રકારના દારૂણ ઉત્પાતોને તો જો ભાઈ ! ૧૦.

તત્ત્વસુધા—સાધુ પુરુષોનું હૃદય દર્પણ જેવું સ્વચ્છ હોય છે. એ હૃદયમાં આવતી કાલે થનારાં શુભ-અશુભનાં દર્શન થાય છે. યુધિષ્ઠિરજીને પણ એવો આભાસ થયો, તેથી જ તર્ક કરે છે કે કેવલ મારું મન કહે છે એમ નથી; દેવર્ષિણા—દેવર્ષિએ પણ આવીજ સૂચના કરી છે. ત્રિકાલની વાત જાણે તે ઋષિ મનાય; પરંતુ તદુપરાંત દેવોનાં કાર્યોને પણ જાણે તેવા સમર્થને દેવર્ષિ મનાય. તો નારદજી દેવર્ષિ છે. તેમની સૂચના ઉપેક્ષામાં મૂકવા જેવી નથી. મહાપુરુષોનાં મામુલી વચનને પણ વેદથી વધુ મહત્વનું માની વિચારવું. એમાં કદિ અસત્ય હોતું નથી.

उर्वक्षि बाहवो [1]मह्यं स्फुरन्त्यङ्ग पुनः पुनः ।
वेपथुश्चापि हृदय आराद्दास्यन्ति विप्रियम् ॥ ११ ॥
शिवैषोद्यन्तमादित्यमभि रौत्य न ला न ना ।
मामङ्ग सारमेयोऽयमभिरोदित्यभीतवत् [2] ॥ १२ ॥

અન્વયાર્થ—**અઙ્ગ**-હે ભીમ, **મહ્યમ્**-મારા, **ઉરુ-અક્ષિ-બાહવઃ**-સાથળ, આંખ, હાથ, **પુનઃ પુનઃ**-વારંવાર, **સ્ફુરન્તિ**-ફરકે છે, **ચ**-અને, **હૃદયે**-હૃદયમાં, **વેપથુઃ અપિ**-કંપ પણ, **આરાત્**-ટૂંકમાંજ, **વિપ્રિયમ્**-અનિષ્ટને, **દાસ્યન્તિ**-આપશે. ૧૧. **અઙ્ગ**-હે ભીમ, **અનલ-આનના**-મુખમાં અગ્નિવાળી, **એષા**-આ, **શિવા**-શિયાળ, **ઉદ્યન્તમ્**-ઉદય પામતા, **આદિત્યમ્**-સૂર્યને, **અભિરૌતિ**-સામે જોઈને રડે છે, **અયમ્**-આ, **સારમેયઃ**-કૂતરો, **અભીતવત્**-નીડરની જેમ, **મામ્**-મને, **અભિ**-ચારે બાજુએથી. **રોદિતિ**-રડે છે. ૧૨.

અનુવાદ—હે ભાઈ ભીમસેન, મારાં ડાબાં અંગો-સાથળ, આંખ, બાહુઓ વારંવાર ફરકે છે. તેમજ હૃદયમાં કંપ પણ થાય છે. આ બધાં અપશુકનો ટૂંકમાંજ આપણને અપ્રિય દાખવશે, એમ મને લાગે છે. ૧૧: હે ભાઇ ભીમસેન, મુખમાં અગ્નિવાળી આ શિયાળ, ઉદય પામતા સૂર્યની સામે રૂદન કરી રહી છે. આ કૂતરો પણ નીડર બનીને મારી ચોતરફ રડી રહ્યો છે. ૧૨.

તત્ત્વસુધા—અગિયારમા શ્લોકથી પ્રથમ આધ્યાત્મિક અપશુકનનાં સૂચન કરે છે. શરીરના અંગોમાં તેમજ હૃદયમાં થતાં સ્ફુરણો ઉપરથી ભાવિમાં થનારી બાબતનો ઉલ્લેખ કરે છે. પુરુષને માટે વામ અંગો, અને સ્ત્રી માટે દક્ષિણ અંગોનું સ્ફુરણ અનિષ્ટનું કથન કરે છે. એક વાત ન ભૂલાય કે 'અપશુકન' અનિષ્ટ કરનાર નથી; પરંતુ થનાર અનિષ્ટના કહેનાર છે. 'હરિ સ્મરણ' અપશુકનનાં સ્ફુરણોમાં કરાય તો સર્વ મંગલ બની જાય છે. આ શ્લોકમાં **મહ્યં** ને સ્થાને **વામાઃ** એવો પાઠ છે. શ્રીવલ્લભ પ્રભુને એ પાઠ ઇષ્ટ છે. **ઉર્વક્ષિબાહવ** :-નું એ વિશેષણ થાય છે. જેથી વામ સાથળ, આંખ, હાથ એવો સ્પષ્ટ ખ્યાલ આવી જાય તેથી એ પાઠ ઠીક છે. **મહ્યમ્** પાઠ રાખે તો એ જગાએ 'તેનો' સંબંધ થશે. મારાં વામ અંગો ફરકે છે; તે મને-આપણને ટૂંક સમયમાં અશુભ દેનાર થશે.' વ્યાકરણ રીતે પ્રાણીનાં અંગોનું સમાસાન્ત પદ હોય તો તેનું એક વચન થાય છે. છતાં **બાહવ** :- એ બહુવચન અનેક પ્રકારનાં, અનેક અમંગલનાં સૂચક તરીકે કહેવાનાં હોવાથી બહુવચન જ રાખ્યું છે.

ડાબા સાથળના સ્ફુરણમાં લક્ષ્મી, પત્ની, સંતાન આદિનો વિયોગ થાય અને જમણા સ્ફુરણમાં સંયોગ થાય. ડાબી આંખના સ્ફુરણમાં અપ્રિય પ્રસંગો જોવા મળે, અપ્રિય સમાચારો મળે અને જમણા સ્ફુરણમાં પ્રિય સમાચારો મળે, પ્રિય દર્શન થાય. ડાબા હાથના સ્ફુરણમાં પરાજય આદિ થાય, જમણા સ્ફુરણમાં વિજય વગેરે પ્રાપ્ત થાય. ૧૧.

---

૧ શ્રી સુબો. પાઠઃ-વામાઃ ૨. પ્રા૦ પા૦-અયમભિરૌતિ ક્ષમીરુવત્ ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હવે આધિભૌતિક ઉપદ્રવોનું કથન કરે છે. સૂર્ય સામે શિયાળ જ્યારે મુખમાંથી અંગારા ઓકે છે. ત્યારે વ્યાપક વિનાશ થાય છે. પોતાના પાળેલા અથવા રસ્તે જનારા માણસ સામે આવી કરુણ રુદન કરે ત્યારે કુટુંબનું અનિષ્ટ સૂચવે છે. ૧૨.

શસ્તાઃ કુર્વન્તિ માં સવ્યં દક્ષિણં પશવોઽપરે ।
વાહાંશ્ચ પુરુષવ્યાઘ્ર લક્ષયે રુદતો મમ ॥ ૧૩ ॥
મૃત્યુદૂતઃ કપોતોઽયમુલૂકઃ કમ્પયન્મનઃ ।
પ્રત્યુલૂકશ્ચ કુહ્વાનૈરનિદ્રૌ શૂન્યમિચ્છતઃ ॥ ૧૪ ॥

અન્વયાર્થ—પુરુષવ્યાઘ્ર-હે પુરુષ શ્રેષ્ઠ, શસ્તાઃ-પવિત્ર એવાં, પશવઃ-પશુઓ, મામ-મને, સવ્યમ્-ડાબી બાજૂએ, અપરે-બીજાં પશુઓ, દક્ષિણમ્-જમણી બાજૂએ, કુર્વન્તિ-કરે છે, ચ-અને, મમ-મારા, વાહાન્-ઘોડાઓને, રુદતઃ-રુદન કરતા, લક્ષયે-હું જોઉં છું. ૧૩; અયમ્-આ, મૃત્યુદૂતઃ-યમ રાજાનો દૂત, કપોતઃ-પારેવું, મનઃ-મનને, કમ્પયન્-કંપાવતો, ઉલૂકઃ-ઘુવડ, ચ-અને, પ્રત્યુલૂકઃ-કાબર-ચીબરી (અથવા કાગડો) અનિદ્રૌ-નિદ્રા વગરનાં, કુહ્વાનૈઃ-ખરાબ શબ્દો કરીને, શૂન્યમ્-વિનાશને, ઇચ્છતઃ-ઇચ્છી રહ્યાં છે. ૧૪.

અનુવાદ—હે પુરુષ શ્રેષ્ઠ! અશ્વ, હરણ, ગાય વગેરે ઉત્તમ પ્રાણીઓ તે મારી ડાબી બાજૂએ થઈને જાય છે, તેમજ બીજાં ગધેડાં, સાપ, વગેરે હીન પશુઓ તે મારી જમણી બાજૂએ થઈને જાય છે; અને મારા ઘોડાઓ કોઈ પણ પ્રકારના દુઃખ વિના રુદન કરતા હોય એમ લક્ષણોથી હું જાણું છું. ૧૩; વળી મૃત્યુનો દૂત આ હોલો, તથા મનને કંપાવનાર ઘુવડ તથા ચીબરી-કાબર અથવા કાગડો કઠોર શબ્દો કરતાં, નિદ્રા ન લેતાં જગતને શૂન્ય કરવા ઇચ્છે છે! ૧૪.

તત્ત્વસુધા—ગાય, હરણ, ઘોડા વગેરે શ્રેષ્ઠ પશુઓ ડાબી બાજૂએ જાય તો અમંગલની અને જો જમણી બાજૂએ જાય તો મંગલની સૂચના કરે છે. ગધેડાં, સર્પ વગેરે જમણી બાજૂ જાય તો અશુભ અને ડાબી બાજૂએ જાય તો અશુભકારક નહિ બને; પરંતુ આવતાં અશુભમાંથી બચી જવાશે.

ઘુવડને રાત્રે નિદ્રા નથી આવતી. એના શબ્દનું શ્રવણ અતિ કઠોર અનિષ્ટને સૂચવે છે. એને મૃત્યુનો દૂત માન્યો છે. વળી પ્રત્યુલૂક એટલે બે સામાસામી બેઠેલા અને ખૂબ વાર વારાફરતી બોલ્યાં કરે તો મોટું અનિષ્ટ થાય. પણ ઘુવડ 'મુવો' અને 'જીવો' એવા શબ્દો કરે છે. તેને પારખીને નિર્ણય કરાય છે. 'જીવો' બોલે તો અશુભ નથી. બીમાર માટે આ શબ્દોનો નિર્ણય વધુ સાચો પડે છે. ૧૩; ૧૪.

ધૂમ્રા દિશઃ પરિધયઃ કમ્પતે ભૂઃ સહાદ્રિભિઃ ।
નિર્ઘાતશ્ચ મહાંસ્તાત સાકં ચ સ્તનયિત્નુભિઃ ॥ ૧૫ ॥
વાયુર્વાતિ ખરસ્પર્શો રજસા વિસૃજંસ્તમઃ ।
અસૃગ્વર્ષન્તિ જલદા બીભત્સમિવ સર્વતઃ ॥ ૧૬ ॥
સૂર્યં હતપ્રભં પશ્ય ગ્રહમર્દં મિથો દિવિ ।
સસંકુલૈર્ભૂતગણૈર્જ્વલિતે ઇવ રોદસી ॥ ૧૭ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

नद्यो नदाश्च क्षुभिताः सरांसि च मनांसिच ।
न ज्वलत्यग्निराज्येन कालोऽयं किं विधास्यति ॥ १८ ॥

અન્વયાર્થ –**दिशः**–દિશાઓ, **धूम्राः**–ધૂંસરા વર્ણવાળી, **परिधयः**–ગોળ કુંડાળાવાળા બને છે, **च**–અને, **सहाद्रिभिः**–પર્વતો સાથે, **भूः**–પૃથ્વી, **कम्पते**–કંપે છે, **च**–અને, **स्तनयित्नुभिः**–મેઘોની ગર્જનાઓ, **साकम्**–સાથે, **महान्**–મોટો, **निर्घातः**–વજ્રપાત, **आसीत्**–થઈ રહ્યો છે. ૧૫; **खरस्पर्शः**–કઠોર સ્પર્શવાળો, **रजसा**–ધૂળથી, **तमः**–અંધકારને, **विसृजन्**–ઉત્પન્ન કરતો, **वायुः**–વાયુ, **वाति**–વાય છે. **जलदाः**–મેઘો, **बीभत्सम् इव**–ખરાબ ચીજોની માફક, **सर्वतः**–ચોતરફ, **असृग्**–રૂધિરને, **वर्षन्ति**–વર્ષાવે છે. ૧૬; **हत प्रभम्**–નિસ્તેજ, **सूर्यम्**–સૂર્યને, **दिवि**–આકાશમાં, **मिथः**–અન્યોન્ય, **ग्रहमर्दम्**–ગ્રહો વચ્ચે થતા યુદ્ધને, **ससंकुलैः**–એક બીજા સાથે મળેલા, **भूतगणैः**–પંચમહાભૂતોથી, **रोदसी**–પૃથ્વી અને આકાશ, **ज्वलिते इव**–બળતાં ન હોય એમ, **पश्य**–તું જો. ૧૭; **नद्यः**–નદીઓ, **च**–અને, **नदाः**–મોટા મોટા ઘરાઓ, **च**–અને, **सरांसि**–સરોવરો, **च**–અને, **मनांसि**–સર્વનાં મન, **क्षुभिताः**–ખળભળી ઉઠ્યાં છે, **अग्निः**–અગ્નિ, **आज्येन**–ઘીની આહુતિથી, **न ज्वलति**–પ્રજ્વલિત થતો નથી. **अयम्**–આ, **कालः**–કાળ, **किम्**–**विधास्यति**–શું કરશે ? ૧૮.

અનુવાદ—દિશાઓ ધૂળ–ધુમ્મસ વાળી ઝાંખી બની ગઈ છે; સૂર્ય, ચન્દ્ર ઉપર ગોળ ગોળ કુંડાળાં થતાં જોવામાં આવે છે. પર્વતો સાથે પૃથ્વી કંપે છે. મેઘની ગર્જનાઓ સાથે મોટા કડાકા-વજ્રપાત થઇ રહ્યા છે. ૧૫; કઠોર સ્પર્શ વાળો, ધૂળથી અંધકારને ઉત્પન્ન કરતો વાયુ વાય-છે. મેઘો ચારે તરફ ખરાબ વસ્તુઓની માફક રૂધિરને વર્ષાવે છે. ૧૬; સૂર્ય નિસ્તેજ જણાય છે. આકાશમાં ગ્રહો વચ્ચે પરસ્પર ધમસાણ મચી રહ્યું છે. એક બીજા સાથે ગીચોગીચ મળેલા પંચ મહાભૂતોથી પૃથ્વી અને આકાશ જાણે બળતાં ન હોય એમ જણાય છે. તે તું જો. ૧૭; નદીઓ અને ઘરાઓ, સરોવરો અને દરેકનાં મન ખળભળી ઉઠ્યાં છે. કયાંયે શાન્તિ જણાતી નથી. ઘીથી અગ્નિ પ્રદીપ્ત થતો નથી. કોણ જાણે આ કાળ શું કરશે ? ૧૮.

तत्त्वसुधा—**धूम्राः दिशः परिधयः**– જ્યારે ધૂમાડો ગોટે ગોટ થઈ ગોળ ગોળ ફરે ત્યારે અંદર અગ્નિ છે, એમ ખાતરી થાય છે. તેમ આ ચારે તરફ ધૂળ ભરેલી, ગોળાકારે દેખાતી દિશાઓ, ત્રણે લોકમાં અગ્નિ સળગશે, એમ સૂચવે છે. ઘણી વખત ચંદન જેવો વર્ષાદ થાય છે, જે સારો છે. જ્યારે ઘણીવાર રૂધિરના છાંટા પડે, વીજળીના કડાકા થાય, ત્યારે અનાવૃષ્ટિ અને દુકાળ સૂચવે છે.

યુધિષ્ઠિરજી 'पश्य' ક્રિયાપદથી ભીમસેનને કહે છે, ભાઈ, આ ઉત્પાતો શાસ્ત્રોમાં લખ્યા છે તે વાંચવાના નથી; પરંતુ આંખ સામેજ દેખાય છે. વાંચતાં ભય પેદા કરે તો નજરે દેખતાં શું ન થાય?

સૂર્યનું નિસ્તેજ દર્શન રાજ્ય કે રાજાનો નાશ સૂચવે છે. ગ્રહોનાં યુદ્ધ તે વ્યાપક યુદ્ધનું સૂચન કરે છે. અગ્નિ પ્રત્યક્ષ દેવ છે. ઘીનો હોમ કરવાથી જો પ્રગટ ન થાય તો મંગલ કાર્ય સિદ્ધ ન થાય; પરંતુ પ્રકટ થઈ દક્ષિણ તરફની જ્વાળાઓ પ્રદક્ષિણા લે તે મંગળ સૂચન છે. ૧૫; ૧૬; ૧૭; ૧૮.

न पिबन्ति स्तनं वत्सा न दुह्यन्ति च मातरः ।
रुदन्त्यश्रुमुखा गावो न हृष्यन्त्यृषभा व्रजे ॥ १९ ॥
दैवतानि रुदन्तीव स्विद्यन्ति ह्युच्चलन्ति च ।
इमे जनपदा ग्रामाः पुरोद्यानाकराश्रमाः ।
भ्रष्टश्रियो निरानन्दाः किमघं दर्शयन्ति नः ॥ २० ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—**વત્સાઃ**-વાછરડાં, **સ્તનમ્**-સ્તનને, **ન પિબન્તિ**-પાન કરતાં નથી, **ચ**-અને, **માતરઃ**-માતાઓ, **ન દુહ્યન્તિ**-દોહવા દેતી નથી, **વ્રજે**-વ્રજમાં, **અશ્રુમુખાઃ**-અશ્રુઓવાળી, **ગાવઃ**-ગાયો, **રુદન્તિ**-રૂદન કરે છે, **ઋષભાઃ**-બળદો, **ન હૃષ્યન્તિ**-આનંદિત નથી. ૧૯; **દૈવતાનિ**-દેવોની પ્રતિમાઓ. **રુદન્તિ ઇવ**-જાણે રડતી ન હોય, **ચ**-અને, **હિ**-ખરેખર, **સ્વિદ્યન્તિ**-પસીનાવાળી થઈ ગઈ છે, **ઉચ્ચલન્તિ**-પોતાના સ્થાનથી ચલિત થતી જાય છે, **ઇમે**-આ બધા, **જનપદાઃ**-દેશો, **ગ્રામાઃ**-ગામો, **પુર-ઉદ્યાન-આકર-આશ્રમાઃ**-નગરો, બાગ બગીચાઓ, ખાણો, આશ્રમો, **ભ્રષ્ટશ્રિયઃ**-શોભા રહિત, **નિરાનન્દાઃ**-આનંદ વગરના, **નઃ**-આપણને, **કિમ્**-કયા એવા, **અઘમ્**-પાપને, **દર્શયન્તિ**-જણાવે છે? ૨૦.

અનુવાદ—વાછરડાં (બાળકો) પોતાની માતાનાં સ્તનપાન કરતાં નથી. માતાઓ દૂધ આપતી નથી. ગોષ્ઠમાં અશ્રુઓ સારતી ગાયો રડી રહી છે. બળદો આનંદવાળા જણાતા નથી. ૧૯; દેવતાઓની પ્રતિમાઓ જાણે રડતી ન હોય તેમ લાગે છે, તેમજ પરસેવા વાળી થઈને પીઠ-સ્થાનથી ચલિત થતી જોવામાં આવે છે. આ દેશો, ગામો, નગરો, બગીચાઓ, ખાણો તેમજ આશ્રમો નિસ્તેજ-આનંદ વગરના જણાય છે. તે આપણને કયા પાપને દર્શાવે છે! ૨૦.

તત્ત્વસુધા—ક્ષુધાર્ત વાછરડાં સ્તનપાન ન કરે, તો બાળરોગ અને બાળમરણનું પ્રમાણ વધે. ગોમાતાઓ દૂધ ન આપે તો દેશમાં દુકાળ પડે. ગાયો રૂદન કરે તો પૃથ્વીમાં વ્યાપક જલ, અગ્નિ, પૃથ્વી પ્રલયની આપત્તિ આવે. દેવમૂર્તિઓ રૂદન કરે તો રાજાનો નાશ થાય છે. મૂર્તિઓને પસીનો થાય તો પ્રજામાં અકાલ મરણનું પ્રમાણ, હૃદય રોગ વગેરે વધે છે. ગામ, નગર, આશ્રમ વગેરે જો નિસ્તેજ અને સૌન્દર્ય શૂન્ય લાગે, તો પ્રજાનો પરસ્પરનો સંપ નાશ પામે અને કલહ વધે. ૧૯; ૨૦.

મન્ય એતૈર્મહોત્પાતૈર્નૂનં ભગવતઃ પદૈઃ ।
અનન્યપુરુષશ્રીભિર્હીના ભૂર્હતસૌભગા ॥ ૨૧ ॥

અન્વયાર્થ—**એતૈઃ**-આ થતા, **મહા ઉત્પાતૈઃ**-મોટા ઉત્પાતોથી, **નૂનમ્**-ચોક્કસ, **અનન્ય-પુરુષ-શ્રીભિઃ**-બીજા પુરુષમાં ન હોય એવી શોભાવાળાં, **ભગવતઃ**-શ્રીકૃષ્ણનાં, **પદૈઃ**-ચરણોથી, **હીના**-રહિત, **માટેજ હતસૌભગા**-નષ્ટ સૌભાગ્યવાળી, **ભૂઃ**-પૃથ્વી બની છે, **મન્યે**-એમ હું માનું છું. ૨૧.

અનુવાદ—હું ચોક્કસ માનું છું કે આવા મોટા ઉત્પાતોથી, કોઈ બીજા પુરુષના ચરણોમાં ન હોય એવી શોભાવાળાં શ્રીકૃષ્ણ ભગવાનનાં ચરણોના વિયોગ વાળી પૃથ્વી શોભા રહીત, નષ્ટ સૌભાગ્ય વાળી બની હોય એમ માનું છું. ૨૧.

તત્ત્વસુધા—તર્ક કરીને નિશ્ચય કરે છે કે પૃથ્વીનો ઉત્કર્ષ અને શોભા તો પ્રભુપાદ કમલના સ્પર્શથી હતો. આજે એ શોભા નજરે નથી દેખાતી એ પ્રત્યક્ષ પૂરાવો જ અનુમાન કરે છે કે ભગવત્પદ વિયોગ તો નહિ હોય! ૨૧.

સૂત ઉવાચ-ઇતિ ચિન્તયતસ્તસ્ય દૃષ્ટારિષ્ટેન ચેતસા ।
રાજ્ઞઃ પ્રત્યાગમદ્ બ્રહ્મન્ યદુપુર્યાઃ કપિધ્વજઃ ॥ ૨૨ ॥
તં પાદયો નિપતિતમયથાપૂર્વમાતુરમ્ ।
અધોવદનમબ્વિન્દૂન્મુઞ્ચન્તં નયનાબ્જયોઃ ॥ ૨૩ ॥
વિલોક્યોદ્વિગ્નહૃદયો વિચ્છાયમનુજં નૃપઃ ।
પૃચ્છતિ સ્મ સુહૃન્મધ્યે સંસ્મરન્નારદેરિતમ્ ॥ ૨૪ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—**ब्रह्मन्**-હે શૌનક, **दृष्ट्**-**अरिष्टेन**-અપશુકનોને જોનારા, **चेतसा**-ચિત્તથી, **इति**-આ પ્રમાણે, **चिन्तयतः**-ચિન્તા કરતા, **तस्य राज्ञः**-તે રાજા યુધિષ્ઠિરના, **कपिध्वजः**-કપિધ્વજ રથવાળા અર્જુન, **यदुपुर्याः**-દ્વારિકામાંથી, **प्रत्यागमत्**-પાછા આવી પહોંચ્યા. ૨૨; **पादयोः**-ચરણોમાં, **निपतितम्**-પડેલા, **अयथा-पूर्वम्**-પહેલાં કરતાં જૂદાજ જણાતા, **आतुरम्**-દુઃખી, **अधोवदनम्**-નીચા મુખવાળા, **नयन-अब्जयोः**-નેત્ર કમળોમાંથી, **अप्-बिन्दून्**-અશ્રુઓના બિંદુઓને, **मुञ्चन्तम्**-છોડતા-સારતા, ૨૩. **विच्छाय-म्**-નિસ્તેજ જણાતા, **अनुजम्**-નાના ભાઈ અર્જુનને, **विलोक्य**-જોઈને, **उद्विग्न-हृदयः**-ખિન્ન હૃદયવાળા, **नृपः**-યુધિષ્ઠિર, **नारद ईरितम्**-નારદના કથનને, **संस्मरन्**-સ્મરણ કરતા, **सुहृन्मध्ये**-સંબંધીઓની મધ્યમાં, **पृच्छति स्म**-પૂછવા લાગ્યા. ૨૪.

અનુવાદ—**સૂત મુનિએ કહ્યું**-હે મહર્ષિ શૌનક ! જ્ઞાન પૂર્વક અનેક પ્રકારના અપશુકનોના અવલોકનથી રાજા યુધિષ્ઠિરજી આ પ્રમાણે ચિંતા કરી રહેલા હતા, ત્યાં તો યદુપુરી દ્વારકામાંથી અર્જુનજી પાછા આવી પહોંચ્યા. તે રોજની રીત કરતાં જૂદા પ્રકારે પગમાં પડેલા છે. આતુર થયેલા, નીચા મુખવાળા અને નેત્રોમાં અશ્રુઓને સારી રહેલા, તેજ વગરના એવા નાનાભાઈ અર્જુનને જોઈને ઉદ્વિગ્ન હૃદયથી રાજા યુધિષ્ઠિર, સ્વજનોને સાંભળતાં, નારદજીના વચનને યાદ કરતા, પૂછવા લાગ્યા. ૨૨; ૨૩; ૨૪.

તત્ત્વસુધા—**चेतसाम्**-ચિત્તની વિશુદ્ધ અવસ્થા, આત્મ દર્શન અને ભાવિ દર્શન માટે અધિકારિણી બને છે. યુધિષ્ઠિરજીને ભાવિ દર્શન થયું તે વિશુદ્ધ ચિત્તનું ફળ છે. હવે શંકાશીલ ધર્મરાજ ચિંતામય બન્યા છે. તે સમયે જ કપિધ્વજ અર્જુનજી આવે છે. વેગીલો રથ હોવાથી 'કપિધ્વજ' કહ્યા છે. ભગવાનથી વિરહિત બનેલા અર્જુનજી દુનિયાથી અકળાયા, એકાએક તીવ્ર વેગે હસ્તિનાપુરમાં આવ્યા અને મોટા ભાઈના ચરણમાં પડી ગયા. જ્યારે ઘણીવાર બહાર દેશથી આવતા ત્યારે પ્રસન્ન મુખાકૃતિથી અને આદરમય રીતે ચરણ પ્રણામ કરતા. તે સ્વાસ્થ્ય અને વિવેક આજે નથી રહ્યાં. અર્જુન અશ્રુઓ ખાળી શકતા નથી. નિસ્તેજ મુખ કાન્તિ છે. આ પરિસ્થિતિના કારણના નિર્ણય ઉપર યુધિષ્ઠિરજી આવી શકતા નથી. એટલે અનેક કારણોને કલ્પીને પૂછી રહ્યા છે. વડીલનો ધર્મ છે કે તેજશૂન્ય બનેલા સંતાનોની તપાસ રાખવી અને તે કારણોને જાણી દૂર કરવાનો પ્રયત્ન કરવો. ૨૨; ૨૩; ૨૪.

युधिष्ठिर उवाच—**कच्चिदानर्तपुर्यां नः स्वजनाः सुखमासते ।**
मधुभोजदशार्हार्हाः सात्वतान्धकवृष्णयः ॥ २५ ॥
शूरो मातामहः कच्चित्स्वस्त्यास्ते वाऽथ मारिषः ।
मातुलः सानुजः कच्चित्कुशल्यानकदुन्दुभिः ॥ २६ ॥

અન્વયાર્થ—**आनर्तपुर्याम्**-દ્વારિકા નગરમાં, **नः**-અમારા, **स्वजनाः**-કુટુંબ સ્વજનો, **मधु-भोज-दशार्ह-अर्हाः**-મધુવંશ-ભોજવંશ- દશાર્હ, અર્હ, **सात्वत-अन्धक-वृष्णयः**-સાત્વત, અંધક તથા વૃષ્ણિ વંશના સ્વજનો, **सुखम्**-સુખ પૂર્વક, **आसते कच्चित्**-શું સર્વ કુશળ છે ને ? ૨૫; **अथ-वा**-વળી, **मारिषः**-પૂજ્ય એવા, **मातामहः**-દાદા, **शूर**-શૂરસેન, **स्वस्ति**-કુશળ, **आस्ते कच्चित्**-રહેલા છે ને ! **मातुलः**-મામા, **आनकदुन्दुभिः**-વસુદેવ, **सानुजः**-ભાઈઓ સાથે, **कुशली**-કુશળ, **कच्चित्**-છે ને ? ૨૬.

અનુવાદ—દ્વારિકા નગરીમાં વસતા મધુ, ભોજ, દશાર્હ, અર્હ, સાત્વત, અન્ધક તથા વૃષ્ણિ વંશના આપણા સ્વજનો સુખપૂર્વક આનંદમાં તો છે ને ! તેમજ આપણા પૂજ્ય અને વડીલ દાદા શૂરસેન તેમજ આનકદુંદુભિ, શ્રીવસુદેવ મામા પોતાના ભાઈઓ સાથે કુશળ છે ને ! ૨૫; ૨૬.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્ત્વસુધા—પ્રથમ પ્રશ્નમાં દ્વારિકા નગરમાં વસતા ૭ પ્રકારોના યાદવોનું કુશળ પૂછ્યું છે. દ્વારિકાને આનર્તપુરી કહી છે એ નગરી દ્વારિકા જનો માટે પ્રભુએ ખાસ વસાવી છે. દ્વારિકાજનો પ્રભુના મમતાસ્પદ છે. તેમનું કુશળ પ્રથમ જાણવું રહ્યું એટલે ૭ પ્રકારના યાદવોનું કુશળ પૂછ્યું.

માતામહ અત્યંત વૃદ્ધ છે. તેમના કુશળની પ્રથમ શંકા થાય તેથી તેમને માટે પૂછ્યું. અથવા, અવ્યયથી એમ સૂચવે છે કે માતામહ તો વૃદ્ધ છે એટલે એમની ચિંતા તને ન સતાવે; પરંતુ મામા શ્રી વસુદેવજી, એમના નાના ભાઇઓ સાથે કુશળ છે ને! તેમના જન્મ સમયે આકાશમાં દુંદુભિ વાગેલાં, તેથી આનકદુંદુભિ નામ પડેલું છે. તેઓ તો પ્રતાપશાળી પુણ્યવાન પુરુષ છે. મારિષ શબ્દ માન્યાર્થ વાચક છે. કેટલાક ટીકાકારો સંબોધન તરીકે 'મારિષ' શબ્દને લે છે ૨૫; ૨૬.

सप्त स्वसारस्तत्पत्न्यो मातुलान्यः सहात्मजाः ।
आसते सस्नुषाः क्षेमं देवकी प्रमुखाश्च ताः ॥ २७ ॥
कच्चिद्राजाऽऽहुको जीवत्यसत्पुत्रोऽस्य चाऽनुजः ।
हृदीकः ससुतोऽक्रूरो जयन्तगदसारणाः ॥ २८ ॥

અન્વયાર્થ—**દેવકી પ્રમુખાઃ**-દેવકી જેમાં મુખ્ય છે એવી, **સપ્ત**-સાતે, **સ્વસારઃ**-બહેનો, **તત્પત્નયઃ**-તેમની પત્નીઓ, **માતુલાન્યઃ**-જે આપણી મામીઓ છે તે, **સહાત્મજાઃ**-પુત્રો સાથે, **ચ**-અને, **સસ્નુષાઃ**-પુત્રવધૂઓ સાથે, **તાઃ**-તે બધી, **ક્ષેમમ્**-ક્ષેમકુશળ, **આસતે**-રહે છે ને? ૨૭; **અસત્પુત્રઃ**-દુષ્ટ પુત્રવાળા, **આહુકઃ**-ઉગ્રસેન, **રાજા**-રાજા, **જીવતિ કચ્ચિત્**-શું જીવે છે ને! **ચ**-અને, **અસ્ય**-આ ઉગ્રસેન રાજાનો, **અનુજઃ**-નાનો ભાઇ, **હૃદીકઃ**-હૃદીક, **સસુતઃ**-પુત્રો સાથે, **અક્રૂર**-અક્રૂર, **જયન્ત-ગદ-સારણાઃ**-જયન્ત, ગદ તથા સારણ વગેરે બધા કુશળ તો છે ને! ૨૮.

અનુવાદ—પરસ્પર બહેનો થતી વસુદેવની દેવકી વગેરે સાત પત્નીઓ, કે જે આપણી મામીઓ થાય, તેઓ બધી પોતાના પુત્રો તેમજ પુત્ર વધૂઓ સાથે ક્ષેમકુશળ તો છે ને! કંસ જેવો જેને દુષ્ટ પુત્ર છે એવો રાજા ઉગ્રસેન શું જીવે છે ને! એમના નાના ભાઇ દેવક, કૃતવર્મા નામના પુત્ર સાથે, હૃદીક અને અક્રૂર તથા જયન્ત, ગદ, સારણ વગેરે કૃષ્ણના ભાઇઓ કુશળ તો છે ને! ૨૭; ૨૮.

તત્ત્વસુધા—મામાનું કુશળ પૂછી મામીઓનું મંગલ પૂછે છે કે દેવકીજી વગેરે સાત બહેનો છે, જેઓ આપણી મામીઓ થાય, તેમના શા સમાચાર છે? સ્નુષા નો અર્થ પુત્રી, પુત્રવધૂ અને નાની બહેન પણ થાય છે. આહુકઃ-ઉગ્રસેનના પિતાનું નામ છે. તે હાલમાં નથી જીવતા; પરંતુ તેમના નામથી ઉગ્રસેનને સમજવાના છે. ભગવાને કંસ વધ કરી તેમને રાજપદે સ્થાપ્યા છે, માટે રાજા શબ્દથી મંગલ પ્રશ્ન કર્યો છે. અસત્પુત્રઃ-કંસ તેમને ખલપુત્ર હતો, તેથી ખૂબ દુઃખી હતા. પ્રભુએ તેમને સુખી કર્યા હતા તેથી મમત્વપૂર્વક કુશળ પૂછે છે. હૃદીક અને અન્ય યાદવો પુત્રો સાથે કુશળ તો છે ને!

आसते कुशलं कच्चिद्ये च [1]शत्रुजिदादयः ।
कच्चिदास्ते सुखं रामो भगवान् सात्वतां प्रभुः ॥ २९ ॥
प्रद्युम्नः सर्ववृष्णीनां सुखमास्ते महारथः ।
गम्भीररयोऽनिरुद्धो वर्धते भगवानुत ॥ ३० ॥

१ પા. પા.-શક્ર જિદાદયઃ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સુષેણશ્ચારુદેષ્ણશ્ચ સામ્બો જામ્બવતીસુતઃ ।
અન્યે ચ કાર્ષ્ણિપ્રવરાઃ સપુત્રા ઋષભાદયઃ ॥ ૩૧ ॥
તથૈવાઽનુચરાઃ શૌરેઃ શ્રુતદેવોદ્ધવાદયઃ ।
સુનન્દનન્દશીર્ષણ્યા યે ચાઽન્યે સાત્વતર્ષભાઃ ॥ ૩૨ ॥
અપિ સ્વસ્ત્યાસતે સર્વે રામકૃષ્ણ ભુજાશ્રયાઃ ।
અપિ સ્મરન્તિ કુશલમસ્માકં બદ્ધસૌહૃદાઃ ॥ ૩૩ ॥

અન્વયાર્થ—**ચ**-અને, **યે**-જેઓ, **શત્રુજિદ્-આદયઃ**-શત્રુજીત વગેરે, **કુશલમ્**-કુશળ, **આસતે**-**કચ્ચિત્**-રહેલા છે ને! **સાત્વતામ્**-યાદવોના, **પ્રભુઃ**-સ્વામી, **ભગવાન્**-ભગવાન, **રામઃ**-બલરામ, **સુખમ્**-સુખપૂર્વક, **આસતે કચ્ચિત્**-રહેલા છે ને! ૨૯; **સર્વવૃષ્ણીનામ્**-સર્વ યાદવોના, **મહારથઃ**-મહારથી, **પ્રદ્યુમ્નઃ**-પ્રદ્યુમ્ન, **સુખમ્**-સુખપૂર્વક, **આસ્તે**-છે ને! **ઉત**-અને વળી, **ગમ્ભીર-રયઃ**-મોટા વેગવાળા, **ભગવાન્ અનિરુદ્ધઃ**-ભગવાન અનિરૂદ્ધ, **વર્ધતે**-આનંદમાં છે ને? ૩૦.

સુષેણઃ-સુષેણ, **ચારુદેષ્ણઃ**-ચારૂદેષ્ણ, **ચ**-અને, **જામ્બવતી સુતઃ**-જામ્બવતીના પુત્ર, **સામ્બઃ**-સામ્બ, **ચ**-અને, **અન્યે**-બીજા, **ઋષભાદયઃ**-ઋષભ વગેરે, **કાર્ષ્ણિપ્રવરાઃ**-શ્રીકૃષ્ણના શ્રેષ્ઠ પુત્રો, **સપુત્રાઃ**-પુત્રો સાથે, **તથા એવ**-તેજ રીતે, **શૌરેઃ**-શ્રીકૃષ્ણના, **અનુચરાઃ**-સેવકો, **શ્રુતદેવ-ઉદ્ધવાદયઃ**-શ્રુતદેવ, ઉદ્ધવજી વગેરે, **ચ**-અને, **યે**-જેઓ, **અન્યે**-બીજા, **સાત્વત-ઋષભાઃ**-યાદવોમાં શ્રેષ્ઠ **સુનન્દ-નન્દ-શીર્ષણ્યાઃ**-સુનન્દ-નન્દ, શીર્ષણ્ય વગેરે **રામકૃષ્ણ-ભુજ-આશ્રયાઃ**-બલભદ્ર અને શ્રીકૃષ્ણના બાહુબલના આશ્રયે રહેલા, **સર્વે**-તેઓ બધા, **સ્વસ્તિ**-કુશળ, **આસતે-અપિ**-રહેલા છે ને! **બદ્ધ-સૌહૃદાઃ**-સૌહાર્દ ભાવથી બંધાયેલા તે સર્વ, **અસ્માકમ્**-અમારા, **કુશલમ્**-કુશળને, **અપિ સ્મરન્તિ**-શું યાદ કરે છે ખરા? ૩૧; ૩૨; ૩૩.

અનુવાદ—અને વળી શત્રુજીત વગેરે બીજા બધા કુશળ છે ને? યાદવ શ્રેષ્ઠ ભગવાન બલભદ્ર સુખી તો છે ને? સર્વ યાદવોમાં મહારથી પ્રદ્યુમ્ન સુખી છે ને? વળી મહાન વેગીલા ભગવાન અનિરૂદ્ધ આનંદિત તો છે ને? ૨૯, ૩૦.

સુષેણ, ચારૂદેષ્ણ અને જામ્બવતીના પુત્ર સામ્બ અને બીજા પણ શ્રીકૃષ્ણના ઋષભ વગેરે શ્રેષ્ઠ પુત્રો, પોતાના પુત્રો સાથે કુશળ છે ને? તેમજ શ્રુતદેવ, ઉદ્ધવજી વગેરે શ્રીકૃષ્ણના અનન્ય સેવકો તથા યાદવોમાં શ્રેષ્ઠ બીજાઓ સુનન્દ, નન્દ, શીર્ષણ્ય વગેરે, તેમજ શ્રીબલરામ તથા શ્રીકૃષ્ણના બાહુબળના આશ્રયે રહેલાઓ સર્વ કુશળ તો છે ને? આપણી સાથે સૌહાર્દ ભાવથી બંધાયેલા આપણા કુશળને કદી પૂછે છે ખરા? ૩૧; ૩૨; ૩૩.

તત્ત્વસુધા—શત્રુજિત્ અને શક્રજિત્ એવા બે પાઠ મળે છે. ભગવાન બલભદ્ર અને ભગવાન અનિરૂદ્ધ કુશળ છે? બન્નેને ભગવાનનું વિશેષણ આપીને વિશિષ્ટતા દર્શાવી છે. પ્રદ્યુમ્નને 'મહારથ' કહી બળવાન ગણાવ્યા છે. જામ્બવતીએ આરાધના કરી પુત્ર મેળવ્યો છે. તેના સ્મરણમાં સર્વત્ર સામ્બ જામ્બવતી સુત તરીકે જ ઓળખાયા છે. શ્રુતદેવ, ઉદ્ધવ એ ભગવાનના અનુચરો છે. નંદ, સુનંદ એ ભગવાનના પાર્ષદો છે. અનુચર અને અંગરક્ષકનું પણ કુશળ પૂછનાર રાજા યુધિષ્ઠિરનો સેવક વત્સલતા ગુણ દર્શાવ્યો છે, જે રાજામાં દુર્લભ હોય છે. કોઈક આદર્શ રાજામાં જ મળે. આપણાં એ સર્વ સ્વજનો છે. આપણને ક્વચિત્ યાદ કરે છે? કોઇ સમાચાર આપે કે તમારો પ્રિયજન તમને યાદ કરતો હતો, ત્યારે ખૂબજ આનંદ આવે છે. ૨૯; ૩૦; ૩૧; ૩૨; ૩૩.

ભગવાનપિ ગોવિન્દો બ્રહ્મણ્યો ભક્તવત્સલઃ ।
કચ્ચિત્ પુરે સુધર્માયાં સુખમાસ્તે સુહૃદ્વૃતઃ ॥ ૩૪ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મંગલાય ચ લોકાનાં ક્ષેમાય ચ ભવાય ચ ।
આસ્તે યદુકુલામ્ભોધાવાદ્યોઽનન્તસખઃ પુમાન્ ॥ ૩૫ ॥
યદ્બાહુદણ્ડગુપ્તાયાં સ્વપુર્યાં યદવોઽર્ચિતાઃ ।
ક્રીડન્તિ પરમાનન્દં મહાપૌરુષિકા ઇવ ॥ ૩૬ ॥

અન્વયાર્થ—**બ્રહ્મણ્યઃ**-બ્રાહ્મણોના ભક્ત, **ભક્તવત્સલઃ**-ભક્ત વત્સલ, **ભગવાન્**-ભગવાન, **ગોવિન્દઃ**-શ્રીકૃષ્ણ, **અપિ**-પણ, **સુહૃદ્**-વૃતઃ-મિત્રોની સાથે, **પુરે**-દ્વારિકામાં, **સુધર્માયામ્**-સુધર્મા નામની સભામાં, **કચ્ચિત્-સુખમ્-આસ્તે**-સુખ પૂર્વક શું રહેલા છે ને ? ૩૪; **આદ્યઃ**-સર્વના આદિ, **અનન્તસખઃ**-અનન્તના સખા, **પુમાન્**-પૂર્ણ પુરુષ, **લોકાનામ્**-લોકોના, **મંગલાય**-મંગલ માટે, **ચ**-અને, **ક્ષેમાય**-કલ્યાણ માટે, **ચ**-અને, **ભવાય**-ઉત્કર્ષ માટે, **યદુકુલ**-**અમ્ભોધૌ**-યાદવ કુલ મહાસાગરમાં, **આસ્તે**-રહેલા છે. ૩૫; **અર્ચિતાઃ**-પૂજાયેલા **યાદવઃ**-યાદવો, **યદ્-બાહુદણ્ડ-ગુપ્તાયામ્**-જેમના બાહુ દંડથી રક્ષાયેલી, **સ્વપુર્યામ્**-પોતાની દ્વારિકા નગરીમાં, **મહાપૌરુષિકાઃ ઇવ**-મહા પુરુષો-વિષ્ણુ પાર્ષદોની માફક, **પરમાનન્દમ્**-પરમ આનંદથી, **ક્રીડન્તિ**-વિહાર કરે છે. ૩૬.

અનુવાદ—સર્વ ઐશ્વર્ય સંપન્ન અને વિપ્રોના પરમ ભક્ત, ભક્ત વત્સલ ભગવાન શ્રીકૃષ્ણ પણ પોતાના મિત્ર વર્ગ સાથે દ્વારિકા નગરીમાં સુધર્મા સભામાં સુખપૂર્વક બિરાજે છે ને! કે જે શેષનારાયણ બલભદ્રના સખા, આદ્ય પૂર્ણ પુરુષ શ્રીકૃષ્ણ, લોકોના મંગલ માટે, કલ્યાણ માટે અને ઉત્કર્ષ માટે હાલમાં યાદવકુલ મહા સાગરમાં બિરાજે છે; જેમના બાહુ દંડના બળથી રક્ષણ કરાતી, પોતાની દ્વારિકા નગરીમાં પૂજન સત્કાર પામતા યાદવો જાણે મહાપુરૂષના સેવક-વિષ્ણુ પાર્ષદો-ની માફક પરમ આનંદને માણે છે. તે શ્રીકૃષ્ણ કુશળ છે ને! ૩૪; ૩૫; ૩૬.

તત્ત્વસુધા—ભગવાન, સંત, વિપ્રો તો સર્વથા કુશળ હોયજ. તેમના કુશળનો પ્રશ્ન જ ન સંભવે; પરંતુ ગોવિન્દ, બ્રહ્મણ્ય, અને ભક્ત વત્સલ એવાં ત્રણ વિશેષણોને આપીને અન્યનાં અનેકનાં કુશળ પ્રભુને લીધે છે, તેથી કુશળ અવશ્ય જાણવું જોઇએ. ગો એટલે સમસ્ત પૃથ્વીનું મંગલ પ્રભુને લીધે છે. પૃથ્વીનું મંગલ વળી બ્રાહ્મણોને લીધે છે. તેઓ તપથી અને જ્ઞાનથી વિશ્વની સંભાળ લે છે. ભગવાનના કુશળ ઉપર બ્રાહ્મણોનું કુશળ છે. બ્રાહ્મણોના કુશળ ઉપર પૃથ્વીનું મંગલ છે. પૃથ્વીનું મંગલ ભક્તોના સંગે છે ભગવાન ભક્ત વત્સલ છે. તેઓ ન બિરાજે તો ભક્ત મંગલ કેમ બને ? ક્ષીર સાગરમાં શેષની સાથે ભગવાન બિરાજે છે, તેથીજ યદુકુલ સાગરમાં પણ અનન્ત શેષ સાથે પ્રભુ પધાર્યા છે, એવું અનન્તસખઃ પદથી સૂચવ્યું ૩૪; ૩૫; ૩૬.

યત્પાદશુશ્રૂષણમુખ્યકર્મણા સત્યાદયો દ્વ્યષ્ટસહસ્રયોષિતઃ ।
નિર્જિત્ય સંખ્યે ત્રિદશાંસ્તદાશિષો હરન્તિ વજ્રાયુધવલ્લભોચિતાઃ ॥ ૩૭ ॥

અન્વયાર્થ—**સત્યાદયઃ**-સત્યભામા વગેરે, **દ્વિ-અષ્ટસહસ્ર-યોષિતઃ**-૨×૮=૧૬ હજાર સ્ત્રીઓ, **યત્પાદ-શુશ્રૂષણ-મુખ્ય-કર્મણા**-જે શ્રીકૃષ્ણની ચરણ સેવા રૂપી મુખ્ય કાર્યથી, **સંખ્યે**-યુદ્ધમાં, **ત્રિદશાન્**-દેવોને, **નિર્જિત્ય**-જીતીને, **વજ્ર-આયુધ-વલ્લભા-ઉચિતાઃ**-વજ્રના આયુધવાળા-ઇન્દ્રની પ્રિયતમાને યોગ્ય, **તદાશિષઃ**- ત્યાંના વૈભવોને, **હરન્તિ**-હરણ કરે છે-મેળવે છે. ૩૭.

અનુવાદ—સત્યભામા વગેરે સોળ હજાર સ્ત્રીઓ, જે શ્રીકૃષ્ણની ચરણ સેવાના એક મુખ્ય કાર્યથી યુદ્ધમાં દેવોને હરાવીને ભગવાને આણેલા, વજ્રના આયુધવાળા ઇન્દ્રરાજની ઇન્દ્રાણીને ભોગવવા યોગ્ય ઉપભોગોને ભોગવે છે. ૩૭.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્ત્વસુધા—હવે યુધિષ્ઠિર રાજા ભગવાનની પટ્ટરાણીઓનું મંગલ પૂછવાનું શરૂ કરે છે. અનેક ઐશ્વર્ય સમ્પન્ન શ્રીકૃષ્ણ છે, છતાં તેમને પત્નીઓ કેવલ ચરણ કમળની સેવાના જ મનોરથથી વર્યાં છે, સુખ વિલાસ માટે નથી વર્યાં. **સત્યાદયઃ**—એ સત્યભામાનો ઉલ્લેખ છે. સર્વ પટ્ટરાણીઓ સત્યભામાની પદ્ધતિ પ્રમાણે પ્રભુને સેવે છે. સત્યભામાને પ્રભુને રાજી રાખવાની તેમજ પ્રભુની પ્રકૃતિને અનુકૂળ થવાની આવડત હતી. ૩૭.

यद्बाहुदण्डाभ्युदयानुजीविनो यदुप्रवीरा ह्यकुतोभया मुहुः ।
अधिक्रमन्त्यङ्घ्रिभिराहृतां बलात्सभां सुधर्मां सुरसत्तमोचिताम् ॥ ३८ ॥

અન્વયાર્થ—**हि**-ખરેખર, **यद्**-**बाहुदण्ड**-**अभ्युदय**-**अनुजीविनः**-જે શ્રીકૃષ્ણના બાહુદંડના પરાક્રમને આધારે જીવન નિર્વાહ કરતા, **अकुतोभयाः**-કોઇના પણ ભય વિનાના, **यदुप्रवीराः**-શ્રેષ્ઠ યાદવો, **बलात्**-બળ જબરીથી, **आहृताम्**-હરી લાવવામાં આવેલી, **सुरसत्तम**-**उचिताम्**-શ્રેષ્ઠ દેવોને યોગ્ય, **सुधर्माम्**-સુધર્મા નામની, **सभाम्**-સભાને, **अङ्घ्रिभिः**-ચરણો વડે, **मुहुः**-વારંવાર, **अधिक्रमन्ति**-આક્રમણ કરે છે-પ્રવેશ કરે છે. ૩૮.

અનુવાદ—**જે ભગવાનના બાહુદંડના પરાક્રમના અભ્યુદયની પાછળ જીવન જીવનારા યાદવો, કોઇ પણ સ્થળે ભય વગરના થઇને, સ્વર્ગમાંથી લાવેલી અને ઇન્દ્રાદિક દેવોને ભોગવવા લાયક સુધર્મા સભાને મસ્તીથી પગવડે વારંવાર દબાવે છે; તે શ્રીકૃષ્ણ કુશળ છે ને !** ૩૮.

તત્ત્વસુધા—દ્વારિકાનું ઉજ્જ્વલ ગૌરવ દર્શાવતાં ધર્મરાજ કહે છે કે જે સુધર્મા સભામાં દેવતાઓ સ્નાન કર્યા બાદ દિવસમાં એકાદ વાર જ બેસે છે, તે સુધર્મા સભામાં યાદવોને ક્ષણે ક્ષણે યથેચ્છ રીતે પ્રવેશ મળે છે. વળી એક વિશેષ વાત છે કે દેવો તે સભામાં બેસતાં પગનો સ્પર્શ ન થાય તેવી રીતે બેસે છે; જ્યારે યાદવો **अंघ्रिभिः** ચરણો વડે વારંવાર **बलात्** મસ્ત થઇને **अधिक्रमन्ति** હક્ક પૂર્વક તે સભામાં ફરે છે. જે સભા **सुरसत्तम** એટલે સો અશ્વમેધ યજ્ઞ કરનાર ઇન્દ્રને મળે, તેને વગર યજ્ઞે યાદવો વાપરે છે. તે કેવળ શ્રીકૃષ્ણ ભગવાનના આશ્રયનું જ ફળ છે. ૩૮.

कच्चित्तेऽनामयं तात भ्रष्टतेजा विभासि मे ।
अलब्धमानोऽवज्ञातः किं वा तात चिरोषितः ॥ ३९ ॥

અન્વયાર્થ—**तात**-ભાઇ અર્જુન, **ते**-તારું, **कच्चित्-अनामयम्**-શું તારું આરોગ્ય તો છે ને ? **मे**-મને તું, **भ्रष्टतेजाः**-નિસ્તેજ, **विभासि**-જણાય છે, **तात**-હે ભાઇ, **चिरोषितः**-લાંબા વસવાટથી, તું **अलब्धमानः**-માન ન પામવાથી, **अवज्ञातः**-**किं वा**-અવહેલના તો નથી પામ્યો ને ? ૩૯.

અનુવાદ—**ભાઇ અર્જુન ! તારું આરોગ્ય તો ઠીક છે ને ? તું મને નિસ્તેજ લાગે છે. ભાઇ ! ઘણા સમય સુધી દ્વારિકામાં રહ્યો તેથી સન્માન ન પામતાં તિરસ્કારને પાત્ર તો થયો નથી ને ?** ૩૯.

તત્ત્વસુધા—તેને હાનિ જીવનની સર્વસ્વ હાનિ છે. તેજ એટલે મનુષ્યનું મનોબળ, જીવનબળ, અને મુખકાન્તિ. એનાં નાશ થવાનાં ૧૮ કારણોની કલ્પના કરીને યુધિષ્ઠિરજી અર્જુનજીને પૂછે છે. ૬ શ્લોકોમાં એ વિષયને વિચારી અધ્યાય પૂર્ણ કરે છે. તેજ નાશમાં હૃદયના ઉડાણમાં શોક, પાપાચાર અને આશાભંગ એ ત્રણ કારણો મુખ્ય હોય છે.

अनामयं तात—વાત્સલ્ય ભક્તિમાં આવી પ્રથમ પ્રશ્ન પૂછ્યો, "આરોગ્ય તો છે ને ?" રોગથી તેજ નાશ થાય છે. **अलब्धमानः**—યોગ્યતા છતાં આદર ન મળે તો પણ તેજ નાશ થાય છે. **अवज्ञातः**—તિરસ્કારથી પણ તેજ નાશ પામે. એક સ્થળે અતિથિ તરીકે અધિક નિવાસ કરવાથી પણ અનાદર થાય છે. તેમાં સસરાને ત્યાં થતો અનાદર અસહ્ય હોય છે. આ શ્લોકમાં તન મનના તાપને લગતા ત્રણ પ્રશ્નો પૂછ્યા છે. ૩૯.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કચ્ચિન્નાઽભિહતોઽભાવૈઃ શબ્દાદિભિરમઙ્ગલૈઃ ।
ન દત્તમુક્તમર્થિભ્ય આશયા યત્પ્રતિશ્રુતમ્ ॥ ૪૦ ॥

અન્વયાર્થ—અભાવૈઃ-ભાવ વગરના, અમઙ્ગલૈઃ-અમંગલ એવા, શબ્દ-આદિભિઃ-શબ્દ વ્યવહારોથી, અભિહતઃ-ધવાયેલ, ન કચ્ચિત્-થયો નથી ને ? આશયા-આશાથી આવેલા, અર્થિભ્યઃ-યાચકોને, યત્ પ્રતિશ્રુતમ્-જે વચન, ઉક્તમ્-આપેલું, ન દત્તમ્-આપ્યું નથી શું ? ૪૦.

અનુવાદ—સ્નેહ ભાવ વગરના અમંગળ શબ્દોથી ધવાયો તો નથી ને ? અથવા તો આશાથી આવેલા અભ્યાગતોને "હું આપીશ" આમ વચન આપીને નિરાશ તો નથી કર્યા ને ? ૪૦.

તત્ત્વસુધા—ઇન્દ્રિયના દોષનું નિરૂપણ આ શ્લોકમાં કરે છે. અભાવૈઃ સ્નેહીજન કે સ્વજનનાં સ્નેહ શૂન્ય, કઠોર વચન શ્રવણે પણ મુખકાંતિ ક્ષીણ થાય છે. અમંગલૈઃ ખલના અમંગલ શબ્દોના શ્રવણે પણ ગ્લાનિ થઈ મુખ તેજોનાશ થાય છે. અર્થિભ્યઃ યાચકોને યાચિત ન આપવાથી પુણ્ય ક્ષય થાય છે. તેથી પણ તેજનો નાશ થાય છે. આશયા-આશા આપી, ન આપતાં પણ પુણ્ય ક્ષય થાય છે. ૪૦.

કચ્ચિત્ત્વં બ્રાહ્મણં બાલં ગાં વૃદ્ધં રોગિણં સ્ત્રિયમ્ ।
શરણોપસૃતં સત્ત્વં નાઽત્યાક્ષીઃ શરણપ્રદઃ ॥ ૪૧ ॥

અન્વયાર્થ—શરણપ્રદઃ-શરણાગતને આશ્રય આપનાર, ત્વમ્-તેં, બ્રાહ્મણમ્-બ્રાહ્મણને, બાલમ્-બાળકને, ગામ્-ગાયને, વૃદ્ધમ્-વૃદ્ધને, રોગિણમ્-રોગીને, સ્ત્રિયમ્-સ્ત્રીને, શરણોપસૃતમ્-શરણે આવેલા, સત્ત્વમ્-પ્રાણીને, ન અત્યાક્ષીઃ કચ્ચિત્-ત્યાગ કર્યો નથી ને ? ૪૧.

અનુવાદ—શરણાગતને આશ્રય આપનાર ભાઇ, તેં બ્રાહ્મણ, બાળક, ગાય, વૃદ્ધ, રોગી, સ્ત્રી અને શરણે આવેલા કોઇ પ્રાણીનો ત્યાગ તો કર્યો નથી ને ? ૪૧.

તત્ત્વસુધા—ધર્મનું ઉલ્લંઘન કરવાથી પણ કાન્તિ નાશ પામે છે. બ્રાહ્મણનું અપમાન કરવાથી સુકૃત નાશ પામે છે. બ્રાહ્મણ, બાળક, ગાય, વૃદ્ધ, રોગી અને સ્ત્રીનું પાલન ન કરનાર તેજ શૂન્ય બને છે. બ્રાહ્મણ વેદનું, બાળક વિશ્વાસનું, ગાય પરોપકારનું, વૃદ્ધ પુણ્યનું, રોગી આર્તનું, સ્ત્રી ધર્મનું પ્રતીક છે. એ સર્વનો અનાદર સર્વ પુણ્યોનો નાશ કરે છે. શરણાગત શત્રુ હોય તો પણ ત્યાગ ન કરાય. ૪૧.

કચ્ચિત્ત્વં નાઽગમોઽગમ્યાં ગમ્યાં વાઽસત્કૃતાં સ્ત્રિયમ્ ।
પરાજિતો વાઽથ ભવાન્ નોત્તમૈર્નાસમૈઃ પથિ ॥ ૪૨ ॥

અન્વયાર્થ—ત્વમ્-તું, અગમ્યામ્-ગમન કરવા અયોગ્ય, સ્ત્રિયમ્-સ્ત્રી પ્રત્યે, અગમઃ ન કચ્ચિત્-ગમન તો નથી કર્યું ને ? વા-અથવા, ગમ્યામ્-ગમન યોગ્ય, અસત્કૃતામ્ અનાદર કરાયેલીને, ન અગમઃ કચ્ચિત્-ત્યાગ નથી કર્યો ને ! અથવા-અથવા તો, પથિ-માર્ગમાં, નોત્તમૈઃ-સામાન્ય જનોથી, નાસમૈઃ-અસમાન જનોથી, ભવાન્-તું, પરાજિતઃ-પરાજય પામ્યો છે ? ૪૨

અનુવાદ—તું કોઇ ન જવા યોગ્ય સ્ત્રી તરફ ગમન કરનારો તો થયો નથી ને ? અથવા ગમન કરવા યોગ્ય સ્ત્રીને અપમાનિત કરીને ત્યાગ તો નથી કર્યો ને ! અથવા માર્ગમાં (આવતાં) તારા સરખે સરખાઓએ અથવા તો તારા કરતાં હલકી કોટીના માણસોએ તારો પરાજય તો કર્યો નથી ને ! ૪૨.

તત્ત્વસુધા—અગમ્યામ્ પર સ્ત્રી અને પર પુરુષનો પાપમય સમ્પર્ક જ્ઞાન, તપ અને પુણ્યનો અર્ક-સૂર્ય હોય તો પણ તેને નિસ્તેજ કરે છે. ગમ્યાં વા સ્વદારાનો કામવશ કે અન્ય સ્વાર્થવશ જો ત્યાગ કરે તો મુખ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સમ્પત્તિનો ક્ષય થાય છે. પરાજિતઃ શત્રુઓ પરાજય કરે તો પણ તેઓનો વધ થાય છે. સમાન, અસમાન અને સામાન્યથી પરાજય તે પણ તેઓનો ભંગ કરે છે. ૪૨.

अपिस्वित्पर्यभुङ्क्थास्त्वं संभोज्यान्वृद्धबालकान् ।
जुगुप्सितं कर्म किञ्चित्कृतवांश्च यदक्षमम् ॥ ४३ ॥

અન્વયાર્થ— त्वम्-તેં, संभोज्यान्-ભોજન કરાવવા યોગ્ય, वृद्ध-बालकान्-વૃદ્ધો તેમજ બાળકોને મૂકીને, पर्यभुङ्क्थाः अपिस्वित्-શું ભોજન કરી લીધું છે ? च-અને, यत्-જે, अक्षमम्-અનુચિત, जुगुप्सितम्-નિંદવા યોગ્ય, किंचित्-કંઈ પણ, कर्म-કર્મ, कृतवान्-કર્યું છે શું ? ૪૩.

અનુવાદ—પ્રથમ ભોજન કરાવવા યોગ્ય વૃદ્ધોને તેમજ બાળકોને મૂકીને ભોજન તો કરી લીધું નથી ને ? તેમજ જે નિંદવા યોગ્ય એવું કંઈ અનુચિત કામ તો તેં કર્યું નથી ને ! ૪૩.

તત્ત્વસુધા—વૃદ્ધ કે બાળકને મૂકીને જે ભોજન કરે છે તેનાં પણ સુકૃતો ક્ષીણ થાય છે. આ સ્થાને सम्भोज्यावृद्धबालकान् એવો પણ પાઠ છે. जुगुप्सितम् નિન્દિત કામ કરવાથી નિસ્તેજ બનાય છે. ૪૩.

कच्चित् प्रेष्ठतमेनाऽथ हृदयेनात्मबंधुना ।
शून्योऽसि रहितोऽनित्यं मन्यसे तेऽन्यथा न रुक् ॥ ४४ ॥

અન્વયાર્થ—अथ-कच्चित्-અથવા શું ? प्रेष्ठतमेन-પ્રિયતમ એવા, हृदयेन-હૃદયરૂપ, आत्मबन्धुना-પોતાના બંધુ-શ્રીકૃષ્ણથી, रहितः-વિરહિત બનેલો, शून्यः-શૂન્ય, असि-છો ? अनित्यम्-અનિત્ય, मन्यसे-માને છે ! अन्यथा-આ સિવાય, ते-તને, न रुक्-પીડા હોઈ શકે નહિ. ૪૪.

અનુવાદ—અથવા શું અતિપ્રિય, આત્મબંધુ એવા અન્તર્યામી શ્રીકૃષ્ણથી રહિત થયો છે, અને તેથીજ શું હૃદયથી આત્માને શૂન્ય માને છે ? તેથી શું આ જગતને અનિત્ય માને છે ? એ સિવાય તારા જેવાને કોઈ બીજી પીડા હોઈ શકે નહિ. ૪૪.

શ્રીમદ્ ભાગવતના પ્રથમ સ્કંધની તત્ત્વસુધા ટીકાનો
ચૌદમો અધ્યાય સંપૂર્ણ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અધ્યાય પંદરમો.

ઉપકાર સ્મૃતિ ગંગા.

પ્રેમ, ઉપકાર અને જ્ઞાનની ત્રિવેણી સંગમ તીર્થરાજનો પુણ્ય અધ્યાય પંદરમો શરૂ થાય છે. ચૌદમા અધ્યાયમાં યુધિષ્ઠિરજીએ અર્જુનજીની ઉદાસીનતા માટે અનેક કલ્પનાઓ કરી; અન્તે એક નિશ્ચયાત્મક કલ્પના ઉપર આવ્યા. ભાઇ અર્જુનને માટે દર્શાવેલાં કોઇ પણ શોકનાં કારણો ન સંભવે. વિવેકી છે એટલે અનાદર ન પામે, પોતે અનુચિત ન કરે, પાપના વિચાર પણ તેનામાં ન સંભવે, તો પછી પાપાચાર તો કરેજ કેમ ! કેવલ શ્રીકૃષ્ણના વિયોગ વિનાનો બીજો કોઈ પણ હેતુ શોકનો ન હોય. અર્જુનજી આખરના પ્રશ્નથી વધુ શિથિલ હૃદય થયા. સ્વજનને જોતાં સુખદુઃખના સાગરોમાં ભરતી આવે છે; દુઃખોમાં દુઃખના અને સુખમાં સુખના સાગર ઉભરાય છે. અર્જુનજી પ્રભુના ઉપકારોને યાદ કરે છે.

ઉત્કૃષ્ટ સંબંધો પ્રેમ, ઉપકાર, સ્મરણ અને સ્વરૂપ જ્ઞાનમાં પરિણમે છે, ત્યારે લાગે છે કે જે બ્રહ્મચિંતકની ભૂમિકાનો લાભ છે, તે કેવલ દિવ્ય સંયોગોથી સુખદ રીતે સરે છે. તેવા સંયોગો પણ પાવન કરે છે તેમજ વિયોગો પણ પાવન કરે છે. ભગવાન શ્રીકૃષ્ણના સંયોગ અને વિયોગ કેવલ અર્જુન-પાંડવોને નહિ, પરંતુ વિશ્વને પાવન કરી ગયા. સંયોગે શ્રીમદ્ ભગવદ્ ગીતા આપી; વિયોગે પંદરમા અધ્યાયની ઉપકાર સ્મૃતિ ગંગા આપી. શ્લોક સંખ્યા ૫૧ છે.

આ પંદરમો અધ્યાય ત્રણ પૂર્વજોની મુક્તિને ચર્ચતા ૧૩, ૧૪, ૧૫ અધ્યાયો પૈકીમાંનો ત્રીજો અધ્યાય છે. આ અધ્યાયે મુક્તિ પ્રકરણ પૂર્ણ થાય છે. મુક્તિ એટલે પોતાના વિશુદ્ધ અને આનંદમય સ્વરૂપની પ્રાપ્તિ. અધ્યાયના આરંભમાં જ પ્રથમના બે શ્લોકોમાં સ્નેહની ઉત્કંઠા શી વસ્તુ છે તે સમજાવે છે.

सूत उवाच— एवं कृष्णसखः कृष्णो भ्रात्रा राज्ञा विकल्पितः ।
नानाशङ्कास्पदं रूपं कृष्णविश्लेषकर्शितः ॥ १ ॥
शोकेन शुष्यद्वदनहृत्सरोजो हतप्रभः ।
विभुं तमेवाऽनुध्यायन्नाशकनोत्प्रतिभाषितुम् ॥ २ ॥

અન્વયાર્થ— एवम्–આ પ્રમાણે, **नाना शंका-आस्पदम्**–અનેક પ્રકારની શંકાના કારણ, **रूपम्**–રૂપે, **भ्रात्रा**–મોટાભાઈએ, **राज्ञा**–રાજા યુધિષ્ઠિરે, **विकल्पितः**–જુદી જુદી રીતે તર્ક વિતર્ક કરાયેલા, **कृष्णविश्लेष-कर्शितः**–શ્રીકૃષ્ણના વિયોગથી સુકાયેલા, **शोकेन**–શોકથી, **शुष्यद्-वदन-हृत-सरोजः**–સુકાતાં મુખ અને હૃદયકમળ વાળા, **हत-प्रभः**–તેજ રહિત બનેલા, **कृष्णसखः कृष्णः**–શ્રીકૃષ્ણના સખા–અર્જુન, **तम् एव**–તેજ, **विभुम्**–પ્રભુ શ્રીકૃષ્ણને, **अनुध्यायन्**–ધ્યાન ધરતા, **प्रतिभाषितुम्**–કાંઇ પણ ઉત્તર આપવા માટે, **न अशक्नोत्**–શક્તિમાન ન થયા. ૧; ૨.

અનુવાદ—ઉપરોકત પ્રકારે મહારાજા યુધિષ્ઠિરથી ઉદાસીનતાની બાબતમાં અનેક પ્રકારની શંકાઓના સ્થાનરૂપ બનેલા, શ્રીકૃષ્ણના વિયોગથી સોસવાઇ ગયેલા અને શોકના કારણે સુકાયેલ મુખ અને કરમાયેલ હૃદય કમળ વાળા, તેમજ નિસ્તેજ કાંતિવાળા, કૃષ્ણ સખા અર્જુનજી, તે જ સમર્થ એવા શ્રીકૃષ્ણનું જ ધ્યાન કરતા હોવાથી કાંઇ પણ ઉત્તર ન વાળી શકયા. ૧, ૨.

તત્ત્વસુધા—આ બે શ્લોકો જાણે ૧૪ મા અધ્યાયના અંતના ન હોય તેમ લાગે છે. જો કે અધ્યાયોનું વર્ગીકરણ તો પ્રકરણ અને વિષયના ભેદને કારણે હોય છે; પરંતુ શ્રોતાની અને પાઠકર્તાની સવલતને માટે પણ છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અધ્યાયના આરંભમાં પ્રથમ શ્લોકમાં સૂતજી શૌનક મુનિને 'एवं कृष्णसखः कृष्णः' અર્જુનજીને શ્રી કૃષ્ણના સખા અને કૃષ્ણ એવી સંજ્ઞાથી ઓળખાવે છે. 'કૃષ્ણ સખ' પદથી નક્કી કરે છે કે કૃષ્ણના સખા છે, એટલે કૃષ્ણના જેવાજ ગુણો અને સામર્થ્ય ધરાવે છે. તેથી અનુચિત આચાર અગર અનાદર કે પરાજય એવી કોઇ ઘટના અર્જુનજીના જીવનમાં ન ઘટે. સમાનશીલ ના માં જ સખ્ય સંભવે છે; પરંતુ કૃષ્ણના વિયોગથી જ અસ્વસ્થ છે.

હવે कृष्णः એવી સંજ્ઞા અર્જુનને આપી સૂચવે છે કે હસ્તિનાપુરમાં આજે અર્જુનજીના રૂપમાં શ્રીકૃષ્ણ આવ્યા છે. કૃષ્ણ આકર્ષણ કરનારને કહેવાય છે. જેમ સૂર્યને કૃષ્ણ કહેવાય છે, કારણ કે તે પૃથ્વીના જળનું આકર્ષણ કરી વર્ષણ માટે, પ્રજાને હર્ષણ માટે મેઘમંડળની રચના કરે છે, તેમ પાંડવોને પૃથ્વીના રાજ્ય મોહ-માંથી અર્જુનરૂપી સૂર્યથી પ્રભુના વિયોગાગ્નિના સમાચાર આપી પાંડવોને રાજ્યમાંથી હિમાલય લઇ જવા કર્ષણ કરશે; અને ભગવદ્ ગીતા નામના વિવેક અમૃતનું વર્ષણ કરશે, તેમજ આત્મદર્શન કરાવી હર્ષણ કરશે. આ સર્વ કાર્ય જ્ઞાન સૂર્યનારાયણ શ્રીકૃષ્ણ, નર અર્જુનમાં બિરાજીને કરવાના છે, માટે અર્જુનની સંજ્ઞા કૃષ્ણ આપી. જો શ્રીકૃષ્ણ સંજ્ઞા આપે તો તે સંયોગ રસાત્મક બની જાય છે. કેવલ 'કૃષ્ણ' શબ્દ વિપ્રયોગ રસાત્મક છે.

વળી અર્જુનને શ્રીકૃષ્ણનો વિયોગ થયો તે જ ક્ષણે ગીતાજીનું સ્મરણ ભગવાને નથી થવા દીધું; પરંતુ હસ્તિનાપુરમાં આવ્યા પછી થયું છે. અન્યથા અર્જુનજી દ્વારિકામાંથી જ હિમાલય ચાલ્યા જાત અને બે કાર્યો રહી જાત. ઇન્દ્રપ્રસ્થમાં અર્જુનજી સાથે દારુક સારથિને પ્રભુની રાણીઓને લઇને જવાનું કહ્યું હતું તે એક કાર્ય ન થાત. તેમજ હસ્તિનાપુરમાંથી વિવેક જાગૃત કરી પાંડવોને હિમાલય લઇ જવાનું બીજું કાર્ય ન થાત. વળી "શ્રીકૃષ્ણ ભૂતલ ઉપર બિરાજે છે, માટે ત્યાં સુધી તમે રાહ જુઓ", એમ નારદજીએ યુધિષ્ઠિરજીને પ્રભુએ લીલા વિસ્તારી છે છતાં કહ્યું છે. તે સત્ય હતું કારણ કે નારદજી તો સર્વજ્ઞ છે. તે જાણે છે કે શ્રીકૃષ્ણ સંહાર લીલા કરી અર્જુનમાં બિરાજ્યા છે. તેમને હજી પાંડવોનો પણ મોક્ષ કરવો છે. તે વાત જણાવવા માટે અર્જુનને 'કૃષ્ણ' સંજ્ઞા આપી છે.

અર્જુન જો કૃષ્ણની સમાન યોગ્યતાવાળા હોય તો પરાજય ન થાય; પરંતુ તે તો અર્જુનજીનો ગર્વ ઉતારવા માટે પ્રભુએ કરેલી કરામત છે. ૧; ૨.

कृच्छ्रेण संस्तभ्य शुचः पाणिनाऽऽमृज्य नेत्रयोः ।
परोक्षेण समुन्नद्धप्रणयौत्कण्ठ्य कातरः ॥ ३ ॥
सख्यं मैत्रीं सौहृदञ्च सारथ्यादिषु संस्मरन् ।
नृपमग्रजमित्याह बाष्पगद्गदया गिरा ॥ ४ ॥

અન્વયાર્થ—**शुचः**-શોકને, **कृच्छ्रेण**-મહા પ્રયત્ને, **संस्तभ्य**-રોકી દઇને, **पाणिना**-હાથથી, **नेत्रयोः**-બને નેત્રોને, **आमृज्य**-લૂછીને-સાફ કરીને, **परोक्षेण**-ભગવાનની ગેરહાજરીથી, **समुन्नद्ध-प्रणय-औत्कण्ठ्य-कातरः**-વધેલા સ્નેહ અને ઉત્કંઠાથી વ્યાકુળ થયેલા અર્જુન, **सारथ्य-आदिषु**-સારથીના તેમજ વિષ્ટિ વગેરે કાર્યોમાં, **सख्यम्**-સખા ભાવને, **मैत्रीम्**-મિત્રતાને, **च**-અને, **सौहृदम्**-સુહૃદ ધર્મને, **संस्मरन्**-વારંવાર સ્મરતા, **बाष्प-गद्गदया**-આંસુઓને લીધે ગદ્ ગદ્ અક્ષરવાળી, **गिरा**-વાણીથી, **अग्रजम्**-મોટાભાઇ એવા, **नृपम्**-મહારાજ યુધિષ્ઠિરને, **इति**-આ પ્રમાણે, **आह**-કહેવા લાગ્યા. ૩; ૪.

અનુવાદ—ખૂબજ પ્રયત્ન કરી શોકને રોકી દઇને, હાથથી નેત્રોનાં આંસુઓને લૂછી નાખીને, ભગવાન શ્રીકૃષ્ણનું હૃદયમાં પરોક્ષ મિલન થવાથી પ્રેમ અને ઉત્કંઠાને લીધે અતિશય

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વ્યાકુળ થયેલા અર્જુન સારથિ-કર્મ, વિશિષ્ટ કર્મ વગેરે કાર્યો કરવામાં સખ્ય, મૈત્રિ અને સુહૃદ ધર્મને યાદ કરતા, આંસુઓથી ગદ્‌ગદ થયેલા કંઠ વડે, મોટાભાઈ-મહારાજ યુધિષ્ઠિરને આ પ્રમાણે કહેવા લાગ્યા. ૩; ૪.

તત્ત્વસુધા—મહાન પુરુષોનો સંગ કદી નિષ્ફળ નથી થતો એ સંગ મનુષ્યને શોક અને કુપંથ ગમનમાંથી બચાવે છે. **કૃચ્છ્રેણ શુચઃ સંસ્તભ્ય**-કોઈ પણ વસ્તુ કે વ્યક્તિના વિયોગમાં તેનાં સ્મરણ અને શોક થાય છે. અર્જુનજીને સખા, સુહૃદ, સ્વજન વગેરે ભાવોથી ભગવાનનો સંયોગ હતો. તેનો વિયોગ થવાથી દુઃખ થયું હતું; પરંતુ તે ભાવોને બદલીને મારા સ્વામી છે, સર્વત્ર છે, મારા હૃદયમાં છે, એવા કૃચ્છ્રેણ મહાપ્રયત્ન પૂર્વકના વિચારથી શોક દૂર કર્યો, જેથી પ્રત્યુત્તર આપવા માટે યોગ્ય બની શક્યા.

પાણિના આમૃજ્ય-જો શોક શાન્ત થાય તો અશ્રુ સ્વયં અટકી જાય છે અશ્રુઓ ખૂબજ અમૂલ્ય અને સમજૂ છે. એને જરા વિવેકથી કહે કે અટકી જાને! તો રોકાઈ જાય છે. અર્જુને હૃદયમાંથી ઉભરાતાં અશ્રુઓને વિવેકથી રોકયાં અને આંખમાં ભરાતાં ને **પાણિના** કરકમલથી લૂછ્યાં. પાણિ એ હસ્તનો વાચક શબ્દ છે. અશ્રુઓ કોમલ છે; તેને કઠોર હસ્તથી ન લૂછાય, એને તો કોમલ પાણિ-કરકમલથી લૂછાય. 'પાણિ' શબ્દ હસ્ત મેળાપ વખતે વપરાય છે. કન્યાનો કોમલ કરકમલ ગ્રહણ કરનાર કોમલતર હૃદયનો હોય છે. માટે હસ્ત મેળાપ માટે 'પાણિ ગ્રહણ' શબ્દ વપરાય છે.

પરોક્ષેણ-આજ સુધી પ્રભુ રૂપથી પ્રત્યક્ષ હતા, એટલે ઇન્દ્રિયગોચર હતા; પરંતુ હવે તો 'ગુણ સ્વરૂપે' હૃદયમાં બિરાજ્યા, જેથી પરોક્ષ થયા. તેના પરિણામે સ્નેહ અને ઉત્કંઠા વધ્યાં. વિયોગમાં ગુણોનું નિત્ય સ્મરણ થાય છે. પ્રભુના ત્રણ ગુણો સતત યાદ આવવા લાગ્યા. **સખ્યમ્**-સ્વભાવ સામ્ય હોય અને સુખ દુઃખમાં સમભાગી હોય તેને **સખ્ય** કહેવાય. મનની મુઝવણોને મૂકવાની, ઉકેલવાની, પૂછવાની, દોષોને ઢાંકવાની, ગુણોને પ્રકટ કરવાની, ગુપ્ત વાતોની થાપણ મૂકવાની ઉદ્‌હાપણભરી તિજોરીને 'મૈત્રી' કહેવાય. ૩; ૪.

अर्जुन उवाच-वञ्चितोऽहं महाराज हरिणा बन्धुरूपिणा ।
येन मेऽपहृतं तेजो देवविस्मापनम् महत् ॥ ५ ॥

અન્વયાર્થ—**મહારાજ**-હે મહારાજ, **બન્ધુરૂપિણા**-બન્ધુ રૂપે વર્તનારા, **હરિણા**-શ્રીકૃષ્ણથી, **વઞ્ચિતઃ** હું છેતરાયો છું. **યેન**-જે શ્રીકૃષ્ણે, **દેવ-વિસ્માપનમ્**-દેવોને ચકિત કરનારું, **મે**-મારું, **મહત્**-મોટું, **તેજઃ**-તેજ, **અપહૃતમ્**-હરણ કરી લીધું. ૫.

અનુવાદ—**અર્જુનજીએ કહ્યું, મહારાજ, બન્ધુની માફક વર્તનારા શ્રીહરિથી હું છેતરાયો છું, જે શ્રીકૃષ્ણના વિયોગે દેવોને પણ વિસ્મય પમાડે તેવા મારા મોટા તેજને હરી લીધું.** ૫.

તત્ત્વસુધા—**વઞ્ચિતઃ**-અર્જુનજી એકરાર કરે છે કે "શ્રીકૃષ્ણે મને છેતર્યો છે, મારું તેજ ભગવાને હરી લીધું છે." જો ભગવાન કોઈને ઠગતા હોય તો પણ તે તેના મંગલ માટે જ હોય છે. એવું દર્શાવવા માટે જ **હરિ** શબ્દ છે. જો અર્જુનનું તેજ ન હરી લેતે તો અર્જુન અભિમાનમાં આવી જઈ ઉદ્દંડ થતે; કારણ કે અર્જુનના બળ ઉપર કાબુ રાખનાર ભગવાને તો ભૂતલ ઉપરથી વિદાય લીધી હતી. તેથી ઉદ્દંડ થતા અર્જુન મુક્તિ ન પામત. માટે ભગવાને યોગ્ય જ કર્યું છે; કારણ કે ભગવાન **બન્ધુરૂપિણા** હિતકારી બંધુ સ્વરૂપે હતા.

અર્જુનજીનું તેજ ભગવાને હર્યું નથી; પરંતુ અર્જુનજીએ શ્રી હરિચરણે ધર્યું છે. યાદવસ્થળીના ભણકારા વાગતા હતા, ત્યારે ભગવાને કહેલું કે 'અર્જુન, યાદવોનો નાશ થયા પછીથી હું તૃષાથી આતુર તને જોવા મળીશ. તે સમયે તારે મને પાણી ના પાવું. જો તું જળ દેશે, તો તારું તેજ ક્ષીણ થશે." અર્જુનજીએ કહ્યું, "ભલે સાવધ રહીશ." આ સંવાદ આપી, ભગવાને અર્જુનને દ્વારિકામાં રાખી પ્રભાસમાં ગયા. પ્રભાસમાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

યાદવો લઢ્યા, નાશ પામ્યા, અને કેવળ ભગવાન બાકી છે, એવા સમાચાર મળતાં જ અર્જુન સ્નેહ વિહ્વલ બની દોડી ગયા. કૃષ્ણે અર્જુનને નિહાળી જળ માગ્યું. સમજદાર અર્જુને સ્નેહના મૂલ્યમાં જળ દીધું અને તેજ પ્રભુનું હતું તે પ્રભુ ચરણે સમર્પી દીધું. ૫.

यस्य क्षण वियोगेन लोको ह्यप्रियदर्शनः ।
उक्थेन रहितो ह्येष मृतकः प्रोच्यते यथा ॥ ६ ॥

અન્વયાર્થ—યથા-જેમ, યસ્ય-જે તેજના, ક્ષણ-વિયોગેન-હિ-એક ક્ષણના પણ વિયોગ માત્રથી, એષઃ-આ, લોકઃ-દુનિયા, અપ્રિયદર્શનઃ-જોવી ન ગમે તેવી બને છે, (તથા) તેજ રીતે એષઃ-મારા જેવો આ પુરુષ, ઉક્થેન-પ્રાણથી, રહિતઃ-રહિત, હિ-મૃતકઃ-સાચેજ મૃતક-મરેલ, પ્રોચ્યતે-કહેવાય છે. ૬.

અનુવાદ—જેમ જે તેજના ક્ષણ માત્રના વિયોગથી આ દુનિયા મને જોવામાં અપ્રિય લાગે છે, તેમ તે તેજ રહિત મારા જેવો પુરુષ પ્રાણ વગરના મૃતક દેહ જેવો કહેવાય છે. ૬.

તત્ત્વસુધા—અનુગ્રહ બળ, ઉત્સાહ બળ, પ્રિયજન સહવાસ બળ—એ બધાં અમોઘ બળ છે. બળોના આધારે અજ્ઞેય કાર્ય સુખજ્ઞેય, અસાધ્ય કાર્ય સુસાધ્ય બની જાય છે. પ્રાણ પ્રિય શ્રીકૃષ્ણનો સહવાસ અને અનુગ્રહ એજ મારાં અમોઘ બળ હતાં. શસ્ત્રાસ્ત્ર બળ, મંત્ર બળ કે બાહુ બળ એ બધાં એક કૃપા બળ વિનાનાં અને ઉત્સાહ બળ વિનાનાં નિર્જીવ હતાં. મારી પાસે કદાચ શસ્ત્રાસ્ત્ર બળો હશે, પણ નિર્જીવ તેનો ઉપયોગ કરી શકે, તો મોટાભાઈ, હું તેનો પ્રયોગ કરી શકું. ૬.

यत्संश्रयाद् द्रुपदगेहमुपागतानां राज्ञां स्वयंवरमुखे स्मरदुर्मदानाम् ।
तेजो हृतं खलु मयाऽभिहतश्च मत्स्यः सज्जीकृतेन धनुषाऽधिगता च कृष्णा ॥ ७ ॥

અન્વયાર્થ—યત્સંશ્રયાત્-જે શ્રીકૃષ્ણના આશ્રયથી, **મયા-મેં, દ્રુપદ-ગેહમ્-દ્રુપદ** રાજાને ત્યાં, **સ્વયંવર-મુખે-સ્વયંવરના** સમારંભમાં, **ઉપાગતાનામ્-આવેલા, સ્મર-દુર્મદાનામ્-કામથી** મદોન્મત બનેલા, **રાજ્ઞામ્-રાજાઓના, તેજઃ-તેજને-પરાક્રમને. ખલુ-ખરેખર, હૃતમ્-હરી** લીધું, **ચ-અને, સજ્જીકૃતેન-સજ્જ** કરેલા, **ધનુષા-ધનુષ્યથી, મત્સ્યઃ-મત્સ્ય, અભિહતઃ-વીંધ્યો, ચ-અને, કૃષ્ણા-દ્રૌપદી, અધિગતા-મેળવી. ૭.**

અનુવાદ—દ્રુપદ રાજાને ત્યાં સ્વયંવર સમારંભમાં આવેલા અને કામદેવના મદથી ગર્વિષ્ઠ બનેલા રાજાઓના તેજને મેં જે શ્રીકૃષ્ણ ભગવાનના આશ્રયથી હરી લીધું છે; વળી સજ્જ કરેલા ધનુષ્યથી મત્સ્ય વેધ કર્યો અને દ્રૌપદીને પણ મેળવી છે. ૭.

તત્ત્વસુધા—ચૌદ શ્લોકોથી અર્જુનજી ભગવાનના ઉપકારોને યાદ કરે છે. આ ચૌદ શ્લોકો પૈકી ૬ શ્લોકો સત્વાદિ ગુણોના ૬ પ્રકારના ભેદથી થયેલા ૬ પ્રકારના ઉપકારોનું નિરૂપણ કરે છે. પછીના ૩ શ્લોકોમાં અર્જુનજીએ પોતાના સ્વભાવ પ્રમાણે ભગવાન સાથે કરેલા વ્યવહારનું નિરૂપણ છે. ૧ શ્લોકમાં ભગવાનના થયેલ વિયોગનું કથન છે. ૧ શ્લોકમાં તેજ હાનિની હકીકત છે. ૬ + ૩ + ૧ +૧ = ૧૪ શ્લોક થયા. ૭ મા શ્લોકથી ૨૧ મા શ્લોક સુધી આ વિષયનું કથન છે. એ રીતે શ્લોક સંખ્યા ૧૫ થાય; પરંતુ તેમાં ૬ ઠ્ઠો શ્લોક અથવા ૧૦ મો શ્લોક ક્ષેપક છે; માટે ૨૪ શ્લોકો થશે.

૭ મા શ્લોકમાં રજોગુણ મિશ્રિત સત્ત્વગુણના ઉપકારનું સ્મરણ છે.

यत्संश्रयात्-આશ્રય અને આશય અત્યંત શ્રેષ્ઠ તેમજ શુદ્ધ રાખવા. આશ્રય ઈશ્વર ચરણ કમલનો અને આશય ઈશ્વરને ગમવાનો ઉત્તમ ગણાય. કીડીએ કુસુમનો આશ્રય લીધો તેથી શિવ લલાટ ચન્દ્રનું અમી પીવા આશય ઈશ્વરને ગમવાનો ઉત્તમ ગણાય. કીડીએ કુસુમનો આશ્રય લીધો તેથી શિવ લલાટ ચન્દ્રનું અમી પીવા મળ્યું. ધ્રુવનો આશય ભગવાનને ગમવાનો થયો અને વિશ્વવંદ્ય બન્યા. પાંડવોએ શ્રીકૃષ્ણનો સંશ્રય-આશ્રય

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કર્યો કે વિપત્તિઓ મરી અને સંપત્તિઓ વરી. ઇન્દ્રિયો, અન્તઃકરણ અને આત્માને બળ મળે, ઉત્સાહ વધે, એવો આશ્રય તો કેવળ આત્માનો અને પરમાત્માનાજ સંભવે. 'મત્સ્ય વેધ' અતીન્દ્રિય કાર્ય હતું. તે કેવળ ભગવદ્ આશ્રયથી જ બન્યું છે. 'એક ચક્ર' નગરમાંથી નાશી જઇ બ્રાહ્મણરૂપે પાંડવો વસતા હતા. તેમના તેજ, પરાક્રમ અને ગુણની પ્રતિષ્ઠા વધારવા ભગવાને દ્રુપદ રાજને ત્યાં દ્રૌપદી સ્વયંવર રચાવ્યો.

અર્જુનજીએ કહ્યું કે પ્રભુની કૃપાથી ત્રણ વસ્તુઓ આપણને મળી. (૧) સમર્થ રાજાઓનું તેજોહરણમ્-તેજ મેળવ્યું; (૨) મત્સ્યો હતઃ- અતીન્દ્રિય એવા મત્સ્યવેધનું જ્ઞાન મળ્યું; અને (૩) અધિગતા કૃષ્ણા દ્રૌપદીને પામ્યા. દ્રૌપદીને કૃષ્ણા પદથી ઓળખાવે છે; કારણ કે શ્રીકૃષ્ણે પોતાની શક્તિ દ્રૌપદીમાં મૂકી ને તે દ્વારા પાંડવોને પણ શક્તિમાન બનાવ્યા છે. આ શ્લોકમાં **ચ** અવ્યયથી સૂચવે છે કે પ્રભુના આશ્રયથી ઇન્દ્રપ્રસ્થ પણ મળ્યું છે. ૭.

યત્સન્નિધાવહમુ ખાણ્ડવમગ્નયેઽદામિન્દ્રં ચ સામરગણં તરસા વિજિત્ય ।
લબ્ધા સભા મયકૃતાદ્ભુતશિલ્પમાયા દિગ્ભ્યોઽહરન્નૃપતયો બલિમધ્વરે તે ॥ ૮ ॥

અન્વયાર્થ—**ઉ**-અને વળી, **યત્સન્નિધૌ**-જે શ્રીકૃષ્ણની સાન્નિધ્યમાં, **અહમ્**-હું, **સામરગણમ્**-દેવોના ગણ સાથે, **ઇન્દ્રમ્**-ઇન્દ્રને, **તરસા**-બળાત્કારે, **વિજિત્ય**-જીતીને, **અગ્નયે**-અગ્નિને, **ખાણ્ડવમ્**-ખાંડવ નામના વનને, **અદામ્**-આપ્યું, **મયકૃતા**-મયાસુરે નિર્માણ કરેલી, **અદ્ભુત-શિલ્પ-માયા**-અદ્ભુત કારીગરીથી મોહ ઉપજાવનારી, **સભા**-સભા, **લબ્ધા**-મેળવી, **તે**-તમારા, **અધ્વરે**-રાજસૂય યજ્ઞમાં, **નૃપતય**-રાજાઓ, **દિગ્ભ્યઃ**-દિશાઓમાંથી, **બલિમ્**-ભેટ-નજરાણાંને, **અહરન્**-અર્પતા હતા. ૮.

અનુવાદ—વળી જે શ્રીકૃષ્ણની હાજરીમાં દેવગણો સાથે ઇન્દ્રરાજાને બળપૂર્વક જીતીને તેનું ખાંડવ વન મેં અગ્નિને આપ્યું અને મયાસુરે નિર્માણ કરેલી અદ્ભુત કળા-કૌશલ્યને લીધે મોહ ઉપજાવનારી સુધર્મા સભા મેળવી હતી; તેમજ અન્ય રાજાઓ આપના રાજસૂય યજ્ઞમાં દેશ દેશમાંથી ભેટો લાવીને અર્પણ કરતા હતા. ૮.

તત્ત્વસુધા—આ શ્લોકથી બીજા પ્રકારના સત્ત્વગુણ મિશ્ર સત્ત્વગુણવાળા શ્રીકૃષ્ણના ઉપકારનું સ્મરણ કરે છે. ૭ મા શ્લોકમાં ભગવાનના સંશ્રયનું ફળ સમજાવ્યું છે. ૮ મા શ્લોકમાં સાન્નિધ્યનું બળ બતાવે છે. આશ્રય દૃઢ થાય તો જ સાન્નિધ્યનો લાભ મળી શકે છે. તેથી પ્રથમ આશ્રયનું ગાન કરી હવે સાન્નિધ્યના મહિમાને ગાય છે. ભગવાનનો અને સજ્જનનો દૃઢ આશ્રય મનોબળ આપે છે. મનોબળથી ઉત્સાહ વધે છે. માનવ અનેક મુશ્કેલીઓનો સામનો કરી વિજયી બને છે. પ્રથમ શ્લોકમાં શ્રીકૃષ્ણના આશ્રયનાં ત્રણ ફળ બતાવી, આ શ્લોકમાં પણ ત્રણ ફળનું ગાન કરે છે. દેવેન્દ્ર ઉપર વિજય, ખાંડવ વન દાહ, મયદાનવ દ્વારા સભા નિર્માણ-આ ત્રણ કાર્યો ભગવત્સાન્નિધ્યથી થયાં છે. ખાંડવ વન ઇન્દ્રનું હતું. તેમાં વનસ્પતિઓ-ઔષધિઓ હતાં. કેવલ પોતાના જ ઉપભોગ માટે ઇન્દ્રે તે વન રાખ્યું હતું. અગ્નિએ તે વન લોકહિત માટે માગ્યું, પણ ઇન્દ્રે તે ન આપ્યું, ત્યારે અર્જુને ઇન્દ્ર પાસેથી જીતીને આપ્યું. ઉ અવ્યય આશ્ચર્યાર્થમાં વપરાય છે. ક્યાં દેવેન્દ્ર ઉપર વિજય અને ક્યાં હું એક સામાન્ય માનવ! તો પણ અશક્ય કાર્ય સુશક્ય બન્યું. ઉપકારો તો પ્રભુના અસંખ્ય છે. રાજસૂય યજ્ઞમાં પૃથ્વીના સમસ્ત નૃપતિઓએ આવીને ભેટ ધરી; એ પણ ઉપકાર શ્રીકૃષ્ણનો જ છે. આપણે કેમ ભૂલી શકીશું! ૮.

યત્તેજસા નૃગશિરોઽઙ્ઘ્રિમહન્મખાર્થે આર્યોઽનુજસ્તવ ગજાયુતસત્ત્વવીર્યઃ ।
તેનાઽઽહૃતાઃ પ્રમથનાથમખાય ભૂપા યન્મોચિતાસ્તદનયન્ બલિમધ્વરે તે ॥ ૯ ॥

અન્વયાર્થ—**યત્તેજસા**-જે શ્રીકૃષ્ણ પ્રભુના તેજથી, **ગજ-અયુત-સત્ત્વ-વીર્યઃ**—દશ હજાર હાથીઓના સમાન બળ તથા પરાક્રમ વાળા, **આર્યઃ**-મારા મોટા ભાઇ અને **તવ**-આપના, **અનુજઃ**-નાના ભાઈ ભીમસેન,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મખાર્થે–રાજસૂય યજ્ઞ માટે, **નૃપ–શિરઃ–અઙ્ઘ્રિમ્**–રાજાઓના મસ્તક ઉપર ચરણ મૂકનાર જરાસંધને, **અહન્**–હણ્યો અને **તેન**–તે જરાસંધે, **પ્રમથનાથ–મખાય**–ભૈરવનાથના યજ્ઞમાં બલિદાન માટે, **આહૃતાઃ**–બળ જબરીથી લાવેલા, **ભૂપાઃ**–રાજાઓ, **મોચિતાઃ**–છોડાવ્યા, **યત્**–જેથી, **તે**–તમારા, **અધ્વરે**–યજ્ઞમાં, **બલિમ્**–ભેટોને, **અનયન્**–લઈ આવ્યા હતા, **તત્**–તે શ્રીકૃષ્ણની કૃપાનું જ કારણ છે. ૯.

અનુવાદ—દશ હજાર હાથીઓના જેટલા બળ અને પરાક્રમને ધરાવનાર એવા મારા મોટાભાઈ અને આપના નાનાભાઈ ભીમસેને રાજાઓના મસ્તક ઉપર પગ મૂકનાર જરાસંધનો આપના રાજસૂય યજ્ઞની સિદ્ધિ માટે વધ કર્યો; તેમજ ભૂતનાથ શંકરના યજ્ઞના બલિદાન નિમિત્તે આણેલા રાજાઓને મુકત કર્યા છે. તેથી રાજાઓએ આપના યજ્ઞમાં ભેટપૂજાઓ પણ કરી છે. તે સર્વ કેવલ કૃષ્ણના તેજ પ્રભાવનું ફળ છે. ૯.

તત્ત્વસુધા—આ શ્લોકને પ્રાયઃ પ્રત્યેક ટીકાકારો ક્ષેપક ગણે છે; પરંતુ પ્રત્યેકે તેની ટીકા કરી છે. જરાસંધની પ્રબલ સત્તા પૃથ્વીને ત્રાસ આપતી હતી. ૨૦,૮૦૦ રાજાઓને જરાસંધે એક કિલ્લામાં પૂર્યા હતા, ઍડન જેને (crater) જ્વાલામુખી તરીકે ગણ્યો છે, ત્યાં કેદમાં પૂર્યા હતા. એવું ઇતિહાસ વિચારકોનું માનવું છે. એટલે ઍડન અને આફ્રિકા આર્યાવર્તની સત્તામાં હતાં જ. ત્યાંની ભાષામાં જે શબ્દો વપરાય છે, તે સંસ્કૃતની સાથે મૂળ મળતા આવે છે. 'તાત્ત' શબ્દ સંસ્કૃતમાં પુત્ર-પુત્રી વાચક છે. તેનો જ અપભ્રંશ કરી તેઓ 'ટાટા' એવો પ્રયોગ કરે છે. અસ્તુ, જે હોય તે; પરંતુ જરાસંધ સત્તા, કંસ સત્તા અને કૌરવ સત્તા જગતને ત્રાસ રૂપ હતી. તે ત્રણેની સાન શ્રીકૃષ્ણે ઠેકાણે આણી. ભીમસેન દશ હજાર હાથીનું બળ ધરાવતા હતા; પરંતુ જરાસંધ અજેય હતો. તેને કેવલ શ્રીકૃષ્ણની સહાયથી જ જીતી શકયા. ભૈરવની આરાધનામાં 'નરબલિ' આપવા માટે નરેશોને પકડ્યા હતા. આવા અઘોર કાપાલિક તેમજ વીર જરાસંધનો પરિચય આપ્યો કે 'નૃપશિરોઽઙ્ઘ્રિમ્—નૃપાણાં શિરસ્સુ અંઘ્રિર્યસ્ય તમ્ રાજાઓના મસ્તક ઉપર પગ મૂકનારો હતો. તેને પણ પળવારમાં ધૂળ ચાટતો કર્યો છે. તે સર્વ શ્રીકૃષ્ણની શક્તિનું ફળ હતું. ૯.

पत्न्यास्तवाऽधिमखकल्पमहाभिषेक श्लाघिष्ठ चारुकबरं कितवैः सभायाम् ।
स्पृष्टं विकीर्य पदयोः पतिताश्रुमुख्या यस्तत्स्त्रियोऽकृत हतेशविमुक्तकेशाः ॥ १० ॥

અન્વયાર્થ—**કિતવૈઃ**–કપટીઓએ–દુઃશાસનાદિ દ્વારા, **પદયોઃ**–ચરણોમાં, **પતિત–અશ્રુમુખ્યાઃ**–મુખ ઉપર આંસુ સારતાં એવાં, **તવ**–તમારાં, **પત્ન્યાઃ**–પત્ની દ્રૌપદીના, **અધિમખ–કલ્પ–મહાભિષેક–શ્લાઘિષ્ઠ–ચારુ–કબરમ્**–રાજસૂય યજ્ઞમાં કરવામાં આવેલા અભિષેક સમયે પ્રશંસા પામેલ સુંદર કેશપાશને **વિકીર્ય**–વિખેરી નાખીને, **સભાયામ્**–સભામાં, **સ્પૃષ્ટમ્**–સ્પર્શ કરાયો, **તત્સ્ત્રિયઃ**–તેમની સ્ત્રીઓને, **યઃ**–જે શ્રીકૃષ્ણે, **હત–ઈશ–વિમુક્ત–કેશાઃ**–હણાયેલ પતિઓને લીધે વાળ વિનાની, **અકૃત**–કરી. ૧૦.

અનુવાદ—આપના રાજસૂય યજ્ઞમાં મહાભિષેક સમયે પ્રશંસનીય બનેલા જે દ્રૌપદીના સુંદર કેશપાશને, કપટી એવા દુર્યોધન, દુઃશાસન, વગેરેએ ભરસભામાં વિખેરી નાખીને સ્પર્શ કર્યો હતો, તેમજ દ્રૌપદીને આંસુ સારતાં કર્યાં હતાં. તેમની સ્ત્રીઓને જે શ્રીકૃષ્ણે પતિ વિહોણી બનાવીને કેશ રહિત કરી દીધી. ૧૦.

તત્ત્વસુધા—આ દશમા શ્લોકમાં દ્રૌપદીજીની રક્ષાનું કથન છે. તેમાં તમોગુણ મિશ્ર સત્ત્વગુણના ઉપકારનું નિરૂપણ છે. 'પત્ન્યાસ્તવાઽધિમખકલ્પ' આવા વાકયથી પ્રસંગ શરૂ કરે છે. પત્ન્યાઃ અને અધિમખ એવાં બે પદોની મધ્યમાં 'તવ' અવ્યય મૂકીને 'દેહલી દીપક' ન્યાયથી બન્ને બાજુથી અન્વય કરે છે. યજ્ઞાદિ ધર્મ કાર્યોમાં સ્ત્રીને પત્ની તરીકે કહેવાય છે. આ સ્થાને તવ પત્ન્યાઃ આપનાં પત્નીના, અને તવાધિમખ– આપના રાજસૂય યજ્ઞના એવો બંને પદો સાથે સંબંધ કરવો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

યુધિષ્ઠિર રાજાના રાજસૂય યજ્ઞમાં મહાભિષેક સમયે દ્રૌપદીજી અને ધર્મરાજ સિંહાસને બિરાજ્યાં હતાં. ત્યારે પગની પાનીને સ્પર્શતા સુદીર્ઘ, સુકોમલ, ભ્રમર શ્યામ કેશાવલીની સર્વને ઝાંખી થઈ. દુનિયા ભરમાં સ્ત્રીઓમાં દ્રૌપદીજીની કેશ સુંદરતા બેનમૂન હતી, અને પુરુષોમાં કેશવનો કેશ કલાપ અજોડ હતો. બન્નેનાં કેશ સૌંદર્ય જગ-બત્રીસીએ પ્રસંશાપાત્ર બની ચૂક્યાં હતાં. અકારણ વૈરનાં કેટલાંક નિમિત્તો છે. તેમાં 'સ્ત્રીઓનું' સૌંદર્ય અકારણ વૈરને સર્જે છે. એ ન્યાયે દ્રૌપદીજીના કેશ સૌન્દર્યમાં દુષ્ટોની દુર્બુદ્ધિ થઈ. દ્યૂતમાં પાંડવોને કપટથી હરાવ્યા. હોડમાં દ્રૌપદીને મૂકેલાં ન હતાં, છતાં પણ મૂકેલનો આરોપ કરીને, દુઃશાસન રજસ્વલા દ્રૌપદીના કેશ પકડીને લઈ આવ્યો. દુઃશાસનની દુષ્ટ કામ દૃષ્ટિ હતી. હોડમાં મૂક્યાના આક્ષેપને બહાને દ્રૌપદીજીના કેશ સ્પર્શનું સુખ માણવું હતું, તેથી જ કેશ પકડીને લાવ્યો. ભીષ્મ, દ્રોણ ભીમ, આદિ કોઈ દ્રૌપદીના ત્રાતા ન બન્યા, ત્યારે દ્રૌપદીએ આર્ત વાણીથી કેશવને પોકાર કર્યો. **हा नाथ द्वारिकावासिन्**-હે નાથ! મારા જેવી અનાથના નાથ છો; પરંતુ દ્વારકાધીશ બન્યા છો તેથી શું દયાને વીસરી ગયા છો? કે દૂર છો તેથી આવી નથી શકતા? કે કાર્યભાર નિમગ્ન છો તેથી વિલંબ કરો છો? અથવા હું આપની સાચી ભક્ત નથી તો ક્યાંથી આવો! એવું વદીને આખરે **श्रीकृष्ण विष्णो मधुकैटभारे भक्तानुकम्पिन् भगवन्मुरारे। त्रायस्व मां केशव लोकनाथ गोविंद दामोदर माधवेति॥** એ સ્તોત્રથી પોકાર કર્યો. શ્રીકૃષ્ણ વગેરે પાંચ સંબોધન કર્યાં, પણ જ્યારે ભગવાન ન આવ્યા ત્યારે 'केशव' હવે તો **त्रायस्व**-બચાવો, એવું સંબોધન સાંભળતાં જ પ્રભુ પધાર્યા. ભક્તો આપના 'केश' છે તેને વ એટલે અમૃત આપનાર આપ છો. આજે મારા કેશની અપકીર્તિ નથી થતી; પરંતુ કેશવ! આપની અપ્રતિષ્ઠા થઈ રહી છે આવો, ન આવો, આપની ઈચ્છા. ભગવાન 'કેશવ' શબ્દથી દોડી આવ્યા, ત્યારે સભામાં દ્રૌપદી વિના કોઈને દર્શન ન થયાં. દુઃશાસન વગેરે દુષ્ટ હતા અને તેમના કાર્યમાં સાક્ષીઓએ પ્રતીકાર ન કર્યો. તેથી તેઓ પણ પાપભાગી બન્યા. એટલે કોઈને દર્શન ન થયાં. દ્રૌપદીએ અમૂલ્ય પોતાના કેશ કલાપને કેશવના ચરણમાં ભેટમાં મૂક્યો, તેમજ ચરણરજ સ્પર્શ કરાવી પાવન બનાવ્યો. માટે લખ્યું કે **स्पृष्टं विकीर्य पदयोः** બન્નેથી સ્પર્શ પામેલ કેશને પદ્મ કમલમાં પાથરી દીધો. દ્રૌપદીનો કેશકલાપ તો પ્રભુના ચરણમાં ભેટ પધરાવવાનું પાત્ર બન્યો અને નયનમાંનાં 'અશ્રુઓ' મોતીની મોંઘી ભેટ બન્યાં. ભગવાને તે સમયે પ્રતિજ્ઞા કરી કે તારા કેશને જમીન ઉપર સ્પર્શ કરાવવામાં જેઓ નિમિત્ત અને સાક્ષી બન્યા છે, તેઓનો વધ કરી તેમની પત્નીના કેશકલાપ કપાવી જમીન ઉપર સ્પર્શ કરાવીશ, ત્યારે તારા ઋણમાંથી મુક્ત બનીશ. એ વાત **हतेश विमुक्त केशाः** એ વાક્યથી કહી છે. ૧૦.

यो नो जुगोपवनमेत्य दुरन्तकृच्छ्राद् दुर्वाससोऽरिविहितादयुताग्रभुग् यः।
[1]शाकान्नशिष्टमुपभुज्य यतस्त्रिलोकीं तृप्तामंमंस्त सलिले विनिमग्नसङ्घः[2]॥ ११॥

અન્વયાર્થ—**यः**-જે શ્રીકૃષ્ણે, **अरि-विहितात्**-શત્રુઓએ યોજેલા, **दुर्वाससः**-દુર્વાસા મુનિના, **दुरन्त-कृच्छ्रात्**-શાપરૂપી મહાસંકટમાંથી, **वनम्**-વનમાં, **एत्य**-આવીને, **शाक-अन्न-शिष्टम्**-ભોજન કરતાં પાત્રમાં બાકી રહેલા શાકરૂપી અન્નને, અથવા **शाक-अन्न-मुष्टिम्**-મુઠીભર શાકાન્નને, **उपभुज्य**-આરોગીને, **नः**-અમને, **जुगोप**-રક્ષણ આપ્યું હતું, **अयुत-अग्रभुग्**-દશ હજારની પંક્તિ સાથે જમનારા, **यतः**-જેથી, જે શ્રીકૃષ્ણના શાકાન્ન ભોજનથી, **सलिले**-જળમાં, **विनिमग्न संघः**-સ્નાન કરતો મુનિઓનો સંઘ, **त्रिलोकीम्**-ત્રણ લોકને, **तृप्ताम्**-તૃપ્ત થયેલ, **अमंस्त**-માનતો હતો. ૧૧.

અનુવાદ—વળી શત્રુવટ દાખવનારા દુર્યોધને વરદાન માગી મોકલેલા દશ હજાર શિષ્યોની સાથે ભોજન કરનારા મુનિ દુર્વાસાના શાપ રૂપ મહા સંકટમાંથી, જે શ્રીકૃષ્ણે વનમાં આવીને કેવળ પાત્રમાં બાકી રહેલ શાકાન્નનો સ્વીકાર કરી આપણી રક્ષા કરી હતી; જે કારણે જળમાં સ્નાન કરી રહેલા ૧૦, ૦૦૦ ઋષિ-મુનિ સંઘે ત્રણે લોકને તૃપ્ત થયેલો માન્યો હતો. ૧૧.

૧ પ્રા૦ પા૦-शाकान्नमुष्टिम्। ૨. પ્રા૦ પા૦-गात्रः।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્ત્વસુધા—અગિયારમા શ્લોકમાં આતિથ્ય સંકટમાંથી રક્ષા કરી છે તેનું કથન છે. રજોગુણ મિશ્ર એવા તમોગુણના ઉપકારનો એમાં ઉલ્લેખ છે. આ પ્રસંગે એક આખ્યાયિકા છે. મુનિ દુર્વાસાએ છ માસના ઉપવાસ કર્યા અને પારણાંનો સમય થયો; ત્યારે સર્વ દૈત્યોની પ્રાર્થનાથી દુર્યોધનને ત્યાં અતિથિ થયા. દુર્યોધને અદ્‌ભુત આતિથ્ય કર્યું. મુનિ વર્યે પ્રસન્ન થઈને વરં બ્રૂહિ કહ્યું. ત્યારે પાંડવોના નાશની ગુપ્ત આશથી દુર્યોધને વિનવ્યું, "મહારાજ, અમારા માન્ય શ્રીધર્મરાજને ત્યાં આપ પારણા કરો એની અમારી પ્રાર્થના છે. અમે તો સામાન્ય છીએ તેઓ મહાન મનાય, માટે આપનાં પારણાં એમનાં પાવન બારણે ઘટે. વળી આપે દ્રૌપદીના ભોજન પછી પધારવું, જેથી દ્રૌપદી ભૂખ્યાં ન રહે.". મુનિવર્યે "તથાસ્તુ" કહ્યું; પરંતુ દુર્વાસા દુર્યોધનનો ખલભાવ પામી ગયા. પાંડવો પાસે સૂર્યનું આપેલું અક્ષયપાત્ર છે અને દ્રૌપદી ન જમે ત્યાં સુધી તેમાંથી અન્ન ન ખૂટે. એવું વરદાન છે દુર્યોધનની દુર્ભાવના હતી કે દ્રૌપદીના જમ્યા પછી જાય, એટલે ભોજન ન મળતાં ભૂખ્યા મુનિરાજ ક્રોધ કરી શાપ આપે અને પાંડવો નાશ પામે.

ચયને અંધાયેલા દુર્વાસાને પાંડવોને ત્યાં જવું પડ્યું. દ્રૌપદી ભોજન કરી ચૂકયાં હતાં અને દશ હજાર શિષ્યો સહિત અતિથિ વર્ય દુર્વાસાને નિહાળ્યા. અતિથિ આગમનનો સમય સમાપ્ત થયો. તેથી નિયમબદ્ધ દ્રૌપદી ભોજન કરવા બિરાજ્યાં. નિત્ય ભોજન સમયે ભગવાન માટે એક 'કવલ–કોળીઓ અલગ મૂકતાં અને કહેતાં, "પ્યારા કૃષ્ણ આરોગો; આ આપને માટે." પછી પોતે જમતાં અને એ કવલ ગાયોને મૂકી દેતાં. રોજ ભીમસેન વિનોદ કરે કે, "તારો કૃષ્ણ રોજ જમી જાય છે શું?" દ્રૌપદી કહે, "જરૂર જમે છે. નાથ, તે દીનનાથ પણ આપને નહિ દેખાય." ભગવાને આજે તે વાક્ય સત્ય કર્યું.

શ્રીરુક્મિણી સાથે એકાન્ત વિનોદમાં બિરાજેલા શ્રીકૃષ્ણે દૃષ્ટિ સમક્ષ સજલ નયના દ્રુપદકુમારી નિહાળી; અને વનમાળી દ્વૈતવનમાં દોડી આવ્યા. હરિને નીરખી સતી હવે હરકતો ગઈ એમ માની હર્ષાતુર બની. ત્યાં તો શ્રીહરિ વદ્યા, "દેવી, કાંઈપણ ખાવાનું દે, ખૂબ ક્ષુધા સતાવે છે." દેવી આર્તસ્વરે વદી ઉઠી. "દેવાધિદેવ, દેવો જેવું કાંઈ નથી, ત્યારે આપને પણ ક્ષુધા લાગી! આંગણે અનન્ત અતિથિઓ લાંઘણ કરે છે, ત્યારે અનંતનં; આપ પણ ભૂખ્યા થયા. દુકાળમાં અધિક માસ આવે એ વાત સાચી પડી." હસી હરિ વદ્યા, "દુકાળમાં અધિક માસ આવે અને દાન કરાય ત્યારે જ અધિક પુણ્ય થાય; દ્રૌપદી, માટે વાદ મૂકી દે અને કાંઈ અન્ન દે," એવું કહીને કૃષ્ણે પેલો શાકનો કોળીઓ હાથમાં લીધો અને મુખમાં મૂકી દીધો. વ્યાસજી વદ્યા, **शाकान्न-शिष्टमुपमुज्य**– અવશિષ્ટ શાકાન્નનો એક કોળીઓ આરોગ્યા, જેથી ત્રણ લોક તૃપ્ત થયા. જળથી સ્નાન કરતા દુર્વાસા મુનિ પણ દશ હજાર શિષ્યો સહિત આકંઠ તૃપ્ત થઇ ગયા; અથવા ભગવાને દ્વારિકામાંથી સર્વ સામગ્રી લાવી નદી કિનારે જ તેઓને ભોજન કરાવ્યું અને કહ્યું, "આપને આશ્રમમાં પધારવાનો શ્રમ ન પડે તેથી બહેન દ્રૌપદીએ આપને માટે પકવાન્ન મોકલ્યાં છે". આ રીતે ભગવાને લાજ રાખી હતી; અથવા યોગ સમર્થ યોગેશ્વર કૃષ્ણે એક કોળીઓ પોતાના મુખમાં પધરાવતાં વિશ્વતૃપ્તિનો સંકલ્પ કર્યો અને તૃપ્તિનો અનુભવ મુનિ અને શિષ્યોને કરાવ્યો.

સ્ત્રી અન્નપૂર્ણા છે. એ ન જમે ત્યાં સુધી અન્નપૂર્ણા માતા ઘરમાં બિરાજે છે. સ્ત્રી ધર્મ એ છે કે તે 'પતિ, પુત્ર, અતિથિ અને નોકર પરિવાર' ને ભોજન કરાવીને જમે. એ કાર્યને 'ગૃહયજ્ઞ' તરીકે વર્ણવ્યો છે. પતિપત્ની ટેબલ ઉપર બેસીને જમે, એ તો અશિષ્ટ વ્યવહાર છે. ભોજન અને ભજન તન મનનાં અમી છે; ઘણી પવિત્રતા, સ્વચ્છતા અને આનંદમય ભૂમિકામાં રહી તે કરવાં જોઇએ. પત્ની સૌને જમાડે એ તેની ક્ષુદ્રતા નથી; પરંતુ ભદ્રતા છે. પ્રેમ સાથે જમે નહિ, પરંતુ સૌને જમાડે. મોહ અને કામ સાથે અને સામે બેસી જમે. સમાજને આ સમજ ન રૂચી અને પાશ્ચાત્ય પદ્ધતિને અપનાવી. પરિણામે સ્નેહ અને સંસ્કૃતિ ડૂબ્યાં. જે ઘરમાં ગાય, અતિથિ, શ્વાન અને કુટુંબને જમાડીને જમાય છે, તે ઘરમાં અખંડ અન્નપૂર્ણા રહે છે. સમ્પન્ન ઘરમાં રસોઇઓ હોય, તો પણ પીરસવાનું કાર્ય તો કુલની કન્યાઓ અને કુલમાતાઓ કે કુલવધૂઓએ જ કરવું એ શ્રેષ્ઠ છે. ૧૧.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

यत्तेजसाथ भगवान्युधि शूलपाणिर्विस्मापितः सगिरिजोऽस्त्र[1]मदान्निजं मे ।
अन्येऽपि चाहममुनैव कलेवरेण प्राप्तो महेन्द्रभवने महदासनार्धम् ॥ १२ ॥

અન્વયાર્થ—**અથ**-તેમજ, **યત્તેજસા**—જે શ્રીકૃષ્ણના તેજથી **યુધિ**-યુદ્ધમાં, **વિસ્માપિતઃ**- આશ્ચર્ય-ચકિત કરાયેલા, **સગિરિજઃ**-પાર્વતી સાથે. **ભગવાન્**- ભગવાન, **શૂલપાણિઃ**-ત્રિશૂળધારી શંકરે, **નિજમ્**-પોતાનું, **અસ્ત્રમ્**-અસ્ત્ર-'પાશુપતાસ્ત્ર,' **મે**-મને, **અદાત્**-આપ્યું હતું, **ચ**-અને, **અન્યે અપિ**-બીજા લોકપાલોએ પણ (પોતાનાં અસ્ત્રો આપેલાં), **અહમ્** હું, **અમુના એવ**-આ પ્રત્યક્ષ દેખાતા, **કલેવરેણ**-શરીરથી જ, **મહેન્દ્ર-ભવને**- દેવરાજ ઇન્દ્રના ભવનમાં, **મહત્**-મોટા, **આસનાર્ધમ્**-અર્ધા આસનને, **પ્રાપ્તઃ**-પ્રાપ્ત થયેલો. ૧૨.

અનુવાદ—**તેમજ જે શ્રીકૃષ્ણના પ્રભાવથી પાર્વતી સહ આવેલા ત્રિશૂળધારી મહાદેવ શંકરને પણ મેં યુદ્ધમાં વિસ્મય પમાડ્યા હતા. તેથી પ્રસન્ન થયેલા મહાદેવે મને પોતાનું પાશુપતાસ્ત્ર આપ્યું હતું. તેમજ બીજા લોકપાલોએ પણ પોત પોતાનાં અસ્ત્ર આપેલાં. વળી આજ શરીરથી મહેન્દ્ર ભવનને પ્રાપ્ત થયેલા મેં ઇન્દ્રનું અર્ધું આસન પણ મેળવેલું. ૧૨.**

તત્ત્વસુધા—આ શ્લોકમાં પશુપતિ શિવજીનો અનુગ્રહ વર્ણવે છે. સત્ત્વગુણ મિશ્ર તમોગુણ કૃત કૃષ્ણના ઉપકારની તેમાં કથા છે. અર્જુનજી **અથ** અવ્યયથી આ પ્રસંગનો આરંભ કરે છે. તેનું કારણ છે કે આગળના બે શ્લોકોમાં તો દ્રૌપદીની ભક્તિનો મહિમા અને દ્રૌપદી ઉપર પ્રભુનો ઉપકાર વર્ણવ્યો છે; પરંતુ આ શ્લોકમાં ખૂદ અર્જુનના પોતાના ઉપરના ઉપકારનું કથન છે.

વ્યાસ મહર્ષિની સૂચનાથી અર્જુનજી વનમાં પાશુપત વગેરે અસ્ત્રો મેળવવા શિવજીની આરાધના કરે છે. '**ભગવાન્ શૂલપાણિ**' ત્યાં પરીક્ષા કરવા આવે છે. **ભગવાન્** શબ્દથી દયાળુ છે, જો પ્રસન્ન થાય તો વરદાન આપે; **શૂલપાણિ** શબ્દથી રૂષ્ટ જો થાય તો શાપ આપી નાશ કરે. એવા ઉભય પ્રકારના વિરૂદ્ધ ધર્મવાળા શિવજીને પ્રસન્ન કર્યા, તે કેવલ **યત્તેજસા** વિરુદ્ધ ધર્મના ભંડાર એવા શ્રીકૃષ્ણના તેજનો જ પ્રતાપ છે.

સગિરિજઃ- શિવજી અર્જુનની કસોટી કરવા માટે **સગિરિજઃ** શ્રીપાર્વતીજી સાથે આવ્યા છે. પાર્વતીજીએ કઠોર તપ કર્યું, ત્યારે પાર્વતીજીને શિવજી મળ્યા છે. અર્જુનને પણ તેના કઠોર તપના ફળમાં શિવજી મળ્યા છે. તે સૂચવવા 'પાર્વતીજી' ને સાથે લાવ્યા છે. શિવજી બ્રહ્મ સ્વરૂપ છે અને પાર્વતીજી ઉપાસના સ્વરૂપ તેમજ ઉપનિષદ સ્વરૂપ છે શિવજી તપનું સ્વરૂપ છે અને પાર્વતીજી સિદ્ધિ સ્વરૂપ છે. અર્જુનજીના તપને સિદ્ધિઓ આપવા માટે શિવજી ગિરિજાને સાથે લાવ્યા છે. પાર્વતીજીમાં 'અહું' હતો કે મારા જેવું તપ કોઇ ન કરી શકે. તે 'અહું' ને ઉતારવા સાથે લાવ્યા છે. અથવા અર્જુનજીને પાર્વતી જેટલું તપ નથી થયું, તેમ કહેવા આવ્યા છે.

કિરાત વેષમાં આવેલા શિવજીનું અર્જુન સાથે યુદ્ધ જામ્યું. એક 'લક્ષ્ય' ને વીંધવા બન્નેનાં બાણ સાથે છૂટ્યાં. એક બાણ લક્ષ્યને વીંધ્યા વિના વનમાં ચાલ્યું ગયું. એક બાણે સૂકર-ભૂંડને વીંધી નાખ્યો. બન્ને, આ મારો લક્ષ્ય વેધક બાણ છે, એ વાત ઉપર હઠે ચઢ્યા અને આખરે જંગ જામ્યો. શસ્ત્ર, અસ્ત્ર, મુષ્ટિ અને બાહુ યુદ્ધ થયાં. દ્વન્દ્વ યુદ્ધના દાવમાં શિવજી નીચે, અર્જુનજી ઉપર આવી પડ્યા. તે સમયે પાર્વતીએ અર્જુનના વાંસામાં 'ચિહ્ન' જોયું અને શિવજીની સામે જોઇ હસી પડ્યાં કે "હર! આ તો હરિભક્ત છે." અર્જુનજી શિવજીને ઓળખી ગયા, સ્તુતિ કરી પ્રસન્ન કર્યા અને વરદાનમાં પાશુપત અસ્ત્ર પામ્યા.

---

१. प्रा० पा०-ऽस्त्रवरं ददन्मे ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

अन्येऽपि-આ ઉભયના યુદ્ધ અવલોકન સમયે આવેલા અન્ય દેવોએ પણ અર્જુનને રાજી થઈ પોતાનાં અસ્ત્રો આપ્યાં છે.

चाहम्-च અવ્યયથી એ પણ સૂચવ્યું કે અર્જુનને ઇન્દ્રના સારથિ 'માતલિ' ઇન્દ્રલોકમાં લઈ ગયા. ત્યાં તે આ પાર્થિવ દેહથી જ ગયા. જે ઇન્દ્રલોક ચન્દ્રલોકથી પણ ઉપર છે, ત્યાં પાંચ હજાર વર્ષ પૂર્વે વિજ્ઞાનના અમોઘ બળથી અર્જુનજી ગયા છે. ઇન્દ્રના અડધા સિંહાસન ઉપર પાંચ વર્ષ અર્જુન રહ્યા છે. પોતાનું અસ્ત્ર જ્ઞાન ત્યાં આપ્યું છે અને ત્યાંના અસ્ત્રોનું જ્ઞાન સંપાદન કર્યું છે.

આ શ્લોકથી શિવ સંતોષ, અસ્ત્ર પ્રાપ્તિ અને ઇન્દ્રાસન પ્રાપ્તિ-આ ત્રણ વસ્તુઓ કૃષ્ણ કૃપાથી મળ્યાં છે તે વર્ણવ્યું છે. ૧૨.

तत्रैव मे विहरतो भुजदण्डयुग्मं गाण्डीव लक्षणमराति वधाय देवाः ।
सेन्द्राः श्रिता यदनुभावितमाजमीढ तेनाऽहमद्य मुषितः पुरुषेण भूम्ना ॥ १३ ॥

अन्वयार्थ—तत्र एव-ત્યાં જ-તે સ્વર્ગ લોકમાં, विहरतः- વિહાર કરતા, **मे-**મારી, **यद्-अनुभावितम्-**જે શ્રીકૃષ્ણના પ્રભાવને લીધે જ પ્રભાવશાળી, **गाण्डीव लक्षणम्-**ગાંડીવ ધનુષ્યને ધારણ કરનારા, **भुजदण्डयुग्मम्-** બન્ને બાહુ દંડને, **अराति वधाय-** શત્રુઓના વધ માટે, **सेन्द्राः-** ઇન્દ્ર સહિત, **देवाः-**દેવો, **श्रिताः-**આશ્રિત થયા હતા, **आजमीढ-**હે યુધિષ્ઠિર મહારાજ, **तेन-**તે એવા, **भूम्ना-** મહા મહિમા-શાળી, **पुरुषेण-** પુરુષથી-શ્રીકૃષ્ણથી, **अद्य-**આજે, **अहम्-**હું, **मुषितः-**છેતરાયેલો, **अस्मि-**છું. ૧૩.

અનુવાદ—જ્યારે હું સ્વર્ગમાં વિહાર કરતો હતો ત્યારે ગાંડીવ ધનુષ્યને ધારણ કરનારા મારા બન્ને બાહુ દંડનો, ઇન્દ્ર સહિત સર્વ દેવો શત્રુઓનો વધ કરવા માટે, આશ્રય કરીને રહ્યા હતા, એ શ્રીકૃષ્ણ પ્રભાવનું જ બળ હતું. હે આજમીઢ, મહારાજ યુધિષ્ઠિર ! આજ તે પૂર્ણ પુરુષ શ્રીકૃષ્ણ વિનાનો હું બન્યો છું. ૧૩.

तत्त्वसुधा—આ શ્લોકમાં અર્જુનજીના સ્વર્ગના વિહારનો વિષય છે. તમોગુણ મિશ્ર તમોગુણના ચરિત્રનું નિરૂપણ છે. **गांडीव लक्षणम्-**અર્જુનજીના બન્ને હાથમાં રહેલા ગાંડીવ ધનુષ્યની રેખાનો નિર્દેશ કરનારું પદ છે જન્મથી જ અર્જુનના દક્ષિણ અને વામ કરમાં ધનુષ્યની રેખા હતી અથવા ઉભય હાથે ધનુષ્ય ચલાવનાર બાણાવળી અર્જુનના હાથના મણિબંધ આગળ પ્રત્યંચના કાપા (આંટણ) પડ્યા હતા. તે પણ સૂચવે છે. સ્વર્ગમાં ચાર હાથવાળા અને વધુ હાથવાળા પણ દેવો હતા. તેઓએ નિવાત, કવચ વગેરે દૈત્યોને હણવા **'भुजदण्ड युग्मम्'**-બે હાથવાળા માનવ એવો મારો આશ્રય કર્યો. તે કેવળ હજાર હાથવાળા શ્રીકૃષ્ણનું મારી પાછળ પીઠબળ હતું, તેથીજ બન્યું. અર્જુનજી આ પ્રસંગને વર્ણવતાં ધર્મરાજને **आजमीढ** સંબોધન કરે છે. 'અજમીઢ' પાંડવોના પૂર્વજ હતા. તેઓ ત્રણ પુરુષો સાથે મુક્ત થયા હતા. તે રીતે મહારાજ યુધિષ્ઠિર પણ શ્રીકૃષ્ણ અનુગ્રહથી અનેક પુરુષો સાથે મુક્ત થશો, એવું 'આજમીઢ' સંબોધનથી સૂચવ્યું છે. આજ તે પુરુષોત્તમ મને મૂકાને. તેમજ મારામાંથી તેજ લઈને ચાલ્યા ગયા છે. પણ તે યોગ્ય જ છે. હવે તેજની આવશ્યકતા નથી. તે કેવળ દૈત્ય વધ પૂરતું આવશ્યક હતું, જે કાર્ય પૂર્ણ થયું છે. રોગ મટ્યા બાદ ઔષધની જરૂર નથી, તેમ 'ખલભાર' ધરણી માતાનો રોગ હતો, જે દૂર થયો. હવે દવારૂપ તેજની જરૂર નથી. ભક્તોની નિર્મળ મતિમાં કદી દોષના દોષ દેખાતા જ નથી. ૧૩.

यद्बान्धवः कुरुबलाब्धिमनन्तपारमेको रथेन ततरेऽहमनार्यसत्त्वम् ।
प्रत्याहृतं [1]पुरु धनं च मया परेषां [2]तेजस्पदं मणिमयं च हृतं शिरोभ्यः ॥ १४ ॥

१. प्रा० पा०-बहु । २. प्रा० पा०-तेजास्पदम् ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—યદ્-બાન્ધવઃ-શ્રીકૃષ્ણ જેના બન્ધુ છે એવો, **એકઃ**-એકલો, **અહમ્**-હું, **અનન્તપારમ્**-પાર ન પામી શકાય તેવા, **અનાર્ય સત્ત્વમ્**-અનાર્ય પ્રાણીઓ વાળા, **કુરુ બલ-અબ્ધિમ્**—કૌરવ સૈન્ય મહા-સાગરને, **રથેન**-રથથી, **તતરે**-તરી ગયો પાર કરી ગયો, **ચ**-અને, **મયા**-મેં, **પરેષામ્**-બીજાઓનું-શત્રુ-ઓનું, **પુરુ**-ઘણા પ્રમાણમાં, **ધનમ્**-ધનને, **પ્રત્યાહૃતમ્**-પાછું મેળવ્યું, **ચ**-અને, **શિરોભ્યઃ**-શત્રુના મસ્તકો ઉપરથી. **તેજસ્પદમ્**-તેજોમય જાજરમાન એવું, **મણિમયમ્**-મણિમય મુકુટરૂપી ધનને, **હૃતમ્**-હરી લીધું. ૧૪.

અનુવાદ—શ્રીકૃષ્ણ જેના બન્ધુ છે, એવા એકલા હાથે મેં પાર ન પામી શકાય તેવા અને અનાર્ય પ્રકૃતિના પ્રાણીઓથી બનેલા કૌરવ સૈન્યરૂપી મહાસાગરને રથ વડે પાર કર્યો, અને હરાઇ જતા વિપુલ પ્રમાણના બીજાઓના ગોધનને પણ પાછું મેળવી આપ્યું હતું. તેમજ એ ગોધનને હરણ કરનારાઓના મસ્તક ઉપરના મુકુટ મણિ રૂપ ધનને પણ મેં હરી લીધું હતું. ૧૪.

તત્ત્વસુધા—આ ચૌદમા શ્લોકમાં વિરાટ નગરના ગુપ્ત નિવાસ પ્રસંગના ઉપકારનું વર્ણન છે. એમાં તમોગુણ મિશ્ર રજોગુણનો નિર્દેશ છે. જે રથ જમીન ઉપર ચાલે તે જો પાણી પર પાર ઉતરે તો આશ્ચર્ય જ મનાય. કૌરવ મહાસાગરમાંના ભીષ્મ, દુર્યોધન, કર્ણ આદિ મહા મકર અને મહા મત્સ્યોને થાપ આપી એકલા હાથે રણ સાગરમાં પાર ઉતર્યો તે કેવલ **યદ્-બાન્ધવઃ**-શ્રીકૃષ્ણ મારા બંધુ હતા તેનુંજ ફળ છે. વળી '**કુરુબલાબ્ધિ**' એટલે '**કૌરવ**' સૈન્યસાગર એવું સેનાનું વર્ણન છે. તેનું કારણ કે રોજ નવી નવી સેના આવ્યાં જ કરતી. જેમ એક પછી બીજો તરંગ આવે, તેને કોણ ગણી શકે? અગર અવધિ બાંધી શકે? તેમ આ સેના '**અનન્તપાર**' હતી. અર્જુને આ યુદ્ધમાં સંમોહન અસ્ત્રનો પ્રયોગ કરી સર્વને મૂર્ચ્છિત કરેલા અને મુકુટમાં તેમજ મસ્તકમાં રહેલા મણિઓનું અપહરણ કરેલું હતું. તેજસ્પદમ્ અને તેજાસ્પદમ્ એવા બે પાઠમાંથી તેજસ્પદં પાઠ વધુ ઉચિત છે. **તૃફલભજત્રપશ્ચ** એ સૂત્રથી **ततरे** એ પરોક્ષ ભૂતકાળના રૂપમાં અભ્યાસ લોપનો અભાવ અને આત્મનેપદ બન્યાં. ૧૪.

यो भीष्मकर्णगुरुशल्यचमूष्वदभ्रराजन्यवर्यरथमण्डलमण्डितासु ।
अग्रेचरो मम विभो रथयूथपानामायुर्मनांसि च दृशा सह ओज आर्च्छत् ॥ १५ ॥

અન્વયાર્થ—યઃ-જે શ્રીકૃષ્ણ, **અદભ્ર-રાજન્યવર્ય-રથમણ્ડલ-મણ્ડિતાસુ**-અસંખ્ય શ્રેષ્ઠ રાજાઓના રથમંડળથી શોભી રહેલી, **ભીષ્મ-કર્ણ-ગુરુ-શલ્ય-ચમૂષુ**-ભીષ્મપિતામહ, કર્ણ, દ્રોણાચાર્ય અને શલ્યની સેનાઓમાં, **મમ**-મારી, **અગ્રેચરઃ**-અગ્રભાગમાં રહેતા શ્રીકૃષ્ણ, **વિભો**-હે ધર્મરાજ યુધિષ્ઠિર, **રથ-યૂથપાનામ્** મહારથિ તેમજ અતિરથિનાં, **આયુઃ**-આયુષ્યને, **ચ**-અને, **મનાંસિ**-મનને, **ઓજઃ**-બળને, **દૃશા સહ**-માત્ર દૃષ્ટિપાતથી, **આર્ચ્છત્**-હરી લીધાં હતાં. ૧૫.

અનુવાદ—ઉત્તમ કોટિના રાજકુમારોના રથ મંડલથી શોભી રહેલી, ભીષ્મ પિતામહ, કર્ણ, ગુરુ દ્રોણાચાર્ય તથા શલ્યની સેનાઓમાં જે શ્રીકૃષ્ણ, મારી રક્ષા ખાતર, મારી આગળ સારથિ રૂપે ફરતા હતા; તેમજ મહારાજ! જે મહારથિ અને અતિરથિઓનાં આયુષ્ય, મન, બળ વગેરેને માત્ર દૃષ્ટિપાતથી હરી લેતા હતા, તેમનો મને વિયોગ છે. ૧૫.

તત્ત્વસુધા—આ પંદરમા શ્લોકમાં કુરુક્ષેત્રના યુદ્ધ પ્રસંગે કરેલ રક્ષાનું સ્મરણ કરી અર્જુન અતિ કોમલ હૃદયના બન્યા છે. સત્ત્વગુણ મિશ્ર એવા રજોગુણનું એમાં નિરૂપણ છે. અર્જુન બોલે છે, "મોટાભાઈ! વિરાટ નગરમાં દુર્યોધન, કર્ણ, ભીષ્મ આપણી શોધ-તપાસ કરવા આવેલા તેથી વધુ સજ્જ થઈ નહિ આવેલા; પરંતુ કુરુક્ષેત્રમાં તો યુદ્ધને ખાતર જ આવેલા, જેથી શસ્ત્ર, અસ્ત્ર, કવચ વગેરેથી સજ્જ અને પૂર્ણ સાવધાન હતા. કવચો પણ મંત્રાદિથી રક્ષિત હતાં કે જ્યાં બાણ પ્રહાર અસર ન કરી શકે. આત્મબળ સાથે તેઓની પાસે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

દૃષ્ટિ બળ પણ હતું. **भीष्मकर्णगुरुशल्य**–એ કૌરવ સૈન્યમાં ભીષ્મ, કર્ણ, દ્રોણાચાર્ય અને શલ્ય એ ચાર જ સેનાપતિઓ હતા. તેમાં ભીષ્મનું નામ પ્રથમ લીધું છે. લેવું તો જોઇએ દ્રોણાચાર્યનું નામ કે જે આચાર્ય હતા, તેમજ વિપ્ર હતા. વળી કર્ણનું નામ બીજું લીધું અને દ્રોણ ગુરુનું નામ ક્રમમાં ત્રીજું લીધું અને શલ્યનું ચતુર્થ નામ છે.

જો કે દ્રોણ ગુરુ બળ, વિદ્યા, તપ, બુદ્ધિથી શ્રેષ્ઠ છે, છતાં પણ તેઓ વિપ્ર હતા. વિપ્રની પ્રકૃતિ દયાળુ હોય છે. તેમજ પાંડવો તરફ તેમનો પક્ષપાત અને પ્રેમ હતો. દયાળુ પ્રકૃતિવાળા ક્રૂર-કઠોર કે નિર્દય થઇ લઢી ન શકે એટલે તેમને ત્રીજા ક્રમમાં મૂક્યા છે. ભીષ્મ પિતામહ ક્ષત્રિય છે. અષ્ટ વસુમાંના એક વસુ છે; કાળ, કામદેવ અને પરશુરામના પણ વિજેતા છે. કૌરવોના અન્નથી પરવશ છે એટલે એમને પ્રથમ લીધા છે. કર્ણ મહાન બલિષ્ઠ છે અને દુર્યોધનના વશીભૂત છે. તેથી ભીષ્મ અને દ્રોણ બન્નેની મધ્યમાં તેમને દર્શાવ્યા છે. આવા કાળ વિજેતા તો માનવથી અજેય ગણાય. તેઓને જે આપણે જીતી શક્યા છીએ તે તો કેવળ શ્રીકૃષ્ણે કરેલી સહાય અને અનુગ્રહનું ફળ છે.

જે શ્રીકૃષ્ણ **'अग्रेचरो मम'** રણમાં મોખરે રહીને મારી રક્ષા કરતા હતા, હે **विभो** ધર્મરાજ! જે આપ **'विभो'** પદને પામી શક્યા છો તો તે શ્રીકૃષ્ણનું જ બળ છે. શ્રીકૃષ્ણ પર સૈનિકોનાં **'आयुः मनांसि च दृशा सह ओजः'** આયુષ્ય અને મનની સાથે ઓજસ-ઉત્સાહ શક્તિને કેવળ દૃષ્ટિ નિક્ષેપથી જ હરી લીધાં છે. **च** અવ્યયના પ્રયોગથી વિવેક ધૈર્યનો પણ ઉલ્લેખ કરે છે.

યુદ્ધમાં આયુષ્ય, મન, ઉત્સાહ, વિવેક અને ધૈર્ય એ જે પાંચ સામગ્રી હોય તો જ બળ દારૂગોળા ક્રમનાં છે. તે વિના બાકીની સર્વ સામગ્રી સર્વથા વ્યર્થ છે.

ભીષ્મ, કર્ણાદિ રજસ્વલા દ્રૌપદીના વસ્ત્રાકર્ષણ પાપમાં ભાગીદાર, સાક્ષીઓ છે, તેમજ નીતિ પરાયણ પાંડવોના વિપક્ષ બની ઉભા છે, તે સર્વનાં આયુષ્ય લઇ લીધાં દૃષ્ટિ નિક્ષેપથી. દૃષ્ટિમાં અમી હલાહલ, અને મદ એમ ત્રણ વસ્તુઓ હોય છે. શ્વેત વર્ણથી અમી, શ્યામવર્ણથી હલાહલ, રક્ત વર્ણથી મદ-પ્રેમનું દાન થાય છે. પાંડવો ઉપર અમી અને પ્રેમ વરસાવ્યાં અને કૌરવ સૈન્ય ઉપર હલાહલ વરસાવ્યું. આ ધરણીના કંટકો છે, એમને અર્જુન રૂપી કોદાળાથી ઉખાડવા જોઇએ. એમ નક્કી કરી **'नजर नाखी'** કે તેજ સમયે **आयुः** આયુષ્ય-તેજ શૂન્ય સમસ્ત સૈન્ય સેનાધિપતિઓ બની ગયા. **मनांसि** કૃષ્ણ મુખ સૌન્દર્ય દર્શનથી અને હાથમાં લગામના દર્શન માત્રથી **'मनांसि'** મન લઇ લીધાં. આ કૌરવોની એવા અંગૂલિ નિર્દેશથી ઉત્સાહ શક્તિ છીનવી લીધી. આ સ્થાને **'सह'** અવ્યય ન લઇએ અને **सहः** શબ્દ લઇએ તો **'सह'** નો અર્થ અન્તઃકરણ શક્તિ; અને **'ओजस'** નો અર્થ ઇન્દ્રિય શક્તિ એવો થઇ શકે છે.

કૌરવોનાં ભીષ્મ રૂપી મન, કર્ણ રૂપી બળ, દ્રોણ રૂપી જ્ઞાન અને શલ્યરૂપી સલાહ એ ચારેયને કેવલ નજર નિક્ષેપથી નાથે નાશ કર્યો. ૧૫.

यद्दोःषु मां प्रणिहितं गुरुभीष्मकर्ण द्रौणित्रिगर्तशलसैन्यवबाह्लिकाद्यैः ।
अस्त्राण्यमोघमहिमानि निरूपितानि [1]नोपस्पृशुर्नृहरिदासमिवाऽसुराणि ॥ १६ ॥

अन्वयार्थ—यद्दोःषु–જે શ્રીકૃષ્ણના બાહુઓમાં, **प्रणिहितम्**–સુરક્ષિત રહેલા **माम्**–મને. **गुरु भीष्म-कर्ण-द्रौणि-त्रिगर्त-शल-सैन्धव-बाह्लिक-आद्यैः**–ગુરુ દ્રોણાચાર્ય, ભીષ્મપિતામહ, કર્ણ, અશ્વત્થામા, સુશર્મા, શલ્ય, જયદ્રથ તથા બાહ્લિક વગેરેએ, **निरूपितानि**–છોડેલાં, **अमोघ-महिमानि**–સફળ પ્રભાવવાળાં, **आसुराणि-अस्त्राणि**–અસુર સંબંધી અસ્ત્રો, **नृहरिदासम्-इव**– નૃસિંહ ભગવાનના ભક્ત પ્રહ્લાદને જેમ, **न उपस्पृशुः**–સ્પર્શ કરી શકતાં ન હતાં. ૧૬.

[1] नोपास्पृश— इति श्री वल्लपाठः

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—શ્રીકૃષ્ણ ચન્દ્રના ભુજ દંડના આશ્રયે રહેલા મારા ઉપર ગુરુ દ્રોણાચાર્ય, ભીષ્મ પિતામહ, કર્ણ, અશ્વત્થામા, સુશર્મા, શલ્ય, જયદ્રથ તથા બાહ્લિક વગેરેએ અમોઘ બળવાળાં અસ્ત્રો છોડ્યાં; પરંતુ શ્રીનૃસિંહના ભક્ત હરિદાસ પ્રહ્લાદને અસુરોનાં અસ્ત્રોની માફક દ્રોણ, ભીષ્માદિનાં આસુર અસ્ત્રો મને સ્પર્શ કરી શક્યાં નહિ. ૧૬.

તત્ત્વસુધા— આ સોળમા શ્લોકમાં કુરુક્ષેત્રની જ કથાનું ગાન છે. રજોગુણ રજોગુણનું એમાં કથન છે. એક સમયે એક સાથે જ દ્રોણ, ભીષ્મ, કર્ણ, અશ્વત્થામા, ત્રિગર્ત,-સુશર્મા, શલ્ય, સૈન્ધવ-જયદ્રથ, તથા બાહ્લિક આઠે યોધ્ધાઓએ આક્રમણ કરી બાણવર્ષા વર્ષાવી, ત્યારે દયાનિધિ યાદવનાથે બે હાથની મધ્યમાં હૃદયને સંતાડી દે તેમ મને સંભાળી લીધો અને વાળ વાંકો ન થવા દીધો. આવી ભક્ત વત્સલતા અન્ય કયાં મળે? 'રામ રાખે તેને કોણ ચાખે?' જ્યાં કોઇ રાખે સાંઇઆ માર સકે નહિ કોઈ! 'अरक्षितं तिष्ठति दैवरक्षितम्' એ સત્યનો કૃષ્ણે અનુભવ કરાવ્યો. અર્જુનજી પ્રહ્લાદજીની સાથે પોતાની તુલના કરે છે. પ્રહ્લાદજી ઉપર પ્રમાણ બળ હતું; કારણ કે તેમનું વરણ દાસ્ય ભક્તિમાં છે; માટે નૃહરિદાસ શબ્દ પ્રહ્લાદજી માટે વાપર્યો છે. મારું વરણ સખ્ય ભક્તિમાં પ્રભુએ કરી મારા ઉપર પ્રમેય કૃપા કરી છે. તેથી यद्दोःषु જેના હાથમાં હું રક્ષિત હતો, એવો ઉલ્લેખ કર્યો છે. દાસનું ચરણમાં સ્થાન હોય, સખાનું હૃદય આલિંગનમાં સ્થાન હોય છે. સમાન સાથે હસ્તધૂનન કરાય છે, અથવા હસ્તધૂનન કરી સમાન હક્ક અપાય છે. મને તો હસ્તધૂનન ન કરતાં હરિએ હૃદયમાં સમાવ્યો છે.

૧ ૨ ૩ ૪

ભાગવતમાં ત્રણ હરિદાસ છે.-પ્રહ્લાદજી, ઉદ્ધવજી, અને યુધિષ્ઠિરજી; અને શ્રી ગિરિરાજજી હરિદાસ વર્ય છે.

(૧) नोपस्पृशुर्नृहरिदासमिव-૧-૧૫-૧૬ પ્રથમ સ્કંધમાં પ્રહ્લાદજીને હરિદાસ તરીકે વર્ણવ્યા છે.

(૨) ઉદ્ધવજી માટે

सरिद् वनगिरिद्रोणीर्वीक्षन् कुसुमितान् द्रुमान् । कृष्णं संस्मारयन रेमे हरिदासो व्रजौकसाम् ॥ ૧૦-૪૭-૫૬.

(૩) તે પ્રમાણે યુધિષ્ઠિર માટે

हरिदासस्य राजर्षे राजसूय महोदयम् । नैवातृप्यन् प्रशंसन्तः पिबन् मर्त्योऽमृतं यथा ॥ ૧૦-૭૫-૨૭.

અને શ્રી ગિરિરાજને તો હરિદાસ વર્ય તરીકે વર્ણવ્યા છે—

हन्तायमद्रिरबला हरिदासवर्यो यद् रामकृष्ण चरणस्पर्श प्रमोदः ।
मानं तनोति सहगोगणयोस्तयोंयत् पानीयसूयवसकन्दरकन्दमूलैः ॥ ૧૦-૨૧-૧૮ ૧૬.

सौत्ये वृतः कुमतिनाऽऽत्मद ईश्वरो मे यत्पादपद्मम भवाय भजन्ति भव्याः ।
[1]मां श्रान्तवाहमरयो रथिनो भुविष्ठं न प्राहरन् यदनुभावनिरस्तचित्ताः ॥ ૧૭ ॥

અન્વયાર્થ—अभवाय-પુનર્જન્મ ન થાય માટે, भव्याः-મહાપુરુષો, यत् पादपद्मम्-જે શ્રીકૃષ્ણના ચરણકમળને, भजन्ति-ભજે છે, એવા आत्मदः-આત્માને આપનાર, ईश्वरः-ભગવાન, कुमतिना-દુષ્ટ બુદ્ધિવાળા, मे-મેં, सौत्ये-સારથિના કામમાં, वृतः-રોકયા-પરોવ્યા, श्रान्तवाहम्-થાકી ગયેલા ઘોડાઓવાળા, भुविष्ठम्-પૃથ્વી ઉપર રહેલા, माम्-મને, रथिनः-રથમાં બેઠેલા, अरयः-શત્રુઓ, यद्-अनुभाव-निरस्त-चित्ताः જે શ્રીકૃષ્ણના પ્રભાવને લીધે વ્યગ્ર ચિત્તવાળા, न-प्राहरन्-મારી શક્યા નહિ. ૧૭.

અનુવાદ—સત્પુરુષો મોક્ષ પ્રાપ્તિ માટે જેના ચરણ કમળોને ભજે છે, એવા આત્મપ્રદાન કરનારા ઈશ્વરને, કુબુદ્ધિવાળા મેં સારથિ જેવા સામાન્ય કાર્યમાં રોક્યા; કે જે શ્રીકૃષ્ણના પ્રભાવને લીધે શૂન્યચિત્ત બની ગયેલા, રથમાં બેઠેલા હોવા છતાં પણ શત્રુઓ, થાકી ગયેલ ઘોડાઓવાળા અને જમીન ઉપર ઉભા રહેલા મને મારી શક્યા ન હતા. ૧૭.

---

૧. પ્રા૦ પા૦-संश्रान्त...।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

तत्त्वसुधा—આ સત્તરમા શ્લોકમાં અર્જુનજીનો પરિતાપ પ્રવાહ વહી રહ્યો છે. ભગવાનને સારથિ તરીકે યોજવાના અપરાધનો એકરાર કરે છે. દૈન્યભાવે જે ભગવાનને સંરક્ષક તરીકે કે રણસંગ્રામમાંથી પાર ઉતારવાના આશયે સારથિ બનાવ્યા હોત તો ભક્તિ ગણાત; પરંતુ કૃષ્ણ સારથિ બને તો અર્જુનજીનું ગૌરવ વધે એવા આશયથી સારથિ બનાવ્યા. મહાનની સેવા કરાય. પણ તેની પાસે સેવા ન કરાવાય; છતાં ભગવાનનું એ પરમ ઔદાર્ય છે કે પોતાને સારથિ થવાથી જરા પણ ક્ષોભ નથી થયો. એજ ભગવાનની મહત્તા છે.

ભગવાનના 'સૌશીલ્ય' ગુણનું આ શ્લોકમાં કથન છે. બ્રહ્માંડનાથ, શ્રીરઘુનાથનું કપિવર સાથે સખ્ય, તેજ પ્રકારે અર્જુનનું સારથ્ય એ સૌશીલ્ય ગુણ છે.

જે ઈશ્વર આત્મદઃ ઈશ્વરઃ આત્મદાન કરી શકે તેવા ઉદાર છે અને સંકલ્પથી સર્વ કરી શકે તેવા સમર્થ પાસેથી મેં ક્ષુદ્ર કામ લીધું! એ કેવી મારી કુમતિ! ભવ્યાઃ—સત્પુરુષો યોગ માટે જે ચરણારવિંદનો આશ્રય સ્વીકારે, તે ચરણ કમળને મેં ભોગ માટે સેવ્યું! એ કેવી અલ્પમતિ!

માં શ્રાન્તવાહમ્—અર્જુનજી ભગવાનના એક વિશેષ ઉપકારને યાદ કરે છે કે જ્યારે જયદ્રથ સાથે મારું યુદ્ધ ચાલતું હતું ત્યારે અશ્વો ખૂબ શ્રાન્ત બન્યા; જેથી મેં ઘોડાઓને રથેથી છોડી દીધા અને ભૂમિ ઉપર ઉભો રહ્યો. દુશ્મનોને મને મારવા માટેની સારી તક હતી; પરંતુ યદનુભાવ શ્રીકૃષ્ણના પ્રભાવથી તેઓને તેવી બુદ્ધિ જ ન થઈ અને હું સુરક્ષિત રહી શક્યો. ૧૭.

नर्माण्युदाररुचिरस्मित शोभितानि हे पार्थ हेऽर्जुन सखे कुरुनन्दनेति ।
संजल्पितानि नरदेव हृदिस्पृशानि स्मर्तुर्[२]लुठन्ति हृदयं मम माधवस्य ॥ १८ ॥

अन्वयार्थ—**नरदेव**—હે યુધિષ્ઠિર મહારાજ, **माधवस्य**—માધવનાં, **उदार—रुचिर—स्मित—शोभितानि**—ઉદાર, સુંદર હાસ્યથી શોભતાં, **नर्माणि**—વિનોદ વાક્યો, **हे—पार्थ**—હે પૃથાપુત્ર, **हे अर्जुन**—હે અર્જુન, **सखे**—હે મિત્ર, **कुरुनन्दन**—**इति**—હે કુરુનન્દન, એ પ્રમાણેનાં, **हृदिस्पृशानि**—હૃદયંગમ—મનગમતાં, **संजल्पितानि**—મીઠાં સંબોધનો—સુંદર વાક્યોને, **स्मर्तुः**—સ્મરણ કરનારા, **मम**—મારા, **हृदयम्**—હૃદયને, **लुठन्ति**—વિહ્વળ કરે છે. ૧૮.

અનુવાદ—હે નરદેવ યુધિષ્ઠિરજી! જ્યારે હું માધવનાં મનગમતાં તેમજ ઉદારતા ભર્યાં સુંદર સ્મિત હાસ્યથી શોભતાં "હે પાર્થ, હે અર્જુન, હે સખા, હે કુરુનન્દન" એવાં હૃદયને અસર કરી જતાં, મીઠાશવાળાં, સ્નેહ સંબોધનોને યાદ કરું છું, ત્યારે તો તે સ્મરણો હૃદયને હચમચાવી મૂકે છે. ૧૮.

तत्त्वसुधा—સખ્યના પૂર્ણ મધ્યાહ્નમાં અભેદ પ્રેમ સૂર્યની પૂર્ણ પ્રભા પ્રકાશે અને દ્વૈત અદ્વૈતમાં પરિણમે છે. સાગર તરંગ એવો ભેદ ભાગી જાય છે. ભગવાન શ્રીકૃષ્ણ સાથે મેં તેવો આનંદ માણ્યો. એ બ્રહ્મ છે, હું જીવ છું. તે પૂર્ણ છે, હું અંશ છું. એવી કલ્પના સરખી પણ કૃષ્ણે ન રહેવા દીધી. અપાર પ્રીતિ દાનમાં દીધી. સ્નેહાળ પણ વિશાળ અને ગંભીર અર્થ ભર્યાં સંબોધનો મને ભેટમાં દીધાં. સ્નેહનું સમસ્ત ધન જેમાં સમાય એ સંબોધન છે. અર્થનું અનુસંધાન ન હોય તો પણ માત્ર સંબોધનના શબ્દના શ્રવણથી જ તે મીઠાં લાગે છે. જ્યારે અર્થ સમજાય છે ત્યારે આત્મસમર્પણ થઈ જાય છે. પાર્થ સંબોધન મને ત્યારે કરતા કે જ્યારે હું કૃષ્ણની કહેલી બાબતને ન માનતો. તે વખતે મને કહેતા 'પૃથા' ભક્તિમતી માતાના કુખદીપક 'પાર્થ', વ્યર્થ હઠીલો શા માટે થાય છે? **क्लैब्यं मा स्म गमः पार्थ**,—તને આ ન દીપે. તો પણ હું અત્યંત અક્કડ બની જતો, ત્યારે કૃષ્ણ વદતા, 'હે અર્જુન—અર્જુનના—આંજણિયાના વૃક્ષ જેવો અક્કડ ન થા; પરંતુ આમ્ર જેવો વિનમ્ર બની જાને, ભાઈ!

---

૨ પ્રા૦ પા૦—लुनन्ति

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પછી તો હું કૃષ્ણને આધીન બની જતો. ત્યારે આત્મીય ભાવમાં આવી જઈને આર્દ્ર સ્વરે 'સખે' એવો સ્નેહાળ શબ્દ વાપરતા; અને જ્યારે હું એના આદેશને વેદાદેશ સમજી વળગી રહેતો, ત્યારે રાજાધિરાજ રાજી થઈ મને કુરુનન્દન કહી નવાજી દેતા. હે નરદેવ! આજે તે સંબોધનનાં અમી પાન કરાવનાર અને જીવનનું ભાથું દેનાર ભગવાન વિના કોણ મને સન્માર્ગે દોરશે?

લુઠન્તિ અને લુનન્તિ—એવા બે પાઠ છે. લોઠયન્તિ ક્રિયાપદ થવું જોઈએ, પણ શ્રીકૃષ્ણના વિયોગનું નિરૂપણ કરતાં ચિત્ત સ્વાસ્થ્ય ચાલ્યું ગયું અને લોઠયન્તિ ને બદલે લુઠન્તિ કરી દીધું છે. એ દોષ નથી, પણ સ્નેહનો ગુણ છે.

संजल्पितानि 'જલ્પ' વાક્યોનો અભિપ્રાય એવો છે કે પોતાના પક્ષની સ્થાપના કરવાની કોઈ પણ જરૂર ન સમજતાં "પ્રતિવાદીનો જય થવો" એ જ ફળ એનામાં હોય છે. તેને શાસ્ત્રે જલ્પ વાક્યો કહ્યાં છે. ભગવાનનાં વાક્યો માટે આવો અર્થ વ્યાજબી નથી. તેથી સંજલ્પ શબ્દ સ્નેહ ભર્યાં સંબોધન વાક્યોના અર્થમાં વાપર્યો છે એવું સમજવું. ૧૮.

शय्यासनाटनविकत्थनभोजनादिष्वैक्याद्वयस्य [1]ऋतवानिति विप्रलब्धः ।
सख्युः सखेव पितृवत्तनयस्य सर्वं सेहे महान्महितया कुमतेरघं मे ॥ १९ ॥

અન્વયાર્થ—શય્યા-સૂતાં, **આસન**-બેસતાં, **અટન**-હરતાં-ફરતાં, **વિકત્થન**-પોતાના ગુણોનાં વખાણ કરતાં, **ભોજન** વગેરેમાં, **ઐક્યાત્**-ઐક્ય ભાવને લીધે, **વયસ્ય**-હે મિત્ર, **ઋતવાન્**-તમે તો સત્યવક્તા છો ને! **ઇતિ**-એ પ્રમાણે, **વિપ્રલબ્ધઃ**-મશ્કરી કરાયેલા, **મે**-મારા, **અઘમ્**-દોષોને, **સખ્યુઃ**-સખાના દોષને, **સખા ઇવ**-મિત્ર જેમ, **તનયસ્ય**-પુત્રના દોષને, **પિતૃવત્**-પિતા જેમ, **મહાન્**-મહાન શ્રીકૃષ્ણે, **મહિતયા**-ઉદારતાથી, **કુમતેઃ**-કુમતિ વાળા, **મે**-મારા, **સર્વમ્**-સમસ્ત પાપને, **સેહે**-સહન કર્યાં. ૧૯.

અનુવાદ—શયન કરતાં, બેસતાં, હરતાં ફરતાં, પોતાના ગુણોનાં વખાણ કરવાં, તેમજ ભોજન વગેરે પ્રસંગોમાં આત્મીય ભાવથી, "હે મિત્ર, આપ તો સત્યવાદી છો ને!" એવાં માર્મિક કટાક્ષ વચનોથી મશ્કરીઓ કરી હતી; છતાં પણ જેમ મિત્ર મિત્રના અપરાધને, અને પિતા પુત્રના અપરાધને સહન કરે તેમ મહાન હૃદયના શ્રીકૃષ્ણે પોતાની મોટાઈને લીધે, કુબુદ્ધિવાળા મારા સર્વ અપરાધોને સહન કર્યા છે. ૧૯.

તત્ત્વસુધા—મૈત્રીભાવ જ્યારે ખૂબ જ દૃઢ થાય છે, ત્યારે બે મિત્રોની વચ્ચમાં નાના મોટાનો ખ્યાલ વિસરી જવાય છે. બન્નેની મધ્યમાં માનની મર્યાદાનું ભાન નથી રહેતું. વળી ખાન, પાન, શયન, પર્યટન, વાર્તાલાપ વગેરેમાં પણ પૂજ્ય પૂજકપણાનો વ્યવહાર વિસારે પડે છે. વંદનીય સાથે પણ મનગમતો વ્યવહાર કરાય છે, જે વ્યવહારને કોઇ તટસ્થ વ્યક્તિ જોઈ જાય તો તેને લાગે જ કે આ સર્વથા અયોગ્ય છે. મોટાભાઈ, મેં પણ જગતના સ્વામી શ્રીકૃષ્ણ સાથે મારો સેવકભાવ ઘટે તેને બદલે સખાભાવમાં આવી જઈ અનુચિત વ્યવહારો કર્યા છે. शय्यासनाटनविकत्थनभोजन-મેં કૃષ્ણના કરતાં શ્રેષ્ઠ શય્યામાં સુવાનો, શ્રેષ્ઠ આસન ઉપર બેસવાનો, મનમાની રીતે હરવા ફરવાનો અપરાધ કર્યો છે. વળી વાર્તાલાપ વખતે 'વિકત્થન' મારી બડાઈઓ મેં હાંકી છે. જેમકે ભીષ્મની સાથે બીજો બાથ ભીડનાર હોત તો બિચારો ધૂળ ચાટતો જ થઈ જાત. એ તો હું એમની સામે ટકી શક્યો, અને મહાત કરી શક્યો એવી અનેક બડાઈઓ હાંકી છે. ભોજન પણ ભગવાનને મૂકીને મેં સારાં સારાં કર્યાં છે. અરે, કોઈ વખત તો પ્રભુને કટાક્ષમાં-મશ્કરીમાં એમ પણ કહ્યું છે કે "વાહ, આપ તો ખૂબ સત્યવાદી હોં!" અર્થાત્ અસત્ય બોલો છો. આ બધું શ્રીકૃષ્ણે ત્રણ ભાવથી સહન કર્યું છે.

---

१. प्रा० पा०—ऋतुमान...

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

'સહન' એટલે રોષને હૃદયમાં દબાવી દઈ સ્નેહથી વર્તવું. સહન થઈ શકે એવા દોષોને સહન કરે તેને સખા કહેવાય. સહન ન થઈ શકે એવા પણ અપરાધોને પણ વેઠે તેને પિતા કહેવાય. પિતા પણ સહન ન કરે એવા પાપ અપરાધોને પણ વેઠે તેને મહાન્ મહાત્મા કહેવાય. ભગવાને મને ત્રણે પ્રકારે ક્ષમા આપી છે. વળી તે ક્ષમા માટે ન તો મેં સ્તુતિ કરીને, કે અશ્રુ સારીને, કે અપરાધો કબૂલીને ક્ષમા માગી છે; પરંતુ કેવલ શ્રીકૃષ્ણે પોતાની જ મહિતયા–મોટાઈથી માફ કરેલ છે. ૧૯.

सोऽहं नृपेन्द्र रहितः पुरुषोत्तमेन सख्या प्रियेण सुहृदा हृदयेन शून्यः ।
अध्वन्युरुक्रमपरिग्रहमङ्ग रक्षन् गोपैरसद्भिरबलेव विनिर्जितोऽस्मि ॥ २० ॥

અન્વયાર્થ—હે **નૃપેન્દ્ર**–રાજેન્દ્ર, **સખ્યા**–મિત્ર એવા, **પ્રિયેણ**–પ્રિય એવા **સુહૃદા**–સુહૃદ એવા, **પુરુષોત્તમેન**–પુરુષોત્તમથી–શ્રીકૃષ્ણથી, **રહિતઃ**–રહિત થયેલો, **શૂન્યઃ**–મૂઢ જેવો બની ગયેલો (શૂન્ય મનસ્ક), **સઃ**–તે, એવો **અહમ્**–હું, **અધ્વનિ**–માર્ગમાં, **ઉરુક્રમ**–**પરિગ્રહમ્**–શ્રીકૃષ્ણના સ્ત્રી વર્ગને, **રક્ષન્**–રક્ષણ કરતો, **અઙ્ગ**–હે ધર્મરાજ, **અસદ્ભિઃ**–ખળ, એવા **ગોપૈઃ**–ગોવાળીઆઓથી **અબલા ઇવ**–અબળા સ્ત્રીની માફક, **વિનિર્જિતઃ**–હારી ગયેલો, **અસ્મિ**–છું. ૨૦.

અનુવાદ—**હે રાજેન્દ્ર, આજે મારા સખા, પ્રિયજન અને સુહૃદ એવા પુરુષોત્તમ–શ્રીકૃષ્ણથી વિરહિત થતાં હું હૃદય વિહોણો બની ગયો છું. તેથી જ માર્ગમાં, શ્રીકૃષ્ણના સ્ત્રી વર્ગની રક્ષા કરનારો હું, દુષ્ટ ગોવાળોથી એક અબળા સ્ત્રીની માફક સરલતાથી, હે અંગ, જીતાયો છું.** ૨૦.

તત્ત્વસુધા—અર્જુનજીને તત્ત્વજ્ઞાન અને દૈન્ય બન્ને થયાં છે. તે આ શ્લોકથી સમજાય છે. ભગવાનને પાંચ પ્રકારના સ્વજન તરીકે ગૂમાવ્યા છે, એવું તે કબૂલે છે. સ્ત્રી જેમ પુરુષ–સ્વામી વિનાની બને, તેમ હું સેવક પુરુષોત્તમ–પ્રાણનાથ વિનાનો બન્યો છું. જેથી મેં 'ઉત્તમ' પુરુષને ગૂમાવ્યા છે. હવે હું ઉત્તમ કાર્યો નહિ કરી શકું. મને ઉત્તમ કાર્યથી અને જનોથી તિરસ્કાર મળશે. તેમજ મેં સખ્યા ને ખોયા છે. જેથી હૃદયની ખાસ વ્યથા, વાતો અને પ્રીતિને મૂકવાની ખાણ ખોઈ નાખી છે. વળી હું પ્રિયેણ– પ્રિયજન વિનાનો થયેલ છું, એટલે સ્મશાન તુલ્ય જીવન બન્યું છે. હવે જગત જરાપણ રૂચશે નહિ. ખરે, હું સુહૃદા સુહૃદજન વિરહિત બનેલ છું. તો હવે મારું હિત કોણ વિચારશે? પરિણામે હૃદયેન–મેં હૃદય ગૂમાવ્યું, જેના વિના માણસ જીવી શકે જ નહિ. જો હું જીવતો હોત, તો તદ્દન તુચ્છ કાબાઓના હાથે શ્રીકૃષ્ણની કાન્તાઓને લુંટાવા દેત અને હારી જાત! હવે આજે સમજાય છે કે શ્રીહરિ તો ગયા અને મારું સર્વસ્વ હરી ગયા.

ભગવાનની પત્નીઓ તો સાક્ષાત્ લક્ષ્મીજી રૂપે છે. કાબાઓ તેમનો સ્પર્શ કરવાને માટે સમર્થ નથી, તો અપહરણ કયાંથી કરી શકે? સ્પર્શ કરતાં જ તેઓ અંતર્ધાન થઈ શકે. તેવી વિભૂતિઓ છે; પરંતુ ભગવાને જ ગોપોનાં એવાં અનેક રૂપ લઈને જ વીર અર્જુનના હાથમાંથી અપહરણ કર્યું છે, જેનું અર્જુનને જ્ઞાન નથી. અપહરણ કરવામાં એક તો અર્જુનના વીર તરીકેના ગર્વને ઉતારવાનો હેતુ છે; અને બીજો ભગવદ્ પત્નીઓને વ્રજરજમાં લઈ જવાનો આશય છે. પ્રભુની પત્નીઓએ માગ્યું છે કે અમારે સામ્રાજ્ય નથી જોઈતું; અમારે તો **व्रजस्त्रियो यद् वाञ्छन्ति पुलिन्दस्तृणवीरुधः । गावश्चा यतो गोपाः पादस्पर्शं महात्मनः ॥** વ્રજાંગનાઓ, ગાયો, ગોપજનો, તૃણલતાઓ જે પ્રિયતમના પાદસ્પર્શને વાંછે છે, તે અમને મળો. ભગવાને તે કામના પૂર્ણ કરવા ગોપરૂપે હરણ કર્યું છે.

તેમજ પૂર્વજન્મમાં તેઓ દેવ કુમારિકાઓ હતી. તેમણે અષ્ટાવક્ર મુનિની સ્તુતિ કરીને વરદાનમાં વિષ્ણુને વર તરીકે માગ્યા. મુનિએ તે પ્રમાણે વરદાન આપ્યો; પરંતુ અષ્ટાવક્રની વાંકી કાયા જોઈ મશ્કરી કરી, ત્યારે મુનિએ શાપ આપ્યો–"**दस्युहस्ता भविष्यथ**–તમે લુંટારાના હાથમાં જશો." તે વાક્યને સત્ય કરવા ભગવાન કાબાના રૂપમાં આવ્યા. ૨૦.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

तद्वै धनुस्त इषवः स रथो हयास्ते सोऽहं रथी नृपतयो यत आनमन्ति ।
सर्वं क्षणेन तदभूदसदीशरिक्तं भस्मन् हुतं कुहकराद्धमिवोप्तमूष्याम् ॥ २१ ॥

અન્વયાર્થ—તત્-તે, **વૈ**-ખરેખર, **ધનુઃ**-ધનુષ્ય, **તે**-તે, **ઇષવઃ**-બાણો, **સઃ**-તે, **રથઃ**-રથ, **તે**-તેઓ, **હયાઃ**-ઘોડાઓ, **અહમ્**-હું, **સઃ**-તે, **રથી**-રથવાળો, **યતઃ**-જેને લીધે, **નૃપતયઃ**-રાજાઓ, **આનમન્તિ**-નમતા હતા **તત્**-તે, **સર્વમ્**-બધુંજ, **ઈશરિક્તમ્**-શ્રીકૃષ્ણ વગરનું, **ક્ષણેન**-ક્ષણવારમાં, **ભસ્મન્ હુતમ્**-ભસ્મમાં હોમેલા જેવું, **કુહક**-**રાદ્ધમ્**-કપટથી મેળવેલાં જેવું, **ઉષ્યામ્**-ઉસવાળી-ક્ષારવાળી ભૂમિમાં, **ઉપ્તમ્**-વાવેલાં જેવું, **ઇવ**-જેમ, **અસત્**-નિષ્ફળ છે, તેમ **અસત્**-વ્યર્થ, **અભૂત**-થઈ ગયું. ૨૧.

અનુવાદ—તે જ મારું ધનુષ્ય, તે જ બાણો, તેજ રથ, તે જ અશ્વો, તેમજ રથમાં બેસનાર રથી પણ હું તે જ છું, કે જેને લીધે સર્વ રાજાઓ ચારે તરફથી નમતા હતા; તે જ્યારે ભગવાન શ્રીકૃષ્ણથી સર્વ રહિત થયું ત્યારે તે મારું સર્વ જેમ ભસ્મમાં હોમેલા, કપટથી મેળવેલા, ઉષર ભૂમિમાં વાવેલા જેવું ક્ષણ વારમાં વ્યર્થ થઈ ગયું છે. ૨૧.

તત્ત્વસુધા—શીલ, પુણ્ય, પુણ્યજન સંયોગ અને ઉત્તમ શ્લોક સંસર્ગ-એ વસ્તુમાંથી એકને પણ ગૂમાવ્યા પછી મનુષ્યનો પૃથ્વીમાં કદી વિજય કે ઉત્કર્ષ થતો નથી. અર્જુને 'ઉત્તમ શ્લોક' કૃષ્ણને ગૂમાવ્યા છે. તેનું પરિણામ બતાવે છે કે ધન, સાધન, બળ, બુદ્ધિ, સ્વજન આદિ સર્વ કાર્યશૂન્ય બની જાય છે. 'तद्वै धनुः'-જે ગાંડીવનો મને ગર્વ હતો કે જે ધનુષ્યે દેવોને સહાય કરી, તેનું તેજ ધનુષ્ય છે; અને 'इषवः'-ભીષ્મ પિતામહે યુદ્ધમાં પારખેલાં બાણ પણ તે જ છે કે જે હું આડમાં શિખંડીને રાખીને છોડતો, ત્યારે દાદાએ કહેલું કે "આ તો અર્જુનનાં બાણ છે." મારાં આજે તે જ બાણ છે; અને 'रथ' કોઈપણ પ્રદેશમાં અકુંઠિત ગતિએ પહોંચી જતો રથ પણ આજે એનો એજ છે; અને 'हयाः-' જ્યાં હાંકીએ ત્યાં જનારા વિજયી અશ્વો પણ તે જ છે; અને 'रथी'-વિશ્વ વિજેતાના પદને પામેલો રથી પણ હું એનો એજ છું. કેવલ તે મનોરથ પૂરનાર, પ્રાણ પૂરનાર, બળ-ઉત્સાહ અને વિજય દેનાર 'કેશવ સારથિ' નથી; ત્યારે મને સમજાયું કે હું વ્યર્થ 'મહારથિ' નું અભિમાન ધરનાર માટીનું પૂતળું છું.

તાત્પર્ય એક જ છે કે માનવ જીવનમાં વિજય, કેવલ હરિ કૃપાનું ફળ છે; નહિ કે મનુષ્યનું કેવલ બુદ્ધિ ચાતુર્ય બળ.

તે આ ધનુષ્ય, શર, તે રથ, અશ્વ તેજ,
હું એ રથી, નૃપતિઓ નમતા મને જે,
એક ક્ષણે અફલ બધ વિનાનું જેમ
ભસ્મે બલિ, કપટ પૂજન, બીજ ખારે.

અર્જુન આ પ્રસંગે ત્રણ દૃષ્ટાંત ટાંકે છે. તેનો આશય એ છે કે ભસ્મમાં હોમેલું યદ્યપિ વ્યર્થ તો છે, છતાં તે મંત્રથી હોમ્યું છે, તેથી અંશતઃ પુણ્ય તો થાય છે. માટે બીજો દાખલો આપ્યો કે કુહક કપટીએ કરેલ પૂજનની માફક વ્યર્થ થયું. ત્યાં સમાધાન છે કે ભલે ભગવાન ન મળ્યા, પણ ભોગ તો મળ્યા. ત્યારે ત્રીજો દાખલો દીધો કે ખારી ભૂમિમાં નાખેલ બીજ નકામું ગયું, મહેનત નકામી ગઈ, તેવી હાલત મારી થઈ ૨૧.

राजंस्त्वयाभिपृष्टानां सुहृदां नः सुहृत्पुरे ।
विप्रशापविमूढानां निघ्नतां मुष्टिभिर्मिथः ॥ २२ ॥
वारुणीं मदिरां पीत्वा मदोन्मथितचेतसाम् ।
अजानतामिवाऽन्योन्यं चतुः पंचाऽवशेषिताः ॥ २३ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—રાજન્-હે ધર્મરાજ, **ત્વયા**-આપે, **સુહૃત્પુરે**-મિત્ર નગર-દ્વારિકામાં, **અભિપૃષ્ટાનામ્**-કુશળ પ્રશ્ન પૂછવામાં આવેલા, **નઃ**-આપણા, **સુહૃદામ્**-મિત્રોના, **વિપ્ર-શાપ-વિમૂઢાનામ્**- બ્રાહ્મણોના શાપથી મોહ પામેલા, **વારુણીમ્**-વારુણી નામની **મદિરામ્**-મદિરાનું, **પીત્વા**-પાન કરીને, **મદ-ઉન્મથિત-ચેતસામ્**-મદથી વિહ્વળ ચિત્તવાળા, **અન્યોઽન્યમ્**-એક બીજાને, **અજાનતામ્-ઇવ**-ન ઓળખતા હોય એવા, **મુષ્ટિભિઃ**-મુઠીઓથી, **મિથઃ**-પરસ્પર, **નિઘ્નતામ્**-પ્રહાર કરનારાઓમાંથી, **ચતુઃ-પઞ્ચ**-ચાર પાંચ, **અવશેષિતાઃ**-બાકી રહી ગયા છે. ૨૨; ૨૩.

અનુવાદ—હે મહારાજ, આપે દ્વારિકાપુર નિવાસી એવા આપણા મિત્રોના જે કુશળ સમાચાર પૂછ્યા, તેઓ તો બ્રાહ્મણોના શાપથી મોહ પામી, વારૂણી નામની મદિરાનું પાન કરી, ઉન્મત્ત બની, એક બીજાને ઓળખતા જ ન હોય એમ મુષ્ટિઓના પ્રહારો કરી મારતાં મારતાં ફક્ત ચાર કે પાંચ જ બાકી રહ્યા છે. ૨૨; ૨૩.

તત્ત્વસુધા—ચક્રવર્તી યુધિષ્ઠિરજીએ બે પ્રશ્નો પૂછ્યા હતા. ભાઇ અર્જુન મુખ ઉપરથી અસ્વસ્થતા કેમ લાગે છે? એ પ્રથમ પ્રશ્ન હતો. યાદવો કુશળ છે ને! એ બીજો પ્રશ્ન હતો. પાંચમા શ્લોકથી એકત્રીસમા શ્લોક સુધી પ્રથમ પ્રશ્નનો ખુલાસો કરી, હવે ૨૨ મા શ્લોકથી બીજા પ્રશ્નનો ઉત્તર આપે છે કે મહારાજ, યાદવકુલ અને યાદવ પુરનું કુશળ કયાંથી હોય? આશીર્વાદ આપવાને ટેવાયેલા વિપ્રોના હાથે યાદવોને શાપ થયો. સંભવ છે કે યાદવોનો અસાધારણ અપરાધ હશે; અથવા યાદવકુલના ભારને દૂર કરી પૃથ્વીને સુખી કરવાનો ભગવાનનો સંકેત હશે. તાડના ઝાડમાંથી થતી વારૂણી મદિરા યાદવોએ પીધી. યાદવો દ્વારિકા નગરમાંથી બહાર ગયા; અને ત્યાં જઇ ખૂબજ તાડી પીધી. જો દ્વારિકામાં રહ્યા હોત તો કદિ તાડી પીવાની કુમતિ ન થાત; પરંતુ ભાવિ ભૂલાવે છે, તેથી જ તેમ બન્યું. એક બીજાની સાથે મૂઠીઓથી લઢ્યા. લઢતાં સર્વનાશ પામ્યા. કેવલ **ચતુઃ પઞ્ચાવશેષિતાઃ** ચાર કે પાંચ બચ્યા. એટલે ચાર અને પાંચ મળી નવ બચ્યા. અર્થાત્ પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, કાળ, દિશા, આત્મા અને મન એમ મળી નવ દ્રવ્યોથી દેહનો સંઘાત બને છે. તેમાંથી નજરે દેખાતાં પૃથ્વી, જળ, તેજ, વાયુ તો નાશ પામ્યાં; પરંતુ તે ચારના પરમાણુઓ રહ્યા અને આકાશાદિ પાંચ દ્રવ્યો રહ્યાં. ૨૨; ૨૩.

પ્રાયેણૈતદ્ ભગવત ઈશ્વરસ્ય વિચેષ્ટિતમ્ ।
મિથો નિઘ્નન્તિ ભૂતાનિ ભાવયન્તિ ચ યન્મિથઃ ॥ ૨૪ ॥

અન્વયાર્થ—એતત્-આ બધું, **પ્રાયેણ**-ઘણે ભાગે, **ભગવતઃ**-ભગવાનનું, **ઈશ્વરસ્ય**-પરમેશ્વરનું, **વિચેષ્ટિતમ્**-ચરિત્ર-વિશિષ્ટ કાર્ય છે. **યત્**-જે, **ભૂતાનિ**-સર્વ પ્રાણિઓ, **મિથઃ**-પરસ્પરને, **નિઘ્નન્તિ**-હણે છે, **ચ**-અને, **મિથઃ**-અન્યોન્યને, **ભાવયન્તિ**-ઉત્પન્ન કરે છે-પાળે છે. ૨૪.

અનુવાદ—ભૂત-પ્રાણી માત્ર પરસ્પર એક બીજાને મારે છે; તેમજ એક બીજાને ઉત્પન્ન કરે છે, સંભાળે છે. એ કાર્ય ઘણું કરીને સમર્થ ભગવાન શ્રીહરિનું એક વિશિષ્ટ લીલા-ચરિત્ર છે. ૨૪.

તત્ત્વસુધા—અર્જુનના ખુલાસાથી રાજાના હૃદયમાં સંદેહ થયો કે ભગવાનનું સાન્નિધ્ય અને મોક્ષપુરી સમાન પવિત્ર દ્વારિકા ક્ષેત્ર, ત્યાં યાદવોને કુમતિ કેમ થાય? તેના સમાધાનમાં આ શ્લોકથી કહ્યું કે આ એક પ્રભુનો જ સંકેત હતો. વળી માનો જો ભગવાનનો આશ્રય કરીને મદોન્મત્ત બની બીજાને કનડે છે, તો તેને પણ ભગવાન શિક્ષા કરે છે જ. પ્રાયેણ અવ્યયથી આ વિષયમાં થોડો યાદવોનો પ્રમાદ અને વિશેષ પ્રમાણમાં પ્રભુનો સંકેત હતો. સૃષ્ટિના નિયમે જે વસ્તુ સરજાય તે નાશ પણ પામે. ૨૪.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

जलौकसां जले यद्वन्महान्तोऽदन्त्यणीयसः ।
दुर्बलान् बलिनो राजन्महान्तो बलिनो मिथः ॥ २५ ॥
एवं बलिष्ठैर्यदुभिर्महद्भिरितरान् विभुः ।
यदून् यदुभिरन्योन्यं भूभारान् संजहार ह ॥ २६ ॥

અન્વયાર્થ—**રાજન્**-હે મહારાજ, **યદ્વત્**-જેમ, **જલે**-પાણીમાં, **જલૌકસામ્**-જળચર પ્રાણીઓમાં, **મહાન્તઃ**-મોટાં પ્રાણી, **અણીયસઃ**-નાનાં પ્રાણીઓને, **બલિનઃ**-બળવાળાં, **દુર્બલાન્**-દુબળાંને, **મહાન્તઃ-બલિનઃ**-વધારે બળવાળા, **મિથઃ**-એક બીજાને, **અદન્તિ**-ભક્ષણ કરે છે, **એવમ્**-એ પ્રમાણે, **વિભુઃ**-સર્વ સમર્થ શ્રીકૃષ્ણે, **બલિષ્ઠૈઃ**-બળવાળા, **મહદ્ભિઃ**-મોટા, એવા **યદુભિઃ**-યાદવો વડે, **ઇતરાન્**-બીજાઓને, **યદુભિઃ**-યાદવો વડે, **યદૂન્**-યાદવોને, **અન્યોન્યમ્**-અન્યોન્ય સંહાર કરાવીને, **હ**-ખરેખર, **ભૂ ભારાન**-પૃથ્વી ઉપરના ભારને, **સંજહાર**-દૂર કર્યો. ૨૫; ૨૬.

અનુવાદ—જળમાં વસનારાં મત્સ્યોમાં મોટાં માછલાં જેમ નાનાં માછલાંઓને ખાય છે, તેવી રીતે, હે રાજા યુધિષ્ઠિર, અહીં દુર્બલ યાદવોને બળવાન યાદવોએ મારેલા છે; અને જે મોટા હતા તે પરસ્પર એક બીજાના મારવાથી મરેલા છે; એમ બળવાન મોટા યાદવો વડે નિર્બળ નાના યાદવોને મરાવેલા છે. એમ પૃથ્વીના ભારરૂપ યાદવોનો પરસ્પર યાદવો વડેજ ઉપસંહાર કરેલો છે. ૨૫; ૨૬.

તત્ત્વસુધા—જગતમાં એક માત્સ્યન્યાય પ્રસિદ્ધ છે કે નાનાં માછલાંઓને મોટાં મત્સ્યો ખાઇ જાય છે. આ બાબતમાં અગ્નિનો શાપ પણ છે; તેથી પણ મત્સ્યો મત્સ્યોને ખાઇ જાય છે તેમ યાદવ કુલ મહાસાગરમાં વિપ્રનો શાપ છે. તેથી સર્વ યાદવો પરસ્પર કલહ કરી લઢયા અને ગયા. **રાજન્** સંબોધન કરીને કહ્યું, યુધિષ્ઠિરજી! રાજાઓને તો આ બાબતનો અનુભવ છે જ. કદાચ એમ શંકા થાય કે ભગવાને સ્વયં કેમ યાદવોનો નાશ ન કર્યો? ત્યારે સમાધાન કર્યું કે ભગવાન તો **વિભુઃ**- સમર્થ છે. મહાન્, અત્યંત મહાન્ અને વિભુ એ ત્રણ પુરુષો છે. સાધન સામગ્રીથી કામ લે છે તે મહાન્ છે. આજ્ઞા કરી સર્વકામ કરાવે છે તે અત્યંત મહાન્ છે; પરંતુ 'ઇચ્છા માત્ર' થી જ કામ લે છે તેઓ વિભુઃ છે. ૨૫; ૨૬.

देशकालार्थयुक्तानि हृत्तापोपशमानि च ।
हरन्ति स्मरतश्चित्तं गोविन्दाभिहितानि मे ॥ २७ ॥

અન્વયાર્થ—**દેશ-કાલ-અર્થ-યુક્તાનિ**-દેશ-કાળને અનુસરતા અર્થોવાળાં, **ચ**-અને, **હૃત્તાપ-ઉપશમાનિ**-હૃદયના સમસ્ત સંતાપને શમાવનારાં, **ગોવિન્દ-અભિહિતાનિ**-શ્રીકૃષ્ણનાં ભાષણો, **સ્મરતઃ**-સ્મરણ કરતાં, **મે**-મારા, **ચિતમ્** ચિત્તને હરે છે. ૨૭.

અનુવાદ—દેશ અને કાળને યોગ્ય એવા અર્થથી ભરેલાં, હૃદયના તાપને શમાવનારાં, શ્રીકૃષ્ણના વચનોનું જ્યારે હું સ્મરણ કરું છું ત્યારે તે વચનો મારા ચિત્તને હરે છે. ૨૭.

તત્ત્વસુધા—વ્યક્તિએ દેશ અને કાળને માન આપીને દરેક કાર્ય કરવું જોઇએ. કદાચ કાર્ય કરવાં ન રૂચે તો પણ નીતિને માન આપવું જ રહ્યું. તે કાર્યોનું આચરણ પરિણામે હૃદયને શાંતિ આપનારું નીવડે છે. પાકટ વય થતાં વ્યવહાર, વ્યાપારનો રસ અવશ્ય ઓછો કરવો અને આત્મનિષ્ઠામાં, ભગવદ્ ધર્મોમાં મન વાળવું. આપણી ઇન્દ્રિયો ભલે કાર્ય કરવાને સમર્થ છે; પરંતુ શાસ્ત્રનો આદેશ છે. મને ભગવાને આવાં અનેક વિવેક વાક્યો ગીતાજીમાં અને અનેક વખત વાર્તાલાપમાં કહ્યાં છે. આજે તે વાક્યોનું સ્મરણ થતાં હૃદય વિકળ બની જાય છે ૨૭.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

सूत उवाच-एवं चिन्तयतो जिष्णोः कृष्णपादसरोरुहम् ।
सौहार्देनाऽति गाढेन शान्ताऽऽसीद्विमला मतिः ॥ २८ ॥
वासुदेवाङ्घ्र्यनुध्यान परिबृंहित रंहसा ।
भक्त्या निर्मथिताशेषकषायधिषणोऽर्जुनः ॥ २९ ॥
गीतं भगवता ज्ञानं यत्तत्संग्राममूर्धनि ।
कालकर्मतमोरुद्धं पुनरध्यगमत् प्रभुः ॥ ३० ॥

अन्वयार्थ—एवम्-આ પ્રમાણે, अतिगाढेन-અત્યંત ગાઢ એવા, सौहार्देन-પ્રેમ ભાવથી, कृष्ण-पाद-सरोरुहम-શ્રીકૃષ્ણના ચરણ કમળને, चिन्तयतः-ચિન્તવન કરતા, जिष्णोः-અર્જુનની, मतिः-બુદ્ધિ, शान्ता-શાંત, विमला-નિર્મળ, आसीत्-થઈ. ૨૮; अर्जुनः-અર્જુન, वासुदेव-अंघ्रि-अनुध्यान-परि-बृंहित-रंहसा-ભગવાન વાસુદેવના ચરણ કમળના ચિન્તવનથી વધી ગયેલ વેગવાળી, भक्त्या-ભક્તિથી, निर्मथित-अशेष-कषाय-धिषणः-જેની બુદ્ધિના સર્વ દોષો નાશ પામ્યા છે એવા થયા. ૨૯; प्रभुः-અર્જુન, यत्-જે, ज्ञानम्-જ્ઞાન, भगवता-ભગવાન શ્રીકૃષ્ણે, संग्राम-मूर्धनि-મહાભારત યુદ્ધના આરંભમાં, गीतम्-ગાયું હતું, तत्-તે ગીતા જ્ઞાન, काल-कर्म-तमो-रुद्धम्-કાલ, કર્મ અને અજ્ઞાનને લીધે ઢંકાયેલું હતું, તેને पुनः-ફરીથી, अध्यगमत्-સંપાદન કર્યું. ૩૦.

અનુવાદ—અવી રીતે અતિશય ગાઢ સ્નેહ ભાવથી શ્રીકૃષ્ણના ચરણ કમળનું ચિંતન કરતા અર્જુનની બુદ્ધિ શાન્ત તેમજ નિર્મળ બની ગઈ. તેમજ ભગવાન શ્રીકૃષ્ણના ચરણોના ચિન્ત્વનથી અતિશય વધેલી વેગવાળી ભક્તિથી બુદ્ધિના સમસ્ત કષાય-મળ દોષ નાશ પામેલ છે એવા અર્જુનજીએ, મહાભારતના યુદ્ધ પ્રસંગે ભગવાન શ્રીકૃષ્ણે જે શ્રીમદ્ ભગવદ્ ગીતા રૂપ જ્ઞાન ગાયું હતું, તે જ્ઞાન કાલ-કર્મ અને અજ્ઞાનને લીધે ઢંકાઈ ગયેલું હતું, તેને ફરીથી સંપાદન કર્યું,-તાજું કર્યું. ૨૮; ૨૯; ૩૦.

तत्त्वसुधा—અર્જુનને જિષ્ણુ શબ્દથી ઓળખાવ્યા છે. મનને મૂઠીમાં રાખે અને મનને મનાવી શકે તે જિતમના-જિષ્ણુ મનાય. શ્રીકૃષ્ણ ભગવાનના સત્સંગનું અને ગાઢ સ્નેહનું એ ફળ હતું. ભગવાનની સાથેના નિત્ય સહચર્યથી વિવેક, ધૈર્ય અને સહિષ્ણુતા સ્વાભાવિક રીતે મળ્યાં હતાં. આજે વિયોગમાં પ્રભુના પાદ સરોજનું અનાયાસે ચિંતન થવા લાગ્યું. તે ચિંતનના બળે બુદ્ધિમાંથી મમતાના મેલ સર્વ ધોવાયા અને મતિ તદ્દન નિર્મળ અને શાંત બની ગઈ. ૨૮.

જ્ઞાનમાં ભક્તિનો પ્રવેશ થાય ત્યારે કે સ્નેહ સહિત ભગવત્સેવામાં મન પરોવાય ત્યારે 'મમતા' નું આવરણ સરલતાથી સરી જાય છે. વાદળ વેરાતાં દિવાકરનાં દર્શન થાય તેમ મનશ્ચક્ષુ ઉપરથી મમતાનાં વાદળ વિખરાઈ જતાં ભગવદ્ દર્શન થાય છે. અને ચિત્તમાં જીવ સાથેના ભગવાનના સંબંધનો ખ્યાલ આવી જાય છે. પછીથી શાંત અને નિર્મળ બનેલી બુદ્ધિમાં જે 'વાસના' ગુપ્ત રીતે સુતેલી હોય છે, તે વાસના વાસુદેવના ચરણારવિંદના ધ્યાન સમયે હૃદયમાં થનારા આલિંગનથી વાસુદેવમયી બની જાય છે. અર્જુનની મતિ આ રીતે શાંત, વિમલ અને ધવલ બની. કુરુક્ષેત્રના સંગ્રામમાં શ્રીકૃષ્ણના મુખ કમળથી શ્રવણ કરેલ શ્રીમદ્ ભગવદ્ ગીતાનું પુનઃ અનુસંધાન થયું. તે સમયના શ્રવણનું ખરું ફળ આજે યોગ્ય કાળે મળ્યું. જો કે શ્રવણ કરનાર દરેક માટે આમ થવું સુલભ નથી હોતું; પરંતુ અર્જુન વિવેકી અને પ્રભુના કૃપાપાત્ર તેમજ સમર્થ હતા તેથી થયું. ૨૯; ૩૦.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વિશોકો બ્રહ્મસંપત્યા સંચ્છિન્નદ્વૈતસંશયઃ ।
લીનપ્રકૃતિનૈર્ગુણ્યાદલિઙ્ગત્વાદસમ્ભવઃ ॥ ૩૧ ॥

અન્વયાર્થ—બ્રહ્મસંપત્યા "હું બ્રહ્મ છું"-એવી બ્રહ્મજ્ઞાનરૂપ સંપત્તિથી, **સંચ્છિન્ન-દ્વૈત-સંશયઃ**-દ્વૈતપણાના સર્વ સંશયો જેના છેદાયેલ છે એવા, **વિશોકઃ**-શોક રહિત થયેલા, તેમજ **લીન-પ્રકૃતિ-નૈર્ગુણ્યાત્**-અવિદ્યા નાશ પામતાં નિર્ગુણ દશા પ્રાપ્ત થવાથી, **અલિઙ્ગત્વાત્**-લિંગ શરીરનો નાશ થવાથી, **અસમ્ભવઃ**-પુનર્જન્મ વિનાના થયા. ૩૧.

અનુવાદ—બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ થવાથી શોક રહિત, તેમજ દ્વૈતપણાના સર્વ સંશયો છેદાઈ ગયેલ છે એવા જ્યારે અર્જુનજી થયા, ત્યારે લીન થયેલી પ્રકૃતિ-અવિદ્યાનો નાશ થવાથી નિર્ગુણ અવસ્થા થઈ અને લિંગ શરીર જતું રહ્યું એટલે ફરીવાર દેહ ઉત્પન્ન થવાનો સંભવ ન રહ્યો. ૩૧.

તત્ત્વસુધા—વિશોકો બ્રહ્મસંપત્યા-બ્રહ્મજ્ઞાનથી અર્જુન શોક મુક્ત થયા. શ્રુતિનું વચન છે કે તરતિ શોકમાત્મવિત્-આત્માને જાણે તે શોકને તરે છે. વળી બ્રહ્મવિદ્ બ્રહ્મૈવ ભવતિ જે બ્રહ્મને જાણે છે તે બ્રહ્મ જ થાય છે. એમાં એવ અવ્યય વિશ્વાસને જણાવે છે. અર્જુનજીએ પરબ્રહ્મ શ્રીકૃષ્ણને જાણ્યા અને શોકમુક્ત થયા. કાયા, કાન્તા, કાંચન, કુટુંબ, કીર્તિ વગેરે, હર્ષ-શોકનાં નિમિત્ત છે. એ મળે હર્ષ થાય, જ્યારે જાય ત્યારે શોક થાય છે. એવી સમજ કેવળ શ્રીકૃષ્ણની કૃપાથી જ થાય છે અને ગળે ઉતરે છે. વળી અર્જુનજીને અનુસંધાન થયું કે ભગવાનનો કદિ વિયોગ નથી, તેમજ ભગવાન શ્રીકૃષ્ણ કયાં પણ ગયા નથી. એવો યથાર્થ બોધ થયો, એજ ક્ષણે શોક નિવૃત્તિ થઈ, તેમજ દ્વૈત સંશયો પણ ચાલ્યા ગયા. દ્વે ઇતં દ્વિતં તસ્ય ભાવઃ દ્વૈતમ્। મારું અને તારું, મારો અને તારો, એ દ્વૈત ભાવોની નિવૃત્તિ થાય છે, ત્યારે શોક જાય છે 'આ બધું ભગવાન છે,' એવો યથાર્થ ભાવ થાય, ત્યારે આત્મદર્શન કહેવાય છે. કદાચ અર્જુનને પુનઃ સંશય કે દ્વૈત ભાવ થાય તો! તેના સમાધાન માટે કહે છે કે લીન પ્રકૃતિ નૈર્ગુણ્યાત્-પ્રકૃતિ સ્વયં લીન થઈ એટલે પુનર્જન્મનો અથવા દ્વૈત સંશયોનો **અસમ્ભવઃ**- કોઇ અવસર ન રહ્યો. ૩૧.

નિશમ્ય ભગવન્માગ સંસ્થાં યદુકુલસ્ય ચ ।
સ્વઃ પથાય મતિં ચક્રે નિભૃતાત્મા યુધિષ્ઠિરઃ ॥ ૩૨ ॥

અન્વયાર્થ—નિભૃત-આત્મા-સ્વસ્થ ચિત્તવાળા, **યુધિષ્ઠિરઃ**-ધર્મરાજ, **ભગવન્માર્ગમ્**-ભગવાનના માર્ગને, **ચ**-અને, **યદુકુલસ્ય**-યાદવ કુળના, **સંસ્થામ્**-નાશને, **નિશમ્ય**-શ્રવણ કરીને, **સ્વઃપથાય**-સ્વર્ગના માર્ગે જવા માટે, **મતિમ્**-બુદ્ધિને, **ચક્રે**-કરતા હતા. ૩૨.

અનુવાદ—સ્વસ્થ ચિત્તવાળા મહારાજા યુધિષ્ઠિરે એ પ્રમાણે ભગવાનના સ્વધામ ગમનને તથા યાદવકુળના વિનાશને સાંભળીને સ્વર્ગના માર્ગે જવા માટે બુદ્ધિ કરી. ૩૨.

તત્ત્વસુધા—અર્જુનજીની નિર્મલ અવસ્થાની અસર સર્વને થઇ. યુધિષ્ઠર રાજાએ સ્વર્ગારોહણનો વિચાર કર્યો. કુન્તીજીએ દેહ વિસર્જન પણ કરી દીધું. ૩૨.

પૃથાપ્યનુશ્રુત્ય ધનંજયોદિતં નાશં યદૂનાં ભગવદ્ગતિં ચ તામ્ ।
એકાન્તભક્ત્યા ભગવત્યધોક્ષજે નિવેશિતાત્મોપરરામ સંસૃતેઃ ॥ ૩૩

અન્વયાર્થ—પૃથા-કુન્તાજી, **અપિ**-પણ, **ધનંજયોદિતમ્**-અર્જુને કહેલા, **યદૂનામ્**-યાદવોના, **નાશમ્**-નાશને, **ચ**-અને, **તામ્**-તે એવી, **ભગવદ્-ગતિમ્**-ભગવાનના સ્વધામ ગમનને, **અનુશ્રુત્ય**-શ્રવણ કરીને,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એકાન્ત-ભક્ત્યા-ભગવાનમાં અનન્ય ભક્તિ ભાવથી; **અધોક્ષજે**-ઈન્દ્રિયોને અગોચર એવા, **ભગવતિ**-ભગવાનમાં, **નિવેશિત-આત્મા**-જેમણે અન્તઃકરણ સમર્પ્યું છે એવાં, **સંસૃતેઃ**-સંસારમાંથી, **ઉપરરામ**-વિરામ પામ્યાં. ૩૩.

અનુવાદ—કુન્તીજી પણ અર્જુનજીથી કહેવામાં આવેલ યાદવોનો વિનાશ તથા ભગવાનના સ્વધામગમનને સાંભળીને, ભગવાન શ્રીકૃષ્ણમાં અનન્ય ભક્તિભાવને લીધે ઈન્દ્રિયોથી પર એવા ભગવાનમાં ચિત્તવૃત્તિઓને જોડી દઈને આ સંસારમાંથી ઉપરામ પામ્યાં. ૩૩.

તત્ત્વસુધા—પ્રેમયોગ અથવા ભાવયોગ એ સર્વોત્કૃષ્ટ યોગ પુરવાર થયો છે. મનની નિર્મળતા અને એકાગ્રતા એ બે ભૂમિકા પ્રેમયોગથી સુલભ બને છે. કુન્તીજીએ કૃષ્ણવિયોગ દ્વારા એનો અનુભવ કર્યો, દેહનો ત્યાગ કર્યો અને ભગવત્સાયુજ્યની પ્રાપ્તિ કરી. ૩૩.

યયાઽહરદ્ભુવો ભારં તાં તનું વિજહાવજઃ ।
કણ્ટકં કણ્ટકેનેવ દ્વયં ચાપીશિતુઃ સમમ્ ॥ ૩૪ ॥

અન્વયાર્થ- **અજઃ**-અજન્મા શ્રીકૃષ્ણે, **કણ્ટકેન**-કાંટાથી, **કણ્ટકમ્-ઇવ**-કાંટાની જેમ, **યયા**-જે શરીરથી, **ભુવઃ**-પૃથ્વીના, **ભારમ્**-ભારને, **અહરત્**-દૂર કર્યો, **તામ્**-તે, **તનુમ્**-શરીરને, **વિજહૌ**-ત્યજી દીધું, **ચ**-અને, **દ્વયમ્-અપિ**-આ બન્ને પણ, **ઈશિતુઃ**-સર્વના નિયન્તા ઈશ્વરને, **સમમ્**-સરખાં છે. ૩૪.

અનુવાદ-કાંટાથી કાંટાને કાઢીને પછી કાંટાનો ત્યાગ કરે છે, તેમ અજન્મા ભગવાને જે શરીર વડે પૃથ્વીના ભાર દૂર કર્યો હતો તે શરીરને છોડ્યું; કારણકે ભાર રૂપ શરીર અને યાદવરૂપ શરીર બન્ને કાર્ય ભગવાનને સરખાં છે. ૩૪.

તત્ત્વસુધા—ભગવાન પણ કોઈ વિશિષ્ટ કાર્ય સાધવા માટે અવતાર લઈને પધારે છે. કાર્ય સમાપ્ત થાય કે શરીરનો ત્યાગ કરે છે. પૃથ્વી ઉપર યાદવકુલ પણ બોજા રૂપ હતાં. તેઓનાં બળ અને ધન બન્ને મદથી ઘેરાયેલાં હતાં, અનેક કષ્ટ આપતાં હતાં. ભગવાને તેને દૂર કરી, આદ દેહ ઉત્સર્ગ કર્યો. બળ અને ધન જેટલાં સ્વયં ઉન્મત્ત નથી થતાં, તેથી વધુ તો મહાનના હાથો મેળવી લે છે, ત્યારે વધુ અનર્થકારી નીવડે છે. માટે ભગવાને યાદવકુલનો ભાર ઉતાર્યા આદ જ દેહ વિલય કર્યો. ૩૪.

યથા મત્સ્યાદિરૂપાણિ ધત્તે જહ્યાદ્યથા નટઃ ।
ભૂભારઃ ક્ષપિતો યેન જહૌ તચ્ચ કલેવરમ્ ॥ ૩૫ ॥

અન્વયાર્થ—**યથા**-જે રીતે, **નટઃ**-નટ, **રૂપાણિ**-સ્ત્રી વગેરેનાં રૂપોને, **યથા**-જેમ ધારણ કરે છે તેમ નટવર, **મત્સ્યાદિ રૂપાણિ**-મત્સ્યાદિ શરીરોને, **ધત્તે**-ધારણ કરે છે, અને, **જહ્યાત્**-છોડી દે છે, **ચ**-વિશેષમાં, **યેન**-જે શરીરથી, **ભૂભાર ક્ષપિતઃ**-દૂર કર્યો, **તત્**-તે, **કલેવરમ્**-શરીરને પણ, **જહૌ**-ત્યજી દીધું. ૩૫.

અનુવાદ—નટ જેમ સ્ત્રી વગેરેનાં સ્વરૂપ ધારણ કરે છે અને જેમ છોડી પણ દે છે, તેજ રીતે ભગવાન પણ મત્સ્યાદિ રૂપો લે છે અને છોડી દે છે; તેમજ જે શરીરથી પૃથ્વીનો ભાર દૂર કર્યો તે શરીરને પણ ત્યજી દીધું. ૩૫.

તત્ત્વસુધા—નટ સ્ત્રીના રૂપને ધારણ કરે છે. એમાં એને મોહ નથી; પરંતુ કાર્યવશ તે સ્વીકારે છે અને કામ પતે ઉપાધિ સમજી ત્યજી દે છે. તો આ ભગવાન તો નટવર છે. એને દેહ સ્વીકાર અને ત્યાગ સહજ બની જાય છે. ૩૫.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

यदा मुकुन्दो भगवानिमां महीं जहौ स्वतन्वा श्रवणीयसत्कथः ।
तदाऽहरेवाऽप्रतिबुद्धचेतसामभद्रहेतुः कलिरन्ववर्तत ॥ ३६ ॥

અન્વયાર્થ—**યદા**-જ્યારે, **શ્રવણીય-સત્કથઃ**-શ્રવણ કરવા યોગ્ય જેમની સુંદર કથાઓ છે, એવા **ભગવાન્**-ભગવાન, **મુકુન્દઃ**-શ્રીકૃષ્ણે, **સ્વતન્વા**-પોતાના શરીરથી, **ઇમામ્**-આ, **મહીમ્**-પૃથ્વીને, **જહૌ**-ત્યજી દીધી, **તદાહઃ-એવ**-તે દિવસથી જ, **અપ્રતિબુદ્ધ-ચેતસામ્**-અજાગ્રત ચિત્તવાળા જનોના, **અભદ્રહેતુઃ**-અમંગળમાં કારણભૂત એવો, **કલિઃ**-કળિયુગ, **અન્વવર્તત**-શરૂ થયો. ૩૬.

અનુવાદ—શ્રવણ કરવા યોગ્ય સારાં ચરિત્રોવાળા ભગવાન મુકુન્દે જ્યારે પોતાના શરીરથી આ પૃથ્વીને ત્યજી દીધી, તેજ દિવસે અજાગ્રત ચિત્તવાળા જનોના અકલ્યાણના કારણરૂપ કળિયુગ શરૂ થયો. ૩૬.

તત્ત્વસુધા—ભગવાને પ્રાતઃકાળના સમયમાં ભૂતલ ઉપરથી પ્રયાણ વિજય કર્યું હતું. કલિયુગે પણ તેજ પ્રાતઃકાલના સમયે ભૂતલ ઉપર પ્રવેશ કર્યો. ૩૬.

युधिष्ठिरस्तत्परिसर्पणं बुधः[2] पुरे च राष्ट्रे च गृहे तथाऽऽत्मनि ।
विभाव्य लोभानृतजिह्महिंसनाद्यधर्मचक्रं गमनाय पर्यधात् ॥ ३७ ॥

અન્વયાર્થ—**બુધઃ**-જ્ઞાની, એવા **યુધિષ્ઠિરઃ**-મહારાજા યુધિષ્ઠિર, **પુરે**-નગરમાં, **ચ**-અને, **રાષ્ટ્રે**-રાષ્ટ્રમાં, **ચ**-અને, **ગૃહે**-ઘરમાં, **તથા**-તથા, **આત્મનિ**-શરીરમાં, **તત્પરિ-સર્પણમ્**-તે કળિયુગના પ્રસારને, **લોભ-અનૃત-જિહ્મ-હિંસન-આદિ**-લોભ, અસત્ય, કપટ, હિંસા વગેરે, **અધર્મ-ચક્રમ્**-અધર્મના ચક્રને, **વિભાવ્ય**-ફેલાતું જોઈને, **ગમનાય**-સ્વર્ગગમન માટે, **પર્યધાત્**-નિશ્ચય કર્યો. ૩૭.

અનુવાદ—જ્ઞાની એવા યુધિષ્ઠિરે, રાજ્યમાં, નગરમાં, ઘરમાં તેમજ શરીરમાં ફેલાતા કળિયુગને જોઈને, અને લોભ, અસત્ય, કપટ, હિંસા વગેરેથી પ્રગટ થતા અધર્મચક્રને જોઈને, કલિયુગની પ્રવૃત્તિ થઈ છે એમ સમજીને સ્વર્ગારોહણ માટે નિર્ણય કર્યો. ૩૭.

તત્ત્વસુધા—સમાજની વૃત્તિ અને પ્રવૃત્તિના અવલોકનથી યુધિષ્ઠિરજી સમજી શકયા કે કલિ પ્રાબલ્ય આવી રહેલ છે. એણે એના પરિવાર સાથે સમાજમાં ઘર કર્યું છે. એ અતિથિના લક્ષણવાળો લાગતો નથી કે દેશ જોઈ પાછો ફરે. એની સૈન્ય-સમ્પત્તિમાં પ્રથમ તો લોભ છે, જે દરેક દોષોનો આશ્રય છે. લોભ અન્તઃકરણનો દોષ છે, એટલે એનો તો અન્તઃપુર સુધી પ્રવેશ ગણાય. એને કોણ કાઢી શકે ? બીજો અનૃત ભાષણ નામનો દોષ છે, જે વાણીનો ધર્મ થયો. આ દોષ મનુષ્યના સ્વરૂપનો નાશ કરે છે. ત્રીજો દોષ જિહ્મ એટલે કુટિલતા, જે બુદ્ધિનો દોષ છે, જે પ્રેમનો નાશ કરે છે. હિંસન હિંસા શરીરનો દોષ છે, જે દયાનો ઉચ્છેદ કરે છે. આ કલિચક્રને જોઈ ચક્રવર્તિ પણ ચાલ્યા ગયા. ૩૭.

[3]स्वराट् पौत्रं विनयिनमात्मनः सुसमं गुणैः ।
तोयनीव्याः पतिं भूमेरभ्यषिञ्चद् गजाह्वये ॥ ३८ ॥
मथुरायां तथा वज्रं शूरसेनपतिं ततः ।
प्राजापत्यां निरूप्येष्टिमग्नीनपिबदीश्वरः ॥ ३९ ॥

---

१. પા૦ પ્રા૦-અધર્મહેતુઃ । ૨. પ્રા૦ પ્રા૦-બુધો ગૃહેષ્વરાષ્ટ્રે ચ પુરે તદા૦ । ૩. શ્રી સુ૦ પાઠઃ—સ સ્વપૌત્રં વિનયિનમાત્મનોઽનવમં ગુણૈઃ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—**સ્વરાટ્**-સમ્રાટ-ચક્રવર્તી યુધિષ્ઠિર, **આત્મનઃ**-પોતાના, **ગુણૈઃ**-ગુણોથી, **સુસમમ્**-સુયોગ્ય રીતે સમ ન, **વિનયિનમ્**-વિનયવાળા, **પૌત્રમ્**-પુત્રના પુત્રને-પરીક્ષિતને, **ગજાહ્વયે**-હસ્તિનાપુરમાં, **તોયનીવ્યાઃ**-સમુદ્ર સુધીની, **ભૂમેઃ**-પૃથ્વીના, **પતિમ્**-રાજા તરીકે, **અભ્યષિઞ્ચત્**-અભિષેક કરતા હતા. ૩૮; **તતઃ**-ત્યાર બાદ, **ઈશ્વરઃ**-સમર્થ યુધિષ્ઠિર મહારાજે, **તથા**-તે પ્રમાણે, **શૂરસેન-પતિમ્**-શૂરસેન દેશના રાજા તરીકે, **વજ્રમ્**-અનિરુદ્ધના પુત્ર-વજ્રને, **મથુરાયામ્** મથુરા નગરીમાં અભિષેક કરીને, **પ્રાજાપત્યામ્**-પ્રજાપતિ સંબંધી, **ઇષ્ટિમ્**-ઇષ્ટિને-યાગને, **નિરૂપ્ય**-કરીને, **અગ્નીન્**-અગ્નિઓનું, **અપિબત્**-પાન કર્યું. ૩૯.

અનુવાદ—સમ્રાટ્ મહારાજા યુધિષ્ઠિરે પોતાના જેવા ગુણોવાળા, વિનયી પૌત્ર-પરીક્ષિતનો સમુદ્ર પર્યન્ત સીમાવાળી પૃથ્વીના પતિ તરીકે હસ્તિનાપુરની ગાદી ઉપર અભિષેક કર્યો. ૩૮; તેજ પ્રમાણે શૂરસેન દેશના પતિ તરીકે અનિરુદ્ધના પુત્ર વજ્રનો મથુરામાં અભિષેક કરીને, ત્યાર બાદ પ્રજાપતિ સંબંધી ઇષ્ટિ-યાગ કરીને સમર્થ એવા મહારાજ યુધિષ્ઠિરે અગ્નિઓનું પાન કર્યું. ૩૮; ૩૯.

તત્ત્વસુધા—ભક્ત, કર્તવ્યશીલ વીર પુરુષો કદિ કાયર થઇ ચાલ્યા ન જાય. કલિયુગનો સામનો કરવા અસમર્થ બની યુધિષ્ઠિરજી ચાલ્યા નથી ગયા. જીવનનો કિનારો આવી રહ્યો હતો. પરીક્ષિત કલિયુગનું નિરાકરણ કરવા માટે સમર્થ છે એવો નિશ્ચય હતો. ધર્મશાસ્ત્રનું વચન છે કે પૌત્રના મુખને જોયા બાદ પ્રત્યેક પિતામહે જગતના વ્યવહારો જરૂર મૂકી દેવા જોઇએ અને મોક્ષ તરફ નજર કરવી જ જોઇએ. આવાં ત્રણ કારણોથી વિદાયનો નિર્ણય લીધો. અન્યથા અસમર્થ છે, એવો દોષ લાગત અને પ્રજાનું રક્ષણ ન કર્યું તેનો અપરાધ લાગત, પરંતુ ભક્તો જીવનમાં આવી કોઇ જ ભૂલ નથી કરતા. યુધિષ્ઠિરે પરીક્ષિતનો હસ્તિનાપુરમાં અને અનિરુદ્ધના પુત્ર વજ્રનાભનો મથુરામાં અભિષેક કરી, પ્રાજાપત્ય ઇષ્ટિ કરી. એ પ્રાજાપત્ય અગ્નિને પોતાના આત્મામાં પધરાવી અને પ્રયાણ કર્યું છે. પ્રથમ 'પ્રજાપતિ' જેના દેવતા છે એ ઇષ્ટિને કરી; ત્યાર પછી સર્વસ્વ દક્ષિણા નામની બીજી ઇષ્ટિ કરી શ્રૌતાગ્નિનું પાન કર્યું છે. ૩૮; ૩૯.

વિસૃજ્ય તત્ર તત્સર્વં દુકૂલવલયાદિકમ્ ।
નિર્મમો નિરહંકારઃ સચ્છિન્નાશેષબન્ધનઃ ॥ ૪૦ ॥
વાચં જુહાવ મનસિ તત્પ્રાણ ઇતરે ચ તમ્ ।
મૃત્યાવપાનં સોત્સર્ગં તં પઞ્ચત્વે હ્યજોહવીત્ ॥ ૪૧ ॥
ત્રિત્વે હુત્વાઽથ પઞ્ચત્વં તચ્ચૈકત્વેઽજુહોન્મુનિઃ ।
સર્વમાત્મન્યજુહવીદ્બ્રહ્મણ્યાત્માનમવ્યયે ॥ ૪૨ ॥

અન્વયાર્થ—**નિર્મમઃ**-મમતા વગરના, **નિરહંકારઃ**-અહંકાર વગરના, **સચ્છિન્ન-અશેષ-બન્ધનઃ**-સર્વ સાંસારિક બન્ધનોને સારી રીતે છેદી નાખનાર યુધિષ્ઠિર, **તત્**-તે, **દુકૂલ-વલય-આદિકમ્**-રેશમી વસ્ત્ર, રત્ન કંકણ વગેરે, **સર્વમ્**-બધું, **તત્ર**-ત્યાં, **વિસૃજ્ય**-છોડી દઇને, **વાચમ્**-વાણીને, **મનસિ**-મનમાં, **તત્**-તે મનને, **પ્રાણે**-પ્રાણમાં, **ચ**-અને, **તમ્**-તે પ્રાણને, **ઇતરે**-બીજા અપાનમાં, **જુહાવ**-હોમી દીધો, તેમજ **સોત્સર્ગમ્**-ઉત્સર્ગની સાથે તે **અપાનમ્**-અપાન નામના વાયુને, **મૃત્યૌ**-મૃત્યુમાં, **તમ્**-તે મૃત્યુને, **પઞ્ચત્વે**-પાંચ ભૌતિક તત્ત્વોમાં, **હિ**-ખરેખર, **અજોહવીત્**-હોમ કર્યો. ૪૦; ૪૧. **અથ**-ત્યાર બાદ, **મુનિઃ**-મુનિ યુધિષ્ઠિરે, **પઞ્ચત્વમ્**-પાંચ ભૌતિક શરીરને, **ત્રિત્વે**-ત્રણ ગુણોમાં, **હુત્વા**-હોમીને, **તત્-સર્વમ્**-તે ત્રિગુણાત્મક સર્વ તત્ત્વને, **એકત્વે**-એક પુરુષમાં, **અજુહોત્**-હોમી દીધું, **ચ**-અને, **આત્માનમ્**-પુરુષને, **અવ્યયે**-અવિનાશી, **આત્મનિ-બ્રહ્મણિ**-અક્ષર બ્રહ્મમાં, **અજુહવીત્**-હોમ કર્યો. ૪૨.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—મમતા તેમજ અભિમાન વગરના બની, સમસ્ત સાંસારિક બંધનો છેદી નાખી, રેશમી વસ્ત્ર-કંકણ વગેરે સર્વ વસ્તુઓને રાજાએ ત્યાંજ છોડી દીધાં. ત્યાર બાદ વાણીનો મનમાં લય કર્યો; મનનો પ્રાણમાં અને પ્રાણનો અપાનમાં લય કર્યો. ઉત્સર્ગ ક્રિયાવાળો એ અપાનનો મૃત્યુમાં અને તેનો પાંચભૌતિક તત્ત્વોમાં લય કર્યો. ૪૦; ૪૧. ત્યાર પછી મૌન ધારણ કરનારા, મનનશીલ એ યુધિષ્ઠિરે પાંચ ભૌતિક શરીરનો ત્રણ ગુણોમાં લય કર્યો, તે ત્રણ ગુણોને પુરુષમાં હોમ્યા અને તે પુરુષનો અવિનાશી અક્ષર બ્રહ્મમાં લય કર્યો. ૪૨.

તત્ત્વસુધા—ત્યાગ શાંતિનું સાધન છે. યુધિષ્ઠિરજીએ ત્યાગ કર્યો છે, એનો પ્રકાર આ શ્લોકમાં છે. રેશમી વસ્ત્ર અને રત્ન કંકણ નિત્ય રાજાની પાસે જ રહેતાં હતાં, તેનો ત્યાગ કર્યો છે. પદાર્થોના ત્યાગ સમયે મમતાનો પણ ત્યાગ થવો જ જોઇએ; કારણ કે વસ્તુનો ત્યાગ કર્યા બાદ 'ત્યાગવાસના' તો રહી જાય છે. તે ત્યજવી કઠિન છે; પરંતુ ધન મારું છે, કે પુત્ર મારો છે, એવું મમત્વ જ કાઢી નાખવું, તો નિર્મમઃ થઈ જવાય. હું પુત્ર આદિનું પોષણ કરું છું એવો અહમ્ દૂર થાય, તે નિરહંકારઃ થઈ જાય છે.

રાજાએ વાણીનો મનમાં હોમ કરી દીધો છે. વાણી મનની સ્ત્રી છે. તે પ્રકૃતિના સંબંધવાળી છે, અને આત્માની વાણી તો દેવતારૂપ છે. એ બન્ને પ્રકારની વાણીને મનમાં મૂકી દીધી. મનનો પ્રાણમાં હોમ કર્યો. મન તેતર પક્ષી જેવું છે. બાંધી રાખેલ તેતર બધી દિશાઓમાં વિચરી પોતાના સ્થાનમાં આવીને બેસે છે, તેમ મન પણ પ્રાણમાં આવીને બેસે છે. પ્રાણને અપાનમાં હોમી દીધો, કારણ કે પ્રાણ અપાન વાયુને આધીન છે. અપાનને મૃત્યુમાં હોમી દીધો, જેથી અપાન માર્ગે મૃત્યુ ન થાય. અપાન માર્ગથી મૃત્યુ થનારની અવગતિ થાય છે. મૃત્યુને પંચમહાભૂતરૂપ ભગવાનના સ્વરૂપમાં હોમી દીધો. જેથી યોગીઓનો દેહ વધતો નથી તેમજ ઘટતો પણ નથી. 'પંચત્વ' ને ભગવાનના ત્રિગુણાત્મક રૂપમાં હોમી દીધું અને તે ત્રિગુણાત્મક રૂપને પુરુષમાં હોમી દીધું. પુરુષને અવિનાશી અક્ષર બ્રહ્મમાં મૂકી દીધો. ૪૦; ૪૧; ૪૨.

चीरवासा निराहारो बद्धवाङ् मुक्तमूर्धजः ।
दर्शयन्नात्मनो रूपं जडोन्मत्तपिशाचवत् ॥ ४३ ॥
अनवेक्षमाणो निरगाद्बृण्वन्बधिरो यथा ।
उदीचीं प्रविवेशाऽऽशां गतपूर्वां महात्मभिः
हृदि ब्रह्म परं ध्यायन्नाऽऽवर्तेत यतो गतः ॥ ४४ ॥

અન્વયાર્થ—ચીરવાસાઃ—ચીથરાં કે વલ્કલ ધારણ કર્યાં છે, નિરાહારઃ—આહાર ત્યજ્યો છે, બદ્ધવાક્—વાણી બંધ કરી છે, મુક્તમૂર્ધજઃ—કેશ છૂટા છે, તેમ જ આત્મનઃ—પોતાના, રૂપમ્—રૂપને, જડ-ઉન્મત્ત-પિશાચવત્—જડ, પાગલ અને પિશાચની માફક, દર્શયન્—દર્શાવતા, ૪૩; અનવેક્ષમાણઃ—કયાંય દૃષ્ટિ ન કરતા, યથા—જાણે, બધિરઃ બહેરો હોય, અશૃણ્વન્—કંઈપણ ન સાંભળતા હોય તેમ, નિરગાત્—ચાલી નીકળ્યા, હૃદિ—હૃદયમાં, પરમ્—શ્રેષ્ઠ, બ્રહ્મ—બ્રહ્મને, ધ્યાયન્—ધ્યાન કરતા એવા, મહાત્મભિઃ—મહાપુરુષો, ગતપૂર્વામ્—જ્યાં પહેલાં ગયેલ છે, ત્યાં એવી ઉદીચીમ્—ઉત્તર તરફની, આશામ્—દિશામાં, પ્રવિવેશ—પ્રવેશ કર્યો, જ્યાં ગતઃ—ગયેલ, યતઃ—ત્યાંથી, ન આવર્તેત—પાછા ફરતા નથી. ૪૪.

અનુવાદ—જૂનાં ફાટેલાં વસ્ત્ર પહેરેલાં છે, ખાન પાન ત્યજી દીધાં છે, મૌન ધારણ કરેલ છે, કેશ પાશ છૂટા છે, પોતાના દેહને જડ-પાગલ-પિશાચની માફક બનાવેલ છે, કોઈ તરફ દૃષ્ટિપાત પણ કરતા નથી, જાણે બહેરા હોય, કંઈ પણ સાંભળતા ન હોય એમ યુધિષ્ઠિર રાજા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ચાલી નીકળ્યા છે. હૃદયમાં પરમ બ્રહ્મનું ધ્યાન ધરે છે; અને પહેલાં મહાપુરુષોએ જે દિશામાં ગમન કર્યું છે, તે ઉત્તર દિશા તરફ ચાલ્યા ગયા કે જ્યાં ગયેલ ત્યાંથી પાછા ફરતા નથી. ૪૩; ૪૪.

તત્ત્વસુધા—'ચીરવાસા' યુધિષ્ઠિર થયા. તેનું તાત્પર્ય એ છે કે દેહમાં આસક્તિ નથી; પરંતુ રક્ષા કરવી તે ધર્મ છે; માટે ચીર વસ્ત્રો ધારણ કરી લીધાં. 'નિરાહાર' એ પ્રાણનો દંડ છે. 'બહ્વવાક્' –વાણી વિરામ–એ વાણીનો દંડ છે. 'મુક્ત મુર્ધજ–છૂટા કેશ–એ ચિત્તનો દંડ છે. મન, વાણી અને પ્રાણનો સંયમ કરે, એને ત્રિદંડી યતિ કહેવાય છે. આ ત્રણે પ્રકારનો સંયમ કરી, ધીર જેવા બનીને ઉત્તર દિશામાં વિદાય થયા. સત્સંગ થવાની જ્યાં પૂર્ણ સંભાવના છે, બ્રહ્મ ધ્યાન કરવાની નૈસર્ગિક વૃત્તિ જ્યાં થવ ની છે, એવી ઉત્તર દિશામાં ધ્યાન કરવા માટેજ વિદાય થયા. ૪૩; ૪૪.

सर्वे तमनु निर्जग्मु[1] र्भ्रातरः कृतनिश्चयाः ।
कलिनाऽधर्ममित्रेण दृष्ट्वा स्पृष्टाः प्रजा भुवि ॥ ४५ ॥

અન્વયાર્થ—कृतनिश्चयाः–દૃઢ નિશ્ચયવાળા, सर्वे–બધા, भ्रातरः–ભાઈઓ, भुवि–પૃથ્વી ઉપર, अधर्ममित्रेण–અધર્મ જેનો મિત્ર છે, એવા कलिना–કળિયુગથી, स्पृष्टाः–ઘેરાયેલી, प्रजाः–પ્રજાઓને, दृष्ट्वा–જોઈને, तम्–अनु–તેમની પાછળ, निर्जग्मुः–ચાલી નીકળ્યા. ૪૫.

અનુવાદ—પૃથ્વી ઉપર અધર્મના મિત્ર કલિયુગથી સર્વ પ્રજાઓ ઘેરાયેલ છે, એવું જોઈને હવે પૃથ્વી રહેવા લાયક નથી એવો નિશ્ચય કરી સર્વ અર્જુન, ભીમ વગેરે ભાઈઓ રાજા યુધિષ્ઠિરની પાછળ ચાલી નીકળ્યા. ૪૫.

તત્ત્વસુધા—સર્વ ભાઈઓ પણ યુધિષ્ઠિર જેવી ભૂમિકા લઈને નીકળી ગયા. જીવનના બે રસ્તા છે–શાસ્ત્રનું ચિંતન કરીને શાસ્ત્ર દર્શિત પથે ચાલ્યા જવું; અથવા મહાપુરુષ જે માર્ગે જાય તે રસ્તે જવું કે જે માર્ગ નિર્ભય છે. બીજો માર્ગ સરલ અને શીઘ્ર ફલપ્રદ છે. ભાઈઓએ મહાપુરુષ ધર્મરાજનો માર્ગ લીધો. ૪૫

ते साधुकृतस[2] र्वार्था ज्ञात्वाऽऽत्यन्तिकमात्मनः ।
मनसा धारयामासुर्वैकुण्ठ चरणाम्बुजम् ॥ ४६ ॥

અન્વયાર્થ:—साधु–कृत–सर्व–अर्थाः–સારી રીતે સર્વ પુરુષાર્થોને સંપાદન કરેલા છે, એવા તે–તેઓ, आत्मनः–આત્માનું, आत्यन्तिकम्–સાચું સ્વરૂપ, ज्ञात्वा–જાણીને, मनसा–મનથી, वैकुण्ठ–चरण–अम्बुजम्–શ્રીકૃષ્ણના ચરણ કમળને, धारयामासुः–ધારણ કરતા હતા. ૪૬.

અનુવાદ—સકલ પુરુષાર્થ જેમણે સારી રીતે સંપાદન કરેલા છે, એવા એ પાંડવોએ આત્માનું ખરું સ્વરૂપ જાણીને, મનવડે વૈકુંઠાધિપતિ ભગવાનના ચરણ કમલને ધારણ કર્યું. ૪૬.

તત્ત્વસુધા—પાંડવોને ચતુર્વિધ પુરુષાર્થોને મેળવવામાં અન્ય પ્રયત્નો ન કરવા પડ્યા. તેઓએ કેવલ ભગવાનની સેવાથી જ તેમને મેળવી લીધા છે. વળી સાધુ પુરુષોના સમાગમથી પણ ચાર પુરુષાર્થ સિદ્ધ થઈ શકે છે. પાંડવોને ઉભય રીતે સિદ્ધ થયા છે. તેઓ વૈકુંઠ પ્રભુના ચરણ કમલનું ધ્યાન કરવા લાગ્યા. ૪૬.

तद्ध्यानोद्रिक्तया भक्त्या विशुद्धधिषणाः परे ।
तस्मिन्नारायणपदे एकान्तमतयो गतिम् ॥ ४७ ॥

१. પ્રા૦–પા૦ ગમુત્ત્વરિતાઃ। ૨. પ્રા૦ પા૦–સત્વાર્થાઃ। ૩. પ્રા૦ પા૦–ગતયો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

अवापुर्दुरवापां ते असद्भिर्विषयात्मभिः ।
विधूतकल्मषाः स्थानं विरजेनाऽऽत्मनैव हि ॥ ४८ ॥

અન્વયાર્થ—**તત્-ધ્યાન-ઉદ્રિક્તયા**-તે શ્રીકૃષ્ણના ચરણ કમળના ધ્યાનથી વૃદ્ધિ પામેલી, **ભક્તયા**-ભક્તિથી, **વિશુદ્ધ-ધિષણા**-જેમની બુદ્ધિ વિશુદ્ધ બની છે એ। તે-તે ભાઈઓ, **વિધૂત-કલ્મષ-આસ્થાનમ્**-નિષ્પાપ પુરુષોના નિવાસરૂપ એવા, **તસ્મિન્**-તે, પરે શ્રેષ્ઠ, **નારાયણપદે**-ભગવચ્ચરણ કમળમાં, **એકાન્તમતયઃ**-અત્યંત નિષ્ઠાવાળી બુદ્ધિવાળા, **વિષય-આત્મભિ**-વિષય લંપટ એવા, **અસદ્ભિઃ**-અસજ્જન પુરુષો વડે, **દુરવાપામ્**-મેળવવી કઠિન એવી, **ગતિમ્**-ગતિને, **હિ**-ખરેખર, **વિરજેન**-રજોગુણથી રહિત, **આત્મના**-પવિત્ર આત્માથી જ, **અવાપુઃ**-મેળવતા હતા. ૪૭; ૪૮.

અનુવાદ—ભગવાન શ્રીકૃષ્ણના ચરણ કમળના ધ્યાનથી વિકાસ પામેલી ભક્તિથી અત્યંત વિશુદ્ધ બનેલ મતિવાળા, તેમજ બ્રહ્માંડ રૂપ નારાયણના પરમપદ એવા પૂર્ણ પુરુષોત્તમમાં અનન્ય નિષ્ઠાવાળા તે ભાઇઓ, વિષયોમાં મનવાળા અસજ્જન પુરુષોને દુર્લભ એવી દિવ્ય ગતિને પામ્યા; જે સ્થાનને સર્વથા જેઓનાં પાપો ધોવાઈ ગયેલ છે એવા પુણ્યશીલ પુરુષો મનથી જ મેળવી શકે છે. ૪૭; ૪૮.

તત્ત્વસુધા—ભગવચ્ચરણ કમલના ધ્યાનમાં આ સમયે વધુ તાદાત્મ્ય સાધી શકાય તેવી ભૂમિકા સ્વયં બની હતી. ભગવાનના વિયોગે તેમાં મોટો ફાળો આપ્યો છે. તેમજ નિત્ય શ્રીકૃષ્ણના સંગથી અનેકવિધ ઉપકારોની પરંપરાના સ્મરણથી મતિ વધુને વધુ કોમલ તેમજ નિર્મલ બની છે. સંસાર રસમાં લીન રહેનાર માટે દુર્લભ મનાતી અને નિર્મળ મનવાળા સંત-યોગીઓ માટે કઠિન ગણાતી, એવી પ્રભુપદ કમલ પ્રીતિ ભક્તિના બળે અને અનન્યાશ્રયના બળે પાંડવો માટે સહજ સરલ થઇ ગઇ. ૪૭; ૪૮.

विदुरोऽपि परित्यज्य प्रभासे देहमात्मवान्[1] ।
कृष्णावेशेन तच्चित्तः पितृभिः स्वक्षयं ययौ ॥ ४९ ॥
द्रौपदी च तदाऽऽज्ञाय पतीनामनपेक्षताम् ।
वासुदेवे भगवति ह्येकान्तमतिराप तम् ॥ ५० ॥

અન્વયાર્થ—**આત્મવાન્**-જ્ઞાની એવા, **વિદુરઃ-અપિ**-વિદુરજી પણ, **પ્રભાસે**-પ્રભાસ ક્ષેત્રમાં, **દેહમ્**-પોતાના શરીરને, **પરિત્યજ્ય**-ત્યજી દઇને, **કૃષ્ણાવેશેન**-શ્રીકૃષ્ણ ઉપરના દૃઢ ભક્તિ ભાવને લીધે, **તચ્ચિતઃ**-તે શ્રીકૃષ્ણમાં જ ચિત્તવૃત્તિવાળા, **પિતૃભિઃ**-પોતાના પિતૃઓ સાથે, **સ્વક્ષયમ્**-પોતાના વૈવસ્વત પુરને, **યયૌ**-પામ્યા. ૪૯; **ચ**-અને, **તદા**-ત્યારે, **દ્રૌપદી**-દ્રૌપદી, **પતીનામ્**-પોતાના પતિઓની, **અનપેક્ષતામ્** કોઈ પણ પ્રકારની અપેક્ષા વગરની દશાને, **આજ્ઞાય**-જાણીને, **વાસુદેવે**-વાસુદેવ, **ભગવતિ**-ભગવાનમાં, **એકાન્ત-મતિઃ**-એકરૂપ-તદ્રૂપ બની છે બુદ્ધિ જેમની એવાં, **હિ**-ખરેખર, **તમ્**-તે ભગવદ્ધામને, **આપ**-પ્રાપ્ત કરતાં હતાં. ૫૦.

અનુવાદ—જ્ઞાની વિદુરજી પણ પ્રભાસ ક્ષેત્રમાં પોતાના દેહને ત્યજી દઇને, શ્રીકૃષ્ણ ઉપરના દૃઢ ભક્તિ ભાવને લીધે તદાકાર ચિત્તવૃત્તિ વાળા બની, પિતૃઓ સાથે સ્વધામ વૈવસ્વત પુરમાં ગયા. ૪૯; તે સમયે દ્રૌપદીએ પણ, પોતાના પતિઓને પોતાની ઈચ્છા નથી, એમ જાણ્યું ત્યારે વાસુદેવ ભગવાનમાં અત્યંત મતિવાળાં થઇને પ્રભુને પ્રાપ્ત થયાં. ૫૦.

---

૧. શ્રી૦ પા૦ - દેહમાત્મનઃ ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

तत्त्वसुधा—વિદુરજી ભક્ત હતા. તેમની મોક્ષમાં અભિરુચિ હતી; પરંતુ શ્રીકૃષ્ણની આજ્ઞા એમને એમના સ્થાનમાં જવા માટેની હતી. ત્યાં જઈ, ભગવદ્ આજ્ઞાને અનુસરીને, અધિકારનું પાલન કરવાનું હતું. માટે તેમણે વિદુરજી તરીકેના દેહને છોડી દઈને, જ્યારે તે ધર્મરાજા તરીકે હતા અને જે દેહ હતો તેનો સ્વીકાર કરીને વૈવસ્વતપુરમાં ચાલ્યા ગયા. વિદુરજીને આવતા જોઈને પિતૃગણો સ્વાગત કરવા સન્મુખ આવ્યા અને આદર-માન પૂર્વક સ્વક્ષય-વૈવસ્વતપુરમાં લઈ ગયા. ત્યાં સર્વ પ્રકારનાં પાપોનો ક્ષય થાય છે, માટે તેને 'સ્વક્ષય' નામથી ઓળખાવ્યો છે. ૪૯; દ્રૌપદીની ચિત્તવૃત્તિ શ્રી કૃષ્ણમાં હતી જ; છતાં પ્રભુની આજ્ઞાથી પતિદેવોની સેવામાં રહ્યાં હતાં. દ્રૌપદીએ જાણી લીધું કે પાંડવોને હવે તેમની આવશ્યકતા નથી; એટલે હૃદયમાં ભગવાનનું ધ્યાન કર્યું. ત્યાં ભગવાન પ્રકટ થયા અને ભગવાનમાં એકાન્ત મતિ થઈ. ઇન્દ્રિયોના સમૂહમાંથી નીકળી પ્રભુના ચરણારવિંદમાં ઢળી ગયાં. ૫૦.

यः श्रद्धयैतद्भगवत्प्रियाणां पाण्डोः सुतानामभिसम्प्रयाणम् ।
शृणोत्यलं स्वस्त्ययनं पवित्रं लब्ध्वा हरौ भक्तिमुपैति सिद्धिम् ॥ ५१ ॥

अन्वयार्थ—यः-જે કોઈ, **श्रद्धया**-શ્રદ્ધાથી, **भगवत्-प्रियाणाम्**-ભગવાનને પ્રિય એવા, **पाण्डोः**-પાંડુરાજાના, **सुतानाम्**-પુત્રોના-પાંડવોના, **स्वस्ति-अयनम्**-કલ્યાણકારક, **पवित्रम्**-પવિત્ર એવા, **एतत्**-આ, **अभिसम्प्रयाणम्**-સ્વર્ગારોહણને, **अलम्**-અતિશય પ્રમાણમાં, **शृणोति**-શ્રવણ કરે છે, તો તે **हरौ**-શ્રીહરિમાં, **भक्तिम्**-ભક્તિને, **लब्ध्वा**-મેળવીને, **सिद्धिम्**-સિદ્ધિને, **उपैति**-પ્રાપ્ત કરે છે. ૫૧.

અનુવાદ—જે કોઈ શ્રદ્ધાપૂર્વક ભગવાનને પ્રિય, પાંડુપુત્ર-પાંડવોના આ મંગલકારક પવિત્ર સ્વર્ગારોહણ પ્રસંગને વારંવાર શ્રવણ કરે તો તે શ્રીહરિમાં ભક્તિભાવ મેળવીને મોક્ષપદવીને પ્રાપ્ત કરે છે. ૫૧.

तत्त्वसुधा—ભગવદીયોના ચરિતામૃતનું પાન મનુષ્ય જીવનના ઉત્કર્ષનું સોપાન છે. એમાં પોતાનું આત્માનું અનુસંધાન થાય છે. એ ચરિતોના અવગાહનમાં જીવનના સ્વભાવગત મળો શ્રમ વિના દૂર થઈ જાય છે. હરિ ચરિત અને હરિદાસ ચરિત શ્રવણ, વેદ શ્રવણ જેવાં પુણ્યકર અને મોક્ષપ્રદ ગણ્યાં છે. એનું શ્રવણ કદિ અફળ નથી જતું. **अलं शृणोति**-આકંઠ તૃપ્તિ થાય, ત્યાં સુધી સાંભળવાં. ઇષ્ટ ફળ પ્રાપ્તિ અને અનિષ્ટ નિવૃત્તિ એવા એના બે લાભ છે. એ ચરિત્રો અત્યંત કલ્યાણ અને પવિત્રરૂપ છે. વિષ્ણુયાગ કે રુદ્રયાગોનું ફળ આવાં ચરિત્રોનાં શ્રવણથી મળે છે. યોગોની સાધનાની સિદ્ધિઓ શ્રવણના અવલંબનથી મળી જાય છે. આ પાંડવોનું ચરિત્ર બે પ્રકારે શ્રેષ્ઠ છે. તેઓ સ્વયં પણ કુલશીલગુણ સમ્પન્ન છે. તેમજ શ્રીકૃષ્ણના નિત્ય સંગથી મહાભાગવત પણ છે, આ ચરિત્રના શ્રવણથી હરિચરણારવિંદની ભક્તિ મળે છે. ૫૧.

શ્રીમદ્ ભાગવતના પ્રથમ સ્કંધની તત્ત્વસુધા ટીકાનો
પંદરમો અધ્યાય સંપૂર્ણ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અધ્યાય ૧૬ મો

છત્રીસ શ્લોકોમાં સોળમા અધ્યાયનું નિરૂપણ છે. વળી સોળમા અધ્યાયથી ત્રણ અધ્યાયનું નવું પ્રકરણ શરૂ થાય છે. ૧૩મા અધ્યાયથી ૧૫મા અધ્યાય સુધી મુક્તિ પ્રકરણ હતું. હવે ધર્મોન્નતિ પ્રકરણનો પ્રારંભ થાય છે. પ્રજામાં ધર્મનો ઉત્કર્ષ કરવો, એજ રાજ્ય સંચાલનની સફળતા છે. પ્રજાનો અર્થ ઉત્કર્ષ અને ધર્મ ઉત્કર્ષ બન્ને સધાય તોજ પ્રજાનું હિત સિદ્ધ થયું ગણાય. રાજા અને વહીવટદાર જેટલા સ્વયં ધર્મજ્ઞી હોય, તેટલીજ ધાર્મિક અસર તે પ્રજાના જીવનમાં લાવી શકે. દિગ્વિજયથી પ્રજાનો આર્થિક ઉત્કર્ષ થાય છે. તેથી આ ૧૬ મા અધ્યાયમાં દિગ્વિજય પ્રસંગની ચર્ચા આવે છે. ત્યાર બાદ કલિ વિજયની કથા આવશે. અંતમાં આત્મ વિજયની ચર્ચા ૧૮ મા અધ્યાયમાં આવશે. પૂર્વના અધ્યાયમાં પાંડવોનું મહાપ્રયાણ વર્ણવ્યું. તેમજ પરીક્ષિત રાજ્યગાદી ઉપર આવ્યા. હવે રાજાનું શાસન લોકપ્રિય અને ધર્મોનુકૂળ છે કે નહિ તે જોવાનું રહ્યું. પરીક્ષિતનું શાસન તો બન્ને પ્રકારે વિજયી હતું જ. તેનું નિરૂપણ આ અધ્યાયના આરંભથીજ છે.

सूत उवाच–ततः परीक्षिद् द्विजवर्यशिक्षया महीं महाभागवतः शशास ह ।
यथा हि सूत्यामभिजातकोविदाः समादिशन् विप्रमहद्गुणस्तथा ॥ १ ॥

અન્વયાર્થઃ— **વિપ્ર**–હે શૌનક, **તતઃ**–ત્યાર પછી, **મહાભાગવતઃ**–મહાન ભગવદ્ ભક્ત, **મહદ્ગુણઃ**–શ્રેષ્ઠ ગુણવાળા, **પરીક્ષિત**–રાજા પરીક્ષિત, **યથા**–જે રીતે, **સૂત્યામ્**–પ્રસૂતિ સમયે, **અભિજાત–કોવિદાઃ**–જાતક જાણનારાઓએ જ્યોતિષીઓએ, **હિ**–ખરેખર, **સમાદિશન્**–જાતક ફળ કથન કરેલું, **તથા**–તેવી રીતે, **દ્વિજવર્ય–શિક્ષયા**– શ્રેષ્ઠ બ્રાહ્મણોના શિક્ષણથી, **મહીમ્**–પૃથ્વીનું, **શશાસ**–રક્ષણ કરતા હતા. ૧.

અનુવાદ—સૂત બોલ્યા–મહર્ષિ શૌનક! પાંડવોના સ્વર્ગારોહણ બાદ મહાન ભગવદ્ ભક્ત અને ઉત્તમ ગુણવાળા રાજા પરીક્ષિત, જે પ્રકારે તેમના જન્મ સમયે ભવિષ્ય કથન કરનારા જ્યોતિષીઓએ જાતકફળ વર્ણવેલું હતું, તેજ પ્રમાણે શ્રેષ્ઠ બ્રાહ્મણોની સલાહથી પૃથ્વીનું પાલન કરવા લાગ્યા. ૧.

તત્ત્વસુધા–રાજપદ મેળવ્યા બાદ દુઃપદથી અને રાજમદથી મુક્ત રહેવું એ દુર્લભ છે. જે રાજપુરુષ સ્વયં ભક્ત છે અને સદ્ગુણ સંપન્ન છે, એને રાજમદ ઘેરી શકતો નથી. રઘુનાથજીએ ભરતજી માટે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો અને કહ્યું હતું કે ભાઈ લક્ષ્મણ, "**भरत न होई राजमद**" ભરતને રાજમદ ન થઈ શકે. ભક્તનું હૃદય ક્ષીર સીંધુ સમાન વિશાલ હોય છે; અને રાજ્ય સમ્પત્તિ તો એક મીઠાની કાંકરી જેવી હોય છે. ક્ષીર સાગરમાં પડતી તે મીઠાની કાંકરી કદી તેમાં ખટાશ-વિકાર પેદા કરી શકતી નથી; તેમ મારા ભક્તને કદી રાજ્યમદ ન સંભવે." પરીક્ષિત રાજા '**મહાભાગવત**' અને મહદ્ગુણવાન હતા. જેના સંગે અનેક સજ્જન થાય, તેને મહાભાગવત કહેવાય. ભગવાનની અને ભગવદીયની સેવામાં જેની નિષ્ઠા હોય છે, તે મહાભાગવત છે. બન્ને ગુણો પરીક્ષિત રાજામાં હતા; છતાં પણ એના રાજ્યનું સંચાલન વિપ્રોના માર્ગદર્શન પ્રમાણે હતું. તેથી તો કદી પતન થવાનો સંભવ ન હોય. રાજામાં કે કોઈપણ અધિકારના સંચાલનમાં સ્વયં ભક્ત, સદ્ગુણ સમ્પન્ન અને સત્સંગ સમ્પન્ન હોય તો તે તરે. ૧.

स उत्तरस्य तनयामुपयेम इरावतीम् ।
जनमेजयादींश्चतुरस्तस्यामुत्पादयत्सुतान् ॥ २ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થઃ— **સઃ**–તે પરીક્ષિત રાજા, **ઉત્તરસ્ય**–ઉત્તરની, **તનયામ્**–પુત્રીને, **ઇરાવતીમ્**–ઇરાવતીને, **ઉપયેમે**–પરણ્યા, **તસ્યામ્**–તે ઇરાવતીમાં, **જનમેજયાદીન્**–જનમેજય વગેરે, **ચતુરઃ**–ચાર, **સુતાન્**–પુત્રોને, **ઉત્પાદયત્**–ઉત્પન્ન કર્યા. ૨.

અનુવાદ—તે પરીક્ષિત રાજાએ ઉત્તર રાજાની ઇરાવતી નામની પુત્રી સાથે લગ્ન કર્યું અને તેમાં જનમેજય વગેરે ચાર પુત્રોને જન્મ આપ્યો. ૨.

તત્ત્વસુધા—ઉત્તર રાજાની રાજકુમારી ઇરાવતીને પરીક્ષિત પરણ્યા હતા. ઇરાવતી વીર અને સક્તિ જાતિ હતી. તેને પરણવાથી ભક્તિની વૃદ્ધિ થઈ અને ભક્ત તેમજ વીર પુત્રોની પ્રાપ્તિ થઇ. ચારે દિશાનું રક્ષણ કરવાને સમર્થ ચાર પુત્રો થયા. ૨.

आजह्राराश्वमेधांस्त्रीन् गङ्गायां भूरिदक्षिणान् ।
शारद्वतं गुरुं कृत्वा देवा यत्राक्षिगोचराः ॥ ३ ॥

અન્વયાર્થ— **शारद्वतम्**–કૃપાચાર્યને, **गुरुम्**–ગુરુ, **कृत्वा**–કરીને, **गंगायाम्**–ગંગા નદીના કાંઠે, **त्रीन्**–ત્રણ, **भूरिदक्षिणान्**–પુષ્કળ દક્ષિણાવાળા, **अश्वमेधान्**–અશ્વમેધ યજ્ઞોને, **आजह्रार**–કર્યા, **यत्र**–જે યજ્ઞોમાં, **देवाः**–ઇન્દ્રાદિ દેવો, **अक्षिगोचराः**–આંખોથી પ્રત્યક્ષ દેખાયા હતા. ૩

અનુવાદ—પરીક્ષિત રાજાએ કૃપાચાર્યને ગુરુ બનાવીને ગંગાજીના કિનારે પુષ્કળ દક્ષિણાવાળા મોટા ત્રણ અશ્વમેધ યજ્ઞો કર્યા; જે યજ્ઞોમાં દેવોએ પ્રત્યક્ષ દર્શન આપ્યાં હતાં. ૩.

તત્ત્વસુધા—પરીક્ષિત રાજાએ ત્રણ પ્રકારના દોષોની નિવૃત્તિ કરવા માટે કેવલ ત્રણ યજ્ઞો કર્યા. ગંગાજીની ગર્ભભૂમિ ઉપર યજ્ઞો કર્યા. ભીષ્મ મહર્ષિ, પાંડવોના મહા પ્રયાણ પછી. રાજ્ય સંબંધથી ઉપરામ વૃત્તિવાળા થઈ ગયા. પરીક્ષિત રાજાએ તેથી કૃપાચાર્યને ગુરુ તરીકે માન્યા અને તેમની સન્નિધિમાં યજ્ઞો કર્યા. રાજાના યજ્ઞમાં દેવો આધિદૈવિક રૂપે પ્રત્યક્ષ થયા હતા. જો કર્મના જ્ઞાન વિના યજ્ઞ કરવામાં આવે તો તે આધિભૌતિક યજ્ઞ બની જાય છે. તે યજ્ઞો કેવલ પાંચ ભૌતિક સંસ્કારોને કરનારા થઈ જાય છે. ૩.

निजग्राहौजसा वीरः कलिं दिग्विजये क्वचित् ।
नृपलिङ्गधरं शूद्रं घ्नन्तं गोमिथुनं पदा ॥ ४ ॥

અન્વયાર્થ— **वीरः**–શૂરવીર પરીક્ષિત રાજાએ, **क्वचित्**–કોઇ એક વખતે, **दिग्विजये**–દિગ્વિજય કરતાં, **पदा**–પગથી, **गोमिथुनम्**–ગાય અને બળદની જોડને, **घ्नन्तम्**–પ્રહાર કરતા, **नृप-लिङ्गधरम्**–રાજાનાં ચિહ્નને ધારણ કરનારા, **शूद्रम्**–શૂદ્ર જાતિના, **कलिम्**–કળિયુગને, **ओजसा**–પરાક્રમ વડે, **निजग्राह**–પકડીને નિયમન કરેલું. ૪.

અનુવાદ—કોઈ એક વખત દિગ્વિજય માટે નીકળેલા, શૂરવીર પરીક્ષિત રાજાએ, ગાય અને બળદને ગાડે જોડી ચલાવતા અને પગથી પ્રહાર કરતા, રાજાનાં ચિહ્નોને ધારણ કરતા શૂદ્રરૂપ કલિનો પોતાના પરાક્રમ વડે નિગ્રહ કર્યો. ૪.

તત્ત્વસુધા—રાજાએ ધર્મના પ્રતિપક્ષીઓનો નિગ્રહ કરવો જોઇએ. કલિધર્મો વિશ્વ હિતના બાધકો હતા, તેથી તેમનો નિગ્રહ કર્યો. સમાજમાં લોકો સંઘરડે અને ગાડે ગાય તેમજ બળદને સાથે જોડતા જોવા મળ્યા; વળી તેમને ચલાવવા માટે લાતનો પ્રહાર પણ કરતા હતા. આ બધું જોઇને. 'ધર્મભાવના ક્ષીણ થઈ છે અને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અધર્મની વૃદ્ધિ થવા લાગી છે,[1] એવી પરીક્ષિતને ખાત્રી થઇ. વળી પૃથ્વી અને ધર્મ બન્ને વાતચીત કરતાં હતાં, સમાજની ધર્મશૂન્ય મનોદશા માટે વ્યથા વ્યક્ત કરતાં હતાં. તે પરીક્ષિત રાજાએ સાંભળ્યું. પશુઓની ભાષાનું પરીક્ષિતને જ્ઞાન હતું; તેથી તેને સમજ પણ પડી. કલિ તો ગાડુ જોડીને ચાલતો હતો. તે તો પાપરૂપ હતો, તેથી તેને ધર્મ અને પૃથ્વીની વાતમાં સમજ ન પડી. ૪.

શૌનક ઉવાચ—કસ્ય હેતોર્નિજગ્રાહ કલિં દિગ્વિજયે નૃપઃ ।
નૃદેવચિહ્નધૃક્ શૂદ્રઃ કોઽસૌ ગાં યઃ પદાઽહનત્ ॥ ૫ ॥

અન્વયાર્થ—નૃપઃ-પરીક્ષિત રાજાએ, **કસ્ય હેતોઃ**-કયા કારણસર, **દિગ્વિજયે**-દિગ્વિજય પ્રસંગે, **કલિમ્**-કલિને, **નિજગ્રાહ**-કેદ કર્યો હતો-પકડ્યો હતો, **નૃદેવ-ચિહ્નધૃક્**-રાજાના ચિહ્નને ધારણ કરનાર, **અસૌ**-આ, **શૂદ્રઃ**-શૂદ્ર, **કઃ**-કોણ હતો, **યઃ**-જે શૂદ્ર, **પદા**-પગથી, **ગામ્**-ગાયને, **અહનત્**-હણતો હતો. ૫.

અનુવાદ—શૌનક બોલ્યા-પરીક્ષિત રાજાએ દિગ્વિજયમાં કલિયુગનો નિગ્રહ શા માટે કર્યો? અને પગથી ગાયને પ્રહાર કરનાર, રાજાના ચિહ્નને ધારણ કરનાર, એ શૂદ્ર કોણ હતો? ૫.

તત્ત્વસુધા—આ શ્લોકમાં શૌનકના બે પ્રશ્નો છે. શૌનક મુનિ એવું સમજે છે કે કલિ અને શૂદ્ર જુદા છે. માટે પ્રશ્ન પૂછે છે કે રાજાના વેષને ધારણ કરનાર શૂદ્ર કોણ? એ એક પ્રશ્ન કર્યો. રાજાને કલિયુગનો નિગ્રહ કરવાની આવશ્યકતા શી? કારણ કે તે તો ક્રમ પ્રમાણે યુગો આવે જ જાય; અને પોતાના ધર્મોને ચલાવે જાય. રાજાથી તેનો નિષેધ કેમ કરાય? અથવા નિગ્રહ કેમ કરાય? આ એક બીજો પ્રશ્ન છે. ૫.

તત્કથ્યતાં મહાભાગ યદિ કૃષ્ણકથાશ્રયમ્ ।
અથવાઽસ્ય પદામ્ભોજમકરન્દ લિહાં સતામ્ ।
કિમન્યૈરસદાલાપૈરાયુષો યદપવ્યયઃ ॥ ૬ ॥

અન્વયાર્થ— મહાભાગ-મહાભાગ્યશાળી હે સૂત, **યદિ**-જો, **કૃષ્ણકથાશ્રયમ્**-શ્રીકૃષ્ણની કથા યુક્ત હોય તો, **અથવા**-અથવા, **અસ્ય**-આ શ્રીકૃષ્ણના, **પદ-અમ્ભોજ-મકરન્દ-લિહામ્**- ચરણ કમળના મકરન્દ રસનું આસ્વાદન કરનારા, **સતામ્**-સત્પુરુષોને, **તત્**-તે કથાનક હોય તો, **કથ્યતામ્**-કહો. **અન્યૈઃ**-બીજા, **અસદ્-આલાપૈઃ**-મિથ્યા વાર્તાલાપોથી, **કિમ્**-શું? **યદ્**-જે વાર્તાલાપોથી, **આયુષઃ**-આયુષ્યનો **અપવ્યયઃ**-દુરૂપયોગ થાય છે! ૬.

અનુવાદ—મહા ભાગ્યશાળી હે સૂત, જો એ પ્રસંગ શ્રીકૃષ્ણની કથાના આશ્રયવાળો હોય, અથવા તો ભગવચ્ચરણારવિન્દ મકરન્દ રસને માણનારા સત્પુરુષોનો કથા પ્રસંગ હોય તો કહો. વ્યર્થ વાર્તાલાપોથી શું? કે જેમાં કેવળ આયુષ્યનો જ દુર્વ્યય છે. ૬.

તત્ત્વસુધા—સજ્જનોનાં મિલન પરિમિત હોય છે. સજ્જનોનાં વચનામૃત પરિશુદ્ધ અને અનુભવથી સંચિત હોય છે. તેઓ મળે ઓછું, બોલે જૂજ, કરે ખૂબ, સ્વયં ભવપાર ઉતરે અને અન્યને ઉતારે. શૌનક મુનિ સંત પુરુષ છે. તેઓ આ શ્લોકમાં ક્રમશઃ ત્રણ વાત મૂકી જાય છે. હે સૂત, જો આપના કથનમાં શ્રીકૃષ્ણ કથાનકનો પ્રસંગ આવતો હોય તો કહો; અથવા ભગવત્પદામ્બુજમાં અત્યંત વિશ્વાસવાળા ભગવદીઓની ચર્ચા આવતી હોય તો કહો; બાકી વખત વીતાવવા વાતો કરવી એના જેવી શરમ ભરી કોઈ જિંદગી નથી; કે જેમાં આયુષ્યનો અપવ્યય છે. વ્યર્થ વાતથી આયુષ્ય ઘટે છે. વ્યર્થ વાદથી પ્રેમ ઘટે છે. વ્યર્થ મિલનથી મમત્વ અને મહત્ત્વ ઘટે છે. ૬.

---

૧. પ્રા૦ પા૦ -વિષ્ણુ ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

क्षुद्रायुषां नृणामङ्ग मर्त्यानामृतमिच्छताम् ।
इहोपहूतो भगवान् मृत्युः शामित्रकर्मणि ॥ ७ ॥
न कश्चिन्म्रियते तावद्यावदास्त इहान्तकः ।
एतदर्थं हि भगवानाहूतः[1] परमर्षिभिः ।
अहो नृलोके पीयेत हरिलीलामृतं वचः ॥ ८ ॥

અન્વયાર્થઃ- અઙ્ગ-હે સૂત, ઋતમ્-કલ્યાણને, ઇચ્છતામ્-ઇચ્છનારા, ક્ષુદ્ર-આયુષામ્-અલ્પાયુષ્યવાળા, મર્ત્યાનામ્-મરણ જેનું નિશ્ચિત છે એવા, નૃણામ્-મનુષ્યોનો, ભગવાન-મૃત્યુઃ-ભગવાન કાળ, ઇહ-અહિંયાં, શામિત્ર-કર્માણિ-પશુની હિંસા રૂપ આ યજ્ઞ કર્મમાં, આહૂતઃ-બોલાવેલા છે. ૭; યાવત્-જ્યાં સુધી, ઇહ-અહિંયાં, અન્તકઃ-કાળ ભગવાન, આસ્તે-રહેલા છે, તાવત્-ત્યાં સુધી, કશ્ચિત્-કોઇપણ વ્યક્તિ, ન ઋિયતે-મરતી નથી, એતદર્થમ્-એટલા માટે, હિ-ખરેખર, પરમર્ષિભિઃ-પરમ જ્ઞાની મહર્ષિઓએ, ભગવાન્-સર્વ સમર્થ કાળ ભગવાન, આહૂતઃ-બોલાવવામાં આવ્યા છે, અહો-અહો, નૃલોકે-મનુષ્ય લોકમાં, હરિલીલા-અમૃતમ્-શ્રીહરિનું ચરિતામૃત, વચઃ-વચન, પીયેત-પાન કરાય છે ૮.

અનુવાદ—હે અંગ સૂત મહર્ષિ ! અલ્પ આયુષ્ય વાળા મનુષ્યો જેઓ ક્ષણભંગુર આ મર્ત્ય શરીરથી અમૃતની પ્રાપ્તિ કરવાને ઇચ્છે છે, તેઓને માટે આ યજ્ઞ પશુની હિંસારૂપ-કર્મમાં, મૃત્યુ ભગવાનને નિમંત્રિત કર્યા છે. તેથી જ્યાં સુધી અહિં મૃત્યુદેવ રહેલા છે, ત્યાં સુધી કોઇ ન મરે એમ સમજીને જ સમર્થ એવા મહર્ષિઓએ ભગવાન રૂપ મૃત્યુનું આવાહન કર્યું છે. ખરેખર, મનુષ્ય લોકમાં સદ્‌ભાગ્ય છે કે હરિલીલામૃત જેમાં રહેલ છે એવાં વચનોનું પાન કરાય છે. ૭; ૮.

તત્ત્વસુધા—બુદ્ધિનું ફળ તુચ્છ વસ્તુના બદલામાં સ્વચ્છ અને ભદ્ર વસ્તુ મેળવી લેવામાં છે. શરીર નશ્વર, રોગનું ઘર અને મોહનું થાણું છે. તેનો વાસ્તવિક ઉપયોગ થાય અને આયુષ્યની કૃતાર્થતા સધાય તો એથી મહત્વની સિદ્ધિ બીજી કોણ હોઈ શકે ? આ સપ્તાહ પ્રસંગમાં મૃત્યુદેવનું ધરાદાપૂર્વક નિમંત્રણ કર્યું છે. કોઈ પણ કામ ખૂબ જ વિલંબ સુધી ચાલવાનું હોય તેમાં વિઘ્નોની સંભાવના છે. મહાન્ વિઘ્ન કોઇપણ સ્વજનનો કે પોતાના દેહના લયનો માન્યો છે. આ સહસ્ર પરિવત્સરના આ સત્રમાં મૃત્યુદેવને નિમંત્રયા છે. મૃત્યુનું કર્મ હિંસાનું જ છે. આ સત્રમાં 'શામિત્ર' કર્મમાં મૃત્યુને યોજ્યા છે, એટલે મૃત્યુ પ્રવૃત્તિશીલ રહેવાના છે. પછી એમને મનુષ્યના મૃત્યુના કામમાં સમય જ ક્યાંથી મળવાનો છે ? ૭; ૮.

मन्दस्य मन्दप्रज्ञस्य वयो मन्दायुषश्च वै ।
निद्रया ह्रियते नक्तं दिवा च व्यर्थकर्मभिः ॥ ९ ॥

અન્વયાર્થ—મન્દસ્ય-આળસુ એવા, મન્દપ્રજ્ઞસ્ય-મન્દ બુદ્ધિવાળા, ચ-અને, મન્દાયુષઃ-અલ્પ આયુષ્યવાળાનું, વૈ-ખરેખર, વયઃ-આયુષ્ય, નક્તમ્-રાત્રે, નિદ્રયા-ઊંઘથી, ચ-અને, દિવા-દિવસે, વ્યર્થ-કર્મભિઃ-વ્યર્થ કાર્યો દ્વારા, હ્રિયતે-નાશ પામે છે. ૯.

અનુવાદ—આળસુ, અલ્પબુદ્ધિ અને અલ્પ આયુષ્ય વાળા પુરુષોનો સમય ખરેખર રાત્રે ઊંઘવામાં અને દિવસે વ્યર્થ કામોમાં પસાર થાય છે. ૯.

---

૧. પ્રા૦ પા૦ - ભગવાનુપહૂતો મહર્ષિભિઃ ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્ત્વસુધા—સહસ્ર સોના મહોર આપે, તો પણ તેના બદલામાં એક પણ ક્ષણ જીવનમાં વધુ નહિ મળે. પ્રથમ તો બાલ્ય-યૌવનના પ્રમાદમાં જ જીવનનો અમૂલ્ય તબક્કો ચાલ્યો જાય છે. કદાચ સત્સંગ થાય પણ ખરો; છતાં સજ્જનોની ચર્ચામાં સમજ ન પડે. એમ ને એમ દિવસ અને રાત પૂરાં થઈ જાય છે. તેથી ક્ષીણ થતો સમય સંભાળી લેવા જેવો ખરો! ૯.

सूत उवाच-यदा परिक्षित्कुरुजाङ्गलेऽवस[1]त्कलिं प्रविष्टं निजचक्रवर्तिते ।
निशम्य वार्तामनति प्रियां ततः शरासनं संयुगशौण्डि[2]राददे ॥ १० ॥

અન્વયાર્થ—**यदा**-જ્યારે, **संयुग-शौण्डिः**-યુદ્ધમાં કુશળ એવા, **परीक्षित्**—રાજા પરીક્ષિત, **कुरुजाङ्गले**-કુરુ જાંગલ પ્રદેશમાં, **अवसत्**-રહેતા હતા, **तदा**-ત્યારે, **निज-चक्रवर्तिते**-પોતાની રાજ્ય સત્તામાં, **प्रविष्टम्**-પ્રવેશેલા, **कलिम्**-કલિને, **अनतिप्रियाम्**-અતિ પ્રિય નહિ, એવી **वार्ताम्**-વાર્તાને, **निशम्य**-સાંભળીને, **ततः**-ત્યાર બાદ, **शरासनम्**-ધનુષ્યને, **आददे**-ગ્રહણ કર્યું. ૧૦.

અનુવાદ—યુદ્ધ કુશળ પરીક્ષિત રાજા, જ્યારે કુરુ-જાંગલ પ્રદેશમાં રહેતા હતા, ત્યારે 'પોતાની રાજ્યસત્તામાં કલિયુગ પ્રવેશી ચૂક્યો છે,' એવી અનિષ્ટ વાર્તા શ્રવણ કરતાંજ હાથમાં ધનુષ્ય લીધું. ૧૦.

તત્ત્વસુધા—કુરુ જાંગલ દેશમાં આવેલા હસ્તિનાપુર નગરમાં કલિયુગને આવતો જોયો, ત્યારે રાજાએ તેનો નિગ્રહ કર્યો. રાજાએ નિષ્કંટક રાજ્ય મેળવ્યું હતું અને કોઈ શત્રુ જ ન હતો. તેથી સમાજને લાગતું કે રાજામાં કાંઈ તત્ત્વ નથી. તેનો સક્રિય ઉત્તર આપવા માટેજ કલિનો નિગ્રહ કરવાનું નક્કી કર્યું. ૧૦.

स्वलंकृतं श्यामतुरंग योजितं रथं मृगेन्द्र ध्वजमास्थितः पुमान्[3] ।
वृतो रथाश्वद्विपपत्तियुक्तया स्वसेनया दिग्विजयाय निर्गतः ॥ ११ ॥

અન્વયાર્થ—**स्वलंकृतम्**-સારી રીતે શણગારેલા, **श्याम-तुरंग-योजितम्**-જેને કાળા અશ્વો જોડવામાં આવ્યા છે એવા, **मृगेन्द्र-ध्वजम्**-જેની ધ્વજામાં સિંહ છે એવા, **रथम्**-રથમાં, **आस्थितः**-બેઠેલા, **पुमान्**-(અસહાય જનોની સહાયતા કરવામાં શૂરવીર) પુરુષ, **रथ-अश्व-द्विप-पत्ति-युक्तया**-રથ-ઘોડા-હાથી-પાયદળથી યુક્ત, એવી **स्वसेनया**-પોતાની સેનાથી, **वृतः**-વીંટળાયેલા, **दिग्विजयाय**-દિગ્વિજય કરવાને માટે, **निर्गतः**-ચાલી નીકળ્યા. ૧૧.

અનુવાદ—ખૂબજ સારા શણગારેલા, શ્યામ અશ્વોથી જોડેલા અને સિંહની ધ્વજાવાળા રથમાં બેસીને વીર પુરુષ રાજા પરીક્ષિત, રથ, ઘોડા, હાથી, પાયદળ વગેરે ચતુરંગિણી સેનાથી સજ્જ થઈને દિશાઓના વિજય માટે ચાલી નીકળ્યા. ૧૧.

તત્ત્વસુધા—અર્જુનના અશ્વો શ્વેત હતા. સારથિ શ્રીકૃષ્ણ હતા. ધ્વજામાં પવનકુમાર હનુમાનજી હતા. અર્જુન સ્વયં સાત્વિક પુરુષ હતા. તેથી તે કૌરવોને જીતી શક્યા. પરીક્ષિત રાજાના અશ્વો શ્યામ હતા, રથ અત્યંત શણગારેલો હતો, ધ્વજામાં સિંહ હતો. આ સર્વ સામગ્રી લઈ દિગ્વિજય માટે પ્રયાણ કર્યું. શ્વેત રંગ સાત્વિક છે, દેવતાઓના સંબંધવાળો છે. તેવા વર્ણવાળા અશ્વો દૈત્યોની સન્મુખ ન સંભવે. માટે શ્યામ અશ્વોને જોડ્યા હતા. કલિયુગ હાથી જેવો છે. તેની સામે સિંહ જોઈએ. માટે રથમાં સિંહ ધ્વજનું ચિહ્ન છે. ભગવાને

---

૧. પ્રા૦ પા૦-अश्रृणोत् । ૨. પ્રા૦ પા૦-शौण्ड आददे ૩. પ્રા. પા.—पुरात् ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નૃસિંહરૂપે હિરણ્યકશિપુનો વધ કર્યો છે. હિરણ્યકશિપુ લોભનું સ્વરૂપ છે. લોભમાંથી કલિના પ્રત્યેક ધર્મો પેદા થાય છે. પાપનું મૂળ પણ લોભ હોય છે. લોભને પરિશ્રમ, ઉદ્યોગ અને સંતોષથી જીતાય છે. સિંહ, એ ઉદ્યમ, વીર્ય અને સંતોષનું પ્રતીક છે. તેથી સિંહધ્વજમાં બેસીને રાજા પ્રજાને સ્વાશ્રય, શ્રમ અને સંતોષનો સંદેશો આપી રહેલ છે. પુમાન્ અને પુરાત્ એવા બે પાઠ છે. પુમાન્ એટલે જિતેન્દ્રિય વીર પુરુષ એવો અર્થ થાય છે. પુરાત્ એટલે નગરમાંથી નીકળ્યા. યુદ્ધ નગરમાંથી દૂર સ્થાનમાં કરવું જોઇએ; જેથી પ્રજાજનોને ક્લેશ, હાનિ વગેરે ન થાય. ૧૧.

भद्राश्वं केतुमालं च भारतं चोत्तरान् कुरून् ।
किंपुरुषादीनि वर्षाणि विजित्य जगृहे बलिम् ॥ १२ ॥

અન્વયાર્થ—**भद्राश्वम्**-ભદ્રાશ્વ ખંડ, **केतुमालम्**-કેતુમાલ ખંડ, **च**-અને, **भारतम्**-ભારત દેશને, **च**-અને, **उत्तरान्**-ઉત્તર તરફના એવા, **कुरून्**-કુરુદેશોને, **किंपुरुषादीनि**-કિંપુરુષ વગેરે, **वर्षाणि**-ખંડોને, **विजित्य**-જીતીને, **बलिम्**-કરવેરાને, **जगृहे**-સ્વીકારતા હતા. ૧૨.

અનુવાદ—**ભદ્રાશ્વ, કેતુમાલ, ભારત, ઉત્તર કુરુ તથા કિંપુરુષ વગેરે પૃથ્વીના પ્રદેશોને જીતી લઇને તે તે દેશના રાજાઓ પાસેથી ખંડણી લીધી.** ૧૨.

તત્ત્વસુધા—રાજાનું આધિપત્ય જંબુદ્વીપ ઉપર છે. જંબુદ્વીપના નવ ખંડો છે. એ પ્રત્યેક ખંડમાં રાજાએ રથ લઇને પરિભ્રમણ કર્યું છે અને પ્રજામાં ધર્મની જાગૃતિ કરી છે. પશ્ચિમ તરફના ભદ્રાશ્વ ખંડમાં, પૂર્વ તરફના કેતુમાલ ખંડમાં, દક્ષિણ ભાગમાં ભારત ખંડમાં અને ઉત્તર તરફના ઉત્તર કુરુ ખંડનો નિર્દેશ કરી ચારે દિશાઓનું પર્યટન સિદ્ધ કર્યું. કિંપુરુષ વગેરે મધ્ય દેશનું પણ સૂચન કરી મધ્યના ખંડોમાં પણ પર્યટન કર્યું છે, એમ નિર્દેશ કર્યો. નવે નવ ખંડમાં પ્રજાને મળ્યા છે; નીતિધર્મની સ્થાપના કરી છે. ૧૨.

तत्र तत्रोपशृण्वानः स्वपूर्वेषां महात्मनाम् ।
प्रगीयमानञ्च यशः कृष्णमाहात्म्यसूचकम्[1] ॥ १३ ॥
आत्मानं च परित्रातमश्वत्थाम्नोऽस्त्रतेजसः ।
स्नेहञ्च वृष्णिपार्थानां तेषां भक्तिञ्चकेशवे ॥ १४ ॥
तेभ्यः परमसन्तुष्टः प्रीत्युज्जृम्भित लोचनः ।
महाधनानि वासांसि ददौ हारान् महामनाः ॥ १५ ॥

અન્વયાર્થ— **तत्र तत्र**-તે તે પ્રદેશોમાં, **प्रगीयमानम्**-લોકોથી ગાન કરવામાં આવતા, **महात्मनाम्**-ઉદાર મનવાળા, **स्वपूर्वेषाम्**-પોતાના પૂર્વજોના, **कृष्ण-माहात्म्य-सूचकम्**-શ્રીકૃષ્ણના માહાત્મ્યને સૂચવનારા, **यशः**-યશને, **उपशृण्वानः**-શ્રવણ કરનાર. ૧૩; **च**-અને, **अश्वत्थाम्नः**-અશ્વત્થામાના, **अस्त्रतेजसः**-અસ્ત્રના તેજથી, **परित्रातम्**-રક્ષણ કરાયેલા, **आत्मानम्**-પોતાની જાતને, **च**-અને, **केशवे**-શ્રીકૃષ્ણમાં, **तेषाम्**-તેઓના, **वृष्णिपार्थानाम्**-યાદવો અને પાંડવોના, **स्नेहम्**-સ્નેહને, **च**-અને, **भक्तिम्**-ભક્તિને, **उपशृण्वानः**-શ્રવણ કરનાર, **परमसन्तुष्टः**-ખૂબ પ્રસન્ન થતા, **प्रीति-उज्जृम्भित-लोचनः** પ્રેમથી પ્રફુલ્લ લોચનવાળા, **महामनाः**-અતિ ઉદાર રાજા પરીક્ષિત, **तेभ्यः**-તેમને, **महाधनानि**-અતિ મૂલ્યવાળાં, **वासांसि** વસ્ત્રો, **हारान्**-હાર, **ददौ**-આપતા હતા. ૧૪; ૧૫.

૧. પ્રા૦ પા૦-સૂચનમ્ ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—જે જે પ્રદેશોમાં જાય છે, તે તે સ્થાનોમાં પ્રજાજનના મુખેથી ગવાતા શ્રીકૃષ્ણના માહાત્મ્યને સૂચવનારા, પોતાના મહાત્મા એવા પૂર્વજોના ઉજ્જવલ યશને, તેમજ અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રથી પોતાની રક્ષા થઇ છે તે પ્રસંગને યાદવો અને પાંડવોના સ્નેહને, વળી પાંડવોની શ્રીકૃષ્ણ ભગવાનમાંની અપૂર્વ ભક્તિની હકીકત સાંભળે છે, ત્યારે પ્રીતિથી પ્રફુલ્લિત નેત્ર બની જઇ, પરમ સંતુષ્ટ થઇ, ઉદાર મનવાળા રાજા તે વૃત્તાંતનું વર્ણન કરનારાઓને અમુલ્ય વસ્ત્રો, અલંકારો, ધન, હાર વગેરે બક્ષીસમાં આપે છે. ૧૩; ૧૪; ૧૫.

તત્ત્વસુધા—પરીક્ષિતનું હૃદય કોમલ, પ્રજાવાત્સલ્યથી ભરેલું અને ભક્તિ ભાવથી ભરપૂર છે. દિગ્વિજયથી જે ધન મેળવ્યું છે, તે સર્વનો વિનિયોગ ત્યાંજ કરી દીધો છે. પાંડવોની ઉજ્જવલ કીર્તિનો તે તે પ્રદેશોમાં જવાથી વધુ પરિચય થયો. પોતાની બ્રહ્માસ્ત્રથી રક્ષા થઇ છે, તે વાત અત્યંત વિખ્યાત છે, એમ પણ જાણવા મળ્યું. આ સર્વની રાજાના ચિત્ત ઉપર સારી અસર થઈ. સાત્વિકતાનો ઉદ્રેક થયો, ઔદાર્ય ભાવ વીકસી ઉઠ્યો અને સર્વ સમ્પત્તિ ત્યાંજ બક્ષીસમાં આપી દીધી. ૧૩; ૧૪; ૧૫.

सारथ्यपारषदसेवनसख्यदौत्यवीरासनानुगमनस्तवनप्रणामम् ।
स्निग्धेषु पाण्डुषु जगत्प्रणतिं च विष्णोर्भक्तिं करोति नृपतिश्चरणारविन्दे ॥ १६ ॥

અન્વયાર્થ— **નૃપતિઃ**–રાજા પરીક્ષિત, **સ્નિગ્ધેષુ**–સ્નેહાળ, એવા **પાણ્ડુષુ**–પાંડવો ઉપર, **વિષ્ણોઃ**–શ્રીકૃષ્ણ ભગવાનનાં, **સારથ્ય-પારષદ-સેવન-સખ્ય-દૌત્ય-વીરાસન-અનુગમન-સ્તવન-પ્રણામમ્**–**સારથ્ય**–સારથિપણું, **પારષદ**–સભાપતિ પદ સંભાળવું, **સેવન**–સેવા, **સખ્ય**–મિત્રભાવ, **દૌત્ય**–દૂતપણું, **વીરાસન**–બન્ને હાથમાં રાખી, વીરાસને, ખડાપગે જાગતા, રાતભર ઉભા રહેવું, **અનુગમન**–પાછળ જવું, **સ્તવન**–સ્તવન, **પ્રણામમ્**–નમસ્કાર વગેરે, **ચ**–અને, **જગત્પ્રણતિમ્**–આખું જગત શ્રીકૃષ્ણને પ્રણામ કરે છે, એ બધું સાંભળીને, **વિષ્ણોઃ**–શ્રીકૃષ્ણના, **ચરણારવિન્દે**–ચરણ કમળમાં, **ભક્તિમ્**–ભક્તિને, **કરોતિ**–કરે છે. ૧૬.

અનુવાદ—સ્નેહાળ પાંડવો ઉપર શ્રીકૃષ્ણે કરેલા અનંત ઉપકારો જેવા કે–સારથિપણું, સભાપતિ પદ સંરક્ષણ, સેવન, સખ્ય, દૂત તરીકે જવું, વીરાસને રાત્રી પર્યન્ત પહેરો ભરવો, અનુસરણ, પ્રશંસા કરવી, પ્રણામ વગેરે તેમજ સ્નેહ યુક્ત પાંડવોમાં જગતે કરેલા પ્રણામ વગેરેને સાંભળીને રાજા પરીક્ષિત શ્રીકૃષ્ણના ચરણ કમળમાં ભક્તિ કરવા લાગ્યા. ૧૬.

તત્ત્વસુધા—આ શ્લોક પાંડવોમાં ભગવત્વના અતિરેકને વ્યક્ત કરનારો છે; પાંડવોની સાથેના ભગવત પ્રેમના પ્રતીક રૂપે છે. પાંડવોના જીવનમાં ઓત પ્રોત બની જઇ, પોતાના ઐશ્વર્યને પણ વિસરી જઇ દર્શાવેલા આત્મભાવનું પ્રતિબિમ્બ આ શ્લોકમાં છે. મહાન આત્માઓએ નાનાઓ સાથે સમભાવે મળી જવું. પોતાના આત્મરૂપને ન વ્યક્ત થવા દેવું, છતાં સ્વરૂપની રક્ષા સાથે રહેવું, એને **શીલ** કહેવાય છે. એ શ્રીકૃષ્ણે આ શ્લોકમાં પૂરવાર કર્યું છે. ૧૬.

तस्यैवं वर्तमानस्य पूर्वेषां वृत्तमन्वहम् ।
नातिदूरे किलाश्चर्यं यदासीत्तन्निबोध मे ॥ १७ ॥

અન્વયાર્થ— **એવમ્**–આ પ્રમાણે, **અન્વહમ્**–દરરોજ, **પૂર્વેષામ્**–પૂર્વજોના, **વૃત્તમ્**–આચરણને, **વર્તમાનસ્ય**–આચરતા, **તસ્ય**–તે પરીક્ષિત રાજાને, **નાતિદૂરે**–પોતાની સમીપમાં, **યત્**–જે, **કિલ**–ખરેખર, **આશ્ચર્યમ્**–આશ્ચર્ય, **આસીત્**–થયું, **તત્**–તે આશ્ચર્યને, **મે**–મારી પાસેથી, **નિબોધ**–તમે જાણો. ૧૭.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—આ પ્રમાણે પૂર્વજોના આચરણને દરરોજ આચરતા તે પરીક્ષિત રાજાને, પોતાનાથી થોડે દૂર ખરેખર જે આશ્ચર્ય થયું, તે તમે મારી પાસેથી જાણો. ૧૭.

तत्त्वसुधा—કલિયુગ સમાજના જીવનના અંતરના ભાગ સુધી પહોંચી ગયો હતો એવું સ્પષ્ટ સૂચવતો નાતિદૂરે એવા અવ્યયનો ઉલ્લેખ કર્યો છે. મનુષ્યોની વાણીમાં કેવળ ક્રોધ આદિ હોત તો ઠીક; પરંતુ હૃદયના ઉંડાણમાં કામ, લોભાદિએ ઘર કર્યાં હતાં. કોઈનાં દુઃખ વેદના કોઇને દેખાતાં ન હતાં. ગુરુજન કે શાસ્ત્રનાં વચનોને કોઇ કાન ઉપર પણ ધરવા તૈયાર ન હતા. આવી દયનીય દશા જોઇને વર્ણવ્યું છે કે અત્યંત આશ્ચર્યની ઘટના હવે પછીના શ્લોકોમાં તમને બતાવું છું. જરા સ્વસ્થ ચિત્તે સાંભળો. ૧૭.

धर्मः पदैकेन चरन् विच्छायामुपलभ्य गाम् ।
पृच्छति स्माश्रुवदनां विवत्सामिव मातरम् ॥ १८ ॥

अन्वयार्थ— एकेन–એક, पदा–પગથી, चरन्–ફરતો, धर्मः–ધર્મ, विच्छायाम्–છાયા વગરની નિસ્તેજ, विवत्साम्–વાછરડા વગરની, मातरम् इव–માતાની જેમ, अश्रुवदनाम्–વદન ઉપર અશ્રુઓવાળી, गाम्–ગાયને, उपलभ्य–જોઈને, पृच्छति स्म–પૂછવા લાગ્યો. ૧૮.

અનુવાદ—એક પગથી લંગડાતા ચાલતા ધર્મે, નિસ્તેજ બનેલી પુત્ર વિહોણી માતાની માફક આંસુઓને સારતી ગાયને જોઈને પાસે જઈને પૂછયું. ૧૮.

तत्त्वसुधा—धर्मः पदैकेन–સત્ય નામના એક અંશથી ધર્મનું કંઇક આછું દર્શન થતું હતું. એ સત્ય નામનો અંશ પણ કેવળ સૂર્ય, ચન્દ્ર વગેરેમાં જોવામાં આવે છે. અન્યત્ર તો તેનું કયાંય દર્શન થતું ન હતું. ધર્મના ચાર ચરણ છે. પ્રથમે કૃતયુગ આવે છે. તેમાં તપ, શૌચ, દયા, સત્ય એ ચારે પૂર્ણ રૂપમાં હોય છે. પછી એક એક અંશ ક્રમે કરીને ક્ષીણ થાય છે. કૃતયુગમાં ચાર, ત્રેતામાં ત્રણ, દ્વાપરમાં બે અને કલિમાં આખરે એક અંશ અવશિષ્ટ રહે છે. પરીક્ષિતની નજર સામે સમાજની પરિસ્થિતિનું દર્શન વાછરડાના રૂપમાં ધર્મે આપ્યું.

विच्छायाम् गाम्–બીજું દર્શન ગાયના સ્વરૂપમાં પૃથ્વીએ આપ્યું. મનુષ્યને જો પોતાની છાયા ન દેખાય તો તે અમંગલની આગાહી રૂપ ગણાય છે. ગાયના રૂપમાં રહેલી પૃથ્વીની છાયા દેખાતી ન હતી. લીલી હરિયાળી સસ્ય સમ્પતિવાળી ખેતી એ પૃથ્વીની છાયા છે. તે જ્યારે જોવામાં ન આવી ત્યારે છાયા વિનાની પૃથ્વી અમંગલ રૂપ થશે, એમ રાજાએ નક્કી કર્યું.

अश्रुवदनाम्–નેત્રો અશ્રુઓથી ભરેલાં હતાં, તેથી હૃદયમાં કોઈ ઉત્કટ તાપ હશે એમ નિશ્ચય થતો હતો. પૃથ્વી ઉપર દેખાતી ભીનાશ એ વૃષ્ટિની ન હતી; પરંતુ ક્લેશનાં અશ્રુઓની હતી; એમ 'अश्रु वदनाम्' પદથી કહેવા માગે છે. સંતનો સંસર્ગ અને પુણ્યના સંબંધ વિનાની પૃથ્વી–સમસ્ત પ્રજા શોકાશ્રુથી જ ભરપૂર હતી.

विवत्सा–સંતાન વિનાની 'મા' જોવી ન ગમે, તેમ ધર્મ વિનાની પૃથ્વી કોઇને જોવી ન રૂચે. તેવી હાલત જન્મી હતી. જો ગાયને વાછરડો ન હોય તો તેનાં પંચગવ્ય દેવોને કેમ મળી શકે? તે ગાય તો કેવળ દર્શનના કામની ગણાય; પરંતુ યજ્ઞીય કાર્યની ઉપયોગિની તો ન જ મનાય, તેમ આખી પૃથ્વી મનુષ્યને જીવવાના કામની ન રહી, પણ રહી કેવળ પ્રાણ ત્યાગ કરવાના કામની, એવું 'विवत्सा' પદથી સૂચવ્યું. ૧૮.

कच्चिद्भद्रेऽनामयमात्मनस्ते विच्छायासि म्लायतेषन्मुखेन ।
आलक्षये भवतीमन्तरार्धि दूरे बन्धुं शोचसि कञ्चनाऽम्ब ॥ १९ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ— **ભદ્રે**-હે કલ્યાણિની ગાય! **તે**-તમારું, **આત્મનઃ**-પોતાનું, **અનામયમ્**-કુશળ **કચ્ચિત્**-તો છે ને! **ઈષત્**-કંઈક, **મ્લાયતા**-કરમાઈ ગયેલા, **મુખેન**-મુખથી, **વિચ્છાયા**-**અસિ**-નિસ્તેજ જણાય છે. **અમ્બ**-હે માતા! **ભવતીમ્**-તમને, **અન્તરાધિમ્** આન્તરમાં પીડાવાળાં, **આલક્ષયે**-હું માનું છું, **કઞ્ચન**-કોઈ એવા, **દૂરે**-દૂર રહેલા, **બન્ધુમ્**-બન્ધુને, **શોચસિ**-શોક કરો છો! ૧૯.

અનુવાદ—**હે ભદ્ર, તમારો આત્મા રોગ વગરનો કુશળ તો છે ને! કંઈક કરમાયેલા મુખને લીધે નિસ્તેજ જેવાં જણાઓ છો. તેથી હે માતા, તમે કોઈ આન્તર વ્યથાથી પીડાતાં હોય એમ જણાય છે. શું કોઈ દૂર દેશ ગયેલા બન્ધુ જનનો શોક કરો છો?** ૧૯

તત્ત્વસુધા—૧૯ થી ૨૪ સુધીના ૬ શ્લોકોમાં જાણે ૬ પ્રકારના ઐશ્વર્ય શૂન્ય બનેલી અથવા ષડૈશ્વર્ય સમ્પન્ન ભગવાન શ્રીકૃષ્ણ વિનાની બનેલી પૃથ્વીની પીડાનાં કારણોની કલ્પના કરે છે. પ્રથમ શ્લોકમાં તન મનના દુઃખનો નિશ્ચય કરી, પછીના શ્લોકોમાં ચૌદ પ્રકારના વિકલ્પોથી પ્રશ્ન કર્યા છે. શોકનાં સ્થાન ૧૦ ઇન્દ્રિયો અને ૪ અન્તઃકરણ મળી ૧૪ હોય છે, માટે ૧૪ વિકલ્પો છે. પહેલું સુખ તે જાતે નર્યા-શરીરમાદ્યં ખલુ ધર્મસાધનમ્-એ કાલીદાસની સૂક્તિ પ્રમાણે શરીરના આરોગ્યનો પ્રથમ પ્રશ્ન કર્યો. મુખ તન મનના આરોગ્યના નિશ્ચયનું દર્પણ છે. માટે પ્રથમ ચરણમાં તનના આરોગ્યનાં અને ત્રીજા ચરણમાં મનની પીડાના પ્રશ્નને પૂછતાં વચ્ચેના બીજા ચરણમાં 'મુખકાન્તિ મ્લાન' છે એવા આશયનો પ્રશ્ન પૂછે છે. મા! તારી કરમાયેલી મુખકાન્તિ તન મનની પીડાનું સૂચન કરે છે. મનની પીડા તો ઇષ્ટ, સ્વજન, ધન આદિના અસહ્ય વિયોગને લીધે હોય છે. ધન અને સ્વજનના વિયોગમાં મન તેના જ વિચારોમાં મશગુલ બને છે જેને પરિણામે 'શૂન્ય મનસ્ક' અવસ્થા દેખાયા વિના રહી શકતી નથી. ૧૯.

પાદૈ[1]ર્ન્યૂનં શોચસિ મૈકપાદમાત્માનં[2] વા વૃષલૈર્ભોક્ષ્યમાણમ્ ।
અહો સુરાદીન્હૃતયજ્ઞભાગાન્ પ્રજા ઉત સ્વિન્ મઘવત્યવર્ષતિ ॥ ૨૦ ॥

અન્વયાર્થ— **પાદૈઃ**-ત્રણ ચરણોથી, **ન્યૂનમ્**-રહિત એવા, **એક પાદમ્**-એક ચરણવાળા, **મા**-મને, **વા**-અથવા, **વૃષલૈઃ**-શૂદ્રોથી, **ભોક્ષ્યમાણમ**-ભોગવવામાં આવતા, **આત્માનમ્**-પોતાની જાતની, **શોચસિ**-શોક કરો છો? **અહ્હો-સ્વિત્**-અથવા તો શું? **હૃત-યજ્ઞ-ભાગાન્**-જેમના યજ્ઞોમાં મળતા ભાગ લઈ લેવામાં આવ્યા છે, એવા **સુરાદીન્**-ઇન્દ્ર વગેરે દેવોનો, **ઉત**-અથવા તો શું? **મઘવતિ**-મેઘરાજ, **અવર્ષતિ**-વૃષ્ટિ નથી કરતો, તેથી **પ્રજાઃ**-પ્રજાઓનો શોક કરો છો? ૨૦.

અનુવાદ—**ત્રણ ચરણોથી રહિત, એક ચરણવાળા મારો શોક કરો છો? કે હવે પછીથી શૂદ્રોથી ભોગવવામાં આવતી તમારી જાતનો શોક કરો છો? અથવા તો શું, યજ્ઞોમાં જેમના ભાગ પડાવી લેવામાં આવ્યા છે, એવા ઇન્દ્રાદિક લોકપાલો-દેવોનો શોક કરો છો? કે મેઘરાજ વરસતો નથી, તેથી પ્રજાઓનો શોક કરો છો?** ૨૦.

તત્ત્વસુધા—પ્રથમ શ્લોકમાં બે પ્રશ્નો કરી તન મનની પીડા છે, એવો ચોક્કસ નિર્ણય કરી બીજા શ્લોકથી ચૌદ પ્રકારે દુઃખને કલ્પી જુદી જુદી રીતે શોકનાં કારણો પૂછે છે. ત્રણ અંશ વિનાના બનેલા ધર્મની ચિંતા કરો છો? અથવા શૂદ્રોનું સામ્રાજ્ય આવ્યું તેની ચિંતા કરો છો? કે દેવોના યજ્ઞ ભાગો રોકાઈ ગયા છે, તેથી આધિ દૈવિક અશાંતિ છે? કે યજ્ઞો વિરામ પામતાં વૃષ્ટિનો અવરોધ થયો તેની વ્યથા છે? ૨૦.

૧. પ્રા૦ પા૦-પાદન્યૂનં । ૨. પ્રા૦ પા૦-યુતાત્માનં વૃષ૦ ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

अरक्ष्यमाणाः स्त्रिय उर्वि बालान् शोचस्यथो पुरुषादैरिवार्दितान् ।
वाचं देवीं ब्रह्मकुले कुकर्मण्यब्रह्मण्ये राजकुले कुलाग्र्यान् ॥ २१ ॥

અન્વયાર્થ— **उर्वि**-હે પૃથ્વી, **अरक्ष्यमाणाः**-રક્ષણ કરવામાં ન આવતી, **स्त्रियः**-સ્ત્રીઓને, **अथो**-ત્યાર બાદ, **पुरुष-अदैः**-મનુષ્યોને મારી ખાનારા રાક્ષસો વડે, **आर्त्तान् इव**-પીડાયેલાઓની જેમ, **बालान्**-બાળકોને, **कुकर्मणि**-કુકર્મ કરનારા, **ब्रह्मकुले**-બ્રાહ્મણ કુળમાં, **देवीम्**-દિવ્ય પ્રકાશ રૂપ, **वाचम्**-વેદ વાણીને, **अब्रह्मण्ये**-બ્રાહ્મણોનું અહિત કરનારા, **राजकुले**-ક્ષત્રિય-રાજકુળમાં, **कुलाग्र्यान्**-અગ્રગણ્ય કુલીનોને ઉદ્દેશીને, **शोचसि**-શોક કરો છો ? ૨૧.

અનુવાદ—હે પૃથ્વી માતા, સ્ત્રીઓનું ભલી રીતે રક્ષણ થતું નથી, એને લીધે શોક કરો છો ? અથવા તો મનુષ્યોનું ભક્ષણ કરનારા રાક્ષસોથી પીડાઇ રહેલાં બાળકોને લીધે શોક કરો છો ? અથવા તો કુકર્મ કરનારા બ્રહ્મકુળમાં રહેલી વેદવાણીનો શોક કરો છો ? કે પછી બ્રાહ્મણોનું કલ્યાણ ન કરનારા ક્ષત્રિય રાજકુળમાં રહેતા બ્રાહ્મણોને ઉદ્દેશીને શોક કરો છો ? ૨૧.

તત્વસુધા—વીસમા શ્લોકથી પૃથ્વીનાં પ્રત્યેક અંગોનું અકુશળ પૂછે છે. પગ ઉપરજ શરીરના સર્વ સુખનું અવલંબન છે, માટે ત્રણ પાદનું પ્રથમ કુશળ પૂછ્યું. પછી પૃથ્વીના આત્માનો પ્રશ્ન પૂછ્યો. ત્યાર બાદ ઇન્દ્રાદિ દેવો હાથ રૂપે છે, તેમના અસુખને પૂછ્યું. હવે ૨૧ મા શ્લોકમાં ચાર પ્રશ્નો પૂછે છે. સ્ત્રીઓની અને બાળકોની રક્ષા નથી થતી તેથી સંતોષ નથી થતો, તેનું માનસિક દુઃખ તો નથી ને ! એમ કહીને 'મન' ના કુશળને પૂછ્યું. કુકર્મ પરાયણ બ્રાહ્મણોમાં રહેલી વેદવાણીનું કુશળ પૂછી નેત્રની કુશળતા નો પ્રશ્ન કર્યો છે, કારણકે વેદોને નેત્ર તરીકે માન્યા છે. બ્રાહ્મણોના અભક્ત રાજાના કુલમાં ધન લિપ્સાથી રહેલા બ્રાહ્મણોનો તો શોક નથી કરતાં ને ! એમ પૂછીને 'કાન' નું કુશળ પૂછ્યું છે, કારણ કે બ્રહ્મણો કાનની જગાએ છે. ૨૧.

किं क्षत्रबन्धून् कलिनोपसृष्टान् राष्ट्राणि वा तैरवरोपितानि ।
इतस्ततो वाऽशनपान वासः[1] स्नान व्यवायोन्मुख जीवलोकम् ॥ २२ ॥

અન્વયાર્થ— **कलिना**-કળિયુગથી, **उपसृष्टान्**-વ્યાપ્ત થયેલા, **क्षत्रबन्धून्**-અધમ ક્ષત્રિયોને, **वा**-અથવા, **तैः**-તેઓએ, **अवरोपितानि**-ભાંગફોડ કરી નાશ કરવામાં આવેલાં, **राष्ट्राणि**-રાજ્યોને, **वा**-અથવા, **इतस्ततः**-આમથી તેમ, **अशन-पान-वासः-स्नान-व्यवाय-उन्मुख-जीवलोकम्**-ખાનપાન, સુંદર વસ્ત્ર પરિધાન, સુગંધી દ્રવ્ય મિશ્રિત જળસ્નાન, સ્ત્રી સંભોગ વગેરેમાં તત્પર જીવ લોકનો, **किम्**-શું શોક કરો છો ? ૨૨.

અનુવાદ—કળિયુગના ધર્મોથી લેપાયેલા અધમ ક્ષત્રિઓનો શોક કરો છો ? અથવા તો તેમણે નષ્ટ કરેલાં રાષ્ટ્રોનો શોક કરો છો ? અથવા તો આમથી તેમ ખાન પાન, વસ્ત્ર, સ્નાન, સંભોગ સુખ વગેરેમાં તત્પર એવા જીવ લોકોનો શું શોક કરો છો ? ૨૨.

તત્વસુધા—આ શ્લોકમાં ચાર પ્રશ્નો છે. કલિયુગથી વ્યાપ્ત થયેલા કલિ ધર્મવાળા અધમ ક્ષત્રિયોના કુશળને પૂછીને 'નાસિકા' નું મંગલ પૂછ્યું. વીર્ય, શૌર્ય એ સમસ્ત દેશોનું નાક છે. ક્ષત્રિયો નાક છે, તેથી તેમનું મંગલ પૂછ્યું. ૨૨.

यद्वाम्ब ते भूरिभरावतार कृतावतारस्य हरेर्धरित्रि ।
अन्तर्हितस्य स्मरती विसृष्टा कर्माणि निर्वाण विडम्बितानि ॥ २३ ॥

---

१. પ્રા૦ પા૦-વાસસા ઉત વ્યવા૦ ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ— **યદ્વા**–અથવા તો, **ધરિત્રિ-અમ્બ**–હે પૃથ્વી માતા, **તે**–તમારા, **ભૂરિ-ભર-અવતાર-કૃત-અવતારસ્ય**–મહાન ભાર ઉતારવા અવતરેલા, **અન્તર્હિતસ્ય**–અન્તર્ધાન થઈ ગયેલા. **હરેઃ**–શ્રીકૃષ્ણનાં, **નિર્વાણ-વિડમ્બિતાનિ**–મોક્ષનો પણ પરિહાસ કરતાં, **કર્માણિ**–કર્મોને, **સ્મરતી**–સ્મરણ કરતી, **વિસૃષ્ટા**–તેમનાથી ત્યજી દેવાઈ છે, તેનો શોક કરી છો? ૨૩.

અનુવાદ—અથવા તો હે પૃથ્વી માતા, તમારા ઉપર ખૂબ વધી ગયેલા, આસુરી પ્રકૃતિના રાજાઓના મહાન ભારને ઉતારવા અવતાર ધારણ કરનારા શ્રીહરિ સ્વધામ પધારી ગયેલા હોવાથી જેનાં ઉદ્ધાર ચરિત્રો પણ મુક્તિ આપવામાં વિલંબ કરનારાં થયાં છે, તેથી તે શ્રીકૃષ્ણનું સ્મરણ કરીને શું શોક કરો છો? ૨૩.

તત્ત્વસુધા—આ છેલ્લા પ્રશ્નમાં મહત્ત્વની ઉત્પ્રેક્ષા બતાવી છે. પૂર્વની શંકાઓનું તો નિવારણ શક્ય બની શકે એમ છે; પરંતુ ભગવદ્ વિરહની વ્યથા અવેદ્ય, અકથ્ય અને અસહ્ય છે. સર્વ સુખ શાન્તિનું મૂળજ ભગવાન છે. તેનો વિયોગ અસુખ, અશાંતિનું કેન્દ્ર બને. પ્રશ્નની એક વિશેષતા છે કે ભગવાન તો અન્તર્ધાન થયા છે; પરંતુ ભગવચ્ચરિત્રો પણ નિરુપયોગી થયાં છે, એમ લાગે છે. ચરિત્રોનું તો મોક્ષપ્રદાન સામર્થ્ય છે જ; પરંતુ તેનાં ગાન કરનાર હૃદય શૂન્ય અને ભક્તિશૂન્ય છે. તેથી ચરિત્રો અસરશૂન્ય થયાં છે. ૨૩.

इदं ममाचक्ष्व तवाधिमूलं वसुन्धरे येन विकर्शिताऽसि ।
कालेन वा ते बलिनां बलीयसा सुरार्चितं किं हृतमद्य सौभगम् ॥ २४ ॥

અન્વયાર્થ— **વસુન્ધરે**–હે પૃથ્વી માતા, **વા**–અથવા, **બલિનામ્**–બળવાનોમાં, **બલીયસા**–બળવાળા, **કાલેન**–કાળથી, **સુરાર્ચિતમ્**–દેવોથી અર્ચન કરાતું, **તે**–તમારું, **સૌભગમ્**–સૌંદર્ય, **અદ્ય**–આજે, **હૃતમ્ કિમ્**–હરણ કરાયું છે કે શું? **યેન**–જેથી, **વિકર્શિતા**–અત્યંત દુર્બળ, **અસિ**–જણાઓ છો, **ઇદમ્**–આ, **તવ**–તમારું, **આધિમૂલમ્**–માનસિક દુઃખનું મૂળ કારણ, **મમ**–મને, **આચક્ષ્વ**–કહો. ૨૪.

અનુવાદ—હે પૃથ્વી માતા, બળવાળાઓમાં પણ બળવાન એવા કાળે દેવવન્દ્ય એવું તમારું સૌન્દર્ય-સામર્થ્ય હરી તો નથી લીધું ને? કે જેથી આજ તમે અતિકૃશ જણાઓ છો. આ તમારી માનસિક પીડાનું મૂળ કારણ શું છે, તે મને કહો. ૨૪.

તત્ત્વસુધા—આ અંતિમ શ્લોકમાં માનસિક ચિંતાનો હેતુ હવે પૃથ્વીને પૂછે છે. જેવો પ્રશ્નનો ઉપક્રમ ઓગણીસમા શ્લોકમાં કર્યો હતો, તેવો ઉપસંહાર ચોવીસમા શ્લોકમાં કર્યો છે. ૨૪.

धरण्युवाच— भवान् हि वेद तत्सर्वं यन्मां धर्मोऽनुपृच्छसि ।
चतुर्भिर्वर्तसे येन पादैर्लोक सुखावहैः ॥ २५ ॥

અન્વયાર્થઃ—**ધર્મ**–હે ધર્મ, **યત્**–જે, **મામ્**–મને, **અનુપૃચ્છસિ**–પૂછો છો, **તત્**–તે, **સર્વમ્**–બધું, **હિ**–ખરેખર, **ભવાન્**–તમે, **વેદ**–જાણો છો, **યેન**–જેથી, **લોક-સુખાવહૈઃ**–લોકોને સુખ ઉપજાવનારા, **ચતુર્ભિઃ**–ચાર, **પાદૈઃ**–ચરણોથી, **વર્તસે**–રહો છો. ૨૫.

અનુવાદ—પૃથ્વી બોલ્યાં—હે ધર્મ, જે મને પૂછો છો તે બધું જ તમે જાણો છો જ; કારણ કે લોકોને સુખ ઉપજાવનારા ચાર ચરણોથી તમે રહેલા છો. ૨૫.

તત્ત્વસુધા—પૃથ્વી અને ધર્મનો આ વાર્તાલાપ યુગધર્મની પરિસ્થિતિનો ખ્યાલ આપનારો છે. પ્રજાના માનસનું આ કથનમાં સ્પષ્ટ પ્રતિબિંબ છે. ધર્મના કરેલા ચૌદ અથવા પંદર વિકલ્પોનો સ્વીકાર કરી ધરણી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નિર્ણય ઉપર આવે છે કે, "ધર્મ! તારા પ્રશ્નો યથાર્થ છે. મને ખ્યાલ છે કે દ્વાપરના અંતમાં જ સમાજમાંથી તપ, શૌચ અને દયા નામના ત્રણ ધર્મના અંશો તો ક્ષીણ થઈ ચુકયા હતા જ; પરંતુ આજ સુધી શ્રીકૃષ્ણ ભગવાનના સાન્નિધ્યથી તે તારા પગો અસ્તિત્વમાં હતા, આજે તે નથી રહ્યા. તેનો જ શોક થાય છે." ૨૫.

सत्यं शौचं दया क्षान्तिस्त्यागः संतोष आर्जवम् ।
शमो दमस्तपः साम्यं तितिक्षोपरतिः श्रुतम् ॥ २६ ॥
ज्ञानं विरक्तिरैश्वर्यं शौर्यं तेजो बलं स्मृतिः ।
स्वातन्त्र्यं कौशलं कान्तिर्धैर्यं मार्दवमेव च ॥ २७ ॥
प्रागल्भ्यं प्रश्रयः शीलं सह ओजो बलं भगः ।
गाम्भीर्यं स्थैर्यमास्तिक्यं कीर्तिर्मानोऽनहंकृतिः ॥ २८ ॥
इमे चान्ये च भगवन्नित्या यत्र महागुणाः ।
प्रार्थ्या महत्त्वमिच्छद्भिर्न वियन्ति स्म कर्हिचित् ॥ २९ ॥

અન્વયાર્થ—**सत्यम्**-સત્ય ભાષણ, **शौचम्**-પવિત્રતા, **दया**-દયા, **क्षान्ति**-સહન શીલતા-ક્ષમા, **त्यागः**-દાન આપવું, **संतोषः**-સંતોષ, **आर्जवम्**-સરળતા, **शमः**-મનો નિગ્રહ-શાંતિ, **दमः**-ઇન્દ્રિયોનો નિગ્રહ, **तपः**-તપશ્ચર્યા, **साम्यम्**-સમત્વ બુદ્ધિ, **तितिक्षा**-સહન શીલતા, **उपरतिः**-ઉદાસીન વૃત્તિ, **श्रुतम्**-શાસ્ત્રનો અભ્યાસ-શાસ્ત્ર વિચાર. ૨૬; **ज्ञानम्**-આત્મ વિચાર, **विरक्तिः**-વૈરાગ્ય, **ऐश्वर्यम्**-ઈશ્વરપણું નિયામકપણું, **शौर्यम्**-શુરવીરતા, **तेजः**-પ્રભાવ, **बलम्**-સામર્થ્ય, **स्मृतिः**-સ્મરણ શક્તિ, **स्वातन्त्र्यम्**-સ્વતંત્રતા, **कौशलम्**-કાર્યકુશળતા, **कान्तिः**-કાંતિ-સૌન્દર્ય, **धैर्यम्**-ધીરજ, **मार्दवम्**-કોમળ સ્વભાવ-મૃદુતા, **च**-અને. ૨૭; **प्रागल्भ्यम्**-પ્રગલ્ભતા-ચતુરાઇ, **प्रश्रयः**-વિનય, **शीलम्**-સારો સ્વભાવ, **सहः**-મનોબળ, **ओजः**-બુદ્ધિબળ, **बलम्**-શારીરિક શક્તિ, **भगः**-વિષય સેવન શક્તિ, **गाम्भीर्यम्**-ગંભીરતા, **स्थैर्यम्**-સ્થિરતા, **आस्तिक्यम्**-શ્રદ્ધા-આસ્તિકભાવ, **कीर्तिः**-કીર્તિ, **मानः**-માન-પૂજ્યભાવ, **अनहंकृतिः**-અભિમાનનો અભાવ. ૨૮; **इमे**-આ બધા ૩૯ ગુણો, **च**-અને, **अन्ये**-**च**-બીજા પણ ગુણો, **महत्त्वम्**-મહત્ત્વને, **इच्छद्भिः**-ઇચ્છનારાઓ વડે, **प्रार्थ्याः**-પ્રાર્થના કરવા યોગ્ય, **महागुणाः**-મોટા ગુણો, **यत्र**-જે શ્રીકૃષ્ણમાં, **नित्याः**-નિત્ય રહેલા, **कर्हिचित्**-કોઈ કાળે પણ, **न वियन्ति स्म**-નાશ પામ્યા નથી. ૨૯.

અનુવાદ—સર્વગુણ સંપન્ન હે ધર્મ! સત્ય, પવિત્રતા, દયા, ક્ષમા, દાન, સંતોષ, સરળતા, શમ-મનોનિગ્રહ, દમ-બાહ્યેન્દ્રિય નિગ્રહ, તપ, સમત્વ બુદ્ધિ, સહનશીલતા, તટસ્થ બુદ્ધિ-ઉદાસીન વૃત્તિ, શાસ્ત્રવિચાર, આત્મજ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્ય, શૌર્ય, પ્રભાવ, બળ, સ્મરણશક્તિ, સ્વતંત્રતા, કાર્યદક્ષતા, કાંતિ, ધૈર્ય, કોમળતા, પ્રતિભા શક્તિ, વિનય, સુશીલ સ્વભાવ, માનસિક શક્તિ, બુદ્ધિ શક્તિ, તેમ જ શારીરિક શક્તિ, વિષય સેવન શક્તિ, ગંભીરતા, અચંચળતા-સ્થિરતા, શ્રદ્ધા, કીર્તિ, પૂજ્યભાવ અને નિરભિમાનપણું—આ બધા ઓગણચાળીસ ગુણો, તેમજ બીજા પણ, મહત્ત્વને ઇચ્છનારાઓવડે પ્રાર્થના કરવા યોગ્ય મહાન ગુણો જે શ્રીકૃષ્ણમાં નિત્ય નિવાસ કરીને રહેલા છે, જે કોઇ કાળે પણ નાશ પામતા નથી. ૨૬; ૨૭; ૨૮; ૨૯.

તત્ત્વસુધા—આ ચાર શ્લોકોમાં વિશ્વ ઉત્કર્ષને દેનારા ઓગણચાલીસ ગુણો દર્શાવ્યા છે. એના અવાન્તર ભેદોને ગણતાં ૬૪ અથવા ૮૪ સંખ્યા થાય છે. જાણે તે ગુણો નામની ૬૪ કલાઓ જગતમાંથી ચાલી ન ગઇ

૧. પ્રા૦ પા૦-दानं त्यागः । ૨. પ્રા૦ પા૦-धृतिः । ૩. પ્રા૦ પા૦-कान्तिः सौभाग्यं मार्दवं क्षमा ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હોય, અથવા ચોરાસી લાખ યોનિના પરિભ્રમણ કલેશમાંથી મુક્તિ દેનારી આ ચોરાસી ગુણ પુષ્પમાળા કરમાઇ ન ગઇ હોય તેમ લાગે છે.

૧. સત્યમ્–યથાર્થ ભાષણ. ૨. શૌચમ્–તનમનની શુદ્ધિ, ૩. દયા–બીજાની વ્યથા ન વેઠાતાં પીગળવું. ૪. દયાને કારણે શરણાગતનું પાલન. ૫. અને દયાના જ કારણે ભક્ત સૌહાર્દ, એ બે ગુણો વધે. ૬. ક્ષાન્તિઃ–ક્રોધ ઉત્પન્ન થતાં ચિત્તનો સંયમ. ૭. ત્યાગઃ–યાચકને ઉદાર હાથે આપવું, આપેલ વિસરી જવું. ૮. સન્તોષઃ–સ્વાભાવિક તૃપ્તિ. મળે તેમાં સંપૂર્ણ છે, એ પ્રકારની નિશ્ચિત બુદ્ધિ. ૯. આર્જવમ્– સરલતા, અવક્રતા. ૧૦. આર્જવ એટલે સરલ સ્વભાવને કારણે સર્વનું શુભ કરવાની વૃત્તિ. ૧૧. શમઃ–મનનું સ્થિરપણું. ૧૨. મનની સ્થિરતાને લીધે સુદૃઢવ્રત થવું. ૧૩. દમઃ– બહારની ઇન્દ્રિયોની નિશ્ચલતા, ૧૪. તપઃ–સ્વધર્માનુસાર જીવન. ૧૫. સામ્યમ્–શત્રુભાવ, મિત્રભાવ, એ બે પ્રકારના ભાવથી પર થઇ સર્વ સાથે વર્તવું. ૧૬. તિતિક્ષા–અન્યના અપરાધને સહન કરવા. ૧૭. ઉપરતિઃ–કોઇ પણ લાભ મેળવી લેવામાં ઉદાસિનતા. ૧૮. શ્રુતમ્–શાસ્ત્ર વિચાર. ૧૯. જ્ઞાનમ્–પાંચ પ્રકારનું જ્ઞાન. ૧૯. બુદ્ધિમત્તા. ૨૦. કૃતજ્ઞતા. ૨૧. દેશકાલ પાત્ર વિચાર. ૨૨. સર્વજ્ઞપણું. ૨૩. આત્મસ્વરૂપનો પરિચય. ૨૪. વિરક્તિઃ– તૃષ્ણા વિનાનું જીવન; અસત્ પદાર્થોને ભોગવવાની ઇચ્છા ન થવી. ૨૫. ઐશ્વર્યમ્–અન્યને નિયમમાં રાખવા. ૨૬. શૌર્યમ્–સંગ્રામમાં ઉત્સાહ. ૨૭. તેજઃ–પ્રભાવ. ૨૮. તેજના બલથી પ્રતાપશાલી થવું. ૨૯. બલમ્–ચતુરાઇ, અન્યને અશક્ય લાગતાં કાર્ય શીઘ્ર કરવાની શક્તિ. ૩૦. સ્મૃતિઃ–કર્તવ્યનું અનુસંધાન. ૩૧. સ્વાતન્ત્ર્યમ્–અપરાધીનતા. ૩૨. કૌશલમ્–કુશલતા ત્રણ પ્રકારની. ૩૨. કાર્ય નિપૂણતા. ૩૩. એક સાથે અનેકનું સમાધાન કરવાની ચાતુરી. ૩૪. કલા–વિલાસ–વિદ્વતાને લગતું પાંડિત્ય. ૩૫ કાન્તિઃ–ચાર પ્રકારની સુંદરતા–૩૫. અવયવોની સુડોળતા. ૩૬. કર પાદ અંગોની મધુરતા. ૩૭. વર્ણ, રસ, ગંધ, સ્પર્શ, શબ્દની મીઠાશ. ૩૮. યૌવનની મનોહરતા. ૩૯. સ્ત્રી ગણ મનોહારિતા. ૪૦. ધૈર્યમ્–અવ્યાકુલતા. ૪૧. માર્દવમ્–પ્રેમાર્દ્ર ચિત્ત. ૪૨. પ્રેમ વશતા. ૪૩. પ્રાગલ્ભ્યમ્–પ્રતિભાશાલી પણું. ૪૪. વકતૃત્વ વાચાળ. ૪૫. પ્રશ્રયઃ–વિનય. ૪૬. તેનાથી સલજ્જતા. ૪૭. યથા યોગ્ય સર્વને માન આપવું. ૪૮. પ્રિય વાદિતા. ૪૯. શીલમ્–સુસ્વભાવ. ૫૦. સજ્જન આશ્રય. ૫૧. સહઃ–માનસિક ઉત્સાહ; મનો પટુતા. ૫૨. ઓજઃ–જ્ઞાનેન્દ્રિયની પટુતા–ઉત્સાહ. ૫૩ બલમ્–કર્મેન્દ્રિયની પટુતા. ૫૪. ભગઃ–ત્રણ પ્રકારનું. ૫૪. ઐહિક લોક ભોગના અધિકારી થવું. ૫૫. સુખીપણું. ૫૬. સમૃદ્ધિ શાલિતા. ૫૭. ગામ્ભીર્યમ્–કોઇથી પણ ક્ષોભ ન પામવું. અભિપ્રાય ન સમજી શકાય તેવા. ૫૮. સ્થૈર્યમ્–અચંચલતા. ૫૯. આસ્તિક્યમ્–શાસ્ત્રાનુસાર જીવન. ૬૦. કીર્તિઃ–સદ્ગુણની ખ્યાતિ. ૬૧. સ્નેહાળ નેત્રવાળા. ૬૨. માનઃ–પૂજ્યત્વ. ૬૩. અનહંકૃતિઃ–નિરભિમાની પણું. ૬૪. બ્રહ્મણ્યતા–ચ અવ્યયના ગ્રહણથી બ્રહ્મણ્યતા.

મુખ્ય૩૯, પૃથ્વીના ઉત્કર્ષ કરનારા ધર્મો આ ચાર શ્લોકોમાં ગણાવ્યા છે. તેના આ સર્વ અવાન્તર ધર્મો બની ૬૪ અગર ૮૪ થાય છે, જે સમાજના જીવનના ઘડતર કે બંધારણ રૂપે છે. ૨૬; ૨૭; ૨૮; ૨૯.

તેનાહં ગુણપાત્રેણ શ્રીનિવાસેન સામ્પ્રતમ્ ।
શોચામિ રહિતં લોકં પાપ્મના કલિનેક્ષિતમ્ ॥ ૩૦ ॥

અન્વયાર્થ—**અહમ**-હું, **સામ્પ્રતમ્**-હાલમાં, **ગુણપાત્રેણ**-સર્વ ગુણોને લાયક એવા, **શ્રીનિવાસેન**-લક્ષ્મીના નિવાસ સ્થાન રૂપ, **તેન**-તે શ્રીકૃષ્ણથી, **રહિતમ્**-રહિત બનેલા, **પાપ્મના**-પાપી, એવા **કલિના**-કળિયુગથી, **ઈક્ષિતમ્**-જોવાતા, **લોકમ્**-લોકને, **શોચામિ**-શોક કરું છું. ૩૦.

અનુવાદ—**સર્વ સદ્ગુણોના ધામરૂપ અને લક્ષ્મીના નિવાસરૂપ ભગવાન શ્રીકૃષ્ણ વિનાનો આ લોક હાલમાં બની ગયો છે. ઉપરાંત પાપી કલિયુગની નજરમાં આ લોક આવી ગયો છે. તેનો હું શોક કરું છું. ૩૦.**

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્ત્વસુધા—સત્યં શૌચં એ ૨૬'મા શ્લોકથી લઈ ૨૯'મા શ્લોક પર્યન્ત ગણાવેલા ગુણો વિનાની સમજી જીવનચર્યા બની. એ રીતે ગુણ ભગવાનનો વિયોગ તો થયો, એ એક મહાન હાનિ થઇ, જ્યારે સ્વયં લક્ષ્મીના નિવાસ રૂપ સાક્ષાત્ શ્રીકૃષ્ણનો વિયોગ જગતને થયો તે બીજી મોટી હાનિ થઈ. આ આ બીજી હાનિમાં તો લક્ષ્મીજી સાથે ભગવાનનો વિયોગ જગતને થયો છે. આવી દુઃખદ બનેલી વિશ્વ પરિસ્થિતિનો મને શોક થાય છે. ૩૦.

आत्मानं चानुशोचामि भवन्तं चामरोत्तम ।
देवानृषीन् पितॄन् साधून् सर्वान्वर्णांस्तथाऽऽश्रमान् ॥ ३१ ॥

અન્વયાર્થ—**अमरोत्तम**-દેવોમાં ઉત્તમ હે ધર્મ, **आत्मानम्**-મારો પોતાનો, **भवन्तं च**-અને આપનો, **देवान्**-દેવોને, **ऋषीन्**-ઋષિઓને, **पितॄन्**-પિતૃઓને, **साधून्**—સત્પુરુષોને, **सर्वान्**-બધા, **वर्णान्**-વર્ણોને, **तथा**-તેમજ, (બધા) **आश्रमान्**-આશ્રમોને **अनुशोचामि**-હું શોક કરું છું. ૩૧.

અનુવાદ—હે દેવોમાં ઉત્તમ ધર્મ, મારી પોતાની જાતનો, તેમ જ તારો, વળી દેવો, ઋષિઓ, પિતૃઓ, સત્પુરુષો, સર્વ વર્ણો અને સર્વ આશ્રમોનો હું શોક કરું છું. ૩૧.

તત્ત્વસુધા—જાયમાનો દ્વિજઃ ત્રિભિઃ ઋણૈઃ ઋણવાન્ भवति-ઉત્પન્ન થતાની સાથેજ માનવ, સમાજ કલ્યાણ, પિતૃ સેવન, દેવ આરાધન એવાં ત્રણ ઋણ માથે લઇને જ આવે છે. એ ત્રણ ઋણથી મુક્ત થવું એ ધર્માચરણ છે. સમાજ કલ્યાણ એટલે માનવ માત્રની જ સેવા નહિ; પરંતુ પશુપંખીના પણ હિત માટે જીવનનું સમર્પણ. નીતિ-શીલપાલન પૂર્વક શ્રાદ્ધ આદિ ક્રિયા કરવી એ પિતૃ સેવન છે, જેનાથી કુલ કલ્યાણ થાય છે. દેવ આરાધનાથી આત્માનંદ પ્રાપ્ત થાય છે. આ બધાં નથી થતાં તેનો શોક છે. સદાચારો નથી રહ્યા, તેથી સાધુ જનો નામનાં કલ્યાણ ઘટક કેન્દ્રો નાશ પામ્યાં છે, તેનો ક્લેશ છે. વર્ણાશ્રમ નથી રહ્યા તેથી માનવ જાતનું પતન થયું છે, તેનું દુઃખ છે. ૩૧.

ब्रह्मादयो [1]बहुतिथं यदपाङ्गमोक्षकामास्तपः[2] समचरन् भगवत्प्रपन्नाः ।
सा श्रीः स्ववासमरविन्दवनं विहाय यत्पाद सौभगमलं भजतेऽनुरक्ता ॥ ३२ ॥

तस्याऽहमब्जकुलिशाङ्कुशकेतुकैतैः श्रीमत्पदैर्भगवतःसमलंकृताङ्गी ।
त्रीनत्यरोचमुपलभ्य ततो[3] विभूतिं लोकान् स मां व्यसृजदुत्स्मयतीं तदन्ते ॥ ३३ ॥

અન્વયાર્થ—**यद्-अपाङ्ग-मोक्ष-कामाः**-જે લક્ષ્મીના કૃપા કટાક્ષની પ્રાપ્તિને ઇચ્છતા, **भगवत्-प्रपन्नाः**-ભગવાનના શરણાગત થયેલા, **ब्रह्मादयः**-બ્રહ્મા વગેરે દેવો, **बहुतिथम्**-ઘણા દિવસો સુધી, **तपः**-તપશ્ચર્યાને, **समचरन्**-આચરતા હતા, **सा**-તે, **श्रीः**-લક્ષ્મીજી, **स्ववासम्**-પોતાના નિવાસ સ્થાન ભૂત, **अरविन्द वनम्**-કમળવનને, **विहाय**-ત્યજી દઈને, **अनुरक्ता**-અનુરાગવાળાં બનીને, **यत्-पाद-सौभगम्**-જે શ્રીકૃષ્ણના ચરણ સૌન્દર્યને, **अलम्**-ઇચ્છા મુજબ, **भजते**-સેવે છે. ૩૨; **तस्य भगवतः**-તે ભગવાનનાં, **अब्ज-कुलिश-अङ्कुश-केतु-कैतैः**-કમળ, વજ્ર, અંકુશ અને ધ્વજનાં ચિહ્નવાળાં, **श्रीमत्पदैः**-લક્ષ્મીવાળા ચરણોથી, **समलङ्कृताङ्गा**-સારી રીતે વિભૂષિત અંગવાળી, **अहम्**-હું, **ततः**-તેમની પાસેથી, **विभूतिम्**-ઐશ્વર્યને, **उपलभ्य**-મેળવીને, **त्रीन्**-ત્રણ, એવા **लोकान्**-લોકોમાં, **अत्यरोचम्**-હું, ખૂબ શોભતી હતી, **तदन्ते**-છેવટે, **उत्स्मयतीम्**-શ્રેષ્ઠપણાનો ગર્વ કરતી, એવી **माम्**-મને, **सः**-તે, **व्यसृजत्**-ત્યજી ગયા. ૩૩.

---

१. પ્રા૦ પા૦-यदनिशं । २. પ્રા. પા૦-तपोव्रतधरा भगव० ३. પ્રા૦ પા૦-तपोविभूतिं ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—જે લક્ષ્મીજીની કૃપા નજર પોતાના ઉપર થાય એવી અભિલાષાથી બ્રહ્માદિક દેવતાઓ ભગવાનના શરણાગત બનીને ઘણા સમયથી તપશ્ચર્યા આચરે છે, તે લક્ષ્મીજી પોતાના સુખકર નિવાસ સ્થાન કમળ વનને ત્યજીને, ભગવાનના ચરણારવિંદમાં અત્યંત અનુરાગ વાળાં થઈને પ્રભુના ચરણ રૂપ સૌભાગ્યની સેવા કરે છે. ૩૨; તે ભગવાનનાં કમળ, વજ્ર, અંકુશ અને ધ્વજનાં ચિહ્નથી સુશોભિત લક્ષ્મીજીના સંયોગવાળાં ચરણારવિંદોથી મારૂં (પૃથ્વીનું) અંગ સુશોભિત હતું, એવી હું પ્રભુના ચરણ સ્પર્શથી ઉન્નતિ મેળવીને ત્રણે લોકમાં ઉત્તમ ગણાતી અને શોભતી હતી. તેથી મને અભિમાન થયો; અને તે અભિમાનને દૂર કરવા માટે આજે ભગવાને મારો ત્યાગ કર્યો છે. ૩૩

તત્ત્વસુધા—બત્રીસ અને તેત્રીસ એમ બે શ્લોકોમાં ધરતી દેવી પોતાના માનસ સંતાપને વ્યક્ત કરે છે. ધરણીનું માનવું છે કે ભગવાને મારો ત્યાગ નથી કર્યો; પરંતુ મારા અભિમાનના પરિણામે ભગવાનનું ભૂતલ ઉપરથી તિરોધન થયેલ છે. મને એવો અભિમાન થયો કે બ્રહ્મા, ઈન્દ્ર વગેરે દેવોએ લક્ષ્મીજીની કૃપા નજર પોતાના ઉપર થાય, તે માટે ચિરકાલ પર્યન્ત નિયમ, અનુષ્ઠાન સાથે તપશ્ચરણ કર્યું. દેવોએ આશા સેવી કે જો લક્ષ્મીજી અર્ધ કટાક્ષથી આપણા તરફ નિહાળે તો એમની નજરમાં રહેલ ભગવાન, ભગવત્સંબંધી કામના, ભગવાનનો સ્નેહ, લક્ષ્મીજી અને લક્ષ્મીજીની અમીભરી દૃષ્ટિ એમ પાંચ વસ્તુઓ આપણને મળે. છતાં તે વસ્તુઓ દેવો માટે દુર્લભ બની અને લક્ષ્મીજીએ એ પ્રકારની કૃપા ન દાખવી, તે લક્ષ્મીજી પોતાના સુખકર કમલવન નિવાસનો ત્યાગ કરી મારા (ધરણી) ઉપર ચરણનો સ્પર્શ આપી બિરાજ્યાં. તેનો મને અહં થયો કે સ્વર્ગાદિ કે બ્રહ્માદિ દેવો ઉપર કે દેવલોકોમાં જે લક્ષ્મીજી નજર માત્ર નથી ફેંકતાં તે મારા સર્વ અંગ ઉપર ચરણથી વિચરે છે; તેમજ લક્ષ્મીપતિ પણ પોતાનાં ધ્વજ, વજ્ર, કમળ, અંકુશ વગેરે મંગલ ચિહ્નોથી વિભૂષિત ચરણારવિંદના સ્પર્શથી મને પવિત્ર, પુલકિત, વિભૂષિત અને સર્વ લોક વન્દ્ય બનાવે છે, એવો અહં થયો. તેના નિર્મૂલન માટે જ ભગવાન અન્તર્હિત થયા એમ માનું છું. ૩૩.

यो वै ममातिभरमासुरवंशराज्ञामक्षौहिणीशतमपानुददात्मतन्त्रः ।
त्वां दुःस्थमूनपदमात्मनि पौरुषेण सम्पादयन् यदुषु रम्यमबिभ्रदङ्गम् ॥ ३४ ॥
का वा सहेत विरहं पुरुषोत्तमस्य प्रेमावलोकरुचिरस्मितवल्गुजल्पैः ।
स्थैर्यं समानमहरन्मधुमानिनीनां रोमोत्सवो मम यदङ्घ्रिविटङ्कितायाः ॥ ३५ ॥

અન્વયાર્થ—આત્મતન્ત્રઃ-સ્વતંત્ર એવા, યઃ-જે શ્રીકૃષ્ણ, વૈ-ખરેખર, આસુર-વંશ-રાજ્ઞામ્-આસુરી પ્રકૃતિના વંશવાળા રાજાઓના, અક્ષૌહિણી શતમ્-સેંકડો અક્ષૌહિણી સેનાના, મમ-મારા ઉપરના, અતિભરમ્-અતિશય ભારને, અપાનુદત્-દૂર કર્યો, ઊનપદમ્-જેના ત્રણ ચરણ ઓછા છે એવા, દુઃસ્થમ્-દુઃખમય સ્થિતિમાં રહેલા, ત્વામ્-તમને, પૌરુષેણ-પોતાના પરાક્રમથી, આત્મનિ-પોતાનામાં, સંપાદયન્ સંપાદન કરાવતા, યદુષુ-યાદવોમાં, રમ્યમ્ રમણીય, અઙ્ગમ્-શરીરને, અબિભ્રત્-ધારણ કરતા હતા. ૩૪.

વા-અથવા, પ્રેમ-અવલોક-રુચિર-સ્મિત-વલ્ગુ-જલ્પૈઃ-પ્રેમપૂર્વક જોવું, સુંદર હાસ્ય, મધુર ભાષણો વગેરેથી, મધુમાનિનીનામ્-મધુકુળની સ્ત્રીઓના, સમાનમ્-માન સાથેની, સ્થૈર્યમ્-સ્થિરતાને, અહરત્-હરણ કરતા હતા, યદ્-અઙ્ઘ્રિ-વિટઙ્કિતાયાઃ-જે શ્રીકૃષ્ણના ચરણ કમળોથી શોભનારી, મમ મને, રોમોત્સવઃ-રોમાંચ ઉત્પન્ન થયો હતો, એ । એ પુરુષોત્તમસ્ય-શ્રીકૃષ્ણના, વિરહમ્-વિરહને, કા-કઈ એવી સ્ત્રી, સહેત-સહન કરે ? ૩૫.

અનુવાદ—આત્મતંત્ર ભગવાને આસુરી પ્રકૃતિના રાજાઓની સેંકડો અક્ષૌહિણી સેનાઓનો, કે જે મારા ઉપર મહાન ભાર હતો, તેનો નાશ કરી બોજો હળવો કર્યો; અને ત્રણ પગ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વગરના, એક પગ ઉપર દુઃખથી ઉભા રહેલા, તને પણ પોતામાં રહેલા પરાક્રમ વડે ચાર પગવાળા બનાવનારા જે ભગવાને યાદવોમાં મનોહર સ્વરૂપને ધારણ કર્યું હતું. ૩૪.

એવા પુરુષોત્તમ-શ્રીકૃષ્ણનો વિરહ કઇ સ્ત્રી સહન કરે કે જે શ્રીકૃષ્ણે પ્રેમપૂર્વક નિરીક્ષણ, સુંદર હાસ્ય, મધુર સંભાષણો દ્વારા મધુવંશની માનિની સ્ત્રીઓના અભિમાન સાથેની અક્કડતા-સ્થિરતાને હરી લીધાં હતાં, તેમજ જેમનાં ચરણ કમળથી અંકિત મને પણ રોમાંચ થયો હતો. ૩૫.

તત્ત્વસુધા—છેલ્લા આ બે શ્લોકોમાં પૃથ્વી દેવીની વિરહ વેદના અસહ્ય છે એવું વર્ણવે છે. તેનોજ વિરહ અસહ્ય મનાય કે જેના સંગથી ભક્તિ અને ધર્મમાં પ્રોત્સાહન મળતું હોય; તેમજ ચિત્તવૃત્તિને વિવેક પણ મળતો હોય. શ્રીકૃષ્ણે પૃથ્વી ઉપર જે રાજાઓ વિલાસને પોષવાજ રાજા થયેલા, જેમના ચિત્તમાં પ્રજા હિતચિંતન તો હતું જ નહિ, તેમને કાંટાના ઝાડ સમજી જડ મૂળથી ઉખેડીને પૃથ્વીને નિષ્કંટક બનાવી હતી; વળી ખલ સંગથી ક્ષીણપાદ થયેલા ધર્મનું પુનઃ ચતુષ્પાદ રૂપમાં સ્થાપન પણ કરી દીધું હતું. એ ઉપકાર માતા-પુત્ર ઉભય ઉપર થયેલો હતો. તેથી બન્નેના ઉપકારોનું સ્મરણ કરી કૃતજ્ઞતા પ્રકટ કરી. ૩૪.

કદાચ પૃથ્વી અને ધર્મના ઉપર ઉપકાર ન પણ કર્યો હોય, તો પણ કૃષ્ણનું સાન્નિધ્ય સાત્વિક રાજસ. તામસ ત્રણે વર્ગને આત્મરત અને નિજ કર્મરત કરવામાં ખૂબજ હિતસાધક હતું. તેથી પણ તે વિયોગ અસહ્ય વેદના વાળો છે જ. એમ નિરૂપણ પૃથ્વી કરવા લાગ્યાં કે કેવલ કૃષ્ણનું પ્રેમાવલોકન સર્વ મોહ અને દોષનું વિમોચન કરવા સમર્થ થતું; રુચિરસ્મિત-મધુર સ્મિત સંસારમાં અરૂચિ અને સન્માર્ગમાં અભિરૂચિ પેદા કરનારૂં થતું; વલ્ગુજલ્પ-મધુર વચન આત્મનિષ્ઠ બનાવવામાં બલવત્તર કામ કરી જતું. આ સર્વ સમાજની મીલકત હતી તે સમાજે ગુમાવી. તેનો કલેશ હું અનુભવું છું. ૩૫.

तयोरेवं कथयतोः पृथिवीधर्मयोस्तदा ।
परीक्षिन्नाम राजर्षिः प्राप्तः प्राचीं सरस्वतीम् ॥ ३६ ॥

અન્વયાર્થ—**तयोः**-તે બે, **पृथिवी धर्मयोः**-પૃથ્વી અને ધર્મ, **एवम्**-એ પ્રમાણે, **कथयतोः**-એક બીજાને જ્યારે કહી રહ્યાં હતાં, **तदा**-ત્યારે, **परीक्षित्-नाम**-પરીક્ષિત નામના, **राजर्षिः**-રાજર્ષિ, **प्राचीम्**-પૂર્વ દિશા તરફ વહેનારી, **सरस्वतीम्**-સરસ્વતી નામની નદીને, **प्राप्तः**-પ્રાપ્ત થયા. ૩૬.

અનુવાદ—પૃથ્વી અને ધર્મ બન્નેનો આ પ્રમાણેનો વાર્તાલાપ ચાલી રહ્યો હતો, તે સમયે પરીક્ષિત નામના રાજર્ષિ પ્રાચી સરસ્વતી નદીના કિનારે આવી પહોંચ્યા. ૩૬.

તત્ત્વસુધા—રાજાનું આ સ્થાનમાં આવવું ધર્મ નિમિત્ત બન્યું. પૃથ્વી અને ધર્મનો વાર્તાલાપ તો ચાલુ હતો જ. પરીક્ષિત નજદીકમાં જ હતા. તે 'રાજર્ષિ' હોવાથી આવશ્યક નિત્ય કર્મ કરવા માટે વિશ્વામિત્રની પૂર્વ દિશાની કુરુક્ષેત્રમાં આવેલી પ્રાચી સરસ્વતીના તટે આવી પહોંચ્યા. રાજાએ તે સમયે સંવાદ સાંભળ્યો અને નિજ કર્તવ્યનો વિચાર કરવા લાગ્યા. ૩૬.

શ્રીમદ્ ભાગવતનાં પ્રથમ સ્કંધની તત્ત્વસુધા ટીકાનો
સોળમો અધ્યાય સંપૂર્ણ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અધ્યાય ૧૭ મો

સત્તરમા અધ્યાયમાં કલિનો નિગ્રહ કર્યો. કલિ નિગ્રહમાં જ પ્રજાનું હિત હતું. ક્રમશઃ આવતા યુગોમાં કલિયુગ પણ તેના ક્રમ પ્રમાણે અવશ્ય આવે. માત્ર રાજા, સંત અને વિપ્રનું કર્તવ્ય છે કે કલિયુગમાં પણ માનવ સમાજને શક્ય પ્રેરણા આપી, સત્સંગ આપી, સન્માર્ગનો નિર્દેશ કરી હિત માર્ગે દોરે. પરીક્ષિત રાજાએ કલિનો નિગ્રહ કરી રાજા-કર્તવ્યનું ઠીક પાલન કર્યું. જો કલિનો વધ કરત, તો કદાચ પૃથ્વી અને ધર્મ ઉપર ભયની અસર થાત અને પૃથ્વી-ધર્મના સ્વાસ્થ્યને હાનિ પહોંચત. એકાએક કોઈ અન્યને શિક્ષા થતી જોવામાં આવતાં સાધુ અને કુમળાં હૃદયને તેનો એકદમ આઘાત લાગે છે. તેમ ન થાય માટે પૃથ્વી-ધર્મને આશ્વાસન આપી, પછી કલિને નિવાસ સ્થાન આપ્યાં.

પૃથ્વીની ધર્મ સાથે કરેલી ચર્ચામાંથી પરીક્ષિત રાજાને ધર્મના સ્વરૂપનો ખૂબ જ વ્યવસ્થિત પરિચય થયો. સુખ દુઃખના કારણોના નિરૂપણમાં કોઈને નિમિત્ત ન ગણતાં કાળ, કર્મ અને સ્વભાવને જ હેતુભૂત સમજવા એ એક ઉત્તમ વિચારધારા આ પ્રકરણમાંથી મળશે. પ્રજાની અને ધર્મની ઉન્નતિ આ અધ્યાયના વિષયનું તાત્પર્ય છે. શ્લોક ૪૪ છે.

सूत उवाच-तत्र गोमिथुनं राजा हन्यमानमनाथवत् ।
दण्डहस्तश्च वृषलं ददृशे नृपलाञ्छनम् ॥ १ ॥

અન્વયાર્થ— **तत्र**-ત્યાં, **राजा**-પરીક્ષિત રાજા, **अनाथवत्**-અનાથની માફક, **हन्यमानम्**-મારવામાં આવતી, **गोमिथुनम्**-ગાય બળદની જોડને, **च**-અને, **दण्डहस्तम्**-હાથમાં દંડવાળા, **नृप लाञ्छनम्**-રાજાના ચિહ્નવાળા, **वृषलम्**-શૂદ્રને, **ददृशे**-જોતા હતા. ૧.

અનુવાદ-**તે પ્રાચી સરસ્વતીના કિનારે રાજા પરીક્ષિતે, અનાથની જેમ મારવામાં આવતી ગાય અને બળદની જોડીને, તેમજ હાથમાં દંડ ધારણ કરેલા, રાજાનાં ચિહ્ન વાળા એક શૂદ્રને પણ જોયો. ૧.**

તત્ત્વસુધા—પરીક્ષિત રાજા પૂર્વ દિશા તરફ વહેતી સરસ્વતીમાં સ્નાનાદિ નિત્ય કર્મ કરવા આવ્યા, ત્યારે ધર્મ અને પૃથ્વીનો સંવાદ સાંભળ્યો છે. સંભવ છે, રાજા માધ્યાહ્નિક માટે આવ્યા હોય. રાજાએ **गोमिथुनम्**—ગાય બળદની જોડને અથવા ગાય અને વૃષભ (સાંઢ)ને સાંથરડે અને ગાડે જોતેલા જોયા. ગાયને ચાલવામાં શ્રમ પડ્યો, ત્યારે ગાડામાં બેઠેલા ક્ષુદ્ર કલિએ લાતનો પ્રહાર કરવા માંડ્યો. રાજાના વેશમાં કલિને જોયો. એનો અર્થ એમ લાગે છે કે હવે તે પૃથ્વીમાં પોતાનું રાજ્ય છે એમ માને છે, અને તેથી નિર્ભય થઈ વિચરે છે. ૧.

वृषं मृणालधवलं मेहन्तमिव बिभ्यतम् ।
वेपमानं पदैकेन सीदन्तं [1]शूद्रताडितम् ॥ २ ॥
गां च धर्मदुघां दीनां भृशं शूद्रपदाहताम् ।
विवत्सां साऽश्रुवदनां कृशां [2]यवसमिच्छतीम् ॥ ३ ॥

---

१. પ્રા૦ પ્રા૦-શૂદ્ર પીડિતમ્ । ૨. પ્રા૦ પા૦-ક્ષામા-

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પપ્રચ્છ રથમારૂઢઃ કાર્તસ્વરપરિચ્છદમ્ ।
મેઘગમ્ભીરયા વાચા સમારોપિતકાર્મુકઃ ॥ ૪ ॥

અન્વયાર્થ—**કાર્તસ્વર-પરિચ્છદમ્**-સુવર્ણથી મઢેલા, **રથમ્**-રથની અંદર, **આરૂઢઃ**-બેઠેલા, **સમ-આરોપિત-કાર્મુકઃ**-સજ્જ કરેલ ધનુષ્યને ધારણ કરનાર પરીક્ષિતે, **મૃણાલ-ધવલમ્**-કમળ તંતુઓના જેવા શ્વેત, **બિભ્યતમ્**-ભયભીત, **મેહન્તમ્ ઇવ**-મૂત્રોત્સર્ગ કરતા હોય તેવા; **વેપમાનમ્**-ધ્રૂજતા, **એકેન**-એક એવા, **પદા**-ચરણથી, **સીદન્તમ્**-દુઃખી થતા, **શૂદ્ર-તાડિતમ્**-શૂદ્રથી તાડન કરાતા, **વૃષમ્**-વૃષભને, **ચ**-અને, **ધર્મદુઘામ્**-ધર્મરૂપી દૂધ દેનારી, **દીનામ્**-દીન એવી, **ભૃશમ્**-ખૂબ, **શૂદ્ર-પદા-હતામ્**-શૂદ્રના પગથી મારવામાં આવતી, **વિવત્સામ્**-વત્સ વગરની, **સાશ્રુવદનામ્**-વદન ઉપર અશ્રુવાળી, **કૃશામ્**-દુર્બળ બની ગયેલી, **યવસમ્**-ઘાસને, **ઇચ્છતીમ્**-ચાહતી, **ગામ્**-ગાયને, **મેઘગમ્ભીરયા**-મેઘના જેવી ગંભીર, એવી **વાચા**-વાણીથી, **પપ્રચ્છ**-પૂછ્યું. ૨; ૩; ૪.

અનુવાદ—**સુવર્ણ જડેલા રથમાં ધનુષ્ય-બાણ સજ્જ કરીને બેઠેલા રાજા પરીક્ષિતે, કમળ તંતુઓના જેવા ફિક્કા પડી ગયેલા, ભયભીત થયેલા અને એથી જ મૂત્રોત્સર્ગ કરતા, ધ્રૂજતા, એક પગે ઊભા રહેવાથી દુઃખી થતા, શૂદ્રથી માર મારવામાં આવતા વૃષભને જોયો; તેમ જ ધર્મરૂપી દૂધ દેનારી, દીન બની ગયેલી, શૂદ્રના પાદ પ્રહારથી અતિશય પીડાતી, વાછરડા વગરની, મુખ ઉપર આંસુ સારતી, દુર્બળ બની ગયેલી અને ઘાસને ઇચ્છતી ગાયને જોઈને, મેઘ જેવી ગંભીર વાણીથી પૂછ્યું.** ૨; ૩; ૪.

તત્ત્વસુધા—બીજા શ્લોકમાં ધર્મની કરૂણ સ્થિતિનું, ત્રીજા શ્લોકમાં પૃથ્વીની દીન દશાનું અવલોકન કરી. ચોથા શ્લોકમાં પ્રશ્નનો ઉપક્રમ કરે છે. **વૃષમ્**-શબ્દનો અર્થ એક નિર્દોષ વયના વાછરડાનું સૂચન કરી ધર્મનું પ્રતીક દર્શાવ્યું છે. **મૃણાલધવલમ્**-પદથી વૃષ કમળના બિસતંતુ જેવો સફેદ છે એમ દર્શાવી, ધર્મ સ્વભાવમાં સર્વથા વિશુદ્ધ છે, એવો પણ સંકેત કર્યો છે. **મેહન્તમ્**-એટલે ધર્મ વારંવાર મૂત્ર ઉત્સર્ગ કરે છે. તેથી લાગે છે કે કર્મેન્દ્રિયોમાંથી ધર્મ ક્ષીણ થયો છે અને આચાર ધર્મનો સમાજમાંથી ક્ષય થઈ રહ્યો છે. **બિભ્યતમ્**-ડરી રહેલો છે એવા કથનમાં વૃષને ભયભીત બનાવ્યો છે. જ્યારે જ્ઞાનનો લોપ થાય છે, ત્યારે ભય સરજાય છે. જ્ઞાન એકજ નિર્ભય બનાવવામાં સમર્થ છે.

વેપમાનમ્-એકજ પગ ઉપર ઉભા રહેવાનું હતું, તેથી ધર્મ ડગુમગુ દશામાં હતો. એજ ધર્મનો કંપ હતો. જ્ઞાન, તપ, પ્રેમ તો ક્ષીણ થઈ ચૂક્યાં હતાં. કેવલ સત્ય ઉપર અવલંબન હતું. તે સત્યનો પણ લોભે નાશ કરવા માંડ્યો હતો. રહ્યું સહ્યું આખરે સત્ય પણ ક્ષીણ થવા લાગ્યું હતું. **સીદન્તમ્**-દુઃખી થઈ રહેલો હતો. અધર્મનો અને પ્રજાવૃદ્ધિનો ભાર વધી રહેલો હતો, તેથી ધર્મના દુઃખનો નિશ્ચય થઈ રહ્યો હતો. **શૂદ્રતાડિતમ્**-વૃષને લાતથી પ્રહાર થતો હતો, તેનું તાત્પર્ય-સર્વ કોઈ ધર્મને ઠોકરે મારતા હતા અને પાખંડી થઈ રહ્યા હતા. ધર્મને સ્વાર્થ સાધનનું રૂપ આપીને સમાજનો ધર્મ પ્રત્યે અભાવ ઉત્પન્ન કર્યો.

બીજા શ્લોકમાં ધર્મની પરિસ્થિતિના નિરૂપણમાં પાંચ વિશેષણ આપી ધર્મનાં પંચાંગ ક્ષીણ થઈ રહ્યાં છે, તે વાત સ્પષ્ટ કરી ત્રીજા શ્લોકમાં પૃથ્વીનાં છ એ (૬) અંગો નિષ્ક્રિય થઇ રહ્યાં છે એવો ખ્યાલ આપે છે. દેશ, કાલ, કર્તા, કર્મ, મંત્ર, દ્રવ્ય, એ છ અંગો જ્યારે નાશ પામે ત્યારે પૃથ્વી ઉત્કર્ષ નષ્ટ થાય છે. હવે આ છ અંગો કેવી રીતે ક્ષીણ થયાં, તેની સ્પષ્ટતા કરે છે.

गां च कामदुघां दीनाम्-કામનાઓની પૂર્તિ કરનારી ગાય દીન બની ગઈ છે. અગ્નિહોત્રની ઉપાસના જે પ્રદેશમાં થાય, તે દેશમાં દુર્ભિક્ષ-દુકાળ, ચોરી, રોગચાળો કદિ થતાં નથી; પરંતુ સુભિક્ષ-સારી વૃષ્ટિ, સન્મતિ, સમ્પત્તિ અને આરોગ્ય મળે છે. પૃથ્વીમાંથી અગ્નિ હોત્રનો લોપ થયો તેથી દેશ ગરીબ થયો. **कामदुघा** ને સ્થાને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ધર્મદુઘા પાઠ પણ છે. 'કામદુઘા'નો અર્થ અગ્નિ હોત્રરૂપી દુધ-અમૃતને દેનારી અને 'ધર્મદુઘા'નો અર્થ મોક્ષરૂપી દૂધ-અમૃતને આપનારી, એવો કરવો. શૂદ્રપ્રદાહતામ્-શૂદ્રોનું શાસન થયું એથી કાલ દોષ આવ્યો. ધર્મરત ક્ષત્રિયનું શાસન હોય અને ત્યાગરત ઋષિનું માર્ગદર્શન હોય તો સમાજને આંગણે 'સત્યયુગ'નો કાલ હોય. તે ન હતો તેથી કાલ દોષ આવ્યો. વિવત્સામ્-વાછરડા વિનાની ગાય બની. ચતુર્થ સ્કંધમાં વાછરડાઓનો પરિચય આપ્યો. 'બૃહસ્પતિ' વાછરડા હતા. વેદો દૂધ હતું. ઋષિઓ દોહનારા હતા. આ સર્વનું તાત્પર્ય દરેક ક્ષેત્રના મુખ્ય પુરુષ ઉત્તમ જોઇએ. કેળવણી ક્ષેત્ર, ઉદ્યોગ ક્ષેત્ર, વગેરે ક્ષેત્રોના કર્તાઓ શ્રેષ્ઠ પુરુષો જોઇએ. તેઓ ન રહ્યા, તેથી પૃથ્વીને 'વિવત્સા' શબ્દથી ઓળખાવી. સાશ્રુવદના-પૃથ્વી અશ્રુવાળી છે. જીવનમાં હર્ષ ન હોય, ત્યારે જ આંખમાં અશ્રુ આવે. 'મંત્રો' પૃથ્વીને અનેક વિધ સુખ આપી હર્ષ કરે છે. તે મંત્રની ઉપાસનાઓ નાશ પામી, તેથી સર્વ પ્રજાજન અશ્રુવાળો બન્યો. કૃશામ્-પૃથ્વી સુકાઇ ગઇ. એટલે તેમાંથી દ્રવ્યો ઉત્પન્ન થતાં અટકયાં, તેથી તે દ્રવ્ય વિનાની બની. પરિણામે પ્રજાનું યજ્ઞ, અનુષ્ઠાન, દાન, સર્વ ક્ષીણ થયું. એ વિના સમાજની હાનિ થઇ. યવસમિચ્છતી ગાય-પૃથ્વી ઘાસ ચાહતી હતી. સમાજ આળસુ થયો, કર્મનો લોપ થયો; એટલે કર્મ વિના, શ્રમ વિના સુખ સામગ્રી કયાંથી મળે? માટે કર્મ દોષ થયો. આ છ પ્રકારે પુનઃ ઉદ્ધાર કરે, એને જ રાજા કહેવાય.

પરીક્ષિત રાજા સુવર્ણના રથમાં બેસીને આવ્યા છે તેથી ઉત્તમ કોટીના પુરુષ છે. કોઇપણ પગલું તે ઉતાવળું નહિ ભરે. મેઘ ગંભીર વાણીથી બોલીને રાજાએ પ્રેમ અને વીર્ય બે ધર્મો દર્શાવ્યા છે. મેઘ ગર્જનાથી વીરતા સૂચવી, અને મેઘનો વૃષ્ટિનો ધર્મ છે, તેથી કરુણામય હૃદય સૂચવ્યું છે. સસજ્જ ધનુષ્ય છે તેથી કલિને પડકાર અને ધર્મને અભયદાન છે. ૨; ૩; ૪.

कस्त्वं मच्छरणे लोके बलाद्धंस्यबलान् बली ।
नरदेवोऽसि वेषेण नटवत् कर्मणाऽद्विजः ॥ ५ ॥
कस्त्वं कृष्णे गते दूरं सह गाण्डीवधन्वना ।
शोच्योऽस्यशोच्यान् रहसि प्रहरन् वधमर्हसि ॥ ६ ॥

અન્વયાર્થ—**મચ્છરણે**-મારે શરણે રહેલા, **લોકે**-લોકમાં, **બલાત્**-બળજબરીથી, **અબલાન્**-નિર્બળ એવાઓને, **હંસિ**-તું હણે છે, એવો **બલી**-બળવાન, **ત્વમ્**-તું, **કઃ**-કોણ છે? **નટવત્**-નટની જેમ, **વેષેણ**-વેશથી, **નરદેવઃ**-રાજા લાગે છે, જ્યારે **કર્મણા**-કર્મથી, **અદ્વિજઃ**-શૂદ્ર જેવો, **અસિ**-તું છે. ૫; **ગાણ્ડીવ ધન્વના સહ**-અર્જુનની સાથે, **કૃષ્ણે**-શ્રીકૃષ્ણ, **દૂરં**-દૂર, **ગતે**-ગયા એટલે, **અશોચ્યાન્**-નિર્દોષોને, **રહસિ**-એકાન્તમાં, **પ્રહરન્**-પ્રહાર કરતો, **શોચ્યઃ**-શોક કરવા લાયક, **ત્વમ્**-તું, **કઃ**-કોણ છે? **વધમ્**-વધને, **અર્હસિ**-તું યોગ્ય છે. ૬.

અનુવાદ—**મારા આશ્રયે રહેલા આ લોકમાં બળ વિનાનાં નિરપરાધી પ્રાણીઓને બળ જબરીથી મારનાર તું કોણ છે? નટની માફક વેષ ઉપરથી તો તું રાજા જેવો જણાય છે. પણ કર્મથી તો તું શૂદ્ર જેવો છે. ૫; ગાંડીવધારી અર્જુનની સાથે શ્રીકૃષ્ણ દૂર ગયા, ત્યારે નિર્દોષ એવાંઓને એકાન્તમાં હણનાર; શોક કરવા લાયક, એવો તું ખરેખર વધને યોગ્ય છે; કહે તું કોણ છે? ૬.**

તત્ત્વસુધા—આ બે શ્લોકોમાં કલિને પડકાર ફેંકી ધર્મની અને પૃથ્વીની કુમકે રાજા જાય છે. બીજાને પીડવામાં બળનો વપરાશ, એ બળની સ્વાભાવિક આદત છે. બળ, ધન અને અધિકાર મદોન્મત્ત બનીને બીજાને સતાવે છે, એ રાજ્ય વ્યવસ્થાપકનો અપરાધ અને અપયશ છે. પરીક્ષિતે તેથી જ **મચ્છરણે** મારા વહીવટ અને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આશ્રયમાં રહેલા દેશમાં નિર્બળને સતાવનારને હું સાંખી લઈશ નહિ, એમ વ્યક્ત કર્યું. માટે "તું કોણ છે"? એ પ્રથમ ઉત્તર મને આપ.

કદાચ કલિ એમ કહે કે મારા વેષ ઉપરથી તમો નક્કી કરી શકો છો કે હું રાજા છું, તો તે બુદ્ધિસંગત નથી લાગતું. રાજાની કોઈપણ સામગ્રી અને પ્રકૃતિ તારામાં જોવામાં નથી આવતાં. માત્ર અભિનેતા (Actor) લાગું છું. નેતા (Leader)નાં કોઈ પણ સુલક્ષણ લાગતાં નથી. પગથી ગાયને પ્રહાર કરે છે, તેથી દ્વિજ નથી, એમ નક્કી થાય છે. દ્વિજને યજ્ઞોપવીત હોય. યજ્ઞોપવીતીને વિવેક હોય. તું એમ માને કે "શ્રીકૃષ્ણ અને અર્જુન હવે નથી, તેથી હું નિર્ભય બની આવ્યો છું;" તો તે ભ્રાન્તિ છે. હું તેઓના આદેશનો પૂજક છું. તને શિક્ષા કરીશ. પઃ ૬

त्वं वा मृणालधवलः पादैर्न्यूनः पदा चरन् ।
वृषरूपेण किं कश्चिद् देवो नः परिखेदयन् ॥ ७ ॥

અન્વયાર્થ—વા-અથવા, મૃણાલ-ધવલઃ-કમળતન્તુના જેવો સફેદ, પાદૈઃ-ચરણોથી, ન્યૂનઃ-રહિત, પદા-ચરણથી, ચરન્-ફરતો, નઃ-અમને, પરિખેદયન્-ખેદ ઉપજાવતો, ત્વમ્-તું, વૃષરૂપેણ-વૃષભ રૂપે, કશ્ચિત્-કોઈ દેવઃ-દેવ, કિમ્-શું છો? ૭.

અનુવાદ—અને કમળતન્તુઓના જેવા શ્વેત વર્ણવાળા, ત્રણ ચરણોથી રહિત, એક પગે ફરતા, અમને ખેદ ઉપજાવનાર, વૃષભરૂપે રહેલા તમે શું કોઈ દેવ છો? ૭.

તત્ત્વસુધા—કલિએ કોઈપણ ઉત્તર ન આપ્યો; ત્યારે રાજાને લાગ્યું કે નિર્દોષ પુરુષ ધીર હોય છે. તેઓ આવેશવાળા પ્રશ્નોનો ઉતાવળે ઉત્તર નથી આપતા. માટે આ નટવેષવાળા રાજાનું મૌન હશે; અને ગાય કે બળદનો કોઈ દોષ હશે. એમ ક્ષણભર કલ્પી, સાત્વિકતાભરી વાણીથી પૂછે છે, "ભાઈ, ત્રણ પાદ વિનાના, એકજ પગે વિચરતા; પરંતુ આકૃતિ ઉપરથી તદ્દન સાત્વિક અને નિર્દોષ પ્રકૃતિને પૂરવાર કરતા, કોઈ દેવ પુરુષ જ છો. એમ દિલ કહે છે. તમારૂં દૈન્ય જ મને ક્ષોભ પેદા કરે છે." ૭.

न जातु पौरवेन्द्राणां दोर्दण्डपरिरम्भिते ।
भूतलेऽनुपतन्त्यस्मिन्विना ते प्राणिनां शुचः ॥ ८ ॥
मा सौरभेयानुशुचो व्येतु ते वृषलाद्भयम् ।
मा रोदीरम्ब भद्रं ते खलानां मयि शास्तरि ॥ ९ ॥

અન્વયાર્થ—પૌરવ-ઈન્દ્રાણામ્-પૌરવ વંશમાં જન્મેલા રાજાઓના, દોર્-દંણ્ડ-પરિરમ્ભિતે-ભુજ દંડથી સુરક્ષિત, અસ્મિન્-આ, ભૂતલે-પૃથ્વી ઉપર, તે-તમારા, વિના-સિવાય, જાતુ-કોઈ વખતે પણ, પ્રાણિનામ્-પ્રાણીઓનાં, શુચઃ-શોકાશ્રુઓ, ન અનુપતન્તિ-પડતાં નથી. ૮; સૌરભેય-હે કામધેનુના પુત્ર, ધર્મ! મા અનુશુચઃ-તમે શોક ન કરો. તે-તમારો, વૃષલાત્-શૂદ્રથી, ભયમ્-ભય, વ્યેતુ-ચાલ્યો જાવ, અમ્બ-હે માતા, મયિ-જે મારા જેવો હું, ખલાનામ્-દુષ્ટોનો, શાસ્તરિ-શાસન કરનાર-શાસક છું, તો મા રોદીઃ-રૂદન ન કરશો, તે-તમારૂં, ભદ્રમ્-કલ્યાણ હો. ૯.

અનુવાદ—પૌરવેન્દ્ર રાજાઓના બાહુદંડથી સુરક્ષિત આ ભૂતલ ઉપર તમારા સિવાય બીજા પ્રાણીઓનાં શોકાશ્રુઓ કયારેય પણ પડતાં નથી. ૮; હે સુરભિ પુત્ર, ધર્મ! તમે શોક ન કરશો. શૂદ્રથી થતો તમારો ભય જતો રહો. હે માતાજી! તમે પણ રૂદન ના કરશો. ખલ પુરુષોને જ્યાં સુધી હું શિક્ષા કરનાર છું, ત્યાં સુધી તમારૂં કલ્યાણ જ છે. ૯.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્ત્વસુધા—અભયદાન સર્વદાન શિરોમણિ છે. આર્યાવર્તના રાજાઓનું એ જીવન વ્રત છે. વ્રતને જ જીવન માનવું એનું નામ જીવન વ્રત. પરીક્ષિત રાજા ધર્મ અને પૃથ્વીને અભયદાન આપતાં પોતાના કુલ પૂર્વજોની જીવનવ્રતની સ્મૃતિ કરાવે છે કે, "**न जातु कौरवेन्द्राणां**—કુરુ રાજા પરમ વૈષ્ણવ અને ધર્મરત હતા. તેના ચરણે અને આચરણે ચાલનારા અમે વંશજો છીએ. તેમના દોર્દણ્ડ-ભુજ દંડથી સુરક્ષિત દેશમાં કોઈના પણ નેત્રમાંથી શોકાશ્રુ નથી પડતાં; પરંતુ **सौरभेय**-સુરભી કામધેનુના પુત્ર, તમારા નેત્રમાંથી નીકળતાં અશ્રુઓને નિહાળ્યાં અને મને ખેદ થયો. તમે તો સુરભી-કામધેનુના પુત્ર છો, તેથી પ્રાકૃત વૃષ નથી; પરંતુ સાક્ષાત્ દેવ છો, ધર્મ છો, તમારા નેત્રમાંથી કદિ અશ્રુ ન વરસો." ગાયના સ્વરૂપમાં બિરાજતી પૃથ્વીને વિનવ્યું કે "હે અમ્બ, અમે પૃથ્વીના પતિ નથી. પૃથ્વી પતિ તો વિષ્ણુ ભગવાન છે. અમે ક્ષત્રિય રાજાઓ-પુત્રો છીએ. આપનાં દૂધ પીધાં છે, તો માતાજી ધર્મ-વૃષ તમારો પુત્ર છે. અમારો તે ભાઈ છે. તેની આપત્તિ કે દુઃખ તે મારાં જ દુઃખ છે, તેનાં દુઃખોનો અવશ્ય નાશ કરીશ અને પગથી પ્રહાર કરતા શૂદ્રનો પણ વિનાશ કરીશ." એવી પ્રતિજ્ઞા રાજાએ કરી. ૮; ૯.

यस्य राष्ट्रे प्रजाः [1]सर्वास्त्रस्यन्ते साध्व्यसाधुभिः ।
तस्य मत्तस्य नश्यन्ति कीर्तिरायुर्भगो गतिः ॥ १० ॥

અન્વયાર્થ—**साध्वि**-હે સાધ્વિ ! **यस्य**-જે રાજાના, **राष्ट्रे**-રાજ્યમાં, **सर्वाः**-બધી, **प्रजाः**-પ્રજાઓ, **असाधुभिः**-દુષ્ટ પુરુષોથી, **त्रस्यन्ते**-પીડાય છે, **मत्तस्य**-ગર્વથી ઉન્મત્ત બનેલા, **तस्य**-તે રાજાની, **कीर्तिः**-કીર્તિ, **आयुः**-આયુષ્ય, **भगः**-ઐશ્વર્ય, **गतिः**-મોક્ષ-પરમગતિ, **नश्यन्ति**-નાશ પામે છે. ૧૦.

અનુવાદ—**હે સાધ્વિ માતા ! જે રાજાના રાજ્યમાં અસાધુઓથી સર્વ પ્રજાઓ પીડાય છે, તે મદોન્મત્ત રાજાની કીર્તિ, આયુષ્ય, ઐશ્વર્ય અને મોક્ષાદિક ગતિ વગેરે નાશ પામે છે. ૧૦.**

તત્ત્વસુધા—પૃથ્વી અને ધર્મ બન્ને દયાળુ છે. તેઓ રાજાને કહે છે કે અમારો તો કોઇ શત્રુ નથી; માટે અમને નિમિત્ત બનાવી, તમારે કોઇનો વધ કરવો એ દોષ અમને લાગે. એના ઉત્તરમાં રાજાએ કહ્યું કે "હું આ કલિ-શૂદ્રને મારા ક્ષાત્ર ધર્મની દૃષ્ટિએ શિક્ષા કરીશ; આપને નિમિત્ત નહિ બનાવું. પ્રજાના ત્રાસને દૂર ન કરનાર નૃપતિની કીર્તિ, આયુષ્ય, ભાગ્ય અને જ્ઞાન-આ ચાર વસ્તુઓ નાશ પામે છે." ૧૦.

एष [2]राज्ञः परो धर्मो ह्यार्तानामार्तिनिग्रहः ।
अत एनं वधिष्यामि भूतद्रुहमसत्तमम् ॥ ११ ॥

અન્વયાર્થ—**आर्तानाम्**-દુઃખથી પીડાતાં પ્રાણીઓનાં, **आर्तिनिग्रहः**-પીડા દૂર કરવી, **एषः**-આ, **राज्ञः**-રાજાનો, **हि**-ખરેખર, **परः**-શ્રેષ્ઠ, **धर्मः**-ધર્મ છે. **अतः**-એટલા માટે, **असत्तमम्**-અત્યંત દુષ્ટ અને **भूत-द्रुहम्**-પ્રાણીઓનો દ્રોહ કરનારા, **एनम्**-આને, **वधिष्यामि**-હું હણીશ. ૧૧.

અનુવાદ—**દુઃખી જનોનાં દુઃખોને દૂર કરવાં એ રાજાઓનો પરમ ધર્મ છે; માટે દરેક પ્રાણીઓને દુઃખ દેનાર, અતિદુષ્ટ, આ કલિયુગનો હું વધ કરીશ. ૧૧.**

તત્ત્વસુધા—**एष राज्ञः परो धर्म** :-એક સામાન્ય ધર્મ છે, જે સકામ ભાવથી થાય છે. બીજો 'પરમ ધર્મ' છે, તે પ્રેમ ભાવથી, આત્મ ભાવથી થાય છે અને તે નિષ્કામ છે. કલિનો નિગ્રહ 'પરમ ધર્મ' છે. કોઈ પણ ધર્મ કોઇના ઉપર ઉપકાર કરવાની ભાવનાથી કે આભાર-અહેશાન ચઢાવવાની ભાવનાથી કરવો તે ઠીક નથી; પરંતુ આત્મભાવથી જ કરાય એ જ સાચી માનવતા છે. "દુઃખીનું દુઃખ મને પીડે છે, મારા હૃદયને ક્લેશ

---

૧. પ્રા૦ પા૦-मातर्हिंस्यन्ते । ૨. પ્રા૦ પા૦-राज्ञां

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આપે છે હું એ મારા અંતઃકરણની પીડાને દૂર કરવા કરું છું." એજ સાચો સનાતન ધર્મ છે. કલિનો નિગ્રહ, શાસ્ત્ર આજ્ઞાનું પાલન, આર્તની આર્તિનું નિવારણ-આ ત્રણ કાર્ય કલિના નિગ્રહથી થશે. એ મારે કરવાં જોઇએ, એવા સાત્વિક નિર્ણય ઉપર પરીક્ષિત આવ્યા. ૧૧.

कोऽवृश्चत् तव पादांस्त्रीन् सौरभेय चतुष्पद[1] ।
मा भूवंस्त्वादृशा राष्ट्रे राज्ञां कृष्णानुवर्तिनाम् ॥ १२ ॥

અન્વયાર્થ—**चतुष्पद**-ચાર ચરણવાળા, **सौरभेय**-કામધેનુના પુત્ર, **तव**-તમારા, **त्रीन्**-ત્રણ, **पादान्**-ચરણોને, **कः**-કોણે, **अवृश्चत्**-છેદી નાખ્યા છે? **कृष्ण-अनुवर्तिनाम्**-શ્રીકૃષ્ણને સેવનારા, **राज्ञाम्**-રાજાઓના, **राष्ट्रे**-રાજ્યમાં, **त्वादृशा**-તમારા જેવા, **मा भूवन्**-ન હોવા જોઈએ. ૧૨.

અનુવાદ—ચાર ચરણવાળા, કામધેનુના પુત્ર, હે વૃષભ! તમારા ત્રણ ચરણ કોણે કાપી નાખ્યા? શ્રીકૃષ્ણની આજ્ઞા મુજબ વર્તનારા રાજાઓના રાજ્યમાં તમારા જેવા દુઃખી ન થવા જોઇએ. ૧૨.

તત્ત્વસુધા—'શાસન શાસ્ત્રનો' એક નિયમ છે કે જેવો જેનો અપરાધ તેવી તેને શિક્ષા કરવી. 'चतुष्पद' ચાર ચરણવાળા હે વૃષ-ધર્મ, તારા ત્રણ ચરણ જો આ કલિએ છેદ્યા હોય તો તેના બે પગ અને એક હાથને છેદી જગતને દાખલો બેસાડું કે પાપીઓને આવી કડક શિક્ષા થાય છે. તેથી કોઈ કોઈને કલેશ આપતાં મનથી જ ડરી જાય. વળી તારા ચાર પગ-તેમાંથી બેને હાથ અને બેને પગ મનાય છે; માટે એનો એક હાથ કાપવામાં અન્યાય નથી થતો; કારણ કે તારો પણ એક હાથ કપાયેલ છે.

ધર્મે પૂછ્યું, "એના ત્રણ પગ કાપી નાખવાથી મને શો લાભ? એના પગ કપાતાં મારા પગ ઓછા ઉગી જવાના છે?" રાજાએ ઉત્તર વાળ્યો, "હું બદલો લેવાની વૃત્તિમાં નથી માનતો." ત્યારે રાજાએ સમાધાન કર્યું, 'બદલો લેવાની' દૃષ્ટિથી કોઇને પણ શિક્ષા થતી નથી; પરંતુ ખલનો નિગ્રહ કે નાશ ન થાય તો અન્ય નિર્બળ તેમજ નિર્દોષ માર્યા જાય. તેમની નિર્ભયતા માટે દંડ થાય છે. તેમજ પાપીને બદલો આપવા માટે નહિ; પરંતુ તેની વૃત્તિને બદલી નાખવાની દૃષ્ટિએ, તેના જ કલ્યાણ માટે દંડ થાય છે. ૧૨.

आख्याहि वृष भद्रं वः साधूनामकृतागसाम् ।
आत्मवैरूप्यकर्तारं पार्थानां कीर्तिदूषणम् ॥ १३ ॥

અન્વયાર્થ—**वृष**-હે વૃષભ, **अकृत**-આગસામ્-પાપ ન કરનારા-નિરપરાધી, **साधूनाम्**-સત્પુરુષ, એવા **वः**-તમારું, **भद्रम्**-કલ્યાણ થાવ, **आत्म-वैरूप्य-कर्तारम्**-પોતાના સ્વરૂપને બેડોળ બનાવનારા, **पार्थानाम्**-પાંડવોની, **कीर्ति-दूषणम्**-કીર્તિને કલંકિત કરનાર કોણ છે, તે **आख्याहि**-તમે કહો. ૧૩.

અનુવાદ—હે વૃષભ! નિરપરાધી અને સદાચારી એવા તમારું કલ્યાણ થાવ. તમારા સ્વરૂપને વિકૃત કરનાર અને પાંડવોની કીર્તિને લાંછન લગાડનાર કોણ છે? તે મને બતાવો. ૧૩.

તત્ત્વસુધા—માટે વિના સંકોચે પગ છેદનારને બતાવવો જ જોઇએ. કેવલ કલ્પના કરીને આ શૂદ્રને શિક્ષા કરું છું, તો સાક્ષી-પુરાવા વિના ગુનો પુરવાર ન થતાં દંડ કરાય તો નીતિ, શાસન, શાસ્ત્ર, એ ત્રણેથી વિરુદ્ધ વર્તન ગણાય. 'નવ અપરાધી ભલે છૂટી જાય, પણ એક નિર્દોષ માર્યો ન જાય,' એ ન્યાયનું સૂત્ર છે; કારણ કે છૂટેલા અપરાધીની અપરાધવૃત્તિ છૂટવાની નથી. તે ફરીથી અપરાધ કરશે, પકડાશે અને શિક્ષા પામશે;

१. भा० पा० चतुष्पदः ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પણ નિરપરાધીના નિશાસામાંથી કેમ છૂટાશે ? માટે વૃષ આખ્યાહિ હે વૃષભ તું કહે કે તને કદૂપો કોણે બનાવ્યો ? ભાઈ તું તો સાધુ છે. **સાધૂનામકૃતાગસામ્**-સાધુઓ કદી આગસ એટલે પાપ-અપરાધ આચરતા જ નથી. તેઓનું નિત્ય ભદ્ર થવું જ જોઇએ. ૧૩.

જનેઽનાગસ્યઘં યુઞ્જન્ સર્વતોઽસ્ય ચ મદ્ભયમ્ ।
સાધૂનાં ભદ્રમેવ સ્યાદસાધુદમને કૃતે ॥ ૧૪ ॥
અનાગસ્સ્વિહ ભૂતેષુ ય આગસ્કૃન્નિરંકુશઃ ।
આહર્તાસ્મિ ભુજં સાક્ષાદમર્ત્યસ્યાપિ સાઙ્ગદમ્ ॥ ૧૫ ॥

અન્વયાર્થ— **અનાગસિ**-નિરપરાધી એવા, **જને**-મનુષ્યમાં, **અઘમ્**-પાપને, **યુઞ્જન્**-યોજતો, **અસ્ય**-એવાને, **સર્વતઃ**-ચોતરફ, **મદ્ભયમ્**-મારાથી ભય હોવો જોઇએ; **ચ**-અને, **અસાધુ-દમને**-દુષ્ટ પુરુષોનું દમન, **કૃતે**-કરવામાં આવતાં, **સાધૂનામ્**-સજ્જનોનું, **ભદ્રમ્ એવ**-કલ્યાણ જ, **સ્યાત્**-થાય. ૧૪; **અનાગસ્સુ**-નિરપરાધી એવાં. **ભૂતેષુ**-પ્રાણીઓ ઉપર, **આગસ્કૃત્**-અપરાધ કરનાર, **યઃ**-જે કોઇ, **ઇહ**-અહીં, **નિરઙ્કુશઃ**-અંકુશ વિનાનો છે, તે **સાક્ષાત્**-પ્રત્યક્ષ, **અમર્ત્યસ્ય**-**અપિ**-દેવ હશે તો પણ, **સાઙ્ગદમ્**-બાજુબંધ વાળા, **ભુજમ્** હાથને, **આહર્તા**-**અસ્મિ**-છેદી નાખીશ. ૧૫.

અનુવાદ—**નિરપરાધી મનુષ્યો ઉપર જે અપરાધ કરે છે, તેઓને મારો ચારે બાજુનો ભય હોવો જોઇએ; કારણ કે દુષ્ટોનું દમન કરવામાં આવતાં સત્પુરુષોનું અવશ્ય કલ્યાણ થાય છે. ૧૪; આ પૃથ્વીમાં નિરંકુશ બનીને જે કોઈ નિરપરાધી પ્રાણીઓને દુઃખ આપી રહ્યો હશે, તે ભલે, દેવ હોય તો પણ તેના અલંકાર સાથેના હાથને હું છેદી નાખીશ. ૧૫.**

તત્ત્વસુધા—ચૌદમા શ્લોકમાં રાજાનું પ્રતિજ્ઞા વાકય છે. અન્યાન્ય પ્રતોમાં આ શ્લોકનો જે ઉતરાર્દ્ધ છે-**સાધૂનાં ભદ્રમેવ સ્યાદસાધુદમને કૃતે**-તે ઉતરાર્દ્ધ શ્રીવલ્લભાચાર્યજીના ગ્રન્થમાં જોવા નથી મળતો. તેઓશ્રી ૧૪મા શ્લોકના પૂર્વાર્દ્ધને ૧૩મા શ્લોક સાથે મેળવી દે છે, અને ઉત્તરાર્ધનો પાઠનો સ્વીકાર નથી કરતા. તેથી તેમના પાઠ પ્રમાણે આ અધ્યાય ૪૪ શ્લોકોનો થાય છે. **જનેઽનાગસિ**-આ વાકયથી ખૂબજ મહત્ત્વનો નિર્દેશ કરે છે કે નિર્દોષ અને નિરપરાધીને જે રંજાડે છે તેને રાજાનો તો ભય છે; પરંતુ ચારે બાજુથી તેને તેનું ફળ મળ્યા વિના રહી શકતું નથી. કદાચ તે રાજ શાસનમાંથી છુટી જશે, પણ સમાજ અને સમયના શાસનને કદિ મિથ્યા નહિ કરી શકે. માટે કદિ 'ગરીબની આંતરડી ન બાળવી,' એ એક કિંમતી સલાહ છે. ૧૪.

ધર્મે શંકા કરી કદાચ હું પીડા કરનારનું નામ તને સૂચવીશ, તો રાજન્ તેનાથી શો લાભ થશે ? રાજાએ ૧૫ મા શ્લોકથી સમાધાન કર્યું કે નિરપરાધીના અપરાધ કરનાર તે કલિને હું દંડ કરીશ. ત્યારે ધર્મે કહ્યું, "રાજન્, તમે જેમ રાજ્યાધિકારી છો, તેમ કલિયુગ કાલાધિકારી છે. તે તેના ધર્માનુસાર જગત ઉપર આવે જ, તો પછી કેમ શિક્ષા કરી શકશો ?" આ વાકયનો પ્રત્યુત્તર વાળ્યો કે શાસક **નિરંકુશઃ** નિરંકુશ બની જાય છે; કારણ કે શાસનનો અને પદનો મદ ગજબ છે અને અજબ આશ્ચર્યકારક કાર્યો કરી જાય છે. માટે તે નિરંકુશ કલિની સાન ઠેકાણે લાવીશ. એક નિશ્ચય થયો કે કાળે સમાજને કે રાજાને દુષિત નથી કર્યા, પણ સમાજ અને રાજયશાસન કાલને બગાડે છે. માનવ કાલનો સૃષ્ટા છે, દ્રષ્ટા નથી. કદાચ કલિ ઇન્દ્ર ભલે હોય તોપણ તે ગરીબને અને પુણ્યશીલને સતાવે છે, માટે તેનો હાથ છેદી નાખીશ. ૧૫.

રાજ્ઞો હિ પરમો ધર્મઃ સ્વધર્મસ્થાનુપાલનમ્ ।
શાસતોઽન્યાન્ યથાશાસ્ત્રમનાપદ્યુત્પથાનિહ ॥ ૧૬ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ— ઇહ-પૃથ્વીમાં; **અનાપદિ**-આપત્તિ ન હોય ત્યારે, **उत्पथान्**-અવળે માર્ગે જનારા, **अन्यान्**-બીજાઓને; **यथा शास्त्रम्**-શાસ્ત્રને અનુસરી, **शासतः**-શાસન કરનારા, **राज्ञः**-રાજાનો, **स्वधर्मस्थ-अनुपालनम्**-સ્વધર્મમાં રહેલાઓનું રક્ષણ કરવું, એ **हि**-ખરેખર, **परमः**-શ્રેષ્ઠ, **धर्मः**-ધર્મ છે. ૧૬.

અનુવાદ—આપત્તિ ન હોય ત્યારે પણ અવળે માર્ગે જનારાઓને, શાસ્ત્ર નિયમ મુજબ શાસન કરનાર રાજાનો આ પરમ ધર્મ છે કે સ્વધર્મમાં રહેલાઓનું, ખરેખર, રક્ષણ કરવું. ૧૬.

તત્ત્વસુધા—ધર્મે પુનઃ ચર્ચા ચલાવી. રાજન્, તમે તો પ્રજાના હિત કરનાર અને પાલન કરનાર છો. કાંઈ કલિના શાસક ઓછા છો. એના તો ઈશ્વર નિયામક છે, તે કાર્ય કરશે. આપે એકના નિગ્રહ કર્તા અને અન્યના અનુગ્રહ કર્તા થવાની કોઇ જરૂર ખરી ? તેના સમાધાનમાં રાજાએ ઉત્તર વાળ્યો કે राज्ञो हि परमो धर्मः-રાજાના અથવા માનવ માત્રના બે ધર્મ છે. તેમાં પીડિતોની પીડાનું નિવારણ કરવું એ સહજ ધર્મ છે, જે પરમ ધર્મ છે-મુખ્ય ધર્મ છે. રાજ્યનું પાલન-સંચાલન કરવું તે ગૌણ ધર્મ છે, જે બીજો ધર્મ છે. માટે ભાઇ, હું મારા શ્વાસોની માફક સાથે આવેલ અને સાથે જનાર, 'પરમ ધર્મના પાલન'ને ચાહું છું. તારા ઉપર કે સમાજ ઉપર ઉપકાર નથી કરતો. તને વિનવું છું કે પગ કાપનારનો તું મને નિર્દેશ કર. આ શ્લોકમાં स्व धर्मस्थानुपालनम् અને स्वधर्मस्यानुपालनम् એવા બે પાઠ છે. એ વાક્યોના અર્થ જુદા જુદા થશે. स्वधर्मस्थ-પ્રજાનું પાલન કરવું એ સામાન્ય ધર્મ છે, પીડિતની પીડાનું નિવારણ એ મુખ્ય ધર્મ છે. स्वधर्मस्य એવો પાઠ લેતાં રાજાનો આ સહજ ધર્મ છે કે એણે સ્વધર્મનું પાલન કરવું જોઇએ. ૧૬.

धर्म उवाच—एतद् वः पाण्डवेयानां युक्तमार्ताभयं वचः ।
येषां गुणगणैः कृष्णो दौत्यादौ भगवान् कृतः ॥ १७ ॥

અન્વયાર્થ— **पाण्डवेयानाम्**-પાંડવોના વંશમાં જન્મેલા, **वः**-તમારું, **एतत्**-આ, **आर्त-अभयम्**-આર્તને-દુઃખીઓને નિર્ભય બનાવતું, **वचः**-આ વચન, **युक्तम्**-યોગ્ય છે, **येषाम्**-જેમના, **गुणगणैः**-અનેક ગુણોથી, **भगवान्**-ભગવાન, **कृष्णः**-શ્રીકૃષ્ણ, **दौत्यादौ**-દૂત વગેરે કાર્યમાં, **कृतः**-નિયુક્ત કર્યા. ૧૭.

અનુવાદ—પાંડવોના વંશમાં ઉત્પન્ન થયેલા તમારું, આ આર્ત જનોને અભય કરનારું વચન, ખરેખર યોગ્ય છે; કારણ કે જેઓના અનેક ગુણોથી વશ થઈને ષડૈશ્વર્યસંપન્ન શ્રીકૃષ્ણ દૂત વગેરે કાર્યોમાં જોડાયા હતા. ૧૭.

તત્ત્વસુધા—શ્લોક ૪થી ૧૬ સુધીના ૧૩ શ્લોકોમાં પરીક્ષિતના કથનને સાંભળી, વાક્યો ઉપરથી ભાવ, ધર્મનિષ્ઠા, ભક્તિ, આર્તરક્ષા, કુલાભિમાન વગેરે ધર્મોને જોઇ ૧૭મા શ્લોકમાં ધર્મે ઉત્તર વાળ્યો કે, "રાજન, આપનું વચન તો વેદ, શાસ્ત્ર લોક નીતિ-ધર્મ વગેરે સંમત છે. આ તમારું पाण्डवेयानाम्-પાંડવોના વંશજોનું કુલવ્રત છે. પૂર્વજોના આવા જ ગુણોને વશ બની અખિલ બ્રહ્માંડ નિયામક અને શાસક શ્રીકૃષ્ણ પણ તમારા વિષ્ટિ બન્યા હતા. માત્ર તમે મારે માટે જે કલિનો વધ કરવા ચાહો છો, તો તે બરાબર નથી; કારણ કે એ પણ તમારા દર્શનથી ભયાર્ત ભાસે છે. વળી હું કલેશનાં કારણોને સંપૂર્ણ સમજી શકતો નથી અને આ કલિને તો નિમિત્તભૂત ગણતો જ નથી. અમે બધા વૃષો યુગપુત્રો છીએ. સત્યુગનો યુગપુત્ર ચાર ચરણવાળો હતો; સત્યુગ ગયો ત્યારે તે એક ચરણ લેતો ગયો. ત્રેતાયુગનો યુગપુત્ર ત્રણ ચરણવાળો રહ્યો જ્યારે ત્રેતા ગયો ત્યારે તે એક પગ લઇ ગયો; એટલે બે પગ રહ્યા. દ્વાપરનો યુગપુત્ર બે ચરણવાળો હતો. વેદ અને સ્મૃતિ એવાં બે જ પ્રમાણ દ્વાપરમાં હતાં. જ્યારે દ્વાપરે વિદાય લીધી ત્યારે તે એક પગ લઈ ગયો. એટલે આજે એક જ પગ રહ્યો છે. માટે મારે કોને દોષ આપવો ?

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કલેશનાં બીજ તો પાપ અથવા ભગપરાધો, છે. ન્યાય, વૈશિષ અને મીમાંસક તો પુરુષને જ મુખ્ય કારણ માને છે. મનુષ્ય જાતે જ નિર્બળ બનીને કે સ્વાર્થી બનીને પાપાચરણ કરે છે. જ્યારે સાંખ્ય-યોગનું તો માનવું છે કે અન્તઃકરણ પાપાચરણમાં મુખ્ય ભાગ ભજવે છે. ધર્મશાસ્ત્ર કહે છે કે શરીર પાપાચારમાં રસ લે છે. આવાં પરિણામે કલેશ થાય છે, ત્યાં કોને નિમિત્ત બનાવવું ? વયં-હમે એટલે આ સર્વ શાસ્ત્ર એક મત ઉપર નથી આવી શકતા, તો શો ઉત્તર મારે આપવો ? ૧૭.

न वयं क्लेशबीजानि यतः[1] स्युः पुरुषर्षभ ।
पुरुषं तं विजानीमो वाक्यभेदविमोहिताः ॥ १८ ॥
केचिद् विकल्पवसना आहुरात्मानमात्म[2]ना ।
दैवमन्ये परे कर्म स्वभावमपरे प्रभुम्[3] ॥ १९ ॥
अप्रतर्क्यादनिर्देश्यादिति केष्वपि निश्चयः ।
अत्रानुरूपं राजर्षे विमृश स्वमनीषया ॥ २० ॥

અન્વયાર્થ— **पुरुष-ऋषभ**-હે પુરુષ શ્રેષ્ઠ પરીક્ષિત, **वाक्य-भेद-विमोहिताः**-જુદાં જુદાં શાસ્ત્ર વચનોથી અતિ મોહ પામેલા, **वयम्**-અમે, **यतः**-જેનાથી, **क्लेशबीजानि**-દુઃખનાં મૂળ કારણો, **स्युः**-થાય છે, **तम्**-તે, **पुरुषम्**-પુરુષને, **न विजानीमः**-જાણતા નથી. ૧૮; **विकल्पवसनाः**-વિકલ્પ ઢાંકણવાળા-વસ્ત્રવાળા, **केचित्**-કેટલાક પંડિતો, **आत्मनः**-પોતાના સુખ દુઃખના કારણ તરીકે, **आत्मानम्**-પોતાના મનને, **अन्ये**-બીજા વિદ્વાનો, **दैवम्**-પ્રારબ્ધને, **परे**-ત્રીજા, **कर्म**-કર્મને, **अपरे**-અન્ય કેટલાક, **स्वभावम्**-પોતાના સ્વભાવને, **प्रभुम्**-સમર્થ-કારણ તરીકે, **आहुः**-કહે છે. ૧૯; **अप्रतर्क्यात्**-તર્ક ન કરી શકાતો હોવાથી, **अनिर्देश्यात्**-પ્રત્યક્ષ નિર્દેશ ન કરી શકાય તેમ હોવાથી, **केषु-अपि**-કોઇ પણ બાબતમાં, **इति**-એમ, **निश्चयः**-નિર્ણય શકય નથી, માટે **राजर्षे**-હે પરીક્ષિત રાજા, **अत्र**-આ વિષયમાં, **अनुरूपम्**-યોગ્ય કારણને, **स्व-मनीषया**-પોતાની બુદ્ધિથી, **विमृश**-નકકી કરો. ૨૦.

અનુવાદ—પુરુષ શ્રેષ્ઠ હે પરીક્ષિત્ રાજન્, જેનાથી કલેશનાં મૂળ કારણ પેદા થાય છે, તે પુરુષ કોણ છે તેને, વાકય ભેદથી મોહ પામેલા અમે જાણતા નથી. ૧૮; વિકલ્પરૂપી વસ્ત્રવાળા કેટલાક વિદ્વાનો પોતાના સુખદુઃખના કારણ તરીકે પોતાના મનને માને છે. બીજા કેટલાક જનો પ્રારબ્ધને કારણ કહે છે. ત્રીજાઓ કર્મને અને વળી બીજા સ્વભાવને સમર્થ કારણ તરીકે માને છે. ૧૯; પણ આ વિષયમાં તર્કની ગતિ ચાલી શકતી નથી, માટે પ્રત્યક્ષ અંગુલિ નિર્દેશથી દર્શાવવું શકય નથી. આ બધી બાબતોમાં યોગ્ય નિર્ણય તમે તમારી બુદ્ધિથી વિચાર કરીને કરો. ૨૦.

તત્ત્વસુધા—શ્લોક ૧૮ અને ૧૯માં ધાર્મિક વિચાર ધારાનું અદ્ભુત નિરૂપણ છે. સમાજ જગતમાં અને આન્તર્જીવન જગતમાં પણ નિર્દોષભાવ અને નિર્વૈર ભાવ એજ પરમ શાંતિના નિમિત્તો થઇ શકશે. શાસન જગત ત્રીજું જુદું છે. જો કોઇ બલ અને બલ સમ્પન્ન રાષ્ટ્ર કોઇ પણ રાષ્ટ્રને સતાવે ત્યારે તેને તો સણસણતો જવાબ આપવો કે જે અર્જુન પાસે શ્રીકૃષ્ણે કૌરવ સત્તાને અપાવ્યો; પરંતુ સર્વ સામાન્ય પ્રજાજનના નિત્ય જગત માટે તો આ શ્લોકનો નિર્ણય દયા અને વિવેકથી સર્વથા ભરપુર છે.

---

૧. પ્રા૦ પા૦-यतस्त्य । ૨. પ્રા૦ પા૦-आत्मनः । ૩. પ્રા૦ પા૦-विभुम्

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ક્લેશમાં એક નિમિત્ત કારણ હોય છે અને બીજું ઉપાદાન કારણ હોય છે. વિચારકો તેને 'ક્લેશબીજ' તરીકે માને છે અને એજ કારણ મુખ્ય છે. એવાં પાંચ કારણોનો આ સ્થાને ઉલ્લેખ છે.

(૧) વિકલ્પવસનાઃ–એટલે અદ્વૈત જ્ઞાનીઓએ અજ્ઞાનને કારણ માન્યું છે. એ મંતવ્ય બૂબજ તટસ્થ છે. દુઃખ અને સુખ એક કલ્પના છે. જે એક વસ્તુ એકને દુઃખકર બને છે, તેજ વસ્તુ અન્યને સુખકર નીવડે છે. જે એક વ્યકિતના સ્વભાવ માટે ટીકા કે નિન્દા કરે છે, તેજ વ્યકિતના સ્વભાવની અન્ય તારીફ કરે છે. ખરી રીતે સ્વાર્થ, મોહ, આસકિત, મમતા એ દુઃખનાં કારણો છે, જે અજ્ઞાનમાંથી પ્રસવ પામ્યાં છે. માટે અજ્ઞાન નિવૃત્તિ જ સુખનો હેતુ થઇ શકે. પ્રથમ પંકિતમાં તેઓએ નિર્ણય કર્યો કે આદુરાત્માનમાત્મના–પોતાનો અજ્ઞાત આનંદાત્મક આત્મા જ કારણ છે. જો આત્મા આનંદરૂપ છે, તો સર્વમાંથી સુખવાસના નીકળી જાય તો દુઃખ નિવૃત્તિ થઇ જાય.

(૨) દૈવમન્યે–જ્યોતિર્વિદ અને કેટલાક પુરાણ મતાનુયાયી દૈવ-પ્રારબ્ધને નિમિત્ત ગણે છે. દૈવનો સર્જક પણ મનુષ્ય છે. ગ્રહો તો સુખદુઃખના સૂચક છે, વિધાતા નથી. મંત્ર, ઉપાસનાદિથી તેનાં નિવારણ થઇ શકે છે. એથી જ નિર્ણય થાય છે કે કર્મ જાય છે અને કર્મથી નિવૃત્ત થઈ શકે છે. દૈવવાદીઓ ફલતઃ તો કર્મ ઉપર જ આવીને વિરમશે.

(૩) પરેકર્મ–મીમાંસકો અને યોગીઓ કર્મને કારણરૂપે ગણે છે. યોગ, યાગ કર્માદિને દુઃખ નિવૃત્તિમાં ઉપાય તરીકે દર્શાવે છે. દુષ્કાળ દુઃખાત્મક છે. તેને સુભિક્ષ-સુકાળના રૂપમાં ફેરવવામાં કારીર્યા યજેત વૃષ્ટિ કામઃ–કારીરી યાગ કરી વૃષ્ટિ સમ્પાદન કરવી, એમ નિર્દેશ કરી કર્મને જ કારણ ગણાવ્યું.

(૪) સ્વભાવમ્–તટસ્થ સમાલોચકો અથવા તો લોકાયતિકો સ્વભાવને કારણ માને છે. સ્વભાવ એ પ્રકૃતિનો જ એક અંશ છે. સાંખ્યવાદીઓ સ્વભાવને જ ગણે છે. સ્વભાવ પરિવર્તનને સાચું તપ માન્યું છે. સ્વભાવમાં વિવેક વસી જાય તો પછી દુઃખ જેવું કાંઈ રહેજ નહિ.

(૫) પ્રમુમ્–ભકતો ભગવાનને કારણ માને છે કે દુઃખ તો ભગવત્પ્રસાદી છે. કેટલાક 'પ્રભુ' શબ્દનો અર્થ 'કાળ' એવો કરે છે; તો પણ વાંધો નથી. કાળ જેમ દુઃખરૂપે શ્રીરઘુનાથજીને આવ્યો, તેમ વળ માગ્યો સુખરૂપ પણ આવ્યો. કેવળ 'સહિષ્ણુતા અને નિર્દોષ દૃષ્ટિ' એ બેજ કાળ–દુઃખ નિવારણનાં રસાયણ છે.

વેદાન્ત સૂત્રમાં નિર્દેશ છે કે कालः स्वभावो नियति यदृच्छा भूतानि "योनिः" पुरुषः इति चिन्त्यम् ॥ કાલ, સ્વભાવ, નશીબ, યદૃચ્છા, પંચભૂત આ પાંચ કારણો છે, અને છઠ્ઠું પુરુષ કારણ છે. તેમાં પાંચ પૂર્વ પક્ષના છે, એક સિદ્ધાન્ત પક્ષનો છે.

આટલા વિસ્તારનો સાર એટલો જ કે જો અજ્ઞાન દુઃખનું કારણ છે, તો તત્ત્વજ્ઞાનથી તેનું નિવારણ કરવું. જો સ્વભાવ દુઃખનું કારણ છે, તો સત્સંગથી સ્વભાવનું પરિવર્તન કરવું. જો કાળ દુઃખનું કારણ છે, તો સહન કરવું. જો કર્મ દુઃખનું કારણ છે, તો દુષ્કર્મ ત્યજી સત્કર્મ કરવું. જો ભાગ્ય દુઃખનું કારણ છે, તો હરિભજન કરી પરિવર્તન કરવું અને જો ઇશ્વર ઇચ્છા જ કારણ છે, તો પ્રેમથી પ્રભુ પ્રસાદી માની સ્વીકારી લેવું; પરંતુ અન્યને દુઃખમાં નિમિત્ત માની વૈર દ્વેષ ન કરવાં. એ આત્મજ્ઞાનનું ફળ છે. ૧૮; ૧૯.

ધર્મના આ નિરૂપણ વાકયોથી વિવેકશીલ પરીક્ષિત ખેદ મુકત થઈ નિર્ણય ઉપર આવ્યા કે આ વાકયોમાં પ્રતારણ, વાકછલ કે દંભ નથી; નર્યો પ્રેમ અને વિવેક છે, માટે આ વકતા સાક્ષાત્ ધર્મ છે. ૨૦.

सूत उवाच–एवं धर्मं प्रवदति स सम्राट् द्विजसत्तम[1] ।
समाहितेन मनसा विखेदः पर्यचष्ट[2] तम् ॥ २१ ॥

१. प्रा० पा० - द्विजसत्तमाः । २. प्रा० पा० - प्रत्यचष्ट ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

धर्मं ब्रवीषि धर्मज्ञ धर्मोऽसि वृषरूपधृक् ।
यदधर्मकृतः[1] स्थानं सूचकस्यापि तद्भवेत् ॥ २२ ॥

અન્વયાર્થ— **द्विजसत्तम्**-હે વિપ્ર શ્રેષ્ઠ શૌનક! **एवम्**-આ પ્રમાણે, **धर्मे**-ધર્મ, **प्रवदति**-જ્યાં બોલી રહ્યા હતા, ત્યારે **सम्राट्**-ચક્રવર્તી, **सः**-તે પરીક્ષિત રાજા, **विखेदः**-ખેદ રહિત થઇને, **समाहितेन**-સાવધ, **मनसा**-મનથી, **तम्**-તે ધર્મને, **पर्यचष्ट**-કહેવા લાગ્યા. ૨૧; **धर्मज्ञ**-હે ધર્મના જાણકાર તમે, **धर्मम्**-ધર્મને, **ब्रवीषि**-કહો છો, તો શું? **वृषरूपधृक्**-વૃષભના રૂપને ધારણ કરનાર, **धर्मः**-ધર્મ, **असि**-છો, **यत्**-જે, **अधर्म-कृतः**-અધર્મ કરનારનું, **स्थानम्**-સ્થાન, **तत्**-તે સ્થાન, **सूचकस्य-अपि**-તેનું સૂચન કરનારને પણ, **भवेत्**-પ્રાપ્ત થાય છે. ૨૨.

અનુવાદ—હે શૌનક! આ પ્રમાણે ધર્મ જ્યારે બોલી રહ્યા હતા, ત્યારે ચક્રવર્તી પરીક્ષિત રાજાએ ખેદ રહિત બનીને એકાગ્ર ચિત્તથી તે ધર્મને કહ્યું. ૨૧; ધર્મને જાણનાર હે વૃષભ, તમે ધર્મયુક્ત વાત કરી રહ્યા છો, તો શું વૃષભના રૂપને ધરનાર તમે ધર્મ છો? અધર્મ કરનારને જે સ્થાન પ્રાપ્ત થાય છે, તેજ સ્થાન અધર્મનું સૂચન કરનારને પણ પ્રાપ્ત થાય છે. ૨૨.

તત્ત્વસુધા—રાજાએ ધર્મની ખાનદાનીની સ્તુતિ કરી કે અધર્મનું સૂચન કરનારને પણ અધર્મ સ્પર્શે છે. માટે આપનું વાક્યમાં કેવલ તટસ્થ નિરૂપણ છે અને દુઃખનું પોતાના જ ઉપર આરોપણ છે. માટે આપ ધર્મ સ્વરૂપે છો. ૨૧; ૨૨.

अथवा देवमायाया नूनं गतिरगोचरा ।
चेतसो[2] वचसश्चापि भूतानामिति निश्चयः ॥ २३ ॥

અન્વયાર્થ— **अथवा**-અથવા, **नूनम्**-ખરેખર, **देव-मायायाः**-પરમેશ્વરની માયાની, **गतिः**-ગતિ, **भूतानाम्**-પ્રાણીઓને, **मनसः**-મનથી, **च**-અને, **वचसः**-વચનથી, **अपि**-પણ, **अगोचरा**-જાણી ન શકાય એવી છે, **इति**-એ પ્રમાણે, **निश्चयः** નિર્ણય છે. ૨૩.

અનુવાદ—અથવા તો ભગવાનની માયાની ગતિ જાણવી એ પ્રાણી માત્રને માટે મનથી તેમજ વચનથી ખરેખર અશક્ય છે; કારણ કે એ મન, વચનથી અગોચર છે. એમ ચોક્કસ મારૂં માનવું છે. ૨૩.

તત્ત્વસુધા—રાજાને ક્ષણ ભાર પોતાના સ્વરૂપનો ખ્યાલ આવ્યો કે માનવ સર્વજ્ઞ અને સમર્થ નથી. તેમજ માયાને સમજવાનો દાવો કરે છે અને બીજાને સુખી કરવાનો મનસુબો કરે છે, તે કેવલ અહંભાવ વિના અન્ય કાંઇ જ નથી. ૨૩.

तपः शौचं दया सत्यमिति पादाः प्रकीर्तिताः ।
अधर्मांशैस्त्रयो भग्नाः स्मयसङ्गमदैस्तव ॥ २४ ॥
इदानीं धर्म पादस्ते सत्यं निर्वर्तयेद्यतः ।
तं जिघृक्षत्यधर्मोऽयमनृतेनैधितः कलिः ॥ २५ ॥

અન્વયાર્થ— **तपः**- તપશ્ચર્યા, **शौचम्**-પવિત્રતા, **दया**-દયા, **सत्यम्**-સત્ય, **इति**-એ પ્રમાણે, **तव**-તમારા, **पादाः**-ચાર ચરણો, **प्रकीर्तिताः**-કહેલા છે, **अधर्म-अंशैः**-અધર્મના અંશભૂત એવા **स्मय-सङ्ग-**

१. प्रा०-पा०-कृतम् २. वा० प्रा०-वचसो मनसश्चापि ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મદૈઃ-અભિમાન, કુસંગ અને મદ્યથી, ત્રયઃ-ત્રણ ચરણ, ભગ્નાઃ-ભગ્ન થઇ ગયા છે. ૨૪; ધર્મ-હે ધર્મ, ઇદાનીમ્-હાલમાં, તે-તમારો, સત્યમ્-સત્યે નામનો, પાદઃ-પગ, યતઃ-જેનાથી તમારો, નિર્વર્તયેત્-નિર્વાહ ચાલે, તમ્-તેને, અધર્મઃ-ધર્મ વિઘાતક, અનૃતેન-અસત્યથી, એધિતઃ-વધી પડેલ, અયમ્-આ, કલિઃ-કલિ-યુગ, જિઘૃક્ષતિ-ગ્રહણ કરી લેવા ઇચ્છે છે. ૨૫.

અનુવાદ—તપ, પવિત્રતા, દયા અને સત્ય એમ તમારા ચાર ચરણો છે. તેમાંના તપ, પવિત્રતા અને દયા નામના ત્રણ ચરણ ગર્વ, દુઃસંગ અને મદ નામના અધર્મના ત્રણ અંશો વડે ભાંગી ગયા છે. ૨૪; હે ધર્મ, હાલમાં તમારો સત્ય નામનો જે એક પગ બાકી રહ્યો છે, જેનાથી તમારો નિર્વાહ ચાલે છે, તેને પણ અસત્યથી વૃદ્ધિ પામેલો, અધર્મી, આ કળિયુગ ગ્રહણ કરવા ઇચ્છે છે. ૨૫.

તત્ત્વસુધા—રાજાએ ત્રણેના આચાર, ઉચ્ચારથી નિર્ણય કર્યો કે આ ધર્મ છે, આ પૃથ્વી છે અને આ કલિ છે હવે નિર્ણય ઉપર આવે છે કે ધર્મના ચાર આધાર સ્તંભો છે. ધર્મ એક મુદ્દ મંગલમય રાજમહેલ છે. એમાં સર્વ સુખ સામગ્રીઓ છે. એ ધર્મની 'ઇમારત'ને કોઈ પણ યુગમાં, કોઇ પણ કાળમાં, કોઇ પણ પુરુષ મેળવી શકે છે અને તેનો આનંદ સંપાદન કરી શકે છે.

તપઃ-તપ ધર્મનો પ્રથમ આધાર સ્તંભ છે. તપના વિરોધીઓ ક્રોધ, ગુસ્સો અને ગર્વ છે. કૃચ્છ ચાંદ્રાયણ, વ્રત આચરણ, દુઃખ સહન, કટુ વચન સહન, શીત વાત વર્ષામાં તપશ્ચરણ, એ સર્વ તપ છે. તપ શરીરની પવિત્રતા, દૃઢતા, નિરોગિતા, નિયમિતતા અને સ્વાધીનતા સિદ્ધ કરી આપે છે. બ્રહ્મચર્ય, એકાદશી વ્રત, ઉપવાસ, શીતજલ સ્નાન આદિ શારીરિક તપ છે. મૌન, મિત-મિષ્ટ ભાષણ, મંત્ર જપ, સ્તુતિ-ગુણગાન, સત્ય વચન એ વાણીનાં તપ છે. સંતોષ, આત્મ વિચાર એ મનનાં તપ છે.

શૌચમ્-ઇન્દ્રિય, અન્તઃકરણનો સંયમ અને સેવામાં વરણ એ શૌચ નામનો ધર્મ ઇમારતનો અતિ દૃઢ સ્તંભ છે. દુઃસંગની તેના ઉપર અસર થાય છે. ચારિત્ર્ય ક્ષય અને અજિતેન્દ્રિયતા તેનાં દુષ્પરિણામો આવે છે. શીલ શુદ્ધિ અને અર્થ વહીવટ શુદ્ધિ એ સર્વોત્કૃષ્ટ શૌચ છે. સત્સંગના શેવધીમાંથી નિરવધિ શૌચનો દરેક લાવે છે.

દયા-એ પ્રાણ ધર્મ છે. પારકાનાં કે દુશ્મનનાં દુઃખોને આત્મભાવથી પોતાનાં સમજી નિવારણ કરવાનો પ્રયત્ન કરવો, એ દયાની વ્યાખ્યા છે. દીકરાની દુઃખ નિવારણ કાળજી એ તો સ્વાર્થ-લાગણી છે; પણ દુશ્મનને થતાં દુઃખને હરવાનો પ્રયાસ એ તો દયાની સરિતા છે. માનવ મદોન્મત થાય ત્યારે દયા શૂન્ય બને છે. દયા મળે છે ભગવત્કૃપા પ્રસાદીમાંથી. મદ એ દયાનો દુશ્મન છે.

સત્યમ્-સત્ય તો આત્મધર્મ છે. એ સર્વોત્કૃષ્ટ સ્તંભ છે. ક્ષણ ભર ત્રણ સ્તંભો નાશ પામે; પરંતુ એક સત્ય અવિચલ રહે તો તે ત્રણે સ્તંભોને પાછા લાવી શકે છે. અંદર અને બહારના જીવનની એક વાક્યતા, આત્મવિમર્શ એ સત્ય છે. લોભ સત્યનો કટ્ટર શત્રુ છે. સમસ્ત સદ્ગુણનો એકજ દુશ્મન લોભ છે. કાયા સૌન્દર્યને કોઢ અને ગુણ સૌન્દર્યને લોભ કદરૂપા બનાવે છે. સત્યનું સેવન અપરિગ્રહ વ્રતથી અને અસંગ્રહવ્રતથી થઇ શકે.

ધર્મના ચાર અંશના ચાર વિરોધીઓ ગણાવ્યા-સ્મય, સંગ, મદ અને લોભ. આ રીતે વૃષને-ધર્મને-ચાર પગ હોય છે, અધર્મને પણ ચાર પગ હોય છે. બન્નેની વયમાં વાછરડા અને ગધેડાના જેટલું અંતર હોય છે. બન્ને વર્ણથી શ્વેત લાગે છે, પણ ક્રિયાથી વિપરીત છે. વૃષની વૃત્તિ સાત્વિક હોય છે. તે કોઇને લાત નહિ મારે; પણ કોઇની લાત સહન કરી લેશે. કારણ વિનાનો પણ ગધેડો લાત માર્યા વિના નહિ રહી શકે. વૃષના-વાછરડાના પગમાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બે ખરીઓ હોય છે, તે એમ સૂચવે છે કે એક ખરી 'પ્રવૃત્તિ' બતાવે છે, અને બીજી ખરી પ્રમાણનું કથન કરે છે. કોઇ પણ પ્રવૃત્તિ-ક્રિયા શાસ્ત્ર, વેદ, સમાજ, સજ્જન સંમત હોવી જોઈએ, એ ધર્મનું લક્ષણ છે. જ્યારે ગધેડાને એકજ ખરી છે. તે એકજ ખ્યાલ રાખે છે કે 'કેવલ પ્રવૃત્તિ' કરવી. આ પ્રકૃતિ અધર્મની છે. એણે ધન સુખ મેળવવાં જોઇએ, પણ શ્રમ-નીતિનું અવલંબન જોઈએ.

જો અધર્મના ચાર અંશોને સુવ્યવસ્થિત રીતે વાપરતાં આવડે તો તે પ્રતિકૂલ મટી અનુકૂળ બની જાય છે. 'હું હરિનો છું, હું ગુરુનો અનન્ય છું, હું સત્કુલ પ્રસૂત છું, એવો અભિમાન; સત્પુરુષ સાથેનો સંગ; ભગવદ્ કીર્તન-સ્તવનનો મદ; ગાય, બ્રાહ્મણની રક્ષામાં મિથ્યા ભાષણ-એ ઉલટાં હિતવર્ધક બની જાય છે. આવો વિવેક જીવનમાં આવે ત્યારે ધર્મ મનાય. ૨૪; ૨૫.

इयं च भूर्भगवता न्यासितोरुभरा सती ।
श्रीमद्भिस्तत्पदन्यासैः सर्वतः कृतकौतुका ॥ २६ ॥
शोचत्यश्रुकला साध्वी दुर्भगेवोज्झिताधुना ।
अब्रह्मण्या नृपव्याजाः शूद्रा भोक्ष्यन्ति मामिति ॥ २७ ॥

અન્વયાર્થ— **ચ**-અને, **ભગવતા**-શ્રીકૃષ્ણથી, **ન્યાસિત-ઉરુભરા**-જેનો ભાર હળવો કર્યો છે એવી, **શ્રીમદ્ભિઃ**-શોભા સંપન્ન, **તત્-પદ-ન્યાસૈઃ**-શ્રીકૃષ્ણનાં ચરણકમળના સ્થાપનથી, **સર્વતઃ**-ચારે બાજુએથી, **કૃત-કૌતુકા**-મંગળમય બનેલી, **સતી**-સતી, **સાધ્વી**-સદાચારવાળી, **ઇયમ્**-આ, **ભૂઃ**-પૃથ્વી, **અધુના**-હાલમાં, **ઉજ્ઝિતા**-(ભગવાને) છોડેલી છે માટે, **અશ્રુકલા**-નેત્રોમાં અશ્રુબિન્દુવાળી, **દુર્ભગા ઇવ**-દુર્ભાગિણીની માફક, **ઇતિ**-એમ માનતી, **શોચતિ**-શોક કરે છે કે, **અબ્રહ્મણ્યાઃ**-બ્રાહ્મણોની ભક્તિ વિનાના, **નૃપવ્યાજાઃ**-નામધારી રાજાઓ, **શૂદ્રાઃ**- શૂદ્ર રાજાઓ, **મામ્**-મને, **ભોક્ષ્યન્તિ**-ભોગવશે. ૨૬; ૨૭.

અનુવાદ—વળી ભગવાન શ્રીકૃષ્ણે જેનો ભાર ઉતારી નાખ્યો છે એવી અને ભગવચ્ચરણારવિંદને પોતાના અંગ ઉપર ધારણ કરવાથી સર્વ રીતે બધી બાજુએથી મંગળમય શોભતી, સદાચાર પરાયણ, સતી, આ પૃથ્વી, હાલમાં ભગવચ્ચરણારવિંદનો વિયોગ હોવાથી દુર્ભાગિણી સ્ત્રીની જેમ અશ્રુઓ સારતી શોક કરે છે કે બ્રાહ્મણભક્તિ વિનાના, કેવળ નામધારી શૂદ્ર રાજાઓ મને ભોગવશે, એમ માની દુઃખી થાય છે. ૨૬; ૨૭.

તત્ત્વસુધા—આ બે શ્લોકથી પૃથ્વીની મીમાંસા કરે છે. ધર્મની ઉપેક્ષા સેવાય, ત્યાં પૃથ્વીના વૈભવોનો હ્રાસ થાય છે. પૃથ્વી ગાય છે. એના પુત્રને-ધર્મને જોઇને એને ઉત્સાહ થાય છે. આનંદના અતિરેકમાં આવી તે દૂધ-સુખ સામગ્રીઓ આપે છે. ભગવાને પોતાના સાન્નિધ્યથી પૃથ્વીનું યશો ગૌરવ વધાર્યું અને સ્વર્ગાદિક લોક ત્યજી દેવો પૃથ્વીના ઉપાસક બન્યા. એ ભગવચ્ચરણ પ્રસંગનું કૌતુક-આશ્ચર્ય હતું. આજે ધર્મી ભગવાન અને ધર્મ ઉભય નથી. તેથી પૃથ્વીને અશ્રુઓ છે. શ્રુતિ-સ્મૃતિનો હ્રાસ થાય, ત્યારે નેત્રોમાંથી અશ્રુનો પ્રવાહ પ્રકટ થાય. સંતો અને સત્કર્મો ચાલ્યાં જાય, ત્યારે તે દુર્ભગા દુર્ભાગિણી મનાય. બ્રાહ્મણમાં શ્રદ્ધા વિનાના શાસકોને શૂદ્ર શાસક મનાય, ત્યારે આખી પૃથ્વીની પ્રજામાં શોક છવાય. પરીક્ષિતે પૃથ્વીની પરિસ્થિતિનું દર્શન કરાવ્યું. ૨૬;૨૭.

इति धर्मं महीं चैव सान्त्वयित्वा महारथः ।
निशातमाददे खड्गं कलयेऽधर्महेतवे ॥ २८ ॥

અન્વયાર્થ—મહારથઃ-મહારથી પરીક્ષિત રાજાએ, **ઇતિ**-આ પ્રમાણે, **ધર્મમ્**-ધર્મને, **ચ**-અને, **મહીમ્**-પૃથ્વીને, **સાન્ત્વયિત્વા**-આશ્વાસન આપીને, **એવ**-નિશ્ચયપૂર્વક, **અધર્મ-હેતવે-અધર્મના** કારણભૂત, **કલયે**-કલિયુગ માટે, **નિશાતમ્**-તીક્ષ્ણ-ધારદાર, **ખડ્ગમ્**-તલવારને, **આદદે**-ગ્રહણ કરી. ૨૮.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—મહારથી પરીક્ષિત રાજાએ આ પ્રમાણે ધર્મ અને પૃથ્વીને આશ્વાસન આપીને, અધર્મના કારણભૂત કલિયુગનો નાશ કરવા તીક્ષ્ણ, ધારદાર ખડ્ગને હાથમાં લીધું. ૨૮.

તત્ત્વસુધા—મહારથી પરીક્ષિત રાજાએ પૃથ્વી અને ધર્મને આશ્વાસન આપ્યું. કલિયુગને સાંત્વન ન આપતાં તેને માટે હાથમાં તલવાર લીધી. આ પ્રસંગમાં **કલયે खड्गमाददे** જે ચતુર્થ વિભક્તિ વાપરી છે, તે એમ સૂચવે છે કે કલિયુગની નિવૃત્તિ કરવા તલવાર લીધી છે, વધ કરવા માટે નથી લીધી. 'મચ્છર માટે લીમડાનો ધૂમાડો કરો.' એ પ્રયોગથી મચ્છરનો નાશ નથી થતો; પરંતુ તે સ્થાનમાં મચ્છરોનું નિવારણ કરાય છે. ૨૮.

तं जिघांसुमभिप्रेत्य[1] विहाय नृपलाञ्छनम् ।
तत्पादमूलं शिरसा समगाद्भय विह्वलः ॥ २९ ॥

અન્વયાર્થ—जिघांसुम्-મારવાની ઇચ્છાવાળા, **तम्**-તે પરીક્ષિત રાજાને, **अभिप्रेत्य**-જાણીને, **भय-विह्वलः**-ભયથી ગભરાઈ ગયેલ તે કલિ, **नृप-लाञ्छनम्**-રાજાનાં ચિહ્નને, **विहाय**-છોડી દઈને, **शिरसा**-મસ્તક વડે, **तत्-पादमूलम्**-તેના ચરણના મૂળમાં, **समगात्**-પડી ગયો. (મસ્તકથી પ્રણામ કરતો શરણે ગયો.) ૨૯.

અનુવાદ—પરીક્ષિત રાજા મારવાની ઇચ્છા કરે છે, એમ જાણીને ભય વિહ્વળ બની ગયેલ તે કલિ રાજાનાં ચિહ્નોને ત્યજી દઈને મસ્તક નમાવતો રાજાના ચરણને શરણે ગયો. ૨૯.

તત્ત્વસુધા—પરીક્ષિતના સામર્થ્યનો ખ્યાલ કરી, તેની પ્રકૃતિમાં વીરતા સાથે દયા છે તેનો નિશ્ચય કરી, તેની વાણીમાં 'ઇન્દ્રનો પણ હાથ છેદી નાખીશ' એવો અહં છે, જે પોતાનો જ પરિવાર છે માટે ભયનું કારણ નથી એમ નિર્ણય કરી, ધર્મના વાક્યમાં અત્યંત કરુણા છે એવો વિશ્વાસ થવાથી, કલિયુગ રાજાને શરણે આવ્યો. શરણાગતના નિયમ પ્રમાણે મુકુટ, છત્ર, ચામર, વગેરે રાજચિહ્નોનો ત્યાગ કરી, દીન બની, રાજાના ચરણનો સ્પર્શ કરવા લાગ્યો. યોગી, સંત, વ્રતી અને રાજાએ વધુ કાઈને ચરણ સ્પર્શ ન આપવો. ચરણ સ્પર્શ કરનારને અત્યંત લાભ હશે, પણ ચરણ સ્પર્શ દેનારની શક્તિઓનો સર્વથા હ્રાસ થાય છે. કલિ કપટથી ચરણ સ્પર્શ કરી રાજાના મનમાં પગપેસારો કરવા ચાહે છે, એવી સમજ રાજાને આવી ગઈ. તેથી કલિ **भयविह्वल** ભયભીત બની ગયો. મોટા તપસ્વી અને સિદ્ધોનું પતન સ્પર્શમાંથી જ થયું છે. ૨૯.

पतितं पादयोर्वीक्ष्य कृपया दीनवत्सलः ।
शरण्यो नावधीच्छ्लोक्य आह चेदं हसन्निव ॥ ३० ॥

અન્વયાર્થ— श्लोक्यः-યશસ્વી, **शरण्यः**-શરણાગત રક્ષક, **दीनवत्सलः**-દીન વત્સલ, **पादयोः**-ચરણોમાં, **पतितम्**-પડેલાને, **वीक्ष्य**-જોઈને, **कृपया**-દયાને લીધે, **न अवधीत्**-વધ ન કરતાં, **च**-અને, **हसन् इव**-હસતા હોય એમ, **इदम्**-આ પ્રમાણે, **आह**-બોલ્યા. ૩૦.

અનુવાદ—યશસ્વી, શરણાગત સંરક્ષક, દીનવત્સલ રાજા પરીક્ષિતે ચરણોમાં પડેલા તે કલિયુગને દયાથી ન માર્યો અને હસતા હોય એમ આ પ્રમાણે કહેવા લાગ્યા. ૩૦.

તત્ત્વસુધા—રાજાને માટે ઉચિત હતું કે તેણે કવખતે કરુણા થવું ન જોઇએ. ખલના પ્રણામ ખૂબીથી ભરેલા હોય છે. કાર્યસાધુ ચાટુ વાણી, નમ્રતાના નાટકથી ભરપુર પ્રણામ, એ તેમનાં સ્વાર્થ સાધક શસ્ત્રો હોય છે; કારણ કે હૃદય અને ભાવ તો કટુ હોય છે. રાજા કલિના પ્રણામમાં છેતરાઇ ગયા. રાજાને ચાર વિશેષણો આ

---

૧. પ્રા૦ પા૦-પ્રેક્ષ્ય ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્લોકમાં આપ્યાં છે. 'વીર' પુરુષમાં પરાક્રમ તો હોય છે, પણ આવેશવાળા હોવાથી 'ધારણબુદ્ધિ' વિનાના બની જાય છે અને વિવેક ખોઈ બેસે છે. 'દીન વત્સલ' એ કેવલ ભગવાનનો જ ઉત્તમ ધર્મ છે. હિરણ્યકશિપુનું શ્રીનૃસિંહે વધ કરીને જ કલ્યાણ કર્યું અને દીનવત્સલ બન્યા હતા. રાજામાં લૌકિક કરુણા આવી ગઇ. દીર્ઘદૃષ્ટિ ન રહી. કેવલ શરણાગતને અભય આપવાનો જ ખ્યાલ રહ્યો. શિક્ષા કરવાનો નિર્ણય ઉડી ગયો. 'શરણ્ય' શરણાગતને મારવાથી લોકમાં અપકીર્તિ થશે; એવી પોતાની લૌકિક કીર્તિના રક્ષણમાં પડી ગયો; પરંતુ વંશ ધર્મ વિસારે પડ્યો. શ્લોક્યઃ પોતાના યશને બચાવવા જતાં 'ઉદ્દેશ'ને ભૂલી જવાયો. આ સમયે હાસ્ય ન હોય, પરંતુ હસન્નિવ-હસતા હોય તેમ રાજા બોલે છે. એ જ કલિને પ્રવેશદ્વાર મળી ગયું. શિક્ષાના સમયે હસી દેવું, એ કાર્યનાશક લક્ષણ છે અને દૂષણ છે. ૩૦.

राजोवाच-न ते गुडाकेश यशोधराणां [1]बद्धाञ्जलेर्वै भयमस्ति किंचित् ।
न वर्तितव्यं भवता कथंचन क्षेत्रे मदीये त्वमधर्मबन्धुः ॥ ३१ ॥

અન્વયાર્થ—**गुडाका**-ઈશ-**यशः**-**धराणाम्**-નિદ્રાને જીતનાર અર્જુનની કીર્તિને ધારણ કરનારાઓને, **बद्ध**-**अञ्जलेः**-હાથ જોડીને પ્રણામ કરનાર એવા, **ते**-તને, **वै**-ખરેખર, **किंचित्**-કંઇ પણ, **भयम्**-ભય, **न अस्ति**-નથી, **भवता**-તારે, **मदीये**-મારા, **क्षेत्रे**-રાજ્યમાં, **कथंचन**-કોઈ પણ રીતે, **न वर्तितव्यम्**-રહેવું નહી, **त्वम्**-તું, **अधर्मबन्धुः**-અધર્મનો બંધુ છે. ૩૧.

અનુવાદ—**ગુડાકેશ અર્જુનના ઉજ્જવલ યશને ધારણ કરનારા રાજાઓને હાથ જોડનાર, તને હવે ખરેખર કોઈ પણ પ્રકારનો ભય હોતો નથી. તો પણ તું અધર્મનો બંધુ હોવાથી કોઈ પણ અંશથી તારે મારા રાજ્યમાં ન રહેવું. ૩૧.**

તત્ત્વસુધા—પરીક્ષિત રાજાની અર્થાને થતી કરુણા, વત્સલતા અને ઉતાવળ આ શ્લોકમાં સ્પષ્ટ સમજાય છે. હજુ કલિએ અભયદાન કે ક્ષમા તો માગ્યાં જ નથી. તે પૂર્વમાં જ રાજાએ કહેવાની શરૂઆત કરી. ગુડાકેશ-અર્જુનના યશને ધારણ કરનાર સામે કરબદ્ધ ઉભેલાને કોઇ પણ પ્રકારનો ભય નથી. ગુડાકા એટલે નિદ્રા અને મોહ અને તે બેને જીતે તેને ગુડાકેશ કહેવાય. અમે મોહને જીત્યા છીએ, તેથી અમને તારો ભય નથી. કેવલ તારે અમારી આજ્ઞાનું પાલન કરીને મારા આ જંબુદ્વીપ ક્ષેત્રમાં વસવાટ ન કરવો. રાજા અને અર્જુનના વંશજો તો ભગવત્કૃપાથી જીતમોહ હતા; પરંતુ જગત માટે તો રાજાએ ખ્યાલ કરવો જોઇતો હતો; પણ કરુણાવેશમાં તેનું અનુસંધાન રહ્યું નહિ. ૩૧.

त्वां वर्तमानं नरदेवदेहेष्वनुप्रवृत्तोऽयमधर्मपूगः ।
लोभोऽनृतं चौर्यमनार्यमंहो ज्येष्ठा च माया कलहश्च दम्भः ॥ ३२ ॥

અન્વયાર્થ—**नरदेव**-**देहेषु**-મનુષ્યોના દેહમાં, **वर्तमानम्**-રહેનારા, **त्वाम्**-તારી પાછળ, **लोभः**-લોભ, **अनृतम्**-અસત્ય, **चौर्यम्**-ચોરી, **अनार्यम्**-દુર્જનતા, **अंहः**-પાપ, **च**-અને, **ज्येष्ठा**-દારિદ્રય, **माया**-માયા-કપટ, **च**-અને, **कलहः**-કજીયો-કંકાસ, **दम्भः**-દંભ, **अयम्**-આ બધો, **अधर्मपूगः**-અધર્મનો સમૂહ, **अनुप्रवृत्तः**-આવે છે. ૩૨.

અનુવાદ—**મનુષ્યોના શરીરોમાં તું રહેતો હોય ત્યારે લોભ, અસત્ય, ચોરી, દુષ્ટતા, પાપ, દરિદ્રતા, માયા, કપટ, કંકાસ, દંભ વગેરે આ અધર્મનો સમૂહ તારી આસપાસ ફેલાઇને રહે છે. ૩૨.**

---

૧. મા૦ પા૦-बद्धाञ्जलेस्ते ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્ત્વસુધા—કલિયુગના પરિવારનું અગર પ્રાણોનું નિરૂપણ કરે છે. કલિના નવ પ્રાણો છે, તેનો ક્રમશઃ ઉલ્લેખ આ શ્લોકમાં છે. અધિકારને આંગણે કલિ પ્રથમ જાય છે. નૃપતિમાં અધિકાર અને ધન અને છે, માટે કલિનાં પ્રવેશદ્વાર ખુલ્લાં છે. કલિનો પ્રધાન સેનાપતિ લોભ છે. લોભ તેની પાછળ અનૃત અસત્ય ભાષણને લાવે છે. જ્યારે અસત્યથી કાર્ય ન સરે, ત્યારે ચૌર્ય-ચોરી કરવાનું મન થાય છે. ચોરને વ્યસની થતાં વાર નથી લાગતી; તેમજ દુરાચાર પણ આવી જાય. તેથી તે અનાર્ય અનાડી બને છે. જ્યારે તે અનાડી બને છે, ત્યારે 'અંહઃ' સામાને રંજાડવા, લુંટ, અગ્નિદાહ વગેરે કરે છે. અનીતિથી અને ત્રાસથી મેળવેલું કદી રહે નહિ એટલે જ્યેષ્ઠા-દારિદ્રય આવે છે. પછી માયા-છેતરપંડી-ઠગાઇ વગેરે શરૂ થાય છે. જ્યારે તેની માયા-કપટ પકડાઇ જાય છે, ત્યારે તે કલહઃ આરંભે છે. પછી પોતાની પ્રતિષ્ઠા મેળવવા દંભ-દંભ કરે છે. આ કલિનો પરિવાર પરિણામે સર્વ નાશ કરે છે.

૧. લોભઃ-શ્રમ વિનાના અને હક્ક વિનાના દ્રવ્યની લાલસા. ૨. અનૃતમ્-વાણીનું છલ.

૩. ચૌર્યમ્-ઠગીને લઇ લેવું, ભાવ છુપાવી, ભાવ ખોટા છપાવી, કર છુપાવી લેવું.

૪. અનાર્યમ્ અનાચારી થવું. ૫. અંહઃ-અગ્નિદાહ, હિંસા વગેરે. ૬. જ્યેષ્ઠા-દારિદ્રય.

૭. માયા-પ્રતારણ. ૮. કલહઃ-કંકાસ. કજીયો કરવો. ૯. દંભઃ-સાધુતાનો ડોળ કરવો. ૩૨.

न वर्तितव्यं तदधर्मबंधो धर्मेण सत्येन च वर्तितव्ये ।
ब्रह्मावर्तं यत्र यजन्ति यज्ञैर्यज्ञेश्वरं यज्ञवितानविज्ञाः ॥ ३३ ॥

અન્વયાર્થ—**તત્**-તે કારણથી, **અધર્મબંધો**-અધર્મબંધુ હે કલિ, **ધર્મેણ**-ધર્મથી, **ચ**-અને, **સત્યેન**-સત્યથી, **વર્તિતવ્યે**-રહેવા લાયક, **બ્રહ્માવર્તે**-બ્રહ્માવર્ત ક્ષેત્ર છે, **યત્ર**-જેમાં-બ્રહ્માવર્તમાં, **યજ્ઞ-વિતાન-વિજ્ઞાઃ**-યજ્ઞના વિસ્તારને જાણનારાઓ, **યજ્ઞૈઃ**-યજ્ઞો વડે, **યજ્ઞેશ્વરમ્**-યજ્ઞેશ્વર ભગવાનને, **યજન્તિ**-પૂજે છે-યજન કરે છે, ત્યાં **ન વર્તિતવ્યમ્**-તારે ન રહેવું. ૩૩.

અનુવાદ—**એટલા માટે, અધર્મબંધુ હે કલિ, ધર્મ અને સત્યથી રહેવા લાયક આ બ્રહ્માવર્ત પ્રદેશ છે, કે જે બ્રહ્માવર્તમાં યજ્ઞ વિસ્તારને વિશેષ રીતે જાણનારા બ્રાહ્મણો યજ્ઞો દ્વારા યજ્ઞેશ્વર ભગવાનનું યજન-પૂજન કરે છે, ત્યાં તારે ન રહેવું.** ૩૩.

તત્ત્વસુધા—કલિ ક્યાં ન રહી શકે, એની મીમાંસા આ શ્લોકમાં કરી છે. દેહ અને દેશ બે એવાં બનાવવાં કે જ્યાં કલિ અને કલિ પરિવાર ન રહી શકે. **ધર્મેણ**-સેવા, બ્રહ્મચર્ય, એકાદશીવ્રત, કાયાના ધર્મો આચરી શરીરમાં કલિને સ્થાન ન આપવું. **સત્યેન**-સત્ય વાણીથી વાણીમાં કલિને સ્થાન ન આપવું. સત્ય જેવું મધુર કોઇ અમૃત નથી. એના એકાદ બિન્દુના આસ્વાદ પછીથી એનું મૂલ્ય સમજાય છે. **ચ** અવ્યયથી માનસિક શુદ્ધિ જપ, તત્ત્વવિચારથી કરી લેવી. આ રીતે મન, વચન, કાયાથી કલિને દેહમાં આવતો રોકી શકાય છે અને સેવા, યજ્ઞ, તપ, કથા, હરિ કીર્તન વગેરેથી દેશ-સ્થાનમાં આવતા કલિને રોકી શકાય છે. રાજાએ તેથી આ શ્લોકમાં કલિને બ્રહ્માવર્તમાં ન રહેવા માટે આદેશ કર્યો. સદાચાર એ કાયાનો કિલ્લો છે. સત્ય એ વાણીનો કિલ્લો છે. સદ્વિચાર એ મનનો કિલ્લો છે. ૩૩.

यस्मिन् हरिर्भगवानिज्यमान [1]इज्यामूर्तिर्यजतां शं तनोति ।
कामानमोघान् स्थिरजङ्गमानामन्तर्बहिर्वायुरिवैष आत्मा ॥ ३४ ॥

१. પ્રા૦ પા૦-ઇષ્ટાત્મમૂર્તિઃ ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ-**યસ્મિન્**-જે બ્રહ્માવર્ત દેશમાં, **ઇજ્યમાનઃ**-યજન પૂજન કરાતા, **ભગવાન્**-ભગવાન, **ઇજ્યા મૂર્તિઃ**-યજ્ઞમૂર્તિ, **સ્થિર-જઙ્ગમાનામ્**-સ્થાવર અને જંગમની, **અન્તઃ**-અંદર, **બહિઃ**-બહાર, **વાયુઃ ઇવ**-વાયુની માફક, **આત્મા**-સર્વ વ્યાપક, **એષઃ**-આ, **હરિઃ**-શ્રીકૃષ્ણ, **યજતામ્**-યજન કરનારાઓનું, **શમ્**-કલ્યાણ, **અમોઘાન્**-સફળ, **કામાન્**-કામનાઓને, **તનોતિ**-વિસ્તારે છે. ૩૪.

અનુવાદ—જે બ્રહ્માવર્ત દેશમાં દેવ યજનમાં અને યજ્ઞમાં અર્ચન પામતા યજ્ઞમૂર્ત ભગવાન શ્રીહરિ આરાધન કરનારાઓનું કલ્યાણ કરે છે, તેમજ તેમની કામનાઓ પરિપૂર્ણ કરે છે. જે ભગવાન સ્થાવર અને જંગમ પ્રાણીઓની અંદર અને બહાર વાયુની જેમ સર્વત્ર આત્મારૂપે વ્યાપક છે. ૩૪.

તત્ત્વસુધા—યજ્ઞનું અમોઘ બળ છે. વિશ્વની આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક સુખપ્રાપ્તિ અને શાન્તિ યજ્ઞથી સિદ્ધ થાય છે. યજ્ઞમાં ઇન્દ્ર કે વાયુ વગેરે દિગ્પાલ દેવોનાં યજન નથી થતાં; પરંતુ વિષ્ણુનાં અર્ચન થાય છે. ભગવાનનું નામ ઇજ્યામૂર્તિઃ યજ્ઞમૂર્તિ છે. 'યજ્ઞેન યજ્ઞમયજન્ત દેવા' એ શ્રુતિ પ્રમાણે દેવતાઓએ યજ્ઞો દ્વારા યજ્ઞેશ્વર વિષ્ણુનું અર્ચન કર્યું છે. બ્રહ્માવર્ત દેવયજન છે. ત્યાં થતા યજ્ઞના પવિત્ર વાતાવરણની અસર જમ્બુદ્વીપ અને ભૂમંડળથી આરંભી બ્રહ્મલોક પર્યન્ત થાય છે. તેથી ધર્મના મૂળ પ્રદેશમાં, કલિ, તારે ન વસવું. ૩૪.

સૂત ઉવાચ-પરીક્ષિતૈવમાદિષ્ટઃ સ કલિર્જાતવેપથુઃ ।
તમુદ્યતાસિમાહેદં દણ્ડપાણિમિવોદ્યતમ્ ॥ ૩૫ ॥

અન્વયાર્થ— **પરીક્ષિતા**-પરીક્ષિત રાજાવડે, **એવમ્**-આ પ્રમાણે, **આદિષ્ટઃ**-આજ્ઞા કરાયેલો, **જાત-વેપથુઃ**-થરથર કંપતો, **સઃ**-તે, **કલિઃ**-કલિયુગ, **દણ્ડપાણિમ્ ઇવ**-હાથમાં દંડ ધારણ કરનાર યમરાજની માફક, **ઉદ્યતમ્**-તૈયાર થયેલા, **ઉદ્યત-અસિમ્**-ઉગામેલી તલવાર વાળા, **તમ્**-તે રાજાને, **ઇદમ્**-આ પ્રમાણે, **આહ**-કહેવા લાગ્યો. ૩૫.

અનુવાદ—રાજા પરીક્ષિતનો આ પ્રમાણે આદેશ થતાં કલિયુગ થરથર ધ્રુજવા લાગ્યો. હાથમાં તલવાર ઉગામીને મારવા તૈયાર થયેલા, યમરાજ જેવા ઉભેલા, રાજાને કલિયુગ આ પ્રમાણે કહેવા લાગ્યો. ૩૫.

તત્ત્વસુધા—કલિએ નૃપતિ પરીક્ષિતનું ફરમાન સાંભળી લીધું. દેહનાશ કે દેશનિકાલ એવા બે ભય નજરે તરી આવ્યા. એટલે કંપી ઉઠ્યો અને વિનવવા લાગ્યો. ૩૫.

કલિરુવાચ-યત્ર ક્વચન[1] વત્સ્યામિ સાર્વભૌમ તવાજ્ઞયા ।
લક્ષયે તત્ર તત્રાપિ ત્વામાત્તેષુશરાસનમ્ ॥ ૩૬ ॥
તન્મે ધર્મભૃતાં શ્રેષ્ઠ સ્થાનં નિર્દેષ્ટુમર્હસિ ।
યત્રૈવ નિયતો વત્સ્ય આતિષ્ઠંસ્તેઽનુશાસનમ્ ॥ ૩૭ ॥

અન્વયાર્થ— **સાર્વભૌમ**-હે સમ્રાટ, **તવ**-તમારી, **આજ્ઞયા**-આજ્ઞાથી, **યત્ર**-જ્યાં, **ક્વચન**-કોઈ પણ સ્થળે, **વત્સ્યામિ**-વાસ કરીને રહીશ, **તત્ર**-ત્યાં, **તત્ર-અપિ**-ત્યાં પણ, **આત્ત-ઇષુ-શરાસનમ્**-ગ્રહણ કરેલ બાણ ધનુષ્યવાળા, **ત્વામ્**-તમને, **લક્ષયે**-હું જોઈશ. ૩૬; **ધર્મભૃતામ્**-ધાર્મિકોમાં, **શ્રેષ્ઠ**-શ્રેષ્ઠ, **તે**-તમારી, **અનુશાસનમ્**-શાસનને-હુકમને, **આતિષ્ઠન્**-પાલન કરતો, **યત્ર**-જ્યાં, **એવ**-નિશ્ચિત, **નિયતઃ**-નિયમિત, **વત્સ્યે**-વાસ કરીને રહી શકું, **તત્**-તે, **સ્થાનમ્**-સ્થાનને, **મે**-મને, **નિર્દેષ્ટુમ્**-બતાવવા માટે, **અર્હસિ**-યોગ્ય છો. ૩૭.

---

૧. પા૦ પા૦-ક્વચાય ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—હે સમ્રાટ્ રાજન્, આપની આજ્ઞાથી જે કોઇ પણ સ્થળે હું રહીશ, ત્યાં ત્યાં હાથમાં બાણ ધારણ કરનારા આપનેજ જોઇશ. ૩૬. ધાર્મિકોમાં શ્રેષ્ઠ હે પરીક્ષિત, આપની આજ્ઞાનું પાલન કરતો હું કાયમનો વાસ કરી રહી શકું, તેવું સ્થાન મને બતાવવાને આપ યોગ્ય છો. ૩૭.

તત્ત્વસુધા—કલિની વાણીમાં કાપટ્ય અને કુશલતા હતાં. એણે રાજાને સાર્વભૌમ સંબોધન કર્યું. મોટા પુરુષોને માનવાચક સંબોધનો કરીએ, એટલે તેઓ સ્વરૂપાનુસંધાન ચૂકી જાય છે અને ઘેલા બની જાય છે. પરીક્ષિત માટે તેમજ થયું. કલિના વાક્યમાં ઠગાઇ ગયા. આત્તેષુશરાસનમ્—હું આપને સજ્જ ધનુષ્ય સાથે દેખીને ડરું છું. એનું ગર્ભિત કહેવું છે કે ધનુષ્ય બાણ વાળી લો. વળી ધર્મભૃતાં શ્રેષ્ઠ એવા બીજા સંબોધનથી રાજાની વધુ પ્રશંસા કરી અને 'કાયદેસર' દસ્તાવેજ કરાવી લે, તેવી રીતે પોતાનાં પરિમિત રહેઠાણોના નિર્દેશને બહાને પોતાનો કાયમનો નિવાસ માંગી લીધો અને રાજા સરલતાથી ઠગાઈ ગયા. ૩૬; ૩૭.

सूत उवाच—अभ्यर्थितस्तदा तस्मै स्थानानि कलये ददौ ।
द्यूतं पानं स्त्रियः सूना यत्राधर्मश्चतुर्विधः ॥ ३८ ॥
पुनश्च याचमानाय जातरूपमदात्प्रभुः ।
ततोऽनृतं मदं[1] कामं रजो वैरं च पञ्चमम् ॥ ३९ ॥
अमूनि पञ्च स्थानानि ह्यधर्मप्रभवः कलिः ।
औत्तरेयेण दत्तानि न्यवसत्तन्निदेशकृत् ॥ ४० ॥

અન્વયાર્થ— तदा-ત્યારે, अभ्यर्थितः-પ્રાર્થના કરાયેલા રાજાએ, तस्मै कलये-તે કલિયુગને, द्यूतम्-જુગાર, पानम्-વ્યસન, स्त्रियः-પર સ્ત્રીઓ, सूनाः હિંસા, स्थानानि-રહેવાનાં સ્થાનો, ददौ-આપ્યાં, यत्र-જ્યાં, चतुर्विधः-ચાર પ્રકારનો, अधर्मः-અધર્મ રહેલો છે. ૩૮; प्रभुः-સર્વ સમર્થ પરીક્ષિત રાજાએ, च-અને, पुनः-ફરીથી, याचमानाय-માગતા કલિને, जातरूपम्-સુવર્ણ, अदात्-આપ્યું, ततः-તેથી, अनृतम्-અસત્ય, मदम्-મદ, कामम्-કામ, रजः-રજોગુણને લીધે થતો ક્રોધ, च-અને, पञ्चमम्-પાંચમું, वैरम्-વૈર, अमूनि-આ પાંચ સ્થાનોને, औत्तरेयेण-ઉત્તરાના પુત્ર પરીક્ષિતે, दत्तानि-આપ્યાં, पञ्च-આ પાંચ, स्थानानि-સ્થાનોમાં, हि-ખરેખર, अधर्मप्रभवः-અધર્મને ઉત્પન્ન કરનાર, तत्-निदेश-कृत्-તે રાજાની આજ્ઞાનું પાલન કરનાર, कलिः-કલિયુગ, न्यवसत्-રહેવા લાગ્યો. ૩૯; ૪૦.

અનુવાદ—કલિયુગે આ પ્રમાણે પ્રાર્થના કરી, ત્યારે રાજા પરીક્ષિતે તેને કાયમ વસવાટ માટે જુગાર, વ્યસન, પર સ્ત્રીઓ અને હિંસા એ અધર્મરૂપ ચાર જ્યાં હોય, તે ચાર સ્થાન આપ્યાં. ૩૮; ફરીથી વધુ સ્થાનની માગણી કરતા કલિને સમર્થ પરીક્ષિત રાજાએ રહેવા માટે સોનું આપ્યું. એ સુવર્ણ આપવાથી અસત્ય, મદ, કામ, રજોગુણથી થતો ક્રોધ, તેમજ પાંચમું વૈર એ પણ એને રહેવા માટેનાં પાંચ સ્થાન થયાં, જ્યાં અધર્મને ઉત્પન્ન કરનાર કલિ, રાજાની આજ્ઞાનું પાલન કરતો રાજાનાં દીધેલાં એ પાંચ સ્થાનોમાં રહેવા લાગ્યો. ૩૯; ૪૦.

તત્ત્વસુધા—રાજા સમજે છે કે મેં કલિને અમુકજ સ્થાનોમાં કેન્દ્રિત કરીને ક્ષિતામાં કેદી બનાવ્યો છે. કલિ માને છે કે મને સર્વત્ર વિચરવા પરવાનો આપ્યો છે. કલિએ કૃત્રિમ દૈન્યથી अभ्यर्थितः-યાચના કરી. પરીક્ષિતે कलये કલિને સ્થાનો આપ્યાં. कलये એ चतुर्थी विभक्ति दानार्थमां वापरी, એટલે દાનમાં આપેલી વસ્તુ પાછી ન લેવાય, તેમ તે સ્થાનોમાંથી કલિને કાઢી નહિ શકે, એવો અર્થ થયો. હવે ભાગવતકાર આ

१. मा० पा०-मदः कामो ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પ્રસંગ નિરૂપણને નિમિત્તે સમાજનું ધ્યાન ખેંચે છે કે શ્રમ કરી અને ભગવત્ કૃપા સમ્પાદન કરી આ ચાર બદીમાંથી બચે, તેની આબાદી થાય; નહિ તો બરબાદીને વાર નથી.

દ્યૂતં-જુગારનું નામ છે. શ્રમ અને નીતિ વિનાનું કોઈ પણ સમ્પાદન જુગાર છે. મહાભારતનો સંગ્રામ દ્યૂતમાંથી જ થયો. નલ-વનવાસ પણ દ્યૂતનું જ ફળ છે. પાનમ્-વ્યસનને પાન કહ્યું છે. ફળનો રસ, દૂધ અને છાસ વિનાનાં મદ્યજનક કોઇ પણ પીણાં પાન-વ્યસનમાં ગણાય છે. વ્યસન તો બુદ્ધિ, સમૃદ્ધિ અને તંદુરસ્તીનો નાશ કરે છે. સ્ત્રિયઃ-વારાંગના, પરાંગના અને અનેક લગ્ન એ કલિનાં કેન્દ્ર છે. સૂના-એટલે હિંસા. મન, વચન, કાયાથી કોઈને કનડવું અને પ્રાણ લેવા એ હિંસા છે. આ ચાર કલિના ગઢ છે. તે ગઢમાં કલિ અભય થઈ વસે છે. આટલાં સ્થાનોથી કલિને સંતોષ ન થયો. તેને ક્ષેત્રફળ નાનું લાગ્યું, એટલે પુનઃ માગણી કરતાં જાતરૂપમ્-એક વધુ સ્થાન સુવર્ણ આપ્યું, જે સુવર્ણમાંથી અસત્ય, મદ, કામ, ક્રોધ અને વૈર એવા પાંચ અનર્થો પેદા થાય છે. સુવર્ણ શબ્દ કેવલ સોનાના અર્થનો વાચક નથી; પરંતુ સમ્પત્તિ વાચક છે. દ્યૂતમાં અસત્ય, મદિરામાં મદ, પર સ્ત્રીમાં કામ, પરહિંસામાં ક્રોધ અને સમ્પત્તિમાં વૈર એમ પાંચ પ્રકારે કલિ વહેંચાઈને રહેવા લાગ્યો. સોનામાં અને સૂના-હિંસામાં વેર-ઝેર વસ્યાં છે.

પરીક્ષિતે કલિને આ રહેઠાણ આપ્યાં. એ વૃત્તાન્તનું રહસ્ય છે કે માનવની શાંતિ-આનંદનાં કોઈ વિરોધી હોય તો આ પાંચ-દ્યૂત, પાન, પર સ્ત્રી, હિંસા અને સમ્પતિ-છે. વિવેકના આશ્રયે એ પાંચ વસ્તુઓમાંથી મુક્ત રહેવાનો પ્રયત્ન કરવો. ઔત્તરેયેણ દત્તાનિ-આ પદથી પરીક્ષિતને ઉત્તરાના પુત્ર તરીકે વર્ણવ્યા, તેથી સૂચવ્યું કે રાજા સ્ત્રી પ્રકૃતિમાં આવી ગયા અને વિવેક ચાલ્યો ગયો. ૩૮; ૩૯; ૪૦.

अथैतानि न सेवेत बुभूषुः पुरुषः क्वचित् ।
विशेषतो धर्मशीलो राजा लोकपतिर्गुरुः ॥ ४१ ॥

અન્વયાર્થ— **અથ**-માટે, **બુભૂષુઃ**-આબાદીને ઈચ્છતા, **પુરુષઃ**-પુરૂષે, **એતાનિ**-આ સ્થાનોને, **ન સેવેત**-ન સેવવાં, **વિશેષતઃ**-ખાસ કરીને, **ધર્મશીલઃ**-ધર્મશીલ એવા, **રાજા**-રાજાએ, (ન સેવવાં.), જે **લોકપતિઃ**-લોકોના નિયામક અને **ગુરુઃ**-ગુરૂ પણ છે. ૪૧.

અનુવાદ—એટલા માટે આબાદીને ઈચ્છનારા કોઈ પણ પુરુષે આ પાંચ સ્થાનોને સેવવાં ન જોઈએ, તેમાં ખાસ કરીને ધાર્મિક રાજાએ તો ન જ સેવવાં; કારણ કે તે લોક નિયામક છે તેમજ ગુરુ-આદરણીય પણ છે. ૪૧.

તત્ત્વસુધા—સમાજના બે રાજમાર્ગો છે, બે ભોમિયા છે. એક રાજપુરુષ-શાસક અને અન્ય ધર્મ પુરુષ-લોક ગુરુ. આ બન્ને વિશાલ, સરલ અને વિશુદ્ધ જોઈએ. એ બે ઘોરી માર્ગે કૂચ કરનારા પથિકને આંખ વીંચીને દોડવામાં કોઈ પણ અકસ્માત ન થાય; પરંતુ અકસ્માત-ખબર લાધી જાય. તેનું ઉત્તર દાયિત્વ-જવાબદારી તે બે રાજપુરુષ અને ધર્મપુરુષની છે. એમના આચાર, ઉચ્ચાર અને વિચારને વેદ સંમજી સમાજ અનુસરવાનો. માટે સમાજ ચિંતક વ્યાસમહર્ષિએ ધર્મશીલ રાજપુરુષ અને ધર્મશીલ લોક ગુરુએ અવશ્ય અનેક અનર્થના મૂળ એવી દ્યૂત, વ્યસન, પરસ્ત્રી, હિંસા, સમ્પત્તિ-આ પાંચ ભયંકર ખાણોથી બચવું; એ જ સાચું પંચશીલ છે એમ સૂચવ્યું, કારણ કે યદ્યદાચરતિ શ્રેષ્ઠઃ લોકસ્તદનુવર્તતે । ૪૧.

वृषस्य नष्टांस्त्रीन् पादान् तपः शौचं दयामिति ।
प्रतिसंदध आश्वास्य[1] महीं च समवर्धयत् ॥ ४२ ॥

१. મા૦.પા૦-આસ્થાય ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ— વૃષસ્ય-વૃષના-ધર્મના, નષ્ટાન્-નાશ પામેલા, તપઃ-તપ, શૌચમ્-પવિત્રતા, દયામ્-દયા, ઇતિ-આ પ્રકારના, ત્રીન્-ત્રણ, પાદાન્-ચરણોને, પ્રતિસન્દધે-પાછા જોડી દીધા, ચ-અને, મહીમ્-ગાયરૂપે રહેલી પૃથ્વીને, આશ્વાસ્ય-આશ્વાસન આપીને, સમવર્ધયત્-આબાદીવાળી કરી. ૪૨.

અનુવાદ—વૃષરૂપ ધર્મના નાશ પામેલા, તપ, પવિત્રતા અને દયા નામના ત્રણ ચરણોને સાંધી આપ્યા તેમજ પૃથ્વીને પણ આશ્વાસન આપીને તેનો ઉત્કર્ષ વધાર્યો. ૪૨.

તત્ત્વસુધા—વિશ્વશાંતિ અને વિશ્વ ઉત્કર્ષનાં ત્રણ સાધનો છે. તપ-સ્વાશ્રય, બ્રહ્મચર્ય, શ્રમ, ઉદ્યમ, તપશ્ચર્યા, દુઃખસહન; શૌચં-અર્થ શુદ્ધિ એટલે દ્રવ્યમાં શુદ્ધ દાનત, આચાર શુદ્ધિ અને અન્તઃકરણશુદ્ધિ—'દાન શુદ્ધિ કરતાં દાનત શુદ્ધિ આગળ વધી જાય;' દયા-ભૂત માત્રની અહિંસા અને પ્રાણી માત્રની પીડાનું નિવારણ—આ ત્રણ વિશ્વ કલ્યાણ કેન્દ્રો છે. કૃષિવિકાસ-ખેતીથી, ભક્તિ-સેવા વિકાસથી અને પાખંડ વિનાશથી મહીં ચ સમવર્ધયત્ પૃથ્વીને વધારી-આબાદ કરી. પૃથ્વીનું ક્ષેત્રફળ વધારી, પૃથ્વીને ન વધારાય; પરંતુ પ્રજાનું જીવન ક્ષેત્ર સુધારી પૃથ્વીને વધારાય છે. ૪૨.

स एष एतर्ह्यध्यास्ते[1] आसनं पार्थिवोचितम् ।
पितामहेनोपन्यस्तं राज्ञारण्यं विविक्षता ॥ ४३ ॥
आस्तेऽधुना स राजर्षिः कौरवेन्द्रश्रियोल्लसन् ।
गजाह्वये महाभागश्चक्रवर्ती बृहच्छ्रवाः ॥ ४४ ॥

અન્વયાર્થ— એતર્હિ-હાલમાં, સઃ-તે, એષઃ-આ પરીક્ષિત રાજા, અરણ્યમ્-વનમાં, વિવિક્ષતા-પ્રવેશ કરવા ચાહતા, પિતામહેન-પિતામહ-દાદાએ, રાજ્ઞા-યુધિષ્ઠિરજીએ, ઉપન્યસ્તમ્-આપેલા, પાર્થિવ-ઉચિતમ્-રાજાને યોગ્ય, આસનમ્-રાજ્યાસન ઉપર, અધ્યાસ્તે-બેઠેલા છે. ૪૩; કૌરવ-ઇન્દ્ર-શ્રિયા-કુરુવંશી રાજાઓની સંપત્તિથી, ઉલ્લસન્-પ્રકાશતા, ચક્રવર્તી-ચક્રવર્તી-સાર્વભૌમ, બૃહત્-શ્રવાઃ-ઉત્તમ યશ વાળા, મહાભાગઃ-મહાભાગ્યશાળી, સઃ-તે, રાજર્ષિઃ-રાજર્ષિ પરીક્ષિત, અધુના-હાલમાં, ગજાહ્વયે-હસ્તિનાપુરમાં, આસ્તે-રહેલા છે. ૪૪.

અનુવાદ—વનમાં જવા માટે ચાહતા દાદા યુધિષ્ઠિર મહારાજે અર્પેલા અને રાજાને યોગ્ય રાજ્યસિંહાસન ઉપર તે પરીક્ષિત રાજા હાલમાં બિરાજે છે. ૪૩; કુરુકુલના રાજાઓની રાજ્ય લક્ષ્મીથી ખૂબ શોભતા, સાર્વભૌમ, ચક્રવર્તી અને ઉત્કૃષ્ટ કીર્તિવાળા, મહાભાગ્યશાળી, તે રાજર્ષિ પરીક્ષિત હાલમાં હસ્તિનાપુરમાં રહેલા છે. ૪૪.

તત્ત્વસુધા—મહાન પુરુષની સ્થૂલ કાય ભલે વિદાય લે કાળ ધર્મને માન આપીને; પરંતુ તેની પુણ્યકાય અને પુણ્ય કાર્યકાયા તો કાયમ નજર સામે રહે છે. એના જીવન પ્રભાતનો પ્રભાત સૂર્ય સદાય પ્રેરણા આપેજ જાય છે. જ્યારે આ કલિ નિગ્રહ પ્રસંગને શ્રીસૂતમુનિ ઋષિવૃન્દને વર્ણવી રહ્યા છે, ત્યારે પરીક્ષિત વિદાય લઈ ચૂક્યા હતા; તો પણ જાણે નજર સામે હોય તેમ બોલ્યા કે સ એષ એતર્હિ અધ્યાસ્તે-આજે તે રાજા હસ્તિનાપુરમાં બિરાજે છે, જ્યારે એના આધિપત્યમાં યૂયં સત્રાય દીક્ષિતાઃ આપ સર્વે સત્ર દીક્ષા લઈને બિરાજો છો. આ વિષયનું પ્રતિપાદન ત્રણ શ્લોક સુધી ચાલે છે. ૪૩.

---

૧. પ્રા૦ પા એતદધ્યાસ્ત

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

"પરીક્ષિત હાલમાં સિંહાસને બિરાજે છે," એ વાક્ય કેવલ લોકાચાર પૂરતું નથી કે પ્રશંસા પૂરતું નથી; પરંતુ જનમેજય રાજાના અને પ્રજાના હૃદયમાં અને જીવનમાં પરીક્ષિત ધર્મ રૂપે વસે છે, એવા નિશ્ચયના કથન માટે છે. આવું સામર્થ્ય, તે રાજર્ષિઃ હતા માટે આવી શકયું છે. રાજ્યમાં-વૈભવોમાં વસવા છતાં વનમાં વસતા ઋષિ જેવું તપોમય અને ત્યાગમય જીવન જીવે છે, એ જ એનો આત્મપ્રભાવ છે; તેથી જ તે રાજર્ષિ છે. ૪૪.

इत्थं भूतानुभावोऽयमभिमन्युसुतो नृपः ।
यस्य पालयतः क्षोणीं यूयं सत्राय दीक्षिताः ॥ ४५ ॥

અન્વયાર્થ— **અભિમન્યુ-સુતઃ**-અભિમન્યુના પુત્ર, **અયમ્**-આ, **નૃપઃ**-પરીક્ષિત રાજા, **ઇત્થંભૂત-અનુભાવઃ**-આવા પ્રભાવશાળી છે, **યસ્ય**-જે, **ક્ષોણીમ્**-પૃથ્વીને, **પાલયતઃ**-પાલન કરી રહ્યા છે, ત્યારે **યૂયમ્**-આપ, **સત્રાય**-સત્ર માટે, **દીક્ષિતાઃ**-દીક્ષિત થયેલા છો. ૪૫.

અનુવાદ—આવા પ્રભાવશાળી પરીક્ષિત રાજા જ્યારે પૃથ્વીનું પાલન કરી રહ્યા છે, ત્યારે આપ સુદીર્ઘ કાલના એક શ્રવણ સત્રની દીક્ષા લઈને બિરાજેલા છો. ૪૫.

તત્ત્વસુધા—આ વર્ણનથી કદાચ શૌનકાદિ મુનિઓ રાજાને જોવાની ઉત્કંઠાથી તેના સ્થૂલ શરીરને શોધે નહિ, માટે કહેવાની શરૂઆત કરી કે ઇત્થંભૂતાનુભાવોઽયમ્-આ રાજા આવા દિવ્ય પ્રભાવશાળી દેહથી પ્રજાજનના તનમાં, મનમાં, જીવનમાં અને જગતમાં વસે છે. "માનવે સ્થૂલ દેહે જવું, પુણ્ય દેહ મૂકી જવો. મનુષ્યે કાયાથી જવું, પણ પુણ્ય કાર્યથી રહી જવું." ૪૫.

શ્રીમદ્ ભાગવતના પ્રથમ સ્કંધની તત્ત્વસુધા ટીકાનો
૧૭ મો અધ્યાય સંપૂર્ણ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અધ્યાય ૧૮ મો

અઢારમા અધ્યાયની શ્લોક સંખ્યા ૫૦ છે. શ્રીમદ્ વલ્લભ પ્રભુજીના પાઠ પ્રમાણે ૪૯ શ્લોક છે. ઉત્તમ અથવા અસાધારણ પ્રકરણનો આ અન્તિમ અધ્યાય છે. સોળ અને સત્તરમા એમ બે અધ્યાયમાં પરીક્ષિત રાજાએ ધર્મોન્નતિ અને પ્રજ્ઞોન્નતિ કરી અને આત્મકર્તવ્યને પૂર્ણ કર્યું તે બતાવ્યું. હવે ૧૮ મા અધ્યાયમાં આત્મોન્નતિ તરફ વળ્યા છે, તેનું નિરૂપણ શરૂ કરે છે. માનવ માત્રે સમાજ, કુટુંબ અને વિશ્વના કલ્યાણમાં ઓતપ્રોત થવા છતાં મણિમાળામાં રહેલા સૂત્રની માફક અલગ રહી આત્મ મુક્તિ મેળવવી. એ મહત્ત્વનો સૂર આ અધ્યાયમાં પરીક્ષિતના જીવન ચરિત્રથી મળે છે.

જીવન શાંતિ આત્મદર્શનમાં છે. આત્મદર્શન માનવ શરીર વિના કદિ સુલભ નથી. જગત્ કલ્યાણ તો જગદીશ્વર અનંત રૂપે અને અનેક રીતે કરે છે જ. એમાં આપણે આહુતિ માત્ર આપવાની હોય છે; પરંતુ આપણે હાથ હોમી નથી દેવાનો. હાથનું તો હરિને સમર્પણ કરી દેવાનું છે. એ માટે વૈરાગ્ય અને જ્ઞાન, એ બે અનિવાર્ય છે. **"વૈરાગ્ય વિના ત્યાગ નહિ અને ત્યાગ વિના હરિચરણાનુરાગ નહિ. હરિચરણાનુરાગ વિના વિષયોપરાગ નહિ."** આ અટલ નિયમ કદી ન ભૂલાય. તેથી આ અધ્યાયમાં વૈરાગ્યના વિષયનું ખાસ કથન છે.

વૈરાગ્ય બે પ્રકારે આવે છે—એક વિષાદથી અને બીજો વિવેકથી. વિષાદથી આવેલા વૈરાગ્યને જો સત્સંગનું પાથેય-ભાથુ મળી જાય, તો તે અમર બની જાય છે; વિવેકથી પ્રકટેલો વૈરાગ્ય એ તો અખંડ સૂર્ય છે. એનો અસ્ત જ નથી થતો.

પરીક્ષિત રાજાનો વૈરાગ્ય સામાન્ય નજરે તો વિષાદથી—શાપથી થયેલો લાગે છે. ઋષિના ગળામાં સર્પ મૂક્યો અને વિપ્ર પુત્રનો શાપ થયો, અને રાજ્યનો ત્યાગ કરી ગંગાતટનો આશ્રય લીધો; પરંતુ વિવેક નજર તેમાં જુદી છે. પરીક્ષિત મહાન આત્મા છે. એનામાં ભગવાને 'પ્રમાદ'ને પ્રસાદરૂપે મોકલ્યો છે. સમાજમાં પ્રમાદ કરનાર બે પ્રકારના હોય છે. સામાન્ય માનવો પ્રારબ્ધથી પ્રમાદ કરે છે, મહાન પુરુષો પ્રભુ ઇચ્છાથી પ્રમાદ કરે છે. જેઓ પ્રારબ્ધથી પ્રમાદ કરે છે, તેઓ તો તેનાં વિષમ ફળો ભોગવવા છતાં પુનઃ પુનઃ એકજ પ્રમાદ અનેક વાર કરે છે. મહાન પુરુષોનો પ્રમાદ એકજ વાર હોય છે અને તેના પ્રાયશ્ચિતમાં જીવનનું સમર્પણ હોય છે. પરીક્ષિત ઋષિના ગળામાં સર્પને મૂકીને પરત થતાં તરતજ પરિતાપના તપોવનમાં સળગી ઉઠે છે અને ચિત્ત શુદ્ધિ કરી લે છે. એના પોષણમાં ઋષિ પુત્રના શાપની જાણ થાય છે અને પછીથી ગંગાજીના શરણાગત થાય છે. ગંગાજી એટલે વહેતી અખંડ આત્મજ્ઞાન ધારા. તે જ્ઞાનપ્રપા ઉપર અનંત કૃપા સુધાનાં પાન કરાવવા માટે ભગવાન સ્વયં અવધૂત ચક્રવર્તી શ્રી **શુકાચાર્ય** સ્વરૂપે પધારે છે અને ભાગવતનાં અમી પાય છે. પરીક્ષિતને શાપ થયા પછી એનો વ્યવહાર શાપિત થયેલા યાદવો કરતાં જુદો હતો. યાદવો મદ્યપાન કરી પરસ્પર વિગ્રહે ચઢ્યા. પરીક્ષિતે હરિરસાસ્વાદમાં વિગ્રહનો ત્યાગ કર્યો. એજ હરિ અનુગ્રહનું પ્રત્યક્ષ પ્રતીક છે. આ અધ્યાય વૈરાગ્યાધ્યાય અથવા તો અનુગ્રહાધ્યાય છે.

सूत उवाच—यो वै द्रौण्यस्त्रविप्लुष्टो न मातुरुदरे मृतः ।
अनुग्रहाद् भगवतः कृष्णस्याद्भुतकर्मणः ॥ १ ॥
ब्रह्मकोपोत्थिताद् यस्तु तक्षकात्प्राणविप्लवात् ।
न संमुमोहो रुभयाद्भगवत्यर्पिताशयः ॥ २ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

उत्सृज्य सर्वतः सङ्गं विज्ञाताजितसंस्थितिः ।
वैयासकेर्जहौ शिष्यो गङ्गायां स्वं कलेवरम् ॥ ३ ॥

અન્વયાર્થ—**દ્રૌણિ-અસ્ત્ર-વિપ્લુષ્ટઃ**-દ્રોણ પુત્ર અશ્વત્થામાના અસ્ત્રથી ભરમ થયેલ છતાં, **યઃ**-જે પરીક્ષિત રાજા, **વૈ**-ખરેખર, **અદ્ભુત કર્મણઃ**-અદ્‌ભુત પરાક્રમ વાળા, **ભગવતઃ**-ભગવાન, **કૃષ્ણસ્ય**-શ્રીકૃષ્ણના, **અનુગ્રહાત્**-કૃપા બળથી, **માતુઃ**-માતા ઉત્તરાના, **ઉદરે**-ઉદરમાં, **ન મૃતઃ**-મરણ ન પામ્યા; **ભગવતિ**-ભગવાન શ્રીકૃષ્ણમાં, **અર્પિત-આશયઃ**-સમર્પિત ચિત્તવાળા, **યઃ**-જે રાજા, **બ્રહ્મકોપ-ઉત્થિતાત્**-બ્રાહ્મણના કોપથી ઉપજેલા, **પ્રાણ-વિપ્લવાત્**-પ્રાણનાશક, **ઉરુભયાત્**-મોટા ભયવાળા, **તક્ષકાત્**-તક્ષક નાગથી, **ન સંમુમોહ**-મોહ ન પામ્યા, **વૈયાસકેઃ**-વ્યાસપુત્ર શ્રીશુકદેવજીના, **શિષ્યઃ**-શિષ્ય, **વિજ્ઞાત-અજિત-સંસ્થિતિઃ**-ભગવાન અજિતના તત્ત્વજ્ઞાનને જાણી લઈને, **સર્વતઃ**-ચારે બાજૂએથી, **સઙ્ગમ્**-સંગ-આસક્તિને, **ઉત્સૃજ્ય**-ત્યજી દઈને, **ગઙ્ગાયામ્**-ગંગાજીમાં, **સ્વમ્**-પોતાના, **કલેવરમ્**-શરીરને, **જહૌ**-ત્યજી દીધું. ૧; ૨; ૩.

અનુવાદ—**અદ્‌ભુત પરાક્રમવાળા ભગવાન શ્રીકૃષ્ણના અનુગ્રહથી, અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રથી બળી ગયા છતાં જે પરીક્ષિત રાજા માતાના ઉદરમાં મરણ ન પામ્યા અને ભગવાનમાં ચિત્તવૃત્તિને અર્પણ કરેલી હોવાથી, તે પરીક્ષિત રાજા, બ્રાહ્મણના કોપથી ઉત્પન્ન થયેલા, પ્રાણ વિઘાતક તક્ષક નાગ સંબંધી મોટા ભયથી પણ મોહ ન પામ્યા અને સર્વ પ્રકારના સંગને છોડી દઈને, ભગવાન અજિતના યથાર્થ સ્વરૂપને જાણી લઈને, શ્રીશુકદેવજીના શિષ્ય બનીને ભગવતી ગંગામાં પોતાના કલેવરનો ત્યાગ કર્યો.** ૧; ૨; ૩.

તત્ત્વસુધા—**સ રક્ષિતા રક્ષતિ યો હિ ગર્ભે**-તે કૃપાળુ ભગવાન રક્ષા કરશે, જેણે માતાની કુખમાં રક્ષા કરી છે; એ શ્રદ્ધાસૂત્રનું સાક્ષાત્ દૃષ્ટાન્ત પરીક્ષિત છે. કોઈ પણ વ્યક્તિના આત્મવિશ્વાસ માટે અને ઈશ્વરમાં નિષ્ઠા માટે આ દૃષ્ટાન્ત પૂરતું છે. ઈશ્વર કૃપા પ્રત્યક્ષ છે, તેને પુરવાર કરવા માટે આ અધ્યાયનો પ્રારંભ છે.

દ્રૌણ્યસ્ત્ર વિપ્લુષ્ટઃ-દ્રૌણી અશ્વત્થામાનું નામ છે. અશ્વત્થામાએ અવિચારિત પગલું ભર્યું, એટલે દ્રૌણી નામથી ઉલ્લેખ કર્યો. પિતા દ્રોણ પુણ્યશાળી હતા. તેના પુણ્યથી અશ્વત્થામાનો પ્રાણ પાંડવો ન લઈ શક્યા. અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રે પરીક્ષિતના દેહને બાળી દીધો, તોપણ માતાની કુખમાં રહેલા પરીક્ષિત તો સળવળ્યા. એ ઉપરથી, એક અકલ્પ્ય શક્તિ છે, તે તર્કને પણ સ્વીકારવું પડ્યું. એ શક્તિનું નામ શ્રીકૃષ્ણનું અદ્‌ભુત કર્મ છે. પુનઃ પરીક્ષિતને જીવન સમાપ્તિ પ્રસંગે બ્રહ્માસ્ત્ર જેવો અમોઘ બ્રહ્મશાપ થયો, ત્યારે ભગવાને ભાગવત અમૃત દ્વારા અને પરમ ભાગવત શુકાચાર્ય દ્વારા મોક્ષ અપાવ્યો. બ્રાહ્મણના શાપને સાચો કર્યો. રાજાને તક્ષક કરડ્યો-શરીર છૂટ્યું; પરંતુ શાપ શ્રવણથી ચિન્તા કે ભય, તક્ષક દંશથી ક્લેશ કે વિષની અસર, એવું કાંઈ પણ ન થયું અને હરિરસામૃત પાનથી રસરૂપ બની જવાયું. આ સર્વ માનવના તપોબળ, મનોબળ, બુદ્ધિબળ માત્રથી નથી બનતું. એ બને છે કેવળ ઈશ્વરની શરણાગતિના પરિણામે મેળવેલા કૃપા બળથી. ઉત્તરા માતાએ પોતાના ગર્ભગત બાળકની પ્રભુપાદ કમળમાં પ્રપત્તિ કરી હતી; તેથી કરુણાવત્સલે જ, માતાપિતા, ગુરુ અને જ્ઞાનરૂપ બની રક્ષા કરી છે. "મનુષ્યે ઈશ્વરના અનન્ય શરણ થવું," એ શ્લોકોનું તાત્પર્ય છે. માટેજ વાક્ય લખ્યું છે-

भगवति अर्पिताशयः—આશય-ચિત્તને ભગવાનમાં જ રાખવું.

નટદૃષ્ટિ જેમ દોરમાં પનિહારીની બેડા માંહે,
ચિત્ત પરસ્પર જારનું વળગ્યું રહે છે ત્યાંનું ત્યાંહે,
ત્યાંહાં તેમ મન પ્રભુમાં નિત્ય દેવું, સંસારમાં સાક્ષીવત્ રહેવું,
જગત જાણે એ છે જંજાળી, રાખે હૃદે નિકમ શું તાળી...સેવો શ્રીકૃષ્ણકૃપાળુ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હવે ઈશ્વરમય જીવન બનાવવાનો ક્રમ બતાવે છે. સર્વ પ્રથમ સંગ ત્યાગ, બાદ સિદ્ધ સદ્‌ગુરુની શરણાગતિ, પવિત્ર અને સિદ્ધ સ્થાન–ગંગાતટનો આશ્રય અને હરિરસામૃત પાન–એ અંતિમ જીવનમાં શાંતિ મેળવવાનો ક્રમ છે. ૧; ૨; ૩.

नोत्तमश्लोकवार्तानां जुषतां तत्कथामृतम् ।
स्यात्संभ्रमोऽन्तकालेऽपि स्मरतां तत्पदाम्बुजम् ॥ ४ ॥

અન્વયાર્થ:—**तत्-कथामृतम्**–તે ભગવાનના કથામૃતને, **जुषताम्**–સેવનારાઓને, **तत्-पद-अम्बुजम्**–તે ભગવાનના ચરણકમળને, **स्मरताम्**–સ્મરણ કરનારાઓને, **उत्तम-श्लोक-वार्तानाम्**–શ્રેષ્ઠ કીર્તિવાળા ભગવાનની કથા શ્રવણ કરનારાઓને, **अन्तकाले-अपि**–અંતકાળ સમયે પણ, **सम्भ्रमः-न स्यात्**–થતો નથી. ૪.

અનુવાદ—ભગવત્કથામૃત પાન કરનારા, ભગવચ્ચરણ કમળોનું સ્મરણ કરનારા, ભગવદ્ વાર્તા પરાયણ ભગવદ્દીય જનોને અન્તકાળે પણ ભ્રમ થતો નથી. ૪.

તત્ત્વસુધા—જીવનભરનું સત્કર્મ અને ભજન જીવનના આખર ક્ષણે ખરું કામ આપે છે. યૌવનનું બ્રહ્મચર્ય અને સંપાદિત ધન એ ઉત્તર વયનાં આરોગ્ય અને શાંતિ અને છે. તેમજ જીવનનું નિત્ય ભજન અને સદ્‌ગ્રન્થ સ્વાધ્યાય અંતિમ વયમાં અમૃત બને છે. માટે કેરીના રસની માફક **उत्तमश्लोक वार्तानाम्**–કથા અમીફળના રસને ચુસીચુસી નસેનસમાં, રગેરગે ઉતારવો. ભગવત્ પ્રેમ જ્યારે નાડીઓમાં આવી જાય, ત્યારે આધ્યાત્મિક ભૂમિકા પરિપક્વ થઈ મનાય. વ્યવહારનાં કાર્ય કરતાં પણ મન હરિચરણમાં જ રાખવું. ઉત્તમ શ્લોક એટલે ભગવચ્ચરિત્ર–ભગવદ્યશ એજ જેની વાર્તા એટલે આજિવિકા છે. તેના જીવનભરમાં ક્ષણપણ ક્ષણે ભ્રાન્તિ થતી નથી. જેમ મનુષ્ય પોતાની આજિવિકામાં–કમાણીમાં રસ લે છે, તે પ્રકારે ભગવદ્ વાર્તાને આજિવિકા બનાવવી. ૪.

तावत्कलिर्न प्रभवेत् प्रविष्टोऽपीह सर्वतः ।
यावदीशो महानुर्व्यामभिमन्यव एकराट् ॥ ५ ॥

અન્વયાર્થ—यावत्–જ્યાં સુધી, **ईशः**–સર્વ સમર્થ, **महान्**–મહાન, **आभिमन्यवः**–અભિમન્યુ પુત્ર પરીક્ષિત, **इह**–અહિયાં, **उर्व्याम्**–પૃથ્વી ઉપર, **एकराट्**–ચક્રવર્તી-સમ્રાટ છે, **तावत्**–ત્યાં સુધી, **सर्वतः**–ચો તરફથી, **प्रविष्टः अपि**–પ્રવેશેલો છતાં, **कलिः**–કલિયુગ, **न प्रभवेत्**–સમર્થ થઈ શકે નહિ. ૫.

અનુવાદ—જ્યાં સુધી મહા સમર્થ રાજા પરીક્ષિત આ પૃથ્વી ઉપર સમ્રાટ્ તરીકે શાસન કરતા હોય, ત્યાં સુધી ચારે બાજૂએ પ્રવેશ કર્યો હોય છતાં પણ કલિયુગ પોતાની સત્તા સ્થાપવા સમર્થ થઈ શકે નહિ. ૫.

તત્ત્વસુધા—રાજા પરીક્ષિતે આધિદૈવિક કલિનું નિવારણ કર્યું હતું. આધ્યાત્મિક કાળ તો ચાલુ હતો. તેથી કલિયુગનો નિગ્રહ કરવા છતાં પણ કલિયુગનાં વર્ષો ઓછાં નથી થઈ શકયાં. તે તેના ક્રમ પ્રમાણે ગણનામાં ચાલુજ હતાં. ફેર એટલો પડયો કે પરીક્ષિત રાજાના અસ્તિત્વથી કલિના ધર્મો–ક્રિયા પ્રબલ ન થઈ શકયાં. પરીક્ષિત જાતે **महान्** એટલે સદાચારી, **ईशः** એટલે પ્રભાવશાળી અને **आभिमन्यवः**–ભગવાનના ભાણેજ, અભિમન્યુના પુત્ર હોવાથી પુણ્યશાળી હતા. **'સદાચારી, જીતેન્દ્રિય અને પુણ્યશાળી ઉપર કલિ પ્રભાવશાળી ન થઈ શકે,'** એ આ શ્લોકનું સાર સૂત્ર છે. ૫.

---

૧. ભા૦ પા૦–કુર્વતાં ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

यस्मिन्नहनि यर्ह्येव भगवानुत्ससर्ज गाम् ।
तदैवेहानुवृत्तोऽसावधर्मप्रभवः कलिः ॥ ६ ॥
नानुद्वेष्टि कलिं सम्राट् सारङ्ग इव सारभुक् ।
कुशलान्याशु सिद्ध्यन्ति नेतराणि कृतानि यत् ॥ ७ ॥

અન્વયાર્થ—**યસ્મિન્-અહનિ**-જે દિવસે, **યર્હિ એવ**-જે ક્ષણે જ, **ભગવાન્**-ભગવાને, **ગામ્**-પૃથ્વીને **ઉત્સસર્જ**-ત્યજી દીધી, **તદા એવ**-ત્યારે જ, **ઇહ**-અહીં, **અધર્મ-પ્રભવઃ**-અધર્મનો ઉત્પાદક, **અસૌ**-આ, **કલિઃ**-કલિયુગ, **અનુવૃત્તઃ**-પ્રવૃત્ત થયો. ૬; **સારઙ્ગઃ ઇવ**-હંસની માફક, **સારભુક્**-સારગ્રાહી, **સમ્રાટ્**-સમ્રાટ પરીક્ષિત **કલિમ્**-કલિયુગને, **ન અનુદ્વેષ્ટિ**-દ્વેષ કરતા નથી, **યત્**-કારણ કે, **કુશલાનિ**-પુણ્યકાર્યો, **આશુ**-તુરત જ, **સિદ્ધ્યન્તિ**-ફળીભૂત થાય છે, **ઇતરાણિ**-બીજાં-પાપકર્મ, **ન**-સિદ્ધ થતાં નથી. **કૃતાનિ**-તે પાપ કર્મ કરવામાં આવે ત્યારે ફળ આપે છે. ૭.

અનુવાદ—જે દિવસે અને જે ક્ષણે ભગવાને આ પૃથ્વીને ત્યજી દીધી, તે ક્ષણથીજ આરંભીને અધર્મ ઉત્પન્ન કરનાર કલિયુગની પૃથ્વીમાં પ્રવૃત્તિ શરૂ થઈ. ૬.

ભ્રમરની માફક સારગ્રાહી સમ્રાટ પરીક્ષિત રાજાએ એ કલિનો દ્વેષ ન કર્યો; કારણ કે એનામાં એક મોટા ગુણ છે. કલિયુગમાં પુણ્ય કાર્યો સંકલ્પ માત્રથી જ ફળદાયી બને છે; જ્યારે પાપ કર્મ તો આચરવામાં આવે ત્યારે જ ફળ આપનારાં નીવડે છે. ૭.

તત્ત્વસુધા—ભગવાન શ્રીકૃષ્ણ દ્વાપર યુગના અંતમાં પ્રકટ થયા, લગભગ સવાસો વર્ષ ભૂતલ ઉપર બિરાજ્યા. તે સમયે કલિ આવી શકયો ન હતો; પરંતુ યસ્મિન્ અહનિ જે દિવસે અને યર્હિ જે ક્ષણે ભગવાને પૃથ્વીનો પરિત્યાગ કર્યો, તે જ દિવસે અને તેજ ક્ષણે કલિયુગનો પ્રવેશ થયો છે. કલ્કિ અવતાર સુધી તેનો અવધિ છે. જો પરીક્ષિત રાજા તેનો નાશ કરે તો તે શકય નથી; કારણ કે કાળ પણ પ્રભુનોજ ધર્મ છે. કદાચ તેમ કરી શકે તોપણ શરણાગત વધનું પાપ લાગે છે. કદાચ દૈશનિકાલ કરે તો પરીક્ષિત રાજાના ગયા બાદ કલિ પાછો આવે પરિણામે એનાં એટલાં વર્ષો ભોગવવાનાં બાકી રહે, તે પાછો આવીને ભોગવે; એટલો કળીકાળ લંબાય. આવું ન બને એમ વિચારીને કલિને રાખ્યો, છતાં પ્રભાવશૂન્ય કરી નાખ્યો; કારણ કે સજ્જન સમ્રાટ રાજા નાનુદ્વેષ્ટિ કલિં કલિનો દ્વેષ કરતા નથી. તે કેવળ ગુણગ્રાહી છે. ભ્રમર કુસુમોના સૌન્દર્ય માધુર્ય મકરન્દનો નાશ કર્યા વિના પોતાની દક્ષતાથી પુષ્પગત રસનું પાન કરે છે. એજ રીતે વિવેકી વિશ્વનાં વિષમ કાર્યોને અનાસક્તિથી ઉકેલે છે. વસ્તુ માત્રમાં ગુણ અને દોષ હોય છે. એમાંથી ગુણો લેવા, એ જ ભક્તિનું સ્વરૂપ છે. કલિનો એક ગુણ છે કે કુશલાનિ આશુ—સત્કર્મોનું ફળ શીઘ્ર મળે છે. ધન ન હોય, સમય ન હોય. શરીર સ્વસ્થ ન હોય અને માનસિક પુણ્ય, દાન, યાત્રા કરીએ તોપણ કલિમાં તેનું ફળ મળે છે, જ્યારે પાપ કર્મનું ફળ તો આચરવાથી મળે છે. આ સવલત અન્ય યુગમાં નથી. એમ સમજીને કલિને પ્રભાવ શૂન્ય બનાવી રાખ્યો અને સર્વનું હિત સાધ્યું. સત્ય યુગમાં ધર્મનું ફળ એક વર્ષે, ત્રેતામાં એક માસે, દ્વાપરમાં બારમા દિવસે અને કલિયુગમાં તરતજ ફળ મળે છે. વળી કલિયુગમાં સ્વકૃત પાપોનાં ફળ ભોગવવાં પડે છે; પરંતુ સંસર્ગકૃત પાપો ભોગવવાં પડતાં નથી. કુટુંબમાં કોઇ પાપ કરે, તેની સાથે રહેવાનું હોય તો કલિયુગમાં તે પાપનું ફળ સંસર્ગીને નથી થતું; પરંતુ બીજા ત્રણ યુગોમાં સંસર્ગીને પણ પાપ લાગુ પડે છે. કલિયુગમાં જો કુટુંબમાં કોઇ પુણ્ય કરે તો તેના સંસર્ગીને પણ તેનું શુભ ફળ મળે છે. ૬; ૭.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

किं नु बालेषु शूरेण कलिना धीरभीरुणा ।
अप्रमत्तः प्रमत्तेषु यो [1]वृको नृषु वर्तते ॥ ८ ॥

અન્વયાર્થ—બાલેષુ-અજ્ઞાનીઓ ઉપર, **શૂરેણ**-શૂરવીર, **ધીરભીરુણા**-ધીર પુરુષથી ડરતા, **કલિના**-કળિયુગથી, **કિમ્ નુ?**-શું થવાનું છે? **યઃ**-જે, **વૃકઃ**-વરુ જેવો, **અપ્રમત્તઃ**-પ્રમાદ ન કરતો, **પ્રમત્તેષુ**-પ્રમાદી એવા, **નૃષુ**-માનવો ઉપર, **વર્તતે**-પ્રભાવ જમાવે છે. ૮.

અનુવાદ—વળી બાળક સમાન અજ્ઞાનીઓ ઉપર એ બળ દાખવે છે; પરંતુ ધીર-જ્ઞાની પુરુષોથી ભય પામે છે; જે કલિ, ગાફેલ મનુષ્યો ઉપર પ્રમાદ ન કરનાર વરુની માફક બળ જમાવે છે, તેનાથી શું થવાનું છે? ૮.

તત્ત્વસુધા—મહર્ષિ વ્યાસ કલિયુગના સામર્થ્યનું મૂલ્યાંકન મૂકે છે કે કલિ **બાલેષુ** નિર્મળ મનોબળ વાળાઓમાં પ્રભુત્વ જમાવી શકે છે; પરંતુ ધીરથી દૂર ભાગે છે. ધી એટલે બુદ્ધિને **ઈર** પ્રેરે, તેને ધીર કહેવાય. **ધિયં ઈરયતિ ઇતિ ધીરઃ**- વરુના જેવી કલિની ટેવ છે. તે સુતેલાં પ્રાણીઓની વચમાં ઘુસી જાય છે અને ફાડી ખાય છે. તેજ પ્રકારે વિલાસ, વિલાસિની, વ્યસન, વૈભવ અને વિષયોના જૂથમાં જે અટવાઈ ગયો છે, તેમનામાં કલિ વિજયી બને છે. ૮.

उपवर्णितमेतद्वः[2] पुण्यं पारीक्षितं मया ।
वासुदेवकथोपेतमाख्यानं यदपृच्छत ॥ ९ ॥
या याः कथा भगवतः कथनीयोरुकर्मणः ।
गुणकर्माश्रयाः पुम्भिः संसेव्यास्ता बुभूषुभिः ॥ १० ॥

અન્વયાર્થ—એતત્-આ, **પુણ્યમ્**-પરમ પવિત્ર, **વાસુદેવ-કથા-ઉપેતમ્**-ભગવાન વાસુદેવની કથાઓથી ભરપુર, **પારીક્ષિતમ્**-રાજા પરીક્ષિતનું, **આખ્યાનમ્**-આખ્યાન, **યત્**-જેને, **અપૃચ્છત**-આપે પૂછેલું, તે **મયા**-મેં, **વઃ**-આપને, **ઉપવર્ણિતમ્**-વર્ણવ્યું. ૯; **કથનીય-ઉરુકર્મણઃ**-વર્ણન કરવા યોગ્ય મોટાં પરાક્રમવાળા, **ભગવતઃ**-ભગવાનની, **યાઃ**-જે, **કથાઃ**-કથાઓ, **ગુણ-કર્મ-આશ્રયાઃ**-ગુણ અને કર્મનો આશ્રય કરનારી છે, **તાઃ**-તે કથાઓને, **બુભૂષુભિઃ**-આબાદીને ઈચ્છતા, **પુમ્ભિઃ**-પુરુષોએ, **સંસેવ્યાઃ**-સારી રીતે સેવવી જોઈએ. ૧૦.

અનુવાદ—ભગવાન વાસુદેવની કથાઓથી ભરપુર, પરમપવિત્ર, આ પરીક્ષિત રાજાનું આખ્યાન મેં આપને વર્ણવી સંભળાવ્યું, જે આપે મને પૂછયું હતું. ૯; વર્ણન કરવા યોગ્ય મહાન પરાક્રમ વાળા ભગવાનની જે જે કથાઓ ભગવાનના ગુણ-કર્મના આશ્રય વાળી હોય, તે તે કથાઓને મહાન થવાની ઈચ્છાવાળા પુરુષોએ અવશ્ય સેવવી જોઈએ. ૧૦.

તત્ત્વસુધા—વક્તા વિચક્ષણ હોય છે. તે કથાનો ઉપક્રમ, ઉપોદ્ઘાત અદ્ભુત રીતે ગુંથે છે. વિષયનો આરંભ કરી જ્યારે પ્રતિપાદન કરવા લાગે ત્યારે અપવાદના સાવચેત એકાદ બે શ્રોતાઓને છોડી સર્વ કેવલ શ્રવણ રસ પ્રવાહમાં તણાય છે; પરંતુ વક્તા જ્યારે પ્રતિપાદન કરી, પુનઃ ઉપક્રમને યાદ કરી, ઉપસંહાર કરે છે, ત્યારે શ્રોતા સમાજ શ્રવણ-સમાધિમાંથી જાગૃત થઈ જઈ 'વાહ' બોલી દે છે. સૂતજી એવાજ દક્ષ વક્તા છે.

૯મા શ્લોકમાં કહ્યું કે તમે પૂછયું હતું કે "ભગવાન વાસુદેવની કથાના સંયોગવાળું પરીક્ષિત રાજાનું ચરિત્ર કહો," એવા તમારા આશયથી મેં આપને પરીક્ષિતનું ચરિત્ર વર્ણવ્યું. અન્યથા ત્રીજા અધ્યાયથી જ ભગવદ્ ગુણાનુવાદનો પ્રારંભ કરી દેત.

१. प्रा० पा०-नृपो। २. प्रा०' प्रा० मेतद्धि ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કદાચ તમને લાગશે કે આપે અમારા પ્રશ્ન સમયે જ અમને રોકીને ભગવચ્ચરિત્ર કેમ ન પૂછ્યાં ? તેનો ઉત્તર વાળ્યો કે ભગવાનના ગુણ કર્મના સંસર્ગવાળી કોઇ પણ કથા જીવન-ઉત્કર્ષ મેળવવાની ઇચ્છાવાળાએ અવશ્ય સાંભળવી જોઇએ. ૯; ૧૦.

ऋषय ऊचुः—सूत जीव समाः सौम्य शाश्वतीर्विशदं यशः ।
यस्त्वं शंससि कृष्णस्य मर्त्यानाममृतं हि नः ॥ ११ ॥

અન્વયાર્થ—સૌમ્ય-શાન્તમૂર્તિ, **સૂત**-હે સૂત, **શાશ્વતીઃ**-ઘણાં, **સમાઃ**-વર્ષ સુધી, **જીવ**-આપ જીવો, **યઃ**-જે, **ત્વમ્**-આપ, **હિ**-ખરેખર, **મર્ત્યાનામ્**-મરણશીલ, **નઃ**-અમને, **વિશદમ્**-નિર્મળ, **અમૃતમ્**-અમૃતમય, **કૃષ્ણસ્ય**-શ્રીકૃષ્ણના, **યશઃ**-યશને, **શંસસિ**-કહો છો. ૧૧.

અનુવાદ—પ્રશાન્તમૂર્તિ, હે સૂત ! આપ ઘણાં વર્ષ જીવો; કારણ કે મરણશીલ એવા અમને આપ, ખરેખર, મૃત્યુના ભયને ટાળનારા, નિર્મળ, અમૃતમય, શ્રીકૃષ્ણના ઉજ્જવલ યશનું પાન કરાવો છો. ૧૧.

તત્ત્વસુધા—વિપ્ર પ્રસન્ન થાય ત્યારે આશીર્વાદ આપે, ધન કમાય ત્યારે યજ્ઞ કરે, ધન જાય ત્યારે હસે, પીડા પામે ત્યારે તપ આચરે, અપમાનિત થાય ત્યારે આત્મગામી થાય, માન મળે ત્યારે ભક્ત થાય. સૂત ઉપર ઋષિ સમાજ રાજી થયો, ભગવદ્યશ પીવાનો ઉત્સાહ આવી ગયો; પરંતુ ઋષિ પ્રવરોને લાગ્યું કે સૂત મુનિ કદાચ કથાનો ઉપસંહાર કરતા હોય તેમ લાગે, એટલે એમનો ઉત્સાહ વધારવા માટે અમૂલ્ય ભેટના રૂપમાં આશીર્વાદ વરસાવવા લાગ્યા કે સૂતજી શાશ્વતીઃ સેકડો વર્ષ આપ જીવો. 'શાશ્વતીઃ સમાઃ' માં શાશ્વતી શબ્દ, દેવોનાં દિવ્ય વર્ષ જીવો, એવા આશયથી વાપર્યો છે. આપના આ શરીરથી જ અગણિત વર્ષ જીવો, જેથી જગતને જગદીશ પ્રભુનું ચરિતામૃત પીવાનું મળે. શ્રોતા વર્ગની પવિત્ર આશિષથી જ વક્તા દીર્ઘજીવી અને તંદુરસ્ત બને છે. માટેજ વક્તા શ્રોતાનો વારંવાર ઉપકાર માને છે.

શ્રીશંકર ભગવાન દેવી ઉમાને પ્રસન્ન થઇ માન આપે છે કે, "ધન્ય ધન્ય ગિરિરાજકુમારી-હિમરાજ કુમારી, જેટલા ધન્યવાદ આપું એટલા ઓછા છે. તમે મને રામ યશ પીયૂષ સરિતામાં અવગાહન કરાવો છો." શ્રોતા વક્તાને આયુષ્યામૃત આપે અને વક્તા શ્રોતાવૃન્દને હરિ રસામૃત આપે, એજ પરસ્પરની કૃતજ્ઞતા છે.

સૌમ્ય સંબોધનથી વક્તાની સાત્વિકતા, સમતોલ મનોવૃત્તિ દર્શાવ્યાં છે. વિશદં શબ્દમાંના વિશ્ ધાતુનો અર્થ સંસારમાં પ્રવેશ અને દ્ એટલે તે પ્રવેશનો નાશ કરવો એવો અર્થ કરવો. ભગવત્કથામૃત મનુષ્યની સાંસારિક વૃત્તિઓ અને વાસનાઓને અલૌકિક અને તત્ત્વમાર્ગ ગામિની બનાવી દે છે.

આ યશ શ્રીકૃષ્ણનો છે. અમે સાંભળવા ન ચાહીએ તો પણ તેનું માધુર્ય અમને પરવશ બનાવી તેના પુનઃ પુનઃ શ્રવણમાં જ અમને આકર્ષી જાય છે. ૧૧.

कर्मण्यस्मिन्ननाश्वासे धूमधूम्रात्मनां भवान् ।
आपाययति गोविन्दपादपद्मासवं मधु ॥ १२ ॥

અન્વયાર્થ—ભવાન્-આપ, **અસ્મિન્**-આ, **અનાશ્વાસે**-કઠિન વિશ્વાસ વાળા, **કર્મણિ**-કર્મમાં, **ધૂમ-ધૂમ્ર-આત્મનામ્**-ધૂમાડાથી ધૂમરાવર્ણના શરીરવાળાઓને, **મધુ**-મધુર, એવા **ગોવિન્દ-પાદપદ્મ-આસવમ્**-ગોવિન્દ ભગવાનના ચરણકમળ મકરન્દ રસને, **આપાયયતિ**-પાઈ રહ્યા છો. ૧૨.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—ફળની બાબતમાં કઠિન વિશ્વાસવાળા આ યજ્ઞાદિ કર્મમાં પરોવાયેલા હોવાથી યજ્ઞધૂમથી ભૂખરા વર્ણના શરીરવાળા અમને આપ, અત્યંત મધુર એવા ગોવિન્દ ભગવાનના ચરણ કમળ મકરન્દ રસને પાઈ રહ્યા છો. ૧૨.

તત્ત્વસુધા—વક્તામાં ઈશ્વરે અત્યંત સૂક્ષ્મદર્શિની બુદ્ધિ મૂકી હોય છે. તે એકજ પળમાં શ્રોતાનું મન સમજી જાય છે. એવા વિલક્ષણ સૂતજીને લાગ્યું કે આ ઋષિ સમૂહ સાયં પ્રાતર્ અગ્નિહોત્ર પરાયણ છે, નિત્ય યજ્ઞાનુષ્ઠાન તત્પર છે; તે સમયે આ કથામૃતનું પ્રદાન 'સમુદ્રમાં વૃષ્ટિ જેવું વ્યર્થ તો નહિ બનેને,' એવો વિચાર આવ્યો અને કથાનો સંક્ષેપ કરવા લાગ્યા, ત્યારે ઋષિ સમાજે પોતાની પરિસ્થિતિનો ખ્યાલ કરાવતો શ્લોક કહ્યો કે કર્મણિ અસ્મિન્ અનાશ્વાસે...કર્મ માર્ગ એટલો મોટો વિપુલ અને જટિલ છે કે અમે તેમાંથી નીકળી શકીશું નહિ. ફળ તો અવશ્ય મળશે, પણ તે યજ્ઞાદિ અનંત ફળવાળા નથી. સ્વર્ગાદિ લોક પ્રાપ્તિ તેનાં ફળો છે. ક્ષીણે પુણ્યે, પુણ્ય ક્ષય થતાં પુનર્જન્મ લેવો પડે અને સ્વર્ગ છોડવું પડે. ઉપરાંત ધૂમધૂમ્રાત્મનામ્-યજ્ઞીય ધૂમથી જટાઓ પીળી પડી ગઇ છે, શરીર ધૂમાડાથી ભૂખરાં થઈ ગયાં છે. આ અમારી હાલત છે. જોકે યજ્ઞીય ધૂમ અનેક રીતે સુખ આપે છે, રોગ કાપે છે, આરોગ્ય આપે છે, વાસનાઓને મારે છે; તો પણ કષ્ટસાધ્ય માર્ગ છે. ત્યારે આપે જે આ કથા સદાવ્રત પ્રારંભ્યું છે, તે સુખકર રીતે આત્મદર્શન કરાવી આપે છે, તો આપ, અમને જે ગોવિન્દ પાદપદ્મ આસવનું પાન કરાવી રહ્યા છો તે જ ચાલુ રાખો. આ હરિકથા તો સાક્ષાત્ અમૃત છે. વળી સોમરસ પાન કરી અમૃત પીવા સ્વર્ગમાં જવું પડે એટલે પ્રથમ મરવું પડે, પછી અમૃત મળે અને તે પણ માપમાં મળે, ત્યારે આ કથામૃત તો અમાપ છે અને આ જ દેહમાં આ જ ક્ષણમાં મળે છે. ૧૨.

तुलयाम लवेनापि न स्वर्गं नापुनर्भवम् ।
भगवत्सङ्गिसङ्गस्य मर्त्यानां किमुताशिषः ॥ १३ ॥

અન્વયાર્થ—**भगवत्-सङ्गि-सङ्गस्य**-ભગવત્સંગવાળાઓની સાથે સમાગમના, **लवेन-अपि**-એક ક્ષણ માત્રના સંગ સાથે. **स्वर्गम्**-સ્વર્ગને, **न तुलयाम**-હમે સરખાવતા નથી, **न अपुनर्भवम्**-મોક્ષને પણ સરખાવતા નથી, **उत**-તો પછી, **मर्त्यानाम्**-નાશ પામનારાઓના, **आशिषः**-ભોગવૈભવોની, તો **किम्**-વાત શી કરવી? ૧૩.

અનુવાદ—ભગવાનના સંગવાળા ભક્તોની સાથેના એક ક્ષણવારના પણ સત્સંગ સાથે અમે સ્વર્ગ કે મોક્ષની સરખામણી કરતા નથી; તો પછી માનવીઓના નાશશીલ એવા ભોગવૈભવોની તો વાત જ શી કરવી? ૧૩.

તત્ત્વસુધા—૧૨મા શ્લોકમાં યજ્ઞ અને કથા સત્રની તુલના કરી તફાવત દર્શાવ્યો કે હરિરસ સ્વયં અમૃત છે અને સુખ પ્રાપ્ય છે. હવે યાગીય ફળની સ્વર્ગ સાથે અને મોક્ષ સાથે કથામૃત અને સત્સંગની સરખામણી કરીને ભગવદ્જન સંગની સરસાઈ-સર્વ શ્રેષ્ઠતા દર્શાવે છે. સ્વર્ગ કર્મસાધ્ય સુખ છે, પણ કર્મ તો કષ્ટ સાધ્ય છે, તેમજ પરિમિત ફલનું દાન કરે છે. મોક્ષ સ્વર્ગથી ઉત્તમ છે, તો પણ સર્વ સુલભ નથી. જ્ઞાન પંથ કૃપાણની ધાર જેવો છે અને જીવ કૃપણ શિરોમણિ છે. તે જરા આવે તો પણ જરાય જગત સુખો છોડવા ચાહતો નથી. તેને તત્ત્વજ્ઞાન ન રૂચે કે ન પચે. વળી આત્મદર્શનમાં હરિસેવા રસનો સમાવેશ ન જ થાય ને? માટે જે સત્સંગ અને હરિરસ સર્વને રૂચે, પચે, શીઘ્ર ફળે, સર્વત્ર મળે, સર્વને ફળે; મોહ ટળે, મનમોહન મળે અને આનંદકંદ, વૃન્દાવન ચંદ્ર, નંદનંદન, બાલમુકુન્દની સેવામાં અવિલંબે વળે; વળી પળે પળે હૃદય કોમલ, આર્દ્ર, ઉદાર બનીને આત્મસમર્પણ કરી શ્રીકૃષ્ણનું બની જાય એવા સત્સંગને કે એવા સત્સંગીના સંગને કદિ સ્વર્ગ કે મોક્ષની સરખામણીમાં ન મૂકાય. મેરૂ અને મલય જેટલું અંતર આ ઉભયની વચ્ચે છે. મેરૂ સુવર્ણનો છે, પણ કોઈને સુવર્ણનો બનાવે તો નહિ; પરંતુ સુવર્ણનો ટુકડો આપે પણ નહિ; મલય તો ચંદન આપે, પરંતુ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

લીમડા, આવળ, ઇન્દ્રજવ જેવા કટુ તરૂઓને ચંદન તરૂ બનાવી દે છે; કે જે ભગવાનના શ્રીઅંગમાં-સર્વાંગમાં અને ઉત્તમાંગ લલાટમાં બિરાજે છે. પાંડવ ગીતામાં શ્રીકૃપાચાર્ય ભગવાન પાસે વિનંતિ કરે છે કે-

मज्जन्मनः फलमिदं मधुकैटभारे मत्प्रार्थनीय मदनुग्रह एष एव ।
त्वद् भृत्य भृत्य परिचारक भृत्य भृत्यस्य भृत्य इति मां स्मर लोकनाथ ॥

માટે જે અનન્ત કાળ પર્યન્તનું સ્વર્ગ સુખ, શાશ્વત સુખ દેનાર અપવર્ગ અને એક નેત્રના પલકારાનો શતાંશ ભાગના સમય જેટલો સત્સંગ-એ ત્રણમાંથી મન અભીષ્ટ પસંદગી કરવાની હોય તો સત્સંગનોજ સ્વીકાર કરીશું. એવાં બહુવચનને વાપરીને ઋષિઓએ આ વિષયમાં અનેકની અનુમતિ દર્શાવી. ૧૩.

को नाम तृप्येद् रसवित्कथायां महत्तमैकान्तपरायणस्य ।
नान्तं गुणानामगुणस्य जग्मुर्योगेश्वरा ये भवपाद्ममुख्याः ॥ १४ ॥
[1]तन्नो भवान् वै भगवत्प्रधानो महत्तमैकान्तपरायणस्य ।
हरेरुदारं चरितं विशुद्धं शुश्रूषतां नो वितनोतु विद्वन्[2] ॥ १५ ॥

અન્વયાર્થ--**महत्तम-एकान्त-परायणस्य**-મહા પુરુષોના એક માત્ર આશ્રયરૂપ, ભગવાનની, **कथायाम्**-કથામાં, **कः नाम**-કયો એવો, **रसवित्**-રસજ્ઞ પુરુષ, **तृप्येत्**-તૃપ્ત થાય ? કારણ કે **ये**-જેઓ, **भव-पाद्म-मुख्याः**-મહાદેવ-બ્રહ્મા વગેરે પ્રમુખ દેવો છે તેઓ પણ, **अगुणस्य**-નિર્ગુણ એવા પરમેશ્વરના, **गुणानाम्**-ગુણોના, **अन्तम्**-પારને, **न जग्मुः**-પામ્યા નથી. ૧૪; **तत्**-તેથી, **विद्वन्**-હે વિદ્વાન, **भवान्-वै**-આપ જ, **नः**-અમારા સર્વેની મધ્યમાં, **भगवत्-प्रधानः**-ભગવદ્ ભક્તોમાં શ્રેષ્ઠ છો માટે, **महत्तम-एकान्त-परायणस्य**-મહા પુરુષોના અનન્ય આશ્રય રૂપ, **हरेः**-શ્રીહરિના, **विशुद्धम्**-અત્યંત પવિત્ર, **उदारम्**-ઉદાર, **चरितम्**-ચરિત્રને, **शुश्रूषताम्**-શ્રવણ કરવાને ઇચ્છતા, **नः**-અમને, **वितनोतु**-વિસ્તારો. ૧૫.

અનુવાદ--શ્રેષ્ઠ જ્ઞાની પુરુષોના આશ્રયરૂપ ભગવાનની કથા શ્રવણ કરવામાં કયો રસજ્ઞ પુરુષ તૃપ્ત થાય ? મહાદેવશંકર, બ્રહ્મા વગેરે મુખ્ય દેવો પણ નિર્ગુણ પરમાત્માના પારને પામી શકયા નથી. ત્યાં અન્યની તો વાત જ શી કરવી ? ૧૪; હે વિદ્વાન સૂતજી ! આપ, ખરેખર, આપના જીવનમાં ભગવાનને જ પ્રધાન માનનારા શ્રેષ્ઠ પુરુષ છો, માટે મહત્પુરુષોના અનન્ય આશ્રય એવા શ્રીહરિના અત્યંત પવિત્ર અને પરમ ઉદાર ચરિત્રને સાંભળવાની ઇચ્છાવાળા અમને તે ચરિત્ર વર્ણવી સંભળાવો. ૧૫.

તત્ત્વસુધા--૧૩મા શ્લોકમાં જ્યારે સ્વર્ગ, મોક્ષ અને હરિરસની તુલનામાં હરિરસને જ અતિશય દિવ્ય માન્યો; ત્યારે કહ્યું, 'ભલે એમ માનો; પરંતુ પુનઃ પુનઃ એ એકજ વસ્તુનો જ મહિમા શા માટે ગાયાં કરો છો ?" ત્યારે એના સમાધાનમાં આ શ્લોક આરંભ્યો કે એ તો એના આસ્વાદનો અનુભવ થાય, તેને સમજાય. હરિરસની પ્રકૃતિ જ એવી છે કે यदपायिनो हि मुह्यन्ति मुह्यन्ति न हि पायिनः જે ન પીએ તે મોહ પામે, પીએ તે મોહ ન પામે, એવો અલૌકિક મદ છે. જ્યારે વિષયમદ કે મદિરાને પીએ, તે મોહ પામે અને ન પીએ તે મોહ ન પામે. આ રસમાં અમે તન્મય થઇએ કે પુનઃ પુનઃ પ્રશંસા કરીએ; એમાં આશ્ચર્ય નથી; પરંતુ મહાન્, મહત્તર, મહત્તમ અને મહત્તમથી ઉત્તમ-એવા ચારે પ્રકારના પુરુષો પણ તેની પાછળ પાગલ થયા છે. મહાન્ એટલે યાગ અને તપોવ્રતથી આત્મશુદ્ધિ કરનારા. મહત્તર એટલે યોગથી, સમાધિથી આત્મશુદ્ધિ કરનારા. મહત્તમ એટલે ત્યાગ-તત્ત્વ વિચારથી આત્મ પ્રાપ્તિ કરનારા. આ ત્રણેની

१. प्रा० पा० ततो । २ प्रा० पा०-विद्वान् ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કક્ષાઓથી પર સાક્ષાત્ વેદ સ્વરૂપ શુક, શિવ, બ્રહ્મા વગેરે **महत्तमैकान्त पराः** મહાન્, મહત્તર, મહત્તમ કરતાં પણ અત્યંત શ્રેષ્ઠ સ્થિતિમાં વસનારાઓનું પણ **अयन** વિહરવાનું રસધામ હરિકથા રસ છે. તેઓ પણ સ્તુતિ કરતાં થાકયા નથી અને પાર પણ પામ્યા નથી. 'અગુણ ભગવાન અનંત ગુણવાળા છે,' એવાં વાકયોનો વિરોધાભાસ નથી. પ્રાકૃતિક-લૌકિક ગુણોથી પર અને અલૌકિક ગુણોથી ભરપુરને ભગવાન કહેવાય છે. એમના અંત ભવ એટલે સાક્ષાત્ બ્રહ્મ સ્વરૂપ અને વેદ સ્વરૂપ શિવજી છે અને પાદ્મ એટલે બ્રહ્માજી જેઓ વેદના સ્વાધ્યાયમાં જ સમય ગાળે છે; તેઓ ભગવદ્ ગુણોના અનન્ય રસિક છે.

તો હવે કૃપા કરીને હે વિદ્વદ્વર્ય, અમને હરિરસનું વિતરણ કરો, દક્ષિણામાં આપો. દાન કરવું એ આપનો ધર્મ છે; કારણ કે આપ સૂત છો અને અમે વિપ્રસુત છીએ. અમે દક્ષિણા લેવા અધિકારી છીએ. અમને જો દક્ષિણામાં હરિરસ દેશો, તો આપને દક્ષિણાના ફળમાં ભગવાન મળશે. યજમાનનું કોઇ પણ કાર્ય કર્યા વિના લે તે દાન અને પાઠ, હોમ આદિ સાત્વિક શ્રમ કરીને તેના પારિશ્રમિકમાં લે તેને દક્ષિણા કહેવાય. અમે આપને કથાની ભેટમાં દીર્ઘાયુષ્ય આપીએ, આપ કથા રસ આપો. ૧૪; ૧૫.

स वै महाभागवतः परीक्षिद्येनापवर्गाख्यमदभ्रबुद्धिः ।
ज्ञानेन वैयासकिशब्दितेन भेजे खगेन्द्रध्वजपादमूलम ॥ १६ ॥

અન્વયાર્થ—अदभ्रबुद्धिः-વિશાળ બુદ્ધિવાળા, **सः**-તે, **महाभागवतः**-મોટા ભગવદ્ ભક્ત, **परीक्षित्**-પરીક્ષિત રાજાએ, **वैयासकि-शब्दितेन**-વ્યાસપુત્ર શ્રીશુકદેવજીએ કહેલા, **येन**-જે, **ज्ञानेन**-જ્ઞાનથી, **वै**-ખરેખર, **अपवर्गाख्यम्**-મોક્ષ નામના, **खगेन्द्र-ध्वज-पादमूलम्**-ગરૂડધ્વજ-ભગવાનનાં ચરણ મૂળને, **भेजे**-પ્રાપ્ત કર્યું. ૧૬.

અનુવાદ—શ્રેષ્ઠ, બુદ્ધિમાન્ અને મહાન્ ભગવદ્ ભક્ત, એવા તે પરીક્ષિત રાજાએ, શ્રી-શુકદેવજીએ વર્ણવેલા શ્રીમદ્ ભાગવત જ્ઞાનના શ્રવણથી મોક્ષ રૂપી ગરૂડધ્વજ ભગવાનના ચરણ કમળને પ્રાપ્ત કર્યું. ૧૬.

તત્ત્વસુધા—૧૫ મા શ્લોકમાં હરિના ચરિતામૃતની જ્યારે શૌનકે યાચના કરી ત્યારે એક પ્રશ્ન થયો કે 'ज्ञानादेव हि कैवल्यम्' - જ્ઞાનથી જ મોક્ષ મળે છે. એ જાણીતી વાત છે. પછી શા માટે ચરિત્ર શ્રવણની ઉત્કંઠા ધરાવો છો ? એના ઉત્તરમાં આ ૧૬ મો શ્લોક આરંભ્યો કે શ્રીમદ્ ભાગવતથી જ્ઞાન અને ભગવાન બન્ને મળે છે. એમાં **अदभ्रबुद्धिः**- અદભ્ર એટલે અનલ્પ બુદ્ધિમાન-ઉત્તમ મેધાવી અને **महाभागवत**-પરમ ભાગવત પરીક્ષિત રાજા પુરાવા રૂપે છે. ભગવાનની ભક્તિ કરે તેને ભાગવત કહેવાય; પરંતુ ભગવાન જેને મમત્વ કરી પોતાનો માની અપનાવે, એને પરમ ભાગવત મનાય છે. શાસ્ત્રોમાં જેને મોક્ષ માને છે, તેનેજ ભક્તિમાર્ગમાં ભગવાનના શ્રીચરણને પધરાવવાની પાદ પીઠિકા તરીકે 'વૈકુંઠ' શબ્દથી ઓળખાવે છે. ૧૬.

तन्नः परं पुण्यमसंवृतार्थमाख्यानमत्यद्भुतयोगनिष्ठम् ।
आख्याह्यनन्ताचरितोपपन्नं पारीक्षितं भागवताभिरामम् ॥ १७ ॥

અન્વયાર્થ—तत्-તો, **परम्**-શ્રેષ્ઠ એવું, **पुण्यम्**-પુણ્યજનક, **असंवृत-अर्थम्**-સ્પષ્ટ અર્થવાળું, **अति-अद्भुत-योगनिष्ठम्**-અતિ અદ્ભુત યોગની જેમાં નિષ્ઠા-સ્થિતિ છે તેવું, **अनन्त-आचरित-उपपन्नम्**-અનન્ત ભગવાનની લીલા કથાઓથી યુક્ત, **भागवत-अभिरामम्**-ભાગવતોને મનપસંદ, **पारीक्षितम्**-પરીક્ષિત રાજાને સંભળાવેલ, **आख्यानम्**-શ્રીમદ્ ભાગવત આખ્યાનને, **आख्याहि**-આપ કહો. ૧૭.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—તો પરમ પુણ્યકારક, સ્પષ્ટ અર્થથી ભરપૂર, અત્યંત અદ્‌ભુત યોગની નિષ્ઠાના વર્ણન વાળું અને અનંત ભગવાનનાં લીલા ચરિત્રોથી યુકત, ભગવદીયોને અતિશય પ્રિય અને રાજર્ષિ પરીક્ષિતને કહેલા ભાગવત ચરિત્રને અમને કહેવાની આપ કૃપા કરો. ૧૭.

તત્ત્વસુધા—૧૬મા શ્લોકમાં સોળ કલા પરિપૂર્ણ ભગવાન અને ભગવત છે, એવો નિર્ણય કરી, આ વિશેષણોથી ગૌરવ દર્શાવીને ભગવદ્ આખ્યાનને હવે પૂછે છે. ૧ પરમ્-સર્વ વેદ, શાસ્ત્ર, પુરાણોથી પર. ૨ પુણ્યમ્—સ્વયં પુણ્ય સ્વરૂપે છે, માટે એના શ્રવણથી પુણ્ય નથી મેળવવાનું; પરંતુ 'શ્રવણ' એજ પુણ્ય છે. ૩ અસંવૃતાર્થમ્—સ્પષ્ટ સમજાય તેવું સરસ અને સરલ. ૪ અત્યદ્ભુત યોગનિષ્ઠમ્ સુખ સાધ્ય શ્રવણ યોગથી ભગવદ્યોગને સાધનાર. ૫ અનન્તા ચરિતોપપન્નમ્-અનંત આખ્યાનોથી ભરપુર—જેથી મહાભારત વેદ-પુરાણ રચવાં ન પડે. ૬ ભાગવતાભિરામમ્-ભક્તોને પરમાનંદ દેનાર. ૭ પારીક્ષિતમ્-પરમ ભક્ત પરીક્ષિતને ખાસ શુકાચાર્યે કહેલું, ૮ તત્ આખ્યાનમ્ તે વિશ્વ વિદિત શ્રીમદ્ ભાગવત આખ્યાન અમને કહો. ૧૭.

सूत उवाच—अहो वयं जन्मभृतोऽद्य हास्म वृद्धानुवृत्यापि विलोमजाताः ।
दौष्कुल्यमाधिं विधुनोति शीघ्रं महत्तमानामभिधानयोगः । १८ ॥

અન્વયાર્થ—અહો-અહો! આશ્ચર્ય છે કે, વિલોમ-જાતાઃ-અપિ-પ્રતિલોમ જન્મવાળા (ક્ષત્રિયથી બ્રાહ્મણ સ્ત્રીમાં જન્મેલ), વયમ્-અમે, વૃદ્ધ-અનુવૃત્યા-વૃદ્ધ પુરુષોને સેવવાથી, અદ્ય-આજે, હ-ખરેખર, જન્મભૃતઃ-સફળ જન્મવાળા, આસ્મ-થયા છીએ કે મહત્તમાનામ્-મહાપુરુષોની સાથેનો, અભિધાનયોગઃ-સત્સંગ વાર્તા પ્રસંગ, દૌષ્કુલ્યમ્-નિંદિત કુળમાં જન્મવાની, આધિમ્-માનસિક પીડાને, શીઘ્રમ્-તત્ક્ષણ (જલ્દીથી), વિધુનોતિ-દૂર કરે છે. ૧૮.

અનુવાદ—હે મહર્ષિઓ, અતિશય આશ્ચર્યકારક છે કે અમે વિલોમ જાતિમાં ઉત્પન્ન થયા છીએ; છતાં મહાપુરુષોના સેવનથી અમે આજે પ્રસિદ્ધ-સફળ જન્મવાળા થયા છીએ. ખરેખર, મહાપુરુષો હરિગુણ ગાન કરવાની અમને આજ્ઞા કરે છે, એ અમારી નિંદ્યકુલમાં જન્મ થવા રૂપ માનસિક પીડાને તત્કાળ દૂર કરી દે છે. ૧૮.

તત્ત્વસુધા—સૂત મુનિ શૌનક મહર્ષિ તરફથી આદર મેળવીને આત્મ સંતોષ પામ્યા. આત્મ સંતોષ જીવનનું ભાથુ છે. જ્ઞાન, ધન અને સન્માનના ભંડારની વચ્ચમાં વસતા છતાં આત્મસંતોષ વિના તે સર્વ બોજા સમાન લાગે છે. મુનિ સૂતજીની વિલોમ ઉત્પત્તિ છે. બ્રાહ્મણ કન્યા અને ક્ષત્રિય પુરુષને ત્યાં જન્મ થાય તેને વિલોમ અથવા પ્રતિલોમ જન્મ કહ્યો છે. ઉત્તમ ક્ષેત્રમાં ક્ષુદ્ર બીજારોપણ થાય તે હિતાવહ નથી. સમાજે અને શાસ્ત્રે એકમત થઈ નિયમન કર્યું કે અનુલોમ વિવાહ કરવો પડે તો ભલે કરો, પરંતુ વિલોમ લગ્ન ન કરવાં. આ બંધનને તોડે તેનો સમાજમાં આદર ન રહે. આ એક સમાજ રચના જગતના અનેક અનુચિત આચરણોને-સ્વૈર વિહારને અંકુશમાં રાખતી. સમાજ રચનાં શાસ્ત્ર-સિદ્ધાંતોના સંરક્ષણની સેના છે. શાસ્ત્ર સિદ્ધાન્તો રત્ન છે, તો સમાજ તિજોરી છે. શાસ્ત્રસિદ્ધાંતો પ્રાણ છે તો સમાજ શરીર છે. રત્નો જેટલી તિજોરી ભલે કિમતી ન હોય; પરંતુ રત્નો તિજોરીને લીધે જ કિંમતી છે. સૂતની ઉત્પત્તિ એ પ્રકારની માની છે. પૃથુ રાજાના યજ્ઞમાં બૃહસ્પતિના અને ઇન્દ્રના હુતદ્રવ્ય અને મંત્ર સાંકર્યમાંથી સૂત મુનિ પ્રકટ્યા છે.

વિવેકી સૂતને સતત પોતાની ઉત્પત્તિનો ક્લેશ થયા કરતો. મનુષ્યનું ગૌરવ શ્રેષ્ઠ જન્મથી અને શ્રેષ્ઠ કર્મથી છે. શ્રેષ્ઠ જાતિમાં જન્મવામાં મનુષ્ય નિરૂપાય છે; પરંતુ કર્મ શ્રેષ્ઠ કરી માનવ આત્મસંતોષ મેળવી શકે છે. સૂતે જ્ઞાન, ત્યાગ, તપ, વગેરે મેળવ્યાં, તો પણ ચિત્તની વ્યથા રહી ગઈ. જ્યારે કુલપતિ શૌનકના સત્રમાં હરિકથારસ પરિવેષણની પવિત્ર દીક્ષામાં તેઓશ્રીનું વરણ થયું ત્યારે તેથી સંતુષ્ટ થઈ છ. શ્લોકમાં સંતોષ વ્યક્ત કરે છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભાગવત અને ભગવાન ષડૈશ્વર્ય સમ્પન્ન છે. એના ઉપાસકને એના જેવા જ ષડ્ ઐશ્વર્ય સમ્પન્ન બનાવે છે. એ આશય હૃદયમાં રાખી છ શ્લોક બોલી રહ્યા છે. 'अहो वयं' આ બહુવચનાન્ત વાક્યોથી ક્ષણભર આત્મશ્લાઘા જેવું લાગશે; પરંતુ આ આત્મસંતોષ વાક્યો છે. આ વાક્યોમાં અન્યના ઉત્કર્ષનું અને ગૌરવનું કથન હોય છે. શ્રીવામન ભગવાન પધારે અને બલિ રાજા બોલે કે 'अद्याग्नयो मे...આજે મારા અગ્નિનાં હવન અતિ શ્રેષ્ઠ થયાં કે આપ મારે આંગણે પધાર્યા. સૂતજીનો શ્લોક પણ એવા જ ભક્તિભાવનો છે. "હે શૌનક મહર્ષિ, તપોવૃદ્ધ, વિદ્યાવૃદ્ધ, વયોવૃદ્ધ, આપની સેવાથી અમે કૃતીન બન્યા. આજે અમને શ્રીમદ્ ભાગવત કથા સુધાનું કીર્તન આપના જેવા શ્રેષ્ઠ સમુદાયમાં કરવાનો આપે અવસર આપ્યો." એમ બોલી, સૂત મુનિ આર્દ્ર બની પ્રતિજ્ઞા કરતા આગળનો શ્લોક બોલી રહ્યા છે. ૧૮.

कुतः पुनर्गृणतो नाम तस्य महत्तमैकान्तपरायणस्य ।
योऽनन्तशक्तिर्भगवाननन्तो महद् गुणत्वाद् यमनन्तमाहुः ॥ १९ ॥

અન્વયાર્થ—**महत्तम-एकान्त-परायणस्य**-મહાપુરુષોના અનન્ય આશ્રય રૂપ, **तस्य**-તે ભગવાનના, **नाम**-નામને, **गृणतः** ગ્રહણ કરનાર પુરુષને, **पुनः**-ફરીથી, **कुतः**-સર્વ પુરુષાર્થ સિદ્ધ થાય તેમાં આશ્ચર્ય શું? **यः**-જે, **भगवान्**-ભગવાન, **अनन्त**-અનંત છે અને **अनन्तशक्तिः**-અનંત શક્તિવાળા છે, **यम्**-જેને, **महद् गुणत्वात्**-મહાન ગુણોને લીધે, **अनन्तम्**-અનન્ત, **आहुः**-કહે છે. ૧૯.

અનુવાદ—તો પછી એવા મહાપુરુષોના પરમ આધારભૂત તે ભગવાનનાં નામ લેનારને તો દુઃખ હોય જ કયાંથી? એના તો સર્વ પુરુષાર્થ સિદ્ધ થાય છે, તેમાં આશ્ચર્ય શું? જે અનંત ભગવાન અનંત શક્તિવાળા છે, મહાન ગુણોને લીધે જેમને અનન્ત કહે છે. ૧૯.

તત્ત્વસુધા—સૂત સૌમ્ય કહી રહ્યા કે હું ભગવદ્યશોગાન ગાઈશ, એનું શું ફળ આવશે એ તો જાણતો નથી; પણ માત્ર પ્રશ્નોના શ્રવણથી જ જે મહાત્મામાં આત્મતૃપ્તિ થઈ છે. તેનું જ માપ કાઢી શકાતું નથી. એવી ભગવદ્ધર્મોને સ્પર્શતા પ્રશ્નોની જ શક્તિ છે, તો कुतः पुनः गृणतो नाम तस्य-તો અનન્તગુણ, અનન્તરૂપ અને અનંત શક્તિશાળી ભગવાનના ચરિત્રોના શ્રવણ, કીર્તન, સ્મરણના આનંદનું માપ કઈ વાક્યાવલીમાં કાઢી શકાય? "ગુંગે સાકર ખાધી રે, મુખે નવ જાય કહી," એવી અનુભવ વેદ્ય જ આ વસ્તુ છે. ૧૯.

एतावतालं ननु[1] सूचितेन गुणैरसाम्या[2]नतिशायनस्य ।
हित्वेतरान् प्रार्थयतो विभूतिर्यस्याङ्घ्रिरेणुं जुषतेऽनभीप्सोः ॥ २० ॥

અન્વયાર્થ—**गुणैः**-ગુણો વડે, **असाम्य-अनतिशायनस्य**- (**असाम्य**-જેમની સમાન, **अनतिशायनस्य**-જેમનાથી મહાન) જેમની સમાન કે શ્રેષ્ઠ કોઈ નથી એવા પરમેશ્વરને, **ननु**-સાચેજ, **एतावता**-આટલા જ, **सूचितेन**-સૂચનથી, **अलम्**-બસ છે, **विभूतिः**-લક્ષ્મી, **प्रार्थयतः**-પ્રાર્થના કરતા, **इतरान्** બીજા બધાને, **हित्वा**-ત્યજીને, **अनभीप्सोः**-ઇચ્છા ન કરનારા, **यस्य**-જે પ્રભુના, **अङ्घ्रिरेणुम्**-ચરણ રજને, **जुषते**-સેવે છે. ૨૦.

અનુવાદ—ગુણોથી જેમની બરોબર કે શ્રેષ્ઠ કોઇ જ નથી, એવા જે ભગવાન છે તેમનું આટલું જ વર્ણન બસ છે; કારણ કે લક્ષ્મી, પોતાની પ્રાર્થના કરતા બ્રહ્માદિ સર્વ દેવોને ત્યજીને પોતાની ઇચ્છા ન કરનાર એવા પ્રભુના ચરણ કમળ રેણુને સેવે છે. ૨૦.

---

૧. પ્રા૦ પા૦-વત । ૨. પ્રા૦ પા૦-રસામ્યૈરતિ૦ ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્ત્વસુધા—ભગવદ્ રસાવેશમાં નિમગ્ન બની સૂતજીએ વાણી માધુર્ય વરસાવવું શરૂ કર્યું કે હું કેવલ ભગવાનના મહિમામાં એટલું જ કહી શકું કે ત્યાં વાણીનો વિરામ પણ છે અને વાણીનો આરામ પણ છે, ઇન્દ્રિયોનો ઉપરામ પણ છે અને ઇન્દ્રિયોનો લય પણ છે. ત્યાં ચિત્તનો લય પણ છે અને હૃદયનો રસાલય પણ છે. સિદ્ધાંત એવો છે કે જ્યારે કોઈનો પણ મહિમા ગાવો હોય ત્યારે તેની સમાન વ્યક્તિ સાથે અને તેનાથી અધિક વ્યક્તિ સાથે સરખાવી તેનું ગૌરવ દર્શાવાય. વિદેશના પ્રમુખ કરતાં ભારતનો પ્રમુખ વધુ ઉદાર માનસ અને શાંતિ પ્રિય હોય છે. હાકુસ કરતાં લંગડા કેરી રસ માટે વધુ સારી હોય છે; પરંતુ કેરી કરતાં દ્રાક્ષ સારી કે સારોય દ્રાક્ષનો દાણો રસનોજ બનેલ છે. તેમાંથી કોઈ ભાગ કાઢી નાખવા જેવો નથી; પરંતુ જ્યાં ભાગવત કે ભગવાનની સમાન કે મહાન કોઇ ગ્રન્થ કે દેવ છે જ નહિ, ત્યાં તુલના શી રીતે કરાય ? **ન તત્સમઃ**—જે સમાન જ નથી તો પછી અધિક તો હોય જ ક્યાંથી ? એવું ગીતામાં ગાયું છે.

હા, એટલું કહી શકાય એમ છે. વિશ્વના દેવો લક્ષ્મીજીના કૃપાકટાક્ષને મેળવવા કલ્પોપર્યન્ત નિયમબદ્ધ બની તપશ્ચરણ કરે, છતાં ન મળે; તે લક્ષ્મીજી, પાછળ ભમતા સર્વ દેવોને ત્યજી, હરિચરણરજની પાછળ ભમે છે અને સેવે છે. **'સરપવ કરતાં મેરૂ મોટા,'** એમ કહેવું એ મેરૂનુંજ અપમાન છે. એમ સર્વ કરતાં ભગવાન મોટા, એ સિદ્ધ છે જ, એને કહેવાનું શું ? ૨૦.

अथापि यत्पादनखावसृष्टं जगद्विरिञ्चापहृतार्हणाम्भः ।
सेशं पुनात्यन्यतमो मुकुन्दात् को नाम लोके भगवत्पदार्थः ॥ २१ ॥

અન્વયાર્થ—**अथापि**-તેમજ, **विरिञ्च-अपहृत-अर्हण-अम्भः**-બ્રહ્માએ અર્ઘરૂપે અર્પણ કરેલું જળ, **यत्पाद-नख-अवसृष्टम्**-જેમના ચરણના નખમાંથી નીકળેલું, **स ईशम्**-મહાદેવ સાથે, **जगत्**-વિશ્વને, **पुनाति**-પાવન કરે છે, **लोके**-લોકમાં, **भगवत्पदार्थः**-'ભગવાન' શબ્દને યોગ્ય એવો પદાર્થ, **मुकुन्दात्**-મુકુન્દ ભગવાનથી, **अन्यतमः**-બીજો શ્રેષ્ઠ, **कः नाम**-કયો હોઇ શકે ? ૨૧.

અનુવાદ—તેમજ બ્રહ્માજીએ ચરણ પ્રક્ષાલન માટે સમર્પેલું અને ભગવાનના ચરણ નખમાંથી પ્રકટ થયેલું જે જળ મહાદેવજી સાથે સંપૂર્ણ વિશ્વને પાવન કરે છે, એવા 'ભગવાન' પદનો, મુકુન્દ 'ભગવાન' સિવાય બીજો શ્રેષ્ઠ અર્થ વિશ્વમાં કયો હોઇ શકે ? ૨૧.

તત્ત્વસુધા—ભગવાનનું અધિક માહાત્મ્ય એક સાહિત્યિક શૈલીમાં વળી આ ૨૧મા શ્લોકમાં કરે છે. આ કથનથી પાછળ લક્ષ્મીજીમાં લાઘવ દર્શાવવાનો ઇરાદો નથી; પરંતુ વધી રહેલા ભગવત્પ્રેમને અનેક રીતે વ્યક્ત કરવાનો છે. કદાચ આપ કહો કે લક્ષ્મીજી સ્ત્રી છે. સ્ત્રી પ્રકૃતિથી જ મુગ્ધ થાય, તેમાં લક્ષ્મીજીમાં મુગ્ધ થવાનું પ્રકૃતિગત છે, માટે એ કાંઇ પ્રભુ ચરણરજને સેવે. એથી ભગવાન સર્વોત્તમ ઓછા મનાય ? એના ઉત્તરમાં કહ્યું કે **यत्पादनखावसृष्टम्**-જગતમાં નખનું જળ તો હીન ગણ્યું છે. તે જલ વિષ્ણુના નખમાંથી પ્રગટે છે, ત્યારે દીન, હીન મલીનને પણ કુલીન, ભક્તિલીન અને અદીન બનાવે છે અને ત્રણે લોકને પાવન કરનારી ત્રિપથગા ગંગા બને છે. પ્રભુ ત્રિવિક્રમના ચરણ નખમાંથી નીકળેલું અને બ્રહ્માએ કરેલા અર્ચનથી અધિક વૃદ્ધિ પામેલું તે જલ શેષલોક એટલે પાતાળથી લઈ બ્રહ્મલોક પર્યન્તને પાવન કરે છે. આ શ્લોકમાં **सेशं** અને **शेषं** એવા બે પાઠ છે. એકનો અર્થ થશે કે શિવજી ગંગા સ્વરૂપે તેને જટામાં ધારણ કરે છે. કવિ જગન્નાથ ગંગાના ગૌરવને ગાય છે કે—

दरिद्राणां दैन्यं दुरितमथ दुर्वासनापरां
द्रुतं दूरी कुर्वन्सकृदपि गतो दृष्टि सरणिम् ।
अपि द्रागाविद्या द्रुम दलनदीक्षा गुररिह
प्रवाहस्ते वारां श्रियमयमपारां दिशतु नः ॥ २१

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

यत्रानुरक्ताः सहसैव धीरा व्यपोह्य देहादिषु सङ्गमूढम् ।
व्रजन्ति [1]तत्पारमहंस्यमन्त्यं यस्मिन्नहिंसोपशमः स्वधर्मः ॥ २२ ॥

અન્વયાર્થ—યત્ર-જે ભગવાનમાં, **અનુરક્તાઃ**-અનુરાગ-પ્રેમવાળા, **ધીરાઃ**-ધીર પુરુષો, **દેહાદિષુ**-દેહ વગેરેમાં, **ઊઢમ્**-વધી પડેલા, **સઙ્ગમ્**-સંગને-દેહાસક્તિને, **વ્યપોહ્ય**-દૂર કરીને, **સહસા-એવ**-એકદમ, **અન્ત્યમ્**-છેવટના, **તત્**-તે, **પારમહંસ્યમ્**-પરમહંસોના યોગ્ય પદને, **વ્રજન્તિ**-પામે છે, **યસ્મિન્**-જેમાં, **અહિંસા-ઉપશમઃ**-અહિંસા તેમજ શાન્તિ એજ, **સ્વધર્મઃ**-સ્વધર્મ છે. ૨૨.

અનુવાદ—જે ભગવાનમાં અત્યંત પ્રેમવાળા, ધીર ભગવદ્ ભક્તો, દેહ વગેરેમાં અહંતા-મમતાને લીધે મજબૂત થયેલી આસક્તિને સત્વર ત્યજી દઇને, પરમહંસોને પ્રાપ્ત થવા યોગ્ય અન્તિમ શ્રેષ્ઠ પદને પ્રાપ્ત કરે છે, જ્યાં અહિંસા તેમજ શાન્તિ એજ સ્વધર્મ છે. ૨૨.

તત્ત્વસુધા—૨૧મા શ્લોકમાં કહ્યું કે અન્યના નખના જલનો સ્પર્શ સર્વ પુરુષાર્થ નાશ કરે છે, જ્યારે ભગવાનના નખના જલનો સ્પર્શ પ્રત્યેક પુરુષાર્થને સિદ્ધ કરે; તેમજ **યત્રાઽનુરક્તાઃ** જો અન્યત્ર અનુરાગ પ્રીતિ કરે તો આત્મનાશ એ જ લાભ મળે; જ્યારે ભગવાનમાં અનુરાગ કરે તો વિરાગ મળે અને આત્મવિકાસ થાય, દેહાદિની દૃઢ આસક્તિ ભગવદ્ ભક્તિમાં પલટાઈ જાય, પરમહંસ સુલભ વિવેક કરગત થાય, હરકત સર્વ દૂર થાય અને અહિંસા ધર્મનો આવિર્ભાવ થાય. આ વર્ણન મારી શક્તિથી પર છે. ૨૨.

अहं हि पृष्टोऽर्यमणो भवद्भिराचक्ष आत्मावगमोऽत्र यावान् ।
नभः पतन्त्यात्मसमं पतत्रिणस्तथा समं विष्णुगतिं विपश्चितः ॥ २३ ॥

અન્વયાર્થ—અર્યમણઃ-સૂર્ય જેવા હે તેજસ્વી બ્રાહ્મણો, **ભવદ્ભિઃ**-આપ લોકોથી, **પૃષ્ટઃ**-પ્રશ્ન પૂછાયેલ, **અહમ્**-હું, **અત્ર**-આ વિષયમાં, **યાવાન્**-જેટલો, **આત્મા-અવગમઃ**-મારો પોતાનો બોધ-મારી સમજ છે-તેટલું, **આચક્ષે**-હું કહું છું, **હિ**-કારણ કે, **પતત્રિણઃ**-પક્ષીઓ, **આત્મસમમ્**-પોતાની શક્તિ મુજબ, **નભઃ**-આકાશ પ્રત્યે, **પતન્તિ**-ઉડે છે, **તથા**-તે રીતે, **વિપશ્ચિતઃ**-વિદ્વાનો, **સમમ્**-પોતાની શક્તિ મુજબ. **વિષ્ણુગતિમ્**-વિષ્ણુની ગતિને વર્ણવે છે. ૨૩.

અનુવાદ—સૂર્યસમાન તેજસ્વી હે મહર્ષિઓ, આપ લોકોએ મને શ્રીહરિના વિશુદ્ધ ચરિત્ર વિષયમાં જે પ્રશ્ન પૂછયો, એ વિષયમાં જેટલી મારી બુદ્ધિ શક્તિ છે, તે પ્રમાણે હું ભગવચ્ચરિત્રને વર્ણવીશ; કારણ કે પક્ષીઓ જેમ પોતાની શક્તિ મુજબ આકાશમાં ઉડે છે, તેજ રીતે વિદ્વાન-જ્ઞાની પુરુષો પણ પોતાની બુદ્ધિ-શક્તિ મુજબ ભગવાનનાં ચરિત્રોને વર્ણવે છે. ૨૩.

તત્ત્વસુધા—ઉપરના શ્લોકમાં કહ્યું કે પ્રભુના ગુણો તો વાણીથી પર છે, તો પછી આપ એના ગાનમાં શા માટે પ્રવૃત્ત થાઓ છો ? તો ઉત્તર આપ્યો કે **અર્યમણઃ**- સૂર્ય સમાન તપસ્વી, તેજસ્વી અને અન્તર્યામી મુનિવરો, આપ મારો શુદ્ધ આશય સમજી શકશો. આપે મારી વાણીનો વિનિયોગ હરિચરણમાં કરાવવા માટે મને કથનનો આદેશ કર્યો છે. એટલે આપ જ મારી વાણીમાં બિરાજીને ગુણાનુવાદન કરવાના છો. સૂર્ય સર્વ વિદ્યાના સ્વામી છે. આપ સર્વ અનેક સૂર્ય છો. એ મારી બુદ્ધિને પ્રકાશ આપશે અને એના બળે **આત્માવગમઃ**- બુદ્ધિની ગતિ પ્રમાણે ગુણગાન કરીશ. પક્ષીઓ ઉડે છે, એટલું જ આકાશ નથી, માત્ર આકાશમાં

૧. પ્રા૦ પા૦ - તે ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ઉઠે છે એમ મનાય છે. હું ગાઇશ એટલાજ ગુણો નહિ હોય; પરંતુ પ્રભુના ગુણગણ આકાશમાં કેવળ ઉડીશ એટલુંજ થશે. ૨૩.

एकदा धनुरुद्यम्य विचरन् मृगयां वने ।
मृगाननुगतः श्रान्तः क्षुधितस्तृषितो भृशम् ॥ २४ ॥
जलाशयमचक्षाणः प्रविवेश तमाश्रमम् । २४½

અન્વયાર્થ—એકદા–એક વખત, **ધનુઃ**–ધનુષ્યને, **ઉદ્યમ્ય**–લઇને–ચઢાવીને, **વને**–વનમાં, **મૃગયામ્**–શિકાર કરવાને, **વિચરન્**–વિચરતા રાજા પરીક્ષિત, **મૃગાન્**–હરણાંને, **અનુગતઃ**–પાછળ જતા, **ભૃશમ્**–ખૂબજ, **શ્રાન્તઃ**–થાકી ગયેલા, **ક્ષુધિતઃ**–ભૂખ્યા, અને **તૃષિતઃ**–તૃષાતુર થયેલા, **જલાશયમ્**–જલાશયને **અચક્ષાણઃ**–શોધતા, **તમ્**–તે, **આશ્રમમ્**–આશ્રમમાં, **પ્રવિવેશ**–પ્રવેશ કર્યો. ૨૪½

અનુવાદ—એક વખત પરીક્ષિત રાજા ધનુષ્ય-બાણ લઇને વનમાં મૃગયા વિહાર માટે નીકળ્યા. મૃગયા કરતાં મૃગોની પાછળ ફરતાં ફરતાં તે થાકી ગયેલા, ભૂખ્યા અને ખૂબજ તૃષાતુર બનેલા, પાસે કોઈ જળાશય શોધતા, શોધતા, તે આશ્રમમાં આવ્યા. ૨૪½.

તત્ત્વસુધા—૨૪મા શ્લોકથી પરીક્ષિતના ચરિત્રનું વર્ણન શરૂ કર્યું છે. પરીક્ષિત રાજા શિકાર કરવા વનમાં જાય છે. યૌવન ઘોર જંગલ છે. એ ભલાઇને ભૂલવાના ભૂલભૂલામણીના ભયાનક જંગલમાં ભલભલા ભણેલા, તપેલા અને જપેલા પણ ભૂલા પડ્યા છે અને અન્તર્મુખ થવાને બદલે બહિર્મુખ બન્યા છે. બીજા શું કરે છે એ જોવાની ચિકિત્સાવાળા બહિર્મુખ યુવાનો પરીક્ષિત છે. વિષય મૃગતૃષ્ણા જ મૃગયા છે. યૌવન ઓસરી જતાં જ્યારે પરિતાપનાં આંસુડાં આંખે ઉતરે છે, ત્યારે તેને આત્મદર્શન તરફ મનોવૃત્તિ થાય છે. આ કથાનકનો પ્રારંભ **एकदा** અવ્યયથી કરે છે.

एकदा અવ્યય સૂચવે છે કે યૌવન પ્રકૃતિના આ પ્રમાદમાં કદિ વ્યય પરિવર્તન નથી થતું. જો યૌવનમાં સંત સમાગમ-કૃપા થાય તો જીવનનો આશય સિદ્ધ થઈ જાય. ભગવાને આજે પરીક્ષિત ઉપર અનુગ્રહ કરવા વિચાર્યું હતું, તેનો આ દિવસ હતો. વળી રાજાના જીવનમાં પ્રમાદનો આ એકજ દિવસ હતો. જીવનમાં બીજી વાર પ્રમાદ નથી થયો, તેથીજ ઈશ્વરનો અને શમીક ઋષિનો એના ઉપર પ્રસાદ થયો.

धनुरुद्यम्य–ઘરેથી નીકળતાં જ ધનુષ્ય સજ્જ કરી ઉગામી નીકળે છે, એટલે હિંસાના દૃઢ નિશ્ચય ઉપર છે. શસ્ત્રનું, ધનનું સાન્નિધ્ય અજાણે પણ હિંસા કરાવી નાખે છે. **मृगाननुगतः**–હરણની પાછળ જવું એ કુસંગ હતો. એ કુસંગથી જ કુમતિ થઈ છે. વેદે **आरण्याः पशवः कनीयांसः**–અરણ્યનાં પશુઓ તુચ્છ અને શોકથી ઘેરાયેલાં હોય છે, એવું દર્શાવ્યું છે. શોક યુક્ત પશુની પાછળ જતાં રાજાના જીવનમાં શોકમય કાર્ય થયું. હરણની પાછળ જતાં ત્રણ દોષ લાગુ પડ્યા. થાક, ભૂખ અને તરસ–ત્રણનો ત્રિદોષ લાગુ પડ્યો. યુદ્ધમાં ન થાકનાર, ન ભૂખ્યો થનાર અને ન તરસ્યો થનાર રાજાની આ હાલત વિચાર માગી લે છે. કુમાર્ગે જનાર બળવાન, બુદ્ધિવાન અને ધનવાન હશે, તો પણ થાકી જશે, એ તાત્પર્ય છે. રાજાને અન્નની ભૂખ ન હતી, પણ મુનિથી આદર મેળવવાની ભૂખ હતી. જલની તરસ ન હતી, પણ માન મેળવવાની તરસ હતી. તે આગળ વ્યક્ત થશે. અધિકારની ધન-માનની ભૂખો દુકાળ જેવી હોય છે. યૌવનની ભોગ-ધનની ભૂખ તરસો સાગર જેવી હોય છે, કદી પુરાતી નથી.

जलाशयमचक्षाणः—શોધવા છતાં જલાશય ન જડ્યું. યૌવનમાં જ્યારે વિષય જડ આશય જડ-હૃદય થઈ જાય છે, ત્યારે વિવેક જલાશય કદી જડતું નથી, એમ નથી પણ ત્યાં જવાનો વિચાર જ થતો નથી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

प्रविवेश तमाश्रमम्-એમ કરતાં રાજાનો પૂર્વ પુણ્યોદય અને પાપોદય ઉભય સાથે થયા અને આશ્રમમાં પ્રવેશ કર્યો પ્રવિવેશ વગર પૂછયે, આશ્રમને કનડગત થાય તે રીતે પરીક્ષિતે પ્રવેશ કર્યો. ૨૪½.

ददर्श मुनिमासीनं शान्तं मीलितलोचनम् ॥ २५ ॥
प्रतिरुद्धेन्द्रिय — प्राण — मनोबुद्धिमुपारतम् ।
स्थानत्रयात्परं प्राप्तं ब्रह्मभूतमविक्रियम् ॥ २६ ॥
विप्रकीर्णजटाच्छन्नं रौरवेणाजिनेन च ।
विशुष्यत्तालुरुदकं तथा भूतमयाचत ॥ २७ ॥

અન્વયાર્થ—शान्तम्-શાન્ત, मीलित-लोचनम्-મીંચેલા નેત્રવાળા, प्रतिरुद्ध-इन्द्रिय-प्राण-मनः-बुद्धिम्-ઇન્દ્રિયો, પ્રાણ, મન તથા બુદ્ધિનો નિગ્રહ કરીને બેઠેલા, उपारतम्-ઉપરામ દશામાં-સમાધિમાં રહેલા, स्थानत्रयात्-ત્રણ અવસ્થાઓથી-જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિથી, परम्-પર અવસ્થા-તુરીય અવસ્થાને, प्राप्तम्-પ્રાપ્ત થયેલા, ब्रह्मभूतम्-બ્રહ્મસ્વરૂપ, अविक्रियम्-વિકાર રહિત, विप्रकीर्ण-जटा-छन्नम्-વિખરાયેલી જટાથી ઢંકાયેલા, रौरवेण-કણીયાર હરણના, अजिनेन-મૃગચર્મને ધારણ કરેલા, तथाभूतम्-તે સમાધિ સ્થિતિવાળા, आसीनम्-સ્વસ્થ બેઠેલા, मुनिम्-મુનિ શમીકને. ददर्श-જોયા અને, विशुष्यत्-तालुः-સુકાતા કંઠવાળા રાજા પરીક્ષિત, उदकम्-પાણીને, अयाचत-માગવા લાગ્યા. ૨૫; ૨૬; ૨૭.

અનુવાદ—**ત્યાં આશ્રમમાં શાંત સ્થિતિમાં, નેત્ર બંધ કરી બિરાજેલા, ઇન્દ્રિયો, પ્રાણ, મન તથા બુદ્ધિની વૃત્તિઓને એકાગ્ર કરી સમાધિ દશામાં બેઠેલા, ત્રણ અવસ્થાઓથી પર તુરીયાવસ્થામાં રહેલા, બ્રહ્મમય દશામાં રહેલા, વિકાર વિનાના, મુખ ઉપર છવાયેલી જટાથી ઢંકાયેલા તથા રૂરૂ નામના કળિયાર મૃગચર્મથી આચ્છાદિત, યોગ ભૂમિકામાં રહેલા મુનિ મહારાજ શમીકને જોયા અને સુકાતા કંઠવાળા રાજા પરીક્ષિત જલની માગણી કરવા લાગ્યા.** ૨૫; ૨૬; ૨૭.

तत्त्वसुधा—પૂર્વના દોઢ શ્લોકમાં રાજમદ, યૌવનમદ અને ધનમદના ત્રિદોષનું વર્ણન કર્યું; એથી વિપરીત તપોવન ગત સંત સુશીલનું નિરૂપણ અઢી શ્લોકમાં કરે છે. આ અઢી શ્લોકમાં સંત મુનિનો પરિચય દ્વિતીયા વિભક્તિ વાળાં ૧૨ પદોથી આપ્યો છે. ત્રિદોષ પ્રચુર રાજાની નજરને દ્વાદશ અંગવાળા પૂર્ણ પુરુષોત્તમમાં ધ્યાનમગ્ન બનેલા ૧૨ ગુણવાળા પૂર્ણ સંતમાં આદર ન થયો. એજ મદ-મોહથી ઘેરાયેલી બુદ્ધિનું પરિણામ છે.

૧. मुनिम्-વાણીનું મૌન મનનની પ્રથમ ભૂમિકા છે. મૌન પછી આત્મચિંતન એ મૌનની ઉત્તર ભૂમિકા છે. વળી મૌન હતું, એટલે મુનિ શાપ નહિ આપે.

૨. आसीनम्-મુનિ નિદિધ્યાસન પરાયણ હતા. શ્રવણ, મનન, કથન, જપ, ધ્યાન અને નિદિધ્યાસન સ્થિરાસને અને સિદ્ધાસને બેસીને કરી શકાય. માટે મુનિરાજ બેઠેલા હતા.

૩. शान्तम्-શાન્ત એટલે પ્રાણનો નિરોધ કરી બેઠેલા હતા. આસન સિદ્ધિ વિના પ્રાણાયામ ન કરવો. પ્રાણ અને સર્પ સરખા છે. બન્નેને છંછેડવા એ જોખમી કામ છે. પરિપક્વ ગુરુના અવલંબન વિના પ્રાણાયામ કરવો નહિ.

૪. मीलित लोचनम्-પ્રત્યાહાર કરી રહ્યા હતા. પ્રત્યાહાર એટલે બહારના વિષયોમાંથી મનને વાળી લેવું; જેને પરિણામે મુનિ બહારના વાતાવરણથી તદ્દન અજ્ઞાત હતા.

૫. प्रतिरुद्ध०-ઇન્દ્રિય, પ્રાણ, મન, બુદ્ધિ-એ ચારેયને સંયમિત કરી બેઠા હતા; એટલે નિદિધ્યાસનની સફળતા મળી હતી અને ધ્યાનની ભૂમિકા સિદ્ધ બની ગઇ હતી. ધ્યાન અને ધારણામાં વિજયી બની ગયા હતા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૬. ઉપારતમ્–ઉપરામ વૃત્તિ એ ધ્યાનનું સ્વરૂપ છે. 'ઉપ' એટલે નિર્બીજ યોગમાં આત્મસ્વરૂપની સમીપમાં અને સબીજ યોગમાં ભગવચ્ચરણની સમીપમાં મનનો લય કરીને બેઠેલા.

૭. સ્થાનત્રયાત્પરમ્–જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ એવી ત્રણ અવસ્થાથી પર તુરીય અવસ્થામાં હતા; એટલે સમાધિસ્થ છે.

૮. બ્રહ્મભૂતમ્–પ્રસન્નાવસ્થામાં હતા. આકાંક્ષા અને શોકથી પર હતા. પ્રભુનો સાક્ષાત્કાર હતો.

૯. અવિક્રિયમ્–નિર્વિકાર ભૂમિકામાં હતા; એટલે અસંપ્રજ્ઞાત સમાધિમાં હતા.

૧૦. વિપ્રકીર્ણજટાચ્છન્નમ્–મુખારવિંદ ઉપર જટા પથરાયેલી હતી. જાણે તે જટા નેત્ર અને શ્રોત્રના અભ્યંતર સમી હતી. ઇન્દ્રિયોને રૂપ અને શબ્દ બહિર્મુખ બનાવે છે. મુનિ શબ્દ અને રૂપના અનુસંધાનથી પર હતા. રાજાના આગમનને કે જલની યાચનાને સન્માને તેવી સ્થિતિમાં ન હતા. ઉપરામ વૃત્તિના અવધૂતો હમેશાં પથરાયેલી જટાથી નેત્ર ઉપર આવરણ રાખે છે.

૧૧. રૌરવેણાજિનેન– રૂરૂ નામના મૃગચર્મથી કાયા ઢંકાયેલી હતી; તેથી મુનિ શરીરની આસક્તિથી પર હતા. આવકાર, આદર આપે એ ભૂમિકા ન હતી.

૧૨ તથાભૂતમ્–આવી ઉત્તમ ભૂમિકામાં બિરાજેલા મુનિને વંદન કરવાં જોઇએ. કદાચ વંદન ન કરે તો, ડખલ તો કરાય જ નહિ; તેને બદલે રાજાએ દ્વેષ કર્યો. એ રાજાના સિદ્ધ પ્રારબ્ધનું ફલ હતું કે ભાવિના ગર્ભનો કોઇ સંકેત હતો; કારણકે વિશુષ્યત્તાલુઃ રાજાનું તાળવું સુકાતું હતું. કામ, ક્રોધના અસાધારણ હુમલા નીચે આવી જનારા મનુષ્યનું તાળવું સુકાય છે અને પ્રાણને પીડા થાય છે. રાજા તેવી પ્રાણ પીડાના શોકમાં આવી ગયા અને પ્રાણાયામ પરાયણ મુનિના સ્વરૂપનું અનુસંધાન ચૂકી જલની પ્રાર્થના કરવા લાગ્યા. ૨૫; ૨૬; ૨૭.

अलब्ध–तृण–भूम्यादि–रसंप्राप्तार्घ्यसूनृतः ।
अविज्ञातमिवात्मानं मन्यमानश्चुकोप ह ॥ २८ ॥
अभूतपूर्वः सहसा क्षुत्तृड्भ्यामर्दितात्मनः ।
ब्राह्मणं प्रत्यभूद् ब्रह्मन् मत्सरो मन्युरेव च ॥ २९ ॥

અન્વયાર્થ—અલબ્ધ–તૃણ–ભૂમિ–આદિઃ–આસન, ભૂમિ, આદર વગેરે કંઈ પણ ન મળતાં, તેમજ અસંપ્રાપ્ત–અર્ઘ્ય–સૂનૃતઃ–અર્ઘ્ય તેમજ મધુર વાણીનો સત્કાર ન મળતાં, રાજા પરીક્ષિત આત્માનમ્ પોતાને, અવજ્ઞાતમ્ ઇવ–અપમાનિત થયેલ એમ, મન્યમાનઃ–માનતા હ–ખરેખર, ચુક્રોપ–ક્રોધે ભરાયા. ૨૮; બ્રહ્મન્–હે શૌનક, ક્ષુધ–તૃડ્ભ્યામ્–ભૂખ અને તરસથી, અર્દિત–આત્મનઃ–પીડિત ચિત્ત રાજાને, બ્રાહ્મણં–પ્રતિ–બ્રાહ્મણ શમીક ઋષિ પ્રત્યે, અભૂત પૂર્વઃ– કદિ ન થયેલ, મત્સરઃ–મત્સર, ચ–અને, મન્યુઃ–ક્રોધ, સહસા એવ–એકદમ જ, અભૂત્–થયો. ૨૯.

અનુવાદ—બેસવા માટે આસન, ભૂમિનિર્દેશ, જલ વગેરે તેમજ અર્ઘ્યાદિ પૂજન કે મધુર વાણીનો સત્કાર સમાધિમાં રહેલા મુનિ તરફથી ન મળતાં, પોતે અપમાનિત થયા છે એવું માનતા પરીક્ષિત રાજા મુનિ ઉપર ક્રોધે ભરાયા. ૨૮: હે મહર્ષિ શૌનક, ભૂખ તરસથી પીડાતા ચિત્તવાળા રાજા પરીક્ષિતને, પૂર્વમાં કદિ નહિ થયેલો મત્સર તેમજ ક્રોધ એકાએક શમીક મહર્ષિ પ્રત્યે થઇ ગયો. ૨૯.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્ત્વસુધા—અલબ્ધ તૃણ ભૂમ્યાદિઃ - 'તૃણાનિ ભૂમિરુદકં વાક્ ચતુર્થી ચ સૂનૃતા'– આસન, ભૂમિ, જલ અને મધુર વાણી એ ચાર સ્વાગતની સામગ્રી છે. શત્રુ આંગણે આવે તો પણ સજ્જન તેના સ્વાગતમાં તે સાદર સમર્પે છે; તો પછી જો આદ્ય ણીય આવે, ત્યારે તેને નવાજવામાં પ્રમાદ કરેજ કેમ? તેને નવાજવામાં તો પ્રમોદ હોય છે. રાજા આ નીતિ પ્રજામાં મૂકવા ચાહે છે. મુનિરાજને સામાન્ય સજ્જન તરીકે સમજીને વિવેક શૂન્ય છે એમ કલ્પે છે અને તેના પરિણામે જ વિવેક ચૂકે છે. સામાન્ય જન દ્વારે આવે ત્યારે ઉપરની ચાર સામગ્રી અર્પવી; પરંતુ ષડર્ઘ્યા ભવન્त्याचार्या ऋत्विग् वैवाह्यो राजा प्रिय स्नातक इति—આચાર્ય, ઋત્વિજ, વર, રાજા, પ્રિયજન અને સ્નાતક–આ છ પુરુષો આવે ત્યારે વિશેષમાં અર્ઘ્યથી સ્વાગત કરવું જોઇએ. એ રાજાને ન મળતાં, મુનિએ ધરાદ્રાપૂર્વક જ અપમાન કર્યું છે, એમ માનતા રાજાને 'મન્યુ' થયો. અપરાધીને શિક્ષા કરવા માટેના આવેશને 'ક્રોધ' કહેવાય છે અને શત્રુ ઉપરના આવેશને 'મન્યુ' કહેવાય. મન્યુમાં દ્વેષ બુદ્ધિ હોય છે. રાજાને મુનિ ઉપર મન્યુ થયો. ભૂખ, તરસ એમાં કારણ હતાં; પણ તે ભૂખ હતી આસન, વાણી, પાણી, ભૂમિના સ્વાગતની અને તરસ હતી અર્ઘ્યની. બ્રહ્મન્ શબ્દ શૌનકને સંબોધનમાં છે. બ્રાહ્મણ ઉપર થયેલા આ આક્રમણના શ્રવણથી કદાચ મુનિવર્યને વેદનાની અસર થઈ જાય, તેની સાવચેતી માટે 'બ્રહ્મન્' સંબોધન છે. જ્યારે જ્યારે મન્યુ આવે, ત્યારે 'મત્સર' આવે જ છે. મોટા માણસોમાં મોટી ખોડ હોય છે કે કોઇની મોટાઇ સાંખી શકતા નથી. રાજાને વિપ્રની મહત્તા ન રૂચી. અધિકારે જ્ઞાનને મહાન્ ન ગણ્યું.

રાજાનો આ મન્યુ અને મત્સર બન્ને અભૂતપૂર્વઃ– કદિ કોઇના ઉપર થયા નથી. દોષમય કલિ ઉપર જેને દયા આવી હતી, તે આજે જ્યારે ભાન ભૂલે છે, ત્યારે તે ઇશ્વરના સંકેત-ઇચ્છાથી જ બન્યું છે એમ માનવું, કારણકે જ-વાસુદેવે પૂર્વમાં જ આવું નક્કી કરી મૂકેલ હતું તે થયું. ૨૮; ૨૯.

स तु [1]ब्रह्मऋषेरंसे गतासुमुरगं रुषा ।
विनिर्गच्छन्धनुष्कोट्या निधाय पुरमागमत्[2] ॥ ३० ॥
एष किं निभृताशेष–करणो मीलितेक्षणः ।
मृषा समाधिराहोस्वित् किं नु स्यात्क्षत्रबन्धुभिः ॥ ३१ ॥

અન્વયાર્થ—**વિનિર્ગચ્છન્**–આશ્રમથી બહાર નીકળતી વખતે, **સઃ તુ**–તે પરીક્ષિત તો, **રુષા**–રોષથી, **ધનુષ્કોટ્યા**–ધનુષ્યના અગ્રભાગથી, **ગત–અસુમ્**–મરેલા, **ઉરગમ્**–સાપને, **બ્રહ્મઋષેઃ**-બ્રહ્મર્ષિ શમીકના, **અંસે**–ખભા ઉપર, **નિધાય**–મૂકીને, **પુરમ્**–પોતાના નગર તરફ, **આગમત્**–આવી પહોંચ્યા ૩૦; **મીલિત–ઈક્ષણઃ**–નેત્રો બંધ કરીને બેઠેલા, **એષઃ**–આ મુનિ, **નિભૃત–અશેષ–કરણઃ**–બધીજ ઇન્દ્રિયોને જેમણે વશ કરી છે એવા **કિમ્**–આ મુનિ છે કે! **આહો**–અથવા તો **ક્ષત્રબન્ધુભિઃ**–ક્ષુદ્ર ક્ષત્રિઓ સાથે, **કિં નુ સ્યાત્**–શું પ્રયોજન છે? એમ માનીને, **મૃષા**–ફોગટ, **સમાધિઃ**–સમાધિમાં બેઠેલા, **સ્વિત્**–છે કે શું? ૩૧.

અનુવાદ—નેત્રોને બંધ કરીને બેઠેલા આ મુનિ, ખરેખર શું સમગ્ર ઇન્દ્રિયોને કાબૂમાં રાખનાર-જિતેન્દ્રિય છે? અથવા તો માત્ર નામધારી ક્ષત્રિયોના આવવાથી પણ શું! એવી ઉપેક્ષાથી બેટી સમાધિ લગાવી બેઠા છે કે શું? એવું વિચારી આશ્રમથી બહાર નીકળતી વખતે તે પરીક્ષિત રાજાએ રોષે ભરાઈને, મરી ગયેલા કોઈ એક સર્પને ધનુષ્યના અગ્રભાગથી ઉઠાવી, બ્રહ્મર્ષિ શમીકના ખભે મૂકયો અને પોતાના નગર તરફ આવ્યો. ૩૦; ૩૧.

તત્ત્વસુધા—कामातुराणां न भयं न लज्जा, क्षुधातुराणां न बलं न तेजः ।
चिन्तातुराणां न सुखं न निद्रा क्रोधातुराणां न दया विवेकः ॥

१. પ્રા૦ પા૦–तस्य ब्रह्मर्षेरंसे । २. પ્રા૦ પા૦ मागतः ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કામીને લાજ અને ભય ન હોય. ભૂખ્યાને બળ અને તેજ ન હોય. ચિંતાતુરને સુખ, નિદ્રા ન હોય. ક્રોધીને દયા અને વિવેક ન હોય. રાજાનો વિવેક ચાલ્યો ગયો અને સઃ તે રાજા જેણે કલિયુગ ઉપર અસ્થાને કરુણા વરસાવી સુવર્ણમ રહેઠાણ આપ્યું હતું, તેનેજ તેના ઉપકારનો બદલો કલિએ આપ્યો. કલિ રાજાના મસ્તકમાં રહેલા સુવર્ણ જડિત રત્નમુકુટમાં પ્રવેશીને દુર્બુદ્ધિ આપી ગયો. મુકુટ તો રાજા રોજ મૂકતા હતા અને મુકુટ સુવર્ણનો જ હતો; પરંતુ આજે જે સુવર્ણ જડીત મુકુટ હતો તે અન્યાયની સમ્પત્તિમાંથી બનેલ હતો. કાલયવન અનેક રાજાઓને લુંટી, ઝવેરાત લઇ મથુરા ઉપર ચઢી આવ્યો. ભગવાન કૃષ્ણે મથુરાથી ૬૦ માઈલ દૂર ધવલપુરની ગુફામાં દોડતા પ્રવેશી, તેને પાછળ પાછળ લઈ આવી, મુચુકુન્દ રાજાના નેત્રના અગ્નિથી બાળી નાખ્યો. કાલયવનનું સૈન્ય રાજા વિનાનું બન્યું. તેને માથુર સૈનિકોએ હરાવ્યું. હરાવીને ઝવેરાત લઈ મથુરામાં જવા લાગ્યા. જીતથી ઉદ્દામ બનેલા સૈનિકોને ઝવેરાત લઇ જતાં રોકવા જ્યારે શ્રીકૃષ્ણને ઠીક ન લાગ્યું, એટલે તે જ સમયે ચઢી આવેલા જરાસંધની સામે યુદ્ધ ન કરતાં પ્રવર્ષણ પર્વત ઉપર ચઢી ગયા શ્રીકૃષ્ણ વિનાના માથુર સૈનિકોને હરાવી જરાસંધ પોતાને વિજયી માનતો માથુરો પાસેથી કાલયવનના ઝવેરાતને લઇને ચાલતો થયો. એમાંથી એક મુકુટ બનાવ્યો, પણ તે બંધ બેસતો ન થયો. અનીતિનું ધન કદિ બંધ બેસતું નથી થતું. તે જરાસંધને ભીમસેને માર્યો અને તેના પુત્રની અને શ્રીકૃષ્ણની મના હતી, છતાં તે મુકુટ હસ્તિનાપુરમાં લઇ આવ્યો. ભગવાને ધર્મરાજાને ચેતાવ્યા કે, "આ મુકુટ પહેરશો મા. એ પહેરનારની બુદ્ધિને બગાડનાર, અધર્મન ધનમાંથી બનેલો છે." યુધિષ્ઠિરે તેને તિજોરીમાં મૂકાવી રાખ્યો તેના ઉપર સૂચના લખાવી મૂકી કે, "રાજાએ આ મુકુટ કદિ પહેરવો નહિ." પરીક્ષિત રાજાના હાથમાં તે મુકુટ આવ્યો. કારીગરે એને સાફ કરતાં સૂચનાને પણ બેધ્યાનમાં સાફ કરી નાખી. તે મુકુટને પહેરીને જતાં રાજાને કુબુદ્ધિ થઈ, મન્યુ પરવશ બન્યો. પાસેના દરમાંથી નીકળીને જતા સર્પ ઉપર તે રોષ ઠાલવ્યો, સજ્જ બાણ સર્પ ઉપર છોડયો. સર્પ ગતપ્રાણ બન્યો, એટલે આશ્રમમાંથી જતાં રાજાએ ઋષિના ખભા ઉપર તેને મૂક્યો. રાજાનો હાથ ખભાથી આગળ ન જઇ શકયો. **બ્રહ્મઋષેઃ**-બ્રહ્મતેજથી જ રાજાનો હાથ આગળ ન વધી શકયો. રાજા જો સાપ મૂક્યા પછી આશ્રમમાં ઊભા રહ્યા હોત, તો પણ શાપ ન પામત. રાજાના આશ્વાસન વાક્યોથી ક્ષણભરમાં શૃંગીનો આવેશ ઉતરી જાત; પરંતુ એ વાત ભગવાનને મંજુર ન હતી. પોતાનું અપમાન કરવાના ઇરાદાએ આંખો બંધ કરીને બેઠા છે કે સાચે જ સમાધિમાં છે, એનો ફેંસલો કરવાના આશયથી જ આ કાર્ય કરેલું હતું. આમ કરવામાં વિચાર શક્તિ નેવે મૂકી. ૩૦; ૩૧.

तस्य पुत्रोऽति तेजस्वी विहरन्बालकोऽर्भकैः ।
राज्ञाघं प्रापितं तातं श्रुत्वा तत्रेदमब्रवीत् ॥ ३२ ॥

અન્વયાર્થ—અતિતેજસ્વી-અત્યંત તેજસ્વી, **તસ્ય**-તે શમીક મુનિનો, **બાલકઃ**-નાની વયનો બાળ, **પુત્રઃ**-પુત્ર શૃંગી, **અર્ભકૈઃ**-બાળકો સાથે, **વિહરન્**-વિહાર કરતો, **તાતમ્**-પિતાને, **રાજ્ઞા**-રાજાથી, **અઘમ્**-સાપને કંઠે ભરાવવા રૂપી પાપને, **પ્રાપિતમ્**-પ્રાપ્ત કરાયેલ, **શ્રુત્વા**-સાંભળીને, **તત્ર**-ત્યાં, **ઇદમ્**-આ પ્રમાણે, **અબ્રવીત્**-બોલ્યો. ૩૨.

અનુવાદ—તપના પ્રભાવથી અતિશય તેજસ્વી, તે શમીક મુનિના બાળપુત્રે, સમોવડીયા બાળકો સાથે વિહાર કરતાં જાણ્યું કે, "રાજાએ મારા પિતાના ખભે સાપ મૂકીને પાપ કર્યું છે:" ત્યારે સર્વના સાંભળતાં ત્યાં તેણે આ પ્રમાણે કહ્યું. ૩૨.

તત્ત્વસુધા—શમીક ઋષિનો પુત્ર શૃંગી અત્યંત તેજસ્વી હતો. બાળકોનો સંગ હતો; સ્વયં બાળક હતો. એટલે બુદ્ધિના માપેજ પ્રસંગને માપી શકે. તેણે સાંભળ્યું કે પિતાના ગળામાં રાજાએ સર્પ મૂકીને પિતાને પાપ આપ્યું છે. એટલે શાસ્ત્રની પરિભાષાથી વિચાર કર્યો કે જીવતો સર્પ મૂક્યો હોય તો પિતાજીનું મૃત્યુ થયું છે અને જો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મરેલો મૂકયો હોય તો પણ મરેલા સર્પના સ્પર્શથી પાપ લાગે અને પાપથી મૃત્યુ થાય છે. તે રીતે પણ મારા પિતાનું મરણ જ થયું છે. સર્પને મારવાનું પાપ રાજાએ કર્યું છે; પરંતુ સર્પ મારવાનો આરોપ મારા પિતાજી ઉપર હાલવવા માટે જ મારા પિતાના ગળામાં સાપ મૂકયો છે. એવું કાર્ષ્ણિક સમજીને બોલવાનો આરંભ કર્યો. ૩૨.

अहो अधर्मः पालानां पीव्नां बलिभुजामिव ।
स्वामिन्यघं यद्दासानां द्वारपानां शुनामिव ॥ ३३ ॥
ब्राह्मणैः क्षत्रबन्धुर्हि [1]द्वारपालो निरूपितः ।
स कथं तद्गृहे द्वाःस्थः सभाण्डं [2]भोक्तुमर्हति ॥ ३४ ॥

અન્વયાર્થ—**અહો**-આશ્ચર્ય છે કે, **પીવ્નામ્**-પુષ્ટ થયેલા, **બલિભુજામ્**-બલિને ખાનારા કાગડાઓની, **ઇવ**-જેમ, **પાલાનામ્**-પાલન કરાયેલા રાજાઓનો, **અધર્મઃ**-આ અધર્મ તો જુઓ ! **યદ્**-જે, **દ્વારપાનામ્**-દ્વારપાલક, **દાસાનામ્**-દાસ લોકોનું, **શુનામ્ ઇવ**-કૂતરાઓની જેમ, **સ્વામિનિ**-પોતાના માલિક ઉપર, **અઘમ્**-પાપાચરણ કરે છે. ૩૩; **હિ**-કારણકે, **ક્ષત્રબન્ધુઃ**-ક્ષત્રિય રાજા, **બ્રાહ્મણૈઃ**-બ્રાહ્મણોએ, **દ્વારપાલઃ**-દ્વારપાલ તરીકે, **નિરૂપિતઃ**-યોજેલો છે, **સઃ**-તે, **દ્વાઃસ્થઃ**-દરવાજે રહેલ દરવાન, **તદ્ગૃહે**--તેના ઘરમાં, **સભાણ્ડમ્**-એક પાત્રમાં, **ભોક્તુમ્**-ખાવા માટે, **કથમ્**-કેવી રીતે, **અર્હતિ**-યોગ્ય છે ? ૩૪.

અનુવાદ—પુષ્ટ થયેલા રાજાઓનો આ અધર્મ તો જુઓ ! અન્ન બલિને ખાનારા કાગડા તથા કૂતરાઓની જેમ પુષ્ટ થયેલા આ દાસ લોકોનું પોતાનાજ સ્વામી ઉપર આવું પાપાચરણ ! ૩૩; બ્રાહ્મણોએ ક્ષત્રિયને દશ રક્ષણમાં દ્વારપાલ તરીકે યોજયા છે. તે દ્વાર રક્ષકો ઘરમાં પ્રવેશ કરી સ્વામીની સાથે એક પાત્રમાં અન્નને કેવી રીતે ખાઇ શકે. ? ૩૪.

તત્વસુધા—શૃંગી મુનિ આ શ્લોકોમાં સમાજ રક્ષાની દ્રિશા માં વિચાર ધારા પ્રકટ કરે છે. ઇશ્વરે વિશ્વ રક્ષા માટે ધર્મ વ્યવસ્થા કરી અને વિપ્રે ધર્મની રક્ષા કરી વિશ્વ રક્ષા કરી. વિપ્રનાં બે રાજ્યો છે–એક તો વિપ્રનું સ્વરાજ્ય અને અન્ય જગતનું રાજ્ય. વિપ્રે બહારના જગતની રક્ષા માટે પૃથ્વી ક્ષત્રિયોને આપી. પૂર્વમાં પૃથ્વી બ્રાહ્મણોની હતી. કશ્યપે, પરશુરામે અને શ્રીરામે પૃથ્વી વિપ્રોને દાનમાં આપી. વિપ્રોએ આધ્યાત્મિક જગતનું રક્ષણ કરવાનું માથે રાખ્યું અને બહારના જગતની રક્ષા ક્ષત્રિયોને સોંપી. તે ક્ષત્રિયો દ્વારપાલ તરીકે હતા. રાજ્યનાં માલિક તરીકેનો કદિ અભિમાન ધરતા ન હતા; તેમજ માલિક તરીકેનો દાવો પણ કરતા ન હતા.

દ્વાર ઉપરનો દ્વારપાલ ભોજન અવશ્ય મેળવે, પણ એ જો ગૃહનાથની સાથે **સભાણ્ડ** એક પાત્રમાં અગર તો રસોઈ કરવાના પાત્રમાં ભોજન કરવાને ઇચ્છે, તે કેટલું શકચતા અને સભ્યતા ભરેલું છે ? આજે આ પરીક્ષિતે એવી જ ભૂલ કરેલી છે. અમારા આશ્રમમાં વગર પરવાનગીએ પ્રવેશી નિતાન્ત શાન્ત અને સમાધિરત ઋષિના કંઠમાં સર્પ મૂકયો છે; એથી મર્યાદાનું ઉલ્લંઘન કર્યું છે. ૩૩; ૩૪.

कृष्णे गते भगवति शास्तर्युत्पथगामिनाम् ।
तद्भिन्नसेतू[3]नद्याहं शास्मि पश्यत मे बलम् ॥ ३५ ॥
इत्युक्त्वा रोषताम्राक्षो वयस्यानृषिबालकान् ।
कौशिक्यापऽउपस्पृश्य वाग्वज्रं विससर्ज ह ॥ ३६ ॥

---

१. પ્રા૦ પા૦ -ગૃહપાલો । ૨. પ્રા૦ પા૦ -ભક્ત્વતું૦ । ૩. પ્રા૦ પા૦ - સેતુમદ્યા૦ ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

इति[1] लङ्घितमर्यादं तक्षकः सप्तमेऽहनि ।
दंक्ष्यति स्म कुलाङ्गारं चोदितो मे [2]ततद्रुहम् ॥ ३७ ॥

અન્વયાર્થ—उत्पथ-गामिनाम्-અવળે માર્ગે જનારાઓના, शास्तरि-શાસક-શિક્ષા કરનાર, भगवति-कृष्णे-ભગવાન શ્રીકૃષ્ણ, गते-સ્વધામ પધાર્યા માટે, तद्-भिन्न-सेतून्-તે શ્રીકૃષ્ણની ધર્મ મર્યાદાઓને તોડનારાઓનું, अद्य-આજે, अहम्-હું, शास्मि-શાસન કરું છું, मे-મારા, बलम्-બળને, पश्यत-તમે જુઓ. ૩૫; रोष-ताम्र-अक्षः-ગુસ્સાથી રાતી આંખવાળા, वयस्यान्-સરખી વયના, ऋषि-बालकान्-ઋષિઓના બાળકોને, इति-આ પ્રમાણે, उक्त्वा-કહીને, कौशिक्याः-કૌશિકી નામની નદીનાં, अपः-જળને, उपस्पृश्य-સ્પર્શ કરીને-આચમન કરીને, ह-ખરેખર, वाग्-वज्रम्-વાણી રૂપી વજ્રને-શાપને विसृसर्ज-છોડ્યું. ૩૬; इति-એ પ્રમાણે, लङ्घित-मर्यादम् મર્યાદાને તોડનારને, कुलाङ्गारम्-વંશમાં લાંછન લગાડનારને, तत-द्रुहम्-પિતાના અપરાધને કરનારને, मे-મારાથી, चोदितः-પ્રેરાયેલો, तक्षकः-તક્ષક નાગ, सप्तमे-સાતમા, अहनि-દિવસે, दंक्ष्यति स्म-દંશ દેશે-કરડશે. ૩૭.

અનુવાદ—કુમાર્ગે જનારાઓને શિક્ષા કરનાર ભગવાન શ્રીકૃષ્ણ સ્વધામ પધારી ગયા છે, એટલે એમની બાંધેલી ધર્મ મર્યાદાઓને તોડનારાઓને આજે હું શિક્ષા કરું છું. આજે મારા બળને નિહાળો. ૩૫; ક્રોધથી રાતાં નેત્રવાળા મુનિપુત્ર શૃંગીએ આ પ્રમાણે પોતાના સરખી વયના ઋષિબાળકોને કહીને, કૌશિકી નદીના જળનું પ્રાશન કરીને વાણીરૂપ વજ્ર ફેંકયું-શાપ આપ્યો. ૩૬; આ પ્રમાણે મર્યાદા તોડનાર, કુલાંગાર, તેમજ મારા પિતાનો દ્રોહ કરનાર રાજાને મારાથી પ્રેરાયેલ તક્ષક નાગ આજથી સાતમા દિવસે દંશ દેશે. ૩૭.

તત્ત્વસુધા—ભગવાન શ્રીકૃષ્ણ શાસક નથી, એમ સમજી એ નૃપ સ્વૈર વિહારી બનેલ છે. એને માઠું બળ બતાવું અને શાસ્ત્ર-લોક મર્યાદાનું રક્ષણ કરું. મારા બાલ મિત્રો, માઠું કેવું બળ છે, તે આજે જુઓ. એમ બોલતાં **रोषताम्राक्षः**-રોષથી લાલચોળ નેત્ર બની ગયાં. દયાનું અનુસંધાન ચાલી ગયું; અને **कुशस्त्वेदं कौशिकं पवित्रं तत् पाणौ अस्ति अस्य इति कौशिकी**-કુશ-દર્ભની બનાવેલી પવિત્ર વીંટીને હાથમાં ધારણ કરનારા કૌશિકી-એવા શૃંગી; અથવા કૌશિકો દેવતા अस्या इति कौशिकी गायत्री तया कौशिक्या-કૌશિક-વિશ્વામિત્ર જેના ઋષિ છે એવા ગાયત્રી મંત્રને ભણીને; અથવા કૌશિકી નદીના જલનું આચમન કરીને, હાથમાં જલ લઇ, અભિચાર મંત્રનો ઉચ્ચાર કરી વાગ્ વજ્ર ફેંકયું. "મર્યાદા નામના ધર્મરક્ષણના મજબૂત કિલ્લાને તોડનાર આ રાજાને **तक्षकः-अहनि सप्तमे**-આજથી સાતમે દિવસે તક્ષક નાગ બાળશે." રાજાને સાત દિવસ જીવવાનો અવધિ એટલા માટે આપ્યો કે સાપ માથા ઉપર ન મૂકતાં ગળા ઉપર મૂકયો છે. તેમ કરવાથી મસ્તકમાં રહેલા સાત પ્રાણોનું સન્માન કર્યું છે. માટે સાત દિવસનું આયુષ્ય આપું છું. જો કદાચ પરીક્ષિતની પ્રાર્થનાથી તક્ષક નાગ નહિ કરડે તો હું તક્ષકને પણ શાપ આપી બાળી નાખીશ. રાજા **कुलाङ्गार** છે. એ જો જીવે તો એક દિવસ કુળને બાળી નાખે. માટે એ અંગારાને જ હારી નાખવો રહ્યો. મારે હારવાની ફરજ એટલા માટે પડી છે કે તે મારા **ततद्रुहम्** પિતાનો દ્રોહ કરનાર છે.

એક શંકા થાય કે રાજા મુનિના ગળામાં સર્પ મૂકી મધ્યાહ્ને લગભગ ઘરે આવ્યા હશે. વળી તરસ પણ વહેલી સવારે ન લાગે, મધ્યાહ્ને જ લાગે. રાજા ઘરે આવ્યા બાદ ગૌર મુનિ શમીક મુનિના આદેશથી રાજાને સંદેશ આપવા આવ્યા અને રાજા તે સંદેશ સાંભળી, રાજ્યવ્યવસ્થા કરી, હસ્તિનાપુર છોડી, ગંગા કિનારે આવ્યા. એ સર્વ વિધિ કરતાં લગભગ અપરાહ્ન સમય તો થઇ જાય. ત્યારે રાજાએ સાત દિવસ

૧. પ્રા૦ પા૦ – अतो । ૨. પ્રા૦ પા૦ – पितुद्रुहम् ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભાગવત શી રીતે સાંભળ્યું ? મેધાવીઓની એક એવી માન્યતા છે કે સપ્ત એટલે સાત, અને મ એટલે પાંચ, એમ મળી બારમે દિવસે તક્ષક કરડશે. એવા અર્થથી શૃંગીએ સપ્તમ શબ્દ વાપર્યો હોય તો રાજા પાંચ દિવસમાં તૈયારી કરી અને ચાલી નીકળ્યા અને સાત દિવસ કથા સાંભળી. કારણ કે માહાત્મ્યમાં સપ્તાહની પાંચ દિવસ પૂર્વે તૈયારી કરવી અને પછી કથા સાંભળવી એમ વિધિ બતાવ્યો છે. તે પરીક્ષિત રાજાની પાંચ દિવસની તૈયારી ઉપરથી જ સૂચવ્યો હોય તેમ બની શકે ખરું ! વળી શ્રી શુકદેવજી પણ કહે છે, " રાજા, તારો જીવન અવધિ **'સાત દિવસ'** નો છે." તે પણ ત્યારે જ સમંત થાય કે પ્રાતઃકાલથી રાજા બેઠા હોય. તેમજ કથા શ્રવણની વિધિમાં પણ પ્રાતઃકાલેજ બેસવાનું લખે છે. આ બધા વિચાર સપ્તમ્ નો અર્થ ૧૨ (બાર) કરાય તો ઠીક. છતાં જો મન ન માને તો અચિંત્ય શક્તિ પરમાત્માની ઇચ્છાએ આ સર્વ કાર્ય એકજ દિવસમાં વહેલી સવારમાંજ પતી ગયું અને સમમ નો અર્થ **સાત** એવોજ કાયમ રહ્યો. ૩૫; ૩૬; ૩૭.

ततोऽभ्येत्याश्रमं बालो गले सर्पकलेवरम् ।
पितरं वीक्ष्य[1] दुःखार्तो मुक्तकण्ठो रुरोद ह ॥ ३८ ॥

અન્વયાર્થ—**ततः**–ત્યાર બાદ, **आश्रमम्**–આશ્રમમાં, **अभि-एत्य**–આવીને, **गले**–ગળામાં, **सर्प-कलेवरम्**–સર્પના દેહવાળા, **पितरम्** પિતાને, **वीक्ष्य**–જોઇને, **दुःखार्तः**–દુઃખથી પીડાતો, **बालः**–મુનિ કુમાર–**मुक्तकण्ठः**–મુકત કંઠે, **ह**–ખરેખર, **रुरोद**–રડવા લાગ્યો. ૩૮.

અનુવાદ—ત્યારબાદ આશ્રમમાં આવીને શૃંગીએ પોતાના પિતાના ગળામાં સર્પ જોયો. જોતાં જ દુઃખથી પીડાતો મુનિકુમાર મુક્ત કંઠે રડવા લાગ્યો. ૩૮.

તત્ત્વસુધા—શૃંગીમાં આવેલ તેજ કાંઇક વિશિષ્ટ કામ કરી ચાલી ગયું અને મુનિ કુમાર બાળક ભાવમાં આવી ગયો. પિતાના ગળામાં સર્પને જોઈને કલ્પના ન કરી શક્યો કે આ મૃત સર્પ છે કે જીવિત સર્પ છે. આખરે મુક્તકંઠે રોવાની શરૂઆત કરી બાલાનાં રોદનં બલમ્-રૂદન બાળકનું બળ છે, એ પુરવાર કરી આપ્યું. ૩૮.

स वा[2]आङ्गिरसो ब्रह्मन् श्रुत्वा सुतविलापनम् ।
उन्मील्य शनकैर्नेत्रे दृष्ट्वा [3]स्वांसे मृतोरगम् ॥ ३९ ॥
विसृज्य पुत्रं पप्रच्छ वत्स कस्माद्धि रोदिषि ।
केन वा तेऽपकृतमित्युक्तः स न्यवेदयत् ॥ ४० ॥

અન્વયાર્થ—**ब्रह्मन्**–હે શૌનક, **सः**–તે, **वा**–તો, **आङ्गिरसः** શમીક મુનિ, **सुत-विलापनम्**–પુત્ર રૂદનને, **श्रुत्वा**–શ્રવણ કરીને, **शनकैः**–ધીમેથી, **नेत्रे** નયનોને, **उन्मील्य**–ખોલીને, **स्वांसे**–પોતાના ખભા ઉપર, **मृत-उरगम्**–મરેલા સર્પને, **दृष्ट्वा**–જોઈને, **विसृज्य**–એ સાપને દૂર ફેંકી દઈને, **पुत्रम्**–પુત્રને, **पप्रच्छ**–પૂછવા લાગ્યા; **वत्स**–વહાલા પુત્ર, **कस्मात्**–કયા કારણે, **हि**–ખરેખર, **रोदिषि**–તું રડે છે ? **वा**–અથવા, **केन**–કોણે, **ते**–તારો, **अपकृतम्**–અપકાર કર્યો છે ? **इति**–આ પ્રમાણે, **उक्तः**–પૂછતાં, **सः**–તે બ્રહ્મકુમાર, **न्यवेदयत्**–નિવેદન કરવા લાગ્યો. ૩૯; ૪૦.

અનુવાદ—હે શૌનક, અંગિરા ગોત્રમાં ઉત્પન્ન થયેલા તે શમીક મુનિએ પુત્રનું રૂદન સાંભળી ધીમેથી આંખો ખોલી, પોતાના ખભા ઉપર મરેલો સાપ જોયો; એ સાપને દૂર ફેંકી દઈને પુત્રને પૂછયું, "પ્રિય પુત્ર, તું શા માટે રડે છે ? કોણે તારો અપરાધ કર્યો ?" આ પ્રમાણે પ્રશ્ન પૂછયો ત્યારે પુત્રે પિતાને સર્વ હકીકત કહી સંભળાવી. ૩૯; ૪૦.

૧. પ્રા૦ પા૦–પ્રેક્ષ્ય । ૨. પ્રા૦ પા૦–स वैवाङ्गिरसो । ૩. પ્રા૦ પા૦–स्वांसे

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્ત્વસુધા—ઋષિ આંગિરસ સમાધિમાંથી ઉપરામ પામ્યા. **आङ्गिरसः** અંગિરા કુલમાં જન્મ્યા હતા. અંગ એટલે શરીર અને અંગી એટલે પ્રાણ. એ બન્નેનું બીજાના કલ્યાણ માટે દાન કરે તે **अङ्गिरा** ઋષિ હતા. અંગિરા કુલના દધીચિ મુનિએ દેહ અને પ્રાણ ઈન્દ્રના કલ્યાણ માટે દાનમાં દીધાં હતાં. તેવાજ આ કોમલ, ઉદાર સંત દિલ ઋષિ હતા. તે મૃદુ દિલ મુનિએ **वत्स** ! બેટા કેમ રડે છે ? કોણે અપરાધ કર્યો ? એમ બે પ્રશ્નો પૂછ્યા. મુનિને શ્રદ્ધા હતી કે પોતાનો પુત્ર અસત્ય નહિ બોલે. મુનિ કુમારે અથથી ઈતિ સર્વ પ્રસંગ કહી સંભળાવ્યો. ૩૯; ૪૦.

निशम्य शप्तमतदर्हं नरेन्द्रं स ब्राह्मणो नात्मजमभ्यनन्दत् ।
अहो बतांहो महदज्ञ ते कृतमल्पीयसि द्रोह उरुर्दमो धृतः ॥ ४१ ॥

અન્વયાર્થ—**सः**-તે, **ब्राह्मणः**-શમીક મુનિ, **अतदर्हम्**-તેવા શાપને અયોગ્ય એવા, **नरेन्द्रम्**-સમ્રાટ્, પરીક્ષિતને, **शप्तम्**-શાપિત થયેલ, **निशम्य**-સાંભળીને, **आत्मजम्**-પુત્રને, **न अभ्यनन्दत्**-અભિનંદન ન આપ્યું, **अहो**-અહોહો ! **अज्ञ**-હે અજ્ઞાની બાળક, **बत**-ખરેખર, **ते**-તેં, **महत्**-મોટું, **अंहः**-પાપ, **कृतम्** કર્યું, કારણકે **अल्पीयसि**-અલ્પ પ્રમાણમાં, **द्रोहे**-અપરાધ ઉપર, **उरुः**-મોટો, **दमः**-દંડ, **धृतः**-ધારણ કર્યો. ૪૧.

અનુવાદ—શાપને અયોગ્ય એવા પરીક્ષિત રાજાને પુત્રે શાપ આપ્યો, એ સાંભળતાં શમીક મુનિ નારાજ થયા. પુત્રને અભિનંદન ન આપ્યું અને કહેવા લાગ્યા, "અરેરે ! હે અજ્ઞાની બાળક, તેં મોટું પાપ કર્યું છે; કારણ કે સાધારણ અપરાધ હોવા છતાં તેં મોટી શિક્ષા કરી છે."૪૧.

તત્ત્વસુધા—શ્રીમદ્ ભાગવતમાં 'ન્યાયની નજર' ઘણી ખાનદાન અને ઉદાર છે. દ્રૌપદીએ જેવો ન્યાય અશ્વત્થામા માટે તોળ્યો અને અશ્વત્થામાને નિર્દોષ ઠેરવ્યા, તેજ પ્રકારે શમીક ઋષિએ રાજાનો ન્યાય તોળ્યો. આ શાપના પ્રસંગને સાંભળી, **स ब्राह्मणः** તે બ્રહ્મ જેવી 'નિર્વિકાર, નિર્દોષ અને દયાવાળી' દૃષ્ટિ ધરાવતા બ્રાહ્મણે (શમીકે) **आत्मज** પુત્રના કર્તવ્યને અનુમોદન ન આપ્યું. સ્વજન દોષ કરે ત્યારે શિક્ષા કરે અને પરકીય દોષ કરે ત્યારે ઉપેક્ષા કરે એ પ્રેમની પરિપાટી છે. પાળે, પોષે તે પિતા નહિ, પણ પાપ પ્રમાદમાંથી ખાળે અને પુણ્ય પંથે વાળે એ પિતા મનાય. શૃંગીના કાર્યને દોષની નજરે સમજાવતા શમીક ઋષિએ કહ્યું, **अज्ञ** એ હે અબુધ બાળક ! જગતનાં પાપ કાપે, પ્રેમ આપે, પ્રભુને આપે, તે બ્રાહ્મણ મનાય; પરંતુ શાપ આપે તેને બ્રાહ્મણ ન મનાય. જ્યારે તેં તો **महद् अंहः** મોટું પાપ કર્યું છે અને રાજાએ **अल्पीयसि द्रोहे** તદ્દન નાનો જ અપરાધ કર્યો છે. અપરાધ અને દંડ સમાન પ્રમાણમાં હોવા જોઈએ. રાજાએ આશ્રમના સર્પનો વધ અને મારા શરીરને મૃત સર્પનો સ્પર્શ-એવા નાના બે પ્રમાદો કર્યા છે. તેનાં નિવારણ થઈ શકે છે. સ્નાન કરવાથી મૃત સર્પના સ્પર્શનો દોષ દૂર થાય છે. સર્પના વધના બદલામાં 'નરેન્દ્રનો' નાશ ન થાય, બેટા ! કારણ કે રાજા અને સર્પ સરખા ન ગણાય. મુનિના આ નિરૂપણમાં સત્યની પ્રતિષ્ઠા છે અને આત્માની મહર્ઘતા છે, માનવ દેહમાંનો આત્મા મુક્તિનો વારસદાર છે. તેં તો નરદેવના ઉન્નત આત્માને પ્રાણ વિયોગ નથી કરાવ્યો; પરંતુ બ્રહ્મશાપ-બ્રહ્મદંડ આપ્યો છે. યમદંડમાં તો મૃત્યુ છે અને બ્રહ્મદંડમાં તો અપમૃત્યુ છે. બ્રાહ્મણનો જેને શાપ થયો હોય તેના તરફ નારકી જીવો પણ ઘૃણાની દૃષ્ટિએ જુએ છે. એટલે તેં તો રાજાને શાપ આપીને નારકી જીવ કરતાં પણ નિંદિત દશામાં મૂકેલ છે. એના ધર્માદિ ચાર પુરુષાર્થ અને ભગવત્પદ પ્રાપ્તિ એમ પાંચ પુરુષાર્થોનો નાશ કર્યો છે. માટે તારા આ કાર્યને બેટા ! મારૂં અનુમોદન નથી. ભલે તેના પ્રાણ જાય, પણ એની અવગતિ તો થવી ન જ જોઈએ. રાજાએ તો દોષ કર્યો અને તેં તો અધર્મ કર્યો. ૪૧.

---

૧. પ્રા૦ પ્રા૦—बुद्धिः ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

न वै नृभिर्नरदेवं पराख्यं सम्मातुमर्हस्यविपक्वबुद्धे[1] ।
यत्तेजसा दुर्विषहेण गुप्ता विन्दन्ति भद्राण्यकुतो भयाः प्रजाः ॥ ४२ ॥

અન્વયાર્થ—**અવિપક્વ-બુદ્ધે**-કાચી બુદ્ધિવાળા હે પુત્ર, **વૈ**-નિશ્ચિત, **પરાખ્યમ્**-ઈશ્વર એવા નામ વાળા, **નરદેવમ્**-મનુષ્યોમાં દેવ સમાન રાજાને, **નૃભિઃ**-મનુષ્યો સાથે, **સમ્માતુમ્**-સરખાવવા માટે, **ન અર્હસિ**-તું યોગ્ય નથી, **દુર્વિષહેણ**-અસહ્ય એવા, **યત્તેજસા**-જેના તેજથી-પ્રભાવથી, **ગુપ્તાઃ**-રક્ષાયેલી, **અકુતોભયાઃ**-નિર્ભય બનેલી, **પ્રજાઃ**-પ્રજાઓ, **ભદ્રાણિ**-કલ્યાણોને, **વિન્દન્તિ**-મેળવે છે. ૪૨.

અનુવાદ—**કાચી બુદ્ધિના હે પુત્ર, 'ઈશ્વર' એવા નામને ધારણ કરનાર નરદેવને બીજા સાધારણ માનવ સાથે સરખાવાય નહિ, જેના અસહ્ય તેજથી સુરક્ષિત પ્રજાઓ નિર્ભય થઈને સર્વ પ્રકારનાં કલ્યાણને મેળવે છે. ૪૨.**

તત્ત્વસુધા—શૃંગીએ શંકા કરી કે પિતાજી, મેં અયોગ્ય તો નથી કર્યું. રાજાએ પ્રાણ લીધા, માટે શાપથી તેના પ્રાણ જશે અને ગળે સર્પનો સ્પર્શ કરાવ્યો, તો તેને પણ સર્પ સ્પર્શ થશે. તેના ઉત્તરમાં મુનિએ કહ્યું કે આવી સ્થૂલ તુલના કરનાર તું અવિપક્વ બુદ્ધિ-કાચી બુદ્ધિવાળો છું. રાજા માનવ નથી. અનેક પુણ્યના સંચયથી તે બને છે. એને દાનવ થતો અટકાવવાનો હોય અને દેવાધિદેવ બનાવવાનો હોય; એમાં આપણો કાળો હોય. તારા શાપથી કેવળ રાજાના આત્મહિતની હાનિ નથી થઈ; પરંતુ સમસ્ત પ્રજાના હિતની હાનિ થઈ છે. આ રાજાએ કલિનો નિગ્રહ કર્યો છે, ખલોને કબજામાં લીધા છે. અને પ્રજાને આબાદી આપી છે. એ પ્રજાનું શું ? મુનિના આ નિરૂપણમાં વિશાલ દૃષ્ટિ છે. અનેકને જીવાડનાર એકને જીવાડવો, એ સનાતન ધર્મ છે. ૪૧ અને ૪૨ એ બે શ્લોકોમાં 'ધર્મ' ની દૃષ્ટિનો વિચાર કર્યો છે. ૪૨.

अलक्ष्यमाणे नरदेवनाम्नि रथाङ्गपाणावयमङ्ग लोकः ।
तदा हि चौरप्रचुरो विनंक्ष्यत्यरक्ष्यमाणोऽविवरूथवत्क्षणात् ॥ ४३ ॥

અન્વયાર્થ—**અઙ્ગ**-હે પુત્ર, **નરદેવ-નામ્નિ**-રાજા એવા નામને ધારણ કરનાર, **રથ-અઙ્ગ-પાણૌ**-હાથમાં ચક્ર ધરનાર-વિષ્ણુ સ્વરૂપ રાજા, **અલક્ષ્યમાણે**-જોવામાં નહિ આવે તો, **તદા**-ત્યારે, **ચોરપ્રચુરઃ**-વધી પડતા ચોરોવાળો, **અરક્ષ્યમાણઃ**-રક્ષણ ન કરાતો એવો, **અયમ્**-આ, **લોકઃ**-લોક, **હિ**-સાચેજ, **અવિ-વરૂથવત્**-ઘેટાંનાં ટોળાંની માફક, **ક્ષણાત્**-ક્ષણમાં, **વિનંક્ષ્યતિ**-વિનાશ પામશે. ૪૩.

અનુવાદ—**હે પુત્ર, જેનું નામ નરદેવ છે, એવા ચક્રધારી વિષ્ણુરૂપ શાસક રાજા નહિ હશે તો ચોરોનો ઉપદ્રવ વધી પડતાં, રક્ષણ કરનારના અભાવે ઘેટાંનાં ટોળાંની માફક આ લોક ખરેખર ક્ષણવારમાં નાશ પામશે. ૪૩.**

તત્ત્વસુધા—ઋષિએ પૂર્વના બે શ્લોકમાં 'ધર્મને તારા શાપથી હાનિ પહોંચશે,' એમ પુત્રને સમજાવી, હવે અર્થથી પણ હાનિ પહોંચશે એ વાત સમજાવે છે. ઋષિ શમીક પુત્રને વાત્સલ્ય ભર્યું સંબોધન કરે છે, '**અંગ**'-બેટા. એનું રહસ્ય એ છે કે ઉપદેશની કટુ વાતો વહાલભર્યા સંબોધનના મિષ્ટ મધુર મધના અનુપાનમાં ભૂલીને અપાય તો ઝટ ગળે ઉતરી જાય. બેટા, આ નામનો રાજા નથી; પરંતુ એના હાથમાં **રથાઙ્ગપાણૌ**-ચક્રનું ચિહ્ન છે, એટલે એના હાથમાં સુદર્શન ચક્રધારી વિષ્ણુ ભગવાન બિરાજીને રાજ્ય ચક્ર ચલાવે છે. સુદર્શનચક્ર એ તો સ્વદોષ દર્શન કરાવતું તત્ત્વ છે; અને આત્મદર્શન સાથે ભગવત્સ્વરૂપ દર્શન કરાવે છે. એનું શાસન નહિ હોય તો ભૌતિક ચોરો પ્રજાનું લૌકિક ધન ચોરી જશે અને વિષય ચોરો હરિચિંતન નામનું પારમાર્થિક ધન લુંટી જશે. આ રીતે 'કામ' પુરુષાર્થનો નાશ થશે. માટે તેં શાપ આપ્યો તે યોગ્ય નથી કર્યું. ૪૩.

---

૧. પ્રા૦ પા-બુદ્ધિઃ ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

तदद्य नः पापमुपैत्यनन्वयं यन्नष्टनाथस्य[1] वसोर्विलुम्पकात् ।
परस्परं घ्नन्ति शपन्ति वृञ्जते पशून् स्त्रियोऽर्थान् पुरुदस्यवो जनाः ॥ ४४ ॥

અન્વયાર્થ—**નષ્ટનાથસ્ય**-રાજા વિનાશ પામ્યો છે એવા લોકને, **વસોઃ**-દ્રવ્યના, **વિલુમ્પકાત્**-અપહરણ કરનારથી, **યત્**-જે, **પાપમ્**-પાપ, **તત્**-તે પાપ, **અદ્ય**-આજે, **નઃ**-આપણા નિમિત્તે, **અનન્વયમ્**-કારણ વિનાનું, આપણને **ઉપૈતિ**-પ્રાપ્ત થાય છે, **પુરુ-દસ્યવઃ**-જેમાં ઘણા ચોર છે, એવા **જનાઃ**-મનુષ્યો, **પરસ્પરમ્**-એક બીજાને, **ઘ્નન્તિ**-હણે છે, **શપન્તિ**-અપ શબ્દો બોલે છે, **પશૂન્**-પશુઓને, **સ્ત્રિયઃ**-સ્ત્રીઓને, **અર્થાન્**-દ્રવ્ય વગેરે પદાર્થોને, **વૃઞ્જતે**-હરણ કરે છે. ૪૪.

અનુવાદ—પ્રજાનો પાલક રાજા નાશ પામતાં પ્રજાઓ અનાથ બની જાય છે, ચોરોના ઉપદ્રવ વધી પડે છે, મનુષ્યો અંદર અંદર એક બીજાને હણે છે, અપશબ્દો બોલે છે, લગભગ ચોર જેવા ઘણા પુરૂષો પશુઓનું, સ્ત્રીઓનું તેમજ દ્રવ્ય વગેરેનું અપહરણ કરે છે, આ બધાથી થતું પાપ, વિના કારણે, આજે આપણને લાગુ પડે છે. ૪૪.

તત્ત્વસુધા—નૃપતિ નાશથી પ્રજાના અર્થ નાશનું પ્રતિપાદન કરી કામહાનિનું કથન આ શ્લોકમાં કરે છે. કર્તા, સલાહદાતા, સહકાર દેતા-એ ત્રણે, સત્કર્મના-પુણ્યના અને અસત્કર્મના-પાપના સરખા જ ભાગીદાર છે. ભલે આપણે પ્રજાના પશુધન, સ્ત્રીધન અને ધનની ચોરી નથી કરી; પરંતુ રાજાનો નાશ કરીને, ચોરોને ઉત્તેજન આપીને આપણેજ ચોરી કરી છે અથવા કરાવી છે એમ નિશ્ચિત થાય છે. આવું **અનન્વયમ્** લેવા દેવા વિનાનું, કારણ વિનાનું, રસ્તે જતાં આપણને પાપ લાગ્યું. ૪૪.

तदाऽऽर्यधर्मश्च विलीयते नृणां वर्णाश्रमाचारयुतस्त्रयीमयः[2] ।
ततोऽर्थकामाभिनिवेशितात्मनां शुनां कपीनामिव वर्णसंकरः ॥ ४५ ॥

અન્વયાર્થ—**તદા**-ત્યારે, **વર્ણ-આશ્રમ-આચાર-યુતઃ**-વર્ણાશ્રમ ધર્મના આચારવાળો, **ત્રયીમયઃ**-ત્રણે વેદોમાં ઉપદેશેલો, **નૃણામ્**-મનુષ્યોનો, **આર્યધર્મઃ**-આર્યધર્મ, **વિલીયતે**-સંપૂર્ણ રીતે નાશ પામે છે, **ચ**-અને, **ततः**-તેથી, **અર્થ-કામ-અભિનિવેશિત-આત્મનામ્**-અર્થ અને કામમાંજ જેમનું મન પરોવાયેલું છે એવાઓની, **શુનામ્-ઇવ**-કૂતરાઓની માફક, **કપીનામ્-ઇવ**-વાંદરાઓની માફક, **વર્ણસંકરઃ**-વર્ણ સંકરતા વધે છે. ૪૫.

અનુવાદ—ત્યારે વર્ણ ધર્મ લોપાય છે, આશ્રમ ધર્મ નાશ પામે છે, આચારવાળો-વેદોમાં જણાવેલો મનુષ્યોનો આર્યધર્મ નાશ પામે છે. મનુષ્યો અર્થ અને કામમાં જ પ્રીતિવાળા બની જતાં કૂતરા અને વાંદરાઓની જેવી બધે વર્ણ સંકરતા ફેલાય છે. ૪૫.

તત્ત્વસુધા—રાજાનું કે રાજ્ય વ્યવસ્થાપકનું એકજ કર્તવ્ય છે કે તે આર્ય ધર્મને સાચવે; અન્યથા સંસ્કૃતિનો હ્રાસ થાય. જે રાષ્ટ્રની સંસ્કૃતિ, સભ્યતા, મર્યાદા અને સાહિત્યનો નાશ થયો, તે રાષ્ટ્રનો નાશ થાય છે અને સમાજ સાંકર્યદોષ પ્રચુર થાય છે. ૪૫.

धर्मपालो नरपतिः स तु सम्राड् बृहच्छ्रवाः ।
साक्षान्महाभागवतो राजर्षिर्हयमेधयाट् ।
क्षुत्तृट्श्रमयुतो दीनो नैवास्मच्छापमर्हति ॥ ४६ ॥

---

१. પ્રા૦ પા૦-નષ્ટસ્ય માધવસ્ય । ૨. પ્રા૦ પા૦ તદાશુધર્મઃ સુવિલી૦ ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—**સઃ**–તે, **નરપતિઃ**–રાજા, **તુ**–તો, **ધર્મપાલઃ**–ધર્મનું પાલન કરનારો, **સમ્રાટ્**–ચક્રવર્તી, **બૃહચ્છ્રવાઃ**–વિશાળ કીર્તિવાળો, **સાક્ષાત્**–સાક્ષાત્, **મહાભાગવતઃ**–મહાન ભગવદ્ ભક્ત, **રાજર્ષિઃ**–રાજર્ષિ, **હયમેધયાટ્**–અશ્વમેધ યજ્ઞ કરનાર, **ક્ષુધ્–તૃડ્–શ્રમ–યુતઃ**–ભૂખ, તરસ, થાકવાળો, **દીનઃ**–સ્વભાવમાં દીન જેવો, **અસ્મત્–શાપમ્**–આપણા તરફથી શાપને, **ન અર્હતિ**–યોગ્ય નથી. ૪૬.

અનુવાદ—**તે રાજા પરીક્ષિત તો ધર્મના સંરક્ષક છે, સમ્રાટ્ છે, મહાકીર્તિવાળા તેમજ સાક્ષાત્ મહાન ભગવદ્ ભક્ત છે. રાજા હોવા છતાં ઋષિ જેવું જીવન જીવે છે, અશ્વમેધ યજ્ઞ કરેલ છે. ભૂખ, તરસ તેમજ થાકવાળા, દીન સ્વભાવના, તે આપણા શાપને યોગ્ય નથી.** ૪૬.

તત્ત્વસુધા—મહર્ષિ શમીક ત્રણ ચરણના ૪૬ મા શ્લોકમાં પરીક્ષિત રાજા અગિયાર ગુણોથી આદરણીય હતા એવું ભાન કરાવ્યું. ૧. ધર્મપાલઃ–ધર્મપાલક, ૨. નરપતિઃ–નીતિપાલ, ૩. સમ્રાટ્ પ્રજાપાલ, ૪. બૃહચ્છ્રવાઃ–કીર્તિમાન હોવાથી પુણ્યપાલ, ૫. મહાભાગવતઃ–ભક્તિપાલ, ૬. રાજર્ષિઃ–અનાસકત ભાવે રાજ્યપાલ, ૭. હયમેધયાટ્–યજ્ઞ યાગ કરવાથી વેદપાલ. આવા સાત ધર્મોવાળા રાજા હતા. એથી કોઈ રીતે તિરસ્કાર-શાપપાત્ર ન હતા. ગુણ ગૌરવથી જેટલા માન્ય હતા, તેટલાજ પરિસ્થિતિથી પણ સન્માનનીય હતા. ૮ ક્ષુધ્યુતઃ–ક્ષુધાર્ત, ૯. તૃડ્યુતઃ–તૃષાર્ત, ૧૦. શ્રમયુતઃ–શ્રમાર્ત, ૧૧ દીનઃ–દૈન્ય નિધિ. આવા અગિયાર ગુણોવાળા રાજા કદી શાપ દેવા લાયક ન મનાય. ૪૬.

अपापेषु स्वभृत्येषु बालेनापक्वबुद्धिना ।
पापं कृतं तद्भगवान् सर्वात्मा क्षन्तुमर्हति ॥ ४७ ॥

અન્વયાર્થ—**અપક્વ–બુદ્ધિના**–પરિપકવ બુદ્ધિ વગરના, **બાલેન**–બાળકે, **અપાપેષુ**–નિર્દોષ એવા, **સ્વભૃત્યેષુ**–પોતાના ભક્તો ઉપર, **પાપમ્**–પાપ, **કૃતમ**–કર્યું છે, **તત્**–તે પાપને, **સર્વાત્મા**–સર્વના અંતરાત્મા રૂપ, **ભગવાન્**–ભગવાન, **ક્ષન્તુમ્**–ક્ષમા કરવાને માટે, **અર્હતિ** યોગ્ય છે. ૪૭.

અનુવાદ—**પાકટ બુદ્ધિ વિનાના આ બાળકે નિર્દોષ એવા આપના ભગવદીય જનો ઉપર પાપ કર્યું છે; તો એ પાપને સર્વાત્મા ભગવાન ક્ષમા કરવાને યોગ્ય છે.** ૪૭.

તત્ત્વસુધા—મુનિરાજે પુત્રના અપરાધને પોતાના અપરાધ તરીકે સ્વીકારી ભગવાન પાસે ક્ષમા માગી. બ્રાહ્મણ અને ભક્ત એ બે ભગવાનના આત્મવત્ પ્રિય છે. બાલકના હાથે વૈષ્ણવ અપરાધ થયો છે. તેને ભગવદપરાધ ગણી ભગવાનની પાસે ક્ષમા માગે છે. પુત્રને આ અસામાન્ય ઠપકો હતો. સંતાનોની ભૂલોને પોતાના જ પ્રમાદો સમજી પ્રાયશ્ચિત કરનારા માવતર સંતાનોને સત્પથ ગામી બનાવી શકે છે. ૪૭.

तिरस्कृता विप्रलब्धाः शप्ताः क्षिप्ता हता अपि ।
नास्य तत्प्रतिकुर्वन्ति तद्भक्ताः प्रभवोऽपि हि ॥ ४८ ॥

અન્વયાર્થ—**તિરસ્કૃતાઃ**–તિરસ્કાર કરાયેલા હોય, **વિપ્રલબ્ધાઃ**–છેતરવામાં આવેલા હોય, **શપ્તાઃ**–શાપ આપવામાં–આવેલા હોય, **ક્ષિપ્તાઃ**–આક્ષેપ કરી ઉતારી પાડવામાં આવ્યા હોય, **અપિ**–અથવા તો, **હતાઃ**–મારવામાં આવ્યા હોય, તો પણ **તદ્ભક્તાઃ**–તે ભગવાનના ભક્તો, **પ્રભવઃ–અપિ**–સમર્થ હોવા છતાં પણ, **હિ**–ખરેખર, **અસ્ય**–એના, **તત્**–તે અપકારનો, **ન પ્રતિકુર્વન્તિ**–બદલો લેતા નથી. ૪૮.

અનુવાદ—**તિરસ્કાર કરવામાં આવેલા, ફસાવવામાં આવેલા, શાપિત કરાયેલા, આક્ષેપ કરવામાં આવેલા, અથવા તો મારવામાં આવેલા હોય તો પણ ભગવાનના ભક્તો, બદલો લેવા સમર્થ હોવા છતાં પણ, પોતાને થયેલા અન્યાયનો બદલો લેતા નથી.** ૪૮.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્ત્વસુધા—ભક્તના ઉત્તમ સ્વભાવની વાત પિતાએ આ શ્લોકમાં પુત્ર શૃંગીને કહી છે. ભગવદ્ ભક્તોના કોઈ અપરાધો કરે, તેનો બદલો વાળવા તેઓ સમર્થ હોય છે, તો પણ કદી તેઓ તેનો સામનો કરતા નથી. ૧. તિરસ્કૃતાઃ વક્ર વાક્યોથી કે વ્યંગ વાક્યોથી કોઈ તિરસ્કાર કરે; ૨. વિપ્રલબ્ધાઃ—વિશ્વાસ વાક્યોથી કહી દઈ લે; ૩. શપ્તાઃ—તેઓ નિર્દોષ હોય છતાં કોઇ શાપ આપે; ૪. ક્ષિપ્તાઃ—અનાદર કરી તરછોડે; ૫. હતાઃ— તેમને કોઈપણ પ્રહાર કરે. આવા પાંચ અપરાધો કરે, તેના ઉપર પણ તેઓ અપરાધ નથી કરતા. ૪૮.

इति पुत्रकृताघेन सोऽनुतप्तो महामुनिः ।
स्वयं विप्रकृतो राज्ञा नैवाघं तदचिन्तयत् ॥ ४९ ॥

અન્વયાર્થ—**इति**–આ પ્રમાણે, **पुत्र–कृत–अघेन**–પુત્રે કરેલા અપરાધથી, **अनुतप्तः**–ઘણો સંતપ્ત થયેલા, **सः**–તે, **महामुनिः**–ઉદાર મુનિ શમીક, **स्वयम्**–પોતે, **राज्ञा**–રાજાથી, **विप्रकृतः**–અપમાનિત કરાયેલા છે, **तत्**–તે, **अघम्**–પાપને, **न एव–अचिन्तयत्**–વિચારતા જ ન હતા. ૪૯.

અનુવાદ—આ પ્રમાણે ઉદાર ચરિત-મહામુનિ શમીક, પુત્રે કરેલા અપરાધથી ઘણા જ દુઃખી થયા; પરંતુ રાજાએ પોતાનું જે અપમાન કર્યું છે, તેનો તો તે વિચાર જ કરતા ન હતા. ૪૯.

તત્ત્વસુધા—આ શ્લોકમાં જે વિપ્રની કુલીનતા વર્ણવી છે, તે અન્યત્ર જોવા નહિ મળે. રાજાના અપરાધનો મનમાં જરા પણ ખ્યાલ નથી કર્યો; પરંતુ પોતાનાજ દોષને આગળ ધર્યો છે. ૪૯.

प्रायशः साधवो लोके परैर्द्वन्द्वेषु योजिताः ।
न व्यथन्ति न हृष्यन्ति यत आत्माऽ गुणाश्रयः ॥ ५० ॥

અન્વયાર્થ—**प्रायशः**–ઘણે ભાગે, **लोके**–વિશ્વમાં, **साधवः**–સજ્જનો, **द्वन्द्वेषु**–સુખ-દુઃખ, રાગ-દ્વેષ વગેરે દ્વન્દ્વ ધર્મોમાં, **परैः**–બીજાઓ વડે, **योजिताः**–યોજવામાં-જોડવામાં આવેલા હોવા છતાં, **न व्यथन्ति**–દુઃખી થતા નથી, **न हृष्यन्ति**–ખુશી થતા નથી, **यतः**–કારણ કે, **आत्मा**–આત્મા, **अगुण–आश्रयः**–ગુણોના આશ્રયે રહેનાર નથી. ૫૦.

અનુવાદ—ઘણે ભાગે વિશ્વમાં સજ્જન-ભગવદ્ ભક્તોને બીજાઓ સુખદુઃખાદિ દ્વન્દ્વ ધર્મોમાં જોડે, તોપણ તેઓ દુઃખી થતા નથી, તેમજ આનંદિત પણ થતા નથી; કારણ કે તેઓ માને છે કે આત્મા ગુણ ધર્મોથી પર છે. ૫૦.

તત્ત્વસુધા—સત્પુરુષોની જીવન સંસ્કૃતિનું સ્વરૂપ એક અનોખી જ ભાત પાડે છે. સ્વયં તો રાગદ્વેષ, વૈર-ઈર્ષ્યા વગેરે દ્વન્દ્વોમાં કદી પ્રવેશતા નહિ; પરંતુ જો તેઓને કોઈ રાગ-દ્વેષ કરવાની પારસ્થિતિમાં મૂકી દે, તો પણ તેઓ દ્વન્દ્વોની અસર નીચે આવતા નહિ, વ્યથા પેદા કરનાર કોઇ વાતાવરણ આવી પડે તો, કે હર્ષાસ્વાદનો પ્રસંગ આવી ચઢે તો પણ તેમની સમતુલાને આંચ આવતી નહિ. આ સ્થિતિ સંતોની એકજ કારણથી રહી શકે છે કે તેમનાં અન્તઃકરણ તે ભગવાનનું સુખનિવાસ-વૃન્દાવન છે. પરિણામે તેઓ અખંડ ભગવત્સાન્નિધ્યમાં હોય છે, જેથી સર્વમાં પ્રેમ કરી શકે છે, તેમજ નિર્દોષ ભાવ સાચવી શકયા છે. ૫૦.

શ્રીમદ્ ભાગવતના પ્રથમ સ્કંધની તત્ત્વસુધા ટીકાનો
૧૮ મો અધ્યાય સંપૂર્ણ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અધ્યાય ૧૯ મો.

વિરાગ અને વિવેકની પ્રાપ્તિ થાય ત્યારે હરિપદમાં અનુરાગ પ્રકટે છે. વિરાગનાં મૂલ જો ભક્તિ અને જ્ઞાન હોય તો વિરાગને અવિલંબે પ્રભુપદાનુરાગ પ્રાપ્ત થાય, તેમજ વિરાગ દૃઢમૂલ બની જાય છે. અઢાર અધ્યાય સુધીમાં શ્રોતા વક્તાની ભૂમિકા તૈયાર કરી. જ્યારે ભૂમિકા સિદ્ધ થઇ, ત્યારે ઉભયનો સુમેળ સાધ્યો. પરીક્ષિત ઉત્તમ કક્ષાના વિરક્ત શ્રોતા છે અને શ્રીશુકદેવજી ઉત્તમ કક્ષાના હરિરસ સુધામાં પૂર્ણ અનુરક્ત વક્તા છે. પરીક્ષિતની યોગ્યતાનું ચરિત્રથી નિરૂપણ કરી પછી ઉત્તમ શ્રોતા તરીકે વર્ણવ્યા. તે નિરૂપણ કરવા માટે ૭મા અધ્યાયથી ૧૯મા અધ્યાય સુધી ૧૩ અધ્યાયનું પ્રકરણ રચ્યું. જ્યારે શુકમુનિનાં કેવલ આગમન અને દર્શન માત્રથીજ ઉત્તમ ભૂમિકા નક્કી કરી. એટલી શુકાચાર્યની વિશિષ્ટતા હતી. વાણીનો પ્રારંભ તો શુકદેવજી બીજા સ્કંધથી કરશે.

આ ૧૯મો અધ્યાય ઉત્તમ પ્રકરણનો અંતિમ અધ્યાય છે. ઉત્તમ પ્રકરણ ૧૩ અધ્યાયનું છે. ભગવાનનાં ૧૨ અંગો અને ૧૩મા ધર્મી–અંગી એમ મળી તેરમાં તન્મયતા સાધવી, એવું સૂચન આ ૧૩ અધ્યાયના ઉત્તમ પ્રકરણના ચરિત્ર વર્ણનમાં છે. આ ત્રીજા પ્રકરણનું **ગુણાતીત** પ્રકરણ એવું પણ નામ છે. માત્ર પ્રકરણ વિભાગમાં ૯, ૯, અને ૧ અધ્યાયો, એવી વહેંચણી છે. આ પ્રકરણ વિભાગની રીતે **એકજ** અધ્યાયનું ગુણાતીત પ્રકરણ છે.

૧૮મા અધ્યાયમાં વૈરાગ્ય મેળવવાની સામગ્રીઓ આપી છે. વિપ્રના કંઠમાં મૂકેલ સર્પ એ એમાં નિમિત્ત બન્યો છે; પરંતુ કુલીન કુટુંબ, સતી અને ભક્ત માતૃકુક્ષિ, ઉત્તમ સંગ, આત્મ વિવેક અને ભગવત્કૃપા આ બધી સામગ્રીઓ વૈરાગ્ય જાગ્રત કરવામાં મૂલ કારણ છે. ભગવદિચ્છા મુખ્ય કારણ છે. ભગવદિચ્છાએ સર્વ સામગ્રીઓ અને સાનુકૂળતાઓ મેળવી આપી છે.

પરીક્ષિતના વૈરાગ્યમાં ભગવત્કૃપા છે. એનાજ પરિણામે શાપ શ્રવણ પછી એને ક્લેશ અને મોહ નથી થયાં; પરંતુ સાત દિવસના આપેલા અવધિ માટે વિપ્રકુમારની ઉદારતા માની છે. પરીક્ષિત તો કહે છે, "આવા અસહ્ય અપરાધને અવિલંબે શિક્ષા થવી જોઇએ; આવો અપરાધી આવી ઉદારતાને પાત્ર ન મનાય." રાજાની આ સમજ સંતના સ્વભાવની ખાત્રી આપે છે. રાજા કરતાં વધુ સૌજન્ય તો ઋષિના વિવેકમાંથી મળે છે. આશ્રમમાં, એકાન્તમાં અને સમાધિમાં બેઠેલાને પોતાના ગળામાં સર્પ મૂકી જનાર તરફ કોઈ રોષ, દ્વેષ કે કુભાવ ન થવાં અને અપરાધીનું પણ મંગલ ચાહવું એવું આ પ્રસંગથી ઋષિવરે જગતને જીવન ભાથું આપ્યું છે.

રાજા રાજ્યને ત્યજી, વિષ્ણુપદી અલકનંદાને કિનારે વ્રતી થઇ બેઠા. ભગવાનનો અનુગ્રહ થયો. એક સમર્થ વિપ્રર્ષિ, દેવર્ષિ સમાજ ત્યાં ઉપસ્થિત થયો. 'જીવન લક્ષ્ય'નો પ્રશ્ન મુનિવૃન્દ સમીપ નૃપે રજુ કર્યો. પરાશર, વ્યાસ, નારદ, પરશુરામ આદિ શ્રેષ્ઠ ઋષિવરો હોવા છતાં શ્રીશુકદેવજીનું સર્વે વરણ કર્યું. વેદ વ્યાસ અને પરશુરામ ભગવાનના અવતાર છે, પરીક્ષિતને મોક્ષ આપી શકે તેમ છે; તો પણ શ્રીશુકાચાર્ય શિવજીનો અવતાર છે. શિવજી જ્ઞાન માર્ગના ગુરુ છે, જેથી શ્રીશુકદેવને ગુરુ તરીકે સ્વીકારી ભાગવત શ્રવણ કર્યું છે. મોક્ષ એ ઉપસંહાર નામની શિવજીની ક્રિયા છે અને રક્ષણ એ વિષ્ણુ ભગવાનનો ધર્મ છે. તેથી માતાના ઉદરમાં રહેલા પરીક્ષિતની ભગવાન વિષ્ણુએ બ્રહ્માસ્ત્રથી રક્ષા કરી અને શુક સ્વરૂપે શ્રીશિવજીએ જ્ઞાન આપી મોક્ષ–ઉપસંહાર કર્યો.

તપ, વૈરાગ્ય, સત્સંગ અને જ્ઞાન એ મુક્તિ-પ્રાપ્તિનાં ચાર અંગ છે. પરીક્ષિતનો પશ્ચાતાપ અથવા પરિતાપ એ તપ નામનું પ્રથમ અંગ છે. તપથી શરીર શુદ્ધ થાય છે, જ્યારે પરિતાપથી ચિત્ત શુદ્ધ થાય છે. ગંગાતટનો આશ્રય વૈરાગ્ય નામનું બીજું અંગ છે. ઋષિવૃન્દ સમાગમ–સત્સંગ નામનું ત્રીજું અંગ છે. શુકદેવ-પ્રાપ્તિ અને ભાગવત શ્રવણ એ જ્ઞાન નામનું ચતુર્થ અંગ છે. આ ચારેય અંગો ભક્તિથી ભરપૂર છે. આ ચાર અંગોનું ક્રમે ક્રમે ચાર શ્લોકોથી નિરૂપણ કરે છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સૂત ઉવાચ–મહીપતિસ્ત્વથ તત્કર્મ ગર્હ્યં વિચિન્તયન્નાત્મકૃતં સુદુર્મનાઃ ।
અહો મયા નીચમનાર્યવત્કૃતં નિરાગસિ બ્રહ્મણિ ગૂઢતેજસિ ॥ ૧ ॥

અન્વયાર્થ—અથ–ત્યાર બાદ, આત્મકૃતમ્–પોતે કરેલ, તત્–તે, ગર્હ્યમ્–નિંદવા યોગ્ય, કર્મ–કાર્યને, વિચિન્તયન્–વિચારતા, સુદુર્મનાઃ–ખૂબ દુઃખિત હૃદય, મહીપતિઃ–પૃથ્વી પતિ–પરીક્ષિત, અહો–અહો ! મયા–મેં, નિર્–આગસિ–નિર્દોષ એવા, ગૂઢ–તેજસિ–ગુપ્ત તેજવાળા, બ્રહ્મણિ–બ્રહ્મ તેજ ઉપર, અનાર્યવત્–દુર્જનને છાજે તેવું, નીચમ્–નીચ કાર્ય, કૃતમ્–કર્યું છે. ૧.

અનુવાદ—ત્યાર બાદ મૃગયા વિહારથી પાછા ફરતાં પોતે કરેલા પોતાના નિન્દ્ય કર્મને વિચારતાં પરીક્ષિત રાજા મનમાં ખૂબ દુઃખી થયા અને વિચારવા લાગ્યા કે ખેદની વાત છે કે ગૂઢ તેજવાળા, નિર્દોષ, બ્રહ્મતેજ ઉપર દુર્જનની માફક મેં નીચ વ્યવહાર કર્યો છે. ૧.

તત્ત્વસુધા—મહીપતિઃ–મહીપતિ શબ્દથી અધ્યાયનો અને પ્રસંગનો આરંભ કરે છે. મહ્ ધાતુ પૂજનાર્થક છે. તેથી 'મહી' નો અર્થ પૂજવા લાયક ધર્મવાળી પૃથ્વી એવો થાય છે રાજા નગરમાં પાછા આવ્યા અને રાજ્ય કાર્ય કરવા રાજ્યાસન ઉપર બેઠા. રાજ્યાસન ધર્માસન છે. એના સ્પર્શ પછી રાજાને કુમતિને લીધે કરેલી અયોગ્ય કૃતિનો પરિતાપ થયો છે, તેનું સૂચન કરવા માટે મહીપતિ શબ્દથી પ્રસંગ આરંભ્યો છે. મનુષ્યને ક્રોધ, કુવિચાર કે કામ જો સતાવે તો તેણે સેવાને આસને, સરિતાને કિનારે કે સત્સંગ દેશે જઈ બેસી જવું; જેથી બુદ્ધિ ઉપર જામેલો કામ, ક્રોધાદિનો પ્રભાવ આપોઆપ પલટો લેશે. તુ અવ્યય અરુચિ સૂચક છે. મુનિના કંઠમાં સર્પ મૂકવાના કર્મની કુમતિમાં અરુચિ–તિરસ્કાર આવ્યો. હવે તે મતિ દૂર થઇ ગઈ. અથ અવ્યય મંગલાર્થક છે. જાણે રાજાનો જીવન પલટો થઈ ગયો હોય એમ 'અથ' અવ્યય સૂચવે છે.

રાજાને પોતાનું કર્મ નિંદ્ય અને નિષિદ્ધ છે એવા બે દોષોથી ભરપૂર છે એમ લાગ્યું. રાજાની ધર્મનીતિ બે પ્રકારની છે કે જો અપરાધીને ફાંસી વગેરે દંડ કરવાનો હોય તો તે સ્વયં રાજાના હાથે ન થાય; પરંતુ તે અન્યના હાથે કરાય છે. જ્યારે આવા પવિત્ર, નિરપરાધી ઋષિના ગળામાં સર્પ મૂકવાનું કામ મયા–બ્રાહ્મણોની ભક્તિ કરનારે મેં મારા હાથે પુણ્યનો ક્ષય કરનારું અને અપકીર્તિને વધારનારું ગર્હ્ય કર્મ આચર્યું ! આલોકની કીર્તિનો અને પરલોકના પુણ્યનો નાશ કરે તે ગર્હ્ય કર્મ ગણાય. મેં ત્રણ અપરાધો કર્યા છે. (૧) નિરાગસિ–નિરપરાધીનો અપરાધ કર્યો. નિરપરાધી દુશ્મનને પણ દંડ ન થાય; જ્યારે મેં તો (૨) બ્રહ્મણિ–બ્રાહ્મણને દંડ કર્યો છે. બ્રાહ્મણ શબ્દને બદલે બ્રહ્મ શબ્દ વાપરીને બ્રહ્મ જેવા નિર્વિકાર અને સર્વ સુહૃદનો અપરાધ કર્યો ! તે ઉપરાંત (૩, ગૂઢતેજસિ ગુપ્ત, તેજોમય વિપ્રનો અપકાર આદર્યો. જો પ્રકટ–ઉગ્ર તેજ હોત તો તેજ ક્ષણે મને બાળી દેત; પરંતુ આ તો ગૂઢતેજાઃ–શાંત, તેજસ્વી હોવાથી કેવલ કરુણા મૂર્તિ છે. નિરપરાધી, નિર્વિકાર અને કરુણામય આવા ત્રણ ધર્મવાળા પુણ્ય પુરુષનો મેં અપરાધ કર્યો છે. ૧.

ધ્રુવં ततो मे कृतदेवहेलनाद्दुरत्यय व्यसनं नातिदीर्घात् ।
तदस्तु कामं [1]त्वघनिष्कृताय मे यथा न कुर्यां [2]पुनरेवमद्धा ॥ २ ॥

અન્વયાર્થ—મે–મારા, કૃત–દેવ–હેલનાત્–કરેલા દેવના અપમાનને લીધે, ततः–તેમનાથી, न अति–दीर्घात्–ટૂંક સમયમાં જ, दुरत्ययम्–ટાળી ન શકાય–નિવૃત્ત ન થાય તેવું, व्यसनम्–દુઃખ, कामम्–ભલે, ध्रुवम्–ચોક્કસ; मे–મને, अस्तु–પ્રાપ્ત થાઓ, तत्–તે દુઃખ, अघ–निष्कृताय–મારા પાપના પ્રાયશ્ચિત માટે, यथा–જેથી, पुनः–ફરીથી, अद्धा–ખરેખર, एवम्–આવું કાર્ય, न कुर्याम्–ન કરું. ૨.

---

૧. પ્રા૦ પા૦–ह्यघ । ૨. પ્રા૦ પા૦–पुनरेव सद्यः ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—મારા કરેલા આ દેવતાના અપરાધથી, ટૂંકી મુદ્દતમાં જ, પાછું ઠેલી ન શકાય એવું દુઃખ મારા ઉપર આવી પડો, કે જે મારા પાપના પ્રાયશ્ચિત માટે અવશ્ય અત્યન્ત ઉપયોગી બને; જેથી હું આવું કાર્ય ફરી કદી ન કરું. ૨.

तत्त्वसुधा—ઉત્તમ શીલ પુરુષ પોતાના અનુચિત કર્મોની શિક્ષા પ્રભુ પાસેથી માગીને ભોગવી લે છે. જો વિલંબે પણ કર્મ ભોગવવાં છે, તો પોતાના પાપ કર્મનું અનુસંધાન હોય અને ફળ ભોગવાય તે વધારે સારું. પરીક્ષિતે કબૂલ કર્યું કે મે દેવહેલન-દેવનો મેં તિરસ્કાર કર્યો છે. બ્રાહ્મણ તો વેદાલય અને દેવાલય છે. એના તનમાં વેદ અને દેવ બે મળે. આજે એક વેદાલયનો અને બીજે દેવાલયનો અસાધારણ અપરાધ થયો મારે હાથે. હું ચાહું છું કે દુરત્યયં વ્યસનમ્ નિવારી ન શકાય તેવું તેમજ નાતિદીર્ઘાત્-શીઘ્ર મને આ કુકર્મનું ફળ મળો. વ્યસન-દુઃખો બે પ્રકારનાં હોય છે. એક જે મણિમંત્ર, ઔષધ આદિ ઉપચારોથી રોકી શકાય તેને વ્યસન કહેવાય; પરંતુ ફળ ભોગવવાથી જ જેનું નિવારણ થાય તેવા દુઃખને દુરત્યયં વ્યસનમ્ ગણાય છે. જો મેં શરીરથી પાપ કર્યું છે, તો તેનું પરિણામ પણ મારા શરીરને જ મળો, જેથી પુનઃ મને તેવાં અનુચિત કર્મો કરવાની કુમતિ ન થાય. ૨.

अद्यैव राज्यं [1]बलमृद्धकोशं प्रकोपित-ब्रह्मकुलानलो मे ।
दहत्वभद्रस्य पुनर्न [2]मेऽभूत्पापीयसी धी-र्द्विजदेवगोभ्यः ॥ ३ ॥

અન્વયાર્થ—प्रकोपित-ब्रह्म-कुल-अनलः-કોપાવેલા બ્રાહ્મણ કુળનો અગ્નિ, अद्य-एव-આજે જ, मे-મારા, राज्यम्-રાજ્યને, बलम्-સૈન્યને, ऋद्ध-कोशम्-સમૃદ્ધ ખજાનાને, दहतु-બાળી મૂકો, કારણ કે अभद्रस्य मे-કલ્યાણ વિનાના મને, पुनः-ફરીથી, द्विज-देव-गोभ्यः-બ્રાહ્મણો, દેવો તથા ગાયોને માટે, पापीयसी-પાપિણી, धीः-બુદ્ધિ, न अभूत्-ન થાય. ૩.

અનુવાદ—કોપાવેલા બ્રાહ્મણ કુળનો અગ્નિ આજે જ મારા રાજ્યને, સૈન્યને તથા સમૃદ્ધ ખજાનાને બાળી ભસ્મ કરો; જેથી કલ્યાણ વિનાના એવા મને ફરી બ્રાહ્મણો, દેવો તથા ગાયો માટે એવી પાપિણી બુદ્ધિ ન થાય. ૩.

तत्त्वसुधा—આ શ્લોકમાં રાજા જરા આગળ વધીને નિર્ણય કરે છે કે જો કેવલ શરીરને દંડ જ થાય, તો તેની અસરથી થોડી મુદ્દત સાત્વિકતા રહે. પુનઃ ધન, રાજ્ય, સત્તા આદિના સંસર્ગથી પ્રમાદો થયા જ કરે. જલનું પોષણ મળે, ત્યાં ઘાસ ઉગ્યા જ કરે; તેમ ધન આદિનો સંગ મળે ત્યાં સુધી પાપાચરણ થયા જ કરે. તેના કરતાં अद्यैव આજેજ राज्यं-સામ્રાજ્ય પદ, बलं-સેનાપત્ય, ऋद्धकोशं-સમૃદ્ધિનું સ્વામિત્વ વગેરે નષ્ટ થાઓ. જેથી પુનઃ વિપ્ર, દેવ, ગાય વગેરે નિર્મળ, પુણ્ય અને ભદ્ર તત્ત્વોમાં આવી પાપી મતિ ન થાય. રાજ્ય, સેના અને સમ્પત્તિ એ સાત્વિક, રાજસ, તામસ એવાં ત્રણ પ્રકારનાં પુણ્યોથી મળે છે. પુણ્ય એ બીજ છે અને સુખ સમૃદ્ધિ તે બીજનાં વૃક્ષો છે. આ વૃક્ષોની છાયામાં બેસી ગાફલ જીવો જીવનને વિષયી, પ્રમાદી અને પાપી બનાવે છે; કોઈક જાગૃત આત્મા ઉન્નજવલ બનાવે છે. જો બીજને બાળી નાખે તો જ વૃક્ષ ઉગતાં અટકે. માટે મારે હાથે સળગાવેલો વિપ્ર-ક્રોધાનલ તે બીજને-પુણ્યને જ નષ્ટ કરો, એવી ઇચ્છા વ્યક્ત કરી છે. એનું તાત્પર્ય કે રાજ્ય, સેના, ઐશ્વર્ય અખંડ રહો, પણ મારો સંગ છૂટી જાય, મારા પ્રારબ્ધમાંથી ચાલ્યાં જાવ. જો પાપાચારીને આવાં સુખો રહેશે, તો અબુધ સમાજને થશે કે પાપનું ફળ કયાં મળે છે? જો મળતું હોય તો પરીક્ષિતને કયાં મળ્યું? આવો અવળો ભાવ ન બંધાય, માટે એમ થવું જરૂરી છે. ૩.

---

૧ પ્રા૦ પા૦-બલમૂર્જ૦ । ૨. પા૦ પ્રા૦ મેઽસ્તુ ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સ [1]ચિન્તયન્નિત્થમથાશૃણોદ્ યથા મુનેઃસુતોક્તો નિર્ઋતિસ્તક્ષકાખ્યઃ ।
સ સાધુ મેને નચિરેણ [2]તક્ષકાનલં પ્રસક્તસ્ય વિરક્તિકારણમ્ ॥ ૪ ॥

અન્વયાર્થ—સઃ-તે રાજા પરીક્ષિત, ઇત્થમ્-આ પ્રમાણે, ચિન્તયન્-વિચારતા હતા, અથ-ત્યાં, ન ચિરેણ-તરત જ, યથા-જે પ્રમાણે, મુનેઃ-શમીક મુનિના, સુત-ઉક્તઃ-મુનિ પુત્રે કહેલ, તક્ષક-આખ્યઃ-તક્ષક નામનો, નિર્ઋતિઃ-મૃત્યુ થશે, અશૃણોત્-એમ સાંભળતો હતો, સઃ-તે રાજા પરીક્ષિત, પ્રસક્તસ્ય-સંસારમાં આસક્તને, વિરક્તિ-કારણમ્-વૈરાગ્યમાં કારણભૂત, તક્ષક-અનલમ્-તક્ષક નાગરૂપી અગ્નિને, સાધુ-યોગ્ય, મેને-માનતો હતો. ૪.

અનુવાદ—રાજા આમ વિચારી રહ્યા હતા, ત્યાં તરત જ શમીક મુનિના પુત્રે કહેલ, "તક્ષક નાગ રૂપી મૃત્યુ પ્રાપ્ત થશે," એવું ગૌરમુનિ દ્વારા સાંભળ્યું. આ તક્ષક રૂપ મૃત્યુને રાજા સારો માનવા લાગ્યા કારણ કે તે સંસારમાં આસકત થયેલાને વૈરાગ્ય થવામાં નિમિત્ત થશે. ૪.

તત્ત્વસુધા—અનિષ્ટ કર્મના ફળને ભોગવતાં હૃદય પ્રફુલ્લ રહે તો તે શુભ લક્ષણ છે; કારણ કે તે મનુષ્યને હાથે પુનઃ અનિષ્ટ કર્મ થશે નહીં. સુખ, કીર્તિ એ શુભ કર્મોનાં ફળો છે. તે ભોગવવાં ગમે છે; તો પછી વિપરીત કર્મનાં વિપરીત દુઃખાદિ ફળો પણ હર્ષથી ભોગવવાં જ રહ્યાં. કૃપાળુ શમીક મુનિએ ગૌર મુનિને સમાચાર આપવા રાજાની પાસે મોકલ્યા. ગૌર મુનિએ કહ્યું, "રાજન, ઋષિ કુમારનો શાપ છે. સાતમે દિવસે તક્ષક નાગથી મૃત્યુ થશે. મુનિરાજ શમીકે આશ્વાસન આપ્યું છે અને આશિષ દીધી છે કે રાજન, ઈશ્વર તમારું મંગલ કરશે. ચિત્ત હરિચરણમાં મૂકી હરિ શરણાગતિ સ્વીકારી લેશો. સદ્ગતિ જ થવાની છે." રાજાએ મુનિનું સૌહાર્દ અને કરૂણાવાત્સલ્ય નિહાળ્યું. નેત્રમાંથી મુનિની કૃપાની કદરમાં અશ્રુ ઢળ્યું. ન ચિરેણ તક્ષકાનલં અવિલંબે થનારા તક્ષક દંશ-મૃત્યુને ઉત્તમ માન્યો. શાપ વૈરાગ્યમાં વધુ સહાયક માન્યો. રાજાએ મુનિને પ્રણામ કરી આશિષ લીધી.

કેટલાક પંડિતો એવો પણ આશય વ્યકત કરે છે, ચિરેણ તક્ષકાનલં ન સાધુ મેને-સાતમા દિવસે થનાર તક્ષક મૃત્યુના વિલંબને રાજાએ સારો ન માન્યો; કારણ કે પોતે એવા અનુગ્રહને પાત્ર ન હતા. એ તો માને છે કે મુનિની આવી ઉદારતાનો પોતે અધિકારી નથી. મારો તો જે ક્ષણે પાપ કર્યું તેજ ક્ષણે પ્રાણાંત દંડ થવો જોઈએ; પરંતુ આ તો કોમલ હૃદય સંતની અસીમ કરૂણા મારા ઉપર ઉતરી છે, જેને હું પાત્ર ન હતો. ૪.

અથો વિહાયેમમમું ચ લોકં વિમર્શિતો હેયતયા પુરસ્તાત્ ।
કૃષ્ણાઙ્ઘ્રિસેવામધિમન્યમાન ઉપાવિશત્ પ્રાયમમર્ત્યનદ્યામ્ ॥ ૫ ॥

અન્વયાર્થ—અથ-પછી, હેયતયા-ત્યાગ કરવા યોગ્ય છે એમ, પુરસ્તાત્-પ્રથમથી જ, વિમર્શિતઃ-વિચાર પૂર્વક નિશ્ચય કરી લીધેલ રાજા, ઇમમ્-આ, લોકમ્-લોકને, ચ-અને, અમુમ્-પર લોકને, વિહાય-ત્યજી દઈને, કૃષ્ણ-અઙ્ઘ્રિ-સેવામ-શ્રીકૃષ્ણના ચરણકમલની સેવાને, અધિ-મન્યમાનઃ-અધિક માનનાર, અમર્ત્ય-નદ્યામ્-દેવનદી-ગંગાના કિનારે, પ્રાયમ્-મરણ પર્યન્ત, ઉપાવિશત્-બેઠા. ૫.

અનુવાદ—ત્યાર બાદ જગત ત્યાગ કરવા યોગ્ય છે, એવો પહેલેથી જ વિચાર કરી લીધેલ, પરીક્ષિત રાજા, આ લોક તથા પરલોકને ત્યજી દઇને શ્રીકૃષ્ણ ચરણની સેવાને જ અધિક શ્રેષ્ઠ માનતા દેવનદી-ગંગાજીના કિનારે આમરણાન્ત અનશન વ્રત લઈને બિરાજયા. ૫.

૧. પ્રા૦ પા૦-ચિન્તયન્નિષ્ટમયા૦ । ૨. પ્રા૦ પા૦-તક્ષકાદ્ગલં ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્ત્વસુધા—પરિતાપ અને પશ્ચાતાપમાં વખત વિતાવે એ પણ પ્રમાદી જ છે; પરંતુ વિના વિલંબે પાપ ત્યજે, પ્રાયશ્ચિત સજે, પ્રભુને ભજે, એજ વિવેકી અને પુણ્યશીલ છે. પરીક્ષિતે પૂર્વોકત ચાર શ્લોકમાં પરિતાપ-તપશ્ચર્યાથી ચાર અન્તઃકરણને પાવન કરી દીધાં. ત્યાગના ભાવન નિશ્ચય ઉપર આવ્યા અને વિષ્ણુપદીના પાવન તટની પ્રપત્તિ માટે ચાલ્યા. એનો સંકેત કરવા અને પરિતાપના પ્રકરણમાંથી નીકળી પ્રપત્તિના પ્રસંગમાં પ્રવેશે તેવું પણ સૂચન કરવા અથ શબ્દથી પ્રસંગ આરંભ્યો. જાગેલા વૈરાગ્યના વિચારને અવિલંબે આચારમાં મૂકી આર્યશીલ થવું. તક્ષકના શાપની જાણ થતા પહેલાંજ વિવેક પૂર્વક ત્યાગના નિશ્ચયમાં આવ્યાજ હતા. શાપથી તો કેવલ સમયની મુદત અને મૃત્યુના નિમિત્તને જાણી કૃષ્ણાંઘ્રિસેવામ્-શ્રીકૃષ્ણચંદ્ર ચરણ કમલની સેવાના નિર્ણય ઉપર આવ્યા. સેવા કરનારે પ્રથમ દીક્ષિત થવું અને વ્રતી થવું; તો જ સેવાનું સ્વરૂપ સચવાશે. 'પ્રાયોપવેશ' એ વ્રત છે. આયુષ્યનો અવધિ જાણીને તે કરી શકાય. કટાળી આજીવન પર્યન્ત અન્ન ત્યાગ ન થાય. અન્ન પોષણ આપે છે, તેમ પ્રમાદ પણ આપે છે. વ્રતીને આળસ થાય તો સેવામાં અપરાધ થાય; તે માટે રાજાએ તન, મન અને પ્રાણની શુદ્ધિ માટે અન્ન જળનો, વ્રતના અંગ તરીકે ત્યાગ કર્યો હતો, તેના તિરસ્કાર રૂપે નહિ. પ્રાયોપવેશ પણ અમર્ત્ય નદી-ગંગાજીને કિનારે જ ઘટે, માટે ભાગીરથી તટે તે વ્રત લઈને બેઠા. વણ પ્રાર્થ્યા સંત, મુનિ, જ્ઞાનીઓ ગંગા કિનારે મળી આવે છે. ૫.

या वै लसच्छ्रीतुलसीविमिश्रकृष्णाङ्घ्रिरेण्वभ्यधिकाम्बुनेत्री ।
पुनाति लोकानुभयत्र सेशान् कस्तां न सेवेत मरिष्यमाणः ॥ ६ ॥

અન્વયાર્થ—**वै**-ખરેખર, **लसत्**-શ્રીતુલસી-**विमिश्र**-કૃષ્ણ-**अङ्घ्रिरेणु**-**अभि**-**अधिक**-**अम्बु**-**नेत्री**-શોભાયમાન તુલસી મિશ્રિત શ્રીકૃષ્ણચરણની રેણુથી અધિક જળને વહાવનારી, **या**-જે ગંગાનદી, **सेशान्**-ભગવાન શંકર સહિત, **लोकान्**-લોકોને, **उभयत्र**-અંદર અને બહાર બન્ને સ્થળે, **पुनाति**-પાવન કરે છે; **मरिष्यमाणः**-મરવાને ઇચ્છતો-મરતો, **कः**-કયો પુરુષ, **ताम्**-તે ગંગા નદીને, **न सेवेत**-ન સેવે? ૬.

અનુવાદ—**શોભાયમાન તુલસીદલથી મિશ્રિત તેમજ શ્રીકૃષ્ણચરણની અધિક રજથી અતિશય પવિત્ર જળને વહાવનારી જે ગંગાજી મહાદેવજી સાથેના સર્વ લોકોને-લોકપાલોને અંદરથી અને બહારથી પાવન કરે છે, તે ગંગા નદીને, નજદીકમાં મરણવાળો એવો કયો પુરુષ છે કે જે ન સેવે? ૬.**

તત્ત્વસુધા—સ્નેહના અતિશયને સ્તુતિમાં તૃપ્તિ નથી થતી. પાંચમા શ્લોકમાં ગંગાજીનો મહિમા ગાતાં હૃદય જ્યારે ન ધરાયું, ત્યારે છઠ્ઠો શ્લોક આરંભ્યો. આધિભૌતિક સ્વરૂપથી ગંગાજીનો મહિમા પાંચમા શ્લોકમાં વર્ણવ્યો છે. છઠ્ઠા શ્લોકમાં આધિદૈવિક રીતે માહાત્મ્ય ગાન કરે છે. લક્ષ્મીજી નિરંતર તુલસીજી સમર્પીને ભગવચ્ચરણ કમલની અર્ચના કરતાં હતાં. તે તુલસીજીનો પરાગ, પ્રભુપદ પદ્મ પરાગના સંમિશ્રણથી દ્વિગુણીત બનતો હતો. તે પરાગથી વિભૂષિત પ્રભુ ચરણારવિંદમાં બ્રહ્માજીએ, વામન અવતારમાં અર્ઘ્ય પૂજન સમયે, કમંડલુમાંથી સમર્પેલ જલ આલોક, પરલોકને અને દેવાધિદેવોને પણ ભગવતી ભાગીરથીના સ્વરૂપે પાવન કરે છે. એ ગંગાજીના તટ ઉપર મરણશીલ એવો કયો પુરુષ છે કે જેને સેવવાની વાંછા ન થાય? ગંગાજી, તુલસીજી અને ભગવત્પાદ પદ્મ રજ-એ ત્રણે પરમ પવિત્ર તત્ત્વોનો સમાગમ ગંગાજીમાં છે. ગંગાજી જ્ઞાન રૂપે છે, તુલસીજી ભક્તિ સ્વરૂપે છે અને ચરણ રજ એ ચરણામૃત સ્વરૂપે છે. આ ત્રણ તત્ત્વોનો સંગમ થતાં પંચભૌતિક દેહ આધિદૈવિક બની જશે. તત્ત્વવિદોએ, વૈજ્ઞાનિકોએ અને આયુર્વેદે તુલસીજીનો મહિમા ખૂબ ગાયો છે. તુલસીજીનું સેવન તો આરોગ્ય, જ્ઞાન અને ભક્તિનાં દાન કરે છે. **ज्ञानेन तुलां सिनोतीति तुलसी**-બ્રહ્મ જ્ઞાનની સમાનતાને ધારણ કરવાથી 'તુલસી' નામકરણ થયું છે. અથવા **तनोति मोक्षादि पुरुषार्थानिति 'तुः' विष्णुः तत्र लसतीति तुलसी** મોક્ષ વગેરે પુરુષાર્થોને દેનારા ભગવાન વિષ્ણુના ચરણ કમલમાં શોભનારી હોવાથી તુલસી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

या दृष्टा निखिलाघसंघशमनी स्पृष्टा वपुः पावनी ।
रोगाणामभिवंदिता निरसिनी सिक्तांतक त्रासिनी ॥
प्रत्यासत्ति विधायिनी भगवतः कृष्णस्य संरोपिता ।
न्यस्तातच्चरणे विमुक्ति फलदा तस्यै तुलस्यै नमः ॥ ...६

इति व्यवच्छिद्य स पाण्डवेयः प्रायोपवेशं प्रति विष्णुपद्याम् ।
दध्यौ मुकुन्दाङ्घ्रिमनन्यभावो मुनिव्रतो मुक्तसमस्तसङ्गः ॥ ७ ॥

અન્વયાર્થ--**इति**-એ પ્રમાણે, **विष्णुपद्याम्**-ગંગા નદીમાં-ગંગાને કિનારે, **प्रायोपवेशं प्रति**-વ્રતનો આજીવન ઉપવાસ, **व्यवच्छिद्य**-નિશ્ચિત કરીને, **सः**-તે, **पाण्डवेयः**-પાંડુના વંશોત્પન્ન રાજા પરીક્ષિત, **अनन्य भावः**-અનન્ય ભાવ વાળા, **मुनिव्रतः**-મુનિના વ્રતને ધારણ કરનારા, **मुक्त-समस्त-सङ्गः**-સમસ્ત સંગનો ત્યાગ કરનારા, **मुकुन्द-अङ्घ्रिम्**-શ્રીમુકુન્દ ભગવાનના ચરણને, **दध्यौ**-વિચારવા લાગ્યા. ૭.

અનુવાદ--એ પ્રમાણે ગંગા નદીના કિનારે આમરણાન્ત ઉપવાસ કરવાનો નિશ્ચય કરીને, મૌનનો અંગીકાર કરનારા, સમસ્ત સંગ છોડી દેનારા, પાંડુકુલોત્પન્ન પરીક્ષિત રાજા અનન્ય ભાવથી મુકુન્દ ભગવાનના ચરણકમળનું ધ્યાન ધરવા લાગ્યા. ૭.

તત્ત્વસુધા--'સજ્જન મનુષ્યને સ્વયં સુયોગ્ય અને સુબોધ હોવા છતાં પોતાના આત્મામાં અવિશ્વાસ રહે છે કે હું યોગ્ય નથી,' એ ન્યાયે પરીક્ષિત પોતે ભક્ત અને સુજ્ઞ છે; પરંતુ તેનો દૃઢ વિશ્વાસ ન કરતાં પોતાને 'પાંડવેયઃ' પાંડવોના પુત્ર તરીકે ગણાવી, ગંગામાતાના કિનારે 'પ્રાયોપવેશ' વ્રતનો નિશ્ચય કરી આવ્યા છે. કદાચ મારાં આધ્યાત્મિક પાપ મને પ્રાયોપવેશ, સત્સમાગમ વગેરેમાં સહાયક ન થતાં બાધક બને, તો પણ "પાંડવોનો પુત્ર છું તેથી ભક્ત સંતાન છું, ભાગીરથીનો તટ છે, ભગવાનના ચરણનું ધ્યાન છે"--આ ત્રણના પણ પ્રભાવે અને પ્રતાપે મને અવશ્ય સફળતા મળશે જ. પરીક્ષિત રાજાનો એક પ્રકારે આ સન્યાસ હતો. સન્યાસમાં એક ત્રિદંડ સન્યાસ સપ્તમ સ્કંધમાં વર્ણવ્યો છે. નૃપતિએ **दध्यौ मुकुन्दाङ्घ्रिम्**-મુકુન્દ ભગવાનનાં ચરણના ધ્યાનથી મનોદંડ;-**मुनिव्रत** ઉપવાસ, દર્ભાસન સેવન, વલ્કલ ધારણ વગેરે કાયાનો દંડ; મૌન એટલે અન્યથા વાર્તાના ત્યાગથી વાણીનો દંડ ધારણ કર્યો છે, જે વ્યક્તિમાત્રને જીવનની અન્તિમ સમયે આવશ્યક છે. ૭.

तत्रोपजग्मुर्भुवनं पुनाना महानुभावा मुनयः सशिष्याः ।
प्रायेण तीर्थाभिगमापदेशैः स्वयं हि तीर्थानि पुनन्ति सन्तः ॥ ८ ॥

અન્વયાર્થ--**तत्र**-ત્યાં-ગંગા કિનારે, **भुवनम्**-ભુવનને, **पुनानाः**-પાવન કરનારા, **महानुभावाः**-મોટા પ્રભાવવાળા, **मुनयः**-મુનિઓ, **सशिष्याः**-શિષ્યો સ.થે, **उपजग्मुः**-આવ્યા; **हि**-કારણ કે, **प्रायेण**-ઘણે ભાગે, **तीर्थ-अभिगम-अपदेशैः**-તીર્થસેવન કરવાના નિમિત્તે, **सन्तः**-સત્પુરુષો, **स्वयम्**-પોતે જ, **तीर्थानि**-તીર્થોને, **पुनन्ति**-પાવન કરે છે. ૮.

અનુવાદ--ત્રિભુવનને પાવન કરનારા મહાપ્રભાવશાળી મુનિઓ પોતપોતાના શિષ્યો સાથે ત્યાં ગંગા કિનારે આવવા લાગ્યા. ઘણું કરીને સત્પુરુષો તીર્થ સેવન કરવાના નિમિત્તે પોતેજ તીર્થોને પાવન કરે છે. ૮.

તત્ત્વસુધા--કર્મની સફળતાની આગાહી શુભ શુકનોથી થાય છે. ગાયનું દર્શન, વિપ્રનું દર્શન, સંત દર્શન એ સફળતાનાં સૂચનો છે. રાજા ભાગીરથીના તટે જે ક્ષણે 'પ્રાયોપવેશ'નો નિશ્ચય વ્યકત કરે છે, એજ ક્ષણે **उपजग्मुः भुवनं पुनानाः** પૃથ્વીને પાવન કરનારા મુનિવરો શિષ્યોને સાથે લઈને પધાર્યા છે. નૃપતિએ નિમંત્રણ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નથી કર્યું; પરંતુ તેઓની પ્રકૃતિજ જગતનું હિત કરવાની અને પવિત્ર કરવાની છે, તેથી આવ્યા છે. સંસ્કારો પડે અને પોતાની સેવાનો બોજો રાજાને ન પડે માટે મુનિવરો પોતાના શિષ્યોની સાથે પધાર્યા છે. મુનિઓ મનન પરાયણ છે, તપોમય-ત્યાગમય જીવન છે; જે ો નિત્ય પવિત્ર છે; પરંતુ તીર્થોના આદર, ગૌરવવૃદ્ધિ માટે અને प्रायेण બધું કરીને स्वयं हि तीर्थानि पुनन्ति सन्तः-સંતો સ્વયં તીર્થ હોવાથી તીર્થોની શુદ્ધિ કરવા પધારે છે. ૮.

अत्रिर्वसिष्ठश्च्यवनः शरद्वानरिष्टनेमिर्भृगुरंगिराश्च ।
पराशरो गाधिसुतोऽथ राम उतथ्य [1]इन्द्रप्रमदेध्मवाहौ ॥ ९ ॥
मेधातिथिर्देवल आर्ष्टिषेणो भारद्वाजो गौतमः पिप्पलादः ।
मैत्रेय और्वः [2]कवषः कुम्भयोनिर्द्वैपायनो भगवान्नारदश्च ॥ १० ॥
अन्ये च [3]देवर्षिब्रह्मर्षिवर्या राजर्षिवर्या अरुणादयश्च ।
[4]नानार्षेयप्रवरान् समेतानभ्यर्च्य राजा शिरसा ववन्दे ॥ ११ ॥

અન્વયાર્થ—**अत्रिः**-અત્રિ, **वसिष्ठः**-વસિષ્ઠ, **च्यवनः**-ચ્યવન, **शरद्वान्**-શરદ્વાન-કૃપાચાર્ય, **अरिष्टनेमिः**-અરિષ્ટનેમિ, **भृगुः**-ભૃગુ, **च**-અને, **अंगिराः**-અંગિરા, **पराशरः**-પરાશર, **गाधिसुतः**-ગાધિપુત્ર-વિશ્વામિત્ર, **अथ**-તેમજ, **रामः**-પરશુરામ, **उतथ्यः**-ઉતથ્ય, **इन्द्रप्रमद-इध्मवाहौ**-ઇન્દ્રપ્રમદ તથા ઇધ્મવાહ, **मेधातिथिः**-મેધાતિથિ, **देवलः**-દેવલ, **आर्ष्टिषेण**-આર્ષ્ટિષેણ, **भारद्वाज**-ભારદ્વાજ, **गौतमः**-ગૌતમ, **पिप्पलादः**-પિપ્પલાદ, **मैत्रेयः**-મૈત્રેય, **और्वः**-ઔર્વ, **कवषः**-કવષ, **कुम्भयोनिः**-અગસ્ત્ય, **द्वैपायनः**-વ્યાસ, **च**-અને, **भगवान्**-સર્વ ગુણ સંપન્ન, **नारदः**-નારદજી, **च**-અને, **अन्ये**-બીજા, **देवर्षि-ब्रह्मर्षि-वर्याः**-શ્રેષ્ઠ દેવર્ષિઓ તથા બ્રહ્મર્ષિઓ, **च**-અને, **अरुणादयः**-અરુણ વગેરે, **राजर्षिवर्याः**-શ્રેષ્ઠ રાજર્ષિઓ, ત્યાં આવ્યા. **समेतान्**-એકત્રિત થયેલા, **नाना-आर्षेय-प्रवरान्**-અનેક ઋષિવંશમાં ઉત્પન્ન થયેલ શ્રેષ્ઠ ઋષિઓને, **अभ्यर्च्य**-સત્કાર કરીને, **राजा**-રાજા પરીક્ષિત, **शिरसा**-મસ્તક વડે, **ववन्दे**-વંદન કરતા હતા. ૯; ૧૦; ૧૧.

અનુવાદ—અત્રિ, વસિષ્ઠ, ચ્યવન, કૃપાચાર્ય, અરિષ્ટનેમિ, ભૃગુ, અંગિરા, પરાશર, વિશ્વામિત્ર, પરશુરામ, ઉતથ્ય, ઇન્દ્રપ્રમદ, ઇધ્મવાહ, મેધાતિથિ, દેવલ, આર્ષ્ટિષેણ, ભારદ્વાજ, ગૌતમ, પિપ્પલાદ, મૈત્રેય, ઔર્વ, કવષ, અગસ્ત્ય, વ્યાસ, ભગવાન નારદ અને બીજા શ્રેષ્ઠ દેવર્ષિઓ, બ્રહ્મર્ષિઓ તેમજ અરુણ વગેરે રાજર્ષિઓ ત્યાં ગંગા નદીના કિનારે પધાર્યા. રાજા પરીક્ષિતે પધારેલા અનેક ઋષિવંશમાં ઉત્પન્ન થયેલા શ્રેષ્ઠ ઋષિ-મુનિઓનો સત્કાર કરી મસ્તક નમાવી વંદન કર્યું. ૯; ૧૦; ૧૧.

तत्त्वसुधा—પધારેલા અનેક મુનિઓમાંથી ૨૫ નામોનો ઉલ્લેખ કર્યો છે. આવેલા મુનિઓ જ્ઞાન કર્મ-ભક્તિનો ત્રિવેણી સંગમ હતો. 'અત્રિ' ઋષિથી લઇ 'વિશ્વામિત્ર' સુધીના ૯ મુનિઓ જ્ઞાનનાં મંદિરો છે. अथ અવ્યયે વિભાગી કરણ કર્યું છે. 'પરશુરામ'થી લઈ 'પિપ્પલાદ' સુધીના ૧૦ મુનિઓ ધર્મ-કર્મનાં પ્રતીકો છે. મૈત્રેયથી આરંભી 'નારદ' પર્યન્ત ૬ મુનિઓ ભક્તિનાં સ્વરૂપો છે. સંત સમાજ પ્રયાગ તીર્થરાજમાં રાજા પરીક્ષિત, રાજાધિરાજ-રાધિકાનાથની આરાધના કરવા માટે અનન્યાશ્રયના અવિચલ વિશ્વાસ-અક્ષયવટના આશ્રયે બિરાજ્યા. ભગવચ્ચર્ચા અને આત્મચર્ચા શ્રોતા સમાજની યોગ્યતા ઉપર વધુ આધાર રાખે છે. આવેલ મુનિવૃન્દમાં અત્રિ ઋષિ વયોવૃદ્ધ-તપોવૃદ્ધ છે, વિપ્રકુલમાં વિશેષ માન્ય છે. વસિષ્ઠ ઋષિ તત્ત્વજ્ઞાનીઓમાં શ્રેષ્ઠ છે.

१. प्रा० पा०-इन्द्रप्रमतिः सुबाहुः । २. प्रा० पा०-कवयः । प्रा० पा० देवर्षिमहर्षि० । प्रा० पा०-नानर्षि-संघान् पुरुषः ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ચ્યવન પ્રખ્યાત, કીર્તિમાન અને દીર્ઘજીવી યોગી છે. ચ્યવન પ્રાશ તેમની શોધ છે. શરદ્વાન્- કૃપાચાર્યનું નામ છે. કેટલાક, કૃપાચાર્યનું નામ શારદ્વત છે એમ માની, શરદ્વાનનો અર્થ ગૌતમ કરે છે. અરિષ્ટનેમિ તપસ્વી મુનિ છે. ભૃગુ ઋષિવૃન્દમાં વડીલ તરીકે પૂજાય છે. અઙ્ગિરા- પરોપકારી, દયાળુ મુનિ છે. પરાશર જ્ઞાની છતાં પરમ ભક્ત છે. ગાધિસુત-વિશ્વામિત્રની સંજ્ઞા છે. તપસ્વીઓમાં અને વૈજ્ઞાનિકોમાં પ્રથમ કક્ષાના છે, હોજરીના ઓપરેશન-શસ્ત્રક્રિયામાં નિષ્ણાત છે; છતાં જ્ઞાની ભક્ત છે. પરશુરામ ભગવાનનો અવતાર છે. ઉતથ્ય ગૌતમ મુનિના પિતાજી છે. ઇન્દ્રપ્રમદ ઇન્દ્રના જેવા ઐશ્વર્યશાળી છે. ઇધ્મવાહ-અગ્નિહોત્રીઓમાં શ્રેષ્ઠ અને સ્વાશ્રયી મુનિ છે. મેધાતિથિ-અતિથિ સત્કાર એમનું જીવન વ્રત છે. દેવલ ઋષિ-જેમણે હૂહૂ ગન્ધર્વનો ગર્વ-ઉદ્ધતાઈ ઉતારવા તેને મગર બનાવ્યો હતો. આર્ષ્ટિષેણ મીમાંસા શાસ્ત્રના નિષ્ણાત મુનિ છે. ભારદ્વાજ પરમ સિદ્ધ યોગી છે અને શ્રીરામ ભક્ત છે. ગૌતમ નૈયાયિક પંડિત છે. પિપ્પલાદ દધીચિ ઋષિના દૌહિત્ર છે. મૈત્રેય જ્ઞાનીઓમાં માન્ય ઋષિ છે. ઔર્વઃ ભૃગુ વંશના છે અને ઉરુ-સાથળમાંથી જન્મ્યા છે તેથી ઔર્વ નામ છે. કવષઃ-ઇલુશા ઋષિના શુદ્ર માતાથી પુત્ર. ઋગવેદના ૧૦મા મંડલમાં ઘણા મંત્રો રચ્યા છે. કુમ્ભયોનિ મુનિનું નામ છે. અગસ્ત્ય રાષ્ટ્ર ભક્ત, વૈજ્ઞાનિક છતાં પરમ ભક્ત છે. દ્વૈપાયન શ્રીમદ્ ભાગવતના પ્રણેતા, ભગવાનનો જ્ઞાનાવતાર, વ્યાસ મુનિ છે. નારદ પણ ભગવાનનો ભક્તિ-ક્રિયા અવતાર છે. અન્ય રાજર્ષિ વિપર્ષિ અનેક સંખ્યામાં પણ પધાર્યા છે. ૯; ૧૦; ૧૧.

सुखोपविष्टेष्वथ तेषु भूयः कृतप्रणामः स्वचिकीर्षितं यत् ।
विज्ञापयामास विविक्तचेता उपस्थितोऽग्रेऽभिगृहीत पाणिः ॥ १२ ॥

અન્વયાર્થ—**અથ**-ત્યારબાદ, **તેષુ-સુખ-ઉપવિષ્ટેષુ**-તેઓ બધા સુખપૂર્વક બેઠા ત્યારે, **ભૂયઃ**-ફરીથી, **કૃત-પ્રણામઃ**-પ્રણામ કરતા, **વિવિક્ત ચેતાઃ**-શુદ્ધ અન્તઃકરણવાળા, **અભિગૃહીત-પાણિઃ**-બન્ને હાથ જોડતા, **અગ્રે**-આગળ, **ઉપસ્થિતઃ**-ઉભા રહેલા રાજા, **યત્**-જે, **સ્વચિકીર્ષિતમ્**-પોતાની ઇચ્છાને, **વિજ્ઞાપયામાસ**-જણાવતા હતા. ૧૨.

અનુવાદ—**જ્યારે તેઓ બધા ઋષિ-મુનિઓ સુખપૂર્વક બેઠા ત્યારે ફરીથી પ્રણામ કરતા, શુદ્ધ અન્તઃકરણવાળા, હાથ જોડી આગળ ઉભા રહેલા રાજા પરીક્ષિત, પોતાની ઇચ્છાને જણાવતા હતા. ૧૨.**

તત્ત્વસુધા—મહાપુરુષ, સંત, ગુરુજન, અતિથિ આંગણે આવે, ત્યારે એકાએક એને વાર્તાલાપમાં ન રોકતાં વિશ્રામ લઈ સુખાસને બેઠેલ હોય ત્યારે અનુમોદન મેળવી સમીપમાં જઈ વિવેક પૂર્વક વાર્તાલાપ કરાય. એ આતિથ્ય ધર્મને માન આપી રાજા સુખોપવિષ્ટેષુ મુનિવરેષુ જ્યારે નિવૃત્ત થઈ સુખાસને બિરાજ્યા, ત્યારે સમીપમાં જઈ, અંજલિ જોડી, પ્રણામ કરી, વિવેકભરી વાણીથી વિજ્ઞાપન કરવા લાગ્યા. રાજા મુનિવરોને પોતાનું વૃત્તાન્ત વર્ણવે છે અને કહે છે કે આલોક અને પરલોકની સફળતા માટે ભગવત્કૃપા અને મહત્પુરુષ કૃપાની આવશ્યકતા હોય છે. તેમાં મહત્કૃપા વિના હરિકૃપા બનતી નથી. તેથી મહત્પુરુષોની પ્રપત્તિ હું સ્વીકારું છું. આપ મારો અંગીકાર કરો અને માર્ગદર્શન આપો. મારું સ્વચિકીર્ષિતમ્ પ્રાયોપવેશ વ્રત યોગ્ય છે કે અયોગ્ય; તે પણ સૂચવો. વ્રત આચરતા પૂર્વમાં આચાર્યનું અનુમોદન અને માર્ગદર્શન લેવાં; તો જ વ્રત ફળે છે. ૧૨.

राजोवाच—अहो वयं धन्यतमा नृपाणां महत्तमानुग्रहणीयशीलाः ।
राज्ञां कुलं ब्राह्मणपादशौचाद्[1] दूराद्विसृष्टं बत गर्ह्यकर्म ॥ १३ ॥

१. પ્રા૦ પા૦-શૌચાદારાદ્વિસૃષ્ટં ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—**અહો**–અહો, ! **મહત્તમ-અનુગ્રહણીય-શીલાઃ**–શ્રેષ્ઠ પુરુષોના કૃપાપાત્ર ચારિત્ર્યવાળા, **વયમ્**–અમે, **નૃપાણામ્**–રાજાઓની અંદર, **ધન્યતમાઃ**–અતિશય ધન્યવાદને પાત્ર છીએ, **બત**–કારણ કે, **ગર્હ્ય**–**કર્મ**–નિન્દિત કર્મ કરનારૂં, **રાજ્ઞામ્**–રાજાઓનું, **કુલમ્**–કુળ, **બ્રાહ્મણ-પાદ-શૌચાત્**–બ્રાહ્મણના ચરણ પ્રક્ષાલનના જળથી, **દૂરાત્**–દૂર, **વિસૃષ્ટમ્**–ત્યજી દીધું છે. ૧૩.

અનુવાદ—**આજે અમે રાજાઓની અંદર ધન્યવાદને પાત્ર છીએ; કારણ કે આજે અમે મહાપુરુષોના કૃપાપાત્ર થયા છીએ. રાજાઓનું કુળ નિન્દિત કર્મ કરનારૂં હોવાથી, તે બ્રાહ્મણોના ચરણ પ્રક્ષાલનના જળથી પણ દૂર રહે છે, તે ખેદની વાત છે.** ૧૩.

તત્ત્વસુધા—રાજા મહત્કૃપાની સ્તુતિ કરતાં કહ્યું છે કે જીવ સ્વભાવમાં રહેલ આગ્રહ, ધનનો સંગ્રહ અને ઇન્દ્રિયોનો અનિગ્રહ એ ત્રણ શૂલો કેવલ **મહત્તમાનુગ્રહ** મહા પુરુષોના અનુગ્રહ-કૃપાશીલ સ્વભાવથી દૂર થાય છે. યોગી **મહાન્** છે; જ્ઞાની **મહત્તર** છે; પરંતુ યોગ જ્ઞાન સાથે ભક્તિશીલ કૃપાલુ સંત **મહત્તમ** છે. મારા મહાન્ તમ ને દૂર કરવા ઉત્તમોત્તમ આપ સર્વ વિના નિમંત્રણે કેવલ કૃપામય સ્વભાવથી મારા ઉપર દયા વરસાવા પધાર્યા છો. તેથી વયં કુલ સહિત હું ધન્ય જીવનને ધન્યતમ માનું છું. ધર્મમય જીવનને ધન્ય કહેવાય અને પ્રભુમય અને સેવામય જીવનને ધન્યતમ કહેવાય છે. રાજાએ વધુ એકરાર કર્યો કે રાજાઓનાં ગરિષ્ઠ અને પાપિષ્ઠ કુલોને તો **બ્રાહ્મણ-પાદશૌચાત્**–જ્યાં બ્રાહ્મણના ચરણ પ્રક્ષાલન કરાય, તે વેદિકા સુધી પણ પ્રવેશ કરવાની યોગ્યતા નથી. ઐશ્વર્ય અને સત્તાના નશામાં એમણે માનવતાને ફગાવી દીધી છે. તેમને આંગણે આપ સ્વયં ઉદ્ધાર કરવા પધારો એ કેટલી મહાન્ બાબત મનાય. ખરેખર આજે મહત્કૃપા સિદ્ધ થઇ **મહતાં કૃપયા યાવદ્ ભગવાન્ દયયિષ્યતિ** ભગવાન મહાન્ પુરુષોની કૃપા દ્વારા દયાનું દ્વાર ખોલે છે. ૧૩.

તસ્યૈવ મેઽઘસ્ય પરાવરેશો વ્યાસક્તચિત્તસ્ય ગૃહેષ્વભીક્ષ્ણમ્ ।
નિર્વેદમૂલો દ્વિજશાપરૂપો યત્ર પ્રસક્તો ભયમાશુ ધત્તે ॥ ૧૪ ॥

અન્વયાર્થ—**તસ્ય**–તે, **અઘસ્ય**–પાપાત્મા એવા, અને **ગૃહેષુ**–પરિવારમાં, **અભીક્ષ્ણમ્**–અત્યંત, **વિ-આસક્ત-ચિત્તસ્ય**–આસક્ત ચિત્ત વાળા, **મે**–મને, **નિર્વેદ-મૂલઃ**–વૈરાગ્ય મૂલક, **દ્વિજ-શાપ-રૂપઃ**–બ્રાહ્મણના શાપરૂપ, **પર-અવર-ઈશઃ**–પર-અવરના ઈશ–પરમાત્મા છે; **યત્ર**–જે શાપમાં, **પ્રસક્તઃ**–ગૃહાસક્ત પુરુષ, **આશુ**–શીઘ્ર, **ભયમ્**–ભયને, **ધત્તે**–ધારણ કરે છે. ૧૪.

અનુવાદ—**અત્યંત પાપાત્મા એવા અને ગૃહ પરિવારમાં આસક્ત ચિત્તવાળા એવા મને વૈરાગ્ય ઉત્પન્ન કરાવનાર ભગવાન પોતેજ બ્રાહ્મણના શાપ રૂપ થયા છે; જે શાપ થતાં સ્ત્રી પુત્રાદિકમાં આસકત પુરુષ શીઘ્ર ભયને ધારણ કરે છે.** ૧૪.

તત્ત્વસુધા—૧૩મા શ્લોકમાં પુણ્ય પુરુષની કૃપાનું વર્ણન કર્યું. હવે ૧૪મા શ્લોકમાં ભગવત્કૃપાનો પણ સંકેત કરે છે. રાજાઓનાં પ્રત્યેક કુલો તો મદોન્મત કે ઉચ્છૃંખલ કર્મ કરનાર નથી હોતાં; પરંતુ **તસ્યૈવ મેઽઘસ્ય** મારા જેવાઓ જ પાપ આચરે છે. રાજાને પોતાના અયોગ્ય કાર્યનો ખૂબજ પરિતાપ થયેલ છે. એના પરિણામે પોતાને પાપી કહેવાને બદલે **પાપસ્ય** પાપ રૂપેજ ઓળખાવે છે. પ્રભુએ મારા જેવા ગૃહાસક્ત અને પાપાસક્ત ઉપર કૃપા કરી છે. શાપને અનુગ્રહની નજરે સમજીને પુરવાર કરે છે કે ભગવદનુગ્રહ આસક્તને શાપ રૂપે આવે છે. શાપથી વૈરાગ્ય થાય છે એ વૈરાગ્ય ભગવાનનાં છ ઐશ્વર્યોમાંનું છઠ્ઠું, અંતિમ અને અમૂલ્ય ઐશ્વર્ય છે. મને તે મળવાનું કયાંથી ? આજે દયા કરી દ્વિજે તે ઐશ્વર્ય આપ્યું છે. માટે આ શ્લોકમાં ભગવત્કૃપાનો નિર્દેશ કર્યો છે. **પરાવરેશઃ** પર અને અપરનો ઈશ્વર શાપની વાણીમાં અનુગ્રહ રૂપે **અભયં** અભય મોક્ષનું દાન કરે છે. જો આ દ્વિજનો નિર્દેશ શાપરૂપે જ હોત તો મને મૃત્યુનો ભય અને વિપ્ર ઉપર દ્વેષ થાત, પુણ્યશીલ ઋષિવરોનો સમાગમ ન થાત અને ગંગાના કિનારાની પ્રાપ્તિ ન થાત. ૧૪.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

तं मोपयातं प्रतियन्तु विप्रा गङ्गा च देवी धृतचित्तमीशे ।
द्विजोपसृष्टः कुहकस्तक्षको वा दशत्वलं गायत विष्णुगाथाः ॥ १५ ॥

અન્વયાર્થ—**વિપ્રાઃ**-બ્રાહ્મણો, **ચ**-અને, **ગંગા દેવી**-ભગવતી ગંગા નદી, **તમ્**-તે એવા, **મા**-મને, **ઉપયાતમ્**-શરણાગત તરીકે, **ઈશે**-પરમાત્મામાં, **ધૃત-ચિત્તમ્**-ચિત્તવાળા મને, **પ્રતિયન્તુ**-સમજો-સ્વીકારો, **દ્વિજ-ઉપસૃષ્ટઃ**-દ્વિજનો પ્રેરેલો, **કુહકઃ**-કપટી, **વા**-અથવા, **તક્ષકઃ**-તક્ષક ન.ગ, **અલં-દશતુ**-ભલે આનંદપૂર્વક દંશ કરો, આપ **વિષ્ણુગાથાઃ**-વિષ્ણુની કથાઓનું, **ગાયત**-કૃપા કરી ગાન કરો. ૧૫.

અનુવાદ—હે વિપ્રવરો તથા ભગવતી ગંગા દેવી! આપ મને શરણે આવેલો જાણો. પરમાત્મામાં ચિત્તવાળા મને, બ્રાહ્મણ પુત્રે પ્રેરેલો કોઈ ઠગારો અથવા તક્ષક નાગ ભલે દંશ કરે, આપ ભગવદ્-ગાથાઓનું ગાન કરો. ૧૫.

તત્ત્વસુધા—પુણ્ય વિના સત્સંગતિ નહિ, સત્સંગતિ વિના સન્મતિ નહિ, સન્મતિ વિના પ્રપત્તિ નહિ અને પ્રપત્તિ વિના અભય પ્રાપ્તિ નહિ. એ ન્યાયે રાજા વિપ્રોની શરણાગતિ સ્વીકારે છે. વિપ્રો વેદોનું સ્વરૂપ છે. જ્ઞાન વેદમાંથી મળે છે. જીવ અપૂર્ણ છે, તેને જ્ઞાન-દાન કરીને પૂર્ણ કરનાર આપ સર્વ 'વિપ્રાઃ' વિપ્રો મને **ઉપયાતં** શરણાગતને **પ્રતિયન્તુ** અપનાવો-સ્વીકારો. **દેવી** એટલે આધિદૈવિક સ્વરૂપ ધારણ કરી માતૃવત્સલા **ગંગા** ગંગાજી પણ મને અપનાવે. વિપ્રો વેદોનું સ્વરૂપ છે અને ભગવાનનું મુખ છે. તેમજ ગંગાજી પ્રભુનું ચરણામૃત છે. તેથી એ બન્નેની શરણાગતિ પ્રભુપપત્તિમાં વિરોધક નથી; પરંતુ હરિ પ્રપત્તિ રૂપેજ છે.

ઈશે ધૃતચિત્તમ્-ભગવત્સ્વરૂપમાં ચિત્તને પરોવી બેઠેલ મને ભલે આવીને **કુહકઃ** એટલે બનાવટી, વેષધારણ કરી અગર સ્વયં **તક્ષકઃ** તક્ષક રૂપે પણ આવીને **દંશ** કરે; સર્વથા હું નિર્ભય છું અને પ્રસન્ન છું. રાજાની આ માગણીને સાંભળી મુનિવૃન્દે કહ્યું, "અમે મણિમંત્ર અને ઔષધિ અને તપોબલના પ્રભાવથી, નૃપતિ! આપને તક્ષકમાંથી મુક્ત કરવા આવ્યા છીએ, તો અમારો તમને શો ઉપયોગ? મૃત્યુમાંથી બચાવે, આયુષ્ય આપે એને જ વિપ્ર માન્યા છે." ત્યારે રાજાએ ઉત્તર વાળ્યો, "હે ઋષિવરો, આપ વિષ્ણુ ગાથાનું ગાન કરી, મને હરિ રસ પાન કરાવી, વિષયરત પામરને અમર બનાવો. ૧૫.

पुनश्च भूयाद्भगवत्यनन्ते [1]रतिः प्रसङ्गश्च तदाश्रयेषु ।
महत्सु यां यामुपयामि सृष्टिं मैत्र्यस्तु सर्वत्र नमो द्विजेभ्यः ॥ १६ ॥

અન્વયાર્થ—**ચ**-અને, **યામ્**-જે, **યામ્**-જે સૃષ્ટિમ્-યોનિને, **ઉપયામિ**-હું પ્રાપ્ત કરું, **સર્વત્ર**-બધેજ, **પુનઃ**-ફરીથી, **અનન્તે**-ભગવતિ-અનંત ભગવાનમાં, **રતિઃ**-પ્રેમભાવ, **ચ**-અને, **તદ્-આશ્રયેષુ**-ભગવાનના આશ્રયવાળા ભક્તોમાં, **પ્રસઙ્ગઃ**-વિશેષ સમાગમ, **ભૂયાત્**-પ્રાપ્ત થાઓ, **મહત્સુ** મહા પુરુષોમાં, **મૈત્રી**-મિત્રભાવ **અસ્તુ**-હો, **દ્વિજેભ્યઃ**-બ્રાહ્મણોને, **નમઃ**-નમસ્કાર. ૧૬.

અનુવાદ—તેમજ હું ફરીથી પ્રાર્થના કરું છું કે હું જે જે યોનિને પ્રાપ્ત કરું, તે તે યોનિમાં અનન્ત ભગવાનમાં પ્રેમ ભાવ પ્રાપ્ત થાઓ; તેમજ તેનો જ જેને આશ્રય છે એવા ભગવદ્ ભક્તોનો સમાગમ થાઓ. મહાપુરુષો સાથે મૈત્રી થાઓ. હું સર્વ બ્રાહ્મણોને વંદન કરું છું. ૧૬.

તત્ત્વસુધા—વિપ્રર્ષિઓએ પૃચ્છયું, "રાજન્ જો આપને દીર્ઘ જીવન ન જોઇએ, તો શું જોઇએ?" રાજાએ ઉત્તર આપ્યો, "મારે મોક્ષપદ કે અમરપદ કાંઇ ન જોઇએ. હું બ્રાહ્મણ નથી, તેથી મુક્તિનો અધિકારી નથી. બ્રાહ્મણનો અપરાધ કર્યો છે, તેથી મુક્તિ મળવાનો સંભવ નથી. કદાચ સંભવે તો અપેક્ષા નથી. ભગવદીય

---

૧. પ્રા૦ પા૦ - રતિપ્રસંગશ્ચ ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

છું તેથી મુક્તિ પ્રાપ્તિમાં મન પણ નથી. રાજ્યરસ, મુક્તિરસ અને હરિરસ એમાં ઘણોજ તફાવત છે. ભક્તિમાં બે વિરુદ્ધ ધર્મો પદાર્થો સાથે રહી શકે છે. મુક્તિમાં તો તેવો સંભવ નથી, તેથી મુક્તિમાં રસ નથી. માટે અનન્ત ભગવાનમાં રતિઃ ક્ષણે ક્ષણે વૃદ્ધિ પામતી પ્રીતિ પ્રાપ્ત થાઓ. તેવી ક્ષોદ્યોત્તર પ્રભુ ભક્તિની સિદ્ધિ માટે તદાશ્રયેષુ ભગવાનના અનન્યાશ્રિત સંતોનો પ્રસંગ મળો." પ્રથમ મિલન એટલે સંગ; પુનઃ પુનઃ મિલન એટલે પ્રસંગ. ભગવદ્ પાદ સરોજની રતિ અખંડ રહે માટે ચ અવ્યયથી સંત જનોમાં પણ પ્રીતિની પ્રાર્થના કરી.

સંત જન પ્રસંગ અને ભગવચ્ચરણ રતિનું અમીરસ પાન મને પ્રારબ્ધ કર્મના યોગે પ્રાપ્ત થતી પ્રત્યેક યોનિમાં મળ્યાં કરો. મને જરાપણ મુક્તિની લાલસા નથી. માનવતાની સિદ્ધિમાં કોઇ પણ યોનિમાં, હરિપાદરતિ, સજ્જન પ્રસંગ, ભૂતમૈત્રી, અને દ્વિજવર વંદન એ ચાર સામગ્રી છે. ૧૬.

इति स्म राजाध्यवसाययुक्तः प्राचीनमूलेषु कुशेषु धीरः ।
उदङ्मुखो दक्षिणकूल आस्ते समुद्रपत्न्याः स्वसुतन्यस्तभारः ॥ १७ ॥

અન્વયાર્થ—સ્વસુત-ન્યસ્ત-ભારઃ–પોતાના પુત્રને રાજ્યભાર સોંપનાર, **ધીરઃ**–જ્ઞાની–ધીરજવાળા, **રાજા**–પરીક્ષિત, **ઇતિ**–આ પ્રમાણે, **અધ્યવસાય-યુક્તઃ**–નિશ્ચય યુક્ત, **સમુદ્ર-પત્ન્યાઃ**–સમુદ્ર પત્ની-ગંગાજીના, **દક્ષિણ-કૂલે**–દક્ષિણ કિનારે, **પ્રાચીન-મૂલેષુ**–પૂર્વ દિશા તરફ મૂળવાળા, **કુશેષુ**–દર્ભ ઉપર, **ઉદઙ્મુખઃ**–ઉત્તરાભિમુખ થઈ, **આસ્તે સ્મ**–બેસતા હતા. ૧૭.

અનુવાદ—પોતાના પુત્રને રાજ્યભાર સોંપી દેનાર એવા જ્ઞાની, ધીર, રાજા પરીક્ષિત, આવા નિશ્ચય ઉપર આવીને, ગંગા નદીના દક્ષિણ કિનારા ઉપર, પૂર્વ દિશા તરફ મૂળ ભાગવાળા દર્ભ ઉપર, ઉત્તર તરફ મુખ કરીને બેઠેલા છે. ૧૭.

તત્ત્વસુધા—**इति स्म राजा**–નિશ્ચય બળ અને દૃઢ આશ્રય એ ધ્યેય સિદ્ધિનાં સાધન છે. પરીક્ષિત રાજા **સ્મ** એટલે પ્રસિદ્ધ, પવિત્ર પ્રદેશમાં **अध्यवसाय युक्तः** દૃઢ નિશ્ચય પૂર્વક બેઠા. નિશ્ચયબળ પ્રભુમાં અનન્ય શ્રદ્ધાથી આવે છે. જીવનના ઓવારે બેઠો છું, મને સત્સંગ કોણ કરાવશે એવી કોઇપણ વિચારધારા નથી આવી; પરંતુ હું હરિને શરણે બેઠો છું; એને ઠીક લાગે તેમ કરે; એવો અધ્યવસાય-નિશ્ચય કરીને બેઠા છે.

સત્કર્મ, ઉપાસના, ધ્યાન કરતી વખતે બેસવાનું 'આસન' શુદ્ધ અને વિજ્ઞાન સિદ્ધ જોઈએ, તેમજ આસન સિદ્ધિ પણ જોઇએ. પરીક્ષિત **प्राचीन मूलेषु कुशेषु**–પશ્ચિમ દિશા તરફ મૂળવાળા અને પૂર્વ તરફ અગ્ર ભાગવાળા દર્ભાસને બેઠા છે. દર્ભાસન ઉપર બેસવાથી ઇન્દ્રિય જય, મનોનિગ્રહ અને કર્મના ફળના નાશક રાક્ષસોના પ્રવેશનો પ્રતિરોધ પ્રાપ્ત થાય છે. ઉપરાંત શરીરમાં વિદ્યુત્સંચાર થવાથી રુધિરનું અભિસરણ વ્યવસ્થિત થાય છે. આસનની સ્થિરતા અને તક્ષકથી નિર્ભયતા પણ ધીર શબ્દથી સૂચવી છે. વળી **उदङ्मुख** ઉત્તર દિશા તરફ મુખ છે, એટલે દેવો તરફ, ગંગાજી તરફ, અને જ્ઞાન તરફ અભિમુખ છે. **समुद्रपत्न्याः** ગંગાજીના દક્ષિણ કિનારે સ્થાન લીધું છે. ગંગાજીના કિનારાને લીધે સ્થાનની પણ પવિત્રતા સચવાઈ છે. ગંગાજીને સમુદ્રપત્ની કહેવાથી ગંગાજી જલપ્રવાહ રૂપે નથી; પરંતુ સાક્ષાત આધિદૈવિક રૂપે છે એવી ભાવના છે. સમુદ્ર ભગવાન છે, જીવ નદી છે. સમગ્ર નદીઓ સમુદ્રમાંથી જન્મે છે તેમ સમસ્ત જીવાત્માઓ આનંદ સમુદ્રમાંથી જ પ્રાદુર્ભાવ પામે છે. નદી સમુદ્રમાં મળે, જીવ ઈશ્વરમાં મળે, એ ન્યાયે સમુદ્રપત્નીના કિનારે બેઠા છે. ભગવાન સમુદ્રમાં બિરાજ્યા છે, તેથી સમુદ્રપત્નીના જ નિવાસમાં રહ્યા છે. સમુદ્રપત્નીને રાજાની દયા આવશે અને પતિદેવ–સમુદ્રને ભલામણ કરશે કે તમારા જમાઈ ભગવાનને વિનવો કે રાજાનો અંગીકાર કરે, એ આશયથી 'સમુદ્રપત્ની' નામનો ઉલ્લેખ ગંગાજી માટે કર્યો. ૧૭.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

एवं च[1] तस्मिन्नरदेवदेवे प्रायोपविष्टे दिवि देवसङ्घाः ।
प्रशस्य भूमौ व्यकिरन् प्रसूनैर्मुदा मुहुर्दुन्दुभयश्च नेदुः ॥ १८ ॥

અન્વયાર્થ—च-અને, एवम्-એ પ્રમાણે, तस्मिन्-તે, नरदेव-देवे-રાજાઓમાં શ્રેષ્ઠ રાજા પરીક્ષિત, प्रायोपविष्टे-પ્રાયોપવેશન-આજીવન અનશન વ્રતનો સંકલ્પ કરીને બેઠા ત્યારે, दिवि-સ્વર્ગમાં, देवसङ्घाः-દેવોના સમુદાયો, प्रशस्य-પ્રશંસા કરીને, मुदा-હર્ષથી, भूमौ-પૃથ્વી ઉપર, प्रसूनैः-પુષ્પોથી, व्यकिरन्-વૃષ્ટિ કરતા હતા, च-અને, मुहुः-વારંવાર, दुन्दुभयः-નગારાં, नेदुः-વાગતાં હતાં ૧૮.

અનુવાદ—આ પ્રમાણે રાજેન્દ્ર પરીક્ષિત જ્યારે પ્રાયોપવેશન-આજીવન અનશન વ્રતનો સંકલ્પ કરીને બેઠા, ત્યારે સ્વર્ગમાં દેવગણો રાજાની પ્રશંસા કરીને હર્ષથી પૃથ્વી ઉપર પુષ્પ વૃષ્ટિ કરવા લાગ્યા; તેમજ વારંવાર દુન્દુભિ નગારાં વાગવા લાગ્યાં. ૧૮.

તત્ત્વસુધા—મનુષ્યના પુણ્યકર્મને પ્રત્યેક સન્માને છે. રાજાનો આદર કરવા સ્વર્ગના અધિપતિઓએ કુસુમવૃષ્ટિ કરી પ્રશંસા કરી, સત્કર્મનું અનુમોદન કરી સત્કર્મના સત્ફલભાગી બન્યા. પૃથ્વી ઉપર પુષ્પો વરસાવી પ્રાર્થના કરી, " અમને પણ પાર્થિવ દેહ, હે ભૂમિમાતા, દયા કરીને દેજે. " દુંદુભિનાદ, શંખનાદ વાદ્યિંત્રનાદ એ વિદેશ પ્રયાણમાં અને પુણ્ય કાર્યારંભમાં મંગલ સૂચક છે. ૧૮.

[2]महर्षयो वै समुपागता ये प्रशस्य साध्वित्यनुमोदमानाः ।
ऊचुः प्रजानुग्रहशीलसारा यदुत्तमश्लोकगुणाभिरूपम्[3] ॥ १९ ॥

અન્વયાર્થ—ये-જેઓ, वै-ખરેખર, प्रजा-अनुग्रह-शील-साराः-પ્રજા ઉપર કૃપા કરવાના સ્વભાવવાળા, महर्षयः-મોટા ઋષિઓ, समुपागताः-આવેલા હતા, તેઓ प्रशस्य-પ્રશંસા કરીને, साधु-इति-ઘણું સારું કર્યું, એમ अनुमोदमानाः-અનુમોદન આપનારા, यद्-જે, उत्तम-श्लोक-गुण-अभि-रूपम्-ઉત્તમ યશ-ભગવાન શ્રીકૃષ્ણના ગુણાનુવાદને લીધે રમણીય, ऊचुः-કહેવા લાગ્યા. ૧૯.

અનુવાદ—પ્રજા ઉપર અનુગ્રહ કરવાના સ્વભાવવાળા જે મહર્ષિઓ ત્યાં પધાર્યા હતા, તેમણે પણ, ખરેખર, "આ ઘણું જ યોગ્ય કર્યું છે" એમ કહીને પ્રશંસા પૂર્વક અનુમોદન આપ્યું. ત્યાર બાદ ઉત્તમયશ-ભગવાનના ગુણાનુવાદને લીધે સુંદર વચન તેને કહેવા લાગ્યા. ૧૯.

તત્ત્વસુધા—સજ્જન જે કાર્યને અનુમોદન આપે, તે કાર્યમાં ઈશ્વર સહાય આપે, સમાજ આદર આપે, દેવો વિઘ્નો કાપે અને કાર્યમાં ઉણપ હોય તો પૂર્ણ બને રાજાના આ સત્કર્મને મહર્ષિઓએ અનુમોદન આપ્યું એટલે રાજાનું પ્રાયોપવેશન-અનશન-પુણ્યવ્રત બની ગયું. કેવલ મનથી જ અનુમોદન ન આપતાં વાણીથી પ્રોત્સાહન અને ક્રિયાથી સહકાર આપ્યો. ૧૯.

ऋषय ऊचुः—न वा इदं राजर्षिवर्य चित्रं भवत्सु[4] कृष्णं समनुव्रतेषु ।
येऽध्यासनं राजकिरीटजुष्टं सद्यो जहुर्भगवत्पार्श्वकामाः ॥ २० ॥

અન્વયાર્થ—राजर्षिवर्य-રાજર્ષિમાં શ્રેષ્ઠ પરીક્ષિત ! कृष्णम्-શ્રીકૃષ્ણને, समनुव्रतेषु-એક નિષ્ઠાથી અનુસરનારા, भवत्सु-આપના વિષે, इदम्-આ, चित्रं न-આશ્ચર્ય નથી, ये-જેઓ, वै-ખરેખર, भगवत्-पार्श्वकामाः-ભગવત્સાન્નિધ્યને ઇચ્છનારા, राज्ञ-किरीट-जुष्टम्-રાજાઓના મુકુટોથી સેવાયેલા, अध्यासनम्-સિંહાસનને, सद्यः-તત્કાળ, जहुः-ત્યજી દેતા હતા. ૨૦.

---

૧. પ્રા૦ પા૦—तु । ૨. પ્રા૦ પા૦—महर्षयस्ते ।
૩. પ્રા૦ પા૦—गुणानुरूपम् । ૪. પ્રા૦ પા૦—भवेद् ध्रुवं कृष्णमनुव्रतेषु।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—હે રાજર્ષિવર્ય, શ્રીકૃષ્ણને એક નિષ્ઠાથી અનુસરનારા આપ પાંડવો માટે આ આશ્ચર્યજનક નથી, જે પાંડવોએ ભગવાનના સાન્નિધ્યની ઇચ્છાથી રાજભુકુટોથી સેવાયેલા રાજ્ય સિંહાસનને પણ તત્કાળ છોડી દીધું છે. ૨૦.

તત્ત્વસુધા—સદ્ભાવ ભર્યા ભાવથી ઋષિવરો વદ્યા. રાજર્ષિવર્ય ત્યાગ પ્રિય ચક્રવર્તી ! આવો ત્યાગ, હરિપદ પ્રેમ એ તો શ્રીકૃષ્ણના પરમ ભક્ત તમારા પૂર્વજોનું કુલ વ્રત છે. નિર્વેદથી, કે વૃદ્ધાવસ્થાના ઉદ્વેશથી, કે કલેશના આવેગથી તમારા પૂર્વજોએ સંસાર નથી ત્યજ્યો; પરંતુ પ્રભુપદ પદ્મપરાગના પરમ પ્રેમથી રાજકિરીટ જુષ્ટ નૃપતિ સમૂહના શિરોમુકુટના અગ્રભાગથી સેવાતા પાદપીઠવાળા ચક્રવર્તી સિંહાસનને સિંહ સમાન વીરતાથી ત્યજી ગયા છે. તમે તેજ પુણ્ય પંથના પથિક છો. ધન્યવાદ છે. ૨૦.

सर्वे वयं तावदिहास्महेऽद्य[1] कलेवरं यावदसौ विहाय ।
लोकं परं विरजस्कं विशोकं यास्यत्ययं भागवतप्रधानः ॥ २१ ॥

અન્વયાર્થ—યાવત્—જ્યાં સુધી, અસૌ—આ, અયમ્—આ, ભાગવત-પ્રધાનઃ—ભગવદ્ ભક્તોમાં શ્રેષ્ઠ રાજા, કલેવરમ્—પોતાના શરીરને, વિહાય—ત્યજીને, વિરજસ્કમ્—રજો ગુણ વિનાના—અજ્ઞાનથી રહિત, વિશોકમ્—શોક રહિત, પરમ્—શ્રેષ્ઠ, લોકમ્—લોકને, યાસ્યતિ—પ્રાપ્ત કરશે, તાવત્—ત્યાં સુધી, અદ્ય—આજે, વયમ્—આપણે, સર્વે—બધા, ઇહ—અહીં, આસ્મહે—રહ્યા છીએ. ૨૧.

અનુવાદ—ભગવદ્ ભક્તોમાં શ્રેષ્ઠ આ રાજર્ષિ પરીક્ષિત પોતાના દેહનો ત્યાગ કરીને, રજોગુણ વગરના તેમજ શોક રહિત વ્યાપી વૈકુંઠ લોકને પ્રાપ્ત કરે, ત્યાં સુધી આપણે બધા અહીં જ રહ્યા છીએ. ૨૧.

તત્ત્વસુધા—અમને શ્રદ્ધા છે અને જાણ પણ છે કે સાતમા દિવસે તમને કલેવર નહિ છોડે; પરંતુ તમે કલેવરને છોડશો, મમતા નહિ સતાવે, સમતાની ગોદમાં તમે હશો. પરમ ભાગવદીય તરીકે તમારા સ્વાગતે ભગવત્પાર્ષદો આવશે. તમને સાદર વૈકુંઠમાં લઈ જશે. અમે પણ એ પુણ્ય પ્રસંગના દર્શનના સાક્ષી થવા સાત દિવસ તમારું સાન્નિધ્ય સાધશું. ૨૧.

आश्रुत्य तेषां[2] वचनं परीक्षित्समं मधुच्युद् गुरु [3]चाऽन्यलीकम् ।
[4]आभाषतैतानभिवन्द्य युक्तं शुश्रूषमाणश्चरितानि विष्णोः ॥ २२ ॥

અન્વયાર્થ—વિષ્ણોઃ—શ્રીકૃષ્ણનાં, ચરિતાનિ—ચરિત્રોને, શુશ્રૂષમાણઃ—સાંભળવા ઇચ્છતા પરીક્ષિત્—પરીક્ષિત રાજા, તેષામ્—તે ઋષિ-મુનિઓના, સમમ્—પક્ષપાત વગરના, મધુચ્યુત્—માધુર્ય ઝરતા, ગુરુ—અર્થ ગૌરવ યુકત, ચ—અને, અન્યલીકમ્—સત્યાર્થ પૂર્ણ, વચનમ્—વચન, આશ્રુત્ય—શ્રવણ કરીને, એતાન્—આ ઋષિ-મુનિઓને, અભિવન્દ્ય—અભિવંદન કરીને, યુક્તમ્—પ્રસંગને યોગ્ય, આભાષત—કહેવા લાગ્યા. ૨૨.

અનુવાદ—શ્રીકૃષ્ણનાં ચરિત્રોને શ્રવણ કરવા ઇચ્છનાર રાજા પરીક્ષિતે, તે ઋષિ-મુનિઓના પક્ષપાત વગરના, અમૃત ઝરતા, અર્થ ગૌરવ ભરેલા સત્ય વચનને સાંભળીને, તેઓને અભિવંદન કરી, પ્રસંગને અનુસરીને બોલવાની શરૂઆત કરી. ૨૨.

તત્ત્વસુધા—નૃપતિએ ઋષિવરોનાં અમૃતસ્રાવી વચન સાંભળ્યાં. રાજા પરીક્ષિત માતાના ઉદરમાં પરિ રક્ષિત બન્યા હતા અને પરિતઃ ચારે બાજુ રક્ષક ચતુર્ભુજ-શ્યામ સુંદરનું ઇક્ષણ કરતા હતા. તેવા પુણ્યશીલ પરીક્ષિત હતા. તેથી આજે પણ તેજ ભગવાનના સ્વરૂપમાં તન્મય થયા અને મુનિઓનાં જાણે ચાર પુરુષાર્થોને સાધનારાં

૧. પ્રા૦ પા૦—ऽથ ૨. પ્રા૦ પા૦—तदभिगण्य वचः ।
૩. પ્રા૦ પા૦—गुरुञ्चाप व्यलीकम्—इति वि० पा० । ૪. પ્રા૦ પા૦—अभा० ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વાક્યો ન હોય તેમ ચાર વિશેષણવાળાં વચન સાંભળ્યાં. સમમ્-નિર્દોષ વાક્ય, જે ધર્મમય હતું; મધુચ્યુતમ્-મધુધારા વહેતી હતી, તેથી અર્થમય હતું; ગુરુ-પ્રેમ ભાવથી ભરેલ હોઈ કામ સ્નેહમય હતું; અને અવ્યલીકમ્-કપટથીપર હતું એટલે મોક્ષ સાધક વાક્ય હતાં. આ વાક્યોનું અભિવંદન કરી પોતાની દીનતા અને ઇચ્છાને વ્યક્ત કરે છે. ગુરુશાપ વ્યલીકમ્-શ્રી વિજયધ્વજે આવો પાઠ સ્વીકાર્યો છે. એનું તાત્પર્ય એવું છે કે ગુરોર્બ્રાહ્મણસ્યશાપં વ્યલીકયતીતિ-હે ઋષિ પ્રવરો ! શૃંગી ઋષિના શાપને મિથ્યા કરનારાં અમૃતમય આપનાં વચનો છે. મિથ્યાનો અર્થ કેવલ એટલો જ કરવાનો છે-શાપથી થનારા અપમૃત્યુમાંથી બચાવીને મુક્તિને આપનારાં આપનાં વચન છે. તક્ષકનો દંશ થશે; પરંતુ ભાગવત શ્રવણના બલે અપગતિ નહિ થાય. ૨૨.

राजोवाच-समागताः सर्वत एव सर्वे वेदा यथा मूर्तिधरास्त्रिपृष्ठे[1] ।
नेहाथवामुत्र च कश्चनार्थ ऋते परानुग्रहमात्मशीलम् ॥ २३ ॥

અન્વયાર્થ--**त्रिपृष्ठे**-સત્યલોકમાં, **मूर्तिधराः**-મૂર્તિને ધારણ કરનારા, **वेदाः**-વેદો, **यथा**-જેમ છે તેમ, **सर्वतः-एव**-સર્વ દિશાઓમાંથીજ, **सर्वे**-આપ સર્વ, **समागताः**-એકત્રિત થઈને પધાર્યા છો, **अथवा**-ખરું પૂછો તો, **परानुग्रहम्**-બીજાઓ ઉપર અનુગ્રહ કરવા રૂપ, **आत्मशीलं-ऋते**-પોતાના સ્વભાવ-સૌજન્ય-સિવાય; **इह**-આ લોકમાં, **च**-અને, **अमुत्र**-પર લોકમાં, **कश्चन**-કોઈ પણ પ્રકારનો, **अर्थः**-ઉદ્દેશ, **न**-નથી. ૨૩.

અનુવાદ--લોક કલ્યાણ માટે સત્યલોકમાં અવતરેલા સાક્ષાત્ મૂર્તિમન્ત વેદો હોય એમ આપ સર્વ ચોતરફથી અત્રે એકત્રિત થઈને પધારેલા છો. બીજાઓ ઉપર અનુગ્રહ કરવાના આશય વિના આપનો આ લોકમાં કે પરલોકમાં બીજો કોઈ જ ઉદ્દેશ નથી. ખરેખર, આપનું એ સ્વભાવ સિદ્ધ સૌજન્ય છે. ૨૩.

તત્ત્વસુધા--ત્રિપૃષ્ઠે-સર્વ વેદોને ધારણ કરવાથી વિપ્ર સંજ્ઞા થાય છે. આપ કેવલ સર્વ વેદ ધારણ વિપ્ર નથી; પરંતુ સત્યલોકમાં મૂર્તિમંત બની વસનારા જે વેદો છે, તેજ સર્વ આજ મારા ઉપર અનુગ્રહ કરવા પધાર્યા છો. વિપ્રર્ષિ સંતોની પાસે જે એક પરાનુગ્રહમ્-પ્રત્યેક ઉપર અનુગ્રહ કરવાના સ્વભાવ નામનો નિધિ છે, તે નિધિને આપ ધરાવો છો. જે ધર્મ સ્વાભાવિક જ હોય છે, તેને કાંઈ કારણ નથી હોતું. પ્રત્યેક ઉપર અનુગ્રહ એ સંતોનું શીલ છે. ૨૩.

ततश्च वः पृच्छयमिमं विपृच्छे विश्रम्भ इति कृत्यतायाम् ।
सर्वात्मना म्रियमाणैश्च कृत्यं शुद्धं च तत्रामृशताभियुक्ताः ॥ २४ ॥

અન્વયાર્થ--**विप्राः**-હે મહર્ષિઓ, **ततः**-**च**-તે કારણથીજ, **विश्रम्भ**-વિશ્વાસ રાખીને, **इति कृत्यतायाम्**-મનુષ્યના કર્તવ્યની બાબતમાં, **पृच्छयम्**-પૂછવા યોગ્ય, **इमम्**-આ પ્રશ્નને, **वः**-આપને, **विपृच्छे**-હું પૂછું છું; **च**-અને, **अभियुक्ताः**-હે આપ્તજનો-આર્ષજ્ઞાન યુકત મહાનુભાવો, **सर्वात्मना**-સર્વાત્મ ભાવે, **च**-અને, **म्रियमाणैः**-મરણોન્મુખ મનુષ્યોએ, **तत्र**-તે દશામાં, **शुद्धम्**-શુદ્ધ, **कृत्यम्**-કર્તવ્ય, **आमृशत**-આપ વિચારો. ૨૪.

અનુવાદ--માટે હે વિપ્રો, 'માનવે આ પ્રમાણે કરવું જોઈએ' એ વિષયના નિશ્ચયમાં, આપના ઉપર વિશ્વાસ રાખીને આપને પૂછું છું કે મનુષ્યનું દરેક રીતે પરમ શુદ્ધ કર્તવ્ય શું? તેમજ મરણની ભૂમિકાએ હોય તેણે શું કરવું જોઈએ? એ આપ સર્વ વિચારીને કહો; કારણ કે આપ જ્ઞાની છો. ૨૪.

---

૧. પ્રા૦ પા૦-ત્રિપિષ્ટે ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્ત્વસુધા—નૃપતિએ વિનમ્ર ભાવે વિપ્રોની સમક્ષ પ્રશ્ન પ્રકટ કર્યો. એક તો **નાપૃષ્ટઃ કસ્યચિદ્ બ્રૂયાત્** કોઈ પણ પૂછ્યા વિના કાંઇ પણ ન કહે, માટે જ આપને પૂછું છું. બાકી આપ તો 'વિપ્ર' છો, એટલે વેદજ્ઞ છો અને સર્વજ્ઞ છો. આપના ચરણમાં કેવલ **इति कृत्यतायां** કર્તવ્યને સમજવાની દિશામાં બે જ પ્રશ્નો છે. એક તો કર્તવ્યનો નિર્ણય અને બીજો તે કર્તવ્યની સિદ્ધિના સાધનનો ઉલ્લેખ આપે કૃપા કરીને કરવાનો છે. દાન, હોમ, તીર્થ સ્નાનાદિ તો હૃદય શુદ્ધિનાં સાધનો મનાય; પરંતુ તે જીવનની ચરમ ક્ષણોનાં કર્તવ્ય તો ન ગણાય. આપ **सर्वे अभियुक्तता**-અભિયુક્ત પુરુષો છો. અનુભવ, તપ, જ્ઞાન, શીલ, ઈશ્વર અનુગ્રહ, આદિ ગુણોથી શ્રેષ્ઠને અભિયુક્ત મનાય. અભિયુક્તના અભિપ્રાયને વેદો સન્માને માટે **सर्वात्मना** જીવન કર્તવ્ય અને **म्रियमाणैः** જીવન ત્યાગ કાલ કર્તવ્યનો નિર્દેશ કરો. એ અનન્ય કૃપા મારા જેવા સ્વભાવ કૃપણ માટે હો. ૨૪.

तत्राभवद्भगवान्व्यासपुत्रो यदृच्छया गामटमानोऽनपेक्षः ।
अलक्ष्यलिङ्गो निजलाभतुष्टो [1]वृतश्चबालैरवधूतवेषः ॥ २५ ॥

અન્વયાર્થ—**तत्र**-ત્યાં, **यदृच्छया**-ઇચ્છા મુજબ, **गाम्**-પૃથ્વી ઉપર, **अटमानः**-ફરતાં, **स्त्रिबालैः**-સ્ત્રીઓ તથા બાળકોથી, **वृतः**-વીંટળાયેલા, **अनपेक्षः**-નિઃસ્પૃહ-નિરપેક્ષ, **अलक्ष्य-लिङ्गः**-ન ઓળખાય તેવાં ચિહ્નોવાળા, **निजलाभ-तुष्टः**-આત્મ બોધથી સંતુષ્ટ-નિજાનંદમાં મસ્ત, **अवधूत-वेषः**-અવધૂતના વેષવાળા, **भगवान् व्यासपुत्रः**-વ્યાસ પુત્ર ભગવાન શ્રીશુકદેવજી, **अभवत्**-ઉપસ્થિત થયા. ૨૫.

અનુવાદ—**રાજાએ પ્રશ્ન પૂછ્યો, એજ સમયે ભગવાનની ઇચ્છા મુજબ, પૃથ્વી ઉપર વિચરતા, કોઈ પણ પ્રકારની અપેક્ષા વગરના, ઓળખી ન શકાય એવાં લક્ષણો વાળા, આત્મજ્ઞાનના લાભથી પરમ સંતુષ્ટ, અવધૂતના વેષવાળા, સ્ત્રીઓ તથા બાળકોથી વીંટળાયેલા, ભગવાન વ્યાસજીના પુત્ર શ્રીશુકદેવજી ત્યાં પધાર્યા.** ૨૫.

તત્ત્વસુધા—રાજાનો ત્યાગ અપૂર્વ હતો, જિજ્ઞાસા દિવ્ય હતી, તેથી મુનિ મંડળને એને માટે પુષ્કળ સદ્ભાવ હતો. આવી ત્યાગવીર વ્યક્તિને માટે 'ત્યાગમય' આત્માજ સદ્ગુરુ સંભવે. ભગવાનને પણ તેની ચિંતા હતી તેથી જ ભગવત્પ્રેરણા પામતા, જ્ઞાનાચાર્ય, ત્યાગાચાર્ય, વિવેક નિધિ શ્રીશુકાચાર્યજી પધાર્યા. **भगवान्**-જાણે ભગવાન સ્વયં આકાર સ્વીકારી વિશ્વને નિર્વિકાર બનાવવા આવ્યા છે. **अभवत्** ઇચ્છે તે સ્થાને અને યૌગિક શક્તિથી પ્રકટ થવાનું સામર્થ્ય ધરાવે છે. **व्यास पुत्र**-વ્યાસ પુત્ર હોવાથી પિતાના કુલ અને કીર્તિથી પણ શ્રેષ્ઠ છે. **यदृच्छया**-આકસ્મિક આવ્યા છે, અથવા ઈશ્વર ઇચ્છાથી જ આવ્યા છે. સત્કર્મના કે પુણ્ય કર્મના પ્રારંભમાં અથવા પૂર્ણાહુતિમાં અણધાર્યા અસાધારણ સંતો પધારે તે મંગળ શુકન છે અને તે કાર્યોમાં ઈશ્વરનું અનુમોદન અને અનુગ્રહ છે. **गामटमानः**-પૃથ્વીના હિત માટે વિચરણ કરે છે, એથી અનાસક્ત છે. **अनपेक्षः**-નિરપેક્ષ નામનો ખજાનો સાથે લઈ વિચરે છે એટલે ભિક્ષુક નથી, અમીર છે. **अलक्ष्यलिङ्ग**-કોઇને ન સમજાય તેવી બત્રીસ લક્ષણોથી ભરપૂર વિભૂતિ છે. રાજાને ૧૬ લક્ષણ હોય છે, ચક્રવર્તીને ૩૨ લક્ષણો હોય છે. ૩૨ લક્ષણ ધરાવે તેને ભગવાન અને બ્રહ્મવિત્ માન્યા છે. **निजलाभतुष्टः** આત્મલાભ સંતુષ્ટ એ બ્રહ્મજ્ઞાનીની ખાસ ઓળખાણ છે. **वृतश्चबालैः**-નાનાં બાળકોથી અને સ્ત્રીઓથી વીંટળાયેલા છે, એ જ એમની નિર્વિકારિતા, નિર્દોષતા, નિરપેક્ષતાનાં સાક્ષીઓ છે; પરંતુ બાળકોના ટોળામાં હોવાથી લોકો તેમને કેવલ પાગલ ગણી કાઢે છે. **च** અવ્યયથી, **कुतूहल प्रिय आप्त** સ્ત્રીઓ પણ પાછળ પાછળ હશે એમ લાગે છે. **अवधूतवेषः**-અવધૂત વેષ ધારણ કરીને પોતાનાં બ્રહ્મવેત્તાનાં લક્ષણો છૂપાવ્યાં છે, જેથી જગતનો પ્રપંચ જેમને વળગ્યો છે છતાં જે જિજ્ઞાસુ હોય તેના ઉપર તો સ્વયં અનુગ્રહ કરવાના જ છે.

---

૧. પ્રા૦ પા૦ – **वृतश्च बालैः ।**

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનપેક્ષઃ-સંતજન તો, ધન, માન, નિમંત્રણ નિરપેક્ષ હોય છે. સ્નેહ અને સંત કાર્યનું નિયંત્રણ કરે નહિ, નિમંત્રણ ચાહે નહિ; પરંતુ નિયંત્રિત રહે. સંતવર શુકદેવ નિરપેક્ષ હતા; કારણ કે અનપઃ વિષ્ણુસ્તસ્મિન્-શ્રીવિષ્ણુ ભગવાનમાં ઈક્ષા નેત્રવાળા. નિરપેક્ષ શબ્દનો, 'કેવલ ભગવાનમાં જ દૃષ્ટિવાળા' એવો એક અર્થ થાય છે. અનતિ ચેષ્ટતે અનેન ઇતિ અનઃ જેનાથી ચેષ્ટા કરે તે અનઃ એટલે પ્રાણ, અનં પાતીતિ અનપઃ પ્રાણનાથો વિષ્ણુઃ પ્રાણનું પાલન કરે તે પ્રાણનાથ વિષ્ણુ. અનપસ્ય વિષ્ણોઃ ઈક્ષા દર્શનં યસ્ય સઃ વિષ્ણુ ભગવાનનાં નિત્ય દર્શન કરનારા તે 'અનપેક્ષ' એવો બીજો પણ અર્થ થાય છે, અથવા વિષ્ણુ ભગવાનનું આ શુકદેવ પ્રત્યક્ષ દર્શન શાસ્ત્ર છે, એવો 'અનપેક્ષ'નો ત્રીજો અર્થ પણ થાય છે. અનપાઃ- બાહ્યવાયુ એજ ઈક્ષા યસ્ય સઃ- જીવન નિર્વાહનું સાધન છે. તે 'વાતાશન' યોગી-એવો 'અનપેક્ષ'નો ચોથો અર્થ થાય છે. અનપાઃ લક્ષ્મીઃ તસ્યા ઈક્ષા યસ્મિન્ ભગવચ્ચરણ કમલને કદિ ન ત્યજનારાં 'અનપા' લક્ષ્મીજીના કૃપાકટાક્ષ પાત્ર 'અનપેક્ષ' શુકદેવજી એવો પાંચમો અર્થ થાય છે. ૨૫.

तं द्व्यष्ट वर्षं सुकुमारपादकरोरुबाह्वंसकपोलगात्रम् ।
[1]चार्वायताक्षोन्नसतुल्यकर्णसुभ्राननं कम्बुसुजातकण्ठम् ॥ २६ ॥
निगूढजत्रुं पृथुतुङ्गवक्षसमावर्तनाभिं वलिवल्गूदरं च ।
दिगम्बरं वक्रविकीर्णकेशं प्रलम्बबाहुं स्वमरोत्तमाभम् ॥ २७ ॥
श्यामं सदा [2]पीच्यवयोऽङ्गलक्ष्म्या स्त्रीणां मनोज्ञं रुचिरस्मितेन[3] ।
प्रत्युत्थितास्ते मुनयः स्वासनेभ्यस्तल्लक्षणज्ञा अपि गूढवर्चसम् ॥ २८ ॥

અન્વયાર્થ--દ્વિ-અષ્ટ-વર્ષમ્-સોળ વર્ષની વય વાળા, સુ-કુમાર-પાદ-કર-ઉરુ-બાહુ-અંસ-કપોલ-ગાત્રમ્-સુકુમાર ચરણ-કરકમલ-સાથળ-બાહુ-ખભા-ગાલયુક્ત શરીર વાળા, ચારુ-આયત-અક્ષ-ઉન્નસ-તુલ્ય-કર્ણ-સુ-ભ્રૂ-આનનમ્-મનોહર, વિશાળ દીર્ઘ નેત્રો, ઉન્નત નાસિકા, સમાન કર્ણ, સુંદર ભ્રુકુટિ યુકત મુખ-વાળા, કમ્બુ-સુજાત-કણ્ઠમ્-શંખ સમાન સુજાત કંઠવાળા, ૨૬; નિગૂઢ-જત્રુમ્-ગૂઢ-માંસમાં સંતાઈને રહેલી કંઠ પાસેની પાંસળીઓવાળા, પૃથુ-તુઙ્ગ-વક્ષસમ્-પહોળી, ઊંચી, ભરાવદાર છાતીવાળા, આવર્તનાભિમ્-ગોળ વર્તુળ નાભિવાળા-ભમરીવાળી નાભિવાળા, ચ-અને, વલ્લિ-વલ્ગુ-ઉદરમ્-ત્રિવલિથી મનોહર ઉદરવાળા, દિગમ્બરમ્-દિશાઓ રૂપી વસ્ત્રોવાળા, વક્ર- વિકીર્ણ-કેશમ્-વાંકા વિખરાયેલા કેશવાળા, પ્રલમ્બ-બાહુમ્-દીર્ઘ બાહુવાળા, સુ-અમર-ઉત્તમ-આભમ્-દેવોમાં શ્રેષ્ઠ વિષ્ણુના જેવી ઉત્તમ કાન્તિવાળા. ૨૭; શ્યામમ્-શ્યામ વર્ણવાળા, સદા-અપીચ્ય-વયઃ-અઙ્ગ-લક્ષ્મ્યા-નિત્ય સુંદર વય-અવસ્થા તેમજ અંગની શોભાથી, ચ-અને, રુચિર-સ્મિતેન-સુંદર સ્મિત હાસ્યથી, સ્ત્રીણામ્-સ્ત્રીઓને, મનોજ્ઞમ્-મન ગમતા, ગૂઢ-વર્ચસમ્-ગુપ્ત તેજ-પ્રભાવવાળા, અપિ-હોવા છતાં પણ, તમ્-તે શુકદેવજીને, તત્-લક્ષણજ્ઞાઃ-તેમનાં લક્ષણોને જાણનારા, તે મુનયઃ-તે મુનિઓ, સ્વ આસનેભ્યઃ-પોતાના આસનો ઉપરથી, પ્રત્યુત્થિતાઃ-ઉભા થઈને સન્મુખ ગયા. ૨૮.

અનુવાદ—સોળ વર્ષની વયવાળા, ચરણ, કરકમલ, સાથળ, ખભા, ગાલ અને શરીરથી સુકુમાર, સુંદર વિશાળ નેત્ર અને ઊંચી નાસિકાવાળા, મનોહર ભ્રુકુટિથી શોભતા મુખવાળા, શંખના જેવા ત્રિવલિયુક્ત કંઠવાળા, માંસલ પાંસળીઓ વાળા, વિશાળ અને ઉન્નત વક્ષઃસ્થળવાળા, વર્તુલાકાર નાભિવાળા, ત્રિવલિથી યુક્ત સુંદર ઉદરવાળા, દિશાઓ રૂપી વસ્ત્રવાળા, વાંકડીઆ છૂટા કેશવાળા, દીર્ઘ હાથવાળા, દેવોમાં શ્રેષ્ઠ વિષ્ણુના જેવી કાન્તિવાળા, શ્યામ વર્ણવાળા, સુંદર, નવ યૌવનયુક્ત અંગની શોભાથી તેમજ સુંદર સ્મિતથી સ્ત્રીઓને

૧. પ્રા૦ પા૦-चार्वरुणाक्षोन्नसतुल्यकर्ण शुभ्राननम् । ૨. પ્રા૦ પા૦-पीनवयो । ૩. પ્રા૦ પા૦-स्मयेत ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મનોહર જણાતા, ગૂઢ પ્રભાવવાળા હોવા છતાં પણ તેમના લક્ષણોને જાણનારા તે મુનિઓ પોતાના આસનો ઉપરથી ઉભા થઇને સ્વાગત કરવા સન્મુખ ગયા. ૨૬; ૨૭; ૨૮.

તત્ત્વસુધા—શ્રીશુકદેવજી શિવજીનો અવતાર છે. ભગવાન શિવ વેદનું સ્વરૂપ છે. શ્રીકૃષ્ણ વેદવેદ્ય પરંબ્રહ્મ તત્ત્વ છે. વેદ વિના શ્રીકૃષ્ણનું-બ્રહ્મનું-નિરૂપણ-વર્ણન કોણ કરી શકે? માટે જ બત્રીસ લક્ષણ પૂર્ણ શિવજી શ્રીશુકસ્વરૂપે અવતર્યા. પૂર્ણ પુરુષનાં ૩૨ લક્ષણો હોય છે. શ્રીશુકદેવજીમાં તે સર્વ મળે છે.

૩૨ લક્ષણોનો ખ્યાલ નીચેના બે શ્લોકોમાં આપ્યો છે—

गंभीरं सत्वनाभिस्वरमरुणनखाक्ष्योष्ठताल्वङ्घ्रि जिह्वा ।
हस्तं पर्वद्विजत्वङ्-नख-कच-कृशता पूर्णभालाननोरः ॥
दीर्घं नासाकुचांतर्नयन हनुभुजं पृष्ठ लिंगाढ्यजंघा—
ग्रीवाल्पोच्चं कृकाटीमुखनखयुगुरो राज्ञि कक्षा च नासा ॥

બલ, નાભિ, સ્વર એ ત્રણ ગંભીર (૩); નખ, નેત્ર, ઓષ્ઠ, તાલુ, પગ, જીભ, હસ્ત એ સાત રક્ત વર્ણવાળાં (૭); શરીરના સંધિ ભાગો, ચામડી, નખ, દાંત, કેશ, એ પાંચ સૂક્ષ્મ (૫); લલાટ, મુખ, છાતી એ ત્રણ પહોળાં (૩); નાસિકા, સ્તન, મધ્ય ભાગ, નેત્ર, હડપચી, બાહુ એ પાંચ લાંબાં (૫); પીઠ, ઇન્દ્રિય, જાંઘ, ગ્રીવા એ ચાર ટૂંકાં (૪); કૃકાટી (બોચી), મુખ, નખ, છાતી કક્ષા (બગલ), નાસિકા એ પાંચ ઊંચાં (૫). ઉપરોક્ત બત્રીસ લક્ષણો જેનામાં હોય તે પૂર્ણ પુરુષ અને મહારાજા કહેવાય છે.

૨૫, ૨૬, ૨૭ અને ૨૮ શ્લોકોમાં બત્રીસ ધર્મોનો સંકેત કર્યો છે. ચક્રવર્તીમાં અને યોગીવર્યમાં ઘણોજ તફાવત છે. શ્રીશુકદેવજી અવધૂત યોગી છે. એમનામાં અનેક ગુણો અવ્યક્ત-અસ્પષ્ટ રહેલા છે, જેને અમુકજ સમજી શકે છે. ૨૫મા શ્લોકમાં ૮ ગુણ દર્શાવ્યા છે; ૨૬, ૨૭ અને ૨૮ શ્લોકમાં ૨૪ ગુણો વર્ણવ્યા છે.

(अ) શ્લોક ૨૫ મા માં ૮ ગુણ :-(૧) अभवत् માં રહેલા 'भू' ધાતુના અર્થથી સર્વત્ર 'પ્રકટ સામર્થ્ય'; (૨) भगवान् થી 'ષડૈશ્વર્ય સમ્પન્ન'; (૩) व्यासपुत्र થી 'ભગવદીય'; (૪) यदृच्छया પદથી 'સ્વતંત્રતા'; (૫) अनपेक्ष થી 'નિઃસ્પૃહતા'; (૬) अलक्ष्यलिङ्ग પદથી 'અન્તર્ધ્યાન' સામર્થ્ય; (૭) निजलाभतुष्ट પદથી 'આત્મજ્ઞાની'; (૮) अवधूत પદથી 'સંતોષ'.

(ब) શ્લોક ૨૬, ૨૭, ૨૮માં ૨૪ ગુણ :-

૧. तम्-સર્વનામ વાચક तत् શબ્દથી શુકદેવજીની ઓળખાણ આપે છે; પરંતુ 'શુક' એવા વિશેષ નામનો નિર્દેશ નથી કરતા; કારણ કે तत् પદથી બ્રહ્મનો નિર્દેશ થાય છે. બ્રહ્મ નિર્ગુણ અને વ્યાપક છે, તેમજ શુકદેવ સર્વવ્યાપક અને નિર્વિકાર, તેમ જ ૩૨ લક્ષણથી પૂર્ણ છે, એવું સૂચવે છે. तत् પદથી 'પ્રસિદ્ધ' ગુણ સૂચવ્યો.

૨. द्वयष्टवर्षम् નો અર્થ સોળ વર્ષના એવો જ થાય છે; છતાં षोडशवर्षम् એવો ઉલ્લેખ નથી કર્યો. સોળ વર્ષની વય શરૂ થાય છે ત્યારથી યૌવનના ધર્મોનો પ્રારંભ થાય છે. ઉન્માદ, વિકાર, મૂછ, દાઢી આદિ યૌવનના ધર્મોનો શુકદેવમાં સ્પર્શ નથી; તેથી જ જરા, સફેદ વાળ શરીરે કરચલી વગેરે વૃદ્ધાવસ્થાના પણ વિકાર નથી. શરીરના બે જ વિકારો મુખ્ય છે—યૌવનમાં કામ અને વાર્દ્ધક્યમાં જરા. આ બેમાંથી એક પણ શુકદેવમાં નથી. કામને સ્થાને નિર્વિકાર બળ, આસક્તિને સ્થાને ભક્તિ, ચિંતાને સ્થાને તત્ત્વચિંતન, જરાને સ્થાને નિત્ય સૌન્દર્ય વગેરે દિવ્ય ધર્મો છે. આ સર્વનું સૂચન કરવા 'બે આઠ' વર્ષના એવો નિર્દેશ કર્યો. આઠ વર્ષની વયમાં વિકાર નથી હોતો, એવું કથનનું તાત્પર્ય છે. આ પદથી 'કામદોષ રહિત' ગુણ બતાવ્યો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૩થી ૮. સુકુમારપાદકરોરુબાહુસકપોલગાત્રમ્–ચરણ, કર, સાથળ, બાહુ, ખભા, ગાલ, એ છ સુકોમલ છે, એવા અંગને ધરાવનાર. આ છ ગુણો વર્ણવ્યા છે.

૯થી ૧૧ ચારવાયતાક્ષોન્નસતુલ્યકર્ણમ્–સુંદર દીર્ઘ વિસ્તારવાળાં નેત્ર, ઉન્નત નાસિકા, સમાન કાન.

૧૨. સુમુખાનનમ્–સુંદર બન્ને ભ્રૂકુટીવાળા મુખને ધરાવતા.

૧૩. કંબુસુજાતકણ્ઠમ્ શંખ સમાન ત્રિવલિ ધરાવતા સુમંગલ કંઠવાળા.

૧૪. નિગૂઢજત્રુમ્–કંઠની પાંસળીઓ માંસલ હોવાથી ઉપર ઉપસી નથી આવી, પણ અંદર સમાયેલ છે.

૧૫ પૃથુતુંગવક્ષસમ્–વિશાળ અને ઉન્નત વક્ષઃ સ્થલવાળા.

૧૬. આવર્તનાભિમ્–ગોળ અને ગંભીર નાભિવાળા.

૧૭. વલિવલ્ગૂદરમ્–ઉદર ઉપર ત્રિવલિવાળા, તેથી પીપળાના પાન સમાન આકારના ઉદર ભાગવાળા.

૧૮. દિગમ્બરમ્–દિશાઓરૂપી વસ્ત્રવાળા, એટલે વાસના પટ–વિનાના.

૧૯. વક્રવિકીર્ણકેશમ્–વક્ર અને વિખરાઈ ગયેલા વાળ વાળા. ક એટલે બ્રહ્મા અને વૃશ એટલે શંકર ભગવાનના ધર્મોની ઝાંખી જે મુખ ઉપર થઈ રહેલી છે. કેશોમાંની વક્રતા તે ઉત્પત્તિ ધર્મને બતાવનારી છે, જે બ્રહ્માજીની પ્રકૃતિ છે; અને વિકીર્ણ વૃશ એટલે વિખરાયેલા કેશવાળા. એ વિરક્તિ, જ્ઞાનધર્મ શિવજીનો છે. તેને દર્શાવે છે.

૨૦. પ્રલમ્બબાહુમ્–સુદીર્ઘબાહુવાળા. આજાનુબાહુ.

૨૧. સ્વગરોત્તરાભમ્–દેવોત્તમ વિષ્ણુ ભગવાનના જેવી અંગ કાન્તિવાળા.

૨૨. શ્યામમ્–શ્યામ વર્ણવાળા. શાંત રસને ધરાવનાર શ્યામ વર્ણ છે અને મેઘ સમાન ઔદાર્ય ધરાવે છે.

૨૩. સદાપીચ્યાવયોઽઙ્ગ લક્ષ્મ્યા સ્ત્રીણાં મનોજ્ઞં રુચિરસ્મિતેન–સદા મનોહર અવસ્થા, અંગ કાંતિ અને મન્દ સ્મિત વડે સ્ત્રીઓને અતિશય ગમે તેવા.

૨૪. ગૂઢવર્ચસમ્–ગૂઢ તેજવાળા–જે કોઈને દાહ ન કરે; પરંતુ દાહને શમાવે.

આવા બત્રીસ લક્ષણવાળા શુકદેવજીને સન્માનવા તલ્લક્ષણજ્ઞાઃ તેઓશ્રીના લક્ષણોને જાણનારા મુનિવર્યો પણ સ્વાસનેભ્યઃ પોતાના આસનો ઉપરથી પ્રત્યુત્થિતાઃ ઊભા થઈ સન્મુખ ગયા. ૨૬; ૨૭; ૨૮.

स विष्णुरातोऽतिथय[1] आगताय तस्मै सपर्यां शिरसा जहार ।
ततो निवृत्ता ह्यबुधाः स्त्रियोऽर्भका महासने सोपविवेश पूजितः ॥ २९ ॥

અન્વયાર્થ—**સઃ**–તે, **વિષ્ણુરાતઃ**–વિષ્ણુથી રક્ષણ પામેલા–રાજા પરીક્ષિત **આગતાય**–પધારેલા, **તસ્મૈ અતિથયે**–તે અતિથિને, **શિરસા**–મસ્તક વડે, **સપર્યામ્**–પૂજાને, **જહાર**–અર્પણ કરતા હતા, **તતઃ**–તે કારણથી, **અબુધાઃ**–અજ્ઞાની એવાં, **સ્ત્રિયઃ**–સ્ત્રીઓ, **અર્ભકાઃ**–બાળકો, **હિ**–તત્કાળ, **નિવૃત્તાઃ**–પાછાં વળ્યાં, **પૂજિતઃ**–આદર સત્કાર પામેલા, **સઃ**–તે શ્રીશુકદેવજી, **મહાસને**–સર્વ શ્રેષ્ઠ આસન ઉપર, **ઉપવિવેશ**–બિરાજ્યા. ૨૯.

અનુવાદ—રાજા પરીક્ષિતે પધારેલા તે અતિથિનો મસ્તક નમાવીને આદર સત્કાર કર્યો–પૂજન કર્યું. તે જોઈને અજ્ઞાની બાળકો તથા સ્ત્રીઓ તેજ સમયે પાછાં વળી ગયાં અને આદર સત્કાર પામેલા તે શ્રીશુકદેવજી શ્રેષ્ઠ આસન ઉપર બિરાજ્યા. ૨૯.

તત્ત્વસુધા—પરીક્ષિત સર્વ મુનિઓની સાથે ઊભા જ હતા. જે વિષ્ણુ ભગવાને માતાની 'કુખમાં' જતન કર્યું, તેજ ભગવાન કાળના 'મુખ' માંથી રક્ષણ કરવા પધાર્યા છે અને મારું વિષ્ણુએ રક્ષણ કરવાથી વિષ્ણુરાત નામ સાર્થક થયું એવી રાજાને શ્રદ્ધા દૃઢ થઈ, ભક્તિ જાગૃત થઈ. 'અતિથિ વિષ્ણુ છે', એ વેદ

---

१. प्रा० पा०–रातो मुनये ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વાક્યાનુસાર ભગવાન વિષ્ણુ શુકદેવજી રૂપે અતિથિ થઇ પધાર્યા. એ આત્માના સ્વામી છે. આત્મા વિના શી ભેટ અપાય ? જેણે મારો આત્મા બચાવ્યો તેને આત્મ સમર્પણ કરું, એવું સમજીને શિરસા મસ્તકને આત્માના પ્રતીક તરીકે સમર્પીને સપર્યા કરી. મુનિના મસ્તક ઉપર મેં સાપ મૂકયો ન હોતો, એટલે મારું મસ્તક એકજ કંઇક શુદ્ધ સમર્પણ કરવા જેવું છે, તેજ ચરણે ધરી કૃતાર્થ બનું છું. મસ્તકમાં રહેલાં આ સાત ઇન્દ્રિય દ્વાર આપને શરણે છે. એને 'જીવન પાથેય'નાં દયા કરી દાન કરો; કારણ કે મારું આયુષ્ય કેવલ સાતજ દિવસનું છે. એવું દૈન્ય દર્શાવ્યું. ૨૯.

स संवृतस्तत्र महान् महीयसां ब्रह्मर्षिराजर्षिदेवर्षिसंघैः ।
व्यरोचतालं भगवान् यथेन्दुर्ग्रहर्क्षतारानिकरैः परीतः ॥ ३० ॥

અન્વયાર્થ—महीयसाम्-મહા પુરુષોની અંદર, **महान्**-શ્રેષ્ઠ એવા, **सः**-તે શ્રીશુકદેવજી, **तत्र**-ત્યાં, **ब्रह्मर्षि-राजर्षि-देवर्षि-संघैः**-બ્રહ્મર્ષિ, રાજર્ષિ અને દેવર્ષિઓના સંઘો વડે, **संवृतः**- વીંટળાયેલા, **यथा**-જેમ, **भगवान् इन्दुः**-ભગવાન ચંદ્ર, **ग्रह-ऋक्ष-तारा-निकरैः**-ગ્રહ, નક્ષત્ર અને તારાઓના સમૂહોથી, **परीतः**-વીંટળાયેલા, **अलं**-**व्यरोचत**-વિશેષ શોભતા હતા. ૩૦.

અનુવાદ—મહાપુરુષોમાં પણ મહાન્, બ્રહ્મર્ષિઓ, રાજર્ષિઓ અને દેવર્ષિઓના સમૂહોથી વીંટળાયેલા, શ્રીશુકાચાર્યજી જેમ ગ્રહો, નક્ષત્રો અને તારાઓથી ચોતરફ વીંટળાયેલા ભગવાન ચંદ્ર પ્રકાશે, તેમ ત્યાં વિશેષ પ્રમાણમાં સુંદર શોભવા લાગ્યા. ૩૦.

તત્ત્વસુધા—શુકદેવજી **इन्दुः** ચન્દ્ર છે. ચન્દ્રમાંથી અમૃત સ્રવે છે, જ્યારે શુકદેવનો તો કેવલ મુખ ભાગજ જ્ઞાનામૃત-હરિરસામૃતનાં દાન દેવા પૂરતો છે, તેથી ચન્દ્ર કરતાં પણ શ્રેષ્ઠ છે. વળી ચન્દ્ર પોતાના તેજથી ગ્રહ, નક્ષત્ર, તારાગણને નિસ્તેજ કરે છે, જ્યારે શ્રીશુકચન્દ્ર તો બ્રહ્મર્ષિ, રાજર્ષિ, દેવર્ષિ નામના ગ્રહ, નક્ષત્ર, તારાગણના તેજની સંપૂર્ણ વૃદ્ધિ કરે છે. આકાશનો ચન્દ્ર પ્રાકૃત છે, આ શુક-જ્ઞાનાકાશનો ચન્દ્ર સંસ્કૃત છે. આકાશનો ચન્દ્ર વૃદ્ધિ ક્ષય વાળો છે, આ તો અક્ષય ચન્દ્ર છે. ૩૦.

प्रशान्तमासीनमकुण्ठमेधसं मुनिं नृपो भागवतोऽभ्युपेत्य ।
प्रणम्य मूर्ध्नावहितः कृताञ्जलिर्नत्वा गिरा सूनृतयाऽन्वपृच्छत ॥ ३१ ॥

અન્વયાર્થ—भागवतः-પરમ ભગવદીય, **नृपः**-પરીક્ષિત રાજા, **प्रशान्तम्**-ખૂબ શાન્ત પ્રકૃતિવાળા, **अकुण्ठ-मेधसम्**-તેજ બુદ્ધિવાળા, **आसीनम्**-બેઠેલા, **मुनिम्**-મુનિ, **अभि--उपेत्य**-સમીપમાં આવીને, **मूर्ध्ना**-મસ્તકથી **प्रणम्य**-પ્રણામ કરીને, **कृताञ्जलिः**-બને હાથ જોડતો, **नत्वा**-નમન કરીને, **अवहितः**-સાવધ બનીને, **सूनृतया**ः-મધુર એવી, **गिरा**-વાણીથી, **अन्वपृच्छत**-પૂછવા લાગ્યા. ૩૧.

અનુવાદ—પરમ ભગવદીય પરીક્ષિત રાજાએ, શાન્ત સ્વભાવના, અકુંઠિત બુદ્ધિવાળા અને શ્રેષ્ઠ આસન ઉપર બિરાજેલા મુનિ પાસે જઇને, મસ્તક નમાવીને પ્રણામ કર્યા અને હાથ જોડી સ્વસ્થ ચિત્તે મધુર વાણીથી પૂછવા લાગ્યા. ૩૧.

તત્ત્વસુધા—આ શ્લોકમાં પરીક્ષિતની પ્રપત્તિ અને જિજ્ઞાસા છે. શિષ્યની પ્રપત્તિ ગુરુમાં અનન્ય નિષ્ઠાને પૂરવાર કરે છે. વિશ્વાસનિષ્ઠ શિષ્ય ગુરુના વાકયમાં શ્રદ્ધાવાળો હોય છે, જેથી વેદવાકય જેવાં ગુરુવાકયોને માની તેનો અમલ કરી સ્વયં નિર્મલ મનવાળો બને છે. ચાર લક્ષણો ધરાવતા ગુરુનો આશ્રય શરણાગતની જિજ્ઞાસાનો પૂરક બને છે. (૧) **प्रशान्त**-અત્યંત શાન્ત ગુરુ જ્ઞાનનું મંદિર હોય છે, વળી પૂર્ણ સાત્વિક હોય છે. માટે પ્રશાન્ત એટલે સાત્વિક અને તાત્વિક. (૨) **आसीनम्**-'આસનસિદ્ધ' ગુરુ શિષ્યના મનોનિગ્રહમાં ઉપકારક બને છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આસીન એટલે એકાગ્ર ચિત્ત. આસનસિદ્ધિ એ એકાગ્રતાની જનની છે. (૩) અકુણ્ઠમેધસમ્-અકુંઠિત બુદ્ધિ-અસ્ખલિત મતિ-જ્ઞાનની પૂર્ણતાને સૂચવે છે. નૈષ્ઠિક બ્રહ્મચર્ય અને બ્રહ્મનિષ્ઠાથી બુદ્ધિ અકુંઠિત બને છે. જો કે અકુણ્ઠિતમેધસ્-એ પદમાં મેધા શબ્દથી અસિચ્ પ્રત્યય આર્ષ પ્રયોગ માનીને કરીને શુકદેવજીની આર્ષ-બુદ્ધિ છે એમ પૂરવાર કર્યું. (૪) મુનિમ્-મનનશીલ પુરુષ હોવાથી અનુભૂત અને પરિમિત વાક્યો જ બોલશે. ગુરુનાં ચાર લક્ષણો બતાવી શિષ્યના છ ગુણો ગણાવે છે.

(૧) અભ્યુપેત્ય-સન્મુખ ગમન; (૨) પ્રણમ્ય-સાષ્ટાંગ પ્રણામ-પ્રપત્તિ; (૩) અવહિતઃ-એકાગ્રતા-સાવધાનતા; (૪) કૃતાઞ્જલિ-અંજલિ વિધાન; (૫) નત્વા ગિરા-વાણીથી નમસ્કાર; (૬) સૂનૃતયા-સુમધુર વાણીથી પ્રશ્ન. આ ૭ ગુણો શિષ્યમાં હોય તો ગુરુનો શિષ્યમાં સ્નેહનો અતિરેક થાય છે. એ છ ગુણો રાજામાં છ પદોથી બતાવ્યા. ૩૧.

અહો અદ્ય વયં બ્રહ્મન્ સત્સેવ્યાઃ ક્ષત્રબન્ધવઃ ।
કૃપયાતિથિરૂપેણ ભવદ્ભિસ્તીર્થકાઃ કૃતાઃ ॥ ૩૨ ॥

અન્વયાર્થ--અહો બ્રહ્મન્-અહો હે મુનિવર્ય, અદ્ય-આજે, વયમ્-અમે, ક્ષત્રબન્ધવઃ-નામધારી ક્ષત્રિયો, ભવદ્ભિઃ-આપનાથી, કૃપયા-દયાવડે, અતિથિ-રૂપેણ-અતિથિ રૂપે પ્રાપ્ત થઈને, સત્સેવ્યાઃ-સત્પુરુષોને સેવવા યોગ્ય, તીર્થકાઃ-પવિત્ર, કૃતાઃ-કરાયા છીએ. ૩૨.

અનુવાદ—અહો ! હે મુનિવર્ય, આજે આપે અતિથિ રૂપે પધારીને કૃપા કરી છે કે જે અમે કેવળ નામધારી ક્ષત્રિયો હતા, તેમને આપે સત્પુરુષોની સેવા કરવા યોગ્ય પવિત્ર કર્યા છે. ૩૨.

તત્ત્વસુધા—રાજાએ આ શ્લોકમાં પોતાના સદ્ભાગ્યની શ્લાઘાના રૂપમાં શ્રીશુકાચાર્યની જ સ્તુતિ કરી છે. બ્રહ્મન્ સંબોધન કરીને નિવેદન કર્યું કે મને આપના દર્શને પ્રત્યક્ષ બ્રહ્મની ઝાંખી થઈ છે; પરંતુ આશ્ચર્ય છે કે આપના જેવા ગુપ્ત નિવાસીનો લોકસમાજમાં સાક્ષાત્કાર થવો, એ એક પરમકૃપાનું લક્ષણ છે. સત્સેવ્યાઃ-અમે ક્ષત્રબંધુ એટલે કેવળ નામધારી ક્ષત્રિયો છીએ. કોઈ ક્ષત્રિય ધર્મ અમારામાં નથી; પરંતુ આપના આગમને અમારી ઈજ્જત વધી અને સંતો પણ અમારો આદર કરશે. જનક વિદેહીની માફક લોક અમારાથી ઉપદેશ ગ્રહણ કરશે, જો કે ઉપદેશક થવાની હમારી ઈચ્છા નથી; કારણ કે આપે અતિથિ બનીને અમને તીર્થકાઃ તીર્થરૂપ બનાવ્યા. ૩૨.

યેષાં સંસ્મરણાત્ પુંસાં[1] સદ્યઃ શુદ્ધ્યન્તિ વૈ ગૃહાઃ ।
કિં પુનર્દર્શન-સ્પર્શ-પાદશૌચાસનાદિભિઃ ॥ ૩૩ ॥

અન્વયાર્થ—યેષામ્-જેઓના, સંસ્મરણાત્-સંસ્મરણ કરવાથી, પુંસામ્-પુરુષોનાં, ગૃહાઃ-ઘરબાર, વૈ-ખરેખર, સદ્યઃ-તત્કાળ, શુદ્ધ્યન્તિ-પવિત્ર થઈ જાય છે, પુનઃ-તો પછી, દર્શન-સ્પર્શ-પાદશૌચ-આસન-આદિભિઃ-દર્શન, સ્પર્શ, ચરણ પ્રક્ષાલન, આસન વગેરેથી, કિમ્-પૂછવું જ શું ?

અનુવાદ—જેમનાં સારી રીતે સ્મરણ કરવાથી જ ખરેખર ઘરબાર પવિત્ર બને છે, તો પછી એમનાં પ્રત્યક્ષ દર્શન, સ્પર્શ, ચરણ પ્રક્ષાલન, આસન વગેરેથી પવિત્ર થવાય, એમાં તો આશ્ચર્ય જ શું ? ૩૩.

૧. પ્રા૦ પા૦-પુંસઃ ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્ત્વસુધા—પરીક્ષિત નૃપતિએ, "સંત વિપ્રના આગમને ગૃહસ્થીઓ તીર્થરૂપ બને છે," એવું જ્યારે નિરૂપણ કર્યું, ત્યારે સહજ કલ્પના થઈ આવી કે સંતો જલાશય-તીર્થ ઉપર પધારે છે, ત્યાં તેમના અંગ સંગથી જલ પવિત્ર થાય છે. તીર્થજલમાં પાપીઓએ સ્નાન કર્યું હોય, તેનું જે પાપ જલમાં રહી ગયું હોય તે તો સંતોના સ્નાન કાલે જલનો સ્પર્શ થવાથી શુદ્ધ થાય અથવા સત્પુરુષો તેને લઈ જાય; પરંતુ ગૃહસ્થને દ્વારે સંત અતિથિ બને, ત્યાં એટલા માપથી શી રીતે તેઓ 'તીર્થરૂપ' બની શકે ? એના સમાધાનમાં આ ૩૩મો શ્લોક આરંભ્યો. येषां संस्मरणात् – હે ઋષિવરો, હે સંતવર્યો, આપનું તો કેવલ સ્મરણ હમારા આવાસોને મંગલ બનાવે છે. જેમ સૂર્યના પ્રકાશના સ્પર્શથી તિમિર દૂર થાય છે, તેમ કોટિ સૂર્યોના પણ તેજથી અધિક તેજોમય આપના તપઃશીલ તન સૂર્યના સ્મરણથી જીવન તિમિર વિશીર્ણ થાય છે.

संस्मरणात्-સંતોના સ્મરણથી ચિત્ત પવિત્ર થાય. સ્મરણ ચિત્તનો આહાર છે. કામ, લૌકિક કામ અને ઇન્દ્રિય કામ, એ ત્રણે પ્રકારના કામને સ્મર કહેવાય. તેવા **स्मरं नयति**-સ્મરને દૂર કરવા સંત સ્મરણ એક સિદ્ધહસ્ત સાધન છે. અખંડ અને અસ્ખલિત સ્મરણનું નામ 'સંસ્મરણ'. સંતોનો સંગ માનવને પાંચ પ્રકારે પાવન કરે.

વેદ સ્તુતિ તો કહે છે- **भुवि पुरु पुण्य सदनानि ऋषयः**—ઋષિવરો શ્રેષ્ઠ પુણ્ય સદનો છે. તેમનાં સ્મરણ, 'માનવની જીવન સમ્પત્તિ અને યૌવન લક્ષ્મી' ને ગળી જનારા ગૃહ-અજગરોની નાગચૂડમાંથી બચાવે છે. **गृह**-મનુષ્યની સર્વ શક્તિને ગળી જતો અજગર એટલે ઘર. સંતોનો સંગ માનવને પાંચ પ્રકારે પાવન કરે.

સંતોના સ્મરણથી મનના મલ જાય; સંતોના-દર્શનથી ઇન્દ્રિય સ્વાદ જાય; સંતોના સ્પર્શથી તનનાં પાપો જાય; સંતોના ચરણ તીર્થથી કુલ પવિત્રતા અને પિતૃતૃપ્તિ થાય; સંતોને આસન, સન્માન આદિનાં સમર્પણથી સર્વ પુરુષાર્થ સફળ થાય. ૩૩.

सान्निध्यात्ते महायोगिन्नातकानि महान्त्यपि ।
सद्यो नश्यन्ति वै पुंसां विष्णोरिव सुरेतराः ॥ ३४ ॥

अन्वयार्थ—**महायोगिन्**-હે યોગિરાજ, **वै**-ખરેખર, **ते**-આપના, **सान्निध्यात्**-સાન્નિધ્યથી-હાજરીથી, **पुंसाम्**-પુરુષોનાં, **महान्ति अपि**-મોટાં એવાં પણ, **पातकानि**-પાતકો, **विष्णोः**-વિષ્ણુ ભગવાનના સાન્નિધ્યથી, **सुरेतराः**-અસુરોની માફક, **सद्य**-તરતજ, **नश्यन्ति**-નાશ પામે છે. ૩૪.

અનુવાદ—**હે યોગિવર્ય, આપના સાન્નિધ્યથી, પુરુષોનાં મોટામાં મોટાં પાપો પણ, વિષ્ણુ ભગવાનના સાન્નિધ્યથી અસુરોની માફક, તાત્કાલિક જ નાશ પામે છે.** ૩૪.

તત્ત્વસુધા—એક કલ્પના કે શંકા અવશ્ય થશે કે કેવલ મહાપુરુષોનાં દર્શનથી જ સર્વવિધ શાપ નિવૃત્તિ કે પ્રાયશ્ચિતની પ્રાપ્તિ થઈ જાય, તો પાપ શોધક પ્રાયશ્ચિતોનો ઉલ્લેખ કરનારાં શાસ્ત્રો નિરર્થક થશે, લોક યથેચ્છ વિહારી બની જશે, અનિષ્ટ માર્ગમાં વર્તશે અને એકાદ સંતનાં દર્શન કરીને મનને મનાવી લેશે; પરિણામે ઉદ્દંડના પોષણ પામશે. એવી શંકાનું સમાધાન કરે છે કે પ્રાયશ્ચિતો સત્ય છે, આવશ્યક છે અને અનિવાર્ય છે. સંત દર્શન તો પ્રમેય બળનું ફળ છે. સહજ રીતે પરીક્ષિતને જેમ મુનિવૃન્દ મિલન અને શ્રીશુકાચાર્ય સંગતિ થઈ ગયાં, તેમ થઈ જાય તેને માટે તે ઉપાય ભલે મનાય. આપ તો મહાયોગી છો. પોતાનો નિરોધ કરે તે યોગી; પ્રત્યેકનો ભગવચ્ચરણમાં નિરોધ કરાવી આપે, તે મહાયોગી કહેવાય છે. હે **महायोगिन्**, આપનું સાન્નિધ્ય મને મોટી ગ્યોગ્ય છે અને મને ભરપાર ઉતારશે. ૩૪.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અપિ મે ભગવાન્ પ્રીતઃ કૃષ્ણઃ પાણ્ડુસુતપ્રિયઃ ।
પૈતૃષ્વસ્રેયપ્રીત્યર્થં તદ્ગોત્રસ્યાત્ત-બાન્ધવઃ ॥ ૩૫ ॥
અન્યથા તેઽવ્યક્તગતે ર્દર્શનં નઃ કથમ્ નૃણામ્ ।
નિતરાં મ્રિયમાણાનાં સંસિદ્ધસ્ય વનીયસઃ[૧] ॥ ૩૬ ॥

અન્વયાર્થ—**પાણ્ડુસુત-પ્રિયઃ**-પાંડવો ઉપર પ્રીતિ રાખનાર, **તદ્-ગોત્રસ્ય**-તે પાંડુના વંશનું, **આત્ત-બાન્ધવઃ**-બન્ધુત્વ સ્વીકારનાર, **ભગવાન્ કૃષ્ણઃ**-ભગવાન શ્રીકૃષ્ણ, **પૈતૃષ્વસ્રેય-પ્રીતિ-અર્થમ્**-ફોઈના પુત્રોનું-પાંડવોનું પ્રિય કરવા માટે, **અપિ મે**-ખરેખર મારી ઉપર શું, **પ્રીતઃ**-પ્રસન્ન થયા છે. ૩૫; **અન્યથા**-નહિ તો, **નિતરામ્**-સર્વથા, **મ્રિયમાણાનામ્**-મરવા પડેલા-મરી રહેલા. **નઃ નૃણામ્**-હમને મનુષ્યોને, **અવ્યક્ત-ગતેઃ**-અપ્રકટ ગતિવાળા, **સંસિદ્ધસ્ય**-સારી સિદ્ધિને પામેલા, **વનીયસઃ**-વનમાં વસનાર, **તે**-આપનું, **દર્શનમ્**-દર્શન, **કથમ્**-કેવી રીતે થાય? ૩૬.

અનુવાદ—પાંડવો જેમને પ્રિય છે એવા તથા તેમના વંશનું બંધુત્વ સ્વીકારનાર ભગવાન શ્રીકૃષ્ણ, પોતાનાં ફોઈ કુન્તીના પુત્રો-પાંડવોનું પ્રિય કરવા માટે, ખરેખર, આજે મારા ઉપર પ્રસન્ન થયા છે. ૩૫; જો એમ ન હોય તો સર્વથા મરવા પડેલા મને, અપ્રકટ ગતિવાળા, સારી સિદ્ધિને વરેલા, વનમાં નિત્ય વસનારા, ઇચ્છિત ફળને આપવા માટે, "ભાગ, ભાગ," કહેનારા, આપનું દર્શન કયાંથી હોઈ શકે? ૩૬.

તત્ત્વસુધા—મહાપુરુષો ત્રણ પ્રકારે મનુષ્યને મળે-પોતાના પુણ્યશીલથી, પિતૃજનોની આશીષથી અને ભગવાનની કૃપાથી. રાજાએ કબૂલ્યું કે મને ભગવાનની કૃપાથી અને વડીલોના સુકૃતથીજ સત્પુરુષ શ્રીશુકાચાર્યની પ્રાપ્તિ થઇ છે. ભગવાનને **પાણ્ડુસુતપ્રિયઃ** કહ્યા. પાંડુ રાજાની પુત્ર પરંપરા ઉપર પ્રેમ છે. મારી સ્વતંત્ર તો કોઇ પણ લાયકાત નથી; પરંતુ પાંડુ રાજા પર ભક્ત હતા, કુન્તીજી ભગવાનનાં ફોઈ તેમજ ભક્તિમયી હતાં, અર્જુન સખા હતા, સુભદ્રા બહેનનો હું પૌત્ર અને ભક્ત પુત્રી ઉત્તરા મારી માતા હતાં. આ સર્વનો હું વારસદાર હતો, તેથીજ ભગવાને મારા ઉપર કૃપા કરી. મારાં પિતૃજન લાયક છે, હું લાયક નથી. મારા વડીલ કુલીન છે, હું તો મલીન છું. ભગવાનનો સ્વભાવ ભક્ત કુલ પરીરક્ષકનો છે. રાજાએ દૈન્ય વ્યક્ત કર્યું અને પ્રભુ કૃપા અવશ્ય છે જ. તેના પ્રમાણમાં શ્લોક ૩૬મો કહ્યો. ૩૫.

શુકાચાર્યજી, આપનાં દર્શનજ અશકય છે, કારણ આપ અવ્યક્તગતિ- કોઇ એકાન્ત વિજન વન નિવાસી છો અને અમે મનુષ્યો કેવલ સંસાર વાસી છીએ. ઉભયનો સુમેળ કયાં સધાય? આપ તો સિદ્ધ રસ જેવા સિદ્ધ પુરુષ છો; કારણ કે **સંસિદ્ધસ્ય વનીયસઃ**- વનવાસ, ઉપવાસ, અને સરિતા તટ સહવાસ એ ત્રણ વિના સાધના સિદ્ધ નથી થતી. સિદ્ધ રસ મૃત્યુનું નિવારણ કરે છે; પરંતુ સિદ્ધ પુરુષ મહામૃત્યુનું નિવારણ કરે છે. મોહ અને પુનર્જન્મ મહામૃત્યુ છે. આપ તો બન્નેનું નિવારણ કરવા સમર્થ છો. માટે હવે જિજ્ઞાસુ થઇ આપને શરણે આવ્યો છું. ૩૬.

અતઃ પૃચ્છામિ સંસિદ્ધિં યોગિનાં પરમં ગુરુમ્ ।
પુરુષસ્યેહ યત્કાર્યં મ્રિયમાણસ્ય સર્વથા ॥ ૩૭ ॥
યચ્છ્રોતવ્યમથો જાપ્યં યત્કર્તવ્યં નૃભિઃ પ્રભો ।
સ્મર્તવ્યં ભજનીયં વા બ્રૂહિ યદ્વા વિપર્યયમ્ ॥ ૩૮ ॥

૧. પ્રા૦ પા૦-વરિયસઃ ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ--અતઃ-એટલા માટે, યોગિનામ્-યોગીઓના, પરમમ્-શ્રેષ્ઠ, ગુરુમ્-ગુરુ એવા આપને, ઇહ-આ વિષયમાં, સંસિદ્ધિમ્-કાર્યની સિદ્ધિને, પૃચ્છામિ-હું પૂછું છું, સર્વથા-સર્વથા, ઍ્રિયમાણસ્ય-મરણોન્મુખ પુરુષનું, યત્-જે કંઈ, કાર્યમ્-કરવા યોગ્ય કર્તવ્ય હોય, યત્-જે, શ્રોતવ્યમ્-સાંભળવા જેવું હોય, અથ-અથવા, યત્-જે કંઈ, જાપ્યમ્-જપ કરવા યોગ્ય હોય, પ્રભો-હે સમર્થ યોગિરાજ, નૃભિઃ-મનુષ્યો વડે, યત્-જે, કર્તવ્યમ્-કર્તવ્ય કર્મ હોય તે, તથા સ્મર્તવ્યમ્-સ્મરણ કરવા યોગ્ય, વા-અથવા, ભજનીયમ્-ભજન કરવા યોગ્ય હોય તે બધું, વા-અથવા, વિપર્યયમ્-એથી ઉલટું, યત્-જે કંઈ હોય તે, બ્રૂહિ-આપ મને કહો. ૩૭; ૩૮.

અનુવાદ--એટલા માટે યોગીઓના પરમગુરુ એવા આપને કાર્યની સિદ્ધિ પૂછું છું કે મરણોન્મુખ માનવે શું કરવું જોઈએ? હે પ્રભો! મનુષ્યોથી જે કંઈ શ્રવણ કરવા યોગ્ય હોય, અથવા જે જપ કરવા યોગ્ય હોય, અથવા એ સમયે એમનું જે કંઈ કર્તવ્ય હોય, સ્મરણ કરવા યોગ્ય કે ભજન કરવા યોગ્ય જે કંઈ હોય તે બધું જ, અથવા તો એ બધાંથી ઉલટું, ન સાંભળવા જેવું, ન કરવા જેવું, ન ભજવા જેવું જે કાંઈ હોય તે આપ મને કહો. ૩૭; ૩૮.

તત્ત્વસુધા--રાજાએ વિનમ્ર બની કહ્યું, "શુકાચાર્ય, આપ પરમ સિદ્ધ પુરુષ છો. એટલે આપને 'સંસિદ્ધિ' શું છે, તે વિષયમાં પુછું છું." સિદ્ધિ એટલે લૌકિક ફલ સુખ પ્રાપ્તિ અને સંસિદ્ધિ એટલે હરિપદ રસ પ્રાપ્તિ. યોગીઓ સિદ્ધિઓ આપી શકે; પરંતુ તે મારે ઉપયોગી નથી. આપ યોગિનાં પરમં ગુરુમ્ યોગીઓના પરમ ગુરુ છો. પરઃ પુરુષોત્તમ ભગવાન મીયતે જેના દ્વારા જાણી શકાય તેવા પરમ પુરુષ છો. જેમ પુરુષોત્તમને પરમપુરુષ કહ્યા છે તેમ આપ પણ પરમ ગુરુ છો. હે ઋષિવર, મારા આપના ચરણમાં બે પ્રશ્ન છે. મરણાતુર જીવનું શું કર્તવ્ય છે? એ એક પ્રશ્ન છે; અને જીવનભર માનવનું શું કર્તવ્ય છે? એ બીજો પ્રશ્ન છે. એવા કર્તવ્ય સંબંધી બે પ્રશ્નોનું સમાધાન આપનાથી ચાહું છું. આ બન્ને પ્રકારના કર્તવ્યને સ્પર્શતા મારા પાંચ પ્રશ્નો છે.

(૧) શ્રુતિમાં આત્મા વા અરે વાક્યો છે. શ્રવણનું વિધાન કર્યું છે; પરંતુ શ્રવણ સાહિત્ય તો અપાર પારાવાર છે. તેમાંથી શું શ્રવણ કરવું? શ્રવણથી સર્વ જ્ઞાનેન્દ્રિયોનો નિરોધ થાય. રસ સિદ્ધિ માટે તે સંબંધી એક પ્રશ્ન કરી, હવે કર્મેન્દ્રિય સંબંધી પ્રશ્ન કરે છે. એ વિષય અલગ છે એમ બતાવવા અથો અવ્યયથી ભેદ પાડી આગળના પ્રશ્નો આરંભે છે. (૨) જપ કરવાથી વાણી સિદ્ધ તેમજ શુદ્ધ થાય અને મન સ્થિર થાય. માટે કિં જાપ્યમ્--જપ શેનો કરવો? (૩) યત્કર્તવ્યમ્- કર્મથી પાપ નિવૃત્ત થઈ અન્તઃકરણ પાવન થાય તેમાં પ્રભુ દર્શન થાય. એવો નિયમ હોય તો કર્મ શું કરવું? આ ત્રણ પ્રશ્નો વેદની સાથે સંબંધ ધરાવે છે. હવે ભક્તિ સાથે સંબંધ ધરાવતા બે પ્રશ્નો પૂછ્યા કે (૪; ૫) સ્મર્તવ્યં અને ભજનીયં સ્મર્તવ્ય તેમજ ભજનીય જે કાંઇ પણ ઠીક લાગે તે કહો. સ્મરણ તન્મય બનાવે છે. એ મનોધર્મ છે, માટે મનની સિદ્ધિનું સાધન પૂછ્યું. (૪) ભજન ભાવ વૃદ્ધિ કરે છે. તેથી ભજનનો પ્રશ્ન કર્યો.

ઉપરોક્ત પાંચ પ્રશ્નો વિધિમુખ કર્યા અને કહ્યું જો શ્રોતવ્ય આદિનો કોઈ ઉલ્લેખ ન કરવાનો હોય તો એથી વિપરીત-શું ન સાંભળવું, શું ન જપવું, શું ન કરવું, શું ન સ્મરવું અને શું ન ભજવું, એ કહો. "પાપ ન કરે તેણે પુણ્ય કર્યાં છે; કોઈનું કંઇ ન લે તેણે સદાવ્રત ખોલ્યાં છે."-એવાં સંતોનાં વચનોને માન આપીને ન સાંભળવું વગેરે કહેશો તો પણ મહાન ઉપકાર. ૩૭; ૩૮.

નૂનં ભગવતો બ્રહ્મન્ ગૃહેષુ ગૃહમેધિનામ્ ।
ન લક્ષ્યતે હ્યવસ્થાનમપિ ગોદોહનં ક્વચિત્ ॥ ૩૯ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—**બ્રહ્મન્**-હે બ્રહ્મદેવ, **નૂનમ્**-ખરેખર, **ગૃહમેધિનામ્**-ગૃહસ્થાશ્રમીઓનાં, **ગૃહેષુ**-ઘરોની અંદર, **ભગવતઃ**-આપ ભગવાનનું, **અવસ્થાનમ્**-રહેવાણુ, **ગોદોહનમ્**-**અપિ**-એક ગાયનું દોહન થાય ત્યાં સુધી પણ **ક્વચિત્**-કોઇ વખત, **હિ**-ખરેખર, **ન લક્ષ્યતે**-જણાતું નથી. ૩૯.

અનુવાદ—**હે શુકદેવજી મહારાજ, આપ ગૃહસ્થાશ્રમીઓના ઘેર એક ગાયનું દોહન થાય એટલો સમય પણ કોઈ વખત સ્થિર ટકતા હો, એવું જણાતું નથી.** ૩૯.

તત્ત્વસુધા—પરીક્ષિત રાજા તુલનાત્મક રીતે નિવેદન કરે છે. આપનો મારો સંયોગ તેજસ તિમિર જેવો, રાય રંક જેવો, વિબુધ બાલિશ જેવો મનાય. આપ પરમહંસ અને યોગીની બંને કક્ષાથી પર **નૂનં ભગવતઃ** સાક્ષાત્ અવશ્ય ભગવાનનાં જ મને દર્શન થયાં છે, એ કદિ ન ઘટે. જેઓ નિયમિત કયાંય ભિક્ષા લેવા નથી જતા, વૃક્ષો પણ સ્વયં આપે ત્યારે સ્વીકારે તે પરમહંસ, જેઓ ફલાહારી છે. જેઓને ફલની પણ સ્પૃહા નથી, વાતાહારી છે, તેઓ યોગીઓ છે; પરંતુ ફલ, પત્રનથી પણ પર, આત્મતૃપ્ત, આપ તો ભગવાન છો. તેવા મારે આસક્તને આંગણે કયાંથી ? આકસ્મિક કદાચ ઈશ્વર પ્રેરણાએ પરમહંસ કે યોગી જો કોઇ **ગૃહમેધિનામ્** તપસ્વી અગ્નિહોત્રીના દ્વારે આવી જાય અને ઘરનો કુટુંબીજન કાર્યગ્રસ્ત હોય, ત્યારે તેના ઉપર કૃપા કરીને ગોદોહન જેટલો, ૨૪ મિનિટનો, સમય પ્રતીક્ષા કરો છો. જો કાંઇ ભિક્ષા લીધા વિના તેના દ્વારેથી જાય તો તેના બદલામાં તેનું પુણ્ય લઇ જાય છે. પરમહંસો દયાળુ છે. તેમને પુણ્ય જોઈતું નથી, કોઈને આપવું છે, તેથીજ પ્રતીક્ષા કરે છે. જ્યારે હું તો નથી અગ્નિહોત્રી કે નથી આદર્શ ગૃહસ્થી ! તો પણ આપ પધાર્યા છો. હું પ્રપન્ન છું નાથ ! એમ કહી નૃપતિએ આત્મસમર્પણ કર્યું. ૩૯.

एवमाभाषितः पृष्टः स राज्ञा श्लक्ष्णया गिरा ।
प्रत्यभाषत धर्मज्ञो भगवान् बादरायणिः ॥ ४० ॥

અન્વયાર્થ—**એવમ્**-આ પ્રમાણે, **રાજ્ઞા**-રાજા પરીક્ષિતથી, **શ્લક્ષ્ણયા**-મધુર એવી, **ગિરા**-વાણીથી, **આભાષિતઃ**-કથન કરાયેલા, **પૃષ્ટઃ**-પ્રશ્ન પૂછાયેલા, **સઃ**-તે, **ધર્મજ્ઞઃ**-ધર્મના જાણકાર, **ભગવાન બાદરાયણિઃ**-વ્યાસજીના પુત્ર ભગવાન શ્રી શુકદેવજી, **પ્રત્યભાષત**-પ્રત્યુત્તર રૂપે કથન કરતા હતા.

અનુવાદ—**પરીક્ષિત રાજાએ આ પ્રમાણે મધુર વાણીથી પ્રશ્ન પૂછ્યો; એટલે ધર્મના જાણકાર ભગવાન વ્યાસજીના પુત્ર શ્રીશુકદેવજીએ મધુર વાણીથી પ્રત્યુત્તર આપવાની શરૂઆત કરી.** ૪૦.

તત્ત્વસુધા—રાજાની **શ્લક્ષ્ણયા ગિરા**-કોમળ, વિનય, નમ્ર, મધુર વાણી વીણાએ પરમહંસ શિરોમણિ, વિરકત, અવશ, બાદરાયણિને સ્વવશ બનાવ્યા. શુક સ્વયં ધર્મજ્ઞ હતા. અન્યના વિધાન વિના સ્વયં સ્વકીય કર્તવ્યમાં નિરત હતા; તેથીજ ઉત્તર આપવો કબૂલ્યો. વળી **બાદરાયણિઃ** શ્રીવ્યાસ તનય હતા. વ્યાસજીનો મનોરથ સર્વત્ર શ્રીમદ્ ભાગવત પીયૂષ પરિવેષણનો હતો. તે માટે જ શ્રીશુકને તેનું વિતરણ કરી પર્યટન માટે મોકલ્યા છે. જો તેમ ન કરે તો પિતાજી નિરાશ થાય અને ભકતરાજ પરીક્ષિત હરિરસ વંચિત થાય. એવું શ્રી અવધૂત શિરોમણિ સમજીને વિતરણ માટે તત્પર બન્યા અને દ્વિતીય સ્કંધથી વચનામૃત વર્ષા કીધી. ૪૦.

શ્રીમદ્ ભાગવતના પ્રથમ સ્કંધની તત્ત્વસુધા ટીકાનો
ઓગણીસમો અધ્યાય સંપૂર્ણ.

। પ્રથમ સ્કંધઃ સંપૂર્ણઃ ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કુસુમાંજલિ

विज्ञापयामि 'शरणागतवत्सल' त्वां
दासानुदासपदवीं नय नाथ कृष्ण ।
श्रीदक्षिणाङ्घ्रिकमले नमनाधिकारं
साकं विधेहि दयया तव नामनिष्ठाम् ॥

વિજ્ઞાપના શરણવત્સલને કરું છું,
દાસાનુદાસ પદમાં લઈ, નાથ, કૃષ્ણ !
શ્રી દક્ષિણાંઘ્રિકમલે નમનાધિકાર
દેજો દયાનિધિ સદા ગુણગાન નિષ્ઠા.

છે જ્ઞાન દુર્ગમ અને જનદુર્ભનીષી,
પામે ન સિંધુ, પણ સિંધુ ન એક લાધે,
ત્યાં એક 'પુષ્ટિ પથ' આ નજરે જણાયો
સદ્‌ભાવ-સંગ, કર ભાગવતે, તરાશે.

પ્રથમ સ્કંધ છે, દિવ્ય પાદ દક્ષિણ નાથનો,
વંદતાં ચોગ્યતા થાશે, જ્ઞાનપાદ નિવેશમાં

શ્રીમદ્ ભાગવતની તત્ત્વસુધા ટીકાનો

પ્રથમ સ્કંધ સંપૂર્ણ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

॥ श्रीकृष्णः शरणं मम ॥

अथ श्रीमद्-भागवतम्

द्वितीयः स्कंधः

ज्ञान लीला – भगवाननुं वाम चरण – अध्याय १०; श्लोक ३९१

પ્રથમ સ્કંધમાં ૧૯ અધ્યાય દ્વારા અધિકારનું નિરૂપણ કર્યું. ત્રણ પ્રકારના અધિકારીઓ તેમાં દર્શાવ્યા. શ્રીમદ્ ભાગવત શ્રવણના અથવા તત્વજ્ઞાન શ્રવણના અને કીર્તનના અધિકારો સિદ્ધ થતાંજ જ્ઞાન પ્રાપ્ત થાય છે. અધિકાર એટલે દરેક દરેક ક્ષેત્રનાં કાર્યો માટે 'કાર્યક્ષમ'–યોગ્ય થવું. કાર્યક્ષમ પુરુષ કાર્યમાં ક્ષેમ–સફળતા મેળવી શકે.

રાજર્ષિ પરીક્ષિતની અનન્યતાએ અને ત્યાગે જ્ઞાન સંપાદન કરવા માટે તેમને યોગ્ય બનાવ્યા; ઈશ્વરમાં અસામાન્ય ભક્તિ ધરાવતા નજરે પડયા. પરિણામે શ્રીશુકદેવજી જેવા વિવેકમણિ, મહાપુરુષ, તત્ત્વ પરામર્શ–વિચાર કરનારા મળ્યા. તેઓએ દ્વિતીય સ્કંધમાં જ્ઞાન પ્રદાન કર્યું. શ્રીશુકાચાર્યે જ્ઞાનની અમી પ્રપા–પરબ માંડી. અનેક તૃષાતુરોએ આતુરતા છીપાવી, જેમાંથી જીવન શાંતિનાં અમી ઝરણાં નીતર્યાં. દુર્બોધ જ્ઞાનના વિષયને સરલ, સરસ, સમુધર રીતે શ્રોતૃવૃન્દના હૃદય દેશ સુધી વહાવ્યો. શ્રોતા વક્તાનાં હૃદય વૃન્દાવન બન્યાં, જ્યાં વિહાર કરવા શ્રીવૃન્દાવન વિહારીજીએ વાસ કર્યો. અતિ વિસ્તૃત જ્ઞાનતત્ત્વને, કેવલ સંક્ષેપમાં પણ સારપૂર્ણ વાણીમાં માત્ર 'દશ' અધ્યાયમાં પીરસ્યું. દશ અધ્યાયોમાં જ્ઞાન નિરૂપણ દ્વારા 'કર્તવ્ય'નો નિર્દેશ ખ્યાલ આપ્યો. જ્યાં સુધી કર્તવ્યનો નિર્ણય ન થાય, ત્યાં સુધી જીવન નિષ્ક્રિય રહે અથવા તો નિરર્થક ક્રિયા રહે.

આ સ્કંધમાં **'જ્ઞાન પ્રાપ્તવ્ય છે, ભગવાન સેવ્ય છે,'** એવી સમજ સમાજને સુગમ પડે તેમ વર્ણવે છે. આ દશ અધ્યાયનાં ત્રણ પ્રકરણો છે. તે ત્રણ પ્રકરણોમાં તત્ત્વજ્ઞાન, હૃદયની પ્રસન્નતા અને મનન એવા ત્રણ વિષયો છે.

(૧) **પ્રથમ પ્રકરણ-તત્ત્વજ્ઞાન**–ના બે અધ્યાય છે. **'તત્ત્વધ્યાન' અથવા 'વસ્તુ નિર્ધાર'** એવાં બે નામ આ પ્રકરણનાં છે. તત્ત્વ અને વસ્તુ બે એકજ છે. 'સ્થૂલ અને સૂક્ષ્મ' એવાં બે તત્ત્વો અગર એવી બે વસ્તુઓ છે. પ્રથમ અધ્યાયમાં વિરાટનું વર્ણન કરી ભગવાનના 'સ્થૂલ તત્ત્વની' અને બીજા અધ્યાયમાં ભગવાનના સૂક્ષ્મ સ્વરૂપનું નિરૂપણ કરી 'સૂક્ષ્મતત્ત્વ'ની સંપૂર્ણ માહિતી આપી.

(૨) તત્ત્વજ્ઞાનનું શ્રવણ કે કીર્તન, હૃદયની પ્રસન્નતા વિના શ્રોતા–વક્તાને કદિ સુખકર ન બને. હૃદયની પ્રસન્નતા શ્રદ્ધા વિના પણ ન સંભવી શકે. તેથી **દ્વિતીય પ્રકરણને હૃદય પ્રસાદ અથવા શ્રદ્ધા** એવી સંજ્ઞા આપી. ત્રીજા અધ્યાયમાં શ્રોતાની હૃદય પ્રસન્નતા અને ચોથા અધ્યાયમાં વક્તાના હૃદયની પ્રસન્નતા વર્ણવી છે. પ્રસન્ન હૃદય નામના પાત્રમાં જ્ઞાનામૃતનું અવતરણ સંભવે છે. માટે બીજા અધ્યાયમાં શૌનક મહર્ષિ અને શુક ભગવાનની સ્તુતિ છે. માનવ દુઃખના અતિરેકમાં કે પ્રેમના–ભક્તિના અતિરેકમાં કે આનંદના અતિરેકમાં આવે, ત્યારે તે કવિતા–સ્તુતિ કરવા માંડે છે.

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

(૩) પ્રસન્ન હૃદયમાં જ્ઞાન તત્ત્વનો ભગવાનનો આવિર્ભાવ થાય છે, એટલે ભગવાન સંબંધી પરામર્શ-વિચાર શરૂ થઇ જાય છે. એ જ્ઞાનતત્ત્વનું નિરૂપણ છ અધ્યાયોના ત્રીજા પ્રકરણમાં છે. **મનન-વિમર્શ એવી ત્રીજા પ્રકરણની સંજ્ઞા છે.** કોઈ એક 'વસ્તુ'ની દરેક પ્રકારની સમજ માટેના 'વિચાર' ને વિમર્શ કહેવાય છે. વિમર્શ-મનન પ્રકરણના ત્રણ ત્રણ અધ્યાયના બે વિભાગ છે. ઉત્પત્તિ અને ઉપપત્તિ એવાં બે નામ છે. ઉત્પત્તિ એટલે આ વિશ્વની શી રીતે ઉત્પત્તિ થઇ, શેમાંથી થઇ વગેરે વિચારને સ્પર્શતું જ્ઞાન પ્રથમ ત્રણ અધ્યાયો (૫, ૬, ૭)માં છે. એ ઉત્પત્તિને યુક્તિ પૂર્વક સમજાવવી, એનું નામ ઉપપત્તિ છે. છ અધ્યાયોમાં એનો વિચાર થશે.

સક્ષેપમાં દ્વિતીય સ્કંધનું નામ **જ્ઞાન-પ્રકરણ.** તેના 'તત્ત્વ ધ્યાન, હૃદય પ્રસાદ અને મનન' એવાં ત્રણ પ્રકરણ. પ્રથમ પ્રકરણના ૨ અધ્યાય, દ્વિતીય પ્રકરણના ૨ અધ્યાય, તૃતીય પ્રકરણના ૬ અધ્યાય મળી ૧૦ અધ્યાયો છે. લાયકાતને પાત્રતા અને જ્ઞાન મળે એટલો સદેશો છે; અથવા જ્ઞાન મેળવતા પહેલાં લાયક થવું પડે.

પ્રકરણ વિભાગમાં એક એવો પણ પ્રકાર છે કે પ્રથમ ૩ અધ્યાયમાં ભક્તિના ઉત્કર્ષનું નિરૂપણ; ૪ થા અધ્યાયમાં નમઃસ્કાર સ્તુતિ; ૫ થી ૭ અધ્યાયોમાં નારાયણ નારદ બ્રહ્માનો સંવાદ; ૮ મા અધ્યાયમાં પ્રશ્નો; ૯ મા અધ્યાયમાં નારાયણનો બ્રહ્માને ચતુઃશ્લોકીમાં ઉપદેશ; ૧૦ મા અધ્યાયમાં દશ લક્ષણના કથનનું નિરૂપણ કરતાં કુલ દશ અધ્યાયોનું જ્ઞાન લીલા પ્રકરણ છે. દ્વિતીય સ્કંધનું રેખાંકન નીચે પ્રમાણે બને છે:—



પ્રથમ સ્કંધમાં અધિકારીનો વિચાર કર્યો. તે અધિકાર પ્રમાણે શ્રેષ્ઠ કક્ષાના શ્રોતા પરીક્ષિત શ્રેષ્ઠ કોટિના શ્રીશુકદેવજીને સંપાદન કરી શક્યા. શ્રદ્ધા, જિજ્ઞાસા અને આદર પૂર્વક જ્ઞાન પિપાસાથી પરીક્ષિત શુકદેવજીના શરણાગત થયા. એટલી વાત પ્રથમ સ્કંધના ૧૯ અધ્યાયોમાં વર્ણવી. છેલ્લા ૧૯ મા અધ્યાયના ૩૭ અને ૩૮ મા શ્લોકોમાં બે પ્રશ્નો કર્યા કે (૧) જીવન પર્યન્ત શું કરવું? (૨) જીવન નિર્વાણ-સમાપ્તિ સમયે શું કરવું? એવા બે પ્રશ્નોમાંથી પ્રથમ પ્રશ્નનો ઉત્તર પ્રથમ અધ્યાયના ૧૪ મા શ્લોક સુધી આપ્યો અને બીજાનો ઉત્તર ૧૫ મા શ્લોકથી શરૂ કર્યો.

પ્રથમ સ્કંધમાં કેવલ શુકદેવજીનું આગમન વર્ણવ્યું છે. એમના દર્શનથીજ ઉત્તમ કક્ષા પૂરવાર થઇ છે. જ્ઞાન આપવાનો આરંભ બીજા સ્કંધથી થયો છે. તેથીજ 'જ્ઞાનલીલા' એવું બીજા સ્કંધનું નામ છે.

પ્રથમ સ્કંધના મંગલાચરણના ૩ શ્લોકો શ્રીમદ્ ભાગવતનાં સૂત્રો છે. તે સૂત્રોનું ભાષ્ય સંપૂર્ણ દ્વિતીય સ્કંધ છે. તેથી તેના ૧૦ અધ્યાયો છે. એ ૧૦ અધ્યાયોનું વિવરણ બીજા દશ સ્કંધમાં છે.

પ્રથમ અધ્યાયમાં વિરાટ તત્ત્વનું વર્ણન છે. 'વિરાટ' ભગવાનનું સ્થૂલ સ્વરૂપ છે. શ્રીમદ્ ભાગવત અમૃત છે એ **શુકમુખાદમૃતદ્રવ સંયુતમ્** મંગલાચરણમાં કહેલું છે. તેની જ પુષ્ટિમાં 'ત્વ' અક્ષરથી જ બીજા સ્કંધનો પ્રથમ શ્લોક શરૂ થાય છે. **વરીયાન્ એષ તે પ્રશ્ન :-**

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust, Funding by MoE-IKS

અધ્યાય ૧ લો.

श्रीशुक उवाच—वरीयानेष ते प्रश्नः कृतो लोकहितो[1] नृप ।
आत्मवित्संमतः पुंसां श्रोतव्यादिषु यः परः ॥ १ ॥

અન્વયાર્થ—नृप-હે રાજન્, पुंसाम्-પુરુષોનો, श्रोतव्यादिषु-શ્રવણ કરવા યોગ્ય વિવિધ વિષયોમાં, यः-જે, परः-ઉત્તમ, च-અને, आत्मवित्-संमतः-આત્મજ્ઞાની પુરુષોને માન્ય એવો, लोकहितः-લોક કલ્યાણ કર, एषः-આ, ते-તમે, कृतः-કરેલો, प्रश्नः-પ્રશ્ન, वरीयान्-અતિશ્રેષ્ઠ છે. ૧.

અનુવાદ—હે રાજન્ પરીક્ષિત, તમારો આ પ્રશ્ન અત્યંત શ્રેષ્ઠ છે. પુરુષોએ શું શ્રવણ કરવું જોઈએ વગેરે વિષયોમાં પૂછેલો આ પ્રશ્ન લોકોનું હિત કરનારો તેમજ આત્મજ્ઞાનીઓને સંમત હોઈને અત્યંત ઉત્તમ છે. ૧.

તત્ત્વસુધા—વિવેકશીલ પરીક્ષિત રાજાના "જીવનભર શું કરવું? અને જીવન નિર્વાણકાલમાં-આખર સમયે શું કરવું?" એવા બે પ્રશ્નોમાંના પ્રથમ પ્રશ્નનો ઉત્તર वरीयान् एष એ શ્લોકથી ૧૪ મા શ્લોક સુધી આપે છે. શ્રોતાને અભિનંદન આપવું એ સરસ્વતીના નંદનવનના નિર્માણ સમું છે. શ્રોતાના હૃદય-વૃન્દાવનમાં વસેલા વૃન્દાવન વિહારીનું તે સન્માન છે. શ્રોતામાં જિજ્ઞાસા અને પિપાસા જાગે નહિ, તો વક્તાના વદન સરોજથી હરિ રસની પ્રપા-પરબ વહે નહિ.

પ્રશ્નની ચાર કક્ષા-કોટિઓ છે. વ્યક્તિ માત્રના સામાન્ય ધર્મનો કે વ્યવહાર સુખનો પ્રશ્ન वर પ્રશ્ન કહેવાય. વ્યક્તિના સ્વધર્મનો પ્રશ્ન वरतर પ્રશ્ન મનાય. નિષ્કામ રીતે સ્વધર્માચરણનો પ્રશ્ન वरतम પ્રશ્ન ગણાય; પરંતુ ભગવાનને સ્પર્શતો પ્રશ્ન वरीयान् સમજવો. કર્મ જિજ્ઞાસા वर પ્રશ્ન; યોગ મીમાંસા वरतर પ્રશ્ન; જ્ઞાન વિવિદિષા वरतम પ્રશ્ન; હરિરસ પિપાસા એ તો वरीयान् પ્રશ્ન છે; જેમાં આબાલવૃદ્ધને પુષ્ટિ મળે છે.

રાજન્, તારા પ્રશ્નની મહત્તાનાં ત્રણ કારણો છે. પ્રથમ કારણ તો लोकहितं સમાજનું હિત એ પ્રશ્નના ઉત્તરમાં ચર્ચાશે. સમાજના હિતમાં સ્વકીય હિત સમાય છે. જ્ઞાન, ધન અને બળ એ ત્રણ તનથી કમાવાં, પણ તે ત્રણે લોકના હિતમાં વાપરવાં. બીજું કારણ आत्महित છે. આત્મવેત્તાઓ, જે પ્રશ્નમાં વ્યક્તિ માત્રના આત્મ સુખનો વિચાર ન હોય, તેવા પ્રશ્નોની ચર્ચામાં રસ ન લે. લોકહિત પ્રથમ ધ્યેય છે, આત્મહિત અંતિમ ધ્યેય છે. લોકસેવા-સમાજસેવા અને રાજ સેવા એ હરિસેવામાં કે આત્મરસમાં પરિણમવી જોઈએ. ત્રીજું કારણ श्रोतव्यादिषु परः જિજ્ઞાસાના સમસ્ત વિષયોમાં આ એક જ પ્રશ્ન શ્રેષ્ઠ છે. આ પ્રશ્નના ઉત્તરમાં સર્વ વિષયોના પ્રશ્નોનો ઉકેલ આવી જશે. લવણમાં જેમ સર્વ સ્વાદ છે અને મધુમાં જેમ સર્વ રસ છે, તેમ હરિ ગુણાનુવાદમાં સર્વ રસાસ્વાદ છે. રાજન્, આ રસને પીનાર કરતાં પીરસનારને વધુ રસ પ્રાપ્ત થશે. તેથી રાજન્, તમારો ભારોભાર આભાર. ૧.

श्रोतव्यादीनि राजेन्द्र नृणां सन्ति सहस्रशः ।
अपश्यतामात्मतत्त्वं गृहेषु गृहमेधिनाम् ॥ २ ॥

અન્વયાર્થ— राजेन्द्र-હે રાજેન્દ્ર, आत्मतत्त्वम्-આત્મજ્ઞાનને, अपश्यताम्-ન જોનારા કે ન જાણનારાઓના, गृहेषु-ઘરોમાં, गृहमेधिनाम्-ગૃહસ્થાશ્રમી, नृणाम्-મનુષ્યોને, श्रोतव्यादीनि-શ્રવણ કરવા યોગ્ય બીજાં સાધન, सहस्रशः-હજારો, सन्ति-છે. ૨.

---

१. प्रा० पा० – लोकहितम् ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ--હે રાજેન્દ્ર, આત્મજ્ઞાનને ન સમજનારા, તેથીજ ગૃહ સંસાર કાર્યોમાં પરોવાયેલા ગૃહસ્થાશ્રમી મનુષ્યોને અન્ય અનેક બાબતો શ્રવણ કરવાની હોય છે. ૨.

તત્ત્વસુધા--પ્રથમ શ્લોકથી પ્રશ્નનું અને પ્રશ્ન કર્તા પરીક્ષિત રાજાનું અભિનંદન કરી, બીજા શ્લોકથી ઉત્તર આપે છે કે રાજેન્દ્ર, અનેક પ્રકારનાં ફળોની ઈચ્છા ધરાવનારા જીવોને સાંભળવાના વિષયો પણ અનેક છે. તમે રાજેન્દ્ર છો, એટલે ઘણા અનુભવો થયા, અનેક પ્રકારના લોકો જોયા, અનેક શાસ્ત્રો વાંચ્યાં અને સાંભળ્યાં, તેમાં તમને કોઈ પુરુષાર્થ કોઈનો કે તમારો સિદ્ધ થયો હોય એવો અનુભવ થયો ? ક્યાંથી થાય; કારણ કે આત્મતત્ત્વ નો વિચાર એ એક ભિન્ન વિષય છે. જગતમાં જે સામાન્ય જીવો છે, તેઓ ગૃહેષુ પોતાના ગૃહ, કુટુંબ, ધંધા વગેરેમાં જ પરોવાયેલા હોય છે. તેમાં જ તેમની બુદ્ધિ પરોવાય, તે સ્વાભાવિક છે. ગૃહધર્મ, કુટુંબ ધર્મ, સમાજ, વ્યાપારને અનુરૂપ કેમ થવું એ તેમનું લક્ષ્ય બિંદુ હોય છે, એટલે તેઓ દેહ જ આત્મા છે એવી સમજ ધરાવે છે. તેથી 'આત્મવિચાર' એમની પાસે ન હોય, તેમાં નવાઈ નથી. આવા સામાન્ય અધિકારીઓએ ગૃહાદિ ધર્મને યોગ્ય થવા સાથે થોડો આત્મવિચાર કરવો કે પોતાની જિંદગી કેવી રીતે ચાલી જાય છે કે ઘર એ કેવો ગજબ અજગર છે ! તેનો ચિતાર ત્રીજા શ્લોકમાં આપે છે. ૨.

निद्रया ह्रियते नक्तं व्यवायेन च वा वयः ।
दिवा चार्थेहया राजन् कुटुम्बभरणेन वा ॥ ३ ॥

અન્વયાર્થ--**राजन्**-હે રાજન્, **नक्तम्**-રાત્રી, **निद्रया**-નિદ્રાથી, **वा**-અને, **वयः**-યૌવન, **व्यवायेन**-વિષયભોગ વડે, **च**-અને, **दिवा**-દિવસ, **अर्थ-ईहया-च**-દ્રવ્યાદિકને મેળવવાની ઇચ્છાથી અને ચિંતાથી, **कुटुम्ब-भरणेन वा**-અથવા તો કુટુંબના ભરણપોષણમાં કાર્ય વડે, **ह्रियते**-ચાલ્યો જાય છે. ૩.

અનુવાદ--હે રાજન્, મનુષ્યોની રાત્રી નિદ્રામાં, વળી યૌવન સંસાર સુખ સેવનમાં અને દિવસ દ્રવ્ય મેળવવાની ઇચ્છા અને ચિંતામાં તેમજ કુટુંબના ભરણ પોષણમાં જ નાશ પામે છે. ૩.

તત્ત્વસુધા--'જીવન એ એકજ ઉત્તમ બળતો' છે. એ કેવી રીતે વેડફાઈ જાય છે, તેનું રેખા ચિત્ર દોરે છે. પ્રથમ તો નિદ્રયા નિદ્રાએ આયુષ્યનો અધિક ભાગ લીધો. દિવસના આઠમા ભાગની નિદ્રા યોગીને એટલે ૩ કલાક; દિવસના ચોથા ભાગની નિદ્રા વિદ્યાર્થીને અને ગૃહીને એટલે ૬ કલાક; ત્રીજા ભાગની નિદ્રા બાળકને એટલે ૮ કલાક હોવા જોઈએ; પરંતુ ગૃહી, યુવાન અને વિદ્યાર્થી નિદ્રયા ह्रियते नक्तं બારે કલાક નિદ્રામાં જ ગાળે છે. નિદ્રા એટલે વિલાસ, વ્યસન, પ્રમાદ અને પ્રપંચમાં જીવનનો વ્યય. ધનવાન, સત્તાવાન, શિક્ષિત સમાજ સાંજના ૬થી ૮-૩૦ દ્યૂત પાનાની રમતમાં (કલબમાં) સમય પસાર કરે છે. મજૂર, વિદ્યાર્થી અને યુવાન વર્ગ સાંજ પછી ચિત્રપટ (સીનેમા) દર્શનમાં સમય ગાળે છે. બાકીની રાત્રિ નિદ્રામાં ગાળે છે. व्यवायेन च वा वयः અત્યંત સૂચક વાક્ય શ્રીશુકાચાર્ય બોલ્યા. वयः એટલે તો યૌવન, જે જીવનનું ધન છે. આરામ લેવા અને શ્રમ દૂર કરવા દીધેલ 'રાત'ને વિષયભોગમાં વાપરી યૌવનનું નિકંદન કાઢયું. યૌવન એ તો જીવનભરનું કાર્યક્ષમ જોમ છે. તે સંયમ-બ્રહ્મચર્યથી સચવાય.

दिवा चार्थेहया દિવસ દ્રવ્યોપાર્જનની જ ચિંતામાં વાપરી નાખ્યો. અર્થ મેળવવા કરતાં મેળવવાની પેરવીમાં જ વખત વધુ જાય છે. कुटुम्बभरणेन च અલ્પકાળ દિવસ જે બચ્યો તે 'કુટુંબ કાળજી'માં ખરચાઈ ગયો. આખોય માનવ ચોવીસે કલાક સંસારની ખાઈમાં બોવાઈ ગયો. હરિભજન અને આત્મચિંતનના ઉદ્યાનમાં ન બેઠો. ૩.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

देहापत्यकलत्रादिष्वात्म - [1]सैन्येष्वसत्स्वपि ।
तेषां प्रमत्तो निधनं पश्यन्नपि न पश्यति ॥ ४ ॥

અન્વયાર્થ—**દેહ-અપત્ય-કલત્ર- આદિષુ** શરીર, સંતાનો સ્ત્રી વગેરે તો, **આત્મસૈન્યેષુ**-આત્માની સેના છે, **અપિ અસત્સુ**-પરંતુ તેઓ અસાધુ હોવાથી, **તેષામ્**-તેઓમાં, **પ્રમત્તઃ**-આસક્ત બનેલા, (ગાફલ), **નિધનમ્**-મરણને, **પશ્યન્ અપિ**-જોવા છતાં પણ, **ન પશ્યતિ**-જોતો નથી. ૪.

અનુવાદ—શરીર, સંતાનો અને સ્ત્રી વગેરે આત્માની જ સેના છે; પરંતુ તેઓ અસાધુ છે-હિતસાધક નથી, છતાં તેમનામાં આસક્ત બની ગયેલો મનુષ્ય, તેઓના નાશ-મરણને નજરે નિહાળવા છતાં પણ તેનો ખ્યાલ કદી કરતો નથી. ૪.

તત્ત્વસુધા—'જીવન પ્રમાદ'નો ઉલ્લેખ આ શ્લોકમાં કરે છે. પ્રમાદ એટલે જીવનનો દુર્વ્યય, ધનનો દુર્વ્યસનમાં વ્યય, યૌવનનો ભોગમાં વ્યય અને તનનો કુટુંબમાં વ્યય એ જ પ્રમાદ છે. ઈશ્વરે **દેહાપત્યકલત્રાદિ**-શરીર, સંતાન અને સ્ત્રી એ ત્રણ આત્માની સેના તરીકે આપ્યાં છે. દેહ પરોપકાર માટે, અપત્ય-પુત્રાદિ નિશ્ચિંત થઈ હરિમાર્ગમાં જવા માટે, પત્ની પ્રભુ સેવામાં સહાય માટે—આમ ત્રણે આત્મચિંતનનાં સાધન હતાં; પણ તે ત્રણે 'અસત્' એટલે નિરૂપયોગી નીવડ્યાં. પુરુષ પ્રમાદી ગાફલ બન્યો. એણે તનથી કેવલ 'ધન' મેળવીને પત્ની અને પુત્રના પોષણ અને વિલાસમાં જ જીવનને હોમી દીધું. શ્રીઆચાર્ય ચરણે કહ્યું કે,

बुद्धिरायुश्च दोषाणामभावः कारणं यतः ।
यस्य नैते भविष्यन्ति तस्य नास्त्यधिकारिता ॥

'બુદ્ધિ, આયુષ્ય અને નિર્દોષ જીવન'—એ ત્રણ જેની પાસે હોય તે સુખેથી આત્મચિંતનનો અધિકારી થઈ શકે. ૪.

तस्माद्भारत सर्वात्मा भगवान्हरिरीश्वरः ।
श्रोतव्यः कीर्तितव्यश्च [2]स्मर्तव्यश्चेच्छताऽभयम् ॥ ५ ॥

અન્વયાર્થ—**તસ્માત્**-તે કારણથી, **ભારત**-હે ભારત-પરીક્ષિત, **અભયમ્**-અભય-મોક્ષને, **ઇચ્છતા**-ઇચ્છતા માનવે, **સર્વાત્મા**-સર્વના આત્મા, એવા **ઈશ્વરઃ**-સર્વ સમર્થ, **ભગવાન્**-ભગવાન, **હરિઃ**-શ્રીહરિ, **શ્રોતવ્યઃ**-શ્રવણ કરવા યોગ્ય છે, **ચ**-અને, **કીર્તિતવ્યઃ**-કીર્તન કરવા યોગ્ય છે, **ચ**-અને, **સ્મર્તવ્યઃ**-સ્મરણ કરવા યોગ્ય છે. ૫.

અનુવાદ—ભરત કુલોત્પન્ન હે પરીક્ષિત, તે કારણે અભયપદને-મોક્ષને ઇચ્છનારા માણસે સર્વના આત્મા એવા સર્વ સમર્થ ભગવાન શ્રીહરિનું શ્રવણ, કીર્તન તેમજ સ્મરણ કરવું જોઇએ. ૫.

તત્ત્વસુધા—આ પાંચમા શ્લોકથી 'અભય' કેમ થવાય, તેનો માર્ગ ચિંધે છે. સર્વ વેદોનું તાત્પર્ય માનવને નિર્ભય બનાવવાનું છે. આત્મચિંતન કે ભગવત્સેવા નિર્ભય બનવાનાં સાધનો છે. 'પ્રમાદ અને મોહ' એ બે મૃત્યુનાં સ્વરૂપો છે. મોહ અને પ્રમાદથી મુક્ત થનાર મુક્ત બનાય છે. સુખની સાચી સમજ ન હોવાથી સાંસારિક પદાર્થોને સુખની ખાણ સમજે છે, એમાં આકર્ષાય છે. આ 'મોહ' છે. સાંસારિક પદાર્થોમાં જ તે અટવાઈ જાય છે, તે 'પ્રમાદ' છે. સુખનો જો સાચો ખ્યાલ પેદા થાય તો જીવ તેમ ન કરે. તેથી તે જો

૧. પ્રા૦ પા૦-સૌખ્યેષ્વ૦ । ૨. પ્રા૦ પા૦-સ્મર્તવ્યઃ સ્વેચ્છયા વિભુઃ ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આત્મશ્રવણ કરે તો શ્રુતિદ્વારા તેને સાચા સુખનો ખ્યાલ આવી જાય. શ્રીશુકદેવજી એ વસ્તુને ધ્યાનમાં લઈને વિધાન કરે છે. ભારત ભાઈ પરીક્ષિત ! ભગવાનનું શ્રવણ, કીર્તન અને સ્મરણ અભયપદ આપે છે. 'ભારત' સંબોધનમાં વાત્સલ્ય, આદર અને પ્રોત્સાહન ભર્યાં છે. રાજા, તમે ભારત છો એટલે બુદ્ધિમાન છો, સાત દિવસના આયુષ્યવાળા છો અને નિર્દોષ ચરિત છો. એથી શ્રવણના અધિકારી છો. માટે તમારે ભગવાનનું શ્રવણ કરવું.

તમને થશે કે વેદો, અગ્નિ હોત્ર આદિ તો કર્મનું વિધાન કરે છે, વળી યોગ ઉપાસના બતાવે છે, તેમ જ આત્મજ્ઞાનના માર્ગો બતાવે છે. તે બધાને મૂકીને કેવલ ભગવાનનું શ્રવણ કેવી રીતે અભય બનાવશે. એવી, રાજન્, કલ્પના ન લાવશો. જે માર્ગ સરલ, સુખકર, સર્વ સુલભ, શીઘ્ર ફલદ હોય તે અપનાવવો જોઈએ. વેદો દ્વિજ માટે અગ્નિ હોત્રાદિનું વિધાન કરે છે. માર્ગ સારા છે; પરંતુ શ્રમ સાધ્ય અને સમય સાધ્ય છે. ભગવાનનું શ્રવણ સર્વ કોઈને માટે છે, સરલ છે, શ્રવણ કાલમાં પણ સુખદ છે, સર્વત્ર સુલભ છે તેમ જ ફલપ્રદ છે અને રસદ છે. માટે સર્વાત્મા ભગવાન્ શ્રોતવ્યઃ સર્વના આત્મા ભગવાનને સાંભળવા. રાજન્, એક વિચાર થશે કે 'ભગવાન' શબ્દનો અર્થ શો ? (૧) શું ભગવાનના વાચક અસંખ્ય શબ્દો સાંભળવા ? (૨) કે શબ્દોના અર્થ સમજવા ? (૩) કે શબ્દોના અભિપ્રાય જાણવા ? (૪) વળી બધા જ શબ્દો સાંભળવા, અર્થ સમજવો, તાત્પર્ય સમજવું ? કે એકાદ શબ્દનું ? એનો નિર્ણય કહું. કોઈપણ વ્યક્તિ સર્વ શબ્દો, શબ્દાર્થ, તાત્પર્ય આદિ કહી ન શકે અને સાંભળી પણ ન શકે. એટલે ભગવાન્ શ્રોતવ્યઃ એ વાકયમાં એવું વિધાન જ નથી કે સર્વ શબ્દ, શબ્દાર્થ સાંભળવા; પરંતુ ષડૈશ્વર્યની ત્રીજા સ્કંધથી બારમા સ્કંધ સુધીમાં વર્ણવેલી દશ પ્રકારની લીલાઓનું શ્રવણ કરવું, એનું નામ ભગવાનનું શ્રવણ કરવું; અર્થાત્ ભાગવતના શ્રવણનું નામ ભગવાનનું શ્રવણ છે. શ્રવણ, સ્મરણ અને કીર્તન એ ત્રણે કરવાં, એવું શ્લોકનું કહેવું છે. ત્રણેમાં પ્રત્યેકનું ફળ મોક્ષ છે. એ વસ્તુ સત્ય છે, છતાં પણ કરવાનાં તો ત્રણેય છે. શ્રવણ, કીર્તન, સ્મરણ એ ત્રણે એક જ પુષ્પની ત્રણ પાંખડીઓ છે. રંગ, રસ, રૂપ એક જ છે, કેવલ ત્રણ પાંખડીઓ દેખાય છે, એટલું જ વિશેષ છે.

ભગવાન, ઈશ્વર અને હરિ, એવાં ત્રણ પદો સર્વાત્માના વિશેષણ માટે કેમ વાપર્યાં ? એનો ખુલાસો કરે છે કે વેદનું એક વાકય છે—આત્મા વા અરે દ્રષ્ટવ્યઃ તમેવૈકમાત્માનં જાનથ । અન્યા વાચો વિમુઞ્ચથ-'આત્મવિચાર તરફ વળો અને લોક વાર્તાને ત્યજો.' ત્યાં 'આત્મા'. શબ્દના અર્થનો પ્રશ્ન ઉપસ્થિત થયો. દેહ, મન, બુદ્ધિ, જીવ એવા અનેક અર્થમાં 'આત્મા' શબ્દ શાસ્ત્રોમાં વપરાય; તેથી વધુ સ્પષ્ટ કરવા 'આત્મા' શબ્દને ત્રણ વિશેષણો આપ્યાં. ભગવાન્ ભક્તોને પ્રિય એવા રસાકાર, સાકાર શ્રીકૃષ્ણ; હરિઃ અવિદ્યાને—મોહને હરનાર, જ્ઞાનીઓના વેદ્ય પરબ્રહ્મ; ઈશ્વરઃ કર્મનાં ફળોના નિયામક, કર્મ માર્ગના વ્યવસ્થાપક, સમર્થ ઈશ્વર. સાકાર, દયાળુ અને સમર્થ એવા ભગવાનનું શ્રવણ સમાજને અને વ્યક્તિને સંસ્કાર તેમજ સ્વરૂપ નિષ્ઠાનું દાન કરશે જ. પ.

एतावान् सांख्ययोगाभ्यां स्वधर्मपरिनिष्ठया ।
जन्मलाभः परः पुंसामन्ते नारायणस्मृतिः ॥ ६ ॥

અન્વયાર્થ—**सांख्य-योगाभ्याम्**-સાંખ્ય તેમજ યોગ માર્ગથી, **स्वधर्म-परिनिष्ठया**-અને સ્વકીય ધર્મના પરિપૂર્ણ સેવનથી, **अन्ते**-અન્ત સમયમાં, **नारायण-स्मृतिः**-નારાયણનું સ્મરણ થાય, **एतावान्**-એજ, **पुंसाम्**-પુરુષોને, **परः**-ઉત્તમ એવો, **जन्मलाभः**-જન્મનો લાભ છે. ૬.

અનુવાદ—**વિવેક દર્શાવતા સાંખ્ય જ્ઞાનથી, અષ્ટાંગ યોગ સાધનથી તેમજ સ્વધર્મમાં પરિપૂર્ણ સેવનથી અન્ત સમયે શ્રીનારાયણનું સ્મરણ થાય; એજ મનુષ્ય જન્મનો સર્વોત્તમ લાભ છે. ૬.**

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

तत्त्वसुधा—શ્રીશુકાચાર્યે પાંચમા શ્લોકમાં શ્રવણ, કીર્તન અને સ્મરણનું વિધાન કર્યું. એજ સ્મરણની પુષ્ટિમાં સાંખ્ય અને યોગનું અનુમોદન આપે છે. શ્રુતિ અને સ્મૃતિ તેમજ કર્મ અને જ્ઞાન એવાં બે પ્રકારનાં આત્મ પ્રાપ્તિનાં માર્ગદર્શક સાધનો છે. બંનેનો એકજ અભિપ્રાય છે કે જીવન સમાપ્તિના કાલમાં આત્માનું અનુસંધાન રહે એટલે ભગવાનનું સ્મરણ રહે; એ એકજ જીવનનો લાભ છે. મનુષ્યે જીવનભર આચરેલ કર્મોનું પ્રતિબિંબ જીવન સમાપ્તિ કાલમાં પડે છે. એ વાત અક્ષરશઃ સત્ય છે માટે નિત્ય ભગવાનના સ્વરૂપનું અને સ્મરણનું અનુસંધાન રાખવું. ૬.

प्रायेण मुनयो राजन्निवृत्ता विधिषेधतः ।
नैर्गुण्यस्था रमन्ते स्म गुणानुकथने हरेः ॥ ७ ॥

અન્વયાર્થ—**મુનયઃ**-મુનિઓ, **રાજન્**-હે રાજન્, **વિધિ-ષેધતઃ**-વિધિ નિષેધથી, **નિવૃત્તાઃ**-નિવૃત્તિ પામેલા, **નૈર્ગુણ્યસ્થાઃ**-નિર્ગુણ બ્રહ્મમાં નિષ્ઠાવાળા થઈને, **પ્રાયેણ**-મોટા ભાગે, **હરેઃ**-શ્રીહરિના, **ગુણાનુકથને**-ગુણાનુવાદ ગાવામાં-કથન કરવામાં, **રમન્તે સ્મ**-રચ્યા પચ્યા રહે છે. ૭.

અનુવાદ—**હે રાજન, મુનિવરો વિધિ નિષેધની વિચાર ધારાથી પર થઈ કેવલ ભગવાનમાં નિષ્ઠા વાળા બનીને ભગવદ્ ગુણાનુવાદમાં જ રચ્યા પચ્યા રહે છે.** ૭.

तत्त्वसुधा—'હરિ સ્મરણ' અખંડ રહ્યાં કરવું જોઈએ, એવું વિધાન કરીને કીર્તનનું પણ સામર્થ્ય દર્શાવતાં શુકદેવે કહ્યું, રાજન્ प्रायेण ઘણું કરીને मुनयः તત્ત્વચિંતનશીલ મુનિજનો પણ કીર્તનમાં તન્મય બનીને રસપૂર્વક ગુણગાન કર્યાં કરે છે. એ ઉત્કૃષ્ટ ભૂમિકાના મુનિજનો કીર્તનને મુક્તિના સાધન રૂપે હવે કીર્તન નથી કરતા; પરંતુ નિર્મુક્ત દશામાં રહેવા છતાં ફલરૂપે જ કીર્તન કરે છે. ઉપરના બન્ને શ્લોકોનું તાત્પર્ય એક જ છે કે સ્મરણ, કીર્તન બન્ને અખંડ રહેવાં જોઈએ. સ્મરણ કરતાં કીર્તન ચિત્તનો વધુ નિરોધ કરી શકે છે. ૭.

इदं भागवतं नाम पुराणं ब्रह्मसंमितम् ।
अधीतवान्द्वापरादौ पितुर्द्वैपायनादहम् ॥ ८ ॥

અન્વયાર્થ—**ઇદમ્**-આ, **ભાગવતં નામ**-શ્રીમદ્ ભાગવત નામના, **બ્રહ્મ-સંમિતમ્**-વેદ તુલ્ય, **પુરાણમ્**-પુરાણને, **અહમ્**-હું, **દ્વાપરાદૌ**-દ્વાપર યુગની આદિમાં, **પિતુઃ દ્વૈપાયનાત્**-પિતા દ્વૈપાયન વ્યાસ પાસેથી, **અધીતવાન્**-ભણ્યો હતો. ૮.

અનુવાદ—**વેદ તુલ્ય આ શ્રીમદ્ ભાગવત નામના પુરાણને, દ્વાપરયુગની આદિમાં, મારા પિતા શ્રીદ્વૈપાયન વ્યાસજી પાસેથી હું ભણ્યો હતો.** ૮.

तत्त्वसुधा—હૃદયમાં એક પ્રશ્નનું ઉત્થાન થાય કે શ્રુતિઓના શ્રવણને મૂકીને ભાગવત પુરાણના શ્રવણનું ક્રમ વિધાન કરો છો ? વળી શ્રુતિઓ 'आत्मा वा अरे द्रष्टव्य.' આત્મદર્શનનું વિધાન કરે છે; જ્યારે ભાગવત તો ભગવાનના શ્રવણનું વિધાન કરે છે. તો એ પણ વિરોધ નથી ?

એવી શંકાના સમાધાનમાં કહ્યું, આ શ્રીમદ્ ભાગવત પુરાણ નથી; પરંતુ ब्रह्म संमितम् શ્રુતિ-વેદ તુલ્ય છે. વેદ જે બ્રહ્મનું પ્રતિપાદન કરે છે, તેજ બ્રહ્મતત્ત્વનું પ્રતિપાદન ભાગવત કરે છે. ભગવાન, બ્રહ્મ અને આત્મા એ એકાર્થ વાચક શબ્દો છે. શ્રુતિ-વેદ જેમ અપૌરૂષેય છે, તેમ ભાગવત પણ અપૌરૂષેય છે. વ્યાસજી આ ભાગવતના કર્તા નથી; પરંતુ શ્રોતા છે. બ્રહ્માજીએ ભગવાનની પાસેથી સાંભળ્યું અને બ્રહ્માજીની પાસેથી નારદજીએ સાંભળ્યું. તેજ ભાગવત નારદજી પાસેથી મહર્ષિ વ્યાસજીએ સાંભળ્યું. વ્યાસજી પાસેથી હું ભણ્યો. આ આખી પરંપરા છે. આ પરંપરા જ વેદપણામાં સાક્ષીરૂપે છે. વળી વેદ રૂપ હોવાથી જ હું એમે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વિધિપૂર્વક અધીતવાન્ પિતાજી પાસેથી ભણ્યો. અન્યથા સ્વયં અન્ય પુરાણોની માફક વાંચી સ્વર્ગ શકત. જે ઉપનયન સંસ્કાર કરાવે, તે જ વેદ ભણાવે. પિતૈવાસ્યનયેત્ પુત્રમ્ તે ન્યાયે ઉપનયન કરાવનાર પિતાજી પાસેથી દ્વાપરાદૌ દ્વાપરયુગના પૂર્વમાં મેં અધ્યયન કર્યું, કે જ્યારે લોકોનો બુદ્ધિ સંમોહ થયો ન હતો: ૮.

પરિનિષ્ઠિતોઽપિ નૈર્ગુણ્યે ઉત્તમશ્લોકલીલયા ।
ગૃહીતચેતા રાજર્ષે આખ્યાનં યદધીતવાન્ ॥ ૯ ॥
તદહં તેઽભિધાસ્યામિ મહાપૌરુષિકો ભવાન્ ।
યસ્ય શ્રદ્દધતામાશુ સ્યાન્મુકુન્દે મતિઃ સતી ॥ ૧૦ ॥

અન્વયાર્થ—**રાજર્ષે**-હે રાજર્ષિ, **નૈર્ગુણ્યે** નિર્ગુણ બ્રહ્મમાં, **પરિનિષ્ઠિતઃ-અપિ**-સંપૂર્ણ નિષ્ઠાવાળો હોવા છતાં, **ઉત્તમશ્લોક-લીલયા**-ઉત્તમ યશવાળા શ્રીહરિના ચરિતામૃતથી, **ગૃહીતચેતાઃ**-ચિત્તનું આકર્ષણ પામેલ. **અહમ્**-હું, **યદ્**-જે, **આખ્યાનમ્**—ચરિત્રાખ્યાનને, **અધીતવાન્**-ભણ્યો છું, **તત્**-તે આખ્યાનને, **તે**-તમને, **અભિધાસ્યામિ**-કહીશ; કારણ કે, **ભવાન્**-તમે, **મહાપૌરુષિકઃ**-મહાપુરુષોના વંશજ છો, **યસ્ય**-જેની, **શ્રદ્દધતામ્**-શ્રદ્ધા રાખનારાઓની, **આશુ**-શીઘ્ર, **મુકુન્દે**-શ્રીમુકુન્દ ભગવાનમાં, **સતી**-એક નિષ્ઠાવાળી, **મતિઃ**-બુદ્ધિ, **સ્યાત્**-થાય. ૯.

અનુવાદ— હે રાજર્ષિ, નિર્ગુણ બ્રહ્મમાં નિષ્ઠાવાળો હોવા છતાં ભગવાનની લીલાઓથી મારા ચિત્તનું આકર્ષણ થયું અને હું શ્રીમદ્ ભાગવત નામના આખ્યાનને ભણ્યો છું. તે તમને હું કહી સંભળાવીશ; કારણકે તમે પણ મહાપુરુષોના વંશ જ છો. ભગવાનના એ ચરિત્રાખ્યાન ઉપર જેઓ શ્રદ્ધા રાખે છે, તેઓની બુદ્ધિ મુકુન્દ ભગવાનમાં શીઘ્ર એક નિષ્ઠાવાળી થાય છે. ૯; ૧૦.

તત્ત્વસુધા—વિરક્ત શુકદેવજી દ્વૈપાયનને ત્યજી વનમાં સિધાવ્યા, ઉપવીત પણ ધારણ ન કર્યું. વિજન વિપિનમાં જન સંપર્કથી વિદૂર રહી નિરંજન બ્રહ્મના દર્શનમાં સમાધિ લીન બનીને બેઠા. નૈર્ગુણ્યે એ નિર્ગુણ બ્રહ્મ રસની સમાધિમાં પરિનિષ્ઠિતોઽપિ પૂર્ણ નિષ્ઠાવાળા બન્યા; જગતના કોઈ વિચાર જ ના આવે. પિતાજીને હૃદયમાં પીર જાગી. "આ તો સમાધિમાં ડૂબ્યો. મારે આ 'રસાબ્ધિ' ભાગવત કોને દેવો? સૌ કોઈ સ્વાર્થી, આ શુક એક જ રસાર્થી છે. સૌ કોઈ આસક્ત, આ એક જ આત્મરસ રક્ત છે. શું કરું? શો ઉપાય કરું? શી રીતે ભાગવતને શુક ભણે? શી રીતે એને ભણાવું?" વિચાર સ્ફુર્યો અને બે શિષ્યો તૈયાર કર્યા. તેમને બે શ્લોકો કંઠ કરાવ્યા. એક તો ગુણોનું નિરૂપણ કરે અહો બકી યં સ્તનકાલકૂટં ૩-૨-૨૩; અને બીજો બર્હાપીડં નટવર વપુઃ ૧૦-૨૧-૫, જે સ્વરૂપનું વર્ણન કરે. શ્લોકોનું સામર્થ્ય એવું કે જે સાંભળે તે ક્રૂર મટી કોમળ બને. આસક્ત તો ભક્ત બને; પશુઓ, પંખીઓ પણ સાંભળી સમાધિમાં ડૂબે. સર્પો પણ દર્પ ત્યજી દે. કંદર્પ પણ કર્દમ ઋષિ બની જાય. તરુવર તળે બેઠેલા મુનિવર શુકે આ શ્લોક સાંભળ્યા, નિર્ગુણ સમાધિની પરિનિષ્ઠામાંથી જાગ્યા. દિલ દ્રવીભૂત થયું. "કેવી કરુણા! વિષપાન કરાવતી રાક્ષસીને માતાની ગતિનાં દાન કર્યાં? આ કોણ હશે? એનું સ્વરૂપ કેવું હશે? ત્યાં પુનઃ શ્રવણ થયું—બર્હાપીડં-એ મયૂર પિચ્છ મુકુન્દ છે. અહો! કેવી સૌન્દર્યની ખાણ! કેવી રસાબ્ધિની લ્હાણ!

સમાધિ ત્યજી અને રસાબ્ધિ તરફ શુકદેવજી દોડ્યા. આગળ આગળ શિષ્યો દોડે, પાછળ પાછળ શુક દોડે. એક દિ પોતે આગળ દોડે, પાછળ પિતાજી દોડે; સાદ કરે, "બેટા"; તો સાંભળે જ કોણ? પિતાની કરુણાથી પીડાતાં વૃક્ષો બોલે, 'અમે શુક છીએ,' પિતા શોક છોડી, શમ્યાપ્રાસ આશ્રમમાં આવી વસ્યા. આજે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ત્યાં શુક આવ્યા, ચરણે પડ્યા, વદ્યા, "પિતાજી, મને સમાધિ ના ખપે. મને ભૂખ લાગી છે રસાબ્ધિની. મને એનાં દાન કરો ને! ઉત્તમશ્લોક લીલ્યા હું ઉત્તમશ્લોકની લીલાથી આકર્ષાયો છું. એ વિના મારો શ્રમ શોક નહિ ટળે અને શમ નહિ મળે."

રાજન્, ગૃહીતચેતા શ્રીમદ્ ભાગવતે મારું ચિત્ત ચોરી લીધું પુત્ર મટી પિતાનો શિષ્ય બન્યો. ઉપવીત લીધાં અને વિધિપૂર્વક, સમજપૂર્વક પિતાજી પાસેથી ભાગવત ભણ્યો. તદહં તે ભાગવત હું તમને આપીશ; કારણ કે મહાપૌરુષિકો ભવાન્ તમે મહાપુરુષ શ્રીકૃષ્ણના પરમ ભક્ત છો. જે ક્ષણે શ્રીમદ્ ભાગવત સાંભળશો, તે જ ક્ષણે મુકુન્દમાં મતિ સ્થિર થશે અને ભગવદ્ રતિ ઉભરાશે; કારણ કે રસપાન જ્યારે બે વાર થાય ત્યારે તેમાં માધુર્ય આવે. એક વાર પોતે સાંભળે, પછી તે શ્રોતાને સંભળાવે, એટલે તેમાં બમણો રસ આવે. તેથી તો આ ભાગવત દ્વૈપાયને દ્વીપમાં રચ્યું છે. દ્વીપ શબ્દ હ્રસ્વ, દીર્ઘ બે છે. દ્વિપનો અર્થ થાય હાથી; અને દ્વીપનો અર્થ થાય બેટ. હાથી સૂંઢ અને મુખથી બે વાર પાણી પીએ છે. તેવી જ આ ભાગવતની પરંપરા છે. પિતાજીએ નારદજીથી શ્રવણ કરીને પીધું; પુનઃ મને શ્રવણ કરાવીને પીધું. મેં પણ પિતાજી પાસેથી શ્રવણ કરી પીધું અને એ ગુણસીધુ-અમૃત પુનઃ રાજા તમને શ્રવણ કરાવીને પાન કરીશ, ત્યારે જ હું પૂર્ણ રસ પામીશ. અભિધાસ્યામિ-પરસ્મૈપદ ક્રિયાપદ છે એટલે રાજા, જ્યાં સુધી તૃપ્તિ નહિ થાય, ત્યાં સુધી હું આપીશ. હાથી જેમ ચારે બાજુ સૂંઢથી જલ સીંચે, એમ હું તમને નિમિત્ત બનાવી સમસ્ત બ્રહ્માંડમાં આ રસનું સિંચન કરીશ. વિશ્વ વિષય-વિષ-તક્ષકમાંથી મુક્ત થઈ હરિરસ પીયૂષમય બની જશે, તો પછી રાજા, તમારે માટે તક્ષક ત્રાસ રહેશે જ ક્યાંથી? ૯; ૧૦.

एतन्निर्विद्यमानानामिच्छतामकुतोभयम् ।
योगिनां [1]नृप निर्णीतं हरेर्नामानुकीर्तनम् ॥ ११ ॥

અન્વયાર્થ--**नृप**-હે રાજન્, **निर्विद्यमानानाम्**-સંસારથી વિરાગ પામેલાઓને, અને **अकुतोभयम्**-નિર્ભય પદને, **इच्छताम्**-ચાહનારાઓને, **योगिनाम्** જ્ઞાની પુરુષોને, **एतत्**-આ, **हरेः**-શ્રીહરિનું, **नामानुकीर्तनम्**-નામ સંકીર્તનને કર્તવ્ય તરીકે, **निर्णीतम्**-માનેલું છે. ૧૧.

અનુવાદ--**હે રાજન્, સંસારથી વિરાગ પામેલાઓને, નિર્ભય પદની વાંચ્છા ધરાવનારાઓને, તેમજ યોગી જનોને માટે, આ શ્રીહરિનું નામ સંકીર્તન એ જ એક કર્તવ્ય રૂપે જણાવેલું છે. ૧૧.**

તત્ત્વસુધા--'**निर्विद्यमानानाम्**'- રાજન્, નિર્વેદ-ખેદમાં ડૂબેલાઓને મુક્ત કરવા માટે જ આ ભાગવત વેદ છે ખેદ ત્યારે જ થાય છે કે જ્યારે ભેદ બુદ્ધિ આવે છે. ભેદ થાય ત્યારે જ ભય જન્મે છે. જો **अकुतोभयम्** નિર્ભય પદ પ્રાપ્ત કરવાની અભિલાષા હશે તો તે ભાગવત-શ્રવણ દ્વારા થશે. તક્ષક અને પરીક્ષિત આવા બે ભેદ હશે, ત્યારે જ ભય રહેશે. પણ તક્ષક અને પરીક્ષિત એવો ભેદ ભાગવત શ્રવણ થતાં તત્ક્ષણ ક્ષીણ થશે. એજ ભાગવતની વિજય સિદ્ધિ છે; કારણ કે આ ભાગવત તો બ્રહ્મરસ છે. તે બ્રહ્મરસનું પાન કરતાં સર્વ બ્રહ્મ થઈ જાય છે; એટલે તમે અને તક્ષક બંને બ્રહ્મ જ છો. ૧૧.

किं प्रमत्तस्य बहुभिः परोक्षैर्हायनैरिह ।
वरं मुहूर्तं विदितं घटेत[2] श्रेयसे यतः ॥ १२ ॥
खट्वांगो नाम राजर्षिर्ज्ञात्वेयत्तामिहायुषः ।
मुहूर्तात्सर्वमुत्सृज्य गतवानभयं हरिम् ॥ १३ ॥

१. પ્રા૦ પા૦-नृपते गीतं । २. પ્રા૦ પા૦-वतते ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

तवाप्येतर्हि कौरव्य सप्ताहं जीवितावधिः ।
उपकल्पय तत्सर्वं तावद्यत्सांपरायिकम् ॥ १४ ॥

અન્વયાર્થ—**ઇહ**–પૃથ્વીમાં, **પ્રમત્તસ્ય**–અસાવધ મનુષ્યનાં, **પરોક્ષૈઃ**–પરોક્ષમાં–અણસમજમાં પસાર થતાં, **બહુભિઃ**–અનેક એવાં, **હાયનૈઃ**–વર્ષોથી, **કિમ્**–શું ફળ ? **વિદિતમ્**–સમજણ પૂર્વકની, **મુહૂર્તમ્**–બે ઘડી પણ, **વરમ્**–શ્રેષ્ઠ છે, **યતઃ**–કારણકે, **શ્રેયસે**–આત્મ કલ્યાણ માટે, **ઘટેત**–પર્યાપ્ત થાય છે. ૧૨; **ઇહ**–આ લોકમાં **ખટ્વાંગઃ નામ**–ખટ્વાંગ નામના, **રાજર્ષિઃ**–રાજર્ષિ, **આયુષઃ**–પોતાના આયુષ્યની, **ઇયત્તામ્**–અવધિને, **જ્ઞાત્વા**–જાણીને, **મુહૂર્તાત્**–બે ઘડીમાં–ક્ષણ વારમાં, **સર્વમ્**–બધું જ, **ઉત્સૃજ્ય**–ત્યજી દઈને, **અભયમ્**–નિર્ભય બનીને, **હરિમ્**–શ્રીહરિને, **ગતવાન્**–પ્રાપ્ત કરી ગયા. ૧૩; **કૌરવ્ય**–કુરુ કુલોત્પન્ન હે રાજન, **તવ**–તમારે તો, **એતર્હિ અપિ**–હાલમાં પણ, **સપ્તાહમ્**–સાત દિવસ સુધીનો, **જીવિત**–**અવધિઃ**–જીવનનો અવધિ છે, **તાવત્**–તેટલા સમયમાં, **યત્**–જે કંઈ, **સાંપરાયિકમ્**–પરલોક સંબંધી સત્કાર્ય હોય, **તત્ સર્વમ્**–તે બધું, **ઉપકલ્પય**–સંપાદન કરી લો. ૧૪.

અનુવાદ—આ ઉત્તમ ભારત ભૂમિમાં અણસમજમાં પસાર થતાં અનેક વર્ષોથી શું ફળ ? એક મુહૂર્ત જેટલો સમય પણ જો સભાન દશામાં પસાર થાય તો તે શ્રેષ્ઠ છે; કારણ કે સાવધાની વાળી બે ઘડી પણ આત્મકલ્યાણ સાધી શકે છે. ૧૨; ખટ્વાંગ નામના રાજર્ષિ, આ લોકમાં પોતાનું આયુષ્ય થોડું જ છે એવું જાણતાં જ બે ઘડીમાં સર્વ કંઇ ત્યજી દઇને, નિર્ભય બનીને, શ્રીહરિને પ્રાપ્ત કરી ગયા; તો પરીક્ષિત, તમારે તો હજુ સાત દિવસના આયુષ્યનો અવધિ અવશિષ્ટ છે. તેટલા સમયમાં પરલોક સંબંધી જે કંઇ સાધન સંપાદન કરવાનું હોય તે બધું તમે કરી લો. ૧૩; ૧૪.

તત્ત્વસુધા—રાજાએ કહ્યું, "ભાગવત બ્રહ્મરસ છે. મને ગમ્યું પણ તે રસ પીવા કેટલો વિપુલ વખત જોઇએ ? મારી પાસે તો સંકુચિત સમય છે. સાત દિવસમાં શી રીતે તે બ્રહ્મરસ સાગર પીવાય ?" શ્રીશુકે ઉત્તર દીધો, "રાજન્, અકળામણ શાને ? કિં પ્રમત્તસ્ય બહુભિઃ ગાફલ ઘણું જીવે અને સાવધ સાવધપણે અલ્પકાલ જીવે તો પણ તે કરોડ ગણું છે. પરોક્ષૈઃ હાયનૈઃ એટલે બીન સમજમાં અને બીન કાળજીમાં જીંદગીને વેડફીને શું ? પરંતુ વરં મુહૂર્તં વિદિતં વિવેક પૂર્વક કે સાવધાની પૂર્વક એક મુહૂર્ત જીવાય તો તે શ્રેષ્ઠ છે. ધન, યૌવન, જીવન અને વખત વણ સમજે વેડફવા કરતાં વિવેકે વાપરતાં મુક્તિ કરગત છે." ૧૨.

પરીક્ષિત, તમે રાજર્ષિ છો. તેવાજ રાજર્ષિનું દૃષ્ટાન્ત આપું. ખટ્વાંગો નામ રાજર્ષિઃ ખટ્વાંગ નામના રાજાએ માત્ર બે જ મુહૂર્તના આયુષ્યમાં હરિપદ પ્રાપ્તિ કરી છે, અભય બન્યા છે; જ્યારે તમારે તો સપ્તાહં જીવિતાવધિઃ સાત દિવસ જેટલો વિપુલ વખત સાંભળવા માટે સિલકમાં છે. દુશ્મનનું આયુષ્ય જાણી લેવું એ નીતિ છે અને પોતાનું આયુષ્ય જાણી લેવું એ વિવેક રીતિ છે. એ જણાવનાર મળે, તો તો એ જીગર જાન મિત્ર છે કે જગદ્‌ગુરુ છે. રાજન, શૃંગીએ શાપ નથી દીધો; પરંતુ જીવિતાવધિઃ સાત દિવસ જીવનનો અવધિ બાંધ્યો છે. તો વિપ્રવરનો ઉપકાર, અનુગ્રહ અને આશીર્વાદ માની લેવાનો અવસર છે. આ **ઉપકલ્પય** તૈયારી કરી લેવાની તક સોંપી છે. તક જતી કરે તેનું તકદીર ટૂંકું બને છે. તૈયારી એટલે પરલોકનું 'પાથેય' લેતું કરવું, એવો **સાંપરાયિકમ્** નો અર્થ થાય છે. ૧૩; ૧૪.

अन्तकाले तु[1] पुरुष आगते गतसाध्वसः ।
छिन्द्यादसङ्गशस्त्रेण स्पृहां [2]देहेऽनु ये च तम् ॥ १५ ॥

---

1. પ્રા૦ પા૦–ઋષે । 2. પ્રા૦ પા૦–દેહાનુયામિનીમ્ ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

गृहात्प्रव्रजितो धीरः पुण्यतीर्थजलाप्लुतः[1] ।
शुचौ विविक्त आसीनो विधिवत्कल्पितासने ॥ १६ ॥

अभ्यसेन्मनसा शुद्धं त्रिवृद्ब्रह्माक्षरं परम् ।
मनो यच्छेज्जितश्वासो ब्रह्मबीजमविस्मरन्[2] ॥ १७ ॥

અન્વયાર્થ—અન્તકાલે-મરણસમય, આગતે-સમીપમાં આવતાં, પુરુષઃ તુ-પુરુષે તો, ગત-સાધ્વસઃ-નિર્ભય બનીને, અસંગ-શસ્ત્રેણ-અસંગ શસ્ત્રવડે, દેહે-શરીર ઉપરની, ચ-અને, યે-જેઓ, તમ્-મનુ-તે દેહની પાછળનાં સ્ત્રી પુત્રાદિની, સ્પૃહામ્-મમતાને, છિન્દ્યાત્-છેદી નાખવી જોઇએ. ૧૫; ધીરઃ-ધીર પુરુષ, ગૃહાત્-ઘરથી, પ્રવ્રજિતઃ-સર્વસ્વ ત્યજી ચાલી નીકળેલા, પુણ્ય-તીર્થજલ-આપ્લુતઃ-પવિત્ર તીર્થજળમાં સ્નાન કરતા, શુચૌ-પવિત્ર એવા, વિવિક્તે-એકાન્ત પ્રદેશમાં, વિધિવત્-કલ્પિત-આસને-શાસ્ત્ર વિધિ મુજબ તૈયાર કરેલા આસન ઉપર, આસીનઃ-બેઠેલા, મનસા-મનથી, શુદ્ધમ્ શુદ્ધ એવા, પરમ્-સર્વ શ્રેષ્ઠ, ત્રિવૃત્-અકાર, ઉકાર, અને મકાર ત્રણ અક્ષરથી યુકત, બ્રહ્મ-અક્ષરમ્-બ્રહ્મના વાચક 'ૐ' અક્ષરનો, અભ્યસેત્-અભ્યાસ કરે-જપ કરે, જિતશ્વાસઃ-શ્વાસોચ્છ્વાસ ઉપર વિજય મેળવે અને બ્રહ્મ-બીજમ્-બ્રહ્મબીજ ૐકારને, અવિસ્મરન્-ન વિસરતાં, મનઃ-મનને, યચ્છેત્-સ્વાધીન કરે. ૧૬; ૧૭.

અનુવાદ—અન્તકાળ સમીપ આવતાં પુરુષે નિર્ભય બનીને અસંગરૂપી શસ્ત્ર વડે શરીર ઉપરની આસક્તિને, તેમજ તે શરીરને લીધે સંબંધ ધરાવનારાં સ્ત્રી પુત્રાદિક ઉપરની આસક્તિને ત્યજી દેવી જોઇએ. ધીર પુરુષે વિરક્ત બની ઘરમાંથી ચાલી નીકળવું; પવિત્ર તીર્થ જળમાં સ્નાન કરવું; પવિત્ર એકાન્ત પ્રદેશમાં વિધિપૂર્વક રચવામાં આવેલા આસન ઉપર બેસીને અકાર-ઉકાર-મકાર ત્રણ અક્ષરવાળા, વિશુદ્ધ પર બ્રહ્મનો મનથી અભ્યાસ કરવો અને પ્રાણાયામથી શ્વાસ ઉપર વિજય મેળવીને પ્રણવમંત્ર-ૐકારનું વિસ્મરણ ન થાય એ પ્રમાણે મનને વશ કરવું. ૧૫; ૧૬; ૧૭.

તત્ત્વસુધા—સર્વ સામાન્ય મનુષ્યે જીવનની ઉત્તર ભૂમિકા કેવી રીતે પસાર કરવી તેનો ૧૫મા શ્લોકમાં ઉલ્લેખ કરે છે. માનવે **મનનશીલ** થવું, એ આખરની ભૂમિકાનું લક્ષ્ય છે. મનનથી એટલે બુદ્ધિથી 'સત્ય' શું છે તેનું ચિંતન કરવું. ચિંતનની સ્થિતિએ પહોંચવા માટે પ્રથમ નિર્ભય થવું અને હું મરણ પામીશ, એવો લેશ પણ ક્લેશ ન કરવો. એ વિષયને **અન્તકાલે** તુ પદથી ચર્ચ્યો છે. અન્તકાલ એટલે ૬૦ વર્ષ પછીનો સમય. તે સમયમાં મનનશીલ થવા માટે **'અભય'** અને **'અસંગ'** થવું. **અસંગશસ્ત્રેણ** અસંગ એ અભય શસ્ત્ર છે. દેહ, ગેહ અને પરિવારના વ્યવહારથી પર થવું, એજ અસંગ થવાની રીત છે. દેહને ભોગ ન આપવા પરંતુ તપસ્વી બનાવવો. ઘરની સંભાળ સંતાનને સોપવી. સંતાનની કાળજી ભગવાનને સોંપવી. બને ત્યાં સુધી શરીરની સેવા પુત્ર, પત્ની, પરિવાર પાસેથી ન લેવી. આ અસંગે થવાની આવી છે. મનુષ્યે પ્રથમ ઘરમાં 'અસંગ' થવાનો અભ્યાસ કરી, તેમાં સફળતા મેળવી, ઘરનો ત્યાગ કરવો. તે સમયે **ધીર** થવું. ત્રણે પ્રકારના દુઃખને સહન કરવું એ ધીરનું લક્ષણ છે. આ રીતે મનનનાં ૧૫મા શ્લોકમાં ચાર સાધનો કહ્યાં. (૧) નિર્ભય થવું. (૨) નિઃસંગ થવું. (૩) નિઃસ્પૃહ થવું. (૪) નિર્મમ થવું. આ ચાર યમ હતા. જ્યારે આ ચાર સાધન સિદ્ધ થાય, ત્યારે 'ધીર' થવાય. ધીરતાની પુષ્ટિ પુણ્ય અને પવિત્રતાથી થાય છે. માટે તેણે **પુણ્ય તીર્થજલાપ્લુતઃ** પુણ્ય તીર્થોના

---

૧. પ્રા૦ પા૦ - પરિપ્લુતઃ ૨. પ્રા૦ પ્રા૦ - બીજમનુસ્મન્

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જલાશયોમાં સ્નાન કરવાં. 'તીર્થ જલ' શબ્દના પ્રયોગથી સમજવાનું કે જલને ગાગરમાં ભરી લાવી ઘરે સ્નાન ન કરતાં જ્યાં તીર્થ હોય ત્યાં સ્નાન કરવા જવું. 'પુણ્ય તીર્થ'નું તાત્પર્ય કામ્યતીર્થે ન જતાં કેવલ દિવ્ય તીર્થે જવું. શ્રીયમુના, ગંગા, ગંડકી વગેરે તીર્થોમાં સ્નાન કરવાથી ભક્તિ મળે છે. આ ત્રણ **નિયમ** હતા.

'શુચૌ વિવિક્તે' તીર્થથી શુદ્ધ થઈને નિવાસ સ્થાન પણ પવિત્ર અને એકાન્ત રાખવું. જ્યાં તપોવન હોય તે શુચિસ્થાન અને વિજન કે વિરલ જન કે મુનિજન હોય તે એકાન્ત સ્થાન.

આસીનઃ વિધિવત્ કલ્પિતાસને-આસન સિદ્ધિ નિદિધ્યાસનમાં આવશ્યક છે. માટે દર્ભાસન ઉપર મૃગચર્મ મૂકી તેના ઉપર વસ્ત્ર મૂકીને બેસવું. આસન બદલવું નહિ. અન્યના આસને બેસવું નહિ. અન્યને આસન બેસવા આપવું નહિ. આ પ્રસંગથી આસન સિદ્ધિ વર્ણવી છે.

અભ્યસેત્ મનસા આસન સિદ્ધ થતાં પ્રાણાયામનો આરંભ કરવો. પ્રાણાયામથી વાયુ વિજય થાય છે. જો સબીજ પ્રાણાયામ થાય તો પ્રાણ જલદી સ્થિર થશે. બીજમાં પ્રણવ લેવો. પ્રણવના ઉચ્ચારમાં પાપદહન, વિઘ્નહરણ અને મંગલકરણનું સામર્થ્ય છે. પ્રાણાયામથી મનોનિગ્રહ થાય છે. આ પ્રમાણે ૧૫ મા શ્લોકમાં **યમ** ૧૬ મા શ્લોકમાં **નિયમ** અને ૧૭ મા શ્લોકમાં **પ્રાણાયામ** નામનું અંગ વર્ણવ્યું. ૧૫; ૧૬; ૧૭.

નિયચ્છેદ્વિષયેભ્યોઽક્ષાન્મનસા બુદ્ધિસારથિઃ ।
મનઃ કર્મભિરાક્ષિપ્તં શુભાર્થે ધારયેદ્ધિયા ॥ ૧૮ ॥

અન્વયાર્થ—**બુદ્ધિ-સારથિઃ**-બુદ્ધિ જેનો સારથિ છે, એવા સાધકે **મનસા**-મનથી. **વિષયેભ્યઃ**-વિષયોમાંથી, **અક્ષાન્**-ઇન્દ્રિયોને, **નિયચ્છેત્**-પાછી વાળવી, **કર્મભિઃ**-કર્મોવડે, **આક્ષિપ્તમ્**-વ્યગ્ર બનેલા, **મનઃ**-મનને, **ધિયા**-બુદ્ધિ વડે, **શુભાર્થે**-શુભ અર્થમાં-મંગલમય ભગવત્સ્વરૂપમાં, **ધારયેત્**-ધારણ કરવું-સ્થિર કરવું. ૧૮.

અનુવાદ—**બુદ્ધિને સારથી બનાવીને, વિષયો તરફ જતી ઇન્દ્રિયોને મનથી પાછી વાળવી; તેમજ અનેક પ્રકારનાં કર્મો વડે વ્યગ્ર બનેલા મનને ભગવત્સ્વરૂપ-શુભ અર્થમાં સ્થિર કરવું.** ૧૮.

તત્ત્વસુધા—આ શ્લોકમાં પ્રત્યાહાર અને ધારણાનો પ્રકાર બતાવે છે. વિષયમાંથી વૃત્તિઓ સહિત ઇન્દ્રિયોને પાછી વાળવાની ક્રિયા **પ્રત્યાહાર** છે. મનને ભગવદ્ રૂપમાં યોજવાની ક્રિયા **ધારણા** છે. મનના સહકારથી **અક્ષાન્** ઇન્દ્રિયોને વિષયોમાંથી પાછી વાળી લેવી. કોઈ કષ્ટ કે કઠોર દંડ દઈને પાછી વાળવી નહિ; પરંતુ મનમાં વિવેક આવી જતાં જ મન પ્રભુમાં વળશે એટલે ઇન્દ્રિયો સ્વયં શ્રીહરિની સેવામાં ઢળશે. નિરુદ્ધ મનને બુદ્ધિના સહારે પ્રભુમાં સ્થાપી દેવાય છે. આ ક્રિયા સમયે નેત્ર બંધ હોય છે; માટે ભગવાનની માનસી મૂર્તિમાં મનને પરોવવું. ૧૮.

તત્રૈકાવયવં ધ્યાયેદવ્યુચ્છિન્નેન ચેતસા ।
મનો નિર્વિષયં યુંક્ત્વા તતઃ કિંચન ન સ્મરેત્ ।
પદં તત્પરમં વિષ્ણોર્મનો યત્ર પ્રસીદતિ ॥ ૧૯ ॥

અન્વયાર્થ—**તત્ર**-ત્યાં, **અ-વિ-ચ્છિન્નેન**-અખંડ સ્વરૂપમાં સ્થિર બનેલા, **ચેતસા**-ચિત્તવડે, **એક-અવયવમ્**-એક અવયવને, **ધ્યાયેત**-ધ્યાન કરે, **નિર્વિષયમ્**-વિષય ચિન્તન વિનાના, **મનઃ**-મનને, **યુંક્ત્વા**-ભગવત્સ્વરૂપમાં જોડી દઈને, **તતઃ**-પછી, **કિઞ્ચન**-કંઈ પણ, **ન સ્મરેત્**-સ્મરણ ચિન્તવન ન કરે, **વિષ્ણોઃ**-શ્રીવિષ્ણુ ભગવાનનું, **તત્**-તે, **પરમમ્**-શ્રેષ્ઠ, **પદમ્**-સ્થાન છે, **યત્ર**-જ્યાં, **મનઃ**-મન, **પ્રસીદતિ**-પ્રસન્ન થાય છે. ૧૯.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—ભગવાનના સમગ્ર સ્વરૂપમાં સ્થિર થયેલા ચિત્તને અલગ કર્યા વિના ભગવાનના એક એક અવયવનું ધ્યાન કરવું. મનને વિષય ચિન્તન રાહત બનાવી ભગવાનના સ્વરૂપમાં જોડી દેવું. ત્યાર બાદ કાંઈ પણ ચિન્તવન ન કરવું. ભગવાન વિષ્ણુનું તે પરમ પદ છે કે જ્યાં મન પ્રસન્નતા પામે. ૧૯.

તત્ત્વસુધા—આ શ્લોકમાં ધ્યાનનું નિરૂપણ છે. સર્વ અવયવોમાં મનની સ્થાપનાને ધારણા કહી છે. માનસી મૂર્તિના સર્વ અવયવોમાં મૂકેલા મનને ધ્યાનમાં લઇ જવું. ભગવાનના એક અવયવમાં મનનું સ્થિરીકરણ તે ધ્યાન છે. આ કથનનો આશય ભગવાનનાં બીજાં અંગોને છોડીને એક અંગમાં ધ્યાન કરવાનો નથી; પરંતુ અવ્યુચ્છિન્નેન ચેતસા એટલે સર્વાંગમાં રહેલા મનને સર્વ અંગો સાથે એક અંગમાં સ્થિર કરવું. ચરણ કમલમાં કે મુખકમલમાં, એમાંથી જેમાં મનનું વલણ થાય ત્યાં સ્થિર કરવું. અંતે ધ્યાન કરું છું તે પણ વિસરી જવું. તે સમયમાં મનની પ્રસન્નતાનો અનુભવ થાય છે, તે જ વિષ્ણુપદ છે. ૧૯.

रजस्तमोभ्यामाक्षिप्तं विमूढं मन आत्मनः ।
यच्छेद्धारणया धीरो हन्ति या तत्कृतं मलम् ॥ २० ॥

અન્વયાર્થ—ધીરઃ-ધીર પુરુષે, रजस्तमोभ्याम्-રજોગુણ અને તમોગુણથી, आक्षिप्तम्-વ્યગ્ર બનેલા, विमूढम्-વિચાર શૂન્ય એવા, मनः-મનને, धारणया-ધારણા વડે, यच्छेत्-વશ કરવું-નિયંત્રિત કરવું, या-જે ધારણા, आत्मनः-મનના, तत्कृतम्-તે રજોગુણ-તમોગુણે કરેલા, मलम्-મલને-દોષને, हन्ति-હણે છે. ૨૦.

અનુવાદ—રજોગુણ તમોગુણને લીધે વિષયોમાં વ્યગ્ર બનેલા વિચાર શૂન્ય મનને ધીર પુરુષે ધારણા વડે વશ કરવું, જે ધારણા રજોગુણ તમોગુણે કરેલા મનના તે દોષને હણે છે. ૨૦.

તત્ત્વસુધા—ધ્યાનની ભૂમિકામાં બેઠેલા સાધકના મનને જ્યારે કારણરૂપ તમોગુણ કોઈ વખત પ્રબલ બનીને સત્વ રજસને દબાવી દે, ત્યારે નિદ્રા આવી જાય છે. વળી રજોગુણ પ્રબલ બનીને સત્વ તમસને દબાવી દે, ત્યારે મનને વિષયો તરફ દોરે છે. મનની આવી મૂઢ દશાઓ આવી જાય છે, ત્યારે ધીરતા રાખવી અને પુનઃ પ્રયત્ન કરીને મનને ભગવાનની ધારણામાં મૂકીને વિક્ષેપો દૂર કરવા. એક વાત યાદ રાખવી કે યોગી જ્યારે ધ્યાનસ્થ થાય છે, ત્યારે અન્યનાં મન પણ પ્રભુના ચરણમાં દેખાય છે. તેમાંના કોઈના મનનો વિક્ષેપ દેખાય તો તેને સ્થિર કરવાનો પ્રયત્ન ન કરવો; કારણ કે આત્મનો મનઃ એવો આદેશ શ્લોકમાં કર્યો છે. ૨૦.

यतः सन्धार्यमाणायां योगिनो भक्तिलक्षणः ।
आशु संपद्यते योग आश्रयं भद्रमीक्षतः ॥ २१ ॥

અન્વયાર્થ—यतः-કારણ કે, संधार्यमाणायाम्-વ્યવસ્થિત રીતે ધારણ કરવામાં આવતાં, भद्रम्-કલ્યાણ રૂપી, आश्रयम्-વિષયને, ईक्षतः-જોતા-સાક્ષાત્કાર કરતા, योगिनः-યોગીનો, भक्ति-लक्षणः-ભક્તિનાં લક્ષણવાળો, योगः-યોગ, आशु-જલદી, संपद्यते-સિદ્ધ થાય છે. ૨૧.

અનુવાદ—જે ભગવત્સ્વરૂપની ધારણા કરતાં આનંદ કલ્યાણ રૂપ વિષયનો સાક્ષાત્કાર કરતા યોગીનો પ્રેમ લક્ષણા ભક્તિયોગ તત્કાલ સિદ્ધ થાય છે. ૨૧.

તત્ત્વસુધા—જે ધારણામાં ભક્તિયોગનું અવલંબન હોય છે તેમાં મન ઉપર કાબુ જલદી આવી જાય છે; કારણ કે તે ધારણામાં ભગવાન આધાર રૂપે રહેલા હોવાથી મનના મેલો જલદી નાશ થાય છે. ૨૧.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

રાજોવાચ–યથા સંધાર્યતે બ્રહ્મન્ ધારણા યત્ર સમ્મતા ।
યાદૃશી વા હરેદાશુ પુરુષસ્ય મનોમલમ્ ॥ ૨૨ ॥

અન્વયાર્થ—બ્રહ્મન–હે બ્રહ્મન્, ધારણા–યોગ ધારણા, યથા–જે પ્રકારે, સંધાર્યતે–ધારણ કરવામાં આવે, વા–અથવા, યત્ર–જ્યાં, સંમતા–માન્ય હોય, યાદૃશી–જે પ્રકારની ધારણા, પુરુષસ્ય–પુરુષના, મનોમલમ્–મનના દોષને, આશુ–તત્કાળ, હરેત્–હરણ કરે, તે આપ મને કહો. ૨૨.

અનુવાદ—રાજા પરીક્ષિતે કહ્યું, હે બ્રહ્મન્, આપે જે ધારણા કરવાનું કહ્યું, તે ધારણા જ્યાં કરવી સંમત હોય તે, કેવી રીતે કરવી તે, જેવી રીતે ધારણા કરવાથી મનના સર્વ દોષો દૂર થાય તે, આપ મને બતાવો. ૨૨.

તત્ત્વસુધા—રાજા યોગીરાજને ધારણાની બાબતમાં પ્રશ્ન કરે છે કે ધારણા કેવી રીતે કરવી ? ધારણા ક્યાં કરવી ? સાધક પોતે જ કોઇ માનસી મૂર્તિ કલ્પી તેમાં મનને સ્થિર કરે ? અથવા ભગવાનનાં અનેક સ્વરૂપોનું જે શ્રવણ કર્યું છે, તેમાંના કોઇ એકાદનું ધ્યાન કરે ? વળી મૂર્તિમાં રૂપનું પ્રાધાન્ય હોવું કે ધર્મનું ? સ્થૂલ મૂર્તિનું ધ્યાન કરવું કે સૂક્ષ્મનું ? સાકારનું ધ્યાન કરવું કે નિરાકારનું ? ૨૨.

શ્રીશુક ઉવાચ–જિતાસનો જિતશ્વાસો જિતસઙ્ગો જિતેન્દ્રિયઃ ।
સ્થૂલે ભગવતો રૂપે મનઃ સંધારયેદ્ધિયા ॥ ૨૩ ॥

અન્વયાર્થ—જિત–આસનઃ–આસન ઉપર વિજય મેળવવો, જિત–શ્વાસઃ–પ્રાણાયામથી શ્વાસ જીતવો, જિત–સઙ્ગઃ–સંગને જીતવો, જિત–ઐન્દ્રિયઃ–ઇન્દ્રિયોને કાબૂમાં લેવી, અને ધિયા–બુદ્ધિથી, સ્થૂલે–સ્થૂલ એવા, ભગવતઃ–ભગવાનના, રૂપે–રૂપમાં, મનઃ–મનને, સંધારયેત્–જોડી દેવું. ૨૩.

અનુવાદ—શ્રીશુકદેવજીએ કહ્યું, હે રાજન્, આસન ઉપર વિજય મેળવવો, શ્વાસને જીતવો, સંગને પણ જીતવો, તેમજ ઇન્દ્રિયો ઉપર કાબૂ મેળવવો અને બુદ્ધિ દ્વારા મનને ભગવાનના સ્થૂલ સ્વરૂપમાં જોડી દેવું. ૨૩.

તત્ત્વસુધા—રાજાના બે પ્રશ્નો હતા. એક પ્રશ્ન હતો કે ધારણાનો પ્રકાર કેવો ? બીજો પ્રશ્ન હતો ધારણાનો આધાર કેવો ? આ બેમાંથી પ્રથમ પ્રશ્નનો ખુલાસો કર્યો કે આસન ઉપર વિજય મેળવી, પ્રાણાયામ કરી, સંગથી પર થઈ, ઇન્દ્રિયોને જીતી ધ્યાનમાં બેસવું. બીજા પ્રશ્નના સમાધાનમાં કહ્યું કે ભગવાનના સ્થૂલ રૂપમાં પ્રથમ ધારણા કરવી. ૨૩.

વિશેષસ્તસ્ય દેહોઽયં સ્થવિષ્ઠશ્ચ સ્થવીયસામ્ ।
યત્રેદં દૃશ્યતે વિશ્વં ભૂતં ભવ્યં ભવચ્ચ સત્ ॥ ૨૪ ॥

અન્વયાર્થ—યત્ર–જેમાં, ભૂતમ્–થયેલું, ચ–અને, ભવ્યમ્–થવાનું, ચ–અને, ભવત્–થતું, સત્–કાર્ય–રૂપી, ઇદમ્–આ, વિશ્વમ્–વિશ્વ, દૃશ્યતે–જણાય છે, અયમ્–આ, તસ્ય–તે ભગવાનનો, સ્થવીયસામ્–અત્યંત મોટામાં, સ્થવિષ્ઠઃ–મોટો, વિશેષઃ–વિરાટ, દેહઃ–દેહ છે. ૨૪.

અનુવાદ—ભૂતકાલનું થયેલું, ભવિષ્ય કાલમાં થનારું, તેમજ વર્તમાન કાલનું કાર્યરૂપ આ જગત, જે વિદ્યમાન જણાય છે, તે આ ભગવાનનો મોટામાં મોટો વિરાટ્ દેહ છે. ૨૪.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્ત્વસુધા—પૂર્વ શ્લોકમાં શ્રીશુકાચાર્યે સ્થૂલ રૂપની ધારણાનું વિધાન કર્યું એટલે પ્રશ્ન ઉપસ્થિત થયો કે તે સ્થૂલ રૂપ કેવું ? શું મત્સ્ય, કૂર્મ આવા અનેક આકારોમાંથી કોઈ એકની ધારણામાં મનને પરોવવું કે વ્યાપક રૂપમાં ? તેનો ખુલાસો કરે છે. ભગવાનનું જે આ વિરાટ્ નામનું સ્થૂલ સ્વરૂપ છે, જેમાં ભૂત, ભવિષ્ય, વર્તમાન કાળનું વિશ્વ દેખાય છે, તે ભગવાનનું સદ્રૂપ છે અને તેમાં ભગવાનની ધારણા કરવી. ૨૪.

[1]आण्डकोशे शरीरेऽस्मिन्सप्तावरणसंयुते ।
वैराजः पुरुषो योऽसौ भगवान् धारणाश्रयः ॥ २५ ॥

અન્વયાર્થ—**સપ્ત-આવરણ સંયુતે**-સાત આવરણ વાળા, **અસ્મિન્**-આ, **આણ્ડ-કોશે**-બ્રહ્માંડરૂપ, **શરીરે**-શરીરમાં, **યઃ**-જે, **અસૌ**-આ, **વૈરાજઃ**-વિરાટ્, **પુરુષઃ**-પુરુષ, **ભગવાન્**-છ ઐશ્વર્ય સંપન્ન પરમેશ્વર, **ધારણાશ્રયઃ**-ધારણાનો વિષય છે. ૨૫.

અનુવાદ—**પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, અહંકાર અને મહત્તત્વ-એ સાત આવરણ યુક્ત આ બ્રહ્માંડ રૂપ શરીરમાં જે આ વિરાટ્ પુરુષ ભગવાન વસે છે તેજ ધારણાનો વિષય છે. ૨૫.**

તત્ત્વસુધા—વિરાટ્ તો સ્થૂલ અને જડ છે. તેનું ધ્યાન કેમ કરાય ? ધ્યાન તો ચેતનનું સંભવી શકે. વળી યજ્ઞાદિ કર્મનું ફળ પુણ્યાદિ પરોક્ષ ફળ પણ છે, જ્યારે ધ્યાનનું ફળ તો પ્રત્યક્ષ છે. કહાય કહો કે ભગવાનના સંબંધને લીધે વિરાટ્ ધ્યેય બને છે; તો પછી સાક્ષાત્ ભગવાનનું ધ્યાન શું ખોટું કે વૈરાજ પુરુષ દ્વારા ભગવાનનું પરંપરાથી ધ્યાન કરવું ? એનું સમાધાન કરે છે:-

વૈરાજ પુરુષ ધ્યાનનો મુખ્ય વિષય નથી; પરંતુ આશ્રય છે. ધ્યેયનો સાક્ષાત્ વિષય ભગવાન છે. વિરાટ્ એ ભગવાનનો સ્થૂલ દેહ છે. એમાંના પ્રત્યેક તત્ત્વમાં ભગવદ્ભાવ થવાથી તેના તરફનું કર્તવ્ય પળાય, તેમજ તે તત્વની ઉપેક્ષા ન થાય. તેથી તે પ્રકારનું ધ્યાન આવશ્યક છે. એ વાત આગળ સમજાશે. આ બ્રહ્માંડ જાણે એક અંડ આકારની કમળની કળી છે. તેમાં પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ, અહંકાર અને મહત્તત્વ એ સાત આવરણો છે. આ સાતે આવરણવાળો વિરાટ્ ભગવાનનો સ્થૂલ દેહ છે. તેના કોઈ પણ પદાર્થનો દુરુપયોગ થાય તે વિરાટ્ પુરુષનો દ્રોહ છે. ૨૫.

पातालमेतस्य हि पादमूलं पठन्ति पार्ष्णिप्रपदे रसातलम् ।
महातलं विश्वसृजोऽथ गुल्फौ तलातलं वै पुरुषस्य जङ्घे ॥ २६ ॥
द्वे जानुनी सुतलं विश्वमूर्तेरूरुद्वयं वितलं चातलं च ।
महीतलं तज्जघनं[2] महीपते नभस्तलं नाभिसरो गृणन्ति ॥ २७ ॥
उरःस्थलं ज्योतिरनीकमस्य ग्रीवा महर्वदनं वै जनोऽस्य ।
तपो [3]रराटीं विदुरादिपुंसः सत्यं तु शीर्षाणि सहस्रशीर्ष्णः ॥ २८ ॥

અન્વયાર્થ—**હિ**-ખરેખર, **એતસ્ય**-આ વિરાટ પુરુષના, **પાદમૂલમ્**-ચરણના મૂળભાગ, **પાતાલમ્**-પાતાળને, **પાર્ષ્ણિપ્રપદે**-પેની અને પ્રદેશો-પહોંચું, **રસાતલમ્**-રસાતલ છે, **અથ**-ત્યાર બાદ, **વિશ્વસૃજઃ**-વિશ્વના સર્જક-વિરાટ્ પુરુષની, **ગુલ્ફૌ**-બે ઘૂંટીઓ, **મહાતલમ્**-મહાતલ છે, **વૈ**-ખરેખર, **પુરુષસ્ય**-વિરાટ્ પુરુષની, **જંઘે**-બે જાંઘો, **તલાતલમ્**-તલાતલ છે; **પઠન્તિ**-એમ કહે છે. ૨૬; **મહીપતે**-હે પૃથ્વી પતિ, **દ્વે**-

1. પ્રા૦ પા૦-અણ્ડકોશે 2. પ્રા૦ પા૦-જઘને । 3. પ્રા૦ પા૦-લલાટં ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્ને, **જાનુની**–ગોઠણ, **સુતલમ્**–સુતલ છે, **ચ**–અને, **વિશ્વમૂર્તેઃ**–એ વિશ્વમૂર્તિની, **ઊરુ-દ્વયમ્**–અન્ને સાથળો, **વિતલમ્**–વિતલ, **ચ**–અને, **અતલમ્**–અતલ છે, **તત્ જઘનમ્**–તે વિરાટ્ પુરુષના કમરની નીચેનો પૃષ્ઠ ભાગ જઘન, **મહીતલમ્**–ભૂતળ છે, **નાભિસરઃ**–નાભિ સરોવર, **નભસ્તલં**–આકાશ છે, એમ **ગૃણન્તિ**–કહે છે. ૨૭; **અસ્ય આદિ-પુંસઃ**–આ આદિ પુરુષનું, **ઉરઃ**–**સ્થલમ્**–વક્ષઃ સ્થળ–છાતી; **જ્યોતિઃ અનીકમ્**–જ્યોતિર્મંડળ સ્થાન છે અથવા સ્વર્ગલોક છે, **મહઃ**–મહર્લોક, **ગ્રીવા**–કંઠ છે, **જનઃ**–જનલોક, **વદનમ્**–મુખ છે, **તપઃ**–તપલોક, **રરાટીમ્**–લલાટ છે, **વૈ**–ખરેખર, **સહસ્ર શીર્ષ્ણઃ**–હજારો મસ્તકોવાળા, **અસ્ય**–આ વિરાટ પુરુષનાં, **શીર્ષાણિ**–મસ્તકો, **તુ**–તો, **સત્યમ્**–સત્યલોક છે, એમ **વિદુઃ**–જાણે છે. ૨૮.

અનુવાદ––પાતાળ લોક એ વિરાટ્ પુરુષના ચરણનું મૂળ છે. પગની પેની અને ફણા–પહોંચા રસાતલ છે. મહાતળ ઘૂંટી છે. ઘૂંટી અને ગોંઠણની વચ્ચેનો ભાગ જે જંઘા કહેવાય છે તે તલાતલ નામનો લોક છે. ૨૬; હે રાજન, વિરાટ્ પુરુષની બન્ને ગોઠણો સુતલ છે. વિશ્વમૂર્તિ તે વિરાટની બન્ને સાથળ વિતલ અને અતલ છે. હે મહીપતિ, મહીતળ એ વિરાટ્ પુરુષનું જઘન છે, તથા તેમના નાભિરૂપી સરોવર આકાશ છે, એમ વિદ્વાનો કહે છે. ૨૭; આ આદિ પુરુષનું વક્ષઃ સ્થળ એ સ્વર્ગલોક છે. મહર્લોક તેની ગ્રીવા છે. જનલોક તેનું મુખ છે અને તપલોક તેનું લલાટ છે. હજારો મસ્તકવાળા આ વિરાટ પુરુષનાં મસ્તકો એ તો ખરેખર, સત્યલોક છે; એમ વિદ્વાનો જાણે છે–કહે છે. ૨૮.

તત્ત્વસુધા—ત્રણ શ્લોકોમાં ૧૪ લોકોનો વિચાર કરે છે. આ સમસ્ત વિરાટ પૂર્ણ બ્રહ્મમાંથી જ થયેલ છે. જે કે પૂર્ણ બ્રહ્મના એક ચતુષ્પાદ અંશમાંથી જ અનેક બ્રહ્માંડો બન્યાં છે. આ વર્ણન તો જેમ દેહના અવયવોનું વર્ણન થાય તે પ્રકારનું છે. એટલે ભગવાનના ચરણથી મસ્તક પર્યન્તનાં અવયવોમાંથી આ સર્વ લોકોની ઉત્પત્તિનું વર્ણન કરે છે. પાતાલથી આરંભી સત્યલોક પર્યન્તના ચૌદ લોકમાં ભગવાનના જે જે અંગેની ભાવના કરવાની છે તેની સમાલોચન કરે છે.

૧. **પાતાલમેતસ્ય**–પાતાલ સર્વની નીચેનો લોક છે. પાતાળમાં નાગો વસે છે. નાગ જેવી એક જાતિ વિશેષ છે. ભગવાનના ચરણકમલ તલમાં જેવી કુમાશ અને લાલીમા અને રેખાઓ છે, તેના જેવી જ નાગો સમાનતા ધરાવે છે. એટલે પાદ તળમાં પાતાળની ભાવના કરી. હિ અવ્યયથી ખાત્રી છે અને પઠન્તિ ક્રિયાપદથી વેદોની સંમતિ જણાવી.

૨. **રસાતલં પાર્ષ્ણિપ્રપદે**–પગની પેની–એડીનું નામ 'પાર્ષ્ણિ' અને પગનાં આંગળાંના ભાગનું નામ 'પ્રપદ', જેને ફેણ અથવા પાંચાં કહેવાય છે. તે બન્ને અને વચલો ભાગ રસાતલ છે. ઉભા રહેતાં પગના તે ભાગમાં રસ ઊતરે છે. તેથી ઊભા ઊભા પાણી પીવાની તેમ જ પેશાબ કરવાની ના પાડી.

૩. **મહાતલં ગુલ્ફૌ**–મહાતલ વિરાટની ઘૂંટી છે. આ લોકનું નામ મહાતલ છે. આ લોકથી સૃષ્ટિનો વધારો થયો છે. મહાતલથી બીજા ખંડનો આરંભ થાય છે, એવું અર્થ અવ્યય સૂચવે છે.

૪. **તલાતલં જઙ્ઘે**–ઘૂંટી અને ગોઠણની વચ્ચેના ભાગને જંઘા–પીંડી–કહે છે. તલાતલ વિરાટની પીંડી છે. ૨૬.

૫. **સુતલં જાનુની**–સુતળ તે વિરાટના બે ગોઠણ છે. ગોઠણનું બીજું નામ ઢીંચણ છે. સુતલ લોકમાં બે વિભાગો છે. એક શુદ્ધ સુતલ અને બીજો સુતલ લોક છે. જ્યાં બલિ રાજાનો વસવાટ છે, તે શુદ્ધ સુતલ છે.

૬-૭ **વિતલં ચાતલં ઊરુદ્વયમ્**–વિતલ અને અતલ વિરાટના બે સાથળ છે. બન્ને સાથળનો આગળ પાછળના ભાગનું નામ અતળ વિતલ છે. પંચમ સ્કંધમાં સાથળના ઉપર નીચેના ભાગને વિતલ અને અતલ માન્યા છે. અતળ, વિતલમાં મહાદેવજીનું સ્થાન છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૧. **મહીતલં જઘનમ્**–મહીતળ વિરાટનું જઘન છે. જઘન એટલે કૂંટીનો નીચેનો ભાગ. અર્થાત્ પૃથ્વી વિરાટનું જઘન સ્થાન છે. 'મહીપતે, સંબોધન કરી સૂચવ્યું, "રાજન, જેને તમે એક મોટો લોક માનો છો, તે તો માપમાં આટલો નાનો પ્રદેશ છે.

૨. **નભસ્તલં નાભિસરઃ**–નભસ્તલ એ તો વિરાટનો નાભિપ્રદેશ છે. આ સ્થાનમાં જલ ભરેલું છે. બ્રહ્માજી એ સ્થાનમાંથી પ્રકટેલા છે. ૨૭:

૩. **ઉરઃસ્થલં જ્યોતિરનીકમ્**–જ્યોતિર્લોક વિરાટનું વક્ષસ્થલ છે. ધ્રુવાદિ જ્યોતિશ્ચક્રનું તે સ્થાન છે. એ લોકના સ્વામી શિશુમાર ભગવાન છે.

૪. **મહર્લોકઃ ગ્રીવા**–મહર્લોક વિરાટની ગ્રીવા છે.

૫. **વદનં જનઃ**–જનલોક વિરાટનું વદન છે. આ લોકમાં નિત્ય સુખ હોય છે. મુખને સ્થાને હોવાથી સુખ વધારે મળે છે.

૬. **તપો ભરાટીમ્**–લલાટ તપોલોક છે. તપસ્વીનું લલાટ પૂજ્ય છે. તપશ્ચર્યાથી લલાટમાં તેજ હોય છે.

૭. **સત્યં શીર્ષાણિ**–સત્યલોક વિરાટનું મસ્તક છે.

વિરાટ વર્ણનનું તાત્પર્ય એ છે કે આ સર્વ લોકો ભગવાનના અંગમાંથી ઉત્પન્ન થયા છે, અથવા તો ભગવાનના અવયવો સર્વ લોકોનો આશ્રય છે. ૨૮.

ઇન્દ્રાદયો બાહવ આહુરુસ્રાઃ કર્ણૌ દિશઃ શ્રોત્રમમુષ્ય શબ્દઃ ।
નાસત્યદસ્રૌ પરમસ્ય નાસે ઘ્રાણોઽસ્ય ગન્ધો મુખમગ્નિરિદ્ધઃ ॥ ૨૯ ॥

અન્વયાર્થ—**અસ્ય**–આ વિરાટના, **બાહવઃ**–હાથો, **ઇન્દ્રાદયઃ**–ઇન્દ્ર વગેરે, **ઉસ્રાઃ**–પ્રકાશમાન દેવો છે, **દિશઃ**–દિશાઓ, **કર્ણૌ**–બન્ને કાન છે, **શબ્દઃ**–શબ્દ, **શ્રોત્રમ્**–શ્રોત્ર ઇન્દ્રિય છે, **નાસત્ય-દસ્રૌ**–બન્ને અશ્વિનીકુમારો, **પરમસ્ય નાસે**–વિરાટની નાસિકા છે, **ગન્ધઃ**–ગન્ધ, **ઘ્રાણઃ**–તેનું ઘ્રાણેન્દ્રિય છે, **ઇદ્ધઃ**–દૈદીપ્યમાન–પ્રજ્વલિત, **અગ્નિઃ**–અગ્નિ, **અસ્ય**–આ વિરાટ પુરુષનું, **મુખમ્**–મુખ છે, એમ **આહુઃ**–કહે છે. ૨૯.

અનુવાદ—આ વિરાટ પુરુષના બાહુ ઇન્દ્રાદિક દિવ્ય દેવો છે; દિશાઓ એ બે કર્ણગોલક છે; શબ્દ એમની કર્ણેન્દ્રિય છે; બન્ને અશ્વિનીકુમારો ભગવાનની નાસિકાઓ છે; ગન્ધ તેમનું ઘ્રાણેન્દ્રિય છે અને પ્રજ્વલિત–ઝળહળતો અગ્નિ એ વિરાટ પુરૂષનું મુખ છે. ૨૯.

તત્ત્વસુધા—'ઉસ્ર' શબ્દથી આહ દેવોને લેવાના છે. ઉર્ધ્વં સરન્તીતિ ઉસ્રાઃ ઊંચે સરકે તેને ઉસ્ર કહ્યા છે. **ઇન્દ્રાદયઃ** ઇન્દ્રાદિ દેવો વિરાટના હાથ છે. હાથો કર્મ કરે અને કર્મના ફલોનું સર્વત્ર વિતરણ કરે. ભગવાન આ દેવોરૂપી હસ્તથી કામ કરે છે, તેમજ સત્કર્મ કરનારને દેવો દ્વારા ફલ આપે છે. **દિશઃ કર્ણૌ**–દિશાઓ ભગવાનના કાન છે અને શબ્દ શ્રોત્ર ઇન્દ્રિય છે. કોઇ પણ એકાન્તમાં બોલાતો શબ્દ ઈશ્વરથી ગુપ્ત ન રહી શકે. એકાન્તે કરાતી સ્તુતિ કે નિંદાની અસર થયા વિના પણ ન રહી શકે એટલે સદા મંગલ શબ્દજ બોલવા. અશ્વિનીકુમારો નાસિકા છે અને ગન્ધ ઘ્રાણેન્દ્રિય છે. પ્રકટ અગ્નિદેવ ભગવાનનું મુખ છે; માટે ધુમ યુક્ત અગ્નિમાં આહુતિ ન અપાય; પરંતુ જ્વાલાયુક્ત અગ્નિમાં અપાય. ૨૯.

દ્યૌરક્ષિણી ચક્ષુરભૂત્પતઙ્ગઃ પક્ષ્માણિ વિષ્ણોરહની ઉભે ચ ।
તદ્ ભ્રૂવિજૃમ્ભઃ પરમેષ્ઠિધિષ્ણ્યમાપોઽસ્ય તાલૂ રસ એવ જિહ્વા ॥ ૩૦ ॥

૧. પ્રા૦ પા૦–ઘ્રાણં ચ ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—દ્યૌઃ-દ્યુલોક, અસ્ય-વિષ્ણોઃ-આ સર્વ વ્યાપક-વિરાટ પુરુષનાં, અક્ષિણી-નેત્ર ગોલક છે, પતંગઃ-સૂર્ય, ચક્ષુઃ-તેની ચક્ષુ ઇન્દ્રિય છે, ઉભે-બન્ને, અહની-રાત્રી દિવસ, પક્ષ્માણિ-તેની પાંપણો છે, તદ્-ભ્રૂ-વિજૃમ્ભઃ-તે વિરાટ પુરુષની ભૃકુટીનો વિલાસ, તે પરમેષ્ઠિ-વિષ્ણ્યમ્-બ્રહ્મદેવનું સ્થાન છે, આપઃ-જળ, તાલુઃ-તેનું તાળવું છે, ચ-અને, રસઃ-રસ, એવ-એજ, જિહ્વા-જીભ, અભૂત્-હતી. ૩૦.

અનુવાદ—દ્યુલોક આ સર્વ વ્યાપક દેવનાં બન્ને નેત્ર છે. સૂર્ય તેમની ચક્ષુ ઇન્દ્રિય છે. બંને રાત્રિ દિવસ તેમના નેત્રોની પાંપણો છે. એમની ભૃકુટીના વિલાસ તે બ્રહ્માજીનું સ્થાન છે. જળ એમનું તાળવું છે અને રસ એ એમની જીભ છે. ૩૦.

તત્ત્વસુધા—દ્યૌઃ-એટલે સ્વર્ગ લોક અથવા અન્તરિક્ષ અથવા શિશુમાર ચક્ર વિરાટની આંખો છે અને સૂર્ય તે વિરાટની ચક્ષુ ઇન્દ્રિય છે. રાત્રિ દિવસ વિષ્ણુની પાંપણો છે. રાત્રિ કાળરૂપ પાંપણ છે અને દિવસ યજ્ઞ રૂપ પાંપણ છે. બ્રહ્મલોક તે ભગવાનની દૃષ્ટિનો કેવલ વિલાસ છે. કેવલ એક આંખના અમી કિરણના નિક્ષેપે પ્રસન્ન થાય, તેને બ્રહ્માનું પદ આપી દે છે. જલ તે જલના અધિષ્ઠાતા વરૂણ ભગવાનનું તાળવું છે અને રસ તે જિહ્વા ઇન્દ્રિય છે. ૩૦.

છન્દાંસ્યનન્તસ્য શિરો ગૃણન્તિ દંષ્ટ્રા યમઃ [1]સ્નેહકલા દ્વિજાનિ ।
હાસો જનોન્માદકરી ચ માયા દુરન્તસર્ગો યદપાઙ્ગમોક્ષઃ ॥ ૩૧ ॥

અન્વયાર્થ—છન્દાંસિ-વેદો, અનન્તસ્ય-અનન્ત ભગવાનનાં, શિરઃ-મસ્તકો છે, યમઃ-યમ, દંષ્ટ્રાઃ-વિરાટ પુરુષની દાઢો છે, સ્નેહકલાઃ-પુત્રાદિક ઉપરની સ્નેહની માત્રાઓ તે, દ્વિજાનિ-દંતપંક્તિ છે, જન-ઉન્માદ-કરી-માનવોને ઉન્માદ ઉપજાવનારી, માયા-માયા, હાસઃ-ભગવાનનું હાસ્ય છે, ચ-અને, દુરન્ત-સર્ગઃ-અપાર સૃષ્ટિ પ્રવાહ, યદ્-અપાઙ્ગ મોક્ષઃ-જે વિરાટ પુરુષના નેત્રોનો કટાક્ષ છે, એમ ગૃણન્તિ-વિદ્વાનો કહે છે. ૩૧.

અનુવાદ—વેદો એ અનંત ભગવાનનું મસ્તક છે. યમ એ એમની દાઢો છે. સ્નેહના અંશ એ વિરાટ પુરૂષની દંત પંક્તિ છે. માનવોને ઉન્માદ ઉપજાવનારી માયા એ એમનું હાસ્ય છે. તેમજ સૃષ્ટિનો અનંત પ્રવાહ એ વિરાટનો નેત્ર કટાક્ષ છે, એમ વિદ્વાનો ગણે છે. ૩૧.

તત્ત્વસુધા—છન્દાંસિ-છંદો અસંખ્ય છે. તેમાં ગાયત્રી વિગેરે સાત મુખ્ય છે. તે અનન્તનાં મસ્તકો રૂપે છે એટલે યશ રૂપે છે. યશ એ મનુષ્યનું મસ્તક છે. જ્ઞાનથી યશસ્વી થવાય છે. વેદો જ્ઞાનાત્મક છે. 'યમરાજ' દાઢ છે, તેમાં પ્રાણી માત્રને ચાવી જાય છે. "કુટુંબ સ્નેહ" આસક્તિ રૂપી દાંતોમાં પરોવાયેલા મનુષ્ય જીવનના કોળીયા કરી આખરે યમને શરણ કરે છે. 'હાસ્ય' માનવને ઉન્માદ પેદા કરનારી માયા છે; પરંતુ ચ અવ્યય સાથે લઈને સૂચવ્યું છે કે જે શરણાગત થઈ જીવે છે અને આત્મ સમર્પણ કરે છે, તેને માટે હાસ્ય ભક્તિનું સ્વરૂપ બને છે. આ અનન્ત સૃષ્ટિ એ કેવલ એના કટાક્ષ નિક્ષેપની રમતની રચના છે. ૩૧.

વ્રીડોત્તરોષ્ઠોઽધર એવ લોભો ધર્મઃ સ્તનોઽધર્મપથોઽસ્ય [2]પૃષ્ઠઃ ।
કસ્તસ્ય મેઢ્રં વૃષણૌ ચ મિત્રૌ કુક્ષિઃ સમુદ્રા ગિરયોઽસ્થિસંઘાઃ ॥ ૩૨ ॥

અન્વયાર્થ—અસ્ય-આ વિરાટ પુરુષનો, ઉત્તરોષ્ઠઃ-ઉપરનો હોઠ, વ્રીડા-લજ્જા છે, અધરઃ એવ-નીચલો હોઠ જ, લોભઃ-લોભ છે, સ્તનઃ-સ્તન, ધર્મઃ-ધર્મ છે, પૃષ્ઠઃ-પૃષ્ઠભાગ, અધર્મ-પથઃ-અધર્મનો માર્ગ છે, તસ્ય-તે વિરાટ પુરુષનું, મેઢ્રમ-લિંગ, કઃ-પ્રજાપતિ છે, મિત્રૌ-મિત્રાવરુણ નામના બન્ને દેવો, એ એમના

---

૧. પા૦ પા૦-સ્વેદકલા દ્વિજાલયઃ ૨. પા૦ પા૦-ધર્મપથઃ સ્વપૃષ્ઠઃ ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વૃષણૌ-બે વૃષણ છે, સમુદ્રાઃ-સમુદ્રો, કુક્ષિઃ-એમનું ઉદર છે, ગિરયઃ-પર્વતો, અસ્થિ-સઙ્ઘાઃ-હાડકાંનો સમુદાય છે. ૩૨.

અનુવાદ—લજ્જા એ આ વિરાટ પુરુષનો ઉપલો હોઠ છે, લોભ એ નીચેનો હોઠ છે. ધર્મ એમનું સ્તન છે. અધર્મ માર્ગ એ પૃષ્ઠભાગ છે. પ્રજાપતિ એ એમનું લિંગ છે. મિત્રાવરુણ નામે બંને દેવો એ એમના વૃષણ છે. સમુદ્રો પેટ છે, તેમજ પર્વતો એ વિરાટ પુરુષનાં હાડકાં છે. ૩૨.

તત્ત્વસુધા—'વ્રીડા-લજ્જા' ઉપરનો ઓષ્ઠ છે, લોભ નીચેનો ઓષ્ઠ છે. બ્રાહ્મણની માફક જે ત્યાગથી જીવે અને લેતાં સંકોચ અનુભવે, તે લોભને જીતી શકે. ધર્મ ભગવાનનો સ્તન છે જે સર્વને અમૃત આપે છે, તે દક્ષિણ સ્તન છે. વામ સ્તન અધર્મ છે, જે સર્વને વિષ આપે છે. અધર્મ માર્ગ પ્રભુની પીઠ છે. વ્યક્તિ માત્ર પીઠ પાછળ અધર્મ આચરે છે. કઃ બ્રહ્મા તે ભગવાનની ગુહ્ય ઇન્દ્રિય છે. મિત્રાવરુણ એ બન્ને વૃષણ છે. સમુદ્ર ભગવાનનું ઉદર છે. પર્વતો પરમાત્માના અસ્થિઓ છે. એના ઉપર વિરાટની કાયાની મજબૂતાઈ છે, એટલે ત્યાં વસવાટ ન સંભવે. ત્યાં વન, વૃક્ષ, વનસ્પતિ, ઔષધિ, લતાઓનો ઉછેર સંભવે અને ઋષિમુનિ નિવાસ ઘટે, જ્યાંથી પવિત્ર તપશ્ચરણનાં કિરણ વિશ્વમાં અમીમય વાતાવરણ ફેલાવે. ૩૨.

નદ્યોઽસ્ય નાડ્યોઽથ તનૂરુહાણિ મહીરુહા વિશ્વતનોર્નૃપેન્દ્ર ।
અનન્તવીર્યઃ શ્વસિતં માતરિશ્વા ગતિર્વયઃ કર્મ ગુણપ્રવાહઃ ॥ ૩૩ ॥

અન્વયાર્થ—નદ્યઃ-નદીઓ, અસ્ય-આ વિરાટ પુરુષની, નાડ્યઃ-નાડીઓ છે, નૃપેન્દ્ર-હે રાજેન્દ્ર, મહીરુહાઃ-વૃક્ષો, વિશ્વતનોઃ-વિરાટ પુરુષના, તનૂરુહાણિ-શરીર ઉપરનાં રૂવાંટાં છે, શ્વસિતમ્-એમના શ્વાસોચ્છ્વાસ, અનન્તવીર્યઃ-અપાર બળ વાળો, માતરિશ્વા-વાયુ છે, વયઃ-પ્રાણીઓનું આયુષ્ય-કાળ, ગતિઃ-એમનું ગમન છે, ગુણ પ્રવાહઃ-ત્રણ ગુણ વાળો પ્રાણીઓનો સંસાર, કર્મ-કર્મ-ક્રીડા, છે. ૩૩.

અનુવાદ—હે રાજેન્દ્ર, નદીઓ એ આ વિશ્વ સ્વરૂપ વિરાટ ભગવાનની નાડીઓ છે. વૃક્ષો એ એમના શરીર ઉપરનાં રૂવાંટાં છે. અપાર વીર્યવાળો વાયુ એ એમના શ્વાસોચ્છ્વાસ છે. કાળ એમનું એ ગમન છે. પ્રાણીઓનો ત્રિગુણાત્મક સંસાર એ એમનું કર્મ છે. ૩૩.

તત્ત્વસુધા—નદ્યઃ નદીઓ ભગવાનની નાડીઓ છે. તેમાં પવિત્રતા ઘટે. તેનાં પાન જગતની જડતાને હરે અને સંસ્કારને તેમજ પવિત્રતાને જીવનમાં ભરે છે. એનાં વહન ખંડિત ન થવાં જોઈએ. યજ્ઞાદિ કર્મથી વૃષ્ટિ કરાવી નદીઓ જલ ભરેલી રાખવી જોઈએ. 'વૃક્ષો' રોમાંચ છે, જે છેદાય નહિ અને જેટલાં છેદાય તે પહેલાં તેટલાં નવાં રોપેલાં અને ઉછેરેલાં પણ હોવાં જોઈએ. આ ધ્યાન રાખવાનું કામ રાજ્યનું-રાજાનું છે. તેથી રાજાનું ધ્યાન દોરવા નૃપેન્દ્ર સંબોધન કરે છે. પૃથ્વી ઉપરનું એકાદ વૃક્ષ કપાય તો કાયાના રોમાંચને ખેંચતાં જેવો આઘાત લાગે, તેવો રાજાને લાગવો જોઇએ. માતરિ આકાશમાં શ્વયત ઇતિ વાય છે તેથી તેને માતરિશ્વા એટલે પવન કહેવાય છે. તે અનન્ત શક્તિનું-જનશક્તિનું શ્વસિત છે, જેથી પવનની શુદ્ધિ જોઇએ. તેથી રાજાએ સ્વચ્છતા તરફ પુષ્કળ લક્ષ રાખવું એ રાજધર્મ છે. ગતિર્વયઃ ભગવાનનું હલનચલન લોકનું આયુષ્ય છે. "રાજ ચાર માઇલ ચાલે અને ભોજન ચાવે," એ સો વર્ષ જીવે. સો વર્ષ પહેલાં તેને ત્યાં યમરાજ ન આવે અને તેને આંગણે કદિ વૈદ્યરાજ ના આવે, એ આશયથી કહ્યું કે ગતિ એ વયઃ આયુષ્ય છે. આખો આ પ્રાણી સમૂહ પ્રવાહ તે ભગવાનનું કર્મ છે. ૩૩.

ઈશસ્ય કેશાન્વિદુરમ્બુવાહાન્વાસસ્તુ સન્ધ્યાં કુરુવર્ય ભૂમ્નઃ ।
અવ્યક્તમાહુર્હૃદયં મનશ્ચ સ ચન્દ્રમાઃ સર્વવિકાર કોશઃ ॥ ૩૪ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—કુરુવર્યઃ–કુરુવંશમાં શ્રેષ્ઠ હે પરીક્ષિત, અમ્બુ–વાહાન્–જળને વહેનારા મેઘોને, ભૂમ્નઃ–મહાન એવા, ઈશસ્ય–સર્વેશ્વર પ્રભુના કેશાન્–કેશો છે એમ કહે છે. સંધ્યામ્ તુ–સંધ્યાકાળને તો, વાસઃ–વસ્ત્ર, વિદુઃ–જાણે છે, અવ્યક્તમ્–પ્રકૃતિ પ્રધાન એ એમનું હૃદયમ્–હૃદય છે, એમ આહુઃ–કહે છે, ચ–અને, સઃ–તે, ચન્દ્રમાઃ–ચન્દ્ર, મનઃ–મન છે, સર્વ–વિકાર–કોશઃ–જે સર્વ વિકારોની કળી–મૂળ છે. ૩૪.

અનુવાદ—કુરુકુલ શ્રેષ્ઠ હે રાજન્, મેઘો એ સર્વ નિયન્તા પરમેશ્વરના કેશ છે. સંધ્યાકાળ વિરાટનું વસ્ત્ર છે. અવ્યક્ત એટલે પ્રકૃતિ તત્ત્વ એ હૃદય છે; તેમજ ચંદ્ર એ વિરાટનું મન છે, જે વિકારોની કળીરૂપે છે. ૩૪.

તત્ત્વસુધા—ઈશસ્ય કેશાન્–આકાશમાંના મેઘો વિરાટના કેશ છે. જેમ મુખ–સૌન્દર્ય કેશથી છે, તેમ વસુંધરા રાણીનું મુખ–સૌન્દર્ય મેઘોથી છે. વર્ષામાં લીલી પામરી ધારણ કરતી ધરણી સોહામણી લાગે છે. યજ્ઞો દ્વારા મેઘોનું નિર્માણ થાય છે, તેથી યજ્ઞો કરવાનું વિધાન કર્યું. વાસઃ તુ સન્ધ્યામ્–વિરાટનું પીતાંબર સંધ્યાકાળ સમાન છે. પ્રકૃતિ તત્ત્વ ભગવાનનું હૃદય છે, તેથી જ પ્રકૃતિમાં સૌન્દર્ય અને માધુર્ય છે. 'ચન્દ્ર' એ વિરાટનું મન છે. વિશ્વ ઉપર એ અમીવર્ષણ કરે છે, તેમજ અસુરોને વિકાર પણ આપે છે. ૩૪.

વિજ્ઞાનશક્તિં મહિમામનન્તિ સર્વાત્મનોઽન્તઃકરણં ગિરિત્રમ્ ।
અશ્વાશ્વતર્યુષ્ટ્રગજા નખાનિ સર્વે મૃગાઃ પશવઃ શ્રોણિદેશે ॥ ૩૫ ॥

અન્વયાર્થ—મહિમ્–મહત્તત્ત્વ, સર્વાત્મનઃ–સર્વના સ્વરૂપ એવા વિરાટનું, વિજ્ઞાન–શક્તિમ્–વિજ્ઞાન શક્તિ–ચિત્ત છે, એમ આમનન્તિ–કહે છે. ગિરિત્રમ્–શ્રીરુદ્રદેવ (મહાદેવ), એ અન્તઃકરણમ્–અંતઃકરણ છે. અશ્વ–અશ્વતરી–ઉષ્ટ્ર–ગજાઃ–ઘોડા–ખચ્ચર–ઊંટ તથા હાથીઓ, નખાનિ–વિરાટના નખ છે, સર્વે–બધા, મૃગાઃ–હરણો, પશવઃ–પશુઓ, શ્રોણિદેશે–નિતંબ ભાગ–કેડની પાછળના ભાગમાં–કલ્પ્યાં છે. ૩૫.

અનુવાદ—મહત્તત્ત્વ એ સર્વસ્વરૂપ વિરાટ પુરુષનું ચિત્ત છે. શ્રીરુદ્રદેવ એ વિરાટનું અંતઃકરણ છે. ઘોડા, ખચ્ચર, ઊંટ તેમજ હાથી વગેરે વિરાટના નખ છે. તેમજ સર્વ મૃગો અને પશુઓને વિરાટની શ્રોણિમાં–કેડના પૃષ્ઠ ભાગમાં કલ્પ્યાં છે, એમ વિદ્વાનો માને છે. ૩૫.

તત્ત્વસુધા—મહિમ્–એ મહતત્ત્વ–બુદ્ધિનું નામ છે. વિશ્વમાં નજરે પડતી વિજ્ઞાનની શોધો એ વિરાટની બુદ્ધિ છે. મહાદેવ એ વિરાટનું અંતઃકરણ છે. ઘોડા અને ખચ્ચર એ વિરાટના હાથના નખ છે; હાથી અને ઊંટ એ વિરાટના પગના નખ છે. મૃગો અને પશુઓ એ વિરાટનો શ્રોણી પ્રદેશ છે. ૩૫.

વયાંસિ તદ્વ્યાકરણં વિચિત્રં મનુર્મનીષા મનુજો નિવાસઃ ।
ગન્ધર્વવિદ્યાધરચારણાપ્સરઃ [1]સ્વરઃસ્મૃતીરસુરાનીકવીર્યઃ ॥ ૩૬ ॥

અન્વયાર્થ—વયાંસિ–પક્ષીઓ, વિચિત્રમ્–વિચિત્ર એવું, તદ્–વ્યાકરણમ્–તે વિરાટ પુરુષનું કળા–કૌશલ્ય છે, મનુઃ–મનુ રાજા એ એમની, મનીષા–બુદ્ધિ છે. મનુજઃ–મનુષ્ય, નિવાસઃ–વિરાટનું નિવાસસ્થાન છે, ગંધર્વ–વિદ્યાધર–ચારણ–અપ્સરઃ–ગંધર્વો–વિદ્યાધરો–ચારણો અને અપ્સરાઓ એ વિરાટના, સ્વરઃ સ્મૃતીઃ–સાત સ્વરો અને સ્મૃતિઓ છે, અસુર–અનીક–વીર્યઃ–અસુર એના વિરાટનું વીર્ય છે. ૩૬.

અનુવાદ—આ સર્વ પક્ષીઓ એ વિરાટનું વિચિત્ર કળા–કૌશલ્ય છે. મનુરાજા એ વિરાટની બુદ્ધિ છે. મનુષ્ય વિરાટનું નિવાસ સ્થાન છે. ગન્ધર્વો, વિદ્યાધરો, ચારણ અને અપ્સરાઓ એ વિરાટના સાત સ્વરો અને સ્મૃતિઓ છે. અસુર સેના વિરાટનું વીર્ય છે. ૩૬.

---

૧. પા૦ પા૦ – સ્વરઃ સ્મૃતિર્ભૈ ભાસુરાનીકવીર્યઃ ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્ત્વસુધા—પક્ષીઓ વિરાટની કલા છે. શ્વેત ઈંડામાં રંગીન મોર મૂકચા, એ કેવી અજબ કલા! મનુ રાજા એ વિરાટની ઇચ્છા છે. મનુષ્યે મનુસ્મૃતિને માન આપીને જીવવું, એ જ ભગવાનની ઇચ્છાને માન આપવા બરાબર છે. મનુષ્ય ભગવાનનું નિવાસ ધામ છે. એમાંથી ભગવાનને શોધવાના છે. ગન્ધર્વ, વિદ્યાધરો આદિ સ્વરો છે. **असुरानीकवीर्यः** ને બદલે **असुरानीकवर्यः** એવો પાઠ કરી પ્રહ્લાદ એવો અર્થ કરવો વધુ શ્રેષ્ઠ છે. ૩૬.

ब्रह्माननं क्षत्रभुजो महात्मा विड्ऊरङ्घ्रिश्रितकृष्णवर्णः ।
नानाभिधाभीज्यगणोपपन्नो द्रव्यात्मकः कर्म वितानयोगः ॥ ३७ ॥

અન્વયાર્થ—**ब्रह्म**–બ્રાહ્મણ, એ વિરાટ પુરુષનું, **आननम्**–મુખ છે, **क्षत्रभुजः**–ક્ષત્રિય જેમની ભુજાઓ છે. **महात्मा**–ઉદાર એવા, **विट्**–વૈશ્ય, **ऊरुः**–સાથળ છે, તેમજ **अङ्घ्रि**–**श्रित**–**कृष्ण वर्णः**–શૂદ્ર તેમના ચરણ છે, **नाना**–**अभिधा**–**अभीज्य**–**गण**–**उपपन्नः**–અનેક પ્રકારનાં નામવાળા દેવ ગણોથી યુક્ત, **द्रव्य**–**आत्मकः**–હુત દ્રવ્યાત્મક, **वितान**–**योगः**–યજ્ઞપ્રયોગ, **कर्म**–કાર્ય છે. ૩૭.

અનુવાદ—બ્રાહ્મણ મહાપુરુષનું મુખ છે. ક્ષત્રિયો વિરાટ પુરુષના બાહુ છે. ઉદાર એવા વૈશ્યો સાથળ છે. શૂદ્ર વિરાટના ચરણ છે. અનેક પ્રકારના દેવગણોથી યુકત, હુતદ્રવ્યાદિક સામગ્રીથી થતો યજ્ઞ પ્રયોગ વિરાટનું કર્મ છે. ૩૭.

તત્ત્વસુધા—ચાર તત્ત્વોનું નિરૂપણ ચાર વર્ણના સ્વરૂપમાં કરે છે. **ब्रह्म**–**आननम्**–બ્રહ્મ એ આનન–મુખ છે. એ કથનમાં બ્રાહ્મણ શબ્દનો પ્રયોગ નથી કર્યો; પરંતુ 'બ્રહ્મ' શબ્દ કહીને 'બ્રાહ્મણ્ય' નામની દેવતા–શક્તિનો ઉલ્લેખ કર્યો છે. બ્રાહ્મણની યોનિમાં આવ્યા બાદ તેનામાં તપશ્ચર્યાથી અને જ્ઞાનથી 'બ્રહ્મત્વ' શક્તિનો પ્રાદુર્ભાવ પામે ત્યારે તે **બ્રાહ્મણ** નામ સાર્થક થાય. એવી 'બ્રાહ્મણ્ય' દેવતા જે ધરાવે, તે વિરાટનું મુખ છે. **क्षत्रभुजः** ક્ષાત્ર નામની સંરક્ષક શક્તિ જેનામાં પ્રાદુર્ભાવ પામે તેને **ક્ષત્રિય** મનાય અને તેને જ વિરાટના હાથ ગણ્યા છે. **विड्ऊरुः** **વૈશ્ય** નામની શક્તિ વિરાટની સાથળ છે. સાથળ આશ્રય આપે છે, જે પ્રકારે વૈશ્ય સર્વને આશ્રય આપે છે. **શૂદ્ર** ચરણમાં આશ્રય લઇને રહેલો છે. ચરણ શરીરની સેવા કરે છે, તે પ્રકારે સર્વ વર્ણને કલા કૌશલ્ય પૂર્ણ કરે તેને શૂદ્ર કહેવાય. ૩૭.

इयानसावीश्वरविग्रहस्य यः सन्निवेशः कथितो मया ते ।
संधार्यतेऽस्मिन्वपुषि स्थविष्ठे मनः स्वबुद्धया न यतोऽस्ति किंचित् ॥ ३८ ॥

અન્વયાર્થ–**इयान्**–આટલો, **असौ**–આ, **यः**–જે, **ईश्वर**–**विग्रहस्य**–વિરાટ સ્વરૂપ ઈશ્વરના શરીરના, **सन्निवेशः**–અવયવોનો સમાવેશ, **मया**–મેં, **ते**–તને, **कथितः**–કહ્યો, **यतः**–જેથી આગળ વધીને, **किञ्चित्**–કંઇ પણ, **न अस्ति**–નથી. **अस्मिन् स्थविष्ठे**–આ અત્યંત સ્થૂળ–મોટા એવા, **वपुषि**–વિરાટ શરીરમાં, **स्व बुद्धया**–પોતાની બુદ્ધિથી, **मनः**–મનને, **संधार्यते**–સારી રીતે જોડી દેવાય છે. ૩૮.

અનુવાદ—આ પ્રમાણે મેં તમને જે વિરાટ દેહનો પ્રકાર કહ્યો, તેટલો જ વિરાટ દેહ છે. તે ભગવાનનું સ્થૂલ રૂપ છે. તેથી વધી બાકી કાંઇ જ નથી. સ્થૂલ એવી આ ભગવન્મૂર્તિ છે. એમાં પોતાની બુદ્ધિ સાથે મનને સારી રીતે જોડી દેવું. ૩૮.

તત્ત્વસુધા—વિરાટ નિરૂપણમાં જે વિરાટ પુરુષના શરીરનું વર્ણન કર્યું, તે વિના ભગવાનનું એક અન્ય આનંદમય સ્વરૂપ પણ છે. યોગી જનો વિરાટનું ધ્યાન કરે છે. પરીક્ષિત રાજાએ પ્રશ્ન પૂછ્યો હતો કે ધારણા ક્યાં કરવી, તેના સમાધાનમાં વિરાટ વર્ણન પૂર્ણ કર્યું. પ્રથમ સ્કંધના ૧૯મા અધ્યાયના ૩૮મા શ્લોકમાં પાંચ પ્રશ્નો કર્યા હતા. તેનો ખુલાસો કર્યો. હવે **ब्रूहि यद्वा विपर्ययम्**–એવા બીજા વિકલ્પનું સમાધાન અંતિમ શ્લોકથી કરે છે. ૩૮.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

स सर्वधीवृत्त्यनुभूतसर्व आत्मा यथा स्वप्नजनेक्षितैकः ।
तं सत्यमानन्दनिधिं भजेत नान्यत्र सज्जेद् यत आत्मपातः ॥ ३९ ॥

અન્વયાર્થ—યથા–જે રીતે, સ્વપ્ન–જન–ઈક્ષિતા–સ્વપ્નમાં અનેક મનુષ્યોને જોનાર જીવ, એકઃ–એક છે, તેમ સર્વ–ધી–વૃત્તિ–અનુભૂત–સર્વઃ–સર્વની બુદ્ધિવૃત્તિ દ્વારા સર્વ કંઈ અનુભવનાર, સઃ–તે, આત્મા–આત્મા, સત્યમ્–સત્ય સ્વરૂપવાળા એવા, તમ્–તેને, આનન્દનિધિમ્–આનંદના ભંડારને, ભજેત–ભજવા જોઈએ. અન્યત્ર–બીજે, ન સજ્જેત–આસક્ત થવું ન જોઈએ, યતઃ–જેથી, આત્મપાતઃ–આત્મપતન યાને અધોગતિ થાય છે. ૩૯.

અનુવાદ—જેમ સ્વપ્નમાં અનેક દેહોનો જોનાર આત્મા એકજ છે, તેમ તે વિરાટ્ સર્વનો આત્મા હોવાથી સર્વની બુદ્ધિવૃત્તિમાં રહી સર્વનો અનુભવ કરનાર છે. તે સત્ય છે, આનંદ નિધિ છે. તે ભજન કરવા યોગ્ય છે. તે ઈશ્વરને છોડી અન્યત્ર આસકત થનારનું પતન એટલે સંસાર થાય છે. માટે તેને છોડી બીજામાં આસકત ના થવું. ૩૯.

તત્ત્વસુધા—આનંદમય ઈશ્વરમાં જ ચિત્તને પરોવવું. એ સર્વના આત્મા છે. સર્વની બુદ્ધિમાં રહીને સચરાચરનો અનુભવ કરે છે. સ્વપ્નમાં રહેલો આત્મા સ્થૂલ ઇન્દ્રિયોના સહકાર વિના જ સ્વપ્નમાં અનેક વસ્તુઓનો અનુભવ કરતો જોવા મળે છે. તે પ્રકારે આ ભગવાન તો સર્વના આત્મા છે. અગણિત આનંદ છે; સત્ય સ્વરૂપ છે. એ આનંદમય સ્વરૂપમાં જ સ્થિર થવું. ૩૯.

શ્રીમદ્ ભાગવતના દ્વિતીય સ્કંધની તત્ત્વસુધા ટીકાનો
પહેલો અધ્યાય સંપૂર્ણ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અધ્યાય ૨ જો

તત્ત્વધ્યાન પ્રકરણનો બીજો અધ્યાય. શ્લોક ૩૭.

પ્રથમ અને દ્વિતીય અધ્યાયમાં તત્ત્વધ્યાન પ્રકરણનો સમાવેશ છે. સ્થૂલ-સૂક્ષ્મ અથવા વિરાટ્-સ્વરાટ્ એવાં બે ભગવાનનાં સ્વરૂપો છે. બ્રહ્માંડ ભગવાનનું વિરાટ્ સ્વરૂપ છે. પ્રથમ અધ્યાયે વિરાટ્નો સંપૂર્ણ વિચાર કર્યો. ભગવાનના ચરણની રેખાઓથી આરંભી મસ્તક પર્યન્તના પ્રત્યેક અવયવોની સાથે પાતાલથી લઈ બ્રહ્મલોક પર્યન્તના લોકોને અભેદ રૂપે સમજાવ્યા. પરિણામે વિરાટ્માં આસક્તિ કે ભોગ વાસના ન થતાં ભક્તિભાવ અને ત્યાગવૃત્તિ ટકે.

હવે બીજા અધ્યાયમાં ભગવાનના **આનંદાત્મક** સ્વરૂપનું નિરૂપણ કરે છે, જે સ્વરૂપના ધ્યાનથી પ્રસન્નતા અને શાંતિ પ્રાપ્ત થાય છે, આનંદાત્મક ભગવાનના સ્વરૂપમાં મનને રસાનુભવ થતાં અને બુદ્ધિ એ સ્વરૂપમાં તન્મય થઈ જતાં સંસારના સ્વાદોમાંથી સહજ રીતે જ મન ઉપરત બની જાય છે. શ્રમ વિના મનને ઈશ્વરમાં લીન કરવાની સફળ રીતમાં ભગવાનમાં આનંદાકાર સ્વરૂપનું ધ્યાન એ જ સર્વ શ્રેષ્ઠ અને સુલભ સાધન છે.

બીજા અધ્યાયમાં આરંભના ૭ શ્લોકોથી 'આવશ્યક સામગ્રી'થી જીવન વ્યવહાર ચલાવવાનું અને વધુ 'સંગ્રહશીલ' ન થવાનું હૃદય સ્પર્શી માર્ગ દર્શન કર્યું છે. પછી ૮ મા શ્લોકથી ૧૨ મા શ્લોક સુધી 'ભગવત્સ્વરૂપ'નું નિરૂપણ કર્યું છે, જે ધ્યાનને માટે ઉપયોગી છે. ૧૩ મા શ્લોકથી ૧૮ મા શ્લોક પર્યન્ત ધારણા ધ્યાનની રીતિ, ભગવાનમાં મનોલય, વૈષ્ણવપદનું સ્વરૂપ દર્શાવ્યું છે. શ્લોક ૧૯ થી ૩૨ સુધી ક્રમ મુક્તિ અને સદ્યોમુક્તિનો વિચાર કર્યો છે. શ્લોક ૩૩ થી ૩૭ સુધીમાં પ્રકરણનો ઉપસંહાર વર્ણવે છે.

પૂર્વાધ્યાયના અંતિમ શ્લોકમાં **આનન્દનિધિમ્** આનંદ નિધિ ભગવાનના ભજનનું વિધાન કર્યું. એ ભજન એ જ જીવનનો આસ્વાદ અને આહ્લાદ છે; પરંતુ વિના સત્સંગે હરિચરણાનુરાગ નથી સંભવતો, એનો પણ સંકેત કરે છે. આનંદમય પ્રભુના સ્વરૂપનું ચિંતન સર્વ શ્રેષ્ઠ સત્સંગ છે. બ્રહ્માજીએ ભગવદ્ ધ્યાન સત્સંગથી જ પૂર્વ કલ્પની સ્મૃતિ સંપાદન કરી છે. એ સ્મૃતિદ્વારા સૃષ્ટિની રચના કરી છે. સૃષ્ટિ રચવા છતાં અનાસક્ત રહી શક્યા છે. એ વિષયનો આરંભ બીજા અધ્યાયના પ્રથમ શ્લોકથી કરે છે કે **एवं पुरा धारणयात्मयोनिः-**

श्रीशुक उवाच-एवं पुरा धारणयाऽऽत्मयोनिर्नष्टां स्मृतिं प्रत्यवरुध्य तुष्टात् ।
तथा ससर्जेदममोघदृष्टि र्यथाप्ययात्प्राग्[1] व्यवसायबुद्धिः ॥ १ ॥

અન્વયાર્થ--**एवम्**-એ પ્રમાણે, **धारणया**-ભગવાનની ધારણાથી, **तुष्टात्**-સંતુષ્ટ થયેલા શ્રીહરિ પાસેથી, **पुरा**-પહેલાં, **नष्टाम्**-નાશ પામેલી, **स्मृतिम्**-બુદ્ધિને, **प्रति**-**अवरुध्य**-પાછી મેળવીને, **व्यवसाय बुद्धिः**-સૃષ્ટિને રચવાના નિશ્ચયવાળા, **अमोघदृष्टिः**-સફળ-જ્ઞાન દૃષ્ટિવાળા, **आत्मयोनिः**-બ્રહ્મદેવે, **अप्ययात्-प्राक्**-પ્રલય પહેલાં, **इदं यथा**-આ જગત જેવું હતું, **तथा**-તેવું, **ससर्ज**-રચ્યું. ૧.

અનુવાદ--**શ્રીશુકદેવજીએ કહ્યું**-એ પ્રમાણે **ભગવાનની ધારણાથી ભગવાનને પ્રસન્ન કરીને, નાશ પામેલી સૃષ્ટિને રચવાની સ્મૃતિને પાછી મેળવી અને ફરીથી સૃષ્ટિને રચવાના નિશ્ચયવાળા બનીને, સફળ દૃષ્ટિવાળા બ્રહ્માજીએ પ્રલયના પૂર્વમાં જેવું આ જગત હતું તેવું જ રચ્યું. ૧.**

---

૧. પ્રા૦ પા૦-યથાભવાત્પ્રાગ્ ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્ત્વસુધા—પુરા એટલે દૈનંદિન પ્રલય પછી પુનઃ સૃષ્ટિ રચવાની સ્મૃતિ ભગવત્કૃપાથી બ્રહ્માજીએ સંપાદન કરી છે. સૃષ્ટિને રચવાનું સામર્થ્ય તો હતું જ બ્રહ્માજીમાં; કારણ કે તે આત્મયોનિઃ સ્વયંભૂ હતા અને ભગવાનનો જ 'રજોગુણ' વિશિષ્ટ આકાર હતો. માત્ર દૈનંદિન પ્રલય પછીથી ધારણા નષ્ટ થઈ હતી; તે તુષ્ટાત્ પ્રભુના 'સંતોષ'માંથી મેળવી હતી. બ્રહ્માજીની ધારણા નષ્ટ તો ન થાય; કારણકે બ્રહ્માજી સૃષ્ટિના પૂર્વે ભગવાનની પાસે જ હતા; પરંતુ બ્રહ્માજી ભૂમિના ભોગ માટે પૃથ્વીમાં આવ્યા એટલે 'ભોગે' ધારણા શક્તિનો હ્રાસ કર્યો. જ્યારે ભોગમય વૃત્તિ બુદ્ધિની થાય છે, ત્યારે બુદ્ધિની ધારણા શક્તિ નષ્ટ પામે છે જ, છતાં બ્રહ્માજી અમોઘદૃષ્ટિઃ દીર્ઘદૃષ્ટિ હતા; તેથી જલદીથી પૂર્વની ધારણા શક્તિને મેળવી શક્યા. આવતી કાલના પરિણામનો ખ્યાલ કરી આજે નિર્ણયાત્મક પગલું ભરે, તે પુરુષ દીર્ઘદૃષ્ટિ બનાય છે. બ્રહ્માજી દીર્ઘદૃષ્ટિ હતાં, તેથીજ ભોગ ત્યજી યોગ તરફ વળ્યા હતા. 'ભોગને ત્યજે અને ભગવાનને ભજે' તે અમોઘદૃષ્ટિ પુરુષ છે. ૧.

[1]शाब्दस्य हि ब्रह्मण एष पन्था यन्नामभि र्ध्यायति धीरपार्थैः ।
परिभ्रमंस्तत्र न विन्दतेऽर्थान् मायामये वासनया शयानः ॥ २ ॥
अतः कविर्नामसु यावदर्थः स्यादप्रमत्तो व्यवसायबुद्धिः ।
सिद्ध्येऽन्यथार्थे न यतेत तत्र परिश्रमं तत्र[2] समीक्षमाणः ॥ ३ ॥

અન્વયાર્થ—**શાબ્દસ્ય**-શબ્દ સ્વરૂપ એવા, **બ્રહ્મણઃ**-વેદનો, **એષઃ**-આ, **પન્થાઃ**-માર્ગ છે, **હિ**-ખરેખર, **ધીઃ**-બુદ્ધિ; **અપાર્થૈઃ**-મહત્વ શૂન્ય એવાં, **નામભિઃ**-સ્વર્ગાદિ નામો વડે, **યત્**-જે ફલને, **ધ્યાયતિ**-ઇચ્છે છે; **માયામયે**-માયિક એવા, **તત્ર**-તે માર્ગમાં, **વાસનયા**-સુખ મેળવવાની વાસનાથી, **શયાનઃ**-સ્વપ્નની માફક જોતો, **પરિભ્રમન્**-ભટકતો, **અર્થાન્**-ઇષ્ટ પુરુષાર્થને, **ન વિન્દતે**-મેળવતો નથી. ૨; **અતઃ**-માટે, **તત્ર**-તે ભોગ્ય પદાર્થોને મેળવવામાં, **પરિશ્રમમ્**-મહેનતને, **સમીક્ષમાણઃ**-સારી રીતે જોતા, **વ્યવસાય**-**બુદ્ધિઃ**-નિશ્ચય બુદ્ધિવાળા, **અપ્રમત્તઃ**-સાવધાન, **કવિઃ**-જ્ઞાની પુરુષે, **નામસુ**-નામ માત્રના સુખના પદાર્થોમાં, **યાવદર્થઃ**-પ્રયોજન પૂરતું જ, **સ્યાત્**-રહેવું જોઈએ, **અર્થે**-પ્રયોજન, **સિદ્ધે**-સિદ્ધ થતાં, **અન્યથા**-બીજી રીતે, **તત્ર**-તેમાં, **ન યતેત**-પ્રયત્ન કરવો ન જોઇએ. ૩.

અનુવાદ—આ શબ્દ બ્રહ્મ એટલે વેદ પ્રતિપ્રાદિત માર્ગ જ એવા પ્રકારનો છે કે જેમાં ક્ષુદ્ર સુખવાળાં સ્વર્ગાદિ નામોથી સાધકની બુદ્ધિ તે તેજ ફલોનું ચિંતન કર્યા કરે છે અને નિદ્રામાં સ્વપ્નોને જોનારા મનુષ્યની માફક માયામય તે માર્ગમાં વાસનાથી ભમ્યાં જ કરે છે; પરંતુ ત્યાં કોઈ પુરુષાર્થને મેળવતો નથી. ૨: એટલા માટે જ નામમાત્ર સુખવાળા તે સ્વર્ગાદિ પદાર્થોની પ્રાપ્તિમાં પરિશ્રમને જોતા નિશ્ચયાત્મક બુદ્ધિ વાળા સાવધ જ્ઞાની પુરુષે પ્રયોજન પૂરતું જ તે નામ માત્રના ભોગ્ય પદાર્થોમાં પ્રવૃત્તિ કરતા રહેવું જોઇએ. જો તે પ્રયોજન અન્ય રીતે સિદ્ધ થતું હોય તો વિના કારણે તેમાં વધુ પ્રયત્ન ન કરવો જોઇએ. ૩.

તત્વસુધા—બે શ્લોકથી જીવનનો વિવેક સમજાવી વૈરાગ્ય તરફ મન દોરે છે વૈરાગ્ય એટલે ફલ ભોગોમાં અનાસક્તિ થવી. લોકમાં જે જે વ્યક્તિને માટે કર્મ કરીએ, જે જે ક્ષેત્રમાં કામ કરાય, તે પ્રત્યેક કર્મના ફલ સાથે સંબંધ રાખ્યા વિના, જે કાર્ય અનિવાર્ય અને અત્યાવશ્યક હોય તે જ કાર્ય કરવાં. વળી વેદોમાં જે જે કર્મનાં વિધાન છે, તે કર્મ પણ જેટલાં અત્યાવશ્યક છે તે નિષ્કામ બુદ્ધિથી કરવાં. યજ્ઞ કરવો, પરંતુ તે દ્રવ્યની

૧. પ્રા૦ પા૦-શબ્દસ્ય । ૨. પ્રા૦ પા૦-ત્વત્ર ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શુદ્ધિ માટે, નહિ કે સમૃદ્ધિની વૃદ્ધિ માટે. દાન કરવાં; પરંતુ તે ભગવાનની સંતુષ્ટિ માટે, નહિ કે સ્વર્ગાદિ લોક કે લોક કીર્તિ માટે. વેદોમાં તો અનેક વાક્યો અનેક પ્રકારના ફલોને બતાવનારાં સાંભળવા મળશે; પરંતુ તે સર્વ વાક્યોનો સમન્વય ભગવત્પ્રતિપાદક વાક્યોની એક વાક્યતા સાથે કરવામાં આવે છે. સાયંકાલ-પ્રાતઃકાલ અગ્નિહોત્ર કરું, ચાતુર્માસ્ય યાગ આચરું, સોમયાગ કરું અને તે દ્વારા અન્તઃકરણની શુદ્ધિ મેળવી ભગવાન તરફ વળું. આ એકજ એનું લક્ષ્ય બિંદુ છે. વેદોનું તાત્પર્ય સકામ યજ્ઞોનું વિધાન કરી ઉપાસકને તેના તે ફલોમાં પરોવેલો રાખી પુનર્જન્મ મરણની પરંપરામાં તેને મૂકી રાખવાનું નથી; પરંતુ 'અગ્નિ હોત્ર' આદિ આચરતાં એક દિવસ આત્મદર્શન તરફ અભિમુખ થઈ આત્મપ્રાપ્તિ કરે એવું જ છે. આ આશયથી બીજો શ્લોક આરંભ્યો છે અને સમજાવ્યું છે કે यजेत स्वर्गकामः વગેરે नार्माभिः अपार्थैः વાક્યો કેવળ ફલાભિમુખ વૃત્તિ દ્વારા મનુષ્યને ઈશ્વર તરફ દોરનારાં છે. માટે તેમાં ને તેમાં બેસી ન રહેતાં આત્મચિંતન તરફ વળવું.

એજ વાતને પરિપુષ્ટ કરતો ત્રીજો શ્લોક છે કે अतः कविः આવું સમજીને કવિએ-વિવેકીએ જેટલું જગતમાં, જગતના સંબંધોમાં, જગતની સામગ્રીમાં પ્રયોજન છે તેથી વધુ પડતાં તન, મન, જીવન પરોવવાં નહિ. કવિ એટલે 'કામ પૂરતું બોલે, ખપ જેટલું સંગ્રહ કરે, જરૂર જેટલું મળે, ઈરાદાપૂર્વક કંઈ પણ અધિક ન કરે.' ૨; ૩.

सत्यां क्षितौ किं कशिपोः प्रयासैर्बाहौ[1] स्वसिद्धे ह्युपबर्हणैः किम् ।
सत्यञ्जलौ किं पुरुधान्नपात्र्या दिग्वल्कलादौ सति किं दुकूलैः ॥ ४ ॥

अन्वयार्थ—हि-કારણ કે, **क्षितौ**-પૃથ્વી સૂવા માટે, **सत्याम्**-છે તો પછી, **कशिपोः**-પલંગ સંપાદનના, **प्रयासैः**-પ્રયાસથી, **किम्**-શું ? **बाहौ**-બન્ને હાથ, **स्वसिद्धे**-સ્વતઃ સિદ્ધજ છે તો પછી, **उपबर्हणैः**-ઓસીકાંથી, **किम्**-શું પ્રયોજન ! **अञ्जलौ सति**-બન્ને હાથની અંજલી-પૉશ છે તો પછી, **पुरुधा**-અનેક પ્રકારનાં, **अन्नपात्र्या**-ભોજન કરવાનાં પાત્રોથી, **किम्**-શું પ્રયોજન ? **दिग्-वल्कलादौ-सति**-દિશાઓ રૂપી વસ્ત્ર તથા ઝાડની છાલ વગેરે છે તો પછી, **दुकूलैः**-રેશમી વસ્ત્રોથી શું ? ૪.

અનુવાદ—જો સૂવા માટે પૃથ્વી છે, તો પછી પલંગ-તળાઈના પ્રયાસો શા માટે ? જો પોતાના બંને હાથ કાયમ પાસે જ છે, તો પછી ઓસીકાનો કાં પ્રયત્ન કરવો ! બંને હાથની બનેલી અંજલિ જલપાનનું પાત્ર છે, તો પછી બીજાં અનેક પાત્રો પ્રાપ્ત કરવા શ્રમ શા માટે ? દિશાઓ રૂપી વસ્ત્ર તેમજ વલ્કલ છે, તો પછી રેશમી વસ્ત્રોથી શું ? ૪.

तत्त्वसुधा—રાચરચીલાં, વસ્ત્રો અને વાનગીના સંપાદન-દાવાનળમાં માનવે 'જીવન' અમીને ઠોળી દીધું. જીવનની જરૂરિયાતો ઓછી કરે, એ અધિક જીવે. ઋષિ મુનિઓ દીર્ઘજીવી એજ કારણથી હતા. આહારમાં નવાર અને જવ, વિહારમાં વન અને તપોવન, રાચરચીલામાં દર્ભાસન અને કમંડલુ, વસ્ત્રોમાં વલ્કલ, તિજોરીમાં તિલક અને તુલસીની માલા હતાં. એજ એમના દીર્ઘજીવન અને દિવ્ય જીવનની ચાવી હતી. એમની જીવન ચાલીમાં વનમાલી મહાલવા આવતા હતા.

सत्यां क्षितौ—સૂવા મળે જ્યે ધરણી વિશાલા, પલંગ માટે શ્રમ લે વૃથા કાં !
બાહુ રહે મસ્તક ટેકવામાં, શાને રચે મંજુલ એ ઓસીકાં !
છે અંજલિ જ્યે જલપાન કાજે, સુવર્ણ પાત્રો રચવાં ન છાજે,
દિશા અને વલ્કલ દેહ ઢાંકે, દુકૂલ વસ્ત્રે મન કેમ તાકે !

१. प्रा० पा०-बाहौ च सिद्धे ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શુકદેવજી આ એક કવિતા કે કલ્પના નથી આપતા; પરંતુ સમાજની ચિંતાના નિવારણનો સંતોષ-ચિંતામણિ આપે છે. વટ વહીવટ અને ખટપટમાં મોટા સુભટ માર્યા ગયા. વિશાળ પૃથ્વી પટ ઉપર તેમનાં નામ નિશાન નથી મળતાં.

પૃથ્વી કે પલંગ શયન માટે સમાન છે; કારણ કે નિદ્રા સુખ શય્યામાં નથી: પરંતુ પરિશ્રમ પલંગમાં મળે છે. પરિશ્રમીને અને પ્રભુશરણુને ધરણી, ધૂળ કે રેતીમાં પણ નિદ્રા આવે છે, પલંગમાં પોઢેલા જ્યારે નિદ્રા માટે પાસાં ઘસે છે. ઉપબર્હણૈઃ–મસ્તક નીચે મૂકવાનાં ઓસીકાંનો વાચક ઉપબર્હણૈઃ–ઉપબર્હણ શબ્દ બહુવચનમાં મૂકી સૂચન કર્યું કે હાથ, પગ, ગાલ અને ખભા નીચે રાખવામાં આવતાં અનેક ઓસીકામાંથી ક્રમથી ક્રમ જેને ન હોય તેને એક એક તો વહેંચી આપો. સત્યં જલૌ–જો સામાન્ય ધાતુ પાત્રથી જલપાન; ભોજન નિર્વાહ નભી શકતો હોય તો પછી વ્યર્થ શા માટે રજત-સુવર્ણ પાત્રોના સંપાદનનો શ્રમ આચરે છે? દિક્ વલ્કલદૌ–સ્વદેશી કે સાદાં વસ્ત્રોએ નભે તો નકામાં સુવાળાં વસ્ત્રોમાં વધુ શાને સમ્પત્તિ વેડફે છે? ૪.

चीराणि किं पथि न सन्ति दिशन्ति भिक्षां
नैवाङ्घ्रिपाः [२]परभृतः सरितोऽप्यशुष्यन् ।
रुद्धाः गुहाः किमजितोऽवति नोपसन्नान्
कस्माद्भजन्ति कवयो धनदुर्मदान्धान् ॥ ५ ॥

અન્વયાર્થ—**पथि**-માર્ગમાં, **चीराणि**-ફાટેલ વસ્ત્રોના ટૂકડા, **किम्**-શું, **न सन्ति**-નથી? **परभृतः**-બીજાનું ભરણ પોષણ કરનારાં, **अङ्घ्रिपाः**-વૃક્ષો, **भिक्षान्**-ભિક્ષાને, **न एव दिशन्ति**-નથીજ આપતાં, **किम्**-શું? **अपि**-શું? **सरितः**-નદીઓ, **अशुष्यन्**-સૂકાઈ ગઈ છે? **गुहाः**-ગુફાઓ, **रुद्धाः किम्**-શું ઈંધાઈ ગઇ છે? **अजितः**-અજીત ભગવાન, **उपसन्नान्**-શરણાગતોને, **न अवति किम्**-રક્ષણ કરતા નથી કે શું? **कवयः**-જ્ઞાની પુરુષો, **धनदुर्मद-अन्धान्**-ધનના અભિમાનને લીધે અંધ બનેલાઓને, **कस्मात्**-શાથી-કયા કારણથી, **भजन्ति**-ભજે છે? ૫.

અનુવાદ—પહેરવા માટે માર્ગમાં ફેંકી દીધેલા વસ્ત્રોના ટૂકડાઓ શું ઓછા મળે છે? ઉદર પૂર્તિ માટે પારકાનું ભરણ પોષણ કરનારાં વૃક્ષો ફળફળાદિકની ભિક્ષા શું નથી આપતાં? જળનું કામ પડે તો નદીઓ શું સૂકાઇ ગઈ છે? વસવાટ માટે શું ગુફાઓ નથી? કે પૂરાઈ ગઈ છે? કે કોઇએ પહેરા મૂકયા છે? અજીત ભગવાન શરણાગતોનું રક્ષણ શું નથી કરતા? જ્ઞાની પુરુષો શા માટે ધનના દુર્મદથી અન્ધ બનેલાઓને સેવે છે? ૫.

તત્ત્વસુધા—આ પાંચમા શ્લોકમાં ઈશ્વરકૃત સગવડનો નિર્દેશ છે.

જો ચીર પંથ ચરતાં ચરણે જડે છે,
ને અંઘ્રિપો ચરણમાં ફલ ભેટ દે છે.
ના શુષ્ક સર્વ સરિતા, ન ગુફા પુરાઈ,
તોયે ભજે કવિ જનો ધનમુગ્ધને કાં?

चीराणि–સંતોષની પરાકાષ્ઠાએ પહોંચે ત્યારે તે સંત બને. એવો એકાદ સંત સમષ્ટિને સંતોષનાં દાન કરે. એવા સંતો વિના વસ્ત્રો અવનિમાં વિચરે છે. તે જ્યારે વલ્કલ પણ લેતા નથી ત્યારે ધરણી તેમના ચરણે

૨. પ્રા૦ પા૦–फलभृतः ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વસ્ત્રોના ટૂકડા ધરે છે અને વિનવે છે કે પૃથ્વી પર ફેંકી દીધેલી ચીજ પ્રભુની મનાય છે. હે સંત, એનો તું સ્વીકાર કરી લે. આ વસ્તુને ધ્યાનમાં રાખીને માનવને સંદેશો આપ્યો શુકાચાર્યે કે શું પશ્ચિમ્રસ્તામાં હીર કરતાં પણ મોઘાં ચીર નથી મળતાં ? જો સંતોષ હોય અને સેવાય તો !

अङ्घ्रिपाः-ક્ષુધાપૂર્તિ માટે સુધાથી પણ મીઠાં વસુધામાં વૃક્ષોનાં ફળો કયાં નથી મળતાં ? વૃક્ષોના જેવા કોઈ દાનવીર, ત્યાગવીર અને પાવનશીલ સંતો નથી. મૂલ એમના 'પગ' છે, શાખા એમના 'કર' છે, તેઓએ હાથથી કોઈ ચીજ લીધી, ખાધી કે પીધી નથી, તેથી તેમના શાખારૂપી હાથો સદાય પાવન છે. વળી તેઓ પોષણ માટે પગનો-મૂલનો ઉપયોગ કરે છે. વળી નિર્વાહ કેવલ જલથી કરે છે અને જગતને ફલ તેમજ રસનાં દાન કરે છે. કેવા ત્યાગી સંતો ! તે જણાવવા વૃક્ષોનો વાચક શબ્દ **अंघ्रिप** વાપર્યો છે. વળી પરિપક્વ ફલો માનવને પગમાં માનપૂર્વક ભેટમાં મૂકે છે. જરા તો વિવેક શીખ, કે ત્યાગ-સંતોષમાં કેવી મસ્તી છે. ભાઈ ! માધુકરી-ભિક્ષા તો વૃક્ષો પાસેથી કરવી.

सरितोप्यशुष्यन्-શું સરિતાઓ જલદાન નથી કરતી ? સતત સકળ માટે વહે છે તેથી તો તે સરિતા છે. એના તીરે નીર પીવા કોઈ ન આવે, ત્યારે તે સૂકાય; નહિ કે કોઈ પીવે ને સૂકાય. **रुद्धाः गुहाः**-વધુ શોભાથી ભરેલા પણ ઓછી સગવડવાળા ને કેવલ એકલ ભોગી મોટા મહાલયો શાને રચવા ? ગુફાઓથી શું ન નભે ? કદાચ વાઘવરૂથી ભરેલી હશે તો **अजित** અજીત ભગવાન રક્ષણ નહિ કરે ? આખરનું એક વાકય કહે છે કે **कस्मात् भजन्ति कवयः**-કવિવરો કેમ કુબેરોનાં દ્વારો સેવતા હશે ? એમની હાજી હા, અને રાજી કરવા ક્રિયા અને આશા પૂરવા આજીજી કરી, જીવનને પાજી બનાવી, પ્રભુની નારાજી વહોરી લેતા હશે ? ૫.

एवं स्वचित्ते स्वत एव सिद्ध आत्मा प्रियोऽर्थो[1] भगवाननन्तः ।
[2]तं निर्वृतो नियतार्थो भजेत संसारहेतूपरमश्च यत्र ॥ ६ ॥

अन्वयार्थ—**एवं**-આ પ્રમણે, **स्वचित्ते**-પોતાના ચિત્તમાં, **आत्मा**-આત્મા-સર્વત્ર વ્યાપક, **प्रियः**-અત્યંત પ્રિય, **अर्थः**-પરમ પુરૂષાર્થ રૂપ, **अनन्तः**-વિનાશ રહિત, **भगवान्**-પરમેશ્વર, **स्वतः**-**एव**-પોતાની જાતેજ, **सिद्धे**-સિદ્ધ છે, **च**-અને, **यत्र**-જ્યાં, **संसार-हेतु-उपरमः**-સંસારમાં કારણભૂત અવિદ્યાનો ઉપરામ છે, **तम्**-તે ભગવાનને, **नियतार्थः**-નિશ્ચિત સ્વરૂપવાળા તેમજ, **निर्वृतः**-આનંદ યુક્ત થઈને, **भजेत**-ભજવા જોઈએ. ૬.

અનુવાદ—એ પ્રમાણે પોતાના ચિત્તમાં સર્વત્ર આત્મરૂપે વ્યાપક, અત્યંત પ્રિય, પરમ પુરુષાર્થ રૂપ, અન્તરહિત, એવા ભગવાન જો પોતાની મેળેજ પ્રવેશ કરે છે, તો પછી તેને આનંદ-પૂર્વક, નિશ્ચિત રૂપે ભજવા જોઇએ. જેથી સંસારને ઉત્પન્ન કરનારાં કારણો સ્વયં વિરામ પામે. ૬.

તત્ત્વસુધા—સંતુષ્ટ અને નિરપેક્ષ બની ઈશ્વરને ભજવામાં જીવનનો આનંદ મળે છે, એવો સંકેત કરી છઠ્ઠા શ્લોકમાં ઈશ્વર સર્વ પ્રકારની સામગ્રીઓ પૂરી પાડશે એવો નિર્દેશ કરે છે. 'આત્મા, દેહ, ધન, ઈશ્વર અને નિત્ય કર્મ'—આ પાંચ પદાર્થો જીવન શાન્તિનાં સાધનો છે. ભગવાન સ્વયં તે પાંચ પદાર્થોનાં સ્વરૂપ લઈ આનંદ આપશે, એમ સમજાવતાં **आत्मा, प्रियः, अर्थः, भगवान्, अनन्तः** એવાં પાંચ વિશેષણો આપે છે. વળી જે ભગવાનને ભજવાના છે, તે એટલા બધા સુલભ છે કે તે **स्वचित्ते स्वत एव सिद्धे**-મનુષ્યના ચિત્તમાં સ્વતઃ સુલભ છે. પ્રતિમામાં તો આવાહન-પ્રાણ પ્રતિષ્ઠા કરવાં પડે, જ્યારે આ તો હૃદયમાં છે, જેથી કોઇ પણ વિધિની પણ આવશ્યકતા નથી; માટે ભગવાનને ભજવા જોઇએ.

आत्मा-પ્રથમ તો ભગવાન આત્મા છે, હૃદયમાં પ્રકાશે છે, અત્યંત નિકટ છે, સુલભ છે, અમૂલ્ય છે; માટે એને જ ભજી શકાય.

---

૧. પ્રા૦ પા૦-પ્રિયાર્થો । ૨. પ્રા૦ પા૦-સુનિર્વૃતો ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પ્રિયઃ–કદાચ આત્મા હોય; પરંતુ તેમાં પ્રિયપણું ન હોય; તો તેમ પણ નથી. તે તો પ્રીતિનું મંદિર છે. ભગવાન પ્રીતિનો સિંધુ છે. તેમાંથી એક બિંદુ જેટલી જગતમાં આપી છે. મનુષ્યો તે પ્રીતિને અનેક ઠેકાણેથી જગતમાંથી મેળવવા અને દેવા ભટકે છે; તે કરતાં તો જો ભગવાનમાંથી મેળવે અને મૂકે, તો પૂર્ણ સંતોષ થશે. "सब कै ममता ताग बटोरी, मम पद मनहि बांध बरि डोरी ॥" રઘુનાથજીએ વિભીષણને કહ્યું, " સર્વમાંથી સ્નેહરશનાને વારી લઇ, મારા ચરણમાં લગાવી દે. હું કેદી બનીશ."

અર્થઃ–ભગવાન પાંચ પ્રકારના અર્થરૂપે પણ છે. ૧. સર્વ વેદોના અર્થરૂપે; ૨ સર્વ ધન રૂપે; ૩ સર્વ પદાર્થો રૂપે; ૪ સર્વ પ્રયોજન રૂપે; ૫ સર્વ પુરુષાર્થ રૂપે. આમ પાંચે પ્રકારે ભગવાન છે.

ભગવાન્–પણ ઐશ્વર્ય સમ્પન્ન છે. જગતના બધા જ ઐશ્વર્યશૂન્ય છે.

અનન્તઃ–વિશ્વની સામગ્રી અંતવાળી છે. વિશ્વપતિ કેવળ અનંત છે.

આ પાંચ વિશેષણોથી ૨૬ પ્રકારે ભગવાન સેવ્ય બતાવ્યા. બ્રહ્મ–જીવના ભેદથી આત્મા ૨ પ્રકારે; એકાદશ ઇન્દ્રિયોના આનંદરૂપે હોવાથી પ્રિય ૧૧ પ્રકારે; અર્થો પાંચ પ્રકારના હોવાથી અર્થ ૫ પ્રકારે; ભગવાન ૬ ઐશ્વર્યવાળા હોવાથી ભગવાન્ ૬ પ્રકારે અને અનન્ત પણ ૨ પ્રકારે, એમ મળી ૨૬ પ્રકાર થયા.

આનંદના અધિકારી બે જણ છે-(૧) નિર્વૃતઃ અન્યના આશ્રય વિનાનો અનન્યાશ્રિત, ભજનાનંદી થઇને ભજે; (૨) નિયતાર્થઃ નિશ્ચય વાળો થઇને અથવા 'હું રોજ આટલી માળા ફેરવીશ, આટલી કથા સાંભળીશ, આટલા નમસ્કાર કરીશ–એવા નિયમવાળો થઇ ભજે. ૬.

कस्तां त्वनादृत्य परानुचिन्तामृते पशून्नसतीं नाम युञ्ज्यात् ।
पश्यञ्जनं पतितं वैतरण्यां स्वकर्मजान् परितापाञ्जुषाणम् ॥ ७ ॥

અન્વયાર્થ—**વૈતરણ્યામ્**–વૈતરણી નામની નદીમાં, **પતિતમ્**– પડેલા, **જનમ્**–માણસને, **સ્વકર્મજાન્**–પોતાના કરેલા કર્મોથી ઉત્પન્ન થયેલા, **પરિતાપાન્**–કલેશોને, **જુષાણમ્**–ભોગવનારા પુરુષને, **પશ્યન્**–જોતો એવો, **પર–અનુચિન્તામ્**–જેમાં શ્રીહરિનું નિત્ય ચિન્તન છે એવી, **તામ્**–તે ધારણાને, **તુ**–તો, **અનાદૃત્ય**–અનાદર કરીને, **પશૂન્ ઋતે**–પશુઓ સિવાય, **કઃ નામ**–કયો એવો પુરુષ,–**અસતીમ્**–દુષ્ટ એવી વિષય વાસનાને, **યુઞ્જ્યાત્**–ધારણ કરે ? ૭.

અનુવાદ—**વૈતરણી નદીમાં પડેલા, તેમજ પોતે જ કરેલાં કર્મોનાં ફળરૂપ કલેશોને ભોગવતા મનુષ્યને જોવા છતાં, પશુ વિના એવો અન્ય કોણ પુરુષ હોઈ શકે કે જે શ્રીહરિના નિત્ય ચિંતનવાળી તે શ્રેષ્ઠ ધારણાનો અનાદર કરીને દુષ્ટ વિષય વાસનાનું ચિંતન કરે ? ૭.**

તત્ત્વસુધા—છઠ્ઠા શ્લોકમાં 'અનન્ય ભક્ત' ભગવાનનાં ૬ ઐશ્વર્યવાન બને છે, તેવો સંકેત કરી સાતમા શ્લોકમાં જે અન્યાશ્રિત રહે છે તે ૬ પ્રકારે કલેશ અનુભવે છે. એ વસ્તુનો ખ્યાલ આપતાં ૬ વિશેષણો ચર્ચે છે—'જન્મ, મૃત્યુ, પીડા, કર્મ, પરિતાપ અને હીનત્વ.' એવા ૬ દોષો નિત્ય દેહમાં હોય છે, એનો ઉલ્લેખ કરે છે. પશ્યન્ જનં પતિતં—જનં એટલે વારંવાર જન્મ; પતિતમ્ એટલે મૃત્યુ; વૈતરણ્યામ્ એટલે વિવિધ યાતના–પીડા; સ્વકર્મ એટલે કર્મપરંપરા; પરિતાપાન્ એટલે જીવનના સંતાપો; જુષાણમ્ વિષયાસક્ત થવાથી હીનત્વ. આ ૬ પ્રકારના કલેશો શ્રીહરિનું શરણ ન લેવાથી થાય છે. ૭.

[1]केचित्स्वदेहान्तर्हृदयावकाशे [1]प्रादेशमात्रं [2]पुरुषं [3]वसन्तम् ।
[4]चतुर्भुजं कञ्जरथाङ्गशङ्खगदाधरं[5] धारणया स्मरन्ति ॥ ८ ॥

१, प्रा० पा०–केचित्स्वदेहेऽन्तर्हृदोऽवकाशे ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—**કેચિત્**-કેટલાક પુરુષો, **સ્વદેહ**-અન્તર્હૃદય-અવકાશે-પોતાના શરીરની અંદરના હૃદય રૂપી આકાશમાં, **વસન્તમ્**-વસનારા, **કંજ**-રથાઙ્ગ શંખ-ગદા-ધરમ્-કમળ-ચક્ર-શંખ અને ગદાને ધારણ કરનારા, **ચતુર્ભુજમ્**-ચાર ભુજાઓવાળા, **પ્રાદેશમાત્રમ્**-અંગુઠા અને તર્જની આંગળીની વચ્ચેના અંતરવાળા પ્રાદેશ પ્રમાણના, **પુરુષમ્**-પુરુષને, **ધારણયા**-ધારણા વડે, **સ્મરન્તિ**-સ્મરણ કરે છે. ૮.

અનુવાદ—**કેટલાક યોગી પુરુષો પોતાના હૃદયાકાશમાં વસનારા, શંખ-ચક્ર-ગદા-પદ્મને ધારણ કરનારા, ચતુર્ભુજ સ્વરૂપવાળા, પ્રાદેશ પરિમાણવાળા પુરુષનું ધારણા દ્વારા સ્મરણ કરે છે.** ૮.

તત્ત્વસુધા—**કેચિત્ સ્વદેહાન્તઃ**-અનન્યાશ્રિતે ઇશ્વરની આરાધના કરવી એવો સિદ્ધાન્ત નક્કી થયો, એટલે પ્રશ્ન થાય કે કેવા સ્વરૂપની ઉપાસના કરવી ? તેના સમાધાનમાં ૬ શ્લોકો મૂકયા છે. પ્રથમ પાંચ શ્લોકથી ધારણા અને એક શ્લોકથી ધ્યાનનો ખ્યાલ એમ ૮થી ૧૩ સુધીના ૭ શ્લોકો સુધીમાં આપે છે.

હવે ધ્યાનની આશ્રયમાં સ્વરૂપનો વિચાર આવ્યો કે કેવા સ્વરૂપનું ધ્યાન કરવું ? એક મત કહે છે—૧ વેદમાં વર્ણવેલ અંગુષ્ઠ સ્વરૂપ; ૨ પ્રાદેશ સ્વરૂપ; ૩ પુરુષ સ્વરૂપ; ૪ વિરાટ્ સ્વરૂપ—એવાં ચાર સ્વરૂપ છે. તેમાંથી પ્રાદેશ સ્વરૂપ લેવું. બીજો મત કહે છે-૧ નિરાકાર; ૨ શેષશાયી; ૩ ચતુર્ભુજ—આવાં ત્રણ સ્વરૂપોમાંથી ચતુર્ભુજ સ્વરૂપનું ધ્યાન લેવું; પરંતુ સાર એ છે કે 'વિરાટ્'નું ધ્યાન કરી, દોષ-નિવૃત્તિ કરી, શુદ્ધ અન્તઃકરણમાં "**પ્રાદેશમાત્ર**" સ્વરૂપનું દર્શન કરી આનંદની પ્રાપ્તિ કરવી. આવા સ્વરૂપનું ધ્યાન કરનારા અતિ પરિમિત મળશે. તે સૂચવવા **કેચિત્** એટલે વિરલ, કે જે કેવલ હરિકૃપા પાત્ર છે, તેવા પુરુષો જ મળી શકે છે. **કેચિત્** અવ્યય મતભેદ દર્શાવવા નથી વાપર્યો અથવા આ અધ્યાયના ધ્યાનના સ્વરૂપમાં કોઈ જ સંમત છે, સર્વ સંમત નથી, એવી અરૂચિ દર્શાવતો **કેચિત્** અવ્યય નથી. આ સ્વરૂપના વર્ણનમાં ૨૪ દ્વિતીયાન્ત વિશેષણો આપી ૨૪ અવતાર બતાવ્યા છે.

૧. **પ્રાદેશમાત્રમ્**-થી "વરાહાવતાર." પ્રાદેશપદથી-અંગુઠા અને પ્રથમ આંગળીના ટેરવા સુધીના માપનું લગભગ દશાંગુલ સ્વરૂપનું ધ્યાન કરવું એમ સૂચવ્યું. ધ્યાનનું સ્વરૂપ અત્યંત સૂક્ષ્મ કે અત્યંત વિશાલ ન રાખતાં 'પ્રાદેશ' માત્રના માપનાં ચિત્રજીમાં કે શ્રીવિગ્રહમાં ચિત્ત પરોવવું.

૨ **પુરુષ**-થી "યજ્ઞાવતાર." આકાર પણ પુરુષનો લેવો. સ્ત્રી આકૃતિ ધ્યાન માટે સાનુકૂલ નથી.

૩ **વસન્તમ્**-થી " શ્રી કપિલ અવતાર." હૃદય પ્રદેશમાં બિરાજમાન પ્રભુ શ્રી કપિલ છે. એ પ્રભુનું સાન્નિધ્ય વિવેક મતિ આપે.'

૪ **ચતુર્ભુજમ્**-થી ચાર ભુજ "દત્ત"નો અવતાર દત્તાત્રયનું ધ્યાન ચાર પુરુષાર્થોને આપે છે, ચાર વેદોનો સાર આપે છે.

૫ **કઞ્જરથાઙ્ગશંખગદાધરમ્**-થી "સનત્ કુમારો"નો અવતાર. ચાર આયુધો ચાર સનત્કુમારોનો અવતાર છે. શંખ વગેરે ચાર આયુધોથી અભય આપે છે. ચક્રથી અજ્ઞાનને નિવારે છે; શંખથી મંગલ કરે છે; શબ્દ જ્ઞાન આપે છે; કમલથી પ્રેમ આપે છે; ગદાથી દુશ્મનોને દૂર કરે છે. ૮.

૬ ૭ ૮
प्रसन्नवक्त्रं नलिनायतेक्षणं कदम्बकिञ्जल्कपिशङ्गवाससम् ।
૯ ૧૦
[1]लसन्महारत्नहिरण्मयाङ्गदं स्फुरन्महारत्नकिरीट कुण्डलम् ॥ ९ ॥

---

૧. પ્રા૦ પા૦ – લસન્મહાહારહિરણ્મયા૦ ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

उन्निद्रहृत्पङ्कजकर्णिकालये[1] योगेश्वरास्थापित पादपल्लवम् ।
श्री लक्ष्मणं कौस्तुभरत्नकंधरमम्लानलक्ष्म्या वनमालयाञ्चितम् ॥ १० ॥
विभूषितं मेखलयाङ्गुलीयकैर्महाधनैर्नूपुरकङ्कणादिभिः ।
[2]स्निग्धामलाकुञ्चित नीलकुन्तलैर्विरोचमानाननहासपेशलम् ॥ ११ ॥
अदीन लीला हसितेक्षणोल्लसद् भ्रूभङ्गसंसूचित भूर्यनुग्रहम् ।
ईक्षेत चिन्तामयमेनमीश्वरं यावन्मनो धारणयावतिष्ठते ॥ १२ ॥

અન્વયાર્થ—**પ્રસન્ન-વક્ત્રમ્**-પ્રસન્ન મુખવાળા, **નલિન-આયત-ઈક્ષણમ્**-કમળ સમાન વિશાળ નેત્રવાળા, **કદમ્બ-કિંજલ્ક-પિશંગ-વાસસમ્**-કદમ્બ પુષ્પના કેશર જેવાં પીળાં વસ્ત્રો વાળાં, **લસત્-મહારત્ન-હિરણ્મય અંગદમ્**-દેદીપ્યમાન શ્રેષ્ઠ રત્ન જડિત સુવર્ણનાં બાજૂબંધવાળા, **સ્ફુરત્-મહારત્ન-કિરીટ-કુણ્ડલમ્**-પ્રકાશમાન શ્રેષ્ઠ રત્ન જડિત મુકુટ તેમજ કુંડળવાળા. ૯.

૧૦. **ઉન્નિદ્ર-હૃત્-પંકજ-કર્ણિકા-આલયે**-પ્રફુલ્લિત હૃદય કમળની કળીના મધ્ય ભાગમાં, **યોગેશ્વર-આસ્થાપિત-પાદ-પલ્લવમ્**-યોગેશ્વરોએ જે ચરણ કમળને પધરાવ્યું છે તેવા, **શ્રીલક્ષ્મણમ્**-લક્ષ્મીના ચિન્હને ધારણ કરનારા, **કૌસ્તુભ-રત્ન-કંધરમ્**-કંઠમાં કૌસ્તુભ રત્નને ધારણ કરનારા, **અમ્લાન-લક્ષ્મ્યા**-નિત્ય પ્રફુલ્લિત શોભાવાળી, **વનમાલયા**-વનમાળા વડે, **અશ્ચિતમ્**-શોભાયમાન. ૧૦.

મહાધનૈઃ-અતિ મૂલ્યવાળાં, **નૂપુર-કંકણ-આદિભિઃ**-ઝાંઝર-કંકણ વગેરેથી, **મેખલયા**-કેડ ઉપરના કંદોરાથી, **અંગુલીયકૈઃ**-વીંટીઓથી, **વિભૂષિતમ્**-સુંદર શોભતા, **સ્નિગ્ધ-અમલ-આકુઞ્ચિત-નીલ-કુન્તલૈઃ**-સુંવાળા સ્વચ્છ-વાંકડિયા-શ્યામ કેશો વડે, **વિરોચમાન-આનન-હાસ-પેશલમ્**-પ્રકાશમાન મુખારવિંદના હાસ્યથી ખૂબ શોભતા. ૧૧.

અદીન-લીલા-હસિત-ઈક્ષણ-ઉલ્લસત્-ભ્રૂ-ભઙ્ગ-સંસૂચિત-ભૂરિ-અનુગ્રહમ્-ઉદાર, લીલા, સ્મિત-હાસ્ય-અવલોકન-કાન્તિયુક્ત ભ્રૂવિલાસ વગેરેથી અમિત અનુગ્રહને સૂચવનારા, **ચિન્તામયમ્**-ચિન્તવન કરવાથી પ્રકટ થતા, **એનમ્**-આ, **ઈશ્વરમ્**-ઈશ્વરને, **ઈક્ષેત**-ધ્યાન પૂર્વક જોવા, **યાવત્**-જ્યાં સુધી, **મનઃ**-મન, **ધારણયા**-ધારણા દ્વારા, **અવતિષ્ઠતે**-સ્થિર થઈને રહે. ૧૨.

અનુવાદ—હૃદયમાં શ્રીહરિની ધારણા કરનારા પુરુષે, પ્રસન્ન મુખારવિંદવાળા, કમળ પત્ર સમાન વિશાળ નેત્રવાળા, કદંબ પુષ્પના કેશર જેવાં પીત વસ્ત્રને ધારણ કરનારા, સુશોભિત-ઉત્તમ રત્નજડિત સુવર્ણના બાજૂબંધવાળા, પ્રકાશમાન-અમૂલ્ય રત્ન જડિત મુકુટ તથા કાનના કુંડળવાળા, પ્રફુલ્લિત હૃદય રૂપ કમળની કલિકાની મધ્યમાં યોગેશ્વરોએ જેમને આસન આપ્યું છે એવા, લક્ષ્મીના ચિહ્નવાળા, કંઠમાં કૌસ્તુભ મણિને ધારણ કરનારા તથા તાજી ખીલેલી ચરણ પર્યન્ત લટકતી-કાન્તિમયી વનમાલાથી શોભતા, કટિ મેખલા અને મુદ્રિકાઓથી શોભતા, અમૂલ્ય નૂપુર-કંકણ વગેરે આભૂષણોથી અલંકૃત, સુંવાળા-નિર્મળ-વાંકડિયા-શ્યામ કેશથી મનોહર દેખાતા, મુખમાં હાસ્યની સુંદરતાને બતાવતા, ઉદાર, લીલા-સ્મિતહાસ્ય-અવલોકન

१. प्रा० पा०—कर्णिकालयम् । २. प्रा० पा०—स्निग्धामलैः ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કાન્તિયુક્ત ભ્રૂવિલાસો વગેરેથી ભક્તોના ઉપર અનેક અનુગ્રહોને સૂચવતા તથા ચિન્તન કરવાથી મનમાં પ્રગટ થતા, સર્વ સમર્થ આ ભગવાનની મૂર્તિની જ્યાં સુધી મન સ્થિર ન થાય; ત્યાં સુધી ધારણા કરવી. ૯; ૧૦; ૧૧; ૧૨.

તત્ત્વસુધા—૬. **પ્રસન્નવક્ત્રમ્**-થી "નર નારાયણ" પ્રસન્ન મુખથી ભક્તોને અભીષ્ટ ફલ આપે છે. ૭. **નલિનાયતેક્ષણમ્**-"ધ્રુવ" ભક્તો ઉપર અમીવૃષ્ટિ કરે છે. ૮. **પિશઙ્ગવાસસમ્**-થી "પૃથુરાજા." પીતાંબરથી વેદોનું દાન કરે છે. ૯. **અઙ્ગદમ્**-થી "ઋષભદેવ." અંગદથી સંસાર આસક્તિ કાપે છે. ૧૦. **કિરીટ કુણ્ડલમ્**-થી "હયગ્રીવ." કિરીટથી તત્ત્વજ્ઞાન આપે છે. ૧૧. **પાદપલ્લવમ્**-થી "મત્સ્યાવતાર." અનન્યાશ્રય આપે છે. ૧૨. **શ્રીલક્ષ્મણમ્**-થી "કૂર્માવતાર." લક્ષ્મી આપે છે. ૧૩. **કૌસ્તુભમ્**-થી "નૃસિંહાવતાર." કૌસ્તુભથી આત્મ સ્વરૂપનું ભાન આપે છે. ૧૪. **વનમાલયા**-થી "હરિ અવતાર." વનમાલાથી કીર્તિ આપે છે. ૧૫. **મેખલયા**-થી "વામન અવતાર." મેખલાથી માયાને જકડી રાખે છે. ૧૬. **અઙ્ગુલીયકૈઃ**-થી "નારદાદિ અવતાર." વીંટીઓથી ભક્તોનું માન વધારી ભક્તાધીનપણું દર્શાવે છે. ૧૭. **નૂપુર**-થી "મનુઅવતાર." નૂપુરથી ધર્મનું જ્ઞાન આપે છે. ૧૮. **સ્નિગ્ધામલ**-થી "ધન્વન્તરિ." સ્નિગ્ધ કેશ સ્નેહ આપે છે, ૧૯. **નીલકુન્તલૈઃ**-થી "પરશુરામ." વાંકા કાળા વાળથી ખલ નાશ કરે છે. ૨૦. **હાસ પેશલમ્**-થી "રામાવતાર," હાસ્યથી શોક હરે છે. ૨૧. **અદીન લીલા**-થી "કૃષ્ણાવતાર." અનંત લીલાથી મનોનિરોધ કરે છે. ૨૨. **મૂરિ અનુગ્રહમ્**-થી "બલભદ્ર" અવતાર છે. ૨૩. **ચિન્તામયમ્**-થી "વ્યાસાવતાર." સંસારને હરિરસ આપે છે. ૨૪. **ઈશ્વરમ્**-થી "કલ્કિ અવતાર." પુનઃ ધર્મની સ્થાપના કરશે. આ પ્રકારે ભગવાનના સંપૂર્ણ શ્રીઅંગમાં, અંલકારોમાં અને અવયવોમાં સર્વ અવતારો સમાયેલા છે, એવો બુદ્ધિથી વિવેક કેળવી તે આનંદમય શ્રીઅંગમાં ચિત્તની ધારણા કરવી. પ્રત્યેક અંગોમાં પ્રેમ પ્રકટ થાય તે રીતે મનને તે ભગવદ્રૂપ તદ્રૂપ બનાવવું. ૯; ૧૦; ૧૧; ૧૨.

एकैकशोऽङ्गानि धियानुभावयेत्पादादि[1] यावद्धसितं गदाभृतः ।
जितं जितं स्थानमपोह्य धारयेत्परं परं शुद्ध्यति[2] धीर्यथा यथा ॥ १३ ॥

અન્વયાર્થ—**गदाभृतः**-ગદાધારી ભગવાનના **पादादि**-ચરણથી શરૂ કરી, **हसितं यावत्**-હાસ્યયુક્ત મુખારવિંદ સુધી, **एक-एकशः**-એક એક ક્રમપૂર્વક, **अंगानि**-અંગોને, **धिया**-મનથી, **अनुभावयेत्**-ધ્યાન ધરે, **यथा यथा**-જેમ જેમ, **धीः**-બુદ્ધિ, **शुद्धयति**-શુદ્ધ થાય તેમ તેમ, **जितं जितम्**-વિજય મેળવેલા-જીતેલા, **स्थानम्**-સ્થાનને-અવયવને, **अपोह्य**-દૂર કરીને, **परं परम्**-ત્યાર પછીના બીજા સ્થાનને, **धारयेत्**-ધારણાથી દૃઢ કરે. ૧૩.

અનુવાદ—**પછી ગદાધારી ભગવાનના ચરણોથી લઇને મુખના હાસ્ય સુધી ક્રમ પૂર્વક એક એક અંગની મનથી ભાવના કરવી. જેમ જેમ બુદ્ધિ શુદ્ધ થતી જાય, તેમ તેમ ધારણા દ્વારા જીતેલા સ્થાનને હટાવી, ત્યાર પછીના બીજા અંગનું ઉત્તરોત્તર ધ્યાન કરવું. ૧૩.**

તત્ત્વસુધા—**एक एकशः अङ्गानि** ધારણા સિદ્ધ થયા બાદ ધ્યાન તરફ પ્રયત્નશીલ થવું. મુખામ્બુજ કે ચરણામ્બુજ એવી બે પ્રકારની ભક્તિ ભાવના છે. તેમાંથી કોઇ એક પ્રકારની લેવી ચરણથી પ્રત્યેક શ્રીઅંગનું ચિંતન કરતા કરતા મુખારવિંદે આવી સ્થિર થવું. જિતં જિતં એટલે એક થાણું કબજે કરી પછી આગળનો પ્રદેશ જેમ કબજે કરતા આગળ વધીએ, તે પ્રકારે જે જે અંગોને હૃદયરથ કરી શકયા, તે અંગોના પછીના અંગોને હૃદયગત કરતાં કરતાં મુખારવિંદ પર્યન્ત પહોંચવું. ૧૩.

---

૧. પ્રા૦ પા૦-भावयन् । ૨. પ્રા૦ પા૦-चात्मनि ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

यावन्न जायेत परावरेऽस्मिन् विश्वेश्वरे द्रष्टरि भक्तियोगः ।
तावत्स्थवीयः पुरुषस्य रूपं क्रियावसाने प्रयतः स्मरेत ॥ १४ ॥

અન્વયાર્થ—**પરાવરે**-પર અને અવર રૂપ, **દ્રષ્ટરિ**-સર્વના સાક્ષિ રૂપ એવાં, **અસ્મિન-વિશ્વેશ્વરે**-આ જગદીશ્વરમાં, **યાવત્**-જ્યાં સુધી, **ભક્તિયોગઃ**-પ્રેમ લક્ષણા ભક્તિ યોગ, **ન જાયેત**-ઉત્પન્ન ન થાય, **તાવત્**-ત્યાં સુધી, **પુરુષસ્ય**-વિરાટ પુરુષના, **સ્થવીયઃ**-સ્થૂલ, **રૂપમ્**-રૂપને, **ક્રિયા-અવસાને**-નિત્ય કર્મની સમાપ્તિ થતાં, **પ્રયતઃ**-એક ચિત્તે, **સ્મરેત**-સ્મરણ કરવું. ૧૪.

અનુવાદ—બ્રહ્માદિ દેવોથી શ્રેષ્ઠ, સર્વના સાક્ષિરૂપ, વિશ્વેશ્વર, આ ભગવાનમાં જ્યાં સુધી પ્રેમલક્ષણા ભક્તિ સિદ્ધ ન થાય ત્યાં સુધી એમના સ્થૂલ રૂપનું, નિત્ય ક્રિયાની સમાપ્તિના અંતમાં, એકાગ્ર ચિત્તે સ્મરણ કરવું. ૧૪.

તત્ત્વસુધા—યાવન્ન જાયેત-જ્યાં સુધી પરાવર વિશ્વેશ્વર બ્રહ્મમાં સ્વાભાવિક સ્નેહ યોગ ન સધાય, ત્યાં સુધી નિત્ય કર્મના અંતમાં, અગ્નિ હોત્રના હોમના અંતમાં આ પ્રકારનું ધ્યાન ચાલુ જ રાખવું. જે ધ્યાનનો વિષય છે તે ભગવાન પરાવર છે. પરે બ્રહ્માદયો અવરે યસ્માત્ બ્રહ્માદિ દેવો જેનાથી કનિષ્ઠ લાગે છે તેવા પૂર્ણ પુરુષનું ધ્યાન કરવું. સ્મરણ કરનારે પ્રયતઃ સતત્ પ્રયત્ન શીલ રહેવું. ૧૪.

स्थिरं सुखं चासनमाश्रितो यतिर्यदा जिहासुरिममङ्ग लोकम् ।
काले च देशे च मनो न सज्जयेत्प्राणान्नियच्छेन्मनसा जितासुः ॥ १५ ॥

मनः स्वबुद्ध्यामलया नियम्य क्षेत्रज्ञ एतां निनयेत्तमात्मनि ।
आत्मानमात्मन्यवरुध्य धीरो लब्धोपशान्तिर्विरमेत कृत्यात् ॥ १६ ॥

અન્વયાર્થ—**અઙ્ગ**-હે રાજન, **યદા ચ**-અને જ્યારે, **સ્થિરમ્**-સ્થિર, **સુખમ્**-સુખપૂર્વક, **આસનમ્**-આસન ઉપર, **આશ્રિતઃ**-આશ્રય મેળવી રહેલા, **યતિઃ**-ઇન્દ્રિયોને વશ કરનારા યોગીએ, **ઇમં લોકમ્**-આ લોકને, **જિહાસુઃ**-ત્યજી દેવાની ઇચ્છાવાળાએ, **જિતાસુઃ**-પ્રાણો ઉપર વિજય મેળવી, **કાલે ચ દેશે**-કાળ તેમજ દેશ ઉપર, **મનઃ**-મનને, **ન સજ્જયેત્**-આસક્તિ વાળું ન કરવું જોઇએ, **મનસા ચ**-અને મનથી, **પ્રાણાન્**-પ્રાણોને, **નિયચ્છેત્**-નિયમમાં રાખી નિયંત્રિત કરે. ૧૫.

અમલયા-વિશુદ્ધ એવી, **સ્વ બુદ્ધ્યા**-પોતાની નિશ્ચયાત્મિકા બુદ્ધિથી, **મનઃ**-મનને, **નિયમ્ય**-વશ કરીને, **એતામ્**-એ બુદ્ધિને, **ક્ષેત્રજ્ઞે**-જીવાત્મામાં, **નિનયેત્**-જોડી દેવી, **તમ્**-તે જીવાત્માને, **આત્મનિ**-પરમાત્મામાં, **આત્માનમ્**-જીવાત્માને, **આત્મનિ**-પરમાત્મામાં, **અવરુધ્ય**-જોડી દઇને, **લબ્ધ-ઉપશાન્તિઃ**-શાન્તિ મેળવેલા, **ધીરઃ**-ધીર પુરુષે, **કૃત્યાત્**-કર્મ માર્ગથી, **વિરમેત**-વિરામ પામવું. ૧૬.

અનુવાદ—હે રાજન્, આ પ્રમાણે યોગ સાધનારા પુરુષને જો આ દેહનો ત્યાગ કરવાની ઇચ્છા થાય તો તેણે દેશમાં કે કાલમાં મનને ન લગાવતાં, સુખકારી-સ્થિર આસન ઉપર બેસી મનથી પ્રાણાયામ કરી, પ્રાણોની ગતિને રોકવી. ૧૫; પછી નિર્મળ એવી પોતાની બુદ્ધિથી મનને નિયમિત કરી, તે બુદ્ધિનો જીવમાં વિલય કરવો અને પછી તે ક્ષેત્રજ્ઞનો શુદ્ધ આત્મામાં લય કરવો; અને તે શુદ્ધ આત્માનો પર બ્રહ્મના સ્વરૂપમાં લય કરવો. પછી જેને શાન્તિ પ્રાપ્ત થઈ છે, એવા ધીર યોગીએ સર્વ કાર્યમાંથી વિરામ પામવું. ૧૬.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્ત્વસુધા—એ શ્લોકોમાં શરીર વિસર્જનનો પ્રકાર વર્ણવ્યો છે. યોગીએ સ્થિર આસનનું અવલંબન લેવું. યોગમાં પદ્માસન કે સ્વસ્તિકાસન વધુ અનુકૂળ પડે છે. કોમળ અને સ્થિર આસને બેસીને ક્રિયા કરવી જોઈએ. મન અન્યત્ર ન જવું જોઈએ. આ સમયે યતિએ પ્રાણાયામ કરી, મનને સ્થિર કરી, પંચાક્ષર સન્યાસ મંત્રને ત્રણ વખત જપી, પ્રણવ દ્વારા જીવને બ્રહ્મમાં જોડી દેવો. આ સાધનાના કાળમાં સાધકે દક્ષિણાયન, ઉત્તરાયણ, બદરિકાશ્રમ-એવું કાંઈ પણ ન જોતાં, કેવલ ભગવાનમાં જ મનને સ્થિર રાખવું. સ્થિર મનથી પ્રાણાયામ કરીને, મૂલાધારથી અપાન વાયુનો સંકોચ કરી, ત્યાં પ્રાણને રાખી, કુંડલીને જગાડીને, તેને પ્રાણ અને અપાનની સાથે સુષુમ્ણાના છિદ્રમાં લઈને વાયુને ઉંચો લેવો. મન અને બુદ્ધિને સાથે રાખી દેહને ચલાવ્યા વગર રહેવું. આ પ્રકારે પ્રાણને વશ કરીને મનને અને બુદ્ધિને સંઘાત-દેહમાંથી જુદાં પાડે. ભક્તિનું અવલંબન કરી તે બુદ્ધિને શુદ્ધ કરે, તેને સ્થિર કરે, અન્ય પ્રયત્ન કરતી છોડાવે. તે બુદ્ધિને જ્ઞેયમાં-આત્મામાં જોડી દે. ક્ષેત્રજ્ઞને વિભૂતિરૂપ આત્મામાં જોડે. પછી તેને ભગવાનના રૂપમાં જોડે. ભગવાનના રૂપમાં જોડેલ આત્મા વિખુટો ન પાડે અને સર્વ કાર્યોમાંથી નિવૃત્તિ લે, ત્યાં તેની મુક્તિ થઈ એમ કેટલાકનું માનવું છે. ૧૫; ૧૬.

न यत्र कालोऽनिमिषां परः प्रभुः कुतो नु देवा जगतां य ईशिरे ।
न यत्र सत्त्वं न रजस्तमश्च न वै विकारो न महान्प्रधानम् ॥ १७ ॥
परं पदं वैष्णवमामनन्ति तद्यन्नेति नेतीत्यतदुत्सिसृक्षवः ।
विसृज्य दौरात्म्यमनन्यसौहृदा हृदोपगुह्यार्हपदं पदे पदे ॥ १८ ॥

અન્વયાર્થ—અનિમિષામ્-દેવોનો, પરઃ-શ્રેષ્ઠ, કાલઃ-કાળ, યત્ર-જ્યાં, ન પ્રભુઃ-સમર્થ થઈ શકતો નથી, જગતામ્-ત્રિભુવનના, યે-જેઓ, ઈશિરે-સ્વામીઓ છે તે, દેવાઃ-દેવો, કુતો નુ-ક્યાંથી સમર્થ થઈ શકે? યત્ર-જ્યાં, સત્ત્વં-રજઃ-તમઃ-ચ-સત્વગુણ-રજોગુણ અને તમોગુણ, ન-સમર્થ નથી, વૈ-ખરેખર, વિકારઃ-સૃષ્ટિ, ન-સમર્થ નથી, ન મહાન પ્રધાનમ્-મહત્તત્ત્વ તેમ જ પ્રકૃતિ સમર્થ નથી. ૧૭.

યત્-જે દેખાય છે તે, અતત્-તે આ બ્રહ્મ નથી એમ, નેતિ નેતિ ઇતિ-આ નહિ, આ નહિ એમ, ઉત્સિસૃક્ષવઃ બધું ત્યજી દેવાની ઈચ્છા વાળા, દૌરાત્મ્યમ્-"હું, મારું", એવા અભિમાનને, વિસૃજ્ય-ત્યજીને, અર્હપદમ્-પૂજનીય ભગવચ્ચરણને, પદે પદે-ક્ષણે ક્ષણે, હૃદા-હૃદયથી, ઉપગુહ્ય-ધારણ કરીને, અનન્ય-સૌહૃદા-અનન્ય પ્રીતિ ભાવથી, તત્-તે, વૈષ્ણવં પદમ્-વિષ્ણુ પદને, પરમ્-સર્વ શ્રેષ્ઠ, આમનન્તિ-માને છે. ૧૮.

અનુવાદ—દેવોના નિયામક કાળ પણ જેને કાંઈ જ કરી શકતો નથી, ત્યારે જગતને નિયમમાં રાખનારા દેવતાઓ તો સમર્થ થઈ શકે જ ક્યાંથી? સત્ત્વ, રજ, તમ, અહંકાર, મહત્તત્વ તથા પ્રકૃતિ વગેરે જગતનાં કારણો પણ તે આત્માની ઉત્પત્તિ વગેરે કરી શકતાં નથી. ૧૭; આત્મા વિના વસ્તુ માત્રને જ નેતિ નેતિ અર્થાત્ "આ વસ્તુ ઈશ્વર નથી, આ વસ્તુ ઈશ્વર નથી," આમ શ્રુતિમાં કહ્યા પ્રમાણે સર્વ વસ્તુનો ત્યાગ કરવાની ઈચ્છા વાળા આત્મજ્ઞાની યોગીઓ, દેહાદિક વિષે આત્મબુદ્ધિનો ત્યાગ કરીને ક્ષણે ક્ષણે શ્રીવિષ્ણુ ભગવાનનાં ચરણારવિંદનું હૃદય વડે આલિંગન કરે છે. તેથી તેઓની પરમાત્મા વિના બીજા વિષયમાં પ્રીતિજ થતી નથી અને તેઓ વિષ્ણુપદને જ સર્વના કરતાં શ્રેષ્ઠ માને છે. ૧૮.

તત્ત્વસુધા—न यत्र कालः- ઉપર દર્શાવ્યા પ્રમાણે જ્યારે તે જીવ કારણરૂપ ભગવાનમાં લીન થતાં આત્મરૂપ થઈ જાય છે, ત્યારે 'કાલ' તેને ચલિત કરવા સમર્થ નથી. તે કાલનો નિયન્તા બની જાય છે. કાલ દેવોનો નિયન્તા છે. આ જીવ તો ભગવાનનું સામર્થ્ય પામી ચૂકયો છે, જેથી કાલ તેનો નિયામક ન

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

થઈ શકે; તો પછી કુતો નુ દેવાઃ ઇન્દ્રિયો કે ઇન્દ્રિયોના દેવોનું તો સામર્થ્ય ચાલે જ કયાંથી ? વળી કાલથી સૂચના વગર કામ ન કરી શકનારા સત્વાદિ ગુણો પણ ચળાવી શકતા નથી. તેમજ અહંકાર, મહત્તત્ત્વ કે પ્રકૃતિ પણ તેને ચળાવી શકતાં નથી; કારણ કે તે ભગવાનમાં પહોંચ્યો છે, તો પાછો કોણ લાવી શકે ?

કારણ કે ભગવાનનું તે પરમપદ 'વૈષ્ણવ પદ' કહેવાય છે. વેદો એજ પદની પ્રાપ્તિનું વિધાન કરે છે. એ પદનું નિરૂપણ શબ્દોથી સંભવતું નથી. કેવલ નેતિ નેતિ એટલે નિષેધથી તે સ્વરૂપનો પરિચય આપી શકાય છે. આ શરીર, ઇન્દ્રિય, પ્રાણ, બ્રહ્મલોક આદિથી પર એવું જે તત્ત્વ એ 'પરપદ' છે, એટલું કહી શકાય. દેહ, ગેહ આદિમાં રહેલ દૌરાત્મ્ય એટલે આ આનંદરૂપ છે, એવા 'દુરાત્મભાવ'ને દૂર કરી શ્રીકૃષ્ણ એજ પરમાનંદ રૂપ છે, એવા અનન્ય સૌહદા સૌહાર્દ-સ્નેહભાવથી તે પરમપદનું હૃદયથી આલિંગન કરનાર પરમાનંદ પામે છે. ૧૭; ૧૮.

ઇત્થં મુનિસ્તૂપરમેદ્–વ્યવસ્થિતો વિજ્ઞાનદગ્વીર્યસુરન્ધિતાશયઃ ।
સ્વપાર્ષ્ણિનાઽઽપીડ્ય ગુદં ततોઽનિલં સ્થાનેષુ ષટ્સુન્નમયેજ્જિતક્લમઃ ॥ ૧૯ ॥
નાભ્યાં સ્થિતં હૃદ્યધિરોપ્ય તસ્માદુદાનગત્યોરસિ તં નયેન્મુનિઃ ।
ततોઽનુસંધાય ધિયા મનસ્વી સ્વતાલુમૂલં શનકૈર્નયેત ॥ ૨૦ ॥
તસ્માદ્ ભ્રુવોરન્તરમુન્નયેત નિરુદ્ધસપ્તાયતનોઽનપેક્ષઃ ।
સ્થિત્વા મુહૂર્તાર્ધમકુણ્ઠદૃષ્ટિર્નિર્ભિદ્ય મૂર્ધન્ વિસૃજેત્પરં ગતઃ ॥ ૨૧ ॥

અન્વયાર્થ—ઇત્થમ્–આ પ્રમાણે, **વ્યવસ્થિતઃ**–નિશ્ચયવાળા, **વિજ્ઞાન–દગ્–વીર્ય–સુરન્ધિત–આશયઃ**–વિજ્ઞાન દૃષ્ટિના બળથી જેની વિષય વાસના સંપૂર્ણ નાશ પામી છે તેવા, **મુનિઃ**–તુ–યોગીએ તો, **ઉપરમેત**–બધામાંથી વિરામ લેવો, **સ્વ–પાર્ષ્ણિના**–પોતાના પગની એડીએથી (પેનીથી), **ગુદમ્**–ગુદા દ્વારને, **આપીડ્ય**–દબાવીને, **જિતક્લમઃ**–શ્રમ મુક્ત થઈ, **ततઃ**–પછીથી, **ષટ્સુ સ્થાનેષુ**–છ ચક્રોમાં, **અનિલમ્**–વાયુને, **ઉન્નમયેત્** ઉંચે ચઢાવવો. ૧૯.

નાભ્યામ્–નાભિમાં, **સ્થિતમ્**–રહેલા (વાયુને), **હૃદિ**–હૃદયમાં **અધિરોપ્ય**–સ્થાપીને, **તસ્માત્**–તે હૃદયમાંથી, **ઉદાનગત્યા**–ઉદાન વાયુની ગતિથી, **તમ્**–તે વાયુને, **મુનિઃ**–યોગીએ, **ઉરસિ**–વક્ષઃ સ્થળમાં, **નયેત્**–લઈ જવો, **ततઃ**–તે પછી ત્યાંથી, **ધિયા**–બુદ્ધિથી, **અનુસંધાય**–એકતા સાધીને, **મનસ્વી**–યોગીએ, **શનકૈઃ**–ધીમે ધીમે, **સ્વતાલુમૂલમ્**–પોતાના તાળુ ભાગના મૂળ સુધી, **નયેત**–લઈ જવો. ૨૦; **નિરુદ્ધ–સપ્ત–આયતનઃ**–પ્રાણને જવાનાં સાત સ્થાનને રોકીને, યોગીએ, **તસ્માત્**–તે તાળુમૂળમાંથી પ્રાણ વાયુને, **ભ્રુવોઃ**–બે ભ્રૂકુટિના, **અન્તરમ્**–મધ્ય ભાગમાં, **ઉન્નયેત**–લઈ જવો, **અનપેક્ષઃ**–નિરપેક્ષ તે યોગીએ, **મુહૂર્ત–અર્ધમ્**–એક ઘડી સુધી, **સ્થિત્વા**–પ્રાણને સ્થિર રાખીને, **અકુણ્ઠ–દૃષ્ટિઃ**–અખંડિત જ્ઞાન દૃષ્ટિવાળા બની, **મૂર્ધન્**–બ્રહ્મરંધ્રને, **નિર્ભિદ્ય**–ભેદીને, **પરમ્**–પરમપદને, **ગતઃ**–પ્રાપ્ત થયેલાએ, **વિસૃજેત**–શરીર ત્યજી દેવું. ૨૧.

અનુવાદ—આ પ્રમાણે બ્રહ્મરૂપ થયેલા, વિજ્ઞાનમય દૃષ્ટિવાળા, જ્ઞાનના બળથી જેમણે વિષય વાસનાને સંપૂર્ણ નષ્ટ કરી દીધી છે તેવા યોગીએ ઉપાધિમાંથી ક્રમે ક્રમે મુકત થવું. ત્યાર બાદ પોતાના પગની પેનીથી ગુદાદ્વારને દબાવીને, શ્રમમુકત બની, નાભિ વગેરે છ સ્થાન વિષે પ્રાણવાયુને ઊંચે ચઢાવવો. ૧૯; નાભિ પ્રદેશમાં રહેલા 'મણિપુર' ચક્રમાંથી પ્રાણવાયુને હૃદયમાં રહેલા 'અનાહત' ચક્રમાં લઈ જવો. ત્યારબાદ ત્યાંથી ઉદાનવાયુની ગતિથી તે પ્રાણવાયુને મુનિએ વક્ષઃસ્થળમાં કંઠ પ્રદેશની નીચેના ભાગમાં રહેલા 'વિશુદ્ધિ ચક્ર'માં લઈ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જવો. ત્યાર બાદ મુનિએ મનને સ્થિર કરીને બુદ્ધિથી ધીરે ધીરે તે વાયુને પોતાના તાળવાના મૂળભાગમાં વિશુદ્ધિ ચક્રના આગળના ભાગમાં લઈ જવો. ૨૦; બે આંખનાં છિદ્ર, બે કાનનાં બે નાસિકાનાં અને એક મુખનું–આમ સાત સ્થાનોને બંધ કરીને યોગીએ પ્રાણવાયુને તાળુ મૂળમાંથી બંને ભ્રુકુટિના મધ્યભાગમાં 'આજ્ઞાચક્ર'માં લઈ જવો. ઇચ્છાવિનાના યોગીએ એક ઘડી સુધી પ્રાણવાયુને ત્યાં સ્થિર કરીને, અખંડજ્ઞાન દૃષ્ટિવાળા થઈ, બ્રહ્મરંધ્રને ભેદીને, પરમ પદને પ્રાપ્ત કરેલા તેણે શરીરને ત્યજી દેવું. ૨૧.

તત્ત્વસુધા—ઇત્થં મુનિસ્તુ–પૂર્વ શ્લોકમાં એક પ્રકાર વર્ણવ્યો. હવે તુ અવ્યયથી બીજો પ્રકાર બતાવે છે. ભગવાન એકજ આનંદાત્મક છે. એવા વિજ્ઞાન-અનુભવાત્મક નિર્ણયથી ભગવચ્ચરણમાં મનને સ્થિર કરી દે. પ્રભુ ચરણ શરણ બલથી અન્તઃકરણને વિશુદ્ધ બનાવી દે. ત્યાર બાદ તે બ્રહ્મપ્રાપ્તિ માટે દર્શાવેલા પ્રકારે યોગરત બને.

યોગી અનુકૂલ આસન ઉપર સિદ્ધાસન લગાવીને બેસતી વખતે પગની પાની-એડી વડે મૂલાધારને દબાવી દે. મૂલાધાર છ ચક્રોમાંનું પ્રથમ ચક્ર છે. તેનું સ્થાન ગુદા છે. ત્યાં કુંડલીને જગાડે. ત્યાં રહેલા અનિલમ્ અનિલ-વાયુને ઉંચો લઇને શરીરમાં રહેલાં છ ચક્રોને ભેદીને ઉંચો લે. શરીરમાં વાયુને રહેવાનાં છ ચક્રો છે.

ચક્રનું નામ	વર્ણ	સ્થાન
૧. મૂલાધાર	૪ પાંખડીવાળું	ગુદામાં
૨. સ્વાધિષ્ઠાન	૬ પાંખડીવાળું	લિંગના મૂળમાં
૩. મણિપૂર	૮ દળ વાળું	નાભિમાં
૪. અનાહત વિશુદ્ધિ	૧૨ દળ વાળું	હૃદયમાં
૫. સહસ્રદલ ચક્ર	૧૬ દળ વાળું	તાલુમાં
૬. આજ્ઞા ચક્ર–અગ્નિચક્ર	૨ દળ વાળું	બે ભ્રુકુટિના મધ્યમાં

આ સ્થાનોમાંથી ક્રમે ક્રમે, ધીમે ધીમે, વાયુને લઈ જવો. આ ક્રિયા સરલ નથી, તેથી ક્રિયા ઉતાવળે ન કરવી. યોગ માર્ગના પૂર્ણ જાણકાર પાસેથી જાણી તેની નજરમાં રહીને ક્રિયા કરવી. ૧૯.

મૂલાધારથી ઉંચે ચઢાવેલા વાયુને નાભિના મણિપૂર ચક્રમાં લાવવો. આ વાયુ નાભિ સુધી સરલ રીતે પહોંચે છે; પરંતુ તેને હૃદયમાંના અનાહત વિશુદ્ધિ ચક્રમાં લઈ જતાં તે વાંકો થાય છે અને તે સમયે તેને હૃદયમાં લઈ જવામાં પ્રયાસ પડે છે. હૃદય કમળ ઉંચે નાલ વાળું અને નીચે મુખવાળું છે. તેને તે વાયુ વડે ઉર્ધ્વમુખ કરવાનું હોય છે. તેમ કરવામાં શ્રમ વધુ પડે છે. માટે લખ્યું છે કે નાભ્યાં સ્થિતમ્–નાભિમાં સ્થિર કરી પછી હૃદયમાં લઇ જવો. હૃદયમાંથી તાળવામાં લઇ જવામાં વધુ શ્રમ છે. ઉરઃસ્થલમાં જે વાયુ રહે છે તેને ઉદાન વાયુ કહે છે. ત્યાં બીજો પણ જે વાયુ આવે તો તે ઉદાન ભાવથી જ રહે છે. હૃદયમાં રહેલા તે ઉદાન વાયુને 'ઉર'માં લેવો. આ કાર્ય કરનાર મુનિઃ મુનિ હોવો જોઇએ, એટલે વિચારશીલ હોવો જોઇએ. વાયુની ક્રિયાની કઠિનાઇના સમયે સ્વયં તાત્કાલિક માર્ગ શોધી લે, તેવો વિચારશીલ મુનિ મનાય છે. હૃદય સ્થળના તે વાયુને 'મનસ્વી' પુરુષે વિમલ બુદ્ધિના સહારાથી તાલુમૂળમાં વાયુને લાવી મૂકવો જોઇએ. તાળુમાં પહોંચાડતાં કદિ ઉતાવળ ન કરવી. તાલુની સમીપમાં મુખમાં સાત છિદ્રો છે. ૨ આંખ, ૨ નાક, ૨ કાન, ૧મુખ મળી આ સાત છિદ્રોમાંથી કોઇ છિદ્રમાંથી વાયુ બહાર ચાલ્યો ન જાય, તે કાર્ય કરનાર 'મનસ્વી' હોવો જોઇએ. આ ક્રિયા અતિશય ધીરજથી કરવી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તાળુ સ્થાનના સહસ્રદલ ચક્રમાંથી તે વાયુને ભ્રૂકુટિના મધ્યમાં આવેલ દ્વિદલ ચક્રમાં ધીમેથી પહોંચાડવો. જ્યારે તે વાયુ ત્યાં સ્થિર થઈ જાય ત્યારે નિરપેક્ષ બનીને ભગવાનનું ધ્યાન કરવું. એક ઘડી સુધી તે અવસ્થામાં વિરામ લઈ, જ્ઞાનને સ્થિર કરી, ભગવાનના સાયુજ્યને પ્રાપ્ત કરે. વાયુને બ્રહ્મરંધ્રમાંથી ભેદીને પછીથી બહાર કાઢે. કેટલાકના મતે બ્રહ્મરંધ્રમાંથી પ્રાણ બહાર જાય છે. કેટલાક કહે છે કે न तस्य प्राणा उत्क्रामन्ति તેના પ્રાણ જતા નથી, અહીંજ વિલય પામે છે. સદ્યોમુક્તિના બે પ્રકાર વર્ણવી હવે ક્રમ મુક્તિ વર્ણવે છે. ૨૦; ૨૧.

यदि [1]प्रयास्यन् नृप पारमेष्ठ्यं वैहायसानामुत यद्विहारम् [2] ।
अष्टाधिपत्यं गुणसन्निवाये सहैव गच्छेन्मनसेन्द्रियैश्च ॥ २२ ॥

અન્વયાર્થ – **नृप**-હે રાજન, **यदि**-જો, **पारमेष्ठ्यम्**-બ્રહ્માના સ્થાનમાં, **उत**-અથવા, **यत्**-જે, **गुण-सन्निवाये**-ગુણોના સમુદાયરૂપ બ્રહ્માંડમાં, **वैहायसानाम्**-આકાશમાં વિચરતા દેવોના, **विहारम्**-વિહાર સ્થાનને, **अष्ट-अधिपत्यम्**-અષ્ટસિદ્ધિઓના સ્વામિત્વને, **प्रयास्यन्**-જવાને ઈચ્છતા યોગીએ, **मनसा**-મન સાથે, **च**-અને, **इन्द्रियैः-सह-एव**-ઇન્દ્રિયો સાથે જ, **गच्छेत्**-જાય. ૨૨.

અનુવાદ—હે રાજન, તે યોગીને જો બ્રહ્માના સ્થાનમાં જવું હોય, અથવા આકાશમાં વિચરતા દેવોના વિહાર સ્થાનની ઈચ્છા હોય, અથવા સત્વાદિ ગુણોના સમુદાય રૂપ આ બ્રહ્માંડમાં અષ્ટસિદ્ધિઓના આધિપત્યની ઈચ્છા હોય, તો તેણે મન તથા ઇન્દ્રિયોને સાથે રાખીને તે તે લોકમાં જાય. ૨૨.

તત્ત્વસુધા—यदि प्रयास्यन् नृप ! રાજન, જો ક્રમમુક્તિમાં રસ હોય, ફરતા ફરતા જવું હોય, તો મન-ઇન્દ્રિયોને સાથે લઈને જવું. સદ્યોમુક્તિ મધ્યમ, ઉત્તમ અધિકારીને હોય છે. તેઓની વાસના ક્ષીણ થઈ છે; પરંતુ આરંભના અધિકારીને ફલભોગથી વાસના મટે છે, માટે તેને ક્રમમુક્તિ કામની છે. આરંભના અધિકારીને રાજાની મૃગયા વાસના જેવી લોક વિહારની વાસના હોય છે. નૃપ સંબોધનનું એ તાત્પર્ય છે. આ ઉપાસક સાયુજ્ય મેળવ્યા પછી પણ ફલ ભોગમાં રસવાળો છે. તે પ્રથમ पारमेष्ठ्यम् બ્રહ્માના સ્થાનમાં જાય છે. ત્યાર પછી તે वैहायसानाम्-વિમાનમાં બેસી વિચરતા દેવોના રમણ સ્થાનમાં જાય છે. અષ્ટ દિક્પાલોના સ્થાનમાં જાય છે. અણિમાદિ સિદ્ધિઓનો ભોગ કરે છે. બ્રહ્માંડમાં તે ઉંચે, વચ્ચે કે પાતાલમાં પણ જઈ ભોગો ભોગવે છે. ૨૨.

योगेश्वराणां गतिमाहुरन्तर्बहिस्त्रिलोक्याः पवनान्तरात्मनाम् ।
न कर्मभिस्तां गतिमाप्नुवन्ति विद्यातपोयोगसमाधिभाजाम् ॥ २३ ॥

અન્વયાર્થ—**पवन-अन्तर-आत्मनाम्**-વાયુ લોકમાં જેઓનો દેહ રહે છે એવા, **योगेश्वराणाम्**-શ્રેષ્ઠ યોગીઓની, **त्रिलोक्याः**-ત્રણે લોકની, **अन्तः**-અંદર, **बहिः**-બહાર, **गतिम्**-ગતિને, **आहुः**-કહેલી છે, **विद्या-तपो-योग-समाधिभाजाम्**-વિદ્યા, તપ, યોગ અને સમાધિને સેવનારાઓની, **ताम्**-તે, **गतिम्**-ગતિને, **कर्मभिः**-કર્મો વડે, **न आप्नुवन्ति**-મેળવી શકતા નથી. ૨૩.

અનુવાદ—(કર્મની ગતિ મર્યાદિત છે, જ્યારે યોગની ગતિ વ્યાપક છે.) પવન દેશમાં જેમનું લિંગ શરીર રહેલું છે, એવા યોગેશ્વરો ત્રણે લોકની અંદર તેમજ બહાર બધેજ જઈ શકે છે. વિદ્યા, તપ, યોગ અને સમાધિમાં ભગવદ્ ભજન કરનારાઓની જે ગતિ થાય છે, તે ગતિને મનુષ્યો કર્મો વડે મેળવી શકતા નથી. ૨૩.

---

૧. પ્રા૦ પા૦-પ્રયાસ્યન્નથ । ૨. પ્રા૦ પા૦-વિહારન્ ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

वैश्वानरं याति विहायसा गतः सुषुम्णया [1]ब्रह्मपथेन शोचिषा ।
विधूतकल्कोऽथ हरेरुदस्तात् प्रयाति चक्रं नृप शैशुमारम् ॥ २४ ॥

અન્વયાર્થ—**નૃપ**-હે રાજન, **અથ**-પછી, **વિહાયસા**-આકાશ માર્ગે, **બ્રહ્મપથેન**-બ્રહ્મમાર્ગે, **ગતઃ**-ગયેલો યોગી, **શોચિષા**-તેજસ્વિની એવી, **સુષુમ્ણયા**-સુષુમ્ણા નામની નાડી દ્વારા, **વૈશ્વાનરમ્**-અગ્નિ લોકને, **યાતિ**-પામે છે, **વિધૂત કલ્કઃ**-મનોમલને ધોઈ નાખનાર નિષ્પાપી એવો તે, **ઉદસ્તાત્**-ઊંચેના ભાગમાં, **હરેઃ**-ભગવાનના, **શૈશુમારં-ચક્રમ્**-શિશુમાર નામના ચક્રને, **પ્રયાતિ**-પામે છે. ૨૪.

અનુવાદ—**હે રાજન, જેને સદ્યોમુક્તિની ઇચ્છા નથી તે કર્મમાર્ગી યોગી, ત્યારબાદ આકાશ માર્ગે થઈ, પ્રથમ બ્રહ્મલોકોના માર્ગરૂપી તેજસ્વી એવી સુષુમ્ણા નામની નાડી વડે અગ્નિના અભિમાની વૈશ્વાનર દેવતાને પામે છે. પછી નિષ્પાપ બનેલ તે, શ્રીહરિના તારારૂપ શિશુમાર નામના જ્યોતિશ્ચક્રને પ્રાપ્ત કરે છે.** ૨૪.

તત્ત્વસુધા—**वैश्वानरं याति**-વૈશ્વાનર નામનો લોક છે. એ લોકનું વર્ણન **अग्निर्ज्योतिः**-એ શ્લોકથી ગીતાજીમાં કર્યું છે. વૈશ્વાનર લોક દેવલોકથી ઘણે દૂર છે, તેથી જતાં તેને ઘણી વાર લાગે છે. તે યોગી 'वायवीय' દેહથી જતો હોવાથી તેને મુશ્કેલી નથી પડતી. જેમ જેમ વાયુ જાય, તેમ તે જાય અને રખડી પડે એવો સંભવ નથી; કારણ કે તે **सुषुम्णया**-સુષુમ્ણા નાડી દ્વારા જાય છે. સુષુમ્ણા બ્રહ્મને પહોંચાડનારો માર્ગ છે. તે વ્યાપિ વૈકુંઠમાં પહોંચે છે. સુષુમ્ણા નાડી તેજોમય રૂપવાળી હોવાથી તેને જવામાં ડખલ નથી થતી. જ્યારે તે વૈશ્વાનર લોકમાં જાય છે, ત્યારે તે પ્રથમ જળમાં થઈને જાય છે; તેથી ત્યાં તે **सकल्कः** ભીનાશને લીધે વજનવાળો સકામ બને છે; પરંતુ તે ભોગોને ભોગવી લે છે, તેથી ત્યાં હલકો બની જાય છે. તેમજ રહી ગયેલા દોષો સૂર્યથી ધ્રુવલોકમાં જતાં બળી જાય છે. પછી તે શિશુમાર ચક્રમાં જાય છે. ૨૪.

तद् विश्वनाभिं त्वतिवर्त्य विष्णोरणीयजा विरजेनात्मनैकः ।
नमस्कृतं ब्रह्मविदामुपैति कल्पायुषो यद् विबुधा रमन्ते ॥ २५ ॥

અન્વયાર્થ—**તત્**-ત્યાર બાદ, **વિષ્ણોઃ**-વિષ્ણુ ભગવાનના, **વિશ્વ-નાભિમ્**-વિશ્વના આધારભૂત શિશુમાર ચક્રને, **તુ**-તો, **અતિવર્ત્ય**-ઓળંગીને, **એકઃ**-એકલો, **અણીયસા**-સૂક્ષ્મ એવા, **વિરજેન**-રજોગુણ રહિત, **આત્મના**-શરીર વડે, **નમસ્કૃતમ્**-સર્વથી વંદન કરાતા, **બ્રહ્મવિદામ્**-બ્રહ્મવેત્તાઓના સ્થાનને, **ઉપૈતિ**-પ્રાપ્ત કરે છે, **યત્**-જે સ્થાન પ્રત્યે, **કલ્પ-આયુષઃ**-કલ્પપર્યંતના આયુષ્ય વાળા, **વિબુધાઃ**-દેવો, **રમન્તે**-વિહાર કરે છે. ૨૫.

અનુવાદ—**પછી જગતના આધારભૂત વિષ્ણુ ભગવાનના એ શિશુમાર ચક્રને ઓળંગીને, સૂક્ષ્મ-રજોગુણ વગરના લિંગ શરીર વડે એ એકલો જ યોગી, સર્વથી વંદનીય, બ્રહ્મવેત્તાઓના સ્થાન એવા મહર્લોકને પ્રાપ્ત કરે છે; જે સ્થાનમાં કલ્પ સુધીના આયુષ્યવાળા દેવો વિહાર કરે છે.** ૨૫.

તત્ત્વસુધા—**तद् विश्वनाभिम्**-તે શિશુમાર ચક્રને બ્રહ્મંડના નાભિ સ્થાને ગણ્યું છે. હવે આગળ જનાર તે યોગીનું લિંગ શરીર આ સ્થાનમાં તદ્દન સૂક્ષ્મ થઈ જાય છે. તેણે પ્રથમનું તામસ શરીર વૈશ્વાનર લોકમાં છોડ્યું, બીજું શરીર ધ્રુવ લોકમાં છોડ્યું, ત્રીજું આ સૂક્ષ્મ શરીર તેણે સ્વીકાર્યું, તે સ્વરૂપ વિરજેન તમસ

૧. પ્રા૦ પા૦—ब्रह्मपदेन योऽर्चिषा । ૨. પ્રા૦ પા૦—विबुधा यद् रमन्ते ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

રજસ વિનાનું 'વિરજ' શરીર છે. આગળના લોકમાં વિમાન જઈ શકતાં નથી, તેથી તે યોગી એકલોજ જાય છે. આ લોકનું નામ 'મહર્લોક' છે. બ્રહ્મવિજ્જનો પણ એને નમસ્કાર કરે છે. મહર્લોક જ્ઞાનીઓને રહેવા લાયક લોક છે. કલ્પપર્યન્તનાં તેમનાં આયુષ્ય હોય છે. વિશેષ જ્ઞાનવાળા ભૃગુ વગેરે વિબુધાઃ જ્ઞાનીઓ ત્યાં રમણ કરે છે. ત્યાં આ યોગી પણ જઈને રમણ કરે છે. ૨૫.

अथो अनन्तस्य मुखानलेन दंदह्यमानं स निरीक्ष्य विश्वम् ।
निर्याति सिद्धेश्वर जुष्टधिष्ण्यं यद्द्वैपरार्ध्यं तदु पारमेष्ठयम् ॥ २६ ॥

અન્વયાર્થ—અથો-ત્યાર પછી, સઃ-તે યોગી, અનન્તસ્ય-શેષ ભગવાનના, મુખ-અનલેન-મુખથી ઉત્પન્ન અગ્નિ વડે, દંદહ્યમાનમ્-ખૂબ બળતા, એવા વિશ્વમ્-વિશ્વને, નિરીક્ષ્ય-જોઈને, યદ્-જે, સિદ્ધેશ્વર-જુષ્ટ-ધિષ્ણ્યમ્-મહા સિદ્ધ પુરૂષોથી સેવાતા સ્થાનને, દ્વૈપરાર્ધ્યમ્-એ પરાર્ધકાળ સુધી રહેનાર, તદ્-તે, પારમેષ્ઠયમ્-બ્રહ્મપદને, ઉ-નિશ્ચય, નિર્યાતિ-પ્રાપ્ત થાય છે. ૨૬.

અનુવાદ—પછી કલ્પકાળના અંતે, શેષ નાગના મુખના અગ્નિ વડે આ ત્રણે લોકને બળતા જોઈ તે યોગી પુરુષ તે મહર્લોકમાંથી નીકળી એ પરાર્દ્ધ સુધી રહેનારા પરમેષ્ઠી-બ્રહ્મદેવના સ્થાનમાં જાય છે, કે જે સ્થાન સિદ્ધેશ્વરોથી સેવાયેલાં વિમાનોથી યુક્ત છે. ૨૬.

તત્ત્વસુધા—અથો અનન્તસ્ય-બ્રહ્માના એક કલ્પ સુધી તે યોગી ત્યાં મહર્લોકમાં રહે છે. જ્યારે ભગવાન પોઢે છે, ત્યારે સંકર્ષણના મુખમાંથી અગ્નિ નીકળે છે અને ત્રિલોકીને બાળે છે. તેને જોઈને ભૃગુ વગેરે ઋષિઓ નીકળી જાય છે, ત્યારે તે યોગી પણ ત્યાંથી નીકળી જાય છે. બાદ સિદ્ધેશ્વરોથી સેવાયેલા જનલોક, તપોલોકમાં થઈને તે બ્રહ્માના સ્થાનમાં આવે છે. ૨૬.

न यत्र शोको न जरा न मृत्युर्नार्तिर्न चोद्वेग ऋते कुतश्चित् ।
यच्चित्ततोदः कृपयानिदंविदां दुरन्तदुःखप्रभवानुदर्शनात् ॥ २७ ॥

અન્વયાર્થ—અન્-ઇદં-વિદામ્-આત્મજ્ઞાનને ન જાણનારાઓની, દુરન્ત-દુઃખ-પ્રભવ-અનુદર્શનાત્-અપાર દુઃખદાયક જન્મ-મરણ પરંપરા જોવાથી, કૃપયા-દયાવડે, ચિત્તતઃ-ચિત્તથી, યત્-જે દુઃખ થાય, અદઃ-એ, ઋતે-સિવાય, યત્ર-જે બ્રહ્મલોકમાં, કુતશ્ચિત્-કયાંયથી પણ, શોકઃ ન-શોક નથી, ન જરા-ઘડપણ નથી, ન મૃત્યુઃ-મૃત્યુ નથી, ન આર્તિઃ-કોઈ પીડા નથી, ચ-અને, ન ઉદ્વેગઃ-કોઈ ઉદ્વેગ પણ નથી. ૨૭.

અનુવાદ—જે બ્રહ્મલોકમાં કયાંયથી શોક, વૃદ્ધાવસ્થા, મૃત્યુ, પીડા, ઉદ્વેગ હોતાં નથી. જો ત્યાં દુઃખ હોય તો માત્ર એકજ બાબતનું, અને તે એ કે આત્મજ્ઞાન વગરનાઓનાં અપાર દુઃખ-જન્મ મરણ વગેરે જોવાથી દયાને લીધે ચિત્તમાં ખેદ થવો; એ સિવાય બીજું દુઃખ નથી. ૨૭.

તત્ત્વસુધા—ન યત્ર શોકો-બ્રહ્મલોકનું સ્વરૂપ સમજાવે છે. શોક ત્યાં નથી; કારણ કે શોક અજ્ઞાનથી થાય છે. ન જરા-જરા નથી; જે ભોગથી થાય છે અને તે ભૌતિક દેહને થાય છે. ન મૃત્યુઃ-ત્યાં મૃત્યુ નથી; કારણ કે તે મોહથી થાય છે; બ્રહ્મલોકમાં મોહ નથી. ન આર્તિઃ-માનસિક પીડા ત્યાં નથી; કારણ કે તે મમતાથી થાય, જ્યારે ત્યાં તો 'સમતા' છે. ન ચોદ્વેગઃ-ત્યાં ઉદ્વેગ નથી; કારણ કે તે અનિશ્ચિત બુદ્ધિમાં થાય છે. અહિં તો નિશ્ચયાત્મક મતિ છે. કેવલ એક જ વિષયનો ઉદ્વેગ છે કે આ સાધનથી અને માર્ગથી પરમાનંદ મેળવાય છે, તેવું જે લોકો જાણતા નથી, તેથી તેઓ આ માર્ગે જતા નથી અને દુઃખ ભોગવે છે, તેનું જ દુઃખ છે. ૨૭.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ततो विशेषं प्रतिपद्य निर्भयस्तेनात्मनायोऽनल मूर्तिरत्वरन् ।
ज्योतिर्मयो वायुमुपेत्य काले वाय्वात्मना खं बृहदात्मलिङ्गम् ॥ २८ ॥

घ्राणेन गन्धं रसनेन वै रसं रूपं तु दृष्ट्या श्वसनंत्वचैव ।
श्रोत्रेण चोपेत्य नभोगुणत्वं प्राणेन चाकूतिमुपैति योगी ॥ २९ ॥

અન્વયાર્થ--ततः-ત્યાર પછી યોગી ત્યાં, विशेषम्-પૃથ્વી વગેરે મહાભૂતોને, प्रतिपद्य-પ્રાપ્ત કરીને, निर्भयः-ભય રહિત, तेन आत्मना-તે સૂક્ષ્મ શરીરથી, अपः-જળ સાથે ભળીને, अनल-मूर्तिः-અગ્નિરૂપ બની, अत्वरन्-ઉતાવળ ન કરતાં, ज्योतिर्मयः-તેજ સ્વરૂપ બનેલ, काले-યોગ્ય સમયે, वायुम्-વાયુને, उपेत्य-ભળીને, वायु-आत्मना-વાયુસ્વરૂપે, बृहद्-आत्म-लिङ्गम्-વ્યાપક પરમાત્માના સ્વરૂપને જણાવનારા, खम्-આકાશના સ્વરૂપને, उपैति-પ્રાપ્ત થાય છે. ૨૮.

योगी-યોગી, घ्राणेन-ઘ્રાણેન્દ્રિયથી, गन्धम्-ગંધને, रसनेन-રસનાથી, रसम्-રસને, दृष्टया तु-ચક્ષુરિન્દ્રિયથી, रूपम्-રૂપને, त्वचा एव-ત્વગિન્દ્રિયથી જ, श्वसनम्-સ્પર્શને, श्रोत्रेण च-અને શ્રવણેન્દ્રિયથી, नभोगुणत्वम्-આકાશનો ગુણ જે શબ્દ તેને, उपेत्य-પ્રાપ્ત કરીને, प्राणेनच-અને કર્મેન્દ્રિયોથી, आकूतिम्-કર્મેન્દ્રિયોની ક્રિયાને, वै-ખરેખર, उपैति-પ્રાપ્ત કરે છે. ૨૯.

અનુવાદ--પછી તે યોગી, 'પૃથ્વી વગેરે આવરણોને હું કેવી રીતે ભેદી શકીશ ?' આવી શંકાથી રહિત થઇને બ્રહ્મલોકમાંથી પૃથ્વીરૂપ થાય છે. પછી સમીપમાં રહેલાં જલરૂપ થાય છે. પછી ધીમે ધીમે જળનો ઉપભોગ કરીને અગ્નિરૂપ થાય છે. તે પછી તેજરૂપ થઇને વાયુરૂપ થાય છે; અને તેનો ઉપભોગ પૂરો થયા પછી વાયુ રૂપમાંથી વ્યાપક પરમાત્માના સ્વરૂપને જણાવનારા આકાશના સ્વરૂપને પ્રાપ્ત થાય છે. ૨૮; પછી તે યોગી ઘ્રાણેન્દ્રિયના અધિષ્ઠાતા દેવતા વડે ગંધને પામે છે. જિહ્વા ઇન્દ્રિયના અધિષ્ઠાતા દેવતા વડે રસને પામે છે. ચક્ષુરિન્દ્રિયના અધિષ્ઠાતા દેવતા વડે રૂપને પામે છે. ત્વચા ઇન્દ્રિયના અધિષ્ઠાતા દેવતા વડે સ્પર્શને પામે છે. શ્રોત્રેન્દ્રિયના અધિષ્ઠાતા દેવતા વડે શબ્દને પામે છે, અને તે તે કર્મેન્દ્રિયોના અધિષ્ઠાતા દેવતા વડે પોત પોતાની ક્રિયાને પામે છે. ૨૯.

તત્ત્વસુધા—ततोविशेषं-આ બ્રહ્મલોકમાં અશ્વમેધ યજ્ઞથી ભગવાનને ભજનાર, હિરણ્યગર્ભોપાસક, તેમજ ક્રમમુક્તિના દર્શાવેલા અધિકારી-એવા ત્રણે જણ જાય છે. આ ક્રમમુક્તિવાળો બ્રહ્માંડને ભેદીને તે બ્રહ્મલોકમાં જાય છે. તેમાં પ્રથમ પૃથ્વીના આવરણને ભેદે છે અને પૃથ્વીનો અતિક્રમ કરે છે. ત્યાર બાદ જળરૂપે બની જળ-રૂપને છોડે છે. ત્યાંથી નીકળીને અગ્નિનું રૂપ લઈ, અગ્નિનું ઉલ્લંઘન કરી વાયુના રૂપમાં આવે છે. વાયુમાંથી બહાર નીકળી આકાશરૂપ ભગવાનના શરીરમાં રહે છે. તે આકાશ તો અનંત છે. શબ્દ બ્રહ્મરૂપ, નાદ બ્રહ્મરૂપ, ભગવદ્ શરીર રૂપ, ભગવાનનું વ્યાપક રૂપ, અંદર બહારનું વ્યાપકરૂપ-આમ આકાશ અનેક રૂપ છે. યોગી તેને પણ છોડે છે. આ પ્રકારે પાંચે પાંચ ભૂતોમાંથી ચાલ્યા ગયા બાદ વિષયોનો ત્યાગ શરૂ કરે છે. સૌથી પ્રથમ ઇન્દ્રિયોનો ત્યાગ કરે છે. ગંધથી લઈ શબ્દ સુધી તે તે ઇન્દ્રિયો તે તે રૂપ લઈ તેનો ભોગ કરી તેનો ત્યાગ કરે છે. ત્યારબાદ પ્રાણદ્વારા પાંચ કર્મેન્દ્રિયોને છોડી દે છે. ૨૯.

स भूतसूक्ष्मेन्द्रियसन्निकर्षं मनोमयं देवमयं विकार्यम् ।
संसाद्य गत्या सह तेन याति विज्ञानतत्त्वं गुणसन्निरोधम् ॥ ३० ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

[1]તેનાત્મનાઽઽત્માનમુપૈતિ શાન્તમાનન્દમાનન્દમયોઽવસાને ।
એતાં ગતિં ભાગવતીં ગતો યઃ સ વૈ પુનર્નેહ વિષજ્જતેઽઙ્ગ ॥ ૩૧ ॥

અન્વયાર્થ--**સઃ**-તે યોગી, **ભૂત-સૂક્ષ્મ-ઇન્દ્રિય-સન્નિકર્ષમ્**-સૂક્ષ્મ ભૂત તેમજ ઇન્દ્રિયોના એક બીજામાં થનાર લયને, **મનોમયમ્**-મનઃસ્વરૂપી, **દેવમયમ્**-દેવસ્વરૂપી, **વિકાર્યમ્**-વિવિધ કાર્યને ઉત્પન્ન કરનાર અહંકાર તત્ત્વને, **સંસાદ્ય**-મેળવીને, **ગત્યા**-ગતિથી, **તેન સહ**-તે અહંકાર સાથે, **વિજ્ઞાન તત્ત્વમ્**-મહત્તત્ત્વને **ગુણસન્નિરોધમ્**-ત્રણે ગુણોનો જેમાં લય થાય છે તે પ્રકૃતિને, **યાતિ**-પ્રાપ્ત થાય છે. ૩૦; **તેન આત્મના**-તે પ્રકૃતિ સ્વરૂપ વડે, **અવસાને**-ઉપાધિઓનો નાશ થતાં, **આનન્દમયઃ**-આનંદ સ્વરૂપ બનેલ યોગી, **શાન્તમ્**-વિકાર રહિત, **આનન્દમ્**-આનંદ રૂપ, **આત્માનમ્**-આત્મસ્વરૂપને **ઉપૈતિ**-પ્રાપ્ત થાય છે, **અંગ**-હે રાજન્, **યઃ**-જે કોઈ, **એતામ્**-આ ઉપર કહેલી, **ભાગવતીમ્**-ભગવત્સ્વરૂપ સંબંધ વાળી, **ગતિમ્**-દશાને, **ગતઃ**-પ્રાપ્ત થયેલ છે, **સઃ**-તે, **વૈ**-ખરેખર, **પુનઃ**-ફરીથી, **ઇહ**-આ સંસારમાં, **ન વિષજ્જતે**-આસક્ત ચિત્ત થતો નથી. ૩૧.

અનુવાદ—તે પછી યોગી, સૂક્ષ્મ ભૂતોના સ્થાન રૂપ તામસ અહંકારને પામે છે, તથા ઇન્દ્રિયોના લયના સ્થાનરૂપ રાજસ અહંકારને પામે છે, તથા મન અને ઇન્દ્રિયો વગેરેના દેવતાઓને લય થવાના સ્થાન રૂપ છઠ્ઠા સાત્વિક અહંકારને પામે છે. આ પ્રમાણે ત્રણ ગુણમય, છઠ્ઠા આવરણ રૂપ અહંકારને પ્રાપ્ત થઇને, તેની સાથે વિજ્ઞાન તત્ત્વને પામે છે. તે પછી સર્વ ગુણોને લય થવાના સ્થાન રૂપ પ્રધાનને પામે છે. ૩૦; તે પછી પ્રકૃતિ સ્વરૂપ થયેલ યોગી, ઉપાધિ નાશ પામતાં, આનંદ સ્વરૂપ થઇને, છ વિકાર રહિત, આનંદમૂર્તિ પરમાત્મ સ્વરૂપને પામે છે. હે રાજન્, જે પુરુષ ભગવાનની આ ગતિને પામે છે, તે પુરુષ ફરીથી જન્મ-મરણની પરંપરાવાળા આ સંસારમાં આસક્ત થતો નથી. ૩૧.

તત્ત્વસુધા—હવે યોગી, પંચભૂત, જ્ઞાનેન્દ્રિય, કર્મેન્દ્રિય, તેના વિષયો વગેરેનો ત્યાગ કરી, અહંકાર આદિનો ત્યાગ કરે છે. તે બે શ્લોકોમાં બતાવે છે. તે યોગી **ભૂતસૂક્ષ્મે** પંચ ભૂતોની, સૂક્ષ્મ ઇન્દ્રિયોની ઉત્પત્તિના કારણ-ભૂત એવા તામસ અને રાજસ અહંકારને અને **મનોમયં** મનોમય તેમજ ઇન્દ્રિયોના દેવમય એવા સાત્વિક અહંકારને, **વિકાર્યમ્**-વિકાર્ય શબ્દથી મૂળ અહંકારને તે તે રૂપે પામી તેની સાથે જાય છે અને તેને છોડી દે છે. ત્યાર બાદ તે મહત્તત્વને પામે છે, કે જેને વિજ્ઞાનમય કહેલ છે. વિજ્ઞાનમય થયા બાદ **ગુણસન્નિરોધમ્**-જ્યાં ત્રણે ગુણોનો લય થાય છે એવા પ્રધાન-પ્રકૃતિ તત્ત્વને પામે છે. ત્યાંથી આનંદમય થઇ આનંદ રૂપ ભગવાનને પામે છે. આ ગતિને જે યોગી પામ્યો, તેને પુનઃ સંસાર રહ્યો નહિ. આ બે પ્રકારની પૂછેલી ગતિ કહી સંભળાવી. ૩૦; ૩૧.

એતે સૃતી તે નૃપ વેદગીતે ત્વયાભિપૃષ્ટે હ સનાતને ચ ।
યે વૈ પુરા બ્રહ્મણ આહ પૃષ્ટ આરાધિતો ભગવાન્ વાસુદેવઃ ॥ ૩૨ ॥

અન્વયાર્થ—**નૃપ**-હે રાજન્, **ત્વયા**-તમે, **અભિપૃષ્ટે**-પૂછેલી, **તે એતે**-તે આ, **વેદગીતે**-વેદોએ ગાયેલી, **ચ**-અને, **સનાતને**-પરાપૂર્વથી ચાલી આવતી, **સૃતી**-બન્ને પ્રકારની ગતિ-માર્ગ, **યે**-જે બન્ને પ્રકારની

---

૧. પ્રાચીન પ્રતોમાં શ્લોક ૩૦, ૩૧માં 'સ ભૂતસૂક્ષ્મે...'થી લઈ '...વસાને સુધીમાં દોઢ શ્લોકને બદલે થોડાક પરિવર્તન સાથે નીચેના બે શ્લોકો મળે છે–

સ ભૂતસૂક્ષ્મેન્દ્રિયસન્નિકર્ષાત્ સનાતનોઽસૌ ભગવાન્નનાદિઃ ।
અનામયં દેવમયં વિકાર્યં સંસાદ્ય ગત્યા સહ તેન યાતિ ॥ ૧ ॥
વિજ્ઞાનતત્ત્વં ગુણસન્નિરોધં તેનાત્મનાત્માનમુપૈતિ શાન્તમ્ ।
આનન્દમાનન્દમયોઽવસાને સર્વાત્મકે બ્રહ્મણિ વાસુદેવે ॥ ૨ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ગતિને, વૈ-ખરેખર, પુરા-પહેલાં, આરાધિતઃ-આરાધના કરાયેલા અને પૃષ્ટઃ-પૂછાયેલા, ભગવાન્ વાસુદેવઃ-ભગવાન વાસુદેવે, બ્રહ્મણે-બ્રહ્મદેવને, હ-નિશ્ચય, આહ-કહેલી. ૩૨.

અનુવાદ—હે રાજન્, તમે મને પૂછેલા બંને પ્રકારની મુક્તિના-સદ્યોમુક્તિ તથા ક્રમમુક્તિના માર્ગો જે વેદમાં કહેલા છે, તેમજ સનાતન છે, તે મેં તમને કહ્યા. પહેલાં બ્રહ્માએ ભગવાન વાસુદેવની આરાધના કરી તેમને આ માર્ગ પૂછેલા અને ભગવાને બ્રહ્મદેવને ઉપર મુજબના આ બન્ને માર્ગો કહ્યા હતા. ૩૨.

તત્ત્વસુધા—એતે સૃતી-નરેશ, તમે મને પૂછેલ પ્રશ્નોના સમાધાનમાં આ બે અધ્યાયોમાં જે જે પદાર્થોનું નિરૂપણ કર્યું તે સર્વ ભગવત્સ્વરૂપાત્મક છે. એવી સમજ પ્રાપ્ત થાય તે આશયથી વર્ણવ્યું છે. આ તો કેવલ ઉદ્દેશ રૂપે વર્ણવ્યું છે; પરંતુ તેનો યુક્તિ યુક્ત વિચાર તો ત્રીજા 'મનન' નામના પ્રકરણમાં થશે. આ બન્ને માર્ગો કે જે સદ્યોમુક્તિ અને ક્રમ મુક્તિ નામના છે, તે અનાદિ છે અને સનાતન છે. બ્રહ્માજીએ આ માર્ગની સમજ વાસુદેવ પાસેથી મેળવેલી છે. મેં તે સમજ તમને કહી છે. ૩૨.

न ह्यतोऽन्यः शिवः पन्था विशतः संसृताविह ।
वासुदेवे भगवति भक्तियोगो यतो भवेत् ॥ ३३ ॥
भगवान् ब्रह्म कात्स्न्र्येन त्रिरन्वीक्ष्य मनीषया ।
तदध्यवस्यत् कूटस्थो रतिरात्मन् यतो भवेत् ॥ ३४ ॥

અન્વયાર્થ—યતઃ-જે માર્ગથી, ભગવતિ વાસુદેવે-ભગવાન વાસુદેવમાં, ભક્તિયોગઃ-ભક્તિ યોગ, ભવેત્-થાય, અતઃ-આથી, અન્યઃ-બીજો, શિવઃ-કલ્યાણમય, પન્થાઃ-માર્ગ, ઇહ સંસૃતૌ-આ સંસારમાં, વિશતઃ-પ્રવેશ કરનારને, ન હિ-ખરેખર નથી. ૩૩.

કૂટસ્થઃ-ગૂઢરૂપે રહેલા, ભગવાન્-ભગવાન બ્રહ્મદેવે, કાત્સ્ન્યેન-સંપૂર્ણ રીતે, બ્રહ્મ-વેદ તત્ત્વ સંબંધી, ત્રિઃ-ત્રણ વખત, અન્વીક્ષ્ય-એકાગ્રતાપૂર્વક વિચાર કરી, યતઃ-જેથી, આત્મન્-પરમાત્મામાં, રતિઃ-પ્રેમ, ભવેત્-થાય, તત્-તેને, મનીષયા-બુદ્ધિથી, અધ્યવસ્યત્-નક્કી કર્યું. ૩૪.

અનુવાદ—આ સંસારના ચક્કરમાં પડેલા માનવને માટે, જે માર્ગથી ભગવાન વાસુદેવમાં ભક્તિયોગ થાય, આથી વધીને બીજો કોઇ કલ્યાણ માર્ગ જ નથી. ૩૩; ભગવાન બ્રહ્મદેવે એકાગ્ર ચિત્તથી સંપૂર્ણ વેદોનું ત્રણ વખત પરિશીલન કરી પોતાની બુદ્ધિથી એ જ નક્કી કર્યું કે જેનાથી સર્વાત્મા ભગવાનમાં પ્રેમ થાય, એજ સર્વશ્રેષ્ઠ માર્ગ છે. ૩૪.

તત્ત્વસુધા—આ બે શ્લોકોમાં અભિપ્રાય આપ્યો કે આ આટલા વિસ્તૃત સંસારમાં વાસુદેવની પ્રાપ્તિના માર્ગોમાં આ એક ભક્તિ યોગ સર્વ સરલ માર્ગ છે. આ માર્ગદર્શન મેં તમને પ્રમેય દૃષ્ટિથી કહ્યું છે, તો પણ 'પ્રમાણથી' પણ તે જણાવવું જોઈએ, એટલે તેની પરંપરા કહું છું. બ્રહ્માજીએ વેદ સમૂહને ત્રણ વાર વિચારીને જોયું તો એ જ લાગ્યું કે 'ભગવાનમાં પ્રેમ કરવો,' એ એકજ વેદોનો સાર અને રહસ્ય છે. ૩૩; ૩૪.

भगवान् सर्वभूतेषु लक्षितः स्वात्मना हरिः ।
दृश्यैर्बुद्ध्यादिभिर्द्रष्टा लक्षणैरनुमापकैः ॥ ३५ ॥
तस्मात्सर्वात्मना राजन् हरिः सर्वत्र सर्वदा ।
श्रोतव्यः कीर्तितव्यश्च स्मर्तव्यो भगवान्नृणाम् ॥ ३६ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—**દ્રષ્ટા**-સર્વ ભૂતોને જોનાર-દ્રષ્ટા, **ભગવાન્ હરિઃ**-ભગવાન્ શ્રીહરિ, **સર્વભૂતેષુ**-બધાં પ્રાણીઓમાં, **દૃશ્યૈઃ**-પ્રત્યક્ષ જણાતાં, **અનુમાપકૈઃ**-જે વડે અનુમાન થઇ શકે એવાં, **બુદ્ધ્યાદિભિઃ**-બુદ્ધિ-મન વગેરેથી, **લક્ષણૈઃ**-લક્ષણો વડે, **સ્વાત્મના**-પોતાની જાતે, **લક્ષિતઃ**-જ્ઞાત થાય છે-જણાય છે. ૩૫.

તસ્માત્-તે કારણથી, **રાજન્**-હે પરીક્ષિત, **ભગવાન્ હરિઃ**-ભગવાન શ્રીહરિ, **સર્વાત્મના**-સર્વભાવે, **સર્વત્ર**-બધે જ, **સર્વદા**-પ્રતિદિન, **નૃણામ્**-મનુષ્યોને, **શ્રોતવ્યઃ**-શ્રવણ કરવા યોગ્ય છે, **કીર્તિતવ્યઃ**-કીર્તન-ભજન કરવા યોગ્ય છે, **ચ**-અને, **સ્મર્તવ્યઃ**-સ્મરણ કરવા યોગ્ય છે. ૩૬.

અનુવાદ—ભગવાન પરમેશ્વર પ્રાણી માત્રના દ્રષ્ટા છે, સાક્ષી છે. અનુમાન તેમજ અર્થાપત્તિ પ્રમાણો વડે સર્વ પ્રાણીઓએ ભગવાન શ્રીહરિનો અન્તર્યામી રૂપે અનુભવ કરેલો છે. ૩૫; માટે હે રાજા, મનુષ્યોએ સર્વ ઠેકાણે, દરરોજ, સર્વાત્મભાવે ભગવાન શ્રીહરિનાં ચરિત્ર શ્રવણ કરવાં જોઇએ, તેમનું કીર્તન તેમજ સ્મરણ કરવું જોઇએ. ૩૬.

તત્ત્વસુધા—ભગવાન્ સર્વ ભૂતેષુ-આ બે શ્લોકમાં સર્વ માર્ગો ભગવાનનું પ્રતિપાદન કરે છે, એમ કહેવા ચાહે છે; પરંતુ દરેક રથલોનાં પાણી નદીના સંગમે સાગરમાં જાય છે; તે જ પ્રકારે દરેકની ગતિ વાસુદેવમાં જ જાય છે. તેમાં કેટલાક સાક્ષાત્ અને કેટલાક પરંપરાથી જાય છે. માટે રાજન્, સર્વાત્મભાવથી ભગવાનનું શ્રવણ, કીર્તન અને સ્મરણ સર્વદા આદરણીય છે. ૩૫; ૩૬.

પિબન્તિ યે ભગવત આત્મનઃ સતાં કથામૃતં શ્રવણપુટેષુ સંભૃતમ્ ।
પુનન્તિ તે વિષયવિદૂષિતાશયં વ્રજન્તિ તચ્ચરણસરોરુહાન્તિકમ્ ॥ ૩૭ ॥

અન્વયાર્થ—**યે**-જેઓ, **શ્રવણપુટેષુ**-(શ્રવણ-કાન, પુટેષુ-પડિયાઓમાં) કાનરૂપી પડિયાઓમાં, **સંભૃતમ્**-સારી રીતે ભરવામાં આવેલા, **સતામ્**-સજ્જનોના, **આત્મનઃ**-આત્મારૂપ, **ભગવતઃ**-ભગવાનના, **કથામૃતમ્**-મધુર કથાઓ રૂપી અમૃતને, **પિબન્તિ**-પીવે છે-સેવન કરે છે, **તે**-તેઓ, **વિષય-વિદૂષિત-આશયમ્**-વિષયોથી દૂષિત અન્તઃકરણને, **પુનન્તિ**-પાવન કરે છે, **ચ**-અને, **તત્-ચરણ-સરોરુહ-અન્તિકમ્**-તે ભગવાનના ચરણકમળની પાસે, **વ્રજન્તિ**-જાય છે. ૩૭.

અનુવાદ—શ્રીહરિ સત્પુરુષોના આત્મા છે. જેઓ તેમના મધુર કથામૃતને કાનરૂપી પડિયાઓમાં ભરી પાન કરે છે, તેઓ વિષય વાસનાથી દૂષિત અન્તઃકરણને પવિત્ર કરે છે અને ભગવાનના ચરણારવિંદની સમીપ જાય છે. ૩૭.

તત્ત્વસુધા—ઉપસંહારમાં, શ્રવણ સર્વ શ્રેષ્ઠ સાધન છે એમ કહે છે. અમૃતમય આનંદમય ઇશ્વર અનાયાસે, જેમ ફલોનો રસ રૂપે વિના શ્રમે મુખદ્વારા પ્રવેશી નસે નસને અને પ્રાણને પોષણ આપે છે, તે જ પ્રકારે હૃદયમાં શ્રવણ દ્વારા પ્રવેશી પરમાનંદને આપે છે. શ્રવણ અમૃત પવિત્ર શ્રોત્ર સંપુટમાં ભરી સંકલિત કરી રાખવું. સંતોના પ્રયાગ સંગમમાં આ હરિરસ સંપાદન કરી લેવો. સંજીવની શક્તિથી ભરેલા આ રસને જીવનના સમ-વિષમ સમયમાં પીવો અને જીવન લય સમયમાં તેનો રસાસ્વાદ લઇ આત્મ લાભ સરલતાથી મેળવી લેવો. આ રસમાં અંતઃકરણની વાસનાને ધોવાનું સંપૂર્ણ સામર્થ્ય છે અને એના અવલંબને વિશુદ્ધ હૃદય મંદિરમાં શ્રીશ્યામ સુંદર ચરણ સરોજ બિરાજે છે. તેની કૃપા બલે તેની પ્રાપ્તિ થાય છે. ૩૭.

શ્રીમદ્ ભાગવતના દ્વિતીય સ્કંધની તત્ત્વસુધા ટીકાનો
બીજો અધ્યાય સંપૂર્ણ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પ્રકરણ-૨; હૃદય પ્રસાદ. (અધ્યાય ૩; ૪)

અધ્યાય ૩ જો.

શ્રવણ અને કીર્તન શ્રદ્ધાથી કરવાં. સ્મરણ એકાગ્રતાથી કરવાં. દાન પ્રેમથી કરવાં. ભોજન વિવેકથી કરવાં. આ સર્વ પ્રકૃતિના અવિચલ નિયમો છે. એનો આદર તે ઉન્નતિએ પહોંચવાનો દાદર. પ્રથમ પ્રકરણના બે અધ્યાયોમાં જે વિષયનું શ્રવણ કરવાનું હતું તેનો પરિચય આપ્યો. શ્રવણનો વિષય ભગવાન છે. ભગવાનનાં સ્થૂલ અને સૂક્ષ્મ એમ બે સ્વરૂપ છે. એ વિષયની ઝીણવટથી ચર્ચા કરી.

હવે બીજા બે અધ્યાયોના મનઃપ્રસાદ નામના પ્રકરણની શરૂઆત થાય છે. તત્ત્વનું શ્રવણ કરવું તે શ્રદ્ધા વિના અને મનની પ્રસન્નતા વિના તો સંભવે નહિ. તેથી આ પ્રકરણને 'શ્રદ્ધા પ્રકરણ અથવા 'મનઃપ્રસાદ' એવી સંજ્ઞા અપાય.

શ્રોતા અને વક્તાને શ્રવણમાં જેમ શ્રદ્ધાની અને મનની પ્રસન્નતાની આવશ્યકતા છે, તેમ અન્ય સાધનની પણ આવશ્યકતા ખરીજ. અન્ય સાધનોમાં નિર્દોષ અને અવિકલ ઇન્દ્રિયો, તેમજ દેવોનો અનુગ્રહ. જો ભગવાનની કૃપા હોય તો તે બન્ને મની શકશે. સ્તુતિ કરવાથી ભગવાનની કૃપા અને ઇન્દ્રિયોની નિર્દોષતા સિદ્ધ થઈ જશે. ત્રીજા અધ્યાયમાં શ્રોતા શૌનકાદિએ 'बिले बतोरुक्रम....' વગેરે શ્લોકોથી ઇન્દ્રિયોની નિર્દોષતા પૂરવાર કરતી જ શ્લોકાવલીને ગાઈ છે. તે ઉપરથી ભગવત્કૃપા શ્રોતૃવૃન્દ ઉપર દેખાય છે. ચોથા અધ્યાયમાં વક્તા-શ્રોતાના ચિત્તની શુદ્ધિ માટે એકાગ્રતા માટે શ્રીશુકાચાર્યે ૧૩ શ્લોકોમાં સ્તુતિ કરી છે, તેથી ભગવત્કૃપા પૂરવાર થઈ છે. ભગવત્કૃપા વિના સ્તુતિ કદિ સંભવે જ નહિ.

બાકી રહી માત્ર અન્ય દેવોના અનુગ્રહની વાત. દેવોની વિક્ષેપ કરવાની આદત છે, એવી એક દેવો માટે 'વાયકા' છે. ઉપાસક પણ અનેક પ્રકારની લાલચથી ઉપાસના કરવા માટે ટેવાયેલો છે. તે અનેક દેવો તરફ ઢળે છે. તેવા ઉપાસકને અનુસંધાન રહે કે અલગ અલગ દેવોની ઉપાસનાથી અનેક વિધ શ્રમ થશે, ફલ અલ્પ મળશે; તે આશયની સ્પષ્ટતા માટે આ અધ્યાયના આરંભમાં જ 'દેવોની ઉપાસનાનાં ફળો' ૨૮ પ્રકારનાં દર્શાવ્યાં છે. જોકે દેવો ૩૩ પ્રકારના છે; પરંતુ શ્રીમદ્ ભાગવતે ૨૮ પ્રકારમાં સમાવેશ કર્યો છે. વળી ભગવાન સર્વ દેવાધિદેવ છે. તેમનું જો શ્રવણ કરે તો તેમાં દેવો વિઘ્ન નથી કરતા; કારણ કે તેમને પણ, જો કોઈ ભક્ત શ્રવણ કરે તો તેનો હિસ્સો મળે છે. શ્રોતા-વક્તાને રસ પડે છે, ત્યારે સર્વાંગ રોમાંચ જાગ્રત થાય છે; તે સમયે શરીરના સર્વ દેવોને સુખ મળે છે. માટે દેવો પણ વિક્ષેપ ન કરતાં અનુકૂળતા જ કરી દેશે, એમ સમજી શ્રદ્ધાપૂર્વક 'તત્ત્વ વિચાર અને હરિગુણ શ્રવણ' કરવાં. એવા નિર્ણયનો ઉલ્લેખ કરતા શ્રીશુકાચાર્ય ત્રીજે અધ્યાય આરંભે છે :—

श्री शुक उवाच—एवमेतन्निगदितं पृष्टवान् यद्भवान् मम ।
नृणां यन्म्रियमाणानां मनुष्येषु मनीषिणाम् ॥ १ ॥

અન્વયાર્થ—**भवान्**-આપે, **यत्**-જે, **मनुष्येषु**-મનુષ્યોમાં, **मनीषिणाम्**-બુદ્ધિમાન હોય અને **म्रियमाणानाम्**-મૃત્યુની સમીપમાં હોય એવા, **नृणाम्**-મનુષ્યોનું, **यत्**-જે કર્તવ્ય, **मम**-મને, **पृष्टवान्**-પૂછ્યું, **एतत्**-એ બધું, **एवम्**-આ પ્રમાણે, **निगदितम्**-કહી સંભળાવ્યું. ૧

અનુવાદ—**શ્રીશુકદેવજીએ કહ્યું-હે રાજન્, મનુષ્યોમાં જેઓ બુદ્ધિશાળી હોય તેમજ મૃત્યુ સમીપમાં હોય તેવા મનુષ્યોએ શું કરવું વગેરે આપે મને જે પૂછેલું-(સ્કંધ ૧-અ. ૧૯-શ્લોક ૩૭, ૩૮માં) એ બધું આ પ્રમાણે મેં આપને કહી સંભળાવ્યું. ૧.**

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્ત્વસુધા—'एवमेतत्—આ વાક્યથી શ્રીશુકાચાર્ય તૃતીય અધ્યાયનો પ્રારંભ કરે છે. પ્રથમ રાજાએ જે પ્રશ્નો પૂછ્યા હતા, તેનો ઉત્તર સંક્ષેપમાં આપી દીધો. રાજાને સજાગ કર્યા કે પ્રત્યેક માનવની કાયા તો છૂટશેજ; પરંતુ જેને 'મનીષા-બુદ્ધિ છે કે આ કાયા વિલીન થાય, તે પહેલાં 'દીન દયાળ'ને જાણું, ભજું અને મેળવું. એવો કર્તવ્ય નિશ્ચય જે કરી શક્યા છે તે પુણ્યશીલ છે. તેઓને માટે મેં બે અધ્યાયમાં માર્ગદર્શન આપ્યું. ૧.

ब्रह्मवर्चसकामस्तु यजेत ब्रह्मणस्पतिम् ।
इन्द्रमिन्द्रियकामस्तु[1] प्रजाकामः प्रजापतीन् ॥ २ ॥
देवीं मायां तु श्रीकामस्तेजस्कामो विभावसुम् ।
वसुकामो वसून् रुद्रान् वीर्यकामोऽथ वीर्यवान् ॥ ३ ॥

અન્વયાર્થ—**ब्रह्मवर्चस-कामः** तु-બ્રહ્મતેજને ચાહનારે તો, **ब्रह्मणः-पतिम्**-વેદોના અધિપતિ બ્રહ્મદેવને, **इन्द्रियकामः-तु**-ઇન્દ્રિયોની શક્તિ ઇચ્છનારે તો, **इन्द्रम्**-ઇન્દ્રને, **प्रजाकामः**-પ્રજા ઇચ્છનારે, **प्रजापतीन्**-દક્ષ વગેરે પ્રજાપતિઓને, **यजेत**-પૂજે. ૨.

श्रीकामः तु- ઐશ્વર્યની ઇચ્છાવાળાએ તો, **मायाम्**-પ્રકૃતિરૂપી, **देवीम्**-દુર્ગાદેવીને, **तेजस्कामः**-તેજસ્વી થવાની ઇચ્છાવાળાએ, **विभावसुम्**-અગ્નિને, **वसुकामः**-ધન ઇચ્છનારે, **वसून्**-આઠ વસુઓને, **अथ**-તેમજ, **वीर्यकामः**-પરાક્રમ ઇચ્છનાર, **वीर्यवान्**-વીર પુરુષે, **रुद्रान्**-એકાદશ રુદ્રોને, **यजेत्**-પૂજે. ૩.

અનુવાદ—**બ્રહ્મતેજના ઇચ્છનારાએ બ્રહ્માનું યજન કરવું; ઇન્દ્રિય શક્તિ ખીલવવા ઇચ્છનારે ઇન્દ્રનું, પ્રજાની ઇચ્છાવાળાએ પ્રજાપતિઓનું પૂજન કરવું. ૨. ઐશ્વર્ય મેળવવાની કામનાવાળાએ દુર્ગાદેવીનું, તેજની ઇચ્છાવાળાએ અગ્નિનું, ધન ઇચ્છનારે આઠ વસુઓનું, તેમજ પરાક્રમ ઇચ્છનારા વીરપુરુષે રુદ્રોનું યજન-પૂજન કરવું.** ૩.

તત્ત્વસુધા—બીજા શ્લોકથી નવમા શ્લોક સુધીમાં 'બ્રહ્મણસ્પતિ'થી લઇ 'સોમ' સુધીના ૨૮ દેવોની ઉપાસનાનાં ફળ દર્શાવવાં શરૂ કર્યાં.

(૧) **બ્રહ્મવર્ચસ્**-બ્રહ્મતેજના અભિલાષુકે વેદોના અધિપતિ 'બ્રહ્મણસ્પતિ'નું આરાધન કરવું. વેદોનો અભ્યાસ અને નિત્ય સ્વાધ્યાય-પાઠ કરવાથી બ્રહ્મતેજ વધે છે. બ્રહ્મતેજ ચિત્તની અને વિશ્વની શાંતિ કરે છે. (૨) **ઇન્દ્રમિન્દ્રિયકામઃ**-ઇન્દ્રિયોની કાર્યકુશળતા અને કાર્યક્ષમતા માટે ઇન્દ્રનું આરાધન કરવું. ઇન્દ્રના આરાધનથી વીર્યસ્થંભ થાય છે. (૩) **પ્રજાકામઃ**-સંતાનની કામનાવાળો 'પ્રજાપતિ'ને સેવે; મરીચિ વગેરે ઋષિઓને પ્રજાપતિ કહ્યા છે. (૪) **શ્રીકામઃ**-લક્ષ્મીની પ્રાપ્તિને ચાહનાર માયાદેવીને ભજે ;શ્રીસૂક્ત, શક્રાદિ સ્તુતિ, શ્રીઁ બીજનો જપ, કમલ પૂજા, કમલ હોમ, બીલીનો હોમ વગેરે તંત્ર ગ્રન્થોમાં તેના પ્રકાર બતાવ્યા છે. (૫) **તેજસ્કામઃ**-અગ્નિ હોત્ર લેવાથી, અગ્નિમાં હોમ કરવાથી તેજસ્વી બનાય છે. તેનો કોઇ પણ પરાજય નથી કરી શકતો. (૬) **વસુકામઃ**-કેવલ ધનની કામના હોય, તો દ્રોણાદિ વસુઓને સેવે. (૭) **વીર્યકામઃ**-પરાક્રમ ચાહક મહારુદ્રાભિષેક કરે. ૨; ૩.

अन्नाद्यकामस्त्वदितिं[2] स्वर्गकामोऽदितेःसुतान् ।
विश्वान्देवान् राज्यकामः साध्यान्संसाधको विशाम् ॥ ४ ॥
आयुष्कामोऽश्विनौ देवौ पुष्टिकाम इलां यजेत् ।
प्रतिष्ठाकामः पुरुषो रोदसी लोकमातरौ ॥ ५ ॥

---

१. પ્રા૦ પા૦ – कामाय । ૨. પ્રા૦ પા૦ स्त्वतिथि ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

रूपाभिकामो गन्धर्वान् स्त्रीकामोऽप्सर उर्वशीम् ।
आधिपत्यकामः सर्वेषां यजेत परमेष्ठिनम् ॥ ६ ॥

અન્વયાર્થ—**અન્ન-અદ્ય-કામઃ** તુ-અન્ન વગેરે ભક્ષ્ય પદાર્થોને ઇચ્છનાર તો, **અદિતિમ્**-અદિતિને, **સ્વર્ગકામઃ**-સ્વર્ગ ઇચ્છનાર, **અદિતેઃ સુતાન્**-અદિતિના પુત્રો-બાર આદિત્યોને, **રાજ્યકામઃ**-રાજ્ય ઇચ્છનાર, **વિશ્વાન્ દેવાન્**-સત્તાવીશ વિશ્વેદેવોને, **વિશામ્**-મનુષ્યોને, **સંસાધકઃ**-વશ કરવા ચાહનાર, **સાધ્યાન્**-સાધ્ય નામના દેવોને, **આયુષ્કામઃ**-આયુષ્ય ઇચ્છનાર, **અશ્વિનૌ દેવૌ**-બે અશ્વિની કુમારોને, **પુષ્ટિકામઃ**-પુષ્ટિની કામના વાળો, **ઇલામ્**-પૃથ્વીને, **પ્રતિષ્ઠાકામઃ પુરુષઃ**-પ્રતિષ્ઠા ઇચ્છનાર પુરુષ, **લોક માતરૌ**-સર્વ લોકના પોષક માતારૂપ, **રોદસી**-દ્યાવા પૃથ્વીને-આકાશ તથા ભૂમિને, **યજેત્**-પૂજે, **રૂપ-અભિકામઃ**-રૂપની અભિલાષી, **ગન્ધર્વાન્**-ગન્ધર્વોને, **સ્ત્રીકામઃ**-સ્ત્રીની ઇચ્છાવાળા, **અપ્સર ઉર્વશીમ્**-ઉર્વશી નામની અપ્સરાને, **સર્વેષામ્**-સર્વ ઉપર, **આધિપત્યકામઃ**-સત્તા-વર્ચસ્વ મેળવવા ઇચ્છનાર, **પરમેષ્ઠિનમ્**-બ્રહ્મદેવને, **યજેત**-પૂજે. ૪; ૫; ૬.

અનુવાદ—અન્નાદિ ભક્ષ્ય પદાર્થ ઇચ્છનારાએ અદિતિનું, સ્વર્ગ ઇચ્છનારે બાર સૂર્યોનું, રાજ્યની કામના વાળાએ વિશ્વેદેવોનું, મનુષ્યોને આધીન કરવા ઇચ્છનારાએ સાધ્ય નામના દેવોનું યજન કરવું; દીર્ઘાયુષ્યની ઇચ્છા વાળાએ બે અશ્વિનીકુમારોનું, પુષ્ટિ ઇચ્છનારે પૃથ્વીનું, પ્રતિષ્ઠાની કામનાવાળાએ સર્વ લોકનાં પોષક માતારૂપ આકાશ તથા ભૂમિનું યજન કરવું; સુંદર રૂપની અભિલાષા વાળાએ ગન્ધર્વોનું; સ્ત્રીની ઇચ્છાવાળાએ ઉર્વશી નામની અપ્સરાનું, તેમજ બધાં ઉપર આધિપત્ય મેળવવા ઇચ્છનારે બ્રહ્માનું યજન કરવું. ૪; ૫; ૬.

તત્ત્વસુધા—શ્લોક ૨,૩ના અનુસંધાનમાં-(૮) **અન્નાદ્યકામઃ**-અન્ન પચાવી શકે એવી આશાવાળો અદિતિને ભજે. અદિતિ ભૂમિની અધિષ્ઠાતા દેવી છે. 'અદિતિ'ને સ્થાને 'અતિથિ' પાઠ પણ સારો છે. અતિથિ આંગણે આવે, એને ત્યાં અન્નપૂર્ણા રહે. (૯) **સ્વર્ગકામઃ**-સ્વર્ગનો ચાહક આદિત્યોને ભજે. આદિત્યો તેજોભિમાની દેવતા છે. (૧૦) **રાજ્યકામઃ**-રાજત્વ એ એક ઐશ્વર્ય છે. વિશ્વાના પુત્રો વિશ્વેદેવોને ભજવાથી તે મળે છે. (૧૧) **સંસાધકઃ**-પ્રજા ઉપર વર્ચસ્વ ટકાવવા ચાહનાર સાધ્યોને સેવે. સાધ્યો વાયુના અધિષ્ઠાતા દેવતા છે. (૧૨) **આયુષ્કામઃ**-આયુષ્યની કામનાવાળો અશ્વિની કુમારોને સેવે. આયુર્વેદની રીતિ પ્રમાણે આહાર વિહાર બનાવે. (૧૩) **પુષ્ટિકામઃ**-શરીરમાં સુડોળ ઘાટ રહે, તે માટે પૃથ્વીતત્ત્વ પ્રધાન તત્ત્વો આહારમાં લે અને પૃથ્વી દેવીની આરાધના કરે. (૧૪) **પ્રતિષ્ઠાકામઃ**-લોકમાન્ય થવા ચાહનાર દ્યાવાપૃથિવીને ભજે. દ્યાવાપૃથિવી લોકમાતાઓ છે. (૧૫) **રૂપાભિકામઃ**-રૂપને ચાહનારે વિશ્વાવસુ ગન્ધર્વોને સેવવા. વિશ્વાવસુને 'રાષ્ટ્રભૃત' તરીકે માન્યા છે. (૧૬) **સ્ત્રીકામઃ**-સુરૂપ સ્ત્રીને ચાહનારે ઉર્વશીની ઉપાસના કરવી. (૧૭) **આધિપત્યકામઃ**-સર્વનો અધિપતિ થવા વિચારનારે બ્રહ્માનું યજન કરવું. ૪; ૫; ૬.

यज्ञं यजेद् यशस्कामः कोशकामः प्रचेतसम् ।
विद्याकामस्तु गिरिशं दाम्पत्यार्थ[1] उमां सतीम् ॥ ७ ॥
धर्मार्थ[2] उत्तमश्लोकं तन्तुं[3] तन्वन् पितॄन् यजेत् ।
रक्षाकामः पुण्यजनानोजस्कामो मरुद्गणान् ॥ ८ ॥

१. પ્રા૦ પા૦-દામ્પત્યાર્થમુમાં । ૨. પ્રા૦ પા૦-ધર્માર્થમુત્તમ । ૩. પ્રા૦ પા૦-તન્તુકામઃ પિતૄન્ ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

राज्यकामो मनून् देवान् निर्ऋतिं त्वभिचरन् यजेत्[1] ।
कामकामो यजेत् सोममकामः पुरुषं परम्[2] ॥ ९ ॥
अकामः सर्वकामो वा मोक्षकाम उदारधीः ।
तीव्रेण भक्तियोगेन यजेत पुरुषं परम् ॥ १० ॥

અન્વયાર્થ—યશસ્કામઃ-કીર્તિની કામના વાળો, યજ્ઞમ્-યજ્ઞ નારાયણને, યજેત્-પૂજે, કોશકામઃ-ધન ભંડારને ઇચ્છનાર, પ્રચેતસમ્-વરુણને, વિદ્યાકામઃ તુ-વિદ્યાભિલાષી, ગિરિશમ્-શંકરને, દામ્પત્યાર્થઃ-દામ્પત્ય સુખ ઇચ્છનાર, સતીમ્ ઉમામ્-ઉમાદેવીને, ૭; ધર્માર્થિઃ-ધર્મની કામનાવાળો, ઉત્તમશ્લોકમ્-ઉત્તમ કીર્તિવાળા પરમેશ્વરને, તન્તું તન્વન્-વંશવૃદ્ધિ ઇચ્છનાર, પિતૄન્-પિતૃઓને, યજેત્-પૂજે, રક્ષાકામઃ-રક્ષા ઇચ્છનાર, પુણ્ય જનાન્-યક્ષોને, ઓજસ્કામઃ-બળની ઇચ્છાવાળો, મરુદ્ગણાન્-મરુત્ નામના દેવોને, (૪૯ મરુત છે), ૮; રાજ્યકામઃ-રાજ્યની કામના વાળો, મનૂન્ દેવાન્-મનુ નામના દેવોને, અભિચરન્ તુ-અભિચારથી શત્રુને હણવા ઇચ્છનાર, નિર્ઋતિમ્-રાક્ષસને, યજેત્-પૂજે, કામકામઃ-ભોગ વૈભવ ઇચ્છનાર, સોમમ્-ચંદ્રને, અકામઃ-કોઇપણ કામનાની ઇચ્છા ન હોય તેવો-નિષ્કામ, પરં પુરુષમ્-શ્રેષ્ઠ પરમેશ્વરને, યજેત્-પૂજે. ૯; અકામઃ-કામના રહિત, સર્વકામઃ-સર્વ પ્રકારની કામના વાળો, વા-અથવા, ઉદારધીઃ-ઉદાર બુદ્ધિવાળા, મોક્ષકામઃ-મોક્ષને ઇચ્છનાર, તીવ્રેણ-તીવ્ર, ભક્તિયોગેન-ભક્તિ યોગથી, પરં પુરુષમ્-શ્રેષ્ઠ પુરુષને, યજેત-પૂજવા. ૧૦.

અનુવાદ—યશ ઇચ્છનારે યજ્ઞનારાયણનું યજન કરવું. ધનભંડાર ઇચ્છનારે વરુણદેવનું, વિદ્યાની કામના વાળાએ શ્રીશંકર ભગવાનનું, દામ્પત્ય સુખ માટે સતી ઉમાનું યજન કરવું. ૭; ધર્મ ઇચ્છનારે ઉત્તમ કીર્તિવાળા પરમેશ્વરનું, વંશવૃદ્ધિ ઇચ્છનારે પિતૃઓનું, રક્ષાની કામના વાળાએ યક્ષોનું, બળ ઇચ્છનારે ઓગણપચાસ મરુત નામના દેવોનું યજન કરવું. ૮; રાજ્ય ઇચ્છનારે ચૌદ મનુઓનું, શત્રુઓને અભિચાર પ્રયોગથી મારવા ઇચ્છનારે રાક્ષસનું યજન-પૂજન કરવું. કામનાઓની ઇચ્છાવાળાએ ચન્દ્રનું યજન કરવું, તેમજ કોઈ પણ કામનાની ઇચ્છા ન હોય તેણે પરમ પુરુષનું-શ્રેષ્ઠ પરમેશ્વરનું યજન કરવું. ૯; કામના વિનાના, સર્વ કામના વાળા, અથવા ઉદાર બુદ્ધિ હોઈ મોક્ષને ઇચ્છનારા હોય, આ બધાઓએ તીવ્ર ભક્તિ યોગથી પરમ પુરુષનું યજન કરવું. ૧૦.

તત્ત્વસુધા—(શ્લોક ૬ ની તત્ત્વસુધાના અનુસંધાનમાં)—(૧૮) યશઃકામઃ-યજ્ઞ પુરુષ ચરણના અધિષ્ઠાતા દેવતા છે. (૧૯) કોશકામઃ-વરુણ ધનનો આપે છે. વરુણ રસનાના અધિષ્ઠાતા દેવતા છે. (૨૦) વિદ્યાકામઃ-વર, વિદ્યા, વંશ, વિત્ત એ શિવજીની કૃપાથી મળે છે. (૨૧) દામ્પત્યકામઃ-ઉમા પાર્વતીનું નામ છે. તેમની કૃપાથી દામ્પત્ય પ્રેમ અખંડ રહે છે. (૨૨) ધર્માર્થિઃ ઉત્તમશ્લોકનું યજન કરે. ઉત્તમશ્લોક વિષ્ણુનું નામ છે. (૨૩) તન્તું તન્વન્-વંશ-વિસ્તાર પિતૃઓની આશીષથી થાય છે. (૨૪) રક્ષાકામઃ શત્રુથી સંરક્ષણ ઇચ્છનાર પુણ્ય જનોને ભજે. (૨૫) ઓજસ્કામઃ ઇન્દ્રિયોના બળને ઓજસ્ કહેવાય. તેણે ૪૯ મરુત દેવોનું યજન કરવું. (૨૬) રાજ્યકામઃ-મનુની રીતિથી રાજ્ય ચલાવે તો રાજ્ય વ્યવસ્થિત ચાલે. (૨૭) અભિચરન્ તાંત્રિક પ્રયોગ છે, જે શત્રુ ઉપર સફળ બનાવે છે. (૨૮) કામકામઃ-કામના સિદ્ધિ ચન્દ્રની ઉપાસનાથી થાય છે. સોમ મનના દેવ છે. (૨૯) અકામઃ-નિષ્કામ ઉપાસક પુરુષોત્તમને ભજે. સર્વ કામનાઓથી પર થવામાં પ્રભુ સહાય કરે છે.

---

૧. પ્રા૦ પા૦-નરઃ । ૨. પુમાન્ ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આ ૨૮ એકજ ઇષ્ટમાં સમાય છે. તે ૨૯મા પુરુષોત્તમનો ઉલ્લેખ કરી બે વસ્તુઓ બતાવી. જો અલગ અલગ ઇચ્છાઓની પૂર્તિ કરવી હોય તો તે ભગવાનને સેવો અને પછી નિષ્કામ બનીને પ્રભુને ભજો; અથવા સર્વ કામના માટે પ્રભુને ભજી, પછી નિષ્કામ થઈ, પ્રભુને સેવો. अकामः–યોગી, सर्वकामः–કર્મી, मोक्षकामः જ્ઞાની, उदारधीः પરમ ભક્ત–એ ચાર ઉપાસક પ્રભુને સેવે. ૭; ૮; ૯; ૧૦.

एतावानेव यजतामिह निःश्रेयसोदयः ।
भगवत्यचलो भावो यद् भागवतसंगतः[1] ॥ ११ ॥

અન્વયાર્થ—इह–આ લોકમાં, यजताम्–યજન–પૂજન કરનારાઓને, भागवतसंगतः–ભગવદ્ ભક્તોના સમાગમથી થયેલ, भगवति–ભગવાનમાં, यत्–જે, अचलः–દૃઢ, भावः–ભક્તિભાવ, एतावान् एव–આટલો જ, निः-श्रेयस्-उदयः-કલ્યાણનો ઉદય છે. ૧૧.

અનુવાદ—(તે તે ઈન્દ્ર વગેરે દેવોનું) યજન-પૂજન કરનારાઓને, આ લોકમાં ભગવદ્ ભક્તોના સમાગમથી ભગવાનમાં જે દૃઢ ભક્તિભાવ થવો, એજ કલ્યાણનો ઉદય છે. (યજન-પૂજનનું મુખ્ય ફળ છે.) ૧૧.

તત્ત્વસુધા—આ શ્લોકમાં જીવન ક્ષેત્રના વિવિધ ઉપાસકોને એક માર્ગદર્શન કર્યું કે ભગવાનમાં અવિચલ ભાવ થવો જોઇએ. એ ભાવની સિદ્ધિનું સાધન છે भागवत संगतः ભાગવતનો સંગ. ભાગવત સંગના બે અર્થ થાય છે. ભાગવત એટલે પરમ ભગવદીયનો સત્સંગ અથવા શ્રીમદ્ ભાગવતનો નિત્ય સંગ. શ્રીમહાપ્રભુજી બીજો એક પાઠ भागवतसंगमः એવો સ્વીકારે છે અને શ્લોકનો અર્થ કરે છે કે ભગવાનમાં અવિચલ ભાવ. શ્રીમદ્ ભાગવત તેમજ પરમ ભગવદીયનો સમાગમ એ બે નિઃશ્રેયસ્ છે અને તે સિદ્ધ કરવા પ્રયત્ન કરવો. ૧૧.

ज्ञानं यदा प्रतिनिवृत्तगुणोर्मिचक्रमात्मप्रसाद [2]उत यत्र गुणेष्वसङ्गः ।
कैवल्यसंमतपथस्त्वथ भक्तियोगः को निर्वृतो हरिकथासु रतिं न कुर्यात् ॥ १२ ॥

અન્વયાર્થ—હરિકથાથી–यदा–જ્યારે, ज्ञानम्–જ્ઞાન (પ્રાપ્ત થાય), प्रतिनिवृत्त-गुण-उर्मि-चक्रम्–ત્રણ ગુણોની ઉર્મિઓનાં ચક્રની નિવૃત્તિ, उत–વળી–અને, यत्र–જ્યાં, गुणेषु–સત્વાદિ ગુણોમાં, असङ्गः–અનાસક્તિ, आत्मप्रसादः–આત્માની પ્રસન્નતા, अथ–અને વિશેષમાં, कैवल्य-संमत-पथः–મોક્ષ પંથને સંમત માર્ગ, भक्तियोगः–ભક્તિયોગ પ્રાપ્ત થાય, तु–તો પછી, निर्वृतः–સુખી માનવ, हरि कथासु–શ્રીહરિની કથાઓમાં, रतिम्–પ્રેમને, न कुर्यात्–ન કરે? ૧૨.

અનુવાદ—જ્યારે હરિકથાથી જ્ઞાન પ્રાપ્ત થાય, ત્રણે ગુણોની ઉર્મિઓનાં ચક્ર સંપૂર્ણ નિવૃત્ત થાય, આત્મપ્રસાદ મળે, ખરેખર જ્યાં ત્રણે ગુણોમાં અનાસક્તિ સિદ્ધ થાય, વળી વિશેષમાં મોક્ષપથને સંમત પથ એવો ભક્તિયોગ પ્રાપ્ત થાય; તો પછી સર્વ શ્રમથી ઉપરામ થઈ માનવે શા માટે શ્રીહરિની કથાઓમાં સ્નેહ ન કરવો? ૧૨.

તત્ત્વસુધા—શ્રીમદ્ ભાગવત કથા પ્રસંગથી અને પરમ ભગવદીય પ્રસંગથી સિદ્ધ થતી અલૌકિક સિદ્ધિઓનું નિરૂપણ કરે છે કે यदा હરિકથાથી પાંચ ફલ પ્રાપ્ત થાય છે. પ્રથમ જ્ઞાન મળે છે. નિત્ય અને અનિત્ય સુખની સમજ એ જ્ઞાન છે. જ્યારે તે જ્ઞાન સિદ્ધ થાય ત્યારે તેનું બીજું ફલ प्रतिनिवृत्त–સંપૂર્ણ પ્રમાણમાં ત્રણે ગુણોમાંથી ઉત્પન્ન થતા ભોગ ઉર્મિઓનાં ચક્રો સ્વયં શાન્ત થાય છે. પુષ્કળ ગ્રન્થો વાંચવા,

१. सुबो० पा०–सङ्गमः । २. प्रा० प्रा०–उभयत्र ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

લખવા તે સત્વગુણચક્ર; વૈભવો સંપાદન કરવા તે રાજસ ગુણ ચક્ર; ભાન ભૂલી ભોગાધીન થવું તે તામસગુણ-ચક્ર છે. એ સર્વ શાન્ત થઈ જાય છે; ત્યારે તેનું ત્રીજું ફલ સ્વાભાવિક આત્મપ્રસાદ મળે છે. તે આત્મપ્રસન્નતાને બળે ચોથું ફળ અસઙ્ગઃ ત્રણ ગુણોમાંથી સર્વથા નિવૃત્તિ સિદ્ધ થશે. આમ આખો જ્ઞાન માર્ગ સિદ્ધ થઈ ગયો. ત્યાર બાદ જ્ઞાન માર્ગને સંમત એવો પ્રેમલક્ષણ ભક્તિયોગ ભક્તિયોગ જે પાંચમું ફલ છે તે સ્વતઃ પ્રાપ્ત થઈ જાય છે. તો પછી હરિકથામાં શા માટે રસલીન ન થવું ?

ઉત યત્ર ને સ્થાને ઉભયત્ર એવો પાઠ લઈએ ત્યારે ઉભયત્ર એટલે આલોક-પરલોકનાં સુખોમાં વિરાગ એવો અર્થ થશે. ૧૨.

શૌનક ઉવાચ—ઇત્યભિવ્યાહૃતં રાજા નિશમ્ય ભરતર્ષભઃ ।
કિમન્યત્પૃષ્ટવાન્ ભૂયો વૈયાસકિમૃષિં કવિમ્ ॥ ૧૩ ॥
એતચ્છુશ્રૂષતાં વિદ્વન્ સૂત નોઽર્હસિ ભાષિતુમ્ ।
કથા હરિકથોદર્કાઃ સતાં સ્યુઃ સદસિ ધ્રુવમ્ ॥ ૧૪ ॥

અન્વયાર્થ—ભરત-ઋષભઃ-ભરતકુળમાં શ્રેષ્ઠ, **રાજા**-પરીક્ષિત, **ઇતિ**-આ પ્રમાણે, **અભિ-વિ-આહૃતમ્**-શ્રીશુકદેવજીના કથનને, **નિશમ્ય**-સાંભળીને, **ભૂયઃ**-ફરીથી, **અન્યત્**-બીજું, **કવિમ્**-શબ્દ બ્રહ્મમાં નિષ્ણાત, **ઋષિમ્**-બ્રહ્મસ્વરૂપ, **વૈયાસકિમ્**-વ્યાસપુત્રને, **કિમ્**-શું, **પૃષ્ટવાન્**-પૂછવા લાગ્યા. ૧૩.

વિદ્વન્-હે જ્ઞાની-વિદ્વન્, **એતત્**-એ બધું, **શુશ્રૂષતામ્**-સાંભળવા ચાહતા, **નઃ**-અમને **ભાષિતુમ્**-કહેવા માટે, **અર્હસિ**-યોગ્ય છો, **ધ્રુવમ્**-ખરેખર, **સતામ્**-સત્પુરુષોની, **સદસિ**-સભામાં, **હરિ-કથા-ઉદર્કાઃ**-શ્રીહરિ કથા જ જેનું ઉત્તર ફલ છે એવી, **કથાઃ**-કથાઓ, **સ્યુઃ**-હોય છે. ૧૪.

અનુવાદ—શૌનકે પૂછ્યું-મહર્ષિ સૂત, આ પ્રમાણે શ્રીશુકદેવનું કથન સાંભળી ભરતકુલ શ્રેષ્ઠ પરીક્ષિત રાજાએ શબ્દબ્રહ્મમાં નિષ્ણાત, બ્રહ્મરૂપ, વ્યાસપુત્ર શ્રીશુકદેવજીને ફરી બીજું શું પૂછ્યું ? હે જ્ઞાની, આ બાબતને અમે શ્રવણ કરવાની ઇચ્છા ધરાવીએ છીએ. તો આપ સર્વ કહેવાને યોગ્ય છો; કારણ કે સજ્જનોની સભામાં, ખરેખર, શ્રીહરિની કથાઓ જેમાંથી ફલીભૂત થાય એવી વાતો સિવાય બીજા વાર્તાલાપ હોતા જ નથી. ૧૩; ૧૪.

તત્ત્વસુધા—શ્રીશુકાચાર્ય ૧૨મા શ્લોકમાં શ્રીહરિ-કથામાં રતિ એ એક જ પ્રભુપ્રાપ્તિનો અનુપમ આશ્રય છે, એટલું પ્રતિપાદન કરી રાજાની કથા રસ નિષ્ઠાની જિજ્ઞાસાથી મૌન લઈ બીરાજ્યા. સૂત મુનિ પણ તેટલા જ પ્રસંગનું પરિવેષણ કરી વિરમ્યા; ત્યારે વિચક્ષણ શૌનકે વિચાર્યું કે આપણા કરતાં વધુ ભગવદીય પરીક્ષિતે અવશ્ય શ્રીશુકાચાર્ય સમીપે હૃદયગત ભાવ વ્યક્ત કર્યો જ હશે. માટે આપણે એ જ વાત પૂછીએ કે શ્રી મૌનરત બનેલા મહર્ષિ શુકાચાર્યને નરપતિ પરીક્ષિતે આગળ શું પૂછ્યું. વળી પરીક્ષિત ભરતર્ષભ હતા, એટલે હિતનો નિર્ણય કરવામાં મનીષાવાન્ હતા. શ્રીશુકદેવજી વૈયાસકિ, ઋષિ અને કવિ હતા. એનો આશય સમજવે છે કે શુકદેવજી તો ગોદોહન સમયથી વધુ ન બેસે; પરંતુ જો કોઈ ભાગવત રસ પિપાસુ મળશે તો ત્યાંથી તે યુગોપર્યન્ત ઉઠી ન બેસે. વ્યાસજીનો વિસ્તાર કરવાનો સ્વભાવ છે, તે પુત્રમાં પણ કથા કરવામાં આવ્યો છે. ઋષિ છે તેથી ભાગવત અને ભગવાનના હાર્દને જાણે છે. કવિ છે માટે માધુર્ય રસનું મંદિર છે. ઉદર્ક શબ્દનો અર્થ બે સંતો મળે ત્યારે તેમનો સમગ્ર વાર્તા વિષયનો વળાંક હરિભક્તિ તરફ જ હોય છે. ૧૩; ૧૪.

સ વૈ ભાગવતો રાજા પાણ્ડવેયો મહારથઃ ।
બાલક્રીડનકૈઃ ક્રીડન્ કૃષ્ણક્રીડાં ય આદદે ॥ ૧૫ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વૈયાસકિશ્ચ ભગવાન્ વાસુદેવપરાયણઃ ।
ઉરુગાયગુણોદારાઃ સતાં સ્યુર્હિ સમાગમે ॥ ૧૬ ॥

અન્વયાર્થ—સઃ-તે, **વૈ**-ખરેખર, **ભાગવતઃ**-પરમ ભગવદ્ ભક્ત, **પાણ્ડવેયઃ**-પાંડવકુળમાં જન્મેલા, **મહારથઃ**-મહારથી, **રાજા**-પરીક્ષિત રાજા, **યઃ**-જે, **બાલ-ક્રીડનકૈઃ**-બાલ્યાવસ્થામાં રમકડાં સાથે, **ક્રીડન**-રમતા, **કૃષ્ણ-ક્રીડામ્**-શ્રીકૃષ્ણની રમતને, **આદદે**-ગ્રહણ કરતા હતા. ૧૫.

ચ-અને, **ભગવાન્**-ભગવાન, **વૈયાસકિઃ**-શ્રીશુકદેવજી પણ, **વાસુદેવ-પરાયણઃ**-વાસુદેવમય છે, તો **સતામ્**-સત્પુરુષોના, **સમાગમે**-સમાગમમાં, **હિ**-અવશ્ય, **ઉરુગાય-ગુણ-ઉદારાઃ**-મહાન પુરુષોથી ગવાતા શ્રીકૃષ્ણના ગુણોથી ભરપૂર કથાઓ, **સ્યુઃ**-થાય છે. ૧૬.

અનુવાદ—પાંડવકુળમાં જન્મેલ, મહારથી રાજા પરીક્ષિત, ખરેખર, પરમ ભગવદ્ ભક્ત હતા; જેમણે બાલ્યાવસ્થામાં રમકડાં સાથે રમતાં રમતાં પણ શ્રીકૃષ્ણ સંબંધી રમતો જ આદરી. તેમજ વ્યાસજીના પુત્ર શ્રીશુકદેવજી પણ છ ઐશ્વર્ય સમ્પન્ન હોઈ ભગવાન વાસુદેવમાં જ અનન્ય પ્રેમવાળા હતા. ખરેખર, જ્યાં સત્સમાગમ થાય છે, ત્યાં પ્રભુના ગુણાનુવાદોથી ભરપુર હરિકથાઓ થતી હોય છે. (તે અમને કહો.) ૧૫; ૧૬.

તત્ત્વસુધા—"પુત્રનાં લક્ષણ પારણામાંથી", એ કહેવત પરીક્ષિત રાજાએ કૃતાર્થ કરી. ધર્મશાસ્ત્રોના સંસ્કારોમાં બાલકની મનોવૃત્તિની પરીક્ષા થાય છે. અન્ન, પુસ્તક, અસ્ત્ર, કલમ વગેરે પદાર્થો થાળીમાં મૂકે; પછી બાળકને તે બતાવે. એમાંથી જે તરફ તેની રૂચિ જણાય, તે વિષયનું જ્ઞાન તેને અપાય. પરીક્ષિતે ઉપરોક્ત કોઇ વસ્તુ ન લેતાં ભગવાનનાં સ્વરૂપો જ લીધેલાં. એથી એ ગર્ભથી જ પરમ ભગવદીય છે, જ્યારે શુકાચાર્ય તો ભગવન્મય મહાયોગી છે. આવા ઉત્તમ પુરુષોના સમાગમમાં લોક ગાથા ન ચર્ચાય. બે મનીષી માનવે મળી વિખૂટા પડતાં વિચારવું કે આત્મ ઉત્કર્ષની કેટલી ગાથા આપણા વાર્તાલાપમાં હતી. ૧૫; ૧૬.

આયુર્હરતિ વૈ પુંસામુદ્યન્નસ્તં ચ યન્નસૌ ।
તસ્યર્તે યત્ક્ષણો નીત ઉત્તમશ્લોકવાર્તયા ॥ ૧૭ ॥
તરવઃ કિં ન જીવન્તિ ભસ્ત્રાઃ કિં ન શ્વસન્ત્યુત ।
ન ખાદન્તિ ન મેહન્તિ કિં ગ્રામપશવોઽપરે ॥ ૧૮ ॥
શ્વવિડ્વરાહોષ્ટખરૈઃ સંસ્તુતઃ પુરુષઃ પશુઃ ।
ન યત્કર્ણપથોપેતો જાતુ નામ ગદાગ્રજઃ ॥ ૧૯ ॥

અન્વયાર્થ—ઉત્તમશ્લોક-વાર્તયા-ભગવત્સંબંધી વાર્તાથી, **યત્**-જે, **ક્ષણઃ**-સમય, **નીતઃ**-ગાળ્યો, **તસ્ય**-તેના, **ઋતે**-સિવાય, **પુંસામ્**-પુરુષોના, **આયુઃ**-આયુષ્યને, **વૈ**-ખરેખર, **ઉદ્યન્**-ઉદય પામતો, **ચ**-અને, **અસ્તમ્**-અસ્ત, **યન્**-પામતો, **અસૌ**-આ સૂર્ય, **હરતિ**-હરે છે. ૧૭; **તરવઃ**-વૃક્ષો, **કિમ્**-શું, **ન જીવન્તિ**-જીવતાં નથી ? **ભસ્ત્રાઃ**-ધમણો, **કિમ્**-શું, **ન શ્વસન્તિ**-શ્વાસ લેતી નથી ? **ઉત**-અથવા તો, **અપરે**-બીજાં, **ગ્રામ-પશવઃ**-ગામનાં પશુઓ, **કિમ્**-શું ? **ન ખાદન્તિ**-ખાતાં નથી ? **ન મેહન્તિ**-વિહાર નથી કરતાં ? ૧૮:

જાતુ નામ-કોઇ વખત પણ, **ગદ-અગ્રજઃ**-શ્રીકૃષ્ણ, **યત્-કર્ણપથ-ઉપેતઃ**-જેના કર્ણમાર્ગમાં પ્રાપ્ત, **ન**-નથી આવ્યા, **પુરુષઃ**-તે પુરુષ, **પશુઃ**-પશુ છે. **શ્વ-વિડ્-વરાહ-ઉષ્ટ્ર-ખરૈઃ**-શ્વાન, સૂકર, ઊંટ અને ગધેડાં સાથે, **સંસ્તુતઃ**-સરખાવાયો છે. ૧૯.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—ઉત્તમશ્લોક ભગવાન શ્રીકૃષ્ણની કથા વાર્તાથી જે સમય પસાર થાય છે, તે આયુષ્યને સૂર્ય લેતો નથી; પરંતુ ભગવાનના ભજન સિવાયના મનુષ્યના આયુષ્યને, ઉદય-અસ્ત પામતો આ સૂર્ય ખરેખર હરી લે છે. ૧૭. વૃક્ષો શું જીવતાં નથી? ધમણો ક્યાં શ્વાસ લેતી નથી? બીજાં ગ્રામ્ય પશુઓ આહાર-વિહાર વગેરે શું નથી કરતાં? ૧૮; જેના કર્ણપથ ઉપર કોઈ વખત પણ ગદ્દના મોટા ભાઈ શ્રીકૃષ્ણનું નામ પડ્યું નથી, તે પુરુષ શ્વાન, સૂકર, ઊંટ અને ગર્દભ સાથે સરખાવવા માટે અથવા તેમની પ્રશંસા કરાવવા માટે છે. ૧૯.

તત્ત્વસુધા—મનુષ્યની અમૂલ્ય મૂડી આયુષ્ય છે. જીવનની પ્રત્યેક ક્ષણે પ્રત્યેક કાર્ય આચરવાની કાર્યક્ષમતા એને આયુષ્ય કહેવાય. પ્રભુ સેવા વિના અને પરોપકાર વિના તે જેટલું વપરાય, તેટલું તે વ્યર્થ ગયું ગણાય. યોઽસૌ તપન્નુદેતિ સ સર્વેષાં ભૂતાનાં પ્રાણાનાદાયોદેતિ, મા મે પ્રજાયા મા પશૂનાં મા મમ પ્રાણાનાદાયોદગાઃ। અસૌ યોઽસ્તમેતિ સ સર્વેષાં ભૂતાનાં પ્રાણાનાદાયાસ્તમેતિ ।

શતાયુ વૈ પુરુષઃ—પુરુષનું આયુષ્ય સો વર્ષનું હોય છે. જે વ્યક્તિ એક વર્ષમાં એક ક્ષણ પણ અનન્ય ભાવથી હરિ સ્મરણ કરે છે કે જેમ તેની તપાસ કરવા ભગવાન સૂર્ય વિચરે છે. જ્યારે તે એક વર્ષમાં આખા બ્રહ્માંડમાં વિચરીને પરત થાય છે, ત્યારે 'હરિ સ્મરણ' શીઘ્ર પુરુષના આયુષ્યની વૃદ્ધિ કરે છે અને અન્યના આયુષ્યને લઈ લે છે. લોમશ મહર્ષિ અને માર્કંડેય જેવા ચિરંજીવી, પુણ્ય જીવી પુરુષોને તે એકડો થયેલો આયુષ્યનો સંગ્રહ ભેટમાં આપે છે. માનવે આ ઉપલક્ષણથી હરેક ક્ષણ ભગવત્સ્મરણ સાથે ગાળવાનો આશય આ શ્લોકમાં છે.

તરવઃ કિં ન જીવન્તિ—શ્વાસ લઈને જીવે તે મનુષ્ય નહિ, પરંતુ વિશ્વાસથી જીવે અને વિશ્વાસ પૂરો પાડે તે મનુષ્ય. વૃક્ષે પોતાના શ્વાસ સાર્થક કર્યા, જીવન પણ વૃક્ષે તો કૃતાર્થ કર્યું; જ્યારે મનુષ્યે તો શ્વાસ અન્યને વિશ્વાસઘાત કરવામાં ગાળ્યા. માનવને તો વૃક્ષ સાથે ન સરખાવાય, એનું જીવન 'ધમણ' જેવું. ધમણ બીજાને બાળે છે, માનવ પણ બીજાને બાળે છે.

જીવન તો એનું નામ કે જેમાં વફાદારી, કામગિરી, ઈમાનદારી અને તાબેદારી છે. વિધાતાએ જ્યારે પશુ જાતિને 'પશુ' શબ્દથી કહી ત્યારે પશુ મંડળના ચાર પ્રતિનિધિઓ બ્રહ્માજીની પાસે આવી નિવેદન કરી ગયા કે જેમાં વફાદારી, કામગિરી, ઈમાનદારી અને તાબેદારી નથી તેને 'પશુપદ' થી ઓળખાવો..

શ્વાન પાલકનો હિતૈષી અને સંતોષી, જ્યારે માનવ પાલકનો દ્વેષી અને અસંતોષી.

સૂકર તુચ્છ પદાર્થ જીવી અને ભૂમિ સ્વચ્છકારી, જ્યારે માનવ સ્વચ્છ પદાર્થ ભોગી, મલથી ભૂમિનો દુર્ગંધકારી;

ઊંટ કંટક, ભાજી અને અરણ્યમાં માલિકને જલ આપી જીવાડી, જીવન ત્યાગી, જ્યારે માનવ માલિકનાજ પ્રાણનો લોભી.

ગર્દભ માલિક કાજ ભારવાહી અને અલ્પ અભિલાષી, જ્યારે માનવ માલિકને ભારકારી અને સર્વાભિલાષી ખરેખર શ્વાનમાં વફાદારી, સૂકરમાં કામગિરી, ઊંટમાં ઈમાનદારી, અને ગર્દભમાં તાબેદારી, જ્યારે માનવમાં બે વફાદારી, કામચોરી, બે ઈમાનદારી, અને નિત્ય તકરારી, આથી વિપરીત દોષો દેખ્યા.

જો કર્ણદ્વારા હરિરસપાન થાય તો આખું જીવન કૃતાર્થ થાય ૧૭; ૧૮; ૧૯:

બિલે બતોરુક્રમવિક્રમાન્ યે ન શૃણ્વતઃ કર્ણપુટે નરસ્ય ।
જિહ્વાસતી દાર્દુરિકેવ સૂત ન ચોપગાયત્યુરુગાયગાથાઃ ॥ ૨૦ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—**સૂત**-હે સૂત, **ઉરુ-ક્રમ-વિક્રમાન્**-મહાન પરાક્રમવાળા પ્રભુનાં પરાક્રમોને, **ન શ્રૃણ્વતઃ**-શ્રવણ ન કરનાર, **નરસ્ય**-મનુષ્યના, **યે**-જે, **કર્ણપુટે**-બન્ને કાનરૂપી પડિયા, **બત**-ખરેખર, **બિલે**-સાપનાં દર છે. **ચ**-અને, **ઉરુ-ગાય-ગાથાઃ**-શ્રેષ્ઠ કીર્તિવાળા શ્રીકૃષ્ણનાં ચરિત્રોને, **ન ઉપગાયતિ**-ગાતી નથી, **અસતી**-દુષ્ટ એવી એ, **જિહ્વા**-જીભ, **દાર્દુરિકા ઇવ**-દેડકાની જીભ જેવી છે. ૨૦.

અનુવાદ—**હે સૂત, ઉરુક્રમ ભગવાનનાં પરાક્રમોને ન સાંભળનાર માણસના બન્ને કાન કાન નથી, પરંતુ સાપ-ઉંદરને રહેવાનાં દર છે; જે ભગવાનના ગુણાનુવાદ પૂર્ણ ચરિત્રોને ગાતી નથી એ દુષ્ટ જીભ, દેડકાની જીભ જેવી છે. ૨૦.**

તત્ત્વસુધા—મનુષ્યની પાસે આયુષ્ય, સેવોપયોગી તનુ અને સાવયવ ઇન્દ્રિયો આ ત્રણ સામગ્રીઓ છે. એ ત્રણની સાર્થકતા કરવી જોઈએ. પૂર્વના શ્લોકમાં આયુષ્ય અને શરીરનો વિચાર કર્યો. હવે અધ્યાયની સમાપ્તિ પર્યન્ત ઇન્દ્રિયોની સાર્થકતાનું વર્ણન કરે છે.

બિલે-વ્યાસજીનું પરહિત ચિન્તક ચિત્ત લાગણી વશ બની બોલ્યું કે બત ખૂબ ખેદની વાત છે કે-મનુષ્યને શ્રવણશીલ કર્ણ મળ્યા, પણ કથા ન સાંભળી; તો પછી સાપને રહેવાના દરમાં અને કાનમાં અંતર શું ? ઇન્દ્રિયોમાં આંખ બહિર્મુખ કરાવવામાં પ્રથમ છે અને કાન અન્તર્મુખ કરાવવામાં શ્રેષ્ઠ છે. તેથી ઇન્દ્રિયોની સાર્થકતામાં પ્રથમ કાનથી આરંભ કર્યો. નવધા ભક્તિમાં પણ શ્રવણ કીર્તનં માં પ્રથમ શ્રવણ ભક્તિ છે. શ્રોત્ર શ્રુતેનૈવ ન કુણ્ડલેન-શ્રવણ શોભે શાસ્ત્રના સુ-વર્ણ કુંડલથી, સુવર્ણ કુંડલથી નહિ. 'જિહ્વાડસતી' જીભને જીત્યો તે જગત જીત્યો.' એ ન્યાયે જો હરિરસરત રસના બની જાય, તો સર્વ વાસના છુટી જાય. સાત્વિક ભોજન અને ભાવમય ભજન એ વાસના વિજયનું અને વાસુદેવ પ્રાપ્તિનું પરમ સાધન છે. બાકી તો દેડકાની જીભમાં અને મનુષ્યની જીભમાં કોઇ તફાવત નથી. કાન કરતાં જીભથી બમણો નિરોધ થાય છે. ૨૦.

भारः परं पट्टकिरीटजुष्टमप्युत्तमाङ्गं न नमेन्मुकुन्दम् ।
शावौ करौ नो कुरुतः सपर्यां हरेर्लसत्काञ्चनकङ्कणौ वा ॥ २१ ॥

અન્વયાર્થ—**પટ્ટ-કિરીટ-જુષ્ટમ્-અપિ**-પાઘડી-મુકુટથી શોભાયમાન પણ, **ઉત્તમ-અઙ્ગમ્**-ઉત્તમ અંગ-મસ્તક, **મુકુન્દમ્**-શ્રી મુકુન્દ ભગવાનને, **ન નમેત્**-જો ન નમન કરે તો, **પરમ્**-ફક્ત, **ભારઃ**-ભારરૂપ છે, **વા**-અથવા, **લસત્-કાઞ્ચન-કઙ્કણૌ**-દેદીપ્યમાન સુવર્ણ કંકણવાળા, **કરૌ**-બન્ને હાથ, **હરેઃ સપર્યામ્**-ભગવાનની પૂજાને, **નો કુરુતઃ**-ન કરે તો, **શાવૌ**-શબ જેવા (જાણવા). ૨૧.

અનુવાદ—**પાઘડી કે મુકુટથી શોભાયમાન હોવા છતાં જે મસ્તક શ્રીમુકુન્દ ભગવાનને વંદન કરતું નથી તો તે કેવળ ભારરૂપ છે. વળી પ્રકાશમાન સુવર્ણ કંકણોથી શોભતા બન્ને હાથ, શ્રીહરિની પૂજા કરતા નથી તો તે શબ સમાન છે. ૨૧.**

તત્ત્વસુધા—**भारः परं पट्ट**-મનુષ્યના મસ્તક ઉપર સમસ્ત બોજો રહે છે. તેનું કારણ કે મમતા તેણે તેની મતિમાં ભરી રાખી છે; પરંતુ તેમાં જો મુકુન્દને રાખે તો બોજો મટી જાય. પ્રભુના ચરણમાં જેણે મસ્તક મૂકયું તેનો સમસ્ત ભાર પ્રભુને સોંપી દીધો છે. ઉત્તમાંગ, ઉત્તમ પુરુષને-ઉત્તમ ગુણને-ઉત્તમ જ્ઞાનને નમે તો દીપે, મુકુટ-પાઘથી કાંઈ ન દીપે. **शावौ करौ**-હસ્તની કૃતાર્થતા સેવાથી, દાનથી, સતત જપથી, શ્રમથી અને સત્કર્મથી. ઈશ્વરે એ માટે બે હાથ આપ્યા છે. તેમાં જો તે ન વપરાય, તો તે શબ કરતાં વધારે શ્રેષ્ઠ નથી. **दानेन पाणिर्न तु कंकणेन**-કર દીપે દાનથી, કંકણથી નહિ. ૨૧.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બર્હાયિતે તે નયને નરાણાં લિઙ્ગાનિ વિષ્ણો ર્ન નિરીક્ષતો યે ।
પાદૌ નૃણાં તૌ દ્રુમજન્મભાજૌ ક્ષેત્રાણિ નાનુવ્રજતો[1] હરે યૌ ॥ ૨૨ ॥

અન્વયાર્થ—નરાણામ્-મનુષ્યોનાં, **યે**-જે બન્ને, **નયને**-નેત્ર, **વિષ્ણોઃ**-શ્રીવિષ્ણુનાં, **લિઙ્ગાનિ**-સ્વરૂપોને-મૂર્તિઓને, **ન નિરીક્ષતઃ**-દર્શન કરતાં નથી, **તે**-તે નયન, **બર્હાયિતે**-મયૂર પિચ્છમાં રહેલ ચંદ્રક જેવાં છે, **નૃણામ્**-મનુષ્યોના, **યૌ**-જે બન્ને, **પાદૌ**-ચરણ, **હરેઃ**-શ્રી હરિનાં, **ક્ષેત્રાણિ**-તીર્થક્ષેત્રો પ્રત્યે, **ન અનુવ્રજતઃ**-ચાલીને જતા નથી, **તૌ**-તે બન્ને ચરણ, **દ્રુમ-જન્મ-ભાજૌ**-ઝાડની માફક જન્મનારા (સમજવા). ૨૨.

અનુવાદ—મનુષ્યોનાં જે બન્ને નયન શ્રીહરિનાં સ્વરૂપોનું દર્શન કરતાં નથી, તો તે મોરનાં પીંછાંમાં રહેલા ચન્દ્રકો જેવાં છે. મનુષ્યોના જે બન્ને ચરણ ચાલીને શ્રીહરિનાં તીર્થધામ પ્રત્યે પ્રયાણ કરતા નથી, તો તેમને વૃક્ષોના જન્મ જેવા જાણવા. ૨૨.

તત્ત્વસુધા—બર્હાયિતે તે નયને—નયતિ હરિં હૃદયે ઇતિ નયનમ્-હૃદયમાં હરિને લઈ જાય તે નયન. નેત્ર જો હરિ, ગુરુ, વૈષ્ણવ દર્શનમાં ન વપરાય તો મયૂર પિચ્છ સમાન સમજવાં. **લિઙ્ગાનિ વિષ્ણોઃ** એ પદોથી **'ભક્તિ, ભક્ત, ભગવન્ત, ગુરુ ચતુર્નામ વપુ એક,'** એ ચાર વસ્તુઓને ભગવાનનાં લિંગ સ્વરૂપ માન્યાં છે. **પાદૌ નૃણાં તૌ** જો વૈભવ-વાહન મુગ્ધ બે પગ મંદિર પર્યન્ત પણ ન ચાલતા હોય, તો તે બન્નેને વૃક્ષો જેવા જાણવા. વૃક્ષ એનાં થડ ઉપર ભારને વેઠે છે. પગ પણ પોતાના ઉપર કાયાને કેવલ બોજને ઉઠાવે છે. એમાં ફરક શો પડ્યો ? ૨૨.

જીવઞ્છવો ભાગવતાઙ્ઘ્રિરેણું ન જાતુ મર્ત્યોઽભિલભેત યસ્તુ ।
[2]શ્રીવિષ્ણુપદ્યા મનુજસ્તુલસ્યાઃ શ્વસઞ્છવો યસ્તુ ન વેદ ગન્ધમ્ ॥ ૨૩ ॥

અન્વયાર્થ—યઃ-જે, **મર્ત્યઃ**-મરણ ધર્મવાળો-મનુષ્ય, **તુ**-તો, **જાતુ**-કોઈ વખત પણ, **ભાગવત-અઙ્ઘ્રિ-રેણુમ્**-ભગવદીયોની ચરણરજને, **ન અભિલભેત**-ન મેળવી શકે તો, **જીવન્**-જીવતો હોવા છતાં, **શવઃ**-શબ સમાન છે, **યઃ**-જે, **મનુજઃ તુ**-મનુષ્ય તો, **શ્રીવિષ્ણુપદ્યાઃ**-શ્રીવિષ્ણુ ભગવાનનાં ચરણોમાં રહેલાં, **તુલસ્યાઃ**-તુલસીજીની (તુલસી દલોની), **ગન્ધમ્**-સુવાસને, **ન વેદ**-નથી જાણતો, તે મનુષ્ય **શ્વસન્**-શ્વાસ લેતો-જીવતો છતાં, **શવઃ**-મુડદા તુલ્ય છે. ૨૩.

અનુવાદ—જે માનવ, કોઈ વખત પણ ભગવાનના ભક્તોની ચરણ રજને મેળવતો નથી, તે જીવતો છતાં શબ સરખો છે. જે મનુષ્ય, ભગવચ્ચરણારવિંદમાં વસનાર તુલસીજીની સુવાસને જાણતો નથી તે શ્વાસ લેતો હોવા છતાં શબ તુલ્ય છે. ૨૩.

તત્ત્વસુધા—જીવન્ શવઃ-ભક્તિ શૂન્ય દેહને જીવતા શબ સાથે સરખાવે છે, કારણ કે એક જીવતો શબ અને અન્ય મૃત શબ એવા બે શબ છે. તેમાં એક અંતિમ ઘડીઓ ગણે છે તે જીવતો શબ, અને બીજો જે નિશ્ચેતન બની ચૂક્યો છે, તે મૃત શબ મનાય છે. બીજો સારો કે સઘળા એનાથી છૂટ્યા.' પ્રથમ બૂરો કે ન પોતે છૂટે, ન બીજાનો છૂટકો કરે. જો જે જીવાત્માને આંગણે 'સંતચરણરજ' નથી કે ચરણ પ્રક્ષાલનથી બનેલાં તીર્થજળ નથી, તો તે જીવતો શબ છે. સાચે એક સુંદર વાકય છે કે—

ન વિપ્ર પાદોદકકર્દમાનિ ન વેદશાસ્ત્રધ્વનિ ગર્જિતાનિ ।
સ્વાહા સ્વધાકાર વિવર્જિતાનિ સ્મશાન તુલ્યાનિ ગૃહાણિ સન્તિ ॥

એક બીજી પણ તુલના કરે છે કે જો સચેતન માનવે હરિચરણમાં સમર્પેલાં તુલસીજીની સુવાસ પ્રણામ કરતાં લીધી નથી તો તે શ્વાસ લેતો શબ છે, જેના સ્પર્શથી સ્નાન કરવું પડે. તુલસીજી તો અમૃત છે અને સંજીવની ઔષધિ છે. પ્રભુના ચરણમાં અને સામગ્રીમાં ધરતાં તેનો પાવન સુવાસ જે મળે છે તે આત્માને પાવન કરે છે. ૨૩.

---

૧. પ્રા૦ પા૦-વ્રજતા । ૨. પ્રા૦ પા૦-યો વિષ્ણુ૦ ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

तदश्मसारं हृदयं बतेदं यद् गृह्यमाणैर्हरिनामधेयैः ।
न विक्रियेताथ यदा विकारो नेत्रे जलं गात्ररुहेषु हर्षः ॥ २४ ॥

અન્વયાર્થ—**तत्**-તે, **इदम्**-આ પ્રત્યક્ષ દેખાતું, **हृदयम्**-હૃદય, **बत**-ખરેખર, **अश्मसारम्**-વજ્ર તુલ્ય છે, **यत्**-જે હૃદય, **गृह्यमाणैः**-ગ્રહણ કરાતાં-બોલાતાં, **हरि-नामधेयैः**-શ્રીહરિનાં નામો વડે, **न विक्रियेत**-વિકારવાળું થતું નથી. (જેમાં કંઈ પણ ફેરફાર થતો નથી), **अथ**-જો, **यदा**-જ્યારે, **विकारः**-વિક્રિયા થાય તો **नेत्रे**-નેત્રમાં, **जलम्**-આંસુ, **गात्र-रुहेषु**-રોમાંચમાં, **हर्षः**-રોમાંચ થાય. ૨૪.

અનુવાદ—**ભગવાનનાં નામ લેવાથી જેમનું હૃદય પીગળતું નથી, આંખમાં અશ્રુ જલ નથી, શરીરે રોમાંચ થતો નથી અથવા કોઈ વિકાર થતો નથી, તેમનું હૃદય, ખરેખર, પત્થર તુલ્ય છે.** ૨૪.

તત્ત્વસુધા—**तदश्मसारम्**-હૃદય એ એકજ આનંદ પ્રાપ્તિનું સાધન છે, તેમજ આનંદ શ્રીહરિનું નિવાસ સ્થાન છે. જ્યારે તે આર્દ્ર બને છે ત્યારે જ તેમાં ભગવાન અવતરે છે. આર્દ્ર બનાવવાની ઔષધિ કેવલ 'હરિ-નામ' શ્રવણ-સ્મરણ-કીર્તન છે. ભગવદીયોના મુખામ્બુજમાંથી અનવરત પ્રવહિત બનતા તે રસથી જો આર્દ્ર ન થાય, તો ઉપાય અન્ય અવશિષ્ટ રહ્યો જ નહિ. એનો આનંદ તો ત્યારેજ આવે છે કે જ્યારે તે આર્દ્ર બને છે. ન પીગળે તે પાષાણ પણ નહિ. પાષાણ તો ચૂર્ણ બની તામ્બુલમાં જઈ પ્રભુજીની મુખ પાન બીડીમાં વપરાય છે. તેથી તો તે મનને વજ્રને તોડનાર અશ્મસાર ધાતુ કહે છે. તુલસીજી કહે છે-

જિન્હ હરિકથા સુની નહિં કાના, શ્રવનરંધ્ર અહિભવન સમાના.
નયનન્હિ સંત દરસ નહિ દેખા, લોચન મોરપંખ કર લેખા.
તે સિર કટુ તુંબરિ સમતૂલા, જે ન નમત હરિ ગુરુપદ મૂલા.
જિન્હ હરિ ભગતિ હૃદયઁ નહિ આની, જીવત સવ સમાન તેઈ પ્રાની
જો નહિં કરઈ રામ ગુન ગાના, જીહ સો દાદુર જીહ સમાના.
કુલિસ કઠોર નડોર સોઇ છાતી, સુનિ હરિચરિત ન જો હરષાતી. ૨૪.

अथाभिधेह्यङ्ग मनोऽनुकूलं प्रभाषसे [1]भागवतप्रधानः ।
यदाह वैयासकिरात्मविद्याविशारदो नृपतिं साधु पृष्टः ॥ २५ ॥

અન્વયાર્થ—**अङ्ग**-હે સૂત, **मनोऽनुकूलम्**-મનને અનુકૂળ, **प्रभाषसे**-કહો છો, **अथ**-હવે, **भागवत-प्रधानः**-ભગવદ્ ભક્તોમાં શ્રેષ્ઠ, **आत्म-विद्या-विशारदः**-બ્રહ્મવિદ્યા-જ્ઞાનમાં વિશારદ, **वैयासकिः**-શ્રીશુક-દેવજી, **साधु**-સારી રીતે, **पृष्टः**-પૂછાયેલાએ, **नृपतिम्**-રાજા પરીક્ષિતને, **यत्**-જે, **आह**-કહ્યું, તે **अभिधेहि**-અમને કહો. ૨૫.

અનુવાદ—**હે સૂતજી, આપ અમારા મનને અનુકૂળ કહો છો. હવે ભગવદ્ ભક્તોમાં શ્રેષ્ઠ, અધ્યાત્મ વિદ્યામાં નિપુણ, વ્યાસ મહર્ષિના પુત્ર શ્રીશુકદેવજીએ પરીક્ષિત રાજાના વિવેક ભર્યા પ્રશ્નો અંગે જે કંઈ કહ્યું તે અમને કહો.** ૨૫.

તત્ત્વસુધા—**अङ्ग**-'અંગ' એવું આપ્તભાવ અને વાત્સલ્ય ભર્યું સંબોધન કર્યું અને કહ્યું કે આપ મનને અનુકૂલ એવો હરિરસ કૃપા કરીને પાવ. ૨૫.

શ્રીમદ્ ભાગવત દ્વિતીય સ્કંધ તત્ત્વસુધા ટીકાનો
ત્રીજો અધ્યાય સંપૂર્ણ.

---

૧. પ્રા૦ પા૦-भागवतः प्रधानः ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અધ્યાય ૪ થો

શ્રી શુકદેવજીની સ્તુતિ–વક્તાના હૃદયની પ્રસન્નતા. શ્લોક ૨૫

ત્રીજા અધ્યાયમાં શ્રોતાના હૃદયની પ્રસન્નતાનું નિરૂપણ કર્યું. શાંત, પ્રસન્ન શ્રોતાના હૃદયમાં ભગવાનનું પ્રતિબિંબ પડે. શ્રોતાનું મુખ વિકસી ઉઠે. શ્રોતૃવૃન્દના નયન સૂર્યો એક સાથે વક્તાની 'પ્રજ્ઞા'ને પ્રફુલ્લિત કરે, હૃદય સરોજને વિકસાવે ત્યારે વક્તાના મુખ સરોજમાંથી વિના પ્રયાસે ભગવદ્ યશઃ સુધા સરિતા પ્રવહિત બને, જે વિશ્વનું હિત કરે. તેમાં નિમજ્જન કરી સુજ્ઞ સમાજ ભગવત્સ્વરૂપનો સાક્ષાત્કાર કરે. એ ન્યાયે 'શ્રોતૃહૃદય-પ્રસાદ' નામના ત્રીજા અધ્યાયમાં શ્રોતાની પ્રસન્નતા વર્ણવી. હવે ૨૫ શ્લોકથી ચોથા અધ્યાયમાં વક્તાના **'ચિત્તપ્રસાદ'**નું વર્ણન કરે છે.

શ્રોતા સદ્બુદ્ધિથી પ્રશ્ન માત્ર કરે, તો જ વિમર્શ–મનનનો અધિકારી બને છે. પરીક્ષિત રાજા પાંચમા શ્લોકથી દશમા શ્લોક સુધી શ્રદ્ધા, જિજ્ઞાસા પૂર્વક પ્રશ્ન કરે છે. તે પૂર્વમાં ચાર શ્લોકોથી શ્રોતાના શ્રવણમાં આવશ્યક (૧) નિશ્ચયાત્મિકા બુદ્ધિ, (૨) મમતા ત્યાગ, (૩) શ્રવણમાં શ્રદ્ધા, (૪) ત્યાગ સહિત જ્ઞાન—એવાં ચાર અંગો દર્શાવ્યાં છે. આ લક્ષણો પરીક્ષિત રાજામાં છે, એવું શ્રી સૂતજી પ્રથમના ચાર શ્લોકોથી બતાવી, મુનિઓને પણ તે લક્ષણો માટે સંકેત કરે છે. પછી ૧૧મા શ્લોકમાં શ્રીસૂત, વક્તા શ્રીશુકાચાર્ય કથન પ્રારંભે છે એવું કહે છે. ત્યાર બાદ ૧૨મા શ્લોકથી ૨૪મા શ્લોક સુધી શ્રીશુકદેવજીનું ૧૩ શ્લોકોમાં મંગળાચરણ છે. ૧૩ શ્લોકોમાંથી ૧૨ શ્લોકોમાં ભગવચ્ચરણમાં વંદન છે અને એક શ્લોકમાં ગુરુચરણમાં વંદન છે. શ્રીહરિ અને ગુરુચરણ-વંદનથી જ વક્તાની મતિ વિમલ બની, મનન–વિમર્શ માટે અધિકારિણી થાય છે. શ્રીશુકદેવજીની શ્રદ્ધા ભક્તિ આ તેર શ્લોકોમાં સ્તુતિ અને વંદન કરતાં અત્યંત તરી આવે છે. આ રીતે આ અધ્યાયના ૨૪ શ્લોકો પૂર્ણ થાય છે અને ૨૫મા શ્લોકમાં શ્રીશુકદેવજી આગળની કથાનો ઉપક્રમ કરે છે. તેમાં કહે છે કે રાજન્, તમે જેવા પ્રશ્નો પૂછ્યા છે, તેવા જ પ્રશ્નો નારદજીએ બ્રહ્માજીને પૂછેલા. બ્રહ્માજીએ પણ તેનો જે ઉત્તર ભગવાન નારાયણથી મેળવેલો તે જ નારદજીને તેમણે આપ્યો છે. હું પણ તે જ પ્રત્યુત્તર આપીશ, એવી દીનતા વ્યક્ત કરે છે અને અધ્યાય સમાપ્ત થાય છે. હવે આ અધ્યાયના આરંભમાં શ્રીસૂત મુનિ પરીક્ષિત રાજાનો પરિચય આપતાં શ્રોતાની **નિશ્ચયાત્મિકા** બુદ્ધિનો પ્રથમ શ્લોક બોલ્યા કે **વૈયાસકેરિતિ** વચઃ—

સૂત ઉવાચ–વૈયાસકેરિતિ વચસ્તત્ત્વનિશ્ચયમાત્મનઃ ।
ઉપધાર્ય મતિં કૃષ્ણે ઔત્તરેયઃ સતીં વ્યધાત્ ॥ ૧ ॥
આત્મજાયા–સુતાગારપશુદ્રવિણબન્ધુષુ ।
રાજ્યે ચાવિકલે નિત્યં વિરૂઢાં મમતાં જહૌ ॥ ૨ ॥

અન્વયાર્થ—ઔત્તરેયઃ–ઉત્તરાના પુત્ર પરીક્ષિતે, **ઇતિ**–આ પ્રમાણે, **આત્મનઃ**–આત્માના, **તત્ત્વ-નિશ્ચયમ્**–તાત્વિક નિશ્ચયવાળું, **વૈયાસકેઃ**–શુકદેવજીનું, **વચઃ**–વચન, **ઉપધાર્ય**–નિશ્ચયરૂપે શ્રવણ કરી, **કૃષ્ણે**–શ્રીકૃષ્ણમાં, **સતીમ્**–બીજે ન જનારી, **મતિમ્**–બુદ્ધિને, **વ્યધાત્**–કરી. ૧; **આત્મ–જાયા–સુત–આગાર–પશુ–દ્રવિણ–બન્ધુષુ**–શરીર, સ્ત્રી, પુત્ર, ઘર, પશુ, ધન અને બંધુઓમાં, **ચ**–અને, **અવિકલે**–અખંડિત, **રાજ્યે**–રાજ્ય ઉપર, **નિત્યમ્**–નિત્ય, **વિરૂઢામ્**–વધતી, **મમતામ્**–મમતાને, **જહૌ**–ત્યજી દીધી. ૨.

અનુવાદ—સૂતજીએ કહ્યું કે, "શ્રી વ્યાસ પુત્ર શુકદેવજીનાં વચન ભગવાનના તત્ત્વનો નિશ્ચય કરાવનાર છે, એવો નિર્ણય કરીને ઉત્તરાજીના પુત્ર, રાજા પરીક્ષિતે પોતાની વિમલ મતિને શ્રીકૃષ્ણ ભગવાનમાં જોડી દીધી. ૧ : વળી તેની સાથે સાથે શરીર, સ્ત્રી, પુત્ર, ઘરબાર, પશુ, ધન,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બંધુજનોમાં અને અખંડિત રાજ્યમાં અત્યંત વધેલી જે પોતાની મમતા હતી તેનો ત્યાગ કરી દીધો. ૨.

તત્ત્વસુધા—શ્રોતાનાં ચાર લક્ષણો ઉપર વર્ણવ્યાં છે. તેમાંના પ્રથમ બે-વિમલ મતિ અને મમતા ત્યાગનો નિર્દેશ આ બે શ્લોકોમાં કર્યો છે.

વૈયાસકેઃ-શુકદેવજી તો પરિમિત ભાષી હતા; પરંતુ આજે રાજાને વિસ્તાર પૂર્વક કહેવાના હતા, તેવું સૂચન વૈયાસકિ શબ્દથી કર્યું છે. ભગવાનમાં મતિ બે પ્રકારે થાય છે. એક મતિ શ્રદ્ધાથી અને બીજી મતિ જ્ઞાન-સમજથી થાય છે. શ્રદ્ધાથી થયેલી મતિમાં જ્યારે જ્ઞાન થયું ત્યારે તે 'સતી' થઈ. જ્ઞાનમાં ભગવત્સ્વરૂપનો અનુભવ થાય છે, તેથી તે સતી બની જાય છે. મતિમાં જ્યારે શ્રદ્ધા હતી ત્યારે ભગવાન પાસેથી ફલને મેળવવાની વૃત્તિ હતી, પરંતુ જ્યારે મતિમાં જ્ઞાન આવ્યું ત્યારે ભગવાનજ ફલરૂપ જણાયા.

ઔત્તરેયઃ-ઉત્તરાજીના પુત્ર પરીક્ષિત રાજા એવો જે ઉલ્લેખ પરીક્ષિત માટે કર્યો છે, તેનો આશય એ છે કે **સુશીલો માતૃપુણ્યેન**-માતાના પુણ્યથી પુત્ર સુશીલ બને છે તેમજ ભક્ત બને છે. 'સતી' મતિ પરીક્ષિતને, ભગવન્નિષ્ઠ માતા હતાં, તેથી મળી. **મમતાં જહૌ**-મમતાનાં પાત્ર બદલી દેવાય તો 'સમત્વ' નામનો ગુણ બની જાય. સપ્તાહ શ્રવણનું ફલ એકજ છે કે દેહ, સ્ત્રી, પુત્ર, ઘર, પશુ, દ્રવ્ય અને સ્વજન એ સાતમાંથી મનને હઠાવી લઈને છ ઐશ્વર્ય ધર્મોવાળા સાતમા ધર્મી એવા ભગવાનમાં મૂકી દેવું. ૧; ૨.

પપ્રચ્છ ચેમમેવાર્થં યન્માં પૃચ્છથ સત્તમાઃ ।
કૃષ્ણાનુભાવશ્રવણે શ્રદ્દધાનો મહામનાઃ[1] ॥ ૩ ॥
સંસ્થાં વિજ્ઞાય સંન્યસ્ય[2] કર્મ ત્રૈવર્ગિકં ચ યત્ ।
વાસુદેવે ભગવતિ આત્મભાવં દૃઢં ગતઃ ॥ ૪ ॥

અન્વયાર્થ—**સત્તમાઃ**-સાધુઓમાં શ્રેષ્ઠ હે ઋષિઓ, **યત્**-જે, **મામ્**-મને, **પૃચ્છથ**-આપ પૂછો છો, **ઇમમ્**-એવ-**અર્થમ્**-આજ અર્થને, **કૃષ્ણ**-**અનુભાવ**-**શ્રવણે**-શ્રીકૃષ્ણનો પ્રભાવ શ્રવણ કરવામાં, **શ્રદ્દધાનઃ**-શ્રદ્ધાવાળા, **ચ**-અને, **મહામનાઃ**-ઉદાર અન્તઃકરણવાળા રાજા પરીક્ષિતે, **પપ્રચ્છ**-પૂછ્યો હતો. ૩;

સંસ્થામ્-મૃત્યુને, **વિજ્ઞાય**-જાણીને, **ચ**-અને, **યત્**-જે, **ત્રૈવર્ગિકમ્**-ધર્મ, અર્થ, કામ સંબંધી, **કર્મ**-કર્મને, **સંન્યસ્ય**-ત્યજી, **ભગવતિ**-**વાસુદેવે**-ભગવાન વાસુદેવમાં, **દૃઢમ્**-દૃઢ, **આત્મભાવમ્**-આત્મભાવને, **ગતઃ**-પ્રાપ્ત થયા હતા. ૪.

અનુવાદ—હે મહર્ષિઓ, આપ મને જે વિષયમાં પ્રશ્ન પૂછો છો, તેજ વિષયનો પ્રશ્ન શ્રીકૃષ્ણનો મહિમા શ્રવણ કરવામાં શ્રદ્ધા ધરાવતા, ઉદાર અન્તઃકરણવાળા રાજા પરીક્ષિતે શ્રીશુકમુનિને પૂછ્યો હતો. 'સાતમે દિવસે મૃત્યુ છે,' એમ જાણતાં રાજાએ ધર્મ, અર્થ અને કામવાળી બધી પ્રવૃત્તિઓ ત્યજી દીધી અને ભગવાન વાસુદેવમાં દૃઢ આત્મભાવને પામ્યા ૩; ૪.

તત્ત્વસુધા—ત્રીજા અને ચોથા શ્લોકોમાં 'કથામાં શ્રદ્ધા અને સર્વ ત્યાગ' નામના બે ધર્મોનો નિર્દેશ છે, જે ધર્મો શ્રોતાને આવશ્યક છે. ભગવત્કથામાં પરીક્ષિતની અનન્ય શ્રદ્ધા હતી. તે મહામના હતા. દશમ સ્કંધમાં નન્દબાવાને **મહામના** કહ્યા છે. આ સ્થાને રાજાને 'મહામના' કહે છે. ભગવદ્યશમાં અને ભગવત્સેવામાં અનન્યતા ધરાવે, તે મહામના છે. શ્રી સૂતજીએ શૌનક આદિ મુનિઓમાં અને પરીક્ષિત રાજામાં અંતર બતા-

---

૧. પ્રા૦ પા૦ – મહાયશાઃ । ૨. પ્રા૦ પા૦ – વિન્યસ્ય ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વવા મુનિઓને **सत्तमाः** એવું સંબોધન કર્યું અને રાજાને **महामनाः** એવું વિશેષણ આપ્યું. રાજાનો પુરુષાર્થ ભગવાન શ્રીકૃષ્ણ છે, જે મોક્ષનું પણ ફળ છે. તેથી તે જ્ઞાનીઓથી પણ શ્રેષ્ઠ ભૂમિમાં હોવાથી 'મહામનાઃ'ની કક્ષામાં છે. મુનિવરો રાજાના પ્રશ્નને અનુસરી સાંભળવા ચાહે છે, માટે જ્ઞાનીઓની કક્ષામાં છે.

संस्थां विज्ञाय-આ સ્થાને 'સંસ્થા' શબ્દનો અર્થ જો કે મૃત્યુ એવોજ થાય છે, પરંતુ મૃત્યુને સ્થાને 'સંસ્થા' એવો શબ્દ વાપર્યો છે. **मृत्युं विज्ञाय** એવું લક્ષ્યું હોત, તોપણ કોઈ છન્દોભંગ ન હતો. દેહ જેમને છોડી દે તે મર્યા ગણાય, દેહને જેઓ હર્ષથી જ્ઞાનપૂર્વક છોડી દે તે તર્યા મનાય. રાજાને મૃત્યુનો ભય નથી. 'મૃત્યુ એટલે મોસાળમાં જવું, મૃત્યુ એટલે નાના સ્વરૂપમાંથી મોટા સ્વરૂપમાં ચાલ્યા જવું,' એવો વિવેક છે. તેથી સંસ્થા શબ્દ વાપર્યો છે. જ્યાં ગયા પછી પાછા ન ફરવું પડે તેવું સ્થાન તે સંસ્થા, મોક્ષપદ, ભગવત્પદ. ૩; ૪.

राजोवाच—समीचीनं वचो ब्रह्मन् सर्वज्ञस्य तवानघ ।
तमो विशीर्यते मह्यं हरेः कथयतः कथाम् ॥ ५ ॥
भूय एव विवित्सामि भगवानात्ममायया ।
यथेदं सृजते विश्वं दुर्विभाव्यमधीश्वरैः ॥ ६ ॥
यथा गोपायति विभुर्यथा संयच्छते पुनः ।
यां यां शक्तिमुपाश्रित्य पुरुशक्तिः परः पुमान् ।
आत्मानं क्रीडयन् क्रीडन् करोति विकरोति च ॥ ७ ॥

अन्वयार्थ—ब्रह्मन्-બ્રહ્મસ્વરૂપ હે શુકદેવજી, **सर्वज्ञस्य**-સર્વજ્ઞ એવા, **तव**-આપનું, **वचः**-વચન, **समीचीनम्**-સર્વ શ્રેષ્ઠ છે, **अनघ**-હે નિષ્પાપ, **हरेः**-શ્રીહરિની, **कथाम्**-કથાને, **कथयतः**-કહેવાથી, **मह्यम्**-મારું, **तमः**-અજ્ઞાનરૂપ અંધકાર, **विशीर्यते**-દૂર થઈ જાય છે. (૫)

भूयः एव-ફરીથી જ, **विवत्सामि**-જાણવા ઈચ્છું છું, **भगवान्**-પરમેશ્વર, **अधीश्वरैः**-સમર્થ બ્રહ્માદિ દેવોથી, **दुर्विभाव्यम्**-ન કલ્પી શકાય એવા, **इदम्**-આ, **विश्वम्**-વિશ્વને, **आत्ममायया**-પોતાની માયાથી, **यथा**-જે રીતે, **सृजते**-સર્જે છે, તેમજ **विभुः**-વ્યાપક, **यथा**-જે રીતે, **गोपायति**-રક્ષે છે, **पुनः**-ફરી, **यथा**-જે રીતે, **संयच्छते**-સંહાર કરે છે, તેમજ (૬).

पुरु-शक्तिः-અનંત શક્તિ વાળા, **परः**-શ્રેષ્ઠ, **पुमान्**-પુરુષ, **यां याम्**-જે જે, **शक्तिम्**-શક્તિને, **उप-आश्रित्य**-સ્વીકારી **क्रीडन्**-ક્રીડા કરતાં, **आत्मानम्**-આત્માને, જીવાત્માને **क्रीडयन्**-ક્રીડા કરાવતા, **करोति**-કાર્ય કરે છે, **च**-અને, **विकरोति**-વિપરીત પણ કરે છે, અથવા સંહાર કરે છે. ૭.

અનુવાદ—રાજા પરીક્ષિતે કહ્યું કે-બ્રહ્મ સ્વરૂપ, હે શુકદેવજી! સર્વજ્ઞ એવા આપનું વચન અત્યંત સુંદર અને સત્ય છે. હે નિર્દોષ ઋષિ, આપ હરિની કથા કહો છો, તેથી મારું અજ્ઞાન દૂર થાય છે. ૫. ફરીથી મને એ પણ જાણવાનું મન છે કે ભગવાન સમર્થ બ્રહ્માદિ દેવોથી ન કલ્પી શકાય એવા આ જગતને જે રીતે ઉત્પન્ન કરે છે, સમર્થ વિભુ જે રીતે રક્ષણ કરે છે, અને જે રીતે સંહાર કરે છે, વળી અનન્ત શક્તિશાળી આ પુરુષ જે જે શક્તિઓને સમીપમાં રાખીને જીવાત્માને કે પોતાને રમાડતા, પોતે રમતા, કાંઈક કરે છે, નથી કરતા, કે વિપરીત પણ કરે છે, તે પણ જાણવા મન છે. ૬; ૭.

तत्त्वसुधा—પરીક્ષિત રાજા ત્રણ શ્લોકોથી પ્રશ્નનો પ્રારંભ કરે છે. ત્રણ શ્લોકોની ૭ પંક્તિઓ છે. **ब्रह्मन्** અને **अनघ**-એવાં બે સંબોધન શ્રીશુકદેવજી માટે છે. વક્તાના તે બે મહત્ત્વના ધર્મો છે. 'બ્રહ્મન્'નું

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તાત્પર્ય કે આપ નિર્વિકાર અને નિર્દોષ છો, તેથી આપનું વચન 'આપ્તવાક્ય' હોવાથી આચરણીય ગણાય. વળી સર્વજ્ઞ છો જેથી આપનું વાક્ય પ્રમાણિત મનાય. આપ અનઘ છો, નિષ્પાપ છો, એથી આપનાં વચન ભગવાનનો સાક્ષાત્કાર કરાવશે, મારૂં અજ્ઞાન દૂર થશે અને મને ભગવાન અવશ્ય મળશે.

હવે બે શ્લોકથી (૧) ઉત્પત્તિ, (૨) સ્થિતિ, (૩) લય, (૪) આધાર અને (૫) સાધન આવા પાંચ પ્રશ્નો પૂછે છે. તેમાં પ્રથમ પ્રશ્ન ઉત્પત્તિ સંબંધનો છે, જેમાં અવાંતર પાંચ પ્રશ્નો છે. કુંભારની માફક રચે છે ? કે સિદ્ધ પુરુષોની પેઠે બનાવે છે ? કે પ્રકટ કરે છે ? કે યોગીની સમાન મનથી જગત કરે છે ? કે કલ્પવૃક્ષની સમાન પ્રકટ કરે છે ? આ પાંચ પ્રકારમાંથી જગત રચનાનો કેવો પ્રકાર છે ? આવા જ પાંચ વિકલ્પો સૃષ્ટિ રક્ષણ અને સંહાર માટે પણ છે. ૫; ૬; ૭.

नूनं भगवतो ब्रह्मन् हरेरद्भुतकर्मणः ।
दुर्विभाव्यमिवाभाति कविभिश्चापि चेष्टितम् ॥ ८ ॥
यथा गुणांस्तु प्रकृतेर्युगपत् क्रमशोऽपि वा ।
बिभर्ति भूरिशस्त्वेकः कुर्वन् कर्माणि जन्मभिः ॥ ९ ॥
विचिकित्सितमेतन्मे ब्रवीतु भगवान् यथा ।
शाब्दे ब्रह्मणि निष्णातः परस्मिंश्च भवान्खलु ॥ १० ॥

અન્વયાર્થ—**બ્રહ્મન્**-હે બ્રહ્મનિષ્ઠ, **અદ્ભુત-કર્મણઃ**-અદ્‌ભુત કર્મવાળા, **ભગવતઃ**-ભગવાન, એવા **હરેઃ** શ્રીકૃષ્ણનું, **ચેષ્ટિતમ્**-ક્રીડા-લીલા-ચરિત્ર, **નૂનમ્**-ખરેખર, **કવિભિઃ-ચ-અપિ**-કવિઓથી પણ, **દુર્વિભાવ્યમ્** દુષ-ન કલ્પી શકાય એવું, **આભાતિ**-ભાસે છે. (૮). **એકઃ**-પોતે એકલા, **જન્મભિઃ**-અનેક જન્મ વડે, **ભૂરિશઃ તુ**-અનેક પ્રકારનાં તો, **કર્માણિ**-કાર્યો, **કુર્વન્**-કરતા, **યથા**-જે રીતે, **પ્રકૃતેઃ**-માયાના, **ગુણાન્**-સત્વાદિ ત્રણ ગુણોને, **તુ**-તો, **યુગપત્**-એકી સાથે, **અપિ-વા**-અથવા તો, **ક્રમશઃ**-અનુક્રમે, **બિભર્તિ**-ધારણ કરે છે. (૯). **એતત્**-આ, **મે**-મારી, **વિચિકિત્સિતમ્**-જાણવાની ઇચ્છા છે, તો **બ્રવીતુ**-આપ મને કહો, કારણ કે **ભવાન્**-આપ, **ભગવાન્**-ભગવાન, **યથા**-જેમ, **શાબ્દે**-વેદાદિ શબ્દ બ્રહ્મમાં, **ચ**-અને, **પરસ્મિન્-બ્રહ્મણિ**-અનુભવાત્મક શ્રેષ્ઠ બ્રહ્મજ્ઞાનમાં, **ખલુ**-ખરેખર, **નિષ્ણાતઃ**-પારંગત છો. ૧૦.

અનુવાદ—હે બ્રહ્મનિષ્ઠ શુકદેવજી, ખરેખર અદ્‌ભુત કર્મ કરનારા ભગવાન શ્રીકૃષ્ણનું ચરિત્ર વિદ્વાન કવિ જનોથી પણ અતર્ક્ય છે-ન જાણી શકાય એવું જણાય છે. ૮. ભગવાન પોતે તો એક છે છતાં અનેક પ્રકારના જન્મોને ધારણ કરી અનેક વિધ લીલાઓ કરે છે; વળી કેટલીક વખત પ્રકૃતિના ગુણોને એક સાથે ધારણ કરે છે, તો કોઈ વખત ક્રમે કરીને ધારણ કરે છે. ૯. આ સર્વ બાબતને સમજવાની મારી ઇચ્છા છે, તો આપ મને તે કહો. આપ તો ભગવાન છો, કારણ કે આપ વેદ વિદ્યામાં નિપુણ છો અને પરમ બ્રહ્મ જ્ઞાનમાં પણ નિપુણ છો. ૧૦.

તત્ત્વસુધા—કવિ જનોની ગતિ કલ્પના સુધીની હોય છે. ન જોયેલને, ન જાણેલને પણ તેમની ગતિ સ્પર્શી શકે છે; પરંતુ ભગવાન તો અદ્‌ભુત કર્મો છે. કરે બીજું અને પરિણામ આવે બીજું તે પ્રભુનું અદ્‌ભુત કર્મ છે. છતાં ભગવાન હરિ છે, એટલે દુઃખ કરે તેવું કાર્ય કર્યું છે એમ લાગે તો પણ દુઃખને હરનારૂંજ કાર્ય હોય. કંસનો વધ કરે, પણ મોક્ષ જ આપે. વળી ત્રણે ગુણોને એક સાથે લઈને કામ કરે છે ? કે ક્રમવાર એક એક ગુણ લઈને કામ કરે છે ? અથવા ગુણોને એક વાર લે છે કે વારંવાર ગ્રહણ કરે છે ? કે પ્રકૃતિના ગુણોને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વધારીને કામ કરે છે ? કે પોતે એક છે, તે અનેક થઈ પછી અનેક ગુણોથી કામ કરે છે ? આ બાબત સમજાતી નથી, તો આપ સમજાવો. આ વિષય વેદોથી સમજાય કે ભગવત્સાક્ષાત્કારથી સમજાય. આપ તો બન્નેમાં પારંગત છો. સર્વ વેદોને જાણો છો, તેમજ ભગવાનને પણ જાણો છો. ૮; ૯; ૧૦.

सूत उवाच—इत्युपामन्त्रितो राज्ञा गुणानुकथने हरेः[1] ।
हृषीकेशमनुस्मृत्य प्रतिवक्तुं प्रचक्रमे ॥ ११ ॥

અન્વયાર્થ—**इति**-આ પ્રમાણે, **राज्ञा**-રાજાએ, **हरेः**-શ્રીહરિના, **गुण-अनुकथने**-ગુણગાન માટે, **उप-आमन्त्रितः**-વિનંતિ કરાયેલા, **हृषीक-ईशम्**-ઇન્દ્રિયોના અધિપતિ પ્રભુને, **अनुस्मृत्य**-સ્મરીને, **प्रति-वक्तुम्**-પ્રત્યુત્તર આપવાનો, **प्रचक्रमे**-આરંભ કર્યો. ૧૧.

અનુવાદ—સૂતજીએ કહ્યું કે આ રીતે રાજા પરીક્ષિતે શ્રીહરિનું ગુણાનુગાન કરવા પ્રાર્થના કરી એટલે ઇન્દ્રિયોના અધિપતિ શ્રીહૃષીકેશનું સ્મરણ કરી શ્રીશુકદેવજીએ પ્રત્યુત્તર આપવાનો આરંભ કર્યો. ૧૧.

તત્ત્વસુધા—**इति उपामंत्रितः**-ઉપામંત્રણ એટલે પ્રાર્થના. જો પ્રાર્થના-યાચના લૌકિક પદાર્થો માટેની હોય તો અનુચિત છે, પણ ભગવદ્યશ શ્રવણ માટે છે એટલે આદરણીય છે. રાજાની પ્રાર્થનાથી ઉત્સાહ સમ્પન્ન બની શ્રીશુકદેવજીએ હૃષીકેશ ભગવાન હૃષીકેશનું સ્મરણ કર્યું. સ્મરણના ફલ રૂપે હૃદયમાં પ્રભુનું નિત્ય સાન્નિધ્ય બન્યું અને હરિગુણગાનનો પ્રારંભ કર્યો. પ્રત્યેક ઇન્દ્રિયો પ્રભુમય બને માટે હૃષીકેશ ભગવાનનું સ્મરણ કર્યું. **प्रचक्रमे**-આત્મનેપદ ક્રિયાપદ છે એટલે શ્રીશુકદેવ નિજાનંદ માટે ભગવદ્ યશોગાન કરે છે. તેથી શ્રોતાને વધુ રસપ્રાપ્તિ થશે. ૧૧.

श्रीशुक उवाच—नमः परस्मै पुरुषाय भूयसे सदुद्भवस्थाननिरोधलीलया ।
गृहीतशक्ति त्रितयाय देहिनामन्तर्भवायानुपलक्ष्यवर्त्मने ॥ १२ ॥

અન્વયાર્થ—**भूयसे**-સર્વત્ર વ્યાપક-સર્વ શ્રેષ્ઠ મહિમા વાળાને, **सद्-उद्भव-स्थान-निरोध-लीलया**-જગતની ઉત્પત્તિ, સ્થિતિ તેમજ સંહાર લીલા વડે, **गृहीत-शक्ति-त्रितयाय**-સત્વ-રજસ-તમો ગુણની ત્રણ શક્તિઓને ગ્રહણ કરનારને, **देहिनाम्**-દેહધારીઓના, **अन्तर्-भवाय**-અન્તઃકરણમાં રહેનારા અન્તર્યામીને, **अनुपलक्ष्य-वर्त्मने**-સમજમાં ન આવી શકે તેવા માર્ગવાળાને, અને **परस्मै**-સર્વ શ્રેષ્ઠ એવા, **पुरुषाय**-પુરુષોત્તમને, **नमः**-નમસ્કાર કરું છું. ૧૨.

અનુવાદ—જગતની ઉત્પત્તિ, પાલન તેમજ સંહાર રૂપી લીલાઓ કરવા માટે સત્વાદિ ત્રણ ગુણોની ત્રિવિધ શક્તિને ધારણ કરનારા, પ્રત્યેક દેહધારીઓના અન્તર્યામી, જેમના સ્વરૂપ જ્ઞાનનો તેમજ પ્રાપ્ત કરવાનો માર્ગ કોઈ જાણતો નથી, એવા સર્વત્ર વ્યાપક, પરમ પુરુષ, પરમાત્માને નમસ્કાર કરું છું. ૧૨.

તત્ત્વસુધા—બ્રહ્મનિષ્ઠ શુકદેવજી ૧૩ શ્લોકોથી ભગવાનની સ્તુતિ કરે છે. ૭ શ્લોકોમાં ભગવાનને નમન કરે છે. તેથી જાણે સપ્તાહના સાતે દિવસમાં ભગવાનનું અખંડ સાન્નિધ્ય રહેશે. ૭ ધર્મો સાથે સાતમા ધર્મી છે, તેથી સાત શ્લોકોમાં નમસ્કાર છે. આ સાત શ્લોકમાં સર્વ શાસ્ત્રનો નિશ્ચય સમજાવ્યો. બીજા પાંચ શ્લોકોમાં ભગવાનનો મહિમા ગાયો છે. ૧ શ્લોકમાં ગુરુવંદન છે, 'શ્રીહરિવંદન અને ગુરુવંદન'થી શ્રી નંદનંદન પ્રસન્ન બની શ્રોતા વક્તાના હૃદય સદનમાં નિવાસ કરે છે; ત્યારે કથા મંડપમાં રસ મહાસાગર ઉછળે છે અને સમગ્ર બ્રહ્માંડને તેની અસર થાય છે.

---

१. प्रा० पा०-विभोः ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આ શ્લોકમાં નમસ્કારના ક્રમની પાછળ આખો સળંગ ઇતિહાસ છે કે ભગવાને કેવા ક્રમથી સૃષ્ટિની રચના વગેરે કર્યાં. છઠ્ઠા શ્લોકમાં પરીક્ષિત રાજાનો યથેદં સૃજતે વિશ્વમ્ શી રીતે પ્રભુ સૃષ્ટિની રચના વગેરે કરે છે, એવો પ્રશ્ન હતો. તેમાં અવાંતર બીજા પાંચ પ્રશ્નો હતા તેનો પણ ખુલાસો આ શ્લોકમાં સ્તુતિ કરતાં કરી દીધો છે. એ શ્રીશુકદેવજીની વિશેષતા છે. ગ્રન્થકાર સમગ્ર ગ્રન્થનો વિષય મંગલાચરણમાં સૂત્રાત્મક ભાષામાં વર્ણવી દે છે.

પ્રથમ તો ભગવાન 'परस्मै' પર-અસંગ હતા. ત્યાર બાદ તે અસંગ ઈશ્વર पुरुषाय પુરુષ શરીરના આકાર-વાળા બન્યા. ત્યારે તેમને 'बहुस्याम्' અનેક થવાની ઇચ્છા થઇ, એટલે 'भूयसे' બહુરૂપ થયા. બહુરૂપ થયા બાદ જગતની ઉત્પત્તિ-સ્થિતિ-લય માટે ગૃહીત શક્તિ પોતાની શક્તિથી ત્રણ ગુણોને ધારણ કર્યા. ગુણો દ્વારા જગત રચના કરી દેહીઓના હૃદયમાં अन्तर्भवाय અન્તર્યામી પણે આવ્યા. કદાચ એમ કલ્પના કરાય કે ભગવાન હૃદયમાં છે, તો પછી આપણે વિના પ્રયાસે જોઈ લઈશું. તેનો પણ ખુલાસો કર્યો કે अनुपलक्ष्य વર્ત્મને એ સમજ સાચી છે તોપણ તે ભગવાનનું વર્ત્મ સ્વરૂપ અને ભગવાનને સમજવાનું વર્ત્મ સાધન બન્ને ન સમજાય તેવાં છે. તે જ્ઞાન કેવલ ગુરુકૃપાથી જ થશે. માટે તે ભગવાનનાં પાંચ સ્વરૂપને ગુરુ ગણી નમસ્કાર કરું છું.

(૧) परस्मै पुरुषाय-ગોલોકમાં બીરાજતું અર્ચા સ્વરૂપ જે 'પરસ્વરૂપ' એટલે મૂલરૂપ છે. એની સેવા થાય છે. અર્ચા સ્વરૂપની આરાધના પ્રેમભાવ-સૌમ્યભાવ-આર્દ્રભાવ આપે. પર સ્વરૂપને આત્મસમર્પણ થાય.

(૨) भूयसे-વિરાટ્ સ્વરૂપ છે. વિરાટ્ની સેવા એટલે વિરાટ્ના કોઈ પણ ક્ષેત્રના ઉપયોગી અંગ થવું.

(૩) त्रितयाय-ત્રિગુણાત્મક વ્યક્તિ સ્વરૂપ છે. વ્યક્તિમાં દેખાતા ગુણ દોષો તે ત્રિગુણોની અસર છે માટે તેના દોષો ન જોતાં બંધુત્વ ભાવે જોવું.

(૪) अन्तर्भवाय-અન્તર્યામી સ્વરૂપ છે. અન્તર્યામીને ઠગવો નહિ, એ અન્તર્યામીનું આરાધન છે.

(૫) अनुपलक्ष्यवर्त्मने-એ ભગવાનનું પાંચમું સ્વરૂપ-ફલસ્વરૂપ છે. આ પાંચમા પ્રકારના પ્રભુના ફલ સ્વરૂપની અને પ્રભુને મેળવવાના સાધનની સમજ જીવાત્માને નથી હોતી, માટે તે ગુરુ પાસેથી મેળવવી અને રીત પ્રમાણે ભજવા. તેમજ પ્રભુની કૃપાને જ સાધન બનાવવું. સાંખ્ય, જ્ઞાન, યોગ, ભક્તિ, કર્મ આદિ વર્ત્મ એટલે સાધન તો વેદ વિહિત છે. પરંતુ જે કેવલ કૃષ્ણની કૃપારૂપ સાધન છે, તે તો શ્રીકૃષ્ણ વિહિત છે. યમલાર્જુન વૃક્ષ સ્વરૂપે થયેલા અને બંધનમાં પડેલા ખલ નલકૂબર મણિગ્રીવને મુક્ત કરવા ભગવાન સ્વયં ઉલૂખલે બંધાયા. સ્વાભાવિક રીતે બે વૃક્ષોની મધ્યમાંથી બહાર નીકળતાં બંધન રજ્જૂ તૂટે, ઉલૂખલ ભાગે, કે બન્ને વૃક્ષ ભાંગે, પણ મૂલમાંથી તો વૃક્ષ કદી ન ઉખડે. છતાં મૂલમાંથી જ વૃક્ષને ઉખેડીને નલકૂબર મણિ-ગ્રીવની મૂલ ભૂત અવિદ્યાને હરીને શ્રીહરિએ મુક્તિ કરી. આવો વાત્સલ્ય પૂર્ણ કૃપા માર્ગ અન્યત્ર ક્યાં જડે ?૧૨.

भूयो नमः सद्वृजिनच्छिदेऽसतामसम्भवायाखिलसत्त्वमूर्तये ।
पुंसां पुनः पारमहंस्य आश्रमे व्यवस्थितानामनुमृग्यदाशुषे ॥ १३ ॥

અન્વયાર્થ—सद्-વૃજિન-च्छिदे-સન્તોના અન્તરાયોને દૂર કરનારા, असताम्-દુર્જનોની, असम्भ-वाय-ઉન્નતિને અટકાવનારાને, अखिल-सत्त्व-मूर्तये-સમગ્ર સાત્વિક સ્વરૂપ વાળાને-સમગ્ર પ્રાણીઓ જેમની મૂર્તિઓ છે એવાને, पुनः-તેમજ, पारमहंस्ये-પરમહંસોએ આચરેલા, आश्रमे-આશ્રમમાં, व्यवस्थितानाम्-વ્યવસ્થિત રહેલા, पुंसाम्-પુરુષોને, अनुमृग्य-दाशुषे-આત્મજ્ઞાનને આપનારા પરમેશ્વરને, भूयः-पुनः-पुनः, नमः-નમન કરું છું. ૧૩.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—સંતોના અન્તરાયોને દૂર કરનારા, દુર્જનોની ઉન્નતિને અટકાવનારા, સર્વ પ્રાણીઓ જેમના મૂર્તિમન્ત શરીર છે એવા, પરમહંસોએ આચરેલ માર્ગે રહેનારાઓને અભીષ્ટ આત્મ-જ્ઞાનનું દાન કરનારા પરમેશ્વરને પુનઃ પુનઃ નમન કરું છું. ૧૩

તત્ત્વસુધા—૧૨મા શ્લોકમાં ઐશ્વર્ય પૂર્ણ કૃપા-માધુર્યનું વર્ણન કર્યું. હવે કેવલ કૃપા-માધુર્ય વર્ણવે છે. વળી પૂર્વ શ્લોકમાં 'અન્તર્યામી' સ્વરૂપે પ્રભુ પાપનો નાશ કરે છે, તેમ ગાયું. આ શ્લોકમાં પ્રકટ થઈને પણ પાપને હરે છે, તે જ શ્રીહરિનું કૃપા-માધુર્ય છે, એમ ગાય છે. સંતોના જીવનમાં પાપ નથી હોતાં, પરંતુ વૃજિન-અંતરાય હોય છે, જે સૂક્ષ્મ વાસનાત્મક રૂપે હોય છે, સંતોને માટે તે જ અન્તરાયો દુઃખ રૂપે ગણાય છે. પ્રભુના ચરણમાંથી વ્યુચ્ચરણ થયા-છૂટા પડ્યા, ત્યારથી પુનઃ પ્રભુમાં મળી જવાય ત્યાં સુધીના મધ્ય કાલમાં જે લૌકિક અલૌકિક અન્તરાયો આવે-દુઃખો આવે, તેને ભગવાન દૂર કરવા અવતારો લે છે. એવા **સદ્વૃજિનચ્છિદે** સંતોના વૃજિનહારી શ્રી વ્રજવિહારીને વારંવાર વંદન.

અસતામસભ્ભવાય—અસત-પાપીઓના અસ્તિત્વને નાશ કરનાર સમર્થ પ્રભુને પુનઃ પુનઃ પ્રણામ. આ સ્થાને શ્રીમદ્ વલ્લભ પ્રભુએ **સતામસંભવાય** એવો પાઠ લીધો છે. નિજ ભક્ત જનોને નિજાનંદ આપવા માટે પ્રકટ થાય છે. સંતો પુણ્યાદ્વિથી સત્વાવસ્થાને તો મેળવે છે. તેમનાં પુણ્યો સત્વાવસ્થાના સંપાદનમાં વપરાઇ ગયાં. ચિદાનંદ તો પુનર્જન્મ ન થાય ત્યારે જ મળે. માટે ભગવાન તેમને પુનર્જન્મના બંધનમાંથી મુકત કરવા માટે અખિલ સત્ત્વાત્મક મૂર્તિ-સ્વરૂપ લઈને પધારે છે. તેવા **અખિલસત્વ મૂર્તયે** સમગ્ર સત્ત્વાત્મક સ્વરૂપને પુનઃ પુનઃ વંદન કરું છું.

પરમહંસોને પણ પરમપદથી શ્રેષ્ઠ પરમપ્રેમનું પ્રદાન કરે છે. પરમપદનો તો શુક, સનકાદિક પરમહંસોને પરિચય છે, પરંતુ પ્રેમરસને તો તેઓ શોધે છે. તેમને માટે પ્રેમરસ તો **અનુમૃગ્ય** છે. **અનુ**-એટલે જ્ઞાન મેળવ્યા પછી પણ **મૃગ્ય** શોધવો પડે છે. તેથીજ સનત્ કુમારો વિશાલા ભૂમિમાં આવ્યા. તેમને નારદજીના સંગે ભાગવત રસ મળ્યો. શ્રી શુકાચાર્યજીને શ્રી વ્યાસજીના પ્રસંગે પ્રેમરસ-ભાગવતરસ મળ્યો. એ રસ કેવલ હરિએ અવતાર લઈને આપ્યો. માટે એવા **અનુમૃગ્ય** શોધતા પ્રેમરસને દાશુષે આપનાર શ્રીહરિને અનેકશઃ વંદન. ૧૩.

नमो नमस्तेऽस्त्वृषभाय सात्वतां विदूरकाष्ठाय मुहुः कुयोगिनाम् ।
निरस्तसाम्यातिशयेन राधसा स्वधामनि ब्रह्मणि रंस्यते नमः ॥ १४ ॥

અન્વયાર્થ—**सात्वताम्**-ભક્તોના, **ऋषभाय**-પાલકને, **कुयोगिनाम्**-કુયોગિઓને, **विदूर-काष्ठाय**-અત્યંત દુર્લભ એવાને, **ते**-આપને, **मुहुः**-વારંવાર, **नमः नमः-अस्तु**-નમસ્કાર, નમસ્કાર હો, **निरस्त-साम्य-अतिशयेन**-જેમના સમાન તેમજ શ્રેષ્ઠ કોઈ નથી એવા, **राधसा**-ઐશ્વર્યથી, **स्वधामनि**-પોતાના ધામરૂપ, **ब्रह्मणि**-બ્રહ્મમાં, **रंस्यते**-રમણ કરનારા પરમેશ્વરને, **नमः**-નમન કરું છું. ૧૪.

અનુવાદ—આપ ભક્તોના પાલક છો. કુયોગીઓ-અભક્તોથી ઘણે દૂર રહેલા છો. આપને વારંવાર નમસ્કાર છે. જેમના ઐશ્વર્ય સરખું અથવા એથી વધારે કોઈનું ઐશ્વર્ય નથી, એવા ઐશ્વર્ય વડે, પોતાના બ્રહ્મરૂપ ધામમાં રમણ કરનારા-નિરંતર વિહાર કરનારા, આપને નમસ્કાર હો. ૧૪.

તત્ત્વસુધા—આ ત્રીજા શ્લોકમાં શ્રીશુકદેવજી પોતાના પરમ ઇષ્ટ શ્રીહરિને નમસ્કાર કરે છે. પ્રથમના બે નમઃસ્કારથી ભગવાન હૃદય સન્નિહિત થયા, આનંદનો અતિરેક થયો, અનુસંધાન ચૂકયા અને બે વખત **નમો નમઃ** એવું બોલી ઉઠયા. ભક્તો તો માને છે કે અન્તર્મુખ શ્રીશુક વંદન કરતા હતા, દૃષ્ટિ નાસિકાગ્ર ભાગે હતી; તે દૃષ્ટિ જરા ઉપર આવી સભાસદ ઉપર પડી. અનેક વેદમૂર્તિઓને નિહાળ્યા, પિતા અને પિતામહને નિરખ્યા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આ સમૂહમાં શી રીતે જ્ઞાનગંગા વહાવું ? આ તો અપાર વેદ સાગરો છે. એમ વિચારી નિજ ઇષ્ટને યાદ કર્યા કે તરત જ પ્રકટ થયા, સ્પષ્ટ હૃદયને સ્થાને નયન ગોચર બન્યા અને સહસા બોલી ઉઠ્યા, **सात्वतां ऋषभाय नमो नमः** સમર્પણ શીલ ભક્તોના પાલક પ્રભુને પ્રણામ, પ્રણામ, પ્રણામ.

कुयोगिनाम् विदूरकाष्ठाय-કુ એટલે પૃથ્વી અને એવા પાર્થિવ પદાર્થોમાં કે પાર્થિવ દેહમાં જ રસ લેનારને આ પ્રભુનો માર્ગ પણ દુર્લભ છે, તો પછી પ્રભુ સુલભ તો કયાંથી ? **निरस्तसाम्यातिशयेन राधसा**—'સામ્ય' એટલે સમાન અને 'અતિશય' એટલે મહાન, એવું 'રાધસ્' એટલે તત્ત્વ, તેજ, ધામ, સ્વરૂપ, વિશ્વમાં વિદ્યમાન જ નથી. એવા દિવ્ય તેજથી, એવા દિવ્ય મથુરા-વૃન્દાવન-વ્રજ ધામથી, એવા દિવ્ય શ્રીકૃષ્ણ વિગ્રહથી-**स्वधामनि** સ્વકીય ભક્તજનોના હૃદય ધામમાં, કે ગોકુલ ધામમાં, કે દ્વારિકા ધામમાં કે નિજાનંદ ધામમાં, રમણ કરતા નાથને અનેક નમન.

સંતો કહે છે કે 'રાધસ્' નામની ભગવાનની શક્તિ છે, જે શક્તિને ઉપનિષદે શ્રીસ્વામિનીજીના-શ્રી રાધિકાજીના નામથી વર્ણવી છે. શ્રી શુકાચાર્ય શ્રી રાધિકાજીના પરમ ભક્ત હતા. તેઓ નિત્ય 'શ્રી રાધે'નો જ જપ કરતા. ત્યારે સ્વામિનીજીએ આદેશ કર્યો કે, "राधे राधे मत कहो, कहो निरंतर श्याम". ત્યારથી તેઓ કૃષ્ણ, કૃષ્ણ, જપવા લાગ્યા. પરંતુ મૂલ પ્રકૃતિ કેમ બદલાય ? પ્રેમ કેમ જાય ? એ પ્રેમ, જાપ યાદ આવ્યો અને બોલી ઉઠ્યા **राधसा रंस्यते राधसा रंस्यते**-શ્રી સ્વામિનીજી સાથે રમણ કરતા શ્રી રાધિકા નાથને નમન કરું છું. ૧૪.

यत्कीर्तनं यत्स्मरणं यदीक्षणं यद्वन्दनं यच्छ्रवणं यदर्हणम् ।
लोकस्य सद्यो विधुनोति कल्मषं तस्मै सुभद्रश्रवसे नमो नमः ॥ १५ ॥

અન્વયાર્થ—यत्कीर्तनम्-જેમના ગુણોનું કીર્તન, **यत्स्मरणम्**-જેમનું સ્મરણ, **यद्-ईक्षणम्**-જેમનું દર્શન, **यद्-वन्दनम्**-જેમને કરેલું વંદન, **यत्-श्रवणम्**-જેમના ગુણોનું શ્રવણ, **यद्-अर्हणम्**-જેમનું પૂજન, **लोकस्य**-પ્રાણી માત્રના, **कल्मषम्**-હૃદયની મલીનતાને-પાપને, **सद्यः**-તાત્કાલિક, **विधुनोति**-દૂર કરે છે, **तस्मै-सुभद्र-श्रवसे**-તેવા અત્યંત કલ્યાણકારક કીર્તિવાળા પ્રભુને, **नमः नमः**-વારંવાર વંદન. ૧૫.

અનુવાદ—જેમનું ગુણકીર્તન, સ્મરણ, દર્શન, કરેલું વંદન, ગુણોનું શ્રવણ, પૂજન, પ્રાણી-માત્રની હૃદયની મલીનતાને (પાપને) તુરત દૂર કરે છે; તેવા અત્યંત મંગલમય કીર્તિવાળા પ્રભુને વારંવાર વંદન. ૧૫.

તત્ત્વસુધા—આ શ્લોકમાં ૭ પ્રકારની ભક્તિનું નિરૂપણ કરે છે. ભક્તિ બે પ્રકારની છે. એક અન્તરંગ ભક્તિ અને બીજી બહિરંગ ભક્તિ. આ ૭ પ્રકારો બહિરંગ ભક્તિના છે. સપ્તમ સ્કંધમાં પ્રહ્લાદજીએ નવ પ્રકારની ભક્તિ વર્ણવી. તેમાં શ્રવણને પ્રથમ સ્થાન આપ્યું છે. પરંતુ આ ભક્તિના નિરૂપણમાં **यत्कीर्तनम्** કીર્તનથી વર્ણન આરંભ્યું છે. 'કીર્તન' ભક્તિમાં કર્ણેન્દ્રિય અને રસનેન્દ્રિય બન્નેનો સમાવેશ થાય છે, જેથી 'મનોનિરોધ' બમણો થાય છે. શ્રવણ કરતાં શ્રોતાઓમાં પ્રમાદ અને નિદ્રા જેવું દેખાય છે, પરંતુ 'કીર્તનકાર' તો તન્મય જ માલુમ પડે છે; કારણ કે મધુરતમ હરિરસનું રસનાથી પ્રવહન થયું ત્યારે આસ્વાદ લીધો અને તે જ રસમાધુરી પુનઃ કર્ણમાંથી હૃદયમાં આવી, એટલે ચિત્તપ્રસાદ થયો. તેથી **यत्कीर्तनम्** થી ભક્તિનો પ્રારંભ કર્યો.

यत्कीर्तनम्-તો એક પુણ્ય સદાવ્રત છે. શ્રોતૃ સમાજનાં અને વક્તાનાં સર્વ પાપોને દૂર કરે છે. તેમજ હૃદયમાં શ્રીહરિનું સાન્નિધ્ય લાવે છે. દિલ દર્પણને કીર્તન ઉજ્જ્વલ કરે છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

યત્સ્મરણમ્–સ્મરણ આધ્યાત્મિક પાપોને, વાસનાને, ચિંતાને હરે છે. સ્મરણ અન્તઃકરણથી થાય છે. જેનું હૃદયમાં સ્મરણ રહે છે, તેનું જ કીર્તન કરવાની વૃત્તિ થાય છે. તે જ રીતે કીર્તન કર્યા બાદ તેના સંસ્કારો અંતઃકરણમાં પડે છે. તેથી કીર્તન પછી સ્મરણ આવ્યું.

યદીક્ષણમ્–કીર્તન અને સ્મરણના બળથી પ્રભુમાં પ્રેમ વધે છે. તે પ્રેમથી પ્રભુ આકર્ષાય છે, આર્દ્ર થાય છે અને હૃદયસ્થ ભગવાન સાક્ષાત્ દર્શન આપે છે. દર્શનથી આધિભૌતિક પાપોનો ક્ષય થાય છે અને દૃષ્ટિ અલૌકિક થતાં સર્વત્ર હરિ દર્શન થાય છે.

યદ્વંદનમ્–દર્શન થતાં જીવ ભાવાતિરેકમાં આવ્યો. પ્રભુને સમર્પણ કરવા જેવી કોઇ સામગ્રી ન લાગી એટલે વંદન કરી આત્મસમર્પણ કરી દીધું. એના પરિણામે અપરાધોની માફી મળી અને અંતરાયો ટળ્યા.

યચ્છ્રવણમ્–પ્રભુએ ચરણમાં સાષ્ટાંગ કરતા પ્રપન્ન જીવાત્માને 'વત્સ' કહી સંબોધ્યો એટલે એ મંગલ ધ્વનિ કર્ણમાં પડ્યો. એને લીધે અજ્ઞાન અને માયા નિવૃત્ત થયાં. હું જગતનો નથી, ભગવાનનો છું, એવું જ્ઞાન થતાં જ મમતા ટળી; એટલે માયા મટી. પરમાનંદનો જ હું અંશ છું એવી સમજ પડી, તેથીજ, 'દુઃખી છું' એવું અજ્ઞાન ટળ્યું, કારણકે તે પ્રપન્ન થયો.

યદર્હણમ્–હવે તો તે પ્રભુનો પ્રપન્ન થયો છે. તેથી તે નિત્ય સેવા પરાયણ થયો. જીવનું જે કર્તવ્ય હતું કે કૃષ્ણ સેવા સદા કાર્યા–કૃષ્ણની સેવા નિત્ય કરવી. તે સહજ સિદ્ધ થઇ ગઇ.

શ્રવસ્-શબ્દનો અર્થ 'યશ' થાય છે. વીર પુરુષોની કીર્તિ હોય, જેનું શ્રવણ કરી શૂરાતન મળે. પુણ્ય-પુરુષોનું યશ હોય, જે સાંભળી પ્રભુ ભજનમાં મન વળે. ભગવદ્ અવતારોનું ભદ્ર યશ હોય, જેના શ્રવણથી પાપ ટળે. પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણનું સુભદ્ર યશ છે, જે વાસના સહ પાપોને હરે, તેથી કહ્યું **સુભદ્ર શ્રવસે નમો નમઃ** ૧૫.

विचक्षणा यच्चरणोपसादनात् सङ्गं व्युदस्योभयतोऽन्तरात्मनः ।
विन्दन्ति हि ब्रह्मगतिं गतक्लमास्तस्मै सुभद्रश्रवसे नमो नमः ॥ १६ ॥

અન્વયાર્થ—વિચક્ષણાઃ-જ્ઞાની પુરુષો, **યત્-ચરણ-ઉપસાદનાત્**-જેમના ચરણોનું શરણ લેવાથી, **અન્તરાત્મનઃ**-અન્તઃકરણની, **ઉભયતઃ**-આ લોક-પરલોકની, **સઙ્ગમ્**-આસક્તિને, **વિ-ઉદ્-અસ્ય**-દૂર કરી, **ગત-ક્લમાઃ**-શ્રમ રહિત થઇ, **હિ**-નિશ્ચય, **બ્રહ્મ-ગતિમ્**-મોક્ષમાર્ગને, **વિન્દન્તિ**-મેળવે છે, **તસ્મૈ**-તેવા, **સુભદ્ર-શ્રવસે**-ઉજ્જ્વલ યશવાળા શ્રીકૃષ્ણને, **નમઃ નમઃ**-વારંવાર નમન કરું છું. ૧૬.

અનુવાદ—વિવેકશીલ જ્ઞાની જનો, જે પ્રભુના ચરણકમળનું શરણ લેવાથી, આ લોક તેમજ પરલોકની બન્ને પ્રકારની અન્તઃકરણની આસક્તિને દૂર કરી દઇને, અનાયાસેજ, ખરેખર, મોક્ષમાર્ગને પ્રાપ્ત કરે છે; તેવા કલ્યાણ પ્રદ કીર્તિવાળા પરમેશ્વરને હું વારંવાર નમન કરું છું. ૧૬.

તત્ત્વસુધા—૧૫મા શ્લોકમાં ભગવાનની ૭ પ્રકારની ભક્તિ ૭ પ્રકારનાં પાપોનો નાશ કરે છે, એવા પ્રભુ સુભદ્ર શ્રવસ-સુમંગલ કીર્તિવાળા છે એમ કહ્યું. તે સુમંગલ કીર્તિવાળા ભગવાનની ૭ પ્રકારની ભક્તિ પાપોનો નાશ કરીને ભગવચ્ચરણમાં વિના શ્રમે જીવાત્માને લઈ જાય છે. ભગવત્કીર્તિ અને જ્ઞાન બંને ભગવચ્ચરણમાં લઇ જશે; પરંતુ 'જ્ઞાનપથ' એ શ્રમપૂર્ણ છે, જ્યારે કીર્તિ-શ્રવણ સુખસાધ્ય માર્ગ છે. ફળ તો એકજ છે. કીર્તિ દ્વારા પ્રભુચરણે પહોંચ્યા, તેમને 'વિચક્ષણ' માન્યા છે. ક્ષણ, કણ અને મન એ ત્રણ વિવેકથી વાપરે તે વિચક્ષણ ગણાય. ક્ષણ સત્સંગમાં, કણ સંત સેવામાં, મન હરિ ચિંતનમાં વાપરે, તે વિચક્ષણ. જ્ઞાન કરતાં હરિગુણ ગાનમાં વધુ આદર દર્શાવતા શ્રીશુક મુનિ **નમો નમઃ** બે વાર નમન કરે છે. ૧૬.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

तपस्विनो दानपरा यशस्विनो मनस्विनो मन्त्रविदः सुमंगलाः ।
क्षेमं न विन्दन्ति विना यदर्पणं तस्मै सुभद्रश्रवसे नमो नमः ॥ १७ ॥

અન્વયાર્થ—**तपस्विनः**-તપસ્વીઓ, **दान-पराः**-દાન દેનારાઓ, **यशस्विनः**-યશસ્વીઓ, **मनस्विनः**-મનસ્વી પુરુષો, **मंत्रविदः**-મંત્ર વેત્તાઓ, **सुमंगलाः**-સદાચારી જનો, **यदर्पणं विना**-જેમને અર્પણ કર્યા સિવાય, **क्षेमम्**-કલ્યાણને, **न विन्दन्ति**-મેળવતા નથી, **तस्मै**-તે એવા, **सुभद्र-श्रवसे**-કલ્યાણમય કીર્તિવાળા પરમેશ્વરને, **नमो नमः**-અનેકવાર નમસ્કાર કરું છું. ૧૭.

અનુવાદ—**તપસ્વીઓ, દાન પરાયણો, યશસ્વી જનો, મનસ્વી પુરુષો, મન્ત્રવેત્તાઓ, તેમજ સદાચારી જનો જે ભગવાનને સમર્પણ કર્યા સિવાય કલ્યાણને મેળવતા નથી, તે પરમ મંગલમય યશવાળા પરમેશ્વરને વારંવાર નમસ્કાર કરું છું. ૧૭.**

तत्त्वसुधा—ભાવભર્યા કીર્તનનું ગૌરવ ગાયા બાદ મહર્ષિ શુક ૧૭મા શ્લોકમાં 'સમર્પણ' તત્ત્વનું નિરૂપણ કરી એ જ સર્વ શ્રેષ્ઠ સાધન છે એવું સમર્થન કરે છે. આ શ્લોકમાં ૭ પ્રકારના સત્કર્મશીલ પુણ્ય પુરુષોનાં પુણ્ય કર્મોને સ્પર્શતો વિચાર કરે છે.

1) **तपस्विनः**-સત્કર્મોમાં તપ તનની શુદ્ધિ કરે છે. ઉપવાસ, સ્નાન, શીતકાલમાં આકંઠમગ્ન જલનિવાસ, ગ્રીષ્મમાં પંચાગ્નિ સેવન, વર્ષામાં અનાવૃત દેશનું સેવન, ચરણે ચાલી યાત્રા, સ્વાદિષ્ટ અન્ન ત્યાગ આદિ તપ જીવનને અમૃત સમાન અત્યંત પોષક છે. અગ્નિ જેમ સુવર્ણને, તેમ તપ શરીરને નિર્દોષ બનાવે છે; પરંતુ તપશ્ચર્યા સિદ્ધિઓ તરફ ન ઢળી જાય, ફલ લોભ ન થાય, તેથી તપનું ફળ ભગવદર્પણ કરવું.

2) **दानपराः**-દ્રવ્યની વ્યવસ્થા દિલને કમજે કરી રાખે છે. તેનો સંગ્રહ સંગ્રહણી રોગ જેવો છે. તેનું દાન એ દાનતને અને દિલને શુદ્ધ કરે છે; પરંતુ દાન તે કીર્તિ કે પરલોક સુખ માટે નહિ, પણ સર્વત્ર ભગવત્ સ્વરૂપે સમર્પવું.

3) **यशस्विनः**-કૂવા, તળાવ, ઉદ્યાન, સદાવ્રત, ઔષધાલય, દેવાલય, છાત્રાલય, જ્ઞાનાલય આદિનું નિર્માણ કરતાં જે 'નામ યશઃ' મનુષ્યનું થાય છે, તેથી તેને યશસ્વી કહેવાય. આ સર્વ પણ ભગવદ્ ભાવનાથી જ કરાય.

4) **मनस्विनः**-એ યોગીઓની સંજ્ઞા છે. જેઓનો મનોનિરોધ છે, તેઓ પરકાયા પ્રવેશ, પર મનોવિજ્ઞાન આદિ મોહિનીમાં ડૂબી જાય છે. તેથી તેમણે મનમાં મનમોહનને વસાવવા, તે જ તેનું સમર્પણ છે.

5) **मंत्रविदः** યજ્ઞ અનુષ્ઠાન કરનાર અને મંત્રોપાસકોએ પણ મંત્રજાપ કરી તેનો વિનિયોગ ભગવાનમાં કરવો.

6) **सुमंगलाः**-સદાચાર પરાયણ પુરુષોને 'સુમંગલ' કહ્યા છે. આચારોની વિશુદ્ધિ વિના વિચારોની વિશુદ્ધિ ન થાય. સદાચારો પણ લોક યશ માટે ન કરતાં ભગવત્સેવામાં વિનિયોગ પામવા કરવા.

એ રીતે ૭ કર્મનિષ્ઠ, પુણ્યકર્મણ્ય જનોએ પણ ભગવત્કીર્તિ શ્રવણને પ્રધાન બનાવી, આ સર્વ કર્મ કરી, હરિને સમર્પણ કરવાનાં જ હોય છે. ત્યારે જ તેઓ ક્ષેમ-ભગવત્પદની પ્રાપ્તિ કરી શકે છે. ૧૭.

किरातहूणान्ध्रपुलिन्दपुल्कसा आभीरकङ्का यवनाः खसादयः ।
येऽन्ये च पापा यदुपाश्रयाश्रयाः शुद्ध्यन्ति तस्मै प्रभविष्णवे नमः ॥ १८ ॥

અન્વયાર્થ—**किरात-हूण-आन्ध्र-पुलिन्द-पुल्कसाः**-કિરાત-હૂણ-આન્ધ્ર-પુલિન્દ-પુલ્કસો, **आभीर-कंकाः**-આહીર તેમજ કંક, **यवनाः**-યવનો, **खसादयः**-ખસ વગેરે, **च**-અને, **ये**-જેઓ, **अन्ये**-બીજા, **पापाः**-પાપીઓ, **यद्-उपाश्रय-आश्रयाः**-ભગવાનના આશ્રયવાળા ભક્તોનો આશ્રય કરનારા, **शुद्ध्यन्ति**-વિશુદ્ધ બને છે, **तस्मै**-તે, **प्रभविष्णवे**-સમર્થ પ્રભુને, **नमः**-નમન કરું છું. ૧૮.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—કિરાત, હૂણ, આન્ધ્ર, પુલિન્દ તેમજ પુલ્કસ, આહીર તેમજ કંક જાતિના લોકો, યવન, શક વગેરે જાતિના લોકો, તેમજ બીજા પણ પાપી જનો, જે ભગવાનના આશ્રયવાળા ભક્તોનો આશ્રય પ્રાપ્ત થતાં વિશુદ્ધ થઈ જાય છે, એવા મહા સમર્થ પ્રભુને વંદન કરું છું ૧૮.

તત્ત્વસુધા—૧૫, ૧૬, ૧૭ એ ત્રણ શ્લોકોથી એક નિશ્ચય કર્યો કે ભક્ત, જ્ઞાની અને કર્મઠ એ ત્રણે માટે ભગવત્કીર્તનું સેવન મંગલકર છે; તેમજ પ્રભુપદ પ્રાપ્તિ માટે સુખકર સાધન છે. હવે ૧૮મા શ્લોકથી એક વસ્તુ દર્શાવે છે કે જેઓનો જ્ઞાન, કર્મ, ભક્તિથી ભગવાનનો સીધો સંબંધ છે, તેઓ તો પવિત્ર થાય છે; પરંતુ પરંપરાથી એટલે સજ્જન પુરુષોના સંગથી પણ જેઓ ભગવાનનો સંબંધ ધરાવે છે, તેઓ પણ વિશુદ્ધ થાય છે. ભક્તિ વગેરે સાધનો દ્વારા જેઓનો ભગવત્સંબંધ છે, તેઓને 'यदुपाश्रय' એટલે 'ભગવદ્ આશ્રય' માન્યા. તાત્પર્ય કે સંતો ભગવદાશ્રય છે. હવે જેમણે પ્રભુનો આશ્રય નથી લીધો, પરંતુ પ્રભુના જનનો-સંત જનોનો આશ્રય લીધો છે, તેઓ પણ નિર્મલ મન થઈ જશે. મનુષ્યમાં કેટલાક જન્મગત દોષ હોય છે, કેટલાંક સંસર્ગકૃત પાપો હોય છે, કેટલાંક સ્વભાવગત પાપો હોય છે. એવા ત્રણ પ્રકારથી માનવ મલીન ગણાય છે. પરંતુ નિત્ય કીર્તનરત, નિત્ય સેવાવ્રત, નિત્ય આત્મરત એવા સુવ્રત પુરુષોનો આશ્રય કરી લેવાથી પણ મનને નિર્મલ થતાં વિલંબ નથી લાગતો. જે સજ્જનનો આશ્રય તારી લે છે, તો પછી સાક્ષાત હરિ આશ્રયનું સામર્થ્ય કેવું અપૂર્વ હશે કે જ્યાં વાણી પણ નિરૂપણ કરવા સમર્થ નહિ હોય. આ આશયને પુષ્ટ કરતા આ શ્લોકમાં किरातहूणान्ध्र-કિરાત વગેરે છનો નિર્દેશ કરી કહે છે કે ભગવદ્ આશ્રિતોના પણ આશ્રયવાળા વિશુદ્ધ બની જાય છે. ભગવાનને આ શ્લોકમાં પ્રભવિષ્ણુ કહ્યા. પ્રભવિષ્ણુ એટલે અનેક ભક્તોના આકાર લઈ પૃથ્વીમાં અનેક રૂપે પધારી અનેકનું કલ્યાણ કરનાર એવા ભગવાન વિષ્ણુને નમન કરું છું. ૧૮.

स एष आत्माऽऽत्मवतामधीश्वरस्त्रयीमयो धर्ममयस्तपोमयः ।
गतव्यलीकैरजशंकरादिभिर्वितर्क्यलिङ्गो[1] भगवान् प्रसीदताम् ॥ १९ ॥

અન્વયાર્થ—सः-તે, एषः-આ, आत्मवताम्-આત્મજ્ઞાનીઓના, आत्मा-આત્મા, अधि-ईश्वरः-સર્વના અધીશ્વર, त्रयी-मयः-ત્રણ વેદમય, धर्ममयः-ધર્મમય, तपोमयः-તપોમય, गत-व्यलीकैः-કપટ ભાવ વિનાના, अज-शंकर-आदिभिः-બ્રહ્મા, મહાદેવ વગેરેથી પણ, वितर्क्य-लिङ्गः-તર્ક કરવા યોગ્ય સ્વરૂપવાળા, भगवान्-ભગવાન, प्रसीदताम्-પ્રસન્ન થાઓ ૧૯.

અનુવાદ—તે આત્મજ્ઞાનીઓના આત્મા છે, સર્વના અધીશ્વર છે, ત્રણ વેદમય છે, ધર્મમય છે, તપોમય છે, જેની બાબતમાં નિષ્કપટ ભાવવાળા બ્રહ્માજી, શંકર વગેરે દેવો પણ તર્ક કરે છે, છતાં જાણી શકતા નથી, એ ભગવાન પ્રસન્ન થાઓ. ૧૯.

તત્ત્વસુધા—શ્રીશુક મુનિએ શ્લોક ૧૨ થી ૧૮ સુધી ના ૭ શ્લોકોની સ્તુતિમાં સર્વ શાસ્ત્રોને સંમત ભગવાનના સ્વરૂપનું નિરૂપણ કરીને નમસ્કાર કર્યા. બાદ આ ઓગણીસમા શ્લોકથી પાંચ શ્લોકમાં ભગવાનની પ્રસન્નતાની પ્રાર્થના કરે છે. આ પ્રાર્થનામાં ચાર શ્લોકોમાં प्रसीदताम्-અને એક શ્લોકમાં अलंकृषीष्ट એવી ભગવચ્ચરણમાં યાચના કરશે. શુકદેવજી આ શ્લોકમાં કહે છે કે ભગવાનના સ્વરૂપમાં પ્રેમ કરાવનારાં સાધનોમાં ચાર મુખ્ય ગણાય. (૧) એક તો અધિકારી, (૨) બીજું શાસ્ત્રો. (૩) ત્રીજું સંતો અને (૪) ચોથું પ્રાર્થના આ ચારના આશ્રયથી પ્રભુનો પરિચય અને પ્રેમ થાય. એમાંનાં ત્રણનો પ્રથમ વિચાર કરે છે सः एषः શ્લોકથી.

૧. પ્રા૦ પા૦ - व्यतर्क्य ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

(૧) आत्मा आत्मवताम्–આ પદથી અધિકારીની ઓળખાણ આપે છે. જ્ઞાનીને અધિકારી કહ્યા છે. આ અધિકારી જ્ઞાની બે પ્રકારના હોય છે. જે પ્રભુના કૃપાપાત્ર હોય છે, તેઓને આત્મવત્ કહ્યા છે. આત્મવાન્ એટલે 'હૃદયવાન્' તેમજ 'જ્ઞાનવાન્' જે હૃદયવાન્ કોમળ પુરુષ છે, તેના ભગવાન્ 'અધીશ્વર' છે. જે જ્ઞાનવાન્ છે, તેના ભગવાન આત્મા છે. આ અધિકારીઓ ભગવાનની બાબતમાં પણ તર્કજ કરી શકયા છે, પરંતુ નિશ્ચય નથી કરી શકયા.

(૨) બીજો પ્રકાર જે શાસ્ત્રો છે, તે પણ ત્રણ પ્રકારનાં છે—(૧) त्रयीमयः એટલે વેદશાસ્ત્ર, (૨) धर्ममयः એટલે સ્મૃતિ શાસ્ત્ર અને (૩) तपोमयः એટલે પુરાણ શાસ્ત્ર. આ શ્રુતિ–સ્મૃતિ–પુરાણ પણ ભગવાનની ઓળખાણમાં તર્કજ કરી શકયા છે.

(૩) ત્રીજા પ્રકારમાં 'સંતો,' જેમાં બ્રહ્મા, સનત્કુમારો વગેરેનો સમાવેશ થાય છે, તેઓ પણ તર્ક સુધીજ પહોંચ્યા છે. વળી તેઓ તો गतव्यलोक છળકપટથી પર છે; છનાં સંપૂર્ણ નથી જાણી શકતા. તો પ્રાર્થના એ એકજ ચોથું સાધન આપની પ્રીતિ મેળવવા માટે અવિશિષ્ટ રહે છે અને એજ શ્રેષ્ઠ સાધન છે માટે વિનવું કે भगवान् प्रसीदताम्–હું પ્રાર્થના કરું છું કે આપ પ્રસન્ન થાઓ અને પ્રીતિનાં દાન કરો, તો પરીક્ષિત રાજા અને સમાજ સમીપે હું હરિરસ–ગુણ રૂપનાં ગાન કરી શકું. શ્રી ભક્તકવિ પુષ્પદન્ત પણ કહે છે કે–

त्रयी सांख्यं योगः पशुपतिमतं वैष्णवमिति	त्रयी, सांख्ये, योगे, पशुपतिमते, वैष्णवमते
प्रभिन्ने प्रस्थाने परमिदमदः पथ्यमिति च।	જુદા મન્તવ્યોમાં, મતિ નવ કહે કયાં હિત હશે ?
रुचीनां वैचित्र्यादृजुकुटिलनानापथजुषां	મતિનાં વૈચિત્ર્યો, સરલપથમાં કે કઠિનમાં
नृणामेको गम्यस्त्वमसि पयसामर्णव इव ॥	જનોને, તો તું છું ગમન, જયમ સિન્ધુ સલિલનાં. ૧૬.

श्रियःपति र्यज्ञपतिः प्रजापति र्धियांपति र्लोकपति र्धरापतिः ।
पतिर्गतिश्चान्धकवृष्णिसात्वतां प्रसीदतां मे भगवान् सतांपतिः ॥ २० ॥

અન્વયાર્થ—श्रियः पतिः–લક્ષ્મીના સ્વામી, **यज्ञ–पतिः**–યજ્ઞોના અધિપતિ, **प्रजा–पतिः**–પ્રજાઓના પાલક, **धियां–पतिः**–બુદ્ધિના સ્વામી, **लोक–पतिः**–ત્રિલોકના પાલક, **धरा–पतिः**–પૃથ્વીના પતિ, **अन्धक–वृष्णि–सात्वताम्**–અંધક–વૃષ્ણિ–સાત્વત વંશના–યાદવોના, **पतिः**–સ્વામી, **च** અને, **गतिः**–રક્ષક, **सताम्**–સત્પુરુષોના, **पतिः**–રક્ષક, **भगवान्**–સર્વ ગુણ સંપન્ન ભગવાન, **मे**–મારી ઉપર, **प्रसीदताम्**–પ્રસન્ન થાઓ. ૨૦.

અનુવાદ—લક્ષ્મીપતિ, યજ્ઞપતિ, પ્રજાઓના પતિ, બુદ્ધિના પ્રેરક પતિ, લોકના પતિ, પૃથ્વી પતિ, અંધક-વૃષ્ણિ તેમજ સાત્વત વંશના યાદવોના સ્વામી તેમજ રક્ષક, સત્પુરુષોના રક્ષક ભગવાન મારા ઉપર પ્રસન્ન થાઓ. ૨૦.

તત્ત્વસુધા—આ શ્લોકમાં શ્રીશુકદેવે પ્રાર્થના કરવાનું સ્વીકાર્યું. કદાચ પ્રાર્થનાથી પ્રભુ કોપશે નહિ ? એની કલ્પના ન કરવી. કુપાત્રની પ્રાર્થનાથી ક્રોધ થાય, પણ સુપાત્રની પ્રાર્થના માટે તો પ્રભુ તલસાટ સેવે છે. આઠ પ્રકારના 'પતિઓ' પાસે પ્રાર્થના થઈ શકે છે. 'જેની પાસે પ્રાર્થના કરવાનો હક છે તે પતિ.' આ આઠે પ્રકારના પતિને પ્રાર્થના કરતાં કદિ ક્રોધ નહિજ થાય. શ્રીપતિ શ્રીનાં, યજ્ઞપતિ પુણ્યનાં, પ્રજાપતિ વંશનાં, ધીપતિ સદ્બુદ્ધિનાં, લોકપતિ–સ્વર્ગપતિ સુખનાં, ધરાપતિ ઐશ્વર્યનાં, યાદવપતિ કૃપાનાં દાન કરવાના સ્વભાવવાળાજ હોય છે. જેમનો જે સ્વભાવ છે, તેને અનુકૂલ કરીએ તો કદી કોપ પામે જ નહિ. મારે તો એમાંનું કંઈ નથી જોઈતું. મને તો જો सतांपतिः પ્રસન્ન થાય તો હું તેમની પાસે માગું કે "મને હરિ સેવા કે સત્સંગ આપો." ૨૦.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

यदङ्घ्रयनुध्यानसमाधिधौतया धियानुपश्यन्ति हि तत्त्वमात्मनः ।
वदन्ति चैतत्कवयो यथारुचं स मे मुकुन्दो भगवान् प्रसीदताम् ॥ २१ ॥

અન્વયાર્થ—**कवयः**–જ્ઞાની–વિદ્વાનો, **यद्–अङ्घ्रि–अनुध्यान–समाधि–धौतया**–જે ભગવાનના ચરણ-કમળના ધ્યાન અને સમાધિદ્વારા શુદ્ધ કરેલી, **धिया**–બુદ્ધિથી, **हि**–ખરેખર, **आत्मनः**–આત્માના, **तत्त्वम्**–તત્ત્વને, **अनुपश्यन्ति**–અનુભવે છે, **च**–અને, **एतत्**–આ આત્મતત્ત્વને, **यथारुचम्**–પોતાની બુદ્ધિ અનુસાર, **वदन्ति**–કહે છે, **सः**–તે, **मुकुन्दः भगवान्**–મુકુન્દ ભગવાન, **मे**–મારા ઉપર, **प्रसीदताम्**–પ્રસન્ન થાઓ. ૨૧.

અનુવાદ—વિદ્વાન જ્ઞાની પુરુષો, જેમના ચરણ કમળના ધ્યાન અને સમાધિદ્વારા વિશુદ્ધ કરેલી બુદ્ધિથી, ખરેખર, આત્મતત્ત્વ સ્વરૂપને અનુભવે છે, તેમજ એ આત્મતત્ત્વને પોતાની બુદ્ધિ અનુસાર વર્ણવે છે, એ મુકુન્દ ભગવાન મારા ઉપર પ્રસન્ન થાઓ. ૨૧.

તત્ત્વસુધા—આ શ્લોકમાં શ્રીશુકદેવજી એવી પ્રાર્થના કરે છે કે અङ્घ્રિ અનુધ્યાન ચરણ કમલનું ધ્યાન અને સમાધિદ્વારા વિમલ કરેલી મતિથી જે તત્ત્વનું દર્શન થઈ શકે તેજ મુકુન્દ તત્ત્વ કેવલ અનુગ્રહથીજ મારા ઉપર પ્રસન્ન થઈ પોતાના સ્વરૂપનો સાક્ષાત્કાર કરાવો. સમાધિથી અને ધ્યાનથી બુદ્ધિ નિર્મલ થાય છે; પરંતુ સાક્ષાત્કાર માટે ધ્યાનમાં અને સમાધિમાં સ્તુતિનું ઉમેરણ કરવામાં આવે તોજ સ્વરૂપ દર્શન થાય છે. અનુધ્યાનનો અર્થ થાય છે–'તત્પરાયણ થઈ તેનું ચિન્તન કરવું;' અને તેનું ચિંતન કરવાથી 'તાદાત્મ્ય' સ્થિતિ થાય છે, તેને સમાધિ માની છે. વળી એ તત્ત્વને કવિઓ પણ પોતાની તર્કશક્તિ પ્રમાણે વિવિધ રીતે વર્ણવે છે. તો પછી આપજ આપના સ્વરૂપનો સાક્ષાત્કાર કરાવો, એટલીજ પ્રાર્થના છે. ૨૧

प्रचोदिता येन पुरा सरस्वती वितन्वताजस्य[1] सतीं स्मृतिं हृदि ।
[2]स्वलक्षणा प्रादुरभूत् किलास्यतः स मे ऋषीणामृषभः प्रसीदताम् ॥ २२ ॥

અન્વયાર્થ—**पुरा** પહેલાં, **अजस्य**–બ્રહ્માના, **हृदि**–હૃદયમાં, **सतीम्**–ઉત્તમ, એવા **स्मृतिम्**–સ્મરણને, **वितन्वता**–વિસ્તારતા, **येन**–જે ઈશ્વરે, **प्रचोदिता**–પ્રેરેલી, **स्वलक्षणा**–આત્મલક્ષણ યુક્ત, **सरस्वती**–વાગ્દેવી, **आस्यतः**–મુખમાંથી, **किल**–નિશ્ચય, **प्रादुरभूत्**–પ્રગટ થઈ, **सः**–તે, **ऋषीणाम् ऋषभः**–ઋષિઓમાં શ્રેષ્ઠ, **मे**–મને, **प्रसीदताम्**–પ્રસન્ન થાઓ. ૨૨.

અનુવાદ—પૂર્વે સૃષ્ટિની શરૂઆતમાં જે ભગવાને બ્રહ્માના હૃદયમાં સૃષ્ટિ રચના સંબંધી સુંદર સ્મૃતિનું દાન કર્યું, ત્યારે તે પ્રભુની પ્રેરણાથી વેદરૂપી વાણી બ્રહ્માના મુખમાંથી પ્રકટ થઈ હતી; તેવા જ્ઞાન આપનારાઓમાં શ્રેષ્ઠ ભગવાન મારા ઉપર પ્રસન્ન થાઓ. ૨૨.

તત્ત્વસુધા—વક્તાએ હરિગુણાનુવાદ ગાતા પહેલાં હૃદયમાં હરિનો નિવાસ કરાવવો ઘટે. જો પ્રભુનું સાન્નિધ્ય ન રાખે અને કેવલ વાણીનું જ બળ અવલંબી બોલે, તો તેમાં ભગવદ્ ધર્મોનું યથાર્થ નિરૂપણ નહિ થાય. સૃષ્ટિના પ્રારંભ કાલમાં બ્રહ્માએ ધ્યાન કરીને ભગવત્પ્રસાદ પ્રાપ્ત કરેલો. તેના જ બળે **स्वलक्षणा** સરસ્વતી પ્રગટ થયાં. મને ગુણાનુવાદ સમયે તેવી જ સરસ્વતી મળો. જે વાણીના પદે પદે પ્રભુનું જ નિરૂપણ થતું હોય, તેવી નૈસર્ગિક વાણી આપો. સરસ્વતી તો પ્રભુની પ્રિયા છે, તો પછી પ્રભુની આજ્ઞાને માન આપી મારા જેવા પુત્ર ઉપર દયા કરશે જ. ૨૨.

---

૧. પ્રા૦ પા૦ – वितन्वतोऽजस्य । ૨. પ્રા૦ પા૦ – विलक्षणा ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

भूतैर्महद्भिर्य इमाः पुरो विभुर्निर्माय शेते यदमूषु पूरुषः ।
भुङ्क्ते गुणान् षोडश षोडशात्मकः सोऽलंकृपीष्ट भगवान् वचांसि मे ॥ २३ ॥

અન્વયાર્થ—**યઃ**-જે, **વિભુઃ**-વ્યાપક, **પુરુષઃ**-પરમેશ્વર, **મહદ્ભિઃ**-મોટાં, **ભૂતૈઃ**-પંચ મહાભૂતો વડે, **ઇમાઃ**-આ, **પુરઃ**-શરીરો, **નિર્માય**-ઉત્પન્ન કરી, **યત્**-જે કારણે, **અમૂષુ**-આ શરીરોમાં, **શેતે**-શયન કરે છે, **ષોડશ-આત્મકઃ**-સોળ કલાપૂર્ણ **ષોડશ**-સોળ, **ગુણાન્**-ગુણોને, **ભુંક્તે**-ભોગવે છે, **સઃ**-તે, **ભગવાન્**-ભગવાન, **મે**-મારાં, **વચાંસિ**-વચનોને, **અલંકૃષીષ્ટ**-અલંકૃત કરો. ૨૩.

અનુવાદ—જે સર્વવ્યાપક પરમ પુરુષ, પંચ મહાભૂતો દ્વારા આ બધાં શરીરોનું નિર્માણ કરી એમાં પોતે બિરાજે છે, જેને લીધે 'પૂરુષ' એવી સંજ્ઞાને ભજે છે. વળી જે અગિયાર ઇન્દ્રિયો અને પાંચ મહાભૂત રૂપ થઇ સોળ કલાઓના રસને ભોગવે છે, તે સોળ કળા સંપન્ન ભગવાન મારાં વચનોને અલંકૃત કરો. ૨૩.

તત્ત્વસુધા—શુકમુનિની પ્રાર્થનાનો આ પાંચમો શ્લોક છે અને તેઓશ્રીની સ્તુતિનો આ બારમો શ્લોક છે. આ શ્લોકમાં વાણીને અલંકૃત કરવાની હરિને વિજ્ઞપ્તિ છે, કારણ કે ૨૨મા શ્લોકમાં "સ્વલક્ષણા સરસ્વતી મને મળો", એવા આશયની પ્રાર્થના હતી. એટલે ભગવાન અવશ્ય ઋતંભરા વાણીનું દાન કરવાના જ છે, કારણ કે એ વાણીનો વિનિયોગ ભગવદ્ ગુણગાનમાં થવાનો હોવાથી વાણીની સાર્થકતા થવાની છે. પરંતુ શુકદેવજીને બીજો વિચાર આવ્યો કે વાણીમાં શબ્દ અને અર્થ એમ બે વિભાગ હોય છે. વળી શબ્દાલંકાર અને અર્થાલંકાર એમ બે હોય છે. માટે જેમ ભગવાન વાણીનાં દાન કરે, તેમ તેમાં રહેલ રસ, ધ્વનિ, ગુણ, અલંકાર વગેરેનાં પણ પ્રદાન કરે, એવી વિનંતિ આ શ્લોકમાં કરી રહ્યા છે. જે ભગવાન પંચમહાભૂતો વગેરે સામગ્રીથી દેવ, માનવ આદિ 'પુર'નું નિર્માણ કરે છે અને તેમાં શેતે શયન કરે છે-નિવાસ કરે છે, (શેતે ક્રિયાપદ નિદ્રાર્થમાં નથી વાપર્યું, પરંતુ 'નિવાસ' અર્થમાં વાપર્યું છે.) અને પાંચ વિષય અને અગિયાર ઇન્દ્રિયો મળી **ષોડશાત્મકઃ** અર્થાત્ સોળ ગુણોને ભોગવે છે, તે ભગવાન મારી વાણીના અર્થના પણ ભોક્તા બનો. આ મારું શરીર આપનું મંદિર છે. આપ એમાં મંદિરના સ્વામી તરીકે બિરાજો છો અને આપ જ વાણીના રસનો ઉપભોગ કરો, એવા અલૌકિક આશયની વિનંતિ છે. ૨૩.

नमस्तस्मै भगवते व्यासायामित तेजसे[1] ।
पपुर्ज्ञानमयं सौम्या यन्मुखाम्बुरुहासवम् ॥ २४ ॥

અન્વયાર્થ—**તસ્મૈ**-તે, **અમિત-તેજસે**-અમાપ તેજવાળા, **ભગવતે**-ભગવાનને, **વ્યાસાય**-વ્યાસ મહર્ષિને, **નમઃ**-નમસ્કાર, **સૌમ્યાઃ**-શાન્ત ચિત્તવાળા શુદ્ધ સાત્વિક ભક્તો, **જ્ઞાનમયમ્**-જ્ઞાન સ્વરૂપ, **યત્-મુખ અમ્બુરુહ-આસવમ્**-જે ભગવાનના મુખામ્બુજમાંથી ઉત્પન્ન આસવને, **પપુઃ**-પીતા હતા. ૨૪.

અનુવાદ—ભક્તો જેમના મુખકમળમાંથી ઝરતા જ્ઞાનમય મકરંદ રસનું પાન કરે છે, એવા પરમ તેજસ્વી ભગવાન વ્યાસ મહર્ષિને નમસ્કાર. ૨૪.

તત્ત્વસુધા—સભામાં બિરાજેલા પિતાજી વ્યાસ મહર્ષિનો જન સમાજમાં જાહેરમાં શ્રીશુકદેવજી આદર કરી રહ્યા છે. તેમને ભક્તિનો અતિરેક થયો છે. તેનું વારણ અશક્ય બન્યું છે, જેથી તે વંદનના રૂપમાં પરિણામ પામે છે. **તસ્મૈ** અને **તુભ્યમ્** એવા બે પાઠ છે. સમીપમાં હોય ત્યારે **તુભ્યમ્** અને પરોક્ષ હોય ત્યારે **તસ્મૈ** એવો સામાન્ય નિયમ છે. **તસ્મૈ** આ સ્થાને પરોક્ષાર્થમાં નથી; પરંતુ પ્રસિદ્ધ એવા અર્થમાં છે. '**ભગવતે**'

---

૧. વાસુદેવાય વેધસે ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એટલે જેમના હૃદયમાં વાઙ્મય ભગવાન પ્રત્યક્ષ બિરાજે છે. વ્યાસાયામિત તેજસેને સ્થાને 'વાસુદેવાય' વેધસે એવો પણ એક પાઠ છે. 'વાસુદેવાય' જેઓ મોક્ષદાન સમર્થ છે. વેધસે–વિશ્વની શબ્દ સૃષ્ટિમાં એ એકજ વિધાતા છે, તેઓશ્રીને મારા પ્રણામ છે. સૌમ્યાઃ શ્રોતાવૃન્દને સંબોધન છે. જેટલા અંશમાં શ્રોતૃવૃન્દ સાત્વિક ભાવમય, તેટલા અંશ ભક્તિમયી કથા બને છે. તાત્વિક વૃન્દ હોય; ત્યાં તત્ત્વમય રસ પ્રસવે છે. લૌકિક હોય ત્યાં સાહિત્ય રસ ઝરે છે. વક્તાના મુખને 'અમ્બુરુહ' જલમાં રહેલ કમલની ઉપમા આપી છે. પ્રત્યેક ક્ષણે અને શબ્દે રસ નિતરે, તે પરમ ભક્ત વક્તા છે. એ રસને આસવ કહ્યો. જેના પાનથી સમાધિ લાગે અને ત્રિવિધ વ્યાધિ ભાગે તેવા હરિરસ મકરન્દને 'આસવ' માન્યો છે. ૨૪.

एतदेवात्मभू राजन् नारदाय विपृच्छते ।
वेदगर्भोऽभ्यधात् [1]साक्षाद् यदाह हरिरात्मनः ॥ २५ ॥

અન્વયાર્થ—**રાજન્**–હે પરીક્ષિત રાજા, **હરિઃ**–શ્રી હરિ, **આત્મનઃ**–પોતાના સ્વરૂપમાંથી ઉત્પન્ન થયેલ બ્રહ્માને, **યત્**–જે જ્ઞાન, **સાક્ષાત્**–પોતે પ્રત્યક્ષ સ્વરૂપે, **આહ**–કહેલું, **તત્ એવ**–એજ જ્ઞાન, **વેદગર્ભઃ**–જેમની અંદર વેદોનું જ્ઞાન રહેલું છે એવા, **આત્મભૂઃ** બ્રહ્મદેવે, **વિપૃચ્છતે**–પ્રશ્ન પૂછતા, **નારદાય**–નારદને, **અભ્યધાત્**–કહ્યું હતું. ૨૫.

અનુવાદ—હે રાજન, આ જ્ઞાન સર્વ પ્રથમ ભગવાને પોતે પ્રકટ રૂપે બ્રહ્માને કહેલું; એ જ જ્ઞાન વિચારપૂર્વક પ્રશ્ન પૂછતા નારદને, વેદના રહસ્ય જ્ઞાનને ધરાવતા બ્રહ્મદેવે કહી સંભળાવ્યું. ૨૫.

તત્ત્વસુધા—આ શ્લોકમાં શ્રી શુકદેવજી કબૂલે છે કે હું તો 'અનુવાદક' છું. આ ગુણાનુવાદ તો નારદ-બ્રહ્માજીની વચમાં અને વિધિ-વિષ્ણુની મધ્યમાં બનેલ છે. તે જ રસ સંદોહનું મારે પરિવેષણ કરવાનું છે. આ નિવેદનમાં ભાવિની કથાનો પ્રસ્તાવ અને દૈન્યનું નિરૂપણ છે. ૨૫.

શ્રીમદ્ ભાગવતના દ્વિતીય સ્કંધમાં તત્ત્વસુધાનો શ્રીશુકદેવજીની સ્તુતિનો
ચતુર્થ અધ્યાય સંપૂર્ણ.

---

૧. પ્રા૦ પા૦–સર્વં યદાહ હરિરીશ્વરઃ ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મનન પ્રકરણ—અધ્યાય ૫ થી ૧૦

અધ્યાય ૫ મો (શ્લોક ૪૨)

૭ અધ્યાયના આ પ્રકરણનું વિમર્શ અથવા મનન એવું નામ છે. જગત્, જીવ, જગદીશ સંબંધી વિચારોને વિમર્શ કહે છે. જગત કેવું? કેટલું? જગત કયાંથી બન્યું? કેવી રીતે? વગેરે વિચારો જગત સંબંધી થાય. જીવ એટલે શું? તે અનિત્ય કે નિત્ય? અણુ કે વ્યાપક? વગેરે જિજ્ઞાસાઓ જીવ સંબંધી થાય. જગદીશ કેવા? સાકાર કે નિરાકાર? સગુણ કે અગુણ? આદિ વિવિદિષા જગદીશને સ્પર્શીને થાય. એ ત્રણેની સવિસ્તર અને સવિવેક સમજ આપવા માટે આ ત્રીજા મનન નામના ૭ અધ્યાયના પ્રકરણનો આરંભ કર્યો છે.

આ ૭ અધ્યાયના મનન પ્રકરણમાં પણ અવાન્તર બીજા બે વિચારો આવે છે. એક તો ઉત્પત્તિ શી રીતે થઈ, અને બીજો વિચાર એમાં ઉપપત્તિ-યુક્તિ શી? તેમાં પ્રથમ ઉત્પત્તિ નામના પ્રકરણનો આ પ્રથમ પાંચમો અધ્યાય શરૂ થાય છે. આ છએ અધ્યાયો બ્રહ્મા-નારદજીના વાર્તાલાપ રૂપે છે. ચોથા અધ્યાયના અંતમાં શ્રીશુકદેવે પ્રસ્તાવ કર્યો જ હતો કે રાજન, આ તમારા પૂછેલા પ્રશ્નોના જેવા જ પ્રશ્નો નારદજીએ બ્રહ્માજીને પૂછેલા હતા. બ્રહ્માજીએ શ્રીહરિ પાસેથી તેનાં સમાધાન મેળવેલાં. ત્યાર બાદ બ્રહ્માજીથી તેના ખુલાસા નારદજીએ મેળવ્યા અને નારદજીએ વ્યાસજીને વર્ણવી સંભળાવ્યા. વ્યાસજીએ શ્રીમદ્ ભાગવત સ્વરૂપે જગતને આપ્યા. રાજન્, મારે તેજ પ્રસંગ વર્ણવવાનો છે.

આ અધ્યાય સ્થૂલ સ્વરૂપની ઉત્પત્તિનું વર્ણન કરે છે. નારદજી આ પ્રકરણના સૂત્રધાર છે, એટલે **નારદ ઉવાચ** થી અધ્યાય શરૂ થાય છે.

नारद उवाच—देवदेव नमस्तेऽस्तु भूतभावन पूर्वज ।
तद्विजानीहि यज्ज्ञानमात्मतत्त्वविमर्शनम् ॥ १ ॥
यद्रूपं यदधिष्ठानं यतः सृष्टमिदं प्रभो ।
यत्संस्थं यत्परं यच्च तत्तत्त्वं वद तत्त्वतः ॥ २ ॥
सर्वं ह्येतद्भवान् वेद भूतभव्यभवत्प्रभुः ।
करामलकवद् विश्वं विज्ञानावसितं तव ॥ ३ ॥

અન્વયાર્થ—દેવ દેવ-હે દેવોના દેવ, **ભૂત-ભાવન**-પ્રાણીઓને જન્મ દેનાર, **પૂર્વજ**-હે પૂર્વજ, **તે**-આપને, **નમઃઅસ્તુ**-નમસ્કાર હો, **આત્મ-તત્ત્વ-વિમર્શનમ્**-આત્મતત્ત્વના વિચારને કરનાર, **યત્**-જે, **જ્ઞાનમ્**-જ્ઞાન હોય, **તત્**-તે જ્ઞાનને, **વિજાનીહિ**-આપ જાણો છો-આપ મને જણાવો. ૧.

પ્રભો-હે પ્રભુ, **ઇદમ્**-આ વિશ્વ, **યતઃ**-જેનાથી, **સૃષ્ટમ્**-ઉત્પન્ન થયું હોય, **યદ્-રૂપમ્**-જે સ્વરૂપે હોય, **યદ્-અધિષ્ઠાનમ્**-જે આધાર-આશ્રય હોય, **યદ્-સંસ્થમ્**-જેમાં લય પામી રહેલું હોય, **યદ્-પરમ્**-જેને આધીન હોય, **ચ**-અને, **યત્-ચ**-જે પ્રમાણ હોય, અથવા અન્ય જે સાધન હોય, **તત્**-તે, **તત્ત્વમ્**-રહસ્ય જ્ઞાન, **તત્ત્વતઃ**-યથાર્થ રીતે, **વદ**-કહો. ૨. **હિ**-ખરેખર, **ભવાન્**-આપ, **એતત્**-આ, **સર્વમ્**-બધું જ, **વેદ**-જાણો છો, **ભૂત-ભવ્ય-ભવત્-પ્રભુઃ**-આપ ભૂત-ભવિષ્ય અને વર્તમાન કાળના પ્રાણીઓના સ્વામી છો, **વિશ્વમ્**-આ વિશ્વ, **તવ**-આપના, **કર-આમલક-વત્**-હથેલીમાં રહેલા આમળાના જેવું, **વિજ્ઞાન-અવસિતમ્**-અનુભવ જ્ઞાનથી નિશ્ચિત છે. ૩.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—પ્રાણીમાત્રને જન્મ આપનાર, હે પૂર્વજ દેવાધિ દેવ, આપને નમસ્કાર હો. જે જ્ઞાન આત્માના તત્ત્વનો વિચાર કરનાર હોય, તે જ્ઞાન મને સમજાવવા કૃપા કરો. (૧). હે પ્રભુ, આ તત્ત્વનું જે રૂપ-લક્ષણ હોય, એનો જે આશ્રય હોય, જેનાથી ઉત્પન્ન થયું હોય, જેમાં તે સમાયેલ હોય, જેને એ આધીન હોય, જે પ્રમાણાત્મક હોય, એનું જે તત્ત્વ હોય, તે આપ યથાર્થ રીતે કૃપા કરી કહો. (૨). આપ આ સર્વ જાણો છો. ભૂત, ભવિષ્ય, વર્તમાન કાલના, પ્રાણીવૃન્દના આપ સ્વામી છો. અનુભવરૂપ જ્ઞાનથી સુનિશ્ચિત કરેલ આ વિશ્વ આપના કરતલમાં રહેલ આમળા જેવું સુવિદિત છે. ૩.

તત્ત્વસુધા—પ્રથમ શ્લોકમાં નારદજી બ્રહ્માજીને ત્રણ સંબોધન કરે છે. नमोऽस्तेऽस्तु થી નમસ્કાર પિતા અથવા ગુરુના ચરણમાં ભેટ મૂકે છે. 'પ્રણામની ભેટ કરી પ્રશ્ન પૂછાય,' એવી જ્ઞાન પ્રાપ્તિ માટેની મર્યાદા છે. ત્રણ સંબોધનમાં પ્રથમ देवदेव છે. તેમાં બે વખત દેવ દેવ છે. देव એટલે દેવતા અને देव એટલે ગુરુ એ બે અર્થ છે. भूतभावन-પદથી આપ સમર્થ છો, તો પછી મોક્ષપ્રદ અવશ્યજ બનશો, એવું તાત્પર્ય છે. पूर्वज એટલે સૃષ્ટિના આદિ છો, તેથી જ્ઞાનસંબંધી સંદેહ આપનેજ કરાય. તો આપ એટલુંજ કહો કે જ્ઞાન એટલે શું ? (૧) શું જ્ઞાન એટલે આત્મા કે આત્માનો સાક્ષાત્કાર ? (૨) કે ભગવાનનો સાક્ષાત્કાર, (૩) કે શ્રુતિના કારણ, (૪) કે ભક્તિના ઉત્પન્ન કરનાર, (૫) કે સ્મરણરૂપ ? આ બધામાંથી જ્ઞાનનો શો અર્થ કરવો ? ૧.

બીજા શ્લોકમાં તત્ત્વ સંબંધી સમજ માગે છે, કારણ કે તત્ત્વ એટલે 'જેનામાં કોઇ પણ વસ્તુ આરોપિત ન હોય તે તત્ત્વ છે તો પછી (૧) यद्रूपम्-જે તત્ત્વ છે તેનું લક્ષણ પ્રમાણ-સ્વરૂપ શું છે ? (૨) તત્ત્વનો આશય શું છે ? (૩) તે જેનાથી થયું તે શું છે ? (૪) તે જેમાં સમાતું હોય-લીન થતું હોય તે શું છે ? (૫) તેનો નિમાયક કોણ ? (૬) यच्च-તે વાસ્તવમાં શી વસ્તુ છે ? આમ છ પ્રકારે તે તત્ત્વને આપ વાસ્તવિક રીતે સમજાવવા કૃપા કરો. ૨.

ત્રીજા શ્લોકમાં બ્રહ્માજીને નારદજીએ વિનવ્યું કે આપ સર્વજ્ઞ છો, જેથી આ સર્વ સમાધાન શકય છે. ૩.

यद्विज्ञानो यदाधारो यत्परस्त्वं यदात्मकः ।
एकः सृजसि भूतानि भूतैरेवात्ममायया ॥ ४ ॥

आत्मन् भावयसे [1]तानि न पराभावयन् स्वयम् ।
आत्मशक्तिमवष्टभ्य [2]ऊर्णनाभिरिवाक्लमः ॥ ५ ॥

नाहं वेद परं [3]ह्यस्मिन्नापरं न समं विभो ।
नामरूपगुणैर्भाव्यं सदसत् किञ्चिदन्यतः ॥ ६ ॥

અન્વયાર્થ—यद्-विज्ञानः-જેનાથી વિજ્ઞાન મેળવાયેલ હોય, यद्-आधारः-જેના આધારે રહેલા હોય, यत्परः-જેના પર આધાર હોય, यद्-आत्मकः-જે સ્વરૂપે હોય તે કહો, त्वम्-આપ, एकः-एव-એકલા જ भूतैः-પંચમહાભૂતો દ્વારા, भूतानि-સ્થાવર-જંગમ સૃષ્ટિને, आत्म-मायया-આપની માયાથી, सृजसि-ઉત્પન્ન કરો છો. (૪). उर्णनाभिः इव-કરોળિયાની જેમ, आत्म-शक्तिम्-પોતાની શક્તિને, अवष्टभ्य-અવલંબીને, स्वयम्-પોતે, अक्लमः-અનાયાસે, न पराभावयन्-પરાજય ન પામતા, तानि-તે પ્રાણીમાત્રને, आत्मन्-પોતાના સ્વરૂપમાં, भावयसे-ઉત્પન્ન કરો છો—પાલન કરો છો. (૫) नाम-रूप-

૧. सु० व०पा०-तान्येव । ૨. प्रा० पा०-सूत्रनाभिः । ૩. प्रा० पा०-तस्मिन्

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ગુણૈઃ-નામ-રૂપ અને ગુણોથી, ભાવ્યમ્-જે ઓળખાતું હોય, તે સત્-સત્, અસત્-અસત્, પરમ્-શ્રેષ્ઠ, અપરમ્-કનિષ્ઠ, સમમ્-સમાન એવું, અસ્મિન્-આ વિશ્વમાં, કિઞ્ચિત્-ન-કંઈ પણ વસ્તુ નથી, જે વિભો-હે વિભુ, અન્યતઃ-આપના વિના અન્યથી થઈ હોય, અહં હિ-હું ખરેખર, ન વેદ-જાણતો નથી. ૬.

અનુવાદ—ભગવન્, આપને આ જ્ઞાન કયાંથી મળ્યું? આપ કોના આધારે રહેલા છો? આપનો નિયામક કોણ? તેમજ આપનું સ્વરૂપ શું? આપ એકલાજ પોતાની માયાથી પંચમહાભૂતો દ્વારા પ્રાણીઓની સૃષ્ટિ કરો છો. ખરેખર એ આશ્ચર્યજનક છે. ૪. જેમ કરોળિયો વગર પરિશ્રમે મુખમાંથી લાળ કાઢી તાંતણા બનાવી જાળ રચે છે તેમ, આપ પોતાની માયાશક્તિના સહારે જીવોને પોતાનામાંજ ઉત્પન્ન કરો છો, તેમજ એમનું પાલન કરો છો છતાં આપનામાં કોઇ વિકાર પેદા થતો નથી. ૫. જગતમાં નામ, રૂપ અને ગુણોથી જે કંઈ જાણવામાં આવે છે, એમાં સત્, અસત્, ઉત્તમ, અધમ એવી કોઈ વસ્તુ હું નથી જાણતો કે જે આપના સિવાય અન્યથી ઉત્પન્ન થઈ હોય. ૬.

તત્ત્વસુધા—આ શ્લોકોમાં નારદજીએ બ્રહ્માજીને ચાર પ્રશ્નો પૂછ્યા (૧) આપને જ્ઞાન આપનાર કોણ? (૨) આધાર કોણ? (૩) નિયામક કોણ? (૪) સ્વરૂપ કેવું? નારદનું માનવું છે કે આપ સામાન્ય નથી. કોઇના અવલંબન વિના વિશ્વને રચો છો, તે આશ્ચર્ય ઘટના છે. માત્ર એક કરોળિયો જગતમાં દૃષ્ટાન્ત જોવામાં આવે છે. તેથી ઈશ્વરની બાબતમાં એવું સમજતાં વાર નથી લાગતી. આપ એકલાજ જગતનને રચો છો. તેમાં નામ-વેદ, રૂપ-જગત, ગુણઃ-બ્રાહ્મણાદિ, સત્-કાર્ય, અસત્-કારણ-આ સર્વે આપેજ રચ્યું છે. તાન્યેવ એવો પાઠ મહાપ્રભુજી સ્વીકારે છે, તે વધારે સારો છે, કારણકે બે નનો અર્થ સંગત કરવામાં જરા શ્રમાવહપણું છે. ઊર્ણનાભિઃ ની જગ્યા એ સૂત્રનાભિઃ પાઠ મળે છે. બન્ને એકાર્થ વાચક છે. સૂત્ર શબ્દ વધુ સ્પષ્ટ છે. ૪; ૫; ૬.

स भवानचरद् घोरं यत् तपः सुसमाहितः ।
तेन खेदयसे नस्त्वं पराशङ्कां प्रयच्छसि ॥ ७ ॥
एतन्मे पृच्छतः सर्वं सर्वज्ञ सकलेश्वर ।
विजानीहि यथैवेदमहं बुद्धयेऽनुशासितः ॥ ८ ॥

અન્વયાર્થ—સઃ-તે, ભવાન્-આપ, સુ-સમાહિતઃ-અત્યંત સાવધાન થઈને, યત્-જે, ઘોરમ્-ઘોર, તપઃ-તપને, અચરત્-આચરો છો, તેન-તે કારણથી, ત્વમ્-આપ, નઃ-અમને, ખેદયસે-ખેદ-મોહ પમાડો છો, પર-આશઙ્કામ્-અન્ય શ્રેષ્ઠ છે એવી આશંકાને, પ્રયચ્છસિ-ઉત્પન્ન કરો છે. ૭

સર્વજ્ઞ-હે સર્વજ્ઞ, સકલ-ઈશ્વર-સર્વેશ્વર, એતત્-આ, પૃચ્છતઃ-પૂછનારા, મે-મને, સર્વમ્-બધું, વિજાનીહિ-જણાવો, યથા-જે રીતે, એવ-ચોક્કસ, અનુશાસિતઃ-બોધ પામેલ, અહમ્-હું, ઇદમ્-આ સર્વ જ્ઞાનને, બુદ્ધયે-જાણું. ૮.

અનુવાદ—સર્વેશ્વર હોવા છતાં આપ એકાગ્રચિત્તે જે ઘોર તપશ્ચર્યા આદરો છો તેથી આપ અમને મોહ ઉપજાવો છો; તેમજ આપનાથી શ્રેષ્ઠ અન્ય કોઈ ઈશ્વર છે એવી શંકા જન્માવો છો. ૭. તો હે સર્વજ્ઞ, સર્વના ઈશ્વર હે બ્રહ્મન, આ બધા મારા પ્રશ્નોનું સમાધાન કરો-સમજાવો; કારણ કે આપનાથી બોધ પામીને હું આ સર્વ જ્ઞાનને ચોક્કસ રીતે જાણી શકું ૮.

તત્ત્વસુધા—તપ બે પ્રકારનાં હોય છે. શ્રી નરનારાયણ જે તપ કરે છે તે શાંત તપ છે. ત્યાં ચિત્તનો આહ્લાદ છે, જે તપ કેવલ આનંદ માટે થાય છે. પરંતુ જ્યાં આશા, ભય, મહત્વાકાંક્ષા હોય ત્યાં સાવધાન પૂર્વક ઘોર-ઉગ્ર તપ આચરવાં પડે છે. પિતાજી, આપ, જે તપ કરો છો, તે તો ખૂબજ ક્લિષ્ટ તપ છે, તેમજ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સાવધાનતા ભર્યું છે. તો શું કામનાથી તપ આચરો છો ? હવે તો શંકા પણ થાય છે કે આપનાથી પર કોઈ પણ શક્તિ હોવી જોઈએ. શું આ મારું મંતવ્ય સાચું છે ? કૃપા કરી આ બધા મારા પ્રશ્નોનું સમાધાન કરો ! ૭; ૮.

બ્રહ્મોવાચ—સમ્યક્કારુણિકસ્યેદં વત્સ તે વિચિકિત્સિતમ્ ।
યદહં ચોદિતઃ સૌમ્ય ભગવદ્વીર્યદર્શને ॥ ૯ ॥
નાનૃતં તવ તચ્ચાપિ યથા માં પ્રબ્રવીષિ ભોઃ ।
અવિજ્ઞાય પરં મત્ત એતાવત્ત્વં યતો હિ મે ॥ ૧૦ ॥
યેન સ્વરોચિષા વિશ્વં રોચિતં રોચયામ્યહમ્ ।
યથાઽર્કોઽગ્નિર્યથા સોમો યથર્ક્ષગ્રહતારકાઃ ॥ ૧૧ ॥
તસ્મૈ નમો ભગવતે વાસુદેવાય ધીમહિ ।
યન્માયયા દુર્જયયા માં બ્રુવન્તિ જગદ્‌ગુરુમ્ ॥ ૧૨ ॥

અન્વયાર્થ—**વત્સ**-પુત્ર નારદ, **કારુણિકસ્ય**-દયાળુ એવા, **તે**-તમારી, **ઇદમ્**-આ, **વિચિકિત્સિતમ્**-જીજ્ઞાસા વચન-સંદેહ પ્રશ્ન, **સમ્યક્**-ઘણો સારો છે. **સૌમ્ય**-હે શાન્ત મૂર્તિ, **યત્**-જેથી, **અહમ્**-હું, **ભગવદ્**-વીર્ય-**દર્શને** ભગવાનનાં પરાક્રમ વર્ણવવામાં, **ચોદિતઃ**-પ્રેરાયો છું. (૯). **ભોઃ**-હે નારદ, **યથા**-જે રીતે, **મામ્**-મને, **પ્રબ્રવીષિ** કહો છો, **તવ**-તમારું, **તત્ ચ અપિ**-તે વચન પણ, **હિ**-ખરેખર, **અનૃતમ્**-અસત્ય, **ન**-નથી, **યતઃ**-કારણ કે, **મત્તઃ**-મારાથી. **પરમ્**-શ્રેષ્ઠ એવા પરમેશ્વરને, **અવિજ્ઞાય**-ન જાણવાને લીધે, **મે**-મારાં, **એતાવત્ ત્વમ્**-આટલા સામર્થ્યને માન્યું છે. (૧૦). **યથા**-જેમ, **અર્કઃ**-સૂર્ય, **અગ્નિઃ**-અગ્નિ, **યથા**-જેમ, **સોમઃ**-ચન્દ્ર, **યથા**-જેમ, **ઋક્ષ-ગ્રહ-તારકાઃ**-નક્ષત્રો, ગ્રહો અને તારાઓ, **યેન**-જે, **સ્વ**-**રોચિષા**-સ્વપ્રકાશથી પ્રકાશે છે તે રીતે તેના તેજથી, **રોચિતમ્**-પ્રકાશેલા, **વિશ્વમ્**-વિશ્વને, **અહમ્**-હું, **રોચયામિ**-પ્રકાશિત કરું છું. (૧૧). **તસ્મૈ**-તે એવા, **ભગવતે**-ભગવાન, **વાસુદેવાય**-વાસુદેવને, **નમઃ**-નમું છું, **ધીમહિ**-ધ્યાન કરું છું, **દુર્જયયા**-અજેય એવી, **યન્માયયા**-જે ભગવાનની માયાથી, **મામ્**-મને, **જગદ્‌ગુરુમ્**-જગદ્-ગુરુરૂપે, **બ્રુવન્તિ**-કહે છે. ૧૨.

અનુવાદ—બ્રહ્માજીએ કહ્યું કે હે પુત્ર નારદ, જીવો પ્રત્યે દયાળુ એવા, તમારાં આ પ્રશ્ન વચન ઘણાંજ સુંદર છે. કારણ કે તમે એવો પ્રશ્ન પૂછીને મને ભગવાનના ગુણાનુવાદગાન માટે પ્રેર્યો છે. ૯. તમે મારા વિષે જે કંઈ કહ્યું, તે તમારું કથન અસત્ય તો નથી જ, કારણ કે જ્યાં સુધી મારાથી પણ શ્રેષ્ઠ તત્ત્વ-જે સ્વયં ભગવાન છે, તે જાણવામાં ન આવે ત્યાં સુધી મારું સામર્થ્ય એવું જ જણાય છે. ૧૦. જે રીતે સૂર્ય, અગ્નિ, ચન્દ્ર, ગ્રહો, નક્ષત્રો અને તારાઓ એ ભગવાનના જ પ્રકાશથી પ્રકાશિત બની જગતને પ્રકાશિત કરે છે, એજ રીતે હું પણ એ જ સ્વયં પ્રકાશ ભગવાનના પ્રકાશથી પ્રકાશિત થઈ વિશ્વને પ્રકાશિત કરું છું. ૧૧. એ ભગવાન વાસુદેવને નમસ્કાર કરું છું, તેમજ ધ્યાન પણ ધરું છું, જેમની અજેય માયાથી મોહ પામેલા લોકો મને જગદ્‌ગુરુ કહે છે. ૧૨.

તત્ત્વસુધા—નવમા શ્લોકથી બ્રહ્માજી નારદજીને વત્સ તે સંબોધન કરીને તેમના પ્રશ્નોના પ્રત્યુત્તર આપવા શરૂ કરે છે. વક્તા અભિજ્ઞાત હોય તો તેના વાક્યોમાંથી વિવેકરસ સ્પષ્ટ તરી આવે. શ્રોતા જો સુજ્ઞાત હોય તો તેનાં વાક્યોમાંથી દૈન્યભાવ દૃષ્ટિગોચર થાય. નારદજીના પ્રશ્નોમાં અને પ્રશ્નશૈલીમાં 'જિજ્ઞાસા-દૈન્ય-ભક્તિ' ત્રણે હતાં. બ્રહ્માજીને તેની ઘણી સારી અસર થઈ અને બ્રહ્માજી સ્વયં ઉપનિષદ્ ગોમાતા રૂપેજ બની ગયા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તેથી નારદજી માટે સંબોધન કર્યું વત્સ। બેટા તેં તો મારા ઉપર અને વિશ્વ ઉપર ઉપકાર કર્યો છે. ખરેખર, તારૂ કારુણિકસ્ય-દયાળુનું આ વચન મને પ્રિય લાગ્યું છે. વળી નારદ, તમે સ્વયં ભગવાન છો. તેથી આ પ્રશ્નો લોકહિત માટે જ કર્યા છે. જુઓ, સંક્ષેપમાં તમારા બધા પ્રશ્નોનો એકજ ઉત્તર છે-**'ભગવાન છે તે જ જ્ઞાન વગેરે સર્વ છે.'** બ્રહ્માજીનાં આ સર્વ વાક્યો કામધેનુ માતાના અમી-દૂધ સમાં છે. 'વત્સ' સંબોધન એ માટેજ નીકળી ગયું છે. 'विचिकित्सित'નો અર્થ વિચાર કરેલ, અથવા જાણવા ઇચ્છિત, એવો આ સ્થાને થાય છે. ૯.

૧૦મા શ્લોકમાં બ્રહ્માજીની વાણીની અને પિતૃવાત્સલ્ય હૃદયની પ્રતીતિ થાય છે. વત્સ નારદ, તમે કહ્યું કે "આપનાથી કોઈ મહાન્ નથી એમ માનું છું." તે તમારું વાક્ય ન અનૃતમ્ અનૃત વાક્ય નથી, પરંતુ અજ્ઞાત વાક્ય છે. જાણે છતાં અન્યથા બોલે તે અનૃત-જુઠ્ઠુ-વચન છે. જાણે નહિ અને જે બોલે તે અજ્ઞાત વાક્ય કહેવાય. નારદ તમે અન્ય શ્રેષ્ઠ ઈશ્વરને નથી જાણતા તેથીજ કહો છો. પરંતુ મારાથી શ્રેષ્ઠ દેવ છે અને તેજ ભગવાન છે. ૧૦.

તે ભગવાન સ્વયં પ્રકાશક છે. જગતના અનુભવમાં જેમ સૂર્ય, દીપક, અગ્નિના કોઇ પ્રકાશકો નથી, તેઓ સ્વયંપ્રકાશ છે, તે રીતે વિશ્વને અને વિશ્વના પ્રકાશને તે ભગવાન स्व रोचिषा પોતાના સ્વપ્રકાશથી સર્વને પ્રકાશે છે. न तत्र सूर्यो भाति એવું ઉપનિષદ માતા, અને यदादित्यगतं तेजः એમ શ્રી ગીતા માતા વાક્ય કહે છે. તાત્પર્ય કે ભગવાન જ્ઞાન-સ્વરૂપ છે, માટે જ્ઞાન કે તત્ત્વ કોઈનાથી થયાં નથી, તે ભગવાન જ છે. ૧૧.

तस्मै नमो भगवते-નારદ, ભગવાનનું જ્ઞાન તો અંશરૂપ કે ધર્મરૂપ નથી, પરંતુ તે સ્વરૂપાત્મક છે. તેવા જ્ઞાન સ્વરૂપાત્મક ભગવાનને નમસ્કાર કરું છું. वासुदेवाय धीमहि-તેમજ તે વાસુદેવનું નિદિધ્યાસન-ધ્યાન કરું છું नमः શબ્દથી ભક્તિ અને धीमहिથી ધ્યાન સૂચવ્યાં. यन्मायया दुर्जयया-જે ભગવાનની માયા છે, તે તો જગત્કર્તાની માયાથી જુદી છે. ભગવાનની માયા એ એક ભગવાનની શક્તિ છે. જગત્ કર્તાની માયા જગતને વધારે છે, ભગવાનની માયા પોતાના સ્વરૂપનું આવરણ કરી બીજાને બ્રહ્માદિ દેવોના રૂપે પ્રકાશિત કરે છે. તેનું નિવારણ કરવા जय जय जहि अजाम्-શ્રુતિ ગીતા ભગવાનને પ્રાર્થે છે. તે જ માયાથી મને લોકો જગદ્ગુરુ કહે છે. ૧૨.

विलज्जमानया यस्य स्थातुमीक्षापथेऽमुया ।
विमोहिता विकत्थन्ते ममाहमिति दुर्धियः ॥ १३ ॥
द्रव्यं कर्म च कालश्च स्वभावो जीव एव च ।
वासुदेवात्परो ब्रह्मन् नान्योऽर्थोऽस्ति तत्त्वतः ॥ १४ ॥
नारायणपरा वेदा देवा नारायणाङ्गजाः ।
नारायणपरा लोका नारायणपरा मखाः ॥ १५ ॥
नारायणपरो[1] योगो नारायणपरं तपः ।
नारायणपरं ज्ञानं नारायणपरा गतिः ॥ १६ ॥

અન્વયાર્થ—यस्य-જે ભગવાનના, **ईक्षापथे**-દૃષ્ટિમાર્ગમાં, **स्थातुम्**-રહેવા માટે, **विलज्जमानया**-ખૂબ શરમાતી, **अमुया**-આ માયા વડે, **विमोहिताः**-અત્યંત મોહ પામેલા, **दुर्धियः**-દુર્બુદ્ધિઓ, **अहम्-मम-इति**-હું, આ મારું છે, એમ, **विकत्थन्ते**-પ્રલાપ કરે છે-બકે છે. ૧૩. **ब्रह्मन्**-હે નારદ! **द्रव्यम्**-દ્રવ્ય,

---

૧. શ્રી વ૦ પા૦-પરાયોગાઃ ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

च–અને, **कर्म**–કર્મ, **च**–અને, **कालः**–કાળ, **च**–અને, **स्वभावः**–સ્વભાવ, **जीवः**–જીવ એ પણ, **तत्त्वतः**–વાસ્તવિક રીતે, **वासुदेवात्**–વાસુદેવથી, **परः**–શ્રેષ્ઠ, **च**–અને, **अन्यः**–બીજો, **अर्थः**–પદાર્થ, **न अस्ति**–નથી. ૧૪. **वेदाः**–ચાર વેદો, **नारायण-पराः**–નારાયણ પરાયણ છે, **देवाः**–દેવો, **नारायण-अङ्गजाः**–નારાયણના અંગોમાંથી જન્મેલા છે, **लोकाः**–ત્રણે લોક, **नारायण-पराः**–નારાયણને આધીન છે, **मखाः**–યજ્ઞો, **नारायण-पराः**–નારાયણને ઉદ્દેશીને પ્રવૃત્ત થયેલા છે. ૧૫. **योगः**–અષ્ટાંગ યોગ, **नारायण-परः**–નારાયણ પરક છે, **तपः**–તપશ્ચરણ, **नारायण-परम्**–નારાયણ પરક છે, **ज्ञानं नारायण-परम्**–જ્ઞાન નારાયણ પરત્વે છે, **गतिः**–મુક્તિ પણ, **नारायण-परा**–નારાયણને જ આધીન છે. ૧૬.

અનુવાદ–ભગવાનની નજર સમક્ષ રહેતાં શરમાતી આ માયાથી મોહ પામેલા, ક્ષુદ્ર બુદ્ધિવાળા, "હું-મારૂં" એવાં અભિમાની વચનોથી પ્રલાપ કરે છે. ૧૩. હે નારદ! દ્રવ્ય, કર્મ, કાળ, સ્વભાવ તેમજ જીવ એ પાંચે વસ્તુ પણ વાસ્તવિક દૃષ્ટિએ વાસુદેવ ભગવાનથી શ્રેષ્ઠ એવી જુદી ચીજ નથી. સર્વ વાસુદેવમય જ છે. ૧૪. વેદો નારાયણનું પ્રતિપાદન કરે છે. દેવો પણ નારાયણના અંગોમાં કલ્પેલા છે-ઉત્પન્ન થયેલા છે. લોકો પણ નારાયણ પરક છે. યજ્ઞો નારાયણની પ્રસન્નતા માટે જ છે. યોગોનું તાત્પર્ય નારાયણમાં છે. જ્ઞાનની પરાકાષ્ઠા નારાયણ છે. સર્વની ગતિ પણ નારાયણ છે. ૧૫; ૧૬.

તત્ત્વસુધા–**विलज्जमानया**–આ જે ભગવાનની માયા છે, તેને તો કેવલ ભગવાનની સાથે ક્રીડા કરવાનો સ્વભાવ છે. તેથી જ અન્ય વચમાં ન આવે, માટે તેને મોહ કરે છે. પરંતુ જે બહિર્મુખ હશે તેના જ ઉપર તેનો વિજય છે. જેઓ સન્મુખ છે, તેમને અસર નથી કરતી. ૧૩.

द्रव्यं कर्म च कालश्च स्वभावो जीवः–વિપુલ આ વિશ્વમાં માત્ર પાંચ જ વસ્તુઓ છે. તે વસ્તુઓ પણ ભગવાનથી જુદી નથી. **द्रव्यम्** એટલે પાંચ મહાભૂતો; **कर्म**–પુણ્ય પાપાદિ અથવા પુનર્જન્મનું કારણ કર્મ અને અદૃષ્ટ; **कालः**–જગતનો નિયામક, અણુથી મહાન્ કાલ અથવા વસંત વગેરે; **स्वभावः**–બ્રાહ્મણાદિ અથવા સાત્વિકાદિ; **जीवः**–જીવાત્મા, જે સુખદુઃખનો ભોક્તા છે તે. આ પાંચે વસ્તુઓ **तत्त्वतः** પરમાર્થ રૂપે ભગવાનથી જુદી નથી. ૧૪.

नारायण पराः वेदाः–સમસ્ત વેદો નારાયણના શ્વાસમાંથી ઉત્પન્ન થયા છે અને નારાયણનું જ પ્રતિપાદન કરે છે વેદોના બે વિભાગ છે. એક કર્મકાંડનું પ્રતિપાદન કરે છે અને અન્ય આત્મતત્ત્વનું નિરૂપણ કરે છે ભગવાન જ્ઞાન કર્મ ઉભય સ્વરૂપે બને છે. વેદોનું તાત્પર્ય જ્ઞાન કર્મના પ્રતિપાદન દ્વારા ભગવાનમાં જ પર્યવસાન પામવાનું છે. **देवाः** દેવો નારાયણના અંગમાંથી ઉત્પન્ન થયેલા છે, તેમજ નારાયણ અંગ રૂપે છે. **चन्द्रमा मनसः** ચન્દ્રમા મનમાંથી થયા વગેરે મંત્રોથી પુરૂષ સૂક્તમાં સ્પષ્ટ વર્ણવે છે. **लोकाः** લોક શબ્દથી સ્વર્ગ વગેરે લોકો માન્યા છે. તે લોકોમાં ઉત્તરોત્તર ઉત્કૃષ્ટ સુખ-આનંદ છે. એ બધા આનંદો ભગવાનના જ આનંદની માત્રાઓ છે. માટે સ્વર્ગાદિ લોકો નારાયણ પરક થયા. આજ પ્રકારે **मखाः**–યાગો, **योगाः**–યોગો, **तपः**–તપશ્ચર્યા, **ज्ञानं**–જ્ઞાન અને **गतिः**–મોક્ષપદ પ્રાપ્તિ પણ ભગવાન જ છે. ૧૫; ૧૬.

तस्यापि द्रष्टुरीशस्य कूटस्थस्याखिलात्मनः ।
सृज्यं सृजामि सृष्टोऽहमीक्षयैवाभिचोदितः ॥ १७ ॥
सत्त्वं रजस्तम इति निर्गुणस्य गुणास्त्रयः ।
स्थितिसर्गनिरोधेषु गृहीता मायया विभोः ॥ १८ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

कार्यकारणकर्तृत्वे द्रव्यज्ञानक्रियाश्रयाः ।
बध्नन्ति नित्यदा मुक्तं मायिनं पुरुषं गुणाः ॥ १९ ॥

અન્વયાર્થ—**દ્રષ્ટુઃ**-દષ્ટા તથા, **ઈશસ્ય**-સમર્થ, તેમજ **કૂટસ્થસ્ય**-કૂટસ્થ-નિર્વિકાર, **અપિ**-અને, **અખિલ-આત્મનઃ**-સર્વ પ્રાણીમાત્રના આત્મા એવા, **તસ્ય**-તે ભગવાનની, **ઈક્ષયા-એવ**-જ્ઞાન દૃષ્ટિથી જ, **સૃષ્ટઃ**-ઉત્પન્ન થયેલ, **અભિચોદિતઃ**-પ્રેરેલો, **અહમ્**-હું. **સૃજ્યમ્**-સર્જન કરવા યોગ્ય વિશ્વને, **સૃજામિ**-સર્જું છું. ૧૭. **નિર્ગુણસ્ય**-ત્રણ ગુણોથી પર છતાં, **વિભોઃ**-સમર્થ વિભુની, **માયયા**-માયા વડે, **સ્થિતિ-સર્ગ-નિરોધેષુ**-ઉત્પત્તિ-પાલન અને સંહાર ક્રિયાઓમાં, **સત્વમ્**-સત્ત્વગુણ, **રજઃ**-રજોગુણ, **તમઃ**-તમોગુણ, **ઇતિ**-આમ, **ત્રયઃ**-ત્રણ, **ગુણાઃ**-ગુણો, **ગૃહીતા**-ગ્રહણ કરવામાં આવ્યા છે. ૧૮. **દ્રવ્ય-જ્ઞાન-ક્રિયા-આશ્રયાઃ**-દ્રવ્ય, જ્ઞાન અને ક્રિયાના આશ્રયવાળા, **ગુણાઃ**-સત્વાદિ ત્રણ ગુણો, **નિત્યદા**-સદા, **મુક્તમ્**-સર્વથી મુક્ત, **માયિનમ્**-છતાં માયાની ઉપાધિ વાળા, **પુરુષમ્**-જીવાત્માને **કાર્ય-કારણ-કર્તૃત્વે**-કાર્ય-કારણ અને કર્તાના સંબંધે કરી, **બધ્નન્તિ**-બાંધે છે. ૧૯.

અનુવાદ—**નારદજી! તે નારાયણ સર્વના દૃષ્ટા-સાક્ષી, ઈશ્વર, ગૂઢ રૂપે સર્વ પ્રાણીઓમાં વ્યાપીને રહેલા છે અને સર્વના અન્તર્યામી છે. તેમનાથી જ હું ઉત્પન્ન થયો છું. તેમની જ્ઞાન-દૃષ્ટિથી પ્રેરાયેલો હું સર્જન કરવા યોગ્ય આ સૃષ્ટિને સર્જું છું. ૧૭. પ્રભુ નિર્ગુણ છે, છતાં જગતની ઉત્પત્તિ, પાલન, પોષણ તથા સંહાર કરવા માટે માયાશક્તિથી સત્ત્વ, રજ અને તમ આ ત્રણ ગુણો સ્વીકાર્યા છે. ૧૮. પંચમહાભૂતો, દેવતા અને ઇન્દ્રિયોની ઉત્પત્તિમાં કારણભૂત દ્રવ્ય, જ્ઞાન અને ક્રિયાને આશ્રયે રહેલા એ ત્રણે ગુણો, નિત્ય મુક્ત એવા જીવને કર્તાપણાનું અભિમાન ઉત્પન્ન કરાવી બન્ધન ઉપજાવે છે. ૧૯.**

તત્ત્વસુધા—આ અધ્યાયના ચોથા શ્લોકના પૂર્વાર્ધમાં નારદજીએ બ્રહ્માજીને ચાર પ્રશ્નો પૂછેલા કે આપે **યદ્વિજ્ઞાનઃ** કોની પાસેથી જ્ઞાન મેળવ્યું? આધાર કોણ? નિયામક કોણ? સ્વરૂપ કેવું? તે ચાર પ્રશ્નોનો ઉત્તર આ ચાર શ્લોકથી આપે છે. ઈક્ષા શબ્દનો અર્થ જ્ઞાન દૃષ્ટિ એવો થાય છે. બ્રહ્માજી કહે છે, "નારદ, હું ભગવાનની દીધેલી જ્ઞાનદૃષ્ટિથી પ્રેરણા પામીને સર્જન કરું છું. તે ભગવાન દૃષ્ટા છે, ઈશ છે, કૂટસ્થ છે અને સર્વરૂપ છે." દૃષ્ટા-સાક્ષી હોવાથી અનાસક્ત છે. ઈશ હોવાથી નિરપેક્ષ છે. કૂટસ્થ હોવાથી નિર્વિકાર છે. તેથી કલ્પવૃક્ષ અને ચિંતામણિની માફક નિર્વિકાર રહી જગત રચી શકે છે. સર્વના આત્મા હોવાથી તે દયાળુ છે. વિષમતા કે નિર્દયતા નામના બે દોષો ભગવાનમાં નથી આવતા. ૧૭.

ઉપરના શ્લોકમાં કહ્યું કે ભગવાન ઈશ છે તેમજ સર્વ રૂપ છે, તો પછી બે પ્રશ્નો થયા. જો જીવ સમર્થ છે, તો પછી સૃષ્ટિ રચવા આપને કેમ બનાવ્યા? તેમજ સર્વરૂપ છે, તો પછી એક તાબેદાર અને બીજો નિયન્તા-એવા બે ભેદ કેમ સંભવે? તેનો ઉત્તર શ્લોક ૧૮ અને ૧૯માં આપ્યો કે તે તે સ્વરૂપોમાં તે બ્રહ્મ એટલે ભગવાન જ સર્વ કાર્ય કરે છે, તેથી અમે કોઈ સ્વતંત્ર નથી. અમારામાં રહેલ તે બ્રહ્મ જ સર્વ કાર્યો કરે છે. માયા ભગવાનની શક્તિ છે અને તેને લીધે બનેલા ગુણો તેના પુત્રો છે. પુત્રો માતાને, પિતાને તાબેદાર રહે, એ કાંઈ નવાઇ નથી, તેમજ પરતંત્રતા પણ ગણાતી નથી. પરંતુ જો સ્વતંત્ર રમણ કરવાની ચાહના કરે છે, તો જ તેઓ બંધન પામે છે. બાકી તો સર્વથા મુક્ત છે. કેવી રીતે બંધન થાય છે, તેનો પ્રકાર ૧૯મા શ્લોકમાં છે. **કાર્ય** એટલે અધિભૂત દેહ; **કારણ** એટલે અધ્યાત્મ ઇન્દ્રિયો; **કર્તા** એટલે આધિદૈવિક અન્તઃકરણ. એ ત્રણનો ભાવ જીવને પ્રાપ્ત થાય છે તેજ બંધન છે. જે જીવ કેવલ દેહાદિ વિનાનો હતો, તે દેહ-રૂપ-નામવાળો થયો. **દ્રવ્ય** એટલે અધિભૂત, **જ્ઞાન** એટલે અધિદૈવ, **ક્રિયા** એટલે અધ્યાત્મ-એ ત્રણનો આશ્રય કરાવીને ગુણો બંધન કરાવે છે. ૧૮; ૧૯.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

स एष भगवाँल्लिङ्गैस्त्रिभिरेभिरधोक्षजः ।
स्वलक्षितगतिर्ब्रह्मन् सर्वेषां मम चेश्वरः ॥ २० ॥
कालं कर्म स्वभावं च मायेशो मायया स्वया ।
आत्मन् यदृच्छया प्राप्तं विबुभूषुरुपाददे ॥ २१ ॥

अन्वयार्थ—ब्रह्मन्-બ્રહ્મન્ નારદ, सः-તે, एषः-આ, एभिः-આ, त्रिभिः-ત્રણ સંખ્યા વાળાં, लिङ्गैः-ચિહ્નો વડે, स्व-लक्षित-गतिः-ભક્ત જનોથી ઓળખાતા સ્વરૂપ વાળા, भगवान्-ભગવાન, अध-अक्षजः-ઇન્દ્રિયોથી ન સમજાય તેવા, सर्वेषाम्-બધાંના, च-અને, मम-મારા, ईश्वरः-ઈશ્વર છે. ૨૦.

आत्मन्-હે આત્મન્, मायेशः-માયાના અધિપતિ ઈશ્વરે, स्वया-मायया-પોતાની માયા વડે, विबुभूषुः-જગદ્રૂપે થવા માટે, यदृच्छया-પોતાની ઇચ્છા મુજબ, प्राप्तम्-પ્રાપ્ત થયેલા, कालम्-કાળને, कर्म-કર્મને, च-અને, स्वभावम्-સ્વભાવને, उपाददे-સ્વીકાર્યા. ૨૧.

અનુવાદ—નારદજી! તે આ ભગવાન, ત્રણ ગુણો વડે ઓળખાતા નથી. કેવલ ભક્તો જ એમના સ્વરૂપને જાણી શકે છે. ઇન્દ્રિયોથી જાણી શકાતા નથી, તેવા એ પરમેશ્વર, સર્વના તેમજ મારા ઈશ્વર છે. ૨૦. હે આત્મન્! માયાના અધિપતિ પરમેશ્વરે પોતાની માયાશક્તિથી જગદ્રૂપે બનવા ઇચ્છા કરતાં, સ્વેચ્છાથી પ્રાપ્ત થતા કાળ, કર્મ અને સ્વભાવનો સ્વીકાર કર્યો. ૨૧

तत्त्वसुधा—૨૦મા શ્લોકમાં એવું પ્રતિપાદન કરે છે કે જીવ ત્રણ ગુણોથી બંધાય છે, કારણ કે તેને ઇન્દ્રિયો વગેરે છે. ભગવાન તો 'अधोक्षज' છે, તેથી ઇન્દ્રિયોથી પર છે માટે બંધન પણ નથી. તો દરેકને ભગવાન કેમ નથી ઓળખતા? તેનો ખુલાસો કર્યો કે स्वलक्षितगतिः છે. स्व એટલે ભક્ત જનોજ કેવળ ભગવાનને જાણી શકે છે. હવે यद्रूपम् વગેરે ચોથા અને પાંચમા શ્લોકમાં પૂછેલા છ પ્રશ્નોનો ખુલાસો કરવાનો બાકી રહ્યો. તેમાંથી ત્રણ પ્રશ્નોનો ખુલાસો આ અધ્યાયમાં છે અને બીજા ત્રણ પ્રશ્નોનો ઉત્તર પછીના અધ્યાયમાં છે. જ્યારે ભગવાનને રૂપ લેવાની જરૂર લાગી, ત્યારે ભગવાનની પાસે કાલ, કર્મ અને સ્વભાવ એમ ત્રણ આવ્યાં અને તેમનો પ્રભુએ સ્વીકાર કર્યો. ત્યાર બાદ સૃષ્ટિનો આરંભ થયો. તે સૃષ્ટિ કેવી તેનો ખ્યાલ હવે પછીના શ્લોકથી આપે છે. ૨૦; ૨૧.

कालाद् गुणव्यतिकरः परिणामः स्वभावतः ।
कर्मणो जन्म महतः पुरुषाधिष्ठितादभूत् ॥ २२ ॥
महतस्तु विकुर्वाणाद्रजःसत्त्वोपबृंहितात् ।
तमः प्रधानस्त्वभवद् द्रव्यज्ञानक्रियात्मकः ।
सोऽहङ्कार इति प्रोक्तो विकुर्वन् [1]समभूत्त्रिधा ॥ २३ ॥
वैकारिकस्तैजसश्च तामसश्चेति यद्भिदा ।
द्रव्यशक्तिः क्रियाशक्तिर्ज्ञानशक्तिरिति प्रभो ॥ २४ ॥

१. प्रा० पा०—सोऽभवत्त्रिधा ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—**પુરુષ-અધિષ્ઠિતાત્**-પુરુષને આધીન રહેલા એવા, **કાલાત્**-કાળના સંબંધથી, **ગુણ-વ્યતિકરઃ**-ગુણોની સમાનતામાં ફેરફાર થયો, **સ્વભાવતઃ**-સ્વભાવથી ગુણનો સંબંધ થતાં, **પરિણામઃ**-પરિણામ વાળા ગુણો થયા, **કર્મણઃ**-કર્મોને ગુણનો સંબંધ થતાં, **મહતઃ જન્મ**-મહત્તત્ત્વનો જન્મ, **અભૂત્**-થયો. ૨૨. **રજઃ-સત્ત્વ-ઉપબૃંહિતાત્**-રજો ગુણથી, સત્વગુણથી વૃદ્ધિ પામેલા, **વિકુર્વાણાત્**-વિકાર પામતા, **મહતઃ**-મહત્તત્ત્વથી, **તુ**-તો, **દ્રવ્ય-જ્ઞાન-ક્રિયા-આત્મકઃ**-દ્રવ્ય, જ્ઞાન અને ક્રિયાત્મક, **તમઃ-પ્રધાનઃ**-જેમાં તમોગુણ મુખ્ય છે એવો અહંકાર, **અભવત્**-ઉત્પન્ન થયો, **અહઙ્કારઃ ઇતિ**-અહંકાર એવા નામથી, **પ્રોક્તઃ**-કહેવાતો, **સઃ**-તે, **વિકુર્વન્ તુ**-વિકાર પામતાં તો, **ત્રિધા**-ત્રણ પ્રકારે, **સમભૂત્**-થયો. ૨૩. **પ્રભો**-સમર્થ નારદ, **યદ્ભિદા**-જે અહંકારના ભેદથી, **વૈકારિકઃ**-સાત્વિક, **ચ**-અને, **તૈજસઃ**-રાજસ, **ચ**-અને, **તામસઃ**-તામસ, **ઇતિ**-આમ, **જ્ઞાનશક્તિઃ**-જ્ઞાનશક્તિ, **ક્રિયાશક્તિઃ**-ક્રિયાશક્તિ, **દ્રવ્યશક્તિઃ**-દ્રવ્યશક્તિ, **ઇતિ**-એવી ત્રણ શક્તિઓ થઈ. ૨૪.

અનુવાદ—પુરુષના પ્રવેશવાળા એવા કાળથી ગુણોનો સંબંધ થયો. સ્વભાવથી ગુણોનો સંબંધ થતાં પરિણામવાળા ગુણો થયા; કર્મોને ગુણોનો સંબંધ થતાં મહત્તત્વનો જન્મ થયો. ૨૨. મહત્તત્વમાં ગુણોનો પ્રવેશ થયો અને ભગવાને પ્રેર્યા ત્યારે મહત્તત્વ પણ વિકાર વાળુ થયું. તે મહત્તત્વમાંથી રજોગુણ—સત્વગુણ ગૌણ અને તમોગુણ મુખ્ય છે એવો દ્રવ્ય, જ્ઞાન અને ક્રિયાત્મક એકજ પદાર્થ ઉત્પન્ન થયો. ૨૩. હે પ્રભો! તે પદાર્થની અહંકાર સંજ્ઞા થઈ. તેમાં વિકાર થતાં સાત્વિક, રાજસ અને તામસ ભેદથી દ્રવ્યશક્તિ, ક્રિયાશક્તિ અને જ્ઞાનશક્તિ એવા તેના ભેદો થયા. ૨૪.

તત્ત્વસુધા—ભગવાનને અનેક રૂપે થવું હોય ત્યારે તો ગુણોનો ઉપયોગ નથી; પરંતુ જ્યારે વિશેષ રૂપે એટલે બ્રહ્માદિ રૂપે થવાને વિચાર્યું ત્યારે ગુણોને ગ્રહણ કર્યા ત્યાર બાદ માયાએ ગુણોને ગ્રહણ કર્યા. એટલે તે માયાના તાબામાં આવ્યા. ત્યાર બાદ બાદ કાલ, કર્મ અને સ્વભાવ એ ત્રણ આવ્યાં. તે ત્રણેએ ગુણોમાં પ્રવેશ કર્યો. તેથી જ્યારે કાળને ગુણનો સંબંધ થયો, ત્યારે કાળે ગુણોમાં ક્ષોભ કર્યો અને સમાન અવસ્થામાં રહેલા ગુણો વિષમતામાં આવ્યા. એક ગુણ મુખ્ય બન્યો, બે ગુણ ગૌણ બન્યા; (જેમ જીવનમાં શૈશવ કાલ આવે ત્યારે તમોગુણ, યૌવન આવે ત્યારે રજોગુણ અને વિવેક કાલ આવે ત્યારે સત્ત્વગુણ પ્રધાન દેખાય; તે પ્રકારે આ ત્રણ ગુણોમાં પણ બન્યું.) પરંતુ કોઇ ક્રિયાનું ફળ ન આવ્યું. જ્યારે ગુણોમાં સ્વભાવે પ્રવેશ કર્યો ત્યારે તેનું પરિણામ આવ્યું. એટલે ત્રણ ગુણના કાર્યનો જન્મ થયો. ગુણોને કર્મનો સંયોગ થયો ત્યારે મહત્તત્વ થયું.

મહત્તત્વમાં ગુણોનો પ્રવેશ થતાં વિકાર થયો, ત્યારે રજોગુણ, તમોગુણ, સત્વગુણ પ્રધાન એવો દ્રવ્ય-જ્ઞાન-ક્રિયાત્મક એવો એકજ પદાર્થ ઉત્પન્ન થયો. અહંકાર એવી તેની સંજ્ઞા થઇ. અહંકારમાં વિકાર થયો, ત્યારે પણ ત્રણ ભેદવાળો થયો. તે ત્રણ ભેદોમાં તામસ અહંકારમાં દ્રવ્યોના સર્જનની શક્તિ છે તેથી તેનું ગૌણ નામ દ્રવ્યશક્તિ થયું. રાજસ અહંકારમાં ક્રિયાશક્તિને ઉત્પાદન કરવાનું કાર્ય હોવાથી ક્રિયાશક્તિ અને સાત્વિક અહંકારનું નામ જ્ઞાનશક્તિ થયું. ૨૨; ૨૩; ૨૪.

तामसादपि भूतादेर्विकुर्वाणादभून्नभः ।
तस्य मात्रा गुणः शब्दो लिङ्गं यद् द्रष्टृदृश्ययोः ॥ २५
नभसोऽथ विकुर्वाणादभूत् स्पर्शगुणोऽनिलः ।
परान्वयाच्छब्दवाँश्च प्राण ओजः सहो बलम् ॥ २६ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વાયોરપિ વિકુર્વાણાત્ કાલકર્મસ્વભાવતઃ ।
ઉદપદ્યત તેજો વૈ રૂપવત્ સ્પર્શશબ્દવત્ ॥ ૨૭ ॥
તેજસસ્તુ વિકુર્વાણાદાસીદમ્ભો રસાત્મકમ્ ।
રૂપવત્ સ્પર્શવચ્ચામ્ભો ઘોષવચ્ચ પરાન્વયાત્ ॥ ૨૮ ॥
વિશેષસ્તુ વિકુર્વાણાદમ્ભસો ગન્ધવાનભૂત્ ।
પરાન્વયાદ્ રસ-સ્પર્શ-શબ્દ-રૂપ-ગુણાન્વિતઃ ॥ ૨૯ ॥

અન્વયાર્થ—ભૂતાદેઃ-પંચમહાભૂતોના આદિ એવા, **તામસાત્**-તામસ અહંકારથી, **વિકુર્વાણાત્**-વિકાર પામતાં, **નભઃ**-આકાશ, **અપિ**-પણ, **અભૂત્**-ઉત્પન્ન થયું, **તસ્ય**-તે આકાશનો, **માત્રા-ગુણઃ**-માત્રા ગુણવાળો, **શબ્દઃ**-શબ્દ, **યત્**-જે, **દ્રષ્ટૃ-દૃશ્યયોઃ**-દ્રષ્ટા અને દૃશ્યને જણાવનાર, **લિઙ્ગમ્**-ચિન્હ છે-કારણ છે. ૨૫. **અથ**-બાદ, **વિકુર્વાણાત્**-વિકાર પામતા, **નભસઃ**-આકાશમાંથી, **સ્પર્શ-ગુણઃ**-સ્પર્શ ગુણવાળો, **અનિલઃ**-વાયુ, **અભૂત્**-પેદા થયો, **પર-અન્વયાત્**- (પર વાયુની પહેલાં ઉત્પન્ન થયેલ આકાશનો, **અન્વયાત્**-સંબંધ થવાથી) આકાશનો સંબંધ થવાથી, **શબ્દવાન્**-શબ્દવાળો, **પ્રાણઃ**-પ્રાણ, **ઓજઃ**-ઓજસ્-ઇન્દ્રિય શક્તિ, **સહઃ**-મનની શક્તિ, **ચ**-અને, **બલમ્**-શારીરિક શક્તિ-એ વાયુનાં કાર્યો છે. ૨૬. **કાલ-કર્મ-સ્વભાવતઃ**-કાળ, કર્મ અને સ્વભાવના પરિણામને લીધે, **વિકુર્વાણાત્**-વિકાર પામનારા, **વાયોઃ અપિ**-વાયુથી પણ, **વૈ**-ખરેખર, **રૂપવત્**-રૂપવાળું, **સ્પર્શ-શબ્દવત્**-સ્પર્શ અને શબ્દ બન્ને ગુણોવાળું, **તેજઃ**-તેજ, **ઉદપદ્યત**-ઉત્પન્નથયું. ૨૭. **તેજસઃ**-તેજમાંથી, **વિકુર્વાણાત્**-વિકાર પામતા, **તુ**-તો, **રસ-આત્મકમ્**-રસાત્મક, **અમ્ભઃ**-જળ, **આસીત્**-થયું, **ચ**-અને, **પર-અન્વયાત્**-(પર-પહેલાંના આકાશ, વાયુ અને તેજના **અન્વયાત્**-સંબંધથી) પ્રથમ ઉત્પન્ન થયેલાં તત્ત્વોના ગુણ ધર્મ આવવાથી, **અમ્ભઃ**-જળ, **રૂપવત્**-રૂપગુણવાળું, **સ્પર્શવત્**-સ્પર્શગુણયુકત, **ચ**-અને, **ઘોષવત્**-શબ્દ ગુણવાળું થયું. ૨૮. **વિકુર્વાણાત્**-વિકાર પામતા, **અંભસઃ**-જળમાંથી, **તુ**-તો, **ગંધવાન્**-ગંધ ગુણ વાળો, **વિશેષઃ**-વિશિષ્ટ રૂપે પૃથ્વી, **અભૂત્**-ઉત્પન્ન થઈ, **પરાન્વયાત્**-તેના પૂર્વના કારણોના સંબંધથી, **રસ-સ્પર્શ-શબ્દ-રૂપગુણ-અન્વિતઃ**-રસ, સ્પર્શ, શબ્દ, રૂપ-ગુણોથી યુકત પૃથ્વી બની. ૨૯.

અનુવાદ—પંચમહાભૂતોના કારણરૂપ તામસ અહંકારમાં પણ વિકાર પેદા થતાં, તેમાંથી આકાશની ઉત્પત્તિ થઈ. આકાશની તન્માત્રા તેમજ આકાશનો ગુણ શબ્દ છે, જે શબ્દદ્વારા જ દ્રષ્ટા અને દૃશ્યનું જ્ઞાન થાય છે. ૨૫. પછી આકાશમાં વિકાર થતાં સ્પર્શ ગુણવાળો વાયુ થયો. તેનો મુખ્ય ગુણ સ્પર્શ અને તેના કારણ આકાશનો ગુણ શબ્દ તેનામાં આવ્યો, તેથી તે વાયુ બે ગુણવાળો થયો. ઇન્દ્રિયશકિત ઓજસ્, મનની શકિત સહસ્, શરીરની શકિત બલ એ બધાં વાયુનાં કાર્યો છે. ૨૬. કાલ, કર્મ અને સ્વભાવથી વાયુમાં વિકાર થતાં તેમાંથી તેજ ઉત્પન્ન થયું. તેમાં રૂપ, શબ્દ અને સ્પર્શ એ ત્રણે ગુણો આવ્યા. ૨૭. તેજનો વિકાર થતાં રસાત્મક જળ તેમાંથી ઉત્પન્ન થયું. રૂપ અને સ્પર્શ તેમજ આકાશના સંબંધથી શબ્દ પણ જળમાં આવ્યા. ૨૮. જળમાં વિકાર થતાં ગન્ધ ગુણવાળો વિશિષ્ટ પદાર્થ પૃથ્વી થઇ. પૃથ્વીમાં પૂર્વના કારણોના સંબંધથી રસ, સ્પર્શ, શબ્દ, રૂપ ગુણો આવ્યા. તેથી પૃથ્વી ગંધ સાથે પાંચ ગુણોવાળી થઈ. ૨૯.

તત્ત્વસુધા—આ પાંચ શ્લોકોથી પંચમહાભૂતો, ઇન્દ્રિયો વગેરેની ઉત્પત્તિ વર્ણવે છે. આગળ વર્ણવેલા ત્રણ પ્રકારના અહંકારમાં એક તામસ અહંકાર હતો. તેનું બીજું નામ 'ભૂતાદિ' એવું હતું. 'ભૂત એટલે થયેલું', એવો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અર્થ છે. પંચ ભૂતો જન્મેલાં છે માટે તેને ભૂત કહ્યાં છે. તે પંચભૂતોનો આદિ તામસ અહંકાર હતો. તેથી તેને ભૂતાદિ કહ્યો. આ તામસ અહંકારમાંથી આકાશની ઉત્પત્તિ થઈ. શબ્દ તેની તન્માત્રા-ગુણ છે. આકાશમાં સ્પર્શ ગુણવાળો વાયુ થયો. તે વાયુમાં આકાશનો જે શબ્દ ગુણ હતો, તે પણ આવ્યો. તેથી તેના બે ગુણો થયા. તે પ્રાણ વાયુના દશ પ્રકારો છે-પ્રાણ, અપાન, સમાન, ઉદાન, વ્યાન, નાગ, કૂર્મ, કૃકલ, દેવદત્ત અને ધનંજય. ઓજસ્ સહસ્ અને બલ એવાં ત્રણ તેનાં સામર્થ્ય છે. વાયુમાં વિકાર થતાં રૂપ ગુણ વાળું તેજ થયું. તેમાં પૂર્વનાં તત્ત્વોના બે ગુણો આવવાથી તે ત્રણ ગુણવાળો થયો. તેજમાંથી રસ ગુણ વાળું જલ થયું. તેમાં પૂર્વનાં તત્ત્વોના ત્રણ ગુણો આવ્યા, જેથી તે ચાર ગુણવાળું થયું. જલમાંથી ગંધ ગુણવાળી પૃથ્વી થઈ. તેમાં પૂર્વના ચાર ગુણ આવ્યા. તેથી તે પાંચ ગુણવાળી થઈ. ૨૫; ૨૬; ૨૭; ૨૮; ૨૯.

वैकारिकान्मनो जज्ञे देवा वैकारिका दश ।
दिग्वातार्क प्रचेतोऽश्विवह्नीन्द्रोपेन्द्रमित्रकाः ॥ ३० ॥
तैजसात्तु विकुर्वाणादिन्द्रियाणि दशाभवन् ।
ज्ञानशक्तिः क्रियाशक्तिर्बुद्धिः प्राणश्च तैजसौ ।
श्रोत्रं त्वग्घ्राणदृग्जिह्वा वाग्दोर्मेढ्र घ्रिपायवः ॥ ३१ ॥

અન્વયાર્થ—**વૈકારિકાત્**-સાત્વિક અહંકારથી, **મનઃ**-મન, **જજ્ઞે**-ઉત્પન્ન થયું, **દિગ્-વાત-અર્ક-પ્રચેતઃ-અશ્વિ-વહ્નિ-ઇન્દ્ર-ઉપેન્દ્ર-મિત્રકઃ(કાઃ)**-દિશાઓ-વાયુ-સૂર્ય-વરુણ-અશ્વિનીકુમાર-અગ્નિ-ઇન્દ્ર-ઉપેન્દ્ર-મિત્ર-બ્રહ્મા-આ **દશ**-દશ **દેવા**, **વૈકારિકાઃ**-સાત્વિક અહંકારથી ઉત્પન્ન થયેલા છે. (૩૦).

વિકુર્વાણાત્-તૈજસાત્-તુ-વિકાર પામતા રાજસ અહંકારમાંથી તો, **શ્રોત્રમ્-ત્વક્-ઘ્રાણ-દૃગ-જિહ્વા-વાગ્-દોઃ-મેઢ્ર- અંઘ્રિ-પાયવઃ**-કાન-ચામડી-નાસિકા-નેત્ર-જીભ (આ પાંચ જ્ઞાનેન્દ્રિયો)-વાણી-હાથ-ગુહ્યેન્દ્રિય-પગ-ગુદા (આ પાંચ કર્મેન્દ્રિયો), **આમ દશ**-દસ, **ઇન્દ્રિયાણિ**-ઇન્દ્રિયો, **જ્ઞાનશક્તિઃ**-જ્ઞાનશક્તિ, **ક્રિયાશક્તિઃ**-ક્રિયાશક્તિ, **તૈજસૌ**-રાજસ અહંકારથી ઉત્પન્ન થયેલ છે, **બુદ્ધિઃ**-બુદ્ધિ, **પ્રાણઃ**-પ્રાણ, **તુ**-તો, **અભવન્**-ઉત્પન્ન થયાં ૩૧.

અનુવાદ—સાત્વિક અહંકારથી મન ઉત્પન્ન થયું, તેમજ ઇન્દ્રિયોના અધિષ્ઠાતા-દિશાઓ, વાયુ, સૂર્ય, વરૂણ, અશ્વિનીકુમારો, અગ્નિ, ઇન્દ્ર, વિષ્ણુ, મિત્ર અને બ્રહ્મા-આમ દશ દેવોની ઉત્પત્તિ થઈ. ૩૦. તૈજસ-રાજસ-અહંકારથી વિકાર પામતાં દશ ઇન્દ્રિયોની ઉત્પત્તિ થઈ, જેમાં શ્રોત્ર, ચામડી, નેત્ર, જીભ અને નાસિકા-આ પાંચ જ્ઞાનેદ્રિયો તથા વાણી, હાથ, પગ, ગુદા તેમજ જનનેન્દ્રિય-આ પાંચ કર્મેન્દ્રિય-એવી સંજ્ઞા છે. તેમજ જ્ઞાન શક્તિરૂપે બુદ્ધિ તથા ક્રિયાશક્તિરૂપે પ્રાણની પણ તૈજસ અહંકારથી ઉત્પત્તિ થઈ ૩૧.

તત્ત્વસુધા—તામસ અહંકારની સૃષ્ટિ વર્ણવીને હવે સાત્વિક અહંકારની સૃષ્ટિનું વર્ણન કરે છે. સાત્વિક અહંકારની વૈકારિક એવી સંજ્ઞા છે. તેમાંથી મન અને દશ ઇન્દ્રિયોના દેવતાઓ જન્મ્યા. રાજસ અહંકારની 'તૈજસ' સંજ્ઞા છે. તેમાંથી દશ ઇન્દ્રિયો થઈ. વળી જ્ઞાન શક્તિવાળી બુદ્ધિ થઈ અને ક્રિયા શક્તિ વાળો પ્રાણ પણ થયો. જ્ઞાન અને બુદ્ધિ બે જુદાં છે. બુદ્ધિ તો જ્ઞાનની એક શક્તિ છે. પ્રાણ પણ વાયુથી જુદો છે. ૩૦; ૩૧.

यदैतेऽसङ्गता भावा भूतेन्द्रियमनोगुणाः ।
यदायतननिर्माणे न शेकुर्ब्रह्मवित्तम ॥ ३२ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

तदा संहत्य चान्योन्यं भगवच्छक्तिचोदिताः ।
सदसत्त्वमुपादाय चोभयं ससृजुर्ह्यदः ॥ ३३ ॥

અન્વયાર્થ—**ब्रह्मवित्तमम्**-બ્રહ્મજ્ઞાનીઓમાં શ્રેષ્ઠ નારદ! **यदा**-જ્યારે, **भूत-इन्द्रिय-मनः-गुणाः**-પંચ મહાભૂત-દશ ઇન્દ્રિયો-મન, ત્રણ ગુણો, **एते**-આ બધા, **भावाः**-પદાર્થો, **असंगताः**-અલગ અલગ રહેલા, **यदा**-જ્યારે, **आयतन-निर्माणे**-શરીર નિર્માણ કરવામાં, **न शेकुः**-સમર્થ ન થયા. (૩૨).

तदा-ત્યારે, **भगवत्-शक्ति-चोदिताः**-ભગવાનની શક્તિથી પ્રેરણા પામેલા, **सद्-असत्त्वम्**-કાર્ય કારણ ભાવને, **उपादाय**-સ્વીકારી, **च**-અને, **अन्योन्यम्**-પરસ્પર, **संहत्य**-ભળીને, **अदः**-આ જગતને, **उभयम्**-વ્યષ્ટિ સમષ્ટિરૂપ પિંડ તેમજ બ્રહ્માંડને, **ससृजुः**-ઉત્પન્ન કરતા હતા. (૩૩).

અનુવાદ—બ્રહ્મવેત્તાઓમાં શ્રેષ્ઠ નારદ! જ્યારે પંચમહાભૂત, પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો, મન તથા ત્રણ ગુણ વગેરે પદાર્થો પરસ્પરના સહકાર વિના જ્યારે શરીરને નિર્માણ કરવા શક્તિશાળી ન નીવડયા, ત્યારે ભગવાને એમને પોતાની શક્તિથી પ્રેરણા કરી. ભગવાનની શક્તિથી પ્રેરણા પામેલા તેમણે એક બીજા સાથે સહકાર સ્થાપી, કાર્યકારણ ભાવ સ્વીકારી, વ્યષ્ટિ સમષ્ટિ રૂપ પિંડ તેમજ બ્રહ્માંડ આમ બન્નેનું સર્જન કર્યું ૩૨; ૩૩.

તત્ત્વસુધા—આ પંચ ભૂતો, મન, ઇન્દ્રિયો, ગુણો ઉત્પન્ન થયાં ખરાં; પણ અલગ અલગ રહ્યાં, ત્યારે આયતન-બ્રહ્માંડ નિર્માણ માટે સમર્થ ન થયાં. ત્યારે ભગવાનની શક્તિ અને પ્રેરણા મેળવી તેઓ સમૂહ રૂપે બન્યાં. પછી સહકાર સાધ્યો. सद्-असद् એટલે નાના મોટા એવા ભાવો સ્વીકારી કામ કર્યું અને 'આયતન'ની રચના થઇ. ૩૨; ૩૩.

वर्षपूगसहस्रान्ते तदण्डमुदकेशयम् ।
कालकर्मस्वभावस्थो जीवोऽजीवमजीवयत् ॥ ३४ ॥
स एव पुरुषस्तस्मादण्डं निर्भिद्य निर्गतः ।
सहस्रोर्वङ्घ्रिबाह्वक्षः सहस्राननशीर्षवान् ॥ ३५ ॥
यस्येहावयवैर्लोकान् कल्पयन्ति मनीषिणः ।
कटयादिभिरधः सप्त सप्तोर्ध्वं जघनादिभिः ॥ ३६ ॥

અન્વયાર્થ—**काल-कर्म-स्वभावस्थः**-કાલ, કર્મ અને સ્વભાવમાં રહેનારા, **जीवः**-જીવરૂપ પરમાત્માએ, **उदके-शयम्**-પાણીમાં પડી રહેલા, **तत्**-તે, **अजीवम्**-જીવ વગરના, **अण्डम्**-શરીર રૂપ ઇંડાને, **वर्ष-पूग-सहस्रान्ते**-હજારો વર્ષના અન્તે, **अजीवयत्**-સજીવન કર્યું-જીવાડયું. (૩૪). **सहस्र-ऊरु-अंघ्रि-बाहु-अक्षः**-હજારો સાથળ-પગ-હાથ-નેત્રોવાળા, **सहस्र-आनन-शीर्षवान्**-હજારો મુખ-મસ્તકો વાળા, **सः एव-पुरुषः**-તેજ પુરુષ, **अण्डम्**-ઈંડાને, **निर्भिद्य**-ભેદીને, **तस्मात्**-તે ઇંડામાંથી, **निर्गतः**-બહાર નીકળ્યા. (૩૫).

इह-આ વિશ્વમાં, **मनीषिणः**-જ્ઞાની પુરુષો, **यस्य**-જેમના, **अवयवैः**-શરીરના અવયવો વડે, **कटि-आदिभिः**-કટિ પ્રદેશ વગેરે અવયવોથી, **अधः**-નીચેના. **सप्त**-સાત. **लोकान्**-લોકોને, **कल्पयन्ति**-કલ્પે છે, તથા **जघन-आदिभिः**-કમરની ઉપર ભાગના અવયવોથી, **ऊर्ध्वम्**-ઉપરના, **सप्त**-સાત (લોકની કલ્પના કરે છે). ૩૬,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—હજારો વર્ષ વીત્યા બાદ, પાણીમાં પડી રહેલા એ નિર્જીવ (બ્રહ્માંડ રૂપી) ઈંડાને, કાળ-કર્મ અને સ્વભાવનો આશ્રય કરી રહેલા જીવ રૂપ પરમાત્માએ સજીવન કર્યું. ૩૪. તેજ પુરૂષ, તે ઇંડાને ફોડીને, હજારો હાથ, પગ, સાથળવાળા, તેમજ હજારો મુખ-મસ્તકવાળા થઇ તેમાંથી બહાર નીકળ્યા ૩૫. વિદ્વાન પુરૂષો ઉપાસના માટે જેમના અવયવો વડે ચૌદ લોકની કલ્પના કરે છે. કટિભાગથી નીચેના અવયવો વડે નીચેના સાત લોક, તેમજ પેટથી લઇને ઉપરના અવયવો વડે ઉપરના સાત લોકની કલ્પના કરે છે. ૩૬.

તત્ત્વસુધા—'વર્ષપૂગ' એટલે અનેક વર્ષો-એવો અર્થ થાય. પૂર્વમાં દર્શાવેલ તે અણ્ડ પાંચ પ્રકારનાં હજાર એવાં પાંચ હજાર વર્ષ જલમાં રહ્યું. હવે જો તે જળમાં વધુ રહેશે તો લીન થઇ જશે એવું લાગ્યું, ત્યારે ભગવાને તે અંડને જીવવાળું બનાવ્યું. ભગવાને પોતે પ્રવેશ કરી પ્રાણયુક્ત કર્યું. ત્યારે તેનું 'વિરાટ પુરુષ' એવું નામ પડ્યું. તે 'અંડ'માં રહેલા વિરાટ પુરુષ તે અંડને ફોડીને બહાર નીકળ્યા. કેટલાક માને છે કે તે કટાહને ભેદીને બહાર આવ્યા. ખરી રીતે તો અંડનું રૂપ બદલી પુરુષ રૂપ થયા, જે રૂપને સહસ્રશીર્ષા પુરુષ કહે છે. 'નમોસ્તવનન્તાય...' એ મંત્રથી સર્વ તે પુરુષને સ્તવે છે. આ અધ્યાયના ચોથા શ્લોકમાં યદાત્મકઃ એટલે તે તત્ત્વનું સ્વરૂપ કેવું છે અને કયાંથી સૃષ્ટિ થાય છે- એવા બે પ્રશ્નોના ઉત્તર આ શ્લોકે પૂર્ણ થયો. ૩૬મો શ્લોક આ પ્રકારના ઉપસંહારનો છે. ચૌદ લોકવાળું બ્રહ્માંડ તે ભગવાનનું રૂપ છે. એવો આશય છે. ૩૪; ૩૫; ૩૬.

पुरुषस्य मुखं ब्रह्म क्षत्रमेतस्य बाहवः ।
ऊर्वोर्वैश्यो भगवतः पद्भ्यां शूद्रोऽभ्यजायत ॥ ३७ ॥
भूर्लोकः कल्पितः पद्भ्यां भुवर्लोकोऽस्य नाभितः ।
हृदा स्वर्लोक उरसा महर्लोको महात्मनः ॥ ३८ ॥
ग्रीवायां जनलोकश्च तपोलोकः स्तनद्वयात् ।
मूर्धभिः सत्यलोकस्तु ब्रह्मलोकः सनातनः ॥ ३९ ॥

અન્વયાર્થ—બ્રહ્મ-બ્રાહ્મણ, પુરુષસ્ય-વિરાટ પુરુષનું, મુખમ-મુખ; ક્ષત્રમ-ક્ષત્રિય, એતસ્ય-એ વિરાટ પુરુષના, બાહવઃ-બાહુઓ; ભગવતઃ-વિરાટ ભગવાનના, ઊર્વોઃ-બન્ને સાથળોમાંથી, વૈશ્યઃ-વૈશ્ય; પદ્ભ્યામ્-વિરાટના ચરણોમાંથી, શૂદ્રઃ-શૂદ્ર, અભ્યજાયત-ઉત્પન્ન થયા. ૩૭ અસ્ય-આ વિરાટ પુરુષના, પદ્ભ્યામ્-બે ચરણોવડે ભૂર્લોકઃ-પૃથ્વીલોક, કલ્પિતઃ-કલ્પ્યો છે; નાભિતઃ-નાભિવડે. ભુવર્લોકઃ-અન્તરિક્ષ લોક; મહાત્મનઃ-આ વિરાટ મહા પુરુષના, હૃદા-હૃદય ભાગ વડે, સ્વર્લોકઃ-સ્વર્ગ લોક; ઉરસા-વક્ષઃ સ્થળથી, મહર્લોકઃ મહર્લોક કલ્પ્યો છે. ૩૮. ગ્રીવાયામ-કંઠમાં, જનલોકઃ-જનલોકની કલ્પના કરી છે, ચ-અને, સ્તન-દ્વયાત્-બન્ને સ્તનોથી, તપોલોકઃ-તપોલોક, મૂર્ધભિઃ-મસ્તકો વડે, તુ-તો, સત્યલોકઃ-સત્યલોક કલ્પ્યો છે, જે સનાતનઃ બ્રહ્મલોકઃ-બ્રહ્માનું નિત્ય નિવાસ સ્થાન છે. ૩૯.

અનુવાદ—બ્રાહ્મણો એ વિરાટ પુરુષનું મુખ છે; ક્ષાત્રવો એમના બાહુઓ છે; વૈશ્ય વિરાટ ભગવાનના બન્ને સાથળોમાંથી, તેમજ શૂદ્ર ચરણોમાંથી ઉત્પન્ન થયા. ૩૭. વિરાટ પુરુષના ચરણોથી ભૂલોકની કલ્પના કરી છે, નાભિથી અંતરિક્ષ લોક, એ મહાપુરુષના હૃદયથી સ્વર્ગ-લોક કલ્પ્યા છે; તેમ જ વક્ષઃ સ્થળથી મહર્લોકની કલ્પના કરી છે. ૩૮; કંઠમાં જનલોક, બન્ને સ્તનોથી તપોલોક, અને મસ્તકોવડે સત્યલોકની કલ્પના કરી છે, જે સત્યલોક, સનાતન બ્રહ્મલોક ગણાય છે. ૩૯.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્ત્વસુધા—૩૭મા શ્લોકમાં ભગવાનનાં અવયવોમાં બ્રાહ્મણાદિનો સમાવેશ બતાવ્યો છે. ૩૮, ૩૯મા શ્લોકમાં સાત લોકોની કલ્પના કરી તેમનો ભગવાનના અવયવોમાં સમાવેશ સમજાવ્યો છે. ૩૭; ૩૮; ૩૯.

तत्कट्यां चातलं कल्पमूरुभ्यां वितलं विभोः ।
जानुभ्यां सुतलं शुद्धं जङ्घाभ्यां तु तलातलम् ॥ ४० ॥
महातलं तु गुल्फाभ्यां प्रपदाभ्यां रसातलम् ।
पातालं पादतलत इति लोकमयः पुमान् ॥ ४१ ॥

અન્વયાર્થ—તત્કટ્યામ્-તે વિરાટ પુરુષના કટિભાગમાં, અતલમ્-અતલલોક, ચ-અને, વિભોઃ-વિરાટના, ઊરુભ્યામ્-બન્ને સાથળોથી, વિતલમ્-વિતલ, કલ્પમ્-કલ્પવામાં આવ્યો; જાનુભ્યામ્-જાનુઓથી, શુદ્ધમ્-પવિત્ર, સુતલમ્-સુતલ, જઙ્ઘાભ્યામ્-બન્ને જાંઘોમાંથી, તુ-તો, તલાતલમ્-તલાતલ લોક, કલ્પ્યો છે. ૪૦. ગુલ્ફાભ્યામ્-ઘૂંટણોમાંથી, તુ-તો, મહાતલમ્-મહાતલ; પ્રપદાભ્યામ્-ચરણના બે કૃણાઓથી, રસાતલમ્-રસાતલ; પાદતલતઃ-ચરણના નીચલા ભાગથી, પાતાલમ્-પાતાળલોકને, ઇતિ-આમ, પુમાન્-વિરાટ પુરુષ, લોકમયઃ-ચૌદ લોક રૂપે કલ્પ્યો છે. ૪૧.

અનુવાદ—તે વિરાટ પુરુષની કટિમાં અતલ લોકની કલ્પના કરી, બન્ને સાથળોથી વિતલની, બન્ને જાનુઓથી શુદ્ધ સુતલ લોકની, તેમજ બન્ને જાંઘોથી તલાતલની કલ્પના કરી છે. ૪૦; બન્ને ઘૂંટણોથી મહાતલ, ચરણના બે કૃણાઓથી રસાતલ, ચરણના નીચલા ભાગથી પાતાળ,—આમ વિરાટ પુરુષને ચૌદ લોક રૂપે કલ્પ્યો છે. ૪૧.

તત્ત્વસુધા—આ બે શ્લોકોમાં ચૌદ લોકોની કલ્પના કરી ભગવાનના અંગોમાં થતો સમાવેશ બતાવ્યો છે. આમ એક કલ્પના સાત લોકની, બીજી ચૌદ લોકની અને ત્રીજી કલ્પના ત્રણ લોકની છે. ૪૦; ૪૧.

भूर्लोकः कल्पितः पद्भ्यां भुवर्लोकोऽस्य नाभितः ।
स्वर्लोकः कल्पितो मूर्ध्ना इति वा लोककल्पना ॥ ४२ ॥*

અન્વયાર્થ—વા-અથવા, અસ્ય-આ વિરાટ પુરુષના, પદ્ભ્યામ્-ચરણોથી, ભૂર્લોકઃ-પૃથ્વીલોક, કલ્પિતઃ-કલ્પ્યો છે; નાભિતઃ-નાભિથી, ભુવર્લોકઃ-અન્તરિક્ષલોક; મૂર્ધ્ના-મસ્તકથી, સ્વર્લોકઃ-સ્વર્ગલોક, ઇતિ-આ પ્રમાણે પણ લોકકલ્પના-(ત્રણલોકોની) લોકોની કલ્પના થાય છે. ૪૨.

અનુવાદ—અથવા આ વિરાટના બન્ને ચરણોથી ભૂર્લોક, નાભિથી અન્તરિક્ષ લોક, તેમજ મસ્તકથી સ્વર્ગલોક, એમ ત્રણ લોકની પણ કલ્પના કરી શકાય. ૪૨.

તત્ત્વસુધા—સાત્વિકનો ચતુર્દશ લોકનો પક્ષ છે, રાજસનો સપ્તલોકનો પક્ષ છે, તામસનો ત્રિલોકનો પક્ષ છે. ૪૨.

શ્રીમદ્ ભાગવતના દ્વિતીય સ્કંધમાં તત્ત્વસુધાનો શ્રીશુકદેવજીની સ્તુતિનો પાંચમો અધ્યાય સંપૂર્ણ.

---

* પ્રાચીન પ્રતોમાં આ શ્લોક નથી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અધ્યાય ૬ ઠ્ઠો શ્લોક ૪૫.

આ છઠ્ઠો અધ્યાય ઉત્પત્તિ પ્રકરણનો બીજો અધ્યાય છે. ૫, ૬, ૭ એ ત્રણ અધ્યાયોમાં 'ઉત્પત્તિ' સંબંધી વિચાર ચાલે છે, ઉત્પત્તિના ત્રણ પ્રકાર છે– (૧) અનિત્ય વસ્તુઓનો જન્મ, (૨) નિત્ય છતાં જે પરિચ્છિન્ન વસ્તુઓ છે તેનો સમાગમ, અને (૩) નિત્ય છે અને પરિચ્છેદ (માપ) રહિત જે તત્ત્વ છે તેનો પ્રાદુર્ભાવ. જન્મ, સમાગમ, પ્રાદુર્ભાવ આવી ત્રણ ઉત્પત્તિની સંજ્ઞા થઈ.

વેદમાં કહેલા પુરુષ સૂક્ત પ્રમાણે જ આ ઉત્પત્તિનું વર્ણન છે. પમા અધ્યાયમાં જે મૂર્ત પદાર્થો છે કે જેને આકાર છે, રૂપ છે, તેની ઉત્પત્તિ વર્ણવી હતી. હવે જેને રૂપ નથી, આકાર નથી, એવા અમૂર્ત–જીવોનો, મૂર્ત પદાર્થો સાથેનો સમાગમ થાય છે, એ વિષયની ચર્ચા છે.

આધ્યાત્મિક, આધિદૈવિક, આધિભૌતિક એવા ત્રણે પ્રકારના જગતની ઉત્પત્તિ ભગવાનમાંથી કેવી રીતે, કયા કયા અંગોમાંથી થાય છે, એ સમજ ખૂબજ સ્પષ્ટતાથી આ અધ્યાયમાં કરે છે. આખા વિશ્વમાં ભગવત્સ્વરૂપની ભાવના થાય, કોઈની સાથે રાગદ્વેષ ન થાય તેમજ ભક્તિભાવ પણ પ્રાપ્ત થાય, એ આ વિરાટની ઉત્પત્તિના વર્ણનનું ફળ છે.

પુરુષ સૂક્તમાં વર્ણવેલા વિરાટ પુરુષનું વર્ણન ૧ થી ૧૫ શ્લોક સુધીમાં છે. પુરુષ સૂક્તનાજ જાણે સ્પષ્ટાર્થ વાચક મંત્રો હોય એવું આ વર્ણન છે. આ વર્ણનમાં ૧ થી ૧૧ શ્લોકોમાં ભગવાનના કયાં અંગોમાંથી વિરાટના કયા પદાર્થોની ઉત્પત્તિ થઈ તે સ્પષ્ટ કર્યું છે. એમાં ૨૮ પદાર્થોની ઉત્પત્તિ ભગવાનના ૨૮ સ્થાનોમાંથી બતાવી છે. પ્રથમ શ્લોકમાં વાણીની ઉત્પત્તિ સ્થાનનું વર્ણન શરૂ કર્યું છે, કારણ કે સર્વ વ્યવહાર વાણીથી થાય છે, તેથી તે મુખ્ય છે.

ब्रह्मोवाच....वाचां वह्नेर्मुखं क्षेत्रं छन्दसां सप्तधातवः ।
हव्यकव्यामृतान्नानां जिह्वा सर्वरसस्य च ॥ १ ॥
सर्वासूनां च वायोश्च तन्नासे परमायने ।
अश्विनोरोषधीनां च घ्राणो मोदप्रमोदयोः ॥ २ ॥
रूपाणां तेजसां चक्षुर्दिवः सूर्यस्य चाक्षिणी ।
कर्णौ दिशां च तीर्थानां श्रोत्रमाकाशशब्दयोः ।
तद्गात्रं वस्तुसाराणां सौभगस्य च भाजनम् ॥ ३ ॥

अन्वयार्थ—**ब्रह्मा**–બ્રહ્માજી, **उवाच**–બોલ્યા,—**मुखम्**–વિરાટ પુરુષનું મુખ, **वाचाम्**–વાણીનું, **वह्नेः**–અગ્નિનું, **क्षेत्रम्**–ઉત્પત્તિ સ્થાન છે, **सप्त**–સાત, **धातवः**–ધાતુઓ, **छन्दसाम्**–ગાયત્રી વગેરે છન્દોનું સ્થાન છે, **जिह्वा**–જીભ, **हव्य**–**कव्य**–**अमृत**–**अन्नानाम्**–હવ્યાન–કવ્યાન અને અમૃત એ ત્રણ પ્રકારના અન્નનું, **च**–અને, **सर्व**–**रसस्य**–સર્વ પ્રકારના રસનું ઉત્પત્તિ સ્થાન છે ૧. **तत्**–**नासे**–તે વિરાટ પુરુષની બે નાસિકા, **सर्व**–**असूनाम्**–સર્વ પ્રાણોનું, **च**–અને, **वायोः**–વાયુનું, **परमायने**–પરમ નિવાસ સ્થાન છે, **च**–અને, **अश्विनोः**–બન્ને અશ્વિનીકુમારોનું, **ओषधीनाम्**–ઔષધિઓનું–વનસ્પતિઓનું, **च**–અને, **मोद**–**प्रमोदयोः**–મોદ–પ્રમોદનું, **घ्राणः**–ઘ્રાણેન્દ્રિય સ્થાન છે. ૨. **रूपाणाम्**–અનેક રૂપનું, **च**–અને, **तेजसाम्**–તેજનું,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ચક્ષુઃ-ચક્ષુ ઇન્દ્રિય સ્થાન છે; **દિવઃ**-સ્વર્ગનું **સૂર્યસ્ય**-સૂર્યનું, **અક્ષિણી**-આંખો સ્થાન છે; **દિશામ્**-દિશાઓનું, **ચ**-અને, **તીર્થાનામ્**-તીર્થોનું, **કર્ણૌ**-બન્ને કાન ઉત્પત્તિ સ્થાન છે; **આકાશ**-**શબ્દયોઃ**-આકાશ અને શબ્દનું, **શ્રોત્રમ્**-શ્રોત્રેન્દ્રિય સ્થાન છે; **વસ્તુસારાણામ્**-વસ્તુઓનાં તત્ત્વોનું, **ચ**-અને, **સૌભગસ્ય**-સૌન્દર્યનું, **તત્**-**ગાત્રમ્**-તે વિરાટ પુરુષનું શરીર, **ભાજનમ્**-સ્થાન છે. ૩

અનુવાદ—બ્રહ્મદેવ કહેવા લાગ્યા-વિરાટ પુરુષનું મુખ એ વાણીનું તેમજ અગ્નિનું ઉત્પત્તિ સ્થાન છે. ત્વચા વગેરે સાત ધાતુઓ, ગાયત્રી વગેરે છન્દોનું સ્થાન છે. હવ્યાન્ન, કવ્યાન્ન તેમજ અમૃત નામના અન્નનું અને સર્વ રસોનું સ્થાન જીભ છે. ૧. તે વિરાટની નાસિકા, સર્વ પ્રાણોનું અને વાયુનું સ્થાન છે. તે વિરાટની ઘ્રાણેન્દ્રિય તે અશ્વિનીકુમારોનું, બધી ઔષધીઓનું અને સાધારણ તથા વિશેષ ગન્ધનું સ્થાન છે. ૨. વિરાટની ચક્ષુ ઇન્દ્રિય તે રૂપ અને તેજનું સ્થાન છે. વિરાટનું નેત્ર ગોલક, સ્વર્ગ લોકનું અને સૂર્યનું સ્થાન છે. વિરાટના બન્ને કાન, દિશાઓ તથા તીર્થોનું સ્થાન છે. વિરાટની શ્રવણેન્દ્રિય, આકાશ તથા શબ્દનું સ્થાન છે. એ વિરાટ પુરુષનું શરીર, સંસારની હરકોઈ વસ્તુઓના સાર ભાગનો તેમજ સૌન્દર્યનો ખજાનો છે. ૩.

તત્ત્વસુધા—(૧) 'વાચામ્'-વાગિન્દ્રિય અને અગ્નિનું ક્ષેત્ર તે ભગવાનનું મુખ છે. ભગવાનનાં બે મુખ છે. તેમાં એક બ્રાહ્મણપણું એ ગોલકરૂપ મુખ છે. બીજું ઇન્દ્રિયરૂપ મુખ છે. (૨) 'સપ્તધાતવ':- સાત ધાતુઓ સાત છન્દોની ઉત્પત્તિનું સ્થાન છે. ગાયત્રી, જગતી, ઉષ્ણિગ્, ત્રિષ્ટુપ્, અનુષ્ટુપ્, પંક્તિ, બૃહતી એ સાત છંદો છે. ત્વચા માંસ, રુધિર, મેદ, મજ્જા, સ્નાયુ અને અસ્થિ એ સાત ધાતુઓ છે. (૩) 'જિહ્વા'-રસના ઇન્દ્રિય તે હવ્ય કવ્ય, અમૃતરૂપ અન્નનું સ્થાન છે. દેવોના અન્નનું નામ હવ્ય, પિતૃઓના અન્નનું નામ કવ્ય, મનુષ્યના અન્નનું નામ અમૃત છે. અન્ન વસ્તુ તો એકજ, પરંતુ વિધિ પ્રમાણે સંજ્ઞાઓ થઈ. બ્રાહ્મણ અતિથિના જમણ પછી અવશિષ્ટ અન્નનું નામ અમૃત છે. વગર માંગે મળેલ અન્ન પણ અમૃત છે (૪) 'નાસે'-નાસિકાઓ, વાયુનું અને સર્વના પ્રાણ વાયુનું સ્થાન છે. (૫) 'ઘ્રાણે' ઘ્રાણ ઇન્દ્રિય તે ઔષધિ, અશ્વિનિકુમાર, મોદ અને પ્રમોદનું સ્થાન છે. દૂરથી સુવાસ આવે તે મોદ કહેવાય. બધા ગંધને ઢાંકી દે એવો ઉત્કટ ગંધ પ્રમોદ છે. (૬) 'ચક્ષુઃ' ચક્ષુરિન્દ્રિય એ રૂપ અને તેજનું સ્થાન છે. (૭) 'અક્ષિણી-આંખ એટલે ચક્ષુ ઇન્દ્રિયને રહેવાનું ગોલક. ભગવાનની આંખ સ્વર્ગ અને સૂર્યનું સ્થાન છે. જેના ઉપર જરા કૃપા નજર ફેંકે તેમાં તો તેને સ્વર્ગ મળી જાય છે. (૮) 'કર્ણૌ'-બે કાન તે સર્વની ઇન્દ્રિયોના દેવતા રૂપ દિશાઓનું, તીર્થોનું અને શાસ્ત્રોનું સ્થાન છે. (૯) 'શ્રોત્રમ્'-શ્રોત્ર ઇન્દ્રિય, આકાશ અને શબ્દનું સ્થાન છે. શબ્દમાંથીજ શાસ્ત્ર વાઙ્મય બને છે. (૧૦) 'ગાત્રમ્'-ગાત્ર એટલે ભગવાનના શ્રીઅંગો, હીરા-મોતી-માણેક સુવર્ણ વગેરે સાર ભૂત વસ્તુઓનું અને સૌન્દર્યનું સ્થાન છે. શ્રી બાલકૃષ્ણ લાલજીનાં શ્રી અંગોમાંથીજ પ્રકાશ થતો અને અંધારે મૂકેલ માખણ મિશ્રીની મટુકીઓ જોઈ લેતા; તેમાંથી ચોરી કરી તે મર્કટને વાંટી દેતા, એવી વ્રજ લલનાઓ ફરિયાદ કરતી હતી. ૧; ૨; ૩.

त्वगस्य स्पर्शवायोश्च सर्वमेधस्य चैव हि ।
रोमाण्युद्भिज्जजातीनां यैर्वा यज्ञस्तु संभृतः ॥ ४ ॥
केशश्मश्रुनखान्यस्य शिलालोहाभ्रविद्युताम् ।
बाहवो लोकपालानां प्रायशः क्षेमकर्मणाम् ॥ ५ ॥
विक्रमो भूर्भुवः स्वश्च क्षेमस्य शरणस्य च ।
सर्वकामवरस्यापि हरेश्चरण आस्पदम् ॥ ६ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—**અસ્ય**-આ વિરાટ્ની, **ત્વગ્**-ત્વચેન્દ્રિય, **સ્પર્શ**-વાયોઃ-સ્પર્શ અને વાયુનું, **ચ**-એવ-**હિ**-તેમજ, **સર્વમેધસ્ય**-સર્વ યજ્ઞોનું સ્થાન છે; **ઉદ્ભિજ્જ**-જાતીનામ્-વૃક્ષ વગેરે ઉદ્ભિજ્જ જાતિનું, **રોમાણિ**-રૂવાંટાં સ્થાન છે; **યૈઃ**-જે વૃક્ષો વગેરેથી, **યજ્ઞઃ**-યજ્ઞ, **તુ**-તો, **વા**-અનેક પ્રકારે, **સમ્ભૃતઃ**-સિદ્ધ થાય છે. ૪.

અસ્ય-આ વિરાટ્ પુરુષના, **કેશ**-શ્મશ્રુ-**નખાનિ**-મસ્તકના કેશ, દાઢીના વાળ તેમજ નખ, **શિલા**-**લોહ**-**અભ્ર**-**વિદ્યુતામ્**-શિલા, લોખંડ, વાદળ તેમજ વિજળીનું સ્થાન છે; **પ્રાયશઃ**-મોટે ભાગે, **ક્ષેમકર્મણામ્**-રક્ષણ કાર્ય કરનારા, **લોક**-પાલાનામ્-લોકપાલોનું, **બાહવઃ**-હાથ-ભુજાઓ ઉત્પત્તિ સ્થાન છે. ૫. **વિક્રમઃ**-ભગવાનનો વિક્રમ-વિરાટ્ નું ચાલવું, **ભૂઃ**-**ભુવઃ**-**સ્વઃ**-પૃથ્વી લોક, અન્તરિક્ષ લોક, તેમજ સ્વર્ગલોક છે, **ચ**-તેમજ ભગવાનનો વિક્રમ **ક્ષેમસ્ય**-કલ્યાણનું, **શરણસ્ય**-શરણનું સ્થાન છે, **ચ**-અને, **સર્વ**-**કામ**-**વરસ્ય**-**અપિ**-સર્વ કામનાઓ-ઇચ્છાઓને પૂર્ણ કરનાર વરદાનનું પણ, **આસ્પદમ્**-સ્થાન, **હરેઃ**-શ્રીહરિનું, **ચરણઃ** ચરણ છે. ૬.

અનુવાદ—સ્પર્શ અને વાયુનું તેમજ સર્વ યજ્ઞોનું ઉત્પત્તિ સ્થાન આ વિરાટ્ ભગવાનની ચામડી છે. વૃક્ષ વગેરે ઉદ્ભિજ્જ જાતિ, કે જેમનાથી અનેક પ્રકારના યજ્ઞો સિદ્ધ થાય છે, તેમનું ઉત્પત્તિ સ્થાન આ વિરાટ્ પુરુષનાં રૂવાંટાં છે. ૪. આ વિરાટ પુરુષના કેશ, દાઢી-મૂછ અને નખો એ મેઘ, વીજળી, શિલા તેમજ લોઢું વગેરે ધાતુઓનું ઉત્પત્તિ સ્થાન છે; તથા ભુજાઓ મોટે ભાગે સંસારની રક્ષા કરનારા લોકપાલોનું ઉત્પત્તિ સ્થાન છે. ૫. ભગવાનનું હરવું ફરવું એ ભૂર્લોક, ભુવર્લોક તેમજ સ્વર્લોક છે; તેમજ કલ્યાણનું અને શરણનું પણ સ્થાન છે. વળી સર્વ પ્રકારના વરદાનોનું પણ આશ્રય સ્થાન શ્રીહરિનું ચરણ છે. ૬.

તત્ત્વસુધા—(શ્લોક ૧, ૨, ૩, અનુસંધાનમાં)- (૧૧) 'ત્વગ્'- ત્વચા ઇન્દ્રિય તે સ્પર્શનું અને વાયુનું સ્થાન છે, તેમજ સર્વ પ્રકારની પવિત્રતાનું પણ સ્થાન છે. લોકમાં જે પવિત્રતા જલથી થાય છે કે વાયુથી થાય છે, તે કેવળ ભગવાનના પ્રસ્વેદ-પસીનાથી થાય છે. (૧૨) 'લોમાનિ'- ભગવાનનાં રૂવાંટાં વૃક્ષો-વનસ્પતિઓનું સ્થાન છે. ઔષધો અને યજ્ઞની સમિધ તેમાંથી બને છે અને પ્રાણીમાત્રને આરોગ્ય, આયુષ્ય તેમજ વૃષ્ટિ વગેરે તેમાંથી મળે છે. (૧૩) 'કેશ'- ભગવાનના કેશ મેઘોનું સ્થાન છે. કેશથી માથાનું સૌન્દર્ય છે. મેઘથી ધરણી માતાનું સૌભાગ્ય અને સૌન્દર્ય છે. (૧૪) 'શ્મશ્રુ'-દાઢી મૂછો તે વીજળીનું સ્થાન છે. વેદમાં ભગવાનને **હિરણ્યશ્મશ્રુ**-કહ્યા છે. પીળી વીજળી થાય તોજ વૃષ્ટિ થાય છે. મેઘમાં થતી પીળી વીજળીઓ એજ ભગવાનનાં પીળાં દાઢી મૂછો છે. (૧૫) 'નખાનિ' નખ, શિલા લોખંડનું સ્થાન છે. (૧૬) 'બાહવઃ'-ભાહુઓ, ઇન્દ્રાદિ દેવોનો આધાર છે. દેવો રૂપી હાથોથી ભગવાન સર્વ કાર્યો કરે છે. (૧૭) વિક્રમ- એટલે ભગવાનના પગની ગતિ. ભગવાનનો વિક્રમ-ત્રણ લોક, ક્ષેમ અને શરણનું સ્થાન છે; તેમજ ભક્તિનું પણ સ્થાન છે. (૧૮) **ચરણ**-ભગવચ્ચરણ સર્વ વરદાનોની પૂર્તિ અને પ્રાપ્તિનો આધાર છે. ૪; ૫; ૬.

अर्वाग् वीर्यस्य सर्गस्य पर्जनस्य प्रजापतेः ।
पुंसः शिश्न उपस्थस्तु प्रजात्यानन्दनिर्वृतेः ॥ ७ ॥
पायुर्यमस्य मित्रस्य परिमोक्षस्य नारद ।
हिंसाया निर्ऋतेर्मृत्योर्निरयस्य गुदः स्मृतः ॥ ८ ॥
पराभूतेरधर्मस्य तमसश्चापि पश्चिमः ।
नाड्यो नदनदीनां तु गोत्राणामस्थिसंहतिः ॥ ९ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

अव्यक्तरससिन्धूनां भूतानां निधनस्य च ।
उदरं विदितं पुंसो हृदयं मनसः पदम् ॥ १० ॥
धर्मस्य मम तुभ्यं च कुमाराणां भवस्य च ।
विज्ञानस्य च सत्त्वस्य [1]परस्यात्मा परायणम् ॥ ११ ॥

અન્વયાર્થ—પુંસઃ-વિરાટ્ પુરુષનું, શિશ્નઃ-લિંગ, અપામ્-જળનું, વીર્યસ્ય-વીર્યનું-શુક્રનું, સર્ગસ્ય-સૃષ્ટિનું, પર્જન્યસ્ય-મેઘનું, પ્રજાપતેઃ-પ્રજાપતિનું, પદમ્-આધાર છે; ઉપસ્થઃ તુ-વિરાટ્ પુરુષની ગુહ્ય ઇન્દ્રિય, પ્રજાતિ-આનન્દ-નિર્વૃતેઃ-વિષય જન્ય સુખ-આનંદનો આધાર છે. ૭.

નારદ-હે નારદ, પાયુઃ-ગુદા ઇન્દ્રિય, યમસ્ય-યમરાજનું, મિત્રસ્ય-મિત્રનું, પરિમોક્ષસ્ય-મળત્યાગનું સ્થાન છે; ગુદઃ-ગુદા, હિંસાયાઃ-હિંસાનું, નિર્ઋતેઃ-દારિદ્રયનું, મૃત્યોઃ-મૃત્યુનું, નિરયસ્ય-નરકનું આધાર સ્થાન, સ્મૃતઃ-કહ્યું છે. ૮. પશ્ચિમઃ-વિરાટ્ પુરુષનો પૃષ્ઠ ભાગ, પરાભૂતેઃ-પરાજયનો, અધર્મસ્ય-અધર્મનો, ચ અપિ-અને વળી, તમસઃ-અજ્ઞાન રૂપ અંધકારનો આધાર છે; નાડયઃ- તુ-નાડીઓ પણ, નદ નદીનામ્-નદ તેમજ નદીઓનું સ્થાન છે; અસ્થિસંહતિઃ-હાડકાંનો સમૂહ, ગોત્રાણામ્-પર્વતોનું સ્થાન છે. ૯. પુંસઃ-વિરાટ્ પુરુષનું, ઉદરમ્-ઉદર-પેટ, અવ્યક્ત-રસ-સિન્ધૂનામ્-પ્રકૃતિ-મધુરાદિ રસો-સાગરોનું, ભૂતાનામ્-સર્વ પ્રાણીઓનું, ચ-અને, નિધનસ્ય-મૃત્યુનું સ્થાન છે; હૃદયમ્-વિરાટ્ ભગવાનનું હૃદય, મનસઃ-મનનું, પદમ્-સ્થાન, વિદિતમ્-જાણીતું છે. ૧૦. પરસ્ય-વિરાટ્ પરમ પુરુષનું, આત્મા-ચિત્ત, ધર્મસ્ય-ધર્મનું, મમ-મારું, તુભ્યમ્-નારદ, તમારું, ચ-અને, કુમારાણામ્-સનકાદિક કુમારોનું ચ-અને, ભવસ્ય-શંકર ભગવાનનું, વિજ્ઞાનસ્ય-અનુભવાત્મક વિશિષ્ટ જ્ઞાનનું, ચ-અને, સત્ત્વસ્ય-સત્વ-ગુણનું, પરાયણમ્-શ્રેષ્ઠ આધાર સ્થાન છે. ૧૧.

અનુવાદ—વિરાટ્ પુરુષનું લિંગ, તે જળ, વીર્ય, સૃષ્ટિ, મેઘ તેમજ પ્રજાપતિનો આધાર છે; તથા એમની ગુહ્યેન્દ્રિય વિષય જન્ય સુખ-આનંદનું ઉત્પત્તિ સ્થાન છે. ૭. નારદજી, વિરાટ્ પુરુષની પાયુ ઇન્દ્રિય યમ, મિત્ર, તથા મળ ત્યાગનું સ્થાન છે; તેમજ પાયુદ્વાર એ હિંસા, નારકીય દારિદ્રય, મૃત્યુ તથા નરકનું સ્થાન છે. ૮. એ વિરાટ્ પુરુષની પીઠ પરાજય, અધર્મ અને વળી અજ્ઞાન અથવા અંધકારનું આશ્રય સ્થાન છે. નાડીઓ, નદ તેમજ નદીઓનું સ્થાન છે. હાડકાંનો સમૂહ પર્વતોનું સ્થાન છે. ૯. વિરાટ્ પુરુષનું ઉદર પ્રકૃતિ, છ રસ તથા સમુદ્રોનું, સર્વ પ્રાણીઓનું તેમજ મૃત્યુનું સ્થાન છે; તથા વિરાટનું હૃદય મનનું ઉત્પત્તિ સ્થાન વિદિત છે. ૧૦. વિરાટ્ પુરુષનું ચિત્ત, હે નારદ, ધર્મનું, મારું તમારું, તેમજ સનકાદિક કુમારોનું, ભગવાન શંકરનું, વિજ્ઞાનનું તથા સત્ત્વગુણનું પરમ આધાર સ્થાન છે. ૧૧.

તત્ત્વસુધા—(શ્લોક ૪, ૫, ૬ના અનુસંધાનમાં) (૧૯) શિશ્નઃ', ભગવાનની ગુહ્યેન્દ્રિય એ જલ, વીર્ય, સર્ગ, વૃષ્ટિ અને બ્રહ્માજીનું સ્થાન છે. બ્રહ્માજી પોતે આ પ્રસંગના વકતા છે, તેથી કહેવું જોઈએ કે "મારી ઉત્પત્તિનું સ્થાન ભગવાનની ગુહ્યેન્દ્રિય છે."; પરંતુ અત્યારે સૃષ્ટિના રચયિતા તરીકે નથી, તેથી એ પ્રમાણે કહ્યું. (૨૦) 'ઉપસ્થઃ'-ઉપસ્થ ઇન્દ્રિય પ્રજા અને આનંદના સુખનું સ્થાન છે. (૨૧) 'પાયુઃ'-પાયુ ઇન્દ્રિય એ યમ, મિત્ર, અને મળ વિસર્ગનું સ્થાન છે. (૨૨) 'ગુદઃ'-મલદ્વાર હિંસા, મૃત્યુ, નરકનું સ્થાન છે. પાયુ ઇન્દ્રિય છે અને મલદ્વાર એ

---

૧. શ્રી સુ૦ પા૦-પરમાત્મા ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ગોલક છે. (૨૩) 'પશ્ચિમઃ'–ભગવાનનો પીઠ ભાગ એ પરાભવ, અધર્મ, અજ્ઞાન અને અંધકારનું સ્થાન છે. (૨૪) 'નાડ્યઃ'–નાડીઓ નદ નદીનું સ્થાન છે. (૨૫) અસ્થિસંહતિઃ'–અસ્થિસમૂહ પર્વતોનું સ્થાન છે. (૨૬) 'ઉદરં'–ઉદર સમુદ્રાદિનું સ્થાન છે. (૨૭) 'હૃદયમ્–હૃદય મનનું સ્થાન છે. (૨૮) 'પરમાત્મા'–પરમાત્મા ધર્માદિનું સ્થાન છે. આ શ્લોકમાં 'પરમાત્મા' અને 'પરસ્યાત્મા' એવા બે પાઠો છે. પરસ્ય વિરાટ્ પુરુષનો આત્મા ચિત્ત, એવો અર્થ બીજા પાઠનો કરવો. ૭; ૮; ૯; ૧૦; ૧૧.

अहं भवान् भवश्चैव [1]त इमे मुनयोऽग्रजाः ।
सुरासुरनरा नागाः खगा मृगसरीसृपाः ॥ १२ ॥
गन्धर्वाप्सरसो यक्षा रक्षोभूतगणोरगाः ।
पशवः पितरः सिद्धा विद्याध्राश्चारणा द्रुमाः ॥ १३ ॥
अन्ये च विविधा जीवा जलस्थलनभौकसः ।
ग्रहर्क्षकेतवस्तारास्तडितः स्तनयित्नवः ॥ १४ ॥
सर्वं पुरुष एवेदं भूतं भव्यं भवच्च यत् ।
तेनेदमावृतं विश्वं वितस्तिमधितिष्ठति ॥ १५ ॥

અન્વયાર્થ—**અહમ્**–હું, **ભવાન્**–નારદ તમે, **ભવઃ**–મહાદેવ શંકર, **ચ એવ**–તેમજ, **તે**–તે સર્વ, **ઇમે**–આ, **અગ્રજાઃ**–તમારા જ્યેષ્ઠ બન્ધુઓ–સનકાદિક, **મુનયઃ**–મુનિઓ, **સુર–અસુર–નરાઃ**–દેવો–દૈત્યો–માનવો, **નાગાઃ**–હાથીઓ, **ખગાઃ**–પક્ષીઓ, **મૃગ–સરી–સૃપાઃ**–(સરીસૃપ–ઘસડાઈને ચાલતા જીવો–સર્પ વગેરે) મૃગ–પેટે ચાલનારા સર્પ; ૧૨. **ગન્ધર્વ–અપ્સરસઃ**–ગન્ધર્વો તેમજ અપ્સરાઓ, **યક્ષાઃ**–યક્ષો, **રક્ષો–ભૂતગણ–ઉરગાઃ**–રાક્ષસ–ભૂત–પિશાચ–મોટા સાપ, **પશવઃ**–પશુઓ, **પિતરઃ**–પિતૃઓ, **સિદ્ધાઃ**–સિદ્ધો, **વિદ્યાધ્રાઃ**–વિદ્યાધરો, **ચારણાઃ**–ભાટ ચારણો, **દ્રુમાઃ**–વૃક્ષો; ૧૩. **ચ**–અને, **અન્યે**–બીજા, **વિવિધાઃ**–જુદી જુદી જાતના–અનેક પ્રકારના, **જલ–સ્થલ–નભૌકસઃ**–જળ–સ્થળ–આકાશમાં રહેનારા, **જીવાઃ**–જીવો, **ગ્રહ–ઋક્ષ–કેતવઃ**–ગ્રહો–નક્ષત્રો–ધૂમકેતુ વગેરે, **તારાઃ**–બીજા તારાઓ, **તડિતઃ**–વીજળીઓ, **સ્તનયિત્નવઃ**–શબ્દ કરતા મેઘો; ૧૪. **ભૂતમ્**–ભૂતકાલીન, **ભવ્યમ્**–ભવિષ્યકાલીન, **ચ**–અને, **યત્**–જે, **ભવત્**–વર્તમાન કાલીન, **ઇદમ્**–આ, **સર્વમ્**–બધું, **પુરુષઃ એવ**–પુરુષ જ છે, **તેન**–તે પુરુષથી, **ઇદમ્**–આ, **વિશ્વમ્**–વિશ્વ, **આવૃતમ્**–વ્યાપ્ત છે, **સઃ**–તે પૂર્ણ પુરુષ તો, **વિતસ્તિમ્**–દશ અંગુલના માપે, **અધિતિષ્ઠતિ**–અધિક રહેલા છે. ૧૫.

અનુવાદ—**નારદજી! હું, તમે, મહાદેવ શંકર તેમજ આ બધા-સનકાદિક-તમારા જ્યેષ્ઠ બન્ધુઓ, મુનિઓ, દેવો, અસુરો, મનુષ્યો, હાથી તથા પક્ષીઓ, મૃગ તથા નાના સર્પ, ગન્ધર્વો, અપ્સરાઓ, યક્ષો તથા રાક્ષસો, ભૂત પિશાચના ગણ, મોટા સર્પ, પશુઓ, પિતૃઓ, તથા સિદ્ધો, વિદ્યાધરો ચારણો, તથા વૃક્ષો, તેમજ બીજા અનેક જાતનાં પ્રાણી, જળ-પૃથ્વી અને આકાશમાં ફરનારા જીવો, ગ્રહો, નક્ષત્રો, પુચ્છવાળા તારાઓ (ધૂમકેતુ), તારાઓ, વીજળીઓ તથા મેઘમંડળ, ભૂત-ભવિષ્ય તથા વર્તમાન જે કંઈ છે, એ બધું આ વિરાટ પુરુષ જ છે. તેનાથી આ સમસ્ત વિશ્વ વ્યાપ્ત છે–વીંટળાઇ રહેલું છે. પૂર્ણ પુરુષ તો તેથી એક વેંત એટલે દશ અંગુલ અધિક વધે છે. ૧૨; ૧૩, ૧૪; ૧૫.**

---

૧. પ્રા૦ પા૦–ય ઇમે ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્ત્વસુધા—શ્લોક ૧૨ અને ૧૩માં પચીસ તત્ત્વોનો ઉલ્લેખ કર્યો છે. અહમ્ શબ્દથી લઇને દ્રુમાઃ શબ્દ સુધીમાં પચીસ સંખ્યા પૂર્ણ થાય છે. બ્રહ્મા એટલે ચેતન અને દ્રુમ એટલે સ્થાવર સુધીની સર્વ વસ્તુઓ ભગવાન છે, એ પ્રતિપાદન છે. બ્રહ્મા, નારદ, ભવ, સનત્કુમારો એ શુદ્ધ સત્ત્વનાં સ્વરૂપ છે. સુર એ મિશ્ર સત્ત્વનું અને અસુરો એ રજોગુણનું સ્વરૂપ છે. નગ, નાગ, મૃગ, સરી સૃપ એ શુદ્ધ તામસ છે. બીજાં રાજસ તામસ છે.

શ્લોક ૧૪માં નવ વસ્તુઓનો ઉલ્લેખ છે. ૧૫મા શ્લોકમાં સર્વનો સંગ્રહ કરીને કહ્યું કે **આ સર્વ પુરુષોત્તમ છે.** એ પુરુષોત્તમ તો વિરાટથી પણ અધિક એક વેંત અથવા દશ અંગુલ આગળ વધે છે. પુરુષ સૂક્તમાં **અત્યતિષ્ઠદ્ દશાઙ્ગુલમ્** નો ઉલ્લેખ છે. વેંત ૧૨ આંગળની થાય, પણ તે બીજી આંગળીઓના હિસાબે હશે. આમ તો વેંત એટલે દશ અંગુલ થાય. સામાન્ય રીતે પુરુષ સાત વેંતનો છે. વિરાટ્ પુરુષ આઠ વેંતનો છે, પરંતુ પૂર્ણ બ્રહ્મ તો એથી એક વેંત વધુ છે. તત્ત્વ વિચાર પ્રક્રિયામાં બ્રહ્માંડના સાત આવરણોના વર્ણનમાં એમ માન્યું છે કે પૃથ્વીથી દશગણું જલ, જલથી દશ ગણો અગ્નિ, અગ્નિથી દશ ગણો વાયુ, વાયુથી દશ ગણો આકાશ, આકાશથી દશ ગણો અહંકાર, અહંકારથી દશ ગણું મહત્તત્ત્વ, મહત્તત્ત્વથી દશ ગણી મોટી મૂલ પ્રકૃતિ છે અને એ પ્રકૃતિ કેવલ ભગવાનના એક પાદમાં છે. આ રીતે દશાંગુલનો વિચાર વેદાન્તમાં આવે છે. ૧૨; ૧૩; ૧૪; ૧૫.

स्वधिष्ण्यं प्रतपन्[1] प्राणो बहिश्च प्रतपत्यसौ ।
एवं विराजं प्रतपंस्तपत्यन्तर्बहिः पुमान् ॥ १६ ॥
सोऽमृतस्याभयस्येशो मर्त्यमन्नं यदत्यगात् ।
महिमैष ततो ब्रह्मन् पुरुषस्य दुरत्ययः ॥ १७ ॥

અન્વયાર્થ—**असौ**-આ, **प्राणः**-સૂર્ય, **स्व-धिष्ण्यम्**-પોતાના સ્થાનને, **प्रतपन्**-પ્રકાશિત કરતો, **बहिः च**-અને બહાર પણ, **प्रतपति**-પ્રકાશિત કરે છે, **एवम्**-એ પ્રમાણે, **पुमान्**-પુરુષ, **विराजम्**-વિરાટ્ સ્વરૂપને, **प्रतपन्**-પ્રકાશિત કરતો, **अन्तः बहिः**-અંદર તેમજ બહાર, **तपति**-પ્રકાશિત કરે છે. ૧૬.

ब्रह्मन्-નારદજી! **सः**-તે, **अमृतस्य**-મોક્ષસુખના, **अभयस्य**-નિત્ય સુખના, **ईशः**-સ્વામી છે, **यत्**-જે કંઈ, **मर्त्यम्**-નશ્વર-વિનાશશીલ, એવા **अन्नम्**-વિષય સુખને, **अत्यगात्**-ઓળંગીને હેલ છે-પર છે, **ततः**-તે કારણથી, **पुरुषस्य**-આ વિરાટ પુરુષનો **एषः**-આ, **महिमा**-મહિમા, **दुरत्ययः**-અવર્ણનીય છે. ૧૭.

અનુવાદ—**સૂર્ય જેમ પોતાના સૂર્યમંડળને પ્રકાશિત કરતા બહાર પણ પોતાનો પ્રકાશ ફેલાવે છે, એજ રીતે આ પુરુષ પણ સંપૂર્ણ વિરાજને પ્રકાશ આપતા અંદર તથા બહાર બધેજ પ્રકાશ કરે છે. ૧૬; નારદજી, એ નિત્યસુખ અને મોક્ષસુખના અધિપતિ-નિયંતા છે. જે કંઈ વિનાશશીલ વિષયસુખ વગેરે છે, તેનાથી એ પર છે, તેથીજ એ પુરુષનો મહિમા અવર્ણનીય છે. ૧૭.**

તત્ત્વસુધા—'प्राणः' શબ્દનો અર્થ સૂર્ય થાય છે. સૂર્ય સર્વ પ્રાણ-આત્મા છે. જેમ સૂર્ય અંદર બહાર ઉભય સ્થાને પ્રકાશે છે, તેમ આ પુરુષ પણ સર્વને પ્રકાશે છે. સર્વત્ર વ્યાપક તે જે પુરુષ છે તે 'अमृतस्य' નિત્ય સુખના અને अभयस्य મોક્ષ સુખના દાતા છે. 'मर्त्यमन्नम्'નો અર્થ થાય છે વિરાટ્ શરીર; તેનાથી પણ પર તે પુરુષ છે. ૧૬; ૧૭.

૧. પ્રા૦ પા૦-प्रातपत्प्राणो ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

पादेषु सर्वभूतानि पुंसः स्थितिपदो विदुः ।
अमृतं क्षेममभयं त्रिमूर्ध्नोऽधायि[1] मूर्धसु ॥ १८ ॥

पादास्त्रयो [2]बहिश्चासन्नप्रजानां य आश्रमाः ।
अन्तस्त्रिलोक्यास्त्वपरो गृहमेधोऽ बृहद्व्रतः[3] ॥ १९ ॥

અન્વયાર્થ—**સ્થિતિપદઃ**-સ્થિતિ-ત્રણ લોક, **પદઃ**-જેના એક ચરણમાં છે-સ્થિતિપાત્ ભગવાન, **પુંસઃ**-વિરાટ પુરુષના, **પાદેષુ**-ચરણોમાં, **સર્વભૂતાનિ**-સર્વ પ્રાણી રહેલાં છે એમ **વિદુઃ**-કહે છે—જ્ઞાનીઓ જાણે છે, અને **ત્રિમૂર્ધ્નઃ**-ત્રિમૂર્ધના-મહર્લોકની ઉપરના, **મૂર્ધસુ**-ત્રણ લોકમાં-જન-તપ-સત્ય લોકમાં, **અમૃતમ્**-મોક્ષ, **ક્ષેમમ્**-ક્ષેમ-કલ્યાણ, **અભયમ્**-નિર્ભયપણું, **અધાયિ**-સ્થાપન કરવામાં આવ્યું છે-સ્થાપ્યું છે. ૧૮.

ત્રયઃ-ત્રણ, **પાદાઃ**-ચરણો, જન, તપ, સત્ય નામના ત્રણ લોકો, **યે**-જે, **બહિઃ**-ત્રણ લોકની બહાર, **આસન્**-છે, **તે**-તે લોકો, **અપ્રજાનામ્**-પ્રજારહિત એવા બ્રહ્મચારી, વાનપ્રસ્થ અને સન્યાસીઓના, **આશ્રમાઃ**-આશ્રમો છે, **ચ**-અને, **અપરઃ**-બીજો, **બૃહદ્-વ્રતઃ**-બ્રહ્મચર્ય નામના મહાન્ વ્રતને ન આચરનાર, **ગૃહમેધઃ**-ગૃહસ્થાશ્રમી પુરુષ, **તુ**-તો, **ત્રિલોક્યાઃ**-ભૂર્, ભુવઃ, સ્વર્લોક નામના ત્રણ લોકની, **અન્તઃ**-અંદર રહેલો છે. ૧૯.

અનુવાદ—(સ્થિતિ એટલે ભૂઃ, ભૂવઃ, સ્વર્લોક નામના ત્રણ લોક જેના ચરણમાં છે એવા) આ સ્થિતિપાદ ભગવાનના ચરણમાં બધાજ લોકો રહેલા છે; અને ત્રિમૂર્ધના મસ્તકરૂપ મહર્લોકની ઉપરના ત્રણ લોકમાંના જનલોકમાં અમૃત, તપોલોકમાં ક્ષેમ અને સત્યલોકમાં અભયનો નિવાસ છે. ૧૮; આ ભગવાનના ત્રણ પાદ ત્રિલોકીથી બહાર છે, જે પ્રજારહિતના આશ્રમો છે. ત્યાં જનલોકમાં બ્રહ્મચારી, તપોલોકમાં વાનપ્રસ્થાશ્રમી અને સત્યલોકમાં સંન્યાસી નિવાસ કરે છે. દીર્ઘકાળ સુધીના બ્રહ્મચર્ય વગરના ગૃહસ્થાશ્રમી પુરુષો ભૂર્લોક, ભુવર્લોક તથા સ્વર્ગલોકની અંદર જ નિવાસ કરે છે. ૧૯.

તત્ત્વસુધા—આ શ્લોકમાં 'સ્થિતિપાત્' અને 'ત્રિમૂર્ધા' એવા બે શબ્દો વિચારણીય છે. સ્થિતિપાતનો અર્થ થાય છે કે ભૂર્લોક, ભુવર્લોક અને સ્વર્લોક-આ ત્રણ લોકો ભગવાનના એક ચરણમાં છે. તે ભગવાન સ્થિતિપાત્ થયા. એના એક ચરણમાં તો સર્વ ભૂતોનો સમાવેશ છે. ત્યાં જે સુખ છે તે અનિત્ય સુખ છે. ભગવાનમાં કુલ ચાર સુખ છે. ચારમાં શ્રી એક અનિત્ય સુખ છે, બાકીનાં ત્રણ નિત્ય સુખ છે. એ સુખોની અમૃત, ક્ષેમ, અભય એવી સંજ્ઞા છે. 'ત્રિમૂર્ધ્ન'નો અર્થ ત્રણ મસ્તક એવો નથી થતો, પરંતુ ભૂરાદિ ત્રણ લોકોનું મસ્તક જે 'મહર્લોક' છે તેનું નામ 'ત્રિમૂર્ધા' છે. તે ત્રિમૂર્ધ-'મહર્લોક'ની ઉપરના જે જન, તપ, સત્ય નામના ત્રણ લોકો છે, તેમાં અમૃત, ક્ષેમ, અભય સુખ રહેલાં છે. ભૂરાદિ ત્રણ લોકમાં અનિત્ય સુખ છે. 'મહર્લોક'માં સ્થાન ત્યાગ નામનું દુઃખ છે, કારણ કે ત્યાં જ્યારે ત્રણ લોક બળે છે, ત્યારે તેનો તાપ મહર્લોકમાં લાગે છે, તેથી છોડવું પડે છે અને જનલોકમાં જવું પડે છે. આ ભગવાનના ત્રણ પાદ ત્રણ લોકથી બહાર છે, જે ઉર્ધ્વરેતસ-બ્રહ્મચર્ય-વ્રતીઓના આશ્રમો છે. બ્રહ્મચારી, વાનપ્રસ્થ અને સન્યાસીઓ તે લોકોમાં વસે છે; પરંતુ જેઓ ગૃહસ્થાશ્રમી છે, તેમનું સ્થાન તો ત્રણ લોકની અંદર છે, કારણ કે તેમની પાસે બ્રહ્મચર્ય વ્રત નથી. તાત્પર્ય કે બ્રહ્મચર્ય અને બ્રહ્મચિંતન વિના નિત્ય સુખ સંપાદન કરી શકાય નહિ. ૧૮;૧૯.

---

૧. પ્રા૦ પા૦-વાપિ । ૨. પ્રા૦ પા૦-બહિસ્ત્વાસન્ પ્રજાનાં ત્રય આશ્રમાઃ । ૩. પ્રા૦ પા૦-મહદ્ વ્રતમ્ ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

सृती विचक्रमे विश्वङ्[1] साशनानशने उभे ।
यदविद्या च विद्या च पुरुषस्तूभयाश्रयः ॥ २० ॥
यस्मादण्डं विराट् जज्ञे भूतेन्द्रियगुणात्मकः[2] ।
तद् द्रव्यमत्यगाद् विश्वं गोभिः सूर्य इवातपन्[3] ॥ २१ ॥

અન્વયાર્થ—उभयाश्रयः-કર્મ તથા ઉપાસના બન્ને માર્ગના આશ્રયવાળો, विश्वङ् पुरुषः तु-બધેજ ફરનાર ક્ષેત્રજ્ઞ-પુરુષ, તો साशनानशने-[स-अशन-ભોગવવું, अनशन-ન ભોગવવું]-ભોગ અને મોક્ષ નામના, सृती-માર્ગોને, उभे-બન્ને, विचक्रमे-આક્રમણ કરે છે, यत्-જે, अविद्या-કર્મરૂપ, च-અને, विद्या-ઉપાસના રૂપ છે. (૨૦) यस्मात्-જે પુરુષથી, अण्डम्-બ્રહ્માંડ, जज्ञे-ઉત્પન્ન થયું, सः-તે પુરુષ, भूत-इन्द्रिय-गुण-आत्मकः-પંચમહાભૂત-૧૧ ઇન્દ્રિયો-ત્રણ ગુણવાળા, विराट्-વિરાટ પુરુષ છે, तत्-તે, द्रव्यम्-પંચમહાભૂતાત્મક દ્રવ્ય રૂપ, विश्वम्-જગતને, गोभिः-કિરણોથી, आतपन्-પ્રકાશ આપતા, सूर्यः इव-સૂર્યની જેમ, अत्यगात्-વ્યાપીને રહેલા છે. ૨૧.

અનુવાદ—કામનાઓની ઇચ્છાવાળા સકામ પુરુષો માટેનો એક અવિદ્યારૂપ કર્મમાર્ગ તથા નિષ્કામ ઉપાસકો માટે ઉપાસના રૂપ વિદ્યામાર્ગ યા જ્ઞાનમાર્ગ-આમ બે માર્ગો શાસ્ત્રોમાં દર્શાવેલા છે. મનુષ્ય બન્નેમાંથી કોઈ એકનો આશ્રય લઈને, ભોગ પ્રાપ્ત કરાવનાર દક્ષિણ માર્ગથી અથવા મોક્ષ પ્રાપ્ત કરાવનાર ઉત્તર માર્ગથી યાત્રા કરે છે. આ બન્ને માર્ગના આધાર ભૂત ભગવાન પુરુષોત્તમ છે. ૨૦. સૂર્ય જેમ પોતાના કિરણોથી સર્વને પ્રકાશિત કરતા હોવા છતાં બધાથી અલગ છે, તેવીજ રીતે જે પરમાત્માથી આ બ્રહ્માંડની તેમજ પંચ મહાભૂત, એકાદશ ઇન્દ્રિયો, તથા ગુણમય વિરાટની ઉત્પત્તિ થઈ તે પ્રભુ પણ આ બધાંની અંદર તેમજ તે તે રૂપે રહેવા છતાં પણ એમનાથી અલગ છે. ૨૧.

તત્વસુધા—દ્વિતીય સ્કંધના પ્રથમ અધ્યાયથી છઠ્ઠા અધ્યાયના ૧૯મા શ્લોક સુધીમાં મુમુક્ષુએ ભગવાન શ્રીહરિને સાંભળવા વગેરે દર્શાવ્યું; તેમજ મુમુક્ષુને માટે શ્રોતવ્યાદીનિ સાંભળવાના ઘણા વિષયો છે એ પણ દર્શાવ્યું. આ રીતે બે સૃતી પ્રકારો અથવા ગતિ બતાવી. મુમુક્ષુ એટલે કર્મફલને ભોગવનાર માટે સાશનમાર્ગ કહ્યો. સાશન એટલે स+अशन કર્મફલને ભોગવવું, જે અવિદ્યા માર્ગ છે. એને જ ધૂમાદિ માર્ગ કહ્યો છે. બીજા જે મુમુક્ષુઓ છે, જેઓ અનશન કર્મમાર્ગના ફલને ભોગવતા નથી, તેમને માટે અર્ચિરાદિ માર્ગ છે, એટલે જેઓ વિદ્યાદ્વારા અમૃત, અભય, મોક્ષને મેળવે છે. ભગવાન તો વિદ્યા-અવિદ્યા ઉભય ઉપર શક્તિ ધરાવે છે. તે ભગવાનમાંથી જ આ બ્રહ્માંડની ઉત્પત્તિ થઈ છે. પરંતુ તે તો બ્રહ્માંડથી પર છે. તેમજ સૂર્યની માફક અંદર બહાર સર્વને પ્રકાશે છે. ૨૦; ૨૧.

यदास्य नाभ्यान्नलिनादहमासं महात्मनः ।
नाविदं यज्ञसंभारान् पुरुषावयवादृते ॥ २२ ॥
तेषु यज्ञस्य[4] पशवः सवनस्पतयः कुशाः ।
इदं च देवयजनं कालश्चोरुगुणान्वितः ॥ २३ ॥

१. પ્રા૦ પા૦-विश्वक् । २. પ્રા૦ પા૦-गुणाश्रयः । ३. પ્રા૦ પા૦-इवातपत् । ४. પ્રા૦ પા૦-यज्ञेषु.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

वस्तून्योषधयः स्नेहा रसलोहमृदो जलम् ।
ऋचो यजूंषि सामानि चातुर्होत्रं च-सत्तम ॥ २४ ॥
नामधेयानि मन्त्राश्च दक्षिणाश्च व्रतानि च ।
देवतानुक्रमः कल्पः संकल्पस्तन्त्रमेव च ॥ २५ ॥
गतयो मतयः श्रद्धा प्रायश्चित्तं समर्पणम् ।
पुरुषावयवैरेते[५] सम्भाराः सम्भृता मया ॥ २६ ॥

અન્વયાર્થ—**યદા**-જ્યારે, **અસ્ય મહાત્મનઃ**-આ મહાપુરુષના, **નાભ્યાત્**-નાભિ સંબંધી, **નલિનાત્**-કમળમાંથી, **અહમ્**-હું, **આસમ્**-ઉત્પન્ન થયો, **તદા**-ત્યારે, **પુરુષ- અવયવાત્**-ઋતે-પુરુષના અવયવો વિના અન્ય કાંઈ, **યજ્ઞ-સંભારાન્**-યજ્ઞની સામગ્રીને, **ન અપશ્યમ્**-ન જોઈ. ૨૨. **સત્તમ**-શ્રેષ્ઠ, **તેષુ**-તેમાં, **યજ્ઞસ્ય**-યજ્ઞનાં, **પશવઃ**-પશુઓ, **સવનસ્પતયઃ**-વનસ્પતિઓ સાથે, **કુશાઃ**-દર્ભો, **ચ**-અને, **ઇદમ્**-આ, **દેવ-યજનમ્**-દેવયજનની ભૂમિ-યજ્ઞ ભૂમિ, **ચ**-અને, **ઉરુ-ગુણ-અન્વિતઃ**-ઉત્તમ ગુણવાળો, **કાલઃ**-કાળ, ૨૩;
વસ્તૂનિ-અનેક વસ્તુઓ, **ઓષધયઃ**-ઔષધિઓ, **સ્નેહાઃ**-ઘી વગેરે દ્રવ્યો, **રસ-લોહ-મૃદઃ**-રસ-ક્ષારખંડ-માટી, **જલમ્**-જળ, **ઋચઃ**-ઋગ્વેદ,, **યજૂંષિ**-યજુર્વેદ, **સામાનિ**-સામવેદ, **ચ**-અને, **ચાતુર્હોત્રમ્**-ચાર ઋત્વિજોથી કરવામાં આવતું યજ્ઞસંબંધી કર્મ. ૨૪. **નામધેયાનિ**-નામો, **ચ**-અને, **મંત્રાઃ**-મંત્રો, **ચ**-અને, **દક્ષિણાઃ**-દક્ષિણા, **ચ**-અને, **વ્રતાનિ**-વ્રતો, **દેવતા-અનુક્રમઃ**-દેવતાઓનો અનુક્રમ, **કલ્પઃ**-કર્મને પ્રવર્તાવનાર ગ્રન્થ, **સંકલ્પઃ**-સંકલ્પ, **ચ એવ**-તેમજ, **તન્ત્રમ્**-તંત્ર શાસ્ત્ર. ૨૫. **ગતયઃ**-ગતિ, **મતયઃ**-બુદ્ધિ, **ચ એવ**-તેમજ, **પ્રાયશ્ચિત્તમ્**-પ્રાયશ્ચિત, **સમર્પણમ્**-સમર્પણ, **એતે**-આ સર્વ, **સંભારાઃ**-યજ્ઞની સામગ્રીઓ, **મયા**-મેં, **પુરુષાવયવૈઃ**-પુરુષના અવયવો વડે, **સંભૃતાઃ**-એકઠી કરી. ૨૬.

અનુવાદ—જ્યારે આ મહાત્માના નાભિકમળમાંથી હું ઉત્પન્ન થયો ત્યારે એમના અવયવો સિવાય કંઈ પણ યજ્ઞની સામગ્રી મેં ન જોઈ. ૨૨. એમાં યજ્ઞનાં પશુઓ, વનસ્પતિઓ સાથે દર્ભો, તેમજ દેવોના યજન માટેની યજ્ઞભૂમિ, શ્રેષ્ઠ ગુણવાળો કાળ, યજ્ઞમાં ઉપયોગી અનેક વસ્તુઓ, ઔષધિઓ, ઘૃત વગેરે સ્નિગ્ધ પદાર્થ, છ રસ, ક્ષારખંડ, માટી, જળ, ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદની ઋચાઓ, તેમજ ચાતુર્હોત્ર કર્મ, યજ્ઞોનાં નામો, મંત્રો, દક્ષિણા, વ્રતો, દેવતાઓનાં નામ, પદ્ધતિ ગ્રન્થો, સંકલ્પ, તન્ત્ર (અનુષ્ઠાન પ્રયોગની રીત), ગતિ, મતિ, શ્રદ્ધા, પ્રાયશ્ચિત અને સમર્પણ—આ બધી જ યજ્ઞીય-સાહિત્ય સામગ્રી વિરાટ્ પુરુષના અંગોમાંથી જ મેં એકઠી કરી-સંપાદન કરી. ૨૩; ૨૪; ૨૫; ૨૬.

તત્ત્વસુધા—બ્રહ્માજીએ નારદજીને વિરાટની ઉત્પત્તિ કેવી રીતે થઈ, તેમાં કયા કયા પદાર્થો આવ્યા, એ બધું વિસ્તાર પૂર્વક વર્ણવ્યું. હવે આગળ એ દર્શાવે છે કે જે ભગવાનમાંથી બ્રહ્માંડ થયું તે જ ભગવાનની નાભિમાંથી હું બ્રહ્મા પણ પ્રગટ થયો; પરંતુ પુરુષના અવયવો વિના કંઈ પણ યજ્ઞ સામગ્રીઓને તો હું ન જોઈ શકયો. ત્યારે યજ્ઞીય સામગ્રીઓને ભગવાનના અવયવોમાંથી સંપાદન કરી. એ સામગ્રીઓ અનેક પ્રકારની છતાં ૨૮ પ્રકારની ૨૩મા શ્લોકથી ૨૬મા શ્લોક સુધીમાં બતાવી છે, કારણ કે આગળ પણ ભગવાનના ૨૮ અવયવોમાંથી, અનેક પ્રકારનું વિશ્વ છતાં ૨૮ પ્રકારે ઉત્પન્ન થયું, એમ વર્ણવ્યું છે. માટે યજ્ઞીય સાધનોનો પણ સંગ્રહ રૂપે ૨૮ પ્રકારે નિર્દેશ કર્યો છે. આ શ્લોકોમાં પુરુષ સૂક્તના **યત્પુરુષેણ હવિષા યજ્ઞમયજન્ત દેવાઃ**-વગેરે મંત્રોના જ અર્થોનો સંગ્રહ છે.

૫. પ્રા૦ પા૦-રેતૈઃ ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પશવઃ–બકરાં વગેરે પશુઓ દૂધ આપે છે, જે પવિત્ર ગણાય છે, તેથી તેમને યજ્ઞીય સામગ્રી ગણી છે. તેમની હિંસા ન થઈ શકે. **વનસ્પતિ**–પિપ્પલ, બોર, શમી વગેરે. **વસ્તૂનિ**–વસ્તુઓ–યજ્ઞીય પાત્રો. **મૃદઃ**–મૃત્તિકાઓ, જેમાંથી 'મહાવીર' નામનું ધર્મ પાત્ર થાય છે. **જલમ્**–યજ્ઞીય સામગ્રીના અને અન્ય પ્રોક્ષણમાં વપરાતા જલનું, જલ શબ્દથી ગ્રહણ કરવું, જે જલને 'વસતીવરી' કહે છે. **દક્ષિણાઃ**–ગાયો, **વ્રતાનિ**–બ્રહ્મચર્ય, અહિંસા, વગેરે વ્રતો. **દેવતાનુક્રમઃ**–યજનમાં કયા ક્રમે દેવોને પૂજવા તે પ્રકાર. **કલ્પઃ**–કલ્પ સૂત્ર. ૨૩; ૨૪; ૨૫; ૨૬.

ઇતિ સમ્ભૃત સંભારઃ પુરુષાવયવૈરહમ્ ।
તમેવ પુરુષં યજ્ઞં તેનૈવાયજમીશ્વરમ્ ॥ ૨૭ ॥
તતસ્તે ભ્રાતર ઇમે પ્રજાનાં પતયો નવ ।
અયજન્ વ્યક્તમવ્યક્તં પુરુષં સુસમાહિતાઃ ॥ ૨૮ ॥
તતશ્ચ મનવઃ કાલે[1] ઈજિરે ઋષયોઽપરે ।
પિતરો વિબુધા દૈત્યા મનુષ્યાઃ ક્રતુભિર્વિભુમ્ ॥ ૨૯ ॥

અન્વયાર્થ—**ઇતિ**–આ પ્રમાણે, **પુરુષ-અવયવૈઃ**–વિરાટ પુરુષના અવયવોથી, **સમ્ભૃત-સંભારઃ**–એકઠી કરેલી સામગ્રી વાળો, **અહમ્**–હું, **તેન એવ** તે સામગ્રી વડે જ, **તમ્ એવ**–તે જ, **યજ્ઞં-પુરુષમ્**–યજ્ઞ પુરુષને, **ઈશ્વરમ્**–ભગવાનને, **અયજમ્**–યજન કરતો હતો. ૨૭; **તતઃ**–ત્યાર બાદ, **ઇમે**–આ, **તે**–તારા, **ભ્રાતરઃ**–ભાઈઓ, **નવ**–નવ સંખ્યા વાળા, **પ્રજાનાં પતયઃ**–મરીચિ વગેરે પ્રજાપતિઓ, **સુસમાહિતાઃ**–ખૂબ સ્વસ્થ ચિત્તવાળા બની, **વ્યક્તમ્**–પ્રકટ–સગુણરૂપે, **અવ્યક્તમ્**–અપ્રકટ નિર્ગુણ રૂપે, **પુરુષમ્**–પુરુષને, **અયજન્**–યજન–પૂજન કરતા હતા. ૨૮. **તતઃ**–ત્યાર બાદ, **મનવઃ**–સ્વાયંભુવ વગેરે ૧૪ મનુઓ, **ચ**–અને, **અપરે**–બીજા, **ઋષયઃ**–ઋષિઓ, **પિતરઃ**–પિતૃઓ, **વિબુધાઃ**–દેવો, **દૈત્યાઃ**–દૈત્યો, **મનુષ્યાઃ**–મનુષ્યો, **કાલે**–યોગ્ય સમયે, **ક્રતુભિઃ**–યજ્ઞો વડે, **વિભુમ્**–સમર્થ પુરુષને, **ઈજિરે**–પૂજતા હતા. ૨૯.

અનુવાદ—આ પ્રમાણે વિરાટ પુરુષના અંગોથી જ સર્વ સામગ્રી એકઠી કરી, તેજ સામગ્રી વડે તેજ યજ્ઞ-પુરુષ-પરમાત્માનું મેં યજન કર્યું. ૨૭; ત્યાર બાદ તમારા મોટા ભાઇ, આ મરીચિ વગેરે નવ પ્રજાપતિઓએ એકાગ્ર ચિત્તે, પ્રકટ વિરાટ સ્વરૂપનું તેમજ નિર્ગુણ અન્તર્યામી પુરુષનું યજન–પૂજન–આરાધન કર્યું. ૨૮; ત્યાર બાદ ચૌદ મનુઓએ તેમજ બીજા ઋષિઓએ, પિતૃઓએ, દેવોએ, દૈત્યોએ તેમજ મનુષ્યોએ યોગ્ય યોગ્ય સમયે યજ્ઞો દ્વારા એ સમર્થ પ્રભુનાં યજન પૂજન કર્યાં. ૨૯.

તત્ત્વસુધા—પૂર્ણ પુરુષના તે તે અવયવોમાંથી આ સર્વ સામગ્રી મેળવી અને સર્વ સામગ્રી એકત્રિત કરી. એનો ઉપયોગ પણ કેવલ ઈશ્વર આરાધન માટે જ ઘટે. 'દેવ યજન'–યજ્ઞભૂમિ ભગવાનના પગમાંથી થઈ; કાલ પાંપણમાંથી થયો. જલ નાડીમાંથી થયું. આ બધો વિવેક સમજી લેવો. આ સર્વ સામગ્રીઓ એકઠી કર્યા પછી મરીચિ આદિ નવ પ્રજાપતિઓએ યજન કર્યાં. તેમના યજનને જોઇને મનુઓ, ઋષિઓ પિતૃઓ, દેવો વગેરે પણ યજન કરી પ્રભુને પ્રસન્ન કર્યા. ૨૭; ૨૮; ૨૯.

નારાયણે ભગવતિ તદિદં વિશ્વમાહિતમ્ ।
ગૃહીતમાયોરુગુણઃ સર્ગાદાવગુણઃ સ્વતઃ ॥ ૩૦ ॥

---

૧. પ્રા૦ પા૦–કાલમીજિરે ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

सृजामि तन्नियुक्तोऽहं हरो हरति तद्वशः ।
विश्वं पुरुषरूपेण परिपाति त्रिशक्तिधृक् ॥ ३१ ॥
इति तेऽभिहितं तात यथेदमनुपृच्छसि ।
नान्यद्भगवतः किंचिद्भाव्यं सदसदात्मकम् ॥ ३२ ॥

અન્વયાર્થ—तत्-તે, इदम्-આ, विश्वम्-વિશ્વ, भगवति नारायणे-ભગવાન નારાયણમાં, आहितम्-સ્થાપિત છે, स्वतः-પોતે, अगुणः-નિર્ગુણ, છતાં सर्ग आदौ-જગતની ઉત્પત્તિ વખતે, गृहीत-माया-उरुगुणः-માયાના મહાન ગુણોને સ્વીકારનારા છે. ૩૦. तत्-नियुक्तः-તે ભગવાનથી નિયુક્ત થયેલ, अहम्-હું, सृजामि-વિશ્વ સર્જન કરું છું. तद्वशः-તેમને વશ થઇ, हरः-શંકર, हरति-સંહાર કરે છે, त्रि-शक्ति-धृक्-ત્રિગુણ યુક્ત માયાશક્તિને ધારણ કરનાર, पुरुष-रूपेण-વિષ્ણુ સ્વરૂપે, विश्वम्-વિશ્વને, परि-पाति-રક્ષે છે. ૩૧. तात-વત્સ નારદ! यथा-જે રીતે, अनु-पृच्छसि-વિચાર પૂર્વક તમે મને પૂછ્યું, इति-એ પ્રમાણે, इदम्-આ (બધું), ते-તમને, अभि-हितम्-કહી સંભળાવ્યું, सत्-असत्-आत्मकम्-સદ્ અસદ્ રૂપ, भाव्यम्-થનારું, किंचित्-કંઇપણ, भगवतः-ભગવાનથી-अन्यत्-બીજું, न-નથી, ૩૨.

અનુવાદ—આ સંપૂર્ણ વિશ્વ ભગવાન નારાયણમાં સ્થાપિત છે. પોતે નિર્ગુણ હોવા છતાં સૃષ્ટિની ઉત્પત્તિ સમયે માયાના ત્રણ ગુણોનો સ્વીકાર કરે છે. ૩૦; એ ભગવાનની પ્રેરણાથી હું વિશ્વને સર્જું છું. તેમને આધીન રહી ભગવાન શંકર વિશ્વનો સંહાર કરે છે. ત્રિગુણાત્મિકા માયાશક્તિના સહારે ભગવાન વિષ્ણુ સ્વરૂપે વિશ્વનું પાલન-પોષણ કરે છે. ૩૧; વત્સ નારદ! આ પ્રમાણે જે તમે મને સમજપૂર્વક પૂછ્યું, તે બધું મેં તમને કહી સંભળાવ્યું. સદ્ અસદ્ રૂપ થનારું જે કંઇ છે તે ભગવાનથી જુદું નથી. ૩૨.

न भारती मेऽङ्ग मृषोपलक्ष्यते [1]न वै क्वचिन्मे मनसो मृषा गतिः ।
न मे हृषीकाणि पतन्त्यसत्पथे यन्मे हृदौत्कण्ठ्यवता धृतो हरिः ॥ ३३ ॥

અન્વયાર્થ—अङ्ग-ભાઈ નારદ! यत्-જે કારણે, मे-મારા-મારાથી, औत्कण्ठ्यवता-ઉત્કંઠાવાળા, हृदा-હૃદયથી, हरिः-શ્રી હરિ, धृतः-ધારણ કરાયા છે, मे-મારી, भारती વાણી, मृषा-મિથ્યા, न-उपलक्ष्यते-જણાતી નથી, वै-સાચેજ, मे-મારા, मनसः-મનની, मृषा-વ્યર્થ, गतिः-ગતિ, क्वचित्-કોઇ વખતે, न-હોતી નથી, मे-મારી, हृषीकाणि-ઇન્દ્રિયો असत्पथे-કુમાર્ગે, न पतन्ति-જતી નથી. ૩૩.

અનુવાદ—વત્સ નારદ! કારણ કે ઉત્કંઠિત હૃદયથી શ્રી હરિને મેં હૃદયમાં ધારણ કરેલા છે તેથી મારી વાણી મિથ્યા વાદિની થતી નથી, મારા મનની ગતિ પણ, ખરેખર, કોઇ વખત મિથ્યા હોતી નથી, તેમજ મારી ઇન્દ્રિયો કુમાર્ગે જતી નથી. ૩૩.

તત્વસુધા—ભકત ભગવાનને શ્રદ્ધાથી હૃદયમાં વસાવે છે. ભકતની ભગવાનમાં માનસિક તન્મયતા નિત્ય હોય છે. ભગવાન તેથી અનુકમ્પા કરી પ્રેરક તરીકે પ્રત્યક્ષ રૂપે ભકતના હૃદયમાં બિરાજે છે. જેથી ભકતની વાણી મિથ્યાવાદિની નથી હોતી, તેમજ જુઠી નથી પડતી; તે જે બોલે તેજ પ્રમાણે બને છે. તેની વાણીમાં ભગવાન સ્વયં બિરાજે છે. તેની મનોવૃત્તિ કદી દૂષિત, કલુષિત કે વિષય વિષયક નથી હોતી. ઇન્દ્રિયો પણ

---

૧. મા૦ પા૦-न कर्हिचिन्मे ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નિષિદ્ધ પથ ગામિની નથી હોતી, ઈન્દ્રિયો તો તેણે ઈશ્વર સેવામાં રોકેલી હોય છે. આ ત્રણ સુખો જ જીવનમાં સુખો છે. ધન, માન, પદ આદિની પ્રાપ્તિ તે ઇશ્વરની કૃપાનાં ફળ નથી. તે તો પુણ્ય, પ્રારબ્ધ કે પ્રયત્નનાં ફળ છે. પ્રભુનો અનુગ્રહ તેમાં અવશ્ય છે; પરંતુ ખરો અનુગ્રહ તો આ ત્રણ બાબતોમાં છે. ૩૩.

सोऽहं समाम्नायमयस्तपोमयः प्रजापतीनामभिवन्दितः पतिः ।
आस्थाय योगं निपुणं समाहितस्तंनाध्यगच्छं यत आत्मसंभवः ॥ ३४ ॥

અન્વયાર્થ—**सः**-તે, **अहम्**-હું, **समाम्नाय-मयः**-વેદરૂપી, **तपोमयः**-તપસ્વી, **प्रजापतीनाम्**-મરીચિ વગેરે પ્રજાપતિઓનો, **अभिवन्दितः**-વંદનીય, **पतिः**-પતિ-પિતા-બ્રહ્મા હું, **निपुणम्**-નિપુણતાથી, **योगम्**-યોગને-સમાધિને, **आस्थाय**-સ્વીકારીને, **समाहितः अपि**-સ્વસ્થ ચિત્તે વિચારવા લાગ્યો, પરંતુ **तम्**-તે ભગવાનને, **न-अध्यगच्छम्**-ન મેળવી શક્યો-ન જાણી શક્યો, **यतः**-જેનાથી, **आत्मसंभवः**-મારી ઉત્પત્તિ થઈ છે. ૩૪.

અનુવાદ—તે હું નિયમિત વેદાભ્યાસ કરનારો, તપોમય, પ્રજાપતિઓનો વંદનીય પતિ-પિતા-બ્રહ્મા, કુશળતા પૂર્વક યોગ સમાધિદ્વારા, સ્વસ્થ એકાગ્ર ચિત્તે વિચાર કરૂં છું, છતાં પણ તે ભગવાનને ન મેળવી શક્યો—ન જાણી શક્યો, કે જેનાથી હું ઉત્પન્ન થયો છું. ૩૪.

તત્ત્વસુધા—બ્રહ્માજીનો એકરાર અને દૈન્ય આ શ્લોકમાં છે. તેઓ નારદજીને કહે છે કે 'સાધન બળથી' કદી ભગવાન પમાતા નથી, સમજાતા નથી. સ્વાધ્યાય, તપ, ઉપદેશ, સમાધિ આવાં સાધનો મેં કર્યાં, પણ પ્રભુને પામી ન શક્યો; પણ પ્રણામ કર્યાં, દૈન્ય આવ્યું, તેનો બન્યો ત્યારે તેની અનુકમ્પા થઈ.

'**समाम्नायमयः**' એટલે વેદના સ્વાધ્યાયમાં અવશ્ય રહેવું. તે પ્રભુને સમજવામાં અને પામવામાં સહાયક થશે જ.

तपोमयः' એટલે પ્રત્યેક ઇન્દ્રિયોને તપસ્વિની બનાવી, જે પ્રભુ પ્રાપ્તિમાં પૂર્ણ મદદ કરશે. વળી પ્રજાપતિના પતિ એટલે ગુરૂ તરીકે પ્રવચનમય પણ થવું. વેદની આજ્ઞા છે-**स्वाध्याय प्रवचनाभ्यां न प्रमदितव्यम्.** પ્રવચનથી પણ જ્ઞાન દૃઢ થાય છે અને વાણી તેમજ બુદ્ધિ વિશુદ્ધ થાય છે. પરંતુ આ સર્વ કરીને પણ ભગવાનના શરણાગત થવું, એવું આગળના શ્લોકમાં કહે છે. ૩૪.

नतोस्म्यहं तच्चरणं समीयुषाम् भवच्छिदं स्वस्त्ययनं सुमङ्गलम् ।
[1]यो ह्यात्ममायाविभवं स्म पर्यगाद् यथा नभः स्वान्तमथापरे कुतः ॥ ३५ ॥

અન્વયાર્થ—**अहम्**-હું, **समीयुषाम्**-શરણાગતોના, **भव-च्छिदम्**-સંસારને છેદનારા એવા, **स्वस्ति-अयनम्**-કલ્યાણ નિધાન એવા, **सुमङ्गलम्**-અતિ મંગલમય એવા, **तच्चरणम्**-તે પ્રભુના ચરણને, **नतः-अस्मि**-નમું છું. **यथा**-જેમ, **नभः**-આકાશ, **स्व-अन्तम्**-પોતાના અન્તને જાણતું નથી તેમ, **यः**-જે ભગવાન, **आत्म-माया-विभवम्**-પોતાની માયાના વૈભવના પારને, **परि-अगात्-स्म**-પામી શકતા નથી, તો **अथ**-પછી, **अपरे**-બીજા, **हि**-ખરેખર, **कुतः**-ક્યાંથી જાણી શકે ? ૩૫.

અનુવાદ—શરણાગતોનો સંસાર નાશ કરનાર, કલ્યાણ નિકેતન, મંગલમય તે પ્રભુના ચરણારવિંદને હું વંદન કરૂં છું. આકાશ જેમ પોતાના અન્તને જાણતું નથી, તેમ જે પરમાત્મા પોતાની માયાના વૈભવના પારને પામી શકતા નથી, તો પછી બીજાઓ તો એમના વૈભવનો પાર પામે જ ક્યાંથી? ૩૫.

---

૧. પ્રા૦ પા૦ – यस्त्वात्ममायाविभवं स्वयं गतो यथा ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્ત્વસુધા—ભક્તિ વિના ભગવાનની સમજ ન પડે. તે ભક્તિ મેળવવા ભગવચ્ચરણમાં નમસ્કાર એક જ સાધન છે, એમ સમજીને પ્રભુના ચરણને પ્રભાળીએ પ્રણામ કર્યા. પ્રભુના ચરણ કમલને ત્રણ વિશેષણોથી વર્ણવે છે. (૧) પ્રથમ ગુણ 'भवच्छिदम्' સંસારનો ઉચ્છેદ કરે છે, એટલે સાંસારિક વસ્તુઓમાંથી મનને મુક્ત કરે છે. (૨) स्वस्त्ययनम्—સંસારનો છેદ કરવાનો સ્વભાવ છે, છતાં ચરણ મંગલનું નિધાન છે, તેથી ક્લેશ નથી થતો. (૩) 'सुमङ्गलम्'—ચરણનું દર્શન થતાં જ મનોમંગલ અને આત્મમંગલ સિદ્ધ થાય છે. આવા પ્રભુને ચરણે નમન કરવાથી ભક્તિ મળે છે. એક વિશેષ વાત એમ પણ કહે છે કે 'માયાના વૈભવને ભગવાન પણ નથી જાણતાં, તો પછી અન્ય કયાંથી જાણી શકે ? "આનો અર્થ એવો નથી કે ભગવાનનું તે દિશામાં અજ્ઞાન છે. કેવલ માયા સમજવી એ મુરકેલ છે. એ જ કહેવાનો આશય છે. ૩૫.

नाहं न यूयं यदृतां गतिं विदुर्न वामदेवः किमुतापरे सुराः ।
तन्मायया मोहितबुद्धयस्त्विदं विनिर्मितं [1]चात्मसमं विचक्ष्महे ॥ ३६ ॥

यस्यावतारकर्माणि गायन्ति ह्यस्मदादयः ।
न यं विदन्ति तत्त्वेन तस्मै भगवते नमः ॥ ३७ ॥

અન્વયાર્થ—**यद्-ऋताम्**-જેમની સાચી, **गतिम्**-ગતિને-સ્વરૂપને, **न अहम्**-ન હું, **न यूयम्**-ન તમે, **विदुः**-જાણતા, **न वामदेवः**-વામદેવ ઋષિ નથી જાણતા, **अपरे**-બીજા, **सुराः**-દેવો, **किमुत**-જાણે જ કયાંથી ? **तत्-मायया**-તે ભગવાનની માયાથી, **मोहित-बुद्धयः**-મૂઢ બુદ્ધિવાળા અમે, **तु**-તો, **विनिर्मितम्**-ભગવાને રચેલા, **च**-અને સંભાળેલા, **इदम्**-આ વિશ્વને, **आत्म-समम्**-પોતાની બુદ્ધિ-શક્તિ અનુસાર, **विचक्ष्महे**-જાણીએ છીએ. ૩૬. **यस्य**-જે ભગવાનનાં, **अवतार-कर्माणि**-અવતાર ધરી કરેલાં કાર્યોને, **अस्मद्-आदयः**-અમારા જેવા જ્ઞાનીઓ, **गायन्ति**-ગાય છે, (તો પણ) **हि**-સાચેજ, **यम्**-જેને, **तत्त्वेन**-વાસ્તવિક સ્વરૂપે, **न विदन्ति**-જાણી શકતા નથી, **तस्मै**-તે, **भगवते**-ભગવાનને, **नमः**-નમસ્કાર. ૩૭.

અનુવાદ—જે પ્રભુના વાસ્તવિક સત્ય સ્વરૂપને નથી હું જાણતો કે નથી તમે જાણતા. વામદેવ પણ નથી જાણતા; પછી બીજા દેવો તો જાણે જ કયાંથી ? તેમની માયાથી મોહિત બુદ્ધિવાળા આપણે આ ભગવાને રચેલા વિશ્વને આપણી બુદ્ધિ શક્તિ અનુસાર જાણીએ છીએ. ૩૬. જેમના અવતાર અને એ અવતારો ધરીને કરેલાં કાર્યોને અમારા જેવા જ્ઞાનીઓ ગાન કરે છે, છતાં પણ યથાર્થ રૂપે તો જાણી શકતા નથી, તે પ્રભુને વંદન. ૩૭.

તત્ત્વસુધા—૩૬મા શ્લોકમાં એ પણ સમજાવ્યું કે જેઓ તત્ત્વજ્ઞાનની દિશામાં નિપુણ અને ખ્યાતનામ છે, તેઓ પણ ભગવાનના સ્વરૂપને જાણવામાં સંપૂર્ણ સમર્થ નથી થઈ શકતા; તો પછી સામાન્ય દેવોને તો કોઈ અવસર જ નથી. કેવલ જ્ઞાન માર્ગજ દુર્ગમ છે, એવું નથી. ભક્તિમાર્ગ પણ અનુગ્રહ વિના જાણવો સુલભ નથી, એવો વિવેક ૩૭મા શ્લોકમાં દર્શાવે છે ૩૬; ૩૭.

स एष आद्यः पुरुषः कल्पे कल्पे [2]सृजत्यजः ।
आत्माऽऽत्मन्यात्मनाऽऽत्मानं संयच्छति [3]च पाति च ॥ ३८ ॥

विशुद्धं केवलं ज्ञानं प्रत्यक् सम्यगवस्थितम् ।
सत्यं पूर्णमनाद्यन्तं निर्गुणं नित्यमद्वयम् ॥ ३९ ॥

---

१. प्रा० पा० -त्वात्म० । २. प्रा० पा०-ऽसृजत्प्रजाः । ३. प्रा० पा०-समं गच्छति पाति ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ऋषे विदन्ति मुनयः प्रशान्तात्मेन्द्रियाशयाः ।
यदा तदेवासत्तर्कैस्तिरोधीयेत विप्लुतम् ॥ ४० ॥

अन्वयार्थ—सः-ते, एषः-आ, आद्यः-प्रथम, पुरुषः-परमेश्वर पुरुष, अजः-अजन्मा छतां, कल्पे-कल्पे-प्रत्येक कल्पमां, सृजति-सृष्टिने सर्जे छे, च-अने, आत्मा-आत्मा छे-सर्वत्र व्याप्त छे, आत्मना-आत्माथी, आत्मनि-आत्मानी अंदर, आत्मानम्-आत्माने, संयच्छति-समावे छे, च-अने, पाति-रक्षे छे. ३८. ऋषे-हे नारद! विशुद्धम्-विशुद्धने, केवलम्-निर्विकारीने, ज्ञानम्-ज्ञानमयने, प्रत्यक्-सर्वान्तर्यामी रूपे रहेनारा, सम्यक्-अवस्थितम्-सर्वमां सारी रीते रहेलने, सत्यम्-सत्य स्वरूपने, पूर्णम्-पूर्णने, अनादि-अनन्तम्-आदि तथा अन्त रहितने, निर्गुणम्-निर्गुणने, नित्यम्-सनातनने, अद्वयम्-द्वैत रहितने, प्रशान्त-आत्मा-इन्द्रिय-आशयाः-अति प्रशान्त मन-बुद्धि-इन्द्रियो वाळा, मुनयः-मुनिओ, विदन्ति-जाणे छे; यदा-ज्यारे, तत्-एव-ते प्रकाशमान तत्त्वने, असत्-तर्कैः-मिथ्या तर्कोथी, विप्लुतम्-विचारातुं, तिरोधीयेत-अन्तर्धान थई जाय छे-अदृश्य थती जाय छे. ३९; ४०.

अनुवाद—ते आद्यपुरुष भगवान पोते अजन्मा छे, छतां प्रत्येक कल्पमां जगतने उत्पन्न करे छे. ते पोते आत्मा छे—सर्वत्र व्याप्त छे. ते पोताना आत्मामां आत्मानी उत्पत्ति करे छे, एज रीते रक्षा करे छे अने संहार पण करे छे. ३८. एमनुं वास्तविक स्वरूप मायाथी पर छे, ते विशुद्ध छे, केवळ ज्ञान स्वरूप छे, अन्तर्यामी रूप छे, सर्वमां सारी रीते रहेल छे, त्रणे काळमां सत्य स्वरूप छे, परिपूर्ण छे तेमज आदि-अन्तथी रहित छे, ते निर्गुण छे, नित्य सनातन छे, तेमज अद्वितीय छे. ३९. नारद! मुनिओ ज्यारे पोताना अन्तःकरण-मन, बुद्धिने तथा शरीरने शान्त बनावे छे, त्यारे ज एमना स्वरूपनो साक्षात्कार करे छे; परंतु असत् पुरुषो ज्यारे कुतर्क करे छे, त्यारे एमनुं स्वरूप अदृश्य थती जाय छे. ४०.

तत्त्वसुधा—३९मा श्लोकमां देहथी आत्मा अलग छे; अने ते आत्माना १२ धर्मो छे एम बताव्युं. (१) विशुद्धम्-देह अशुद्ध छे, आत्मा तो विशुद्ध छे. (२) केवलम्-केवल एटले निरपेक्ष. आत्मा निरपेक्ष छे तेने कोईनी सहायनी जरूर नथी देह तो जड छे तेथी परवश छे. (३) ज्ञानम्-आत्मा ज्ञान रूपे छे; देह तो ज्ञेय रूपे छे. (४) प्रत्यक्-देह बाह्य रूपथी जणाय छे, ज्यारे आत्मा तो अन्तरमां समजाय छे. (५) सम्यग्-आत्मा संदेह रहित छे, देहमां तो अनेक संदेह छे. (६) अवस्थितम्-आत्मा स्थिर छे, देह अस्थिर छे. (७) सत्य-आत्मा सत्य स्वरूप छे, देह तो मिथ्या छे. (८) पूर्णम्-आत्मा स्वतः पूर्ण छे; जीव अंशतः पण पूर्ण नथी. (९) अनाद्यन्तम्-आत्मा अनादि, अनन्त छे; देह तो आदि अन्त वाळो छे; (१०) निर्गुणम्-आत्मा गुणातीत छे; देह तो त्रण गुणोमांथी बने छे. (११) नित्यम्-आत्मा नित्य छे, देह तो नश्वर छे. (१२) अद्वयम्-आत्मा अद्वैत छे, देहमां तो द्वैत छे. आत्मा अने ज्ञान एकज छे.

आद्योऽवतारः पुरुषः परस्य कालः स्वभावः सदसन्मनश्च ।
द्रव्यं विकारो गुण इन्द्रियाणि विराट् स्वराट् स्थास्नु चरिष्णु भूम्नः ॥ ४१ ॥
अहं भवो यज्ञ इमे प्रजेशा दक्षादयो ये भवदादयश्च ।
[1]स्वर्लोकपालाः खगलोकपाला नृलोकपालास्तललोकपालाः ॥ ४२ ॥

१. 'भूलोकपालाः भुवर्लोकपालाः स्वर्लोकपालास्तललोकपालाः ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

गन्धर्वविद्याधरचारणेशा ये यक्षरक्षोरगनागनाथाः ।
ये वा ऋषीणामृषभाः[1] पितॄणां दैत्येन्द्रसिद्धेश्वरदानवेन्द्राः ।
अन्ये च ये प्रेत-पिशाच-भूत-कूष्माण्ड-यादो-मृगपक्ष्यधीशाः ॥ ४३ ॥

यत्किञ्च लोके भगवन्महस्वदोजः सहस्वद् बलवत् क्षमावत् ।
श्रीह्रीविभूत्यात्मवदद्भुतार्णं तत्त्वं परं रूपवदस्वरूपम् ॥ ४४ ॥

अन्वयार्थ—भूम्नः—सर्व व्यापी એવા, परस्य—ભગવાનનો, आद्यः—પ્રથમ, अवतारः—અવતાર, पुरुषः—પુરુષ રૂપે થયો; कालः—કાળ, स्वभावः—સ્વભાવ, सद्-असत्—કાર્ય—કારણ, मनः—મન, च—અને, द्रव्यम्—પંચ મહાભૂત, विकारः—અહંકાર, गुणः—સત્વાદિ ગુણ, इन्द्रियाणि—ઇન્દ્રિયો, विराट्—વિરાટ્, स्वराट्—સ્વયં પ્રકાશ, स्थास्नु—સ્થાવર, चरिष्णु—જંગમ, भूम्नः—ભગવાનના અવતારો છે. ૪૧; अहम्—હું, भवः—શિવજી, यज्ञः—યજ્ઞ, इमे—આ બધા, दक्षादयः—દક્ષ વગેરે, प्रजेशाः—પ્રજાપતિઓ, च—અને, ये—જેઓ, भवद्—आदयः—આપના જેવા ભક્ત, स्वर्—लोक-पालाः—ઇન્દ્ર વગેરે લોકપાલો, खग—लोकपालाः—ખગલોક—અન્તરિક્ષ લોકના પાલકો, नृ—लोकपालाः—ભૂલોકના પાલકો, तल—लोकपालाः—પાતાલ લોકના પાલકો; ૪૨;

गन्धर्व-विद्याधर-चारण-ईशाः—ગન્ધર્વો, વિદ્યાધરો તેમજ ચારણોના અધિપતિઓ, यक्ष-रक्ष-उरग-नागनाथाः—યક્ષો—રાક્ષસો—સર્પ તથા નાગોના નાથો, वा—અથવા; ये—જેઓ, ऋषीणाम्-ऋषभाः—ઋષિઓમાં શ્રેષ્ઠ, पितॄणाम्—પિતૃઓમાં, ऋषभाः—શ્રેષ્ઠ, दैत्येन्द्र-सिद्धेश्वर-दानवेन्द्राः—દૈત્યેન્દ્ર—સિદ્ધેશ્વર—દાનવેન્દ્ર, च—અને, ये—જે, अन्ये—બીજા, प्रेत-पिशाच-भूत-कूष्माण्ड-यादः-मृग-पक्षि-अधीशाः—પ્રેત—પિશાચ—ભૂત—કૂષ્માંડ—જલ જંતુઓ—મૃગાદિ પશુઓ, પક્ષીઓના અધિપતિઓ; ૪૩; लोके—આ લોકમાં, यत्—જે, किं च—કંઈ પણ, भगवत्—ઐશ્વર્યવાળું, महस्वत्—તેજસ્વી, ओजः सहस्वत्—માનસિક શક્તિ તેમજ શારીરિક શક્તિયુક્ત, बलवत्—સામર્થ્ય—બળ વાળું, क्षमावत्—ક્ષમા શીલ, श्री—ह्री—विभूति—आत्मवत्—શોભા—લજ્જા—ઐશ્વર્ય—બુદ્ધિથી શોભતું, अद्भुत—अर्णम्—આશ્ચર્યજનક વર્ણવાળું, रूपवत्—સુંદર, च—અને, अस्वरूपम्—રૂપ-રહિત, परम—શ્રેષ્ઠ, तत्त्वम्—તત્ત્વ, (આ બધું ઈશ્વરનું જ સ્વરૂપ છે). ૪૪.

અનુવાદ—પરમાત્માનો પહેલો અવતાર 'વિરાટ પુરુષ' છે. તે સિવાય કાળ, સ્વભાવ, કાર્ય-કારણ, મન, પંચ મહાભૂત, અહંકાર, ત્રણ ગુણ, ઇન્દ્રિયો, બ્રહ્માંડ-શરીર, એનો અભિમાની સ્વરાટ્, સ્થાવર તેમજ જંગમ, આ બધાં અનન્ત ભગવાનનાં જ રૂપ છે. ૪૧. વળી હું, શિવજી, વિષ્ણુ, દક્ષ વગેરે પ્રજાપતિ, તમે તેમજ તમારા જેવા બીજા ભક્તજન, સ્વર્ગલોકના રક્ષક, અન્તરિક્ષ લોકના પાલક, ભૂલોકના પાલક, પાતાલાદિક લોકપાલો, ગન્ધર્વો, વિદ્યાધર તેમજ ચારણોના અધિનાયકો; યક્ષ, રાક્ષસ, સર્પ તેમજ નાગોના સ્વામીઓ; મહર્ષિઓમાં શ્રેષ્ઠ, પિતૃઓમાં શ્રેષ્ઠ, દૈત્યેન્દ્ર, સિદ્ધેશ્વર, દાનવેન્દ્ર, તેમજ બીજા પણ પ્રેત, પિશાચ, ભૂત, કૂષ્માંડ, જળ-ચર પ્રાણી, પશુ તથા પક્ષીઓના સ્વામી, તેમજ સંસારમાં બીજી પણ જેટલી વસ્તુઓ ઐશ્વર્ય, તેજ, ઇન્દ્રિય બળ, મનોબળ, શરીર બળ અથવા ક્ષમાથી યુક્ત છે, અથવા જે કંઈ વિશેષ સૌન્દર્ય, તેમજ લજ્જા, વૈભવ, તથા બુદ્ધિથી શોભે છે, તેમજ જે કંઈ પણ જેટલી અદ્ભુત વસ્તુઓ છે, રૂપવાળું યા અરૂપવાળું જે કંઈ છે, એ બધું જ પરમતત્ત્વમય ભગવત્સ્વરૂપ જ છે. ૪૨; ૪૩; ૪૪.

१, प्रा० पा०—ऋषयः

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્ત્વસુધા—આ ચાર શ્લોકમાં ૪૯ વસ્તુઓ ઈશ્વર છે અને ઈશ્વરમાંથી અવતરણ પામ્યા છે; માટે ઈશ્વરના અવતાર છે. એમ વર્ણવ્યું છે. ૪૨; ૪૩; ૪૪.

प्रायेण्यतो यान् ऋष आमनन्ति लीलावतारान् पुरुषस्य भूम्नः ।
आपीयतां कर्णकषायशोषानुक्रमिष्ये त इमान् सुपेशान् ॥ ४५ ॥

અન્વયાર્થ—ઋષે-નારદજી! ભૂમ્નઃ-સર્વશક્તિમાન વિરાટ, પુરુષસ્ય-પુરુષના, પ્રાધાન્યતઃ-મુખ્ય મુખ્ય યાન્-જે, લીલા-અવતારાન્-લીલા અવતારોને, તે-તમને, અનુક્રમિષ્યે-ક્રમવાર વર્ણવીશ, કર્ણ-કષાય-શોષાન્-કર્ણના દોષોને સુકવી નાખનારા, સુપેશાન્-સુંદર, ઇમાન્-આ અવતારોને, આપીયતામ્-કર્ણોથી પાન કરો. ૪૫.

અનુવાદ—નારદજી! ભૂમા-વિરાટ પુરુષના જે લીલાવતારો થયા, તેમાંના મુખ્ય મુખ્ય, કે જે શ્રવણ કરનારાઓના કર્ણોના પાતકોને દૂર કરનારા છે. એવા આ સુંદર અવતારોને હું વર્ણવીશ, જેવું તમે પાન કરો. ૪૫.

તત્ત્વસુધા—૪૫મા શ્લોકમાં સાતમા અધ્યાયનો ઉપોદ્ઘાત કરે છે. અવતારો તો અસંખ્ય છે, પરંતુ તેમાં સંખ્યાપાત્ર જેટલા અવતારો છે તેનાં નામામૃત અને ચરિતામૃત પેય, હેયેય, જ્ઞેય અને ઉપાદેય છે. કર્ણમાં રહેલા પ્રપંચ-શ્રવણાસક્તિ, સ્વકીર્તિ-શ્રવણાસક્તિ, પ્રશંસા સક્તિ, નિંદાસક્તિ નામના ચાર 'કષાય' છે, તેને દૂર કરવામાં આ અવતારોનું શ્રવણ સર્વથા હિતાવહ છે. તેથી તે અવતારોને ક્રમબદ્ધ ગોઠવી વર્ણવીશ ૪૫.

શ્રીમદ્ ભાગવત દ્વિતીય સ્કંધ તત્ત્વસુધા ટીકાનો
છઠ્ઠો અધ્યાય સંપૂર્ણ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અધ્યાય ૭ મો. (શ્લોક ૫૬)

પાંચ, છ અને સાત આ ત્રણ અધ્યાયોમાં ઉત્પત્તિ પ્રકરણનો વિચાર આવે છે. તેમાં પાંચમા અને છઠ્ઠા અધ્યાયોમાં એક અનિત્ય પદાર્થની ઉત્પત્તિ સંબંધી વિચાર કર્યો. તેમજ નિત્ય છતાં પરિચ્છિન્ન જેવા જીવ પદાર્થની બાબતમાં પણ વિચાર કર્યો. હવે આ સાતમા અધ્યાયમાં નિત્ય અને અપરિચ્છિન્ન (વ્યાપક) જેવા ભગવાનનો વિચાર કરે છે. આ અધ્યાયમાં ૫૬ શ્લોકો છે. છઠ્ઠા અધ્યાયના અંતિમ શ્લોકમાં જ આ અધ્યાયના વિષયનો ઉપોદ્ઘાત કર્યો છે કે ભગવાનના જે જે પ્રધાન ગણાતા અવતારો છે, તેને વર્ણવીશ. તે પ્રમાણે ક્રમશઃ અવતારોનું વર્ણન શરૂ કર્યું છે. બીજા અધ્યાયના ૮થી ૧૨મા શ્લોકો સાથેનો આ અધ્યાયને સંબંધ છે. કેચિત્ સ્વદેહાન્ત હૃદયાવકાશે પ્રાદેશમાત્રં ' આ આઠમો શ્લોક છે. આ શ્લોકથી પૂર્ણ પુરુષ ભગવાન અન્તર્યામીના સ્વરૂપનું વર્ણન કર્યું છે. પ્રાદેશમાત્રં પદથી દ્વિતીયાન્ત વિશેષણો શરૂ થાય છે. તે દ્વિતીયાન્ત પદોમાંના એક એક પદના અવતારનો ખ્યાલ સાતમા અધ્યાયના પ્રથમ શ્લોકથી આરંભાય છે. સામાન્ય રીતે જે સ્વરૂપની ઉપાસના કરતા હોઈએ કે કરવાની હોય તેના સ્વરૂપ અને ગુણનો અવશ્ય ખ્યાલ કરવો જોઈએ. તેથીજ આ અધ્યાયમાં ભગવાનના અવતારોનું નિરૂપણ છે. તેમાં ભગવાનના સ્વરૂપનો અને ગુણનો વાસ્તવિક પરિચય આપ્યો છે, જે પરિચય સ્વાભાવિક રીતેજ ભગવાનમાં આદર અને સ્નેહની વૃદ્ધિ કરે છે. ભગવાન શ્રીકૃષ્ણ અવતારી છે. જેમાં સર્વ અવતારોનો સમાવેશ થાય તેને અવતારી કહેવાય છે. તે અવતારીનાં અંગરૂપ અવતારોનોજ પરિચય આ અધ્યાયમાં છે. જેમ ઘરમાં પ્રથમ એક મુખ્ય પુરુષ હોય છે; પછી તેના પુત્ર, પૌત્રાદિ અંગો થઈ થાય છે. તેમાં તે મુખ્ય પુરુષ સમાયેલ છે, છતાં સર્વથી અલગ પણ દેખાય છે. તે પુરુષ પિતા, દાદા વગેરે અનેક ધર્મો ધરાવે છે. તેમ ભગવાનમાં પણ સર્વ અવતારોનો સમાવેશ થઈ જશે. આ સમન્વયને સમજવા માટે બીજા સ્કંધના બીજા અધ્યાયના આઠમા શ્લોકથી બારમા શ્લોક સુધીના પાંચ શ્લોકો ધ્યાનમાં લેવા આવશ્યક છે. આ અધ્યાયમાં વર્ણન કરતા એક એક અવતારમાં તે શ્લોકોના દ્વિતીયાન્ત પદનો સમન્વય આપશે. આ ગ્રન્થમાં પ૬૬, પ૬૭મા પાને તે શ્લોકો આવેલા છે. ત્યાં સંખ્યાના ખ્યાલ માટે ૨૪ આંક પણ આપ્યા છે. તેમાંથી 'પ્રાદેશમાત્રં' એ પ્રથમ પદની સાથે સમન્વય સાધતા 'શ્રી વરાહ' અવતારનું વર્ણન શ્લોકથી શરૂ થાય છે. 'શ્રી વરાહ' પ્રાદેશ અવતાર છે. અંગૂઠાને તર્જની અંગૂલિના વચલા ભાગના દૂર અંગૂલના અંતરને 'પ્રાદેશ' માપની સંજ્ઞા છે. વરાહ ભગવના પ્રથમ અંગૂઠાના ટેરવાના માપથી અવતરેલા અને પછીથી પ્રાદેશ સ્વરૂપે બનેલા, પછી વિશાલ સ્વરૂપ લીધેલું. વેદનુંજ પ્રતીક ભગવાન વરાહ છે. બ્રહ્માજીની નાસિકામાંથી પ્રકટયા ત્યારે અંગુષ્ઠ માપના, પછી પ્રાદેશ આકાર ત્યાર બાદ વિતસ્તિ-વેંતના માપના અને અંતે વિશાલ રૂપે વરાહ થયા. 'વર' શ્રેષ્ઠ સમ્પત્તિઓને લાવનાર વરાહ, તો વેદ એટલે જ્ઞાન વિના અન્ય ન હોઈ શકે. વેદનું અંગુષ્ઠ જેવું સૂક્ષ્મ સ્વરૂપ ૐકાર-પ્રણવ છે. તેમાંથી વેદત્રયી વિસ્તૃત સ્વરૂપ બન્યું; ઉપનિષદ, આરણ્યક, ધર્મશાસ્ત્ર, પુરાણ, ઇતિહાસ, મીમાંસા, કાવ્યઆદિ અતિ વિસ્તૃત સ્વરૂપ બન્યાં, જેનો આશ્રય લઈ વિશ્વે વિવિધ ક્ષેત્રમાં વિકાસ સાધ્યો.

૧. વરાહાવતાર

ब्रह्मोवाच — यत्रोद्यतः क्षितितलोद्धरणाय बिभ्रत् क्रौडीं तनुं सकलयज्ञमयीमनन्तः ।
अन्तर्महार्णव उपागतमादिदैत्यं तं दंष्ट्रयाद्रिमिव वज्रधरो ददार ॥ १ ॥

અન્વયાર્થ—બ્રહ્મા ઉવાચ-બ્રહ્મા બોલ્યા :- અનન્તઃ-અનન્ત ભગવાને, યત્ર-જે વખતે, ક્ષિતિતલ-ઉદ્ધરણાય-પૃથ્વીનો ઉદ્ધાર કરવા માટે, ઉદ્યતઃ-વિચાર્યું-તૈયાર થયા, સકલ-યજ્ઞમયીમ્-સકલ યજ્ઞ સ્વરૂપ, ક્રૌડીમ્-વરાહ રૂપ, તનુમ્-શરીરને, બિભ્રત્-ધારણ કરતા, અન્તર્-મહાર્ણવે-મહાસાગરની અંદર, ઉપાગતમ્-

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પ્રાપ્ત થયેલા, તત્-તે, આદિ-દૈત્યમ્-આદિદૈત્ય હિરણ્યાક્ષને, વજ્ર-ધરઃ-વજ્રધારી ઇન્દ્ર, અદ્રિમ્-ઇવ-પર્વતની જેમ વજ્રથી વિદારે, તેમ દંષ્ટ્રયા-દાઢથી, વિદદાર-ચીરી નાખ્યો. ૧.

અનુવાદ—બ્રહ્માજી બોલ્યા—અનન્ત ભગવાને જ્યારે પૃથ્વીનો ઉદ્ધાર કરવા માટે વિચાર્યું ત્યારે સમસ્ત યજ્ઞમય વરાહ-શરીર ધારણ કર્યું અને જળની અંદર સામે આવેલા આદિદૈત્ય-હિરણ્યાક્ષને, ઇન્દ્ર જેમ પોતાના વજ્રથી પર્વતને તોડે, તેમ પોતાની દાઢથી એને ચીરી નાખ્યો. ૧

તત્ત્વસુધા—યત્રોદ્યતઃ શ્રી વરાહનું નિરૂપણ આરંભે છે. સર્વનો આધાર પૃથ્વી છે. પૃથ્વી એટલે ભૂમિ અને પ્રજા—એ બન્ને ડૂબી ગયેલાં હતાં. ભૂમિ ડૂબી હતી જલમાં અને પ્રજા ડૂબી હતી અજ્ઞાનને લીધે શોક-મોહ મહા જલધિમાં. બન્નેનો ઉદ્ધાર કરવો હતો. ત્યારે ઉદ્યતઃ અનંત ભગવાન તે કાર્ય કરવા તત્પર બન્યા. તે કાર્યને અનુરૂપ-અનુકૂલ એવા વરાહ સ્વરૂપનો સ્વીકાર કર્યો. પૃથ્વીનો ગંધ નામનો ગુણ છે. તેની સુગંધીથી પૃથ્વીનું સંશોધન થાય છે. પૃથ્વીમાં ક્યાં સુવર્ણ છે, ક્યાં રત્ન છે, ક્યાં હીરા માણેક છે, ક્યાં તેલ છે ? આવાં અનેક અમૂલ્ય ખનીજો ક્યાં છે તેનો નિર્ણય કેવલ માટી સૂંઘીને કરાતો. એ માટે વિપુલ ખર્ચાળ સાધન સામગ્રીની જરૂર ન હતી. સૂંઘવાનું કામ નાકનું છે. તેથીજ બ્રહ્માજીની નાસિકામાંથી વરાહ ઉત્પન્ન થયા. વળી વરાહ પણ જમીન સૂંઘવાની આદતવાળા છે, એટલે આકૃતિ વરાહની લીધી. એ પ્રકટ થએલા વરાહ તે જંગલમાં વસતા વરાહ ન હતા; પરંતુ મંગલ સ્વરૂપ 'વેદ વરાહ,' હતા. એ વરાહની આકૃતિને "સકલ યજ્ઞમયી" કહી છે. એનું વર્ણન ત્રીજા સ્કંધમાં આવશે, એટલે આ સ્થાને વિસ્તાર ન કરવો ઠીક છે. 'સકલયજ્ઞ' શબ્દથી સ્વાધ્યાય યજ્ઞ દાન યજ્ઞ, દ્રવ્ય યજ્ઞ, જ્ઞાનયજ્ઞ વગેરે સર્વનું ગ્રહણ થશે, એ સર્વ યજ્ઞો વેદમાં જ બતાવ્યા છે. લોકમાં તેને સમજવા કોઈ પણ સામગ્રી નથી, એટલે વેદ વિના કોઈ પણ ઉત્કર્ષ મેળવવો શક્ય નથી. તેથી જ સર્વ પ્રથમ વેદમય અને જ્ઞાનમય એવો વરાહ અવતાર શ્રી હરિએ લીધો. આ અવતારનો ઉલ્લેખ 'તૈત્તરીય બ્રાહ્મણ'માં છે. સોઽપશ્યત્ પુષ્કરપર્ણે તિષ્ઠત્। સોમન્યત। અસ્તિ વૈતત્ યસ્મિન્નિદમધિતિષ્ઠતીતિ। સ વરાહો રૂપં કૃત્વોપન્યમજ્જત્। સ પૃથ્વીમધ આર્ચ્છત્। (તૈ. બ્રા. ૧। ૧.। ૩। ૧૯). બ્રહ્માજીએ જોયું તો કમળપત્ર દીઠું. પછી વિચાર્યું કે આની નીચે પૃથ્વી હોવી જોઇએ, જે પૃથ્વી ઉપર આ કમળની પાંખડી હોવી જોઇએ. તે વરાહ બની જલમાં ગયા.

હિરણ્યાક્ષને દંષ્ટ્રયા દાઢથી માર્યા, એવો ઉલ્લેખ કરીને સૂચવ્યું કે તેની મુક્તિ નથી થઇ. જેને સુદર્શનથી મારે છે, તેની જ્ઞાન દ્વારા મુક્તિ છે. દંષ્ટ્રા યમરાજાનું રૂપ છે. યમને હાથે મરે તેની મુક્તિ ન થાય. ૧.

૨ યજ્ઞાવતાર-

જાતોરુચેરજનયત્ સુયમાન્ સુયજ્ઞ આકૂતિસુનુરમરાનથ દક્ષિણાયામ્ ।
લોકત્રયસ્ય મહતીમહરદ્ યદાર્તિં સ્વાયંભુવેન મનુના હરિરિત્યનૂક્તઃ ॥ ૨ ॥

અન્વયાર્થ—અથ-ત્યાર બાદ, રુચેઃ-રુચિ નામના ઋષિથી જાતઃ-જન્મેલા, આકૂતિ-સુનુઃ-આકૂતિના પુત્ર, સુયજ્ઞઃ-સુયજ્ઞે, દક્ષિણાયામ્-દક્ષિણા પત્નીમાં, સુયમાન્-'સુયમ' નામના, અમરાન્-દેવોને, અજયનત્-ઉત્પન્ન કર્યા, યત્-જે-જેમણે, લોકત્રયસ્ય-ત્રણ લોકની, મહતીમ્-મોટી, આર્તિમ્-પીડાને, અહરત્-હરી લીધી-દૂર કરી, સ્વાયંભુવેન મનુના-સ્વાયંભુવ મનુએ, હરિઃ-ઇતિ-હરિ એવા નામે, અનુ-ઉક્તઃ-સંબોધ્યા. ૨.

અનુવાદ—ત્યાર બાદ પ્રભુ એ રુચિ નામના પ્રજાપતિથી આકૂતિ નામની પત્નીમાં 'સુયજ્ઞ' રૂપે અવતાર ધારણ કર્યો અને તે સુયજ્ઞ ભગવાને દક્ષિણા નામની પત્નીમાં 'સુયમ' નામના દેવોને ઉત્પન્ન કર્યા. વળી તેમણે ત્રણ લોકની મોટી પીડા હરી, જેથી સ્વાયંભુવ મનુએ સુયજ્ઞને 'હરિ' એવા નામે સંબોધ્યા. ૨.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્ત્વસુધા—**સુયજ્ઞઃ**-શ્રીહરિએ સુયજ્ઞ તરીકે બીજો અવતાર લીધો. આ અવતાર પુરુષાવતાર છે. વરાહ રૂપી વેદે યજ્ઞની ક્રિયા અને પ્રક્રિયા બતાવી અને યજ્ઞ એ ભગવાનનું રૂપ બન્યું. પછીથી તેની સંજ્ઞા 'યજ્ઞનારાયણ' થઇ. એ જ 'સુયજ્ઞ' અવતાર છે. વરાહ યજ્ઞનું રૂપ છે અને સુયજ્ઞ યજ્ઞના દેવતા છે.

જાતઃ રુચેઃ-રુચિ એ ઋષિનું નામ છે. રૂચિનો અર્થ થાય ઇચ્છા. ઇચ્છા થતાં જ ક્રિયાની શરૂઆત થાય. ઇચ્છા સાત્વિક, તો ક્રિયા પણ સાત્વિક થાય. ઋષિ હમેશાં સાત્વિક હોય, તે ન્યાયે રૂચિ ઋષિએ પૃથ્વીમાં દુકાળ જોયો, જગતની પીડાથી પીડાયા અને 'આકૂતિ' દેવીમાં સુયજ્ઞ ભગવાનને પ્રકટ કર્યા આકૂતિ એ ક્રિયા શક્તિનું નામ છે. એ સુયજ્ઞ દ્વારા પૃથ્વીની આર્તિ પીડાને દૂર કરી. પીડા દૂર કરવા ત્રણ કાર્યો કર્યાં. (૧) યજ્ઞ કરી વૃષ્ટિ કરાવી. (૨) વૈદિક કર્મ પ્રચલિત કર્યાં. (૩) યજ્ઞો પ્રચલિત કર્યા. આધિ, વ્યાધિ, ઉપાધિનો યજ્ઞદ્વારા ઉકેલ આણ્યો. સ્વયંભૂ મનુએ 'શ્રીસુયજ્ઞ'ને પુત્ર તરીકે ખોળે લીધા અને મનવંતર રચનામાં ઉપયોગી થયા. ૨.

૩. કપિલાવતાર-

जज्ञे च कर्दमगृहे द्विज देवहूत्याम् स्त्रीभिः समं नवभिरात्मगतिं स्वमात्रे ।
ऊचे ययाऽऽत्मशमलं गुणसङ्गपङ्क-मस्मिन्विधूय कपिलस्य गतिं प्रपेदे ॥ ३ ॥

અન્વયાર્થ--**દ્વિજ** નારદજી ! **કર્દમ-ગૃહે**-કર્દમ ઋષિના ઘેર, **દેવહૂત્યામ્**-દેવહૂતિજીમાં, **નવભિઃ**-નવ, **સ્ત્રીભિઃ**-કન્યાઓ-બહેનો, **સમમ્**-સાથે, **જજ્ઞે**-પ્રગટ થયા, **ચ**-અને, **સ્વમાત્રે**-પોતાની માતા દેવહૂતિને, **આત્મગતિમ્**-આત્મવિદ્યા-સાંખ્ય જ્ઞાન, **ઊચે**-કહ્યું, **યયા**-જે આત્મવિદ્યાથી, **આત્મ-શમલમ્**-આત્માને મલીન કરનારા, **ગુણ-સઙ્ગ-પઙ્કમ્**-ત્રણ ગુણોના સંગથી ઉપજતા દોષને-મલને, **અસ્મિન્**-આ જ દેહમાં, **વિધૂય**-સાફ કરી-પ્રક્ષાલન કરી, **કપિલસ્ય**-કપિલ મુનિની, **ગતિમ્**-ગતિને-મોક્ષને, **પ્રપેદે**-પ્રાપ્ત કરી ગયાં. ૩.

અનુવાદ--**નારદજી ! તે ભગવાન, કર્દમ ઋષિને ઘેર દેવહૂતિજીમાં નવ બહેનો સાથે ભગવાન 'કપિલ મુનિ' પ્રગટ થયા. તેમણે પોતાની માતાને આત્મજ્ઞાનનો બોધ કર્યો, જે બોધથી દેવહૂતિ એ આત્મજ્ઞાનને ઢાંકી દેનાર, ગુણોના સંગથી ઉપજતા આવરણ રૂપ કર્દમને-મલને-સાફ કરી કપિલમુનિની મોક્ષગતિને પ્રાપ્ત કરી ગયાં. ૩.**

તત્ત્વસુધા—આ શ્લોકમાં ત્રીજો **શ્રી કપિલ** અવતાર છે. ભગવાન કપિલ 'વસન્તમ્' પદનો અવતાર છે. 'વસન્ત' એટલે હૃદયમાં નિવાસ કરીને રહેલા ભગવાન. ધ્યાન કરવાનું હોય ત્યારે હૃદયમાં રહેલા ભગવાનનું ધ્યાન થાય છે. કર્મ-વરાહ વેદમાં આવ્યું; કર્તૃત્વ-સુયજ્ઞ પુરૂષમાં આવ્યું; અને ધ્યાન શ્રીકપિલ ભગવાનમાં આવ્યું.

જજ્ઞે ચ કર્દમગૃહે-શ્રી કપિલદેવ શ્રી કર્દમ ઋષિને ત્યાં દેવહૂતિમાં પ્રકટ્યા. કપિલ એ વિવેકનું સ્વરૂપ છે. વિવેક વિચારશીલ, સંયમી અને ભક્તની સાત્વિક બુદ્ધિમાં વસે છે. શ્રી કર્દમ ઋષિ દમનશીલ, ભક્ત અને જ્ઞાની છે; બ્રહ્માજીની છાયામાંથી પ્રકટ્યા છે, જેથી બ્રહ્માજીના જેવા સમર્થ છે, વિશ્વના સર્જક છે, તેમજ વિચારશીલ છે. કરોતિ દમં ઇન્દ્રિયોનું દમન કરે છે, તેથી સંયમી છે. દેવાનાં હૂતિ યસ્યામ્ દેવોનું આવાહન જેમાં થઇ શકે છે તે દેવહૂતિ-ભક્તિમયી સાત્વિક મતિ છે. ત્યાં વિવેકશીલ શ્રી કપિલદેવ પ્રકટ થઇ શકે છે.

બ્રહ્માજીએ દ્વિજ એવું નારદજીને સંબોધન કર્યું અને સંકેત કર્યો કે નારદ ! સંસ્કારશીલમાં આવા ભગવાન રહી શકે છે. કર્દમનો અર્થ થાય છે કાદવ અને કાદવનું ગૃહ-ઘર છે જલ. તે જલમાં કમલ જેમ નિર્લેપ રહે, તેમ દ્વિજે-વિપ્રે' સદા અનાસકત રહેવું, જેમ નવ માળના વિમાનને અને અઢળક ઐશ્વર્યને રચનારા કર્દમ ઋષિ સર્વમાં અનાસકત હોઇ સર્વ ત્યજી ચાલ્યા ગયા હતા તેમ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વળી કપિલ મુનિ નવ બહેનો સાથે દેવહૂતિમાં પ્રકટયા. એ પ્રસંગને કહે છે ત્યારે ત્યાં ભગિનીનો વાચક સ્ત્રીભિઃ સ્ત્રી શબ્દ વાપરે છે. નવ બહેનો નવધા ભક્તિઓ છે. ગુણસંગપઙ્કમ્ ત્રણ ગુણોના નિરંતર સેવનથીજ મમતાનો કાદવ જન્મે છે, જે આત્મશમલમ્ મન ઉપર 'શમલ'રૂપે. એટલે આવરણ રૂપે બને છે. સાંખ્ય જ્ઞાનથી તે ધોવાઇ જાય છે. ૩

૪. શ્રીદત્તઅવતાર-

अत्रेरपत्यमभिकाङ्क्षत आह तुष्टो दत्तो मयाहमिति यद् भगवान् स दत्तः ।
यत्पादपङ्कजपरागपवित्रदेहा योगर्द्धिमापुरुभयीं यदुहैहयाद्याः ॥ ४ ॥

અન્વયાર્થ—અપત્યમ્-પુત્રને, **અભિકાંક્ષતઃ**-ઇચ્છતા, **અત્રેઃ**-તપ કરતા-અત્રિઋષિને, **યત્**-જેથી, **તુષ્ટઃ**-પ્રસન્ન થયેલા, **ભગવાન્**-ભગવાન, **આહ**-બોલ્યા, **કે મયા**-મેં, **અહમ્**-હું-મને, **દત્તઃ**-તમને આપ્યા, તેથી **ઇતિ**-એમ, **સઃ દત્તઃ**-તે શ્રીદત્ત નામથી પ્રસિદ્ધ થયા. **યત્-પાદ-પંકજ-પરાગ-પવિત્ર-દેહાઃ**-જે શ્રીદત્તના ચરણ કમળના પરાગથી પવિત્ર દેહવાળા, **યદુ-હૈહય-આદ્યાઃ**-યદુ, હૈહય (સહસ્રાર્જુન) વગેરે રાજાઓ, **ઉભયીમ્**-બન્ને પ્રકારની (આલોક તથા પરલોકની), **યોગ-ઋદ્ધિમ્**-ઐશ્વર્યની સમૃદ્ધિને, **આપુઃ**-મેળવતા હતા. ૪.

અનુવાદ—ભગવાનને પુત્ર રૂપે પ્રાપ્ત કરવા ઇચ્છતા અત્રિ મહર્ષિ ઉપર પ્રસન્ન થઈ ભગવાને કહ્યું કે, "મેં મારૂં તમને દાન કર્યું." આમ પોતાનું દાન કરનાર એ 'દત્ત' નામે પ્રસિદ્ધ થયા; જેમના ચરણકમળના પરાગથી પવિત્ર દેહ વાળા યદુ, હૈહય (સહસ્રાર્જુન) વગેરે રાજાઓ ઐહલૌકિક તેમજ પારલૌકિક બન્ને પ્રકારની યોગની સિદ્ધિને પ્રાપ્ત કરી ગયા. ૪.

તત્વસુધા—આ શ્લોકમાં શ્રીદત્ત અવતારને વર્ણવે છે. ચતુર્ભુજ પદનો તે અવતાર છે. ભગવાનની ચાર ભુજાના અંગમાંથી **'શ્રીદત્ત'** પ્રભુ પ્રકટયા છે. અત્રિ ઋષિ 'અપત્ય'ની ઇચ્છા કરતા હતા. પિતા, માતા અને પૃથ્વી માતાની ઉત્તમ ગતિ કરે, તેને અપત્ય કહેવાય છે. પુત્ર વિના માતાપિતાની મુક્તિ નથી થતી. અત્રિ ઋષિને પુત્ર ન હતા. અ-ત્રિઃ-ત્રણ નથી, પરંતુ માત્ર સ્ત્રી અને પુરુષ એ જ છે તે અત્રિ. પછી અત્રિને ત્યાં પુત્ર શ્રીદત્ત થયા એટલે આપના ચાર હાથ થયા. સ્ત્રી-પુરુષ બન્ને એકાંગ કહેવાય એટલે બે હાથ; પછી પુત્ર થાય એટલે પિતાના ચાર હાથ થયા, તેથી 'ચતુર્ભુજ' થયા માટે ચતુર્ભુજ અવતાર છે. ત્રિ એટલે ત્રણ-દત્ત, દુર્વાસા, સોમ. એ ત્રણ પુત્રો ન હતા, તેથી ઋષિ અત્રિ હતા. ત્રણ પુત્રો અને પોતે મળી ચાર થયા તેથી ચતુર્ભુજ થયા. માટે ચતુર્ભુજ અવતાર.

ભગવાનની ચાર ક્રિયાઓ એ ચાર હાથ છે. ક્રિયાઓ કરવી એ હાથનો ધર્મ છે. તપ, ઉત્પત્તિ, સ્થિતિ, લય એવી ચાર ક્રિયાઓ ભગવાનને કરવી હતી, તેથી ચતુર્ભુજ રૂપે થયા. અત્રિ તપઃ ક્રિયા; સોમ-સર્જન ક્રિયા દત્ત-પાલન ક્રિયા; દુર્વાસા-સંહાર ક્રિયા છેઃ અથવા યોગ, તપ, વંશ, ભક્તિ એ ચાર ક્રિયાઓ ચાર હાથ છે. ચાર ક્રિયાઓ કરવા માટે ભગવાન 'શ્રીદત્ત' પુત્ર સ્વરૂપે પધાર્યા છે.

દત્તો મયા અહમ્-મેં મને આપ્યો; તેથી 'દત્ત' એવી સંજ્ઞા પડી. ભગવાનને પોતાને આપ્યો. શાસ્ત્રે છ વસ્તુઓ ન અપાય એમ કહ્યું છે-ધર્મદાસ, જ્યેષ્ઠ પુત્ર, સ્ત્રી, પોતાનો દેહ, સર્વસ્વ અને ગુરુવર્ગ. આ છ વસ્તુ ન અપાય તો ભગવાને આત્મા કેમ આપ્યો ? તેનું સમાધાન છે કે એ જીવ ધર્મ છે, તેમજ સામાન્ય ધર્મ છે, ભગવાનને તે લાગુ ન પડે. ઈશ્વર ધર્મ અને પુષ્ટિ ધર્મ તો તેથી પણ ઉપર છે. એમાં અનુગ્રહ નિયામક છે. કેવલ ભગવાને કૃપા કરીને પોતાનો આત્મા આપ્યો છે. શ્રી દત્તે યોગઋદ્ધિ આપી. સદ્યોમુક્તિ, ક્રમમુક્તિ એવી બે પ્રકારની મુક્તિ યોગઋદ્ધિ કહી છે. યદુ રાજાના ગુરુ 'દત્ત' પ્રભુ હતા, તેમજ હૈહય-કાર્તવીર્ય રાજાના પણ તેથી **યદુહૈહયાદ્યાઃ** એવો ઉલ્લેખ કર્યો છે. ૪.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૫. સનત્ કુમાર અવતાર-

तप्तं तपो विविधलोकसिसृक्षया मे आदौ सनात् स्वतपसः स चतुःसनोऽभूत् ।
प्राक्कल्पसम्प्लवविनष्टमिहात्मतत्त्वं सम्यग् जगाद मुनयो यदचक्षतात्मन् ॥ ५ ॥

અન્વયાર્થ—આદૌ-પહેલાં, વિવિધ-લોક-સિસૃક્ષયા-વિવિધ પ્રકારના લોકોના સર્જનની ઇચ્છાથી, મે-મેં, તપઃ-તપ, તપ્તમ્-કર્યું, પછી તે સ્વ-તપસઃ-પોતાના તપના, સનાત્-દાનથી, સઃ-તે ઈશ્વર, ચતુઃ સન્-જેમાં ચાર 'સન' શબ્દવાળા સનત્કુમાર, અભૂત-થયા, જેણે ઇહ-પૃથ્વીમાં, પ્રાક્-કલ્પ-સંપ્લવ-વિનષ્ટમ્-પહેલાંના કલ્પમાં પ્રલય સમયે નાશ પામેલા, આત્મતત્ત્વમ્-આત્મતત્ત્વને, સમ્યક્-સારી રીતે, જગાદ-કહ્યું, યત્-જે જ્ઞાન, મુનયઃ-મુનિઓએ, આત્મન્-પોતાના આત્મામાં, અચક્ષત-અનુભવ્યું. ૫.

અનુવાદ—નારદજી! પહેલાં સૃષ્ટિના આરંભમાં અનેક લોક રચવાની ઇચ્છાથી મેં તપશ્ચર્યા કરી. તે તપ મેં ભગવાનને ચરણે સમર્પ્યું, તેથી શ્રીહરિએ પ્રસન્ન થઈને ચાર 'સન' શબ્દથી યુક્ત એવા સનક, સનન્દન, સનાતન અને સનત્કુમાર રૂપે અવતાર લીધો. એ અવતારમાં એમણે પ્રલયને લીધે પહેલા કલ્પમાં ભૂલાઈ ગયેલ આત્મ તત્ત્વજ્ઞાનનો સારી રીતે બોધ કર્યો, જેનાથી મુનિઓએ પરમતત્ત્વ જ્ઞાનનો હૃદયમાં સાક્ષાત્કાર કર્યો. ૫.

તત્ત્વસુધા—આ શ્લોકમાં ચાર સનત્કુમારોનું નિરૂપણ છે. આ અવતારની સંખ્યા પાંચમી છે. ભગવાનના कंजरथांग शंख गदाधरम्-ચાર આયુધોના અવતારરૂપે ચાર સનત્કુમારો છે. ચાર આયુધ ચાર તત્ત્વો છે. ગદા એ પ્રાણ તત્ત્વ છે; શંખ જલ તત્ત્વ છે; સુદર્શન તેજસ્ તત્ત્વ છે; કમળ કાર્ય તત્ત્વ-પૃથ્વી છે.

બ્રહ્માજીને સૃષ્ટિ કરવી હતી. તપ વિના દૃષ્ટિ મળે નહિ, દૃષ્ટિ વિના સૃષ્ટિ બને નહિ. બ્રહ્માજીએ તપ કર્યું અને તે તપનું ભગવાનને સનાત્ દાન કરવાથી ભગવાન રાજી થયા. ભગવાને તેના બદલામાં ઘણું વળતર આપ્યું; તે ચાર 'સનત્કુમારો' થયા. સનક, સનન્દન, સનાતન અને સનત્કુમાર-એવી ચાર સંજ્ઞાઓ થઈ. 'षणु दाने' ધાતુ છે. 'सन्'નો અર્થ થાય છે 'દાન.' બ્રહ્માએ તપનું 'સન-દાન' કર્યું, તેથી ભગવાને વળતર વાળ્યું ચાર ગણું. તેની સ્મૃતિમાં ચારે પુત્રોમાં 'સન' શબ્દ આવે છે. એકજ ભગવાન ચારમાં ચાર રૂપે આવ્યા. યજ્ઞ રૂપે સુયજ્ઞમાં, સાંખ્યરૂપે કપિલમાં, યોગરૂપે શ્રીદત્તમાં અને જ્ઞાનરૂપે સનત્કુમારોમાં આવ્યા.

अचक्षत 'आत्मन्' એ શ્લોકનાં છેલ્લાં પદ છે. 'आत्मन्' સંબોધન લાગે છે, પરંતુ દ્વિતીયા કે સપ્તમી વિભક્તિના અર્થમાં શબ્દ વાપર્યો છે. યોગીઓ 'આત્મામાં' જે તત્ત્વને અનુભવે છે, તે જ્ઞાન કહ્યું, અથવા યોગી જે આત્મતત્ત્વને કહે છે, તે જ્ઞાનને સનત્કુમાર રૂપે કહ્યું ૫.

૬. નરનારાયણ અવતાર-

धर्मस्य दक्षदुहितर्यजनिष्ट[1] मूर्त्यां नारायणो नर इति स्वतपः प्रभावः[2] ।
दृष्ट्वाऽऽत्मनो भगवतो नियमावलोपं देव्यस्त्वनङ्गपृतना घटितुं न शेकुः ॥ ६ ॥

कामं दहन्ति कृतिनो ननु रोषदृष्ट्या रोषं दहन्तमुत ते न दहन्त्यसह्यम् ।
सोऽयं यदन्तरमलं निविशन् बिभेति कामः कथं नु पुनरस्य मनः श्रयेत ॥ ७ ॥

१. प्रा० पा० भवत्स्वभूर्त्या । २. प्रा० पा०-प्रभावात् ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—**ધર્મસ્ય**-ધર્મની પત્ની, **દક્ષ-દુહિતરિ**-દક્ષ પ્રજાપતિની કન્યામાં, **મૂર્ત્યામ્**-મૂર્તિમાં, **સ્વ-તપઃ-પ્રભાવઃ**-પોતાના તપના પ્રભાવવાળા, **નારાયણઃ**-નારાયણ, **ચ**-અને, **નરઃ**-નર, **ઇતિ**-એમ બે રૂપે, **અજનિષ્ટ**-અવતાર થયો, **અનંગ-પૃતનાઃ**-કામદેવની સેનારૂપ, **દેવ્યઃ તુ**-અપ્સરાઓ તો, **આત્મનઃ**-પોતાનાં પ્રતિબિમ્બને-ઉર્વશીને, **દૃષ્ટ્વા**-જોઇને, **ભગવતઃ**-ભગવાન નરનારાયણના, **નિયમ-અવલોપમ**-બ્રહ્મચર્ય વ્રત ભંગને, **ઘટિતુમ્**-સાધવા. **ન શેકુઃ**-સમર્થ ન થઈ શકી. ૬; **નનુ**-ખરેખર, **કૃતિનઃ**-પુણ્યશાળી પુરુષો, **રોષ-દૃષ્ટયા**-ક્રોધ દૃષ્ટિથી, **કામમ્**-કામદેવને, **દહન્તિ**-બાળે છે, **ઉત**-કિન્તુ, **તે**-તેઓ, **દહન્તમ્**-બાળતા, **અસહ્યમ્**-અસહ્ય, **રોષમ્**-ક્રોધને, **ન દહન્તિ**-બાળતા નથી, **સઃ-અયમ્**-તે આ રોષ, **યદ્-અન્તરમ્**-જે નરનારાયણના અન્તઃકરણમાં, **નિવિશન્**-પ્રવેશતાં, **અલમ્**-ખૂબ, **બિભેતિ** ભય પામે છે, **પુનઃ**-તો પછી, **કામઃ** કામદેવ, **અસ્ય**-આ નારાયણ ભગવાનના, **મનઃ**-મનને, **નુ**-ખરેખર, **કથમ્**-કેવી રીતે, **શ્રયેત**-આશ્રય કરે ? ૭.

અનુવાદઃ—દક્ષ પ્રજાપતિની કન્યા-ધર્મનાં પત્ની મૂર્તિમાં પોતાના તપના પ્રભાવવાળા સાક્ષાત્ ભગવાન નારાયણ અને નર બે રૂપે અવતાર થયો. એમના તપનો ભંગ કરવા કામદેવની સેનારૂપ બીજી અપ્સરાઓ આવી; પરંતુ નારાયણથી ઉત્પન્ન થયેલાં પોતાનાથી શ્રેષ્ઠ પ્રતિબિમ્બ-ઉર્વશી વગેરેને-જોઈ નિયમનો લોપ કરવા સમર્થ ન થઈ શકયાં. ૬ સમર્થ અને કુશળ કૃતકૃત્ય પુરુષો ક્રોધથી કામને ભસ્મ કરી દે છે, પરંતુ બાળતા અસહ્ય એવા એ ક્રોધને બાળી શકતા નથી. તે આ ક્રોધ જે નારાયણ ભગવાનના અન્તરમાં પ્રવેશતાં જ ડરે છે, તો પછી કામદેવ તો એમના મનમાં પ્રવેશ કરી શકે જ કયાંથી ? ૭.

તત્ત્વસુધા—આ બે શ્લોકોમાં 'શ્રી નરનારાયણ' અવતાર અને મહાત્મ્ય નિરૂપણ કર્યાં છે. નર અને નારાયણ બન્ને અવતર્યા છે, માટે બે શ્લોકો સન્માન માટે લખ્યા અથવા કામ અને ક્રોધ બે અજેય ગઢ પર વિજેતા પ્રભુનો અવતાર છે, માટે બે શ્લોકોમાં વર્ણન છે. 'હૃદય પ્રસાદ અને મુખ પ્રસાદ' એ બે મહાન પુરુષોની કે પૂર્ણ પુરુષોત્તમની મુડી છે. કામ વિજયનું એ ધ્વજાચિહ્ન છે, જે શ્રી નારાયણમાં મળે છે.

પ્રસન્નવક્ત્રમ્-એ ભગવાનની પ્રસન્નતા નામના ધર્મના નિરૂપણ માટે આ અવતાર છે. પૂર્ણ પુરુષના મુખારવિંદનો આ પ્રેરક અને તપસ્વીઓ માટે પ્રબોધક અવતાર છે. પિતા જેનો ધર્મ હોય કે ધર્મિષ્ઠ હોય તેના પુત્રો જિતેન્દ્રિય બને છે, એ વિષયનું નિરૂપણ કરતો શ્લોક **ધર્મસ્ય** શબ્દથી શરૂ થાય છે. ધર્મની ૧૩ પત્નીઓમાં મૂર્તિ એ તેરમાં હતાં. તેમને ત્યાં નર નારાયણ અવતર્યા. મુખારવિંદનો અવતાર હોવાથી તેમાંથી 'તપ અને પ્રસાદ' એ ધર્મો જોવા મળે. **તપો નાનશનાત્ પરમ્** ઉપવાસથી ઉત્તમ કોઈ તપ નથી. 'અનશન' વ્રતમાં સર્વ ઇન્દ્રિયોની શુદ્ધિનું સામર્થ્ય છે. 'વાણીનું નિયમન અને ક્ષુધાનું નિયમન-અનશન, આ બે મોટાં તપ છે. ક્રોધ એ તપનો સહજ દોષ છે. ક્રોધને જીતવામાં 'ગુણગ્રાહક' દૃષ્ટિ અને દયા બેજ કામમાં આવે છે. દક્ષ પ્રજાપતિની પુત્રી મૂર્તિમાં ધર્મના 'તપઃ પ્રભાવનો' જ આકાર નરનારાયણ રૂપે અવતાર લે છે.

આ શ્લોકના ઉત્તરાર્ધમાં બે ત્રણ પ્રકારે અર્થ થાય છે. અપ્સરાઓ **આત્મનઃ** પોતાના **નિયમાવલોપમ્** નિયમના ભંગને જોઈને ભગવાનના તપોભંગને ન કરી શકયાં. અપ્સરાઓનો નિયમ હતો કે તપસ્વીઓના બ્રહ્મચર્યનો ભંગ, તપોભંગ અને ક્રોધોત્પાદન કરવાં. બીજો અર્થ—**ભગવતઃ** નર નારાયણ ભગવાનના **નિયમાવલોપમ્** નિયમના આલોપને એટલે વ્રતભંગના અભાવને જોઈને, તેમજ **આત્મનઃ** પોતાના જેવી જ ઉર્વશી અપ્સરાઓને જોઈને **ઘટિતું** પોતાની યોજના ઘડવા માટે જ સમર્થ ન થઈ શકયા. અથવા ત્રીજો અર્થ-**આત્મનઃ**—પંચમી વિભક્તિ કરવી અને પોતાના સૌન્દર્ય, નૃત્ય, હાવભાવ, ચેષ્ટા વગેરે સાધનોથી ભગવાનના તપોવ્રતનો ભંગ ન કરી શકયાં, તેથી સલજ્જ બની ગયાં,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનઙ્ગપૃતનાઃ શરીર નથી એવા કામદેવની સેનાઓ જે ઠાટ વાળે છે, તો પછી તે સેનાઓ જે સ્વરૂપ લઈને આવે તો ? કામદેવ જેમ પોતાના કામની સિદ્ધિ માટે 'અંગ-શરીર' નાશ કરી ગયો હતો, તેમ આ અપ્સરાઓ તપસ્વીઓના શાપથી નાશ પામી ક્ષુદ્ર યોનિમાં અવતરીને પણ કામ કર્યા વિના નહિ રહે, એવું સાહસિક સ્ત્રીઓ માટે સૂચવ્યું. કામં જયન્તિ-કામ હૃદયમાં વ્યાપ્ત થઈને રહે છે. કદાચ તેને જીતી શકાય પરંતુ ક્રોધ અજેય છે. ક્રોધ જ્ઞાનમાં રહે છે. કામનો વિજય સંકલ્પનો ત્યાગ કરવાથી અને ક્રોધનો વિજય ભગવાનમાં અનુરાગ કરવાથી શક્ય બને છે. ૬; ૭.

૭. ધ્રુવાવતાર-

विद्धः सपत्न्युदितपत्रिभिरन्ति राज्ञो बालोऽपि सन्नुपगतस्तपसे वनानि ।
तस्मा अदाद् ध्रुवगतिं गृणते प्रसन्नो दिव्याः स्तुवन्ति मुनयो यदुपर्यधस्तात् ॥ ८ ॥

અન્વયાર્થ - **राज्ञः**-ઉત્તાનપાદ રાજાની, **अन्ति** - પાસે - સમક્ષ, **सपत्नी** - **उदित** - **पत्रिभिः**-અપર માતાના એ ઉચ્ચારેલ વાગ્બાણોથી, **विद्धः**-વીંધાયેલ, **बालः**-**अपि सन्**-બાળક છતાં પણ, **तपसे**-તપ કરવા માટે, **वनानि**-અરણ્યો તરફ, **उपगतः**-ચાલી નીકળ્યા; **गृणते**-ભગવન્ નામને જપતા, **तस्मै**-તે ધ્રુવને, **प्रसन्नः**-પ્રસન્ન થયેલ ભગવાને, **ध्रुव**-**गतिम्**-અચલ પદને, **अदात्**-આપ્યું; **यत्**-જે ધ્રુવપદથી. **उपरि**-ઉપર, **अधस्तात्**-નીચે ફરનાર, **दिव्याः**-દિવ્ય, **मुनयः**-મુનિઓ, **स्तुवन्ति**-સ્તુતિ કરે છે-વર્ણવે છે. ૮.

અનુવાદ—રાજા ઉત્તાનપાદની હાજરીમાં ઉચ્ચારેલ અપર માતાનાં વાગ્બાણોથી વીંધાયેલ, બાળક હોવા છતાં તપશ્ચરણ માટે વન તરફ ચાલી નીકળ્યા. ત્યાં તપ કરતા બાળક ઉપર પ્રસન્ન થઇ ભગવાને ધ્રુવ-અચલ અવિનાશી પદ આપ્યું, જે ધ્રુવપદને ઉપર રહેલા દિવ્ય ઋષિઓ તેમજ નીચે રહેલા ઋષિઓ સ્તવે છે. ૮.

તત્ત્વસુધા—આ શ્લોકમાં શ્રી 'ધ્રુવ' અવતાર વર્ણવે છે. ધ્રુવજી '**नलिनायतेक्षणम्**' ભગવાનના સુદીર્ઘ નેત્રના અવતાર છે. તાત્પર્ય ધ્રુવજી ભગવાનની દીર્ઘદૃષ્ટિ છે. ભોગલિપ્સા સ્થૂલ દૃષ્ટિ છે, જડ દૃષ્ટિ છે, જ્યારે ભગવાનમાં દૃષ્ટિ, ત્યાગમાં દૃષ્ટિ, એ દીર્ઘદૃષ્ટિ છે. ભોગ તો નશ્વર છે, જ્યારે ત્યાગ તો ઈશ્વર છે. આવી ત્યાગ નિષ્ઠા બાલ્ય વયથી જ હોવી જોઈએ, જે ધ્રુવજીમાં હોવાથી 'આયતનેત્ર' દીર્ઘ દૃષ્ટિનો અવતાર બન્યા છે. વૈકુંઠમાં રહેલા ભગવાનના નેત્રની દીર્ઘતા જ્યોતિશ્ચક્ર છે. વનમાં રહી તપ કરતા ધ્રુવ ઉપર અમી નજર ભગવાનની છે, તેથી સુરક્ષિત રહ્યા છે. ધ્રુવજી અચલ નિશ્ચય, કોમલ હૃદય અને નિર્મલ નયન છે. અપર માતાના વાગ્બાણથી વિંધાણા, વિવેક કમાણા, એવા તે શાણા હતા. બાણના ઘા રૂઝાય, પણ વાગ્બાણના આઘાત ના રૂઝાય. તે વાત સમજાવવા **पत्रिभिः** પત્રી શબ્દ સુરુચિનાં વચનો માટે વાપર્યો છે.

अन्तिराज्ञः-ધ્રુવની બાબતમાં માતાના અપરાધ કરતાં પિતાની ઉપેક્ષાનો દોષ અસહ્ય છે. રાજાની હાજરીમાં એ બનાવ બન્યો; તેનો દોષ રાજાને શિરે જાય. ધ્રુવજીનું બળ પિતાજી હતા; તે જ જ્યારે અકળ ગયા, ત્યારે ધ્રુવજીમાં અમાપ દીનતા આવી. એજ દીનતાએ ભગવાન મેળવી આપ્યા. **वनानि** બહુ વચન વાપર્યું છે. જો એક વૃન્દાવનમાં ભગવાન નહિ મળે, તો અન્ય અનેક વનમાં જઈને પણ તપ કરી પ્રભુને મેળવીશ. એવો ધ્રુવજીનો અડગ નિશ્ચય છે. **गृणते**-તપનું ફળ રાજ્ય મળ્યું અને **गृणते** એટલે સ્તુતિ કરી તેનું ફળ ભગવાનની પ્રસન્નતા મળી. ધ્રુવે ભગવાનની સ્તુતિ કરી, તેના બદલામાં સદાય ઋષિઓ ધ્રુવજીની સ્તુતિ કરે છે. જે ભગવાનની સ્તુતિ કરે, તેની વિશ્વ સ્તુતિ કરે. ૮.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૮. પૃથુ અવતાર-

यद्वेनमुत्पथगतं द्विजवाक्यवज्रविप्लुष्टपौरुषभगं निरये पतन्तम् ।
त्रात्वार्थितो जगति पुत्रपदं च लेभे दुग्धा वसूनि वसुधा सकलानि येन ॥ ९ ॥

અન્વયાર્થ— **યદ્**-જ્યારે, **અર્થિતઃ**-ઋષિઓએ પ્રાર્થના કરી ત્યારે, **યેન**-જે પ્રભુએ, **ઉત્પથ-ગતમ્**-કુમાર્ગે વળેલા, **દ્વિજ-વાક્ય-વજ્ર-વિપ્લુષ્ટ-પૌરુષ-ભગમ્**-બ્રાહ્મણોના વાક્યરૂપી વજ્રથી નષ્ટ થયેલ પુરુષાર્થ તેમજ ભાગ્ય વાળા, **નિરયે**-નરકમાં, **પતન્તમ્**-પડતા, **વેનમ્**-વેન રાજાને, **ત્રાત્વા**-બચાવી લઈ **જગતિ**-જગતમાં, **પુત્રપદમ્**-પુત્રપદને, **લેભે**-પ્રાપ્ત કર્યું; **ચ**-અને પૃથુરૂપે, **વસુધા**-પૃથ્વીમાંથી, **સકલાનિ**-બધી, **વસ્તૂનિ**-વસ્તુઓ, **દુગ્ધા**-દોહી. ૯.

અનુવાદ—કુમાર્ગગામી વેન રાજા, જ્યારે બ્રાહ્મણોના વાક્ય રૂપી વજ્રથી પુરુષાર્થ તથા ઐશ્વર્ય વિહોણો બની નરકમાં પડવા લાગ્યો, તે સમયે ઋષિઓની પ્રાર્થનાથી ભગવાને એને બચાવી લીધો અને વિશ્વ કલ્યાણ માટે પૃથુ રાજાનો અવતાર લઈ પુત્ર રૂપે પ્રકટ થયા અને પૃથ્વીમાંથી સંપૂર્ણ પદાર્થોનું દોહન કર્યું. ૯.

તત્ત્વસુધા—આ શ્લોકમાં પૃથુરાજાનો અવતાર છે. પૃથુરાજા તે કદમ્બ 'किंजल्कपिशङ्गवाससम्' પદનો અવતાર છે. એ આખા વાક્યનો અર્થ થાય છે-પીતાંબર. પ્રભુના પીતાંબરે પૃથુ રૂપે અવતાર લીધો. પીતાંબર માટે પીતાંબર શબ્દ ન વાપરતાં 'કદમ્બ પુષ્પોના કેશરના જેવા પીળા વર્ણવાળા વસ્ત્રને ધારણ કરનાર' એવો અર્થ કરીને પીતાંબર શબ્દ કહ્યો. તેનું કારણ છે કે કદમ્બ પુષ્પો વર્ષા ઋતુમાં થાય છે. વૃષ્ટિ યજ્ઞથી થાય છે. યજ્ઞ વેદોથી સમજાય છે. જો વેદ ન હોય, તો યજ્ઞ ન થાય; યજ્ઞ ન હોય તો વૃષ્ટિ ન થાય; વૃષ્ટિ ન હોય તો પ્રજા દુઃખી થાય.

રાજા વેને વેદોનો વિરોધ કર્યો; યાગોનો નિષેધ કર્યો; દાન ત્યાગમાં અવરોધ ઉભો કર્યો. પ્રજા પીડા પામી ત્યારે ભગવાને 'પૃથુ' રૂપે અવતરી, વેદને સંભાળી તે દ્વારા હોમ, દાન, યજનનો આરંભ કરાવ્યો. તે કાર્ય કરવા વેદરૂપી પીતાંબર પૃથુ રાજાનો અવતાર લઈ પૃથ્વી ઉપર આવ્યું. માટે પીતાંબરને કદમ્બના કેશરની ઉપમા આપી.

દ્વિજવાક્યવજ્રવિપ્લુષ્ટ પૌરુષભગં-વિપ્રનાં વાક્યનો આદર કરે તો તે આશીર્વાદ રૂપ બને; અને જો અવહેલના કરે તો તે વાક્ય વજ્રરૂપ બને. પૌરુષ અને સૌભાગ્ય નામના બે સામર્થ્યોનો તે વજ્ર બની વિનાશ કરે છે. ૯.

૯. ઋષભાવતાર-

नाभेरसावृषभ आस सुदेविसूनुर्यो वै चचार समदृग् जडयोगचर्याम् ।
यत्पारमहंस्यमृषयः पदमामनन्ति स्वस्थः प्रशान्तकरणः परिमुक्तसङ्गः ॥ १० ॥

અન્વયાર્થ—**અસૌ**-આ ભગવાન, **નાભેઃ**-નાભિ રાજાથી, **સુદેવિ-સૂનુઃ**-સુદેવીના પુત્ર, **સમ-દૃગ્**-સર્વ ઉપર સમ દૃષ્ટિ, **પ્રશાન્ત-કરણઃ**-શાંત ઈન્દ્રિયવાળા-જિતેન્દ્રિય, **પરિમુક્ત-સંગઃ**-સર્વના સંગથી રહિત, **સ્વસ્થઃ**-પોતાના સ્વરૂપમાં સ્થિતિવાળા, **ઋષભઃ**-ઋષભ દેવ, **આસ**-થયા, **યઃ**-જે, **વૈ**-ખરેખર, **જડ-યોગ-ચર્યામ્**-જડના જેવી યોગ સમાધિને, **ચચાર**-આચરી ગયા, **ઋષયઃ**-ઋષિઓ, **યત્**-જે યોગ સમાધિને, **પારમહંસ્યમ્**-પરમ હંસોથી આચરી શકાય એવા 'પારમહંસ્ય', **પદમ્**-જ્ઞાન તરીકે, **આમનન્તિ**-માને છે. ૧૦.

અનુવાદ—હે નારદ, આ પરમેશ્વર, નાભિરાજાનાં પત્ની (મેરૂ દેવી) સુદેવીમાં ઋષભદેવ સ્વરૂપે પ્રકટ થયા, જે સમદૃષ્ટિવાળા, જિતેન્દ્રિય, સર્વસંગ રહિત, તેમજ બ્રાહ્મી સ્થિતિમાં મસ્ત હતા; જે જડ પુરુષના જેવી જડ સમાધિને આચરતા; જે યોગ સમાધિને ઋષિઓ પરમહંસોથી આચરાતા એવા પારમહંસ્ય જ્ઞાન રૂપે માને છે. ૧૦.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્ત્વસુધા—આ શ્લોકમાં 'ઋષભ' દેવનું નિરૂપણ છે. ભગવાનના અગ્રજ-મોટાભાઈનો તે અવતાર છે. ભગવાનના અંગદમાં લસન્મહારત્નહિરણ્મયાઙ્ગદમ્ ઉજ્જ્વલ અમૂલ્ય રત્નો હિરણ્યમાં મઢેલાં છે. તે અત્યંત શોભે છે. એ પ્રકારે હિરણ્ય જેવા તેજસ્વી શ્રીઋષભદેવના મુખારવિંદમાં પ્રગટેલાં ઉપદેશ વાકયો ઉજ્જ્વલ અમૂલ્ય રત્નો છે. પંચમ સ્કંધના ૪, ૫, ૬ એ ત્રણ અધ્યાયોમાં ઋષભ ચરિત્ર છે—લસન્ એટલે શોભવું; ઋષભ દેવની શોભા અલૌકિક હતી, તે ચોથા અધ્યાયમાં; મહારત્ન વાકયો મહારત્નો છે, તેનું કથન પાંચમા અધ્યાયમાં; હિરણ્મયત્વ એટલે બ્રહ્મભાવની પ્રાપ્તિ એ છઠ્ઠા અધ્યાયમાં છે. ૧૦.

૧૦. હયગ્રીવાવતાર-

सत्रे ममास भगवान् हयशीरषाथो[1] साक्षात् स यज्ञपुरुषस्तपनीयवर्णः ।
छन्दोमयो मखमयोऽखिलदेवतात्मा वाचो वभूवुरुशतीः श्वसतोऽस्य नस्तः ॥ ११ ॥

અન્વયાર્થ—અથ-બાદ, મમ-મારા, સત્રે-યજ્ઞમાં-બ્રહ્મસત્રમાં, સઃ-તે, સાક્ષાત્-સાક્ષાત્, ભગવાન્-ભગવાન, યજ્ઞ-પુરુષઃ-યજ્ઞપુરુષ, તપનીય-વર્ણઃ-સુવર્ણ સમાન વર્ણવાળા, છન્દોમયઃ-વેદ સ્વરૂપ, મખમયઃ-યજ્ઞ સ્વરૂપ, અખિલ-દેવતા-આત્મા-અખિલ દેવતા મય, હયશીરષા-હયગ્રીવ નામે અવતારે, આસ-પ્રકટ થયા, શ્વસતઃ-શ્વાસોચ્છ્વાસ લેતા, અસ્ય-હયગ્રીવના, નસ્તઃ-નાસિકાથી, ઉશતીઃ-કલ્યાણમયી-વેદરૂપી, વાચઃ-વાણી, વભૂવુઃ-ઉત્પન્ન થઈ. ૧૧.

અનુવાદ—પછી મારા યજ્ઞમાં સાક્ષાત્ યજ્ઞ પુરુષ ભગવાન, સુવર્ણ સમાન તેજસ્વી, વેદ મૂર્તિ, યજ્ઞ સ્વરૂપ, સર્વ દેવતાઓના આત્મરૂપ હયગ્રીવ રૂપે પ્રકટ થયા; શ્વાસોચ્છ્વાસ લેતા તે ભગવાનની નાસિકામાંથી સુંદર વેદવાણી પ્રકટ થઈ. ૧૧.

તત્ત્વસુધા—આ શ્લોકમાં 'હયગ્રીવ' અવતારનું નિરૂપણ છે. ભગવાનના સ્ફુરન્મહારત્ન કિરીટ કુણ્ડલમ્ પદનો અવતાર છે, એટલે ભગવાનનાં કુંડલ અને મુકુટ હયગ્રીવ રૂપે અવતર્યાં. હયગ્રીવ વેદોની અને યજ્ઞોની રક્ષા માટે અવતર્યા છે. કુંડલો સાંખ્ય અને યોગ સ્વરૂપ છે. કિરીટ ઉપનિષદ સ્વરૂપે છે. કિરીટ મસ્તક ઉપર રહે છે. જ્ઞાન સર્વ શાસ્ત્રોના મુકુટ રૂપે હોઈ મસ્તક ઉપર બિરાજે છે. ભગવાન હયગ્રીવ વેદમય, યજ્ઞમય, અને દેવમય એવાં ત્રણ રૂપે બન્યા. ૧૧.

૧૧. મત્સ્યાવતાર-

मत्स्यो युगान्तसमये मनुनोपलब्धः क्षोणीमयो निखिलजीवनिकायकेतः ।
विस्रंसितानुरुभये सलिले [2]मुखान्मे आदाय तत्र विजहार ह वेदमार्गान् ॥ १२ ॥

અન્વયાર્થ—યુગ-અન્ત-સમયે-યુગ પૂર્ણ થતાં, મનુના-સત્યવ્રત મનુ રાજાએ, મત્સ્યઃ-મત્સ્ય ભગવાન, ઉપલબ્ધઃ-અંજલિમાં મેળવ્યા, જે ક્ષોણીમયઃ-પૃથ્વી રૂપ બની, નિખિલ જીવ-નિકાય-કેતઃ-સમસ્ત જીવ સમૂહના આધારરૂપ થયા અને મે-મારા, મુખાત્-મુખમાંથી, વિસ્રંસિતાન્-સરકી પડેલા, વેદમાર્ગાન્-વેદ માર્ગોને, આદાય-લઈને, તત્ર-ત્યાં, ઉરુભયે-મહા ભયંકર એવા, સલિલે-પ્રલયકાલીન જળમાં, હ-ખરેખર, વિજહાર-ક્રીડા કરી-વિહાર કર્યો. ૧૨.

અનુવાદ—ચાક્ષુસ મન્વન્તરના અંતમાં સત્યવ્રત રાજાએ પ્રથમ અંજલિમાં મત્સ્યરૂપે ભગવાનને મેળવ્યા. ત્યાર બાદ તે પૃથ્વી સમાન બની, સર્વ જીવમાત્રના આશ્રય રૂપ મત્સ્યાવતારી

૧. પ્રા૦ પા૦-શીર્ષશીર્ષા । ૨. પ્રા૦ પા૦-મખાત્મા ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભગવાન થયા; જે પ્રભુએ મારા મુખમાંથી સરી પડેલા વેદોને લઇ લઈને મહા ભયંકર પ્રલય-કાળના જળમાં વિહાર કર્યો. ૧૨.

તત્ત્વસુધા—આ શ્લોકમાં 'શ્રી મત્સ્ય' અવતાર છે. શ્રીમત્સ્ય पादपल्लवम् ભગવાનના 'પાદ પલ્લવ'નો અવતાર છે. પ્રભુનો ચરણ કમલ અત્યંત કોમલ છે. મત્સ્ય જલમાં તરવારમાં કુશળ છે, તેમ ભગવાનનો પાદ પલ્લવ ભવજલધિથી પાર ઉતારવા માટે પૂર્ણ સમર્થ છે. જે કોઇ ભક્ત તેને પોતાના પ્રફુલ્લિત અને પ્રસન્ન હૃદય કમલમાં અત્યંત ભાવપૂર્વક સ્થાપે છે, તેને માટે નૌકા રૂપ બને છે. 'સત્યવ્રત' મનુ રાજાને મત્સ્ય અવતારથી તાર્યા. જેના જીવનમાં સત્યનું અવલંબન હશે, તેને જ ભગવાન તારશે. ઔષધિ બીજ, સપ્તર્ષિઓ અને સત્યવ્રત માટે 'મત્સ્ય' નૌકારૂપ બન્યા હતા. क्षोणीमयः-શ્રી મત્સ્ય ભગવાનને 'પૃથ્વીમય' કહ્યા છે, કારણ કે પ્રલયના જલમાં પૃથ્વીની આવશ્યકતા હતી. ભાવિના મન્વંતરમાં તેની આવશ્યકતા હતી. તેથી ભગવાનને પૃથ્વી રૂપ કહ્યા છે. તે મત્સ્ય ભગવાને વેદોની રક્ષા કરી એમ કહ્યું છે. હયગ્રીવ નામનો દૈત્ય વેદોને ગળી ગયો. વેદોને ગળી જવું એટલે વેદોની અને વેદ માર્ગની ઉપેક્ષા કરી. ભગવાને તેનો વિનાશ કરી પુનઃ વેદ માર્ગની પ્રતિષ્ઠા કરી. યજ્ઞોપયોગી વેદોનો ઉદ્ધાર શ્રી હયગ્રીવ ભગવાને કર્યો છે અને સર્વોપયોગી વેદોનો ઉદ્ધાર શ્રીમત્સ્ય પ્રભુએ કર્યો છે. વેદોના પાલક ભગવાનનું નામ હયગ્રીવ છે. તેમજ વેદોના વિરોધક દૈત્યનું નામ પણ હયગ્રીવ છે. એ વાત ધ્યાનમાં લેવાની છે. ૧૨.

૧૨. કૂર્માવતાર-

क्षीरोदधावमरदानवयूथपानामुन्मथ्नताममृतलब्धय आदिदेवः ।
पृष्ठेन कच्छपवपुर्विदधार गोत्रं [1]निद्राक्षणोऽद्रिपरिवर्तकषाणकण्डूः ॥ १३ ॥

અન્વયાર્થ—अमृत-लब्धये-અમૃતની પ્રાપ્તિ માટે, क्षीर-उदधौ-ક્ષીર સમુદ્રમાં, उत्-मथ्नताम्-મંથન કરી રહેલા એવા, अमर-दानव-यूथपानाम्-દેવો દાનવોના જૂથપતિઓના, आदिदेवः-આદિદેવ ભગવાન, कच्छप-वपुः કૂર્માવતાર રૂપ બની, पृष्ठेन-પીઠ ભાગથી, गोत्रम्-પર્વતને (મન્દરાચળને), विदधार-ધારણ કર્યો, ત્યારે अद्रि-परिवर्त-कषाण-कण्डूः-પર્વતના પરિભ્રમણથી દૂર થયેલ ચેળવાળા, निद्रा-क्षणः-નિદ્રાજન્ય આનંદનો અનુભવ કરતા હતા. ૧૩.

અનુવાદ—અમૃત મેળવવા ક્ષીર મહાસાગરમાં દેવો અને દાનવોના જૂથોએ જ્યારે સમુદ્રમંથન કરવા માંડ્યું, ત્યારે આદિ દેવ ભગવાને કૂર્મરૂપ બની પૃષ્ઠ ભાગથી મન્દરાચળને ધારણ કર્યો. તે સમયે મન્દરાચળના ઘર્ષણથી એમની પીઠ ઉપરની ચેળ દૂર થતાં ક્ષણિક નિદ્રાજન્ય સુખ અનુભવ્યું. ૧૩.

તત્ત્વસુધા—આ શ્લોકમાં શ્રીકૂર્મ અવતાર છે. ભગવાનના વક્ષસ્થલમાં રહેલા श्रीलक्ष्मण 'શ્રીવત્સ' ચિહ્નનો અવતાર છે. શ્રી એટલે લક્ષ્મીજી. लक्ष्मण એટલે પ્રાદુર્ભાવમાં જે સાગર મંથન સમયે કારણભૂત બન્યા છે તે કૂર્મ ભગવાન 'શ્રી વત્સ'નું ચિહ્ન મનાય છે. જો ભગવાન કૂર્મ બની પીઠ ઉપર 'મંદર'ને ધારણ ન કરે તો શ્રી લક્ષ્મીજીનું પાકટ્ય સાગરમાંથી ન સંભવી શકે. વક્ષ સ્થલમાં રહેલ શ્રી વત્સ ભૃગુ ઋષિના ચરણનું ચિહ્ન છે. વિપ્રના ચરણની પૂજાથી લક્ષ્મીજી પ્રાપ્ત થાય છે. ભગવાને પણ વિપ્રપાદ પૂજન કરી લક્ષ્મીજીને મેળવ્યાં છે. તે 'શ્રી વત્સ' લાંછન કૂર્મના આકારવાળું હોય છે, તેથી પણ કૂર્માવતાર સાથે સરખાવે છે. ભગવાન કૂર્મે અમૃત અને લક્ષ્મી આપ્યાં. જેટલું કાર્ય શ્રીકૂર્મનું તેટલું જ કાર્ય 'શ્રીવત્સ'નું છે. બ્રાહ્મણો જ્ઞાનામૃત

१. प्रा० पा०-निद्रे० ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આપે છે અને લક્ષ્મી આપે છે. મંદરનો સ્પર્શ થતાં લક્ષ્મી મળી, તેમ બ્રાહ્મણના ચરણ સ્પર્શથી લક્ષ્મી મળે. શ્રીકૂર્મ ઉપર મંદર મૂકી દેવ-અસુરોએ ધર્ષણ કર્યું, ત્યારે લક્ષ્મી અને અમૃત મળ્યાં, તેમ કૂર્મ રૂપ વેદોના અવલંબનને લઈ વાદી-પ્રતિવાદી રૂપે વિપ્રો શાસ્ત્રાર્થ રૂપી જ્ઞાન મંથન કરે ત્યારે તેમાં 'તત્ત્વરૂપ' અમૃત મળે છે. બ્રહ્મવિદ્યા લક્ષ્મી છે. કુર્મનાં દર્શન મંગલમય છે. 'સ્થિત પ્રજ્ઞા' તે કૂર્મ છે. સ્થિત પ્રજ્ઞામાં જે પ્રયત્ન રૂપી પર્વત મૂકાય તો તેમાં સફળતા મળે છે. સફળતા લક્ષ્મી છે. ધ્યેય પ્રાપ્તિ તે અમૃત છે.

ગોત્રમ્-આ સ્થાને પર્વતને ગોત્ર કહ્યો છે. **ગો** એટલે પૃથ્વીનું, **ત્ર** એટલે રક્ષણ કરનાર-પૃથ્વીનું રક્ષણ કરનાર મંદર પર્વત બન્યો છે, તેથી તેને ગોત્ર કહે છે. ભગવાનનું સામર્થ્ય દર્શાવે છે કે જ્યારે પીઠ ઉપર 'મંદર'ને ધારણ કર્યો અને મન્થન દ્વારા ઘર્ષણ શરૂ થયું ત્યારે જાણે ખંજવાળ આવતી હોય અને કોઈ ખંજવાળે તો મીઠું લાગે અને નિદર આવી જાય, તેમ ભગવાનને માટે તે મંથન નિદ્રાના ક્ષણ સમાન બન્યું. ૧૩.

૧૩. નૃસિંહાવતાર-त्रैविष्टपोरुभयहा स नृसिंहरूपं कृत्वा भ्रमद्भ्रुकुटिदंष्ट्राकरालवक्त्रम् ।
दैत्येन्द्रमाशु गदयाभिपतन्तमारादूरौ निपात्य विददार नखैः स्फुरन्तम् ॥ १४ ॥

અન્વયાર્થ—त्रैविष्टप-उरु-भयहा-દેવોના મોટા ભયને હણનાર, **सः**-તે ભગવાન, **भ्रमद्-भ्रुकुटि-दंष्ट्र-कराल-वक्त्रम्**-ફરકતી ભ્રુકુટિ તથા વિકરાળ દાઢોથી ભયંકર મુખવાળા, **नृसिंह-रूपम्**-નૃસિંહ સ્વરૂપને, **कृत्वा**-ધરીને, **गदया**-ગદાવડે, **स्फुरन्तम्**-પડ્યા ખેલતા, અને **आरात्**-સમીપે, **अभिपतन्तम्**-આવી પડતા, **दैत्येन्द्रम्**-હિરણ્યકશિપૂને **उरौ**-બન્ને સાથળ ઉપર, **निपात्य**-પાડીને, **आशु**-તત્કાળ, **नखैः**-નખોથી, **विद-दार**-ચીરી નાખ્યો. ૧૪.

અનુવાદ—દેવોના મહા ભયને હણનાર તે ભગવાન, ફરકતી ભ્રુકુટિ તથા વિકરાળ દાઢોથી ભયંકર મુખવાળા નૃસિંહ સ્વરૂપે પ્રકટ થયા અને હાથમાં ગદા લઈ ઘૂમતા અને પોતાના ઉપર તૂટી પડતા દૈત્યેન્દ્ર હિરણ્ય કશિપૂને સાથળ ઉપર નાખી તત્કાળ નખો વડે ચીરી નાખ્યો. ૧૪.

તત્ત્વસુધા—આ શ્લોકમાં 'શ્રીનૃસિંહ' અવતારનું કથન છે. ભગવાનના કંઠમાં રહેલા કૌસ્તુભ-કૌસ્તુભ મણિનો તે અવતાર છે. કૌસ્તુભ મણિ કંઠમાં રહે છે. જ્ઞાન અને ક્રિયાઇન્દ્રિયોને તે પ્રકાશે છે; તેમજ કૌસ્તુભના કિરણોથી અજ્ઞાન રૂપી દૈત્યોનો નાશ કરી જ્ઞાન રૂપી દેવોની રક્ષા કરે છે, જેમ ભગવાન નૃસિંહ બન્યા અને હિરણ્યકશિપુનો નાશ કર્યો, પ્રહ્લાદનો ઉદ્ધાર કર્યો. લોભ હિરણ્યકશિપુ છે. તેનો કૌસ્તુભ-વિવેકથી નાશ કરી, પ્રહ્લાદ જે સંતોષ છે તેની સમાજમાં પ્રતિષ્ઠા કરી. કૌસ્તુભ નૃસિંહ છે. કૌસ્તુભની કિરણાવલી તે નૃસિંહ ભગવાનની કેશવાળી છે. મૃત્યુ રૂપ હાથીને મારનાર કૌસ્તુભ રૂપ કેશરી છે. લોભ, પ્રમાદ અને મોહ મૃત્યુ છે, તેનો જ્ઞાનરૂપી સિંહથી જ નાશ થઇ શકે છે. કૌસ્તુભ મણિને તેથી જ જ્ઞાનમય માન્યો છે.

त्रैविष्टपोरुभयहा—'ત્રિવિષ્ટપ' સ્વર્ગનું નામ છે. ત્રૈવિષ્ટપ એ દેવોની સંજ્ઞા છે. પાતાલથી દેવલોક પર્યંત હિરણ્યકશિપુનું-લોભનું સામ્રાજ્ય સ્થપાયું. તેને મારવા માટે 'નરસિંહ' રૂપે અવતર્યા. વસતિમાં-ગામમાં રહેનારાઓના લોભને હણવા રૂપી હિત માટે અર્ધો નરનો આકાર લીધો અને વનમાં રહેનારા તપસ્વીઓના લોભને હણવા રૂપી હિત માટે અર્ધો આકાર સિંહનો લઇ નૃસિંહ થઇને પધાર્યા. **भ्रमद् भ्रुकुटि**-ભગવાનની ભ્રુકુટિમાં હિરણ્ય કશિપુનો કાળ બેઠો છે, તેથી ભ્રુકુટિ ચંચલ બની રહી છે. **दंष्ट्राकरालवक्त्रम्**-દાઢ પીસે છે તેથી મુખ ભયાનક લાગે છે. તેથી સંકેત કરે છે કે કોઇપણ ક્રૂર સત્તા કોમલ પ્રજાને, દીન જનને કે ભક્તને સતાવશે તો તેને પળવારમાં ચાવી જઇશ.

उरौ निपात्य-હિરણ્યકશિપુ ભગવાનનો જય નામનો પાર્ષદ હતો. તે શાપ પામીને આવ્યો હતો, તેથી ભગવાને તેને માટે દયા ભાવનો અંશ બતાવવા ખોળામાં લીધો છે. **'नखैर्विददार'**-નખ દ્વારા વક્ષસ્થલમાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ચાર્યો છે. કામ-લોભ કાળજામાં રહેલા છે. તેમાં લોભનું નખથી મારી નિવારણ કર્યું, પરંતુ નખથી મારેલ હોવાથી મુક્તિ ન થઈ. તે તો શ્રીરામ રૂપે કામનું નિવારણ કરી, શ્રીકૃષ્ણ રૂપે ક્રોધનું નિવારણ કરીને કરશે. ૧૪.

૧૪. હરિઅવતાર-**अन्तः सरस्युरुबलेन पदे गृहीतो ग्राहेण यूथपतिरम्बुजहस्त आर्तः ।**
आहेदमादिपुरुषाखिललोकनाथ तीर्थश्रवः श्रवणमङ्गलनामधेय ॥ १५ ॥
श्रुत्वा [1]हरिस्तमरणार्थिनमप्रमेयश्चक्रायुधः पतगराजभुजाधिरूढः ।
चक्रेण नक्रवदनं विनिपाटय तस्माद्धस्ते प्रगृह्य भगवान् कृपयोज्जहार ॥ १६ ॥

અન્વયાર્થ--**अन्तः-सरसि**-સરોવરની અંદર, **उरु-बलेन**-અત્યંત બળવાન એવા, **ग्राहेण**-મગરથી, **पदे**-પગમાં, **गृहीतः**-ગ્રહણ કરાયેલ, **आर्तः**-દુઃખી, **यूथपतिः**-ગજરાજ, **अम्बुज-हस्तः**-હાથમાં કમળ લઈ, **आदि पुरुष**-હે આદિ પુરુષ, **अखिल-लोकनाथ**-હે અખિલ લોકના નાથ, **तीर्थश्रवः**-હે પુણ્યકીર્તિ, **श्रवण-मङ्गल-नामधेय**-હે શ્રવણ મંગલ નામધેય, **इदम्**-આ પ્રમાણે, **आह**-બોલ્યો. ૧૫; **अप्रमेयः**-બુદ્ધિથી પર એવા અપ્રમેય બળવાળા, **भगवान्**-ભગવાન, **हरिः**-શ્રીહરિ, **श्रुत्वा**-ગજેન્દ્રના આર્તનાદને સાંભળી, **चक्र-आयुधः**-ચક્ર આયુધ ધરનારા, **पतगराज-भुज-अधिरूढः**-પક્ષીરાજ ગરુડજીની પાંખ ઉપર આરૂઢ થઈ, **चक्रेण**-સુદર્શન ચક્રથી, **नक्र-वदनम्**-મગરના મુખને, **विनिपाटय**-ચીરીને, **तस्मात्**-મગરની ચૂડમાંથી, **अरण-अर्थिनम्**-શરણાર્થી એવા, **तम्**-તે ગજેન્દ્રને, **हस्ते प्रगृह्य**-સૂંઢમાં પકડીને, **कृपया**-દયાથી, **उज्जहार**-ઉદ્ધાર કર્યો. ૧૬.

અનુવાદ--સરોવરની અંદર અત્યંત બળવાન મગરે હાથીનો પગ પકડી લીધો; ત્યારે દુઃખી બનેલા તે ગજરાજે હાથમાં કમળ લઈ, "હે આદિ પુરુષ પરમાત્મા, હે અખિલ લોકના નાથ, હે પુણ્ય કીર્તિ, હે શ્રવણ માત્રથી કલ્યાણકારક મંગલ નામવાળા", આ પ્રમાણે બોલ્યો. ૧૫. અપ્રમેય બળવાળા ષડૈશ્વર્ય સંપન્ન ભગવાન શ્રીહરિ, ગજેન્દ્રના આર્તનાદને સાંભળીને, હાથમાં સુદર્શન ચક્ર લઈને પક્ષીરાજ ગરુડજીની પાંખ ઉપર સ્વાર થઈ આવી પહોંચ્યા. ચક્રથી મગરનું મુખ ચીરી નાખી, તેમાંથી શરણ ઇચ્છતા ગજેન્દ્રની સૂંઢ પકડી દયાથી તેનો ઉદ્ધાર કર્યો. ૧૬.

તત્ત્વસુધા--આ બે શ્લોકોમાં "**શ્રીહરિ**" અવતાર છે. તે અવતાર ગજેન્દ્ર મોક્ષ માટે લીધો છે. ભગવાનની **वनमाल्याऽऽचितम्**-વનમાલાનો અવતાર છે. વનમાલા ભગવાનની કીર્તિ છે. ગજેન્દ્ર મોક્ષમાં ભગવાનની કીર્તિ છે. નિઃ સાધનનો ઉદ્ધાર કરવો એજ મોટી ઈજ્જત છે. ગજેન્દ્ર મોક્ષની સ્તુતિનો પાઠ કરીને ભક્તો પણ મૃત્યુને તરી મોક્ષને કરગત કરી શકશે. ભગવાનની વનમાલાની કાંતિ કદી કરમાતી નથી. તેથી **अम्लान लक्ष्म्या**-અમ્લાન લક્ષ્મી એવું વનમાલાને વિશેષણ આપ્યું છે. વનમાલાની માફક ભગવાનની કીર્તિમાલા નિત્ય નવીન ભાસે છે. તેનાં દર્શન ચરમ મંગલ છે, જે કોઈ પ્રાતઃકાલમાં શ્રીહરિની વનમાલાનાં દર્શન કરે, તેને લક્ષ્મી મળે. પ્રાતઃકાલે હરિનામ માલાનાં ગાન કરે, તેને મુક્તિ મળે. હરિલીલા માલાનાં પાન કરે તેને પ્રભુભક્તિ મળે અને ભવ વ્યાધિ ટળે.

સંસાર મહા સરોવર છે. તેમાં મુગ્ધ થઈ રહેતો જીવ ગજેન્દ્ર છે. ગ્રાહેણ-કાલધર્મ રૂપી મગરે તેને પદે પગમાં પકડ્યો છે. તેના પગમાં મમતાની જંજીર પડી છે, તેથી તે ભગવન્માર્ગથી વિમુખ છે. પરંતુ તેનામાં બે પ્રકારની યોગ્યતા આવી. એક તો **आर्तः** ભવપીડાની આર્તિ છે, તેથી તે ભગવત્પ્રાપ્તિ માટે આતુર બન્યો. બીજી

---

૧. પ્રા૦ પા૦- हरिः स्वम० ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

યોગ્યતા એ કે તે अम्बु-हस्तः હાથમાં કમલ લઈ સમર્પણ માટે આવ્યો, તેથી તે સન્મુખ બન્યો. કમલ જેવા ભગવાન કોમલ છે, તેથી શરણાગત વત્સલને શરણે આવ્યો છું, એવું 'કમલહસ્ત' બની સૂચવે છે. पत्रं पुष्पं फलं तोयं-ભગવાનની આજ્ઞા પ્રમાણે હું દીન. નિઃસાધન, કેવલ પુષ્પ લઈને આવ્યો છું, તો અંગીકાર કરો એવી વિનંતી માટે आह એટલે બોલ્યો, એમ સૂચવ્યું.

"सन्मुख होइ जीव मोहि जब हि । जन्म कोटि अघ नाशही तब ही ॥" જીવ જ્યારે સન્મુખ થાય છે, ત્યારે કોટિ જન્મનાં પાપ નાશ થાય છે. એ સંતનાં બતાવેલા 'સથવારે', પ્રભુ, આપને પનારે પડ્યો છું. તો હવે કલ્યાણને કિનારે લાવી મુકો. આપ ચાર પુરુષાર્થ સ્વરૂપ છો ને દાતા છો, તેથી ચાર સંબોધન કરું છું.

1 આદિ પુરુષ-આદિ તરીકે આપના વિના કોનો પ્રપન્ન બનું? આ સંબોધનથી 'ધર્મ' પુરુષાર્થ કહ્યો છે. વળી હે આદિ પુરુષ! હું પુરુષ જ હતો, પણ પાપ, પ્રમાદ અને સંત અપમાનથી ગજરાજ બન્યો છું; માટે આપ આદિ પુરુષ! મારી આદિ અવસ્થામાં મને મૂકો.

2 અખિલલોકનાથ-અનાથ છું, તો હવે હાથ પકડી સનાથ બનાવો. આપજ હાથ પકડવા સમર્થ છો. બીજા તો સામાન્ય અર્થ છે, પણ આપ 'સમર્થ' છો.

3 તીર્થશ્રવઃ-ભગવાને કહ્યું, "પાપોમાં ઓતપ્રોત છે, તો દયા કેમ કરી શકું?" ત્યારે કહ્યું કે "આપના યશરતીર્થમાં મને ડૂબાડીને પાપ સાગરમાંથી તારી લો. 'ડૂબવાથી તરાય', એવો ન્યાય આપના કીર્તિતીર્થમાં છે. આ સંબોધનમાં 'કામ' નામનો પુરુષાર્થ બતાવ્યો.

શ્રવણમઙ્ગલનામધેય-ભગવાને કહ્યું, "તારામાં તારવા જેવાં કોઈ સત્કર્મ નથી." ત્યારે કહ્યું, "આપના નામધેયનું શ્રવણ થતાં જ સકલ મંગલ કર્મ સિદ્ધ થશે, માટે આપ જ કૃપા કરો. 'ચક્રાયુધ' થઈ ભગવાને મોક્ષ આપ્યો. શૂંઢરૂપી હાથ પકડી બહાર કાઢ્યો અને ગજેન્દ્રને ચાર હાથ આપી ચાર પુરુષાર્થનાં દાન કર્યાં અને ચાર સંબોધનનું ફળ આપ્યું. ૧૫; ૧૬.

૧૫ વામનાવતાર-

ज्यायान् गुणैरवरजोऽप्यदितेः सुतानां लोकान् विचक्रम इमान् यदथाधियज्ञः ।
क्ष्मां वामनेन जगृहे त्रिपदच्छलेन याञ्चामृते पथि चरन् प्रभुभिर्न चाल्यः ॥ १७ ॥
नार्थो बलेरयमुरुक्रम पादशौचमापः शिखा धृतवतो विबुधाधिपत्यम् ।
यो वै प्रतिश्रुतमृते न चिकीर्षदन्यदात्मानमङ्ग शिरसा[1] हरयेऽभिमेने ॥ १८ ॥

અન્વયાર્થ—अदितेः-અદિતિના, **सुतानाम्**-પુત્રો પૈકી, **अवरजः**-છેલ્લા જન્મેલા-નાના હોવા છતાં, **अपि**-પણ, **गुणैः**-ગુણોથી, **ज्यायान्**-શ્રેષ્ઠ, **यत्**-જે ભગવાન, **अधियज्ञः**-આધિદૈવિક યજ્ઞ રૂપે છે; **अथ**-બાદ, **इमान्**-આ, **लोकान्**-લોકોને, **विचक्रमे**-પગલાથી માપી લીધાં, **वामनेन**-વામન સ્વરૂપ વડે, **त्रिपद-च्छलेन**-ત્રણ પગલાંના નિમિત્તથી, **क्ष्माम्**-પૃથ્વીને, **जगृहे**-લઈ લીધી, **पथि**-સન્માર્ગે, **चरन्**-ચાલનાર, **याञ्चाम्**-ઋને-યાચના વિના (અન્ય પ્રકારે), **प्रभुभिः**-સમર્થ પુરુષોથી પણ, **न चाल्यः**-હઠાવી ન શકાય. ૧૭.

उरुक्रम-पाद-शौचम्-आ-अपः-ઉરુક્રમ વામનજીના ચરણ પ્રક્ષાલનના જલને-ચરણામૃતને, **शिखा-धृतवतः**-મસ્તક ઉપર ધારણ કરનાર, **बलेः**-બલી રાજાનું, **विबुध-अधिपत्यम्**-દેવો ઉપર પ્રભુત્વ-ઇન્દ્ર પદ પ્રાપ્તિ, **अयम्**-એ કાંઈ, **अर्थः न**-મોટી વસ્તુ ન હતી અથવા પ્રયોજન ન હતું, **अंग**-નારદ, **यः**-જે બલી

१. प्रा० पा०-मनसा ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

રાજા, **प्रतिश्रुतम्**–ઋતે–કરેલી પ્રતિજ્ઞાના પાલન વિના, **अन्यत्**–બીજું કાંઇ, **न चिकीर्षत्**–કરવાને ન ચાહતા, બલિએ, **हरये**–શ્રી હરિ પ્રીત્યર્થ, **आत्मानम्**–પોતાના આત્માને, **शिरसा**–મસ્તકથી, **वै**–ખરેખર, **अभिमेने**–અર્પણ કર્યો–(હરિને સન્માન્યા). ૧૮.

અનુવાદ—અદિતિના પુત્રો પૈકી સર્વથી નાના છતાં ગુણોથી મોટા, જે યજ્ઞફળના ભોક્તા છે, એ પ્રભુએ વામન અવતાર ધરી 'ત્રણ ડગલાં ભૂમિ માગવાના' નિમિત્તે બે પગલાંમાં બધા લોકોને માપી લીધા. બળિ રાજાની ભૂમિ લઇ લીધી. ખરેખર, સમર્થ પુરુષો પણ સન્માર્ગે ચાલનારને માગણી વિના ચલિત કરી શકતા નથી. તેથી ભગવાન પણ યાચક બન્યા. ૧૭. વામન ભગવાનના પાદારવિંદના પ્રક્ષાલન કરેલા જળને મસ્તક ઉપર ધારણ કરનાર બલિ રાજાને ભગવાને સુતલનું રાજ્ય અને ભાવિમાં ઈન્દ્રપદ આપ્યું. એ કાંઇ બલિ રાજા માટે વિશેષ નથી. તેમ તેનો તે આશય પણ ન હતો. બલિ તો કેવલ પોતે કરેલી પ્રતિજ્ઞાને સત્ય કરવા ચાહતા હતા. એટલા જ માટે શ્રીહરિ પ્રીત્યર્થ મસ્તક નમાવી પોતાનું આત્મસમર્પણ કર્યું. ૧૮.

તત્ત્વસુધા—આ બે શ્લોકોમાં '**શ્રીવામન**' અવતારનું નિરૂપણ છે. શ્રીવામન પ્રભુ ભગવાનની મેખલાનો અવતાર છે. મેખલા જેમ પીતાંબરને બંધનમાં રાખે છે, તેમ વામન ભગવાને અસુરોને બાંધ્યા છે અને સુતલમાં મોકલ્યા છે. પીતાંબર કટિ ભાગથી નીચે રહે છે, તેમજ અસુરો પણ જઘન ભાગમાંથી જ જન્મ્યા છે, તેથી પીતાંબરનું અને અસુરોનું એકજ સ્થાન છે.

अदितेः सुतानां—શ્રીવામન ભગવાન અદિતિના ૧૨ પુત્રોમાં ઉપેન્દ્ર નામના નાના છે, પરંતુ ગુણોથી સર્વ શ્રેષ્ઠ છે. કેવલ પૃથ્વીને જ નહિ, પણ પોતાની ઉત્કૃષ્ટ કીર્તિથી અને ગુણોથી ત્રણે લોકને ભગવાને જીત્યા છે. 'અદિતિ' એ ભૂમિનું નામ છે. બલિષ્ઠ અસુરોથી અદિતિ–ભૂમિને અત્યંત પીડા થઈ, પરંતુ દૈત્યોને બલથી ન જીત્યા. બળથી થતો વિજય વારસામાં વૈર લાવે છે. પરંતુ પ્રભુએ ગુણથી જીત્યા. ભગવાને વામનરૂપે યાચના કરી. મહાન પુરુષ પણ જ્યારે યાચના માટે જાય, ત્યારે તેના ગૌરવનું કદ અને પદ નાનાં જ બને છે. વળી સન્માર્ગના યાત્રિકને યાચના વિના કોઇ જીવવાનો માર્ગ નથી. ગુરુ, વિપ્ર અને નીતિના ઉપાસકને કોઈ હરાવી ન શકે તેથી લખ્યું, **पथि चरन् प्रभुभिर्न चाल्यः** સત્પથ પથિકને અનેક પ્રભુઓ પણ ચલિત ન કરી શકે. **त्रिपदच्छलेन**–એક શંકા થાય. ભગવાને બલિને શા માટે છલથી ઠગ્યા ? તેનો ઉત્તર આપે છે કે આ ઠગાઇ ન હતી, પરંતુ ભગવાને પોતાની જ વસ્તુને પોતે જ યાચનાના બહાને માગી લીધી છે. બલિ આસક્ત હતા, તેથી આપત નહિ. ભગવાને તેની પાસેથી કુશળતાથી માગીને લીધું છે આ માગણી અલૌકિક છે. સેવક પાસે સ્વામી માગે છે, તે શ્રેષ્ઠ માગણી છે. એ માગણીથી તો સેવકને આનંદ થાય છે કે સ્વામીએ માગીને અનુગ્રહ કર્યો. સેવક સ્વામી પાસે માગે, તેમાં તો અવિશ્વાસ છે ને સ્વામી કૃપણ છે, એમ નક્કી થાય છે. સ્વામી વગર માગે જ આપે છે.

આ કાર્યમાં બલિ રાજાને અન્યાય નથી, પણ બલિ રાજાનો અંગીકાર છે. તેમજ દાનાસક્તિના અહંકારનો સમર્પણની રીતે સંસ્કાર છે. દાન ભાવનામાંથી બલિ રાજાને સમર્પણની ભાવનામાં લાવીને મૂકયા છે. બલિ રાજાએ 'દેહ, દ્રવ્ય અને દિલ' એ ત્રણે આત્માની સાથે ભગવાનના ચરણકમલમાં સમર્પ્યાં. એ જ બલિ રાજાની જીવન સિદ્ધિ હતી. ૧૭; ૧૮.

૧૬. હંસાવતાર–

तुभ्यं च नारद भृशं भगवान् विवृद्धभावेन साधु परितुष्ट उवाच योगम् ।
ज्ञानं च भागवतमात्मसतत्त्वदीपं यद्वासुदेवशरणा विदुरञ्जसैव ॥ १९ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—નારદ-નારદ ! ચ-અને, મૃશમ્-પુષ્કળ પ્રમાણમાં, વિવૃદ્ધ-ભાવેન-વધતા ભાવથી, પરિતુષ્ટઃ-સંતુષ્ટ થયેલા, હંસ રૂપરૂપ, ભગવાન્-પરમેશ્વરે, તુભ્યમ્-તમને, યોગમ્-ભક્તિ યોગ વિષયકજ્ઞાન, ચ-અને, આત્મ-સતત્ત્વ-દીપમ્-આત્મતત્ત્વને પ્રકાશિત કરનારું, ભાગવતં જ્ઞાનમ્-ભાગવત જ્ઞાન, સાધુ-સારી રીતે, ઉવાચ-કહ્યું, વાસુદેવ શરણાઃ-એવ-વાસુદેવના શરણાગત ભક્તજનો જ, અઞ્જસા-જલદીથી, યત્-જે જ્ઞાનને, વિદુઃ-જાણે છે. ૧૯.

અનુવાદ—નારદ ! તમારા વધતા, અતિશય ભક્તિ ભાવથી તમારા ઉપર સંતુષ્ટ થયેલા પ્રભુએ હંસ સ્વરૂપે તમને ભક્તિ યોગ સંબંધી જ્ઞાન તેમજ આત્મતત્ત્વનો પ્રકાશ કરનારા ભાગવત જ્ઞાનને ઘણી સારી રીતે કહ્યું, જે જ્ઞાનને વાસુદેવ ભગવાનનો અનન્ય આશ્રય કરનારા ભગવદ્ ભક્તો જ તત્કાળ જાણી શકે છે. ૧૯.

તત્ત્વસુધા—આ શ્લોકમાં 'હંસ' અવતારનું કથન છે; એમાં અનેક ભક્તોના અવતારના કથનનો સંકેત છે. નારદજીનો પણ આ અવતારમાં સમાવેશ છે. આ અવતારો ભગવાનની અંગૂલિઓની 'વીંટીઓ'માંથી થયા છે. અङ्गुलीयकैर्महाघनैः એ પદના આ અવતારો છે. 'વીંટીઓ' એવો બહુવચનનો પ્રયોગ કર્યો છે. ભગવાનના ચાર હાથની ચાર આંગળીઓ અને અંગૂઠો પાંચમો મળીને વીસ વીંટીઓ થાય. વળી ભગવાનના હાથ અનેક હોવાથી અસંખ્ય વીંટીઓ બને, માટે અસંખ્ય ભક્તો ભગવાનની આંગળીઓ અને વીંટીઓના અવતારો છે. શરીરમાં સર્વ અંગ કરતાં આંગળીઓ અધિક સેવા આપે છે, અધિક ઉપયોગી છે, તેમજ ભક્તો-સંતો સર્વ મનુષ્ય કરતાં અધિક સેવા આપનારા, પરોપકારી, સંતોષી અને ઉપયોગી છે. અંગૂષ્ઠના મૂલમાં ભક્તિ રહે છે. ભગવાનને અંગૂષ્ઠ માત્ર પુરુષરૂપે વર્ણવ્યા છે. બાકીની ચાર અંગૂલિઓ યોગ, જ્ઞાન, સેવા, શરીર જ્ઞાનનાં ચાર મૂલ માન્યાં છે. આ ચાર સાધનો દ્વારા ભક્તિ મળે છે, તેમ જ ભક્તિ દ્વારા તેજ વધે છે. શરીરના સર્વ ભાગોમાં કેવલ આંગળીઓ જ ન હોય તો સર્વ અંગો નિરર્થક છે. તે પ્રકારે જો ભક્ત-સંતો ન હોત તો વિશ્વ સર્વ શૂન્ય હોત.

'ભાગવતં જ્ઞાનમ્' એટલે નારદ પાંચરાત્ર જ્ઞાનનો નિર્દેશ કર્યો છે. એથી આ શ્લોકમાં નારદજીના અવતારનો વધુ સ્પષ્ટ ઉલ્લેખ સંભવે છે. એકાદશ સ્કંધમાં વર્ણવેલા હંસાવતાર અને આ હંસાવતાર જુદા છે. ૧૯.

૧૭. મનુઅવતાર-

चक्रं च दिक्ष्वविहतं दशसु स्वतेजो मन्वन्तरेषु मनुवंशधरो बिभर्ति ।
दुष्टेषु राजसु दमं व्यदधात्स्वकीर्तिं सत्ये त्रिपृष्ठ उशतीं प्रथयंश्चरित्रैः ॥ २० ॥

અન્વયાર્થ—મન્વન્તરેષુ-અનેક મન્વંતરોમાં, મનુ-વંશધરઃ-મનુવંશને ધારણ કરીને, દશસુ-દશ, દિક્ષુ-દિશાઓમાં, અવિહતમ્-અકુંઠિત, સ્વતેજઃ-પોતાની આજ્ઞા રૂપ, ચક્રમ્-ચક્રને, બિભર્તિ-ધારણ કરે છે, ચ-અને, ચરિત્રૈઃ-પોતાનાં ચરિત્રોથી, ઉશતીમ્-સુંદર, સ્વકીર્તિમ્-પોતાની કીર્તિને, ત્રિપૃષ્ઠે-ત્રૈલોક્યના પૃષ્ઠ ભાગ રૂપ, સત્યે-સત્ય લોકમાં, પ્રથયન્-વિસ્તારતા, દુષ્ટેષુ-દુષ્ટ, રાજસુ-રાજાઓ ઉપર, દમમ્-દંડ ને વ્યદધાત્-ધારણ કરતા હતા. ૨૦.

અનુવાદ—મન્વંતરોમાં મનુવંશને ધારણ કરીને પ્રભુ દશ દિશાઓમાં અખંડિત પ્રભાવવાળા, પોતાના તેજસ્વી આજ્ઞાચક્રને ધારણ કરે છે, તેમ જ જન, તપ, સત્યલોક સુધી પોતાના ચરિત્રોથી મંગલ કીર્તિને વિસ્તારતા, દુષ્ટ રાજાઓને દંડ પણ કરે છે. ૨૦.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્ત્વસુધા—આ શ્લોકમાં 'મનુઓનો' અવતાર વર્ણવે છે. મનુઓ ચૌદ છે. પ્રત્યેક મન્વંતરમાં જુદા જુદા મનુઓ જન્મે છે. મનુઓ ભગવાનના 'नूपुरकंकणादिभिर्विभूषितम्' નૂપુર કંકણ વગેરે આભૂષણોના અવતારો માન્યા છે. ૨ નૂપુર ૨ કંકણ, ૨ અંગદ, ૨ કુંડલ, કૌસ્તુભ, કિરીટ, નકવેશર, ચિબુક, વનમાલા અને મેખલા મળીને ચૌદ આભૂષણો થયાં. આભૂષણો જેમ શ્રીઅંગથી તેજસ્વી બને છે, તેજ રીતે મનુઓમાં ભગવાનના આજ્ઞાચક્રના સંચાલનનું તેજ આવે છે. મન્વંતરો વિશ્વની નૈતિક વિદ્યાપીઠો છે. લોક નિયમનમાં તેઓ અત્યંત નિપુણ છે. મન્વંતર દ્વારા ભગવાન ત્રણ કામ કરે છે-(૧) મનુવંશનું ધારણ. (૨) દુષ્ટ રાજાઓને શાસન અને (૩) પોતાનાં ઉજ્જ્વલ ચરિત્રો દ્વારા પ્રજાના ચિત્તમાં ભક્તિનું સ્થાપન. પ્રજા તેથી નિર્ભય રહે છે. यन्मनुरत्र दत् तत् भेषजम्. મનુરાજા જે ઉપદેશે છે, તે સમાજના મનોગત લોભ, રાગ, દ્વેષ રોગોને માટે ઔષધ સમાન છે. ૨૦

૧૮. ધન્વન્તરિ-

धन्वन्तरिश्च भगवान्स्वयमेव कीर्तिर्नाम्ना नृणां पुरुरुजां[1] रुज आशु हन्ति ।
यज्ञे च भागममृतायुरवापरुद्धमायुश्च[2] वेदमनुशास्त्यवतीर्य लोके ॥ २१ ॥

અન્વયાર્થ—स्वयमेव-પોતેજ, कीर्तिः-કીર્તિરૂપ, भगवान्-ભગવાન धन्वन्तरिः-ધન્વન્તરિ રૂપે પ્રકટ થઈ, पुरु-रुजाम्-ભયંકર રોગવાળા, नृणाम्-મનુષ્યોના, रुजः-રોગોને, नाम्ना-નામ લેવા માત્રથી, आशु-તત્કાળ, हन्ति-હણે છે-દૂર કરે છે, च-અને, यज्ञे-યજ્ઞમાં, रुद्धम्-બંધ કરેલા, भागम्-ભાગને, अवाप-મેળવ્યો, च-અને, लोके-મૃત્યુલોકમાં, अवतीर्य-અવતાર લઈ, अमृत-आयुः-અમૃત રૂપ આયુષ્યવાળા ભગવાન, आयुः-वेदम्-આયુર્વેદને, अनुशास्ति-ઉપદેશે છે. ૨૧.

અનુવાદ—મહારોગી લોકોના રોગોને નામ લેવા માત્રથી રોગમુક્ત કરે છે, એવી કીર્તિને ધરાવનાર ભગવાન પોતે જ ધન્વંતરિ રૂપે પ્રકટ થયા. વળી પૂર્વમાં યજ્ઞમાં અટકાવેલા ભાગને પણ મેળવ્યો; તેમજ અમૃત રૂપ આયુષ્યને ધરાવતા ધન્વંતરિ અવતાર રૂપે આયુર્વેદ શાસ્ત્રનો લોકમાં ઉપદેશ કરે છે. ૨૧.

તત્ત્વસુધા—આ શ્લોકમાં 'શ્રી ધન્વન્તરિ'નો અવતાર વર્ણવ્યો છે. વિશ્વનું આરોગ્ય, આયુષ્ય, શરીર સૌષ્ઠવ અને સૌન્દર્ય સંપાદન એ ધન્વંતરિ અવતારનું કાર્ય છે. ધન્વંતરિજી ભગવાનના स्निग्धामलैः कुन्तलैः સુંવાળા અને નિર્મલ કેશોનો અવતાર છે. જેટલી મન અને મસ્તકની તંદુરસ્તી એટલીજ કેશની કુમાશ, સુંદરતા સ્નિગ્ધતા અને નિર્મલતા. કેશસૌન્દર્ય એ પ્રસન્નચિત્ત અને પ્રસન્ન મસ્તકના પુરાવાની પારાશીશી છે. 'ધન્વંતરિ'એ અમૃત આપ્યું અને આયુર્વેદ આપ્યો. દેવો લુખ્ખા હતા; તેમને અમૃત આપી સ્નેહાળ બનાવ્યા. માનવો રોગી હતા; તેમને આયુર્વેદ આપી નિરોગી બનાવ્યા. ધન્વંતરિ નામનો ઉચ્ચાર કરવાથી રોગ મટે છે એવો ધન્વન્તરિના નામનો અપાર મહિમા છે. પાંડવ ગીતામાં ધન્વન્તરિજીએ સ્વયં શ્રી મુખે કહ્યું કે-

अच्युतानन्त गोविन्द नामोच्चारणभेषजात् ।
नश्यन्ति सकला रोगाः सत्यं सत्यं वदाम्यहम् ॥

અચ્યુત, અનંત આદિ નામોચ્ચારથી રોગ મટે છે. તેમજ ભવરોગ મટે છે. आरोग्ये धर्मसिद्धिः स्यात् रक्षा च धनुषो भवेत् । શરીર નરવું હોય તો ધર્મસિદ્ધિ થાય અને ધનુર્વિદ્યા હોય તો દેશ રક્ષા થાય.

---

१. प्रा० पा०-पुरुभुजाम् । २. प्रा० पा०-अवावरुन्धमायुश्च ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મણિ, મંત્ર અને ઔષધિ એ ત્રણ રોગ નિવારણનાં સાધનો છે. ધન્વન્તરિએ એ ત્રણે બતાવ્યાં છે. આયુર્વેદ રચ્યો અને સાથે બીજા ગ્રન્થો પણ રચ્યા છે.

પુરુષજાં ની જગાએ પુરુષજા એવો પાઠ છે. પુણ્યફળ ભોગો ભોગવે, તેનેજ પુણ્યફળ રોગો થાય. આરોગ્ય વિના ઈશ્વર મળશેજ નહિ. શરીર એ ઈશ્વરનું મંદિર છે, તેની પવિત્રતા અને નીરોગિતા થતાંજ તે મંદિર બને. તેને નીરોગી અને પવિત્ર બનાવવાનું દિવ્ય કાર્ય ધન્વન્તરિ ભગવાન કરે છે, તેથી તેમણે યજ્ઞમાં ભાગ મેળવ્યો હતો. ધન્વન્તરિના અવતાર કથનમાં 'અમૃત' શબ્દનો જે ઉલ્લેખ છે તેથી ગયેલું અમૃત શ્રી મોહિનીરૂપે લાવ્યા છે, તે અવતારોનો પણ સંગ્રહ અમૃતાયુઃ અમૃત શબ્દથી થઈ જાય છે. તેથી ધન્વન્તરિનાં બે રૂપો ગણાશે. ૨૧.

૧૯. પરશુરામ –

क्षत्रं क्षयाय विधिनोपभृतं महात्मा ब्रह्मध्रुगुज्झितपथं नरकार्तिलिप्सु ।
[1]उद्धन्त्यसाववनिकण्टकमुग्रवीर्यस्त्रिः—सप्तकृत्व उरुधारपरश्वधेन ॥ २२ ॥

અન્વયાર્થ—उग्र-वीर्यः-અત્યંત ઉગ્ર-પરાક્રમી, महात्मा-ઉદાર મન વાળા, असौ-આ પરશુરામ, उज्झित-पथम्-સન્માર્ગને ત્યજી દેનાર, ब्रह्म-ध्रुक्-બ્રાહ્મણોનો દ્રોહ કરનાર, नरक-आर्ति-लिप्सु-નરક ભોગની પીડા મેળવવા ઇચ્છનારા, अवनि-कण्टकम्-પૃથ્વીના કંટક રૂપ, विधिना-દૈવે, क्षयाय-વિનાશ માટે, उपभृतम्-કલ્પેલા, क्षत्रम्-ક્ષત્રિય કુળને, उरु-धार-परश्वधेन-તીક્ષ્ણ ધારવાળી પરશુથી, त्रिः-सप्त-कृत्वः-એકવીશ વખત, उद्धन्ति-મૂળથી ઉખેડી નાખે છે. ૨૨.

અનુવાદ—જ્યારે ક્ષત્રિયો સન્માર્ગનો ત્યાગ કરી બ્રાહ્મદ્વેષ કરવા લાગ્યા, ત્યારે નરકની પીડાને ઇચ્છનારા, પૃથ્વી ઉપર કંટકરૂપ, દૈવે વિનાશ માટે કલ્પેલા, એવા ક્ષત્રિય કુળને, ઉગ્ર પરાક્રમી, ઉદાર મનવાળા પ્રભુએ, પરશુરામ રૂપે અવતાર લઈ, તીક્ષ્ણ ધારદાર પરશુથી એકવીશ વખત સમૂળ ઉખેડી નાખ્યું. ૨૨.

તત્ત્વસુધા—આ શ્લોકમાં શ્રી 'પરશુરામ'નો અવતાર છે. ભગવાનના कुञ्चितनीलकुन्तलैः કાળા વાંકા કેશ તે પરશુરામરૂપે અવતર્યા છે. ક્ષત્રિયોમાં જે કુટિલતા, વ્યસનિતા અને દુઃશીલતા આવ્યાં હતાં, તેને દૂર કરવા નીલ અને કુંચિત-વાંકા કેશરૂપે ભગવાન અવતર્યા છે. પરશુરામને મહાત્મા કહ્યા છે, તેથી તેમણે ક્ષત્રિયોનો વધ કર્યો છતાં તેમાં 'ક્રૂરતા' નથી એમ પૂરવાર કર્યું. સડી ગયેલા શરીરના અંગને કાપી નાખતા ડૉક્ટરને કોઈ ક્રૂર, કહીર નથી કહેતું, તેમ પરશુરામે ઉદ્દંડ રાજારૂપી થયેલાં પૃથ્વી માતાના દેહ ઉપરના ગૂમડાંને ચીરવામાં પુણ્ય કર્યું છે, તેથી મહાત્મા કહ્યા છે. સત્તામાં ચાર અવગુણો હોય છે. 'ब्रह्मध्रुग्' વેદ–બ્રાહ્મણનો દ્રોહ, 'उज्झित पथम्' ઉન્માર્ગ ગમન, नरकार्तिलिप्सु-વૈભવ વિલાસ લાલચ, अवनि कंटक-પ્રજાના ઉદય પથમાં કંટકરૂપ-આ ચાર દોષો ચાલ્યા જાય.

त्रिः सप्तकृत्व-સાત સાત યુદ્ધ ત્રણ વખત લઢ્યાં છે. એ રીતે એકવીશ યુદ્ધ થયાં છે. પ્રથમ સાત વાર લઢ્યા અને ક્ષત્રિયો નષ્ટ થયા. પછી બ્રાહ્મણો સાથે સંબંધ બાંધી જન્મ્યા ત્યારે પણ ઉદ્દંડતા ન ગઈ, તેથી બીજી વાર અને ત્રીજી વાર યુદ્ધ કર્યાં હતાં. ૨૨

૨૦. ભગવાન શ્રીરામ –

अस्मत्प्रसादसुमुखः कलया कलेशः इक्ष्वाकुवंश अवतीर्य गुरोर्निदेशे ।
तिष्ठन् वनं सदयितानुज आविवेश यस्मिन् विरुध्य दशकन्धर आर्तिमार्च्छत् ॥ २३ ॥

१. પ્રા૦ પા૦–उद्यन्नसाव० ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—અસ્મત્-પ્રસાદ-સુમુખઃ-અમારી ઉપર કૃપા કરવા માટે તત્પર, **કલા-ઈશઃ**-કલાપતિ "શ્રીરામ", **ઇક્ષ્વાકુ-વંશે**-ઇક્ષ્વાકુ રાજાના વંશમાં, **કલયા**-કલાઓ સાથે, **અવતીર્ય**-અવતાર લઈને, **ગુરોઃ**-પિતાજીની, **નિદેશે**-આજ્ઞામાં, **તિષ્ઠન્**-રહેતા, **સ-દયિતા-અનુજઃ**-શ્રી જાનકીજી અને લક્ષ્મણજીની સાથે, **વનમ્**-વનમાં, **આ-વિવેશ**-પધાર્યા-ગયા; **યસ્મિન્**-જે શ્રીરામચંદ્રજીમાં, **વિરુધ્ય**-વિરોધ કરીને, **દશ-કન્ધરઃ**-દશ મસ્તક વાળો-રાવણ, **આર્તિમ્**-વિનાશને, **આ-ઋચ્છત્**-પામ્યો. ૨૩.

અનુવાદ—આપણા ઉપર અનુગ્રહ કરવા માટે આતુર, સર્વ કલાઓના સ્વામી શ્રીરામ ભગવાન કલાઓ સાથે ઇક્ષ્વાકુ કુલમાં અવતર્યા, પિતાજીની આજ્ઞામાં રહ્યા, શ્રીજાનકીજી અને લક્ષ્મણજીની સાથે વનમાં સીધાવ્યા; એવા શ્રીરઘુનાથજીમાં વિરોધ કરીને દશ મસ્તક રાવણ વિનાશ પામ્યો. ૨૩.

તત્ત્વસુધા—આ શ્લોકમાં 'શ્રીરઘુનાથજી'ના પ્રાકટ્યનું વર્ણન છે. 'હાસ્યપેશલ' કોમલ હાસ્યનું સ્વરૂપ શ્રી રઘુનાથજી છે. શ્રી રઘુનાથજીની લીલાનું વર્ણન ત્રણ શ્લોકમાં કરે છે. સાત્વિકાદિ ત્રણ પ્રકારના ભેદને લીધે ત્રણ શ્લોકમાં વર્ણન કર્યું છે. હાસ્ય ત્રણ પ્રકારે થાય. (૧) ઈતર ગર્વનાશક, (૨) અન્યને મોહ ઉત્પાદક (૩) કૃપા વર્ષક—એવા ત્રણ પ્રકારે હાસ્ય કરે છે. **અસ્મત્ પ્રસાદ સુમુખઃ** પદથી વર્ણવાતું હાસ્ય ભક્તવૃન્દ ઉપર કૃપાવૃષ્ટિ કરે છે. આ પ્રકરણના વક્તા બ્રહ્માજી છે અને શ્રોતા નારદજી છે, એ દૃષ્ટિએ 'અસ્મત્' સર્વ નામનો અર્થ તો બ્રહ્માજી ઉપર અનુગ્રહ કરવાજ ભગવાન રઘુનાથ અવતર્યા છે એવો થાય; પરંતુ અસ્મત્નો અર્થ એમ પણ થાય છે કે 'જે કોઇ બ્રહ્માજીની માફક ભગવાનની આજ્ઞાનું પાલન કરવા તત્પર છે, તે સર્વના ઉપર કૃપા કરવા રઘુનાથજી કલા સાથે અવતર્યા છે. **કલયા** એટલે લક્ષ્મીજી, શ્રી સીતાજી, લીલા, કાંતિ એવા ચાર અર્થ કરવા. **કલેશઃ** કલાઓના સ્વામી 'કલેશ' વિશ્વનો કલેશ દૂર કરવા પધાર્યા. 'કલા' શબ્દનો અર્થ આ શબ્દમાં ઋષિઓ, દેવો વગેરે કરવો. તેઓ દુઃખી થયા ત્યારે તેમના સ્વામી હોવાથી પધાર્યા છે. બીજો અર્થ એ પણ છે કે સંકર્ષણ, પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ એ કલાઓ સાથે કલેશ વાસુદેવ અવતર્યા.

ઇક્ષ્વાકુવંશ-ભગવાનનું અવતરણ પરમ ભક્તને ત્યાંજ સંભવે. ઉત્તમ કુલમાં જન્મ લેવાય, પરંતુ ઉત્તમ શીલ ગુણથી કુલની ઉત્તમતા વધારાય, એજ જીવનની સર્વોત્તમતા; એવો વિશ્વને સંદેશો આપવાજ ભગવાન **ગુરોઃ નિદેશે તિષ્ઠન્** વડીલની આજ્ઞામાં રહી વનમાં સીધાવ્યા, એવો ઉલ્લેખ કર્યો. 'ગુરુ' શબ્દ પિતાનો વાચક છે, તો પણ વડીલ કે પૂજ્ય વર્ગ એવો અર્થ કરી લેવાય. **સદયિતાનુજ આવિવેશ** શ્રી જાનકીજી અને લક્ષ્મણજી સાથે વનમાં પધાર્યા. જાનકીનો વાચક શબ્દ દયિતા વાપર્યો છે. દયાની અપાર સરિતા હોય તેને દયિતા કહેવાય. દુષ્ટ રાવણ છે, તેનો વધ કરશે તો પણ તેના મોક્ષ માટે સ્વયં રઘુનાથ, નિજ મંગલ હાથથી બાણ મારી, મંગલ દર્શન આપી મોક્ષ કરશે. ઇન્દ્રજીતનો વધ કરવા લક્ષ્મણજીને સાથે લીધા. દશકન્ધર-નીતિ ચૂકનાર દશ માથાની તાકાત ધરાવતો હોય, તોપણ તેનો ઉચ્છેદ કરવા માટે એક માથું, બે હાથ માત્ર પુરતાં છે. રાવણ દશ માથા વાળો હતો, પણ એક માથાના રામજીના હાથે મર્યો. ૨૩.

યસ્મા અદાદુદધિરૂઢભયાઙ્ગવેપો માર્ગં સપદ્યરિપુરં હરવદ્ દિધક્ષોઃ ।
દૂરે સુહૃન્મથિતરોષસુશોણદૃષ્ટ્યા તાતપ્યમાનમકરોરગનક્ર-ચક્રઃ ॥ ૨૪ ॥

અન્વયાર્થ—દૂરે-સુહૃદ્-મથિત-રોષ-સુશોણ-દૃષ્ટ્યા-દૂર લંકામાં રહેલાં પ્રિય સીતાજીના વિયોગના ક્ષોભથી થયેલ ક્રોધને લીધે લાલચોળ બનેલી શ્રીરામની દૃષ્ટિથી, **તાતપ્યમાન-મકર-ઉરગ-નક્ર-ચક્રઃ**-તપી ઉઠેલાં માછલાં-સર્પ-મગર-કરચલાં વગેરે જલચર પ્રાણીવાળો, **ઊઢ-ભય-અઙ્ગ-વેપઃ**-વધી ગયેલા ભયથી અંગે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

થરથર ધ્રુજતો, **उदधिः**-મહાસાગર, **हरवत्**-ભગવાન શંકરની માફક, **अरि-पुरम्**-દુશ્મનના નગરને, **सपदि**-અત્યંત જલદીથી, **दिधक्षोः**-બાળી નાખવાને ચાહતા, **यस्मै**-શ્રીરઘુનાથજીને, **मार्गम्**-માર્ગ, **अदात्**-આપતો હતો. ૨૪.

અનુવાદ--દૂરદૂર લંકામાં રહેલાં પ્રિય શ્રીસીતાજીના વિરહની અકળામણને લીધે અત્યંત ક્રોધે ભરાયેલા શ્રીરઘુનાથજીની લાલચોળ દૃષ્ટિથી તપી ઉઠેલાં મહાસાગરનાં મત્સ્ય, સર્પ, મગર, કરચલાં વગેરે જલચર જંતુઓ વાળો, તેમજ 'મને પણ બાળી નાખશે' એવા વધી પડેલા ભયથી થરથર અંગે ધ્રુજતો મહાસાગર શરણે આવ્યો અને ત્રિપુર શત્રુના નગરને બાળી નાખવા ચાહતા ભગવાન શંકરની માફક લંકાને બાળી નાખવા ચાહતા શ્રીરઘુનાથજીને માર્ગ આપ્યો. ૨૪.

તત્ત્વસુધા—આ શ્લોકમાં સાગર શ્રી રઘુનાથજીના શરણે આવે છે અને ભગવાનને ભયથી માર્ગ આપે છે. સમુદ્રની સમજ એવી હતી કે જે સાગર આપના પૂર્વજ સગર કુમારોએ રચ્યો છે, તેનો પાર ઉતાર ભવપાર ઉતારનાર કિરતાર જો ન જાણે તો પછી તે લંકેશને તો કેમ મારી જાણે ?

ભગવાનની ભાવના હતી કે મારા વડીલોની કીર્તિરૂપ સાગર છે, તેને કેમ સુકવાય ? તેના ઉપરવટ થઇ કેમ જવાય ? આ બાબતનો મર્યાદાના પાલકને ક્ષોભ હતો. આંકી તેને સુકવવા માટે એક નેત્ર કિરણ પૂરતું હતું. આખરે પ્રભુએ ધનુષ્ય હાથમાં ઉઠાવ્યું. સાગર શરણાગત બન્યો. થરથર સાગર પતિ ધ્રુજી ઉઠ્યો અને રઘુપતિને માર્ગ આપ્યો. 'ભય વિના પ્રીત નહિ,' એ સૂત્ર સાચું પડ્યું.

રાવણ વધ તો સામાન્ય કાર્ય હતું; પરંતુ તેની વાસનાનાં બીજ અને ઉચ્છૃંખલ બળો પણ લંકામાં અસંખ્ય હતાં, જે વિશ્વ માટે કલંક હતાં. તેથી ભગવાન લંકાપુરને બાળવાના નિર્ણય ઉપર આવ્યા.

દૂરે સુહૃદ્-ભરત, શત્રુઘ્ન, કૌશલ્યાદિ સ્વજનો દૂર અયોધ્યામાં હતાં અને શ્રીકિશોરીજી લંકામાં દૂર હતાં. આવા દ્વિગુણીત વિરહથી રોષાગ્નિ ભભૂકી ઉઠ્યો હતો. પ્રભુનાં નેત્ર રાતાંપીળાં થઈ રહ્યાં હતાં. તેથી સાગરનાં શીતલ જળ ઉકળી ઉઠ્યાં અને જલચર પ્રાણી કકળી ઉઠ્યાં, ત્યારે સાગર શરણે આવ્યો. 'મોટા માણસ બધી રીતે માર ખાય ત્યારે તેને સાર સમજાય.' ૨૪.

वक्षः स्थलस्पर्शरुग्ण[1]महेन्द्रवाहदन्तैर्विडम्बि[2]तककुब्जुष ऊढहासम् ।
सद्योऽसुभिः सह विनेष्यति दारहर्तुर्विस्फूर्जितैर्धनुष उच्चरतोऽधिसैन्ये ॥ २५ ॥

અન્વયાર્થ—**वक्षः स्थल-स्पर्श-रुग्ण-महेन्द्र-वाह-दन्तैः**-રાવણની (વજ્ર જેવી) છાતીમાં અથડાવાથી ટૂકડા થઈ ગયેલા ઇન્દ્રના ઐરાવત હાથીના દાંતની કરચો વડે, **विडम्बित-ककुप्-जुषः**-ઘોળી થયેલી દિશાઓને સેવનારા, **अधि-सैन्ये**-બન્ને સૈન્યની મધ્યમાં, **उच्चरतः**-નિર્ભય બની વિચરનારા, **दारहर्तुः**-જનકજીનું અપહરણ કરનારા, રાવણના, **ऊढ-हासम्**-વધી પડેલા વિજય ગર્વહાસને, **धनुषः**-ધનુષ્યના, **विस्फूर्जितैः**-ટંકારવ દ્વારા, **असुभिः सह**-પ્રાણોની સાથે, **विनेष्यति**-નાશ કરશે. ૨૫.

અનુવાદ—રાવણની છાતીમાં અથડાવાથી ઇન્દ્રરાજાના ઐરાવત હાથીના દાંતો તૂટી પડ્યા હતા. અને તે તૂટી પડેલા હાથી દાંતોની કરચોથી જાણે ચારે દિશાઓ શ્વેત કરી મૂકી હતી; એવી દિશાઓ ઉપર અધિકાર ધરાવતા, તેમજ બન્ને સૈન્યમાં નિર્ભય બનીને વિચરતા અને

૧. પ્રા૦ પા૦-भग्नमहे० । ૨. પ્રા૦ પા૦-विलम्बित० । ૩. પ્રા૦ પા૦-जयरूढ ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રીજાનકીજીનું અપહરણ કરનારા રાવણના વધી પડેલા વિજય ગર્વના હાસ્યને, શ્રીરઘુનાથજી ધનુષ્યના ટંકારવ દ્વારા તેના પ્રાણો સાથે નષ્ટ કરી નાખશે. ૨૫.

તત્ત્વસુધા—આ શ્લોકમાં રઘુવરની તામસ ચરિત્ર લીલા છે. બળને પચાવે તે વીર. બળને બતાવે તે શૂર, શત્રુને પરાજિત કરે, વિજિત બને, પણ વીરતાનો ગર્વ કરતાં લજ્જિત બને તેજ સાચો વીર. રાવણે દિગ્વિજય કર્યો. ઐરાવત હાથીને લઈને ઇન્દ્રરાજા તેને ભીડયો. રાવણની છાતીમાં ઐરાવતના હાથીદાંત અડકયા-ભીડાયા અને ભાગીને ભૂક્કો થયા. તેનો લોટ-વિજય યશ ચારે દિશામાં ઉડયો. જાણે તેનાજીજ આ દિશાઓનો શ્વેત વર્ણ લાગે છે, એમ રાવણને નશો ચઢયો ને દેખાવા લાગ્યું. વળી હાથીદાંતનો ચૂરો થતાં રાવણ અટ્ટ હાસ્યે હસ્યો. તેની દંતપંકિત કિરણમાલાથી પણ જાણે શ્વેતિમા સર્વત્ર છવાઈ છે, એવો અદ્ભુત નશો ચઢયો. નશાબાજને બે આંખો હોય તો પણ પ્રકાશ જોઈ ચક્ર બની જાય છે, તો આ તો વીશ આંખો, પછી તો અંધારાંજ આવેને! ભગવાને એને અક્ષણ, આંખ અને શાન આપ્યાં; એ માટે ભગવાનને ધનુષ્યના બાણનો પ્રયોગ ન કરવો પડયો, પંતુ ટંકારવે સર્વ કામ સર્યું અને રાવણ પંખીહું મર્યું ૨૫.

भूमेः सुरेतरबलरूथविमर्दितायाः क्लेशव्ययाय कलया सितकृष्णकेशः ।
जातः करिष्यति जनानुपलक्ष्यमार्गः कर्माणि चात्ममहिमोपनिबन्धनानि ॥ २६ ॥

અન્વયાર્થ—**सुर-इतर-बलरूथ-विमर्दितायाः**-અસુરોની સેનાથી પીડા પામેલી, **भूमेः**-ભૂમિ માતાના, **क्लेश-व्ययाय**-કલેશને હરવા માટે, **सित-कृष्ण-केशः**-'सित कृष्णकेश' એવું નામ ધારણ કરનાર ભગવાન, **कलया**-બલભદ્રજીની સાથે, **जातः**-પ્રકટયા, **च**-અને, **जन-अनुप-लक्ष्य-मार्गः**-મનુષ્યોથી કલ્પી ન શકાય એવા માર્ગવાળા, **आत्म-महिमा-उप-निबन्धनानि**-પોતાના માહાત્મ્યને વધારનારી, **कर्माणि**-લીલાઓને--અલૌકિક કર્મોને, **करिष्यति**-કરશે. ૨૬.

અનુવાદ--અસુરોની સેનાના પાદ પ્રહારથી દળાયેલી પૃથ્વી માતાના કલેશને દૂર કરવા માટે 'सित कृष्णकेश' એ નામના ભગવાન શ્રીબલભદ્રજી સાથે પ્રકટ થયા. વળી મનુષ્યોની કલ્પનામાં ન આવી શકે એવા કૃપા માર્ગવાળા પ્રભુ, પોતાના માહાત્મ્યથી ભરેલાં અલૌકિક કર્મો પણ કરશે. ૨૬.

તત્ત્વસુધા—શ્રીકૃષ્ણ ચરિત્રનું નિરૂપણ ૨૬મા શ્લોકથી શરૂ થાય છે. ૩૫મા શ્લોકે તેની સમાપ્તિ થશે. સરવાળે શ્રીકૃષ્ણ લીલા ૧૦ શ્લોકમાં ગાય છે. દશમ સ્કંધ જાણે સૂત્રાત્મક રીતે ૧૦ શ્લોકમાં સમાવ્યો છે. આ ૧૦ શ્લોકોમાં સર્ગ, વિસર્ગ, સ્થિતિ, પુષ્ટિ, વાસના, ધર્મ, સચ્ચરિત્ર, નિરોધ, મુકિત અને આશ્રય એવી દશ લીલાઓનો સંકેત કરે છે. **अदीन लीलाहसितेक्षणोल्लसत्**-આ વાકય બીજા સ્કંધના બીજા અધ્યાયના ૧૨ મા શ્લોકનો પૂર્વાર્ધ છે. તેના ૧૦ પદોનો સમન્વય ૧૦ લીલાઓ સાથે કરી આ શ્લોક:-૨૬થી૩૫માં-બતાવે છે. **अदीन-लीला हसित-ईक्षण-उल्लसत् भ्रू भङ्ग-संसूचित-मूरि-अनुग्रह**-આ ૧૦ વિશેષણો છે. આવા ૧૦ વિશેષણોવાળા ભગવાનનું હૃદયમાં ચિંતન કરવું. સર્ગ વગેરે ૧૦ પ્રકારની લીલાઓ એકજ પ્રકારની શ્રીકૃષ્ણ લીલાઓ છે. દશમ સ્કંધમાં તે ભગવાનને વિસ્તારથી ગાયા છે. ક્રમવાર આ શ્લોકના અદીન લીલા ઇત્યાદિ દશ પદોનો ૨૬મા શ્લોકથી સમન્વય કરવો. પ્રથમ તો આ શ્લોકમાં બલભદ્રજીની સાથે શ્રીકૃષ્ણ પ્રાકટય વર્ણન છે. હવે અદીન પદનો સમન્વય કરીએ.

અદીન પદથી **સર્ગ** લીલાનો નિર્દેશ કર્યો છે. જેની પાસે 'કોઈ વસ્તુ ન હોય', અથવા 'કોઇ વ્યકિત ન હોય' તો તે દીન કહેવાય; પરંતુ ભગવાન સર્વ વસ્તુ સ્વરૂપે અને સર્વ વ્યકિતસ્વરૂપે બન્યા છે, અર્થાત્ ભગવાને સર્વ વસ્તુ અને વ્યકિતનો સર્ગ-રચના કરી તેથી તૃતીય સ્કંધનું નામ સર્ગલીલા છે. દીનબંધુ ભગવાને નિજ જનોની દીનતા દૂર કરવા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માટેજ અવતાર લીધો છે. શ્રી, ભૂ અને લીલા, એ ત્રણ ભગવાનની પ્રિયાઓ છે. તેમાં ભૂમિ ઉપર પ્રેમ વિશેષ છે. ભૂમિને અસુરોના પદ્થી દલિત થતી નિહાળીને અશરીરી ભગવાન શરીર લઈ પધાર્યા. સુરેતર શબ્દથી જેઓ પૃથ્વીને અન્ન, ધન, અધિકાર, ગર્વ આદિથી પીડનારા જેટલા હતા તે બધાનો સંગ્રહ કર્યો.

'सितकृष्णकेशः' એવું ભગવાનનું નામ છે. જેના શ્વેત અને શ્યામ કેશ છે તે ભગવાન વૈકુંઠમાં બિરાજે છે, તે પૃથ્વી ઉપર પધાર્યા છે. બીજી એક માન્યતા છે કે 'સિતકૃષ્ણકેશ' એ ગોવિન્દની કળા વડે છે અને સંકર્ષણ રૂપે છે, તે સંહાર માટે અવતર્યા છે; અથવા સિત એટલે શુભ આચારવાળા બ્રહ્માદિ દેવો, અસિત એટલે અશુભ કર્મ કરનારા અસુરો, એ બન્નેના ઇશ 'સિતકૃષ્ણ કેશ' ભગવાન છે; અથવા સિત એટલે પ્રકાશમાન સુવર્ણ સમાન તેજસ્વી, 'કૃષ્ણ' એટલે શ્યામ વર્ણના કેશવાળા ભગવાન 'હિરણ્યકેશ' પૃથ્વી ઉપર પધાર્યા છે. સિતકૃષ્ણકેશ શબ્દથી કેવળ એટલુંજ સૂચવે છે કે શ્વેત વર્ણના સંકર્ષણ અને શ્યામ વર્ણના શ્રીકૃષ્ણ પૃથ્વી ઉપર અવતર્યા છે. ભૂમિનો ભાર ઉતારવો, એ તો માથા ઉપરથી 'કેશ' ઉતારવા જેટલું સરલ કાર્ય છે. એ માટે કોઈ શ્રમની જરૂર નથી.

સિત-રુદ્ર, કૃષ્ણ-વિષ્ણુ, ક-બ્રહ્મા-એ ત્રણેના સ્વામી પૂર્ણ પુરુષ પૃથ્વી ઉપર લીલાઓ દ્વારા સર્વનું મંગલ કરવા પધાર્યા છે. આ પણ એક અર્થ છે કે સર્વને આનંદ આપવા આનંદમય શ્રીકૃષ્ણ, વંશ વિસ્તાર માટે પ્રદ્યુમ્ન, ધર્મરક્ષા માટે અનિરુદ્ધ, અને ભૂમિનો ભાર હરવા સિતકૃષ્ણકેશ એવા ચાર વ્યૂહ સાથે પૂર્ણ પુરુષ અવતર્યા છે. ૨૬

(૨) तोकेन जीवहरणं यदुलूकिकायास्त्रैमासिकस्य च पदा शकटोऽपवृत्तः ।
यद्रिङ्गतान्तरगतेन दिविस्पृशोर्वा उन्मूलनं त्वितरथाऽर्जुनयोर्न भाव्यम् ॥ २७ ॥

અન્વયાર્થ—**તોકેન**-બાલ રૂપે, **યત્**-જે, **ઉલૂકિકાયાઃ**-પૂતનાના, **જીવહરણં**-પ્રાણ લેવા, **ચ**-અને, **ત્રૈમાસિકસ્ય**-ત્રણ માસની વયના બાલમુકુન્દના, **પદા**-ચરણથી (પ્રહારથી), **શકટઃ**-શકટ-ગાડુ, **અપવૃત્તઃ**-ઉલટું થઈ ગયું, **વા**-વળી, **દિવિસ્પૃશોઃ**-આકાશે અડતા એવા, **અર્જુનયોઃ**-યમલાર્જુન વૃક્ષોની મધ્યમાં, **રિઙ્ગતા**-ઘૂંટણે ચાલતાં, **અન્તરગતેન**-વચમાં જતાં, **ઉન્મૂલનં** મૂલ સાથે ઉખેડવું, **ઇતરથા**-સામાન્યથી, **ન ભાવ્યમ્**-સંભવી શકે નહિ. ૨૭.

અનુવાદ—બાલ્યાવસ્થાની માત્ર છ દિવસની વયમાં પૂતનાના પ્રાણ લેવા, ત્રણ માસની અવસ્થાના બાલમુકુન્દના ચરણ પ્રહારથી ગાડું ઉલટું થઈ જાય; ઘૂંટણે ચાલતાં બે યમલાર્જુન વૃક્ષોની વચમાં પ્રવેશતાં, આકાશે અડતાં એવાં વૃક્ષોનું મૂલથી ઉખેડી નાખવું-આ સર્વ કાર્ય ભગવાન વિના સામાન્યથી ન સંભવી શકે. ૨૭.

તત્ત્વસુધા—લીલા પદ્થી ચતુર્થ સ્કંધની વિસર્ગ લીલાનો ઉલ્લેખ કરતો ૨૭મો શ્લોક શરૂ થાય છે. કૃષ્ણ ભગવાનની બાલ લીલાઓનું વર્ણન આ શ્લોકમાં છે. ધર્માદિ ચારે પુરુષાર્થનું ફળ કેવળ ભગવલ્લીલા શ્રવણ-કીર્તન-સ્મરણ દ્વારા મળી જાય છે. આ શ્લોકમાં ભગવાનની ચાર લીલાઓનો ઉલ્લેખ કર્યો છે.

तोकेन जीवहरणम्-બાલ્ય વયમાં છ દિવસના શ્રીકૃષ્ણે પૂતનાના પ્રાણરૂપી દૂધનાં પાન કરી તેનો મોક્ષ કર્યો. તે છ ઐશ્વર્યવાળા સમર્થ પ્રભુજ પૂતના-વાસનાને હણી શકે અને મોક્ષ આપી શકે.

त्रैमासिकस्य-ત્રણ માસની વયના શ્રીકૃષ્ણના કોમલ પદ પલ્લવ સ્પર્શથી શકટનું પરિવર્તન. એ સંસારાસક્ત જીવનનું પરિવર્તન પણ શ્રીકૃષ્ણ વિના કોણ કરી શકે? લૌકાસક્ત કામીને ભગવત્કામ બનાવવો એ કામ પુરુષાર્થની સિદ્ધિ છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

યદ્રિઙ્ગતા-ધૂંટણે ચાલતા યમુલાર્જુનની મધ્યમાં જવું અને વિષય જડ નલકૂબર મણિગ્રીવને સ્પર્શ આપી, 'ભગવાન એ જ સાચો અર્થ છે અને અર્થ-ધન એ ભોગ માટે નથી કેવલ ધર્મ માટે છે', એવું અર્થ નામના પુરુષાર્થનું ભાન યૌવન છકેલાને કરાવવા શ્રીકૃષ્ણ વિના કોણ સમર્થ હોય ?

ઉન્મૂલનમ્-મૂળમાંથી વૃક્ષોને ઉખેડવાં, એટલે વાસનાનાં ઉંડાં મૂળને ઉખેડવાં. એ વાસનાના ઉંડા મૂલને ઉખેડી નાખવારૂપી શ્રમકાર્ય કેવલ શ્રીકૃષ્ણ વિના અન્યથી ન સંભવે.

આમ ચાર પ્રકારની લીલા ચાર વ્યૂહથી ભગવાને જ કરી છે; આ શ્લોકમાં 'વિસર્ગલીલા' છે. પૂતના મોક્ષ વાસુદેવરૂપે, શકટ પરિવર્તન સંકર્ષણરૂપે; યમલાર્જુન પ્રવેશ અનિરુદ્ધરૂપે, અને મૂલોચ્છેદ પ્રદ્યુમ્નરૂપે લીલાઓ કરી છે.

વાસના સદા આંધળી છે. પૂતનાનો વાચક 'ઉલૂકિકા' શબ્દ વાપર્યો છે. પ્રકાશ છતાં તેને દેખાતું નથી. જ્ઞાનનો પ્રકાશ હોવા છતાં જ્ઞાની વાસનાને સ્વાધીન થતાં મોહાન્ધ બને છે. તે પ્રભુ કૃપાથી મુક્ત થાય છે. ૨૭

યદ્વૈ વ્રજે વ્રજપશૂન્ વિષતોયપીથાન્ [1]પાલાંસ્ત્વજીવયદનુગ્રહદૃષ્ટિ વૃષ્ટયા ।
તચ્છુદ્ધયેઽતિવિષવીર્યવિલોલજિહ્વમુચ્ચાટયિષ્યદુરગં વિહરન્ હ્રદિન્યામ્ ॥ ૨૮ ॥

અન્વયાર્થ—**યત્**-જે, **વ્રજે**-વ્રજમાં, **વિષ-તોય-પીથાન**-કાલિન્દીનાં ઝેરીલાં જલને પી ગયેલાં, **વ્રજ-પશૂન્**-વ્રજનાં પશુઓને, **પાલાન્**-ગોપબાલકોને, **તુ**-કેવલ, **અનુગ્રહ-દૃષ્ટિ-વૃષ્ટયા**-કૃપા ભરી દૃષ્ટિની અમી-વૃષ્ટિથી, **વૈ**-ખરેખર, **અજીવયત્**-સજીવ બનાવ્યા, **ચ**-અને, **તત્-શુદ્ધયે**-તે વિષની વિશુદ્ધિ માટે, **હ્રદિન્યામ્**-કાલિન્દીજીમાં, **વિહરન્**-વિહાર કરતા ભગવાન, **અતિ-વિષ-વીર્ય-વિલોલ-જિહ્વમ્**-તીવ્ર વિષના તેજથી લપકારા મારતી જીભવાળા, **ઉરગમ્**-સર્પને, **ઉચ્ચાટયિષ્યત્**-દૂર કરી દેશે ૨૮.

અનુવાદ—**વ્રજમાં જે પશુઓ કાલિન્દીજીનાં ઝેરીલાં જલને પીને મરણ પામ્યાં, તે બધાં વ્રજ પશુઓને અને ગોપાલ બાલકોને કેવલ કૃપા ભરી દૃષ્ટિની અમીવૃષ્ટિથી, ખરેખર, ભગવાને સજીવ કર્યાં, તેમજ તે ઝેરની વિશુદ્ધિ માટે કાલિન્દીજીમાં વિહાર કરતા ભગવાને, તીવ્ર વિષના તેજથી લપકારા મારતી જીભવાળા કાલીયનાગને દૂર કરી દેશે. ૨૮.**

તત્ત્વસુધા—આ શ્લોકમાં કાલીયમર્દન લીલાનું કથન છે. આ 'હસિત' પદથી પંચમ સ્કંધની 'સ્થિતિ-લીલા' છે. ત્રણે લોકની સ્થિતિ અને રચના એ તો પૂર્ણતમ શ્રીકૃષ્ણના એક હાસ્યનું કાર્ય છે; તેમાં શ્રમ જેવું કાંઈ નથી. વ્રજપાલોને એમ કલ્પના હતી કે "અમે કૃષ્ણને સંભાળીએ છીએ." ભગવાને તે ખ્યાલ છોડાવવા કાલીયના ધરામાં કૂદકો માર્યો. ત્યાં છોડાવનાર જ અચેતન બન્યા હતા અને અન્ય તીરે ઉભા ઉભા અકિંચિત્કર બન્યા હતા; ત્યારે શ્રીકૃષ્ણે કાલીય નાથ્યો; બાળક, ગાયો અને ગોવાળોને સજીવ બનાવ્યાં; જલ નિર્વિષ બનાવ્યાં; કાલીયને રમણકમાં મોકલી દીધો. આ કેવળ એક હાસ્ય કરવા જેટલું અશ્રમ સાધ્ય કાર્ય ભગવાનને હતું. ત્રણે શ્લોકમાં કેવલ ઈન્દ્રિયાધ્યાસ-કાલીય નાગ-વિષયોપભોગના ઉંડા વિષમ ધરામાં સર્વ જીવોને ભોગ મૂર્ચ્છિત કરે છે, ત્યારે સર્વ સ્વરૂપ સ્થિતિમાંથી ભ્રષ્ટ થાય છે, ત્યારે ભગવાન કેવલ કૃપા કરી હસતા હસતા બંશી ધરી, નૃત્ય કરી, વિષય તરફ વળેલાને પોતાના તરફ વાળી લે છે; અને વિષ તોય પીથાન્-વિષય રસ પીનારને હરિરસ પીતા કરી દે છે. આ શ્લોકમાં ઉચ્ચાટયિષ્યતિ ક્રિયાપદ છે. તેના ઇનો લોપ છાંદસ છે; અથવા ઉચ્ચાટિષ્યત્ એવો જ પાઠ રાખવો; અને ત્યાં નુમ્ થી ન્ નથી કર્યો; અથવા ઉપસર્ગ અને નિપાત સાથે 'અટ્' ધાતુનો પ્રયોગ છે. ૨૮.

૧. શ્રી. મુ. - બાલાન્ । ૨. શ્રી. મુ - વ્રજમિતો ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

तत्कर्म दिव्यमिव यन्निशि निःशयानं दावाग्निना शुचिवने परिदह्यमाने ।
उन्नेष्यति [1]व्रजमतोऽवसितान्तकालं नेत्रे पिधाप्य सबलोऽनधिगम्य वीर्यः ॥ २९ ॥

અન્વયાર્થ—अनधि-गम्य-वीर्यः-અગમ્ય પરાક્રમવાળા, सबलः-બલરામ સાથે શ્રીકૃષ્ણ, शुचि-वने-પવિત્ર વનમાં, दावाग्निना-દાવાનલથી, परिदह्यमाने-બળી રહેલ ત્યારે, निशि-રાત્રિમાં, निःशयानम्-નિશ્ચિંત થઈ સૂતેલા, अतः-તેથી જ अवसित-अन्तकालम्-મૃત્યુકાલ જાણે નિશ્ચિત થઈ ચૂકેલો છે એવા, व्रजम्-વ્રજ જનોને, नेत्रे-આંખો, पिधाप्य-બંધ કરાવીને, उन्नेष्यति-બહાર કાઢી લેશે, तत्-તે, कर्म-કર્મ, दिव्यम्-इव-ખરેખર અલૌકિક જ હતું. ૨૯.

અનુવાદ—ગ્રીષ્મકાલના વનમાં કાલિન્દી તીરે રાત્રીમાં તદ્દન નિશ્ચિંત થઈને વ્રજજનો સૂતેલા હતા, ત્યારે વન દાવાનળથી બળી રહ્યું હતું. તેથી જાણે મૃત્યુકાલ નક્કીજ થઇ ચૂકેલો છે, એવું લાગતાં વ્રજજનોને આંખો બંધ કરાવી અલૌકિક પરાક્રમ વાળા બલભદ્ર સહિત શ્રીકૃષ્ણે વ્રજને બચાવી લીધું. એ ભગવાનનું દિવ્ય કાર્ય જ હતું. ૨૯.

તત્વસુધા—આ શ્લોકમાં દાવાગ્નિ વિમોચન લીલા છે. 'ईक्षण' પદની આ 'पुष्टि' લીલા છે. ૧૦મા સ્કંધમાં ભગવાને વૃત્રાસુર ઉપર 'કૃપાદૃષ્ટિ' કરી છે. ભગવાને આ લીલામાં અનુગ્રહ દૃષ્ટિની વૃષ્ટિ કરી છે. બે વખત દાવાનળમાં વ્રજવાસીઓ બળી રહ્યા હતા. બન્ને સમયે કરુણામય દૃષ્ટિથી કરુણા વરુણાલયે સર્વને બચાવ્યા છે. ભગવાનનું આ કાર્ય तत्कर्म दिव्यमिव' અત્યંત દિવ્ય છે. ઈક્ષણ એટલે અવલોકન બે આંખથી થાય છે; ભગવાને બે વખતના દાવાનળને બે અમી ભરી આંખના અવલોકનથી દૂર કર્યા છે. કાંતો અગ્નિને આંખથી અન્યત્ર લઈ જશે, કાંતો અગ્નિમાંથી બળતાંને અન્યત્ર લઈ જશે. એ જ ભગવાનનું દિવ્ય કર્મ છે, તેથી उन्नेष्यति લખ્યું છે. ૨૯

गृह्णीत यद् यदुपबन्धममुष्य माता शुल्बं सुतस्य न तु तत्तदमुष्य माति ।
यज्जृम्भतोऽस्य वदने भुवनानि गोपी संवीक्ष्य शङ्कितमना प्रतिबोधिताऽऽसीत् ॥ ३० ॥

અન્વયાર્થ—अमुष्य-આ શ્રીકૃષ્ણ ભગવાનનાં, माता-માતા યશોદાજી, यत्-यत्-જે-જે, उपबन्धम्-બાંધવાના, शुल्बम्-દામણને, गृह्णीत-ગ્રહણ કરતાં હતાં, तत्-तत्-તે તે દામણાં, अमुष्य-આ, सुतस्य-શ્રીકૃષ્ણના બંધન માટે, तु-તો, न माति-માપનાં ન થઈ શકયાં, તેમજ जृम्भतः-બગાસું ખાતાં, अस्य-આ શ્રીકૃષ્ણના, वदने-મુખ કમલમાં, यत्-જે, भुवनानि-ચૌદ ભુવનને, गोपी-શ્રી યશોદાજી, संवीक्ष्य-દેખીને, शंकितमना-શંકાશીલ મન વાળાં થયાં ત્યારે-प्रतिबोधिता-બોધવાળાં-શંકામુક્ત, आसीत्-બનાવ્યાં હતાં. ૩૦.

અનુવાદ—આ શ્રીકૃષ્ણ ભગવાનનાં માતાજી યશોદાએ જે જે દામણું બાંધવાને માટે ગ્રહણ કર્યું તે સર્વ શ્રીકૃષ્ણને બાંધવાને માટે માપનાં ન થઈ શકયાં. વળી તે શ્રીકૃષ્ણે બગાસું ખાધું ત્યારે મુખકમલ ખુલ્લું થતાં, તેમાં શ્રીયશોદાજીએ ચૌદ ભુવનને નિહાળ્યાં; તેથી યશોદાજી શંકાશીલ બની ગયાં, ત્યારે ભગવાને માતાજીને સંદેહમુક્ત બનાવ્યાં હતાં. ૩૦.

તત્વસુધા—આ શ્લોકમાં દામોદર લીલા છે. 'उल्लसत्' પદની આ 'वासना-ऊति' લીલાનો સંકેત કરતી કથા છે. સંસારમાં બંધાવાની અને સંસારી જનને બાંધવાની વાસના કરતાં શ્રીહરિને અને શ્રીહરિના જનને બાંધવાની અલૌકિક વાસના વૃત્તિ તો વાસુદેવ જેને કૃપા કરીને આપે તેનેજ મળે છે. શ્રી યશોદા માતા ઉપર પ્રભુએ અનુગ્રહ વૃષ્ટિ કરી પોતાને બાંધવાની વાસના ઉત્પન્ન કરી અને શ્રીકૃષ્ણે પોતે બંધાવાની ઇચ્છા કરી, એ

१. श्री. सु० – व्रजमितो

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભગવાનનો અનુભાવ-કૃપા પ્રસાદ છે. શ્રીયશોદામાતા વારા ફરતી દોરડાં બાંધવા માટે લે છે અને સર્વ ટૂંકા પડે છે; અથવા એકને બીજું જોડે છે, તો પણ ટૂંકું પડે છે. એ બન્ને બાબત સુસંગત છે. ભગવાનની પ્રાપ્તિ માટે 'અંહકાર' થી યોગ-યાગ આદિ સાધન શરૂ કર્યું, પણ ભગવાન ન મળ્યા, એટલે તપ, દાન આદિ ઉમેર્યાં, પણ 'અહમ્' ન છોડયો. આમ એક એક સાધન અલગ અથવા એક સાથે કરવા છતાં ક્લેશ કેવલ કૃપાથી બંધાયા. બીજું ચરિત્ર 'જાંભા ' લીલાનું છે. આ ચરિત્ર સાથે તેની સંગતિ છે. શ્રીમુખ દર્શનથી વિષયાભિમુખને અન્તર્મુખ કરવા મુકુન્દ ભગવાને આ લીલા આચરી છે. ૩૦.

नन्दं च मोक्ष्यति भयाद् वरुणस्य पाशाद् गोपान् विलेषु पिहितान् मयसूनुना च ।
अह्नयापृतं निशि शयानमतिश्रमेण लोके विकुण्ठ उपनेष्यात[1] गोकुलं स्म ॥ ३१ ॥

અન્વયાર્થ—વરુણસ્ય-વરૂણના, **પાશાત્-**પાશમાંથી, **નન્દમ્-**શ્રીનંદરાયને, **મોક્ષ્યતિ-**છોડાવશે, **ચ-**અને, **મય-સૂનુના-**મયાસુરના પુત્ર વ્યોમાસુરે, **બિલેષુ-**ગુફાઓમાં, **પિહિતાન્-**પૂરેલા, **ગોપાન-**ગોવાળોને, **મોક્ષ્યતિ-**મુકત કરશે, **ચ-**અને, **અહ્નિ-**દિવસે, **આપૃતમ્-**કામમાં પરોવાયેલા, તેથી **નિશિ-**રાત્રીમાં, **શયાનમ્-**નિદ્રિત થયેલા, **ગોકુલમ્-**ગોકુલને, **વિકુણ્ઠે-**વૈકુંઠ, **લોકે-**લોકમાં, **ઉપનેષ્યતિ-**લઈ જશે. ૩૧.

અનુવાદ—શ્રીકૃષ્ણ ભગવાન, વરૂણના પાશમાંથી શ્રીનંદરાયજીને છોડાવી લઈ આવશે; અને મયાસુરના પુત્ર વ્યોમાસુરે ગુફાઓમાં પૂરી દીધેલા ગોપાલ બાલકોને બહાર કાઢી લાવશે; તેમજ દિવસભર ગૃહ કાર્ય-ઉદ્યોગ કરી શ્રમિત થઈ રાત્રીમાં ઘૂઘ્ન નિદ્રા લેતા ગોકુલને-વ્રજજનોને-ગોકુલમાં-વૈકુંઠ લોકમાં-પોતાની પાસે લઈ જશે. ૩૧.

તત્ત્વસુધા—આ શ્લોકમાં શ્રીનંદરાયજીના ઉપર ભગવાને કરેલા અનુગ્રહનું, ગોપ બાલકોને મયપુત્ર વ્યોમાસુરે ગુફામાં પૂરેલા તેમાંથી મુકત કરવાનું અને વ્રજ જનોને નિત્ય નિદ્રામાં વૈકુંઠ લોકના સુખના દાનનું નિરૂપણ છે. 'ભ્રૂ'-પદથી આ અષ્ટમ સ્કંધની સદ્ધર્મલીલા નું આ શ્લોકમા કથન છે. ભગવાનની માત્ર ભ્રુકુટિ એટલે નજર જેના ઉપર પડે તેનો ધર્મમાં પ્રવેશ થાય છે. ભગવાનની કેવલ ભ્રુકુટિનો સંચાર જીવોના દુઃખનું નિવારણ અને સુખનું પ્રદાન કરે છે.

नन्दं च मोक्ष्यति-પૂર્વાર્ધમાં જે બે પ્રસંગો આવ્યા, તેમાં 'દુઃખ દૂરી કરણ' નામની પ્રભુની કૃપાનું કથન છે. વરૂણનો સેવક ભગવાનના પિતાજીને વરૂણ પાશથી બાંધી લઈ જાય, તેમજ વ્યોમાસુર ગોપ બાળકોને ઠગાઈથી ગુફામાં સંતાડી દે, એ બન્ને દુઃખો ગણાય. ભગવાને તે બેમાંથી બન્નેને છોડાવવામાં કેવલ ભ્રુકુટિને ચલાવવાનો સંકલ્પ કરવો પડે તેટલોજ શ્રમ પડયો છે. જો પ્રપત્તિ નામના ધર્મનો જીવ સ્વીકાર કરે, તો દુઃખ નિવારણ અને સુખ સંપાદન એ બે પુરુષાર્થ સરલતાથી સિદ્ધ થાય છે. વ્રજવાસીઓને નિત્ય નિદ્રામાં વૈકુંઠ સુખની પ્રાપ્તિ એ પણ 'પ્રપત્તિ' ધર્મના સ્વીકારનું જ ફળ છે. ૩૧.

गोपैर्मखे प्रतिहते व्रजविप्लवाय देवेऽभिवर्षति पशून् कृपया रिरक्षुः ।
धर्तोच्छिलीन्ध्रमिव सप्त दिनानि सप्तवर्षो महीध्रमनघैककरे सलीलम् ॥ ३२ ॥

અન્વયાર્થ—અનઘ-નિષ્પાપ નારદ ! **ગોપૈઃ-**ગોપ જનોએ, જ્યારે **મખે પ્રતિહતે-**ઈન્દ્રયાગ બંધ કર્યો, ત્યારે **વ્રજ-વિપ્લવાય-**વ્રજને ડૂબાડી દેવા માટે, **દેવે-અભિવર્ષતિ-**ઈન્દ્રરાજે મુશળધાર વૃષ્ટિ કરી, તે સમયે

---

૧. પ્રા૦ પા૦-ઉપધાસ્યતિ ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

पशून्–પશુઓનું, **रिरक्षुः**–રક્ષણ કરવા ચાહતા, **सप्त**–વર્ષઃ–સાત વર્ષની વયના શ્રીકૃષ્ણ, **सप्त**–સાત, **दिनानि**–દિવસો, **महीन्द्रम्**–શ્રી ગિરિરાજને, **एक**–करे–એક હાથમાં, **उत्**–**छिलीन्ध्रम्**–**इव**–છત્રની માફક–ચોમાસામાં ઉકરડે ઉગતા 'ટોપ'ની માફક, **कृपया**–દયાલુતાથી, **धर्ता**–ધારણ કરશે. ૩૨.

અનુવાદ––ભાઈ નિષ્પાપ નારદ! વ્રજ જનોએ જ્યારે ભગવાનની ઇચ્છાથી ઇન્દ્ર રાજાનો યજ્ઞ અટકાવ્યો, ત્યારે વ્રજનો વિનાશ કરવા માટે ઇન્દ્રરાજે મુશળધાર વૃષ્ટિ કરી, તે સમયે વ્રજની રક્ષા કરવા ચાહતા શ્રીકૃષ્ણ ભગવાને સાત વર્ષની વયના હતા છતાં સાત દિવસ સુધી એક હાથથી છત્રની માફક-બિલાડાના ટોપની માફક-શ્રીગોવર્ધન ગિરિને કૃપા કરીને ધારણ કર્યો. ૩૨.

तत्त्वसुधा––આ શ્લોકમાં શ્રીગોવર્ધન ગિરિના ધારણની લીલાનું કથન છે. આ લીલા 'भङ्ग' પદની સાથે સંગત થાય છે. નવમ સ્કંધની 'વંશલીલા'નો આમાં સંકેત છે. ભંગનો અર્થ વંશ થાય છે. આત્મા જ્યારે બ્રહ્મચર્ય ભંગ દ્વારા અવતરણ કરે છે ત્યારે વંશ શરૂ થાય છે, તે પ્રકારે જગત કલ્યાણ માટે નિર્વિકાર બ્રહ્મ પણ સૂર્યવંશ અને ચન્દ્રવંશ રૂપે અવતરણ પામ્યા અને વિશ્વનું ધારણ કર્યું.

'मखे प्रतिहते'–ભગવાનની ઇચ્છાને અનુસરી વ્રજજનોએ 'ઇન્દ્ર યાગ' ન કર્યો, ત્યારે સાત દિવસ મુશળધાર વૃષ્ટિ થઈ અને ભગવાને પણ સાત દિવસ વામ હસ્તથી શ્રીગોવર્ધન ગિરિને ધારણ કર્યો. 'યજ્ઞ'ને વેદમાં 'सप्ततंतु' કહ્યો છે. એટલે અગ્નિષ્ટોમ, અતિરાત્ર વગેરે સાત પ્રકારે યજ્ઞને વર્ણવેલ છે. ભગવાને તે યાગોને રોક્યા ન હતા. માત્ર ઇન્દ્રનો યાગ જે એક દિક્પાલને શ્રેષ્ઠ દેવ સમજી ભજતા હતા, તેનું જ નિવારણ કરેલું પરંતુ ઇન્દ્રે પોતાનું અપમાન થયું એમ ગણીને સાત દિવસ વૃષ્ટિ કરી. એણે માન્યું કે સાત પ્રકારના યજ્ઞોનો અવરોધ કર્યો છે, તો સાત દિવસની વૃષ્ટિમાં વ્રજનો ઉચ્છેદ કરું. ભગવાને તે સામે માત્ર રમતથી રક્ષા કરવા વામ હસ્તની 'टचली' આંગળી ઉપર જ ગિરિને ધારણ કર્યા. 'વામ હસ્ત' અનુગ્રહ માટે વપરાય છે. વળી જે કામ કરવામાં કોઈ શ્રમ નથી એમ દર્શાવવા કહેવાય છે કે "यह हमारा बांया हाथका खेल है." ભગવાનને મન તો આ રમત જેવું કાર્ય છે. 'उच्छिलीन्ध्र' શબ્દ પણ ઈરાદા પૂર્વકજ વાપર્યો છે. ચોમાસામાંજ ઉકરડામાં જે 'ટોપ' ઉગે છે, તે ઘણા જ હલકા હોય છે. ઇન્દ્રે પણ અકાળે ચોમાસું ઉભું કર્યું, ત્યારે ભગવાને પણ પડકારમાં કહ્યું, "આ ગોકુલ રક્ષા માટે ગિરિનું ધારણ મારે મન 'છત્રી' ધારણ જેટલું સરલ છે." વળી વેણુના સાત છિદ્રો દ્વારા સર્વને અમૃતનું દાન કરી સર્વના પ્રાણની રક્ષા કરી છે. ૩૨.

क्रीडन् वने निशि निशाकररश्मिगौर्यां रासोन्मुखः कलपदायतमूर्च्छितेन ।
उद्दीपितस्मररुजां व्रजभृद्वधूनां हर्तुर्हरिष्यति शिरो धनदानुगस्य ॥ ३३ ॥

अन्वयार्थ––**निशाकर-रश्मि-गौर्याम्**–ચન્દ્રના કિરણોથી શ્વેત વર્ણી, એવી–**निशि**–રાત્રીમાં, **वने**–વૃન્દાવનમાં, **क्रीडन्**–ક્રીડા કરતા, **रास-उन्मुखः**–રાસ રમણની ઉત્કંઠા ધરાવતા શ્રીકૃષ્ણ, **कल-पद-आयत-मूर्च्छितेन**–મધુર પદ રચનાવાળી વેણુના તાનની લાંબી મૂર્ચ્છનાથી, **उद्दीपित-स्मर-रुजाम्**–ઉદ્દીપ્ત થતી-વધી જતી કામદેવની પીડાવાળી, **व्रजभृद्-वधूनाम्**–ગોપ પત્નીઓના, **हर्तुः**–હરનારા, **धनद-अनुगस्य**–કુબેરના સેવક શંખચૂડના, **शिरः**–મસ્તકને, **हरिष्यति**–હરી લેશે. ૩૩.

અનુવાદ––ચન્દ્રનાં કિરણોથી અજવાળી રાતમાં વૃન્દાવનમાં ક્રીડા કરવા માટે વિચરતા રાસલીલાના રમણની ઉત્સુકતા ધરાવતા શ્રીકૃષ્ણ, મધુર પદ રચના વાળી વેણુના તાનથી વધી પડેલી કામદેવની પીડાવાળી વ્રજવનિતાઓનું અપહરણ કરી જનારા કુબેરના સેવક શંખચૂડના મસ્તકને ઉડાવી દેશે. ૩૩.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્ત્વસુધા—આ શ્લોકમાં રાસલીલાનું નિરૂપણ છે. 'સંસૂચિત' પદની સાથે દશમ સ્કંધની નિરોધ લીલા સંગત થાય છે. વેણુના નાદ દ્વારા પ્રત્યેકના નામનું સુવ્યવસ્થિત રીતે સૂચન કરી સર્વ વ્રજસુંદરીને, ભગવાન, નિજાનંદ માટે નિમંત્રણ કરી સમીપમાં લાવીને રાસરસથી નિરોધ કરી પરમાનંદનું પ્રદાન કરે છે.

ક્રિડન્ વને નિશિ-રાત્રીનો સમય રાસ માટે, રસ શાસ્ત્રની દૃષ્ટિએ, યોગ-ધ્યાન માર્ગની પદ્ધતિએ, આત્મચિંતનની રીતે, અનુકૂલ છે; પરંતુ દિવસ વૈદિક, લૌકિક કાર્યો માટે નિયત થયેલ હોય છે. તેની સમાપ્તિ થાય ત્યારે રાત્રીના સમયે ભગવાન આધિ દૈવિક રમણુનો રસાસ્વાદ કરાવે છે.

નિશાકર રશ્મિ ગૌર્યામ્-ચન્દ્ર ભક્ત છે અને ચન્દ્રનાં કિરણો ભક્તિના વિવિધ પ્રકારો છે. આ ભૌતિક ચન્દ્ર નથી, પરંતુ ભગવાને પોતાના મનને ચન્દ્ર રૂપે બનાવ્યો છે. તેના પરિણામે રાત્રીઓ ભક્તિ રસથી વિશુદ્ધ બની છે. તે રાત્રિમાં રસ લેવા આવેલ જિતેન્દ્રિય બન્યા છે. જગતના કે જગદીશ સેવાના રસો કેવલ જિતેન્દ્રિયને જ મળે છે. જે ભક્ત હોય તે જિતેન્દ્રિય જ હોય, એમાં સંદેહ નથી.

રાસોન્મુખઃ-જ્યારે ભગવાનને જીવોની વિશુદ્ધિ અને ભગવત્સ્વરૂપ સેવામાં પ્રીતિનું દર્શન થાય છે, ત્યારે સર્વ પ્રકારના રસોના દાનને માટે સ્વયં ભગવાન તત્પર થાય છે. આત્મા, મન, પ્રાણ, ઇન્દ્રિય અને દેહના અલૌકિક પાંચે પ્રકારના આનંદનું દાન થાય છે. તેને **રાસ** શબ્દથી ઓળખાવાય છે,

કલપદાયતમૂર્ચ્છિતેન-જ્યારે વેણુનાદ દ્વારા મધુર પદ રચના કરે છે ત્યારે તેનું વર્ણન વાણીથી અવ્યક્ત હોય છે. કેવલ તેના માધુર્યનો અનુભવ માત્ર થાય છે. તે વખતની મધુર પદ વાળી વેણુની મૂર્ચ્છનાને 'તાન' શબ્દથી ઘણા ઓળખે છે; પરંતુ શ્રોતાઓને તે તન્મય બનાવી દે તેવી મૂર્ચ્છના હોય છે.

ઉદ્દીપિતસ્મરરુજામ્-વેણુની મૂર્ચ્છનાએ-તાને વ્રજ વનિતાઓના હૃદયમાં પ્રવેશ કર્યો અને રસ રહી શકે માટે હૃદયમાં વિવર એટલે છિદ્ર કર્યું;; પરંતુ આનંદ ન થયો, કારણ કે ભગવાનનો સંબંધ તેમને ન થયો, ઉત્કટ ભાવથી ભગવાનનું સ્મરણ થયું, તો પણ ભગવાન ન મળ્યા. ભૂખ્યાને અન્ન અને તરસ્યાંને જલ ન મળે તો રોગ થાય, તેમ ભક્તને ભગવાન ન મળે ત્યારે જે રોગ થાય તેનું નામ 'સ્મર રોગ' કહેવાય છે. આવી ભગવત્સ્મરણના રોગવાળી વ્રજ સીમન્તીનીઓને ભગવાને સંબંધ આપ્યો અને વચમાં બાધક એવા શંખચૂડનો નાશ કર્યો. જ્યારે અર્થનું સ્મરણ થાય છે ત્યારે ભગવાનનું અવશ્ય વિસ્મરણ થાય છે જ માટે શંખચૂડને 'ધનદાનુગ'-કુબેરના સેવક તરીકે ઓળખાવ્યો છે. ૩૩.

ये च प्रलम्बखरदर्दुरकेश्यरिष्टमल्लेभकंस यवनाः कुजपौण्ड्रकाद्याः ।
अन्ये च शाल्वकपिबल्वलदन्तवक्त्रसप्तोक्षशम्बरविदूरथरुक्मिमुख्याः ॥ ३४ ॥
ये वा मृधे समितिशालिनः आत्तचापाः काम्बोजमत्स्यकुरुकैकयसृञ्जयाद्याः[1] ।
यास्यंन्त्यदर्शनमलं [2]बलपार्थभीमव्याजाह्वयेन हरिणा निलयं तदीयम् ॥ ३५ ॥

અન્વયાર્થ—**ये**-જે, **प्रलम्ब-खर-दर्दुर-केशी-अरिष्ट-मल्ल-इभ-कंस यवनाः**-પ્રલંબ, ખર-ધેનુક, દર્દુર, કેશી, અરિષ્ટ, મલ્લ, કુવલયાપીડ, કંસ, કાલયવન; **कुज-पौण्ड्रक-आद्याः**-ભૌમાસુર અને પૌંડ્રક વગેરે, **च**-અને, **अन्ये**-બીજા, **शाल्व-कपि-बल्वल-दन्तवक्त्र-सप्तउक्ष-शम्बर-विदूरथ-रुक्मि-मुख्याः**-શાલ્વ-દ્વિવિદ-બલ્વલ-દંતવક્ત્ર-સાત સાંઢ-શંબર-વિદૂરથ અને રુકમી વગેરે. ૩૪; **ये-वा**-વળી બીજા જે, **समिति-शालिनः**-યુદ્ધમાં અત્યંત કુશળ, **मृधे**-યુદ્ધમાં, **आत्त-चापाः**-ધનુર્ધારીઓ, **काम्बोज-मत्स्य-कुरु-**

---

१. प्रा० पा०-कुरुसृञ्जयकैकयाद्याः । २. प्रा० पा० -युधिपार्थभीमव्या० ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કૈકય-સૃઞ્જય-આદ્યાઃ-કાંબોજ-મત્સ્ય-કુરુ-કૈકય-સૃંજય વગેરે વીરો, **બલ-પાર્થ-ભીમ-વ્યાજ-આહ્વયેન** બલભદ્ર-અર્જુન-ભીમસેન વગેરેને નિમિત્તે, **અલમ્**-સારી રીતે, **અદર્શનમ્**-નાશ કરીને, **તદીયમ્**-પોતાના, **નિલયમ્**-ધામમાં, **યાસ્યન્તિ**-લઈ જશે-જશે. ૩૫.

અનુવાદ--પ્રલંબાસુર, ધેનુકાસુર, દર્દુર, કેશી, અરિષ્ટ, મલ્લ, કુવલયાપીડ, કંસ, યવન, ભૌમાસુર, પૌંડ્રક, અને બીજા શાલ્વ, દ્વિવિદ, બલ્વલ, દંતવક્ત્ર, સાત સાંઢ, શંબર, વિદૂરથ, રુક્મિ વગેરે વીરો; તેમજ સમરાંગણમાં હથિયાર લઈ યુદ્ધમાં શોભનારા બીજા કાંબોજ, મત્સ્ય, કુરુ, સૃંજય, કૈકય આદિ રાજાઓ, બલભદ્ર-અર્જુન અને ભીમસેન વગેરેને નિમિત્તે નાશ પામીને ભગવાનના ધામમાં જશે. ૩૪; ૩૫.

તત્ત્વસુધા—આ બે શ્લોકોમાં ભૂમિના કંટકોના ઉચ્છેદનની લીલાનું વર્ણન છે. 'ભૂરિ અને અનુગ્રહ' એવાં બે પદોની સાથે મુક્તિ લીલા અને આશ્રય લીલાની સંગતિ કરનારા આ બે શ્લોકો છે. ૩૪મો શ્લોક ભૂરિ પદ સાથે અને ૩૫મો શ્લોક અનુગ્રહ પદ સાથે સંબંધ રાખે છે. ભૂરિ પદથી મુક્તિનું ગ્રહણ થાય છે. એકદાશ સ્કંધ મુક્તિ લીલા છે. આ શ્લોકમાં ભગવાને પૃથ્વીના જે ભારભૂત દૈત્યો હતા, તેમનો નાશ કરીને તેમને મુક્તિ આપે છે, એ 'ભૂરિ' મોટું કાર્ય કર્યું છે. આ શ્લોકમાં કુલ ૧૯ નામોનો ઉલ્લેખ કર્યો છે. પૂર્વાર્ધમાં ૧૨ નામો છે, ઉત્તરાર્ધમાં ૭ દૈત્યોનો ઉલ્લેખ છે. આ ઓગણીસમાં કેટલાક દૈત્યો છે, કેટલાક દૈત્યાંશવાળા રાજાઓ છે. દર્દુર દૈત્ય અજ્ઞાત નામવાળો લાગે છે. તે દર્દુર દૈત્ય બકાસુર-જલનો દૈત્ય અથવા તો અઘાસુર વનનો દૈત્ય સમજવો અથવા એ કોઈ અન્ય અજ્ઞાત દૈત્ય છે. ૩૪.

૩૫મો શ્લોક 'અનુગ્રહ' પદ સાથે સંબંધ રાખે છે. એમાં ૧૨મા સ્કંધની આશ્રય લીલાની સંગતિ થાય છે. આ શ્લોકમાં ૭ જણાનો સંકેત છે. આ બધા રાજાઓ છે. પ્રજાને ક્લેશ રૂપે છે. ભગવાને એ સર્વને મારીને ભક્તોને આશ્રય આપ્યો છે. માર્યા છે કે મર્યા છે, તેમના ઉપર અનુગ્રહ નજર નાખી મુક્તિ આપી છે. બલભદ્ર, ભીમ, અર્જુનમાં ભગવાનનો જ આવેશ છે, અન્યથા તેઓ મરી શકે તેવા ન હતા. ૩૫.

૨૨ **વ્યાસ અવતાર-**

કાલેન મીલિતધિયામવમૃશ્ય નૃણાં સ્તોકાયુષાં સ્વનિગમો બત દૂરપારઃ ।
આવિર્હિતસ્ત્વનુયુગં સ હિ સત્યવત્યાં વેદદ્રુમં વિટપશો વિભજિષ્યતિ સ્મ ॥ ૩૬ ॥

અન્વયાર્થ—**અનુયુગમ્**-પ્રત્યેક યુગે, **કાલેન**-કાલદ્વારા, **મીલિત-ધિયામ્**-સંકુચિત બુદ્ધિવાળા, **સ્તોક-આયુષામ્**-અલ્પ આયુષ્ય વાળા, **નૃણામ્**-મનુષ્યોનો, **બત**-ખરેખર, **સ્વ-નિગમઃ**-પોતાનો વેદરાશિ, **દૂર-પાર**-દુર્બોધ હતો, **તત્**-તે, **તુ**-તો, **સઃ**-તે ભગવાન **સત્યવત્યામ્**-સત્યવતીમાં, **આવિર્હિતઃ**-પ્રકટ થયેલા, **વેદ-દ્રુમમ્**-વેદ વૃક્ષને, **વિટપશઃ**-અનેક શાખા-ઉપશાખાઓથી, **વિભજિષ્યતિ સ્મ**-વહેંચે છે. ૩૬.

અનુવાદ--પ્રત્યેક યુગમાં સમય જતાં જ્યારે સંકુચિત સમજણવાળી બુદ્ધિના, અલ્પ આયુષ્યવાળા મનુષ્યોને, ખરેખર, વેદરાશિ સમજવો કઠિન થઈ પડશે; ત્યારે તો તેજ ભગવાન, સત્યવતીમાં પ્રકટ થઈને વેદવૃક્ષને વિવિધ પ્રકારની શાખા-ઉપશાખાઓમાં વહેંચે છે. ૩૬.

તત્ત્વસુધા—આ શ્લોકમાં 'શ્રીવ્યાસ' અવતારનું નિરૂપણ છે. 'ચિન્તામય' પદનો આ અવતાર છે. લૌકિક જનોની ચિંતા લૌકિક હોય. ભગવાન તો અલૌકિક છે. એમને એક ચિંતા થઈ કે કલિયુગના જીવોમાં તત્ત્વગ્રહણ બુદ્ધિ તો નથી; પછી આત્મદર્શન શી રીતે? એ ચિંતા નિવારણ માટે પોતે અનેક અવતારો લઈ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનેક લીલાઓ આદરી; પરંતુ તે લીલાઓ માનવના કર્ણપથ લાવવા માટે "વ્યાસ" રૂપે અન્યા, ત્યારે ચિંતા મટી; વેદોને શાખાઓમાં વહેંચ્યા, પુરાણો મહાભારતાદિ રચ્યાં, અન્તે શ્રીમદ્ ભાગવત રચ્યું. શાખા એટલે "એક ભગવાનના સ્વરૂપને કહેનાર વેદનો સમુદાય તે શાખા" કહેવાય છે. ૩૬.

23 શ્રી બુદ્ધ અવતાર-

देवद्विषां निगमवर्त्मनि निष्ठितानां पूर्भिर्मयेन विहिताभिरदृश्यतूर्भिः[1] ।
लोकान् घ्नतां मतिविमोहमतिप्रलोभं वेषं विधाय बहु भाष्यत औपधर्म्यम् ॥ ३७ ॥

અન્વયાર્થ—**નિગમ-વર્ત્મનિ**-વેદ માર્ગમાં, **નિષ્ઠિતાનામ્**-રહેનારાઓની, અને **મયેન**-મયાસુરે, **વિહિતાભિઃ**-રચેલી, **અદૃશ્ય-તૂર્ભિઃ**-અલક્ષ્ય વેગ વાળી, એવી-**પૂર્ભિઃ**-ત્રણ નગરીઓ દ્વારા, **લોકાન્**-લોકોને, **ઘ્નતામ્**-નાશ કરતા, **દેવ-દ્વિષામ્**-દેવનો દ્વેષ કરનારાઓની-દૈત્યોની, **મતિ-વિમોહ-મતિ-પ્રલોભમ્**-મતિને વિમોહ અને મતિને અત્યંત લોભ પેદા કરનારા, **વેષમ્**-વેષને, **વિધાય**-બનાવીને, **ઔપધર્મ્યમ્**-પાખંડ ધર્મને, **બહુ**-ખૂબ પ્રમાણમાં, **ભાષ્યતે**-કહેશે. ૩૭.

અનુવાદ—વેદમાર્ગમાં નિષ્ઠા રાખનારાઓની અને મયાસુરે રચેલી, કલ્પનામાં ન આવી શકે તેવા વેગવાળી ત્રણ નગરીઓ દ્વારા સર્વ લોકોનો નાશ કરનારા દેવદ્રોહી દૈત્યોની મતિમાં અત્યંત મોહ પેદા કરનારા તેમજ મતિમાં પ્રલોભ પેદા કરનારા વેષને ધારણ કરી પુષ્કળ પ્રમાણમાં પાખંડ ધર્મનો ઉપદેશ કરશે. ૩૭.

તત્ત્વસુધા—આ શ્લોકમાં બુદ્ધ અવતારનું નિરૂપણ છે. બુદ્ધિનો મોહ કરવા માટે બુદ્ધ અવતાર છે. કાપાલિકો વેદનું અવલંબન કરી હિંસાદિમાં પ્રવૃત્ત હતા. તેમની મતિનો વિભ્રમ કરી અહિંસાનું સ્થાપન કર્યું. જ્યારે દૈત્યો પણ વેદનું અવલંબન કરી વિવિધ માયાઓ રચી જગતને ત્રાસ આપતા હતા. તે દાનવોમાં મુખ્ય 'મયદાનવ' હતો. તેણે લોક મોહક એવી 'ત્રણપુરી'ઓ બનાવી હતી. તેની પણ મતિમાં મોહ-લોભ પેદા કરવા પાખંડ ધર્મનું સ્થાપન કર્યું, જે આવશ્યક હતું.

આ શ્લોકમાં પૂર્વાર્ધનો છેલ્લો શબ્દ તૂર્ભિઃ છે; તેને સ્થાને મૂર્ભિઃ પાઠ પણ મળે છે. મૂર શબ્દ માયા વાચક છે. મૂર્ભિઃ બહુવચન છે. પૂર્ભિઃ પદનું વિશેષણ છે. માયાની કલ્પના પણ ન આવે એવી 'પૂરી' વડે જગતને મય ત્રાસ આપતો હતો. ૩૭.

24 શ્રીકલ્કિ અવતાર-

यर्ह्यालयेष्वपि सतां न हरेः कथाः स्युः पाखण्डिनो द्विजजना वृषला नृदेवाः ।
स्वाहा स्वधा वषडिति स्म गिरो न यत्र शास्ता भविष्यति कले र्भगवान्युगान्ते ॥ ३८ ॥

અન્વયાર્થ—**યર્હિ**-જ્યારે, **સતામ્**-સાધુ જનોના, **આલયેષુ**-નિવાસોમાં, **અપિ**-પણ, **હરેઃ**-શ્રીહરિની, **કથાઃ**-કથાઓ, **ન સ્યુઃ**-નહિ થાય, અને **દ્વિજ-જનાઃ**-દ્વિજ જનો, **પાખણ્ડિનઃ**-પાખંડી થશે, અને **વૃષલાઃ**-શૂદ્રજનો, **નૃ-દેવાઃ**-શાસકો થશે, વળી **યત્ર**-જ્યાં, **સ્વાહા**-સ્વાહાકાર, **સ્વધા**-સ્વધાકાર, **વષટ્**-વષટ્કાર, **ઇતિ**-એવી (વાળા), **ગિરઃ**-વાણીઓના ઉચ્ચાર, **ન સ્મ**-સાંભળવા નહિ મળે, ત્યારે **યુગાન્તે**-યુગના અંતમાં, **ભગવાન્**-ભગવાન, **કલેઃ**-કલિયુગના, **શાસ્તા**-શાસક, **ભવિષ્યતિ**-થશે. ૩૮.

---

૧. પ્રા૦ પા૦-રદૃશ્યમૂર્ભિઃ ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—જ્યારે સાધુ જનોના નિવાસોમાં પણ શ્રીહરિની કથાઓ નહિ થાય, અને દ્વિજ જનો પાખંડી થશે, વળી ક્ષુદ્ર જનો રાજ્ય શાસકો થશે, સ્વાહાકાર-સ્વધાકાર-વષટ્કાર વાળા મંત્રોચ્ચારો સંભળાશે નહિ, ત્યારે કલિનું શાસન કરવા માટે યુગને અંતે ભગવાન અવતાર લેશે. ૩૮.

તત્ત્વસુધા—આ શ્લોકમાં કલ્કિ અવતારનું કથન છે. કૃતયુગ અને ત્રેતામાં વિપુલ સમુદાયમાં ભગવત્ કથાઓ થતી. પછી દ્વાપર આવ્યો, ત્યારે કથાઓ ઘરમાં થવા લાગી; પરંતુ કલિયુગમાં તો આલયેષુ સતામપિ સંતોના ઘરમાં પણ ભગવત્ કથાઓ ન થઇ. આ રીતે 'કથા' કલ્યાણનું એક સાધન ગયું. દ્વિજજનાઃ ત્રિવર્ણિકો વૈદિક કાર્યો કરતા, તે સર્વ વેદના નામે પાખંડી થયા; તેથી 'કર્મ કાંડ'-કલ્યાણનું બીજું સાધન ગયું. નૃદેવાઃ-રાજાઓ ધર્મમાં પ્રજાને રાખતા, પરંતુ શૂદ્રો રાજા થયા; તેથી 'શાસન' કલ્યાણનું ત્રીજું સાધન ગયું. 'સ્વાહા, સ્વધા, વષટ્', એ ત્રણ નામથી થતાં યાગ, શ્રાદ્ધ અને હોમથી થતું 'આરાધન'-કલ્યાણનું ચોથું સાધન ગયું. ત્યારે કલ્કિ અવતાર થશે. ૩૮.

सर्गे तपोऽहमृषयो नव ये प्रजेशाः स्थाने च धर्ममखमन्वमरावनीशाः ।
अन्ते त्वधर्महरमन्युवशासुराद्या मायाविभूतय इमाः पुरुशक्तिभाजः ॥ ३९ ॥

અન્વયાર્થ—સર્ગે-સૃષ્ટિની રચનામાં, તપઃ-તપશ્ચર્યા, ઋષયઃ-ઋષિઓ, અહમ્-હું-બ્રહ્માજી, યે-જે, નવ-નવ, પ્રજા-ઈશાઃ-પ્રજાના સ્વામીઓ-પ્રજાપતિઓ, ચ-અને, સ્થાને-સંરક્ષણમાં, ધર્મ-મખ-મનુ-અમર-અવની ઈશાઃ-ધર્મ, યજ્ઞો, મનુઓ, દેવો અને રાજાઓ; ચ-તેમજ અન્તે-સંહાર કાર્યમાં, તુ-તો, અધર્મ-હર-મન્યુવશ-અસુર-આદ્યાઃ-અધર્મ, હર, ક્રોધી પ્રાણીઓ, અસુરો વગેરે, પુરુ-શક્તિ-ભાજઃ-પુષ્કળ શક્તિશાળી એવા ભગવાનની, ઇમાઃ-આ, માયા-વિભૂતયઃ-માયાની વિભૂતિઓ છે. ૩૯.

અનુવાદ—અનેક શક્તિને ધારણ કરનાર ભગવાન જ્યારે સૃષ્ટિની રચના કરે છે, ત્યારે તપશ્ચર્યા, ઋષિઓ, મને, મરીચિ આદિ પ્રજાપતિઓને ઉત્પન્ન કરે છે; જ્યારે સંરક્ષણ કરે છે ત્યારે ધર્મ, યજ્ઞો, મનુઓ, દેવો અને રાજાઓને રચે છે; વળી જ્યારે સંહાર કરે છે, ત્યારે અધર્મ, રૂદ્ર, ક્રોધી પ્રાણીઓ, અસુરો વગેરેને ઉત્પન્ન કરે છે. આ સર્વ સર્વશક્તિમાન ભગવાનની માયાનો વૈભવ છે. ૩૯.

તત્ત્વસુધા—સર્જન, સંપાલન, વિસર્જન એ ભગવાનનાં જગતની વ્યવસ્થાનાં અનિવાર્ય ત્રણ કાર્ય. ઈશ્વર માયા વિભૂતિઓ દ્વારા આ ત્રણે કાર્યોનું સંચાલન કરે છે. આ શ્લોક આ વસ્તુનું કથન કરે છે. સર્ગે-સૃષ્ટિની રચનામાં ચાર તત્ત્વોનો ઉપયોગ કરે છે. તપ, બ્રહ્માજી, પ્રજાપતિઓ અને વેદો આ ચાર સ્વરૂપે ભગવાન સૃષ્ટિ રચે છે. તપમાં સાધન શક્તિ છે. બ્રહ્માજીમાં કૌશલ્ય છે. પ્રજાપતિઓમાં ઐશ્વર્ય છે. વેદોમાં વિવેક છે. ઋષયઃ પદથી વેદોનું ગ્રહણ કરવું.

૧ ૨ ૩ ૪ ૫

સ્થાને-સૃષ્ટિના સંચાલનમાં પાંચ તત્ત્વોનો ઉપયોગ છે. ધર્મ, યજ્ઞ, મનુ, દેવો અને રાજાઓ. આ પાંચ સાધનોથી પૃથ્વીની રક્ષા થાય છે અને મર્યાદાનું પાલન થાય છે. ધર્મથી સુખ, યજ્ઞથી શાંતિ, મનુથી વ્યવસ્થા, દેવોથી ફળ, અને રાજાઓથી રક્ષા થાય છે.

અન્તે-સૃષ્ટિના ઉપસંહારમાં અધર્મ, રૂદ્ર, ક્રોધી અસુરોનો ઉપયોગ કરે છે. અધર્મથી સુખનાશ, રૂદ્રથી સૃષ્ટિનાશ અને અસુરોથી સર્વ નાશ થાય છે. ૩૯.

विष्णोर्नु वीर्यगणनां कतमोऽर्हतीह यः पार्थिवान्यपि कविर्विममे रजांसि ।
चस्कम्भ यः स्वरंहसाऽस्खलता त्रिपृष्ठं यस्मात् त्रिसाम्यसदनादुरु कम्पयानम् ॥ ४० ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—**અપિ**-કદાચ, **યઃ**-જે કોઇ, **કવિઃ**-કવિ-વિચક્ષણ, **પાર્થિવાનિ**-પૃથ્વીનાં, **રજાંસિ**-રજકણોને, **વિમમે**-ગણી શકે ખરો, પરંતુ **ઇહ**-આ લોકમાં, **વિષ્ણોઃ**-શ્રી વિષ્ણુના, **વીર્ય-ગણનામ્**-પરાક્રમોની ગણના કરવા, **કતમઃ**-કોણ, **અર્હતિ**-સમર્થ થઈ શકે? કારણ કે **યઃ**-જે વિષ્ણુ ભગવાને, **અસ્ખલતા**-અસ્ખલિત એવા, **સ્વરંહસા**-પોતાના વેગથી, **યસ્માત્-ત્રિસામ્ય-સદનાત્**-જે પ્રકૃતિના ધામથી આરંભીને, **ઉરુ**-પુષ્કળ, **કમ્પયાનમ્**-કંપી ઉઠેલા, **ત્રિપૃષ્ઠમ્**-સત્ય લોકને, **ચસ્કમ્ભ**-થોભી રાખ્યું. ૪૦.

અનુવાદ—કદાચ કોઇ ડાહ્યો પુરુષ પૃથ્વીના રજકણોને ગણી શકશે ખરો; પરંતુ આ આ લોકમાં ભગવાન વિષ્ણુના પરાક્રમોની સંખ્યાને ગણવા કોણ સમર્થ થઈ શકશે? જે વામન ભગવાને અસ્ખલિત એવા પોતાના પગના વેગથી, પ્રકૃતિના આવરણથી લઈને પુષ્કળ પ્રમાણમાં કમ્પી રહેલા એવા સત્ય લોકને પોતે સ્થિર કરી રાખ્યો હતો. ૪૦.

તત્ત્વસુધા—ગુણો પણ ભગવાનનું સ્વરૂપ છે. આ ભગવાનનું નામ વિષ્ણુ છે. વિષ્ણુ એટલે સમસ્ત વિશ્વ. વિશ્વમાં તો અસંખ્ય ગુણોથી ભગવાન વહેંચાયેલા છે. એવા અસંખ્ય ગુણોની ગણના કેમ સંભવે? વળી તર્કથી પણ તે ગુણો નથી કલ્પી શકાતા. આ વાતને દૃઢ કરવા વામન ભગવાનના સામર્થ્યનું વર્ણન કરે છે. જ્યારે વામન ભગવાનનો ચરણ ઉપર આવવા લાગ્યો, ત્યારે પૃથ્વીથી લઈ સત્ય લોક સુધી 'કંપ' થયો. ભગવાને તે ક્ષોભ પામતાં ત્રણ લોકને અને અન્ય લોકને પણ સંભાળી રાખ્યાં. કતમઃ શબ્દથી બ્રહ્માજીનું પણ ગ્રહણ થાય છે. કોટિ કોટિ બ્રહ્માંડો છે. એમાં સર્વ બ્રહ્માઓના પણ અધિપતિ કોઇ બ્રહ્માજી હોય, તે પણ જો સમર્થ નથી થઈ શકતા, તો અન્યની શી ગતિ? ૪૦.

નાન્તં વિદામ્યહમમી મુનયોઽગ્રજાસ્તે માયાબલસ્ય પુરુષસ્ય કુતોઽપરે યે ।
ગાયન્ ગુણાન્ દશશતાનન આદિદેવઃ શેષોઽધુનાપિ સમવસ્યતિ નાસ્ય પારમ્ ॥ ૪૧ ॥

અન્વયાર્થ—**અહમ્**-હું બ્રહ્મા, **માયા-બલસ્ય**-માયાના બળવાળા, **પુરુષસ્ય**-પુરુષોત્તમના, **અન્તમ્**-અંતને, **ન વિદામિ**-નથી જાણતો; **અમી**-આ, **તે**-તારા, **અગ્રજાઃ**-અગ્રજો-સનત્કુમારો, **મુનયઃ**-મરીચિ આદિ મુનિઓ, **ન**-નથી જાણતા, **યે**-જે, **અપરે**-બીજાઓ છે તે, **કુતઃ** કયાંથી જાણે? કારણ કે **ગુણાન્**-ગુણોને, **ગાયન્**-નિત્ય ગાતા, **દશ-શત-આનનઃ**-સહસ્ર મુખવાળા, **આદિદેવઃ**-આદિ દેવ, **શેષઃ**-શ્રી શેષ ભગવાન, **અધુના**-આજે, **અપિ**-પણ, **અસ્ય**-આ ભગવાનના, **પારમ્**-પારને, **ન સમ્-અવસ્યતિ**-પામી શકયા નથી. ૪૧.

અનુવાદ—હું, બ્રહ્મા, માયા બળવાળા શ્રીપુરુષોત્તમના અંતને જાણતો નથી; વળી આ તમારા જયેષ્ઠ બંધુ સનત્કુમારો, મરીચિ આદિ મુનિઓ પણ નથી જાણતા; તો જે બીજાઓ છે, તે તો કયાંથી જ જાણે? કારણ કે જે ભગવાનના ગુણોને નિત્ય ગાતા, સહસ્ર મુખવાળા, આદિ દેવ, શ્રીશેષ ભગવાન આજે પણ આ ભગવાનના પારને પામી શકયા નથી. ૪૧.

તત્ત્વસુધા—દૈન્ય એ એકજ ગુણ એવો છે કે મનુષ્યમાંથી 'અહં' ભાવને દૂર કરી શકે છે. બ્રહ્માજીએ આ શ્લોકમાં દૈન્યનું અનુસંધાન કરાવ્યું છે. નારદજીના હૃદયમાં કદિ ગર્વ ન જાગે, તે માટેનું આ સુદૃઢ બીજારોપણ છે. સર્વના આદિ 'અહમ્' હું બ્રહ્મા, તે અગ્રજાઃ તમારાથી પૂર્વમાં જન્મેલા સનત્કુમારો જાણવા સમર્થ ન બન્યા, તો અન્યની કલ્પના જ અસ્થાને છે. સહસ્રાનન શેષ ભગવાનને અનન્ત મુખ છે. તે મુખો દ્વારા ભગવાનના એક ગુણને ગાવાનો કરેલો આરંભ હજી પણ ચાલુ છે; છતાં આજે એક ગુણનો પાર નથી પામી શકયા, તો અન્ય ગુણોની તો ગણના કેમ આરંભાય? ૪૧.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

येषां स एव भगवान् दययेदनन्तः[1] सर्वात्मनाऽऽश्रितपदो यदि निर्व्यलीकम् ।
ते दुस्तरामतितरन्ति[2] च देवमायां नैषां ममाहमिति धीः श्वशृगालभक्ष्ये ॥ ४२ ॥

અન્વયાર્થ—**યદિ**-જો, **નિર્**-**વ્યલીકમ્**-નિષ્કપટ ભાવથી, **સર્વ**-**આત્મના**-સર્વ પ્રકારે, **આશ્રિત**-**પદઃ**-સેવાયેલા ચરણવાળા, એવા **સઃ**-તે, **એષઃ**-આ, **અનન્તઃ**-અનંત, **ભગવાન્**-ભગવાન, **યેષામ્**-જેઓના ઉપર, **દયયેત્**-દયા વરસાવે, તે-તે પુરુષો, **દુસ્તરામ્**-દુઃખે તરાય તેવી, **દેવ**-**માયામ્**-દૈવ માયાને, **અતિ**-**તરન્તિ**-તરી શકે છે, કે **એષામ્**-**ચ**-વળી જેમણે, **શ્વ**-**શૃગાલ**-**ભક્ષ્યે**-શ્વાન-શિયાળને ખાવા લાયક દેહમાં, **અહં મમ ઇતિ**-હું-મારું-એવી, **ધીઃ**-બુદ્ધિ, **ન**-નથી. ૪૨.

અનુવાદ—જે નિષ્કપટપણે, સર્વાત્મ ભાવે, અનન્ત ભગવાનના ચરણનો આશ્રય કરે અને જો તેના ઉપર અનંત ભગવાનની દયા ઉતરે, તો તે પુરુષો દુસ્તર એવી પણ આ દૈવમાયા અવશ્ય તરી જાય; પરંતુ તે કયારે કે જ્યારે તેને શ્વાન, શિયાળના ખોરાક રૂપ આ શરીરમાં 'હું અને મારું,' એવી મમતા ન હોય ત્યારે. ૪૨.

તત્ત્વસુધા—બ્રહ્માજી બે વસ્તુને ચર્ચે છે. માયાને સમજવી અને તરવી એ એક વસ્તુ; ભગવાનના ગુણોનો પાર પામવો એ બીજી વસ્તુ. પ્રથમ બાબતની ચર્ચાનું સમાધાન આ શ્લોકમાં છે. શરણાગતિ એ એક શ્રેષ્ઠ ધર્મ છે. અનન્યાશ્રય શરણાગતિથીજ સુદૃઢ બને છે. **સર્વાત્મનાશ્રિતપદઃ**—એટલે સર્વાત્મ ભાવથી નિષ્કપટ બનીને શ્રીચરણનું શરણ સ્વીકારવું. આ ભક્તિમાર્ગનું ઉત્તમ કાર્ય કરી લેતાંજ અનંત પ્રભુની અનંત કૃપા અવતરે છે. પ્રત્યેક ઇન્દ્રિય, અન્તઃકરણ અને શરીર આ ત્રણેમાં ઇશ્વર ધર્મનો પ્રવેશ અને પ્રત્યેકની વિશુદ્ધિ દ્વારા જ સર્વાત્મભાવ સિદ્ધ થાય છે. શરીર, ઇન્દ્રિય, મનનાં કોઈ પણ સુખો લેવાની કામના સરખી પણ ન જન્મે તોજ સર્વાત્મભાવનું સ્વરૂપ બનશે. સર્વાત્મભાવથી હૃદયમાં ભગવાનનું નિત્ય સાન્નિધ્ય રહે છે. શ્રીહરિના એ સાન્નિધ્યના જ બળથી, અવશ્ય ક્ષીણ થનારા શરીરમાં મમતા નહિ રહે; પરંતુ સેવાદ્વારા તેની સાર્થકતા કેમ સંભવે એની નિત્ય સ્મૃતિ રહેશે. તેને માયા તરવામાં શ્રમ નહિ હોય. ૩૯થી ૪૨ આ ચાર શ્લોકોમાં યાવન્મનો ધારણયાવતિષ્ઠતે એવું સ્કંધ-૨, અધ્યાય-૨, શ્લોક ૧૨ માં ધારણાનું વિધાન કર્યું હતું, તેનોજ આ વિવેક કર્યો છે. ધારણામાં ભગવાનના ગુણોનું સ્થાપન કરીને ભગવાનનાં સ્વરૂપોનું સ્થાપન કરવાનું હોય છે. ૪૨.

હવે ૪૩ થી ૪૬ સુધી ચાર શ્લોકોમાં એકૈકશોઽઙ્ગાનિ ધિયાનુભાવયેત્ (સ્કંધ ૨, અ-૨, શ્લોક ૧૩)-બુદ્ધિદ્વારા ભગવાનનાં એક એક અંગોની ધારણા કરી એ વિધાનની ચર્ચા શરૂ કરે છે.

वेदाहमङ्ग परमस्य हि योगमायां यूयं भवश्च भगवानथ दैत्यवर्यः ।
पत्नी मनोः स च मनुश्च तदात्मजाश्च प्राचीनबर्हिरकृशुरङ्ग उत ध्रुवश्च ॥ ४३ ॥
इक्ष्वाकुरैल मुचुकुन्द विदेह गाधिरघ्वम्बरीषसगरा गयनाहुषाद्याः ।
मान्धात्रलर्कशतधन्वनुरन्ति देवा देवव्रतो बलिरमूर्त्तरयो दिलीपः ॥ ४४ ॥
सौभर्युतङ्कशिबि देवल पिप्पलाद सारस्वतोद्धव पराशर भूरिषेणाः ।
येऽन्ये विभीषण हनूमदुपेन्द्रदत्तपार्थार्ष्टिषेण विदुर श्रुतदेववर्याः[3] ॥ ४५ ॥

१. પ્રા૦ પા૦ – दयया ह्यनन्तः । २. શ્રીમ૬ પા૦–तरन्त्यय ॥ ૩. પ્રા૦ પા ૦–देवभूपाः ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—**અઙ્ગ**-હે ભાઈ, **હિ**-ખરેખર, **પરમસ્ય**-પરમેશ્વરની, **માયામ્**-માયાને, **અહમ્**-હું, **વેદ**-જાણું છું, **યૂયં**-તમે જાણો છો, **ચ**-અને, **ભગવાન્ ભવઃ**-ભગવાન શંકર જાણે છે, **અથ**-અને, **દૈત્ય-વર્યઃ**-દૈત્યરાજ-શ્રી પ્રહ્લાદ, **સઃ**-તે, **મનુઃ**-સ્વયંભૂ મનુ, **મનોઃ**-મનુરાજાનાં, **પત્ની**-સ્ત્રી-શતરૂપા, **ચ**-અને, **તદ્-આત્મજાઃ**-મનુ રાજાના પુત્રો, **ચ**-અને, **પ્રાચીનબર્હિઃ**-પ્રાચીનબર્હિ, **ઋભુઃ**-ઋભુ, **ઉત**-અને, **અઙ્ગ**-અંગ રાજા, **ધ્રુવઃ**-શ્રી ધ્રુવજી, **ચ**-તેમજ. ૪૩; **ઇક્ષ્વાકુઃ**-ઇક્ષ્વાકુ રાજા, **ઐલ-મુચુકુન્દ-વિદેહ-ગાધિ-રઘુ-અમ્બરીષ-સગરાઃ**-પુરૂરવા, મુચુકુંદ, જનક, ગાધિ, રઘુ, અંબરીષ, સગર રાજા, **ગય-નાહુષ-આદ્યાઃ**-ગય-નહુષ વગેરે રાજાઓ, **માન્ધાતૃ-અલર્ક-શતધનુ-અનુ-રન્તિદેવાઃ**-માંધાતા-અલર્ક-શતધનુ-અનુ-રંતિદેવ રાજા, **દેવવ્રતઃ**-ભીષ્મ પિતા, **બલિઃ**-બલિરાજા, **અમૂર્તરયઃ**-અમૂર્તરય, **દિલીપઃ**-દિલીપ રાજા. ૪૪.

સૌભરિ-ઉતઙ્ક-શિબિ-દેવલ-પિપ્પલાદ-સારસ્વત-ઉદ્ધવ-પરાશર-ભૂરિષેણ-સૌભરી-ઉત્તંક-શિબિ, દેવલ, પિપ્પલાદ, સારસ્વત, ઉદ્ધવ, પરાશર, ભૂરિષેણ, **યે**-જે, અન્યે-બીજા, **વિભીષણ-હનૂમદ્-ઉપેન્દ્ર-દત્ત-પાર્થ-આર્ષ્ટિષેણ-વિદુર-શ્રુતદેવ-વર્યાઃ**-વિભીષણ, હનુમાન, ઉપેન્દ્ર, દત્ત, અર્જુન, આર્ષ્ટિષેણ, વિદુર, શ્રુતદેવ વગેરે શ્રેષ્ઠ જનો જાણે છે. ૪૫.

અનુવાદ—ભાઈ નારદ! એ ભગવાનની યોગમાયાને હું જાણું છું. વળી નારદ! તમે, તમારા જ્યેષ્ઠ બંધુ સનત્કુમારો પણ જાણે છે. ભગવાન શંકર પણ જાણે છે. દૈત્ય શ્રેષ્ઠ શ્રીપ્રહ્લાદજી જાણે છે. મનુરાજાની પત્ની શતરૂપા, સ્વયંભૂ મનુરાજા, સ્વયંભૂના પુત્રો, પ્રાચીનબર્હિ રાજા, ઋભુ, અંગરાજા અને ધ્રુવજી પણ જાણે છે. ૪૩. ઇક્ષ્વાકુ, પુરૂરવા, મુચુકુન્દ, જનકરાજા, ગાધિરાજા, રઘુરાજા, અંબરીષરાજા, સગરરાજા, ગયરાજા અને નહુષ વગેરે પણ જાણે છે. માન્ધાતા, અલર્ક, શતધન્વા, અનુ, રન્તિદેવ, દેવવ્રત-ભીષ્મ, બલિરાજા અમૂર્ત્તરય, દિલીપ વગેરે રાજાઓ પણ જાણે છે. ૪૪. સૌભરિ, ઉત્તંક, શિબિ, દેવલ, પિપ્પલાદ, સારસ્વતદધીચિ, ઉદ્ધવ, પરાશર, ભૂરિષેણ અને બીજાઓ, વિભીષણ, હનુમાન, ઉપેન્દ્ર, દત્ત ભગવાન, પાર્થ અર્જુન, આર્ષ્ટિષેણ, વિદુર, શ્રુતદેવ વગેરે શ્રેષ્ઠ પુરુષો પણ જાણે છે. ૪૪, ૪૫.

તત્ત્વસુધા—આ શ્લોકોમાં ૫૧ સંખ્યામાં ભગવાનના એકાદ અંગને જાણનારાઓનાં નામોનો ઉલ્લેખ કર્યો છે. સાત્વિક, રાજસ, તામસના ભેદથી ત્રણ શ્લોકોનો નિર્દેશ કર્યો છે. પ્રથમ શ્લોકમાં ૧૫ ભક્તોની સંખ્યા છે. તેઓ સાત્વિક છે. બીજા શ્લોકમાં ૧૯ ભક્તોનો સંકેત છે, જેઓ રાજસ છે. ત્રીજા શ્લોકમાં ૧૭ ભક્તોની સંખ્યા છે. આ રીતે ૫૧ સંખ્યા થાય છે. પ્રથમ શ્લોકમાં યૂયમ પદથી ચાર સનત્કુમાર અને નારદ મળીને પાંચ લેવા. વેદાહમંગ-સૌથી પ્રથમ બ્રહ્માનું ગ્રહણ અહમ્ પદથી કર્યું છે. બ્રહ્માજી સૃષ્ટિના આદિ છે, તેમજ ભગવાનનાં પ્રથમ અંગ 'ચરણકમલ' છે અને બ્રહ્માજીએ તેનાં પૂજન કર્યાં છે, તેથી પ્રથમ તેમનું ગ્રહણ કર્યું અને સૂચવ્યું કે જે ચરણ કમલનું શરણ લેશે તેને ભગવાન સમજશે. 'અઙ્ગ' સંબોધન કરી પ્રતિજ્ઞા કરીને કહ્યું કે "વત્સ નારદ! આ મારો અનુભવ છે અને મારા આ કથનમાં અસત્ય નથી, તેવો વિશ્વાસ હું આપું છું. 'તદાત્મજા' શબ્દથી મનુનાં પાંચ સંતાન-પ્રિયવ્રત, ઉત્તાનપાદ, આકૃતિ, દેવહૂતિ અને પ્રસૂતિ-લેવાં. ઋભુ-બ્રહ્માજીના પુત્ર છે અથવા વિષ્ણુપુરાણમાં પ્રસિદ્ધ છે. ઉત્તઙ્ક મહાભારતમાં પ્રસિદ્ધ છે. સારસ્વત-દધીચિનું નામ છે. પાર્થ શબ્દથી પરીક્ષિત અને અર્જુનનું ગ્રહણ કર્યું છે. યૂયં ભવશ્ચ ત્યાં ચ અવ્યય છે, તેથી શુકદેવજીનો સંકેત છે; કારણ કે શુકદેવજી શિવજીનો અવતાર છે, માટે 'ભવ' શબ્દની સાથે શુકદેવને ગણાવ્યા છે. ૪૩; ૪૪; ૪૫.

તે વૈ વિદન્ત્યતિતરન્તિ ચ દેવમાયાં સ્ત્રીશૂદ્રહૂણશબરા અપિ પાપજીવાઃ ।
યદ્યદ્ભુતક્રમપરાયણ શીલ શિક્ષાસ્તિર્યગ્જના અપિ કિમુ શ્રુતધારણા યે ॥ ૪૬ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—**તે**-તે પુરુષો, **વૈ**-ખરેખર, **દેવ-માયામ્**-ઈશ્વરની માયાને, **વિદન્તિ**-જાણે છે, **ચ**-અને, **અતિતરન્તિ**-તરી પણ જાય છે, **કે** જે-**યદિ**-જો કદાચ, **પાપજીવાઃ**-પાપ કરનારા જીવો હોય, **અપિ**-વળી, **સ્ત્રી-શૂદ્ર-હૂણ-શબરાઃ**-સ્ત્રી, શૂદ્ર, હૂણ કે શબરો પણ હોય, પરંતુ **અદ્ભુત-ક્રમ-પરાયણ-શીલ-શિક્ષાઃ**-જે ભગવાનનાં અદ્ભુત ચરિત્રોમાં પરાયણ છે તેમજ પ્રભુનાં શીલ અને શિક્ષા મેળવ્યાં છે, તે **તિર્યગ્ જનાઃ**-પંખીઓ, **અપિ**-પણ પ્રભુની માયાને તરે છે, તો **યે**-જે, **શ્રુત-ધારણાઃ**-શાસ્ત્રોનું ચિંતન કરનારા છે, તેમને **માટે-કિમ્**-શું પૂછવું ? ૪૬.

અનુવાદ—જે કદાચ પાપાચાર કરનારા હોય, સ્ત્રી, શૂદ્ર, હૂણ કે શબર હોય, તો પણ જો તેઓ ભગવાનનાં અત્યંત અદ્ભુત ચરિત્રોમાં રસવાળા હોય કે ભગવાનનાં શીલ-શિક્ષાને જાણતા હોય એવાં પંખીઓ પણ દેવમાયાને તરી જાય છે તેમજ જાણી જાય છે. તો પછી જેઓ શાસ્ત્ર ચિંતન કરનારા હોય, તે લોકો દેવમાયાને તરે, તેમાં નવાઇ શી ? ૪૬.

તત્ત્વસુધા—આ શ્લોકમાં વિશેષ નામનો નિર્દેશ કર્યા વિના કેવલ સ્ત્રી શૂદ્ર વગેરે શબ્દોથી સામાન્ય જાતિનો નિર્દેશ કરે છે. ઈશ્વરને સમજવામાં, મેળવવામાં, માયાને તરવામાં, ત્રણ સાધનો છે. ભગવાનનાં અદ્ભુત પરાક્રમમાં, શીલમાં અને ગીતાજી જેવાં શિક્ષણમાં-જ્ઞાનમાં રસ, આ ત્રણમાંથી એકાદને ધરાવનાર કોઇ પણ વ્યક્તિ અને જાતિ ઈશ્વરને સરલતાથી સમજી શકે છે અને માયાને તરી શકે છે. અદ્ભુતક્રમપરાયણ શીલ શિક્ષાંઃ- આ વાક્યનો અર્થ એવો પણ થઇ શકે છે-અદ્ભુત ક્રમ પરાક્રમ વાળા એવા શ્રીહરિમાં પરાયણ થઇ રહેલા ભક્તોના શીલમાં જેઓ શિક્ષણવાળાં છે, તેવાં સ્ત્રી, શૂદ્ર વગેરે પણ તરી જાય છે. તાત્પર્ય કે હરિભક્તો, શીલમાં સ્નેહ ધારણ કરનાર સ્ત્રી શૂદ્રાદિ પણ તરી જાય છે. તિર્યગ્જનાઃ-વૃન્દાવનમાં વસનારા હંસ શુક, સારિકા વગેરે પક્ષીઓ કેવલ વ્રજ વનિતાઓના મુખમાંથી નીકળતાં "ગોવિંદ, દામોદર, માધવ," એવાં શ્રીકૃષ્ણનાં નામોને શ્રુતધારણાઃ સાંભળીને યાદ રાખે છે અને બોલે છે, તેઓ પણ તરી જાય છે. શ્રુતધારણા જેઓ શાસ્ત્રોનું ધારણ એટલે અનુશીલન કરે છે, તે તરે તેમા નવાઇ શી ? શ્રુતે-શાસ્ત્રો અગર ભક્તો દ્વારા સાંભળેલા ભગવત્સ્વરૂપને હૃદયમાં ધારણ કરી લે તે પણ તરે છે. ૪૬.

शश्वत्प्रशान्तमभयं प्रतिबोधमात्रं शुद्धं समं सदसतः परमात्मतत्त्वम् ।
शब्दो न यत्र पुरुकारकवान् क्रियार्थो माया परैत्यभिमुखे न विलज्जमाना ॥ ४७ ॥
तद् वै पदं भगवतः परमस्य पुंसो ब्रह्मेति यद् विदुरजस्रसुखं विशोकम् ।
[1]सध्यङ् नियम्य यतयो यमकर्तहेतिं जह्युः स्वराडिव निपान्खनित्रमिन्द्रः ॥ ४८ ॥

અન્વયાર્થ—**યત્**-જે પરમપદ છે તે, **શશ્વત્**-નિત્ય છે; **પ્રશાન્તમ્**-પ્રશાન્ત છે; **અભયમ્**-અભય છે; **પ્રતિબોધ-માત્રમ્**-જ્ઞાનરૂપ છે; **શુદ્ધમ્**-વિશુદ્ધ છે; **સમમ્**-સમાન છે, **સત્-અસતઃ**-સત્ અને અસત્થી, **પરમ્**-પર, જે **આત્મતત્ત્વમ્**-આત્મતત્ત્વ છે, **યત્ર**-તે પરમતત્ત્વમાં, **શબ્દઃ**-શબ્દ, **ન**-જઈ શકે નહિ, **પુરુ-કારકવાન્**-પુષ્કળ સાધનાઓ વાળો, **ક્રિયાર્થઃ**-ક્રિયા કલાપ, **ન**-પહોંચતો નથી, **ચ**-અને, **અભિમુખે**-સન્મુખ ઉભી રહેવામાં, **વિલજ્જમાના**-લજ્જા પામતી, **માયા**-માયા પણ, **પરૈતિ**-પાછી ફરે છે. ૪૭;

તત્-તે, **વૈ**-ખરેખર, **ભગવતઃ**-ભગવાન, **પરમસ્ય પુંસઃ**-પૂર્ણ પુરુષનું, **પદમ્**-પદ છે કે, **યદ્**-જે, **બ્રહ્મ**-ભગવત્પદ-બ્રહ્મ છે, **અજસ્ર-સુખમ્**-નિત્ય સુખથી ભરેલું છે, **વિશોકમ્**-વળી શોક રહિત છે, **ઇતિ વિદુઃ**-એ પ્રમાણે જાણે છે તે પદમાં, **યતયઃ**-યતિ જનો-યોગીઓ, **સધ્યઙ્**-મનને, **નિયમ્ય**-જોડી દઇને,

---

૧. પ્રા૦ પા૦ – સમ્યઙ્

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

યમ્–જે, **અકર્ત્ત-હેતિમ્**–કર્મ અને કર્મનાં સાધનો યોગ અને તપ જેવાં છે તેને, **સ્વરાટ્**–સ્વયં વૃષ્ટિરૂપ, **ઇન્દ્રઃ**–ઇન્દ્રરાજા, **નિપાન-ખનિત્ર**–કૂવો ખોદવાના કોદાળી પાવડાને, **ઇવ-જહ્યુઃ**–જેમ છોડી દે છે, તેમ યોગીઓ સાધનોને મૂકી દે છે. ૪૮.

અનુવાદ—ભગવાનનું જે ચરણારવિંદ છે, તે દશ પ્રકારનું છે; જે નિત્ય છે, પ્રશાન્ત છે, અભય છે, જ્ઞાનરૂપ છે, વિશુદ્ધ છે, સમાન છે, સદ્થી પર છે, અસત્થી પર છે, આત્મતત્ત્વ છે; જ્યાં શબ્દની ગતિ નથી, તેમજ જ્યાં પુષ્કળ સાધનવાળો ક્રિયા કલાપ પણ પ્રવેશતો નથી; જે ઈશ્વરની સામે ઉભા રહેવામાં લજ્જા પામતી માયા પણ પાછી ફરે છે. ૪૭. તે પૂર્ણ પુરુષોત્તમ ભગવાનનું જે 'બ્રહ્મ' નામનું પરમ પદ છે કે જે નિત્ય સુખથી ભરેલું અને શોક રહિત છે એવું જાણે છે અને તે ભગવાનના ચરણારવિંદમાં યતિજનો મનને જોડી દે છે. પછી વૃષ્ટિ સ્વરૂપ ઈન્દ્ર રાજા કૂવો ખોદવાનાં સાધન કોદાળી-પાવડાને જેમ છોડી દે છે, તેમ યોગીઓ તપ–જ્ઞાનાદિ સાધનોને છોડી દે છે. ૪૮.

તત્ત્વસુધા—આ બે શ્લોકોમાં ભગવાનના ચરણારવિંદને દશ વિશેષણો આપ્યાં છે. પ્રથમ શ્લોકના પૂર્વાર્ધમાં ૮ વિશેષણો છે અને ૨ વિશેષણ ત્રીજા ચરણમાં છે. શ્લોકનો અર્થ કરતાં બીજા શ્લોકનાં પ્રથમ બે ચરણને પ્રથમ લેવાં, પછીથી પ્રથમ શ્લોકનાં બે ચરણ લેવાં તેથી અર્થ સંગતિ સરલ થશે. એનો અર્થ નીચે પ્રમાણે કરવો.—

તે પૂર્ણ પુરુષોત્તમ ભગવાનનું પદ કમલ છે કે જેને 'બ્રહ્મપદ' એવા નામથી સર્વ જાણે છે, જે બ્રહ્મ નિત્ય સુખાત્મક સ્વરૂપ છે તેમજ વિશોક સ્વરૂપ છે. તે ભગવત્પદને દશ પ્રકારના વિશેષણોથી સમજાવે છે.

૧. **શશ્વત્**–હરિચરણકમળ સદાસર્વદા એક રસ છે, વળી સદા સર્વદા વર્તમાન છે. કેવલ અવતાર લે, ત્યારે જ મળે એવું નથી. ભક્તોને કે શરણાગતોને જ્યારે આવશ્યકતા પડે ત્યારે તે સુલભ રીતે રસરૂપે મળે છે.

૨. **પ્રશાન્તમ્**–ત્રણ ગુણોની અસરથી પર હોય તે જ પ્રશાન્ત મનાય છે. અનેકવિધ ક્ષોભના કે હાનિના, અપમાનના કે ક્લેશના અવસરો આવે, પણ એની એજ પ્રશાન્તિ. સાગરમાં જે શાંતિ મળે તે કીર્તિ સાગરના પ્રત્યેક પગલામાંથી મળે.

૩. **અભયમ્**–ભેદ હોય ત્યાં જ ભય હોય છે. ભેદ હોય ત્યાં ખેદ પણ હોય. ભગવત્પદ અભય છે, અદ્વિતીય છે. તે પદમાં મનુષ્ય શરણાગત થઈ આવે કે **મૃત્યુરસ્માદપૈતિ** મૃત્યુ સ્વયં ચાલ્યો જાય છે.

૪. **પ્રતિબોધમાત્રમ્**–કેવલ અનુભવ રૂપ છે એટલે ચિદ્રૂપ છે; નિર્દોષ જ્ઞાન સ્વરૂપ છે.

૫. **શુદ્ધમ્**–શુદ્ધ એટલે આનંદ રૂપ છે; રાગાદિ દોષ રહિત છે.

૬. **સમમ્**–સમ એટલે સદ્રૂપ છે; વિષમતા નામના દોષ વિનાનું છે. ૪, ૫ અને ૬ એ ત્રણ વિશેષણોથી સચ્ચિદાનંદ રૂપે વર્ણવ્યા.

૭. **સદસતઃ પરમ્**–વ્યક્ત જગત અને અવ્યક્ત જગતથી તે વિલક્ષણ છે; અથવા સત્ એટલે કારણ અને અસત્ એટલે કાર્ય–તેથી પર છે; એથી તે સર્વનું કારણ છે.

૮. **આત્મતત્ત્વમ્**–અહંભાવથી રહિત છે. સર્વ પ્રપંચ પદાર્થોના અહંકાર વિનાનું છે.

૯. **યન્નપુરુષ્કારકવાન્ ક્રિયાર્થઃ ન**–જે પરમતત્ત્વમાં કર્તા, કર્મ, ક્રિયા વગેરે અનેક કારકવાળા અગ્નિષ્ટોમ આદિ અનેક ક્રિયાકલાપો નથી, એટલે કારક અને ક્રિયાઓથી પર છે. જેમ યજ્ઞમાં યજમાન કર્તા છે, યજ્ઞ કર્મ છે, યજ્ઞનું અનુષ્ઠાન ક્રિયા છે, અગ્નિષ્ટોમ–જ્યોતિષ્ટોમ–સોમયાગ આદિ ક્રિયાર્થી છે. આ સર્વથી પણ પર પ્રભુનું ચરણ કમળ છે. એ સર્વનું અનુષ્ઠાન કરે તો પણ ન પમાય. વળી અનુષ્ઠાન ન કર્યાં હોય તો પણ શરણાગત થવાથી પમાય.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૧૦. यत्र शब्दः न-શબ્દ એટલે સમસ્ત વેદ. એ વેદ પણ તેનો વાચક બની ન શકે. પરોક્ષ તત્ત્વનું નિરૂપણ કરી ત્યાંને ત્યાં જ વિરમી જાય છે. सद्यूङ् શબ્દનો અર્થ મન થાય છે. आत्मना सह अचतीति सद्यूङ् सहचरं मनः જીવની સાથે જવાનો સ્વભાવ હોવાથી મનને सद्यूङ् કહ્યું છે. सह અવ્યયને ઠેકાણે सघ्रि એવા વ્યાકરણ શાસ્ત્રના નિયમથી આદેશ થાય છે, તેથી सद्यूङ् રૂપ બને છે.

આવા દશગુણવાળા શ્રીહરિચરણ કમલની શરણાગતિ લેનારા કૃપાપાત્ર બની જાય છે. તે કૃપાના બળે આ સર્વને, તત્ત્વ જ્ઞાનની રીતે સમજવાની કોશિષ નથી કરવી પડતી; તેમજ કર્મકાંડની રીતે ભજવાની મહેનત કરવી પડતી નથી. ઉપરોક્ત આશયને સ્પષ્ટ કરનારું વાક્ય છે કે 'यतिर्जनो प्रेमथी મનને પ્રભુના ચરણકમલમાં સ્થાપી દે છે; તેથી यमकर्तहेतिं जह्युः યમ, નિયમ, જપ, તપ, યોગ આદિ कर्त સાધનોના हेतिं સમૂહને છોડી દે છે.

यमकर्तहेतिम् વાક્યના જુદા જુદા અર્થ થાય છે. (૧) यमेनाधिकृतः लोकः नरकः तस्य हेतुं संसारं जह्युः યમ રાજાના અધિકારમાં રહેલા નરક લોકના ગમનમાં કારણભૂત જન્મમરણ રૂપ સંસારને પામતા નથી, કારણ કે તેમણે ચરણકમલનો આશ્રય લીધો છે. આ અર્થમાં हेतिं ને બદલે हेतुं એવો પાઠ છે.

(૨) अकर्तहेतिं-સન્યાસ માર્ગમાં પ્રથમ પ્રયત્ન કરી ચૂકેલા યતિ જનો, પ્રભુકૃપાને પામીને अकर्तं हेतिं અભેદ જ્ઞાન ચિંતન રૂપ મોક્ષના સાધનને પણ ત્યજી દે છે. कर्तं એટલે ભેદનું સાધન-કર્મ, अकर्तं એટલે અભેદ જ્ઞાન. તે જ્ઞાનને મેળવવાના हेतिं સાધનને ત્યજી દે છે. એ તાત્પર્ય છે.

(૩) अकर्तं हेतिं कृत्यन्ते छिद्यन्ते सर्वे संशयाः इति कर्तं ज्ञानम्-સર્વ પ્રકારના સંશયોને છેદનાર એવું જે कर्तं એટલે જ્ઞાન, તેનાથી અન્ય તે अकर्तं એટલે 'કર્મ', જે સ્વર્ગાદિ ફલપ્રાપ્તિમાં કારણ છે. તે अकर्तं ના એટલે કર્મના हेतिं સાધનને-ઉપકરણને ત્યજી દે છે. એક ઠેકાણે अकर्तं નો અર્થ અભેદ જ્ઞાન એવો કર્યો. આ ઠેકાણે अकर्तं નો અર્થ 'કર્મ' એવો કર્યો છે. તે ધ્યાનપૂર્વક સમજવું.

આ પ્રસંગમાં જે ચોથા ચરણમાં ઉપમા આપી છે, તે ઉત્તમ છે. ઈન્દ્ર રાજાને અમૃત મળી જતાં પાણી મેળવવા માટે હવે તેને કૂવા ખોદવાનાં સાધનોને પકડી રાખવાની જરૂર નથી રહેતી, તેથી કોદાળી, પાવડો વગેરે સાધનોને છોડી દે છે. તે પ્રકારે પ્રભુ ચરણકમલ મકરંદ સુધા મળી જાય, તો પછી શ્રમસાધ્ય એવાં યોગ, તપ, કર્મ, જ્ઞાન આદિ સાધનોને પકડી રાખવાનું પ્રયોજન નથી રહેતું. ૪૭; ૪૮.

स श्रेयसामपि विभुर्भगवान् यतोऽस्य भावस्वभावविहितस्य सतः प्रसिद्धिः ।
देहे स्वधातुविगमेऽनुविशीर्यमाणे व्योमेव तत्र पुरुषो न विशीर्यतेऽजः[1] ॥ ४९ ॥

અન્વયાર્થ—सः-તે, भगवान्-ભગવાન, श्रेयसाम्-શ્રેયસના-કલ્યાણોના, विभुः-દાતા છે, अपि-અને, यतः જેનાથી-જે ભગવાનથી, भाव-स्वभाव-विहितस्य-ભાવ અને સ્વભાવથી બનેલા अस्य-આ, सतः-જગતની, प्रसिद्धिः-ઉત્પત્તિ થાય છે; स्व-धातु-विगमे-શરીરની ધાતુઓ અને પંચ ભૂતો નષ્ટ થતાં, देहे-શરીર, अनु-विशीर्यमाणे-તેની પાછળ ક્ષીણ થતાં, तत्र-તેમાં, व्योम इव-આકાશની જેમ, अजः-જન્મ-રહિત, पुरुषः-પુરુષ-આત્મા, न विशीर्यते-નાશ પામતો નથી. ૪૯.

અનુવાદ—તે સમર્થ ભગવાન સર્વ પ્રકારના શ્રેયના દાતા છે. ભાવ અને સ્વભાવવાળા જગતની તે પ્રભુથી ઉત્પત્તિ થઈ છે-પ્રસિદ્ધિ થઈ છે. દેહના ધાતુઓ જ્યારે ચાલ્યા જાય છે, ત્યારે તેની પાછળ દેહ નાશ પામે છે; પરંતુ આકાશની માફક દેહમાં રહેલો આત્મા તો નાશ નથી પામતો. ૪૯.

---

૧. પ્રા૦ પા૦-ऽतः

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્ત્વસુધા—બ્રહ્માજી આ સમગ્ર પ્રકરણને હવે સમેટી લેતાં બોલે છે કે એ ભગવાન સર્વ પ્રકારના શ્રેયસના દાતા છે; કોઈપણ સાધનથી ભજનારને ફળ આપે છે; લોક સુખ, ભોગ સુખ, યોગ સુખ, કે માત્ર સુખ, આવાં અનેક ફલ આપે છે; પરંતુ ચરણકમલ શરણાગતિ એજ વાસ્તવિક સુખ શાન્તિ છે.

(૧) અસ્ય ભાવસ્વભાવ વિહિતસ્ય –ભાવ અને સ્વભાવમાંથી આ જગત બને છે. આ જગત ભગવાનના સતઃ 'સદ્રૂપ'માંથી બને છે. ભાવથી એટલે ક્રિયાથી થતું જગત્ અને સ્વભાવથી એટલે સ્વતઃ સિદ્ધ જગત, એવા બે પ્રકારનું જગત સદ્રુપ ભગવાનથી થયું છે.

(૨) ભાવ એટલે બ્રાહ્મણ, ક્ષત્રિય વગેરે; તેમના સ્વભાવ એટલે શમ, દમ આદિ સ્વભાવોથી 'વિહિત' થતાં ચારે વર્ણ અને આશ્રમોને અનુસરતાં સતઃ શુભ કર્મો, તેના ફલની પ્રસિદ્ધિ એટલે પ્રાપ્તિ આ ભગવાન દ્વારા જ થાય છે. ભક્તિ, કર્મ, જ્ઞાન એ ત્રણેના ફલના દાતા ભગવાનજ છે.

(૩) દાસ્ય, સખ્ય, વગેરે ભક્તિ ભાવોના સ્વભાવથી જે શ્રવણ, કીર્તનાદિ ઉત્તમ સાધનોમાં ભક્તોની પ્રવૃત્તિ જોવા મળે છે, તે કેવલ ભગવાનની જ કૃપાથી બને છે. ૪૯.

સોઽયં તેઽભિહિતસ્તાત ભગવાન્ વિશ્વભાવનઃ ।
સમાસેન હરેર્નાન્યદન્યસ્માત્ સદસચ્ચ યત્ ॥ ૫૦ ॥

અન્વયાર્થ—તાત-ભાઈ નારદ! સઃ-તે, અયમ્-આ, વિશ્વભાવનઃ-જગતનું રક્ષણ કરનાર, ભગવાન્-ભગવાન, તે-તમને, સમાસેન-સંક્ષેપથી, અભિહિતઃ-વર્ણવ્યા, યત્-જે, સત્-સત્-કારણ વસ્તુ છે, અસત્-કાર્ય વસ્તુ છે, તે અન્યસ્માત્-કાર્ય-કારણ વ્યતિરિક્ત એવા, હરેઃ-ભગવાનથી, અન્યતઃ- બીજું, ન-કાંઇ નથી. ૫૦.

અનુવાદ—ભાઈ નારદ! આ ભગવાન વિશ્વનું પાલન કરનારા છે. તેમનું સ્વરૂપ મેં તમને સંક્ષેપમાં કહ્યું. સાર એટલોજ છે કે શ્રીહરિ વિના બીજુ કાંઈ નથી. આ સર્વ કાર્ય અને કારણ રૂપ જે કાંઈ છે, તે શ્રીહરિ છે. ૫૦.

તત્ત્વસુધા—બ્રહ્માજી તાત સંબોધનથી કથન આરંભે છે-ખરેખર, વાત્સલ્ય ભાવથી અપાતું જ્ઞાન અમૃત સમાન મધુર પાન બને છે. બ્રહ્માજીને પ્રસંગનો ઉપસંહાર કરતાં પ્રેમનો ઉદ્રેક થયો. નારદે નિષ્ઠાથી સાંભળ્યું, એ પ્રેમને ઉભરાવામાં નિમિત્ત હતું. તેથી સ્નેહભર્યું તાત! સંબોધન મુખમાંથી નીકળી પડ્યું. મેં આ ભગવાનને સંક્ષેપમાં વર્ણવ્યા છે. તે ભગવાન દશવિધ લીલા વાળા છે. ભગવાનનાં છ ઐશ્વર્ય અને ચાર પુરુષાર્થો મળીને દશવિધ ભગવાન માન્યા છે. ૫૦.

ઇદં ભાગવતં નામ યન્મે ભગવતોદિતમ્ ।
સંગ્રહોઽયં વિભૂતીનાં [1]ત્વમેતદ્ વિપુલીકુરુ ॥ ૫૧ ॥

અન્વયાર્થ—યત્-જે, ભગવતા-ભગવાને, મે-મને, ઉદિતમ્-કહ્યું, ઇદમ્-તે આ, ભાગવતં નામ-શ્રીમદ્ ભાગવત નામક પુરાણ છે; અયમ્-આ, વિભૂતીનામ્-વિભૂતિઓનો, સંગ્રહઃ-સંગ્રહ છે; ત્વમ્-તમે, એતત્-એનો, વિપુલીકુરુ-વિસ્તાર કરો. ૫૧.

અનુવાદ—મને જે ભગવાને કહેલ તે આ શ્રીમદ્ ભાગવત નામનું પુરાણ છે, જે મેં તમને કહ્યું છે. આમાં ભગવાનની વિભૂતિઓનો સંગ્રહ છે. તમે તેનો વિસ્તાર કરો. ૫૧.

---

૧. પ્રા૦ પા૦-તદેતદ્ ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્ત્વસુધા—इदं भागवतं नाम भगवतोदितम्-અનેકે કહેલ ભાગવત છે. બ્રહ્મોકત ભાગવત, નારદોકત ભાગવત, વ્યાસોકત ભાગવત, શુકોકત ભાગવત, સૂતોકત ભાગવત અને મૈત્રેયોકત ભાગવત. આ સર્વ ભાગવત નામથીજ પ્રચલિત છે. પરંતુ નારદજીને બ્રહ્માજી સ્પષ્ટતા માટે કહી રહેલ છે કે આ ભાગવત જે હું કહી રહ્યો છું અથવા કહ્યું તે **'ભગવાને કહેલ ભાગવત'** છે. નારદ! તમને આ સંક્ષેપપૂર્વક વર્ણવ્યું છે કારણ કે અધિકારી ઉત્તમ હોય તો વિસ્તાર ન કરવો પડે. તમે બીજાને વિસ્તારથી કહો. ૫૧.

यथा हरौ भगवति नृणां भक्तिर्भविष्यति ।
सर्वात्मन्यखिलाधारे इति सङ्कल्प्य वर्णय[२] ॥ ५२ ॥

અન્વયાર્થ—**सर्व**-આત્મનિ-સર્વના આત્મા, અને **अखिल**-**आधारे**-સર્વના આધાર એવા, **हरौ**-શ્રીહરિમાં, **यथा**-જે રીતે, **नृणाम्**-મનુષ્યોની, **भक्तिः**-ભક્તિ, **भविष्यति**-થાય, **इति**-એ પ્રમાણે, **संकल्प्य**-સંકલ્પ કરીને, **वर्णय**-વર્ણવો. ૫૨.

અનુવાદ—**સર્વના આત્મા અને સર્વના આધાર શ્રીહરિ ભગવાનમાં જે રીતે લોકોને ભક્તિ થાય તે પ્રમાણે સંકલ્પ કરીને તમે વર્ણવો.** ૫૨.

તત્ત્વસુધા—એક વિશેષ વિધાન આ અધ્યાયના આ શ્લોકથી કર્યું. नृणां भक्ति र्भविष्यति-ભાગવતનો વિસ્તાર કરતાં એક વાત ધ્યાનમાં રાખજો કે શ્રોતાના હૃદયમાં ભક્તિનો પાદુર્ભાવ થવો જોઇએ. તત્ત્વ જ્ઞાન, વિજ્ઞાન, વ્યવહારજ્ઞાન આદિ અનેક પ્રકારનાં વિષયોમાંથી પણ ભક્તિ નીતરવી જ જોઇએ. જે ભક્તિ દ્વારા ભગવાનમાં સહજ સ્નેહ પ્રગટ થવો જોઇએ. કદાચ મનમાં એમ થાય કે તે મારાથી કેમ થઈ શકશે, તો એનો એક જ ઉપાય છે કે 'संकल्प्य' મનમાં સંકલ્પ કરવો કે આ કથન સર્વના હૃદયમાં ભક્તિનું સ્થાપન કરે અને ભક્તિ રસનો ઉદ્રેક કરે. વક્તાને માટે આ શ્લોક મહત્ત્વનો છે. વક્તાને અનુસંધાન રહે કે શ્રીમદ્ ભાગવતનો શ્રોતા ભગવદ્ ભક્ત બને. એ એક જ ભાગવત શ્રવણ કથનનું ફલ છે. ૫૨.

मायां वर्णयतोऽमुष्य ईश्वरस्यानुमोदतः ।
शृण्वतः श्रद्धया नित्यं मायया ऽऽत्मा न मुह्यति ॥ ५३ ॥

અન્વયાર્થ—**अमुष्य**-આ, **ईश्वरस्य**-ઈશ્વરની, **मायाम्**-માયાને, **वर्णयतः**-વર્ણન કરનારનું, **अनु-मोदतः**-અનુમોદન કરનારનું **श्रद्धया**-શ્રદ્ધાથી, **नित्यम्**-નિત્ય, **शृण्वतः**-સાંભળતાં, **आत्मा**-મન, **मायया**-માયાથી, **न मुह्यति**-મોહ નથી પામતું. ૫૩.

અનુવાદ—**આ ઈશ્વરની માયાનું વર્ણન કરે અથવા વર્ણન કરતા હોય તેનું અનુમોદન કરે અને શ્રદ્ધા પૂર્વક સાંભળે તો તેનો આત્મા-મન-માયાથી મોહિત નહિ થાય.** ૫૩.

તત્ત્વસુધા—વક્તાને ભાગવત કથાની શી ભેટ? શો લાભ? તો આ શ્લોકમાં વક્તા માટેની અમૂલ્ય દક્ષિણાનો સંકેત કરે છે. વિસ્તાર પૂર્વક આ વિષયનું વર્ણન કરશે, અગર ઈશ્વરની માયાનું વર્ણન કરશે તો તેનો આત્મા-મન-માયાથી મોહ નહિ પામે. અનુમોદતः-કથામાં પ્રેરે, અગર કથા યોજે, તેને પણ માયાથી મોહ નહિ થાય. શ્રોતાને પણ श्रद्धया शृण्वतः શ્રદ્ધાથી સાંભળે, તેને માયાથી મોહ નહિ થાય. અન્તઃકરણને ઈશ્વરનું બનાવવાનું સાધન, ઈશ્વરને આપ્ત બનાવવાનું સાધન, શ્રવણ-કીર્તન-સ્મરણ છે. આ તાત્પર્ય સાથે બ્રહ્માજીએ આ અધ્યાયનો ઉપસંહાર કર્યો. ૫૩.

શ્રીમદ્ ભાગવત દ્વિતીય સ્કંધની તત્ત્વસુધાનો અવતાર નિરૂપણ નામનો
સાતમો અધ્યાય સંપૂર્ણ.

---

૨. प्रा० पा०-वर्ण्यताम् ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અધ્યાય ૮ મો

[મનન પ્રકરણમાં બીજું ઉપપત્તિ પ્રકરણ.] શ્લોક ૨૯.

ત્રેપન શ્લોકના સાતમા અધ્યાયમાં ૨૫ શ્લોકોમાં ભગવાનના અનેક અવતારોનો સંગ્રહ કર્યો. ૨૬મા શ્લોકથી શ્રીકૃષ્ણાવતાર અને ચરિત્ર વર્ણન શરૂ કરી ૩૫મા શ્લોકે તેની સમાપ્તિ કરી. ૩૬, ૩૭, ૩૮ શ્લોકમાં શ્રી વ્યાસ, શ્રી શુદ્ધ, શ્રીકલ્કિનાં નિરૂપણ કર્યાં. ૩૯મા શ્લોકથી ૪૬મા શ્લોક સુધી ભગવાનની દુર્જ્ઞેયતા અને જેમના ઉપર કૃપા અવતરે તેઓને માટે સુજ્ઞેયતાનું કથન છે. ૪૭, ૪૮, ૪૯ શ્લોકોમાં ભગવાનના સ્વરૂપનો પરિચય કરાવ્યો છે. છેલ્લા શ્લોકો પ્રકરણના ઉપસંહારમાં લીધા છે.

આઠમા અધ્યાયમાં ૨૯ શ્લોકો છે. આઠમા અધ્યાયથી સ્કંધ સમાપ્તિ પર્યંત ઉપપત્તિનો વિચાર છે. ઉપપત્તિનો અર્થ થાય છે યુક્તિ. પ્રથમ તો આક્ષેપ થાય કે નિત્યની ઉત્પત્તિ કેમ સંભવે? ઉત્પત્તિ થાય તો નિત્ય કેવી રીતે? પછી તે વિષયમાં સિદ્ધાન્ત સમજાવી સમાધાન કરે; સમાધાન થતાં જ્ઞાન મળે અને એ ફલ કહેવાય. આ છેલ્લા ત્રણ અધ્યાયો આક્ષેપ, સિદ્ધાન્ત અને ફલ કથન કરશે. તેમાં આ અધ્યાયમાં પરીક્ષિત રાજા એક સાથે ૨૬ શ્લોક બોલે છે. આરંભના ૬ શ્લોકોથી ભગવત્કથાનાં મહત્ત્વને ગાય છે. બાકીના શ્લોકોમાં પ્રશ્નો પૂછે છે. છેલ્લા ૩ શ્લોકોમાં શ્રીસૂત મુનિ અધ્યાયનો ઉપસંહાર કરે છે. લગભગ બધા જ પ્રશ્નો જિજ્ઞાસા મૂલક છે, તેમજ જિજ્ઞાસામાં અપૂર્વ શ્રદ્ધા અને સમજણ પણ રહેલ છે.

કથાની નિષ્ઠાનું દર્શન શ્રોતામાં નિહાળતાં જ વક્તાનો અન્તરાત્મા ઉલ્લાસમગ્ન બની જાય છે; અને મનોરાજહંસ હરિચરિતામૃત સરોવરે ચારો ચરવા નીકળી પડે છે. શ્રોતાને તે સરોવરમાંથી વીણી વીણીને અનેક વિધજ્ઞાન-પ્રેમ રત્નમૌક્તિકોની ભેટ કરી દે છે. ખરેખર ભાગવતનો વક્તા શ્રોતાને દક્ષિણા અને ભેટ આપે છે. હવે રાજા ૭ શ્લોકોથી કથા સુધા મધુરિમા માટે શ્રીશુકાચાર્યને આમંત્રે છે.—

राजोवाच—ब्रह्मणा चोदितो ब्रह्मन् गुणाख्यानेऽगुणस्य च ।
यस्मै यस्मै यथा प्राह नारदो देवदर्शनः ॥ १ ॥
एतद् वेदितुमिच्छामि तत्त्वं वेदविदां वर ।
हरेरद्भुतवीर्यस्य कथा लोक सुमङ्गला[1] ॥ २ ॥
कथयस्व महाभाग यथाहमखिलात्मनि ।
कृष्णे निवेश्य निःसङ्गं मनस्त्यक्ष्ये कलेवरम् ॥ ३ ॥

અન્વયાર્થ—બ્રહ્મન્-શ્રીશુકાચાર્ય! **અગુણસ્ય**-નિર્ગુણ પરમેશ્વરના, **ગુણ-આખ્યાને**-ગુણ કથનમાં, **બ્રહ્મણા**-બ્રહ્મદેવે, **ચોદિતઃ**-પ્રેરેલા, **દેવ-દર્શનઃ**-દેવ સમાન દર્શનીય, **નારદઃ**-નારદજીએ, **યસ્મૈ યસ્મૈ**-જેને જેને, **યથા**-જે રીતે, **પ્રાહ**-કહ્યું. ૧. **વેદવિદાં**-વેદવેત્તાઓમાં, **વર**-શ્રેષ્ઠ શુકદેવજી! **એતત્**-એ, **તત્ત્વમ્**-તત્ત્વને, **વેદિતુમ્**-જાણવાને, **ઇચ્છામિ**-ચાહું છું, **અદ્ભુત વીર્યસ્ય**-આશ્ચર્યકારક પરાક્રમવાળા, **હરેઃ**-શ્રીહરિની, **સુમઙ્ગલાઃ**-લોકોનું સર્વ પ્રકારે મંગલ કરનારી, **કથાઃ**-કથાઓને, **કથયસ્વ**-કહો, જેથી **મહાભાગ**-મહાભાગ! **અહમ્**-હું, **યથા**-જે રીતે, **અખિલ-આત્મનિ**-પ્રત્યેકના આત્મા, **કૃષ્ણે**-શ્રીકૃષ્ણમાં, **નિઃસઙ્ગમ્**-નિઃસંગ એવા, **મનઃ**-મનને, **નિવેશ્ય**-જોડી દઈને, **કલેવરમ્**-શરીરને, **ત્યક્ષ્યે**-ત્યજી દઉં. ૨; ૩.

---

૧. પ્રા૦ પા૦-યોધે સુમંગલાઃ ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ--પરીક્ષિત રાજાએ કહ્યું, ભગવન્ શુકાચાર્ય! દેવ સમાન દર્શનીય નારદજીને ગુણાતીત ભગવાનના ગુણાનુવાદમાં બ્રહ્મદેવે જ્યારે પ્રેર્યા, ત્યારે તેમણે જેને જેને જે રીતે કહ્યું. ૧. તે તત્ત્વને હું જાણવા ચાહું છું. તત્ત્વજ્ઞ શિરોમણિ શ્રીશુક! અદ્‌ભુત પરાક્રમ વાળા ભગવાન શ્રીહરિની કથાઓ જગતનું સુમંગલ કરનારી છે. ૨; તે કથાઓ મને કહો; જેના બલથી મનને નિઃસંગ બનાવી, અખિલ પ્રાણીના આત્મા-ભગવાન શ્રીકૃષ્ણમાં પરોવી દઈ કલેવરનો ત્યાગ કરું. ૩.

તત્ત્વસુધા—પ્રથમ બે શ્લોકોમાં શ્રી શુકદેવજીને ઉદ્દેશીને ત્રણ સંબોધન છે. પ્રથમ સંબોધન 'ब्रह्मन्' શબ્દથી કર્યું છે. સર્વજ્ઞને જ 'બ્રહ્મન્' સંબોધન કરાય. શ્રી શુકાચાર્ય! આપ સર્વજ્ઞ છો, એટલે નારદજી બ્રહ્મદેવ પાસેથી પ્રેરણા પામી, જે જે વિસ્તાર અને જેને જેને વર્ણવી ગયા છે, તે સર્વ આપને માટે સુવિદિત છે. મારી મુઝવણ એક જ છે, 'अगुणस्य'-નિર્ગુણના ગુણોનું આખ્યાન કરવું કેમ સંભવે! આપ એનું સમાધાન અવશ્ય કરી શકશો. નારદજી પણ અસામાન્ય પુરુષ છે, કારણ કે તેઓ 'દેવોના પણ દર્શનીય' દેવર્ષિ પ્રવર છે. ૧.

બીજા શ્લોકમાં 'वेदविदां वर' એવું બીજું સંબોધન છે. તેનું કારણ છે કે રાજાને 'તત્ત્વ' સંબંધી પ્રશ્ન પૂછવો છે. તત્ત્વજ્ઞ શિરોમણિને જે પ્રશ્ન પૂછાય, તો જ તેનું સમાધાન મળે. શુકદેવ તત્ત્વજ્ઞાનના પૂર્ણ નિષ્ણાત આચાર્ય છે, તેથી તત્ત્વ સંબંધી પ્રશ્ન પૂછે છે. વેદમાં ઋષિ, મંત્રો, અશ્વમેધાદિ યજ્ઞો, પદ્ધતિઓ, સ્તોમાદિક નૈમિત્તિકો વગેરેની ચર્ચા હોય છે. એ સર્વની સમજ બ્રાહ્મણોને જાણમાં હોવી જોઈએ, જ્યારે શુકદેવજી તો તત્ત્વજ્ઞ શિરોમણિ છે, એટલે શંકાને સ્થાન ન જ હોય. ૨.

આ ત્રણ શ્લોકોમાં દોઢ દોઢ શ્લોકોના બે વિભાગ છે. બાકીના દોઢ શ્લોકમાં બીજો એક પ્રશ્ન આરંભે છે. "આપ મને ભગવાનની લોક સુમંગલ કથાઓ કહો. આ સ્થાને મંગલ, લોકમંગલ અને લોક સુમંગલ એવા મંગલના ત્રણ ભેદો સમજવા જેવા છે. મંગલ એટલે અમુકને જ કલ્યાણકર અને આનંદકર હોય, જેમકે—

૧. કેટલીક વસ્તુ કેવલ પુરુષને મંગલ રૂપ છે, જેમકે રક્ષાબંધન; બાંધી તેનું રક્ષણ કરે.

૨. કેટલીક વસ્તુ ઘરને મંગલરૂપ છે, જેમકે રાચ રચીલું, રંગ રોગાન; ઘરની શોભા વધારે.

૩. કેટલાંક કુલ મંગલ હોય છે, જેમકે પુત્ર જન્મ, પુત્રી વિવાહ; કુલનું પુણ્ય ગૌરવ વધારે.

૪. કેટલાંક ગામ-દેશ મંગલ હોય છે, જેમકે વૃષ્ટિ, યજ્ઞ યાગ આદિ; અન્ન ઘાસની વૃદ્ધિ કરે.

૫. કેટલીક વસ્તુઓ કાય મંગલ છે. ચંદન, કસ્તુરી, વ્યાયામ વગેરે; શરીરને સુંદર સુદઢ કરે.

આ બધાં મંગલો વ્યાપક રીતે લોક મંગલ નથી કરતાં, પણ જુદા જુદા અધિકાર પ્રમાણે મંગલ કરે છે, જ્યારે કથા તો સર્વ મંગલ કરનારી છે. જ્ઞાનાદિ કથા ઐહિક અને પારલૌકિક મંગલ કરે છે અને હરિ કથા તો લોક સુમંગલ છે, કે જે સાક્ષાત્ ભગવત્ પ્રાપ્તિ કરાવે છે. મહર્ષિ શુકદેવજી! આદર પરવશ મારું મસ્તક આપને નમી જાય છે. આપ તો મહાભાગ છો. આ ત્રીજું સંબોધન છે. આપના હૃદયમાં ભગવાન શ્રીકૃષ્ણનું અખંડ સાન્નિધ્ય છે. તે 'પરમ ભાગવત' વિના અન્ય કોઈ માટે ન સંભવે. આપ ગોપીજનો જેવા મહાભાગ છો. શ્રી ગિરિરાજ, ગોપીજન અને આપશ્રી પરમ ભાગવત છો. આપના સાન્નિધ્યથી મારો મનોરથ સિદ્ધ થશે. મનને નિઃસંગ બનાવવું છે. ભગવત્સંગીના સંગ માત્રથી મન નિઃસંગ બની જાય છે. આપના સંગે મન નિઃસંગ બની જતાં તેને શ્રીકૃષ્ણમાં પરોવી દઈશ. શરીર કલેવર છે, મનુષ્યને ગળી જાય છે, તેમાંથી હું મુક્ત થઈશ. ૨; ૩.

शृण्वतः श्रद्धया नित्यं गृणतश्च स्वचेष्टितम् ।
कालेन नातिदीर्घेण भगवान् विशते हृदि ॥ ४ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—સ્વ ચેષ્ટિતમ્-ભગવચ્ચરિત્રને, શ્રદ્ધયા-શ્રદ્ધાથી, નિત્યમ્-નિત્ય, શૃણ્વતઃ-સાંભળનારના, ચ-અને, ગૃણતઃ-વર્ણન કરનારા ભક્તના, હૃદિ-હૃદયમાં, ન અતિદીર્ઘેણ-અવિલંબિત-અલ્પ, કાલેન-કાળમાં, ભગવાન્-ભગવાન, વિશતે-પ્રવેશે છે. ૪.

અનુવાદ—શ્રદ્ધાથી ભગવચ્ચરિત્રનું જે નિત્ય શ્રવણ કરે છે અને શ્રદ્ધાથી ભગવલ્લીલાઓનું જે નિત્ય કીર્તન કરે છે, તેના હૃદયમાં અલ્પ સમયમાં જ ભગવાન પ્રવેશ કરે છે. ૪.

તત્ત્વસુધા—મનોવિશુદ્ધિ અને શ્રદ્ધા એ શ્રવણ-કીર્તનનાં પ્રધાન અંગ છે. મનની શુદ્ધિ થયા બાદ તે મન ભગવાનમાં પ્રવેશે છે—ઓતપ્રોત રહે છે. મનની એક ગજબ ટેવ છે કે તે જેમાં રમે છે, તેનું જ રટણ તે હર ક્ષણે કરે છે. મનુષ્યનું મન બે પ્રકારે ભગવાનમાં ચોંટે છે—સ્વતઃ અને પરતઃ. ભગવત્કૃપા હોય, તેનું મન સ્વતઃ હરિમય હોય છે. પુણ્યશાળી હોય તેનું મન સજ્જનની પ્રેરણાથી હરિરત બને છે. પછીથી તે જો શ્રદ્ધાથી શ્રવણ કીર્તન કર્યાં કરે તો કૃતાર્થ બને. મન તો જેનામાં રચ્યું પચ્યું હોય તેના જ વિચારો, વાતો અને કથાઓ વગેરે ગમે, એટલે પરિણામે તેનું સ્વરૂપ પણ ચિત્તથી અલગ ન રહી શકે. આ સ્વાભાવિક યોગ છે. માટે ઉત્તમ પુરુષ પાસેથી હરિરસ પીવો, અને ઉત્તમ પ્રેમથી પાવો. પીતાં અને પાતાં પ્રભુ હૃદયમાં પ્રવેશે. ૪.

પ્રવિષ્ટઃ કર્ણરન્ધ્રેણ સ્વાનાં ભાવસરોરુહમ્ ।
ધુનોતિ શમલં કૃષ્ણઃ સલિલસ્ય યથા શરત્ ॥ ૫ ॥
ધૌતાત્મા પુરુષઃ કૃષ્ણપાદમૂલં ન મુઞ્ચતિ ।
[1]મુક્ત સર્વપરિક્લેશઃ પાન્થઃ સ્વશરણં યથા ॥ ૬ ॥

અન્વયાર્થ—સ્વાનામ-નિજ ભક્તોના, ભાવ-સરોરુહમ્-હૃદય કમળમાં, કર્ણ-રન્ધ્રેણ કર્ણછિદ્ર દ્વારા, પ્રવિષ્ટઃ-પ્રવેશ કરેલા, કૃષ્ણઃ-ભગવાન શ્રીકૃષ્ણ, યથા-જે પ્રકારે, શરત્-શરદ્ ઋતુ, સલિલસ્ય-જલના, મલમ્-મલને, ધુનોતિ-સ્વચ્છ કરે છે, તે રીતે મનના-મલને સ્વચ્છ કરે છે. ૫.

યથા-જેમ, પાન્થઃ-પ્રવાસી-યાત્રી, સ્વ શરણમ્-પોતાના ઘરને, તેમ ધૌત-આત્મા-વિશુદ્ધ ચિત્તવાળો, મુક્ત-સર્વ-પરિક્લેશઃ-સર્વ કલેશમાંથી મુક્ત થયેલ, પુરુષઃ-પુરુષ, કૃષ્ણ-પાદ-મૂલમ્-શ્રીકૃષ્ણના ચરણ કમલના મૂલને, ન મુઞ્ચતિ-છોડતો નથી. ૬.

અનુવાદ—ભગવાન શ્રીકૃષ્ણ, નિજ ભક્તજનોના શ્રવણ છિદ્ર દ્વારા ભક્તોના ભાવ રૂપ સરોવરમાં વિકસેલા હૃદય કમલમાં પ્રવેશ કરે છે. પ્રવેશ કર્યા બાદ, જેમ શરદ ઋતુ જલના મલને દૂર કરે છે, તેજ પ્રકારે મનના મલને દૂર કરી દે છે. ૫; પછી વિશુદ્ધ અન્તઃકરણવાળો પુરુષ સર્વ પ્રકારના કલેશોથી મુક્ત બની જાય છે. જેમ પ્રવાસમાંથી પાછો ફરેલ યાત્રી ઘરે આવી ઘર છોડવા ચાહતો નથી, તેમ તે ભક્ત ભગવાન શ્રીકૃષ્ણના ચરણકમલના મૂલને છોડવા નથી ઇચ્છતો. ૬.

તત્ત્વસુધા—પ્રવિષ્ટઃ કર્ણરન્ધ્રેણ કીર્તન અને શ્રવણના ધર્મોનું અંતર વર્ણવે છે. શ્રીહરિ કર્ણછિદ્ર દ્વારા હૃદયમાં પ્રવેશે છે. 'કર્ણરન્ધ્ર' શબ્દમાં એકવચન વાપર્યું છે, તે એકાગ્રતાને સૂચવવા માટે છે. સાવધાનતાથી શ્રવણ ભગવત્પ્રવેશ માટે આવશ્યક છે. મહત્ત્વની વાત સાંભળતાં એક કાન આપણે બંધ કરીએ છીએ, એ વ્યવહારનો અનુભવ છે.

---

૧. પ્રા૰ પા૰-મુક્તઃ સર્વપરિક્લેશૈઃ ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

स्वानाम् भावसरोरुहम्–જ્યાં 'સ્વત્વ' હોય છે, આ મારો છે એવી ખાત્રી હોય છે, ત્યાં સ્વાભાવિક રીતે પ્રવેશ કરવાનો અધિકાર હોય છે અને આનંદ પણ હોય છે. 'સ્વત્વ' બને છે આત્મસમર્પણથી. એક વાર ભગવાનને આત્મસમર્પણ કરી દીધા બાદ પુનઃ પ્રભુને નિવેદન કરવાનું રહેતું નથી.

भावसरोरुहम्–'ભાવમાં' એક અનુપમ સામર્થ્ય છે કે તે હૃદયમાં ઉલ્લાસ, ઉત્સાહ, ઉમંગ અને આતુરતા રાખે છે. ભાવ અમૃત સમાન મધુર અને અખૂટ નિર્મલ સરોવર છે. ભાવ સરોવરમાં રહેલ હૃદયકમલ, તેથી જ નિત્ય વિકસિત રહે છે, પરંતુ તે ભાવ જો સાત્વિકભાવ હોય કે ભગવદ્ભાવ હોય ત્યારે જ અમૃત સરોવર છે. ભાવ સરોવર છે અને હૃદય સરોરુહ–કમલ છે. ભાવનો અર્થ 'રતિ'–એવું પણ મન્તવ્ય છે; પરંતુ 'રતિ' એ તો ભક્તિવાચક શબ્દ છે. "એક સરખી સદા રહે, વધે ઘરી પણ ઘટે નહિ." એવી પ્રીતિનું નામ રતિ. એવી રતિ દ્વારા ભાવનો વિકાસ થાય છે અને ભાવ, સરોવર સમાન વિપુલ અને વિમલ બની જાય છે. તે ભાવ સરોવરમાં વિકસેલા હૃદય સરોજમાં પ્રભુ બિરાજે છે.

હૃદય રસેશને કે હૃદયનાથને બિરાજવાનું ભાવ રાજ્યાસન છે. મયૂરાસન, સિંહાસન કે ઇન્દ્રાસન કરતાં પણ અમૂલ્ય એવું તે એક 'સ્નેહ કમલાસન' છે. તે આસને બિરાજીને નિજ નાથ નિજ જનોનું જીવનરાજ્ય મંગલમય રીતે ચલાવે છે. કર્ણછિદ્ર મુખ્ય એવું ગોપુર–દ્વાર છે. તે દ્વારથી હૃદયમાં પ્રવેશ કરી ત્યાં બિરાજીને ભગવાન ભક્તના 'શમલ'ને દૂર કરે છે. ભગવચ્ચરણ કમલની અનન્ય નિષ્ઠામાં આડે આવનાર અંતરાયોને 'શમલ' કહે છે. કથા શ્રવણ પછી અને હૃદયમાં ભગવાનના પ્રવેશ પછી કોઈ પાપો રહી શકે નહિ. એટલે 'શમલ' શબ્દનો અર્થ ઉત્કટ એવાં પાપો—એવો નહિ થાય; પરંતુ शं अलं यस्मात् इति शमलम् એવી વ્યુત્પત્તિ કરવી. પછી 'શમલ' શબ્દનો અર્થ કરવો—આ લોક પરલોકનાં સુખોને ભોગવવાનું સાધનભૂત એવું પુણ્ય. તે પુણ્ય ભોગવી ન લઈએ, ત્યાં સુધી પ્રભુચરણ પ્રાપ્તિમાં તે પણ અન્તરાય રૂપ છે. હૃદયમાં ભગવાનના પ્રવેશથી આનંદ થાય છે અને પેલા પુણ્યનું ફળ મળી જાય છે અને સર્વ મલ નષ્ટ થઈ જાય છે. અથવા 'શમલ' એટલે જે કામ, ક્રોધ લોભાદિ દોષો તે પણ દૂર થાય છે; અથવા શમલ એટલે રાગાદિ દોષો એવો પણ અર્થ થાય. તે દોષો પણ ભગવત્સાગ-નિધ્યે દૂર થઈ જાય છે.

सलिलस्य यथा शरत्–આ પ્રસંગમાં દૃષ્ટાન્ત આપ્યો કે જલના મલને જેમ શરદ્ સ્વચ્છ કરે તે પ્રકારે હૃદયની વાસના, કામાદિ, રાગદ્વેષાદિ દોષોને હરિકથાથી પ્રવેશેલા શ્રીહરિ દૂર કરે. જલની સ્વચ્છતા કરનારાં 'નિર્મલી' વગેરે વનસ્પતિ ઔષધો છે. તે બધાં જલના દોષોને જલની નીચે બેસાડી દે છે. જ્યારે જલને કોઈ હલાવે ત્યારે તે જલ પુનઃ મલીન બને છે; પરંતુ શરદ્ આવતાં તો સર્વ મલો સર્વથા નષ્ટ થઈ જાય છે. એ પ્રકારે તપ, સ્નાન, વ્રતાદિ મનના દોષોનું શમન કરે છે અને હરિ કથા તેનું શોધન કરે છે. શુદ્ધ અંતઃકરણ-વાળો તે ભક્ત શ્રીકૃષ્ણના ચરણકમલના મૂલને કદિ છોડશે નહિ. વટેમાર્ગુ રસ્તાના કલેશોથી થાકી ઘરમાં આવ્યા પછી, ફરીથી બહાર જવા નહિ કબૂલે. હરિ ચરણમાં બેઠેલ જીવ પણ હવે જગત્યાત્રામાં જવું નહિ સ્વીકારે. આ સર્વ કથા શ્રવણનું ફળ છે. માટે નિર્ણય પર આવ્યો છું કે "કથા સાંભળું; તો આપ મને હવે હરિ-કથાઓ સંભળાવો." એવું નિવેદન કરી પરીક્ષિત આર્દ્ર બન્યા અને અન્ય પ્રશ્નો પૂછવાનો આરંભ કરે છે—૫; ૬.

यदधातुमतो ब्रह्मन् देहारम्भोऽस्य धातुभिः ।
यदृच्छया हेतुना वा भवन्तो जानते यथा ॥ ७ ॥

અન્વયાર્થ—ब्रह्मन्–તત્ત્વજ્ઞ શ્રીશુકદેવ! **अधातु मतः**–સાત ધાતુઓ વિનાના, **अस्य**–આ જીવાત્માનો, **धातुभिः**–સાત ધાતુઓ સાથે–પંચ મહાભૂતો સાથે, **यत्**–જે, **देह–आरंभः**–દેહનો સંબંધ થાય છે, તે–**यदृच्छया**–ભગવદ્ ઇચ્છાથી, **वा**–અથવા, **हेतुना**–અન્ય કારણથી, **यथा**–જે કારણ હોય તે, **भवन्तः**–આપ, **जानते**–જાણતા હો તે કહો. ૭.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—તત્ત્વજ્ઞ શ્રીશુકદેવજી! સપ્તધાતુ તો પંચમહાભૂતાદિ જીવાત્મામાં નથી, છતાં તેને ધાતુઘટિત દેહ થાય છે. તે કોઈ કારણથી થાય છે કે શ્રીહરિની ઈચ્છાથી થાય છે, તે આપ જેવું જાણતા હો તેવું કહેવા કૃપા કરો. ૭.

તત્ત્વસુધા—પરીક્ષિત રાજાએ કથામૃતમાં શ્રદ્ધા-આદર બતાવ્યાં અને કથામૃતપાનમાં આતુરતા દર્શાવી. હવે પ્રશ્નોનો આરંભ કરે છે. શ્લોક ૨૬ સુધી પ્રશ્નાવલી ચાલશે. મુખ્ય પ્રશ્ન બે બાબતમાં છે. એક જે ભગવાનનું સૂક્ષ્મ સ્વરૂપ છે, જ્યાં ઈન્દ્રિયો કે મન, બુદ્ધિની ગતિ નથી, ત્યાં તો કેવલ જિજ્ઞાસા હોય; પરંતુ શંકા ન હોય. તેથી સૂક્ષ્મ સ્વરૂપ માટે કેવલ જિજ્ઞાસા કરે છે; પરંતુ સ્થૂલ જગત છે, જ્યાં બુદ્ધિનો પ્રવેશ છે, નજરનું અવલોકન પણ છે, ત્યાં શંકા ઘટે. માટે શંકામૂલક પરંતુ શ્રદ્ધા-જિજ્ઞાસાપૂર્ણ પ્રશ્નો પૂછે છે—

બ્રહ્મન્-પ્રભુન્! આપ સર્વજ્ઞ છો. માટે સમાધાન કરી શકશો. જીવ તો વિશુદ્ધ ચેતન છે. એમાં પાંચ તત્ત્વો કે સપ્ત ધાતુઓ હોઈ શકે નહિ, તેમજ ધાતુઓનો સંબંધ પણ હોઈ શકે નહિ; કારણ કે ધાતુઓથી બનતો દેહ અને જીવાત્મા એ બેને જોડનાર કોઈ પણ 'અદૃષ્ટ', સંયોગ સમયે, તો હતું નહિ. તો પછી તે સંબંધ કરાવ્યો કોણે? અથવા થયો કેવી રીતે?

શું તે સંબંધ અકસ્માત થઈ જાય છે? કોઈ કારણથી થાય છે? અનાદિ અવિદ્યાથી થાય છે? અદૃષ્ટથી થાય છે? કે ભગવદ્ ઈચ્છાથી થાય છે? આપની જાણમાં જે હોય તે જણાવો. ૭.

आसीद् यदुदरात् पद्मं लोकसंस्थानलक्षणम् ।
यावानयं वै पुरुष इयत्तावयवैः पृथक् ।
तावानसाविति प्रोक्तः संस्थावयववानिव ॥ ૮ ॥

અન્વયાર્થ—यद्-उदरात्-જે ભગવાનના નાભિ પ્રદેશમાંથી, लोक-संस्थान-लक्षणम्-લોક રચનાની વ્યવસ્થાવાળું, पद्मम्-કમળ, आसीत्-ઉત્પન્ન થયું હતું, (તે ભગવાન) इयत्ता-अवयवैः-મર્યાદિત અવયવોથી, अयम्-આ, पुरुषः-પ્રાકૃત પુરુષ, यावान्-જેવા અને જેટલા અવયવો વાળો છે, તેથી-पृथक्-નિરાળા જુદા એવા, असौ-આ પરમેશ્વર, तावान्-તેવા-તેટલા જ, संस्था-अवयववान्-મર્યાદિત અવયવો વાળા, इव-જાણે છે, इति-એ પ્રમાણે, प्रोक्तः-જે કહેલ છે તો પછી બન્નેની વચમાં ફરક શો? ૮.

અનુવાદ—જે ભગવાનના નાભિ પ્રદેશમાંથી ચૌદ લોકની રચનાની વ્યવસ્થાના લક્ષણવાળું આ કમલ ઉત્પન્ન થયું હતું, તે પરમેશ્વર જો આ પ્રાકૃત પુરુષ, જે પ્રકારના અને જેટલા મર્યાદિત અવયવો વાળો છે, તેવા જ અને તેટલા જ મર્યાદિત અવયવોથી યુક્ત હોય, એમ જો કહેલું છે તો પછી એ બન્નેની વચમાં ફરક શો? ૮.

તત્ત્વસુધા—ત્રણ ચરણનો આ શ્લોક છે. આ શ્લોકમાં એક એવો પ્રશ્ન છે કે પ્રાકૃત પુરુષ અને પરમેશ્વરની વચમાં તફાવત શો? કારણ કે 'પ્રાકૃત પુરુષને ચરણથી આરંભીને મસ્તક પર્યંતના જેટલા અને જેવા અવયવો છે, તેટલા જ અને તેવા જ અવયવો પરમેશ્વરને પણ છે,' એવું આગળના અધ્યાયોના કથનમાં મળે છે. હવે તે કથન પ્રમાણે પ્રાકૃત પુરુષ અને પરમેશ્વર સરખી જ યોગ્યતા વાળા થયા, તે કેમ માની શકાય? ચૌદ લોકોનો જેમાં સમાવેશ થઈ શકે છે એવું એક કમલ ભગવાનના નાભિ સ્થાનમાં પ્રકટ્યું છે, તે ભગવાન દરેક કરતાં વિલક્ષણ અને વિશિષ્ટ તો હોવો જ જોઈએ ને! વળી આવા કમળને સરજનારને આકાર તો હોય જ, એમાં તો શંકા જ નથી. આકાર વિના તો તે કેવી રીતે આવું કમળ રચી શકે? ત્રણ ચરણના આ શ્લોકમાં આવો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એક પ્રશ્ન કરી બીજા પ્રશ્નો આગળના શ્લોકમાં કરે છે. શ્રીમદ્ વલ્લભાચાર્યજીની સુબોધિનીજીના પાઠ પ્રમાણે આમા શ્લોકની બે લીટી છે; તેમજ ૯, ૧૦, ૧૧, ૧૨, શ્લોકો પણ બબ્બે પંક્તિના છે. ૧૩મા શ્લોકની ત્રણ પંક્તિઓ બતાવી છે. એ પાઠ પ્રમાણે જરા અર્થ ભેદ થશે. ૮.

अजः सृजति भूतानि भूतात्मा यदनुग्रहात् ।
ददृशे येन तद्रूपं नाभिपद्मसमुद्भवः ॥ ९ ॥
स चापि यत्र पुरुषो विश्वस्थित्युद्भवाप्ययः ।
मुक्त्वाऽऽत्ममायां मायेशः शेते सर्वगुहाशयः ॥ १० ॥

અન્વયાર્થ—भूत-आत्मा-પ્રાણી માત્રના સર્જક, नाभि-पद्म-समुद्भवः-નાભિ કમળમાંથી પ્રકટેલા, अजः-બ્રહ્માજી, यद्-अनुग्रहात्-જે ભગવાનની કૃપાથી, भूतानि-સર્વ ભૂતોને, सृजति-સરજે છે, येन-જે અનુગ્રહથી, तद्-रूपम्-તે ભગવાનના રૂપને, ददृशे-જોઈ શકયા. ૯.

विश्व-स्थिति-उद्भव-अप्ययः-વિશ્વની સ્થિતિ, ઉત્પત્તિ અને લય કરનારા, च-અને, सर्व-गुहा-आशयः-પ્રત્યેકની હૃદય ગુફામાં વસનારા, मायेशः-પ્રકૃતિના સ્વામી, सः-તે, पुरुषः-પુરૂષ, आत्म-मायाम्-પોતાની માયાને, मुक्त्वा-ત્યજીને, यत्र-જ્યાં, शेते-પોઢે છે, તે પણ કહો. ૧૦.

અનુવાદ—પ્રાણી માત્રના નિયંતા બ્રહ્માજી જે ભગવાનના નાભિકમળમાંથી પ્રકટ થઇને, ભગવાનની કૃપાથી સર્વ પ્રાણીમાત્રનું સર્જન કરે છે, તેમજ ભગવત્કૃપાથી ભગવાનના સ્વરૂપને ઓળખે છે. (તે ભગવાનમાં અને પ્રાકૃત પુરુષમાં ભેદ હોયજ ને!) ૯. વિશ્વનું પાલન, સર્જન અને સંહારના કરનારા અને પ્રત્યેકના હૃદયમાં વસનારા અન્તર્યામી જે માયાના પણ સ્વામી છે તે પૂર્ણ પુરુષ, પોતાની માયાને ત્યજી દઇને જ્યાં બિરાજે છે-પોઢે છે, તે પણ કૃપા કરીને કહો. ૧૦.

તત્ત્વસુધા—રાજા પરીક્ષિત થોડા પ્રશ્નો પૂછે છે કે એક તો બ્રહ્માના સર્જક નારાયણ કેવા છે, તેનું સ્વરૂપ સમજાવો. ભગવાનના સ્વરૂપનું દર્શન બ્રહ્માજીને જે ભગવત્કૃપાથી થાય છે, તે સ્વરૂપ પણ સમજાવો. આ બે પ્રશ્નો નવમા શ્લોકના છે. દશમા શ્લોકમાં પરમાત્મા સંબંધી પ્રશ્ન છે કે જે સર્વ સમર્થ ભગવાન અન્તર્યામી છે, નિયંતા છે, માયાના સ્વામી છે અને વિશ્વની ઉત્પત્તિ આદિના પણ કારણ છે, તે સર્વ માયા પ્રપંચને ત્યજીને પોઢે છે તે દિશામાં પણ સમજ આપો. હવે આગળ કેટલાક પ્રશ્નો પૂછવાની શરૂઆત કરે છે. ૯; ૧૦.

पुरुषावयवैर्लोकाः सपालाः पूर्वकल्पिताः ।
लोकैरमुष्यावयवाः सपालैरिति शुश्रुम ॥ ११ ॥

અન્વયાર્થ—पुरुष-अवयवैः-વિરાટ્ પુરુષના અવયવોમાંથી, लोकाः-લોકો (અને), सपालाः-લોકપાલો, पूर्व-कल्पिताः-પ્રથમ રચાયા, (એમ કહ્યું વળી), अमुष्य-આ ઇશ્વરના, अवयवाः-અવયવો-અંગો, लोकैः-લોકો દ્વારા, (અને) सपालैः-લોકપાલો દ્વારા (કલ્પાયા), इति-એ પ્રમાણે. शुश्रुम-સાંભળ્યું. ૧૧.

અનુવાદ—પ્રથમ અમે એવું સાંભળ્યું કે-વિરાટ્ પુરુષના અંગોમાંથી ચૌદ લોકો અને લોકપાલોની રચના થઇ એમ વર્ણવ્યું. ફરી એમ પણ વર્ણવ્યું કે લોકો અને લોકપાલોમાંથી આ પુરુષના અવયવો રચાયા. તો એનું શું રહસ્ય છે તે સમજાવો. ૧૧.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્વસુધા—આ શ્લોકમાં એવી એક જિજ્ઞાસા છે કે આપે પ્રથમ ભગવાનના અંગોમાંથી ચૌદ લોક અને લોકપાલોની રચના થઈ છે એવું વર્ણવ્યું છે; વળી ચૌદ લોકોમાં ભગવાનનાં અંગોનો સમાવેશ પણ વર્ણવ્યો છે. આમ પરસ્પર બે વિસંવાદી રજૂઆત લાગે છે; તો તેનો સમન્વય અથવા સમજ શી હોઈ શકે તે કૃપા કરીને ન કહો ! ૧૧.

[1]यावान् कल्पो विकल्पो वा यथा कालो ऽनुमीयते ।
भूतभव्यभवच्छब्द आयुर्मानं च यत् सतः ॥ १२ ॥

અન્વયાર્થ—**યાવાન્**-જેટલા સમયનો, **કલ્પઃ**-મહાકલ્પ હોય, **વા**-અથવા, **યથાકાલઃ**-જે માપનો, **વિકલ્પઃ**-અવાન્તર કલ્પ હોય, **ભૂત-ભવ્ય-ભવત્-શબ્દઃ**-ભૂત-ભવિષ્ય અને વર્તમાન શબ્દોથી બોલાતો કાળ, **અનુમીયતે**-જે રીતે અનુમાનથી સમજાય, **સતઃ**-કાર્યતત્ત્વનું-દેવ-મનુષ્ય-પિતૃઓનું, **આયુર્માનમ્**-આયુષ્યનું પરિમાણ જે હોય તે કહો. ૧૨.

અનુવાદ—**વિશેષમાં મહાકલ્પ તથા અવાંતર કલ્પનું જેટલું પ્રમાણ છે તે અને ભૂત, ભવિષ્ય, વર્તમાન એવા શબ્દથી કહેવાતો કાળ જે પ્રકારે અનુમાનથી સમજાતો હોય તે, તેમજ દેવ, મનુષ્ય, પિતૃઓના આયુષ્યનું પરિમાણ જે હોય તે આપ કહો.** ૧૨.

તત્ત્વસુધા—પૂર્વના શ્લોકમાં શુકદેવજીનાં અને બ્રહ્માજીનાં વાક્યોની વચમાં લગતા વિરોધાભાસને દૂર કરવા માટે પ્રશ્ન કર્યો. ત્યાર બાદ કાલ સંબંધી એક જિજ્ઞાસા ઉત્પન્ન થઈ. તેથી પૂછે છે કે મહાકલ્પ એટલે શું ? તેમજ અવાંતર કલ્પ એટલે શું ? કેટલાં વર્ષોની સંખ્યાને કલ્પ કે મહાકલ્પ કહેવાય ? કાલની નાનામાં નાની સંજ્ઞા અને મોટામાં મોટી સંજ્ઞા પણ સમજવાનો રાજાનો આ પ્રશ્નમાં આશય છે. કાલ તો એક સરખો છે એમ કાલવેત્તા પુરુષો કહે છે; તો પછી ભૂત, ભવિષ્ય, વર્તમાન કાલ, એવા શબ્દ પ્રયોગો તો થાય છે જ, તે શું ? વેદમાં પુરુષને 'शतायुः' કહ્યો છે, તો પછી દેવ, મનુષ્ય, પિતૃઓમાં પ્રત્યેકનું આયુષ્ય સમાન કે તફાવત વાળું ? ૧૨.

[2]कालस्यानुगतिर्या वै लक्ष्यतेऽण्वी बृहत्यपि ।
यावत्यः कर्मगतयो यादृशीर्द्विजसत्तम ॥ १३ ॥
यस्मिन् कर्मसमावायो यथा येनोपगृह्यते ।
गुणानां गुणिनां चैव परिणाममभीप्सताम् ॥ १४ ॥
भूपातालककुब्व्योम—ग्रहनक्षत्रभूभृताम् ।
सरित्समुद्रद्वीपानां संभवश्चैतदोकसाम् ॥ १५ ॥

અન્વયાર્થ—**દ્વિજ**-શ્રેષ્ઠ-વિપ્રવર્ય ! **કાલસ્ય**-કાલની, **યા**-જે, **વૈ**-ખરેખર, **અણ્વી**-સૂક્ષ્મ, **વા**-કે, **બૃહતી**-સ્થૂલ, **અપિ**-પણ, **અનુગતિઃ**-પ્રવૃત્તિ, **લક્ષ્યતે**-જોવામાં આવે, તે; **યાવત્યઃ**-જેટલા પ્રકારની, **યાદૃશીઃ**-જેવી, **કર્મ-ગતયઃ**-કર્મની ગતિઓ હોય તે પણ કહો. ૧૩; **ચ-એવ**-અને વળી, **ગુણાનામ્**-ત્રણે ગુણોના, **પરિણામમ**-ફલ સ્વરૂપ જન્મને-યોનિને, **અભિ-ઈપ્સતામ્**-મેળવવા ઇચ્છતા એવા, **ગુણિનામ્**-જીવોની મધ્યમાં, **યેન**-જે જીવે, **યથા**-જે પ્રકારે, **યસ્મિન્**-જે પરિણામમાં-જે યોનિમાં, **કર્મ-સમાવાયઃ**-કર્મોનો સંગ્રહ, **ઉપગૃહ્યતે**-ગ્રહણ કરેલ હોય તે કહો; તેમજ...૧૪; **ભૂ-પાતાલ-ક્કુપ્**-

---

૧. પ્રા૦ પા૦-यावत् कल्पो । ૨. પ્રા૦ પા૦-कालस्यानुमतिर्यावल्लक्ष्यते ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

व्योम-ग्रह-नक्षत्र-भूभृताम्-પૃથ્વી-પાતાલ-દિશા-આકાશ, ગ્રહ-નક્ષત્ર-પર્વતોની, सरित्-समुद्र-द्वीपानां-સરિતા-સાગર-બેટોની, संभवः-ઉત્પત્તિ, च-તેમજ, एतद्-ओकसाम्-તે તે સ્થાનોમાં નિવાસીઓની, (संभवः-ઉત્પત્તિ પણ કહો). ૧૫.

અનુવાદ—દ્વિજવર્ય ! કાલની જે કાંઈ ખરેખર સૂક્ષ્મ કે સ્થૂલ પણ પ્રવૃત્તિ જોવામાં આવે છે તે, તેમજ જેટલા પ્રકારની અને જેવી કર્મની ગતિઓ એટલે કર્મનાં પરિણામો હોય તે કહો. ૧૩. વળી ત્રણે ગુણોના પરિણામ રૂપ દેવ-મનુષ્ય વગેરે સ્વરૂપોને મેળવવા ચાહતા જીવોમાં જે યોગ્ય જીવ જેવા પ્રકારના કર્મના સમૂહોનું આચરણ કરે છે તે પણ કહો. ૧૪; તેમજ પૃથ્વી, પાતાલ, દિશાઓ, આકાશ, ગ્રહ, નક્ષત્ર, પર્વતોની તેમજ સરિતા, સાગર, બેટા વગેરેની ઉત્પત્તિને કહો અને તેમનાં સ્થાનોની અને તે તે સ્થાનોમાં નિવાસીઓની પણ ઉત્પત્તિ કહો. ૧૫.

तत्त्वसुधा—આ ત્રણે શ્લોકોમાં પ્રશ્નો જ ભર્યા છે. પ્રથમ પ્રશ્ન કાલની સૂક્ષ્મ-સ્થૂલ ગતિને સમજવા માટે કર્યો છે. સૂક્ષ્મ કાલ એટલે અત્યંત નાનો કાલ અને સ્થૂલ એટલે મોટામાં મોટો કાલ કેટલો ? અને તે કેવી રીતે સમજવો ? પ્રશ્નનો આ આશય છે. બીજો પ્રશ્ન એ છે કે—કર્મથી યોનિ મળે છે, એ વાત નિશ્ચિત છે, તો પછી કર્મની બાબતમાં રહસ્ય સમજવો. આ બે પ્રશ્નો પૂછતાં 'द्विजसत्तम' સંબોધન કર્યું છે. તેથી નિર્ણય થાય છે કે આપે ઉત્તમ કર્મ દ્વારા જ આવી સર્વોત્તમ સ્થિતિ સંપાદન કરી છે, એટલે આપનો અનુભવ પ્રમાણભૂત ગણાશે. તો આપનો અનુભવ કહો અને સિદ્ધાંત પણ કહો. ૧૩.

ચૌદમા શ્લોકમાં ઉપરના પ્રશ્ન જેવો જ પ્રશ્ન છે. ત્રણ ગુણોના સ્વભાવ પ્રમાણે જીવો ત્રણ પ્રકારનાં કાર્યો કરવાના. વેદોમાં 'शुक्ल' કૃષ્ણ અને લોહિત', એવી કર્મોને સંજ્ઞાઓ આપી છે. એ ત્રણે પ્રકારના કર્મોના સમુદાયનો ઉલ્લેખ कर्मसमावाय શબ્દથી કર્યો છે. શુકલ કર્મ દેવોમાં, કૃષ્ણ કર્મ પાતાલ નિવાસીમાં, મિશ્ર કર્મ મનુષ્યોમાં જોવા મળે છે. આ બધી બાબતની વધુ સ્પષ્ટતા સમજાવવા કૃપા કરો. ૧૪.

પંદરમા શ્લોકમાં જુદા જુદા લોકો, લોકોની પ્રજા, લોકોનાં સ્થાનો, લોકો ઉપર નીચે કયાં કયાં આવ્યા, તેનો ક્રમ સમજવા માટે પૃથ્વી, પાતાલાદિનું સ્વરૂપ, માપ વગેરે પૂછ્યાં છે. ૧૫.

प्रमाणमण्डकोशस्य बाह्याभ्यन्तरभेदतः[1] ।
महतां चानुचरितं[2] वर्णाश्रमविनिश्चयः ॥ १६ ॥
अवतारानुचरितं यदाश्चर्यतमं हरेः ।
युगानि युगमानं च धर्मो यश्च युगे युगे ॥ १७ ॥
नृणां साधारणो धर्मः सविशेषश्च यादृशः ।
श्रेणीनां राजर्षीणां च धर्मः कृच्छ्रेषु जीवताम् ॥ १८ ॥

અન્વયાર્થ— बाह्य-आभ्यन्तर-भेदतः બહારના અને અંદરના ભેદથી, अण्डकोशस्य-અંડકોશનું, प्रमाणम्-માપ, च-અને, महताम्-મહાન પુરુષોનાં, अनुचरितम्-આચરણને, वर्ण-आश्रम-विनिश्चयः-વર્ણ અને આશ્રમનો નિશ્ચય; ૧૬; (વળી) हरेः-શ્રીહરિનું, यत्-જે, आश्चर्य-तमम्-અત્યંત આશ્ચર્યકારક, अवतार-अनुचरितम्-અવતાર ચરિત્રને, તેમજ युगानि-યુગોને, युगमानम्-યુગોનાં માપને, च-અને, युगे युगे-પ્રત્યેક યુગમાં, यः-જે, धर्मः-ધર્મ છે તે કહો. ૧૭; (વળી) नृणाम्-

१. प्रा० पा० भ्यन्तरवस्तुनः । २. प्रा० पा०-चारुचरितं ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મનુષ્યોના, **साधारणः**-સાધારણ ધર્મ, **च**-અને, **सविशेषः**-વિશેષ, **धर्मः**-ધર્મ, **यादृशः**-જે પ્રકારનો હોય તે, **च**-તેમજ, **श्रेणीनाम्**-જુદી જુદી આજીવિકાથી જીવનારાઓનો ધર્મ, **राजर्षीणाम्**-રાજર્ષિઓનો ધર્મ, **कृच्छ्रेषु**-આપત્તિ કાલમાં, **जीवताम्**-જીવન ચલાવનારાઓનો, **धर्माः**-જે ધર્મો છે તે કહો. ૧૮.

અનુવાદ—આ બ્રહ્માંડનું અંદરથી અને બહારથી કેટલું પ્રમાણ છે? મહાન્ પુરુષોનાં ચરિત્રો કયાં છે? વર્ણ તેમજ આશ્રમનો નિશ્ચય શો છે? તે પણ આપ કૃપા કરીને કહો. ૧૬; શ્રીહરિનાં અત્યંત આશ્ચર્યકારક અવતાર ચરિત્રો છે તે, યુગો અને યુગોનું પ્રમાણ, તેમજ પ્રત્યેક યુગમાં જે જે ધર્મ હોય તે પણ કૃપા કરી આપ કહો. ૧૭; તેમજ મનુષ્યોના સર્વ સામાન્ય ધર્મ, વળી વર્ણ-આશ્રમને અનુસરી થતા વિશેષ ધર્મ જે જે પ્રકારના હોય તે, જુદી જુદી આજીવિકાઓ ઉપર જીવનારાઓના વ્યવહાર ધર્મ, રાજર્ષિના ધર્મ, આપત્તિમાં આવી પડેલાઓએ કેમ જીવવું, એ ધર્મોને પણ આપ કૃપા કરી સમજાવો. ૧૮.

तत्त्वसुधा—આ ત્રણ શ્લોકમાં ૧૨ પ્રશ્નો છે. ૧૬મા શ્લોકમાં ત્રણ પ્રશ્નો પૂછે છે. અંદર, બહારથી બ્રહ્માંડનું માપ કેટલું? કારણ કે સૂર્ય અને અંડ ગોલકની વચમાં પચીશ કરોડ યોજનનું માપ વર્ણવ્યું છે. તેથી જ રાજાની બ્રહ્માંડના પ્રમાણ સંબંધી જિજ્ઞાસા છે. બાહ્ય માપ તો પૃથ્વી કરતાં જલ, જલ કરતાં અગ્નિ, વગેરે ઉત્તરોત્તર દશ ગણાં અધિક ગણ્યાં છે, તો અંદરનાં પ્રમાણ શાં? અને બહારનાં પ્રમાણ પણ શાં? આ પ્રશ્ન મહત્ત્વનો છે. આ ઉપરથી લાગે છે કે આપણે ગણિત શાસ્ત્રમાં, ઇતિહાસ, ભૂગોળના જ્ઞાનમાં આદિ કાલથી કેટલા ચોકકસ, નિપુણ અને રસિક હતા. તે સંબંધી પ્રશ્ન પૂછી વર્ણાશ્રમ નિશ્ચય અને મહચ્ચરિત્ર પણ પૂછ્યાં. ૧૬.

૧૭મા શ્લોકમાં **ચાર** પ્રશ્નો પૂછે છે. **अवतारानुचरितम्**-ભગવદ્ અવતારોનો પ્રભાવ સમાજ જીવન ઉપર ઘણો ઉંચા પ્રકારનો રહ્યો છે; તેથી જે ન સમજાય તેવાં અલૌકિક ચરિત્રો છે, તેવો પ્રશ્ન પૂછે છે. વળી યુગ, યુગમાપ અને યુગયુગના ધર્મો પણ પૂછે છે. ૧૭.

૧૮મા શ્લોક પાંચ પ્રશ્નો કરે છે. **नृणां साधारणो धर्मः**-માનવ જાતને વિશેષ માનની દૃષ્ટિથી જોવાય છે, કારણ કે તેની પરોપકાર નિષ્ઠા અને આત્મનિષ્ઠા લોકોત્તર હોય છે. 'સામાન્ય ધર્મ અને વિશેષ ધર્મ' એ બે તેના નિભાવકો છે. રાજ્ય વહીવટી તંત્રને રાજ્ય સંચાલનનો વધુ શ્રમ નથી થતો, કારણ કે સામાન્ય વિશેષ ધર્મો જ સર્વ પ્રકારના કલેશોનો અંત લાવવા સમર્થ થતા; તેથી સામાન્ય-વિશેષ ધર્મોની જિજ્ઞાસા કરી. તેમજ આજિવિકા પણ ધર્મમૂલક હોવી જોઈએ, જેથી કોઈ કોઈની હિંસા ન કરે માટે જ **श्रेणीनाम्** વ્યવસાય સંબંધી પ્રશ્ન પૂછ્યો છે. શિલ્પ જીવીઓ સમાજની કરોડ રજ્જૂ જેવા છે, તેથી તેમના ધર્મો જાણવા જોઈએ. વળી **राजर्षीणाम्**-રાજર્ષિઓ રાજ્યના સંચાલકો છે. તેઓમાં રાજા અને રાજર્ષિ એવા બે પ્રકારો હોય છે; એટલે તે સંબંધી પણ જિજ્ઞાસા કરી. છેવટે આપત્તિમાં મનુષ્યને કોઈ પણ ધર્મ કલેશરૂપ ન લાગે, પરંતુ ધર્મ કલેશને ટાળનાર બને તે આશયથી આપદ્ ધર્મ પૂછ્યા. ૧૮.

तत्त्वानां परिसंख्यानं लक्षणं हेतुलक्षणम् ।
पुरुषाराधनविधि र्योगस्याध्यात्मिकस्य च ॥ १९ ॥
योगेश्वरैश्वर्यगति र्लिङ्गभङ्गस्तु योगिनाम् ।
वेदोपवेदधर्माणा मितिहासपुराणयोः ॥ २० ॥
संप्लवः सर्वभूतानां विक्रमः प्रतिसंक्रमः ।
इष्टापूर्तस्य काम्यानां त्रिवर्गस्य च यो विधिः ॥ २१ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—**तत्त्वानाम्**–મહદ્ આદિ તત્ત્વોની, **परिसंख्यानम्**–સંખ્યાને, **लक्षणम्**–લક્ષણને, **हेतु-लक्षणम्**–હેતુ પૂર્વકના લક્ષણને, **च**–તેમજ, **पुरुष-आराधन-विधिः**–ભગવાનની સેવાનો વિધિ, વળી **योगस्य**–અષ્ટાંગ યોગનો વિધિ, તેમજ **आध्यात्मिकस्य**–આત્મજ્ઞાન સંબંધનો વિધિ–(જે હોય તે કહો). ૧૯.

योगेश्वर-ऐश्वर्य-गतिम्–યોગેશ્વરોના ઐશ્વર્યોની ગતિને, અને **योगिनाम्**–યોગી જનોના, **लिङ्ग-भङ्गः**–લિંગ દેહનો નાશ, **तु**–વળી, **वेद-उपवेद-धर्माणाम्**–વેદ–ઉપવેદ–ધર્મોનું (સ્વરૂપ અને તાત્પર્ય), તેમજ **इतिहास-पुराणयोः**–ઇતિહાસ પુરાણનું સ્વરૂપ અને તાત્પર્ય કહો. ૨૦; **सर्वभूतानाम्**–સર્વ પ્રાણીઓની, **संप्लवः**–ઉત્પત્તિ, **विक्रमः**–ઉત્કર્ષ–સ્થિતિ, **प्रतिसंक्रमः**–ઉપસંહાર, **इष्ट-आपूर्तस्य**–વૈદિક કર્મ–અગ્નિહોત્રાદિ; સ્માર્તકર્મ–કૂપ આદિ નિર્માણ વિધિ. **काम्यानाम्**–કામ્ય કર્મોનો વિધિ, **च**–અને, **यः**–જે, **त्रिवर्गस्य**–ધર્મ–અર્થ–કામનો, **विधिः**–પ્રકાર હોય તે કહો. ૨૧,

અનુવાદ—પ્રકૃતિ, મહત્તત્ત્વ વગેરે તત્ત્વોની સંખ્યા, તેમનું સ્વરૂપ અને હેતુપૂર્વકનું લક્ષણ શું છે તે, ભગવત્ સેવાનો પ્રકાર, યોગનો વિધિ તેમજ અધ્યાત્મ જ્ઞાનનો પણ વિધિ શો છે તે કહો. ૧૯; યોગેશ્વરોનાં અણિમાદિ ઐશ્વર્યો, અર્ચિરાદિ માર્ગથી ગતિ, યોગ માર્ગથી લિંગ શરીરની નિવૃત્તિ કેમ થાય તે, તેમજ વેદ, ઉપવેદ, ધર્મ, ઇતિહાસ, પુરાણાદિનું સ્વરૂપ અને તાત્પર્ય જે હોય તે કહો. ૨૦; સર્વ પ્રાણીઓની ઉત્પત્તિ, ઉત્કર્ષ અને ઉપસંહાર, તેમજ વૈદિક કર્મ યજ્ઞ યાગાદિ તે ઇષ્ટિકર્મો, સ્માર્તકર્મ કૂવો,-તળાવ આદિ નિર્માણ તે પૂર્ત કર્મો, કામ્ય કર્મો અને ધર્મ-અર્થ-કામ નામના ત્રિવર્ગનો વિધિ, ફળ વગેરે પણ મને સમજાવો. ૨૧.

તત્ત્વસુધા—આ ત્રણ શ્લોકોમાં ૨૧ પ્રશ્નો છે તેમાં પ્રથમ શ્લોકમાં ૬ પ્રશ્નો પૂછ્યા છે. ૧. તત્ત્વોની સંખ્યા કેટલી? એ ઉપરથી સાંખ્ય શાસ્ત્રનો પ્રશ્ન પૂછ્યો. ૨. તત્ત્વોનું લક્ષણ શું? એટલે તત્ત્વનો ધર્મ કેવો હોય? ૩. હેતુ લક્ષણ એટલે સર્વના કારણ ભૂત બ્રહ્મતત્ત્વનું લક્ષણ શું? ૪. ભગવત્પરિચર્યા કેવી રીતે કરવી? ૫. અષ્ટાંગ કઈ રીતે આચરવો? ૬. તત્ત્વજ્ઞાન એટલે શુ? આ ૭ પ્રશ્નો છે. ૧૯.

શ્લોક ૨૦માં ૮ પ્રશ્નો પૂછે છે.—૧, ૨ યોગીઓનાં ઐશ્વર્ય ક્યાં ક્યાં અને કેમ મેળવાય? ૩. યોગીઓ ઉર્ધ્વગતિ મેળવીને કયે માર્ગે જાય છે? ૪. પોતાના લિંગ શરીરને કેવી રીતે વિના કલેશથી અને વિના આસક્તિથી છોડી શકે છે? ૫. વેદ, ઉપવેદ અને ધર્મનું પ્રયોજન શું? ૬. તેમનું સ્વરૂપ શું? ૭. તેમનું રહસ્ય શું? ૮. ઇતિહાસ અને પુરાણોનું તાત્પર્ય શું? આ આઠ પ્રશ્નો છે. ૨૦.

શ્લોક ૨૧માં ૭ પ્રશ્નો પૂછે છે-૧. સર્વ પ્રાણીઓની–યોનિજ કે અયોનિજ–કેવી રીતે ઉત્પત્તિ? ૨. એમનો ઉત્કર્ષ કેવી રીતે થાય? ૩. એમના જીવનની ઉપરામ રીત કેવી હોય છે? ૪. અગ્નિ–હોત્રાદિ કર્મોની પદ્ધતિ, પ્રયોજન, ફલ વગેરે શું? ૫. કૂપ, ઉદ્યાનાદિ નિર્માણની રીત અને પ્રયોજનાદિ શું? ૬, ૭, ધર્મ–અર્થ–કામ પુરુષાર્થોનું સ્વરૂપ અને ઉપયોગ ક્યાં અને કેવી રીતે? આ સાત પ્રશ્નોનું પણ સમાધાન માગ્યું. **संप्लवः** શબ્દનો અર્થ બ્રહ્માંડનો નાશ એ પ્રમાણે કરવો; **प्रतिसंक्रमः** નો અર્થ 'કારણમા કાર્યનો પ્રવેશ' એવો કરવો, એમ શ્રીમહાપ્રભુજીનું સૂચન છે. ૨૧.

यश्चानुशायिनां सर्गः पाखण्डस्य च संभवः ।
आत्मनो बन्धमोक्षौ च व्यवस्थानं स्वरूपतः ॥ २२ ॥
यथाऽऽत्मतंत्रो भगवान् विक्रीडत्यात्ममायया ।
विसृज्य वा यथा मायामुदास्ते साक्षिवद् विभुः ॥ २३ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—**અનુશાયિનામ્**-ભગવાનમાં લીન થયેલા 'અનુશાયી' જીવોનો, **સર્ગઃ**-ઉત્પત્તિ-સૃષ્ટિ, **ચ**-અને, **પાખણ્ડસ્ય**-પાખંડની પણ, **સમ્ભવઃ**-ઉત્પત્તિ, **ચ**-અને, **આત્મનઃ**-જીવાત્માનાં, **બન્ધ-મોક્ષૌ**-બંધન અને મોક્ષ, **ચ**-અને, **સ્વરૂપતઃ**-સ્વરૂપથી મુક્ત થયા પછી પોતાના સ્વરૂપથી, **વ્યવસ્થાનમ્**-નિત્ય રહેવું, તે પણ કહો. ૨૨. **વિભુઃ**-સર્વવ્યાપક, **આત્મતંત્ર**-સ્વતંત્ર, **ભગવાન્**-ભગવાન, **આત્મ-માયયા**-પોતાની માયાથી, **યથા**-જે પ્રકારે, **વિક્રીડતિ**-ખેલે છે, **વા**-અથવા, **માયામ્**-માયાને, **વિસૃજ્ય**-છોડી દઈને, **સાક્ષિવત્**-સાક્ષીની માફક, **યથા**-જેમ, **ઉદાસ્તે**-ઉદાસીન થઈને રહે છે, (તે પણ કહેવાની કૃપા કરો.) ૨૩.

અનુવાદ—**વળી ભગવન્! ભગવાનમાં લીન થયેલા અથવા સ્વરૂપ લીન થયેલાઓની ઉત્પત્તિ, તેમજ પાખંડ ધર્મની ઉત્પત્તિ, જીવના બંધ અને મોક્ષ, જીવોની મુક્તિ પછીના સ્વરૂપની સ્થિતિ પણ યથાર્થ રીતે કહો. ૨૨; તેમજ વ્યાપક અને સર્વથા સ્વતંત્ર એવા ભગવાન છતાં પોતાની શક્તિ રૂપ માયાનો આશ્રય કરી જે રીતે ખેલે છે અને માયાનો ત્યાગ કરીને સાક્ષીની માફક ઉદાસીન થઈને પણ કહે છે, તે પણ સમજાવો. ૨૩.**

તત્ત્વસુધા—આ બે શ્લોકોમાં ૮ પ્રશ્નો છે. તેમાં પ્રથમ શ્લોકમાં ૪ પ્રશ્નો પૂછયા છે. ૧. અનુશાયી શબ્દથી ભગવાનના પોઢ્યા પછી નિદ્રામાં જનારા જીવો સમજવા. તે અનુશાયી જીવોની સૃષ્ટિ કેવી રીતે બને છે? વળી ત્રણ લોકમાં કર્મ કરનારા દૈત્ય, દાનવ, જ્ઞાનીઓને અનુસરનારા બીજા જીવોને પણ અનુશાયી કહ્યા છે; તે જીવોનો સર્ગ કેટલો? ૨. પાંખડી ધર્મની ઉત્પત્તિ કેવી રીતે થઇ? ૩. બંધ-મોક્ષનું સ્વરૂપ શું? ૪. સ્વરૂપમાં રહેવું એટલે શું? ૨૨.

શ્લોક ૨૩માં ચાર પ્રશ્નો પૂછ્યા છે.-૧. ભગવાન અવતારો લઈને શા માટે ક્રીડા કરે છે? ૨ વૈકુંઠમાં અને અન્યત્ર પણ શા માટે ક્રીડા કરે છે ૩. માયાના સંપર્કમાં હોય ત્યારે કેવી ક્રીડા કરે છે? ૪. માયાને ત્યજી ઉદાસીન, અસંગરૂપે હોય છે, ત્યારે પણ કેવી રીતે રહે છે? ૨૩.

सर्वमेतच्च भगवन् पृच्छते मेऽनुपूर्वशः ।
तत्त्वतोऽर्हस्युदाहर्तुं प्रपन्नाय महामुने[1] ॥ २४ ॥
अत्र प्रमाणं [2]हि भवान् परमेष्ठी यथाऽऽत्मभूः ।
[3]परे चेहानुतिष्ठन्ति पूर्वेषां पूर्वजैः कृतम् ॥ २५ ॥

भगवन् ભગવન્! **महामुने**-મહામુને! **प्रपन्नाय**-શરણાગતને, અને **पृच्छते**-**मे**-જિજ્ઞાસુ એવા મને (પૂછનાર મને), **अनुपूर्वशः**-અનુક્રમે, **एतत्**-આ, **सर्वम्**-પૂછેલ સર્વ વસ્તુ **तत्त्वतः**-યથાર્થ રીતે, **उदाहर्तुम्**-વર્ણવવા માટે, **अर्हसि**-યોગ્ય છો. ૨૪; **हि**-કારણ કે, **अत्र**-આ વિષયમાં, **आत्मभूः**-સ્વયંભૂ, **परमेष्ठी**-બ્રહ્માજી, **यथा**-જે રીતે, પ્રમાણ છે તેમ, **भवान्**-આપ, **प्रमाणम्**-પ્રમાણ રૂપ છો. **च**-વળી, **इह**-આ વિશ્વમાં, **परे**-સર્વ સામાન્ય જનો, **पूर्वेषाम्**-વડીલોના પણ, **पूर्वजैः**-વડીલોએ-પૂર્વજોએ, **कृतम्**-જે આચર્યું હોય છે, તેનેજ **अनुतिष्ठन्ति**-અનુસરે છે. ૨૫.

અનુવાદ—**ભગવન્, હું આપનો શરણાગત છું અને જિજ્ઞાસુ પ્રશ્ન કર્તા છું. મહર્ષિ! આપને મેં ક્રમવાર જે પૂછયું છે, તે સર્વનો કૃપા કરીને યથાર્થ ખુલાસો ન કરો! ૨૪; આ વિષયમાં સ્વયંભૂ બ્રહ્માજીની માફક આપ જ પ્રમાણ રૂપ છો. આ લોકમાં સર્વ સામાન્ય જનો, પોતાના પૂર્વજોના પણ પૂર્વજો જે રીતે આચરી ગયા છે, તેને અનુસરે છે. ૨૫.**

---

૧. પ્રા૦ પા૦-મહામતે । ૨. પ્રા૦ પા૦-ભગવાન્ પર૦ । ૩. પ્રા૦ પા૦-અપરે ह्यनुतिष्ठन्ति ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્ત્વસુધા—પરીક્ષિત રાજા શ્રીશુકદેવજીને દૈન્ય ભાવે પૂછે છે, તેમજ બે સંબોધન કરે છે. **ભગવન્** સંબોધન કરીને આદર સૂચવે છે. મહામુને સંબોધનથી શ્રીશુકાચાર્યની સર્વજ્ઞતાનો ઉલ્લેખ કરે છે. હું પ્રતારણ કે સદ્ભાવથી કહી રહ્યો છું, તેમાં મારે પુરાવો નહિ આપવો પડે. આપ સર્વજ્ઞ છો, તેથી હૃદ્ગત ભાવને પણ જાણી શકો છો. જે ક્રમથી પ્રશ્નો પૂછ્યા છે, તે ક્રમથી ઉત્તર આપવા કૃપા કરશો. કેટલીક હિતની વાતો ન પૂછી હોય તેનો પણ આપ ખુલાસો કરશો. હું કેવલ શરણાગત છું અને આપ સૂત્ર છો. આપના વાક્યનું મૂલ્ય સામાન્ય નથી. બ્રહ્માજી અને આપ સરખા છો. વેદ વાક્યથી વિભિન્ન વાક્ય કદી આપના મુખમાંથી નીકળવાનાં નથી. વળી પૂર્વજોનાં પગલાંને અનુસરી આપ ચાલો છો, એ આપનું યશ છે. ૨૫.

न मेऽसवः परायन्ति ब्रह्मन्ननशनादमी ।
पिबतोऽच्युतपीयूषमन्यत्र कुपिताद् द्विजात् ॥ २६ ॥

અન્વયાર્થ—**બ્રહ્મન્**-શ્રીશુકાચાર્ય, **અચ્યુત-પીયૂષમ્**-ભગવત્કથામૃતને, **પિબતઃ**-પાન કરનારા, **મે**-મારા, **અમી**-આ, **અસવઃ**-પ્રાણો, **અનશનાત્** અનશન વ્રતથી, **ન-પરાયન્તિ**-જવાના નથી, **કુપિતાત્**-ક્રોધે ભરાયેલા, **દ્વિજાત્**-દ્વિજ વિના, **અન્યત્ર**-અન્યનો ભય નથી. ૨૬.

અનુવાદ—**હે બ્રહ્મન્ ! ભગવત્કથામૃતનું પાન કરનારા એવા મારા આ પ્રાણ અનશનથી કદિ પણ જવાના નથી; કેવલ ક્રોધે ભરાયેલા વિપ્રના શાપ વિના અન્ય કોઈની ભીતિ નથી.** ૨૬.

તત્ત્વસુધા—**ન મેઽસવઃ**-ક્ષુધા અને તૃષા એ બે અજેય શત્રુ છે, પરંતુ હરિ કથા સુધા એ તો ક્ષુધા, તૃષા અને સર્વ બાધાઓનું નિવારણ કરે છે. હરિકથારસ તો અચ્યુતપીયૂષ છે. અચ્યુત પીયૂષ એટલે અખૂટ અમૃત છે. અન્ય અમૃતનું પાન કરતાં અમૃતનો ક્ષય થાય છે. આ અમૃતનું પાન કરતાં સર્વ વિધ ક્ષય મટી જાય છે. ઉપરાંત, આ અમૃતનું પાન કરનાર ભક્ત જન મળતાં અધિક અધિક છલકાય છે. રાજા જ્યારે આ વર્ણન કરે છે, ત્યારે જાણે પોતાના પ્રાણોને પ્રત્યક્ષ બતાવતા હોય, તેમજ પ્રાણોની પીડા દેખાતી હોય અને તે પીડાનું નિવારણ કથાપીયૂષથી થતું નજરે માલુમ પડતું હોય, તેનું જ નિરૂપણ કરવા માટે 'અમી' 'આ મારા પ્રાણો, અનશનથી નથી જવાના', એવો સંકેત કરે છે. બાકી એક દિવસનો ઉપવાસ કરતાં પણ જીવલેણ પીડા થાય એવા વિલાસીઓને રાજા કહેવાય.

રાજાએ કહ્યું, બ્રહ્મન્-આચાર્ય, આપ તો સર્વજ્ઞ છો, એટલે વધુ ભાષણનું પ્રયોજન નથી. તક્ષકથી પ્રાણ જશે, એની ચિંતા નથી. જો કે હરિકથા તેનું નિવારણ કરવા સમર્થ છે, છતાં એ નથી કરવું; કારણ કે વિપ્રવચન મિથ્યા ન થવું જોઈએ, અપરાધનું ફળ મળવું જ જોઈએ. મુક્તિ અપરાધનાં ફળને ભોગવી લેવામાં છે. ૨૬.

सूत उवाच—स उपामन्त्रितो राज्ञा कथायामिति सत्पतेः ।
ब्रह्मरातो भृशं प्रीतो विष्णुरातेन संसदि ॥ २७ ॥
प्राह भागवतं नाम पुराणं ब्रह्मसंमितम् ।
ब्रह्मणे भगवत्प्रोक्तं ब्रह्मकल्प उपागते ॥ २८ ॥

અન્વયાર્થ—**વિષ્ણુ-રાતેન-રાજ્ઞા**-શ્રીકૃષ્ણથી રક્ષણ પામેલા પરીક્ષિત રાજાએ, **સંસદિ**-સભામાં, **સત્પતેઃ**-શ્રીહરિની, **કથાયામ્**-કથામાં, **ઇતિ**-આ પ્રમાણે, **ઉપામંત્રિતઃ**-આમંત્રિત કર્યા-પ્રાર્થના કરી, ત્યારે **ભૃશમ્**-અત્યંત, **પ્રીતઃ**-પ્રસન્ન થયેલા, **સઃ**-તે, **બ્રહ્મરાતઃ**-શ્રીશુકાચાર્ય. ૨૭; **બ્રહ્મકલ્પે-ઉપ-આગતે**-બ્રહ્મકલ્પ આવ્યો હતો ત્યારે, **બ્રહ્મણે**-બ્રહ્માજીને, **ભગવત્-પ્રોક્તમ્**-ભગવાને જે ભાગવત કહેલું હતું (તે), **બ્રહ્મ-સંમિતમ્**-વેદ તુલ્ય, **ભાગવતં-નામ**-શ્રીમદ્ ભાગવત નામના, **પુરાણમ્**-પુરાણને, **પ્રાહ**-કહ્યું. ૨૮.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—શ્રીસૂતજીએ કહ્યું—મહર્ષિઓ! જ્યારે રાજા પરીક્ષિતે સંતોની સભામાં ભગવત્ કથાઓને સંભળાવવા માટે આ પ્રકારની પ્રાર્થના કરી, ત્યારે શ્રીશુકદેવજીને અત્યંત પ્રસન્નતા થઈ. ત્યાર બાદ શ્રીશુકદેવજીએ વેદતુલ્ય શ્રીમદ્ ભાગવત-મહાપુરાણ-પરીક્ષિતને સંભળાવ્યું, જે શ્રીમદ્ ભાગવત બ્રહ્મકલ્પના આરંભમાં સ્વયં ભગવાને બ્રહ્માજીને સંભળાવ્યું હતું. ૨૭; ૨૮.

તત્ત્વસુધા—મૈત્રી અને સંબંધ સમકક્ષ અને સમદક્ષ વ્યક્તિઓ સાથે શોભે, ટકે અને સાર્થક થાય. પરીક્ષિત વિષ્ણુરાત છે અને શ્રીશુકદેવજી બ્રહ્મરાત છે. ઉત્તરાની કુખમાં રહેલા પરીક્ષિતની રક્ષા ભગવાન શ્રીકૃષ્ણે કરી, તેથી 'વિષ્ણુરાત' સંજ્ઞા પડી. શ્રીશુકદેવ બ્રહ્મથી અને બ્રહ્મ સમાન ભાગવતથી સુરક્ષિત છે, તેથી 'બ્રહ્મરાત' સંજ્ઞા થઈ. બ્રહ્મનું અને બ્રહ્મસમાન ધર્મવાળા શ્રીમદ્ ભાગવતનું દાન કરે છે, તેથી પણ બ્રહ્મરાત સંજ્ઞા બને છે. પરીક્ષિતની હરિરસ પિપાસાએ તો શ્રીશુકાચાર્ય આર્દ્ર હૃદયના બની ગયા અને ઉત્તર આપવાનો આરંભ કર્યો. શ્રીમદ્ ભાગવતના કથનથી પરીક્ષિત રાજાની સર્વ સંદેહની નિવૃત્તિ થઈ. શ્રીમદ્ ભાગવત વેદનું જ પ્રતિબિંબ છે અને વેદોનો સાર પણ છે. ૨૭; ૨૮.

यद् यत् परीक्षिदृषभः पाण्डूनामनुपृच्छति ।
आनुपूर्व्येण तत्सर्वमाख्यातुमुपचक्रमे ॥ २९ ॥

અન્વયાર્થ—**पाण्डूनाम्**-પાંડવોમાં, **ऋषभः**-શ્રેષ્ઠ, **परीक्षित्**-પરીક્ષિત રાજા, **यत् यत्**-જે જે, **अनुपृच्छति**-પૂછે છે, **तत्**-તે, **सर्वम्**-સર્વને, **आनुपूर्व्येण**-ક્રમાનુસાર, **आख्यातुम्**-કહેવા માટે, **उपचक्रमे**-આરંભ કર્યો. ૨૯.

અનુવાદ—પાંડવ શ્રેષ્ઠ પરીક્ષિત રાજાએ જે જે પ્રશ્નો કર્યા તે તે પ્રશ્નોનો પ્રત્યુત્તર યથા ક્રમે કહેવાનો શ્રીશુકદેવજીએ આરંભ કરી દીધો. ૨૯.

તત્ત્વસુધા—ઉપસંહારમાં આ ૨૯મો શ્લોક છે. શ્રોતા ઉત્કૃષ્ટ છે, જેથી વિષય પણ ઉત્તમ પ્રકારનો ચર્ચાશે. 'પરીક્ષિત,' શબ્દથી તૃપ્તિ ન થઈ, તેથી પાંડવોમાં શ્રેષ્ઠ એવો નિર્દેશ કરે છે. પાંડવ શબ્દનું તાત્પર્ય ભક્તપણાના પ્રતિપાદનમાં છે. શ્વેત વર્ણને માટે 'પાંડુ' શબ્દ વપરાય છે. શ્વેત વર્ણ સત્ત્વગુણનો છે. પાંડુ રાજા તો ભક્ત હતા સાત્વિક હતા; પરંતુ પરીક્ષિત તો 'પરમ ભગવદીય' હતા; તેથી જ 'પાંડવોમાં શ્રેષ્ઠ', એવી ઓળખાણથી પરીક્ષિત રાજાને વર્ણવે છે. રાજાના સંતોષ માટે પૂછેલા પ્રશ્નો ક્રમને સન્માનીને પ્રત્યુત્તરો વાળ્યા છે. કેટલીક યુક્તિઓ અને બાબતો વગર પૂછેલી પણ વર્ણવી છે, એ સંકેત કરતો च અવ્યય છે. ૨૯.

શ્રીમદ્ ભાગવત દ્વિતીય સ્કંધ તત્ત્વસુધા ટીકાનો
આઠમો અધ્યાય સંપૂર્ણ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અધ્યાય ૯મો (શ્લોક ૪૫)

પરીક્ષિત રાજાના પ્રશ્નોના ઉત્તર; ચતુઃશ્લોકી ભાગવત.

૨૯ શ્લોકોથી બનેલ આઠમો અધ્યાય કેવલ પ્રશ્નોથી ભરપૂર હતો. તેમાં ૭મા શ્લોકથી ૨૬મા શ્લોક સુધી અનેક પ્રશ્નો રહેલા છે. આ સર્વ પ્રશ્નોનો ઉકેલ કરવો જોઈએ. તે ઉકેલ ક્રમપૂર્વક થઈ શકે છે. તેથી ૪૫ શ્લોકના નવમા અધ્યાયનો આરંભ કર્યો છે.

પરીક્ષિત રાજાના અનેક પ્રશ્નોમાં બે પ્રશ્નો ધ્યાન ખેંચનાર હતા જીવ અને બ્રહ્મને સ્પર્શતા તે બે પ્રશ્નો હતા. સપ્ત ધાતુઓનો સંબંધ ચૈતન્યમય બ્રહ્મને અને ચૈતન્યાંશ જીવને જો ન ઘટે તો દેહ કેવી રીતે તે બન્નેને હોઈ શકે? આ પ્રશ્નનો ઉત્તર આપવા આ અધ્યાય આરંભ્યો છે. જીવને દેહનો સંબંધ કેમ થયો? એ સંદેહ યદ્‌ધાતુમતઃ (૨-૮-૭) થી કર્યો. તેનું સમાધાન આ અધ્યાયમાં આત્મમાયામૃતે ઇત્યાદિ ત્રણ શ્લોકોથી કરશે.

ત્યાર બાદ બ્રહ્મના સ્વરૂપને લગતા પ્રશ્નના ઉત્તરના સમાધાન માટે ૪થા શ્લોકથી આરંભી ૩૬મા શ્લોક સુધી ચર્ચા કરે છે. આ ૩૩ શ્લોકોની ચર્ચામાં બ્રહ્માજીને આકાશવાણી દ્વારા તપશ્ચર્યાનો આદેશ થતાં, બ્રહ્માજી અત્યંત આદરથી, સાત્વિકતાથી અને શ્રદ્ધા ભક્તિથી પ્રચુર તપશ્ચર્યાને આચરે છે. અનુગ્રહશીલ શ્રીહરિ તેમને નિજ લોક અને નિજ અલૌકિક વિગ્રહનાં દર્શન અને બોધ આપે છે. તેમજ ભગવાનનું અમીમય વચનામૃતનું પાન કરવાની બ્રહ્માજીને તક સાંપડે છે. લગભગ આ ચર્ચા ૨૩મા શ્લોક સુધી ચાલે છે. બ્રહ્માજીથી ભગવાનની કૃપાનો ભાર ઝીલી શકાતો નથી. દૈન્યમૂર્તિ બની જઈને બ્રહ્માજી ૨૪મા શ્લોકથી ભગવાન પાસે અભ્યર્થના કરે છે અને કહે છે, "આપની માયાને સમજી શકું, સૃષ્ટિને રચી શકું, સદા આપનો અનન્ય રહી શકું, એવો અનુગ્રહ કરો."

ત્યારે ૩૦મા શ્લોકથી ભગવાને માર્ગદર્શન આપવાનું શરૂ કર્યું, તેમજ બ્રહ્માજીના ઉપર અનુગ્રહ કર્યો. ૩૨મા શ્લોકથી ૩૫મા શ્લોક સુધીમાં શ્રીમદ્ ભાગવતજીની ચતુઃશ્લોકીનો ઉપદેશ આપ્યો, જે શ્રીમદ્ ભાગવત કલ્પતરુના બીજ સમાન છે. આ ચતુઃશ્લોકીનો નિત્ય પાઠ કરે, તેને ભગવાનના સ્વરૂપની પ્રાપ્તિ થાય છે, અબુધ તેનો જાપ કરી વિબુધ બનવા માટે મતિમાન થાય છે. ચતુઃશ્લોકીનું નિરૂપણ કરીને ૩૬મા શ્લોકમાં ભગવાને વરદાન આપ્યું કે "બ્રહ્મદેવ! આપને કદિ પણ મોહ નહિ થાય." એમ કહી અન્તર્ધાન થાય છે.

૩૭મા શ્લોકથી ૪૫મા શ્લોક સુધીમાં બ્રહ્માજીના અને નારદજીના વાર્તાલાપનો પ્રસંગ છે. બ્રહ્માજી ભગવાનના આદેશને પાળી તપ અને સૃષ્ટિ આચરે છે. નારદજી ત્યારે જિજ્ઞાસા કરે છે અને ચતુઃશ્લોકીનું દાન કરે છે. આ ચતુઃશ્લોકીને નારદજી મહર્ષિ વ્યાસજીને આપે છે. વ્યાસજી તેનો વિપુલ વિસ્તાર શ્રીમદ્ ભાગવત રૂપે કરે છે. એ શ્રીમદ્ ભાગવત શ્રીશુકાચાર્યને મળે છે અને તે રાજા પરીક્ષિતને આપે છે. આ રીતે જીવ બ્રહ્મના સ્વરૂપને ચર્ચતા નવમા અધ્યાયનો આરંભ થાય છે કે આત્મમાયામૃતે રાજન્—

श्रीशुक उवाच—आत्ममायामृते राजन् परस्याऽनुभवात्मनः ।
न घटेतार्थसंबंधः स्वप्नद्रष्टुरिवाञ्जसा ॥ १ ॥

અન્વયાર્થ—રાજન્–રાજન, **સ્વપ્નદ્રષ્ટુઃ ઇવ**–સ્વપ્નદૃષ્ટાને સ્વપ્નમાં દેખાતા વિષયોના સંબંધની માફક, **પરસ્ય**–શ્રેષ્ઠ એવા, **અનુભવ-આત્મનઃ**–અનુભવ રૂપ આત્માનો, **અર્થ-સંબંધ**–પદાર્થ સંબંધ, **આત્મ-માયામ્**–કેવલ પોતાની માયાને, **ઋતે**–છોડીને, **અઞ્જસા**–વાસ્તવિક રીતે, **ન ઘટેત**–સંભવી ન શકે. ૧.

અનુવાદ—શ્રી શુકદેવજીએ કહ્યું–રાજન્! શ્રેષ્ઠ અને અનુભવ રૂપ એવા આ આત્માનો દેહાદિ સાથેનો સંબંધ તો સંભવી શકે નહિ; પરંતુ સ્વપ્નમાં રહેલા જીવાત્માને જેમ સ્વાપ્નિક પદાર્થોનો સંબંધ કલ્પિત છે, તેમ આ આત્માનો પણ દેહાદિ પદાર્થ સાથે સંબંધ માયિક છે. કેવલ માયાના સંગને લીધે થયેલ છે. ૧.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્ત્વસુધા—આઠમા અધ્યાયમાં સાતમા શ્લોકમાં 'यदधातुमतो ब्रह्मन्' એનો રાજાએ પ્રશ્ન કર્યો હતો કે બ્રહ્મન્, આ જીવને દેહાદિનો સંબંધ થાય છે, તે સકારણ છે કે અકારણ છે કે અજ્ઞાનથી છે? આકસ્મિક છે કે ઈશ્વરેચ્છાથી છે? એ પ્રશ્નોનો ઉત્તર આ શ્લોકથી આપ્યો છે કે "માયાના સંગને લીધે જીવને દેહાદિ સાથે સંબંધ થયેલ છે."

જ્યારે રાજાએ જીવને દેહના સંબંધનો પ્રશ્ન કર્યો, ત્યારે 'બ્રહ્મન્' સંબોધન કર્યું હતું, કારણ કે આપ બ્રહ્મસ્વરૂપ છો, બ્રહ્મવેત્તા છો, તેથી મારા પ્રશ્નનો ખુલાસો કરવા સમર્થ છો. શ્રીશુકદેવજી તેનો ઉત્તર આપે છે, ત્યારે 'राजन्' સંબોધનથી રાજા ઉપર દયાલુતા દર્શાવે છે અને કહે છે, રાજન, તમે રાજસ પ્રકૃતિમાં છો, તેથી આત્મતત્ત્વને ન સમજી શકો, એ નૈસર્ગિક છે; પરંતુ આ જીવને પ્રથમ મોહ થયો, પછીથી દેહનો સંબંધ થયો. મોહ પણ ત્યારે જ થયો કે જ્યારે તે સદાનંદ ભગવાનથી વિખુટો પડ્યો અને ચિદાત્મક અંશ વાળો એકલો રહ્યો ત્યારે તેની પાસે માયા આવી. માયાએ આવીને તેને કહ્યું, મારી સાથે આવીશ તો તને આનંદ અપાવીશ. ચિદંશ જીવ ભોળવાઈ ગયો. માયાએ તેને દશ પ્રકારના પ્રાણવાળા 'આસન્ય'નો સંબંધ કરાવ્યો. તે થયો ન હતો, ત્યાં સુધી તે પુરુષ હતો, પછી તેની 'જીવ' એવી સંજ્ઞા થઈ. जीवतीति जीवः એવી 'જીવ' શબ્દની વ્યાખ્યા થાય છે. 'जीव' प्राणधारणे—'જીવ' એવો ધાતુ છે. તે પ્રાણોને ધારણ કરે છે, તેથી તેને 'જીવ' કહેવાય છે. પાંચ મુખ્ય અને પાંચ ગૌણ મળીને દશ પ્રકારના પ્રાણોને ધારણ કરનાર 'જીવ' એવી સંજ્ઞાવાળો આ પુરુષ થયો અને તે માયાના સંસર્ગથી થયો. બાકી તે જીવ પર એટલે માયાથી પર શ્રેષ્ઠ હતો, તેમજ અનુભવાત્મા-ચિદ્રૂપ હતો, જ્ઞાનાત્મક હતો; પરંતુ 'આત્મમાયા'ના સંસર્ગે આવું પરિણામ આવ્યું. દૃષ્ટાન્તથી પણ વાત પૂરવાર કરી કે સ્વપ્નમાં અનેક વિષયોનો સંબંધ થાય છે, તેવું જ આ એક સ્વપ્ન છે. ફેર એટલો કે નિદ્રામાં જે સ્વપ્ન સૃષ્ટિ દેખાય છે, તે જુદા જુદા પ્રકારની છે, જ્યારે આ સ્વપ્ન કરોડો જન્મ સુધી એકનું એક જ છે. ૧.

बहुरूप इवाभाति मायया बहुरूपया ।
रममाणो गुणेष्वस्या ममाहमिति मन्यते ॥ २ ॥

અન્વયાર્થ—बहु-रूपया-અનેક રૂપવાળી, मायया-માયાને લીધે, बहु-रूप-અનેક રૂપ વાળો, इव-જાણે હોય એમ, आभाति-ભાસે છે. अस्याः-આ માયાના, गुणेषु-ત્રણ ગુણોમાં, रममाणः-રમણ કરનાર, अहम्-मम-હું અને મારું, इति-એ પ્રમાણે, मन्यते-માને છે. ૨.

અનુવાદ—અનેક રૂપવાળી માયાના કારણથી પોતે પણ અનેક રૂપવાળો લાગે છે અને માયાના ગુણોમાં રમણ કરનાર આ જીવ, 'હું અને મારું' એમ માને છે. ૨.

તત્ત્વસુધા—માયાના સંપર્ક પછી તેની તર્કશક્તિ કુંઠિત થાય છે. માયાને અનેક રૂપ લેવાની ટેવ છે. તેની છાયામાં રહેલ એક રૂપ 'ચેતન જીવ' પોતે અનેક રૂપ વાળો દેખાય છે. વિશેષમાં તો તે 'હું અને મારું' એવું પણ માનવાની શરૂઆત કરે છે. એટલે મોહમાંથી મમતાનો વિસ્તાર થાય છે. 'હું ઈશ્વરનો છું અને ઈશ્વર એકજ મારો છે'—આ ધારો તેના જીવનનો હોય તો તેનો ઉદ્ધાર દૂર નથી. ૨.

यर्हि वाव महिम्नि स्वे परस्मिन् कालमाययोः ।
रमते गतसंमोहस्त्यक्त्वोदास्ते तदोभयम् ॥ ३ ॥

અન્વયાર્થ—यर्हि-જ્યારે, काल-मायायोः-કાલ અને માયાથી, परस्मिन्-પર એવા, स्वे-ભગવાનના, महिम्नि-મહિમામાં, रमेत-રમણ કરે, तदा-ત્યારે, वाव-અવશ્ય, गत-संमोहः-મોહરહિત બનીને, उभयम्-'હું અને મારું' એવા બન્ને ભાવને, त्यक्त्वा-ત્યજીને, उदास्ते-ઉદાસીન થઈને રહે છે. ૩.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—જ્યારે તે કાલ અને માયાથી સર્વથા પર એવા ભગવાનના મહિમામાં રસ લે છે, રમણ કરે છે, ત્યારે 'હું અને મારું' એવા બન્ને ભાવોને ત્યજી દે છે અને ઉદાસીન, અસંગ બનીને રહે છે. ૩.

તત્ત્વસુધા—'હું અને મારું' એ કેમ કરીને છૂટે? એનો ઉત્તર આપ્યો કે યર્હિ—જ્યારે ભગવાનની ઇચ્છા થાય કે આ જીવને અપનાવું, ત્યારે તે બને છે. ભગવાન તેના અહં અને મમ'ના આસકિત ભાવને દૂર કરવા માયિક પદાર્થોની મીઠાશ કરતાં પણ અત્યંત માધુર્ય. પૂર્ણ પોતાના મહિમામાં, પોતાના સ્વરૂપમાં, પોતાની લીલામાં તેને વાળે છે. તેમાંથી તેને અપૂર્વ રસ મળે છે અને સ્વાભાવિક રીતે જ તે માયાને વિસરે છે. ૩.

ઉપરોકત આ ત્રણ શ્લોકોમાં જીવને દેહનો સંબંધ કેવી રીતે બન્યો અને કેવી રીતે છૂટે. એની સંક્ષિપ્ત ચર્ચા કરી, તત્વજ્ઞાનનું રહસ્ય સરલ વાણીમાં આપી, હવે ચોથા શ્લોકથી આરંભી ૩૬ મા શ્લોક સુધી 'બ્રહ્મ'ની બાબતની ચર્ચાનો આરંભ કરે છે—

आत्मतत्त्वविशुद्धयर्थं यदाह भगवानृतम् ।
ब्रह्मणे दर्शयन्रूपमव्यलीकव्रतादृतः ॥ ४ ॥

અન્વયાર્થ—अव्यलीक-व्रत-आदृतः-નિષ્કપટ વ્રતના આચરણથી આદર પામેલા, भगवान्-ભગવાન, ब्रह्मणे-બ્રહ્માજીને, ऋतम्-સત્ય એવા, रूपम्-સ્વરૂપને, दर्शयन्-દર્શાવવા ચાહતા आत्म-तत्त्व-विशुद्धि-अर्थम्-આત્મ તત્ત્વની વિશુદ્ધિને માટે, यद्-જે, आह-બોલ્યા. ૪.

અનુવાદ—બ્રહ્માજીના નિષ્કપટ વ્રતાચરણથી આદર પામેલા ભગવાન બ્રહ્માજીને સત્ય સ્વરૂપનું દર્શન કરાવવાની ચાહનાવાળા થયા અને આત્મતત્ત્વની વિશુદ્ધિ માટે જે બોલ્યા, (તે પ્રસંગ હવે શરૂ થાય છે). ૪.

તત્ત્વસુધા—ભગવાનની પ્રસન્નતા તો નિષ્કપટ વ્રતાચરણથી થાય છે. વ્રતનો આશય જ્યારે નિષ્કામ હોય કે ભગવત્પ્રાપ્તિ કામ હોય ત્યારે સહજ રીતે જ પ્રસન્નતા મળે છે. ભગવાને બ્રહ્માજી ઉપર બે પ્રકારના અનુગ્રહ કર્યા છે. એક તો પોતાના આનંદ સ્વરૂપનું દર્શન અને બીજો આત્માના વાસ્તવિક સ્વરૂપનું જ્ઞાન. આવા બે અનુગ્રહો દ્વારા સર્વ પ્રાણી ઉપર અનુકમ્પા કરી છે. ૪

स आदिदेवो जगतां[1] परो गुरुः स्वधिष्ण्यमास्थाय सिसृक्षयैक्षत ।
तां नाध्यगच्छद् दृशमत्र सम्मतां प्रपञ्चनिर्माणविधिर्यया भवेत् ॥ ५ ॥

અન્વયાર્થ—आदिदेवः-આદિદેવ, जगतां परः-સર્વ જગતોમાં શ્રેષ્ઠ, गुरुः-ગુરુ-ઉપદેશક, सः-તે બ્રહ્માજી, स्व-धिष्ण्यम्-પોતાના સ્થાને, आस्थाय-બિરાજીને, सिसृक्षया-સૃષ્ટિની રચનાની ઇચ્છાથી, ऐक्षत-વિચારવા લાગ્યા, यया-જે દૃષ્ટિથી, प्रपञ्च-निर्माण-विधिः-સૃષ્ટિ-નિર્માણનો પ્રકાર, भवेत्-મળી શકે, अत्र-આ બાબતમાં, सम्मताम्-સંમત એવી, दृशम्-દૃષ્ટિને, न अध्यगच्छत्-ન મેળવી શકયા. ૫.

અનુવાદ—જગતના પરમ ગુરુ આદિદેવ તે બ્રહ્માજી પોતાના બ્રહ્મલોકમાં બિરાજીને સૃષ્ટિનું નિર્માણ કરવાની ઇચ્છાથી જોવા લાગ્યા પરંતુ જેનાથી સૃષ્ટિનું નિર્માણ કરી શકે એવી બુદ્ધિને-દૃષ્ટિને ન મેળવી શકયા. ૫.

१. प्रा० पा०—भजतां ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્ત્વસુધા—તપશ્ચર્યાથી સૃષ્ટિનું નિર્માણ થશે એ આશયથી બ્રહ્માજીએ તપ આદર્યું. બ્રહ્માજીએ બ્રહ્મલોકમાં બેસીને સંકલ્પ કર્યો; પરંતુ બ્રહ્માજી સ્વયં ગુરુ હતા. તેમના કોઈ ગુરુ જ ન હતા. તેથી કોને પૂછવું? કોની સલાહ લેવી? એ એક વિકટ પ્રશ્ન હતો. વળી 'આદિદેવ અને ગુરુ' એવા બે ખ્યાલ તેમણે પોતાને માટે રાખ્યા હતા, જેથી દૈન્ય પણ ન આવી શકે. ખરું જોતાં તો તેમણે ન કર્યું મંગલાચરણ, કે ન કર્યું કોઈ વિશિષ્ટ સાધન. તેને પરિણામે કેવલ બુદ્ધિ સફળ ન બની. આખરે 'બુદ્ધિ અને શ્રમ' ઉભય કુંઠિત થયાં, ત્યારે તેઓ દૈન્ય તરફ વળ્યા અને આકાશવાણીમાંથી ખુલાસો મળ્યો. એ પ્રસંગ છઠ્ઠા શ્લોકે શરૂ કર્યો. ૫.

स चिन्तयन् द्व्यक्षरमेकदाम्भस्युपाश्रुणोद् द्विर्गदितं वचो विभुः ।
स्पर्शेषु यत्षोडशमेकविंशं निष्किंचनानां नृप यद्धनं विदुः ॥ ६ ॥

અન્વયાર્થ—**चिन्तयन्**-ચિંતન કરનાર, **विभुः**-વિભુ, **सः**-તે બ્રહ્મદેવ, **एकदा**-એક દિવસ, **अम्भसि**-જલમાં, **स्पर्शेषु**-સ્પર્શ વ્યંજનોમાં, **षोडशम्**-સોળમો, **च**-અને, **एकविंशम्**-એકવીશમો, એ પ્રમાણે, **यत्**-જે, **द्विर्गदितम्**-બે વખત ઉચ્ચારાયેલ, **द्व्यक्षरम्**-બે અક્ષરવાળું, **वचः**-વચનને. **उपाश्रुणोत्**-સાંભળતા હતા, **नृप**-રાજન્, **यत्**-જેને, **निष्किंचनानाम्**-નિષ્કિંચન જનોના, **धनम्**-ધન તરીકે, **विदुः**-જાણે છે. ૬.

અનુવાદ—**રાજન, તે બ્રહ્મા એક દિવસ ચિંતન કરતા હતા; તેટલામાં સ્પર્શનો સોળમો અને એકવીશમો, એમ બે વાર બોલેલો બે અક્ષરવાળો વચનને વિભુ હોવાથી સાંભળ્યું. જે બે અક્ષરો સાંભળ્યા, તે નિષ્કિંચનોના ધનરૂપે ગણાય છે.** ૬.

તત્ત્વસુધા—તપ અને વિદ્યા એ બે ધન છે. તે બે જેની પાસે હોય તેને તપોધન કહેવાય છે. બ્રહ્માજીએ જલમાંથી નીકળતા એક વાકયને સાંભળ્યું. તે એકનું એક જ વાકય બે વખત બોલવામાં આવ્યું. તે વાકય હતું કે "સ્પર્શ વ્યંજનોમાં સોળમા અને એકવીશમાને ધન ગણો." જ્યારે વાકય પુનરુક્તિથી બોલાય, ત્યારે તે વાકય મહત્ત્વનું હોવું જોઈએ જ. કેવલ આ વાકયનો ઉચ્ચાર જ સંભળાયો; પરંતુ બોલનાર કોણ? ઇત્યાદિ કોઈ રહસ્ય સમજાય તેમ ન હતું. તે વાકયમાં આદેશ હતો કે "तप तप." આ વાકય આજ્ઞાર્થ મધ્યમ પુરુષનું એકવચન હતું કે "તપ કરો, તપ કરો." પરંતુ તે સંકેતથી સમજાયું હતું કે સ્પર્શેષુ સ્પર્શોમાં સોળ અને એકવીશમાને એક બનાવો તે ધન થશે. એનું તાત્પર્ય એ હતું કે સ્પર્શ વર્ણના અક્ષરોમાં સોળમા અને એકવીશમા અક્ષરનો શબ્દ બનાવો અને તેના અર્થને સમજી અમલ કરો. વર્ણોમાં સ્વર-વ્યંજન એવા બે પ્રકાર છે. વ્યંજનોમાં પણ ક થી મ સુધીના પચીશ અક્ષરોને સ્પર્શ-વ્યંજન કહેવામાં આવે છે. પચીશ અક્ષરોમાં સોળમો અક્ષર ત અને એકવીશમો અક્ષર પ હતો. બ્રહ્માજીને 'તપ'નો આદેશ થઈ ચૂક્યો, એમ તો સમજ્યા. માત્ર કોણે આદેશ કર્યો, તે ન સમજ્યા. ૬.

निशम्य तद् वक्तृदिदृक्षया दिशो विलोक्य तत्रान्यदपश्यमानः ।
स्वधिष्ण्यमास्थाय विमृश्य तद्धितं तपस्युपादिष्ट इवादधे मनः ॥ ७ ॥

અન્વયાર્થ—**निशम्य**-'तप तप' એવું સાંભળીને, **तद्-वक्तृ-दिदृक्षया**-તે વાકયના વકતાને જોવા માટે, **दिशः**-દિશાઓને, **विलोक्य**-જોઈને, **तत्र**-ત્યાં, **अन्यद्**-કોઈ પણ, **अपश्यमानः**-ન જોતા બ્રહ્માજી, **स्व-धिष्ण्यम्**-પોતાના સ્થાન ઉપર, **आस्थाय**-બેસીને, **तत्**-તે તપ, **हितम्**-હિતકારક છે, એમ, **विमृश्य**-વિચારી, **उपादिष्टः**-તપ માટે આદેશ પામેલા, **इव**-જાણે-બ્રહ્માજીએ, **तपसि**-તપમાં, **मनः**-મનને, **आदधे**-સ્થાપ્યું. ૭.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—બ્રહ્માજીએ 'તપ', 'તપ' એમ બે વાર સાંભળ્યું, પણ બોલનાર કોણ? એવો વિચાર મનમાં આવતાં ચારે તરફ જોયું. તેમાં બીજું કાંઈ પણ દેખાયું નહિ. ત્યારે પોતાના સ્થાનમાં આવી પોતાના હિતનું તે વાક્ય છે, એમ વિચારી મને તપ કરવાનો આમાં આદેશ છે. એમ નક્કી કરી બ્રહ્માજીએ તપશ્ચર્યામાં મનને પરોવ્યું. ૭.

तत्त्वसुधा—બ્રહ્માજીએ નિર્ણય કર્યો કે આ વાક્ય વાયુ અને જલ તત્ત્વના આઘાતમાંથી નથી જ થયો, તેમજ મારા મુખમાંથી પણ શબ્દોચ્ચાર નથી જ થયો. પરંતુ કોઈ દિવ્ય અને પ્રેમાળ તત્ત્વના મુખમાંથી જ શબ્દ વ્યક્ત થયેલ છે, એવું निशम्य શબ્દના ધ્વનિ અને ભાવથી નક્કી થાય છે. તો હવે तद् वक्तृदिदृक्षया—તેના વક્તાને જો જોઈ શકું તો વધુ ભાવના અને નિષ્ઠા દૃઢ થાય, એમ માની દિશાઓમાં અવલોકન કર્યું; પરંતુ વક્તા નજરે આવ્યા જ નહિ. આખરે વક્તાને શોધવાનો વિચાર મૂકી દીધો. પુનઃ ભ્રમણ પણ મૂકી દીધું અને પોતાના આસન ઉપર આવીને સ્થિરાસને બેઠા. કોઈ પણ નિર્ણય કરવો હોય ત્યારે સ્થિરાસને બેસીને કરવો. ચાલતાં, ફરતાં, ફરતાં કરેલા નિર્ણયો સ્થિર નથી હોતા. સ્થિરાસને નિશ્ચલા મતિમાંથી થતા નિર્ણયોમાં ઈશ્વરનો સાથ હોય છે. બ્રહ્માએ પણ તેમજ કર્યું અને વક્તાને બદલે तत् हितं તે 'तप' એવા હિતકર વાક્ય ઉપર વિચારે વળ્યા. શું 'तप', એવું આ પદ, નામ છે? આખ્યાત છે? નિપાત છે? કે ઉપસર્ગ છે? વિચારતાં એમ લાગ્યું કે આ પદ આખ્યાત એટલે ક્રિયાપદ જ છે અને ક્રિયાપદમાં પણ 'आज्ञार्थ लोट् લકાર મધ્યમ પુરુષ એક વચનનો પ્રયોગ હોવાથી ગુરુની આજ્ઞા છે. आज्ञा गुरूणामविचारणीया—ગુરુજનોની આજ્ઞા ઉપર તર્ક-વિતર્ક ન કરતાં તરત જ અમલ કરે, તે તરે અને પાર ઉતરે. માટે મારે તપ આદરવું જ જોઈએ; એવા આખરી નિર્ણય ઉપર આવી ગયા. ૭.

दिव्यं सहस्राब्दममोघदर्शनो जितानिलात्मा विजितोभयेन्द्रियः ।
अतप्यत स्माखिललोकतापनं तपस्तपीयांस्तपतां समाहितः ॥ ८ ॥

અન્વયાર્થ—अमोघ-दर्शनः-સફળ દૃષ્ટા, तपतां-तपीयान्-તપસ્વીઓમાં શ્રેષ્ઠ તપસ્વી, जित-अनिल-आत्मा-પ્રાણ અને મનના વિજેતા, विजित-उभय-ईन्द्रिय-જ્ઞાનેન્દ્રિય-કર્મેન્દ્રિયના પણ વિજેતા, समाहितः-સાવધાન-એવા બ્રહ્માજી, दिव्यम्-દેવોના, सहस्र-अब्दम्-એક હજાર વર્ષ પર્યન્ત, अखिल-लोक-तापनम्-સર્વ લોકને અસર કરનાર કઠિન એવા, तपः-તપને, अतप्यत-स्म-આદરી રહ્યા હતા. ૮.

અનુવાદ—સફળ દર્શનવાળા, તપસ્વીઓમાં પણ શ્રેષ્ઠ તપસ્વી, મન-પ્રાણ-વાયુના પણ વિજેતા, કર્મેન્દ્રિય-જ્ઞાનેન્દ્રિય ઉપર પણ કાબૂ ધરાવતા અને અત્યંત સાવધાન રહીને બ્રહ્માજી દેવોનાં દિવ્ય એવાં એક હજાર વર્ષ પર્યન્ત તપ કરી રહ્યા હતા. આ તપ અનશનપૂર્વક એવું કઠિન હતું કે જે સમસ્ત લોકને અસર કરનારું થયું. ૮.

तत्त्वसुधा—આ શ્લોકથી તપનો આદર્શ અને તપનો પ્રકાર દર્શાવ્યો છે. તપના આદર્શમાં ક્રોધ અને આશાનો સર્વથા અભાવ હોય છે; અને તપના પ્રકારમાં સફળ રીત અને શાસ્ત્રીય પદ્ધતિ હોય છે. આ બન્ને વસ્તુઓ આ શ્લોકના વિશેષણોથી સ્પષ્ટ થઈ છે. કોઈ પણ તપસ્વી માટે આ શ્લોક બોધક અને પ્રેરક છે.

अमोघ दर्शनः—બ્રહ્માજીને ત્રણ વિશેષણો આપ્યાં છે. પ્રથમ વિશેષણમાં अमोघदर्शनः કહ્યા છે. જેનો કરેલો નિર્ણય કદી અસત્ય ન ઠરે, જેનો કરેલ ભાવિ નિર્દેશ કદી મિથ્યા ન પડે તેને અમોઘ દર્શન કહેવાય. જ્ઞાની પુરુષનાં કથન કે નિરૂપણને અમોઘ દર્શન કહેવાય છે, કારણ કે તેમનો નિર્ણય જ્ઞાનના પાયા ઉપર થયેલ છે. जितानिलात्मा—પ્રાણાયામથી જેને વાયુનો અને મનનો નિગ્રહ થયો હોય, તેને ચિત્તશુદ્ધિ પ્રાપ્ત થયેલ હોય છે, તેથી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તેનો નિર્ણય પણ સત્ય નીવડે છે. વિજિતેન્દ્રિયઃ–અન્નના આહારને ત્યજીને ફલાહાર ઉપર રહેવાથી ઇન્દ્રિયો પવિત્ર બનેલ હોય છે. તેનો પણ નિર્ણય નિર્મલ અને પવિત્ર હોય છે. બ્રહ્માજીએ આવી બંને પ્રકારની યોગ્યતા મેળવી તપનો આરંભ કરેલ હોવાથી તેની અસર બ્રહ્માંડને થઈ અને લોકની મોહ-જડતા નિવૃત્ત થઈ. વિશેષમાં કામ અને ક્રોધથી પર થઈને તપ આચરતા હતા, એ હતી તપની સાવધાનતા. માટે જ બ્રહ્માને 'સમાહિત' કહ્યા છે. ૮.

तस्मै स्वलोकं भगवान् सभाजितः संदर्शयामास परं न यत्परम् ।
व्यपेतसंक्लेशविमोहसाध्वसं स्वदृष्टवद्भिर्विबुधैरभिष्टुतम् ॥ ९ ॥

અન્વયાર્થ—સભાજિતઃ–પ્રસન્નતાને પામેલા, **ભગવાન્**–ભગવાન, **વ્યપેત–સંક્લેશ–વિમોહ–સાધ્વસમ્**–મહાન્ કલેશ–સંમોહ અને ભય વિનાના, અને–**સ્વ–દૃષ્ટવદ્ભિઃ**–પુષ્કળ પુણ્યશાળી–અથવા બ્રહ્મદર્શી એવા, **વિબુધૈઃ**–દેવોથી, **અભિષ્ટુતમ્**–સ્તવન કરાતા–એવા–**સ્વ–લોકમ્**–ભગવાનના વૈકુંઠ લોકની, **તસ્મૈ**–તે બ્રહ્માજીને, **સંદર્શયામાસ**–ઝાંખી કરાવી–બતાવ્યું, **યત્પરમ્**–જેનાથી શ્રેષ્ઠ બીજો લોક, **ન**–નથી. ૯.

અનુવાદ—બ્રહ્માજીની તપશ્ચર્યા અને સ્તુતિથી પ્રસન્નતા પામેલા ભગવાને, મહાન કલેશ, મહા મોહ અને મહાન ભયથી સર્વથા મુક્ત અને પુષ્કળ પુણ્યશાળી એવા દેવવરોથી અત્યંત સ્તુતિ કરાતા પોતાના વૈકુંઠ લોકની ઝાંખી કરાવી, જે લોકથી શ્રેષ્ઠ અન્ય કોઈ બીજો લોક નથી. ૯.

તત્ત્વસુધા—હવે આગળ સાડા પાંચ શ્લોકોથી વ્યાપી વૈકુંઠનું વર્ણન કરે છે. કમલ પત્ર ઉપર બેસીને બ્રહ્માજીએ તપ આચર્યું છે. જલમાં રહેલ કમલ નિર્લેપ છે. તે પ્રકારે તપના ફલથી બ્રહ્માજી નિર્લેપ રહીને તપ આચરી રહ્યા છે. તેથી જ ભગવાનને **સભાજિતઃ** કહ્યા છે. સભાજિત એટલે નિષ્કપટ ભાવે ભગવદાજ્ઞાનું પાલન કર્યું, તેથી ભગવાને અનુગ્રહ કર્યો અને નિજ લોકનાં દર્શન કરાવ્યાં.

સંદર્શયામાસ–ભગવાને પ્રથમ વૈકુંઠલોકનાં દર્શન કરાવ્યાં છે. આ વ્યાપી વૈકુંઠ છે, જે રમા વૈકુંઠથી પર છે. બ્રહ્માજીને થોડો ગર્વ હતો કે હું અસામાન્ય સ્રષ્ટા છું. ભગવાને વૈકુંઠનાં દર્શન કરાવીને બ્રહ્માજીને વિચારમાં મૂક્યા કે આ દિવ્ય લોકનું નિર્માણ તો ન થઈ શકે. અન્તે સર્જનહારના ગર્વના ચૂરેચૂરા થયા. **વ્યપેતસંક્લેશ**–વ્યાપી વૈકુંઠનું લક્ષણ છે કે જ્યાં 'સંકલેશ–વિમોહ અને ભય'–એ ત્રણ તત્ત્વો નથી. 'અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ અને અભિનિવેશ'—આ પાંચ વસ્તુઓને સંકલેશ માનેલા છે. જે અણસમજ અને ગેરસમજમાંથી જન્મે છે, તેને સંકલેશ કહેવાય છે. તમોગુણમાંથી તેનો જન્મ છે. 'વિમોહ' એ રજોગુણમાંથી પેદા થાય છે. **સાધ્વસં** એ ભયનું નામ છે. સાધુ શબ્દ અને અસ્ ધાતુ એ બે મળી સાધ્વસ્ શબ્દ બન્યો છે. સાધુઃ અસ્યતે અનેન ઇતિ સાધ્વસમ્ એવી વ્યુત્પત્તિથી સાધ્વસ શબ્દ બન્યો છે. ૯.

प्रवर्तते यत्र रजस्तमस्तयोः सत्त्वं च मिश्रं न च कालविक्रमः[1] ।
न यत्र माया किमुतापरे हरेरनुव्रता यत्र सुरासुरार्चिताः ॥ १० ॥

અન્વયાર્થ—યત્ર–જ્યાં, **રજઃ**–રજોગુણ, **ચ**–અને, **તમઃ**–તમોગુણ, **તયોઃ**–તે બન્નેથી, **મિશ્રમ્**–મિશ્રિત, **સત્ત્વમ્**–સત્ત્વગુણ, **ન–પ્રવર્તતે**–પ્રવર્તતો નથી–રહેતો નથી; **ચ**–અને, **કાલ–વિક્રમઃ**–કાલનો પરાક્રમ, **ન**–નથી; **યત્ર**–જ્યાં **માયા**–માયા, **ન**–નથી, **ઉત**–તો પછી, **અપરે**–બીજાઓ તો, **કિમ્**–કયાંથી, હોઈ શકે ? **યત્ર**–જ્યાં, કેવલ **સુર–અસુર–અર્ચિતાઃ**–સુર અને અસુરથી અર્ચન પામેલા, **હરેઃ**–શ્રીહરિના **અનુવ્રતાઃ**–પાર્ષદો–અનન્ય ભક્તો–સેવકો રહે છે. ૧૦.

---

૧. પા૦ પા૦–કાલવિભ્રમઃ ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—જે વૈકુંઠમાં રજોગુણ અને તમોગુણ નથી અને બન્નેથી મિશ્રિત સત્ત્વગુણ નથી, જ્યાં કાલનો પણ સંચાર નથી, તેમજ માયા પણ નથી, તો પછી અન્ય કાંઇ તો કયાંથી હોઇ શકે? ત્યાં કેવલ ભગવચ્ચરણ કમલના અનન્ય સેવક પાર્ષદો રહ્યા છે, કે જે પાર્ષદોનો સુર અને અસુરો પણ આદર કરે છે. ૧૦.

तत्त्वसुधा—વૈકુંઠનું એ એક જ ગૌરવ છે કે જ્યાં તમોગુણ-રજોગુણની પ્રવૃત્તિઓ જોવા મળતી નથી. વળી તમોગુણ-રજોગુણ મિશ્રિત સત્ત્વની પણ પ્રવૃત્તિ જોવા નહિ મળે. તમોગુણની જડતા, રજોગુણની મમતા, અને તમોગુણ-રજોગુણના મિશ્રણવાળા સત્ત્વની ક્રિયાપરતા હોઈ શકતી નથી. વિશુદ્ધ સત્વગુણ તો કેવલ સર્વને નિર્વિકાર આકાર આપનાર હોઇ તે ત્યાં ભગવત્ સેવક તરીકે કામ કરે છે. આ રીતે ત્યાં ત્રણે ગુણો જ નથી, તો પછી તે ગુણોમાં ક્ષોભ ઉત્પન્ન કરી કામ લેનાર કાલ પણ ન જ રહી શકે, કે મોહ પેદા કરનારી માયા પણ ન સંભવી શકે; તો પછી કામ-લોભ આદિનો તો ત્યાં હિસાબ જ શો કે તેઓ ત્યાં આવી શકે? કેવલ ભગવદ્ અનુગ્રહશીલ વિમલ ભક્તો જ ત્યાં વસી શક્યા છે અથવા ભગવાને તેઓને સ્થાન આપ્યું છે, જેઓ ભગવત્પાર્ષદો તરીકે સેવા કરી રહ્યા છે. ૧૦.

श्यामावदाताः शतपत्रलोचनाः पिशङ्गवस्त्राः सुरुचः सुपेशसः ।
सर्वे चतुर्बाहव उन्मिषन्मणि—प्रवेकनिष्काभरणाः सुवर्चसः ॥
प्रवालवैदूर्यमृणालवर्चसः परिस्फुरत् कुण्डलमौलिमालिनः ॥ ११ ॥

अन्वयार्थ—श्याम-अवदाताः—નીલ વર્ણના અત્યંત તેજસ્વી, **शतपत्र-लोचनाः**—કમલ સમાન નેત્રવાળા, **पिशङ्ग-वस्त्राः**—પીત અંબર ધારી, **सुरुचः**—ઉત્તમ કાંતિમાન્, **सु-पेशसः**—સુકુમાર, **सर्वे-सर्व. चतुर्बाहवः**—ચાર ભુજા વાળા, **उन्मिषत्-मणि-प्रवेक-निष्क-आभरणाः**—તેજોમય ઉત્તમ મણિઓ અને સુવર્ણના વગેરે આભૂષણ વાળા, **प्रवाल-वैदूर्य-मृणाल-वर्चसः**—પ્રવાલ, વૈદૂર્ય અને કોમળ કમલના બિસ તંતુના જેવી કાંતિવાળા, **परिस्फुरत्-कुण्डल-मौलि-मालिनः**—ચળકતા કુંડલ, મુકુટ અને માલાઓને ધારણ કરનાર, **सु-वर्चसः**—અત્યંત તેજસ્વી પાર્ષદો છે. ૧૧.

અનુવાદ—આ વ્યાપિ વૈકુંઠમાં નીલવર્ણના અને અત્યંત તેજસ્વી, કમલ દલ સમાન નયનવાળા, પીતાંબરધારી, સુંદર કાંતિમાન, સુકુમાર, સર્વે ચાર ભુજાઓવાળા, તેમજ પુષ્કળ તેજોમય ઉત્તમ કોટિના મણિઓથી મઢેલા સુવર્ણના અલંકારોવાળા; પ્રવાલ-મણિ-વૈદૂર્યમણિ અને કોમલ કમલના બિસ તંતુ જેવી કાંતિવાળા, ચળકતાં કુંડલ-મુકુટ અને માલાઓને ધારણ કરનાર, તેજોમય કાંતિવાળા પાર્ષદો વસે છે. ૧૧.

तत्वसुधा—આ શ્લોકમાં વ્યાપી વૈકુંઠ લોકમાં વસનારા ભગવત્પાર્ષદોનું વર્ણન છે. પાર્ષદોનાં દશ વિશેષણો છે. તે વિશેષણો દ્વારા પાર્ષદોમાં ભગવાનનું સામ્ય દર્શાવ્યું છે, છતાં પણ બન્નેની વચમાં અંતર-તફાવત તો રહેવાનો. ભગવાન સચ્ચિદાનંદ છે, તેથી ભગવાનમાં સોળ ગુણો રહેલા છે. ભગવત્પાર્ષદોમાં દશ ગુણો હોય છે, કારણ કે તેઓ સચ્ચિદ્રૂપ છે. તેથી તેમનામાં સતના પાંચ અને ચિદ્ના પાંચ મળી દશ ગુણ થયા. તેથી દશ વિશેષણોમાં પાર્ષદોનું નિરૂપણ કરે છે.

૧. श्यामावदाताः—શ્યામ શબ્દનો અર્થ નીલ થાય છે. સજલ મેઘની નીલવર્ણી તેજોમય કાન્તિ હોય છે. જ્યારે જલ રહિત મેઘ હોય, ત્યારે તેમાં તેજ નથી હોતું. 'અવદાત' શબ્દનો અર્થ તેજોમય, શુદ્ધ અથવા ઉજ્જ્વલ એવો થાય છે. સજલ મેઘમાં જેમ જલ ભરેલાં છે, તેમ આ ભગવત્પાર્ષદોમાં ભગવદ્ ભક્તિરસનાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અમી ભરેલાં છે. જેઓ ઉજ્જ્વલશીલ હોય તેજ વ્યાપી વૈકુંઠના પાર્ષદો થઈ શકે છે. શ્રીવિજયધ્વજ મહારાજ પદરત્નાવલીમાં તો કહે છે કે તેઓ ઇન્દ્રનીલ મણિના જેવા નિર્મલ સ્વરૂપવાળા છે—**दश्यदोषविनिर्मुक्तः श्याम इन्द्रमणिः स्मृतः ।**

૨. **शतपत्रलोचनाः**–'शतपत्र' શબ્દ કમલ વાચક છે. નેત્રમાં પ્રેમ રસ નીતરે છે તેમ જ સૌન્દર્ય પૂર્ણ પણ છે.

૩. **पिशङ्गवस्त्राः**–પીતાંબર ધારી હોવાથી તેઓ જ્ઞાનપૂર્ણ છે.

૪. **सुरुचः**–'सुरुच' શબ્દનો અર્થ થાય છે કાન્તિ; પરંતુ આ કાંતિ ચન્દ્ર જેવી નથી. આ તો નિર્મલ કાંતિ છે.

૫. **सुपेशसः**–પાર્ષદો સુકુમાર છે. **सुपेशस्** નો અર્થ સુકુમાર થાય છે. સેવામાં રહેનાર જો સુંદર અને સુકુમાર ન હોય તો સેવા કરતાં ભગવાનને શ્રમ પડે.

૬. **चतुर्बाहवः**–પાર્ષદોને ચાર હસ્ત હોવાથી ચાર પુરુષાર્થો પણ તેમના હાથમાં છે.

૭. **उन्मिषन्मणि**–અલંકારો ઉત્તમ મણિના અને સુવર્ણના છે. એ વિશેષણથી પાર્ષદોમાં નિષ્કામ કર્મયોગ પણ રહેલો છે.

૮. **सुवर्चसः**–દેહ સૌન્દર્યને વર્ચસ્ કહેલ છે. દેહની કાંતિ એ પણ એક અલંકાર છે.

૯. **प्रवालवैदूर्यमृणाल**–આ વિશેષણમાં પાર્ષદોની પ્રવાલ–વૈદૂર્ય–મૃણાલના જેવી ત્રણ પ્રકારની કાન્તિ વર્ણવી છે. પ્રવાલ મણિમાં અંદરના ભાગમાં રક્ત, સ્નિગ્ધ અને ઉજ્જ્વલ કાંતિ હોય છે. તેથી ભગવાનના અત્યંત સ્નિગ્ધ ભક્તોનું એ વિશેષણ છે. વૈદૂર્યમણિની કાંતિ ચીકણી, અર્ધી શ્યામ અને અર્ધી પીળી હોય છે. આ વિશેષણવાળા વ્રત પરાયણ અને તીર્થ પરાયણ ભક્તો છે. વ્રત આચરનારની કાન્તિ શ્યામ પડે છે. તપ આચરનારની કાંતિ પીળી પડે છે. તીર્થાટન કરનારની કાન્તિ શ્યામ પડે છે; પરંતુ તે કાંતિમાં તેજોમયતા હોય છે. મૃણાલ જેવી કાંતિવાળા જ્ઞાની પાર્ષદો છે.

૧૦. **कुण्डलमौलिमालिनः**–આ વિશેષણથી કુંડલ, મુકુટ, માલાનું રહસ્ય સમજાવે છે. કુંડલ જેમ ખૂબ જ ગતિશીલ હોય છે, તેમ સેવારત ભક્તો પણ ખૂબ જ સ્ફુર્તિવાળા હોય છે. સેવામાં પ્રમાદ ન ચાલે. કુંડલ એ સાંખ્ય અને યોગ સ્વરૂપ છે. તેમાં વિવેક અને આત્મસંયમ બે રહેલ છે. તેજ પ્રમાણે પાર્ષદો સેવા પથમાં વિવેક અને આત્મસંયમ ધરાવે છે. પાર્ષદોમાં સ્ફુર્તિ એ તે! સેવકનો ઉત્કૃષ્ટ ગુણ છે. ૧૧.

भ्राजिष्णुभिर्यः परितो विराजते लसद्विमानावलिभिर्महात्मनाम् ।
विद्योतमानः प्रमदोत्तमाद्युभिः सविद्युदभ्रावलिभिर्यथा नभः ॥ १२ ॥

અન્વયાર્થ—**भ्राजिष्णुभिः**–દેદીપ્યમાન એવી, **महात्मनाम्**–મહા પુરુષોની, **लसद्–विमान–आवलिभिः**–ઉજ્જ્વલ વિમાનની પંક્તિઓથી, અને **परितः**–ચારે બાજુએ વિચરતી, **प्रमदा–उत्तमा–द्युभिः**–ઉત્તમ તરૂણીઓની કાન્તિથી, **विद्योतमानः**–અત્યંત પ્રકાશમાન, એવો–**यः**–જે વૈકુંઠ લોક, **सविद्युद्–अभ्र–आवलिभिः**–વીજળી સહિત મેઘ પંક્તિઓથી, **यथा**–જેમ, **नभः**–આકાશ શોભે તેમ, **विराजते**–શોભે છે. ૧૨.

અનુવાદ—**અત્યંત શોભા આપતી મહા પુરુષોની ઉજ્જ્વલ વિમાન પંક્તિઓથી તેમજ ચારે બાજુ વિચરતી ઉત્તમ લલનાઓની કાંતિથી અત્યંત પ્રકાશમાન આ વૈકુંઠલોક જાણે, વીજળી સહિત મેઘ પંક્તિઓથી શોભતા આકાશની માફક, શોભામાં વધારો કરે છે. ૧૨.**

તત્ત્વસુધા—પૂર્વના શ્લોકમાં વૈકુંઠના પાર્ષદોનું વર્ણન કર્યું. હવે બે શ્લોકથી વૈકુંઠ લોકનું વર્ણન આરંભે છે. વૈકુંઠમાં વિમાનમાં બેસીને વિચરનારાઓમાં બેની વિશેષતા બતાવી છે. એક તો મહાત્મા જનો છે અને બીજી શ્રેષ્ઠ લલનાઓ છે. મહાત્મા એટલે સમચિત્ત, પ્રશાંત અને જ્ઞાનમય પુરુષો; શ્રેષ્ઠ લલનાઓ એટલે સૌન્દર્ય અને સેવાનાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સાક્ષાત્ સ્વરૂપો સમજવાં. ભગવાને વૈભવો પોતાના સેવકોને આપ્યા છે. આનંદ ભોગવવાની એ જ ઉત્તમ રીત છે કે આશ્રિત જનોને પોતાના વૈભવો આપી પોતાના સમાન ઐશ્વર્યવાળા બનાવવા. ૧૨.

શ્રીર્યત્ર રૂપિણ્યુરુગાયપાદયોઃ કરોતિ માનં બહુધા વિભૂતિભિઃ ।
પ્રેઙ્ખં શ્રિતા યા કુસુમાકરાનુગૈર્વિગીયમાના પ્રિયકર્મ ગાયતી ॥ ૧૩ ॥

અન્વયાર્થ—યત્ર-જ્યાં, **પ્રેઙ્ખં-શ્રિતા**-હિંડોળા ઉપર બિરાજેલાં, **કુસુમાકર-અનુગૈઃ**-વસંત ઋતુના ગાયક ભ્રમરોથી, **વિગીયમાના**-ગાન કરાતાં, **પ્રિય-કર્મ**-સ્વયં પ્રભુના ગુણો, **ગાયતી**-ગાતાં, **રૂપિણી**-રૂપને ધારણ કરતાં, **યા**-જે, **શ્રીઃ** લક્ષ્મીજી, **બહુધા**-અનેક પ્રકારની, **વિભૂતિભિઃ**-વૈભવોથી-સામગ્રીઓથી, **ઉરુગાય-પાદયોઃ**-ઉરુગાય ભગવાનના ચરણોને, **માનં**-સેવા, **કરોતિ**-આપે છે. ૧૩.

અનુવાદ—જ્યાં સાક્ષાત્ લક્ષ્મીજી સ્વરૂપ ધારણ કરીને વિવિધ પ્રકારના વૈભવોથી ઉરુગાય ભગવાનના ચરણોમાં સેવા અર્પણ કરે છે, તે લક્ષ્મીજી જ્યારે હિંડોળામાં બિરાજીને પ્રિયતમ પ્રભુનાં પરાક્રમોનાં ગાન કરે છે, ત્યારે વસંતઋતુના અનુરાગી ગાયક ભ્રમરો પણ લક્ષ્મીજીનું ગાન કરે છે. ૧૩.

તત્ત્વસુધા—લક્ષ્મીજી પ્રથમ ભગવાનના શ્રીઅંગમાં શક્તિરૂપે બિરાજતાં હતાં; પરંતુ જ્યારે ભગવાન પ્રભુ તરીકે પ્રગટ થયા, ત્યારે લક્ષ્મીજીએ ભગવચ્ચરણોની સેવાનો રસ લેવા દિવ્ય સ્વરૂપ સ્વીકાર્યું. ભગવાનનો જેમ અલૌકિક આનંદમય વિગ્રહ છે તેમ લક્ષ્મીજીનો પણ આનંદાત્મક વિગ્રહ છે. આવા અલૌકિક વિગ્રહથી ભગવત્સેવા કરે છે. સેવાના અનવસરમાં ઉરુગાય પ્રભુનાં લીલા ચરિતોનું ગાન કરી રસપાન કરે છે. શ્રુતિઓ શ્રી પુરુષોત્તમ ભગવાનને 'ઉરુગાય' કહે છે. તે પુરુષોત્તમ ઉભય ચરણ અક્ષર રૂપ છે. તે અક્ષર રૂપ ચરણોને લક્ષ્મીજી સેવે છે. લક્ષ્મીજીનાં પ્રત્યેક અંગોમાંથી પુષ્પોનો સુગંધ આવે છે, સુગંધ લોભી ભ્રમરો, નિત્ય સહવાસ મળે એ લાલસાથી લક્ષ્મીજીના સ્તુતિ પાઠકો બનીને રહ્યા છે. સ્વાભાવિક રીત એવી છે કે સ્તુતિ પાઠકો જ્યારે જેની સ્તુતિ કરે છે, ત્યારે તેના નશામાં ડૂબી જનારા પોતે બીજાની સ્તુતિ નથી કરતા, પરંતુ લક્ષ્મીજી તો તે સ્તવનોથી નિર્લેપ રહી ભગવાનનાં ચરિતોના ગાનમાં જ રસ લે છે. ૧૩.

દદર્શ તત્રાખિલસાત્વતાં પતિં શ્રિયઃ પતિં યજ્ઞપતિં જગત્પતિમ્ ।
સુનન્દનન્દપ્રબલાર્હણાદિભિઃ સ્વ પાર્ષદમુખ્યૈઃ પરિસેવિતં વિભુમ્ ॥ ૧૪ ॥

ભૃત્યપ્રસાદાભિમુખં દૃગાસવં પ્રસન્નહાસારુણ લોચનાનનમ્ ।
કિરીટિનં કુણ્ડલિનં ચતુર્ભુજં પીતામ્બરં વક્ષસિ લક્ષિતં શ્રિયા ॥ ૧૫ ॥

અન્વયાર્થ—તત્ર-વૈકુંઠમાં, **અખિલ-સાત્વતામ્**-અખિલ ભક્તોના, **પતિમ્**-સ્વામીને, **શ્રિયઃ-પતિમ્**-શ્રી લક્ષ્મી નાથને, **યજ્ઞ-પતિમ્**-યજ્ઞપતિને, **જગત્-પતિમ્**-જગત્ પતિને, **સુનન્દ-નન્દ-પ્રબલ-અર્હણ-આદિભિઃ**-સુનંદ-નંદ-પ્રબલ-અર્હણ વગેરે, **સ્વ-પાર્ષદ-મુખ્યૈઃ**-પોતાના મુખ્ય પાર્ષદોથી, **પરિ-સેવિતમ્**-સર્વ પ્રકારે સેવાયેલા, **વિભુમ્**-ભગવાનને. ૧૪.

૧, પ્રા પા૦-પ્રમુખાઃ । ૨. પ્રા૦ પા૦-પીતાંશુકં ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભૃત્ય-પ્રસાદ-અભિમુખમ્-સેવક ઉપર કૃપા કરવા ઉત્કંઠિતને, **દૃગ્-આસવમ્**-માદક દૃષ્ટિવાળાને-રસિક નેત્રને, **પ્રસન્ન-હાસ-અરુણ-લોચન-આનનમ્** શાંત, સુંદર હાસ્ય-રક્ત નેત્ર યુક્ત મુખવાળાને, **કિરીટિનમ્**-કિરીટ ધારીને, **કુણ્ડલિનમ્**-કુંડલ ધારીને, **ચતુર્ભુજમ્**-ચતુર્ભુજને, **પીતામ્બરમ્**-પીતાંબર ધારીને, **વક્ષસિ**-વક્ષ સ્થલમાં, **શ્રિયા**-લક્ષ્મીજીથી, **લક્ષિતમ્**-ચિહ્નિતને-શ્રીવત્સને, **દદર્શ**-નિહાળ્યા. ૧૫.

અનુવાદ--તે વ્યાપી વૈકુંઠમાં સમસ્ત ભક્તોના સ્વામી, યજ્ઞના પતિ, જગતના પતિ, સુનન્દ-નન્દ-પ્રબલ-અર્હણ વગેરે પાર્ષદોથી સેવાયેલા, સર્વવ્યાપી, ભક્તવૃન્દ ઉપર કૃપા કરવા નિત્ય ઉત્કંઠાવાળા, માદક દૃષ્ટિવાળા, શાંત સુંદર હાસ્ય અને રક્તનેત્ર યુક્ત મુખારવિંદવાળા, કિરીટી કુંડલધારી, ચતુર્ભુજ-પીતાંબરધારી શ્રી વત્સ ચિહ્નવાળા વૈકુંઠનાથને બ્રહ્માજીએ નીરખ્યા. ૧૪; ૧૫.

તત્ત્વસુધા—આ બે શ્લોકોમાં શ્રી વૈકુંઠાધિપતિએ બ્રહ્માજીને ઝાંખી કરાવી તે વખતના સ્વરૂપનું વર્ણન છે. દ્વિતીયાન્ત વિભક્તિવાળા પંદર પદથી પૂર્ણ પુરુષને વર્ણવ્યા છે. ચૌદ લોકથી પર એવો અલૌકિક આ પંદરમો લોક છે. તે વ્યાપી વૈકુંઠમાં વૈકુંઠાધિપતિનો નિવાસ છે. વ્યાપી વૈકુંઠાધિપતિ સચ્ચિદાનંદ રૂપ છે.

૧. **સાત્વતાં પતિં**-આ શ્લોકના પૂર્વાર્ધમાં ભગવાનને 'પતિ' તરીકે ઓળખાવે છે. ભગવાન વૈકુંઠાધિપતિ છે છતાં સાત્વત, યજ્ઞ, લક્ષ્મી અને જગત્ એ ચાર ઉપર કૃપા માટે અવતાર સ્વીકારે છે. દયાનો સ્વભાવ છે કે તે અન્યનાં દુઃખ કે ક્લેશને સહી શકતી નથી. 'સાત્વત' શબ્દનો અર્થ છે-સમર્પિત ભક્તો. આ સ્થાનમાં સાત્વત શબ્દથી દેવો, ધાર્મિકો અને ભક્તો એમ ત્રણનો સ્વીકાર કરવો.

૨. **શ્રિયઃપતિં**-લક્ષ્મીજી જગતનું પાલન કરનાર કરુણામયી જનની છે ભગવાનની આજ્ઞાથી તે જગતનું પાલન કરે છે. જ્યારે પ્રભુ અવતાર લે છે, ત્યારે આધિદૈવિક લક્ષ્મીને સાથે લઈને જ પધારે છે.

૩. **યજ્ઞ પતિં**-ભગવાન યજ્ઞપતિ છે. યજ્ઞ શબ્દથી સર્વ સામાન્ય 'વેદ'નુંજ ગ્રહણ થાય છે. વેદોમાં વિશ્વના હિતની સર્વ સામગ્રી છે. પૃથ્વી ઉપર અવતરી વેદોનો પ્રચાર વિશ્વને કલ્યાણનાં સાધનોને બતાવે છે. વેદો વૈકુંઠમાં મૂર્તિમંત હોય છે.

૪. **જગત્પતિં**-ભગવાન જગતના સ્વામી છે. જગતનું હિત કરવા માટે લીલાઓ, વેદો અને લક્ષ્મીજી એ ત્રણેની આવશ્યકતા હોય છે; તેથી તે ત્રણેના પતિ તરીકે પ્રથમ વર્ણવી પછી જગત્પતિનું વર્ણન કર્યું.

૫ **સુનન્દનન્દ**-આ શ્લોકના ઉત્તરાર્ધમાં ભગવાનના ચાર પાર્ષદોનો ઉલ્લેખ કરે છે. ચાર, આઠ, સોળ એવા ત્રણ પ્રકારે પાર્ષદોનો ઉલ્લેખ આવે છે. આ ચાર પાર્ષદો ચાર પ્રકારની ભક્તિના અધિષ્ઠાતાનાં સ્વરૂપો છે. સુનંદ-કીર્તન ભક્તિના; પ્રબલ-સ્મરણ ભક્તિના; નંદ-શ્રવણ ભક્તિના અર્હણ-અર્હણ ભક્તિના અધિષ્ઠાતા કહ્યા.

૬. **ભૃત્યપ્રસાદાભિમુખં**-ભગવાનની ભક્તોના ઉપર કૃપા કરવાની નિત્ય ઉત્કંઠા રહ્યાં કરે છે, એવી પ્રકૃતિ છે. આવા સ્વભાવને 'પ્રસાદ' કહે છે. તે પ્રસાદ, સાક્ષાત્ અને પરંપરા એવા બે પ્રકારે થાય છે. સર્વ સામાન્ય ભક્તોને યજ્ઞ દ્વારા ધર્મનું દાન કરે છે. જગત દ્વારા અર્થનું દાન કરે છે: લક્ષ્મીજી દ્વારા કામનું દાન કરે છે; સાત્વત દ્વારા મોક્ષનું પ્રદાન કરે છે. પરંતુ જે 'ભૃત્ય' છે, તેઓને કેવલ ભગવાનની પરિચર્યામાંજ રસ છે. તેઓના ઉપર સ્વયં ભગવાન કૃપા કરવા આતુર રહે છે.

૭. **દૃગાસવં**-ભગવાનના નયનમાં સ્નેહનાં સરોવર છે. પરંતુ તેમાં એક પ્રકારની માદકતા છે. જે ભક્તને નિત્ય પોતાના ચરણમાં રાખવાનો હોય છે, તેના ઉપરજ તેવી નજરે નિહાળે છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૮, ૯. **प्रसन्न हासारुण लोचनाननं**-ભગવાનના મુખ કમલમાં પ્રસન્નતા, હાસ્ય, રકતવર્ણ નયન એવા ત્રણ ધર્મો એક સાથે વર્ણવ્યા છે. મુખ ઉપરની પ્રસન્નતા એ જ્ઞાનની અને પૂર્ણતાની નિશાની છે. હાસ્ય એ અસુરોને મોહ કરનારી વિભૂતિ છે. 'અરુણ નયન' એ ભગવાનની ભક્તિમાં રહેલી મમતા અને દયાનું સૂચન છે. અરૂણ નેત્રથી ભકતના મનનું હરણ કરે છે.

૧૦. **किरीटिनं**-કિરીટ, ઉપનિષદ ધર્મનો આધાર છે. ૧૧**कुण्डलिनं**-કુંડલ એ યોગ માર્ગનો આધાર છે; ૧૨**चतुर्भुजम्**-ચાર ભુજા-ચાર પુરુષાર્થોના આધાર છે. ૧૩ **पीताम्बरं**-પીતાંબર એ વેદ, ધર્મો. યજ્ઞ યાગનો આધાર છે. ૧૪ **वक्षसि लक्षितं श्रिया** વક્ષઃ સ્થલ ભક્તિમાર્ગનો આધાર છે. ૧૫ **विभुम्**-સમર્થ. આમાં **विभुम्** વિશેષ્ય છે. અને બાકીનાં ૧૪ વિશેષણો છે; અથવા **सात्वतांपतिं** વિશેષ્ય અને બાકીનાં ૧૪ વિશેષણો છે.

ભગવાનને આ બે શ્લોકોમાં સર્વના આધાર તરીકે વર્ણવી હવે પછીના બે શ્લોકોમાં ભગવાનને આધેય રૂપે વર્ણવશે.

अध्यर्हणीयासनमास्थितं परं वृतं चतुःषोडशपञ्चशक्तिभिः ।
युक्तं भगैः स्वैरितरत्र चाध्रुवैः स्व एव धामन् रममाणमीश्वरम् ॥ १६ ॥
तद्दर्शनाह्लादपरिप्लुतान्तरो हृष्यत्तनुः प्रेमभराश्रुलोचनः ।
ननाम पादाम्बुजमस्य विश्वसृक् यत्पारमहंस्येन पथाऽधिगम्यते ॥ १७ ॥

અન્વયાર્થ—**अधि-अर्हणीय-आसनम्**-સર્વોત્કૃષ્ટ સિંહાસન ઉપર, **आस्थितम्**-બિરાજમાન-એવા, **चतुः-षोडश-पञ्च-शक्तिभिः**-ચાર, સોળ અને પાંચ શકિતઓથી, **वृतं**-વીંટળાયેલા, **च**-અને, **इतरत्र**-અન્ય સ્થાને, **अध्रुवैः**-અસ્થિર એવાં, **स्वैः**-પોતાનાં, **भगैः**-ઐશ્વર્યોથી, **युक्तम्**-યુકત, **स्वे-एव**-પોતાના જ, **धामन्**-ધામમાં, **रममाणम्**-રમણ કરતા, **परम-ईश्वरम्**-પરમેશ્વરને જોયા. ૧૬. **तत्-दर्शन-आह्लाद-परिप्लुत-अन्तरः**-તે ભગવાનના દર્શનના આનંદથી તલ્લીન ચિત્તવાળા, **हृष्यत्-तनुः**-રોમાંચિત વિગ્રહવાળા, **प्रेमभर-अश्रु-लोचनः**-પ્રેમના ભારથી અશ્રુ ભરેલ નેત્રવાળા, **विश्व-सृक्**-વિશ્વના સ્રષ્ટા, **अस्य**-આ ભગવાનના, **पाद-अम्बुजम्**-ચરણામ્બુજને, **ननाम**-નમ્યા, **यत्**-જે પ્રભુનો ચરણારવિંદ, **पारमहंस्येन**-પરમ હંસોના, **पथा**-માર્ગથી, **अधिगम्यते**-મેળવાય છે. ૧૭.

અનુવાદ—**સર્વશ્રેષ્ઠ આસન ઉપર બિરાજમાન, ચાર-સોળ અને પાંચ શકિતઓથી વીંટાયેલા, ભગવાનને મૂકી અન્યત્ર કદી સ્થાયી ન થનારાં પોતાના ષડૈશ્વર્યોથી સંયુકત, સ્વસ્વરૂપમાં નિત્ય રમણ કરતા પરમેશ્વરને વિશ્વસર્જક બ્રહ્માજીએ નીરખ્યા, ત્યારે ભગવાનનાં દર્શનના આનંદથી અન્તઃકરણ અત્યંત આર્દ્ર બન્યું, દેહ ઉપર રોમાંચ થઈ ગયાં, પ્રેમભારથી અશ્રુભર્યાં નેત્ર બન્યાં અને બ્રહ્માજી ભગવાનના ચરણારવિંદમાં નમી પડયા, જે ચરણકમલ પરમહંસોના બ્રહ્મવિદ્યાના માર્ગથી મેળવાય છે- ૧૬; ૧૭.**

તત્વસુધા—૧. **અધ્યર્હણીયાસન**—ભગવાનના આસનનું નિરૂપણ કરે છે. એ તો કેવલ વ્યવહાર છે. કારણ કે ભગવાન તો તેનાથી પણ પર છે, માટે જ **પરમ** એવું વિશેષણ આપ્યું છે. ભગવાનનું એ આસન અધ્યર્હણીય એટલે અત્યંત પૂજનીય છે. દેવો પણ તેનું પૂજન કરે છે. આ આસનની '**અક્ષર**' એવી સંજ્ઞા છે. તે સર્વનું નિયમન કરનાર ભગવાનનું રૂપ છે. આ 'અક્ષર'ના લૌકાત્મક, ચરણાત્મક અને આસનાત્મક એવા ત્રણ પ્રકાર છે. જે લૌકાત્મક છે તે આધિભૌતિક છે. જે ચરણાત્મક છે તે આધ્યાત્મિક છે; અને જે આસનાત્મક છે તે આધિદૈવિક છે. આ આસનનાં પચીશ તત્ત્વોરૂપ પચીશ અંશો છે. તેનાં ત્રણ આવરણ છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

वृतं चतुः–પ્રથમ આવરણ ચતુર્દલ કમલ જેવું છે. જેને પ્રકૃતિ, પુરુષ, મહાન્ અને અહંકાર નામની ૪ પાંખડીઓ છે. તે આસનનો ઉપરનો ભાગ છે અને તે આધિદૈવિક છે. આના ઉપર બેસે છે, માટે આસનાત્મક છે.

षोडश–દ્વિતીય આવરણ ષોડશ દલ કમલના જેવું છે, જેને ૧૧ ઈન્દ્રિય અને ૫ તન્માત્રાઓ મળીને ૧૬ પાંખડીઓ છે. આ સોળ પાંખડી તે આસનનો વચલો ભાગ છે. તેથી તે મધ્યમાવરણ છે. એની સંજ્ઞા આધ્યાત્મિક છે. એને ચરણાત્મક કહેવામાં આવે છે.

पञ्चशक्तिभिः–તૃતીય આવરણ પંચદલ કમલ જેવું છે, જેને પંચમહાભૂત નામની પાંચ પાંખડીઓ છે. તે આધિભૌતિક છે. તેને લોકાત્મક કહે છે.

જે આ ત્રણે પ્રકારના અક્ષરાત્મક આસનનું અતિક્રમણ કરી આગળ જાય છે, તેને ભગવદ્ દર્શન થાય છે. તાત્પર્ય કે પચીશ તત્ત્વોમાંથી આસક્તિને કાઢી નાખી ભગવાનની ભકિત કરે તેને તે સર્વથી પર એવા પ્રભુમાં દર્શન થાય છે. આ 'અક્ષર' નામના આસનના ત્રણ આવરણોની અન્ય અન્ય પુરાણોમાં અન્ય પ્રકારે વ્યાખ્યા આપી છે. એક **બીજો પ્રકાર** નીચે દર્શાવ્યો છે.

પ્રથમ આવરણમાં—ઇચ્છા, જ્ઞાન, ક્રિયા, બલ; અથવા–પ્રહવી, સત્યા, ઇશાશ, અનુગ્રહ; અથવા–આત્મા, અંતરાત્મા, પરમાત્મા, જ્ઞાનાત્મા–એવી ચાર શકિતઓનું આવરણ છે.

દ્વિતીય આવરણમાં—મોચિકા, સૂક્ષ્મા, સૂક્ષ્મામૃતા, જ્ઞાનામૃતા, આપ્યાયિની, વ્યાપિની, વ્યોમરૂપિણી, અનંતા, અણિમા, મહિમા, લઘિમા, ગરિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, વશિત્વ, ઇશિત્વ, એવી સોળ શકિતઓ છે.

તૃતીય આવરણમાં—વિમલા, ઉત્કર્ષિણી, જ્ઞાનાત્મિકા, ક્રિયાત્મિકા, યોગાત્મિકા એવી પાંચ શકિતઓ છે.

(૨) ત્રાજો પ્રકાર—

પ્રથમ આવરણમાં–ધર્મ, જ્ઞાન, ઐશ્વર્ય, વૈરાગ્ય નામની ચાર શકિતઓ છે.

દ્વિતીય આવરણમાં—પૂર્વદ્વારે ચંડ–પ્રચંડ; દક્ષિણ દ્વારે ભદ્ર–સુભદ્ર; પશ્ચિમ દ્વારે જય–વિજય; ઉત્તર દ્વારે ધાતા–વિધાતા; અગ્નિ કોણે કુમુદ–કુમુદાક્ષ; નૈઋત્ય કોણે પુંડરીક–વામન; વાયવ્ય કોણે શંકુકર્ણ–સર્વનેત્ર; ઈશાન કોણે સુમુખ–સુપ્રતિષ્ઠિત–એવા સોળ પાર્ષદો–સોળ શક્તિઓ છે.

તૃતીય આવરણમાં—કૂર્મરાજ, નાગરાજ, પક્ષીરાજ, છંદો, સર્વ મંત્રો–આ પાંચ શક્તિઓ છે.

આવાં ત્રણે આવરણોને ભેદીને આગળ જતાં બ્રહ્માજીને ષડ્ ઐશ્વર્યથી નિત્ય સેવાતા ભગવાનનાં દર્શન થયાં. આનંદમય ભગવાનના સ્વરૂપનાં દર્શન થવાથી હૃદય પ્રેમથી ભરાઇ ગયું. નેત્ર સ્નેહાશ્રુથી છલકાઈ ગયાં, ગાત્ર રોમાચિત થયાં, વાણી શિથિલ થઇ ગઈ અને મસ્તક નમી પડ્યું. જેમ કોઈ મોટું પૂર આવતાં આગળ પાછળના ખાડાઓ છલકાય, તેમ હૃદયમાં વધી ગયેલા આનંદથી ઇન્દ્રિયોના ખાડાઓ છલકાયા. પ્રેમનો ભાર વધી પડ્યો અને ઉંચકી ન શકાતાં પસીનો થાય તેમ આખો બ્રહ્માજીનો દેહ આર્દ્ર બની ગયો અને રોમાંચ ઉભાં થઇ ગયાં. બ્રહ્માજીની આજ ખરી પૂજા અને સ્તુતિ હતાં કે જ્યાં પ્રેમના અતિરેકથી મૌન આવી જાય છે. ભગવાને બ્રહ્માજીની આવી સાત્વિક અવસ્થા નિહાળી, ત્યારે અનુગ્રહ કર્યો. તેનું વર્ણન આગળના શ્લોકમાં શરૂ કરે છે. ૧૬; ૧૭.

तं प्रीयमाणं समवस्थितं तदा प्रजाविसर्गे निजशासनार्हणम् ।
बभाष ईषत् स्मितशोचिषा गिरा प्रियः प्रियं प्रीतमनाः करे स्पृशन् ॥ १८ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—**પ્રજા-વિસર્ગે**-સૃષ્ટિ નિર્માણ કાર્યમાં, **સમ્-અવસ્થિતમ્**-તત્પર બનેલા, અને **પ્રીયમાણમ્**-ભગવાનમાં પુષ્કળ પ્રેમ વાળાને જાણી, **નિજ-શાસન-અર્હણમ્**-પોતાની આજ્ઞાને માટે યોગ્ય છે એવા, **તમ્**-તે, **પ્રિયમ્**-પ્રિય બ્રહ્માજીને, **કરે-સ્પૃશન્**-હસ્તમાં પકડી-હાથમાં હાથ લઈ, **પ્રીત-મનાઃ**-પ્રસન્ન મન વાળા, **પ્રિયઃ**-પ્રિયતમ પ્રભુ, **તદા**-તે સમયે, **ઈષત્-સ્મિત-શોચિષા**-મંદ સ્મિત પ્રકાશથી શોભતી, **ગિરા**-વાણીથી, **બભાષે**-બોલ્યા. ૧૮.

અનુવાદ—**સૃષ્ટિ નિર્માણ કાર્યમાં ઉત્સાહ ધરાવતા, તેમજ ભગવાનમાં પુષ્કળ પ્રેમવાળા એવા બ્રહ્માજી, સૃષ્ટિ નિર્માણની આજ્ઞાને માટે યોગ્ય છે એવું જાણી, અત્યંત પ્રસન્ન થયેલા પ્રિય ભગવાન, પ્રિયતમ બ્રહ્માજીનો હાથ હાથમાં લઇને તે સમયે મંદ સ્મિતના પ્રકાશથી શોભતી વાણીથી બોલવા લાગ્યા. ૧૮.**

તત્ત્વસુધા—કોઈ પણ વ્યક્તિને કાર્ય સોંપતાં પહેલાં તેની કાર્યદક્ષતા, કાર્ય તત્પરતા, પ્રસન્નતા, એ ત્રણ યોગ્યતા જોવી જોઈએ. ભગવાને બ્રહ્માજીમાં ત્રણે પ્રકારની યોગ્યતા જોઈ. પ્રિયમાણં પ્રિયમાણ પદથી બ્રહ્માજીની પ્રસન્નતા પૂરવાર થાય છે. સમવસ્થિતં એટલે જો ભગવાન આજ્ઞા કરે તો સૃષ્ટિ રચવાના કાર્યમાં બ્રહ્માજી તત્પર છે. સજ્જ છે. તેથી કાર્ય તત્પરતા છે. 'તમ્' સર્વનામથી બ્રહ્માજીની પ્રસિદ્ધિ દર્શાવે છે કે બ્રહ્માજીએ પૂર્વમાં જે સૃષ્ટિ રચી હતી. તે સૃષ્ટિથી ભગવાન પ્રસન્ન હતા. આજે ફરી તેવી સૃષ્ટિ રચવા તત્પર થયા છે માટે કાર્ય દક્ષતા પણ છે.

કરે સ્પૃશન્-ભગવાને બ્રહ્માજીનો હાથ હાથમાં લઈ અને મંદ સ્મિત કરી વાર્તાલાપ આરંભ્યો. હાથમાં હાથ લઇ સખ્ય ભાવથી અને સમત્વભાવથી કાર્ય સોપ્યું. મન્દસ્મિત કરી બ્રહ્માજીમાં સ્નેહાતિશય સૂચવ્યો. વળી હસ્ત સ્પર્શ કરી પોતાનું બળ, કલા, કૌશલ્ય બ્રહ્માજીના હાથમાં ભગવાને મૂક્યાં. ૧૮.

श्री भगवानुवाच—त्वयाहं तोषितः सम्यग् वेदगर्भ सिसृक्षया ।
चिरं भृतेन तपसा दुस्तोषः कूटयोगिनाम् ॥ १९ ॥

અન્વયાર્થ—**વેદ ગર્ભ**-વેદને હૃદયમાં રાખનાર-બ્રહ્મદેવ! **કૂટ-યોગિનામ્**-કપટથી યોગને આચરનારને, **દુસ્તોષઃ**-સંતુષ્ટ થવામાં કઠિન, એવા **અહમ્**-હું-મને, **ત્વયા**-આપે, **સિસૃક્ષયા**-સૃષ્ટિને રચવાની ઇચ્છાથી, **ચિરં ભૃતેન**-સુદીર્ઘકાલ પર્યન્ત આચરેલા, **તપસા**-તપથી, **સમ્યગ્**-સારા પ્રમાણમાં, **તોષિતઃ**-પ્રસન્ન કરેલ છે. ૧૯.

અનુવાદ—**ભગવાને કહ્યું, વેદગર્ભ બ્રહ્માજી! કપટવૃત્તિથી યોગ આચરનારને હું પ્રસન્ન થતો નથી; પરંતુ આપે સૃષ્ટિ નિર્માણની ઇચ્છાથી લાંબા સમય સુધી તપ આદરી મને સારી રીતે સંતોષ આપી પ્રસન્ન કરેલ છે. ૧૯.**

તત્ત્વસુધા—ભગવાન બ્રહ્માજીને પ્રસન્નતાપૂર્વક વેદગર્ભ સંબોધનથી સત્કારે છે. સંબોધન એક એવું અમી સરોવર છે કે તે શ્રવણ પથ બનતાં શ્રમ, કલેશ, મોહ, પ્રમાદ વિલીન થઈ જાય છે. વેદોને હૃદયમાં રાખનારને વેદગર્ભ કહ્યા છે. જ્ઞાન તેમના હૃદયમાં હોવાથી ભગવાનની ઇચ્છાને જાણીને અનુસરી શકયા છે. **ત્વયાહં**-ભગવાનના ત્રણ પ્રકારના ભકતોમાં બ્રહ્માજી પ્રથમ કક્ષાના ભકત છે. ભગવાનના કર્તવ્યને અત્યંત ભાવ અને પ્રયત્નથી આચરે તે મુખ્ય ભકત; ભગવાનની સેવા કરે તે મધ્યમ કક્ષાનો ભકત; ભગવાનને સ્વાર્થ માટે ભજે તે તૃતીય કક્ષાનો ભકત છે. બ્રહ્માજીની કક્ષા ઉત્તમ છે, કારણ કે સિસૃક્ષયા સૃષ્ટિ રચવાના આશયથી તપ આરાધ્યું છે; વળી દીર્ઘકાળ પર્યન્ત તપ આચર્યું છે. સૃષ્ટિ રચવાનું કર્તવ્ય ભગવાનનું છે. તેને બ્રહ્માજીએ અપનાવ્યું છે, જે ભગવાનના કર્તવ્યને નિજ કર્તવ્ય તરીકે ગણી આચરે એના ઉરમાં ઈશ્વર અવતરે. ૧૯.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

वरं वरय भद्रं ते वरेशं मामिवांछितम् ।
ब्रह्मन् श्रेयः परिश्रामः पुंसो मद्दर्शनावधिः ॥ २० ॥

અન્વયાર્થ—ब्रह्मन्-બ્રહ્મન્, **वरेशम्**-વરદાન દેવામાં સમર્થ, એવા, **मा**-મને, મારી પાસે, **अभिवांछितम्**-અભિલષિત, **वरम्**-વરદાનને, **वरय**-માંગો, **ते**-તમારૂં, **भद्रम्**-કલ્યાણ થશે, **पुंसः**-પુરુષને, **श्रेयः परिश्रामः**-ફલ સંપાદનનો શ્રમ-સાધન આચરણનો પ્રયત્ન, **मम दर्शन अवधिः**-મારાં દર્શન થાય ત્યાં સુધી છે. ૨૦.

અનુવાદ--બ્રહ્માજી ! આપનું કલ્યાણ થાવ ! વરદાન દેવામાં સમર્થ એવા મારી પાસેથી ઇચ્છિત વરદાન માંગો, શ્રેયસ સંપાદન કરવા માટેનો પ્રયાસ મનુષ્યને મારાં દર્શન થાય ત્યાંસુધી જ હોય છે. મારૂં દર્શન થતાંજ સ્વાભાવિક રીતે શ્રમ નિવૃત્ત થઇ જાય છે. ૨૦.

તત્વસુધા--કૃપાનિધિ કૃપાના અતિરેકમાં આવ્યા અને બોલ્યા, બ્રહ્મન્ ! વરદાન માંગો. ભકતો, શાસ્ત્રો અને ભકિત ભગવાન પાસે કંઇ પણ વસ્તુ માગવાની સંમતિ નથી આપતાં, ત્યારે આપ માગવાનું કેમ કહો છો ? એવો વિચાર મનમાં ન લાવશો કારણ કે જે વસ્તુ 'વરદાન'થી જ સિદ્ધ થવાની હોય તે વસ્તુ માંગવામાં અપરાધ નથી.

શ્રીહરિની ભકિત, શ્રીહરિચરણની સેવા, શ્રીહરિદર્શન વગેરે કૃપાથીજ મળનારી સમ્પત્તિઓ માટે વરદાન વિના અન્ય કોઇ પણ સાધન ઉપયોગી નથી થતાં, માટેજ વરદાનનું વિધાન કર્યું છે. **वरेशम्**-કેવલ ભગવાન એકજ વરદાન આપવામાં કુશળ છે અને સમર્થ છે. પૂર્ણ ઇશ્વર વિના અન્ય પાસેથી મેળવીશું તો જીવનભર આભારના ભાર નીચે રાખશે, જ્યારે ભગવાન તો આપીને વીસરી જશે.

अभिवाञ्छितम्-અભિવાંછિત એટલે જે કાંઇ સર્વ પ્રકારે ઇચ્છિત હોય તે માંગી શકો છો. કદાચ એમ ધારો કે 'તપ' આચરીશ, તેથી સર્વ કામ સિદ્ધ થશે, પછી વરદાન શા માટે માંગું ? તેનું સમાધાન કર્યું કે મનુષ્યને 'સાધન' આચરવાનો શ્રમ ત્યાં સુધીજ કરવાનો છે કે જ્યાં સુધી હરિદર્શન નથી થયું. હરિદર્શન થતાં સર્વ ઉપાસના, ધ્યાન, તપ, આદિના શ્રમ ચાલ્યા જાય છે. ૨૦

मनीषितानुभावोऽयं मम लोकावलोकनम् ।
यदुपश्रुत्य रहसि चकर्थ परमं तपः ॥ २१ ॥

અન્વયાર્થ—मम-મારા, **लोक अवलोकनम्**-વૈકુંઠ લોકનાં દર્શન, અને **रहसि**-એકાંતમાં, **यत्**-જે આદેશને, **उपश्रुत्य**-સાંભળીને, **परमम्**-ઉત્તમ પ્રકારનું, **तपः**-તપ, **चकर्थ**-આચર્યું, **अयम्**-આ બન્ને વસ્તુઓ, **मम**-મારી, **मनीषित अनुभावः**-ઇચ્છાનો જ પ્રતાપ છે. ૨૧.

અનુવાદ--બ્રહ્માજી ! આપને મારા વૈકુંઠ લોકની જે ઝાંખી થઇ, તેમજ આપે એકાંતમાં જે તપ કરવાના આદેશને સાંભળીને ઉત્તમ પ્રકારના તપનું આચરણ કર્યું, તે મારી ઇચ્છાનોજ પ્રતાપ છે. ૨૧.

તત્વસુધા—ભગવાનની બે કૃપાઓ બ્રહ્માજીના ઉપર થએલ છે. કૃપા શબ્દ માટે આ શ્લોકમાં 'અનુભાવઃ' શબ્દ વાપર્યો છે. 'અનુભવ' એટલે જીવ પોતે જ્ઞાન, બુદ્ધિ વગેરે બળથી કાર્ય આચરે, તેમાં જે જે સ્થિતિનો પરિચય થાય તેને અનુભવ કહેવાય. 'અનુભાવ' તો ભગવદ્ ઇચ્છાનું નામ છે. લૌકિક ઇન્દ્રિયો, બુદ્ધિ આદિથી વૈકુંઠાધિપતિ કે વૈકુંઠ લોકનાં દર્શન શકય નથી. પરંતુ જ્યારે ભગવાન ઇચ્છા કરે ત્યારેજ દર્શન થાય. બ્રહ્માજી તમને વૈકુંઠ લોકનું દર્શન થયું તે મારી ઇચ્છાનું ફળ છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કદાચ બ્રહ્માજીને કલ્પના આવે કે 'તપ' આચર્યા પછી આપનાં દર્શન થયાં છે, તો તે તપનું ફળ કેમ ન હોય? વળી જો તપના ફળમાં હરિ દર્શનાદિ ન થવાનાં હોય તો પછી 'તપ' આચરવાં શા માટે? તો આવી કલ્પના ન કરશો. બ્રહ્માજી, તમને જે તપનો આદેશ મળેલો, તે પણ મારી ઇચ્છા જ હતી. તેથી તે તમે જો તમારી ઇચ્છાથી આચર્યું હોત, તો અભિમાન થાત. મારી ઇચ્છાથી આચર્યું તેથી દૈન્ય ટક્યું અને સફળતા મળી. ૨૧.

प्रत्यादिष्टं मया तत्र त्वयि कर्मविमोहिते ।
तपो मे हृदयं साक्षादात्माऽहं तपसोऽनघ ॥ २२ ॥

અન્વયાર્થ—**અનઘ**-નિષ્પાપ બ્રહ્મદેવ! **ત્વયિ**-આપ, **કર્મ**-**વિમોહિતે**-કર્તવ્યના નિશ્ચયમાં ગુંચવાયા, **તત્ર**-ત્યારે તે સ્થિતિમાં, **મયા**-મેં, **પ્રતિ**-**આદિષ્ટમ્**-તમને તપનું સૂચન કર્યું, કારણ કે **તપઃ**-તપ, **મે**-મારું, **સાક્ષાત્**-સાક્ષાત્-પ્રત્યક્ષ, **હૃદયમ્**-હૃદય છે, **અહમ્**-હું, **તપસઃ**-તપનો, **આત્મા**-સાક્ષાત્ આત્મા છું. ૨૨.

અનુવાદ—**નિર્દોષ બ્રહ્મદેવ, આપ જ્યારે કર્તવ્યનો નિશ્ચય કરવામાં મૂંઝાયા ત્યારે તે હાલતમાં મેં જ આપને તપનો આદેશ આપ્યો, કારણકે 'તપ' તો મારું પ્રત્યક્ષ હૃદય છે અને તપનો હું પ્રત્યક્ષ આત્મા છું. ૨૨.**

તત્ત્વસુધા—**અનઘ** શબ્દનો અર્થ નિષ્પાપ એવો થાય. બ્રહ્માજી તો કદિ પાપ કરે જ નહિ, એટલે તે નિત્ય પ્રભુના કૃપા પાત્ર બને છે. 'નિષ્પાપ જીવન' એ તો પ્રભુની કૃપાનાં પાન કરવાનું હિરણ્ય પાત્ર છે. જ્યારે આવા નિર્દોષ પુરુષ બ્રહ્માજી મુંઝાયા કે મારે સૃષ્ટિ નિર્માણ માટે શું કરવું? આ સ્થિતિને કર્મવિમોહ કહે છે. જ્ઞાનીને કર્મ વિમોહ થાય, ધનીને ઉપભોગ વિમોહ થાય. જ્ઞાની પાસે તપ, યાગ, યોગ આવાં અનેક સાધનો હોય, તેમાંથી કયા સાધનનો ઉપયોગ કરવો, તેવો 'કર્મ સંમોહ' થાય. ધનવાનની પાસે અનેક સામગ્રીઓ હોય છે, તો તેમાંથી કઈ સામગ્રી વાપરવી, એવો સાધન સંમોહ થાય. આવી સ્થિતિમાં માર્ગદર્શન અને માર્ગદર્શક જોઈએ. ભગવાને 'किं कर्तव्य मूढ' અર્જુનને ગીતાજી દ્વારા, આત્મસમર્પણનું માર્ગદર્શન આપ્યું, તેમ બ્રહ્માજીને 'તપશ્ચરણ'નો માર્ગ ચીંધ્યો; કારણ કે તપ અને ભગવાન ઉભય તુલ્ય છે. એટલે તપનું અવલંબન ભગવદ્-અવલંબન છે. ભગવાન ષડ્ઐશ્વર્ય સમ્પન્ન છે. તપ પણ ષડ્ ઐશ્વર્ય સમ્પન્ન છે. તપનાં એ ઐશ્વર્ય આ શ્લોકમાં ગાયાં છે.

તપો મે હૃદયં-તપ એ મારું હૃદય છે. ભગવાનનું હૃદય જ્ઞાનરૂપ છે. જ્ઞાન એ સર્વશ્રેષ્ઠ ઐશ્વર્ય છે. તેમજ હૃદય એ સર્વોપરિ ઐશ્વર્ય છે. જે હૃદયવાન છે, તે સર્વ સમ્રાટ્ છે. તેથી તપને ભગવાન હૃદય કહે છે. તપોધન વિશ્વનો મહાન્ સમ્રાટ્ છે.

આત્માऽહં તપસઃ-તપનો હું આત્મા છું. આત્મા વીર્યરૂપ છે, તપ અમોઘ વીર્ય છે. સર્વ શરીરમાં આત્મા મુખ્ય છે, તેમ સર્વ કાર્યોમાં તપ પ્રાણ રૂપ છે. ૨૨.

सृजामि तपसैवेदं ग्रसामि तपसा पुनः ।
बिभर्मि तपसा विश्वं वीर्यं मे दुश्चरं तपः ॥ २३ ॥

અન્વયાર્થ—**તપસા એવ**-તપથી જ, **ઇદમ્**-આ, **વિશ્વમ્**-વિશ્વને, **સૃજામિ**-સરજું છું, **પુનઃ**-વળી, **તપસા**-તપથી, **ગ્રસામિ**-ગળું છું-સંહાર કરું છું, **તપસા**-તપથી, **બિભર્મિ**-ધારણ કરું છું, **તપઃ**-તપ, **મે**-મારું, **દુશ્ચરમ્**-અવિનાશી, **વીર્યમ્**-વીર્ય છે. ૨૩.

અનુવાદ—**હું આ સંપૂર્ણ વિશ્વને તપના બળથીજ રચું છું. વળી રચીને તપના બળથી સમેટું છું. તેમજ તપના આધારે વિશ્વને પોષું છું-પાળું છું. તપ એ મારું અવિનાશી સામર્થ્ય છે. ૨૩.**

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્ત્વસુધા—**સૃજામિ**–હું વિશ્વને તપથી રચું છું. વિશ્વ રચના એ જ ભગવાનનું 'યશ' છે. કોઈ પણ શક્તિનું યશ તેનું કાર્ય છે. મહાશક્તિ ભગવાનનું આ પ્રત્યક્ષ દેખાતું જગત 'યશ' નામનું ત્રીજું ઐશ્વર્ય છે. તે પ્રકારે તપ પણ તપસ્વીનું 'યશ' છે.

બિમર્મિ–હું વિશ્વને પોષું છું. 'શ્રી' વિના પોષણ ન થઈ શકે, તેથી ભગવાન શ્રીને ધારણ કરનાર શ્રીમાન્ છે. તપ એ પણ તપસ્વીની 'શ્રી' છે. શ્રી હોય તે ગરીબ ન બને. તપની શ્રી સમીપમાં હોય તો ગરીબી ન રહે. **ગ્રસામિ**–હું વિશ્વને ગળું છું એ મારું વૈરાગ્ય છે. વૈરાગ્ય વિના ઉપસંહાર સંભવે નહિ. તપસ્વી જ વિરક્ત થઈ શકે છે, માટે તપને વૈરાગ્ય કહ્યું. વીર્યમ્ જ્ઞાનથી વધી મોટું કોઈ પણ સામર્થ્ય નથી- વીર્ય નથી. તેથી તપને પણ જ્ઞાન નામના છઠ્ઠા ઐશ્વર્ય સાથે સરખાવ્યું છે. ૨૩.

ब्रह्मोवाच—भगवन् सर्वभूतानामध्यक्षोऽवस्थितो गुहाम् ।
वेद ह्यप्रतिरुद्धेन प्रज्ञानेन चिकीर्षितम् ॥ २४ ॥
[1]तथापि नाथमानस्य [2]नाथ नाथय नाथितम् ।
परावरे यथा रूपे जानीयां ते त्वरूपिणः ॥ २५ ॥

અન્વયાર્થ—**ભગવન્**–ભગવન્! **સર્વ**–**ભૂતાનામ્**–સર્વ ભૂતોના, **અધ્યક્ષઃ**–અધ્યક્ષ છો–ઈન્દ્રિયોના નિયામક છો, **ગુહામ્**–હૃદય ગુહામાં, **અવસ્થિતઃ**–બિરાજેલા, આપ–**અ**–**પ્રતિરુદ્ધેન**–અકુંઠિત એવા, **પ્રજ્ઞાનેન**–વિશિષ્ટ જ્ઞાનથી, **ચિકીર્ષિતમ્**–ઇચ્છિત કર્તવ્યને, **હિ**–ખરેખર, **વેદ**–જાણો છો. ૨૪.

નાથ–નાથ! **તથાપિ**–છતાં, **નાથમાનસ્ય**–યાચના કરનાર–મારા, **નાથિતમ્**–ઇચ્છિતને, **નાથય**–પૂર્ણ કરો, **યથા**–જે રીતે, **અરૂપિણઃ**–નિરાકાર એવા, **તે**–આપના, **પર**–**અવરે**–પર અને અવર–કાર્ય અને કારણ એવાં, **રૂપે**–બે સ્વરૂપને, **તુ**–ખરેખર, **જાનીયામ્**–જાણી શકું. ૨૫.

અનુવાદ—**ભગવન! આપ સર્વ પ્રાણી માત્રની ઇન્દ્રિયોના નિયામક અધ્યક્ષ છો અને હૃદયરૂપ ગુહામાં બિરાજેલા આપ અકુંઠિત એવા વિશિષ્ટ જ્ઞાનથી પ્રત્યેકના મનની વાતને જાણો છો; છતાં પણ, નાથ! હું આપની પાસે યાચના કરી રહ્યો છું, તો યાચક એવા મારી ઇચ્છાને પૂર્ણ કરો કે હું નિરાકાર એવા આપના પર અને અવર નામના બન્ને સ્વરૂપને ખરેખર સમજી શકું.** ૨૪; ૨૫.

તત્ત્વસુધા—બ્રહ્માજી વિનમ્ર ભાવે ભગવાનના માહાત્મ્યનું ગાન કરે છે અને ભક્તિમાર્ગ સંમત યાચના કરે છે. **ભગવન્** સંબોધન કરી એક વાતનો સ્વીકાર કરે છે કે આપની આજ્ઞાનું મારે પાલન કરવું જોઈએ, કારણ કે આપ સ્વામી છો અને હું સેવક છું.

સર્વભૂતાનામધ્યક્ષઃ–પ્રત્યેક પ્રાણીઓની ઇન્દ્રિયોના આપ નિમાયક છો. લોકાધ્યક્ષ કે કર્માધ્યક્ષો. લોકનાં અને કર્મોનાં નિયમન કરે છે; પરંતુ આપ તેથી શ્રેષ્ઠ ઇન્દ્રિયોના નિમાયક છો, તેથી આપ મારી ઇન્દ્રિયોના પ્રેરક અને નિમાયક બનો. જગતનું નિયમન કરવામાં દક્ષ એવા પુરુષો પોતાની જાતનું નિયમન કરવામાં નિષ્ફળ નીવડે છે.

અવસ્થિતો ગુહામ્–બુદ્ધિ ગુહામાં આપ બિરાજેલ છો, તેથી સર્વજ્ઞ છો. સર્વના મનની ઇચ્છાઓ આપને જ વિદિત છે, તેથી વધુ કહેવાની આવશ્યકતા નથી; પરંતુ આશાવાન આત્મા દીન હોય છે, આર્ત હોય છે. તેનાથી પોતાની આશાને ગુપ્ત નથી રાખી શકાતી, પરંતુ વ્યક્ત કરી દેવાય છે. તો આ મારી ઇચ્છાનું નિવેદન છે, તે કેવલ વિવેક પૂરતું છે. આપ તો સર્વજ્ઞ અને હૃદયજ્ઞ છો. આપે વરદાન માગવાની રજા આપી તેથી જ યાચ્યું છું.

---

૧. પ્રા૦ પા૦–અથાપિ । ૨. પ્રા૦ પા૦–નાથનાથ જનાર્ચિત ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પરાવરે–આપનાં પર અને અવર એવાં બે સ્વરૂપની સમજ આપો. પર અને અવર એ કયાં રૂપ? પુરુષોત્તમ અને અક્ષર? અથવા પ્રકટ અને અપ્રકટ? અવતાર કે અવતારી? કારણ કે કાર્ય? સ્થૂલ કે સૂક્ષ્મ? કયાં સ્વરૂપ સમજવાં તે સમજાવો. નાથ સંબોધન કરી માંગવાનો હક્ક પૂરવાર કર્યો. માગે છતાં નારાજ ન થાય, તેને નાથ કહેવાય. એના વિના કોઈની ઓથ ન લેવાય; એના વિના અન્ય પાસે હાથ ન લંબાવાય, તેને જ નાથ કહેવાય. ૨૪; ૨૫.

यथाऽऽत्ममायायोगेन नानाशक्त्युपबृंहितम् ।
विलुम्पन् विसृजन् गृह्णन् बिभ्रदात्मानमात्मना ॥ २६ ॥
क्रीडस्यमोघसंकल्प ऊर्णनाभि र्यथोर्णुते ।
तथा तद्विषयां धेहि मनीषां मयि [1]माधव ॥ २७ ॥

અન્વયાર્થ—માધવ-લક્ષ્મીનાથ! **યથા**-જેમ, **ઊર્ણનાભિઃ**-કરોળિયો, **ઊર્ણુતે**-લાળમાંથી જાળને વણે છે અને, **યથા**-જે રીતે, **આત્મ-માયા-યોગેન**-પોતાની માયાના સહયોગથી, **શક્તિ-ઉપ-બૃંહિતમ્**-અનેક પ્રકારની શક્તિઓથી પુષ્કળ વધારેલા, પ્રપંચને, **વિસૃજન્**-રચનારા, **ગૃહ્ણન્**-સંભાળનારા, **વિલુમ્પન્**-સંહાર કરનારા, **આત્મના**-આત્માના યોગથી, **આત્માનમ્**-આત્માને, **બિભ્રત**-ધારણ કરનારા, **અમોઘ-સંકલ્પઃ**-સફલ સંકલ્પવાળા-આપ, **ક્રીડસિ**-ક્રીડા કરો છો, **તથા**-તે રીતે, **તદ્-વિષયામ્**-તેવા પ્રકારની-આપના જેવી કુશળ અને નિર્લેપ-એવી, **મનીષામ્**-મનીષાને-બુદ્ધિને, **મયિ**-મારામાં, **ધેહિ**-સ્થાપો-મૂકો. ૨૬; ૨૭.

અનુવાદ--લક્ષ્મીનાથ! કરોળિયો જેમ લાળમાંથી જાળને વિસ્તારી વિચરે છે, તેમજ આપ જેમ આપની માયા શક્તિના સહયોગે, અનેક પ્રકારની શક્તિઓથી ખૂબજ વધારેલા આ વિશ્વ પ્રપંચને રચતા, સંભાળતા અને સમેટી લેતા અને પોતાના આત્માથી આત્માને ધારણ કરતા, સફલ સંકલ્પવાળા જે રીતે ક્રીડા કરો છો તેજ રીતે મને પણ સૃષ્ટિ રચવાના વિષયમાં આપના જેવી મતિ આપો. ૨૬; ૨૭.

તત્ત્વસુધા—માધવ-બ્રહ્માજી 'માધવ' શબ્દના સંબોધનથી ભગવાનને વિનવે છે. માધવ એટલે લક્ષ્મીપતિ લક્ષ્મીપતિમાં કુશળતા, દયાલુતા, સર્વ શક્તિમત્તા સૂચવ્યાં છે. રચના સામર્થ્ય વીર પુરુષોમાં ન હોય, પરંતુ લક્ષ્મીપતિમાં હોય. લક્ષ્મી જેટલા પ્રમાણમાં વધુ હોય તેટલા પ્રમાણમાં રચનાઓ, સૌન્દર્યમયી, રસમયી, આનંદમયી અને કલામયી બની શકે છે. માટે હે લક્ષ્મીનાથ, આપની કૃપાથી જે સૃષ્ટિની હું રચના કરું, તે સૌન્દર્ય, રસ, આનંદ કલાથી ભરપૂર બને અને જીવોને તેમાં આનંદ મળે અને આનંદનિધિ, રસનિધિ એવા આપ પણ મળો.

આવી સૃષ્ટિ રચવી છે, તેથી જ આપની પાસે મનીષાની એટલે મતિની યાચના કરું છું. સૃષ્ટિ રચનાર તો અનેક છે પણ બે જણ મારી નજરમાં છે, એક ઉર્ણનાભિઃ કરોળિયો અને બીજા 'કમલનાભ' આપ લક્ષ્મીનાથ. ઉર્ણુનાભિ નિરપેક્ષ બની કુશળતાથી સૃષ્ટિ રચી શકે છે, પરંતુ તે નિર્લેપ બની નથી શકતો. મુખમાંથી લાળ બહાર કાઢી સુંદર જાળી રચે છે, પણ તેને માટે તે 'જાળ' બની જાય છે. પરંતુ હે રસાળ! આપને આસક્તિનું આળ નથી આવતું, એવા આપ કુશળ છો. કરોળિયો પોતાની જાળમાં ફસાય છે પરંતુ આપ નથી આસક્ત થતા કે નથી ઉપભોકતા થતા. વળી રસિકતા પણ આપની ક્ષીણ નથી થતી. તેવી જ કૃપા મારા ઉપર કરો, જેથી અનાસકત બનીને સૃષ્ટિની રચના કરું. ૨૬; ૨૭.

---

૧. પ્રા૦ પા૦-મમ ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

भगवत् शिक्षितमहं करवाणि ह्यतन्द्रितः ।
नेहमानः प्रजासर्गं बध्येयं यदनुग्रहात् ॥ २८ ॥

अन्वयार्थ—**भगवत्**-भगवानना शीखव्या प्रमाणे, **शिक्षितम्**-शीखव्या प्रमाणे, **अतन्द्रितः**-प्रमाद विनानो-सावधान, **अहम्**-हुं, **करवाणि**-कार्य करुं, अने **यद्**-अनुग्रहात्-जे प्रभुनी कृपाथी, **प्रजा**-सर्गम्-सृष्टि निर्माणने, **ईहमानः**-चाहतो-आचरतो, **न बध्येयम्**-बद्ध न थतुं. २८.

अनुवाद—**भगवान! आपना शीखव्या प्रमाणे हुं प्रमाद विनानो सावध थइने कार्य करुं अने आपनी कृपाथी सृष्टि निर्माणने आचरतां बंधनमां न पडुं. २८.**

तत्त्वसुधा—એક નાના અણપઢ બાળકની રીતે બ્રહ્માએ વિનવ્યું કે-'જેમ પાટી ઉપર ધૂળ નાખી તેના ઉપર એકડા શીખવવા માટે ગુરુ બાળકની આંગળી હાથમાં પકડે છે અને પછી આંગળીને ફેરવીને આંકડા લખતાં શીખવે છે', તે રીતે મને પણ પાઠ શીખવો. મારી આંગળીમાં, બુદ્ધિમાં, આવડતમાં આપ બિરાજો. રચનામાં કેવલ મારા તો ખાલી હાથ; પણ શક્તિ, સમજ, સામગ્રી, કલા સર્વ આપનાં. લખેલા એકડા ઉપર જો પેન લઈ ગુરુજી લખાવે તો શ્રમ પડે, માટે પાટી ઉપરની ધૂળ ઉપર જ નવેસર શીખવો. જોજો બાળક છું, તો લાડ કરું, આળસ કરું, અડપલાં કરું, તો પણ નારાજ ન થતા હોં! પછી પંડિત બની જાઉં તો પણ પાંડિત્યનો ઘમંડ મને ન અડે, ભલે અનુપમ બ્રહ્માંડને રચું. તાત્પર્ય-રચનાર માનવે રચતા પહેલાં, ઈશ્વરની શક્તિ જ સર્વ રચે છે, તેવી ભક્તિ દિલમાં રાખવી અને સુંદર રચના થયા પછી શ્રીહરિએ રચ્યું, એવી દીનતા રાખવી. ૨૮.

यावत् सखा सख्युरिवेश ते कृतः प्रजाविसर्गे विभजामि भो जनम् ।
अविक्लवस्ते परिकर्मणि स्थितो मा मे समुन्नद्धमदोऽजमानिनः ॥ २९ ॥

अन्वयार्थ—**भो ईश**-ઈશ! **सखा**-મિત્ર, **सख्युः**-મિત્રને **इव**-જેમ, 'सन्माने' **तेम**-તે આપે, **कृतः**-મને સન્માન્યો, તો **प्रजा**-**विसर्गे**-સૃષ્ટિ નિર્માણ રૂપ, **ते**-આપની, **परिकर्मणि**-પરિચર્યામાં-સેવામાં, **अविक्लवः**-પ્રમાદ વિનાનો, **स्थितः**-રહેલ હું, **यावत्**-જ્યાં સુધી, **जनम्**-લોકોને, **विभजामि**-નિરાળા પ્રકારે રચું, ત્યાં સુધી, **अज**-**मानिनः**-અજન્મા છું એવું માનનારા, **मे**-મને, **समुन्नद्ध**-**मदः**-વધેલો ગર્વ, **मा भूत्**-ન થાવ. ૨૯.

अनुवाद—**नाथ, सखा जेम सखाने सन्माने, तेम आपे मारो हाथ आपना करकमळमां राखीने मने सन्मान्यो. ईश! हुं सृष्टि निर्माणरूपी आपनी परिचर्यामां प्रमाद विनानो थईने रहुं अने आ लोकोना अलग विभागो करुं. आ सर्व करुं, त्यां पण हुं अजन्मा छुं एवुं माननार मने कदि मद न थाव. २९.**

तत्त्वसुधा—બ્રહ્માજીએ આ શ્લોકના ચાર ચરણમાં ચાર વસ્તુઓની માગણી કરી. આપે મને સખા સમાન બનાવ્યો છે, તો આપની શક્તિઓનું મને દાન કરો; પ્રજાના અને પ્રજાના લોકના વિભાગ કરવાનું મને સામર્થ્ય આપો; આપની સેવામાં મને થાક ન લાગે; હું અજન્મા છું એવું માનનાર મને કદિ મદ ન થાય.

આ શ્લોકમાં **प्रजा विसर्गे ते परिकर्मणि**-સૃષ્ટિ નિર્માણ નામની આપની સેવામાં મને થાક ન લાગે, આળસ ન આવે. બીજો એવો પણ અર્થ થાય છે કે **प्रजा विसर्गे भोजनम् विभजामि**-પ્રજાને રચું અને તેને ભોગવવાના ભોગો પણ વહેંચીને આપું. આ અર્થ કરતાં **भोजनम्** એવો આખો શબ્દ લેવાનો છે. **भो** અને **जनम्** –એવો પદચ્છેદ લગભગ સર્વ મહાત્માઓ કરે છે. શ્રીમદ્ વલ્લભ પ્રભુએ **भोजनम्** એવો જ પાઠ સ્વીકાર્યો છે, એમના મન્તવ્ય પ્રમાણે ચાર વસ્તુઓની માગણી થાય છે. ૨૯

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

श्रीभगवानुवाच—ज्ञानं परमगुह्यं मे यद् विज्ञानसमन्वितम् ।
सरहस्यं तदङ्गं च गृहाण गदितं मया ॥ ३० ॥
यावानहं यथाभावो यद्रूपगुणकर्मकः ।
तथैव तत्त्वविज्ञानमस्तु ते मदनुग्रहात् ॥ ३१ ॥

અન્વયાર્થ—મે-મારું-પૂર્ણ પુરુષોત્તમનું, જ્ઞાનમ્-જ્ઞાન, પરમગુહ્યમ્-પરમ ગુહ્ય છે, યદ્-વિજ્ઞાન-સમન્વિતમ્-તે વિજ્ઞાન સહિત જ્ઞાન છે, તેને સરહસ્યમ્-રહસ્ય સાથે, ચ-અને, તદ્-અઙ્ગમ્-અંગ સહિત, મયા-મારાથી, ગદિતમ્-કહેવાય છે; ગૃહાણ-તેનો સ્વીકાર કરો; અહમ્-હું, યાવાન્-જેવડો છું, યથા ભાવઃ-મારો જેવો ભાવ છે, યદ્-રૂપ-ગુણ-કર્મકઃ-જેવા રૂપ, ગુણ અને કર્મવાળો છું, તથૈવ-તે પ્રમાણે તેનું, તત્ત્વ-વિજ્ઞાનમ્-તત્ત્વ વિજ્ઞાન, તે-તમને, મદ્-અનુગ્રહાત્-મારા અનુગ્રહથી, અસ્તુ-પ્રાપ્ત થાવ. ૩૦; ૩૧.

અનુવાદ—ભગવાને કહ્યું, કે મારું પુરુષોત્તમનું જ્ઞાન પરમ ગુહ્ય છે. તે જ્ઞાન વિજ્ઞાન સહિત છે. તેના રહસ્ય અને અંગ સહિત તેને હું તમને આપીશ. તેને તમે સ્વીકારો. હું જેવડો છું; મારો જેવો ભાવ છે, મારાં ગુણ, રૂપ, કર્મો જેવાં છે, તેવા પ્રકારનાં તત્ત્વનું વિજ્ઞાન મારા અનુગ્રહથી તમને પ્રાપ્ત થાવ ! ૩૦.

તત્ત્વસુધા—બ્રહ્માજીએ પરાવર જ્ઞાન, ક્રીડા જ્ઞાન, શિક્ષા અને ગર્વાભાવ એ ચાર વસ્તુઓની ભગવાન પાસે પ્રાર્થના કરી. તે પ્રાર્થનાની પૂર્તિ માટે ૭ શ્લોકો (૩૦ થી ૩૬) ભગવાનને કહ્યા. પરાવર જ્ઞાન અને ક્રીડા જ્ઞાનની ચર્ચા ૩૦, ૩૧ મા શ્લોકમાં કરી છે. ૩૨ થી ૩૫ એ ચાર શ્લોકોમાં શિક્ષા આપી છે. ૩૬મા શ્લોકમાં ગર્વાભાવ માટે માર્ગદર્શન આપ્યું છે.

ભગવાન બ્રહ્માજીને પર અને અવર એવાં બે સ્વરૂપનો, આ શ્લોકથી ખ્યાલ આપે છે. ભગવાને કહ્યું, મારું અને મારા સ્વરૂપનું જ્ઞાન ગુહ્ય છે; તેથી તેનું વાણીથી અન્ય કોઇ નિરૂપણ ન કરી શકે; તેમજ હું પણ ન કરી શકું. તો પણ હું પુરુષોત્તમ છું અને પુરુષોત્તમ એ જ મારું છેલ્લું કે પહેલું રૂપ છે. ગૃહાણ-આ સ્વરૂપ જે મારી બુદ્ધિમાં છે, તે તમને આપું છું તે કાન દ્વારા સાંભળી શકાય નહિ, પરંતુ હૃદયમાં જ તેને ગ્રહણ કરી લો. જાણે ભગવાને હાથમાં કોઈ વસ્તુ લઈ, હાથમાં આપી હોય તેમ કેવલ કૃપા કરી બ્રહ્માજીના હૃદયમાં પોતાનું જ્ઞાન આપ્યું. આ આપેલ જ્ઞાન 'વિજ્ઞાન સમન્વિત' છે. વિજ્ઞાન એટલે અનુભવ એવો અર્થ નથી કરવાનો, પરંતુ બ્રહ્માજીએ ૧૪મા શ્લોકમાં જે સ્વરૂપનું દર્શન કર્યું છે, ત્યાં સાત્વતપતિ, શ્રીપતિ, યજ્ઞપતિ, જગત્પતિ તરીકે જોયા છે, તે જ્ઞાનનું નામ વિજ્ઞાન છે.

વળી આ જ્ઞાન, 'સરહસ્ય' જ્ઞાન છે. સરહસ્ય એટલે ભક્તિ સહિત જ્ઞાનને સરહસ્ય જ્ઞાન કહ્યું છે. ભક્તિ એ જ જ્ઞાનનું રહસ્ય છે. તેમ જ આ રહસ્ય જ્ઞાનનું 'અંગ' ભૃત્યજન ઉપર કૃપા કરવી, તે અંગ જ્ઞાન છે. તાત્પર્ય કે 'બ્રહ્માજી, તમે વૈકુંઠમાં જે મારું દર્શન કર્યું તે પર જ્ઞાન છે. ૩૦.

અવર જ્ઞાન માટે બીજો શ્લોક કહ્યો. એમાં પણ અવર સ્વરૂપનું વર્ણન શબ્દથી નહિ થઈ શકે. માત્ર અનુગ્રહથી જ સમજી શકાય. તેથી હું જેટલો છું, મારું જેટલું પરિમાણ છે, મારો જેવો ભાવ છે, મારું જેવું રૂપ, ગુણ અને કર્મ છે, તે પણ તમે અનુગ્રહથી જાણો. એમ કહીને જ્ઞાન આપી દીધું. આ પ્રકારની રજુઆત શ્રીમદ્ વલ્લભાચાર્યની છે.

શ્રી વિશ્વનાથ ચક્રવર્તીજી આ શ્લોકોનો વિવેક નીચે પ્રકારે કરે છે. તેઓ કહે છે કે બ્રહ્માજીએ ભગવાનને ચાર પ્રશ્નો કર્યા. (૧) **परावरे यथा रूपे जानीयाम्**-આપના અલૌકિક અને લૌકિક બે સ્વરૂપને મને સમજાવો. (૨) **यथात्ममाया योगेन**-આપની માયા અને યોગ માયા કેવી છે, તે પણ જણાવો. (૩) **क्रीडस्यमोघसंकल्पः**-

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માયાથી અને યોગમાયાથી અધિકૃત લોકોમાં જે રીતે ક્રીડા કરો છો, તે પણ કહો. (૪) **મગવત્ શિક્ષિતમહં**–આપ મને શિખવો, તે રીતે સૃષ્ટિ રચું. તો તેવી શિક્ષા મને આપો. આ રીતે શ્લોક ૨૫ થી ૨૮ સુધીમાં પ્રશ્નો કર્યા હતા. તેનો ચાર પ્રશ્નોનો પ્રત્યુત્તર ક્રમે ક્રમે ચતુઃશ્લોકી ૩૨, ૩૩, ૩૪ અને ૩૫ શ્લોકોમાં આપે છે. તેનો ઉપોદ્ઘાત આ બે શ્લોકોમાં કરે છે.—

જ્ઞાનવિજ્ઞાનમ્–મારા અપ્રાકૃત–પ્રાકૃત સ્વરૂપનું જ્ઞાન–વિશેષ જ્ઞાન સાથે તમને આપીશ. જે જ્ઞાન 'પરમગુહ્યં–નિર્વિશેષ કે નિરાકાર બ્રહ્મથી પણ શ્રેષ્ઠ છે, તે મારા અલૌકિક સ્વરૂપનું જ્ઞાન આપીશ. **સરહસ્યં**–રહસ્ય જ્ઞાન એટલે ભક્તિનું જ્ઞાન તેની સાથેનું જ્ઞાન છે, તે પણ આપીશ. **તદઙ્ગમ્**–ભક્તિ જ્ઞાનનાં જે અંગ એટલે સાધનો છે, તે પણ સમજાવીશ. આ સર્વ ચતુઃશ્લોકી (શ્લોક ૩૨ થી ૩૫) દ્વારા મળશે.

શ્રીમદ્ વલ્લભાચાર્યજી કહે છે કે "પરાવર જ્ઞાન અને ક્રીડાજ્ઞાન" ઉપરના ૩૦–૩૧ શ્લોકોમાં આપ્યું કારણ કે કહી શકાય તેવાં નથી, માટે હાથમાં વરદાનની માફક આપી દીધાં. ૩૨, ૩૩, ૩૪ અને ૩૫ શ્લોકોમાં શિક્ષા આપી. ૩૬મા શ્લોકથી મુદ્ન થાય તેવી કૃપા દર્શાવી. ૩૧.

अहमेवासमेवाग्रे नान्यद् यत् सदसत् परम् ।
पश्चादहं यदेतच्च योऽवशिष्येत सोऽस्म्यहम् ॥ ३२ ॥

અન્વયાર્થ—**અગ્રે**–**એવ**–પ્રથમથી જ **અહમ્**–**એવ**–હું જ, **આસમ્**–હતો, **યત્**–જે, **સદ્**–**અસત્**–**પરમ્**–કાર્ય, કારણ કે તેથી પર, **અન્યત્**–અન્ય કાંઈ પણ, **ન**–ન હતું, **પશ્ચાત્**–પછીથી, **ચ**–અને, **યત્**–જે, **એતત્**–આ, દેખાય છે; **અહમ્**–હું, **યઃ**–જે, **અવશિષ્યેત**–બાકી રહેશે, **સઃ**–તે, **અહમ્**–હું, **અસ્મિ**–છું. ૩૨.

અનુવાદ—પ્રથમથી હું હતો જ. કાર્ય, કારણ કે તેથી પર અન્ય કાંઈ ન હતું. પછીથી પણ હું જ છું. આ જે દેખાય છે તે હું જ છું. પ્રલય પછીથી જે બાકી રહેશે તે પણ હું જ છું. ૩૨.

તત્ત્વસુધા—આ એક સાથે પાંચ શ્લોક (૩૨ થી ૩૬) છે. ચતુઃશ્લોકીના ચાર શ્લોકો છે. તત્ત્વજ્ઞાનનો અને શ્રીમદ્ ભાગવતનો તેમાં સાર છે. તત્ત્વજ્ઞાન અને શ્રીમદ્ ભાગવત બન્ને એકજ વસ્તુ છે. આ ચાર શ્લોકોનો વિસ્તાર એટલે જ તત્ત્વજ્ઞાન, વેદાન્ત, ભાગવત વિગેરે છે.

આ પાંચે શ્લોકોમાં ભગવાન બ્રહ્માજીને આટલું જ તાત્પર્ય કહે છે કે–"હું જગત્ રૂપે બન્યો છું. મારા વિના બીજું કાંઈ નથી. અન્ય જે દેખાય છે, તે મારી માયાને લીધે દેખાય છે. દેહમાં જે ચેતન તત્ત્વ જીવ દેખાય છે, તે ઘડાના પોલાણમાં આકાશ દેખાય તેમ જીવ દેખાય છે. માટે બ્રહ્માજી, તમે મારા રૂપ થઈ મદ્રૂપ જગતને જો રચો, તો તમને કદિ મદ નહિ થાય; તેમજ જગતમાં મોહ પણ નહિ થાય." વેદાન્તની જે "**सर्वं खल्विदं ब्रह्म**"–આ સર્વ બ્રહ્મ છે, એવી જે ભાવના છે, તેને જ ઉપરોક્ત શબ્દોમાં ભક્તિભાવ ભરપૂર વાણીમાં મૂકે છે. માનવને સંકેત કરે છે કે શાસ્ત્રમત સંમત દાન, પુણ્ય, યાગ, તપ, જપ, આદિ જે આચરે છે, તે સર્વ ભગવદ્રૂપ છે અને આચરનાર પણ તારામાં રહેલા ભગવાન છે. લોક વ્યવહાર પણ ભગવદ્રૂપ છે.

હવે ચતુઃશ્લોકીના પ્રથમ શ્લોકનાં પદ પદાર્થોનો વિચાર કરી તેનો નિચોડ બતાવે છે. શ્રુતિનાં વિવિધ વાકયો છે. તે બધાં સૃષ્ટિના આરંભમાં કયું તત્ત્વ હતું, તેનો વિચાર કરનારાં વાકયો છે. અનેક વાકયો અનેક પ્રકારે સૃષ્ટિની આદિના તત્ત્વને વર્ણવે છે, જેમકે **સત્, અસત્, આકાશ, જ્ઞાન, આત્મા, અવ્યક્ત** આવાં અનેક કારણોમાંથી સૃષ્ટિ થઇ છે. એવું પ્રતિપાદન કરનાર વાકયો મળતાં હોવાથી સંદેહ થાય કે આ બધામાંથી કોઈ એકજ 'તત્ત્વ' હોવું જોઇએ અને તેમાંથી સૃષ્ટિની ઉત્પત્તિ થાય. માટે આ સર્વે વાકયોનો અર્થ સમજવો જોઇએ અને વિરોધ દર્શાવતાં વાકયોની 'એક વાકયતા–સમન્વય' પણ કરવો જોઈએ. આ આશયથી આ શ્લોકમાં ચર્ચા ઉઠાવીને એક સિદ્ધાન્ત કહે છે કે—

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અગ્રે અહમેવ આસમ્-સૃષ્ટિના પ્રારંભ કાળમાં હું-ભગવાન-એ એકજ તત્ત્વ હતું. મને ભગવાન અથવા વાસુદેવ એવા નામથી સમજવો. તત્ત્વજ્ઞાનીઓ ભગવાનને 'બ્રહ્મ' એવી સંજ્ઞા આપે છે. બ્રહ્મ, ભગવાન કે વાસુદેવ એ એકજ વસ્તુ છે. જગત તેમાંથી સરજાય છે. માત્ર ભક્તો એ ભગવાનને આરાધ્ય માને છે, તેથી "તે આનંદમય આકારવાળા છે," એમ કહે છે. જ્ઞાનીઓ તેને 'ચિન્મય' માને છે એટલે વ્યાપક 'બ્રહ્મરૂપે' સમજાવે છે. સંક્ષેપમાં નિર્ણય કહ્યો કે ભગવાન સૃષ્ટિના આરંભમાં હતા. ત્યારે પ્રશ્ન થયો કે તે ભગવાન કેવા અને કોણ ? એના ઉત્તરમાં નીચે દર્શાવેલી શ્રુતિનો ઉલ્લેખ કરે છે.

તજ્જલાન્ ઇત્યુપાસીત । એકો નારાયણ આસીન્ન બ્રહ્મા ન ચ શઙ્કર : વાસુદેવો વા ઇદમગ્ર આસીત્ । એક નારાયણ જ આરંભમાં હતા. એક વાસુદેવ જ હતા; પરંતુ બ્રહ્માદિ દેવો ન હતા. જે હું વાસુદેવ છું, તેજ સદ્રૂપે છું. આ વિષયમાં અન્ય વાક્યોની ચર્ચા ચાલે છે, સ દેવ સૌમ્યેદમગ્ર આસીત્-હે સૌમ્ય, આ સર્વ આગળ સદ્રૂપે જ હતું અને સદ્રૂપ એટલે વાસુદેવ.

હવે વિરોધી વાક્યો શરૂ થાય છે, જે સમાધાન માગે છે. શ્રુતિમાં તો અસદ્વા ઇદમગ્ર આસીત્ તતો વૈ સદજાયત-એ વાક્ય પ્રમાણે આરંભમાં અસત્ હતું, તેમાંથી સત્ થયું એવું મળે છે. તો શું સમજવું ? તેનું તાત્પર્ય કે આ દેખાતું જગત સૃષ્ટિ પ્રારંભ કાલમાં અસત્-એટલે વ્યવસ્થિત ન હતું, કે જેનો આપણે વપરાશ કરી શકીએ. જેમકે કપાસ હતો, કપડાં ન હતાં એટલે આપણે પહેરવાનો વ્યવહાર કરી ન શકીએ. પછી તે સત્ થયું એટલે તેનો ઉપયોગ કરી શકીએ, એવી સ્થિતિમાં તેને ભગવાને મૂક્યું.

આપો વા ઇદમગ્રે સલ્લિલમાસીત્-સૃષ્ટિના આરંભમાં સર્વ જલ જલ હતું, એવાં વાક્યો મળે છે. તેનું સમાધાન કે જે અવાંતર કલ્પથી સૃષ્ટિ રચાય છે ત્યારે માત્ર વૈકૃત સૃષ્ટિની રચના હોય છે; એટલે તે સમયે બ્રહ્મમાંથી ઉત્પન્ન થયેલ પ્રાકૃત સૃષ્ટિનાં આકાશ, વાયુ, જલ તો હતાં જ. પરંતુ જલની આગળની સૃષ્ટિ ત્યાર બાદ શરૂ થઈ.

તમ આસીત્-એવું શ્રુતિ વાક્ય મળે છે, ત્યાં તમ શબ્દનો અર્થ અંધકાર નથી થતો, પરંતુ બ્રહ્મ જ થાય છે, તમ એટલે સર્વ સૃષ્ટિનો અભાવ અને માત્ર કારણ એવા બ્રહ્મનું અસ્તિત્વ છે.

શ્રુતિમાં આવાં અનેક વાક્યો છે, જે જુદી જુદી રીતે જુદાં જુદાં તત્વોથી સૃષ્ટિનો આરંભ બતાવે છે. પરંતુ એ સર્વ વાક્યોનો સમન્વય ઉપર દર્શાવ્યા પ્રમાણે થાય છે. આત્મા, જ્ઞાન, તમ આદિ શબ્દો એ સર્વ સમર્થ ભગવાનના વાચક છે. ઈશ્વરમાં સર્વ વિરુદ્ધ ધર્મો પણ સમન્વય પામીને રહી શકે છે. આ વસ્તુને લક્ષમાં લઈને શ્લોકનો આરંભ કર્યો છે કે-અહમેવાસમેવાગ્રે હું ભગવાન જ સૃષ્ટિના પ્રારંભમાં હતો. સત્ અસત્ એવું કાંઇ પણ ન હતું. અન્ય કાર્ય કે કારણરૂપ એવું કાંઇ પણ વિદ્યમાન ન હતું. તેમજ મારા વિના અન્ય કાંઈ પણ અવશિષ્ટ નહિ રહે; જે રહ્યું હશે તે કેવલ હું જ હોઈશ. ૩૨.

ऋतेऽर्थं यत्प्रतीयेत न प्रतीयेत चात्मनि ।
तद्विद्यादात्मनो मायां यथाऽऽभासो यथा तमः ॥ ३३ ॥

અન્વયાર્થ—યત્-જે, **અર્થમ્**-ઋતે-વસ્તુ નથી છતાં, **પ્રતીયેત**-દેખાય છે, **ચ**-અને, **આત્મનિ**-આત્મામાં-અધિષ્ઠાનમાં, જે **ન-પ્રતીયેત**-દેખાતું નથી, **યથા**-જેવાં, **આભાસઃ**-આભાસ-એ ચન્દ્ર, **યથા**-જેવાં, **તમઃ**-તમ દેખાય, **તદ્**-તેવી તેને, **આત્મનઃ**-આત્માની, **માયામ્**-માયાને, **વિદ્યાત્**-જાણો. ૩૩.

અનુવાદ—અર્થ વગર જેની પ્રતીતિ થાય છે, આત્મામાં જે દેખાતું નથી, જેવાં તમ અને આભાસ દેખાય છે, તેવી તેને આત્માની માયા જાણો. ૩૩.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્ત્વસુધા—માયાના સ્વરૂપનું નિરૂપણ કરનારા આ શ્લોકમાં તત્ત્વજ્ઞો જુદી જુદી રીતે સમજ આપે છે. આ બાબતમાં અનેક મંતવ્યો છે, છતાં મુખ્ય બે છે. (૧) એક જગતને મિથ્યા માનનારો મત છે. (૨) બીજા મતમાં જગતને ભગવાનના સત્સ્વરૂપે માનીને મિથ્યા નથી, પરંતુ ભગવદ્રૂપે સત્ય છે, એમ માનનાર છે. આ બન્નેના મતમાં માયાનો વિચાર કરે છે. બન્નેના મન્તવ્ય પ્રમાણે માયા બે પ્રકારનો ભ્રમ પેદા કરે છે એમ કહેવું છે. (૧) જે છે તેનો પ્રકાશ નથી કરતી; (૨) જે નથી તેને દેખાડે છે. આ બે બાબતને સમજાવવા આ શ્લોકનો આરંભ છે.

ઋતેઽર્થં યત્પ્રતીયેત—'અર્થ' એટલે વાસ્તવિક પદાર્થ. ઋતે એટલે ન હોવા છતાં, યત્ પ્રતીયેત—જે દેખાય છે. ઉપરના વાક્યનો સાર એટલો થયો કે—જે વસ્તુ વાસ્તવિક રીતે નથી,—જે પદાર્થ ખરી રીતે નથી, છતાં આપણને બતાવે છે. હવે આને સમજીએ કે દેહ–ગેહ વગેરે પારમાર્થિક નથી, નિત્ય નથી, સુખરૂપ નથી, આત્મરૂપ નથી; છતાં આપણને તે વાસ્તવિક રૂપે બતાવે છે. આ જેનું કાર્ય છે, તે માયા. આ એક ભ્રમ થયો અને બીજો ભ્રમ હવે રજુ કરે છે કે...

ન પ્રતીયેત ચાત્મનિ–આત્મનિ દેહમાં રહેલ આત્મા સત્ છે, નિત્ય છે, સુખરૂપ છે, એ વાત વાસ્તવિક છે, છતાં તેની પ્રતીતિ થવા દેતી નથી. તાત્પર્ય કે દેહથી આત્મા ભિન્ન છે; ભિન્ન એટલે દેહ ધર્મોથી જુદા ધર્મ વાળો આનંદ રૂપ છે. એ વાત સત્ય છે, છતાં તેની પ્રતીતિ ન થવા દેતાં દેહને જ આત્મા સમજીને સર્વ તેને પાળે છે, પોષે છે; પરંતુ તેમાં રહેલા આત્માને વિચારવાનું વિસરી જાય છે. આ બીજો ભ્રમ છે. હવે આ જ બાબતમાં **શ્રી આચાર્ય ચરણ**નો વિવેક આવો છે કે—ઋતેઽર્થં યત્પ્રતીયેત–આ આખું જગત દેખાય છે, તે તો ભગવાનનો જ પ્રપંચ છે. એમાં જગત રૂપની સમજ એ તો એક ભ્રાન્તિ છે. બુદ્ધિ ઉપર માયા અસર કરે છે અને આ સમસ્ત જગતને ભગવત્સ્વરૂપે સમજવા દેતી નથી. જો જગતને ભગવદ્ રૂપે સમજે, તો આસક્તિ ન થતાં ભગવદ્ ભાવ–ભક્તિ થાય, રાગદ્વેષ પણ ન થાય. વેદો પણ સર્વં ખલ્વિદં બ્રહ્મ માને છે. આ એક પ્રકારનો ભ્રમ. હવે બીજો ભ્રમ એવો છે કે આત્મનિ ન પ્રતીયેત–જે પદાર્થ છે તેને છુપાવે છે, પણ તેના મુખ્ય સ્વરૂપને સમજવા દેતી નથી. આ સર્વ ભગવદ્રૂપ છે, છતાં પણ તેવા ભાવને ન થવા દેતાં લૌકિક ભાવને જે દેખાડે છે.

તદ્ વિદ્યાદાત્મનો માયામ્–આ માયાની બે પ્રકારની શક્તિ છે. (૧) આવરણ રૂપા, અને (૨) વિક્ષેપ રૂપા. આવરણ રૂપા શક્તિ સ્વરૂપનું આવરણ કરીને આત્માનું જ્ઞાન નથી થવા દેતી. વિક્ષેપરૂપા શક્તિ દેહમાં આત્માનું ભાન કરાવે છે. તે બાબતને દૃષ્ટાન્તથી સમજાવે છે.

યથા આભાસઃ યથા તમઃ–આકાશમાં એક ચન્દ્ર છે, છતાં બે ચન્દ્રને બતાવે છે. એ એક આભાસ–ભ્રમ થયો; અને બીજો ભ્રમ અંધકારનો થયો. અંધકાર નામનું કોઈ દ્રવ્ય જ નથી. એ તો કેવલ પ્રકાશનો અભાવ એ જ અંધકાર રૂપ છે. માયા તે 'તમઃ' નામનો કોઈ પદાર્થ નથી છતાં બતાવે છે. ૩૩.

यथा महान्ति भूतानि भूतेषूच्चावचेश्वनु ।
प्रविष्टान्यप्रविष्टानि तथा तेषु न तेष्वहम् ॥ ३४ ॥

અન્વયાર્થ—**યથા**–જેમ, **મહાન્તિ–ભૂતાનિ**–મહાભૂતો, **ઉચ્ચ–અવચેષુ**–નાનાં મોટાં એવાં, **ભૂતેષુ**–ભૂતોમાં–પ્રાણીઓમાં, **અનુ–પ્રવિષ્ટાનિ**–પાછળ પ્રવેશેલાં છે, **અપ્રવિષ્ટાનિ**–નથી પણ પ્રવેશેલાં, **તથા**–તે પ્રમાણે, **અહમ્**–હું, **તેષુ**–તે પ્રાણીઓમાં પ્રવેશેલો છું, **ન તેષુ**–તેમજ પ્રવેશેલ નથી. ૩૪.

અનુવાદ—જેમ મહાભૂતો નાના મોટાં પ્રાણીઓમાં અનુપ્રવેશ કરીને રહેલ છે, છતાં પણ પ્રવેશેલ નથી. તેજ રીતે તે બધામાં હું પ્રવેશેલો છું, છતાં નથી પણ પ્રવેશેલો. ૩૪.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્ત્વસુધા—ભગવાન સર્વના કારણ છે અને સર્વમાં પ્રવેશ કરીને રહેલ છે, છતાં અપ્રવિષ્ટ પણ છે. એ એ વસ્તુને પંચમહાભૂતોના દૃષ્ટાન્તથી સમજાવે છે કે—

યથા મહાન્તિ ભૂતાનિ-પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ એ પંચ મહાભૂત સર્વત્ર સૃષ્ટિનાં કારણ છે. નજર સામે દેખાતા પ્રત્યેક પદાર્થોમાં તે પંચમહાભૂતોનો પ્રવેશ થાય, તો જ તે આકારવાળા પદાર્થો બની શકે. એક પર્વતથી લઈને રેણુ સુધીના નાના-મોટા, સ્થૂલ-સૂક્ષ્મ, લાંબા-ટૂંકા, વાંકા-સીધા બધા જ પદાર્થોમાં પંચમહાભૂતોનો પ્રવેશ છે. તો પણ તે બધાં જ પંચ મહાભૂતો કાંઈ સંપૂર્ણ અંશથી ઘટ-પટ-પર્વત આદિમાં પ્રવેશ ન કરી શકે. કેવલ અંશથી પ્રવેશ કરે અને તે વિનાનાં બહાર જ રહે છે. ભગવાન એ રીતે વસ્તુ માત્રમાં પ્રવેશ કરીને રહેલા છે, છતાં બહાર પણ રહેલા છે, કારણ કે તે ભગવાન કારણ રૂપ છે અને વ્યાપક છે. તે ભગવાન તો સર્વ લોકાતીત એવા વૈકુંઠ સ્થાનમાં બિરાજે છે, છતાં ચતુર્દશ લોકમાં પણ પ્રવેશ કરી રહે છે અને બહાર વૈકુંઠમાં બિરાજે છે. બ્રહ્મસંહિતા આવા જ ભાવથી નિરૂપણ કરે છે કે—

आनन्दचिन्मयरसप्रतिभाविताभिस्ताभिर्य एव निजरूपतया कलाभिः ।
गोलोक एव निवसत्यखिलात्मभूतो गोविन्दमादिपुरुषं तमहं भजामि ॥

प्रेमाञ्जनच्छुरितभक्तिविलोचनेन सन्तः सदैव हृदयेऽपि विलोकयन्ति ।
तं श्यामसुन्दरमचिन्त्यगुणस्वरूपं गोविन्दमादिपुरुषं तमहं भजामि ॥

આ આશયથી જ આ શ્લોકમાં प्रविष्टानि અને अप्रविष्टानि એવાં બે વિધાન કર્યાં છે. દરેક પદાર્થમાં પંચમહાભૂતો પ્રવેશેલાં છે, છતાં પ્રવેશેલાં નથી. તથા तेषु તે બધા જ તત્ત્વોમાં હું ભગવાન પ્રવેશેલ છું, છતાં तेषु न તે બધાંથી અલગ પણ છું. ૩૪.

एतावदेव जिज्ञास्यं तत्त्वजिज्ञासुनाऽऽत्मनः ।
अन्वयव्यतिरेकाभ्यां यत्स्यात् सर्वत्र सर्वदा ॥ ३५ ॥

અન્વયાર્થ—**एतावत्-एव**-આટલું જ, **आत्मनः**-આત્માના, **तत्त्व-जिज्ञासुना**-તત્ત્વના જિજ્ઞાસુએ, **जिज्ञास्यम्**-જાણવું જોઈએ, **यत्**-જે, **अन्वय-व्यतिरेकाभ्याम्**-અન્વય અને વ્યતિરેકથી-ભાવ અને અભાવથી-અનુયોગી અને પ્રતિયોગી સંબંધથી, **सर्वत्र**-સર્વ ઠેકાણે, **सर्वदा**-સર્વદા, **स्यात्**-હોય. ૩૫.

અનુવાદ—તત્ત્વજિજ્ઞાસુએ આત્મા સંબંધી એટલું જ જાણવું બસ છે કે જે અન્વય અને વ્યતિરેકથી સર્વત્ર અને સર્વદા હોઈ શકે. તે જાણવાથી સર્વ જણાય છે. ૩૫.

તત્ત્વસુધા—ચતુઃશ્લોકીના ચોથા શ્લોકમાં તત્ત્વજિજ્ઞાસુને માર્ગદર્શન આપ્યું કે જે સર્વત્ર હોય, સર્વદા હોય, સર્વમાં હોય તેને ઈશ્વર કહેવાય અને તત્ત્વવેત્તાએ એ વસ્તુ સમજવી જ જોઈએ. આ આશયનું પ્રતિપાદન કરે છે કે—

एतावदेव जिज्ञास्यं-આ વિશ્વમાં ત્રણ પદાર્થ જાણવા જેવા છે. (૧) જગત, (૨) જીવ, અને (૩) ઈશ્વર. આ ત્રણેમાં એવો કયો પદાર્થ છે કે જે સર્વત્ર હોય, સર્વમાં હોય અને સર્વદા હોય. આ નિર્ણય માટે **અન્વય** અને **વ્યતિરેક** એવા બે પ્રકારના ન્યાયનો ઉપયોગ કરવો. "જ્યાં જ્યાં ઘર હોય, ત્યાં તેનો રચનાર હોય"; "જેટલા માટીના ઘડા છે, તે બધામાં માટી અવશ્ય હોય", કારણ કે માટી કારણ છે અને ઘડો કાર્ય છે. એ ન્યાય પ્રમાણે ઈશ્વર સત્ રૂપે સર્વમાં બિરાજે છે. 'વ્યતિરેક' એટલે અભાવ વ્યાપ્તિથી જેનો નિર્ણય થાય તેને 'વ્યતિરેક' કહેવાય. જો માટી ન હોય તો ઘડો ન હોય, એ ન્યાય પ્રમાણે ઈશ્વરમાં વ્યતિરેક વ્યાપ્તિ સંભવે નહિ; કારણ કે ઈશ્વર તો નિત્ય, વ્યાપક અને જ્ઞાનાત્મક છે, તેથી તે બધે જ રહે છે. માટે જિજ્ઞાસુ પુરુષે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ઈશ્વરને સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ. વળી વ્યતિરેક એટલે વિશેષતાથી જે જુદું પડે તે વ્યતિરેક–દાખલા તરીકે ઘડો ઘડાથી કે માટીથી જુદો નથી પડતો, પરંતુ સત્ વિશેષણથી તો જુદો પડે છે. ઘટ, પટ આદિ બધાં સત્થી છૂટાં પડે છે, પણ 'સત્' તો સર્વદા વિદ્યમાન છે. ૩૫.

एतन्मतं समातिष्ठ[1] परमेण समाधिना ।
भवान् कल्पविकल्पेषु न विमुह्यति कर्हिचित् ॥ ३६ ॥

અન્વયાર્થ—**परमेण**–ઉત્કૃષ્ટ–ઉત્તમ, **समाधिना**–સમાધિ યોગથી–સાવધાનીથી, **एतत्**–આ, **मतम्**–મતને, **समातिष्ठ**–હૃદયમાં ધારણ કરો, **कल्प**–**विकल्पेषु**–કલ્પ અને વિકલ્પોમાં, **कर्हिचित्**–કોઈ પણ કાલે, **भवान्**–આપ, **न विमुह्यति**–મોહ નહિ પામો. ૩૬.

અનુવાદ—**ઉત્તમ પ્રકારની સાવધાનીથી આ મતને હૃદયમાં સ્થિર કરો, તો કલ્પ કે વિકલ્પોમાં આપ કોઇ પણ કાલે મોહ પામશો નહિ.** ૩૬.

તત્ત્વસુધા—સમાધિ કે સાવધાની લગભગ સરખા શબ્દો છે. ભગવાને બ્રહ્માજીને વિધાન કર્યું કે ઉપરોક્ત ચતુઃશ્લોકીમાં સાર ભૂત આટલી જ વસ્તુ દર્શાવી છે કે - "સર્વત્ર ભગવાન છે, અન્યથા દેખાય છે તે માયા છે, સર્વત્ર સર્વલીલા સહિત ભગવાન સર્વદોષ રહિત છે."—જો આ મારા સંતવ્યને ખૂબ જ કાળજીપૂર્વક વિચારી સૃષ્ટિ નિર્માણાદિનું કાર્ય કરશો, તો કોઈ પણ કાળે કદિ મોહ નહિ થાય.

આ શ્લોકમાં સમાતિષ્ઠ ને સ્થાને શ્રીમદ્ વલ્લભ પ્રભુ મમાતિષ્ઠ એવો પાઠ લઈને "मम मतम् મારા મતને आतिष्ठ મનમાં સ્થિર કરો," એવો અર્થ કરે છે. मम પાઠ એટલા માટે સારો છે કે આ ચતુઃશ્લોકી ભગવાનના શ્રીમુખની પ્રસાદ વાણી છે. વેદો તો પ્રભુના શ્વાસ છે, જ્યારે આ તો શ્રીહરિના શબ્દો છે. ૩૬.

श्रीशुक उवाच—संप्रदिश्यैवमजनो जनानां परमेष्ठिनम् ।
पश्यतस्तस्य तद् रूपमात्मनो न्यरुणद्धरिः ॥ ३७ ॥

અન્વયાર્થ—**अजनः**–અજન્મા, **हरि**–શ્રીહરિ, **जनानाम्**–લોકોના, **परमेष्ठिनम्**–રચનાર બ્રહ્માજીને, **एवम्**–એ પ્રમાણે, **संप्रदिश्य**–ઉપદેશ–શિક્ષા આપીને, **तस्य**–તે બ્રહ્માજીના, **पश्यतः**–દેખતાં જ, **आत्मनः**–પોતાના, **तत्**–તે, **रूपम्**–રૂપને, **न्यरुणत्**–તિરોહિત કરી દીધું. ૩૭.

અનુવાદ—**અજન્મા શ્રીહરિએ સર્વ લોકોના રચયિતા પરમેષ્ઠી એવા બ્રહ્માજીને આ રીતે વ્યવસ્થિત પ્રમાણે સમજાવ્યું. ત્યારબાદ બ્રહ્માજીના દેખતાંજ શ્રીહરિએ પોતાના તે રૂપને તિરોહિત કરી દીધું.** ૩૭.

તત્ત્વસુધા—**अजनः**–અજન્મા ભગવાને બ્રહ્માજીના ઉપર કેવલ અનુગ્રહ કરવા માટે જ આ અત્યંત દિવ્ય રસાત્મક સ્વરૂપનું દર્શન બ્રહ્માજીને કરાવ્યું હતું. અર્જુનજીને દર્શાવેલ વિશ્વરૂપ જેવું આ રૂપ ન હતું. આ તો કેવલ "आनंद मात्र कर पाद मुखोदरादि" સ્વરૂપ હતું. રૂપ દર્શાવ્યું તેમજ ઉપદેશ પણ આપ્યો.

परमेष्ठिनम्–બ્રહ્માજીને પરમેષ્ઠી કહ્યા છે. 'પરમપદ' એ બ્રહ્માજીનું પદ છે. તે સ્થાનમાં બ્રહ્માજી રહે છે. તેથી 'પરમેષ્ઠી' કહેવાય છે. **पश्यतस्तस्य**–શ્રીહરિએ બ્રહ્માજીના દેખતાં જ પોતાના તે સુંદર સ્વરૂપનું તિરોધાન કર્યું છે, કારણ કે બ્રહ્માજીને તપ અને સૃષ્ટિ નિર્માણ કાર્યમાં પરોવવા છે, તે દ્વારા લોકોને આનંદ આપવો છે. જો આ સ્વરૂપને તિરોહિત ન કરે તો બ્રહ્માજીની દૃષ્ટિ તેમાં જ પરોવાયેલ રહે અને અન્ય કાર્ય અટકે. માટે શ્રીહરિએ આ કાર્ય કૃપાભાવથી કર્યું છે. ૩૭.

---

૧. સુ૦ પા૦ - મમાતિષ્ઠ ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

अन्तर्हितेन्द्रियार्थाय हरये विहिताञ्जलिः ।
सर्वभूतमयो विश्वं ससर्जेदं स पूर्ववत् ॥ ३८ ॥

અન્વયાર્થ—**અન્તર્હિત-ઇન્દ્રિય-અર્થાય**-ઇન્દ્રિયના વિષયથી અન્તર્હિત થયેલ ભગવાન, **હરયે**-શ્રીહરિને, **વિહિત-અઞ્જલિઃ**-બન્ને કરની અંજલિ જોડી પ્રણામ કર્યા, પછી, **સર્વ-ભૂતમયઃ**-સર્વભૂતમય બનીને, **સઃ**-તે બ્રહ્માજીએ, **ઇદં વિશ્વમ્**-આ વિશ્વને, **પૂર્વવત્**-પૂર્વની માફક, **ससर्ज**-બનાવ્યું. ૩૮.

અનુવાદ—દૃષ્ટિ વિષય થયેલ ભગવાન શ્રીહરિ અન્તર્ધ્યાન થયા, ત્યારે બ્રહ્માજીએ ભગવાનની સામે કરાંજલિ જોડી પ્રણામ કર્યા. ત્યારબાદ પ્રથમ સર્વભૂતમય થઈ તે બ્રહ્માજીએ પ્રથમના જેવીજ આ સૃષ્ટિ બનાવી. ૩૮.

તત્ત્વસુધા—આ પ્રકરણમાં ભગવાનને 'હરયે' હરિ પદથી જ વર્ણવે છે. કારણ કે કેવલ કૃપામય શ્રીહરિએ શિક્ષા, દર્શન, બોધ સર્વ આપ્યાં છે. તે શ્રીહરિ અન્તર્ધ્યાન થઈ રહ્યા હતા. બ્રહ્માજી કોઈ પ્રકારે કાયિકી સેવા કરી શકયા, વાચિકી સ્તુતિ કરી શકયા, પ્રભુના કૃપા ભારથી નતમસ્તક બન્યા, કરાંજલિની રચના કરી, અભિવંદન કર્યા. વંદન વિના દીન જનો દીનાનાથને કાંઈ પણ ન આપી શકે, એ દૈન્યનો અનુભવ કર્યો. બાદ પ્રભુકૃપાથી જ યથાપૂર્વ સૃષ્ટિનું નિર્માણ કર્યું. ૩૯.

प्रजापतिर्धर्मपतिरेकदा नियमान् यमान् ।
भद्रं प्रजानामन्विच्छन् आतिष्ठत् स्वार्थकाम्यया ॥ ३९ ॥

અન્વયાર્થ—**પ્રજાપતિઃ**-પ્રજાપતિ, **ધર્મપતિઃ**-ધર્મપતિ, **પ્રજાનામ્**-પ્રજાના, **ભદ્રમ્**-કલ્યાણને, **અન્વિચ્છન્**-ઇચ્છતા, **સ્વાર્થ-કામ્યયા**-સ્વકાર્યની સિદ્ધિની ઇચ્છાથી, **એકદા**-એક દિવસ, **નિયમાન્**-નિયમોને, **ચ**-અને, **યમાન**-યમોને, **આતિષ્ઠત્**-આચરતા હતા ૩૯.

અનુવાદ--એક દિવસ ધર્મના પતિ એવા પ્રજાપતિ બ્રહ્મા પોતાના કાર્યની સિદ્ધિની ઇચ્છાથી, પ્રજાનું કલ્યાણ ચાહતા, યમ અને નિયમોનું અનુષ્ઠાન કરવા લાગ્યા. ૩૯.

તત્વસુધા—બ્રહ્માજીને આ સ્થાને 'પ્રજાપતિ અને ધર્મપતિ' એવાં બે ધર્મવાળાં બે વિશેષણો આપ્યાં છે. જેઓ સમાજના નિયામક છે, તેઓનું, તેમજ જેઓ ધર્મના વ્યવસ્થાપક છે, તેઓનું કર્તવ્ય છે કે તેમણે સ્વયં સંયમિત અને નિયમિત રહેવું. સંયમિત એટલે ઇન્દ્રિય, અંતઃકરણને અત્યંત પવિત્ર રાખવાં; લોકરસમાં આસક્ત હોય તેને કર્તવ્યરસ રકત અને હરિ ભકત બનાવવાં. નિયમિત રહેવું એટલે મન, બુદ્ધિને શાંત બનાવવાં. તપ, સ્વાધ્યાય, ઇશ્વર સેવા વગેરે આચરવાં. આ પ્રકારે સંતાનોને, સમાજને અને શિષ્યોને ઉપદેશ અપાય. આચરીને ઉપદેશે તે આચાર્ય. બ્રહ્માજી નારદજીને ઉપદેશ આપવાના છે તેથી આચરીને ઉપદેશ કરશે, જેની નારદજીને અસર થશે. ૩૯.

तं नारदः प्रियतमो रिक्थादानामनुव्रतः ।
शुश्रूषमाणः शीलेन प्रश्रयेण दमेन च ॥ ४० ॥
मायां विविदिषन् विष्णोर्मायेशस्य महामुनिः ।
महाभागवतो राजन् पितरं पर्यतोषयत् ॥ ४१ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—રાજન્-પરીક્ષિત રાજન્, **રિક્થાદાનામ્**-પુત્રોમાં, **પ્રિયતમઃ**-અત્યંત પ્રિય, **અનુવ્રતઃ**-આજ્ઞાંકિત, **શુશ્રૂષમાણઃ**-સેવાભિલાષી-શ્રવણાભિલાષી, **મહામુનિઃ**-મહામુનિ અને **મહાભાગવતઃ**-પરમ ભગવદીય, એવા, **નારદઃ**-નારદજી, **માયા-ઈશસ્ય**-માયાના સ્વામી, **વિષ્ણોઃ**-શ્રીવિષ્ણુ ભગવાનની, **માયામ્**-માયાને, **વિવિદિષન્**-જાણવાની ઇચ્છાવાળા, **તં પિતરમ્**-તે પિતા બ્રહ્મદેવને, **પ્રશ્રયેણ**-નમ્રતાથી, **શીલેન**-શીલથી, **ચ**-અને, **દમેન**-દમથી, **પર્યતોષયત્**-સંતુષ્ટ કરતા હતા. ૪૦; ૪૧.

અનુવાદ—રાજન ! સર્વ પુત્રોમાં અત્યંત પ્રિય, આજ્ઞાંકિત, સેવાવ્રત પરાયણ, મહામુનિ, પરમ વૈષ્ણવ, એવા નારદ મુનિ, માયાપતિ-શ્રી વિષ્ણુ ભગવાનની માયાને જાણવાની ઇચ્છાથી, પિતા-બ્રહ્મદેવજીને વિનયથી, શીલથી અને દમથી સંતુષ્ટ કરતા હતા. ૪૦; ૪૧.

તત્ત્વસુધા—આ બે શ્લોકોમાં નારદજીની પિતૃભક્તિ નિષ્ઠા અને પિતાજીના પુત્રહિત ચિંતનનું આદર્શ કથન છે. શાસ્ત્રકારે પુત્રોને 'રિક્થાદ' કહ્યા છે. 'રિક્થાદ' શબ્દનો લોકવિદિત રીતે અર્થ થાય છે પિતાનો વારસદાર-દાયભાગનો અધિકારી. પિતાની બે પ્રકારની મીલ્કત હોય-એક દ્રવ્ય અને બીજી શીલવિદ્યા અને સંસ્કારો. પૂર્વની મીલ્કત માટે તો કેવલ પુત્ર તરીકે જન્મ લેવાથી જ અધિકારી થવાય છે; પરંતુ વિદ્યા-શીલ-સંસ્કારોના વારસદાર થવા માટે તો સુપાત્ર થવું પડે છે. તે કેવલ પુત્ર થવાથી ન મળે. સરિતાનાં સલિલ તો વિનમ્ર ગર્તમાં સ્વતઃ સરી જાય. તે રીતે સુપાત્રમાં આશીર્વાદ અને સંસ્કાર સંપ્રતિ સ્વયં આવી જાય છે. પુત્રની પુત્રતા સિદ્ધ થવાના બે ધર્મોનો આ શ્લોકમાં ઉલ્લેખ કર્યો છે.

અનુવ્રતઃ, શુશ્રૂષમાણઃ, મહામુનિઃ, મહાભાગવતઃ—એવા ચાર ગુણો અત્યંત મુખ્ય છે. અનુવ્રતનો નિત્યોપયોગી અર્થ આજ્ઞાંકિત ભક્તપુત્ર. શુશ્રૂષમાણ એટલે છાયાની માફક શરીરની નિત્ય નિકટમાં રહેનાર અને અખંડિત સેવક. ઉભય કોટિના એ ભક્ત સેવકની શીલ-વિનય-દમ એ ત્રણ સામગ્રીઓ હોય છે. શીલ તો સેવાનો પ્રાણ છે. શીલ એટલે સેવ્યની વૃત્તિને અને સ્વભાવને અનુસરી સેવા કરવી. પ્રશ્રય એ તો સેવાની આંખ છે. પ્રશ્રય એટલે દૈન્ય. સેવામાં અહંકાર ન સંભવે. દમ સેવાનો દેહ છે. ઇન્દ્રિયો ઉપર પૂર્ણ વિજય એ 'દમ' છે. શીલ આત્મામાં રહે, પ્રશ્રય વાણીમાં રહે, દમ ઇન્દ્રિયોમાં રહે, ત્યારે દેહનું 'તનુનવત્વ' બને. નારદજીએ તે યોગ્યતા સમ્પાદન કરી.

'અનુવ્રત અને શુશ્રૂષમાણ' એ બે ગુણો ઉપરાંત સ્વતઃ 'નારદ' શબ્દમાં પણ એક યોગ્યતા બતાવે છે. 'નાર' એટલે જીવ ભાવ. મોહ, આસક્તિ, મમતા, અજ્ઞાનને લીધે જીવ ભાવ આવી જાય છે. તેને દૂર કરવાની શક્તિ ધરાવનાર નારદ છે. તે નારદજી મનુષ્યોના હૃદયને નારાયણનો વિશુદ્ધ નિવાસ બનાવી દે છે. મીલ્કત કરતાં માબાપની બરકત મોટી છે. નારદજીને તે બરકત એટલે બ્રહ્માજીની વિદ્યા, શીલ, આશીષ વારસામાં મળ્યાં. **મહામુનિઃ** એટલે મનનશીલ. અલ્પાંશમાં ગુરુ કહે અને સર્વ સમજી લે તે મહામુનિ. **મહાભાગવતઃ** પરમ ભગવદીય ગુણ તો કેવલ કોમલ હૃદયના પુરુષને જ મળે છે. ૪૦; ૪૧.

तुष्टं निशाम्य पितरं लोकानां प्रपितामहम् ।
देवर्षिः परिपप्रच्छ भवान् यन्मानुपृच्छति । ४२ ॥

અન્વયાર્થ—લોકાનાં પ્રપિતામહમ્-લોકના પિતામહ, પણ, **પિતરમ્**-પોતાના પિતાજી બ્રહ્મદેવને, **તુષ્ટમ્**-સંતુષ્ટ થયેલ, **નિશામ્ય**-જાણીને, **દેવર્ષિઃ**-દેવર્ષિ નારદજી, **પરિપપ્રચ્છ**-પૂછવા લાગ્યા, **યત્**-જે, **મા**-મને, **ભવાન્** રાજન્ આપ, **અનુપૃચ્છતિ**-પૂછો છો. ૪૨.

અનુવાદ—સર્વ લોકના તો પિતામહ, પણ પોતાના તો પિતાજી બ્રહ્માજીને પ્રસન્ન જાણીને દેવર્ષિ નારદજી પૂછવા લાગ્યા. રાજન, આપે જે મને પૂછ્યું, તેજ નારદજીએ પૂછેલું. ૪૨.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્ત્વસુધા—પિતામાં શિસ્ત હોય છે, પિતામહમાં સ્નેહ હોય છે. બન્ને નારદજીને બક્ષીસમાં મળવાનાં છે. વળી પિતાજીની પ્રસન્નતા જોઈ. એ તો મોટો લાભ હતો. સમ્પત્તિ આપે તે પિતા નથી, પરંતુ શીલ અને શિક્ષણ આપે તે જ પિતા કહેવાય. નારદજી દેવર્ષિ છે, એટલે આર્ષદૃષ્ટિ તેમની પાસે હોવાથી સુબુદ્ધ વિદ્યાર્થીને જ્ઞાન આપવામાં શ્રમ કે વિલંબ નથી થવાનો. પરંતુ પિતાના જ્ઞાનને ઝીલનાર સુપાત્ર પુત્રને જોઈને પિતાને હર્ષ થવાનો છે. નારદના મનમાં છે કે જો પિતાજી મને જ્ઞાનનો નિધિ આપે તો હું મારા સમસ્ત માનવ બંધુઓમાં અને પ્રાણીમાત્રમાં વીતરી દઉં. ૪૨.

तस्मा इदं भागवतं पुराणं दशलक्षणम् ।
प्रोक्तं भगवता प्राह प्रीतः पुत्राय भूतकृत् ॥ ४३ ॥

અન્વયાર્થ—**प्रीतः**-પ્રસન્ન થયેલ, **भूतकृत्**-સૃષ્ટિકર્તા-બ્રહ્માજી, **तस्मै पुत्राय**-તે પુત્રને, **भगवता**-ભગવાને, **प्रोक्तम्**-કહેલું, **दशलक्षणम्**-દશ લક્ષણવાળું, **इदम्**-આ, **भागवतम्**-શ્રીમદ્ ભાગવત નામના, **पुराणम्**-પુરાણને, **प्राह**-કહ્યું. ૪૩.

અનુવાદ—**સૃષ્ટિ વિધાતા બ્રહ્માજીને ભગવાને પ્રસન્ન થઈને જે શ્રીમદ્ ભાગવત કહેલું તે દશ લક્ષણવાળું ભાગવત પુરાણ બ્રહ્માએ પ્રસન્નતાથી પોતાના પુત્ર નારદને કહ્યું. ૪૩.**

તત્ત્વસુધા—નારદજી બ્રહ્માજીની પાસે આવ્યા હતા માયાને સમજવા માટે, પરંતુ બ્રહ્માજીએ નારદજીને ભગવત્સ્વરૂપનું દાન કર્યું; કારણ કે પ્રિય વસ્તુ પ્રિય જનને અને પાત્ર પુત્રને અપાય છે. ભગવાને બ્રહ્માજીને પ્રિય ગણી સ્વરૂપ દર્શન આપ્યું અને સ્વરૂપ જ્ઞાન આપ્યું. બ્રહ્માજીએ તેજ રીતે પ્રિયતમ અને સુપાત્ર સુપુત્રને આપ્યું. આ શ્રીમદ્ ભાગવત દશ લક્ષણ લક્ષિત છે. દશમા અધ્યાયમાં તેનો વિવેક સમજાવશે. ૪૩.

नारदः प्राह मुनये सरस्वत्यास्तटे नृप ।
ध्यायते ब्रह्म परमं व्यासायामिततेजसे ॥ ४४ ॥

અન્વયાર્થ—**नृप**-રાજન, **सरस्वत्याः**-સરસ્વતીના, **तटे**-તટ ઉપર, **परमं ब्रह्म**-પરમ બ્રહ્મને, **ध्यायते**-ચિન્તવતા, **अमित-तेजसे**-અમિત તેજસ્વી એવા, **व्यासाय-मुनये**-વ્યાસ મુનિને, **नारदः**-નારદજીએ, **प्राह**-કહ્યું. ૪૪.

અનુવાદ—**રાજન ! નારદજીએ ભાગવત સિદ્ધાન્ત બ્રહ્માજીની પાસેથી લીધો અને તે સિદ્ધાન્તનો ઉપદેશ સરસ્વતીના કિનારા ઉપર ધ્યાન કરતા અમિત તેજસ્વી વ્યાસ મુનિને કહ્યો; ૪૪.**

તત્ત્વસુધા—નારદજીએ એ શ્રીમદ્ ભાગવત મહર્ષિ વ્યાસજીને આપ્યું. મહર્ષિ વ્યાસનો પરિચય આપનારાં ચાર વિશેષણો છે. વળી સરસ્વતીના કિનારા ઉપર વ્યાસજીનો આશ્રમ હતો, તેથી સ્થાનની પણ શ્રેષ્ઠતા બતાવી.

મુનયે—મૌન અને મનન એ બે જેના સુહૃદ છે, તેને મુનિ કહેવાય. તત્ત્વજ્ઞાન, મનનશીલ અને મૌનશીલને જ પચે, અને મુનિ અને મનનશીલ એને પામી શકે. **ब्रह्म ध्यायते**-પરં બ્રહ્મનું ચિંતન કરનારને જો તત્ત્વજ્ઞાનનું પાથેય મળે તો તે તેને રસાળ લાગે અને તેને જ તે તત્ત્વ ફળે. **व्यासाय**-જ્ઞાનનો સંગ્રહ કરે, પરંતુ તેનો વિસ્તાર ન કરે, તેને પણ જ્ઞાન ન અપાય, કારણ કે ધનસંગ્રહી જેવો જ્ઞાનસંગ્રહી છે, માટે જ્ઞાનની પરબ માંડે તેવાને અપાય. વ્યાસજીએ તો પરબ માંડી છે. **अमित तेजसे**-બુદ્ધિમાન હોય તો જ તત્ત્વજ્ઞાનને સંભાળી શકે. ૪૪.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

यदुताहं त्वया पृष्टो वैराजात्पुरुषादिदम् ।
यथाऽऽसीत्तदुपाख्यास्ये प्रश्नान्यांश्च कृत्स्नशः ॥ ४५ ॥

અન્વયાર્થ—**उत**–અને, **वैराजात्**–વિરાટ, **पुरुषात्**–પુરુષથી, **इदं**–આ, **यथा**–જે રીતે, **आसीत्**–ઉત્પન્ન થયું, **यत्**–જે, **त्वया**–તમે, **अहम्**–હું, **पृष्टः**–પૂછાયો, **तत्**–તે, **च**–અને, **अन्यान्**–અન્ય, **प्रश्नान्**–પ્રશ્નોને, **कृत्स्नशः**–સંપૂર્ણ, **उपाख्यास्ये**–કહીશ. ૪૫.

અનુવાદ—તમે મને કહ્યું કે વિરાટ પુરુષથી આ જગત કેમ થયું, તે તેમજ બીજા પ્રશ્નો કહ્યા તે બધા પ્રશ્નોના ઉત્તર હું તમને અનેક પ્રકારે સમજાય તેમ આપીશ, ૪૫.

તત્ત્વસુધા—પ્રશ્નો બે પ્રકારના–એક સામાન્ય અને બીજો વિશેષ–સામાન્ય પ્રશ્ન એ છે કે વિરાટથી આ બધું જગત કેમ થયું ? વિશેષ પ્રશ્ન તો એ છે કે તેના અવતાર ભેદો. च અવ્યયથી બીજા પ્રશ્નો એમ સમજવું. આ બધા પ્રશ્નોને બહુ પ્રકારે તમારા હૃદયમાં બેસે તેમ કહીશ. શ્રીશુકદેવજીએ પરીક્ષિતને વચન આપ્યું. ૪૫.

શ્રીમદ્ ભાગવત દ્વિતીય સ્કંધની તત્ત્વસુધાનો
નવમો અધ્યાય સંપૂર્ણ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અધ્યાય ૧૦મો (શ્લોક ૫૧)

ભાગવતનાં દશ લક્ષણ અને સૃષ્ટિ વિકાસક્રમ કથન.

૫૧ શ્લોકનો દશમો અધ્યાય છે. નવમા અધ્યાયના અંતમાં શ્રીમદ્ ભાગવતની પરંપરાનું કથન કર્યું, તેમજ શ્રીમદ્ ભાગવતના જ્ઞાનથી સર્વ તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થાય છે,-એવો વિવેક પણ આપ્યો. એટલે સહજ જિજ્ઞાસા થઈ કે શ્રીમદ્ ભાગવતનું સ્વરૂપ કેવું ? એનું લક્ષણ કેવું ? એવા પ્રશ્નો થયા. તે પ્રશ્નોનો ખુલાસો આ અધ્યાયથી શરૂ કર્યો. નવમા અધ્યાયના ૪૩મા શ્લોકમાં કહેલ કે પુરાણં દશલક્ષણમ્-આ શ્રીમદ્ ભાગવત પુરાણ દશ લક્ષણ વાળું છે. તો દશ લક્ષણને સમજવાની મનીષા થઈ. તેની પૂર્તિ કરતો આ પ્રથમ શ્લોક અત્ર સર્ગો વિસર્ગશ્ચ...શરૂ થયો.

[1]શ્રીશુક ઉવાચ—અત્ર સર્ગો વિસર્ગશ્ચ સ્થાનં પોષણમૂતયઃ ।
મન્વન્તરેશાનુકથા નિરોધો મુક્તિરાશ્રયઃ ॥ ૧ ॥
દશમસ્ય વિશુદ્ધ્યર્થં નવાનામિહ લક્ષણમ્ ।
વર્ણયન્તિ મહાત્માનઃ શ્રુતેનાર્થેન ચાઞ્જસા ॥ ૨ ॥

અન્વયાર્થ—અત્ર-આ શ્રીમદ્ ભાગવતમાં, **સર્ગઃ**-સર્ગલીલા, **વિસર્ગઃ**-વિસર્ગલીલા, **ચ**-અને, **સ્થાનમ્**-સ્થિતિલીલા, **પોષણમ્**-પુષ્ટિલીલા, **ઊતયઃ**-વાસનાલીલા-ઊતિલીલા, **મન્વન્તર-ઈશ-અનુકથા**-મન્વંતરલીલા અને ઈશાનુકથા, **નિરોધઃ**-નિરોધલીલા, **મુક્તિઃ**-મુક્તિલીલા, **આશ્રયઃ**-આશ્રયલીલા, વર્ણવ્યા છે. ૧.

ઇહ-આ શ્રીમદ્ ભાગવતની દશ વિધ લીલાઓમાં **દશમસ્ય**-દશમી આશ્રય લીલાના, **વિશુદ્ધિ-અર્થમ્**-બોધ માટે-તત્ત્વજ્ઞાન માટે, **નવાનામ્**-નવ લીલાઓના, **લક્ષણમ્**-લક્ષણને, **શ્રુતેન**-શ્રુતિથી, **ચ**-અને, **અર્થેન**-અર્થથી, **અઞ્જસા**-સરલતાથી, **મહાત્માનઃ**-મહાપુરુષો, **વર્ણયન્તિ**-વર્ણવે છે. ૨.

અનુવાદ—આ શ્રીમદ્ ભાગવતમાં સર્ગ, વિસર્ગ, સ્થાન, પોષણ, વાસના, મન્વન્તર, ઇશાનુકથા, નિરોધ, મુક્તિ અને આશ્રય એ દશ પદાર્થો વર્ણવ્યા છે. ૧. આ દશ પ્રકારની લીલાઓમાં દશમી આશ્રય લીલા છે. તેની વિશુદ્ધિ માટે એટલે તત્ત્વજ્ઞાન માટે નવ લીલાઓનાં લક્ષણોને શ્રુતિથી અને અર્થ વડે સરલતાથી મહાત્મા પુરુષો વર્ણવે છે. ૨.

તત્ત્વસુધા—૧. **સર્ગઃ**-શરીર કે આકાર ન હોય, એવા શ્રીવિષ્ણુ-પુરુષે શરીરનો સ્વીકાર કર્યો, તે ક્રિયાનું નામ સર્ગ લીલા. તૃતીય સ્કંધ.

૨. **વિસર્ગઃ**-શ્રી વિષ્ણુ પુરુષે બ્રહ્માદિ દેવોની રચના કરી, તે વિસર્ગ. ચતુર્થ સ્કંધ.

૩. **સ્થાનમ્**-ઉત્પન્ન કરેલ પ્રાણી માત્રને નિવાસ માટે મર્યાદાને અનુકૂળ રહેઠાણ આપ્યાં, તે સ્થાન લીલા. પંચમ સ્કંધ.

૪. **પોષણમ્**-પ્રત્યેક સ્થાનમાં રહેલાઓની પ્રત્યેક રીતે અભિવૃદ્ધિ કરવી, તે પોષણ કહેવાય. પુષ્ટિ લીલા. ષષ્ઠ સ્કંધ.

૫. **ઊતયઃ**-તે તે સ્થાનોમાં રહી પોષણ પામીને જે જે રીતે જીવન ચર્યા ચલાવે છે, તે ઊતિ-વાસના સપ્તમ સ્કંધ.

---

૧. પ્રા૦ પા૦-શ્રીબાદરાયણિરુવાચ ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૬. મન્વન્તરાણિ-જીવન ચર્યાઓમાં સાત્વિકતા કેમ આવે, તેને સૂચવનાર સદાચાર, તે મન્વન્તર લીલા. અષ્ટમ સ્કંધ.

૭. ઈશાનુકથા-સદાચાર સમ્પન્ન થતાં ભક્તિનો પ્રાદુર્ભાવ જેનાથી થાય, તે ઈશાનુકથા. નવમ સ્કંધ.

૮. નિરોધ-ભક્તિના અવલંબનથી ભગવત્સ્વરૂપમાં મનની તન્મયતા થતાં પ્રપંચને વીસરી જવો, તે નિરોધ. દશમ સ્કંધ.

૯. મુક્તિઃ-પ્રપંચને ભૂલતાં નિજ સ્વરૂપનો પરિચય થવો-અનુભવ થવો, તે મુક્તિ. એકાદશ સ્કંધ.

૧૦. આશ્રયઃ-મુક્ત જીવોનું બ્રહ્મસ્વરૂપમાં વસવું, તે આશ્રયલીલા. દ્વાદશ સ્કંધ.

આ દશ પ્રકારની લીલાઓ મળી સંપૂર્ણ શ્રીમદ્ ભાગવત બને છે.

એક વિચાર એવો આવશે કે જો આ દશ ધર્મો દશ ભેદથી વર્ણવ્યો છો, તો તે શાસ્ત્ર સંમત નહિ થાય; કારણ કે શાસ્ત્રમાં એક વિષયનું પ્રતિપાદન કરવામાં આવે. આ તો એક જ ભાગવત શાસ્ત્રમાં દશ જુદા જુદા ભેદોનું પ્રતિપાદન શા માટે કર્યું ? તેના ઉત્તર માટે બીજા શ્લોકનો આરંભ કર્યો છે. "આશ્રય" એક જ વિષય છે. તો આશ્રય કોનો કરવો ? તેનો ઉત્તર મળ્યો કે "ભગવાનનો આશ્રય કરવો." તે ભગવાનનું સ્વરૂપ કોણ સમજાવે ? ત્યારે નિર્ણય થયો કે શ્રીમદ્ ભાગવત સમજાવશે. શ્રીમદ્ ભાગવત એટલે શું ? દશવિધ લીલાઓનું જ્યાં પ્રતિપાદન થયું હોય, તેવું પુરાણ તે શ્રીમદ્ ભાગવત. એ દશવિધ લીલામાંની આશ્રય લીલાની વાસ્તવિકતાના જ્ઞાન માટે અથવા તત્ત્વજ્ઞાન માટે, સર્ગ-વિસર્ગ સમજવાં પડે. માટે તે સર્ગ-વિસર્ગનાં પણ લક્ષણ કરવાં પડ્યાં. મેડા ઉપર જવા માટે સોપાનની આવશ્યકતા તો ખરીજ ને ! નવ સોપાન પૂર્ણ થતાં જ દશમા સોપાનને સ્પર્શને મેડાનો ભાગ આવ્યો. ત્યાં બેસી જાવ; પછી નવ સોપાન તમારે માટે આવશ્યક ન હોય, એ સ્વાભાવિક છે. એ પ્રકારે ભગવદાશ્રય સિદ્ધ થઈ જાય, બાદ નવ લીલાઓ કૃતાર્થ થઈ ગઈ. પણ તે નવ લીલાઓ સમજવી તો જોઈએ, માટે નવ લીલાઓનું નિરૂપણ છે. ૧; ૨.

भूतमात्रेन्द्रियधियां जन्म सर्ग उदाहृतः ।
ब्रह्मणो गुणवैषम्याद् विसर्गः पौरुषः स्मृतः ॥ ३ ॥

અન્વયાર્થ—**गुण-वैषम्यात्**-ત્રણે ગુણોની ન્યૂનાધિકતાને લીધે, **ब्रह्मणः**-પરબ્રહ્મથી, **भूत-मात्रा-इन्द्रिय-धियाम्**-પંચ મહાભૂત, પંચ તન્માત્રા, દશ ઇન્દ્રિયો, અને ચાર અન્તઃકરણોનો, **जन्म**-જન્મને-ઉત્પત્તિને, **सर्गः**-સર્ગ, **उदाहृतः**-કહેલ છે; **पौरुषः**-પુરુષથી-બ્રહ્માથી, જે સર્ગ થાય તે, **विसर्गः**-વિસર્ગ, **स्मृतः**-માનેલ છે. ૩.

અનુવાદ—**ત્રણે ગુણોની ન્યૂનાધિકતાથી થતી પર બ્રહ્મથી જે પંચ મહાભૂત, પંચ તન્માત્રા, દશ ઇન્દ્રિયો, અને ચાર અન્તઃકરણની ઉત્પત્તિ તેને સર્ગ કહેવાય છે; તેમજ પુરુષથી એટલે બ્રહ્માથી થતી સૃષ્ટિને વિસર્ગ કહે છે.** ૩.

તત્ત્વસુધા—પંચ મહાભૂત-શબ્દ-સ્પર્શ-રૂપ-રસ-ગંધ, પંચ તન્માત્રા, ૫ જ્ઞાનેન્દ્રિય, ૫ કર્મેન્દ્રિય, ૪ અન્તઃકરણનો જન્મ એ સર્ગ સૃષ્ટિ કહેવાય. જ્યારે સમાન અવસ્થામાં રહેલા તે ત્રણે ગુણોમાં ન્યૂનાધિકતા આવે છે, ત્યારે સૃષ્ટિ થાય છે. વિરાજ પુરુષથી (બ્રહ્માથી) થયેલ ચર-અચરનો સર્ગ તેને વિસર્ગ માન્યો છે. ૩.

स्थितिर्वैकुण्ठविजयः पोषणं तदनुग्रहः ।
मन्वन्तराणि सद्धर्म ऊतयः कर्मवासनाः ॥ ४ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—**વૈકુણ્ઠ-વિજયઃ**-વૈકુંઠ ભગવાનનો વિજય, **સ્થિતિઃ**-એને સ્થિતિ કહે છે. **તદ્-અનુગ્રહઃ**-તે ભગવાનનો અનુગ્રહ, **પોષણમ્**-એને પોષણ અથવા પુષ્ટિ કહે છે. **સદ્-ધર્મઃ**-સંતોએ આચરેલા ધર્મોને, **મન્વન્તરાણિ**-મન્વન્તર કહે છે. **કર્મ-વાસનાઃ**-કર્મ-વાસનાઓને, **ઊતયઃ**-ઊતિ એટલે વાસનાઓ કહે છે. ૪.

અનુવાદ—**ભગવાનનો વિજય તે સ્થિતિ લીલા કહેવાય. ભગવાનનો અનુગ્રહ તે પુષ્ટિ લીલા કહેવાય. સંતોના જે ધર્મો છે; તે મન્વંતર લીલા છે; અને કર્મની વાસનાઓ છે, તે ઊતિ લીલા મનાય છે.** ૪.

તત્ત્વસુધા—ભૂરાદિ ત્રણ લોક અથવા ચૌદ લોક તે ભગવાનનો વિજય દેશ છે. એમાં દરેક પ્રાણીઓને રહેવા સ્થાન આપે છે. એને-પંચમ સ્કંધને-**સ્થિતિલીલા** એવું નામ આપ્યું છે. તે તે દેશમાં, લોકમાં, કે સ્થાનમાં રહેલાઓને સંભાળવા, સમૃદ્ધ કરવા એ **પુષ્ટિ લીલા** છઠ્ઠો સ્કંધ છે. સંત જનોએ જે સદાચારો આચર્યા તેને **મન્વંતર** માન્યા છે. તે અષ્ટમ સ્કંધ છે. **ઊતયઃ કર્મવાસનાઃ**-સર્વ કર્મ વાસનાઓ પ્રમાણે થાય છે. પોષણ પામેલા જેવી જેવી વાસનાઓ વાળા બને છે, તેનું દિગ્ દર્શન **ઊતિલીલા** નામના સપ્તમ સ્કંધમાં છે. આ શ્લોકમાં અષ્ટમ સ્કંધની પ્રથમ ચર્ચા કરી. સપ્તમ સ્કંધની ઊતિ લીલાની ચર્ચા પછી કરી ક્રમ બદલ્યો છે. તેનું કારણ કે જો ધર્મનું અવલંબન દૃઢ હોય, તો વાસનાઓની અસરમાંથી મુક્ત રહી શકાય છે. ૪.

अवताराऽनुचरितं हरेश्चास्यानुवर्तिनाम्[1] ।
पुंसामीशकथाः प्रोक्ताः नानाख्यानोपबृंहिताः ॥ ५ ॥

અન્વયાર્થ—**હરેઃ**-શ્રીહરિના, **અવતાર-અનુચરિતમ્**-અવતારો અને અનેક ચરિતો, **ચ**-અને, **અનુવર્તિનામ્**-હરિના અનુયાયી, એવા **પુંસામ્**-ભક્ત-સંતજનોનાં, **નાના-આખ્યાન-ઉપબૃંહિતાઃ**-અનેક પ્રકારનાં આખ્યાન-ચરિત્રોથી ભરપૂર કથાઓ, **ઈશ-કથા**-'ઈશાનુકથા' નામની નવમ સ્કંધ લીલાઓ, **પ્રોક્તાઃ**-કહેલી છે. ૫.

અનુવાદ—**શ્રી હરિના અનેક અવતારો અને ચરિત્રો, તેમજ શ્રીહરિના અનુગામી એવા ભક્ત-સંતજનોનાં અનેકવિધ આખ્યાન ચરિત્રોથી સમૃદ્ધ બનેલી કથાઓને ઈશાનુકથા નામની નવમ સ્કંધ લીલા વર્ણવી છે.** ૫.

તત્ત્વસુધા—આ શ્લોકમાં નવમ સ્કંધની કથાનું નિરૂપણ છે. આ લીલાનું નામ 'ઈશાનુકથા' છે. ઈશ કથા અને ઈશાનુકથા એવા બે પદચ્છેદ કરી અર્થ કરવો. ઈશકથા એટલે ભગવત્કથા; અને ઈશ-અનુ-કથા એટલે ભગવાનના અનુવર્તી ભક્ત જનો, તેઓની ચરિત ગાથાઓ આ સ્કંધમાં વર્ણવી છે. હરિનાં અને હરિદાસોનાં ચરિત્રો દુઃખ હરે છે અને સુખ કરે છે. શ્રીરામ અને શ્રીશ્યામનાં, અને રામ શ્યામના ભક્તોનાં ચરિત્રો તેર અને અગિયાર અધ્યાયોમાં મળીને વર્ણવ્યાં છે.

તે ૨૪ અધ્યાયોમાં ૧૩ પ્રકારે દુઃખને હરે છે, અને ૧૧ પ્રકારથી સુખને અર્પે છે, માટે ચોવીસ અધ્યાયો છે. દુઃખનું નિવારણ કરવામાં નવગુણના ભેદથી ૯ પ્રકાર થાય છે. કર્મ, જ્ઞાન અને ભક્તિથી ભગવચ્ચરિત્ર ૩ પ્રકાર ત્રણ ત્રણ પ્રકારનાં થાય છે. તેમજ ભક્ત-જ્ઞાની ચરિત્રનો એક પ્રકાર થાય છે. આમ મળીને ૧૩ પ્રકાર થયા. સુખ પ્રાપ્તિમાં ૧૦ ઇન્દ્રિયોથી અને એક મનથી સુખ અપાય છે. માટે ૧૧ પ્રકાર થયા. આ રીતે બન્ને પ્રકરણોના ૨૪ અધ્યાય થયા. ૫.

---

૧. પા૦ પા૦ -નુવર્ણિતમ્।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

निरोधोऽस्यानुशयनमात्मनः सह शक्तिभिः ।
मुक्तिर्हित्वाऽन्यथा रूपं स्वरूपेण व्यवस्थितिः ॥ ६ ॥

અન્વયાર્થ—शक्तिभिः सह–શક્તિઓની–તત્ત્વોની સાથે, अस्य–आत्मनः–આ આત્માનું, अनुशयनम्–પોઢવું, निरोधः–એને નિરોધ કહે છે ,अन्यथा रूपम्–અન્યથા સ્વરૂપને–માયિક સ્વરૂપને, हित्वा–છોડી દઈને, स्वरूपेण–વિશુદ્ધ સ્વરૂપથી, व्यवस्थितिः–રહેવું, એ मुक्तिः–મુક્તિ છે. ૬.

અનુવાદ—પોતાની શક્તિઓ સાથે આ ભગવાનનું પાછળથી પોઢવું, એનું નામ નિરોધ લીલા છે. તેમજ અન્યથા રૂપનો ત્યાગ કરીને સ્વસ્વરૂપમાં આવી જવું, એને મુક્તિ કહેવાય છે. ૬.

તત્ત્વસુધા—'નિરોધ' લીલા દશમ સ્કંધની સંજ્ઞા છે. પોતાની સમગ્ર શક્તિઓને પ્રથમ શયન કરાવે છે અને પાછળથી પોતે પણ શયન કરે છે. શક્તિઓ નાડી દ્વારા જ દેહમાં રહે છે. તેવી શરીરમાં ૭૨ નાડીઓ છે. તેમજ શ્રી, કીર્તિ, કાન્તિ, ઈલા, ઉર્જા વગેરે ભગવાનની ૧૨ શક્તિઓ છે. ૭૨+૧૨ = ૮૪ સંજ્ઞા થાય. તેમાં જાગ્રત, સ્વપ્ન, સુષુપ્ત ત્રણ પ્રકારનું શયન ઉમેરતાં ૮૭ પ્રકાર થયા. તેથી દશમ સ્કંધની નિરોધ લીલાના ૮૭ અધ્યાય થયા.

અન્યથા સ્વરૂપને ત્યજીને પોતાના યથાર્થ સ્વરૂપમાં રહેવું એ મુક્તિ છે. જીવ મુક્તિ અને ઈશ મુક્તિ એવા બે ભેદ છે. જીવમાં માયિક ધર્મોનો આવેશ છે. તેનો ત્યાગ કરવો જોઈએ. ઈશ્વર પણ પ્રાપંચિક સ્વરૂપનો ત્યાગ કરે છે. ૬.

आभासश्च निरोधश्च [1]यतश्चाध्यवसीयते ।
स आश्रयः परं ब्रह्म परमात्मेति शब्द्यते ॥ ७ ॥

અન્વયાર્થ—आभासः–ઉત્પત્તિ, च–અને, निरोधः–પ્રલય, यतः–જેનાથી, अध्यवसीयते–થાય–જેનાથી પ્રકાશે, सः–તે, आश्रयः–આશ્રય કહેવાય, તેને परं ब्रह्म–પરં બ્રહ્મ, इति–એ પ્રમાણે, शब्द्यते–કહેવામાં છે. ૭.

અનુવાદ—આભાસ એટલે ઉત્પત્તિ અને પ્રલય એ બે જેમાંથી થાય છે, તેમજ જેનાથી પ્રકાશે છે, તે આશ્રય છે. તેજ પરબ્રહ્મ અને પરમાત્મા શબ્દથી બોલાય છે. ૭.

તત્ત્વસુધા—'આશ્રય' લીલા એ દ્વાદશસ્કંધની સંજ્ઞા છે. आभासश्च निरोधश्च માં आभास એટલે ઉત્પત્તિ, च–અવ્યયથી સ્થિતિ અને પાલન, निरोधः–લય, च અવ્યયથી મોક્ષ લેવા. આ પાંચે વસ્તુ જેનાથી, જેનામાં થાય તેને જ આશ્રય કહેવાય. પરબ્રહ્મ કે પરમાત્મા એક જ વસ્તુ છે. તેનાથી અને તેનામાં આ પાંચ સંભવે, માટે એ જ આશ્રય છે. ૭.

योऽध्यात्मिकोऽयं पुरुषः सोऽसावेवाधिदैविकः ।
यस्तत्रोभयविच्छेदः [2]स स्मृतो ह्याधिभौतिकः ॥ ८ ॥

અન્વયાર્થ—यः–જે, अयम्–આ, आध्यात्मिकः–આધ્યાત્મિક–ઇન્દ્રિયાભિમાની, पुरुषः–પુરુષ છે–જીવ છે, सः एव–તે જ જીવ, आधिदैविकः–આધિદૈવિક છે–ઇન્દ્રિય દેવતાનો નિયામક છે, यः–જે, तत्र–ત્યાં, उभय–विच्छेदः–બન્નેનો વિભેદ કરે છે, सः–તે પુરુષ हि–ખરેખર, आधिभौतिकः–આધિ ભૌતિક–શારીરિક–स्मृतः–કહેલ છે. ૮.

---

૧. પા૦ પા૦–तपस्तद् यत्र गीयते । ૨. પા૦ પા૦ પુરુષો ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—જે આ આધ્યાત્મિક પુરુષ છે, એટલે જે ઇન્દ્રિયોનો અભિમાની જીવ છે, તેજ અધિદૈવ પુરુષ છે. અધિદૈવ એટલે ઇન્દ્રિયોના-સૂર્યાદિ દેવોનો નિયામક તેને આધિ દૈવિક કહેવાય. આધ્યાત્મિક અને આધિ દૈવિક એવા બે દેહને પાડનાર છે, તે આધિભૌતિક છે. ૮.

तत्त्वसुधा—આધિભૌતિકાદિ ત્રણ ભેદોને સમજાવે છે. દેહમાં રહેલાં જે ઇન્દ્રિય પ્રાણ અને અન્તઃકરણ છે, તેને લઈને જે વ્યવહાર ચલાવનારો આત્મા છે, તે 'આધ્યાત્મિક' આત્મા કહેવાય કેમકે જે ઇન્દ્રિયાદિના દેવો છે, તે દેવોનો જે નિયામક છે તે 'આધિદૈવિક' છે.

ઇન્દ્રિય, પ્રાણ, અન્તઃકરણ તો દેખાતાં નથી. તેમજ ઇન્દ્રિયોના દેવો પણ દેખાતા નથી. છતાં તેમનો આધ્યાત્મિક અને અધિદૈવિક એવો વ્યવહાર તો કરીએ છીએ. આધિભૌતિક આત્માને તે સઘળને થાય છે. જો શરીર કે શારીરિક આત્મા ન હોય તો પછી આધ્યાત્મિક કે આધિદૈવિક વ્યવહાર જ ન થાય આધ્યાત્મિક માને ઇન્દ્રિયોનો યા તા પુરુષ; આધિદૈવિક માને દેવતા રૂપ; આધિભૌતિક માને પંચભૂતોનો બનેલો દેહ. ૮.

एवमेकतराभावे यदा नोपलभामहे ।
त्रितयं तत्र यो वेद स आत्मा स्वाश्रयाश्रयः ॥ ९ ॥

અન્વયાર્થ—यदा-જ્યારે, एकतर-अभावे-તે ત્રણમાં, એમાંથી એક ન હોય તો, एकम्-એકને, न-उपलभामहे-નથી મેળવી શકતા. तत्र-ત્યાં, त्रितयम्-ત્રણેને, यः-જે, वेद-જાણે છે, सः-તે, आत्मा-આત્મા, स्व-आश्रय-आश्रयः-પોતાના સ્વાશ્રય વાળો આશ્રય છે. ૯.

અનુવાદ—તે ત્રણમાંથી જો એકનો પણ અભાવ હોય તો તો બીજા એની ઉપલબ્ધિ થઇ શકતી નથી; માટે એ ત્રણેને જે જાણે છે, તેજ પરમાત્મા સર્વનો અધિષ્ઠાન 'આશ્રય' તત્ત્વ છે. તેનો આશ્રય તે પોતેજ છે, અન્ય નથી. ૯.

तत्त्वसुधा—જો આધિભૌતિક દેહ ન હોય તો આધિદૈવિક અને આધ્યાત્મિકનો ખ્યાલ આપણે ક્યાંથી કરી શકીયું ? શરીર દેખાય તો તેમાં ઇન્દ્રિયોના દેવો વગેરેને અનુમાનથી સમજી શકીએ. તેમજ આધિદૈવિક અંદરનો આત્મા જ ન હોય, તો આધિભૌતિક દેહનું અને આધ્યાત્મિક ઇન્દ્રિયાદિનું પણ અસ્તિત્વ કેમ રહી શકે ? માટે તે ત્રણે હોય તો જ ત્રણેમાંથી કોઈની ઉપલબ્ધિ થશે અને આવા ત્રણને જે કોઇ જાણે છે, તે જ પરમાત્મા છે, સર્વનો અધિષ્ઠાન ભૂત છે, આધાર છે, આશ્રય છે; પરંતુ તેનો કોઈ આશ્રય નથી. ૯.

पुरुषोऽण्डं विनिर्भिद्य यदासौ स विनिर्गतः[1] ।
आत्मनोऽयनमन्विच्छन् अपोऽस्राक्षीच्छुचिः शुचीः ॥ १० ॥

અન્વયાર્થ—यदा-જ્યારે असौ-આ, शुचिः-शुचि-નિર્મલ પુરુષः-પુરુષ, अण्डम्-અંડને, विनिर्भिद्य-ફોડીને, विनिर्गतः-બહાર આવ્યો, सः-તે, आत्मनः-પોતાના, अयनम्-સ્થાનને, अन्विच्छन्-ઇચ્છતાં, शुचीः-અત્યંત પવિત્ર, अपः-જલને, अस्राक्षीत्-ઉત્પન્ન કર્યું ૧૦.

અનુવાદ—જ્યારે પૂર્વોક્ત વિરાટ પુરુષ બ્રહ્માંડને ફોડીને બહાર આવ્યા, ત્યારે તે પોતાને રહેવા માટે સ્થાન શોધવા લાગ્યા અને સ્થાનને ઇચ્છતા તે શુદ્ધ સંકલ્પ પુરુષે અત્યંત પવિત્ર જલને સરજ્યું. ૧૦.

---

१. प्रा० पा०-विसर्गतः ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્ત્વસુધા—અત્યાર સુધી સર્ગ વગેરે દશનાં લક્ષણોનું નિરૂપણ કર્યું. પછીથા આધ્યાત્મિકાદિ ત્રણ ભેદોની ચર્ચા કરી. હવે જેને આપણે જીવ સમાન સામાન્ય માનીએ છીએ, તેવા વિરાટ્ પુરુષનું યુક્તિપૂર્વક નિરૂપણ શરૂ કરે છે. તે 'વિરાજ' આપણા કરતાં વિશિષ્ટ છે.

પુરુષોઽણ્ડં વિનિર્ભિદ્ય-તેનું સૌથી પ્રથમ નામ પડ્યું 'વિરાજ પુરુષ'. આ વિરાજ પુરુષ બ્રહ્માંડને ભેદીને, જેમ નાળીએરના કાચલાને ફોડીને ગોટો બહાર નીકળે તેમ બહાર નીકળ્યા. તે બ્રહ્માંડને પુરાણો ઈંડા તરીકે માને છે, જ્યારે બીજાઓ કટાહ તરીકે માને છે. પરંતુ તે કટાહ કે ઈંડાને તોડીને નાખી દે, પછી કોઈ આશ્રય તો જોઇએ ને! તે કયાંથી લાવવો? શુચિઃ-એ વિરાજ તો ભગવાનનો અવતાર છે, તેથી 'શુચિ' છે, તેમજ જ્ઞાનથી પૂર્ણ છે, તેથી સમર્થ હોવાથી તે વિરાજે શુચીઃ અપઃ અત્યંત સ્વચ્છ અને પવિત્ર જલનું નિર્માણ કર્યું. ૧૦.

तास्ववात्सीत् स्वसृष्टासु सहस्रपरिवत्सरान् ।
तेन नारायणो नाम यदापः पुरुषोद्भवाः ॥ ११ ॥

અન્વયાર્થ—સ્વસૃષ્ટાસુ-પોતાના સરજેલાં તાસુ-તે જલમાં, સહસ્ર-પરિવત્સરાન્-હજારો વર્ષ સુધી, અવાત્સીત્-આવાસ કર્યો, તેન-તેને લીધે, નારાયણઃ-નારાયણ, નામ-નામ થયું, યત્-કારણ કે, આપઃ-જલ, પુરુષ-ઉદ્ભવાઃ-પુરુષથી-નરથી ઉત્પન્ન થયેલ છે. ૧૧.

અનુવાદ--પોતાના સરજેલા તે નારમાં-જલમાં-હજારો વર્ષ પર્યન્ત વિરાજે આવાસ કર્યો. તેથી તેમનું નામ નારાયણ પડ્યું, કારણ કે જલ પુરુષથી-નરથી ઉત્પન્ન થયેલ છે. ૧૧.

તત્ત્વસુધા—તેન નારાયણ-વિરાજ પુરુષનું નામ 'નર' છે નરમાંથી જે કાંઈ જન્મે, તેને નાર કહેવાય. નરમાંથી પ્રથમ જલ જન્મ્યું, તેથી તે જલનું નામ 'નાર' પડ્યું. તે નારમાં-જલમાં હજાર વર્ષ સુધી વિરાજ વસ્યા, તેથી વિરાજને નારાયણ કહ્યા. ૧૧.

द्रव्यं कर्म च कालश्च स्वभावो जीव एव च ।
यदनुग्रहतः सन्ति न सन्ति यदुपेक्षया ॥ १२ ॥

અન્વયાર્થ—દ્રવ્યમ્-દ્રવ્ય, ચ-અને, કર્મ-કર્મ, કાલઃ-કાલ, ચ-અને, સ્વભાવઃ-સ્વભાવ, ચ-અને, જીવઃ-જીવ, એવ-પણ, યદ્-અનુગ્રહતઃ-જેના અનુગ્રહથી, સન્તિ-છે, યદ્-ઉપેક્ષયા-જેની ઉપેક્ષાથી, ન સન્તિ-નથી. ૧૨.

અનુવાદ--દ્રવ્ય, કાળ, કર્મ, સ્વભાવ અને જીવ--એ પાંચ પદાર્થ જેના અનુગ્રહથી છે-થાય છે, પરંતુ જેની ઉદાસીનતામાં તેમની ઉત્પત્તિ થતી નથી. ૧૨.

તત્ત્વસુધા—આ પાંચ વસ્તુઓનું અસ્તિત્વ કેવલ તે વિરાજને જ અવલંબે છે. દ્રવ્ય એટલે પૃથ્વી, જલ તેજથી લઇ મહત્તત્ત્વ સુધી; કર્મ એટલે અદૃષ્ટાદિ; કાળ જે સર્વનો નિયામક છે; સ્વભાવ એટલે પ્રકૃતિનો પરિણામ સ્વભાવ; જીવ એટલે ભોકતા. આ પાંચનું અસ્તિત્વ કેવલ વિરાજને લીધે છે. ૧૨.

एको नानात्वमन्विच्छन् योगतल्पात्समुत्थितः ।
वीर्यं हिरण्मयं देवो मायया व्यसृजत् त्रिधा ॥ १३ ॥
अधिदैवमथाध्यात्ममधिभूतमिति प्रभुः ।
अथैकं पौरुषं वीर्यं त्रिधाभिद्यत तच्छृणु ॥ १४ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—યોગ-તલ્પાત્-યોગ શય્યામાંથી, સમ્-ઉત્થિતઃ-બેઠા થયેલા, એકઃ-એક સ્વરૂપ, દેવઃ-ભગવાન, નાનાત્વમ્-અનેક સ્વરૂપ વાળા, અનુ-ઇચ્છન્-થવાને ઇચ્છનારે, માયયા-માયાથી, હિરણ્મયમ્-સુવર્ણમય, વીર્યમ્-વીર્યને, ત્રિધા-ત્રણ વિભાગે, વિ-અસૃજત્-વહેંચ્યું. ૧૩. અથ-ત્યાર બાદ, પ્રભુઃ-સમર્થ પરમેશ્વર, એકં પૌરુષમ્-એક એવા પુરુષ સંબંધી, વીર્યમ્-વીર્યને, અધિદૈવમ્-અધિદૈવ, અધ્યાત્મમ્-અધ્યાત્મ, અધિભૂતમ્-અધિભૂત, ઇતિ-એ પ્રમાણે, ત્રિધા-ત્રણ પ્રકારે, અભિદ્યત-અલગ અલગ કરતા હતા, અથ-હવે, તત્-તેને, શ્રૃણુ-સાંભળો. ૧૪.

અનુવાદ—યોગ શય્યામાંથી બેઠા થયેલા એક એવા ભગવાને અનેક રૂપ વાળા થવાને વિચારતાં પોતાની માયાથી પોતાના સુવર્ણમય વીર્યને ત્રણ પ્રકારે વહેંચ્યું. ૧૩; ત્યાર બાદ સમર્થ પરમેશ્વર એક એવા પુરુષના વીર્યને, અધિદૈવ, અધ્યાત્મ, અધિભૂત એ રીતના ત્રણ પ્રકારે અલગ અલગ કરતા હતા. તેને હવે સાંભળો. ૧૪.

તત્ત્વસુધા—વાસુદેવ ભગવાનની અનેક સ્વરૂપે થવાની ઇચ્છા થઈ, ત્યારે માયા નામની પોતાની શક્તિને પ્રેરી. પોતાના બીજ સામર્થ્યના-સચ્ચિદાનંદ રૂપના ત્રણ વિભાગ કર્યા. ૧૩; ૧૪.

अन्तः शरीर आकाशात् पुरुषस्य विचेष्टतः ।
ओजः सहो बलं जज्ञे[1] ततः प्राणो महानसुः ॥ १५ ॥
अनुप्राणन्ति यं प्राणाः प्राणन्तं सर्वजन्तुषु ।
अपानन्तमपानन्ति नरदेवमिवानुगाः ॥ १६ ॥

અન્વયાર્થ—વિચેષ્ટતઃ-હિલચાલ કરનારા, પુરુષસ્ય-વિરાજ પુરુષના, અન્તઃ-શરીરે-શરીરની અંદર રહેલા, આકાશાત્-આકાશથી, ઓજઃ-ઇન્દ્રિય બળ, સહઃ-મનોબલ, બલમ્-શરીર બલ, જજ્ઞે-ઉત્પન્ન થયું, ततः-તે ત્રણ બળમાંથી, महान्-સર્વનો રાજા, असुः-સર્વોત્પાદક સમર્થ, प्राणः-પ્રાણ થયો. ૧૫.

अनुगाः-અનુગામી સેવકો, नरदेवम् इव-રાજાને જેમ, सर्व-जन्तुषु-સર્વ પ્રાણીઓના શરીરોમાં, प्राणन्तम्-સંચાર કરનારા, यम् अनु-જે પ્રાણને અનુસરીને, प्राणाः-પ્રાણો-ઇન્દ્રિયો, प्राणन्ति-હલન ચલન કરે છે, अपानन्तम्-સુસ્ત પડે છે-સૂઈ જાય છે, अपानन्ति-ત્યારે હલન ચલન બંધ કરે છે. ૧૬.

અનુવાદ—હિલચાલ કરનાર વિરાજ પુરુષના શરીરની અંદર રહેલા આકાશમાંથી ઇન્દ્રિય બળ, મનોબળ અને શરીરબળ ઉત્પન્ન થયાં. ત્યાર બાદ તે ત્રણ બળમાંથી સર્વને ઉત્પન્ન કરવાને સમર્થ રાજા સમાન એવો પ્રાણ મહાન થયો. ૧૫; જેમ રાજાના અનુચરો રાજાની પાછળ દોડે, તેમ સર્વ પ્રાણીઓના શરીરમાં સંચાર કરનારા એ મહાપ્રાણની હિલચાલ પ્રમાણે સર્વ ઇન્દ્રિયો કામ કરવા લાગે છે. અને એ જ્યારે નિવૃત્ત થાય છે, ત્યારે નિવૃત્તિ લે છે. ૧૬.

તત્ત્વસુધા—વિરાજ પુરુષના શરીરમાં આકાશ છે. એમાં હિલચાલ થાય છે, ત્યારે તે આકાશમાંથી ત્રણ પ્રકારની શક્તિઓ ઉત્પન્ન થાય છે. તે શક્તિઓને ઇન્દ્રિયબલ, મનોબલ, શરીરબલ કહેવામાં આવે છે. આ ચેષ્ટાના કરનારા નારાયણ છે. તે ત્રણે બળ એકત્રિત થયાં; ત્યાર બાદ મહાન એવો પ્રાણ થયો. એ પ્રાણ સર્વ પ્રાણીઓના શરીરમાં રહેલ રાજા જેવો છે. જેમ રાજા ગમન, આગમન, શયન એવી કોઈ હિલચાલ કરે છે કે

---

૧. પા૦ પા૦—तेजस्ततः ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તરત જ તેની તહેનાતમાં રહેલા અનુચરો તે જ ક્ષણે તેની તેની ક્રિયાએ વળગી જાય છે, તે જ પ્રકારે આ સૂત્રાત્મા મહાપ્રાણની હિલચાલને અનુલક્ષી સર્વ પ્રાણીઓના પ્રાણો, ઇન્દ્રિયો ગતિશીલ બને છે અને વિરામ પણ લે છે. ૧૫; ૧૬.

પ્રાણેન ક્ષિપતા ક્ષુત્ તૃડન્તરા જાયતે પ્રભોઃ[1] ।
પિપાસતો જક્ષતશ્ચ પ્રાઙ્મુખં નિરભિદ્યત ॥ ૧૭ ॥

મુખતસ્તાલુ નિર્ભિન્નં જિહ્વા તત્રોપજાયતે ।
તતો નાનારસો જજ્ઞે જિહ્વયા યોઽધિગમ્યતે ॥ ૧૮ ॥

અન્વયાર્થ—પ્રાણેન-પ્રાણે, ક્ષિપતા હિલચાલ કરવા માંડી કે, પ્રભોઃ-અન્તઃ-વિરાજ પ્રભુની અંદર, ક્ષુત્-તૃડ્-ભૂખ અને તરસ, આ-જાયતે-ઉત્પન્ન થાય છે, પિપાસતઃ-જલપાનની ઇચ્છા થતાં, ચ-અને, જક્ષતઃ-ભોજનની ઇચ્છા થતાં, પ્રાઙ્-પ્રથમ, મુખમ્-મુખ, નિરભિદ્યત-ઉત્પન્ન થયું. ૧૭.

મુખતઃ-મુખમાંથી, તાલુ-તાળવું, નિર્ભિન્નમ્-થયું, તત્ર-તે મુખમાં, જિહ્વા-જીભ, ઉપજાયતે-ઉત્પન્ન થઈ, તતઃ-તેમાંથી, નાનારસઃ-અનેક વિધ રસ, જજ્ઞે-ઉત્પન્ન થયો, યઃ-જે રસ, જિહ્વયા-જીહ્વાથી, અધિગમ્યતે-મેળવાય છે. ૧૮.

અનુવાદ—જ્યારે પ્રાણોએ મળીને ફેંકયા, ત્યારે તે વિરાજ પ્રભુની અંદર ક્ષુધા અને તૃષા જાગ્યાં. ત્યારે તે વિરાજને જલ પાનની અને ભોજનની ઇચ્છા થઈ. તે સમયે પ્રથમ મુખ બન્યું. ૧૭; બાદ તે મુખમાં તાળવું થયું. તે મુખમાં જીભ-રસનેન્દ્રિય થઈ. પછી તેમાંથી અનેક પ્રકારના રસ થયા, જે રસો જીહ્વાથી જાણી શકાય છે. ૧૮.

તત્ત્વસુધા—આ સત્તરમા શ્લોકથી પ્રાણ પ્રકરણ શરૂ થાય છે. તે પ્રકરણમાં, વિરાજમાં ઇન્દ્રિયો, ઇન્દ્રિયોનાં સ્થાન અને ઇન્દ્રિયોના ધર્મોની ઉત્પત્તિને વર્ણવે છે. સૌથી પ્રથમ મુખ એ જ મુખ્ય છે. તેના ઉપર સર્વ સૌન્દર્ય અને સર્વ સુખ જીવન આદિનો આધાર છે. તેથી તેની ઉત્પત્તિ પ્રથમ સંભવે એ સ્વાભાવિક છે. જ્યારે પ્રાણોએ હિલચાલ કરી મળીને દૂર ક્યાં કે તરત જ ક્ષુધા અને તૃષા જાગ્યાં. ક્ષુધા અને તૃષા એક પ્રકારનો અગ્નિ છે; એવું ઘણા માને છે; ઘણા કહે છે કે તે મૃત્યુ રૂપ છે; જ્યારે બીજા માને છે કે તે કોઈ ગરમ વસ્તુ છે. પરંતુ ખરી રીતે તો ભૂખ અને તરસ નામની બે વૃત્તિવાળા અગ્નિરૂપ ભગવાન જ છે.

પિપાસતઃ—ખાવાપીવાની વૃત્તિ થતાં જ તેના સાધન તરીકે મુખ બન્યું. તે મુખના પોલાણ ભાગમાં તાળવું રહ્યું છે. તેને વ્યવહારમાં જીહ્વા કહી છે. તે જીહ્વામાં રસનેન્દ્રિય મૂકી. રસના આવી, ત્યારે અનેક રસો થયા. જિહ્વાને તેના સ્વાદનો ખ્યાલ આવે છે. રસોમાં ભોજનના ૭ રસને લેવાના છે. શૃંગારાદિ રસ નથી સમજવાના. તાલુ-અધિષ્ઠાન; જિહ્વા-ઇન્દ્રિય; રસ-વિષય; વરુણ-દેવ-એ પ્રકારે ચારે વસ્તુઓ પ્રત્યેક ઇન્દ્રિયોમાં સમજવી. ૧૭; ૧૮.

ત્વિક્ષોર્મુખતો ભૂમ્નોર્વહ્નિર્વાગ્વ્યાહૃતં તયોઃ ।
જલે વૈ તસ્ય[2] સુચિરં નિરોધઃ સમજાયત ॥ ૧૯ ॥

નાસિકે નિરભિદ્યેતાં દોધૂયતિ નભસ્વતિ ।
તત્ર વાયુર્ગન્ધવહો ઘ્રાણો નસિ જિઘૃક્ષતઃ ॥ ૨૦ ॥

---

૧. પ્રા૦ પા૦-વિભોઃ । ૨. પ્રા૦ પા૦-સુચિરં તસ્ય ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—વિવક્ષોઃ-બોલવાને ચાહતા, મૂર્ધ્નઃ-વિરાજના, મુખતઃ-મુખથી, વહ્નિઃ-અગ્નિ દેવતા, વાગ્-વાગ્ ઇન્દ્રિય, તયોઃ-તે બન્નેનો, વ્યાહૃતમ્-વ્યવહાર-બોલવું, એ ત્રણ થયાં. તસ્ય-તેનો, વૈ-ખરેખર, જલે-જલમાં, સુચિરમ્-લાંબા સમય સુધી, નિરોધઃ-અવરોધ, સમજાયત-થયો. ૧૯.

નભસ્વતિ-પવન, જ્યારે દોધૂયતિ-જોરથી વાવા લાગ્યો, ત્યારે નાસિકે-બે નાકનાં છિદ્ર, નિર્-અભિદ્યેતામ્-પ્રકટ થયાં, તત્ર-તેમાં, જિઘૃક્ષતઃ-સૂંઘવાની ઇચ્છા થતાં, ગન્ધ-વહઃ-સુગંધને લઈ જનાર, વાયુઃ-વાયુદેવ, નસિ-નાસિકામાં, ઘ્રાણઃ-ઘ્રાણ ઇન્દ્રિય આવીને રહ્યાં. ૨૦.

અનુવાદ—જ્યારે વિરાજને બોલવાની ઇચ્છા થઈ ત્યારે અગ્નિદેવ. વાગ્ ઇન્દ્રિય અને બોલવું વિષય એ ત્રણની ઉત્પત્તિ થઈ. ત્યાર બાદ જલમાં ઘણા સમય સુધી તે રોકાયેલ રહ્યાં. ૧૯; જ્યારે ખૂબ જ વેગથી વાયુ વાવા લાગ્યો ત્યારે નાસિકા પુટનાં બે છિદ્રો થયાં અને સૂંઘવાની ઇચ્છા થતાં સુગંધને વહન કરનાર વાયુદેવ, તેમજ નાસિકામાં ઘ્રાણઇન્દ્રિય આવીને બેઠાં ૨૦

તત્ત્વસુધા—૧૭ અને ૧૮ શ્લોકોમાં મુખમાં રહેલ એક રસના ઇન્દ્રિય સંબંધી ચર્ચા કરી. ત્યાર પછી આ બે શ્લોકોમાં વાગ્ ઇન્દ્રિય અને ઘ્રાણ ઇન્દ્રિયને સ્પર્શતી ચર્ચા કરે છે

વિરાજને વેદ રૂપ વાણી બોલવાની વૃત્તિ થઈ, ત્યારે મુખમાં વાગ્ ઇન્દ્રિય બની. આથી સૂચવ્યું કે પ્રત્યેકને વેદ જેવી પવિત્ર અને તાત્વિક વાણી બોલવા માટે જ વાગ્ ઇન્દ્રિય મળી છે. અગ્નિ એના દેવ થયા. અગ્નિની ઉપાસના કરવાથી વાગ્ તેજસ્વૃદ્ધિ અને વચનસિદ્ધિ થાય છે. અગ્નિ દેવતા છે અને વાણી સ્ત્રી છે. વ્યાહૃતમ્-ભાષણ એનો વિષય બન્યો. જિહ્વા-અધિષ્ઠાન; વાગ્ ઇન્દ્રિય; અગ્નિ દેવતા; ભાષણ-વિષય એમ ચાર વસ્તુ થઈ. ૧૯.

નાસિકે વાયુમાં જ્યારે વિશિષ્ટ ગતિ થઈ, ત્યારે તેના ગમન આગમનના વ્યવહાર માટે નાસિકાનાં બે દ્વાર બન્યાં. નાસિકા અધિષ્ઠાન બન્યું; વાયુ તેના અધિષ્ઠાતા દેવ બન્યા, ઘ્રાણ ઇન્દ્રિય બની; સૂંઘવું વિષય બન્યો. ૨૦.

यदाऽऽत्मनि निरालोकमात्मानं च दिदृक्षतः ।
निर्भिन्ने ह्यक्षिणी तस्य ज्योतिश्चक्षुर्गुणग्रहः ॥ २१ ॥
बोध्यमानस्य ऋषिभिरात्मनस्तज्जिघृक्षतः ।
कर्णौ च निरभिद्येतां दिशः श्रोत्रं गुणग्रहः ॥ २२ ॥

અન્વયાર્થ—યદા-જ્યારે, આત્મનિ-વિરાજ દેહમાં, નિરાલોકમ-પ્રકાશના અભાવમાં, આત્માનમ્-પોતાને, ચ-તેમજ અન્ય વસ્તુઓને, દિદૃક્ષતઃ-દેખવાની ઇચ્છા થઈ ત્યારે, તસ્ય-તે વિરાજને, અક્ષિણી-બે નેત્રદ્વાર, નિર્ભિન્ને-ઉગ્યાં, હિ-ત્યારે, જ્યોતિઃ-તેજ-સૂર્ય, ચક્ષુઃ-ચક્ષુ ઇન્દ્રિય, ગુણ-ગ્રહઃ-રૂપ ગ્રહણ વિષય થયાં. ૨૧. ઋષિભિઃ-ઋષિઓએ, બોધ્યમાનસ્ય-સ્તુતિ કરાયેલા ગવાતા, આત્મનઃ-વિરાજને, તત્-તે સ્તોત્રને, જિઘૃક્ષતઃ-સાંભળવાની ઇચ્છા થતાં, કર્ણૌ-બે કર્ણ છિદ્ર, નિરભિદ્યેતામ્-ઉત્પન્ન થયાં ચ-અને, દિશઃ-દિશ ઓ, શ્રોત્રમ્-શ્રોત્ર ઇન્દ્રિય, ગુણ-ગ્રહઃ-શબ્દ ગ્રહણ એ વિષય થયાં. ૨૨.

અનુવાદ—જ્યારે તે વિરાજે પોતાને અને વસ્તુઓને જોવાની ઇચ્છા કરી, ત્યારે બે નેત્ર દ્વાર થયાં. તેમાં સૂર્ય દેવતા, ચક્ષુ ઇન્દ્રિય, રૂપ વિષય થયો. ૨૧; વળી ઋષિ-મહર્ષિઓએ કરેલી સ્તુતિને સાંભળવાની ઇચ્છા થતાં બે કર્ણ છિદ્ર થયાં. તેમાં શ્રોત્ર ઇન્દ્રિય, દિશા દેવતા અને શ્રવણ વિષય થયો. ૨૨.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્ત્વસુધા—યદાઽઽત્મનિ આત્મામાં પ્રકાશ ન હતો, ત્યારે પોતાને અને પદાર્થોને જોવાની ચાહના થતાં, નેત્ર અધિષ્ઠાન, ચક્ષુ ઇન્દ્રિય, સૂર્ય દેવતા, રૂપ વિષય બન્યાં. જ્યોતિઃ નો અર્થ સૂર્ય દેવ કરવો. બોધ્યમાનસ્ય—સૌને સાંભળવું ગમે છે. તેમાં સ્તુતિ સાંભળવી વધુ ગમે. ઇશ્વરે સ્તુતિ સાંભળવા માટે કાન આપ્યા છે. વિરાજને ઋષિકૃત સ્તુતિ સાંભળવાનું મન થતાં કાન થયા; દિશા શ્રોત્ર અને શબ્દગુણ બન્યા. કાન અધિષ્ઠાનઃ શ્રોત્ર ઇન્દ્રિય; દિશાઓ દેવઃ; શબ્દ વિષય એમ ચાર વસ્તુ બની. ૨૧-૨૨.

વસ્તુનો મૃદુ કાઠિન્ય લઘુ ગુર્વોષ્ણ શીતતામ્ ।
જિઘૃક્ષતસ્ત્વઙ્ નિર્ભિન્ના તસ્યાં રોમમહીરુહાઃ ॥
તત્ર ચાન્તર્બહિર્વાતસ્ત્વચા લબ્ધગુણો વૃતઃ ॥ ૨૩ ॥

અન્વયાર્થ—વસ્તુનઃ-પદાર્થની, મૃદુ-કાઠિન્ય-લઘુ-ગુરુ-ઓષ્ણ-શીતતામ્-કોમલતા-કઠિનતા-હલકાઈ-ગુરુતા-ગરમી-શીતલતા-વગેરેને, જિઘૃક્ષતઃ-જાણવાને ચાહતા, વિરાજની ત્વક્-ત્વચા, નિર્ભિન્ના-ઉત્પન્ન થઈ, તસ્યામ્-તેમાં, રોમ-મહીરુહાઃ-રોમ અને વૃક્ષો થયાં, તત્ર-ચ-તે ત્વગ્ ઇન્દ્રિયમાં, ત્વચા-ચામડીએ, લબ્ધ-ગુણઃ-મેળવેલ સ્પર્શ ગુણવાળો, અન્તઃ-અંદરનો, બહિઃ-બહારનો, વાતઃ-બે પ્રકારનો વાયુ, વૃતઃ-બન્યો. ૨૩.

અનુવાદ—વસ્તુની કોમળતા, કઠિનતા, હલકાઈ, ભારેપણું, ઉષ્ણતા, શીતલતા વગેરેને જાણવાને ચાહતા વિરાજની ત્વગ્ ઇન્દ્રિય ઉત્પન્ન થઈ. તેમાં રોમ ઇન્દ્રિય અને વૃક્ષો દેવો થયાં. તે ત્વગેન્દ્રિયમાં અંદર અને બહાર રહેનાર વાયુ પ્રગટ થયો. સ્પર્શ ગ્રહણ કરનારી ત્વચા ઇન્દ્રિય શરીરમાં ચારે બાજૂ લાગી ગઈ, જેનાથી સ્પર્શનો અનુભવ થાય છે. ૨૩.

તત્ત્વસુધા—શ્લોક ૧૭ થી ૨૨ સુધીમાં મુખના ભાગમાં રહેલી પાંચ ઇન્દ્રિયો, એના દેવો, એનાં સ્થાનો, અને એના વિષયોનું નિરૂપણ કર્યું. રસનેન્દ્રિય, વાગ ઇન્દ્રિય, ઘ્રાણ ઇન્દ્રિય ચક્ષુ ઇન્દ્રિય, શ્રોત્ર ઇન્દ્રિય-આ પાંચનું નિરૂપણ કર્યું. આ શ્લોકમાં હજી અવશિષ્ટ એક ત્વક્ નામની જ્ઞાનેન્દ્રિયનું કથન કરે છે.

ત્વક્ નામની ઇન્દ્રિય દેહના સર્વ ભાગમાં વ્યાપિની છે. ત્વક્નો અર્થ તો ચામડીજ પ્રસિદ્ધ છે. તે ચામડા સંપૂર્ણ દેહમાં છે અને સંપૂર્ણ ચામડીમાં 'રોમ' રહ્યાં છે. રોમને ઇન્દ્રિય કહી છે. વૃક્ષો એ રોમ ઇન્દ્રિયના દેવો છે. પદાર્થમાં રહેલી કોમલતા, કઠિનતા, હલકાપણું, ભારેપણું, શીતલતા અને ઉષ્મા વગેરેનું અનુસંધાન ત્વગ્ ઇન્દ્રિયથી થાય છે. વસ્તુમાં વજન અને હલકાશ એ તો ઉંચકવાથી સમજાય છે; અને અન્ય વિચારકો એને ત્વગ ઇન્દ્રિયના ધર્મ તરીકે નથી માનતા. પરંતુ વજન અને હલકાશ સ્પર્શથી જ સમજાય છે, માટે એને ત્વગિન્દ્રિયના જ વિષય તરીકે શ્રીમદ્ ભાગવતે સ્વીકારેલ છે. ત્વગિન્દ્રિયના કણ્ડૂ અને સ્પર્શ એવા બે ધર્મ છે. કણ્ડૂ એટલે દેહમાં આવતી ચળ. જે બહારનો સ્પર્શ છે, એને ચળ-કંડુ કહે છે. અંદરનો સ્પર્શ થાય છે તેને લોમ કહે છે. ત્વગ્ અધિષ્ઠાનઃ લોમ ઇન્દ્રિયઃ વાયુ-દેવતા; સ્પર્શ વિષય છે. ગુર્વુષ્ણ-એવો પાઠ છે, તે છાંદસ સમજવો. ઓષ્ણ માં આ+ઉષ્ણ મળીને ઓષ્ણ શબ્દ થયો છે. ૨૩.

જ્ઞાનેન્દ્રિય પ્રકરણ પૂર્ણ કરી કર્મેન્દ્રિય પ્રકરણનો પ્રારંભ કરે છે:-

હસ્તૌ રુરુહતુસ્તસ્ય નાનાકર્મચિકીર્ષયા ।
તયોસ્તુ [1]બલમિન્દ્રશ્ચ આદાનમુભયાશ્રયમ્ ॥ ૨૪ ॥

૧. પ્રા૰ પા૰-બલવાનિન્દ્ર આદાઃ ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

गतिं जिगीषतः पादौ रुरुहातेऽभिकामिकाम् ।
पद्भ्यां यज्ञः स्वयं हव्यं कर्मभिः क्रियते नृभिः[1] ॥ २५ ॥

અન્વયાર્થ—**નાના-કર્મ-ચિકીર્ષયા**-અનેક કર્મ કરવાની ઇચ્છાથી, **તસ્ય**-તે વિરાજને, **હસ્તૌ**-બે હસ્ત, **રુરુહતુઃ**-ઉત્પન્ન થયા, **તયોઃ તુ**-તે બે હાથના, **બલમ્**-બલ ઇન્દ્રિય, **ઇન્દ્રઃ**-ઇન્દ્ર દેવ થયા; **ચ-ઉભય-આશ્રયમ્**-બન્ને હસ્તનો આશ્રય કરીને રહેલ, **આદાનમ્**-ગ્રહણ કરવું-પકડવું, એ વિષય થયો. ૨૪.

અભિકામિકામ-ઇચ્છાનુસાર, **ગતિમ**-ગમનને, **જિગીષતઃ**-મેળવવાને ચાહનાર વિરાજને, **પાદૌ**-બે પગ **રુરુહાતે**-ઉગ્યા-ઉત્પન્ન થયા, **પદ્ભ્યામ્**-બન્ને પગની સાથે, **સ્વયં યજ્ઞઃ**-સ્વયં યજ્ઞ-વિષ્ણુ દેવ થયા, **નૃભિઃ**-મનુષ્ય દ્વારા, **કર્મભિઃ**-ચાલવાની ક્રિયા વડે, **હવ્યમ્**-યજ્ઞ સામગ્રી, **ક્રિયતે**-મેળવાય છે. ૨૫.

અનુવાદ—વિરાજને વિવિધ પ્રકારનાં કાર્ય કરવાની ઇચ્છા થઈ. ત્યારે બે હસ્તો ઉત્પન્ન થયા. તે બન્ને હસ્તમાં ઇન્દ્ર દેવ વસ્યા. બલ ઇન્દ્રિય થઈ, વસ્તુઓને બન્ને હસ્તથી ગ્રહણ કરવી એ વિષય થયો. ૨૪. વિરાજને ઇચ્છાનુસાર ગમન કરવાનું મન થયું, ત્યારે બે પગ ઉગ્યા. બન્ને પગના યજ્ઞ-વિષ્ણુ ભગવાન થયા. મનુષ્યો બન્ને પગે ચાલી હુત દ્રવ્યાદિ લાવવાની ક્રિયાઓ દ્વારા યજ્ઞ કરે છે. ૨૫.

તત્ત્વસુધા—**હસ્તૌ**- ક્રિયાઓ તો અસંખ્ય છે. હાથ હજારો ક્રિયાઓને કરેછે અને કરશે; પરંતુ યજ્ઞ અને સેવાને સ્પર્શતી ક્રિયાઓ વાસ્તવિક ક્રિયાઓ છે. વિરાજને યજ્ઞ કરવાની વૃત્તિ થઇ, ત્યારે તેને બે હાથ ઉગ્યા. ઇન્દ્ર એના દેવ બન્યા પાણિ-બળ ઇન્દ્રિય બન્યું. વસ્તુઓ પકડવી એ એનો વિષય બન્યો. ૨૪.

ગતિમ્- યથેચ્છ ગમન એ પગનું મનુષ્યને માથે મોટું ઋણ છે. 'વિષ્ણુ-યજ્ઞ ભગવાન' એના દેવ ગણાયા. ગતિ એ તો ચાર પગવાળાઓમાં હોય છે; પરંતુ બે પગની ગતિ વધુ સ્વતંત્ર અને સર્વત્ર હોઇ શકે છે. પગ દ્વારા યજ્ઞની સામગ્રી લેવા જવાય. તેમાંથી 'હવ્ય' પુરોડાશનાં દ્રવ્ય લાવી શકાય. તે પુરોડાશથી અગ્નિને તૃપ્ત કરાય, અને તે યજ્ઞના અદૃષ્ટ દ્વારા સ્વર્ગાદિ લોકમાં જવાની શક્તિ મળે છે. પાણિ અને પાદ નામની બે ક્રિયા-ઇન્દ્રિયનું નિરૂપણ કર્યું, ૧૯મા શ્લોકમાં 'વાગ્' નામની કર્મેન્દ્રિયનું નિરૂપણ કર્યું હતું; તેથી વાક્-પાણિ-પાદ નામની ત્રણ કર્મેન્દ્રિયનું નિરૂપણ પૂર્ણ થયું. હવે બે ઇન્દ્રિય બાકી રહી તેનું વર્ણન આરંભે છે. ૨૫.

निरभिद्यत शिश्नो वै प्रजानन्दामृतार्थिनः ।
उपस्थ आसीत् कामानां प्रियं तदुभयाश्रयम् ॥ २६ ॥
उत्सिसृक्षोर्धातुमलं निरभिद्यत वै गुदम् ।
ततः पायुस्ततो मित्र उत्सर्ग उभयाश्रयः ॥ २७ ॥

અન્વયાર્થ—**પ્રજા-આનન્દ-અમૃત-અર્થિનઃ**-પ્રજા-આનન્દ અને અમૃતની અભિલાષવાળા વિરાજને, **વૈ**-ખરેખર, **શિશ્નઃ**-જનનેન્દ્રિયનું સ્થાન થયું; અને **ઉભય-આશ્રયમ્**-બન્નેને આધીન એવું, **કામાનામ્**-કામ સુખોનું, **તત્-પ્રિયમ્**-તે પ્રિય સંપાદન, **ઉપસ્થઃ**-જનનેન્દ્રિય, **આસીત્**-ઉત્પન્ન થયું. ૨૬.

ધાતુમલમ્-ધાતુમાં રહેલા મળને-વિકારને, **ઉત્-સિસૃક્ષોઃ**-ત્યજવાને ચાહતા વિરાજને, **વૈ**-ખરેખર, **ગુદમ્**-અપાન દ્વાર, **નિરભિદ્યત**-ઉત્પન્ન થયું, **તતઃ**-તે દ્વારથી **પાયુઃ**-પાયુ નામની ઇન્દ્રિય, **તતઃ**-ત્યાર પછી, **મિત્રઃ**-મિત્ર નામના દેવ, **ઉભય-આશ્રયઃ**-ઉભયનો આશ્રય કરીને રહેનાર, **ઉત્સર્ગઃ**-મલત્યાગ વિષય થયો. ૨૭.

---

૧. પ્રા૦ પા૦ – ત્રિભિઃ ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—સંતાન પ્રાપ્તિ, આનંદ, અમૃત પ્રાપ્તિ કરવાની ઇચ્છા થતાં જનનેન્દ્રિય સ્થાન ઉદ્ભવ પામ્યું તેમાં ઉપસ્થ નામની ઇન્દ્રિય થઈ, પ્રજાપતિ દેવ થયા અને ઇન્દ્રિય અને દેવતા ઉભયના આશ્રયથી થતું પ્રિય એવું કામ સુખ વિષય થયો. ૨૬; ધાતુઓમાં રહેલા મળને બહાર કાઢવા ચાહતા વિરાજને અપાનદ્વારની ઉત્પત્તિ થઈ. તેમાં 'પાયુ' નામની ઇન્દ્રિય થઈ. મિત્ર નામના અધિષ્ઠાતા દેવ થયા. ઇન્દ્રિય અને દેવના આશ્રયે મળત્યાગ વિષય થયો. ૨૭.

તત્ત્વસુધા—નિરભિદ્યત- સંતાન પ્રાપ્તિ એ કામના નથી, પરંતુ ધર્મના આદેશનું પાલન છે. પ્રજા, આનંદ રૂપ અમૃત એ એની અભિલાષા વિરાજને થઈ. 'પ્રજા' શબ્દ પુત્ર-પુત્રી ઉભય પ્રકારના સંતાનને માટે વપરાય છે ગૃહસ્થ જીવનમાં એ એનો ઉપયોગ છે. કન્યાદાનથી પિતૃઓને નિરતિશય પ્રાપ્તિ મળે છે. પુત્રે આપેલ શ્રાદ્ધાંજલિ દ્વારા મોક્ષ મળે છે. માટે સંતાન પ્રાપ્તિ એ ધર્મ છે. એ કાર્યના આશયથી વિરાજને 'શિશ્ન'—જનનેન્દ્રિય ગોલક ઉત્પન્ન થયું. પ્રજા, આનંદરૂપ અમૃત એવાં બે ફળ શિશ્ન દ્વારા મળે છે. પ્રજા એટલે સંતાન પ્રાપ્તિ કરી પિતૃઓની અને પોતાની સદ્ગતિ મેળવવી; વળી ઉર્ધ્વરેતસ બની આત્માનંદ રૂપ અમૃતની—મોક્ષની પ્રાપ્તિ કરવી. ૨૬.

ઉત્સિસૃક્ષોઃ- શરીરમાં જડતા, પ્રમાદ, કામ ભોગેચ્છા વગેરે વિકારો પેદા થાય છે, તેનું કારણ કે સપ્ત ધાતુઓમાં મળ વસેલા છે. તેના પરિણામે તે તે કામાદિ વિકારો થાય છે. માટે તે મળ બહાર કાઢવાનું દ્વાર અપાન દ્વાર થયું. ભોજનના પદાર્થોમાંનો રસ સપ્ત ધાતુઓમાં રહે એને અસાર ભાગ—મળ—બહાર કાઢવામાં આવે. તે માટે ઇન્દ્રિય આવશ્યક છે. અપાનદ્વાર—સ્થાન; પાયુ—ઇન્દ્રિય; મિત્ર—દેવ; વિસર્ગ—વિષય થયો. ૨૭.

આસિસૃપ્સોઃ[1] પુરઃ પુર્યા નાભિદ્વારમપાનતઃ ।
તત્રાપાનસ્તતો મૃત્યુઃ પૃથક્ત્વમુભયાશ્રયમ્ ॥ ૨૮ ॥
આદિત્સોરન્નપાનાનામાસન્ કુક્ષ્યન્ત્રનાડયઃ ।
નદ્યઃ સમુદ્રાશ્ચ તયોસ્તુષ્ટિઃ પુષ્ટિસ્તદાશ્રયે ॥ ૨૯ ॥
નિદિધ્યાસોરાત્મમાયાં હૃદયં નિરભિદ્યત ।
તતો મનસ્તતશ્ચન્દ્રઃ[2] સઙ્કલ્પઃ કામ એવ ચ ॥ ૩૦ ॥

અન્વયાર્થ—પૂર્યાઃ-એક શરીરમાંથી, પુરઃ-અન્ય શરીરમાં, આસિસૃપ્સોઃ-પ્રવેશને ચાહતા વિરાજને, નાભિદ્વારમ-નાભિદ્વાર થયું. તત્ર-ત્યાં, અપાનઃ-અપાન વાયુ થયો, ततः-ત્યાર બાદ, अपानतः-અપાનથી, મૃત્યુઃ-મૃત્યુ નામના અધિષ્ઠાતા દેવ થયા, પૃથક્ત્વમ-શરીરથી અલગ થવું-શરીર ત્યાગ, उभय-आश्रयम-પ્રાણ-અપાન ઉભયના આશ્રયથી છે. ૨૮. अन्न-पानानाम-ખાનપાનના પદાર્થોને, आदित्सोः-ગ્રહણ કરવાની ઇચ્છાવાળા વિરાજની, कुक्षि-अन्त्र-नाडयः-ઉદર, આંતરડાં, નાડીઓ, आसन्-ઉત્પન્ન થઈ, च-અને, तयोः-કુક્ષિ અને નાડીઓના, नद्यः-નદીઓ, समुद्राः-સમુદ્રો દેવતા થયા, तुष्टिः-તુષ્ટિ ક્ષુધા શાંતિ અને पुष्टिः-પુષ્ટિ-રસથી શરીર પુષ્ટિ એ બે उभय-आश्रये-ઇન્દ્રિય અને દેવતાને આધિન છે. ૨૯.

आत्म-मायाम-પોતાની માયાને, निदिध्यासोः-વિચારવાને ચાહતા-વિરાજને, हृदयम-હૃદય, निरभिद्यत-પ્રકટ થયું. ततः-તે હૃદયથી, मनः-મન અને, चन्द्रः-ચન્દ્ર દેવ થયા; તે બેથી सकल्पः-સંકલ્પ, च एव-અને વળી, कामः-કામ ઉત્પન્ન થયો. ૩૦.

૧. પ્રા૦ પા૦—आसिसृक्षोः-इति वल्लभाचार्याः । ૨. પ્રા૦ પા૦-मनश्चन्द्र इति ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુવાદ—એક દેહ છોડી બીજા દેહને પ્રાપ્ત કરવા ચાહતા વિરાજને નાભિ દ્વાર થયું. ત્યાંથી અપાન અને મૃત્યુદેવતા એ બે પ્રગટ થયાં. અપાન અને પ્રાણનો વિયોગ મૃત્યુ કહેવાય છે. ૨૮: જ્યારે વિરાજને ખાનપાનના પદાર્થોને ગ્રહણ કરવાની ઇચ્છા થઈ, ત્યારે મુખ, આંતરડાં અને નાડીઓ ઉત્પન્ન થઈ. સાથે સાથે મુખના દેવતા સમુદ્રો અને નાડીઓના દેવતા નદીઓ થયા. તુષ્ટ અને પુષ્ટિ એ બન્નેના આશ્રિત વિષય થયા. ૨૯: આત્મમાયાનું ધ્યાન કરવાને વિચારતાં વિરાજને હૃદય થયું. તેનાથી મન થયું અને ચન્દ્ર દેવ થયા. સંકલ્પ અને કામ તે બેમાંથી જન્મ્યા. ૩૦.

તત્ત્વસુધા—૨૭ શ્લોક સુધીમાં ૫ જ્ઞાનેન્દ્રિય, ૫ કર્મેન્દ્રિયની ઉત્પત્તિ વર્ણવી. તેનાં નવ દ્વાર કહ્યાં. દશ ઇન્દ્રિયોમાં ત્રણને દ્વાર નથી; બેનું એક દ્વાર છે; ત્રણને બબ્બે દ્વાર છે. આમ દ્વાર નવ અને ઇન્દ્રિયો દશ છે. એ વિષયની ચર્ચા કરી હવે પ્રાણ નિયમનની ચર્ચા ૨૮મા શ્લોકથી આરંભે છે.

आत्तसृष्टोः—દેહાંતર પ્રાપ્તિ તો થવાની. કર્મફલ ભોગ અવશિષ્ટ હોય એટલે પુનર્દેહ પ્રાપ્તિ થવાની. વળી યોગની શક્તિ દ્વારા પરકાય પ્રવેશ પણ થાય છે. તેથી તેને જવા માટે દ્વાર તો જોઈએ. તે દ્વારની ઉત્પત્તિ થઇ; તેનું નામ 'નાભિ દ્વાર' પડ્યું. જેમ શરીરમાંથી મળને બહાર જવા માટે અપાન દ્વાર હતું, તેમ 'દેહ' પણ એક પ્રકારનો આખા જીવનમાં થયેલ એક મળ છે, તે દેહ-મળનો ત્યાગ કરવો રહ્યો. તેના ત્યાગનું સ્થાન નાભિ દ્વાર બન્યું

તાત્પર્ય તો એ છે કે ભગવાને 'बहुस्याम्' હું અનેક બનું, એવો જ્યારે સંકલ્પ કર્યો, ત્યારે જીવને એક શરીર મળ્યું છે, તે મુખ્ય છે. ત્યાર બાદ તેને બીજા અન્નમય શરીરો મળ્યાં કરે છે. તે શરીરોને ઉત્પત્તિ થાય ત્યારે સ્વીકારે, મરણ સમયે છોડે. તેનો ઉત્પાદક પ્રાણ છે અને અપાન મારક છે. પ્રાણ અપાનને આધારે તો આ દેહ છે. પ્રાણ અપાનનો વિયોગ થાય તે મરણ છે. તેમાં અપાન ઇન્દ્રિય છે; મૃત્યુ દેવતા છે; દેહનો ત્યાગ વિષય છે. ૨૮.

आदित्सोः—આ શરીરનું અવલંબન તો અન્નપાન છે. તેના દ્વારા દેહ ટકે છે. તે અન્નપાન કયાં મૂકવાં ? તેના આધારમાં ઉદર, આંતરડાં, નાડીઓની રચના કરી. ઉદર-કુક્ષિ એ ગોલક સ્થાન છે. આંતરડાં અન્ન રાખનાર ઇન્દ્રિયો છે. નાડીઓ જળને ધારણ કરવા માટે છે. મુખ અને આંતરડાના દેવ સમુદ્રો છે. નદીઓ નાડીના દેવતાઓ છે. ૨૯

आत्ममायाम्— આવું સુંદર શરીર બન્યું. જેમાં ઇન્દ્રિયો, પ્રાણ આદિની સંકલના કરી. ત્યાર બાદ એ વિરાજને માયા કેવી છે, એવું જાણવાની ઉત્કંઠા થાય, એ સ્વાભાવિક છે. ત્યારે હૃદયની રચના થઈ. હૃદય એ તો ગોલક સ્થાન બન્યું. મન નામની ઇન્દ્રિય થઈ. ચન્દ્ર તેના અધિષ્ઠાતા દેવ થયા. તેના સંકલ્પ અને કામ નામના બે ધર્મો થયા. સંકલ્પ જ્ઞાનાત્મક છે; કામ ક્રિયાત્મક છે. ૩૦

त्वक्चर्ममांसरुधिर मेदो मज्जास्थिधातवः ।
भूम्यप्तेजोमयाः सप्त प्राणो व्योमाम्बुवायुभिः ॥ ३१ ॥

અન્વયાર્થ—त्वक्-चर्म-मांस-रुधिर-मेदः-मज्जा-अस्थि-धातवः—ત્વક્, ચર્મ, માંસ, રુધિર, મેદ, મજ્જા, અસ્થિ એ સાત ધાતુઓ, **भूमि-अप्-तेजोमयाः**—પૃથ્વી, જલ અને તેજ રૂપ છે; **प्राणः**—પ્રાણ, **व्योम-अम्बु-वायुभिः**—આકાશ, જલ, વાયુમય છે. ૩૧.

અનુવાદ—ત્વક્, ચર્મ, માંસ, રુધિર, મેદ, મજ્જા અને અસ્થિ આ સાત ધાતુઓ પૃથ્વી, જલ અને તેજરૂપ છે; જ્યારે પ્રાણ એ આકાશ, જલ અને વાયુ એ ત્રણમય છે. ૩૧.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્ત્વસુધા—**સપ્તધાતવઃ**—સાત ધાતુઓ ત્રણ વસ્તુઓમાંથી બને છે. તેથી તે પૃથ્વી, જલ અને તેજ સુવ્યવસ્થિત રીતે લેવાં જોઇએ. **ત્વક્** એ અંદરની ચામડીનું નામ છે. ચર્મ ઉપરની ચામડી જાડી છે. રૂધિર થયા પછીથી માંસ બને છે, પરંતુ છન્દ રચનામાં અનુકૂલતાને કારણે પ્રથમ ગણાવે છે. મેદ શરીરની સ્થૂલતાને કરનાર છે. મજ્જા અસ્થિની અંદરનો ભાગ છે. સ્નાયુનો મેદની અંદર અંતર્ભાવ થાય છે. તે અસ્થિના આવરણ રૂપ છે. **પ્રાણઃ**—પ્રાણ એ આકાશ-જલ-વાયુમય છે. તેથી તે ત્રણ ખૂબજ વિશુદ્ધ અને સશાસ્ત્ર રીતે લેવાં ૩૧.

[1]**गुणात्मकानीन्द्रियाणि भूतादिप्रभवा गुणाः ।**
मनः सर्वविकारात्मा बुद्धिर्विज्ञानरूपिणी ॥ ३२ ॥

અન્વયાર્થ—**ઇન્દ્રિયાણિ**—દશેદશ ઇન્દ્રિયો, **ગુણ-આત્મકાનિ**—ત્રિગુણાત્મક છે, અથવા શબ્દ-સ્પર્શ આદિ વિષયાત્મક છે, **ગુણાઃ**—ત્રણ ગુણો, અથવા શબ્દ-સ્પર્શ-રૂપ-રસ-ગંધ ગુણો, **ભૂતાદિ-પ્રભવાઃ**—અહંકારમાંથી ઉત્પન્ન થયા છે, **મનઃ**—મન, **સર્વ-વિકાર-આત્મા**—સર્વ વિકારોનું ઉત્પત્તિ સ્થાન છે—સર્વ વિકાર રૂપ છે, **બુદ્ધિઃ**—બુદ્ધિ, **વિજ્ઞાન-રૂપિણી**—વિવિધ જ્ઞાનને દેનારી છે—વિજ્ઞાનરૂપા છે. ૩૨.

અનુવાદ—**દશે દશ ઇન્દ્રિયો ત્રિગુણાત્મક છે અથવા શબ્દ, સ્પર્શ આદિ વિષયોને ગ્રહણ કરનારી છે. અહંકારમાંથી ત્રણે ગુણો અથવા શબ્દાદિ સર્વ વિષયો ઉત્પન્ન થયા છે. મન સર્વ વિકાર રૂપ છે અને બુદ્ધિ વિજ્ઞાનમયી છે.** ૩૨.

તત્ત્વસુધા—**ઇન્દ્રિયાણિ**—તત્ત્વચિંતકો આ શ્લોકને અલગ રીતે રજુ કરે છે. તેઓમાં એક માને છે કે આ દશ ઇન્દ્રિયો દશ પ્રકારના વિષયોને ગ્રહણ કરે છે. શ્રીમદ્ વલ્લભ પ્રભુ કહે છે કે આ ઇન્દ્રિયો ત્રિગુણાત્મક છે, માટે જ્ઞાન, કર્મ, ભક્તિનો ઉપદેશ થાય છે.

ભૂતાદિ પ્રભવાઃ—ગુણો અહંકારમાંથી જન્મ્યા છે. ભૂતાદિઃ એટલે અહંકાર. ભૂતાદિનો અર્થ અહંકાર એ રીતે થાય છે કે પંચભૂતના, પંચતન્માત્રાના ને આદિમાં જે છે તેનું નામ ભૂતાદિ. તે અહંકાર પણ ત્રિગુણાત્મક છે. **મનઃ** મન પણ ત્રિગુણાત્મક છે, તેમજ વિકારમય છે; જ્યારે બુદ્ધિ ત્રણ પ્રકારની છે, પરંતુ વિજ્ઞાનમયી છે. ૩૨

एतद् भगवतो रूपं स्थूलं ते व्याहृतं मया ।
महा दिभिश्चावरणैरष्टभिर्बहिरावृतम् ॥ ३३ ॥

અન્વયાર્થ—**એતત્ ચ**—અને આ, **મહી-આદિભિઃ**—પૃથ્વી વગેરે, **અષ્ટભિઃ**—આઠ પ્રકારનાં, **બહિઃ**—બહારનાં, **આવરણૈઃ**—આવરણોથી, **આવૃતમ્**—આવૃત થયેલું, **ભગવતઃ**—ભગવાનનું, **સ્થૂલમ્**—સ્થૂલ-વિરાટ્, **રૂપમ્**—રૂપને, **મયા**—મેં, **તે**—રાજા-તમને, **વ્યાહૃતમ્**—કહ્યું. ૩૩.

અનુવાદ—**રાજન્! પૃથ્વી જલ, તેજ, વાયુ, આકાશ, અહંકાર, મહત્તત્ત્વ અને પ્રકૃતિ-એ નામનાં બહારનાં આઠ આવરણોથી આવૃત ભગવાનનું જે રૂપ મેં તમને કહ્યું તે ભગવાનનું સ્થૂલ-વિરાટ્ રૂપ છે.** ૩૩.

अतः परं सूक्ष्ममव्यक्तं निर्विशेषणम् ।
अनादिमध्यनिधनं नित्यं वाङ्मनसः परम् ॥ ३४ ॥

---

૧. પ્રા૦ પા૦—ભૂતાત્મ૦ ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—અતઃ-આ વિરાટથી, પરમ્-અન્ય એક, સૂક્ષ્મતમમ્-અતિ સૂક્ષ્મ, અવ્યક્તમ્-સ્પષ્ટ ન દેખાતું-અવ્યક્ત, નિર્વિશેષણમ્-વિશેષણ રહિત, અનાદિ-મધ્ય-નિધનમ્-આદિ-મધ્ય-અંત રહિત, નિત્યમ્-નિત્ય, વાચ્ય મનસઃ-વાણી અને મનના વિષયથી, પરમ્-પર એવું સ્વરૂપ છે. ૩૪.

અનુવાદ—આ જે સ્થૂલ રૂપ કહ્યું, તેનાથી બીજું એક ભગવાનનું અતિ સૂક્ષ્મ રૂપ છે, જે અવ્યક્ત છે-એટલે આંખે દેખાતું નથી, કોઈ પણ વિશેષણ વિનાનું છે, આદિ મધ્ય કે અન્તથી રહિત છે, નિત્ય છે; મન અને વાણીના વિષયથી તે પર છે. ૩૪.

તત્ત્વસુધા—૩૩મા શ્લોકમાં ઉપસંહાર કરીને કહ્યું કે જે વિરાજનું વર્ણન કર્યું, તે તેના અધિકારોને અનુસરીને વર્ણવ્યું છે; પરંતુ જે ભગવાનનું વ્યાપક-જ્ઞાનાત્મક સ્વરૂપ છે, તેને આ ઈન્દ્રિયો, વાણી, મન, બુદ્ધિ સ્પર્શી ન શકે તેવું છે. કેવલ ભગવાનની ઈચ્છાથી સમજી શકાય છે. રાજન! એ સ્વરૂપને પામવા ઘણાય પ્રયત્ન કરે છે, છતાં નથી સમજાતું. ૩૪.

अमुनी भगवद्रूपे मया ते अनुवर्णिते ।
उभे अपि न गृह्णन्ति मायासृष्टे विपश्चितः ॥ ३५ ॥

અન્વયાર્થ—અમુની-આ બે, ભગવદ્-રૂપે-ભગવાનનાં સ્વરૂપો, મયા-મેં, તે-તમને, અનુવર્ણિતે-કહી સંભળાવ્યાં-વર્ણવ્યાં, ઉભે-અપિ-એ બન્નેય, માયા-સૃષ્ટે-માયા રચિત છે, વિપશ્ચિતઃ-વિદ્વાન પુરુષો: ન ગૃહ્ણન્તિ સ્વીકાર કરતા નથી. ૩૫.

અનુવાદ—આ બે ભગવાનનાં સ્વરૂપો તમને કહી સંભળાવ્યાં, એ બન્ને સ્વરૂપો માયા રચિત છે, એમ જાણી વિદ્વજ્જનો તે બન્ને સ્વરૂપને ગ્રહણ નથી કરતા. ૩૫.

તત્ત્વસુધા:—ભગવાનનાં આ બે સ્થૂલ અને સૂક્ષ્મ સ્વરૂપો છે. રાજન! મેં તમારી પાસે વર્ણવ્યાં ખરાં, પરંતુ ભક્તજનો તે બન્ને માટે પ્રયત્ન નથી કરતા. તેઓ તો ભગવત્કૃપાથી સાક્ષાત સ્વરૂપને જાણે છે. ૩૫.

स वाच्यवाचकतया भगवान् ब्रह्मरूपधृक् ।
नामरूपक्रिया धत्ते सकर्माकर्मकः परः ॥ ३६ ॥

અન્વયાર્થ—સઃ-તે, ભગવાન્-ભગવાન, વાચ્ય-વાચકતયા-વાચ્ય અને વાચક રૂપે-શબ્દ અને અર્થ રૂપે, બ્રહ્મ-રૂપ-ધૃક્-બ્રહ્મના સ્વરૂપને ધારણ કરીને, નામ-રૂપ-ક્રિયાઃ-નામ રૂપ અને ક્રિયાઓને, ધત્તે-ધારણ કરે છે, તે ભગવાન સકર્મા-સકર્મક પણ છે, અકર્મક-અકર્મક પણ છે અને પરઃ-તે બન્નેથી જુદા પણ છે. ૩૬.

અનુવાદ—તે ભગવાન અનામરૂપ છે, છતાં બ્રાહ્મજીનું રૂપ લઈને, વાચ્ય વાચક રૂપ થઇને નામ, રૂપ અને ક્રિયાઓને ધારણ કરે છે. તે સકર્મક, અકર્મક અને સર્વના નિયામક તેનાથી જુદા પણ થાય છે. ૩૬.

તત્ત્વસુધા—તે ભગવાન શબ્દ અને અર્થરૂપ એટલે વાચ્ય વાચક રૂપ થયા. નામ અને રૂપ ન હતાં, છતાં નામ રૂપ વાળા બન્યા. અકર્મા બને છે, છતાં સકર્મા બને છે, છતાં તે સર્વના નિયામક છે. તેમજ તેથી પર પણ છે. ૩૬.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

प्रजापतीन् मनून् देवान् ऋषीन् पितृगणान् पृथक् ।
सिद्धचारणगन्धर्वान् [1]विद्याध्रासुरगुह्यकान् ॥ ३७ ॥
किन्नराप्सरसो नागान् सर्पान् किंपुरुषानपि[2] ।
मातृ रक्षः पिशाचांश्च प्रेतभूतविनायकान् ॥ ३८ ॥
कूष्माण्डोन्मादवेतालान्यातुधान्ग्रहानपि ।
खगान् मृगान् पशून् वृक्षान् गिरीन्नरीसरीसृपान् ।
द्विविधा श्चतुर्विधा येऽन्ये जलस्थल नभौकसः ॥ ३९ ॥

अन्वयार्थ—नृप-राजन ! प्रजापतीन्-प्रजापतीओने, मनून्-मनुओने, देवान्-देवोने, ऋषीन्-ऋषिओने, पितृगणान्-पितृगणोने, सिद्ध-चारण-गन्धर्वान्-सिद्ध-चारण-गन्धर्वोने, विद्याध्र-असुर-गुह्यकान्-विद्याधर-असुर-यक्षोने, पृथक्-जुदा जुदा स्वरूपे. ३७. किन्नर-अप्सरसः-नागान्-किन्नरो-अप्सराओ-नागो, सर्पान्-सर्पोने, किंपुरुषान्-किंपुरुषोने, अपि पण, मातृ-रक्षः-पिशाचान्-माता, राक्षस, पिशाचोने, च-अने, प्रेत-भूत-विनायकान्-प्रेत-भूत विनायकोने. ३८.

कूष्माण्ड-उन्माद-वेतालान्-कूष्मांड, उन्माद, वेताळने, यातुधानान्-यातुधानोने, ग्रहान्-ग्रहोने, अपि-पण, खगान्-पंखीओने मृगान्-मृगोने, पशून्-पशुओने, वृक्षान्-वृक्षोने, गिरीन्-पर्वतोने, सरी-सृपान्-पेटे चालनारां, च अने, द्विविधाः-बे प्रकारनां-चर अने अचर, चतुर्विधाः-चार प्रकारना, ये-जे, अन्ये-बीजा, जल-स्थल-नभ-ओकसः-जलचर, थलचर, नभचर वासीओने धारण करे छे. ३९.

अनुवाद—प्रजापतिओ, मनुओ, देवो, ऋषिओ, पितृगणो, सिद्धो, चारणो, गांधर्वो, विद्याधरो, असुरो, गुह्यको, किन्नरो, अप्सराओ, नागो, सर्पो, किंपुरुषो, मातृकाओ, राक्षसो, पिशाचो, प्रेतो, भूत विनायको, कूष्मांडो, उन्माद, वेताळो, यातुधानो, ग्रहो, पक्षीओ, मृगो, पशुओ, वृक्षो, पर्वतो, पेटे चालनारां, चर अने अचर એવા બે પ્રકાર અને ચાર પ્રકારવાળા, જળચર, સ્થળચર, અને નભચર વગેરેનાં નામ-રૂપ અને ક્રિયાઓને ધારણ કરે છે. ३७; ३८; ३९.

तत्वसुधा—૩૬મા શ્લોકમાં એક વાત કહી કે અનામરૂપ ભગવાન ત્રિગુણાત્મક બની નામ-રૂપ-ક્રિયાઓને સ્વીકારે છે. તેના આ સર્વ મુખ્ય મુખ્ય નામો આપ્યા છે. (૧) પ્રજાપ્રતિથી લઈ ગુહ્યક સુધીના ૧૧ સત્વગુણ ના અપકર્ષો છે. (૨) કિન્નરથી લઈ વિનાયક સુધી ૧૧ રાજસ છે. (૩) કૂષ્માંડથી લઈ સરીસૃપાન (પેટે ચાલનારાં) સુધીના ૧૧ તામસ છે.

द्विविधाः- એટલે સ્થાવર અને જંગમ એવા બે પ્રકારના પ્રાણીઓ, चतुर्विधाः- જરાયુજ, સ્વેદજ, અંડજ, ઉદ્ભિજ્જ એવા ચાર પ્રકારના, જેઓ જલવાસી, ભૂતલવાસી કે આકાશ નિવાસી છે; તેમાં પણ જે જલવાસી છે, તે રાજસ છે, સ્થલવાસી સાત્વિક છે અને આકાશવાસી તામસ છે. ૩૭; ૩૮; ૩૯.

कुशलाकुशला मिश्राः कर्मणां गतयस्त्विमाः ।
सत्त्वं रजस्तम इति तिस्रः सुरनृनारकाः ॥ ४० ॥

---

१. विद्याध्रासुर-इति श्री वल्लभपाठः । २. प्रा० पा०-किंपुरुषोरगान्

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્વયાર્થ—કર્મણામ્-કર્મોની, ગતયઃ-ગતિઓ, તુ કુશલા-અકુશલા-ઉત્તમ-અધમ, શુભ-અશુભ, મિશ્રાઃ-મિશ્ર-મધ્યમ, ઇમાઃ-આ, સુર-નૃ-નારકાઃ-દેવ-મનુષ્ય-નારક એવી સત્ત્વમ્-રજઃ-તમઃ-ઇતિ-સત્વ, રજ અને તમો ગુણવાળી, ત્રિધાઃ-ત્રણ પ્રકારની છે. ૪૦.

અનુવાદ—કર્મોની ગતિ ત્રણ પ્રકારની છે. કુશળ, અકુશળ અને મિશ્ર એવા ત્રણ ભેદ છે. સત્ત્વ કુશળ, તમ અકુશળ અને રજ મિશ્ર ગતિ છે. તે કર્મો દેવો મનુષ્યો અને નારક એવા ૩૫ બને છે. ૪૦.

તત્ત્વસુધા—સાત્વિક કર્મનું ફળ કુશળ, તેના પરિણામે સાત્વિક દેવ યોનિ; રાજસ કર્મનું ફળ મિશ્ર, તેના પરિણામે મનુષ્ય યોનિ; તામસ કર્મનું ફળ અકુશળ, તેના પરિણામે નારક યોનિ; આવા ત્રણ કર્મોથી ત્રણ પ્રકારની ગતિઓ બને છે. પરંતુ અવાંતર અસંખ્ય બને છે, તે નીચેના શ્લોકથી વર્ણવે છે. ૪૦.

તત્રાપ્યેકૈકશો રાજન્ ભિદ્યન્તે ગતયસ્ત્રિધા ।
યદૈકૈકતરોઽન્યાભ્યાં સ્વભાવ ઉપહન્યતે ॥ ૪૧ ॥

અન્વયાર્થ—રાજન્-રાજન ! યદા-જ્યારે, એક-એકતરઃ-તે પૈકીમાંથી કોઈ એકનો એક, સ્વભાવઃ-ગુણ-સ્વભાવ, અન્યાભ્યામ્-બે ગુણોથી, ઉપહન્યતે-દબાવાય છે-આક્રાન્ત થાય છે, ત્યારે તત્રાપિ-તે ત્રણેમાં પણ, એકૈકશઃ-એક એકની, ગતયઃ-ગતિઓ, ત્રિધા-ત્રણ પ્રકારે, ભિદ્યન્તે-અનેક ભેદ વાળી બને છે. ૪૧.

અનુવાદ—રાજન ! જ્યારે તે ત્રણ ગુણો પૈકીમાંથી કોઈ એક ગુણ, બીજા ગુણોથી અભિભૂત થાય-દબાવાય છે, ત્યારે તે ત્રણેમાંથી એક એકની ગતિ અનેક પ્રકારના ભેદવાળી બને છે. ૪૧.

તત્ત્વસુધા—ત્રણ ગુણોમાંથી કોઈ એક ગુણ, જ્યારે બીજા બે ગુણો જોર પકડે, ત્યારે તે ગૌણ બની જાય છે. આ રીતે ત્રણે ગુણોમાં બન્યાં જ કરે છે. તેના પરિણામે ત્રણ ત્રણ ગુણોના સામાન્ય ભેદથી નવ પ્રકાર થાય પરંતુ પરિણામે તો અસંખ્ય બની જાય છે. ૪૧.

સ એવેદં જગદ્ધાતા ભગવાન્ ધર્મરૂપધૃક્ ।
પુષ્ણાતિ સ્થાપયન્ વિશ્વં[1] તિર્યઙ્નરસુરાત્મભિઃ[2] ॥ ૪૨ ॥

અન્વયાર્થ—ધર્મ-રૂપ-ધૃક્-ધર્મના રૂપને ધારણ કરનાર, જગદ્-ધાતા-જગતના ધાતા, સઃ-એવ-તે જ, ભગવાન્-ભગવાન, તિર્યઙ્-નર-સુર-આત્મભિઃ-પશુ, પંખી, મનુષ્ય, દેવાદિ અવતારોથી, ઇદં વિશ્વમ્-આ વિશ્વને-સંભાળતા, પુષ્ણાતિ-પોષે છે. ૪૨.

અનુવાદ—ધર્મના રૂપને ધારણ કરનાર, જગતના વિધાતા, તે ભગવાન પશુ પંખી, મનુષ્ય, દેવાદિ અવતારો ધારણ કરીને આ વિશ્વને સંભાળે છે અને પોષે છે. ૪૨.

તત્ત્વસુધા—સુવ્યવસ્થા ભગવાનને અતિ પ્રિય છે. સુવ્યવસ્થા ભગવાનની કલા સૃષ્ટિનું સૌન્દર્ય છે. જ્યારે તેનો પલટો થઈ અવ્યવસ્થા વધે છે અને સૃષ્ટિ કદરૂપ બને છે, ત્યારે પ્રસંગોચિત આકારો સ્વીકારવા પડે છે. જ્યારે જે જે વિશ્વકલ્યાણ ધર્મની આવશ્યકતા લાગે, ત્યારે તે ધર્મ પ્રચુર અવતાર સ્વીકારે. તિર્યઙ્- વરાહ, હંસાદિ

---

૧. શ્રી વ. આ. પાઠઃ- નિત્યં । ૨. પ્રા૦ પા૦-સુરાદિભિઃ ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અવતાર જે કર્મ અને જ્ઞાન સંરક્ષણ માટે થાય છે. નર- શ્રી રામાદિ અવતાર જે સમાજમાં મર્યાદા સ્થાપવા માટે આવે છે. સુર- વામનાદિ અવતાર જે વિશ્વમાં સંતોષ લાવવા માટે થાય છે, શ્રીમદ્ વલ્લભ પ્રભુ નિત્યમ્ પાઠ સ્વીકારે છે. પોષણ ક્રિયા પ્રભુની નિત્ય છે, એમ કહેવાનું તેમાં તાત્પર્ય છે. ૪૨.

ततः कालाग्निरुद्रात्मा यत्सृष्टमिदमात्मनः ।
सन्नियच्छति कालेन घनानीकमिवानलः ॥ ४३ ॥

અન્વયાર્થ—ततः-ત્યાર બાદ, अनिलः-પવન, घन-अनीकम्-इव-મેઘ સમૂહને જેમ, काल-अग्नि-रुद्र-आत्मा-કાલ-અગ્નિ-રુદ્રાદિ રૂપે, आत्मनः-પોતાના, यत्-જે, इदम्-આ, सृष्टम्-સર્જેલું છે, તેને कालेन-કાલ દ્વારા, सन्नियच्छति-સંહારે છે. ૪૩.

અનુવાદ—પછી ભગવાન પ્રલય કાળના અગ્નિરૂપ-રુદ્રરૂપ ધારણ કરીને પોતાના સર્જેલા આ વિશ્વને, જેમ મેઘના સમુદાયને પવન પળવારમાં ઉડાવે, તેમ નાશ કરી દે છે. ૪૩.

તત્ત્વસુધા—અવ્યવસ્થાને દૂર કરવા માટે અવતારોથી પ્રયત્ન કર્યા પછી પણ જો તે અવ્યવસ્થા કાયમ જ રહે છે, તો પછી ધરતીકંપ, અગ્નિપ્રલય આદિ રુદ્ર રૂપો લઈને વિશ્વનું વિસર્જન કરે છે. आत्मनः सृष्टम्- પોતાનું સર્જન હોવા છતાં તેના વિસર્જનમાં વિલંબ કે મોહ નથી થતો. પવનને જેમ શ્રમ નથી પડતો અને વાદળાં વિખેરી આકાશને નિર્મલ બનાવે છે, તેમ ભગવાન વિશ્વને નિર્મલ બનાવે છે. ૪૩.

इत्थं भावेन कथितो भगवान् भगवत्तमैः[1] ।
नेत्थं भावेन हि परं द्रष्टुमर्हन्ति सूरयः ॥ ४४ ॥

नास्य कर्मणि[2] जन्मादौ परस्यानुविधीयते ।
कर्तृत्वप्रतिषेधार्थं माययारोपितं हि तत् ॥ ४५ ॥

અન્વયાર્થ—भगवत्तमैः-ભગવદીય શ્રેષ્ઠોએ, भगवान्-ભગવાન, इत्थं भावेन-આ પ્રમાણે, कथितः-વર્ણવ્યા છે, परं-પરંતુ, सूरयः-જ્ઞાનીઓએ, इत्थं भावेन-એવી રીતે, द्रष्टुम्-જોવાને, न अर्हन्ति-યોગ્ય નથી. ૪૪; अस्य-આ, परस्य-પરમેશ્વરના, जन्म-आदौ-જન્મ લેવા વગેરે, कर्मणि-કર્મમાં, न अनुविधीयते-કર્તા તરીકેનો અનુવાદ કરવામાં આવે છે-કર્તૃત્વ સંબંધનું વિધાન થતું નથી. कर्तृत्व-प्रतिषेध-अर्थम्-કર્તા તરીકેના નિષેધને સિદ્ધ કરવા માટે, तत्-તે કર્તાપણું, मायया-માયાથી, आरोपितम्-આરોપ્યું છે. ૪૫.

અનુવાદ—રાજન ! પરમ ભગવદીય જનોએ અચિન્ત્ય ઐશ્વર્યશાલી ભગવાનને આ રીતે વર્ણવ્યા છે; પરંતુ વિદ્વજ્જનો એવી રીતે ભગવાનને જોવાને યોગ્ય નથી. ૪૪; સર્વથી શ્રેષ્ઠ એવા આ ભગવાનમાં જન્માદિ લઈ કર્મ કરવાં, એ તો કેવલ અનુવાદ છે, પરંતુ કર્તા તરીકેના સંબંધનું વિધાન નથી. જો કર્તાપણાનો તેમાં આરોપ ન કરે તો કર્તૃત્વ નિષેધ કેમ થઈ શકે ? માટે કર્માદિનો માયાથી આરોપ છે. ૪૫.

૧, भगवत्तमाः-इति श्री व. आ. पा. । ૨, कर्माणि-इति श्री. व. आ. पा. ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્ત્વસુધા—પરીક્ષિત રાજા તો પ્રારંભિક જિજ્ઞાસુ છે. એમને આ પ્રકારે સમજાવવાની આવશ્યકતા હતી. તેથી 'શાખા ચન્દ્ર ન્યાય' થી ભગવાનનો નિર્દેશ કર્યો છે. પરંતુ ચન્દ્ર કાંઇ ઝાડની ટોચે નથી હોતો, કેવલ તેની શિખા ઉપર દેખાડાય છે, એટલુ જ છે; ચન્દ્ર તો તેથી પણ દૂર છે. તેમ ભગવાનને જો આ રીતે ઓળખાવાય, તો જ ભગવાનના યથાર્થ સ્વરૂપને સમજી શકે. અવતારાદિ સ્વીકાર અને અનેક વિધ કર્મ આદિનું વિધાન—એ તો ભગવાનમાં કર્તૃત્વનો નિષેધ કરવા પુરતું છે.

શ્રીમદ્ આચાર્યચરણ ભગવત્તમાઃ એવા સંબોધન વાળા પાઠને સ્વીકારે છે; કારણકે જ્યારે શ્રીશુકાચાર્યજી ભગવાનનો આ રીતે રાજાને પરિચય આપતા હતા, ત્યારે તત્ત્વજ્ઞ પુરુષો સતર્ક નજરે જોઈ રહ્યા હતા. તેમને થયું કે પરબ્રહ્મનું આ રીતે નિરૂપણ સર્વજ્ઞ શુકદેવજી કેમ કરતા હશે ? તે સમયે તેમની સાશંક નજરને લક્ષમાં લઈ સંબોધન કર્યું કે પરમ ભગવદીય જનો ! આ નિરૂપણથી પણ આગળ બીજુ નિરૂપણ આવશે, તેને આપે સમજવાનું છે. આ તો પ્રારંભિક બોધપાઠ છે, અથવા ઉપોદ્ઘાત છે. ૪૪; ૪૫.

अयं तु ब्रह्मणः कल्पः सविकल्प उदाहृतः ।
विधिः साधारणो यत्र सर्गाः प्राकृतवैकृताः ॥ ४६ ॥

અન્વયાર્થ—**अयम्**–**तु**–આ તો, **सविकल्पः**–અવાંતર કલ્પ સાથે, **ब्रह्मणः**–**कल्पः**–બ્રહ્માજીનો કલ્પ, **उदाहृतः**–કહ્યો, **यत्र**–જ્યાં, **प्राकृत**–**वैकृताः**–પ્રાકૃત અને વૈકૃત, **सर्गाः**–સર્ગો થયા છે, આ **साधारणः**–સર્વ સામાન્ય, **विधिः**–પદ્ધતિ છે. ૪૬.

અનુવાદ—રાજન ! આ મેં અવાંતર કલ્પ સાથે બ્રહ્માજીના મહાકલ્પનું વર્ણન કર્યું, જેમાં પ્રાકૃત, વૈકૃત અનેક સર્ગો રહેલા છે. સર્વ કલ્પોમાં આ પ્રકારે એક સરખો સૃષ્ટિ ક્રમ છે. ૪૬.

તત્ત્વસુધા— પ્રસંગનો ઉપસંહાર કરતાં શ્રી શુકદેવજી કહે છે, આ તમારી પાસે સર્વ સામાન્ય એવો સૃષ્ટિ ક્રમ વર્ણવ્યો છે. સર્વ કલ્પોમાં સૃષ્ટિ ક્રમ આ રીતે એક સરખો જ હોય છે; ફરક એટલો જ કે મહાકલ્પના પ્રારંભમાં પ્રકૃતિ તત્ત્વથી આરંભી ક્રમે કરી મહત્ તત્ત્વ, અહંકાર, આદિની ઉત્પત્તિ થાય છે; અને કલ્પોના આરંભમાં 'પ્રાકૃત સૃષ્ટિ' તો જોવીને તેવી જ હોય છે; માત્ર ચરાચર પ્રાણીઓની નવીન સૃષ્ટિ થાય છે,

अयं तु– પરંતુ આ શ્લોકમાં શુક મુનિ તુ અવ્યય કોઈ તફાવત બતાવવા વાપરે છે. સર્વ મહાકલ્પોમાં સૃષ્ટિ ક્રમ તો એક સરખોજ હોય છે; પરંતુ આ બ્રાહ્મ કલ્પમાં ભગવાન સ્વયં જગદ્રૂપ બન્યા છે. આ સિવાયના અન્ય મહાકલ્પોમાં તો માયા વડે સર્વ બને છે. આ બ્રાહ્મ કલ્પમાં જ ભગવાનની દશવિધ લીલાઓ હોય છે, જ્યારે અન્ય મહાકલ્પોમાં વિષમ રીતે હોય છે. આ મહાકલ્પોની વચમાં રહેલ તફાવત કહ્યો.

હવે મહાકલ્પ અને અવાંતર કલ્પમાં એક નાનો ફરક છે. તે એ છે કે મહાકલ્પમાં પ્રાકૃત સર્ગાદિ થાય છે. જ્યારે અવાંતર કલ્પમાં પ્રાકૃત સર્ગ તો તેવો ને તેવો જ છે, તેનો લય નથી થતો, માટે વૈકૃત સર્ગથી સૃષ્ટિ શરૂ થાય છે. તત્ત્વોત્પત્તિ ક્રમ તો સર્વ કલ્પોમાં એક સરખો જ છે.

કલ્પોની ગણના સ્કંધ પુરાણના પ્રભાસ ખંડમાં આ રીતે આપી છે:—

કલ્પ એટલે બ્રહ્માનો દિવસ. એવા બ્રહ્માના ત્રીસ દિવસ–ત્રીસ કલ્પો થાય. તેનાં જુદાં જુદાં નામો છે–૧૫મા કલ્પે–કૌર્મ કલ્પે બ્રહ્માજીની પૂર્ણિમા આવે અને ૩૦મા કલ્પે પિતૃકલ્પે બ્રહ્માજીની અમાવાસ્યા આવે છે, (૧) શ્વેતકલ્પ. (૨) નીલ લોહિત. (૩) વામદેવ. (૪) ગાથાન્તર. (૫) રૌરવ. (૬) પ્રાણ. (૭) બૃહત્કલ્પ. (૮) કન્દર્પ. (૯) સત્ય. (૧૦) ઈશાન. (૧૧) ધ્યાન. (૧૨) સારસ્વત. (૧૩) ઉદાન. (૧૪) ગરુડ. (૧૫) કૌર્મ. (૧૬) નારસિંહ. (૧૭) સમાધિ. (૧૮) આગ્નેય. (૧૯) વિષ્ણુ. (૨૦) સૌર. (૨૧) સોમકલ્પ. (૨૨) લોવન. (૨૩) સુપુમાન.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

(२४) वैकुंठ. (२५) अर्चिष. (२६) वक्षीक. (२७) वैराज. (२८) गौरी. (२९) माहेश्वर. (३०) पितृकल्प श्वेत कल्प એજ શ્વેત વારાહ કલ્પ અથવા વરાહ કલ્પ છે. બ્રહ્માની ઉત્પત્તિ સમયે એને જ બ્રાહ્મકલ્પ તરીકે કહેવામાં આવે છે. પિતૃકલ્પ જે ત્રીશમો કલ્પ છે, તેજ પાદ્મ કલ્પ છે. તે સમયે પદ્મ નિર્મિત લોક હોવાથી પાદ્મ કલ્પ કહેવાય છે. ૪૬.

परिमाणं च कालस्य कल्पलक्षणविग्रहम् ।
यथा पुरस्ताद् व्याख्यास्ये पाद्मं कल्पमथो[1] शृणु ॥ ४७ ॥

અન્વયાર્થ—कालस्य-કાલનાં, परिमाणम्-પરિમાણને, च-અને, कल्प-लक्षण-विग्रहम्-કલ્પોના લક્ષણ અને વિભાગને, यथा-पुरस्तात्-ક્રમાનુસાર આગળ, व्याख्यास्ये-વર્ણવીશ, अथो-હવે પછી, पाद्मम्-પાદ્મકલ્પને, शृणु-સાંભળો. ૪૭.

અનુવાદ—કાળનું પરિમાણ અને કલ્પનું લક્ષણ તેમજ તેનું સ્વરૂપ તે સર્વ આગળ ક્રમાનુસાર કહીશ. હાલ તો પાદ્મકલ્પ સાંભળો. ૪૭.

તત્ત્વસુધા—રાજાએ અનેક પ્રશ્નો પૂછ્યા હતા. તે સંબંધમાં જો શ્રી શુકમુનિ ખુલાસો ન કરે, તો રાજાને વ્યગ્રતા રહે. તેથી શ્રી શુકાચાર્ય સ્પષ્ટતા કરે છે. "રાજન્! તમારા પ્રશ્નોનાં ઉત્તર ક્રમશઃ આપીશ."

कालस्य परिमाणम्-પરમાણુ કાલથી આરંભી એ પરાર્ધ સુધીનો જે કાળ છે' તેનું પરિમાણ વગરે આગળ ત્રીજા સ્કંધમાં ક્રમવાર વર્ણવશે. च અવ્યય હોવાથી તેનું કાર્ય પણ આગળ વર્ણવશે. कल्प लक्षण-કલ્પનાં લક્ષણો એટલે ચાર યુગોના કેવા ધર્મો કેવા લક્ષણોથી સમજી શકાય, તે પણ વર્ણવશે. कल्प विग्रह-કલ્પનું શરીર એટલે ૪ વર્ષનો કૃતયુગ, એ રીતે અન્ય યુગોનું કથન પણ તૃતીય સ્કંધમાં આગળ કહેશે. આ સર્વ બાબતો વિસ્તારથી પાદ્મ કલ્પમાં આવેલ છે, માટે પાદ્મ કલ્પનું વર્ણન ખરી રીતે રાજાના પ્રશ્નના ઉત્તર તરીકે જ છે.

સંભવ છે કે આ વર્ણન કરતાં પ્રથમ દિવસનો સાયંકાલ થઇ ગયેલ લાગે છે. તેથી રાજાને અથો અવ્યય કહી બીજા દિવસે વિસ્તારથી વર્ણવીશ, એમ શ્રી શુકાચાર્ય સૂચવે છે. ૪૭.

शौनक उवाच—यदाह नो भवान्[2] सूत क्षत्ता भागवतोत्तमः ।
चचार तीर्थानि भुवस्त्यक्त्वा बन्धून्[3] सुदुस्त्यजान् ॥ ४८ ॥
कुत्र कौषारवेस्तस्य संवादोऽध्यात्मसंश्रितः[4] ।
यद्वा स भगवांस्तस्मै पृष्टस्तत्त्वमुवाच ह ॥ ४९ ॥
ब्रूहि नस्तदिदं सौम्य विदुरस्य विचेष्टितम् ।
बन्धुत्यागनिमित्तं च तथैवागतवान् पुनः ॥ ५० ॥

અન્વયાર્થ—सूत-સૂતજી! भवान्-આપે, नः-અમને, यत्-જે, आह-કહ્યું કે, भागवत-उत्तमः-પરમ ભાગવતીય, क्षत्ता-વિદુરજી, दुस्त्यजान्-દુસ્ત્યજ-ન છોડી શકાય એવા, बन्धून्-બંધુઓને, त्यक्त्वा-ત્યજીને, भुवः-પૃથ્વીની, तीर्थानि-તીર્થયાત્રાને, चचार-આચરતા હતા. ૪૮. तस्य-તે વિદુરજીનો, कौषारवेः-કૌષારવ સાથે-મૈત્રેય મુનિની સાથે, अध्यात्म-संश्रितः-અધ્યાત્મ વિષયનો-તત્ત્વજ્ઞાન સંબંધમો,

१. प्रा० पा०-कल्पमिमं । २. व० पा०-भगवान् । ३. प्रा० पा०-कृत्स्नं च दुस्त्यजम् । ४. प्रा० पा०-संश्रयः

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સંવાદઃ-સંવાદ, કુત્ર-ક્યાં થયો ? વા-અથવા તો પૃષ્ટઃ-શ્રી વિદુરજીથી પૂછાયેલ, સઃ-તે પ્રસિદ્ધ, ભગવાન્-મૈત્રેય ઋષિ, યત્-જે તત્ત્વને, તસ્મૈ-તેમને, ઉવાચ-કહી ગયા, હ-ખરેખર. ૪૯. સૌમ્ય-સૌમ્ય ! સૂત મુનિ ! તત્ત્વ ઇદમ્-તે આ તત્ત્વજ્ઞાન, બ્રૂહિ-અમને કૃપા કરી કહો, તેમજ વિદુરસ્ય-શ્રી વિદુરજીનું, વિચેષ્ટિતમ્-સુચરિત, ચ-અને, બન્ધુ-ત્યાગ-નિમિત્તમ્-બન્ધુઓના ત્યાગનું કારણ, તથા એવ-તેમજ, પુનઃ-પાછા, આગતવાન્-પધારવું થયું, તે સર્વ પણ નઃ-અમને, બ્રૂહિ-કહો. ૫૦.

અનુવાદ—મહર્ષિ શૌનકે કહ્યું--શ્રી સૂતજી ! આપે અમને કહ્યું હતું કે પરમ ભગવદીય શ્રી વિદુરજીએ કઠિનતાએ છોડી શકાય એવા પોતાના કુટુંબી જનોને ત્યજ્યા અને પૃથ્વીના અનેક તીર્થોએ વિચર્યા. ૪૮; તે તીર્થયાત્રામાં વિદુરજીનો ભગવાન મૈત્રેય ઋષિજી સાથે તત્ત્વ-જ્ઞાન સંબંધનો વાર્તાલાપ ક્યાં થયો ? વળી વિદુરજીના કરેલા પ્રશ્નોના ઉત્તરમાં મૈત્રેય મહર્ષિએ શો ઉપદેશ કર્યો તે કહો. ૪૯; સૌમ્યમૂર્તિ શ્રીસૂતજી ! શ્રીવિદુરજીનું સુચરિત સંભળાવો. પોતાના બન્ધુ જનોને કેમ ત્યજ્યા, તે કહો; તેમજ પાછા હસ્તિનાપુરમાં કેમ પધાર્યા તે પણ કહો. ૫૦.

તત્ત્વસુધા—શ્રીશુકાચાર્ય અને રાજર્ષિ પરીક્ષિતને કથા પ્રસંગમાં પ્રથમ દિવસનો સાંયંકાલ થઇ ગયેલ હોવાથી દ્વિતીય દિન ઉપર સત્સંગ વિરામ પામ્યો; પરંતુ આ સૂતજીના મુખના કથા શ્રવણમાં તન્મય મહર્ષિ વૃન્દને અને શૌનક ઋષિને તો કથા સમયમાં સાયંકાલ થવા નથી આવ્યો. એથી ઋષિવર્યને લાગ્યું કે શ્રી સૂત મુનિજી પણ કથા વિરામ તો નહિ કરે ને ! તેઓને તેની વ્યગ્રતા થઇ આવી એટલે એકાએક સમાધિમાંથી જાગ્રત થાય તેમ કથા સમાધિમાં જાગ્રત થઇને પ્રશ્ન પૂછવા લાગ્યા કે આપે પ્રથમ સ્કંધના ૧૩મા અધ્યાયમાં કહ્યું હતું કે વિદુરજીએ કેટલાક પ્રશ્નો મૈત્રેય મહર્ષિને કરેલા. તેમાંથી થોડા જ પ્રશ્નોના ઉત્તરથી વિદુરજીએ સંતોષ અનુભવ્યો. તો સૂત મુનિ ! એ આખો પ્રસંગ આપ અમને કહેવા કૃપા કરશો. એમ કહી તૃતીય સ્કંધના ઉપક્રમ માટેનો પ્રસ્તાવ મૂકે છે.

ગ્રન્થ રચનાની એ એક વિજય સિદ્ધિ છે કે એક પ્રકરણની સમાપ્તિમાં બીજા પ્રકરણની ઉત્પત્તિ, જિજ્ઞાસા વૃત્તિ અને રસ સમાધિ એ ત્રણેય શ્રોતૃવૃન્દમાં અને વાચક વૃન્દમાં મૂકવાં જોઇએ જ. શ્રી વ્યાસ મહર્ષિને આ સિદ્ધિ કરગત છે. તેમજ ગ્રન્થની સંકલના પણ વ્યવસ્થિત રજૂ થવી જોઇએ. એ આશયથી આ ૪૮, ૪૯ અને ૫૦ શ્લોકો શરૂ થાય છે.

શ્લોક ૪૮ મો યદાહ નો ભવાન્ અને યદાહ ભગવાન્ એવા બે પાઠથી શરૂ થાય છે. જો ભવાન્ એવો પાઠ લઇએ તો ભવાન્ નો અર્થ સૂતજી થાય. પરંતુ ભગવાન્ પાઠ લેતાં તે શબ્દ શ્રીમૈત્રેય મહર્ષિને લાગુ પડે છે. વક્તાને માટે 'ભગવાન' શબ્દ સર્વજ્ઞતાની યોગ્યતા માટે વપરાય છે.

ક્ષત્તા ભાગવતોત્તમઃ-આ બે શબ્દો વિદુરજી માટે છે. ક્ષત્તા એટલે જિતેન્દ્રિય અને ભાગવતોત્તમ એટલે વૈષ્ણવ શ્રેષ્ઠ પુરુષ મનાય. 'જિતેન્દ્રિય અને પરમ ભગવદીય' કદિ કોઇનો ત્યાગ ન કરે. એ તો આન્તર વિરાગ સાથે અનુરાગ કરી શકે છે. છતાં જો વિદુરજી કુટુંબી જનોનો ત્યાગ કરે છે તો તેમાં અવશ્ય મહત્ત્વ હશે. એ સમજવા માટે વિદુરજીને બે વિશેષણો આપ્યાં છે. ૪૮.

કુત્ર કૌષારવે--ક્યાં વાર્તા પ્રસંગ થયો, એ સૂચન કરતું કુત્ર અવ્યય છે. તેમાં 'કથા સ્થાન' પૂછ્યું છે. જો કદાચ તે કથા સાંભળવા તે સ્થાને જવું પડે તો તે પણ અમારી તત્પરતા છે. સત્સંગ જે પ્રદેશમાં સંભવે છે, તે સ્થાનમાં તેનું મંગલ વાતાવરણ ગુંજન રહે છે. જો કથા ત્યાં સાંભળવામાં આવે તો 'ચિત્તપ્રસાદ' પુષ્કળ શીઘ્ર થાય છે. તસ્ય સર્વનામ વિદુરજીને માટે પણ ઘટે છે અને મૈત્રેય ઋષિ માટે પણ છે. બન્ને પ્રસિદ્ધ પુરુષો છે એવો એકજ અર્થ સૂચવવા માટે છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કૌષારવિની વ્યુત્પત્તિ અને અર્થ એવાં થાય છે કે કુષારોઃ અપત્યં પુત્રઃ કૌષારવિ અથવા કૌષારવ-હે સૂતજી કૃપારૂ ઋષિના પુત્ર શ્રી મૈત્રેય મુનિ અને વિદુરજીનો જે 'અધ્યાત્મ' સંવાદ હોય તે વર્ણવો.

યદ્વા- આ 'વા' અવ્યયથી પૂર્વ કથનમાં જરા અસંતોષ દર્શાવે છે કે ભગવત્કથામાં સંવાદ શબ્દ ન સંભવે, કારણ કે સંવાદ એટલે તો વાર્તાલાપ એવો અર્થ થાય. કથામાં શ્રવણ અને પ્રશ્ન પૃચ્છા સંભવે, વાર્તાલાપ તો ન હોય; તેથી કહે છે કે પૃષ્ટઃ જે પ્રશ્નો પૂછ્યા તેનો ઉપદેશ જે ઉત્તરમાં મળ્યો તે કહો. સંત જન, ગુરુજન પાસે સંક્ષેપમાં પ્રશ્ન કરી વિરામ લેવો, તો તેના ઉત્તરમાં શ્રીરામ, શ્રીશ્યામ અને રસધામ મળે. ૪૯

સૌમ્ય-શાંત સાત્વિક વૃત્તિવાળા વક્તા જોઈએ. શ્રોતાની પ્રશ્નાવલી, અણસમજ, અસ્થિર વૃત્તિ આદિથી ન અકળાતાં, તે સર્વને પોતાની સાત્વિકતામયી સમાધિથી સમાધિસ્થ અને સ્થિરચિત્ત બનાવી દે. માટે 'સૌમ્ય' સંબોધન છે. વિચેષ્ટિતમ્-સંતનું સુચરિત એ તો ભૂતલ ઉપરની 'અમૃત પરબ'-સુધા પ્રપા છે. તેથી તેને પણ પૂછે છે. વ્યુત્થાન-"ત્યાગ વિના વિરાગ નહિ, વિરાગ વિના હરિ કથા શ્રવણાનુરાગ નહિ; અને ત્યાગ હરિ-ગુરુચરણ પરાગ વિના અને કૃપા પ્રસાદ વિના નહિ."-તો વિદુરજીને ત્યાગવૃત્તિ શી રીતે થઈ! તેનું કારણ કહો. પુનરાગતવાન્-વિરકત પુનઃ ગૃહમાં ન આવે, તો વિદુરજીનું તો પુનરાગમન સાંભળ્યું છે. તો સંત વિવેકી વિદુરજી કેમ પુનઃ પરત થયા? તે પણ કહો. ૫૦

સૂત ઉવાચ—રાજ્ઞા પરીક્ષિતા પૃષ્ટો યદવોચત્ મહામુનિઃ ।
તદ્વોઽભિધાસ્યે શૃણુત રાજ્ઞઃ પ્રશ્નાનુસારતઃ ॥ ૫૧ ॥

અન્વયાર્થ—**સૂત ઉવાચ**-શ્રી સૂત મુનિએ કહ્યું કે, **રાજ્ઞા**-રાજા, **પરીક્ષિતા**-પરીક્ષિતથી, **પૃષ્ટઃ**-પૂછાયેલા, **મહામુનિઃ**-મહામુનિ શ્રીશુકદેવ, **યત્**-જે, **અવોચત્**-કહી ગયા, **તત્**-તે, **રાજ્ઞઃ**-રાજાના, **પ્રશ્ન-અનુસારતઃ**-પ્રશ્નોને અનુસરીને, **વઃ**-આપ સર્વને, **અભિધાસ્યે**-વર્ણવીશ, **શૃણુત**-આપ સાંભળો. ૫૧.

અનુવાદ—**મહર્ષિ સૂતે કહ્યું**—**મુનિવરો! શ્રી પરીક્ષિત રાજાએ શ્રીશુકાચાર્યજીને જે પૂછ્યું અને એના ઉત્તરમાં શ્રી શુકદેવજીએ જે કહ્યું; તે રાજાના પ્રશ્નોને અનુસરીને આપ સર્વને કહીશ; આપ સાંભળો. ૫૧.**

તત્ત્વસુધા—હૃદયના સ્વરથ અને ચિત્તના સ્વચ્છ શાંત મુનિ શ્રીસૂત પ્રસન્ન વદને મુનિ વૃન્દને હરિરસ પીરસતાં બોલ્યા કે આપ સર્વ એકાગ્ર મનના થઈ સાંભળો. જે પ્રશ્ન આપે મને પૂછ્યો છે, તેવો જ પ્રશ્ન શ્રીશુકદેવજીના તૃતીય સ્કંધના પ્રથમ અધ્યાયના બે શ્લોકોને સાંભળીને રાજાએ કરેલ ત્યારે-

યદવોચત્ મહામુનિઃ-સર્વદા મનનશીલ 'મહામુનિ શ્રીશુકાચાર્ય જે ઉત્તર આપે છે, તે જ હું તમને કહીશ. કારણ કે અનેક તત્ત્વવિદ્જનો પારીક્ષિત અધિવેશનમાં બિરાજેલા, અનેક અનેક પ્રશ્નો કરેલા. તે સર્વ મેં સાંભળેલા; પરંતુ શ્રીશુકાચાર્યે રાજાના પ્રશ્નોને જે રીતે ન્યાય આપ્યો છે, તે પ્રસંગ ક્રમબદ્ધ આપને સંભળાવીશ. મેં આપની પાસે પ્રથમ સ્કંધમાં જ પ્રતિજ્ઞા કરી છે. સોઽહં વઃ શ્રાવયિષ્યામિ-હું આપ સર્વને સંતોષ થાય ત્યાં સુધી હરિરસ પીરસીશ; માટે આપ અત્યંત પ્રસન્નતાથી સાંભળવા કૃપા કરશો એવી સાંજલિ સાનુનય વિજ્ઞપ્તિ છે. ૫૧.

શ્રીમદ્ ભાગવત દ્વિતીય સ્કંધની તત્ત્વસુધા ટીકાનો
દશમો અધ્યાય સંપૂર્ણ

દ્વિતીય સ્કંધઃ સંપૂર્ણ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કુસુમાંજલી.

ज्ञानं पुराणनिगमागमनीति शास्त्रैः
स्याद्वा गुरोश्चरणयोश्चरितस्य विष्णोः ।
संसेवनैः सुचरिता – चरणाश्रयेण
तच्छ्री द्वितीय नमन श्रवणेन मेऽस्तु ॥

થાતો, પુરાણ નિગમાગમ નીતિશાસ્ત્રે,
કે કૃષ્ણનાં ચરિત સદ્‌ગુરુ પાદ સેવે,
ને સંતના ચરણ સેવનથી સુબોધ
તે શ્રી દ્વિતીય નમને શ્રવણે મળો, સૌ.

વેદ, પુરાણ, ધર્મ, નીતિ વગેરે શાસ્ત્રોના શ્રવણથી, ભગવદ્‌લીલા શ્રવણથી, સદ્‌ગુરુપાદ સેવનથી અને સંતના આચરણ તેમજ ચરણના આશ્રયથી જે બોધ મળે, તે બોધ કેવલ જ્ઞાનાત્મક એવા ભગવાનના વામ ચરણારવિંદના નમનથી અને શ્રીમદ્‌ ભાગવતજીના જ્ઞાનમય દ્વિતીય સ્કંધના શ્રવણથી મળો.

श्रीमद् भागवतनी तत्त्वसुधा टीकानो
द्वितीय स्कंध संपूर्ण.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રીમદ્ ભાગવત તત્ત્વસુધા–પ્રથમ સ્કંધની શ્લોકાનુક્રમણિકા

શ્લોક	અધ્યાય	શ્લોકાંક	પૃષ્ઠ
અ			
અગ્નિર્નિસૃષ્ટો	૧૩	૨૩	૩૯૦
અઙ્ગુષ્ઠમાત્રમ્	૧૨	૮	૩૭૨
અજાતશત્રુઃકૃત	૧૩	૩૦	૩૯૩
અજાતશત્રુઃપૃતનાં	૧૦	૩૨	૩૫૧
અતઃપરં	૩	૩૨	૨૨૧
અતઃપુમ્ભિઃ	૨	૧૩	૨૦૨
અતઃપૃચ્છામિ	૧૯	૩૭	૫૩૨
અતો વૈ	૨	૨૨	૨૦૪
અત્રિર્વસિષ્ઠઃ	૧૯	૯	૫૧૭
અથ તં સુખમ	૫	૧	૨૩૭
અથ તે	૮	૧	૨૮૯
અથ દૂરાગતાન્	૧૦	૩૩	૩૫૨
અથવા દેવમાયાયા	૧૭	૨૩	૪૭૪
અથ વિશ્વેશ	૮	૪૧	૩૦૬
અથાઽઽખ્યાહિ	૧	૧૮	૧૯૩
અથાઽઽજગામ	૧૩	૩૭	૩૯૬
અથાઽપિ બત	૪	૩૦	૨૩૫
અથાપિ યત્પાદ–	૧૮	૨૧	૪૯૬
અથાઽઽત્રિંશત્	૧૧	૩૦	૩૬૪
અથાસૌ	૩	૨૫	૨૧૮
અથેહ ધન્યા	૩	૩૯	૨૨૪
અથૈતાનિ ન સેવેત	૧૭	૪૧	૪૮૨
અથોદીચીં દિશં	૧૩	૨૭	૩૯૧
અથોપસ્પૃશ્ય	૭	૨૦	૨૭૬
અથોપેત્ય	૭	૪૧	૨૮૨
અથો મહાભાગ	૫	૧૩	૨૪૨
અથો વિહાય	૧૯	૫	૫૧૪
અથર્વાઙ્ગિરસા	૪	૨૨	૨૩૩
અદ્યૈવ રાજ્યં	૧૯	૩	૫૧૩
અનર્થોપશમં	૭	૬	૨૭૦
અતર્બહિશ્ચ	૬	૩૨	૨૬૫
અન્તઃસ્થઃ	૮	૧૪	૨૯૩

શ્લોક	અધ્યાય	શ્લોકાંક	પૃષ્ઠ
અ			
અનવેક્ષમાણઃ	૧૫	૪૪	૪૪૪
અન્યથા તે	૧૯	૩૬	૫૩૨
અન્યે ચ દેવર્ષિ-	૧૯	૧૧	૫૧૭
અન્યે ચ મુનયો	૬	૮	૩૧૩
અન્યોન્યમાસીત્	૧૦	૨૦	૩૪૬
અપરે વસુદેવસ્ય	૮	૩૩	૩૦૨
અપાપેષુ	૧૮	૪૭	૫૦૬
અપિ દેવર્ષિણા	૧૪	૮	૪૦૮
અપિ નઃ	૧૩	૧૧	૩૮૫
અપિ મય્યકૃતપ્રજ્ઞે	૧૩	૩૨	૩૯૪
અપિ મે ભગવાન્	૧૯	૩૫	૫૩૨
અપિ સ્મરથ નઃ	૧૩	૮	૩૮૪
અપિ સ્વસ્ત્યાસતે	૧૪	૩૩	૪૧૫
અપિસ્વિત્પર્ય	૧૪	૪૩	૪૧૬
અપીપલત્	૧૨	૪	૩૭૦
અપ્યદ્ય નસ્ત્વમ્	૮	૩૭	૩૦૪
અપ્યેષ વંશ્યાન્	૧૨	૧૮	૩૭૬
અપ્રતર્ક્યાત્	૧૭	૨૦	૪૭૨
અબિભ્રદર્યમા	૧૩	૧૫	૩૮૭
અભિદ્રવતિ મામીશ	૮	૧૦	૨૯૨
અભિમન્યુસુતં	૪	૯	૨૨૯
અભૂતપૂર્વઃ	૧૮	૨૯	૫૦૦
અભ્યર્થિતસ્તદા	૧૭	૩૮	૪૮૧
અમૂનિ પઞ્ચ	૧૭	૪૦	૪૮૧
અરક્ષ્યમાણાઃ સ્ત્રિયઃ	૧૬	૨૧	૪૫૭
અર્જુનઃ સહસા	૭	૫૫	૨૮૭
અલબ્ધતૃણ	૧૮	૨૮	૫૦૦
અલક્ષ્યમાણે	૧૮	૪૩	૫૦૭
અવતારા હ્યસઙ્ખ્યેય	૩	૨૬	૨૧૮
અવતારે ષોડશમે	૩	૨૦	૨૧૬
અવાપુર્દુરવાપાં	૧૫	૪૮	૪૪૬
અશ્રૂયન્તાઽઽશિષઃ	૧૦	૧૯	૩૪૬

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્લોક	અધ્યાય	શ્લોકાંક	પૃષ્ઠ
અ			
અશ્વત્થામ્નોપ સૃષ્ટેન	૧૨	૧	૩૬૯
અષ્ટમે મેરુદેવ્યાં	૩	૧૩	૨૧૩
અસૌ ગુણમયૈ	૨	૩૩	૨૦૭
અસ્ત્યેવ મે સર્વમિદં	૫	૫	૨૩૮
અસ્યાનુભાવમ્	૯	૧૯	૩૧૭
અસ્યાં વૈ શ્રૂય	૭	૭	૨૭૦
અસ્રતેજઃ સ્વગદયા	૧૨	૧૦	૩૭૨
અહં ચ તદ્બ્રહ્મકુલ	૬	૮	૨૫૭
અહં ચાધ્યગમં તત્ર	૩	૪૪	૨૨૫
અહં પુરાતીતભવેઽભવં	૫	૨૩	૨૪૭
અહં હિ પૃષ્ટોઽર્યમણો	૧૮	૨૩	૪૯૭
અહસ્તાનિ સહસ્તાનામ	૧૩	૪૬	૪૦૦
અહો અદ્ય વયં બ્રહ્મન્	૧૯	૩૨	૫૩૦
અહો અધર્મઃ પાલાનાં	૧૮	૩૩	૫૦૩
અહો અલં શ્લાઘ્યતમં	૧૦	૨૬	૩૪૯
અહો કષ્ટમહોઽન્યાય્યં	૯	૧૨	૩૧૪
અહો દેવર્ષિર્ધન્યોયં	૬	૩૯	૨૬૭
અહો વત સ્વર્યશસ	૧૦	૨૭	૩૫૦
અહો મહીયસી જન્તોઃ	૧૩	૨૨	૩૬૦
અહો મે પશ્યતાજ્ઞાનં	૮	૪૮	૩૦૬
અહો વયં જન્મભૃતઃ	૧૮	૧૮	૪૬૪
અહો વયં ધન્યતમા	૧૯	૧૩	૫૧૮
અહોસનાથાભવતાસ્મ	૧૧	૮	૩૫૭
અહં ચ તદ્બ્રહ્મકુલે	૬	૮	૨૫૭
અહં પુરા	૫	૨૩	૨૪૭
અહં હિ પૃષ્ટો	૧૮	૨૩	૪૯૭
આ			
આખ્યાહિ વૃષ ભદ્રં વઃ	૧૭	૧૩	૪૬૬
આજહારાશ્વમેધાંસ્ત્રીન્	૧૬	૩	૪૪૬
આત્માનં ચ પરિત્રાતમ્	૧૬	૧૪	૪૫૩
આત્માનંચાનુશોચામિ	૧૬	૩૧	૪૬૧
આત્મારામાશ્ચ મુનયો	૭	૧૦	૨૭૧
આનર્તાન્ સ ઉપવ્રજ્ય	૧૧	૧	૩૫૪
આપન્નઃ સંસૃતિં ઘોરાં	૧	૧૪	૧૬૨
આમન્ત્ય ચાભ્યનુજ્ઞાતઃ	૧૦	૮	૩૪૧
આમન્ત્ર્ય પાણ્ડુપુત્રાંશ્ચ	૮	૭	૨૬૧
આમયો યશ્ચ ભૂતાનાં	૫	૩૩	૨૫૨
આશ્રુત્ય તદ્ઋષિગણ	૧૬	૨૨	૫૨૩
આસતે કુશલં ક્વચિત્	૧૪	૨૬	૪૧૪
આસ્તેઽધુના સ રાજર્ષિ	૧૭	૪૪	૪૮૩
આહ રાજા ધર્મસુતઃ	૮	૪૭	૩૦૬
આહૂતો ભગવાન્ રાજ્ઞા	૧૨	૩૫	૩૮૧
ઇ			
ઇતિ ચિન્તયતસ્તસ્ય	૧૪	૨૨	૪૧૨
ઇતિ ચોદીરિતા વાચઃ	૧૧	૧૦	૩૫૮
ઇતિ ધર્મં મહીં ચૈવ	૧૭	૨૮	૪૭૬
ઇતિ પુત્રકૃતાર્થેન	૧૮	૪૬	૫૭૦
ઇતિ પ્રિયાં વલ્ગુ વિચિત્ર	૭	૧૭	૨૭૫
ઇતિ બ્રુવાણં સંસ્તુત્ય	૪	૧	૨૨૬
ઇતિ ભીતઃ પ્રજાદ્રોહાત્	૯	૧	૩૧૧
ઇતિ મતિરુપકલ્પિતા	૯	૩૨	૩૨૨
ઇતિ મૂર્ધ્યભિધાનેન	૫	૩૮	૨૫૩
ઇતિ રાજ્ઞ ઉપાદિશ્ય	૧૨	૨૬	૩૭૬
ઇતિ લક્ષિતમર્યાદં	૧૮	૩૭	૫૦૪
ઇતિ વ્યવચ્છિદ્ય	૧૬	૭	૫૧૬
ઇતિ સંપ્રશ્નસંહૃષ્ટો	૨	૧	૧૬૬
ઇતિ સ્મ રાજાધ્યવ...	૧૬	૧૭	૫૨૧
ઇત્થં ભૂતાનુભાવોઽયં	૧૭	૪૫	૪૮૪
ઇત્થં શરત્પ્રાવૃષિકાવૃત્	૫	૨૮	૨૫૦
ઇત્યુક્તો ધર્મરાજેન	૧૩	૧૨	૩૮૫
ઇત્યુક્ત્વાથારુહત્સ્વર્ગં	૧૩	૫૬	૪૦૫
ઇત્યુક્ત્વા રોષતામ્રાક્ષો	૧૮	૩૬	૫૦૩
ઇદં ભાગવતં નામ	૩	૪૦	૨૨૪
ઇદં મમાચક્ષ્વ તત્ર...	૧૬	૨૪	૪૫૮
ઇદં હિ પુંસસ્તપસઃ	૫	૨૨	૨૪૭
ઇદં હિ વિશ્વં ભગવા...	૫	૨૦	૨૪૬
ઇદાનીં ધર્મ પાદસ્તે	૧૭	૨૫	૪૭૪
ઇમં સ્વનિગમં બ્રહ્મન્	૫	૩૬	૨૫૩
ઇમે ચાઽન્યે ચ	૧૬	૨૬	૪૫૬

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્લોક	અધ્યાય	શ્લોકાંક	પૃષ્ઠ
इ			
इमे जनपदाः स्वृद्धाः	८	४०	३०५
इयं च भूर्भगवता	१७	२६	४७६
उ			
उच्छिष्टलेपाद्यनुमोदितः	५	२५	२४८
उत्सृज्य सर्वतः सङ्गं	१८	३	४८६
उद्दामभावपिशुनामल	११	३६	३६६
उद्धवः सात्यकिश्चैव	१०	१८	३४५
उपधार्य वचस्तस्या	८	११	२९२
उपवर्णितमेतद्वः	१८	९	४८९
उर्वक्षिवाहवो मह्यं	१४	११	४०९
उवाच चासहन्त्यस्य	७	४३	२८३
उषित्वा हास्तिनपुरे	१०	७	३४१
ऋ			
ऋग्यजुः सामाथर्वाख्याः	४	२०	२३२
ऋषयो मनवो देवाः	३	२७	२१९
ऋषिभिर्याचितो	३	१४	२१३
ए			
एक एवातियातोऽहं	६	१४	२५८
एकदा धनुरुद्यम्य	१८	२४	४९८
एकदा निर्गतां गेहात्	६	९	२५७
एकात्मजा मे जननी	६	६	२५६
एकोनविंशे विंशतिमे	३	२३	२१७
एतत्संसूचितं ब्रह्मन्	५	३२	२५१
एतदीशनमीशस्य	११	३८	३६७
एतद्ध्यानु	६	३५	२६६
एतद्रूपं भगवतो	३	३०	२२०
एतद्वः पाण्डवेयानां	१७	१७	४७१
एतन्नानावताराणां	३	५	२१०
एतावतालं ननु सूचितेन	१८	२०	४९५
एतावदुक्त्वोपरराम	६	२६	२६२
एताः परं स्त्रीत्वम्	१०	३०	३५१
एते चांशकलाः	३	२८	२१९
एवमाभाषितः पृष्टः	१९	४०	५३४
एवं कृष्णसखः	६	२८	२६४
एवं कृष्णसखः	१५	१	४२०
एवं गृहेषु	१३	१७	३८८
एवं च तस्मिन्नरदेव	१९	१८	५२२
एवं चिन्तयतो जिष्णोः	१५	२८	४३९
एवं जन्मानि कर्माणि	३	३५	२२२
एवं धर्मं	१७	२१	४७३
एवं निशम्य भगवान्	६	१	२५५
एवं नृणां	५	३४	२५२
एवं नृपाणां	११	३४	३६६
एवं परीक्षेता	७	४०	२८२
एवं प्रवृत्तस्य	४	२६	२३४
एवं प्रसन्नमनसो	२	२०	२०४
एवं वलिष्ठैः	१५	२६	४३८
एवं यतन्तम्	६	२१	२६१
एवं राजा विदुरेण	१३	२८	३९२
एवं विद्या गदन्तीनाम्	१०	३१	३५१
एवं संभाष्य भगवान्	६	३८	२६७
एष किं निभृताशेष	१८	३१	५०१
एष दाता शरण्यश्च	१२	२०	३७६
एष राज्ञां परीधर्म	१७	११	४६८
एष वै भगवान्	९	१८	३१७
क			
कच्चितेऽनामयं	१४	३९	४१७
कच्चित्वं नागमोऽगम्यां	१४	४२	४१८
कच्चित्वं ब्राह्मणं बालं	१४	४१	४१८
कच्चित्प्रेष्ठतमेनाथ	१४	४४	४१९
कच्चिद्रे	१६	१९	४५५
कच्चिदानर्तपुर्याम्	१४	२५	४१३
कच्चिद्राजाहुको	१४	२८	४१४
कच्चिन्नाभिहतो	१४	४०	४१८
कच्चित्कालम्	१३	१४	३८६
कथमालक्षितः	४	६	२२८
कथं वा पाण्डवेयस्य	४	७	२२८
कथा वृत्था	१३	९	३८४

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્લોક	અધ્યાય	શ્લોકાંક	પૃષ્ઠ
ક			
કર્ણધારઃ	૧૩	૩૯	૩૯૭
કર્મણ્યસ્મિન્	૧૮	૧૨	૪૯૦
કલિમાગતમ્	૧	૨૧	૧૯૪
કલ્પાન્ત	૬	૩૦	૨૬૪
કસ્ત્વં કૃષ્ણે	૧૭	૬	૪૬૬
કસ્ત્વં મચ્છરણે	૧૭	૫	૪૬૬
કસ્મિન્ યુગે	૪	૩	૨૨૬
કસ્ય હેતોઃ	૧૬	૫	૪૫૦
કામં વવર્ષ	૧૦	૪	૩૪૦
કામસ્ય નેન્દ્રિયપ્રીતિઃ	૨	૧૦	૨૦૦
કાલકર્મ	૧૩	૪૫	૩૯૯
કાલસ્ય ચ ગતિં	૧૪	૩	૪૦૭
કા વા સહેત	૧૬	૩૫	૪૬૨
કિં ક્ષત્રબન્ધૂન્	૧૬	૨૨	૪૫૭
કિં તે કામાઃ	૧૨	૬	૩૭૧
કિં નુ બાલેષુ	૧૮	૮	૪૮૬
કિમિદં સ્વિત્કુતઃ	૭	૨૬	૨૭૪
કિં વા ભાગવતા ધર્માઃ	૪	૩૧	૨૩૬
કુતઃ પુનર્ગુણંતઃ	૧૮	૧૬	૪૯૫
કુરુજાઙ્ગલ	૧૦	૩૪	૩૫૨
કુરુ પ્રતિશ્રુતં	૭	૫૪	૨૮૭
કુર્વાણા યત્ર	૫	૩૬	૨૫૨
કૃચ્છ્રેણ સંસ્તભ્ય	૧૫	૩	૪૨૧
કૃતવાન કિલ	૧	૨૦	૧૯૪
કૃપયા સ્નેહ	૧૩	૩૪	૩૯૫
કૃષ્ણ એવં ભગવતી	૯	૪૩	૩૩૫
કૃષ્ણ કૃષ્ણ મહાબાહો	૭	૨૨	૨૭૭
કૃષ્ણ ચ તત્પ્રભાવજ્ઞ	૯	૧૦	૩૧૩
કૃષ્ણાય વાસુદેવાય	૮	૨૧	૨૯૬
કૃષ્ણે ગતે ભગવતિ	૧૮	૩૫	૫૦૩
કૃષ્ણે સ્વધામોપગતે	૩	૪૫	૨૨૫
કેચિદાહુરજં	૮	૩૨	૩૦૨
કેચિદ્વિકલ્પવસનાઃ	૧૭	૧૬	૪૭૨
કે વયં નામરૂપાભ્યાં	૮	૩૮	૩૦૫
કો નામ તૃપ્યેત	૧૮	૧૪	૪૯૨
કો વા ભગવતઃ	૧	૧૬	૧૯૨
ક			
કોઽતૃપ્નુત્ત્વ	૧૭	૧૨	૪૬૯
ક્ષુદ્રાયુષાં નૃણામઙ્ગ	૧૬	૭	૪૫૧
ગ			
ગતસ્વાર્થમ્	૧૩	૨૫	૩૯૧
ગતાઃ સમ્પ્રતિ	૧૪	૭	૪૦૮
ગન્તું કૃતમતિઃ	૮	૮	૨૯૧
ગાં ચ ધર્મદુઘાં	૧૭	૩	૪૬૪
ગાન્ધારી દ્રૌપદી	૧૩	૪	૩૮૩
ગીતં ભગવતાજ્ઞાનં	૧૫	૩૦	૪૩૯
ગોપુરદ્વારમાર્ગેષુ	૧૧	૧૩	૩૫૯
ગોપ્યાદદે ત્વયિ	૮	૩૧	૩૦૧
ચ			
ચતુર્દશં નારસિંહં	૩	૧૮	૨૧૫
ચાતુર્હોત્રં કર્મશુદ્ધં	૪	૧૬	૨૩૨
ચિત્રધાતુવિચિત્રાદ્રી	૬	૧૨	૨૫૮
ચિત્રસ્વનૈઃ પત્રરથૈઃ	૬	૧૩	૨૫૮
ચીરવાસા નિરાહારઃ	૧૫	૪૩	૪૪૪
જ			
જગૃહે પૌરુષં રૂપં	૩	૧	૨૦૮
જનેઽનાગસ્યઘં	૧૭	૧૪	૪૭૦
જન્મકર્મ ચ વિશ્વાત્મન્	૮	૩૦	૩૦૦
જન્મ ગુહ્યં	૩	૨૯	૨૧૯
જન્માદ્યસ્ય	૧	૧	૧૭૫
જન્મૈશ્વર્ય	૮	૨૬	૨૯૬
જલાશયમચક્ષાણઃ	૧૮	૨૫	૪૬૮
જલૌકસાં જલે	૧૫	૨૫	૪૩૮
જિજ્ઞાસિતં સુસંપન્નં	૫	૩	૨૩૭
જિજ્ઞાસિતમધીતં	૫	૪	૨૩૭
જિજ્ઞાસિતાત્મયા	૧૨	૨૮	૩૭૯
જિતાસનો	૧૩	૫૩	૪૦૩
જિહ્મપ્રાયં	૧૪	૪	૪૦૭
જુગુપ્સિતં	૫	૧૫	૨૪૩
જ્ઞાનં ગુહ્યતમં	૫	૩૦	૨૫૧
જ્ઞાન વિરક્તિઃ	૧૬	૨૭	૪૫૬
ત			
ત એકદા તુ મુનયઃ	૧	૫	૧૮૬
ત એનમૃષયો વેદં	૪	૨૩	૨૩૩

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્લોક	અધ્યાય	શ્લોકાંક	પૃષ્ઠ
ત			
त एव वेदा दुर्मेधैः	४	२४	२३३
तक्षकादात्मनो	१२	२७	३७६
तच्छ्रद्दधाना मुनयो	२	१२	२०१
तं जिघांसुम्	१७	२६	४७७
तत आसाद्य तरसा	७	३३	२७६
ततः कलौ	३	२४	२१७
ततः परीक्षित	१६	१	४४८
ततः प्रादुष्कृतं	७	२१	२७६
ततश्च वः	१६	२४	५२४
ततः सप्तदशे	३	२१	२१६
ततः सप्तम	३	१२	२१२
ततः सर्वगुण	१२	१२	३७४
ततोऽन्यथा	५	१४	२४२
ततोऽभ्येत्याश्रमं	१८	३८	५०५
ततो युधिष्ठिरः	६	४८	३३७
ततो राज्ञाभ्यनुज्ञातः	१२	३६	३८१
तत्कथ्यतांमहाभाग	१६	६	४५०
तत्रगोमिथुन	१७	१	४६४
तत्र तत्र ह	१०	३६	३५३
तत्र तत्राञ्जसा	१	६	१६०
तत्र तत्रोपशृण्वानः	१६	१३	४५३
तत्र दुन्दुभयो	६	४५	३३६
तत्रब्रह्मर्षयः	६	५	३१२
तत्रर्वेदधरः	४	२१	२३३
तत्र सञ्जयम्	१३	३१	३६४
तत्रान्वहं	५	२६	२४६
तत्राभवद्भगवान्	१६	२५	५२५
तत्रासीनं	८	३	२६०
तत्राहामर्षितः	७	५१	२८६
तत्रैव मे विहरतः	१५	१३	४२६
तत्रौपजग्मुः	१६	८	५१६
तत्रोपनीत	११	४	३५५
तत्सर्वं नः समाचक्ष्व	४	१३	२३०
तथापरमहंसानां	८	२०	२६५
तथाप्येकान्तभक्तेषु	६	२२	३१८
तथाऽयं चावतारस्ते	७	२५	२७७
तथाऽहृतं पशुवत्	७	४२	२८२
तथैवानुचराः	१४	३२	४१५
तदद्य नः पापमुपैति	१८	४४	५०८
तदभिप्रेतमालक्ष्य	१२	३३	३८०
तदसौ वध्यतां	७	३६	२८१
तद्गा तदहमीशस्य	६	१०	२५७
तदा ते भ्रातरः	६	२	३११
तदारजस्तमः	२	१६	२०३
तदाऽर्यधर्मश्च	१८	४५	५०८
तदाशुचस्ते	७	१६	२७४
तदिदं भगवान्	१३	४७	४०१
तदिदं श्रोतुम्	१२	३	३७०
तदोपसंहृत्य	६	३०	३२१
तद्धर्मज्ञ महाभाग	७	४६	२८४
तद्वाग्विसर्गो	५	११	२४१
तद्वै धनुस्त	१५	२१	४३६
तद्वयानोद्रिक्तया	१५	४७	४४५
तन्नः परं पुण्यम्	१८	१७	४६३
तन्नः शुश्रूषमाणानां	१	१३	१६१
तन्नो भवान् वै	१८	१५	४६२
तन्मे धर्मभृतां	१७	३७	४८०
तं द्व्यष्ट वर्ष	१६	२६	५२६
तपः शौचं दया सत्यं	१७	२४	४७४
तमभिज्ञाय महसा	४	३३	२३६
तमयं मन्यते लोको	११	३७	३६७
तमात्मजैर्दृष्टिभिः	११	३२	३६५
तमापतन्त	७	१८	२७५
तमिममहम्	६	४२	३३४
तमुपश्रुत्य	११	३	३५५
तमूचुर्ब्राह्मणाः	१२	१५	३७५
तं पादयोः	१४	२३	४१२
तं बन्धुमागतं	१३	३	३८३
त भुक्तवन्तम्	१३	७	३८४

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

श्लोक	અધ્યાય	શ્લોકાંક	પૃષ્ઠ
त			
तं मेनिरेऽबला	११	३९	३६८
तं मोपयान्तं	१९	१५	५२०
तया विलसितेष्वेषु	२	३१	२०७
तयोरेवं कथयतोः	१६	३६	४६३
तर्ह्येवच	८	१२	२९२
तस्माज्जह्यङ्ग	१३	४४	३९९
तस्मादिदं दैवतन्त्रं	९	१७	३१७
तस्मादेकेन मनसा	२	१४	२०२
तस्मान्नाम्ना	१२	१७	३७५
तस्मिन्निर्मनुजे	६	१६	२५९
तस्मिन्नयस्तधियः	१०	१२	३४२
तस्मिंस्तदा	५	२७	२५०
तस्मिन्स्व आश्रमे	७	३	२६८
तस्य कर्माणि उदाराणि	१	१७	१९३
तस्य जन्म	१२	२	३७०
तस्य निर्हरणादीनि	९	४६	३३६
तस्य पुत्रोमहायोगी	४	४	२२६
तस्य पुत्रोऽतितेजस्वी	१८	३२	५०२
तस्य प्रीतमना राजा	१२	१३	३७४
तस्यान्तरायः	१३	५६	४०४
तस्यापि तव देहोऽयं	१३	२४	३९०
तस्याहमब्ज	१६	३३	४६१
तस्यैवं खिलमात्मानं	४	३२	२३६
तस्यैवं मेऽघस्य	१९	१४	५१९
तस्यैवं मेऽनुरक्तस्य	५	२९	२५१
तस्यैव हेतोः	५	१८	२४५
तस्यैवं वर्तमानस्य	१६	१७	४५४
तान्समेतान्	९	९	३१३
ताः पुत्रमङ्कम	११	२९	३६३
तां वाढमिति	८	४५	३०८
तावत्कलिः	१८	५	४८७
तिरस्कृता विप्रलब्धाः	१८	४८	५०९
तुर्ये धर्मकला–	३	९	२११
तुलयाम लवेनापि	१८	१३	४९१
तष्टुवुर्मुनयो हृष्टाः	९	४७	३३७
तृतीय मृषिसर्गं	३	८	२११

श्लोक	અધ્યાય	શ્લોકાંક	પૃષ્ઠ
तेन संभृतसंभारो	१२	३४	३८०
तेनाहं गुणपात्रेण	१६	३०	४६०
ते निनीयोदकं	८	२	२८९
तेभ्यः परम	१६	१५	४५३
ते मय्यपेताखिल	५	२४	२४८
ते साधुकृत	१५	४६	४४५
त्यक्त्वा स्वधर्मं	५	१७	२४४
त्रित्वे हुत्वाथ	१५	४२	४४३
त्रिभुवनकमनं	९	३३	३२४
त्वं नः संदर्शितो	१	२२	१९५
त्वमप्यदभ्र	५	४०	२५४
त्वमात्मनात्मानम्	५	२१	२४६
त्वमाद्यः पुरुषः	७	२३	२७७
त्वं पर्यटन्नर्क इव	५	७	२३९
त्वया खलु पुराणानि	१	६	१८९
त्वयि मेऽनन्यविषया	८	४२	३०६
त्वं वा मृणालधवलः	१७	७	४६७
त्वां वर्तमानं	१७	३२	४७८
द			
दह्यमाने	१३	५७	४०४
दानधर्मान्	९	२७	३२०
दिदृक्षुस्तदहं	६	२०	२६०
दुर्भगांश्च	४	१८	२३१
दृष्ट्वा निपतितं	९	४	३१२
दृष्ट्वानुयान्तम	४	५	२२७
दृष्ट्वाऽस्त्रतेजस्तु	७	३१	२७९
देवदत्तामिमां	६	३३	२६५
देशकालार्थ	१५	२७	४३८
दैवतानि रुदन्ति	१४	२०	४११
दैवेनाऽप्रतिघातेन	१२	१६	३७५
द्रौपदी च	१५	५०	४४६
द्वापरे समनुप्राप्ते	४	१४	२३१
द्वारि द्वारि	११	१५	३५९
द्वितीयं तु	३	७	२११
ध			
धन्विनामग्रणीः	१२	२१	३७७
धर्मपालो नरपतिः	१८	४६	५०८

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્લોક	અધ્યાય	શ્લોકાંક	પૃષ્ઠ
ધ			
ધર્મः પદૈકેન	૧૬	૧૮	૪૫૫
ધર્મः પ્રોજ્ઝિત	૧	૨	૧૮૪
ધર્મः સ્વનુષ્ઠિતः	૨	૮	૧૯૯
ધર્મં પ્રવદતः	૯	૨૯	૩૨૧
ધર્મં બ્રવીષિ	૧૭	૨૨	૪૭૪
ધર્મસ્ય હ્યાપવર્ગ્યસ્ય	૨	૯	૨૦૦
ધર્માર્થ કામ	૯	૨૮	૩૨૦
ધર્મ્યં ન્યાય્યં	૭	૪૯	૨૮૬
ધાન્વન્તરં	૩	૧૭	૨૧૫
ધૂમ્રા દિશः	૧૪	૧૫	૪૧૦
ધૃતરાષ્ટ્રः	૧૩	૫૦	૪૦૨
ધૃતવ્રતેન	૪	૨૮	૨૩૫
ધૃત્યા બલિસમः	૧૨	૨૫	૩૭૮
ધ્યાયત્શ્ચરણા	૬	૧૭	૨૬૦
ધ્રુવં તતો	૧૯	૨	૫૧૨
ધ્વસ્તમાયા	૧૩	૧૫	૪૦૩
ન			
ન કશ્ચિન્મ્રિયતે	૧૬	૮	૪૫૧
નકુલः સહદેવશ્ચ	૭	૫૦	૨૮૬
ન ચાસ્ય કશ્ચિત્	૩	૩૭	૨૨૩
ન જ તુ પૌરવે-	૧૭	૮	૪૬૭
નટનર્તક	૧૧	૨૦	૩૬૧
નતાः સ્મ તે	૧૧	૬	૩૫૬
ન તે ગુડાકેશ	૧૭	૩૧	૪૭૮
નદ્યો નદાશ્ચ	૧૪	૧૮	૪૧૧
નદ્યः સમુદ્રાः	૧૦	૫	૩૪૦
નન્યપ્રિયં	૧૩	૧૩	૩૮૬
ન પિબન્તિ	૧૪	૧૯	૪૧૧
નમોઽકિંચન	૮	૨૭	૨૯૯
નમન્તિ યત્પાદ-	૪	૧૧	૨૨૯
નમः પઙ્કજ-	૮	૨૨	૨૯૬
નમો ભગવતે	૫	૩૭	૨૫૩
નમ્રાપે પુરુષં	૮	૧૮	૨૯૪
ન યદ્વચः	૫	૧૦	૨૪૦
નરદેવત્વમાપન્નः	૩	૨૨	૨૧૬
નર્ણ્યુદાર	૧૫	૧૮	૪૩૩
ન વયં	૧૭	૧૮	૪૭૨
ન વર્તિતવ્યમ્	૧૭	૩૩	૪૭૯
ન વા ઇદં	૧૯	૨૦	૫૨૨
ન વેદ કશ્ચિત્	૮	૨૯	૨૯૯
ન વૈ જનો	૫	૧૯	૨૪૫
ન વૈ નૃભિः	૧૮	૪૨	૫૦૭
નષ્ટપ્રાયેષ્વભદ્રેષુ	૨	૧૮	૨૦૩
ન હ્યસ્ય કર્હિચિત્	૯	૧૬	૩૧૬
ન હ્યસ્યા ન્યતમં	૭	૨૮	૨૭૮
નાતિપ્રસીદ	૪	૨૭	૨૩૪
નાઽધર્મો	૧૦	૬	૩૪૦
નાનુદ્વેષ્ટિ	૧૮	૭	૪૮૮
નામાન્યનન્તસ્ય	૬	૨૭	૨૬૩
નારાયણં નમસ્કૃત્ય	૨	૪	૧૯૮
નાહં વેદ ગતિં	૧૩	૩૮	૩૯૭
નાહં વેદાત્મ	૧૩	૩૬	૩૯૫
નિગમકલ્પતરોः	૧	૩	૧૮૬
નિગૃહ્યજન્તું	૧૯	૨૭	૫૨૬
નિજગ્રાહૌજસા	૧૬	૪	૪૪૯
નિત્યં નિરીક્ષમાણાનામ્	૧૧	૨૫	૩૬૨
નિમિત્તાનિ—	૧૪	૫	૪૦૭
નિર્ગતે નારદે	૭	૧	૨૬૮
નિશમ્ય પ્રેષ્ઠ	૧૧	૧૬	૩૬૦
નિશમ્ય ભગવન્	૧૫	૩૨	૪૪૦
નિશમ્ય ભીમગદિતમ્	૭	૫૨	૨૮૬
નિશમ્ય ભીષ્માકતમ્	૧૦	૩	૩૩૯
નિશમ્ય રૂપ	૧૮	૪૧	૫૦૬
નિઃશ્રેયસાય	૩	૪૧	૨૨૪
નિષ્પાદિતં	૧૩	૪૯	૪૦૧
નૂનં ભગવતો	૧૯	૩૯	૫૩૩
નૂનં વ્રતસ્નાન	૧૦	૨૮	૩૫૦
નેયં શોભિષ્યતે	૮	૩૯	૩૦૫
નૈનો રાજ્ઞः	૮	૫૦	૩૧૦
નૈમિષેઽનિમિષ	૧	૪	૧૮૮

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્લોક	અધ્યાય	શ્લોકાંક	પૃષ્ઠ
ન			
નૈષ્કર્મ્યમપિ	૫	૧૨	૨૪૧
નોત્તમશ્લોક	૧૮	૪	૪૮૭
ન્યરુન્ધન્	૧૦	૧૪	૩૪૪
પ			
પઞ્ચદશં	૩	૧૯	૨૧૫
પઞ્ચમઃ કપિલો	૩	૧૦	૨૧૨
પતિતં પાદયોઃ	૧૭	૩૦	૪૭૭
પતિં પ્રયાન્તં	૧૩	૨૯	૩૯૨
પત્ન્યઃ પતિં	૧૧	૩૧	૩૬૪
પત્યાસ્તવાધિ	૧૫	૧૦	૪૨૫
પપ્રચ્છ રથ	૧૭	૪	૪૬૫
પરાવરજ્ઞઃ	૪	૧૬	૨૩૧
પરિશ્રાન્તે	૬	૧૫	૨૫૯
પરીક્ષિતૈવમ્	૧૭	૩૫	૪૮૦
પરીક્ષિતોઽથ	૭	૧૨	૨૭૨
પર્વતો નારદો	૯	૬	૩૧૩
પશ્યોત્પાતાન્	૧૪	૧૦	૪૦૮
પશ્યન્ત્યદો	૩	૪	૨૧૦
પાણ્ડુપુત્રાનુપાસીનાન્	૯	૧૧	૩૧૪
પાદૈર્ન્યૂનમ્	૧૬	૨૦	૪૫૬
પારાશર્ય	૫	૨	૨૩૭
પાર્થં પ્રજાવિતા	૧૨	૧૯	૩૭૬
પાર્શ્વાદારુણો	૨	૨૪	૨૦૫
પાહિ પાહિ	૮	૯	૨૯૧
પિતર્યુપરતે	૧૩	૩૩	૩૯૪
પિતામહસમઃ	૧૨	૨૩	૩૭૮
પિત્રા ચાનુમતો	૯	૪૯	૩૩૭
પિતૃભ્રાતૃ	૧૩	૨૧	૩૮૯
પુત્રશોકાર્દિતાઃ	૭	૫૮	૨૮૮
પુનશ્ચ ભૂયાદ્	૧૯	૧૬	૫૨૦
પુનશ્ચ યાચમાનાય	૧૭	૩૯	૪૮૧
પુરુષ સ્વભાવ	૯	૨૬	૩૨૦
પૃથયેત્થં	૮	૪૪	૩૦૮
પૃથાપ્યનુશ્રુત્ય	૧૫	૩૩	૪૪૦
પ્રગાયતઃ	૬	૩૪	૨૬૫
પ્રજોપપ્લવ	૭	૩૨	૨૭૯
પ્રતિક્રિયા	૧૩	૧૯	૩૮૯
પ્રતિરુદ્ધેન્દ્રિય	૧૮	૨૬	૪૯૯
પ્રતિશ્રુતં	૭	૩૯	૨૮૧
પ્રત્યુજ્જગ્મુઃ	૧૩	૫	૩૮૩
પ્રદ્યુમ્નશ્ચારુ	૧૧	૧૭	૩૬૦
પ્રદ્યુમ્નઃ સર્વ	૧૪	૩૦	૪૧૪
પ્રયુજ્યમાને	૬	૨૯	૨૬૪
પ્રવિષ્ટસ્તુ	૧૧	૨૮	૩૬૩
પ્રહ્વાભિવાદન	૧૧	૨૨	૩૬૧
પ્રશાન્તમાસીનં	૧૯	૩૧	૫૨૯
પ્રાક્કલ્પવિષયાં	૬	૪	૨૫૫
પ્રાગલ્ભ્યં પ્રશ્રયઃ	૧૬	૨૮	૪૫૯
પ્રાયશઃ સાધવો	૧૮	૫૦	૫૧૦
પ્રાયેણાલ્પાયુષઃ	૧	૧૦	૧૯૦
પ્રાયેણૈતદ્ભગવતઃ	૧૫	૨૪	૪૩૭
પ્રાયોપવિષ્ટં	૩	૪૩	૨૨૪
પ્રાસાદ શિખરા	૧૦	૧૬	૩૪૫
પ્રીત્યુત્ફુલ્લમુખાઃ	૧૧	૫	૩૫૫
પ્રેમાતિભર	૬	૧૮	૨૬૦
બ			
બાલદ્વિજ	૮	૪૯	૩૦૯
બ્રહ્મકોપો	૧૮	૨	૪૮૫
બ્રહ્મતેજો	૮	૧૭	૨૯૪
બ્રહ્મનદ્યાં	૭	૨	૨૬૮
બ્રહ્મબન્ધુર્ન	૭	૫૩	૨૮૭
બ્રહ્માદ્યો	૧૬	૩૨	૪૬૧
બ્રાહ્મણૈઃ ક્ષત્રબન્ધુઃ	૧૮	૩૪	૫૦૩
બ્રૂહિ યોગેશ્વરે	૧	૨૩	૧૯૫
મ			
ભગવાનપિ ગોવિંદઃ	૧૪	૩૪	૪૧૫
ભગવાનપિ વિપ્રર્ષે	૯	૩	૩૧૧
ભગવાંસ્તત્ર	૧૧	૨૧	૩૬૧
ભક્તિયોગેન	૭	૪	૨૬૯
ભક્તયાવેશ્ય	૯	૨૩	૩૧૮
ભદ્રાશ્વ	૧૬	૧૨	૪૫૩
ભર્તુઃ પ્રિયં	૭	૧૪	૨૭૩
ભવતાઽનુદિત	૫	૮	૨૩૯
ભવદ્વિધા	૧૩	૧૦	૩૮૫
ભવાન હિ વેદ	૧૬	૨૫	૪૫૮

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્લોક	અધ્યાય	શ્લોકાંક	પૃષ્ઠ
भ			
भवाय नस्त्वं	११	७	३५६
भवेऽस्मिन्	८	३५	३०३
भारतव्यपदेशेन	४	२६	२३५
भारावतारणाय	८	३४	३०३
भावयत्येष	२	३४	२०८
भिद्यतेहृदयग्रथिः	२	२१	२०४
भिक्षुभिर्विप्र..तव	६	२	२५५
भिक्षुभिर्विप्र...मम	६	५	२५६
भूरीणि	१	११	१६१
भेजिरे मुनयो	२	२५	२०६
भौतिकानां	४	१७	२३१
म			
मङ्गलाय च	१४	३५	४१६
मतिर्मयि	६	२५	२६२
मत्तं प्रमत्तं	७	३६	२८०
मथुरायां	१५	३६	४४२
मधुभोज	११	११	३५८
मन्दस्य मन्द	१६	६	४५१
मन्य एतैः	१४	२१	४१२
मन्ये त्वां	८	२८	२६६
मरुधन्वमति	१०	३५	३५२
महर्षयो वै	१६	१६	५२२
महीपतिस्त्वथ	१६	१	५१२
मा कञ्चन	१३	४०	३६७
माता सुतानां	७	१५	२७४
मातुर्गर्भगतो	१२	७	३७२
मा मंस्था	८	१६	२६४
मायाजवनिका	८	१६	२६५
मा रोदीदस्य	७	४७	२८५
मा सौरभेय	१७	६	४६७
मुनयः साधु पृष्टः	२	५	१६८
मुनिगण नृपवर्य	६	४१	३३३
मुमुचुः प्रेम	१३	६	३८३
मुमुक्षवो घोर	२	२६	२०६
मृगेन्द्र इव	१२	२२	३७७
मृत्युर्बृतः	१४	१४	४१०
मृदङ्गशंख	१०	१५	३४४
मेघातिथिर्देवल	१६	१०	५१७
मैनं पार्थार्हसि	७	३५	२८०
य			
यच्छ्रोतव्यं	१६	३८	५३२
यत्तेजसाथ	१५	१२	४२८
यत्तेजसा नृप	१५	६	४२४
यत्पादशुश्रूषण	१४	३७	४१६
यत्पादसंश्रयाः	१	१५	१६२
यत्सन्निधा	१५	८	४२४
यत्संश्रयात्	१५	७	४२३
यत्र क्वचन	१७	३६	४८०
यत्र धर्मसुतो	६	१५	३१६
यत्रानुरक्ताः	१८	२२	४६७
यत्रेमे सद्	३	३३	२२१
यथा क्रीडा	१३	४२	३६८
यथा गावो	१३	४१	३६८
यथा धर्मादयः	५	६	२३६
यथा नभसि	३	३१	२२०
यथा पङ्केन	८	५२	३१०
यथा मत्स्यादि	१५	३५	४४१
यथा ह्यवहितो	२	३२	२०७
यथा हृषीकेश	८	२३	२६७
यदत्र क्रियते	५	३५	२५२
यदनुध्यासिना	२	१५	२०२
यदा परीक्षित्	१६	१०	४५२
यदा मुकुन्दो	१५	३६	४४२
यदा मृधे	७	१३	२७३
यदाऽशरणम्	७	१६	२७६
यदा ह्यधर्मेण	१०	२५	३४६
यदोःधु	१५	१६	४३१
यद्बान्धवः	१५	१४	४२६
यद्बाहुदण्डाभ्युदय	१४	३८	४१७
यद्बाहुदण्डगुप्तायां	१४	३६	४१६
यद्यप्यसौ	११	३३	३६५
यद्यप्यब्ज	८	१५	२६३
यद्येषोपरता	३	३४	२२२
यद्राम्ब ते	१६	२३	४५७
यन्मन्यसे	१३	४३	३६८

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્લોક	અધ્યાય	શ્લોકાંક	પૃષ્ઠ
ય			
યમાદિભિઃ	૬	૩૬	૨૬૬
યયા સંમોહિતો	૭	૫	૨૬૯
યયાઽહરત્	૧૫	૩૪	૪૪૧
યર્હ્યમ્બુજાક્ષ	૧૧	૯	૩૫૭
યસ્માન્નઃ સમ્પદો	૧૪	૯	૪૦૮
યસ્મિન્નહનિ	૧૮	૬	૪૮૮
યસ્મિન્ હરિઃ	૧૭	૩૪	૪૭૯
યસ્ય રાષ્ટ્રે	૧૭	૧૦	૪૬૮
યસ્ય ક્ષણ	૧૫	૬	૪૨૩
યસ્યામ્ભસિ	૩	૨	૨૦૯
યસ્યાવયવ	૩	૩	૨૦૯
યઃ શ્રદ્ધયૈતદ્	૧૫	૫૧	૪૪૭
યઃ સ્વકાત્પરતો	૧૩	૨૬	૩૯૧
યઃ સ્વાનુભાવ	૨	૩	૧૬૭
યક્ષ્યમાણોઽશ્વમેધેન	૧૨	૩૨	૩૮૦
યાજયિત્વાઽશ્વમેધૈઃ	૮	૬	૨૯૦
યાનિ વેદવિદાં	૧	૭	૧૮૯
યા યાઃ કથાઃ	૧૮	૧૦	૪૮૯
યાવતઃ કૃતવાન્	૧૩	૨	૩૮૨
યા વીર્યશુલ્કેન	૧૦	૨૯	૩૫૧
યા વૈ લસત્	૧૯	૬	૫૧૫
યુધિ તુરગ	૯	૩૪	૩૨૫
યુધિષ્ઠિરસ્તદા	૯	૨૫	૩૨૦
યુધિષ્ઠિરસ્તત્પરિ	૧૫	૩૭	૪૪૨
યુધિષ્ઠિરો લબ્ધ	૧૩	૧૬	૩૮૭
યેન ચૈવાભિપન્નઃ	૧૩	૨૦	૩૮૯
યેનૈવાઽહં	૫	૩૧	૨૫૧
યેષાં સંસ્મરણાત્	૧૯	૩૩	૫૩૦
યૈઃ કોપિતં	૭	૪૮	૨૮૫
યો નો જુગોપ	૧૫	૧૧	૪૨૬
યો ભીષ્મકર્ણ	૧૫	૧૫	૪૩૦
યો વૈ દ્રૌણ્યસ્ત્ર	૧૮	૧	૪૮૫
યો વૈ મમ	૧૬	૩૪	૪૬૨
યં પ્રવ્રજન્તમ્	૨	૨	૧૯૬
યં મન્યસે	૯	૨૦	૩૧૭
ર			
રજસ્તમઃ	૨	૨૭	૨૦૬
રાજમાર્ગં ગતે	૧૧	૨૪	૩૬૨
રાજર્ષીણાં	૧૨	૨૬	૩૭૮
રાજંસ્ત્વયા	૧૫	૨૨	૪૩૬
રાજ્ઞો હિ	૧૭	૧૬	૪૭૦
રૂપં ભગવતો	૬	૧૯	૨૬૦
રૂપં સ જગૃહે	૩	૧૫	૨૧૩
લ			
લલિતગતિ	૯	૪૦	૩૩૨
વ			
વઞ્ચિતોઽહં	૧૫	૫	૪૨૨
વદન્તિ તત્તત્વ	૨	૧૧	૨૦૧
વપનં દ્રવિણા	૭	૫૭	૨૮૭
વયં તુ	૧	૧૯	૧૯૪
વસિષ્ઠ ઇન્દ્ર	૯	૭	૩૧૩
વાચં જુહાવ	૧૫	૪૧	૪૪૩
વાયુ વાતિ	૧૪	૧૬	૪૧૦
વારણેન્દ્રં	૧૧	૧૮	૩૬૦
વારમુખ્યાશ્ચ	૧૧	૧૯	૩૬૦
વારુણીં મદિરાં	૧૫	૨૩	૪૩૬
વાસુદેવપરા વેદા	૨	૨૮	૨૦૬
વાસુદેવપરં જ્ઞાનં	૨	૨૯	૨૦૬
વાસુદેવાંઘ્રિ	૧૫	૨૯	૪૩૯
વાસુદેવે ભગવતિ	૨	૭	૧૯૯
વિચક્ષણો	૫	૧૬	૨૪૩
વિજયરથ	૯	૩૯	૩૩૧
વિદુરોઽપિ	૧૫	૪૯	૪૪૬
વિદુરસ્તદમિ	૧૩	૧૮	૩૮૮
વિદુરસ્તીર્થયાત્રાયાં	૧૩	૧	૩૮૨
વિદુરસ્તુ	૧૩	૫૮	૪૦૪
વિધૂય તદમેયાત્મા	૧૨	૧૧	૩૭૩
વિપદઃ સન્તુ	૮	૨૫	૨૯૭
વિપ્રકીર્ણજટાચ્છન્ન	૧૮	૨૭	૪૯૯
વિમુચ્ય રશના	૭	૫૬	૨૮૭
વિમૃજ્યાશ્રૂણિ	૧૩	૩૫	૩૯૫

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્લોક	અધ્યાય	શ્લોકાંક	પૃષ્ઠ
વ			
विलोक्योद्विग्न	१४	२४	४१२
विशुद्धया धारणया	९	३१	३२२
विशोको	१५	३१	४४०
विषान्महाग्नेः	८	२४	२९७
विसृज्य तत्र	१५	४०	४४३
विसृज्य पुत्रं	१८	४०	५०५
विज्ञानात्मनि	१३	५४	४०३
वृकोदरश्च	१०	१०	३४१
वृषं मृणालधवलं	१७	२	४६४
वृषस्य नष्टान्	१७	४२	४८२
वेत्थ त्वं सौम्य	१	८	१८९
वेत्थेदं द्रोणपुत्रस्य	७	२७	२७८
वंशाङ्कुरं	१०	२	३३८
व्यतीताः	१४	२	४०६
व्यवहितपृतना	९	३६	३२८
व्यसनं वीक्ष्य	८	१३	२९३
व्यासाद्यरीश्वर	८	४६	३०८
श			
शय्यासनाटन	१५	१९	४३४
शान्ताः कुर्वन्ति	१४	१३	४१०
शिविराय	७	३४	२८०
शितविशिख	९	३८	३३१
शिवाय लोकस्य	४	१२	२३०
शिवैरोद्यन्तं	१४	१२	४०९
शुश्रूषोः श्रद्धधानस्य	२	१६	२०३
शूरो मातामहः	१४	२६	४१३
शृण्वतां स्वकथाः	२	१७	२०३
शृण्वन्ति गायन्ति	८	३६	३०४
शोकेन शुष्यत्	१५	२	४२०
शोचत्यश्रुकला	१७	२७	४७६
श्यामं सदा	१९	२८	५२६
श्रियो निवासो	११	२६	३६२
श्रीकृष्ण कृष्ण	८	४३	३०७
श्रीमद्दीर्घचतुर्बाहुं	१२	९	३७२
श्रुत्वा भगवता	७	२९	२७८
ष			
षष्ठेऽभ्रेः	३	११	२१२
स			
स उच्चकाशे	११	२	३५४
स उत्तरस्य	१६	२	४४८
स एव जीवलोकस्य	७	२४	२७७
स एव नरलोके	११	३५	३६६
स एव प्रथमं	३	६	२१०
स एव भूयो	१०	२२	३४७
स एवेदं	२	३०	२०७
स एष एतर्हि	१७	४३	४८३
स एष भगवान् द्रोणः	७	४५	२८४
स एष लोकविख्यातः	१२	३०	३७९
स कदाचित्	४	१५	२३१
सकृद्यदर्शितं	६	२३	२६१
सख्यं मैत्रीं	१५	४	४२१
स गोदोहनमात्रं	४	८	२२८
स चिन्तयन्	१९	४	५१४
स तु ब्रह्मऋषेः	१८	३०	५०१
सत्यं शौचं	१६	२६	४५९
सत्वं रजस्तमः	२	२३	२०५
सत्सङ्गान्	१०	११	३४२
सत्सेवया	६	२४	२६२
स देवदेवो	९	२४	३१९
सपदि सखिवचो	९	३५	३२७
सप्त स्वसारः	१४	२७	४१४
समागताः	१९	२३	५२४
सम्पदः क्रतवो	१२	५	३७१
सम्पद्यमानमाज्ञाय	९	४४	३३५
सम्प्रस्थिते	१४	१	४०६
सम्प्रेषितो	१४	६	४०७
सम्मार्जित महामार्ग	११	१४	३५९
सरहस्यो धनुर्वेदः	७	४४	२८४
स राजपुत्रो	१२	३१	३८०
सर्वं कालकृतं	९	१४	३१५
सर्वं तदिदम्	६	३७	२६६
सर्वर्तुसर्व	११	१२	३५९
सर्ववेदेतिहासानां	३	४२	२२४
सर्वसद्गुणमाहात्म्ये	१२	२४	३८१
सर्वात्मनः समदृशो	९	२१	३१८

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

स			
सर्वे तमनु	१५	४५	४४५
सर्वे वयं	१६	२१	५२३
स वा आङ्गिरसो	१८	३८	५०५
स वा अद्यतनात्	१३	५६	४०४
स वा अयं यत्पद-	१०	२३	३४८
स वा अयं सख्य-	१०	२४	३४८
स वा इदं विश्वम्	३	३६	२२२
स विष्णुरातो	१६	२६	५२८
स वेद धातुः	३	३८	२२३
स वै किलायं	१०	२१	३४६
स वै निवृत्ति	७	६	२७१
स वै पुंसां	२	६	१६६
स वै भवान्	५	६	२३६
स वै महाभागवतः	१८	१६	४६३
स सम्राट्	४	१०	२२६
स संवृतः	१६	३०	५२६
स संहितां	७	८	२७०
स्वराट् पौत्रं	१५	३८	४४२
सहस्रयुग	६	३१	२६४
साधयित्वा	८	५	२६०
सान्निध्यात्ते	१६	३४	५३१
सान्त्वयामास	८	४	२६०
सारथ्यपारषद	१६	१६	४५४
साऽस्वतन्त्रा	६	७	२५६
सितातपत्रव्यजनैः	११	२७	३६३
सितात पत्रं	१०	१७	३४५
सुखोपविष्टेषु	१६	१२	५१८
सुभद्रा द्रौपदी	१०	६	३४१
सुरासुराणां	३	१६	२१४
सुषेणश्चारु	१४	३१	४१५
सूत जानासि	१	१२	१६१
सूत जीव	१८	११	४६०
सूत सूत	४	२	२२६
सूर्य हतप्रभं	१४	१७	४१०
सोऽयमद्य	१३	४८	४०१
सोऽहं नृपेन्द्र	१५	२०	४३५
सौत्ये वृतः	१५	१७	४३२
संस्थितेऽग्रिरथे	६	१३	३१५
संहत्यान्योन्य	७	३०	२७६
स्नात्वानुसवनं	१३	५२	४०२
स्फीताञ्जनपदान्	६	११	२५८
स्त्रीणां मद्धत	८	५१	३१०
स्त्रीशूद्रद्विज	४	२५	२३४
स्रोतोभिः	१३	५१	४०२
स्वनिगम	६	३७	३२६
स्व प्राणान्यः	७	३७	२८१
स्वयं च गुरुभिः	११	२३	३६१
स्वलंकृतं	१६	११	४५२
स्वायम्भुव कया	६	३	२५५
ह			
हत्वा स्वरिक्थ	१०	१	३३८
हन्तास्मिन्	६	२२	२६१
हरेर्गुणाक्षिप्त	७	११	२७१
हिरण्यं गां	१२	१४	३७४

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

દ્વિતીય સ્કંધ

શ્લોક	અધ્યાય	શ્લોકાંક	પૃષ્ઠ
અ			
અકામઃ સર્વકામો વા	૩	૧૦	૫૮૨
અજઃ સૃજતિ ભૂતાનિ	૮	૯	૬૭૭
અતઃ કવિર્નામસુ	૨	૩	૫૬૦
અતઃ પરં	૧૦	૩૪	૭૨૬
અત્ર પ્રમાણં	૮	૨૫	૬૮૨
અત્ર સર્ગો વિસર્ગશ્ચ	૧૦	૧	૭૧૩
અત્રેરપત્યમ	૭	૪	૬૩૮
અથાભિધેહ્યઙ્ગ	૩	૨૫	૫૮૯
અથો અનન્તસ્ય	૨	૨૬	૫૭૪
અદીન લીલા હસિત	૨	૧૨	૫૬૬
અધિદૈવમથ	૧૦	૧૪	૭૧૮
અર્ઘ્યહર્ણીયાસનમ્	૯	૧૬	૬૯૫
અનુપ્રાણન્તિ	૧૦	૧૬	૭૧૯
અન્તકાલે	૧	૧૫	૫૪૬
અન્તર્હિતેન્દ્રિય	૯	૩૮	૭૦૯
અન્તઃ શરીર	૧૦	૧૫	૭૧૯
અન્તઃ સરસિ	૭	૧૫	૬૪૬
અન્નાદ્યકામઃ	૩	૪	૫૮૦
અન્યે ચ વિવિધા	૬	૧૪	૬૨૩
અપાં વીર્યસ્ય	૬	૭	૬૨૧
અભ્યસેન્મનસા	૧	૧૭	૫૪૭
અમુની ભગવદ્રૂપે	૧૦	૩૫	૭૨૭
અયં તુ બ્રહ્મણઃ	૧૦	૪૬	૭૩૧
અવતારાનુચરિતં યદા	૮	૧૭	૬૭૯
અવતારાનુચરિતં હરેઃ	૧૦	૫	૭૧૫
અવ્યક્ત રસ	૬	૧૦	૬૨૨
અસ્મત્પ્રસાદ	૭	૨૩	૬૫૧
અહં ભવાન્	૬	૧૨	૬૨૩
અહં ભવો યજ્ઞ	૬	૪૨	૬૩૨
અહમેવાસમેવાગ્રે	૯	૩૨	૭૦૪
આ			
આણ્ડકોશે શરીરે	૧	૨૫	૫૫૧
આત્મજાયા સુતાગાર	૪	૨	૫૯૦
આત્મતત્ત્વ વિશુદ્ધયર્થ	૯	૪	૬૮૭
આત્મન્ભાવયસે	૫	૫	૬૦૬
આત્મમાયામૃતે	૯	૧	૬૮૫
આદિ સોરન્નપાનાનાં	૧૦	૨૯	૭૨૪
આદ્યોઽવતારઃ	૬	૪૧	૬૩૨
આભાસશ્ચ નિરોધશ્ચ	૧૦	૭	૭૧૬
આયુર્હરતિ	૩	૧૭	૫૮૫
આયુષ્કામોઽશ્વિનૌ	૩	૫	૫૮૦
આસિસૃપ્સોઃ	૧૦	૨૮	૭૨૪
આસીદ્યદુદરાત્પદ્મં	૮	૮	૬૭૬
ઇ			
ઇક્ષ્વાકુરૈલ	૭	૪૪	૬૬૫
ઇતિ તેઽભિહિતં તાત	૬	૩૨	૬૨૯
ઇતિ સંભૃત સંભારઃ	૬	૨૭	૬૨૮
ઇત્થં ભાવેન કથિતો	૧૦	૪૪	૭૩૦
ઇત્થં મુનિઃ	૨	૧૯	૫૭૦
ઇત્યભિવ્યાહૃતં	૩	૧૩	૫૮૪
ઇત્યુપામન્ત્રિતો રાજ્ઞા	૪	૧૧	૫૯૪
ઇદં ભાગવતં નામ પુરાણં	૧	૮	૫૪૩
ઇદં ભાગવતં નામ યન્મે	૭	૫૧	૬૭૦
ઇન્દ્રાદયો વાહવ	૧	૨૯	૫૫૩
ઇયાનસાવીશ્વર	૧	૩૮	૫૫૭
ઈ			
ઈશસ્ય કેશાન્	૧	૩૪	૫૫૫
ઉ			
ઉત્સિસૃક્ષોર્ધાતુમલં	૧૦	૨૭	૭૨૩
ઉન્નિદ્રહૃત્	૨	૧૦	૫૬૬
ઉરઃસ્થલં	૧	૨૮	૫૫૧
ઋ			
ઋનેઽર્થં યત્પ્રતીયેત	૯	૩૩	૭૦૫
ઋષે વિદન્તિ મુનયઃ	૬	૪૦	૬૩૨
એ			
એકમેકતરાભાવે	૧૦	૯	૭૧૭
એકૈકશોઽઙ્ગાનિ	૨	૧૩	૫૬૭
એકો નાનાત્વમ્	૧૦	૧૩	૭૧૮
એતચ્છુશ્રૂષતાં	૩	૧૪	૫૮૪

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

श्लोक	अध्याय	श्लोकांक	पृष्ठ
ए			
एतदेवात्मभू राजन्	४	२५	६०४
एतद्भगवतो रूपं	१०	३३	७२६
एतद्वेदितुमिच्छामि	८	२	६७२
एतन्निर्विद्यमानानां	१	११	५४५
एतन्मतं समातिष्ठ	९	३६	७०८
एतन्मे पृच्छतः सर्वं	५	८	६०७
एतावदेव जिज्ञास्यं	९	३५	७०७
एतावानेव यजतां	३	११	५८३
एतावान् सांख्ययोगाभ्यां	१	६	५४२
एते सृती ते नृप	२	३२	५७६
एवमेतन्निगदितं	३	१	५७९
एवं पुरा धारणया	२	१	५५९
एवं स्वचित्ते	२	६	५६३
क			
कथयस्व महाभाग	८	३	६७२
कस्तां त्वनाद्दत्य	२	७	५६४
कामं दहन्ति कृतिनो	७	७	६३९
कार्यकारणकर्तृत्वे	५	१९	६११
कालं कर्म स्वभावं च	५	२१	६१२
कालाद् गुणव्यतिकरः	५	२२	६१२
कालेन मीलित	७	३६	६६१
किन्नराप्सरसो	१०	३८	७२८
किं प्रमत्तस्य	१	१२	५४५
किरातहूणान्ध्र	४	१८	५९९
क्रीडन् वनेनिशि	७	३३	६५९
क्रीडस्यमोघ	९	२७	७०१
कुत्र कौषारवेस्तस्य	१०	४९	७३२
कुशलाकुशला मिश्रा	१०	४०	७२८
कूष्माण्डोन्माद	१०	३९	७२८
केचित्स्वदेहान्तर्हृदया	२	८	५६४
केशश्मश्रुनखान्यस्य	६	५	६२०
क्षत्रं क्षयाय	७	२२	६५१
क्षीरोदधावमरदानव	७	१३	६४४
ख			
खट्वांगो नाम राजर्षिः	१	१३	५४५
ग			
गतयो मतयः	६	२६	६२७
गतिं जिगीषतः पादौ	१०	२५	७२३
गन्धर्वविद्याधर	६	४३	६३३
गन्धर्वाप्सरसो	६	१३	६२३
गुणात्मकानीन्द्रियाणि	१०	३२	७२६
गृहान्प्रव्रजितो धीरः	१	१६	५४७
गृह्णीत यद्यदुपबन्ध	७	३०	६५७
गोपैर्मखे	७	३२	६५८
ग्रीवायां जनलोकश्च	५	३९	६१७
घ			
घ्राणेन गन्धं	२	२९	५७५
च			
चक्रं च दिक्ष्वविहतं	७	२०	६४९
चीराणि किं पथि न सन्ति	२	५	५६२
छ			
छन्दांस्यनन्तस्य शिरो	१	३१	५५४
ज			
जज्ञे च कर्दमगृहे	७	३	६३७
जातो रुचेरजनयत्	७	२	६३६
जितासनो जितश्वासो	१	२३	५५०
जीवञ्छवो भागवताङ्घ्रि	३	२३	५८८
ज्ञानं परम गुह्यं मे	९	३०	७०३
ज्ञानं यदा प्रतिनिवृत्त	३	१२	५८३
ज्यायान्गुणैः	७	१७	६४७
त			
ततः कालाग्निरुद्रात्मा	१०	४३	७३०
ततश्च मनवः काले	६	२९	६२८
तस्तते भ्रातर इमे	६	२८	६२८
ततो विशेषं प्रतिपद्य	२	२८	५७५
तत्कटयां चातलं	५	४०	६१८
तत्कर्म दिव्यमिव	७	२९	६५७
तत्वानां परिसंख्यानम्	८	१९	६८०
तत्राप्येकैकशो	१०	४१	७२९
तत्रैकावयवं	१	१९	५४८
तथापि नाथमानस्य	९	२५	७००

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્લોક	અધ્યાય	શ્લોકાંક	પૃષ્ઠ
ત			
તદશ્મસારં હૃદયં	૩	૨૪	૫૮૯
તદહં તેઽભિધાસ્યામિ	૧	૧૦	૫૪૪
તદા સંહૃત્ય	૫	૩૩	૬૧૬
ત્વગસ્ય	૬	૪	૬૨૦
તદ્દર્શનાહ્લાદ પરિપ્લુત	૯	૧૭	૬૯૫
તદ્ધિશ્વનાભિં	૨	૨૫	૫૭૩
તદ્વૈ પદં ભગવતઃ	૭	૪૮	૬૬૭
તં નારદઃ પ્રિયતમો	૯	૪૦	૭૦૯
તપસ્વિનો દાનપરા	૪	૧૭	૫૯૬
તપ્તં તપો વિવિધલોક	૭	૫	૬૩૯
તં પ્રીયમાણં	૯	૧૮	૬૯૬
તરવઃ કિં ન જીવન્તિ	૩	૧૮	૫૮૫
તવાપ્યેતર્હિ કૌરવ્ય	૧	૧૪	૫૪૬
તસ્મા ઇદં ભાગવતં	૯	૪૩	૭૧૧
તસ્માત્સર્વાત્મના રાજન્	૨	૩૬	૫૭૭
તસ્માદ્ભારત સર્વાત્મા	૧	૫	૫૪૧
તસ્માદ્ ભ્રુવોરન્તરમ્	૨	૨૧	૫૭૦
તસ્મૈ નમો ભગવતે	૫	૧૨	૬૦૮
તસ્મૈ સ્વલોકં ભગવાન્	૯	૯	૬૯૦
તસ્યાપિ દ્રષ્ટુરીશસ્ય	૫	૧૭	૬૧૦
તામસાદપિ ભૂતાદેઃ	૫	૨૫	૬૧૩
તાસ્ત્વવાત્સોત્	૧૦	૧૧	૭૧૮
તુભ્યં ચ નારદ ભૃશં	૭	૧૯	૬૪૮
તુષ્ટં નિશામ્ય પિતરં	૯	૪૨	૭૧૦
તેજસસ્તુ :વિકુર્વાણાત્	૫	૨૮	૬૧૪
તેનાત્મનાત્માનમ્	૨	૩૧	૫૭૬
તે વૈ વિદન્તિ	૭	૪૬	૬૬૬
તેષુ યજ્ઞસ્ય પશવઃ	૬	૨૩	૬૨૬
તૈજસાત્તુ વિકુર્વાણાત્	૫	૩૧	૬૧૫
તોકેન જીવહરણં	૭	૨૭	૬૫૫
ત્રૈવિષ્ટપોરુભયહા	૭	૧૪	૬૪૫
ત્વક્ચર્મમાંસરુધિર	૧૦	૩૧	૭૨૫
ત્વયાહં તોષિતઃ	૯	૧૯	૬૯૭
દ			
દદર્શ તત્રાખિલ	૯	૧૪	૬૯૩
દશમસ્ય વિશુદ્ધયર્થં	૧૦	૨	૭૧૩
દિવ્યં સહસ્રાબ્દમ્	૯	૮	૬૮૯
દેવદેવ નમસ્તેઽસ્તુ	૫	૧	૬૦૫
દેવદ્વિષાં નિગમવર્ત્મનિ	૭	૩૭	૬૬૨
દેવીં માયાં	૩	૩	૫૮૦
દેહાપત્યકલત્રાદિ	૧	૪	૫૪૧
દ્યૌરક્ષિણી ચક્ષુઃ	૧	૩૦	૫૫૩
દ્રવ્યં કર્મ ચ કાલશ્ચ	૧૦	૧૨	૭૧૮
દ્વે જાનુની સુતલં	૧	૨૭	૫૫૧
ધ			
ધન્વન્તરિશ્ચ ભગવાન્	૭	૨૧	૬૫૦
ધર્મસ્ય દક્ષદુહિતરિ	૭	૬	૬૩૯
ધર્મસ્ય મમ તુભ્યં ચ	૬	૧૧	૬૨૨
ધર્માર્થમુત્તમશ્લોકં	૩	૮	૫૮૧
ધૌતાત્મા પુરુષઃ	૮	૬	૬૭૪
ન			
નતોઽસ્મ્યહં તચ્ચરણં	૬	૩૫	૬૩૦
નદ્યોઽસ્ય નાડયોઽથ	૧	૩૩	૫૫૫
નન્દં ચ મોક્ષ્યતિ	૭	૩૧	૬૫૮
નભસોઽથ વિકુર્વાણાત્	૫	૨૬	૬૧૩
ન ભારતી મેઽઙ્ગ	૬	૩૩	૬૨૯
નમઃ પરસ્મૈ પુરુષાય	૪	૧૨	૫૯૪
નમસ્તસ્મૈ ભગવતે	૪	૨૪	૬૦૩
ન મેઽસવઃ પરાયન્તિ	૮	૨૬	૬૮૩
નમો નમસ્તેઽસ્ત્વૃષભાય	૪	૧૪	૫૯૬
ન યત્ર શોકો ન જરા	૨	૨૭	૫૭૪
ન યત્ર કાલોઽ નિમિષાં	૨	૧૭	૫૬૯
નહ્યતોઽન્યઃ શિવઃ પન્થાઃ	૨	૩૩	૫૭૭
નાનૃતં તવ તચ્ચાપિ	૫	૧૦	૬૦૮
નાન્તં વિદામિ	૭	૪૧	૬૬૪
નાભેરસાવૃષભઆસ	૭	૧૦	૬૪૨
નાભ્યાં સ્થિતં	૨	૨૦	૫૭૦
નામધેયાનિ મન્ત્રાશ્ચ	૬	૨૫	૬૨૫

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્લોક	અધ્યાય	શ્લોકાંક	પૃષ્ઠ
ન			
નારદઃ પ્રાહ	૯	૪૪	૭૧૧
નારાયણપરા વેદાઃ	૫	૧૫	૬૦૯
નારાયણપરો યોગો	૫	૧૬	૬૦૯
નારાયણે ભગવતિ	૬	૩૦	૬૨૮
નાર્થો બલેરસ્યમ	૭	૧૮	૬૪૭
નાસિકે નિરભિદ્યેતાં	૧૦	૨૦	૭૨૦
નાસ્ય કર્મણિ જન્માદૌ	૧૦	૪૫	૭૩૦
નાહં ન યૂયં યદતાં ગતિં	૬	૩૬	૬૩૧
નાહં વેદ પરં હ્યસ્મિન	૫	૬	૬૦૬
નિદિધ્યાસોરાત્મમાયાં	૧૦	૩૦	૭૨૪
નિદ્રયા હ્રિયતે નક્તં	૧	૩	૫૦૭
નિયચ્છેદ્વિષયેભ્યઃ	૧	૧૮	૫૪૮
નિરભિદ્યત શિશ્નો	૧૦	૨૬	૭૨૩
નિરોધોઽસ્યાનુશયનં	૧૦	૬	૭૧૬
નિશમ્ય તદ્વક્તૃદિદક્ષયા	૯	૭	૬૮૮
નૂનં ભગવતો બ્રહ્મન્	૪	૮	૫૯૩
નૃણાં સાધારણો ધર્મઃ	૮	૧૮	૬૭૯
પ			
પપ્રચ્છ ચેમમેવાર્થં	૪	૩	૫૯૧
પરં પદં વૈષ્ણવમ્	૨	૧૮	૫૬૯
પરાભૂતેરધર્મસ્ય	૬	૯	૬૨૧
પરિનિષ્ઠતોઽપિ	૧	૯	૫૪૪
પરિમાણં ચ કાલસ્ય	૧૦	૪૭	
પાતાલમેતસ્ય હિ પાદમૂલં	૧	૨૬	૫૫૧
પાદાસ્ત્રયો બહિશ્ચાસન્	૬	૧૯	૬૨૫
પાદેષુ સર્વ ભૂતાનિ	૬	૧૮	૬૨૫
પાયુર્યમસ્ય મિત્રસ્ય	૬	૮	૬૨૧
પિબન્તિ યે ભગવત આત્મનઃ	૨	૩૭	૫૭૮
પુરુષસ્ય મુખં બ્રહ્મ	૫	૩૭	૬૧૭
પુરુષાવયવૈર્લોકાઃ	૮	૧૧	૬૭૭
પુરુષોઽણ્ડં વિનિર્ભિદ્ય	૧૦	૧૦	૭૧૭
પ્રચોદિતા યેન પુરા	૪	૨૨	૬૦૨
પ્રજાપતિર્ધર્મપતિઃ	૯	૩૯	૭૦૯
પ્રજાપતીન્મનૂન્દેવાન્	૧૦	૩૭	૭૨૮
પ્રત્યાદિષ્ટં મયા તત્ર	૯	૨૨	૬૯૯
પ્રમાણમણ્ડકોશસ્ય	૮	૧૬	૬૭૯
પ્રવર્તતે યત્ર રજસ્તમસ્તયો	૯	૧૦	૬૯૦
પ્રવિષ્ટઃ કર્ણરન્ધ્રેણ	૮	૫	૬૭૪
પ્રસન્નવક્ત્રં નલિનાયત	૨	૯	૫૬૫
પ્રાણેન ક્ષિપતા	૧૦	૧૭	૭૨૦
પ્રાધાન્યતો યાન્	૬	૪૫	૬૩૪
પ્રાયેણ મુનયો રાજન્	૧	૭	૫૪૩
પ્રાહ ભાગવતં	૮	૨૮	૬૮૩
બ			
બર્હાયિતે તે નયને	૩	૨૨	૫૮૮
બહુરૂપ ઇવાભાતિ	૯	૨	૬૮૬
બિલે બતોરુક્રમવિક્રમાન્યે	૩	૨૦	૫૮૬
બોધ્યમાનસ્ય ઋષિભિઃ	૧૦	૨૨	૭૨૧
બ્રહ્મણા ચોદિતો બ્રહ્મન્	૮	૧	૬૭૨
બ્રહ્મવર્ચસકામસ્તુ	૩	૨	૫૮૦
બ્રહ્માનનં ક્ષત્રભુજો	૧	૩૭	૫૫૭
બ્રૂહિ નસ્તદિદં સૌમ્ય	૧૦	૫૦	૭૩૨
ભ			
ભગવચ્છિક્ષિતમહં	૯	૨૮	૭૦૨
ભગવન્સર્વભૂતાનાં	૯	૨૪	૭૦૦
ભગવાન્ બ્રહ્મકાત્સ્ન્યેન	૨	૩૪	૫૭૭
ભગવાન્સર્વભૂતેષુ	૨	૩૫	૫૭૭
ભારઃ પરં પટ્ટકિરીટજુષ્ટમ	૩	૨૧	૫૮૭
ભૂતમાત્રેન્દ્રિયધિયાં	૧૦	૩	૭૧૪
ભૂતૈર્મહદ્ભિર્યઇમાઃ	૪	૨૩	૬૦૩
ભૂપાતાલકકુબ્વ્યોમ	૮	૧૫	૬૭૮
ભૂમેઃ સુરેતરવરૂથ	૭	૨૬	૬૫૪
ભૂય એવ વિવિત્સામિ	૪	૬	૫૯૨
ભૂયો નમઃ સદ્વૃજિન	૪	૧૩	૫૯૫
ભૂર્લોકઃ કલ્પિતઃ-હૃદા	૫	૩૮	૬૧૭
ભૂર્લોકઃ-કલ્પિતઃ-સ્વર્લોકઃ	૫	૪૨	૬૧૯
ભૃત્યપ્રસાદાભિમુખં	૯	૧૫	૬૯૩
ભ્રાજિષ્ણુભિર્યઃ પરિતો	૯	૧૨	૬૯૨
મ			
મત્સ્યો યુગાન્તસમયે	૭	૧૨	૬૪૩
મનઃ સ્વબુદ્ધ્યાઽમલયા	૨	૧૬	૫૬૮

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્લોક	અધ્યાય	શ્લોકાંક	પૃષ્ઠ
म			
मनीषितानुभावोऽयं	९	२१	६९८
महतस्तु विकुर्वाणात्	५	२३	६१२
महातलं तु गुल्फाभ्यां	५	४१	६१८
मायां वर्णयतोऽमुष्य	७	५३	६७१
मायां विविदिषन्	९	४१	७०९
मुखतस्तालु निर्भिन्नं	१०	१८	७२०
य			
यज्ञं यजेद्यशस्कामः	३	७	५८१
यतः सन्धार्यमाणायां	१	२१	५४९
यत्किंच लोके	६	४४	६३३
यत्कीर्तनं यत्स्मरणं	४	१५	५९७
यत्रोद्यतः क्षितितल	७	१	६३५
यथा गुणांस्तु प्रकृतेः	४	९	५९३
यथा गोपायति विभुः	४	७	५९२
यथात्मतन्त्रो	८	२३	६८१
यथात्ममाया	९	२६	७०१
यथा महान्ति भूतानि	९	३४	७०६
यथा संधार्यते ब्रह्मन्	१	२२	५५०
यथा हरौ भगवति	७	५२	६७१
यदङ्घ्रिभजनुध्यान	४	२१	६०२
यदधातुमतो ब्रह्मन्	८	७	६७५
यदात्मनि निरालोकं	१०	२१	७२१
यदास्य नाभ्यात्	६	२२	६२६
यदाह नो भवान्	१०	४८	७३२
यदि प्रयास्य नृप	२	२२	५७२
यदुताहं त्वया पृष्टो	९	४५	७१२
यदैतेऽसंगताः	५	३२	६१५
यद्यत्परीक्षिद्दृषभः	८	२९	६८४
यद्रूपं यदधिष्ठानं	५	२	६०५
यद्विज्ञानो यदाधारो	५	४	६०६
यद्वेनमुत्पथगतं	७	९	६४२
यद्वै व्रजे व्रजपशून्	७	२८	६५६
यर्हि वाव महिम्नि स्वे	९	३	६८६
यर्ह्यालयेष्वपि	७	३८	६१२
यश्चानुशायिनां सर्गः	८	२२	६८१

શ્લોક	અધ્યાય	શ્લોકાંક	પૃષ્ઠ
यस्मा भदादुदधिरूढ	७	२४	६५२
यस्माद्दण्डं विराट् जज्ञे	६	२१	६२६
यस्मिन्कर्मसमावायो	८	१४	६७८
यस्यावतार कर्माणि	६	३७	६३१
यस्येहावयवैः	५	३६	६१६
यावत्सरवा	९	२९	७०२
यावन्न जायेत	२	१४	५६८
यावनहं	९	३१	७०३
यावान्कल्पो विकल्पो वा	८	१२	६७८
ये च प्रलम्बखर	७	३४	६६०
येन स्वरोचिषा विश्वं	५	११	६०८
ये वा मृधे	७	३५	६६०
येषां स एव भगवान्	७	४२	६६५
योगेश्वराणांगतिम्	२	२३	५७२
योगेश्वरैश्वर्यगतिः	८	२०	६८०
योऽध्यात्मिकोऽयं	१०	८	७१६
र			
रजस्तमोभ्याम्	१	२०	५४९
राज्ञा परीक्षिता पृष्टो	१०	५१	७३४
राज्यकामो मनून्देवान्	३	९	५८२
रुपाणां तेजसां चक्षुः	६	३	६१९
रूपाभिकामो गन्धर्वान्	३	६	५८१
व			
वक्षः स्थलस्पर्श	७	२५	६५३
वयांसि तद्व्याकरणं	१	३६	५५६
वरं वरय भद्रं ते	९	२०	६९८
वरीयानेष ते प्रश्नः	१	१	५३९
वर्षपूग सहस्रान्ते	५	३४	६१६
वस्तुनो मृदुकाठिन्य	१०	२३	७२२
वस्तून्योषधयः	६	२४	६२७
वाचां वह्नेर्मुखं	६	१	६१९
वायोरपि विकुर्वाणात्	५	२७	६१४
विक्रमो भूर्भुवः	६	६	६२०
विचक्षणा यच्चरण	४	१६	५९८
विचिकित्सितम्	४	१०	५९३
विज्ञानशक्तिं	१	३५	५५६

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્લોક	અધ્યાય	શ્લોકાંક	પૃષ્ઠ
વ			
વિદ્રુઃ સપત્ન્યુદિત	૭	૮	૬૪૧
વિભૂષિતં મેખલયા	૨	૧૧	૫૬૬
વિલજ્જમાનયા યસ્ય	૫	૧૩	૬૦૯
વિવક્ષોર્મુખતો	૧૦	૧૬	૭૨૦
વિશેષસ્તસ્ય દેહોઽયં	૧	૨૪	૫૫૦
વિશેષસ્તુ	૫	૨૬	૬૧૪
વિશુદ્ધં કેવલં જ્ઞાનં	૬	૩૬	૬૩૧
વિષ્ણોર્નુ વિર્યગણનાં	૭	૪૦	૬૬૩
વેદાહમઙ્ગ પરમસ્ય હિ	૭	૪૩	૬૬૫
વૈકારિકસ્તૈજસશ્ચ	૫	૨૪	૬૧૨
વૈકારિકાન્મનો	૫	૩૦	૬૧૫
વૈયાસકિશ્ચ ભગવાન્	૩	૧૬	૫૮૫
વૈયાસકેરિતિ વચઃ	૪	૧	૫૯૦
વૈશ્વાનરં યાતિ	૨	૨૪	૫૭૩
વ્રીડોત્તરોષ્ઠોઽધર એવ	૧	૩૨	૫૫૪
શ			
શશ્વત્પ્રશાન્તમભયં	૭	૪૭	૬૬૭
શાબ્દસ્ય હિ બ્રહ્મણઃ	૨	૨	૫૬૦
શૃણ્વતઃ શ્રદ્ધયા નિત્યં	૮	૪	૬૭૩
શ્યામાવદાતાઃ	૯	૧૧	૬૯૧
શ્રિયઃ પતિ ર્યજ્ઞપતિઃ	૪	૨૦	૬૦૧
શ્રીર્યત્ર રૂપિણ્યુરુગાય	૬	૧૩	૬૯૩
શ્રુત્વા હરિસ્તમરણાર્થિન્	૭	૧૬	૬૪૬
શ્રોતવ્યાદીનિ રાજેન્દ્ર	૧	૨	૫૩૯
શ્વવિદ્વરાહોષ્ટ્ર ખરૈઃ	૩	૧૯	૫૮૫
સ			
સ આદિદેવો જગતાં	૯	૫	૬૮૭
સ ઉપામન્ત્રિતો રાજ્ઞા	૮	૨૭	૬૮૩
સ એવ પુરુષઃ	૫	૩૫	૬૧૬
સ એવેદં	૧૦	૪૨	૭૨૬
સ એષ આત્માત્મવતામ્	૪	૧૯	૬૦૦
સ એષ આદ્યઃ પુરુષઃ	૬	૩૮	૬૩૧
સ એષ ભગવાન્	૫	૨૦	૬૧૨
સ ચાપિ યત્ર પુરુષો	૮	૧૦	૬૭૭
સ ચિન્તયન્	૯	૬	૬૮૮
સત્રે મમાસ ભગવાન્	૭	૧૧	૬૪૩
સત્વં રજસ્તમ ઇતિ	૫	૧૮	૬૧૦
સત્યાં ક્ષિતૌ કિં કશિપોઃ	૨	૪	૫૬૧
સ ભવાનચરત્	૫	૭	૬૦૭
સ ભૂતસૂક્ષ્મેન્દ્રિય	૨	૩૦	૫૭૫
સમીચીનં વચો બ્રહ્મન્	૪	૫	૫૯૨
સંપ્રદિશ્યૈવમજનો	૯	૩૭	૭૦૮
સંપ્લવઃ સર્વભૂતાનાં	૮	૨૧	૬૮૦
સમ્યક્કારુણિકસ્યેદં	૫	૯	૬૦૮
સર્ગે તપોઽહમ્	૭	૩૯	૬૬૩
સર્વે પુરુષ એવેદં	૬	૧૫	૬૨૩
સર્વમેતચ્ચ ભગવન્	૮	૨૪	૬૮૨
સર્વે હ્યેતદ્ભવાન	૫	૩	૬૦૫
સર્વાસૂનાં ચ વાયોશ્ચ	૬	૨	૬૧૯
સ વાચ્યવાચકતયા	૧૦	૩૬	૭૨૭
સ વૈ ભાગવતો રાજા	૩	૧૫	૫૮૪
સ શ્રેયસામપિ વિભુઃ	૭	૪૯	૬૬૯
સ સર્વધીવૃત્યનુભૂત	૧	૩૯	૫૫૮
સંસ્થાં વિજ્ઞાય	૪	૪	૫૯૧
સૃજામિ તન્નિયુક્તોઽહં	૬	૩૧	૬૨૯
સૃજામિ તપસૈવેદં	૯	૨૩	૬૯૯
સૃતી વિચક્રમે	૬	૨૦	૬૨૬
સોઽ મૃતસ્ય	૬	૧૭	૬૨૪
સોઽયં તેઽભિહિતઃ	૭	૫૦	૬૭૦
સોઽહં સમામ્નાયમયઃ	૬	૩૪	૬૩૦
સૌભર્યુતઙ્કશિબિ	૭	૪૫	૬૬૫
સ્થિતિર્વૈકુણ્ઠ	૧૦	૪	૭૧૪
સ્થિરં સુખં	૨	૧૫	૫૬૮
સ્વધિષ્ણ્યં	૬	૧૬	૬૨૪
હ			
હસ્તૌ રુરુહતુઃ	૧૦	૨૪	૭૨૨

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રીમદ્ ભાગવતની શ્લોક સંખ્યા

प्रथम स्कंधः

અધ્યાય	પદ્ય સંખ્યા	અનુ. સંખ્યા	ઉવાચ સંખ્યા
૧	૨૩॥	૨૬॥॥	
૨	૩૪	૩૬।	૨
૩	૪૫	૪૭	૧
૪	૩૩॥	૩૫।	૩
૫	૪૦	૫૧।	૪
૬	૩૯	૪૦	૪
૭	૫૮	૬૦॥	૧૦
૮	૫૨	૫૬	૫
૯	૪૯	૫૬॥॥	૪
૧૦	૩૬	૪૨॥	૨
૧૧	૩૯॥	૪૫।	૧
૧૨	૩૪॥	૩૪॥	૪
૧૩	૬૦॥	૬૧॥	૫
૧૪	૪૪॥	૪૫॥	૩
૧૫	૫૧॥	૬૪॥	૨
૧૬	૩૭	૪૪॥	૪
૧૭	૪૫	૪૬॥	૭
૧૮	૫૦॥	૫૬।	૩
૧૯	૪૦	૫૨।	૩
	૮૧૩	૯૦૩	૬૮

द्वितीय स्कंधः

અધ્યાય	પદ્ય સંખ્યા	અનુ. સંખ્યા	ઉવાચ સંખ્યા
૧	૩૯॥	૪૪॥॥	૩
૨	૩૭	૫૦॥॥	૧
૩	૨૫	૨૮	૨
૪	૨૫॥	૩૧॥	૪
૫	૪૩	૪૩	૨
૬	૪૬	૪૯॥॥	૧
૭	૫૩	૮૯॥॥	૧
૮	૨૯॥	૨૯॥	૨
૯	૪૫॥॥	૫૩॥	૫
૧૦	૫૨	૫૨	૩
	૩૯૬	૪૭૨॥	૨૪

तृतीय स्कंधः

અધ્યાય	પદ્ય સંખ્યા	અનુ. સંખ્યા	ઉવાચ સંખ્યા
૧	૪૫	૬૦	૪
૨	૩૪	૩૯	૨
૩	૨૮	૩૧।	૧
૪	૨૬	૪૧॥	૮
૫	૫૦॥	૬૧।	૫
૬	૩૯	૩૯॥	૧
૭	૪૨॥	૪૩।	૬
૮	૩૩	૪૫॥	૧
૯	૪૪	૬૨॥॥	૪
૧૦	૨૯॥	૨૯॥	૫
૧૧	૪૧॥	૪૨।	૩
૧૨	૫૬॥	૫૬॥	૪
૧૩	૫૦॥	૬૨	૯
૧૪	૫૦	૫૩॥॥	૧૧
૧૫	૫૦	૭૫॥	૬
૧૬	૩૭	૪૮।	૬
૧૭	૩૧	૩૫॥	૧
૧૮	૨૮	૩૪॥॥	૪
૧૯	૩૮	૪૪	૪
૨૦	૫૩॥	૫૪॥॥	૪
૨૧	૫૬॥	૬૧	૬
૨૨	૩૯॥	૪૧॥॥	૪
૨૩	૫૭	૬૩	૫
૨૪	૪૭	૪૮	૭
૨૫	૪૪	૪૮॥	૯
૨૬	૭૩	૭૩	૩
૨૭	૩૦	૩૦।	૩
૨૮	૪૪	૫૭॥	૧
૨૯	૪૫॥	૪૬	૩
૩૦	૩૪	૩૪।	૧
૩૧	૪૮॥	૫૬॥	૩
૩૨	૪૩	૪૪॥	૧
૩૩	૩૭	૪૧।	૫
	૧૪૧૬॥	૧૬૦૬॥	૧૪૦

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

चतुर्थ स्कंधः

અધ્યાય	પદ્યસંખ્યા	અનુ. સંખ્યા	ઉવાચ સંખ્યા
૧	૬૬	૬૯	૭
૨	૩૫॥	૩૬।	૪
૩	૨૫	૩૪	૪
૪	૩૪	૪૯॥	૩
૫	૨૬	૩૨।	૧
૬	૫૩	૫૯।	૨
૭	૬૧॥	૭૬॥	૨૭
૮	૮૨	૮૮।	૧૩
૯	૬૮	૮૧	૯
૧૦	૩૦	૩૨।	૨
૧૧	૩૫	૪૦।	૨
૧૨	૫૨	૬૦॥।	૭
૧૩	૪૯	૫૧	૭
૧૪	૪૬॥	૪૭।	૪
૧૫	૨૬	૨૭	૪
૧૬	૨૭	૩૧॥	૧
૧૭	૨૬	૪૧	૭
૧૮	૩૨	૩૨	૧
૧૯	૪૨	૪૪।	૨
૨૦	૩૮	૪૬	૬
૨૧	૫૨	૬૦॥	૬
૨૨	૬૩॥	૭૧	૭
૨૩	૪૦	૪૩॥	૩
૨૪	૮૦	૮૫॥।	૬
૨૫	૬૨	૬૪॥	૭
૨૬	૨૬॥।	૨૯॥	૪
૨૭	૩૦	૩૧	૧
૨૮	૬૫	૬૫	૨
૨૯	૮૬॥	૯૪॥	૬
૩૦	૫૧	૫૬।	૬
૩૧	૩૧	૩૫॥।	૮
	૧૪૫૨	૧૬૧૯॥।	૧૬૭

पञ्चम स्कन्धः

અધ્યાય	પદ્ય સંખ્યા	અનુ. સંખ્યા	ઉવાચ સંખ્યા
૧	૪૦	૭૯॥	૪
૨	૨૩	૪૪	૨
૩	૨૧	૩૮॥	૫
૪	૧૯	૩૪।	૧
૫	૩૫	૬૩।	૨
૬	૧૯	૩૫॥।	૨
૭	૧૪	૩૦।	૧
૮	૩૨	૫૯॥।	૧
૯	૨૨	૫૨॥	૧
૧૦	૨૬	૪૬॥।	૩
૧૧	૧૭॥	૨૪	૧
૧૨	૧૬	૨૨	૨
૧૩	૨૬	૪૦	૪
૧૪	૪૬	૮૧	૧
૧૫	૧૪	૨૭।	૧
૧૬	૩૦	૫૧॥।	૨
૧૭	૨૫	૫૦	૨
૧૮	૩૯	૬૫॥।	૨
૧૯	૩૧	૫૬॥	૨
૨૦	૬૯	૮૪॥	૨
૨૧	૨૨	૩૧॥	૧
૨૨	૧૯	૩૬।	૨
૨૩	૯	૨૭॥	૧
૨૪	૫૧	૭૩।	૧
૨૫	૧૭	૩૨॥	૧
૨૬	૫૪	૯૫	૪
	૭૩૬	૧૨૮૬	૫૧

षष्ठ स्कन्धः

અધ્યાય	પદ્ય સંખ્યા	અનુ. સંખ્ય	ઉવાચ સંખ્યા
૧	૬૮	૬૯॥	૭
૨	૪૯	૫૧	૪
૩	૩૫	૪૬	૫
૪	૫૪॥	૫૯॥।	૭
૫	૪૪	૪૪	૪

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અધ્યાય	પદ્ય સંખ્યા	અનુ. સંખ્યા	ઉવાચ સંખ્યા
૬	૪૫॥	૪૫॥	૧
૭	૪૧	૪૨।	૮
૮	૪૩	૪૮।	૪
૯	૫૫॥	૮૧॥॥	૬
૧૦	૩૩	૩૫॥	૪
૧૧	૨૭	૩૫	૨
૧૨	૩૫॥	૩૯।	૪
૧૩	૨૩	૨૫॥॥	૬
૧૪	૬૦॥	૬૭	૭
૧૫	૨૮	૨૮॥॥	૫
૧૬	૬૫॥	૭૪॥	૯
૧૭	૪૧	૪૩	૯
૧૮	૭૮	૭૮॥	૧૧
૧૯	૩૧	૩૪॥॥	૨
	૮૫૮	૯૪૯॥।	૧૦૧

सप्तम स्कन्धः

અધ્યાય	પદ્ય સંખ્યા	અનુ. સંખ્યા	ઉવાચ સંખ્યા
૧	૪૮॥	૪૯॥	૮
૨	૬૨॥	૬૮	૫
૩	૩૯	૪૧	૪
૪	૪૭॥	૫૦	૪
૫	૫૭।	૬૧॥	૧૦
૬	૩૦	૩૫।	૨
૭	૫૫	૫૮॥॥	૪
૮	૫૭	૭૮।	૨૦
૯	૫૫	૮૮।	૪
૧૦	૭૧	૭૪॥	૧૧
૧૧	૩૬	૩૬॥	૩
૧૨	૩૧॥	૩૧॥	૧
૧૩	૪૬॥	૪૬॥॥	૪
૧૪	૪૨॥	૪૨॥	૨
૧૫	૮૧	૮૫	૨
	૭૬૦॥	૮૪૭।	૮૪

अष्टम स्कन्धः

અધ્યાય	પદ્ય સંખ્યા	અનુ. સંખ્યા	ઉવાચ સંખ્યા
૧	૩૩	૩૪॥	૬
૨	૩૩	૩૯॥॥	૧
૩	૩૩	૪૩॥	૩
૪	૨૬	૨૮॥	૪
૫	૫૦	૫૮॥॥	૬
૬	૩૯॥	૪૩	૫
૭	૪૭	૫૮	૫
૮	૪૬॥	૫૧॥	૧
૯	૨૯	૩૨॥	૩
૧૦	૫૭	૬૧॥॥	૧
૧૧	૪૮॥	૫૧।	૫
૧૨	૪૭	૫૬	૮
૧૩	૨૬	૩૬	૧
૧૪	૧૧	૧૧	૨
૧૫	૩૭	૪૦॥	૩
૧૬	૬૨॥	૬૩	૫
૧૭	૨૮॥	૩૩॥॥	૬
૧૮	૩૨॥	૩૯	૨
૧૯	૪૩॥	૪૫।	૬
૨૦	૩૪	૪૧॥	૩
૨૧	૩૪॥	૩૭	૨
૨૨	૩૬॥	૪૩॥	૮
૨૩	૩૧	૩૪॥	૮
૨૪	૬૧॥	૬૭	૭
	૯૩૬	૧૦૫૧।	૧૦૧

नवम स्कन्धः

અધ્યાય	પદ્ય સંખ્યા	અનુ. સંખ્યા	ઉવાચ સંખ્યા
૧	૪૨	૪૨	૫
૨	૩૬	૩૬॥	૧
૩	૩૬॥	૩૭॥	૧
૪	૭૧॥	૭૭॥	૬
૫	૨૭	૩૦।	૫
૬	૫૫॥	૫૮।	૧
૭	૨૭॥	૫૭	૧
૮	૩૧	૩૩॥	૪

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અધ્યાય	પદ્ય સંખ્યા	અનુ. સંખ્યા	ઉવાચ સંખ્યા
૯	૫૦	૫૦।।	૪
૧૦	૫૭	૭૨।	૨
૧૧	૩૬।।	૩૮।।	૩
૧૨	૧૬	૧૬	૧
૧૩	૨૭	૨૭	૨
૧૪	૫૦	૫૦	૪
૧૫	૪૧।।	૪૪।।	૩
૧૬	૩૭।।	૩૭।।	૧
૧૭	૧૮।।	૧૮।।	૧
૧૮	૫૧।।	૫૧।।	૬
૧૯	૨૯।।	૨૯।।।	૧
૨૦	૨૯।।	૨૯।।	૩
૨૧	૩૬।।	૩૭।	૧
૨૨	૪૯।।	૪૯।।	૧
૨૩	૩૯।।	૩૯।।	૧
૨૪	૬૭	૬૯।	૧
	૯૭૪	૧૦૧૪	૫૯

दशम स्कन्धः

અધ્યાય	પદ્ય સંખ્યા	અનુ. સંખ્યા	ઉવાચ સંખ્યા
૧	૬૯	૭૪।	૮
૨	૪૨।।	૫૨।	૨
૩	૫૩।।	૬૩।	૬
૪	૪૭	૪૭।।	૪
૫	૩૨	૩૨।।।	૪
૬	૪૪	૫૦	૨
૭	૩૮	૪૪	૨
૮	૫૨।।	૬૦।।।	૭
૯	૨૩	૨૭।।	૧
૧૦	૪૩	૪૫।	૭
૧૧	૫૮।।	૬૧	૨
૧૨	૪૪	૫૪।।।	૪
૧૩	૬૪	૭૫।	૧
૧૪	૬૧	૮૧	૪
૧૫	૫૨	૫૮।।।	૩
૧૬	૬૮	૮૫।।	૭
૧૭	૨૫	૨૬	૨
૧૮	૩૨	૩૫।।	૧

અધ્યાય	પદ્ય સંખ્યા	અનુ. સંખ્યા	ઉવાચ સંખ્યા
૧૯	૧૬	૧૬।।।	૨
૨૦	૪૯	૪૯	૧
૨૧	૨૦	૩૧।।	૨
૨૨	૩૮।।	૪૦	૩
૨૩	૫૨	૫૫।।	૫
૨૪	૩૮	૩૮	૫
૨૫	૩૩	૩૪	૨
૨૬	૨૫।।	૨૬।।।	૨
૨૭	૨૮	૩૧।।	૬
૨૮	૧૭।।	૧૭।।	૩
૨૯	૪૮	૬૦।।	૭
૩૦	૪૪	૪૮।।	૧
૩૧	૧૯	૨૬।।	૧
૩૨	૨૨	૨૪।।।	૩
૩૩	૪૧	૪૮।।	૩
૩૪	૩૨।।	૩૩	૨
૩૫	૨૬	૩૫	૩
૩૬	૪૧	૪૨	૩
૩૭	૩૩	૩૮	૨
૩૮	૪૩	૫૨।।	૨
૩૯	૫૭।।	૬૪।।	૫
૪૦	૩૦	૩૩।।।	૧
૪૧	૫૨	૫૬।।।	૫
૪૨	૩૮	૪૦।।।	૨
૪૩	૪૦।।	૪૩	૨
૪૪	૫૧	૫૫।।	૨
૪૫	૫૦।।	૫૧।।	૫
૪૬	૪૯	૫૨	૪
૪૭	૬૯।।	૮૪।	૯
૪૮	૩૬।।	૪૩।।।	૨
૪૯	૩૧	૩૧।।।	૫
૫૦	૫૮।।	૬૩।।	૩
૫૧	૬૫	૭૧।।।	૮
૫૨	૪૪	૪૯।	૫
૫૩	૫૮	૬૨	૩
૫૪	૬૦।।	૬૨	૩
૫૫	૪૦।।	૪૧।।।	૨

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અધ્યાય	પદ્ય સંખ્યા	અનુ. સંખ્યા	ઉવાચ સંખ્યા
૫૬	૪૫॥	૪૬।	૪
૫૭	૪૨॥	૪૩।	૧
૫૮	૫૮	૪૬।	૬
૫૯	૪૬॥	૫૬॥॥	૪
૬૦	૫૯	૭૫।	૮
૬૧	૪૨	૪૫॥	૩
૬૨	૩૬	૩૮॥	૪
૬૩	૫૩	૫૭॥	૫
૬૪	૪૪	૪૭	૩
૬૫	૩૩	૩૩॥	૧
૬૬	૪૩	૪૫	૨
૬૭	૨૮	૨૮	૨
૬૮	૫૪	૫૬।	૩
૬૯	૪૫	૫૨।	૪
૭૦	૪૭॥	૫૫	૬
૭૧	૪૭॥	૫૫	૩
૭૨	૪૯	૫૨॥॥	૬
૭૩	૩૫	૩૬॥	૫
૭૪	૫૪॥	૫૫।	૩
૭૫	૪૦	૪૫॥॥	૨
૭૬	૩૩	૩૩	૨
૭૭	૩૮	૪૧॥	૨
૭૮	૪૦	૪૦	૫
૭૯	૩૪॥	૩૪॥	૧
૮૦	૪૫॥	૪૬॥॥	૫
૮૧	૪૧॥	૪૪	૨
૮૨	૪૯	૫૩॥॥	૭
૮૩	૪૩	૫૦।	૧૨
૮૪	૭૨	૭૬॥॥	૧૦
૮૫	૫૯	૬૪	૧
૮૬	૫૯	૬૨	૮
૮૭	૫૦॥	૮૩॥	૮
૮૮	૪૦॥	૪૨	૭
૮૯	૬૭	૭૨	૭
૯૦	૫૦	૬૨॥	૨
	૭૯૭૨	૪૪૨૫	૭૫૩

એકાદશ સ્કન્ધઃ

અધ્યાય	પદ્ય સંખ્યા	અનુ. સંખ્યા	ઉવાચ સંખ્યા
૧	૨૪	૨૭॥।	૩
૨	૫૫	૬૧।	૮
૩	૫૫॥	૬૦॥	૮
૪	૨૩	૩૪।	૨
૫	૫૨॥	૫૮	૬
૬	૫૧	૬૦।	૧૦
૭	૭૪	૭૬॥	૭
૮	૪૪	૪૫॥	૩
૯	૩૩॥	૩૮	૨
૧૦	૩૭	૩૭॥	૨
૧૧	૪૯	૫૦	૩
૧૨	૨૪	૨૮।	૩
૧૩	૪૨	૪૬॥	૭
૧૪	૪૭	૪૯	૪
૧૫	૩૬	૩૬	૩
૧૬	૪૪॥	૪૪॥॥	૨
૧૭	૫૮	૫૮॥	૩
૧૮	૪૮॥	૪૮॥	૧
૧૯	૪૫॥	૪૭૭	૫
૨૦	૩૭॥	૩૮	૨
૨૧	૪૩॥	૪૩॥	૧
૨૨	૬૧॥	૬૩।	૭
૨૩	૬૨	૬૮॥॥	૫
૨૪	૨૯	૨૯	૧
૨૫	૩૬॥	૩૬॥	૧
૨૬	૩૫॥	૩૫॥॥	૩
૨૭	૫૫	૫૫	૨
૨૮	૪૪॥	૫૨।	૩
૨૯	૪૯॥	૫૭॥॥	૭
૩૦	૫૦	૫૫	૪
૩૧	૨૮॥	૩૧।	૧
	૧૩૭૭	૧૪૭૪।	૧૧૯

દ્વાદશ સ્કન્ધઃ

અધ્યાય	પદ્ય સંખ્યા	અનુ. સંખ્યા	ઉવાચ સંખ્યા
૧	૪૩॥	૪૩॥	૨
૨	૪૪॥	૪૪॥	૧
૩	૫૨	૫૪।	

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

नाम संकीर्तनं यस्य स
प्रणामो दुःखशमनस्तं न

જે શ્રી હરિના નામનું સંકીર્તન
જે હરિને પ્રણામ કરવાથી સર્વ
તે પરમેશ શ્રી હરિને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi